ગુજરાતી સાહિત્યકોશ

ખંડ : ૧

મધ્યકાળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતી સાહિત્યકોશ

ખંડ : એક

મધ્યકાળ

મુખ્ય સંપાદકો

જયંત કોઠારી
(૧૯૮૦-૧૯૮૭)

જયંત ગાડીત
(૧૯૮૭-૧૯૯૬)

સંપાદક
ચંદ્રકાન્ત શેઠ
(૧૯૮૦-૧૯૮૨)

સહસંપાદક
રમણ સોની
(૧૯૮૩-૮૪)

ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

GUJARĀTI SĀHITYA KOSH

(Encyclopedia of Gujarati Literature)

Edited by Jayant Kothari and Jayant Gadit

Published by
Gujarati Sahitya Parishad
Ashram Road, Ahmedabad-380 009.

© ગુજરાતી સાહિત્ય પરિષદ

પ્રથમ આવૃત્તિ, ૧૯૮૯ પ્રત ૨,૦૦૦

પ્રકાશક : પ્રિયકાન્ત પરીખ,
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ,
અમદાવાદ ૩૮૦ ૦૦૯

ચારસો રૂપિયા
Rs. 400

ગુજરાત રાજ્ય, ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત

મુદ્રક : જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ ૩૮૦ ૦૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંપાદન–તંત્ર

મુખ્ય સંપાદક : જયંત કોઠારી (૧૯૮૦ થી ૧૯૮૭)
જયંત ગાડીત (૧૯૮૭ થી ૧૯૮૯)

સંપાદક : ચંદ્રકાન્ત શેઠ (૧૯૮૦–૧૯૮૨)

સહ સંપાદક : રમણ સોની (૧૯૮૩–૧૯૮૪)

મુખ્ય સહાયકો : રમેશ ર. દવે
શ્રદ્ધા ત્રિવેદી
કીર્તિદા જોશી

સહાયકો : બારીન મહેતા
નિરંજના વોરા
હર્ષદ ત્રિવેદી
કૌશિક બ્રહ્મભટ્ટ
પારુલ માંકડ
પારુલ રાઠોડ
શર્મિષ્ઠા પટેલ
ગીતા મુનશી
ભારતી ભગત
જિતેન્દ્ર ઉમતિયા
મૃદુલા માત્રાવાડિયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

૧. સલાહકાર સમિતિ	૫
૨. ગુજરાતી સાહિત્યકોશની યોજના	૬
૩. સંપાદકીય	૮
૪. અધિકરણ લેખકો	૧૫
૫. ગ્રંથ સંક્ષેપસૂચિ	૧૭
૬. સંક્ષેપો – સંજ્ઞાઓ	૨૨
૭. સાહિત્યકોશને સહાયરૂપ થયેલાં ગ્રંથાલયો અને વ્યકિતઓ	૨૩
૮ મહત્ત્વની શુદ્ધિ	૨૫
૯. કોશ સામગ્રી	૧
૧૦. પરિશિષ્ટ	૫૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સલાહકાર સમિતિ

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (અધ્યક્ષ)
શ્રી નગીનદાસ પારેખ (કાર્યકારી અધ્યક્ષ)
સ્વ. ઉમાશંકર જોશી
સ્વ. અનંતરાય રાવળ
શ્રી હરિવલ્લભ ભાયાણી
શ્રી કે. કા. શાસ્ત્રી
શ્રી ભોગીલાલ સાંડેસરા
શ્રી યશવન્ત શુક્લ
સ્વ. સુરેશ હ. જોશી
શ્રી નિરંજન ભગત
શ્રી ઉપેન્દ્ર પંડ્યા
શ્રી જયન્ત પાઠક
શ્રી ઉશનસ્
શ્રી રમણલાલ જોશી
શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર

આમંત્રિત :

શ્રી ચી. ના. પટેલ
શ્રી ધીરુભાઈ ઠાકર
શ્રી મોહનભાઈ પટેલ
સ્વ. જે. બી. સેન્ડિલ
શ્રી એન. બી. વ્યાસ
શ્રી હસુ યાજ્ઞિક

આ ઉપરાંત સને ૧૯૮૦થી ૧૯૮૯ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના હોદ્દેદારો/પ્રમુખો :

પ્રમુખ :

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'

ઉપપ્રમુખ :

સ્વ. ઈશ્વર પેટલીકર
શ્રી હીરાબહેન પાઠક
સ્વ. શિવકુમાર જોશી
શ્રી અમૃતલાલ યાજ્ઞિક

મંત્રીઓ–કોષાધ્યક્ષ :

શ્રી રઘુવીર ચૌધરી
શ્રી પિનાકિન ઠાકોર
શ્રી કુમારપાળ દેસાઈ
શ્રી મફત ઓઝા
શ્રી ધીરુબહેન પટેલ
શ્રી પ્રફુલ્લ ભારતીય
શ્રી હેમન્ત દેસાઈ
શ્રી ભોળાભાઈ પટેલ
શ્રી પ્રિયકાન્ત પરીખ
શ્રી નરોત્તમ પલાણ
શ્રી વર્ષા અડાલજા
શ્રી ચિમનલાલ ત્રિવેદી

નિયામક :

શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતી સાહિત્યકોશની યોજના

ગુજરાતી સાહિત્યનો સર્વાંગી પરિચય આપતો આ કોશ ગુજરાતી સાહિત્ય પરિષદના એક દાયકાના તપની ફલશ્રુતિ છે. આ પ્રકાશન આપૂર્ણ ભલે ન હોય, અનન્ય તો છે જ.

આ સંકલ્પ કેમ કરીને સિદ્ધ થયો એની કેટલીક વીગતો અહીં ઐતિહાસિક સંદર્ભમાં નોંધપાત્ર છે.

શ્રી રઘુવીર ચૌધરી પરિષદમંત્રી હતા ત્યારે એમણે ગુજરાત રાજ્ય સરકાર સાથે કરેલા પત્રવ્યવહારમાં નોંધાયું છે તેમ સને ૧૯૭૯ના જૂનની ૨૨મી તારીખે સ્વ. ઉમાશંકર જોશી, શ્રી યશવંત શુક્લ, સ્વ. ઈશ્વર પેટલીકર, અને શ્રી પિનાકિન ઠાકોર સાથે એમણે તે વખતના મુખ્ય પ્રધાન શ્રી બાબુભાઈ સમક્ષ આ યોજના રજૂ કરી. શિક્ષણમંત્રી શ્રી નવલભાઈ શાહ અને નાણામંત્રી શ્રી દિનેશભાઈ શાહે શ્રી બાબુભાઈની સંમતિને અમલમાં મૂકી અને છ માસની ટૂંકી મુદતમાં સાહિત્યકોશની યોજના શરૂ થઈ.

ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિએ નિયુક્ત કરેલી વરણી સમિતિએ સાહિત્ય-કોશના સંપાદનની મુખ્ય જવાબદારી ઉપાડવા માટે નવી પેઢીના સંનિષ્ઠ અભ્યાસીઓને નિમંત્રણ આપવા ઠરાવ્યું. તે પ્રમાણે તા. ૮–૧૨–૧૯૭૯ના પત્રથી શ્રી જયંત કોઠારીને મુખ્ય સંપાદક તરીકે અને શ્રી ચંદ્રકાન્ત શેઠને સહસંપાદક તરીકે સેવાઓ આપવા નિમંત્રણ પાઠવ્યાં. એમની સંસ્થાઓ જી. એલ. એસ. ગર્લ્સ કૉલેજ અને ગૂજરાત વિદ્યાપીઠે એમની સેવાઓ લિયન પર આપીને પરિષદને ઉપકૃત કરી.

સાહિત્યકોશનું કામ શરૂ કર્યું ત્યારે અંદાજ એવો હતો કે સંપાદનનું કામ પાંચેક વર્ષની મુદતમાં પૂરું થઈ જશે, પણ શ્રી જયંત કોઠારીનાં ખંત અને ચીવટને કારણે સંપાદનમાં સંશોધન-વૃત્તિ ભળી, યોજનામાં એક નવું પરિમાણ ઉમેરાયું, તેથી મુદત બેવડાઈ. એમણે કોશના સહકાર્યકરો સાથે ગ્રંથાલયો અને ગ્રંથભંડારોની મુલાકાત લઈ, જ્યાં શક્ય હતું ત્યાં હસ્તપ્રતો પણ તપાસી અને પૂર્વે થયેલાં આ પ્રકારનાં સંપાદનકાર્યોની દુરસ્તી પણ કરી. શ્રી જયંત કોઠારીએ સાડાચાર વર્ષ પછી માનાર્હ મુખ્ય સંપાદક તરીકે સેવાઓ આપી. શ્રી ચંદ્રકાન્ત શેઠને માથે શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરના નિયામકની જવાબદારી આવતાં એમણે માનાર્હ સંપાદક તરીકે બેએક વર્ષ કાર્ય સંભાળ્યું અને શ્રી રમણ સોનીએ સહસંપાદક તરીકેની જવાબદારી સ્વીકારી. શ્રી કોઠારી તા. ૩૦–૬–૧૯૮૭થી સાહિત્યકોશના સંપાદનકાર્યમાંથી મુકત થયા ત્યારે શ્રી જયંત ગાડીત સાહિત્યકોશના બીજા ખંડ સાથે સંકળાયેલા હતા. એમણે શ્રી કોઠારીના ઉત્તરાધિકારી તરીકે સ્તુત્ય કાર્ય કર્યું છે. શ્રી રમેશ ર. દવે પણ આ યોજના સાથે આરંભકાળથી સંકળાયેલા રહ્યા છે. શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ શ્રી. ક. લા. સ્વાધ્યાયમંદિરના નિયામક થવાની સાથે સમગ્ર કોશયોજનાની વહીવટી જવાબદારી ઉપાડી લીધી. એમના સંપાદન હેઠળ કોશનો બીજો-ત્રીજો ભાગ નિયત સમયમાં પૂરો થાય એ માટે એ કૃતસંકલ્પ છે. જણાવતાં આનંદ થાય છે કે 'ગુજરાતી સાહિત્યકોશ ખંડ–૨ (અર્વાચીન કાળ)' ફેબ્રુઆરી, ૧૯૯૦ સુધીમાં સુલભ થશે.

પ્રારંભિક વર્ષોમાં કોશની સલાહકાર સમિતિના સભ્યોએ દિવસોના દિવસ આપ્યા છે. સ્વ. ઉમાશંકર જોશી, શ્રી હરિવલ્લભ ભાયાણી, શ્રી નગીનદાસ પારેખ અને શ્રી યશવંત શુકલની સેવાઓ અવિસ્મરણીય રહેશે. જરૂર ઊભી થાય ત્યાં શ્રી ચી. ના. પટેલ પાસેથી પણ માર્ગદર્શન મળતું.

સંકલ્પ કર્યો ત્યારે સાહિત્યકોશની ૧૧૦૦ નકલ છાપવાની ગણતરી હતી, પણ પરિષદના એક ટ્રસ્ટી શ્રી એચ. એમ. પટેલની સલાહથી ૨૦૦૦ નકલ છાપવાનું મધ્યસ્થ સમિતિએ સૂચવ્યું. કાગળ પાછળ અગાઉથી રોકાણ કરવું કે કેમ એક પ્રશ્ન હતો. પણ એ જોખમ ફાયદાકારક ઠરે એટલી હદે પછીનાં વર્ષોમાં કાગળના ભાવ વધ્યા છે. કોશ માટેનો આ ખાસ કાગળ તો એની ગુણવત્તા નક્કી કરીને તૈયાર કરાવેલો છે. અન્યથા કોશનું નિર્માણખર્ચ ઘણું વધી જાત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાત રાજ્ય સરકાર આ યોજના માટે પંચોતેર ટકા અનુદાનના શરતે વધુમાં વધુ દસ લાખ રૂપિયા આપશે એવો આદેશ હતો. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હસુ યાજ્ઞિકે આ અનુદાન દ્વારા કોશનો પ્રથમ ભાગ સંપાદિત–પ્રકાશિત થાય એનું ઔચિત્ય સ્વીકાર્યું. રાજ્યની આ સાહિત્યસંસ્થાનું વલણ સતત સહકારનું રહ્યું છે એ નોંધતાં આભારની લાગણી જાગે છે.

ઉપર્યુકત સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય સરકારે આજ સુધી રૂ. ૯,૫૦,૦૦૦/- (નવ લાખ પચાસ હજાર) અનુદાન આપ્યું છે. શ્રી જયવદન તકતાવાળા દ્વારા આ કોશ માટે રૂ. ૫૦,૦૦૦/- (પચાસ હજાર)નું દાન મળેલું. કોશનો આ પ્રથમ ખંડ મધ્યકાલીન સાહિત્ય વિશે હોઈ શ્રી ચીમનલાલ ચકુભાઈ પ્રેરિત 'આચાર્ય હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ' અને શ્રી વાડીલાલ પરિવાર પ્રેરિત 'નરસિંહ મહેતા સ્વાધ્યાયપીઠ'ના ભંડોળમાંથી બે લાખ ઓંશી હજાર જેટલી રકમ એના પ્રકાશન પાછળ ખપમાં લીધી છે, જે વેચાણ દ્વારા પાછી મળતાં બંને સ્વાધ્યાયપીઠની પ્રવૃત્તિઓમાં ફરી રોકાશે.

આ સાહિત્યકોશને ગુજરાત અને ગુજરાત બહાર વસતા સમગ્ર ગુજરાતી સમાજનો આવકાર મળશે એવી આશા છે.

ભોળાભાઈ પટેલ **પ્રિયકાન્ત પરીખ**
વર્ષા અડાલજા **નરોત્તમ પલાણ**
મંત્રીઓ

ગોવર્ધન ભવન
ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ
૨૮ નવેમ્બર, ૧૯૮૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંપાદકીય

ગુજરાતી સાહિત્યકોશ – એક બૃહત્‌કોશ

ગુજરાતી સાહિત્ય પરિષદને ઉપક્રમે જ્યારે 'ગુજરાતી સાહિત્યકોશ' તૈયાર કરવાનું નક્કી થયું ત્યારે સાહિત્યકોશ માટે રચાયેલી સલાહકાર સમિતિ અને સાહિત્યકોશના સંપાદકોના મનમાં ગુજરાતી સાહિત્યનો બૃહત્‌કોશ તૈયાર કરવાની કલ્પના હતી, કારણ કે અત્યાર સુધી ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનો કોઈ કોશ તૈયાર થયો નથી. સીમિત હેતુથી મર્યાદિત સાધનોનો સંદર્ભ તરીકે આધાર લઈ તૈયાર થયેલા કોશ જોવા મળે છે, પરંતુ જેમાં ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત દરેક વસ્તુની માહિતી ઉપલબ્ધ થાય એવો કોઈ સર્વગ્રાહી કોશ આપણી પાસે ન હતો. 'ગુજરાતી સાહિત્યકોશ' એવા બૃહત્‌કોશની દિશામાં થયેલો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે.

આ પ્રકારના કોશમાં વિવિધ સાધનો પરથી એકત્ર કરેલી સામગ્રીને 'અ'કારાદિ ક્રમમાં ગોઠવીને મૂકી શકાય, પરંતુ એ રીતે કોશ તૈયાર કરવાનું કાર્ય ઘણું જટિલ બનવાની સંભાવના લાગતાં સલાહકાર સમિતિએ 'મરાઠી વાડમયકોશ'ને નજર સમક્ષ રાખી તથા ગુજરાતી સાહિત્યની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ બધી સામગ્રીને ત્રણ વિભાગમાં વહેંચી તેમના અલગ અલગ ગ્રંથ પ્રગટ કરવાનું સર્વાનુમતે સ્વીકાર્યું. એ મુજબ પહેલા ખંડમાં મધ્યકાલીન કર્તાઓ અને કૃતિઓ, બીજા ખંડમાં અર્વાચીન કર્તાઓ અને કૃતિઓ તથા ત્રીજા ખંડમાં સાહિત્યપ્રકારો, સાહિત્ય-પ્રવાહો, પરિબળો, સાહિત્યિક વિભાવનાઓ વગેરે વિશેનાં અધિકરણનો સમાવેશ કરવાનું વિચારાયું.

સાહિત્યકોશનો વ્યાપ

પહેલા ખંડમાં ઈ. ૧૨મી સદીથી ઈ. ૧૮૫૦ સુધી મુખ્યત્વે જેમનું સર્જનકાર્ય થયું હોય એવા ગુજરાતી સાહિત્યના કર્તાઓને સમાવ્યા છે. ઈ. ૧૮૫૦ પૂર્વે રચાયેલું ગુજરાતી સાહિત્ય સાહિત્યનાં પ્રેરક બળો, સાહિત્યનું પ્રયોજન, સાહિત્યપ્રકારો કે અભિવ્યક્તિ એમ દરેક રીતે ઈ. ૧૮૫૦ પછી રચાયેલા ગુજરાતી સાહિત્યથી અલગ પડી જાય છે. એટલે એને 'મધ્યકાલીન સાહિત્ય' એવી સંજ્ઞાથી ઓળખાવી એ સમય સુધીનાં કર્તા-કૃતિનો અલગ ગ્રંથ કર્યો છે. આને કારણે ઈ. ૧૮૫૦ પૂર્વે રચાયેલી હોય છતાં જે કૃતિઓ પર પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ પડ્યો હોય તો એ કૃતિઓ અને એમના કર્તાઓને અર્વાચીન ગણી પહેલા ખંડમાં સ્થાન નથી આપ્યું.

કોશને સર્વગ્રાહી બનાવવા તરફ લક્ષ હોવાને લીધે પહેલા ખંડમાં મધ્યકાળના ગુજરાતી ભાષાના સર્વ જ્ઞાત કર્તાઓ તથા એમની નોંધપાત્ર કૃતિઓ વિષેનાં અધિકરણ છે. સર્વ એટલે જેમણે ૧ પદ કે સ્તવન રચ્યું હોય એ દરેક કર્તાને કોશમાં સ્થાન મળ્યું છે. આ ખંડ પૂરતો 'સાહિત્ય' શબ્દને પણ વિશાળ અર્થમાં લીધો છે. એટલે વૈદક કે જ્યોતિષનો ગ્રંથ રચનાર કર્તા પણ અહીં જોવા મળશે.

આ ખંડમાં મુદ્રિત સાધનો પરથી ઉપલબ્ધ દરેક કર્તાને સમાવ્યા છે. ગ્રંથો અને સામયિકોમાં મુદ્રિત રૂપે મળતી કૃતિઓ, એમાં થયેલા ઉલ્લેખો તથા ગ્રંથભંડારોમાં હસ્તપ્રત રૂપે પડેલી કૃતિઓની મુદ્રિત હસ્તપ્રતયાદીઓનો એ માટે આધાર લેવામાં આવ્યો છે. જે ગ્રંથભંડારોની યાદીઓ અમુદ્રિત હોય તો તેમને લક્ષમાં નથી લીધી.

મુદ્રિત સાધનોનો જ આધાર લેવા છતાં એમાં શ્રી કે. કા. શાસ્ત્રીકૃત 'કવિચરિત: ૩' અપવાદરૂપ છે. 'કવિરચિત: ૧-૨'ની જેમ હસ્તપ્રતો પ્રત્યક્ષ જોઈને જે તે કર્તા વિશે લેખકે અહીં પણ નોંધ આપી હોવાને લીધે તથા આ અપ્રકાશિત ગ્રંથની હસ્તપ્રત ઉદાર હૃદયે તેમણે કોશને વાપરવા આપી, એટલે કોશે એ ગ્રંથનો સંદર્ભ તરીકે આધાર લીધો છે. એ સિવાય યુનિવર્સિટીઓમાં તૈયાર થયેલા, પરંતુ અત્યાર સુધી અમુદ્રિત રહેલા મહાનિબંધો કે બીજા કોઈ અમુદ્રિત ગ્રંથોનો આધાર નથી લીધો. ચોક્કસ મધ્યકાલીન વિષય પર કોઈ વિદ્વાને સંશોધનકાર્ય કર્યું હોય, પરંતુ એમનું કાર્ય ગ્રંથ રૂપે પ્રકાશિત ન થયું હોય તો એ વિષય પર અધિકરણો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખી આપવા માટે તે વિદ્વાનનો સહકાર માગ્યો છે અને અમને જણાવતાં આનંદ થાય છે કે મહદ્‌અંશે વિદ્વાનોએ એમાં સહકાર આપ્યો છે.

કોશના સંપાદનકાર્ય દરમ્યાન કોશને વધારે ચોક્કસ અને સંપૂર્ણ બનાવે એવા ગ્રંથો પ્રકાશિત થયા ત્યારે બને ત્યાં સુધી કોશમાં એવા ગ્રંથોનો આધાર લઈ લેવાનું વલણ રહ્યું છે. 'આ ડિસ્ક્રિપ્ટિવ કૅટલોગ ઑવ ગુજરાતી, હિન્દી, ઍન્ડ મરાઠી મૅન્યુસ્ક્રિપ્ટસ ઑફ બી. જે. ઈન્સ્ટિટ્યૂટ મ્યુઝિયમ, ખંડ: ૧' હસ્તપ્રતયાદી કોશનાં સંપાદનકાર્ય અને મુદ્રણ ઠીકઠીક પૂરાં થઈ ગયાં ત્યાર પછી પ્રકાશિત થઈ. એટલે 'ય' વર્ણથી ઉપલબ્ધ થતા કર્તાઓ અને એમની કૃતિઓને અહીં સમાવ્યાં છે, પરંતુ એ પૂર્વેના કર્તાઓ વિશે એમાં મળતી માહિતીને કોશમાં નથી સમાવી.

ગુજરાતી કર્તાઓનો કોશ

મધ્યકાળના ઘણા કર્તાઓએ ગુજરાતી ઉપરાંત રાજસ્થાની, હિંદી કે સંસ્કૃતમાં પણ ગ્રંથો રચ્યા છે. એવા કર્તાઓની ગુજરાતી કૃતિઓ વિશે વીગતે નોંધ લીધા પછી એમના અન્ય ભાષાઓમાં થયેલા પ્રદાનનો માત્ર ઉલ્લેખ કર્યો છે. જે કર્તાની એક પણ ગુજરાતી કૃતિ ઉપલબ્ધ ન હોય એને કોશમાં સ્થાન નથી મળ્યું. કેટલાક કર્તાઓની કૃતિઓની ભાષા પર હિંદી–રાજસ્થાનીનો વિશેષ પ્રભાવ વરતાતો હોય કે ક્યારેક એમની એક જ કૃતિમાં ગુજરાતી સાથે રાજસ્થાની–હિંદીનું મિશ્રાણ દેખાતું હોય તો એવા કર્તાઓ અને એ કૃતિઓને એવા ચોક્કસ નિર્દેશ સાથે કોશમાં સમાવ્યાં છે. કચ્છી સિંધીની બોલી હોઈને અને ચારણી પણ ગુજરાતીથી ભિન્ન સ્વરૂપવાળી હોઈને એ ભાષાઓમાં સર્જન કરનાર કર્તાઓને નથી સમાવ્યા.

કોશ માટે સૌથી વધારે સમસ્યારૂપ ગુજરાત પ્રદેશમાં રચાયેલી અપભ્રંશ કૃતિઓ હતી. એક મત એવો હતો કે આ અપભ્રંશ કૃતિઓ અને તેમના કર્તાઓને ગુજરાતી ગણી કોશમાં સમાવવા. પરંતુ આ મત સૌને સ્વીકાર્ય ન હતો. આખરે સલાહકાર સમિતિએ એક ઉપસમિતિની રચના કરી અને એના સૂચનને આધારે એવો નિર્ણય કરવામાં આવ્યો કે સ્પષ્ટપણે અપભ્રંશ ભાષાની જ ગણાય એવી કૃતિઓ અને તેમના કર્તાઓને કોશમાં ન સમાવવાં, પરંતુ જે કૃતિઓમાં ગુજરાતી ભાષાનાં લક્ષણો વધારે દેખાતાં હોય તે કૃતિઓને ગુજરાતી ગણી તેમના કર્તાઓને કોશમાં સ્થાન આપવું. એ મુજબ કોશકાર્યાલયે ડૉ. હરિવલ્લભ ભાયાણી અને અન્ય વિદ્વાનોની સલાહથી અપભ્રંશ અને ગુજરાતી કૃતિઓને જુદી તારવી.

પ્રમાણભૂત કોશ

સાહિત્યકોશ એ ઉપલબ્ધ સામગ્રીનું માત્ર સંકલન નથી, એનું સંશોધન પણ છે, કારણ કે કોશને પ્રમાણભૂત બનાવવો એ એનો બીજો ઉદ્દેશ હતો. વિવિધ સાધનોમાંથી ઉપલબ્ધ સામગ્રીને જ્યારે એકસાથે મૂકવામાં આવી ત્યારે એમાં ઘણી મુશ્કેલીઓ નજરે ચડી. ક્યાંક માહિતીના મૂળ આધાર સુધી ગયા વગર પરંપરાથી ચાલી આવતી માન્યતાને અનુસરવાનું વલણ હતું. સંપ્રદાય કે અનુયાયીઓ પાસેથી મળતી માહિતીમાં અતિશયોક્તિ ને દંતકથાત્મક તત્ત્વોનું પ્રમાણ વિશેષ હતું. ક્યાંક સરતચૂકથી કર્તાઓ અને કૃતિઓની ભેળસેળ થઈ ગઈ હતી. ક્યાંક નામફેર થવાથી કૃતિઓ અને કર્તાઓ બેવડાયા હતા. ક્યાંક અનુમાનથી ખોટી માહિતી જોડી દેવાનું બન્યું હતું. આ સંજોગોમાં સંદર્ભની અધિકૃતતા-અનધિકૃતતા ચકાસવાનું આવશ્યક બન્યું.

સામાન્ય રીતે કોશે કર્તા કે કૃતિ વિશેની અધિકૃતતા ચકાસવા માટે મૂળ આધાર સુધી જવાનું વલણ રાખ્યું છે અને બીજા કે ત્રીજા આધારો પરથી આવતી માહિતીને અન્યત્રથી સમર્થન ન મળતું હોય તો મોટે ભાગે સ્વીકારી નથી. તેમ છતાં એમાં ક્યારેક અપવાદ કરવા પડ્યા છે. જેમ કે 'પુષ્ટિમાર્ગીય જૂના સાહિત્યકારો વિશે કંઈક'માં પુષ્ટિમાર્ગી કવિઓ વિશે આપેલી યાદીના કર્તાઓની અધિકૃતતા ચકાસવાનું બીજું કોઈ સાધન ઉપલબ્ધ ન હોવાને લીધે અન્યત્રથી વિરોધ ન આવતો હોય તો એ કર્તાઓને ગુજરાતી કર્તાઓ તરીકે સ્વીકારી લીધા છે, થોડા હિંદી કવિઓ એમાં દાખલ થઈ ગયા હોવાની શક્યતા છતાં. પરંતુ આ પ્રકારની અન્ય સંદર્ભયાદીઓને અન્ય આધારોના પ્રકાશમાં ચકાસીને ચાલવાનું વલણ રહ્યું છે.

હસ્તપ્રતયાદીઓમાંથી મળતી માહિતીની અધિકૃતતાને ચકાસવાનું કામ કોશ માટે અશક્ય હતું. જો કે એમાં ભૂલો થઈ હોવાનું ઘણી જગ્યાએ ચોખ્ખું દેખાતું હતું. કોઈક હસ્તપ્રતયાદીમાં કર્તાનું નામ ખોટું મુકાયાની શંકા જતી હતી. કોઈક હસ્તપ્રતયાદીમાંથી મળતી માહિતી અન્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધનોમાંથી મળતી માહિતી સાથે મેળમાં નહોતી. આવી સ્થિતિમાં ઘણી જગ્યાએ કોશકાર્યાલયને મૂળ હસ્તપ્રત સુધી જવાની ફરજ પડી. તેને પરિણામે કોશમાં ઘણી શુદ્ધિવૃદ્ધિ થઈ છે. બધી હસ્તપ્રતયાદીઓમાં મોહનલાલ દલીચંદ દેશાઈ દ્વારા સંપાદિત 'જૈન ગુર્જર કવિઓ' વધારે શ્રદ્ધેય જણાઈ છે. તેથી જ્યારે મૂળ હસ્તપ્રત સુધી જવાનું શક્ય ન હોય ત્યાં 'જૈન ગુર્જર કવિઓ'ની માહિતીને આધારભૂત માનીને ચાલવાનું વલણ રહ્યું છે.

કોશમાં તો વિવિધ સંદર્ભસાધનોમાંથી મળતી માહિતી પરથી કર્તાનાં નામ, સમય, જીવન કે એમની કૃતિઓ વિશેની અધિકૃત લાગી હોય તે માહિતી જ અપાઈ છે. પરંતુ કયા સંદર્ભમાંથી કઈ સામગ્રી મળી, એમાંથી કઈ સામગ્રી સ્વીકારી, કઈ સામગ્રી છોડી દીધી એના હાનોપાદાનનો નિર્ણય કઈ પ્રક્રિયાથી કોશે કર્યો એની વીગતો કે ચર્ચા અધિકરણમાં ન હોય એ સ્વાભાવિક છે. કયારેક બે જુદીજુદી માહિતી પરથી કઈ માહિતી સાચી તેનો નિર્ણય થઈ ન શકતો હોય તો બંને વીગતો મૂકવાનું કોશનું વલણ રહ્યું છે. આ શુદ્ધિવૃદ્ધિને પરિણામે સાહિત્યના ઇતિહાસમાં કે અન્યત્ર એવા કર્તાઓ કે કર્તાને નામે નોંધાયેલી એવી કૃતિઓ મળશે કે જેમનો ઉલ્લેખ સાહિત્યકોશમાં નહીં હોય.

અર્વાચીનકાળમાં કેટલોક વખત કેટલાંક બનાવટી મધ્યકાલીન કર્તાઓ અને કૃતિઓ ઊભાં કરવાનો પ્રયત્ન થયેલો એવી ચોક્કસ સંભાવના છે. જે કર્તાઓ બનાવટી છે એવું હવે વ્યાપક રીતે સ્વીકારાઈ ગયું છે તે કર્તાઓને કોશમાં સ્થાન નથી આપ્યું, જેમ કે પ્રેમાનંદસુત વલ્લભ. પણ જે કર્તાઓ બનાવટી હોવા વિશે શંકા હોય એ કર્તાઓને એ પ્રકારના નિર્દેશ સાથે સ્થાન આપ્યું છે.

અધિકરણનું સ્વરૂપ

પહેલા ખંડમાં મુકાયેલાં કર્તા અને કૃતિઓ વિશેનાં અધિકરણ ચોક્કસ પદ્ધતિએ લખાયાં છે. કોશ સમજવામાં સરળતા રહે એ માટે અહીં તે વિશે કેટલીક સ્પષ્ટતા કરી છે.

કર્તાનામ પર અધિકરણ

કોશમાં કર્તા અને કૃતિઓ વિશેનાં અધિકરણ કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે. કર્તાઅધિકરણ કર્તાના નામથી કરવામાં આવ્યું છે. જ્યાં કર્તાની વિશિષ્ટ ઓળખ મળતી હોય ત્યાં એવા ઓળખસૂચક શબ્દોને કર્તાનામની સાથે સાદા કૌંસમાં મૂક્યા છે, જેમ કે 'કતીબશા (બાદશાહ)', 'કાભઈ(મહારાજ).' કર્તાનું નામ કૃતિઓમાં વિકલ્પે મળતું હોય તો દરેક નામને તિર્યક રેખાથી સૂચવ્યું છે, જેમ કે 'ઇન્દ્રાવતી'/ પ્રાણનાથ(સ્વામી)/મહામતિ/મહેરાજ' કે 'કીર્તિવર્ધન/કેશવ(મુનિ)'. વિકલ્પે મળતાં નામોમાં અધિકરણ સામાન્ય રીતે સ્વીકૃત નામ પર કર્યું છે અને વૈકલ્પિક નામો પર પ્રતિનિર્દેશ કર્યા છે.

મધ્યકાલીન સાહિત્યમાં એક જ નામવાળા ઘણા કર્તાઓ મળે છે. આ કર્તાઓને કેટલીક પદ્ધતિઓનો આશ્રાય લઈ પરસ્પરથી જુદા પાડયા છે. જેમ કે સમય, જૈન કર્તા હોય તો ગચ્છ ને ગુરુપરંપરા કે જૈનેતર કર્તા હોય તો ગુરુનો નિર્દેશ, સંપ્રદાયવિશેષ, પિતાનામ, જ્ઞાતિ, જીવન-વિષયક અન્ય વીગતો, લખાવટની સમગ્ર રીતિ વગેરે. એ રીતે જુદા પડેલા કર્તાઓને પછી સમયના ક્રમમાં ગોઠવી ૧, ૨, ૩, એ રીતે ક્રમાંક આપીને મૂક્યા છે.

ઓળખ વગરના કર્તાનું અધિકરણ

મધ્યકાલીન સાહિત્યમાં ઘણી કૃતિઓ એક નામે મળે છે, પરંતુ એ કૃતિઓ ચોક્કસ કયા કર્તાની છે એનો નિર્ણય કરવો કયારેક મુશ્કેલ બની જાય છે. એવી કૃતિઓને ઓળખ વગરના કર્તાનું અધિકરણ કરી એમાં સમાવી છે. આ અધિકરણને એક નામજૂથવાળાં અધિકરણોના પ્રારંભમાં મૂક્યું છે. જેમ કે 'રત્નવિમલ,' 'રત્નવિમલ-૧,' 'રત્નવિમલ-૨' વગેરે. ઓળખ વગરના કર્તા-અધિકરણમાં મુકાયેલી કૃતિઓ પછી આવતાં એ નામજૂથવાળા કર્તાઓમાંથી કોઈની હોઈ શકે. જ્યાં એવું કોઈ અનુમાન અન્ય આધારો પરથી થતું હોય તો એનો નિર્દેશ એ કૃતિની વાત કરતી વખતે કર્યો છે.

અન્ય નામવાળાં અધિકરણ

કયારેક કર્તાનું નામ ન મળતું હોય, પરંતુ કર્તાના ગુરુ કે પિતાનું નામ મળતું હોય ત્યારે 'અનંતહંસશિષ્ય' કે 'રામદાસસુત' જેવાં અધિકરણ કર્યાં છે. શિષ્યવાળાં અધિકરણોમાં એકથી વધારે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિઓ હોય ત્યારે કર્તાઓ એકથી વધારે હોવાની સંભાવના રહે છે, કેમ કે એક ગુરુના એકથી વધારે શિષ્ય હોઈ શકે. શિષ્યવાળા અધિકરણમાં કર્તા સાધુ હોવાની સંભાવના વિશેષ છે, છતાં એ ક્વચારેક શ્રાવક પણ હોઈ શકે. ચોક્કસ નિર્દેશ મળ્યો હોય ત્યાં એમને શ્રાવક ગણ્યા છે, અન્યથા સાધુ માન્યા છે.

સમયનિર્દેશ

કર્તાનામની બાજુમાં આવેલા ખૂણિયા કૌંસમાં કર્તા ક્યા સમયમાં થઈ ગયા એનો નિર્દેશ છે. કર્તાના સમયનો નિર્ણય કરવા માટે વિવિધ આધારોને લક્ષમાં લીધા છે. કર્તાનાં જન્મ અને અવસાનનો પ્રમાણભૂત સમય મળતો હોય તો એનો નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ જ્યારે એવું કોઈ ચોક્કસ પ્રમાણ ઉપલબ્ધ ન થતું હોય ત્યારે કર્તાની કૃતિનો રચનાસમય કે લેખનસમય, કર્તાના ગુરુનો સમય, કર્તાના જીવન વિશે મળતી ચોક્કસ ઐતિહાસિક હકીકતો, કૃતિમાં આવતા ઐતિહાસિક ઉલ્લેખ ઇત્યાદિનો આધાર લઈ કર્તાના જીવનકાળને શક્ય એટલો નિશ્ચિત કરવામાં આવ્યો છે. જેમ કે કર્તાની એક જ કૃતિનું રચનાવર્ષ મળતું હોય તો 'ઈ. ૧૫૬૫માં હયાત' એમ નિર્દેશ થયો છે. કર્તાની એકાધિક કૃતિઓનાં રચનાવર્ષ મળતાં હોય તો પહેલા અને અંતિમ વર્ષને લક્ષમાં લઈ 'ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ' કે 'ઈ.૧૬મી સદી મધ્યભાગ' એ રીતે નિર્દેશ કર્યો છે. કર્તાનો કવનકાળ બે સદીઓમાં વિસ્તરતો હોય ત્યાં 'ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ' એ રીતે નિર્દેશ કર્યો છે. જો કર્તાની કૃતિનું માત્ર લેખનવર્ષ મળતું હોય તો કર્તા ત્યાં સુધીમાં થઈ ગયા એમ નિર્દેશ કરવામાં આવ્યો છે. જેમ કે 'ઈ. ૧૭૩૫ સુધી'. પરંતુ જ્યાં લેખનમાં સૈકાનું અનુમાન કરવામાં આવ્યું હોય ત્યાં કર્તાના સમયને ખૂણિયા કૌંસમાં સૂચવવામાં નથી આવ્યો. કોઈ રીતે કર્તાનો સમય નિશ્ચિત થતો ન હોય તો ત્યાં કર્તાનામની બાજુમાં મૂકેલા ખૂણિયા કૌંસને ખાલી રાખ્યો છે. ક્વચારેક કર્તાના સમય વિશે અન્ય સંદર્ભ પરથી માહિતી મળતી હોય, પરંતુ જો એ અધિકૃત ન લાગે તો એનો નિર્દેશ ખૂણિયા કૌંસમાં નથી કર્યો. એ માહિતીનો ઉલ્લેખ માત્ર અધિકરણમાં થયો છે. એક નામજૂથવાળા કર્તાઓની આગળ ઓળખ વગરના કર્તાનું અધિકરણ જ્યારે મૂક્યું છે ત્યારે અધિકરણની બાજુમાં ખૂણિયો કૌંસ નથી મૂક્યો.

અધિકરણમાં કર્તા કે કૃતિનો સમય ઈસવી સનના વર્ષથી સૂચવાયો છે. ઈસવી સનનું વર્ષ મેળવવા માટે વિક્રમસંવતમાંથી ૫૬ તથા શકસંવતમાંથી ૭૮ બાદ કર્યા છે. જ્યાં માસ, તિથિ, વાર મળતાં હોય ત્યાં ઈસવી સનની સાથે સંવતના વર્ષનો પણ નિર્દેશ કરી માસ, તિથિ, વાર મૂક્યાં છે. પરંતુ જો કૃતિના લેખનમાં સૈકાનું અનુમાન થતું હોય ત્યાં સંવતથી એનો નિર્દેશ કર્યો છે. જેમ કે 'સં. ૧૭મી સદી અનુ.' સમયનિર્ણયના આધારોની ચર્ચા જરૂર જણાઈ ત્યાં કરી છે.

અધિકરણસામગ્રી

કર્તાઅધિકરણના પ્રારંભમાં જો નોંધપાત્ર કર્તા હોય તો એમને એમના મુખ્ય સાહિત્ય-વિશેષથી ઓળખાવ્યા છે. જેમ કે 'આખ્યાન કવિ,' 'જ્ઞાની કવિ.' અન્ય કવિઓને સંપ્રદાય, ગુરુ-પરંપરા, ગચ્છ ઇત્યાદિથી ઓળખાવ્યા છે. જેમ કે 'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ,' 'સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ,' 'તપગચ્છના જૈન સાધુ' વગેરે. ત્યાર પછી કર્તાનાં ઉપનામ, જન્મસ્થળ, વતન, જ્ઞાતિ, માતાપિતા વગેરે વિશે જે આધારભૂત હકીકતો હોય તે આપી છે. જનશ્રુતિઓનો ઉલ્લેખ મોટા સર્જકો વિશે આપાયેલી માહિતીમાં ખપપૂરતો કર્યો છે અને ત્યાં એ જનશ્રુતિ છે એવો નિર્દેશ કર્યો છે.

કર્તાના સર્જનકાર્યની વાત કરતી વખતે પહેલાં કર્તાની પ્રમાણિત કૃતિઓની વાત થઈ છે. સામાન્ય રીતે કૃતિઓને વિષય અને સ્વરૂપના જૂથમાં વહેંચી આ વાત થઈ છે. કૃતિનાં વૈકલ્પિક નામ તિર્યક રેખાથી સૂચવ્યાં છે. મોટા કર્તાઓમાં એમની દરેક નોંધપાત્ર કૃતિનો ઉલ્લેખ કર્યો છે અને ગૌણ કર્તાઓમાં સામાન્ય રીતે એમની બધી કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે. કૃતિપરિચયમાં કૃતિનાં કડીસંખ્યા, સ્વરૂપ, વિષય તથા કૃતિની ખાસ કોઈ નોંધપાત્ર લાક્ષણિકતા હોય તો એની માહિતી આપી છે. જે કૃતિનું સ્વતંત્ર અધિકરણ થયું હોય તે કૃતિઓની મુખ્ય વીગતોને કર્તા-અધિકરણમાં સમાવી છે અને એ કૃતિ પર સ્વતંત્ર અધિકરણ થયું છે એવો કૃતિનામની બાજુમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીર(←)થી નિર્દેશ કર્યો છે. કૃતિનામની જોડે મૂકેલા સાદા કૌંસમાં કૃતિનો રચનાસમય કે લેખન-સમય જે ઉપલબ્ધ હોય તે આપ્યો છે. અને તેની સાથે કૃતિ મુદ્રિત હોય તો તેનો નિર્દેશ કર્યો છે. ક્યારેક સળંગ લખાણમાં કૃતિ મુદ્રિત હોવાની વાત સૂચવાઈ ગઈ હોય તો કૌંસમાં મુદ્રિતનો નિર્દેશ નથી કર્યો. જ્યાં મુદ્રિતનો નિર્દેશ ન હોય ત્યાં કૃતિ મુદ્રિત હોવાની માહિતી કોશકાર્યાલયને ઉપલબ્ધ નથી થઈ એમ સમજવું. એ કૃતિઓ અમુદ્રિત હોવાની સંભાવના વિશેષ છે, પણ તે મુદ્રિત હોવાની શક્યતા સાવ નકારી શકાય નહીં.

કર્તાની અધિકૃત કૃતિઓની વાત કર્યા પછી કર્તાની શંકાસ્પદ કૃતિઓની ચર્ચા કરી છે. છેલ્લે કર્તાએ ગુજરાતી સિવાય અન્ય ભાષાઓમાં જે કૃતિઓ રચી હોય એમનો નિર્દેશ છે. આવી કૃતિઓ કઈ ભાષાની છે એ કહ્યું છે. પરંતુ એ સિવાય એમને વિશે બીજી માહિતી આપી નથી.

કર્તાધિકરણ ઉપરાંત કેટલીક નોંધપાત્ર મધ્યકાલીન કૃતિઓ વિશેનાં સ્વતંત્ર અધિકરણ પણ કોશમાં છે. આ અધિકરણોમાં કૃતિનો રચનાસમય, કૃતિનું મહત્ત્વ, વસ્તુ, એની સમીક્ષા ઇત્યાદિ બાબતોને સમાવી છે. સામાન્ય રીતે કૃતિમાંથી લાંબાં અવતરણ નથી આપ્યાં, પરંતુ વક્તવ્યને સ્ફુટ કરવા જરૂર જણાઈ ત્યાં કેટલીક ટૂંકી માર્મિક પંક્તિઓને અવતરણ રૂપે આપી છે.

ક્યારેક કોઈ કૃતિ વૈકલ્પિક કર્તાનામે મળતી હોય કે એવી સંભાવના કરવામાં આવી હોય ત્યારે એ કૃતિઓનું, સાહિત્યક દૃષ્ટિએ નોંધપાત્ર ન હોય તોપણ, અલગ અધિકરણ કર્યું છે અને વૈકલ્પિક કર્તાનામોમાં પ્રતિનિર્દેશ કર્યો છે, જેમ કે 'નેમિ-બારમાસા.'

અધિકરણ શક્ય તેટલાં માહિતીપ્રધાન કર્યાં છે. મૂલ્યાંકનલક્ષી અભિપ્રાય આવશ્યક હોય એટલા આપ્યા છે, અને ત્યાં કર્તા કે કૃતિ વિશે પ્રચલિત વિચારોને અનુસરવાનું વલણ વિશેષ છે. તેમ છતાં કોશનું પોતાના સ્વતંત્ર અભિપ્રાય હોય એમ બનવાનું. ક્યારેક કર્તા કે કૃતિ વિશેના અભિપ્રાયમાં મોટો ભેદ હોય તો બન્ને અભિપ્રાય આપ્યા છે.

સંદર્ભસામગ્રી

અધિકરણને અંતે ઉપયોગમાં લીધેલી સંદર્ભસામગ્રીની નોંધ 'કૃતિ,' 'સંદર્ભ' અને 'સંદર્ભ-સૂચિ' એ રીતે ત્રણ વિભાગમાં મૂકી છે.

'કૃતિ' વિભાગમાં કર્તાની કૃતિઓ મુદ્રિત રૂપે જે ગ્રંથ કે સામયિકમાં ઉપલબ્ધ થતી હોય તેની માહિતી છે. આ માહતીને કર્તાની એકાધિક કૃતિઓના સર્વસંગ્રહો, કર્તાની કૃતિઓનાં સ્વતંત્ર સંપાદનો, કર્તાની કૃતિઓ જેમાં મુદ્રિત થઈ હોય તેવા અન્ય સંચયો કે ગ્રંથો અને કર્તાની કૃતિઓ જેમાં પ્રકાશિત થઈ હોય તે સામયિકો એમ ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે અને દરેક વિભાગને પોલા ચોરસ(□)થી જુદો પાડ્યો છે. દરેક પેટાવિભાગની સામગ્રીને ગ્રંથનામના 'અ'કારાદિ ક્રમમાં ગોઠવી છે, અને બધા પેટાવિભાગોની સામગ્રીને સળંગ ક્રમાંકથી દર્શાવી છે. કૃતિ પ્રકાશિત થઈ હોય એ ગ્રંથ કે સામયિકમાં કર્તાના જીવન-કવન અંગે ઉપયોગી માહિતી હોય તો ગ્રંથ કે સામયિક અંગેના ઉલ્લેખને અંતે સાદા કૌંસમાં (+) એવી સંજ્ઞા મૂકવામાં આવી છે.

કર્તા કે કૃતિ વિશે જ્યાં માહિતી મળતી હોય તેની નોંધ 'સંદર્ભ' વિભાગમાં આપી છે. કર્તા વિશેના ચરિત્રાત્મક કે વિવેચનાત્મક સ્વતંત્ર ગ્રંથો, કર્તા કે એમની કૃતિઓ વિશે માહિતી કે વિવેચન મળતું હોય એવા અન્ય ગ્રંથો, કર્તા ને એમની કૃતિઓ વિશે માહિતી કે વિવેચન મળતું હોય તેવાં સામયિકો તથા કર્તાની કૃતિઓ જ્યાં નોંધાઈ હોય તેવી હસ્તપ્રતસૂચિઓ એમ ચાર પેટાવિભાગમાં આ માહિતીને પણ વહેંચી છે, અને દરેક વિભાગને પોલા ચોરસથી જુદો પાડ્યો છે. અહીં પણ બધા પેટાવિભાગોની સામગ્રીને સળંગ ક્રમાંકથી દર્શાવી છે.

'કૃતિ' અને 'સંદર્ભ' વિભાગોમાં વખતોવખત પુનરાવર્તિત થતા કેટલાક ગ્રંથોનો સંક્ષેપાક્ષરથી નિર્દેશ થયો છે. આ ગ્રંથોની સૂચિ પાછળ આપવામાં આવી છે. અન્ય ગ્રંથોને ગ્રંથનામ, લેખક કે સંપાદક, સંશોધક, સંકલનકારનું અને પ્રાપ્ય ન હોય તો પ્રકાશક કે છેવટે મુદ્રકનું નામ, પ્રકાશનવર્ષ (પહેલા સિવાયની આવૃત્તિ હોય ત્યારે કેટલામી આવૃત્તિ છે તેના નિર્દેશ સાથે) એ રીતે મૂકવામાં આવ્યા છે. આ વિભાગોમાં ગ્રંથનામો કે સામયિકોને અવતરણચિહ્નથી સૂચિત નથી કર્યાં, પરંતુ અલ્પવિરામથી જુદાં પાડ્યાં છે. સામયિકોનો સંદર્ભ આપતી વખતે પહેલાં સામયિકનું નામ, તેના માસ અને વર્ષ, લેખનું નામ અને છેલ્લે લેખના કર્તા કે સંપાદકનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામ એ રીતે માહિતી મૂકવામાં આવી છે. સામયિકોના પ્રકાશનવર્ષના નિર્દેશમાં જ્યાં આગળ ગુજરાતી મહિના હોય ત્યાં પ્રકાશનવર્ષ સંવતમાં અને જ્યાં આગળ અંગ્રેજી મહિના હોય ત્યાં પ્રકાશનવર્ષ ઈસવી સનમાં સમજવું. સામયિકના સંદર્ભમાં લેખના નામને અવતરણચિહ્નથી સૂચિત કર્યું છે. ગ્રંથ કે સામયિકનું નામ ફરી સંદર્ભ તરીકે આવતું હોય તો 'એજન' સંજ્ઞાથી નિર્દેશ કરવામાં આવ્યો છે. જે ગ્રંથોમાં પ્રકાશનવર્ષ ન મળ્યું હોય ત્યાં ડેશ (–) મૂકી છે. જે ગ્રંથ કે ગ્રંથની અમુક આવૃત્તિ તથા સામયિક કોશ-કાર્યાલયને જોવાં ન મળ્યાં હોય તો એમની આગળ ફૂદડી (*) કરવામાં આવી છે.

જે કર્તાઓનાં જીવન અને કવન વિશેની ઉપયોગી સંદર્ભસૂચિઓ તૈયાર થઈ છે તે સૂચિ જે ગ્રંથ કે સામયિકમાં ઉપલબ્ધ હોય તેની માહિતી 'આ'કારાદિ ક્રમમાં આપી છે.

અધિકરણલેખક

દરેક અધિકરણને છેડે જમણી બાજુ મૂકેલા ખૂણિયા કૌંસમાં અધિકરણલેખકનું નામ સંક્ષેપમાં મૂક્યું છે. એમાં અધિકરણલેખકનાં વ્યકિતનામ અને એમની અટકના આદ્યાક્ષર મૂકયા છે. અધિકરણલેખકોનાં પૂરાં નામ તથા તેમના સંક્ષિપ્ત પરિચયની યાદી પાછળ આપી છે.

પરિશિષ્ટ

કોશની સામગ્રીનું મુદ્રણ થઈ ગયા પછી નવા પ્રગટ થયેલાં પુસ્તકોને લીધે કોઈ નવી માહિતી પ્રાપ્ત થઈ હોય, કોઈ પ્રાપ્ત માહિતીને સુધારવાની જરૂર જણાઈ હોય કે કોશકાર્યાલયને પોતાને જ આગાઉની મુદ્રિત સામગ્રીમાં કંઈ ફેરફાર કરવો જરૂરી લાગ્યો હોય તો એ સૌનો સમાવેશ પરિશિષ્ટમાં કરવામાં આવ્યો છે.

અધિકરણલેખન

અધિકરણોને જેમ નિશ્ચિત સ્વરૂપમાં મૂક્યાં છે તેમ એમના લેખનમાં પણ બને તેટલી એકવાક્યતા જળવાઈ રહે એની પણ કાળજી લેવાઈ છે. એ સંદર્ભમાં જોડણીવિષયક કેટલીક બાબત તરફ ધ્યાન દોરવું જરૂરી છે. આમ તો કોશે ગૂજરાત વિદ્યાપીઠના 'સાર્થ જોડણીકોશ'ની જોડણીને સ્વીકારી છે, પરંતુ વ્યકિતનામોમાં 'હ' શ્રુતિ આવશ્યક લાગે ત્યાં રાખી છે. જેમ કે 'કહાન.' પણ જો નામ અમુક રીતે રૂઢ થયું હોય તો ત્યાં પ્રતિનિર્દેશ મૂક્યા છે. જેમ કે 'કાહ્ન: જુઓ કહાન' કે 'કાહાન: જુઓ કહાન.' નામોમાં આવતાં જૂનાં ભાષારૂપોને અત્યારના પરિચિત ભાષારૂપમાં મૂક્યાં છે. એટલે 'થૂલિભદ્ર' હોય ત્યાં 'સ્થૂલિભદ્ર' કે 'ભરહેસર' હોય ત્યાં 'ભરતેશ્વર' એમ નામ મૂક્યાં છે. કેટલાક શબ્દોની જોડણી વૈકલ્પિક રૂપે મળતી હોય ત્યાં એક જ જોડણી રાખી છે. જેમ કે અસાડ, ચોપાઈ, માગશર વગેરે. દ્વિરુકત ને સામાસિક શબ્દોને ભેગા લખ્યા છે. પણ સંયોજકોમાં બે ઘટકોને અલગ રાખ્યા છે. જેમ કે, જો કે, તો પણ વગેરે. 'રૂપે' તથા એવા બીજા નામયોગી તરીકે કામ કરતા ઘટકોને અલગ રાખ્યા છે. જેમ કે 'કારણ રૂપે.' રામાયણ, મહાભારત, પુરાણો વગેરે પ્રસિદ્ધ ગ્રંથોનાં નામોમાં અવતરણચિહ્ન નથી મૂક્યાં. સંખ્યાવાચક શબ્દોને આંકડામાં લખ્યા છે. જેમ કે ૯, ૧૦, ૧૫૭ વગેરે. પરંતુ સંખ્યાક્રમવાચક શબ્દો ૯ સુધી 'સાતમું' અને 'નવમું' એ રીતે લખ્યા છે. પણ ત્યાર પછી '૧૦મું' '૧૫૮મું' એ રીતે લખ્યા છે.

સાહિત્યકોશ આખરે એક સંકલન છે. સાહિત્ય અને સંશોધનક્ષેત્રે અનેક વિદ્વાનોએ જે પુરુષાર્થ કર્યો છે તે ન થયો હોત તો સાહિત્યકોશ સ્વપ્નવત્ બની રહેત. કવિ શ્રી દલપતરામથી યાદ કરીએ તો નર્મદ, ઈચ્છારામ સૂ. દેસાઈ, હરગોવિંદદાસ કાંટાવાળા, છગનલાલ રાવળ, મોહનલાલ દેશાઈ, કે. કા. શાસ્ત્રી, ભોગીલાલ સાંડેસરા, હરિવલ્લભ ભાયાણી વગેરે મધ્યકાલીન સાહિત્યમાં કામ કરનાર અનેક વિદ્વાનોએ કરેલા શ્રમનો કોશ અહીં ઋણસ્વીકાર કરે છે.

કોશકાર્યની સામગ્રી ભેગી કરવા, ચકાસવા નિમિત્તે કોશના કાર્યકર્તાઓને ગુજરાતના વિવિધ ગ્રંથાલયો ને ગ્રંથભંડારોની મુલાકાત લેવી પડી (જેની યાદી પાછળ મૂકી છે.). અમદાવાદના 'ભો. જે. વિદ્યાભવન' ને 'લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર' જેવી સંસ્થાઓએ તો પોતાના અનેક ગ્રંથો ઘણા સમય સુધી કોશને વાપરવા માટે આપ્યા તેને કારણે અનેક અગવડોથી બચી શકાયું છે. એ સિવાય અન્ય ગ્રંથાલયોએ પણ કેટલાય અપ્રાપ્ય ગ્રંથો કોશને જોવા અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપયોગમાં લેવા આપ્યા તે બદલ સાહિત્યકોશ એ સૌ ગ્રંથાલયોના સંચાલકો અને ગ્રંથપાલો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. જે વિદ્વાનોએ કોશ માટે અધિકરણો લખી આપ્યાં તે સૌ વિદ્વાનો પ્રત્યે કોશ ઊંડા આભારની લાગણી પ્રગટ કરે છે.

અધિકરણોના લેખન સિવાય કોશની સંદર્ભસામગ્રી મેળવવા માટે, તેમને ચકાસવા માટે અનેક વ્યકિતઓ અને વિદ્વાનોએ ઉમળકાભેર પોતાનો હાથ લંબાવ્યો છે (જેની યાદી પાછળ છે). કોશ એ સૌના સહકારનો ઋણી છે.

નવજીવન પ્રેસના શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ, શ્રી શરદભાઈ જાની તથા અન્ય કાર્યકર્તાઓએ કોશનું સમયસર મુદ્રણ કરી આપ્યું તે બદલ એમના પણ આભારી છીએ.

ગમે તેટલી સાવચેતી છતાં કોશમાં ત્રૂટિઓ રહી હશે. ગુજરાતીના વિદ્વાનો એ તરફ ધ્યાન ખેંચશે તો એમનું એ કાર્ય કોશની મહત્ત્વની પૂર્તિ બની રહેશે.

અમદાવાદ
૧૦ નવેમ્બર, ૧૯૮૯

જયંત ગાડીત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધિકરણ લેખકો

આ. રા. અનંતરાય રાવળ

વિવેચક. ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ ભાષાનિયામક અને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ.

ઉ. જો. ઉમાશંકર જોશી

કવિ, વાર્તાકાર, એકાંકીકાર, નિબંધકાર, સંશોધક, વિવેચક. ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ અને પછી કુલપતિ, ભારતની રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય.

ક. જા. કનુભાઈ જાની

વિવેચક. નિવૃત્ત પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ક. શે. કનુભાઈ શેઠ

સંશોધક-સંપાદક. સંશોધન અધિકારી, લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.

કા. વ્યા. કાન્તિલાલ વ્યાસ

ભાષાશાસ્ત્રી અને મધ્યકાલીન સાહિત્યના સંશોધક-સંપાદક. નિવૃત્ત આચાર્ય, દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ.

કા. શા. કાન્તિભાઈ શાહ

સંશોધક-સંપાદક. પ્રાધ્યાપક, બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

કી. જો. કીર્તિદા જોશી

અત્યાર સુધી સાહિત્યકોશ વિભાગમાં. હવે પ્રાધ્યાપક, શ્રી સદગુણા સી. યુ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

કુ. દે. કુમારપાળ દેસાઈ

સંશોધક-સંપાદક. પ્રાધ્યાપક, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

કે. શા. કેશવરામ શાસ્ત્રી

મધ્યકાલીન સાહિત્યના સંશોધક, સંપાદક, વિવેચક. ભૂતપૂર્ત અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.

કૌ. બ્ર. કૌશિક બ્રહ્મભટ્ટ

કવિ. પહેલાં સાહિત્યકોશ વિભાગમાં સંદર્ભસહાયક. હવે અમદાવાદની નવનીતલાલ એન્ડ કું.માં કૉપિરાઈટર.

ગી. મુ. ગીતા મુનશી

પહેલાં સાહિત્યકોશ વિભાગમાં સંદર્ભસહાયક.

ચ. મ. ચન્દ્રકાન્ત મહેતા

વિવેચક. નિવૃત્ત પ્રાધ્યાપક, દિલ્હી યુનિવર્સિટી, નવી દિલ્હી.

ચ. શે. ચંદ્રકાન્ત શેઠ

કવિ અને વિવેચક. પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ચિ. ત્રિ. ચિમનલાલ ત્રિવેદી

વિવેચક. નિવૃત્ત પ્રાધ્યાપક, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.

જ. કો. જયંત કોઠારી

વિવેચક. નિવૃત્ત પ્રાધ્યાપક, જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

જ. ગા. જયંત ગાડીત

નવલકથાકાર, વિવેચક. પ્રાધ્યાપક, ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

જો. પ. જોરાવરસિંહ પરમાર

સંશોધક-સંપાદક. પ્રાધ્યાપક, ભવન્સ કૉલેજ, ડાકોર.

દે. જો. દેવદત્ત જોશી

સંશોધક. સંશોધન અધિકારી, ઑરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

દે. દ. દેવયાની દવે

સંશોધક. મુંબઈની સિડનહામ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડિઝના ડિરેક્ટર.

નિ. રા. નિરંજન રાજ્યગુરુ

લોકસાહિત્યના અભ્યાસી. પ્રાધ્યાપક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

નિ. વો. નિરંજના વોરા

સંશોધક-સંપાદક. સાહિત્યકોશ વિભાગ.

પા. માં. પારુલ માંકડ

પહેલાં સાહિત્યકોશ વિભાગમાં સંદર્ભ-સહાયક.

ખ્યા. કે. ખ્યારઅલી કેશવાણી

ખોજા કવિઓના અભ્યાસી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્ર. શા. પ્રવીણ શાહ
સંશોધક-સંપાદક. પ્રાધ્યાપક, દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ.

બ. પ. બહેચરભાઈ પટેલ
સંશોધક-સંપાદક. આચાર્ય, દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ.

ભા. વૈ. ભારતી વૈદ્ય
નવલકથાકાર, વિવેચક. નિવૃત્ત પ્રાદેશિક સચિવ, ભારતીય સાહિત્ય અકાદમી, મુંબઈ.

ભો. સાં. ભોગીલાલ સાંડેસરા
સંશોધક-વિવેચક. ભૂતપૂર્વ અધ્યક્ષ, ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ ને ગુજરાતી વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

મ. દ. મહેન્દ્રભાઈ દવે
સંશોધક-સંપાદક. પ્રાધ્યાપક, સરકારી વિનયન ને વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર.

ર. દ. રતિલાલ દવે
સંશોધક-સંપાદક. પ્રાધ્યાપક, સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી.

ર. ર. દ. રમેશ ર. દવે
નવલકથાકાર, વિવેચક. પ્રાધ્યાપક, ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

ર. શુ. રમેશ શુક્લ
વિવેચક. ડિરેક્ટર, એકેડમિક સ્ટાફ કૉલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ર. સો. રમણ સોની
વિવેચક. પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

વ. દ. વસંતભાઈ દવે
સંશોધક. પ્રાધ્યાપક, વિવેકાનંદ કૉલેજ, અમદાવાદ.

શ્રા. ત્રિ. શ્રદ્ધા ત્રિવેદી
બાળવાર્તાનાં અભ્યાસી. સાહિત્યકોશ વિભાગ.

સુ. જો. સુરેશ જોશી
નિબંધકાર, વાર્તાકાર, વિવેચક, કવિ. ભૂતપૂર્વ અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

સુ. દ. સુભાષ દવે
વિવેચક. પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

હ. ત્રિ. હર્ષદ ત્રિવેદી
પહેલાં સાહિત્યકોશ વિભાગમાં સંદર્ભસહાયક. હમણાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

હ. ભા. હરિવલ્લભ ભાયાણી
વિવેચક, સંશોધક, સંપાદક ને પ્રાકૃત-અપભ્રંશના અભ્યાસી. ભૂતપૂર્વ અધ્યક્ષ, ભાષા વિજ્ઞાનનો અનુસ્નાતક વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

હ. યા. હસુ યાજ્ઞિક
નવલકથાકાર, સંશોધક. મહામાત્ર, ગુજરાત સાહિત્ય-અકાદમી, ગાંધીનગર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગ્રંથસંક્ષેપસૂચિ

અગુપુસ્તક	અપ્રસિદ્ધ ગુજરાતી પુસ્તક, સપ્ટે. ૧૮૮૫થી મે ૧૯૮૬ સુધીના અંકો, ન્યૂ ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ, નડિયાદ.
અભમાલા	અધ્યાત્મ ભજનમાલા, સંશો. પ્રકા. કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૮૯૭.
અરત્નસાર	અભયરત્નસાર, પ્રકા. દાનમલ શંકરદાન નાહટા, વીર સં. ૧૯૫૪.
આસસંગ્રહ	આપ્રગટ સઝાય સંગ્રહ (જૈન પ્રાચીન સાહિત્ય ઉદ્ધાર ગ્રંથાવલિ), સંપા. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૫૩.
આસંપરંપરા	અખો અને મધ્યકાલીન સંતપરંપરા, યોગીન્દ્ર જ. ત્રિપાઠી, ઈ. ૧૯૭૨.
આસ્તમંજુષા	અગિયારસો એકાવન સ્તવન મંજુષા, સંપા. સંશો. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૩૯.
આકવિઓ : ૧	આપણા કવિઓ : ૧ (રાસયુગ), કેશવરામ કા. શાસ્ત્રી, ઈ. ૧૯૭૮ (બીજી આવૃત્તિ).
આકામહોદધિ : ૧થી ૮	આનંદ કાવ્ય મહોદધિ : ૧થી ૮, સં. જીવણચંદ સાકરચંદ ઝવેરી, ૧–ઈ. ૧૯૧૩; ૨–ઈ. ૧૯૧૪; ૩–ઈ. ૧૯૧૪; ૪–ઈ. ૧૯૧૫; ૫–ઈ. ૧૯૧૬; ૬–ઈ. ૧૯૧૮; ૭–ઈ. ૧૯૨૬; ૮–ઈ. ૧૯૨૭.
આગુસંતો	આધુનિક ગુજરાતના સંતો, કેશવલાલ અંબાલાલ ઠક્કર, ઈ. ૧૯૬૬.
આજ્ઞાભજન : ૧-૨	આત્મજ્ઞાનનાં ભજન : ૧-૨, સં. હરિલાલ હ. મુન્શી, ઈ.–
આલિસ્ટઑઈ : ૨	એન આલ્ફાબેટિકલ લિસ્ટ ઑવ મેન્યુસ્ક્રિપ્ટસ ઈન ધ ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, બરોડા, ખંડ ૨, રાઘવન નામ્બીયાર, ઈ. ૧૯૫૦.
એજૈકાસંગ્રહ	ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ, સં. અગરચંદ નાહટા, ભંવરલાલ નાહટા, સં. ૧૯૯૪.
ઐરાસંગ્રહ : ૧	ઐતિહાસિક રાસસંગ્રહ : ૧, સં. વિજયધર્મસૂરિ, સં. ૧૯૭૨.
ઐરાસંગ્રહ : ૨	ઐતિહાસિક રાસસંગ્રહ : ૨, સં. વિજયધર્મસૂરિ, સં. ૧૯૭૩.
ઐરાસંગ્રહ : ૩	ઐતિહાસિક રાસસંગ્રહ : ૩, સં. વિજયધર્મસૂરિ, સં. ૧૯૭૮.
ઐરાસંગ્રહ : ૪	ઐતિહાસિક રાસસંગ્રહ : ૪, સં. વિદ્યાવિજયજી, સં. ૧૯૭૭.
ઐસમાલા : ૧	ઐતિહાસિક સજ્ઝાયમાલા : ૧, સં. વિદ્યાવિજયજી, ઈ. ૧૯૭૩.
કદહસૂચિ	કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ, તૈયાર કરનાર હીરાલાલ ત્રિ. પારેખ, ઈ. ૧૯૩૦.
કવિચરિત : ૧-૨	કવિચરિત : ૧-૨, કેશવરામ કા. શાસ્ત્રી, ઈ. ૧૯૫૨.
કવિચરિત : ૩	કવિચરિત : ૩ (આપ્રગટ), કેશવરામ કા. શાસ્ત્રી.
કવિચરિત્ર	કવિચરિત્ર, ડાહ્યાભાઈ ઘેલાભાઈ, ઈ. ૧૮૬૯.
કસસ્તવન	કર્મનિર્જરા શ્રેણી અને સેદ્‌બોધ વાક્યામૃત, સઝાય, બીજ, પાંચમ, આઠમની ઢાલો તથા બોધદાયક સ્તવનો વગેરે, પ્ર. ભાવસાર લક્ષ્મીચંદ વેલશી, ઈ. ૧૯૨૭.
કાદોહન : ૧થી ૩	કાવ્યદોહન : ૧થી ૩, દલપતરામ ડાહ્યાભાઈ કવિ, ઈ. ૧૮૬૨.
કૅટલૉગગુરા	કૅટલોગ ઑફ ધ ગુજરાતી એન્ડ રાજસ્થાની મેન્યુસ્ક્રિપ્ટસ ઈન ધ ઈન્ડિયા ઑફિસ લાઈબ્રેરી, જે. એફ. બ્લુમહાર્ટ, આલ્ફરેડ માસ્ટર, ઈ. ૧૯૫૪.
ગુકાદોહન	ગુજરાતી કાવ્યદોહન, મૂળ કર્તા દલપતરામ ડાહ્યાભાઈ, વિશોધન તથા સુધારો કરનાર મહીપતરામ રૂપરામ નીલકંઠ, ઈ. ૧૮૮૯ (બીજી આવૃત્તિ).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજૂકહકીકત	ગુજરાત પ્રાન્તના જૂના કવિઓ વિશેની હકીકત (ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ તથા નિબંધસંગ્રહમાં ગ્રંથસ્થ લેખ, ઈ. ૧૯૧૩), છગનલાલ વિદ્યારામ રાવળ.
ગુમાસ્તંભો	ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક અને વધુ માર્ગસૂચક સ્તંભો, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, ઈ. ૧૯૫૮.
ગુમુવાણી	ગુરુમુખવાણી, સં. ગોપાળરામ ગુરુ દેવશંકર શર્મા, ઈ. ૧૯૪૧ (પ્રથમ આવૃત્તિ). ગુરુમુખવાણી, સં. મનસુખરામ શર્મા, ઈ. ૧૯૫૧ (બીજી આવૃત્તિ).
ગુરાસાવલી	ગુર્જર રાસાવલી, સં. બળવંતરાય કાકોર, મોહનલાલ દ. દેશાઈ વગેરે, ઈ. ૧૯૫૬.
ગુલિટરેચર	ગુજરાત ઍન્ડ ઈટસ લિટરેચર ફ્રોમ અરલી ટાઈમ્સ ટુ ૧૮૫૨, કનૈયાલાલ એમ. મુનશી, ઈ. ૧૯૬૭.
ગુસાઈતિહાસ : ૧-૨	ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ૧-૨, સં. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ વગેરે, ભા. ૧ ઈ. ૧૯૭૩; ભા. ૨ ઈ. ૧૯૭૬.
ગુસાપઅહેવાલ : ૧-૩૦	ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન : અહેવાલ અને નિબંધસંગ્રહ : ૧ થી ૩૦.
ગુસામધ્ય	ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન), અનંતરાય મ. રાવળ, ઈ. ૧૯૭૬ (૪થી આવૃત્તિ).
ગુસારસ્વતો	ગુજરાતના સારસ્વતો, કેશવરામ કાશીરામ શાસ્ત્રી, ઈ. ૧૯૭૭.
ગુસારૂપરેખા : ૧	ગુજરાતી સાહિત્યની રૂપરેખા : ૧, વિજયરાય ક. વૈદ્ય, ઈ. ૧૯૭૪ (પુ.મુ.).
ગુસાસ્વરૂપો	ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો (પદ્યવિભાગ), મંજુલાલ ર. મજમુદાર, ઈ. ૧૯૫૪.
ગુહિદેન	ગુજરાત કે સંતોં કી હિન્દી સાહિત્ય કો દેન, ડૉ. રામકુમાર ગુપ્ત, સં. ૨૦૨૪.
ગુહિફાળો	ગુજરાતીઓએ હિન્દી સાહિત્યમાં આપેલો ફાળો, દેરાસરી ડાહ્યાભાઈ પીતાંબરદાસ, ઈ. ૧૯૩૭.
ગુહિવાણી	ગુજરાત કે સંતોં કી હિન્દી વાણી, ડૉ. અંબાશંકર નાગર અને ડૉ. રમણલાલ પાઠક, ઈ. ૧૯૬૯.
ગૂહાયાદી	ગૂજરાતી હસ્તપ્રતોની સંકલિત યાદી, કેશવરામ કા. શાસ્ત્રી, ઈ. ૧૯૩૯.
ગોપ્રભકવિઓ	શ્રી ગોકુલેશ પ્રભુના ભક્તકવિઓ, ચિમનલાલ મ. વૈદ્ય, ઈ.–
ચૈસ્તસંગ્રહ : ૧	ચૈત્યવંદનસ્તુતિ સ્તવનાદિ સંગ્રહ : ૧, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૩૩ (ત્રીજી આ.).
ચૈસ્તસંગ્રહ : ૨, ૩	ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ : ૨, પ્ર. શા. શિવનાથ લુંબાજી, ઈ. ૧૯૧૭; ખંડ ૩, ઈ. ૧૯૨૪.
ચોસંગ્રહ	ચોવીશી તથા વીશી સંગ્રહ, પ્ર. પ્રેમચંદ કેવલદાસ, ઈ. ૧૮૭૯.
ચોવીસ્તસંગ્રહ	ચોવીશી-વીશી સ્તવન સંગ્રહ, પ્ર. સવાઈભાઈ રાયચંદ, ઈ. ૧૯૦૬.
જિમપ્રકાશ	જિનેન્દ્ર ભક્તિપ્રકાશ, પ્ર. માસ્તર હરખચંદ કપૂરચંદ, ઈ. ૧૯૩૮ (બીજી આ.).
જિસ્તકાસંદોહ : ૧	જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ : ૧, પ્ર. વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા, સં. ૨૦૦૪.
જિસ્તકાસંદોહ : ૨	જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ : ૨, પ્ર. હીરાલાલ રણછોડભાઈ, ઈ. ૧૯૫૭.
જિસ્તમાલા	જિનગુણ સ્તવમાલા, પ્ર. છોટાલાલ નાનચંદ શાહ, સં. ૨૦૧૯ (આ. ૨.).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિસ્તસંગ્રહ	જિનગુણ સ્તવન સ્તુતિ સજ્ઝાયાદિ સંગ્રહ, પ્ર. શેઠ ચીનુભાઈ લાલભાઈ અને શેઠ નાનુભાઈ લાલભાઈ, ઈ. ૧૯૩૪.
જૈઐકાસંચય	જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય, સં. જિનવિજયજી, ઈ. ૧૯૨૬.
જૈઐરાસમાળા : ૧	જૈન ઐતિહાસિક રાસમાળા : ૧, સં. મોહનલાલ દલીચંદ દેશાઈ, સં. ૧૯૬૯.
જૈકાપ્રકાશ : ૧	જૈન કાવ્યપ્રકાશ : ૧, સં. શા. ભીમસિંહ માણેક, સં. ૧૯૩૯.
જૈકાસંગ્રહ	જૈન કાવ્યસંગ્રહ, પ્ર. કીકાભાઈ પરભુદાસ, ઈ. ૧૮૭૬.
જૈકાસારસંગ્રહ	જૈન કાવ્યસારસંગ્રહ, પ્ર. શા. નાથા લલ્લુભાઈ, ઈ. ૧૮૮૨.
જૈગૂકવિઓ : ૧-૩ (૧, ૨)	જૈન ગૂર્જર કવિઓ : ૧થી ૩ (૧, ૨), પ્રયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, ઈ. ૧૯૨૬(૧), ૧૯૩૧(૨), ૧૯૪૪(૩).
જૈગૂસારત્નો : ૧-૨	જૈન ગૂર્જર સાહિત્યરત્નો : ૧-૨, પ્ર. શેઠ નગીનભાઈ મંછુભાઈ, ઈ. ૧૯૬૦.
જૈપ્રપુસ્તક : ૧	જૈન પ્રબોધ પુસ્તક : ૧, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૮૯.
જૈપ્રાસ્તસંગ્રહ	જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્ર. માસ્તર ઉમેચંદ રાયચંદ. ૧૯૨૩ (૪થી આ.).
જૈમગૂકરચનાઓં : ૧	જૈન મરુ ગૂર્જર કવિ ઔર ઉનકી રચનાએં : ૧, સં. અગરચંદ નાહટા, ૨૦૩૧.
જૈરસંગ્રહ	જૈન રત્ન સંગ્રહ, સં. શ્રીમતી પાનબાઈ, ઈ. ૧૯૩૧.
જૈસમાલા(શા.)	જૈન સજ્ઝાયમાલા : ૧, પ્ર. બાલાભાઈ છગનલાલ શાહ, ઈ. ૧૯૩૪ (આઠમી આ.).
જૈસમાલા (શા.) : ૨	જૈન સજ્ઝાયમાલા : ૨, પ્ર. બાલાભાઈ છગનલાલ શાહ, ઈ. ૧૯૨૫ (નવમી આ.).
જસમાલા (શા) : ૩	જૈન સજ્ઝાયમાલા : ૩, પ્ર. બાલાભાઈ છગનલાલ શાહ, ઈ. ૧૯૧૨ (ચોથી આ.).
જૈસસંગ્રહ (જ)	જૈન સજ્ઝાય સંગ્રહ, પ્ર. જૈન જ્ઞાનપ્રસારકમંડળ, સં. ૧૯૬૨.
જૈસસંગ્રહ (ન)	જૈન સજ્ઝાય સંગ્રહ, પ્ર. સારાભાઈ નવાબ, ઈ. ૧૯૪૦.
જૈસાઈતિહાસ	જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, મોહનલાલ દલીચંદ દેશાઈ, ઈ. ૧૯૩૩.
જૈહાપ્રોસ્ટા	જૈન હાન્ડશિપ્ટેન ડેર પ્રોઈસિશેન સ્ટાટસલિપ્લિઓથેક, સં. વાલ્થેર શુબ્રિંગ, ઈ. ૧૯૪૪.
જ્ઞાનાવલી : ૨	જ્ઞાનાવલી : ૨, પ્ર. શ્યામલાલ ચક્રવર્તી, સં. ૧૯૬૨.
ડિકૅટલૉગ માઈ : ૧થી ૯	ડિસ્ક્રિપ્ટિવ કૅટલાગ ઑવ ધ ગવર્મેન્ટ કલેક્શન ઑવ મેન્યુસ્ક્રિપ્ટસ ડિપોઝિટેડ એટ ધ ભાંડારકર ઑરિઅન્ટેલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ.
ડિકૅટલૉગભીજે	(આ) ડિસ્ક્રિપ્ટિવ કૅટલૉગ ઑવ ગુજરાતી, હિન્દી એન્ડ મરાઠી મેન્યુસ્ક્રિપ્ટસ ઑવ બી. જે. ઈન્સ્ટિટ્યૂટ મ્યુઝિયમ, ખંડ ૧, સં. વિધાત્રી આ. વોરા, ઈ. ૧૯૮૭.
ડિકૅટલૉગભાવિ	ડિસ્ક્રિપ્ટિવ કૅટલૉગ ઑવ મેન્યુસ્ક્રિપ્ટસ ઈન ભારતીય વિદ્યાભવન્સ લાઈબ્રેરી, સં. એમ. બી. વાર્નેકર, ઈ. ૧૯૮૫.
દેસુરાસમાળા	દેવાનંદ સુવર્ણાંક, સં. કેસરી,–'જૈન રાસમાળા', સં. મોહનલાલ દ. દેશાઈ.
દેસ્તસંગ્રહ	દેવવંદનમાલા નવસ્મરણ તથા જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૩૩.
નકવિકાસ	નળદમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૮૦.
નકાદોહન	નવીન કાવ્યદોહન, સં. હરીલાલ હ. મુનશી,–.
નકાસંગ્રહ	નવીન કાવ્યસંગ્રહ, સં. હરીલાલ હ. મુનશી,–.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નયુકવિઓ	નરસિંહયુગના કવિઓ, કનૈયાલાલ મુનશી, ઈ. ૧૯૬૨.
નસ્વાધ્યાય	નમસ્કાર સ્વાધ્યાય : ૩, સં. મુનિ તત્ત્વાનંદવિજયજી, ઈ. ૧૯૮૦.
પસમુચ્ચય : ૨	શ્રીપટ્ટાવલી સમુચ્ચય : ૨, સં. મુનિજ્ઞાનવિજય(ત્રિપુટી), ઈ. ૧૯૫૦.
પંગુકાવ્ય	પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય, સં. કેશવલાલ હ. ધ્રુવ, ઈ. ૧૯૨૭.
પાંગુહસ્તલેખો	પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં મુકાયેલા હસ્તલેખો–તામ્રપત્રો.
પુગુસાહિત્યકારો	પુષ્ટિમાર્ગીય જૂના ગુજરાતી સાહિત્યકારો વિશે કંઈક, ચિમનલાલ મ. વૈદ્ય, ઈ. ૧૯૬૦ (ગોધરામાં યોજાયેલા વૈષ્ણવલેખક–મિલનમાં રજૂ થયેલો નિબંધ).
પ્રવિસ્તસંગ્રહ	પ્રકરણાદિ વિચારગર્ભિત સ્તવનસંગ્રહ, પ્ર. કુંવરજી આણંદજી, ઈ. ૧૯૩૫.
પ્રાકકૃતિઓ	પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ, સં. રમણિક શ્રીપતરાય દેસાઈ, ઈ. ૧૯૭૭. (પુ. મુ.).
પ્રાકાત્રૈમાસિક	પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક, સં. હરગોવિંદ દ્વા. કાંટાવાલા અને નાથાલાલ શાસ્ત્રી.
પ્રાકામાળા : ૧થી ૩૫	પ્રાચીન કાવ્યમાળા : ૧થી ૩૫, સં. હરગોવિંદ દ્વા. કાંટાવાળા, અને નાથાલાલ શાસ્ત્રી.
પ્રાકારૂપરંપરા	પ્રાચીન કાવ્યોંકી રૂપપરંપરા, અગરચન્દ નાહટા, ઈ. ૧૯૬૨.
પ્રાકાવિનોદ : ૧	પ્રાચીન કાવ્યવિનોદ : ૧, સં. છગનલાલ વિ. રાવળ (મહેતાજી), ઈ. ૧૯૩૦.
પ્રાકાસુધા : ૧થી ૫	પ્રાચીન કાવ્યસુધા : ૧થી ૫, સં. છગનલાલ વિ. રાવળ, ઈ. ૧૯૨૨ (૧-૨), ઈ. ૧૯૩૧ (૩-૪-૫).
પ્રાગુકાસંચય :	પ્રાચીન ગુર્જર કાવ્યસંચય, સં. હરિવલ્લભ ચૂ. ભાયાણી, અગરચંદ નાહટા, ઈ. ૧૯૭૫.
પ્રાગુકાસંગ્રહ :	પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ : ૧, સં. સી. ડી. દલાલ, ઈ. ૧૯૨૦.
પ્રાછંદસંગ્રહ :	પ્રાચીન છંદસંગ્રહ, સં. ૨૦૦૨.
પ્રાતીસંગ્રહ : ૧	પ્રાચીન તીર્થમાલા સંગ્રહ : ૧, સં. વિજયધર્મસૂરિ, સં. ૧૯૭૮.
પ્રાફાગુસંગ્રહ	પ્રાચીન ફાગુસંગ્રહ, સં. ભો. જ. સાંડેસરા અને સોમાભાઈ ધૂ. પારેખ, ઈ. ૧૯૬૦.
પ્રામબાસંગ્રહ : ૧	પ્રાચીન મધ્યકાલીન બારમાસાસંગ્રહ : ૧, સં. શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૭૪.
પ્રાસપસંગ્રહ : ૧	પ્રાચીન સઝાય તથા પદસંગ્રહ : ૧, પ્ર. માસ્તર હીરાલાલ રણછોડભાઈ, સં. ૧૯૯૬.
પ્રાસ્મરણ :	પ્રાત:સ્મરણ, પ્ર. પોપટલાલ સા. શાહ, ઈ. ૧૯૩૧.
પ્રાસ્તરત્નસંગ્રહ : ૧ અને ૨	પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ : ૧-૨, સં. મુક્તિવિમલગણિ, સં. ૧૯૭૩ (૧), સં. ૧૯૮૦(૨).
પ્રાસ્તસંગ્રહ	પ્રાચીન સ્તવન સઝાયાદિ સંગ્રહ, પ્ર. કુમુદચંદ્ર ગો. શાહ, ઈ. ૧૯૫૮.
ફાત્રૈમાસિક	ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક.
ફાહનામાવલિ : ૧ અને ૨	ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ : ૧ અને ૨, સં. અંબાલાલ બુ. જાની, ઈ. ૧૯૨૩.
ફોંહનામાવલિ :	ફૉર્બ્સ ગુજરાતી સભાના હસ્તલિખિત ગ્રંથોની નામાવલિ, સં. અંબાલાલ બુ. જાની, ઈ. ૧૯૨૩.
બૃકાદોહન : ૧થી ૮	બૃહત્ કાવ્યદોહન : ૧થી ૮, સં. ઈચ્છારામ સૂ. દેસાઈ, ઈ. ૧૯૨૫ (૧–૭મી આ.), ૧૯૦૩(૨-બીજી આ.), ઈ. ૧૮૮૮(૩), ઈ. ૧૮૯૦ (૪), ઈ. ૧૮૯૫(૫), ઈ. ૧૯૦૧(૬), ઈ. ૧૯૧૧(૭), ઈ. ૧૯૧૩(૮).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભજનસાગર: ૧ અને ૨	ભજનસાગર: ૧ અને ૨, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૧૯૯૮.
ભસારસિંધુ	ભજનસારસિંધુ, પ્ર. માંડણભાઈ રા. પટેલ, જીવરામ માં. પટેલ, ઈ. ૧૯૨૭.
ભાણલીલામૃત	ભાણલીલામૃત, સં. પ્રેમવંશ પુરુષોત્તમદાસ માધવસાહેબ, ઈ. ૧૯૬૫.
ભ્રમરગીતા	ભ્રમરગીતા (કવિ બ્રહ્મદેવકૃત): અન્ય કવિઓની વૈષ્ણવ ગીતાઓ અને ઉદ્ધવગોપી સંવાદોના પરિચય સમેત, સં. મંજૂલાલ ર. મજમુદાર અને ચિમનલાલ મ. વૈદ્ય, ઈ. ૧૯૬૪.
મગુઆખ્યાન	મધ્યકાલીન ગુજરાતી આખ્યાન, શશિન ઓઝા, ઈ. ૧૯૬૯.
મરાસસાહિત્ય	મધ્યકાલીન રાસસાહિત્ય, ભારતી વૈદ્ય, ઈ. ૧૯૬૬.
મસાપ્રકારો	મધ્યકાળના સાહિત્યપ્રકારો, ચન્દ્રકાન્ત મહેતા, ઈ. ૧૯૫૮.
મસાપ્રવાહ	મધ્યકાળનો સાહિત્યપ્રવાહ (ગુજરાતી સાહિત્ય ખંડ-૫), સં. ક. મા. મુનશી, ઈ. ૧૯૨૯.
મહાભારત: ૧થી ૭	મહાભારત: ૧થી ૭, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૩૩ (૧), ૧૯૩૪ (૨), ૧૯૩૬(૩), ૧૯૪૧(૪), ૧૯૫૦(૫), ૧૯૫૧(૬), ૧૯૪૯(૭).
મુપુગૂહસૂચી	મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી, સંકલન મુનિ પુણ્યવિજયજી અને સંપાદક વિધાત્રી વોરા, ઈ. ૧૯૭૮.
મોસસંગ્રહ	મોટું સઝાયમાળા સંગ્રહ, –
યુજિનચંદ્રસૂરિ	યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ, અગરચંદ નાહટા અને ભંવરલાલ નાહટા, સં. ૧૯૯૨.
રાજૈકામાળા: ૧ અને ૨	રાયચંદ્ર જૈન કાવ્યમાળા: ૧ અને ૨, સં. મનસુખલાલ ર. મહેતા, ઈ. ૧૯૦૮.
રાપુહસૂચી: ૧(૪૨) અને ૨(૫૧)	રાજસ્થાન પુરાતત્ત્વાન્વેષણ મંદિર કે હસ્તલિખિત ગ્રંથોંકી સૂચી, સં. મુનિ જિનવિજય, ઈ. ૧૯૫૯(૧), ઈ. ૧૯૬૦(૨).
રાહસૂચી: ૧ અને ૨	રાજસ્થાન હસ્તલિખિત ગ્રંથ-સૂચી, સં. મુનિ જિનવિજય, સં. ૨૦૧૭ (૧), સં. ૨૦૧૮(૨).
લીંહસૂચી	લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર, સં. મુનિ ચતુરવિજય, ઈ. ૧૯૨૮.
લોંપ્રપ્રકરણ	લોંકાગચ્છીય શ્રાવકસ્ય સાર્થ પંચ પ્રતિક્રમણસૂત્ર તથા કેટલાંકએક સ્તવનો, સઝાયો વગેરે પ્રકરણ, પ્ર. કલ્યાણચંદજી જયચંદજી,સં. ૧૯૩૯.
વિસ્નાપૂજાસંગ્રહ	વિધિવિધાન સાથે સ્નાત્રાદિ વિવિધ પૂજાસંગ્રહ, પ્ર. શ્રાવક ભીમસી માણેક, ઈ. ૧૯૧૧.
શંસ્તવનાવલી	શંખેશ્વર સ્તવનાવલી, સં. વિશાલવિજયજી, સં. ૨૦૦૩.
સઆખ્યાન	સગાળશા આખ્યાન, સં. વ્રજરાય મુ. દેસાઈ, ઈ. ૧૯૩૪.
સગુકાવ્ય	સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૮.
સજઝાયમાલા: ૧ (શ્રા)	સજઝાયમાલા: ૧, સં. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૮૯૨
સજઝાયમાળા(પં)	સજઝાયમાળા, પ્ર. પંડિત મફતલાલ ઝવેરચંદ, ઈ. ૧૯૩૯.
સઝાયમાલા: ૧-૨ (જ)	શ્રી સઝાયમાલા: ૧-૨, સં. બાઈ જાસુદ, ઈ. ૧૯૨૧.
સતવાણી	સતકેરી વાણી, સં. મકરંદ દવે, ઈ. ૧૯૭૦.
સસન્મિત્ર	સજ્જન સન્મિત્ર, પ્ર. લાલન બ્રધર્સ, ઈ. ૧૯૨૩.
સસન્મિત્ર(ઝ)	સજ્જન સન્મિત્ર યાને એકાદશ મહાનિધિ, પ્ર. પોપટલાલ કે. ઝવેરી, ઈ. ૧૯૪૧.
સસામાળા	સચિત્ર સાક્ષરમાળા, જયસુખરાય પુ. જોષીપુરા, ઈ. ૧૯૧૨.
સસંપમાહાત્મ્ય	સઝાયમાળાસંગ્રહ અને શ્રી પર્યુષણપર્વ માહાત્મ્ય, નાગરદાસ પ્રા. મહેતા, ઈ. ૧૯૩૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિસ્તવનાવલી	સિદ્ધાચળ સ્તવનાવલી, પ્ર. જૈન સસ્તી વાંચનમાળા, સં. ૧૯૮૫.
સૈથાગીસંગ્રહ : ૪	(મહાન ઈસ્માઈલી ધર્મપ્રચારક) સૈયદ ઈમામશાહ અને બીજા ધર્મ-પ્રચારક સૈયદો રચિત ગિનાનોનો સંગ્રહ : ૪, પ્ર. ઈસ્માઈલી રિલિ-જિયસ બુક ડીપો, ઈ. ૧૯૫૪.
સોંસવાણી	સોરઠી સંતવાણી, સં. ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૪૭.
સ્નાસ્તસંગ્રહ	સ્નાત્રપૂજા સ્તવનસંગ્રહ, પ્ર. નેમચંદભાઈ દેવચંદભાઈ, ઈ. ૧૯૧૬.
હેજ્જૈાસૂચિ : ૧	(પાટણ) શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર(પ્રથમ ભાગ), સં. મુનિ પુણ્યવિજયજી, ઈ. ૧૯૭૨.

સંક્ષેપો

અનુ.	—	અનુમાને
અવ. ઈ.	—	અવસાન ઈસવી સન
અં.	—	અંક
આ.	—	આવૃત્તિ
ખં.	—	ખંડ
જ. ઈ.	—	જન્મ ઈસવી સન
પુ.	—	પુસ્તક
પ્ર.		પ્રકાશક, પ્રસિદ્ધકર્તા
ભા.	—	ભાગ
મુ.	—	મુદ્રક
(મુ.)	—	મુદ્રિત
ર. ઈ.	—	રચના ઈસવી સન
લે. ઈ.	—	લેખન ઈસવી સન
લે. સં.	—	લેખન સંવત
વ.	—	વર્ષ
સં.	—	સંવત (વિક્રમસંવત – અધિકરણમાં.)
સં.	—	સંપાદક, સંશોધક, સંયોજક (કૃતિવિભાગ અને સંદર્ભવિભાગમાં)
(સં.)	—	સંદર્ભ (મુદ્રિત કૃતિ સાથે કર્તાવિષયક માહિતી છે.)

સંજ્ઞાઓ

←	–	આગળના નામ વિશે અહીં અલગ અધિકરણ છે.
*	–	આ માહિતી અન્યત્રથી મળી છે, પ્રત્યક્ષ જાણકારીની નથી.
/	–	વૈકલ્પિક નામ કે સમય સૂચવે છે.
□	–	કૃતિવિભાગ ને સંદર્ભવિભાગની અંદર આવેલી વિવિધ સામગ્રીને જુદી પાડતી સંજ્ઞા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાહિત્યકોશને સહાયરૂપ થયેલાં ગ્રંથાલયો અને વ્યક્તિઓ

ગ્રંથાલયો

૧. અક્ષરપુરુષોત્તમ મંદિર, મુંબઈ ને અમદાવાદ.
૨. અષ્ટછાપ સંગીત કલાકેન્દ્ર, અમદાવાદ.
૩. આણંદજી કલ્યાણજી જૈન પુસ્તક ભંડાર, લીંબડી.
૪. ઇસ્માઇલિયા ઑસોસિયેશન ફોર ઇન્ડિયા, મુંબઈ.
૫. ઉદાધર્મ ગાદી, પુનિયાદ.
૬. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ.
૭. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
૮. ગોડીપાર્શ્વનાથ જૈન ટેમ્પલ, પાયધૂની, મુંબઈ.
૯. ઘનશ્યામ સ્વરૂપદાસજી સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ.
૧૦. ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય, અમદાવાદ.
૧૧. જૈન આત્માનંદ સભા, ભાવનગર.
૧૨. જૈન જ્ઞાનભંડાર, છાણી, વડોદરા.
૧૩. જૈન દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય, લીંબડી.
૧૪. જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગર.
૧૫. જૈન સાહિત્યવિકાસ મંડળ, ઈરલા, મુંબઈ.
૧૬. જ્ઞાનસંપ્રદાય ગુરુગાદી સારસાપુરી, સારસા.
૧૭. નગીનભાઈ પૌષધશાળા, પાટણ.
૧૮. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ.
૧૯. ભારતીય વિદ્યાભવન, મુંબઈ.
૨૦. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.
૨૧. મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.
૨૨. મુંબઈ યુનિવર્સિટી ગ્રંથાલય, મુંબઈ.
૨૩. યશોવિજય ગ્રંથમાળા, ભાવનગર.
૨૪. રોયલ એશિયાટિક લાયબ્રેરી, મુંબઈ.
૨૫. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.
૨૬. વિજયનીતિસૂરિ ગ્રંથાલય, અમદાવાદ.
૨૭. વિજયનેમિસૂરીશ્વર જ્ઞાનભંડાર, અમદાવાદ.
૨૮. વીરાણી ઉપાશ્રય સ્થાનકવાસી જૈન મોટા સંઘ લાયબ્રેરી, રાજકોટ.
૨૯. વ્રજપાલજીસ્વામી જૈન જ્ઞાનભંડાર, પત્રીકચ્છ.
૩૦. શ્રીમતી સદગુણા સી. યુ. ગર્લ્સ કૉલેજ, અમદાવાદ.
૩૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય, રાજકોટ.
૩૨. સ્વામિનારાયણ મંદિર, વડતાલ.
૩૩. હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૩૪. હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, પાટણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યક્તિઓ

૧. શ્રી જયમલ્લ પરમાર

૨. શ્રી નરભેરામ હરિરામ

૩. શ્રી ભગવાનજી મહારાજ, કલ્યાનવા બંગલો (જંબૂસર)

૪. શ્રી મધુકર ન. દેસાઈ

૫. શ્રી રમણિક શાહ

૬. શ્રી રમેશચંદ્ર પંડ્યા

૭. શ્રી વિનોદભાઈ પુરાણી

આ ઉપરાંત પ્રત્યક્ષ–પરોક્ષરૂપે સહાય કરનાર સૌના ઋણનો સાહિત્યકોશ સ્વીકાર કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહત્ત્વની શુદ્ધિ

(કોશમાં 'ચોપાઈ' શબ્દમાં 'ઈ' ઘણી જગ્યાએ હ્રસ્વ છપાયો છે તે દીર્ઘ વાંચવા વિનંતી છે.)

પૃ.	કાં.	પં.	શુદ્ધ
૮	૨	૧૨	'સાધુ' શબ્દ રદ કરવો.
૯	૧	૧૫	*લોંકાગચ્છના*
૯	૨	૧૭	કડવાંની
૧૦	૨	૧૧	**અમરકીર્તિ(સૂરિ)**
૧૧	૧	૨૪	'સાધુ' શબ્દ રદ કરવો.
૧૨	૧	૧૪	**અમરસિંધુર**
૧૨	૨	૨૪	**અમોલક(સૂરિ) શિષ્ય**
૧૬	૨	૪૦	રચનાસમયોનો
૧૮	૧	૧૫	વિશેનો
૩૧	૧	૧૯	સં. શ્રાવક
૩૩	૨	૧૪	જૈગૂકવિઓ
૩૪	૨	૨૪	પંકિતસંખ્યા
૫૬	૨	૭	'હીરાવેધ-બત્રીસી'
૭૦	૧	૪	કેશવજી
૮૧	૧	૩૯	બહુચરા
૮૬	૧	૨૬	**ગુણકીર્તિ**
૯૭	૧	૪૨	**ગોવિંદદાસ–૧**
૧૦૩	૨	૩૩	'ચાતુરી-છત્રીસી'
૧૦૪	૧	૫	'ચાતુરી-છત્રીસી'
૧૦૯	૨	૨૧	કડવાંના
૧૧૨	૨	૩	ઉત્તરાર્ધ
૧૨૧	૧	૧	લિંબજી
૧૨૬	૧	૧૨	'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહે'
૧૨૭	૧	૨૬	કર્તૃત્વ
૧૩૩	૨	૧૬	'પાર્શ્વનાથ-વિનતિ'
૧૩૪	૧	૪	ચૈસ્તસંગ્રહ
૧૩૭	૨	૪૦	ઔદીચ્ય
૧૩૯	૧	૪૪	કર્તા
૧૪૧	૧	૨૧	બભ્રુવાહન
૧૪૧	૧	૨૩	બભ્રુવાહન
૧૪૨	૧	૧૭	શનિશ્ચર
૧૪૨	૧	૨૦	શનિશ્ચર
૧૪૩	૨	૩૭	આલંકારિક
૧૪૪	૨	૩૫	ઑગસ્ટ
૧૪૮	૧	૯	કર્તૃત્વ
૧૪૮	૨	૧	જૈન
૧૫૧	૧	૨૨	કર્તૃત્વ
૧૫૨	૨	૪૨	પ્રાકાસુધા
૧૫૫	૨	૩૯	મોહનલાલ
૧૬૧	૨	૩૯	'રામચંદ્રનો વિવાહ'
૧૬૫	૨	૪૦	કર્તૃત્વ
૧૬૭	૧	૨૭	દયારામ
૧૬૭	૨	૧	**૧૮૬૫, ૧૯૭૫**
૧૬૯	૨	૪૨	પ્રકારનાં
૧૭૦	૨	૭	લાભાર્થે
૧૭૦	૨	૧૨	તાદૃશ
૧૭૧	૧	૧૧	માલારૂપે
૧૭૧	૧	૧૫	નિર્દેશ
૧૭૧	૨	૧૩	નિર્દેશાય
૧૭૩	૧	૪૦	એક મતે
૧૭૪	૧	૧૪	કર્તૃત્વ
૧૮૩	૧	૧૨	મુપુગૂહસૂચી
૧૮૭	૨	૨૪	દેવો
૧૯૦	૧	૨૯	કર્તૃત્વ
૧૯૨	૨	૧૯	બહુ પ્રચલિત
૧૯૩	૧	૩	પ્રાગૂકાસંગ્રહ : ૧
૧૯૩	૨	૧૭	'ઢૂંઢકઝઘડાવિચાર'
૧૯૮	૧	૨	આંદોલા
૧૯૮	૧	૪	કાવ્યં
૨૦૨	૨	૨૦	કડીનું
૨૦૩	૧	૧	અપભ્રંશ
૨૦૫	૨	૧	શાલોટે
૨૦૫	૨	૩૮	શૃંગારપ્રકમ
૨૦૭	૨	૩	કૈવલ્યધામનો
૨૨૧	૨	૧૦	પુષ્ટિમાર્ગીય
૨૩૨	૧	૩૫	ભકિતનાં
૨૩૪	૨	૧૬	લીલાનાં
૨૩૫	૨	૩૮	ડૂબેલા
૨૩૬	૧	૭	પદોમાં
૨૩૬	૧	૮	મથુરા
૨૩૬	૧	૨૧	મુદ્રિત
૨૩૬	૨	૩૧	ધ્રુવાઓનો
૨૩૭	૨	૧૦	'મૃગધ્વજમુનિકેવલી-ચરિત્ર/ચોપાઈ'
૨૩૭	૨	૧૫	'ગુરુ-ગીત'
૨૩૮	૨	૧૭	જૈસલમેરકે
૨૩૯	૨	૨૯	મહાભાષ્યનું
૨૪૦	૧	૪૫	ગહૂંલી
૨૪૦	૨	૩૦	'સુખડીની સઝાય'
૨૪૧	૨	૪૨	સાધુ
૨૪૪	૨	૨૭	સાધુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૪૫	૧	૧૪	'બ્રહ્મચર્યદશસમાધિસ્થાન-કુલક'
૨૪૫	૧	૧૮	ગુરુ-છત્રીસી
૨૪૫	૨	૪૪	કડીનું
૨૪૬	૨	૨૦	રાજવીકુળના
૨૪૯	૧	૧	વૃત્તિ
૨૪૯	૧	૧૩	પવનજયકુમાર
૨૪૯	૨	૨૨	જૈન.
૨૫૧	૨	૨	કરતો
૨૫૩	૧	૧૦	કવિઓનાં
૨૫૩	૨	૩૯	ગુરુએ
૨૫૪	૧	૬	યોગ
૨૫૫	૧	૩૮	ગુરુશિષ્યસંવાદ
૨૫૫	૨	૨૧	કળિયુગની
૨૫૯	૧	૧૦	સુરાણા
૨૬૧	૧	૨૭	દુર્ગપુર
૨૬૩	૨	૪૧	'પાંડવાશ્વમેધ'
૨૭૩	૨	૧૨	સ્થિતિમાંથી
૨૭૪	૨	૧૮	જૈન
૨૭૫	૧	૨૫	ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધમાં બાહબલિના
૨૭૧	૧	૭	પદો
૩૦૯	૧	૧	માનચંદ
૩૧૩	૧	૨	કહ્યું
૩૨૯	૨	૭	દૂર કરો.
૩૩૨	૨	૧૯	યશોવર્ધન
૩૩૮	૧	૧૬	રણછોડ-રને
૩૪૩	૨	૫	ખરતરગચ્છના
૩૫૪	૧	૫	જિનચંદ્રસૂરિના
૩૫૭	૨	૨૧	નિરૂપણથી
૩૫૯	૨	૨૩	૧૯૪૭–'છે ઔર સિલોકે'
૩૬૯	૧	૯	'શ્રાવણસુધારસ–રાસ'
૩૭૪	૧	૨૦	ગુરુવાર
૩૭૪	૨	૨૫	જૈન પરંપરાનો ઈતિહાસ
૩૭૪	૨	૨૬	જૈસાઈતિહાસ
૩૭૭	૧	૩૮	જૈન
૩૭૯	૨	૧	જૈનયુગ
૩૮૧	૨	૩૨	સંગ્રહગત
૩૮૬	૧	૩	ભરતબાહુબલિ
૩૮૬	૨	૨૨	જૈગૂકવિઓ
૩૮૭	૨	૧૩	તથા 'ગોરીસાંવલી-ગીત/વિવાદ'
૩૮૮	૧	૪૩	જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨)
૩૮૯	૧	૨૯	દુહાઓમાં
૩૯૧	૨	૩૦	પ્રાગુકાસંચય
૩૯૬	૧	૩૯	ઊંડું
૩૯૭	૨	૧૭	પ્રાકકૃતિઓ
૩૯૮	૧	૩૦	ગુરુવંદન
૩૯૯	૧	૮	પુરુષોત્તમદાસ
૪૦૬	૧	૮	સાધુ
૪૦૭	૧	૯	વિદ્યાસાગર
૪૦૭	૧	૧૭	વિદ્યાસાગર
૪૦૭	૧	૨૭	વિદ્યાસાગર
૪૧૮	૨	૧૯	જુદીજુદી
૪૨૫	૨	૩૧	કરુણનું
૪૨૫	૨	૪૨	છટાદાર
૪૩૧	૨	૪૨	મુનિ
૪૩૫	૧	૩૭	જાલંધર
૪૪૦	૧	૪૩	દુહા, ચોપાઈ, તોટક
૪૪૧	૨	૨૯	'થાવચ્ચામુનિ–સંધિ'
૪૪૧	૨	૩૧	'ધનાઆણગાર-સઝાય'
૪૪૭	૧	૩૫	ગદ્યકૃતિના
૪૫૨	૨	૧૧	સંભાવના
૪૫૩	૧	૩૭	દ્વાત્રિંશિકા
૪૫૪	૨	૧૭	ક્યાં
૪૫૬	૨	૨	એર્વદ
૪૫૮	૨	૧૧	'અર્હંત્પરિવાર–સ્તોત્ર'
૪૬૧	૧	૨૪	પ્રદ્યુમ્ને
૪૬૨	૧	૧૪	સંક્ષિપ્ત
૪૬૬	૨	૪૦	તરીકે
૪૬૭	૧	૯	દ્વારકાનો
૪૬૮	૧	૩૭	(સૂરિ)
૪૭૦	૨	૭	'શૃંગારરસમાલા'
૪૭૨	૧	૨૨	'સઝાય'
૪૭૬	૨	૧૮	બનાવતી
૪૭૬	૨	૩૭	'દ્રુપદી-ચરિત્ર'
૪૭૭	૧	૨૩	સૌભાગ્યલક્ષ્મી
૪૭૯	૧	૨૯	'સ્વરૂપની કાફીઓ'
૪૮૨	૧	૭	ભકત કવિ.
૪૮૨	૧	૧૬	'દ્રુપદીચીરહરણ-વ્યાખ્યાન'
૪૮૩	૨	૮	નામે
૪૮૮	૧	૨૮	વૃત્તિ'
૪૯૦	૨	૧	ગુસાઈતિહાસ
૪૯૨	૨	૨૮	પહેલા
૪૯૩	૨	૨૧	હિતવિજય
૪૯૬	૧	૨૪	'વિદ્યાવિલાસ–પવાડુ' ←
૪૯૮	૧	૫	ઈ. ૧૬૪૦ સુધીમાં
૪૯૮	૧	૧૦	'હેમતિલકસૂરિ–સંધિ'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતી સાહિત્યકોશ

ખંડ : એક

મધ્યકાળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખઈદાસ/આખૈયો [ઈ.૧૭૬૨ આસપાસ સુધીમાં] : ભૂતનાથ-(ઈ.૧૭૬૨ સુધીમાં)ના શિષ્ય. જ્ઞાનમાર્ગી સંતવાણીની પરંપરાનાં તેમનાં ૭ ભજનો(મુ.) તળપદી ભાષાના લાક્ષણિક બળ તેમ જ રૂપકના વિનિયોગથી ધ્યાન ખેંચે છે. તેમાંના 'તુંબડી અને નાગરવેલનો વિવાદ'માં સંવાદશૈલીનો ઉપયોગ પણ નોંધપાત્ર છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. પ્રાકાસુધા : ૨; ૩. બૃહત્ ભજન-સાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક અને દામોદર જ. ભટ્ટ, સં.૧૯૬૫; ૪. ભજનસાગર : ૧; ૫. સંતવાણી.

સંદર્ભ : ગૂહાયાદી. [નિ.વો.]

આખયચંદ્ર [ઈ.૧૭૦૧માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રની પરંપરામાં વિનયચંદ્રના શિષ્ય. 'જિનસ્તવન-ચોવીસી' (૨.ઈ.૧૭૦૧)ના કર્તા.

૧૧ કડીના 'આત્મનિન્દાગર્ભિત પાર્શ્વનાથસ્વામીનું સ્તવન' (મુ.) અને ૭ કડીના 'શાન્તિનાથજિન-સ્તવન'(મુ.)ના કર્તા પણ પ્રસ્તુત આખયચંદ્ર હોવાની શકયતા છે.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

આખંડાનંદ/આખંડ (મુનિ)[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુ. ભક્તિવિષયક કેટલાંક પદો(૩ મુ.)ના કર્તા. સંસ્કૃત ભાષામાં 'પુરુષોત્તમકવચ' અને 'હરિપ્રાર્થનાષ્ટકમ્' જેવી કૃતિઓ પણ તેમની પાસેથી મળી છે.

કૃતિ : કીર્તનમુક્તાવલિ, પ્ર. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમની સંસ્થા, ઈ.૧૯૭૮.

સંદર્ભ : ગૂહાયાદી. [હ.ત્રિ.]

આખા(ભગત)/આખાજી/આખો [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. જ્ઞાતિએ સોની. કોઈ પરજિયા તો કોઈ ક્ષીમાળી સોની હોવાનું કહે છે.

'ગુરુશિષ્ય-સંવાદ'ની ઈ.૧૬૪૫માં અને 'અખે-ગીતા'ની ઈ.૧૬૪૯-માં રચના તથા ગુરુ ગોકુળનાથનું ઈ.૧૬૪૧માં અવસાન – આ પ્રમાણોને આધારે અખાનો કવનકાળ ઈ.૧૭મી સદીના પાંચમા દાયકાની આસપાસનો અને જીવનકાળ ઓછામાં ઓછો ઈ.૧૭મી સદીનો પૂર્વાર્ધ હોવાનું અનુમાની શકાય.

જનશ્રુતિ અનુસાર આ કવિ અમદાવાદ પાસેના જેતલપુરના વતની હતા અને પિતાની સાથે અમદાવાદમાં આવી વસેલા. અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં એક મકાનના ખંડને અખાના ઓરડા તરીકે ઓળખાવવામાં આવે છે. ઈ.૧૯૨૭ના અરસામાં વિદ્યમાન લલ્લુભાઈ ધોળીદાસે ન. દે. મહેતાને ઉતરાવેલા પેઢીનામા પ્રમાણે આ કવિ લલ્લુભાઈની પાંચમી પેઢીએ થયેલા ગંગારામના ભાઈ હતા અને એમના પિતાનું નામ રણિયાદાસ હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અખા-ભગત અને એમના બીજા ભાઈ ધમાસી નિ:સંતાન હતા. અખાએ બાળપણમાં માતા અને જુવાનીમાં પિતા, એકની એક બહેન તથા એક પછી એક ૨ પત્નીઓને ગુમાવ્યાં હતાં. વંશાનુગત સોનીનો વ્યવસાય કરતા આ કવિ કેટલોક સમય ટંકશાળના ઉપરી બન્યા હતા. ધર્મની માનેલી એક બહેને તેમની પાસે કરાવેલી કંઠીની બાબતમાં તેમના પર અવિશ્વાસ મૂકયો તેમ જ ટંકશાળમાં એમના પર ભેળસેળનો ખોટો આરોપ મુકાયો. એથી નિર્વેદ પામી એ સંસાર છોડી તત્ત્વશોધમાં નીકળી પડયા.

અખા વિશેની આ જનશ્રુતિઓ માટે કોઈ પ્રમાણભૂત આધારો નથી. ૨૫૦–૩૦૦ વર્ષે અખાની પાંચમી પેઢી જ હયાત હોય એ ઉમાશંકર જોશીને બંધબેસતું લાગતું નથી. સોનીના વ્યવસાય કે ટંકશાળને લગતા શબ્દો અખાની કૃતિઓમાં આવે છે ખરા, પણ બીજા ઘણા વ્યવસાયોને લગતા શબ્દો પણ અખા પાસેથી મળતા હોવાથી એમનો વ્યવસાય નક્કી કરવામાં આ પ્રમાણ કેટલું ઉપયોગી ગણાય એ વિશે અભ્યાસીઓને શંકા છે.

ગોકુળનાથને ગુરુ કર્યાનો ઉલ્લેખ કવિ પોતે એક છપ્પામાં કરતા હોવાથી એ કેટલોક સમય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હોવાનું જણાય છે. પરંતુ એનાથી એમને ઝાઝો સંતોષ થયો લાગતો નથી ("વિચાર નગુરાનો નગુરો રહ્યો" – છપ્પા, ૧૬૮). આ પછી કાશીમાં બ્રહ્માનંદ ગુરુએ અખાની તત્ત્વજિજ્ઞાસા સંતોષી એવી જનશ્રુતિ છે. અખાની કૃતિઓમાં પણ અવારનવાર 'બ્રહ્માનંદ' નામ મળે છે, પણ એ ગુરુનું નામ છે કે 'બ્રહ્મનો આનંદ' એવા અર્થનો પ્રયોગ છે એ વિશે મતભેદ પ્રવર્તે છે.

જંબુસર પાસેના કહાનવા બંગલાના ભગવાનજી મહારાજ અખાની શિષ્યપરંપરામાં સાતમા હોવાનું બતાવતું અક્ષયવૃક્ષ મળે છે પણ ૩૦૦ જેટલાં વર્ષોમાં માત્ર ૭ ગાદીધરો થયા હોય એ વાત પણ શંકાતીત ગણાતી નથી.

અખાનાં શિક્ષણ, સાધના અને અનુભવ વિશેની બીજી કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. પરંતુ 'ગુરુશિષ્ય-સંવાદ'ના સંમતિના સંસ્કૃત શ્લોક એની સંસ્કૃતની જાણકારી અને 'અખે-ગીતા'ના ત્રીજા કડવામાં નિર્દિષ્ટ અધ્યાત્મબોધની એતદ્દેશીય પરંપરા એમની એ વિષયની સજ્જતા બતાવે છે. અખાના ગ્રંથોમાંના નિર્દેશોના આધારે ન. દે. મહેતા અખાએ શ્રવણ દ્વારા સારી રીતે સમજેલા યોગ-વાસિષ્ઠાદિ ૧૦ ગ્રંથોની યાદી આપે છે. પુરાણો, જ્યોતિષ, ખગોળ, શિલ્પ, સંગીત, ખેતી, ઔષધિ વગેરે વિષયો, વિવિધ વ્યવસાયો, ખનિજો, વનસ્પતિઓ, પશુપંખીઓ, લોકસમયો અને કવિસમયો – આ બધાંને દૃષ્ટાંતાદિક રૂપે પ્રચુરપણે ઉપયોગમાં લેતા આ કવિ ઐહિક જગત પરત્વે પણ બહુશ્રુત અને અસાધારણ અનુભવમૂડી ધરાવતા પ્રતીત થાય છે.

ગુજરાતી ઉપરાંત હિંદીમાં સાહિત્યસર્જન, 'ઝૂલણા'માં પંજાબી-મિશ્રિત ફારસીપ્રધાન હિંદીનો વિનિયોગ તથા અન્ય કવિતામાં મારવાડી, કચ્છી વગેરે અનેક ભાષા-બોલીઓના જોવા મળતા શબ્દો અખાના વિવિધ પ્રદેશોના સીધા સંપર્કના અથવા તો એમની બહુ-શ્રુતતાના એક વિશેષ પ્રમાણરૂપ હોઈ શકે. અખાએ ખેડેલા સાખી જેવા કાવ્યપ્રકારો કબીર, દાદુ જેવા અખિલ ભારતીય કક્ષાના કવિ-ઓની અસર દર્શાવે છે, તો સામે પક્ષે સિંધી લિપિમાં મળતી અખાની કૃતિઓ તથા સિંધના હંસદેવ આક્રામ તરફથી પ્રકાશિત ગ્રંથોમાં સમાવેશ પામતાં એમનાં પદો બતાવે છે કે અખાનો ગુજરાત બહાર ભારતીય સંતપરંપરામાં સ્વીકાર થયેલો છે.

ગુજરાતીમાં ઈ.૧૭મી સદીમાં બળવત્તર બનેલી જ્ઞાનમાર્ગી કવિતાધારાના અખા-ભગત સૌથી મોટા પ્રતિનિધિ છે. એકંદરે એ શંકરાચાર્યના કેવલાદ્વૈત વેદાંતને અનુસરતું તત્ત્વનિરૂપણ કરે છે, પણ એમાં ચુસ્તપણે બંધાયેલા રહેતા નથી. ગોપાલ, બુટિયા અને નરહરિની જેમ એ શંકરાચાર્યના વિવર્તવાદને સ્થાને ગૌડપાદાચાર્યના અજાતવાદને સ્વીકારે છે, એમનો બ્રહ્મવાદ સર્વાત્મવાદને તથા નિર્ગુણવાદ સગુણવાદને સમાસ આપે છે અને જ્ઞાનને એ આત્મ-સિદ્ધિનું શિરમોર સાધન માનતા હોવા છતાં ભક્તિ, વૈરાગ્ય અને યોગને આત્મસાધનામાં ઉચિત સ્થાન આપે છે. અંતે જતાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને એક રૂપે પણ ઘટાવે છે. શંકરાચાર્યની જેમ એ વિરક્તને માટે સંન્યાસમાર્ગનો આગ્રહ રાખતા નથી.

અખાની સર્વ કૃતિઓને તપાસતાં એમનો તત્ત્વવિચાર કોઈ વીગતોમાં બદલાયેલો કે વિકસિત રૂપ પામેલો દેખાય છે. જેમ કે, 'પંચીકરણ' અને 'ગુરુશિષ્ય-સંવાદ'માં સૃષ્ટિદૃષ્ટિવાદનો સ્વીકાર છે એટલે કે પરમેશ્વરની ઇચ્છાથી ઉત્પન્ન થયેલું જગત વ્યાવહારિક સત્તા ધરાવે છે અને જીવ એને ભિન્ન દૃષ્ટિથી જુએ છે તેથી દ્વૈત ઉત્પન્ન થાય છે એવો મત રજૂ થયો છે. 'ચિત્તવિચાર-સંવાદ'માં દૃષ્ટિસૃષ્ટિવાદનો એટલે કે આપણા અનુભવમાં આવતું જગત આપણા ચિત્તે નામરૂપની મિથ્યા વાસનાથી ઊભું કરેલું છે એવા મતનો સ્વીકાર છે.

અખાએ પોતાના ગ્રંથોમાં વેદાન્તવિચારનું પારિભાષિક નિરૂપણ કર્યું છે અને બૌદ્ધોના શૂન્યવાદ ને વેદાંતના બ્રહ્મવાદ વચ્ચેનો ભેદ દર્શાવવા જેવું ('અખે-ગીતા', કડવાં ૨૫-૨૬-૨૭) ઝીણું કામ પણ કર્યું છે, છતાં શાસ્ત્રજ્ઞાન કે દાર્શનિક મતને એ અધ્યાત્મસાધનામાં સર્વોપરી મહત્ત્વ આપતા નથી. ષડ્દર્શનોના મતાગ્રહોની તો એ હાંસી ઉડાવે છે. તત્ત્વજ્ઞાન અખાની દૃષ્ટિએ જીવનનું પરમ ધ્યેય છે, પણ એ તત્ત્વજ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાન કે દાર્શનિક મત નહીં, પણ જગતના મૂળ તત્ત્વનો – પરમાત્મતત્ત્વનો અંતરમાં થતો અનુભવ, આતમસૂઝ. એટલે જ એ શબરી, કરમાબાઈ જેવાં નિરક્ષર જ્ઞાની ભક્તોનો આદરપૂર્વક ઉલ્લેખ કરે છે.

અખાએ, ખાસ કરીને છપ્પામાં, તત્કાલીન ધાર્મિક-સામાજિક આચારવિચારોની બારીક પરીક્ષા કરી છે અને જ્યાંજ્યાં દંભ, પાખંડ, વહેમ, અજ્ઞાન, અબૌદ્ધિકતા, રૂઢિવશતા દેખાયાં ત્યાંત્યાં એને નિર્મમપણે ઉઘાડાં પાડયાં છે. દંભી ભક્તો, પાખંડી ગુરુઓ, કર્મકાંડ, તીર્થાટન, દેહદમન અને અન્ય બાહ્યાચારો ઉપરાંત અવતાર-વાદ, પુનર્જન્મ, સંસ્કૃત ભાષાનો મહિમા, વર્ણાશ્રામધર્મ, કર્મવાદ તથા ભૂતપ્રેત-જ્યોતિષ-આભડછેટની માન્યતાઓ ઉપર પણ અખાજીએ પ્રહાર કર્યા છે તે તેમની સર્વગ્રાહી જાગ્રત વિચારશક્તિનો આપણને પરિચય કરાવે છે. પણ અખા-ભગત માત્ર ચિંતક કે ચિકિત્સક કે તટસ્થ જ્ઞાની નથી, સંસારને સાથે લઈને ઊંચે જવા માગનાર સંત છે. મનુષ્યમાત્રના કલ્યાણનો એક આવેશ એમનામાં સતત ધબકતો દેખાય છે.

અખામાં મુનશીને જીવનના ઉલ્લાસને સ્થાને શુષ્ક વૈરાગ્ય પ્રેરતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરલોકપરાયણતા જણાઈ છે; પરંતુ વસ્તુતઃ એમનામાં આ રીતનો ઐહિક જીવનનો સર્વાંશે તિરસ્કાર નથી. એ નિષ્કર્મણ્યતા નહીં, પણ નિષ્કામતા પ્રબોધે છે, અને સંસારી રસને સ્થાને એમણે દિવ્ય ઉલ્લાસ, 'અક્ષયરસ' તરફ નજર માંડી છે તથા એ અક્ષયરસની અનુભૂતિનું ઉમંગભેર ગાન પણ કર્યું છે.

ગુજરાતી તેમ જ સાધુશાઈ હિંદીમાં રચાયેલી અખાની સઘળી કૃતિઓ તત્ત્વવિચારાત્મક છે. રચનાસંવત ૨ કૃતિઓના જ મળે છે એટલે બધી કૃતિઓના કાલક્રમ વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી. પણ વિચારવિકાસ, શૈલીની પરિપક્વતા, કાવ્યગુણનો ઉત્કર્ષ આદિ ધોરણોથી મહત્ત્વની કૃતિઓના રચનાક્રમ વિશે સહેજસાજ વીગત-ફેરવાળાં અનુમાનો થયાં છે તેમાં ઉમાશંકરે સૂચવેલો રચનાક્રમ આ પ્રમાણે છે : 'અવસ્થાનિરૂપણ', 'પંચીકરણ', 'ગુરુ-શિષ્ય-સંવાદ' (૨.ઈ.૧૬૪૫/ સં. ૧૭૦૧, જેઠ વદ ૯, સોમવાર), 'સંતપ્રિયા', 'ચિત્તવિચાર-સંવાદ', 'બ્રહ્મલીલા', 'અનુભવબિંદુ', 'અખે-ગીતા' (૨.ઈ.૧૬૪૯/સં. ૧૭૦૫, ચૈત્ર સુદ ૯, સોમવાર). છપ્પા જેવા પ્રકારની રચનાઓ લાંબા સમયપટમાં છૂટકછૂટક થઈ હોવાની શક્યતા છે. થોડાંક પદો અને થોડીક સાખીઓ સિવાયનું અખાનું સઘળું સાહિત્ય મુદ્રિત છે.

ગુજરાતી કૃતિઓમાં ચોપાઈની ૧૦-૧૦ કડીના ૪ ખંડમાં વિભક્ત 'અવસ્થાનિરૂપણ' ← અને ચોપાઈની ૧૦૨ કડીની 'પંચીકરણ' ← અનુક્રમે શરીરાવસ્થા અને બ્રહ્માંડનાં તત્ત્વોનું બહુધા પરંપરાગત અને પારિભાષિક નિરૂપણ કરે છે, પણ ૪ ખંડ અને દોહરા-ચોપાઈની ૩૨૦ કડીની 'ગુરુશિષ્ય-સંવાદ' ← અખાની કેવલાદ્વૈત તત્ત્વદર્શનની ભૂમિકા વીગતે સમજાવે છે ને એમાં પારિભાષિકતાનો ભાર ઓછો થતાં વિષયનું મોકળાશથી નિરૂપણ થયેલું જોવા મળે છે. ચોપાઈની ૪૧૩ કડીની અને અખાના તત્ત્વવિચારના મુખ્ય અંશોને વ્યાપી વળતી 'ચિત્તવિચાર-સંવાદ' ← પિતા ચિત્તને બોધ આપતા પુત્ર વિચારની અભિનવ કલ્પનાથી અને દૃષ્ટાંતકળાના ઉત્કર્ષથી વિશેષ ધ્યાનપાત્ર કૃતિ બને છે. આમ છતાં, આ જાતની સળંગ રચનાબંધવાળી અખાની રચનાઓમાં અભ્યાસીઓમાં વધુ જાણીતી, અલબત્ત, 'અનુભવબિંદુ' ← અને 'અખે-ગીતા' ← છે. "પ્રાકૃત ઉપનિષદ" (કે. હ. ધ્રુવ) તરીકે ઓળખાવાયેલી ૪૦ છપ્પાની 'અનુભવબિંદુ' અખાના તત્ત્વવિચારના મુખ્ય અંશોને લાઘવથી અને હૃદયંગમ દૃષ્ટાંતોથી રજૂ કરતી રસાત્મક કૃતિ છે; તો ૪૦ કડવાં અને ૧૦ પદોની 'અખે-ગીતા' એમના તત્ત્વવિચારને સર્વગ્રાહી રીતે, લાક્ષણિક દૃષ્ટાંતચિત્રો અને દૃષ્ટાંતશ્રેણીઓ તેમ જ બાનીની તાજગીભરી અસરકારક છટાઓથી અભિવ્યક્ત કરતી એમની, અને ગુજરાતી ગીતાકાવ્યોની પરંપરાની, સર્વોત્તમ કૃતિ છે.

પરબ્રહ્મને સંબોધન રૂપે એનાં સ્વરૂપલક્ષણોનું વિશદ મહિમાગાન કરતી 'કેવલ્ય-ગીતા', કૃષ્ણમુખે સંતનાં લક્ષણ વર્ણવતી 'સંતનાં લક્ષણ/કૃષ્ણઉદ્ધવ-સંવાદ' અને આનંદમય મુક્ત દશાનું વર્ણન કરતી 'જીવનમુક્તિહુલાસ' અખાની લોકગમ્ય શૈલીની લઘુ રચનાઓ છે.

જ્ઞાનવિષયક 'કક્કો' અને 'બાર માસ' અખાએ જ સૌ પ્રથમ રચ્યા હોવાનું મનાયું છે. 'બાર માસ' જીવને સંબોધીને લખાયેલ ઉપદેશાત્મક શૈલીની રચના છે. 'પંદર તિથિ'ની ૨ રચનાઓમાંથી એક વિશેષે ઉપદેશાત્મક અને બીજી વિશેષે જ્ઞાનમૂલક છે, પણ બન્ને રચનાઓ અમાસ સમેત ૧૬ તિથિને સમાવે છે. 'બાર માસ', બંને 'પંદર તિથિ' અને ગુરુવારથી આરંભાતા 'સાત વાર'માં માસ અને વારનાં નામ તથા તિથિના સાંખ્યાંક શ્લેષથી ગૂંથાયાં છે : "કાં રે તકે તું ચેતે નહીં? જીવડા!", "શુક્ર પિતાનું દિવસ સકલનું ગયું જથારથ જેમ", "આવી અમીયાવાસી" વગેરે.

કેવળ શબ્દાર્થવિવરણ આપતી 'ચતુઃશ્લોકી ભાગવતની ગદ્યટીકા'-માં અખાના કર્તૃત્વનું કોઈ નિશ્ચિત પ્રમાણ નથી.

છપ્પા, સોરઠા, પદ અને સાખીઓ એ છૂટીછૂટી થયેલી રચનાઓ છે. છ-ચરણી ચોપાઈના બંધમાં રચાયેલા અને ૭૫૬ જેટલી સંખ્યામાં મળતા છપ્પા←અખાનો પ્રથમ પંક્તિનો અને સૌથી વધુ લોકપ્રિય કૃતિસમૂહ છે. અખાનું તત્ત્વજ્ઞાન એમાં પણ ઉપમા-દૃષ્ટાંતની તેમ જ સૂત્રાત્મક વાણીની મદદથી માર્મિક અભિવ્યક્તિ પામ્યું છે, પણ એની લોકપ્રિયતા તો એમાં ધારદાર કટાક્ષોની મદદથી થયેલી ધાર્મિક-સામાજિક આચારવિચારોની બારીક ચિકિત્સાને આભારી છે. ૩૫૦ જેટલી સંખ્યામાં મળતા પણ ઓછા જાણીતા સોરઠા ←વર્ણસગાઈયુક્ત પદવિન્યાસ અને સઘન અભિવ્યક્તિથી ધ્યાન ખેંચે એવા છે. ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં મળતાં, અન્ય વિષયોની સાથે શૃંગારભાવના પણ પ્રબળ આલેખનથી ધ્યાન ખેંચતાં ૨૫૦ જેટલાં પદો તળપદી અભિવ્યક્તિને કારણે વધારે લોકગમ્ય બની ભજનમંડળીઓમાં ઉપયોગમાં લેવાતો તથા ઊંચી સાહિત્યિક ગુણવત્તાવાળો કૃતિસમૂહ છે. છપ્પાની જેમ કંઈક શિથિલ અને યાદૃચ્છિક રીતે વિવિધ અંગોમાં વહેંચાયેલી મુદ્રિત-અમુદ્રિત મળીને ૧૫૦૦ જેટલી હિંદી ને ૩૦૦ જેટલી ગુજરાતી સાખીઓ← સરળ અભિવ્યક્તિ, કેટલીક તાજગીભરી ઉપમાઓ અને હિંદી પરંપરાના કેટલાક વિશિષ્ટ સંસ્કારોને કારણે નોંધપાત્ર બને છે.

અખાની હિંદી કૃતિઓમાં 'બ્રહ્મલીલા' અને 'સંતપ્રિયા' પ્રમાણમાં દીર્ઘ રચનાઓ છે તથા પહેલીને મુકાબલે બીજીમાં નિરૂપણ વધારે પ્રાસાદિક અને ચમત્કૃતિયુક્ત છે. સંભવતઃ આત્મવિચારના નિરૂપણને કારણે 'રમૈણી' કે 'રમણી' તરીકે ઓળખાવાયેલી 'અમૃત-કલા-રમૈણી' અને 'એકલક્ષ-રમણી' પ્રમાણમાં લઘુ રચનાઓ છે ને 'એકલક્ષ-રમણી' તો સાખીઓના 'એકસાલ-અંગ' તરીકે પણ જોવા મળે છે. એના વિશિષ્ટ બંધારણને કારણે 'જકડીઓ' તરીકે ઓળખા-વાયેલ પદો, હિંદી કવિ અગ્રદાસજીના કુંડળિયાને અનુસરતો આકાર ધરાવતા કુંડળિયા અને વિચારસાતત્યથી લખાયેલા જાણીતા ઝૂલણા અખાની પ્રકીર્ણ પ્રકારની રચનાઓ છે. જકડીઓ અને ઝૂલણા સૂફી સાધનાધારાની સ્પષ્ટ અસર બતાવે છે, તો કુંડળિયા અનેક ઠેકાણે પ્રયોજાયેલા આંતરયમકથી ધ્યાન ખેંચે છે. થોડાક કુંડ-ળિયાની ભાષા વિશેષે ગુજરાતી તરફ ઢળતી છે, તો ઝૂલણામાં ઉર્દૂ-હિંદી-પંજાબીનું મિશ્ર ભાષાપોત જોવા મળે છે.

અખાજી પોતાને 'કવિ' ગણાવવા માગતા નથી, 'જ્ઞાની' હોવું એ તેમની દૃષ્ટિએ ઊંચી વસ્તુ છે. કવિતાને એ એક સાધન રૂપે જ ઉપયોગમાં લે છે. છંદ જેવાં કાવ્યઓજારોનું પોતાને જ્ઞાન નથી એમ તેઓ કહે છે ખરા; પરંતુ ચોપાઈ, દુહા, ઝૂલણા, સવૈયા, કવિત અને અનેક દેશીબંધો તથા છપ્પા, કડવાં, પદ, સાખી, કુંડળિયા, ચોખરા, જકડી આદિ કાવ્યબંધો પ્રયોજતા તેઓ સમકાલીન કાવ્યરીતિથી પૂરા અભિજ્ઞ જણાય છે. તત્ત્વવિચારને કવિતાની કોટિએ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહોંચાડતા ૩ મોટા કવિગુણો અખામાં છે : ૧. અવારનવાર ગૂંથાતો હાસ્ય, કટાક્ષ, રોષ, આર્દ્રતા, આરત, વિસ્મય, પ્રસન્નતાની ભાવ-રેખાઓ; ૨. "વિશ્વના પદાર્થો જાણે એની વિચારણા માટે જ સર્જાયા હોય" (વિ. ૨. ત્રિવેદી) એવી અનુરૂપતા અને વિવિધતાથી ભર્યું, ઘણી વાર ગતિશીલ ચિત્રાત્મકતાવાળું ઉપમા-આયોજન; અને ૩. ક્વચિત્ કઠિન ને રુક્ષ લાગતા છતાં મર્મવેધક બનતા શબ્દપ્રયોગો, ઊંડી સૂઝથી ઉપયોગમાં લેવાયેલાં રૂઢિપ્રયોગો-કહેવતો તથા સચોટ સૂત્રાત્મક ઉક્તિઓથી બલિષ્ઠ પ્રતીત થતી કાવ્યબાની.

સમાજચિકિત્સા અને લોકોક્તિઓના વિનિયોગ પરત્વે માંડણ જેવા પુરોગામીઓનું અખા પર ઋણ છે અને સમકાલીન જ્ઞાનમાર્ગી કવિ-ઓની વાણી સાથે અખાની વાણીનું કેટલુંક અનિવાર્ય મળતાપણું છે, તે છતાં સર્વસ્પર્શી સૂક્ષ્મ જીવનવિચાર અને વિશિષ્ટ કાવ્યગુણોએ કરીને અખાજી મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાધારામાં ઊંચું સ્થાન ધરાવે છે.

કૃતિ : ૧. અક્ષયરસ (હિં.), સં. કુંવર ચંદ્રપ્રકાશસિંહ, ઈ. ૧૯૬૩ (+સં.); ૨. અખાકૃત કાવ્યો : ૧, સં. નર્મદાશંકર દે. મહેતા, ઈ.૧૯૩૧ (+સં.); ૩. અખાની વાણી, પ્ર. ઓરિયન્ટલ પ્રેસ, ઈ. ૧૮૮૪; ૪. એજન, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઈ. ૧૯૧૪, સં. ૨૦૦૦ (સુધારેલી ત્રીજી આ.) (+સં.); ૫. * અખા ભક્તની વાણી, સં. કવિ હીરાચંદ કાનજી, ઈ. ૧૮૬૪; ૬. અપ્રસિદ્ધ અક્ષયવાણી (અખાકૃત કાવ્યો : ૨), સં. ભગવાનજી મહારાજ, ઈ. ૧૯૩૨ (+સં.); ☐ ૭. અખાજીના છપ્પાની ચોપડી, પ્ર. પુસ્તક વૃદ્ધિ કર-નાર મંડળી, ઈ. ૧૮૫૨; ૮. અખાજીની સાખીઓ, સં. ભગવાનજી મહારાજ, ઈ. ૧૯૫૨ (+સં.); ૯. અખાના છપ્પા, સં. ઉમાશંકર જોશી, ઈ. ૧૯૫૩, ઈ. ૧૯૭૭ (ત્રીજી આ.) (+સં.); ૧૦. એજન, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઈ. ૧૯૫૩ (+સં.); ૧૧. અખા ભગતના છપ્પા, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, અનસૂયા ભૂ. ત્રિવેદી, (૧–૨૬૪) – ઈ. ૧૯૭૭, (૨૬૫–૫૦૩) – ઈ. ૧૯૮૦, (૫૦૪–૭૫૬) – ઈ. ૧૯૮૨ (+સં.); ૧૨. અખા ભગતનાં ગુજરાતી પદ, સં. અનસૂયા ભૂ. ત્રિવેદી, ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૮૦ (+સં.); ૧૩. અખેગીતા, સં. ઉમાશંકર જોશી, રમણલાલ જોશી, ઈ. ૧૯૬૭ (+સં.); ૧૪. એજન, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૫૮ (+સં.); ૧૫. એજન, સં. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી, વ્રજરાય મુ. દેસાઈ, ઈ. ૧૯૫૭ (+સં.); ૧૬. અનુભવબિંદુ, સં. કેશવલાલ હ. ધ્રુવ, સં. ૧૯૬૨ (+સં.); ૧૭. એજન; સં. રવિશંકર મ. જોશી, ઈ. ૧૯૪૪ (+સં.); ૧૮. ચાલીસ છપ્પા અપરનામ અનુભવબિંદુ, સં. અનસૂયા ભૂ. ત્રિવેદી, ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૬૪ (+સં.); ૧૯. *બ્રહ્મજ્ઞાની અખા ભક્તના છપા, સં. પૂજારા કાનજી ભીમજી, ઈ. ૧૮૮૪; ૨૦. સંતપ્રિયા (હિં.), સં. રમણલાલ પાઠક, ઈ. ૧૯૭૯ (+સં.); ☐ ૨૧. અખો એક સ્વાધ્યાય, રમણલાલ પાઠક, ઈ. ૧૯૭૬ – 'તિથિ'; ૨૨. કાન્તમાલા, સં. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા વગેરે, ઈ. ૧૯૨૪ – 'બાર માસ', સં. અંબાલાલ જાની; ૨૩. પદસંગ્રહ પ્રભાકર, સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫ (સુધારેલી આ.); ૨૪. બૃકાદોહન : ૧, ૨, ૩, (+સં.), ૪, ૫, ૮; ☐ ૨૫ * ચિંતામણિ, નવે. ૧૯૭૧ – 'અમૃતકલારમેણી', સં. ઉર્વશી સુરતી; ૨૬. * નાગરી પ્રચારિણી પત્રિકા, સં. ૨૦૨૮ અં. ૩–૪ – 'અમૃતકલારમેણી,' સં. ઉર્વશી સુરતી; ૨૭. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૬૫ – 'અખાના અપ્રસિદ્ધ દુહા-સોરઠા', સં. ભૂપેન્દ્ર ત્રિવેદી; ૨૮. એજન, જાન્યુ.–માર્ચ ૧૯૮૦ – 'પંદર તિથિ અખાની', સં. ભૂપેન્દ્ર ત્રિવેદી; ૨૯. એજન, એપ્રિલ-જૂન ૧૯૮૦ – 'ચતુઃશ્લોકી ભાગવત ઉપર અખાની ગદ્યટીકા', સં. ભૂપેન્દ્ર ત્રિવેદી; ૩૦. એજન, ઑક્ટો.–ડિસે. – 'અખા-ભગતકૃત તિથિ (૨)', સં. ભૂપેન્દ્ર ત્રિવેદી; ૩૧. બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૭૮ – 'પંદર તિથિ', સં. વિભૂતિ ભટ્ટ; ૩૨. રિસર્ચ જર્નલ ઑવ્ ધ એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, ઈ. ૧૯૭૧ – 'એકલક્ષારમણી', સં. ઉર્વશી સુરતી; ૩૩. એજન, ઈ. ૧૯૭૩ – 'કુંડલિયા', સં. ઉર્વશી સુરતી; ૩૪. એજન, ઈ. ૧૯૭૫ – 'અમૃતકલારમેણી', સં. ઉર્વશી સુરતી.

સંદર્ભ : ૧. અખો, નર્મદાશંકર દે. મહેતા, ઈ. ૧૯૨૭; ૨. એજન, ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૭૮; ૩. અખો એક અધ્યયન, ઉમાશંકર જોશી, ઈ. ૧૯૪૧, ઈ. ૧૯૭૩ (સુધારેલી બીજી આ.); ૪. અખો એક સ્વાધ્યાય, રમણલાલ પાઠક, ઈ. ૧૯૭૬; ૫. સાહિત્ય-કાર અખો, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૪૯; ☐ ૬. અન્વય, હસિત બૂચ, ઈ. ૧૯૬૯ – 'અખાનાં પદો'; ૭. કવિચરિત : ૧–૨; ૮. કેવલાદ્વૈત ઇન ગુજરાતી પોએટ્રી, યોગીન્દ્ર ત્રિપાઠી, ઈ. ૧૯૫૮; ૯. ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર (ઠક્કર વસનજી માધવજી લેકચર્સ), એન. બી. દિવેટિયા, ઈ. ૧૯૩૨; ૧૦. ગુર્જર સાક્ષર જયન્તીઓ, પ્ર. જીવનલાલ અ. મહેતા, ઈ. ૧૯૨૧ – 'અખો અને તેનું કાવ્ય', નર્મદાશંકર દે. મહેતા; ૧૧. ગુલિટરેચર; ૧૨. ગુસાઈતિહાસ :૨; ૧૩. ગુસાપઅહેવાલ : ૩ – 'અખો ભક્ત અને તેમની કવિતા', અંબાલાલ બુ. જાની; ૧૪. ગુસામધ્ય; ૧૫. ગુસારૂપરેખા : ૧; ૧૬. નભોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧; ૧૭. નિરીક્ષા, ઉમાશંકર જોશી, ઈ. ૧૯૬૦ – 'અખો પ્રશ્નોત્તરી'; ૧૮. સાહિત્યિક લેખો અને વ્યાખ્યાનો, નર્મદાશંકર દે. મહેતા, ઈ. ૧૯૬૯ – 'અખાનું ક્ષર-જીવન', 'અખેગીતા', 'અખાના બે સંવાદો', 'અખાનું 'પંચીકરણ', 'અખો અને તેનું કાવ્ય'; ☐ ૧૯.* ચિંતામણિ, ફેબ્રુ. ૧૯૭૬ – 'બ્રહ્મલીલા', ઉર્વશી સુરતી; ૨૦. બુલેટિન ઑવ્ ધ ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, ઑગસ્ટ ૧૯૮૦ – 'અખા ભગતની રચનાઓમાં ઉલ્લેખ પામેલાં ભૂચર, ખેચર, જળચર', ભૂપેન્દ્ર બા. ત્રિવેદી; ૨૧. સંસ્કૃતિ, સપ્ટે. ૧૯૬૫ – 'બ્રહ્માનંદની નહીં પણ બ્રહ્મનંદની', ઉમાશંકર જોશી; ☐ ૨૨. ગૂહાયાદી.

સંદર્ભસૂચિ : ૧. અખો એક સ્વાધ્યાય, રમણલાલ પાઠક, ઈ. ૧૯૭૬; ☐ ૨. ગ્રંથ, ઑગસ્ટ ૧૯૬૭ – 'અખાને લગતા સંદર્ભ-ગ્રંથો', પ્રકાશ મહેતા; ૩. ગ્રંથ, નવે. ૧૯૬૭ – 'અખાને લગતા સંદર્ભગ્રંથો', ગંભીરસિંહ ગોહિલ. [જ.કો.]

'અખે-ગીતા' [૨. ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, ચૈત્ર સુદ ૯, સોમવાર] : ૪ કડવાં અને ૧ પદ એવા ૧૦ એકમો ને દરેક કડવા તેમ જ પદમાં લગભગ નિયત કડીસંખ્યા – એવો સુઘડ રચનાબંધ ધરાવતી, કુલ ૪૦ કડવાં અને ૧૦ પદની, ચોપાઈ અને પૂર્વછાયા(= દુહાની દેશી)માં રચાયેલી અખાની આ કૃતિ (મુ.) એના તત્ત્વવિચારના સર્વ મહત્ત્વના અંશોને મનોરમ કાવ્યમયતાથી આલેખતી હોઈ એની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિણત પ્રજ્ઞાનું ફળ ગણાવાયેલી છે. સરહદો કયાંક-કયાંક લોપાયેલી છે તેમ છતાં એકમોમાં ચોક્કસ વિષયવિભાગો જોઈ શકાય છે. જેમ કે, એકમ ૨ : માયાનું સ્વરૂપ અને કાર્ય; એકમ ૩ : માયામાંથી મુક્ત થવા માટેની સાધનત્રયી – વિરહવૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન; એકમ ૪ : આનુલિંગી તત્ત્વજ્ઞાનીનાં લક્ષણો; એકમ ૫ અને ૬ : બ્રહ્મતત્ત્વનું સ્વરૂપ તથા એનું ઈશ્વર, જીવ અને જગત રૂપે પરિણમન; એકમ ૭ : બ્રહ્મવાદ અને શૂન્યવાદનો ભેદ; એકમ ૮ : સંતસંગનો મહિમા. એકમના સમાપન રૂપે આવતાં પદો, ધ્રુવપંક્તિની પેઠે, 'અખે-ગીતા'ના કેન્દ્રવર્તી વિષય પર આવી ઠરે છે – એ પરબ્રહ્મના સ્વરૂપનું કે એના સાક્ષાત્કારનું ગાન કરે છે અથવા હરિ-ગુરુ-સંતની એકતા પ્રબોધી એમનું શરણ લઈ મહાપદ પ્રાપ્ત કરવાનો બોધ આપે છે. ૪ પદોમાં હિંદી ભાષા પ્રયોજાયેલી છે એ એક નોંધપાત્ર હકીકત છે.

'અખે-ગીતા'ને અખો સંસારરૂપી મોહ-નિશાને નષ્ટ કરનારા દિનમણિ તરીકે ઓળખાવે છે અને એનું કર્તૃત્વ નાથ નિરંજન પર આરોપે છે, પોતે છે નિમિત્ત માત્ર – "જેમ વાજું દીસે વાજતું, વજાડે ગુણપાત્ર". સંસારરૂપી મોહનિશાનું કારણ છે માયા. માયાના અદ્‌ભુત પ્રપંચનું અખાએ અત્યંત મર્મવેધક ચિત્ર આલેખ્યું છે. માયા છે તો બ્રહ્મતત્ત્વની ચિત્‌શક્તિનું એક સામર્થ્ય, પણ એનાથી છૂટી પડી એ ૩ ગુણોને જન્મ આપે છે, ને "પછે જનની થઈ જોષિતા". ૩ ગુણો સાથેના સંયોગથી એ પંચભૂતાદિ ૨૪ તત્ત્વોને પેદા કરે છે. આ ૨૪ તત્ત્વો અને ૨૫મી પ્રકૃતિ માયાનો પરિવાર છે. પણ માયાના સ્વભાવની આ વિલક્ષણતા છે કે પોતે ઉત્પન્ન કરેલી સૃષ્ટિનો એ ભક્ષ કરે છે. ભ્રમદશામાં પડેલો જીવ આ સમજતો નથી એટલે માયાએ બતાવેલી વિષયભોગની ઈન્દ્રજાલમાં ફસાય છે. કામ-દામ, માતા-પિતા-પત્ની, વર્ણ-વેષ, વિદ્યા-ચાતુરી આ સર્વને માટે મથવું અને પંડિત, ગુણી, કવિ, દાતા થવું એ પણ, અખાની દૃષ્ટિએ, માયાની જ આરાધના છે.

માયાએ નિપજાવેલાં ૨૫ તત્ત્વો ઉપરાંતનું ૨૬મું તત્ત્વ – બ્રહ્મ-તત્ત્વ તો સ્વતંત્ર છે, સર્વ દ્વન્દ્વોથી પર છે અને વાણીથી, ઈન્દ્રિયોથી તેમ બુદ્ધિથી એને પામી શકાતું નથી. "જેમ મૃતકની ગત જાણે મૃતક" તેમ પરબ્રહ્મનો અનુભવી જ એ અનુભવને સમજી શકે. સામસામાં મુકાયેલાં દર્પણોથી રચાતી પ્રતિબિંબોની અનંત સૃષ્ટિનાં અને આકાશમાં ઊપજતાં અને લય પામતાં જાતભાતનાં વાદળોના દૃષ્ટાંતથી અખાજી બ્રહ્મતત્ત્વની નિર્લેપતા, અવિકાર્યતા અને માયા વડે થતી અનંત રૂપમય સંસારની ઉત્પત્તિ સમજાવે છે. પરબ્રહ્મની દૃષ્ટિએ તો આ માયા પણ અજા – ન જન્મેલી છે : એણે નિપજા-વેલો સંસાર પણ વંધ્યાસુતની પેઠે અવિદ્યમાન છે.

આ બ્રહ્મવાદ શૂન્યવાદથી કયાં જુદો પડે છે તથા દર્શનો તેમ જ ઉપદર્શનો પણ બ્રહ્મતત્ત્વને સમજાવવામાં કયાં પાછાં પડયાં છે તે અખાજી દલીલપૂર્વક બતાવે છે અને એકબીજા સાથે આખડતા તથા ઘણી વાર તો બાહ્ય ચિહ્નો – જેવાં કે જટા રાખવી, મુંડન કરાવવું, માળા પહેરવી વગેરેમાં સમાઈ જતા વિવિધ મતોમાં એ માયાનું જ પોષણ જુએ છે. માયાનો પાશ છૂટે, "પરબ્રહ્મ રહે ને પોતે ખપે" તે માટે એ ૩ સાધન બતાવે છે – વિરહવૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન. વૈરાગ્યાર્તિની તીવ્રતા અને ભક્તિની આર્દ્રતા-મધુરતા અનુ-ભવતા નરનાં એવાં કાવ્યમય ચિત્રો કવિ આપે છે કે એ, એમના વૈષ્ણવી સંસ્કારોનો સંકેત કરવા ઉપરાંત, એમની પ્રધાનપણે જ્ઞાનમાર્ગી સાધનાપ્રણાલીમાં વૈરાગ્ય અને ભક્તિનું પણ કેવું મહત્ત્વનું સ્થાન છે તે બતાવે છે. ઊધઈથી ખવાયેલું લાકડું જેમ કૃષ્ણાગુરુ થઈ જાય તેમ વિરહવૈરાગ્યથી ખવાયેલો નર હરિરૂપ થઈ જાય છે અને હરિભક્ત "નિત્ય રાસ નારાયણ કેરો" દેખે છે. આમ થતાં, એનો સંસારભાવ, જીવભાવ સરી જાય છે અને આત્મભાવ પ્રગટે છે. અખા-ભગત માર્મિક રીતે કહે છે કે "ચિત્ત ચમકયું, હું તું તે ટળ્યું".

આવા જીવન્મુક્ત વિદેહી દશાને પામેલા તત્ત્વદર્શીને ભૌતિક જગતના કોઈ અવરોધ નડતા નથી. અખાજી તો આગળ વધીને એમ પણ કહે છે કે ચશ્માંના કાચથી જેમ આંખની દૃષ્ટિ રૂંધાતી નથી પણ એનું તેજ વધે છે તેમ સંસારવ્યવહાર તત્ત્વદર્શીને બાધક નીવડવાને બદલે એની તત્ત્વદૃષ્ટિને સતેજ કરે છે. આવા તત્ત્વદર્શી સંતના પરોપકારપરાયણ સ્વભાવ અને એમની સંગતિના પ્રભાવનું અખાએ ભાવાર્દ્રતાથી ગાન કર્યું છે, કેમ કે, અખાની દૃષ્ટિએ, જેમ જીભ વિના સ્વાદ ન હોય, બહેરાને નાદસુખ ન હોય તેમ ગુરુ વિના હરિદર્શન ન થાય અને ગુરુ તો તત્ત્વદર્શી સંત જ હોય. બીજી બાજુથી, સગુણ સંત તે નિર્ગુણ બ્રહ્મની જ પ્રત્યક્ષ મૂર્તિ. આમ અખાના તત્ત્વવિચારમાં હરિ-ગુરુ-સંતનું એકત્વ રચાય છે.

ત્રિગુણાતીત પરબ્રહ્મ માટેના 'ત્રિગુણપતિ' શબ્દમાં ગણપતિનો સમાવેશ કરી લેતું વિશિષ્ટ મંગલાચરણ યોજતી 'અખે-ગીતા'માં વેદાંતી તત્ત્વવિચાર આત્મસાત્ થઈને રજૂ થયો છે. એમાં શાસ્ત્રીય કઠિનતા નહીંવત્ છે અને અખાની વાણી વીગતભર્યાં ચિત્રો સર્જતી, દૃષ્ટાંતોનું પૂર વહાવતી, અનેક વાક્‌છટાઓ પ્રયોજતી, માર્મિક શબ્દપ્રયોગો વણી લેતી અને પ્રસંગે ભાવવિભોર થતી, નિરંતરાય ગતિ કરે છે. કેટલાંક વિચારવલણો, ઉદ્‌ગારો અને દૃષ્ટાંતો પરત્વે અખાના પુરોગામી નરહરિની 'જ્ઞાન-ગીતા'←અને 'વસિષ્ઠસાર-ગીતા'-ની છાયા 'અખે-ગીતા'માં જોવી મુશ્કેલ નથી, તેમ છતાં, ઉમાશંકર જોશી કહે છે તેમ, "કોઈ ગુજરાતી કૃતિ અનુભવની ઉત્કટતા અને સ્પષ્ટતા – અને એને લીધે પ્રતીત થતી મૌલિકતા – વડે મંડિત હોઈ ભગવદ્‌ગીતાના કુળની એક સ્વતંત્ર ગીતા-રચના તરીકે સ્વીકારવાને પાત્ર હોય તો તે નિઃસંશય 'અખે-ગીતા' છે. . . . 'અખે-ગીતા' એ ગુજરાતી તત્ત્વકવિતાનું એક ઉચ્ચ શિખર છે." [જ.કો.]

અખેરાજ [ઈ. ૧૭૯૨ સુધીમાં] : જૈન. માનતુંગસૂરિની મૂળ સંસ્કૃત રચના 'ભક્તામરસ્તવન-વૃત્તિ' પરના ૭૨૬ ગ્રંથાગ્રના બાલાવબોધ-કવિત(લે. ઈ. ૧૭૯૨)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

અખેરામ[ઈ. ૧૭૯૪માં હયાત] : ૧૦૦ કડીની 'કલિયુગની ચોપાઈ'-(૨. ઈ. ૧૭૯૪)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

અખોયો : જુઓ અખઈદાસ.

અગરચંદ[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. હરખ-ચંદના શિષ્ય સરૂપચંદના શિષ્ય. હિન્દી-રાજસ્થાનીમિશ્રા ભાષામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦ ઢાલની 'બ્રહ્મચર્યની નવ વાડ' (ર. ઈ. ૧૭૬૩/સં. ૧૮૧૯, ભાદરવા સુદ ૧૦; મુ.) અને ૨૩ કડીની 'જંબુદ્વીપવર્ણનગર્ભિત-સીમંધરજિન-સ્તવન' (ર. ઈ. ૧૭૬૫/સં. ૧૮૨૧, પોષ વદ ૨, બુધવાર; મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જૈન વિવિધ ઢાલ સંગ્રહ, પ્ર. જેઠમલ ભૈ. શેઠિયા, ઈ. ૧૯૨૩; ૨. પ્રવિસ્તસંગ્રહ. [શ્રા.ત્રિ.]

અચલ [ ] : ૧૦ કડીના 'ગણપતિપહાડગતિ-છંદ'ના કર્તા.

સંદર્ભ : ડિકેટલૉગભાઈ : ૧૯(૧). [કી.જો.]

અચલકીર્તિ[ઈ. ૧૮૧૫ સુધીમાં] : જૈન સાધુ. 'વિષાપહાર-સ્તોત્ર'-(લે. ઈ. ૧૮૧૫)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

અચિંત્યાનંદ : જુઓ કૃષ્ણાનંદ.

અજરામર[ઈ. ૧૯મી સદી મધ્યભાગ] : પદકવિ. મિયાગામ પાસેના કારવણના વતની. જ્ઞાતિએ રજપૂત. તે ઈ. ૧૮૪૪માં કે ઈ. ૧૮૬૦ આસપાસ હયાત હોવાનું જણાવાયું છે અને તે કલગી-તોરાવાળાના કુળના મનાયા છે. તેમના ૨૨ કડીના 'મહાદેવજીનો છંદ/શંકર અને ભીલડીનું પદ'(લે. ઈ. ૧૭૯૦ પછીના અરસામાં; મુ.)માં ભીલડી વેશે પાર્વતીએ કરેલા મહાદેવના સમાધિભંગનું અને મહાદેવે કરેલા કામદહનનું વૃત્તાંત પ્રાસાદિક શૈલીમાં નિરૂપાયું છે.

કૃતિ : બૂકાદોહન : ૭ (+સં).

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફૉહનામાવલિ. [ચ.શે.]

'અજામિલાખ્યાન'[ર. ઈ. ૧૮૦૭/સં. ૧૮૬૩, ભાદરવા સુદ ૧૫, બુધવાર] : કાન્યકુબ્જનો મહાપાપી બ્રાહ્મણ અજામિલ અંતકાળે પોતાના પુત્ર નારાયણનું નામસ્મરણ કરીને અને એ રીતે ભગવત-સ્મરણ થતાં ઈશ્વરકૃપાના ફળ રૂપે સ્વર્ગ પામ્યાનું કહેવાય છે. શ્રીમદ્‌ભાગવતમાંની આ આખ્યાયિકાનો આધાર લઈને દયારામે રામગ્રી, મેવાડો, દેશાખ, સિન્ધુ, ભીલડી, સોરઠો અને માલકૌંસ જેવા રાગો અને દેશીબંધોમાં ૯ કડવાંનું 'અજામિલાખ્યાન' (મુ.) રચ્યું છે. કથાનિરૂપણમાં રસદૃષ્ટિનો આશ્રાય નહીંવત્ લેવાયો છે, પરંતુ ભાગવત ઉપરાંત ગીતા, પદ્મપુરાણ, પાંડવગીતા, વિષ્ણુપુરાણ વગેરેનાં સૂત્રોને ઉદ્ધૃત કરીને અપાયેલો વિસ્તૃત ભક્તિબોધ ધ્યાન ખેંચે એવો છે. [સુ.દ.]

અજિતચંદ[ઈ. ૧૬૮૦માં હયાત] : તપ-ઉપકેશગચ્છના જૈન સાધુ. અમીચંદના શિષ્ય. 'ચંદનમલયાગિરિ-રાસ'(ર. ઈ. ૧૬૮૦/સં. ૧૭૩૬, આસો સુદ ૧૦)ના કર્તા. કવિએ આ વિષય પર ૨ વખત કાવ્ય-રચના કર્યાનો પણ ઉલ્લેખ મળે છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ૨. જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

અજિતદેવસૂરિ[ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ચંદ્રગચ્છ-પલ્લીવાલ-ગચ્છના જૈન સાધુ. મહેશ્વરસૂરિના પટ્ટધર. 'સમકિતશીલસંવાદ-રાસ'(ર. ઈ. ૧૫૫૪), 'ચંદનબાલા-વેલી' અને ૧૬૮ કડીના 'સુંદરરાજ-રાસ' (ર. ઈ. ૧૫૫૩/સં. ૧૬૦૯? – "નિધિઅંબરમિતવાસ-સંગાર")ના કર્તા. રાજસ્થાની ભાષામાં ૧૨ કડીનું 'શીલ-ગીત' મળે છે. 'સમકિતશીલસંવાદ-રાસ' એ 'શીલ-ગીત'નું જ વિસ્તૃત રૂપ હોવાની શકયતા દર્શાવવામાં આવી છે. આ કવિની 'કલ્પસૂત્ર-દીપિકા' (ર. ઈ. ૧૫૬૬); 'પિંડવિશુદ્ધિ-દીપિકા' (ર. ઈ. ૧૫૭૧), 'ઉત્તરાધ્યયન-ટીકા' (ર. ઈ. ૧૫૭૩), 'આચારાંગ-દીપિકા' તથા 'આરાધના' એ સંસ્કૃત કૃતિઓ પણ મળે છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. કૅટલૉગગુરા; ૩. જૈગૂ-કવિઓ : ૩(૧); ૪. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

અજિતપ્રભ[ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ચારિત્રસાગરના શિષ્ય. વિજયપ્રભસૂરિના આચાર્યકાળ(ઈ. ૧૬૫૪–ઈ. ૧૬૯૩)માં રચાયેલ ૯ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય' (મુ.) તથા ૭ કડીની 'વિજયદેવસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧ (+ સં.). [શ્રા.ત્રિ.]

અજિતસાગર[ ]જૈન સાધુ. 'નેમિનાથ-ગીત' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૨. [શ્રા.ત્રિ.]

'અડવા વાણિયાનો વેશ' : જુઓ 'ઝંડા-ઝૂલણનો વેશ'.

અત્તરશાહ[ ] : યોગમાર્ગી મુસ્લિમ કવિ. સૂરજગરશિષ્ય. એમનાં મુદ્રિત ૨ ભજનોમાંથી ૧માં શરીરનું જંતરી તરીકે રૂપકાત્મક વર્ણન કર્યું છે અને યોગની પરિભાષામાં અલખનો અનુભવ આલેખ્યો છે.

કૃતિ : પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.). [ર.ર.દ.]

અદેસંગ[ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ-મહારાજના સમકાલીન અને અનુયાયી. જ્ઞાનજિજ્ઞાસા અને ગુરુભક્તિવિષયક ૨ પદો(મુ.)ના કર્તા.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિ સ્થાન, સં. ૧૯૯૩, સં. ૨૦૩૩ (ચોથી આ.)

સંદર્ભ : પ્રાકકૃતિઓ. [ર.સો.]

અદ્‌ભુતાનંદ[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ – અવ.ઈ.૧૮૭૩] : સ્વામિ-નારાયણસંપ્રદાયના સાધુ. ઝાલાવાડમાં કડવા પાટીદાર દશલાણિયા કુટુંબમાં જન્મ. મૂળ નામ કલ્યાણદાસ. પિતા સંઘા પટેલ. માતા દેવુબાઈ. ઈ. ૧૮૦૫માં સહજાનંદ સ્વામીને મળ્યા પછી, લગ્ન બાદ તુરત જ પોતાના મામા અજા પટેલ (પૂર્ણાનંદ) સાથે સહજાનંદ સ્વામી પાસે જ દીક્ષા. એમણે કહેલી ૨૨૩ વાતો(મુ.)માં સહજાનંદ-ના જીવનપ્રસંગોનું અને એમની ચમત્કારપૂર્ણ લીલાઓનું આલેખન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. અદ્‌ભુતાનંદને નામે 'લીલા-ચરિત્ર' નામની કૃતિનો ઉલ્લેખ મળે છે, જે ઉપર્યુક્ત કૃતિ જ હોવાની સંભાવના છે.

કૃતિ : શ્રીહરિની અદ્‌ભુત વાતો (+ સં.), સં. શાસ્ત્રી હરિજીવનદાસ, ઈ. ૧૯૭૩.

સંદર્ભ : સદ્‌વિદ્યા, જાન્યુ. ૧૯૫૪ – 'સત્સંગના સંતો', રમણલાલ અં. ભટ્ટ. [હ.ત્રિ.]

આનંતકીર્તિ[ઈ. ૧૬૦૭માં હયાત] : દિગંબર-મૂલસંઘના જૈન સાધુ. 'ભવિષ્યદત્ત-ચોપાઈ'(૨. ઈ. ૧૬૦૭/સં. ૧૬૬૩, કારતક સુદ ૧૪)-ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

આનંતસાગર[ ] : જૈન. ૧૧ કડીના 'શાંતિનાથ-સ્તવન'(લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

આનંતસુત : જુઓ 'બાર માસ'.

આનંતહંસ[ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ – ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરની પરંપરામાં જિનમાણિક્ય-ગણિના શિષ્ય. ઈ. ૧૪૭૭માં વાચક-પદ. એમની ઈડર સંબંધી ૪૬ કડીની 'ઈલાપ્રાકારચૈત્યપરિપાટી' (૨. ઈ. ૧૫૧૪ લગભગ; *મુ.), 'બારવ્રત-સઝાય' અને ૩૪ કડીની 'શત્રુંજયચૈત્યપરિપાટી' એ કૃતિઓ મળે છે. તેમણે સંસ્કૃતમાં 'દશદૃષ્ટાંત-ચરિત્ર' (૨. ઈ. ૧૫૧૫) અને અપભ્રંશમાં 'અષ્ટાહ્નિકા-ચરિત્ર' રચેલાં છે.

કૃતિ : *જૈન કૉન્ફરન્સ હેરેલ્ડ, જાન્યુ. ૧૯૧૯.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩ (૧, ૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

આનંતહંસશિષ્ય : આ નામે ૧૧ કડીની 'પ્રતિલેખના-કુલક' (લે. ઈ. ૧૫૪૬), 'એકાદશગણધર-સ્તવન' (લે. ઈ. ૧૬૮૪) અને ૨૪ કડીની 'મહાવીર-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.) એ કૃતિઓ નોંધાયેલી મળે છે. આ બધી કૃતિઓના કર્તા ઈ. ૧૫૧૪માં થયેલા તપગચ્છના જૈન સાધુ આનંતહંસના શિષ્ય હોય તો તેમનો સમય ઈ. ૧૬મી સદીનો ગણી શકાય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [કી.જો.]

'અનુભવબિંદુ' : આ નામે જાણીતી થયેલી ૪૦ છપ્પાની અખાની રચના હસ્તપ્રતોમાં 'છપ્પા' તરીકે જ ઓળખાવાયેલી છે, પણ મહા-અનુભવ – પરબ્રહ્મના અનુભવના લગભગ એક જ તાર પર ચાલતી હોવાથી આ પ્રચલિત નામ પામી જણાય છે. ૪ ચરણ રોળાનાં (માત્ર પહેલા છપ્પામાં દુહાનાં) અને ૨ ચરણ ઉલ્લાલાનાં – એ જાતની છપ્પાની રૂઢ આકૃતિને આ છપ્પાઓ અનુસરે છે અને રોળાનાં ૪ ચરણમાં સામાન્ય રીતે આંતરપ્રાસને યોજે છે. "નિર્ગુણ ગુણપતિ" પરબ્રહ્મની સ્તુતિમાં ગણપતિનો નામનિર્દેશ કરી લેતું આ કૃતિનું મંગલાચરણ 'અખે-ગીતા'ની જેમ અનોખું છે. કૃતિનો મુખ્ય વિષય છે પરબ્રહ્મસ્વરૂપવર્ણન. પંચમહાભૂતો, ૩ ગુણો, પુણ્યપાપ વગેરે સર્વ ભેદોથી પર પરબ્રહ્મને અખાજી 'મહાશૂન્ય' કહી આકાશ સાથે તેમ સૃષ્ટિથી અલગ અને નિરાલંબ રહેતા આકાશ-માંના ચંદ્ર સાથે સરખાવે છે. પરબ્રહ્મના અનુભવને પારસના જેવો અક્ષય્ય અને અનળપંખીના જેવો અનન્ય દર્શાવે છે તેમ જ એ અનુભવદશાની રમણીયતા દર્શાવવા શરદઋતુનું કાવ્યમય વર્ણન યોજે છે. પરબ્રહ્મ અને જીવની ભિન્નતાનું મિથ્યાત્વ દર્શાવવા એ એક નવીન દૃષ્ટાંત આપે છે : સાગરનું પાણી પૃથ્વી પર વરસીને નદી નામ ધારણ કરે છે અને અંતે સાગરમાં ભળે છે તેમ જીવ એ મધ્યદશા છે, આદિમાં ને અંતે પરબ્રહ્મ જ છે. પરબ્રહ્મ માયાના કારણે જગતતત્ત્વ રૂપે ભાસે છે પણ તત્ત્વતઃ તે એક છે તે સમજાવવા કાચમંદિર, નારીકુંજર અને પ્રૌઢ પર્વતનાં વિશિષ્ટ દૃષ્ટાંતચિત્રો યોજાયાં છે. ષડ્‌દર્શનજ્ઞાન, દાનવીરપાણું, કીર્તિ, ત્રિકાલ-વેત્તાપાણું વગેરે સિદ્ધિઓ દ્વારા માયા માણસોને મર્કટ બનાવે છે એમ કહી અખા-ભગત એ બધાની તેમ જ ગાનતાન, વર્ણાક્રામ-ધર્મ, યોગ, દેવપૂજા, કાયાકલેશ આદિની સાધનાને છાશ પીને પેટ ભરવા જેવી તુચ્છ અને બકરીના દુઝાણા, બોરના વેપાર, ધાણીના આહાર તથા ઝાકળની વૃષ્ટિ જેવી નિરર્થક ગણાવે છે. અધ્યાત્મજ્ઞાન એટલે કે લિંગભંગ એ પરબ્રહ્મપ્રાપ્તિનું આવશ્યક સાધન છે અને એ માટે સદ્‌ગુરુનું શરણ લેવાનું તેમ જ પોતે પોતાના ગુરુ થવાનું સૂચવે છે. થોડી કૂટ લાગતી આ કૃતિ અનુભવના સાંક્ષિપ્ત સઘન ઉદ્‌ગાર, વિષયની ઊર્જિતતાને પ્રગટ કરતાં પ્રૌઢિયુક્ત દૃષ્ટાંતચિત્રો તેમ જ કેટલીક અસરકારક વાક્‌છટાઓને લીધે "ચિંતનરસનું ઘૂંટેલું એક મૌક્તિકબિંદુ" (ઉમાશંકર જોશી) બની રહે છે. [જ.કો.]

આનુભવાનંદ[ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ – ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. એમની કૃતિઓમાં મળતી વીગતો મુજબ જૂનાગઢના નાગર. પૂર્વાશ્રમનું નામ ભવાનીદાસ. એ પછી નાથ-ભવાન નામ ધારણ કર્યું. સંન્યસ્ત પછી આનુભવાનંદ. અન્ય ચરિત્રાત્મક-વિવેચના-ત્મક સંદર્ભો એમને વડનગરા નાગર ગૃહસ્થ અને સુંદરજી ધોડા-(ધોડાદ્રા – ધોડાદરના વતની)ના પુત્ર પણ ગણાવે છે.

આ કવિની કૃતિઓ ઈ. ૧૭૧૪થી ઈ. ૧૭૩૩ સુધીનાં રચના-વર્ષો દેખાડે છે. એ મુજબ એમનો કવનકાળ ૧૮મી સદીનો પૂર્વાર્ધ ગણાય. પણ રચનાવર્ષોના નિર્દેશવાળી એમની મોટા ભાગની કૃતિઓ સંન્યસ્ત પછીની હોવાથી એમનો જીવનકાળ ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં ખેંચી જઈ શકાય.

પૂર્વાવસ્થામાં કવિ નાથ ભવાન શક્તિભક્ત પણ હતા. તે વખતે એમણે, "અંબાઆનનકમળ સોહામણું. . ." એ શબ્દોથી શરૂ થતો, ખૂબ જાણીતો થયેલો, અંબાનું ચિત્રાત્મક વર્ણન આપતો ને શાક્તતંત્ર અનુસાર વિશ્વવ્યાપી ચિન્મયી શક્તિ તરીકે અંબાનું મહિમાગાન કરતો ૪૧ કડીનો ગરબો (મુ.) તથા અન્ય ગરબા, ગરબી અને પદો રચ્યાં છે. આ પૂર્વકાલીન કૃતિઓમાં પણ અધ્યાત્મભાવ ને વૈરાગ્ય-બોધનું નિરૂપણ તો કવિએ કરેલું જ છે. એમનાં અધ્યાત્મનાં કેટલાંક પદો તથા જ્ઞાનવૈરાગ્યબોધક ૮૭ કડીની કૃતિ 'બ્રહ્મવિલાસ'(૨. ઈ. ૧૭૧૪/સં. ૧૭૭૦, ફાગણ વદ ૭, ગુરુવાર; મુ.) 'નાથ-ભવાન'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાપ દર્શાવે છે. એથી એ કૃતિઓ સંન્યસ્ત પૂર્વેની હોવાનું અનુમાન થઈ શકે. ઉત્તરોત્તર કવિ અદ્વૈતવિચાર અને વેદાંત-અભ્યાસ તરફ ઢળતા ગયા જણાય છે. સંન્યસ્ત પછીની, 'અનુભવાનંદ' છાપ દેખાડતી પદાદિ લઘુકૃતિઓ તેમ જ અનુવાદ કે સારરૂપ લાંબી કૃતિઓ જ્ઞાનમાર્ગી કવિતાનાં લક્ષણો ધરાવે છે.

'શિવ-ગીતા' (૨. ઈ. ૧૭૩૨/સં. ૧૭૮૮, આસો વદ ૧૧, મંગળવાર; મુ.), 'બ્રહ્મ-ગીતા' (૨. ઈ. ૧૭૩૩/સં. ૧૭૮૯, શ્રાવણ સુદ ૧૩, રવિવાર; મુ.) અને વિષ્ણુપદ નામે ઓળખાવાયેલાં અધ્યાત્મવિષયક પદો (૧૯૬ જેટલાં ગણાવાયેલાંમાંથી ૧૧૯ મુ.) એ અનુભવાનંદની મહત્ત્વની કૃતિઓ છે. 'શિવ-ગીતા' શિવે રામને કરેલા તત્ત્વબોધને વિષય કરતી પદ્મપુરાણમાંની શિવગીતાનો અધ્યાયાનુસારી પણ મુક્ત અનુવાદ છે. શિવનો વિભૂતિયોગ, વિશ્વરૂપદર્શન, જીવસ્વરૂપવર્ણન, મુક્તિલક્ષણ, ભક્તિમહિમા આદિ વિશેના ૧૬ અધ્યાયોની આ કૃતિમાં અધ્યાત્મના ગહન-સંકુલ વિષયનું કવિએ ઘણું સરળ અને વિશદ નિરૂપણ કર્યું છે. પ્રાસાનુપ્રાસયુક્ત પદ્ય અને મરહઠ્ઠા છંદના વિનિયોગમાં પણ કવિની વિશેષતા પ્રતીત થાય છે. 'બ્રહ્મ-ગીતા' બ્રહ્માએ સર્વ દેવોને કરેલા બ્રહ્મરહસ્યબોધ વિશેના, સ્કંદપુરાણાંતર્ગત વેદાન્તગ્રંથ બ્રહ્મગીતાના બારે અધ્યાયોનો ચોપાઈની ૭૦૦ જેટલી કડીઓમાં અનુભવાનંદે કરેલો સરળ અનુવાદ છે. હિંદી ભાષામાં પણ મળતાં, વિવિધ રાગ-ઢાળોનો વિનિયોગ કરતાં અને હોરી વગેરે કાવ્યસ્વરૂપોમાં વહેતાં અનુભવાનંદનાં પદોમાં જ્ઞાનમાર્ગી કવિતાધારાના સઘળા વિષયો આલેખાયા છે ને બ્રહ્મતત્ત્વ તથા એના અનુભવનો આનંદ કેટલાંક નવાં દૃષ્ટાંતો-રૂપકોની ને સ્ત્રી-પુરુષ-પ્રણયસંબંધનાં સાદૃશ્યોની મદદથી હૃદયંગમ અભિવ્યક્તિ પામ્યાં છે.

આ ઉપરાંત અદ્વૈતવિષયક 'વિવેકશિરોમણિ' (૨. ઈ. ૧૭૩૧), ૧૬૨ કડીનો 'આત્મસ્તવન-છંદ' (૨. ઈ. ૧૭૩૨), ૭૭ કડીનું 'આત્મ-સ્તવન' (૨. ઈ. ૧૭૩૩), 'ચાતુરીઓ' (૨. ઈ. ૧૭૩૩/સં. ૧૭૮૯, શ્રાવણ વદ ૧૦, ગુરુવાર), રાધાજીનો, વિમલનો, હવ્યકવ્યનો આદિ ગરબા, 'બ્રહ્મ-સંહિતા'નો અનુવાદ, ૫૦૪ કડીની કૃષ્ણલીલાવિષયક કૃતિ 'ભાગવતસાર', ૪૧ કડીની 'વિષ્ણુવિચાર' તથા 'શ્રીધરી-ગીતા' એ કૃતિઓ પણ અનુભવાનંદને નામે નોંધાયેલી છે. અનુભવાનંદને નામે નોંધાયેલી ૪૧ કડીની 'અંબાજીની સ્તુતિ/ચિદ્‌શક્તિવિલાસ' (૨. ઈ. ૧૭૨૫) એ પૂર્વનિર્દિષ્ટ અંબાજીનો ગરબો હોવા સંભવ છે. અલબત્ત મુદ્રિત કૃતિ રચનાવર્ષ દર્શાવતી નથી. આ સિવાયની, નાથ ભવાન/અનુભવાનંદને નામે કેટલાક સંદર્ભોએ દર્શાવેલી, પદાદિ થોડીક મુદ્રિત કૃતિઓ અન્ય કવિઓની છે. જુઓ 'ભવાન', 'નાથજી.'

કૃતિ : ૧. જ્ઞાનગંગોદક અનુભવાનંદનાં પદો, સં. સુરેશ જોષી, ઈ. ૧૯૭૭ (+સં); ૨. બ્રહ્મગીતા, પ્ર. આદિતરામ સ. પારધી, ઈ. ૧૯૦૬; ☐ ૩. પ્રાકાસુધા : ૨; ☐ ૪. પ્રાકાત્રૈમાસિક, અં. ૨ ઈ. ૧૮૯૨ – 'શિવગીતા'; ૫. સાહિત્ય, એપ્રિલ-મે ઈ. ૧૯૭૨ – 'અંબા-આનનનો ગરબો,' સં. મોતીલાલ ૨. ધોડા; ૬. સત્‌સંદેશ, ઑક્ટો. ૧૯૫૨ – 'અંબામાતાજીનો ગરબો.'

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસાસ્વરૂપો; ૬. ગુહિવાણી; ૭. પ્રાકકૃતિઓ, ૮. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર, નિપુણ ઈ. ખંડ્યા, ઈ. ૧૯૬૮; ૯. શાક્ત સંપ્રદાય, નર્મદાશંકર દે. મહેતા, ઈ. ૧૯૩૨; ☐ ૧૦. બુદ્ધિપ્રકાશ, જૂન ૧૯૩૦ – 'જૂનાગઢના ભક્ત-કવિ શ્રી નાથ ભવાન (ઉર્ફે) અનુભવાનંદ સ્વામી', મોતીલાલ ૨. ધોડા. ☐ ૧૧. ગૂહાયાદી; ૧૨. ફોહનામાવલિ. [૨.સો.]

આનોપચંદ[ઈ. ૧૭૬૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ક્ષમાપ્રમોદના શિષ્ય. હિન્દી-રાજસ્થાનીમિશ્ર ગુજરાતીમાં 'ગોડીપાર્શ્વ-બૃહત્-સ્તવન/ગોડીપાર્શ્વજિન-અષ્ટઢાલો'(૨. ઈ. ૧૭૬૯/સં. ૧૮૨૫, ચૈત્ર સુદ ૫; મુ.)ના કર્તા.

કૃતિ : આદિનાથ વિવાહલો, પ્ર. શેઠ જવાહરલાલજી જૈન, ઈ. ૧૯૧૯.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

આનોપચંદશિષ્ય[ઈ. ૧૮૧૬માં હયાત] : જૈન સાધુ. 'માનતુંગમાનવતીસંબંધ-ચોપાઈ'(૨.ઈ. ૧૮૧૬ / સં. ૧૮૭૨, માગશર સુદ ૧૩)ના કર્તા. ઈ. ૧૭૬૯માં થયેલા ખરતરગચ્છના આનોપચંદના શિષ્ય હોવાનું વિચારણીય.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

આનોપમચંદ[ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનલાભ(રાજ્યકાળ ઈ. ૧૭૪૮–ઈ. ૧૭૭૮)ના શિષ્ય. ૫ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : અરત્નસાર. [શ્રા.ત્રિ].

આનોપસિંહ[ઈ. ૧૮૫૯ સુધીમાં] : જૈન સાધુ. 'માનતુંગમાનવતી-રાસ'(લે. ઈ. ૧૮૫૯)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૨. [શ્રા.ત્રિ.]

આભય : આ નામે ૩ કડીનું કેદારા રાગનું સ્તવન (મુ.) મળે છે તેના કર્તા કયા અભય છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [વ.દ.]

આભયકુશલ[ઈ. ૧૬૮૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં પુણ્યહર્ષના શિષ્ય, ૨૭ ઢાળની 'ઋષભદત્ત-રૂપવતી-ચોપાઈ'(૨. ઈ. ૧૬૮૧ / સં. ૧૭૩૭, ફાગણ સુદ ૧૦), પુણ્યહર્ષના અનશનપૂર્વક સ્વર્ગગમન પછી રચાયેલા સ્તૂપ અને થયેલા પ્રતિષ્ઠા-ઉત્સવની માહિતી આપતી ૮ કડીની 'પુણ્યહર્ષ-ગીત' અને હિન્દી-રાજસ્થાનીમાં ૫૬ કડીની 'વિવાહપટલભાષા/વિવાહ-વિધિવાદ-ચોપાઈ' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩ – 'કતિપય ઐતિહાસિક ગીતોંકા સાર', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩ (૨); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

આભયતિલક[ઈ. ૧૩મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનપતિસૂરિના પટ્ટધર જિનેશ્વરસૂરિના શિષ્ય. ઈ. ૧૨૩૧માં દીક્ષા, ઈ. ૧૨૬૩માં ઉપાધ્યાયપદ. અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચાયેલ ૨૧ કડીના 'મહાવીર-રાસ/વીર-રાસ' (મુ.)ના કર્તા. આ કાવ્ય ઈ. ૧૨૫૧/૧૨૬૧માં જિનેશ્વરસૂરિએ ભીમપલ્લીના મંડલિકવિહારમાં વીરપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી એના મહોત્સવને વર્ણવે છે અને તે અરસાની જ રચના જણાય છે. આ કવિએ સંસ્કૃતમાં 'દ્વ્યાશ્રયકાવ્ય-વૃત્તિ' પર ટીકા (૨. ઈ. ૧૨૫૬), 'ન્યાયાલંકારટિપ્પન' અને 'વાદસ્થલ' એ કૃતિઓ પણ રચી છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ (+સં); ૨. પ્રાગુકાસંચય (+સં.); ૩. જૈનયુગ, કાર્તિક અને માગશર ૧૯૮૩ – 'વીરરાસ', સં. લાલચંદ્ર ભ. ગાંધી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [વ.દ.]

અભયધર્મ[ઈ. ૧૫૨૩માં હયાત] : જૈન સાધુ. 'દશદૃષ્ટાંતવિસ્તર'-(૨. ઈ. ૧૫૨૩)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૨. [શ્રા.ત્રિ.]

અભયરાજ/અભેરાજ [ ] : સંભવત: લોકાગચ્છના જૈન સાધુ. ૧૬ કડીની 'પંચવર્ણા ચોવીસ જિનવરોનું સ્તવન', ૧૩ કડીની લોકભોગ્ય દૃષ્ટાંતોથી ધ્યાન ખેંચતી ઉપદેશાત્મક 'નરભવરત્નચિંતામણિની સઝાય' અને ૪ ભાસના 'સંભવનાથ-સ્તવન'(બધી મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ (જૈ); ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૩. લોંપ્રપ્રકરણ; ૪. સઝાય-માલા : ૧–૨ (જા). [વ.દ.]

અભયસોમ[ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સાતમા જિનચંદ્રસૂરિના શિષ્ય સોમસુંદરસૂરિના શિષ્ય. 'વૈદર્ભી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૫૫/સં. ૧૭૧૧, ચૈત્ર સુદ ૧૫), 'જયન્તી-સંધિ' (૨. ઈ. ૧૬૬૫), ૨૮૮ કડીની રચના 'વિક્રમચરિત્રખાપરા-ચોપાઈ' (૨. ઈ. ૧૬૬૭/સં. ૧૭૨૩, જેઠ –), ૩૧૯ કડીની રચના 'ચોબોલીલીલાવતી-ચોપાઈ/વિક્રમચરિત-લીલાવતી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૬૮/સં. ૧૭૨૪, પ્રથમ અસાડ વદ ૧૦), દુહા-દેશીબદ્ધ ૧૪ ઢાળ અને ૩૦૦ કડીની, પોતાનું પાદપ્રક્ષાલન કરે તેને પોતે પરણશે એવું કહેતી અને માનતુંગરાજાને પરણી પોતાના ચાતુર્યથી એ વચન સિદ્ધ કરી બતાવતી માનવતીનું વૃત્તાંત વર્ણવતી, 'માનતુંગમાનવતી-ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, અસાડ સુદ ૨, ગુરુવાર; મુ.) 'વસ્તુપાલતેજપાલ-ચોપાઈ' (૨. ઈ. ૧૬૭૩/સં. ૧૭૨૯, શ્રાવણ –) તથા ૭ કડીના '(ફલવર્ધી)પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા. અભયસોમને નામે 'કર-સંવાદ' (૨. ઈ. ૧૬૯૧/સં. ૧૭૪૭, વૈશાખ સુદ ૩) નોંધાયેલી છે તે આ કવિની જ કૃતિ હોવાનો સંભવ છે.

કૃતિ : રાજસ્થાનભારતી, ભા. ૧૨ અં. ૧ – 'કવિ અભયસોમ વિરચિત માનતુંગ માનવતી ચૌપાઈ', સં. કનુભાઈ વ્ર. શેઠ.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૬ – 'જૈન કવિયોંકી 'સંવાદ' સંજ્ઞક રચનાએં', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩ (૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

અભરામ(ભાવા)[ઈ.૧૭૦૦ આસપાસ] : મુસ્લિમ કવિ. પરિયેજ-(તા. ભરૂચ)ના રહેવાસી. પીર કાયમુદ્દીનના શિષ્ય. એમણે ગુજરાતી, હિન્દી તેમ જ ઉર્દૂમાં રચનાઓ કરી હોવાની માહિતી મળે છે. એમની, 'કલામ'ને નામે ઓળખાતાં ભજન, ગરબો અને સાખી જેવા કાવ્યપ્રકારોમાંની, મુખ્યત્વે ગુજરાતી અને થોડી હિંદી રચનાઓ છપાયેલી જોવા મળે છે, જેમાં યોગ, અદ્વૈતવાદ, પ્રેમલક્ષણાભક્તિ વગેરે હિન્દુ પરંપરાનાં તત્ત્વો મિશ્રા રૂપે ઝિલાયાં છે. ગુરુભક્તિ, પ્રભુપ્રેમ અને સાધુ-આચાર જેવા વિષયો આ કૃતિઓમાં કેટલીક વાર રૂપકોની તો કેટલીક વાર લોકબાનીની મદદથી અસરકારક રીતે નિરૂપાયા છે. આ કૃતિઓ પરત્વે થયેલા રાગોના ઉલ્લેખો એમની સંગીતક્ષમતાનો પણ નિર્દેશ કરે છે.

કૃતિ : ભક્તિસાગર, સં. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯ (+સં.). [૨.૨.દ.]

'અભિમન્યુ-આખ્યાન' [૨. ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, શ્રાવણ સુદ ૨] : અભિમન્યુવિષયક ગુજરાતી આખ્યાન-પરંપરામાં પ્રેમાનંદનું 'અભિમન્યુ-આખ્યાન' (મુ.) એના કાવ્યગુણથી સૌથી વધુ નોંધપાત્ર બને છે.

૧૦૩૫ ચોપાઈ, ૧૭ રાગ અને ૩૬ ચાલનો નિર્દેશ ધરાવતી, ૫૧ કડવાની આ કૃતિમાં અભિમન્યુના અહિલોચન અસુર તરીકેના પૂર્વભવનું વૃત્તાંત ગુજરાતી આખ્યાનોમાં સૌથી વધારે વિસ્તારથી, ૨૦ કડવાં સુધી, વર્ણવાયું છે અને એમાં કવિએ અહિલોચનની માતાના વાત્સલ્યભાવ જેવા કૌટુંબિક અને અન્ય તળપદા ભાવો ગૂંથવાની તક લીધી છે. કૃષ્ણના અભિમન્યુ પ્રત્યેના વેરનો તંતુ અહીં અનેક પ્રસંગોથી બહેલાવીને રજૂ થયો છે. એમાં કૃષ્ણનું ચરિત્ર એના કપટ-ચાતુર્યને કારણે હીણું લાગે અને અભિમન્યુનું ચરિત્ર એના નિર્વ્યાજ વીરત્વને કારણે ગૌરવવંતું લાગે એવી સ્થિતિ થઈ છે. કૃષ્ણના આ પ્રકારના ચરિત્રના આલેખનમાં તેમ જ ભીમ, દ્રૌપદી વગેરેનાં કેટલાંક પ્રાકૃત લોકાનુસારી વર્તનોમાં પ્રેમાનંદની જનમનરંજનની દૃષ્ટિ દેખાઈ આવે છે.

અભિમન્યુના ગર્ભપ્રવેશથી લગ્ન સુધીનો કથાભાગ પણ અહીં વિસ્તારપૂર્વક નિરૂપાયો છે, અને એમાં પ્રસૂતિ, મોસાળું, સામૈયું વગેરે પ્રસંગોના ગુજરાતી વ્યવહારોના ચિત્રાણને પણ મોકળાશથી અવકાશ મળ્યો છે.

અહિલોચન અને શુક્રાચાર્યવેષી કૃષ્ણના મિલનપ્રસંગને પ્રેમાનંદે અસાધારણ નાટ્યાત્મકતાથી ખીલવીને મૂક્યો છે તો કૃષ્ણે સુભદ્રાને સાચવવા આપેલી પેટીમાં શું છે તે જાણવા ઉત્સુક ભાભીઓનાં વિચાર-વર્તનના નર્મમર્મપૂર્ણ આલેખનમાં એમની જનસ્વભાવની ઊંડી સૂઝ પ્રગટ થાય છે. પ્રતાપી અહિલોચન અને દીન શુક્રાચાર્યની સાવ ભિન્ન પ્રકારની છબીઓ પણ કવિ એકસરખી ક્ષમતાથી તાદૃશ કરી આપે છે. યુદ્ધપ્રસંગો રૂઢ શૈલીએ વર્ણવાયા છે, પરંતુ કૌરવ સૈન્ય વચ્ચે ફસાયેલા અને છેવટે મૃત્યુને વરતા કિશોરવીર અભિમન્યુનું "બહુ પારધીએ પોપટ વીંટયો" અને "ભાંગ્યો ચંપાનો છોડ" વગેરે ઉપમાદિ અલંકારોથી લાક્ષણિક ચિત્રાણ કરી આપવામાં પ્રેમાનંદને મળેલી સફળતા ધ્યાન ખેંચે એવી છે. આમ છતાં આ આખ્યાનમાં વસ્તુપ્રવાહ મંદ બન્યો છે અને આખ્યાનની આકૃતિ સંપૂર્ણત: સિદ્ધ થઈ નથી.

આ આખ્યાનની ૨. સં. ૧૭૨૭ અને ૧૭૨૮ બંને મળે છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંતુ ૧૭૨૭ને વધારે હસ્તપ્રતોનો ટેકો છે. [૨.૨.દ.]

'અભિમન્યુનો રાસડો' : કંઠસ્થ લોકસાહિત્યમાં મળતી આ કથનાત્મક કૃતિ (મુ.) ૫૦ જેટલી કડીએ અધૂરી રહી કથાપ્રસંગો પરત્વે ગુજરાતી આખ્યાન-પરંપરાનું અનુસંધાન જાળવે છે. કૃતિ સુગેય ઢાળોના વૈવિધ્યથી તેમ જ મહત્ત્વના પ્રસંગબિંદુઓને માર્મિક સંવાદો ને પાત્રોદ્‌ગારોથી બહેલાવી કથાને વેગપૂર્વક આગળ લઈ જવાની લોકકાવ્યની લાક્ષણિક શૈલીથી ધ્યાન ખેંચે છે.

કૃતિ : ૧. (કવિ તાપીદાસકૃત) અભિમન્યુ-આખ્યાન તથા અભિમન્યુનું લોકસાહિત્ય, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૫; ૨. (કવિ પ્રેમાનંદકૃત) અભિમન્યુ-આખ્યાન, સં. ચિમનલાલ શિ. ત્રિવેદી, રતિલાલ સાં. નાયક, ઈ. ૧૯૬૭ (બીજી આ.); ૩. ગુજરાતી લોકસાહિત્યમાળા : ૩, સં. મંજુલાલ ૨. મજમુદાર તથા અન્ય, ઈ. ૧૯૬૩. [૨.સો.]

'અભિવન-ઊઝાણું' : દેહલની આ કૃતિ (મુ.) કડવાબંધના અભાવ તથા ભાષાસ્વરૂપને આધારે ગુજરાતીનાં અભિમન્યુવિષયક કાવ્યોમાં નાકર પૂર્વેનું અને સંભવત: સૌથી જૂનું આખ્યાન મનાયું છે. મહાભારતના મૂળ વૃત્તાંતમાં ગુજરાતી આખ્યાન-પરંપરા જે કેટલોક મહત્ત્વનો કથાભેદ બતાવે છે – અભિમન્યુનો અસુર અહિલોચન તરીકેનો પૂર્વાવતાર, અભિમન્યુ અસુરનો અવતાર હોવાથી એને ઉત્તરાથી વિમુખ કરવાની અને મરાવી નાખવાની કૃષ્ણની યુક્તિઓ વગેરે – તે દેહલમાંથી જ આપણને જોવા મળે છે. એથી આ લોકપ્રચલિત કથાઘટકો હોવાનું સમજાય છે. ચોપાઈ, ચરણાકુળ અને દોહરાની દેશીના પદબંધવાળા ૪૦૬ કડીના આ આખ્યાનમાં ઉત્તરાના આણા('ઊઝાણું')નો પ્રસંગ, કૃતિનામને સાર્થક કરે એવા વિસ્તારથી, ૨૦૦ ઉપરાંત કડીમાં આલેખાયો છે. એમાં કેટલાક રસપ્રદ અંશો છે તે ઉપરાંત, આ સઘળા ઉમેરા ને ફેરફારોથી મહાભારતની વીરરસપ્રધાન અભિમન્યુકથા કરુણરસપ્રધાન બને છે. કેટલાંક પ્રસંગવર્ણનો ને પાત્રસંવાદોમાં કવિના કૌશલનો પરિચય થાય છે તેમ જ કર્મફળ, જ્યોતિષ, સ્વપ્ન, અપશુકન, પૂર્વજન્મ જેવી માન્યતાઓ અને ચમત્કારોના તથા સમકાલીન લોકાચારોના નિરૂપણે કૃતિને મનોરંજક બનાવી છે. પ્રસંગાલેખન પરત્વે પાછળની આખ્યાનકૃતિઓ પર આ કૃતિનો ઠીકઠીક પ્રભાવ પડેલો જણાય છે. [૨.સો.]

અભૈરાજ : જુઓ અભયરાજ.

અમથારામ[ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સુરતના વતની. રાણા હોવાનું કહેવાય છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર ગરબીઓ અને પદો-(અંશત: મુ.)ના કર્તા. કેટલાંક પદોમાં તેમણે કાશીરામ પ્રત્યે જ્ઞાનાલાપ કર્યો છે. દેવીના ઉપાસક હોવાને કારણે ક્યારેક 'અમથાભવાની' નામ પણ મળે છે.

સંદર્ભ : ૧. ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૯, 'સુરતના કેટલાક સંતો અને ભક્તકવિઓ', માણેકલાલ શં. રાણા; ૨. બુદ્ધિપ્રકાશ, ઑક્ટો.-ડિસે. ૧૯૩૯ – 'કવિ અમથારામ અને તેનાં સુપ્રસિદ્ધ પદો', માણેકલાલ શં. રાણા. [પા.માં.]

અમર/અમર(મુનિ) : અમરને નામે ૬ કડીની 'મેઘકુમાર-સઝાય'(મુ.) અને અમર-મુનિને નામે ૫ કડીની 'દેવકુમાર-સઝાય' (લે. ઈ. ૧૮૧૩) એ જૈન કૃતિઓ મળે છે, પણ આ અમર/અમર-મુનિ કયા છે તે નક્કી થઈ શકતું નથી.

અમરને નામે કેટલાંક પદ નોંધાયેલાં છે તે કોઈ જૈનેતર કવિ જણાય છે.

કૃતિ : ૧. ચૈત્યસંગ્રહ : ૩; ૨. સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કા.શા.]

અમરકીર્તિ(સૂરિ)[ઈ. ૧૬૨૧માં હયાત] : જૈન સાધુ. ભૂલથી અમિતગતિ દિગંબર જૈનાચાર્યના પ્રશિષ્ય ગણાવાયેલા આ કર્તા હકીકતે નાગોરી તપગચ્છના રત્નશેખરસૂરિની પરંપરાના હર્ષકીર્તિના ગુરુબંધુ માનકીર્તિસૂરિના શિષ્ય છે. ઈ. ૧૬૨૧માં તેમણે 'સૌંદર્યલહરીસટીક'ની પ્રત લખી હતી. એમણે હર્ષકીર્તિસૂરિના સંસ્કૃત ગ્રંથ 'યોગચિંતામણિ' પર તથા રત્નશેખરસૂરિના પ્રાકૃત ગ્રંથ 'છંદકોશ' પર (બંનેની લે. સં. ૧૮મી સદી અનુ.) બાલાવબોધ રચ્યા છે. તેમણે સંસ્કૃતમાં 'સંબોધસિત્તરી' પર ટીકા કરેલી છે.

અમરકીર્તિને નામે મળતી ૩૮ કડીની 'ખેમઋષિપારાણું-સઝાય'-(લે. ઈ. ૧૭૨૯)ના કર્તા પણ કદાચ આ કવિ હોય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

અમરચંદ/અમરચંદ્ર/અમરચંદ્ર(સૂરિ) : અમરચંદ્રને નામે ૩ પાર્શ્વનાથાદિ સ્તુતિઓ, ૧૬ કડીની 'સીમંધરસ્વામીવિનંતી' અને ૧૫ કડીની 'નેમિ-ગીત' અને અમરચંદ્રસૂરિને નામે ૭૦૦૦ ગ્રંથાગ્રની 'રાજપ્રશ્નીયોપાંગસૂત્ર-સ્તબક' (લે. ઈ. ૧૮૨૯) એ કૃતિઓ મળે છે. આ અમરચંદ્ર કયા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

અમરચંદને નામે એક હિંદી સ્તુતિ(મુ.) મળે છે, તે કોઈ અર્વાચીન કવિ પણ હોય.

કૃતિ : જૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

અમરચંદ્ર–૧/અમર (મુનિ)[ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનના ગુરુબંધુ સહજકુશલની પરંપરામાં શાંતિચંદ્રના શિષ્ય. ૨૮૦ કડીની 'કુલધ્વજકુમાર-રાસ' (૨. ઈ. ૧૬૨૨/સં. ૧૬૭૮, મહા સુદ ૧૫, રવિવાર), ૬૧ કડીની 'રામસીતા-લેખ/સીતાવિરહ' (૨. ઈ. ૧૬૨૩/સં. ૧૬૭૯, અધિક અસાડ સુદ ૧૫), ૮ કડીની 'ગુરુ-સઝાય', ૯ કડીની 'નારીપરિહારશિખામણ-સઝાય/સ્ત્રીરાગત્યજન-સઝાય', ૭ કડીની '(ભટેવાચાણસ્મામંડન) પાર્શ્વનાથ-સ્તવન' તથા ૧૬ કડીની 'યુગપ્રધાનસંખ્યા-સઝાય'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : પસમુચ્ચય : ૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમરચંદ-૨[ઈ. ૧૬૮૯માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. અમરસાગરસૂરિની પરંપરામાં મુનિચંદના શિષ્ય. વિદ્યાવિલાસનું જાણીતું કથાનક ઝડપી ગતિએ રજૂ કરતી ૩ ખંડની દુહા-દેશીબદ્ધ પદ્યવાર્તા 'વિદ્યાવિલાસ-ચરિત્ર/પવાડો'(૨. ઈ. ૧૬૮૯/સં. ૧૭૪૫, ભાદરવા સુદ ૮, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : વિદ્યાવિલાસ, પ્ર. ખીઅસિંહ પ્રે. શાહ, ઈ. ૧૯૧૫.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [કા.શા.]

અમરચંદ-૩[ઈ. ૧૯મી સદી] : વહતડી(ઝાલાવાડ)ના દશા શ્રીમાળી વણિક. સ્વામિનારાયણસંપ્રદાયના અનુયાયી. હોકો વગેરે કલિયુગનાં વ્યસનો વિશેના ૧૮ કુંડળિયા(મુ.)ના કર્તા.

કૃતિ : છંદરત્નાવલિ, પ્ર. વિહારીલાલજી મહારાજ, સં. ૧૯૪૧ (+સં.). [હ.ત્રિ.]

અમરબાઈ[ઈ. ૧૮મી સદી] : જ્ઞાતિએ આહીર. પીઠડિયા કે મૂંજિયાસરનાં રહીશ ગણાવાયાં છે. તેઓ યુવાવસ્થામાં જ પરબવાવડીના સંત દેવીદાસથી પ્રભાવિત થઈ તેમનાં શિષ્યા બનેલાં, અને રક્તપિત્તિયાંની સેવાનો ધર્મ સ્વીકારેલો. એમનાં ગુરુભક્તિનાં ૫ પદો મુદ્રિત મળે છે.

કૃતિ : પુરાતન જ્યોત, ઝવેરચંદ મેઘાણી, *ઈ. ૧૯૩૮, ઈ. ૧૯૭૬(+ સં.). [કી.જો.]

અમરરત્ન(સૂરિ)[ ] : ૬૮ કડીના 'ચતુઃપર્વીકુલક'(લે. સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

અમરરત્ન(સૂરિ)શિષ્ય[ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : આગમગચ્છના જૈન સાધુ. આંતરયમકવાળા દુહામાં રચાયેલા 'અમરરત્નસૂરિ-ફાગુ'-(મુ.)ના કર્તા. આચાર્ય અમરરત્નસૂરિને ઈ. ૧૪૫૭માં સૂરિપદ આપવામાં આવ્યું ત્યારે કે પછી તેમની હયાતીમાં રચાયેલું આ કાવ્ય એ સૂરિનો મહિમા અને પ્રભાવ વર્ણવે છે. અમરરત્નસૂરિના ગુરુ હેમરત્નસૂરિ વિશેનું ૧ ફાગુકાવ્ય મળે છે. તેનાં પદબંધ અને શૈલી આ કાવ્યનાં જેવાં જ છે; તેથી બન્નેના કર્તા એક હોવાની સંભાવના ઊભી થાય છે. જુઓ હેમરત્નસૂરિશિષ્ય.

કૃતિ : ૧. પંદરમા શતકનાં ચાર ફાગુકાવ્યો, સં. કાંતિલાલ બ. વ્યાસ, ઈ. ૧૯૫૫; ૨. પ્રાફાગુસંગ્રહ. [કી.જો.]

અમરવિજય : આ નામે મળતી કૃતિઓમાંથી ૭ કડીની 'ઋષભજિન-સ્તવન', 'રત્નપાળ-રાસ' (લે. ઈ. ૧૭૦૬;) અને 'દશાર્ણભદ્ર-સઝાય'-(લે. ઈ. ૧૮૦૨)ના કર્તા કયા અમરવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. ૧૧ કડીની 'સીમંધરસ્વામી-સ્તવન'(૨. ઈ. ૧૭૫૮)ના કર્તા અમરવિજય-૫ હોવાની શકયતા છે.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૦ – 'બાલાપુર ત્યાં સુરક્ષિત જૈન સાહિત્ય', કાંતિસાગરજી; ☐૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧.

[કા.શા.]

અમરવિજય-૧[ઈ. ૧૬૫૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિ–વિજયરાજસૂરિના શિષ્ય. 'શ્રેયાંસજિન-સ્તવન'(૨. ઈ.૧૬૫૮) અને 'પાર્શ્વનાથ-સ્તુતિ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ; ૨; ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

અમરવિજય-૨[ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ. ખરતરગચ્છના જિનચંદ્રસૂરિની પરંપરામાં ઉદયતિલકના શિષ્ય. આ કવિની નાની-મોટી કુલ ૧૫ કૃતિઓના નિર્દેશો મળે છે, જેમાંની ઘણીખરી તો રાસાત્મક છે : 'ભાવ-પચીસી' (૨. ઈ. ૧૭૦૫/સં. ૧૭૬૧, પોષ વદ ૧૦), 'સિદ્ધાચલ-સ્તવન' (૨. ઈ. ૧૭૧૩), 'સુમંગલ-રાસ' (૨. ઈ. ૧૭૧૫), 'મુચ્છમાખડ-કથા' (૨. ઈ.૧૭૧૯), 'મેતાર્ય-ચોપાઈ'(૨. ઈ. ૧૭૩૦/સં. ૧૭૮૬, શ્રાવણ સુદ ૧૩), 'રાત્રિભોજન-ચોપાઈ' (૨. ઈ. ૧૭૩૧/સં. ૧૭૮૭, અધિક ભાદરવા સુદ ૧, બુધવાર), 'સુકોશલ-ચોપાઈ' (૨. ઈ. ૧૭૩૪ ? /સં. ૧૭૯૦ ?, પોષ સુદ ૧૩), 'સુપ્રતિષ્ઠા-ચોપાઈ' (૨. ઈ. ૧૭૩૮/સં.૧૭૯૪, માગશર –, રવિવાર), 'અરિહંતદ્વાદશગુણ-સ્તવન' (૨. ઈ. ૧૭૩૯), 'કાલાશબેસી/કાલાસવેલી-ચોપાઈ' (૨. ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, વૈશાખ સુદ ૩), ૮ સર્ગની 'સુદર્શન-ચોપાઈ' (૨. ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, ભાદરવા સુદ ૫), 'પૂજા-બત્તીસી' (૨. ઈ. ૧૭૪૩), 'સમ્યક્ત્વસડસઠબોલ-સઝાય' (૨. ઈ.૧૭૪૪), 'ધર્મદત્ત-ચોપાઈ' (૨. ઈ. ૧૭૪૭/સં. ૧૮૦૩, કારતક વદ ૧૩, ધનતેરસ), ૧૫૪૦ કડીની 'કેશી-ચોપાઈ' (૨. ઈ. ૧૭૫૦/સં. ૧૮૦૬, આસો સુદ ૧૦). કવિની કેટલીક કૃતિઓ હિંદીમાં હોવાનું જણાય છે.

સંદર્ભ : ૧. ઐજૈકસંગ્રહ; ૨. ગુસાઇતિહાસ : ૨, ☐૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. ડિકેટલૉગભાઈ : ૧૯(૨). [કા.શા.]

અમરવિજય-૩[ઈ. ૧૭૧૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. લાવણ્યવિજયની પરંપરામાં નિત્યવિજયના શિષ્ય. ૨૩ કડીના '(સિયાણીગામમંડન) શાંતિનાથ-સ્તવન'(૨. ઈ.૧૭૧૦)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

અમરવિજય-૪[ઈ. ૧૭૧૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. પંડિત લક્ષ્મીવિજયના શિષ્ય. ૧૬૧ કડીની ચોપાઈની દેશીમાં રચાયેલી 'સિદ્ધાચલજી/શત્રુંજયના સંઘનો સલોકો' (૨. ઈ.૧૭૧૪; મુ.) એ કૃતિના કર્તા. સુરતના શ્રાવક પ્રેમજી પારેખે ઈ. ૧૭૧૪/સં. ૧૭૭૦ના ચૈત્ર સુદ ૧૦ને દિવસે સુરતથી પાલિતાણાનો છ 'રી' (= ૬ પ્રકારના નિયમો) પાળતો સંઘ કાઢેલો તેનું વર્ણન તે જ વર્ષે આ કૃતિમાં કવિએ આપ્યું છે.

કૃતિ : સૂર્યપુર રાસમાળા, પ્ર. મોતીભાઈ મ. ચોકસી, ઈ. ૧૯૪૦. [કા.શા.]

અમરવિજય-૫[ઈ. ૧૭૬૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સદાવિજય–સુરેન્દ્રવિજયના શિષ્ય. ૧૩૫ કડીની 'શાંતિજિન-સ્તુતિ'-(૨. ઈ. ૧૭૬૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમરવિજય-૬ [ ] : જૈન સાધુ. શુભવિજય-શિષ્ય. ૫ કડીની 'પર્યુષણપર્વની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. ચૈસ્તસંગ્રહ:૩; ૩. સસંપ-માહાત્મ્ય. [કા.શા.]

અમરસાગર[ઈ. ૧૬૯૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ધર્મ-સાગરની પરંપરામાં પુણ્યસાગરના શિષ્ય. 'ઉપદેશરત્નાકર'ને આધારે રચાયેલ ૬૧/૬૩ ઢાળના 'રત્નચૂડચોપાઈ-રાસ'(૨. ઈ. ૧૬૯૨/સં. ૧૭૪૮, મધુ માસ સુદ ૭/૧૦, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [કા.શા.]

અમરસાધુ[ઈ. ૧૭૬૩ સુધીમાં] : જૈન સાધુ. સોમસુંદરશિષ્ય. 'વિવાહદોષ-બાલાવબોધ'(લે. ઈ.૧૭૬૩)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કા.શા.]

અમરસિંધુર [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : બૃહત્ ખરતરગચ્છની ક્ષેમ-શાખાના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં જયસારના શિષ્ય. 'નવાણું પ્રકારીપૂજા'(૨. ઈ. ૧૮૩૨/સં. ૧૮૮૮, વૈશાખ સુદ ૧૩), 'પ્રદેશી-ચોપાઈ'(૨. ઈ.૧૮૩૬/સં. ૧૮૯૨, કારતક વદ ૬), 'સોલસ્વપ્ન-ચોઢાળિયાં', ૬૫ કડીનું 'કુશલસૂરિસ્થાનનામ ગર્ભિત-સ્તવન' તેમ જ લે. ઈ. ૧૮૩૨ની સ્વલિખિત પોથીમાં મળતી શતાધિક રચનાઓ – જેમાં ૧૦ કડીના '(બમ્બઈમંડન) ચિંતામણિ-પ્રતિષ્ઠા-સ્તવન'(મુ.), જેસલમેરના પટવાઓના સંઘની તીર્થમાલા (અપૂર્ણ), ચિંતામણિ પાર્શ્વનાથનાં સ્તવનો તથા પદોનો સમાવેશ થાય છે – તેના કર્તા. અમરસિંધુર ઈ. ૧૮૨૧માં મુંબઈ ગયા પછી તેમની પ્રેરણાથી ઈ. ૧૮૨૯માં મુંબઈના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરની સ્થાપના તથા પ્રતિષ્ઠા થયાની માહિતી મળે છે.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૫૩ – 'બમ્બઈમંડન શ્રી ચિંતામણિપ્રતિષ્ઠા-સ્તવન', સં. અગરચંદ નાહટા (+સં).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

અમરસિંહ[ઈ. ૧૭૭૪ સુધીમાં] : જૈન. ૧૩ કડીના 'નેમિજિન-બારમાસા'(લે. ઈ. ૧૭૭૪)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [કા.શા.]

અમરસુંદર(પંડિત) [ ] : જૈન સાધુ. ૧૮ કડીના 'યંત્રમહિમાવર્ણન-છંદ/ષોડશકોષ્ટકયંત્ર(મહિમા)ચરિત્ર-ચોપાઈ' (લે. સં. ૧૯મી સદી અનુ.; મુ.)તથા 'વીસાયંત્ર-ચોપાઈ'ના કર્તા.

કૃતિ : માણિભદ્રાદિકોના છંદોનું પુસ્તક : ૧, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, ઈ. ૧૮૮૪.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

અમરહર્ષ : આ નામે ૭ કડીની 'ગુરુ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે, તે કયા અમરહર્ષ છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

અમરહર્ષ(ગણિ)-૧[ઈ. ૧૬મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિ(આચાર્યકાળ ઈ. ૧૫૩૧–ઈ. ૧૫૬૬)ના શિષ્ય. ભૂલથી અમરહર્ષગણિશિષ્યને નામે મુકાયેલા ૧૫ કડીના 'નેમિનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

અમિયલ : જુઓ ચૂડ-વિજેગણ.

અમીપાલ[ઈ. ૧૫૧૬માં હયાત] : શ્રાવક કવિ. મહીપાલરાજાની દાનવૃત્તિ વિશે ૧૦૯૩ કડીની રચના 'મહીપાલનો રાસ'(૨. ઈ. ૧૫૧૬/સં. ૧૫૭૨, આસો સુદ ૫, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [વ.દ.]

'અમીયકુંવર' : જુઓ અમીવિજયશિષ્ય કુંવરવિજય.

અમીવિજય[ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. રૂપવિજયના શિષ્ય. ૮૬ કડીના 'નેમરાજુલ-બારમાસ' (૨. ઈ.૧૮૩૩; મુ.), ઈ. ૧૮૩૭માં અમદાવાદના શેઠ હઠીસિંગે કાઢેલ કેસરિયાજી-ના યાત્રાસંઘનું વર્ણન કરતું ૮૦ કડીનું 'શેઠ હઠીસિંગ-સંઘવર્ણન-સ્તવન' (મુ.), 'નેમ-રાસો' (મુ.) અને ૧૮ કડીનું 'મહાવીરસ્વામીનું પારણું' (મુ.) એ કૃતિઓના કર્તા. કોઈક સંદર્ભોમાં ભૂલથી અભિવિજયને નામે ઉલ્લેખાયા છે તે આ જ કવિ છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૨; ૨. પ્રામબાસંગ્રહ; ૩. બૃકા-દોહન: ૨; □૪. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭ – 'શેઠ હઠીસિંગ સંઘ-વર્ણન-સ્તવન', સં. શેઠ સુરેન્દ્રભાઈ સારાભાઈ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસામધ્ય; □૩. જૈગૂ-કવિઓ : ૩(૧). [વ.દ.]

અમુલખ(સૂરિ)શિષ્ય[ ] : જૈન સાધુ. ૨૪ કડીની 'ચતુર્ગતિભવસ્વરૂપવિજ્ઞપ્તિ'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [કી.જો.]

અમૃત-૧[ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવ-સૂરિની પરંપરામાં શાંતિચંદ્રના શિષ્ય. વિજયદેવસૂરિના આચાર્ય-કાળ(ઈ. ૧૬૦૦–ઈ. ૧૬૫૭)માં રચાયેલી ૧૬ કડીની 'નળદમયંતીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. મોસસંગ્રહ; ૨. સઝાયમાળા, પ્ર. લલ્લુભાઈ કરમ-ચંદ, ઈ. ૧૮૬૧. [વ.દ.]

અમૃત-૨ [ ] : ૩ કડીના 'અંબાજીનું પ્રભાતિયું' (મુ.) તથા ૪ કડીની 'માતાજીની સ્તુતિ'(મુ.)ના કર્તા કોઈ એક જ અમૃત હોય એમ સમજાય છે. 'અંબાજીનું પ્રભાતિયું' ભૂલથી અંબાબાઈને નામે પણ નોંધાયેલ છે.

કૃતિ : ૧. ભવાઈ(અં.), સુધા આર. દેસાઈ, ઈ. ૧૯૭૨; ૨. શ્રીમદ્ ભગવતી કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમૃતકલશ[ઈ. ૧૫૧૯માં હયાત] : ઓસગચ્છના જૈન સાધુ. મતિકલશના શિષ્ય શ્રીકલશના શિષ્ય. રણથંભોરના ચૌહાણ રાજવી હમ્મીરદેવે પોતાને આશરે આવેલા મુસ્લિમ અમીરોને બચાવવા માટે અલાઉદ્દીન સામે લડતાં કરેલા સર્વસ્વસમર્પણને બિરદાવતા ૬૮૧ કડીના 'હમ્મીર-પ્રબંધ'← (૨. ઈ. ૧૫૧૯/સં. ૧૫૭૫, ચૈત્ર વદ ૮, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : (અમૃતકલશકૃત) હમ્મીરપ્રબંધ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, સોમાભાઈ ધૂ. પારેખ, ઈ. ૧૯૭૩ (+સં.) [વ.દ.]

અમૃતચંદ્ર[ ] : જૈન. તેમણે અભયદેવસૂરિની મૂળ પ્રાકૃત કૃતિ 'ઔપપાતિકસૂત્ર' પર બાલાવબોધ (*મુ.) રચ્યો છે.

સંદર્ભ : ડિકેટલૉગભાઈ : ૧૭(૧). [વ.દ.]

અમૃતધર્મ(વાચક)[ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ – અવ. ઈ. ૧૭૯૫/સં. ૧૮૫૧, મહા સુદ ૮] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભક્તિસૂરિના શિષ્ય અને જિનલાભસૂરિના ગુરુબંધુ પ્રીતિસાગરના શિષ્ય. કચ્છમાં ઉપકેશ-વંશની વૃદ્ધ શાખામાં જન્મ. જેસલમેરમાં અવસાન. ૧૧ કડીના '(આબુગિરિમંડન) ઋષભજિનેન્દ્ર-સ્તવન' (૨. ઈ. ૧૭૭૮; મુ.), ૭ કડીના '(લોદ્રવપુરમંડન) સહસ્ત્રફણાપાર્શ્વનાથ-જિનેશ્વર-સ્તવન' (૨. ઈ. ૧૭૮૦/સં. ૧૮૩૬, ફાગણ વદ ૯; મુ.), ૭ કડીના 'સંભવનાથજિનેશ્વર-સ્તવન' (૨. ઈ. ૧૭૮૯/સં. ૧૮૪૪, માધવ માસ સુદ ૫; મુ.), ૭ કડીના '(મહિમાપુરમંડન) સુવિધિનાથ-જિનેશ્વર-સ્તવન' (૨. ઈ. ૧૭૮૯/સં. ૧૮૪૫, માગશર સુદ ૧૧; મુ.) તથા જિનેશ્વરો વિશેનાં અન્ય કેટલાંક મુદ્રિત-અમુદ્રિત સ્તવનોના કર્તા.

કૃતિ : ચૈત્યવંદન સ્તવન સંગ્રહ, પ્ર. સુગનચંદજી ઉ. બાકિયા, સં. ૧૯૮૨.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. મુપુગૂહસૂચી. [વ.દ.]

અમૃતવિજય : આ નામે ૧૧ કડીની 'નેમિનાથ-સ્તવન', 'પદ્મપ્રભ-જિન-સ્તવન', ૧૩ કડીની 'પ્રતિમાસ્થાપન-સ્તવન' એ કૃતિઓ નોંધાયેલી છે તેનું કર્તૃત્વ કયા અમૃતવિજયનું છે તે નક્કી થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

અમૃતવિજય(વાચક)–૧[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયરાજસૂરિના શિષ્ય. વિજયરાજના આચાર્યકાળ-(ઈ. ૧૬૪૭/૪૮–ઈ. ૧૬૮૬)માં રચાયેલ ૨૫ કડીના 'આચાર્યનામ-ગર્ભિત-ચોવીસજિનનમસ્કાર'(મુ.)ના કર્તા.

કૃતિ : ઔસમાલા : ૧. [વ.દ.]

અમૃતવિજય–૨[ઈ. ૧૭૪૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં પુણ્યવિજયશિષ્ય રંગવિજયના શિષ્ય. ૧૩૧ કડીના 'મહાવીરજિન-સલોકો' (૨. ઈ. ૧૭૪૫/સં. ૧૮૦૧, પોષ વદ ૪), 'ચોવીસી' (૬ સ્તવનો મુ.), ૫ ઢાળનું 'પંચ-પરમેષ્ઠી-સ્તવન'(મુ.), 'પુણ્યવિજયગુરુનિર્વાણ' તથા કેટલાંક ચૈત્યવંદનો અને સ્તવનો(કેટલાંક મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧, ૨; ૨. જૈગૂસારત્નો : ૧ (+સં.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

અમૃતવિજય–૩[ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં વિવેકવિજયના શિષ્ય. દેશીઓ, ધ્રુવપદો અને આંતરપ્રાસથી સમૃદ્ધ, રાજિમતીના વિરહનું વર્ણન કરતી ૪૮ કડીની 'નેમિરાજિમતી-બારમાસા'(૨. ઈ. ૧૭૫૬; મુ.), ૫૪ કડીની 'બત્રીસસ્થાનવિચારગર્ભિત-સ્તવન'(૨. ઈ. ૧૭૭૪/સં. ૧૮૩૦, ચૈત્ર સુદ ૩; મુ.), ૨૪ ઢાળની 'નેમિનાથરાજિમતી-સંવાદના ચોવીસ ચોક' (૨. ઈ. ૧૭૮૩/સં. ૧૮૩૯, કારતક વદ ૫, રવિવાર), શત્રુંજયનાં સર્વ સ્થાનોને ભક્તિપૂર્વક વર્ણવતી ૧૦ ઢાળ અને ૧૪૪ કડીની 'વિમલાચલ/શત્રુંજય/સિદ્ધાચલતીર્થમાલા' (૨. ઈ. ૧૭૮૪/સં. ૧૮૪૦, ફાગણ સુદ ૧૩; મુ.), ભાણવિજયને નામે જેનો અંતભાગ ઉદ્ધૃત થયો છે એ ૨ ખંડની 'વિક્રમાદિત્ય-રાસ'(૨. ઈ. ૧૭૯૧/સં. ૧૮૪૭, જેઠ સુદ ૫)એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. પ્રામબાસંગ્રહ; ૨. શત્રુંજય તીર્થમાળા, રાસ અને ઉદ્ધારાદિકનો સંગ્રહ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૩; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૪૬ – 'બત્રીસસ્થાનકવિચારગર્ભિત સ્તવન', સં. શ્રી રમણિકવિજયજી.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ૨. (અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર વિરચિત) પંચદંડની વાર્તા, સં. સોમાભાઈ ધૂ. પારેખ, ઈ. ૧૯૭૪; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [વ.દ.]

અમૃતવિજય–૪[ઈ. ૧૮૪૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હંસવિજયની પરંપરામાં ચતુરવિજયના શિષ્ય. 'કલિયુગનો છંદ'-(૨. ઈ. ૧૮૪૬/સં. ૧૯૦૨, વૈશાખ વદ ૧૦, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [વ.દ.]

અમૃતવિમલ : જુઓ ઋદ્ધિવિમલશિષ્ય કીર્તિવિમલ.

અમૃતસાગર : આ નામે ૧૫ કડીનું 'નેમિ-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૬ કડીનું 'સ્થૂલિભદ્ર-ગીત' મળે છે પણ એના કર્તા કયા અમૃતસાગર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

અમૃતસાગર–૧[ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. અમરસાગરસૂરિની પરંપરામાં શીલસાગરના શિષ્ય. ૨ ખંડ, ૨૭ ઢાળ ને ૫૩૬ કડીના 'મૃગસુંદરીકથાનક-રાસ' (૨. ઈ. ૧૬૭૨/સં. ૧૭૨૮, ભાદરવા સુદ ૫), ૩ ખંડ, ૪૪ ઢાળ અને ૯૨૫ કડીમાં રચાયેલ 'જયસેનકુમાર-રાસ/રાત્રિભોજનપરિહાર-રાસ' (૨. ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, આસો સુદ ૧૦, ગુરુવાર), ૧૧ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન' (૨. ઈ. ૧૬૭૯), ૧૩ કડીના 'અજિતનાથ-સ્તવન' તથા ૭ કડીના 'સુવિધિજિન-સ્તવન'ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. લીંહસૂચી. [વ.દ.]

અમૃતસાગર–૨[ઈ. ૧૬૯૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગર-ઉપાધ્યાયની પરંપરામાં શાંતિસાગરના શિષ્ય. ધર્મસાગર-કૃત 'સર્વજ્ઞ-શતક' પર ૨ અધિકારમાં વહેંચાયેલા ૬૦૦૦ ગ્રંથાગ્રના બાલાવબોધ(૨. ઈ. ૧૬૯૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [વ.દ.]

અમૃતસાગર–૩[ઈ. ૧૭૬૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગરની પરંપરામાં દાનસાગરના શિષ્ય. ૭૬ કડીના 'પુણ્યસાર-રાસ'(૨.ઈ.૧૭૬૧/સં. ૧૮૧૭, પુણ્ય માસ સુદ ૫, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [વ.દ.]

અમૃતસુંદર[ઈ. ૧૭૨૯ સુધીમાં] : જૈન સાધુ. ૧૫ કડીના 'નેમ-દ્વાદશમાસા' (લે. ઈ. ૧૭૨૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [વ.દ.]

અમોલક(ઋષિ) [ઈ. ૧૮૦૦માં હયાત] : જૈન સાધુ. 'ભીમસેન-ચોપાઈ' (૨.ઈ. ૧૮૦૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

અરજણ/અરજણદાસ[ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંત જીવણના શિષ્ય અને પ્રેમસાહેબ (જ. ઈ. ૧૭૯૨ – અવ.ઈ.૧૮૬૩)ના ગુરુભાઈ. જ્ઞાતિએ રજપૂત. આહીર કે કોળી હોવાનું નોંધાયું છે તે અધિકૃત જણાતું નથી. ગોંડલ પાસે ભાદરા ગામના વતની. દીક્ષા ઈ.૧૮૦૯. હિંદીમિશ્રા ગુજરાતી અને હિંદીમાં યોગાનુભવના ચમત્કારને વર્ણવતાં કેટલાંક પદો(મુ.) તેમણે રચ્યાં છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. યોગવેદાન્ત ભજન ભંડાર, પ્ર. ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ.૧૯૭૬ (ચોથી આ.) [ચ.શે.]

અર્જુન/અર્જુનજી : અર્જુનને નામે 'દશાવતાર' તથા વ્રજભાષાના માનસમે તથા દાનસમેના સવૈયા અને કેટલાંક પદો તેમ જ અર્જુનજીને નામે 'કૃષ્ણસ્મરણ' તથા 'અકલવેલ' નોંધાયેલ મળે છે. આ કયા અર્જુન કે અર્જુનજી છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. ઈ.૧૮૩૯થી ઈ.૧૮૫૪ દરમ્યાન હયાત પાદરપુર(તા. લીંબડી)ના કોળી અર્જુનનું ૧ હિંદી પદ મુદ્રિત મળે છે તે ઉપર્યુક્ત રચનાઓના કર્તા હોવાનું કહેવા માટે પણ કશો આધાર નથી. જુઓ અરજણ.

કૃતિ : બૃકાદોહન : ૭(+સં.).

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ; ૩. રાહસૂચી : ૧. [ચ.શે.]

'અર્દાવિરાફ-નામું' [૨. ઈ. ૧૬૭૨] : રુસ્તમ એવર્દરચિત ચોપાઈ-બદ્ધ આખ્યાનકાવ્ય(મુ.).

ઈરાની બાદશાહ અરદેશરે નષ્ટપ્રાય થયેલા ઈરાની ધર્મ અને સંસ્કૃતિના પુનરુત્થાન માટે વિરાફ નામના ધર્મગુરુને સદેહે સ્વર્ગમાં જઈ, ત્યાંના ધર્મ-સિદ્ધાન્તો જાણી લાવી, ઈરાની પ્રજામાં તેનો પ્રચાર-પ્રસાર કરવાની કામગીરી સોંપી હતી. ઈ. ત્રીજી સદીમાં એ ધર્મગુરુએ પહેલવી ભાષામાં, આરોગ્યના રક્ષણ અને ધર્માચરણ સંબંધી ઉપદેશ આપતો ગ્રંથ 'અર્દાવિરાફ-નામું' રચીને એ કામગીરી શી રીતે બજાવી હતી તેનું વિગતપૂર્ણ તેમ જ વર્ણન-પ્રધાન નિરૂપણ કરતું આ આખ્યાન રુસ્તમે મુખ્યત્વે ઉક્ત ધર્મગ્રંથ 'અર્દાવિરાફ-નામું', ઈ.૧૨મી સદીમાં જરથોસ્ત બહેરામ પજદુએ રચેલી ફારસી કૃતિ તથા રેવાયતો(પારસી ધર્મગ્રંથોનો શાસ્ત્રાર્થ કરતા ગ્રંથો)ના આધારે રચ્યું છે.

અર્દાવિરાફે વિવિધ સ્વર્ગ અને નરકના કરેલ પ્રત્યક્ષ દર્શનનું નિરૂપણ કરીને આખ્યાનકારે આ રચનામાં નરકની યાતનાઓથી બચવા તેમ જ સ્વર્ગીય સુખ પામવા માટે મનુષ્યે, ધર્મની હાંસી, વિશ્વાસઘાત, પરસ્ત્રી અને પરપુરુષગમન તથા પશુઓની કતલ જેવાં પાપકર્મોથી દૂર રહેવું જોઈએ તેમ જ ધર્મગુરુને માનપાન, પવિત્ર અગ્નિ(આતશ)નું રક્ષણ, ખેત્વોદથમ (નજીકના સગામાં લગ્ન) વગેરે પુણ્યકાર્યો કરવાં જોઈએ એવો સીધો ઉપદેશ આપ્યો છે.

સૂરજ પૂર્વે આદરસૂચક 'શ્રી'નો ઉપયોગ, શુકનવંતા વૃક્ષ તરીકે કેળના વૃક્ષની કલ્પના તથા સ્વર્ગનાં મકાનોનું હિન્દુ-મંદિરોનાં શિલ્પસ્થાપત્યને અનુસરતું વર્ણન વગેરે બાબતો કવિ ઉપર હિન્દુ સંસ્કૃતિનો પ્રભાવ સૂચવે છે.

ગરોથમાન, ખુરશેદપાએઆ, માહાપાએઆ તેમ જ હમેસ્ત-ગેહાન વગેરે નામનાં ૭ સ્વર્ગોનાં ભભકાદાર વર્ણનોની જેમ પાપી મૃતાત્માઓને જેમાં વિવિધ નારકીય યાતનાઓ અપાય છે એવાં નરકનાં ભયંકર વર્ણનો પણ કવિ એટલી જ સાહજિકતાથી કરી શકયા છે એ એમનું વર્ણનકૌશલ બતાવે છે. છતાં એમની ઉત્તર-કાલીન કૃતિ 'સ્યાવશ-નામું'માં જોવા મળતા કવિ-કલ્પનાના સ્વૈર-વિહારનો અભાવ અહીં સ્પષ્ટ જણાઈ આવે છે. અર્દાવિરાફ પછી ઈ. છઠ્ઠી સદીમાં થઈ ગયેલ આદરાબાદ મારાસ્પંદના ચમત્કૃતિપૂર્ણ જીવનપ્રસંગનો અર્દાવિરાફની આ કથામાં દૃષ્ટાંત રૂપે ઉપયોગ કરવા જતાં આખ્યાનમાં કાલવ્યુત્ક્રમદોષ થયો છે. [૨.૨.દ.]

અલખબુલાખી[જ. ઈ. ૧૮૦૦/સં. ૧૮૫૬, ભાદરવા સુદ ૧૩, સોમવાર – અવ.ઈ.૧૮૩૯/સં. ૧૮૯૫, અસાડ સુદ ૫, સોમવાર] : જ્ઞાનમાર્ગી કવિ. પૂર્વાશ્રામમાં બુલાખીરામ. સાઠોદરા નાગર. જન્મ અમદાવાદમાં. પિતા સન્મુખરામ. કિશોરવયમાં ફારસીનો અભ્યાસ. ઈ. ૧૮૧૮માં મોડાસામાં સરકારી નોકરી. સંપન્નતાને કારણે તે વિલાસી ને અનીતિમાન બનેલા એથી નોકરી છોડવી પડેલી. સિદ્ધપુરની યાત્રાએ ગયેલા ત્યાં ગુલાબભારથી લકડશા નામના યોગીનો સંપર્ક થતાં અધ્યાત્મ તરફ વળ્યા. ગુલાબભારથીને ગુરુ કરી, અલખબુલાખી નામ ધારણ કરી અમદાવાદ, વડોદરા આદિ સ્થળે જ્ઞાનવૈરાગ્યનો બોધ કર્યો. એમને ઘણા શિષ્યો હતા. મૃત્યુનો અણસાર આ જ્ઞાની સાધુને પહેલેથી આવી ગયેલો. 'ગુરુ-જ્ઞાનગ્રંથ'માં ઉપર મુજબની જીવનવિષયક માહિતી નોંધાયેલી મળે છે. પણ એમાં બધી વીગતો શુદ્ધ ઐતિહાસિક હોવાનું પ્રતીત થતું નથી. એમાંના ૧ પદમાં એમની મૃત્યુતિથિની આગાહી પણ છે.

'ગુરુજ્ઞાનગ્રંથ'(મુ.)માં અલખબુલાખીનાં વિભિન્ન પ્રકારનાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખાણો મળે છે. અધ્યાત્મબોધ ને વૈરાગ્યબોધનાં ૧૨૭ ગુજરાતી તથા ૩૦ હિન્દુસ્તાની પદો એમાં છે. જાણીતા રાગઢાળોને સ્વીકારીને એમાં કવિએ પરંપરાગત જ્ઞાનવૈરાગ્યની કવિતા આપી છે. 'રહેણીની કલમો' શીર્ષકથી મૂકેલાં ગદ્યલખાણોમાં ભક્તે પાળવાના આચારધર્મો વર્ણવેલા છે તો આત્મબોધ તેમ જ શિષ્યમંડળના બોધ માટે લખેલાં હોય એવાં, (ઈ. ૧૮૩૭/સં. ૧૮૯૩, શ્રાવણ સુદ ૧૩થી ઈ. ૧૮૩૯/સં. ૧૮૯૫, પોષ સુદ ૧૧ સુધીની તિથિઓ દર્શાવતાં) ડાયરીની પદ્ધતિએ આલેખેલાં ૧૩ ગદ્યલખાણોમાં કવિએ પોતાને માટે ત્રીજા પુરુષ એકવચનનો પ્રયોગ કર્યો છે એ નોંધપાત્ર છે. આ બન્ને પ્રકારનાં ગદ્યલખાણોમાં કવિની અધ્યાત્મની જાણકારી યોગની પરિભાષાને પ્રયોજતી શૈલીમાં સારી ઊપસી છે. મધ્યકાલીન ગુજરાતી ગદ્યની લાક્ષણિકતાઓ પણ આ લખાણોમાં વ્યક્ત થાય છે.

કૃતિ : ૧. ગુરુજ્ઞાનગ્રંથ, પ્ર. જીવણલાલ ઝ. મહેતા, ઈ. ૧૮૭૪ (બીજી આ.) (+સં.); ☐ ૨. કાદોહન : ૨(+સં.), ૩.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. કવિચરિત્ર; ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

અલરાજ[ઈ. ૧૮૧૯ આસપાસ] : હરિજન લોકકવિ. વઢિયાર પંથકમાં આવેલા આદરિયાણાના વતની. જ્ઞાતિએ હરિજન બ્રાહ્મણ (ગોર). એમનાં ૩ મુદ્રિત કવિતોમાં સચોટ સુભાષિત-વાણી જોવા મળે છે.

કૃતિ : હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, સં. દલપત *શ્રીમાળી*, ઈ. ૧૯૭૦. [કૌ.બ્ર.]

'અલૌકિકનાયકનાયિકાલક્ષણગ્રંથ' : ધવલ-ધનાશ્રી રાગમાં ૫૦૦ ઉપરાંત કડીઓમાં શૃંગારરસના આલંબનરૂપ નાયિકાભેદનું વિવરણ રજૂ કરતી દયારામકૃત પ્રસ્તુત કૃતિ(મુ.) હિન્દી રીતિ-ધારાના લક્ષણગ્રંથોની પરંપરાની યાદ અપાવે છે. પુષ્ટિસંપ્રદાયને અભીષ્ટ મુખ્ય સ્વામિની રાધિકાને અનુલક્ષીને રચાયેલી આ કૃતિમાં રસિક ભક્તોને શ્રીવલ્લભા રાધિકાનું સ્વરૂપ પ્રત્યક્ષ થાય તેવા ઉદ્દેશથી શૃંગારરસના અંગરૂપ શ્રીવલ્લભાનાં મુખ્યમુખ્ય ચિહ્નોનું વર્ણન કરવામાં આવ્યું છે. કર્મ, જાતિ ને અવસ્થાનુસાર નાયિકાભેદ, હાવભાવ, દર્શનભેદ, નાયક-નાયિકાનાં દૂતત્વ, મિલાપસ્થાનો, સ્નેહની ૪ અવસ્થા અને નવરસનામકથન કૃતિની વિષયસૂચિ રૂપે તારવી શકાય. [શુ.દ.]

'અવસ્થાનિરૂપણ' : પારિભાષિક નિરૂપણવાળી અખાની આ કૃતિ(મુ.) જીવાત્માની ૪ ભૂમિકાઓને ચાર-ચરણી ચોપાઈની ૧૦–૧૦ કડીના શરીરાવસ્થા, અજ્ઞાનાવસ્થા, જીવઈશ્વરજ્ઞાન અને કૈવલ્ય-જ્ઞાન – એ ૪ ખંડોમાં વર્ણવે છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એ શરીરાવસ્થાઓને મિશ્રાવર્તી તરીકે વર્ણવી (જેમ કે – તુરીયમાં અન્ય ૩ અવસ્થાઓના પણ અંશો છે એમ બતાવી) જીવાત્માની અજ્ઞાન દશામાં આ ચારે શરીરાવસ્થાઓ કઈ રીતે પ્રવર્તે છે તે અહીં સમજાવ્યું છે અને તુરીયાતીત કૈવલ્યજ્ઞાનની ભૂમિકાએ પહોંચવાનો માર્ગ બતાવ્યો છે. ગૌડપાદાચાર્યની 'માંડુક્યકારિકા'માંનું વિશ્લેષણ આ કૃતિમાં બીજ રૂપે રહેલું જણાય છે. [જ.કો.]

અવિચલ : આ નામે 'ઢૂંઢક-રાસ'(લે. ઈ.૧૮૧૩) તથા ૬૧ કડીની 'એકસોસિત્તેર-જિનનામ-સ્તવન'એ કૃતિઓ નોંધાયેલી મળે છે પણ તે કયા અવિચલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. *જૈન સત્યપ્રકાશ*, જન્યુ. ૧૯૪૬ – 'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ]

અવિચલદાસ[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. નડિયાદના આભ્યંતર નાગર બ્રાહ્મણ. વિષ્ણુજી/વિષ્ણુદાસના પુત્ર.

હરજીસુત ધરણીધર તથા કોઈ ભીમ-કવિના પુત્ર – એ ૨ ભટ્ટો-પુરાણીઓ પાસેથી મૂળ સંસ્કૃત કથાઓ સાંભળીને કાવ્યરચના કરનાર આ કવિનો 'ભાગવત-ષષ્ઠસ્કંધ'(૨. ઈ. ૧૬૨૮/સં. ૧૬૮૪, પોષ વદ ૧૦) મૂળનો અધ્યાયવાર અનુવાદ છે. ભાગવતની "કઠિન કથા" સમજવામાં પોતાને સહાયરૂપ નીવડેલી શ્રીધરી ટીકામાંના અધ્યાયસારના શ્લોકોનો અનુવાદ પણ કવિએ કૃતિમાં ઉમેર્યો છે. કેટલાક અધ્યાયોના આરંભે એમણે સંસ્કૃત શ્લોકો મૂકેલા છે, જે એમને મૂળ કથા કહેનાર ભટ્ટે રચી આપ્યા હોવાનો તર્ક થયો છે. 'આરણ્યક-પર્વ'(૨ ઈ. ૧૬૩૯/સં. ૧૬૯૫, શ્રાવણ વદ ૧૧, શનિવાર) મૂળના લગભગ સારરૂપ અને કેટલાક પ્રસંગોને રોચક રીતે આલેખતું ૭૫ કડવાં અને ૭૦૭૦ કડીનું આખ્યાન છે. *આ કૃતિ, નડિયાદના બળદેવરામ કૃષ્ણરામ ભટ્ટે સુધારાવધારા કરીને ૯૭* કડવાંના 'વનપર્વ' નામે પ્રગટ કરી છે.

'અષ્ટમસ્કંધ' નામની એક અન્ય કૃતિ પણ આ કવિની હોવાનો ઉલ્લેખ મળે છે.

કૃતિ : વનપર્વ, સં. બળદેવરામ કૃ. ભટ્ટ, ઈ.૧૮૯૦.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ૨. વિષ્ણુદાસ, ભાનુસુખરામ મહેતા, ઈ.૧૯૨૦; ☐ ૩. ગૂહાયાદી. [૨.સો.]

'અશોકચન્દ્રરોહિણી-રાસ'[૨. ઈ. ૧૭૧૬ કે ૧૭૧૮/સં. ૧૭૭૨ કે ૧૭૭૪, માગશર સુદ ૧૫] : મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ પણ પ્રસંગોપાત્ત કવિત, ગીત, તોટક આદિ પદ્યબંધને ઉપયોગમાં લેતો, ૩૧ ઢાળનો, જ્ઞાનવિમલસૂરિકૃત આ રાસ(મુ.) રોહિણીનક્ષત્રના દિવસે ૨૮ વર્ષ સુધી કરવામાં આવતા તપ – રોહિણીતપનો મહિમા ગાવા માટે રચાયેલો છે. રાજા અશોકચંદ્રની રાણી રોહિણી શોકભાવથી એટલી બધી અજાણ છે કે પુત્રમૃત્યુના દુઃખે રડતી સ્ત્રીના રુદનમાં કયો રાગ છે એમ પૂછે છે. આવા પ્રશ્નથી અશોકચંદ્રને આ સ્ત્રીમાં બીજાનું દુઃખ સમજવાની વૃત્તિનો અભાવ અને ગર્વ જણાયાં. તેથી તેને પાઠ ભણાવવા તે એના ખોળામાં બેઠેલા પુત્ર લોકપાલને અટારીએથી નીચે નાખે છે. પરંતુ રોહિણીને તો આ ઘટનાથી પણ કશો શોક થતો નથી અને એના પુણ્યપ્રભાવે પુત્ર ક્ષેમકુશળ રહે છે. રોહિણીના આ વીતશોક-વીતરાગપણાના કારણરૂપે એના પૂર્વ-ભવની કથા કહેવાય છે જેમાં એ પોતાના આગલા ભવના દુષ્કર્મને કારણે કુરૂપ અને દુર્ગંધી નારી બની હોય છે અને રોહિણીતપના આરાધ્યથી એ દુષ્કર્મના પ્રભાવમાંથી છૂટીને આ રોહિણી અવતાર પામી હોય છે. રોહિણીના ૨ પૂર્વભવો, અશોકચંદ્ર તેમ જ રોહિણીનાં સંતાનોના પૂર્વભવો તથા એકાદ આડકથા વડે આ રાસ પ્રસ્તાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પામ્યો હોવા છતાં એમાં કથાતત્ત્વ પાંખું છે, કેમ કે એ એક જ ઘટનાસૂત્રવાળી સાદી કથા છે. ધર્મબોધના ફ્રૂટ પ્રયોજનથી રચાયેલી આ કૃતિમાં કવિએ કર્મ, તપ ઇત્યાદિના સ્વરૂપ અને પ્રકારોની સાંપ્રદાયિક માહિતી ગૂંથી લીધી છે તેમ જ સુભાષિતો અને સમસ્યાઓનો પણ વિનિયોગ કર્યો છે. કાવ્યમાં કવિની કાવ્ય-શક્તિનો પણ પરિચય પ્રસંગોપાત્ત આપણને મળ્યા કરે છે. જેમ કે, મઘવા મુનિના પુણ્યપ્રતાપને પ્રગટ કરતા વાતાવરણનું ચિત્રાણ કવિએ જે વીગતોથી કર્યું છે તે મનોરમ લાગે છે. નગર વગેરેનાં અન્ય કેટલાંક વર્ણનો પણ નોંધપાત્ર છે. આવાં વર્ણનોમાં રૂપકાદિ અલંકારોનો કવિએ લીધેલો આશ્રાય એમની ક્ષમતાને પ્રગટ કરે છે. રોહિણીના રૂપવર્ણનમાં "ઉર્વસી પણિ મનિ નવિ વસી રે" જેવા વ્યતિરેક-યમકના સંકરાલંકારની હારમાળા યોજી છે અને પૌરાણિક હકીકતોને રોહિણીના પ્રભાવના હેતુ રૂપે કલ્પી છે તે કવિની આ પ્રકારની વર્ણનક્ષમતાનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. સમગ્ર રાસમાં શ્લિષ્ટ પ્રૌઢ ભાષાછટાનું આકર્ષણ છે તો જુગુપ્સા અને તિરસ્કારના ભાવોને અનુરૂપ ભાષા પણ કવિ એટલી જ અસરકારકતાથી પ્રયોજી બતાવે છે. થોડીક સુંદર ધ્રુવાઓ અને ક્વચિત્ કરેલી ૪ પ્રારાની યોજના પણ કવિની કાવ્યશક્તિની દ્યોતક છે. [કુ.દે.]

'અશ્વમેધ-પર્વ' [ર. ઈ. ૧૬૩૯/સં. ૧૬૯૫, મકરસંક્રાન્તિ] : ૭૦૦૦ કડીઓમાં વિસ્તરતા 'યૌવનાશ્વનું આખ્યાન'થી 'અશ્વમેધ-પૂર્ણાહુતિ' સુધીનાં ૧૭ આખ્યાનોમાં વિભક્ત થયેલી હરજીસુત કૃહાનની આ કૃતિ(મુ.) મહાભારતના સમગ્ર 'અશ્વમેધ-પર્વ'ને આખ્યાનબદ્ધ કરવાના એક વિરલ પ્રયાસ તરીકે નોંધપાત્ર છે. કડવા માટે યોજાયેલી 'અલંકાર', 'છંદ', 'ઝમક', 'સૂત્ર' જેવી વિવિધ સંજ્ઞાઓ આ કૃતિની વિલક્ષણતા છે. કથા પરત્વે કવિ મહાભારતને અનુસરીને ચાલ્યા છે અને સળંગ પ્રવાહી કથાનિરૂપણથી વિશેષ એ સિદ્ધ કરી શકયા નથી. પ્રસંગનિરૂપણ કે અભિવ્યક્તિનો ચમત્કાર કૃતિમાં જવલ્લે જ જડે છે. તેમ છતાં તેમની વર્ણનરીતિમાં પ્રૌઢિ અને વિશદતા છે તેમ જ પરંપરાગત વર્ણનોનો તથા પાત્રોક્તિઓનો તેમણે વારંવાર આશ્રાય લીધો છે, એથી કથા રસપ્રદ બની છે. ક્વચિત્ થયેલી ગીતની ગૂંથણી તથા દરેક કડવાને આરંભે રાગનો નિર્દેશ – કયારેક ૧થી વધુ રાગોનો પણ નિર્દેશ – આ કૃતિને કવિએ અત્યંત ગેય રૂપે કલ્પી છે તેના પ્રમાણરૂપ છે. દરેક આખ્યાનને આરંભે ઈષ્ટદેવ કૃષ્ણની સ્તુતિ – કયારેક ૮–૧૦ કડીઓ સુધી વિસ્તારીને પણ – કવિએ કરી છે તે તેમની કૃષ્ણભક્તિ અને પ્રસ્તારી નિરૂપણશૈલીના દૃષ્ટાંતરૂપ છે. પહેલું 'યૌવનાશ્વનું આખ્યાન'(ર. ઈ. ૧૬૩૭/ સં. ૧૬૯૩, માગશર સુદ ૨, રવિવાર) બતાવે છે તે જોતાં કવિએ આ કૃતિની રચના પાછળ પૂરાં ૨ વર્ષનો સમય આપ્યો છે એમ દેખાઈ આવે છે. [ર.સો.]

'અષ્ટપટરાણીવિવાહ' : ૪૦ કડીના સળંગ પદબંધના દયારામકૃત આ કાવ્ય(મુ.)માં રુક્મિણી, જાંબુવતી, સત્યભામા, કાલિંદી, મિત્રવિંદા, સત્યા, ભદ્રા અને લક્ષ્મણા – આ ૮ પટરાણીઓ અને શ્રીમદ્‌ભાગવત-ના નાયક શ્રીકૃષ્ણના વિવાહપ્રસંગો એકસાથે નિરૂપાયા છે. સોળ-સહસ્ર રાણીઓ સાથેના વિવાહની ઘટના પણ અહીં ભેગી ગૂંથા-યેલી છે. દ્રૌપદી અને પટરાણીઓ વચ્ચેના વિનોદવિહારની ક્ષણો-રૂપે આખી ઘટનાનું નિરૂપણ રોચક બન્યું છે. [સુ.દ.]

અસાઈત[ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ] : લોકનાટયકાર અને પદ્ય-વાર્તાકાર. પ્રચલિત કથા અનુસાર સિદ્ધપુરના યજુર્વેદી ભારદ્વાજ ગોત્રના ઔદીચ્ય બ્રાહ્મણ. પિતા રાજારામ ઠાકર. અસાઈતની કવિ, વક્તા અને સંગીતકાર તરીકે ખ્યાતિ. તેમણે ઊંઝામાં છાવણી નાખી રહેલા મુસ્લિમ સરદારને, તેની પાસેથી ત્યાંના હેમાળા પટેલની પુત્રીને છોડાવવા એ પોતાની પુત્રી છે એવું કહેલું અને એની સાબિતી આપવા તેની સાથે જમણ લીધેલું; પરિણામે તેમની બ્રાહ્મણ-કોમે તેમને નાત બહાર મૂકેલા. આથી અસાઈતે પોતાના ૩ પુત્રો માંડણ, જયરાજ અને નારણ સાથે સિદ્ધપુર છોડી ઊંઝામાં નિવાસ કર્યો. ત્યાં હેમાળા પટેલે તેમને ઘર, જમીન તથા વંશપરંપરાના કેટલાક હકો લખી આપેલા જે અસાઈતના વંશજો આજ્યે ભોગવે છે. આ અસાઈતના પુત્રોનાં ૩ ઘર થયાં તેથી 'ત્રણઘરા' ઉપરથી 'તરગાળા' કહેવાયા. અન્ય મત મુજબ અસાઈતે આરંભેલી ભવાઈની પ્રવૃત્તિમાં ઔદીચ્ય, શ્રીમાળી અને વ્યાસ ૩ જાતિના બ્રાહ્મણો ભળ્યા તેથી 'ત્રણ-ગાળાળા' પરથી 'તરગાળા' કહેવાયા. ગમે તેમ, પણ અસાઈત ભવાઈ કરનાર તરગાળા કોમના આદિપુરુષ ગણાય છે. આ કોમ 'નાયક'ને નામે પણ ઓળખાય છે અને અસાઈત નાયક એવી નામછાપ એમની રચનાઓમાં મળે છે.

અસાઈતે ધાર્મિક, ઐતિહાસિક અને સામાજિક વિષયના ૩૬૦ ભવાઈવેશ રચ્યા કે સંકલિત કર્યાનું કહેવાય છે, જો કે આજે પચાસેકથી વધારે વેશ મળતા નથી; તે ઉપરાંત, જે વેશો મળે છે તેમાંથી 'કજોડાનો વેશ' અને 'રામદેવનો વેશ' એ ૨ વેશમાં જ અસાઈતનું નામ વેશના કર્તા તરીકે જોડાતું હોય એવું દેખાય છે અને બીજા ત્રણેક વેશમાં દુહા, છપ્પા જેવી છૂટક રચનાઓમાં અસાઈતની નામછાપ મળે છે.

'કજોડાનો વેશ'←(મુ.)માં મોટી ઉંમરનાં ઠકરાણાં અને નાની ઉંમરના ઠાકોરના કજોડાનું હાસ્યરસિક ચિત્રાણ થયું છે. રામદેવ અને એની રાણીના દાંપત્યજીવનની ખૂબ જ આછી કથાવસ્તુ ધરાવતો 'રામદેવનો વેશ'←(મુ.) અનેક વિષયોની માહિતી તથા વ્યાવહારિક ડહાપણનાં સુભાષિતોથી ખૂબ વિસ્તૃત બનેલો છે અને પ્રાપ્ત ભવાઈવેશોમાં એ સૌથી લાંબો વેશ છે.

મુદ્રિત ભવાઈવેશોમાં અસાઈતના નામછાપવાળી વ્યવહારજ્ઞાન, સંસારડહાપણ અને સમસ્યાચાતુરીની દુહા, છપ્પા, કવિત વગેરે પ્રકારની અનેક છૂટક રચનાઓ તથા મહિના જેવી કૃતિ પણ મળે છે. હસ્તપ્રતયાદીઓમાં પણ આ પ્રકારની છૂટક રચનાઓ અસા-ઈતને નામે નોંધાયેલી મળે છે તેમાં અમુદ્રિત રચનાઓ પણ હોવાનો સંભવ છે.

ભવાઈવેશો એમના રચનાસમયો કોઈ નિર્દેશ કરતા નથી પરંતુ પરંપરાગત રીતે અસાઈતને ઈ. ૧૪મી સદીમાં થયેલા માનવામાં આવે છે અને તેથી 'હંસવચ્છકથા/ચરિત/ચોપાઈ/ પવાડો/→હંસાઉલી'← (ર. ઈ. ૧૩૬૧/૧૩૭૧; મુ.)ને અસાઈતની કૃતિ ગણવામાં આવે છે. ૪ ખંડ અને મુખ્યત્વે ચોપાઈબંધની ૪૩૮/૪૭૦ કડીની આ કૃતિના પહેલા ખંડમાં હંસાઉલીનરવાહનના લગ્નની અદ્‌ભુતરસિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાર્તા અને બાકીના ૩ ખંડોમાં તેના પુત્રોની પ્રેમશૌર્યઅંકિત ગાથા રજૂ થઈ છે. તેમાં વચ્ચે-વચ્ચે આવતાં ૩ વિરહગીતો અસાઈતની ઊર્મિકવિ તરીકેની શક્તિ પ્રગટ કરે છે. આ કથા જૈનોમાં સારું સંમાન પામી છે અને મતિસુંદર નામના જૈન સાધુએ આના પુરઃ-સંધાન રૂપે હંસાઉલીના પૂર્વભવની કથા ઈ.૧૫૬૫માં રચી છે તે હકીકત એના કર્તાને અસાઈત નાયક ગણવા કારણ આપે છે કેમ કે નાયકકોમનો જૈન સંપ્રદાય સાથેનો સંબંધ જાણીતો છે.

અસાઈતના નામે 'ફરસુરામ-આખ્યાન' નોંધાયેલ છે. પરંતુ એ માહિતીની અધિકૃતતા ચકાસણીપાત્ર જણાય છે.

કૃતિ : ૧. હંસાઉલી, સં. કેશવરામ **કા.** શાસ્ત્રી, ઈ.૧૯૪૫ (+સં.); ☐ ૨. ભવાઈસંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ, *ઈ.૧૮૬૬, ઈ.૧૮૯૪ (ચોથી આ.); ૩. ભવાની ભવાઈ પ્રકાશ, સં. હરમણિ-શંકર ધ. મુનશી, –.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. કવિચરિત : ૧–૨; ૩. ગુજૂક-હકીકત; ૪. ગુસાઈતિહાસ : ૧; ૫. ગુસારસ્વતો; ☐ ૬. ગૂહાયાદી. [૨.દ.]

આહમદ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : મુસ્લિમ કવિ. અવટંકે દેસાઈ. ખોલવડ(જિ. નવસારી)ના વતની. પીર કાયમુદ્દીનની પરંપરામાં નબીમિયાંના અનુયાયી. એમની પ્રેમલક્ષણાભક્તિની ૨ ગરબીઓ તથા યોગમાર્ગની પરિભાષાને યોજતું ભક્તિબોધનું ૧ કલામ એ કૃતિઓ મુદ્રિત મળે છે.

કૃતિ : **ભક્તિસાગર**, સં. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯ (+સં.). [૨.૨.દ.]

'અંગદવિષ્ટિ' [૨.ઈ.૧૭૪૩ કે ૧૭૫૨/સં.૧૭૯૯ કે ૧૮૦૮, આસો સુદ ૧૦, રવિવાર] : ૧૬૪થી ૩૮૪ સુધીની કડીસંખ્યા બતાવતી, સંભવતઃ કવિને હાથે વૃદ્ધિ પામતી ગયેલી શામળની આ કૃતિ(મુ.) ઝૂલણા, દોહરા, રોળાના છપ્પા, સોરઠા, સવૈયા અને કવિતમાં રચાયેલ છે. ગુજરાતી તથા હિંદી ભાષાનો વિનિયોગ કરતી આ કૃતિ એ બંને ભાષામાં શામળનું સવ્યસાચીપણું બતાવે છે. સાંસારિક રસની કલ્પનાપ્રધાન માનવકથાઓની રચનામાં સવિશેષ રસ ધરાવતા કવિએ અહીં પૌરાણિક કથાવસ્તુ પર પોતાનો હાથ અજમાવ્યો છે તે તરત ધ્યાન ખેંચે એવી હકીકત છે. આ કાવ્યમાં એમણે વાલીપુત્ર અંગદ, સીતાને પાછા સોંપી દેવા સમજાવવા રાવણ પાસે જાય છે એ રામાયણીય પ્રસંગને પોતાનું પદ્યકૌશલ બતાવવાના લોભથી અતિકથન અને વિસ્તારની પરવા કર્યા વિના ખૂબ બહેલાવ્યો છે અને રામ અને અંગદ, અંગદ અને રાવણ-મંદિરના પ્રતિહાર તેમ જ સામદ, તથા રાવણ અને અંગદ વચ્ચેના સંવાદો વીરરસોચિત ઝમકદાર ભાષામાં ઘણા ચગાવ્યા છે. સંવાદોમાં રામ સિવાયનાં અન્ય પાત્રોની ભાષા જુસ્સા અને ઝનૂનના અતિરેકમાં અશિષ્ટ ગાલિપ્રદાન સુધી પહોંચી જાય છે, એમાં શામળ સમકાલીન શ્રોતાવર્ગના રંજનાર્થે તેની કક્ષાએ ઊતરી પડ્યાનું જોઈ શકાય. બધો વખત અંગદના મુખેથી નીકળતી આવેશપ્રધાન જોશીલી વાણી તેમ જ તેના વીર-પરાક્રમથી થતી વીરરસની નિષ્પત્તિ ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. શામળની પૌરાણિક વિષયની આ કૃતિ પરંપરાપ્રાપ્ત આખ્યાનોથી જુદી રચનારીતિનું આખ્યાન છે એમ કહી શકાય. [અ.રા.]

અંદરજી [ઈ.૧૭૮૮માં હયાત] : અવટંકે જોશી. ૧૫ કડીના ગણપતિની પૂજાને વિષય કરીને રચેલા છંદ(૨.ઈ.૧૭૮૮/ સં.૧૮૪૪, માગશર સુદ ૧૪, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : દેવીમાહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭ (+સં.). [કી.જો.]

'અંબડવિદ્યાધર-રાસ' [૨.ઈ.૧૫૮૩/ સં.૧૬૩૯, કારતક સુદ ૧૩] : મંગલમાણિક્યે પોતાની ગુરુપરંપરાના મુનિરત્નસૂરિની મૂળ ગદ્યપદ્યમય સંસ્કૃત કૃતિ 'અંબડ-ચરિત્ર'ના અનુવાદ રૂપે રચેલી ૨૨૪૧ કડીની આ કૃતિ(મુ.) ૭ આદેશોમાં વહેંચાયેલી છે. મુખ્યત્વે ચોપાઈબંધનો ઉપયોગ કરતી આ કૃતિમાં દુહા અને વસ્તુ છંદનો પણ ઉપયોગ થયો છે. આ કૃતિમાં અત્યંત ગરીબ દશામાં ફરતા અંબડને ગોરખયોગિનીના આશીર્વાદથી કેવી રીતે મોટું રાજ્ય, ધન અને ૩૨ પત્નીઓ મળે છે તેની અદ્‌ભુતરસિક કથા રજૂ થયેલી છે. પૂર્વ દિશામાંથી ગુણવર્ધન નામની વાડીમાંથી પાકું શતશર્કરા ફળ લાવવું – જેવી ગોરખયોગિનીની ૭ આજ્ઞા અંબડ કેવી રીતે પાર પાડે છે તેનું વૃત્તાંત ૭ આદેશોમાં આપવામાં આવ્યું છે. આ આજ્ઞાઓ પાર પાડતાં અંબડ અનેક ચમત્કારિક અનુભવોમાંથી પસાર થાય છે. યોગિનીના મૃત્યુ પછી અંબડ જિનમતનો અંગીકાર કરી સુલસા શ્રાવિકાના પ્રત્યક્ષ પરિચયથી સમ્યક્ત્વમાં સ્થિર થાય છે અને અંતે મોક્ષ પામે છે. ધન ગુમાવી બેઠેલો અંબડનો પુત્ર કુરબક ધનપ્રાપ્તિ માટે ગોરખયોગિનીની ધ્યાનકુંડિકા ઉઘાડે છે ત્યાં પતિના સિંહાસનના મોહથી પૂતળી બની ગયેલી પોતાની ૩૨ માતાઓને જુએ છે. કોઈ ભાગ્યવાન પુરુષને આગળ કરી ધન કાઢવાના વિચારથી કુરબક વિક્રમને લઈ જાય છે પરંતુ વિક્રમનો પ્રયત્ન પણ સફળ થતો નથી. વિક્રમને મળેલા સિંહાસનની ૩૨ પૂતળીઓના આ પૂર્વ-ઇતિહાસને લીધે 'સિંહાસન-બત્રીસી'ની કથામાળાનો પૂર્વરંગ રચતી આ કૃતિ એ દૃષ્ટિએ મહત્ત્વની ઠરે છે.

આ કૃતિમાં ચમત્કારપ્રધાન ઘટનાઓનો રસ મુખ્ય છે તેમ છતાં એમાં કવિએ આડકથાઓ, લૌકિક દૃષ્ટાંતો અને સુભાષિતો ગૂંથવાની તક લીધેલી છે. એ નિમિત્તે કેટલુંક સાંસારચિત્ર અને કેટલોક જીવનબોધ રજૂ થાય છે. સુભાષિતો સંસ્કૃત શ્લોક ને પ્રાકૃત ગાથા રૂપે પણ આવે છે એમાં કવિનું પાંડિત્ય દેખાઈ આવે છે. શંભુ-રૂપનું વર્ણન, યોગિનીને વિસ્તૃત પ્રાર્થના જેવા અંશો ત્વરિત ઘટના-વેગવાળી આ કૃતિમાં એક પ્રકારની રાહત ઊભી કરે છે. કવિની વાણીમાં અલંકરણ નથી પરંતુ સરલ છટાદાર વાણીમાં પણ કવિની ભાષાપ્રભુતા વરતાઈ આવે છે. આ જૈન કવિ આરંભમાં શંકર, વિષ્ણુ, બ્રહ્માને સ્મરે છે, પ્રત્યેક આદેશમાં મંગલાચરણ યોજે છે, ૐકાર અને સિદ્ધસ્વરૂપનો મહિમા કરે છે અને ગુરુવાર(ઈ.૧૫૮૨/ સં. ૧૬૩૮, જેઠ સુદ ૫)ના રોજ કૃતિનો આરંભ કરે છે તે બધી વીગતો નોંધપાત્ર છે. [કી.જો.]

અંબદેવ(સૂરિ) [ઈ.૧૩૧૫માં હયાત] : નિવૃત્તિગચ્છના જૈન સાધુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વસૂરિના શિષ્ય. દોહા, રોળા વગેરે વિવિધ ગેય છંદોમાં ૧૩ ભાસમાં રચાયેલો એમનો 'સમરા-રાસ ← સંઘપતિ-સમરસિંહ-રાસ' (મુ.) શત્રુંજય તીર્થમાં મુસ્લિમોએ ખંડિત કરેલ મૂલનાયકના બિંબની પ્રતિષ્ઠાના પાટણના સમરસિંહને આવેલા વિચાર અને એને અંગે એમણે કરેલી કાર્યવાહીની વિસ્તૃત ભૂમિકા સાથે એમણે કાઢેલા સંઘની યાત્રાનું તથા પ્રતિષ્ઠામહોત્સવનું વર્ણન કરે છે. ઐતિહાસિક માહિતી તથા ભાષાવિકાસની દૃષ્ટિએ નોંધપાત્ર બનતા આ રાસમાં સંઘ ઈ.૧૩૧૫(સં. ૧૩૭૧, ચૈત્ર વદ ૭)ના રોજ પાટણ પાછો આવ્યાનું નોંધાયું છે. કાવ્યની રચના એ જ વર્ષમાં થઈ હોવાનું માનવામાં બાધ જણાતો નથી.

કૃતિ : ૧. જૈઐકાસંચય; ૨. પ્રાગૂકાસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. ગુસામધ્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [વ.દ.]

અંબાઈદાસ[ ] : કેટલાક ગરબા (અંબાજી વિશેના ૧ ગરબો મુ.) તથા 'લંકાના સલોકા'ના કર્તા.

કૃતિ : અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, સં. ૧૯૭૯.

સંદર્ભ : ગૂહાયાદી. [ચિ.ત્રિ.]

અંબારામ[ઈ. ૧૮૧૧ આસપાસ સુધીમાં] : 'અંબારામ' ઉપરાંત 'અંબા', 'અંબો', 'આંબો'ની નામછાપ ધરાવતી તિથિ, વાર, માસ, સંદેશો તથા ગરબા-ગરબીઓ વગેરે પ્રકારની કૃતિઓ(લે.ઈ.૧૮૧૧ આસપાસ)ના કર્તા. એમની ગરબીઓમાંથી ૪ ગરબીઓ આત્મજ્ઞાનવિષયક અને બાકીની કૃષ્ણભક્તિવિષયક હોવાનું જણાવાયું છે. 'અંબો'ની નામછાપવાળાં જ્ઞાનમૂલક રૂપકગ્રંથિવાળાં ૨ પદો તથા 'અંબા'ની નામછાપને કારણે ભૂલથી 'અંબાબાઈ'ના નામે મુકાયેલી કૃષ્ણવિરહની ૨ ગરબીઓ મુદ્રિત મળે છે તે આ કવિની જ રચનાઓ જણાય છે.

૩ કડવાનો 'સીતાવિવાહ'(મુ.) મળે છે તે ઉપર્યુક્ત અંબારામની કૃતિ હોવાનું નિશ્ચિતપણે ન કહી શકાય.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૨; ૨. ભવાની ભવાઈ પ્રકાશ, સં. હરમણિશંકર ધ. મુનશી; –; ☐ ૩. વસંત, વ. ૧૧ અં. ૧૩ – 'સ્ત્રીકવિ અંબાબાઈ', છગનલાલ વિ. રાવળ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬ – 'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્યો,' છગનલાલ વિ. રાવળ; ☐ ૩. ગૂહાયાદી. [ચિ.ત્રિ.]

અંબાશંકર[ ] : અંબાજી માતાનાં પદના કર્તા.

સંદર્ભ : ૧. ગુજકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ચિ.ત્રિ]

આગમમાણિક્ય[ ] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય જિનહંસના શિષ્ય. સોમસુંદરસૂરિની પરંપરાના લક્ષ્મીસાગરસૂરિ(જ.ઈ.૧૪૦૮ – અવ.ઈ.૧૪૮૧ ?)એ જિનહંસને આચાર્યપદ આપ્યાનો ઉલ્લેખ મળે છે. કવિના ગુરુ ઉક્ત જિનહંસ હોય તો કવિનો સમય ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ ગણાય. એમના રાસઉ, આંદોલા અને ફાગના રચનાબંધવાળા, ૨૭ કડીના 'જિનહંસગુરુ-નવરંગ-ફાગ'(લે.સં.૧૬મી સદી અંતભાગ/સં.૧૭મી સદી આરંભ અનુ.; મુ.)માં પરંપરાગત રૂપકશૈલીએ ગુરુના શીલનો મહિમા વર્ણવાયો છે. આંતરયમકના વ્યાપક વિનિયોગવાળા આ કાવ્યમાં કવિએ સૌંદર્યવર્ણન અને વિરહવર્ણનની તક લીધી છે અને 'વસંતવિલાસ'નું સ્મરણ કરાવતી કેટલીક મનોરમ પંક્તિઓ પણ એમાં મળે છે.

કૃતિ : પ્રાફાગુસંગ્રહ (+ સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ.' [શ્રા.ત્રિ.]

આજ્ઞાસુંદર(ઉપાધ્યાય) [ઈ.૧૪૬૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનવર્ધનસૂરિના શિષ્ય. ૩૩૪ કડીના 'વિદ્યાવિલાસ-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૪૬૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

આણંદ– : જુઓ આનંદ–.

'આત્મજ્ઞાન વિશે' : આ શીર્ષક નીચે મુકાયેલાં ધીરાનાં ૧૦ પદો(મુ.) સળંગ કૃતિ તરીકે કલ્પાયેલ હશે એવી ખાતરી થતી નથી. ૧૦માંથી ૮ પદો કાફીપ્રકારનાં છે અને ચુસ્તપણે જ્ઞાનમાર્ગને વળગે છે, જ્યારે અન્ય ૨ પદો પ્રેમલક્ષણાભક્તિની પરિભાષાનો વિનિયોગ કરીને ચાલે છે. "તરણા ઓથે ડુંગર"ની જેમ સંસારની ઓથે અદૃષ્ટ રહેતા પરમ તત્ત્વની અલૌકિકતા અને એનો અનુભવ દૃષ્ટાંતપરંપરા અને "ઊલટી સરિતા પડે ગગન પર, વિના વાદળ વરસાય", "તેતરડે સિંચાણો પકડયો" એવા અવળવાણીના ઉદ્‌ગારો વડે બલિષ્ઠતાથી આલેખતાં પદો વધારે ધ્યાન ખેંચે છે. "વિદેહની વારતા" માંડતા કવિની આ અનુભવમસ્તી તેમ "ખબરદાર મનસૂબાજી, ખાંડાની ધારે ચડવું છે" એમ રૂપકશૈલીએ વ્યક્ત થયેલી આત્મપ્રબોધની ચાનક પ્રભાવક બની છે. માયાની મોહકતા અને કાયાની નશ્વરતા વર્ણવતાં પદો અહીં છે, તેમ જ યોગમાર્ગી પદાવલિમાં પણ જ્ઞાનબોધ નિરૂપાયેલો છે. [૨.દ.]

આત્માનંદ (બ્રહ્મચારી) – ૧ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુ. 'સહજાનંદસ્વામી-ચરિત્ર'(મુ.)ના કર્તા. આ કવિને નામે નોંધાયેલ 'લીલાચિંતામણિ' ઉપર્યુક્ત કૃતિ જ હોવાનો સંભવ છે.

કૃતિ : સહજાનંદસ્વામિચરિત્ર, પ્ર. શાસ્ત્રી કૃષ્ણપ્રસાદ દવે, ઈ. ૧૯૮૨. [હ.ત્રિ.]

આત્માનંદ(સ્વામી) – ૨ [ઈ.૧૯મી સદી] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુ. દીક્ષા પૂર્વે મારવાડના ઠાકોર. જેમણે યુક્ત સાંપ્રદાયિક વારતાઓના કર્તા.

સંદર્ભ : મસાપ્રવાહ. [હ.ત્રિ.]

આત્મારામ : આ નામે 'કૃષ્ણ-ચરિત્ર' અને કેટલાંક પદો નોંધાયેલાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મળે છે તથા તિથિ અને ગરબી મુદ્રિત મળે છે. આ કયા આત્મારામ છે તે નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ; ઈ. ૧૯૨૩; ૨. કાદોહન : ૩.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [શ્રા.ત્રિ.]

આત્મારામ – ૧ [ ] : દોલતરામશિષ્ય. ઔષધ વિશેના 'આત્મપ્રકાશ' ગ્રંથના કર્તા.

સંદર્ભ : જેસલમીરભાંડાગારીય ગ્રન્થાનાં સૂચી, પ્ર. સેન્ટ્રલ લાઈબ્રેરી, ઈ. ૧૯૨૩. [કી.જો.]

આદિત/આદિતરામ/આદિત્યરામ : આદિતને નામે માતાજીવિષયક કેટલાંક મુદ્રિત પદો મળે છે જેમાંનાં ૧માં "અષ્ટાદશ અષાઢે રે કૃષ્ણપક્ષ ત્રતિયાને ગુરુવાર રે" એવી પંક્તિ છે જે સં. ૧૮૧૮ કે સં.૧૯૧૮ હોવાની શક્યતા છે. આદિતરામને નામે ૪ કડીનું ભજન (મુ.) મળે છે તથા આદિત્યરામને નામે કેટલાંક ગરબા, ગરબી, પદો વગેરે મળે છે. આ આદિત, આદિતરામ અને આદિત્યરામ કયા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ.૧૯૨૩; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [શ્રા.ત્રિ.]

'આદિનાથજીનો રાસ'[ર.ઈ.૧૭૬૮/સં. ૧૮૨૪, મહા સુદ ૧૩, રવિવાર] : ઉદયસાગરશિષ્ય ઉપાધ્યાય દર્શનસાગરકૃત ૫ ખંડ, ૧૬૭ ઢાળ અને ૬૦૮૮ કડીની દુહા-દેશીબદ્ધ રાસકૃતિ(મુ.).

પ્રથમ તીર્થંકર ઋષભદેવના જન્મ-મહોત્સવ, બાળક્રીડા, લગ્ન, વસંતક્રીડા, વરસીતપ, કેવળજ્ઞાનપ્રાપ્તિ, ચતુર્વિધ સંઘની સ્થાપના, સિદ્ધાચલગમન તથા અષ્ટાપદમાં નિર્વાણ – એ સમગ્ર જીવનચર્યાને આવરી લેતી આ કૃતિમાં એમના ૧૨ પૂર્વભવો ઉપરાંત ભરતના મોક્ષગમન સુધીનું ભરત-બાહુબલિ-વૃત્તાંત પણ વીગતે આલેખાયું છે એ ખાસ ધ્યાન ખેંચે છે. કવિએ પ્રસંગોપાત્ત દૃષ્ટાંત રૂપે નૃપરાજ આદિની કથાઓ ગૂંથી લીધી છે અને ઋષિદત્તા જેવી કથા પૂરી ૧૩ ઢાળ સુધી વિસ્તારીને કહી છે તે પ્રાસાદિક કથાનિરૂપણમાં કવિનો રસ અને એમની ગતિ બતાવે છે.

કાલચક્ર, ચક્રવર્તીનાં રત્નો, વાસ્તુશાસ્ત્ર, શકુનશાસ્ત્ર, રાજાનાં ૩૬ લક્ષણો, સ્વપ્નફળ તથા વાસુદેવ અને ચક્રીઓની સંખ્યા જેવી માહિતીલક્ષી વીગતોથી કૃતિને અમુક રીતનો આકરગ્રંથ બનાવવાનો પ્રયાસ થયો છે, તે ઉપરાંત વનખંડ, નગરી, સૈન્ય, પાત્રોનાં દેહાદિક, વરસાદી માર્ગ વગેરેનાં, કેટલીક વાર આલંકારિક રીતે તો કેટલીક વાર નક્કર વીગતોથી વર્ણનો થયાં છે તે સઘળું કવિની નિપુણતાનું દ્યોતક છે. કૃતિમાં પાનેપાને આવતાં સંસ્કૃત, પ્રાકૃત અને હિન્દી ભાષાનાં સુભાષિતો કવિની બહુશ્રુતતા સૂચવે છે. હેમચંદ્રાચાર્ય તથા વિનયચંદ્રકૃત આદિનાથચરિત્રો, ધનેશ્વરસૂરિકૃત 'શત્રુંજયમાહાત્મ્ય' અને જયશેખરસૂરિકૃત 'ઉપદેશચિંતામણિ-વૃત્તિ' જેવા ગ્રંથોનું અભ્યાસપૂર્ણ આકલન કરી રચાયેલ આ રાસકૃતિ એના વિસ્તાર તથા વાચનક્ષમતાથી ધ્યાન ખેંચે છે. [ર.ર.દ.]

આધાર[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ભરૂચના ખેડાવાળ બ્રાહ્મણ, અવટંકે દવે અને કડુજીના પુત્ર હોવાનું નોંધાયું છે, પરંતુ કૃતિઓમાં 'આધારભટ' એટલી જ નામછાપ મળે છે. ઈ.૧૬૬૪માં રચાયેલા વીરજીના 'સુરેખાહરણ'ની ઈ.૧૬૯૮મી પ્રતમાં એમનું નામ દાખલ થયેલું જોવા મળે છે, તેથી એ ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું માની શકાય. એમને નામે મળતી કૃતિઓમાંથી 'સુરેખાહરણ' મૂળ વીરજીની અને 'શામળશાનો વિવાહ'(મુ.) મૂળ હરિદાસની કૃતિ છે. આધારભટનું કર્તૃત્વ ગણાય એવું એમાં કશું જણાતું નથી. 'શામળશાનો વિવાહ'ની ર.ઈ.૧૬૭૦(સં. ૧૭૨૬, કારતક સુદ ૧) નોંધાયેલી મળે છે, પરંતુ મુદ્રિત પાઠનો એને ટેકો નથી. આધારભટ વ્યવસાયે કથાકાર હશે ને તેથી આ કૃતિઓમાં પોતાનું નામ દાખલ કરી દીધું હશે એવા તર્કને પૂરો અવકાશ છે, પરંતુ એમને નામે નોંધાયેલી નરસિંહ મહેતાને થયેલાં રાસલીલાનાં દર્શનને વર્ણવતી 'નરસિંહ મહેતાની રાસપંચાધ્યાયી'માં અન્ય કોઈ કવિનું કર્તૃત્વ હોવાનું નિર્ણીત કરી શકાય તેમ નથી.

કૃતિ : ૧. નરસૈં મહેતાનું આખ્યાન, સં. હીરાલાલ ત્રિ. પારેખ, ઈ.૧૯૨૩(+ સં.); ૨. બૂકાદોહન : ૮(+ સં.).

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોંહનામાવલિ. [ર.સો.]

આનંદ/આનંદ(મુનિ)/આણંદ/આણંદો : આણંદ અને આનંદ-મુનિ આ નામોથી 'મહાવીરજિન-સ્તવન' (ર.ઈ.૧૬૫૧), 'જૂગટું ન રમવા વિશે સઝાય/ સોગઠાં-સઝાય' (લે.ઈ.૧૮૧૩; મુ.), ૭ કડીનું 'શાંતિજિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૧૮ કડીની 'તમાકુની સઝાય' (મુ.) અને બીજી કેટલીક ગુજરાતી-હિન્દી જૈન કૃતિઓ (કેટલીક મુ.) મળે છે તે કયા કવિ છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

આનંદ અને આણંદોને નામે કેટલાંક કૃષ્ણવિષયક અને અન્ય પદો મળે છે તે કોઈ જૈનેતર કર્તા હોઈ શકે. એ કર્તા કોણ છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈપ્રપુસ્તક : ૧.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોંહનામાવલિ; ૪. મુપુગૂહસૂચી; ૫. લીહસૂચી; ૬. હૈજૈજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આનંદ(મુનિ)–૧[ઈ. ૧૪૫૧માં હયાત] : રત્નાકરગચ્છના જૈન સાધુ. રત્નસિંહસૂરિના શિષ્ય. સાધ્વીજી ધર્મલક્ષ્મીનું જીવનવૃત્તાંત વર્ણવતા અને એમનો ગુણાનુવાદ કરતા ૫૩ કડીના 'ધર્મલક્ષ્મી-મહત્તરા-ભાસ'(ર.ઈ.૧૪૫૧; મુ.)ના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય(+ સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કુ.દે.]

આણંદ–૨[ઈ.૧૫૦૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિ-સાધુવિજયની પરંપરામાં કમલસાધુના શિષ્ય. ૨૯ કડીના 'પંચબોલગર્ભિત-ચોવીસજિન-સ્તવન'(ર.ઈ.૧૫૦૬; મુ.)ના કર્તા.

આ કૃતિ ક્વચિત્ ભૂલથી આણંદવિજય તેમ જ કમલવિજયને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામે નોંધાયેલી મળે છે.

કૃતિ : ૧. જૈસંગ્રહ; ૨. રત્નસાર : ૨, પ્ર. શા. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કુ.દે.]

આનંદ–૩[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિ (રાજ્યકાળ ઈ.૧૬૧૮ – ઈ.૧૬૪૪) વિશે એમની હયાતીમાં રચાયેલા ૭ કડીના 'જિનરાજસૂરિગુરુ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [કુ.દે.]

આનંદ(સૂરિ)- ૪[ઈ.૧૬૮૪માં હયાત] : જૈન સાધુ. મહેન્દ્રસૂરિ–શાંતિસૂરિના શિષ્ય. 'સુરસુંદરી-રાસ'(૨. ઈ.૧૬૮૪)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨. [કુ.દે.]

આણંદ(મુનિ)–૫[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. ત્રિલોકસિંહના શિષ્ય. ૪૭ કડીના 'ગણિતસાર' (૨. ઈ. ૧૬૭૫/સં. ૧૭૩૧, શ્રાવણ –), ૪ ખંડ અને ૩૧ ઢાળના 'હરિવંશ-ચરિત્ર' (૨.ઈ.૧૬૮૨/સં.૧૭૩૮, કારતક સુદ ૧૫, સોમવાર) તથા શિવજી-ઋષિના આચાર્યકાળ (ઈ.૧૬૩૨–ઈ.૧૬૭૭) દરમ્યાન રચાયેલ ૧૪ કડીના 'શિવજી-આચાર્યનો સલોકો'ના કર્તા. દિલ્હીમાં રચાયેલી પહેલી કૃતિમાં હિંદી ભાષાની અસર છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કુ.દે.]

આનંદ–૬[ઈ.૧૮૪૬માં હયાત] : જોધપુરવાસી ઓસવાલ શ્રાવક. પિતા જેઠમલ. ૩૫ ઢાળની 'જંબુસ્વામી-ગુણરત્નમાલ'(૨.ઈ.૧૮૪૬)-ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કુ.દે.]

આનંદકીર્તિ[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. જિનરાજસૂરિ-(રાજ્યકાળ ઈ.૧૬૧૮ – ઈ.૧૬૪૪)ના શિષ્ય. ૫ કડીના 'જિન-રાજસૂરિગુરુ-ગીત' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧ [કુ.દે.]

આનંદઘન [ઈ.૧૭મી સદી] : જૈન સાધુ. મૂળ નામ લાભાનંદ. તપગચ્છમાં દીક્ષા લીધી હોવાનો સંભવ. અવસાન મેડતામાં.

આનંદઘને રાજાના મેળાપ સમયે તાવને કપડાંમાં ઉતારી, કપડાં બાજુએ મૂકયાં અથવા તો શેઠનાં વચનો સાંભળી, વેશ છોડી એ જંગલમાં ચાલ્યા ગયા – જેવી પ્રચલિત દંતકથાઓ માટે કોઈ આધાર નથી. આનંદઘનનો ઉપાધ્યાય યશોવિજયજી સાથે મેળાપ થયો હતો અને તેને પરિણામે ઉપાધ્યાય યશોવિજયજીએ આનંદઘનની સ્તુતિ-રૂપ અષ્ટપદીની રચના કરી હતી.

રાજસ્થાનીમિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલાં તથા તીર્થંકરોનાં માત્ર મહિમાગાન કરવાને બદલે, આત્મ-સાધનાની ક્રમિક વિકાસ-યાત્રાનું આલેખન કરતાં અને યોગમય, અનુભવપૂત તત્ત્વવિચાર તેમ જ લાઘવયુક્ત વાણીથી નોંધપાત્ર બનતાં 'આનંદઘન-ચોવીસી'(મુ.)ના પ્રાપ્ત થયેલાં ૨૨ સ્તવનો જૈનપરંપરામાં આગવી ભાત પાડે છે. 'આનંદઘન-બહોંતેરી'(મુ.) તરીકે ઓળખાયેલાં પણ ૭૩ જેટલી સાંખ્યામાં પ્રાપ્ત થતાં મુખ્યત્વે રાજસ્થાની ભાષાનાં પદોમાં સાંપ્રદાયિક નિરૂપણને સ્થાને કબીર, નરસિંહ અને મીરાંનાં પદોના જેવો સાધકની આનંદમય અનુભવમસ્તીનો કવિત્વમય ઉદ્‌ગાર મળે છે. આ રીતે આનંદઘનનાં સ્તવનો અને પદો એ કોઈ સાંપ્રદાય-વિશેષની સાંપત્તિ બની રહેવાને બદલે, પ્રત્યેક આત્મજ્ઞાનીને માટે પથપ્રદર્શક બને તેવાં હોઈ મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાપરંપરામાં પોતાનું ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ઉપરાંત આનંદઘન પાસેથી ૨૫ કડીનું 'ચોવીસ તીર્થંકરનું સ્તવન', તીર્થંકરો વિશેનાં અન્ય છૂટક સ્તવન-પદો તથા 'હોરી-સ્તવન', 'અધ્યાત્મ-ગીત' વગેરે કૃતિઓ(મુ.) મળે છે. એમણે સંસ્કૃતમાં પણ 'સિદ્ધ-ચતુર્વિંશતિકા' રચેલી છે.

કૃતિ : ૧. આનંદઘન એક અધ્યયન (સ્તવન-બાવીસીને અનુ-લક્ષીને), કુમારપાળ દેસાઈ, ઈ.૧૯૮૦ (+સં.) : ૨. આનંદઘન ચોવીસી, સં. પ્રભુદાસ બે. પારેખ, ઈ.૧૯૫૦ (+સં.); ૩. એજન, સં. રતિલાલ દી. દેસાઈ, ઈ.૧૯૭૦ (+સં.); ૪. આનંદ-ઘનજીનાં પદો : ૧, ૨, સં. મોતીચંદ ગિ. કાપડિયા, ઈ.૧૯૫૬ (+સં.); ૫. આનંદઘન પદસંગ્રહ ભાવાર્થ, સં. બુદ્ધિસાગર સૂરીશ્વરજી, ઈ.૧૯૫૪ (+સં.); ૬. ચોવીસી, સં. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૨ (+સં.); ☐ ૭. રાયચંદ્ર જૈન કાવ્યમાલા : ૧, સં. મનસુખલાલ ૨. મહેતા, ઈ.૧૯૦૮ (+સં.).

સંદર્ભ : ૧. આનંદઘનજીનું દિવ્યજિનમાર્ગદર્શન અને પ્રભુ-સેવાની પ્રથમ ભૂમિકા, ભગવાનદાસ મહેતા, ઈ.૧૯૫૫; ☐ ૨. શબ્દસંનિધિ, કુમારપાળ દેસાઈ, ઈ.૧૯૮૦ – 'કબીર, મીરાં અને અખાના સંદર્ભમાં આનંદઘન.' [કુ.દે.]

'આનંદઘન-ચોવીસી' : આનંદઘનકૃત ૨૨ સ્તવન જ મળતાં હોવાથી અન્ય રચયિતાઓએ, આનંદઘનને કે પોતાને નામે ૨ સ્તવનો રચીને પૂર્ણ કરેલી આ 'ચોવીસી'(મુ.)માં તીર્થંકરોના ગુણાનુવાદ જેવાં રૂઢ તત્ત્વોને સ્થાને આધ્યાત્મિક પ્રક્રિયાનું આલેખન છે અને તેથી એ જૈન ચોવીસી-પરંપરામાં જુદી ભાત પાડે છે. ૨૧ સ્તવનોમાં તત્ત્વવિચારણાનો સળંગ આલેખ છે ને પરમાત્માનો માર્ગ, પૂજનના પ્રકાર, શાંતિનું સ્વરૂપ, મનનો વિજય, જૈન-દર્શનની વિશેષતા વગેરે વિષયો આલેખાયા છે. ૨૨મા સ્તવનમાં નેમરાજુલનો પ્રસંગ નિરૂપાયો છે. અલંકારોની ચમત્કૃતિને બદલે યોગમય, અનુભવપૂત તત્ત્વવિચાર અને નૈસર્ગિક લાઘવયુક્ત વાણીનું બળ પ્રગટ કરતાં આ સ્તવનોની ભાષાનું કાઠું રાજસ્થાની છે, પરંતુ તેમાં ગુજરાતી ભાષાનો સ્પર્શ વિશેષપણે જોવા મળે છે. એથી, ગુજરાતના પ્રદેશોમાં લાંબો સમય વિહાર કરનાર આનંદ-ઘનની ઉત્તરાવસ્થાનું આ સર્જન હોય એમ સમજાય છે. આ સ્તવનો ઉપર જ્ઞાનવિમલસૂરિ અને જ્ઞાનસારે રચેલા સ્તબક મળે છે અને ઉપાધ્યાય યશોવિજયે પણ સ્તબક રચ્યો હોવાની માહિતી મળે છે તે આ સ્તવનોનું જૈનપરંપરામાં ગૌરવભર્યું સ્થાન હોવાનું નિર્દેશે છે. જ્ઞાનસારે તો આનંદઘનને 'ટંકશાળી' એટલે નગદ સત્યનો ઉપદેશ આપનાર તરીકે ઓળખાવ્યા છે. [કુ.દે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનંદચંદ્ર : આ નામે 'પાર્શ્વનાથ-સ્તોત્ર' તથા 'સુવિધિનાથ-સ્તોત્ર' નોંધાયેલ મળે છે તે આનંદચંદ્ર–૧ હોવાનું નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [કુ.દે.]

આનંદચંદ્ર–૧[ઈ.૧૬૦૪ માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સમરચંદ્રની પરંપરામાં પૂર્ણચંદ્રના શિષ્ય. ૮૪ કડીની 'સત્તરભેદી-પૂજા' (ર.ઈ.૧૬૦૪)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩ (૧). [કુ.દે.]

આણંદદાસ [ ] : જૈન. ૧ બોધાત્મક છપ્પા(મુ.)ના કર્તા.

કૃતિ : શનીશ્વરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, સં. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨ (ત્રીજી આ.). [કી.જો.]

આનંદનિધાન[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનલબ્ધિસૂરિની પરંપરામાં મતિવર્ધનના શિષ્ય. ૧૩૪ કડીની 'મૌનએકાદશી-ચોપાઈ' (ર.ઈ.૧૬૭૧) અને 'દેવરાજ-વત્સરાજ-ચોપાઈ'(ર.ઈ.૧૬૯૨/સં.૧૭૪૮, વૈશાખ સુદ –)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩ (૨); ૨. મુપુગૂહસૂચી. [કુ.દે.]

આણંદપ્રમોદ[ઈ.૧૫૩૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ચરણપ્રમોદની પરંપરામાં હર્ષપ્રમોદના શિષ્ય. ૬૩ ઢાળની 'શાંતિજિન-વિવાહ-પ્રબંધ/શાંતિનાથ-ધવલ/નવરસસાગર' (ર.ઈ.૧૫૩૫), આશરે ૬૯ કડીની 'જિનપાલજિનરક્ષિત-પ્રબંધ/રાસ/સઝાય' તથા ૧૪ કડીની 'વેશ-સઝાય'ના કર્તા. પહેલી કૃતિ ક્યાંક હર્ષપ્રમોદને નામે પણ નોંધાયેલી મળે છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આનંદમતિ[ઈ.૧૫૦૭માં હયાત] : જૈન સાધુ. રાજશીલના શિષ્ય. ૨૦૫ કડીના 'વિક્રમખાપરા-ચરિત્ર-રાસ'(ર.ઈ.૧૫૦૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કુ.દે.]

'આનંદમંદિર-રાસ' : જુઓ 'ચંદ્રકેવલીનો રાસ.'

આણંદમેરુ [ઈ. ૧૬૮૪ ચુંવાળમાં] : જૈન સાધુ. 'કલ્પસૂત્રવ્યાખ્યાન-ભાસ' (લે.ઈ. ૧૬૮૪)ના કર્તા. હસ્તપ્રતોમાં આ કૃતિની સાથે મળતી અને 'જૈન ગૂર્જર કવિઓ'એ આણંદમેરુને નામે મૂકેલી 'કાલિક-સૂરિ-ભાસ' પીપલગચ્છના ગુણરત્નસૂરિ (ઈ. ૧૪૫૭માં હયાત) કે તેના શિષ્યની જણાય છે. આણંદમેરુ આ ગુણરત્નસૂરિના શિષ્ય હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કુ.દે.]

આણંદરુચિ[ઈ.૧૬૮૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ઉદયરુચિની પરંપરામાં પુણ્યરુચિના શિષ્ય. 'આદિજિનસ્તવનાગર્ભિત-ષટ્આરાપુદ્ગલપરાવર્તસ્વરૂપ-સ્તવન' (ર.ઈ.૧૬૮૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩ (૨); ૨. લીંહસૂચી. [કુ.દે.]

આનંદવર્ધન : આ નામે ૧૨ કડીની 'સિદ્ધાંતસાર-સઝાય' (લે. ઈ. ૧૬૧૯), ૯ કડીની 'અભક્ષ્યઅનન્તકાયવિચાર-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૧૨ છપ્પાની 'ત્રેસઠસલાકાપુરુષઆયુષ્યાદિ-બત્રીસસ્થાનકવિચારગર્ભિત-સ્તવન' (મુ.) તથા 'સાધુદિનચર્યાસઝાય-બત્રીસી' એ કૃતિઓ મળે છે. આ કૃતિઓ કયા આનંદવર્ધનની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૮ – 'ત્રેસઠસલાકાપુરુષ-આયુષ્યાદિબત્રીસસ્થાનકવિચારગર્ભિત-સ્તવન,' સં. રમણિકવિજયજી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આનંદવર્ધન(સૂરિ)–૧[ઈ.૧૫૫૨માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ધનવર્ધનના શિષ્ય. ૧૨૭ કડીની 'પવનાભ્યાસ-ચોપાઈ' (ર.ઈ. ૧૫૫૨/ સં.૧૬૦૮, આસો –) તથા 'આધ્યાત્મિક પદ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કુ.દે.]

આણંદવર્ધન–૨[ઈ.૧૭મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં મહિમાસાગરના શિષ્ય. એમની 'ચોવીસજિનગીત-ભાસ/ચોવીસી' (ર.ઈ.૧૬૫૬; મુ.) ભક્તિની આર્દ્રતા પ્રગટ કરતાં તથા ભક્તિસ્નેહવિષયક સૂત્રાત્મક ઉદ્ગારોને ગૂંથી લેતાં ગીતોમાં રચાયેલી હોવાથી જુદી તરી આવે છે. એમાંનાં કેટલાંક પદો હિન્દીમાં છે. બાકીનાં પદો પર હિન્દીનો પ્રભાવ વર્તાય છે. હિન્દીમિશ્રા ગુજરાતી ભાષાની ૨૪ કડીની 'નેમિરાજિમતી-બારમાસા' (ર.ઈ.૧૬૬૦; મુ.) પણ ભાવાનુપ્રાણિત રચના છે અને પ્રકૃતિના સ્વચ્છસુંદર ચિત્રણથી તેમ જ ક્વચિત્ અલંકાર-વૈચિત્ર્યના આશ્રયથી ધ્યાનપાત્ર બને છે. ૮ ઢાળ અને ૯૪ કડીના 'અરણિકમુનિ/અર્હન્નકઋષિ-રાસ'(ર. ઈ.૧૬૪૬/૧૬૪૮; મુ.)માં પણ કવિએ ભાવનિરૂપણની તક લીધી છે. બધી જ કૃતિઓ ભાષાનું માધુર્ય, રસિક ધ્રુવાઓ અને ગેય ઢાળોના વિનિયોગથી રસપ્રદ બનેલી છે. ૧૫૨ કડીની 'સીમંધરસ્વામી-આત્મનિંદાસ્વરૂપ-દોગ્ધક' (ર.ઈ.૧૬૫૩), ૭ કડીની 'જંબૂસ્વામીની સઝાય' (મુ.), ૯ કડીની 'અંતરીક્ષપાર્શ્વનાથજિન-છંદ' (મુ.) તથા સિદ્ધસેનસૂરિના 'કલ્યાણમંદિર-સ્તોત્ર' પર બાલાવબોધ – આ કવિની અન્ય કૃતિઓ છે.

કૃતિ . ૧. અસસંગ્રહ; ૨. અસ્તમંજુષા; ૩. ચોવીસંગ્રહ; ૪. જૈસસંગ્રહ (ન); ૫. પ્રાછંદસંગ્રહ; ૬. પ્રામબાસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આનંદવલ્લભ[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. રામચન્દ્રના શિષ્ય. 'દંડકસંગ્રહણી બાલાવબોધ' (ર.ઈ.૧૮૨૪/ સં. ૧૮૮૦, માગશર –) તથા સમયસુંદરકૃત 'વિશેષશતક' પર ભાષા-ગદ્ય (ર.ઈ.૧૮૨૬/ સં.૧૮૮૨, જેઠ સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કુ.દે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનંદવિજય : આ નામે ૨૩ કડીની 'જીવદયા-સઝાય' (લે. ઈ. ૧૮૪૬) તથા ૧૩ કડીની 'સનત્કુમારરાજર્ષિ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.) મળે છે. આ આનંદવિજય કયા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આનંદવિજય–૧[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. વિમલકીર્તિના શિષ્ય. વિમલકીર્તિના અવસાન (ઈ.૧૬૩૬) પછી રચાયેલી ૬ કડીની 'વિમલકીર્તિગુરુ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [કુ.દે.]

આનંદવિજય–૨[ઈ.૧૭૪૪ સુધીમાં] : જૈન સાધુ. વિજયદેવ-સૂરિની પરંપરામાં જ્ઞાનવિજયના શિષ્ય. ૪ કડીની 'ઋષભજિન-સ્તુતિ'-(લે.ઈ.૧૭૪૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કુ.દે.]

આનંદવિજય–૩[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયમાનસૂરિ(જ.ઈ.૧૬૫૧ – અવ.ઈ.૧૭૧૪)ના શિષ્ય. 'ક્ષેત્રસમાસ' પરના બાલાવબોધ(૨.ઈ.૧૭૨૦ આસપાસ)ના કર્તા.

સંદર્ભ : જૈસાઇતિહાસ. [કુ.દે.]

આનંદવિજય–૪ [ઈ.૧૭૯૯માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. પંડિત રત્નવિજયની પરંપરામાં ઉત્તમવિજયના શિષ્ય. ૩ ખંડની 'ઉદાયનરાજર્ષિ-ચોપાઈ'(લે.ઈ.૧૭૯૯, સ્વહસ્તલિખિત)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કુ.દે.]

આનંદવિમલ(સૂરિ)[જ.ઈ.૧૪૯૧ – અવ.ઈ.૧૫૪૦/સં. ૧૫૯૬, ચૈત્ર સુદ ૭] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિના શિષ્ય. સંસારી નામ વાઘજી. જન્મ ઈલાદુર્ગ(ઈડર)માં. ઓસવાલ જ્ઞાતિ. પિતા મેઘજી, માતા માણેકદેવી. દીક્ષા ઈ.૧૪૯૬. ઈ.૧૫૨૬માં ૫૦૦ સાધુઓને લઈને ચાણસ્મા પાસેના વડાવળી ગામમાં ધર્મશિથિલતા દૂર કરવા માટે તેમણે ક્રિયોદ્ધાર કર્યો. ઈ.૧૫૨૭માં તેઓ ગચ્છનાયક બન્યા. સાધુઓ માટેના આચાર-વિચાર પાળવાના ૩૫ બોલનો લેખ 'યતિબંધારણ/સાધુમર્યાદાપટ્ટક' (મુ.) પાટણમાંથી ઈ.૧૫૨૭માં બહાર પાડ્યો. આ લેખ પરથી એ સમયના સાધુસમાજમાં પ્રવર્તેલી શિથિલતાનો ખ્યાલ આવે છે.

કૃતિ : ૧. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૩૬ – 'આનંદવિમલસૂરિ નિર્મિત સાધુમર્યાદાપટ્ટક', સં. અગરચંદ નાહટા; ૨. જૈન સાહિત્ય સંશોધક, ફાગણ ૧૯૮૪ – 'આનંદવિમલસૂરિએ કરેલું યતિબંધારણ.'

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ૨. તપાગચ્છ પટ્ટાવલી, સં. કલ્યાણ-વિજયજી મહારાજ, ઈ. ૧૯૪૦. [કુ.દે.]

આણંદવિમલ(સૂરિ)શિષ્ય[ઈ.૧૬મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલસૂરિના અવસાન (ઈ.૧૫૪૦) પછી વિજયદાનસૂરિના રાજ્યકાળ(ઈ.૧૫૩૧ – ઈ.૧૫૬૬)માં રચાયેલી, આણંદવિમલનું ચરિત્ર વર્ણવતી ૧૯ કડીની સઝાય(મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧ (+સં.). [કી.જો.]

આનંદસાર[ઈ.૧૫૦૫માં હયાત] : જૈન સાધુ. 'અજિતનાથ-સ્તવન'(૨.ઈ.૧૫૦૫)ના કર્તા. આનંદસારને નામે ૭૨ કડીની 'નેમિનાથ-સ્તવન' તથા ૪ કડીની 'મહાવીરજિન-સ્તુતિ' એ કૃતિઓ મળે છે તે આ કવિની હોવા સંભવ છે.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આનંદસુંદર[ ] : ૨૩ કડીના 'નેમિનાથ-સ્તવન' તથા ૨૧ કડીના ગુજરાતીની છાંટવાળી હિંદીમાં રચાયેલા ૧ સ્તવન(મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. શા. હીરજી હંસરાજ, –.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

આણંદસોમ[જ.ઈ.૧૫૪૦/સં.૧૫૯૬, કારતક સુદ ૧૫ – અવ.ઈ.૧૫૮૦/સં.૧૬૩૬, ભાદરવા વદ ૫] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં સોમવિમલસૂરિના શિષ્ય. દીક્ષા ઈ.૧૫૪૪. સૂરિપદ ઈ.૧૫૬૯. કાવ્યરચનાકાળ સુધીનું સોમવિમલસૂરિનું જીવનવૃત્તાંત વર્ણવતા અને ગુરુગુણનો મહિમા ગાતા ૧૫૬ કડીના 'સોમવિમલસૂરિ રાસ' (૨.ઈ.૧૫૬૩/સં. ૧૬૧૯, મહા – ૧૦, ગુરુવાર; મુ.) તથા ૫૩ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય'(૨.ઈ.૧૫૬૬/સં.૧૬૨૨, શ્રાવણ સુદ ૧૦)ના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [કુ.દે.]

આનંદહર્ષ[ ] : જૈન સાધુ. ૮ અને ૯ કડી ધરાવતી 'વિજયદેવસૂરિ-ભાસ' નામક ૨ કૃતિઓ, (બંનેની લે. સં. ૧૮મી સદી અનુ.), ૪ કડીની 'સિદ્ધાચલની સ્તુતિ' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૧૫ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય/રાજ્યમાન-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [કુ. દે.]

આનંદાનંદ (બ્રહ્મચારી) [ઈ.૧૯મી સદી] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુ. ભુજના વતની. 'ભુજનો દિગ્વિજય'ના કર્તા.

સંદર્ભ : મસાપ્રવાહ. [હ.ત્રિ.]

આનંદીબહેન [ઈ. ૧૭મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ આચાર્ય ગોકુલનાથનાં અનુયાયી સ્ત્રી ભક્તકવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

આણંદોદય[ઈ.૧૬૦૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ભાવહર્ષસૂરિની પરંપરામાં જિનતિલકસૂરિના શિષ્ય. ૩૦૭ કડીની 'વિદ્યાવિલાસ-ચોપાઈ'(૨.ઈ.૧૬૦૬/સં.૧૬૬૨, આસો સુદ ૧૩, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કુ.દે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'આરણ્યકપર્વ' : નાકરનું ૧૧૫ કડવાંનું આ આખ્યાન(મુ.), કવિની અન્યત્ર પણ જોવા મળતી પદ્ધતિ પ્રમાણે, આરંભમાં ૯ કડવાંમાં 'આદિ-પર્વ' અને 'સભા-પર્વ'નો સંક્ષિપ્ત સાર આપે છે. કથાના અખંડ પ્રવાહને રસિકતાથી રજૂ કરવા માટે કવિએ મહાભારતની મૂળ કથાનાં કેટલાંક પેટાપર્વો છોડી દીધાં છે, કેટલાક પ્રસંગોના ટૂંકા સાર આપીને ચલાવી લીધું છે, કથાક્રમનિરૂપણમાં ફેરફાર કર્યા છે અને પોતા તરફથી કેટલાક કાવ્યોચિત પ્રસંગો પણ ઉમેર્યા છે. દૃષ્ટાંત તરીકે, મૂળની સુદીર્ઘ નળકથા અહીં માત્ર ૨ કડવાંમાં સમેટાઈ ગઈ છે. બીજી બાજુથી, નિવાતકવચયુદ્ધકથા તેમ જ અર્જુનના પ્રવાસની માહિતી બેવડાવવા જેવા સંકલનદોષ પણ ક્વચિત્ કવિથી થઈ ગયા છે.

આ કૃતિ નાકરની કવિત્વશક્તિનો નોંધપાત્ર પરિચય કરાવે છે. અર્જુનવિયોગી યુધિષ્ઠિર, પતિવ્રતા સૌંદર્યાનુરાગી દ્રૌપદી અને સંવેદનશીલ ધૃતરાષ્ટ્રનાં ચરિત્રચિત્રણો એમના કોમળ હૃદયભાવોથી આસ્વાદ્ય બન્યાં છે. અર્જુન અને શંકર, નિવાતકવચ અને અર્જુનના જેવા યુદ્ધપ્રસંગો તેમ જ દ્વૈતવન આદિ વનો તથા ગંધમાદન પર્વત વગેરેનાં વર્ણનો કવિની ઓજસભરી કે પ્રાસાનુપ્રાસની રમણીયતાભરી કાવ્યબાનીથી અસરકારક બન્યાં છે. કવિની કાવ્યશક્તિ દ્રૌપદી-જયદ્રથ વગેરેના સંવાદોમાં, કેટલાક સુંદર અલંકારોના વિનિયોગમાં તેમ જ વિવિધ લયની દેશીઓના પ્રયોગોમાં પણ પ્રગટ થાય છે. [ચિ.ત્રિ.]

આલ-ઈમામ [ ] : દેલમી ઉપદેશક-પરંપરાના નિઝારી સૈયદ. ૧૭ કડીના જ્ઞાનબોધક પદ (ગુ.)ના કર્તા.

કૃતિ : સૈંડશાગીસંગ્રહ : ૪. [ખ્યા.કે.]

આલમચંદ[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સમયસુંદરની પરંપરામાં આસકરણના શિષ્ય. ૧૩ ઢાળની 'મૌન-એકાદશી-ચોપાઈ' (૨.ઈ. ૧૭૫૮/સં. ૧૮૧૪, મહા સુદ ૫, રવિવાર), ૧૧૪ કડીની હિંદી ભાષાની 'જીવવિચારભાષા/જીવવિચાર-સ્તવન' (૨.ઈ.૧૭૫૯/સં.૧૮૧૫, વૈશાખ સુદ ૫, શુક્રવાર); 'સમકિત-કૌમુદી-ચતુષ્પદી' (૨.ઈ.૧૭૬૬/સં.૧૮૨૨, માગશર સુદ ૪) અને ઈ.૧૭૬૮માં જિનયુક્તિસૂરિની પાટે આવેલા જિનચંદ્રની તેમની હયાતીમાં પ્રશસ્તિ કરતા ૧૩ કડીના 'ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

આલુ[ ] : જૈન. 'બાર ભાવના'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

આશકરણજી[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. જેમલજીની પરંપરામાં રાયચંદ્રના શિષ્ય. ૧૦ કડીની 'નિર્ગ્રંથ મુનિનું સ્તવન/સાધુવંદનાની સઝાય' (૨.ઈ. ૧૭૮૨; મુ.) ૧૯ કડીની 'સામાયિકમાં બત્રીસ દોષના નિવારણની સઝાય' (૨.ઈ.૧૭૮૨; મુ.), ૭ ઢાળની 'નમિરાયની ઢાળ' (૨.ઈ. ૧૭૮૩/સં. ૧૮૩૯, પોષ સુદ ૧૩; મુ.), 'ચૂંદડી-ઢાળ' અને ૭ ઢાળની 'ધન્નામુનિની ઢાળ' (૨.ઈ.૧૮૦૩/સં. ૧૮૫૯, વૈશાખ વદ –; મુ.) એ કૃતિઓના કર્તા. 'નમિરાયની ઢાળ' તથા 'ધન્ના-મુનિની ઢાળ'માં ભાષા હિન્દી-રાજસ્થાની-પ્રધાન છે.

કૃતિ : ૧. જૈન વિવિધ ઢાલ સંગ્રહ, પ્ર. જેઠમલ ભૈ. શેઠિયા, ઈ.૧૯૨૩; ૨. જૈસમાલા (શા) : ૨, ૩. જૈન સ્વાધ્યાય મંગળ-માલા : ૧, સં. મુનિશ્રી શામજી, ઈ.૧૯૬૨.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

આશાધર [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

આશારામ : આ નામે કેટલાંક ભજનો-પદો (મુ.), ૪૦ કડીનો 'મહિષા-સુરીનો ગરબો' (મુ.) તથા રામલીલાનાં પદો મળે છે, તે કયા આશા-રામ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. કાદોહન : ૨; ૨. દેવી-માહાત્મ્ય અથવા ગરબા-સંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭; ૩. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. પ્રેમપુરીજી, ઈ.૧૮૮૫ (સુધારેલી આ.); ૪. ભજનસાગર : ૧; ૫. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોંહનામાવલિ. [નિ.વો.]

આશારામ–૧[ઈ.૧૭૫૦માં હયાત] : જ્ઞાતિએ નાગર. સારંગપુરના વતની. ૭૮ કડીના 'સુદામા-ચરિત્ર'(૨.ઈ.૧૭૫૦/૨.સં.૧૮૦૬, શ્રાવણ – ૩, મંગળવાર; મુ.)ના કર્તા. આ કવિએ 'ધ્રુવાખ્યાન', બીજાં આખ્યાનો તથા ગુજરાતી- હિંદી પદો રચ્યાં હોવાનું અનુમાન પણ કરવામાં આવ્યું છે.

કૃતિ : ૧. બુદ્ધિપ્રકાશ, એપ્રિલ-જૂન, ૧૯૩૬ – 'કવિ આશારામ અને તેમનું સુદામાચરિત્ર', કનૈયાલાલ ભા. દવે (+સં.). [નિ.વો.]

આશારામ–૨ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : મોતીલાલ નાગર(અવ. ઈ.૧૮૩૬)ના શિષ્ય. યથોચિત દૃષ્ટાંતોથી પ્રભુસ્મરણ કરવાનો બોધ આપતાં ૨ પદો(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૨ (+સં.). [નિ.વો.]

આસગ/આસિગ [ઈ.૧૨૦૧માં હયાત] : રાસકવિ. જૈન શ્રાવક. શાંતિસૂરિના શિષ્ય. પિતાનું નામ અસાઈત જણાય છે અને તેનો વાલા-મંત્રી સાથેનો કશોક સંબંધ કાવ્યમાં ઉલ્લેખાયેલો છે. મોસાળ જાલોરથી આવીને સહજિગપુરમાં પાર્શ્વનાથના દેરાસરમાં 'જીવદયા-રાસ'ની રચના કરી. ૫૩ કડીની 'જીવદયા-રાસ' (૨.ઈ.૧૨૦૧/સં.૧૨૫૭, આસો સુદ ૭; મુ.), ગેય પ્રકારના ચરણાકુલની છંદોરચનાની દૃષ્ટિએ ધ્યાન ખેંચતી બોધપ્રધાન રચના છે. એમાં તત્કાલીન નગરો-ગામો-સ્થાનોનો ઉલ્લેખ મળે છે એટલી એની ઐતિહાસિક ઉપયોગિતા છે. એ જ પ્રકારની છંદોરચના ધરાવતી ૩૫ કડીની 'ચંદનબાલા-રાસ' (મુ.), ચંદનબાળાનું ધર્મકથાનક રજૂ કરતી કૃતિ છે. આ કવિએ ૫૮ કડીની 'કૃપણગૃહિણી-સંવાદ'(મુ.) નામની રચના પણ કરી છે. 'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવન'માં પરિશિષ્ટમાં આ કવિની 'જીવદયા-રાસ' અને 'ચંદનબાલા-રાસ' ઉપરાંત શીર્ષક વિનાની ૧ કૃતિ પણ નોંધાયેલી છે તે કઈ છે તે કહી શકાય તેમ નથી. કવિની કૃતિઓની ભાષા અપભ્રંશપ્રધાન ગુજરાતી છે.

કૃતિ : પ્રાગુકાસંચય.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ:૧; ૨. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ૩. મરાસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

આંબાજી[જ.ઈ.૧૬૧૬] : ઝીંઝુવાડાના ઝાલા રાજવી યોગરાજના પુત્ર. માતા ગંગાદેવી. મોટાભાઈ સામંતસિંહ (જ.ઈ.૧૬૧૨/સં. ૧૬૬૮, અસાડ સુદ ૧૫ – અવ.ઈ.૧૭૩૦/સં.૧૭૮૬, ચૈત્ર વદ ૩૦) સાથે કબીરપરંપરાના સ્વામી યાદવદાસ પાસે ઈ.૧૬૩૦માં દીક્ષા. બંને ભાઈઓનાં દીક્ષા પછીનાં નામ અનુક્રમે અમરપ્રસાદ-ચૈતન્ય/અમરદાસ અને ષટ્પ્રજ્ઞચૈતન્ય/ષષ્ટમદાસ. ષટ્પ્રજ્ઞદાસ ઈ. ૧૬૩૪માં દૂધરેજની ગાદીના આચાર્ય બન્યા અને પછીથી છઠ્ઠા બાવાને નામે ઓળખાયા. અમરદાસનું બીજું નામ ભજનાનંદ હોવાનું અને તેમણે ભેંસાણમાં સમાધિ લીધી હોવાનું નોંધાયું છે. આ સંપ્રદાયમાં નિર્ગુણ ઉપાસના સાથે રામભક્તિનું મિશ્રાણ થયેલું છે અને એના અનુયાયી મુખ્યત્વે રબારી છે, જે આંબા(અમરદાસ)ને અથવા ખડા(ષષ્ટમદાસ)ને માનનારા હોય છે. 'આંબો છઠ્ઠો' એ નામછાપથી ૨ પદ મુદ્રિત મળે છે અને અન્ય પદો ગવાતાં હોવાનું કહેવાય છે તે અમરદાસજીની રચના હોય અને એમણે આદરથી છઠ્ઠા બાવાનું નામ જોડયું હોય એવો સંભવ વધારે છે, કેમ કે અમરદાસજી ભજનો રચતા હતા એવી માહિતી મળે છે. બન્ને ગુરુનામોને જોડીને પાછળથી આ રચનાઓ થઈ હોય એવો સંભવ પણ સાવ નકારી ન શકાય.

કૃતિ : ૧. પરમાર્થસાર, સં. નરસિંહ શર્મા, ઈ. ૧૯૦૩; ૨. સોસંવાણી.

સંદર્ભ : ૧. રામકબીરસંપ્રદાય, કાંતિકુમાર સી. ભટ્ટ, ઈ.૧૯૮૨; ૨. સત્પુરુષચરિત્રપ્રકાશ, માયારામજી, સં. ૧૯૮૯ [જ.કો.]

આંબો(છઠ્ઠો) : જુઓ આંબાજી.

ઈચ્છા/ઈચ્છારામ : ઈચ્છાને નામે ૪ કડીનું સંતમહિમાનું પદ(મુ.) અને ૩૪ કડીનું 'રાસ'ને નામે ઓળખાવાયેલું ભક્તગાથા રજૂ કરતું પદ(મુ.) મળે છે.

ઈચ્છારામને નામે ૬ કડીની લાવણી મુદ્રિત મળે છે અને ૮ કડીનો 'રણછોડજીનો છંદ', 'રામ-વિવાહ' અને 'રાસ' – આ કૃતિઓ નોંધાયેલી મળે છે. આ ઈચ્છા અને ઈચ્છારામ એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૧; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : ગૂહાયાદી. [કૌ.બ્ર.]

ઈચ્છાબાઈ[ઈ.૧૯મી સદી મધ્યભાગ] : રણછોડજીનાં ભક્ત કવયિત્રી. ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ. વૈધવ્યાવસ્થામાં ૩૦ વર્ષ ડાકોરમાં રણછોડજીના પ્રસાદ પર જીવી, આશરે ઈ.૧૮૫૯માં અવસાન પામ્યાં હોવાનું કહેવાય છે. તેમણે અનેક પદો રચ્યાં હોવાનું મનાય છે, જેમાંથી રણછોડજી વિશેનું ૧ પદ મુદ્રિત મળે છે.

કૃતિ : બૃકાદોહન : ૭ (+સં.). [ચ.શે.]

ઈન્દ્ર : આ નામે ૧૦ કડીની 'કૃષ્ણમહારાજ/કૃષ્ણવાસુદેવની સઝાય'(મુ.) મળે છે તે કયા ઈન્દ્ર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈસસંગ્રહ (ન.); ૨. સઝાયમાલા : ૧–૨(જા). [ચિ.ત્રિ.]

ઈન્દ્ર[ઈ.૧૬૭૫ સુધીમાં] : જૈન સાધુ. નેમિસાગરના શિષ્ય. ૩૮ કડીના 'સીમંધરજિનપંચબોલા-સ્તવન'(લે.ઈ.૧૬૭૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચિ.ત્રિ.]

ઈન્દ્રજી (ઋષિ)[ ]જૈન સાધુ. ૧૧ કડીની 'ભરત-ચક્રવર્તીની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧, મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨. [ચિ.ત્રિ.]

ઈન્દ્રસૌભાગ્ય : આ નામે 'નેમિજિન-ફાગુ' મળે છે પરંતુ તેના કર્તા કયા ઈન્દ્રસૌભાગ્ય છે તે વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી.

સંદર્ભ : પ્રાચીન કાવ્યોંકી રૂપપરંપરા, અગરચંદ નાહટા, ઈ.૧૯૬૨. [કી.જો.]

ઈન્દ્રસૌભાગ્ય (ઉપાધ્યાય)–૧[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. રાજસાગરસૂરિની પરંપરામાં સત્યસૌભાગ્યના શિષ્ય. ઈ.૧૬૯૧ સુધી હયાત હોવાની માહિતી મળે છે. ગદ્યમાં 'ધૂર્તાખ્યાન-પ્રબંધ-બાલાવબોધ' (૨.ઈ.૧૬૫૬), ૫૮ કડીના 'જીવવિચારપ્રકરણ-સ્તવન,' 'નેમિજિનફાગવસંતગર્ભિત-સઝાય' તથા ૩૨ કડીના 'રાજસાગરસૂરિનિર્વાણ'ના કર્તા. આ કર્તાએ રાજસાગરસૂરિ-(જ. ઈ. ૧૫૮૧ – અવ.ઈ.૧૬૬૫)ના રાજ્યમાં સંસ્કૃતમાં 'મહાવીર-વિજ્ઞપ્તિ-ષટ્ત્રિંશિકા'ની રચના કરી છે.

સંદર્ભ : ૧. જૈઐકાસંચય; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચિ.ત્રિ.]

'ઈન્દ્રાવતી'/પ્રાણનાથ (સ્વામી)/મહામતિ/મહેરાજ[જ. ઈ.૧૬૧૯/સં.૧૬૭૫, ભાદરવા વદ ૧૪, રવિવાર – અવ. ઈ.૧૬૯૫/સં. ૧૭૫૧, શ્રાવણ વદ ૪, શુક્રવાર] : 'ઈન્દ્રાવતી'ને નામે કાવ્યરચના કરનાર પ્રાણનાથ-સ્વામી. જામનગરના કેશવ ઠક્કરના પુત્ર. માતા ધનબાઈ. જન્મનામ મહેરાજ. જ્ઞાતિ લોહાણા. પૂર્વાવસ્થાનું નામ દયાસાગર હોવાનું પણ કહેવાયું છે. પ્રાણામી પંથ/નિજાનંદસંપ્રદાયના સંસ્થાપક દેવચંદ્ર પાસે ઈ.૧૬૩૧માં દીક્ષા લઈ પ્રાણનાથ નામ ધારણ કરેલું. સંપ્રદાયમાં તેઓ નિષ્કલંક બુદ્ધ એવા અવતારી નામે તથા શ્રીજી એવા આદરવાચક અભિધાનથી પણ ઓળખાય છે. આ કવિ બુંદેલખંડના રાજા છત્રસાલના ગુરુ હતા, દેશમાં વિવિધ સ્થળે તેમ જ અરબસ્તાન સુધી એમણે પ્રવાસ કરેલો, અરબી વગેરે વિવિધ ભાષાઓ એ જાણતા, ઈસ્લામ તેમ જ ખ્રિસ્તી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વગેરે ધર્મોનો એમણે અભ્યાસ કરેલો તથા સામાજિક અને ધર્મ-સમન્વય અંગેની પ્રવૃત્તિઓ એમણે કરી હતી – એવી માહિતી મળે છે. બુંદેલખંડના પન્નામાં એમણે જીવતાં સમાધિ લીધેલી.

ભૂલથી સ્ત્રીકવિ તરીકે ઓળખાવાયેલા આ કવિનું 'ઇન્દ્રાવતી' તથા કેટલાંક હિંદી પદોમાં મળતું 'મહામત/મહામતિ' – એ કવિનામ પ્રાણામી પંથની, વિશિષ્ટ દાર્શનિક અવસ્થા દર્શાવતી, પારિભાષિક સંજ્ઞાઓ છે. ઉત્તરોત્તર આવી વિશિષ્ટ અવસ્થાઓમાંથી પસાર થતાં પ્રાણનાથે એમના હિંદી પદસંગ્રહની પ્રારંભિક રચનાઓ પ્રાણ-નાથને નામે, મધ્યસમયની રચનાઓ ઇન્દ્રાવતીને નામે તથા ઉત્તર-કાલીન રચનાઓ મહામતિને નામે કરી હોવાનો તર્ક પણ થયો છે.

આ સંપ્રદાયનાં મંદિરોમાં પૂજાતો બૃહદ્ ગ્રંથ 'તારતમસાગર/શ્રીજીમુખવાણી/કુલજમસરૂપ' (મુ.) પ્રાણનાથની, કીર્તનોના સંચય સમેતની, ગુજરાતી ઉપરાંત હિંદી, ઉર્દૂ, સિંધી ને અરબીમાં રચા-યેલી ૧૪ કૃતિઓનો સંગ્રહ છે. એમાં ૫ કૃતિઓ ગુજરાતીમાં છે.

કેટલાંક કીર્તનોમાં 'મહામત', 'મહેરાજ' એવી નામછાપ મળે છે એ સિવાય આ કવિની સર્વ ગુજરાતી કૃતિઓ 'ઇન્દ્રાવતી' નામછાપ દર્શાવે છે. એમાં ૬ ઋતુઓ, અધિક માસ ને કલશના ૮ ખંડોમાં મલ્હાર, સામેરી, વસંત, ધુમાર, ધન્યાશ્રી આદિ વિભિન્ન રાગોને પ્રયોજતી ૧૭૬ કડીની 'ષડ્ ઋતુવર્ણન' તથા સળંગ મલ્હારમાં ચાલતી ૧૧૯ કડીની 'વિરહની બારમાસી' એ, 'ષડ્ ઋતુ' એવા એક જ શીર્ષક હેઠળ મુકાયેલી, ૨ કૃતિઓ (૨.ઈ.૧૬૫૯) સૌથી વધુ નોંધપાત્ર છે. સંપ્રદાયભક્તિના ઇંગિતો દર્શાવતી પહેલી કૃતિ કરતાં ગોપીના કૃષ્ણવિયોગને નિરૂપતી બીજી કૃતિ વિશેષ સઘન છે પરંતુ, પ્રત્યેક ઋતુના કલ્પનાપૂર્ણ વર્ણન સાથે ઘેરા વિપ્રલંભને આલેખતી બંને કૃતિઓ સંવેદનની ઉત્કટતાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. આ ઉપરાંત ચોપાઈની ૯૧૩ કડીમાં કૃષ્ણની રાસલીલાને વર્ણવતો 'રાસગ્રંથ' (૨.ઈ.૧૬૫૯), આત્માને સન્માર્ગે લાવવાના ઉપાય વિશે પ્રબોધ કરતો ચોપાઈની ૧૦૬૪ કડીનો 'પ્રકાશ' (૨.ઈ.૧૬૫૯), પાખંડીઓના મતનું ખંડન તથા મોક્ષમાર્ગના ઉપદેશને વિષય કરતો ૫૦૬ કડીનો 'કલશગ્રંથ' (૨.ઈ.૧૬૬૩) એ એમની અન્ય દીર્ઘ કૃતિઓ છે. કવિએ વિવિધ સ્થળોની યાત્રા દરમ્યાન ઈ.૧૬૫૯થી ઈ.૧૬૯૨ના સમયગાળામાં રચેલાં ગણાતાં ગુજરાતી ઉપરાંત હિંદી-સિંધી ભાષામાંનાં કીર્તનોમાં પ્રેમ-ભક્તિનાં સંવેદનોનું તથા જ્ઞાન ને ભક્તિબોધનું આલેખન થયેલું છે.

'તારતમસાગર'માં નથી એવા, ૧૯ કડીના 'વૈરાટવર્ણન'(મુ.)-માં વિરાટ સાથેના મિલન તથા લગ્નનું રૂપકાત્મક નિરૂપણ છે.

આ ઉપરાંત ભાગવતની રાસપંચાધ્યાયીને અનુસરતી ૪૬૮ કડીની કૃતિ 'શ્રીનાથજીનો શણગાર' પણ આ કવિને નામે ગણા-વાયેલી છે.

કૃતિ : ૧. તારતમસાગર, સં. સંતમંડળ, ઈ. ૧૯૭૩; ☐ ૨. પ્રાકાસુધા:૩(+સં.),૪; ૩. બૃકાદોહન:૮.

સંદર્ભ : ૧. કવિચરિત:૩; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસારસ્વતો; ૪. ગુસાપઅહેવાલ:૨૦ – 'છત્રસાલગુરુ પ્રાણનાથ અને તેમની ગુજરાતી કૃતિઓ', અમૃત પંડ્યા; ૫. કલા ઔર સાહિત્ય, ગોવર્ધન શર્મા, ઈ.૧૯૫૯ – 'સાહિત્યમેં ગહરાઈકા અભાવ'; ☐ ૬. ઊર્મિ નવરચના, ઑક્ટો.-નવે. ૧૯૭૩ – 'નિજાનંદ(પ્રાણામી) સંપ્રદાય અને સંત પ્રાણનાથ', પ્રવીણચંદ્ર પરીખ; ☐ ૭. ગૂહાયાદી. [૨.સો.]

ઈમામશાહ [જ.ઈ. ૧૪૫૨–આવ.ઈ.૧૫૧૩] : દેલમી ઉપદેશક-પરંપરાના સૈયદ. સત્પંથને નામે ઓળખાતા એમના સંપ્રદાયમાં ઓ 'પીર' પણ લેખાય છે. હસન કબીરુદ્દીનના સૌથી નાના પુત્ર. માતા કરમતખાતૂન. જન્મ પંજાબના ઉચ્છ ગામમાં. આખું નામ ઈમા-મુદ્દીન અબ્દુરરહીમ. એમનાં જન્મ તથા અવસાનનાં વર્ષ-તિથિ વિશે જુદીજુદી માહિતી મળે છે જેના આધારો બહુ શ્રદ્ધેય નથી પણ ઉપર્યુક્ત વર્ષો વધારે માન્ય છે. આ ઉપરાંત ઈમામશાહ મહમદ બેગડા(ઈ.૧૪૫૮–ઈ.૧૫૧૧)ના સમયમાં ગુજરાતમાં આવી વસ્યા હતા એ હકીકત બિનવિવાદાસ્પદ જણાય છે. આ પૂર્વે એમણે ઈમામને મળવા ઈરાનની મુસાફરી કરી હોવાની માહિતી મળે છે. અમદાવાદ નજીક ગિરમથા ગામે સ્થાયી વસવાટ કરી, ઇસમાઈલી ઈમામોના માર્ગદર્શન અનુસાર ધર્મપ્રચારનું કામ એમણે કર્યું. અવસાન ગિરમથામાં. ત્યાં એમણે બંધાવેલા મકબરામાં એમને દફનાવવામાં આવેલ છે જે સ્થળ પીરાણા તરીકે આજે ઓળખાય છે.

ઈમામશાહને નામે મળતી કૃતિઓનું કર્તૃત્વ કેટલે અંશે એમનું હશે એ કહેવું મુશ્કેલ છે, કેમ કે એમાંની નિરૂપણપદ્ધતિ અને કેટલીક હકીકતો એવું સૂચવે છે કે ઈમામશાહ કે એમના ઉપદેશ વિશે પાછળથી રચના થઈ હોય. આ કૃતિઓમાં સંપ્રદાયમાં સ્વીકૃત થયેલો હિંદુ પુરાણકથાઓનો ભરપૂર ઉપયોગ છે અને એમાં ગુજરાતી ઉપરાંત હિંદી વગેરે કેટલીક ભાષાનાં મિશ્રાણો પણ નજરે પડે છે. 'જનાજાનું જ્ઞાન' એવા થોડા જુદા પાઠથી પણ મળતી ૧૫૪/૧૫૮ કડીની 'જન્નતપુરી' (*મુ.) ઈમામશાહના પોતાના જીવનવૃત્તાંતને વર્ણવે છે. પિતાના અવસાન વખતે પોતાનો ભાગ માગવા આવી પહોંચેલા ઈમામશાહ આ હેતુથી ઈરાનના ઈમામને મળવા જાય છે અને એની પરવાનગીથી સ્વર્ગની ગુલાકાત લઈ ઉચ્છમાં પાછા ફરે છે એ એનું વૃત્તાંત છે. એમાં સ્વર્ગવર્ણન હિંદુપદ્ધતિએ થયેલું છે. પિતાના અવ-સાનના વર્ષ તરીકે સં. ૧૫૭૫(ઈ.૧૫૧૯– જે ઈમામશાહના મૃત્યુ પછીનું વર્ષ છે)નો ઉલ્લેખ, કેટલાક અસંગત, અધ્ધર પ્રસંગ-નિરૂપણો તથા કેટલીક અસ્પષ્ટતાઓને કારણે એમ લાગે છે કે પાછળથી અનેક વાર પરિવર્તન પામેલી આ કૃતિમાં ઈમામશાહરચિત ઘણો થોડો અંશ સચવાયેલો હશે. ૧૦ ખંડ અને ૧૬૦૦ જેટલી કડીઓમાં વિસ્તરતી 'દશ અવતાર (મોટો)' (મુ.) હિંદુપરંપરાના ૧૦ અવતારની, આ સંપ્રદાયના કેટલાક લાક્ષણિક ઉન્મેષો વણી લેતી, કથા છે ને એમાં છેલ્લા નકલંકી અવતાર સાથે ઇસમાઈલી સંતોની પરંપરા સમાવી લીધી છે. ૫૭૮ કડીની અને દેખીતી રીતે જ ખોટું એવું સં.૧૪૩૭ (ઈ.૧૩૮૧)નું રચનાવર્ષ બતાવતી 'પાંડવોનો પરબ' (મુ.) મહાભારતના યુદ્ધ પછી પાંડવોએ પ્રાયશ્ચિત્ત રૂપે કરેલા યજ્ઞના પ્રસંગને વર્ણવે છે. કોઢિયા ચાંડાળ બુદ્ધ રૂપે હરિનું આવવું, યજ્ઞની અનાવશ્યકતા બતાવવી, એની પ્રેરણા આપનાર બ્રાહ્મણોને તથા ગાયને પણ શાપ આપવા ને હરિની સાથે જન્મ માગતા પાંડવોને કલિયુગનું દર્શન કરાવવું – વગેરે આ કથાનાં વિશિષ્ટ તત્ત્વો છે. ગદ્યમાં રચાયેલી 'મૂળ ગાયેત્રી યાને સૃષ્ટિનું મંડાણ અને નૂરે હિદા-યતનું વર્ણન' (મુ.) સૃષ્ટિની ઉત્પત્તિનો અને જુદાજુદા અવતારો, કલ્પો, યુગોનો ઇતિહાસ આલેખે છે, તો 'નકલંકી-ગીતા'(મુ.) પાતાળ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાગ, સ્વર્ગ, દ્વીપ, ખાણ, સમુદ્ર આદિની યાદીઓ સાથે પૌરાણિક વિશ્વદર્શન રજૂ કરે છે. આ બંને કૃતિઓમાં પણ મુખ્યત્વે હિંદુ-પુરાણ-દર્શન વ્યક્ત થયું છે.

ઈમામશાહની અન્ય કૃતિઓમાં મુખ્યત્વે નીતિબોધ અને ધર્મબોધ વણાયેલો છે. ૬૨૧/૬૩૦ કડીની 'મુમનચેતામણી (વડી)' (મુ.) એ સાથે સાંપ્રદાયિક ઇતિહાસ અને કુરાનની ધર્મકથાઓ પણ સમાવી લે છે. મુખ્યત્વે હિંદીમાં મળતી ૨૦/૨૨ પદની 'સતવેણી (નાની)' (મુ.) પણ એ જ પ્રકારની રચના છે. લગભગ અર્વાચીન ગદ્યમાં ૨૦ ખંડોમાં વિભક્ત 'વીસ ટોલ'(મુ.) શરાબ પીવો વગેરે ૧૯ પ્રકારના ગુના આચરનારની અને છેલ્લે ધર્માચરણ કરનારની જે સ્થિતિ થવાની છે તેનું ચિત્રાત્મક વર્ણન કરે છે. 'ગુગરીનાં દશ ગિનાન' (મુ.) ધર્મ કરનારને અમરાપુરીમાં બાંધેલી ઘૂઘરી નીચે જે દિવ્ય પદાર્થો ને વ્યક્તિઓની પ્રાપ્તિ થાય છે તેનું એવું જ ચિત્રાત્મક વર્ણન કરે છે. ૩૧૩/૩૨૩ કડીની 'તો મુનિવરભાઈ નાની/મુમન-ચિતવણી (નાની)'(મુ.) મૂર્તિપૂજાના નિષેધનો, તો 'જુગેસરનાં ગિનાન' એવા શીર્ષકથી મળતાં પદોમાં ઈમામશાહની છાપવાળાં ૪૯ પદો (મુ.) બાહ્ય સાધનોવાળા યોગમાર્ગને સ્થાને સદ્‌ગુરુને આશ્રયે ધર્મ-અધ્યાત્મમય જીવનનો બોધ કરે છે. ૭૧ પદમાં વિસ્તરતો ઈમામશાહનો એમની બહેન બાઈ બુઢાઈ સાથેનો સંવાદ (મુ.), ૩૩૨ કડીની હિંદી 'મન સમજાણી નાની અથવા મનને શિખામણો' (મુ.) તથા ૧૬૨ જ્ઞાનબોધક પદો (મુ.) આ પ્રકારની અન્ય કૃતિઓ છે.

આ ઉપરાંત, ઈમામશાહને નામે ગદ્યમાં ઈશ્વરાવતારવિષયક 'અથર્વવેદ-ગાવંત્રી', સ્વર્ગનરક-પાપપુણ્યવિષયક ૪૮૬ કડીની 'ઝંકાર', 'મૂળબંધ સોળ થલ' અને 'ચાર ચોક' એ કૃતિઓ નોંધાયેલી છે.

કૃતિ : ૧. ગિનાન ૬૦ જુગેસર અબધુનાં, પ્ર. મુખી લાલજીભાઈ દેવરાજ, ઈ. ૧૯૨૨ (બીજી આ.); ૨. * જન્નતપુરી, પ્ર. લાલજીભાઈ દેવરાજ, ઈ. ૧૯૦૫; ૩. તો મુનિવરભાઈ નાની યાને મુમન ચિત-વરણી, પ્ર. (ધ) રિક્રિયેશન ક્લબ ઈન્સ્ટિટ્યૂટ, ઈ. ૧૯૩૦ (બીજી આ.) ૪. નકલંકીગીતા, પ્ર. મુખી લાલજીભાઈ દેવરાજ, ઈ. ૧૯૨૦; ૫. પાંડવોનો પરબ (પર્વ), પ્ર. મુખી લાલજીભાઈ દેવરાજ, ઈ. ૧૯૨૧; ૬. મન સમજાણી નાની યાને મનને શિખામણ, મુ. ઈસ્માઈલિયા એસોસિયેશન ફૉર ઈન્ડિયા,–; ૭. મુમન ચેતામણી, પ્ર. (ધ) રિક્રિ-યેશન ક્લબ ઈન્સ્ટિટ્યૂટ, ઈ. ૧૯૨૪ (બીજી આ.); ૮. મૂળ ગાયેત્રી યાને સૃષ્ટિનું મંડાણ અને નૂરે હિદાયતનું વર્ણન, –; ૯.* મોમન ચેતામણી, પ્ર. ઈસ્માઈલિયા એસોસિયેશન ફૉર ઈન્ડિયા, ઈ. ૧૯૬૯; ૧૦. મોટો દશ અવતાર, મુખી લાલજીભાઈ દેવરાજ, ઈ. ૧૯૨૩ (બીજી આ.); ૧૧. સતવેણી નાની, મુ. ઈસ્માઈલી પ્રિન્ટિંગ પ્રેસ, ઈ. ૧૯૪૪ (ત્રીજી આ.); ૧૨. સૈયદ ઈમામશાહ તથા બાઈ બુઢાઈ-નો સંવાદ અને ગિનાન ૧૦ ગુગરીનાં, પ્ર. મુખી લાલજીભાઈ દેવરાજ, ઈ. ૧૯૨૧; ☐ ૧૩. સૈયદ ઈમામશાહનાં ગિનાનોનો સંગ્રહ, ઈસ્માઈલિયા એસોસિયેશન ફૉર ઈન્ડિયા, ઈ. ૧૯૬૯; ૧૪. બાવન ઘાટી તથા વીસ ટોલ, પ્ર. ઈસ્માઈલિયા એસોસિયેશન, ઈ. ૧૯૫૦; ૧૫. સૈઈશાગીસંગ્રહ : ૪.

સંદર્ભ : ૧. *ઈસ્માઈલી લિટરેચર, ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૬૩; ૨. *એન્સાઇકલોપીડિયા ઑવ ઈસ્લામ : ૩, પ્ર. લુઝાક ઍન્ડ કંપની, ઈ.૧૯૭૯; ૩. કલેકટેનિયા : ૧, સં. ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૪૮; ૪. ખોજા કોમની તવારીખ, ઓદલજી ધનજી કાબા, ઈ. ૧૯૧૨; ૫. ખોજાવૃત્તાંત, સચેદીના નાનજીઆણી, * ઈ. ૧૯૯૨, ઈ. ૧૯૧૮ (બીજી આ.); ૬. ખોજા સર્વસંગ્રહ : ૧, ઓદલજી ધનજી કાબા, ઈ. ૧૯૧૮; ૭. * (ધ) નિઝારી ઈસ્માઈલી ટ્રેડિશન ઇન ધ ઇન્ડો-પાક સબકૉન્ટિનન્ટ, આઝીમ નાનજી, ઈ. ૧૯૭૮; ૮. * નૂરમ મુબિન, એ. જે. ચુનારા, ઈ. ૧૯૫૧; ૯. (ધ) સેકટ ઑવ ઈમામશાહ ઇન ગુજરાત, ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૩૬. [ખ્યા. કે.]

ઈમારત[ ] : જ્ઞાતિએ ક્ષત્રિય. ગરબા-ગરબીના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [પા.માં.]

ઈશ્વર(સૂરિ) : આ નામે મળતી ઉપજાતિ-વૃત્તની 'ઈસરશિક્ષા/ઈશ્વરશિક્ષા-દ્વાત્રિંશિકા' (*મુ.) સંવેગસુંદરકૃત 'સારશિખામણ-રાસ'-(૨.ઈ. ૧૪૯૨)માં ઉલ્લેખાયેલ હોવાને કારણે ઈ. ૧૪૯૨ સુધીમાં રચાયેલી હોવાનું નિશ્ચિત થાય છે. છંદોબંધ તથા સમયસંદર્ભને કારણે ઈશ્વરસૂરિ–૧ની રચના હોવાની સંભાવના છે.

કૃતિ : *ગુજરાતી દીપોત્સવી અંક, ઈ.૧૯૩૭ – 'ઈસરશિક્ષા', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૭૮; ☐ ૨. ગુજરાતી દીપોત્સવી અંક, ઈ. ૧૯૪૨ – 'સારશિખામણરાસ', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [ક.શે.]

ઈશ્વર(સૂરિ)–૧ [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : સાંડેરગચ્છના જૈન સાધુ. યશોભદ્રસૂરિની પરંપરામાં શાંતિસૂરિના શિષ્ય. અપરનામ દેવસુંદર. તેમણે ઈ.૧૫૪૧માં નાડલાઈના મંદિરમાં આદિનાથની પ્રતિમાની પુનઃસ્થાપના કરી હતી. એમની કૃતિ 'લલિતાંગનરેશ્વર-ચરિત્ર/પ્રબંધ/રાસ' (૨.ઈ.૧૫૦૫) પ્રાકૃત, અપભ્રંશ તથા ગુજરાતી ભાષામાં રચાયેલી તેમ જ દુહા, કુંડલિયા, ઇન્દ્રવજ્રા, વસ્તુ વગેરે ૧૬ જેટલા સંસ્કૃત-અપભ્રંશ છંદોબંધ તથા કાવ્યબંધનો ઉપયોગ કરતી હોઈને અત્યંત નોંધપાત્ર બને છે. તેમાં વપરાયેલા છંદોબંધમાં અડિલ્લાર્ધ-બોલી, વર્ણનબોલી, યમકબોલી વગેરેનો ઉલ્લેખ થયો છે જે અમુક અંશે ગદ્યબંધ હોવાનો પણ સંભવ છે. એમણે દુહા-ચોપાઈ ઉપરાંત વિવિધ ઢાળોમાં 'શ્રીપાલ-ચોપાઈ/સિદ્ધચક્ર-ચોપાઈ' (૨.ઈ.૧૫૦૮/સં.૧૫૬૪, આસો સુદ ૮), ૭૩/૭૬ કડીની 'નંદિષેણ-છઢાળિયાં' અને ૬ કડીની 'નેમિજિન-ગીત' એ કૃતિઓ પણ રચેલ છે. તેમની સંસ્કૃત રચના 'સુમિત્ર-ચરિત્ર'(૨. ઈ. ૧૫૨૫)માં ઉલ્લેખાયેલી 'જીવ-વિચારપ્રકરણવિવરણ', 'સટીક-ષટ્‌ભાષા-સ્તોત્ર', 'યશોભદ્ર-પ્રબંધ/ફાલ્ગુ-ચિંતામણિ' તથા 'મેદપાટ-સ્તવન-સટીક' વગેરે અન્ય કૃતિઓમાંની ઘણીખરી સંસ્કૃતમાં હોવાની શક્યતા છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ:૧. [ક.શે.]

ઈશ્વર – ૨[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ-મહારાજના સમકાલીન અનુયાયી. એમની કૃતિઓમાંના ઉલ્લેખ પરથી અગમપુરાના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહેવાસી હોવાનું સમજાય છે. એમની રચેલી યોગની પરિભાષાનો વિનિયોગ કરતી ગુરુભક્તિની ને જ્ઞાનબોધક ૬ આરતી(મુ.) મળે છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, સં. ૨૦૩૩ (ચોથી આ.) [૨.સો.]

'ઈશ્વર-વિવાહ' : મુરારિનું ૪૦ કડવાંનું આ આખ્યાન(મુ.) શિવના પાર્વતી સાથેના લગ્નને નિરૂપે છે. સામાજિક રીતરિવાજો અને વિધિઓની વીગતોને ઝીણવટથી આલેખવા તરફ કવિનું લક્ષ રહ્યું છે એથી પાત્રો અને પ્રસંગો પર કવિના સમકાલીન સમાજની લાક્ષણિકતાઓનો પુટ ચડ્યો છે. ઇન્દ્ર, વિવિધ દેવો, બ્રહ્મા, યાદવ-મંડળ સહિત કૃષ્ણ અને વેદગાન કરતા મુનિઓના સમુદાયવાળી શંકરની જાનનું, વિલક્ષણ વેશવાળા શંકરને જમાઈ તરીકે જોતાં અકળાઈ જતી, નારીસહજ રોષ ને રીસ વ્યક્ત કરતી ને અંતે મનનું સમાધાન થતાં આનંદિત થતી પાર્વતીની માતા મેનકાનું તથા વિવિધ લગ્નવિધિઓનું આલેખન ખૂબ રસિક ને કવિના કૌશલનો પરિચય કરાવતું બન્યું છે. પદબંધમાં રાગ-ઢાળોનું વૈવિધ્ય જણાય છે. ઉપરાંત, શંકરને વધાવવા જતી યુવતીઓની લાક્ષણિકતાઓ કવિએ અનુ-પ્રાસાત્મક વિશેષણોથી આલેખી છે તે નોંધપાત્ર છે. [૨.સો.]

ઈસરદાસ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ–અવ. ઈ. ૧૫૬૬/સં. ૧૬૨૨, ચૈત્ર સુદ ૯] : રોહડિયા શાખાના બારોટ. જન્મ મારવાડમાં જોધપુર તાબે ભાદ્રેસ/ભાદ્રેજ/ભાદ્રેચીમાં. તેમનું વતન લીંબડી હોવાનું પણ નોંધાયું છે. પરંતુ ચારણી પરંપરા એ હકીકતનો સ્વીકાર કરતી નથી જણાતી. એક પરંપરા એમનો જન્મ ઈ. ૧૪૫૯(સં. ૧૫૧૫, શ્રાવણ સુદ ૨, શુક્રવાર)માં થયો હોવાનું જણાવે છે. પરંતુ એમના સૌથી નાના પુત્ર ગોપાળદાસનું ભૂચર મોરીના યુદ્ધ(ઈ. ૧૫૮૧)માં મૃત્યુ તથા જામનગર(સ્થાપના ઈ. ૧૫૪૦)ના જામ રાવળની રાજસભા સાથેનો એમનો સંબંધ – એ જોતાં જન્મસમય ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધમાં કદાચ લઈ જવો પડે. કવિના પિતા સુરાજી અને માતા અમરબા હતાં. પ્રથમ પત્ની દેવલબાઈ. બીજાં પત્ની રાજબાઈ તે દેવલબાઈનો જ અવતાર હતાં એમ કહેવાય છે. કવિ પોતાના ગુરુ તરીકે પીતાંબર ભટ્ટને નિર્દેશે છે તે જામ રાવળના દરબારમાં પંડિત હતા અને કવિને એમણે રાજભક્તિ તરફથી પ્રભુ-ભક્તિ તરફ વાળેલા એવી કથા છે. આ પ્રસંગ જામનગરમાં બન્યો હોવાની વાત વધારે પ્રચલિત છે પરંતુ કવિનો જન્મ ઈ. ૧૪૫૯માં માનતી ચારણી પરંપરા આ પ્રસંગ જામ રાવળ કેરાકોટ(કચ્છ)માં હતા ત્યારે બન્યો છે એમ નોંધે છે. ઈસરદાસના ઈશ્વરનિષ્ઠ જીવન અને ચમત્કારોની ઘણી વાતો મળે છે. સાંચાણા ગામે તેમણે દરિયામાં સમાધિ લીધેલી એમ કહેવાય છે.

ચારણી ભાષાસાહિત્યમાં અનેરું સ્થાન ભોગવતી, ભક્તિબોધક ને તત્ત્વજ્ઞાનાત્મક, ૩૬૦ કડીની 'હરિરસ'(મુ.)ને બીજી ૪૦ ઉપરાંત કૃતિઓના કર્તા તરીકે જાણીતા આ ભક્તકવિના શામળાને સંબોધીને રચાયેલા અને એક વખત તેમને આશ્રય આપનાર મુસ્લિમ દાદુની પ્રશસ્તિ કરતા સોરઠા કે દુહા ગુજરાતી ભાષામાં ઘણા જાણીતા છે. તે ઉપરાંત કવિના કોઈક ગીતમાં ગુજરાતી ભાષાનું તત્ત્વ નોંધપાત્ર પ્રમાણમાં દેખાય છે ને રામદેપીરના નિજિયાપંથનો પ્રભાવ વ્યક્ત કરતાં પાંચેક ભજનો વિશેષત: ગુજરાતી ભાષામાં મળે છે. ઈસરદાસે આ કૃતિઓ ગુજરાતી ભાષામાં રચી હશે કે કાળક્રમે ભાષા પરિવર્તન પામી હશે તે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. શ્રી હરિરસ, સંપા. શંકરદાન જે. દેથા, ઈ. ૧૯૨૮, ઈ. ૧૯૭૭ (નવમી આ.) (+સં.); ☐ ૨. (ભગત શ્રી કાળુજીકૃત) ભજનચિંતામણિ, મુ. સત્સંગ પ્રિન્ટિંગ પ્રેસ, સં. ૧૯૯૨.

સંદર્ભ : ૧. ઊર્મિનવરચના, ઑક્ટો.-નવે. ૧૯૭૫ – 'બારહઠ ગોપાળદાસનો પાળિયો', સં. બારહઠ કેસરદાનજી; ☐ ૨. ગૂહાયાદી; ૩. જૈગૂકવિઓ : ૩(૨); ૪. મુપુગૂહસૂચી; ૫. રાહસૂચી : ૧. [કી.જો.]

ઉકારામ [ ] : સુરતના રુસ્તમપુરાની ચલમ-વાડના ભક્તકવિ. તત્ત્વજ્ઞાન અને વેદાન્તના સિદ્ધાંતો તેમના 'ખ્યાલો'માંથી જુદા તરી આવે છે. અમુક પ્રસંગો બન્યા પછી 'ખ્યાલ'નો શોખ તેમણે તજી દીધો અને પ્રભુભક્તિમાં લીન થયા હતા. ત્યાર પછી તેમણે સેંકડો ભજનો રચ્યાં હતાં, તે આત્યારે મળતાં નથી.

'ઉકા' નામછાપથી કૃષ્ણવર્ણનને વિષય કરતું ૧ મુદ્રિત પદ મળે છે, જે ઉકારામનું હોવાની સંભાવના છે.

કૃતિ : પ્રાકાસુધા: ૨.

સંદર્ભ : ત્રૈમાસિક, એપ્રિલ-જૂન, ૧૯૩૯ – 'સુરતના કેટલાક સંતો અને ભક્તકવિઓ'; માણેકલાલ શં. રાણા. [કી.બ્ર.]

ઉજ્જવલ : જુઓ ઊજલ.

ઉત્તમ/ઉત્તમ(ઋષિ) : ઉત્તમના નામે ૯ કડીની 'જિન-આરતી' (લે. સં.૧૯મી સદી અનુ.) અને ઉત્તમઋષિને નામે મહેશ્વરસૂરિની પ્રાકૃત કૃતિ 'વિચારસારપ્રકીર્ણક' પરનો સ્તબક (લે.ઈ.૧૬૧૫) મળે છે પણ આ કર્તા કોણ છે એ સ્પષ્ટ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

ઉત્તમ–૧ [ઈ.૧૭૯૩માં હયાત] : જૈન સાધુ. હમીરવિજયશિષ્ય. અનુક્રમે ૭ અને ૮ કડીના 'શંખેશ્વરપાર્શ્વજિન-સ્તવન' અને 'શંખેશ્વરમંદિરવર્ણનગર્ભિત-સ્તવન' એ ૨ મુદ્રિત કૃતિઓના કર્તા. આ બંને કૃતિઓ ઈ.૧૭૯૩/સં.૧૮૪૯, વૈશાખ સુદ ૭, બુધવારે શંખેશ્વરમાં થયેલા મૂર્તિસ્થાપનાના ઉત્સવને વિષય કરે છે. આથી કવિ એ સમયમાં હયાત હોવાનું કહી શકાય.

કૃતિ : શંસ્તવનાવલી. [૨.સો.]

'ઉત્તમકુમારચરિત્ર-રાસ' [૨.ઈ.૧૬૯૬/સં.૧૭૫૨, ફાગણ સુદ ૫, ગુરુવાર] : જ્ઞાનતિલકશિષ્ય વિનયચંદ્રકૃત, જૈન ધર્મના કર્મફળના સિદ્ધાંતનું માહાત્મ્ય કરતી, ૩ અધિકારમાં વિભાજિત ૪૨ ઢાળ અને ૮૪૮ કડીની રાસકૃતિ (મુ.).

રાજા મકરધ્વજનો શીલવાન પુત્ર ઉત્તમકુમાર દેશાટને નીકળે છે અને શૂન્યદ્વીપના રાક્ષસરાજ ભ્રમરકેતુને હરાવીને દ્વીપની અધિ-ષ્ઠાત્રીએ કરેલી શીલની કસોટીમાં પાર ઊતરી આઠેક રત્નો ભેટ મેળવે છે. તેના ઉપર મોહિત થયેલી ભ્રમરકેતુની પુત્રી મદાલસાને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ એ પરણે છે. પણ મદાલસા પર મોહિત થયેલો વહાણવટી વેપારી સમુદ્રગુપ્ત ઉત્તમકુમારને ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દે છે. આ રીતે જુદાં પડેલાં ઉત્તમકુમાર અને મદાલસા અનેક સંકટોમાંથી પસાર થઈ અંતે ભેગાં થાય છે અને મદાલસા ઉપરાંત ૩ રાણીઓ અને ૪ રાજ્યોનો સ્વામી બનેલ ઉત્તમકુમાર પોતાના પૂર્વભવનું વૃત્તાંત સાંભળી વૈરાગ્ય ઊપજતાં ૪ રાણીઓ સાથે દીક્ષા લે છે.

અદ્‌ભુત અને વીરરસના પ્રસંગોથી ભરપૂર રોચક કથાનક ધરાવતો આ રાસ પ્રવાહી નિરૂપણ અને ઝડઝમકયુક્ત ભાષાછટાથી ધ્યાન ખેંચે છે. કૃતિમાંના ભ્રમરકેતુ અને મદાલસાનાં પાત્રોનાં, રાજા વીરસેન અને ભ્રમરકેતુ સાથેના ઉત્તમકુમારના યુદ્ધપ્રસંગોનાં, વસંતઋતુનાં તથા અન્ય વર્ણનો રાસકર્તાની વર્ણનકલાની ક્ષમતા સૂચવે છે. [૨.૨.દ.]

ઉત્તમચરણદાસ(સ્વામી) [ઈ. ૧૯મી સદી] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુ. એમણે સાંપ્રદાયિક પ્રચારાર્થે કેટલુંક ગદ્ય લખ્યું હોવાનો ઉલ્લેખ મળે છે.

સંદર્ભ : મસાપ્રવાહ. [હ.ત્રિ.]

ઉત્તમચંદ : આ નામે ૨૩ કડીની 'તમાકુપરિહાર-સઝાય' તથા 'વીશી' મળે છે પણ એ કયા ઉત્તમચંદની છે તે નિશ્ચિત નથી. 'વીશી' વિદ્યાચંદશિષ્ય ઉત્તમચંદને નામે નોંધાયેલી છે પણ એ માટે કશો આધાર નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩ (૨); ૨. લીંહસૂચી. [૨.સો.]

ઉત્તમચંદ-૧[ઈ.૧૬૩૯માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં દેવસાગરના શિષ્ય. ૩૧૯ કડીના 'સુનંદ-રાસ'(૨.ઈ.૧૬૩૯/સં.૧૬૯૫, અસાડ સુદ –)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૧). [૨.સો.]

ઉત્તમચંદ-૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં વિદ્યાચંદના શિષ્ય. 'ઉપધાન-વિધિ-સ્તવન'(૨.ઈ.૧૬૫૫/સં.૧૭૧૧, શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર) અને ૧૯ કડીના 'નેમિનાથ-સ્તવન'(લે.ઈ.૧૬૭૪, સ્વલિખિત)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

ઉત્તમચંદ-૩ [ઈ.૧૮૦૦માં હયાત] : જૈન સાધુ. ૧૧ કડીના 'કેસરિયા-સઝોકો'(૨.ઈ.૧૮૦૦/સં.૧૮૫૬, ફાગણ – ૯)ના કર્તા. સમય જોતાં ઉત્તમવિજય – ૩ હોવાની શકયતા વિચારી શકાય.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૭ – 'કતિપય ઔર સિલોકે', અગરચંદ નાહટા. [૨.સો.]

ઉત્તમરામ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : અંબાજીનાં શણગાર અને શક્તિનું ગાન કરતી ગરબી (૨.ઈ.૧૮૪૩/સં.૧૮૯૯, શ્રાવણ વદ ૯, રવિવાર; મુ.) તથા 'ડંકપુરમાહાત્મ્ય'(૨.ઈ.૧૮૪૪/સં.૧૯૦૦, આસો સુદ ૧૫, ભૃગુવાર; મુ.)ના કર્તા કોઈ એક જ ઉત્તમરામ હોય એવું સમજાય છે. ૩૦ કડવાં અને ૧૦૨૧ કડીના 'ડંકપુરમાહાત્મ્ય'માં ડાકોર અને તેની આસપાસનાં ગલતેશ્વર વગેરે ધાર્મિક સ્થળોની કથા ઉપરાંત બોડાણાની કથા, સૂત અને શૌનકના સંવાદ રૂપે, વીગતે કહેવાયેલી છે. પ્રસ્તાવનામાં આ કૃતિને દીનાનાથ ભટ્ટની સંસ્કૃત રચનાનો આધાર હોવાનું જણાવાયું છે.

કૃતિ : ૧. ડંકપુરમાહાત્મ્ય, પ્ર. બુદ્ધિવર્ધક હિન્દુ સભા, સં. ૧૯૦૭ (+સં.); ☐ ૨. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીરામ, સં.૧૯૭૯ (+સં.).

સંદર્ભ : ગૂહાયાદી. [ચિ.ત્રિ.]

ઉત્તમવિજય : આ નામે 'અધ્યાત્મસારપ્રશ્નોત્તર' (લે. સં. ૨૦મી સદી અનુ.) અને 'આબુતીર્થમાળા' (લે. સં.૧૯મી સદી અનુ.) એ ૨ કૃતિઓ મળે છે પણ તે કયા ઉત્તમવિજયની છે તે નક્કી થતું નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

ઉત્તમવિજય-૧ [જ.ઈ.૧૭૦૪ – અવ.ઈ.૧૭૭૧/સં.૧૮૨૭, મહા સુદ ૮] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં જિનવિજયના શિષ્ય. પૂર્વાશ્રમનું નામ પૂંજાશા. જન્મ અમદાવાદમાં. માતા માણેક. પિતા લાલચંદ. ઈ.૧૭૨૨માં ખરતરગચ્છના દેવચંદ્ર પાસે ધાર્મિક તત્ત્વગ્રંથોનો અભ્યાસ. ઈ. ૧૭૪૦માં જિનવિજય પાસે દીક્ષા. અવસાન અમદાવાદમાં.

૩ ઢાળ અને ૧૧ કડીનું, સ્વોપજ્ઞ ગદ્યટીકા સાથેનું 'સંયમશ્રેણી-ગર્ભિતમહાવીર-સ્તવન' (૨.ઈ.૧૭૪૩/સં.૧૭૯૯, વૈશાખ સુદ ૩, મુ.); ૩ ઢાળનું 'અલ્પબહુત્વવિચારગર્ભિત-મહાવીરજિન-સ્તવન'(૨.ઈ.૧૭૫૩/સં.૧૮૦૯, આસો સુદ ૨; મુ.); ઈ.૧૭૪૩માં નિર્વાણ પામેલા જિનવિજયનું સમગ્ર ચરિત્ર વર્ણવતો, દુહા-દેશીબદ્ધ ૧૬ ઢાળનો 'જિનવિજયનિર્વાણ-રાસ'(મુ.); ૩૧ કડીનું 'જિનઆગમ-બહુમાન-સ્તવન' (૨.ઈ.૧૭૫૩); 'અષ્ટપ્રકારી-પૂજા' (૨.ઈ.૧૭૫૭; મુ.), 'ચોવીસી' (૫ સ્તવન મુ.) અને કેટલાંક સ્તવનો-સઝાયો(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. સંયમશ્રેણીગર્ભિત મહાવીર સ્તવન સ્વોપજ્ઞ ગદ્યટીકા સાથે, સં. માનવિજય, ઈ.૧૯૨૨ (+સં.); ☐ ૨. જૈઐરાસમાળા : ૧ (+સં.); ૩. જૈગૂસારત્નો:૨ (+સં.); ૪. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ.૧૯૧૯; ૫. પૂજાસંગ્રહ, પ્ર. મોહનલાલ બાકરભાઈ, ઈ. ૧૮૮૪; ૬. પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

ઉત્તમવિજય-૨[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ઉપાધ્યાય યશોવિજયની પરંપરામાં સુમતિવિજયના શિષ્ય. 'નવપદ-પૂજા' (૨.ઈ.૧૭૭૪/સં.૧૮૩૦, શ્રાવણ સુદ –; મુ.), 'પિસ્તાળીસ આગમની પૂજા' (૨.ઈ.૧૭૭૮/સં.૧૮૩૪, કારતક સુદ ૧૫, બુધવાર), દેવપ્રભસૂરિની સંસ્કૃત કૃતિ 'પાંડવચરિત્ર-મહાકાવ્ય' પર વિજયધર્મસૂરિના રાજ્યકાળમાં રચાયેલા સ્તબક (૨.ઈ.૧૭૮૦) તથા રત્નશેખરસૂરિકૃત પ્રાકૃત 'શ્રાદ્ધવિધિ-વૃત્તિ' પર વિજયધર્મસૂરિ-શિષ્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજયજિનેન્દ્રના રાજ્યકાળ(ઈ.૧૭૮૧ – ઈ.૧૮૨૮)માં રચાયેલ સ્તવકના કર્તા.

કૃતિ : નવપદપૂજા, પ્ર. માણેક્ચંદ લ. શા., —.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૩ (૧, ૨); ૪. મુપુહગૂસૂચી. [૨.સો.]

ઉત્તમવિજય–૩[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિમલવિજયની પરંપરામાં ખુશાલવિજયના શિષ્ય. 'રહનેમિરાજિમતી-સઝાય'ના મુદ્રિત પાઠમાં ઉત્તમચંદ નામ મળે છે જે કવિનું આરંભનું નામ હોઈ શકે.

વિવિધ પ્રકારોમાં રચાયેલી આ કવિની કૃતિઓમાં સૌથી વધુ નોંધપાત્ર છે ૧૫ ઢાળ ને ૨૧૦ કડીની 'નેમિનાથની રસવેલી'← (૨.ઈ.૧૮૩૩/સં.૧૮૮૯, ફાગણ સુદ ૭; મુ.). નેમિનાથને વિવાહ માટે સમજાવતી કૃષ્ણની રાણીઓના રસિક પ્રસંગનું વીગતે નિરૂપણ કરીને તથા રાજુલના વિલાપપ્રસંગને કેવળ નિર્દેશથી પતાવીને કવિએ સંકલ્પપૂર્વક કૃતિને એકરસકેન્દ્રી બનાવી છે એ તેની વિશિષ્ટતા છે. અનુપ્રાસાત્મક ભાષાથી તેમ જ કલ્પનાની તાજગીથી પણ કૃતિ સમૃદ્ધ થયેલી છે.

દુહા અને ભાવનાસ્તવન કે ભાવનાપદ તરીકે ઓળખાવાયેલાં ગીતો સાથે ૭ ઢાળની 'પંચતીર્થ-પૂજા' (૨.ઈ.૧૮૩૪/સં.૧૮૯૦, ફાગણ સુદ ૫; મુ.), શત્રુંજય વગેરે ૫ તીર્થોના તીર્થંકરોની પૂજાની પરંપરાગત કૃતિ છે. પરંતુ એમાં ક્યાંક કાવ્યત્વ લાવવાનો પ્રયાસ થયેલો છે અને ગેય ઢાળો તથા રાગો અને ગેયતાને પોષક સુંદર ધ્રુવાઓ પ્રયોજાયેલાં છે તે નોંધપાત્ર છે. કવિએ કોઈ કોઈ ઢાળ અને ગીતમાં હિંદી ભાષા પણ પ્રયોજી છે.

આ ઉપરાંત કવિની અન્ય દીર્ઘ કૃતિઓ છે : ૧૫ તિથિ અને ૧૨ માસના વર્ણનને સમાવતી, ૧૫ ઢાળની 'નેમિરાજિમતીસ્નેહવેલ' (સંભવત: ૨.ઈ.૧૮૨૦/સં.૧૮૭૬, આસો વદ ૧૫, મંગળવાર), સિદ્ધાચલનો મહિમા અને ઇતિહાસ વર્ણવતી ૧૩ ઢાળની 'સિદ્ધાચલ સિદ્ધવેલી' (૨.ઈ.૧૮૨૯/સં.૧૮૮૫, કારતક સુદ ૧૫; મુ.); ૪ ખંડ અને ૭૧ ઢાળનો 'ધનપાળશીલવતીનો રાસ' (૨.ઈ. ૧૮૨૨/સં.૧૮૭૮, માગશર – ૫, સોમવાર) અને ૭ ઢાળનો 'ઢુંઢક-રાસ/લુમ્પકદોષક-તપગચ્છજ્યોત્પત્તિવર્ણન-રાસ' (૨.ઈ.૧૮૨૨/સં.૧૮૭૮, પોષ સુદ ૧૩.)

૪-૪ કડીના ૪ ચોકમાં લખાયેલી 'રહનેમિરાજિમતી-ચોક/સઝાય' (૨.ઈ.૧૮૧૯/સં.૧૮૭૫, કારતક સુદ ૧૨, રવિવાર; મુ.), તોટક છંદની ૧૩ કડીમાં રચાયેલો 'પાર્શ્વનાથસ્વામીનો છંદ' (૨.ઈ. ૧૮૨૪/સં.૧૮૮૦, મહા – ૧૦; મુ.), કડખાની દેશીની ૨૧ કડીમાં રચાયેલ 'એક્સોઆઠનામગર્ભિત-શંખેશ્વરપાર્શ્વજિન-છંદ' (૨.ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧, ફાગણ વદ ૨; મુ.) અને ૧૮ કડીની 'પરદેશી-રાજાની સઝાય' (મુ.) આ કવિની નાની રચનાઓ છે. જુઓ ઉત્તમચંદ – ૩.

કૃતિ : ૧. નેમિનાથની રસવેલી, પ્ર. અમૃતવિજયજી રત્નવિજયજી, ઈ. ૧૮૮૫; ૨. સિદ્ધાચલજીની સિદ્ધવેલ, સં. કાલીદાસ વ. માસ્તર, ઈ. ૧૯૨૩; ☐ ૩. જૈકાપ્રકાશ:૧; ૪. જૈસમાલા(શા):૧; ૫. વિવિધ પૂજાસંગ્રહ:૧–૧૧, પ્ર. જશવંતલાલ ડી. શાહ, –; ૬. શંસ્તવનાવલી; ૭. સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

ઉત્તમસાગર[ઈ.૧૬૫૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વાચક કુશલસાગરના શિષ્ય. ૬૫૦ કડીનો 'ત્રિભુવનકુમાર-રાસ'(૨.ઈ. ૧૬૫૬/સં.૧૭૧૨, વૈશાખ સુદ ૩, ગુરુવાર), ૨૩ કડીનું 'સીમન્ધરજિન-ચંદ્રાવલા-સ્તવન', ૧૬ કડીની 'તેર કાઠિયાની સઝાય' (મુ.), ૭ કડીનું 'વીરજિન-સ્તવન' (મુ.) તથા 'સિદ્ધચક્રસ્તુતિ-ચતુષ્ક' (મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ:૩; ૨. જિસ્તકાસંદોહ:૨; ૩. જૈકાપ્રકાશ:૧.

સંદર્ભ: જૈગૂકવિઓ:૨, ૩(૨). [૨.સો.]

ઉદય/ઉદય(ઉપાધ્યાય)/ઉદય(મુનિ)/ઉદય(વાચક) : આ નામોથી 'પ્રેમ-પ્રબંધદુહા (રંગવેલીપ્રીત)' તથા કેટલાંક સ્તવનો, સ્તુતિઓ, છંદો, સઝાયો (કેટલાંક મુ.) મળે છે, તેમ જ કેટલીક નાની કૃતિઓ એવી પણ મળે છે જેમાં 'ઉદય' શબ્દ આવે છે ને તે કર્તાનામનો સૂચક હોવા સંભવ છે. આ કૃતિઓમાંથી કેટલીકને, તેમના રચનાસમયને લક્ષમાં લેતાં ઉદયરત્ન – ૨ની માનવામાં બાધ નથી. ઉપરાંત 'ઉદય-ઉપાધ્યાય' અને 'ઉદય-વાચક'ને નામે સમયનિર્દેશ વિનાની જે કૃતિઓ મળે છે તે પણ ઉદયરત્ન – ૨ની હોવાની શકયતા છે. પરંતુ બીજા કોઈ આધારને અભાવે આવી કૃતિઓ વિશે કંઈ કહેવું મુશ્કેલ છે. ઉદયને નામે મળતી કૃતિઓમાંથી પણ 'આત્મહિતશિક્ષા-ની સઝાય', 'અભવ્યને ઉપદેશ ન લાગવા વિશેની સઝાય' તથા 'ભગવાન પાર્શ્વનાથના ઉપસર્ગનું વર્ણન' જેવી કેટલીક કૃતિઓને કેટલાક સંદર્ભોમાં ઉદયરત્ન – ૨ની કૃતિઓ ગણવામાં આવી છે, તેમ જ કોઈક કૃતિને ઉદયવિજય – ૨ને નામે પણ ચડાવવામાં આવી છે. 'ઉદય'ની નામછાપવાળાં કેટલાંક હિંદી પદો મળે છે, જે કદાચ કોઈ અર્વાચીન કવિનાં પણ હોય. 'ઉદયવાચક'ને નામે મળતું 'પાંચ પરમેશ્વરનું સ્તવન/છંદ'(મુ.) ઝૂલણાની નારસિંહી છટાને કારણે ધ્યાન ખેંચે છે.

કૃતિ : ૧. જિસ્તમાલા; ૨. જૈકાપ્રકાશ:૧; ૩. જૈસસંગ્રહ (ન.); ૪. શંસ્તવનાવલી; ☐ ૫. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૭ – 'ભગવાન પાર્શ્વનાથના ઉપસર્ગનું વર્ણન', સં. જ્ઞાનવિજયજી.

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [હ.યા.]

ઉદય–૧[ઈ. ૧૬૭૬માં હયાત] : જુઓ ચંદ્ર (ઈ. ૧૬૭૬માં હયાત).

ઉદય–૨[ઈ.૧૬૮૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-રત્નસૂરિની પરંપરામાં જિનચંદ્રસૂરિના શિષ્ય. ૮ કડીના 'પાર્શ્વ-સ્તવ'-(૨.ઈ.૧૬૮૭)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદય(સૂરિ)–૩[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : જુઓ જિનસુંદરસૂરિશિષ્ય જિનોદયસૂરિ.

ઉદય(ઋષિ)–૪[ઈ.૧૭૮૫માં હયાત] : જૈન સાધુ. 'સૂક્ષ્મ-છત્રીસી'-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨.ઈ.૧૭૮૫/સં.૧૮૪૧, ફાગણ –)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [હ.યા.]

ઉદયકમલ[ઈ.૧૭૬૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં રત્નકુશલના શિષ્ય. ૧૧ ઢાળની 'વિજયશેઠ-વિજ્યાશેઠાણી-ચોપાઈ'(૨.ઈ.૧૭૬૪/સં.૧૮૨૦, જેઠ સુદ ૧૨, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [હ.યા.]

ઉદયકલશ[ઈ.૧૫૬૨માં હયાત] : રાસકવિ. લઘુ તપગચ્છના જૈન સાધુ. કમલકલશની પરંપરામાં વિદ્યાકલશના શિષ્ય. ભૂલથી ઉદયકુશલને નામે ઉલ્લેખાયેલા આ કવિની, મુખ્યત્વે દુહા અને ચોપાઈબદ્ધ ૨૭૮ કડીની 'શીલવતી-ચોપાઈ' (૨.ઈ.૧૫૬૨/સં. ૧૬૧૮, શ્રાવણ સુદ ૧૫; મુ.) ક્વચિત્ વસ્તુ છંદનો અને દેશીનો ઉપયોગ કરે છે તથા સુભાષિતરૂપ સંસ્કૃત-પ્રાકૃત ગાથાઓ પણ ગૂંથી લે છે. વિક્રમ તથા ગગનધૂલિ/ધનકેલિને થયેલા સ્ત્રીચરિત્રના અનુભવોની રસપ્રદ પૂર્વભૂમિકા સાથે, શીલવતી ચતુરાઈથી પોતાના શીલની રક્ષા કેવી રીતે કરે છે તેની કથા આમાં પ્રાસાદિક રીતે કહેવાઈ છે.

કૃતિ : શીલવતી કથા, સં.કનુભાઈ શેઠ, ધનવંત શાહ, ઈ.૧૯૮૨ (+સં.).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયકુશલ [ ] : જૈન સાધુ. સુખકુશલના શિષ્ય. ૨૫ કડીના 'માણિભદ્રનો છંદ/માણિભદ્રયક્ષ-રાસ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયચંદ/ઉદયચંદ્ર/ઉદયચંદ્ર(મુનિ) : ઉદયચંદને નામે 'બ્રહ્મવિનોદ' (લે.ઈ.૧૮૨૮) તથા ૭ કડીનું 'શંખેશ્વરપાર્શ્વ-સ્તવ', ઉદયચંદ્રને નામે 'મલ્લિનાથ-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.) અને ઉદયચંદ્રમુનિને નામે દોહરા અને દેશીબદ્ધ 'સનત્કુમાર-ચક્રવર્તીનું ચોઢાળિયું'(મુ.) મળે છે. આ ઉદયચંદ/ઉદયચંદ્ર કયા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'સનત્કુમાર-ચક્રવર્તીનું ચોઢાળિયું'માં છેલ્લી પંક્તિઓમાં 'ધર્મનાથ' અને 'ઋષિરાય' એ શબ્દો આવે છે તે કદાચ કવિનાં ગુરુનામ હોય.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૨, સં. મુનિશ્રી શામજી, ઈ.૧૯૬૨.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭ – 'શંખેશ્વરતીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા; □ ૨. જૈગૂકવિઓ: ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયચંદ્ર-૧/ઉદો(ઋષિ)[ઈ.૧૫૬૧માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રના શિષ્ય. ૮૪ કડીના 'સનત્કુમાર-રાસ' (૨.ઈ.૧૫૬૧/સં. ૧૬૧૭, શ્રાવણ સુદ ૧૩; મુ.) અને ૬૯ કડીના 'હરિકેશીબલ-ચરિત્ર'ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ' 'ઉદયકર્ણ' એવું અપરનામ આપે છે, પરંતુ એને માટે કશો આધાર આપ્યો નથી.

કૃતિ : ૫ટ્ દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. જૈન હઠીસિંગ સરસ્વતી સભા, સં. ૧૯૬૯.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [હ.યા.]

ઉદયચંદ-૨[ઈ. ૧૬૫૮માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરની પરંપરામાં વિજયચંદના શિષ્ય. 'માણિક્યકુમરની ચોપાઈ'(૨.ઈ.૧૬૫૮/સં.૧૭૧૪, ફાગણ સુદ –, શનિવાર)ના કર્તા. આ કૃતિનો માળવા, લાટ, ઈડર, સોરઠ, સિંધ, બંગાળ, સિંહલ, ગૌડ, દક્ષિણ ગુજરાત વગેરે જુદાજુદા દેશની નારીઓનાં સ્વભાવલક્ષણ વર્ણવતો ૧ ખંડ મુદ્રિત થયો છે તેમાં દુહા, ચાલ તથા સંસ્કૃતમાં કાવ્યમ્ અને શ્લોકોવાળો પદ્યબંધ ધ્યાન ખેંચે છે.

કૃતિ : જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારકગ્રંથ, સં. મોહનલાલ દ. દેસાઈ, ઈ.૧૯૩૬ – 'દેશદેશની નારીઓનું પ્રાચીન વર્ણન' ('માણિક્યકુમર ચોપાઈ'નો એક અંશ).

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [હ.યા.]

ઉદયધર્મ[ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : આગમગચ્છના જૈન સાધુ. મુનિસિંહસૂરિની પરંપરામાં મુનિસાગર/મતિસાગરના શિષ્ય. ૪ ખંડ અને ૧૧૯૫ કડીના 'મલયસુંદરી-રાસ' (૨.ઈ.૧૪૮૭/સં.૧૫૪૩, આસો સુદ ૩, ગુરુવાર) તથા 'કથા-બત્રીસી'(૨.ઈ.૧૪૯૪/સં. ૧૫૫૦, આસો વદ ૩૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયધવલ [ ] : જૈન સાધુ. કમલપ્રભસૂરિની પરંપરામાં મુનિપ્રભસૂરિના શિષ્ય. 'ષડાવશ્યક-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [હ.યા.]

ઉદયનંદિ(સૂરિ) [ ] : જૈન સાધુ. અભયદેવસૂરિની મૂળ પ્રાકૃત કૃતિ 'નિગોદ-ષટ્ત્રિંશિકા' પર બાલાવબોધના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાઈ :૧૭(૧). [હ.યા.]

ઉદયપ્રભ(સૂરિ)[ ] : જૈન સાધુ. ૩૧ કડીના 'અજિતશાંતિ-સ્તવન–કપૂરવટુ'(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયભાનુ : આ નામે ૬ કડીનો 'બાવનવીરક્ષેત્રપાલ-છંદ' (લે. ઈ.૧૫૨૯) નોંધાયેલ મળે છે તે સમય જોતાં ઉદયભાનુ – ૧ની કૃતિ હોવાની શકયતા છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયભાનુ(વાચક)–૧ [ઈ. ૧૫૦૯માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. રાજતિલકસૂરિની પરંપરામાં વિનયતિલકસૂરિ–સૌભાગ્યતિલકસૂરિના શિષ્ય. ૫૬૦/૫૬૫ કડીના 'વિક્રમચરિત્ર-રાસ←/વિક્રમસેન-રાસ'(૨.ઈ.૧૫૦૯/સં.૧૫૬૫, જેઠ સુદ –, રવિવાર; મુ.)ના કર્તા. વિક્રમના લીલાવતી સાથેના લગ્નની કથાને તથા તેના પુત્ર વિક્રમ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચરિત્રના બુદ્ધિચાતુર્યના પ્રસંગોને કંઈક ઝડપથી કહી જતા આ રાસનો વર્ણનરસ તથા એની ભાષાછટા નોંધપાત્ર ગણાય એવાં છે.

કૃતિ : વિક્રમચરિત્ર-રાસ, સં. બળવંતરાય ક. ઠાકોર, ઈ.૧૯૫૭.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. હેજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયમંડન [ ] : જૈન સાધુ. ૭૭ કડીના 'પુષ્પ-ચૂલા-રાસ'(લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [હ.યા.]

ઉદયમંદિર[ઈ.૧૬૧૯માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં પુણ્યમંદિરના શિષ્ય. 'ધ્વજભુજંગ-આખ્યાન'(૨.ઈ.૧૬૧૯/સં.૧૬૭૫, કારતક સુદ ૧૩, સોમવાર)-ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧. [હ.યા.]

ઉદયરત્ન : આ નામથી કેટલાંક સ્તવનો, સઝાયો, ગહૂંલીઓ વગેરે (કેટલીક રચનાઓ મુ.) મળે છે તેમાંની કેટલીક કૃતિઓને તેમના રચનાસમયને અનુલક્ષીને ઉદયરત્ન – ૩ની ગણી છે. બાકીની કૃતિઓ પણ ઉદયરત્ન – ૩ની જ હોવાની સંભાવના વધારે છે, પરંતુ તે વિશે ખાતરીપૂર્વક કંઈ કહી શકાય નહીં.

કૃતિ : ૧. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ:૧, શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૧; ૨. જિનસ્તકાસંદોહ:૨; ૩. શત્રુંજયતીર્થાદિ-સ્તવન સંગ્રહ, સં. સાગરચંદ્રજી, ઈ.૧૯૨૮.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયરત્ન–૧[ઈ.૧૫૪૨માં હયાત] : જૈન સાધુ. 'અજાપુત્ર-રાસ'-(૨.ઈ.૧૫૪૨)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [હ.યા.]

ઉદયરત્ન–૨[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનસાગરસૂરિના શિષ્ય. 'જંબૂ-ચોપાઈ'(૨.ઈ.૧૬૬૪/ સં. ૧૭૨૦, કારતક વદ ૨, ગુરુવાર; સ્વલિખિત પ્રત ઈ.૧૬૭૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [હ.યા.]

ઉદયરત્ન(વાચક)–૩[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ. તપગચ્છના જૈન સાધુ. વિજયરાજ(રાજવિજય)–હીરરત્નની પરંપરામાં શિવરત્નના શિષ્ય. ઈ. ૧૬૯૩માં 'જંબૂસ્વામી-રાસ' અને ઈ. ૧૭૪૭માં 'આદીશ્વર-સ્તવન' રચાયાની માહિતી મળતી હોવાથી કવિનો જીવનકાળ ઈ.૧૭મી સદીનો ઉત્તરાર્ધ અને ઈ.૧૮મી સદીનો પૂર્વાર્ધ ગણી શકાય.

ઉદયરત્ન ખેડાના રહીશ અને રત્ના ભાવસારના ગુરુ હતા. તેમનું મૃત્યુ મિયાગામમાં થયું હોવાનું કહેવાય છે. 'સ્થૂલિભદ્રનવ-રસ'ના શૃંગારનિરૂપણને કારણે સંઘ બહાર મુકાયેલા આ મુનિને 'બ્રહ્મચર્યની નવ વાડ'ની રચના પછી સંઘમાં પ્રવેશ મળ્યો હતો એવી કથા છે.

ઉદયરત્નના વિપુલ સાહિત્યસર્જનમાં ૨૦ જેટલી રાસાત્મક કૃતિ-ઓ, કેટલાક ચરિત્રાત્મક સલોકાઓ, છંદો, બારમાસા, સ્તવનો અને સઝાયોનો સમાવેશ થાય છે. રાસાત્મક કૃતિઓમાંથી ૨૧ ઢાળની દુહા-દેશીબદ્ધ 'લીલાવતી-સુમતિવિલાસ-રાસ' (૨.ઈ.૧૭૧૧/સં. ૧૭૬૭, આસો વદ ૬, સોમવાર; મુ.) વેશ્યાવશ પતિને મહિયારીને વેશે આકર્ષી પાછો લાવનાર લીલાવતીની કથા કહે છે અને કવિની દૃષ્ટાંતકલાથી ધ્યાન ખેંચે છે. ૯૬ ઢાળની દુહા-દેશી-બદ્ધ 'ભુવનભાનુ-કેવલીનો રાસ/રસલહરી-રાસ' (૨.ઈ.૧૭૧૩/સં. ૧૭૬૯, પોષ વદ ૧૩, મંગળવાર; મુ.) જ્ઞાનમૂલક રૂપકકથા છે. ૯ ઢાળની 'સ્થૂલિભદ્રકોશા-સંવાદ/સ્થૂલિભદ્રનવરસો/સ્થૂલિભદ્ર-રાસ' (૨.ઈ.૧૭૦૩/સં. ૧૭૫૯, માગશર સુદ ૧૧/૧૫, સોમવાર; મુ.) અન્ય કથાપ્રસંગો ટૂંકમાં નિર્દેશી, દીક્ષા લીધા પછી સ્થૂલિ-ભદ્ર કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવા જાય છે તે પ્રસંગના સ્થૂલિ-ભદ્ર-કોશાના સંવાદને બહેલાવે છે અને તે દ્વારા કોશાના શૃંગાર-ભાવનું મનોહારી આલેખન કરે છે. અન્ય કથાત્મક કૃતિઓ આ પ્રમાણે છે : ૬૬ ઢાળની 'જંબૂસ્વામી-રાસ' (૨.ઈ.૧૬૯૩/ સં.૧૭૪૯, બીજા ભાદરવા સુદ ૧૩), ૮ પ્રકારની પૂજાઓનો મહિમા દર્શાવવા માટે ૮ કથાનકો વણી લેતી, સવિસ્તર કથનવર્ણન-ધર્મબોધવાળી ૭૮ ઢાળની દુહા-દેશીબદ્ધ 'અષ્ટપ્રકારીપૂજા-રાસ' (૨.ઈ.૧૬૯૯/સં.૧૭૫૫, પોષ વદ ૧૦, રવિવાર; મુ.), ૯૩ ઢાળની 'મુનિપતિ-રાસ' (૨.ઈ.૧૭૦૫/સં.૧૭૬૧, ફાગણ વદ ૧૧, શુક્રવાર), ૩૧ ઢાળની 'પંચપરમેષ્ઠી/નવકાર/રાજસિંહ-રાસ' (૨.ઈ.૧૭૦૬/સં.૧૭૬૨, માગશર સુદ ૭, સોમવાર), ૭૭ ઢાળની 'બારવ્રત-રાસ' (૨.ઈ.૧૭૦૯/સં.૧૭૬૫, કારતક સુદ ૭, રવિવાર), 'મલયસુંદરી-મહાબલ/વિનોદવિલાસ-રાસ' (૨.ઈ. ૧૭૧૦/સં.૧૭૬૬, માગશર સુદ ૮, સોમવાર), ૮૧ ઢાળની 'યશો-ધર-રાસ' (૨.ઈ.૧૭૧૧/સં.૧૭૬૭, પોષ સુદ ૫, ગુરુવાર), ૨૭ ઢાળની 'ધર્મબુદ્ધિમંત્રી અને પાપબુદ્ધિરાજાનો રાસ' (૨.ઈ. ૧૭૧૨/સં.૧૭૬૮, માગશર સુદ ૧૧, રવિવાર; મુ.), 'શત્રુંજય-તીર્થમાળાઉદ્ધાર-રાસ' (૨.ઈ.૧૭૧૩), ૩૧ ઢાળની 'ભાવરત્ન-સૂરિપ્રમુખ-પાંચપાટવર્ણન-ગચ્છપરંપરા-રાસ' (૨.ઈ.૧૭૧૪), ૧૭ ઢાળની 'ઢંઢણમુનિ-સઝાય' (૨.ઈ.૧૭૧૬/સં.૧૭૭૨, ભાદરવા સુદ ૧૩, બુધવાર), ૧૩ ઢાળની 'જ્ઞાનપંચમી/વરદત્તગુણમંજરી/ સૌભાગ્યપંચમી-રાસ' (૨.ઈ.૧૭૨૬/સં.૧૭૮૨, માગશર સુદ ૧૫, બુધવાર), ૧૩ ઢાળની 'દામન્નક-રાસ' (૨.ઈ.૧૭૨૬/સં. ૧૭૮૨, આસો વદ ૧૧, બુધવાર), 'સૂર્યયશા/ભરતપુત્રનો રાસ' (૨.ઈ.૧૭૨૬), ૨૩ ઢાળની 'સુદર્શનશ્રેષ્ઠી-રાસ' (૨.ઈ.૧૭૨૯/ સં.૧૭૮૫, ભાદરવા વદ ૫, ગુરુવાર), 'રસરત્નાકર/હરિવંશ-રાસ' (૨.ઈ.૧૭૪૩/સં.૧૭૯૯, ચૈત્ર સુદ ૯, ગુરુવાર), 'મહીપતિરાજા અને મતિસાગરપ્રધાન-રાસ' (મુ.).

૨૩ કડીનો 'શંખેશ્વરપાર્શ્વનાથનો સલોકો' (૨.ઈ.૧૭૦૩/ સં.૧૭૫૯, વૈશાખ વદ ૬; મુ.) શંખેશ્વર તીર્થની ઉત્પત્તિનો કારણભૂત કૃષ્ણ-જરાસંધના યુદ્ધનો કથાપ્રસંગ વર્ણવે છે અને ૬૬ કડીનો 'શાલિભદ્રનો સલોકો' (૨.ઈ.૧૭૧૪/સં.૧૭૭૦, માગશર સુદ ૧૩; મુ.), ૧૧૭ કડીનો 'વિમળ-મહેતાનો સલોકો' (૨.ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૩૯/સં.૧૭૯૫, જેઠ સુદ ૮, રવિવાર; મુ.), ૧૭ કડીનો 'નેમિનાથસ્વામીનો સલોકો'(મુ.) તેમ જ ૬૮ કડીનો 'ભરતબાહુબલિનો સલોકો'(મુ.) ચરિત્રનાયકના મુખ્ય જીવનપ્રસંગોને પ્રાસાદિક રીતે અને થોડી વાક્‌છટાથી વર્ણવતી રચનાઓ છે. વૈરાગ્યબોધમાં સર્યા વિના પ્રકૃતિનાં લાક્ષણિક ચિત્રોને ઉઠાવ આપતી અને વિરહભાવનું માર્મિક નિરૂપણ કરતી ૧૩ ઢાળની કૃતિ 'નેમિનાથરાજિમતી-તેરમાસા'←(૨.ઈ.૧૭૦૩/સં.૧૭૫૯, શ્રાવણ સુદ ૧૫, સોમવાર; મુ.) ગુજરાતી બારમાસા-સાહિત્યમાં નોંધપાત્ર બની રહે તેવી કૃતિ છે.

૧૦ ઢાળની 'બ્રહ્મચર્યની/શિયળની નવવાડ-સઝાય' (૨.ઈ. ૧૭૦૭/સં.૧૭૬૩, શ્રાવણ વદ ૨, બુધવાર; મુ.), ૨૭ ઢાળ અને ૬૪ કડીની 'ચોવીસદંડકગર્ભિત-ચોવીસ જિન-સ્તવન' (૨.ઈ. ૧૭૨૫/સં.૧૭૮૧, ચૈત્ર વદ ૬, મંગળવાર; મુ.) તથા 'ચોવીસી'(મુ.) ઉદયરત્નની લાંબી પણ પરંપરાગત પ્રકારની કૃતિઓ છે.

આ સિવાય ઉદયરત્નનાં ઘણાં મુદ્રિત-અમુદ્રિત સ્તવનો અને સઝાયો મળે છે જેમાંથી કેટલીક સઝાયો(મુ.) એમના વિષય કે નિરૂપણરીતિ કે ભાષાછટાથી આકર્ષક બને છે. જેમ કે, રૂપકાત્મક નિરૂપણરીતિવાળી 'અંધેરી નગરીની સઝાય' તથા 'જીવરૂપી વણઝારા વિશેની સઝાય' (૨.ઈ.૧૭૦૧), સંવાદશૈલીનો ઉપયોગ કરતી 'ભીલડીની સઝાય', 'જોબન અસ્થિરની સઝાય', 'ભાંગવારક-સઝાય', 'શિખામણ કોને આપવી તે વિશેની સઝાય' વગેરે.

વિપુલ સાહિત્યસર્જન, પ્રાસાદિક કથાકથન, વર્ણનરસ, દૃષ્ટાંતકૌશલ, છંદલયસિદ્ધિ અને બાનીની લોકભોગ્ય છટાઓથી ઉદયરત્ન મધ્યકાળના એક નોંધપાત્ર કવિ બની રહે છે.

કૃતિ : ૧. ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ રાજાનો રાસ, પ્ર. નિર્ણયસાગર મુદ્રણાલય, ઈ.૧૮૮૭; ૨. ભુવનભાનુ કેવલીનો રાસ, પ્ર. શેઠ ઉકાભાઈ શિવજી, ઈ.૧૮૭૧; ૩. લીલાવતીનો રાસ, પ્ર. શા. લલ્લુભાઈ પરભુદાસ, સં. ૧૯૨૯; ૪. લીલાવતી રાણી અને સુમતિવિલાસનો રાસ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૮૯૮; ૫. સ્થૂલિભદ્ર નવરસ, સં. જશભાઈ કા. પટેલ, સં.૨૦૦૩; ☐ ૬. અસસંગ્રહ; ૭. અસ્તમંજૂષા; ૮. ચૈસ્તસંગ્રહ:૨, ૩; ૯. જિભપ્રકાશ; ૧૦. જિસ્તકાસંગ્રહ:૨; ૧૧. જૈકાપ્રકાશ:૧; ૧૨. જૈગૂસારત્નો:૧ (+સં); ૧૩. જૈપ્રપુસ્તક:૧; ૧૪. જૈસંગ્રહ; ૧૫. દેસ્તસંગ્રહ; ૧૬. પ્રાછંદસંગ્રહ; ૧૭. પ્રામબારસંગ્રહ:૧; ૧૮. પ્રાસપસંગ્રહ; ૧૯. પ્રાસ્તસંગ્રહ; ૨૦. બૃકાદોહન:૨; ૨૧. માણિભદ્રાદિકોના છંદોનું પુસ્તક:૧, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦; ૨૨. શત્રુંજય તીર્થમાલા, રાસ અને ઉદ્ધારાદિકનો સંગ્રહ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૨૩; ૨૩. સસન્મિત્ર; ૨૪. સઝાયમાલા:૧–૨(જા); ૨૫. સજ્ઝાયમાળા(પં); ૨૬. સલોકા સંગ્રહ, પ્ર. શા. કેશવલાલ સવાઈભાઈ, ઈ.૧૯૧૨; ☐ ૨૭. જૈન યુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬ – હંસરત્ન વિશેની સઝાય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. રિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ. યા.]

ઉદયરત્ન–૪[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. વિદ્યાહેમના શિષ્ય. 'સીમંધર-સ્તવન' (૨.ઈ.૧૮૦૧/સં.૧૮૫૭; અસાડ સુદ ૧૦), 'જિનપાલિતજિનરક્ષિત-રાસ' (૨.ઈ.૧૮૧૧), 'જિનકુશલસૂરિ-નિશાની' (૨.ઈ.૧૮૧૮) અને 'ખંધક-ચોઢાળિયું'-(૨.ઈ.૧૮૨૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [હ.યા.]

ઉદયવર્ધન[ઈ.૧૬૨૮ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિના શિષ્ય. ૪૧ કડીના 'ચંદ્રપ્રભ-વિવાહલો'(લે.ઈ.૧૬૨૮)-ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. ૧૯૪૯ – 'કતિપય ધવલ ઔર વિવાહલોંકી નયી ઉપલબ્ધિ', અગરચંદ નાહટા. [હ.યા.]

ઉદયવલ્લભ(સૂરિ)[ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : વડતપગચ્છના જૈન સાધુ. તેમના પ્રતિષ્ઠાલેખ ઈ.૧૪૫૮થી ઈ.૧૪૬૫ સુધીના મળે છે એટલે ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું ગણી શકાય. એમને નામે ૪૮૬૦ ગ્રંથાગ્રનો 'ક્ષેત્રસમાસ-બાલાવબોધ' (લે.ઈ. ૧૭૧૩) નોંધાયેલ છે.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [હ.યા.]

ઉદયવિજય : આ નામે 'માણિભદ્ર-છંદ' (લે.સં.૧૯મી સદી અનુ.) નોંધાયેલ મળે છે તે કયા ઉદયવિજય છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : રાહસૂચી:૧. [હ.યા.]

ઉદયવિજય(વાચક)–૧[ઈ.૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. ઉત્તમવિજય–રત્નવિજયના શિષ્ય. રત્નવિજયનો સમય ઈ.૧૭મી સદીનો મધ્યભાગ છે તેથી આ કવિને પણ એ અરસાના ગણી શકાય. એમણે રચેલો ૧૧ કડીનો 'શાંતિનાથનો છંદ'(મુ.) મળે છે.

કૃતિ : પ્રાછંદસંગ્રહ. [હ.યા.]

ઉદયવિજય(વાચક)–૨[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવની પરંપરામાં વિજયસિંહસૂરિના શિષ્ય. તેમની ૪ કથાત્મક કૃતિઓ મળે છે – ૨૭૨ કડીની 'સમુદ્રકલશ-સંવાદ' (૨.ઈ.૧૬૫૮/સં.૧૭૧૪, આસો વદ ૩૦), ૬ ખંડ, ૭૭ ઢાળની દુહા-ચોપાઈબદ્ધ 'શ્રીપાલ-રાસ' (૨.ઈ.૧૬૭૨/સં.૧૭૨૮, આસો વદ ૩૦), ૨૩૩ કડીની 'રોહિણીતપ-રાસ' તથા 'મંગલકલશ-રાસ'. તેમની અન્ય કૃતિઓમાં, જેની સઝાયો છૂટી નોંધાયેલી-છપાયેલી પણ મળે છે તે 'ઉત્તરાધ્યયન-સૂત્રની છત્રીસ સઝાયો'-(મુ.)માં કેટલેક સ્થાને તળપદાં દૃષ્ટાંતોનો વિનિયોગ ધ્યાન ખેંચે છે. આંતરયમકવાળા દુહા તથા છંદની ૫૩ કડીમાં રચાયેલી 'પાર્શ્વનાથ-રાજગીતા/શંખેશ્વરમંડનપાર્શ્વનાથ-સ્તવન' (મુ.) મોહમહિમાનું વર્ણન કરી તેને દૂર કરવા જ્ઞાનનો આશ્રય લેવાનું સૂચવે છે. ૭ કડીની 'ગોડીપાર્શ્વનાથપ્રભાતી-છંદ' (મુ.) અને ૭ કડીની 'પ્રમાદવર્જનની સઝાય' (મુ.) તથા 'ચોવીસ-જિન-સ્તવન', ૨૧ ઢાળની 'વીસવિહરમાનજિન-ગીત', ૧૩૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીની 'શંખેશ્વરપાર્શ્વનાથજિન-સ્તવન', ૨૬ કડીની 'વિમલાચલ-સ્તવન', ૭ કડીની 'વિજયરત્નસૂરિ-સઝાય', ૭ કડીની 'નેમિનાથ-પદ', 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-સઝાય' એ આ કવિની અન્ય કૃતિઓ છે. ૯ અને ૧૨ કડીની 'વિજયસિંહસૂરિ-સઝાય' પણ એમની જ હોવાની શકયતા છે.

કૃતિ : ૧. જૈસસંગ્રહ (ન); ૨. પ્રાફાગુસંગ્રહ; ૩. પ્રાસ્મરણ; ૪. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયવિજય -- ૩[ઈ.૧૭૧૩માં હયાત] : જૈન સાધુ. 'સુવિધિજિન-સ્તવન'(૨.ઈ.૧૭૧૩)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયવિજય -- ૪[ઈ.૧૭૪૨માં હયાત] : જૈન સાધુ. ૭ કડીના 'નિક્ષેપા-સ્તોત્ર'(૨.ઈ.૧૭૪૨)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયવિમલશિષ્ય[ઈ.૧૬૭૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. દુહા અને દેશીમાં રચાયેલા ૧૯ કડીના 'ઋષભદેવજિન-સ્તવન'-(૨.ઈ.૧૬૭૬/સં.૧૭૩૨, મહા વદ ૭, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ:૨. [કી.જો.]

ઉદયસમુદ્ર : આ નામે 'પાર્શ્વનાથસ્તુતિ-ચતુષ્ક'(મુ.) મળે છે તે કયા ઉદયસમુદ્ર છે તે નક્કી થઈ શકે તેમ નથી.

કૃતિ : જિસ્તકાસંદોહ:૨. [હ.યા.]

ઉદયસમુદ્ર – ૧[ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : ચંદ્ર/પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. ચંદ્રપ્રભસૂરિની પરંપરામાં સુમતિરત્નના શિષ્ય. સુમતિરત્ન ઈ.૧૫૧૨થી ઈ.૧૫૩૧માં હયાત હતા તેથી આ કવિનો સમય ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ ગણી શકાય. એમની 'પૂર્ણિમાગચ્છની ગુર્વાવલી'(મુ.)માં ૧૮ કડીના પ્રથમ ખંડમાં ગુર્વાવલી છે અને ૨૩ કડીના બીજા ખંડમાં સુમતિરત્નની પ્રશસ્તિ છે.

કૃતિ : પસમુચ્ચય:૨. [હ.યા.]

ઉદયસમુદ્ર – ૨[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિની પરંપરામાં કમલહર્ષ(ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ)ના શિષ્ય. ૨૯ ઢાળના 'કુલધ્વજકુમાર-રાસ/કુલધ્વજ-કેવલી-ચરિત્ર/રસલહરી'(લે.ઈ.૧૬૭૨)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨,૩(૨). [હ.યા.]

ઉદયસાગર/ઉદયસાગર(મુનિ)/ઉદયસાગર(સૂરિ) : ઉદયસાગરને નામે મૂળ પ્રાકૃત કૃતિ 'લોકનાલિકાદ્વાત્રિંશિકા-પ્રકરણ' ઉપર ૩૨૫ ગ્રંથાગ્ર-નો બાલાવબોધ (લે.ઈ.૧૭મી સદી અનુ.), ૧૦ કડીની 'ગુરુ-સઝાય', ૫ કડીની 'શંખેશ્વર-પાર્શ્વનાથના ચંદ્રાવળા'(મુ.) અને ઉદયસાગરસૂરિને નામે ૩૩ કડીની 'તીર્થમાલા' (લે. સં. ૧૭મી સદી અનુ.) તથા ઉદયસાગર મુનિને નામે ૩ ઢાળ અને ૨૭ કડીનું 'આત્મનિંદાગર્ભિત-સીમંધરસ્વામી-સ્તવન' (લે.ઈ.૧૬૧૪, સ્વલિખિત; મુ.) મળે છે. તેમાંથી છેલ્લી કૃતિના કર્તા ઉદયસાગર – ૧ હોવાની શકયતા ગણી શકાય. બાકીની કૃતિઓના કર્તા વિશે કંઈ કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. કક્કાબત્રીશીના ચંદ્રાવલા તથા ચોવીશ તીર્થંકરાદિના ચંદ્રાવલાનો સંગ્રહ, પ્ર. જગદીશ્વર છાપખાનું, ઈ.૧૮૮૫; ૨. જિસ્તકાસંદોહ:૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયસાગર -- ૧[ઈ.૧૬૨૦(?)માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. સાધુધર્મગણિની પરંપરામાં સહજરત્નના શિષ્ય. રત્નશેખરની મૂળ પ્રાકૃત કૃતિ, 'લઘુક્ષેત્રસમાસ-પ્રકરણ' પર બાલાવબોધ(૨.ઈ.૧૬૨૦?/સં.૧૬૭૬?, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જગૂકવિઓ:૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયસાગર--૨[જ.ઈ.૧૭૦૭ – અવ.ઈ.૧૭૭૦] : જુઓ વિદ્યા-સાગરશિષ્ય જ્ઞાનસાગર.

ઉદયસાગર(સૂરિ)–૩[ ] : વિજયગચ્છના જૈન સાધુ. વિજયમુનિની પરંપરામાં વિમલસાગરસૂરિના શિષ્ય. 'મગસી-પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઉદયસિંહ[ઈ.૧૭૧૨માં હયાત] : નાગોરી તપગચ્છના જૈન સાધુ. સદારંગના શિષ્ય. 'મહાવીર-ચોઢાળિયું'(૨.ઈ.૧૭૧૨/સં. ૧૭૬૮, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [હ.યા.]

ઉદયસોમ(સૂરિ)[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : લઘુતપગચ્છના જૈન સાધુ. આનંદસોમસૂરિના શિષ્ય. 'પર્યુષણાવ્યાખ્યાન-સસ્તબક' (૨.ઈ.૧૮૩૭) તથા ૪ ખંડના 'શ્રીપાલ-રાસ'(૨.ઈ.૧૮૪૨/સં.૧૮૯૮, આસો –)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [હ.યા.]

ઉદયસૌભાગ્યશિષ્ય[ ] : જૈન. ૨૯ કડીના '(જીરાપલ્લી) પાર્શ્વનાથ-સ્તોત્ર'(લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

ઉદયહર્ષ – ૧[ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. શાંતિહર્ષના શિષ્ય. વિજયદેવસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૧૫–ઈ. ૧૬૫૭)માં રચાયેલી ૪ કડીની 'ઋષભજિન-સ્તુતિ' અને ૧૩ કડીની 'વિજયસિંહસૂરિ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદયહર્ષ – ૨[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિવેકહર્ષના શિષ્ય. ગુરુ વિવેકહર્ષની સાથે જહાંગીર બાદશાહને મળ્યા હતા તેથી જીવનકાળ ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ ગણી શકાય. એમને નામે સિદ્ધસેનસૂરિની મૂળ સંસ્કૃત રચના 'કલ્યાણમંદિર-સ્તોત્ર' ઉપર ૬૨૭ ગ્રંથાગ્રનો બાલાવબોધ (લે.ઈ.૧૬૬૮) મળે છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદયહર્ષશિષ્ય[ઈ.૧૪૮૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિની પરંપરામાં સુમતિસાધુસૂરિના શિષ્ય ઉદયહર્ષના શિષ્ય. ૩૯૩ કડીના 'શ્રીપાલ-રાસ'(૨.ઈ.૧૪૮૮)ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [કી.જો.]

ઉદયાણંદ/ઉદયાનંદ(સૂરિ)[ ] : જૈન સાધુ. ૧૮ કડીના 'શત્રુંજયસંખ્યાસંઘપતિઉદ્ધાર/શત્રુંજયસંઘપતિસંખ્યા-ધવલ'-(લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ.૧૯૭૮; ☐ ૨. મુપુગૂહસૂચી. [હ.યા.]

ઉદે : જુઓ ચંદ્ર(ઈ.૧૬૭૬માં હયાત).

ઉદેરામ[ ] : તારણીમાતાનો તથા રાધિકાજીનો એમ ૨ ગરબા, 'બાળલીલા' તથા કેટલાંક પદોના કર્તા. જુઓ ઉદો.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.૨.દ.]

ઉદો : આ નામે કેટલાંક પદો નોંધાયેલાં મળે છે, તેના કર્તા કદાચ ઉદેરામ પણ હોય.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.૨.દ.]

ઉદો(ઋષિ) – ૧ : જુઓ પાર્શ્વચંદ્રશિષ્ય ઉદયચન્દ્ર.

ઉદ્ધવ/ઓધવ : ઉદ્ધવને નામે પદો – જે હિંદી હોવાની પણ શકયતા છે – તથા ઓધવને નામે કૃષ્ણગોપીલાલાવિષયક 'ગોપીવિરહ' નોંધાયેલ મળે છે. આ ઉદ્ધવ કે ઓધવ કોણ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

ઓધવ નામના સં. ૧૮મી સદીના પુષ્ટિમાર્ગીય કવિ નોંધાયા છે. તે ઉપર્યુક્ત ઉદ્ધવ/ઓધવથી જુદા છે કે કેમ તે પણ નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પુગુસાહિત્યકારો; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ફોહનામાવલિ. [૨.સો.]

'ઉદ્ધવ-ગીતા' [૨.ઈ.૧૮૨૪/સં.૧૮૮૦, શ્રાવણ વદ ૮, બુધવાર]: સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુકવિ મુક્તાનંદની આ કૃતિ(મુ.) ૧૦૮ કડવાં અને ૨૭ પદોમાં ભાગવતના દશમસ્કંધમાંના ઉદ્ધવગોપી-પ્રસંગનું વિસ્તારથી આલેખન કરે છે તથા આ પ્રસંગને વર્ણવતાં અન્ય કાવ્યોથી, એમાં ગૂંથાયેલાં ૨૩ કડવાં અને ૬ પદોમાં વિસ્તરતા સીતાત્યાગના વૃત્તાંતને કારણે, જુદી તરી આવે છે. કૃષ્ણના પૂર્વાવતારનું આ કથાનક એમની નિષ્ઠુરતા દર્શાવવા માટે ગોપીના ઉપાલંભ રૂપે મુકાયેલું છે અને ઈશ્વરની વંચકવૃત્તિને પણ પ્રકટ કરે છે – ૧ કડવામાં વિવિધ અવતારોમાં ઈશ્વરે દાખવેલી છલવૃત્તિ પણ આલેખાયેલી છે. મુખ્યત્વે ગોપીઓના ઉદ્‌ગારો રૂપે ચાલતા આ કાવ્યમાં ગોપીઓની કૃષ્ણવિયોગની વ્યાકુળતા, એમણે કૃષ્ણને આપેલા ઉપાલંભો અને એમના ચિત્તમાં ઊભરાઈ ઊઠતાં મિલનનાં સ્મરણો વગેરે વિવિધ ઊર્મિતંતુઓ રસપ્રદ રીતે આલેખાયાં છે. ૧-૨ પંક્તિઓમાં જ કોઈ દૃશ્યને કે કોઈ ભાવસ્થિતિને અસરકારક રીતે નિરૂપી આપવામાં કવિની સર્જકતા દેખાય છે.

[૨.સો.]

ઉદ્ધવદાસ–૧/ઓધવદાસ[ઈ.૧૬મી સદી] : આખ્યાનકાર. ભાલણના પુત્ર. પાટણના મોઢ બ્રાહ્મણ.

ભાલણનો સમય ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ કે ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ મનાય છે. એને આધારે આ કવિને ઈ. ૧૬મી સદીમાં થયેલા ગણી શકાય.

વાલ્મીકિ-રામાયણના કથાનકને અનુસરતા અને પદબંધનું વૈવિધ્ય દર્શાવતા એમના 'રામાયણ'(મુ.)ના કાંડવાર અને કડવાબદ્ધ અનુવાદમાં 'સુંદરકાંડ' સુધીના બધા કાંડ 'ભાલણસુત ઉદ્ધવદાસ' નામ દર્શાવે છે. એમાં કયાંય રચનાવર્ષ દર્શાવેલું નથી. પણ એ પછીના 'યુદ્ધકાંડ'ને અંતે ઈ.૧૬૩૧ રચનાવર્ષ અને 'મધુસૂદન' કવિનામ મળે છે. આ મધુસૂદનનું વતન કર્ણપુર અને મોસાળ પાટણ હતું તથા ભીમજી વ્યાસ પાસેથી કથા સાંભળી એમણે *પદબંધ રામાયણ રચ્યું* -- એવી વીગતો પણ એમાં મળે છે. પરંતુ કડવાંની પં સંખ્યા, કાવ્યની શૈલી ને એનો રચનાબંધ તથા કવિની સંસ્કૃતની જાણકારી – એવાં કેટલાંક આંતરબાહ્ય સાક્ષ્યોને લીધે આ 'યુદ્ધકાંડ' પણ ઉદ્ધવનો જ હોવાનો અને મધુસૂદને પોતાનું નામ અને રચનાવર્ષ એમાં ઉમેરી દીધાં હોવાનો મત વધુ પ્રવર્તે છે. શૈલીની રીતે જુદા પડી જતા છેલ્લા 'ઉત્તરકાંડ'માં રામજન કુંવરનું નામ છે, એથી તેમાં ઉદ્ધવદાસનું કર્તૃત્વ માની શકાય તેમ નથી. આ 'રામાયણ'ની હસ્તપ્રતો નહીં મળતી હોવાથી 'કવિચરિત' તો એના કર્તૃત્વને જ શંકાસ્પદ લેખે છે.

આ ઉપરાંત, કેટલીક મૌલિક શ્લેષરચનાઓ ધરાવતા, લગભગ ૪૨૫ કડીના 'બભ્રૂવાહન-આખ્યાન'(અંશતઃ મુ.)ની રચના પણ આ કવિએ કરી છે. આ કૃતિની આરંભની પંક્તિઓને આધારે એવો તર્ક થયો છે કે ઉદ્ધવદાસે આખા મહાભારતની કે અશ્વમેધપર્વની રચના કરી હશે એનો આ આખ્યાન એકમાત્ર બચવા પામેલો ભાગ હશે.

કૃતિ : ૧. (ભાલણસુત ઉદ્ધવકૃત) રામાયણ, સં. હરગોવિંદદાસ કાંટાવાળા, નાથાશંકર શાસ્ત્રી, ઈ.૧૮૯૩ (+સં.); ☐ ૨. પ્રાચીન કાવ્ય મંજરી, સં. જેઠાલાલ ત્રિવેદી, ઈ. ૧૯૬૫.

સંદર્ભ : ૧. ભાલણ, ઉદ્ધવ અને ભીમ, રામલાલ ચુ. મોદી, ઈ.૧૯૪૧; ૨. કવિચરિત : ૧ – ૨; ☐ ૩. સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૭૭ – 'ઉદ્ધવ રામાયણમાં યુદ્ધકાંડનું કર્તૃત્વ', દેવદત્ત જોશી; ☐ ૪. ગૂહાયાદી.

[૨.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદ્ધવદાસ–૨[ઈ.૧૭૯૨માં હયાત] : 'વિષ્ણુસહસ્રનામ'ના પદ્યાનુવાદ-(૨.ઈ.૧૫૯૨)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧ – ૨; ☐ ૨. ગૂહાયાદી. [૨.સો.]

'ઉદ્યમકર્મ-સંવાદ' : શામળની પ્રારંભકાળની આ દુહાબદ્ધ રચના-(મુ.)માં ઉજ્જયિનીના રાજા ભર્તૃસેનની રાજસભામાં ત્યાંના પંડિત શિવશર્મા અને કર્ણાટકથી "ઉદ્યમ વડું કે કર્મ" એનો વાદ કરવા નીકળેલી સુંદરી કામકળા વચ્ચેનો સંવાદ નિરૂપાયો છે. શિવશર્મા કર્મને મોટું કહે છે અને કામકળા ઉદ્યમની સરસાઈ પુરસ્કારે છે. ૨-૨ દૃષ્ટાંતવાર્તાઓ અને તે ઉપરાંત સીધી દલીલોથી તેઓ પોતાના મંતવ્યનું સમર્થન કરે છે. અંતમાં રાજા નિર્ણય આપે છે : "કર્મ થકી ઉદ્યમ ફળે, ઉદ્યમથી કર્મ હોય; ઓછું અદકું એહને કહી ન શકે કોય". એ નિર્ણયથી સંતુષ્ટ બેઉ વાદીઓ "થયાં કંથ ને કામિની પૂરણ પ્રીત પ્રતાપ". એ બેઉ ઇન્દ્રશાપે સ્વર્ગભ્રષ્ટ થઈ પૃથ્વી પર અવતરેલાં હોવાની વાત પ્રસ્તાવનામાં જોડી વાર્તાગર્ભ બનાવેલા સંવાદનેય વાર્તામાં મઢવામાં શામળે પોતાની ચતુરાઈ દેખાડી છે. મુખ્ય સંવાદ પહેલાં એમાં ગરમાવો આણવા યોજાઈ હોય તેવી બેઉ પાત્રોની પ્રશ્નોત્તરી વાર્તાઓમાં પેટ ભરીને સંસારજ્ઞાન પીરસવાના શામળના શોખના પૂર્વાભ્યાસ જેવી લાગે. [અ.રા.]

ઉદ્યોતવિમલ/'મણિઉદ્યોત'[ઈ.૧૮૩૧માં હયાત] : 'મણિઉદ્યોત'ની નામછાપથી રચના કરતા પાર્શ્વચન્દ્રગચ્છના જૈન સાધુ. મણિવિમલના શિષ્ય. મહાવીરસ્વામી, જંબૂસ્વામી વગેરે વિશેની પથી ૮ કડીની ગહૂંલીઓ, ૧૦ કડીનું 'પાર્શ્વનાથનું સ્તવન', ૮ કડીનું 'શત્રુંજય/સિદ્ધાચળજીનું સ્તવન' તથા ૧૦ કડીનું 'સુમતિનાથ-સ્તવન' એ મુદ્રિત કૃતિઓ તથા ૨ ઢાળ અને ૧૫ કડીના 'સિદ્ધાચલ-સ્તવન'-(૨.ઈ.૧૮૩૧)ના કર્તા.

કૃતિ : ૧. ગહૂંલીસંગ્રહ, સં. શિવલાલ સંઘવી, ઈ.૧૯૧૬; ૨. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૧; ૩. જિનસ્તસંગ્રહ; ૪. પ્રાસ્તરત્નસંગ્રહ:૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ઉદ્યોતસાગર/'જ્ઞાનઉદ્યોત'[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : 'જ્ઞાનઉદ્યોત'ની છાપથી રચના કરતા તપગચ્છના જૈન સાધુ. પુણ્યસાગરની પરંપરામાં જ્ઞાનસાગરના શિષ્ય. દેવચંદ્રને નામે છપાયેલી 'અષ્ટપ્રકારી-પૂજા' (૨.ઈ.૧૭૮૭;*મુ.), 'એકવીસપ્રકારી-પૂજા' (૨.ઈ.૧૭૮૭;*મુ.), 'આરાધના બત્રીસ દ્વારનો રાસ', ૧૭ કડીની 'વીરચરિત્ર-વેલી' અને ૫ કડીના 'સિદ્ધાચલ-સ્તવન'(મુ.)ના કર્તા. તેમની પાસેથી હિન્દી ગદ્યમાં 'બારવ્રતની ટીપ/સમ્યક્ત્વમૂલબારવ્રત-વિવરણ' (૨.ઈ.૧૭૮૦/સં.૧૮૩૬, માગશર સુદ ૫, ગુરુવાર) તેમ જ કેટલાંક હિન્દી સ્તવનો(મુ.) મળે છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ:૧; ૨. જૈકાસંગ્રહ; ૩. જૈપ્રપુસ્તક : ૧; ૪.*શ્રીમદ્ દેવચંદ્ર : ૨, પ્ર. અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ, –; ૫. વિવિધપૂજાસંગ્રહ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ.૧૮૯૮.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨,૩(૧).

[શ્રા.ત્રિ.]

ઉમર(બાવા)[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : મુસ્લિમ કવિ. પીર કાયમુદ્દીનના શિષ્ય અભરામબાવા(ઈ.૧૭૦૦ આસપાસ હયાત)ના શિષ્ય. લુહારી, સુથારી જેવા વિવિધ વ્યવસાયોનાં દૃષ્ટાંતો તથા ક્વચિત્ અવળવાણીની મદદથી અદ્વૈતવાદ, યોગાનુભવ અને પ્રેમ-લક્ષણાભક્તિના મર્મનું સચોટ નિરૂપણ કરતાં તેમનાં કેટલાંક ભજનો તથા ગરબા મુદ્રિત મળે છે. એમનાં કાવ્યોની ભાષામાં હિંદીની છાંટ છે.

કૃતિ : ભક્તિસાગર, સં. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ.૧૯૨૯ (+સં).

[૨.૨.દ.]

ઉમિયો[ઈ.૧૭૨૨ના અરસામાં] : ઈ.૧૭૨૨માં નર્મદામાં આવેલા ભારે પૂરે અનેક ગામોમાં જે વિનાશ વેર્યો તેનું ૩ ઢાળ અને ૭૨ કડીમાં વીગતે વર્ણન કરતો 'રેવાજીની રેલનો ગરબો'(મુ.) તથા અંબાજીના ૩ ગરબા(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગુજરાતી લોકસાહિત્યમાળા : ૧, સં. મંજુલાલ ૨. મજમુદાર વગેરે, ઈ.૧૯૬૬; ૨. શ્રીમદ્ ભગવતી કાવ્ય, સં. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : આલિસ્ટઑઈ:૨. [૨.૨.દ.]

'ઉષાહરણ' : હરિવંશ અને ભાગવતની ઉષા(ઓખા)કથામાં ઘટિત ઘટાડાવધારા કરી વીરસિંહે રચેલી આ કૃતિ(મુ.) એના પદબંધને કારણે આ વિષયનાં ગુજરાતી ભાષાનાં ઉપલબ્ધ કાવ્યોમાં સર્વપ્રથમ હોવાનું અનુમાન થયું છે. ૧૦૦૦ પંક્તિનું આ કાવ્ય મુખ્યત્વે દુહા-ચોપાઈમાં રચાયેલું છે પરંતુ એમાં પ્રસંગોપાત્ત ભુજંગપ્રયાત, વસ્તુ, ગાથા, પદ્ધડી અને સારસી વગેરે અન્ય છંદો, ઢાળવૈવિધ્ય દર્શાવતાં ગીતો તેમ જ 'બોલી' નામથી ઓળખાતા પ્રાસબદ્ધ ગદ્યનો પણ ઉપયોગ થયો છે. આ રીતે આ આખ્યાનનો કાવ્યબંધ પ્રબંધને મળતો છે. ગૌરીપૂજન વગેરે સામાજિક રિવાજોનેયે નિરૂપતા આ કાવ્યમાં નગર, ગઢ, સેના, યુદ્ધ વગેરેનાં આકર્ષક વર્ણનો મળે છે, જે 'કાન્હડદેપ્રબંધ'ની યાદ અપાવે છે, તેમ જ શૃંગાર અને વીરરસની જમાવટ પણ છે. પાર્વતી-દીપકનો સંવાદ, ઉષાનું વીરાંગના તરીકેનું વ્યક્તિત્વ, નાયક-નાયિકાની રસિક સમસ્યાઓ, અર્થાન્તર-ન્યાસી કહેવતો-કથનોનો પ્રયોગ – એ આ કાવ્યના કેટલાક આકર્ષક અંશો છે. કવિની સંસ્કૃતાઢ્ય પ્રૌઢભાષા પણ ધ્યાન ખેંચે છે.

[ચ.શે.]

ઊગમશી[ ] : અવટંકે ભાટી. કચ્છના કેરાકોટ ગામના ચમાર ભક્ત ઊગમશીની માહિતી મળે છે તે જ આ કવિ છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. આ કવિનાં, રૂપકો અને દૃષ્ટાંતોથી રચેલાં બોધાત્મક ૩ પદો(મુ.) મળે છે.

કૃતિ : નકાસંગ્રહ.

સંદર્ભ : રામદેવ રામાયણ, કેશવલાલ ૨. સાયલાકર. [કૌ.બ્ર.]

ઊજમસિંહ[ ] : જ્ઞાનમાર્ગવિષયક કેટલાંક પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કૌ.બ્ર.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊજરૂ/ઉજજવલ[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૭મી સદી આરંભ] : તપગચ્છના જૈન શ્રાવક. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયસેનસૂરિના શિષ્ય. ૪ કડીના 'આદિજિન-સ્તવન' (૨.ઈ. ૧૫૮૮; સ્વલિખિત પ્રત ઈ. ૧૬૦૨) અને ૬૩૧ કડીના, નવકારની ૬ કથા નિરૂપતા 'નવકાર-રાસ/રાજસિંહ-કથા'(૨.ઈ.૧૫૯૬/સં. ૧૬૫૨, વૈશાખ –, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'ઊજળી અને મેહની લોકકથાના દુહા' : જુઓ 'મેહ અને ઊજળીની લોકકથાના દુહા'.

ઋખજી[ ] : ૩૧ કડીના 'ચતુર્વિંશતિજિન-સ્તવન' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ઋદ્ધિ : જુઓ રિદ્ધિ.

ઋદ્ધિ[ ] : જૈન સાધુ. રૂપહંસના શિષ્ય. પ્રકૃતિ અને વિરહભાવના પરંપરાગત પરંતુ પ્રાસાદિક નિરૂપણવાળી ૨૬ કડીની 'નેમરાજિમતી-બારમાસ' (લે.સં.૧૯મી સદી અનુ.; મુ.), ૫ કડીની 'તીર્થંકર-સ્તવન'(મુ.) તથા 'સીમંધર-સ્તવન' (મુ.)એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ:૧; ૨. જૈપ્રપુસ્તક:૧; ૩. પ્રામબાસંગ્રહ:૧.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

ઋદ્ધિકુશલશિષ્ય[ ] : જૈન સાધુ. ૪ કડીના 'નેમિજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક:૧. [કી.જો.]

ઋદ્ધિચંદ્ર : આ નામે 'આદિનાથ-સ્તુતિ' અને ૬ કડીની 'વિજયદેવસૂરિ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.) એ કૃતિઓ નોંધાયેલી મળે છે. આ ઋદ્ધિચંદ્ર – ૧ છે કે કેમ તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

ઋદ્ધિચંદ્ર – ૧[ઈ. ૧૬૩૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. મહોપાધ્યાય કરમોચક ભાનુચંદ્રના શિષ્ય. ૭૩ કડીની 'મેતારજ-સઝાય'-(૨.ઈ.૧૬૩૯/સં.૧૬૯૫, મહા સુદ ૧૩, બુધવાર)ના કર્તા. જુઓ રિદ્ધિચંદ્ર.

સંદર્ભ : ૧. જૈન રાસમાળા, પ્ર. મન:સુખરામ કી. મહેતા, સં. ૧૯૬૫; ☐ ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

ઋદ્ધિવિજય : આ નામે 'ઉપશમ-સઝાય' (લે.ઈ.૧૭૩૯), ૧૪/૧૫ કડીની 'જંબૂકુમાર-સઝાય' (લે.ઈ.૧૮મી સદી અનુ.), 'નમસ્કાર-સઝાય', ૨૧ કડીની 'પાર્શ્વનાથ-સ્તવન' (લે. ઈ. ૧૮૪૧), ૭ કડીની 'વિજયરત્નસૂરીશગુરુ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.) તથા ૧૭ કડીની 'હિતોપદેશ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.) એ કૃતિઓ નોંધાયેલી મળે છે. આ ઋદ્ધિવિજય કયા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

ઋદ્ધિવિજય(વાચક) – ૧[ઈ.૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં વિજયરાજના શિષ્ય. 'વરદત્તગુણમંજરી-રાસ' (૨.ઈ.૧૬૪૭/સં.૧૭૦૩, ફાગણ સુદ ૩, ગુરુવાર) તથા 'રોહિણી-રાસ'(૨.ઈ.૧૬૬૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨) ;૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

ઋદ્ધિવિજય(વાચક) – ૨[ઈ.૧૬૯૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિના શિષ્ય. ૧૦ ઢાળના 'જિનપંચકલ્યાણ-સ્તવન'-(૨.ઈ.૧૬૯૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨,૩(૨). [કા.શા.]

ઋદ્ધિવિજય – ૩[ઈ.૧૮૪૮ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. દાનવિજયના શિષ્ય. ૩૭ કડી અને ૩ ઢાળમાં વિવિધ દેશીઓમાં રચાયેલી, તપ અને સંયમનો મહિમા દર્શાવતી બોધપ્રધાન કૃતિ 'અઢાર નાતરાંની સઝાય'(લે.ઈ.૧૮૪૮; મુ.)ના કર્તા.

કૃતિ : સસંયમમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

ઋદ્ધિવિજય – ૪[ ] : જૈન સાધુ. વજ્રસિંહની પરંપરામાં મેરુવિજયના શિષ્ય. ૫ કડીની 'ચેતનને શિખામણની સઝાય'(મુ.), ૧૩ કડીની 'ધનગિરિમુનિ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.) તથા ૧૭ કડીની 'વિષયરાગનિવારક-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. પ્રાસપસંગ્રહ; ૩. સજ્ઝાયમાળા(પં).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

ઋદ્ધિહર્ષ : આ નામે 'કર્મફલ-સઝાય/કર્મપચીસીની સઝાય' (લે.ઈ.૧૮૪૨; મુ.), ૨૦/૨૧ કડીની 'ગોડીપાર્શ્વનાથ-છંદ/સ્તવ' (લે.સં.૧૯મી સદી અનુ.), ૧૯ કડીની 'નેમનાથ-બારમાસ' (લે.સં. ૧૯મી સદી અનુ.), 'નેમિકુમાર-ધમાલ', ૩૨ કડીની 'નેમિજીની લુઅર', ૧૩ કડીની 'નેમિરાજુલ-સ્તવ', ૩૨ કડીની 'નેમિરાજિમતી-સઝાય' તથા ૭ કડીની 'પ્રસન્નચંદ્રરાજાની સઝાય'(મુ.) મળે છે, તે કયા ઋદ્ધિહર્ષ છે તે નિશ્ચિત કરી શકાતું નથી.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ચૈસ્તસંગ્રહ:૩; ૩. જિભપ્રકાશ.

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કા.શા.]

ઋદ્ધિહર્ષ – ૧[ઈ. ૧૬૬૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિના શિષ્ય. ૧૯/૨૦ કડીની 'નેમિરાજિમતી-સ્તવન' (૨.ઈ.૧૬૬૬), ૧૯/૨૦ કડીની 'રહનેમિરાજિમતી-સઝાય', ૩ કડીની 'પાર્શ્વજિન-સ્તવન', ૩ કડીની 'વિજયપ્રભસૂરિ-દૂપદ'(મુ.) તથા ૭ કડીની 'સમેતશિખર-સ્તવન' એ કૃતિઓના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ઔસમાલા:૧.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

ઋદ્ધિહર્ષ – ૨[ ] : જૈન સાધુ. ઉદયહર્ષના શિષ્ય. ૧૨ કડીની '(શત્રુંજયમંડન)ઋષભદેવ-સ્તવન'(લે.સં.૨૦મી સદી અનુ.)ના કર્તા.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

ઋષભ/ઋષભ(કવિ)/રિખભ : ઋષભના નામથી ૨૧ કડીના 'ચોવીસ તીર્થંકરના ચંદ્રાવળા' (૨.ઈ.૧૮૦૦/સં.૧૮૫૬, પોષ વદ ૨, શનિવાર; મુ.) તથા ૨૧ કડીના 'મહાવીરસ્વામીના ચંદ્રાવળા' (૨.ઈ.૧૭૯૮/સં.૧૮૫૪, વસંત ઋતુ સુદ ૧૩; મુ.) એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા ઋષભ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી, તેમ છતાં રચનાસમય જોતાં ઋષભસાગર – ૩ના સંદર્ભમાં એનો વિચાર કરવાની શક્યતા ઊભી થાય છે.

ઋષભ, કવિ ઋષભ, રિખભ આ નામોથી ૭૨ કડીની 'ચૈત્ય-વંદન-ચોવીસી' (મુ.), ૧૮ કડીની 'રાજુલશણગાર-સ્તવન', ૧૭ કડીની 'સ્થૂલિભદ્રમુનિની સઝાય/ સ્થૂલિભદ્રકોશા-સંવાદ' (મુ.) તથા અન્ય ચૈત્યવંદનો, સ્તુતિઓ, સ્તવનો, સઝાયો વગેરે રચનાઓ મળે છે. તેના કર્તા કોણ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. વસ્તુત: 'સ્થૂલિભદ્રમુનિની સઝાય' જુદા જુદા સંદર્ભોમાં ઋષભદાસ, ઋષભવિજય, ઋષભસાગર ત્રણે નામે મુકાયેલી મળે છે. તેમ છતાં ઘણી કૃતિઓ ઋષભદાસ – ૧ની હોવાની શક્યતા વધારે છે. 'ઋષભશતાવલીગ્રંથ'માંથી દુહા-ચોપાઈબદ્ધ ૩૪ સુભાષિતો ઋષભને નામે મુદ્રિત મળે છે, તે પણ ઋષભદાસ – ૧નાં સુભાષિતોનો સંચય હોય એવો સંભવ છે.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. આકામહોદધિ:૫; ૩. કક્કા-બત્રીસીના ચંદ્રાવલા તથા ચોવીસ તીર્થંકરાદિના ચંદ્રાવલાનો સંગ્રહ, પ્ર. જગદીશ્વર છાપખાનું, ઈ.૧૮૮૫; ૪. ચૈસ્તસંગ્રહ:૧; ૫. જૈકાપ્રકાશ:૧; ૬. દેસ્તસંગ્રહ; ૭. લઘુ ચોવીશીવીશી સંગ્રહ, પ્ર. કુંવરજી આણંદજી, સં.૧૯૯૫; ૮. શનીશ્વરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, પ્ર. ભીમસિંહ માણેક, ઈ.૧૯૨૨; ૯. સસન્મિત્ર (ઝ). [હ.યા.]

ઋષભદાસ/રિખભદાસ : આ નામથી ૧૫ કડીના 'ઋષભદેવ-બારમાસા' (મુ.), ૧૫ કડીના 'રાજિમતીના બારમાસ' અને અન્ય હિન્દી-ગુજરાતી મુદ્રિત-અમુદ્રિત પદ, લાવણી, સ્તવન, સઝાય મળે છે તે કયા ઋષભદાસનાં છે તે કહેવું મુશ્કેલ છે. હિન્દી કૃતિઓ કદાચ કોઈ અર્વાચીન કવિની પણ હોય.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. જૈકાપ્રકાશ:૧; ૩ જૈકાસંગ્રહ; ૪. જૈપ્રપુસ્તક:૧; ૫. લોંપ્રપ્રકરણ.
સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હૈજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઋષભદાસ – ૧[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ. જૈન શ્રાવક. ખંભાતના વીશા પોરવાડ (પ્રાગ્વંશીય) વણિક. અવટંકે સંઘવી, પિતા સાંગણ, માતા સરૂપાદે. હીરવિજયસૂરિની પરંપરાના વિજયસેન – વિજયાણંદના અનુયાયી. 'ઋષભદેવ-રાસ' (૨.ઈ.૧૬૦૬) અને 'રોહણિયા-રાસ'(૨.ઈ.૧૬૩૨)ના રચનાકાળને આધારે તેમનો કવનકાળ ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ ગણી શકાય અને જીવનકાળને થોડોક ૧૬મી સદીમાં પણ લઈ જઈ શકાય.

કવિએ પોતાની કૃતિઓમાં આપેલી માહિતી અનુસાર કવિના દાદા (મહીરાજ) અને પિતાએ સંઘ કાઢ્યા હતા અને એ રીતે સંઘવી કહેવાયા હતા. સંઘ કાઢવાની કવિની ઇચ્છા પૂરી થઈ જણાતી નથી, પરંતુ તેમણે શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી હતી અને તેઓ ધાર્મિક આચારવિચારોનું પાલન કરી એક સાચા શ્રાવકનું જીવન ગાળતા હતા. કવિની સ્થિતિ સુખી અને સંપન્ન જણાય છે. તેઓ સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષાસાહિત્યના જ્ઞાતા અને શાસ્ત્રાભ્યાસી હતા તેમ જ હોશિયાર વિદ્યાર્થીઓને તેમણે ભણાવ્યા પણ હતા.

ઈ.૧૬૨૯માં રચાયેલા 'હીરવિજયસૂરિ-રાસ'માં કવિએ પોતે ૩૪ રાસ, ૫૮ સ્તવન અને તે ઉપરાંત ઘણાં ગીત, સ્તુતિ, નમસ્કાર રચ્યાં છે એમ કહ્યું છે. તે પછી રચાયેલા ૨ રાસ મળ્યા છે અને બીજી કૃતિઓ પણ હોવાનો સંભવ છે. પરંતુ આ બધું જ સાહિત્ય અત્યારે પ્રાપ્ય નથી. તેમની ૩૨ જેટલી રાસકૃતિઓ નોંધાયેલી છે જેમાંથી ૮ જેટલા રાસોની તો હસ્તપ્રતો પણ પ્રાપ્ય નથી અને માત્ર ઋષભ/ રિખભ, ઋષભદાસ/રિખભદાસના નામથી મળતી કૃતિઓને આ જ ઋષભદાસની ગણવી કે કેમ તેનો કોયડો છે. તેમ છતાં આ કવિનું વિપુલ સાહિત્યસર્જન અવશ્ય નોંધપાત્ર બને છે.

કવિ પોતાની ઘણી કૃતિઓના મંગલાચરણમાં સરસ્વતીને ભાવ-પૂર્વક વંદના કરે છે અને મોટા ભાગની કૃતિઓ ગુરુવારે પૂરી કરે છે તે તેમની વિદ્યાપ્રીતિ દર્શાવે છે. પોતાની કૃતિઓમાં કવિ પોતાના પૂર્વકવિઓનું પણ આદરપૂર્વક સ્મરણ કરે છે, તેમનો ઋણસ્વીકાર કરે છે અને પોતાની અલ્પતા દર્શાવે છે. ઋષભદાસની કૃતિઓમાં વિપુલ પ્રમાણમાં મળતાં સુભાષિતો પણ કવિએ પૂર્વ-પરંપરાનો મોકળાશથી લાભ લીધો છે એમ દર્શાવી આપે છે. કવિની કૃતિઓમાં કથાતત્ત્વ ઘણું વિપુલ છે. દૃષ્ટાંતકથા, ઉપકથા નિમિત્તે ઘણી કથા-સામગ્રી કવિ પોતાની કૃતિઓમાં વણી લે છે, પરંતુ કથારસ જમાવવાનું કૌશલ કવિ ખાસ બતાવી શકતા નથી. તેમનું લક્ષ કથા નિમિત્તે બોધ આપવા તરફ વિશેષ રહે છે. તેમનો બોધ સાંપ્રદાયિક આચાર-વિચારોને અનુલક્ષતો હોય એ સ્વાભાવિક છે પરંતુ તે ઉપરાંત સમગ્ર જીવનવ્યવહાર અંગેની ડહાપણભરેલી શિખામણ પણ તેમાં સારા પ્રમાણમાં ગૂંથાયેલ છે તે ધ્યાન ખેંચે તેવી બાબત છે. જેમ કે, "પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવત ઋષભદાસ જેટલી જૂની છે. કવિ ક્વચિત્ વિનોદરસનું નિરૂપણ કરવાની તક લે છે, જીભ અને દાંત વચ્ચેના જેવા સંવાદો ગૂંથવાની પદ્ધતિ અપનાવે છે, ઉપમાદિ અલંકારોનો વિનિયોગ કરે છે ને સ્થળો, વ્યક્તિઓ વગેરેનાં પ્રાસાદિક વર્ણનો આપે છે, તેમ જ કૃતિનાં રચનાસ્થળ, કાળ વગેરેને સમસ્યાથી નિર્દેશે છે – એ બધી રીતે કવિનું રસિક પાંડિત્ય પ્રગટ થતું જોઈ શકાય છે.

ઋષભદાસની કૃતિઓમાં રાજસ્થાની પરંપરા મુજબ કારતક વદ અમાસને દિવાળી-દિન તરીકે ઓળખાવાયેલ છે અને વર્ષ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ કારતક વદ અમાસ પછી બદલાતું હોય એવું સમજાય છે.

ઋષભદાસની રાસાત્મક કૃતિઓમાંથી ૪ કૃતિઓ મુદ્રિત મળે છે. ૨ ખંડ અને આશરે ૪૫૦૦ કડીનો, મુખ્યત્વે દુહા, ચોપાઈ અને દેશીબંધમાં રચાયેલો 'કુમારપાલ-રાસ'←(૨.ઈ.૧૬૧૪/સં. ૧૬૭૦, ભાદરવા સુદ ૨, ગુરુવાર) કુમારપાલ ઉપરાંત વનરાજ, સિદ્ધરાજ જયસિંહ, હેમચંદ્રાચાર્ય અને અજયપાલના જીવનવૃત્તાંતને વર્ણી લઈ ઘણી ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે તેમ જ ધર્મ-બોધક પ્રસંગનિરૂપણો, અલંકારાદિકની મદદથી થયેલાં વર્ણનો, તત્કાલીન સમાજજીવનની માહિતી અને સંખ્યાબંધ સુભાષિતોથી મહાકાવ્ય જેવો વિસ્તાર સાધે છે. કવિની લાક્ષણિક વર્ણનશક્તિ તથા બોધવૃત્તિને પ્રગટ કરતો ૮૪ ઢાળનો દુહા-દેશીબદ્ધ 'ભરત-બાહુબલિ-રાસ'←(૨.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, પોષ સુદ ૧૦, ગુરુવાર) પણ ભરતેશ્વર અને બાહુબલિના પૂર્વભવોના વૃત્તાંતથી તેમ જ ઉપકથાઓના વિનિયોગથી વિસ્તાર સાધતી કૃતિ છે. લગભગ જીવનવ્યાપી કહેવાય એવા ધર્મબોધ અને વ્યવહારબોધને રજૂ કરતો દુહા, સોરઠા અને દેશી ઢાળોની આશરે ૨૦૦૦ કડીનો 'હિતશિક્ષા-રાસ' ← (૨.ઈ.૧૬૨૬/સં.૧૬૮૨, મહા સુદ ૫, ગુરુવાર) કવિની સુભાષિતવાણી અને દૃષ્ટાંતકથાઓથી રસાત્મક બને છે. દુહા, ચોપાઈ અને દેશીબદ્ધ આશરે ૩૫૦૦ કડીનો 'હીરવિજયસૂરિ-રાસ' ← (૨.ઈ.૧૬૨૯/સં.૧૬૮૫, આસો – ૧૦, ગુરુવાર) અકબરબાદશાહ-પ્રતિબોધક વિખ્યાત જૈનાચાર્ય હીરવિજયસૂરિના જીવનવૃત્તાંતને નિમિત્તે ઘણી ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની માહિતી આપે છે અને અકબરચરિત્રનું આલેખન, કેટલાંક વર્ણનો, પ્રસંગનિરૂપણો તથા કાવ્યચાતુરીઓને કારણે રસપ્રદ બને છે. અન્ય રાસકૃતિઓ આ પ્રમાણે છે : ૧૧૮ ઢાળનો 'ઋષભદેવનો રાસ' (૨.ઈ.૧૬૦૬), શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન કરતો ૮૧ ઢાળનો 'વ્રતવિચાર-રાસ' (૨.ઈ.૧૬૧૦/સં.૧૬૬૬, કારતક વદ ૩૦), ૪૨૪/૪૨૬ કડીનો 'સુમિત્રરાજર્ષિ-રાસ' (૨.ઈ.૧૬૧૨/સં.૧૬૬૮, પોષ સુદ ૨, ગુરુવાર), ૭૨૮/૭૩૨ કડીનો 'સ્થૂલિભદ્ર-રાસ' (૨.ઈ.૧૬૧૨ /સં. ૧૬૬૮, કારતક વદ ૩૦, શુક્રવાર); ૫૫૭ કડીનો 'અજાકુમાર-રાસ' (૨.ઈ.૧૬૧૪/સં.૧૬૭૦, ચૈત્ર સુદ ૨, ગુરુવાર), ૨૦ ઢાળ અને ૨૯૬ કડીનો 'શત્રુંજયઉદ્ધાર-રાસ' (૨.ઈ.૧૬૧૪/સં. ૧૬૭૦, ભાદરવા સુદ ૨, ગુરુવાર), ૫૦૨ કડીનો 'જીવવિચાર-રાસ' (૨.ઈ.૧૬૨૦/સં.૧૬૭૬, આસો સુદ ૧૫), ૮૧૧ કડીનો 'નવતત્ત્વ-રાસ' (૨. ઈ. ૧૬૨૦/સં. ૧૬૭૬, કારતક વદ ૩૦, રવિવાર), ૫૮૨ કડીનો 'ક્ષેત્રપ્રકાશ-રાસ' (૨.ઈ.૧૬૨૨/સં. ૧૬૭૮, માધવ માસ સુદ ૨, ગુરુવાર), ૮૭૯ કડીનો 'સમકિતસાર-રાસ' (૨.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, જેઠ સુદ ૨, ગુરુવાર), ૭૧૨ કડીનો 'ઉપદેશમાલા-રાસ' (૨.ઈ.૧૬૨૪/સં.૧૬૮૦, મહા સુદ ૧૦, ગુરુવાર), આશરે ૧૬૬ કડીનો 'પૂજાવિધિ-રાસ' (૨.ઈ.૧૬૨૬/ સં.૧૬૮૨, વૈશાખ સુદ ૫, ગુરુવાર), ૨૨૩ કડીનો 'જીવંત-સ્વામીનો રાસ' (૨.ઈ.૧૬૨૬/સં.૧૬૮૨, વૈશાખ વદ ૧૧, ગુરુવાર), ૭ ખંડ અને ૧૮૩૯ કડીનો 'શ્રેણિક-રાસ' (૨.ઈ.૧૬૨૬ /સં.૧૬૮૨, આસો સુદ ૫, ગુરુવાર), ૨૮૪ કડીનો 'કયવન્ના-રાસ' (૨.ઈ.૧૬૨૭), ખરતરગચ્છ અને તપગચ્છના વિખવાદને ટાળવા વિજયદાનસૂરિની ૭ આજ્ઞાઓમાં ૫ ઉમેરી હીરવિજય-સૂરિએ ૧૨ આજ્ઞાઓ જાહેર કરી હતી તેને વર્ણવતો ૨૯૪ કડીનો 'હીરવિજયસૂરિના બાર બોલનો રાસ' (૨.ઈ.૧૬૨૮/સં. ૧૬૮૪, શ્રાવણ વદ ૨, ગુરુવાર), ૨૯૫ કડીનો 'મલ્લિનાથ-રાસ' (૨.ઈ.૧૬૨૯/સં.૧૬૮૫, પોષ સુદ ૧૩, રવિવાર), ૧૦૦૫ કડીનો 'અભયકુમાર-રાસ' (૨.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, કારતક વદ ૯, ગુરુવાર), ૨૪૫ કડીનો 'રોહણિયામુનિ-રાસ' (૨.ઈ.૧૬૩૨ /સં.૧૬૮૮, પોષ સુદ ૭, ગુરુવાર), ૪૪૫ કડીનો 'વીરસેનનો રાસ'. આ ઉપરાંત ૭૯૧ કડીનો 'સમયસ્વરૂપ-રાસ', ૭૮૫ કડીનો 'દેવગુરુસ્વરૂપ-રાસ', ૨૧૯૨ કડીનો 'કુમારપાલનો નાનો રાસ', આશરે ૧૬૦૦ કડીનો 'શ્રાદ્ધવિધિ-રાસ', ૯૭ કડીનો 'આર્દ્રકુમાર-રાસ', ૩૨૮ કડીનો 'પુણ્યપ્રશંસા-રાસ' પણ પરંપરામાં કવિ ઋષભદાસને નામે નોંધાયેલ છે પરંતુ આ રાસકૃતિઓની હસ્તપ્રતો ઉપલબ્ધ થઈ નથી. 'વીસસ્થાનકતપ-રાસ' (૨.ઈ.૧૬૨૯) તથા 'સિદ્ધશિક્ષા-રાસ' નામક ૨ કૃતિ પણ આ કવિને નામે ઉલ્લેખાયેલી મળે છે, પરંતુ પ્રાપ્ત આધારોથી એનું સમર્થન થતું નથી. 'સિદ્ધશિક્ષા' તે કદાચ 'હિતશિક્ષા' હોય.

અન્ય પ્રકારની લાંબી કૃતિઓમાં 'નેમિનાથનવરસ/નેમિનાથજીનું સ્તવન' (૨.ઈ.૧૬૧૧/સં.૧૬૬૭, પોષ સુદ ૨, ગુરુવાર; મુ.), ૫ ઢાળ અને ૭૦ કડીમાં નેમિનાથના જીવનના મુખ્ય પ્રસંગો-ને રસાળ રીતે વર્ણવે છે અને ૩૨ કડીનો 'પાલનપુરનો છંદ'(મુ.) પાલનપુરના વણિકવંશોની તથા અન્ય ઈતિહાસપ્રસંગોની માહિતીને કારણે નોંધપાત્ર બને છે. ૧૨ ઢાળ અને ૭૬ કડીનું 'બારઆરા-સ્તવન/ગૌતમપ્રશ્નોત્તર-સ્તવન' (૨.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, ભાદરવા સુદ ૨; મુ.), ૫ ઢાળ અને ૫૮ કડીનું 'આલોયણાવિચાર-ગર્ભિત-આદિજિન-સ્તવન' (૨.ઈ.૧૬૧૦/સં.૧૬૬૬, શ્રાવણ સુદ ૨; મુ.), ૬૯/૭૧ કડીનો 'આદીશ્વર-વિવાહલો/ઋષભદેવગુણ-વેલી', ૫૪ કડીનું 'કુમતિદલનપાર્શ્વનાથ-સ્તવન' તથા ૧૦૦ ગ્રંથાગ્રની 'શીલ-સઝાય' આ પ્રકારની અન્ય કૃતિઓ છે. કવિ ઋષભદાસની કેટલીક મુદ્રિત-અમુદ્રિત સ્તુતિઓ, સઝાયો વગેરે પ્રકારની કૃતિઓ પણ મળે છે.

કૃતિ : ૧. આકામહોદધિ:૩, ૫, ૮ (+સં.); ૨. ચૈસ્તસંગ્રહ:૩; ૩. જિભપ્રકાશ; ૪. જિસ્તકાસંગ્રહ:૧; ૫. જૈકાપ્રકાશ:૧; ૬. જૈસ-સંગ્રહ(ન); ૭. સસન્મિત્ર (ઝ); ☐ ૮. ફાત્રૈમાસિક, ઑક્ટો.–ડિસે. ૧૯૪૧ – 'પાલનપુરનો જૈન સંક્ષિપ્ત ઈતિહાસ', મુનિ કાન્તિસાગર.

સંદર્ભ : ૧. કવિ ઋષભદાસ, વાડીલાલ જી. ચોકસી, ઈ.૧૯૭૯; ☐ ૨. ગુસાઇતિહાસ:૨; ☐ ૩. જૈનયુગ, કારતક ૧૯૮૨ –'સુમિત્ર-રાજર્ષિરાસ' (અંશત: મુદ્રિત); ૪. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૬. જૈહાપ્રોસ્ટા; ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઋષભદાસ – ૨[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૧૯ કડીની 'ત્રેવીસપદવી-સઝાય' (૨.ઈ.૧૭૧૬; મુ.) તથા સંપ્રદાયના વિખ્યાત શ્રાવક-શ્રાવિકાઓનું નામસ્મરણ કરતી ૧૫ કડીની સઝાય(૨.ઈ. ૧૭૨૯)ના કર્તા.

કૃતિ : જૈન સ્વાધ્યાય મંગળમાલા:૨, સં. મુનિશ્રી શામજી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈ.૧૯૬૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. જૈહાપ્રોસ્ટા. [હ.યા.]

ઋષભવિજય : આ નામે ૧૧ કડીની 'ઋતુવંતીઅસઝાયનિવારક-સઝાય' (મુ.) મળે છે તે કયા ઋષભવિજય છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

કૃતિ : પ્રાસપરસંગ્રહ. [હ.યા.]

ઋષભવિજય – ૧[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદની પરંપરામાં રામવિજયના શિષ્ય. ૩ ઢાળની 'ખંધકમુનિ-સઝાય' (૨.ઈ.૧૮૨૧/સં.૧૮૭૭, પોષ – ૬; મુ.), ૪ ઉલ્લાસ અને ૫૬ ઢાળની 'વચ્છરાજ-રાસ'←(૨.ઈ.૧૮૨૬/સં. ૧૮૮૨, શ્રાવણ સુદ ૬, ગુરુવાર; મુ.), ૧૭/૧૮ ઢાળની 'નેમિનાથ પાણિપીડાધિકાર-સ્તવન/નેમિનાથ-વિવાહલો' (૨.ઈ.૧૮૩૦/સં.૧૮૮૬, અસાડ સુદ ૧૫), 'મહાવીરસત્તાવીસભવ-સ્તવન' (૨.ઈ.૧૮૪૦) તથા ૭ ઢાળની 'રામસીતાનાં ઢાળિયાં'(૨.ઈ.૧૮૪૭/સં.૧૯૦૩, માગશર વદ ૨, બુધવાર)ના કર્તા.

કૃતિ : ૧. વચ્છરાજનો રાસ, –; ☐ ૨. આકામહોદધિ: ૫; ૩. જૈસસંગ્રહ(ન).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

ઋષભસાગર –૧ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ચારિત્રસાગરની પરંપરામાં કલ્યાણસાગર–ઋદ્ધિસાગરસૂરિના શિષ્ય. વિજયપ્રભસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૫૪ – ઈ.૧૬૯૩)માં રચાયેલ ૧૧ ઢાળની 'ગુણમંજરીવરદત્ત-ચોપાઈ' (૨.ઈ.૧૬૯૨ ?/સં.૧૭૪૮ ? – "મિત્રભાવ જુગભાવ મદ:ખ્પત્તિ:/મદરપતિસસિ", કારતક સુદ ૫, સોમવાર) અને 'ચોવીસી'(મુ.)ના કર્તા. બંને કૃતિઓની ભાષામાં હિન્દીની અસર દેખાય છે.

કૃતિ : અસ્તમંજુષા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨,૩(૨). [હ.યા.]

ઋષભસાગર – ૨ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. જશવંતસાગરની પરંપરામાં વિનોદસાગરના શિષ્ય. ૪ ઉલ્લાસ અને ૩૫ ઢાળના 'વિદ્યાવિલાસ/વિનયચટ-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૭૭૪/સં.૧૮૩૦, ભાદરવા સુદ ૧૫, બુધવાર) તથા ૨૧ ઢાળના સુરતના પ્રેમચંદ શેઠે કાઢેલા સંઘની શત્રુંજય તીર્થયાત્રાને વર્ણવતા 'પ્રેમચંદસંઘવર્ણન/શત્રુંજય/સિદ્ધાચલ-રાસ'(૨.ઈ.૧૭૮૭/સં. ૧૮૪૩, જેઠ વદ ૩, સોમવાર; મુ.)ના કર્તા.

કૃતિ : સૂર્યપુરરાસમાળા, પ્ર. મોતીચંદ મ. ચોક્સી, સં.૧૯૯૬.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [હ.યા.]

ઋષભસાગર – ૩[ ] : જૈન સાધુ. વિજયધર્મસૂરિના શિષ્ય. ૪ કડીના 'સહસ્રકૂટજિન-સ્તુતિ'ના કર્તા. કવિ તપગચ્છના વિજયધર્મસૂરિ(રાજ્યકાળ ઈ.૧૭૫૩–ઈ.૧૭૮૫)ના શિષ્ય હોય તો એમને ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધમાં થયેલા ગણી શકાય.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

'ઋષિદત્તા-રાસ'[૨.ઈ.૧૫૮૭/સં.૧૬૪૩, માગશર સુદ ૧૪, રવિવાર] : વિનયમંડનશિષ્ય જયવંતસૂરિકૃત દુહા-દેશીબદ્ધ ૪૧ ઢાળ અને ૫૩૪ કડીની આ કૃતિમાં કર્મફળની અનિવાર્યતા દર્શાવવા યોજાયેલું ને મનોરમ પ્રણયકથા બની રહેતું ઋષિદત્તાનું વૃત્તાંત આલેખાયું છે.

હેમરથરાજાનો પુત્ર કનકરથ કાંબેરીની રાજકુંવરી ઋખિમણિને પરણવા જતાં રસ્તામાં તાપસજીવન ગાળતા હરિષેણરાજાની પુત્રી ઋષિદત્તા પર મોહિત થઈ એની સાથે લગ્ન કરે છે ને ત્યાંથી જ પાછો વળી જાય છે. આથી ગુસ્સે થયેલી ઋખિમણિ સુલસા યોગિણી દ્વારા ઋષિદત્તાને રાક્ષસી ઠેરવે છે. દેહાંતદંડની સજા પામેલી અને મૂર્છિત થતાં મૃત્યુ પામેલી માનીને છોડી દેવાયેલી ઋષિદત્તા પિતાના આશ્રમમાં મુનિવેશે એકાકી જીવન ગાળે છે. ફરી ઋખિમણિને પરણવા જતો કનકરથ રસ્તામાં આ યુવાન મુનિથી આકર્ષાઈ એને પોતાના મિત્ર તરીકે સાથે લે છે. લગ્ન પછી કનકરથ ઋખિમણિ પાસેથી ખરી હકીકત જાણવા મળતાં નિર્દોષ પત્નીનો વિયોગ સહન ન થતાં બળી મરવા તૈયાર થાય છે ત્યારે એને અટકાવી ઋષિદત્તા મુનિવેશ છોડી પોતાને રૂપે પ્રગટ થાય છે અને ઋખિમણિ પરનો રોષ પણ દૂર કરાવે છે. યશોભદ્રસૂરિ પાસેથી, પોતાનાં પૂર્વભવનાં કર્મોનો આ બધો પરિપાક હતો એ જાણીને ઋષિદત્તા અને કનકરથ એમની પાસે દીક્ષા લે છે.

નાયિકાપ્રધાન આ રાસમાં વીર અને હાસ્ય સિવાયના સાતેય રસોનું યથોચિત નિરૂપણ છે પણ કરુણનું આલેખન વધારે લક્ષ ખેંચે છે. પતિનું વહાલ સંભારી અરણ્યમાં એકલી રવડતી ઋષિદત્તાના અને ઋષિદત્તાને સંભારી દુ:ખી જિંદગી જીવતા ને ખરી હકીકત જાણવા મળતાં બળી મરવા તૈયાર થયેલા કનકરથના વિલાપોમાં કવિની કરુણરસનિરૂપણની ક્ષમતા દેખાઈ આવે છે. સ્થળો, ઉત્સવો, પાત્રો, પ્રસંગોનાં વીગતપૂર્ણ ને રસિક વર્ણનો પણ કવિની ક્ષમતાનાં સૂચક છે. સંસ્કૃત તત્સમ શબ્દો ને સમાસરચનાઓનો નોંધપાત્ર વિનિયોગ કરતી કવિની ભાષામાં મરાઠી, રાજસ્થાની, સૌરાષ્ટ્રી, ઉર્દૂ ભાષાના સંસ્કારો પણ વરતાય છે, અને સુલસાએ મચાવેલા ઉત્પાતનું બીભત્સ અને અદ્‌ભુતરસભર્યું વર્ણન હિન્દીમાં કરીને કવિએ એ ભાષાપ્રયોગની સાભિપ્રાયતા પણ પ્રગટ કરી છે. કહેવતો અને રૂઢિપ્રયોગોના વિપુલ ને અર્થસભર ઉપયોગથી અભિવ્યક્તિ અસરકારક બની છે, તો વિશેષોક્તિ અને વ્યતિરેક જેવા અલંકારોની બહુલતાને કારણે કવિની અલંકારરચનાની વિદગ્ધતા પ્રગટ થાય છે. પંક્તિની અંતર્ગત પણ અંત્યાનુપ્રાસને લઈ જવાની રીતિ, ચારણી શૈલીની ઝડઝમક, ચારણી છંદો સમેત વિવિધ ગેયઢાળોનો ઉપયોગ અને દરેક ઢાળને આરંભે રાગનો નિર્દેશ એ આ કૃતિની રચનાશૈલીની કેટલીક વિશેષતાઓ છે. [૨.૨.દ.]

ઋષિવર્ધન(સૂરિ)[ઈ.૧૪૫૬માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. જયકીર્તિસૂરિના શિષ્ય. હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત' અને રામચંદ્રસૂરિકૃત 'નલવિલાસ-નાટક' પર આધારિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુહા, ચોપાઈ અને દેશીબદ્ધ, ૩૨૧ કડીનો એમનો 'નલરાયદવદંતીચરિત-રાસ←/નલરાજ-ચુપઈ/નલપંચભવ-રાસ' (૨.ઈ.૧૪૫૬; મુ.) અન્ય ભવોની કથાને ટૂંકમાં વર્ણી લે છે, અને નિરૂપણના લાઘવ તથા કાવ્યતત્ત્વની દૃષ્ટિએ ગુજરાતી નલકથામાં નોંધપાત્ર બને છે. તેમની પાસેથી 'જિનેન્દ્રાતિશય-પંચાશિકા' નામે સંસ્કૃત રચના પણ મળે છે.

કૃતિ : ૧.*(ઋષિવર્ધનસૂરિકૃત) નલરાય-દવદંતીચરિત, સં. અર્નેસ્ટ બેન્ડર, ઈ.૧૯૫૧; ૨. એજન, સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૧ (+સં.).

સંદર્ભ : ૧. નળદમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૦; ☐ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧). [શ્રા.ત્રિ.]

'ઓખાહરણ' [સંભવત: ૨.ઈ.૧૬૬૭] : પ્રેમાનંદના સર્જનકાળના આરંભના આ આખ્યાન (મુ.)માં ઓખા-અનિરુદ્ધનાં લગ્ન તથા એને અનુષંગે શંકર અને શ્રીકૃષ્ણ વચ્ચે લડાયેલ યુદ્ધનું ભાગવત દશમસ્કંધ-આધારિત વૃત્તાંત, ૧૪ રાગબદ્ધ ૨૯ કડવાંમાં નિરૂપાયેલું છે.

અન્ય કવિઓનાં 'ઓખાહરણ'માં મળતા બાણાસુરનું વાંઝિયાપણું તેમ જ ઓખાના પૂર્વજન્મની કથા જેવા રસાળ કથા-ઘટકો ટાળી, અવાન્તર કથારસ જતો કરવાનું જોખમ ખેડીનેયે પ્રેમાનંદ અહીં વિષયવસ્તુની એકતા સાધે છે. એમ થતાં કૃતિને સીધી, લક્ષ્યગામી ગતિ સાંપડી છે. ઓખાના મનોભાવોનાં નિરૂપણો તેમ જ વિવિધ યુદ્ધપ્રસંગોનાં વર્ણનો, અલબત્ત, વિસ્તારપૂર્વક આલેખાયાં છે, પરંતુ વિષ્ણુદાસકૃત 'ઓખાહરણ' સામાજિક આચારવિચારનાં નિરૂપણોથી અસમતોલ બની જાય છે એવું અહીં થતું નથી.

આ કૃતિમાં માનવચરિત્રોને વિશિષ્ટ પરિમાણો ને આગવી ઝીણવટો પ્રાપ્ત થયાં નથી, તેથી એ બહુધા લાક્ષણિક ચિત્રો જેવાં કે સાધનભૂત રહ્યાં છે. કૃતિનું મુખ્ય પાત્ર ઓખા જાણે માત્ર પ્રેમઘેલી અને લગ્નોત્સુક કન્યા છે, જોકે અનિરુદ્ધ પરત્વેના ઓખાના પ્રણય-આવેગયુક્ત મનોભાવો તથા તજ્જન્ય શૃંગારનું નિરૂપણ ક્વચિત્ સરસ થયું છે. ઓખા-અનિરુદ્ધના લગ્નમાં સખીકર્મ કરતી વિધાત્રીરૂપ ચિત્રલેખાનું પાત્ર વિશેષ પાસાદાર થયું છે. સામાન્ય રીતે ક્રિયાના કર્તા તરીકે નહીં, પરંતુ ક્રિયાધીન બનનાર તરીકે વર્ણવાયેલા અનિરુદ્ધનું, યુદ્ધપ્રસંગે પ્રગટતું શૌર્ય ચમત્કાર જેવું ભાસે છે.

કૃતિના રસવિધાનમાં વીરરસ પ્રાધાન્ય ભોગવે છે, પરંતુ તેનું આલંબન પાત્રના વિકલ્પે યુદ્ધ-પ્રસંગો જ બને છે. વીરના આશ્રયે અદ્‌ભુત, ભયાનક અને બીભત્સ રસનું આલેખન પણ થયું છે. યુદ્ધવર્ણનોમાં પ્રેમાનંદનું કવિત્વ પ્રગટ થાય છે. યુદ્ધનાં ગતિસભર ચિત્રોને શબ્દની નાદશક્તિની સહાય મળી છે, તે ઉપરાંત 'શોણિતસરિતા' જેવાં રૂપકોથી તાદૃશીકરણ પણ સધાયું છે.

પ્રેમાનંદની રચનાઓમાં સામાન્યત: જોવા મળતાં, કથાપ્રસંગ-સંબંધિત મૌલિક ઉમેરણો અહીં નહીંવત્ છે. સમગ્ર રચનામાં કેટલાંક રસસ્થાનો હોવા છતાં પ્રેમાનંદની કાવ્યકલાનું નિર્વહણ અહીં ઉત્તમ તેમ જ સાતત્યપૂર્ણ રીતે થયું નથી.

૫૨ કડવાં સુધી વિસ્તરેલું મળતું આ આખ્યાન ૨૯ કડવાંનું છે એવો સ્પષ્ટ ઉલ્લેખ કૃતિમાંથી મળે છે. પરંતુ તેના રચનાસમય વિશે અલગઅલગ પ્રતમાં અલગઅલગ નિર્દેશ મળે છે. કવિ નર્મદને મળેલ ૨૯ કડવાં ધરાવતી પ્રતમાં રચનાસમય સં. ૧૭૨૩, ચૈત્ર વદ ૯, ગુરુવાર (ઈ.૧૬૬૭) મળે છે. વર્ષ, માસ, પક્ષ, તિથિ, અને વારના ગણિત મુજબ એ દિવસ સાચો ઠરતો નથી પરંતુ અન્ય હસ્તપ્રતોમાં મળતા રચનાસમયના નિર્દેશો તો એથી પણ વધુ અશ્રદ્ધેય જણાય છે. [૨.૨.દ.]

ઓધવ : જુઓ ઉદ્ધવ.

કક્ક[ઈ.૧૬૮૦ સુધીમાં] : 'યોગીવાણી'(લે.ઈ.૧૬૮૦)ના કર્તા.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

કક્ક(સૂરિ)શિષ્ય – ૧[ઈ.૧૫૪૦માં હયાત] : કોરંટગચ્છના જૈન સાધુ. ૧૮૫/૧૯૦ કડીની 'વિક્રમલીલાવતી-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૫૪૦/સં.૧૫૯૬, વૈશાખ સુદ ૧૪, બુધવાર)ના કર્તા.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

કક્ક(સૂરિ)શિષ્ય -- ૨[ઈ.૧૫૭૦ સુધીમાં] : જૈન. ઉપકેશગચ્છના કક્કસૂરિના શિષ્ય. ૩૫૮/૩૬૫ કડીના શીલમહિમાવિષયક 'કુલધ્વજકુમાર-પ્રબંધ/રાસ/શીલ-પ્રબંધ'(લે.ઈ.૧૫૭૦)ના કર્તા. આ કવિ કક્કસૂરિશિષ્ય કીર્તિહર્ષ હોવાની સંભાવના કરવામાં આવી છે પણ એ માટે કોઈ સ્પષ્ટ આધાર નથી.

સંદર્ભ : ૧. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૭૨ – 'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૨. જૈગૂકવિઓ: ૧,૩(૧). [કી.જો.]

કચરાય : જુઓ બુધરાજ.

કચરો [ઈ.૧૮૧૦માં હયાત] : તપગચ્છના જૈન શ્રાવક. લાકડિયા-(કચ્છ)ના શ્રીમાળી. ભંડારી જસરાજના પુત્ર. ૨૫ કડીની 'અધિકમાસ-ચોપાઈ' તથા તેના પરના સ્તબક(૨.ઈ.૧૮૧૦)ના કર્તા.
સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [પા.માં.]

'કજોડાનો વેશ' : મધ્યકાલીન ગુજરાતી સમાજના એક અનિષ્ટ પર કટાક્ષ કરતો આ ભવાઈવેશ (મુ.) "અસાઈત મુખથી ઓચરે, કજોડો રમતો થયો" એ પંક્તિને કારણે અસાઈત નાયકે રચેલો અથવા ભજવેલો હોવાની સંભાવના થઈ શકે છે.

આ વેશમાંની કથા નાની વયના ઠાકોર અને મોટી વયનાં ઠકરાણાંના કજોડાની છે, પરંતુ એમાં ગૂંથાતાં ગોરમાના ગરબા જેવાં ગીતોમાં વૃદ્ધ પતિને પનારે પડેલી યુવાન સ્ત્રીની મનોવેદના પણ વ્યક્ત થઈ છે. વેશ ૩ વિભાગોમાં સ્વાભાવિક રીતે વહેંચાઈ જાય છે : ૧. ઠાકોર-રંગલાનો સંવાદ, ૨. ઠકરાણાં આવતાં, એમના મનોભાવોનું ગાન તથા ઠાકોર-ઠકરાણાં-રંગલાનો સંવાદ, ૩. ઠાકોર-ઠકરાણાંનાં ઉપરાણાં તરીકે બન્નેની માતાઓનું આગમન અને એમની વચ્ચેનો ઝઘડો. આ ઝઘડા સાથે વેશ પૂરો થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠકરાણાંની કેડે બેસતા કે એમને ચુંબન કરવા માટે ખંગડું કે નિસરણી માગતા ઠાકોર પતિનાં બાલિશ ગાંડાઈભર્યા વર્તનો અને કજોડાની વિશિષ્ટ પરિસ્થિતિમાંથી નીપજતું હાસ્ય અહીં પ્રધાન સ્થાને છે. એ હાસ્ય સ્થૂળ કોટિનું છે, પણ એમાં કેટલાક રસપ્રદ અંશો છે – જેમ કે, "એક ઠકરાણાંનો બાપ ને એક અમારો સસરો; એક ઠકરાણાંનો ભાઈ ને એક અમારો સાળો" એમ ૪ મહેમાનો હોવાની ગણતરી, નગ્ન દશા માટે "જળપોતિયાં કર્યાં" કે "ધોતિયું કાઢીને માથે બાંધ્યું" જેવા ભાષાપ્રયોગો, વગેરે. આનાથી જુદી રીતે, કજોડાનો ભોગ બનેલી સ્ત્રીની કરુણ દશા, પ્રસંગો દ્વારા નહીં પણ ગીતો દ્વારા વર્ણવાયેલી છે. ઠકરાણાં કજોડાંનું 'વગોણું' ગાય છે, તે ઉપરાંત આ વેશમાં ઉપર નિર્દેશેલો ગોરમાનો ગરબો તથા મામલિયા/સામલિયા-સુત(ભાણજી ?)કૃત, વડનગરની નાગર યુવતીએ કજોડાના દુ:ખે કરેલી મસ્તકપૂજાને વર્ણવતો ગરબો પણ ગાવામાં આવે છે. ઠકરાણાંની અતૃપ્ત પ્રેમભાવનાને વ્યક્ત કરતાં ગીત 'સનેડા' તરીકે ઓળખાવાયેલાં છે. એમાં નાના નાવલાને ગોળરોટલી વગેરે ખવડાવી વહેલો મોટો કરવાની તાલાવેલી પણ નિરૂપાયેલી છે, જે પરિસ્થિતિને અનુરૂપ છે.

વેશના જૂના પાઠમાં ઠાકોર રંગલાને પોતાની આપવીતી વર્ણવે છે તેમાં સીધા કથનનો આશ્રય ઘણો લેવાયો છે. ભવાઈની આ એક માન્ય પદ્ધતિ હતી. પછીથી ઠાકોર-રંગલાના સંવાદને ઉઠાવ આપવામાં આવ્યો છે અને એનું વિસ્તરણ પણ થયું છે; તેમાં રજપૂતના ઘરની ઢાંકેલી દરિદ્રતાનું હાસ્યરસિક ચિત્રણ પણ થઈ ગયું છે. વેશના પાઠોમાં વિવિધ દુહા-સાખીઓ પણ ગૂંથાયેલાં જોવા મળે છે. એ સુભાષિતરૂપ છે ને યુવતીના ઓરતા દૃષ્ટાન્તોથી રજૂ કરે છે. એમાં "ઊંચે ટીંબે આંબો મોરિયો, કોને મેલું રખવાળ? મેલું પાડોશી પાતળો, મારો પરણ્યો નાનેરું બાળ" જેવી માર્મિક પંક્તિઓ ધ્યાન ખેંચે છે. [ક.જા.]

કડવા/ કડુઆ [જ. ઈ. ૧૪૩૯ – અવ. ઈ.૧૫૦૮] : કડવાગચ્છના મૂલપુરુષ. નાડુલાઈના વીસા નાગર. પિતા મહેતા કૃહાનજી. માતા કનકાદે. વૈષ્ણવધર્મી કુટુંબમાં જન્મેલા કડવાને બાળપણથી જૈન ધર્મનો રંગ લાગ્યો હતો અને ઈ. ૧૪૫૮માં અમદાવાદ આવી ત્યાંના રૂપપુરમાં આગમગચ્છના પંન્યાસ હરિકીર્તિ આદિનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. પંન્યાસ હરિકીર્તિ પાસે વિવિધ શાસ્ત્રોનું અધ્યયન કરી, એમના ઉપદેશથી વર્તમાનકાળે ખરા સાધુઓ છે નહીં એવી સમજણ સાથે સંવરી – ભાવસાધુપણે રહેવાનું શરૂ કર્યું અને પછીથી શિષ્યો પણ બનાવ્યા. ઈ. ૧૪૬૮થી ઈ. ૧૫૦૮ સુધી એમણે સૌરાષ્ટ્ર, ગુજરાત, મારવાડ અને છેક આગ્રા સુધી વિહાર કરી ઘણા લોકોને શ્રાવકો બનાવ્યા. તે દરમ્યાન ઈ. ૧૫૦૬માં કડુઆમતની સ્થાપના કરી. પાટણમાં અનશનપૂર્વક શાહ કલ્યાણે ઈ.૧૬૨૯માં રચેલી 'કડુઆમત-પટ્ટાવલી'માં ઉલ્લેખાયા મુજબ એમની રચનાઓ ઈ.૧૪૫૮ પહેલાંથી ઈ.૧૫૦૭ સુધીની મળે છે, જેમાં 'વીર-સ્તવન' (૨.ઈ.૧૪૮૬), 'વિમલગિરિ-સ્તવન' (૨.ઈ.૧૪૮૯), 'લુંપકચર્ચરી–પૂજાસંવરરૂપસ્થાપના' (૨.ઈ.૧૪૯૧), 'પાર્શ્વ-સ્તવન' (૨.ઈ.૧૪૯૨) ઉપરાંત 'સાધુવંદના', 'શીલપાલનના એકસો ચાર બોલ', 'એકસો તેર બોલ સ્ત્રી-શીલપાલનના' તથા અન્ય કેટલાંક બોલ, પદો, સ્તવનો અને ગીતો તેમ જ 'હરિહરાદિકે પદ' જેવી હિંદી રચનાઓનો પણ સમાવેશ થાય છે. ઉક્ત પટ્ટાવલીમાં કડવાએ ૬૦૦૦ જેટલી કૃતિઓ પાટણમાં રહીને રચી હોવાનો નિર્દેશ મળે છે. હરિહર વિશેનાં પદો એમની બાળપણની રચનાઓ હોવાનું પણ નોંધાયું છે.

ઉપર્યુક્ત પટ્ટાવલીથી અતિરિક્ત, 'જૈન ગૂર્જર કવિઓ' 'કડુઉ' નામછાપ ધરાવતા, દુહા-ચોપાઈમાં રચાયેલ 'લીલાવતીસુમતિ-વિલાસ-રાસ'(લિ.ઈ.૧૬૫૨)ને પ્રસ્તુત કર્તાની કૃતિ ગણાવે છે.

સંદર્ભ : ૧. કડુઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯; ૨. જૈગૂકવિઓ:૩(૨) – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૩ – 'કડુઆમત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા; ☐. ૪. જૈગૂકવિઓ:૧,૩(૧,૨). [શ્રા.ત્રિ.]

કતીબશા (બાદશાહ)[ઈ.૧૪૫૦ આસપાસ] : પૂરું નામ કુતુબુદ્દીન હોવાની સંભાવના. અજમેરમાં કતીબશાનું નામ 'બડાપીરકા તકિયા' નામથી જાણીતું હતું. રામદેવ-પીરના ભક્તો મારફતે એમને પરચો મળેલો અને હૃદયપરિવર્તન થયેલું એવી કથા મળે છે. રૂપાદે-માલદે, જેસલ-તોરલ, નવનાથ, રામદેવ-પીર સાથે જ ભજનસૃષ્ટિમાં એમનું સ્થાન છે. રાણા માલદેને સંબોધીને રચેલું ૧ ભજન (મુ.) તેમના નામે મળે છે.

કૃતિ : આપણી લોકસંસ્કૃતિ, સં. જયમલ્લ પરમાર, ઈ.૧૯૫૩ (+સં.).

સંદર્ભ : રામદેવ રામાયણ, કેશવલાલ સાયલાકર, ઈ.૧૯૮૦. [નિ.વો.]

કનક : આ નામે ૭૫ કડીની 'વલ્કલચીરીરાજકુમાર-વેલી' (લિ.સં.૧૭મી સદી અનુ.) મળે છે પણ તે કયા કનકની છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ:૧; ૨. હેજેજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનક–૧ [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૬મી સદી આરંભ] : ખરતરગચ્છના જૈન સાધુ. ક્ષેમરાજ-ઉપાધ્યાયના શિષ્ય. ક્ષેમરાજ-ઉપાધ્યાય (દીક્ષા ઈ. ૧૪૫૦, ઈ.૧૫૧૩ સુધી હયાત) વિશેના તેમની હયાતીમાં રચાયેલા ૪ કડીના ગીત(મુ.)ના કર્તા. તેમનું પૂરું નામ 'કનકતિલક' હોવાની સંભાવના કરવામાં આવી છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [વ.દ.]

કનક–૨ [ઈ.૧૬મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિના શિષ્ય. જિનમાણિક્યસૂરિના આચાર્યકાળ(ઈ.૧૫૨૬–ઈ.૧૫૫૬)માં રચાયેલ ૫૦ કડીના 'મેઘકુમારનું ચોઢાળિયું/મેઘકુમારનો ટૂંકો રાસ'ના કર્તા. આ કવિ જિનમાણિક્યના આજ્ઞાનુવર્તી અને ઈ. ૧૫૫૦માં હયાત કનકતિલક ઉપાધ્યાય હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ:૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી.

[વ.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કનકકીર્તિ : આ નામે ૧૩ કડીનો 'ઝૂંબખડું', ૩ કડીની 'વીર-સ્તવન', ૧૩ કડીની 'નેમિ-ફાગુ' તથા હિંદીમાં ૧૫ કડીની 'ભરતચક્રવર્તીની સઝાય' (મુ.) ને ૧૨ કડીની 'જિન-વિનતી' એ કૃતિઓ નોંધાયેલી જોવા મળે છે. એ કયા કનકકીર્તિ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

વાચક કનકકીર્તિને નામે ધર્મનાં વિભિન્ન તત્ત્વોનું રૂપકશૈલીએ વર્ણન કરતી ૧૩ કડીની 'ધર્મધમાલ-ફાગ' (લે. સં.૧૭મી સદી અનુ.) નામે કૃતિ મળે છે તે કનકકીર્તિ–૧ની હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. જૈકાપ્રકાશ:૧.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૮૩ – 'બે ફાગ', રમણલાલ ચી. શાહ; ☐ ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનકકીર્તિ(વાચક)–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં જયમંદિરના શિષ્ય. ૧૩ ઢાળની 'નેમિનાથ-રાસ' (ર.ઈ.૧૬૩૬/સં.૧૬૯૨, મહા સુદ ૫), ૩૯ ઢાળની 'દ્રૌપદી-ચોપાઈ/રાસ' (ર.ઈ.૧૬૩૭/સં.૧૬૯૩, વૈશાખ સુદ ૧૩), ૨ કડીની 'દાદાજી-પદ'ના કર્તા. તેમણે સંસ્કૃતમાં 'મેઘદૂત' પર ટીકા પણ રચી છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [વ.દ.]

કનકકુશલ : 'ગોડીપાર્શ્વનાથ-છંદ' તથા ૯ કડીની 'હરિયાલી-સઝાય'-(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા કયા કનકકુશળ છે તે સ્પષ્ટ થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનકતિલક : જુઓ કનક–૧ અને ૨.

કનકધર્મ [ઈ.૧૭૭૮માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ૧૬ કડીના 'જિનલાભસૂરિ-પટ્ટધર-જિનચંદસૂરિ-ગીત' (ર.ઈ.૧૭૭૮/સં. ૧૮૩૪, વૈશાખ –; મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [વ.દ.]

કનકનિધાન [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં ચારુદત્તના શિષ્ય. આપકમાઈ અર્થે પરદેશ ગયેલો અને ધુતારાઓના હાથમાં ફસાયેલો રત્નચૂડ, વારાંગનાની મદદથી એમાંથી કેવી રીતે પાર ઊતરે છે તેનું કથાનક, કેટલીક દૃષ્ટાન્તકથાઓ સાથે વર્ણવતી રચના 'રત્નચૂડ-ચોપાઈ/રત્નચૂડ-વ્યવહારી-રાસ'(ર.ઈ.૧૬૭૨/સં.૧૭૨૮, શ્રાવણ વદ ૧૦, શુક્રવાર; મુ.)ના કર્તા. જિનરત્નસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૪૩–ઈ.૧૬૫૫)માં રચાયેલા તેમને વિશેના ૬ કડીના ગીત (મુ.) તથા ૮ કડીની 'નિદ્રાડીની સઝાય'(મુ.)ના કર્તા પણ આ જ કવિ સંભવે છે.

કૃતિ : ૧. રત્નચૂડ વ્યવહારીનો રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૩; ☐ ૨. ચૈસ્તસંગ્રહ:૩; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૨ – 'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. મુપુગૂહસૂચી. [વ.દ.]

કનકપ્રભ [ઈ.૧૬૦૮માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની પરંપરામાં કનકસોમના શિષ્ય. ૮૭ કડીના 'દશવિધ-યતિધર્મ-ગીત'(ર.ઈ.૧૬૦૮/સં.૧૬૬૪, અસાડ સુદ શુભ દિવસ)-ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ :૩(૧). [વ.દ.]

કનકમૂર્તિ [ ] : જૈન સાધુ. ૫ કડીના 'શંખેશ્વરપાર્શ્વ-સ્તવ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭ – 'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા. [વ.દ.]

કનકરત્ન–૧ [ઈ.૧૫૧૮ સુધીમાં] : ૬ કડીના 'નેમિ-ગીત'(લે. ઈ.૧૫૧૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [વ.દ.]

કનકરત્ન–૨ [ઈ.૧૭૧૧ સુધીમાં] : જૈન સાધુ. પંડિત હેમરત્નના શિષ્ય. પૂર્ણિમાગચ્છના જ્ઞાનતિલક–પદ્મરાજશિષ્ય હેમરત્નના શિષ્ય હોવાની શકયતા. તો સમય ૧૬મી સદી ઉત્તરાર્ધ કે ૧૭મી સદીનો પ્રારંભ ગણાય. એમણે રચેલાં ઋષભદેવ વિશેનાં કેટલાંક સ્તવન અને ગીત (લે.ઈ.૧૭૧૧) નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [વ.દ.]

કનકરત્ન–૩ [ઈ.૧૮મી સદી મધ્યભાગ] : તપગચ્છની રત્નશાખાના જૈન સાધુ. દાનરત્નસૂરિ(ઈ.૧૭૫૧માં હયાત)ના રાજ્યકાળમાં તથા હંસરત્ન(અવ.ઈ.૧૭૪૨)ની હયાતીમાં રચાયેલા પદ્મડી છંદની ૨૫ કડીના 'શંખેશ્વરપાર્શ્વનાથ-છંદ' (સંભવત: ર.ઈ.૧૭૩૨/સં.૧૭૮૮ – "સંવત શશિ નાગ મહિદૃગ આશા", પોષ સુદ ૫, રવિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : માણિભદ્રાદિકોના છંદોનું પુસ્તક, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, સં.૧૯૪૦ (+સં.). [વ.દ.]

કનકવિજય : આ નામે કેટલીક કૃતિઓ જેમ કે ૭ કડીનું '(મંડોવર) પાર્શ્વનાથ-સ્તવન' (લે.ઈ.૧૬૫૨), ૯ કડીનું 'મહાવીર-સ્તવન' (લે.ઈ.૧૮૩૩), ૫ કડીનું 'આદીશ્વરજિન-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.), 'ગુરુ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.), 'ચોવીસજિન-ગીત' (લે.સં.૧૮મી સદી અનુ.) અને ૨ કડીનું 'મહાવીરજિન-ગીત' (લે.સં.૧૯મી સદી અનુ.) નોંધાયેલ મળે છે તે કયા કનકવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. પણ '(મંડોવર)પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા સમયદૃષ્ટિએ જોતાં કનક-વિજય–૨ હોવાની શકયતા છે અને 'ગુરુ-સઝાય' તે કદાચ કનકવિજય–૧કૃત 'હીરવિજયસૂરિ-સઝાય' જ હોય.

સંદર્ભ : ૧. મુપુગુહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનકવિજય–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિના શિષ્ય. હીરવિજયસૂરિના રાજ્યકાળ(ઈ.૧૫૫૪–ઈ.૧૫૯૬)માં તેમણે રચેલી ૧૧ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય'(મુ.)માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરવિજયસૂરિને કલ્પવૃક્ષ તરીકે કલ્પી એક સાંગ રૂપક નિપજાવવામાં આવ્યું છે અને તે દ્વારા તેમનો મહિમા પ્રગટ કરવામાં આવ્યો છે.

કૃતિ : ઑસમાલા:૧ (+સં.). [વ.દ.]

કનકવિજય(ગણિ)–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં લાભવિજય–વૃદ્ધિવિજયના શિષ્ય. 'રત્નાકરપંચવિંશતિ-સ્તવ-ભાવાર્થ' (લે.ઈ.૧૬૭૬, સ્વલિખિત) તથા વિજાપુર સંઘે વિજયપ્રભસૂરિ(આચાર્યકાળ ઈ.૧૬૫૪ – ઈ.૧૬૯૩)ને કરેલી વિજ્ઞપ્તિકાના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. લેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનકવિજય–૩ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયરત્નસૂરિની પરંપરામાં વૃદ્ધિવિજયના શિષ્ય. વિજયક્ષમાસૂરિ (આચાર્યકાળ ઈ.૧૭૧૭–ઈ.૧૭૨૯) વિશેની ૯ કડીની સઝાયના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [વ.દ.]

કનકવિજય–૪ [ ] : જૈન સાધુ. કાનજીશિષ્ય. ૯ કડીના 'સંપ્રતિરાજાનું સ્તવન/સંપ્રતિરાજ-સઝાય' (મુ.) તથા ૫ કડીના '(મંડોવરા)પાર્શ્વનાથજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક:૧; ૨. સસન્મિત્ર.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [વ.દ].

કનકવિજયશિષ્ય [ ] : જૈન. ૧૬ કડીની 'એકાદશમતનિરૂપણ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.), ૮ કડીની '(ભટેવા)પાર્શ્વનાથ-સ્તવન' અને ૧૧ કડીની '(શંખેશ્વર)પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : લેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

કનકવિલાસ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. ગુણવિનય-ઉપાધ્યાયની પરંપરામાં કનકકુમારના શિષ્ય. 'પ્રદેશી-સંધિ' (૨.ઈ.૧૬૬૯) તથા ૪૬ ઢાળની 'દેવરાજ-વત્સરાજ-ચોપાઈ'(૨.ઈ.૧૬૮૨/સં.૧૭૩૮, વૈશાખ --)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; □૨. જૈગૂકવિઓ:૨. [વ.દ.]

કનકસિંહ(ગણિ) [ઈ.૧૭મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનદત્તસૂરિની પરંપરામાં શિવનિધાનના શિષ્ય. જિનરત્નસૂરિની પ્રશસ્તિ કરતા, તેમના આચાર્યકાળ(ઈ.૧૬૪૩–ઈ.૧૬૫૫)માં રચાયેલા, ૭ કડીના 'જિનરત્નસૂરિ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [વ.દ.]

કનકસુંદર–૧[ઈ.૧૬૪૧માં હયાત] : ભાવડગચ્છના જૈન સાધુ. એમના 'હરિશ્ચંદ્રતારાલોચનીચરિત્ર રાસ'માં છેલ્લા પાંચમા ખંડને અંતે કવિ પોતાને ભાવડગચ્છના સાધુજીના શિષ્ય ઉપાધ્યાય મહેશજીના શિષ્ય ગણાવે છે, જ્યારે બીજા ખંડને અંતે ભાવડગચ્છાધિપતિ ગુરુ મણિરત્ન તથા "આશીત લબ્ધિ અનંત ઉવઝાય" એવી પંક્તિમાં નિર્દિષ્ટ કોઈક પરંપરા ઉલ્લેખાયેલી મળે છે. ૫ ખંડ, ૩૯ ઢાળ અને ૭૮૧ કડીની દુહા-દેશીબદ્ધ 'હરિશ્ચન્દ્રતારાલોચનીચરિત્ર-રાસ←/ચોપાઈ/મોહનવેલી-ચોપાઈ' (૨.ઈ.૧૬૪૧/સં. ૧૬૯૭, શ્રાવણ સુદ ૫; મુ.) મૂળ કથાનકને જૈન કર્મસિદ્ધાંતને અનુરૂપ ફેરફારો સાથે રજૂ કરતી, મનોભાવનિરૂપણ ને અલંકારનિયોજનની ક્ષમતા પ્રગટ કરતી સુગેય પ્રાસાદિક કૃતિ છે.

કૃતિ : ૧. હરિશ્ચંદ્ર રાજાનો રાસ, પ્ર. ભીમશી માણેક, સં. ૧૯૫૩; ૨. ઓજન, પ્ર. સવાઈભાઈ રાયચંદ, –.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનકસુંદર (ઉપાધ્યાય)–૨ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : વડતપગચ્છના જૈન સાધુ. ધનરત્નસૂરિની પરંપરામાં વિદ્યારત્નના શિષ્ય. એમના ૪ ખંડ અને ૭૩૨ કડીના 'કર્પૂરમંજરી-રાસ'←(૨.ઈ.૧૬૦૬)માં કર્પૂરમંજરીના માત્ર નખ જોઈને સલાટે બનાવેલી આબેહૂબ પૂતળીથી મોહ પામેલા મોહસારને એનો ભાઈ ગુણસાર કર્પૂરમંજરીને મેળવી આપે છે તેની કથા આલેખાઈ છે. દુહા, દેશી અને ચોપાઈનું ૪૮૬ કડીનું 'સગાળશા-આખ્યાન'(૨.ઈ.૧૬૧૧/સં.૧૬૬૭, વૈશાખ વદ ૧૨; મુ.) પુરોગામી કવિ વાસુની કૃતિનો આધાર લઈ રચાયેલ છે અને બે-એક દૃષ્ટાન્તકથાઓ, સંસ્કૃત-પ્રાકૃત ગાથાઓની ગૂંથણી તેમ જ કેટલીક વર્ણનરેખા વડે એનું વિસ્તરણ સાધે છે. આ કવિની, આ ઉપરાંત, ૯૯૩ કડીનો 'રૂપસેન-રાસ' (૨.ઈ. ૧૬૧૭), મારવાડી ભાષાની મૂળ કૃતિને સુધારીને રચવામાં આવેલો 'દેવદત્ત-રાસ', ૭૭ કડીની 'જિનપાલિત-સઝાય', ૪ ખંડનો 'ગુણધર્મકનકવતી-પ્રબંધ', 'દશવૈકાલિક-સૂત્ર' પર ૧૫૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ (૨.ઈ.૧૬૧૦/સં.૧૬૬૬, પોષ સુદ ૮, રવિવાર) તથા મૂળ પ્રાકૃત 'જ્ઞાતાધર્મ-સૂત્ર' પર ૧૩૯૧૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ – એ કૃતિઓ મળે છે.

કૃતિ : સગાળશા-આખ્યાન, સં. વ્રજરાય મુ. દેસાઈ, ઈ.૧૯૩૪ (+સં.).

સંદર્ભ : ૧. મતિસારકૃત 'કર્પૂરમંજરી', સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૪૧; ૨. મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ.૧૯૭૪; □ ૩. જૈગૂકવિઓ:૧, ૩(૧,૨); ૪. ડિકૅટલૉગભાઈ:૧૭(૩). [વ.દ.]

કનકસુંદર–૩ [ઈ. ૧૭૧૧માં હયાત] : જૈન સાધુ. 'રત્નપાલ-ચોપાઈ'-(૨.ઈ.૧૭૧૧)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી:૧. [વ.દ.]

કનકસોમ(વાચક)[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની પરંપરામાં અમરમાણિક્યના શિષ્ય. રાજકન્યા ત્રૈલોક્યસુંદરી સાથેના લગ્નમાં કોઢિયા પ્રધાનપુત્રને સ્થાને જેને બેસવું પડ્યું તે મંગલકલશને પછીથી રાજકન્યા કઈ રીતે શોધી કાઢે છે તેની કથા રજૂ કરતી દુહા, ચોપાઈ અને દેશીની ૧૬૬ કડીની 'મંગલકલશ-ચોપાઈ/ફાગ' (૨.ઈ.૧૫૯૩/સં.૧૬૪૯, માગશર સુદ –; મુ.), ૫૨ કડીની 'જિનપાલિત-જિનરક્ષિત-રાસ' (૨.ઈ.૧૫૭૬/સં.૧૬૩૨, ભાદરવા –), ૪ ઢાળ અને આશરે ૬૦ કડીની 'આષાઢા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભૂતિ-ચરિત્ર/ધમાલ/રાસ/સઝાય' (ર.ઈ.૧૫૮૨/સં.૧૬૩૮, આસો સુદ ૧૦), ૧૧૭ કડીની 'હરિકેશી-સંધિ'(ર.ઈ.૧૫૮૪/સં.૧૬૪૦, કારતક સુદ –), ૪૮ કડીની 'આર્દ્રકુમાર-ચોપાઈ/ધમાલ' (ર.ઈ.૧૫૮૮/સં.-૧૬૪૪, પ્રથમ શ્રાવણ –), ૧૨૨ કડીની 'થાવચ્ચાશુકસેલગ-ચોપાઈ' (ર.ઈ.૧૫૯૯) તથા 'હરિબલ-સંધિ' એ આ કવિની પ્રમાણમાં ટૂંકી એવી કથાત્મક કૃતિઓ છે. ઈ.૧૫૬૯માં આગ્રામાં અકબરની સભામાં પૌષધની ચર્ચામાં કવિના ગુરુબંધુ સાધુકીર્તિએ તપગચ્છના મુનિઓને નિરુત્તર કર્યા તે પ્રસંગને વર્ણવતી, લગભગ એ અરસામાં રચાયેલી જાણીતી ૪૯ કડીની 'જઈતપદ-વેલી' (મુ.), ક્યારેક 'શ્રીપૂજ્ય-ભાસ'ને નામે ઓળખાવાયેલી ગચ્છનાયક જિનચંદ્રસૂરિ વિશેની ૧૧ અને ૧૫ કડીની ૨ ગીતરચનાઓ (બંનેની ર.ઈ.૧૫૭૨; પહેલી મુ.) તથા નગરકોટના આદીશ્વરની કવિએ કરેલી યાત્રાને ગૂંથી લેતું ૧૩ કડીનું સ્તોત્ર (ર.ઈ.૧૫૭૮; મુ.) એ આ કવિની ઐતિહાસિક માહિતીવાળી કૃતિઓ છે.

આ ઉપરાંત, આ કવિની ૩૦ કડીની 'નમિ-ફાગ' (ર.ઈ. ૧૫૭૪), ૯૦ કડીની 'ગુણસ્થાનકવિવરણ-ચોપાઈ' (ર.ઈ.૧૫૭૫/સં. ૧૬૩૧, આસો સુદ ૧૦), ૨૯ કડીની 'નવવાડી-ગીત' તથા ૧૭ કડીની 'આજ્ઞાસઝાય-ગીત' એ કૃતિઓ મળે છે. જિનવલ્લભ-સૂરિકૃત ૧૫ સ્તવન ૧૨ અવચૂરિ (ર.ઈ.૧૫૫૯) અને 'કાલિકા-ચાર્ય-કથા' (ર.ઈ.૧૫૭૬/સં. ૧૬૩૨, અસાડ સુદ ૫) કઈ ભાષામાં છે તે સ્પષ્ટ નથી.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. પ્રાફાગુસંગ્રહ; ☐ ૩. જૈન સત્ય-પ્રકાશ, ઑક્ટો. ૧૯૪૧ – 'નગરકોટકે તીન સ્તવન ઔર વિશેષ જ્ઞાતવ્ય', અગરચંદ નાહટા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈગૂકવિઓ: ૧,૩ (૧,૨); ૪. મુપુગૂહસૂચી; ૫.હેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનકસૌભાગ્ય [ઈ.૧૬૦૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિના શિષ્ય. ૨૭૧ કડીના 'વિજયદેવસૂરિ-રંગરત્નાકર-રાસ'(ર.ઈ.૧૬૦૮/સં.૧૬૬૪, મહા સુદ ૧૧)ના કર્તા.

કનકસૌભાગ્યને નામે કેટલીક 'હરિયાળીઓ' પણ નોંધાયેલી છે પરંતુ તે આ જ કનકસૌભાગ્યની છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [વ.દ.]

કનૈયો : જુઓ કૃહાનદાસ/કૃહાનિયોદાસ.

કપૂરવટ્ટાચાર્ય [ ] : જૈન સાધુ. ૩૨ કડીના 'લઘુઅજિતશાંતિ-સ્તોત્ર'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [પા.માં.]

કપૂરવિજય–૧ [ઈ.૧૬૮૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિશિષ્ય ઉદયવિજયના શિષ્ય. ૧૭ કડીના 'મહાવીર-સ્તવન'(ર.ઈ.૧૬૮૮)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨; ૨. મુપુગૂહસૂચી. [પા.માં.]

કપૂરવિજય–૨ [ઈ.૧૭૩૬માં હયાત] : જૈન સાધુ. ૨૪ ગ્રંથાગ્રની 'મેઘકુમાર-સઝાય' (ર.ઈ.૧૭૩૬)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨. [પા.માં.]

કબીરુદ્દીન : જુઓ હસનકબીરુદ્દીન.

કમલ [સંભવત: ઈ.૧૭મી સદી] : જૈન સાધુ. અમૃતકુશલના શિષ્ય. લઘુતપગચ્છની કુશલશાખાના અમૃતગણિના શિષ્ય હોવાની અને નામ કમલકુશલ હોવાની શકયતા. એ રીતે ઈ.૧૭મી સદીના અરસામાં હયાત ગણી શકાય. તેમની ૫ કડીની કૃતિ 'પાર્શ્વજિન-સ્તવન' (મુ.) મળે છે.

સંદર્ભ : જિસ્તકાસંદોહ:૨ (+સં.). [ચ.શે.]

કમલકલશ(સૂરિ)શિષ્ય [ ] : જૈન. ૨૨ કડીની '(ભંભાણવાડજી)મહાવીર-સ્તવન' (લે.ઈ.૧૫૫૩), ૬ કડીની 'મૂલવ્રત-સઝાય' (લે.ઈ.૧૫૨૦), ૧૩ કડીની 'સામાયિક બત્રીસદોષ-સઝાય'-(લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા. તપગચ્છની કમલકલશશાખાના સ્થાપક કમલકલશસૂરિ (આચાર્યકાળ ઈ.૧૫મી સદી અંતભાગ – ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય હોવાની અને તેથી ઈ.૧૬મી સદી પૂર્વાર્ધમાં થયા હોવાની સંભાવના છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કમલકીર્તિ [ઈ.૧૬૨૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનવલ્લભસૂરિની પરંપરામાં કલ્યાણલાભના શિષ્ય. 'મહીપાલ-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૦/ સં.૧૬૭૬, આસો સુદ ૧૦), જિનવલ્લભ-સૂરિકૃત 'વીર-ચરિત્ર' પર બાલાવબોધ (ર.ઈ.૧૬૪૨/સં.૧૬૯૮, શ્રાવણ વદ ૯) તથા 'કલ્પસૂત્ર-ટબાર્થ'ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

કમલધર્મ [ઈ.૧૫૦૯માં હયાત] : જૈન સાધુ. પંડિત ભુવનધર્મના શિષ્ય. ૪૭ કડીની 'ચતુર્વિંશતિ-જિન-તીર્થમાલા' (ર.ઈ.૧૫૦૯)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ:૧. [ચ.શે.]

કમલરત્ન [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. ઈ. ૧૬૧૪માં જિનરંગસૂરિ યુગપ્રધાનપદ પામ્યા તે ઘટનાને અનુ-લક્ષતા ૧૫ કડીના 'જિનરંગસૂરિયુગપ્રધાન-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [ચ.શે.]

કમલલાભ (ઉપાધ્યાય) [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિની પરંપરામાં અભયસુંદરગણિના શિષ્ય. જિનરાજસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૧૮–ઈ.૧૬૪૩)માં રચાયેલી 'ઉત્તરાધ્યયન-બાલાવબોધ' નામની ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [ચ.શે.]

કમલવિજય : આ નામે 'વિહરમાનજિન-ગીતો' (લે.ઈ.૧૬૫૬),

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬ કડીનું 'પંચતીર્થનું ચૈત્યવંદન' (મુ.), ૧૩૬ કડીનું 'પાર્શ્વજિનેન્દ્ર-યૌવનવિલાસાદિવર્ણન-સ્તવન' (લે.ઈ.૧૮મી સદી અનુ.), ૨૨ કડીની 'હિતોપદેશ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.), 'જકડીસંગ્રહ' (લે.સં.૧૭મી સદી અનુ.) અને ૧૭ કડીની 'નેમિજિન-ભાસ' એ કૃતિઓ મળે છે. આ કમલવિજય કયા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩.હેજૈજ્ઞાસૂચિ: ૧.[ચ.શે.]

કમલવિજય–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયસેનસૂરિ–વિજયદેવસૂરિના શિષ્ય. એમનું ૭ ઢાળ અને આશરે ૮૫ કડીનું દુહા-દેશીબદ્ધ 'સીમંધરસ્વામીવિજ્ઞપ્તિ-સ્તવન/સીમંધરજિન-લેખ' (૨.ઈ.૧૬૨૬/સં.૧૬૮૨, આસો વદ ૩૦, ગુરુવાર; મુ.) પત્રના રૂપમાં આત્મનિંદાપૂર્વક સીમંધરસ્વામી પ્રત્યેની પ્રેમભક્તિ પ્રગટ કરે છે અને અલંકારોના વિનિયોગથી ધ્યાન ખેંચે છે. આ કવિને નામે આ ઉપરાંત 'દંડક-સ્તવન' (૨.ઈ.૧૫૭૫), સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ સાથેની ૨૫/૨૬ કડીની 'વિજયસેનસૂરિ-સઝાય' (૨.ઈ.૧૬૨૪), આશરે ૯૭ કડીનું 'સીમંધરસ્વામીવિજ્ઞપ્તિ-સ્તવન' (સંભવત: ૨.ઈ.૧૬૨૬/સં.૧૬૮૨, ચૈત્ર સુદ ૫, બુધવાર), ૨૫ કડીનું 'સીમંધરજિન-સ્તવન', ૮ કડીની 'અંજનાસતી-સઝાય' અને ૯ કડીની 'ગણધર-સઝાય' એ કૃતિઓ નોંધાયેલી મળે છે. આમાંથી 'દંડક-સ્તવન સમયદૃષ્ટિએ વિચારતાં અન્ય કોઈ કમલવિજયની કૃતિ હોવાનું પણ સંભવે છે.

કૃતિ : જિસ્તકાસંદોહ:૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

કમલવિજય–૨ [ઈ.૧૬૩૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. કનકવિજયની પરંપરામાં શીલવિજયના શિષ્ય. 'જંબૂ-ચોપાઈ' (૨.ઈ.૧૬૩૬), ૨૩ કડીની 'ગુરૂપદેશ-સઝાય' તથા ૫૫ કડીની 'સમ્યક્ત્વસડસઠભેદફલ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

કમલવિજય–૩ [ઈ.૧૭૪૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં લાભવિજયના શિષ્ય. ચોપાઈબદ્ધ ૨૨ ઢાલના 'ચંદ્રલેખા-રાસ'(૨.ઈ.૧૭૪૬/સં.૧૮૦૨, કારતક સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

કમલવિજયશિષ્ય [ ] : જૈન. ૩૩ કડીની 'પાર્શ્વચંદ્રમતનિરાસ-સઝાય' (લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કમલશેખર : આ નામે 'સ્થૂલિભદ્ર-ફાગ' નામક જૈન કૃતિ મળે છે તે કમલશેખર–૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

કમલશેખર(વાચક)–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિની પરંપરામાં લાભશેખરના શિષ્ય. કવિ ઈ. ૧૫૪૪થી ઈ.૧૫૯૨ દરમ્યાન હયાત હોવાની માહિતી મળે છે. એમની, મુખ્યત્વે દુહા-ચોપાઈ અને પ્રસંગોપાત્ત વસ્તુ છંદના બંધમાં રચાયેલી ૬ સર્ગ અને ૭૫૯ કડીની 'પ્રદ્યુમ્નકુમાર-ચોપાઈ' (૨.ઈ.૧૫૭૦/સં.૧૬૨૬, કારતક સુદ ૧૩; મુ.) કૃષ્ણ-રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્નકુમારની સાહસ-પરાક્રમપૂર્ણ કથા જૈન-પરંપરા મુજબ વર્ણવે છે. બહુધા કવિ સધારુના હિંદી 'પ્રદ્યુમ્ન-ચરિત'-ના અનુવાદરૂપ આ કૃતિના પ્રસંગાલેખનમાં જે થોડાં ફેરફારો અને ઉમેરણો જોવા મળે છે તેમાં 'ત્રિષષ્ટિશલાકાપુરુષ'નું અનુસરણ જણાય છે. કવિએ આ ઉપરાંત ફાગ અને અઢૈયાની ૨૩ કડીમાં ધર્મમૂર્તિની ટૂંકી ચરિત્રરેખા આપીને એમના રાંયમધર્મનો મહિમા કરતા 'ધર્મમૂર્તિગુરુ-ફાગ' (મુ.) તથા ૬૬ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ' (૨.ઈ.૧૫૫૩/સં. ૧૬૦૯, આસો – ૩; મુ.)ની રચના કરી છે.

કૃતિ : ૧. પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ, સં. મહેન્દ્ર બા. શાહ, ઈ. ૧૯૭૮ (+સં.). ☐ ૨. પ્રાફાગુસંગ્રહ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

કમલસંયમ (ઉપાધ્યાય) [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : બૃહત્ ખરતરગચ્છના જૈન સાધુ. જિનસાગરસૂરિની પરંપરામાં જિનહર્ષસૂરિના શિષ્ય. ઈ.૧૪૬૮થી ઈ.૧૫૧૭ સુધી હયાત હોવાની માહિતી મળે છે. લોંકાશાહના મંતવ્યના ઉત્તર રૂપે ગદ્યમાં રચાયેલી 'લુંકાની હૂંડી/સિદ્ધાંતસારોદ્ધાર-સમ્યક્ત્વોલ્લાસ-ટિપ્પનક'(અપૂર્ણ; અંશત: મુ.)ના કર્તા.

એમણે સંસ્કૃતમાં ઉત્તરાધ્યયન સૂત્ર પર 'સર્વાર્થસિદ્ધિ-વૃત્તિ' (૨.ઈ.૧૪૮૮) અને 'કર્મસ્તવ-વિવરણ' (૨.ઈ.૧૪૯૩) રચ્યાં છે.

કૃતિ : જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬ – 'લોંકાશા કયારે થયા.'

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ:૨,૩(૨). [ચ.શે.]

કમલસાગર [ઈ.૧૫૫૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં ઉપાધ્યાય હર્ષસાગરના શિષ્ય. ૩૬ કડીના 'ચોત્રીસઅતિશય-સ્તવન'(૨.ઈ.૧૫૫૦/સં.૧૬૦૬, ફાગણ સુદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧, ૩(૧). [ચ.શે.]

કમલસોમ (ગણિ) [ઈ.૧૫૬૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચનાચાર્ય ધર્મસુંદરગણિના શિષ્ય. ૨૦ કડીના 'બારવ્રત-રાસ'(સ્વલિખિત પ્રત, લે.ઈ.૧૫૬૪/સં.૧૬૨૦, માગશર વદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧,૨). [ચ.શે.]

કમલહર્ષ–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : આગમગચ્છના જૈન સાધુ. ૪ ખંડ અને ૩૯૪ કડીના 'અમરસેનવયરસેન-રાસ' (૨.ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫૮૪/સં.૧૬૪૦, માગશર સુદ ૩) તથા 'નર્મદાસુંદરી-પ્રબંધ'-(ર.ઈ.૧૫૮૭/સં.૧૬૪૩, કૌમુદી માસા સુદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ :૩(૧); ૨. ડિકૅટલૉગભાઈ:૧૯(૨). [ચ.શે.]

કમલહર્ષ–૨[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિની પરંપરામાં માનવિજયના શિષ્ય. એમનો ૪ ઢાળ અને ૬૯ કડીનો 'જિનરત્નસૂરિનિર્વાણ-રાસ' (ર.ઈ.૧૬૫૫/સં.૧૭૧૧, શ્રાવણ સુદ ૧૧, શનિવાર; મુ.) જિનરત્નસૂરિના નિર્વાણને અનુલક્ષીને એમનું ટૂંકું ચરિત્ર વર્ણવે છે અને એમને લાગણીભરી અંજલિ આપે છે. આ ઉપરાંત એમણે 'દશવૈકાલિકસૂત્ર-સઝાય' (ર.ઈ.૧૬૬૭), 'ધન્ના-ચોપાઈ' (ર.ઈ.૧૬૬૯/સં.૧૭૨૫, આસો સુદ ૬), 'પાંડવચરિત્ર-રાસ' (ર.ઈ.૧૬૭૨/સં.૧૭૨૮, આસો વદ ૨, રવિવાર), 'અંજના-ચોપાઈ/અંજનાસુંદરી-રાસ' (ર.ઈ.૧૬૭૭/સં.૧૭૩૩, ભાદરવા સુદ ૭), 'રાત્રિભોજન-ચોપાઈ' (ર.ઈ.૧૬૯૪/સં.૧૭૫૦, માગશર –) તથા 'આદિનાથ-ચોપાઈ/આદિનાથ-ચોઢાળિયું' એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ:૨; ☐ ૨. જૈગૂકવિઓ:૨, ૩(૨). [ચ.શે.]

'કયવન્ના શાહનો રાસ' [ર.ઈ.૧૬૬૫] : પુણ્યકલશશિષ્ય-જયતસી/જયરંગરચિત દુહા-દેશીબદ્ધ ૩૧ ઢાળની સુપાત્રે દાનના મહિમાને નિરૂપતી રાસકૃતિ (મુ.).

લગ્ન પછી પણ વૈરાગી જીવન જીવતા કયવન્નાના વૈરાગ્યને વારાંગના દેવદત્તાની મદદથી છોડાવવા જતાં એ દેવદત્તા-વશ બને છે અને પછી, નિર્ધન થઈ જતાં કમાવા માટે પરદેશ નીકળે છે. કેટલાક કડવા-મીઠા અનુભવોમાંથી પસાર થઈ કયવન્ના, પૂર્વભવમાં પોતે ભૂખ્યા રહી સાધુને ખીર વહોરાવી હતી તેના પરિણામ રૂપે ૭ પત્નીઓ અને અપાર સુખસંપત્તિનો સ્વામી બને છે.

ધર્મબોધના હેતુથી રચાયેલી આ કૃતિ વીગતપૂર્ણ પ્રસંગવર્ણનો, પાત્રવર્તનો ને પાત્રોના મનોભાવોની અસરકારક અભિવ્યક્તિ, અલંકારો, બોધક દૃષ્ટાન્તો, કહેવતો, રૂઢિપ્રયોગો ને સુભાષિતોના વિનિયોગ પરત્વે પ્રગટ થતી કવિની ક્ષમતાને કારણે ધ્યાન ખેંચે છે. દેશીઓમાં ઉપયોગમાં લેવાયેલી વિવિધ પ્રકારની ધ્રુવાઓ તથા સંગીતના રાગોનો ઉલ્લેખ કૃતિની ગેયતાનો નિર્દેશ કરે છે. કવિની ભાષામાં રાજસ્થાની તથા હિન્દી ભાષાનો પ્રભાવ વરતાય છે. [ર.ર.દ.]

કરણ [ ] : કૃષ્ણભક્તિનાં કેટલાંક પદ આ કવિને નામે નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ૧. ગુજ્કહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦ – 'અપ્રસિદ્ધ કાવ્યો', છગનલાલ વિ. રાવળ. [નિ.વો.]

કરમ- : જુઓ કર્મ-.

કરમચંદ(મુનિ)/કર્મચંદ્ર(ઋષિ) : આ નામે 'ચંદ્રાયણ/ચંદ્રાયણા-કથા' (લે. સં. ૧૮મી સદી આનુ.) તથા ૧૨ કડીની 'કલિયુગ-ગીત' મળે છે, તે કયા કરમચંદ/કર્મચંદ્ર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાપુહસૂચી: ૨; ૩. રાહસૂચી: ૧. [કે.શે.]

કરમચંદ–૧[ઈ.૧૬૩૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. સોમપ્રભની પરંપરામાં ગુણરાજના શિષ્ય. ૬૯૬ કડીની દુહા તથા ચોપાઈબદ્ધ 'ચંદનરાજાની ચોપાઈ/ચંદરાજાનો રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો વદ ૯, સોમવારે)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [કે.શે.]

કરમણ[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : કબીરપંથી. મોરારસાહેબ(અવ. ઈ. ૧૮૪૯)ના શિષ્ય. તેમના નામે બાહ્યાચારની નિરર્થકતા નિર્દેશતું ૫ કડીનું ૧ ભજન (મુ.) મળે છે.

કૃતિ : સતવાણી. [નિ.વો.]

કરમસી : આ નામે ૬ કડીની 'ચોવીસજિનવરપરિવાર-સઝાય' (લે.સં.૧૯મી સદી આનુ.) મળે છે, તે કયા કરમસી છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કોઈ કરમસીનું ૧૧ કડીનું 'સમેતશિખરજીનું સ્તવન' (ર.ઈ. ૧૬૫૬ કે ૧૭૦૬/સં.૧૭૧૨ કે ૧૭૬૨ – "લોચનરતિમુનિચંદ્ર", ફાગણ સુદ ૧૧, મુ.) મળે છે તે કરમસી–૨ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. જુઓ કર્મસિંહ.

કૃતિ : શ્રાવક સ્તવનસંગ્રહ:૩, સં. પાનમલ ભૌ. શેઠિયા, ઈ.૧૯૨૩.

સંદર્ભ : હેજ્જ્ઞાસૂચિ:૧. [કે.શે.]

કરમસી–૧[ઈ.૧૪૭૯ સુધીમાં] : જૈન. ૧૧ કડીની 'વૈરાગ્ય-કુલ' (લે.ઈ.૧૪૭૯; મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, અસાડ–શ્રાવણ ૧૯૮૬, 'વૈરાગ્યકુલં', સં. મોહનલાલ દ. દેસાઈ. [કે.શે.]

કરમસી–૨[ઈ.૧૬૭૪માં હયાત] : જુઓ પ્રમોદચંદ્રશિષ્ય કર્મસિંહ.

કરમસી(પંડિત)–૩ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જન્મ જેસલમેરમાં. પિતા ચાંપા શાહ. માતા ચાંપલદે. જિનરત્નસૂરિના પટ્ટધર જિનચંદ્રસૂરિ(ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધમાં હયાત)ની, એમની હયાતીમાં, પ્રશસ્તિ કરતા ૭ કડીના 'જિનચંદ્રસૂરિ-ગીત' (મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [કે.શે.]

કરસન[ઈ.૧૭૮૩ સુધીમાં] : 'વ્યાજનું ગીત' (લે.સં.૧૯મી સદી આનુ.) તથા 'શિખામણ' (લે.ઈ.૧૭૮૩) એ કૃતિઓના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [ચ.શે.]

'કરસંવાદ' [ર.ઈ.૧૧૧૯]: લાવણ્યસમયની દોહરા-ચોપાઈબદ્ધ ૭૦ કડીની આ સંવાદરચના(મુ.)માં વરસીતપના પારણા પ્રસંગે ભગવાન ઋષભદેવને ઇક્ષુરસ વહોરાવતા શ્રેયાંસકુમારના ૨ હાથ એકબીજાથી પોતાનું ચડિયાતાપણું પ્રગટ કરતો વિવાદ કરે છે. અંતે ભગવાન ઋષભદેવ બંનેની મહત્તા દર્શાવી એમની વચ્ચે સમાધાન કરાવે છે, અને એ દ્વારા સંપનો મહિમા કરે છે. પોતાનું આધિક્યપાણું સમર્થિત કરવા રજૂ થયેલી હકીકતો રસપ્રદ છે. જેમ કે જમણો હાથ : જમણો હાથ થાળમાં પિરસાયેલાં પકવાનનાં ભલાં ભોજન કરે છે; ડાબો હાથ : હાથ ધોવાનું જળ ત્યારે કોણ આપે છે?; જમણો હાથ : જપમાળા ધરવાનું ને પરમેશ્વરની સેવા કરવાનું કામ હું જ કરું છું; ડાબો હાથ : પણ પ્રભુ સંમુખ જેવા ૨ હાથ જોડાયા કે અમે અળગા કયાં છીએ? કૃતિમાં વ્યક્ત થતા સમાજનિરીક્ષણ, વિનોદચાતુરી તથા ઝડઝમકયુક્ત રચનાશૈલીથી આ સંવાદરચના ધ્યાનાર્હ બને છે. કૃતિના પાઠમાં "ચમોતરે" પાઠ કયાંક નોંધાયેલો મળે છે એ આધારભૂત લાગતો નથી. [કા. શા.]

કરુણાચંદ(મુનિ) [ઈ.૧૬૫૯/૧૭૫૯માં હયાત] : જૈન સાધુ. ૧૫ કડીની 'જંબૂસ્વામી-સઝાય' (મુ.) અને ૧૫ કડીની 'સુદર્શન-શેઠની સઝાય' (ર.ઈ.૧૬૫૯ કે ૧૭૫૯/ સં.૧૭૧૫ કે ૧૮૧૫, "ઇંધુ-શશીનાગમહીં", શ્રાવણ – ;મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈપ્રાસ્તસંગ્રહ; ૨. રત્નસાર:૨, મુ. હીરજી હંસરાજ, સં.૧૯૨૩. [પા.માં.]

કરુણાસાગર–૧ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૯મી સદી] : જુઓ કુવેર(દાસ).

કરુણાસાગર–૨ [ ] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. સાધુસુંદરસૂરિના શિષ્ય. ૧૭ કડીની 'તેર કઠિયાની સઝાય (ઔપદેશિક)' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા. કવિના ગુરુ ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધમાં થયેલા સાધુસુંદરસૂરિ હોવાની શકયતા છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

કર્ણસિંહ [ ] : પ્રાગ્વાટ વંશના જૈન શ્રાવક. ૧૧૨ કડીએ અપૂર્ણ 'ચૈત્યપ્રવાડી-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

'કર્પૂરમંજરી' : (૧) કનકસુંદરકૃત ૪ ખંડ અને ૭૩૨ કડીઓમાં વિસ્તરતી આ કૃતિ (ર. ઈ. ૧૬૦૬) મતિસારની કૃતિથી કેટલાક નોંધપાત્ર ફેરફારો બતાવે છે. કનકસુંદરની કથામાં સિદ્ધરાજ છેવટ સુધી ક્રિયાશીલ પાત્ર તરીકે ચાલુ રહે છે. એણે કાંતિનગર પર કરેલી ચડાઈ દરમ્યાન એના પાસવાને યુક્તિથી મેળવેલા કર્પૂરમંજરીના નખ ઉપરથી ગંગાધર સલાટ પૂતળી ઘડે છે એવું વૃત્તાંત ઉમેરાય છે અને સિદ્ધરાજના સમકાલીન હેમચંદ્રસૂરિનું પાત્ર પણ નવું દાખલ થાય છે, જે જિનધર્મનો મહિમા પ્રગટ કરવામાં ઉપકારક બને છે. અહીં નાયક સાર્થવાહ મોહસાર છે અને તેનો સહાયક તેનો નાનો ભાઈ ગુણસાર છે, જે કાંતિનગરમાં વસીને ચાલાકીથી કર્પૂરમંજરીનું હરણ કરે છે. કર્પૂરમંજરી પણ અહીં શ્રીરાજ્યની અધિનાયિકા નહીં પણ કાંતિનગરના મંત્રી બુદ્ધિસાગરની પુત્રી છે. કનકસુંદરે આવા કેટલાક ચમત્કૃતિપૂર્ણ પ્રસંગો નવા યોજ્યા છે, તો મતિસારની વાર્તામાં કેન્દ્રસ્થાને રહેલો કાષ્ઠના ઘોડા તથા રૂપસેનને નડતાં વિઘ્નોનો પ્રસંગ ટાળ્યો છે અને એ રીતે અપ્રતીતિજનક અંશો નિવાર્યા છે. હેમચંદ્રસૂરિને મુખે મુકાયેલા નાયકનાયિકાની દાનશીલતા વર્ણવતા પૂર્વભવ-વૃત્તાંત ઉપરાંત પ્રસંગોચિત વ્યવહારબોધ આપતી ૬ આડકથાઓ ગૂંથીને કનકસુંદરે પ્રમાણભાન ઓછું બતાવ્યું છે અને દાનમહિમાનો હેતુ વણી લઈને જૈન ધર્મની મહત્તા વારંવાર પ્રગટ કરી છે, તેમ છતાં એ નોંધપાત્ર ભાષાપ્રભુત્વ અને છંદપ્રભુત્વ દર્શાવે છે અને સમગ્રતયા-એમની કૃતિ સુવાચ્ય બને છે. [વ.દ.]

(૨) પંડિત મતિસારકૃત આશરે ૨૦૦ કડીની આ પદ્યવાર્તા-(ર.ઈ.૧૫૪૯/સં.૧૬૦૫, ચૈત્ર સુદ ૧૧, રવિવાર; મુ.)માં મુખ્યત્વે દુહા-ચોપાઈબંધનો ને ક્વચિત્ દેશીબંધનો વિનિયોગ થયેલો છે. કથાસરિત્સાગરમાં મળતી કર્પૂરિકાની કથા સાથે સામ્ય ધરાવતી આ વાર્તામાં મુખ્ય કથાનકનો સંબંધ વિક્રમ વગેરે લોકકથાના જાણીતા વીર નાયકોને સ્થાને ગુજરાતના પ્રતાપી રાજવી સિદ્ધરાજ સાથે જોડયો છે તે ધ્યાન ખેંચતી હકીકત છે. રુદ્રમહાલયના સલાટે શ્રીરાજ્યની અધિષ્ઠાત્રી કર્પૂરમંજરીને પૂતળીમાં અવતારી હતી તે જોઈને મોહિત થયેલા રાજકુમાર રૂપસેનને તેનો મિત્ર સિંધલસી કર્પૂરમંજરી સાથે કેવી રીતે મેળવી આપે છે ને ૪ ઘાતમાંથી ઉગારે છે તેની આ કથામાં પરંપરાગત રૂપવર્ણનની તક લેવામાં આવી છે, છતાં વાર્તારસ પ્રધાન છે અને એમાં અપ્રતીતિકર કે અછડતા રહી જતા અંશો ટાળી શકાયા નથી. મંગળાચરણમાં કેવળ ગણપતિ ને સરસ્વતીની સ્તુતિ તથા અંતમાં "લક્ષ્મીકાંતિ તમહ રખ્યા કરુ" એ આશીર્વચનથી જૈનેતર હોવાનો ભાસ કરાવતા કવિએ સિદ્ધપુરનું વર્ણન કરતા જિનશાસનમાં સારરૂપ દહેરાંઓનો ઉલ્લેખ કરી પાર્શ્વનાથની પૂજાનું માહાત્મ્ય સૂચવ્યું છે તેથી એ જૈન હોવાની પણ સંભાવના રહે છે. [ચ.શે.]

કર્પૂરશેખર[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. અમરસાગરની પરંપરામાં વાચક રત્નશેખરના શિષ્ય. તેમણે રત્નશેખરે ઈ.૧૭૦૫માં રચેલ હિંદી કૃતિ 'રત્નપરીક્ષા'ની પ્રથમ આદર્શ પ્રત લખી હતી. એમની રચેલી ૨૫ કડીની 'નેમરાજુલ-બારમાસા' (મુ.) તથા ૩૪ કડીની 'ગોડીપાર્શ્વનાથ-છંદ' એ ૨ કૃતિઓ મળે છે. 'નેમરાજુલ-બારમાસા'માં રાજુલની વિરહવેદનાનું ભાવપૂર્ણ આલેખન થયું છે. કૃતિ અસાડથી આરંભાય છે અને જેઠમાં નેમિનાથ સાથેના મિલન સાથે પૂરી થાય છે. દરેક કડીમાં પહેલી ૨ પંક્તિને તેમ જ પછીનાં ૪ ચરણને અંતે એક જ પ્રાસ રચ્યો છે તે પ્રાસવૈચિત્ર્ય ધ્યાન ખેંચે છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ:૧.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

☐ ૨. મુપુગૂહસૂચી. [પા.માં.]

કર્મ- : જુઓ કરમ-.

કર્મણ(મંત્રી)[ઈ.૧૪૭૦માં હયાત] : આ કવિનું મુખ્યત્વે 'પવાડા'ને નામે ઓળખાવાયેલ સવૈયાની દેશી તથા દુહાની ૪૯૫ કડીમાં રચાયેલ 'સીતાહરણ←/રામકથા/રામાયણ' (ર.ઈ.૧૪૭૦; મુ.) સીતાહરણના પ્રસંગને અનુષંગે સંક્ષેપમાં રામકથા પણ આલેખે છે. ગુજરાતી આખ્યાનપરંપરાના આરંભકાળની આ કૃતિ માનવભાવો તથા પ્રસંગોના લોકભોગ્ય આલેખનથી ધ્યાન ખેંચે છે.

કૃતિ : પંગુકાવ્ય (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુલિટરેચર; ૩. ગુસા-ઇતિહાસ:૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસાપઅહેવાલ:૫ – 'મંત્રી કર્મણનું 'સીતાહરણ' ', ડાહ્યાભાઈ દેરાસરી. [ર.સો.]

કર્મસાગર[ઈ.૧૬૨૨ સુધીમાં] : જૈન સાધુ. ૨૨ કડીની 'અભય-કુમાર-સઝાય' (લે.ઈ.૧૬૨૨) અને ૧૭ કડીની 'ગુણસ્વરૂપ-સઝાય'ના કર્તા.

'ગુણસ્વરૂપ-સઝાય'માં હસ્તપ્રતમાં "કમસાગરસાધુ ઈમ ભણે" એમ પાઠ મળે છે, તે ઉપરાંત "કર્મસાગરશિષ્ય એમ ભણે રે" એવા પાઠવાળી ૧૭ કડીની 'ગુણસ્થાનકની સઝાય' મુદ્રિત પણ મળે છે. તેથી આ કૃતિના કર્તા કર્મસાગરશિષ્ય હોવાનું પણ સંભવિત છે.

કૃતિ : જિસ્તકાસંદોહ:૧.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ક.શે.]

કર્મસિંહ : જુઓ કરમસી.

કર્મસિંહ–૧[ઈ.૧૬૨૨માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. સિદ્ધસૂરિની પરંપરામાં પુણ્યોદયના શિષ્ય. 'નર્મદાસુંદરી-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, ચૈત્ર સુદ ૧૦, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧,૩(૨). [ક.શે.]

કર્મસિંહ–૨/કરમસી[ઈ.૧૬૭૪માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. જયચંદ્રસૂરિની પરંપરામાં પ્રમોદચંદ્રના શિષ્ય. 'જૈન રાસ સંગ્રહ' એમનું નામ મહોપાધ્યાય કર્મચંદ્રગણિ આપે છે પણ એને માટે કૃતિમાં કશો આધાર નથી. એમની દુહા, સોરઠા અને દેશીબદ્ધ ૨૯ ઢાળ અને ૫૫૫ કડીની 'રોહિણી-ચોપાઈ' (ર. ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, કારતક સુદ ૧૦, રવિવાર; મુ.) વિવિધ પ્રકારની ગેય દેશીઓના વિનિયોગને કારણે તેમ જ પ્રસંગોપાત્ત પરંપરાગત અલંકારોનો આક્રાય લેતાં નગર, સ્વયંવરમંડપ, લગ્નોત્સવ, નારી-સૌંદર્ય, આભૂષણો વગેરેનાં વીગતવાર વર્ણનોને લીધે નોંધપાત્ર બને છે. કવિની ભાષામાં રાજસ્થાનીની છાંટ વર્તાય છે.

કૃતિ : જૈન રાસ સંગ્રહ : ૧, સં.સાગરચંદ્રજી, ઈ.૧૯૩૦ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨); ૨. ટ્રેઝર્સ ઑવ જૈન ભંડારઝ, સં. ઉમાકાંત પી. શાહ, ઈ.૧૯૭૮. [ક.શે.]

કર્મસિંહ–૩ [ઈ.૧૭૦૬માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. રાજચંદ્રસૂરિની પરંપરામાં ધર્મસિંહના શિષ્ય. 'જૈન રાસ સંગ્રહ' એમનું નામ વાચક કર્મચંદ્રગણિ આપે છે પરંતુ કૃતિમાં એને માટે કોઈ આધાર નથી. એમની દુહા, ચોપાઈ તથા દેશીબદ્ધ ૯ ઢાળની 'મોહચરિત્રગર્ભિત-અઢારનાતરાં-ચોપાઈ' (ર.ઈ.૧૭૦૬, સ્વલિખિત પ્રત; લે.ઈ.૧૭૦૬/સં.૧૭૬૨, માગશર વદ ૫, ગુરુવાર; મુ.) ૪ ઢાળમાં કુબેરદત્ત-કુબેરદત્તાનું વૃત્તાંત વર્ણવે છે, જેમાં મોહવશતાથી અને વિધિવૈચિત્ર્યથી ૧૮ પ્રકારના સગાઈ-સંબંધો ઊભા થાય છે. બાકીની ૧૧ ઢાળમાં મોહરાજાના સુભટો અને સાથી-ઓના નિર્દેશ સાથે એનો પ્રતાપ વર્ણવી એમાંથી છૂટવાના માર્ગો બતાવ્યા છે.

કૃતિ : જૈન રાસ સંગ્રહ:૧, સં. સાગરચંદ્રજી, ઈ.૧૯૩૦ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ક.શે.]

કલા(ભક્ત)[ ] : ૩ પ્રહરમાં ફળેલા આંબાનાં મિષ્ટ ફળ ખવડાવીને દુર્વાસા મુનિને તૃપ્ત કરનાર પાંડવોની દૃઢ ઈશ્વરનિષ્ઠાને વર્ણવતું, ૧૧ કડીનું 'પાંડવોનો આંબો' (મુ.) એ કાવ્ય આ કવિના નામે મળે છે.

કૃતિ : બૃહત્ સંતસમાજ મોટી ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ.૧૯૫૦. [નિ.વો.]

કલુ(બાઈ) [ ] : ૪ કડીના ૧ પદ(મુ.)નાં કર્તા.

કૃતિ : ફાહનામાવલિ:૨. [નિ.વો.]

કલ્યાણ/કલ્યાણ(મુનિ) : કલ્યાણના નામે ૬ કડીની 'મહાવીરજિન-ગીત' (મુ.) અને કલ્યાણમુનિને નામે ૯ કડીની 'વૈરાગ્ય-સઝાય'(મુ.) એ જૈન કૃતિઓ મળે છે. આ કલ્યાણ કયા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

હિંદીમાં કલ્યાણને નામે ૬ કડીનું 'ઋષભદેવ-સ્તવન' (ર.ઈ. ૧૮૦૨/સં.૧૮૫૮, ચૈત્ર સુદ ૧૫; મુ.) તેમ જ ખરતરગચ્છના કલ્યાણને નામે ૫૯ કડીની 'ગિરનાર-ગઝલ' (ર.ઈ.૧૭૭૨/સં. ૧૮૨૮, મહા વદ ૨) તથા ૬૯ કડીની 'સિદ્ધાચલ-ગઝલ' (ર.ઈ. ૧૮૦૮/સં.૧૮૬૪, ભાદરવા સુદ ૧૪; મુ.) એ જૈન કૃતિઓ મળે છે જે સમયદૃષ્ટિએ જોતાં ખરતરગચ્છના અમૃતધર્મશિષ્ય ક્ષમા-કલ્યાણની હોવાની સંભાવના છે, કેમ કે એમણે 'કલ્યાણ' એવી નામછાપથી અને હિંદીમાં પણ રચનાઓ કરેલી છે.

કલ્યાણના નામે મળતી જૈનેતર કૃતિઓમાંથી કૃષ્ણનું રૂપવર્ણન કરતી 'પંચરંગ' (લે.ઈ.૧૭૭૯), શ્રીકૃષ્ણની થઈ આવતી સ્મૃતિ-ઓના આલેખનની સાથે ગોપીની વિરહવેદના વ્યક્ત કરતી ૨૪ કડીની 'ઓધવજીની ગરબી' (લે.ઈ.૧૭૮૦ પહેલાંના અરસામાં; મુ.)ના કર્તા કદાચ એક જ કલ્યાણ હોય. તે કલ્યાણ–૪થી નિશ્ચિતપણે જુદા ગણાય. ગદ્યપદ્યાત્મક કૃતિ 'વેદાન્તસાર' (લે.ઈ.૧૮૨૦)ના કર્તા કયા કલ્યાણ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક:૧; ૨. જૈસંગ્રહ(ન.); ૩. (કવિ બ્રેહેદેવકૃત) **ભ્રમરગીતા**, સં. મંજુલાલ ર. મજમુદાર, ચિમનલાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મ. વૈદ્ય, ઈ.૧૯૬૪; ☐ ૪. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૫૪ – 'સિદ્ધાચલ ગઝલ', સં. મુનિરાજ શ્રી કાન્તિસાગરજી.

સંદર્ભ : ૧. કવિચરિત: ૩; ☐ ૨. ગૂહાયાદી; ૩. જૈગૂકવિઓ : ૩(૧). [હ.યા.; ચ.શે.]

કલ્યાણ–૧[જ.ઈ.૧૫૯૬–અવ. ઈ. ૧૬૬૬] : કડવાગચ્છના જૈન સંવરી શ્રાવક. શા. માહાવજીના શિષ્ય અને તેજપાલના પટ્ટધર. ખંભાતના હરખા દોશીના પુત્ર. સહિજલદે માતા. સંવરીદીક્ષા ઈ. ૧૬૦૮.

ગુરુ પાસે વ્યાકરણ, કાવ્ય, કર્મગ્રંથ, જ્યોતિષ આદિનો અભ્યાસ. પટ્ટસ્થાપના ઈ. ૧૬૨૮. અવસાન ખંભાતમાં અનશનપૂર્વક ઈ. ૧૬૭૮(સં.૧૭૩૪, ફાગણ વદ ૫)માં નોંધાયું છે તે તેમના ૩૮ વર્ષના પટ્ટધરકાળ અને ૭૦ વર્ષના આયુષ્યકાળને જોતાં ખોટું ઠરે છે. એમનો, ૧૨મા તીર્થંકર વાસુપૂજ્યના ચરિત્રને વર્ણવતો, ૨ ઉલ્લાસ, ૨૧ ઢાળ અને ૩૨૮ કડીનો 'વાસુપૂજ્યમનોરમ-ફાગ'←(ર.ઈ.૧૬૪૦/સં.૧૬૯૬, મહા સુદ ૮, સોમવાર; મુ.) એમાંનાં વિસ્તૃત વસંત-ક્રીડાવર્ણન તથા દેશી તેમ જ ધ્રુવાવૈવિધ્યને કારણે ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત આ કવિએ ૪ પ્રસ્તાવ અને ૪૩ ઢાળનો 'ધન્ય-વિલાસ-રાસ' (ર.ઈ.૧૬૨૯/સં.૧૬૮૫, જેઠ સુદ ૫) તથા 'અમરગુપ્ત-ચરિત્ર/અમરતરંગ' (ર.ઈ.૧૬૪૧/સં.૧૬૯૭, પોષ સુદ ૧૩, મંગળવાર) અને 'સા. ધનાનો રાસ' એ ૩ કથાત્મક કૃતિઓ, 'લુંપકચર્ચા', 'અભિનંદન-સ્તવન' (૨. ઈ. ૧૬૨૧/સં ૧૬૭૭, ફાગણ સુદ ૧૧) તેમ જ ગદ્યમાં ૧૨૨૫ ગ્રંથાગ્રની 'કટુકમત-પટ્ટાવલી' (૨. ઈ. ૧૬૨૯/સં. ૧૬૮૫, પોષ સુદ ૧૫), 'કડુઆ-મત-લઘુ-પટ્ટાવલી' (૨. ઈ. ૧૬૨૮), 'લોકનાલિકા-દ્વાત્રિંશિકા' પર ૩૫૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ, 'મહાદંડકનવાણું દ્વાર-બાલાવ-બોધ' (ર.ઈ.૧૬૫૬) તથા 'કર્મગ્રંથપંચક' પર બાલાવબોધ – જેમાંથી દ્વિતીય, તૃતીય કર્મગ્રંથ પરના બાલાવબોધની ર.ઈ.૧૬૫૬ મળે છે – એ કૃતિઓ રચેલ છે. કવિનો કૃતિસમૂહ કુલ ૧૬૦૦૦ ગ્રંથાગ્રનો હોવાનું નોંધાયું છે.

કૃતિ : પ્રાફાસંગ્રહ.

સંદર્ભ : ૧. કડૂઆમતીગચ્છ પટ્ટાવલીસંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯; ૨. જૈગૂકવિઓ: ૩(૨) – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૩ – 'કડુઆમત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા; ☐ ૪. જૈગૂકવિઓ:૧, ૩(૧,૨); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. મુપુગૂહસૂચી; ૭. લીંહસૂચી; ૮. હેજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણ–૨[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિ (આચાર્યકાળ ઈ.૧૫૭૨-થી ઈ.૧૬૧૬)ના શિષ્ય. 'ચોવીસી' (લે.ઈ.૧૭૬૨)ના કર્તા.

આ કવિ હીરવિજયસૂરિદીક્ષિત કલ્યાણવિજય (જ.ઈ.૧૫૪૫) પણ હોઈ શકે કે કેમ તે વિચારણીય છે.

સંદર્ભ : ૧. જૈઐરાસમાળા:૧; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૨). [હ.યા.]

કલ્યાણ–૩[ઈ.૧૬૧૭માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. વરસિંહની પરંપરામાં કૃષ્ણદાસના શિષ્ય. ૮૧ કડીના 'નેમિનાથ-સ્તવન' (ર.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, આસો સુદ ૬, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી. [હ.યા.]

કલ્યાણ–૪[સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. તેમનાં હિંડોળાનાં પદ નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐ ૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

કલ્યાણ–૫/કલ્યાણદાસ[ઈ.૧૮૨૭માં હયાત] : ડાકોરના સાધુ. 'કલ્યાણ' અને 'દાસ કલ્યાણ'ની નામછાપ ધરાવતાં ભક્તિબોધનાં કેટલાંક મુદ્રિત-અમુદ્રિત પદોનું કર્તૃત્વ આ કવિનું માનવામાં આવ્યું છે પણ બધા સંદર્ભો આવી એકસરખી ઓળખ આપતા નથી. ૧ પદ પરત્વે, એના કવિએ "છંદ ભાસ્કર પિંગળ વગેરે વ્રજ ભાષામાં ઘણી કવિતા" કરી હોવાની નોંધ પણ થયેલી છે.

કૃતિ : ૧. કાદોહન:૩(+ સં.); ૨. ગુકાદોહન(+ સં.); ૩. પદ સંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ.૧૮૮૫; ૪. પ્રાકાસુધા:૧; ૫. બૃકાદોહન:૩; ૬. ભજનસાગર:૧.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

કલ્યાણકમલ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિ (રાજ્યકાળ ઈ.૧૫૫૬–ઈ.૧૬૧૪)ના શિષ્ય. ૮ કડીની 'જિનચંદ્રસૂરિ-ગીત' (મુ.) અને 'ઋષભ-સ્તવન', 'નેમિનાથ-સ્તવન' તથા 'સનત્કુમાર-ચોપાઈ' એ કૃતિઓના કર્તા. તેમણે જિનપ્રભસૂરિકૃત 'પટ્ભાષા-સ્તવન' ઉપર અવચૂરિ રચી હોવાની માહિતી મળે છે.

૧૬ કડીના 'નેમિનાથ-ફાગ'(મુ.)ના કર્તા કલ્યાણકમલ ઉપર્યુક્ત કવિ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. પરબ, ઑક્ટો. ૧૯૮૧ – 'નેમિનાથફાગ', સં. કનુભાઈ વ્ર. શેઠ.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. મુપુગૂહસૂચી; [હ.યા.]

કલ્યાણકીર્તિ(મુનિ) [ઈ.૧૬૨૯ સુધીમાં] : દિગંબર જૈન સાધુ. 'હનુમંત-રાસ'(લે.ઈ.૧૬૨૯)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણકુશલશિષ્ય [ ] : જૈન. ૫ કડીની 'કર્મ-તપ-સઝાય'(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કલ્યાણચંદ : આ નામે ૯ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' મળે છે તે કયા કલ્યાણચંદ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [હ.યા.]

કલ્યાણચંદ્ર(ગણિ)–૧ [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિના શિષ્ય. તેમણે ઈ.૧૪૬૧માં ગુરુ પાસેથી આચારાંગની વાચના લીધી હોવાની માહિતી મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમની, દીક્ષાકુમારી સાથેના વિવાહને કારણે 'વિવાહલો' એ સંજ્ઞાથી ઓળખાવાયેલી ૫૪ કડીની 'કીર્તિરત્નસૂરિ-વિવાહલો' તથા ૧૮ કડીની 'કીર્તિરત્નસૂરિ-ચોપાઈ' (મુ.) એ કૃતિઓ કીર્તિરત્નસૂરિ ઈ.૧૪૬૯માં અનશન કરી સ્વર્ગે ગયા પછી રચાયેલી છે અને એમનું ચરિત્રવર્ણન કરે છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૧ – 'દો વિવાહલોંકા ઐતિહાસિક સાર', અગરચંદ નાહટા; ☐ ૨. જૈમગૂકરચનાઓ:૧. [હ.યા.]

કલ્યાણચંદ્ર–૨ [ઈ.૧૫૯૩માં હયાત] : જૈન સાધુ. દેવચંદ્રના શિષ્ય. 'ચિત્રસેનપદ્માવતી-રાસ'(૨.ઈ.૧૫૯૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [હ.યા.]

કલ્યાણચંદ્ર–૩ [ઈ.૧૮૪૦ માં હયાત] : જૈન સાધુ. 'નન્દીશ્વરદ્વીપ-પૂજા'(૨.ઈ.૧૮૪૦)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણચંદ્ર–૪ [ ] : તપગચ્છના જૈન સાધુ. દયાવિજય–પ્રેમચંદના શિષ્ય. ૭ અને ૧૩ કડીના ૨ 'ધર્મનાથ-સ્તવન'(લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

કલ્યાણજયશિષ્ય [ઈ.૧૫૩૮માં હયાત] : જૈન. તપગચ્છના હેમ-વિમલસૂરિની પરંપરામાં કલ્યાણજયના શિષ્ય. ૨૩૭ કડીના 'કૃતકર્મરાજાધિકાર-રાસ'(૨.ઈ.૧૫૩૮/સં.૧૫૯૪, બાહુલ માસ સુદ જયાતિથિ, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧,૩(૧). [કી.જો.]

કલ્યાણજી [ઈ.૧૭૪૩ સુધીમાં] : અવટંક અથવા પિતાનામ વિશ્રામ. ભાનુદત્તકૃત મૂળ સંસ્કૃત રચના 'રસતરંગિણી' પર બાલાવબોધ-(લે.ઈ.૧૭૪૩)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણતિલક [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનસમુદ્રસૂરિના શિષ્ય. જિનસમુદ્રસૂરિના આચાર્યકાળ (ઈ.૧૪૭૪–ઈ.૧૪૯૯)માં રચાયેલ ૬૫ કડીના 'ધન્ના-રાસ/સંધિ' અને ૪૩/૪૪ કડીના 'મૃગાપુત્ર-સંધિ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કલ્યાણદાસ–૧ [અવ.ઈ.૧૮૨૦/સં.૧૮૭૬, આસો વદ ૨] : જ્ઞાન-માર્ગી કવિ. ખંભાત પાસેના ઉંદેલના પાટીદાર. અખાની શિષ્ય-પરંપરામાં ગણાવાતા જિતા મુનિ નારાયણના શિષ્ય. તેઓ એક યોગસિદ્ધ ચમત્કારિક અવધૂત તરીકે, પરમહંસ કલ્યાણદાસજીના નામે વિખ્યાત હતા. તેમણે કહાનવા ગામે જીવતાં સમાધિ લીધી હતી.

કલ્યાણદાસે ૫૧ કડીના 'અજગરબોધ'(મુ.)માં પ્રહ્લાદને અજગરમુખે મળેલા આત્મજ્ઞાનનું નિરૂપણ કર્યું છે અને હિંદી ભાષામાં રચાયેલા ૯ કડીના 'કાફરબોધ'(મુ.)માં રામ-રહીમની એકતા દર્શાવી, બાહ્યાચારોનો નિષેધ અને ભક્તિનો બોધ કર્યો છે. આ ઉપરાંત ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં એમની થોડીક સાખીઓ, કવિતા અને પદો (મુ.) મળે છે, જેમાં અધ્યાત્મજ્ઞાન અને ગુરુમહિમાના વિષયો નિરૂપાયા છે. તેમની કવિતાની દાર્શનિક ભૂમિકા અજાતવાદ અને પરમાત્મવાદની છે.

કૃતિ : ૧. ગુહિવાણી (+સં.); ૨. સંતોની વાણી, સં. ભગવાનજી મહારાજ, ઈ.૧૯૨૦.

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. આગુસંતો. [ચ.શે.]

કલ્યાણદાસ–૨ [ઈ.૧૮૨૭માં હયાત] : જુઓ કલ્યાણ–૫.

કલ્યાણદેવ [ઈ.૧૫૮૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રની પરંપરામાં ચરણોદયના શિષ્ય. 'વચ્છરાજદેવરાજ-ચોપાઈ' (૨.ઈ.૧૫૮૭)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧,૩(૨). [શ્રા.ત્રિ.]

કલ્યાણધીર [ઈ.૧૬મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-માણિક્યસૂરિ(જ.ઈ.૧૪૯૩–અવ.ઈ.૧૫૫૬)ના શિષ્ય. ૬૯ કડીની 'મુનિગુણ-સઝાય'(લે.સં.૨૦મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચન્દ્રસૂરિ; ☐ ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

કલ્યાણ-નંદ(મુનિ) [ ] : જૈન સાધુ. ૭ કડીની 'પ્રતિબોધ-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

કલ્યાણરત્ન(સૂરિ)શિષ્ય [ ] : જૈન. ૬૪ કડીના 'નેમિનાથ-સ્તવન'(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કલ્યાણવિજય : આ નામે ૨૪/૨૫ કડીનું 'સીમંધરજિન-સ્તવન/સ્તોત્ર' (લે.સં.૧૮મી સદી અનુ.) મળે છે. તેના કર્તા કયા કલ્યાણવિજય છે તે નિશ્ચિત નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણવિજય(ઉપાધ્યાય)–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. વિજયતિલકસૂરિ(રાજ્યકાળ ઈ.૧૬૧૭–ઈ.૧૬૨૦)ના શિષ્ય. ૧૧ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન'(લે.ઈ.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણવિજયશિષ્ય : આ નામે ૧ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ' તથા ગુજરાતી અને સંસ્કૃતમાં રચાયેલી 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી) એ કૃતિઓ મળે છે તે કલ્યાણવિજયશિષ્ય–૧ની હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. પહેલી કૃતિ ભૂલથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલ્યાણવિજયોપાધ્યાયને નામે મુકાયેલ છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

કલ્યાણવિજય(ઉપાધ્યાય)શિષ્ય–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિના રાજ્યકાળ (ઈ.૧૫૭૪–ઈ.૧૬૧૬)માં રચાયેલ ૨૫ કડીના 'પાર્શ્વજિન-સ્તોત્ર'ના કર્તા. આ કૃતિ ભૂલથી ધર્મવંતને નામે મુકાયેલી છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

કલ્યાણવિમલ/કલ્યાણવિમલ(ગણિ) : કલ્યાણવિમલને નામે ૧૩ કડીનું 'ચૌદસોબાવન ગણધરનું ચૈત્યવંદન' (મુ.), ૧ હિંદી પદ (મુ.) અને કલ્યાણવિમલગણિને નામે હેમચંદ્રાચાર્યના 'સકલાર્હત-સ્તોત્ર' ઉપરનો સ્તબક (લે.ઈ.૧૮૪૫) મળે છે. આ કલ્યાણવિમલ કયા તે નિશ્ચિત કહી શકાતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ:૧; ૨. જૈકાપ્રકાશ:૧.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [હ.યા.]

કલ્યાણવિમલ–૧ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. કેસરવિમલ(ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ)ના ભાઈ શાંતિવિમલના શિષ્ય. ૧૦ કડીની 'સુલસા શ્રાવિકાની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા(શા.):૧; ૨. જૈસસંગ્રહ(ન.). [હ.યા.]

કલ્યાણવિમલ–૨ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છની વિમલ-શાખાના જૈન સાધુ. મણિવિમલના શિષ્ય અને ઉદ્યોતવિમલ(ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ)ના ગુરુબંધુ. ૪ કડીની 'સિદ્ધાચલતીર્થ-સ્તુતિ'-(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ:૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [હ.યા.]

કલ્યાણસાગર(સૂરિ)–૧ [જ.ઈ.૧૫૭૭/સં.૧૬૩૩, અસાડ સુદ ૨, ગુરુવાર કે વૈશાખ સુદ ૬–અવ.ઈ.૧૬૬૨/સં.૧૭૧૮, વૈશાખ સુદ ૩ના દિવસે કે શ્રાવણ વદ ૫ પછી] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિના શિષ્ય. જન્મ વઢિયાર દેશના લોલાડા ગામમાં. મૂળ નામ કોડણ. પિતા શ્રીમાળી કોઠારી નાનીગ, માતા નામિલદે. દીક્ષા ઈ.૧૫૮૬, આચાર્યપદ ઈ.૧૫૯૩, ગચ્છનાયકપદ ઈ.૧૬૧૪ કે ઈ.૧૬૧૫. અવસાન ભૂજમાં.

કલ્યાણસાગરસૂરિ અંચલગચ્છના અત્યંત પ્રભાવશાળી અને મેધાવી આચાર્ય હતા. તેમની પ્રેરણાથી અનેક જિનપ્રાસાદો બંધાયા હતા, અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી અને કેટલીક તીર્થયાત્રાઓ પણ યોજાઈ હતી. છેક આગ્રાના મંત્રી કુંવરપાલ અને સોનપાલ સુધી આચાર્યનો પ્રભાવ વિસ્તરેલો હતો. કચ્છના મહારાવ ભાર-મલ્લે એમના ઉપદેશથી માંસાહાર છોડ્યો હતો અને પોતાના રાજ્યમાં પર્યુષણના દિવસોમાં પ્રાણીહિંસા બંધ કરાવી હતી.

કલ્યાણસાગરસૂરિને નામે ગુજરાતીમાં 'અગડદત્ત-રાસ', 'વીસ-વિહરમાનજિન-ભાસ', ૨૭ કડીની 'ચતુર્વિંશતિજિન-સ્તુતિ' (મુ.) અને કેટલાંક સ્તોત્રો-સ્તવનો એ કૃતિઓ નોંધાયેલી છે. એમાંથી 'અગડ-દત્ત-રાસ'ની હસ્તપ્રત પ્રાપ્ય નથી ને એમના આચાર્યકાળમાં એમના ગચ્છના સ્થાનસાગરે રચેલ 'અગડદત્ત-રાસ' મળે છે, તેથી સ્થાનસાગરની કૃતિ કલ્યાણસાગર-સૂરિને નામે ચડી ગઈ હોય એવો સંભવ છે. નોંધાયેલાં સ્તવનો પણ બધાં જ એમનાં હશે એવું નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. એમણે સંસ્કૃતમાં 'શાંતિનાથ-ચરિત્ર', 'સુરપ્રિય-ચરિત્ર', 'મિશ્રાલિંગ-કોશ' તથા કેટલાંક સ્તોત્રો, અષ્ટકો, સ્તવનો વગેરેની રચના કરેલી છે.

કૃતિ : આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ, સં. કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯ – 'શ્રી ચતુર્વિંશતિજિનસ્તુતિ', સં. 'ગુણશિશુ'.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮; ☐ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞા-સૂચિ:૧. [હ.યા.]

કલ્યાણસાગર–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં ચારિત્રસાગરના શિષ્ય. વિજય-પ્રભસૂરિના આચાર્યકાળ(ઈ.૧૬૫૪–ઈ.૧૬૯૩)માં રચાયેલી જણાતી ૩૫ કડીની 'પાર્શ્વનાથચૈત્યપરિપાટી/તીર્થમાળા'(મુ.)ના કર્તા. એમણે કેટલાંક સ્તવનો, સઝાયો રચ્યાં હોવાનું પણ નોંધાયું છે.

કૃતિ : પ્રાતીસંગ્રહ:૧ (+ સં). [હ.યા.]

કલ્યાણસાગર(સૂરિ)શિષ્ય : આ નામે શત્રુંજયનો મહિમા કરતી ૧૦૮ કડીની 'શત્રુંજય-એકસોઆઠનામગર્ભિત-દુહા/સિદ્ધગિરિનાં એકસોઆઠ ખમાસમણાં/સિદ્ધિગિરિ-સ્તુતિ' (મુ.) એ કૃતિ મળે છે. તેના કર્તા અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિશિષ્ય–૧ અને કદાચ ઉદયસાગર હોવાની સંભાવના કરવામાં આવી છે પરંતુ કૃતિમાં એવા કોઈ નિર્દેશો મળતા નથી.

કૃતિ : ૧. જૈરસંગ્રહ; ૨. પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

કલ્યાણસાગર(સૂરિ)શિષ્ય–૧ [ઈ. ૧૭મી સદી] : જૈન. અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિના શિષ્ય. કલ્યાણસાગરસૂરિના આચાર્યકાળ (ઈ. ૧૬૧૪–ઈ. ૧૬૬૨)માં રચાયેલી જણાતી અપભ્રંશપ્રધાન ગુજરાતી ભાષાની ૧૧ કડીની 'કલ્યાણસાગરગુરુ-સ્તુતિ'(મુ.) તથા ૨૦ કડીની 'અંચલગચ્છ ગુરુપ્રદક્ષિણા-સ્તુતિ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : આર્ય-કલ્યાણ-ગૌતમસ્મૃતિગ્રંથ, સં. કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯ – 'શ્રી કલ્યાણસાગરસૂરિની પ્રાચીન ઐતિહાસિક કૃતિ', સં. કલાપ્રભસાગરજી; ૨. એજન – 'અંચલગચ્છ ગુરુપ્રદક્ષિણાસ્તુતિ', સં. કલાપ્રભસાગરજી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કલ્યાણસાગર(સૂરિ)શિષ્ય–૨ [ઈ.૧૭૫૫ સુધીમાં] : જૈન. તપગચ્છના કલ્યાણસાગરસૂરિના શિષ્ય. 'મૌનએકાદશીદેવવંદનવિધિ'(લે.ઈ. ૧૭૫૫)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલ્યાણસુત [ ] : ૧૨ કડવાંની 'રાસલીલા' તથા રાધાજીનાં રૂસણાંનાં કેટલાંક પદના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકલ્હકીકત; ૨. પ્રાકૃતિઓ. /નિ.વો./

કલ્યાણસુંદર [ ] : જૈન સાધુ. મહિમાસુંદરના શિષ્ય. ૩ ઢાળના 'ત્રણજિનચોવીસી-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસાંદોહ:૨. [હ.યા.]

કલ્યાણસોમ [ ]: જૈન સાધુ. ૨૫ કડીના 'ચોવીસજિનનમસ્કાર'(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કલ્યાણહર્ષ–૧ *[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ]* : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં તેજહર્ષના શિષ્ય. વિજયપ્રભસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૫૪–ઈ.૧૬૯૩)માં રચાયેલી જાણાતી ૧૬ કડીની 'સંવત્સરી ખામણાની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ; ૨. મોસસંગ્રહ. [હ.યા.]

કલ્યાણહર્ષ–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૮મી સદી આરંભ]: ખરતરગચ્છના જૈન સાધુ. જિનરત્નસૂરિની પાટે આવેલા જિનચંદ્ર-સૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૫૫–ઈ.૧૭૦૭)માં રચાયેલા એમની પ્રશસ્તિ કરતા ૫ કડીના ગીત(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+ સં.). [હ.યા.]

કવિજન/કવિયણ : આ જાતની સંજ્ઞાથી કેટલીક મુદ્રિત-અમુદ્રિત જૈન કૃતિઓ મળે છે પણ ત્યાં કોઈ ચોક્કસ વ્યક્તિનો નિર્દેશ નિશ્ચિત થઈ શકે તેમ નથી. જ્યાં ગુરુનામ મળે છે ત્યાં પણ એ ગુરુના કોઈ પણ અજ્ઞાતનામા શિષ્યની કૃતિ હોવાનું સંભવે છે. (જુઓ લક્ષ્મીસાગરસૂરિશિષ્ય, વિનયવિજયશિષ્ય તથા વિમલરંગ-શિષ્ય).

'કવિયણ'ની નામછાપથી મળતી અન્ય કેટલીક કૃતિઓ સમયનો નિર્દેશ ધરાવતી હોઈ એમના કર્તાઓને એ રીતે જુદા તારવી શકાય છે. જેમ કે, ૧૯ કડીની 'પાંચપાંડવ-સઝાય'(મુ.) તપગચ્છના હીરવિજયસૂરિના રાજ્યકાળ (ઈ.૧૫૫૪–ઈ.૧૫૯૬)માં રચાયેલી છે, એટલે એના કર્તાને ઈ.૧૬મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા આપણે ગણવા જોઈએ; તો ૧૬ કડીની 'અર્જુનમાળીની સઝાય' (ર.ઈ.૧૬૯૧; મુ.) તથા ૪ ઢાળ અને ૪૨ કડીની 'ઝાંઝરિયા-મુનિની સઝાય' (ર.ઈ.૧૭૦૦/સં.૧૭૫૬, અસાડ વદ ૨, સોમવાર; મુ.) ૧૭મી સદીના ઉત્તરાર્ધના કોઈ કર્તા કે કર્તાઓની કૃતિઓ ગણાય. ખરતરગચ્છના દેવચંદ્રજીના જીવનને વર્ણવતા અને એનો ગુણાનુવાદ કરતા, દુહા અને વિવિધ દેશીઓની ૧૧ ઢાળમાં રચાયેલા 'દેવવિલાસ' (ર.ઈ.૧૭૬૯/સં.૧૮૨૫, આસો સુદ ૮, રવિવાર; મુ.)ના 'કવિયણ' ઈ.૧૮મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા છે. પોતાના ગુરુની પ્રશંસા કરવી એ અયોગ્ય કહેવાય એવી સમજથી દેવચંદ્રજીના પ્રશિષ્ય રાયચંદે કરેલી વિનંતીથી આ 'દેવ-વિલાસ' રચાયો છે, તેથી એ 'કવિયણ' અન્ય કોઈ પરંપરાના હોવાનું સમજાય છે.

સમયના નિર્દેશ વિનાની અન્ય કૃતિઓ કોઈ ચોક્કસ સમયના *કવિયણની હોવાનું કહેવું મુશ્કેલ છે, તેમ છતાં ૨૮ કડીની 'અવંતી-*સુકુમાલ-ભાસ'(લે.ઈ.૧૫૮૯)ના કર્તા ઈ.૧૬મી સદીના ઉત્તરાર્ધથી મોડા, તો ૭ કડીનું 'સુપાર્શ્વજિન-સ્તવન' (લે.ઈ.૧૭૧૩)ના કર્તા ઈ.૧૮મી સદી પૂર્વાર્ધથી મોડા સંભવી ન શકે.

કવિયણને નામે, આ સિવાયની, કેટલીક નોંધપાત્ર કૃતિઓ આ પ્રમાણે છે : પ્રત્યેક કડીમાં ૧–૧ વર્ણ(જાતિ)નાં લક્ષણો વર્ણવતી ૩૫ કડીની 'વર્ણ-બત્રીસી' (મુ.), ભૂલથી 'ઝાણાજી'ને નામે પણ નોંધાયેલી ૧૭૮ કડીની ઉપદેશપ્રધાન કૃતિ 'કક્કા-બત્રીસીના ચંદ્રાવળા' (લે.ઈ.૧૮૨૦; મુ.),'જિનરક્ષિત અને જિનપાલિતનું ચોઢાળિયું' (મુ.), ૫૨ કડીની 'અમરકુમાર-રાસ/સઝાય' (મુ.), ૫૦ *કડીની 'શાલિભદ્ર-સઝાય' (મુ.), ૩૦ કડીની 'ખંધકકુમાર-સઝાય'* (મુ.), ૧૩ કડીની 'નેમિરાજિમતી-બારમાસા' (લે.ઈ.૧૭૧૯; મુ.) ૩૧/૪૨ કડીની 'સુકોશલમુનિ-સઝાય', ૩૦ કડીની 'માતૃકા-ફાગ', ૯૦ કડીની 'વૈરાગ્ય-રાસ', 'ચોવીસી' અને 'લુંકટમત-ગીત'. બીજી કેટલીક સ્તવન, સઝાય, ગીત, કવિત વગેરે પ્રકારની કૃતિઓ પણ આ નામછાપથી મળે છે.

કૃતિ : ૧. દેવવિલાસનિર્વાણ રાસ, સં. બુદ્ધિસાગરસૂરિ, ઈ.૧૯૨૬; ☐ ૨. એજૈકાસંગ્રહ (+સં.); ૩. કક્કા બત્રીસીના ચંદ્રાવળા તથા ચોવીસ તીર્થંકરાદિના ચંદ્રાવળાનો સંગ્રહ, પ્ર. જગદીશ્વર છાપખાનું, –; ૪. જૈપ્રપુસ્તક:૧; ૫. જૈસસંગ્રહ (ન.); ૬. જૈસસંગ્રહ(શા.):૨; ૭. પ્રામબાસંગ્રહ : ૧; ૮. મોસસંગ્રહ; ☐ ૯. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૫૦ – 'વર્ણબત્રીસી', સં. મુનિરાજ જ્ઞાનવિજયજી (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. જૈમગૂકરચનાઓ:૧; ૩. ફોહનામાવલિ; ૪. મુપુગૂહસૂચી. [ર.સો.]

'કવિતછપ્પય' : આ નામથી ઓળખાવાયેલા રવિદાસકૃત ૨૫૭ છપ્પા (મુ.) સાધુક્કડી હિંદી તેમ જ ગુજરાતી ભાષામાં રચાયેલા અને ગુરુમાહાત્મ્ય, અશુદ્ધતાભાવ, નામમહિમા, સંતલક્ષણ, અધમ સ્ત્રી, ઉત્તમ નારી અને નામભક્તિ એ ૭ અંગોમાં વહેંચાયેલા મળે છે. 'ગુરુમાહાત્મ્ય-અંગ'માં 'સતગુરુ'નો અપાર મહિમા પ્રગટ કરવા-ની સાથે સત્‌ગુરુના પણ વિલક્ષણ પ્રકારો વર્ણવાયા છે – લોભી સત્‌ગુરુ તે વામન, ક્રોધી સત્‌ગુરુ તે પરશુરામ, સાત્ત્વિક સત્‌ગુરુ તે રઘુનાથ અને કામી સત્‌ગુરુ તે કૃષ્ણ – અને કહેવાયું છે કે "રવિદાસ અવગુણ તજી, ગુણ ગ્રહે સો સેવક સરે." ગુરુ, ભક્તિ, જ્ઞાન વગેરેમાં પૂરી નિષ્ઠા ન હોવી – જેમ કે, ચોમાસાની નદી પેઠે ભક્તિનું પૂર આવે અને પછી ગ્રીષ્મની નદી પેઠે ઓસરી જાય – એને અશુદ્ધતાભાવ કહ્યો છે. 'અધમસ્ત્રી-અંગ'માં સ્ત્રીના કામપ્રભાવ-નાં અનિષ્ટો અને 'ઉત્તમનારી-અંગ'માં શીલવંત, બુદ્ધિવંત, ત્યાગી, પતિવ્રતા, ભક્ત નારીનાં લક્ષણો નિરૂપાયાં છે. સરલ ધર્મબોધના આ છપ્પાઓમાં અલંકારનું બળ ધ્યાન ખેંચે એવું છે અને પરમ તત્ત્વાનુભવને વર્ણવવા અવળવાણીનો અસરકારક વિનિયોગ થયેલો છે.

[જ.કો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાજીમહમદ : જુઓ મહમ્મદ (કાજી).

'કાદંબરી' : બાણ અને પુલિનની, સંસ્કૃત સાહિત્યની અત્યંત પ્રસિદ્ધ અને કલ્પનામંડિત રસાર્દ્ર કૃતિ 'કાદંબરી'ના પૂર્વભાગ અને ઉત્તર-ભાગનો કુલ ૪૦ કડવાંમાં સારાનુવાદ આપતી ભાલણની આ કૃતિ (મુ.) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે. આવી સાહિત્યિક કૃતિને ગુજરાતીમાં ઉતારવામાં ભાલણની રસિકતા ને સંસ્કૃતજ્ઞતા પ્રગટ થાય છે, તે ઉપરાંત સંસ્કૃત ભાષાની કઠિન સમાસપ્રચુર ગદ્યકથાને દેશીબંધમાં ઉતારવાનું ભાલણનું સાહસ પણ અત્યંત નોંધપાત્ર બને છે. ભાલણે આખ્યાનનો ઘાટ સ્વીકાર્યો છે પણ એમનાં કડવાંઓ વલણ કે ઊથલા વગરનાં છે, જે આખ્યાન-બંધની પ્રાથમિક દશા સૂચવે છે.

અતિ-પંડિતો માટે નહીં પણ સંસ્કૃત ન જાણનાર "મુગધરસિક" જનો માટે 'કાદંબરી'ને ગુજરાતીમાં ઉતારવાનો હેતુ હોવાથી કવિએ અહીં મૂળ કૃતિના સમગ્ર અલંકારઠાઠને રજૂ કરવાનું નહીં પણ કથાસંબંધ વર્ણવવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમ છતાં આરંભમાં બાણની શ્લેષયુક્ત ઉપમાઓ સુધ્ધાં, દુર્બોધતાનું જોખમ વહોરીને પણ, સાચવી રાખવાનું કવિનું વલણ રહ્યું છે. પછીથી એમણે મૂળનાં સઘન કલ્પનાચિત્રોને ગાળી નાખ્યાં છે, વર્ણનોને ટૂંકાવ્યાં છે અને કેટલુંક જતું પણ કર્યું છે. બીજી બાજુથી કોઈકોઈ ઠેકાણે ગાંઠનાં અલંકારો, ઉક્તિઓ, વર્ણનો અને ભાવનિરૂપણો ઉમેર્યાં પણ છે. એ બહુધા ભાલણની બહુશ્રુતતાના પરિણામરૂપ છે. તેમ છતાં વિલાસવતીની પુત્રઝંખના જેવાં કોઈક ઉમેરણમાં ભાલણની પોતાની સૂઝ અને કવિત્વશક્તિ પ્રગટ થાય છે. કવિએ જે સંક્ષેપ-ઉમેરણ કર્યાં છે તે સભાન બુદ્ધિથી અને સૂક્ષ્મ વિવેકથી કર્યાં હશે એમ કહેવું મુશ્કેલ છે, તેમ જ એથી મૂળ કૃતિને એવું કાંઈ નવું રૂપ મળતું નથી કે આ કૃતિને આપણે એનું પ્રતિનિર્માણ લેખી શકીએ. પરંતુ "બાણની 'કાદંબરી'નો આત્મા ભાલણે પોતાના સમયની ગુજરાતી ભાષામાં જેટલો સમાઈ શકે તેટલો ઉતાર્યો છે" (દુર્ગાશંકર શાસ્ત્રી) અને ભાલણનું એ કાર્ય પણ ઓછો આદર જગવે એવું નથી. [શ્રા.ત્રિ.]

કાન- : જુઓ કૃષ્ણ-.

કાનો[ઈ.૧૭૫૪ સુધીમાં] : "માંકણ માઠાં" એ શબ્દોથી શરૂ થતી કૃતિ(લે.ઈ.૧૭૫૪)ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [ર.સો.]

કાનોસુત [ઈ.૧૮૩૯ સુધીમાં] : જ્ઞાતિએ નાગર. ૩૫૦ ગ્રંથાગ્રની 'હરિચંદની કથા'(લે.ઈ.૧૮૩૯)ના કર્તા. આ કૃતિની લે.ઈ. ૧૮૦૯ (સં.૧૮૬૫) નોંધાયેલી છે તે ભૂલ છે.

સંદર્ભ : ૧. આલિસ્ટઓઈ:૨; ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

કાન્હ- : જુઓ કૃષ્ણ-.

'કાન્હડદે-પ્રબંધ' [૨.ઈ.૧૪૧૬/સં.૧૧૧૨, માગશર સુદ ૧૫, સોમવાર] : ૪ ખંડ અને દુહા, ચોપાઈ તથા પવાડુની ૧૦૦૦ ઉપરાંત કડીઓમાં વિસ્તરતી પદ્મનાભની આ કૃતિ (મુ.) પ્રસંગોપાત્ત 'ભટાઉલી' એવા શીર્ષકથી વાક્‌છટાયુક્ત ગદ્ય અને ગીતનો વિનિયોગ પણ કરે છે. હસ્તપ્રતોમાં 'ચોપાઈ', 'રાસ' એવા નામથી પણ ઓળખાવાયેલી આ કૃતિ વસ્તુતઃ ઐતિહાસિક પ્રબંધ જ છે, જેમાં ચરિત્રના અંશો તો છે જ પણ તે ઉપરાંત કાલ્પનિક જણાતું પિરોજાવૃત્તાંત પણ ગૂંથાયેલું છે.

આ પ્રબંધ દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખલજી સાથેનો જાલોરના ચૌહાણ રાજા કાન્હડદેનો સંઘર્ષ વર્ણવે છે. ગુજરાતના વાઘેલા રાજા કર્ણદેવના મંત્રી માધવે પોતાના ઘોર અપમાનનો બદલો લેવા અલાઉદ્દીન ખલજીને પાટણ પર ચડાઈ કરવા પ્રેર્યો. એના સેનાપતિ ઉલુઘખાનને કાન્હડદેએ પોતાના રાજ્યમાંથી માર્ગ આપ્યો નહીં તેથી પાટણ જીતીને અને પુરાણ-પ્રસિદ્ધ સોમનાથના મંદિરને ભાંગીને પાછા વળતાં એણે જાલોર ઉપર ચડાઈ કરી, જેમાં કાન્હડદેએ એને શિકસ્ત આપી. આ હારથી ક્રોધે ભરાઈને અલાઉદ્દીને નાહર મલિકની સરદારી નીચે એક વિશાળ સેના મોકલી. એણે જાલોર જતાં વચ્ચે આવતા કાન્હડદેના ભત્રીજા સાંતલસિંહના સમિયાણાના ગઢને ઘેરો ઘાલ્યો. એ વખતે એક બાજુથી સાંતલે અને બીજી બાજુથી કાન્હડદેએ મુસ્લિમ લશ્કરને ભિડાવીને એના હાલહવાલ કરી નાખ્યા. આ નામોશીભરી ઘટનાથી રોષે ભરાઈને અલાઉદ્દીન જાતે મોટા લશ્કર સાથે ચડી આવ્યો. એણે સમિયાણાને ઘેરો ઘાલ્યો અને સાત વર્ષને અંતે, ગઢ ઉપરનું એક જ મોટું જળાશય ગાયના લોહીથી ભ્રષ્ટ કરવાની હીન યુક્તિથી સમિયાણા પડ્યું.

આ પછી સુલતાને જાલોર ઉપર ચડાઈ કરી. ૮ વર્ષ સુધી રજપૂતોએ એનો વીરતાપૂર્વક સામનો કર્યો. પણ છેવટે સં.૧૩૬૮-(ઈ.૧૩૧૨)માં વીકા સેજપાલ નામના એક દેશદ્રોહી રજપૂતની મદદથી છૂપે માર્ગે જાલોરગઢમાં પેસી જઈને મુસ્લિમ લશ્કરે રજપૂતોને હરાવ્યા અને કાન્હડદે તથા તેનો પુત્ર વીરમદે વીર-ગતિને પામ્યા. જાલોર પરની આ ચડાઈ વખતે અલાઉદ્દીનની પુત્રી પિરોજા પણ એની સાથે હતી. એ પિરોજાના વીરમદે પ્રત્યેના એકપક્ષી પ્રેમનું પણ કવિએ નિરૂપણ કર્યું છે. બાદશાહની રજાથી પિરોજા જાલોર જઈને વીરમદેને પોતાના બંનેના આગળના જન્મોની યાદ આપે છે ત્યારે વીરમદે એનું મોઢું જોવા પણ તૈયાર થતો નથી. છેલ્લે પિરોજાની આજ્ઞા અનુસાર વીરમદેનું મસ્તક દિલ્હી લાવવામાં આવે છે ત્યારે એ મસ્તક પિરોજાથી અવળું ફરી જાય છે પણ પિરોજા એને વિધિપૂર્વક અગ્નિદાહ આપાવીને પોતે યમુનામાં જળસમાધિ લે છે.

આ પ્રબંધની મુખ્ય હકીકતો ઇતિહાસ-પ્રમાણિત હોવાથી એનું દસ્તાવેજી મૂલ્ય ઘણું છે. કાવ્ય ઘટના બન્યા પછી ૧૪૪ વર્ષે રચાયું હોવા છતાં તે સમયની અનેક નાનીમોટી હકીકતો એ ગૂંથે છે, યુદ્ધોના અનેક મોરચાઓને ચોકસાઈથી અને વાસ્તવિક વીગતોથી આલેખે છે તથા સમગ્ર હકીકતની સીલસીલાબંધ રજૂઆત કરે છે. સંભવ છે કે જાલોરના આ રાજ્યાશ્રિત કવિને કેટલીક દસ્તા-વેજી સામગ્રીનો લાભ મળ્યો હોય.

ઇતિહાસઘટનાઓ ઉપરાંત આ કૃતિમાં થયેલું સાંસ્કૃતિક-સામાજિક ચિત્રણ પણ ધ્યાન ખેંચે એવું છે. રજપૂતો, બ્રાહ્મણો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુસ્લિમો વગેરેના વિશિષ્ટ આચારો, વિવિધ વ્યવસાયી વર્ગો, તત્કાલીન માન્યતાઓ અને ઉત્સવો, નગર-લશ્કર-પડાવની વ્યવસ્થા તથા રજપૂતકુળો, અશ્વજાતિઓ ને ભોજનસામગ્રીની યાદીઓથી આ સમાજચિત્રણ ભર્યુંભર્યું છે, અને બધું જ ઉચિત પ્રસંગ-સંદર્ભમાં વણાઈને આવે છે. શબ્દઘોષથી, અત્યુક્તિથી, દિવ્ય શસ્ત્રાસ્ત્રોથી, ઢંગધડા વિનાની બાથંબાથીથી યુદ્ધવર્ણન કરવાની મધ્યકાલીન પરંપરાની સામે અહીં વિવિધ પ્રકારના વ્યૂહો અને તદનુરૂપ શસ્ત્રોથી લડાતાં યુદ્ધોનાં વાસ્તવિક ચિત્રણ આપણને મળે છે. અને એમાં ભયાનક, અદ્‌ભુત અને બીભત્સથી ઓછામાં ઓછો મિશ્રિત સાચો પરાક્રમરસ પ્રગટ થાય છે. કવિએ પિરોજાનું જે જાતનું વૃત્તાંત કલ્પ્યું છે તથા કાન્હડદેને વિષ્ણુના અવતાર અને અલાઉદ્દીનને શંકરના અવતાર લેખ્યા છે તે કવિના હિંદુત્વના અભિમાનના વિલક્ષણ આવિષ્કારો હોય તેવું સમજાય છે.

રજપૂતી વીરતાના આથમતા યુગની ઇતિહાસકથાને વેગપૂર્વક વર્ણવતો આ પ્રબંધ સુરેખ વ્યક્તિચિત્રણો, ગીત વગેરેમાં અભિવ્યક્તિ પામેલાં કરુણાદિ રસોનાં થોડાંક હૃદયસ્પર્શી આલેખનો, કવિની દેશ-ધર્મ-પ્રીતિ ને આત્મશ્રદ્ધાના આવિષ્કાર, આછા પણ ઔચિત્યપૂર્ણ અલંકરણ તથા સાભિપ્રાય ને પ્રૌઢ વાણીછટાથી આહ્‌લાદક બન્યો છે અને અમૃતકલશના 'હમ્મીરપ્રબંધ'←જેવી ઉત્તરકાલીન કૃતિઓ માટે અનુકરણીય નીવડ્યો છે. [કા.વ્યા.]

કાપડભારથી [ ] : ગંગેવદાસના શિષ્ય. અધ્યાત્મવિષયક, હિંદીની છાંટવાળા ૪ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : દુર્લભ ભજન સંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ.૧૯૫૮. [ક્રા.ત્રિ.]

કામઈ (મહારાજ) [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : નિરાંત મહારાજ (ઈ.૧૭૪૭ – ઈ.૧૮૫૨)ના પુત્ર બાવાભાઈના પુત્ર. જ્ઞાતિ રજપૂત. આવટકે ગોહેલ. દેથાણની જ્ઞાનગાદીના આચાર્ય. એમણે કાકા ખુશાલભાઈ પાસેથી ઉપદેશ લીધો હતો. એમનાં, અલખ-તત્ત્વના અનુભવનું વર્ણન કરતાં કાફી રાગનાં ૫ પદો મુદ્રિત મળે છે.

કૃતિ : ગુમુવાણી (+સં.). [દિ.દ.]

'કામાવતી' [ઈ.૧૪૪૭ કે ઈ.૧૫૧૭/૨.સં.૧૫૦૩ કે સં. ૧૫૭૩, ભાદરવા વદ ૮, રવિવાર] : મુખ્યત્વે દોહરા-ચોપાઈની ૯૦૦ ઉપરાંત કડીઓની શિવદાસકૃત આ રચના (મુ.) હસ્તપ્રતોમાં 'આખ્યાન', 'કથા', 'ચરિત્ર' ને 'વાર્તા' તરીકે ઓળખાવાઈ છે. મનુષ્યયોનિ અને પંખીયોનિના પહેલા ૨ પૂર્વાવતારોમાં વિધિવશાત્ એકઠાં નહીં રહી શકેલાં કરણકુંવર અને કામાવતીની ૩ ભવની કથા અહીં આલેખાઈ છે. પહેલા ૨ ભવની કથાનું મતિસુંદરના 'હંસાઉલીપૂર્વભવ-ચરિત'માં આલેખાયેલા હંસાઉલીના ૨ પૂર્વભવો સાથે મળતાપણું છે ને પુરુષદ્વેષિણી કામાવતીના રાજા ચિત્રસેન સાથેના લગ્નની કથા પણ અસાઈતની 'હંસાઉલી' સાથે ગાઢ મળતાપણું ધરાવે છે, પરંતુ પછી કથા જુદી રીતે ચાલે છે. ચિત્રસેન બીજી રાણીઓ સાથે વિલાસમાં કામાવતીને ભૂલી જતાં કામાવતીને મહેલે ૭ વર્ષે જાય છે. રિસાયેલી કામાવતીએ એનો સ્વીકાર ન કરવાથી રાજા એને વેચવા કાઢે છે, જેમાં એનો પૂર્વભવનો પ્રેમી વણિક કરણકુંવર એને ખરીદી લે છે. કામાવતીને ખરીદવાથી કરણકુંવર ગરીબ થઈ જાય છે. પરંતુ કામાવતીએ ભરત ભરીને બનાવેલાં ચિત્રપટો વેચીને તેઓ સમૃદ્ધ બને છે. આ દરમ્યાન ત્યાંના રાજા વીરસેનની નજર કામાવતી પર બગડે છે ને કરણ-કુંવર તથા કામાવતીને જુદાં પડવાનું થાય છે. ક્રમશ: પોતાના તરફ આકર્ષાયેલા રાજા, ચોર, હંસ અને વચ્છના સકંજામાંથી પોતાની ચતુરાઈથી છૂટી, અને કરણકુંવર ઉપરાંત એ ચારેને જોગીવેશે રખડતા કરી, પુરુષવેશે ૨ કુંવરીઓને પરણેલી કામાવતી અંતે ચિત્રપટની યુક્તિથી જ કરણકુંવરને પ્રાપ્ત કરે છે.

જૈન શાસ્ત્રમાંથી આ કથા લીધી હોવાના ઉલ્લેખો કેટલીક પ્રતોમાં મળતા હોવા છતાં પૂર્વપરંપરામાં કરણકુંવર અને કામાવતીની કથાને સીધું મળતું આવતું કોઈ કથાનક પ્રાપ્ત થતું નથી, પરંતુ દક્ષિણના કર્ણાટક-તમિળનાડુના પ્રદેશોમાં પ્રચલિત સદારામાની કથા સાથે એનું ગાઢ મળતાપણું છે, જેને કર્ણાટક સાથે ગુજરાતને જૂના સમયથી સંબંધ હોવાની હકીકતનું એક વિશેષ દૃષ્ટાંત ગણી શકાય.

કૌતુકમય પ્રસંગો, કરણકુંવર-કામાવતીનાં આકર્ષક પાત્રચિત્રો, સંભોગ ને વિપ્રલંભશૃંગારનું મનભર નિરૂપણ અને આલંકારિક વર્ણનની છટા આ રસિક પ્રેમકથાને આસ્વાદ્ય બનાવે છે.

આ કૃતિની ૧ હસ્તપ્રતમાં મળતો "સંવત પંદર તોહોતરો" એ સમયનિર્દેશ ૧૫૦૩ અને ૧૫૭૩ એ બંને અર્થઘટનોને અવકાશ આપે એવો છે, પરંતુ નિર્દિષ્ટ તિથિ-વાર સં.૧૫૦૩માં મળતાં આવે છે, સં.૧૫૭૩માં નહીં. બીજી ૧ હસ્તપ્રતમાં ૨.સં.૧૭૩૩ છે પણ એમાં તિથિ-વારના નિર્દેશમાં ગોટાળા હોઈ રચનાવર્ષ પણ કેટલું શ્રદ્ધેય માનવું તે પ્રશ્ન છે. [પ્ર.શા.]

કાયમુદ્દીન [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ–આવ.ઈ.૧૭૭૩] : મુસ્લિમ કવિ. હઝરત બદરુદ્દીનના પુત્ર. કડીના વતની. પોતાના ધાર્મિક દર્શનમાં અદ્વૈત વેદાંત, કૃષ્ણભક્તિ અને જીવદયાનો સમાવેશ કરતા એમના પંથને હિન્દુ-મુસ્લિમ બંને કોમના અનુયાયીઓ મળ્યા છે. એ ફારસી, અરબી, ગુજરાતી અને સંસ્કૃતનું સારું જ્ઞાન ધરાવતા હતા. મુરીદો-ની શોધમાં નીકળેલા તે ઓક્લબારા થઈ નંદરબાર તરફ જતા હતા ત્યાં ધોકડા ગામે તેમનું અવસાન થયું. ઓક્લબારાના ઠાકોરને આપેલું વચન પાળવા તેમણે કરેલી સૂચના મુજબ તેમનો મૃતદેહ ઓક્લબારા લઈ જવામાં આવ્યો. ત્યાં તેમની દરગાહ પર કાર્તિકી પૂર્ણિમાએ મેળો ભરાય છે.

અદ્વૈતભાવ, પ્રેમલક્ષણા ભક્તિ, આત્મજ્ઞાન વગેરે એમના ધર્મ-દર્શનનાં તત્ત્વોને વણી લેતાં એમનાં કલામો-ભજનો (મુ.) ગરબો, ગરબી, બારમાસી, રવેણી, મંગલ આદિ પ્રકારો તેમ જ ઝૂલણા, પ્રભાત, બિલાવલ વગેરે રાગનામો ધરાવે છે. એ બહુધા ઉર્દૂ-હિન્દીમાં છે પણ કેટલીક રચનાઓ – ખાસ કરીને ગરબી, ગરબો વગેરે –ગુજરાતીમાં પણ છે. તેમણે ઉર્દૂમાં 'નૂરે રોશન' (૨.ઈ.૧૭૫૫) તથા 'દિલે રોશન' નામના ગ્રંથો રચેલા છે.

કૃતિ : ૧. નૂરે રોશન, સં. રતનશાહ કોયાજી, ઈ.૧૯૨૪ (ભજનો-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલામા સમેત) (+સં.); ☐ ૨. નકાસંગ્રહ; ૩. ભક્તિસાગર, સં, હરગોવનદાસ હરકીસનદાસ, ઈ.૧૯૨૯ (+સં.). [૨.૨.દ.]

કાલિદાસ : જુઓ કાળિદાસ.

કાશીદાસ : આ નામે 'ઓખાહરણ' (લે.ઈ.૧૭૨૫) નોંધાયેલ મળે છે પરંતુ વસ્તુતઃ નાકરના 'ઓખાહરણ'માં ૧૩ કડીની 'અનિરુદ્ધની ઘોડલી' વગેરે ઓખા-અનિરુદ્ધના લગ્નપ્રસંગને વર્ણવતાં કોઈક પદો આ કવિછાપથી ઉમેરાયેલાં દેખાય છે. આ કાશીદાસ, કાશીદાસ-૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨; ૨. ગૂહાયાદી. [ચ.શે.]

કાશીદાસ-૧ [ઈ.૧૭૬૪ સુધીમાં] : સુરચંદપુત્ર. 'વૈતરણીનું આખ્યાન' (લે.ઈ.૧૭૬૪)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

કાશીદાસ-૨ [ઈ.૧૮૧૮માં હયાત] : પેટલાદ પરગણાના ચાચરવેદી મોઢ બ્રાહ્મણ. ભગવાનની ભક્તવત્સલતાનું સરળ શૈલીમાં નિરૂપણ કરતી ૧૨ પદની 'નરસિંહની હૂંડી'(ર.ઈ.૧૮૧૮/સં.૧૮૭૪, ચૈત્ર સુદ ૩, સોમવાર; મુ.)ના કર્તા.

કૃતિ : નકાદોહન(+સં.). [ચ.શે.]

કાશીદાસ-૩ [ ] : મોરારજીપુત્ર. જ્ઞાતિએ લુહાર. દયાદરાના વતની. ધંધાર્થે કારેલા વસેલા. એમને નામે થાળનાં ૨ પદ (મુ.) તથા નીતિની છૂટક કવિતા નોંધાયેલ છે.

કૃતિ : બૂકાદોહન:૮ (+સં.).

સંદર્ભ : ગુજૂકહકીકત. [ચ.શે.]

કાશીરામ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સુરત પાસે કતારગામના કોળી. સારા જ્યોતિષી. ગરબીઓ-પદોના કર્તા. તેમની ૧ કૃતિ 'રાધાપાર્વતીનો સંવાદ' નામે પણ નોંધાયેલી છે. જુઓ અમથારામ.

સંદર્ભ : ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૯ – 'સુરતના કેટલાક સંતો અને ભક્તકવિઓ', માણેકલાલ શં. રાણા. [ચ.શે.]

કાહાન- : જુઓ કૃહાન-.

કાળિદાસ : આ નામે ભુજંગીની ૧૦/૧૨ કડીઓ સુધી વિસ્તરતું 'અંબાષ્ટક' (લે.ઈ.૧૮૦૨; મુ.), ૮ કડવાંનું 'દ્રૌપદીવસ્ત્રાહરણ' (મુ.) અને ગણપતિ, સરસ્વતી તથા અંબાની સ્તુતિના કેટલાક છંદ ગરબા (મુ.) મળે છે. આ કયા કાળિદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'દ્રૌપદીવસ્ત્રાહરણ' દ્રૌપદીના સતીત્વની પ્રતીતિ થતાં દુર્યોધન એ સતીની પૂજા કરે છે એવા કથાવળાંકથી ધ્યાન ખેંચે છે.

કૃતિ : ૧. કાદોહન:૧; ૨. દેવી મહાત્મ્ય અથવા ગરબા સંગ્રહ:૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ.૧૮૯૭ (+સં.); ૩. પ્રાકાસુધા:૩ (+સં.); ☐ ૪. ફાત્રૈમાસિક, ઑક્ટો.–ડિસે. ૧૯૭૧ – 'દેવી સ્તુતિ – ત્રણ સ્તોત્રો', સં. વિનોદચંદ્ર ઓ. પંડ્યા.

સંદર્ભ : ગૂહાયાદી. [ર.સો.]

કાળિદાસ-૧ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : આખ્યાનકાર. વસાવડ-(સૌરાષ્ટ્ર)ના વડનગરા નાગર. એમનું ૪૦ કડવાંનું 'પ્રહ્લાદ-આખ્યાન' (ર.ઈ.૧૭૬૧/સં.૧૮૧૭, ચૈત્ર સુદ ૧૧; મુ.) કથાવસ્તુને વિસ્તારથી અને વાક્છટાપૂર્વક વર્ણવે છે, ભક્તિ અને વીરરસના આલેખનની તક લે છે અને કેટલાક ઊર્મિસભર અંશો પણ ધરાવે છે. ૨૧/૨૫ કડવાંનું 'સીતાસ્વયંવર' (ર.ઈ.૧૭૭૬/સં.૧૮૩૨, આસો –; મુ.) પણ સામાજિક રીતરિવાજોના ચિત્રણથી તેમ જ સરસ્વતી તથા સીતાના અંગસૌંદર્ય જેવા વિષયોના વિસ્તૃત અલંકાર-મંડિત વર્ણનોથી પ્રસ્તારી બનેલી રચના છે. બંને કૃતિઓ ઢાળ ઉપરાંત વલણ, ઊથલો, પૂર્વાછાયો નામક ખંડોનો ૧થી વધુ વાર વિનિયોગ કરતો લાક્ષણિક કડવાબંધ ધરાવે છે અને વિવિધ રાગોના નિર્દેશવાળી સુગેય દેશીઓમાં રચાયેલી છે.

આ કાળિદાસને નામે ૬૬ ચંદ્રાવળાનું, સંવાદપ્રચુર ને સરળ પ્રવાહી શૈલીનું 'ધ્રુવાખ્યાન' (મુ.), 'ઈશ્વરવિવાહ' તથા 'ચંડિકાના ત્રિભંગી છંદ' નોંધાયેલ છે. તેમાંથી 'ધ્રુવાખ્યાન' કોઈ પણ જાતની કવિનામછાપ ધરાવતું નથી, તેથી એનું કર્તૃત્વ સંદિગ્ધ ગણાય. અન્ય ૨ કૃતિઓનો માત્ર ઉલ્લેખ મળતો હોવાથી આ કાળિદાસની એ રચનાઓ હોવા વિશે ચોક્કસ પ્રમાણની અપેક્ષા રહે છે.

કૃતિ : ૧. ધ્રુવાખ્યાન, પ્ર. મગનલાલ દેવચંદ, ઈ.૧૮૮૪; ૨. પ્રહ્લાદાખ્યાન, મુ. લલ્લુભાઈ અમીચંદ, ઈ.૧૮૬૦; ૩. સીતાસ્વયંવર, પ્ર. બાપુ સદાશિવ શેઠ હેગષ્ટે, ઈ.૧૮૫૯; ☐ ૪. બૂકાદોહન:૧; ☐ ૫. પ્રાકાત્રૈમાસિક, અં. ૧ ઈ. ૧૮૮૯ – 'સીતાસ્વયંવર', સં. હરગોવિંદદાસ કાંટાવાળા (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત્ર; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાઈતિહાસ:૨; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. ગૂહાયાદી. [ર.સો.]

કાળિદાસ-૨ [ઈ.૧૯મી સદી ઉત્તરાર્ધ સુધીમાં] : કાળિદાસ કુબેર એવી નામછાપ મળે છે તેથી 'કુબેર' પિતાનામ હોવાની શક્યતા છે. એમની 'શિવલીલા' (લે.ઈ.૧૮૬૦ આસપાસ) નામે પણ વસ્તુતઃ કેટલાંક રૂઢ દૃષ્ટાંતોથી વૈરાગ્યબોધ કરતી ૨૫ કડીની રચના મુદ્રિત મળે છે. એમની આ જ નામની ૧૦૨ કડીની રચના પણ નોંધાયેલી છે તે હકીકતદોષ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : બૂકાદોહન:૮.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી. [ર.સો.]

કાંતિ/કાંતિવિજય : આ નામથી કેટલીક જૈન રચનાઓ મળે છે તેમાંથી ૨૪ કડીનો 'અંબિકા-છંદ' (લે.ઈ.૧૭૪૦), ૯ કડીનો 'ગોડીજીરો છંદ' (લે.સં.૧૯મી સદી અનુ.) તથા ૧૫/૧૬ કડીનો 'તાવનો છંદ' (મુ.) એના ભાષા-પદ્યબંધની દૃષ્ટિએ તથા પુણ્ય-રાજગણિની મૂળ સંસ્કૃત કૃતિ 'હોલિકારજ : પર્વકથા' પરનો સ્તબક (ર.ઈ.૧૭૩૬) રચનાસમયની દૃષ્ટિએ કાંતિવિજય-૨ની રચનાઓ હોવાની શક્યતા છે. ૮ કડીનું 'વીસ સ્થાનકનું સ્તવન' (મુ.) 'દેવગુરુ' એવા શબ્દોને લીધે કોઈ દેવવિજયશિષ્ય કાંતિવિજયની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચના હોય કે કાંતિવિજય–૩ની રચના પણ હોય. આ ઉપરાંત ૩૧ ગ્રંથાગ્રનું 'રાજુલ-સ્તવન', ૩૧ કડીની 'આદિત્યવારની વેલ', ૪૫ ગ્રંથાગ્રની 'છ વ્રતની સઝાયો' (લે.ઈ.૧૭૪૧), ૨૫ કડીની 'સતી સુભદ્રાની સઝાય' વગેરે કેટલીક મુદ્રિત-અમુદ્રિત કૃતિઓ મળે છે તે કયા કાંતિવિજયની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જોકે, આમાંની કેટલીક કૃતિઓ કાંતિવિજય–૧ અને કાંતિવિજય–૨-ને નામે મૂકવામાં આવી છે.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. ચૈસ્તસંગ્રહ: ૧,૩; ૩. જૈકાપ્રકાશ:૧; ૪. જૈપ્રાસ્તસંગ્રહ; ૫. જૈરસંગ્રહ; ૬. પ્રાછંદસંગ્રહ; ૭. પ્રાસપસંગ્રહ:૧; ૮. પ્રાસ્તસંગ્રહ; ૯. સઝાયમાલા, પ્ર. લલ્લુભાઈ ઈશ્વરદાસ, ઈ.૧૯૦૦; ૧૦. સસન્મિત્ર (ઝ.).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

કાંતિવિજય–૧ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં કીર્તિવિજયના શિષ્ય અને ઉપાધ્યાય વિનયવિજય(ઈ.૧૭મી સદી)ના ગુરુબંધુ. મહોપાધ્યાય યશોવિજયની ઈ.૧૬૮૭ સુધીની ચરિત્રરેખા આપી તેની ગુણપ્રશસ્તિ કરતી અને લગભગ આ જ ગાળામાં રચાયેલી ૪ ઢાળની 'સુજસવેલી-ભાસ' (મુ.), 'ચોવીસી', ૫૩ કડીની 'સંવેગરસાયન-બાવની', ૫ ઢાળની 'પંચમહાવ્રત-સઝાય'-(મુ.), ૨૭ કડીની 'શીલ-પચીસી', ૭ કડીની 'પાંચમની સઝાય' (મુ.) તથા 'પ્રસન્નચંદ્ર-ઋષિ-સઝાય'ના કર્તા. આ ઉપરાંત કેટલાંક મુદ્રિત-અમુદ્રિત સ્તવન, સઝાય આ કાંતિવિજયને નામે મૂકવામાં આવ્યાં છે પરંતુ એ બધામાં ગુરુનામનો નિર્દેશ મળતો નથી.

કૃતિ : ૧. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્ર. જૈન ગ્રંથ પ્રકાશક સભા, સં. ૧૯૯૬; ૨. સઝાયમાલા: ૧–૨ (જા.).

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો:૨; ☐ ૨.જૈગૂકવિઓ:૨,૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

કાંતિવિજય–૨ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં પ્રેમવિજયના શિષ્ય. એમનો ૪ ખંડ અને ૯૧ ઢાળનો 'મહાબલમલયસુંદરી-રાસ' (૨.ઈ.૧૭૧૯/સં. ૧૭૭૫, વૈશાખ સુદ ૩; મુ.) મહાબલ અને મલયસુંદરીનાં જન્મ, પ્રણય, દાંપત્ય અને એમને સહેવાં પડેલાં કષ્ટોનું વૃત્તાંત, કેટલાંક આનુષંગિક વૃત્તાંતો સાથે વર્ણવે છે. અનેક ચમત્કારપૂર્ણ પ્રસંગોવાળી આ કૃતિમાં કવિ વર્ણન અને ભાવનિરૂપણની ક્ષમતા પ્રસંગોપાત્ત પ્રગટ કરે છે. વિવિધ દેશીઓમાં રચાયેલી અને કયાંક હિંદીનો આશ્રય લેતી 'ચોવીશી' (મુ.) અને 'વીશી' (મુ.) પ્રેમભક્તિની આર્દ્રતા તથા ક્વચિત્ શબ્દચમત્કૃતિના વિનિયોગથી જુદી તરી આવે છે. 'ચોવીશી'માંનું 'નેમિજિન-સ્તવન' તો રાજુલની વિરહોક્તિઓથી વેધક બન્યું છે. આંતરયમકનો અંશત: ઉપયોગ કરતું ૯ ઢાળનું 'સૌભાગ્યપંચમીમાહાત્મ્યગર્ભિત-નેમિજિન-સ્તવન' (૨.ઈ.૧૭૪૩/સં. ૧૭૯૯, શ્રાવણ સુદ ૫, રવિવાર; મુ.) ચારણી શૈલીના ૩૯ અને ૫૧ કડીનાં, એમ ૨ 'ગોડીપાર્શ્વજિન-છંદ' (મુ.), ૩ ઢાળનું 'મૌન-એકાદશીનું સ્તવન' (૨.ઈ.૧૭૧૩/સં.૧૭૬૯, માગશર સુદ ૧૧; મુ.), ૨ ઢાળનું 'અષ્ટમી-સ્તવન' (મુ.), ૧૫ કડીની 'નેમિરાજિમતી-સઝાય' (૨.ઈ.૧૭૧૫; મુ.), 'જંબૂસ્વામિ-ચરિત્ર' પરનો સ્તબક (૨.ઈ.૧૭૦૮/સં.૧૭૬૪, વૈશાખ સુદ ૩) તથા ૪ કડીની 'સિદ્ધચક્ર-સ્તુતિ' એ આ કવિની અન્ય કૃતિઓ છે.

ગામો વગેરેની નામયાદી દ્વારા મંદોદરીએ શ્લેષપૂર્વક રાવણને આપેલી શિખામણ રજૂ કરતી બાલાવબોધ સહિતની છપ્પાબંધની 'હીરાવેધ-બત્રીસી' (લે.ઈ.૧૭૪૩; મુ.) ગુરુનામના નિર્દેશ વિનાની છે પરંતુ 'કહે કાંતિ' એવી અન્ય રચનાઓમાં પણ મળતી નામછાપ તથા લેખનસમયને કારણે આ જ કવિની રચના હોવાનું સમજાય છે.

કૃતિ : ૧. મહાબલમલયસુંદરીનો રાસ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, સં. ૧૯૪૧; ☐ ૨. ચોસંગ્રહ; ૩. જૈકાપ્રકાશ:૧; ૪. જૈકાસંગ્રહ; ૫. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. શેઠ મોતીચંદ ઝવેરી, ઈ.૧૯૧૯; ૬. પ્રાછંદસંગ્રહ; ૭. સઝાયમાળા (પં.); ☐ ૮. બુદ્ધિપ્રકાશ, જુલાઈ–સપ્ટે. ૧૯૩૪–'હીરાવેધ બત્રીસી', સં. ભોગીલાલ જ. સાંડેસરા (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો:૧; ☐ ૨.જૈગૂકવિઓ: ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

કાંતિવિજય–૩[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ]: જૈન સાધુ. "દેવદર્શન-ગુરુ" એ શબ્દોને કારણે દેવવિજય–દર્શનવિજયના શિષ્ય હોવાનું અર્થઘટન થયું છે. એમણે ૩૨/૪૦ કડીની 'ક્રોધમાનમાયાલોભનો છંદ/ચાર-કષાય-છંદ/શિક્ષા-સ્તોત્ર' (૨.ઈ.૧૭૭૯; મુ.) તથા ૩૭ કડીની 'સુભદ્રા-ચોપાઈ' (૨.ઈ.૧૭૭૭/સં.૧૮૩૩, પોષ વદ ૫) એ ૨ કૃતિઓ રચેલી છે.

કૃતિ : માણિભદ્રાદિકોના છંદોનું પુસ્તક:૧, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, સં.૧૯૪૦.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧). ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

કાંતિવિમલ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. શાંતિવિમલની પરંપરામાં કેસરવિમલના શિષ્ય. ૪૧ ઢાળ અને ૮૩૦/૮૯૦ કડીઓના 'વિક્રમચરિત્રકનકાવતી-રાસ' (૨.ઈ.૧૭૦૮ કે ૧૭૧૧/ સં.૧૭૬૪ કે ૧૭૬૭, માગશર સુદ ૧૦, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧.આલિસ્ટઑઈ:૨; ૨.જૈગૂકવિઓ:૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

કાંતિસાગર [ ] : જૈન સાધુ. પંડિત *ઉત્તમસાગરના શિષ્ય. સિદ્ધચક્રપૂજાનાં ૪ સ્તવનો(મુ.)ના કર્તા.*

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક:૧; ૨. પૂજાસંગ્રહ, પ્ર. ભનીબહેન ધી. શ્રોફ, ઈ.૧૯૩૬.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

કિશોરદાસ [ઈ. ૧૭મી સદી] : પુષ્ટિમાર્ગીય કવિ. ભરૂચના વતની. ત્રિકમભાઈના પુત્ર અને મોહનભાઈ(જ.ઈ.૧૬૦૭)ના નાના ભાઈ. માતાનું નામ ફૂલાં. ગોકુળનાથવિષયક શયનનું ધોળ (*મુ.) આદિ કેટલાંક ધોળના કર્તા.

કૃતિ : *ગોકુલેશ ધોળ પદ માધુરી, સં. ચિમનલાલ મ. વૈદ્ય, –.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ☐ ૨. અનુગ્રહ, ડિસે. ૧૯૫૭ – 'મહદ્‌મણિ શ્રી મોહનભાઈ.' [શ્રા.ત્રિ.]

કિસન(કવિ)–૧ [ઈ.૧૭૪૨ આસપાસ સુધીમાં] : 'ભક્તમાલ' તથા હરિભક્તિ કરવાનો બોધ આપતા ૧ પદ(લે.ઈ.૧૭૪૨ લગભગ)ના કર્તા. આ કવિને નામે નોંધાયેલ 'કૃષ્ણની કૃપા'માં કવિનામછાપ નથી અને વ્રજભાષાની 'હરિભજનલીલા' નિર્દિષ્ટ હસ્તપ્રતમાં મળતી નથી.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

કિસન(મુનિ)–૨ [ ] : જૈન સાધુ. ૧૫ કડીની 'સ્થૂલિભદ્ર-કોશાની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, મુ. હીરજી હંસરાજ, સં.૧૯૨૩. [પા.માં.]

કિંકરદાસ/કિંકરીદાસ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભક્તકવિ. કવિ ઈ.૧૫૫૪માં થયા હોવાનો ઉલ્લેખ મળે છે તે તેમની જન્મસાલ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી. પહેલાં ગુસાંઈજી વિઠ્ઠલનાથ(અવ.ઈ.૧૫૮૬)ના અને પછી ગોકુલનાથના ભક્ત બન્યા. આ કવિએ રચેલાં કીર્તનોમાંથી ૨૫ કડીનું વલ્લભાચાર્યના જન્મનાં વધામણાં ગાતું પદ, હિંડોળાનાં ૨ પદ, ગોકુલવાસનાં મહિમાને વર્ણવતાં ૫ ધોળ તથા ૧ હિન્દી પદ મુદ્રિત મળે છે તેમાં કવિની ભાવાત્મક વર્ણનની શક્તિ દેખાય છે. કવિની પદરચના પર અષ્ટસખાની અસર હોવાનું પણ નોંધાયું છે.

કૃતિ : ૧. શ્રી ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ.૧૯૧૬; ૨. પુષ્ટિપ્રસાદી, પ્ર. ગોવર્ધન સત્સંગ મંડળ, સં. ૨૦૨૨ (બીજી આ.); ☐ ૩. અનુગ્રહ, જાન્યુ. ૧૯૬૦ – 'કિંકરીદાસ વૈષ્ણવ', ચિમનલાલ મ. વૈદ્ય. [શ્રા.ત્રિ.]

કીકુ : 'સોઢી અને દેવડાનું ગીત' (લે.ઈ.૧૫૬૫) નામના ઐતિહાસિક કાવ્યના કર્તા તે કીકુ–૧ હોવાનું નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

કીકુ–૧ [ઈ.૧૬મી સદી મધ્યભાગ સુધીમાં] : આખ્યાનકવિ. ગોદાસુત. અવટંકે વસહી. ગણદેવીનિવાસી. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. વ્યવસાયે ખેડૂત.

તેમનું 'બાલ-ચરિત્ર/કૃષ્ણ-ચરિત્ર' (લે.ઈ.૧૫૪૪ના અરસામાં) ૬૩૦ કડીઓનું, દુહા-ચોપાઈબંધનું, કૃષ્ણલીલાનાં કેટલાંક રુચિકર ચિત્રણો ધરાવતું કાવ્ય છે. ૬૦ છપ્પાની 'અંગદવિષ્ટિ' (મુ.) થોડાક છપ્પાઓમાં રાવણ અને અંગદ વચ્ચેના સંવાદનું અસરકારક આલેખન કરી, રામરાવણયુદ્ધનું પણ જુસ્સાદાર વર્ણન કરે છે. શામળની 'અંગદવિષ્ટિ' પૂર્વેની આ કૃતિ વીરરસની નોંધપાત્ર કૃતિ બની છે.

કૃતિ : બુદ્ધિપ્રકાશ, ડિસે. ૧૯૨૩ – 'અંગદવિષ્ટિ', સં. હરિનારાયણ આચાર્ય.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨.ગુસાઇતિહાસ:૨; ૩. નયુકવિઓ; ☐ ૪. ગૂહાયાદી. [ચ.શે.]

કીરત(સૂરિ)/કીર્તિ : કીરતસૂરિને નામે ૨૪ કડીની 'આરણિક-મુનિની સઝાય' (મુ.) મળે છે. આ કયા કીર્તિ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : સઝાયમાલા, પ્ર. લલ્લુભાઈ ઈશ્વરદાસ, ઈ.૧૯૦૦. [ર.સો.]

કીર્તિ–૧ [ઈ.૧૪૭૯માં હયાત] : જુઓ વિજયચંદ્રસૂરિશિષ્ય રાજકીર્તિ.

કીર્તિ–૨ [ ] : જૈન. હીરરત્નસૂરિના શિષ્ય. ૪ કડીની 'મૌન-એકાદશી-સ્તુતિ' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [ર.સો.]

કીર્તિમેરુ(વાચક) [ઈ.૧૪૪૧માં હયાત] : જૈન સાધુ. કવિનાં કેટલાંક કાવ્યોને સમાવતી કવિએ લખેલી ઈ.૧૪૪૧ની હસ્તપ્રત મળે છે. એમણે જિનવરો તથા જૈન તીર્થોની યાદી આપતી ૨૮ કડીની 'ત્રિભુવન-ચૈત્યપ્રવાડી/શાશ્વતતીર્થમાલા' (મુ.), હરિગીતની ચાલની ૪ કડીના 'અંબિકા-છંદ' તથા નેમિનાથવિષયક કેટલીક કૃતિઓની રચના કરેલી છે. કવિનાં કાવ્યોમાં અનુપ્રાસાદિ શબ્દાલંકારોનું માધુર્ય છે.

કૃતિ : પ્રાતીસંગ્રહ:૧(+સં.).

સંદર્ભ : નયુકવિઓ. [ર.સો.]

કીર્તિરત્ન (આચાર્ય/સૂરિ)–૧/કીર્તિરાજ [જ.ઈ.૧૩૯૩ – અવ.ઈ. ૧૪૬૯/ સં.૧૫૨૫, વૈશાખ સુદ/વદ ૫] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિના શિષ્ય અને પટ્ટધર. સંસારી નામ દેલ્હા. ઓશવાલ વંશ. પિતા દેપા. માતા દેવલદે. દીક્ષાનામ કીર્તિરાજ. દીક્ષા ઈ. ૧૪૦૭. આચાર્યપદ ઈ.૧૪૪૧. ૨૫ દિવસની અનશન-આરાધના બાદ વીરમપુરમાં સમાધિપૂર્વક અવસાન. ૩૨ કડીના 'મહાવીર-વિવાહલો'ના કર્તા. તેમણે સંસ્કૃતમાં 'નેમિનાથકાવ્ય' રચ્યું છે.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૬ – 'વિવાહલઉ સંજ્ઞક અન્ય જૈન રચનાયેં', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

કીર્તિરત્ન(સૂરિ)–૨ [ઈ.૧૫૨૫માં હયાત] : જૈન સાધુ. તેજરત્નસૂરિના શિષ્ય. ૬ ઢાળના 'અતીતઅનાગતવર્તમાનજિન-ગીત' (ર.ઈ.૧૫૨૫)ના કર્તા. જુઓ તેજરત્નસૂરિશિષ્ય.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

કીર્તિરાજ : જુઓ કીર્તિરત્ન–૧.

કીર્તિવર્ધન/કેશવ(મુનિ) [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની આદ્યપક્ષીય આચાર્યશાખાના જૈન સાધુ. જિનહર્ષના શિષ્ય દયારત્નના શિષ્ય. એમની 'સદયવત્સ-સાવલિંગા-ચોપાઈ/રાસ'(મુ.)ની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘણીખરી હસ્તપ્રતો કર્તાનામ મુનિ કેશવ આપે છે, ત્યારે મુદ્રિત પાઠ તેમ જ કોઈક હસ્તપ્રતમાં કીર્તિવર્ધન નામ પણ મળે છે. કૃતિનો રચનાસમય મુદ્રિત પાઠ તેમ જ મોટા ભાગની પ્રતોમાં ઈ.૧૬૨૩/સં.૧૬૭૯, વિજયાદશમી/આસો સુદ ૧૦, સોમવાર મળે છે જ્યારે કોઈક પ્રત ઈ.૧૬૪૧/સં.૧૬૯૭, વિજયાદશમી/આસો સુદ ૧૦, રવિવાર બતાવે છે. જોકે, જિનહર્ષના આચાર્ય-કાળ (ઈ.૧૬૩૭–ઈ.૧૬૬૯) – જે દરમ્યાન આ કૃતિ રચાયેલી છે – તથા દયારત્નના હયાતીકાળ (ઈ.૧૬૩૯) સાથે ૨.ઈ.૧૬૪૧-નો જ મેળ બેસે. દુહાચોપાઈબદ્ધ પણ ક્વચિત્ ચંદ્રાયણા, કવિત્ત વગેરેનો વિનિયોગ કરતી ૪૦૦–૫૦૦ જેટલી કડી-સંખ્યામાં વિસ્તરતી 'સદયવત્સસાવલિંગા-ચોપાઈ' સદયવત્સ અને સાવલિંગાની લોકપ્રચલિત પ્રેમકથાને આલેખતી શૃંગારરસપ્રધાન કૃતિ છે. પરંપરાગત વર્ણનની છટા પ્રગટ કરતી આ કૃતિમાં અન્યોક્તિ, અર્થાંતરન્યાસ વગેરે પ્રકારના સંસ્કૃત, પ્રાકૃત તેમ જ લોકભાષાનાં સુભાષિતોની પ્રચુરતા ધ્યાન ખેંચે છે અને કંઠસ્થ પરંપરામાંથી કવિએ કરેલા સંકલનની છાપ પડે છે. આ કવિનું રાજસ્થાની ભાષાની અસર દેખાડતું ૧૫ કડીનું 'જિનહર્ષસૂરિ-ગીત'(મુ.) પણ મળે છે. જુઓ કેશવવિજય.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(+સં.); ૨. (ભીમવિરચિત) સદયવત્સવીર-પ્રબંધ, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૬૧-(+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ:૧,૩(૧). [૨.સો.]

કીર્તિવિજય : આ નામે ૭ કડીનું 'આદિનાથ-સ્તવન', ૯ કડીનું 'ઋષભદેવ-સ્તવન', ૭ કડીનું 'ચિંતામણિપાર્શ્વનાથ-સ્તવન' અને ૧૧ કડીની 'વિજયદેવસૂરિ-સઝાય' એ ૪ કૃતિઓ (લે.ઈ.૧૬૪૬) મળે છે તે કીર્તિવિજય–૧ની હોવાની સંભાવના છે પણ એ વિશે કંઈ નિશ્ચિત કહેવું મુશ્કેલ છે.

ઉપાધ્યાય કીર્તિવિજયને નામે મળતું ૫૩ કડીનું 'સપ્તતિશત-જિન-સ્તવન' (૨.ઈ.૧૬૬૭) પણ કીર્તિવિજય–૨નું હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્જ્ઞાસૂચિ:૧. [૨.સો.]

કીર્તિવિજય–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. પંડિત કાનજીના શિષ્ય. વિજયસેનસૂરિના અવસાન (ઈ.૧૬૧૬) પછી અને વિજયદેવસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૧૬–ઈ.૧૬૫૭)માં રચાયેલી ૪૭ કડીની 'વિજયસેનસૂરિનિર્વાણ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧. [૨.સો.]

કીર્તિવિજય–૨ [ઈ.૧૬૬૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવ–વિજયપ્રભના શિષ્ય. ૧૩૫ કડીના 'ધર્મનાથ-સ્તવન'-(૨.ઈ.૧૬૬૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

કીર્તિવિજય–૩ [ઈ.૧૭૧૦માં હયાત]: જૈન સાધુ. ૧૨ કડીની 'ગોડીપ્રભુ-ગીત' (૨.ઈ.૧૭૧૦/સં.૧૭૬૬, વૈશાખ –)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [૨.સો.]

કીર્તિવિજય–૪ [ ] : તપગચ્છના જૈન સાધુ. ખીમાવિજયના શિષ્ય ઉપાધ્યાય કાંતિવિજયના શિષ્ય. ૪ કડીની 'સુધર્મા દેવલોકની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, સં. તિલકવિજયજી ગણિવર, સં.૧૯૯૩. [૨.સો.]

કીર્તિવિજય–૫ [ ] : જૈન સાધુ. રુચિપ્રમોદના શિષ્ય. ૨ ઢાળ ને ૪૧ કડીની દુહાદેશીબદ્ધ 'સમકિત ઉપર શ્રેણિક રાજાની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [૨.સો.]

કીર્તિવિમલ : આ નામે ૫ કડીની 'નવકારમંત્રની સઝાય' (મુ.), ૪ કડીની 'ગોડીપાર્શ્વનાથની સ્તુતિ' (મુ.) તથા ૮ કડીની 'વિજયસિંહસૂરિ-સઝાય' મળે છે તે કયા કીર્તિવિમલ છે તે નક્કી થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. પ્રાસ્તરત્નસંગ્રહ:૨.

સંદર્ભ : હેજ્જ્ઞાસૂચિ:૧. [૨.સો.]

કીર્તિવિમલ–૧ [ઈ. ૧૬૧૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયવિમલની પરંપરામાં લાલજીના શિષ્ય. ૬૨ કડીની 'બારવ્રતજોડી' (૨.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, ફાગણ વદ ૬), 'ગજસિંહકુમાર-રાસ' તથા ૩૨ કડીની 'ચતુર્વિંશતિજિન-સ્તવન' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. હેજ્જ્ઞાસૂચિ:૧. [૨.સો.]

કીર્તિવિમલ–૨ [ઈ.૧૭૧૦ સુધીમાં] : જૈન સાધુ. વિદ્યાવિમલના શિષ્ય. ૧૧ કડીની 'જિનપ્રતિમાવંદનફલ-સઝાય'(લે.ઈ.૧૭૧૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

કીર્તિવિમલ–૩ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ઋદ્ધિવિમલના શિષ્ય. 'ચોવીસી' (મુ.) તથા ઈ.૧૭૪૫થી ઈ.૧૭૪૯ સુધીનાં રચનાવર્ષો દર્શાવતાં છૂટાં જિનસ્તવનો-સઝાયો (મુ.) વગેરેના કર્તા. 'ચોવીસી'નાં કેટલાંક સ્તવનોમાં તથા અન્ય બધાં સ્તવન-સઝાયમાં 'ઋદ્ધિ', 'કીર્તિ' સાથે 'અમૃત' શબ્દ પણ ગૂંથાતો હોઈ કીર્તિવિમલશિષ્ય કોઈ અમૃતવિમલ કર્તા હોય એવી પણ સંભાવના થઈ શકે છે. વસ્તુત: છૂટાં સ્તવનાદિ પરત્વે 'પ્રાચીન સ્તવનાદિ રત્ન સંગ્રહ' નામ 'અમૃત' નોંધે જ છે. જોકે 'અમૃત' શબ્દને સામાન્ય અર્થના વાચક તરીકે લેવો વધારે યોગ્ય લાગે છે.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ:૨. [૨.સો.]

કીર્તિવિમલ–૪ [ ] : તપગચ્છના જૈન સાધુ. કુંવરવિમલના શિષ્ય. ૧૧ કડીના 'પાર્શ્વનાથજિન-સ્તવન'-(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ:૨. [૨.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કીર્તિસાગર/કીર્તિસાગર(સૂરિ) : આ નામે તીર્થંકરાદિનાં કેટલાંક સ્તવનો (મુ.) મળે છે, જેમાં ક્યારેક હિંદી ભાષાનું મિશ્રાણ પણ થયેલું છે. તે ઉપરાંત એ નામે ૮ કડીની 'ચરણકરણસત્તરી-સઝાય' (લે.ઈ.૧૮૧૩) નામની કૃતિ નોંધાયેલી મળે છે. પણ આ કૃતિઓ કીર્તિસાગર–૧ની છે કે કેમ એ નક્કી થતું નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ:૧; ૨. શોભન સ્તવનાવલી, પ્ર. ડાહ્યાભાઈ ફૂ. શાહ, મોતીલાલ મ. શાહ, ઈ.૧૮૯૭.

સંદર્ભ : લીંહસૂચી. [૨.સો.]

કીર્તિસાગર–૧ [ ] : જૈન સાધુ. સુમતિસાગરશિષ્ય. 'બારવ્રત-સઝાય'(લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

કીર્તિસાગર(સૂરિ)શિષ્ય[ઈ.૧૬૮૬માં હયાત] : જૈન સાધુ. એમની દુહા, ચોપાઈ અને ઢાળબદ્ધ ૧૭૮ કડીની 'ભીમ-ચોપાઈ' (૨.ઈ.૧૬૮૬/સં.૧૭૪૨, ચૈત્ર સુદ ૧૫; મુ.) ભીમા શાહે ડુંગરપુરથી ધુલેવ(કેસરિયાજી)નો સંઘ કાઢ્યો હતો તેનું વર્ણન કરે છે અને દાનવીર ભીમા શાહની પ્રશસ્તિ કરે છે. પરંપરાગત પ્રકારનાં કેટલાંક આલંકારિક વર્ણનો અને સુભાષિતોનો વિનિયોગ ધ્યાન ખેંચે છે.

કૃતિ : ઐરાસંગ્રહ:૧.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [કી.જો.]

કીર્તિસાર [ ] : તપગચ્છના જૈન સાધુ. ૯ કડીની 'તપગચ્છસૂરિનામ-સઝાય/પટ્ટાવલી-સઝાય'(લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી: ૨. હેજ્ઞસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કીર્તિસુંદર [ ] : જૈન સાધુ. ૧૨૭ કડીના 'સમેતશિખરબૃહત્-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૫૩ – 'પૂર્વદેશ ચૈત્ય પરિપાટી', ભંવરલાલ નાહટા. [૨.સો.]

કીર્તિહર્ષ [ઈ.૧૪૯૫માં હયાત] : દ્વિવંદનીક ઉપકેશગચ્છના જૈન સાધુ. કક્કસૂરિના શિષ્ય. ૨૩૩ કડીની 'સનતકુમાર-ચોપાઈ'-(૨.ઈ.૧૪૯૫/સં.૧૫૫૧, કારતક સુદ ૧૫, ગુરુવાર)ના કર્તા. જુઓ કક્કસૂરિશિષ્ય.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧,૩(૧). [શ્રા.ત્રિ.]

કુતુબુદ્દીન [ ] : દેલમી ઉપદેશક પરંપરાના સૈયદ. પીર હસનકબીરુદ્દીનના વંશજ હોવાનું મનાય છે. એમની કૃતિઓમાંથી ૭ અને ૫ કડીનાં ૨ જ્ઞાનબોધક પદો (મુ.) મળે છે.

કૃતિ : ખોજાવૃત્તાંત, સચેદીના નાનજીઆણી, *ઈ.૧૮૨૨, ઈ. ૧૯૧૮ (બીજી આ.); ૨. સૈઇશાગીસંગ્રહ : ૪. [ખ્યા. કે.]

કુબેર/કુબેરિયોદાસ : કુબેરને નામે 'મહાકાલેશ્વરનો ગરબો' (લે. ઈ.૧૭૯૪), 'મહાકાળી વિશેનો ગરબો' (મુ.) તથા પદો, દાસ કુબેરને નામે શંકરની સ્તુતિનાં ૨ પદો (મુ.) તેમ જ કુબેરિયોદાસ કે દાસ કુબેરિયોને નામે બહુચરમાના ગરબા-છંદ (મુ.) મળે છે તે કયા કુબેર (કે કુવેર) છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ કુવેર.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ.૧૯૨૩ (ત્રીજી આ.); ૨. દેવી મહાત્મ્ય અથવા ગરબા સંગ્રહ:૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ.૧૮૯૭; ૩. ભવાઈ (અં.), સુધા આર. દેસાઈ, ઈ. ૧૯૭૨ – મહાકાળી વિશેનો ગરબો; ૪. શિવપદસંગ્રહ:૧, પ્ર. અંબાલાલભાઈ શં. પાઠક, લલ્લુભાઈ કા. ખંડ્યા, ઈ.૧૯૨૦; ૫. શ્રીમદ્ ભગવતી કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ.૧૮૮૯.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [ચ.શે.]

કુબેર–૧/કુબેરદાસ [ઈ.૧૬૫૪માં હયાત] : કેટલાક સંદર્ભોમાં ખંભાતના વતની તરીકે ઓળખાવાયેલા આ કવિની 'લક્ષ્મણાહરણ/સાંબકુંવરનું આખ્યાન' તથા 'સુરેખાહરણ' એ ૨ કૃતિઓ નોંધાયેલી મળે છે. તેમાંથી 'લક્ષ્મણાહરણ'ની ૨.ઈ.૧૬૫૪ પણ અમુક સ્થાને નોંધાયેલી મળે છે. કવિઓળખ અને તેનો સમય જોતાં 'કુંવર'ને સ્થાને 'કુબેર' વંચાયું હોય અને આ કૃતિઓ ખંભાતના વતની કુંવરની હોય એવી સંભાવના રહે છે.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ફાત્રૈમાસિક, એપ્રિલ–જૂન ૧૯૩૭ – 'ઉષાહરણ', ભોગીલાલ જ. સાંડેસરા; ☐ ૪. ગૂહાયાદી. [ચ.શે.]

કુબેર–૨ [ઈ.૧૮૪૪ આસપાસ સુધીમાં] : ભવાનદાસના ભાઈ. 'કુબેરો' એવી નામછાપથી રચાયેલી 'કૃષ્ણનો થાળ' (મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : બૃકાદોહન:૬.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

કુબેરજી [ ] : કુબેરદાસને નામે મુદ્રિત થયેલા પણ 'કુબેરજી' એવી નામછાપ ધરાવતા ૧ પદના કર્તા. આ પદમાં આગળની કડીમાં 'ગોવિંદજી' એ નામછાપ પણ મળે છે, તે કઈ રીતે આવી છે તે કહી શકાય તેમ નથી.

કૃતિ : પ્રાકાસુધા:૨. [ચ.શે.]

'કુમારપાલ-રાસ' [૨.ઈ.૧૬૧૪/સં.૧૬૭૦, ભાદરવા સુદ ૨, ગુરુવાર] : શ્રાવક કવિ ઋષભદાસનો ૨ ખંડ અને આશરે ૪૫૦૦ કડીઓમાં વિસ્તરતો આ રાસ (મુ.) મુખ્યત્વે દુહા, ચોપાઈ અને દેશીબંધનો તથા પ્રસંગોપાત્ત કવિત, ગીત વગેરેનો આશ્રય લઈને રચાયેલ છે. જિનમંડનગણિના સંસ્કૃત 'કુમારપાલ-પ્રબંધ'નો આધાર લઈને રચાયેલા આ રાસમાં કવિએ કુમારપાલના જીવનવૃત્તાંત ઉપરાંત વનરાજ, સિદ્ધરાજ જયસિંહ, હેમચંદ્રાચાર્ય અને કુમારપાલના પુત્ર અજયપાલનાં જીવનવૃત્તાંતોને વણી લીધાં છે. આ રીતે આ કૃતિ ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર બને છે. અલબત્ત, કવિએ ઘણા પ્રસંગોને જૈન ધર્મનો મહિમા ગાવાના પોતાના ઇષ્ટ હેતુને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુરૂપ રંગ આપ્યો છે અને કેટલાક ચમત્કારિક પ્રસંગો ઉમેર્યા છે. કુમારપાલ વગેરેના જીવનના અનેકવિધ અનુભવપ્રસંગો અને હેમચંદ્રાચાર્ય દ્વારા કે અન્ય રીતે કહેવાયેલી અનેક દૃષ્ટાંતકથાઓ આ રાસમાં ઘણો કથારસ પૂરો પાડે છે. પરંતુ આ કાવ્યમાં કવિનો મુખ્ય ઉદ્દેશ ધર્મબોધનો છે, તેથી તેમણે અનુભવપ્રસંગોમાંથી પણ સાર તારવવાની વૃત્તિ રાખી છે અને સંખ્યાબંધ સુભાષિતો દ્વારા પ્રગટ જીવનબોધ આપવાનું કામ પણ કર્યું છે. કવિની આ બોધવાણી ઉપમા, દૃષ્ટાંત, કહેવત વગેરેની મદદથી રસપ્રદ બનેલી છે. દા. ત. કવિ એક સ્થળે આંબાના વૃક્ષનું મહિમાવર્ણન કરી ઉત્તમ પુરુષને આંબા સાથે સરખાવે છે. ચરોતર વગેરે પ્રાદેશિક ભૂમિઓ અને પર્વતભૂમિ સાથે સરખાવીને મનુષ્યોના ૭ વર્ગો કવિએ બતાવ્યા છે તે કૌતુકપ્રેરક છે. ક્વચિત્ કવિ સંવાદના માધ્યમથી પણ કામ લે છે. જેમ કે, અહીં જીભ અને દાંત વચ્ચે સંવાદ તેમ જ કાળી-ગોરી નારીનો વિવાદ કવિએ યોજ્યા છે. પરંતુ કવિની આ બોધવાણીથી કથાપ્રવાહ અવારનવાર અવરોધાય છે. કવિએ પ્રચલિત સિક્કાઓ, ભોજનસામગ્રી વગેરે પ્રકારની માહિતીથી પણ આ રાસને સમૃદ્ધ કર્યો છે. ભૂપલદેવીનું રૂપવર્ણન જેવા કેટલાક અંશોમાં કવિનું કવિત્વ પ્રગટ થાય છે અને પાટણના બાવન 'હહા', 'વવા', 'લલા' નિર્દેશ્યા છે તેમાં તેમની શબ્દચાતુરી પ્રગટ થાય છે, પરંતુ એકંદરે કવિનો વિશેષ ઉપદેશક કથાકાર હોવામાં છે. જિનહર્ષગણિએ આ કૃતિનો આધાર લઈ સંક્ષેપમાં 'કુમારપાલ-રાસ' રચ્યો છે તે આ કૃતિની લોકપ્રિયતા દર્શાવે છે. [જ.કો.]

કુમુદચંદ્ર–૧ [ઈ.૧૬૧૧માં હયાત] : દિગમ્બર જૈન સાધુ. ૧૬૦ કડીના 'ભરતબાહુબલિ-છંદ'(૨.ઈ.૧૬૧૧/સં.૧૬૬૭, જેઠ સુદ ૮)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

કુમુદચંદ્ર–૨/કુમુદચંદ [ઈ.૧૭૨૯ સુધીમાં] : જૈન સાધુ. ૧૦ કડીની 'પરસ્ત્રીનિવારણ-સઝાય/શિયળ વિશે પુરુષને શિખામણ-સઝાય' (લે.ઈ.૧૭૨૯, મુ.)ના કર્તા.

કૃતિ: ૧. જૈકાસંગ્રહ; ૨. જૈસસંગ્રહ (ન.); ૩. સસનિમત્ર (ઝ.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [કી.જો.]

કુલમંડન(સૂરિ) [જ.ઈ.૧૩૫૩–આવ.ઈ.૧૩૯૯/સં.૧૪૫૫, ચૈત્ર –] : તપગચ્છના જૈન સાધુ. દેવસુંદરસૂરિના શિષ્ય. દીક્ષા ઈ. ૧૩૬૧. સૂરિપદ ઈ.૧૩૮૬. એમનું 'મુગ્ધાવબોધ-ઔક્તિક' (૨.ઈ.૧૩૯૪; મુ.) ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા સંસ્કૃત વ્યાકરણને રજૂ કરતી ગદ્યકૃતિ છે. પરંતુ એમાં સર્વત્ર સમાંતર રીતે ગુજરાતી ભાષાપ્રયોગોની પણ નોંધ આપવામાં આવી છે. તેથી એ સમયની ગુજરાતી ભાષાનું વ્યાકરણ પણ આપણને મળી રહે છે. ઈ.૧૪મી સદીની ગુજરાતી ભાષાના અભ્યાસ માટે, આથી, આ કૃતિ મહત્ત્વની બને છે.

કુલમંડનસૂરિએ સંસ્કૃતમાં 'કુમારપાલ-પ્રબંધ', 'વિચારામૃતસંગ્રહ', 'સિદ્ધાન્તાલાપકોદ્ધાર', 'પ્રજ્ઞાપનસૂત્ર', કેટલીક અવચૂરિઓ અને સ્તવનો પણ રચેલાં છે. જુઓ દેવસુંદરસૂરિશિષ્ય.

કૃતિ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્ય રત્નમાળા:૧, સં. હરિ હ. ધ્રુવ, ઈ.૧૮૮૯; ☐ ૨. પ્રાચીન ગુજરાતી ગદ્ય સંદર્ભ, સં. જિનવિજયજી, ઈ.૧૯૩૦.

સંદર્ભ : ૧. આકવિઓ:૧; ૨. જૈન પરંપરાનો ઇતિહાસ:૩, મુનિશ્રી દર્શનવિજય વગેરે, ઈ.૧૯૬૪; ૩. જૈસાઇતિહાસ; ૪. નયુકવિઓ; ☐ ૫. જૈગૂકવિઓ:૩ (૧); ૬. લીંહસૂચી; ૭. હેજેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુલરત્ન [ઈ.૧૫૧૩માં હયાત] : જૈન સાધુ. ૪૪ કડીની 'વિનય-સઝાય' (૨.ઈ.૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુલહર્ષ [ ] : જૈન સાધુ. 'મહાવીર-જિન-સ્તુતિ'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

કુવેર(દાસ)/કુબેરદાસ/'કરુણાસાગર' [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૯મી સદી] : જ્ઞાનમાર્ગી સંતકવિ. કૃષ્ણ/કૃષ્ણાનંદ સ્વામીના શિષ્ય. સારસા(તા.આણંદ)માં ઈ.૧૮૦૦ આસપાસ કેવલજ્ઞાન-સંપ્રદાયની સ્થાપના કરી. આ સંપ્રદાય સંતકેવલસંપ્રદાય, કાયમપંથ કે કુબેરપંથને નામે પણ ઓળખાય છે. કરુણાસાગર એ સંપ્રદાયે પાછળથી આપેલું ગુણનામ છે. સંપ્રદાયમાં અયોનિજ લેખાતા *કુવેરદાસ કાસોર ગામ (તા. આણંદ) પાસેના જંગલમાંથી મળી* આવ્યા હોવાનું અને રઘુવીર તથા હેતબાઈ નામના કોળી રજપૂત કે સિસોદિયા ક્ષત્રિય દ્વારા ઉછેર પામ્યા હોવાનું નોંધાયું છે. કુવેરદાસનું આયુષ્ય ૧૦૫ વર્ષનું મનાયું છે ને સંપ્રદાયમાં મહા સુદ ૨ (સં.૧૮૨૯/ઈ.૧૭૭૩) તેમના પ્રાગટ્યદિન તરીકે ઊજવાય છે. એટલે એમનું સમાધિવર્ષ ઈ.૧૮૭૮ ગણાય. પરંતુ તેમના જીવન-કાળ વિશે આથી જુદા પ્રકારની માહિતી પણ મળે છે. કુવેરદાસ અખાની પરંપરાના જિતામુનિનારાયણના શિષ્ય હોવાનું પણ નોંધાયું છે પણ એ હકીકતને વિશેષ સમર્થન સાંપડતું નથી.

વિવિધ ધર્મોના અભ્યાસી કુવેરદાસે હિંદુ-મુસ્લિમ એકતાનો પ્રબોધ કર્યો છે. તેમનો તત્ત્વવિચાર બહુધા કેવલાદ્વૈત જ્ઞાનમાર્ગને જ અનુસરે છે; તે ઉપરાંત તેમાં આ જગત અલખની ઇચ્છાથી ઉત્પન્ન થયેલું છે એવા સકર્તા સિદ્ધાંતનું તથા નિજરૂપ કૈવલ્યની આરાધનાનું પ્રતિપાદન છે.

આ કવિની કૃતિઓ તત્ત્વવિચારાત્મક છે ને બહુધા સાધુક્કડી હિંદી કે ગુજરાતીમિશ્રા હિંદીમાં છે. ચોપાઈબંધનો ૬૮ કડીનો 'કક્કો' (૨.ઈ.૧૮૨૨/સં.૧૮૭૮, આસો સુદ ૧૫; મુ.) મુખ્યત્વે ગુજરાતી ભાષાની ગણી શકાય એવી કૃતિ છે. તે ઉપરાંત વિવિધ રાગો-છંદોના નિર્દેશવાળા તેમ જ મંગલ, રવેણી, પ્રભાત, ચૂંદડી, ચરખો, ચેતવણી જેવાં વિષયસ્વરૂપલક્ષી નામોથી ઓળખાવાયેલાં પદો (મુ.) ગુજરાતી તથા હિંદી ભાષામાં મળે છે.

મુખ્યત્વે હિંદી કહેવાય તેવી કૃતિઓમાં 'અગાધબોધ' (મુ.) એમના તત્ત્વવિચાર ઉપરાંત એમના પૂર્વાવતારો, પ્રાગટ્ય અને ભક્ત-શિષ્ય-સમુદાયની માહિતી આપતા ગ્રંથ તરીકે નોંધપાત્ર છે. આ ઉપરાંત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમની 'વિશ્વભ્રમવિધ્વંસનિધિ', 'હંસતાલેવા', 'કૈવલવિલાસ', 'પરમસિદ્ધાંતપ્રણવકલ્પતરુ', 'સકલચિંતામણિ', 'અદ્વૈતા-દ્વૈતનરવેદ-ચિંતામણિ', 'વિજ્ઞાનસકલમણિદીપ', 'વિશ્વબોધચોસરા', 'જ્ઞાનભક્તિ-વૈરાગ્યનિરૂપણ', 'તિથિ(જ્ઞાનશિરોમણિ)', 'પંચમસૂક્ષ્મવેદ' વગેરે મુદ્રિત પદ્યકૃતિઓ તેમ જ થોડાંક ગદ્યલખાણો પણ મળે છે.

કૃતિ : ૧. અગાધબોધ, પ્ર. અવિચળદાસજી, ઈ.૧૯૭૪ (બીજી આ.); ૨. પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ, હંસતાલેવા ગ્રંથ, કૈવલ-વિલાસ, પ્ર. એજન, ઈ.૧૯૮૦ (બીજી આ.); ૩. પંચમસૂક્ષ્મવેદ, પ્ર. એજન, ઈ.૧૯૭૬ (બીજી આ.); ૪. સકલચિંતામણિ, અદ્વૈતા-દ્વૈતનરવેદચિંતામણિ, વિજ્ઞાનસકલમણિદીપ, વિશ્વબોધચોસરા, પ્ર. એજન, ઈ.૧૯૭૯ (બીજી આ.); ☐ ૫. જ્ઞાનભક્તિ-વૈરાગ્ય-નિરૂપણ ગ્રંથ, તિથિગ્રંથજ્ઞાનશિરોમણિ, સિદ્ધાંત-બાવની ગ્રંથ, અચરતસાગર, પ્ર. એજન, ઈ.૧૯૭૮ (બીજી આ.); ૬. ભજન-સાગર, પ્ર. એજન, ઈ.૧૯૮૧ (બીજી આ.); ☐ ૭. કૈવલ-જ્ઞાનોદય, ઑકટો. ૧૯૬૮, ઑકટો. ૧૯૬૯, ઑકટો. ૧૯૭૦, ઑકટો. ૧૯૭૨ – 'વિશ્વભ્રમવિધ્વંસનિધિ' : ૧થી ૪.

સંદર્ભ : ૧. અસાંપરંપરા; ૨. આગુસંતો; ૩. આવિષ્કાર, બહેચરભાઈ ૨. પટેલ, ઈ.૧૯૭૮; ☐ ૪. કૈવલજ્ઞાનોદય, ઑકટો. ૧૯૭૫ – 'પરમગુરુપોમીપ્રાગટય' સં. અવિચળદાસજી; ☐ ૫. ગૂહાયાદી. [બ.પ.]

કુશલ(મુનિ) : આ નામે 'ચોવીસી-સ્તવન' (મુ.) મળે છે. તેના કર્તા કયા 'કુશલ' છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : શ્રાવક સ્તવન સંગ્રહ:૩, સં. પાનમલ ભૈ. શેઠિયા, ઈ.૧૯૨૩. [શ્રા.ત્રિ.]

કુશલ–૧ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : નાગોરી તપગચ્છના જૈન સાધુ. મહિમાસાગર–રામસિંહના શિષ્ય. 'દશાર્ણભદ્ર-ચોઢાળિયું' (૨.ઈ. ૧૭૩૦), 'સનતકુમાર-ચોઢાળિયું' (૨.ઈ.૧૭૩૩/સં.૧૭૮૯, ચૈત્ર સુદ ૨), ૩૬ કડીની 'લઘુસાધુવંદણા' અને હિંદી ભાષામાં 'સીતા-આલોયણા' – એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨, ૩(૨). [ક.શે.]

કુશલ–૨ [ઈ.૧૭૮૭માં હયાત] : સાઠોદરા નાગર. ૪૪ કડીના 'બહુચરાજીનો છંદ'(૨.ઈ.૧૭૮૭/સં.૧૮૪૩, ભાદરવા – ૧૧, રવિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : (શ્રી)દેવી મહાત્મ્ય અથવા ગરબા સંગ્રહ:૨, પ્ર. વિશ્વનાથ ગો. ત્રિવેદી, ઈ.૧૮૯૭. [કી.જો.]

કુશલક્ષેમ [ઈ.૧૬૭૪ સુધીમાં] : જૈન સાધુ. જિનરાજસૂરિના શિષ્ય. ૫૩ કડીના 'અષ્ટાપદપ્રાસાદસ્વરૂપ-સ્તવન'(લે.ઈ.૧૬૭૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'કુશલદીપ' : જુઓ કુશલચંદ્રશિષ્ય દીપચંદ્ર.

કુશલધીર (ઉપાધ્યાય/પાઠક/વાચક) [ઈ.૧૭મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિની પરંપરામાં વાચક કલ્યાણલાભના શિષ્ય. એમની પાસેથી ૪ રાસાત્મક કૃતિઓ મળે છે : 'શીલવતી-ચોપાઈ' (૨.ઈ.૧૬૬૬), ૯૧૭ ગ્રંથાગ્રની 'રાજર્ષિ-કૃતકર્મ-ચોપાઈ' (૨.ઈ.૧૬૭૨), ૨૫ ઢાળ અને ૬૦૩ કડીનો 'લીલાવતી-રાસ' (૨.ઈ.૧૬૭૨) અને ૫ ખંડ, ૬૫ ઢાળ અને ૨૦૫૯ કડીની 'ભોજ-ચરિત્ર-ચોપાઈ/ભોજપ્રબંધ-ચોપાઈ'(૨.ઈ.૧૬૭૩/સં.૧૭૨૯,મહા વદ ૧૩). પૃથ્વીરાજકૃત 'કૃષ્ણવેલી' પરનો બાલાવબોધ (૨.ઈ.૧૬૪૦/-સં.૧૬૯૬, આસો સુદ ૧૦, ગુરુવાર) તથા 'રસિકપ્રિયા' પરનું રાજ-સ્થાની ભાષાનું વાર્તિક (૨.ઈ.૧૬૬૮/સં.૧૭૨૪, માગશર સુદ ૧૫) આ કવિની ૨ ગદ્યરચનાઓ છે. એમણે ૩૮ કડીની 'ઉદ્યમકર્મસંવાદ-પ્રસ્તાવન' (૨.ઈ.૧૬૪૩), ૫૫ કડીની '(સોવનગિરિમંડન) પાર્શ્વ-નાથવૃદ્ધસ્તવન' (૨.ઈ.૧૬૫૧), 'ચોવીશી' (૨.ઈ.૧૬૭૩) પોતાની ગુરુપરંપરા વર્ણવતી ૨ કડીની 'સુગુરુ-વંશાવલી' (મુ.) અને સ્તવનાદિ પ્રકારની અન્ય કેટલીક કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદજી નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. મુપુગૂહસૂચી. [ક.શે.]

કુશલભુવન(ગણિ) [ઈ.૧૫૪૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. મૂળ સાથે ૨૫૭૫ ગ્રંથાગ્રના 'સપ્તતિકાપ્રકરણ-બાલાવબોધ'- (૨.ઈ.-૧૫૪૧)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુશલમાણિક્ય [ઈ. ૧૬૦૮ સુધીમાં] : જૈન સાધુ. ૨૭ કડીની 'સંવર-સઝાય'(લે.ઈ.૧૬૦૮)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

કુશલલાભ : ગુરુપરંપરાના નિર્દેશ વિનાની કેટલીક કૃતિઓ, રૂઢ મતને સ્વીકારીને, કુશલલાભ–૧ને નામે મૂકવામાં આવી છે તે ઉપ-રાંત કુશલલાભને નામે ઈ. ૧૫૮૮માં આચાર્ય જિનચંદ્રસૂરિની નિશ્રામાં નીકળેલ સંઘનું વર્ણન કરતી અને ૭૫ કડીએ અપૂર્ણ પ્રાપ્ત થતી 'સંઘપતિસોમજીસંઘ-ચૈત્યપરિપાટી'; ૨૧ કડીની 'દેશાવરીપાર્શ્વ-નાથ-છંદ' (લે.ઈ.૧૮૧૩) અને 'માયા-સઝાય' એ કૃતિઓ પણ કુશલલાભ–૧ની હોવાની શકયતા છે. પણ એ વિશે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૫૨ – 'સંઘપતિ સોમજી સંઘ ચૈત્યપરિપાટિકા ઐતિહાસિક સાર', ભંવરલાલજી નાહટા; ☐ ૨. લીંહસૂચી. [ક.શે.]

કુશલલાભ(વાચક)–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ઉપાધ્યાય અભયધર્મના શિષ્ય. કવિની રાસાત્મક કૃતિઓમાં મુખ્યત્વે દુહા-ચોપાઈબદ્ધ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૬૨ કડીની 'માધવાનલકામકંદલા-ચોપાઈ' (૨.ઈ.૧૫૬૦/સં. ૧૬૧૬, ફાગણ સુદ ૧૩, રવિવાર; મુ.)માં માધવાનલકામકંદલાની જાણીતી પ્રેમકથા આલેખાયેલી છે. ગણપતિની આ વિશેની કૃતિને મુકાબલે અહીં શૃંગારનિરૂપણ આછું છે અને કવિની સજ્જતા *સમસ્યાઓ અને ગૂઢોક્તિઓ* તેમ જ સંસ્કૃત-પ્રાકૃત તથા ગુજરાતી સુભાષિતોના પ્રચુરતાથી થયેલા વિનિયોગમાં દેખાય છે. આશરે ૪૦૦ કડીની 'મારુઢોલાની ચોપાઈ' ← (૨.ઈ.૧૫૬૧/સં.૧૬૧૭, વૈશાખ સુદ ૩, ગુરુવાર; મુ.) દુહા રૂપે મળતી રાજસ્થાનની અત્યંત લોકપ્રિય અને અદ્‌ભુતરસિક પ્રેમકથાનું ચોપાઈ અને 'વાત' નામક ગદ્ય વડે થયેલું, અનેક આનુષંગિક વીગતો અને પ્રસંગોની ગૂંથણી કરતું વિસ્તરણ છે.

૮૯ કડીની 'જિનરક્ષિતજિનપાલિત-સંધિ' (૨.ઈ.૧૫૬૫/સં. ૧૬૨૧, શ્રાવણ સુદ ૫), તપપૂજાનું માહાત્મ્ય દર્શાવતી ૪૧૫ કડીની 'તેજસાર-ચોપાઈ' (૨.ઈ.૧૫૬૬/૧૫૬૮), ૨૧૮ કડીની 'અગડદત્ત-ચોપાઈ/રાસ'(૨.ઈ. ૧૫૬૯/ સં. ૧૬૨૫, કારતક સુદ ૧૫, ગુરુવાર), 'ભીમસેનરાજ-હંસરાજ-ચોપાઈ', ૮૧૨ કડીની 'શીલવતી-ચતુષ્પદિકા' અને 'દુર્ગા-સપ્તશતી' એ આ કવિની અન્ય કથાત્મક કૃતિઓ છે. આ સિવાય આ કવિને નામે યુગપ્રધાન જિનચંદ્રસૂરિના ઈ.૧૫૬૨ના ખંભાતના ચાતુર્માસને કેન્દ્રમાં રાખી, એમને ભવસાગરમાંથી તારનાર 'વાહણ' (=નૌકા) ગણાવી એમની પ્રશસ્તિ કરતું ૬૭ કડીનું વિવિધ ઢાળબદ્ધ 'પૂજ્યવાહણ-ગીત' (મુ.), ૬૧ કડીનું 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૫૬૫), ૧૯ કડીનું '(સ્તંભન) પાર્શ્વનાથ-સ્તવન' (*મુ.), દુહાબદ્ધ ૧૬/૧૯ કડીનો 'નવકારમંત્રનો છંદ/રાસ' (મુ.), ૧૭/૨૫ કડીનો 'ગોડીપાર્શ્વનાથ-છંદ' અને 'ભવાની-છંદ' – એ કૃતિઓ નોંધાયેલ છે, પરંતુ એમાં કવિની ગુરુપરંપરાનો નિર્દેશ મળતો નથી. કુંવરરાજને નામે મળતા રામકથાના વિષયને લઈને વિવિધ છંદો ને અલંકારોની સમજૂતી તથા પર્યાયકોશને સમાવતા, પ્રસંગોપાત્ત ગદ્યનો ઉપયોગ કરતા 'પિંગલશિરોમણિ'(*મુ.)નું કર્તૃત્વ એના ગુરુ કુશલલાભનું હોવાનો તર્ક થયો છે પણ આ હકીકત હજી સંશોધન માગે છે.

કૃતિ : ૧. માધવાનલકામકંદલાપ્રબંધ, સં. એમ. આર. મજમુદાર, ઈ.૧૯૪૨; ☐ ૨. આકામહોદધિ:૭(+સં.); ૩. ઐજૈકાસંગ્રહ; ૪. પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસાઈતિહાસ:૨; ૩. યુજિનચંદ્રસૂરિ; ૪. હિસ્ટરી ઑવ રાજસ્થાની લિટરેચર, હીરાલાલ મહેશ્વરી, ઈ.૧૯૮૦; ☐ ૫. આલિસ્ટઑઈ:૨; ૬. જૈગુકવિઓ:૧, ૩(૧,૨); ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કુશલલાભ–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિની પરંપરામાં કુશલધીરના શિષ્ય. ૩૫ ઢાળની 'ધર્મબુદ્ધિપાપબુદ્ધિ-ચોપાઈ/રાસ' (૨.ઈ.૧૬૯૨/સં. ૧૭૪૮, પોષ વદ ૧૦), ૩૯ ઢાળની 'વનરાજર્ષિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૯૪/સં. ૧૭૫૦, અસાડ સુદ ૧૫) અને ૫ ઢાળના 'મલ્લિનાથનું સ્તવન'(૨.ઈ.૧૭૦૦/સં.૧૭૫૬, આસો સુદ ૧; મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ:૩.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [ક.શે.]

કુશલવર્ધનશિષ્ય : જુઓ કુશલવર્ધનશિષ્ય નગર્ષિગણિ.

કુશલવિજય [ ] : જૈન સાધુ. ૧૫ કડીના 'ધર્મજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ક.શે.]

કુશલવિનય–૧ [ઈ.૧૭૦૩માં હયાત] : જૈન સાધુ. 'નેમિરાજુલ-સલોકો'(૨.ઈ.૧૭૦૩/સં.૧૭૫૯, ફાગણ સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [ક.શે.]

કુશલવિનય–૨ [ઈ.૧૭૫૬માં હયાત] : જૈન સાધુ. 'ત્રૈલોકયદીપક-કાવ્ય'(૨.ઈ.૧૭૫૬/સં.૧૮૧૨, વૈશાખ સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ક.શે.]

કુશલસંયમ (પંડિત) [ઈ.૧૪૯૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં કુલવીર–કુલધીરના શિષ્ય. ૪ ખંડ અને આશરે ૬૮૦ કડીની 'હરિબળ-ચોપાઈ/પ્રબંધ/રાસ' (૨.ઈ.૧૪૯૯/ સં.૧૫૫૫, મહા સુદ ૫) અને આશરે ૧૨૪ કડીની 'સંવેગદ્રુમ-મંજરી-ચતુષ્પદિકા'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુશલસાગર(વાચક) : આ નામે ૭ કડીનું 'વીરજિન-સ્તવન'(મુ.) મળે છે. તેના કર્તા કયા કુશલસાગર છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જૈકાપ્રકાશ:૧. [ક.શે.]

કુશલસાગર–૧ [ઈ.૧૫૮૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં રાજસાગરના શિષ્ય. ૬૨૪ કડીના 'કુલધ્વજ-રાસ'(૨.ઈ.૧૫૮૮/સં.૧૬૪૪, આસો સુદ ૩૦, શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ક.શે.]

કુશલસાગર–૨/કેશવદાસ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રશાખાના લાવણ્યરત્નના શિષ્ય. અપરનામ કેશવદાસ. એમની 'વીરભાણઉદયભાણ-રાસ' કુશલસાગર અને કેશવ બંને નામછાપ ધરાવે છે, જ્યારે અન્ય કૃતિઓ માત્ર કેશવ/કેશવદાસ નામછાપ ધરાવે છે. સાધુસેવા અને દાનનું માહાત્મ્ય દર્શાવતા, ૬૫ ઢાળ અને ૧૫૦૦ કડીના દુહા-દેશીબદ્ધ 'વીરભાણઉદયભાણ-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૬૮૯/સં.૧૭૪૫, આસો સુદ ૧૦, સોમવાર)માં હંસરાજવચ્છરાજની કથા સાથે મળતાપણું ધરાવતી, અપરમાતાની ખટપટથી દેશપાર થયેલા કુમારોની અદ્‌ભુતરસિક કથા છે. ૫ ઢાળની 'નેમિનાથ-ફાગ' (૨.ઈ.૧૬૯૫) અને હિંદીમાં 'કેશવદાસ/માતૃકા-બાવની' (૨.ઈ.૧૬૮૦/સં.૧૭૩૬, શ્રાવણ સુદ ૫, શુક્રવાર) તથા 'શીતકારકે સવૈયા' કર્તાની અન્ય કૃતિઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧.મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ:૨,૩(૨); ૩. મુપુગૂહસૂચી. [ક.શે.]

કુશલસિંહ | ઈ.૧૫૦૪માં હયાત] : જૈન. ૧૭૦ કડીની 'નંદરાજ-ચોપાઈ' (ર.ઈ.૧૫૦૪)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુશલહર્ષ/કુશલહર્ષ(કવિ)/કુશલહર્ષ(ગણિ) : કુશલહર્ષને નામે ૨૪ કડીની '(નાગપુરમંડન)આદિનાથ-સ્તવન', ૪૪ કડીની 'કર્મવિપાક-કર્મગ્રંથવિચારગર્ભિત-આદિજિન-સ્તવન', ૧૬ કડીની 'તપગચ્છ-પટ્ટાવલી-સઝાય', ૧૦૧ કડીની 'શત્રુંજયતીર્થ-સ્તવન' વગેરે કેટલીક કૃતિઓ, કવિ કુશલહર્ષને નામે અપભ્રંશપ્રધાન ગુજરાતી ભાષામાં ૫૦ કડીનું 'શત્રુંજય-સ્તવન' તથા કુશલહર્ષગણિને નામે ૯૭ કડીની 'ચરિત્રમનોરથમાલા' (ર.ઈ.૧૫૩૪) તથા ૧૭ કડીની 'બારભાવના-સઝાય' એ કૃતિઓ નોંધાયેલી છે, તે કુશલહર્ષ–૧ની હોવાની શકયતા છે પણ એ વિશે કંઈ નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુશલહર્ષ–૧ [ઈ.૧૬મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં હર્ષસંયમના શિષ્ય. વિજયદાનસૂરિના આચાર્યકાળ(ઈ.૧૫૩૧–ઈ.૧૫૬૬)માં રચાયેલી જણાતી ૬૮ કડીની '(શત્રુંજયમંડન)ઋષભજિન-સ્તવન', ૬૬ કડીની 'નેમિનાથ-સ્તવન', ૬૮ કડીની '(ફલવર્ધિમંડન) પાર્શ્વનાથ-સ્તવન', 'મહાવીર-સ્તવન' તથા ૩૯ કડીની '૫ટ્ભાવગર્ભિત-નાગપુરમંડન-શાંતિજિન-સ્તવન' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

કુશલહર્ષ–૨ |ઈ.૧૭૩૨માં હયાત] : જૈન સાધુ. રાજસ્થાની-મિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલી 'ધર્મદત્તાધનવન્તરી-ચોપાઈ'-(ર.ઈ.૧૭૩૨)ના કર્તા.

સંદર્ભ : રાપુહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

કુશાળદાસ [ ] : 'ગોપી-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

'કુસુમશ્રી-રાસ' [ર.ઈ.૧૭૨૧/સં.૧૭૭૭, કારતક સુદ ૧૩, શનિવાર] : નિત્યવિજયશિષ્ય ગંગવિજયની દુહા-દેશીબદ્ધ, ૫૪ ઢાળ અને ૧૨૫૬ કડીની આ કૃતિ(મુ.)માં રાજપુત્ર વીરસેન અને રાજકુંવરી કુસુમશ્રીની કથા કહેવાયેલી છે. કુસુમશ્રીની સૂચના અનુસાર વીરસેન એની સાથેના લગ્નપ્રસંગે પોતાના સસરા પાસેથી દૈવી અશ્વ, મનવાંછિત વસ્તુ આપતો પલંગ અને વિબુદ્ધ ચૂડામણિ સૂડો (પોપટ) માગી લે છે. પરંતુ પોતાને ગામ પાછા જતાં પલંગ અને અશ્વ ચોરાઈ જાય છે ને એમના વહાણને સમુદ્રનું તોફાન નડતાં નાયક-નાયિકા પણ છૂટાં પડી જાય છે. સંયોગવશાત્ વેશ્યાને પનારે પડેલી કુસુમશ્રી પોતાના પોપટની મદદથી એની પાસે આવતા જાર પુરુષોને ચતુરાઈથી સમાલી લઈ પોતાની શીલ-રક્ષા કરે છે. છેલ્લે વીરસેન સાથે કુસુમશ્રીનો મેળાપ થાય છે ત્યારે કુસુમશ્રીની કુળદેવીએ યોજેલા ચમત્કારપ્રસંગ દ્વારા વીરસેનને એની ચારિત્રશુદ્ધિની ખાતરી થાય છે. આ અદ્ભુતરસિક કથામાં ચારિત્ર્યરક્ષા અંગે ભયભીત થયેલી કુસુમશ્રીને હિંમત આપવા સૂડાએ કહેલું ધનવતીનું વૃત્તાંત પણ ૧૫ ઢાળ અને ૩૦૦ ઉપરાંત કડીઓમાં વિસ્તરેલું છે. લોલુપ પુરોહિત, દુર્ગપાલ, પ્રધાન અને રાજાને પોતાને ત્યાં નિમંત્રી ચતુરાઈપૂર્વક પેટીમાં પૂરી દઈને એમનો ફજેતો કરનાર ધનવતીનું આ વૃત્તાંત પણ રસપ્રદ છે. પ્રસંગોના વીગતપૂર્ણ આલેખનને કારણે પ્રસ્તારી બનેલી આ કૃતિમાં વિવિધ સુગેય દેશીબંધોનો ઉપયોગ ધ્યાન ખેંચે છે. [ર.સો.]

કુંભર્ષિ [ ] : જૈન સાધુ. 'ચોવીસ તીર્થંકર-ગણધરસાધુ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

કુંવર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : આખ્યાનકાર. જ્ઞાતિએ ખંભાતના મકર કુલના વડનગરા નાગર બ્રાહ્મણ. અકબરપુરના રહેવાસી. ગુરુ બાલકૃષ્ણ ભટ્ટ. કવિ પોતાને 'રામજન' કે 'જન' તરીકે પણ ઓળખાવે છે. 'મહીસંગમ-કથા' (ર.ઈ.૧૬૫૫), ૩૯ કડવાંનું સ્કંદપુરાણ-આધારિત 'તારકાસુરનું આખ્યાન' (ર.ઈ.૧૬૫૭/સં. ૧૭૧૩, શ્રાવણ વદ ૧૪, બુધવાર) તથા ૫૭ કડવાંનું વાલ્મીકિ-રામાયણ પર આધારિત 'રામાયણ-ઉત્તરકાંડ' (ર.ઈ.૧૬૬૦/સં. ૧૭૧૬, આસો વદ ૩, સોમવાર) તેમની કૃતિઓ છે. 'રામાયણ-ઉત્તરકાંડ' ઉદ્ધવકૃત 'રામાયણ'માં ભાલણસુત વિષ્ણુદાસની કૃતિ તરીકે પ્રકાશિત થયું છે.

કૃતિ : (ભાલણસુત ઉદ્ધવકૃત) રામાયણ, સં. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા, નાથાશંકર પૂ. શાસ્ત્રી, ઈ.૧૮૯૩(+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ☐ ૨.* ગુજરાતી, દીપોત્સવી અંક, ઈ. ૧૯૩૨– 'રામાયણના ઉત્તરકાંડનો કર્તા કોણ?' રામલાલ ચુ. મોદી; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફોહનામાવલિ:૨. [ચ.શે.]

કુંવરજી : આ નામે 'પંચાશતજિન-સ્તવન' અને ૧૨ કડીનું 'શીલ-ઉપદેશ-પદ' એ કૃતિઓ નોંધાયેલ છે પણ તે કયા કુંવરજી છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [ર.સો.]

કુંવરજી–૧ [ઈ.૧૫૬૮માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપજીની પરંપરામાં જીવરાજના શિષ્ય. ૨૪૬ કડીની 'સાધુવંદના' (ર.ઈ. ૧૫૬૮/સં.૧૬૨૪, શ્રાવણ સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ર.સો.]

કુંવરજી–૨ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હર્ષસાગરની પરંપરામાં રાજસાગરના શિષ્ય. 'સનત્કુમારરાજર્ષિ-રાસ' (ર.ઈ.૧૬૦૧/સં.૧૬૫૭, અસાડ સુદ ૫; સ્વલિખિતપ્રત, ઈ. ૧૬૦૭) તથા વિજયસેનસૂરિના ઈ.૧૬૧૬માં થયેલા અવસાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછી રચાયેલા અને ભૂલથી સમરચંદ્રગણિને નામે પણ નોંધાયેલા ૧૪૯/૧૭૬ કડીના 'વિજયસેનસૂરિ-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

કુંવરબાઈ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવયિત્રી. કુંવરબાઈને નામે કેટલાંક છૂટક કીર્તનો નોંધાયેલાં છે તે આ કવયિત્રીનાં હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પુગુસાહિત્યકારો; ૩. પ્રાકકૃતિઓ. [જ.કો.]

'કુંવરબાઈનું મામેરું' : જુઓ 'મામેરું'.

કુંવરવિજય–૧ [ઈ.૧૬મી સદીનો અંત–ઈ.૧૭મી સદીનો આરંભ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં નયવિજયના શિષ્ય. ઈ. ૧૫૯૬માં થયેલા હીરવિજયસૂરિના અવસાન સુધીની ચરિત્રરેખા આપતા અને પછીના તરતના સમયમાં રચાયેલા જણાતા ૮૧/૮૩ કડીના 'હીરવિજયસૂરિ-સલોકો' (મુ.), ૧૩ કડીની 'ચંદનબાળા-સઝાય'(મુ.), ૨૯ કડીના 'ચોવીસજિન-નમસ્કાર', ૧૧ કડીની 'મનસ્થિરીકરણ-સઝાય' અને 'સપ્તસ્મરણ-સ્તબક'ના કર્તા.

કૃતિ : ૧. જૈએકાસંચય; ૨. સજ્ઝાયમાળા(પં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

કુંવરવિજય–૨ [ઈ.૧૬૫૮માં હયાત] : જૈન સાધુ. 'રત્નાકરપંચ-વિંશતિ-બાલાવબોધ' (૨.ઈ.૧૬૫૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.સો.]

કુંવરવિજય (ઉપાધ્યાય)–૩/'અમીયકુંવર' [ઈ.૧૮૨૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. જિનવિજયની પરંપરામાં અમીયવિજયના શિષ્ય. એમણે 'અમીયકુંવર'ની કવિછાપથી રચનાઓ કરી છે. આ કવિએ દુહાબદ્ધ 'અષ્ટપ્રકારી-પૂજા', ૧૪ કડીની 'ખામણાં-સઝાય', ૮ કડીની 'ગહૂંલી', ૫ કડીનું 'ચોવીસ તીર્થંકરનું ચૈત્યવંદન', ૧૦ કડીનું 'વીસ વિહરમાનનું ચૈત્યવંદન' તથા ૬૬૬૧ ગ્રંથાગ્રની 'અધ્યાત્મપ્રશ્નોત્તર' (૨.ઈ.૧૮૨૬/સં.૧૮૮૨, મહા સુદ ૫, રવિવાર) નામની ગદ્યકૃતિ – એ મુદ્રિત તેમ જ ખરતરગચ્છીય દેવ-ચંદ્રકૃત 'અધ્યાત્મ-ગીતા' પરનો ૮૩૭ કડીનો બાલાવબોધ (૨.ઈ. ૧૮૨૬/સં.૧૮૮૨, અસાડ વદ ૨, ગુરુવાર) નામની કૃતિઓની રચના કરેલી છે.

કૃતિ : ૧. અધ્યાત્મસાર પ્રશ્નોત્તર ગ્રંથ, પ્ર. ભીમસિંહ માણેક, –; ☐ ૨. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ:૧, પ્ર. ખીમજી ભી. માણેક, ઈ.૧૯૦૯; ૩. [illegible], ૪. [illegible], ૫. વિવિધ પૂજાસંગ્રહ : ૧–૧૧, પ્ર. જસવંતલાલ ગિ. શાહ, સં. ૨૦૦૯.

સંદર્ભ : ૧. જૈનયુગ, કારતક–માગશર ૧૯૮૩ – 'મારી કેટલીક નોંધ', મોહનલાલ દ. દેસાઈ; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧,૨). [૨.સો.]

કુંવરવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૧ કડીની '(શંખેશ્વર)પાર્શ્વનાથ-છંદ' (લે.સં.૧૯મી સદી અનુ.; મુ.), ૧૯ કડીની '(શંખેશ્વર)પાર્શ્વનાથ-છંદ' અને ૬૩ કડીની 'બાવીસ-અભક્ષ્ય-સઝાય' (લે.સં.૧૯મી સદી અનુ.) આ કૃતિઓ તેમની પાસેથી મળે છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ:૧; ૨. શંસ્તવનાવલી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કૃપા : આ નામે ૧ બોધાત્મક છપ્પો (મુ.) મળે છે તેના કર્તા નિશ્ચિત કરી શકાય તેમ નથી.

સંદર્ભ : શનિશ્ચરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, સં. ભીમસિંહ માણેક, ઈ.૧૯૨૨ (ત્રીજી આ.). [ક્રા.ત્રિ.]

કૃપાવિજય [ ] : જૈન સાધુ. ધનવિજયના શિષ્ય. 'ઉત્તરાધ્યયનસૂત્ર-સઝાય' (૨૮ સઝાયે અપૂર્ણ; લે.સં.૧૮મી સદી અનુ.) અને 'બાર વ્રત પર બાર સઝાય' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. મુપુગૂહસૂચી. [ક્રા.ત્રિ.]

કૃપાશંકર [ ] : પિતા નામ લાલજી. મહુધાના વતની. 'રાસ' એ કૃતિના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [ક્રા.ત્રિ.]

કૃપાસાગર [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિદ્યાસાગરના શિષ્ય. જહાંગીરના દરબારમાં જઈ જગજીપકની પદવી મેળવનાર નેમિસાગરનું ચરિત્ર વર્ણવતા, એમના દુહા-દેશીબદ્ધ ૧૦ ઢાળ અને ૧૩૫ કડીના 'નેમિસાગર નિર્વાણ-રાસ' (૨.ઈ.૧૬૧૬ કે ૨.ઈ.૧૬૧૮/સં.૧૬૭૨ કે સં.૧૬૭૪, માગશર સુદ ૨; મુ.)માં ચરિત્રનાયકને મેઘનું ઉપનામ આપી રચવામાં આવેલું વિસ્તૃત સાંગ રૂપક ધ્યાન ખેંચે છે.

કૃતિ : જૈઐરાસમાળા:૧ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

કૃષ્ણ/કૃષ્ણો : આ નામે ૧૮ કડીની 'વિવેકવણઝારા-ગીત' (લે.ઈ. ૧૬૭૭), 'એકાદશીમાહાત્મ્ય' (લે.ઈ.૧૭૭૨), પદો અને ચાબખા એ કૃતિઓ નોંધાયેલી મળે છે જેમાં કેટલીક વાર 'જનકૃષ્ણ' એવી નામછાપ મળે છે. આ કૃતિઓના કર્તાની ઓળખ નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ પૂજાસુત.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

કૃષ્ણ–૧ [ઈ.૧૬૫૮માં હયાત] : જાદવસુત. 'રુકમાંગદનું આખ્યાન' (૨.ઈ.૧૬૫૮)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

'કૃષ્ણક્રીડા' [૨.ઈ.૧૫૩૬/સં.૧૫૯૨, આસો સુદ ૧૨, ગુરુવાર] : રાદેસુત કેશવદાસ કાયસ્થનું ૪૦ સર્ગ ને આશરે ૭૦૦૦ પંક્તિઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધરાવતું આ કાવ્ય અંબાલાલ બુ. જાનીએ 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય'ના નામે પ્રસિદ્ધ કર્યું હતું. એમાં કર્તાનું નામ 'કેશવરામ' અપાયું છે, પરંતુ કાવ્યમાં તો સર્વત્ર 'કેશવદાસ'ની જ છાપ છે, અને પ્રત્યેક સર્ગને અંતે આ કાવ્યનો 'શ્રીકૃષ્ણક્રીડા'ના નામે જ નિર્દેશ છે.

આ કાવ્યમાંની "તિથિ સંવત નિધિ દસકા દોય" – એ પંક્તિને આધારે એનો રચનાસમય એક મતે સં.૧૫૨૯ (ઈ.૧૪૭૩) અને બીજા મતે સં.૧૫૯૨ (ઈ.૧૫૩૬) મનાયો છે. બીજા મતને પંચાંગની ગણતરી તથા કૃતિનાં આંતરપ્રમાણોનું સમર્થન છે.

મુખ્યત્વે ભાગવતના દશમસ્કંધના આધારે રચાયેલા આ કાવ્યમાં ભાગવતના અન્ય સ્કંધો ઉપરાંત હરિવંશ, કૃષ્ણકર્ણામૃત, શ્રીધરની ભાગવત-ટીકા આદિ સંસ્કૃત ગ્રંથોનો; સૂરદાસ, પરમાનંદદાસ આદિની કૃષ્ણવિષયક વ્રજકવિતાનો તથા ભાલણનો 'દશમસ્કંધ', ભીમની 'હરિલીલાષોડશકળા' (૨.ઈ.૧૪૮૫) આદિ ગુજરાતી કૃતિઓનો તેમ જ કૃષ્ણકથાવિષયક લૌકિક પરંપરાના સાહિત્યનો લાભ લેવાયો છે. પુષ્ટિસંપ્રદાયની ભક્તિધારાનો પ્રભાવ આ કવિ પર હોવાનું અનુમાન થયું છે.

આ કાવ્યમાં કવિએ ભાગવતમાહાત્મ્યથી આરંભી દશમસ્કંધ અનુસાર કૃષ્ણના લગભગ સમગ્ર ચરિત્રને આવરી લઈ, એનું સંક્ષેપે પણ રસાત્મકતાએ મહિમાગાન કર્યું છે. કૃષ્ણની વસંતલીલા, ઉદ્ધવગોપીસંવાદ, રુક્મિણીહરણ, ઉષા દ્વારા અનિરુદ્ધહરણ, સુદામાચરિત વગેરે સર્ગો સ્વતંત્ર એકમ તરીકેય રસાવહ જણાય છે. વસંત-લીલાના સર્ગને તો પોતાનું અલગ મંગલાચરણ પણ છે.

કવિએ કૃષ્ણકથાનું પૌરાણિક વાતાવરણ જાળવ્યું છે છતાં લગ્નાદિ પ્રસંગોના નિરૂપણમાં તત્કાલીન સામાજિક રિવાજોનો પ્રભાવ પડ્યો હોવાનું જણાય છે. કવિએ ઉત્કટ ઊર્મિના પ્રસંગો પદ-ઢાળમાં, તો વર્ણનાત્મક કથાપ્રસંગો ચોપાઈના પદબંધમાં ઢાળ્યા છે. ૧૪મા સર્ગમાં રાધાકૃષ્ણ વચ્ચેના સંવાદમાં નાટ્યાત્મક રીતિનું નિરૂપણ ધ્યાન ખેંચે એવું છે. કવિની પાત્રો-પ્રસંગોને સંક્ષેપે પણ ચિત્રાત્મક રીતે રજૂ કરવાની શક્તિ પ્રશસ્ય છે.

આ કાવ્યમાં પ્રયોજાયેલા રાગઢાળો, પદબંધો ને વૃત્તોનું વૈવિધ્ય કવિની સંગીત તેમ જ પિંગળની જાણકારી બતાવે છે. મુખ્યત્વે તો પૂર્વછાયા ને ચોપાઈબંધ અહીં પ્રયોજાયો છે. તદુપરાંત ભુજંગ-પ્રયાત, હનુમંત, નારાચ, સોરઠા તથા હિંદી શૈલીના કવિત-છપાયા તેમ જ ત્રોટક, અડિયલ, મડયલ જેવા વૃત્તોબંધોયે પ્રયોજાયા છે. ખાસ કરીને ૧૩મા સર્ગમાં રાસલીલાવર્ણનમાં શાર્દૂલવિક્રીડિતના લયનો તેમ જ ૧૪મા ને ૧૬મા સર્ગમાં 'કારિકા' કે 'કડવા'માં આવતી ૧ પંક્તિના ઉત્તરાર્ધને ૪ કે ૮ પંક્તિઓના ત્રોટકબંધમાં આરંભે દોહરાવીને એ રીતે સિદ્ધ કરેલી યમકસાંકળીવાળી પદ્યરચના ધ્યાનાર્હ છે. કવિની ચારણી છંદો પર પણ પ્રભુતા છે.

આ કવિની સંસ્કૃતજ્ઞતાની, કાવ્યમાં "સંમતિ કારણે" સોનામાં હીરા જડ્યા હોય એ રીતે ઉતારેલા ૯૬ સંસ્કૃત શ્લોકો, એમાંના કેટલાકના પોતે કરેલા રોચક પદ્યાનુવાદો, પંડે રચેલા ૧૬ સંસ્કૃત શ્લોકો તથા "સંસ્કૃતા ગુર્જરી" તરીકે ઓળખાવાયેલી પ્રાસાદિક કાવ્યશૈલી પરથી પ્રતીતિ થાય છે. એમનું વ્રજભાષાપ્રભુત્વ સૂરદાસને અનુસરી રજૂ કરેલા કૃષ્ણરાધાના શ્લેષાત્મક ચાતુરીયુક્ત સંવાદમાં તેમ જ કેટલાંક મધુર ભાવવાહી પદોમાં વરતાઈ આવે છે. એમની કાવ્યશૈલી યથાપ્રસંગ માધુર્ય, ઓજસાદિ ગુણો દાખવે છે. તેમનું ભાષાસામર્થ્ય ભાવોચિત પ્રાસાનુપ્રાસયોજનામાં જોઈ શકાય છે.

આ કાવ્યમાંથી ઊપસતી કવિની ભક્ત તેમ જ કલાકાર તરીકેની મુદ્રા ઊંચી કોટિની છે. ગોપીજનવલ્લભ કે દશાવતારની સ્તુતિમાં જ નહીં, પ્રત્યેક સર્ગમાં વળીવળીને ભગવન્મહિમા દાખવી મનુષ્યાવતાર સાર્થક કરવાનો બોધ આપતી સુંદર ઉક્તિઓમાંયે એમનું ભક્તહૃદય દેખાય છે. ભાગવતના દશમસ્કંધનું આવું સારોદ્ધારરૂપ ને સાથે રસાત્મક એવું કેશવદાસનું આ કાવ્ય ગુજરાતી દશમસ્કંધની કાવ્યપરંપરામાં એક મહત્ત્વનું પ્રદાન બનવા સાથે તેમને એક સુકવિ તરીકે પ્રતિષ્ઠિત કરે છે. [ચ.શે.]

કૃષ્ણકુળ [ઈ.૧૮૩૦માં હયાત] : આનંદપુરના વાસી. ૩૫ કડીમાં કક્કા રૂપે દેવીસ્તુતિ રજૂ કરતી 'બત્રીસ અક્ષરનો ગરબો' (૨.ઈ. ૧૮૩૦/સં.૧૮૮૬, આસો સુદ ૮, શનિવાર; મુ.) એ કૃતિના કર્તા.

સંદર્ભ : શ્રીમદ્ ભગવતી કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯. [ચ.શે.]

'કૃષ્ણક્રીડિત' : ૧૦૮ કડીનું કહ્યાન(રાઉલ)નું આ કાવ્ય (૮ કડી મુ.) હસ્તપ્રતો તેમ જ ભાષાસ્વરૂપને આધારે ઈ.૧૫મી સદીનું હોવાનું અનુમાન થઈ શકે તેમ છે. કાવ્યમાં આઠેક કડીઓ સંસ્કૃતમાં છે અને ૯૬ કડી શાર્દૂલવિક્રીડિત છંદમાં છે. રાસક્રીડા તેમ જ અન્ય શૃંગારિક કાવ્યો માટે શાર્દૂલવિક્રીડિત યોજવાની પ્રણાલી મધ્યકાલીન ગુજરાતીમાં જોવા મળે છે, તેમ છતાં એમાં સામાન્ય રીતે દેશીબંધની વ્યાપકતા છે અને તેથી અક્ષરમેળ વૃત્તની આ રચના ખાસ ધ્યાન ખેંચે છે. કાવ્ય લગભગ સરખા ૩ વિભાગોમાં વહેંચાઈ જાય છે. પહેલા વિભાગમાં કૃષ્ણનો રાધા તેમ જ ચંદ્રા-વલી સાથેનો શૃંગાર આલેખાયો છે, બીજા વિભાગમાં રાસલીલા અને વસ્ત્રહરણલીલાનું વર્ણન છે અને ત્રીજા વિભાગમાં કૃષ્ણની ભક્તિ-ભાવસભર સ્તુતિ છે. આ પ્રસંગે યશોદાના પુત્રવાત્સલ્યનું પણ ટૂંકું નિરૂપણ કરવાની કવિએ તક લીધી છે એ હકીકત નોંધપાત્ર છે. કાવ્યનો શરૂઆતનો અધઝાઝેરો ભાગ શુદ્ધ પ્રેમકવિતા તરીકે લઈ શકાય તેમ છે, પણ સમગ્રપણે જોતાં આ પ્રેમભાવનું નિરૂપણ ભક્તિભાવના નિરૂપણનું જ અંગભૂત છે. કાવ્યની ૧૦૮ કડીસંખ્યા પણ જપમાળાનું સહેજે સ્મરણ કરાવે છે. કાવ્યમાંનું રાસક્રીડાનું વર્ણન રાસનૃત્યની ગતિશીલ, પ્રવાહી, સર્વાંગી છબી નિર્મિત કરતું હોવાથી વિશેષ આસ્વાદ્ય છે. કવિની ભાષા, છંદ અને ભાવ પરની પકડ તેને ગણનાપાત્ર મધ્યકાલીન કવિઓમાં, કૃષ્ણભક્તિના અગ્રણી ગાનારાઓમાં સ્થાન અપાવે છે. [હ.ભા.]

'કૃષ્ણચરિત્ર' [૨.ઈ.૧૮૫૨/સં.૧૯૦૮, માધવ માસ સુદ ૧૩, રવિવાર] : ગરબડદાસના પુત્ર ગિરધરદાસકૃત ૨૧૨ અધ્યાય અને ૯૫૦૦ કડીની આ કૃતિ(મુ.)ને કવિએ ૯૫૦૦ ચોપાઈની કહી છે પરંતુ તેમાં ચોપાઈ ઉપરાંત દુહા, સોરઠા, ભુજંગી, હરિ-ગીત અને અન્ય દેશીબંધોનો વિનિયોગ થયો છે. અધ્યાય તે, કેટલીક વાર મુખબંધ વિનાનાં, કડવાં જ છે. કૃતિ ગોકુળલીલા, મથુરાલીલા અને દ્વારિકાલીલા એમ ૩ ખંડમાં સમગ્ર કૃષ્ણચરિત્રનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરૂપણ કરે છે. એમાં ભાગવત, હરિવંશ, પદ્મપુરાણ, મહાભારત, ગર્ગસંહિતા તથા નારદપુરાણનો, ક્વચિત્ ફેરફાર સાથે, આધાર લેવામાં આવ્યો છે અને તેને કારણે ધ્યાન ખેંચે તેવું પ્રસંગોનું વૈવિધ્ય આવ્યું છે.

કથાપ્રસંગોના આધ્યાત્મિક અર્થઘટનમાં કવિની વિશેષતા જણાય છે. કૃષ્ણ-જસોદા જેવાં કેટલાંક પાત્રોને અધ્યાત્મરૂપકમાં ઘટાવ્યાં છે ને કૃષ્ણ વલોણું તાણે છે તે પ્રસંગમાં સમુદ્રમંથનનો પ્રસંગ વણી લીધો છે. વર્ષા અને શરદવર્ણન જેવાં પ્રકૃતિવર્ણનોમાં પણ કવિએ અધ્યાત્મક્ષેત્રનાં ઉપમાનો યોજ્યાં છે. બીજી બાજુથી મધ્યકાલીન કાવ્યપરંપરામાં જોવા મળતું દૈવી પાત્રોનું માનવીકરણ તથા સામાજિક વહેમોનું નિરૂપણ પણ અહીં જોવા મળે છે.

કૃતિમાં રાજસૂયયજ્ઞના પ્રસંગે પ્રગટ થતું કૃષ્ણનું વિનમ્ર વ્યક્તિત્વ હૃદયસ્પર્શી બને છે. તે ઉપરાંત કૃષ્ણનો સ્વાભાવિક બાલભાવ, વૈરભાવે બ્રહ્મમય બનતા કંસનો અજંપો, કંસપ્રેર્યા કૃષ્ણને મળવા જતા ને મનોમંથન અનુભવતા અક્રૂરનો ભક્તિભાવ ને એવા બીજા ઘણા મનોભાવોનાં ચિત્રો પણ આસ્વાદ્ય છે. કમળ પર અક્રૂરને થતા કૃષ્ણદર્શનમાં અદ્‌ભુતરસ, કંસ પાછળ રાણીઓએ કરેલા વિલાપમાં કરુણરસ, દ્વારિકાલીલાના જુદાજુદા પ્રસંગોમાં શૃંગાર-રસ, યજ્ઞકુંડમાંથી યજ્ઞપુરુષ નીકળે છે તે પ્રસંગમાં ભયાનક રસ – એમ વિવિધ રસો નિરૂપવાની કવિએ તક લીધી છે તે નોંધપાત્ર છે.

વ્યક્તિ, સ્થળ અને પ્રકૃતિનાં વર્ણનો કવિએ પ્રાસાદિકતાથી કર્યાં છે. વર્ષાનું સૌમ્ય અને રૌદ્ર સ્વરૂપ એકસરખી નિષ્ઠાથી વર્ણવ્યું છે. જરાસંધ-કૃષ્ણ-યુદ્ધવર્ણનમાં કવિએ શબ્દની નાદશક્તિ પાસેથી કામ લીધું છે.

કૃતિ ઉપમાકોશ જેવી છે. 'મથુરાલીલા'માં કૃષ્ણને અનાદિ વૃક્ષ તરીકે વર્ણવ્યા છે તે એક સુંદર પૂર્ણરૂપક છે તો દ્વારિકાલીલામાં કૃષ્ણ-સત્યભામા વચ્ચેના સંવાદમાં 'વસંત', 'ચક્રધારી', 'ધરણીધર' વગેરે શબ્દો ઉપરના શ્લેષ ચમત્કૃતિભર્યા છે. [દે.જો.]

કૃષ્ણજી [ઈ.૧૮૫૦ સુધીમાં] : ભૂલથી અખાના સમકાલીન ગણાવાયેલા જ્ઞાનમાર્ગી કવિ. એમનાં પદો (લે. ઈ. ૧૮૫૦) જે ૯૦ આસપાસ હોવાનું જણાવાયું છે તેમાંથી ચાલીસેક પદો મુદ્રિત મળે છે. આ પદોમાં ૨ સાત-વારની કૃતિઓ છે તે ઉપ-રાંત ગરબો, ધોળ, આરતી વગેરે પ્રકારો પણ જોવા મળે છે. બધાં પદો અધ્યાત્મજ્ઞાનનો વિષય કરીને ચાલે છે જેમાં કવિની દાર્શનિક ભૂમિકા નિર્ગુણવાદની જણાય છે. જો કે, કવિએ શૃંગારની પરિભાષાનો પણ ઉપયોગ કર્યો છે. કવિની વાણીમાં તાજગી છે અને ક્વચિત્ અલંકારોનો નોંધપાત્ર વિનિયોગ પણ છે. "હું ખરે, તું ખરો, હું વિના તું નહીં", "અનુભવીને એટલું આનંદમાં રહેવું રે" વગેરે કેટલાંક પદોની કાવ્યાત્મક અભિવ્યક્તિ વધારે ધ્યાન ખેંચે છે. 'સંતોની વાણી'માં કૃષ્ણજીનાં પદો હરિકૃષ્ણને નામે મૂકવામાં આવ્યાં છે તે માટે કશો આધાર જણાતો નથી. જુઓ લાલદાસશિષ્ય હરિકૃષ્ણ.

કૃતિ : ૧. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫ (સુધારેલી બીજી આ.); ૨. સંતોની વાણી, સં. ભગવાનજી મહારાજ, ઈ.૧૯૨૦; ૩. સાહિત્યકાર અખો, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૪૯ – 'અખાના સમકાલીન અજ્ઞાત કૃષ્ણજીનાં પદો', સં. મંજુલાલ મજમુદાર (+સં.).

સંદર્ભ : ૧. અસાંપરંપરા; ૨. ગુસાઈતિહાસ:૨; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

કૃષ્ણદાસ/કૃષ્ણોદાસ : કૃષ્ણદાસને નામે ઘણી કૃતિઓ નોંધાયેલી છે તે કયા કૃષ્ણદાસની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. તેમાંથી પૂર્વછાયા, ચોપાઈની ૧૨૦ કડીની 'કર્મકથા/કર્મવિપાક' (લે.ઈ. ૧૭૮૧; મુ.)માં અર્જુન અને કૃષ્ણના સંવાદ રૂપે જુદીજુદી સ્થિતિઓના કારણરૂપ કર્મોનું વર્ણન થયેલું છે. દુહા, ચોપાઈ અને ક્વચિત્ છપ્પાનો વિનિયોગ કરતી ૨૦૫૬ કડીની 'ગુલબંકાવલીની વાર્તા' (લે.ઈ.૧૮૦૯; મુ.)માં બંકાવલીના બગીચાનું ફૂલ મેળવનાર રાજકુમારની મૂળ ફારસી પરાક્રમકથા કોઈક આડકથા સાથે રસાળ રીતે રજૂ થયેલી છે. ચોપાઈબંધની ૫૫ કડીની 'હૂંડી' (લે.ઈ.૧૬૫૭; મુ.), ૧૦૭ કડીનું ચોપાઈબંધનું 'મામેરું/મોસાળું' (લે. ઈ. ૧૬૭૨; મુ.) અને સવૈયાની દેશીની ૫૩ કડીની 'શ્રીકૃષ્ણની હમચી/રુક્મિણીવિવાહ' (લે.ઈ.૧૬૭૨; મુ.) — આ ૩ કૃતિઓ આરંભની સ્તુતિમાં 'દામોદર' નામના ઉલ્લેખથી તેમ જ સમય, શૈલી વગેરેની દૃષ્ટિએ કોઈ એક જ કૃષ્ણદાસની હોય એમ લાગે છે. એમાંથી 'હૂંડી' અને 'મામેરું' પ્રેમાનંદ પૂર્વેની આ વિષયની રસપ્રદ કૃતિઓ તરીકે ધ્યાન ખેંચે છે. 'હૂંડી'નું 'પ્રબંધ' નામક ૫ કડવાં અને ૨૦૦ પંક્તિઓમાં કોઈએ વિસ્તારેલું રૂપ (મુ.) પણ મળે છે.

'અંબરીષ-આખ્યાન' (લે.ઈ.૧૭૭૨ આસપાસ), ૩૭૮ કડીનું 'સુધન્વા-આખ્યાન' (લે.ઈ.૧૮૧૧), ૮૨ કડીનું 'કાળીનાગનું આખ્યાન' (મુ.), ૨૦૦ ગ્રંથાગ્રની 'રાસક્રીડા' (લે.ઈ.૧૭૫૮), 'કૃષ્ણની રાવ/રાવલીલા' (લે.ઈ.૧૮૨૩ લગભગ), ૨૭ કડીની 'સીતાજીની કામળી' (લે.ઈ.૧૮૩૬), 'પાંડવી-ગીતા' (ર.ઈ. ૧૮૧૨), ચંદ્રાવળા રૂપે 'રામાયણ' અને પદો (કેટલાંક કૃષ્ણસ્તુતિનાં અને અન્ય મુ.) — એ કૃષ્ણદાસને નામે નોંધાયેલી અન્ય કૃતિઓ છે. આ સિવાય કૃષ્ણદાસને નામે 'અર્જુન-ગીતા' પણ નોંધાયેલ છે પરંતુ ત્યાં કર્તાનામ વિશે પ્રશ્નાર્થ મુકાયેલો છે.

કૃષ્ણદાસને નામે નોંધાયેલી પણ 'કૃષ્ણોદાસ' એવી નામછાપ ધરાવતી 'રુક્મિણીવિવાહ' (લે.ઈ.૧૭૭૪)માં નામછાપવાળો ભાગ હિંદી ભાષામાં છે તેથી એના કર્તા ગુજરાતી કવિ હોવાની સંભાવના જણાતી નથી.

કૃતિ : ૧. ગુલબંકાવલી, પ્ર. બાપુ હરશેઠ દેવલેકર તથા બાપુ સદાશિવ હેગષ્ટે, ઈ.૧૮૪૭; ☐ ૨. નકાદોહન; ૩. નરસૈં મહેતાનું આખ્યાન, સં. હીરાલાલ ત્રિ. પારેખ, ઈ.૧૯૨૩ (+સં.); ૪. બૂકાદોહન : ૮; ☐ ૫. બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ફેબ્રુ. અને માર્ચ, ૧૯૨૨ – અનુક્રમે 'હૂંડી', 'મામેરું', 'રુક્મિણીવિવાહ'.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. કાશીસુત શેધજી એક અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૪; ૩. પાંગુહસ્ત-લેખો; ☐ ૪. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭ – 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી, ☐ ૫. ગૂહાયાદી; ૬. ફોંહનામાવલિ.

[ચ.શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃષ્ણદાસ–૧ [ઈ.૧૬મી સદી મધ્યભાગ સુધીમાં] : 'આહ્નિક કર્મ' (લે.ઈ.૧૫૪૯ના અરસામાં) નામની ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

કૃષ્ણદાસ–૨ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. જ્ઞાતિએ ખડાયતા.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

કૃષ્ણદાસ–૩ [સં.૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

કૃષ્ણદાસ–૪ [ ] : જુઓ કૃષ્ણદાસી.

કૃષ્ણદાસી [ ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. 'કૃષ્ણદાસી' એ નામછાપ પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર વાપરનાર કવિ કૃષ્ણદાસ હોવા સંભવ છે. આ કવિના, પુષ્ટિમાર્ગીય આચાર્ય ગોકુલનાથ (જ.ઈ.૧૫૫૨–અવ.ઈ.૧૬૪૧)ના જન્મને લગતાં ૩૯ કડી અને ૧૩ કડીનાં ૨ ધોળ (મુ.) મળે છે તે પરથી કવિ ગોકુળનાથના સમકાલીન હોવાનું સમજાય છે. અને તો એમનો સમય ઈ.૧૬મી સદી મધ્યભાગ આસપાસનો ગણાય.

કૃતિ : (શ્રી) ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ.૧૯૧૬. [કી.જો.]

કૃષ્ણરામ–૧ [ઈ.૧૭૧૬માં હયાત] : નાના ભટ્ટના પુત્ર. જ્ઞાતિએ બ્રાહ્મણ. પુરાણી અને દીક્ષિત તરીકે પણ ઓળખાવાયા છે. વતન ઓરપાડ. 'જૈમિની-અશ્વમેધ' (ર.ઈ.૧૭૧૬/સં. ૧૭૭૨, શ્રાવણ –, બુધવાર,*મુ.)ના કર્તા.

કૃતિ : *જૈમિની અશ્વમેધ, પ્ર. જગજીવનદાસ દલપતરામ, સં.૧૯૪૦.

સંદર્ભ : પ્રાકકૃતિઓ. [ચ.શે.]

કૃષ્ણરામ(મહારાજ)–૨ [જ.ઈ.૧૭૬૮–અવ.ઈ.૧૮૪૦/સં.૧૮૯૬, ભાદરવા સુદ ૬] : પદકવિ. અમદાવાદના વતની. જ્ઞાતિએ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ. પિતા ભક્તિરામ. બાળપણમાં પિતાનું અવસાન થતાં કેટલોક સમય મોસાળ ત્રાજમાં ગાળી, પછીથી અમદાવાદ આવી સંસ્કૃત વ્યાકરણ, જ્યોતિષ વગેરેનો અભ્યાસ. યુવાનીમાં આજીવિકા માટે પૂના રહ્યા ત્યારે ત્યાંના ગુજરાતી બ્રાહ્મણ સમાજને બાજીરાવ પાસેથી મદદ અપાવી હતી. એ પછી દક્ષિણ ભારતની યાત્રામાં રામદાસશિષ્ય મુકુંદરાજ પાસે દીક્ષા લઈ, અમદાવાદ આવી કીર્તનભક્તિનો અને એ દ્વારા ધર્મમય જીવનનો પ્રચાર કર્યો. તેમને દયારામ સાથે કવિતાની આપલેનો વ્યવહાર પણ ચાલ્યો હતો. રામદાસી સંપ્રદાયના આ કવિભક્તની ધાર્મિક માન્યતામાં રામ-કૃષ્ણભક્તિ ઉપરાંત શક્તિપૂજા, શિવપૂજા અને નિર્ગુણ બ્રહ્મવાદનું મિશ્રાણ થયેલું છે, તેમ જ અલ્લા વિશે કાવ્ય રચવાનો પણ એમને સંકોચ નથી, જે એમની ઉદાર ધર્મદૃષ્ટિ સૂચવે છે.

કેટલાક સંદર્ભોમાં ભૂલથી 'કૃષ્ણારામ' નામથી નોંધાયેલા આ કવિ પાસેથી ગુજરાતી ઉપરાંત મુસલમાની એટલે કે હિંદી, મરાઠી અને સંસ્કૃતમાં પણ થોડીક રચનાઓ મળે છે. કીર્તનો તરીકે ઓળખાવાયેલાં ૬૦૦ ઉપરાંત પદોમાં વિસ્તરતા કવિના કાવ્યસંચય(મુ.)માં ગરબા, ગઝલ, કવિત, લાવણી, અભંગ વગેરે વિવિધ રચનાબંધો તથા આખ્યાન, સલોકો, તિથિ, કક્કો, સમસ્યા, આરતી, શણગાર, થાળ વગેરે અનેક કાવ્યપ્રકારો પણ જોવા મળે છે. એમાં લાંબી રચનાઓ – જેમાંની કેટલીક તો ૨૫૦ કડીઓ સુધી પણ પહોંચે છે – નોંધપાત્ર સંખ્યામાં છે. પત્ર, સંવાદ વગેરે પ્રકારની રચનારીતિઓનો પણ કવિએ ઉપયોગ કર્યો છે. કવિનાં કીર્તનો માત્ર ભક્તિવિષયક જ નથી, એમાં ધાર્મિક આચારબોધ ઘણી વ્યાપક રીતે નિરૂપાયેલો છે અને વેદાંતાદિક તત્ત્વવિચાર પણ બારીકાઈથી આલેખાયેલો છે. કવિની કૃતિઓ ઈ.૧૮૧૧થી ઈ.૧૮૧૮ સુધીનાં રચનાવર્ષો દર્શાવે છે પણ મોટા ભાગની કૃતિઓ ઈ.૧૮૧૭–૧૮૧૮ (સં.૧૮૭૩–૧૮૭૪)માં અને તેમાં પણ ખાસ કરીને ફાગણ માસમાં રચાયેલી છે તે ખાસ નોંધપાત્ર છે.

દેશીબંધનાં ૧૬ કીર્તનો અને ૨૫૮ કડીનો 'રુક્મિણીવિવાહ/રુક્મિણીસ્વયંવર-આખ્યાન' (ર.ઈ.૧૮૧૨/સં.૧૮૬૮, મહા વદ ૩૦, બુધવાર); ૯૩ કડીનો 'રામાયણનો સાર' (ર.ઈ.૧૮૧૮/સં.૧૮૭૪, ફાગણ સુદ ૯, સોમવાર); 'દશાવતાર-ચરિત્ર'નાં ૧૦ કીર્તનો; કૃષ્ણચરિત્ર-વર્ણન સાથે આત્મનિંદાનિરૂપણ કરતો વાક્છટાયુક્ત ૧૦૫ કડીનો 'સલોકો' (ર.ઈ.૧૮૧૮/સં.૧૮૭૪, ફાગણ સુદ ૩, સોમવાર); પ્રશ્ન રૂપે ભગવાનના જુદાજુદા અવતારોનાં કાર્યોને વર્ણવતું ૧૫૯ કડીનું કીર્તન (ર.ઈ.૧૮૧૮/સં. ૧૮૭૪, ફાગણ વદ ૭, શનિવાર); ૯૬ કડીનું 'કાયાવર્ણન'(ર.ઈ. ૧૮૧૫/સં.૧૮૭૩, ફાગણ વદ ૧૧); "તૃતીયા અવસ્થા તનુને થઈ" એ રીતે તિથિક્રમાંકને સંદર્ભમાં વણી લેતી 'તિથિઓ'નાં ૧૬ કીર્તનો (બન્નેની ર.ઈ.૧૮૧૩/સં.૧૮૬૯, મહા વદ ૩, મંગળવાર); ૮૫ કડીનું 'શિક્ષાવચન'(ર.ઈ.૧૮૧૧/સં.૧૮૬૭, માગશર સુદ ૧૫); નર અને નારીના ધર્મો વર્ણવતાં અનુક્રમે ૧૧૦ અને ૭૨ કડીનાં કીર્તનો (બન્નેની ર. ઈ.૧૮૧૮/સં.૧૮૭૪, ફાગણ સુદ ૭, શનિવાર); ૧૦૨ કડીનું 'ષટ્સર્ગસ્વરૂપાલોચન' (ર.ઈ.૧૮૧૭/સં.૧૮૭૩, ફાગણ સુદ ૧, સોમવાર) તથા ૧૪ કીર્તનોનો 'દેવહુતીકપિલ-સંવાદ' (ર.ઈ.૧૮૧૬) – એ કવિની કેટલીક નોંધપાત્ર કૃતિઓ છે.

કવિએ ૩ કક્કા અને કળિકાળના ૪ ગરબા રચ્યા છે તે કવિએ કાવ્યસર્જન કેટલી વિપુલતાથી કર્યું છે તેનો નિર્દેશ કરે છે. કવિની રચનાઓમાં સંસ્કૃત ભાષાની પ્રૌઢિ અવારનવાર નજરે પડે છે,તે ઉપરાંત ચિત્રબંધના પ્રકારની અને પ્રાસવૈચિત્ર્ય ધરાવતી કોઈક કૃતિ પણ મળી આવે છે, પણ કવિની કલ્પનાશીલતાનો પરિચય ખાસ થતો નથી.

કૃતિ : ૧. મહાકાવ્ય:૧ અને ૨, પ્ર. રામદાસી હરિવલ્લભનારાયણ મહારાજ, અનુક્રમે ઈ.૧૯૧૫ અને ઈ.૧૯૧૬(+સં.); ☐ ૨. બૃકાદોહન:૧,૫. [ચ.શે.]

કૃષ્ણવિજય : આ નામે મળતી ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ' (લે. ઈ.૧૯મી સદી અનુ.) અને 'રાજુલ-બારમાસ' એ જૈન કૃતિઓ કયા કૃષ્ણવિજયની છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કી.જો.]

કૃષ્ણવિજય–૧ [ઈ. ૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિ (આચાર્યકાળ ઈ.૧૬૦૦થી ઈ.૧૬૫૭)ના શિષ્ય. ચોથા-પાંચમા ચરણની સાંકળી રચતા ૧૯ કુંડળિયામાં કુલ્પાક તીર્થનું ચારણી છટામાં વર્ણન કરતા '(કુલ્પાકમંડન)શ્રીઋષભજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩ – 'કુલ્પાકમંડન શ્રીઋષભજિન-સ્તવન', સં. સારાભાઈ નવાબ. [કી.જો.]

કૃષ્ણવિજય–૨ [ ] : જૈન સાધુ. મોહનવિજયના શિષ્ય. ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ' તથા ૪ કડીની 'મહાવીર-સ્તુતિ' (બંનેની લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

કૃષ્ણવિજયશિષ્ય [ઈ.૧૮૨૯માં હયાત] : જૈન સાધુ. જશવિજય-કાંતિવિજય–રૂપવિજયશિષ્ય કૃષ્ણવિજયના શિષ્ય. ૫૬ કડીના 'મૃગ-સુંદરીમાહાત્મ્યગર્ભિત-છંદ' (ર.ઈ.૧૮૨૯/સં.૧૮૮૫, ફાગણ સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [કી.જો.]

કૃષ્ણાનંદ [ઈ.૧૯મી સદી] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. પૂર્વાશ્રમનું નામ આદિત/આદિતરામ. પિતા પરમાનંદ. અવટંકે વ્યાસ. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. જન્મ રાણપુર(સૌરાષ્ટ્ર)માં.

એમના 'હરિચરિત્રામૃત' (ર.ઈ.૧૮૫૧/સં.૧૯૦૭, ચૈત્ર સુદ ૯; મુ.)માંના ઉલ્લેખ ઉપરથી કવિ ઈ.૧૮૨૮ પહેલાં દીક્ષિત થયા હોવાનું નિશ્ચિત થાય છે. મુખ્યત્વે પૂર્વછાયા અને ચોપાઈમાં રચાયેલી ૮૮ અધ્યાયની આ કૃતિમાં બ્રહ્માનંદ સ્વામી અને ધમડકાના દરબાર રામસિંહજી વચ્ચેના સંવાદો રૂપે સહજાનંદસ્વામીની જીવનલીલા આલેખાયેલી છે. સહજાનંદવર્ણન અને સહજાનંદભક્તિને વિષય બનાવીને રચાયેલાં, અચિંત્યાનંદને નામે મુદ્રિત પણ 'કૃષ્ણાનંદ'ની નામછાપવાળાં ૩૧૭ જેટલાં પદો મળે છે. સંપ્રદાયમાં કૃષ્ણાનંદ નામધારી ત્રણ સાધુઓ નોંધાયેલા છે. પરંતુ ઉપર્યુક્ત કૃષ્ણાનંદે સહજાનંદસ્વામી સમક્ષ પદો ગાયાના ઉલ્લેખો 'હરિચરિત્રામૃત'માં મળે છે. એથી આ પદો એમની રચનાઓ હોવાનો સંભવ વિશેષ જણાય છે. અચિંત્યાનંદ કૃષ્ણાનંદનું અપરનામ હોવાનો એક મત છે, તો વડતાલમાં કૃષ્ણાનંદની સાથે રહેતા અચિંત્યાનંદને જૂનાગઢમાં રહેવા જવાનું થયું ત્યારે મિત્રવિયોગની સ્થિતિમાં, મિત્રઋણ ચૂકવવા માટે તેમ જ પદબંધમાં પોતાનું લાંબું નામ બંધ નહીં બેસતાં અચિંત્યાનંદે કૃષ્ણાનંદને નામે કીર્તનો રચ્યાં હોવાનો બીજો મત છે. આ બંને મતો માટે કશો આધાર જણાતો નથી. કૃષ્ણાનંદનાં પદોમાં સામાન્ય રીતે હિંદીની છાંટ છે અને ઘણાં પદો હિંદી-રાજસ્થાનીમાં છે.

કૃતિ : ૧. કીરતનાવળી, પ્ર. દામોદર ગો. ઠક્કર, ઈ.૧૮૮૨; ૨. (શ્રી) હરિચરિત્રામૃત, પ્ર. પુરાણી હરિસ્વરૂપદાસજી, ઈ. ૧૯૭૯ (+સં.). [હ.ત્રિ.]

કૃષ્ણાબાઈ [ ] : વડનગરનાં વતની. જ્ઞાતિએ નાગર. આ કવયિત્રીનું ૯૩ કડીનું દેશીબંધમાં રચાયેલું 'સીતાજીની કાંચળી'(મુ.) કાવ્ય સુવર્ણમૃગને મારી લાવવા વિશેના સીતાના રામ તથા લક્ષ્મણ સાથેના વિવાદ-સંવાદને અને તદનુષંગે સીતાના સ્ત્રીહઠપ્રેરિત માનસને રસાત્મક રીતે રજૂ કરે છે. વળી એ કૃતિમાં આ પૂર્વે 'સીતાવિવાહ' અને 'રુક્મિણીહરણ' રચાયાનો નિર્દેશ પણ તેમણે કર્યો છે. રુક્મિણીને પરણવા જતાં શ્રીકૃષ્ણનું વર્ણન કરતું પદ 'શ્રીકૃષ્ણની ઘોડી' મુદ્રિત મળે છે તે જ 'રુક્મિણીહરણ' તરીકે ઓળખાવાયેલ હોય અથવા તો 'રુક્મિણીહરણ'નો ભાગ હોય એમ બને. તેમણે કૃષ્ણવિષયક હાલરડાં(મુ.) તથા અન્ય પદો પણ રચ્યાં છે.

કૃતિ : ૧. નકાદોહન; ૨. બૃકાદોહન:૧, ૧૧.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

કૃષ્ણોદાસ : જુઓ કૃષ્ણદાસ.

કૃષ્ણોદાસ–૧ [ઈ.૧૬૧૭માં હયાત] : આખ્યાનકાર. શિવદાસના પુત્ર. લૂણના ખડાયતા. ૧૩ કડવાંના 'સુદામા-ચરિત' (ર.ઈ. ૧૬૧૭/સં.૧૬૭૩, ભાદરવા સુદ ૯, શનિવાર)ના કર્તા. બધા સંદર્ભો કર્તાનામ 'કૃષ્ણદાસ' જણાવે છે પણ કાવ્યમાં કવિનામછાપ 'કૃષ્ણોદાસ' છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; □ ૨. કદહસૂચિ; ૩. ગૂહાયાદી. [ચ.શે.]

કેલૈયો [ ] : કેટલાંક પદોના કર્તા, જેમાંનું ૭ કડીનું ૧ પદ મુદ્રિત મળે છે.

કૃતિ : પ્રાકાસુધા:૨.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

કેવળપુરી [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ]: જ્ઞાનમાર્ગી કવિ. જન્મ ઉદેપુરમાં, કોઈ રાજવંશી ભાયાતને ત્યાં. એમનાં જન્મ ને અવસાનનાં વર્ષો ચોક્કસપણે નક્કી થતાં નથી પણ તેમનો જીવનકાળ આશરે ઈ.૧૭૫૯–ઈ.૧૮૪૯નો ગણવામાં આવે છે. આ કવિ ૨૫ની વયે ઈડરના ખોખાનાથના અખાડામાં કોઈ સેજપુરી/સેજાપુરીને ગુરુ કરી ગોસાંઈ થયેલા. ૪૦ની વયે ઉમરેઠમાં નિવાસ કરેલો ને આશરે ૯૦ વર્ષની વયે, ત્યાંના મૂળેશ્વર મહાદેવની જગામાં સમાધિ લીધી. આ કવિ અખાની શિષ્યપરંપરામાં ગણાવાયેલા હરિકૃષ્ણજીના શિષ્ય હોવાનું પણ નોંધાયું છે. એમણે અનેક સાધુ-સંન્યાસીઓના સંપર્કે વેદાન્ત અને યોગશાસ્ત્રની સારી જાણકારી મેળવેલી. સંગીતની ઉપાસના પણ કરેલી.

વિશેષપણે વેદાન્તના તત્ત્વજ્ઞાનને તથા યોગમાર્ગને તેમ જ શક્તિપૂજાને વિષય કરતી આ કવિની મુદ્રિત સમગ્ર કવિતામાં આ મુજબની કૃતિઓ નોંધપાત્ર છે : ગુરુશિષ્યસંવાદના રૂપમાં યોજાયેલી તથા આત્મજ્ઞાનને લગતા સિદ્ધાંતોને દૃષ્ટાન્તોની મદદથી વિશદતાથી નિરૂપતી ૪ ખંડ ને ૩૯૧ કડીની 'તત્ત્વસાર'; આત્માનુભવની મસ્તી દર્શાવતાં, કટાક્ષ અને અવળવાણીયુક્ત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનનાં પદો; વિષયવૈરાગ્યને સચોટતાપૂર્વક નિર્દેશતું ને આત્માનુભવનો મહિમા કરતું, ભાષાની ઝમક ને જુસ્સાવાળું, ૩૪ કુંડળિયામાં રચાયેલું 'બત્રીસ અક્ષારનું અંગ' તથા બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતી નાની કૃતિઓ 'બ્રહ્મધાતુ' અને 'બ્રહ્મવિચાર'. આ ઉપરાંત ૮૯ કડીની 'ગુરુમહિમા', ૧૯૪ કડીની 'ધ્યાનતત્ત્વમુદ્રાસાર' આદિ દીર્ઘ કૃતિઓ, ૬ કડીથી ૬૦ કડી સુધીના વ્યાપવાળાં, 'નિંદકકો અંગ', 'કૃષ્ણલીલાકો અંગ', 'વિપ્રકો અંગ', 'જોગીનું અંગ' જેવાં, વિવિધ વિષયો પરનાં કેટલાંક 'અંગ', ૮૦ કડીની 'કક્કા-બત્રીસીની બારાક્ષરી' આદિ ૩-૪ પ્રકારના 'કક્કા', 'વાર', 'તિથિ', 'બારમાસી' અને 'બારરાશિ' તથા આરતી, કીર્તન, ગરબા, ગરબી, થાળ, રવેણી વગેરે પ્રકારની રચનાઓ એમની મળે છે.

કેવળપુરીની કવિતા, આમ, સામાન્ય વ્યવહારથી માંડીને બ્રહ્મજ્ઞાન સુધીના વિષયોનું તથા ઘણાં કાવ્યસ્વરૂપોનું વૈવિધ્ય દેખાડે છે. કુંડળિયા, ઝૂલણા, દોહરા, પ્લવંગમ, સવૈયા, સોરઠા આદિ પ્રચલિત તેમ જ ચંદ્રાયણા, ચોબોલા, દુમિલા, મોતીદામ આદિ અલ્પપરિચિત કાવ્યબંધો-છંદો તથા દેશી ઢાળોને કવિએ પ્રયોજ્યા છે એ પણ નોંધપાત્ર છે. કિશોરવયમાં ચારણોના સંપર્કને લીધે અને કવિએ વિવિધ પ્રદેશોમાં યાત્રા કરી હોવાને લીધે એમની કવિતામાં ચારણી શૈલીનાં ઘણાં લક્ષણો અને ચારણી, મારવાડી, હિંદી વગેરેના શબ્દોની બહુલતા જોવા મળે છે. કેટલીક વાર એક જ પંક્તિમાં ૩-૪ આંતરપ્રાસ ગૂંથાયા હોય એવી રચનારીતિ પણ કવિએ અજમાવી છે. વિષયનિરૂપણ ને રચનાબંધનું આવું વૈવિધ્ય કેવળપુરીની કવિતાને વિલક્ષણ તેમ જ વિશિષ્ટ ઠેરવે છે.

કૃતિ : કેવળપુરીકૃત કવિતા, પ્ર. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા, ઈ.૧૯૨૧(+સં.).

સંદર્ભ : ૧. અસાંપરંપરા; ☐ ૨. સ્વાધ્યાય, મે ૧૯૭૬ – 'કેવળપુરીનું કેવળજ્ઞાન', કેશુભાઈ જી. પટેલ; ☐ ૩. ગૂહાયાદી. [૨.સો.]

કેવળરામ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. એમણે રચેલાં પદોમાંથી કૃષ્ણભક્તિનાં ૩ ગુજરાતી અને ૧ હિંદી પદ(મુ.) મળે છે.

કૃતિ : ૧. પુગુસાહિત્યકારો – ૨ પદ; ૨. પ્રાકાસુધા:૨; ૩. બૃકાદોહન: ૮.

સંદર્ભ : ગૂહાયાદી. [નિ.વો.]

કેવલવિજય [ ] : જૈન સાધુ. ૫ કડીની 'શય્યા-સઝાય'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

કેશરાજ [ઈ. ૧૬૨૭માં હયાત] : વિજયગચ્છના જૈન સાધુ. વિજયઋષિની પરંપરામાં ગુણસાગરના શિષ્ય. એમનો ૪ અધિકાર અને ૬૨ ઢાળનો દુહા-દેશીબદ્ધ 'રામયશોરસાયણ-રાસ' (૨.ઈ.૧૬૨૭/સં. ૧૬૮૩, આસો સુદ ૧૩; મુ.) જૈન પરંપરા મુજબની રામકથા વર્ણવે છે, જેમાં અનેક સ્થાને પૂર્વજ-કથા પણ ગૂંથવામાં આવી છે. વીગતપ્રચુર કથાકથન કરતી આ કૃતિ હિંદી-રાજસ્થાની ભાષાનું નોંધપાત્ર મિશ્રાણ ધરાવે છે ને ગેયતાને પોષતા દેશીઓ તથા ધ્રુવાઓના વૈવિધ્યથી, સાંકળીરચના જેવા ચાતુર્યથી, ઝડઝમકભર્યા છંદોના વિનિયોગથી તથા ઉદ્ધૃત તેમ સ્વતંત્ર સુભાષિત-વાણીથી ધ્યાનાર્હ બને છે.

કૃતિ : ૧. રામરસનામાગ્રંથ, પ્ર. જગદીશ્વર છાપખાના, ઈ. ૧૮૭૨; ૨. રામ-રાસ, સં. મોતીલાલ મ. શાહ, ઈ. ૧૯૧૦(+સં.); ☐ ૩. આકામહોદધિ:૨ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા. [ક.શે.]

કેશવ : આ નામે 'આત્મિક-સઝાય' (મુ.), 'ગજસુકુમાલ-છઢાળિયું' (લે.સં.૧૮મી સદી અનુ.), ૪૯ કડીની 'રાત્રિભોજન-સઝાય' તથા ગણિ કેશવને નામે 'ચોવીસજિન-સ્તવન' એ જૈન કૃતિઓ મળે છે પણ તે કયા કેશવની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. ઉપરાંત આ નામે કેટલીક જૈનેતર કૃતિઓ પણ મળે છે, જેમાં દ્રૌપદીના સતથી મહોરેલા આંબાને કારણે પાંડવો દુર્વાસાના શાપથી બચે છે તે પ્રસંગનું નિરૂપણ કરતી, ૧૫ કડીની લોકગીતની શૈલીની 'પાંડવોનો આંબો' (મુ.), ૧૯ કડીનો 'રેવાપુરી માતાનો ગરબો', કૃષ્ણભક્તિનાં ૨ પદો તથા હિંડોળાના પદનો સમાવેશ થાય છે. આ બધી કૃતિઓના કર્તા કયા કેશવ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. કૃષ્ણભક્તિનાં તથા હિંડોળાનાં પદોના કર્તા કદાચ કેશવ--૩ હોય.

કૃતિ : ૧. કાદોહન:૧; ૨. જૈસસંગ્રહ(ન.); ૩. સંતસમાજ ભજનાવળી:૨, પ્ર. નાનાલાલ ધ. શાહ, –.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ:૧; ૫. ફોંહનામાવલિ; ૬. રાહગ્રંસૂચી:૧; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.;ચ.શે.]

કેશવ(મુનિ)–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ (આચાર્યકાળ ઈ.૧૫૪૪–ઈ.૧૫૯૬)ના શિષ્ય. સુરતમાં ધર્મસાગરે કરેલા અંચલમતખંડનને અનુલક્ષતી ૪૩ કડીની 'તિથિચર્ચાની હમચી'ના કર્તા. જુઓ કેશવદાસ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

કેશવ(મુનિ)–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : જુઓ દયારત્નશિષ્ય કીર્તિવર્ધન.

કેશવ–૩ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. એમનો ઉલ્લેખ 'જનકેશવ' એવા નામથી થયો છે.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

કેશવજી–૧ [અવ.ઈ.૧૬૩૦] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપજીની પરંપરામાં શ્રીમલ્લજી-ઋષિના શિષ્ય રત્નસિંહ/રતનાગરજીના શિષ્ય. વતન મારવાડનું ધુનાડા/દુણાડા. ગોત્ર ઓસવાલ. પિતા વિજા અને માતા જયવંતી. આચાર્યપદ ઈ.૧૬૩૦. એ પછી થોડા માસમાં અવસાન. શ્રીમલ્લજીના રાજ્યકાળ (ઈ.૧૫૭૩–ઈ.૧૬૧૦)માં રચાયેલા ૨૪ કડીના 'લોંકાશાહનો સલોકો' (*મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : * મુંબઈ સમાચાર, તા. ૧૮–૭–૧૯૩૬ – 'શ્રીમાન લોંકાશાહ'.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.સો.]

કેશવજી(ઋષિ)–૨'/શ્રીધર' / 'શ્રીપતિ' [જ. ઈ. ૧૬૧૯ – અવ. ઈ. ૧૬૬૪/સં.૧૭૨૦, જેઠ/અસાડ વદ ૯] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપજીની પરંપરામાં રૂપસિંહજીના શિષ્ય. વતન છપઈ/છાપિયા. ગોત્ર ઓસવાલ ઊસભ. પિતા નેતસી. માતા નવરંગદે. ઈ.૧૬૩૩માં દીક્ષા. ઈ.૧૬૪૧/૧૬૪૨માં આચાર્યપદ. અવસાન કોલદેમાં. 'આનંદશ્રાવક-ચરિત્ર'(૨.ઈ.૧૬૪૦) અને ૧૩ ઢાલની 'સાધુવંદના'ના કર્તા. કવિ પોતાને માટે 'શ્રીધર', 'શ્રીપતિ' એવાં નામો યોજે છે તે નોંધપાત્ર છે.

લોંકાગચ્છના કોઈ જૈન સાધુ કેશવજીઋષિનો 'દશાશ્રુત-સ્કંધ' પરનો ૨૫૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ (૨.ઈ.૧૬૫૩) મળે છે એ કૃતિ પણ સમયદૃષ્ટિએ આ જ કવિની હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨) – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૨). [૨.સો.]

કેશવજી–૩ [ઈ.૧૭૩૬માં હયાત] : નાનાસુત. અવટંકે પંડ્યા. સુરતના બ્રાહ્મણ. 'પુરુષોત્તમમાસમાહાત્મ્ય' (૨.ઈ.૧૭૩૬)ના કર્તા. આ કવિ ભૂલથી કેશવરામના નામથી પણ ઉલ્લેખાયા છે.

સંદર્ભ : ૧. કદહસૂચિ; ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [ચ.શે.]

કેશવદાસ/કેસોદાસ : આ નામોથી કેટલીક જૈન કૃતિઓ મળે છે, જેમ કે, કેસોદાસને નામે 'સાધુવંદના' નોંધાયેલી છે. આ કવિ કેશવદાસ–૩ હોવાનું નિશ્ચિતપણે કહેવા માટે કોઈ આધાર નથી. કેશવદાસને નામે ૩૮ કડીની 'આંચલિકખંડન-ભાસ/હમચી-ભાસ' (લે.સં.૧૮મી સદી અનુ.) નોંધાયેલ છે તે કેશવમુનિ–૧ને નામે નોંધાયેલ 'તિથિચર્ચાની હમચી' હોવા સંભવ છે.

આ ઉપરાંત, કેશવદાસ નામે 'બારમાસી' (અપૂર્ણ) તથા પદ (કેટલાંક મુ.) એ જૈનેતર કૃતિઓ મળે છે તે કયા કેશવદાસ છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : બૂકાદોહન:૭, ૮.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.સો.; ચ.શે.]

કેશવદાસ–૧ [ઈ.૧૫૩૬માં હયાત] : રાદે (હૃદયરામ ? રાજદેવ ?)ના પુત્ર. અવટંકે મહેતા. પ્રભાસપાટણના વતની. જ્ઞાતિએ વાલમ (વાલ્મિક) કાયસ્થ. અંબાલાલ જાનીએ 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' એ શીર્ષકથી 'કેશવરામ'ને નામે પ્રસિદ્ધ કરેલા એમના કાવ્યની અંદર સર્વત્ર કૃતિનામ 'શ્રીકૃષ્ણક્રીડા' અને કર્તાનામ 'કેશવદાસ' મળે છે. આ કૃતિની રચનાસંવતદર્શક પંક્તિનાં ૨ અર્થઘટન થઈ શકે છે. તેમાંથી સં.૧૫૨૯ કરતાં સં.૧૫૯૨ (આસો સુદ ૧૨ ગુરુવાર/ઈ.૧૫૩૬)નું અર્થઘટન વધુ આધારભૂત ગણાયું છે.

૪૦ સર્ગ અને આશરે ૭૦૦૦ પંક્તિની મુખ્યત્વે દશમસ્કંધ પર આધારિત 'કૃષ્ણક્રીડા' કૃષ્ણચરિત્રવિષયક સમગ્ર સાહિત્યિક પૂર્વપરંપરાનો લાભ લે છે ને રસાત્મકતાથી કૃષ્ણનું લીલાગાન કરે છે. વસંતલીલા જેવા સ્વતંત્ર રીતે આસ્વાદ્ય બનતા ખંડો ધરાવતી આ કૃતિમાં ભાવનિરૂપણ તથા પાત્ર-પ્રસંગચિત્રણની પ્રશસ્ય શક્તિ કવિ બતાવે છે. મુખ્યત્વે પૂર્વછાયા અને ચોપાઈબંધ અહીં પ્રયોજાયો છે પણ તે ઉપરાંત અપભ્રંશ, વ્રજ અને ચારણી પરંપરાના પણ ઘણા છંદોનો વિનિયોગ તથા પદ્યરચનાની ચાતુરી પણ ધ્યાન ખેંચે છે. ઉદ્ધૃત તેમ જ સ્વરચિત સંસ્કૃત શ્લોકોનો આશ્રય અને વ્રજભાષાની પદરચના કવિની તે ભાષાઓની અભિજ્ઞતા પ્રગટ કરે છે. આ રીતે દશમસ્કંધ પર આધારિત ગુજરાતી કાવ્યોમાં આ કૃતિ મહત્ત્વની ઠરે છે.

કવિએ આ ઉપરાંત કેટલાંક પદો રચ્યાંની સંભાવના થઈ છે પણ એને માટે કોઈ પ્રમાણ નથી.

કૃતિ : શ્રીકૃષ્ણલીલાકાવ્ય, સં. અંબાલાલ બુ. જાની, ઈ. ૧૯૩૩ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુસાઈતિહાસ:૨; ૩. ગુસામધ્ય; ૪. ભીમ અને કેશવદાસ કાયસ્થ, કે. કા. શાસ્ત્રી, ઈ.૧૯૮૧; ૫. સ્વ. રામલાલ ચૂનીલાલ મોદી લેખસંગ્રહ:૨, રામલાલ ચૂ. મોદી, ઈ.૧૯૬૫ – 'કવિ કેશવદાસનો સમય'. [ચ.શે.]

કેશવદાસ–૨ [ઈ.૧૬૨૭માં હયાત] : જૈમિનીના અશ્વમેધ-પર્વની કથા પર આધારિત, ૧૫ કડવાંનું 'બકદાલ્ભ્યાખ્યાન' (૨.ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, આસો વદ ૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ:૨. [ચ.શે.]

કેશવદાસ–૩/કેસોદાસ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : વિજયગચ્છના પદ્મસાગરના શિષ્ય. પદ્મસાગરના અવસાન (ઈ.૧૬૦૬) પછીના અરસામાં રચાયેલા, કેસોદાસની નામછાપ ધરાવતા, હિંદીની અસર-વાળા ૧૯ કડીના 'પદ્મસાગર-ફાગ'ના કર્તા.

સંદર્ભ : બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૯૮૦ – 'કેશવદાસરચિત 'પદ્મ-સાગર-ફાગ' ', રમણલાલ ચી. શાહ. [૨.સો.]

કેશવદાસ–૪ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુળનાથના ઈ.૧૬૨૧માં ગોકુળમાં થયેલા આગમન સુધીની, સાંપ્રદાયિક દૃષ્ટિએ ઉપયોગી એવી ઐતિહાસિક વીગતો આપતી, ગોપાલદાસના 'વલ્લભાખ્યાન'ની અસર ધરાવતી, 'મીઠાં' નામક ૯ કડવાંની 'વલ્લભવેલ/જન્મવેલ' (*મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : *વૈષ્ણવધર્મપતાકા, પોષ ૧૯૮૦થી પોષ ૧૯૮૧.

સંદર્ભ : કવિચરિત:૧–૨. [ચ.શે.]

કેશવદાસ–૫ [સં.૧૭મી સદી ઉત્તરાર્ધ–સં.૧૮મી સદી] : પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવ કવિ. ગુસાંઈજી વિઠ્ઠલનાથજીના પુત્રોના ભક્ત-કવિઓમાંના એક.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેશવદાસ–૬ [ઈ.૧૬૭૭માં હયાત] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુળરાય(ગોકુળનાથ)ના શિષ્ય. દેવજીસુત. શ્રીડાલ્યમપુરીમાં એમણે કૃતિની રચના કરી છે માટે ત્યાંના વતની હોઈ શકે. લાડ જ્ઞાતિ. તેમણે 'ભ્રમરગીતા'ના પ્રસંગને સમાવી લેતું, શ્રીકૃષ્ણ મથુરા ગયા તે પછીના સમગ્ર વૃત્તાંતને વર્ણવતું, ૩૧ કડવાંનું 'મથુરાલીલા' (૨.ઈ.૧૬૭૭/સં.૧૭૩૩, અસાડ સુદ ૨, શનિવાર; મુ.) પ્રસાદમધુર શૈલીમાં રચ્યું છે.

કૃતિ : પ્રાકાસુધા:૩(+સં.), ૪.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

કેશવદાસ–૭ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : જુઓ લાવણ્યરત્નશિષ્ય કુશલસાગર.

કેશવદાસ–૮ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ઈ.૧૬૭૦ પછી ઔરંગઝેબનું વ્રજ પર આક્રમણ થવાથી શ્રીનાથજી મેવાડ પધાર્યા એ પ્રસંગને અનુરૂપ ઐતિહાસિક કાવ્ય રચનારાઓમાંના એક.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

કેશવવિજય [ઈ.૧૬૨૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિના શિષ્ય. ૩૮૪ કડીની 'સદયવત્સસાવલિંગા-ચોપાઈ' (૨.ઈ.૧૬૨૩/સં.૧૬૭૯, મહા વદ ૧૦, સોમવાર)ના કર્તા. કીર્તિવર્ધનની 'સદયવત્સસાવલિંગા-ચોપાઈ'ની જ પાઠાંતરવાળી પ્રત તરીકે નોંધાયેલી આ કૃતિ અને એના કર્તા વસ્તુત: જુદાં છે.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [૨.સો.]

કેસર [ઈ.૧૭૨૦માં હયાત] : જૈન સાધુ. ૧૧ ઢાલમાં દુહા-ચોપાઈમાં રચાયેલ 'ચંદનમલયાગીરી-ચોપાઈ' (૨.ઈ.૧૭૨૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [ક.શે.]

કેસરકુશલ : આ નામે ૨૩ કડીનું 'શાંતિજિન-સ્તવન' (લે.સં. ૧૯મી સદી અનુ.) મળે છે તે કયા કેસરકુશલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કેસરકુશલ–૧ [ઈ.૧૬૭૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં હર્ષકુશલના શિષ્ય. ૧૯ ઢાળની દુહા-ચોપાઈમાં રચાયેલી 'અઢારપાપસ્થાનક-સઝાય' (૨.ઈ.૧૬૭૪/સં. ૧૭૩૦, શુચિ માસ સુદ ૧૫, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [ક.શે.]

કેસરકુશલ–૨ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. લાલકુશલની પરંપરામાં સૌભાગ્યકુશલના શિષ્ય. મેવાડના દાનવીર જગડુશાની ગુણપ્રશસ્તિ કરતી ૨૬ કડીની 'જગડુપ્રબંધ-ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૭૦૪/સં. ૧૭૬૦, શ્રાવણ –; મુ.), વરદત્તગુણમંજરીના કથાનકને રજૂ કરતી ૭૫ કડીની 'પંચમી/જ્ઞાનપંચમી/સૌભાગ્ય-પંચમી-સ્તવન' (૨.ઈ.૧૭૦૨/ સં.૧૭૫૮, કારતક સુદ ૫) તથા 'વીશી' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ; ૨. લીલાવતી મહિયારીનો રાસ તથા જગડુશાની ચોપાઈ, પ્ર. ભીમસી માણેક, ઈ.૧૯૧૫.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કેસરવિજય : આ નામે ૭ કડીનું 'ઋષભ-સ્તવન' નોંધાયેલ મળે છે તે કયા કેસરવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કેસરવિજય–૧ [ઈ.૧૭૬૩ સુધીમાં] : જૈન સાધુ. જયવિજયના શિષ્ય. ૧૫ કડીના 'શાંતિજિન-સ્તવન' (લે.ઈ.૧૭૬૩)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ક.શે.]

કેસરવિજય–૨ [ઈ.૧૮મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીવિજયના શિષ્ય અને લબ્ધિવિજય(ઈ. ૧૭૫૪માં હયાત)ના ગુરુ. ૮ કડીના 'સિદ્ધચક્ર-સ્તવન'(મુ.), ૧૫ કડીની 'ગુરુ-સ્તુતિ' તથા તીર્થંકરો પરનાં તેમ જ અન્ય વિષયો પરનાં સ્તવનોના કર્તા.

કૃતિ : ૧. જિગુસ્તમાલા; ૨. જૈકાપ્રકાશ:૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [ક.શે.]

કેસરવિજય–૩ [ઈ.૧૮૪૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિની પરંપરામાં જીવવિજયના શિષ્ય. દુહા-દેશી-ગીતબદ્ધ ૨૬ ઢાળની 'ચોસઠ ઠાણાની પૂજા' (૨.ઈ.૧૮૪૭/સં.૧૯૦૩, આસો સુદ ૨; મુ.)ના કર્તા.

કૃતિ : ચોસઠ ઠાણાની પૂજા તથા ચોવીસ તીર્થંકરના અઠાણું બોલ, પ્ર. શિહોરસંઘ, સં.૧૯૭૨. [ક.શે.]

કેસરવિમલ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયરત્નસૂરિની પરંપરામાં શાંતિવિમલ-કનકવિમલ એ બે ભાઈઓના શિષ્ય. એમની ૧૭૦ કડીની 'સૂક્તમાલા/સૂક્તાવલિ' (૨.ઈ.૧૬૯૮; મુ.) વિવિધ વિષયો પરનાં સુભાષિતોને ધર્માદિ ૪ વર્ગોમાં વહેંચીને સદૃષ્ટાંત રજૂ કરે છે. જૈન સાધુવર્ગમાં પ્રચલિત આ સુભાષિત-સંગ્રહ સમગ્રપણે અક્ષરમેળ વૃત્તોની રચના હોવાથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિશેષપણે નોંધપાત્ર બને છે. વ્રતનિયમ-વિષયક, લોકકથા પર આધારિત, દુહા-દેશીબદ્ધ 'વંકચૂલ-રાસ' (૨.ઈ. ૧૭૦૦; *મુ.), પરંપરાગત અલંકારોની રમણીયતા ધરાવતી તથા પ્રેમભક્તિનો ભાવ વણી લેતી 'ચોવીસી' (૨.ઈ.૧૬૯૪; મુ.), ૯ કડીની 'ગોડીપાર્શ્વજિન-સ્તવન' (મુ.), '(શંખેશ્વર)પાર્શ્વનાથ-છંદ' તથા કેટલાંક સ્તવનો (કેટલાંક મુ.) એ આ કવિની અન્ય કૃતિઓ છે.

કૃતિ : ૧. ગોડી પાર્શ્વનાથ સ્મારક સાર્ધ શતાબ્દી ગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ.૧૯૬૨; ૨. જિસ્તકાસંદોહ:૧; ૩. જૈપ્રપુસ્તક:૧; ૪. સગુકાવ્ય.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ:૨; ૨. જૈગૂકવિઓ:૨, ૩(૨); ૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કેસરસાગર (ગણિ) : આ નામે મૂળ ગજસારકૃત પ્રાકૃત 'વિચારષટ્-ત્રિંશિકાપ્રકરણ-દંડકપ્રકરણ' પરનો ૫૬૫ ગ્રંથાગ્રનો સ્તબક (૨. ઈ.૧૭૦૧) અને માનદેવસૂરિના મૂળ સંસ્કૃત 'લઘુશાંતિ-સ્તવન/સ્તોત્ર' પરનો ૨૦૦ ગ્રંથાગ્રનો સ્તબક (૨.ઈ.૧૭૦૬/સં.૧૭૬૨, કારતક વદ ૧૩, બુધવાર) મળે છે તે કદાચ કેસરસાગર-૨ હોઈ શકે. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગૂજરાતી હસ્તપ્રત સૂચી'માં 'લઘુશાંતિ-સ્તવન' પરના સ્તબકની ૨.સં.૧૭૬૨ને ભૂલથી લે. સં. ગણાવાઈ છે તેમ જ સ્તબકકર્તાની ખોટી ગુરુપરંપરા પણ નોંધાઈ ગઈ છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કેસરસાગર-૧ [ઈ.સ.૧૬૬૫ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. ઉત્તમસાગરના શિષ્ય. ધર્મદાસગણિકૃત મૂળ પ્રાકૃતગ્રંથ 'ઉપદેશ-માલા' પરના સ્તબક (લે.ઈ.૧૬૬૫)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

કેસરસાગર-૨ [ઈ.૧૭૪૪ સુધીમાં] : જૈન સાધુ. પદ્મસાગરની પરંપરામાં ચરિત્રસાગરના શિષ્ય. મૂળ પ્રાકૃત ગ્રંથ 'નવતત્ત્વપ્રકરણ' પરના સ્તબક (લે.ઈ.૧૭૪૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ક.શે.]

કેસરીચંદ [ઈ.૧૯મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. હિન્દી-રાજસ્થાનીમિશ્ર ગુજરાતી ભાષામાં ૨૧ કડીના 'વીસસ્થાનકતપ-સ્તવન'(૨.ઈ.૧૮૪૨/સં.૧૮૯૮, ચૈત્ર –; મુ.) અને ૭ ઢાળના 'જ્ઞાનપંચમીમહિમા-સ્તવન' (૨.ઈ.૧૮૫૦/સં.૧૯૦૬, કારતક સુદ ૫, રવિવાર)ના કર્તા.

કૃતિ : આરત્નસાર.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ત્રિ.]

કેસોદાસ : જુઓ કેશવદાસ.

કોલિહ [ઈ.૧૪૮૫માં હયાત] : જૈન. હિંદી તથા રાજસ્થાની ભાષાની અસર દર્શાવતી ૩૩૨ કડીની 'કંકસેનરાજા-ચોપાઈ' (૨.ઈ.૧૪૮૫/સં.૧૫૪૧, શ્રાવણ સુદ ૫, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ:૧. [કી.જો.]

કૃહાન- : જુઓ કાન-.

કૃહાન/કૃહાન (કવિ) : કૃહાનને નામે ૨૨ કડીની 'નેમિનાથ-ફાગ-બાર માસ' (લે.ઈ.૧૪૭૯) એ કૃતિ નોંધાયેલી મળે છે તે સમય જોતાં કૃહાન-૧ની હોવાની શકયતા રહે છે પરંતુ એ વિશે કશું નિશ્ચિત કહી શકાય તેમ નથી. આ કૃતિ અન્યત્ર ડુંગરને નામે પણ મળે છે.

કૃહાન કવિને નામે હિંદી ભાષામાં જણાતી 'અંબા-છંદ', 'પાર્શ્વ-ગીત' વગેરે કેટલીક કૃતિઓ (લે. ઈ. ૧૭૧૨) તથા ચારણી શૈલીમાં જણાતી '(ફલોધી) પાર્શ્વનાથનો છંદ' નોંધાયેલ મળે છે, તે કોઈ જૈન કવિ છે પરંતુ એ કયા કૃહાન છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કોઈ જૈનેતર કૃહાનને નામે ૨ પદ (મુ.) તથા ગરબા-ગરબીઓ મળે છે તે કયા કૃહાન છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. અભમાલા; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. પ્રાકાકૃપરંપરા; ☐ ૨. ગૂહાયાદી; ૩. જૈગૂકવિઓ:૩(૨); ૪. મુપુગૂહસૂચી. [૨.સો.]

કૃહાન-૧ [ઈ.૧૩૬૪માં હયાત] : જૈન શ્રાવક. શ્રીમાલી છાંડા કુળ. ૪૦ કડીની 'અંચલગચ્છનાયકગુરુ-રાસ' (૨.ઈ.૧૩૬૪/સં. ૧૪૨૦, આસો વદ ૩૦, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ:૧. [૨.સો.]

કૃહાન-૨ [ઈ.૧૫૧૫ સુધીમાં] : અવટંકે રાઉલ(રાવળ). એમના, મુખ્યત્વે શાર્દૂલવિક્રીડિત છંદની ૧૦૮ કડીના 'કૃષ્ણક્રીડિત' (લે.ઈ. ૧૫૧૫; ૮ કડી મુ.)માં કૃષ્ણની રાસ, વસ્ત્રહરણ વગેરે લીલાઓનું વર્ણન છે. ભક્તિભાવની આ કૃતિનો શરૂઆતનો અર્ધઝાઝેરો ભાગ શુદ્ધ પ્રેમકવિતા તરીકે પણ આસ્વાદી શકાય તેવો છે. ભાષા, છંદ અને ભાવ પર કવિની નોંધપાત્ર પકડ દર્શાવતી આ કૃતિ અક્ષર-મેળ વૃત્તોના વિનિયોગને કારણે પણ ધ્યાન ખેંચે છે. કાવ્યની ઈ. ૧૫૧૫થી પણ થોડીક જૂની જણાતી હસ્તપ્રત મળી હોવાથી તેમ જ કાવ્યનું ભાષાસ્વરૂપ જોતાં એ ઈ.૧૫મી સદી — નરસિંહના સમય લગભગનું હોવાની અટકળ થઈ શકે છે.

કૃતિ : કાવ્યવ્યાપાર, હરિવલ્લભ ભાયાણી, ઈ.૧૯૮૨ – 'ત્રણ કૃતિવિવેચન'માં અંતર્ગત 'રાસલીલા — 'કૃષ્ણક્રીડિત' કાવ્યનો એક ખંડ' (+સં.).

સંદર્ભ : કવિચરિત:૧–૨. [હ.ભા.]

કૃહાન-૩/કૃહાનજી [ઈ.૧૫૭૧માં હયાત] : આખ્યાનકાર. વીસા મોઢ. પિતા મંત્રી કમલશી. કોઈ શ્રીકંઠસુત પપુ વ્યાસ પાસેથી રામકથા સાંભળીને આ કવિએ રચેલા દુહાચોપાઈબદ્ધ ૬ કાંડ અને ૭૧૨૦ ગ્રંથાગ્રના 'રામચરિત્ર/રામાયણ'(અપૂર્ણ)ના સુંદરકાંડને અંતે ૨.ઈ.૧૫૭૧ (સં.૧૬૨૭, શ્રાવણ સુદ ૧૫, સોમવાર) મળે છે. વાલ્મિકીય રામાયણના ક્યાંક-ક્યાંક ફેરફારવાળા સંક્ષેપ રૂપે રચાયેલી આ કૃતિમાં પ્રાસાનુપ્રાસાદિની શબ્દચમત્કૃતિ તથા કેટલાંક વર્ણનોનું અકૃત્રિમ કાવ્યસૌંદર્ય જોવા મળે છે.

સંદર્ભ : ૧. કાશીસુત શેધજી એક અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ.૧૯૭૪; ☐ ૨. ત્રૈમાસિક, જુલાઈ–સપ્ટે. ૧૯૭૪ – 'કાહાનનું રામાયણ', દેવદત્ત શિ. જોશી. [૨.સો.]

કૃહાન-૪/કૃહાનજી/કૃહાનડ/કૃહાનદાસ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. પિતા હરજી. ૭૦૦૦ કડીઓ અને ૧૭ આખ્યાનોમાં વિસ્તરતા ઈ.૧૬૩૬માં આરંભાઈ ઈ.૧૬૩૯ (સં.૧૬૯૫,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મકરસંક્રાંતિ)માં પૂરા થયેલા આ કવિના 'અશ્વમેધ-પર્વ'←(મુ.)માં મહાભારતને અનુસરી સળંગ પ્રવાહી કથાનિરૂપણ થયું છે. કડવા માટે યોજાયેલી 'અલંકાર', 'ઝમક' જેવી સંજ્ઞાઓ, પાત્રોક્તિઓનો થયેલો બહોળો ઉપયોગ અને રાગનિર્દેશથી સૂચવાતી સુગેયતા આ કથાનાં નોંધપાત્ર તત્ત્વો છે. 'નંદજીની ગાય' નામે ૧ કૃતિ પણ આ કવિને નામે નોંધાયેલી છે.

કૃતિ : મહાભારત:૬, સં. કેશવરામ કા. શાસ્ત્રી, ઈ.૧૯૫૧ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ☐ ૨. ગૂહાયાદી. [૨.સો.]

કૃહાન–૧ [ઈ.૧૬૭૫ સુધીમાં] : જીવા ભટ્ટના પુત્ર. થામણાના નિવાસી. ભુજંગપ્રયાતમાં રચાયેલ 'કૃષ્ણસ્તુતિ-અષ્ટક' (લે.ઈ. ૧૬૭૫; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૪૧(+સં.). [૨.સો.]

કૃહાન–૬ [ઈ.૧૬૯૨ સુધીમાં] : આખ્યાનકાર. હીરાસુત. ઔદીચ્ય બ્રાહ્મણ. પૂર્વજોનું વતન અમરાવતી. પોતે અમદાવાદ પાસેના રાણીપનો રહેવાસી. નાકર (ઈ.૧૬મી સદી)ની કૃતિ સાથે સેળભેળ થતાં ૭૮ કડવાં સુધી વિસ્તરેલા પણ મૂળ ૩૩ કડવાંના જણાતા અને કેટલાક સારા જૂના ઢાળને સાચવી રાખતા 'ઓખાહરણ' તથા વિષ્ણુધર્મોત્તરપુરાણને આધારે એકાદશીની કથાઓ વર્ણવતા 'એકાદશીમાહાત્મ્ય' (લે.ઈ.૧૬૯૨)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુસામધ્ય; ☐ ૩. ગૂહાયાદી. [૨.સો.]

કૃહાનજી : આ નામે 'ચોવીસી' તથા 'હીરવિજયસૂરિ-સઝાય' એ જૈન કૃતિ તેમ જ જૈનેતર પદો નોંધાયેલાં મળે છે તે કયા કૃહાનજી છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧.ગૂહાયાદી; ૨.લીંહસૂચી; ૩.હેજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

કૃહાનજી–૧ [ઈ.૧૫૭૧માં હયાત] : જુઓ કૃહાન–૩.

કૃહાનજી–૨ [ઈ.૧૫૯૧માં હયાત] : જૈન સાધુ. ભૂલથી ધનપતિને નામે નોંધાયેલા 'સ્થાનાંગસૂત્ર-બાલાવબોધ' (૨.ઈ.૧૫૯૧/સં.૧૬૪૭, માગશર સુદ ૫, શનિવાર)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાઈ:૧૭(૧). [૨.સો.]

કૃહાનજી–૩ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જુઓ કૃહાન–૪.

કૃહાનજી (ગણિ)–૪ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ–અવ.ઈ.૧૭૨૩/સં.૧૭૭૯, ભાદરવા સુદ ૮] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપઋષિની પરંપરામાં તેજસિંહના શિષ્ય. નડુલાઈના ઓસવાલ વહોરા ગોત્રના કચરાના પુત્ર. માતા જગીસા (?). ઈ. ૧૬૮૭માં ગાદીપતિ બન્યા. આ કવિની ૪ કડીની 'સુમતિનાથ-સ્તવન' (૨.ઈ.૧૬૯૨; મુ.), ૧૬ કડીની 'અર્જુનમાલી-સઝાય' (૨.ઈ.૧૬૯૨), ૯ કડીની 'ગજસુકુમારમુનિની સઝાય' (૨.ઈ.૧૬૯૭/સં.૧૭૫૩, પોષ સુદ ૧; મુ.), ૭ કડીની 'શાંતિ-સ્તવન' (૨.ઈ.૧૭૦૦), ૨૦ કડીની 'શ્રાવકની કરણીની સઝાય' (મુ.), ૧૮ કડીની 'સુદર્શનશેઠ-સઝાય' (૨.ઈ.૧૭૦૦), ૧૬ કડીની 'સામાયિકબત્રીસદોષ-સઝાય' (૨.ઈ. ૧૭૦૨; મુ.), ૬ કડીની 'નેમનાથ-સ્તવન' (૨.ઈ.૧૭૧૧) તથા ૭ કડીની 'મેઘમુનિ-સઝાય' (૨.ઈ.૧૭૧૪) – એ કૃતિઓ મળે છે.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા:૧ અને ૨, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૨. લોંકપ્રકરણ; ૩. વિવિધ પુષ્પવાટિકા:૨, સં. મુનિશ્રી ધૂનમચંદ્રજી, ઈ.૧૯૮૨ (સાતમી આ.).

સંદર્ભ : જૈગૂકવિઓ.૨,૩(૨). [૨.સો.]

કૃહાનજી–૫ [ ] : માધવસુત. એમનું કૃષ્ણ-કીર્તનનું ૧ પદ મુદ્રિત મળે છે.

કૃતિ : નકાદોહન. [૨.સો.]

કૃહાનડ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જુઓ કૃહાન–૪.

કૃહાનડદાસ [ ] : કેટલાંક પદોના કર્તા.

સંદર્ભ : ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

કૃહાનદાસ : આ નામે 'આણું'(પદ), કુંડલિયા, ગણપતિસ્તુતિનાં ૪ પદ, 'રાસનું ધોળ', 'હિંગુલામંત્રચરિત્ર-છંદ' અને 'હોલાહોલીનું આખ્યાન' નોંધાયેલાં છે તે કયા કૃહાનદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

આ ઉપરાંત સં.૧૮મી સદીમાં થયેલા કૃહાનદાસ નામે પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવ કવિ નોંધાયેલા છે તે અન્ય કૃહાનદાસથી જુદા છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પુગુસાહિત્યકારો; ☐ ૩. ગૂહાયાદી. [૨.સો.]

કૃહાનદાસ–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જુઓ કૃહાન–૪.

કૃહાનદાસ–૨/કૃહાનિયોદાસ/કનૈયો [ ] : આ કવિની, કૃષ્ણજન્મોત્સવને વર્ણવતી ૯ પદની 'કૃષ્ણજન્મ-વધાઈ', ક્યારેક 'કડવું' નામ પણ ધરાવતા સાખી, ચોપાઈ અને ચાલના બંધવાળાં ૧૮ નાનાં પદની 'ગોવર્ધન-રાસ' તથા એ જ વિષયને અનુલક્ષતાં જસોદા-કૃષ્ણ વચ્ચેના મધુર સંવાદનાં ૪ પદો – એ મુદ્રિત કૃતિઓ મળે છે. જુઓ કૃહાનૈયો.

કૃતિ : બૂકાદોહન:૭(+સં.).

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત;☐૨. ગૂહાયાદી; ૩. ફાહનામાવલિ:૨. [૨.સો.]

કૃહાનપુરી [ ] : રૂખડિયા સંતકવિ. અધ્યાત્મ તથા ભક્તિવિષયક મુદ્રિત-અમુદ્રિત પદોના કર્તા. એમના ૧ પદમાં હિંદીમિશ્ર ભાષા પણ જોવા મળે છે.

કૃતિ : ૧. અભમાળા; ૨. નકાસંગ્રહ; ૩. સતવાણી.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્ષમા- : જુઓ ખીમ- અને ખેમ-.

ક્ષમાકલશ [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : રાસકવિ. આગમગચ્છના જૈન સાધુ. અમરરત્નસૂરિની પરંપરામાં કલ્યાણરાજના શિષ્ય. 'સુંદર-રાજા-રાસ' (૨.ઈ.૧૪૯૫/સં.૧૫૫૧, વૈશાખ વદ –, શનિવાર) અને ધર્મથી જય અને પાપીનો ક્ષય એ સિદ્ધાંતને વૈર-સિંઘરાજાના પુત્ર લલિતાંગકુમારના કથાનક દ્વારા ચરિતાર્થ કરતા, મુખ્યત્વે દુહા-ચોપાઈ અને ક્વચિત્ દેશી ઢાળનો વિનિયોગ કરતા ૨૧૭ કડીના 'લલિતાંગકુમાર-રાસ' (૨.ઈ.૧૪૯૭/સં.૧૫૫૩, ભાદરવા વદ ૧૧, શનિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : લલિતાંગકુમાર રાસ, સં. કનુભાઈ શેઠ, ધનવંત શાહ, ઈ.૧૯૮૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ક્ષમાકલ્યાણ(ઉપાધ્યાય) [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – અવ.ઈ. ૧૮૧૭/સં.૧૮૭૩, પોષ વદ ૧૪] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનલાભસૂરિની પરંપરામાં અમૃતધર્મના શિષ્ય. એમનું ૭ કડીનું 'શંખેશ્વરપાર્શ્વ-સ્તવન' સૌથી જૂનું રચનાવર્ષ ઈ.૧૭૭૦ (સં.૧૮૨૬, વૈશાખ – ૩) બતાવે છે એના આધારે કવિના જીવનની પૂર્વમર્યાદા ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ ગણી શકાય. અવસાન બિકાનેરમાં.

એમના સમયના ખરતરગચ્છીય વિદ્વાનોમાં અગ્રગણ્ય એવા આ કવિએ વ્રજ-હિન્દી અને ગુજરાતી કરતાં સંસ્કૃતમાં ઘણી રચનાઓ કરી છે અને એમની રચનાઓમાં ગદ્યકૃતિઓનું પ્રમાણ મોટું છે. ગુજરાતી પદ્યમાં એમણે 'ચૈત્યવંદન-ચોવીશી/જિનનમસ્કાર-ચોવીશી' (૨.ઈ.૧૮૦૦/સં.૧૮૫૬, જેઠ સુદ ૧૩; મુ.),૫૩ કડીની 'થાવચ્ચાપુત્ર અણગાર ચોઢાળિયાં' (૨.ઈ.૧૭૯૧/ સં.૧૮૪૭, આસો સુદ ૧૦; મુ.), ૩ ઢાળની 'અઈમત્તાઋષિની સઝાય' (મુ.) અને તીર્થયાત્રા તથા પ્રતિષ્ઠાના પ્રસંગોએ રચાયેલાં ને તેથી કચારેક ઐતિહાસિક માહિતી પણ ધરાવતાં ઘણાં સ્તવનો તેમ જ કેટલીક સઝાયો રચેલ છે. એમનાં પ્રકીર્ણ સ્તવનો-સઝાયોમાંથી ઘણાં મુદ્રિત મળે છે.

ગુજરાતી ગદ્યકૃતિઓમાં પાક્ષિકાદિપ્રતિક્રમણ વિધિને સંગૃહીત કરી લેતો ૪૨૦ ગ્રંથાગ્રનો 'શ્રાવકવિધિસંગ્રહપ્રકાશ' (૨.ઈ.૧૭૮૨) એ ગ્રંથ આ વિષયના પૂર્વપરંપરાના અનેક ગ્રંથોની સહાયથી રચાયેલો છે. આ ઉપરાંત, એમનું સંસ્કૃતમાં 'પર્યુષણઅષ્ટાહ્નિ-કાવ્યાખ્યાન' તેમ જ ગુજરાતીમાં પણ 'પર્યુષણઅઠ્ઠાઈવ્યાખ્યાન' (૨.ઈ.૧૮૦૪) નોંધાયેલ મળે છે. એ જ રીતે સ્વરચિત સંસ્કૃત 'યશોધર-ચરિત્ર'(૨.ઈ.૧૭૮૩)નો બાલાવબોધ (૨.ઈ.૧૭૮૩) એમણે રચ્યો છે.

કવિએ સંસ્કૃતમાં 'પ્રશ્નોત્તરસાર્ધશતક' (૨.ઈ.૧૭૯૫) રચેલ છે તેને હિંદી ગદ્યમાં પણ ઉતારેલ છે (૨.ઈ.૧૭૯૭). તે ઉપરાંત, 'અંબડ-ચરિત્ર' એ ગદ્યકૃતિ, 'જયતિહુઅણ-સ્તોત્ર' અને કેટલાંક સ્તવનાદિ પણ એમણે હિંદીમાં રચેલ છે.

કવિની સંસ્કૃત કૃતિઓ અનેક ગ્રંથોના દોહન રૂપે અને સાદી ભાષામાં હોય છે. ઉપર ઉલ્લેખાઈ ગઈ છે તે ઉપરાંતની એમની સંસ્કૃત રચનાઓ આ પ્રમાણે છે : 'ખરતરગચ્છ-પટ્ટાવલી' (૨. ઈ.૧૭૭૪), 'શ્રીપાલ-ચરિત્ર' (૨.ઈ.૧૮૧૩), 'સમરાદિત્ય-ચરિત', 'ચાતુર્માસિકહોલિકાદિદશપર્વ-કથા' (૨.ઈ.૧૭૭૯), અક્ષયતૃતીયા આદિ કેટલાંક પર્વોનાં વ્યાખ્યાનો, 'સૂક્તમુક્તાવલી', 'જીવવિચાર' વગેરે પર કેટલીક વૃત્તિઓ ને વ્યાખ્યાઓ, 'પરસમયસારવિચારસંગ્રહ', 'વિજ્ઞાનચંદ્રિકા' (૨.ઈ.૧૭૯૩) તથા પોતાના ગુરુ અમૃતધર્મ વિશેનાં કેટલાંક અષ્ટકો.

કવિ કેવળ 'કલ્યાણ' એ નામછાપથી પણ કાવ્યો રચે છે તેથી તેમની કૃતિઓ કેટલાક સંદર્ભોમાં કલ્યાણને નામે ચડી ગઈ હોવાનું જોવા મળે છે. જુઓ કલ્યાણ.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ (+સં.); ૨. ચૈત્યવંદનસ્તવનસંગ્રહ, પ્ર. સુગનચંદજી ઉ. બાંઠિયા, સં.૧૯૮૨; ૩. જૈસસંગ્રહ(ન.); ૪. બે લઘુ રાસકૃતિઓ, સં. રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૮૪; ૫. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ:૩ (૧, ૨); ૩. મુપુગૂહસૂચી; ૪ હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

ક્ષમાકીર્તિ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ – ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિની પરંપરામાં હર્ષવર્ધનના શિષ્ય. ધર્મમૂર્તિના આચાર્યકાળ(ઈ.૧૫૪૬ – ઈ.૧૬૧૪/૧૬૧૫)માં રચાયેલી ૨૧ કડીની 'સીમંધરસ્વામી-વિનંતી'(લે.સં.૧૭મી સદી અનુ.)-ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ક્ષમાપ્રમોદ : આ નામે 'ધર્મદત્ત-ચન્દ્રધવલનૃપકથા-ચોપાઈ' (૨.ઈ. ૧૭૭૦/સં.૧૮૨૬, અસાડ સુદ ૨) એ જૈન કૃતિ નોંધાયેલી મળે છે તે ક્ષમાપ્રમોદ–૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોકી સૂચી', સં. અગરચંદજી નાહટા; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ક્ષમાપ્રમોદ–૧[ ] : જૈન સાધુ. રત્નસમુદ્ર-સૂરિના શિષ્ય. ૪૮ કડીના 'નિગોદવિચાર-ગીત'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ક્ષમામાણિક્ય [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : ગદ્યકાર. ખરતરગચ્છના જૈન સાધુ. 'સમ્યક્ત્વભેદ' (૨.ઈ.૧૭૭૮), 'ગુણધરવાદ-બાલાવબોધ' (૨.ઈ.૧૭૮૨) અને 'ક્ષેત્રસમાસ-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ક્ષમારત્ન(વાચક)–૧ [ઈ.૧૪૮૯માં હયાત] : રાજગચ્છના જૈન સાધુ. પદ્માનંદસૂરિના શિષ્ય. ઈ ૧૪૮૯માં હયાત હોવાની માહિતી મળે છે. ૧૫ કડીના '(ફલવર્ધી)પાર્શ્વનાથ-સ્તવન'ની રચના એમણે કરેલી છે.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ:૨, સં. મુનિશ્રી દર્શન-વિજય વગેરે, ઈ.૧૯૬૦; ☐ ૨. ડિકૅટલૉગભાઈ:૧૯(૧). [૨.સો.]

ક્ષમારત્ન–૨/ખીમારતન/ખેમરતન [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] :જૈન સાધુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫ કડીના 'શત્રુંજય-પદ/સિદ્ધાચલ-સ્તવન'(ર.ઈ.૧૮૨૬ કે ૧૮૨૭/સં.૧૮૮૨ કે ૧૮૮૩, અસાડ વદ ૮, મંગળવાર; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ; ૨. જૈકાપ્રકાશ:૧.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [ર.સો.]

ક્ષમાલાભ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ઉપાધ્યાય મુક્તિલાભના શિષ્ય. 'સ્નાત્રપૂજા'(મુ.), ગચ્છનાયક મુક્તિસાગરસૂરિ સાથે પાવાગઢની યાત્રા કરી તે પ્રસંગે રચાયેલ 'મહાકાલી માતાનો છંદ'(ર.ઈ.૧૮૩૭/સં.૧૮૯૩, ચૈત્ર વદ ૧૨), નવપદજીનાં સ્તવનો (ર.ઈ.૧૮૪૧/સં.૧૮૯૭, આસો સુદ ૧૫, શનિવાર) તથા સવૈયા-સ્તવનો(ર.ઈ.૧૮૪૩)ના કર્તા.

કૃતિ : ૧. અંચલગચ્છે સ્નાત્ર પૂજાદિ તપસંગ્રહ, પ્ર. કુંવરબાઈ, ઈ.૧૮૯૭; ૨. વિવિધ પૂજા સંગ્રહ : ૧–૧૧, પ્ર. જશવંતલાલ ગિ. શાહ, –.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮. [શ્રા.ત્રિ.]

ક્ષમાસાગર [ઈ.૧૬૭૫માં હયાત] : જૈન સાધુ. ૨ ઢાળના 'શત્રુંજય-બૃહત્-સ્તવન'(ર.ઈ.૧૬૭૫/સં.૧૭૩૧, ચૈત્ર સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

ક્ષમાહંસ [ઈ.૧૬૪૧ સુધીમાં] : જૈન. હિન્દી-ગુજરાતી મિશ્ર ભાષાની, ૫૫ કડીની 'ક્ષેમ-ભાવની/ખેમ-ભાવની' (લે.ઈ.૧૬૪૧)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ક્ષાંતિસાગર [ઈ.૧૮૧૮ સુધીમાં] : જૈન સાધુ. ૧૧ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન'(લે.ઈ.૧૮૧૮)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

ક્ષુલ્લકકુંવર [ ] : જૈન સાધુ. 'સાધનાગુણસંગ્રહ'(લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી:૨. [શ્રા.ત્રિ.]

ક્ષેમ- : જુઓ ખીમ- અને ખેમ-.

ક્ષેમકલશ [ઈ.૧૬૧૪માં હયાત] : જૈન સાધુ. 'અગડદત્તની ચોપાઈ'-(ર.ઈ.૧૬૧૪/સં.૧૬૭૦, કારતક સુદ ૩, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ક્ષેમકુશલ [ઈ.૧૬૦૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં મેઘમુનિના શિષ્ય. આ કવિએ ૪૬૬ કડીની 'લૌકિકગ્રંથોક્તધર્માધર્મવિચારસૂચિકા-ચતુષ્પદિકા' (ર.ઈ.૧૬૦૧/સં.૧૬૫૭, વૈશાખ સુદ ૧૦, શુક્રવાર), ૪૬૨ કડીની 'રૂપસેનકુમાર-રાસ', ૭૮ કડીની 'શ્રાવકાચાર-ચોપાઈ', ૪૨ કડીની 'વિમલાચલ/શત્રુંજય-સ્તવન' અને હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ આદિ પરની સઝાયો – એ કૃતિઓની રચના કરી છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [ર.સો.]

ક્ષેમદાસ [ઈ.૧૮૪૪ સુધીમાં] : પદો(લે.ઈ.૧૮૪૪)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ક્ષેમરત્ન(ગણિ)[ઈ.૧૭૮૨ સુધીમાં] : જૈન સાધુ. રત્નશેખરસૂરિની મૂળ પ્રાકૃત રચના 'ક્ષેત્રસમાસ' ૧૨ ૪૫૭૫ ગ્રંથાગ્રના બાલાવબોધ(લે.ઈ.૧૭૮૨)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ક્ષેમરાજ : આ નામે ૧૫ કડીની 'આદિનાથ-વિવાહલો' અને ૮ કડીની 'પાર્શ્વનાથ-વિવાહલો' એ કૃતિઓ મળે છે તે કયા ક્ષેમરાજ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

ક્ષેમરાજ(ઉપાધ્યાય)–૧/ખેમરાજ(ગણિ) [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં સોમધ્વજના શિષ્ય. છાજહડ ગોત્રના શાહ લીલાના પુત્ર. માતા લીલાદેવી. આ કવિએ ઈ.૧૪૬૦માં જિનચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધાનો અને ઈ.૧૫૧૩માં કોઈ શ્રાવકે એમની પાસે વ્રત ગ્રહણ કર્યાનો ઉલ્લેખ મળે છે. આ પરથી કવિ ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ અને ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ દરમ્યાન હયાત હોવાનું કહી શકાય.

આ કવિએ ૮૧ કડીની 'શ્રાવકાચાર-ચોપાઈ' (ર.ઈ.૧૪૯૦), 'ઉપદેશ-સપ્તતિકા' (ર.ઈ.૧૪૯૧), ૫૦/૬૫ કડીની 'ઇષુકારી-ચરિત્ર/ચોપાઈ/પ્રબંધ/સંધિ', ૫૩ કડીની 'ચારિત્રમનોરથમાલા', ૨૫ કડીનો '(ફલવર્ધી)પાર્શ્વનાથ-રાસ', ૨૩ કડીની ફાગુબંધની 'મંડપાચલ-(માંડવગઢ)ચૈત્ય-પરિપાટી' (મુ.), 'પાર્શ્વ-એકસોઆઠનામ-સ્તોત્ર' તથા કેટલાંક સ્તવનો અને સઝાયો – એ કૃતિઓ રચી છે.

કૃતિ : જૈનયુગ, મહા–ચૈત્ર, ૧૯૮૫ – 'મંડપાચલ(માંડવગઢ)-ચૈત્યપરિપાટી', સં. મોહનલાલ દ. દેશાઈ (+ સં.).

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧); ૩. જૈમગૂકરચનાઓ:૧; ૪. રાહસૂચી:૧; ૫. હેજૈજ્ઞાસૂચિ:૧. [ર.સો.]

ક્ષેમરાજ–૨ [ઈ. ૧૬૧૮માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સાગરચંદ્રસૂરિના શિષ્ય. 'સંથારપયન્ના-બાલાવબોધ' (ર.ઈ.૧૬૧૮/સં.૧૬૭૪, કારતક સુદ ૨, મંગળવાર) તથા 'શ્રુતબોધ-બાલાવબોધ'-ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [ર.સો.]

ક્ષેમવર્ધન [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં હીરવર્ધનના શિષ્ય. એમના દુલા-દેશીબદ્ધ ૪૫ ઢાળના 'પુણ્યપ્રકાશ-રાસ'(ર.ઈ.૧૮૧૪/સં. ૧૮૭૦, અસાડ સુદ ૧૩, ગુરુવાર; મુ.)ને 'શાંતિદાસ શેઠનો રાસ' તરીકે ઓળખાવવામાં આવેલ છે પરંતુ કૃતિમાંના કવિના નિર્દેશો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા પુષ્પિકા જોતાં એને 'વખતચંદ શેઠનો રાસ' કહેવો જોઈએ. એમાં, આરંભમાં સાગરગચ્છની સ્થાપના કરનાર રાજસાગરને સૂરિપદ અપાવવામાં ભાગ ભજવનાર તથા જહાંગીર-બાદશાહનું સન્માન મેળવનાર રાજનગર(અમદાવાદ)ના શ્રેષ્ઠી શાંતિદાસના જીવનની નોંધપાત્ર ઘટનાઓનું વર્ણન કર્યા પછી એમના પુત્ર વખતચંદ શેઠના જન્મથી મૃત્યુ પર્યંતના જીવનવૃત્તાંતની રૂપરેખા આપવામાં આવી છે. પારિવારિક વીગતો તથા લગ્નપ્રસંગ, સંઘયાત્રા વગેરેનાં વર્ણનોને સમાવતો આ રાસ ઐતિહાસિક-સામાજિક માહિતીની દૃષ્ટિએ વધારે નોંધપાત્ર બને છે. આ ઉપરાંત, આ કવિએ ૧૩ ઢાળનો 'સુરસુંદરી-અમરકુમાર-રાસ' (ર.ઈ.૧૭૯૬), 'શ્રીપાળ-રાસ' (ર.ઈ.૧૮૨૩), ૧૫ કડીની 'ઢંઢણઋષિની સઝાય' (મુ.) અને ૧૧ કડીની 'હિતશિખામણ-સઝાય' (મુ.) એ કૃતિઓ રચેલી છે. ૭ કડીનું 'ધર્મનાથ-સ્તવન' (મુ.) ક્ષેમવર્ધનને નામે મળે છે તે આ જ કવિની રચના હોવાનો સંભવ છે.

કૃતિ : ૧. જૈએરાસમાળા:૧; ૨. જિસ્તકાસંગ્રહ:૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

ક્ષેમવિજય–૧ [ઈ.૧૬૫૧માં હયાત] : જુઓ ખીમાવિજય–૧.

ક્ષેમવિજય–૨ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : જુઓ ખેમવિજય–૨.

ક્ષેમહર્ષ/ખેમહર્ષ [ઈ.૧૬૧૩માં હયાત] : ખરતરગચ્છની સાગરચંદ્ર-શાખાના જૈન સાધુ. વિશાલકીર્તિગણિના શિષ્ય. દુહા-દેશીબદ્ધ ૧૩ ઢાળની, હિન્દીમિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલી 'ચંદનમલયાગીરી-ચોપાઈ/રાસ' (ર.ઈ.૧૬૧૩; મુ.) તથા ગચ્છનાયક જિનરત્નસૂરિની પ્રશસ્તિ કરતાં ૨ ગીતો(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચંદનમલયાગીરી રાસ, પ્ર. સવાઈભાઈ રાયચંદ, ઈ.૧૮૯૯; ☐ ૨. એજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ખઈપતિ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સાધુકીર્તિ(અવ.ઈ.૧૫૯૦)ની પ્રશસ્તિ કરતા, એમના જીવનકાળમાં રચાયેલા 'સાધુકીર્તિજયપતાકા-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : એજૈકાસંગ્રહ. [૨.સો.]

ખનુદાસ [ઈ.૧૬મી સદી] : પુષ્ટિસંપ્રદાયના ભક્તકવિ. વિઠ્ઠલનાથજી-(ઈ.૧૫૧૬–ઈ.૧૫૮૬)ના સમકાલીન. એમણે દમલાજી/દામોદરદાસ હરસાનીજીની પ્રેરણાથી 'વલ્લભચરિત્રનું ધોળ' રચ્યું હતું.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐ ૨. અનુગ્રહ, ડિસે. ૧૯૫૭ – મહદ્મણિ શ્રી મોહનભાઈ. [કી.જો.]

'ખંભાતણ(લોડણ) ને ખીમરોની લોકકથાના દુહા': જુઓ 'લોડણ-ખીમરોની લોકકથાના દુહા.'

ખાનુભાઈ(ભગત) [ ] : 'ગીતાસાર' તથા કેટલાંક પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ખીમ-: જુઓ ક્ષમા-, ક્ષેમ- અને ખેમ-.

ખીમ/ખીમો : ખીમના નામે ૭ કડીનું 'જયણા-ગીત' (લે.ઈ. ૧૬૭૯) તથા ખીમોને નામે ૩૨ કડીની 'ચૈત્યવંદનપરિપાટી/શત્રુંજય-ચૈત્યપરિપાટી' (લે.ઈ. ૧૫૬૩; મુ.), ૭ કડીની 'જીવદયા-ભાસ' (લે.ઈ.૧૫૧૮), ૪ કડીની 'શત્રુંજય-ભાસ' (લે.ઈ.૧૫૧૮), ૭ કડીની 'જીરાઉલા-ભાસ', ૯ કડીની 'શત્રુંજયભાસ-ગીત', ૧૫ કડીની 'સીમંધરસ્વામી-ભાસ' – એ જૈન કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક છે કે જુદા તે સ્પષ્ટ થતું નથી.

ખીમોને નામે નોંધાયેલી 'ચોવીસ તીર્થંકરોના આંતરાનું સ્તવન' (ર.ઈ.૧૬૭૭) સમયની દૃષ્ટિએ જોતાં ખેમ(મુનિ)/ખેમસીની કૃતિ હોવાનો સંભવ લાગે. પણ એ વિશે નિશ્ચિતપણે કહેવું શક્ય નથી.

જૈનેતર કવિ ખીમોને નામે 'રામઅવતાર-અંગ', 'કરમ-અંગ', 'વિશ્વાસ-અંગ' વગેરે કેટલાંક અંગો (લે.ઈ.૧૭૦૬ આસપાસ) તથા 'ત્રિકમનું કીર્તન' (લે.ઈ.૧૭૮૨) એ જૈનેતર કૃતિઓ નોંધાયેલી છે તે ખીમસ્વામી કે કોઈ ખીમદાસ કે ખેમદાસ છે એ નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ ખેમો.

કૃતિ : પ્રાતીસંગ્રહ:૧.

સંદર્ભ : ૧. કદહસૂચિ; ૨. જૈગૂકવિઓ:૧, ૩(૧,૨); ૩. ફાહનામાવલિ:૧; ૪. મુપુગૂહસૂચી; ૫. લેજૈજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

ખીમ(સાહેબ)–૧ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ.ઈ.૧૮૦૧] : જુઓ ખીમદાસ–૧.

ખીમ(સ્વામી)–૨ [ઈ.૧૮૬૦ સુધીમાં] : 'જ્ઞાનઘોરો' (લે.ઈ.૧૮૬૦) એ નામની ગદ્યકૃતિના કર્તા. જુઓ હરિખીમ.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

ખીમ(મુનિ)–૩ [ ] : જૈન સાધુ. ઉપાધ્યાય કાનમુનિના શિષ્ય. ૫ ઢાળની 'પંચમહાવ્રત-સઝાય'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ખીમચંદ [ ] : જૈન સાધુ. દેવરાજના શિષ્ય. ૧ કડીના 'ઋષભદેવ-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.) અને ૩૨ કડીના 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' (લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ખીમડો/ખીમરો/ખીમો–૧ [ઈ.૧૫મી સદી પછી] : માર્ગી કે નિર્જિયાપંથી સંત. કોટવાળ તરીકે ઓળખાવાયેલા આ સંત મેઘ-વાળ(હરિજન) ચમાર કે વણકર હોવાનું નોંધાયું છે. મૂળ રાજ-સ્થાનના પોકરણ તરફના વતની ને પછી ઢેલડી(આજનું મોરબી કે એની પાસેનું ગામ)માં નિવાસ. રામદેવ-પીર(ઈ.૧૫મી સદી)-ની પરંપરાના આ સંતનો સમય ચોક્કસ નિશ્ચિત થઈ શકે તેમ નથી. મોરબીના રાવત રણસિંહે કુદૃષ્ટિ કરેલી એથી જીવત્સમાધિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લેતાં પત્ની દાડલદે સાથે ખીમડાએ પણ સમાધિ લીધી હોવાના તથા પશ્ચાત્તાપ પામેલા રાવતને એમણે દીક્ષા આપી હોવાના ઉલ્લેખો ધરાવતાં ૨ પદો(મુ.) મળે છે તે આ સંતનાં રચેલાં હોવાનું માનવામાં મુશ્કેલી છે.

આ સિવાય, આગમવાણીનાં તથા રૂપકાત્મક અધ્યાત્મબોધનાં ૩ પદ (મુ.) આ સંતની નામછાપવાળાં મળે છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ.૧૯૫૭ (+સં.); ૨. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ.૧૯૭૦; [] ૩. સત્‌સંદેશ, ડિસે. ૧૯૫૨ – 'ખીમડો અને દાડલદે', સંતદાસ મોહન(+સં.).

સંદર્ભ : સોરઠી સ્ત્રીસંતો, કાલિદાસ મહારાજ, સં.૨૦૧૪. [૨.સો.]

ખીમણ [ ] : નિજિયાપંથના ભજનિક કવિ. જ્ઞાતિએ મેઘવાળ. 'મેઘા ખીમણ' એવી નામછાપ ધરાવતા હિંદી-રાજસ્થાનીની છાંટવાળી ગુજરાતી ભાષામાં રચાયેલા આ કવિના ૪ કડીના ૧ પદ (મુ.)માં યોગમાર્ગી પદાવલિમાં અધ્યાત્મઅનુભવનું વર્ણન થયેલું છે.

કૃતિ : ભજનિક કાવ્યસંગ્રહ, સં. શા. વૃંદાવનદાસ કાનજી, ઈ.૧૮૮૭. [કી.જો.]

ખીમદાસ–૧/ખીમ(સાહેબ) [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ.ઈ. ૧૮૦૧] : રવિભાણસંપ્રદાયના સંતકવિ. રવિસાહેબના શિષ્ય. જ્ઞાતિએ લોહાણા. ભાણસાહેબના પુત્ર. માતા ભાણબાઈ. જન્મ વારાહીમાં. જન્મવર્ષ ઈ.૧૭૩૪ નોંધાયું છે પણ બધા સંદર્ભોનો એને ટેકો નથી. હરિજનજ્ઞાતિના ત્રિકમભગતને શિષ્ય તરીકે સ્વીકારી એમણે પોતાની સમદૃષ્ટિનો પરિચય કરાવેલો. માછીમારોમાં રામકબીર સંપ્રદાયનો પ્રચાર કરેલો એથી આ કવિ 'દરિયાપીર' તરીકે ઓળખાયેલા. ઈ.૧૭૮૧માં ' રાપર(કચ્છ)માં જગ્યા બાંધી ત્યાં નિવાસ કર્યો. ત્યાં જ જીવત્સમાધિ લીધી.

કાફી, ગરબી, આરતી વગેરે પ્રકારો બતાવતાં ખીમસાહેબનાં પદો (કેટલાંક મુ.) વધારે હિંદીમાં, થોડાં ગુજરાતીમાં અને ક્વચિત્ કચ્છીમાં મળે છે. યોગની પરિભાષા અને રૂપકાદિ અલંકારોનો આશ્રય લેતાં આ પદોમાં કબીરપરંપરાના તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ-અનુભવનું તથા સદ્‌ગુરુમહિમાનું આલેખન છે તેમ જ બાહ્યાચારો પર આકરી ટકોર પણ છે. કવિનાં પદોમાં 'ખીમદાસ' ઉપરાંત 'ખીમ/ખેમ' એવી નામછાપ પણ મળે છે એટલે ખેમના નામે નોંધાયેલાં પદો પૈકી કેટલાંક આ કવિનાં હોવા સંભવ છે.

સાખી ને ચોપાઈબંધની ૫૮ કડીની જ્ઞાનમાર્ગી હિંદી કૃતિ 'ચિંતામણિ' (ર.ઈ.૧૭૭૦/ સં. ૧૮૨૬, ચૈત્ર સુદ ૭, ગુરુવાર; મુ.) આ કવિની અન્ય રચના છે.

કૃતિ : ૧. ગુહિવાણી (+ સં.); ૨. ભજનસાગર:૧; ૩. ભસાસિંધુ; ૪. યોગવેદાન્ત ભજન ભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ.૧૯૭૬ (+ સં.); ૫. રવિભાણ સંપ્રદાયની વાણી:૧, પ્ર. મંછારામ મોતી, –; ૬. સતવાણી.

સંદર્ભ : ૧. કચ્છના સંતો અને કવિઓ:૧, દુલેરાય કારાણી, સં.૨૦૧૫; ૨. ભાણલીલામૃત, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ.૧૯૬૫; ૩. રામકબીર સંપ્રદાય, કાંતિકુમાર સી. ભટ્ટ, ઈ.૧૯૮૨; ૪. સોસંવાણી – પ્રસ્તાવના. [૨.સો.]

ખીમદાસ–૨ [ ] : વાવ(જિ. બનાસકાંઠા)ના વતની. 'આદિત્યના બારમાસ'ને નામે ઓળખાયેલ પરંતુ વસ્તુત: કૃષ્ણવિરહે ઝૂરતી રાધાનું વર્ણન કરતા અને લરિગીતની દેશીમાં રચાયેલા 'બારમાસ'(અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : ગુસાસ્વરૂપો(+સં.). [૨.સા.]

ખીમરાજ [ઈ.૧૪૭૯ સુધીમાં] : જૈન. ૧૫ કડીના 'જીવદયા-ગીત' (લે.ઈ.૧૪૭૯)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [૨.સો.]

ખીમરો : જુઓ ખીમડો.

ખીમારતન : જુઓ ક્ષમારત્ન–૨.

ખીમાવિજય : આ નામે ૧૩ કડીનું 'અરિહંતભગવાનનું સ્તવન' (મુ.) મળે છે તેના કર્તા ખીમાવિજય–૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : જૈકાપ્રકાશ:૧ [કી.જો.]

ખીમાવિજય–૧/ક્ષેમવિજય [ઈ.૧૬૫૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. દેવવિજયની પરંપરામાં શાંતિવિજયના શિષ્ય. ભદ્રબાહુ-સ્વામીના પ્રાકૃત કલ્પસૂત્ર પરના બાલાવબોધ (ર.ઈ.૧૬૫૧/સં. ૧૭૦૭, વૈશાખ સુદ –, ગુરુવાર) તથા ૩૫ કડીના 'સૂક્તમાલા' પરના સ્તબકના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

ખીમો : જુઓ ખીમ.

ખીમો–૧ [ઈ.૧૫મી સદી પછી] : જુઓ ખીમડો.

ખુશાલ(મુનિ) [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. અખયચંદ્રસૂરિ (ઈ.૧૭૦૧માં હયાત)ના શિષ્ય. 'ચોવીસી' (મુ.), ૫ ઢાળની 'જ્ઞાનપંચમીની ઢાળો' (મુ.), અખયચંદ્રસૂરિ વિશેની 'ગુરુ-ભાસ' તથા ૭ કડીની 'રાજુલની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. ચોવીસતસંગ્રહ; ૩. જૈસસંગ્રહ(ન.); ૪. પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

ખુશાલચંદ–૧ [ઈ.૧૭૪૨માં હયાત] : જૈન. 'ચંદખુશાલ'ની નામછાપ ધરાવતા, એમના રાજિમતીના વિરહોદ્‌ગારો રૂપે રચાયેલા દુહા-ઢાળબદ્ધ ૨૮ કડીના 'નેમિજિન-બારમાસા' (ર.ઈ.૧૭૪૨/ સં.૧૭૯૮, મહા સુદ ૧૧, ગુરુવાર; મુ.) રાજસ્થાની-હિન્દીની છાંટવાળી ભાવમધુર ભાષાભિવ્યક્તિ અને સુગેયતાથી ધ્યાનપાત્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બને છે. 'પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ' આ કવિનું નામ 'ચંદ્રખુશાલ' આપે છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ:૧.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [ચ.શે.]

ખુશાલચંદ–૨ [ઈ.૧૮૨૩માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ધર્મદાસજીની પરંપરામાં રાયચંદના શિષ્ય. ૬૪ ઢાળની 'અરદાસ-ચરિત્ર/અર્હદ્દાસ-ચરિત્ર/સમ્યક્ત્વકૌમુદી-ચોપાઈ' (૨.ઈ.૧૮૨૩/સં. ૧૮૭૯, વૈશાખ સુદ ૧૩, ગુરુવાર) તથા 'દેવસેન-રાસ'ના કર્તા.

ખુશાલચંદને નામે હિંદીમિશ્ર ગુજરાતી ભાષાની ૧૬ કડીની 'જંબૂસ્વામીની લાવણી' (૨.ઈ.૧૮૧૪/સં.૧૮૭૦, અસાડ ધુરપક્ષ –; મુ.) તથા ખુશાલચંદજીને નામે ૧૬ કડીની 'કામદેવની સઝાય' (૨.ઈ.૧૮૩૦; મુ.) મળે છે તે સમયદૃષ્ટિએ જોતાં આ જ ખુશાલચંદ હોવા સંભવ છે.

કૃતિ : ૧.જૈસમાલા(શા.):૨; ૨. જૈસસંગ્રહ (જૈ.); ૩. વિવિધ પુષ્પવાટિકા:૨, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ઈ.૧૯૮૨ (સાતમી આ.).

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ:૩(૧,૨); ૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ખુશાલદાસ–૧ [ઈ.૧૭૨૭માં હયાત] : જૈન સાધુ. 'પદ્મ-પુરાણ' (૨.ઈ.૧૭૨૭) નામક દિગંબર જન કથાના કર્તા

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

ખુશાલદાસ–૨/ખુશાલભાઈ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૯મી સદી ઉત્તરાર્ધ] : નિરાંત-સંપ્રદાયના કવિ. નિરાંત-મહારાજ (જ.ઈ.૧૭૪૭–અવ.ઈ.૧૮૫૨)ના પુત્ર. જ્ઞાતિએ ગોહેલ રાજપૂત. નિરાંત-મહારાજ પછી દેથાણની ગાદી પર આવેલા. અધ્યાત્મવિષયક પદો(કેટલાંક મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગુમુવાણી (+ સં.); ૨. જ્ઞાનોદય પદ સંગ્રહ, સં. ભગત કેવળરામ કાલુરામ, –.

સંદર્ભ : નિરાંત કાવ્ય, સં. ગોપાળરામ શર્મા, ઈ.૧૯૩૯. [દે.દ.]

ખુશાલરત્ન [ઈ.૧૮૨૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. દાનરત્નની પરંપરામાં શિવરત્નના શિષ્ય. ૧૩ કડીની 'હોકાની સઝાય' (૨.ઈ.૧૮૨૦/સં. ૧૮૭૬, શ્રાવણ સુદ ૧૫, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ; ૨. જૈસમાલા(શા.):૨; ૩. જૈસસંગ્રહ(ન.). [ચ.શે.]

ખુશાલવિજય : આ નામે 'શ્રીપાલ-રાસ' (લે.ઈ.૧૭૪૭) તથા 'નેમિનાથચરિત્ર-બાલાવબોધ' એ કૃતિઓ મળે છે. આ ખુશાલ-વિજય કયા તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૦ – 'બાલાપુર ત્યાં સુરક્ષિત જૈન સાહિત્ય', કાંતિસાગરજી; ☐ ૨. જૈગૂકવિઓ: ૩(૨). [ચ.શે.]

ખુશાલવિજય–૧ [ ] : જૈન સાધુ. પંન્યાસ હસ્તિવિજયના શિષ્ય. ૧૩ કડીની 'સ્થૂલિભદ્રની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ; ૨. પ્રાસપસંગ્રહ:૧. [ચ.શે.]

ખેત [ઈ.૧૬૭૬માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. દામોદરના શિષ્ય. ખેતોને નામે નોંધાયેલ 'ધન્નાનો રાસ' (૨.ઈ.૧૬૭૬/સં. ૧૭૩૨, વૈશાખ –)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨. [શ્રા.ત્રિ.]

ખેતસી [ઈ.૧૬૦૩ સુધીમાં] : જૈન સાધુ. ૩૧૮ કડીની 'પંચ-મિત્ર-કથા' (લે.ઈ.૧૬૦૩)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ખેતો [ઈ.૧૭૪૧માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. જય-પ્રભની પરંપરામાં ખેમાના શિષ્ય. ભૂલથી ખરતરગચ્છના જ્ઞાતો કવિને નામે નોંધાયેલી 'સામસુંદરનૃપ-રાસ' (૨.ઈ.૧૭૪૧/સં.૧૭૯૭, અસાડ સુદ ૧૩, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ખેમ- : જુઓ ક્ષમા-, ક્ષેમ- અને ખીમ-.

ખેમ(મુનિ) : આ નામે 'સુમતિજિન-સ્તવન' (લે.સં.૧૮મી સદી અનુ.) એ જૈન કૃતિ નોંધાયેલી છે. તે કયા ખેમ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : રાહસૂચી:૧. [૨.સો.]

ખેમ–૧ [ઈ.૧૫૪૦માં હયાત] : જૈન સાધુ. ૩૩ કડીના 'નેમિ-રાસ'(૨.ઈ.૧૫૪૦)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ:૧. [શ્રા.ત્રિ.]

ખેમ–૨ [ઈ.૧૬૪૪માં હયાત] : જૈન સાધુ. ૧૫ કડીની 'અનાથી-સઝાય' (૨.ઈ.૧૬૪૪)ના કર્તા. આ કૃતિને ખેતસીશિષ્ય ખેમને નામે ભૂલથી મૂકવામાં આવી છે.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧. [૨.સો.]

ખેમ(મુનિ)–૩/ખેમસી/ખેમો [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : નાગોરી-ગચ્છના જૈન સાધુ. રાયસિંહશિષ્ય ખેતસીના શિષ્ય. 'અનાથીઋષિ-સંધિ' (૨.ઈ.૧૬૮૯), ૪ ઢાળની 'ઇષુકારસિદ્ધ-ચોપાઈ'(૨.ઈ. ૧૬૯૧), ૧૨ કડીની 'મૃગાપુત્ર-સઝાય' અને ૧૯ કડીની 'સોળ સતવાદી-સઝાય' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૨); ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

ખેમ–૪ [ઈ. ૧૭૭૭માં હયાત] : નાગોરી લોંકાગચ્છના જૈન સાધુ. જ્ઞાનચંદ્ર મુનિના શિષ્ય ચંદ્રકિશોર (કિશોરચંદ્ર ?)ના શિષ્ય. ભૂલથી ચંદ્રકિશોરશિષ્યને નામે મુકાયેલ 'અવંતીસુકુમાલ-ચોઢાળિયાં'-(૨.ઈ.૧૭૭૭)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખેમ–૧[ ] : જૈન સાધુ. રત્નસમુદ્રસૂરિના શિષ્ય. 'ક્ષેત્રસમાસ-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', અગરચંદ નાહટા. [કી.જો.]

ખેમચંદ [ઈ.૧૭૦૫ના અરસામાં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં મુક્તિચંદ્રના શિષ્ય. એમના 'ચોવીસ-જિન-સ્તવન'(લે.ઈ.૧૭૦૫)ની હસ્તપ્રત એમના શિષ્ય મુનિ વીરચંદ્રે લખેલી છે, તેથી એમને ઈ.૧૭૦૫ના અરસામાં હયાત ગણી શકાય.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [શ્રા.ત્રિ.]

ખેમદાસ [ ] : રામભક્તિના ૧ પદ (મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા:૨. [૨.સો.]

ખેમરતન : જુઓ ક્ષમારત્ન–૨.

ખેમરાજ(ગણિ) : જુઓ ક્ષેમરાજ(ઉપાધ્યાય)–૧.

ખેમવિજય–૧ [ઈ.૧૭૮૩માં હયાત] : જૈન કવિ. 'અષાઢભૂતિ-ચોઢાળિયું' (૨.ઈ.૧૭૮૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [૨.સો.]

ખેમવિજય–૨/ક્ષેમવિજય [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. જિતવિજયશિષ્ય વિનયવિજયના શિષ્ય અને દીપવિજયના ગુરુબંધુ. આ કવિએ દુહા-દેશીબદ્ધ ૧૫ ઢાળનું 'શાંતિનાથના પંચ-કલ્યાણકનું સ્તવન' (૨.ઈ.૧૮૨૦/સં.૧૮૭૬, ચૈત્ર વદ ૧૧, રવિવાર; મુ.), 'કુમતિઅઠાવનપ્રશ્નોત્તર-રાસ/પ્રતિમાપૂજા-વિચાર-રાસ' (૨.ઈ. ૧૮૩૬/સં.૧૮૯૨, આસો વદ ૧૩, મંગળવાર) તથા અધૂરી ચોવીસી(૨ સ્તવન મુ.)ની રચના કરેલી છે.

કૃતિ : ૧. જૈગુસારત્નો:૧(+ સં.); ૨. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ.૧૯૧૯.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [૨.સો.]

ખેમસાગર [ ] : જૈન સાધુ. ગુજરાતી-ઉર્દૂ મિશ્ર ભાષાના ૪૧ કડીના 'પશ્ચિમાધીશ-છંદ'(લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ખેમહર્ષ : જુઓ ક્ષેમહર્ષ.

ખેમહંસ(ગણિ)શિષ્ય [ઈ.૧૬મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. ખેમહંસના નામે મુકાયેલા, જિનમાણિક્યસૂરિના રાજ્યકાળ-(ઈ.૧૫૩૬–ઈ.૧૫૫૬)માં રચાયેલા, ૧૬ કડીના 'ગુર્વાવલી-ફાગ' (મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+ સં.). [૨.સો.]

ખેમો [ઈ.૧૪૪૦ પછી] : જૈન. ઈ.૧૪૪૦માં પ્રતિષ્ઠા પામેલા તીર્થનો ઉલ્લેખ ધરાવતા ૮ કડીના 'વૃદ્ધ-ચૈત્યવંદન'(મુ.) નામની કૃતિના કર્તા. જુઓ ખીમ/ખીમો.

કૃતિ : ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ, સં. શાલેટિ ક્રાઉઝે, ઈ.૧૯૫૧ (+સં.). [૨.સો.]

ખોડો [ ] : કેટલાંક પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂલાયાદી; ૨. ફોહનામાવલિ. [કી.જો.]

ગજકુશલ [ઈ.૧૬૫૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિનય-કુશલની પરંપરામાં દર્શનકુશલના શિષ્ય. ૨૯ ઢાળના 'ગુણાવલી-ગુણકરંડ-રાસ' (૨.ઈ.૧૬૫૮/ સં.૧૭૧૪, કારતક સુદ ૧૦, ગુરુવાર)-ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. હેજૈજ્ઞા-સૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગજરાજ(પંડિત) [ઈ.૧૫૪૦ પછી] : જૈન. હીરવિજયજીની દીક્ષા (ઈ. ૧૫૪૦)ને અનુલક્ષીને રચાયેલા 'હીરવિજયસૂરિના બારમાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧. [શ્રા.ત્રિ.]

ગજલાભ(ગણિ) [ઈ.૧૬મી સદી મધ્યભાગ] : અંચલગચ્છના જૈન સાધુ. ચારિત્ર્યલાભના શિષ્ય. વાચકપદ ઈ.૧૫૫૫માં. ૮૪ કડીની 'બારવ્રતટીપ-ચોપાઈ' (૨.ઈ.૧૫૪૧) અને ૪ ઢાળની 'જિનાજ્ઞા-હૂંડી/ અંચલગચ્છની હૂંડી' (મુ.)ના કર્તા.

કૃતિ : આર્ય-કલ્યાણ ગૌતમ સ્મૃતિગ્રંથ, સં. કલાપ્રભસાગરજી, સં.૨૦૩૯ – 'જિનાજ્ઞા વિધિપક્ષ(અંચલ)ગચ્છની હૂંડી', સં. કલા-પ્રભસાગરજી.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ગજવિજય : આ નામે ૨૪ કડીના 'હીરવિજયઆદિવિષયક સવૈયા' (લે.સં.૧૮મી સદી અનુ.) એ કૃતિ મળે છે. તેના કર્તા કયા ગજવિજય છે તે નિશ્ચિત થતું નથી. આ નામે મળતી 'સંગ્રહણી-રાસ' (૨.ઈ.૧૭૨૧)ના કર્તા ગજવિજય–૨ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગજવિજય–૧ [ઈ.૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિ(આચાર્યકાળ ઈ.૧૬૨૬–ઈ.૧૬૫૩)ના શિષ્ય. ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગજવિજય–૨ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં પ્રીતિવિજયના શિષ્ય. ૪૧૦ કડીની 'જયસેનકુમાર-ચોપાઈ' (૨.ઈ.૧૭૨૩/સં.૧૭૭૯, આસો સુદ ૭, સોમવાર), ૩૯ ઢાળના 'મુનિપતિ-રાસ' (૨.ઈ.૧૭૨૫/સં.૧૭૮૧,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફાગણ સુદ ૬) અને 'ગુણાવલી' (ર.ઈ.૧૭૨૮)એ કૃતિઓના કર્તા.
સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગજસાગર(સૂરિ)શિષ્ય [ઈ.૧૬૦૯માં હયાત]: અંચલગચ્છના જૈન સાધુ. ૪૨ કડીની 'નેમિચરિત્ર-ફાગ' (ર.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, ફાગણ – ૬, બુધવાર)ના કર્તા.
સંદર્ભ : જૈગૂકવિઓ:૧. [કી.જો.]

ગજસાર[ઈ.૧૬૬૧ સુધીમાં] : જૈન સાધુ. ૨૨૨ ગ્રંથાગ્રનો 'પુંડરીક-કુંડરીકમુનિ-સંધિ' (લે.ઈ.૧૬૬૧)ના કર્તા.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગજાનંદ[ઈ.૧૭મી સદી]: તપગચ્છના જૈન સાધુ. વાચક વિવેકહર્ષ (ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ) તથા પંડિત જ્યાનંદના શિષ્ય. ૧૨૦ ગ્રંથાગ્રની 'વિજયસિંહસૂરિ-સઝાય'ના કર્તા.
સંદર્ભ : આલિસ્ટઑઈ:૨. [શ્રા.ત્રિ.]

ગજેન્દ્રપ્રમોદ [ઈ.૧૫૧૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં હર્ષપ્રમોદના શિષ્ય. ૬૮ કડીની 'ચિતોડ-ચૈત્ય-પરિપાટી' (ર.ઈ.૧૫૧૭/સં.૧૫૭૩, ફાગણ વદ –)ના કર્તા.
સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ગણદાસ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : જૈન શ્રાવક. હીરવિજયસૂરિ (આચાર્યકાળ ઈ.૧૫૫૪–ઈ.૧૫૯૬)ની હયાતીમાં રચાયેલ, એમની પ્રશસ્તિ કરતી ૨ હિંદી સવૈયાવાળી ૫ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય' (મુ.)ના કર્તા.
કૃતિ : ૧. એસમાલા:૧; ૨. પસમુચ્ચય:૨. [શ્રા.ત્રિ.]

ગણપતરામ–૧ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : નિરાંતસંપ્રદાયના ગોવિંદ-રામના શિષ્ય. જ્ઞાતિએ મેવાડા સુથાર. ઝણોર (જિ. ભરૂચ)ના વતની. અધ્યાત્મ-અનુભવ, ગુરુમહિમા અને વૈરાગ્યબોધને વિષય કરીને રચાયેલાં પદો (કેટલાંક મુ.)ના કર્તા.
કૃતિ : ગુમુવાણી (+સં.).
સંદર્ભ : ગૂહાયાદી. [ર.સો.]

ગણપતરામ–૨[ ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. સિસોદરા-(જિ. ભરૂચ)ના વતની. એમનાં ગુરુસ્મરણનાં ૧૪ પદો (મુ.) તથા કેટલીક વાર જ્ઞાનની બારમાસી તરીકે ઓળખાવાયેલો ૧૪ કડીના 'દ્વાદશ-મહિના' (મુ.)માં બ્રહ્મજ્ઞાન કરાવનાર ગુરુનો મહિમા ભાવ-ભક્તિપૂર્વક વર્ણવાયો છે. કવિનાં પદોમાં થોડીક હિન્દી ભાષાની છાંટ આવે છે અને ૯ પદો હોરીનાં છે. આથી, કેટલાક સંદર્ભોમાં આ કવિને નામે નોંધાયેલ વેદાન્તમાં પદો અને હોરીઓ ઉપર્યુક્ત પદો જ હોવાની સંભાવના છે.
કૃતિ : બૂકાદોહન:૮.
સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ.
[ર.સો.]

ગણપતિ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : નરસાસુત. કાયસ્થ વાલ્મીક જ્ઞાતિ. આમોદના વતની. ૮ અંગ અને ૨૫૦૦ દુહામાં વિસ્ત-રતો એમનો 'માધવાનલકામકંદલાદોગ્ધક-પ્રબંધ' ←(ર.ઈ.૧૫૧૮ કે ૧૫૨૮/ સં.૧૫૭૪ કે ૧૫૮૪ શ્રાવણ સુદ ૭, મંગળવાર; મુ.) માધવ અને કામકંદલાના સંયોગ-વિયોગ-શૃંગારના અત્યંત રસિકતા-ભર્યા કલ્પનાસમૃદ્ધ વિસ્તારી આલેખનથી ને મહાકાવ્યોચિત વિવિધ-પદાર્થવર્ણનઠાઠથી મધ્યકાલીન પદ્યવાર્તાઓમાં જુદી ભાત પાડે છે. સંસ્કૃત સાહિત્યપરંપરાથી પ્રભાવિત કવિનું આ કવિત્વ તેમ સમસ્યાવિનોદ વગેરેમાં પ્રગટ થતી એમની વિદગ્ધતા ઘણી ઊંચી કોટિનાં પ્રતીત થાય છે.
કૃતિ : માધવાનલકામકંદલાપ્રબંધ:૧(અં.), સં. એમ. આર. મજમુદાર, ઈ.૧૯૪૨ (+સં.).
સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુલિટરેચર; ૩. ગુસાસ્વરૂપો; ૪. મસાપ્રવાહ; ☐ ૫. આલિસ્ટઑઈ:૨. [જ.કો.]

ગણપતિદાસ [ ] : દુહા-ચોપાઈ અને ૩૬ સુધીનો સંખ્યાંક દર્શાવતાં પદોમાં રચાયેલા આ કવિના 'પ્રાણ-જીવન-ગ્રંથ' (મુ.; તૂટક)માં આરંભમાં કૃષ્ણભક્તિનું મહિમાગાન અને પછીથી કૃષ્ણ સાથેના વિહારનું પ્રેમલક્ષણાભક્તિના ભાવભર્યું આલેખન છે.
કૃતિ : પથિક, ડિસે. ૧૯૭૯ – 'કવિ ગણપતનો પ્રાણજીવન ગ્રંથ', વિનોદ પંડ્યા. [શ્રા.ત્રિ.]

ગણા [ ] : 'પંદર-તિથિ'ના કર્તા.
સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ:૧. [કી.જો.]

ગણેશ–૧[ ] : 'ગણેશ ગોરખ' એવું નામ નોંધાયેલ મળે છે તેમાં 'ગોરખ' શું છે તે સમજાતું નથી. 'અંબાજીનો ગરબો'ના કર્તા.
સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ગણેશ–૨ [ ] : અવટંકે જોશી. રાસલીલાનાં છૂટક પદના કર્તા.
સંદર્ભ : ૧. ગૂજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

ગણેશજી [ઈ.૧૭૭૮માં હયાત] : જૈન સાધુ. 'કર્મવિપાક-રાસ' (ર.ઈ.૧૭૭૮)ના કર્તા.
સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

ગણેશરુચિ(ગણિ) [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયધર્મસૂરિ (આચાર્યકાળ ઈ.૧૭૪૭–ઈ.૧૭૮૫)ની આજ્ઞાથી રચાયેલા, વિનયવિજય અને યશોવિજયકૃત 'શ્રીપાલ-રાસ'ના ૨૪૦૦ ગ્રંથાગ્રના ટબાર્થ (લે.ઈ.૧૭૬૩)ના કર્તા.
સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ગદ [ ] : આ કવિનાં, ક્ષત્રિયોની મૂળ ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાત તથા તેમની પેટાશાખાઓનાં નામ અને વિશિષ્ટતાઓને વર્ણવતું 'ક્ષત્રિયોત્પત્તિ' તથા રજપૂતાના તેમ જ ગુજરાતના મુખ્ય ૩૬ ગઢ અને તેમનાં રાજકુલોનાં નામો આલેખતું 'છત્રીસગઢ' એ ૨ ઐતિહાસિક કાવ્યો મળે છે. ટેન્ડા રાજપૂત, દેગમ પદમણી, રામદેવ પીર વગેરે ભવાઈના વેશોમાં ગવાતાં, સચોટ અને બળકટ ભાષામાં જીવનની વાસ્તવિક રીતિ-નીતિનું તલગામી નિદર્શન કરાવતાં અનેક કવિત અને છપ્પાઓ (કેટલાંક મુ.) પણ આ કવિના નામે મળે છે. તેમનાં કેટલાંક કવિતમાં હિંદી ભાષાની અસર દેખાય છે.

'દેગમ પદમણીનો વેશ/રાજા દેગમનો વેશ' (મુ.)ના ૧ પાઠમાં "કવિ ગદ કહે સુણો ઠકરો રે, વેશ તો રાજા દેગમનો લહું" એવી એ વેશની પ્રશસ્તિ કરતી ઉક્તિ મળે છે તેને સમગ્ર વેશના ગદના કર્તૃત્વને સૂચવનારી લેખવામાં મુશ્કેલી છે. એ કદાચ ગદનું ઉદ્‌ધૃત સુભાષિતવચન જ હોય.

કૃતિ : ૧. ભવાઈ સંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ,* ઈ.૧૮૬૬, ઈ. ૧૮૯૪ (ચોથી આ.); ૨. ભવાની ભવાઈ પ્રકાશ, પ્ર. હરમણિશંકર ધ. મુનશી, –; ૩. શનિશ્ચરની ચોપાઈ આદિક લઘુ પદ્યોનો સંગ્રહ, પ્ર. ભીમસિંહ માણક, ઈ.૧૯૨૨.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. જૈગૂકવિઓ:૩(૨); ૩. ફાહનામાવલિ:૧; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [નિ.વો.]

ગદાધરદાસ [ઈ.૧૭૦૭ સુધીમાં] : ઓખા-અનિરુદ્ધની કથાને સંક્ષેપમાં વર્ણવતા અને નાકરની 'ઓખાહરણ'ની પ્રત (લે.ઈ.૧૭૦૭)માં ઉમેરાયેલાં મળતાં ૧ પદ (મુ.) તથા કૃષ્ણભક્તિનાં કેટલાંક પદ (૧ મુ.)ના કર્તા. જાણીતા હિંદી કવિ ગદાધરદાસની કૃતિઓ ગુજરાતીમાં ઊતરી આવી હોય એવી સંભાવના પણ નકારી ન શકાય, કેમ કે ગુજરાતી હસ્તપ્રતોની પોથીઓમાં ગદાધરની હિંદી કૃતિઓ પણ મળે છે.

કૃતિ : નકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ:૧. [શ્રા.ત્રિ.]

ગમન [ ] : 'મહિના'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ગરબડદાસ[ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ગરબા : હરિ ભટ્ટના પુત્ર વલ્લભ મેવાડાના ગરબાઓ(મુ.)નાં વિપુલતા અને વૈવિધ્યે એમને ગરબાકવિ તરીકે અનન્ય સ્થાન અપાવ્યું છે. વલ્લભના ગરબાઓ શક્તિભક્તિ, કૃષ્ણભક્તિ અને સમાજચિત્રણ એમ વિવિધ વિષયોને આવરી લે છે.

શક્તિભક્તિના ગુજરાતના ત્રણે મહત્ત્વનાં સ્થાનકોની દેવીઓ અંબા, ભદ્રુચરા ને મહાકાળીનું મહિમાગાન કરતા ને એમનું સ્વભાવોક્તિજન્ય કે આલંકારિક વર્ણન કરતા વલ્લભના અનેક સુગેય ગરબાઓમાંથી, દેવીના વસ્ત્રાલંકારની શોભા વર્ણવતો, એના ભાષામાધુર્ય ને અલંકારવૈભવને લીધે અનંતરાય રાવળે ગુજરાતીના 'સૌંદર્યલહરી-સ્તોત્ર' તરીકે ઓળખાવેલો ૬૨ કડીનો 'અંબાજીના શણગારનો ગરબો'; બહુચરાનું ભક્તિપૂર્ણ ગુણસંકીર્તન કરતો ને આંતરપ્રાસની ગૂંથણીવાળો ૧૧૮ કડીનો 'આનંદનો ગરબો' (૨. સં. અસ્પષ્ટ); લલિત રાગની ૧૫૭ કડીઓમાં ધનુષધારી માતાનું આલેખન કરતો 'ધનુષધારીનો ગરબો' (૨.ઈ.૧૭૩૬/સં.૧૭૯૨, અસાડ વદ ૧૧, મંગળવાર), પાવાગઢના રાજાના પતનપ્રસંગનું કથાગીત જેવું નિરૂપણ કરતો, નાટ્યાત્મક વિષયનિરૂપણથી, અલંકારયુક્ત આલેખનથી અને એના વાણીમાધુર્યથી લોકપ્રિય બનેલો ૭૩/૭૫ કડીનો 'મહાકાળીનો ગરબો' તથા દેવીના ભવ્ય રૂપનું આલેખન કરતો 'ગાગરનો ગરબો' વિશેષ નોંધપાત્ર છે. મહાકાળી વિશે કવિએ બીજો લાંબો ૨૩૦ કડીનો 'કાલિકા-નવકલશ-સ્થાપનનો ગરબો' (૨.સં. અસ્પષ્ટ) પણ રચ્યો છે. કેટલાક ગરબાઓમાં કવિની શાક્તસિદ્ધાંતની તથા તે અંગેના પૌરાણિક ઇતિહાસની જાણકારી ગૂંથાયેલી છે તો કેટલાકમાં દેવીના પૂજનઅર્ચનની વિધિનું વર્ણન પણ થયેલું છે. ગરબાઓમાં કવિનો ભક્તિઉદ્રેક પણ ભળ્યો છે.

કૃષ્ણભક્તિવિષયક ગરબાઓમાંથી રાધાનું વર્ણાનુપ્રાસી ને રૂઢ અલંકરણવાળું ચિત્રણ કરતો ને રાધા-કૃષ્ણના મિલનાનંદને આલેખતો ૮૪ કડીનો 'આંખમીંચામણાનો ગરબો/રાધિકાજીનો ગરબો'; વ્રજની ગોપીઓએ ઉદ્ધવને કરેલી અરજને અને કૃષ્ણ પરના ઉપાલંભને આલેખતો ૫૧ કડીનો 'વ્રજવિયોગનો ગરબો/ઓધવને અરજ' તથા મીરાંના કાવ્ય સાથે વસ્તુસામ્ય ધરાવતો ૪૩ કડીનો 'સત્યભામાનો ગરબો' વિશેષ નોંધપાત્ર છે.

ઐતિહાસિક-સામાજિક વિષયના ગરબાઓમાંથી, વૃદ્ધ પતિની યુવાન પત્નીના હૃદયસંતાપના દેવી આગળ કરાતા નિવેદનની રીતે ચાલતો ને એમાં સમાજના વિચિત્ર રિવાજો પરના કટાક્ષના કાકુને ઉપસાવતો ૨૯ કડીનો 'કજોડાનો/ગોરમાનો ગરબો' તથા ઈ.૧૭૩૧ના દુકાળની કરુણભીષણ અસરોને વર્ણવતો અને આ કોપમાંથી ઉગારવા દેવીને વીનવતો ૫૮ કડીનો 'કળિકાળનો ગરબો' (૨.ઈ.૧૭૩૧) વિશેષ જાણીતા છે.

ભાષાની સાહજિકતા અને પ્રાસાદિકતા, પ્રાસાનુપ્રાસની ચમત્કૃતિ તથા રાગઢાળ અને ધ્રુવાઓના વૈવિધ્યે કવિના ગરબાઓની લોકપ્રિયતામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. [૨.સો.]

ગરબી : કૃષ્ણવિષયક ભક્તિશૃંગારનું આલેખન કરતી અને હીંચના તાલને કારણે સમૂહગત નૃત્યક્ષમતા ને ગેયતા ધરાવતી પ્રભુરામસુત દયારામની પદરચનાઓ ગરબીઓ તરીકે ઓળખાઈ છે. આ ગરબીઓની પ્રેમલક્ષણાભક્તિ ભાગવતપ્રેરિત છે ને એની લાંબી પૂર્વપરંપરા છે, પણ એમાં દયારામે ભાવ-વિભાવ-અનુભાવનું અને અભિવ્યક્તિતરાહનું અસાધારણ વૈવિધ્ય આણ્યું છે. અહીં ગોપાંગનાઓનાં આસક્તિ, અલ્લડ મુગ્ધભાવ, પરવશતા, વિરહવ્યાકુળતા, પ્રગલ્ભ વિલાસાકાંક્ષા, માનિનીભાવ, રીસ, રોષ, સંયોગસુખ વગેરે અનેકવિધ હૃદયભાવો આલેખાયાં છે તેમાં કાવ્યશાસ્ત્રનિરૂપિત નાયિકાભેદ શોધી શકાય તેમ છે, પરંતુ આ આલેખન એવી તાજગીથી ને આગવી રીતે થયું છે કે એમાં દયારામની નારીહૃદયની ઊંડી સૂઝ વિશેષપણે પ્રગટ થતી જોઈ શકાય છે. કૃષ્ણનું પણ રસિકધૂર્ત નાયક તરીકેનું ચરિત્ર ઊભું થાય છે. ગરબીઓની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનવભાવોથી ધબકતી આ સૃષ્ટિએ ને એમાંના પ્રગલ્ભ શૃંગારે મુનશી જેવાને દયારામને ભક્તકવિ નહીં પણ પ્રણયકવિ માનવા પ્રેર્યા છે. પણ દયારામની અન્ય રચનાઓની જેમ આ ગરબીઓ પણ એમની સાંપ્રદાયિક કૃષ્ણભક્તિનું પરિણામ છે અને એ ગરબીઓની મધુરભક્તિને ગુજરાતના નારીસમાજે ઉમળકાથી પોતાના હૃદયમાં અને કંઠમાં ઝીલી છે.

દયારામે પ્રેમની ઘેલછા ને મસ્તીના તથા નાયક-નાયિકાના રસિક-ચાતુર્યના આલેખનમાં વિનોદની કેટલીક સુંદર ક્ષણો ઝીલી છે. દયારામની ગોપી માત્ર દાસી નથી, સખી અને સ્વામિની પણ છે અને તેથી એમની ગરબીઓમાં તરલ, રમતિયાળ ભાવોના અપાર વૈવિધ્યને અવકાશ મળ્યો છે, તો બીજી બાજુથી મીરાંમાં જે નરી કૃષ્ણસમર્પિતતા ને તેથી આવતી ભાવની ગહનતા-વેધકતા છે તે દયારામમાં આપણને અનુભવવા મળતી નથી.

આ ગરબીઓ ભાવપરાયણ છે, કથન કે વર્ણનપરાયણ નહીં, તેમ છતાં એમાં કૃષ્ણરૂપ, રાધારૂપ, રાસક્રીડા, ઋતુ આદિનાં ચિત્રો પ્રસંગોપાત્ત આછા લસરકાથી મનોહર રીતે ઉઠાવાયાં છે.

એક જ ભાવને સુઘડતાથી ને મનોરમ રીતે અભિવ્યક્ત કરતી દયારામની ગરબી કલાત્મક ઊર્મિકાવ્યના સુંદર નમૂના સમી બની રહે છે. અને એ છે નાટ્યાત્મક ઊર્મિકાવ્ય, કેમ કે લગભગ દરેક ગરબી ઉદ્‌ગાર રૂપે આપણી સમક્ષ આવે છે. થોડીક ગરબીઓ કૃષ્ણના ઉદ્‌ગાર રૂપે છે, કોઈક કૃષ્ણ-ગોપીના સંવાદ રૂપે છે, પણ ઘણીખરી ગરબીઓ ગોપીઓના ઉદ્‌ગાર રૂપે છે. એમાં આત્મોદ્‌ગાર છે તેમ સખી, કૃષ્ણ, ઉદ્ધવ, અક્રૂર, વાંસળી, મધુકર વગેરેને સંબોધન પણ છે. ક્વચિત્ વાંસળીના ઉદ્‌ગાર રૂપે પણ ગરબી આવે છે. ઉદ્‌ગારો-સંબોધનોમાં અંગતતાનો સૂર આવે છે, તો સંવાદોમાં તર્કચાતુર્ય કે વ્યંગવિનોદની આપલે રચાય છે. અભિવ્યક્તિરીતિનું આ વૈવિધ્ય ઘણું આકર્ષક છે.

દયારામની એક લાક્ષણિક કલારીતિ તે રસિક ચમત્કૃતિપૂર્ણ ભાવપલટાની છે. કૃતક રીસ, રોષ, માન, તિરસ્કાર કે ઈર્ષ્યાનો ફુગ્ગો ફુલાતાં ફૂટી જાય, છદ્મવેશ ખસી જાય એ રચનારીતિને દયારામે પોતાની ગરબીઓમાં વારંવાર પ્રયોજી છે. 'શ્યામરંગ સમીપે ન જાઉં'નું ગાણું ગાતી ગોપીનો ખરો હૃદયભાવ કાવ્યને અંતે, "દયાના પ્રીતમ સાથે મુખ નીમ લીધો, મન કહે જે પલક ના નિભાવું" એમ પ્રગટ થઈ જાય છે.

આ ગરબીઓમાં ગુજરાતી ભાષાનું અજબ માધુર્ય ને લાલિત્ય પ્રગટ થયું છે. દયારામે શબ્દોને લડાવ્યા છે ને ઘણીબધી ગરબીઓ ગોપીના ઉદ્‌ગાર રૂપે આવતી હોઈ બોલચાલની પણ કસ કાઢવો છે. નાજુક મનોભાવોને વ્યક્ત કરતા અનેક કાકુઓ અને સ્વાભાવિક તોયે વર્ણસંગીતભરી શબ્દરચના પણ દયારામની વિશેષતા છે. લય-ઢાળ અને ધ્રુવાની નૂતન ને વિવિધ આકૃતિઓએ ગરબીઓની ગેયતામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. ભાવ, ભાષા, લય – આ બધામાં દયારામને પૂર્વપરંપરાનો વારસો મળ્યો છે એમ અવશ્ય કહી શકાય પરંતુ દયારામે એને પોતાની આગવી સૂઝથી દીપાવ્યો છે.

નવલરામ પંડ્યાની આ ઉક્તિ ગરબીઓના રસતત્ત્વને સમુચિત રીતે વર્ણવી આપે છે : "દયારામભાઈનું શૃંગારરૂપી રત્ન ખરા પાણીએ ચમકતું, નાયિકાભેદે વિસ્તીર્ણ, સુવર્ણ સરખા શબ્દોમાં જડિત અને તાલસુરના તેજોમય સિંધુમાં તરતું છે." [જ.કો.]

ગર્ગ [ઈ.૧૭૦૪ સુધીમાં] : જૈન શ્રાવક. ગૌતમમલ્લના પુત્ર. ભૂલથી 'અગરવાલ'ને નામે નોંધાયેલી ૧૧૯ કડીની 'પાર્શ્વનાથ-આદિત્યવ્રત-કથા' (લે.ઈ.૧૭૦૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગલાલ(શાહ) [ઈ. ૧૭૨૭માં હયાત] : કડવાગચ્છના જૈન સંવરી. કડવામતના શાહ લાધાજીના શિષ્ય. શાહ પંચાઈણનાં ગુરુભક્તિ અને તપનો મહિમા કરતા તથા એમનું સમગ્ર જીવનચરિત્ર આલેખતા ૭ ઢાળ અને ૭૬ કડીના 'સાહા પંચાઈણનો નિર્વાણ-રાસ' (૨.ઈ.૧૭૨૭/સં.૧૭૮૩, શ્રાવણ –; મુ.)ના કર્તા.

કૃતિ : કડૂઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ.૧૯૭૯. [કી.જો.]

ગલાલસાગર [ઈ.૧૭૦૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ૯ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૭૦૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગવરીદાસ [સં.૧૮મી સદી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગવરીબાઈ/ગૌરીબાઈ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ. ઈ. ૧૮૦૯/સં.૧૮૬૫, ચૈત્ર સુદ ૯] : જ્ઞાનમાર્ગી સ્ત્રીકવિ. જન્મ ડુંગરપુરમાં, લગભગ ઈ.૧૭૫૯માં. જ્ઞાતિ વડનગરા નાગર ગૃહસ્થ. ૫-૬ વર્ષની વયે લગ્ન. પણ ૮ જ દિવસમાં વૈધવ્ય પ્રાપ્ત થતાં જ્ઞાનભક્તિ તરફ વળ્યાં. લખતાંવાંચતાં શીખી ઉપનિષદ, ગીતા, ભાગવતાદિ ગ્રંથોનું સેવન કર્યું ને સાધ્વી તરીકે પ્રતિષ્ઠા પામ્યાં. ડુંગરપુરનરેશ શિવસિંહે તેમને માટે ઈ.૧૭૮૦માં બંધાવેલા કૃષ્ણ-મંદિરમાં ઈ.૧૮૦૪ સુધી રહ્યાં તે દરમ્યાન યોગમાર્ગનો અભ્યાસ કરી ૧૫ દિવસ સુધી સમાધિમાં રહેવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. પછીથી તીર્થયાત્રાએ નીકળી કાશીમાં નિવાસ કર્યો, જ્યાં કાશીનરેશ સુંદરસિંહે તેમની પાસેથી યોગ પ્રાપ્ત કર્યો. ત્યાં જ સમાધિ દ્વારા દેહવિસર્જન.

બારમાસી, તિથિ, વાર, ગરબી વગેરે પ્રકારભેદો દર્શાવતાં તેમ જ ગુજરાતી ઉપરાંત હિંદી ને રાજસ્થાની ભાષાનો આશ્રય લેતાં ગવરીબાઈનાં પદો (૬૦૯ મુ.)માં સગુણ-નિર્ગુણ-ઉપાસના તથા રામ-કૃષ્ણભક્તિનો સમન્વય થયેલો છે. સાચી અધ્યાત્મનિષ્ઠા, સમુચિત અલંકારોનો ઉપયોગ, વાણીની તળપદી છટા અને રાગ-ઢાળનું વૈવિધ્ય ગવરીબાઈને ગુજરાતની જ્ઞાનમાર્ગી કવયિત્રીઓમાં માનભર્યું સ્થાન અપાવે છે. ગવરીબાઈના ગદ્યનો નમૂનો તેમની 'ગુરુશિષ્ય-પ્રશ્નોત્તરી'(મુ.)માં જોવા મળે છે.

હરિકૃષ્ણ મહારાજ તથા જિતામુનિ નારાયણના નિર્દેશ ધરાવતાં પદો આ ગવરીબાઈનાં હોઈ શકે, પરંતુ એ વિશે પ્રમાણભૂત રીતે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ગવરીકીર્તનમાલા, સં. 'મસ્ત', ઈ.૧૯૩૭ (+સં.);

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. ગવરીબાઈનું જન્મચરિત્ર, અંબારતલાલ મ. ભચેચ, ઈ. ૧૮૮૨ – પદો; ☐ ૩. બુકાદોહન:૧; ૪. સંતોની વાણી, સં. ભગવાનજી મહારાજ, ઈ.૧૯૨૦ (+સં.).

સંદર્ભ : ૧. અસાંપરંપરા; ૨. ગુસામધ્ય; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

ગંગ : 'ગંગ' તેમ જ 'કવિ ગંગ' એવી નામછાપથી ૨ નાની બોધાત્મક રચનાઓ (મુ.) મળે છે તે કયા ગંગની છે તે નક્કી થઈ શકતું નથી. ગંગને નામે ૧૫ કડીનું 'અજિતનાથ-સ્તવન' અને 'શાંતિનાથ-સ્તવન' (લે.ઈ.૧૭૯૩) એ કૃતિઓ મળે છે તે ગંગ–૪ની હોવાની સંભાવના છે. તો કવિ ગંગને નામે 'ભક્તમાળા-ચરિત્ર' મળે છે તે કદાચ ગંગ–૨ની હોય.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ:૧; ૨. જૈપ્રપુસ્તક:૧.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. લીંહસૂચી. [૨.સો.]

ગંગ–૧ [ઈ.૧૫૦૪ આસપાસ સુધીમાં] : સંભવત: શ્રાવક. મુખ્યત્વે તીર્થંકરસ્તુતિનાં એમનાં ૧૫ ગીતો (મુ.) મળે છે તેમાં ભાષાની પ્રૌઢિ તથા પ્રાસની ચમત્કૃતિ ધ્યાન ખેંચે છે.

કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૯–જાન્યુ. ૧૯૮૦ – 'શ્રાવક કવિ ગંગકૃત ગીતો', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [૨.સો.]

ગંગ–૨ [સંભવત: ઈ.૧૬૪૧માં હયાત] : 'શુકદેવાખ્યાન/શુકસંવાદ' (સંભવત: ૨.ઈ.૧૬૪૧ – "પુરાણ સંવછર સતાણું હો" અને લે. ઈ.૧૬૭૨)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [૨.સો.]

ગંગ–૩ [ઈ.૧૭૨૨માં હયાત] : 'ઓધવમાધવ-સંવાદ' (૨.ઈ. ૧૭૨૨)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [૨.સો.]

ગંગ(મુનિ)–૪/ગાંગજી [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ]: લોંકાગચ્છના જૈન સાધુ. રૂપઋષિની પરંપરામાં લખમીચંદના શિષ્ય. ૪ ખંડ, ૩૮ ઢાળ અને ૮૦૯ કડીના 'રત્નસારતેજસાર-રાસ' (૨.ઈ.૧૭૦૫/સં.૧૭૬૧, જેઠ સુદ ૬, ગુરુવાર), ૧૭ ઢાળના 'ધન્નાનો રાસ', 'જંબૂસ્વામીનું ચોઢાળિયું/જંબૂસ્વામી-સઝાય' (ઈ.૧૭૦૯/સં.૧૭૬૫, શ્રાવણ સુદ ૨; મુ.), ૬ કડીની 'ગૌતમસ્વામી-સઝાય' (૨.ઈ.૧૭૧૨/સં.૧૭૬૮, પ્રથમ ભાદરવા વદ ૧૫, બુધવાર; *મુ.), ૧૩ કડીની 'સીમંધર-વિનતિ' (૨.ઈ.૧૭૧૫/સં.૧૭૭૧, ભાદરવા સુદ ૧૩; મુ.) અને ૭ કડીની 'પાર્શ્વજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા(શા.):૨; ૨. જૈસસંગ્રહ(જૈ.); ૩. લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨,૩(૧). [૨.સો.]

ગંગદાસ–૧ [ઈ.૧૫૪૩માં હયાત] : જુઓ ગંગાદાસ–૧.

ગંગદાસ–૨ [ઈ.૧૬૦૩માં હયાત]: લોંકાગચ્છના જૈન સાધુ. જશવંતમુનિના જીવનકાળ (ઈ. ૧૫૭૮–ઈ.૧૬૩૨)માં રચાયેલ 'જયવંત આચાર્યના બારમાસા' (૨.ઈ.૧૬૦૩/સં.૧૬૫૯, કારતક સુદ ૭)-ના કર્તા. આ કૃતિ ભૂલથી ખરતરગચ્છના જિનસિંહસૂરિની પરંપરામાં લબ્ધિકલ્લોલના શિષ્ય ગંગદાસને નામે નોંધાયેલી છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

ગંગદાસ–૩ [ઈ. ૧૬૧૫માં હયાત]: ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં લબ્ધિકલ્લોલના શિષ્ય. ૧૨૮ કડીના 'વંકચૂલ-રાસ'(૨.ઈ.૧૬૧૫/ સં.૧૬૭૧, શ્રાવણ સુદ ૨, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૧,૩(૧). [૨.સો.]

ગંગવિજય [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ]: પદ્યવાર્તાકાર. તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં નિત્યવિજયના શિષ્ય. એમનો, ૫૪ ઢાળ અને ૧૨૫૬ કડીમાં કુસુમશ્રી અને વીરસેનનું અદ્‌ભુત-રસિક વૃત્તાંત વર્ણવતો 'કુસુમશ્રી-રાસ' (૨.ઈ.૧૭૨૧/સં.૧૭૭૭, કારતક સુદ ૧૩, શનિવાર; મુ.) તેની રસપ્રદ કથનશૈલી તથા ચતુરાઈપૂર્વક પોતાની શીલરક્ષા કરતી ધનવતીની, ૧૫ ઢાળ જેટલો વિસ્તાર ધરાવતી, દૃષ્ટાંતકથાને કારણે નોંધપાત્ર બને છે. આ કવિએ ૩ ખંડનો 'ગજસિંહકુમાર-રાસ' (૨.ઈ.૧૭૧૬ કે ૧૭૨૬/ સં.૧૭૭૨ કે ૧૭૮૨, કારતક વદ ૧૦, ગુરુવાર) પણ રચ્યો છે.

કૃતિ : આકામહોદધિ:૧(+સં.).

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ☐ ૨. જૈગૂકવિઓ:૨,૩(૨); ૩. લીંહસૂચી. [૨.સો.]

ગંગસાહેબ : જુઓ ગંગારામ–૧.

ગંગા(દાસી)–૧/ગંગાબાઈ[ ]: ઉપદેશના ૧ પદ(મુ.)નાં કર્તા.

કૃતિ : પ્રાકાસુધા:૧. [દે.જો.]

ગંગા(સતી)–૨/ગંગાબાઈ[ ]: સંત કવયિત્રી. પરંપરાથી મળતી માહિતી અનુસાર વાઘેલા રાજપૂતની દીકરી. લગ્ન ધોળા જંકશન પાસેના સમઢિયાળાના કલ્યાણભા(કલ્યાણસંગ) ગોહેલ સાથે. કૌટુંબિક સંસ્કારને કારણે નાનપણથી ભક્તિ તરફ વળેલાં ગંગાબાઈએ એનો રંગ પતિને પણ લગાડ્યો અને પુત્ર અજેભા ઉંમરલાયક થયા પછી બંનેએ ભજનકીર્તનમાં જ જીવન જોડ્યું. ગાયને જીવતી કરવાનો ચમત્કાર કરવાની ફરજ પડતાં સ્વૈચ્છિક રીતે સમાધિ સ્વીકારનાર પતિ કલ્યાણભાની પાછળ એમણે પણ પાંચમા દિવસે સમાધિ લીધી. વચ્ચેના પાંચ દિવસ એમણે પુત્રવધૂ પાનબાઈ (ફૂલબાઈ નામ પણ નોંધાયેલું મળે છે)ને રોજ ૧-૧ ભજન સંભળાવી ભક્તિમાર્ગની શીખ દીધી.

ગંગાસતીના ચાલીસેક ઉપલબ્ધ પદો (મુ.)માંથી વીસેક પદોમાં પાનબાઈને સંબોધન થયેલું મળે છે. ભજનિકોમાં સારો પ્રચાર પામેલાં આ પદોમાં ભક્તિ અને યોગસાધનાથી માંડીને પરમતત્ત્વના સાક્ષાત્કાર સુધીની વિવિધ ભૂમિકાઓનું નિરૂપણ છે. સચોટ અને સરળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીતે પૂરા આત્મીયભાવથી થયેલ કથન અને "વીજળીને ચમકારે મોતી પરોવવું, પાનબાઈ!" જેવી કેટલીક માર્મિક પંક્તિઓથી ગંગાબાઈનાં પદો ધ્યાનપાત્ર બને છે.

કૃતિ : ૧. ગંગા સતી એમ બોલિયાં રે, સં. સુનંદા વોહોરા, ઈ.૧૯૭૫ (+સં.); ૨. ગંગા સતીનાં ભજનો, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, –(+સં.); ૩. સતી ગંગાબાઈ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઈ.૧૯૬૯; ☐ ૪. સોસંવાણી. [દે.જો.]

ગંગાદાસ : આ નામે 'સુદામાખ્યાન' (લે.ઈ.૧૬૬૦ આસપાસ) અને પદો એ જૈનેતર કૃતિઓ મળે છે. તે ગંગાદાસ–૧ છે કે જુદા તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ફાહનામાવલિ:૨. [૨.સો.]

ગંગાદાસ–૧/ગંગદાસ [ઈ.૧૫૪૩માં હયાત] : સુરતના નરસંગપુરાના વતની. જ્ઞાતિએ વણિક. પર્વતસુત. ૧૪૩ રોળાબંધી છપ્પામાં લખાયેલી આ કવિની 'લક્ષ્મીગૌરી-સંવાદ'(૨.ઈ.૧૫૪૩) લક્ષ્મી અને પાર્વતી વચ્ચેના ચાતુરીપૂર્ણ ને વિનોદરસિક સંવાદોમાં રચાયેલી, વચ્ચેવચ્ચે લોકોક્તિઓ અને સુભાષિતોની ગૂંથણીવાળી કૃતિ છે. આ ઉપરાંત આ કવિએ 'મહાપુરાણની વિનતિ' રચી હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ☐ ૨. રાહસૂચી:૧. [૨.સો.]

ગંગાદાસ–૨ [ઈ.૧૭૦૭માં હયાત]: અવટંકે ભવાની. ખાખરસરનો વતની. ઈ.૧૭૦૭માં ખંભાત પરગણાના પાદરા ગામના લોકોએ જમાબંધી ભરી નહીં તેથી નવાબ અલીખાનની ફોજ આવતાં તેની સામે લડીને તેને હાર આપનાર ભાણ વગેરે ગામલોકોની પ્રશસ્તિ કરતા 'ભાણનો સલોકો'ના રચનાર આ કવિને ગામલોકોએ ૭ વીઘાં જમીન આપેલી.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ:૧. [૨.સો.]

ગંગાબાઈ : જુઓ ગંગા.

ગંગારામ : આ નામે કૃષ્ણ અને રાધાજીનાં તેમ જ અન્ય પદો નોંધાયેલાં છે. તે ગંગારામ–૧ હોવાનું નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. ગુજૂકલ્હકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી. [૨.સો.]

ગંગારામ–૧/ગંગસાહેબ [અવ.ઈ.૧૮૨૭]: રવિભાણુસંપ્રદાયના સંતકવિ. ખીમસાહેબના આ પુત્રે રવિસાહેબ સાથે તીર્થયાત્રાઓ પણ કરી હતી. પછીથી એ પિતા સાથે રહ્યા હતા અને રાપર (કચ્છ)માં જીવત્સમાધિ લીધેલી. આ કવિનાં આરતી, થાળ વગેરે પ્રકારો બતાવતાં પદો (મુ.)માં સંપ્રદાયની જ્ઞાન-ભક્તિ-યોગની સાધનાનું અનુસરણ છે પણ એમાં ભક્તિની આરતનું સંવેદન વિશેષ ધ્યાન ખેંચે છે. એમનાં પદો હિન્દી ભાષાની અસર બતાવે છે તેમ કેટલાંક હિન્દીમાં પણ છે.

કૃતિ : ૧. યોગ વેદાન્ત ભજન ભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદભાઈ પુરુષોત્તમદાસ, ઈ.૧૯૭૬(ચોથી આ.) (+સં.); ૨. રવિભાણુસંપ્રદાયની વાણી:૧, પ્ર. મંછારામ મોતી, –; ૩. સતવાણી.

સંદર્ભ : ૧. આગુસંતો; ૨. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ.૧૯૮૨. [૨.સો.]

ગંગેવદાસ [ ] : માહુરાના શિષ્ય. એમનાં ૨ પદ મુદ્રિત મળે છે તેમાં યોગમાર્ગ અને ભક્તિમાર્ગની પરિભાષામાં પીરની સ્તુતિ છે.

કૃતિ : ૧. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ.૧૯૫૦ (છઠ્ઠી આ.); ૨. ભજનસાગર:૧. [૨.સો.]

ગાંગજી–૧ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જુઓ ગંગ(મુનિ)–૪.

ગાંગજી–૨ [ ] : ૩૭ કડીના 'રાધા-રાસ'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

ગાંગજીસુત [ઈ.૧૬૫૩માં હયાત] : 'ધર્મ-સંવાદ' (૨.ઈ.૧૬૫૩)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

ગિરધર–૧ [જ.ઈ.૧૭૮૩–અવ.ઈ.૧૮૫૨] : જુઓ ગિરધરદાસ.

ગિરધર–૨ [ ]: દિશાવાળ ભટ્ટ. ખાંડ વગેરેને હરાવી દેતા અને દેવોને દુર્લભ આંબાનું મહિમાગાન કરતા ૩૨ કડીના 'આંબા-આખ્યાન/આંબાનો મહિમા' (મુ.)ના કર્તા.

કૃતિ: પ્રાકાસુધા:૧.

સંદર્ભ : ૧. કદહસૂચિ; ૨. ગૂહાયાદી. [દે.જો.]

ગિરધરદાસ/ગિરધર [જ. ઈ. ૧૭૮૭ – અવ. ઈ. ૧૮૫૨/સં. ૧૯૦૮, ભાદરવા વદ ૧૧]: આખ્યાનકાર અને પદકવિ. માસર (તા. પાદરા) ગામમાં જન્મ. જ્ઞાતિએ દશા લાડ વણિક. પિતા ગરબડદાસ. પિતાનાં ૪ સંતાનોમાં તેઓ સૌથી મોટા હતા. માતાપિતાનું નાનપણમાં અવસાન. આરંભમાં તલાટીની નોકરી તેમણે કરેલી. પછીથી તેમની બહેન સાદા વિધવા થતાં બનેવીની વડોદરાની શરાફી પેઢી તેમણે સંભાળી લીધી. તીર્થયાત્રા દરમ્યાન શ્રીનાથદ્વારા પાસેના આમધરા ગામે અવસાન.

કવિએ એ જમાનાની ગામઠી વ્યવહાર પૂરતી કેળવણી લીધા બાદ સત્સંગબળે પુરાણાદિ સંસ્કૃત ગ્રંથોનો પરિચય મેળવેલો. કહેવાય છે કે સંસ્કૃત-હિન્દીનો કેટલોક અભ્યાસ બાળસ્નેહી વલ્લભવિજયજી ગોરજી મહારાજ પાસે માસરમાં તો કાવ્યશાસ્ત્રનો અભ્યાસ વડોદરામાં વલ્લભસંપ્રદાયની તેમને દીક્ષા આપનાર કાશીવાળા ગોસ્વામી પુરુષોત્તમજી મહારાજ પાસે કરેલો. તેમના પિતા તથા ૨ ભાઈઓ પણ કવિતા કરતા એમ કહેવાય છે. આમ આવા સાહિત્યિક વાતાવરણ સાથે ધાર્મિક વાતાવરણનો લાભ પણ એમને મળેલો. મથુરાના રાધાવલ્લભ-સંપ્રદાયના વડોદરામાંના મંદિરનો કારભાર આચાર્ય રંગીલલાલજી મહારાજે તેમને સોંપેલો. કવિના પુત્ર લલ્લુનું બાલવયે અને તે પછી તરત પત્ની સૂરજનું અવસાન થતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કવિનો મોટાભાગનો સમય ભગવત્સેવા, સંતસમાગમ તથા શાસ્ત્ર-પુરાણનાં વચન-શ્રવણ-કીર્તનાદિમાં તથા કાવ્યરચનામાં વ્યતીત થતો રહ્યો. કવિ ભક્તિની એક પ્રવૃત્તિ રૂપે, પરમાર્થ માટે જાતે જ કાવ્ય-ગ્રંથો રચી-લખીને બ્રાહ્મણોને તે આજીવિકા માટે આપતા અને પ્રસંગોપાત્ત જાતે રાગતાલમાં ગાઈ સંભળાવતા. એમની ખ્યાતિથી પ્રેરાઈ વૈકુંઠરાય નામના ગૃહસ્થે તેમને ૨ વરસ પોતાને ત્યાં રાખી રૂ.૪૦૦નો પુરસ્કાર પણ આપેલો.

આ કવિની કૃતિઓમાં સૌથી વધુ મહત્ત્વની 'રામાયણ'←છે. ગુજરાતી પ્રજામાં અસાધારણ પ્રચાર પામેલી, અધ્યાયને નામે ઓળખાવાયેલાં ૨૯૯ કડવાં અને ૯૫૧૧ કડીની આ કૃતિ (૨.ઈ.૧૮૩૭/સં. ૧૮૯૩, માગશર વદ ૯, રવિવાર; મુ.) વાલ્મીકિરામાયણ ઉપરાંત અન્ય પૌરાણિક સામગ્રીનો પણ આધાર લે છે અને કેટલાક ફેરફારો અને ઉમેરણો પણ દર્શાવે છે. સમકાલીનતાના રંગો ધરાવતું છતાં મૂળ વ્યક્તિત્વને જરાય ન જોખમાવતું, માનવસહજ લાગણીઓથી ધબકતું પાત્રાલેખન, કવિની સવિશેષ ક્ષમતા પ્રગટ કરતું શાંત અને કરુણનું આલેખન તથા મધ્યકાલીન પરંપરાની અલંકારસમૃદ્ધિ અને વર્ણન-સિદ્ધિ આ કૃતિનાં આસ્વાદ્ય અંશો છે. ગોકુળલીલા, મથુરાલીલા અને દ્વારકાલીલા એમ ૩ ખંડમાં કૃષ્ણના સમગ્ર વૃત્તાંતને નિરૂપતી ૨૧૨ અધ્યાય અને ૯૫૦૦ કડીની 'કૃષ્ણચરિત્ર'←(૨.ઈ.૧૮૫૨/સં.૧૯૦૮, મહા/વૈશાખ સુદ ૧૩, રવિવાર; મુ.) કવિની બીજી નોંધપાત્ર કૃતિ છે અને તે રામાયણનાં જેવાં જ શૈલીલક્ષણો ધરાવે છે. ૫૨ કડવાં અને ૧૮૪૫ કડીની 'રાજસૂયયજ્ઞ' (૨.ઈ.૧૮૩૧/સં.૧૮૮૭, જેઠ સુદ ૧, શનિવાર; મુ.), ૩૨ કડવાં અને ૮૪૫ કડીની 'પ્રહ્લાદ-આખ્યાન' (૨.ઈ.૧૮૨૦/સં.૧૮૭૬, ચૈત્ર સુદ ૯, ગુરુવાર; મુ.) તથા 'પદ'નામક ૨૬ કડવાં અને ૩૭૦ કડીની 'તુલસી-વિવાહ' (૨.ઈ.૧૮૧૫ કે ૧૮૨૨/સં.૧૮૭૧ કે ૧૮૭૮ અસાડ સુદ ૭, બુધવાર; મુ.) એવાં જ શૈલીલક્ષણો ધરાવતી અન્ય આખ્યાનકૃતિઓ છે. તેમાં 'રાજસૂયયજ્ઞ'માં કવિના ઊંડા અધ્યાત્મ-જ્ઞાનને પ્રગટ કરતું કૃષ્ણનું વ્યક્તિચિત્રણ, 'પ્રહ્લાદ-આખ્યાન'માં નિશાળિયા પ્રહ્લાદને મુખે ભક્તિબોધના કક્કાની ગૂંથણી અને 'તુલસીવિવાહ'માં લગ્નોત્સવના ગુજરાતી વાતાવરણનું વીગતપ્રચુર વર્ણન ધ્યાનાર્હ બને છે.

આ ઉપરાંત ગિરધરદાસની ૨૬ કડીની 'રાધિકાવિરહના દ્વાદશ-માસ' (મુ.), સંક્ષેપમાં સમગ્ર હનુમાનચરિત્રને સમાવી લેતી ૧૬ કડીની 'પંદરતિથિ હનુમાનની' (મુ.), ૧૪ કડીની રાધાના રૂપની શોભા વર્ણવતી 'ધોળ હીંચનું', 'અંબિકાઅષ્ટક', 'કાલિઅષ્ટક/મહાકાળીની સ્તુતિ' (મુ.), ૧૮ કડીની 'પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથ' (મુ.) તેમ જ ગરબી, ધોળ વગેરે નામોથી ઓળખાવાયેલાં પ્રેમલક્ષણાભક્તિનાં તથા ઉપદેશાત્મક પદો ને કુંડળિયા, ઝૂલણા, સવૈયા જેવી પ્રકીર્ણ પ્રકારની રચનાઓ મળે છે. પદો તેમ જ પ્રકીર્ણ રચનાઓનો ઘણો ભાગ હિંદીમાં છે ને એમાં વસંતનાં, હિંડોળાનાં, હોળીનાં, રામજન્મસમયનાં એમ વિવિધ વિષયનાં પદો પણ મળે છે. કવિએ હિંદી ભાષામાં 'દાણલીલા' (૨.ઈ.૧૮૧૯), 'જન્માષ્ટમીનાં પદ/શ્રીકૃષ્ણજન્મવર્ણન' (૨.ઈ.૧૮૧૮), 'રાધાકૃષ્ણનો રાસ' (૨.ઈ.૧૮૧૯), 'ગ્રીષ્મઋતુની લીલા' (૨.ઈ.૧૮૨૧), 'નામમંત્રમુક્તાવલિ' (૨.ઈ.૧૮૨૮), 'જન્માષ્ટમીનો સોહેલો', 'નરસિંહચતુર્દશીની વધાઈ' વગેરે કેટલીક દીર્ઘ કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ૧. (શ્રી)કૃષ્ણચરિત્ર, સં. ઇચ્છારામ સૂ. દેસાઈ, ઈ. ૧૮૯૫; ૨. કૃષ્ણચરિત્ર, પ્ર. બાજીભાઈ અમીચંદ, ઈ.૧૮૭૮; ૩. *તુલસી-વિવાહ, પ્ર. બાજીભાઈ અમીચંદ, ઈ.૧૮૮૫; ૪. પ્રહ્લાદ આખ્યાન, સં. જગજીવનદાસ દ. મોદી, સં.૨૦૧૬; ૫. રામાયણ, પ્ર. શેઠ જમનાદાસ રૂઘનાથજી, ઈ.૧૮૭૧; ૬. એજન, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં.૧૯૮૧; ☐ ૭. કાદોહન:૧; ૮. પ્રેમરસમાળા, પ્ર. બાજીભાઈ અમીચંદ, ઈ.૧૮૬૬; ૯. પ્રાકામાળા : ૩, ૧૧; ૧૦. ભૂકાદોહન:૪,૬; ☐ ૧૧. અનુગ્રહ, જાન્યુ.૧૯૫૮ – 'પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથ'; ૧૨. હિન્દુ મિલન મંદિર, નવે. ૧૯૮૧, મે તથા જૂન ૧૯૮૨ – 'કવિ ગિરધરકૃત 'રાધાકૃષ્ણનો રાસ' ', વિનોદ-ચંદ્ર ઓ. પુરાણી (+સં.).

સંદર્ભ : ૧. કવિ ગિરધર – જીવન અને કવન, દેવદત્ત જોશી, ઈ.૧૯૮૨; ૨. ગિરધર, જગજીવનદાસ દ. મોદી, ઈ.૧૯૧૯; ☐ ૩. ગૂહાયાદી. [દે.જો.]

ગુગાણંદ [ઈ.૧૭૨૯ સુધીમાં] : જૈન. ભૂલથી ગુંગાનદને નામે નોંધાયેલી ૧૩ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય' (લે.ઈ.૧૭૨૯)ના કર્તા. લહિયાના લેખનદોષને કારણે 'ગુણાનંદ'નું 'ગુગાણંદ' થયું હોય એવી પણ સંભાવના છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'ગુજરીનું લોકગીત' : ગુર્જરપ્રજાના ઇતિહાસનું એક ઉજ્જ્વળ પાનું રજૂ કરતા આ લોકગીત(મુ.)નાં ૨-૩ રૂપાંતર-પાઠાંતર મળે છે તેમાંથી મેઘાણી-સંપાદિત ૧૩૭ જેટલી પંક્તિઓમાં વિસ્તરતો પાઠ એની સવિશેષ કાવ્યમયતાથી ધ્યાન ખેંચે છે. એમાં નિરૂપાયેલો પ્રસંગ શુદ્ધ ઇતિહાસનો ન હોય તોયે પ્રજાભાવનાના પ્રગટીકરણ રૂપે એને અવશ્ય જોઈ શકાય. બાગમાં ઊતરેલા કાબુલના બાદશાહને જોવા નીકળેલી ગુજરી, એની સાસુએ ભય બતાવેલો તે મુજબ, બાદશાહને ત્યાં ફસાય છે અને એનો કાગળ વાંચીને ચડી આવેલા ૯ લાખ ગુર્જરોના પરાક્રમથી મુક્ત થાય છે. બાદશાહને ત્યાં રહી આવેલી ગુજરીનો, અલબત્ત, સાસુનણંદ સ્વીકાર કરતાં નથી, જેથી ગુજરી પાવાગઢ ચાલી જાય છે ને અલોપ થઈ મહાકાળી રૂપે પ્રગટે છે. ગુજરીના અસ્વીકારની આ વાતમાં જે ધાર્મિક-કોમી સંકુચિતતા પ્રગટ થાય છે તે ઝવેરચંદ મેઘાણીને ગુર્જરપ્રજાના ગૌરવ સાથે બંધબેસતી લાગી નથી અને તેથી એ અંશને તેઓ પાછળથી ઉમેરાયેલો ગણે છે, પણ અસ્વીકારની વાત પરંપરાગત હિંદુસંસ્કારને અનુરૂપ છે એ સ્વીકારવું જોઈએ.

આ લોકગીતમાંથી ગુજરીનું મનોહર ને માનપ્રેરક વ્યક્તિત્વ ખડું થાય છે. બાદશાહને જોવા જવાની ઉત્સુકતા અનુભવતી, સાસુની સલાહને અવગણી ચાલી નીકળતી, કયા વેશે જવું તેના વિકલ્પો વિચારી મહિયારીનો વેશ સજતી, બાદશાહે ધરેલી લાલચો સામે "તેરે હાથીમેં કયા દેખના મેરે આંગણ ભૂરી ભેંસ રે," "તેરી મૂછોમેં કયા દેખના, મેરે બકરેકું એસા પૂછ રે" જેવા નિર્ભીક જવાબો આપતી ને ૯ લાખ ગુર્જરો પોતાને બચાવવા ચડી આવશે એવો આત્મ-વિશ્વાસ વ્યક્ત કરતી ગુજરીમાં મુગ્ધ, અલ્લડ, ચતુર, સ્વસંસ્કાર-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેમી ખુમારીવાળી ગુર્જરયુવતીનું તાદૃશ ચિત્ર આપણને સાંપડે છે. ગુજરી સાથે વાર્તાલાપ કરતા ને અંતે ગુર્જરોનું પરાક્રમ જોઈ "ગુજરી હમારી બેન રે'' એમ કહી એની સોંપણી કરી દેતા બાદશાહના રંગરાગી છતાં અભિજાત વ્યક્તિત્વની પણ અહીં આછી, આકર્ષક રેખાઓ દોરાયેલી છે.

ગીતમાં બાદશાહ-ગુજરીનો સજીવતાભર્યો સંવાદ જ ૭૦ જેટલી પંક્તિ રોકે છે. ગુજરીનું ટૂંકું વેશવર્ણન કે "તરવારોની તાળી પડે ને બરછી ચાવે પાન રે'' (=લોહીથી રંગાય) જેવી ચમત્કારક તળપદી કલ્પના ધરાવતું નાનકડું યુદ્ધવર્ણન ગીતમાં ઔચિત્યથી ગૂંથાય છે. ઉત્તરહિંદના અન્ય ભાગોમાં પણ મળતું આ ગીત ગુર્જરપ્રજાના પ્રાચીન વારસા સમાન હોવાથી કે પ્રસંગને અનુલક્ષીને અહીં હિંદી ભાષાનો વિનિયોગ થયો લાગે છે પણ તે ઉપરાંત ઉક્તિઓ ઘડીક હિંદીમાં, ઘડીક ગુજરાતીમાં સરી જાય છે એ સ્વાભાવિક સુન્દરતા-ભર્યું લાગે છે. ગીતનો લય એકસૂરીલો પણ ગતિભર્યો છે જે નિરૂપ્ય વિષયવસ્તુને ઉઠાવ આપવામાં ખૂબ ઉપકારક થાય છે. બધી પંક્તિને આરંભે આવતા 'કે'ના લટકામાં ને આવર્તનથી ચાલતી કથનપદ્ધતિમાં લોકગીતની લાક્ષણિક છટા અનુભવાય છે.

કૃતિ : ૧. ચંદર ઊગ્યે ચાલવું, સં. પુષ્કર ચંદરવાકર, સં. ૨૦૨૦ (+ સં.); ૨. રઢિયાળી રાત:૨, સં. ઝવેરચંદ મેઘાણી, ઈ.૧૯૭૩ (+સં.).

સંદર્ભ : ગૂહાયાદી. [જ.કો.]

ગુણ(સૂરિ) : આ નામે ૮ કડીનો 'ઋષભદેવજી-છંદ' (લે.સં. ૧૯મી સદી અનુ.) અને ૨૪ કડીનું 'આદિનાથ-વિનતિ-સ્તવન' મળે છે. આ ગુણસૂરિ કયા તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

ગુણકીર્તિ : આ નામે 'કર્મવિપાકકાંડ' (લે.ઈ.૧૮૨૧) એ જૈન કૃતિ નોંધાયેલી મળે છે તેના કર્તા ગુણકીર્તિ–૧ છે કે કેમ તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : રાહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

ગુણકીર્તિ(ભટ્ટારક)–૧ [ઈ.૧૫૭૪માં હયાત] : સંભવત: દિગંબર જૈન સાધુ. 'શ્રેણિકપૃચ્છા/પ્રશ્નોત્તર' (ર.ઈ.૧૫૭૪) ગુણકીર્તિ તેમ જ ગુણભૂષણને નામે નોંધાયેલ મળે છે તે એક જ કૃતિ હોવા સંભવ છે. જો તેમ હોય તો ખરેખરું કર્તૃત્વ કોનું છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : પાંગુલસ્તલેખો. [કી.જો.]

ગુણચંદ/ગુણચંદ્ર : આ નામથી ૯ કડીનું 'ગતચોવીસી-સ્તવન' (મુ.), ૭ કડીનું 'વીસવિહરમાનજિન-સ્તવન' (મુ.), ૯ કડીનું 'અનાગત-ચતુર્વિંશતિ-સ્તવન' (મુ.) અને અન્ય સ્તવન-સઝાય આદિ કૃતિઓ મળે છે તેના કર્તા કયા ગુણચંદ/ગુણચંદ્ર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

'વિજયશેઠ-વિજયાશેઠાણી-સઝાય' (ર.ઈ.૧૭૩૮) ગુણચંદ્ર–૧ની કૃતિ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. હરિભદ્રસૂરિકૃત મૂળ પ્રાકૃત 'મુનિપતિચરિત્ર' ઉપરના ગુણચંદ્રને નામે નોંધાયેલા સ્તબક (ર.ઈ.૧૭૯૨)ના કર્તા પણ ગુણચંદ્ર–૨ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

કૃતિ : ૫ટ્ દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં.૧૯૬૯.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણચંદ્ર–૧ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : જૈન સાધુ. જયચંદ્રની પરંપરામાં ગુલાલચંદ્રના શિષ્ય. ૧૩ કડીના 'સીમંધરસ્વામીનું સ્તવન' (ર.ઈ.૧૭૩૭/સં.૧૭૯૩, પોષ સુદ ૭; મુ.), ૧૧ કડીના 'ગોડીજી-પાર્શ્વનાથસ્વામીનું સ્તવન' (ર.ઈ.૧૭૬૮/સં.૧૮૨૪, પોષ સુદ ૧૩, શનિવાર; મુ.) અને ૨૧ કડીના 'જ્ઞાનપંચમીનું સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [શ્રા.ત્રિ.]

ગુણચંદ–૨ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. સૂરજમલ્લના શિષ્ય. 'ધન્ના-ચોઢાળિયું' (ર.ઈ.૧૭૮૭/સં.૧૮૪૩, કારતક સુદ ૧૫) અને ૫૭ કડીના 'ચંદ્રગુપ્ત-સોળસ્વપ્ન-ચોઢાળિયું' (ર.ઈ.૧૭૯૪/સં.૧૮૫૦, ભાદરવા સુદ ૪, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧,૨). [શ્રા.ત્રિ.]

ગુણચંદ(સૂરિ)–૩ [ ] : જૈન સાધુ. એમના દુહાની દેશીની ૧૬ કડીના 'વસંત-ફાગુ' (લે.સં.૧૬મી સદી અનુ.; મ.)માં નારીસૌંદર્યનું અને શૃંગારભાવનું તાજગીભર્યા અલંકારો અને અભિવ્યક્તિની મનોરમ છટાથી વર્ણન થયેલું છે અને ધર્મભાવની અસરથી મુક્ત એવી જૈનમુનિની રચના તરીકે એ ધ્યાન ખેંચે છે. ભાષાની પ્રાચીનતા જોતાં આ કૃતિ સં.૧૫મી સદીની રચના હોવાનું અનુમાન થઈ શકે છે.

કૃતિ : પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : ગુસાઈતિહાસ:૧. [શ્રા.ત્રિ.]

ગુણધીર(ગણિ) [ ] : જૈન સાધુ. મૂળ સંસ્કૃત 'સિદ્ધહેમ-આખ્યાન' પરના બાલાવબોધના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ગુણનંદન [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની વડશાખાના જૈન સાધુ. સાગરચંદ્રસૂરિની પરંપરામાં જ્ઞાનપ્રમોદના શિષ્ય. ૩૩૦ કડીના 'મંગલકલશ-રાસ' (ર.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, કારતક સુદ ૧૫, સોમવાર) તથા ઈ.૧૬૧૪માં વાચકપદ પ્રાપ્ત કરનાર ગુરુ જ્ઞાનપ્રમોદના અવસાન સુધીનું ચરિત્ર સંક્ષેપમાં વર્ણવતા ૯ કડીના 'વાચકજ્ઞાન-પ્રમોદ-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩ – 'કતિપય ઐતિહાસિક ગીતોંકા સાર' સં. અગરચંદ નાહટા; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણનિધાનસૂરિ [ઈ. ૧૧મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. મૂળ અપ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભ્રંશ કૃતિ 'ભાવના-સંધિ' પરના બાલાવબોધ (લે.ઈ.૧૪૯૭)ના કર્તા.

સંદર્ભ : ગુસાપઅહેવાલ:૨૦ – 'ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયજીનું ભાષણ'નું પરિશિષ્ટ. [કી.જો.]

ગુણનિધાન(સૂરિ)શિષ્ય [ઈ. ૧૫૩૪માં હયાત] : જૈન. અંચલગચ્છના ભાવસાગરશિષ્ય ગુણનિધાનસૂરિના શિષ્ય. 'સેવક'ને નામે નોંધાયેલી ૧૨૨ કડીની 'આદિનાથદેવ-ધવલ/રાસ' (ર.ઈ.૧૫૩૪/સં.૧૫૯૦, કારતક સુદ ૯, ગુરુવાર)ના કર્તા. માત્ર 'સેવક' નામછાપવાળી ૪૬ કડીની 'આર્દ્રકુમાર-વિવાહલો,' ૨૬ કડીની 'નમિનાથના ચંદ્રાવળા', ૨૭ કડીની 'ખંધકકુમાર-સઝાય' અને ૫ કડીની 'શાંતિજિન-આરતી' એ કૃતિઓ આ કવિને નામે નોંધાયેલી મળે છે, પરંતુ એ અજ્ઞાતકર્તૃક ગણવી જોઈએ એમ લાગે છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

ગુણપાલ [ઈ. ૧૫૧૮ સુધીમાં] : 'રયણસલ્લવાલંભ-ગીત' વગેરે કેટલીક જકડીઓ (લે.ઈ.૧૫૧૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગુણપ્રભ : આ નામે ૭ કડીની 'નવકાર-સઝાય' (લે.સં.૧૭મી સદી અનુ.) તથા ૧૧ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' મળે છે તે ગુણપ્રભ–૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગુણપ્રભ–૧ [ઈ.૧૫૧૮ સુધીમાં] : જૈન સાધુ. ૩ કડીના 'નેમિ-ગીત' (લે.ઈ.૧૫૧૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગુણપ્રભ(સૂરિ)–૨ [ ] : જૈન સાધુ. એમની ૧૦૯ કડીની 'ચિત્રસંભૂતિ-સંધિ'નો ર.સં.૧૬(૦)૮, આસો વદ ૯ ને ગુરુવાર (ઈ.૧૫૫૨) અને સં.૧૭૨૯ (ઈ.૧૬૭૩) નોંધાયેલ મળે છે, તેમાંથી બીજો કદાચ લેખનસંવત હોય.

સંદર્ભ : પ્રાકાકૃપરંપરા. [કી.જો.]

ગુણભૂષણ (ભટ્ટારક) [ઈ. ૧૫૭૪માં હયાત] : સંભવત: દિગંબર જૈન સાધુ. 'શ્રેણિકપ્રશ્નોત્તર' (ર.ઈ.૧૫૭૪)ના કર્તા. જુઓ ગુણકીર્તિ–૧.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

ગુણરત્ન(સૂરિ)–૧ [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. દેવસુંદરસૂરિના શિષ્ય. દર્શનશાસ્ત્રના વિદ્વાન આ સૂરિએ સંસ્કૃત ભાષામાં 'ક્રિયારત્નસમુચ્ચય' (ર.ઈ.૧૪૧૦; *મુ.) રચ્યો છે તેમાં તત્કાલીન ગુજરાતી ભાષાનાં ક્રિયાપદરૂપોનું પણ સદૃષ્ટાંત નિરૂપણ કરેલું છે. આ ઉપરાંત, ગુણરત્નસૂરિએ સંસ્કૃતમાં 'કલ્પાંતરવાચ્ય' (ર.ઈ.૧૪૦૧), હરિભદ્રસૂરિકૃત 'ષટ્દર્શનસમુચ્ચય' પર ટીકા, સપ્તતિકા આદિ કેટલાક ધાર્મિક ગ્રંથોની અવચૂરિઓ (ર.ઈ.૧૪૦૩) તથા અન્ય ગ્રંથો રચ્યાં છે.

કૃતિ : * ક્રિયારત્નસમુચ્ચય, પ્ર. યશોવિજયજી જૈન પાઠશાળા, ઈ.૧૯૦૮.

સંદર્ભ : ૧. આકવિઓ:૧; ૨. ગુસાઇતિહાસ:૧; ૩. જૈસાઇતિહાસ. [ક.શે.]

ગુણરત્ન(સૂરિ)–૨ [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : નાગિલગચ્છના જૈન સાધુ. ગુણસમુદ્રસૂરિની પરંપરામાં ગુણદેવસૂરિના શિષ્ય અને જ્ઞાનસાગર (ઈ.૧૫મી ઉત્તરાર્ધ)ના ગુરુબંધુ. ૧૪૩ કડીના 'આદિનાથ/ઋષભ-રાસ' તથા ૩૯૭/૪૬૩ કડીના 'ભરત-બાહુબલિપવાડુ/પ્રબંધ'-ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

ગુણરત્ન(સૂરિ)–૩/ગુણરત્ન(સૂરિ)શિષ્ય [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : પીંપલગચ્છના જૈન સાધુ. આણંદમેરુ←ને નામે પણ નોંધાયેલી મળતી 'કાલિકસૂરિ-ભાસ'ના કર્તા ગુણરત્નસૂરિ (ઈ.૧૪૫૭માં હયાત) છે કે એમના શિષ્ય છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [ક.શે.]

ગુણરત્ન–૪ [ઈ.૧૫૭૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિની પરંપરામાં વિનયસમુદ્રના શિષ્ય. ૧૦૬ કડીની 'સંયતિસંજય-સંધિ' (ર.ઈ.૧૫૭૪/સં.૧૬૩૦, શ્રાવણ સુદ ૫)ના કર્તા. એમણે 'નમસ્કાર-પ્રથમપદ-અર્થ' (*મુ.) નામની વિશિષ્ટ કૃતિ રચી હોવાનો ઉલ્લેખ મળે છે, પરંતુ તે કઈ ભાષામાં છે તેની સ્પષ્ટતા નથી.

કૃતિ : *અનેકાર્થ-રત્નમંજૂષા, –.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૨). [ક.શે.]

ગુણરત્ન(સૂરિ)શિષ્ય[ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : જુઓ ગુણરત્નસૂરિ–૩.

ગુણરંગ(ગણિ) [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. પ્રમોદમાણિક્યના શિષ્ય. 'શત્રુંજયયાત્રા-પરિપાટી'(ર.ઈ.૧૫૫૦), ૩૨ કડીના 'સામાયિક વૃદ્ધ-સ્તવન' (ર.ઈ. ૧૫૯૩/સં.૧૬૪૯, કારતક –), ૨૩ કડીના 'અજિત-સમવસરણ-સ્તવન', 'અષ્ટોત્તરશત-નવકારવાલી-મણકા-સ્તવન', ૧૫ કડીના 'જિનપ્રતિમા-સ્તવન' તથા ૧૫ અને ૫ કડીના ૨ 'પાર્શ્વનાથ-સ્તોત્ર'ના કર્તા.

ગુણરંગને નામે નોંધાયેલી ૮ કડીની 'આર્દ્રકુમાર-સઝાય' (લે.ઈ. ૧૫૭૮)ના કર્તા આ કવિ હોય એવી સંભાવના છે.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [ક.શે.]

ગુણરાજ [ઈ.૧૫૭૪માં હયાત] : જૈન સાધુ. ૧૦૬ કડીની 'સંમતિ-સંધિ' (ર.ઈ.૧૫૭૪)ના કર્તા.

સંદર્ભ : પ્રાકાકૃપરંપરા. [કી.જો.]

ગુણલાભ [ ] : જૈન સાધુ. ૧૪ કડીની 'પૌષધવ્રત-ભાસ'ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણવંત(ઋષિ) [ઈ.૧૬૪૮ સુધીમાં] : જૈન સાધુ. ૩૫૦ કડીની 'પ્રભાવતી-ચોપાઈ' (લે.ઈ.૧૬૪૮)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણવિજય/ગુણવિજય(ગણિ) : ગુણવિજયગણિને નામે ૬૧૯ ગ્રંથાગ્રનો 'ધમ્મિલકુમાર-પુણ્યપદ્મકરન્દ-રાસ' (૨.ઈ.૧૬૨૪) તથા 'સિંહાસનબત્રીસી-ચોપાઈ' (લે.ઈ.૧૬૬૯) નોંધાયેલ છે તેમ જ ગુણવિજયને નામે 'અલ્પબહુત્વ' પરનો બાલાવબોધ, 'જિન-સ્તવન-ચોવીસી' (લે.સં.૧૮મી સદી અનુ.), વિજયદેવસૂરિ વિશેની કેટલીક કૃતિઓ તથા કેટલાંક મુદ્રિત-અમુદ્રિત સ્તવન-સઝાય મળે છે. આ ગુણવિજય કયા છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. પ્રાસપસંગ્રહ:૧; ૩. સઝાયમાળા (પં..)

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજેજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

ગુણવિજય(ગણિ)–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં પંડિત કનકવિજયના શિષ્ય. જીવદયાનો વિષય લઈને રચાયેલા એમના દુહા-દેશીબદ્ધ ૧૨૧ કડીના 'કોચરવ્યવહારી-રાસ' (૨.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો વદ ૯; મુ.)માં ખંભાતના સુલતાન પાસેથી ૧૨ ગામનો અધિકાર મેળવી અમારિ પ્રવર્તાવનાર કોચરનું વૃત્તાંત વર્ણવાયું છે. આ ઉપરાંત, આ કવિએ 'પ્રિયંકરનૃપ-ચોપાઈ' (૨.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, આસો સુદ ૧૩) તથા ૧૭૬/૨૭૬ કડીની '(કાશીદેશાધીશ)જયચંદ્ર/જયતચંદ્ર-રાસ' (૨.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો સુદ ૯)એ કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ઐરાસંગ્રહ:૧(+સં.).

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી; ૪. હેજેજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

ગુણવિજય(વાચક)–૨ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં કમલવિજયના શિષ્ય વિદ્યાવિજયના શિષ્ય. દુહા-દેશીબદ્ધ ૨૧૩ કડીમાં વિજયસિંહસૂરિને આચાર્યપદ મળ્યું ત્યાં સુધીનું વૃત્તાંત, સર્વ આનુષંગિક ઐતિહાસિક માહિતી ગૂંથી લઈને, માંડીને વર્ણવતા એમનો 'વિજયસિંહસૂરિ-વિજયપ્રકાશ-રાસ' (૨. ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, આસો સુદ ૧૦; મુ.) તથા ૫૪ કડીનો 'વિજયસેનસૂરિનિર્વાણ-રાસ/વિજયસેનસૂરિ-સઝાય' એમાંની માહિતીને કારણે નોંધપાત્ર બને છે. આ કવિએ, આ ઉપરાંત, ૯૧ કડીની 'નેમિજિન/નેમીશ્વર-ફાગુ' (૨.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૧, વસંત માસ –; મુ.), ૮૪ કડીની '(બંભણવાડમંડન)-મહાવીરફાગ-સ્તવન', 'શીલ-બત્રીસી' (મુ.), 'સાતસોવીસ-જિનનામ/તીર્થંકર-સ્તવન' (૨.ઈ.૧૬૧૨/સં.૧૬૬૮, ચૈત્ર –, રવિવાર) તથા ૧૩ કડીની 'સામાયિક-સઝાય' એ કૃતિઓ રચેલી છે. તેમણે સંસ્કૃતમાં હેમવિજયકૃત અપૂર્ણ 'વિજયપ્રશસ્તિ'માં છેલ્લા ૫ સર્ગો ઉમેરી સમગ્ર પર 'વિજયદીપિકા-ટીકા' (૨.ઈ.૧૬૩૨) તથા 'કલ્પકલ્પલતા-ટીકા' રચેલ છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(+સં.); ૨. ઐસમાલા:૧; ૩. જિસ્તકા-સંદોહ:૧; ૪. જૈઐકાસંચય(+સં.); ☐ ૫. સ્વાધ્યાય, નવે. ૧૯૮૦ – 'કવિ ગુણવિજયકૃત નેમીશ્વર ફાગુ', સં. કનુભાઈ વ્ર. શેઠ (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી. [ક.શે.]

ગુણવિજય–૩ [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં કુંવરવિજયના શિષ્ય. વિજયાણંદસૂરિના રાજ્યકાળ (ઈ.૧૬૨૦–ઈ.૧૬૫૫)માં રચાયેલા ૫ ઢાળ અને ૪૯ કડીના 'ગુણ-મંજરીવરદત્ત/જ્ઞાનપંચમી/સૌભાગ્યપંચમી-સ્તવન' તથા ૧૧ કડીની 'ઋષભદેવ-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ:૨.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજેજ્ઞાસૂચિ:૧. [ક.શે.]

ગુણવિજય–૪ [ઈ. ૧૭૫૯ સુધીમાં] : જૈન સાધુ. નયવિજયના શિષ્ય. ૬ કડીના 'સુજાતજિન-સ્તવન' (લે.ઈ.૧૭૫૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ક.શે.]

ગુણવિજય–૫ [ ] : જૈન સાધુ. જયવિજયના શિષ્ય. ૯ કડીના '(શંખેશ્વર)પાર્શ્વજિન-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી. [ક.શે.]

ગુણવિનય : આ નામે 'નેમિ-ધમાલ', 'પ્રભાંજના-સઝાય' વગેરે કોઈક કૃતિઓ નોંધાયેલી છે તે ગુણવિનય–૧ની જ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ: ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. લીંહસૂચી; ૩. હેજેજ્ઞાસૂચિ:૧. [ભા.વૈ.]

ગુણવિનય(વાચક)–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ તથા ગદ્યકાર. ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. ક્ષેમરાજ ઉપાધ્યાયની પરંપરામાં ઉપાધ્યાય જયસોમના શિષ્ય. 'ખંડપ્રશસ્તિ'ની ટીકા (૨.ઈ.૧૫૮૫) તથા 'જિનરાજસૂરિ-અષ્ટક' (૨.ઈ.૧૬૨૦)નાં રચનાવર્ષોને આધારે કવિનો જીવનકાળ ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધથી ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ સુધીમાં મૂકી શકાય. યુગપ્રધાન જિનચંદ્રસૂરિ ઈ.૧૫૯૨માં લાહોરમાં અકબરને મળ્યા ત્યારે તેમના શિષ્યવૃંદમાં આ કવિ હતા. ત્યાં ઈ.૧૫૯૩માં એમને વાચનાચાર્યની પદવી આપવામાં આવેલી. એમની નવીનવી કાવ્યરચનાઓ સાંભળીને જહાંગીરે તેમને 'કવિરાજ'નું પદ આપ્યાની માહિતી પણ નોંધાયેલી છે.

'ખંડપ્રશસ્તિ' જેવા કઠિન કાવ્ય ઉપરની ટીકાથી જેમની સાહિત્યિક કારકિર્દીનો આરંભ થતો જણાય છે તેવા આ કવિ સંસ્કૃત ભાષાના પણ મોટા વિદ્વાન હોવાનું દેખાઈ આવે છે. ૧૨૦૦૦ શ્લોકોમાં વિસ્તરતી એમની 'હુંડિકા' (૨.ઈ.૧૬૦૯) જેવી સંગ્રહાત્મક કૃતિમાં ૧૫૦થી વધુ ગ્રંથોનો નિર્દેશ છે તે બતાવે છે કે કવિએ જૈન શાસ્ત્રગ્રંથો ઉપરાંત કાવ્યસાહિત્યાદિ અન્ય ગ્રંથોનું પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊંડું અધ્યયન કર્યું છે. એમની કેટલીક કૃતિઓની સુંદર મરોડદાર અક્ષરોમાં સ્વલિખિત પ્રત મળે છે તે તેમની પંડિત તરીકેની ચીવટ અને ચોકસાઈને પણ આભારી હોય. કવિની ગુજરાતી કૃતિઓની પદાવલિમાં તેમની સંસ્કૃત ભાષાની સજ્જતાએ પ્રભાવ પાડેલો છે. કવિની કૃતિઓમાં જોવા મળતું અપાર દેશીવૈવિધ્ય એમની સંગીતના જ્ઞાનની શાખ પૂરે છે.

કવિની કથાત્મક કૃતિઓમાં અકબરબાદશાહ અને જિનચંદ્રસૂરિના મેળાપમાં નિમિત્તરૂપ થયેલા બિકાનેર રાજ્યના મંત્રી કર્મચંદ્રનો તથા તેમના પૂર્વજોનો વીગતપ્રચુર ઇતિહાસ આપતો ૨૨૯ કડીનો દેશીબદ્ધ 'કર્મચંદ્રવંશાવલિ-પ્રબંધ' (૨.ઈ.૧૫૯૯/સં.૧૬૫૫, મહા વદ ૧૦; મુ.) કવિના ગુરુ જયસોમની સંસ્કૃત કૃતિ પરથી રચાયેલો છે અને ઐતિહાસિક માહિતીની દૃષ્ટિએ નોંધપાત્ર છે. કવિની રાસાત્મક કૃતિઓમાં 'ધન્નાશાલિભદ્ર-ચોપાઈ'←(૨.ઈ.૧૬૧૮/સં. ૧૬૭૪, કારતક સુદ ૧૫ કે માગશર – ૧૦;મુ.)સૌથી વધારે મહત્ત્વની છે. મુખ્યત્વે દેશીબદ્ધ ૬૧ ઢાળ અને ૧૨૨૬ કડીની આ કૃતિ જિનકીર્તિસૂરિવિરચિત 'દાનકલ્પદ્રુમ' તથા જ્ઞાનસાગરગણિવિરચિત 'ધન્યકુમાર-ચરિત્ર'ને આધારે રચાયેલી છે પણ 'દાનકલ્પદ્રુમ'ને મુકાબલે એ ઘણો સંક્ષેપ બતાવે છે તેમ જ કેટલાંક વર્ણનો, વર્ણવિન્યાસાદિનું ચાતુર્ય, અલંકારરચનાની પ્રૌઢિ, સંસ્કૃત ઉપરાંત હિંદી-રાજસ્થાની-ફારસી પદાવલિ તથા તળપદાં કહેવતો-રૂઢિપ્રયોગોથી સમૃદ્ધ બાની એ બધામાં કવિનું ઉત્તમ કવિત્વ પ્રગટ કરે છે. જૈન નલકથાને અનુસરતો, મુખ્યત્વે દેશીબદ્ધ ૧૬ ઢાળ અને ૩૫૩ કડીનો 'નલદવદંતી-પ્રબંધ' (૨.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, આસો વદ ૬, સોમવાર; મુ.) થોડાંક હૃદ્ય પ્રસંગચિત્રણો સાથે બહુધા સીધું કથાકથન કરે છે અને 'ધન્નાશાલિભદ્ર-ચોપાઈ'નાં જેવાં જ શૈલીલક્ષણો પ્રગટ કરે છે.

કવિની અન્ય રાસકૃતિઓ આ પ્રમાણે છે : ૧૭૩ કડીની 'કયવન્ના-ચોપાઈ/સંધિ' (૨.ઈ.૧૫૯૮/સં.૧૬૫૪, અસાડ વદ ૮), 'અંજનાસુંદરી-પ્રબંધ' (૨.ઈ.૧૬૦૬/સં.૧૬૬૨, ચૈત્ર સુદ ૧૩, બુધવાર), ૨૬૮ કડીની 'ઋષિદત્તા-ચોપાઈ' (૨.ઈ.૧૬૦૭/સં.૧૬૬૩, ચૈત્ર સુદ ૯, રવિવાર), ૧૦૯ કડીની 'ગુણસુંદરીપુણ્યપાલ-ચોપાઈ' (૨.ઈ.૧૬૦૯), ૧૦૯ કડીની 'જમ્બૂ-રાસ' (૨.ઈ.૧૬૧૪/સં.૧૬૭૦, શ્રાવણ સુદ ૧૦, શુક્રવાર), ૧૭૦ કડીની 'મૂલદેવકુમાર-ચોપાઈ' (૨.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, જેઠ સુદ ૧૩, મંગળ/શુક્રવાર), ૨૪૨ કડીની 'કલાવતી-ચોપાઈ'(૨.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, શ્રાવણ સુદ ૯, શનિવાર), 'અગડદત્ત-રાસ' તથા 'દુમુહપ્રત્યેકબુદ્ધ-ચોપાઈ'. શ્રાવિકા જીવીએ ઈ.૧૫૯૯માં ગુણવિનય પાસે બાર વ્રત લીધાં તેનું વર્ણન કરતી 'બારવ્રતજોડી/રાસ' ગુણવિનયની જ કૃતિ છે એમ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

૨૪૭ કડીની 'જીવસ્વરૂપ-ચોપાઈ' (૨.ઈ.૧૬૦૮/૧૬૧૧) તથા અન્ય મતોનું ખંડન કરતી ૧૩૦૦ ગ્રંથાગ્રની 'પ્રશ્નોત્તરમાલિકા-પાર્શ્વચંદ્રમત-(દલન)-ચોપાઈ' (૨.ઈ.૧૬૧૭), 'અંચલમતસ્વરૂપવર્ણન' (૨.ઈ.૧૬૧૮/સં.૧૬૭૪, મહા સુદ ૬, બુધવાર), 'લુંપકમતતમોદિનકર-ચોપાઈ' (૨.ઈ.૧૬૧૯/સં.૧૬૭૫, શ્રાવણ વદ ૬, શુક્રવાર) અને ૩૮૨ કડીની 'તપાએકાવનબોલ-ચોપાઈ' (૨.ઈ.૧૬૨૦) એ કૃતિઓ કવિનો જૈનધર્મવિષયક સઘળા આચાર-વિચારોનો ઊંડો અને બારીક અભ્યાસ દર્શાવે છે. 'ધર્મસાગર-ત્રીસબોલખંડન/ ત્રિંશદ્-ઉત્સૂત્રનિરાકરણ-કુમતિમતખંડન' ગદ્યમાં કે પદ્યમાં હોવાનું નિશ્ચિત થતું નથી તે ઉપરાંત કવિએ તપગચ્છના ધર્મસાગરના 'ઉત્સૂત્રખંડન'ના પ્રત્યુત્તર રૂપે સંસ્કૃતમાં 'ઉત્સૂત્રોત્ઘાટન-કુલક' (૨.ઈ.૧૬૦૯) એ કૃતિ રચી હતી તેનું આ ગુજરાતી નામાંતર થયું હોય એવી શક્યતા પણ નકારી ન શકાય.

કવિની પ્રકીર્ણ રચનાઓમાં ઈ.૧૫૮૮માં થયેલી યાત્રાને વર્ણવતી ૩૨ કડીની 'શત્રુંજયચૈત્યપરિપાટી', ૩૨ કડીનું 'ચારમંગલ-ગીત' (૨.ઈ.૧૬૦૪), 'શત્રુંજયયાત્રા-સ્તવન' (૨.ઈ.૧૬૦૭/સં. ૧૬૬૩, ફાગણ સુદ ૧૩), ૩૧ કડીની 'ખરતરગચ્છગુર્વાવલી/ગુરુપટ્ટાવલી' (મુ.) 'ચોવીસજિન-સ્તવન', જિનચંદ્રસૂરિ, જિનસિંહસૂરિ અને જિનરાજસૂરિ વિશેનાં કેટલાંક ગીતો તથા અન્ય સ્તવનો વગેરેનો સમાવેશ થાય છે. આમાંની કેટલીક રચનાઓ હિંદીમાં પણ છે.

ગદ્યમાં આ કવિએ 'જયતિહુઅણ-સ્તોત્ર', 'બૃહત્સંગ્રહણી', 'નમોત્થુણમ્', 'કલ્પસૂત્ર', 'આદિ-સ્તવન' અને 'પ્રાણિપાતવરદંડક' એ કૃતિઓ પર બાલાવબોધ, 'ભક્તામર' પર ટબો તથા 'તપોલઘુવિચારસાર' રચ્યા હોવાની માહિતી મળે છે.

સંસ્કૃતમાં ઉપર નિર્દેશેલી કૃતિઓ ઉપરાંત 'નેમિ-ગીત', 'દમયંતી-કથા/નલ-ચંપૂ', 'રઘુવંશ', 'વૈરાગ્ય-શતક' જેવી કાવ્યકૃતિઓ પર તેમ જ 'સંબોધસપ્તતિકા', 'લઘુઅજિતશાંતિ-સ્તવ', જયસોમકૃત સંસ્કૃત 'કર્મચંદ્રમંત્રીવંશ-પ્રબંધ' જેવી જૈન ધર્મની કૃતિઓ ઉપર ટીકા કે વૃત્તિ રચેલી છે. તેમણે 'વિચારરત્નસંગ્રહલેખન' તથા 'સવ્વત્થશબ્દાર્થસમુચ્ચય' નામની સ્વતંત્ર કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ૧. ધન્ના-શાલિભદ્ર ચોપાઈ, સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૩ (+સં.) ; ૨. નલદવદંતી પ્રબંધ, સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૦(+સં.); ☐ ૩. ઐજૈકાસંગ્રહ; ૪. ઐરાસંગ્રહ:૩ (+સં.); ૫. જૈઐકાસંચય(+સં.).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈગૂકવિઓ:૧, ૩(૧); ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [ભા.વૈ.]

ગુણવિમલ [ઈ.૧૬૩૯ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં પંડિત વિનયવિમલના શિષ્ય. ૨૭ કડીના '(દિલ્હીમંડન)વીરજિનપૂજાવિધિ-સ્તવન' (લે.ઈ.૧૬૩૯; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ:૨.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

ગુણશેખર [ ]: જૈન સાધુ. ૫ કડીની 'અમરસાગરસૂરિ-ભાસ'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણસમુદ્ર(સૂરિ) [ઈ.૧૫૩૮ સુધીમાં] : જૈન સાધુ. ૧૩ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન'(લે.ઈ.૧૫૩૮)ના કર્તા. એમને પૌર્ણમિકગચ્છના ગુણસાગરસૂરિના શિષ્ય તરીકે ઓળખાવવામાં આવ્યા છે પણ એને માટે કશો આધાર નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણસમુદ્ર(સૂરિ)શિષ્ય [ઈ.૧૫મી સદી મધ્યભાગ]: નાગિલગચ્છના જૈન સાધુ. ગુણસમુદ્રસૂરિ(ઈ.૧૫મી સદી મધ્યભાગમાં હયાત)ના શિષ્ય. ભૂલથી ઉદયને નામે નોંધાયેલી ૩૫૬ કડીની 'શકુન-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧ – '૨૮ ગુણરત્નસૂરિ'; ☐ ૨. આલિસ્ટઑઈ:૨; ૩. જૈગૂકવિઓ:૩(૧). [કી.જો.]

ગુણસાગર : આ નામે ૧૯ કડીની 'અઢીદ્વીપમુનિની સઝાય' (મુ.), 'શ્રી-સ્તવન' (લે.સં.૧૮મી સદી), ૨૮ કડીની 'ચિંતામણિ-પાર્શ્વનાથ-વિનતિ-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.), ૪ ઢાળ અને ૨૪ કડીની 'નરકદુઃખવર્ણનગર્ભિત-આદિનાથ-સ્તવન' (લે.ઈ.૧૬૬૮; મુ.), ૧૬ કડીની 'જંબૂસ્વામીની સઝાય' તથા ૨૦ ગ્રંથાગ્ર ધરાવતી 'પુણ્ય-સઝાય' મળે છે. આ ગુણસાગર કયા છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ:૨; ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨; ૨. મુપુગૂહસૂચી; ૩. રાહ-સૂચી:૨; ૪. હેજ્જૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

ગુણસાગર–૧ [ઈ.૧૬૨૧ સુધીમાં] : મલધારગચ્છના જૈન સાધુ. હેમસૂરીશ્વરના શિષ્ય. ૧૫૦૦ ગ્રંથાગ્રના 'નેમિચરિત્રમાલા'(લે.ઈ. ૧૬૨૧)ના કર્તા. અભયદેવસૂરિશિષ્ય ને 'નેમિચરિત'ના કર્તા હેમચંદ્ર-સૂરિના સીધા શિષ્ય આ હોય તો એમનો સમય ૧૨મી સદી ગણાય પરંતુ કૃતિની ભાષા મોડા સમયનું સૂચન કરે છે. આથી 'જૈન ગૂર્જર કવિઓ'એ આ કૃતિ ગુણસાગર–૪ની જ હોવાનું અને કવિએ 'નેમિચરિત'નો આધાર લીધેલો હોઈ હેમસૂરીશ્વરને પોતાના ગુરુ ગણાવ્યા હોવાનું અનુમાન કર્યું છે. પરંતુ આ જાતના અનુ-માનનું પણ સમર્થન કરવું મુશ્કેલ છે.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

ગુણસાગર–૨ [ઈ.૧૬૨૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં મુક્તિસાગર(રાજસાગરસૂરિ)ના શિષ્ય. ૭૨ કડીની 'સમ્યક્ત્વમૂલ-બારવ્રત-સઝાય' (ર.ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, મહા સુદ ૧૩, શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

ગુણસાગર–૩ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ગજસાગરસૂરિના શિષ્ય. ગજસાગરસૂરિના અવસાન (ઈ.૧૬૦૩) સુધીની માહિતી આપતા ૧૦૫ કડીના ચરિત્રાત્મક રાસ 'ગજસાગરસૂરિનિર્વાણ'ના કર્તા.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮; ☐ ૨. જૈહાપ્રોસ્ટા. [ચ.શે.]

ગુણસાગર–૪ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : વિજયગચ્છના જૈન સાધુ. વિજયઋષિની પરંપરામાં પદ્મસાગરસૂરિના શિષ્ય. એમનો ૯ ખંડ અને ૧૫૧ ઢાળનો દુહા-દેશીબદ્ધ 'ઢાળસાગરહરિવંશ-પ્રબંધ'(ર.ઈ. ૧૬૨૦/સં.૧૬૭૬, શ્રાવણ સુદ ૩, સોમવાર; મુ.) વસુદેવચરિત્ર, કૃષ્ણબલદેવચરિત્ર, નેમિનાથચરિત્ર, સાંબપ્રદ્યુમ્નચરિત્ર અને પાંડવકથાના સમાવેશ કરતી જૈન પરંપરાની મહાભારતકથા વિસ્તારથી અને વીગતપ્રચુર રીતે વર્ણવે છે તથા લાક્ષણિક ધ્રુવાઓ વાળી સુંદર અને ગેય દેશીઓ, દૃષ્ટાંતપૂર્વક અપાયેલો ધર્મબોધ, કેટલાંક નોંધપાત્ર ભાવાલેખન ને વર્ણનો, આંતરપ્રાસનો વિનિયોગ અને ભાષામાં હિંદી અસર એ લાક્ષણિકતાઓ ધરાવે છે. આ સિવાય તેમની અન્ય કૃતિઓ આ પ્રમાણે છે : ૨૦ ઢાળનો 'કયવન્ના/કૃતપુણ્ય-રાસ' (ર.ઈ.૧૬૨૦), 'સંગ્રહણીવિચાર-ચોપાઈ' (ર.ઈ. ૧૬૧૯), ૨૯ કડીની 'મનગુપ્તત્રીસી-સઝાય' (મુ.), ૩૨ કડીની 'સ્થૂલિભદ્ર-ગીત' તથા મુખ્યત્વે હિંદીમાં ૨૧ કડીનો '(હસ્તિનાપુર મંડન)શાંતિજિનવિનતિરૂપ-છંદ'(મુ.).

કૃતિ : ૧. ઢાલસાગર, પ્ર. મગનલાલ ઝ. શાહ, સં.૧૯૪૬; ☐ ૨. ચૈસ્તસંગ્રહ:૨,૩; ૩. પ્રાછંદસંગ્રહ; ૪. શનીશ્વરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, પ્ર. શ્રાવક ભીમસિંહ માણક, ઈ.૧૯૨૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. ડિકૅટેલૉગભાઈ: ૧૯(૨); ૩. લીંહસૂચી; ૪. હેજ્જૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

ગુણસાગર–૫ [ઈ.૧૬૬૮માં હયાત] : જૈન સાધુ. 'ચંદનબાલા-ચોપાઈ'(ર.ઈ.૧૬૬૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [ચ.શે.]

ગુણસાર [ ] : જૈન સાધુ. ૧૫૧ કડીના 'શ્રાદ્ધવિધિભાવના-કુલક'(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ગુણસેન [ઈ.૧૬૨૯માં હયાત] : સાગરચંદ્રસૂરિશાખાના જૈન સાધુ. વાચક સુખનિધાનજીના શિષ્ય. ૨ કડીના 'સુખનિધાનગુરુ-ગીત' (સ્વલિખિત, લે.ઈ.૧૬૨૯; મુ.) તથા અન્ય સ્તવનોના કર્તા.

કૃતિ : ઔજૈકાસંગ્રહ(+સં.). [ચ.શે.]

ગુણસૌભાગ્ય–૧ [ઈ.૧૫૫૩માં હયાત] : જૈન સાધુ. વિજયદાનસૂરિના શિષ્ય. ૧૫ કડીની '(થંભણ)પાર્શ્વનાથ-સ્તવન' (ર.ઈ. ૧૫૫૩)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ગુણસૌભાગ્ય(સૂરિ)–૨ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : જુઓ વિનય-મંડનશિષ્ય જયવંતસૂરિ.

ગુણહર્ષ : પંડિત ગુણહર્ષને નામે ૭ કડીની 'વીરગૌતમ-સઝાય' મળે છે તેના કર્તા ગુણહર્ષ–૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજ્જૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણહર્ષ–૧ [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયદેવસૂરિ (આચાર્યકાળ ઈ.૧૬૦૨–ઈ.૧૬૫૭)ના શિષ્ય. ૧૦ ઢાળ અને ૧૨૦ કડીના 'મહાવીરજિન-નિર્વાણ-સ્તવન/મહાવીરજિન-દીપાલિકામહોત્સવ-સ્તવન'(લે.ઈ.૧૭૯૮; મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧.આલિસ્ટઑઇ:૨; ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગુણહર્ષશિષ્ય [ ] : જૈન. ૨૩ કડીની 'જિનદાસ-સોભાગદે-સઝાય/શિયલપાલન-સઝાય' (મુ.)ના કર્તા ગુણહર્ષના કોઈ સાધુશિષ્ય હોય એમ જણાય છે પરંતુ ૪ કડીની 'અગિયારશની સ્તુતિ'(લે.ઈ.૧૭૧૩) અને ૧૭ કડીની 'ગૌતમસ્વામી-સ્તવન' એ કૃતિઓના કર્તા ગુણહર્ષના કોઈ સાધુશિષ્ય છે કે અનુયાયી શ્રાવક છે તે નક્કી થઈ શકતું નથી. જુઓ લબ્ધિવિજય.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ:૧. [કી.જો.]

ગુણાકર–૧ [ઈ.૧૨૪૦માં હયાત] : એમને નામે નાગાર્જુનકૃત 'આશ્ચર્યયોગમાલા/યોગરત્નમાલા' પરની ગુજરાતી 'અમૃતરત્નાવલી-ટીકા' (૨.ઈ.૧૨૪૦) નોંધાયેલી છે. પરંતુ ગુજરાતી ટીકાના કર્તૃત્વનો આધાર સ્પષ્ટ નથી. ગુણાકરે નાગાર્જુનની કૃતિ પર સંસ્કૃતમાં ટીકા (૨.ઈ.૧૨૪૦) રચેલી છે તેનો આ અજ્ઞાતકર્તુક અનુવાદ પણ હોઈ શકે.

સંદર્ભ : ડિકૅટલૉગભાઈ:૧૬(૧). [ચ.શે.]

ગુણાકર(સૂરિ)–૨ [ઈ.૧૪મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. પદ્માનંદ-સૂરિના શિષ્ય. ધનપાલકૃત 'સાવયવિહિ'ના અનુવાદરૂપ, વસ્તુ, ભાસ અને ઢાળના પદબંધ ધરાવતા, શ્રાવકોને સમ્યગ્ આચાર પ્રબોધતા, ૫૦ કડીના અપભ્રંશમિશ્રિત ગુજરાતી ભાષાના 'શ્રાવકવિધિ-રાસ' (૨.ઈ.૧૩૧૩/૧૩૧૫; મુ.)ના કર્તા.

કૃતિ : જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ, સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ.૧૯૩૬ – 'ગુણાકરસૂરિકૃત શ્રાવક-વિધિરાસ', સં. મોહનલાલ દ. દેશાઈ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ગુણાતીતાનંદ [જ.ઈ.૧૭૮૫/સં.૧૮૪૧, આસો સુદ ૧૫, મંગળવાર અવ.ઈ.૧૮૬૭/સં.૧૯૨૩, આસો સુદ ૧૨, ગુરુવાર] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. સહજાનંદશિષ્ય. જામનગર પાસે ભાદરા ગામે બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ. જન્મનામ મૂળજી. પિતાનામ ભોળાનાથ શર્મા. માતાનામ સાકરબા. બાળપણથી જ ત્યાગ અને વૈરાગ્યના સંસ્કારો. પહેલાં રામાનંદસ્વામીના અનુયાયી ભક્ત. પછીથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામી સહજાનંદ પાસે ઈ.૧૮૧૦માં દીક્ષા લીધી. જૂનાગઢ મંદિરના પ્રારંભથી જ દેખભાળનું કામ કર્યું અને પછીથી મહંતપદે આવ્યા. અક્ષરવાસ ગોંડલમાં. સ્વામી સહજાનંદે તેમને અક્ષરમૂર્તિ તરીકે ઓળખાવ્યા હતા. પ્રતાપી વ્યક્તિત્વ ધરાવતા ગુણાતીતાનંદે ધર્મપ્રચાર અને સમાજસુધારાનું અસરકારક કામ કરી સંપ્રદાયમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ગુણાતીતાનંદે અનેક પ્રસંગોએ ધર્મબોધની અને સહજાનંદસ્વામીની વાતો કરેલી તે (મુ.) એમના જાગાભક્ત વગેરે કેટલાક ભક્તો દ્વારા નોંધાયેલી છે. એમાં કેટલાક ભાગોમાં ગુણાતીતાનંદસ્વામીનાં વચનો જ ઉતારવામાં આવ્યાં છે, પરંતુ કેટલાક ભાગોમાં પ્રસંગનો સંદર્ભ એટલી રીતે વર્ણવાય છે કે તેનું કર્તૃત્વ ગુણાતીતાનંદસ્વામીનું ન જ ગણી શકાય. એ ભાગો કેટલેક અંશે ચરિત્રવર્ણનના બની જાય છે. સ્વામીની વાતોમાં બોલચાલની સરળ શૈલીમાં અને દૃષ્ટાંત સાથે ધર્મબોધ અપાયેલો જોવા મળે છે.

કૃતિ : ૧. ગુણાતીતાનંદસ્વામીની વાતો, સં. બાલમુકુંદદાસજી, સં.૧૯૭૫; ૨. ગુણાતીતાનંદસ્વામીની વાતો, પ્ર. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમની સંસ્થા, ઈ.૧૯૭૬(ત્રીજી આ.) (+સં.).

સંદર્ભ : ગુણાતીતાનંદ સ્વામી:૧–૨, સં. હર્ષદરાય ત્રિ. દવે, ઈ.૧૯૭૭ (બીજી આ.). [હ.ત્રિ.]

ગુમાન [ ] : કૃષ્ણભક્તિનાં પદના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

ગુમાનચંદ [ઈ.૧૮૧૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. નગ-રાજની પરંપરામાં ખુશાલચંદના શિષ્ય. 'કેશીગૌતમ-ચોઢાળિયું' (૨.ઈ. ૧૮૧૧/સં.૧૮૬૭, માગશર સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ગુરુદાસ [ઈ.૧૬૩૬માં હયાત] : જૈન સાધુ. ૮ કડીની 'નેમિનાથ-રેખતા-છંદ', 'ધ્યાન-છત્રીસી' તથા ૧ સઝાય (૨.ઈ.૧૬૩૬)ના કર્તા.

સંદર્ભ : કૅટલૉગગુરા. [શ્રા.ત્રિ.]

'ગુરુશિષ્ય-સંવાદ' [૨.ઈ.૧૬૪૫/સં.૧૭૦૧, જેઠ વદ ૯, સોમવાર] : અખાની આ કૃતિ (મુ.) દોહરા-ચોપાઈની અનુક્રમે ૪૯, ૭૫, ૧૧૧ અને ૮૫ કડીઓ તથા પંચભૂતભેદ, જ્ઞાનનિવદયોગ, મુમુક્ષુમહામુક્તલક્ષણ અને તત્ત્વજ્ઞાનનિરૂપણ એવાં નામાભિધાન ધરાવતા ૪ ખંડોમાં વહેંચાયેલી છે. પ્રથમ ખંડમાં ૫ મહા-ભૂતોનાં લક્ષણો સદૃષ્ટાંત સમજાવ્યાં છે, બીજા ખંડમાં માયાએ ઊભા કરેલા ભેદો દર્શાવી મનનું કર્તૃત્વ સ્પષ્ટ કર્યું છે અને જ્ઞાનપૂર્વકના નિર્વેદ એટલે કે વૈરાગ્યનો બોધ કર્યો છે. ત્રીજા ખંડમાં અર્ણલિંગી અવસ્થા પ્રાપ્ત કરેલ તત્ત્વદર્શીનાં સત્યભાષણ આદિ ૩૦ ગુણ-લક્ષણો વર્ણવ્યાં છે અને સદેહી ને વિદેહી, જોગી, ભોગી ને કર્મઠ વગેરે તત્ત્વદર્શી હોઈ શકે છે એ સમજાવ્યું છે; ચોથા ખંડમાં દ્રવ્યાદ્વૈત, ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત અને એ સૌની ઉપર રહેલી કેવલાદ્વૈત ભૂમિકાને સ્ફુટ કરી છે. કૃતિના અંતમાં "હું હુંને પ્રાણમી કહું" એ શિષ્યની ઉક્તિમાંથી સૂચવાતો ગુરુશિષ્યની એકતાનો વિચાર અખાની કેવલા-દ્વૈતની ભૂમિકાને અનુરૂપ છે. સંવાદશૈલી, પારિભાષિક ને લૌકિક દૃષ્ટાંતો અને કેટલીક વર્ણનછટાઓથી કૃતિ રસાવહ બની છે. મુમુક્ષુનું અને બ્રહ્માનુભવના સમુલ્લાસનું વર્ણન જેવાં કેટલાંક વર્ણનો એની મનોરમતાથી ધ્યાન ખેંચે છે.

કૃતિ ૨૪૦ ચોપાઈ અને સંમતિના ૧૪ શ્લોક ધરાવે છે એવો ઉલ્લેખ ૧ પ્રતના પાઠમાં હોવાનું નોંધાયું છે, પરંતુ મુદ્રિત વાચનામાં સંમતિના શ્લોકો નથી.

[જ.કો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુલાબ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન શ્રાવક. બુરહાનપુરના સંઘે વિજયક્ષમાસૂરિ (આચાર્યકાળ ઈ.૧૭૧૭–ઈ.૧૭૨૯)ને કરેલી વિનંતી વર્ણવતી ૭ કડીની 'વિજયક્ષમાસૂરિ-સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. તથા માર્ચ, ૧૯૪૧ – 'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી (+સં.). [શ્રા.ત્રિ.]

ગુલાબવિજય [ઈ.૧૭૯૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ઋદ્ધિવિજયની પરંપરામાં માનવિજયના શિષ્ય. ૧૫૦ ગ્રંથાગ્રના 'સમેતશિખરગિરિ-રાસ' (૨.ઈ.૧૭૯૧/સં.૧૮૪૭, અસાડ વદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨; ૨. જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ગુલાબશેખર [ઈ.૧૮૨૬માં હયાત] : જૈન સાધુ. મેઘશેખરના શિષ્ય. ૫ કડીના 'ઘૃતકલ્લોલ-પ્રભુપાર્શ્વનાથજિન-સ્તવન'(૨.ઈ.૧૮૨૬/સં. ૧૮૮૨, ફાગણ વદ ૪, મુ.)ના કર્તા.

કૃતિ : જૈસંગ્રહ. [શ્રા.ત્રિ.]

ગુલામઅલી [અવ.ઈ.૧૭૯૭] : દેલમી ઉપદેશક પરંપરાના નિઝારી સૈયદ. પીર સદરુદ્દીનના કડીમાં વસેલા વંશજોમાંના આ સૈયદે કચ્છના કેરા ગામમાં સ્થાયી વસવાટ કરી ધર્મોપદેશનું કામ કરેલું. એ 'ગુલમાલીશાહ'ને નામે જાણીતા થયેલા. કરાંચીમાં અવસાન. મકબરો કેરામાં. એમને નામે દોહરા-ચોપાઈબદ્ધ 'મનહર' નામનો જ્ઞાનબોધક પદોનો સંગ્રહ (*મુ.) મળે છે ને મુખ્યત્વે હિંદી ભાષાના ગણાય એવાં કોઈક છૂટક પદ પણ મુદ્રિત મળે છે.

કૃતિ : સૌઈશાગીસંગ્રહ:૪(+સં.).

સંદર્ભ : ૧. ક્લેક્ટેનિયા:૧, સં. ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ.૧૯૪૮; ૨. ખોજાવૃત્તાંત, સચેદીના નાનજીઆણી, *ઈ.૧૮૯૨, ઈ.૧૯૧૮ (બીજી આ.); ૩. *બિબ્લિઓગ્રાફી ઑવ ઇસ્માઈલી લિટરેચર, સં. આઈ. કે. પૂનાવાલા, ઈ.૧૯૭૭; ૪. મહાગુજરાતના મુસલમાનો: ૧–૨, કરીમ મહમદ માસ્તર, ઈ.૧૯૬૯. [ખ્યા.કે.]

ગુલાલ: આ નામે 'માણિભદ્ર-છંદ' (લે.સં.૧૯મી સદી અનુ.) મળે છે. તેના કર્તા કયા ગુલાલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી:૧; ૨. રાહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

ગુલાલ–૧ [ઈ.૧૭૬૫માં હયાત] : ગુજરાતી લોંકાગચ્છના જૈન સાધુ. નગરાજની પરંપરામાં કેસરના શિષ્ય. 'તેજસારકુમાર- ચોપાઈ' (૨.ઈ.૧૭૬૫/સં.૧૮૨૧, શ્રાવણ સુદ ૮, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ગુલાલવિજય [ઈ.૧૭૨૬માં હયાત] : જૈન સાધુ. 'નલદમયંતી-રાસ' (૨.ઈ.૧૭૨૬)ના કર્તા.

સંદર્ભ : (મહીરાજકૃત) નલ-દવદંતી રાસ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૫૪. [શ્રા.ત્રિ.]

ગેબનાથ [ ] : 'પંદર-તિથિ' (મુ.)ના કર્તા.

કૃતિ : નકાસંગ્રહ. [કી.જો.]

ગેબીરામ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ગેમલજી/ગેમલદાસ/ઘેમલસી [ઈ.૧૯મી સદી] : અવટંકે ગોહિલ. જ્ઞાતિએ રજપૂત. કૂકડ (ભાવનગર પાસે)ના રહીશ. ભાવનગરના ઠાકોર વજેસિંહ (ઈ.૧૮૧૬–ઈ.૧૮૫૨)ના સમકાલીન. જબરા શિકારી ગેમલજી ખદરપરના હરિદાસજીના પરચાનો અનુભવ થતાં તેમના શિષ્ય બનેલા. આ પછી તેમણે પોતાનું જીવન ભક્તિ-કીર્તનમાં જ ગાળ્યું. અવસાન કેવદરા ગામમાં. તેમણે જીવતાં સમાધિ લીધેલી એમ કહેવાય છે.

આ કવિએ ક્યારેક 'ગેમલ' 'ગેમલદાસ' એવી નામછાપ ધરાવતાં પદ-ગરબીઓ (કેટલાંક મુ.) રચ્યાં છે, તેમાંથી ઘણી થાળ, દાણ, ઉદ્ધવ-સંદેશ વગેરે પ્રસંગોના ગોપીભાવની રચનાઓ છે તો થોડાંક પદો હરિભક્તિનો ઉપદેશ પણ આપે છે. સાદી પણ પ્રાસાદિક અભિવ્યક્તિ ધરાવતી આ રચનાઓમાંથી "હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે" એ લોકપ્રિય બનેલું પદ ક્વચિત્ 'પ્રેમળદાસ'ને નામે ચડી ગયું છે.

'ઘેમલસી'ની નામછાપ સાથે મુદ્રિત ૩ પદો પણ આ જ કવિનાં જણાયે છે.

કૃતિ : ૧. અક્ષરલોકની યાત્રા, તખ્તસિંહ પરમાર, ઈ.૧૯૮૦ – 'ગેમલજી ગોહિલનાં પદો' (+સં.); ૨. નકાદોહન; ૩. પરિચિત પદ સંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, સં.૨૦૦૨ (ત્રીજી આ.); ૪. પ્રાકાસુધા:૨; ૫. બૃકાદોહન:૮; ૬. ભજનસાગર:૧; ૭. ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. શાહ વૃન્દાવનદાસ કા., સં.૧૯૪૪.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ગેમલમલ્લ [ ] : જ્ઞાનમાર્ગનાં પદના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

ગોકુલ : ગોકુળદાસને નામે મુદ્રિત થયેલાં કૃષ્ણલીલાનાં ૩ પદોમાં નામછાપ માત્ર 'ગોકુલ' મળે છે, તે ઉપરાંત રાગ વસંતનાં ભક્તિ-વૈરાગ્યવિષયક ૩ પદો 'ગોકુલ'ને નામે નોંધાયેલાં છે. આ કયા ગોકુલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : બૃકાદોહન:૭.

સંદર્ભ : ફોહનામાવલિ:૨. [શ્રા.ત્રિ.]

ગોકુલ–૧ [ઈ.૧૭૧૦માં હયાત] : ૧૩ કડીની 'પ્રેમ-ગીતા' (૨.ઈ. ૧૭૧૦/સં.૧૭૬૬, શ્રાવણ સુદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : ફોહનામાવલિ. [કી.જો.]

ગોકુલદાસ : આ નામે ૬૨ કડીનો 'કાળકાનો ગરબો' (મુ.), દાણલીલા-ના સવૈયા તથા વસંતનાં પદ મળે છે તે કયા ગોકુલદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ભગવતી કાવ્યસંગ્રહ:૧, પ્ર. શા. ઉત્તમરામ ઉમેદચંદ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં.૧૯૩૩.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

ગોકુલદાસ–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુલનાથજી (ઈ.૧૫૫૨–ઈ.૧૬૪૧)ના અનુયાયી ભક્ત. જ્ઞાતિએ નાગર. વતન વડોદરા. 'નિત્યચરિત્ર'ના કર્તા. તેમના 'પ્રાકટય-રસઉત્સવ'માંથી ૧ માંગલ્ય મુદ્રિત હોવાની માહિતી નોંધાયેલી છે તે ઉપર્યુક્ત કૃતિનો જ અંશ છે કે અલગ કૃતિ છે તે સ્પષ્ટ થતું નથી. તેમણે ધોળ તેમ જ સંસ્કૃત-ગુજરાતીમિશ્ર ભાષામાં ૧ અષ્ટક પણ રચેલ છે. ગોપાલદાસ વ્યારાવાળાના 'ગોકુલેશરસાબ્ધિ-ક્રીડાકલ્લોલ'ના ગુજરાતપ્રસંગવિષયક બીજા તરંગ 'રસિકરસ' (૨.ઈ.૧૬૪૩; મુ.)માં આ કવિનું સહકર્તૃત્વ નિર્દેશાયેલું છે.

કૃતિ : અનુગ્રહ, નવે. તથા ડિસે. ૧૯૫૪ – 'રસિકરસ ગ્રંથ', સં. ચીમનલાલ મ. વૈદ્ય (+સં.).

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોકુલદાસ–૨ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભક્તકવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોકુલનાથજી [સં.૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના ગોસ્વામી અને ભક્તકવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોકુલભાઈ [જ.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, વૈશાખ વદ ૧૧–અવ. ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ]: ગોકુલનાથજીના અનુયાયી ભક્ત. નારાયણ-દાસના પુત્ર. ભરૂચના વતની. ૨૦–૨૨ની વયે તેઓ ગોકુલ અને આગ્રા જઈ વસેલા અને દેહનિર્વાહ અંગે ત્યાં વેપાર ક્યોં હતો. અહીં તેમને ગોકુલેશપ્રભુનો મેળાપ થયો ત્યાર પછી લૌકિકમાં રહેવા છતાં તેઓ અલૌકિક જીવન જીવવા લાગ્યા.

એમના ૧૧૩ માંગલ્ય અને ૯૫૦૦ કડીના 'સ્વરૂપાનુભવોછવ-રસલીલા-ગ્રંથ' (૨.ઈ.૧૬૫૨; અંશત: મુ.) સં.૧૬૯૬ (ઈ. ૧૬૩૦), માગશર સુદ ૭ના રોજ ઉજવાયેલા ગોકુલેશપ્રભુના પ્રાકટય-દિનના મહોત્સવને ૫૦ ઉપરાંત માંગલ્યમાં અને તે પહેલાંના ૧ વર્ષના અન્ય સર્વસામાન્ય ઉત્સવોને ૩૦ માંગલ્યમાં વર્ણવે છે. કાવ્યમાં આવતી વસ્ત્ર-આભૂષણ આદિની માહિતીઓ તથા સંગીત-કારો, ભગવદીઓની નામાવલિઓ ઐતિહાસિક-સામાજિક દૃષ્ટિએ નોંધપાત્ર બને છે.

આ ઉપરાંત, આ ભક્તકવિએ 'મંગળરસ', 'રસાનંદોત્સવ', 'નિત્યચરિત્ર', 'સ્વરૂપવર્ણન', 'સેવાપ્રકાર', પ્રબોધનું પદ અને વિનંતીનું પદ જેવાં કેટલાંક પદો તથા ધોળ(મુ.) રચ્યાં છે.

કૃતિ : ૧. (શ્રી) ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ.૧૯૧૬; ☐ ૨. અનુગ્રહ, મે ૧૯૫૮ – 'શ્રી સ્વરૂપાનુભવોછવરસલીલા-ગ્રંથ' (+સં.).

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો; ☐ ૩. અનુગ્રહ, મે ૧૯૫૮ – 'ભક્તરાજ ગોકુલભાઈ.' [કી.જો.]

ગોડીદાસ [ઈ.૧૬૯૯માં હયાત] : જૈન. ૨૪ ઢાળ અને ૬૦૫/૭૦૫ કડીના 'નવકાર-રાસ/રાજસિંહરત્નવતી-રાસ'(૨.ઈ.૧૬૯૯/સં. ૧૭૫૫, આસો સુદ ૧૦, મંગળવાર)માં "પ્રભુ પાસ ગોડીદાસ પભણે" એવી પંક્તિ મળે છે, પરંતુ અન્યત્ર પણ ગોડીપાર્શ્વનાથની કૃપાનો ઉલ્લેખ થયેલો છે તેથી કોઈ અજ્ઞાતનામા કર્તાએ પોતાનો ગોડીના દાસ તરીકે નિર્દેશ કર્યો હોય એમ પણ બને. તપગચ્છના વિજયરત્નસૂરિના રાજ્યકાળમાં રચાયેલી આ કૃતિના કર્તા વિજય-રત્નસૂરિના કોઈ શિષ્ય કે અનુયાયી શ્રાવક હોઈ શકે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨,૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. લેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ગોદડ [ઈ.૧૮૫૦ સુધીમાં] : એમનાં પદો (લે.ઈ.૧૮૫૦)માંથી કેટલાંક મુદ્રિત મળે છે. જ્ઞાન અને ભક્તિનો બોધ કરતાં આ પદોમાંથી કેટલાંક હિંદી ને કચ્છીમાં છે, તો કોઈમાં હિંદીની છાયા પણ છે.

કૃતિ : ૧. યોગવેદાંત ભજનભંડાર, પ્ર. ગોવિંદજીભાઈ પુરુષોત્તમ-દાસ, ઈ.૧૯૭૬ (ચોથી આ.); ૨. સંતસમાજ ભજનાવળી:૨, પ્ર. શાહ નાનાલાલ ધ., –.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

ગોદડદાસ [ઈ.૧૭૪૬માં હયાત] : 'સ્વાંતહર્ણ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૪૬)ના કર્તા.

સંદર્ભ : ૧. રાપુહસૂચી:૧; ૨. રાહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

ગોધો/ગોવર્ધન [ ] : લોંકાગચ્છના જૈન સાધુ. ૬૮ કડીની 'રતનસીઋષિની ભાસ' એ કૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ગોનુ [ઈ.૧૫૦૩ આસપાસ સુધીમાં] : જૈન. ચાંદાસુત. વીતરાગ-ધર્મનું માહાત્મ્ય વર્ણવતા ૫ કડીના ૧ ગીત (લે.ઈ.૧૫૦૩ આસપાસ; મુ.)ના કર્તા.

કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૯–જાન્યુ. ૧૯૮૦ – 'શ્રાવક કવિઓની કેટલીક અપ્રકટ રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [નિ.વો.]

ગોપાળ : આ નામે જ્ઞાન, ભક્તિ વગેરે વિષયનાં ઘણાં પદો (કેટલાંક મુ.) મળે છે તે ગોપાળ–૧નાં જ હોઈ તેમને નામે જ નિર્દેશ્યાં છે. પરંતુ ૧૬૨ કડીનો સીધાસાદા કથનથી ચાલતો 'બોડાણો'(મુ.) એમની કૃતિ હોવાનો સંભવ જણાતો નથી. 'શ્રીકૃષ્ણજીવણજીનો મહિમા' (લે.ઈ.૧૮૫૭)ના કર્તા ગોપાળ પણ ક્યા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : બુકાદોહન:૭.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ફોંહનામાવલિ. [૨.સો.]

ગોપાળ–૧/ગોપાળદાસ [ઈ.૧૬૪૯માં હયાત] : જ્ઞાનમાર્ગી કવિ. અવટંકે અડાલજા. પિતા ખીમજી નારણદાસ. જ્ઞાતિએ મોઢ વણિક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોમરાજના શિષ્ય. સુરતના વતની હોવાનું કહેવાયું છે પણ તેનો આધાર સ્પષ્ટ થતો નથી. પાછળથી અમદાવાદ આવી વસેલા જણાય છે. ઘણા સંદર્ભોમાં ગોપાળદાસ તરીકે ઉલ્લેખાયેલા આ કવિની સઘળી કૃતિઓમાં 'ગોપાળ' 'દાસ ગોપાળ' એવી નામછાપ મળે છે.

૨૩ કડવાંમાં ગુરુશિષ્યસંવાદ રૂપે રચાયેલી એમની 'ગોપાળ-ગીતા/જ્ઞાનપ્રકાશ' (ર.ઈ.૧૬૪૯/ સં.૧૭૦૫, વૈશાખ – ૮, મંગળવાર; મુ.) શાંકરવેદાંત અનુસાર જગતની ઉત્પત્તિ, એનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, બ્રહ્મ આદિને દૃષ્ટાંતોની મદદથી સરળ રીતે ને ક્યાંક વિસ્તારથી વર્ણવતી, આપણી જ્ઞાનગીતાઓની પરિપાટીની કૃતિ છે. એમની ૧૮ સાખીઓ (મુ.)માં પણ અજ્ઞાનીઓ પર હળવા ઉપાલંભો કરી સરળ ભાષામાં અને લોકગમ્ય દૃષ્ટાંતાદિથી જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

રૂપકોનો આશ્રય લેતી 'બુદ્ધિવહુને શિખામણ' (મુ.) તથા સત્સંગ-મહિમા, જ્ઞાનવૈરાગ્યબોધ, કૃષ્ણભક્તિ વગેરે વિશેનાં ઘણાં મુદ્રિત-અમુદ્રિત પદો 'ગોપાળ' નામછાપથી મળે છે તે આ કવિની જ રચનાઓ હોવાનું સમજાય છે. 'માળાનો મરમ' એવા શીર્ષકથી પણ નોંધાયેલા ૧ પદમાં તો ગુરુ સોમરાજનો ઉલ્લેખ પણ મળે છે.

કૃતિ : (ગોપાલદાસકૃત) જ્ઞાનપ્રકાશ, સં. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા, સં.૧૯૮૯; ☐ ૨. પ્રાકવિનોદ:૧; ૩. પ્રાચીન તથા અર્વાચીન ગુજરાતી કવિઓની ભક્તિ, નીતિ તથા વૈરાગ્યબોધક કવિતા:૧, મુ. મુંબઈ સમાચાર છાપખાના, ઈ.૧૮૮૭; ૪. બૂકા-દોહન:૩,૫,૭; ૫. ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. શાહ વૃન્દાવનદાસ કા., ઈ.૧૮૮૭; ૬. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુસાઈતિહાસ: ૨; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફૉહનામાવલિ. [ર.સો.]

ગોપાળ–૨ [ઈ.૧૯મી સદી] : સ્વામિનારાયણ-સંપ્રદાયના કવિ. એમના, સાંકળી પ્રકારની રચના ધરાવતા ૧૪૧ કડીના 'સહજાનંદસ્વામીના સલોકા'(મુ.)માં ભગવાનના અવતારો તથા ચમત્કારોની પૂર્વભૂમિકા સાથે સહજાનંદસ્વામીનું, એમના અક્ષરવાસ સુધીનું ચરિત્રવર્ણન થયેલું છે. ૧૮ પદના 'લક્ષ્મીવિવાહ' (મુ.)માં લક્ષ્મી તથા પુરુષોત્તમ નારાયણનો લગ્નપ્રસંગ સરળ અને પ્રવાહી ભાષામાં આલેખાયેલ છે ને સહજાનંદસ્વામી પુરુષોત્તમ નારાયણનો જ અવતાર છે એવું દર્શાવાયું છે. આ ઉપરાંત આ કવિનાં જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યવિષયક ૧૧ પદો (મુ.) તેમ જ, ગોલોકવર્ણન, સહજાનંદ-ભક્તિ અને સહજાનંદવિરહનાં ૧૬ પદો (મુ.) મળે છે.

કૃતિ : ૧. કચ્છની લીલાનાં પદો, પ્ર. કોઠારી વ્રજલાલ જી., સં. ૧૯૯૮; ૨. (શ્રી) પ્રકટ પુરુષોત્તમવિવાહ, તુલસીવિવાહ, રુક્મણી-વિવાહ, લક્ષ્મીવિવાહ, શ્રીજી મહારાજના શલોકા અને વૃત્તિવિવાહ, પ્ર. મહંત પુરાણી હરિસ્વરૂપદાસજી, ઈ.૧૯૮૧. [હ.ત્રિ.]

ગોપાળ–૩ [ ] : કલ્યાણદાસના શિષ્ય. પ્રેમલક્ષણાભક્તિનાં ૧ પદ (મુ.)ના કર્તા. એમને નામે મુકાયેલ અન્ય પદ ખીમજીસુત ગોપાલનું છે.

કૃતિ : પરમાનંદ પ્રકાશ પદમાલા, પ્ર. રજનીકાન્ત જે. પટેલ, સં. ૨૦૩૦ (ત્રીજી આ.). [ર.સો.]

ગોપાળ–૪ [ ] : અવટંકે ભટ્ટ. પિતા રામ. બાલાપોરના વતની. સંભવત: સોમપૂજક સોમપુરા બ્રાહ્મણ.

એમની કૃતિ 'ફૂલાં-ચરિત્ર/સ્ત્રીશિક્ષાપ્રકરણ' (મુ.) માધવકૃત 'રૂપ-સુંદરકથા' જેવી અક્ષરમેળ વૃત્તોની રચના હોવાને લીધે ને એના ભાષાસ્વરૂપને આધારે અભ્યાસીઓ આ કવિને માધવ (ઈ.૧૬૧૦માં હયાત)નો સમકાલીન ગણે છે.

૪૧ કડીનું આ 'ફૂલાં-ચરિત્ર' એના મોટા ભાગમાં સાસરે જતી ફૂલાંને એની માએ આપેલી શિખામણ વર્ણવે છે અને છેલ્લી કેટલીક કડીઓમાં ફૂલાંના સંયોગશૃંગારનું પ્રગલ્ભ નિરૂપણ કરે છે. "કીધો ગ્રંથ ભાષાવિચિત્ર" એવી પંક્તિ મળે છે તેમ જ હસ્તપ્રતની પુષ્પિકામાં "ભાષાવૈચિત્ર્યે સ્ત્રીશિક્ષાપ્રકરણં સમાપ્તં" એવો ઉલ્લેખ મળે છે એથી આ કાવ્ય કવિના 'ભાષાવિચિત્ર' નામના ગ્રંથનું કોઈ પ્રકરણ હોવાનું અનુમાન થયું છે.

કૃતિ : ૧. રૂપસુંદરકથા, સં. ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૭૩ (બીજી આ.); ☐ ૨. *સાહિત્ય, એપ્રિલ ૧૯૨૦ – 'ફૂલાં ચરિત્ર', સં. છોટાલાલ ન. ભટ્ટ.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુસામધ્ય; ☐ ૩. ગૂહાયાદી. [ર.સો.]

ગોપાળ–૫ [ ] : જૈન. ૨૬ કડીના 'ગોડી-પાર્શ્વનાથ-સલોકો'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૭ – 'સલોકાસંચયમાં વધારો', સં. લક્ષ્મીભદ્રવિજયજી. [શ્રા.ત્રિ.]

ગોપાલજી : જુઓ ગોપાલદાસ.

ગોપાલજી–૧ [ ] : અવટંકે પાંડે. તેમણે ગુજરાતીમાં 'રામાયણ' રચ્યું છે.

સંદર્ભ : ૧. ગુસાપ્રઅહેવાલ:૧૫; ૨. મસાપ્રવાહ. [કી.જો.]

ગોપાલદાસ/ગોપાલજી : ગોપાલદાસને નામે 'કૃષ્ણચરિત્ર' (લે. ઈ. ૧૮૪૭ લગભગ), 'રસસિંધુ' તથા વ્રજ-ગુજરાતીમિશ્ર દુહાઓ (લે.ઈ.૧૮૧૪) તથા ગોપાલદાસ/ગોપાલજીને નામે વ્રજગુજરાતી-મિશ્ર ૧૫૨ ચોખરા (લે.ઈ.૧૬૩૦ લગભગ) નોંધાયેલ છે. આ કયા ગોપાલદાસ/ગોપાલજી છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ:૨; ☐ ૨. ગૂહાયાદી. [ર.સો.]

ગોપાલદાસ–૧ [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ. નરોડાના વતની. ઈ.૧૫૨૯ની ગુજરાતયાત્રા વખતે વલ્લભાચાર્યે એમને વૈષ્ણવ બનાવ્યા. એમનું કૃષ્ણભક્તિનું ૪ કડીનું ૧ પદ મુદ્રિત મળે છે.

કૃતિ : પુગુસાહિત્યકારો – ૧ પદ (+સં.). [કી.જો.]

ગોપાલદાસ–૨ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : રૂપાલ (ઉત્તર-ગુજરાત)ના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વણિક. પિતા રામદાસ. વૈષ્ણવઆચાર્ય વિઠ્ઠલનાથજી (ઈ.૧૫૧૬–ઈ. ૧૫૮૬)ની કૃપાથી એમનું જન્મજાત મૂંગાપણું ગયેલું ને એમની 'વલ્લભાખ્યાન' નામની કૃતિ પણ આ કૃપાનું જ પરિણામ છે એવી જનશ્રુતિ છે.

'આખ્યાન'નામક ૯ કડવાંમાં રચાયેલું 'વલ્લભાખ્યાન←/ નવાખ્યાન' (મુ.) મુખ્યત્વે પુરુષોત્તમના અવતારરૂપ વિઠ્ઠલનાથજીની લીલાઓનું વર્ણન કરે છે તથા વિઠ્ઠલનાથજીના પુત્ર ઘનશ્યામજીના પરિણીત જીવન (લગ્ન ઈ. ૧૫૯૨)ના નિર્દેશને પણ સમાવી લે છે. સંપ્રદાયમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવતું આ આખ્યાન વર્ણનછટા અને ગેયતાની દૃષ્ટિએ પણ ધ્યાન ખેંચે છે. કવિએ આ ઉપરાંત રાસ-લીલાનું વર્ણન કરતું 'ભક્તિપીયૂષ' તથા કીર્તનો તેમ જ ધોળ રચ્યાં હોવાનું નોંધાયું છે. કવિએ ધોળ, પદ નરસિંહ મહેતાને નામે પણ રચ્યાં છે એવી માન્યતા છે.

કૃતિ : ૧. વલ્લભાખ્યાન તથા મૂલપુરુષ, પ્ર. ધીરજલાલ દલપત-રામ, ઈ.૧૮૬૩; ૨. વલ્લભાખ્યાન, પ્ર. પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ, ઈ.૧૯૬૫; ☐ ૩. બૃકાદોહન:૮ (+ સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુસાસ્વરૂપો; ૩. ગોપ્રભ-કવિઓ; ☐ ૪. અનુગ્રહ, જૂન ૧૯૬૦ – 'શ્રી ગોપાલદાસ 'વલ્લભા-ખ્યાન'ના કર્તા અને રૂપાપરી–રૂપાલનો પ્રાચીન ઇતિહાસ', લલ્લુભાઈ છ. દેસાઈ. [૨.સો.]

ગોપાલદાસ–૩ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : વ્યારા(દક્ષિણ ગુજરાત)ના વૈષ્ણવ વણિક. ગોકુલનાથજી (ઈ.૧૫૫૨ –ઈ.૧૬૪૧)ના શિષ્ય. વૈષ્ણવોના ભરુચીપંથનો આધાર તેમનું સાહિત્ય છે ને તેથી તેમને જ્ઞાનશક્તિનો અવતાર ગણાવાયા છે.

પ્રાકટ્યસિદ્ધાંત (અંશત: મુ.), ગુજરાતપ્રસંગ/રસિકરસ (૨.ઈ. ૧૬૪૩; મુ.), તૃતીય તરંગ, માલોદ્ધાર (અંશત: મુ.) અને પંચમ તરંગ – એ ૧ તરંગો તથા દરેક તરંગમાં કેટલાંક માંગલ્યોમાં વહેંચા-યેલો એમનો 'ગોકુલેશરસાબ્ધિક્રીડાકલ્લોલ' (અંશત: મુ.) એ ગ્રંથ વલ્લભાચાર્યજી અને વિઠ્ઠલજીનું ટૂંકું ચરિત્ર આપી ગોકુલનાથજીના ચરિત્રનું વિસ્તારપૂર્વક વર્ણન કરે છે તથા ઐતિહાસિક પ્રબંધ તરીકે ઘણું મહત્ત્વ ધરાવે છે. 'રસિકરસ'ના પહેલા ૫ માંગલ્યની પુષ્પિકામાં જાની જમુનાદાસનું તથા છેલ્લા માંગલ્યને અંતે પુષ્પિકામાં વડોદરાના નાગર ગોકલદાસનું સહકર્તૃત્વ હોવાનો નિર્દેશ મળે છે. અન્ય તરંગોમાં સહકર્તૃત્વનો આવો કોઈ નિર્દેશ નોંધાયો નથી તેથી આ હકીકત ખાસ ધ્યાન ખેંચે છે.

એમના 'સ્વરૂપરસાવલિ'માં શ્રીજી અને ભક્તોના આધિદૈવિક સ્વરૂપ તથા જીવનનું વર્ણન છે. કવિના અન્ય ગ્રંથો 'તત્ત્વાર્થદોહન', 'ભક્તભાવાર્થ', 'મનપ્રબોધ', 'ગોકુલેશપુર' વગેરે છે. કવિએ ગુજરાતી તેમ જ વ્રજ ભાષામાં ગોકુલનાથજીના જન્મ, વિવાહ આદિ પ્રસંગો-ને અનુલક્ષીને વર્ણનાત્મક અને લલિતમધુર ભાષાભિવ્યક્તિ ધરાવતાં ધોળ અને પદ (કેટલાંક મુ.) રચ્યાં છે. ૬૬ કડીનું ગોકુલનાથજીની દિનચર્યાને વર્ણવતું 'નિત્યચરિત્રનું ધોળ', ગોકુલનાથજીના આગમનની વધાઈ ગાતું ૩૧ કડીનું પદ તથા ૨૦ કડીનું 'ગોકુલેશજીના અઠયોતેર ભગવદીયનું ધોળ' એ એમની આ પ્રકારની દીર્ઘ રચનાઓ છે.

કૃતિ : ૧. (શ્રી) ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુ-ભાઈ છ. દેસાઈ, ઈ.૧૯૧૬; ૨. ગોકુલેશજીનું જીવનચરિત્ર, મગનલાલ લા. ગાંધી, સં.૧૯૭૮ – 'પ્રાકટ્યસિદ્ધાંત'માંથી ઉદ્ધરણો; ☐ ૩. અનુગ્રહ, નવે. તથા ડિસે. ૧૯૫૪ – 'રસિકરસગ્રંથ', સં. ચીમનલાલ મ. વૈદ્ય (+સં.); ૪. એજન, જાન્યુ. તથા માર્ચ ૧૯૫૮ – 'માલોદ્ધારચરિત્ર'; ૫. એજન, એપ્રિલ, જૂન તથા સપ્ટે. ૧૯૬૩ – 'પ્રાકટ્યસિદ્ધાંત'.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગોપ્રભકવિઓ. [૨.સો.]

ગોપાલદાસ–૪ [ઈ.૧૬૪૩માં હયાત] : જૈન. 'મલયસુંદરી-ચોપાઈ' (૨.ઈ.૧૬૪૩)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

ગોપાલદાસ–૫ [ઈ.૧૬૪૯માં હયાત] : જુઓ ખીમજીસુત ગોપાળ.

ગોપાળદાસ–૬ [ ] : મેવાડના કવિ. એમનું રાજસ્થાનીમિશ્ર ગુજરાતી ભાષામાં ૧ ભજન મુદ્રિત મળે છે.

કૃતિ : નવો હલકો, સં. પુષ્કર ચંદરવાકર, ઈ.૧૯૫૬(+સં.). [કી.જો.]

ગોપાળાનંદ [જ.ઈ.૧૭૭૭/સં.૧૮૩૩, શ્રાવણ સુદ ૧૫ કે ઈ. ૧૭૮૧/સં.૧૮૩૭, મહા સુદ ૮, સોમવાર–અવ.ઈ.૧૮૫૩/ સં.૧૯૦૮, વૈશાખ વદ ૪/૫, રવિવાર] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ કવિ. જન્મ ટોરડા (તા. ભિલોડા, જિ. સાબરકાંઠા) ગામે ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં, મૂળ નામ ખુશાલ ભટ્ટ. પિતા મોતીરામ. માતા કુશળબા (જીવીબા). ઈ.૧૭૯૩ સુધી મુદ્રેટીમાં ન્યાય, વ્યાકરણ, વેદવેદાંત, અષ્ટાંગયોગ અને મીમાંસાનો અભ્યાસ. સરસવણીમાં થોડો સમય શિક્ષક તરીકે કામ કરેલું. ઈ.૧૮૦૨માં લગ્ન. ઈ. ૧૮૦૮માં સહજાનંદસ્વામી પાસે દીક્ષા. સહજાનંદસ્વામીના અવસાન બાદ ૨૨ વર્ષ સુધી સંપ્રદાયના સુકાની બની રહ્યા. દેહત્યાગ વડતાલમાં.

સાદી સંસ્કારી ભાષામાં તથા દૃષ્ટાંતપૂર્વક વેદાંતરહસ્યની સમજૂતી આપતી તથા શ્રીજીની ભક્તિનો બોધ કરતી, સત્સંગીજનોના પ્રશ્નોના ઉત્તર રૂપે કહેવાયેલી એમની વાતો મુદ્રિત થયેલી છે. આ ઉપરાંત એમણે 'અદ્વૈતખંડન', 'વાર્તાવિવેક', 'સંપ્રદાયનાં પાનાં', 'પૂજાપદ્ધતિ' તથા કેટલાક છૂટક નિબંધોની રચના કરી છે ને પોતાના જ સંસ્કૃત 'ભક્તિસિદ્ધિ' ગ્રંથનો ગુજરાતી અનુવાદ કર્યો છે. એમણે સહજાનંદનાં 'વચનામૃતો'નું સંપાદન કર્યું છે અને 'શિક્ષા-પત્રી'નું મરાઠીમાં ભાષાંતર પણ કર્યું છે.

સંસ્કૃતના પંડિત આ સાધુએ 'ભક્તિસિદ્ધિ' ઉપરાંત 'હરિસ્વરૂપ-નિર્ણય', 'વિવેકદીપ', 'હરિભક્તનામાવલિ', 'વિષ્ણુયાગ' એ ગ્રંથો તથા પ્રસ્થાનત્રયી, શ્રીમદ્ભગવદ્ગીતા, ઉપનિષદો તેમ જ ભાગ-વતના કેટલાક સ્કંધની ટીકા કે ભાષ્ય સંસ્કૃતમાં રચ્યાં છે.

કૃતિ : ગોપાળાનંદ સ્વામી તથા રઘુવીરજી મહારાજ તથા શુકાનંદ સ્વામીની વાતો, પ્ર. મિસ્ત્રી જેરામ રાવજી, ઈ.૧૯૩૯ (+સં.).

સંદર્ભ : ૧. અનાદિ મહામુક્ત સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ, ઈ.૧૯૭૮; ૨. યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોરધનદાસ જી. સૌરઠિયા, ઈ.૧૯૭૨; ☐૩. સ્વામિનારાયણ સંપ્રદાયનો ઇતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ, સં.૨૦૩૦ (બીજી આ.). [હ.ત્રિ.]

ગોપીભાણ [ ] : 'ભાણ' કદાચ જાતિનામ હોય. 'ઈશ્વરવિવાહ/મહાદેવજીનો વિવાહ' એ કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

ગોમતીબહેન [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ આચાર્ય ગોકુળનાથનાં અનુયાયી ભક્ત. પિતા હરિદાસભાઈ. માતા રામાબાઈ. આ કવયિત્રીના સંબંધમાં ઈ.૧૬૩૪નો નિર્દેશ છે, તે શાની સાલ છે સ્પષ્ટ થતું નથી. ગોકુલનાથજીની નિજલીલાને વર્ણવતાં ૫૦ માંગલ્યના 'કવનરસ'(અપૂર્ણ)નાં કર્તા. તેઓ વિદેહ થયાં તેથી ઈ.૧૬૯૫માં શ્રી ગોકુલભાઈના પુત્ર નાગરદાસભાઈએ આ કૃતિ પૂરી કરી હતી.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોવર્ધન–૧ [ઈ.૧૬૧૮માં હયાત] : જૈન. ૩૭ કડીની 'સ્થૂલિભદ્રમદનયુદ્ધ' (૨.ઈ.૧૬૧૮/સં.૧૬૭૪, માગશર સુદ ૧૨, મંગળવાર)-ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ગોવર્ધન–૨ [ઈ.૧૭મી સદી] : અવટંકે પંડ્યા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ આચાર્ય ગોકુલનાથજીના અનુયાયી ભક્તકવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોવર્ધન–૩ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવસંપ્રદાયના કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોવર્ધન–૪ [ઈ.૧૮૨૫માં હયાત] : જ્ઞાતિએ બ્રાહ્મણ. ૧૦ કડવાંની 'કપિલ-ગીતા' (૨.ઈ.૧૮૨૫)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કા.શા.]

ગોવર્ધન–૫ [ ] : ૧૭ અધ્યાયના 'કૃષ્ણ-ગરુડ-સંવાદ'ના કર્તા. કૃતિમાં ૨.સં.૧૩૨૪ (ઈ.૧૨૬૮) મળે છે પરંતુ કૃતિ એટલી વહેલી રચાઈ હોય એમ જણાતું નથી.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ:૨; ૨. ગૂહાયાદી. [કા.શા.]

ગોવર્ધન(સૂરિ)–૬ [ ] : જૈન સાધુ. 'તીર્થમાલા-નમસ્કાર'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

ગોવર્ધન–૭ [ ] : જુઓ ગોધો.

ગોવિંદ : આ નામે મુખ્યત્વે જૈનેતર રચનાઓમાં ચોપાઈબંધમાં ૬ કડવાંમાં ભક્તગાથાની રીતે રચાયેલ 'મામેરું' (લે.ઈ.૧૬૭૨ લગભગ; મુ.), સંસ્કૃત પરંપરાનો પ્રભાવ બતાવતું, કૃષ્ણે કમાડ ઠોકતાં શણગાર સજી રહેલાં રાધાજીએ તેમની સાથે કરેલા શ્લેષ-યુક્ત પ્રશ્નોત્તર નિરૂપતું શૃંગારચાતુરીયુક્ત 'રાધાના સોળ શણગાર' (લે.ઈ.૧૭૬૩; *મુ.), મંડપ, સ્વયંવરસભા, વાદ્યો, સીતારૂપ, આભૂષણો, ભોજન, પહેરામણી ઇત્યાદિનાં આલંકારિક વર્ણનો ને યાદીઓથી વિસ્તાર સાધતો પૂર્વછાયા-ચોપાઈબદ્ધ ૧૩ કડવાં અને ૧૯૨ કડીનો 'રઘુનાથજીનો વિવાહ' (લે.ઈ.૧૮૫૩), 'એકાદશીમાહાત્મ્ય' (૨.ઈ.૧૬૨૪ કે ૨. ઈ.૧૭૩૨/ સં.૧૭૮૮, ફાગણ વદ ૮, બુધવાર), 'સૂરજદેવનો છંદ' (લે.ઈ.૧૭૭૨ લગભગ), રામવનવાસની ૧૩ સાખીઓ, ૧ પુષ્ટિમાર્ગીય પદ (મુ.), કૃષ્ણકીર્તનનાં કેટલાંક પદો (મુ.) તથા અન્ય હિન્દી ગુજરાતી પદો મળે છે તે કયા ગોવિંદ છે તે નિશ્ચિત થઈ શકે એમ નથી. ગોવિંદજી, ગોવિંદરામ વગેરે નામ ધરાવતા કવિઓ પણ ક્વચિત્ પોતાને માટે 'ગોવિંદ', 'ગોવિંદો' એવું ટૂંકું નામ કે 'ગોવિંદદાસ' નામ પણ વાપરતા દેખાય છે. એટલે 'ગોવિંદ' નામછાપવાળી આ કૃતિઓ વિશે નિર્ણય કરવો વધારે મુશ્કેલ બને છે.

આ ઉપરાંત ૧૮ કડીની 'દ્વાદશમાસગૂઢાર્થોપદેશ-સઝાય' (લે.સં. ૧૭મી સદી અનુ.) અને ૨૫ કડીના 'ચોવીસજિન-સવૈયા' (લે.સં. ૧૮મી સદી અનુ.) એ જૈન રચનાઓ મળે છે પણ તેના કર્તા કયા ગોવિંદ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ.૧૯૧૬; ૨. નકાદોહન; ૩. સગુકાવ્ય; ☐ ૪.*કવિતા, –, 'રાધાના સોળ શણગાર', સં. મંજુલાલ મજમુદાર.

સંદર્ભ : ૧. કવિચરિત: ૧–૨; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાસ્વરૂપો; ☐ ૪. સ્વાધ્યાય પુ.૧૫ અં.૧ – 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ૫. હિન્દુ મિલન મંદિર, નવે. ૧૯૮૨ – 'ગોવિંદરચિત રઘુનાથજીનો વિવાહ', દેવદત્ત જોશી; ☐ ૬. ગૂહાયાદી; ૭. ફોંહનામાવલિ; ૮. મુપુગૂહસૂચી. [ચ.શે.;શ્રા.ત્રિ.]

ગોવિંદ–૧ [ઈ.૧૬૪૯માં હયાત] : મોરાસુત. સુરતના વતની. કંસારા કુલ, ભાનુ જાતિ (ભણસાળી?). સંભવત: પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ. તેમનું 'સુધન્વા-આખ્યાન' (૨.ઈ.૧૬૪૯/સં.૧૭૦૫, શ્રાવણ સુદ ૨, બુધવાર) કરુણ અને વીરરસનું આલેખન કરતું, વર્ણનપ્રધાન અને તેથી લાંબાં બનેલાં ૧૫ કડવાંમાં રચાયેલું કાવ્ય છે.

સંદર્ભ : કવિચરિત: ૧–૨. [ચ.શે.]

ગોવિંદ–૨ [ઈ.૧૭૭૪/૧૭૮૪ સુધીમાં] : કેવળરામના પુત્ર. 'ભાગવત' (લે.ઈ.૧૭૭૪/૧૭૮૪) એ ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [ચ.શે.]

ગોવિંદ–૩ [ઈ.૧૭૯૩માં હયાત] : જૈન સાધુ. જૈસિંઘજીના શિષ્ય. દુહા-ચોપાઈમાં રચાયેલી ૭ ઢાળની 'સનતકુમાર-ચોપાઈ' (૨. ઈ.૧૭૯૩/સં.૧૮૪૯, ભાદરવા વદ ૫, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : સંતકુમારરી ચોપી, પ્ર. શેઠ મુલતાનમલજી, –. [કી.જો.]

ગોવિંદ–૪ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ કે પછી] : અવટંકે ગઢવી. ભાવ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નગરના ઠાકોરની ઉત્પત્તિ લોકકથામાં જાણીતા હંસરાજ અને વચ્છરાજમાંથી બતાવતા ૧ સંક્ષિપ્ત લખાણમાં આ કવિનું ૧૬ કડીનું ગીત મળે છે, જેમાં ભાવનગરના રાજા વખતસિંહે (ઈ.૧૭૩૨–ઈ.૧૮૧૬) બક્ષિસ માટે આવેલ ગઢવીથી મોઢું સંતાડયું એ પ્રસંગ વર્ણવાયો છે. કવિની ભાષા રાજસ્થાનીમિશ્રા છે. ગદ્યલખાણ આ જ કવિનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ:૧. [ચ.શે.]

ગોવિંદ(મુનિ)–૫ [ ] : વિજયગચ્છના જૈન સાધુ. પદ્મસાગરસૂરિના શિષ્ય. 'સિન્દુરપ્રકરકાવ્ય-ચોપાઈ (પ્રબોધ-તરંગિણી)' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.ત્રિ.]

ગોવિંદ–૬ [ ] : ૧૩૩ કડીના 'માઈપુરાણ-ચોપાઈ/ માઈશાસ્ત્ર' (લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨; ૨. હેજ્ઞાસૂચિ:૧. [કા.ત્રિ.]

ગોવિંદજી/ગોવિંદદાસ : ગોવિંદજીને નામે 'બારમાસ' (લે.ઈ.૧૬૭૩) મળે છે તે ઉપરાંત, કોઈ ગોવિંદદાસને નામે કૃષ્ણે રાધાનો હાર ચોરી લીધો તે પ્રસંગે કૃષ્ણ-રાધાના સંવાદને આલેખતી ૫ પદની 'રાધાહાર' (મુ.), કૃષ્ણે રુક્મિણીને પારિજાત આપ્યું એ પ્રસંગે કૃષ્ણ-સત્યભામાના વિવાદને આલેખતી ૭ કડવાંની 'સતભામાનું રૂસણું' (લે.ઈ.૧૮૫૫; મુ.), 'દાણલીલા' અને છૂટક પદો એ કૃતિઓ મળે છે. તેમાંથી પહેલી ૨ મુદ્રિત કૃતિમાં ક્વચિત્ ગોવિંદદાસ એવી નામછાપ મળે છે છતાં મોટા ભાગનાં પદ-કડવાં 'ગોવિંદજી' એવી નામછાપ દર્શાવે છે. આ ગોવિંદજી ઉપર્યુક્ત 'બારમાસ'ના કર્તા હોઈ શકે. વળી જુઓ કુબેરજી.

ગોવિંદદાસના નામથી 'દામોદરાખ્યાન', 'ભોજનવર્ણનથાળ' (લે.ઈ.૧૭૪૬ લગભગ) તથા કેટલાંક પદ મળે છે. તેમાંથી 'થાળ' ભૂલથી ગોવિંદરામ–૨ ને નામે પણ નોંધાયેલ છે. ગોવિંદજી, ગોવિંદરામ નામ ધરાવતા કવિઓ પોતાને માટે 'ગોવિંદ' કે 'ગોવિંદ-દાસ' નામ વાપરતા હોવાનું જણાય છે, તેથી ગોવિંદદાસને નામે મળતી કૃતિઓનું કર્તૃત્વ નક્કી કરવું મુશ્કેલ છે. જુઓ ગોવિંદરામ.

ચધિદાસ/મતિસારને નામે નોંધાયેલ 'કાલિનાગદમની સંવાદ'માં "સમવાદ કાલી તણુ મતિસારઈ, ચધિદાસ દાસાંન સાંઈ ચીંતારઈ" એ છેલ્લી પંક્તિમાં મતિસાર કે ચધિદાસ એ શબ્દોને કર્તાનામના વાચક તરીકે જોવા મુશ્કેલ છે. પરંતુ તે પૂર્વેની "ગોયંદાસ રાઆસરા ગુણ ગાયા" એ પંક્તિમાંથી ગોવિંદદાસ કર્તા હોવાનું સમજાય છે. 'રાઆસરા' એ શબ્દ એમની વિશેષ ઓળખ બતાવે છે પણ એનો અર્થ સ્પષ્ટ નથી.

કૃતિ : ૧. **બૂકાદોહન:૩ (+સં.)**; ૨. બુદ્ધિપ્રકાશ, ઑગસ્ટ ૧૮૬૩ – **'સતભામાનું રૂસણું'**.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ:૨; ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [ચ.શે.]

ગોવિંદદાસ–૧ [ઈ. ૧૭૦૨ સુધીમાં] : **'રામમંજરી'** (લે. ઈ. ૧૭૦૨)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી:૧. [કા.ત્રિ.]

ગોવિંદદાસ–૨ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : દ્વારકાદાસશિષ્ય. રવિસાહેબ (જ.ઈ.૧૭૨૭–અવ.ઈ.૧૮૦૪)ના પ્રશ્નોના ઉત્તરરૂપે 'જન ગોવિંદ' એવી નામછાપથી રચાયેલા ૨ પદ્યપત્રો (મુ.)માં કવિનું અધ્યાત્મજ્ઞાન તથા એ જ્ઞાનને સરળ દૃષ્ટાંતોથી રજૂ કરવાની એમની હથોટી દેખાઈ આવે છે.

કૃતિ : રવિભાણ સંપ્રદાયની વાણી, પ્ર. મંછારામ મોતી, સં. ૧૯૮૯. [ચ.શે.]

ગોવિંદરામ/ગોવિંદદાસ : ગોવિંદરામ/ગોવિંદદાસને નામે 'રુક્મિણી વિવાહ/રુક્મિણીહરણ' (લે.ઈ.૧૭૩૪) તથા ગોવિંદરામને નામે 'સુભદ્રાહરણ' (લે.ઈ.૧૭૨૬) તેમ જ કેટલાંક મુદ્રિત-અમુદ્રિત પદો મળે છે. ઉપરાંત, સં.૧૯મી સદીમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ગોવિંદરામનો પણ ઉલ્લેખ થયેલો છે. આ ગોવિંદરામ કયા છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ.૧૯૫૮; ૨. પ્રાકાસુધા:૧.

સંદર્ભ : ૧. કવિચરિત:૩; ૨. પુગુસાહિત્યકારો; ☐ ૩. આલિસ્ટઑઈ:૨; ૪. ગૂહાયાદી. [ચ.શે.]

ગોવિંદરામ–૧ [ઈ.૧૬મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોસાંઈજી એટલે કે વિઠ્ઠલનાથજી (ઈ.૧૫૧૬–ઈ.૧૫૮૬)ના સેવક. કૃષ્ણ ગોકુળ છોડી મથુરા ગયા ત્યારે ગોપીઓ અને માતા જસોદા-એ ભોગવેલી વિરહદશાને વર્ણવતી ૫૨ કડીની 'ભ્રમર-ગીતા' (લે. ઈ. ૧૮૪૧; મુ.) આ કવિની ૧ લાંબી રચના છે. એમના 'ગોવિંદ' કે 'જન ગોવિંદ' નામછાપ ધરાવતાં ૩ ધોળ (મુ.) મળે છે જેમાંથી ૧ વિઠ્ઠલનાથજી વિશેનું છે.

કૃતિ : ૧. ભ્રમરગીતા (+સં.); ☐ ૨. અનુગ્રહ, ઑગસ્ટ ૧૯૫૮ – 'ભ્રમરગીતા', સં. ચીમનલાલ મ. વૈદ્ય.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ગોવિંદરામ–૨ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : રાજારામના પુત્ર. નગીનાબાદના વતની અને જ્ઞાતિએ બાજ ખેડાવાળ બ્રાહ્મણ. ધર્મે વૈષ્ણવ હોવાનું સમજાય છે પરંતુ પોતાના ગુરુ તરીકે કલ્યાણ અને પ્રીતમનો નિર્દેશ કરે છે. એમનાં 'મધુરાં'નામક ૨૪ કડવાં અને ૫૯૫ કડીનું 'હરિશ્ચંદ્ર-આખ્યાન' (૨.ઈ.૧૮૦૦/સં.૧૮૫૬, આસો સુદ ૭, ગુરુવાર; મુ.) હરિશ્ચંદ્રની પ્રસિદ્ધ કથાને પ્રાસાદિક રીતે આલેખે છે. તેને નામે 'અરજીનાં પદો' (૨.ઈ.૧૭૮૭) તથા 'આઠ-વાર' પણ નોંધાયેલ છે.

કૃતિ : પ્રાકાસુધા:૪ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૩; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

ગોવિંદરામ–૩ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : આમોદ (જિ.ભરૂચ)ના વતની. જ્ઞાતિએ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અલીખાં પઠાણ' કાવ્ય પરથી એ વૈષ્ણવ હોય એવું જણાય છે. એમના ભાઈ મયારામ ભટ્ટે સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકારેલો. 'બૃહત્ કાવ્યદોહન' એમનો હયાતીકાળ ઈ.૧૭૮૧થી ઈ.૧૮૧૪ નોંધે છે પણ તેને માટેનો આધાર સ્પષ્ટ નથી.

આ કવિને નામે મૂકવામાં આવતી ૬૨ કડીની કળિયુગનાં લક્ષણો વર્ણવતી 'કળિયુગનો ધર્મ' (ર.ઈ.૧૭૮૧/૧૭૮૨; મુ.)માં કવિનામ-છાપ નથી તે ઉપરાંત કવિની અન્ય રચનાઓ કુંડળિયામાં છે ત્યારે આ રચના ગરબી રૂપે રચાયેલી જોવા મળે છે. એટલે આ કૃતિ ગોવિંદરામની રચના હોવાનું થોડું શંકાસ્પદ બની જાય છે. કવિની અન્ય રચનાઓ(મુ.)માં 'ઉપદેશ વિશે' નામક ૪૭ કડીની, કૃષ્ણના મહિમા વિશેની ૨૭ કડીની, ઋષિપત્નીઓની કૃષ્ણ પ્રત્યેની પ્રેમભક્તિ વર્ણવતી ૧૭ કડીની, ઉમિયા-શિવનો પ્રસંગ આલેખતી ૯ કડીની, નરસિંહ મહેતાના મામેરા વખતનો સમોવણનો પ્રસંગ આલેખતી ૧૧ કડીની, રાવણે કરેલા સીતાહરણને વર્ણવતી ૬ કડીની, અલીખાં પઠાણની વૈષ્ણવભક્તિની પ્રશસ્તિ કરતી ૩ કડીની અને હોકાના અનિષ્ટ વિશેની ૪ કડીની – એ રચનાઓનો સમાવેશ થાય છે. ઋષિપત્નીઓની પ્રેમભક્તિ વર્ણવતી કૃતિમાં થોડીક કડી છપ્પામાં અને તે પણ વ્રજભાષામાં મળે છે. 'ઉપદેશ વિશે'માં અંતર્ગત અસંતલક્ષણના કેટલાક કુંડળિયા અલગ રચના તરીકે મુદ્રિત પણ મળે છે. 'ભ્રમર-ગીતના ચંદ્રાવળા' (લે.ઈ.૧૮૨૩) પણ આ કવિને નામે નોંધાયેલ છે.

કૃતિ : ૧. છંદરત્નાવલિ, પ્ર. વિહારીલાલજી મહારાજ, સં. ૧૯૪૧; ૨. બૃકાદોહન:૨.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [ચ.શે.]

ગોવિંદરામ(મહારાજ)–૪ [ઈ.૧૯મી સદી] : જ્ઞાનમાર્ગી કવિ. નિરાંત મહારાજના ૧૬ મુખ્ય શિષ્યોમાંના એક. જદાખાડી(જિ. સુરત)ની જ્ઞાનગાદીના આચાર્ય. મૂળ પીપળિયા(જિ. ભરૂચ)ના વતની અને જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. દેહની નશ્વરતા, ગુરુમહિમા, નામમહિમા, બ્રહ્મમિલનનો આનંદ વગેરે વિષયો ધરાવતાં ને તિથિ, ધોળ, ફાગ આદિ પ્રકારોનો આશ્રય લેતાં એમનાં ૨૭ પદો મુદ્રિત મળે છે. એમનું ફાગનું પદ મુખ્યત્વે હિંદી ભાષામાં છે.

કૃતિ : ગુમુવાણી (+સં.). [દિ.દ.]

ગોવિંદાચાર્ય [ ] : જૈન સાધુ. ૪૦૦ ગ્રંથાગ્રની 'અજિતશાંતિસ્તવન-વૃત્તિ' એ ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [શ્રા.ત્રિ.]

ગોવિંદો [ ] : 'જ્ઞાનનો રેંટિયો' અને રામજીનાં પદના કર્તા.

સંદર્ભ : ગુજૂકહકીકત. [ચ.શે.]

ગૌતમ–૧ [ ] : ભાદરવાસુત. સોલંકીઓની જુદીજુદી શાખાઓનાં નામવર્ણન આપતી કૃતિ 'સોલંકીઓની સાત શાખ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ:૧. [શ્રા.ત્રિ.]

ગૌતમ–૨ [ ] : જૈન. કેટલાંક હિંદી-ગુજરાતી સ્તવનો(મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ:૧. [કી.જો.]

ગૌતમવિજય : આ નામે ૧૦ કડીની '(શંખેશ્વર) પાર્શ્વનાથ-સ્તવન' અને ૧૦ કડીની 'રેવતીશ્રાવિકાકથા-સઝાય' એ કૃતિઓ મળે છે તે ગૌતમવિજય–૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

ગૌતમવિજય–૧ [ ] : જૈન સાધુ. ધન-વિજયના શિષ્ય. ૫ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (લે.સં. ૧૯મી સદી. અનુ.) અને ૮ કડીના '(લીંબડીમંડન)શાંતિજિન-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'ગૌતમસ્વામી-રાસ' [ર.ઈ.૧૩૫૬/સં.૧૪૧૨, કારતક સુદ ૧] : જિનકુશલસૂરિશિષ્ય વિનયપ્રભઉપાધ્યાયરચિત, ૬ ભાસમાં વિભાજિત રોળા, ચરણાકુળ, દોહરા, સોરઠા અને વસ્તુ છંદોબદ્ધ ૬૩ કડીનો આ રાસ (મુ.) મહાવીરસ્વામીના ગણધર ગૌતમનું જીવનવૃત્તાંત વર્ણવે છે, જે પૂર્વાશ્રમમાં વૈદિક બ્રાહ્મણ ઇન્દ્રભૂતિ હતા અને મહાવીરસ્વામીના શાસ્ત્રાર્થથી પ્રભાવિત થઈ એમના શિષ્ય બન્યા હતા. કાવ્યમાં વિશેષે ગૌતમસ્વામીની તપસ્વિતાનો મહિમા થયો છે અને એમને કેવળજ્ઞાની બનતાં વિલંબ થયો તેની કથા વીગતે રજૂ થઈ છે. પૂર્વાશ્રમના ઇન્દ્રભૂતિ અને કેવળજ્ઞાની ગૌતમસ્વામીનાં આલંકારિક વર્ણનોમાં કવિનું કવિત્વ પ્રગટ થાય છે. એમાં પણ ગૌતમસ્વામીના સૌભાગ્ય, ગુણ, લબ્ધિ અને જિનશાસનમાંના સ્થાનને 'પૂનમને દિવસે ચંદ્ર જેમ શોભે છે, તેમ જિનશાસનમાં આ મુનિવર શોભે છે' જેવી રમણીય ઉપમાવલિઓથી રજૂ કરવાનો પ્રયાસ ખાસ ધ્યાન ખેંચે છે.

કૃતિની પ્રત્યેક ભાસના અંતે એ ભાસમાં નિરૂપિત કથાનકનો ટૂંક સાર આપતી, વસ્તુ છંદની ૧-૧ કડીની યોજના આ કાવ્યની રચનાગત વિશિષ્ટતા છે. માત્રામેળ છંદોને 'તો' અને 'એ' જેવા ઘટકોના ઉપયોગથી સુગેય બનાવ્યા છે. કૃતિ સંપ્રદાયમાં ખૂબ લોકપ્રિય બની છે તેનું કારણ તેની સામગ્રી હશે તેમ આ ગેયતા પણ હશે.

આ કૃતિની ઘણીબધી હસ્તપ્રતો મળે છે અને એમાં પાછળથી પ્રક્ષેપ થયેલો પણ જણાય છે. કૃતિ ઉદયવંત/મંગલપ્રભ/વિજયપ્રભ/વિજયભદ્ર/ વિનયવંત વગેરે ઘણાં કર્તાનામોથી મળે છે, પણ એમાંનાં થોડાંક નામો વાચનદોષને કારણે આવેલાં છે, જ્યારે અન્ય નામો પાછળથી ઉમેરાયેલી કડીઓમાંથી વાંચવામાં આવ્યાં છે. પરંતુ કાવ્યના રચનાસમયની નજીકની જ ઈ.૧૩૭૪ની પ્રત વિનય-પ્રભનું નામ કર્તા તરીકે સ્પષ્ટ રીતે આપે છે. એ જ પ્રત, ઉમેરણ તથા કડી-વિભાજનના ફરકને કારણે ૪થી ૮૧ સુધીની કડીસંખ્યા દર્શાવતી આ કૃતિની કડીસંખ્યા ૬૩ નિશ્ચિત કરી આપે છે. [ર.ર.દ.]

ગૌરીબાઈ : જુઓ ગવરીબાઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધેમર [ ] : ૪ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : પરમાનંદ પ્રકાશ પદમાલા, પ્ર. રજનીકાન્ત જે. પટેલ, સં.૨૦૩૦ (ત્રીજી આ.). [કી.જો.]

ધેમલસી : જુઓ ગેલમજી.

ધેલાભાઈ–૧ [ ] : ૭ કડવાંનો 'સુરતીબાઈનો વિવાહ', ૭ પદનો 'પિતા-પુત્રનો સંવાદ', ૮ પદનો 'રાધાકૃષ્ણવિનોદ', સવૈયાની ૪૦ કડીની 'દાણલીલા', 'ઈશ્વરસ્તુતિનાં મોતીદામ છંદ', 'શિખામણનો મોતીદામ છંદ' તથા અન્ય કેટલાંક ધોળ-પદોના કર્તા.

સંદર્ભ : ૧ પ્રાકકૃતિઓ; ☐ ૨. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬ – 'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐ ૩. ગૂહાયાદી. [ક્રા.શા.]

ધેલાભાઈ(શેઠ)–૨ [ ] : જૈન શ્રાવક. ૧૧ ઢાળની 'પાંચસુમતિની સઝાયો' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. મોસસંગ્રહ; ૨. સઝાયમાલા, પ્ર. વિદ્યાશાલા,, સં.૧૯૨૧. [કી.જો.]

ચઈઉ [ઈ.૧૫૧૩ સુધીમાં] : જૈન. 'ચઉઆ'ને નામે નોંધાયેલી ૩૪ કડીની 'પાર્શ્વનાથ-વિનતિ' (લે.ઈ.૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ચઉહથ/ચોથો [ઈ.૧૫૩૧માં હયાત] : સાંડેરગચ્છના જૈન સાધુ. યશોભદ્રસૂરિની પરંપરામાં ઉપાધ્યાય ધર્મસાગરના શિષ્ય. ૩૯૬ કડીની 'આરામનંદન-ચોપાઈ'(૨.ઈ.૧૫૩૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ચતુર–૧ [ઈ.૧૭૧૫માં હયાત] : ગુજરાતી લોંકાગચ્છના જૈન સાધુ. જસરાજની પરંપરામાં ભાઉજીના શિષ્ય. 'ચંદનમલયાગીરી-ચોપાઈ' (૨.ઈ.૧૭૧૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [શ્રા.ત્રિ.]

ચતુર–૨ [ ] : જૈન. ફત્તેસાગરશિષ્ય. ૭ ઢાળના 'દેવલોક-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, સં.૧૯૭૬. [શ્રા.ત્રિ.]

ચતુર-ચાલીસી : ૪ કડીથી માંડીને ૨૧ કડી જેટલો વિસ્તાર દર્શાવતાં ૪૦ પદો અને આશરે ૩૭૧ કડીઓના આ કાવ્ય(મુ.)માં વિશ્વનાથ જાનીએ જયદેવના 'ગીતગોવિન્દ'નો કાવ્યવિષય સ્વીકાર્યો છે. કૃષ્ણ-ગોપીનો શૃંગાર, ગોપીના ચિત્તમાં જન્મતી અસૂયા અને કૃષ્ણના પ્રણયચાતુર્યથી ગોપીનું રીઝવું – આ પ્રસંગો પ્રયોજીને રચાયેલી નરસિંહની 'ચાતુરીઓ'←નામક પદમાળા પણ મળે છે, પરંતુ નરસિંહનાં આ પદોમાં વિશૃંખલતા ને ભાવનિરૂપણની એકવિધતા છે, ત્યારે વિશ્વનાથ જાની વિષયને સુશ્લિષ્ટતાથી ને સુરેખ ક્રમિકતાથી ભાવવૈવિધ્યપૂર્વક આલેખે છે. ઉપરાંત, નરસિંહમાં સ્થૂળ ભોગ-ચિત્રોની જે પ્રચુરતા છે તે 'ચતુર-ચાલીસી'માં નથી. એનો શૃંગાર સંયત, સુરુચિપૂર્ણ અને સંસ્કારી છે. નરસિંહનાં પદોમાં મુખબંધ, ઢાળ અને વલણ ધરાવતો પદબંધ જોવા મળે છે, ત્યારે અહીં મુખબંધ પણ માત્ર ૧ જ પદમાં છે એ નોંધપાત્ર છે.

'ચતુર-ચાલીસી'નો પ્રારંભ કૃષ્ણવિરહમાં ઝૂરતી ગોપીના નાટ્યાત્મક ચિત્રથી થાય છે. સાથેસાથે ગોપીવિરહથી દુ:ખી થતા કૃષ્ણનું વર્ણન પણ એમાં થાય છે. દૂતીની સહાયથી બંને મળે છે, એ પછી કવિ કૃષ્ણે કરેલ ગોપીના પ્રેમભર્યા અનુનયનાં સુંદર ચિત્રો ઉપસાવે છે. રતિક્રીડા દરમ્યાન કૃષ્ણ ભૂલથી રાધાનો નામોચ્ચાર કરી દે છે અને ગોપી રિસાઈને કૃષ્ણથી વિમુખ બનીને ચાલી જાય છે. પુન: દૂતીની મદદથી બંને મળે છે ને કૃષ્ણના પ્રણય-ચાતુર્યથી પ્રસન્ન થયેલી ગોપી સવાર પડતાં સ્વગૃહે જવા વિદાય લે છે. કવિએ ગોપી અને કૃષ્ણની લાગણીઓની કાળજીભરી સંભાળ લેતી ને બંનેને ડહાપણભરી શિખામણ આપી એમને પરસ્પર ગાઢ અનુરાગભર્યા મિલન તરફ દોરી જતી દૂતીની વિદગ્ધતાની પણ રસપ્રદ રેખાઓ આંકી છે. ગોપીનો કૃષ્ણ માટેનો ઉત્કટ અનુરાગ સામાન્ય સંસારી અનુરાગ નથી પણ પ્રેમલક્ષણા ભક્તિ છે, એનાં સૂચનો પણ કવિના કાવ્યમાંથી મળ્યાં કરે છે.

આ કવિની અન્ય કૃતિ 'પ્રેમ-પચીસી'←ની જેમ આ કૃતિના પ્રારંભમાં પણ ઈષ્ટદેવની સ્તુતિ નથી અને અંતે ફલશ્રુતિ છે. કાવ્યમાં પુષ્ટિમાર્ગનો પટ સ્પષ્ટ હોવા છતાં કાવ્ય સાદ્યંત રસાત્મક રહ્યું છે. કવિની નજર પ્રસંગાલેખન કરતાં ભાવનિરૂપણ તરફ વિશેષ છે અને તેથી અલ્પ કથાતત્ત્વવાળી આ કૃતિનાં ચાલીસે પદો નાટ્યાત્મક ઊર્મિકાવ્ય સમો રસાસ્વાદ કરાવે છે. ગોપીકૃષ્ણના મિલનની ધન્ય ક્ષણોના વર્ણનમાં "આપ ટલી હરિ થઈ ગોપી" કે "નિશા વિષે પ્રગટ થયું વહાણું" જેવી અભિવ્યક્તિ જાનીના કવિત્વનો હૃદ્ય પરિચય કરાવે છે. [મ.દ.]

ચતુરવિજય : આ નામે કોશાએ સ્થૂલિભદ્રને પોપટ દ્વારા મોકલાવેલ સંદેશ રૂપે રચાયેલ ૧૮ કડીની 'સ્થૂલિભદ્ર-બારમાસ' (લે.ઈ.૧૬૯૬; અંશત: મુ.) એ જૈન કૃતિ મળે છે. તેના કર્તા ક્યા ચતુરવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

પંડિત ચતુરવિજયને નામે મળતો 'ધન્નાનો રાસ' (૨.ઈ.૧૮૨૩/ સં.૧૮૮૩, માગશર સુદ ૧૫) સમયદૃષ્ટિએ વિચારતાં ચતુરવિજય–૩નો હોવા સંભવ છે, પરંતુ એ વિશે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : જૈનયુગ, ફાગણ–ચૈત્ર ૧૯૮૩ – 'પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન'.

સંદર્ભ : દેસુરાસમાળા. [શ્રા.ત્રિ.]

ચતુરવિજય–૧ [ઈ.૧૭૨૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં રવિવિજયના શિષ્ય. ૨૦૬ કડીના 'નેમિનાથરાજિમતી-વેલ' (૨.ઈ.૧૭૨૦/ સં.૧૭૭૬, પોષ સુદ ૧૪, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચતુરવિજય–૨ [ઈ.૧૭૯૮માં હયાત] : જૈન સાધુ. નેમવિજય–ન્યાયવિજયના શિષ્ય. મૂળ હેમપ્રભસૂરિની 'વિવેકમંજરીપ્રકરણવૃત્તિ'ના સ્તબક (ર.ઈ.૧૭૯૮/ સં.૧૮૫૪, કારતક સુદ ૨, શનિવાર)ના કર્તા. આ સ્તબક પૂરો કરવામાં ભક્તિવિજય અને મોતીવિજય એ ગુરુબંધુઓનો પણ સહકાર હતો. આ સ્તબક ભૂલથી હેમપ્રભસૂરિને નામે નોંધાયેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ચતુરવિજય–૩ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં નવલવિજયના શિષ્ય. એમની 'ચોવીસી' (મુ.) ભાવાવિષ્ટતા, અલંકારયુક્ત રસાળ અભિવ્યક્તિ અને દેશીવૈવિધ્યથી નોંધપાત્ર બને છે. આ ઉપરાંત, આ કવિએ ઈ. ૧૮૪૪માં મેત્રાણામાં પ્રગટ થયેલ ને પ્રતિષ્ઠા પામેલ જિનપ્રતિમાઓ-વિષયક ૪ ઢાળનું 'મેત્રાણાતીર્થની ઉત્પત્તિનું સ્તવન/(મેત્રાણામંડન) ઋષભ-જિન-સ્તવન' (મુ.), ૩૦ કડીનું 'બીજનું સ્તવન' (ર.ઈ. ૧૮૨૨/ સં.૧૮૭૮, અસાડ સુદ ૧૦; મુ.), 'કુમતિવારક સુમતિને ઉપદેશ-સઝાય', 'આત્મશિખામણ-સઝાય', 'અષ્ટમીનું સ્તવન', 'વર્ધમાન-સ્તુતિ' અને 'સીમંધરજિન-વિનતિ' એ કૃતિઓ રચેલ છે. '(મેત્રાણામંડન)ઋષભજિન-સ્તવન' 'જૈન ગૂર્જર કવિઓ'એ ભૂલથી નવલવિજયને નામે નોંધેલ છે.

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. ચૈસ્તસંગ્રહ:૩; ૩. જિસ્તસંગ્રહ; ૪. જિભપ્રકાશ; □ જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૩ – 'મેત્રાણા તીર્થની ઉત્પત્તિનું સ્તવન', સં. જેશિંગલાલ ન. શાહ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ચતુરસાગર [ઈ.૧૭૧૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ધર્મ-સાગરની પરંપરામાં ઉત્તમસાગરના શિષ્ય. ૩૬૦ ગ્રંથાગ્રના 'મદનકુમારનો રાસ' (ર.ઈ.૧૭૧૬/સં.૧૭૭૨, માગશર સુદ ૩; મંગળવાર)ના કર્તા. આ નામે મળતી, મૂળ રત્નાકરસૂરિની સંસ્કૃત રચના 'રત્નાકર-પંચવિંશતિકા' ઉપરના સ્તબક (ર.ઈ.૧૭૦૦)ના કર્તા પણ પ્રસ્તુત ચતુરસાગર હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચતુર્ભુજ : આ નામે ૧૨ કડવાંનું 'એકાદશી-રુકમાંગદ-આખ્યાન' તથા કૃષ્ણચરિતનાં પદો નોંધાયેલાં છે એ કયા ચતુર્ભુજ છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુજૂકહકીકત; ૩. પ્રાક-કૃતિઓ; □ ૪. ગૂહાયાદી; ૫. ફોહનામાવલિ:૨. [કા.શા.]

ચતુર્ભુજ–૧ [સંભવત: ઈ.૧૫૨૦માં હયાત] : ક્વચિત્ આંતરયમકનો ઉપયોગ કરતા દુહા અને છંદની ૯૯ કડીના 'ભ્રમરગીતા-ફાગ←/ શ્રીકૃષ્ણગોપીવિરહમેલાપક ભ્રમરગીતા' (સંભવત: ર.ઈ.૧૫૨૦; મુ.)ના કર્તા. કૃષ્ણના મથુરાગમનના વૃત્તાંતને પણ આવરી લેતી, ભાગવતા-ધારિત ઉદ્ધવસંદેશવિષયક આ રચના એમાંનાં ભાવવાહી આલેખનો-થી નોંધપાત્ર બને છે.

કૃતિ : ૧. પ્રાફાગુસંગ્રહ(+સં.); ૨. ભ્રમરગીતા(+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૧-૨; ૨. ગુસાઇતિહાસ:૨; □ ૩. જૈગૂકવિઓ:૩(૨); ૪. મુપુગૂહસૂચી. [કા.શા.]

ચરણકુમાર : આ નામે સઝાયો (લે.ઈ.૧૬૫૫) તેમ જ 'નવકારવાલી-ગીત' (લે.સં.૧૭મી સદી અનુ.) નોંધાયેલ છે તે કયા ચરણકુમાર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચરણકુમાર–૧ [ઈ.૧૬૭૮ સુધીમાં] : જૈન સાધુ. દેવવિજયના શિષ્ય. ૬૮ કડીના 'સમકિતસારવિચાર-સ્યાદ્વાદ-સ્વરૂપવર્ણન (લે.ઈ. ૧૬૭૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ચરણકુમાર–૨ [ ] : જૈન સાધુ. પાઠક કમલલાભની પરંપરામાં દેવવિમલના શિષ્ય. ૩૭ કડીની 'સમ્યક્ત્વ-પ્રાપ્તિની સઝાય/સમકિત-ભાસ' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા. ખરતરગચ્છના કમલલાભ-ઉપાધ્યાયના આ પ્રશિષ્ય હોય તો તેમનો સમય ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ ગણાય.

કૃતિ : વિવિધ પુષ્પવાટિકા:૨, સં. પૂનમચંદ્રજી, ઈ.૧૯૮૨ (સાતમી આ.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ચરણપ્રમોદ/ચરણપ્રમોદશિષ્ય[ઈ.૧૭૧૦ સુધીમાં] : જૈન સાધુ. આ બંને નામથી મળતી ૧૦ કડીની 'મધુબિંદુની સઝાય' (લે. ઈ. ૧૭૧૦; મુ.)માં "ચરણપ્રમોદ સુશિષ્ય જંપે" એવી પંક્તિને કારણે કર્તા ચરણપ્રમોદ કે એના શિષ્ય છે તે વિશે અસ્પષ્ટતા રહે છે. આ ઉપરાંત ચરણપ્રમોદશિષ્યને નામે ૧૪ કડીની 'વ્યવહારસ્થાપન-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.), ૩ કડીની 'પાર્શ્વનાથ-સ્તોત્ર' તથા 'પાર્શ્વનાથ-છંદ' એ કૃતિઓ નોંધાયેલી છે.

કૃતિ : ૧. જૈપ્રાસ્તસંગ્રહ; ૨. જૈસસંગ્રહ(ન.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

ચંદ : આ નામે કેટલાંક ગુજરાતી-હિંદી પદ (મુ.) મળે છે તે કયા ચંદ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ:૧; ૨. જૈસમાલા(શા.):૧. [ચ.શે.]

ચંદ–૧ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ચંદ–૨ [ ] : જૈન સાધુ. રૂપચંદગણિશિષ્ય. 'ગૌતમસ્વામીનો છંદ' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ:૩; ૨. જૈકાપ્રકાશ:૧; ૩. જૈસમાલા (શા.):૧. [ચ.શે.]

'ચંદ-ચરિત'[ર.ઈ.૧૬૩૩/સં.૧૬૮૯, કારતક સુદ ૫/૧૦, ગુરુવાર]: 'ચંદ્રાયણ' અને 'ચંદમુનિપ્રેમલાલક્ષ્મી-રાસ' એવાં અપરનામો ધરાવતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિવિજયશિષ્ય દર્શનવિજયકૃત આ દુહાદેશીબદ્ધ રાસકૃતિ(મુ.) ૯ અધિકાર, ૫૮ ઢાળ અને ૧૪૫૪ કડીઓમાં વિસ્તરેલી છે.

શીલવિષયક લેખાવાયેલો આ રાસ એના અદ્‌ભુતરસિક વૃત્તાંતથી વધુ ધ્યાન ખેંચે છે. ચંદરાજાની મંત્રતંત્રની જાણકાર અપરમાતા વીરમતી રાણી ગુણાવલીને ભોળવીને વિમલપુરીની રાજપુત્રી પ્રેમલાલક્ષ્મીનાં લગ્ન જોવાને માટે લઈ જાય છે. ચંદરાજાને નિદ્રાવશ કરી દેવાની વીરમતીની યોજનાને રાજા નિષ્ફળ બનાવે છે અને એમનાથી છાની રીતે વૃક્ષની બખોલમાં પેસી જાય છે. વીરમતીના મંત્રબળે એ વૃક્ષ એમને લઈને વિમલપુરી પહોંચે છે. ચંદરાજાને પૂર્વસંકેત અનુસાર કોઢિયા રાજકુંવર કનકધ્વજને સ્થાને પ્રેમલાલક્ષ્મી સાથે લગ્ન કરવાનું બને છે અને એ પછી સાસુવહુની સાથે છુપાઈને એ પાછો આવે છે. અપરમાતાને બીજે દિવસે રાજાના હાથના મીંઢળ જોઈ એના આ કૃત્યની જાણ થતાં એ એને કૂકડો બનાવી દે છે ને પોતે રાજ્યશાસન સંભાળે છે. કેટલાંક વર્ષો પછી શિવકુમાર નાટકિયો દરબારમાં આવી ચંદ્રની કીર્તિ ગાય છે ત્યારે કૂકડો પિંજરમાંથી સુવર્ણકચોળું નીચે પાડી એની કદર કરે છે અને પોતાને એની સાથે લઈ જવા સૂચવે છે. વીરમતી પાસેથી માગી લઈને નાટકિયો એને લઈ જાય છે અને ફરતાંફરતાં વિમલપુરી જાય છે. ત્યાં પ્રેમલાલક્ષ્મી કોઢિયા રાજકુમારને બળપૂર્વક તરછોડીને પોતે લગ્નમંડપમાં જેને જોયો હતો એ ચંદની સ્મૃતિમાં ઝૂરતી હોય છે. ચંદની આભાનગરીમાંથી મળેલા આ કૂકડા પર એને મોહ થાય છે ને એને લઈને એ સિદ્ધાચલ જાય છે. ત્યાં કુંડમાં ડૂબવા પડેલા કૂકડાને બચાવતાં ને એની પાંખ વગેરે સાફ કરતાં વીરમતીએ એના પગે બાંધેલો દોરો તૂટી જાય છે અને ચંદ મનુષ્યરૂપ ધારણ કરે છે. આ હકીકતની જાણ વીરમતીને થતાં એ ચંદરાજાને મારવા આવે છે પણ પોતે જ મરી જાય છે. પ્રેમલાલક્ષ્મી પોતાને ત્યાં કેદ રાખેલા કોઢિયા રાજકુમારનો કોઢ દૂર કરી પોતાના સતીત્વની ખાતરી કરાવી ચંદરાજા સાથે પરણે છે અને આભાપુરી આવે છે. ઘણાં વર્ષો પછી મુનિ સુવ્રતસ્વામીની પાસેથી પોતાનો પૂર્વભવ જાણવા મળતાં ચંદરાજા રાણીઓ સાથે દીક્ષા લઈ ચંદમુનિ બને છે.

આ કૃતિમાં કથારસનું પ્રાધાન્ય છે. તેમ છતાં કવિના કાવ્યકૌશલની પ્રતીતિ કરાવતા અંશો આપણને મળ્યા કરે છે. પ્રેમલાલક્ષ્મીના સૌંદર્યનું સવિસ્તાર આલંકારિક વર્ણન ઉપરાંત વરઘોડા, પ્રભાતસમયની લોકચર્યા આદિનાં વર્ણનો, ગુણાવલીના વિરહદુઃખના અને યોદ્ધાઓના યુદ્ધોત્સાહના ઉદ્‌ગારો, દૃષ્ટાંતવિનિયોગ, આંતરપ્રાસ ને કુંડળિયાપ્રકારનું રચનાચાતુર્ય, સમસ્યાદિવિનોદ વગેરે એનાં દૃષ્ટાંતો છે.

આ કૃતિનો રચનાસમય પહેલા ૮ અધિકારની પ્રશસ્તિમાં સં.૧૬૮૯ આસો સુદ ૧૦ દર્શાવાયો છે, જ્યારે નવમા અધિકારની પ્રશસ્તિમાં સં.૧૬૮૯ કારતક સુદ ૫ કે ૧૦ દર્શાવાયો છે. [જ.કો.]

'ચંદરાજાનો રાસ'[૨.ઈ.૧૭૨૭/સં.૧૭૮૩, પોષ સુદ ૫, શનિવાર] : રૂપવિજયશિષ્ય મોહનવિજયકૃત આ દુહાદેશીબદ્ધ રાસ (મુ.) ૪ ઉલ્લાસ, ૧૦૮ ઢાળ અને ૨૬૮૫ કડીમાં રચાયેલો છે. દર્શનવિજયના 'ચંદ-ચરિત'←થી વધુ વિસ્તાર બતાવતા આ રાસમાં ચંદરાજાના પિતા વીરસેન અશ્વપરીક્ષા નિમિત્તે જંગલમાં જઈ ચડતાં ચંદ્રાવતીને બચાવી તેની સાથે પરણે છે ને એને પુત્ર જન્મતાં દુઃખદગ્ધ અપુત્ર વીરમતીને પોપટની સૂચનાથી અપ્સરાઓ પાસેથી મંત્રવિદ્યા પ્રાપ્ત થાય છે એ પૂર્વકથા કહેવાયેલી છે. વીરસેન અને ચંદ્રાવતી વય પ્રાપ્ત થતાં સંસારત્યાગ કરે છે ને વીરમતી રાજમાતા તરીકે રહે છે.

કવિએ, આ ઉપરાંત, પોતાની કૃતિમાં ઘોડાઓ વગેરેનાં ઘણાં વર્ણનો – જે લક્ષણાદિ સમાં છે – ને સ્ફુટ પ્રસંતારી ભાવાલેખનની તક લીધી છે. એથી ગુણાવલી અને પ્રેમલાની ચંદરાજા પ્રત્યેની અચળ નિષ્ઠાનું નિરૂપણ થતાં શીલમહિમાના વિષયને વિશેષ ન્યાય મળ્યો છે.

કવિની ભાષાપ્રૌઢિ ને તેમણે પ્રયોજેલું દેશીવૈવિધ્ય ધ્યાન ખેંચે છે. [જ.કો.]

ચંદો [ ]: જૈન સાધુ. ૪ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ચંદ્ર–૧ [ઈ.૧૬૭૬માં હયાત] : જૈન શ્રાવક. જ્ઞાતિએ ચોરાસી વીસા શ્રીમાળી વાણિયા. સુરતના નિવાસી. "લાધુ સુખ નિરધાર" એવી પંક્તિને લીધે 'લધુ' અને 'સુખ'ની મનાયેલી પણ ચંદ્ર અને ઉદે (=ઉદય) એ ૨ બંધુનામનો સ્પષ્ટ નિર્દેશ ધરાવતી દુહા, ચોપાઈ અને છપ્પાબદ્ધ ૧૧૫૪ કડીની 'વિનેચટની વાર્તા' (૨.ઈ.૧૬૭૬/સં.૧૭૩૨, કારતક સુદ ૧૧) મળે છે, જોકે, કાવ્યના અંતભાગની કેટલીક પંક્તિઓ, જૈન અસરનો સદંતર અભાવ, ફલશ્રુતિમાં પણ "બોલો જે જે શ્રીહરિ" એવી પંક્તિ અને કાવ્યમાં "કવેસર કહે", "કવિજન કહે", "ગુરુદેવ કહે" એવા આવતા ઉલ્લેખો ઉપર્યુક્ત જૈન બંધુઓની વિનંતીથી કોઈ અજ્ઞાતનામા જૈનેતર કવિએ આ કૃતિ રચેલી હોય એવો વહેમ પણ જગાવે છે. આ કૃતિ સ્વલ્પ ફેરફારો સાથે શામળની 'વિદ્યાવિલાસિનીની વાર્તા' તરીકે મુદ્રિત થયેલી છે પણ શામળની નામછાપવાળી કોઈ હસ્તપ્રત મળતી નથી.

કૃતિ : બૃકાદોહન:૩.

સંદર્ભ : ૧. અક્ષરલોકની યાત્રા, તખ્તસિંહ પરમાર, ઈ.૧૯૮૦ – 'વિનેચટની વાર્તાનું કર્તૃત્વ'; ☐ ૨. બુદ્ધિપ્રકાશ, નવે. ૧૯૨૭ – 'કવિ સામળકૃત વિદ્યાવિલાસિનીની વાર્તાનું મૂળ'; ☐ ૩. કદહસૂચિ. [જ.કો.]

ચંદ્ર(મુનિ)–૨ [ ]: જૈન સાધુ. રત્નમુનિના શિષ્ય. ૧૨ કડીના 'અષ્ટમીનું ચૈત્યવંદન' (મુ.)ના કર્તા. આ કદાચ ચંદ્રવિજય–૨ હોઈ શકે.

કૃતિ : ચૈસ્તસંગ્રહ:૧,૩. [ચ.શે.]

ચન્દ્રકીર્તિ : આ નામે 'બાર અનુપ્રેક્ષા' (લે.ઈ.૧૮૨૧), 'વિજયશેઠ-વિજયાશેઠાણી-ચોઢાળિયાં' (લે.સં.૨૦ સદી અનુ.) મળે છે. તેના કર્તા ચંદ્રકીર્તિ–૧ છે કે અન્ય તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી:૧; ૨. રાહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્રકીર્તિ–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ–અવ.ઈ.૧૬૫૧/ સં.૧૭૦૭, પોષ વદ ૧] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં હર્ષકલ્લોલના શિષ્ય. ૨ ખંડ, ૪૬ ઢાળ અને ૬૨૫ કડીની 'ધર્મ-બુદ્ધિપાપબુદ્ધિ-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૬/સં.૧૬૮૨, ભાદરવા સુદ ૯, મંગળવાર), ૧૬ ઢાળ અને ૨૮૧ કડીની 'યામિનીભાનુ-મૃગાવતી-ચોપાઈ' (ર.ઈ.૧૬૩૩/સં.૧૬૮૯, આસો સુદ ૭, બુધવાર) અને ૧૨ કડીના 'કીર્તિરત્નસૂરિ-ગીત' (મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'ચંદ્રકેવલીનો રાસ' [ર.ઈ.૧૭૧૪/સં.૧૭૭૦, મહા સુદ ૧૩] : 'આનંદમંદિર-રાસ' એવા અપરનામથી પણ ઓળખાવાયેલો ૪ ખંડ, ૧૧૧ ઢાળ અને ૭૬૪૯ કડીઓમાં વિસ્તરેલો, મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ જ્ઞાનવિમલકૃત આ રાસ (મુ.) પૂર્વભવના આયંબીલતપને કારણે કેવલીપદને પામનાર ચંદ્રકુમારનું પ્રભાવક ચરિત્ર આલેખે છે. ખટપટને કારણે છોડી દેવાયેલો અને લક્ષ્મીદત્ત શેઠના પુત્ર તરીકે ઊછરેલો રાજકુમાર ચંદ્રકુમાર સત્યનિષ્ઠા આદિ પોતાના નિર્મળ ચરિત્રગુણોથી સૌનાં હૃદય જીતી લે છે, પોતાની બુદ્ધિની તેજસ્વિતાથી અને સાધનાથી ૭૨ કળાઓમાં પારંગત થાય છે અને કેટલીક સિદ્ધિઓ પણ મેળવે છે, દેશાટન કરી પરાક્રમપૂર્વક રાજ્યો, સંપત્તિ અને સ્ત્રીઓ પ્રાપ્ત કરે છે, દાન અને પરોપકારનાં યશસ્વી કાર્યો કરે છે અને અનેક અદ્‌ભુત અનુભવોમાંથી પસાર થાય છે. છેવટે પોતાના જન્મદાતા માતાપિતાને મળી એમના રાજ્યનો સ્વામી પણ બને છે. અત્યંત કૌતુકરસિક અને ઘટના-પ્રચુર આ કથામાં દૃષ્ટાંત રૂપે અન્ય ધર્મકથાઓ પણ ગૂંથવામાં આવી છે. કથારસની સાથે જ્ઞાનોપદેશ પણ આ કૃતિનું મહત્ત્વનું પાસું છે. જૈન ધર્મના નિયમો અને સિદ્ધાંતોનું વિવરણ, જૈન માન્યતા મુજબની ભૌગોલિક રચનાનું આલેખન, નાયક-નાયિકાભેદ આદિ વિષયોનું નિરૂપણ, સુભાષિત-સમસ્યા-હરિયાળીની ગૂંથણી અને સંસ્કૃત શ્લોકો તથા પ્રાકૃત ગાથાઓનું ઉદ્ધરણ – આ બધામાં પ્રગટ થતી કવિની વ્યુત્પન્નતા ધ્યાન નોંધપાત્ર છે. તાંબૂલ અને અંતરંગ તાંબૂલ, સ્નાન અને અંતરંગ સ્નાન, ભાવખીચડી વગેરેનાં લક્ષણોનું વર્ણન રસપ્રદ પણ બને છે. વિવિધ પ્રકારની ધ્રુવાઓ પ્રયોજતી સુગેય દેશીઓ, કવિત, જકડી, ચંદ્રાવળા આદિ કાવ્યબંધો અને ઝડઝમકવાળી ચારણી શૈલી કવિની કાવ્યનિપુણતાનો મનોરમ પરિચય કરાવે છે. [જ.કો.]

ચંદ્રખુશાલ : જુઓ ખુશાલચંદ (ઈ.૧૭૪૨માં હયાત).

'ચંદ્ર-ચંદ્રાવતી' : 'મદનમોહના'ની માફક નાયક-નાયિકાનાં નામના શીર્ષકવાળી, ચોપાઈ-દોહરા-છપ્પાની ૭૪૬ કડીમાં રચાયેલી શામળની સાધારણ સારી વારતા (મુ.). ભાગવતના કથાશ્રવણથી પ્રેરાઈ પ્રધાન-પુત્રને સાથે લઈ અડસઠ તીરથની જાત્રાએ નીકળેલો શ્રીહઠના રાજાનો કુંવર ચંદ્રસેન ૨ જુદાંજુદાં સ્થળની રાજકુંવરીઓ ચંદ્રાવતી અને નિધિનંદનીને પરણી એ બેઉ પત્નીઓ સાથે ૧૨ વર્ષે નગરીમાં પાછો ફરે, એવું એનું વસ્તુ જાત્રાનિમિત્તે દેશાટન, પ્રથમ દર્શને નાયક-નાયિકાનો પરસ્પરાનુરાગ, સમસ્યાબાજીથી એનું લગ્નમાં થતું પરિણમન, ગાંધર્વવિવાહ જેવું ગુપ્ત સ્નેહલગ્ન, માલણ જેવા પાત્રની એમાં સહાય, નાયક-નાયિકાને વેઠવાં પડતાં વીતકો, નાયકને નાયિકા ઉપરાંત અન્ય સુંદરીની પણ પત્ની તરીકે થતી પ્રાપ્તિ, વગેરે શામળે 'પદ્માવતી'માં ને અન્ય વારતાઓમાં પ્રયોજેલાં કથા-ઘટકોનો ઉપયોગ દેખાડે છે. એમાંની સમસ્યાઓ, નાયકનાયિકાનાં રૂપ-ગુણનાં વર્ણન વગેરે શામળની અન્ય વારતાઓમાં દેખાય છે તેનાથી કોઈ રીતે વિશિષ્ટ નથી. [અ.રા.]

ચંદ્રધર્મ(ગણિ) [ઈ.૧૫૭૭ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. 'યુગાદિદેવસ્તોત્રપદ-બાલાવબોધ' (લે.ઈ.૧૫૭૭)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

ચંદ્રનાથ[ ] : જૈન સાધુ. 'હિતોપદેશ-પચીશી'-(મુ.)ના કર્તા. કૃતિમાં ધર્મદત્ત તથા ચંદ્રનાથ બંને નામ એ રીતે ગૂંથાયાં છે કે કૃતિના કર્તૃત્વ વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી.

કૃતિ : લોંપ્રપ્રકરણ. [કી.જો.]

ચંદ્રભાણ (ઋષિ) [ઈ.૧૭૮૨માં હયાત] : જૈન સાધુ. રાજસ્થાની-મિશ્ર ગુજરાતીમાં ૩૫ ઢાળની 'જંબૂકુમાર-ચોપાઈ' (ર.ઈ.૧૭૮૨) તથા સવૈયામાં 'ચતુર્વિંશતિજિન-પચીસી' (મુ.), 'જિન-લાવણી', ઋષભદેવ તથા મહાવીરસ્વામી વિશેના છંદ (મુ.) એ હિંદી કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જૈન વિવિધ ઢાલ સંગ્રહ, પ્ર. જેઠમલ ભ. શેઠિયા, ઈ.૧૯૨૩; ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા:૧, સં. મુનિશ્રી શામજી, ઈ.૧૯૬૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩ (૧,૨); ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

ચંદ્રલાભ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધમાં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. ૨૪૩ કડીના 'ચતુષ્પર્વી-ચોપાઈ/રાસ' (ર.ઈ.૧૫૧૬/૧૫૧૮), ૩૩ કડીના '(વરકાણા)પાર્શ્વનાથ-સ્તવન' અને ૧૧ કડીના 'ગોડી-પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચંદ્રવિજય : આ નામે ૧૦ કડીની 'ચંદનમલયાગીરી-સઝાય' (લે. ઈ.૧૮૧૩) તથા રાજુલના નેમિનાથ માટેના વિરહનું હિંદી સ્તવન (મુ.) મળે છે પરંતુ આ ચંદ્રવિજય કયા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : જૈકાપ્રકાશ:૧.

સંદર્ભ : લીંહસૂચી. [ચ.શે.]

ચંદ્રવિજય–૧ [ઈ.૧૬૬૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયરાજસૂરિની પરંપરામાં ઉપાધ્યાય ઋદ્ધિવિજયના શિષ્ય. ૧૧ કડીના 'શાશ્વતજિનબિંબ-સ્તવન'(ર.ઈ.૧૬૬૯)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

ચંદ્રવિજય–૨ [ઈ.૧૬૭૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં રત્નવિજયના શિષ્ય. ૮૫૨ ગ્રંથાગ્રના 'જંબૂસ્વામી-રાસ' (ર.ઈ.૧૬૭૮ / સં.૧૭૩૪, પોષ સુદ ૫, મંગળવાર)ના કર્તા. જુઓ ચંદ્ર–૨.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [ચ.શે.]

ચંદ્રવિજય(ગણિ)–૩ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં પંડિત જીવવિજયના શિષ્ય. વિજયપ્રભસૂરિના રાજ્યકાળ (ઈ.૧૬૫૪–ઈ.૧૬૯૩)માં રચાયેલ આશરે ૧૦૧ કડીની 'ધન્નાશાલિભદ્ર-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨,૩(૨). [ચ.શે.]

ચંદ્રવિજય(ગણિ)–૪ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવની પરંપરામાં નિત્યવિજયગણિ (ઈ.૧૬૭૮માં હયાત)-ના શિષ્ય. તેમના, વિવિધ દેશીઓની ૧૩ ઢાળ અને ૭૧ કડીના 'સ્થૂલિભદ્રકોશાના બારમાસ' (મુ.) કોશાના વિરહભાવને પ્રાસાદિક ને રસાળ રીતે આલેખે છે. આસોથી આરંભાતી આ કૃતિ અસાડમાં સ્થૂલભદ્રના આગમન પછી એમણે આપેલા પ્રતિબોધ સાથે ભાદરવા માસ આગળ પૂરી થાય છે.

કૃતિ : ૧. જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ, સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ.૧૯૩૬ – 'ચંદ્રવિજયકૃત સ્થૂલિભદ્રકોશાના બારમાસ', સં. મોહનલાલ દ. દેશાઈ; ૨. પ્રામબાસંગ્રહ:૧ (અસં.).

સંદર્ભ : જૈગૂકવિઓ: ૩(૨). [ચ.શે.]

ચંદ્રસાગર [ઈ.૧૬૬૯માં હયાત] : જૈન સાધુ. 'ધર્મપરીક્ષા' (ર. ઈ.૧૬૬૯)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

'ચંદ્રહાસાખ્યાન' [ઈ.૧૬૭૧ / સં.૧૭૨૭, જેઠ સુદ ૭, સોમવાર] : ૨૮ કડવાંનું પ્રેમાનંદકૃત આ આખ્યાન (મુ.) જૈમિનીય અશ્વમેધ-પર્વમાંની ચંદ્રહાસકથાને થોડાક ફેરફારો સાથે આલેખે છે ને તેમાં નાકરની આ વિષયની કૃતિનું અનુસરણ પણ થયેલું જણાય છે. જેમ કે, નામાદિના ૨-૩ ગોટાળા અને પ્રેમાનંદમાં સામાન્ય રીતે જોવા ન મળતું કક્કાનું આયોજન નાકરને આભારી છે, તેમ વિષયા ચંદ્રહાસને વાડીમાં મળે છે એ પ્રસંગના આલેખનમાં પણ પ્રેમાનંદને નાકરની થોડીક મદદ મળી છે. કાવ્યનો વસ્તુબંધ ચુસ્ત ને સુરેખ નથી, ને ક્યાંક તાલમેલિયાપણું છે પણ પ્રેમાનંદને જેની ફાવટ છે એવી નાટ્યાત્મક વક્રોક્તિઓથી કાવ્યનું કેટલુંક પ્રસંગનિર્વહણ ચમત્કારક બન્યું છે, જેમ કે, ચંદ્રહાસ પ્રત્યેની "તમને રાખજો અશરણ-શરણ, આટે મુને આવજો મરણ" એ મદનની સાચી પડતી ઉક્તિ.

આ આખ્યાનમાં ચરિત્રનિરૂપણની પ્રેમાનંદની આગવી કલાનાં દર્શન થતાં નથી. ધૃષ્ટબુદ્ધિ એના નામને સાર્થક કરતું પાત્ર છે, પણ ચંદ્રહાસના પાલકપિતા કુલિંદમાં રાજતેજનો અભાવ ખૂંચે છે ને ચંદ્રહાસના ભક્તિભાવમાં પણ એના મોભાને અણછાજતી થોડી વ્યવહારવિમુખતા દેખાય છે. જનમનરંજક પ્રેમાનંદ પાત્રોમાં પ્રાકૃત ભાવના આરોપણમાંથી બચી શક્યા નથી. તોપણ આ આખ્યાનમાં મદનની ભાવનામયતા, ગાલવઋષિનું બ્રહ્મતેજયુક્ત સ્વાભિમાન અને વિષયાના ઋજુ ઉજ્જ્વલ પ્રણયભાવોનું નિરૂપણ પ્રેમાનંદની ચરિત્રચિત્રણકલાની ઝાંખી કરાવે છે. અનાથ શિશુ ચંદ્રહાસ પ્રત્યેનું પડોશણોનું વાત્સલ્યપૂર્ણ વર્તન ને મારાઓના મનોવ્યાપારોમાં પ્રગટ થતું માનવતાદર્શન પણ આકર્ષક નીવડે છે.

આ આખ્યાનના પ્રસંગોમાં અદ્‌ભુત, ભાવાલેખનમાં કરુણ અને શૃંગાર તેમ જ કૃતિના તાત્પર્યની દૃષ્ટિએ ભક્તિ – એ રસોને અવકાશ મળ્યો હોવા છતાં પ્રેમાનંદની લાક્ષણિક રસજમાવટ અહીં દેખાતી નથી. વનની ભયંકરતાનું ને ચંદ્રહાસના રૂપનું વર્ણન આસ્વાદ્ય છે ને આખ્યાનને અંતે ચંદ્રહાસ અને કૃષ્ણ-ભગવાનના મિલનપ્રસંગનું નિરૂપણ આર્દ્ર હૃદયભાવોથી ધબકતું છે: પોતે સત્યસાચીની સાથે ભક્ત ચંદ્રહાસનું દર્શન કરવા આવ્યા છે એ ભગવાનનું "ભારે" વાક્ય સાંભળીને રડી પડતા ભક્તનાં આંસુ "અવિનાશી પટકુળ પોતાને લોહ્યે."

પણ આ આખ્યાનમાં પ્રેમાનંદની કવિત્વશક્તિ ઉત્તમ રીતે પ્રગટ થઈ છે વિષયા ચંદ્રહાસને મળે છે એ પ્રસંગના નિરૂપણમાં. શબ્દૌચિત્ય, વક્રોક્તિ ને અશ્રવ પ્રત્યેની ચાટૂક્તિઓથી પ્રેમાનંદ વિષયાની ભાવભંગિમાને સૂક્ષ્મતાથી મૂર્ત કરી બતાવે છે અને નાકર-આધારિત પ્રસંગને પોતાના અભિવ્યક્તિ-સામર્થ્યથી નવું રૂપ આપે છે. [૨.૨.દ.]

ચંપ [ ] : સંભવત: શ્રાવક. ૨૪૩ કડીએ અધૂરા પ્રાપ્ત થતા 'નલચરિત્ર/નલદવદંતી-રાસ'ના કર્તા. આ કૃતિ સં.૧૫મી સદીની મનાઈ છે. એ સાચું હોય તો એ આ વિષયની ગુજરાતી ભાષાની પહેલી કૃતિ ઠરે.

સંદર્ભ : ૧. નળ-દમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૦; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ચાતુરીઓ : સંભવત: શૃંગારચાતુરીના વિષયને કારણે આ નામથી ઓળખાયેલી નરસિંહ મહેતાકૃત પદમાળા (મુ.). આ પદોમાં 'ચાતુરી' ઉપરાંત 'વિહારચિત્ર' 'વિનોદલીલા' એ શબ્દપ્રયોગો પણ મળે છે. 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ'માં 'ચાતુરી-ચાલીસી' અને 'ચાતુરી-પોડશી' એવી ૨ અલગ પદમાળા રૂપે મુદ્રિત ચાતુરીઓ હસ્તપ્રતોમાં તેમ જ પછીનાં સંપાદનોમાં સળંગ ક્રમમાં અને ઓછીવત્તી સંખ્યામાં મળે છે, જો કે એમાં પણ 'ચાતુરી-પોડશી'નાં ૧૬ પદો તો સર્વસમાન છે અને એ ક્રમમાં પહેલાં જ આવે છે. આ ૧૬ પદોની માળા મુખબંધ ને ઢાળ એ પ્રકારના કાવ્યબંધથી તેમ એના નક્કર વસ્તુથી જુદી તરી આવે છે. એમાં જયદેવના 'ગીતગોવિંદ'ને મળતું વિરહી કૃષ્ણ અને વિરહિણી રાધાના લલિતા સખીના દૂતીકર્મ દ્વારા સધાયેલા મિલનનું આલેખન છે. આઠમા પદમાં સંયોગશૃંગારનું ચિત્ર આલેખાય છે અને નવમા પદમાં નરસિંહ પોતાના સાક્ષિત્વનો આનંદાનુભવ ગાય છે. આ પછી સખીના પ્રશ્નના ઉત્તર રૂપે રાધા કૃષ્ણ સાથેનો પોતાનો કામવિહાર વર્ણવે છે. છેલ્લાં ૨ પદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃષ્ણને સંબોધાયેલાં છે, ૧ પદમાં અન્યત્ર રમી આવેલા કૃષ્ણને ઉપાલંભો છે ને બીજામાં પ્રભાત થતાં, આલિંગનમાંથી છોડવા કૃષ્ણને વિનંતી છે. જોઈ શકાય છે કે થોડીક વિશૃંખલતા છતાં આ પદ-માળા સ્પષ્ટ આકાર ધારણ કરે છે.

'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ'માં 'ચાતુરી-ચાલીસી'ના નામથી અને અન્યત્ર ઉપર્યુક્ત પદોના અનુસંધાનમાં જ મુકાયેલાં બાકીનાં પદોમાં મુખબંધ, ઢાળ, વલણ એવો કાવ્યબંધ છે એટલું જ નહીં, ઢાળ ૪-૬ પંક્તિની હોય ને ૧ જ પદમાં ૧થી વધુ વાર ઢાળ કે વલણ આવતાં હોય એવું પણ બને છે. આ પદસમૂહ આરંભાય છે દાણી રૂપે ગોપીને રોકતા કૃષ્ણના ઉલ્લેખથી, પરંતુ પછી તો એમાં શૃંગારવર્ણન જ ચાલે છે. દેખીતી રીતે જ, ઉપર્યુક્ત પદોને મુકાબલે આ પદોની અધિકૃતતા ઊણી ઊતરે છે.

કૃષ્ણ, લલિતા અને રાધાના મનોભાવોનું આલેખન સ્વચ્છ-સુરેખ થયેલું છે ને ક્વચિત્ નર્મ-મર્મભર્યા ઉદ્ગારો સાંપડે છે, રાધાનું પરંપરાગત શૈલીનું રૂપવર્ણન પણ મનોહર થયું છે, પણ આ પદોનું કેલિવર્ણન વધુ પડતું ઘેરું ને પ્રગલ્ભ તેમ વાચ્યાર્થની કોટિએ પહોંચતું હોઈ ચમત્કૃતિરહિત લાગવા સંભવ છે. આ છાપ ઊભી થવામાં 'પોડશી' સિવાયનાં પદોમાં પુનરાવર્તનથી ને એકવિધતાથી થયેલા શૃંગારાલેખનનો ફાળો વિશેષ છે. [ચ.શે.]

ચાબખા : ભોજાકૃત. જુઓ પદો.

ચારિત્ર(ગણિ) [ઈ.૧૪મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. ૯ કડીમાં જિનચંદ્રસૂરિ (આચાર્યકાળ ઈ.૧૨૮૫–ઈ.૧૩૨૦)ની પ્રશસ્તિનું ગાન કરતા 'જિનચંદ્રસૂરિ-રેલુયા'ના કર્તા. આ કવિને નામે ૯ કડીની 'જિનચંદ્રસૂરિ-પહા' નોંધાયેલ છે તે ઉપર્યુક્ત કૃતિ જ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. ઉત્તર-અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ.૧૯૭૬; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૫૪ – 'રેલુઆ' સંજ્ઞક પાંચ રચનાઓ', અગરચંદ નાહટા; ☐ ૩. જૈમગૂક-રચનાઓ:૧. [શ્રા.ત્રિ.]

ચારિત્રકલશ [ઈ.૧૫૨૫ સુધીમાં] : જૈન સાધુ. ચારણી શૈલીના પંક્તિઅંતર્ગત તેમ જ પંક્ત્યંત પ્રાસ ધરાવતા ૨૨ કડીના 'નેમિનાથરાજિમતી-બારમાસ'(લે.ઈ.૧૫૨૫)ના કર્તા.

સંદર્ભ : ગુસાસ્વરૂપો. [શ્રા.ત્રિ.]

ચારિત્રકીર્તિ [ઈ.૧૭૧૧માં હયાત] : જૈન સાધુ. ૯ કડીના '(શંખેશ્વર) પાર્શ્વલઘુ-સ્તવન' (ર.ઈ.૧૭૧૧/સં.૧૭૬૭, પોષ વદ ૯)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭ – 'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

ચારિત્રકુશલ [ઈ.૧૬૭૫માં હયાત] : જૈન સાધુ. કરણકુશલજીના શિષ્ય. 'ચોવીસી' (ર.ઈ.૧૬૭૫; અંશતઃ મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો:૧(+સં.).

[શ્રા.ત્રિ.]

ચારિત્રધર્મ [ઈ.૧૭૩૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. 'રામાયણ-ચોપાઈ' (ર.ઈ.૧૭૩૫ / સં.૧૭૯૧, આસો સુદ ૧૦)ની રચના તેમણે વિદ્યાકુશલની સાથે કરી છે.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

ચારિત્રનંદી : આ નામે ૪ કડીની 'સ્તુતિ' (લે.ઈ.૧૮૮૬) મળે છે તેના કર્તા ચારિત્રનંદી–૧ છે કે જુદા તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચારિત્રનંદી–૧ [ઈ.૧૯મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. મહિમાતિલકની પરંપરામાં નિધિઉદયના શિષ્ય. 'પંચકલ્યાણક-પૂજા' (ર.ઈ.૧૮૩૩ / સં.૧૮૮૯, ફાગણ વદ ૮) 'એકવીસપ્રકારી પૂજા' અને 'નવપદ-પૂજા'ના કર્તા. કવિએ પોતાના 'રત્નસાર્ધશતક' (ઈ.૧૮૫૩) નામના, સંભવતઃ સંસ્કૃત ગ્રંથમાં ગુરુનામ નવનિધિ-ઉદય-વાચક આપ્યું છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧,૨); ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચારિત્રમેરુ [ ] : જૈન સાધુ. ૭ કડીના '(રાવણિ)પાર્શ્વનાથ-સ્તોત્ર' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ચારિત્રસાર [ ] : જૈન સાધુ. ૧૧ કડીની 'પંચપરમેષ્ઠી-વિનતિ'(મુ.)ના કર્તા. એ ખરતરગચ્છના ઉપાધ્યાય જયસાગરની પરંપરામાં ભક્તિલાભ (ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય હોય તો ઈ.૧૬મી સદી પૂર્વાર્ધમાં હયાત ગણાય.

કૃતિ : નસ્વાધ્યાય:૩(+સં.).

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચારિત્રસિંહ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. મતિભદ્રના શિષ્ય. ૩ ઢાળ અને ૩૭ કડીમાં મુનિવરોનું નામસ્મરણ કરતી 'મુનિમાલિકા' (ર.ઈ.૧૫૮૦ / સં.૧૬૩૬, મહા સુદ ૪; મુ.), ૨૧ કડીમાં ખરતરગચ્છની પાટપરંપરા રજૂ કરતી 'ગુર્વાવલી-ફાગ'(મુ.), ૯૧ કડીની 'ચતુઃશરણપ્રકીર્ણક-સન્ધિ' (ર.ઈ.-૧૫૭૫), ૩૮ કડીની 'શાશ્વતચૈત્ય-સ્તવન', 'સમ્યક્ત્વ-વિચારસ્તવ-બાલાવબોધ' (ર.ઈ.૧૫૭૭) તથા અન્ય સ્તવનાદિ પ્રકારની કૃતિઓના કર્તા. આ કવિએ સંસ્કૃતમાં 'કાતંત્રવિભ્રમાવચૂર્ણિ' તથા 'રૂપકમાલા-વૃત્તિ' રચ્યાની માહિતી મળે છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ઔજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ:૧, ૩(૧,૨); ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

ચારિત્રસુંદર : આ નામે ૧૪ કડીની 'વિંશતિસ્થાનક-વિધિગર્ભિત-સઝાય' મળે છે. તેના કર્તા ચારિત્રસુંદર–૧ છે કે અન્ય તે નિશ્ચિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહી શકાય તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

ચારિત્રસુંદર–૧ [ઈ.૧૭૬૮માં હયાત] : ખરતરગચ્છની કીર્તિરત્ન-શાખાના જૈન સાધુ. 'સ્થૂલિભદ્ર-ચોપાઈ' (૨.ઈ.૧૭૬૮ / સં.૧૮૨૪, શ્રાવણ સુદ ૫), 'દામનક-ચોપાઈ' (૨.ઈ.૧૭૬૮) અને 'સંપ્રતિ-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૧); ૨. રાપુહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

ચારિત્રોદય [ ] : જૈન સાધુ. મુનિરાજ ધનરાજ વિશેના ૬ કડીના ગીતના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩ – 'કતિપય ઐતિહાસિક ગીતોંકા સાર', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

ચારુકીર્તિ [ઈ.૧૬૧૬માં હયાત] : જૈન સાધુ. 'વચ્છરાજ-ચોપાઈ'-(૨.ઈ.૧૬૧૬)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

ચારુચંદ્ર(ગણિ) [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જ્યસાગરની પરંપરામાં ભક્તિલાભ-ચારિત્રસારના શિષ્ય. 'હરિબલ-ચોપાઈ' (૨.ઈ.૧૫૨૫ / સં.૧૫૮૧, આસો સુદ૩), ૫૧૫ કડીના 'મહાબલમલયસુંદરી-રાસ', ૨૦૫ કડીની 'રતિસારકેવલી-ચોપાઈ', ૪૦ કડીનો 'નંદનમણિયાર-સંધિ' (૨.ઈ.૧૫૩૧/સં.૧૫૮૭, ફાગણ –), ૨૯ કડીના 'પંચતીર્થી-સ્તવ' (૨.ઈ.૧૫૪૨ / સં.૧૫૯૮, આસો –) તથા ૧૧ કડીના 'યુગમંધર-ગીત'ના કર્તા. એમણે ૪૧ કડીનું 'ભાષા-વિચારપ્રકરણ સાવચૂરિ' રચેલ છે તે અવચૂરિ તથા ૫૩૫ કડીનું 'ઉત્તમકુમાર-ચરિત્ર' (લિ.ઈ.૧૫૧૬, સ્વલિખિત; *મુ.) સંસ્કૃત ભાષાનો કૃતિઓ હોય તેમ જણાય છે.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. જૈસાઇતિહાસ; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૫૪ – 'ભક્તિલાભોપાધ્યાયકા સમય ઔર ઉનકે ગ્રંથ', અગરચંદ નાહટા; ☐ ૪. જૈગૂકવિઓ:૩(૧,૨). [શ્રા.ત્રિ.]

ચારુદત્ત–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં ઉપાધ્યાય હંસપ્રમોદના શિષ્ય. 'સેત્રાવા-સ્તવન' (૨. ઈ. ૧૬૨૦ / સં. ૧૬૭૬, શ્રાવણ સુદ ૧), 'કુશલસૂરિ-સ્તવન' (૨.ઈ.૧૬૪૦ / સં.૧૬૯૬, માગશર વદ ૭) અને 'મુનિસુવ્રત-સ્તવન'(૨.ઈ.૧૬૪૦)ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [શ્રા.ત્રિ.]

ચારુદત્ત(વાચક)–૨[ઈ.૧૮૬૨ સુધીમાં] : જૈન સાધુ. ૨૩ કડીની 'આત્મશિક્ષા-સ્તોત્ર/ધર્મી અને પાપીની સઝાય' (લિ.ઈ.૧૮૬૨; મુ.)ના કર્તા. ભાષાભિવ્યક્તિ બહુ જૂની નથી તેથી આ કવિ ચારુદત્ત–૧થી જુદા જણાય છે.

કૃતિ : ૧. જૈસમાલા(શા.): ૨; ૨. જૈસસંગ્રહ(જૈ.).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'ચિત્તવિચાર-સંવાદ' : અખાની ૪૧૩ ચાર-ચરણી ચોપાઈની આ રચના(મુ.)માં ચિત્ત અને વિચારને પિતાપુત્ર તરીકે કલ્પવામાં આવ્યાં છે અને ચિત્તમાંથી જન્મેલો વિચાર ચિત્તને પોતાના શુદ્ધ ચિન્મય-સ્વરૂપનો બોધ કરાવે એવું ગોઠવાયું છે. આરંભમાં ચિત્તની મૂંઝવણને અનુલક્ષીને જીવ, ઈશ્વર અને બ્રહ્મની પૃથક્તા કેવી રીતે ઉદ્-ભવેલી છે એ અનેક દૃષ્ટાંતોથી સમજાવવામાં આવ્યું છે અને એને અનુષંગે ષડ્દર્શનનો સૈદ્ધાન્તિક પરિચય કરાવી એમાં વેદાંત-માર્ગનો પુરસ્કાર થયો છે. કાવ્યના મુખ્ય મધ્યભાગમાં ચિત્ત મૂળભૂત રીતે ચિન્મયસ્વરૂપ – પરમચૈતન્યરૂપ છે તથા આ સઘળી સૃષ્ટિ પણ ચિત્તનું જ સ્ફુરણ છે એ વાત વીગતે સમજાવી છે અને ચિત્તને જ્ઞાનવિવેક દ્વારા મોહપ્રેરિત કામક્રોધાદિ દોષો અને વિષયોના દમનમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો છે. છેલ્લા ભાગમાં કૈવલ્યના સંદર્ભમાં ગુરુસ્વરૂપની મીમાંસા કરી છે તથા ભક્તિનું સ્વરૂપ સ્ફુટ કરી પરમપદપ્રાપ્તિમાં ભક્તિ અને વિરહવૈરાગ્યની કાર્યસાધકતા દર્શાવી છે. કૃતિમાં કેટલાંક વિલક્ષણ વિચારબિંદુઓ અને ઉપમાવિધાનો આપણને સાંપડે છે. જેમ કે, દીપ-શશી-સૂર્ય આદિની ઓછીવત્તી તેજસ્વિતાના દૃષ્ટાંતથી અખાજી જીવમાં પ્રતીત થતા સાપેક્ષ ઐશ્વર્યને અને તદનુષંગે જીવ-ઈશ્વરની અલગતાને સ્થાને સલંગતાનું પ્રતિપાદન કરે છે; દર્પણમાંનાં કાચ અને સીસાના દૃષ્ટાંતથી અવતારરૂપી પ્રતિબિંબો કેમ જન્મે છે તે સમજાવે છે; વરસાદનું સંચેલું પાણી પર્વતમાંથી ઝરે તેની સાથે ચિત્તના બુદ્ધિ-વિલાસને સરખાવી એનું પરવર્તીપાણું સ્ફુટ કરે છે અને "બિંબ જોવાણું પ્રતિબિંબ વડે, તેમ ગુરુ જોતાં ગોવિંદ નીવડે" એમ કહી ગુરુ-ગોવિંદના સંબંધનો મર્મ પ્રગટ કરે છે. વિચારનું અસ્તિત્વ ચિત્તને કારણે છે, છતાં વિચાર વિના ચિત્ત નપુંસક છે એમ કહીને અહીં 'વિચાર'નો મહિમા થયો છે તે અખાના તત્ત્વવિચારને અનુરૂપ છે. અખાના તત્ત્વવિચારના મુખ્ય અંશોને વ્યાપી વળતો આ ગ્રંથ ચિત્ત અને વિચારની પિતા-પુત્ર તરીકેની કલ્પના, બંનેની સક્રિયતા દર્શાવતી પ્રશ્નોત્તરી તેમ જ દૃષ્ટાંતો અને સંતત ઉપમાઓ તથા ઉપમાચિત્રોના બહોળા ઉપયોગને કારણે અખાના કાવ્યસર્જનમાં 'અખેગીતા', 'અનુભવબિંદુ' અને છપ્પા પછીનું સ્થાન મેળવે છે. [જ.કો.]

ચૂડ(વિજોગણ)/અમિયલ [ ] : એક મતે અમિયલ એવું અપરનામ ધરાવતી સિંધી કોમની બાળકુંવારી સ્ત્રી. બીજે મતે 'ચૂડ' શબ્દ એ વ્યક્તિનામનો નહીં પણ મૃત્યુ પછી પ્રેત રૂપે દેખાતા સ્ત્રીના વાસનાદેહનો નિર્દેશ કરે છે. એ અંગેની દંતકથા એવી છે કે સૌરાષ્ટ્રના કોઈ નગરની રાજકુમારીને નગરશેઠના દીકરા અમિયલ સાથે નાનપણથી જ સ્નેહની ગાંઠ બંધાઈ જાય છે. અન્ય રાજકુમાર સાથે પરણાવી દેવાયેલી રાજકુમારી વ્રતને બહાને એકાંતમાં રહી અમિયલ સાથેનો પ્રેમસંબંધ ચાલુ રાખે છે. રાજકુમારને એની જાણ થતાં એ રાજકુમારીની હત્યા કરે છે, પરંતુ ચુડેલ બનેલ રાજકુમારીની અમિયલ સાથેની મુલાકાત ચાલુ રહે છે. અમિયલને રાજકુમારીના પ્રેતસ્વરૂપની જાણ થતાં તે નાસી છૂટે છે. ચૂડદેહી રાજકુંવરી ગિરનાર પર એને શોધી કાઢે છે, પરંતુ એ ડરીને નાસી ગયો છે એમ જાણતાં એના પર ફિટકાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વરસાવે છે. એ નોંધપાત્ર છે કે પ્રાપ્ત દુહાઓમાં 'ચૂડ'ની જેમ ક્વચિત્ 'અમિયલ' એ નામછાપ પણ મળે છે અને 'એડા'(=એવા) એ સિંધી ભાષાનો શબ્દ પણ વપરાયેલો મળે છે. વિષય અને અભિવ્યક્તિના અત્યંત મળતાપણાને કારણે સંધી મુસલમાન દુહાગીર તમાચી સુમરાની આ રચનાઓ હોય એવો સંભવ પણ દર્શાવાયો છે.

આવી નામછાપથી કે નામછાપ વગર પણ એ જ વ્યક્તિએ રચેલા મનાતા ૧૦૦ જેટલા છકડિયા દુહાઓ (મુ.) મળે છે. જો કે, કેટલાક દુહાઓમાં ઓછાવત્તા ચરણ મળે છે, પણ એ ભ્રષ્ટ પાઠને કારણે હોઈ શકે. આ દુહામાંથી કેટલાક સ્નેહવિષયક સુભાષિત જેવા છે જેમાં સજાણ કેવાં ધારવાં તેમ કોની પ્રીત ન કરવી એનું નિરૂપણ થયેલું છે. લોકજીવનમાંથી લીધેલી લાક્ષણિક ઉપમાઓ – કૂવાના કોસ, લટિયર કેળ, બિલોરી કાચ, હિંડોળાખાટ, ટંકણખાર – ની મદદથી મૂર્ત કરેલું સજાણનું ભાવચિત્ર ખાસ ધ્યાન ખેંચે છે. સ્વાગત, વિદાય, સ્વપ્ન જેવી પરિસ્થિતિઓનું અવલંબન લઈને વ્યક્ત થયેલા ઉત્કટ આર્દ્ર પ્રેમભાવમાં વેધક વિરહવેદનાનું પ્રાચુર્ય છે ને એમાંયે તળપદાં ચિત્રકલ્પનોથી હૃદયંગમ મૂર્તતા આવેલી છે.

કૃતિ : ૧. કાઠિયાવાડી સાહિત્ય:૨, સં. કહાનજી ધર્મસિંહ, ઈ.૧૯૨૩ (+સં.); ૨. ચંદર ઊગ્યે ચાલવું, સં. પુષ્કર ચંદરવાકર, સં.૨૦૨૦ (+સં.); ૩. પરકમ્મા, ઝવેરચંદ મેઘાણી, ઈ.૧૯૪૬ – 'સજાણાં' (+સં.); ૪. પ્રીતના પાવા, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૮૩ – 'સંશોધકના થેલામાંથી'માં ઉદ્ધૃત દુહા; ૫. લોકસાહિત્યનું સમાલોચન, ઝવેરચંદ મેઘાણી, * ઈ.૧૯૪૬, ઈ.૧૯૬૮ (બીજી આ.); ☐ ૬. ઊર્મિ નવરચના, જુલાઈથી ઑક્ટો.૧૯૭૬ – 'ચૂડ વિજોગણની કથાના છકડિયા', સં. ગોવિંદભાઈ શિણોલ (+સં.); ૭. કવિલોક, માર્ચ–એપ્રિલ ૧૯૭૩થી જાન્યુ.–ફેબ્રુ. ૧૯૭૪- 'વિજોગણ ચૂડના દુહા', સં. પુષ્કર ચંદરવાકર (+સં.).

સંદર્ભ : ૧. ઊર્મિ નવરચના, મે ૧૯૭૬ – 'અમિયલની ચૂડ', ગોવિંદભાઈ શિણોલ; ૨. એજન, મે ૧૯૭૬ – 'બીજમાર્ગ ને સિંધુ-સંસ્કૃતિ : ચૂડ વિજોગના છકડિયા', જયમલ્લ પરમાર; ૩. એજન, જૂન ૧૯૭૬ – 'ચૂડ વિજોગણની કથા', ગોવિંદભાઈ શિણોલ. [જ.કો.]

ચોથો : જુઓ ચઉહથ.

ચોથમલ (ઋષિ) [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૫૭ ઢાળની 'ઋષિદત્તા-ચોપાઈ' (૨.ઈ.૧૮૦૮/સં.૧૮૬૪, કારતક સુદ ૧૩), 'ઢાળસાર'(ઈ.૧૮૦૦), ૨૨ કડીની 'રહનેમિ-સઝાય/રાજુલ-બાવીસી' (૨.ઈ.૧૭૯૬/સં.૧૮૫૨, શ્રાવણ સુદ ૫, મંગળવાર; મુ.), ૭ કડીની 'આઉખાની સઝાય/આયુઅસ્થિરની સઝાય' (મુ.), ૧૧ કડીની 'ચાર શરણાં/માંગલિક શરણાં' (મુ.), ૯ કડીની 'ધર્મરુચિઅણગારની સઝાય' (મુ.), ૧૪ કડીની 'બલભદ્રની સઝાય' (મુ.) એ કૃતિઓના કર્તા. એમની ઘણી કૃતિઓમાં હિંદી-રાજસ્થાની ભાષાનો પ્રભાવ વર્તાય છે.

કૃતિ : ૧. આકામહોદધિ:૫; ૨. જૈસંગ્રહ; ૩. જૈસમાલા (શા.):૨; ૪. જૈસસંગ્રહ (જે.); ૫. જૈન સ્વાધ્યાય મંગળમાલા:૧, સં. મુનિશ્રી શામજી, ઈ.૧૯૬૨.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ:૨; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧,૨); ૩. મુપુગૂહસૂચી; ૪. રાહસૂચી:૧. [શ્રા.ત્રિ.]

છઠ્ઠા બાવા : જુઓ આંબાજી.

છપ્પા : (૧) અખાજીકૃત છપ્પા (મુ.) છ-ચરણી (ક્વચિત્ ૮ ચરણ સુધી ખેંચાતી) ચોપાઈના બંધને કારણે 'છપ્પા' નામથી ઓળખાયેલ છે. આ કૃતિસમૂહની કોઈ પણ હસ્તપ્રત ૬૫૭થી વધારે છપ્પા આપતી નથી, પરંતુ અત્યાર સુધીમાં કુલ ૭૮૫ છપ્પા મુદ્રિત થયા છે. છપ્પા 'વેશનિંદા અંગ' 'ગુરુ અંગ' એવાં નામો ધરાવતાં ૪૫ અંગોમાં વહેંચાયેલા મળે છે, પણ અંગવિભાગોમાં નજરે પડતી શિથિલતા અને યાદૃચ્છિકતા પરથી એવો તર્ક થાય છે કે છપ્પાઓ છૂટકછૂટક સમયાંતરે લખાયા હશે અને પછી અંગોમાં ગોઠવી દેવાયા હશે.

છપ્પામાં વિધાયક તત્ત્વવિચારની સામગ્રી ભરપૂર છે – અનેક બારીક વિચારો વેધક રીતે આલેખાયા છે, છતાં આ કૃતિની લોકપ્રિયતા વિશેષપણે એમાંના નિષેધાત્મક ભાગ – એમાં ધાર્મિક-સાંસારિક આચારવિચારોનાં દૂષણોનું જે તાદૃશ ચિત્રણ અને ઉગ્ર ચિકિત્સા મળે છે તેને કારણે છે. આ ચિત્રણ અને ચિકિત્સાએ અખાજીનો વ્યવહારજગતનો ગાઢ અનુભવ પ્રગટ કરી આપ્યો છે તેમ એમને હાસ્ય અને કટાક્ષની ભરપૂર સામગ્રી પૂરી પાડી છે.

સમયાંતરે લખાયેલા હોઈ છપ્પામાં અખાજીની વિકસતી ગયેલી વિચારભૂમિકાનાં ચિહ્નો અહીંતહીં જોઈ શકાય છે તેમ છતાં એમની મૂળભૂત દાર્શનિક ભૂમિકા તો નિશ્ચિત અને સ્થિર છે. એ દાર્શનિક ભૂમિકાના કેન્દ્રમાં છે બ્રહ્મ – જેને તેઓ 'વસ્તુ' 'આત્મા' 'ચૈતન્ય' 'સ્વામી' એવાં નામથી પણ ઉલ્લેખે છે – તેનું જ્ઞાન. અખાજી અવારનવાર આકાશનું ઉપનામ વિવિધ રીતે પ્રયોજે છે અને આ બ્રહ્મતત્ત્વની સર્વવ્યાપિતા, અખંડતા, અવિકાર્યતા સમજાવે છે. જીવ, ઈશ્વર અને જગતના તેમ જ નામ-રૂપ ગુણ અને કર્મના ભેદો નિપજાવતી માયાનું સ્વરૂપ અખાજી અનેક દૃષ્ટાંતોથી સ્ફુટ કરે છે, પણ કહે છે કે માયાથી નાસવાથી કંઈ માયા નષ્ટ થતી નથી, જેમ "અંધારું નાઠે કયમ જાય?" ખરો જ્ઞાની તો એ જે માયાનો ભક્ષ કરી જાય – એનું મિથ્યાત્વ પ્રમાણી લે.

જીવને માયાના ફંદામાં ફસાવનાર તો મન છે. એટલે અખાજી "અ-મન" બનવાનું, અંતરે અકર્તા થઈને રહેવાનું સૂચવે છે. "જ્યમ પંખી ઓછાયો પડિયો જાળ, પોતે ઊડે અલગ નિરાળ" એમ આવા જ્ઞાનીનો દેહ સંસારમાં વર્તતો હોવા છતાં પોતે એનાથી અલિપ્ત હોય છે. માટે જ તેમની દૃષ્ટિએ જ્ઞાનીએ સંસારને તજવો આવશ્યક નથી. ઊલટું, ૧ મણ અને ૪૦ શેરમાં ફેર નથી તેમ જ્ઞાની પુરુષને માટે બ્રહ્મતત્ત્વ અને વિશ્વમાં કંઈ ફેર નથી, સકળ લોક એ હરિનું જ રૂપ છે. એટલે "વિશ્વ ભજંતા વસ્તુ ભજાય."

અખાજી અધ્યાત્મમાર્ગમાં કર્મધર્મને – સત્કર્મને તેમ વિકર્મને – અંતરાયરૂપ ગણાવે છે. કોઈ પણ પ્રકારના કર્મથી કષાય, રંગ, મેલ ચડે છે. પોતે પોતા રૂપે રહેવું એ જ વધારે સારું છે. અણહાલ્યું જળ નીતરીને સ્વચ્છ થાય છે તેમ પોતા રૂપે રહેવાથી બ્રહ્મસ્વરૂપ સરળતા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થી પામાં શકાય છે. ટીલાંટપકાં, નામસ્મરણ, વેશટેક, કથાશ્રવણ, કાયાક્લેશ આ બધા બાહ્યાચારો ઉપર તો અખાજીનો કોરડો વારંવાર વીંઝાય છે. અલબત્ત, અખાજી કાયાક્લેશ આદિનો હેતુ સ્વીકારે છે કે એથી ઉન્મત્ત મન ઠેકાણે આવે અને હરિ તરફ ચિત્ત વળે, જેમ મારકણી ગાયને અંધારે બાંધીએ તો એ ટેવ ભૂલે. પણ અંધારે બાંધેલી ગાયને બગાઈ વળગે તેમ કાયાક્લેશ કરનાર યોગીને સિદ્ધિ વળગે છે ને એનો અહંરોગ વધે છે. ચૌથરાના પુરુષ જેવા – ખેતરમાંના ચાડિયા જેવા સંસારને મારવા માટે કે ચાલતાં જ હાથ અડકી જાય એમ સમરે ભરાઈ રહેલા હરિને પામવા માટે અખાજીને તો કોઈ કર્મધર્મની જરૂર જ વર્તાતી નથી.

અખાજીની દૃષ્ટિએ પરબ્રહ્મપ્રાપ્તિનો ખરો માર્ગ જ્ઞાન છે, જેને એ 'સૂઝ' 'સમજ' 'વિચાર' 'અનુભવ' એ શબ્દોથી પણ ઓળખાવે છે. જેમ નૌકામાં બેઠેલો માણસ શ્રમ વિના આખી પૃથ્વી ફરે તેમ સમજ આવી તેને કાયાક્લેશ કરવો ન પડે. જગતપ્રપંચમાંથી પરમેશ્વરને પણ એ સહજપણે પામી લે, જેમ વાદળાખોખું કાદવમાંથી પાણી પી લે તેમ. પણ આ સમજ તે શાસ્ત્રજ્ઞાન કે પંડિતાઈ નહીં. શાસ્ત્રને તો અખાજી ૧ આંખ ગણે છે, સૂકા – અનુભવ વગરના જ્ઞાનને એ વ્યંડળમૂંછ સાથે સરખાવે છે અને પંડિતને ટાંકેલી શિલા તરીકે ઓળખાવે છે, જે પાણીમાં બૂડ્યા વિના રહેતી નથી.

સાધનામાર્ગ લેખે ભક્તિનો સ્વીકાર અખાજી મર્યાદિત રૂપે જ કરે છે. વૈષ્ણવી નવધાભક્તિ – સગુણભક્તિ – નો હેતુ એ સમજે છે કે જીવ "ભક્તિરસે કર્મરસ વીસરે". પણ એ જુએ છે કે નવધાભક્તિ આદરતાં મોહવ્યાપાર મંડાય છે, ભક્તિ એક બાહ્યાચાર બની જાય છે ને ઘણી વાર દંભ કે પાખંડનું રૂપ પણ લે છે. આથી સગુણભક્તિને એ મોતીધૂઘરી સાથે સરખાવે છે, જે મનમોહન દીસે પણ એનાથી અંતરતાપક્ષુધા શમે નહીં. આમ છતાં નિર્ગુણ પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયા પછી માણસ સગુણભક્તિ તરફ વળે એને અખાજી દૂધમાં સાકર ભળ્યા સાથે સરખાવે છે. અંતે તેઓ વિચારને જ સાચી ભક્તિ – બ્યાશીમો ભક્તિપ્રકાર – કહે છે અને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની એકરૂપતા બતાવે છે : જગતભાવને હૃદયથી દૂર કરવો એનું નામ વૈરાગ્ય; જગતને સ્થાને સર્વત્ર હરિ દેખાય તે ભક્તિ અને સર્વત્ર હરિ દેખાતાં જીવ-બ્રહ્મનું દ્વૈતભાન જાય તે જ્ઞાન.

શાસ્ત્રની ૧ આંખવાળા, દેહાભિમાની, મતાંધ, સંસારાસક્ત, વેષધારી ગુરુઓને અખાજી ચાબખા લગાવે છે, પણ સદ્ગુરુ ચક્ષુ આંજે ત્યારે બ્રહ્મતત્ત્વનું રહસ્ય સમજાય એમ કહી સદ્ગુરુના શરણને આવશ્યક ગણાવે છે અને સદ્ગુરુ, સંત, જ્ઞાની, હરિજનનો મહિમા ગાતાં થાકતા નથી. તોપણ અખાજીની દૃષ્ટિએ ગુરુ મળી જવામાં ઇતિકર્તવ્યતા નથી. વિવેકી ગુરુએ વલોવેલું નવનીત આત્માનુભવરૂપી અગ્નિમાં તપાવવામાં આવે ત્યારે જ ઘી બને છે – અર્થાત્ બ્રહ્મસ્વરૂપની ભાળ મળે છે. એટલે ખરો ગુરુ તો અંતર્યામી કે આત્મા છે. આત્મા તે પરમાત્મા, તેથી પરમાત્મા પણ ગુરુ. બીજી બાજુથી જ્ઞાની ગુરુ તે હરિની જ મૂર્તિ. આમ અખાજી ગુરુ-ગોવિંદ-આત્માનું એકત્વ સ્થાપિત કરે છે.

છપ્પામાં વર્ણાશ્રમધર્મ, અસ્પૃશ્યતા, સતયુગ-કલિયુગ એ જાતનો ઉચ્ચાવચ કાળભેદ, અવતાર, પૂર્વજન્મ, જ્યોતિષ, ભૂતપ્રેત, અધ્યાત્મવિદ્યામાં સંસ્કૃતની પ્રતિષ્ઠા આદિ વિશેની અનેક ધાર્મિક-લૌકિક માન્યતાઓ પણ અખાજીની બૌદ્ધિક ચિકિત્સાનો વિષય બની છે, જે એમનો જીવનવિમર્શ સર્વગ્રાહી હોવાનું બતાવે છે. ક્યારેક તીક્ષ્ણ કટાક્ષથી, ક્યારેક હકીકત કે અનુભવના દ્યોતક આધારથી, ક્યારેક પૌરાણિક કે લૌકિક દૃષ્ટાંતની મદદથી પણ હંમેશાં પોતાના તત્ત્વવિચારની મૂળ ભૂમિકાએથી અખાજી આવી રૂઢ માન્યતાઓની પોકળતા છતી કરે છે : "આભડછેટ અંત્યજની જણી, બ્રાહ્મણ-વૈશ્નવ કીધા ઘણી," "પશુ મૂઓ કો ભૂત ન થાય, અખા માણસ અવગત કહેવાય."

છપ્પામાં અખાજીનું કેટલુંક આત્મકથન પણ નોંધાયું છે. – "જન્મોજન્મનો ક્યાં છે સખા?" એમ પરમતત્ત્વની આરત અને "છીંડું ખોળતાં લાધી પોળ" એમ અનાયાસ પ્રાપ્તિનો આનંદ પ્રગટ કરતું.

તત્ત્વચિંતન, સંસારનિરીક્ષણ ને ચિકિત્સા, આત્મકથન વગેરેને લીધે છપ્પામાં શમ, નિર્વેદ, આરત, પ્રસન્નતા, વિનોદ, ઉપહાસ, કટાક્ષ આદિ અનેકવિધ ભાવમુદ્રાઓ ઊઠતી રહી છે. પણ એમાં અખાજીની સૌથી વધુ સબળ ભાવમુદ્રા હાસ્યકટાક્ષની છે, જેને કારણે ઉમાશંકર જોશી એમને "હાસ્યકવિ" કહેવા પ્રેરાયા છે અને બળવંતરાય ઠાકોરને એમના કવિત્વના "અલૌકિક અગ્નિ"ની પ્રતીતિ કરાવતા કેટલાક "પયગંબરી કટાક્ષ"ની નોંધ લેવાની થઈ છે. છપ્પાના મુક્ત પ્રકારને લઈને અહીં ઉપમેય-ઉપમાનરચનાની કેટલીક વિલક્ષણ ભંગિને અવકાશ મળ્યો છે – "વ્યાસ-વેશ્યાની એક જ પેર, વિદ્યા-બેટી ઉછેરી ઘેર", "વેષ, ટેક ને આડી ગલી, પેઠો તે ન શકે નીકળી", "એક અફીણ, બીજો સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ," – તથા સદાય સ્મરણીય બની રહે તેવા સૂત્રાત્મક ઉદ્ગારો માટેની ભૂમિકા ઊભી થઈ છે. ઉપમા અને લોકોક્તિ એ ૨ અભિવ્યક્તિ-માધ્યમોના બહોળા અને અસરકારક વિનિયોગથી અખાજીએ સાધેલી ચિત્રાત્મકતા અને વેધકતા એવી છે કે છપ્પામાં તત્ત્વજ્ઞાન અને કવિતાનો મેળ વધુમાં વધુ બેઠો હોવાનું પ્રતીત થાય છે.

છ-ચરણી ચોપાઈનો બંધ, વિવિધ અંગોમાં છપ્પાની ગોઠવણી, લોકોક્તિઓનો બહોળો ઉપયોગ, સમાજચિકિત્સા, કટાક્ષશૈલી, કેટલાંક વિચારવલણો ને કેટલાક ઉદ્ગારો પરત્વે છપ્પા પર માંડણની 'પ્રબોધ-બત્રીશી'નું ઋણ સ્પષ્ટ હોવા છતાં અખાજી એમના પ્રખર બુદ્ધિતેજ, દાર્શનિક ભૂમિકા, અનુભવનો આવેશ તથા ઉપમા-ભાષાબળથી પોતાની મૌલિકતા સ્થાપી આપે છે. [જ.કો.]

(૨) રવિદાસકૃત છપ્પા : જુઓ 'કવિતછપ્પય'.

છાજૂ : જુઓ 'વિધિ-રાસ'.

છેલડી(બાવો) [ ] : એમનું ૧ ભજન મુદ્રિત મળે છે.

કૃતિ : નવો હલકો, સં. પુષ્કર ચંદરવાકર, ઈ.૧૯૫૬. [કી.જો.]

જગ(ઋષિ)/જગા(ઋષિ)[ઈ.૧૫૪૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલસૂરિની પરંપરામાં શ્રીપતિઋષિના શિષ્ય. ૧૨૬/૧૩૬ કડીના, ૨૪ દંડકનું વર્ણન આપતા 'દંડકવિચાર-સ્તવન/વિચાર-મંજરીસ્તવન' (૨.ઈ.૧૫૪૭)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧);૨.મુપુગૂહસૂચી;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩ હેજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જગચંદ્ર–૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : પાર્શ્વચન્દ્રગચ્છના જૈનસાધુ. રાજચંદ્રસૂરિ (જ.ઈ.૧૫૫૦ – અવ. ઈ.૧૬૧૩)ના શિષ્ય. ૭ કડીની'ગુરુગુણની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ષટ્‌દ્રવ્યનય વિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, ઈ.૧૯૧૩. [શ્રા.ત્રિ.]

જગચંદ્ર–૨ [ ] : જૈન. હરિચંદ્રના શિષ્ય. ૫ કડીની 'અવંતીસુકુમાલની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈસંગ્રહ. [શ્રા.ત્રિ.]

જગજીવન : આ નામે 'ચિત્તવિચાર-સંવાદ', કૃષ્ણ-ભક્તિનાં તથા અન્ય પદ (૪ મુ.) મળે છે. તેના કર્તા કયા જગજીવન છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧ (શ્રી) પદસંગ્રહ પ્રભાકર:૨, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ.૧૮૮૫ (સુધારેલી આ.); ૨. બૃકાદોહન:૮; ૩. સંતસમાજ ભજનાવળી, સં. કેશવલાલ મ. દૂધવાળા, ઈ.૧૯૩૧. [ચ.શે.]

જગજીવન–૧ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. મૂળ ચરોતરના. પછી ઘણો વખત ભાવનગરમાં ગાળ્યો. છેલ્લે તેઓ અમદાવાદ પાસે રાજપુરના પુષ્કર તળાવ નજીક રામનાથ મહાદેવમાં રહેતા હતા. તેમણે સંન્યસ્ત સ્વીકાર્યું હતું.

વેદાંતની જાણકારી અને તેને વિશદ રીતે તાર્કિકતાથી રજૂ કરવાની ફાવટ ધરાવતા આ કવિની જ્ઞાનમાર્ગી કૃતિઓમાં વેદાંતના આધારે બ્રહ્મ, જીવ, દેહ, ભક્તિ, વૈરાગ્ય, મોક્ષ ઇત્યાદિની ગુરુશિષ્ય-સંવાદ રૂપે મીમાંસા કરતી ૯ અધ્યાયની 'નરબોધ' (૨.ઈ.૧૭૧૬-/સં.૧૭૭૨, મહા વદ ૭, શુક્રવાર; મુ.), એ જ પ્રકારની ગુરુશિષ્ય-સંવાદરૂપ 'સપ્તાધ્યાયી' (મુ.), ૨૧૬/૨૧૭ કડીની 'જ્ઞાનમૂળ/જ્ઞાન-પ્રકાશ' (૨.ઈ.૧૭૧૬/સં.૧૭૭૨, કારતક વદ ૭, સોમવાર), 'જ્ઞાન-ગીતા' તથા શંકરાચાર્યની સંસ્કૃત 'મણિરત્ન-માળા'નો સટીપ્પણ ગદ્યાનુવાદ (૨.ઈ.૧૭૧૭/સં. ૧૭૭૩, જેઠ સુદ ૭) એ કૃતિઓનો સમાવેશ થાય છે.

૨ સર્ગની 'રામકથા' તથા 'શિવવિવાહ' એમની ચરિત્રાત્મક કૃતિઓ છે, પરંતુ 'રામકથા'માં તો રામ એટલે આત્મા એ જાતની રૂપકશ્રેણીથી 'રામાયણ'ના કથાવસ્તુનું આધ્યાત્મિક અર્થઘટન થયેલું છે.

કૃતિ : ૧. મણિરત્નમાળા, પ્ર. હરજીવન પુરુષોત્તમ, ઈ.૧૮૬૮; ૨. સપ્તાધ્યાયી તથા નરબોધ, સં. રમણ લ.કાંટાવાળા, ઈ.૧૯૨૨; ☐ ૩. કાદોહન:૧.

સંદર્ભ : ૧. કવિચરિત:૩; ૨. ગુસાપઅહેવાલ:૨૬ – 'રામકથા – જગજીવનની એક અપ્રગટ કૃતિ', અનિલકુમાર યો. ત્રિપાઠી; ૩. પ્રાકકૃતિઓ; ૪. સાહિત્યકાર આખો, સં. મંજુલાલ મજમુદાર, ઈ.૧૯૪૯ – 'મધ્યકાલીન કવિતામાં જ્ઞાનપરંપરા', રવિશંકર ન. પાઠક; ☐ ૫. કદહસૂચિ; ૬. ગૂહાયાદી; ૭. હેજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

જગજીવન–૨[ઈ.૧૮મી સદી મધ્યભાગ – અવ.ઈ.૧૭૭૧] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપસિંહની પરંપરામાં જગરૂપના શિષ્ય. પિતાનું નામ જોઈતા. માતાનું નામ રતના. ઈ.૧૭૪૩માં પાટે આવ્યા. તેમની પાસેથી ૭ કડીનું 'સંભવજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૫૧/સં.૧૮૦૭, આસો –), ૭ કડીનું 'મલ્લિ-સ્તવન' (૨.ઈ. ૧૭૫૮), ૧૧ કડીનું 'ઋષભ-સ્તવન' (૨.ઈ.૧૭૪૫ કે ૧૭૬૮/સં.૧૮૦૧ કે ૧૮૨૪, શ્રાવણ–), 'જિનસ્તવન-ચોવીસી' (૨.ઈ. ૧૭૬૮) અને ૮ કડીનું 'નેમ-સ્તવન' (૨.ઈ.૧૭૬૯/સં.૧૮૨૫, આસો –) એ કૃતિઓ મળે છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૩(૨) – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૨. જૈગૂકવિઓ:૩(૧); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જગજીવન–૩ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : નર્મદાતટ પરના સિનોરના નિવાસી અને જ્ઞાતિએ ટોળકિયા ઔદીચ્ય બ્રાહ્મણ. તેમનું અવસાન ઈ.૧૮૨૬ની આસપાસમાં થયાનું અનુમાન છે. ચૈત્ર માસમાં વાંચવા માટે લોકપ્રિય પ્રસિદ્ધ રાગોમાં ૧૭ ગરબામાં રચાયેલ 'ઓખારાણીના ગરબા/ઓખાહરણ' (લે.ઈ.૧૮૪૮),'અનસૂયાજી માતાનો ગરબો'અને 'જ્ઞાન-ગરબો' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. સાહિત્ય, ફેબ્રુઆરી ૧૯૧૬ – 'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ રાવળ; ☐ ૨.કદહસૂચિ;૩. ગૂહાયાદી. [ચ.શે.]

જગજીવન–૪ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. દાદા નારાયણજીની પુત્રીઓના વંશમાં આશરે ઈ.૧૮૦૪માં જન્મ. આરંભમાં આગ્રામાં નિવાસ. ઈ.૧૮૪૪માં ભરૂચ આવી વસ્યા. તેમની પાસેથી પદ તથા ધોળ જેવી રચનાઓ મળે છે.

સંદર્ભ : ગોપ્રભકવિઓ. [કી.જો.]

જગડુ [ઈ.૧૩મી સદી] : જૈન શ્રાવક.ખરતરગચ્છના જિનેશ્વરસૂરિના આચાર્યકાળ (ઈ.૧૨૨૨થી ઈ.૧૨૩૫)માં રચાયેલી, 'તાલારાસ' ને 'લકુટારાસ'ના ઉલ્લેખવાળી, લોકોક્તિમૂલક દૃષ્ટાંતાદિકના થોડાક વિનિયોગપૂર્વક કવિએ "હાસા મિસિ" (=રંજનાર્થે) રચેલી, ચોપાઈની ૬૪ કડીઓ ધરાવતી 'સમ્યક્ત્વમાઈ-ચોપાઈ' (મુ.) નામની સમ્યક્ત્વવિષયની માતૃકાના કર્તા.

કૃતિ : પ્રાગૂકાસંગ્રહ:૧.

સંદર્ભ : ૧.આકવિઓ:૧;☐ ૨.આલિસ્ટઑઈ:૨; ૩. જૈગૂકવિઓ:૧,૩(૧). [ચ.શે.]

જગતપાવનદાસ (શાસ્ત્રી) [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુ. તેમને નામે 'ભાગવતઅષ્ટમસ્કંધની ટીકા', 'ધર્મરત્નાકર' અને 'સતી-ગીતા' નોંધાયેલ છે. પાછળની બંને કૃતિઓ પણ ટીકાઓ હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ગુસાપઅહેવાલ:૫ – 'સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય', કલ્યાણરાય ન. જોશી. [હ.ત્રિ.]

જગન્નાથ/જગન્નાથરાય : 'જગન્નાથરાય'ની નામછાપથી 'કૃષ્ણચરિત્ર' (મુ.), 'જગન્નાથ'ની નામછાપ ધરાવતી પણ જગન્નાથરાયને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામે મુકાયેલી 'થાળ'(મુ.) તથા 'જગન્નાથને નામે કૃષ્ણપ્રીતિનું ૧ પદ (મુ.) અને 'રાસલીલાનું કાવ્ય' એ કૃતિઓ મળે છે. તે કયા જગન્નાથ કે જગન્નાથરાય છે તે નિશ્ચિત થતું નથી.

જગન્નાથને નામે 'માર્કંડેય-આખ્યાન' (૨.ઈ.૧૬૯૬) નોંધાયેલ મળે છે તે કદાચ જગન્નાથ–૧ હોય.

જગન્નાથને નામે ૩૩ કડીની 'ગુરુ-ચરિત્ર' (૨.ઈ.૧૭૦૪) એ કૃતિ પણ નોંધાયેલી છે. એના કર્તા જૈન હોવાનું સમજાય છે. અને તે જગન્નાથ–૨ હોવાની શક્યતા છે.

કૃતિ : ૧. નકાદોહન; ૨. પ્રાકાસુધા:૨.

સંદર્ભ : ૧.ગુજૂકહકીકત; ☐ ૨.ગૂહાયાદી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.સો.; શ્રા.ત્રિ.]

જગન્નાથ–૧ [ઈ.૧૭૦૫ સુધીમાં] : દામોદરસુત. રોળા-દોહરાની ૬૮ કડીના, યમક્સાંકળી, પ્રાસ તથા અલંકારયુક્ત 'સુદામાચરિત્ર/ સુદામો' (લે.ઈ.૧૭૦૫; મુ.)ના કર્તા.

કૃતિ : મહાકવિ પ્રેમાનંદ અને બીજા આઠ કવિઓનાં સુદામાચરિત્ર, સં. મંજુલાલ મજમુદાર, ઈ.૧૯૨૨ (+સં.).

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

જગન્નાથ–૨ [ઈ.૧૭૦૫માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ઋષિ સેખાના શિષ્ય. 'સુકોશલ-ચોપાઈ' (૨.ઈ.૧૭૦૫/સં.૧૭૬૧ ભાદરવા)-ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [શ્રા.ત્રિ.]

જગન્નાથરાય : જુઓ જગન્નાથ.

જગમાલ [ ] : જૈન. ૭ કડીના 'સાધ્વી-કનકલક્ષ્મી-ગીત'ના કર્તા. ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધમાં થયેલા ઋષિ જગમાલ અને આ એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ:૪, દર્શનવિજયજી વગેરે, ઈ.૧૯૮૩; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩ – 'કતિપય ઐતિહાસિક ગીતોંકા સાર', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

જગરૂપ [ ] : જૈન. ૧૨ કડીની 'નેમિનાથ-વિનતિ' (લે. સં. ૧૯મી સદી આનુ.) તથા ૫ કડીના 'સીમન્ધર-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગુહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

જગવલ્લભ [ ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિના શિષ્ય. ૧૬ કડીની 'હિતશિક્ષોપદેશની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(જૈ). ૨. સસંપમાહાત્મ્ય.; [શ્રા.ત્રિ.]

જગા(ઋષિ) : જુઓ જગઋષિ.

જગુદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

જતુભાઈ–૧[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ-મહારાજનાં શિષ્યા. વતન નડિયાદ. સંતરામ-મહારાજ વિશે કેટલાંક પદ તેમણે રચ્યાં છે. ૫ કડીનું વિનંતિનું ૧ પદ મુદ્રિત મળે છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, સં. ૨૦૦૩ (ચોથી આ.).

સંદર્ભ : ૧. ગુજૂકહીકકત; ૨. પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

જતુભાઈ–૨ [ ] : રેવારામભારથીનાં શિષ્યા. એમનાં ૨ પદ મુદ્રિત મળે છે તેમાં યોગમાર્ગની અધ્યાત્મ-ભક્તિ છે ને ભાષામાં રૂપકાત્મકતા છે.

કૃતિ : પરમાનંદ પ્રકાશ પદમાલા, સં. રજનીકાન્ત જે. પટેલ, સં.૨૦૩૦ (ત્રીજી આ.). [કી.જો.]

જદુરામદાસ : જુઓ યદુરામદાસ.

જનદાસ [ઈ.૧૬૨૧માં હયાત] : ગોપિકાના કૃષ્ણ પરના પત્ર રૂપે રચાયેલા ૪૧ કડીના એમના કાવ્ય(૨.ઈ.૧૬૨૧/સં.૧૬૭૭, માગશર સુદ –, સોમવાર)માં આખા દશમસ્કંધનો સાર આવી જાય છે. જનદાસને નામે વ્રજ-ગુજરાતી પદો નોંધાયેલાં છે તે આ જ કવિનાં છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬ – 'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [કી.જો.]

જનભગત [ઈ.૧૮૫૧ સુધીમાં] :૩૩ કડવાંનાં 'અભિમન્યુઆખ્યાન'-(લે.ઈ. ૧૮૫૧)ના કર્તા. કૃતિમાં "વીનવે જનભગત હરિના દાસ રે" એવી પંક્તિ મળે છે જેથી 'જનભગત' એ કર્તાનામ છે કે સામાન્ય ઓળખ એ વિશે સંશય રહે છે. 'કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ' આ કૃતિને અજ્ઞાતકર્તૃક ગણે છે.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ:૨૧ – 'ગુજરાતી સાહિત્યમાં ઉત્તરા-અભિમન્યુની કથા', શિવલાલ જેસલપુરા; ☐ ૨. કદહસૂચિ. [કી.જો.]

જનાર્દન–૧ [ઈ.૧૪૯૨માં હયાત] : અવટંકે ત્રવાડી. નિમ્ભાના પુત્ર. જ્ઞાતિએ ખડાયતા બ્રાહ્મણ. પોતાની કૃતિ 'ઉષાહરણ' એમણે અમરાવતીમાં રચી છે, એ પરથી એ અમરાવતી(ઉમરેઠ?)ના વતની હોવાનું અનુમાન થયું છે.

કડવાબદ્ધ આખ્યાનપદ્ધતિના આરંભના સમયના ગણાતા એમના 'ઉષાહરણ' (૨.ઈ.૧૪૯૨/સં.૧૫૪૮, અધિક કારતક – ૧૧, ગુરુવાર; મુ–)માં 'કડવાં' નામધારી નાનાંનાનાં ૩૨ પદો અને ૨૨૨ કડી છે. એમણે પ્રયોજેલા આઠેક વિવિધ દેશીબંધો અને આંતરપ્રાસવાળી રચના કાવ્યની વિશેષતાઓ ગણાય.

આ ઉપરાંત, 'દૂતી-સંવાદ' (લે.ઈ.૧૬૮૭) પણ એમને નામે નોંધાયેલ છે.

કૃતિ : પંગુકાવ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કવિચરિત:૧–૨; ૨. ગુસાઈતિહાસ: ૨;૩. ગુસામધ્ય; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

જનાર્દન–૨ [ ] : જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ, જંબુસરના વતની. 'ઓખાહરણ'ના કર્તા.

'નરસિંહયુગના કવિઓ'એ આ કાવ્યની જનાર્દન–૧ના 'ઉષાહરણ' સાથે ભેળસેળ કરી છે, પરંતુ એમણે આપેલો કવિપરિચય અને ઉદ્ધૃત કરેલી પંક્તિઓ કવિ તથા કૃતિ બંને અલગ હોવાનું બતાવે છે. આ 'ઓખાહરણ' સળંગ દોહરાની રચના હોય એવું લાગે છે.

સંદર્ભ : નયુકવિઓ. [૨.સો.]

જનીબાઈ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૯મી પૂર્વાર્ધ] : શાક્ત સંપ્રદાયના મીઠુમહારાજ(જ.ઈ.૧૭૩૮–અવ.ઈ.૧૭૯૧)નાં શિષ્યા. 'જની' નામ છે કે તખલ્લુસ તે નક્કી થઈ શકતું નથી. ઈ.૧૮૦૧માં ગુરુનું પુનર્દર્શન, ઈ.૧૮૦૨માં 'નવનાયિકાવર્ણન'ની રચના, ઈ.૧૮૦૪માં યુગલ સ્વરૂપનાં તથા ઈ.૧૮૧૨માં બાળાદેવીનાં દર્શન અને ઈ.૧૮૧૨/સં.૧૮૬૮, પોષ વદ ૧૩, રવિવારે દેહવિલય – એમની કૃતિઓમાં જણાવાયેલી આ માહિતીને આધારે જનીબાઈનો સમય ઈ.૧૮મી સદીના ઉત્તરાર્ધ અને ઈ.૧૯મીના પૂર્વાર્ધ વચ્ચેનો ગણી શકાય. કવયિત્રીએ પોતે આપેલ પોતાના દેહવિલયનો સમય કેટલો અધિકૃત ગણવો તે પ્રશ્ન છે.

મીઠુભક્તની ચરિત્રાત્મક વીગતો ધરાવતું ગુરુમહિમાનું પદબંધ કાવ્ય 'નાથજીપ્રાગટય', 'નવનાયિકાવર્ણન', શાક્તસિદ્ધાન્ત અનુસારના તત્ત્વજ્ઞાનનાં અને અધ્યાત્મબોધનાં કેટલાંક રૂપકાત્મક અને સુગમ-સરલ ગુજરાતી-હિંદી પદો અને ગરબીઓ – એમની જણાવાયેલી આ કૃતિઓમાંથી કોઈની હસ્તપ્રત આજે પ્રાપ્ય નથી, પણ 'નાથજીપ્રાગટય'માંનાં તથા અન્ય કેટલાંક છૂટક પદો મુદ્રિત થયેલાં છે.

કૃતિ : ૧. ગુસાપઅહેવાલ:૬ – 'જનીબાઈ', ડાહ્યાભાઈ પી. દેરાસરી (કેટલાંક પદો મુ.); ☐ ૨. સમાલોચક, જાન્યુ. ૧૯૨૧ – 'જનીબાઈ', ડાહ્યાભાઈ પી. દેરાસરી (કેટલાંક પદો મુ.). [૨.સો.]

જમુનાદાસ : આ નામે કેટલાંક પદો મળે છે. પરંતુ તે ગોધરાવાળા મોટાભાઈએ એ નામછાપથી રચ્યાં હોવાનો તર્ક થયેલો છે.

સંદર્ભ : ગોપ્રભકવિઓ. [કી.જો.]

જમુનાદાસ–૧ [ઈ. ૧૬૪૩માં હયાત] : અવટંકે જાની. ગોપાલદાસ વ્યારાવાળાના 'ગોકુલેશરસાબ્ધિક્રીડાકલ્લોલ'ના ગુજરાતપ્રસંગ વિષયક બીજા તરંગ 'રસિકરસ'(૨.ઈ.૧૬૪૩; મુ.)નાં પહેલાં ૫ માંગલ્યોની પુષ્પિકામાં આ કવિનું સહકર્તૃત્વ નિર્દેશાયેલું છે.

કૃતિ : અનુગ્રહ, નવે. તથા ડિસે. ૧૯૫૪ – 'રસિકરસ ગ્રંથ', સં. ચીમનલાલ મ. વૈદ્ય (+સં.). [કી.જો.]

જમુનાબાઈ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાનમાર્ગી કવયિત્રી. જ્ઞાતિએ ચોરાશી મેવાડા બ્રાહ્મણ. નિરાંતમહારાજનાં શિષ્યા. અધ્યાત્મ વિચારનાં તેમનાં ૩ પદો (મુ.) મળે છે, જેમાં સરળતા સાથે ભાવની મૃદુતાયે જોવા મળે છે.

કૃતિ : ગુમુવાણી. [દે.દ.]

જયકલ્યાણ(સૂરિ)[ ] : જૈન સાધુ. ૧૩ કડીની 'ઢંઢણઋષિની સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

જયકલ્યાણ(સૂરિ)શિષ્ય [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : જૈન લઘુતપગચ્છની કમલકલશ શાખાના જયકલ્યાણસૂરિ(ઈ.૧૫૧૦માં હયાત)ના શિષ્ય. ૩૫ કડીની 'તપગચ્છકમલકલશશાખા-ગુર્વાવલી' (મુ.)ના કર્તા.

કૃતિ : પસમુચ્ચય:૨.

સંદર્ભ : જૈન પરંપરાનો ઇતિહાસ:૩, દર્શનવિજય વગેરે, ઈ.૧૯૬૪. [કી.જો.]

જયકીર્તિ : આ નામે ૫ કડીનું 'વૈરાગ્ય-ગીત' (લે.સં.૧૮મી સદી અનુ.) મળે છે, તે કયા જયકીર્તિ છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયકીર્તિ(ભટ્ટારક)–૧[ઈ.૧૬૩૦માં હયાત] : સંભવત: દિગંબર જૈન સાધુ. 'અમરદત્તનો રાસ'(૨.ઈ.૧૬૩૦)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

જયકીર્તિ–૨ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સમયસુન્દરના શિષ્ય વાદી હર્ષનંદનના શિષ્ય. રચનાસમય સુધીના ૯ ઢાળ અને ૨૫૫ કડીના જિનરાજસૂરિના જીવનવૃત્તાંતને વર્ણવતા 'જિનરાજસૂરિ-રાસ' (૨.ઈ.૧૬૨૫/સં.૧૬૮૧, શ્રાવણ સુદ ૧૫; મુ.), ૯ ઢાળ અને ૨૫૫ કડીના હિન્દી ભાષાની કૃતિ 'પૃથ્વીરાજ કૃષ્ણવેલી' ઉપરના બાલાવબોધ (૨.ઈ.૧૬૩૦), 'પ્રતિક્રમણસૂત્ર-બાલાવબોધ' (૨.ઈ.૧૬૩૭/સં.૧૬૯૩, ચૈત્ર વદ ૧૩) તથા ૮ કડીના 'જિનસાગરસૂરિ-ગીત' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(+સં.); ૨. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ, અગરચંદ નાહટા, સં.૨૦૧૭.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૨). [૨.૨.દ.]

જયકીર્તિ–૩ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં અમરવિમલના શિષ્ય અમૃતસુંદરના શિષ્ય. કીર્તિરત્નસૂરિની પ્રશસ્તિ કરતાં તેમનાં ૨ ગીત (મુ.) મળે છે. તેમાંથી ૧ ગીતમાં કીર્તિરત્નસૂરિની સ્મૃતિમાં ગડાલા ગામમાં ઈ.૧૮૨૩માં પ્રસાદ રચાયો તેનો ઉલ્લેખ મળે છે, એટલે કવિ એ અરસામાં હયાત જણાય છે. 'ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ' આ કવિને નામે 'શ્રીપાલ-ચરિત્ર' (૨.ઈ.૧૮૧૨) તથા 'ચૈત્રીપૂનમવ્યાખ્યાન' એ કૃતિઓ મૂકે છે, જે સંસ્કૃત હોવાનો સંભવ જણાય છે, તે ઉપરાંત ઈ. ૧૮૧૨નું 'શ્રીપાલ-ચરિત્ર' 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' ખરતરગચ્છના જિનકીર્તિને નામે નોંધે છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+સં.).

સંદર્ભ : જૈસાઈતિહાસ. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયકીર્તિ(સૂરિ)શિષ્ય [ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : જૈન. અંચલ ગચ્છના જયકીર્તિસૂરિ(ગચ્છનાયકપદ ઈ.૧૪૧૭માં)ના શિષ્ય. આંતરયમકવાળા દુહાનો ઉપયોગ કરતી, સં.૧૪૭૩માં પાટણમાં જયકીર્તિસૂરિને ગચ્છનાયકપદ મળ્યું તે પ્રસંગે તેમના ગુણાનુવાદ કરતી ૧૭ કડીની 'અંચલગચ્છેશ્વર શ્રીજયકીર્તિસૂરિ-ફાગુ' (મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ, સં. ક્લાપ્રભસાગરજી, સં. ૨૦૩૯ – 'અંચલગચ્છેશ્વરશ્રી જયકીર્તિસૂરિ અને કવિ-ચક્રવર્તી પૂજ્ય શ્રી જયશેખરસૂરિ પર ફાગુકાવ્યો', સં. ક્લાપ્રભસાગરજી. (+સં.). [કી.જો.]

જયકુલ [ઈ.૧૫૯૮માં હયાત] : લઘુતપગચ્છના જૈન સાધુ. હેમસોમ સૂરિની પરંપરામાં લક્ષ્મીકુલના શિષ્ય. મુખ્યત્વે દુહા-ચોપાઈની ૯૨ કડીના 'તીર્થમાલા/ત્રૈલોક્યભુવનપ્રતિમાસંખ્યા-સ્તવન' (૨. ઈ.૧૫૯૮/સં.૧૬૫૪, આસો વદ ૧૦, સોમવાર; મુ.)ના કર્તા.

કૃતિ : જૈનસત્યપ્રકાશ, ફેબ્રુ.-માર્ચ ૧૯૪૩ – 'સત્તરમી સદીની એક અપ્રકટ તીર્થમાળા', સં. કાંતિસાગરજી.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [શ્રા.ત્રિ.]

જયકૃષ્ણ/જૈકૃષ્ણ : [ ] : જયકૃષ્ણને નામે કૃષ્ણભક્તિનું ૧ પદ મુદ્રિત મળે છે જેમાં વસ્તુત: નામછાપ 'દાસ જૈકૃષ્ણ' મળે છે. તે ઉપરાંત જયકૃષ્ણે ગણપતિની પ્રાર્થનાનાં, ફાગનાં અને વૈરાગ્યનાં પદો રચ્યાં હોવાની માહિતી મળે છે.

કૃતિ : પ્રાકાસુધા:૨.

સંદર્ભ : ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦ – 'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય – ૩', સં. છગનલાલ વિ. રાવળ. [કૌ.બ્ર.]

જયકેસર(મુનિ) [ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. અભયસિંહસૂરિશિષ્ય જયતિલકસૂરિ(ઈ.૧૪૦૩)ના શિષ્ય. જયતિલકસૂરિની હયાતીમાં રચાયેલી જણાતી ૩૨ કડીની 'જયતિલકસૂરિ-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ.' ☐ ૨. જૈમગૂકરચનાઓ:૧. [શ્રા.ત્રિ.]

જયચંદ[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. કર્પૂરચંદના શિષ્ય. ૩ ઢાળની 'પ્રતિમા-રાસ' (૨.ઈ.૧૮૨૨/સં. ૧૮૭૮, ભાદરવા વદ ૨) તથા 'સંવેગી મુખપયચર્ચા' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [૨.૨.દ.]

જયચંદ્ર(સૂરિ) : આ નામે 'બરડાક્ષેત્રપાલ-છંદ' (લે.સં.૧૯મી સદી આનુ.) એ કૃતિ નોંધાયેલી મળે છે તે કયા જયચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયચંદ્ર(સૂરિ) – ૧[ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. રત્નશેખરસૂરિની પરંપરામાં લક્ષ્મીસાગરસૂરિ (સૂરિપદ ઈ. ૧૪૫૨)ના શિષ્ય. વીરભદ્રગણિકૃત મૂળ પ્રાકૃત રચના 'ચતુ:શરણ પ્રકીર્ણક' ઉપરના બાલાવબોધ (લે.ઈ.૧૪૬૨)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

જયચંદ્ર(ગણિ)-૨[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–આવ. ઈ.૧૬૪૩/સં.૧૬૯૯, અસાડ સુદ ૧૫] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. રાયચંદ્ર-વિમલચંદ્રના શિષ્ય. પિતા વિકાનેરના રાકાગોત્રીય ઓશવાલ જેતા શાહ, માતા જેતલદે. દીક્ષા ઈ.૧૬૦૫માં બીકાનેરમાં. ઈ. ૧૬૧૬માં આચાર્યપદ. એમનો ૨૨ ઢાળ અને ૨૫૬ કડીનો મુખ્યત્વે દેશીબદ્ધ 'રસરત્ન-રાસ' (૨.ઈ.૧૫૯૮; મુ.) ગુરુ રાયચંદ્રસૂરિને સૂરિપદવી મળી ત્યાં સુધીનું એમનું જીવનવૃત્તાંત વર્ણવે છે ને કેટલીક ઐતિહાસિક વીગતો તથા પરંપરાગત વર્ણન-છટાથી ધ્યાન ખેંચે છે. ૩૯ કડીના દુહા-ઢાળબદ્ધ 'રાયચંદ્રસૂરિ-બારમાસ' (મુ) દીક્ષાર્થી રાયચંદ્રનાં બહેન સંપૂરા સાથેના સંવાદ રૂપે ચાલે છે. બહેન ઋતુવર્ણનના આનંદનો ઉપભોગ કરવા પ્રેરે અને રાયચંદ્ર ઋતુતત્ત્વોનો રૂપકાત્મક અર્થ કરી પોતાના વૈરાગ્યભાવમાં દૃઢ રહે – એ જાતના નિરૂપણથી આ કૃતિ સમગ્ર બારમાસા સાહિત્યમાં જુદી તરી આવે છે. આ કવિએ, આ ઉપરાંત, 'પાર્શ્વચંદ્રસૂરિ-છંદ/પાર્શ્વચંદ્રસૂરિના સુડતાળીસ દુહા' એ કૃતિ પણ રચેલી જે હિન્દીમાં હોવાનું જણાય છે.

કૃતિ : ઔરાસંગ્રહ : ૧(+ સં.); ૨. પ્રામબાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : ૧.મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૩. લીંહસૂચી. [૨.૨.દ.]

જયત : જયંતને નામે નોંધાયેલી પરંતુ હસ્તપ્રતમાં જયત એવી નામછાપ ધરાવતી ૬૪ કડીની 'દીપકમાઈ' (લે.સં.૧૬મી સદી આનુ.)-ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયતસી/જયરંગ – ૧/જૈતસી[ઈ.૧૭મી સદી મધ્યભાગ] : ખરતર-ગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં પાઠકપુણ્યકલશના શિષ્ય. કવનકાળ ઈ. ૧૬૪૪થી ઈ.૧૬૬૫. એમનો દુહા-દેશીબદ્ધ ૩૧ ઢાળનો 'કયવન્નાશાહનો રાસ'←(૨.ઈ.૧૬૬૫; મુ.) પૂર્વભવમાં સુપાત્રે દાન કર્યાના પરિણામે આપત્તિઓમાંથી ઊગરી જતા કયવન્નાનું રસપ્રદ વૃત્તાંત વર્ણવે છે ને મનોભાવનિરૂપણ, અલંકાર-રચના, વાક્છટા ને ગેયતાથી ધ્યાન ખેંચે છે. કવિની અન્ય કૃતિઓમાં ૧૧ ઢાળની 'દશવૈકાલિક-સર્વઅધ્યયનગીત/સઝાય' (૨.ઈ.૧૬૫૧; મુ.), ૨૭૭ કડીની 'અમરસેનવયરસેન-ચોપાઈ'(૨.ઈ. ૧૬૪૪/૧૬૬૧), 'ચતુર્વિધસંઘનામમાલા' (૨.ઈ.૧૬૪૪/સં.૧૭૦૦, શ્રાવણ –), ૭૬ કડીની 'દશવૈકાલિક ચૂલિકા-ગીત', ૧૦૧ કડીની 'પાર્શ્વનાથ-છંદ', 'દશશ્રાવક-ગીત' તથા ૯ કડીની 'વ્યસનની સઝાય'-(મુ.)નો સમાવેશ થાય છે. 'પાર્શ્વનાથ-છંદ' ભૂલથી પુણ્યકલશને નામે નોંધાયેલ છે.

કૃતિ : ૧. કયવન્ના શાહનો રાસ, પ્ર.ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૦; ☐ ૨. જ્ઞાનાવલી; ૩. મોસસંગ્રહ; ૪. સજ્ઝાયસંગ્રહ, પ્ર.-લક્ષ્મીચંદજી ક. બાફના, સં.૧૯૮૨.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨.મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ક.શે.]

જયતિલકસૂરિ : આ નામે 'આદિનાથ-વિવાહલુ' (લે.સં.૧૬મી સદી અનુ.), ૧૮ કડીની 'ગિરનાર-ચૈત્યપરિપાટી' તથા ૧૭ કડીની 'આબુ-ચૈત્યપરિપાટી' એ કૃતિઓ નોંધાયેલી મળે છે તે કયા જયતિલકસૂરિ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'ગિરનાર–ચૈત્યપરિપાટી' "હું મૂરખપણઇ અચ્છું અજ્ઞાણ, શ્રી જયતિલકસૂરિ બહુમાન" એ પંક્તિને કારણે જયતિલકસૂરિશિષ્યની રચના હોવાનો સંભવ પણ રહે છે.

સંદર્ભ : ૧.જૈમગૂકરચનાઓ૧; ૨. મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જયતિલક(સૂરિ)–૧[ઈ.૧૭૮૭ સુધીમાં] : આગમગચ્છના જૈન સાધુ. ૧૨ કડીના 'નમસ્કાર-છંદ' (લે. ઈ.૧૭૮૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જયતિલકસૂરિશિષ્ય [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ]:- જૈન. વડતપગચ્છ/રત્નાકર ગચ્છના અભયસિંહસૂરિ-જયતિલકસૂરિ (ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય. અજ્ઞાત કવિને નામે નોંધાયેલી, ગુરુ જયતિલકસૂરિની પ્રશસ્તિ કરતી 'ભાસ' નામક ૪ લઘુ કૃતિઓના કર્તા.

જયતિલકસૂરિશિષ્યની ૨૧ કડીની 'નેમિનાથ-રાસ', ૧૯ કડીની '(સોપારામંડન) આદિનાથ-વિનતી/સ્તવન' તથા 'આદિનાથ-સ્તવન/વિવાહલો'(ર.ઈ.૧૩૯૭/સં.૧૪૫૩, ભાદરવા–૧૦, રવિવાર) નોંધાયેલી મળે છે તે ઉપર્યુક્ત જયતિલકસૂરિના શિષ્યની જ રચનાઓ હોય એવો સંભવ છે. 'આદિનાથ-સ્તવન/વિવાહલો'ના કર્તા કોઈ સાધુશિષ્ય હોય એમ જણાય છે. એ કૃતિ ભૂલથી જયતિલકસૂરિને નામે પણ મુકાયેલી છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૨–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ૨. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, દર્શનવિજય વગેરે, ઈ. ૧૯૬૪; ☐ ૩. જૈમગૂકરચનાઓ : ૧; ૪. મુપુગૂહસૂચી. [કી. જો.]

જયદેવ/જેદેવ [ ] : જયદેવને નામે સત્યભામાના રુસણાનું ૧૦ કડીનું ૧ પદ (મુ.) મળે છે, જેમાં નામછાપ 'જેદેવો' છે, તે ઉપરાંત કવિ જયદેવને નામે પણ પદો નોંધાયેલાં છે.

કૃતિ : બુકાદોહન : ૭.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. ગૂહાયાદી. [કૌ. બ્ર.]

જયદેવસુત : જુઓ 'બારમાસ'.

જયધર્મ(ગણિ)[ઈ.૧૪મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિ(આચાર્યકાળઈ.૧૩૨૧–ઈ.૧૩૩૩) વિશેના સંભવત: એમની હયાતીમાં રચાયેલા ૧૦ કડીના 'જિન કુશલસૂરિ રેલુયા'ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [શ્ર.ત્રિ.]

જયનિધાન : આ નામે ૪૨ કડીનો 'નેમિ-ફાગ' નોંધાયેલ છે તે કયા જયનિધાન છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [૨.૨.દ.]

જયનિધાન-૧[ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈનસાધુ. જિનમાણિક્યસૂરિ-જિનચંદ્રસૂરિની પરંપરામાં રાજચંદ્રગણિના શિષ્ય. કવનકાળ ઈ.૧૫૭૮(?)થી ઈ.૧૬૨૩. 'યશોધરચરિત્રચોપાઈ-રાસ' (ર.ઈ.૧૫૮૭), ૩૨૦ કડીની 'ધર્મદત્ત–ચોપાઈ/ધર્મદત્તધનપતિ-રાસ' (ર.ઈ.૧૬૦૨), 'સુરપ્રિયચરિત-રાસ' (ર.ઈ.૧૬૦૯/સં. ૧૬૬૫, આસો વદ ૩, શુક્રવાર), ૧૫૯ કડીની 'કુમાંપુત્ર-ચોપાઈ' (ર.ઈ.૧૬૧૬/ સં. ૧૬૭૨, પોષ સુદ ૯), ૧૦૫ કડીની 'કામલક્ષ્મીવેદવિચક્ષણમાતૃપિતૃ-કથા' (ર.ઈ.૧૬૨૩), ૬૩ કડીની 'અઢારનાતરાં-સઝાય' (ર. ઈ. ૧૫૮૦), 'ચોવીસજિન અંતર-સ્તવન' (ર. ઈ. ૧૫૭૮?), 'સમેતશિખર-સ્તવન' (ર. ઈ.૧૫૯૪) તથા ૧૦ કડીની 'સાધુકીર્તિસ્વર્ગગમન-ગીત'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : એજૈકાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧,૨). [૨.૨.દ.]

જયપ્રભ [ ] : જૈન સાધુ 'ગિરનારચૈત્ય–પરિપાટી'ને નામે નોંધાયેલી પણ વસ્તુત: 'શત્રુંજય ચૈત્ય–પરિપાટી' જણાતી ૨૩ કડીની રચનાના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [શ્ર.ત્રિ.]

જયભક્તિ [ઈ.૧૫૧૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિમલ-સોમસૂરિની પરંપરામાં દેવવિજયગણિના શિષ્ય. ૯૮૮ કડીના 'મૂલદેવકુમાર-રાસ'(ર.ઈ.૧૫૧૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જયમલ(ઋષિ)[જ.ઈ. ૧૭૧૦–આવ.ઈ. ૧૭૯૭] : જુઓ જેમલઋષિ.

જયમલ્લ(ઋષિ) [ઈ.૧૫૯૬માં હયાત]: ચંદ્રગચ્છના જૈનસાધુ. શક્તિ-રંગના શિષ્ય. 'સમ્યક્ત્વ કૌમુદી-ચોપાઈ' (ર. ઈ.૧૫૯૬)ના કર્તા.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જયમંગલ : આ નામે ૬ કડીની 'જીવપોપટ-ગીત' (લે.ઈ.૧૪૫૮) કૃતિ મળે છે તે કયા જયમંગલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. એમને ભૂલથી રામચંદ્રસૂરિના શિષ્ય ગણવામાં આવ્યા છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયમંગલ(સૂરિ)-૧[ઈ.૧૨૫૩માં હયાત] : બૃહદ્‌ગચ્છના જૈન સાધુ. વાદિદેવસૂરિની પરંપરામાં રામચંદ્રસૂરિના શિષ્ય. ઈ.૧૨૫૩માં એમણે ચાચિગદેવના લેખની પ્રશસ્તિ રચ્યાનો ઉલ્લેખ મળે છે. ૩ કડી સંસ્કૃત ભાષાની અને ૧૫ કડી અપભ્રંશપ્રધાન ગુજરાતી ભાષાની ધરાવતા એમના 'મહાવીરજન્માભિષેકકલશ'(મુ.)માં ઉત્સવપ્રસંગના વિવિધ વાદ્યોના અવાજનું ચિત્રણ વિસ્તારથી થયેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેટલાક સંદર્ભોમાં કવિનામ 'મંગલ' પણ નોંધાયેલું છે.

કૃતિ : ૧.વિવિધપૂજાસંગ્રહ, પ્ર.ભીમસિંહ માણેક, સં. ૧૯૫૪; ૨. વિસ્નાપૂજાસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

જયમંદિર(વાચક)-૧ [ઈ.૧ ૫૩૬માં હયાત] : વડતપગચ્છના જૈનસાધુ. જયપ્રભના શિષ્ય. 'તેજસાર-ચોપાઈ' (૨.ઈ.૧૫૩૬)ના કર્તા.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૩(૧); ૨.મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયમંદિર(ગણિ)-૨[ઈ. ૧૬મીસદીઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ]:- ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિની, એમના આચાર્યકાળ(ઈ.૧૫૫૬-ઈ.૧૬૧૪)દરમ્યાન, સ્તુતિ કરતાં ૨ ગીતો(મુ.)-ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ.૧૯૪૫,'પ્રાચીન ગુજરાતી કાવ્યો', સં. સારાભાઈ મ.નવાબ (+સં.). [૨.૨.દ.]

જયમૂર્તિ(ગણિ)[ઈ.૧૪૯૪ સુધીમાં] : જૈન સાધુ.૬૪ કડીના 'માતૃકાકાવ્ય' (લે. ઈ.૧૪૯૪)ના કર્તા.

સંદર્ભ : ૧.જૈમગૂકરચનાઓ:૧; ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જયમેરુ : જુઓ જયસોમ : ૧.

જયરંગ : આ નામે ૬૫ કડીની 'ચોવીસ જિન-સ્તવન' (લે.ઈ. ૧૬૮૩) એ કૃતિ મળે છે તે જયરંગ-૧ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેર કે જૈન ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી,' અગરચંદ નાહટા. [ક. શે.]

જયરંગ-૧ : જુઓ જયતસી[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ].

જયરંગ-૨ [ઈ.૧૮૧૬માં હયાત] : બૃહત્ ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં નેણચંદ્રના શિષ્ય. ૨૩ ઢાળની 'ભૃગુપુરોહિત-ચોપાઈ'(૨.ઈ.૧૮૧૬/સં.૧૮૭૨,મહા/ચૈત્ર વદ ૯)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧,૨). [ક.શે.]

જયરાજ[ઈ.૧૪૯૭માંહયાત] : પૂર્ણિમાગચ્છના જૈનસાધુ. મુનિચંદ્રસૂરિના શિષ્ય.લગભગ ૧૬૧ કડીના, ચોપાઈબંધમાં રચાયેલા 'મત્સ્યોદર-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૪૯૭)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા;૩. મુપુગૂહસૂચી [શ્રા.ત્રિ.]

જયરામ : આ નામે 'વિષ્ણુની થાળ', 'શ્રીકૃષ્ણની થાળ' તથા કૃષ્ણ-મહિમાનાં અન્ય પદ મળે છે તે જેરામ(ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ)ની રચનાઓ ગણવામાં આવી છે પણ તે માટે કશો આધાર જણાતો નથી. આ પદો અન્ય કોઈ જયરામ કે જેરામદાસનાં છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ જેરામદાસ.

સંદર્ભ :૧.ગુજૂકહકીકત;૨. પ્રાકકૃતિઓ; ૩. ગુજરાત શાળાપત્ર, જૂન૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધકવિઓનાં અપ્રસિદ્ધ કાવ્યો : ભાગ ત્રીજો,' છગનલાલ વિ. રાવળ. [કૌ.બ્રા.]

જયરુચિ[ ]: જૈન સાધુ. 'જીવને ઉપદેશની સઝાય'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

જયવર્ધન[ ]: જૈન સાધુ. 'ધન્ના-રાસ'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

જયવલ્લભ : 'સ્થૂલિભદ્ર-એકત્રીસો/બાસઠિયો' તથા 'ધનાઅણગારના-રાસ'ના કર્તા. માણિક્યસુંદરસૂરિશિષ્ય જયવલ્લભને જુદેજુદે સ્થાને સાર્ધ-પૂર્ણિમાગચ્છના(જયવલ્લભ-૨), આંચલગચ્છના તેમ જ આગમ-ગચ્છના ગણવામાં આવ્યા છે. આ ઉપરાંત, 'નેમિનાથ-પરમાનંદ-વેલિ' નામક કૃતિ પણ જયવલ્લભને નામે નોંધાયેલી છે. આ કૃતિઓના કર્તા જયવલ્લભ કયા છે તે નિશ્ચિતપણે કહી શકાય તેવું નથી.

સંદર્ભ : અંચલગચ્છ દિગ્દર્શન, સં.પાર્શ્વ, ઈ.૧૯૬૮; ૨. જૈસાઈતિહાસ; ૩. જૈગૂકવિઓ:૩(૨)-'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલી-ઓ'; ☐ ૪.આલિસ્ટઑઈ : ૨; ૫.જૈગૂકવિઓ :૩(૧). [શ્રા. ત્રિ.]

જયવલ્લભ-૧[ઈ.૧૪૭૪ સુધીમાં]:જૈન સાધુ. 'શીલોપદેશમાલા-બાલાવબોધ'(લે.ઈ.૧૪૭૪)નામની ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ :૩(૨). [શ્રા. ત્રિ.]

જયવલ્લભ(વાચક)-૨[ઈ.૧૫૨૧માં હયાત] : સાર્ધ-પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. માણિક્યસુંદરસૂરિના શિષ્ય. ૫૯/૭૩ કડીના 'ઇચ્છા-પરિણામરાસ/બારવ્રતરાસ/શ્રાવકવ્રત-ગૃહીધર્મ-રાસ' (૨.ઈ.૧૫૨૧)ના કર્તા.

સંદર્ભ :૧.જૈગૂકવિઓ :૩(૧,૨); ૨.હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા. ત્રિ.]

જયવંત(ગણિ) : આ નામે'જ્ઞાનપંચમીકથા-બાલાવબોધ' તથા 'મૌન-એકાદશીકથા-બાલાવબોધ' મળે છે તે કયા જયવંતગણિ છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

જયવંત-૧ [ઈ.૧૫૦૬માં હયાત] : જૈન સાધુ. ૨૯ કડીના 'ચોવીસજિનપંચબોલ-સ્તવન'(૨.ઈ.૧૫૦૬)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ :૧. [૨.૨.દ.]

જયવંત(સૂરિ)-૨/ગુણસૌભાગ્ય[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : વડતપ-ગચ્છની રત્નાકરશાખાના જૈન સાધુ. વિજયરત્નસૂરિની પરંપરામાં ઉપાધ્યાય વિનયમંડનના શિષ્ય. કવનકાળ ઈ.૧૫૫૮થી ઈ.૧૫૮૭. કવિ પોતાનો નિર્દેશ 'જયવંત' એ નામની સાથેસાથે 'ગુણસૌભાગ્ય' એ નામથી પણ કરે છે.

કાવ્યશાસ્ત્રના અભ્યાસી જણાતા આ કવિની પ્રૌઢ રસજ્ઞતા એમની સર્વ ગુજરાતી કૃતિઓમાં પ્રતીત થાય છે. આ સાધુકવિના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાવ્યસર્જનની ભૂમિકા ધર્મની હોવા છતાં એમાં સીધા ધર્મબોધનુ વળગણ ઓછામાં ઓછું છે ને કાવ્યો મુખ્યતયા રસલક્ષી દૃષ્ટિએ ચાલે છે. વૈરાગ્યપ્રધાન જૈન ધર્મના સાધુ છતાં તેમનાં કાવ્યોમાં સ્નેહરસનું પ્રચુરતા અને તીવ્રતાથી આલેખન થયેલું છે. ઘણાં કાવ્યોમાં આરંભે કોઈ જૈન તીર્થંકરના નિર્દેશ વિના કેવળ સરસ્વતીને વંદના થયેલી છે એ પણ એમની સાંપ્રદાયિકતાને અતિક્રમી જતી શુદ્ધ કાવ્યદૃષ્ટિનો સંકેત કરે છે. કવિની કૃતિઓમાં પ્રસંગોપાત્ત હિંદી ઉપરાંત અન્ય ભાષાઓનો પણ વિનિયોગ થયો છે તે નોંધપાત્ર છે.

કવિની ૨ રાસકૃતિઓ મળે છે. એ બંને નાયિકાપ્રધાન રચનાઓ છે. તેમાંથી મુખ્યત્વે દુહાદેશીબદ્ધ ૫૧ ઢાળ અને ૨૪૨૩ કડીની 'શૃંગારમંજરી ←/શીલવતી-ચરિત્ર' (૨.ઈ.૧૫૫૮/સં.૧૬૧૪, આસો સુદ ૨, ગુરુવાર; મુ.) શીલમાહાત્મ્યની કથાને વિષય કરીને ચાલે છે પરંતુ સંયોગ તેમ જ વિયોગશૃંગારના સવિસ્તર ને હૃદયંગમ નિરૂપણો તથા સ્નેહવિષયક સુભાષિતોની પ્રચુરતાથી પોતાનું 'શૃંગાર-મંજરી' એ નામ સાર્થક કરે છે. ભાવચિત્રણ માટે વિવિધ પ્રયુક્તિ-ઓનો આશ્રય, સુભાષિતોમાં કહેવતો-દૃષ્ટાંતોનો અસરકારક વિનિયોગ તથા સમગ્ર કાવ્યમાં પ્રતીત થતી અલંકાર-પ્રૌઢિ આ કૃતિના ધ્યાન ખેંચે એવા કાવ્યગુણો છે. દુહાદેશીબદ્ધ ૪૧ ઢાળ અને ૫૩૪ કડીનો 'ઋષિદત્તા-રાસ' ← (૨.ઈ.૧૫૮૭/સં. ૧૬૪૩, માગશર સુદ ૧૪, રવિવાર; મુ.) કર્મફળની અનિવાર્યતા દર્શાવવા યોજાયેલી મનોરમ પ્રણયકથાનું આલેખન કરે છે. કરુણરસપ્રધાન આ કૃતિનાં વર્ણનો, અલંકારરચનાઓ અને ભાષાભિવ્યક્તિમાં પણ કર્તાનું વિદગ્ધ કવિત્વ પ્રગટ થાય છે.

વિરહિણી કોશાના વિવિધ મનોભાવોનું કલ્પનાશીલતાથી મનોરમ ચિત્રણ કરતી, 'કાવ્ય' અને 'ચાલ'ના છંદોબંધની ૪૧ કડીની 'સ્થૂલિભદ્રકોશા-પ્રેમવિલાસ-ફાગ' (મુ.), ૩ ઋતુ અને ૧૨ માસના પ્રાકૃતિક પરિવેશમાં રાજિમતીના વિરહભાવના આલેખન ઉપરાંત નેમિનાથ પ્રત્યેની એની મર્મોક્તિઓને પણ સમાવતી, તોટક–દુહા-દેશીની ૧૨૯ કડીની 'નેમિનાથરાજિમતી-બારમાસ-વેલપ્રબંધ' (મુ.), ભક્તહૃદયની આરતપૂર્ણ વાણીમાં સીમંધરસ્વામીનાં ગુણસ્મરણ તથા સ્તુતિ કરતી ૨૭ કડીની 'સીમંધરજિન-ચંદ્રાવળા' (મુ.), વિરહ-ભક્તિના ભાવથી સભર પત્ર રૂપે રચાયેલ ૨ ઢાળ અને ૩૯ કડીની 'સીમંધરસ્વામીવિજ્ઞપ્તિ-લેખ', પહેલા ખંડમાં સંયોગશૃંગારનું વર્ણનાત્મક આલેખન અને બીજા ખંડમાં વિરહશૃંગારનું નિરૂપણ ધરાવતી ૧૪૭ કડીની 'સ્થૂલિભદ્ર-ચંદ્રાયણી', પ્રકૃતિ તથા સૌન્દર્યના વર્ણનનો આશ્રય લઈ સંક્ષપમાં નેમિનાથનું ચરિત્રનિરૂપણ કરતી ૪૦ કડીની 'નેમિજિન-સ્તવન/ફાગ' (મુ.), ૩૨૫ ગ્રંથાગ્રની 'સ્થૂલિ-ભદ્રમોહનવેલિ' (૨.ઈ.૧૫૮૭), ૧૮ કડીની 'લોચનકાજલ-સંવાદ', ૩૯ કડીની 'બારભાવના-સઝાય' તથા 'કર્ણેન્દ્રિય પરવશેહરિણ-ગીત' વગેરે કેટલીક ગીતરચનાઓ આ કવિની અન્ય કૃતિઓ છે. આ કૃતિઓ કાવ્યબંધ અને અભિવ્યક્તિરીતિનું વૈવિધ્ય દર્શાવે છે તેમ કવિની અલંકાર તથા બાનીની કુશળતાનો પણ પરિચય કરાવે છે.

કૃતિ : ૧. ઋષિદત્તા રાસ, સં.નિપુણા દલાલ,ઈ.૧૯૭૫ (+સં.); ૨. શૃંગારમંજરી,સં. કનુભાઈ વ્ર. શેઠ,ઈ.૧૯૭૮ (+સં); ☐ ૩. કક્કાબત્રીશીનાચંદ્રાવલા તથા ચોવીસ તીર્થંકરાદિકના ચંદ્રાવલાનો સંગ્રહ,પ્ર.જગદીશ્વર છાપખાનું, ઈ. ૧૮૮૫; ૪. પ્રાફાગુસંગ્રહ(+સં.); ૫.પ્રામબાસંગ્રહ(+સં.); ૬. શમામૃતમ્,સં.મુનિ ધર્મવિજય,સં.૧૯૭૯(+સં.).

સંદર્ભ : ૧. પ્રાકાકૃપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪.લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

જયવંત-૩ [ ] : જૈન સાધુ. કલ્યાણના શિષ્ય. કેટલાંક વિધિ-નિષેધો દર્શાવી ધર્મપરાયણ જીવન જીવવાનો ઉપદેશ આપતી 'કક્કા-બત્રીસી'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈન ધર્મપ્રકાશ, ભાદ્રપદ સં. ૧૯૭૩–'કક્કાબત્રીસી'. [૨.૨.દ.]

જયવંતશિષ્ય [ ] : જૈન.૧૯ કડીની 'પુંડરીક-ગણધર-સઝાય'(લે.સં.૧૭મીસદી આનુ.)તથા ૨૩ કડીની 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' (લે.સં.૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી. જો.]

જયવિજય : આ નામે ૧૭૭ કડીની 'પ્રેમવિલાસ-ચોપાઈ' (લે.ઈ. ૧૭૨૦), ૭ કડીનું 'સીમંધરજિન-સ્તવન'(મુ.) તથા ૮ કડીની 'નેમિજિન-સ્તવન'એ કૃતિઓ મળે છે આ જયવિજય કયા તે નક્કી થઈ શકે તેમ નથી.

જયવિજયને નામે ૭૯ કડીની 'પાર્શ્વનાથ-રાગમાળા' (૨.ઈ. ૧૭૦૪થી ઈ.૧૭૧૩ વચ્ચે) નોંધાયેલી મળે છે તે જયવિજય–૫ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [૨.૨.દ.]

જયવિજય-૧ [ઈ.૧૫૦૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમ-વિમલસૂરિની પરંપરામાં આણંદવિમલનાશિષ્ય. 'મુનિપતિચોપાઈ' (૨.ઈ.૧૫૦૮/સં.૧૫૬૪,આસો-૧૦, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

જયવિજય(ગણિ)-૨ [ઈ.૧૬મીસદી અંતભાગ-ઈ.૧૭મી સદી આરંભ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં ઉપાધ્યાય કલ્યાણવિજયના શિષ્ય. એમનો દુહા-દેશીબદ્ધ ૧૪ ઢાળનો'કલ્યાણ-વિજયગણિનો રાસ' (૨.ઈ.૧૫૯૯/સં. ૧૬૫૫, આસો સુદ ૫;મુ.) હાલરડાને વણી લેતા માતૃવાત્સલ્યના આલેખન, વિસ્તૃત વિદ્યાપ્રશંસા, હિંદીમાં અકબરમિલનપ્રસંગનું નિરૂપણ, વણજારાના રૂપકથી ગુરુની કરેલી પ્રશસ્તિ વગેરે કેટલાક અંશો-થી ધ્યાન ખેંચે છે. એ ઉપરાંત, આ કવિએ મથુરાના સંઘવી બિબુએ કાઢેલા સંઘ વિશે, રસ્તામાં આવતા પ્રજાવર્ગ, વૃક્ષો, તીર્થો વગેરેનાં નોંધપાત્ર ચિત્રણો ધરાવતા ૯૧ કડીના 'સમેત-શિખરનો રાસ/પૂર્વદેશ ચૈત્યપરિપાટી' (૨. ઈ.૧૬૦૫/સં.૧૬૬૧– "સસિરસસુરપતિવરછરઈ", આતમ એકાદશી, બુધવાર; મુ.), હીર-વિજયસૂરિ (અવ.ઈ.૧૫૯૬)નું સંક્ષિપ્ત ચરિત્રનિરૂપણ કરતી ૨૩ કડીની 'હીરવિજયસૂરિપુણ્યખાનિ-સઝાય'(મુ.), ૧૭ કડીની 'વિજયસેનસૂરિ–સઝાય'(મુ.) તથા 'વિજયસેનસૂરિ-લેખ' (૨.ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬૦૦)એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ૧.સમેતશિખર રાસ, પ્ર. ચીમનલાલ ડા. દલાલ, ઈ.૧૯૧૫ (+સં.); ☐ ૨.ઐસમાલા :૧; ૨. જૈએકાસંચય (+સં.).; ૩. જૈએરાસમાળા :૧ (+સં.).

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ:૧;૨.મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ :૧. [૨.૨.દ.]

જયવિજય-૩ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. દેવવિજયના શિષ્ય. ઈ.૧૬૧૬ સુધી હયાત હોવાની માહિતી મળે છે. એમણે શુકન-અપશુકન સંબંધી વિધિ-નિષેધો નિરૂપતી દુહા અને ચોપાઈબદ્ધ ૩૪૧ કડીની 'શુકનશાસ્ત્ર-ચોપાઈ' (૨. ઈ. ૧૬૦૪/સં. ૧૬૬૦, આસો સુદ ૧૫; મુ.) તથા સંસ્કૃતમાં 'શોભનસ્તુતિ' પર વૃત્તિ (૨.ઈ.૧૬૦૮/૧૬૧૫) રચી છે.

કૃતિ : આકામહોદધિ :૭(+સં.).

સંદર્ભ : ૧.જૈસાઈતિહાસ; ☐ ૨.જૈગૂકવિઓ :૧,૩ (૧); ૩. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયવિજય-૪ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ગુણવિજયના શિષ્ય. વિજયપ્રભસૂરિની પ્રશસ્તિ કરતી, એમના આચાર્યકાળ(ઈ.૧૬૪૫–ઈ.૧૬૯૩)માં રચાયેલી ૯ કડીની 'વિજયપ્રભસૂરીશ્વર-સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાલા :૧. [૨.૨.દ.]

જયવિજય-૫ [ઈ.૧૭૫૧ સુધીમાં] : જૈન સાધુ. શુભવિજયના શિષ્ય. ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ' (લે.ઈ.૧૭૫૧) તથા 'તીર્થમાલા' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જયવિજયશિષ્ય [ ] : જૈન. ૯ કડીના 'દીવાળીનું ચૈત્યવંદન' (મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૧. [કી.જો.]

જયવિમલ [ઈ. ૧૫૯૮માં હયાત] : જૈન સાધુ. ૨૭ કડીના 'શંખેશ્વર પાર્શ્વનાથ–સ્તવન' (૨.ઈ.૧૫૯૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જયશીલ : આ નામે ૧૧ કડીનું 'નેમિ-ગીત' (લે.સં.૧૭મી સદી અનુ.) મળે છે. તેના કર્તા કયા જયશીલ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જયશીલ-૧[ઈ.૧૬૮૪ સુધીમાં] : જૈન સાધુ. ચંદ્રસૂરિની મૂળ પ્રાકૃત રચના પર ૩૩૭ કડીના 'સંગ્રહણીપ્રકરણ-સ્તબક'(લે.ઈ. ૧૬૮૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જયશેખર(સૂરિ)[ઈ.૧૪મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. આર્યરક્ષિતસૂરિની પરંપરામાં મહેન્દ્રપ્રભસૂરિના શિષ્ય. ઈ.૧૩૬૪માં આચાર્યપદ. ઈ.૧૪૦૬ સુધીની એમની કૃતિઓ મળે છે. ખંભાતની રાજસભામાં 'કવિચક્રવર્તી'નું બિરુદ મેળવનાર અને પોતાને 'વાણીદત્તવર:' તરીકે ઓળખાવનાર, સંસ્કૃત-પ્રાકૃતના સમર્થ વિદ્વાન આ કવિ અનેક વિદ્વાન શિષ્યો ધરાવતા હતા.

પોતાની જ મૂળ સંસ્કૃત રચના 'પ્રબોધચિંતામણિ' (૨.ઈ. ૧૪૦૬) પર આધારિત ૪૧૫/૪૪૮ કડીનો 'ત્રિભુવનદીપક- પ્રબંધ ←/અંતરંગ-પ્રબંધ/પરમહંસ-પ્રબંધ/પ્રબોધચિંતામણિચોપાઈ' (મુ.) એમની યશોદાયી કૃતિ છે. મુખ્યત્વે દુહાચોપાઈ પણ તે ઉપરાંત અક્ષરમેળ-માત્રામેળ છંદો, ગીતો ને 'બોલી' નામક ગદ્ય પ્રયોજતી આ કૃતિ ગુજરાતી ભાષાનું પ્રથમ જ્ઞાનમૂલક રૂપકકાવ્ય છે. માયાના ફંદામાં ફસાયેલા પરમહંસરાજા એટલે કે જીવાત્મા વિવેક આવતાં એમાંથી કેવી રીતે મુક્ત થાય છે તેની કથા કહેતા આ પ્રબંધની વસ્તુરચના, વર્ણનછટા, અલંકારયોજના ને દૃષ્ટાંતપરંપરા તથા લોકવાણીની મદદથી વક્તવ્યને સચોટતા અર્પતી શૈલીમાં ઉચ્ચ પ્રકારની કવિપ્રતિભા વ્યક્ત થાય છે.

આ કવિના ૨'નેમિનાથ-ફાગુ'(મુ.)માંથી આંતરયમકવાળા ૧૧૪ દુહામાં રચાયેલ પ્રથમ ફાગુ વસંતક્રીડા, ભોજન, વરશણગાર, વરઘોડો આદિનાં આલંકારિક ને સ્વાભાવિક વર્ણનો તથા મર્મભરેલા સંવાદ વગેરેથી વધારે રસપ્રદ બનેલ છે. આંતરયમકવાળા દુહા તથા રોળામાં રચાયેલું ને ૭ ભાસમાં વહેંચાયેલું બીજું ફાગુકાવ્ય પ્રથમ કાવ્યની સાદી ટૂંકી આવૃત્તિ જેવું છે. તેમણે આ ઉપરાંત દ્રુતવિલંબિત છંદની ૯ કડીની 'અર્બુદાચલ-વિનતિ' (મુ.), દ્રુતવિલંબિત છંદની ૭ કડીની 'મહાવીર-વિનતી' (મુ.), 'પંચાસરા-વિનતિ', વગેરે વિનતિ, સ્તુતિ, પ્રવાડી, ધોળ આદિ પ્રકારની ઘણી કૃતિઓ રચેલી છે. શ્રાવકધર્મોનું વિવરણ કરતી 'શ્રાવકબૃહદ્-અતિચાર/વૃદ્ધઅતિચાર'(મુ.), તીર્થંકર-પ્રશસ્તિના ૩ સંસ્કૃત શ્લોકોની પ્રાસબદ્ધ ગુજરાતી ગદ્યમાં ટીકા(મુ.) તથા 'આરાધનાસાર'ઓ એમની ગદ્યરચનાઓ છે.

આ પંડિત કવિએ સંસ્કૃતમાં 'પ્રબોધચિંતામણિ' ઉપરાંત 'ઉપદેશચિંતામણિ' (૨.ઈ.૧૩૮૦) તથા એની અવચૂરિ, 'ધમ્મિલ-ચરિત' (૨.ઈ.૧૪૦૬), 'જૈનકુમારસંભવ-મહાકાવ્ય', 'નલ-દમયંતી-ચંપૂ', ૩ દ્વાત્રિંશિકાઓ ને પ્રાકૃતમાં 'આત્મભાવબોધ-કુલક' વગેરે અનેક કથાત્મક, તત્ત્વજ્ઞાનાત્મક ને સ્તુતિરૂપ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ૧.ત્રિભુવન દીપકપ્રબંધ, સં.લાલચંદ્ર ભગવાનદાસ, સં. ૧૯૭૭; ૨. ગુરાસાવલી; ૩. પંગુકાવ્ય(+સં.); ૪. પ્રાફાગુસંગ્રહ; ૫. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, ઈ.૧૮૭૬; ☐ ૬.જૈનયુગ, ઓપ્રિલ ૧૯૫૮ – 'મહાવીરવિનતિ' સં. ભોગીલાલ સાંડેસરા.

સંદર્ભ : ૧. આકવિઓ; ૨. ઈતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ સાંડેસરા, ઈ.૧૯૬૬ – 'શ્રીપંચાસરા પાર્શ્વનાથનામંદિર વિશેના કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો'; ૩. ગુસાઈતિહાસ:૧; ૪. ગુસાસ્વરૂપો; ૫. જૈસાઈતિહાસ; ૬. પ્રાકાકૃપરંપરા; ☐ ૭.જૈગૂકવિઓ: ૧,૩(૧,૨); ૮. જૈહાપ્રોસ્ટા; ૯. મુપુગૂહસૂચી; ૧૦.લીંહસૂચિ; ૧૧ હેજૈજ્ઞાસૂચિ :૧. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયશેખર(સૂરિ)શિષ્ય [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ]:જૈન. અંચલગચ્છના જયશેખરસૂરિ (ઈ.૧૪મી સદી ઉત્તરાર્ધ-ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય. જયશેખરસૂરિની હયાતીમાં રચાયેલી, શૃંગારવર્ણન સાથે જયશેખરસૂરિના સંયમધર્મનો મહિમા કરતી ૨૨ કડીની 'જયશેખરસૂરિ-ફાગ'(મુ.)ના કર્તા.

કૃતિ : આર્ય-કલ્યાણ-ગૌતમસ્મૃતિગ્રંથ, સં. કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯ – 'અંચલગચ્છેશ્વર શ્રી જયકીર્તિસૂરિ અને કવિ ચક્રવર્તી પૂજ્યશ્રી જયશેખરસૂરિ પર ફાગુકાવ્યો',સં.કલાપ્રભસાગરજી. [કી. જો.]

જયસાગર : આ નામે ૪૯ કડીની 'અઢારનાતરાંની-સઝાય' (લિ.સં. ૧૮મી સદી) અને ૬ કડીનું 'ઋષભજિન-સ્તવન' મળે છે. આ જયસાગર કયા તે સ્પષ્ટ થતું નથી. અજ્ઞાત કર્તૃત્વવાળી ૧૫ કડીની 'નગરકોટચૈત્ય-પરિપાટી' (૨.ઈ.૧૪૪૧) પરત્વે કર્તાનામ જયસાગર-ઉપાધ્યાય પણ દર્શાવવામાં આવ્યું છે તેનો આધાર સ્પષ્ટ થતો નથી. સમયદૃષ્ટિએ આ જયસાગર-૧ સંભવી શકે, ને તો આ વિષયની એમની આ બીજી કૃતિ છે એમ કહેવું પડે.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ :૧;૨. લીંહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

જયસાગર(ઉપાધ્યાય)-૧[ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં જિનોદયસૂરિના શિષ્ય. દીક્ષાગુરુ જિનરાજસૂરિ. વિદ્યાગુરુ જિનવર્ધનસૂરિ. ઈ.૧૪૧૯માં જિનભદ્રસૂરિ દ્વારા ઉપાધ્યાયપદ. કવનકાળ ઈ.૧૪૧૭થી ઈ. ૧૪૪૭. આ વિદ્વાન સાધુએ કેટલીક રાજસભાઓમાં વાદીવૃંદોને હરાવ્યા હતા. એમણે હજારો પુસ્તકોનું પુનર્લેખન કરાવી પોતાની ઊંડી વિદ્યાપ્રીતિ બતાવી હતી.

આ કવિએ 'ચોવીસી' (૫ સ્તવન મુ.), ગુજરાત સૌરાષ્ટ્રના તીર્થોનું વર્ણન કરતી ૨૧ કડીની 'ચૈત્ય-પરિપાટી' (૨.ઈ.૧૪૩૧; મુ.), ૧૭ કડીની 'નગરકોટ મહાતીર્થ-ચૈત્ય-પરિપાટી' (૨.ઈ.૧૪૩૩; મુ.), ૫૫ કડીની 'વયરસ્વામી ગુરુ-રાસ'(૨.ઈ.૧૪૩૩), 'અષ્ટાપદ-તીર્થ-ભાવની', ૭૦ કડીની 'જિનકુશલસૂરિ-ચતુષ્પદી' (૨.ઈ.૧૪૨૫), ૪૪ કડીની 'કલ્યાણમંદિરસ્તોત્ર-ગીત' અને અન્ય સઝાય, સ્તોત્ર, સ્તવનાદિ પ્રકારની કૃતિઓ ગુજરાતી ભાષામાં રચી છે.

એમણે સંસ્કૃતમાં પણ 'શાંતિનાથજિનાલય-પ્રશસ્તિ'(૨.ઈ. ૧૪૧૭), 'પર્વરત્નાવલિ-કથા' (૨.ઈ.૧૪૨૨),'વિજ્ઞપ્તિત્રિવેણી' (૨.ઈ.૧૪૨૮), 'પૃથ્વીચંદ્ર-રાજર્ષિ-ચરિત્ર' (૨.ઈ.૧૪૪૭), 'ઉપસર્ગહર-સ્તોત્ર' વગેરે અનેક ગ્રંથોની વૃત્તિ તથા કેટલાંક સ્તવનો વગેરેની રચના કરી છે.

કૃતિ :૧. જૈગૂસારત્નો : ૧(+ સં.); ૨.વિજ્ઞપ્તિત્રિવેણી, પ્ર. જૈન આત્માનંદ સભા,ઈ.૧૯૧૬.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ–'કાવ્યોંકા ઐતિહાસિક સાર'; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ :૧,૩(૧,૨); ૪. જૈહાપ્રોસ્ટા; ૫. મુપુગૂહસૂચી. [૨. ૨. દ.]

જયસાગર(બ્રહ્મ)-૨[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ]: દિગંબર મૂલસંઘના સરસ્વતીગચ્છના જૈનસાધુ. વિદ્યાનંદની પરંપરામાં મહીચંદ્રના શિષ્ય. 'સાગરચક્રવર્તીનો રાસ'(૨.ઈ.૧૬૬૧), ૪ અધિકારમાં વહેંચાયેલા 'અનિરુદ્ધહરણ'(૨.ઈ.૧૬૭૬/સં.૧૭૩૨, માગશર સુદ ૧૩, મંગળ/શુક્રવાર) તથા 'સીતાહરણ'ના કર્તા.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

જયસાગર-૩ [ઈ.૧૭૪૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ન્યાયસાગરના શિષ્ય. ૫૫ કડીના 'તીર્થમાલા-સ્તવન' (૨. ઈ. ૧૭૪૫/સં.૧૮૦૧, અસાડ વદ ૫, બુધવાર; મુ.)ના કર્તા.

કૃતિ : 'જૈનયુગ', અષાઢ-શ્રાવણ, ૧૯૮૫, 'તીર્થમાળાસ્તવન', સં. ચતુરવિજયજી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

જયસાર (?)-૧ [ઈ.૧૫૬૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. આનંદવિમલની પરંપરામાં જયવિમલના શિષ્ય. 'રૂપસેન-રાસ' (૨. ઈ.૧૫૬૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા. ત્રિ.]

જયસાર-૨[ઈ.૧૬૦૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનની પરંપરામાં કીર્તિસારના શિષ્ય. ૭૪ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન(અષ્ટોતરસો)'(૨.ઈ.૧૬૦૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

જયસિંહ(સૂરિ)[ ] :કૃષ્ણર્ષિગચ્છના જૈન સાધુ. ૭ ભાસમાં વિભાજિત દુહા-રોળાબદ્ધ ૩૨ કડીના તથા આંતરપ્રાસયુક્ત દુહાબદ્ધ ૫૩ કડીના એમ ૨ 'નેમિનાથ-ફાગુ' (મુ.)ના કર્તા. આ બંને કૃતિઓમાં વર્ણન, અલંકારરચના અને ભાષામાધુર્યમાં કવિની સહજ શક્તિ પ્રગટ થાય છે. આ કવિ તે સંસ્કૃતમાં 'કુમારપાલચરિત્ર'મહાકાવ્ય(૨.ઈ.૧૩૬૬) તથા 'ન્યાયસાર' પર 'ન્યાયતાત્પર્યદીપિકા' નામની ટીકા રચનાર કૃષ્ણર્ષિગચ્છના મહેન્દ્રસૂરિશિષ્ય જયસિંહસૂરિ હોવાની સંભાવના છે.

કૃતિ : પ્રાફાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : ૧. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી વોરા, ઈ.૧૯૭૬, ૨. જૈસાઈતિહાસ; ૩. રાસયુગમાં પ્રકૃતિનિરૂપણ, ધીરુ પરીખ, ઈ.૧૯૭૮. [૨. ૨. દ.]

જયસુંદર-૧[ઈ.૧૫મી સદી] : તપગચ્છના જૈનસાધુ. સોમસુંદરસૂરિ (આચાર્યકાળ ઈ.૧૪૦૧થી૧૪૪૩) શિષ્ય સોમદેવના શિષ્ય હોવાનું જણાય છે. એમણે 'ગૌતમપૃચ્છાપ્રકરણ-બાલાવબોધ' (લે.ઈ.૧૭૬૬) રચેલો છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

જયસુંદર-૨ [ઈ. ૧૬૯૫માં હયાત]: જૈન સાધુ. ૧૫૦ ગ્રંથાગ્રના 'પંચદશક્ષેત્રજિનવર-સ્તોત્ર'(૨.ઈ.૧૬૯૫)ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [શ્રા.ત્રિ.]

જયસોમ : આ નામે ૧૪ કડીનું 'કલ્યાણક-સ્તોત્ર' (લિ.સં.૧૭મી સદી આનુ.), ૧૪ કડીની 'નંદા-સઝાય' (લિ.સં.૧૮મી સદી આનુ.),

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧ કડીની 'આદિદેવ-સ્તુતિ' (લે.સં.૧૯મી સદી અનુ.), ૧૧ કડીનું 'શત્રુંજય-સ્તવન', જયસોમગણિને નામે ૪૦ ગ્રંથાગ્રનું 'અધ્યાત્મ-ગીત' (લે.ઈ.૧૬૬૪) અને જયસોમસૂરિને નામે 'નેમિનાથ ફાગુ' (લે.ઈ.૧૩૪૬) એ કૃતિઓ મળે છે તે કયા જયસોમ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨;૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨. ૨. દ.]

જયસોમ-૧ [ઈ.૧૫૧૫ સુધીમાં] : જૈન સાધુ. જયશેખરના શિષ્ય. 'અંબડકથા' (લે.ઈ.૧૫૧૫) એગદ્યકૃતિના કર્તા. કેટલાક સંદર્ભોમાં કર્તાનામ 'જયમેરુ' પણ મળે છે તેમ જ કૃતિની ભાષા સંસ્કૃત હોય એવું સમજાય છે.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ:૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય', ચીમનલાલ ડાહ્યાભાઈ; ૨. ગુસાપ અહેવાલ:૨૦–'ઇતિહાસ પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયનું ભાષણ'નું પરિશિષ્ટ; ૩. જિનરત્નકોશ : ૧, હરિ દા. વેલણકર, ઈ. ૧૯૪૪; ૪. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ : ૨, હીરાલાલ ૨. કાપડિયા, ઈ. ૧૯૬૮. [૨. ૨. દ.]

જયસોમ(ઉપાધ્યાય) – ૨ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. પ્રમોદમાણિક્યના શિષ્ય. મૂળ નામ જેસિંધ. ઈ.૧૫૫૬ સુધીમાં જિનમાણિક્યસૂરિ પાસે દીક્ષા. ઈ.૧૫૯૩માં જિનચંદ્રસૂરિ સાથે અકબરના દરબારમાં તથા ઉપાધ્યાયપદની પ્રાપ્તિ. ઈ.૧૬૧૯ સુધી હયાત હોવાની માહિતી મળે છે. જૈન ધર્મના સિદ્ધાંતોના ઊંડા અભ્યાસી આ કવિને સમય સુંદરે 'સિદ્ધાંતચક્રચક્રવર્તી' કહ્યા છે. ગુજરાતી ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષા ઉપર પણ તેઓ પ્રભુત્વ ધરાવતા હતા. એમની ગુજરાતી કૃતિઓ આ પ્રમાણે છે : ૭૨ કડીની 'બારભાવના-ગીત/સંધિ' (૨.ઈ.૧૫૯૦), 'કોડાશ્રાવિકા-વ્રત ગ્રહણ-રાસ /બારવ્રત ઇચ્છા-પરિમાણ-રાસ' (૨.ઈ.૧૫૯૧/સં. ૧૬૪૭, વૈશાખ સુદ ૩)' 'પરિગ્રહ પરિમાણવિરતિ-રાસ/શ્રાવિકા-રેખા-વ્રતગ્રહણ-રાસ' (૨. ઈ. ૧૫૯૪/સં. ૧૬૫૦, કારતક સુદ ૩), 'આદિજિન-સ્તવન' (૨. ઈ.૧૫૯૯/ સં. ૧૬૫૫, ફાગણ —), 'ચોવીસજિનગણધરસંખ્યા-સ્તવન' (૨.ઈ. ૧૬૦૦), 'વયરસ્વામી-ચોપાઈ' (૨.ઈ.૧૬૦૩/સં.૧૬૫૯, શ્રાવણસુદ૫), જિનચંદ્રસૂરિની પ્રશસ્તિ કરતી ૪ કડીની 'ગુરુ-ગીત' (મુ.), ૨૬ કડીની 'છન્નુ તીર્થંકર-સ્તવન' એ પદ્યકૃતિઓ તથા ૩૦૦ ગ્રંથાગ્રની 'અષ્ટોતરી સ્નાત્રવિધિ' (૨.ઈ.૧૫૯૪/સં.૧૬૫૦, આસો સુદ ૧૦) એ ગદ્યકૃતિ. તેમનો 'છવ્વીસપ્રશ્નોત્તર ગ્રંથ' હિંદીમાં છે જ્યારે 'એકસોએકતાલીસપ્રશ્નોત્તર/વિચારરત્નસંગ્રહ' કઈ ભાષામાં છે તે સ્પષ્ટ નથી. સંસ્કૃતમાં એમનો 'કર્મચંદ્રમંત્રિવંશ-પ્રબંધ' (૨.ઈ. ૧૫૯૪) ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની કૃતિ છે. તે ઉપરાંત એમણે પ્રાકૃત ગાથા અને સંસ્કૃત વૃત્તિ રૂપે 'ઈર્યાવહી-ષટ્ત્રિંશિકા' (૨. ઈ. ૧૫૮૪, વૃત્તિ ઈ.૧૫૮૫), 'પોષધ-ષટ્ત્રિંશિકા' (ઈ. ૧૫૮૭, વૃત્તિ ઈ.૧૫૮૯) તથા 'સ્થાપના-ષટ્ત્રિંશિકા' રચેલ છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ :૧,૩ (૧,૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ: ૧. [૨.૨.દ.]

જયસોમ – ૩ [ઈ.૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં જશસોમ(યશ:સોમ)ના શિષ્ય. આ કવિની ૬૧/૬૨ કડીની 'ચૌદગુણઠાણા-સઝાય' અને ૯ કડીની 'હરિયાલી-ગીત' એ પદ્યકૃતિઓ તેમ જ 'કર્મવિપાક' આદિ 'છ કર્મગ્રંથ' પર ૧૭,૦૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ (૨.ઈ.૧૬૬૦; *મુ.) અને ૧૦૦૦/૧૪૦૦ ગ્રંથાગ્રનો 'સંબોધસત્તરી-બાલાવબોધ' (૨. ઈ.૧૬૬૭) એ ગદ્યકૃતિઓ મળે છે. 'હરિયાલી-ગીત' ભૂલથી પ્રમોદમાણિક્યશિષ્ય જયસોમને નામે નોંધાયેલું છે.

અનિત્યતા આદિ ભાવનાઓને દૃષ્ટાંતોથી સમજાવતી ૧૩ ઢાળ અને ૧૨૫ કડીની 'બાર ભાવના-વેલી/સઝાય' (૨.ઈ.૧૬૪૭; મુ.) અને ૨૩ કડીની 'નેમિનાથ-લેખ' એ પદ્યકૃતિઓ તથા 'ચોવીસ-દંડકપ્રકરણ-બાલાવબોધ' અને ૧૨૭૫ ગ્રંથાગ્રનો 'ષષ્ટિશતકપ્રકરણ-બાલાવબોધ' એ ગદ્યકૃતિઓ જશસોમ (યશ:સોમ) શિષ્યના નામથી મળે છે તે જયસોમની કૃતિઓ હોવાનું મનાયું છે ને એ સંભવિત જણાય છે. 'ષષ્ટિશતકપ્રકરણ-બાલાવબોધ'ની ૨.ઈ.૧૭૦૫ બતાવતી પ્રત કવિની સ્વહસ્તલિખિત હોવાનું જણાવાયું છે પરંતુ એ સ્થિતિ પૂરેપૂરી સ્પષ્ટ નથી. જુઓ જસસોમ.

કૃતિ : ૧.જૈસમાલા(બા) : ૧; ૨.જૈસસંગ્રહ(ન.); ૩. *રત્નસાર: ૪, પ્ર.ભીમસિંહ માણેક–.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૧,૨); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

જયસૌભાગ્ય : આ નામે સંસ્કૃત-ગુજરાતી મિશ્ર ભાષામાં 'પાર્શ્વ-નાથાષ્ટક' (લે.સં.૧૯મી સદી અનુ.) તથા ગોડીપાર્શ્વનાથ વિશેનાં ૪ સ્તવનો (૩મુ.)મળે છે તે કયા જયસૌભાગ્ય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧.ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારકગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ.૧૯૬૨; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, મે-જૂન, ૧૯૪૯ – 'ગોડીપાર્શ્વનાથ સ્તવન', સં. જયંતવિજયજી.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

જયસૌભાગ્ય-૧ [ઈ.૧૭૧૯ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. સત્ય-સૌભાગ્યની પરંપરામાં વિનીતસૌભાગ્યના શિષ્ય. 'ચતુર્વિંશતિજિનસ્તુતિ /ચોવીસી' (લે. ઈ.૧૭૧૯; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૧.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૩(૨); ૨.હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જયહેમશિષ્ય [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના હેમવિમલસૂરિ (આવ. ઈ.૧૫૧૨) – લબ્ધિમૂર્તિ-જયહેમના શિષ્ય. મેવાડના પ્રાચીન શહેર ચિતોડની જાહોજલાલીને તથા ત્યાંના જૈનોએ અનેક કીર્તિસ્તંભો અને ભવ્ય મંદિરો બંધાવ્યાં છે એ હકીકતને ભાષા અને વસ્તુમાં રજૂ કરતી ૪૩ કડીની 'ચિતોડચૈત્ય-પરિપાટી' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, ભાદ્રપદ-આશ્વિન, ૧૯૮૩ – 'ચિતોડચૈત્ય-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિપાટી', સં. મોહનલાલ દ. દેશાઈ. (+સં.).
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૧). [કી.જો.]

જ્યાનંદ(યતિ) [ઈ.૧૪૭૪માં હયાત] : જૈન સાધુ. ૪૪૨ કડીની 'ઢોલામારુની વાર્તા' (૨.ઈ.૧૪૭૪/સં.૧૫૩૦, વૈશાખ વદ–, ગુરુવાર)ના કર્તા.
સંદર્ભ : જૈમગૂકરચનાઓ :૧. [શ્રા.ત્રિ.]

'જરથોસ્તનામું' [૨.ઈ.૧૬૭૪/૫જદજર્દી સન૧૦૪૪, ફ્રવર્દીન માસ, ખુર્દાદ રોજ] : પારસી કવિ રુસ્તમની ૧૫૩૬ કડીની ચોપાઈબદ્ધ આ કૃતિ (*મુ.) બહેરામપજદુના ફારસી 'જરથોસ્તનામા', 'ચંઘર-ઘાચ-નામેહ' અને અન્ય રેવાયતોને આધારે રચાયેલી છે. આ આખ્યાનાત્મક કૃતિમાં જરથોસ્ત પેગંબરનું પૂરેપૂરું જીવનવૃત્તાંત નથી પરંતુ જરથોસ્ત પોતાની દૈવી શક્તિનો પરચો આપી ધર્મપ્રચાર કરવા લાગે છે ત્યાં કથાને કંઈક અછડતી રીતે પૂરી કરી દેવામાં આવી છે. ધર્મગુરુ ચંઘરઘાચનું વૃત્તાંત પરંપરાગત જરથોસ્તકથામાં આ કવિએ કરેલું ઉમેરણ છે.

જરથોસ્તના જન્મની સાથે જાદુનો નાશ થશે એવી આગાહીથી છંછેડાઈ જાદુગરોએ બાળક જરથોસ્તને મારી નાખવાના કરેલા વિવિધ પ્રયત્નોમાંથી દૈવી સહાયથી બચી ગયેલા જરથોસ્ત સ્વર્ગમાં જવા પામે છે, પરંતુ સ્વર્ગમાંથી ધર્મબોધ મેળવી પાછા આવ્યા પછી દરબારીઓની ઈર્ષ્યાને કારણે એમને કેદની સજા ભોગવવી પડે છે. પોતાની ચમત્કારિક શક્તિથી એ કેદમાંથી મુક્તિ પામે છે અને ઈરાનના શાહ તથા શાહજાદાઓને સ્વર્ગદર્શન વગેરે દૈવી ભેટો બક્ષે છે.

ચમત્કારપ્રધાન આ કથામાં કવિએ પાત્ર-નિરૂપણની કોઈ તક લીધી નથી. પરંતુ અદભુત અને હાસ્યરસપ્રધાન પ્રસંગોનું પ્રવાહી નિરૂપણ ધ્યાન ખેંચે છે. ગુરુ, તપ, દર્શન, પ્રસાદ, પુણ્ય, કન્યાદાન વગેરે અનેક વિષયોમાં ભારતીય ધર્મ પરંપરાનો પ્રભાવ ઝીલતા આ કવિએ આખ્યાનપ્રકારનું અનુસરણ કર્યું છે. પરંતુ તેમાં વિવિધ ઢાળોનો વિનિયોગ નથી અને ચોપાઈબંધ પણ શિથિલ જણાય છે. [૨.૨.દ.]

જલ્હ(કવિ) : આ નામે ૧૧૮ કડીની 'બુદ્ધિ-રાસ' (લે.સં.૧૭મી સદી અનુ.) નામક જૈન કૃતિ નોંધાયેલી છે. આ જલ્હ-૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવાય તેમ નથી.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

જલ્હ-૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ કે શ્રાવક. જિનચંદ્રસૂરિની પરંપરાના સાધુકીર્તિએ ઈ. ૧૬૨૫માં આગ્રામાં અકબરના દરબારમાં તપગચ્છના સાધુઓ સામે પોષધ અંગેની ચર્ચામાં વિજય મેળવ્યો તે માટે તેમને અભિનંદતા ૮ કડીના 'સાધુકીર્તિજયપતાકા-ગીત'(મુ.)ના કર્તા.
કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [શ્રા. ત્રિ]

જશ –: જુઓ જસ-, યશ-.

જશવર્ધન[ ] : ૧૦ કડીના 'પાર્શ્વસ્તવ'ના કર્તા.
સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા. ત્રિ.]

જશવંત : આ નામે રામચંદ્રજીનું બાળચરિત્ર વર્ણવતું ૩ કડીનું ૧ પદ (મુ.) મળે છે તેમ જ શ્રીકૃષ્ણમહારાજની સ્તુતિનાં પદો પણ નોંધાયેલાં છે. આ બધી કૃતિઓ કોઈ એક જ કવિની છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે.
કૃતિ : ઉદાધર્મભજનસાગર, પ્ર. દ્વારકાદાસ ક.પટેલ, ઈ.૧૯૨૬.
સંદર્ભ : ૧.ગુજૂકહકીકત; ૨.પ્રાકકૃતિઓ. [કી. બ્ર.]

જશવિજય-૧[ઈ.૧૬૦૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વાચક વિમલહર્ષના શિષ્ય. ધર્મઘોષસૂરિના પ્રાકૃત ગ્રંથ 'લોકનાલ' ઉપર ૨૮૪ ગ્રંથાગ્રના બાલાવબોધ (૨.ઈ.૧૬૦૯)ના કર્તા.
સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [૨. સો.]

જશવિજય–૨ [ઈ. ૧૭મી સદી] : જુઓ નયવિજયશિષ્ય યશોવિજય.
જશવિજય–૩ [ઈ.૧૭૨૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સત્યવિજયની પરંપરામાં ક્ષમાવિજય/ખીમાવિજયના શિષ્ય.

આ કવિએ સુગમ ને પ્રાસાદિક ભાષામાં રચેલી 'ચોવીસી' (૨.ઈ. ૧૭૨૮/સં.૧૭૮૪, ભાદરવા વદ ૫, ગુરુવાર; પહેલાં ૬ સ્તવનો સિવાય મુ.) વિવિધ દેશીઓના ઉપયોગની તથા ભક્તિભાવ, આત્મનિંદા અને શરણ્યભાવની દૃષ્ટિએ નોંધપાત્ર છે. આ ઉપરાંત આ કવિએ ૫ ઢાળની 'પંચમહાવ્રતની પચીસભાવનાની સઝાય' (મુ.) પણ રચી છે.
કૃતિ :૧.જિસ્તકાસંદોહ : ૧;૨. જૈગૂસારત્નો :૧ (+સં.); ૩. મોસંગ્રહ.સ [૨. સો.]

જશવિજય-૪ [ ] : જૈન સાધુ. કનકવિજય ના શિષ્ય. ૪ કડીની 'મહાવીરસ્વામીની સ્તુતિ' (મુ.)ના કર્તા.
કૃતિ : સસન્મિત્ર. [૨. સો.]

જશવિજયશિષ્ય[ ]: જૈન સાધુ. ૧૭ કડીના 'ઝૂંબબડા સમોસરણ-સ્તવન'(મુ.)ના કર્તા. આ કવિ જશવિજયશિષ્ય શુભવિજય છે કે કેમ તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.
કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [કી.જો.]

જશસોમશિષ્ય : જુઓ જશસોમશિષ્ય જયસોમ.
જસ –: જુઓ જશ-, યશ-.
જસ(કવિ): કોઈ રામ શાહની સ્તુતિ નિરૂપતી દશ દેશની ભાષાઓનો પ્રયોગ કરતી 'રામસાહસ્યકીર્તિ'ના કર્તા કયા જસ છે તે નક્કી થઈ શકતું નથી.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨. સો.]

જસ(મુનિ)-૧ [ ] : જૈન સાધુ. સુવર્ધનના શિષ્ય. ૮૮ કડીના 'ગજસુકુમાલ-રાસ' (લે.સં.૧૯મી સદી અનુ.)ના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

જસકીર્તિ(વાચક)[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. વાચક વિજયશીલના શિષ્ય. આગ્રાવાસી કુંવરપાલ અને સોનપાલ સોઢાએ ઈ.૧૬૧૪માં કાઢેલા સંઘનું વર્ણન કરતા ને એ જ સમયમાં રચાયેલા જાણીતા, ઐતિહાસિક માહિતીની દૃષ્ટિએ નોંધપાત્ર, ૪ ખંડ અને ૪૮૩ કડીના 'સમેતશિખર-રાસ'ના કર્તા.

સંદર્ભ : અંચલગચ્છ દિગ્દર્શન, સં.પાર્શ્વ, ઈ.૧૯૬૮;☐૨.જૈન સત્યપ્રકાશ, ઑગસ્ટ તથા સપ્ટે. ૧૯૪૨ – 'જસકીર્તિકૃત 'સમેત-શિખરરાસ'કા સાર,' અગરચંદ નાહટા, ભંવરલાલ નાહટા. [૨. સો.]

'જસમાનો રાસડો : સહસ્રલિંગ તળાવ ખોદવા આવેલા ઓડ જાતિનાં લોકોમાંની એક સ્ત્રી જસમા પર ગુજરાતના સુપ્રસિદ્ધ રાજવી જયસિંહ સિદ્ધરાજે કુદૃષ્ટિ કરતાં એણે જયસિંહને વાંઝિયા-પણાનો શાપ આપેલો એવી દંતકથા ગુજરાતમાં ખૂબ જાણીતી છે. આ કથાને વિષય કરીને રચાયેલા ૪ રાસડા (=ઐતિહાસિક લોક-ગીતો) મુદ્રિત મળે છે, તેમાં, કેટલાક પાઠભેદો પણ બતાવતો, આશરે ૧૬૮ પંક્તિઓમાં વિસ્તરતો રાસડો વધારે ધ્યાન ખેંચે છે. એમાં જેસંગ (જયસિંહ)ને કોઈ યાચકે કરેલા જસમાના રૂપવર્ણનથી એના તરફ આકર્ષાતો બતાવાયો છે, પરંતુ તળાવ ખોદાવવાનું સૂચન તો રાણીનું છે. એને સ્વપ્ન આવે છે કે લોકો પાણી વિના તરફડી રહ્યા છે. તેથી દૂધમલ ભાણેજ મારફત ઓડાંને તેડાવવા કાગળ મોકલવાનું કહે છે. કાગળ લઈ જનાર બારોટને કોઈ મોટેરા જસમાનું ઘર બતાવતા નથી પણ બાળકો બતાવે છે ને જસમાનાં સ્વજનો એને આ તેડું ન સ્વીકારવા સમજાવે છે તે ઠગારા લોક પ્રત્યેનો એમનો અવિશ્વાસ બતાવે છે. પણ પાટણ આવ્યા પછી જેસંગે ધરેલી કોઈ લાલચમાં જસમા ફસાતી નથી તેથી અંતે યુદ્ધ થતાં ઓડ લોકો મરાય છે ને એમને અગ્નિદાહ આપવા ખડકાયેલી ચેહમાં જસમા ઝંપલાવે છે તથા જેસંગને વાંઝિયામેણાનો શાપ આપે છે.

મૂળ દક્ષિણ તરફની ઓડ જાતિ આ ગીતમાં એક વખત વાગડની તો બીજી વખત સોરઠની રહેવાસી હોવાનું સૂચવાયું છે.

જસમાના ઘરની પૂછતાછ, જસમાને તેડું ન સ્વીકારવાની સ્વજનોની સલાહ, જસમાને જેસંગે આપેલી લાલચો અને એણે કરેલા ઇનકાર – આ પ્રકારના સંવાદોમાં ગીતનો મોટો ભાગ રોકાયેલો છે ને તેમાં વ્યક્તિ-વસ્તુઓની યાદી કરતા જઈ કથયિતવ્યને ઘૂંટવાની લાક્ષણિક લોકશૈલીનું અનુસરણ છે. જેસંગની લાલચોની સામે "અમારે ઓડાંને ભલાં ખાબડાં" "ધોડીલાં સરખાં રે મારે ખોલકાં" "અમારે ઓડાંને ભલી લોબડી" "અમારે કેડોનો લાંક લોહે ઘડ્યો" વગેરે જવાબો આપતી જસમાની ઉક્તિઓમાં આ મજૂર-જાતિનું જીવનચિત્ર ઊપસે છે. "ધણું રે જીવો રાજા વાંઝિયો" એ જસમાની ઉક્તિ આશીર્વાદ-શાપના મિશ્ર તંતુથી માર્મિક બને છે અને "હું કેમ ન સરજ્યો પાહાણ કો" "પથરો જાણી તું પાહાની ધસત" જેવી, જસમાના સમાજસંદર્ભને અનુરૂપ, કલ્પનાઓથી વ્યક્ત થતો, જેસંગનો જસમા પ્રત્યેનો ઉત્કટ અનુરાગ વિલક્ષણ લાગે છે. જસમાના નિવાસના, એના બેસણાના, ખોદકામ કરતી વેળાના એના ગતિશીલ સૌંદર્યનાં-કંકુવરણાં પગલાં, સૂરજમાં ઢળતી છાયા, પરસેવાનાં મોતીડાં વગેરે – સુરેખ સ્વચ્છ નાનકડાં વર્ણનો પણ ધ્યાન ખેંચે એવાં છે. "પેટ એનું પોયણ કેરું પાન; પાંસળિયે એને દીવા બળે" એ લોકસાહિત્યની સૌન્દર્યવર્ણનની આગવી લકીર છે.

કૃતિ : ૧. ગુજરાતી લોકસાહિત્યમાળા, સં.ગુજરાત લોકસાહિત્ય સમિતિ, ઈ. ૧૯૫૭; ૨. ગુસાપઅહેવાલ : ૮ – 'સિદ્ધરાજ અને જસમાના ઐતિહાસિક રાસડા', છગનલાલ વિ. રાવળ. [જ. કો.]

જસરાજ[ ] : આ નામે દુહાબદ્ધ રાજસ્થાની મિશ્ર ભાષાના 'બારમાસ' (૩ કડી મુ.) એ જૈન કૃતિ મળે છે. તેના કર્તા ક્યા જસરાજ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : જૈનયુગ, મહા-ફાગણ ૧૯૮૪ – 'પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન', સં. મોહનલાલ દ. દેશાઈ. [કી. જો.]

જસરાજ(મુનિ)–૧[ઈ. ૧૬૬૯માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. લોંકાગચ્છના શિવજીશિષ્ય સંઘજી/સંઘરાજજીને આચાર્યપદ મળ્યું ત્યાં સુધીના એમના જીવનવૃત્તાંતને વર્ણવતા ૪૦ કડીના સલોકા (ર.ઈ.૧૬૬૯/સં.૧૭૨૫, ફાગણ સુદ ૨, મંગળ/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

જસરાજ–૨ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જુઓ શાંતિહર્ષશિષ્ય જિનહર્ષ.

જસવંતશિષ્ય[ ] : જૈન. ૫ કડીની 'સુમતિજિન-સ્તવન' (લે.સં.૨૦મી સદી આનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી. જો.]

જસવંતસાગર/યશસ્વતસાગર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ચારિત્રસાગરશિષ્ય કલ્યાણ-સાગરની પરંપરામાં જશસાગર/યશ:સાગરના શિષ્ય. એમની કૃતિઓ ઈ. ૧૬૫૬/૧૬૬૫થી ઈ. ૧૭૦૬નાં રચના વર્ષો દેખાડે છે એને આધારે કવિનો કવનકાળ ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધથી ઈ.૧૮મી સદી પૂર્વાર્ધનો ગણી શકાય.

આ વિદ્વાન કવિએ ગુજરાતીમાં ૪૭ કડીની 'કર્મસ્તવનરત્ન-પૂર્વાધ', ૭ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય' (મુ.) અને 'વિજયક્ષમા-સૂરીશ્વર-બારમાસા' એ કૃતિઓ રચેલી છે. તે ઉપરાંત સંસ્કૃતમાં એમની 'વિચારષટ્ત્રિંશિકા 'પર અવચૂરિ(ર.ઈ.૧૬૫૬/૧૬૬૫) 'ભાવ-સપ્તતિકા'(ર.ઈ.૧૬૮૪), 'જૈનસપ્તપદાર્થી' (ર.ઈ.૧૭૦૧), 'પ્રમાણ-વાદાર્થ' (ર.ઈ.૧૭૦૩), 'જૈન તર્કભાષા' (ર.ઈ.૧૭૦૩), ગણેશના 'ગ્રહલાઘવ' પર વાર્તિક (ર.ઈ.૧૭૦૪) અને 'યશોરાજીરાજ્યપદ્ધતિ' (ર. ઈ.૧૭૦૬) વગેરે કૃતિઓ મળે છે.

કૃતિ : ઔસમાલા : ૧.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગુકવિઓ : ૨, ૩ (૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨. સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જસસોમ/યશઃસોમ[ઈ.૧૬૨૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. આનંદવિમલસૂરિની પરંપરામાં હર્ષસોમના શિષ્ય. 'ચોવીસી' (૨. ઈ.૧૬૨૦/સં.૧૬૭૬, શ્રાવણ સુદ ૩, સોમવાર), ૬ કડીનું '(સાચોર-મંડન) શીતલનાથ-સ્તવન', ભૂલથી પ્રમોદમાણિક્યશિષ્ય જયસોમને નામે નોંધાયેલ ૪ કડીનું 'ગુરુ-ગીત' તથા ભૂલથી યશ : સોમશિષ્ય જયસોમને નામે નોંધાયેલ 'વિજયદેવસૂરિ-સઝાય' એ એમની કૃતિઓ છે. 'કર્મગ્રંથ-બાલાવબોધ' (મુ.) કે એના કેટલાક વિભાગો યશઃસોમને નામે મળે છે પરંતુ છયે કર્મગ્રંથોના બાલાવબોધો એમના શિષ્ય યસોમની રચના હોવાનું સામાન્ય રીતે મનાયું છે. આબાલાવ બોધમાં યશઃસોમનું નામ ગુરુ તરીકે ગૂંથાતું હોય એવો સંભવ છે. 'બંધ-સ્વામિત્વકર્મગ્રંથ-બાલાવબોધ'ની ૧ પ્રતમાં યશઃસોમ પાસેથી સાંભળીને જયસોમે ટબો લખ્યો એવો ઉલ્લેખ મળે છે તે ટબાના વાસ્તવિક કર્તૃત્વને સંદિગ્ધ બનાવી દે છે.

કૃતિ : કર્મગ્રંથ,–.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

જસસૌભાગ્યશિષ્ય [,] : જૈન. ૧૫ કડીના 'શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ' (મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ. [કી. જો.]

જસાનંદ [ઈ. ૧૬૭૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ગુણાનંદના શિષ્ય. 'યશોનંદ' એ નામથી નોંધાયેલા આ કવિના ૬૨૧ કડીના 'રાજસિંહકુમાર રાસ (નવકારરાસ)' (૨. ઈ.૧૬૭૦/સં. ૧૭૨૬, આસો સુદ ૨, મંગળ/શુક્રવાર)માં કર્તાનામ જસાનંદ જ નોંધાયેલું છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા. ત્રિ.]

જસો[ ] અંગદવિષ્ટિથી માંડીને રાવણની મુક્તિ સુધીની કથા વર્ણવતા કાવ્ય 'રામચરિત'ના કર્તા.

સંદર્ભ : સ્વાધ્યાય, પુ. ૧૫ અં.૧ – મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી. [કી.જો.]

જસોમા [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : વેલાબાવાનાં પત્ની. જ્ઞાતિએ કોળી. વેલનાથ સમાધિસ્થ થતાં તેના વિરહભાવને આધ્યાત્મિકતાથી રંગીને વર્ણવતા ૧ પદ(મુ.)ના કર્તા. ગિરનારની શિલા નીચે વેલનાથ સમાધિસ્થ થતાં ગવાયેલા આ પદથી શિલા ફરી ઊઘડે છે અને સતી અંદર સમાઈ જાય છે એવી કથા છે.

કૃતિ : સોરઠી સંતો, સં. ઝવેરચંદ મેઘાણી, *ઈ.૧૯૨૮ (પહેલી આ.), ૧૯૭૯ (પાંચમી આ.નુંપુનર્મુદ્રણ.). [કી. જો.]

'જંબૂસ્વામી-ફાગ' [૨.ઈ.૧૩૭૪] : આંતરપ્રાસવાળા ૬૦ દુહામાં રચાયેલી આ કૃતિ(મુ.)ના કર્તા "વિજયવંત તે છાજઈ, રાજઈ તિલક સમાન" એવી પંક્તિને કારણે ઈ.૧૪૭૦ – ઈ.૧૪૭૩માં હયાત પૂર્ણિમાગચ્છના રાજતિલક તથા કોઈ તિલકવિજય કે વિજય-તિલક હોવાની સંભાવના કરવામાં આવી છે, પરંતુ ઉક્ત રાજતિલક આ કૃતિના કર્તા હોવાનું સમયદૃષ્ટિએ સ્વીકારી શકાય તેમ નથી તેમ જ અન્ય કર્તાનામો પણ, કોઈ પ્રમાણને અભાવે, તર્કની કોટિનાં જ રહે છે.

જન્મથી વિરક્ત પણ માતાના આગ્રહથી ૮ કન્યાઓને પરણી સમગ્ર પરિવાર અને પ્રભવ ચોર તથા એના સાથીઓ સાથે દીક્ષા લેનાર જંબૂકુમારનું પ્રસિદ્ધ વૃત્તાંત વર્ણવતા આ કાવ્યમાં જંબૂકુમાર લગ્ન પૂર્વે પરિવાર સાથે વૈભારગિરિ પર વસંતક્રીડા કરવા જાય છે તે નિમિત્તે વસંતવર્ણનને તથા ૮ કન્યાઓને નિમિત્તે સૌન્દર્યવર્ણનને અવકાશ મળ્યો છે, પણ નાયકની વિરક્તતાને કારણે શૃંગારરસના આલેખનને સ્વાભાવિક રીતે જ અવકાશ મળ્યો નથી. અહીં જંબૂકુમારના શણગારનું પણ વર્ણન થયેલું છે એ ધ્યાન ખેંચે એવી બાબત છે. કવિનાં વર્ણનો પ્રાસાદિક, છટાદાર ને પરંપરાગત અલંકારોથી શોભીતાં છે. એમાં 'વસંતવિલાસ' સાથેનું સામ્ય પણ કેટલેક સ્થાને દેખાય છે. [જ. કો.]

'જંબૂસ્વામી–રાસ' [૨.ઈ.૧૬૮૩] : નયવિજયશિષ્ય યશોવિજયની, દુહા-દેશીબદ્ધ ૫ અધિકાર (=ખંડો) ને ૩૭ ઢાળની આ કૃતિ(મુ.)માં જંબૂસ્વામીનું પ્રસિદ્ધ વૃત્તાંત ગૂંથાયેલું છે.

રાજગૃહ નગરના રાજા શ્રેણિકના પુત્ર જંબૂકુમાર સુધર્માસ્વામી-ના ઉપદેશથી દીક્ષા લેવા પ્રેરાય છે પણ આ પૂર્વે એ વિવાહિત હોવાથી માતાપિતાની અનુજ્ઞા એમને મળતી નથી. એમના આગ્રહને વશ થઈ એ ૮ કન્યાઓ સાથે લગ્ન કરે છે પરંતુ એમનું મન દીક્ષામાં હોવાથી પત્નીઓ અને માતાપિતાની સાથે એ ધર્મચર્ચા કરે છે, એમને દીક્ષા માટે સંમત કરે છે ને સૌની સાથે દીક્ષા લે છે. હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર'ના પરિશિષ્ટ પર્વનો ઘણો આધાર દર્શાવતા આ રાસમાં કેટલીક દૃષ્ટાંતકથાઓ યશોવિજયે યોજેલી છે ને એમાં એમની આગવી છાપ પણ ઊપસે છે. દીક્ષા લેવાના પક્ષે-વિપક્ષે થતી દલીલોના સમર્થન રૂપે યોજાયેલી આ દૃષ્ટાંતકથાઓમાં એક તરફ વિલાસની ને બીજી તરફ સંયમ-ઉપશમની કથાઓ છે એથી શાંતરસમાં નિર્વહણ પામતી આ કૃતિમાં શાંત ઉપરાંત શૃંગારનું પણ આલેખન થયેલું આપણને મળે છે.

નગર, નાયક, વરઘોડો આદિનાં વર્ણનોમાં ઊપસતાં વાસ્તવિક ને લાક્ષણિક ચિત્રોમાં, રૂપકશ્રેણી આદિનો આશ્રય લેતી અલંકારપ્રૌઢિમાં, ઊર્મિરસિત કલ્પનાશીલતામાં, વર્ણાનુપ્રાસ ને ઝડઝમકયુક્ત કાવ્ય-રીતિમાં કવિની વિશેષતા જણાય છે. ક્વચિત્ રાજસ્થાની ને હિંદીનો પ્રયોગ કરતી કવિની ભાષામાં પંડિતની સંસ્કૃતાઢ્ય બાની ઉપરાંત લોકવાણીના સંસ્કારો પણ જોવા મળે છે. ક્વચિત્ ક્લિષ્ટ બનતી એમની શૈલી સામાન્ય રીતે પ્રસાદ, માધુર્ય ને માર્મિકતાના ગુણ ધરાવે છે. દેશીઓનું વૈવિધ્ય આ કૃતિની સમૃદ્ધ ગેયતાનો નિર્દેશ કરે છે. [૨. સો.]

જાગેશ્વર : આ નામે કૃષ્ણભક્તિ અને ગોપીભાવનાં કેટલાંક પદો (૬ મુ.) મળે છે તે જાગેશ્વર–૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ગૂહાયાદી. [કી. જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાગેશ્વર–૧/યાગેશ્વર [ ] : લિબજીના પુત્ર. ૧૧૩ કડવાંએ અધૂરી મળતી 'રામાયણ' નામક કૃતિની રચના આ પિતા-પુત્રે સાથે મળીને કરી છે. કૃતિમાં બંનેનાં નામ અવારનવાર આવ્યાં કરે છે. ચોપાઈબંધમાં રચાયેલી આ કૃતિમાંનાં વર્ણનોની પ્રચુરતા અને રસાળતા તથા શબ્દરચના તેમ જ અલંકારના સૌંદર્યનો પ્રયત્ન ધ્યાન ખેંચે એવાં છે. વર્ણન તેમ જ પ્રસંગનિરૂપણમાં મૂળ 'રામાયણ'થી જુદા ને નવતર અંશો પણ ક્યારેક જોવા મળે છે, જેમ કે ગોભિલ્યની અસુંદરતાનું વર્ણન, રામની બ્રાહ્મણપ્રિયતા પ્રગટ કરતો પ્રસંગ વગેરે.

સંદર્ભ : ફાત્રૈમાસિક, જાન્યુ.-માર્ચ ૧૯૭૪ – 'લિબજી અને તત્સુત જાગેશ્વરનું રામાયણ,' દેવદત્ત શિ. જોશી. [કી.જો.]

જાદવ(મુનિ) [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના ગોંડલસંપ્રદાયના જૈન સાધુ. શ્રીપૂજ્ય ડુંગરસિંહજી સ્વામીની પરંપરામાં ગણેશજી (અવ.ઈ.૧૮૦૯)ના શિષ્ય. ૨૩ કડીના 'મેઘકુમારનું ચોઢાળિયું' (લે.સં.૧૮મી સદી અનુ; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા (શા) : ૨; ૨. જૈસસંગ્રહ (જૈ).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જાદવસુત [ ] : 'રાસલીલા'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

જાદવો [ ] : જ્ઞાતિએ કોળી. 'રામચરિતનાં પદ' ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

જાનકીબાઈ [ ] : કૃષ્ણલીલાનાં તથા અન્ય કેટલાંક પદો (૩ મુ.)ના કર્તા.

કૃતિ : ૧. બૂકાદોહન:૭; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, સપ્ટે., ૧૯૧૧ – 'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

જામાસ્પ[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ – અવ. ઈ. ૧૮૨૧] : પારસી દસ્તુર. આશાના અવટંક કે પિતાનામ. નવસારીના વતની. ઈ. ૧૭૧૯માં હયાત હોવાની માહિતી નોંધાયેલી છે તેમ જ ઈ. ૧૭૪૦માં સોનગઢમાં ગંગાજીરાવ ગાયકવાડ સમક્ષ એક અરજી રજૂ કરી હતી. મૌલવીઓ તેમ જ હિંદુ પંડિતો પાસેથી ફારસી, અરબી, સંસ્કૃત, જ્યોતિષ, વૈદક તથા રમલનો અભ્યાસ કરનાર આ વિદ્વાન ભરૂચના નવાબના સંસર્ગમાં આવેલા. જૂના ગ્રંથોના લેખન અને સંશોધનનું કાર્ય હાથ ધરી એમણે પોતાનું મોટું ગ્રંથાલય ઊભું કર્યું હતું. પ્રગતિશીલ સુધારક તરીકે પારસીકોમના રૂઢિયુસ્ત વાતાવરણને દૂર કરવામાં એમણે ભાગ ભજવ્યો હતો. ક્રાંતિકારક વિચારોથી ખળભળાટ મચાવનાર 'રેવાયત' તથા કાવ્યકૌશલમાં ફારસી અને મુસ્લિમ કવિઓની બરાબરી કરનાર 'દિવાન-ઓ-જામાસ્પ' એ કાવ્યગ્રંથ ફારસીમાં છે કે ગુજરાતીમાં તે સ્પષ્ટ થતું નથી. પરંતુ આ કવિએ પહેલવી, ફારસી યશતો અને સંસ્કૃત શ્લોકોની તથા મુખમ્મસો, મુસદ્દસો, મોનાજાતો અને ગઝલોની રચના કરી હોવાની તેમ જ 'યશતો' અને બીજા અનેક ધાર્મિક પુસ્તકોના ગુજરાતી અનુવાદ કર્યા હોવાની માહિતી નોંધાયેલી છે.

સંદર્ભ : પારસી સાહિત્યનો ઇતિહાસ, પીલાં ભીખાજી મકાટી, ઈ. ૧૯૪૯. [ર.ર.દ.]

જાવડ [ઈ.૧૫૧૫માં હયાત] : આખ્યાનકાર. મલિયાગર (મલબાર ?)ના બદનાવર/નાઓલ ગામના વતની. જ્ઞાતિએ વણિક. પોતાને વ્રજનાથ/વીજેનાથના દાસ તરીકે ઓળખાવે છે.

એમણે પ્રસિદ્ધ શિવરાત્રિકથાને વિષય કરતી, તત્કાલીન સામાજિક સ્થિતિને આલેખતી ને ઉપદેશાત્મક અંશોવાળી, ચોપાઈ-પૂર્વછાયાની ૪૦૦ કડીની 'મૃગલી-સંવાદ/મૃગી-સંવાદ/શિવરાત્રિકથા-ચોપાઈ' (૨. ઈ. ૧૫૧૫/સં. ૧૫૭૧, મહા–૭, મંગળવાર) એ કૃતિ રચી છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ☐ ૨. ગૂહાયાદી; ૩. રાપુહસૂચી : ૧. [ર.સો.]

જિણ – : જુઓ જિન–.

જિણદાસ : જિણદાસને નામે ૪ કડીનું 'વૈરાગ્ય-ગીત' નોંધાયેલું છે તે કયા જિણદાસ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ :૩(૧). [ચ.શે.]

જિતરંગ[ઈ. ૧૮૧૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષની પરંપરામાં જયચંદના શિષ્ય. ૭ કડીના 'સુપાર્શ્વનાથ-જિનેશ્વર-સ્તવન' (ર.ઈ.૧૮૧૫/સં.૧૮૭૧, માઘ સુદ ૧૧, શનિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : (ઉપાધ્યાય ક્ષમાવિજયજી વિરચિત) ચૈત્યવંદન સ્તવન સંગ્રહ, પ્ર. સુગનચંદજી ઉ. બાંઠિયા, સં. ૧૯૮૨. [કી.જો.]

જિતવિજય(ગણિ)–૧[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ-વિજયસેનસૂરિના શિષ્ય કનકવિજયના શિષ્ય. સંભવત: વિજયસેનસૂરિના આચાર્યકાળ(ઈ.૧૫૭૪થી ઈ.૧૬૧૬)માં રચાયેલ ૯૫ કડીના 'સુપાર્શ્વ-જિન-સ્તવન' ("સંવત સંખ્યા મનિ ધરુઓ, સ્વેતવાડય ઋતુસાર કી અબ્દ હવઈ ભાણુંઓ ઇન્દ્રીસખી મનુ ધરુ ઓ," આસો સુદ ૧૩, શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.સો.]

જિતવિજય–૨ [ઈ.૧૬૭૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં જીવવિજયના શિષ્ય. 'હરિબલમાછીચોપાઈ/રાસ'(૨. ઈ. ૧૬૭૦/સં.૧૭૨૬, પોષ સુદ ૨, શનિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.સો.]

જિતવિજય–૩ [ ] : જૈન સાધુ. જિનચંદશિષ્ય. ૨૩/૨૫ કડીના ભુજંગીમાં રચાયેલા 'ગોડી-પાર્શ્વનાથ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છંદ' (મુ.) અને ૫ કડીના 'વાસુપૂજ્ય-સ્તવન' (લે. સં.૧૮મી સદી અનુ.) ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જિતવિજય–૪ [ ] : જૈન સાધુ. વિનીતવિજયના શિષ્ય. ૫ કડીના 'પાર્શ્વનાથસ્તવન(ગોડી)' (લે. સં. ૧૮મી સદી અનુ.) ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

જિતવિમલ :આ નામે ૨૨૫ ગ્રંથાગ્રના 'ઋષભપંચાશિકા-બાલાવબોધ' (૨.ઈ.૧૬૮૮) મળે છે તે જિતવિમલ-૧ હોવાની સંભાવના છે. પણ તે વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨,૩(૨). [૨.સો.]

જિતવિમલ–૧ [ઈ.૧૭૦૧માં હયાત] : જૈન સાધુ. જીવવિમલના શિષ્ય. ૨૪ કડીના 'મોહબંધસ્થાન-વિચારગર્ભિત શ્રી મહાવીરજિન-સ્તવન'(૨.ઈ.૧૭૦૧/સં.૧૭૫૭, આસો સુદ ૧૫, બુધવાર; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ : ૨. [૨.સો.]

જિતવિમલ–૨[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૧૩ કડીના 'ઋષભદેવજિન-સ્તવન'(૨.ઈ.૧૮૩૧/ સં.૧૮૮૭, મહા વદ ૩, મંગળ/શુક્રવાર; મુ.), ૬ કડીના 'સિદ્ધાચલ–સ્તવન' (૨.ઈ. ૧૮૩૧/ સં. ૧૮૮૭, ચૈત્ર સુદ ૧૫, સોમવાર; મુ.), ૯ કડીના 'સિદ્ધા-ચલ-સ્તવન' (૨. ઈ. ૧૮૩૧/સં. ૧૮૮૭, ચૈત્ર વદ ૨, બુધવાર; મુ.), ૯ કડીના '(શંખેશ્વર)પાર્શ્વજિન–સ્તવન' (૨. ઈ. ૧૮૩૨/ સં. ૧૮૮૮, ચૈત્ર સુદ ૧૫, રવિવાર; મુ.) તથા અન્ય કેટલાંક મુદ્રિત સ્તવનોના કર્તા.

કૃતિ : ૧. પ્રાસ્તરત્નસંગ્રહ : ૨; ૨. શંસ્તવનાવલી. [૨.સો.]

જીતા [ ] : જાતના કોળી હોવાની અનુશ્રુતિ. એમના ગોપીના હૃદયોદ્‌ગાર રૂપે કૃષ્ણભક્તિનાં ૩ પદો (મુ.) મળે છે, જેમાં પરંપરાગત અલંકારો ને અભિવ્યક્તિ છટા ઉપરાંત લોકભાવ ને કલ્પનાનો વિનિયોગ છે.

કૃતિ : પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ગૂહાયાદી. [કા.શા.]

જીતા–૧[ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જીતા-મુનિ-નારાયણ એવા નામથી ઓળખાતા આ સંતકવિ હરિકૃષ્ણજીના શિષ્ય હતા. મૂળ નડિયાદના બારોટ હોવાનું કહેવાય છે. સુરત પાસે અમરોલીમાં તથા ઉતરાણમાં એમના આશ્રમ હતા. સમાધિ ઉતરાણમાં.

એમનાં ૨૨ પદો અને ૬૪ સાખીઓ (મુ.) મળે છે. એમાં હરિભક્તિબોધ, આત્મતત્ત્વની વિચારણા ને આત્મસાક્ષાત્કારના સાધન રૂપે ધ્યાનયોગનું નિરૂપણ થયેલું છે. નિરૂપણમાં અખાની જેમ દૃષ્ટાંતોનો પ્રચુર ઉપયોગ કર્યો છે. હિંદી ગદ્યમાં સુલતાન મુઝફ્ફરશાહ પર પત્ર રૂપે લખાયેલો મનાતો 'કાફરબોધ' (મુ.) હિંદુ-મુસ્લિમ ધર્મવિચારની અભિન્નતાના ઉપદેશથી ધ્યાન ખેંચે છે.

કૃતિ : ૧. સંતોની વાણી, સં. ભગવાનજી મહારાજ, ઈ.૧૯૨૦ (+સં.); ૨. પરિચિતપદસંગ્રહ, પ્ર.સસ્તુંસાહિત્ય વર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.).

સંદર્ભ : અસંપરંપરા. [કા.શા.]

જિન [ઈ.૧૭૦૧માં હયાત] : તપગચ્છના વિજયદેવસૂરિની પરંપરાના જૈન સાધુ. પૂરું નામ જિનવિજય હોવાની શક્યતા છે. વિજયરત્નસૂરિની પ્રશસ્તિ કરતી ૯ કડીની સઝાય (૨.ઈ.૧૭૦૧/ સં. ૧૭૫૭, આસો સુદ ૧૦; મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાળા : ૧. [૨.સો.]

જિનકીર્તિ : આ નામે પ્રાકૃતરચના 'પુણ્યફલકુલક/સામયિકપૌષધ ફલકુલક' (લે. સં. ૧૭મી સદી અનુ.) ગુજરાતી સ્તબક સાથે નોંધાયેલ મળે છે તેના કર્તા કયા જિનકીર્તિ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જિનકીર્તિ(સૂરિ)–૧[જ.ઈ.૧૭૧૬/સં.૧૭૭૨, વૈશાખ સુદ ૭ –અવ. ઈ. ૧૭૬૩] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનસાગરની પરંપરામાં જિનવિજયના શિષ્ય. ખીવસરાગોત્ર. જન્મ મારવાડમાં ફલોધીમાં. મૂળ નામ કિસનચંદ્ર. પિતા ઉગ્રસેન શાહ. માતા ઉચ્છરંગદેવી. ભટ્ટારકપદ ઈ. ૧૭૪૧માં. અવસાન બીકાનેરમાં. તેમની પાસેથી 'ચોવીશી' (૨.ઈ.૧૭૫૨/સં.૧૮૦૮,ફાગણ-૧૧; અંશત: મુ.) અને ૪ ઢાળનું 'લોદ્રવાપાર્શ્વનાથ-વૃદ્ધ-સ્તવન' મળે છે.

કૃતિ : જૈગૂસારત્નો : ૨(+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૧, ૨). [શ્રા.ત્રિ.]

જિનકુશલ(સૂરિ) : આ નામે 'પાર્શ્વજિન-સ્તુતિ' (લે. સં. ૨૦મી સદી અનુ.) મળે છે. આ જિનકુશલ-૧ છે કે જુદા તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજ્ઞેજ્ઞાસૂચિ :૧. [શ્રા.ત્રિ.]

જિનકુશલ–૧[ઈ.૧૬૨૨માં હયાત] : જૈન સાધુ. 'અગડદત્તચોપાઈ' (૨.ઈ.૧૬૨૨)ના કર્તા.

ઉપર્યુક્ત જિનકુશલ તે તપગચ્છમાં હાનર્ષિગણિની પરંપરામાં થયેલા દામર્ષિગણિશિષ્ય જિનકુશલગણિ હોય તો તેમની રણથંભોરના મહામાત્ય ખીમસિંહ અગ્રવાલ વિશેની ૮ સર્ગની 'પુણ્યપ્રકાશ-કાવ્ય' (૨.ઈ.૧૫૯૪) તથા ૨૦ કડીની 'પાર્શ્વનાથતીર્થમાલાસ્તવન' (૨.ઈ.૧૫૯૬) એ કૃતિઓ પણ નોંધાયેલી મળે છે. આ જિનકુશલ-ગણિ ઈ.૧૬૬૪ સુધી હયાત હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, મુનિશ્રી દર્શન-વિજય વગેરે, ઈ. ૧૯૬૪; ☐૨. હેજ્ઞેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

જિનચંદ્ર : આ નામે ૯ કડીની 'ગોડીપાર્શ્વ-સ્તવન' (૨.ઈ. ૧૬૬૬/સં. ૧૭૨૨, વૈશાખ વદ ૮; મુ.), સંસ્કૃત તેમ જ ગુજરાતીમાં 'ભક્તામર-સ્તોત્ર'ની બાલાવબોધિની ટીકા (૨. ઈ. ૧૬૭૬) તથા ૯ કડીનું '(મહેવામંડન) પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૭૭૮/સં.૧૮૩૪, વૈશાખ વદ ૫; મુ.) અને જિનચંદ્રસૂરિને નામે ૩૫ કડીની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જિનકુશલસૂરિઅષ્ટપ્રકારી–પૂજા' (૨.ઈ.૧૭૯૭) એ રચનાસમયના નિર્દેશવાળી કૃતિઓ મળે છે તેમના કર્તા કયા જિનચંદ્ર કે જિનચંદ્રસૂરિ છે એ નક્કી કરવું મુશ્કેલ છે કેમકે, એક જ સમયે હયાત એવા એકથી વધુ જિનચંદ્ર મળે છે.

આ ઉપરાંત, જિનચંદ્રસૂરિને નામે 'માલઊઘટણ' વગેરે તથા જિનચંદ્રને નામે ૨૨ કડીની 'પાર્શ્વનાથવિનતી' વગેરે ઘણી કૃતિઓ (કેટલીક મુ.) મળે છે, જેમાંની કેટલીક કૃતિઓ પરત્વે ખરતરગચ્છનો નિર્દેશ મળે છે તેમ જ કેટલીક કૃતિઓ હિંદી રાજસ્થાની ભાષામાં પણ ચાલે છે. આ બધી કૃતિઓના કર્તા વિશે પણ નિશ્ચિતપણે કશું કહી શકાય એમ નથી. જુઓ જૈનચંદ.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ચૈસ્તસંગ્રહ : ૨, ૩; ૩. જૈકાપ્રકાશ : ૧; ૪. જૈપ્રપુસ્તક : ૧; ૫. જૈરસંગ્રહ; ૬. શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; □ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનચંદ્ર(સૂરિ)–૧ [જ. ઈ. ૧૫૩૯/સં. ૧૫૯૫, ચૈત્ર વદ ૧૨ – અવ. ઈ. ૧૬૧૪/સં. ૧૬૭૦, આસો વદ ૨] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિના શિષ્ય. જોધપુર પાસે વડલી કે ખેતસર ગામમાં જન્મ. વીસા ઓશવાળ જ્ઞાતિ. રીહડ ગોત્ર. પિતા શાહ શ્રીવંત. માતા સિરિયાદેવી (શ્રીયાદેવી). મૂળ નામ સુલતાનકુમાર. દીક્ષા ઈ. ૧૫૪૮માં અને દીક્ષાનામ સુમતિધીર. ઈ. ૧૫૫૬માં આચાર્યપદ. અકબર બાદશાહને પ્રતિબોધી એમણે વર્ષમાં ૧ સપ્તાહ માટે અમારિ (જીવવધનિષેધ) ઘોષણા કરાવેલી તેમ જ સર્વદર્શનના સાધુઓને દેશ બહાર કરવાનો જહાંગીરનો હુકમ રદ કરાવેલો. અકબર બાદશાહ પાસેથી 'યુગપ્રધાન'નું બિરુદ મેળવનાર આ જૈનાચાર્યે સાંપ્રદાયિક ઉત્કર્ષનાં પણ ઘણાં કામો કર્યાં હતાં અને વિદ્વાન સાધુઓનો બનેલો એમનો વિશાળ શિષ્ય સમુદાય હતો. એમણે બિલાડામાં અનશનપૂર્વક દેહત્યાગ કર્યો.

૮ પ્રકારના મદમાંથી છૂટવાનો ઉપદેશ આપતી ૧૭ કડીની 'અષ્ટમદ-ચોપાઈ', રૂપકશૈલીએ જોગીનાં સાચાં લક્ષણો વર્ણવતી ૧૨ કડીની 'જોગીવાણી' તથા ૮ કડીનું '(વિક્રમપુરમંડણ) આદિજિનસ્તવન' એ આ કવિની મુદ્રિત કૃતિઓ છે. એમણે તૈયાર કરાવેલા આચારના ૨ નિયમોના પત્રો પણ મુદ્રિત મળે છે. એમને નામે નોંધાયેલી 'બારભાવનાઅધિકાર', 'શીયલવતી,' અને 'સાંબપ્રદ્યુમ્નચોપાઈ' (૨. ઈ. ૧૫૬૪ આસપાસ) એમની કૃતિઓ હોવાનું શંકાસ્પદ લેખાયું છે.

જિનચંદ્રસૂરિએ સંસ્કૃતમાં 'પૌષધવિધિ પ્રકરણ'ની વૃત્તિ (૨. ઈ. ૧૫૬૧) અને કેટલાંક સ્તવનો રચેલાં છે.

કૃતિ : યુજિનચંદ્રસૂરિ – 'ક્રિયાઉદ્ધાર નિયમપત્ર', 'શ્રી જિનચંદ્રસૂરિકૃત સમાચરી', 'અષ્ટમાત ચૌપાઈ', 'વિક્રમપુરમંડણ આદિજિન સ્તવન', 'જોગીવાણી' (+ સં.).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; □ ૨. જૈગૂકવિઓ : ૧. [ચ.શે.]

જિનચંદ્ર(સૂરિ)–૨[જ. ઈ.૧૬૩૭ – અવ. ઈ.૧૭૦૭] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં જિનરત્નસૂરિના શિષ્ય. બીકાનેરવાસી ગણધર-ચોપડા ગોત્રના શાહ આસકરણના પુત્ર. માતા રાજલદે/સુપિયારદેવી. મૂળનામ હેમરાજ. ૧૨મા વર્ષે જિનરત્નસૂરિ પાસે દીક્ષા. દીક્ષાનામ હર્ષલાભ. ઈ.૧૬૫૫માં પદપ્રાપ્તિ. સુરતમાં અવસાન.

૫ ઢાળ અને ૨૩ કડીનું 'જિનવર-સ્તવન/છન્નુ જિન-સ્તવન' (૨.ઈ.૧૬૮૬; મુ.) '(લોદ્રપુરમંડન) પાર્શ્વસ્તવન' (૨.ઈ.૧૬૮૭/સં. ૧૭૪૩, ચૈત્ર વદ ૬, બુધવાર), અને જિનરત્નસૂરિનું ચરિત્રગાન કરતું ૧૧ કડીનું ગીત (મુ.) તથા અન્ય સ્તવનો તેમણે રચ્યાં છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ :૧.જૈગૂકવિઓ: ૨-'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; □ ૨. જૈગૂકવિઓ : ૩ (૨); ૩. મુપુગૂહસૂચી. [ચ.શે.]

જિનચંદ્ર(સૂરિ)–૩ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ – અવ.ઈ.૧૬૫૭/ સં. ૧૭૧૩, પોષ–૧૧, મંગળ/શુક્રવાર] : ખરતરગચ્છની વેગડશાખાના જૈન સાધુ. જિનગુણપ્રભસૂરિ-જિનેશ્વરસૂરિના શિષ્ય. બિકાનેરવાસી બાફણાગોત્રીય રૂપજી શાહ અને રૂપાદેના પુત્ર. જન્મનામ વીરજી. લઘુવયમાં દીક્ષા. દીક્ષાનામ વીરવિજય. અનશન દ્વારા દેહત્યાગ. 'રત્નવતી-રત્નશેખરનૃપ-પ્રબંધ'(૨.ઈ.૧૬૨૦); 'રાજસિંહ-ચોપાઈ'-(૨.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો સુદ ૩), 'ઉત્તમકુમાર-ચોપાઈ'-(૨.ઈ.૧૬૪૨/સં.૧૬૯૮, ભાદરવા સુદ ૧૩), ૬ ખંડ અને ૫૧ ઢાલની 'દ્રુપદીચરિત્ર-ચોપાઈ' (૨.ઈ.૧૬૪૨/સં.૧૬૯૮, આસો વદ ૧૨) તથા 'રામપસેણી સૂત્રાર્થ ચોપાઈ/કેશી પ્રદેશી ચઉપઈ'(૨.ઈ.૧૬૫૩/સં. ૧૭૦૯, અષાઢ–૩, સોમવાર) તેમની કૃતિઓ છે. છેલ્લી કૃતિ ભૂલથી જિનરંગસૂરિશિષ્ય જિનચંદ્રને નામે મુકાયેલી છે.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; □૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદ નાહટા; □૩. જૈગૂકવિઓ : ૩ (૧); ૪. ડિકેટલૉગભાવિ; ૫. મુપુગૂહસૂચી. [ચ.શે.]

જિનચંદ્ર(સૂરિ)–૪ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] :ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં જિનરંગસૂરિના શિષ્ય. ૪૭ ઢાળની 'મેઘકુમાર-ચોપાઈ'(૨.ઈ.૧૬૭૧/સં.૧૭૨૭, કારતક સુદ ૫)ના કર્તા. જુઓ જિનેશ્વરસૂરિ.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૩ (૨). [ચ.શે.]

જિનચંદ્ર(સૂરિ)–૫[જ.ઈ.૧૭૫૩ – અવ.ઈ.૧૮૦૦/સં. ૧૮૫૬, જેઠ સુદ ૩] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનલાભસૂરિના શિષ્ય. બીકાનેરના વતની. વચ્છાવતમુહતા ગોત્ર. પિતા રૂપચંદ્ર. માતા કેસરદેવી. જન્મ કલ્યાણસરમાં. મૂળનામ અનૂપચંદ્ર. દીક્ષા ઈ.૧૭૬૬માં. દીક્ષાનામ ઉદયસાર કે દયાસાર. સૂરિપદ ઈ.૧૭૭૮માં. અવસાન સુરતમાં. ૪ કડીની 'જ્ઞાનપંચમીની સ્તુતિ' (મુ.) તથા ૧૧ કડીની 'જિનપૂજા-સ્તવન/જિનબિંબસ્થાપના-સ્તવન' (મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ચૈસ્તસંગ્રહ : ૨; ૩. જૈકાસાસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; □૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનચંદ્ર–૬ [ઈ. ૧૭૮૧માં હયાત] : સંભવત: ખરતરગચ્છના જૈન સાધુ. એમની કૃતિઓમાં ગૂંથાતા 'લાભઉદય' એ શબ્દમાં ગુરુનામનો સંકેત હોવાનું સમજાય છે. જેસલગિરિની યાત્રા વખતે રચાયેલું ૯ કડીનું 'પાર્શ્વનાથજીનું લઘુ-સ્તવન' (૨.ઈ.૧૭૮૫/સં. ૧૮૪૧, માગશર સુદ ૧૧), ૧૦ કડીનું 'પંચતીર્થીનું સ્તવન', ૭ કડીનું 'આદીશ્વરજિન-સ્તવન' તથા ૫ અને ૯ કડીનાં ૨ પદ–એ મુદ્રિત કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. જૈકાપ્રકાશ : ૧. [ચ.શે.]

જિનચંદ્ર–૭[ ] : જૈન સાધુ. કૃતિમાં આવતો જિનહર્ષ શબ્દ ગુરુનામનો સૂચક હોઈ શકે. ખરતરગચ્છની પિપ્પલકશાખાના જિનહર્ષસૂરિના શિષ્ય હોય તો તેમનો સમય ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ ગણાય. તેમણે રચેલી ૪ કડીની 'નવ-પદજીની સ્તુતિ' (મુ.) મળે છે.

કૃતિ : અરત્નસાર.

સંદર્ભ : જૈજૈકાસંગ્રહ. [ચ.શે.]

જિનચંદ્ર(યતિ)–૮[ ] : જૈન સાધુ. "જિનચંદ્રજતીસર" એવી નામછાપવાળી આંતરપ્રાસ ધરાવતી ૪ કડીની 'દિવાળીપર્વની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩. [ચ.શે.]

જિનચંદ્ર(સૂરિ)શિષ્ય : ૧૦ કડીની 'જિનચંદ્રસૂરિ-ચોપાઈ', 'ગુર્વાવ-લીવર્ણના-ચોપાઈ',૧૫ કડીની 'વાડીપાર્શ્વનાથજિન-છંદ', જિનચંદ્ર-સૂરિ વિશેનાં પદો તથા ચંદ્રાયણાના કર્તા કયા જિનચંદ્રસૂરિના શિષ્ય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજ જીવન, બાબુલાલ મ. શાહ, ઈ.૧૯૭૮; ☐ ૨. જૈમગૂકરચનાઓ: ૧; ૩. હેજૈજ્ઞાસૂચિ :૧. [કી.જો.]

જિનચંદ્ર(સૂરિ)શિષ્ય–૧[ઈ. ૧૩મી સદી ઉત્તરાર્ધ – ઈ.૧૪મી સદી પૂર્વાર્ધ] : જૈન.ખરતરગચ્છના જિનપ્રબોધસૂરિશિષ્ય જિનચંદ્રસૂરિ (આચાર્યકાળઈ.૧૨૮૫થી ઈ.૧૩૨૦)ના શિષ્ય. વસંતવર્ણનની ભૂમિકા સાથે જિનચંદ્રસૂરિએ કરેલા કામવિજયનું વર્ણન કરતા 'જિનચંદસૂરિ-ફાગુ'(મુ.) તથા અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં ૬ કડીની 'યુગવરગુરુ-સ્તુતિ' અને ૭ કડીની 'આદિનાથ-બોલી' એ કૃતિઓના કર્તા.

કૃતિ : પ્રાફાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

જિનચંદ્ર(સૂરિ)શિષ્ય–૨[ઈ.૧૫૭૭માં હયાત] : જૈન. ખરતરગચ્છના જિનમાણિક્યસૂરિશિષ્ય ચંદ્રસૂરિના શિષ્ય. જિનચંદ્રસૂરિ પાસે શ્રાવિકા ગેલીએ ઈ.૧૫૭૭/સં.૧૬૩૩, ફાગણ વદ ૫ના રોજ વ્રત લીધાં તેનું વર્ણન કરતા 'બારવ્રત-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો]

જિનતિલક–૧ [ ] : તપગચ્છ-રત્નાકર ગચ્છના જૈન સાધુ. હેમચંદ્રના શિષ્ય. ૩૭ કડીની 'ચૈત્યપરિપાટી'-ના કર્તા.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, સં. મુનિશ્રી દર્શન વિજય વગેરે, ઈ.૧૯૬૪; ૨. ઐરાસંગ્રહ : ૩. [કી.જો.]

જિનતિલક–૨ [ ] : રત્નાકરગચ્છના જૈન સાધુ. 'ચૈત્ય-પરિપાટી'ના કર્તા.

સંદર્ભ : ઐરાસંગ્રહ(પ્રસ્તા.) : ૩. [કી.જો.]

જિનદત્ત(સૂરિ)–૧[ઈ.૧૬૬૯માં હયાત] : જૈનસાધુ.'ધન્ના–ચોપાઈ' (૨. ઈ. ૧૬૬૯)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

જિનદત્ત(ઋષિ)–૨[ ] : જૈન સાધુ. 'જીવઋષિનો ભાર' એ નામની કૃતિના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [શ્રા.ત્રિ.]

જિનદાસ(બ્રહ્મ)–૧[ઈ.૧૪૬૪માં હયાત] : દિગંબર મૂલસંઘના સરસ્વતીગચ્છના જૈન સાધુ. સકલકીર્તિ-ભુવનકીર્તિના શિષ્ય. બ્રહ્મચારી કોટિના સાધુ હોવાથી પોતાને બ્રહ્મ તરીકે ઓળખાવે છે. સંસ્કૃતમાં 'રામચરિત' વગેરે કાવ્યોની રચના કરનાર આ વિદ્વાન કવિએ ગુજરાતીમાં અનેક કથાત્મક કાવ્યોની રચના કરી છે. તેમાં દુહા-ઢાળબદ્ધ ૯ ભાસ ને ૨૦૪ કડીની 'સુગંધદશમી-કથા'(મુ.) સુગંધ દશમીવ્રતનો મહિમા બતાવતી, અપરમાની અવળાઈ છતાં રાજરાણીપદ પામતી સુગંધકુંવરીની કથા વર્ણવે છે. ને આ પરંપરાની ગુજરાતી કૃતિ તરીકે નોંધપાત્ર બને છે. સીધી કથા કહી જતી આ કૃતિમાં સુંદર ધ્રુવાઓ અને વિવિધ લોકપ્રિય ઢાળોના વિનિ-યોગથી મનોહર ગેયતા સિદ્ધ થયેલી છે.

એમની અન્ય રાસકૃતિઓમાં 'હરિવંશ રાસ' (૨.ઈ.૧૪૬૪/ સં. ૧૫૨૦, વૈશાખ સુદ ૧૪), 'યશોધર-રાસ', ૪૫૦૦ ગ્રંથાગ્રનો 'આદિનાથ-રાસ','શ્રેણિક-રાસ', પૂજાફલવિષયક 'કરકંડુ-રાસ', 'હનુમંત-રાસ', 'સમકિતસાર-રાસ', 'સાસરવાસોનો રાસ', વજ્રસેન અને જયાવતીની કથા કહેતા ૧૨૮ દુહાના 'પુષ્પાંજલિ વ્રત-રાસ', 'રામાયણ-રાસ' (૨. ઈ. ૧૪૬૪), 'અનંતવ્રત-રાસ', અને 'અંબિકા-રાસ'નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સુકુમાલ, ચારુદત્ત, શ્રીપાલ, જીવન્ધર, નાગશ્રી, નાગકુમાર, જંબૂસ્વામી, જોગી, પ્રદ્યુમ્ન, ધનપાલ, પુરંદર, પંચ-પરમેષ્ઠી, ધર્મપરીક્ષા, પોડશકારણ, લબ્ધિવિધાક, અષ્ટાભિક, શ્રુતિ-સ્કંધ, આકાશપંચમી, નિર્દોષસપ્તમી, કાલશદશમી, અનંતચતુર્દશી, ચંદનષષ્ઠી, ભદ્રસપ્તમી, શ્રાવણદ્વાદશી એ વિષયોના કથાનકો રચ્યાં હોવાનું અને એમનાં કુલ કથાકાવ્યો ૫૦ ઉપરાંત હોવાનું નોંધાયું છે. એમણે પૂજાપાઠવિષયક અનેક રચનાઓ કરી હોવાની માહિતી પણ મળે છે. 'દશલક્ષણિકધર્મપૂજા' તથા 'શ્રુતિજયમાલા' વગેરે કેટલીક કૃતિઓ સંસ્કૃત અને ગુજરાતી બન્ને ભાષામાં ચાલે છે. કવિની ગુજરાતી ભાષામાં હિંદી-રાજસ્થાની ભાષાનો પ્રભાવ વરતાય છે. તે ઉપરાંત હિંદી ભાષામાં એમની 'ધર્મ-પચીસી' નામે કૃતિ પણ નોંધાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : સુગંધદશમી કથા,સં.હીરાલાલ જૈન, ઈ.૧૯૬૬ (+ સં.).

સંદર્ભ : ૧. હિસ્ટરી ઑવ્ રાજસ્થાની લિટરેચર, હીરાલાલ મહેશ્વરી, ઈ. ૧૯૪૦ ☐ ૨. કૅટલૉગગુર્સા; ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. જૈહાપ્રોસ્ટા; ૫. મુપુગૂહસૂચી; ૬. રાહસૂચી : ૧. [ચ.શે.]

જિનદાસ–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિના શિષ્ય. પરદેશ ખેડવા નીકળેલા ૩ વેપારીઓની કથા દ્વારા જુગારનાં બૂરાં ને જીવદયાનાં રૂડાં પરિણામ સમજાવતો ૬ ઢાળનો 'વ્યાપારી-રાસ'(૨.ઈ.૧૬૬૩/સં.૧૭૧૯, માગશર-૬, મંગળ/શુક્રવાર; મુ.), ૪૨ કડીનો 'જોગી-રાસ' તથા 'પુણ્યવિલાસ-રાસ' એ એમની કથાત્મક કૃતિઓ છે. આ ઉપરાંત ગિરનારની યાત્રા વખતે રચાયેલ 'નેમિનાથ-સ્તવન' (૨.ઈ.૧૬૫૫/સં. ૧૭૧૧, આસો સુદ ૨; મુ.) તેમ જ અન્ય સ્તુતિઓ, પદો અને લાવણીઓ વગેરે આ કવિએ રચ્યાં હોવાનું અને તે મુદ્રિત હોવાનું નોંધાયું છે. વસ્તુત: જિનદાસની નામછાપવાળી ઘણી સ્તુતિરૂપ અને ઉપદેશાત્મક લાવણીઓ હિંદી ભાષામાં મુદ્રિત મળે છે.

કૃતિ : ૧. વ્યાપારી રાસ, શા. ભીમસિંહ માણેક, સં. ૧૯૬૯; ☐ ૨. ચૈસ્તસંગ્રહ : ૨,૩ ; ૩. જૈકાપ્રકાશ : ૧; ૪. જૈકાસંગ્રહ; ૫. જૈપ્રપુસ્તક : ૧; ૬. જૈસમાલા(બા) :૧.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનદેવ [ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ.સોમસુંદરસૂરિના શિષ્ય. એમના આચાર્યકાળ (ઈ.૧૪૦૧ – ઈ. ૧૪૪૩)માં રચાયેલા ૫ ઢાળ ને ૩૧ કડીના 'સત્તાવીસ ભવનું મહાવીરસ્વામીનું સ્તવન' (લે.ઈ.૧૪૧૭)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૪૯ – '(શ્રી સોમસુંદરસૂરિ સેવક જિનદેવ કૃત) સત્તાવીશ ભવનું શ્રી મહાવીર સ્તવન', સં. કંચનવિજયજી (+સં.). [કી.જો.]

જિનપદ્મ(સૂરિ) [ઈ.૧૪મી સદી પૂર્વાર્ધ – અવ. ઈ. ૧૩૪૪/સં. ૧૪૦૦, વૈશાખ સુદ ૧૪] : ખરતરગચ્છના જૈન સાધુ. પંજાબના છાજહડ કે ખીમડ કુળમાં જન્મ. પિતા આંબા શાહ. માતા કીકી. ઈ. ૧૩૩૩/૧૩૩૪માં સૂરિપદ. સૂરિપદ આઠમે વર્ષે આપાયું હોવાની ને તેથી જન્મ ઈ.૧૩૨૬માં હોવાની માહિતી પણ નોંધાયેલી છે, પરંતુ તે પૂરતી અધિકૃત હોવાનું જણાતું નથી. બાલ્યાવસ્થાથી જ સરસ્વતી પ્રસન્ન. તેથી પાટણસંઘે તેમને 'બાલ-ધવલ-કૂર્ચાલ – સરસ્વતી'નું બિરુદ આપેલું.

આ કવિનું દુહા-રોળાબદ્ધ ૨૭ કડી ને ૭ ભાસનું 'સ્થૂલિભદ્ર–ફાગુ'←(મુ.) પ્રાપ્ત ફાગુકાવ્યોમાં પ્રાચીનતાની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. સ્થૂલિભદ્રના કામવિજયનો મહિમા ગાવા રચાયેલા આ કાવ્યમાં વર્ષાઋતુ અને કોશાના સૌંદર્યનાં આલંકારિક વર્ણનો, નાટ્યાત્મક પ્રસંગ-ભાવ-ચિત્રણ ને કવિની ભાષાપ્રૌઢી આસ્વાદ્ય છે. આ ઉપરાંત, આ કવિને નામે ૨૬ કડીનું 'શત્રુંજય-ચતુર્વિંશતિ-સ્તવન' નોંધાયેલું છે.

કૃતિ : ૧. પ્રાગૂકાસંગ્રહ; ૨. પ્રાગૂકાસંચય; ૩. પ્રાફાગુસંગ્રહ (+સં.); ☐ ૪. ફાત્રૈમાસિક, એપ્રિલ-સપ્ટે. ૧૯૫૪ – 'જિનપદ્મસૂરિકૃત શ્રી સ્થૂલિભદ્રફાગુ' સં. હરિવલ્લભ ચૂ. ભાયાણી(+ સં.).

સંદર્ભ : ૧. અલંકરિસ્યે : ૧; ૨. ઉપક્રમ, ધ્યંત કોઠારી, ઈ. ૧૯૬૯ – 'સ્થૂલિભદ્રવિષયક ત્રણ ફાગુકાવ્યો'; ૩. ઐજૈકાસંગ્રહ; ૪. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૫. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૬. જૈમગૂકરચનાઓ :૧. [ચ.શે.]

જિનપ્રભ(સૂરિ)શિષ્ય : ૭ કડીના 'નવકારનો લઘુ-છંદ/પંચ પરમેષ્ઠી-નમસ્કાર'(મુ.)ના કર્તા જૈન સાધુ કયા જિનપ્રભસૂરિના શિષ્ય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧.ચૈસ્તસંગ્રહ:૨; ૨.જૈકાપ્રકાશ : ૧;☐ ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

જિનપ્રભ(સૂરિ)શિષ્ય–૧[ઈ.૧૩મીસદી ઉત્તરાર્ધ–ઈ.૧૪મીસદી પૂર્વાર્ધ]: જૈન. લઘુખરતરગચ્છના જિનસિંહસૂરિશિષ્ય જિન પ્રભસૂરિના શિષ્ય. જિનપ્રભસૂરિના આચાર્યકાળ (ઈ.૧૨૮૫-ઈ. ૧૪મી સદી પૂર્વાર્ધ)માં રચાયેલાં એમની પ્રશસ્તિ કરતાં ૨ ગીતો (મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+સં.).

સંદર્ભ : જૈન પરંપરાનો ઇતિહાસ : ૨, મુનિ શ્રી દર્શનવિજય વગેરે, ઈ. ૧૯૬૦. [કી.જો.]

જિનભક્તિ [ ] : 'જિનભક્તિ' તેમ જ 'જિનભક્તિસૂરિ' એવી નામછાપથી તીર્થ તેમજ તીર્થંકરવિષયક કેટલાંક સ્તવનો (૩ મુદ્રિત) મળે છે તેમાંથી અમુક સ્તવનો પરત્વે એ ખરતરગચ્છના જિનસુખસૂરિશિષ્ય જિનભક્તિસૂરિની રચનાઓ હોવાનું નોંધાયું છે, જે સંભવિત હકીકત જણાય છે. આ જિનભક્તિસૂરિ(જ.ઈ.૧૭૧૪/સં.૧૭૭૦, જેઠ સુદ ૩ – અવ. ઈ.૧૭૪૮/સં.૧૮૦૪, જેઠ સુદ ૪) શેઠ ગોત્રના ઈન્દ્રપાલસરના નિવાસી હરિચંદ્ર શાહ તથા હરિસુખદેવીના પુત્ર હતા. મૂળ નામ ભીમરાજ. દીક્ષા ઈ. ૧૭૨૩. દીક્ષાનામ ભક્તિક્ષેત્ર. સૂરિપદ ઈ.૧૭૨૩/૧૭૨૪માં. અવસાન માંડવી (કચ્છ)માં.

કૃતિ : ૧. અરત્નસાર; ૨.ચૈસ્તસંગ્રહ : ૩; ૩. જિનપ્રકાશ.

સંદર્ભ :૧.ઐજૈકાસંગ્રહ; ૨.જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જિનભદ્ર(સૂરિ)[ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ – અવ.ઈ.૧૪૫૭/સં.૧૫૧૪, માગશર/મહા વદ ૯] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિના પટ્ટધર. મૂળ નામ ભાદો/ભાડે. ગોત્ર ભણશાલિક. 'જૈન પરંપરાનો ઇતિહાસ' જ.ઈ.૧૩૯૪, દીક્ષા ઈ.૧૪૦૫ આપે છે તેને અન્ય સંદર્ભોનો ટેકો નથી. આચાર્યપદ ઈ.૧૪૧૯માં. અવસાન કુંભલમેરમાં. આ પ્રભાવક અને પ્રતિભાશાળી આચાર્ય કર્મપ્રકૃતિ તથા કર્મગ્રંથ જેવા ગહન ગ્રંથો પર સારું પ્રભુત્વ ધરાવતા હતા. એમણે અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી, અનેક ગ્રંથભંડારોની સ્થાપના કરી હતી ને જૈન શાસ્ત્રોના ઉદ્ધારમાં રસ લીધો હતો.

સંસ્કૃતમાં 'અપવર્ગનામમાલા' અને પ્રાકૃતમાં 'જિનસત્તરી-પ્રકરણ' રચનાર આ કવિનું ગુજરાતી ભાષામાં ૮ કડીનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મહાવીર-ગીત' તથા ૧૫ કડીનું 'અષ્ટોત્તરપાર્શ્વનાથ – સ્તવન' મળે છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ૨.જૈન પરંપરાનો ઇતિહાસ:૨,મુનિ શ્રી દર્શનવિજય વગેરે, ઈ. ૧૯૬૦; ૩. જૈસાઇતિહાસ; ૪. યુજિનચંદ્રસૂરિ; ☐ ૫. જૈગૂકવિઓ: ૩(૧); ૬. ડિકેટેલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

જિનભદ્ર(સૂરિ)શિષ્ય [ઈ.૧૫મી સદી] : જૈન. ખરતરગચ્છમાં જિનરાજસૂરિની પાટે આવેલા જિનભદ્રસૂરિ(આચાર્યકાળ ઈ. ૧૪૦૫ – ઈ. ૧૪૫૮)ના શિષ્ય. ૩૭ છપ્પામાં રચાયેલી, જિનભદ્રસૂરિની વીગતે પ્રશસ્તિ સાથે ખરતરગચ્છની પટ્ટાવલી વર્ણવતી 'ખરતરગુરુગુણવર્ણન-છપ્પય'(મુ.)તથા જિનભદ્રસૂરિ વિશેનાં ૨ ગીતના કર્તા. પહેલી કૃતિને ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહે ભૂલથી અભયતિલકને નામે મૂકી છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. આકવિઓ :૧; ☐ ૨. જૈમગૂકરચનાઓ :૧. [કી.જો.]

જિનમહેન્દ્ર(સૂરિ) [ઈ.૧૮૪૨માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષના શિષ્ય. હિંદીરાજસ્થાનીપ્રધાન ગુજરાતી ભાષામાં રચાયેલી, પ્રેમભક્તિના પાસવાળી 'ચોવીસી'(૨.ઈ. ૧૮૪૨; મુ.)ના કર્તા.

કૃતિ : અસ્તમંજુષા. [કી.જો.]

જિનમાણિક્ય[ ]: ૨૧ કડીના 'શીતલનાથ-સ્તવન' (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગૂજરાતી હસ્તપ્રત સૂચી'એ કર્તાને ખરતરગચ્છના જિનમાણિક્ય (જ. ઈ. ૧૪૯૩–અવ. ઈ. ૧૫૫૬) ગણ્યા છે પરંતુ તે માટે કૃતિમાં કશો આધાર નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જિનરત્ન(સૂરિ) : આ નામે ૫ કડીનું 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' મળે છે તેના કર્તા કયા જિનરત્નસૂરિ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૭ – 'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્ય કી વિશાલતા', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

જિનરત્ન(સૂરિ)–૧ [જ. ઈ.૧૬૧૪ – અવ. ઈ. ૧૬૫૫/સં.૧૭૧૧, શ્રાવણ વદ ૭, સોમવાર] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજ સૂરિના શિષ્ય. જન્મ સેરૂણ ગામમાં. મૂળનામ રૂપચંદ્ર. ગોત્ર ઓશવાલ લુણીય. પિતા તિલોકશી શાહ. માતા તારાદેવી. ઈ. ૧૬૨૮માં દીક્ષા. *ઈ.૧૬૪૩/૧૬૪૪માં સૂરિપદ. અવસાન અનશનપૂર્વક અકબરાબાદ (આગ્રા)માં.* તેમની પાસેથી 'ચોવીશી' (અંશત: મુ.) મળે છે.

કૃતિ : જૈગૂસારત્નો : ૧(+ સં.).

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [શ્રા.ત્રિ.]

જિનરત્ન(સૂરિ)–૨[ઈ.૧૭૩૪ સુધીમાં] : જૈન સાધુ. 'અર્બુદાલંકાર-શ્રીયુગાદિદેવ-સ્તવન'(લે. ઈ.૧૭૩૪) તથા 'નેમિનાથ સ્તવન' (લે. ઈ. ૧૭૩૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા. ત્રિ.]

જિનરત્ન(સૂરિ)શિષ્ય(ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ] : જૈન. ૨૨૮ કડીના 'મંગલકલશ-રાસ'ના કર્તા બૃહત્તપા-ગચ્છના જિનરત્નસૂરિ (ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ)ના કોઈ સાધુશિષ્ય હોય એમ જણાય છે. ત્યારે ૧૩ કડીના જિનરત્નસૂરિની પ્રશસ્તિ કરતા 'ગુરુ-ફાગ' તથા ૧૬ કડીની 'નાગદ્રહરવામી-વિનતી'ના કર્તા એમના કોઈ સાધુશિષ્ય છે કે અનુયાયી શ્રાવક છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૮૨ – 'બે ફાગ', રમણલાલ ચી. શાહ; ☐ ૨. કેટલૉગગુરા; ૩. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

જિનરંગ/જિનરંગ(સૂરિ) : જિનરંગને નામે 'શાંતિજિન-સ્તવન' (મુ.) તથા જિનરંગસૂરિને નામે ૧૧ કડીની 'નેમરાજુલ-સઝાય' અને ૮ કડીની 'શંખેશ્વર-પાર્શ્વ-સ્તવ' એ કૃતિઓ મળે છે તે જિનરંગસૂરિ-૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨.જૈપ્રપુસ્તક :૧; ૩. જૈરસંગ્રહ.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૭ – 'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા' અગરચંદ નાહટા; ☐ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. લીંહસૂચી. [ચ.શે.]

જિનરંગ–૧ [ઈ.૧૭મી સદી]: ખરતરગચ્છની રંગવિજયશાખાના જૈન સાધુ. જિનરાજસૂરિના શિષ્ય. પિતા શ્રીમાલી સિંધૂડગોત્રીય સાંકરસિંહ. માતા સિન્દૂરદે. દીક્ષા ઈ. ૧૬૨૨. દીક્ષાનામ રંગવિજય. શાહજહાંએ તેમની સાધુતાથી પ્રભાવિત થઈ ૭ સૂબાઓમાં એમના વચનનું પાલન થાય તે માટે ફરમાન કાઢી આપેલું. તે ઉપરાંત તેમને 'યુગપ્રધાન' પદવી પણ આપેલી. તેમને એ પદ *ઈ.૧૬૫૪માં પ્રાપ્ત થયું હતું.*

'સૌભાગ્યપંચમી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૮૨/સં. ૧૭૩૮, વિજયાદશમી, બુધવાર), ૭ કડીની 'કાયાજીવ-ગીત,' ૮ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય', ૫ કડીની 'હિયાલી' અને અન્ય સ્તવનો (ઘણાં * મુ.) એમણે રચ્યાં છે. એમની 'અધ્યાત્મ-ભાવની' (૨.ઈ.૧૬૭૫) તથા 'જિનરંગબહુત્તરી/સુભાષિત દુહા' એ હિંદી કૃતિઓ છે, પરંતુ આગળ નિર્દિષ્ટ કૃતિઓ હિંદી કૃતિઓ તરીકે નોંધાયેલી નથી. આ કવિએ આ ઉપરાંત 'પ્રશ્નોત્તરરત્નમાલિકા-સ્તબક' તથા 'નવતત્ત્વ-બાલાવબોધ'ની રચના કરી હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનરાજ(સૂરિ)/રાજસમુદ્ર [જ.ઈ.૧૫૯૧/સં.૧૬૪૭, વૈશાખ સુદ ૭, બુધવાર/શુક્રવાર–અવ.ઈ. ૧૬૪૩/સં.૧૬૯૯, અસાડ સુદ ૯] : *ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિ-જિનચંદ્રસૂરિની પરંપરામાં* જિનસિંહસૂરિના શિષ્ય. પૂર્વાશ્રમનું નામ ખેતસી. બોથરા ગોત્ર. પિતા ધરમસી શાહ. માતા ધારલદેવી. દીક્ષા ઇ.૧૬૦૦/૧૬૦૧માં. દીક્ષાનામ રાજસમુદ્ર. ઈ.૧૬૧૧/૧૬૧૨માં વાચકપદ અને ઈ. ૧૬૧૮માં આચાર્યપદ. ત્યારથી 'ભટ્ટારક' કહેવાયા. તેમણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬ ભાષા, ૧૮ લિપિ, ૧૪ વિદ્યા, ૭૨ કલા, ૩૬ રાગ તથા અલંકાર, કોશ, છંદ, તર્ક, વ્યાકરણ આદિ શાસ્ત્રોમાં પારંગતતા મેળવી હતી. અનેક તીર્થયાત્રાઓ કરી હતી અને સેંકડો જિન-બિંબની પ્રતિષ્ઠા કરી હતી. તેમનું અવસાન પાટણમાં થયું હતું.

વિવિધ પ્રકારોમાં થયેલું, 'રાજસમુદ્ર' તેમ જ 'જિનરાજ' એવી નામછાપ ધરાવતું, આ કવિનું વિપુલ સાહિત્યસર્જન ધર્મોપદેશક અને અધ્યાત્મવિષયક છે. પરંતુ તેમાં અલંકારોની પ્રૌઢિ અને અનુપ્રાસાત્મક શૈલી કવિના કાવ્યકસબનો પરિચય કરાવે છે. કવિની ભાષામાં હિંદી-રાજસ્થાનીનો પ્રભાવ વર્તાય છે તે ઉપરાંત કેટલીક નાની કૃતિઓ હિંદી ભાષામાં પણ છે. કવિની રાસકૃતિ-ઓમાં દુહા-દેશીબદ્ધ ૨૯ ઢાળનો 'શાલિભદ્રચરિત્ર-રાસ/શાલિભદ્ર-ધન્ના-ચોપાઈ' (ર. ઈ. ૧૬૨૨/ સં.૧૬૭૮, આસો વદ ૬; મુ.), પ્રાસાદિક વર્ણનકથન, અલંકૃત શૈલી અને ઉપદેશક પંક્તિઓને કારણે રસપ્રદ બને છે. "જિનસિંહસૂરિ સીસ મતિસારે, ભવિયણનિ ઉપગારેજી, જિનરાજવચન અનુસારઈ, ચરિત કહ્યો સુવિચારજી"ઓ અંતની પંક્તિઓ થોડી સંદિગ્ધ છે અને એમાં "મતિસારે" શબ્દ 'મતિ અનુસાર' એવા પ્રચલિત અર્થ ઉપરાંત 'મતિસાર' વ્યક્તિનામ હોય એવા અર્થને પણ અવકાશ આપી શકે તેમ છે. તેથી જ આ કૃતિ ઘણી વાર મતિસારને નામે તેમ જ ક્વચિત *ભૂલથી મતિસાગરને નામે પણ* નોંધાયેલી જોવા મળે છે.

મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ ૩૦ ઢાળનો 'ગજસુકુમાર-રાસ/ચોપાઈ' (ર. ઈ. ૧૬૪૩/ સં. ૧૬૯૯, વૈશાખ સુદ ૫; મુ.) ગજસુકુમારમુનિનું ચરિત્ર ચિત્રાત્મક અને વીગતપૂર્ણ રીતે ને અલંકૃત ભાષામાં આલેખે છે. આ કૃતિ તેમના શિષ્ય જિનરત્નસૂરિએ પૂરી કરી હોવાની માહિતી નોંધાયેલી છે. કૃતિના અંતભાગમાં જિનરત્નસૂરિનું નામ નોંધાયેલું મળે છે પરંતુ કર્તૃત્વનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. કવિએ ઈ.૧૬૪૩માં 'જમ્બૂ-રાસ' રચ્યો હોવાની માહિતી નોંધાયેલ છે પણ એની પ્રમાણભૂતતા શંકાસ્પદ લાગે છે.

કવિની અન્ય નોંધપાત્ર કૃતિઓ ૪ ઢાળ અને ૩૬ કડીની 'જિન-સિંહસૂરિ-દ્વાદશમાસ'(ર.ઈ.૧૬૦૮/સં.૧૬૬૪, કારતક વદ ૯; મુ.), જૈન કર્મસિદ્ધાંતના ઊંડા અધ્યયનના ફળસ્વરૂપ ૧૯ કડીની 'ચૌદગુણસ્થાનવિચારગર્ભિત પાર્શ્વનાથ-સ્તવન'(ર.ઈ. ૧૬૦૯; મુ.), જ્ઞાનપ્રબોધક'કર્મ-બત્રીસી' (ર.ઈ.૧૬૧૩/સં. ૧૬૬૯, ભાદરવા વદ–, ગુરુવાર; મુ.),'શીલ-બત્રીસી'(મુ.), 'પ્રશ્નોત્તરરત્નમાલા-વીશી', ૪૪ કડીની 'પાર્શ્વનાથગુણ-વેલી' (ર.ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, પોષ વદ ૮, બુધવાર), ૩ ઢાળની 'નવપદ-સ્તવન' (ર. ઈ. ૧૬૩૭/સં. ૧૬૯૩, આસો સુદ ૭; મુ.), વિવિધ દેશીબદ્ધ પ્રાસાદિક ચોવીશી (મુ.) અને વીશી(મુ.) છે.

આ ઉપરાંત, આ કવિએ તીર્થો તથા તીર્થંકરો વિશેનાં અનેક સ્તવનો, પંચેન્દ્રિય, નિંદાવારક વગેરે વિષયો પરની સઝાયો, ઋષભની બાળલીલા અને રામાયણ સંબંધી ભાવવાહી પદો, દમયંતી વગેરે સતીઓ વિશેનાં ગીતો અને 'કર-સંવાદ' જેવી અનેક કૃતિઓ (ઘણીખરી મુ.) રચેલી છે. એમણે પોતાની ૨ કૃતિઓ 'ચૌદ ગુણસ્થાનવિચારગર્ભિતપાર્શ્વનાથ–સ્તવન' તથા 'શીલ-બત્રીસી' પર બાલાવબોધો પણ રચેલા છે.

આ વિદ્વાન કવિએ સંસ્કૃતમાં 'નૈષધ મહાકાવ્ય' પર ૩૬૦૦૦ શ્લોકોની ટીકા તથા 'ઠાણાંગસૂત્રવિષયપદાર્થ-વૃત્તિ' રચી હોવાની માહિતી મળે છે, પરંતુ આ ગ્રંથો હાલ અલભ્ય છે.

કૃતિ : ૧. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ, સં. અગરચંદ નાહટા, સં.૨૦૧૭ (+સં.); ☐૨. અસ્તમંજૂષા; ૩. આકામહોદધિ : ૧; ૪. ઐજૈકાસંગ્રહ (+ સં.); ૫. ચોસંગ્રહ; ૬. જ્ઞાનાવલિ : ૨, પ્ર. શ્યામલાલ ચક્રવર્તી, સં. ૧૯૬૨.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ૨. જૈગૂકવિઓ : ૨ 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩ (૧, ૨); ૪. મુપુ-ગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનલબ્ધિ [ઈ.૧૬૯૪માં હયાત] : ખરતરગચ્છની આચાર્યશાખાના જૈન સાધુ. જિનદત્તસૂરિની પરંપરામાં જિનહર્ષસૂરિના શિષ્ય 'નવકાર-માહાત્મ્ય-ચોપાઈ' (ર.ઈ.૧૬૯૪/સં. ૧૭૫૦, આસો સુદ ૧૦, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્ર.ત્રિ.]

જિનલાભ [જ.ઈ.૧૭૨૮/સં. ૧૭૮૪, શ્રાવણ સુદ ૫ – અવ.ઈ. ૧૭૭૮/સં. ૧૮૩૪, આસો વદ ૧૦]: ખરતરગચ્છના જૈનસાધુ. જિનભક્તિસૂરિના શિષ્ય. જન્મ વાપેઉ ગામમાં. ગોત્ર બોહિત્થરા. બિકાનેરના વતની શાહ પચાયણદાસના પુત્ર. માતા પદ્માદેવી. પૂર્વાશ્રમનું નામ લાલચંદ્ર. ઈ.૧૭૪૦માં દીક્ષા. દીક્ષાનામ લક્ષ્મી-લાભ. તેમની પદસ્થાપના ઈ.૧૭૪૮ માં થઈ હતી. તેમણે ઘણી યાત્રાઓ અને પ્રતિષ્ઠાઓ કરી હતી. અવસાન ગૂઢામાં.

વિવિધ દેશીઓમાં રચાયેલી એમની ૨ ચોવીશી(મુ.) મળે છે. તેમાં અવારનવાર શબ્દરચનાની ચમત્કૃતિનો આશ્રય લેવાયો છે. ઈ.૧૭૭૧/સં.૧૮૨૭, વૈશાખ સુદ ૧૨ના રોજ સુરતમાં થયેલી શ્રીસહસ્રફણાપાર્શ્વનાથ આદિની પ્રતિષ્ઠાપ્રસંગે રચાયેલ '(સુરતમંડન) શ્રી સહસ્રફણાપાર્શ્વનાથ-સ્તવન' (મુ.) ઉપરાંત ૨. ઈ. ૧૭૭૨નો 'સુરતપ્રતિષ્ઠાસ્તવન સંગ્રહ' (* મુ.) પણ એમને નામે નોંધાયેલો છે. જો કે, આ સંગ્રહમાં એમનાં જ સ્તવનો હશે કે અન્ય મુનિઓનાં પણ, તે સ્પષ્ટ થતું નથી. આ ઉપરાંત, આ કવિએ 'પાર્શ્વનાથ – સ્તવન'(ર.ઈ.૧૭૬૨) વગેરે અનેક સ્તવનો, સ્તુતિઓ, ગીતો, હિંદી પદો તેમ જ ૬૩૦૦ ગ્રંથાગ્રની 'આત્મપ્રબોધ બીજક સહિત' (ર.ઈ.૧૭૭૭) એ કૃતિઓ રચેલ છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. અસ્તમંજૂષા; ૩. ચૈસ્તસંગ્રહ : ૧, ૨, ૩; ૪. જૈકાપ્રકાશ :૧; ૫. જૈગૂસારત્નો : ૨ (+ સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – 'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૨. જૈગૂકવિઓ : ૩ (૧, ૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહ-સૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનવર્ધન(સૂરિ)–૧ [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનપદ્મસૂરિની પરંપરામાં જિનરાજસૂરિના શિષ્ય. એ ઈ. ૧૪૦૫માં જિનરાજસૂરિની પાટે આવેલા. પણ ચતુર્થવ્રતનો ભંગ કર્યાથી એમને અપાત્ર ઠરાવી એમને સ્થાને ઈ. ૧૪૧૯માં જિન-ભદ્રસૂરિને સ્થાપિત કરવામાં આવ્યા. આથી ઈ.૧૪૧૮માં જિન-વર્ધનસૂરિએ ખરતરના પાંચમા ગચ્છભેદ પિપ્પલકશાખાની સ્થાપના કરી. એમના ઈ.૧૪૧૯ સુધીના પ્રતિષ્ઠાલેખો મળે છે. એમણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૨ કડીની 'પૂર્વદેશ તીર્થમાલા/ચૈત્યપરિપાટી'ની રચના કરેલી છે. આ ઉપરાંત સંસ્કૃતમાં શિવાદિત્યકૃત 'સપ્તપદાર્થી' પરની ટીકા (૨. ઈ.૧૪૧૮) અને 'વાગ્ભટાલંકાર' પરની વૃત્તિ વગેરે એમની કૃતિઓ મળે છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ — 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ', ૨.જૈસાઈતિહાસ; ☐ ૩. જૈમગૂકરચનાઓ : ૧. [૨.સો.]

જિનવર્ધન(ગણિ)-૨[ઈ.૧૪૨૬ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદરસૂરિનાશિષ્ય. ઈ.૧૫મા શતક પૂર્વાર્ધની ભાષાની દૃષ્ટિએ નોંધપાત્ર, આ પંડિત કવિની કૃતિ બોલીબદ્ધ 'તપગચ્છ ગુર્વાવલી' (લે.ઈ.૧૪૨૬; મુ.) મહાવીરથી સોમસુંદર સુધીની તપગચ્છીય પટ્ટાવલીને આલેખતી કૃતિ છે.

કૃતિ : ભારતીય વિદ્યા, મહા, ૧૯૯૬ – 'પદ્યાનુકારી ગુજરાતી ગદ્યમય જૈન ગુર્વાવલી', સં. મોહનલાલ દ. દેશાઈ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.સો.]

જિનવર્ધન-૩[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચક કલ્યાણધીરના શિષ્ય. કલ્યાણધીરના અન્ય શિષ્ય ધર્મરત્નની ઈ.૧૫૮૫ની કૃતિ મળે છે તેથી આ કવિને પણ ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધમાં થયેલા ગણી શકાય. એમણે રચેલો ૩૩ કડીનો 'ઉપદેશકારક-કક્કો' (મુ.) મળે છે.

કૃતિ : જૈસમાલા(શા.) : ૩; ૨. સજ્ઝાયમાલા(શ્રા.) : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [૨.સો.]

જિનવર્ધમાન(સૂરિ)[ઈ.૧૬૫૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનવર્ધનસૂરિની પરંપરામાં જિનરત્નસૂરિના શિષ્ય. ૩૧ ઢાલની 'ધન્નાઋષિ-ચોપાઈ/રાસ' (૨.ઈ.૧૬૫૪/સં.૧૭૧૦, આસો સુદ ૬)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [૨.સો.]

જિનવલ્લભ(સૂરિ)[ઈ. ૧૧મી સદી ઉત્તરાર્ધ–અવ. ઈ. ૧૧૧૧] : ખરતરગચ્છના જૈન સાધુ. કર્ણ અને સિદ્ધરાજના સમકાલીન. પહેલાં તેઓ કૂર્ચપુરગચ્છના ચૈત્યવાસી જિનેશ્વરસૂરિના શિષ્ય હતા. તેમના કહેવાથી અભ્યાસાર્થે અભયદેવસૂરિ પાસે ગયા. શ્રદ્ધા બદલાતાં ચૈત્યવાસ છોડી, અભયદેવસૂરિના શિષ્ય થયા. કહેવાય છે કે તેમણે પોતાની કેટલીક કૃતિઓને ચિત્રકૂટ, નરવર, નાગપુર વગેરે સ્વપ્રતિષ્ઠિત વીરવિધિચૈત્યોમાં ઈ. ૧૧૦૮માં પ્રશસ્તિ રૂપે કોતરાવી હતી. આચાર્યપદ ઈ. ૧૧૧૧માં. વિદ્વાન આચાર્ય તરીકે પ્રતિષ્ઠિત આચાર્યપદ પ્રાપ્તિ પછી એ જ વર્ષે, ૬ મહિના બાદ સ્વર્ગવાસ.

એમણે નવકાર આરાધનાના ફળનું વર્ણન કરતી ૧૩ છપ્પાની 'પંચપરમેષ્ઠિ-નમસ્કાર-માહાત્મ્ય/નવકારફલ-સ્તવન' (મુ.) એ કૃતિ રચેલી છે. આ ઉપરાંત તેમની પાસેથી 'પિંડ વિશુદ્ધિ પ્રકરણ', 'ગણધર–સાર્ધશતક', 'ધર્મશિક્ષા', 'પ્રશ્નોત્તર-શતક', 'સંઘ-પટ્ટક', 'શૃંગાર–શતક' અને અન્ય સ્તોત્રો સંસ્કૃતમાં મળ્યાં છે.

કૃતિ : ૧. નસ્વાધ્યાય : ૩; ૨. પ્રાગુકાસંચય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ; ૨. જૈસાઈતિહાસ; ૩. યુજિનચંદ્રસૂરિ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ].

જિનવિજય : આ નામે 'અનંતજિન-સ્તવન', 'એકાદશી-સ્તુતિ', 'યુગમંધરજિન-સ્તવન' (લે.ઈ.૧૮૧૩) વગેરે કેટલીક મુદ્રિત કૃતિઓ અને 'નેમિસ્નેહ-વેલી' તથા અન્ય ચૈત્યવંદનો, સ્તુતિઓ, સઝાયો, ભાસ વગેરે પ્રકારની કૃતિઓ પણ મળે છે પણ તે કયા જિનવિજયની છે તે નિશ્ચિત થઈ શકતું નથી. જો કે ઘણીબધી કૃતિઓ જિનવિજય-૩ની હોવા સંભવ છે.

કૃતિ : ૧. ગોડીપાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારકગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ.૧૯૬૨; ૨. ચૈસ્તસંગ્રહ: ૨; ૩. જિસ્તકાસંદોહ : ૨; ૪. જિભપ્રકાશ; ૫. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જિનવિજય-૧ [ઈ. ૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં વિમલવિજયશિષ્ય કીર્તિવિજય વાચકના શિષ્ય. તેમની કૃતિઓ ઈ.૧૬૩૮ અને ઈ.૧૬૮૩ વચ્ચેનાં રચનાવર્ષો દેખાડે છે. એમની કૃતિઓમાં ૨૭ કડીની 'ચોવીસજિન ઢાળમાળા-સ્તવન/જિનસ્તવન-ચોવીસી' (૨. ઈ. ૧૬૭૫/ સં. ૧૭૩૧, માગશર વદ ૧૩, બુધવાર; મુ.), ૪. અધિકાર અને ૭૨૫ ગ્રંથાગ્રની 'જયનૃપ-ચોપાઈ/જયવિજયકુમાર-રાસ'(૨.ઈ.૧૬૭૮) અને ૧૦ દૃષ્ટાંત પરની ૧૦ સઝાયો (૨.ઈ.૧૬૭૩/ ૧૬૮૩; મુ.)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે સંસ્કૃતમાં 'વાક્યપ્રકાશ' પર અવચૂરિ (૨.ઈ.૧૬૩૮) પણ રચી છે.

કૃતિ : ૧. ચોસંગ્રહ; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૭ – 'દશદૃષ્ટાંતની સઝાય', સં. માનતુંગવિજયજી.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨.જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જિનવિજય-૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ –ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદની પરંપરામાં દેવવિજયશિષ્ય યશોવિજય/જશવિજયના શિષ્ય. એમની કૃતિઓ ઈ.૧૬૫૪ અને ઈ.૧૭૧૬ વચ્ચેનાં રચનાવર્ષો દેખાડે છે. 'હરિબલની ચોપાઈ', 'ધન્નાશાલિભદ્ર-રાસ'(૨.ઈ.૧૬૭૧) અને ૨૭ ઢાળ અને ૪૮૭ કડીનો 'ગુણાવલી-રાસ'(૨.ઈ.૧૬૯૫/સં. ૧૭૫૧, આસો સુદ ૧૦), ૧૧ કડીની 'સિદ્ધાચલજીનું સ્તવન' (મુ.),' પંચમહાવ્રત-સઝાય' એ આ કવિની પદ્યકૃતિઓ છે તથા ૩૨૫૦ ગ્રંથાગ્રનો 'ષડાવશ્યકસૂત્ર' પરનો બાલાવબોધ (૨.ઈ. ૧૬૯૫) 'દંડક-સ્તબક' (૨.ઈ.૧૬૯૬) અને આશરે ૧૪,૦૦૦ ગ્રંથાગ્રનો 'જીવાભિગમ' પરનો બાલાવબોધ (૨.ઈ.૧૭૧૬) એમની ગદ્યકૃતિઓ છે. આ ઉપરાંત એમણે 'કલ્યાણમંદિર-સ્તોત્ર' પર સંસ્કૃત અવચૂરિ (૨.ઈ.૧૬૫૪) પણ રચી છે.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨..સો]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનવિજય–૩[જ.ઈ.૧૬૯૬ – અવ.ઈ.૧૭૪૩/સં.૧૭૯૯, શ્રાવણ સુદ ૧૦, મંગળવાર] : તપગચ્છના જૈન સાધુ. સત્યવિજયની પરંપરામાં ક્ષમાવિજયના શિષ્ય. જન્મ અમદાવાદમાં. જ્ઞાતિએ શ્રીમાળી. પિતા ધર્મદાસ. માતા લાડકુંવર. પૂર્વાશ્રમનું નામ ખુશાલ. ઈ.૧૭૧૪માં દીક્ષા. અવસાન પાદરામાં.

એમની કૃતિઓમાં કર્પુરવિજયગણિનું ચરિત્રવર્ણન કરતો ૯ ઢાળનો 'કર્પુરવિજયનિર્વાણ-રાસ'(ર.ઈ.૧૭૨૩/સં.૧૭૭૯, આસો સુદ ૧૦, શનિવાર; મુ.), ક્ષમાવિજયગણિનું ચરિત્રવર્ણન કરતો ૧૦ ઢાળનો 'ક્ષમાવિજયનિર્વાણ-રાસ', 'વિહરમાનજિન-વીસી' (ર. ઈ. ૧૭૩૩), ૬ ઢાલનું 'જ્ઞાનપંચમી-સ્તવન'(ર.ઈ.૧૭૩૭), ૪ ઢાલનું 'એકાદશી-સ્તવન' (ર.ઈ.૧૭૩૯) અને ૨ 'ચોવીસીઓ', 'પંચમહાવ્રત અને પચીસ ભાવનાનું પંચઢાળિયું' – એ લાંબી કૃતિઓ (સર્વ મુ.) છે. ઉપરાંત એમણે ચૈત્યવંદનો, સઝાયો, સ્તવનો અને સ્તુતિઓ રૂપે અનેક નાની રચનાઓ (કેટલીક મુ.) પણ કરી છે. ભાષાની પ્રાસાદિકતા આ કવિની કૃતિઓમાં નોંધપાત્ર છે.

કૃતિ :૧. અસસંગ્રહ;૨.અસ્તમંજૂષા; ૩.ચૈસ્તસંગ્રહ : ૧, ૨; ૪. જિભપ્રકાશ; ૫. જિસ્તસંગ્રહ; ૬. જિસ્તકાસંદોહ : ૨; ૭. જૈઐરાસમાળા :૧ (+ સં.); ૮. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧, સં. મુનિશ્રી શામજી, ઈ.૧૯૬૨; ૯. જૈપ્રાસ્તસંગ્રહ; ૧૦. જૈરસંગ્રહ; ૧૧. મોસસંગ્રહ; ૧૨. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧.જૈસાઈતિહાસ; ☐૨. જૈગૂકવિઓ:૨,૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જિનવિજય–૪[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં હિતવિજયના શિષ્ય અને ભાણવિજયના ગુરુબંધુ. આ કવિની 'ધન્નાશાલિભદ્ર-રાસ'(ર.ઈ.૧૭૪૩/સં. ૧૭૯૯, શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર;મુ.) જિનકીર્તિસૂરિના સંસ્કૃત કાવ્ય 'દાનકલ્પદ્રુમ/ધન્નાચરિત્ર'ને આધારે રચેલી ધન્નાના ચરિત્રને વીગતે નિરૂપતી ને ધન્ના ને શાલિભદ્રના સંસારત્યાગને વર્ણવતી ૪ ઉલ્લાસ ને ૮૫ ઢાળોમાં વિસ્તરેલી કૃતિ છે. વાર્તાને રંજક-બોધક બનાવવા વચ્ચેવચ્ચે મૂકેલાં સંસ્કૃત સુભાષિતો ને આડકથાઓ કૃતિના લાક્ષણિક અંશો છે. આ ઉપરાંત આ કવિએ ૪૧ ઢાળનો 'શ્રીપાળચરિત્ર-રાસ'(ર.ઈ. ૧૭૩૫/સં.૧૭૯૧, આસો સુદ ૧૦, ગુરુવાર), ૭૨ કડીનો 'નેમિનાથ-સલોકો' (ર.ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, આસો વદ ૩૦) અને વિજયક્ષેમસૂરિ વિશેની ૨ સઝાયોની રચના પણ કરી છે.

કૃતિ : ૧.ધન્નાશાલિભદ્રનો રાસ, પ્ર.શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૭; ૨. ધન્ના શાલિભદ્રનો રાસ, પ્ર. શાહ લખમસી જેસિંગભાઈ, ઈ. ૧૯૨૮.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૨,૩(૨); ૨.જૈહાપ્રોસ્ટા; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [૨.સો.]

જિનશેખર [ ] : જૈન સાધુ. જિનતિલકસૂરિના શિષ્ય. 'શેખર' એ નામછાપ ધરાવતી ૨૫ કડીની 'ચતુર્વિંશતિ-નમસ્કાર' એ કૃતિના કર્તા. લઘુખરતરગચ્છની શ્રીમાળી શાખાના ૧૫મી સદી પૂર્વાર્ધમાં હયાત જિનતિલકસૂરિના શિષ્ય હોવાની સંભાવના.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૨, મુનિશ્રી દર્શન-વિજય વગેરે, ઈ.૧૯૬૦; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્ર. ત્રિ.]

જિનસમુદ્ર : આ નામે મળતા 'કલ્પસૂત્ર-બાલાવબોધ(આદીશ્વર ચરિત્રપર્યંત), (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા કયા જિનસમુદ્ર છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનસમુદ્ર(સૂરિ)–૧/ મહિમાસમુદ્ર/ સમુદ્ર(સૂરિ)[ઈ. ૧૭મી સદી] : ખરતરગચ્છની વેગડશાખાના જૈન સાધુ. જિનેશ્વરસૂરિની પરંપરામાં જિનચંદ્રસૂરિના શિષ્ય. પિતા હરરાજ. માતા લખમાદેવી. એમના શિષ્ય જિનસુંદરસૂરિએ પોતાની 'પ્રશ્નોત્તર-ચોપાઈ'ની પ્રશસ્તિમાં એમનું દીક્ષાનામ મહિમાસમુદ્ર જણાવેલું છે. ઈ.૧૬૪૨ થી ઈ.૧૬૯૫ સુધીનાં રચનાવર્ષો દર્શાવતી તેમની કૃતિઓ મળે છે.

આ કવિએ 'ઉત્તમચરિત્ર-રાસ/નવરસસાગર', 'શત્રુંજયયાત્રા-રાસ' (ર.ઈ.૧૬૬૭/સં.૧૭૨૩,વૈશાખ સુદ ૧૦), 'ઈલાયચી કુમાર-ચોપાઈ' (ર.ઈ.૧૬૯૫), 'આતમકરણી-સંવાદ' (ર.ઈ.૧૬૫૫), 'સત્તર ભેદી-પૂજા' (ર.ઈ.૧૬૬૨), 'પ્રવચન સારરચના-વેલી', ૧૮૦૦ ગ્રંથાગ્રની 'મનોરથમાલા', તથા હિંદી ભાષામાં 'તત્ત્વપ્રબોધ નામમાલા' (ર.ઈ. ૧૬૭૪) એ દીર્ઘ કૃતિઓ રચેલી છે. ૨૦૦ જેટલાં સ્તવનો કવિએ રચ્યાં હોવાનું કહેવાયું છે, જેમાં ૩ ઢાળ અને ૫૯ કડીના શત્રુંજય ગિરનાર મંડન-સ્તવન' (ર.ઈ.૧૬૬૮/સં.૧૭૨૪, જેઠ-), ૫૯ કડીનું 'સીમંધર-સ્તવન', 'પંચમીતપરૂપકવર્ધમાનજિન–સ્તોત્ર' (ર.ઈ.૧૬૪૨) વગેરે કૃતિઓનો સમાવેશ થાય છે. કવિને નામે 'નેમિ-નાથ–બારમાસી', 'અધ્યાત્મ-પચીસી', જિનેશ્વરસૂરિ વિશેનું ૧ તથા જિનચંદ્રસૂરિ વિશેનાં ૩ ગીત (જેમાંના ૨ 'મહિમસમુદ્ર'ની નામ-છાપથી છે; બધી મુ.) ઉપરાંત અન્ય ગીતો, સંવાદ, સઝાય, ફાગુ, ધમાલ પણ નોંધાયેલાં મળે છે. તેનો સમાવેશ ઉપર્યુક્ત ૨૦૦ની સંખ્યામાં થાય છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી. કવિની આ કૃતિઓમાંની કેટલીક હિંદી ભાષામાં પણ હોવાનું સમજાય છે.

કૃતિ : ઔજૈકાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ – જિનસુંદરસૂરિકૃત 'પ્રશ્નોત્તર-ચોપાઈ'ની પ્રશસ્તિ; ૨. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુ-પટ્ટાવલીઓ; ☐૩. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐૪.જૈગૂકવિઓ : ૨,૩(૨); ૫. મુપુગૂહસૂચી. [ચ.શે.]

જિનસાગર : આ નામે 'નેમરાજુલ-સઝાય' મળે છે તેના કર્તા કયા જિનસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : દેવાનંદ સુવર્ણાંક, સં. 'કેસરી', પ્રકાશનવર્ષ નથી–'જૈન રાસમાળા', સં. મોહનલાલ દ. દેશાઈ. [કી.જો.]

જિનસાગર(સૂરિ)–૧ [ઈ.૧૪૪૫માં હયાત] : ખરતરગચ્છની પિપ્પલક શાખાના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. નેમિચંદ્ર-ભંડારીની મૂળ પ્રાકૃત, ૧૬૧ કડીના 'ષષ્ઠિશતક-પ્રકરણ' ઉપરના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાલાવબોધ(૨.ઈ.૧૪૩૫/૧૪૪૫;મુ.)ના કર્તા. સંસ્કૃતમાં 'કર્પુર-પ્રકરણ' પર અવચૂરિ અને 'હેમ-લઘુવૃત્તિ'ના ૪ અધ્યાયની દીપિકા પણ તેમની પાસેથી મળે છે.

કૃતિ : (નેમિચંદ્ર ભંડારી વિરચિત) ષષ્ઠિશતક પ્રકરણ (ત્રણ બાલાવબોધ સહિત), સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૫૩(+સં.).

સંદર્ભ ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ :૨; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જિનસાગર(સૂરિ)–૨ [જ.ઈ.૧૫૯૬/સં.૧૬૫૨, કારતક સુદ ૧૪, રવિવાર – અવ.ઈ.૧૬૬૩/સં. ૧૭૧૯, જેઠ વદ ૩ કે ઈ.૧૬૬૪/સં.૧૭૨૦, જેઠ વદ ૩, શુક્રવાર] : ખરતરગચ્છની લઘુ આચાર્ય-શાખાના પ્રથમ આચાર્ય. જિનસિંહસૂરિના શિષ્ય. મૂળ નામ ચોલા. લાડનું પ્રસિદ્ધ નામ સામલ. પિતા વચ્છરાજ શાહ. માતા મૂગાદે. ગોત્ર બોહિત્થરા. ઈ. ૧૬૦૫માં દીક્ષા. દીક્ષાનામ સિદ્ધસેન. ઈ. ૧૬૧૮માં આચાર્યપદ. આચાર્યપદ પછી જિનસાગરસૂરિ નામ રાખ્યું. જિનરાજસૂરિ સાથે મતભેદ થતાં ઈ. ૧૬૩૦માં લઘુ આચાર્યીય નામે અલગ શાખાની સ્થાપના કરી. તર્ક, વ્યાકરણ, છંદ, કાવ્ય, અલંકાર આદિ વિવિધ શાસ્ત્રના જ્ઞાતા તરીકે જાણીતા હતા. અનશનપૂર્વક અમદાવાદમાં અવસાન. તેમની 'પાસેથી વીસ વિહરમાનજિન-ગીત/વીસી' (૨ સ્તવન મુ.) મળે છે.

કૃતિ : જિનસ્તકાસંદોહ : ૨.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. જૈગૂકવિઓ : ૨–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ: ૧. [શ્રા. ત્રિ.]

જિનસાધુ(સૂરિ)/સાધુકીર્તિ[ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : વડતપગચ્છના જૈન સાધુ. જિનરત્નસૂરિ (ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ)ના શિષ્ય. ઈ. ૧૫૨૩માં કવિ હયાત હોવાની માહિતી મળે છે. ૩૨૩ કડીની 'ભરત-બાહુબલિ-રાસ' અને ૫૦ કડીની 'મૃગાવતી-સઝાય' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

જિનસિંહ(સૂરિ) [જ. ઈ.૧૫૪૯/સં.૧૬૧૫, માગશર સુદ ૧૫ – અવ. ઈ. ૧૬૧૮/સં. ૧૬૭૪, પોષ સુદ ૧૩.] : જૈન સાધુ. જન્મ ખેતાસરમાં. પિતા શાહ ચાંપસી. માતા ચાંપલદેવી. ચોપડા ગોત્ર. મૂળ નામ માનસિંહ. દીક્ષા ઈ. ૧૫૬૩માં. દીક્ષાનામ મહિમરાજ. આ કવિને અકબર બાદશાહ સાથે સંપર્ક થયેલો; તેમની સાથે તેમણે કાશ્મીર વિહાર કરેલો. તેમણે અનેક દેશોમાં અમારિઘોષણા કરાવડાવી હતી. અવસાન અનશનપૂર્વક. તેમણે અનેક સ્તવનો અને સઝાયોની રચના કરી છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ૨. યુજિનચંદ્રસૂરિ; [કી.જો.]

જિનસુખ(સૂરિ)/જિનસૌખ્ય(સૂરિ)[જ.ઈ.૧૬૮૩/સં.૧૭૩૯, માગશર સુદ ૧૫ – અવ.ઈ.૧૭૨૪/સં.૧૭૮૦, જેઠ વદ ૧૦] : ખરતર-ગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. ફોગ-પત્તનના વાસી. બોહરા-ગોત્રીય. પિતા રૂપચંદ/રૂપસી શાહ. માતા રતનાદે/સરૂપદે. દીક્ષા ઈ. ૧૬૯૫માં. દીક્ષાનામ સુખકીર્તિ. ઈ. ૧૭૦૬/૧૭૦૭માં પદપ્રતિષ્ઠા. અવસાન રીણીમાં.

એમની રચનાઓમાં શંખેશ્વરનાં ૨ સ્તવનો (મુ.), 'અષ્ટમી-સ્તુતિ' (મુ.), ૪ ઢાળની 'જેસલમેરચૈત્ય-પરિપાટી' (૨.ઈ. ૧૭૧૫; મું.), 'ચોવીસી'(૨.ઈ.૧૭૦૮/સં.૧૭૬૪, અસાડ વદ ૩; અંશત: મુ.) તથા હિંદી ગદ્યમાં જેસલમેરના શ્રાવકોના પ્રશ્નોના ઉત્તર રૂપે 'સિદ્ધાન્તીય વિચાર' (૨. ઈ. ૧૭૧૧)નો સમાવેશ થાય છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧; ૨. જૈગૂસારત્નો : ૧(+સં.); ૩. પ્રાતીસંગ્રહ : ૧; ૪. શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧.ઐજૈકાસંગ્રહ; ☐ ૨.જૈગૂકવિઓ : ૨, ૩(૨). [ચ.શે.]

જિનસુંદર(સૂરિ) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની વેગડ શાખાના જૈન આચાર્ય. જિનસમુદ્રસૂરિના પટ્ટધર. ૬ ખંડ અને ૧૩૬ ઢાલની 'પ્રશ્નોત્તર-ચોપાઈ' (૨.ઈ. ૧૭૦૬/સં. ૧૭૬૨, આસો વદ ૧)ના કર્તા.

ખરતરગચ્છની વેગડશાખાના જિનસુંદરસૂરિને નામે નોંધાયેલ ૧૦ ઢાળના 'ગોડી-સ્તવન' (૨. ઈ. ૧૬૯૭/સં. ૧૭૫૩, શ્રાવણ વદ ૧૦) તથા 'ભીમસેન-ચોપાઈ' (૨. ઈ. ૧૬૯૯/સં. ૧૭૫૫, ફાગણ સુદ ૨) એ કૃતિઓના કર્તા ઉપર્યુક્ત જિનસુંદર હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોકી સૂચી,' સં. અગરચંદ નાહટા; ☐૨. જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

જિનસોમ : આ નામે આઠમી ઢાળ અને ૬૦મી કડી આગળ અપૂર્ણ પ્રાપ્ત થતી 'નેમિજિન-બારમાસ'(મુ.)નામની કૃતિ મળે છે, જેમાં કોમળમધુર પ્રાસબદ્ધ સરળ તથા વ્રજની છાંટવાળી ભાષામાં તથા સુગેય દેશીઓમાં રાજિમતીના નેમિનાથ માટેના વિરહનું આલેખન થયું છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ : ૧. [ચ.શે.]

જિનસોમ–૧ [ઈ. ૧૭૨૫માં હયાત] : જૈન સાધુ. 'સ્નાત્રવિધિ' (૨. ઈ. ૧૭૨૫) એ ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ચ.શે.']

જિનસૌખ્ય(સૂરિ) : જુઓ જિનસુખ(સૂરિ).

જિનસૌભાગ્ય(સૂરિ)[જ. ઈ. ૧૮૦૬–અવ. ઈ. ૧૮૬૧/સં. ૧૯૧૭, મહા સુદ ૩] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષસૂરિના પટ્ટધર. મારવાડના સેરડા ગામે જન્મ. મૂળ નામ સુરતરામ. ગોત્ર ગણધર ચોપડા કોઠારી. પિતા કરમચંદ શાહ. માતા કરણદેવી/કરુણાદેવી. ઈ.૧૮૨૧માં દીક્ષા. દીક્ષાનામ સૌભાગ્યવિશાલ.ઈ.૧૮૩૬માં સૂરિપદ. અનેક બિંબોની પ્રતિષ્ઠા કરેલી. અવસાન બીકાનેરમાં. તેમની પાસેથી 'નવપદ-સ્તવન' (ઈ.૧૮૩૯/સં.૧૮૯૫, આસો સુદ ૧૫),

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩ 'સમેતશિખર-સ્તવન'(ઈ.૧૮૩૯/સં.૧૮૯૫, મહા વદ ૧૩) અને 'ચૌદ પૂર્વ-સ્તવન' (૨.ઈ.૧૮૪૦) મળે છે.

સંદર્ભ : ૧. ઑજેકાસંગ્રહ; ૨. જૈગૂકવિઓ : ૨ - 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [શ્ર.ત્રિ.]

જિનહર્ષ : આ નામે ૪૯ કડીની 'નેમિ-સલોકો', 'ઋષભદેવ-સલોકો' અને 'રાવણમંદોદરી-સંવાદ' એ કૃતિઓ તથા કેટલાંક સ્તવન-સઝાય નોંધાયેલાં છે, જે જિનહર્ષ-૧ની કૃતિઓ હોવાની શક્યતા છે. વસ્તુત: જિનહર્ષ-૧ની ગણાવાયેલી અન્ય અનેક લઘુ કૃતિઓ પણ માત્ર 'જિનહર્ષ' એવી નામછાપ ધરાવે છે.

સંદર્ભ : ૧.પ્રાકારૂપરંપરા;☐૨.મુપુગૂહસૂચી;૩. હેજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનહર્ષ-૧/જસરાજ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ – ઈ. ૧૮મી સદી આરંભ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં સોમજીશિષ્ય વાચક શાંતિહર્ષના શિષ્ય. એમની કેટલીક કૃતિઓમાં મળતી 'જસરાજ' અને 'જસા' એ છાપ પરથી એ એમનું પૂર્વાવસ્થાનું નામ હોવાનું અનુમાન થાય છે. 'ચંદનમલયાગિરિ-ચોપાઈ' (૨. ઈ. ૧૬૪૮) અને 'વસુદેવ-રાસ' (૨.ઈ.૧૭૦૬)ને આધારે કવિનો કવનકાળ ઈ.૧૬૪૮થી ઈ. ૧૭૦૬ સુધીનો ૫૬ વર્ષનો નિશ્ચિત થાય છે. જિનહર્ષને નામે નોંધાયેલ 'સમેત શિખરજિન-સ્તવન' (૨.ઈ.૧૬૪૪) આ કવિની અધિકૃત કૃતિ ગણીએ તો કવિના કવનકાળની પૂર્વ મર્યાદા થોડી આગળ ખસે. ઉપરાંત કવિ ઈ.૧૭૦૬ પછી પણ હયાત હોવાનું નોંધાયું છે અને ઈ.૧૭૨૩નું શંકાસ્પદ રચનાવર્ષ ધરાવતી 'નેમિ-ચરિત્ર' એ કૃતિ પણ એમને નામે નોંધાયેલી છે.

જિનહર્ષે દીક્ષા જિનરાજસૂરિ પાસે લીધી હતી. ઈ. ૧૬૭૯ સુધી રાજસ્થાનમાં અને ત્યારબાદ આયુષ્યના અંત સુધી તેઓ પાટણમાં રહ્યા જણાય છે. 'સત્યવિજયનિર્વાણ-રાસ' જેવી કૃતિ બતાવે છે કે જિનહર્ષે ગચ્છમમત્વનો ત્યાગ કર્યો હતો. જીવનના પાછલા કાળમાં વ્યાધિમાં સપડાતાં તેમની પરિચર્યા પણ તપગચ્છના વૃદ્ધિવિજયજીએ કરી હતી. અવસાન પાટણમાં.

પ્રારંભકાળમાં મુખ્યત્વે રાજસ્થાની અને હિંદીમાં અને પછીથી મુખ્યત્વે ગુજરાતીમાં રચના કરનાર આ કવિનું સાહિત્યસર્જન વિપુલતા તેમ જ ગુણવત્તાની દૃષ્ટિએ ધ્યાનાર્હ છે. કવિ પ્રાચીન-મધ્યકાલીન સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-ગુજરાતી, જૈન તેમ જ જૈનેતર કાવ્યપરંપરાથી સારી રીતે અભિજ્ઞ જણાય છે. કવિની ઘણીબધી કૃતિઓ તેમના સુંદર હસ્તાક્ષરમાં પ્રાપ્ત થાય છે તે હકીકત તેમની રુચિની દ્યોતક છે, તો તેમની કૃતિઓમાં મળતા રાગનિર્દેશો તેમની સંગીતની જાણકારીનો સંકેત કરે છે. કવિએ પ્રયોજેલ દેશીઓ અને છંદનું વૈવિધ્ય તેમની કૃતિઓની અસાધારણ ગેયતાની સાખ પૂરે છે.

કવિની રચનાઓમાં જૈનધર્મના ઘણા વિષયોને આવરી લેતી રાસાત્મક રચનાઓનું પ્રમાણ ઘણું મોટું છે અને તેમની કથારસ જમાવવાની હથોટી શામળનું સ્મરણ કરાવે તેવી છે. એમની સઘળી રાસકૃતિઓ દુહાદેશીબદ્ધ છે અને એમાં દેશીઓનું વૈવિધ્ય અત્યંત નોંધપાત્ર છે. એમની ૯ રાસકૃતિઓ મુદ્રિત મળે છે. તેમાંથી ૯ ખંડ, ૨૧૭ ઢાળ અને ૮૬૦૦ જેટલી કડીઓનો 'શત્રુંજયમાહાત્મ્ય-રાસ'(૨.ઈ.૧૬૯૯/સં.૧૭૫૫, અસાડ વદ ૫, બુધવાર) સૌથી મોટો છે અને ધનેશ્વરસૂરિ વિરચિત 'શત્રુંજય-માહાત્મ્ય'ના અનુવાદ રૂપે શત્રુંજય તીર્થનો વીગતપ્રચુર ઈતિહાસ આપે છે. ૧૩૨ ઢાળ અને ૩૨૮૭ કડીનો 'વીસસ્થાનકનો રાસ/પુણ્યવિલાસ-રાસ' (૨.ઈ.૧૬૯૨/સં.૧૭૪૮, વૈશાખ સુદ ૩) વીસસ્થાનકનો મહિમા અને તેની વિધિ, સંબદ્ધ કથાઓ સમેત, વર્ણવે છે. ૧૩૦ ઢાળ અને ૨૮૭૬ કડીનો 'કુમારપાલ-રાસ' (૨. ઈ.૧૬૮૬/સં. ૧૭૪૨, આસો સુદ ૧૦, રવિવાર) ઋષભદાસના આ વિષયના રાસને આધારે થોડાક સંક્ષેપપૂર્વક રચાયેલો છે. ૨૫ ઢાળ અને ૪૭૭ કડીનો 'રાત્રિભોજનનો રાસ/અમરસેન-જયસેનનૃપ-રાસ'(૨.ઈ.૧૭૦૩/સં.૧૭૫૯, અસાડ વદ ૧) ચક્લા-ચક્લીના પૂર્વાવતારમાં રાત્રિભોજન ન કરવાને કારણે રાજકુમાર અને રાજકુમારીનો અવતાર પામનાર જયસેન અને જયસેનાનું વૃત્તાંત વર્ણવે છે. દિવ્ય વિદ્યાઓ પ્રાપ્ત કરીને, જયસેનાએ ધારેલી વાત પૂરી કરી એને પરણનાર જયસેનની આ કથા કેટલાંક વર્ણનો, મનોભાવોનાં સ્ફુટ વિસ્તૃત આલેખનો અને સુભાષિતોની ગૂંથણીને કારણે રસપ્રદ બને છે. એ જ રીતે પૂર્વભવમાં મુનિઓને વસ્ત્રદાન કરેલું તેના ફળસ્વરૂપે બીજા ભવમાં સુખસમૃદ્ધિ પ્રાપ્ત કરનાર ઉત્તમચરિત્રકુમારની કથા કહેતો, ૨૯ ઢાળ અને ૫૮૭ કડીનો 'ઉત્તમકુમારચરિત્રનો રાસ' (૨.ઈ.૧૬૮૯/સં. ૧૭૪૫, આસો સુદ ૫) પણ એનાં કથારસ, વર્ણનકૌશલ અને પ્રાસાદિક નિરૂપણથી ધ્યાન ખેંચે છે. આ બંને કૃતિઓમાં કડખાની દેશીમાં ચારણી છટાથી થયેલું યુદ્ધવર્ણન કવિની વર્ણન-શક્તિનો સમુચિત પરિચય કરાવે છે. ૨૨ ઢાળ અને ૪૨૯ કડીની 'આરામશોભા-રાસ' (૨.ઈ.૧૭૦૫/સં.૧૭૬૧, જેઠ સુદ ૩) અપરમાને પનારે પડેલી અને નાગદેવતાને બચાવતાં એની કૃપાથી માથે આરામ (=બગીચો) નિરંતર ઝળુંબતો રહે એવું વરદાન અને તેને કારણે 'આરામશોભા' નામ પામેલી કન્યાની કથા કહેવામાં આવેલી છે. જિતશત્રુ રાજા સાથેના આરામશોભાનાં લગ્ન પછી પણ નાગદેવતા એને અપરમાના દ્વેષમાંથી બચાવે છે. ચમત્કારિક વૃત્તાંતવાળી આ કથા લોકોક્તિઓ તેમ જ લોક-પ્રચલિત દૃષ્ટાંતો વગેરેના આશ્રયથી થયેલાં કેટલાંક મનોભાવનિરૂપણો અને પદ્યબંધની કેટલીક છટાઓથી રસપ્રદ બને છે. હરિબલ માછીની જાણીતી કથા કહેતા ૩૨ ઢાળ અને ૬૭૯ કડીના 'હરિબલ-માછી-રાસ' (૨. ઈ.૧૬૯૦/સં. ૧૭૪૬, આસો સુદ ૧, બુધવાર)-માં પણ કવિની પદબંધની, દૃષ્ટાંતાદિકની તથા મનોભાવનિરૂપણની શક્તિઓ પ્રગટ થાય છે. ૪૯ ઢાળ અને ૮૬૧ કડીનો 'શ્રીપાલ-રાજાનો રાસ'(૨.ઈ.૧૬૮૪/સં.૧૭૪૦, ચૈત્ર–૭, સોમવાર), તપ-ગચ્છના ખંભાયત સત્યવિજયનું ચરિત્રગાન ને ગુણાનુવાદ કરતો ૬ ઢાળ અને ૧૦૬ કડીનો 'સત્યવિજયનિર્વાણ-રાસ'(૨.ઈ. ૧૭૦૦/સં. ૧૭૫૬, મહા સુદ ૧૦), ૧૫ ઢાળ અને ૮૯ કડીની 'વયરસ્વામી-ચોપાઈ/ભાસ/સઝાય' (૨.ઈ.૧૭૦૩/સં.૧૭૫૯, આસો સુદ ૧), ૧૩ ઢાળ અને ૧૦૫ કડીની 'અવંતીસુકુમાલ ચોપાઈ/પ્રબંધ/સઝાય' (૨.ઈ.૧૬૮૫/સં.૧૭૪૧,વૈશાખ/આસાડ સુદ ૮, શનિવાર) – કવિની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અન્ય મુદ્રિત રાસકૃતિઓ છે.

આ ઉપરાંત તેમની પાસેથી મળતી રાસકૃતિઓ આ પ્રમાણે છે : ૩૭૨ કડીની 'ચંદનમલયાગિરિ-ચોપાઈ'(૨.ઈ.૧૬૪૮/સં. ૧૭૦૪, વૈશાખ સુદ ૫, ગુરુવાર), ૩૧ ઢાળ અને ૧૦૩૪ કડીની 'કુસુમશ્રી-રાસ/ચોપાઈ' (૨.ઈ.૧૬૫૧ કે ૧૬૫૯/સં.૧૭૦૭, માગશર વદ ૧૧ કે સં.૧૭૧૫,માગશર વદ ૧૩), 'ગજસિંહચરિત્ર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૫૨), ૩૦ ઢાળની 'વિદ્યાવિલાસ-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૬૫૫/ સં.૧૭૧૧, શ્રાવણ સુદ ૯, બુધવાર), ૨૧ ઢાળની 'મંગળકલશ-ચોપાઈ' (૨. ઈ.૧૬૫૮/સં. ૧૭૧૪, શ્રાવણ/ભાદરવો/આસો વદ ૯, ગુરુવાર), 'ગજસુકુમાલ-ચોપાઈ' (૨.ઈ.૧૬૫૮/સં.૧૭૧૪, આસો સુદ ૧, મંગળવાર), ૧૦ ઢાળની 'મૃગાપુત્ર–ચોપાઈ/સંધિ' (૨. ઈ. ૧૬૫૯/સં.૧૭૧૫, મહા વદ ૧૦, શુક્રવાર), ૩૩ ઢાળ અને ૭૦૭ કડીની 'મત્સ્યોદર-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૬૬૧ કે ૧૬૬૨/ સં.૧૭૧૭ કે ૧૭૧૮, ભાદરવા સુદ ૮, રવિવાર), 'રાત્રિભોજન-રાસ/હંસકેશવ-ચોપાઈ' (૨.ઈ.૧૬૭૨/સં.૧૭૨૮, આસો સુદ ૧૨), ૭૫ ઢાળ અને ૧૩૭૬ કડીની 'શુકરાજ-ચોપાઈ/રાસ' (૨. ઈ.૧૬૮૧/ સં. ૧૭૩૭, માગશર સુદ ૪), ૩૯ ઢાળ અને ૭૦૯ કડીની 'રત્નસિંહ-રાજર્ષિ-રાસ' (૨.ઈ.૧૬૮૫/સં.૧૭૪૧, પોષ વદ ૧૧), ૨૭૧/૩૦૧ કડીની 'શ્રીપાળ-રાસ (નાનો)'(૨.ઈ.૧૬૮૬/સં. ૧૭૪૨ ચૈત્ર વદ ૧૩), ૨૬ ઢાળ અને ૪૬૩ કડીની 'અમરસેન વયરસેન-રાસ' (૨.ઈ.૧૬૮૮/સં.૧૭૪૪, ફાગણ સુદ ૨, બુધવાર), ૨૩ ઢાળ અને ૪૦૭ કડીની બીજી 'ચંદનમલયાગિરિ-ચોપાઈ/રાસ' (૨.ઈ.૧૬૮૮/સં.૧૭૪૪, શ્રાવણ/ભાદરવો/આસો સુદ ૬, ગુરુવાર), ૩૫ ઢાળ અને ૭૦૧ કડીની 'હરિશ્ચંદ્ર-રાસ'(૨. ઈ. ૧૬૮૮/સં. ૧૭૪૪, આસો સુદ ૫), ૧૨૭ ઢાળ અને ૪૩૦૦ ગ્રંથાગ્રની 'ઉપમિતિભવ પ્રપંચ-રાસ'(૨.ઈ.૧૬૮૯/સં. ૧૭૪૫, જેઠ સુદ ૧૫), ૪૨ ઢાળ અને ૮૮૮ કડીની 'યશોધર-રાસ' (૨. ઈ. ૧૬૯૧/સં. ૧૭૪૭, વૈશાખ સુદ/ વદ ૮), ૪૧ ઢાળની 'મૃગાંકલેખા-રાસ' (૨. ઈ. ૧૬૯૨/સં.૧૭૪૮, અસાડ વદ ૯), ૩૯ ઢાળ અને ૮૫૦ કડીની 'અમરદત્તમિત્રાનંદ-રાસ' (૨. ઈ. ૧૬૯૩/સં. ૧૭૪૯, ફાગણ વદ ૨, સોમવાર), ૨૪ ઢાળ અને ૪૫૭ કડીની 'ઋષિદત્તા-રાસ' (૨. ઈ. ૧૬૯૩/સં. ૧૭૪૯, ફાગણ વદ ૧૨, બુધવાર), ૨૧ ઢાળ અને ૩૮૨ કડીની 'સુદર્શન શેઠ-રાસ' (૨. ઈ.૧૬૯૩/સં. ૧૭૪૯, ભાદરવા સુદ ૧૨, શુક્રવાર), ૪૩ ઢાળ અને ૭૫૮ કડીની 'અજિતસેન કનકાવતી-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૬૯૫/નં. ૧૭૫૧, મહા વદ ૪), ૪ પ્રસ્તાવ, ૧૪૨ ઢાળ અને ૩૦૦૬ કડીની 'મહા-બલમલય સુંદરી-રાસ' (૨. ઈ. ૧૬૯૫/સં. ૧૭૫૧, આસો સુદ ૧, સોમવાર), ૨૬/૨૭ ઢાળ અને ૬૦૫ ગ્રંથાગ્રની 'ગુણકરંડ ગુણા-વલી-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૬૯૫/સં.૧૭૫૧, આસો વદ ૨), ૧૫૮ કડીની 'સૌભાગ્યપંચમી-સ્તવન'(૨.ઈ.૧૬૯૬), ૩૫૩૩ ગ્રંથાગ્રની 'મુનિપતિ-ચરિત્ર' (૨. ઈ. ૧૬૯૮/સં. ૧૭૫૪, ફાગણ સુદ ૧૧), ૩૧ ઢાળ અને ૬૨૭ કડીની 'રત્નચૂડમુનિ-રાસ' (૨. ઈ. ૧૭૦૧/સં. ૧૭૫૭, આસો સુદ ૧૩, શુક્રવાર), ૧૧ ઢાળ અને ૭૯ કડીની 'અભયકુમાર-રાસ' (૨.ઈ.૧૭૦૨/સં. ૧૭૫૮, શ્રાવણ સુદ ૫, સોમવાર), ૪૮૦ કડીની 'શીલવતી-રાસ' (૨.ઈ.૧૭૦૨/સં. ૧૭૫૮, ભાદરવા સુદ ૮), ૧૯ ઢાળ અને ૩૨૮ કડીની 'કલાવતી-રાસ'(૨.ઈ. ૧૭૦૩), ૩૬ ઢાળ અને ૭૭૦ કડીની 'રત્નશેખર રત્નાવતી-રાસ' (૨.ઈ.૧૭૦૩/સં. ૧૭૫૯, મહા સુદ ૨), ૩૩ ઢાળ અને ૬૦૪ કડીની 'રત્નસારનૃપ-રાસ' (૨.ઈ.૧૭૦૩/સં. ૧૭૫૯, પ્રથમ શ્રાવણ વદ ૧૧, સોમવાર), ૧૭ ઢાળ અને ૧૫૧ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય' (૨.ઈ.૧૭૦૩/સં.૧૭૫૯, આસો સુદ ૫, મંગળવાર), ૪ અધિકાર, ૮૦ ઢાળ અને ૧૬૫૭ કડીની 'જંબૂસ્વામી-રાસ'(૨.ઈ.૧૭૦૪/ સં.૧૭૬૦, જેઠ વદ ૧૦, બુધવાર), ૧૪ ઢાલ અને ૮૬૯ કડીની 'શ્રીમતી-રાસ' (૨. ઈ. ૧૭૦૫/સં.૧૭૬૧, મહા સુદ ૧૦), ૨૯ ઢાળ અને ૨૧૪ કડીની 'નર્મદાસુંદરીમહાસતી-સઝાય' (૨.ઈ. ૧૭૦૫/સં. ૧૭૬૧, ચૈત્ર વદ ૪, સોમવાર), ૫૦ ઢાળ અને ૧૬૩ કડીની 'વસુદેવ-રાસ' (૨.ઈ.૧૭૦૬/સં.૧૭૬૨, આસો સુદ ૨, રવિવાર), ૪ ખંડ અને ૧૦૭૮ કડીની 'નેમિ-ચરિત્ર' (૨. ઈ. ૧૭૨૩ ?/સં ૧૭૭૯?, અસાડ સુદ ૧૩), અને 'ચિત્રસેનપદ્માવતી-ચોપાઈ.'

કવિની અન્ય દીર્ઘ કૃતિઓમાં ૭૯ કડીની 'અભયસારમુનિ-ઢાળિયાં', ૪ ઢાળ અને ૪૪ કડીની 'મેઘકુમારનાં ઢાળિયાં' (મુ.), સંભવત: ૩ વીસી (૨ મુ.-૨.ઈ.૧૬૭૧/સં.૧૭૨૭, મહા/ચૈત્ર સુદ ૮ તથા ૨.ઈ. ૧૬૮૯/સં. ૧૭૪૫, દ્વિતીય વૈશાખ સુદ ૩), ૬૭ કડીની 'જિનપ્રતિમા દૃઢકરણ હૂંડી-રાસ' (૨.ઈ. ૧૬૬૯/સ. ૧૭૨૫, માગશર–), ૨ ઢાળ અને ૩૪ કડીની 'કલિયુગ-આખ્યાન' (મુ.), ૫ ઢાળ અને ૩૦ કડીની 'ચિલાતીપુત્ર-સઝાય' (મુ.), ૧૫ ઢાળ અને ૨૦૮ કડીની 'દશવૈકાલિસૂત્ર-દશ અધ્યયન-ગીત' (૨. ઈ.૧૬૮૧/સં.૧૭૩૭, આસો સુદ ૧૫), ૧૧ ઢાળ અને ૯૮ કડીની 'શિયળ-નવવાડ-સઝાય' (૨. ઈ.૧૬૭૨/સં. ૧૭૨૯, ભાદરવા વદ ૨; મુ.), ૭૨ કડીની 'જીવ ઉત્પત્તિની સઝાય' (મુ.), ૭ ઢાળ અને ૭૦ કડીની 'સમક્તિ-સત્તરી-સઝાય'(૨.ઈ.૧૬૮૦/સં. ૧૭૩૬, શ્રાવણ/ભાદરવો/આસો સુદ ૧૦; મુ.),૧૯ ઢાળની 'જ્ઞાતાસૂત્ર-સઝાય' (૨. ઈ. ૧૬૮૦/સં. ૧૭૩૬, ફાગણ વદ ૭), ૫૦ કડીની 'પાર્શ્વનાથ દશભવગર્ભિત-સ્તવન'(મુ.), ૫ ઢાળ અને ૨૧ કડીની 'આદિ-નાથ-સ્તવન' (મુ.), ચંદ્રાવળાની ૨૮ કડીની 'આદિનાથબૃહત્-સ્તવન'(૨.ઈ.૧૬૮૨/સં.૧૭૩૮, મહામાસ – ;મુ.),'પાર્શ્વનાથ-દોધક-છત્રીસી', (મુ.) 'ઋષિ-બત્રીસી-સઝાય' (મુ.) ૪ ઢાળ અને ૨૪ કડીની 'મૌનએકાદશી-સ્તવન' (મુ.), 'ગૌતમસ્વામી–પચીસી' (મુ.), 'આહારદોષ-છત્રીસી'(૨. ઈ.૧૬૭૧/સં. ૧૭૨૭, અસાડ વદ ૧૨), 'સુગુરુ-પચીસી' (મુ.), 'વૈરાગ્ય-છત્રીસી', 'કુગુરુપચીસી' (૨. ઈ. ૧૬૭૩; મુ.), 'કવિત્વ-બાવની' (૨. ઈ. ૧૬૯૨; મુ.), ૩૭ કડીની 'મહાવીર-છંદ', ૨૯ કડીની 'ગણેશજીનો છંદ', 'છઆરા-સ્તવન' તેમ જ હિંદીમાં કવિતની ૨૧ કડીની 'ચોબોલીકથા' (મુ.), દુહામાં 'નંદ-બહુત્તરી/વિરોચન મહેતાની વારતા' (૨. ઈ. ૧૬૫૮/સં. ૧૭૧૪, કારતક–; મુ.), 'સીતામુદ્રડી,' ૨ ચોવીસી (૧ની ૨.ઈ. ૧૬૮૨/સં. ૧૭૩૮, ફાગણ વદ ૧; બંનેં મુ.), સવૈયામાં 'ૐકાર-બાવની/માતૃકા-બાવની/જસરાજ-બાવની' (૨.ઈ.૧૬૮૨/ સં. ૧૭૩૮, ફાગણ વદ ૭, ગુરુવાર; મુ.), 'દોહા-બાવની' (૨.ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, અસાડ સુદ ૯; મુ.), 'ઉપદેશ-છત્રીસી' (૨. ઈ. ૧૬૫૭; મુ.), 'બોધક-છત્રીસી' (મુ.), સવૈયાની ૨૮ કડીની 'પાર્શ્વનાથઘગ્ઘર-નિશાણી' (મુ.) તથા રાજસ્થાની ભાષામાં ૪૭ કડીની '(ફલોધી) પાર્શ્વનાથબૃહત્ -સ્તવન/છંદ' (મુ.), દુહાસોરઠાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦૬ કડીની 'પ્રેમપત્રિકા'(મુ.) વગેરેનો સમાવેશ થાય છે.

આમાંથી ચોવીસીઓ તથા વીસીઓમાં પ્રેમભક્તિના ભાવનો આશ્રય લેવામાં આવ્યો છે તે ધ્યાન ખેંચે છે. ૧ વીસી તો ઢાળ અને ધ્રુવાના વૈવિધ્યભર્યા ગરબાઓ રૂપે રચાયેલી છે અને તેમાં તીર્થંકરનાં જન્મ, નગરાગમન આદિ પ્રસંગોને અનુલક્ષીને, સખીને કે કંથને સંબોધન રૂપે એમનાં રૂપ અને પ્રભાવનું કે પોતાના ભક્તિભાવ કે ગુરુભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. એમાં કેટલોક આત્મબોધ પણ છે. બાવની વગેરે પ્રકારની કૃતિઓ ઉપદેશાત્મક છે. 'પ્રેમપત્રિકા' પ્રભુને લખાયેલ પત્ર રૂપે (પ્રભુરૂપી) સાજનના સ્નેહનો મહિમા પ્રગટ કરતી કૃતિ છે.

જિનહર્ષે સ્તવન, સઝાય, ગીત, પંદરતિથિ, બારમાસ, ચોમાસા, હિયાલી, પ્રહેલિકા વગેરે પ્રકારની અનેક કૃતિઓ (ઘણી મુ.) ગુજરાતી, રાજસ્થાની તેમ જ હિંદીમાં રચેલી છે. ક્વચિત્ તેમણે સિંધી-પંજાબીમાં પણ કૃતિ રચી છે. એ બધામાં દેશીઓ અને સવૈયા આદિ છંદોના વિનિયોગથી મનોરમ ગેયતા સિદ્ધ થયેલી છે. તે ઉપરાંત તેમાં પ્રાસાદિક ભાવમય નિરૂપણો પણ પ્રાપ્ત થાય છે. ભાવમયતાની દૃષ્ટિએ નેમિરાજિમતીવિષયક ગીતો – જેમાં બારમાસ અને પત્રનો પણ સમાવેશ થાય છે – તે ખાસ ધ્યાન ખેંચે છે. બારમાસ તથા ૧૫ તિથિની દુહાબદ્ધ રાજસ્થાની રચનાઓમાં તો સામાન્ય નાયક-નાયિકાને કેન્દ્રમાં રાખીને વિરહ-ભાવનું આલેખન થયું છે. પાર્શ્વનાથ અને સ્થૂલિભદ્રવિષયક તેમ જ જીવપ્રબોધનો વિષય લઈને પણ આ કવિએ બારમાસ રચ્યા છે તે બતાવે છે કે રૂઢ કાવ્યરૂપોને પણ એ કેવા વૈવિધ્યથી વાપરી શકે છે. ચોમાસાનો કાવ્યપ્રકાર નિપજાવવા ઉપરાંત એમણે વરસાદ, રાધાકૃષ્ણ, યૌવન, માનિની સ્ત્રી વગેરે વિષયોની દુહા, કવિત વગેરે પ્રકારની ફુટકળ રચનાઓ પણ કરી છે.

કવિએ ગદ્યમાં ૧૧૫૦ ગ્રંથાગ્રનો 'સ્નાત્રપૂજા પંચાશિકા-બાલાવબોધ', ૬૦૫ ગ્રંથાગ્રનો 'દીપાલિકાકલ્પ-બાલાવબોધ', ૨૦૧ ગ્રંથાગ્રનો 'મૌનએકાદશી-બાલાવબોધ' અને 'જ્ઞાનપંચમીકથા-બાલાવબોધ' રચેલ છે.

કૃતિ : ૧. આરામશોભા રાસ, સં. જયંત કોઠારી, કીર્તિદા જોશી; ઈ. ૧૯૮૩ (+ સં.); ૨. ઉત્તમકુમાર ચરિત્ર રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૭ (+ સં.); ૩. કુમારપાળ રાજાનો રાસ, પ્ર.મોહનલાલ દલસુખરામ, ઈ. ૧૮૭૬; ૪. રાત્રિભોજન પરિહારક રાસ, પ્ર. ભીમસિંહ માણેક ઈ. ૧૮૮૭; (૩જી આ.) ૫. વીસ સ્થાનકનો રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૦; ૬. શ્રીપાળ રાજાકા રાસ; સં. કેશરમુનિ મહારાજ, સં. ૧૯૯૩; ૭. જિનહર્ષ ગ્રંથાવલી, સં. અગરચંદ નાહટા, સં. ૨૦૧૮ (+ સં); ☐૮. આકામહોદધિ : ૩ (+ સં.), ૪ (+ સં.); ૯. જૈઐરાસમાળા : ૧ (+ સં.); ૧૦. જૈસસંગ્રહ (ન.); ૧૧. મોસસંગ્રહ; ☐૧૨. જૈન સત્યપ્રકાશ, નવે. અને ડિસે. ૧૯૩૯–'કવિત્વબાવની', સં. અંબાલાલ પ્રે. શાહ (+ સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૨,૩(૨);૪.જૈહાપ્રોસ્ટા;૫. ફોહનામાવલિ; ૬. મુપુગૂહ-સૂચી; ૭. લીંહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનહર્ષ–૨ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – આવ.ઈ.૧૮૩૬/સં. ૧૮૯૨, કારતક વદ ૯]: ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના પટ્ટધર. જન્મ વાલીવા ગામમાં. પિતા તિલોકચંદ શાહ. માતા તારાદેવી. ગોત્ર મીઠડિયા વોરા. ઈ.૧૭૮૫માં દીક્ષા.દીક્ષાનામ હિતરંગ. સૂરિપદ ઈ. ૧૮૦૦માં. મંડોવરમાં અનશનપૂર્વક અવસાન. તેમણે ૩૬૦ ગ્રંથાગ્રની 'વિંશતિસ્થાનક-પૂજા' (૨.ઈ.૧૮૧૬?/સં. ૧૮૭૨ ? – "વરસચંદ્ર દિનેન્દ્ર હરિમુખ વિધિ નયન સ્થિતિ મિતિ", ભાદરવા સુદ ૫, રવિવાર), ૪ કડીની 'આદિજિનની સ્તુતિ' (મુ.) અને ૧૫ કડીનું 'શ્રીસિદ્ધાચલ-સ્તવન' (મુ.) એ કૃતિઓ રચી છે.

કૃતિ : ૧. આરત્નસાર; ૨. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. આકામહોદધિ :૪; ☐ ૨.જૈગૂકવિઓ : ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનહર્ષશિષ્ય [ ] : જૈન. ૨૪ કડીની, અપભ્રંશપ્રધાન ગુજરાતી ભાષામાં રચાયેલી 'કાલસ્વરૂપવિચાર-ગર્ભિત પાર્શ્વનાથ-વિનતી' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

જિનહંસ(સૂરિ) [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. 'ઋષિમંડન પ્રકરણ' (૨.ઈ.૧૫૦૩) અને 'ઉત્તમકુમાર-રાસ'(૨.ઈ.૧૫૨૪)ના કર્તા. કૃતિનો રચનાસમય જોતાં આ કવિ ખરતરગચ્છના જિનસમુદ્રસૂરિના પટ્ટધર જિનહંસસૂરિ (જ. ઈ.૧૪૬૮– આવ. ઈ.૧૫૨૬) હોવાની સંભાવના છે. આ જિનહંસસૂરિ સેત્રાવાના વતની. ચોપડા-ગોત્રીય મેઘરાજના પુત્ર હતા. માતા કમલાદેવી. દીક્ષા ઈ. ૧૪૭૯માં. દીક્ષાનામ ધર્મરંગ. સૂરિપદ ઈ. ૧૪૯૯. ભટ્ટારકપદ ઈ. ૧૫૦૦. આ આચાર્યે બાદશાહ સિકંદર લોદીને પ્રભાવિત કરેલા. અવસાન પાટણમાં. એમણે સંસ્કૃતમાં 'આચારાંગ સૂત્ર દીપિકા'(૨.ઈ.૧૫૨૬) રચેલી છે.

સંદર્ભ : ૧. ઔજૈકાસંગ્રહ; ૨. જૈન પરંપરાનો ઇતિહાસ : ૨; ૩. જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐૪. ડિકેટલૉગભાવિ; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જિનેન્દ્રસાગર[ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયક્ષમાની પરંપરામાં જશવંતસાગરના શિષ્ય. ક્યારેક આ કવિ જૈનેન્દ્રસાગર નામથી પણ ઉલ્લેખાયા છે. એમની કૃતિઓ ઈ. ૧૭૨૪ – ઈ.૧૭૩૧ વચ્ચેનાં રચનાવર્ષો દેખાડે છે. ૨૦ કડીની 'વિજયદયાસૂરિ-સઝાય' (૨.ઈ. ૧૭૩૧/સં.૧૭૮૭, ફાગણ સુદ ૩), ૪ કડીની 'પર્યુષણની થોય', 'અષ્ટાપદજિન-સ્તવન', ૩ ઢાળનું 'મૌનએકાદશી-સ્તવન', 'ઢૂંઢક-પચીસી' અને 'નવપદ/સિદ્ધચક્ર-સ્તવનો'માંના કેટલાંક સ્તવનો – આ કવિની મુદ્રિત કૃતિઓ છે. એમનાં સ્તવનોમાં વ્રજની અસરવાળી ભાષા તથા લયમધુર બાની નોંધપાત્ર છે. આ ઉપરાંત 'ઋષભ-સ્તવન' (૨. ઈ. ૧૭૨૪/સં. ૧૭૮૦, ફાગણ સુદ ૯), 'ચિંતામણિ પાર્શ્વનાથ-સ્તવન' (૨. ઈ. ૧૭૨૫/સં. ૧૭૮૧, ચૈત્ર સુદ ૧૫), ૬૦ કડીનું 'ત્રિભુવન શાશ્વતતા-જિનચૈત્યબિંબસંખ્યા-સ્તવન' અને આબુગઢ, નેમિનાથ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાવીર, સીમંધર વગેરે વિશેનાં સ્તવનો, ગીતો તથા 'પંચમી-સ્તુતિ' અને ૬૨ કડીની 'વિજયલક્ષ્મીસૂરિનોસલોકો', 'વિજયલક્ષ્મીસૂરિનો સલોકો' એ કૃતિઓ પણ કવિએ રચી છે.

કૃતિ : ૧. ચૈત્યસ્તવસં : ૩; ૨. જિનભક્તિપ્રકાશ; ૩. જૈનસંગ્રહ; ૪. નવપદની પૂજા (અર્થ સહિત) તથા શ્રી નવપદ ઓળીની વિધિ, પ્ર. શ્રી જૈનધર્મ પ્રસારક સભા, સં. ૧૯૯૬; ૫. પૂજાસંગ્રહ, પ્ર. ધીરજલાલ પા, શ્રો.ક, ઈ. ૧૯૩૬; ૬. સમ્યક્ત્વમિત્ર (ઢા); ૭. સૂર્યપુર રાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ.૧૯૪૦.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૨,૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જિનેશ્વર(સૂરિ) : આ નામે 'રાયપસેણી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૫૩/સં. ૧૭૦૯, અસાડ સુદ ૩) મળે છે. સમયદૃષ્ટિએ જોતાં એને જિનેશ્વરસૂરિ-૧ની રચના ગણી શકાય કે કેમ તે પ્રશ્ન છે. તે ઉપરાંત આ જ રચનાવર્ષ સાથે આ કૃતિ જિનરંગસૂરિશિષ્ય જિનચંદ્રને નામે પણ નોંધાયેલી મળે છે. તેથી કર્તૃત્વ સંદિગ્ધ બને છે. આ ઉપરાંત ૩૦ કડીની ૧ ચર્ચરી જિનેશ્વરસૂરિની નામછાપવાળી મળે છે. તેને ઈ. ૧૩મી સદીમાં હયાત જિનેશ્વરસૂરિની રચના ગણવામાં આવી છે. પરંતુ એમાં એટલા જૂના સમયનું ભાષાસ્વરૂપ જોવા મળતું નથી.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ચ.શે.]

જિનેશ્વર(સૂરિ)–૧[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છની વેગડ-શાખાના જૈન સાધુ. જિનગુણપ્રભસૂરિ (જ. ઈ. ૧૫૦૯- અવ. ઈ.૧૫૯૯)ના શિષ્ય. તેમણે તેમના ગુરુના અવસાન પર્યંતના સમગ્ર ચરિત્રને વર્ણવતા, વિવિધ દેશીઓ પ્રયોજતા ૬૧ કડીના 'જિનગુણપ્રભસૂરિપ્રબંધ-ધવલ' (મુ.)ની રચના કરી છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+ સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ચ.શે.]

જિનોદય(સૂરિ)–૧[જ.ઈ.૧૩૧૯- અવ.ઈ.૧૩૭૬/સં.૧૪૩૨,ભાદરવા સુદ/વદ ૧૧] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિશિષ્ય. પાલણપુરના વતની.ગોત્રમાલ્હ. પિતા રુદ્રપાલ શાહ. માતા ધારલદેવી. મૂળ નામ સમર. ઈ. ૧૩૨૬માં દીક્ષા. દીક્ષાનામ સોમપ્રભ. ઈ. ૧૩૫૦માં વાચનાચાર્યની પદવી. અવસાન પાટણમાં. તેમણે 'ત્રિવિક્રમ-રાસ' (૨.ઈ.૧૩૫૯) રચેલ છે.

સંદર્ભ : ૧.જૈઐકાસંચય; ☐ ૨.જૈગૂકવિઓ :૧,૨. [ચ.શે.]

જિનોદય(સૂરિ)–૨[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. ભાવહર્ષસૂરિ-જિનતિલકસૂરિ અને જયતિલકસૂરિના શિષ્ય. કવિની બન્ને કૃતિઓ આ રીતે ૨ જુદા ગુરુનામ બતાવે છે ને એ નામો યથાર્થ હોવાનું સમર્થન અન્યત્રથી મળે છે તેથી બન્ને કૃતિઓના કર્તા જુદા હોવાનો પણ વહેમ જાય. અનુકંપાદાન-વિષયક ૨૭ ઢાલની 'ચંપકચરિત્ર/વૃદ્ધદંત-ચોપાઈ' (૨. ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, કારતક સુદ ૧૩) તથા અસાઈતની 'હંસાઉલી'ને અનુસરતી દુહાદેશીબદ્ધ ૪ ખંડ અને ૯૧૯ કડીની પ્રાસાદિક કથાકથનયુક્ત 'હંસરાજવચ્છરાજ-ચોપાઈ/રાસ'(૨.ઈ.૧૬૨૪/ સં. ૧૬૮૦, આસો સુદ ૧૦, રવિવાર; મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : હંસરાજવચ્છરાજનો રાસ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૨૫(છઠ્ઠી આ).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

જિનોદય(સૂરિ)–૩[ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની વેગડ-શાખાના જૈન સાધુ. ગુણસમુદ્રસૂરિની પરંપરામાં જિનસુંદર-સૂરિના શિષ્ય. 'સુરસુંદરીઅમરકુમાર-રાસ/સુરસુંદરીસુરકુમાર-રાસ' (૨.ઈ.૧૭૧૩/સં.૧૭૬૯, શ્રાવણ–), 'પંચાખ્યાન-બાલાવબોધ (બીજક સાથે)'(૨.ઈ.૧૭૧૬/સં.૧૭૭૨, ચૈત્ર વદ ૧૩, મંગળ/શુક્રવાર), 'અંજના હનુમાન-ચોપાઈ' (૨.ઈ.૧૭૧૭/સં.૧૭૭૩, મહા સુદ–), 'સુયગડાંગ-બાલાવબોધ' તથા હિન્દીમાં 'ચોવીસજિનસવૈયા'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદ નાહટા; ☐ ૨.જૈગૂકવિઓ :૨,૩(૨);૩.મુપુગૂહસૂચી. [ચ.શે.]

જીતમલ [જ. ઈ. ૧૮૦૪ – અવ.ઈ.૧૮૮૨] : તેરાપંથી જૈન સાધુ. ભીખમજી/ભીખુજીની પરંપરામાં રાયચંદજીના શિષ્ય. અવસાન જયપુરમાં.

એમના ૪ ખંડ અને ૬૩ ઢાળનાં 'ભિખુજસ રસાયણ' (૨. ઈ. ૧૮૫૨/સં.૧૯૦૮, આસો સુદ ૧, શુક્રવાર;મુ.)માં તેરાપંથના સ્થાપક ભીખુજીનું ચરિત્ર તથા એમનો ઉપદેશ વીગતે વર્ણવાયા છે. આ ઉપરાંત, ૬૩ કડીની 'ત્રણસો છ બોલની હૂંડી' (૨. ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, વૈશાખ સુદ ૧, બુધવાર; મુ.), ૭૩ કડીની 'નિવેદ્યકરણીની ઢાળ' (૨.ઈ.૧૮૨૪/સં. ૧૮૮૦, વૈશાખ સુદ ૩, શુક્રવાર; મુ.), ૫૦ કડીની 'અનુકંપા ઢાળ' (૨. ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, વૈશાખ સુદ ૩, શુક્રવાર; મુ.), 'ચોવીસી'(૨. ઈ. ૧૮૪૪/સં. ૧૯૦૦, આસો વદ ૪), 'ભગવતીસૂત્ર ઢાલબંધ', 'ઉત્તરાધ્યયન સૂત્રઢાલબંધ', 'દશવૈકાલિકસૂત્ર ઢાલબંધ', 'પ્રશ્નોત્તરતત્ત્વબોધ', 'હેમનવરસા', 'દીપજસ', 'જયજસ', 'શ્રાવકારાધના' એ એમની અન્ય કૃતિઓ છે. આ કવિની ઘણી કૃતિઓમાં હિન્દી-રાજસ્થાનીનો ઘણો પ્રભાવ વર્તાય છે.

કૃતિ : ભિખુવિલાસ–.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

જીવ : "જીવ લહે ભવપાર" અને "જીવ વરે શિવનારી" એવી પંક્તિઓ ધરાવતી અનુક્રમે 'વીસવિહરમાન જિન-ચૈત્યવંદન' (મુ.) તથા 'આપસ્વભાવની સઝાય' (મુ.) એ કૃતિઓમાં 'જીવ' કર્તાનામ ગણવું કે કેમ તે પ્રશ્ન છે. ઉપરાંત એ જીવ કયા છે તે પણ નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧.જિનભક્તિપ્રકાશ;૨.જૈસસંગ્રહ (ન.);૩.મોસસંગ્રહ. [કી.જો.]

જીવજી [ઈ. ૧૮૪૮ સુધીમાં] : જૈન. ૭ વ્યસનોની વિનાશકતા વિશેના 'મયણરેહા-રાસ'(લે.ઈ.૧૮૪૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવણ/જીવન : આ નામે 'જમના-સ્તુતિ' (મુ.), 'અવતારનો છંદ' (મુ.), 'પંદરતિથિ માતાની' (મુ.), 'વારનું પદ' (મુ.), ૨ બોધાત્મક પદો(મુ.), ૧૨ પદના 'નંદકિશોરના બારમાસ', 'રામચરિતના મહિના' તથા બીજાં કેટલાંક પદો (થોડાંક મુ.) મળે છે તેના કર્તા કયા જીવણ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'જીવન' કે 'જીવણ' એવી નામછાપ ધરાવતી ઉપર્યુક્ત કૃતિઓમાંની કેટલીક જીવણદાસને નામે પણ નોંધાયેલી મળે છે. 'નંદકિશોરના બારમાસ'માં "હો જીવણ નંદકિશોર" એ અંતની પંક્તિમાં 'જીવણ' ને કર્તાનામ ગણવું કે કેમ એ કોયડો છે. આમાંની કોઈ કૃતિઓના કર્તા અર્વાચીન હોવાની પણ સંભાવના છે. ૨ બોધાત્મક પદોના કર્તા જીવણ ઈ. ૧૭૪૪માં હયાત હોવાની માહિતી નોંધાયેલી છે પરંતુ તેનો આધાર સ્પષ્ટ થતો નથી.

કૃતિ : ૧. ગુકાદોહન; ૨. દેવી મહાત્મ્ય અથવા ગરબા સંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. ટ્રિવેદી, ઈ. ૧૮૯૭; ૩. પ્રાકાવિનોદ:૧ ; ૪. બૃકાદોહન : ૬.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકેટેલૉગભાવિ; ૩. ફાહનામાવલિ : ૨; ૪. ફૉહનામાવલિ. [ચ.શે.]

જીવણ(દાસી)–૧/ જીવણસાહેબ [જ.ઈ. ૧૭૫૦ – અવ. ઈ. ૧૮૨૫/ સં. ૧૮૮૧, આસો વદ ૩૦] : રવિભાણ સંપ્રદાયના ભજનિક સંતકવિ. ભીમસાહેબના નાદશિષ્ય. સૌરાષ્ટ્રમાં ગોંડળ પાસેના ધોધાવદરના ચમાર મેઘવાળ. પિતા જગાભાઈ, માતા સામબાઈ અવટંકે દાફડા.

સાંપ્રદાયિક માન્યતા અનુસાર આયુકાળ ઉપર્યુક્ત છે ને તેમણે ધોધાવદરમાં સમાધિ લીધી હોવાની હકીકત સ્વીકારાયેલી છે. જીવણસાહેબે ૩૫ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું – એ રીતે તેમનો જન્મ ઈ. ૧૭૯૦માં થયો ગણાય – અને ગિરનારના શેષાવનમાં તેમણે સમાધિ લીધી હતી એવી પણ લોકવાયકા નોંધાયેલી છે પરંતુ એ અધિકૃત હોય એમ જણાતું નથી.

સુખી પરિવારના આ જીવણસાહેબને વિશે જે વીગતો લોકોમાં પ્રચલિત છે તે અનુસાર તેમને જાલબાઈ સમેત બે પત્નીઓ હતી. તીવ્ર અધ્યાત્મ જિજ્ઞાસાએ તેમણે એક પછી એક ૧૭ ગુરુઓ બદલ્યા હતા અને છેવટે સંત ભીમને ચરણે જઈને તેઓ ઠર્યા હતા. રાજ્ય તેમ જ સમાજ તરફથી તેમના સંતત્વની થયેલી તાવણીમાંથી તેઓ જે રીતે પાર ઊતર્યા તેની અનેક ચમત્કાર-કથાઓ પણ લોકોમાં પ્રચલિત છે. તેમનાં તન-મનના સૌંદર્યે આકૃષ્ટ ગોરાંદે નામની બાઈને તેમણે સન્માર્ગે ચડાવી હતી. તેઓ રાધાના અવતાર રૂપ મનાતા હતા અને પોતાને 'દાસી' તરીકે ઓળખાવતા હતા.

'દાસી જીવણ' એવી નામછાપ ધરાવતાં આ સંતકવિનાં પદો (ઘણાં મુ.) યૌગિક રહસ્યાનુભૂતિ, પ્રેમલક્ષણાભક્તિ, ગુરુમહિમા, ભક્તિવૈરાગ્યબોધ વગેરે વિષયોને આલેખે છે. યૌગિક રહસ્યાનુભૂતિને વર્ણવતાં પદોમાં પ્રભાવકતા છે, તો પ્રેમલક્ષણાભક્તિનાં પદોમાં મુલાયમતા અને મધુરતા છે. રૂપકો, વર્ણધ્વનિચિત્રો અને તળપદી વાગ્‌ભંગીઓનો આશ્રય લેતી કવિની વાણીમાં હિંદીનો વણાટ છે ને ઘણાં પદો હિંદી ભાષામાં પણ મળે છે.

કૃતિ : ૧. દાસી જીવણનાં પદો, સં. દલપતભાઈ શ્રીમાળી ઈ.૧૯૬૬(+સં.); ૨. દાસી જીવણસાહેબની વાણી, સં. પ્રેમવંશ ગુરુચરણદાસજી, ઈ.૧૯૭૪(+સં.); ☐૩. ગુહિવાણી (+સં.); ૪. બૃકાદોહન : ૮; ૫. યોગવેદાંત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.) (+સં.); ૬. સતવાણી; ૭. સોસંવાણી (+સં.); ☐૮. ઊર્મિનવરચના, ઑક્ટો. તથા ડિસે., ૧૯૭૯ તેમ જ જાન્યુ.થી જૂન ૧૯૮૦.

સંદર્ભ : ૧. 'જીવણ આખ્યાન' જ્ઞાન ઝાખૂટ ભંડાર, સં. ગુંસાઈ રેવાગર પિતાંબરગર, ઈ. ૧૯૧૫; ☐૨. આગુસંતો : ૧; ૩. ગુસામધ્ય; ૪. ભાણલીલામૃત, સં. પ્રેમવંશ પુરુષોત્તમદાસ માધવ-સાહેબ, ઈ.૧૯૬૫; ૫. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ.૧૯૮૨. [ચ.શે.]

જીવણજી–૧ : [જ.ઈ.૧૫૯૩-અવ.ઈ.૧૬૮૧] જુઓ જીવણદાસ–૧.

જીવણજી–૨ [ઈ.૧૬૫૨માં હયાત] : જૈન સાધુ. ચતુરમુનિના શિષ્ય. 'મંગલકલશ-ચરિત્ર' (ર.ઈ.૧૬૫૨)ના કર્તા. કર્તા ભૂલથી જીવણસિંહ નામથી પણ નોંધાયા છે.

સંદર્ભ : ૧. કૅટલૉગગુરા; ૨. મુપુગૂહસૂચી. [ર.સો.]

જીવણજી(મુનિ)–૩ [ ] : જૈન સાધુ. 'શિયળનું ચોઢાળિયું' (મુ.)ના કર્તા.

કૃતિ : વિવિધપુષ્પવાટિકા : ૨, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ઈ. ૧૯૮૨ (સાતમી આ.). [કી.જો.]

જીવણદાસ : આ નામે ગુરુમહિમાનું વર્ણન કરતો 'જ્ઞાન-કક્કો' (મુ.), ગોપીકૃષ્ણવિરહને વર્ણવતી ૬૪ કડીની 'શ્રુતવેલ', તિથિઓ, વાર, કૃષ્ણભક્તિનાં, શિખામણનાં તથા અન્ય પદ (કેટલાંક મુ.) મળે છે તે કયા જીવણદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ જીવણ.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૪; ૨. બૃકાદોહન : ૮.

સંદર્ભ : ૧. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦ – 'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐૨. ગૂહાયાદી; ૩. ફૉહનામાવલિ. [ચ.શે.]

જીવણદાસ–૧/જીવણજી [જ.ઈ.૧૫૯૩ – અવ. ઈ. ૧૬૮૧/સં. સં. ૧૭૩૭, ભાદરવા સુદ ૫] : રામકબીર-સંપ્રદાયની ઉદાધર્મ શાખાના વૈષ્ણવ સંતકવિ. પુનિયાદ ગાદીની જ્ઞાનીજીની પરંપરામાં ગોપાલદાસના શિષ્ય. જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. ઈ.૧૬૦૪માં ૧૧ વર્ષની ઉંમરે ગોરિયાદ આવ્યાની માહિતી નોંધાયેલી છે. ઈ. ૧૬૨૭માં ગુરુદીક્ષા. જીવણદાસે દ્વારકાની અને પછીથી જગન્નાથ-પુરી, કૈલાસ, કાશી વગેરે ભારતનાં તીર્થધામોની યાત્રા કરી હતી. તેમની ગાદી પુનિયાદમાં હતી પરંતુ ઘણાં વર્ષો તેઓ શાહપુરામાં રહ્યા હતા. તેમના જીવનના ઘણા ચમત્કારપ્રસંગો નોંધાયેલા છે. અવસાન પુનિયાદમાં.

એમની મહત્ત્વની રચના ગુરુદેવ, વિરહ, પતિવ્રતા, માયા, બ્રહ્મજ્ઞાની વગેરે વિષયો પરના ૨૧ અંગ અને ૧૦૩૩ સાખીઓ ધરાવતી 'સાખી પારાયણ' (મુ.) હિંદી ભાષામાં છે. ગુજરાતીમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૨ દુહા, અધ્યારુજી ધનરાજનાં ૨૮ કીર્તનોના સાર રૂપે રચાયેલી ૧ બોધાત્મક કૃતિ (મુ.) તથા 'આદ'ને નામે ઓળખાવાયેલી પ્રસાદ આરોગતી વખતે ગાવાની આરતી (મુ.) એ એમની કૃતિઓ મળે છે. જોકે, 'આદ'માં કર્યા નામછાપ મળતી નથી. 'ભક્તમાલ'ની પ્રિયાદાસની ટીકા પર માહાત્મ્ય મળે છે તે સંભવત: એમણે રચેલું છે. તેમણે અન્ય પદો પણ રચ્યાં હોવા જોઈએ પણ તે પ્રાપ્ત થતાં નથી.

કૃતિ : ૧. સાખી પારાયણ, પ્ર. સ્વામી જગદીશચંદ્ર યદુનાથ, સં. ૨૦૩૮; ☐ ૨. ઉદાધર્મપંચરત્નમાલા, પ્ર. સ્વામી જગદીશચંદ્ર યદુનાથ, ઈ.૧૯૬૮(ત્રીજી આ.); ૩. ઉદાધર્મ ભજનસાગર, પ્ર. દ્વારકાદાસ ક. પટેલ, ઈ. ૧૯૨૬; ☐ ૪. જીવણવાણી, વૈશાખ — જેઠ, ૨૦૩૨ — 'આદ'. [ચ.શે.]

જીવણદાસ–૨[ઈ.૧૭૦૦ આસપાસ] : પીર કાયમુદ્દીન બાવાના શિષ્ય. રતનબાઈના પિત્રાઈ ભાઈ. વડોદરા પ્રાંતના કરજણ–ચોરંદા તાલુકાના પાછિયાપુરામાં વસવાટ. જ્ઞાતિએ પાટીદાર. કવિની કૃતિઓમાં અધ્યાત્મ અનુભવ, અભેદજ્ઞાન, જાતિભેદનો તિરસ્કાર, ભક્તિબોધ જેવા વિષયો છે. કવિની ભાષામાં હિંદીનું મિશ્રાણ જોવા મળે છે. પોતાને જીવણ મસ્તાન એવી નામછાપથી ઓળખાવતા આ કવિએ ભજનો (૩ મુ.)ની રચના કરી છે.

કૃતિ : ભક્તિસાગર, પ્ર. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯. [કી.જો.]

જીવણદાસ–૩ [ઈ.૧૭૪૨માં હયાત] : ધોળકાના નિવાસી. સંસારની ઉત્પત્તિ, આત્માનું સ્વરૂપ, મનની નિર્મલતા આદિવિષયક ૧૨ પ્રશ્નોના ઉત્તર નિરૂપતી ૧૨ કડવાં અને ૪૧૦ ચરણની 'ગુરુશિષ્ય-સંવાદ'(ર.ઈ.૧૭૪૨/સં.૧૭૯૮, શ્રાવણ સુદ ૨, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૨. [ચ.શે.]

જીવણદાસ–૪/જીવણરામ[ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. આખાની ગણાવાયેલી સંતપરંપરામાં લાલદાસના શિષ્ય. 'બ્રહ્મજ્ઞાની', તરીકે જાણીતા આ કવિ પ્રસંગોપાત્ત પોતાના માટે 'પ્રેમસખી' શબ્દ પણ પ્રયોજે છે. મહીતટે આવેલા ખાનપુર(તા. લુણાવાડા)-ના વીસા ખડાયતા વણિક. પછીથી તેઓ શિમળિયા (તા. લુણા-વાડા)ના નિવાસી થયેલા.

'જીવન-ગીતા'(ર.ઈ.૧૭૬૩) અને 'જીવનરમણ'(ર.ઈ. ૧૭૬૮)ને આધારે કવિનો કવનકાળ ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધનો અને એમનો જીવનકાળ પણ એની આસપાસનો નિશ્ચિત થાય છે. એમની ૧૨ પદની ચાતુરીઓના 'પ્રાચીનકાવ્ય ત્રૈમાસિક'માં જ મળતા, સં. ૧૮૦૩ (ઈ.૧૭૪૭)નો નિર્દેશ કરતા પાઠને અધિકૃત ગણીએ તો કવિના જીવન-કવનકાળને ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધથી પૂર્વે લઈ જવો પડે. કવિની કૃતિ 'અકલરમણ'માં પણ સં.૧૮૭૨ (ઈ.૧૮૧૬)ના ભાદરવા વદ ૧૪, બુધવાર એમના સિદ્ધિના દિન તરીકે નિર્દેશાયેલ છે પરંતુ આ કૃતિની ઈ. ૧૭૮૧-ની મળતી હસ્તપ્રત અને અન્ય કૃતિઓના રચનાસમય એ હકીકતને શંકાસ્પદ ઠરાવે છે.

આ જીવણદાસ બાલબ્રહ્મચારી હોવાની, તેમણે ચમત્કારિક સિદ્ધિઓ મેળવી હોવાની, તેમને થોભણ નામનો ભાઈ હોવાની વાતો પ્રચલિત છે, પરંતુ તે દંતકથા કોટિની છે.

જીવણદાસની ૧૨ કૃતિઓ નોંધાયેલી છે. એમની સર્વ કૃતિ-ઓમાં મુખ્ય વેદાંત-અદ્વૈતનું પ્રતિપાદન કરતી, ૨૨ કડવાંની, દોહરા-ચોપાઈ બંધની 'જીવન-ગીતા' (ર.ઈ.૧૭૬૩/સં.૧૮૧૯, શ્રાવણ વદ ૧૩, મંગળવાર); ૯૨ સાખીઓમાં વેદાંત તથા યોગની પરિભાષામાં તત્ત્વવિચાર રજૂ કરતું, ગુરુશિષ્ય-સંવાદરૂપ 'જીવનરમણ' (ર.ઈ.૧૭૬૮/સં. ૧૮૨૪, પોષ વદ ૫, શુક્રવાર); ૩૬૩ સાખીઓમાં જ્ઞાનવૈરાગ્યથી માંડીને શ્રીકૃષ્ણની રાસલીલા પર્યંતના વિષયોને આવરી લેતું 'અકલરમણ'; પ્રેમલક્ષણાભક્તિથી યુક્ત ૭ કડવાંનું 'મહીમાહાત્મ્ય' (મુ.); 'ભજનના ખ્યાલ'; નિર્ગુણ બ્રહ્મ 'રહિત પદ'થી સગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ તથા રાધાના સાયુજ્ય સુધીની ભૂમિકાઓ વર્ણવતી ૧૧ પદની ચાતુરીઓ, 'નવચાતુરી' એવું શીર્ષક પણ ધરાવતી, ગુરુશિષ્યસંવાદ રૂપે આત્મજ્ઞાનવિષયક વેદાંતના સર્વ સિદ્ધાંતો સમજાવતી ૧૨ પદની બીજી ચાતુરી (ર.ઈ. ૧૭૪૭/સં. ૧૮૦૩, ફાગણ સુદ ૫,ગુરુવાર; મુ.); અત્રતત્ર આવળવાણીના પ્રયોગોવાળી ભક્તિશૃંગારપ્રધાન ૪૧ સાખીઓ; કક્કો-બારાખડી (મુ.); રાધાકૃષ્ણની એકાત્મતા-નિર્દેશતી ભક્તિ-શૃંગારપ્રધાન 'આનંદલીલા'; ૧૭ કડીનો 'હરિનો વિવાહ'; ગણપતિ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, જોગમાયા, શબ્દબ્રહ્મ અને છેલ્લે જ્યોતિ-સ્વરૂપનું વર્ણન કરતું ધોળ તથા અન્ય ધોળ-પદો (કેટલાંક મુ.) છે. જીવણદાસે એમની રચનાઓમાં હિન્દીનો પ્રયોગ પણ કર્યો છે. 'અકલરમણ'માંની ભાષા હિન્દી-ગુજરાતી મિશ્ર સ્વરૂપની છે. વેદાંત-ના કૂટ વિષયને પ્રાસાદિક રીતે, સ્વાનુભવની પ્રતીતિ સાથે રજૂ કરવાની આ કવિની ક્ષમતા ધ્યાનાર્હ છે.

કૃતિ : ૧. નકાદોહન; ૨. બૃકાદોહન : ૪, ૮; ☐ ૩. પ્રાકા-ત્રૈમાસિક, અં. ૨, ઈ. ૧૮૯૦; ૪. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૬૮— 'જીવણદાસકૃત મહીમાહાત્મ્ય', સં. યોગીન્દ્ર જ. ત્રિપાઠી (+સં.).

સંદર્ભ : અસંપરંપરા; ૨. પ્રાકકૃતિઓ; ૩. ગુસાપઅહેવાલ : ૨૧–'જીવનગીતા એક પરિચય', યોગીન્દ્ર જ. ત્રિપાઠી; ☐ ૪. ગૂહાયાદી. [ચ. શે.]

જીવણરામ : આ નામે 'કૃષ્ણની થાળ', ગરબીઓ તથા નિર્ગુણી પદ નોંધાયેલ છે તે ક્યા જીવણરામ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ચ.શે.]

જીવણરામ–૧ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : જુઓ જીવણદાસ–૪.

જીવણવિજય(ગણિ) : આ નામે ચંદ્રર્ષિ–મહત્તરની પ્રાકૃત કૃતિ 'પ્રખ્તિકા કર્મગ્રંથ' પરનો એક સ્તબક (લે. ઈ. ૧૮૫૫) મળે છે તે જીવણવિજય—૧ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.સો.]

જીવણવિજય–૧ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં નિત્યવિજયશિષ્ય જીવવિજયના શિષ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ કવિએ રચેલી 'ચોવીસી' (૨. ઈ. ૧૭૨૭/સં.૧૭૮૩, ભાદરવા વદ ૧, ગુરુવાર)માંથી ૫ સ્તવનો અને ક્લશ મુદ્રિત છે. પહુડી છંદની ૧૨ કડીમાં રચાયેલી અન્ય મુદ્રિત કૃતિ 'શંખેશ્વરપાર્શ્વનાથ-છંદ' (૨.ઈ.૧૭૪૨/સં. ૧૭૯૮, પોષ—૧૩, રવિવાર) ઝડઝમકયુકત ડિંગળી ભાષાશૈલીની દૃષ્ટિએ લાક્ષણિક છે. 'આલોચનાઅનુમોદન-સઝાય' અને 'વિમલગિરિ-સ્તવન' આ કવિની અન્ય કૃતિઓ છે.

કૃતિ : ૧. જૈગૂસારત્નો:૧ (+સં.); ૨. પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

જીવણિયો [ ] : આ નામે ૧ સુબોધક સોરઠો મુદ્રિત મળે છે.

કૃતિ : કાઠિયાવાડી સાહિત્ય : ૨, સં. કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩. [કી.જો.]

જીવન :– જુઓ જીવણ.

જીવન–૧ [ઈ.૧૭મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ. ગોંસાઈ (વિઠ્ઠલનાથજી)ના પુત્રોના ભક્તકવિઓમાંના એક.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

જીવન–૨ [ ]: જગજીવનના શિષ્ય. ૧૧ કડીના 'જિન-સ્તવન' ના કર્તા.

સંદર્ભ : ડિકૅટેલૉગભાઈ : ૧૯(૧). [કી.જો.]

જીવરાજ : આ નામે કેટલીક જૈનેતર કૃતિઓ મળે છે જેમાંની 'દાણલીલાના ૧૫ સવૈયા' નામની કૃતિના કર્તા વૈષ્ણવમાર્ગી હોવાથી ને એની ભાષા અર્વાચીન જણાવાથી એ જીવરાજ-૩ થી જુદા હોવાનું અનુમાન થયું છે. કૃષ્ણભક્તિનાં ૩ પદ મુદ્રિત મળે છે તે પણ કદાચ એમનાં હોય. 'બૃહત્ કાવ્યદોહન'માં શિવાનંદને નામે મુદ્રિત થયેલાં શિવપૂજનનાં ૧૦ પદોમાંથી ૩ પદ 'જીવરાજ' છાપ દર્શાવે છે, તે એ કવિનું સંન્યાસી થયા પછીનું નામ હોવાનું જણાવાયું છે.

૧૪ કડીની '(મંડપ દુર્ગમંડન) સુપાર્શ્વજિન-સ્તવન' (લિ.સં.૧૮મી સદી અનુ.) એ જૈન કૃતિ પણ આ નામે મળે છે.

આ બધી કૃતિઓના કર્તા કયા જીવરાજ છે એ નિશ્ચિત થતું નથી.

કૃતિ : બૃકાદોહન : ૫ (+સં.), ૮.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; □ ૨.ગૂહાયાદી; ૩.ફાહનામાવલિ : ૨; ૪. હેજ્ઞસૂચિ : ૧. [૨.સો.]

જીવરાજ–૧ [ઈ.૧૬૦૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં રાજકલશના શિષ્ય. 'સુખમાલાસતી-રાસ' (૨.ઈ.૧૬૦૭/સં.૧૬૬૩, કારતક સુદ ૧૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૧). [૨.સો.]

જીવરાજ–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. આ કવિએ 'આદિનાથ સ્વામીનું સ્તવન'(૨.ઈ. ૧૬૧૬/સં.૧૬૭૨, શ્રાવણ સુદ ૫), 'મહાવીરસ્વામીનું સ્તવન'(૨.ઈ. ૧૬૧૯/સં.૧૬૭૫ આસો સુદ ૧૦, શુક્રવાર) તથા અન્ય કેટલાંક સ્તવન(જેમાંના ૧ની ૨.ઈ.૧૬૨૧/સં. ૧૬૬૭, ભાદરવા સુદ ૮, મંગળવાર મળે છે) રચ્યાં છે. 'રઘુનાથસ્વામીનું સ્તવન'ની ૨.સં. ૧૬૧૯ વિજયા-દશમી, સોમવાર નોંધાયેલી છે પરંતુ તેમાં છાપભૂલ હોવા સંભવ છે. તેની ૨.સં.૧૬૬૯(ઈ.૧૬૧૩) હોઈ શકે.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૦–'બાલાપુર ત્યાં નિર્માણ થયેલ તથા લખાયેલ સાહિત્ય', મુનિરાજ શ્રી કાંતિસાગરજી. [કી.જો.]

જીવરાજ–૩[ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : વેગમપુર (સુરતનું બેગમ-પુરા?) ના વતની. અવટંકે પંચોળી.

આ કવિની કૃતિઓમાં 'ઈશપ્રતાપ' (૨. ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, ફાગણ સુદ ૫, મંગળવાર; મુ.) ગરબીના ઢાળમાં રચાયેલું શિવ-મહિમાનું ૬૩ કડીનું પદ છે; 'કૈલાસવર્ણન' (૨.ઈ.૧૬૭૮/સં. ૧૭૩૪, ચૈત્ર સુદ ૪, શનિવાર; મુ.) કૈલાસની શોભા વર્ણવી એનો મહિમા ગાતું, સંસ્કૃત તત્સમ શબ્દોની બહુલતાવાળું ને કાવ્યત્વની દૃષ્ટિએ નોંધપાત્ર ૧૧૭ કડીનું કાવ્ય છે; 'જીવને શિખામણ' (મુ.) વૈરાગ્યબોધક અને ભક્તિબોધક ૪૦ કડીનું પદ છે. શિવભક્તિવિષયક આ ત્રણે કૃતિઓ કવિની તત્ત્વજ્ઞાનવિષયક તેમ જ સંસારદર્શનની ઠીકઠીક સૂઝ દર્શાવે છે.

કૃતિ : બૃકાદોહન : ૫.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો. [૨.સો.]

જીવરાજ–૪ [ઈ.૧૭ મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. ગોવિંદના શિષ્ય. ૪૯ કડીની 'ચિત્રસંભૂતિયોઢાળિયું' (૨.ઈ.૧૬૮૬ કે ૧૬૯૦ /સં. ૧૭૪૨ કે ૧૭૪૬, મહા – ૧, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [૨.સો.]

'જીવરાજશેઠની મુસાફરી' [૨.ઈ.૧૭૪૪/સં.૧૮૦૦,પોષ સુદ ૧]: ધોળકાના જીવરામ (ભટ્ટ)નું હીર છંદની ચાલમાં રચાયેલું ૮૭ કડીનું આ કાવ્ય (મુ.) પ્રેમાનંદના 'વિવેક વણઝારો'ને અનુસરતી રૂપકકથાની પ્રકૃતિએ અદ્વૈતના જ્ઞાનબોધનું નિરૂપણ કરે છે. શિવ-બ્રહ્મથી જુદા પડી ભવાબ્ધિમાં ઝૂકાવતા, માયાની ભ્રાન્તિમાં ફસાઈ અટવાતા ને છેવટે નિવૃત્તિને વરી ભક્તિ ને જ્ઞાન રૂપી પુત્રો પામીને શિવત્વ સાથે અદ્વૈત પામતા જીવતત્ત્વની વાત કવિએ શિવરાજના પુત્ર જીવરાજ શેઠની વેપાર અર્થે થતી મુસાફરીના વીગતપૂર્ણ ને રસિક વર્ણન રૂપે આલેખી છે. રૂપકકથામાં રૂઢિને જ અનુસરતા ને કાવ્યની છેલ્લી કેટલીક પંક્તિઓમાં કથાનાં પાત્રો સાથે એમણે યોજેલાં પારિભાષિક સંજ્ઞાઓનાં સાદૃશ્યોની સમજૂતી આપતા કવિનું ધ્યાન વિશેષપણે કથારસને બહેલાવવા પર રહ્યું છે એ લાક્ષણિક છે. [૨.સો.]

જીવરામ [ઈ.૧૭૪૪માં હયાત] : ધોળકાના વતની. અવટંકે ભટ્ટ. જ્ઞાતિએ ઔદિચ્ય ટોળકિયા બ્રાહ્મણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ કવિનું 'જીવરાજ શેઠની મુસાફરી'←(૨.ઈ.૧૭૪૪/સં. ૧૮૦૦, પોષ સુદ ૧; મુ.) હીર-છંદની ચાલમાં રચાયેલું, પ્રેમાનંદના 'વિવેક વણજારો' પ્રકારનું, ૮૭ કડીનું રૂપક કાવ્ય છે. શિવરાજના પુત્ર જીવરાજના વાણિજ્ય અર્થે થતા પ્રવાસની રૂપકકથાથી કવિએ અદ્વૈતના જ્ઞાનબોધનું સારું નિરૂપણ કર્યું છે.

કૃતિ : બૂકાદોહન : ૧.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસામધ્ય. [૨.સો.]

જીવરુચિ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભની પરંપરામાં પંડિત પુણ્યરુચિ (ઈ. ૧૬૨૨માં હયાત)ના શિષ્ય. ૧૬ કડીની 'જીવને ઉપદેશની સઝાય' (મુ.) ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(જૈ.); ૨.જૈસમાલા (શા.) : ૩. [૨.સો.]

જીવવિજય : આ નામે ૧૫ કડીની 'તીર્થવંદના', 'બાસઠ માર્ગણામાં કર્મપ્રકૃતિઉદયયન્ત્રવિવરણ'(લે.સં.૧૯મી સદી આનુ.), ૧૧ કડીની 'બાહુબલિ-સઝાય'(લે.ઈ.૧૮૧૩), ચંદ્રસૂરિકૃત પ્રાકૃત કૃતિ 'સંગ્રહણી પ્રકરણ' પરનો સ્તબક (લે.ઈ.૧૮૭૧), 'સપ્ત-તિકાકર્મગ્રંથ બન્ધોદયસત્તા – સંવેધયંત્રક'(લે.ઈ.૧૭૪૫), 'કર્મગ્રંથ : ૧–૨' પરના સ્તબક(લે. સં. ૨૦મી સદી આનુ.) તથા 'કર્મગ્રંથ : ૫–૬' પરના બાલાવબોધ (મુ.) મળે છે તે કયા જીવવિજય છે તે નક્કી થઈ શકતું નથી. 'કર્મગ્રંથો' જીવવિજય–૨ ના પણ હોવાની શકયતા છે.

કૃતિ: કર્મગ્રંથ સાર્થ : ૨ (૫ અને ૬ કર્મગ્રંથ), પ્ર. જૈન શ્રેયસ્કર મંડળ, સં. ૨૦૦૭ (ત્રીજી આ.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જીવવિજય–૧ [ઈ.૧૬૧૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયતિલકની પરંપરામાં વિમલહર્ષશિષ્ય મુનિવિમલના શિષ્ય. ૬૧ કડીના 'શાંતિનાથ-સ્તવન'(૨.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, આસો સુદ ૧૦) ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.સો.]

જીવવિજય–૨ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિની પરંપરામાં જ્ઞાનવિજયના શિષ્ય. આ કવિએ નીચે મુજબના ગદ્યગ્રંથો રચ્યા છે : સુધર્માસ્વામીની પ્રાકૃત કૃતિ ઉપરનો વીસેક હજાર ગ્રંથાગ્રનો 'જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ-બાલાવબોધ/સ્તબક' (૨. ઈ. ૧૭૧૪); શ્યામાચાર્યની પ્રાકૃત કૃતિ 'પ્રજ્ઞાપનાસૂત્ર' પરનો પચાસેક હજાર ગ્રંથાગ્રનો સ્તબક (૨.ઈ.૧૭૧૮); મુનિસુંદરના 'અધ્યાત્મકલ્પદ્રુમ'પરનો બાલાવબોધ(૨.ઈ.૧૭૩૪); 'છ કર્મગ્રંથ' પરનો બાલાવબોધ (૨.ઈ.૧૭૪૭/સં.૧૮૦૩ આસો સુદ ૧૦) અને 'જીવવિચાર-બાલાવબોધ' (૨.ઈ.૧૭૪૮/સં.૧૮૦૪, કારતક સુદ–,શુક્રવાર).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૨);૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જીવવિજય–૩ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. કીર્તિવિજય (ઈ.૧૮૨૪માં હયાત)ના શિષ્ય. 'પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનું ત્રિઢાળિયું', ૪ કડીની 'રાત્રિભોજનની સ્તુતિ' અને ૭ કડીનું 'શાંતિનાથ સ્વામીનું સ્તવન', ૪ કડીની 'મહાવીર જિન-સ્તુતિ', ૧૧ કડીની 'શિયળની સઝાય'–એ મુદ્રિત કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, સં. તિલકવિજયજી, સં.૧૯૯૩; ૩. સઝાયમાલા (પં.). [૨.સો.]

જીવસાગર[ઈ.૧૭૧૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. કુશલ-સાગરની પરંપરામાં ગંગસાગરના શિષ્ય. ૩ ખંડના 'અમરસેન-વયરસેન-ચરિત્ર-રાસ' (૨.ઈ.૧૭૧૨/સં.૧૭૬૮, શ્રાવણ વદ ૪, મંગળ/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

જીવા(ઋષિ)/જીવાજી(ઋષિ) [જ.ઈ.૧૪૯૪ કે ૧૪૯૫/સં. ૧૫૫૧, મહા સુદ ૧૨ – અવ.ઈ.૧૫૫૭/સં.૧૬૧૩, જેઠ સુદ ૬ કે જેઠ વદ ૧૦, સોમવાર] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપજીના શિષ્ય. સુરતના વતની. દેસલહરા ઓસવાલ ગોત્ર. પિતા તેજલ/તેજપાલ. માતા કપૂરાંબાઈ. ઈ.૧૫૨૨માં દીક્ષા. ઈ. ૧૫૨૯માં પૂજ્યપદવી. એમની ગાદી ગુજરાતી લોંકાગચ્છના નામથી અમદાવાદમાં શરૂ થઈ. અવસાન અનશનપૂર્વક. 'કક્કાબત્રીસી/કક્કાબત્રીસી-સઝાય' (લે.ઈ.૧૭૫૦)ના કર્તા.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૩(૨)-'જૈનગચ્છોની ગુરુપટ્ટા-વલિઓ'; ૨. જૈન ધર્મનો પ્રાચીન સંક્ષિપ્ત ઈતિહાસ અને પ્રભુવીર પટ્ટાવલી, મુનિ શ્રી મણિલાલજી, સં. ૧૯૯૧; ☐૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

જીવો : આ નામે કૃષ્ણના મથુરાગમન વિશેનું ૧ પદ (મુ.) મળે છે પણ તે જીવો-૨નું હોવા સંભવ છે પણ તે વિશે નિશ્ચિતપણે કશું કહી શકાય તેમ નથી.

કૃતિ : ભસાસિંધુ. [૨.સો.]

જીવો–૧[ઈ.૧૭૮૧ સુધીમાં] : 'બાર-મહિના/રાધાકૃષ્ણના બારમાસ' (લે.ઈ.૧૭૮૧)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુ-ગૂહસૂચી. [૨.સો.]

જીવો–૨[ઈ.૧૯મી સદી] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. એમનાં પ્રેમલક્ષણાભક્તિનાં ૭ પદો મુદ્રિત મળે છે.

કૃતિ : સહજાનંદ વિલાસ, પ્ર. હિંમતલાલ બળદેવજી સ્વામિ-નારાયણ,–. [૨.સો.]

જીવો–૩ [ ] : અવટંકે ભટ્ટ. ભુજંગી છંદમાં રચાયેલા 'કૃષ્ણસ્તુતિ-અષ્ટક' ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

જુગનાથ [ઈ.૧૫૪૫માં હયાત] : ભુજંગી છંદની ચાલના ૮ કડીના 'રામાષ્ટક/રામચરિત'(૨.ઈ.૧૫૪૩/શકસં.૧૪૬૪, શ્રાવણ સુદ ૧૧). ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત: ૧–૨; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફાહનામા-વલિ : ૨. [કી.બ્ર.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જૂઠણ તરકડિયાનો વેશ' : 'નટાવાનો વેશ' 'હરાયાનો વેશ' એવાં નામ પણ ધરાવતો આ વેશ (મુ.), ભવાઈપરંપરાનુસાર, ગણપતિના વેશ પછી તરત પહેલા વેશ તરીકે ભજવાય છે. આ વેશના ઓછાવત્તા વીગતભેદ દર્શાવતા કેટલાક પાઠભેદો મળે છે, એ જોતાં એમાં મૂળમાં હિંદુ સ્ત્રી સાથેના કોઈ મુસ્લિમ સરદારના નિષ્ફળ પ્રેમનું કરુણગર્ભ વૃત્તાંત હશે એમ લાગે છે, પણ પછીથી જાતજાતનાં ઉમેરણો થતાં એમાં ઠઠ્ઠાનાં ઘણાં તત્ત્વો પ્રવેશી ગયાં છે.

વેશ મુખ્ય ૨ વિભાગોમાં વહેંચાઈ જાય છે. પહેલા વિભાગમાં જૂઠણનો નાયક મદન સાથેનો સંવાદ આલેખાય છે. દિલ્હીના, બલ્ખબુખારાના કે ગ્વાલગઢના બાદશાહ તરીકે ઉલ્લેખાતો જૂઠણ સાંઈ કે ફકીર બની ચૂકેલો છે. જૂઠણ નાયક સાથેના સંવાદમાં પોતાનાં 'મિયાં પોસ્તી' 'કુત્તીમાર' જેવાં અન્ય નામો હોવાનું જણાવી એ નામો કેમ પડ્યાં તેની વિનોદી કથાઓ માંડે છે, **નાગર**બ્રાહ્મણ, ઢૂંઢિયા શ્રાવક, ધાંયજા વગેરે ઘણી નાતજાતનાં ગાણાં ગાય છે,– જેમાં બહુધા એ કોમોની હાંસીમશ્કરી છે ને ક્વચિત્ એમનામાં ગવાતાં ગાણાંના નમૂના પણ છે – જુદા જુદા પ્રકારની લાજની નકલ કરે છે, રાંધવા-પીરસવાનો અભિનય કરે છે, પોતાની ટોપીની ૩ વિશેષતાઓ વર્ણવે છે, અને પોતે અઢાર માસે કેવી રીતે જન્મ્યો એની વાત કરે છે. પગેથી તાળી આપતો ને તાળી માટે નાયકે લંબાવેલા હાથમાં થૂંકતો તથા આવી બધી કથા માંડતો જૂઠણ સાંઈના ગંભીર પાત્ર કરતાં વિશેષ વિદૂષકના પાત્રની છાપ પાડે છે, જો કે એના દ્વારા રજૂ થયેલું કેટલુંક સમાજદર્શન આકર્ષક છે.

વેશના બીજા વિભાગમાં જોરુ કે બીબી સાથેનો જૂઠણનો સંવાદ આલેખાય છે. જોરુ સામાન્ય રીતે ૧ છે, પણ કોઈ પાઠમાં ૨ પણ છે – ચટકી મટકી કે લાલકુંવર-ફૂલકુંવર. જોરુ-જૂઠણના 'ચબોલા' નામક પદ્યમાં ચાલતા સંવાદમાં પરસ્પરના આકર્ષણની કથા વર્ણવાય છે, જોરુને સાસરિયાં તરફથી સંભવિત ભયોનો ને બંનેના જાતિભેદનો ઉલ્લેખ થાય છે અને છેવટે જૂઠણનું ઘર માંડવા જોરુ તૈયાર થતી નથી તેથી જૂઠણનો ફકીર થઈ જવાનો સંકલ્પ પણ અભિવ્યક્તિ પામે છે. આ સંવાદ ગ્રામ્ય રીતિની વણછડને કારણે વિનોદાત્મક પણ બને છે. "એકારા રે ભાઈ એકારા, સાહેબકે ઘરમેં એકારા" એમ એકતાના ગંભીર સૂચન સાથે વેશ પૂરો થાય છે.

વેશની ભાષામાં ગુજરી મુસલમાની, ગુજરાતી અને મારવાડીનું મિશ્રણ છે.

કૃતિ : ૧.દેશી ભવાઈનો ભોમિયો, મયાશંકર જી. શુકલ; ૨. ભવાઈસંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ,*ઈ.૧૮૬૬, ઈ.૧૮૯૪ (ચોથી આ.);૩.ભવાની ભવાઈ પ્રકાશ,સં. હરમણિશંકર ધ. મુનશી,–.

સંદર્ભ : ભવાઈ(અં.), સુધા આર. દેસાઈ, ઈ.૧૯૭૨. [ક.જા.]

જૂઠીબાઈ [ ] : અધ્યાત્મવિદ્યા સંબંધી જેરામદાસ સાથે પ્રશ્નોત્તરી થયેલી તેમાં પ્રશ્નરૂપે રચાયેલાં ૬ પદો(મુ.)નાં કર્તા. કાઠિયાવાડી બોલીના તત્ત્વવાળી આ રચનાઓ ધીરાની કાફી પ્રકારની જણાય છે.

કૃતિ : દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ.૧૯૫૮. [કી.બ્ર.]

જેકૃષ્ણ : જુઓ જયકૃષ્ણ.

જેકૃષ્ણદાસ [ ] : 'રામાયણના ચંદ્રાવળા', 'સુદામાના ચંદ્રાવળા', 'રાસ' અને પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

જેઠમલ : જુઓ જ્યેષ્ઠમલ્લ.

જેઠા : જુઓ જેઠો–.

જેઠા(ઋષિ) : જુઓ જ્યેષ્ઠમલ્લ-૧.

જેઠાભાઈ/જેઠો[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ મહારાજના શિષ્ય. વતન નડિયાદ. એમણે સંતરામ મહારાજવિષયક કેટલાંક પદો રચ્યાં છે. સંતરામ ભક્તિનું ૪ કડીનું ૧ પદ મુદ્રિત મળે છે, જે સંતરામ મહારાજની સમાધિ પછી રચાયેલું જણાય છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, નડિયાદ, સં. ૨૦૩૩, (ચોથી આ.).

સંદર્ભ : ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

જેઠીબાઈ [ ] : ઉપદેશાત્મક, હિન્દીની છાંટવાળા ૪ કડીના ૧ પદ (મુ.)ના કર્તા.

કૃતિ : બુકાદોહન : ૭.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

જેઠીભાઈ–૧ [ ] : નીતિવિષયક પદોના કર્તા.

સંદર્ભ : ગુજૂકહકીકત. [શ્રા.ત્રિ.]

જેઠીભાઈ–૨ [ ] : વેદાંતનાં પદોના કર્તા.

સંદર્ભ : ગુજૂકહકીકત. [શ્રા.ત્રિ.]

જેઠીરામ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ] : દેવાસાહેબના પટ્ટશિષ્ય. કચ્છના રાવ રાયધણજી પહેલાની પાંચમી પેઢીના સંતાન. પિતા સત્તાજી. મૂળ નામ જેઠુજી. જાડેજા રજપૂત. રાજવહીવટમાં રસ ન હોવાથી ને આધ્યાત્મિક પ્રીતિ વિશેષ હોવાથી ગામબહાર પર્ણકુટિ બાંધી રહેલા. ઈ.૧૭૬૧ (સં.૧૮૧૭)માં કચ્છમાં પડેલા દુકાળ સમયે લોકોને મદદ કરેલી. 'કચ્છના સંતો'માં આ દુકાળનું વર્ષ ભૂલથી સં.૧૮૧૭ છપાયું છે. પછી ભારતની પદયાત્રા કરી હતી. દેવાસાહેબના અવસાન બાદ, હમલાની ગાદી બધાના આગ્રહ છતાં સ્વીકારેલી નહીં. પણ દેવાસાહેબના પૌત્ર રામસિંહજી ઉંમરલાયક થયા ત્યાં સુધી તેમના વતી સંભાળેલી. તેમણે અનેક ભાવવાહી ભજનો રચ્યાં હોવાનું નોંધાયું છે.

ગુજરાતીમાં તેમ જ ક્વચિત હિન્દીની છાંટવાળી ગુજરાતીમાં તથા હિંદીમાં કેટલાંક ઉપદેશાત્મક ભજનો (મુ.) મળે છે તે આ જેઠીરામનાં હોવાની શક્યતા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. બૃહત્ ભજન સાગર, સં. જ્યોતિર્વિભૂષણ પંડિત, દામોદર જ. ભટ્ટ, સં. ૧૯૬૫; ૨. ભજનસાગર : ૧; ૩. ભસાસિંધુ; ૪. સોસંવાણી.

સંદર્ભ : કચ્છના સંતો, દુલેરાય કારાણી, ઈ.૧૯૭૬. [શ્રા.ત્રિ.]

જેઠો : આ નામથી કેટલાંક પદ-ભજન મળે છે તે કયા કવિનાં છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ફોહનામાવલિ. [કી.જો.]

જેઠો–૧[ઈ. ૧૭૯૫માં હયાત] : મોહનસુત. જ્ઞાતિએ ઝારોલા વણિક. જૂનાગઢના વતની. માતાજીના શણગારને વર્ણવતી ૨૭ કડીની 'હીમજાજી માતાના જન્મચરિત્રની ગરબી' (ઈ.૧૭૯૫/સં. ૧૮૫૧, પ્રથમ ભાદરવા સુદ ૬, રવિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : શ્રીમદ્ ભગવતી કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ.૧૮૮૯. [કૌ.બ્ર.]

જેઠો–૨[ઈ.૧૮૪૨માં હયાત] : જ્ઞાતિએ ઔદિચ્ય બ્રાહ્મણ. પિતા મૂલજી વ્યાસ. પોતાને 'દેરાશી' તરીકે પણ ઓળખાવે છે. એમણે ૫ કડવાંના 'શીતળાદેવીનું આખ્યાન' (૨. ઈ. ૧૮૪૨/સં. ૧૮૯૮, શ્રાવણ વદ ૬, શનિવાર)ની રચના કરી છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. કદહસૂચિ; ૩. ગૂહાયાદી. [કૌ.બ્ર.]

જેઠો–૩[ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જુઓ જેઠાભાઈ.

જેઠો–૪ [ ]: જામનગરનિવાસી. જ્ઞાતિએ કડિયા. ગુરુ અને ભક્તિનો મહિમા કરતાં ૪ કડીનાં ૨ પદ (મુ.)ના કર્તા. ૧ પદ મુખ્યત્વે હિંદી ભાષામાં છે.

કૃતિ : યોગ વેદાન્ત ભજન ભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ.૧૯૭૬. [કૌ.બ્ર.]

જેઠો–૫ [ ] : કુતિયાણા (સૌરાષ્ટ્ર)ના રહીશ. જ્ઞાતિએ ભરવાડ. કોમ-ધર્મના ભેદભાવથી પર આ કવિ કોઢથી પીડાતા હશે તે મટાડવા ગિરનારમાં દાતારને ડુંગરે પીર જમિયલને શરણે ગયા હશે – એવી માન્યતા છે. 'જેઠીરામ'ને નામે પણ ભૂલથી ઉલ્લેખાયેલા આ કવિ 'જેઠો રામનો' તરીકે ઓળખાવે છે તેથી રામભક્ત હોવા સંભવ છે. તેમણે દાતારનો, ગિરનારના મેળાનો અને પરકમ્માનો મહિમા ગાતા, ઉપદેશાત્મક તથા રામાયણ વિષયક છકડિયા દુહાઓ (મુ.) રચ્યા છે.

કૃતિ : ૧. કાઠિયાવાડી સાહિત્ય : ૧ અને ૨, સં. કહાનજી ધર્મસિંહ, ઈ.૧૯૨૩(+સં.); ૨. પરકમ્મા; ઝવેરચંદ મેઘાણી, ઈ.૧૯૪૬. (+સં.). [શ્રા.ત્રિ.]

જેતસી : જુઓ જયતસી.

જેતા [સં.૧૭મી સદી] : આવટંકે કોઠારી. મથુરાના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

જેદેવ : જુઓ જયદેવ.

જેબાઈ[ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : શહેરા(ગોધરા પાસે)ના મોતીરામ (ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ)ના અથવા એમના શિષ્ય વેલજી મોટાના શિષ્યા. તેથી શહેરા અથવા તેની આસપાસના વતની. વેદાંતની પરિભાષા યોજીને ચૈતન્યની વિવિધ અવસ્થાઓનો મહિમા ગાતી અને જન્મમરણના ફેરામાંથી મુક્તિ માગતી, ૮-૮ કડીઓની ૨ આરતી (મુ.) તેમની પાસેથી મળે છે. એમને નામે નોંધાયેલ 'રાજસૂય-યજ્ઞ' (૨. સં. ૧૭૪૪)ની પ્રમાણભૂતતા શંકાસ્પદ જણાય છે.

કૃતિ : પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ૧. થોડાંક રસદર્શનો સાહિત્ય અને ભક્તિનાં, કનૈયાલાલ મુનશી સં. ૧૯૮૯; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. વસંત, આશ્વિન, ૧૯૬૮, – 'સ્ત્રી કવિ જેબાઈ', છગનલાલ વિ. રાવળ. [શ્રા.ત્રિ.]

જેમલભારથી [ ] : એમનું અધ્યાત્મ-જ્ઞાનનું યોગમાર્ગી ૧ ભજન મુદ્રિત મળે છે.

કૃતિ : સતવાણી [કી.જો.]

જેમલ(ઋષિ)/જયમલ [જ.ઈ. ૧૭૦૯/૧૭૧૦ –અવ.ઈ. ૧૭૯૭/સં. ૧૮૫૩, વૈશાખ સુદ ૧૩] : લોંકાગચ્છના જૈન સાધુ. ભૂધરજીના શિષ્ય. જન્મ રાજસ્થાનમાં લાંબિયા ગામમાં. જ્ઞાતિએ વીસા ઓસવાલ. ગોત્ર સમદડિયા મહેતા. પિતા મોહનદાસ. માતા મહેમાદે. દીક્ષા લગ્ન પછી ટૂંક સમયમાં જ પત્ની લક્ષ્મી સહિત ઈ.સ.૧૭૩૧/૧૭૩૨માં. આ મુનિએ ૧૩/૧૬ વર્ષ સુધી એકાંતર ઉપવાસ કર્યા હતા અને ૫૦ વર્ષ સુધી સૂઈને નિદ્રા ન લેવાનો મહાસંકલ્પ પાળ્યો હતો. અવસાન અનશનપૂર્વક નાગોરમાં.

'નેમચરિત્ર-ચોપાઈ/નેમ-રાસ'(૨.ઈ.૧૭૪૮/સં. ૧૮૦૪, ભાદરવા સુદ ૫), ૨૨ ઢાળનો 'પરદેશી રાજાનો રાસ' તથા 'ઉદાયી-નૃપ-ચરિત્ર' એ એમની દીર્ઘ રાસાત્મક કૃતિઓ છે, તો ૬ ઢાળની 'અર્જુનમાળીની ઢાળ'(૨.ઈ.૧૭૬૪/સં.૧૮૨૦; કારતક સુદ ૧૫), 'આવંતીસુકુમાલ ચોઢાળિયું' (૨.ઈ૧૭૬૯/, સં.૧૮૨૫, આસો સુદ ૭), ૬૭ કડીની 'ખંધક-ચોપાઈ ખંધકચોઢાળિયું' (૨.ઈ. ૧૭૫૫/સં. ૧૮૧૧, વૈશાખ સુદ ૭), 'કમલાવતી-સઝાય', 'સ્થૂલિભદ્ર-સઝાય' એ ચરિત્રાત્મક પ્રકારની તેમની અન્ય કૃતિઓ છે. તેમણે કાર્તિકશેઠ, તેતલીપુત્ર, મહારાણી દેવકી, મેઘકુમાર, સતી દ્રૌપદી, સુબાહુકુમાર વગેરે વિશે પણ આવી રચનાઓ કરી હોવાનું નોંધાયું છે. 'આત્મિક-છત્રીસી', 'ઉપદેશ-બત્રીસી', 'જીવા-પાંત્રીસી'(મુ.), 'પુણ્ય-છત્રીસી', 'વૈરાગ્ય-બત્રીસી', 'શલ્ય-છત્રીસી' (મુ.), ૩૭ કડીની 'આલોયણ-સઝાય', 'કાયાની સઝાય' (મુ.), ૪૩ કડીની 'મૂરખ જીવડાની સઝાય/શિખામણની સઝાય' (મુ.) એ એમની ઉપદેશાત્મક કૃતિઓ છે. એમનાં ઉપદેશાત્મક કાવ્યો ૩૭ હોવાનું નોંધાયું છે. 'ચોવીસી', 'વીસી', ૧૧૦ કડીની 'સાધુવંદના' (૨. ઈ. ૧૭૫૧; મુ.), 'ચોસઠ યતિઓની સઝાય', ૨૬ કડીની 'શાંતિનાથનો છંદ' (મુ.) તથા અન્ય સ્તુતિ-સ્તવનાદિ તેમ જ 'ગૌતમપૃચ્છા', 'બાલ-પચીસી',

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૩ કડીની 'દિવાળી-સઝાય' અને ૩૫ કડીની 'ચંદ્રગુપ્ત-સોળ-સ્વપ્ન-સઝાય' વગેરે પ્રકીર્ણ રચનાઓ આ કવિની મળે છે. આ કવિની કૃતિઓની ભાષામાં હિંદી-રાજસ્થાનીનો પ્રભાવ છે.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧ અને ૨, સં. મુનિ શ્રી શામજી, ઈ.૧૯૬૨; ૨. જૈસમાલા : ૨ (શા.); ૩. જૈસસંગ્રહ (ન.); ૪. મોસસંગ્રહ; ૫. વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. મુનિ શ્રી પૂનમચંદ્રજી,ઈ.૧૯૮૨, (સાતમી આ.); ૫. શ્રાવક સ્તવનસંગ્રહ : ૩, પાનમલ ભૈરોદાનજી સેઠિયા, ઈ. ૧૯૨૩.

સંદર્ભ : ૧. જૈનધર્મ કે પ્રભાવક આચાર્ય, સાધ્વી સંઘમિત્રા, ઈ.૧૯૭૯; ૨. હિસ્ટરી ઑવ્ રાજસ્થાની લિટરેચર, હીરાલાલ માહેશ્વરી, ઈ.૧૯૮૦; ☐ ૩. ડિકૅટેલૉગભાઈ : ૧૯(૨); ૪. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૫. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જેરાજ [ઈ. ૧૮૮૨ સુધીમાં] : 'સિંહાસન-બત્રીસી' (લે. ઈ. ૧૮૨૨)ના કર્તા.

સંદર્ભ : રાપુહસૂચી : ૧. [કી.જો.]

જેરાજદાસ [ ] : એમણે રચેલાં પદો – જેમાંના કેટલાંક હિંદીમાં છે – નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ફાહનામાવલિ : ૨. [કૌ.બ્ર.]

જેરામ–૧ [ઈ.સ.૧૭મીસદીનો ઉત્તરાર્ધ] : ચતુર્વેદી મોઢ બ્રાહ્મણ. અવટંકે જાની. મુંદ્રા(કચ્છ)ના વતની. કવિના પુત્ર વિસનજીએ ઈ.૧૭૨૮માં એમના 'બભ્રૂવાહન-આખ્યાન'ની હસ્તપ્રત લખી હતી, એ આધારે આ કવિનો સમય ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ ગણી શકાય. પૂર્વછાયા અને ચોપાઈની ૫૦૦ કડીનું 'બભ્રૂવાહન-આખ્યાન'(૨.ઈ.૧૬૯૪?/સં.૧૭૫૦ – "પાંડવ પ્રાકર્મ હરી ગુણ ગાયે તે સાલ અક્ષર સત આણીયાં") સુશ્લિષ્ટ પદબંધ અને મધુર ભાષા ધરાવતું વીરરસપૂર્ણ કાવ્ય છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફાહનામાવલિ : ૧. [કૌ.બ્ર.]

જેરામ–૨ [ ] : જૈન. 'તપબહુમાન-ભાસ' તથા 'પાર્શ્વનાથ-સ્તવન' (મુ.)ના કર્તા. 'પાર્શ્વનાથ સ્તુતિ'માં "ઋષભચરણકમલકીર્તિ" એ શબ્દો ગૂંથાયા છે તે કદાચ કવિના ગુરુનામના વાચક હોય.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

જેરામદાસ/જયરામ : આ નામે કેટલાંક પદો–ભજનો (મુ.) મળે છે તે જેરામદાસ-૧ છે કે કેમ તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. બૃહત સંતસમાજ મોટી ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ.૧૯૫૦ (છઠ્ઠી આ.); ૩. ભજનસાગર : ૧; ૪. ભસાસિંધુ. [કૌ.બ્ર.]

જેરામદાસ–૧ [ ] : અધ્યાત્મવિદ્યા સંબંધી જૂઠીબાઈ સાથેની પ્રશ્નોત્તરીમાં ઉત્તરરૂપ ૬ પદો(મુ.)ના કર્તા. કાઠિયાવાડી બોલીના તત્ત્વવાળી આ રચનાઓ ધીરાની કાફી પ્રકારની જણાય છે.

કૃતિ : દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદજીભાઈ રા. ધામેલિયા, ઈ.૧૯૫૮. [કૌ.બ્ર.]

જેસલ(પીર) [ ] : કચ્છના આ સંતકવિ વિશે જુદાજુદા પ્રકારની માહિતી મળે છે તેમાં વધારે વ્યાપક મત એ કચ્છના દેદાવંશના જાડેજા રજપૂત અને ચાંદાજીના પુત્ર હોવાનો તથા ઈ.૧૪મી કે ૧૫ મી સદીમાં થયા હોવાનો છે. પરંતુ રામદે–પીર (ઈ.૧૫મી સદી)ના નિજિયાપંથના અનુયાયી જેસલને ઈ. ૧૬મી સદીથી વહેલા ન મૂકી શકાય અને તેથી ઉપર્યુક્ત વંશ-પરંપરા આધારભૂત ન રહે એવો પણ મત છે. અનુશ્રુતિ મુજબ રાજ્ય સામે બહારવટે ચઢેલા જેસલ લૂંટારુનું જીવન ગાળે છે અને સૌરાષ્ટ્રના સરલી/સલડી ગામના સંત રાજવી સાંસતિયા કાઠીને ત્યાં એની ઘોડી-અને તલવાર તથા તોરલ/તોળીરાણીને પણ–ચોરવા માટે જાય છે. એમના જીવનને ઉદ્ધારવાના આશયથી સાંસતિયા એમને તોરલ પણ સોંપી દે છે. કચ્છ જતાં દરિયામાં તોફાન જાગતાં તોરલની પ્રેરણાથી જેસલ પોતાના પાપોનો એકરાર કરે છે અને સંતજીવનને માર્ગે વળે છે. તોરલની એક વખતની ગેરહાજરીમાં સમાધિને પામનાર જેસલ, તોરલની આરાધનાથી ૩ દિવસ માટે સમાધિમાંથી જાગ્રત થાય છે અને બંને ચોરી-ફેરા ફરીને પછી સમાધિ લે છે એવી કથા છે. જેસલતોરલની સમાધિ આજે અંજાર (કચ્છ)માં છે.

પીર તરીકે પૂજાતા જેસલની આ ચરિત્રકથામાં ઐતિહાસિક તથ્યના કેટલાક પ્રશ્નો છે. તે ઉપરાંત, એમની નામછાપ ધરાવતાં જે પદો(મુ.) મળે છે તેમાં એમનું કર્તૃત્વ પણ અસંદિગ્ધ નથી જણાતું, કેમ કે કેટલાંક પદોમાં એમના જીવનના પ્રસંગો આલેખાયા છે અને કેટલીક વાર એ સંવાદ રૂપે પણ ચાલે છે, એટલે આ પદો પાછળથી એમના વિશે લખાયાં હોવાના તર્કને પૂરો અવકાશ છે. એ સિવાય પાપોના એકરારપૂર્વક તોરલને વિનંતી કરતાં પદો પણ પાછળના સમયની રચના હોય એ અશક્ય નથી. પરંતુ આ પદો ગુજરાતી ભજનપરંપરામાં અત્યંત લોકપ્રિય બનેલાં છે.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ.૧૯૫૮; ૨. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પુરુષોત્તમદાસ ગી. શાહ, ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૩. સોસંવાણી.

સંદર્ભ : ૧. કચ્છના સંતો અને કવિઓ : ૧, દુલેરાય કારાણી, સં. ૨૦૧૫; ૨. કચ્છનું સંસ્કૃતિદર્શન, રામસિંહ રાઠોડ, ઈ. ૧૯૫૯; ૩. જેસલતોરલ, ગોસ્વામી મોહનપુરી, ઈ. ૧૯૭૭; ૪. પુરાતન જ્યોત, ઝવેરચંદ મેઘાણી, *ઈ.૧૯૩૮, ઈ.૧૯૭૬ (સુલભ આ.). [જ.કો.]

જેસો [ ] : એમને નામે ૫ પદો નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

જૈત (કવિ) [ ] : 'શીલ-રાસ' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈનચંદ [ ] : ખરતરગચ્છ. સાધુ કે શ્રાવક તે નિશ્ચિત થતું નથી. કદાચ 'જિનચંદ'નું ભૂલથી 'જૈનચંદ' પણ થયું હોય. એમની 'નંદીશ્વરદ્વીપ-પૂજા' એ કૃતિ નોંધાયેલી મળે છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [ચ.શે.]

જોગીદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

જોગેશ્વર [ઈ. ૧૭૭૫ સુધીમાં] : 'અપરાધ-સ્તુતિ', 'દાણલીલાનાં સવૈયા', 'ઠાકુરજીને વિનંતી' (લે. ઈ. ૧૭૭૫); કૃષ્ણચરિતનાં પદ તથા ગરબી, વિનંતી અને પદ પ્રકારની અન્ય કૃતિઓના કર્તા. આ કવિએ હિંદી ભાષામાં પણ સારી કવિતા કરી હોવાનું નોંધાયું છે.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐૩. ગુજરાત શાળાપત્ર, મે ૧૯૦૮– 'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐ ૪. ડિકેટલૉગભાવિ. [કી.જો.]

જોરાવરમલ/જોરો [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જૈન. 'શનીશ્વરજીની કથા/ચોપાઈ' (૨. ઈ. ૧૭૬૪) અને ૫૬ કડીના 'પાર્શ્વનાથ-સલોકો' (૨.ઈ.૧૭૯૫/સં.૧૮૫૧ પોષ–, *મુ.)ના કર્તા. એમણે સંસ્કૃતમાં પણ 'શનીશ્વર-કથા' (૨.ઈ.૧૭૭૮) રચી છે.

કૃતિ : ★ પ્રાચીન છંદ ગુણાવલી : ૩-૪, પ્ર. રત્નપ્રભાકર જ્ઞાનપુષ્પમાળા,–.

સંદર્ભ : ૧. શોધ અને સ્વાધ્યાય, હરિવલ્લભ ભાયાણી,ઈ.૧૯૬૫ – 'સલોકાસાહિત્ય'; ☐૨.જૈગૂકવિઓ : ૩(૧);૩. રાપુહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

જોરિયો [ ] : વેદાંતનાં પદો (૧ પદ મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાવિનોદ : ૧.

સંદર્ભ : ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

જોરો : જુઓ જોરાવરમલ.

જ્ઞાન : જ્ઞાનસૂરિને નામે 'ચોમાસીદેવવંદનવિધિ'(લે.ઈ.૧૭૯૩) તથા 'જ્ઞાન' એ નામછાપથી 'વીસવિહરમાનજિન-ગીત' તેમ જ હિંદી અને ગુજરાતી સ્તવન, ગીત, દુહા, ગહૂંલી વગેરે પ્રકારની કૃતિઓ (કેટલીક મુ.) મળે છે તે કયા જ્ઞાન છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. ૨૧૮ કડીની 'સ્ત્રીચરિત્ર-રાસ'(લે.ઈ.૧૬૧૪) લોંકાગચ્છના નાનજીશિષ્ય જ્ઞાનદાસને નામે પણ નોંધાયેલી છે પરંતુ તે માટે કૃતિમાંથી કશો આધાર મળતો નથી.

કૃતિ : ૧. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૧; ૨. જૈકાસાસંગ્રહ ; ૩. જૈપ્રપુસ્તક : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૨.મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી:૧; ૪.હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

'જ્ઞાનઉદ્યોત' : જુઓ જ્ઞાનસાગરશિષ્ય ઉદ્યોતસાગર.

જ્ઞાનકલશ(મુનિ)[ઈ.૧૩૫૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિ-જિનોદયસૂરિના શિષ્ય. ઈ.૧૩૫૯/સં.૧૪૧૫ના અસાડ સુદ ૧૩ને દિને ખંભાત નગરીમાં અજિતનાથના મંદિરમાં તરુણ-પ્રભાચાર્યને હાથે જિનોદયસૂરિનો પટ્ટાભિષેક થયો તે વર્ણવતી અને તે પ્રસંગે રચાયેલી જણાતી, રોળા-સોરઠા આદિ છંદોની ૩૭ કડીની 'જિનોદયસૂરિપટ્ટાભિષેક-રાસ'(મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ (+ સં.); ૨. જૈઐકાસંચય (+ સં).

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩ (૨). [કા.શા.]

જ્ઞાનકીર્તિ–૧ [ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદરસૂરિના શિષ્ય. સોમસુંદરસૂરિના આચાર્યકાળ (ઈ. ૧૪૦૧-ઈ. ૧૪૪૩)માં રચાયેલી ૯ કડીની 'સોમસુંદરસૂરિ-સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પસમુચ્ચય : ૨; ☐ ૨. જૈનસત્યપ્રકાશ, મે ૧૯૪૨ – 'શ્રી તપાગચ્છ ગુર્વાવલી અને શ્રી સોમસુંદરસૂરિ-સ્તુતિ', સં. મોહનલાલ દ. દેશાઈ(+સં.). [શ્રા.ત્રિ.]

જ્ઞાનકીર્તિ–૨[ઈ.૧૬૮૧માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના બ્રહ્મમતના સ્થાપક વિનયદેવસૂરિની પરંપરામાં વિજયકીર્તિસૂરિના શિષ્ય. ૧૯ ઢાલના 'ગુરુ-રાસ' (૨.ઈ.૧૬૮૧/સં.૧૭૩૭, મહા સુદ ૬)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

જ્ઞાનકુશલ : આ નામે 'સુભદ્રાસતી-સઝાય' મળે છે તે કયા જ્ઞાન-કુશલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [કા.શા.]

જ્ઞાનકુશલ–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિ-જિનરંગસૂરિના શિષ્ય. તેમનું ૫ કડીનું 'જિનરંગ સૂરિ–ગીત' (મુ.) મળે છે તેમાં જિનરંગ સૂરિનો પાઠક રંગવિજય એ નામથી જ ઉલ્લેખ છે એટલે એ કૃતિ રંગવિજયને નામે દીક્ષિત (ઈ.૧૬૨૨) આ ગુરુ ઉપાધ્યાય બન્યા તે અરસામાં રચાયેલી ગણાય.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+સં.). [કા.શા.]

જ્ઞાનકુશલ–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. સુમતિસાગરની પરંપરામાં કીર્તિકુશલના શિષ્ય. ૪ ખંડ, ૫૬ ઢાળ અને ૧૮૮૫ કડીની 'પાર્શ્વનાથ-ચરિત્ર/શંખેશ્વરપાર્શ્વ-પ્રબંધ' (૨.ઈ.૧૬૫૧/સં.૧૭૦૭,માગશર વદ૪; લે. ઈ. ૧૬૬૫, સ્વલિખિત પ્રત)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કા.શા.]

'જ્ઞાન-ગીતા' [ઈ.૧૬૧૬/સં.૧૬૭૨, કારતક સુદ ૧, ગુરુવાર] : જ્ઞાનમાર્ગી પરંપરાનું નરહરિકૃત આ ગીતા-કાવ્ય (મુ.) ૧૭ કડવાં અને ૩૪૨ કડીની રચના છે. દરેક કડવામાં 'ઢાળ'ને નામે ઓળખાવાયેલા પૂર્વછાયાના બંધના અંશ ઉપરાંત 'ધ્રુપદ'ને નામે ઓળખાવાયેલી અને જુદા જુદા રાગોના નિર્દેશવાળી તેમ જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેશી ચાલતી'ની કેટલીક કડીઓ અને ૧ કે વધુ સંસ્કૃત શ્લોકો ગૂંથાયેલા છે. આ સંસ્કૃત શ્લોકોનું કર્તૃત્વ નરહરિનું હોવાનું જણાતું નથી, તેથી સંમતિશ્લોક તરીકે એ ઉદ્ધૃત થયા જણાય છે. દરેક કડવામાં આ શ્લોકોનો અર્થવિસ્તાર થતો રહે છે. આ જાતનાં ઘણાં ગીતાકાવ્યોમાં સંવાદનો આશ્રય લેવામાં આવ્યો છે, પરંતુ અખાની 'અખે-ગીતા'ની જેમ નરહરિની આ 'જ્ઞાન-ગીતા' સંવાદ રૂપે રચાયેલી નથી.

વેદાન્તતત્ત્વની ચર્ચા કરતા નરહરિના આ ગ્રંથમાં બ્રહ્મસ્વરૂપ, નિર્ગુણ બ્રહ્મનો ચોવીસ તત્ત્વો રૂપે થયેલો વિસ્તાર, સંસારનું મિથ્યાત્વ અને વિશ્વની બ્રહ્માકારતા, જીવ-બ્રહ્મની અભિન્નતા, નિષ્કામ કર્મ, યોગ, ભક્તિ અને જ્ઞાનાનુભવ એ સાધનામાર્ગો, સિદ્ધ યોગીસંત-જ્ઞાનીનું સ્વરૂપવર્ણન, સંતસંગતનો પ્રભાવ વગેરે વિષયોનું નિરૂપણ છે. ૧ કડવામાં એમણે સાંખ્ય સિદ્ધાંતોનો પણ સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે.

એ નોંધપાત્ર છે કે નરહરિ સગુણ સૃષ્ટિનો વિસ્તાર નિર્ગુણ-માંથી થયો છે, નિર્ગુણ એ કારણ છે ને સગુણ એ કાર્ય છે, એ રીતે સગુણ-નિર્ગુણનું એકત્વ સ્થાપિત કરે છે. સંસારનું મિથ્યાત્વ પ્રબોધવાની સાથે એ બ્રહ્મતત્ત્વની સર્વવ્યાપિતા સમજાવી જીવ-બ્રહ્મની અભિન્નતાનું પ્રતિપાદન કરે છે અને વિશ્વને બ્રહ્માકાર જોવા સુધી પોતાની વાતને લઈ જાય છે. નરહરિની દૃષ્ટિએ બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિનું પ્રથમ સોપાન ભક્તિ છે, તો બીજું સોપાન જ્ઞાન છે એટલે કે એમને જ્ઞાનનિષ્ઠ ભક્તિ કે ભક્તિથી અનુપ્રાણિત જ્ઞાન જ ઇષ્ટ છે. જેના હૃદયમાં ભક્તિજ્ઞાન વિલસે છે એનું એ આખાની જેમ આહ્લાદક વર્ણન કરે છે. જ્ઞાનમાર્ગી પરંપરામાં સર્વત્ર છે તેમ નરહરિમાં જ્ઞાન એ શુષ્ક શાસ્ત્રજ્ઞાન નથી, પણ અનુભવનો પર્યાય છે. ભક્તિ એ પ્રારંભ છે, પછી વિજ્ઞાન, પછી અપરોક્ષાનુભૂતિ ને પછી બ્રહ્મરસ – આવો ક્રમ એમને અભિપ્રેત જણાય છે. સાધકે ચંચળ મનને સ્થિર કરવાનું હોય છે, પણ એ માટે કાયાકલેશની એમને જરાય જરૂર લાગતી નથી. એ અજપા જાપ અને મનને સહજ શૂન્યમાં સ્થિર કરવાની વાત પર ભાર મૂકે છે. નરહરિમાં હઠયોગના 'શૂન્ય' અને 'અનહદ'-નો સ્વીકાર છે પરંતુ મુખ્યત્વે સહજ સાધના જ અભિમત હોય એવું લાગે છે. આત્મવિવેક, આવરણમુક્ત બનવું, નિષ્કામ કર્મયોગ-આ પ્રક્રિયાઓનું પણ અહીં ઉદ્બોધન થયું છે. અંતે કવિ બંધ-મોક્ષની વાસનાને બાળી નાખવાનું એટલે કે જન્મમરણનો ભય ટાળીને સદા મુક્ત જ હોવાનો અનુભવ કરવાનું કહે છે, કેમકે જે પોતાને બંધનમાં માને તેને જ મોક્ષની વાસના થાય.

આખ્યાનમાં હોય છે તેવી, આગલા કડવાના વક્તવ્યનો સાર પછીના કડવાના પ્રારંભમાં આપી દેવાની પદ્ધતિ નરહરિએ સ્વીકારી છે. આથી કેટલીક પુનરુક્તિઓને ટાળી શકાઈ નથી. સિદ્ધ યોગી-સંત-જ્ઞાનીનાં લક્ષણો વર્ણવતાં કવિએ ઘણો વિસ્તાર કર્યો છે પણ આ જાતનો સંતમહિમા જ્ઞાનમાર્ગી પરંપરાનો એક મહત્ત્વનો ઉન્મેષ છે. નરહરિની આ કૃતિનો મુખ્ય ગુણ તે વેદાન્ત જેવા દુર્બોધ વિષયને દૃષ્ટાંતોની મદદથી સરળ સુબોધ બનાવીને થયેલું નિરૂપણ છે. સંસારનું મિથ્યાત્વ, જીવ-બ્રહ્મની અભિન્નતા, બ્રહ્મ ને જગતનો સંબંધ જેવા વિષયો સમજાવવા માટે યોજાયેલાં દૃષ્ટાંતો ઘણાંખરાં પરંપરાગત છે પણ દૃષ્ટાંતો અર્થપૂર્ણ છે ને ઓઘ રૂપે આવીને કથયિતવ્યને સચોટ રીતે મૂર્ત કરી આપે છે. બ્રહ્મસ્વરૂપનું 'નિર્વાણ વાણી'માં, નેતિ નેતિની ભાષામાં થયેલું વર્ણન લાક્ષણિક છે તો "શૂન્યમાં સોહામણો" એવા હરિની ગતિનું વર્ણન પણ પ્રભાવક છે. સિદ્ધયોગીના વર્ણનમાં 'આજરને જારે, અમરને મારે" એ જાતની અવળવાણીનો થયેલો ઉપયોગ ધ્યાન ખેંચે એવો છે.

નરહરિની 'જ્ઞાન-ગીતા'નો લાભ આખાને ક્યાંક-ક્યાંક મળ્યો હોવાનું નોંધાયું છે પણ વસ્તુતઃ આ કવિઓ એક લાંબી ચાલી આવતી પરંપરામાંથી પોષણ મેળવતા રહ્યા છે તેથી કેટલીક સમાનતા સ્વાભાવિક છે અને બધા કવિઓ એક જ પરંપરાનો વારસો ભોગવે છે એમ કહેવું જોઈએ. [સુ.જો.]

જ્ઞાનચંદ્ર : આ નામે 'ચિત્રસંભૂતિ-રાસ', 'જિનપાલિતજિનરક્ષિત-રાસ', ભૂલથી 'શીતલતરુ-રાસ'ને નામે ઉલ્લેખાયેલ 'શીલ-રાસ', 'શીલપ્રકાશ', 'સંખ્યાતાઅસંખ્યાતાવિચાર' (લે. સં. ૧૯મી સદી આનુ.), 'જિનસ્તવન-ચોવીસી'(લે. સં. ૧૮મી સદી આનુ.) તથા 'સંભવજિન-પદ' મળે છે તે કયા જ્ઞાનચંદ્ર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. ૪૧ ઢાળ અને આશરે ૫૯૫ કડીની ધર્મબોધપ્રધાન 'કેશીપ્રદેશીપ્રતિબોધ-રાસ/પરદેશી રાજાનો રાસ' (લે. ઈ. ૧૬૪૨; મુ.) સુમતિસાગરશિષ્ય જ્ઞાનચંદ્રની ગણાવાયેલી છે પરંતુ કૃતિમાંથી એને માટે કશો આધાર મળતો નથી. એ કાવ્યમાં આવતી "જગતગુરુકી દયાધર્મ જયકાર" એ પંક્તિને કારણે ગુરુનામ દયાધર્મ હોવાનું પણ મનાયું છે પરંતુ, 'દયાધર્મ' શબ્દ સામાન્ય અર્થનો વાચક હોઈ, એ ઉચિત જણાતું નથી. જિનસાગરસૂરિના રાજ્યકાળ(ઈ.૧૬૧૮-ઈ.૧૬૬૪)માં રચાયેલી 'ઋષિદત્તા-ચોપાઈ' પણ સુમતિસાગરશિષ્ય તેમજ ગુણસાગરશિષ્ય જ્ઞાનચંદ્રને નામે મુકાયેલી મળે છે તેમાંથી કઈ હકીકત યથાર્થ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : પ્રાચીન જૈન રાસ સંગ્રહ : ૨, પ્ર. જીવણલાલ છ. સંઘવી, ઈ. ૧૯૭૩.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

જ્ઞાનચંદ્ર-૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : સોરઠગચ્છના જૈન સાધુ. ક્ષમાચંદ્રસૂરિની પરંપરામાં વીરચંદ્રસૂરિના શિષ્ય. એમની ૩ ખંડ અને દુહા, ચોપાઈ, વસ્તુ વગેરે છંદોની ૧૦૩૪ કડીની 'સિંહાસન-બત્રીસી-ચોપાઈ'←(૨. ઈ. ૧૫૪૩/સં. ૧૫૯૯, માગશર સુદ ૧૦, ગુરુવાર) પ્રાસાદિક વાર્તાકથન તેમ જ આલંકરિક વર્ણનો તથા સુભાષિતોની ગૂંથણીને કારણે આ વિષયની જૈન કૃતિઓમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. આ ઉપરાંત તેમણે ૩ ખંડ અને ૯૧૮ કડીની 'વંકચૂલનો પવાડો/રાસ' (૨.ઈ.૧૫૦૯/સં. ૧૫૬૫, ચૈત્ર સુદ ૬, ગુરુવાર) તથા 'વેતાલપચીસીકથા-ચોપાઈ' (૨.ઈ.૧૫૩૭/સં. ૧૫૯૩, શ્રાવણ વદ ૯, ગુરુવાર) આ રાસકૃતિઓ રચેલી છે.

સંદર્ભ : ૧. સ્વાધ્યાય ઑક્ટો. ૧૯૬૩-'જ્ઞાનચંદ્રની 'સિંહાસન-બત્રીસી', રણજિત પટેલ' (અનામી); ☐ ૨. જૈગૂકવિઓ: ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનચંદ્ર–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં સુમતિસાગર (ઈ.૧૬૨૯માં હયાત)ના શિષ્ય. ૧૭ કડીની 'જુગબાહુજિનવિનંતી-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

જ્ઞાનચંદ્ર–૩ [ ] : જૈન સાધુ. રૂપવિજયના શિષ્ય. ૯ કડીના 'મહાવીરજિન-સ્તવન' (લે. સં. ૨૦મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

જ્ઞાનચંદ્ર–૪ [ ] : જૈન સાધુ. વિશેષચંદના શિષ્ય. ચંદાને સંદેશા રૂપે રચાયેલી ૧૮ કડીની ભાવપ્રવણ 'બારમાસ' (મુ.) અને ૪ કડીની 'મહાવીર-સ્તુતિ' એ કૃતિઓના કર્તા. પહેલી કૃતિ ભૂલથી વીરચંદશિષ્ય જ્ઞાનચંદને નામે અને બીજી કૃતિ વિશેષચંદ નામે નોંધાયેલી છે.

કૃતિ : જૈનયુગ, મહા-ફાગણ-ચૈત્ર ૧૯૮૬- – 'જ્ઞાનચંદકૃત બારમાસ', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

જ્ઞાનતિલક : આ નામે ૧૫ કડીની' (નવસારીમંડન) શામળા પાર્શ્વનાથ-રાસ વિનતિ' તથા ૪૯ કડીની 'નેમિનાથ-ધમાલ' એ કૃતિઓ મળે છે તેના કર્તા કયા જ્ઞાનતિલક છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જ્ઞાનતિલક–૧ [ઈ.૧૬૦૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. પુણ્યસાગરની પરંપરામાં પદ્મરાજના શિષ્ય. કેટલાંક સ્તવનો આ કવિએ રચ્યાં છે. તેમણે 'ગૌતમ કુલક' પર સંસ્કૃતમાં ટીકા (૨. ઈ. ૧૬૦૪) પણ રચી છે.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [શ્રા.ત્રિ.]

જ્ઞાનદાસ [ઈ.૧૫૬૭માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. નાનજીના શિષ્ય. ૪૯૬/૫૮૪ કડીના 'યશોધરચરિત્ર-રાસ' (૨. ઈ. ૧૫૬૭/સં.૧૬૨૩, કારતક સુદ ૮, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જ્ઞાનધર્મ[ઈ.૧૬૭૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. રાજસારના શિષ્ય. 'દામન્નક-ચોપાઈ' (૨.ઈ.૧૬૭૯/સં. ૧૭૩૫ આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

જ્ઞાનનિધાન [ઈ.૧૬૬૩માં હયાત] : ખરતરગચ્છના કીર્તિરત્ન શાખાના જૈન સાધુ. કુશલકલ્લોલની પરંપરામાં મેઘકલશના શિષ્ય. 'વિચાર-છત્રીસી'(૨.ઈ.૧૬૬૩/સં.૧૭૧૯, વૈશાખ–૧૨, શુક્રવાર) એ ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

'જ્ઞાન-બત્રીસી' : આ શીર્ષકથી મુદ્રિત મળતી ધીરાની ૩૨ કાફીઓમાં બ્રહ્માનુભવ, વૈરાગ્યભક્તિબોધ ઉપરાંત મિથ્યાચાર પરના પ્રહારોનું આલેખન થયું છે. આ આલેખનમાં સળંગસૂત્રતા ઝાઝી વરતાતી નથી અને દરેક કાફી સ્વતંત્ર રચના હોવાની છાપ પડે છે. આત્મતત્ત્વની ખોજ માટે ઉદ્યુક્ત થવા પ્રબોધતા ધીરાભગતે એ આત્મતત્ત્વનાં, વિશ્વંભર સ્વરૂપનાં, એની ગહન ગતિનાં ને બ્રહ્માનુભવની સ્થિતિનાં અત્યંત પ્રભાવક વર્ણનો કર્યાં છે. એ યોગમાર્ગી રૂપકોનો આશ્રય લે છે ને આત્મતત્ત્વને ઇન્દ્રિયોરૂપી દશ દરવાજાવાળા પંચરંગી બંગલારૂપ શરીરમાં વિરાજેલા અલખધણી તરીકે વર્ણવે છે, તેમ આસમાનરૂપી શીશ અને રવિશશીરૂપી લોચન જેવાં લક્ષણોથી વિશ્વંભર ઈશ્વરનું ભવ્ય મૂર્ત ચિત્ર સર્જે છે. શૂન્ય શિખર પર વિરાજતા વિશ્વંભરનું કે એની ગહન ગતિનું વર્ણન પણ મનમાં વસી જાય એવું છે ને સોહાગી ભેટયાના અનુભવનું "અંબાડીએ ગજરાજ ગળિયો, ઘોડાને ગળી ગયું જીણ" એવી અવળવાણીથી થયેલું પ્રત્યક્ષીકરણ તો ઘણું ચમત્કારક છે. આ વર્ણનો ધીરાભગતની અનુભવમસ્તીનાં પરિચાયક બને છે ને તેથી એ "પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું" એમ ખુમારીભર્યા ઉદ્‌ગાર કરે છે એ યથાર્થ લાગે છે.

ભક્તિ-વૈરાગ્યબોધની તેમ જ મિથ્યાચારોના ખંડનની કાફીઓમાં ધીરા-ભગતની લાક્ષણિક દૃષ્ટાંતશક્તિ પ્રગટ થાય છે ને ઘણી વાર વાણીની બલિષ્ઠ છટાઓ પણ નજરે પડે છે. સંપ્રદાય બાંધીને બેસતા ધર્મગુરુઓને એ માર્મિક રીતે પૂછે છે કે "કોઈ સિંહનો વાડો બતાવો." વાડાબંધીનો તિરસ્કાર કરનાર ધીરાભગત કલ્પતરુ શા સંતના સમાગમની તો ભારપૂર્વક હિમાયત કરે છે, પણ એમના તત્ત્વવિચારમાં અનુભવનું જ મહત્ત્વ હોઈ એને ઉપકારક હોય ત્યાં સુધી જ અન્ય આચારોને સ્થાન છે એમ સમજાય છે. [૨.૬.]

જ્ઞાનભૂષણ : આ નામે ૩૩ કડીનો 'પાણીજ્યણા-રાસ'(લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે તેના કર્તા કયા જ્ઞાનભૂષણ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જ્ઞાનભૂષણ–૧[ઈ.૧૫૭૮ સુધીમાં]: દિગંબર જૈન સાધુ. એકાંતર સંસ્કૃત શ્લોકો ધરાવતા ૫૦૧ કડીના 'આદીશ્વર-ફાગ' (લે.ઈ. ૧૫૭૮)ના કર્તા.

સંદર્ભ : સ્વાધ્યાય, ઑગષ્ટ ૧૯૬૪–'દિગંબર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુકાવ્યો', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

જ્ઞાનમૂર્તિ (ઉપાધ્યાય) : આ નામે 'શાશ્વતજિનભવન-ચૈત્ય-પરિપાટી' (લે. સં. ૧૭મી સદી અનુ.) મળે છે તે જ્ઞાનમૂર્તિ –૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જ્ઞાનમૂર્તિ (ઉપાધ્યાય)–૧[ઈ.૧૭મી સદી મધ્યભાગ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિસૂરિની પરંપરામાં ગુણમૂર્તિસૂરિના શિષ્ય. ૬ ખંડ, ૫૮ ઢાળ અને ૧૨૯૬ કડીની 'રૂપસેનરાજર્ષિચરિત્ર-ચોપાઈ' (૨.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈ. ૧૬૩૮/સં. ૧૬૯૪, આસો સુદ ૫), 'બાવીસપરિષહ-ચોપાઈ' (૨.ઈ.૧૬૬૯), 'પ્રિયંકર-ચોપાઈ' તથા ગદ્યમાં 'સંગ્રહણી-બાલાવ-બોધ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્ર.ત્રિ.]

જ્ઞાનમેરુ : જ્ઞાનમેરુગણિની નામછાપ ધરાવતી 'કુગુરુ-છત્રીસી' (મુ.) મળે છે તે જ્ઞાનમેરુ–૧ ની કૃતિ તરીકે નોંધાયેલી છે પરંતુ એ હકીકત માટે પર્યાપ્ત આધાર નથી.

કૃતિ : જૈનયુગ,માગશર-પોષ ૧૯૮૬–'જ્ઞાનમેરુકૃત કુગુરુછત્રીસી ચોપાઈ'. [શ્ર.ત્રિ].

જ્ઞાનમેરુ–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં મહિમસુંદરના શિષ્ય. એમના ૩ ખંડ, ૧૬ ઢાળ અને ૧૮૬/૨૦૨ કડીના 'ગુણકરંડગુણાવલી-ચોપાઈ/રાસ'(૨. ઈ. ૧૬૨૦/સં.૧૬૭૬, પ્રથમ આસો સુદ ૧૩)માં 'રિદ્ધિ તો નારીના કર્મે હોય' તેવી ગુણાવલીની દલીલથી બધું લઈને ચાલી ગયેલા ગુણકરંડનો પડકાર ઝીલી પોતાના બુદ્ધિચાતુર્યથી બધી સમૃદ્ધિ પુન:પ્રાપ્ત કરનાર ગુણાવલીની અદ્‌ભુતરસિક કથા આલેખાઈ છે અને પુણ્યનો પ્રભાવ વર્ણવાયો છે. ૩૭ કડીની 'વિજયશેઠ વિજયાસંબંધ/પ્રબંધ'(૨.ઈ.૧૬૦૯/ સં. ૧૬૬૫, ફાગણ સુદ ૧૦) એ આ કવિની અન્ય કૃતિ છે.

સંદર્ભ : ૧.મરાસસાહિત્ય; ૨. યુજિનચંદ્રસૂરિ; □ ૩. જૈગૂ કવિઓ : ૧,૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્ર.ત્રિ.]

જ્ઞાનરુચિ : જુઓ ઉદયધર્મશિષ્ય મંગલધર્મ.

જ્ઞાનવર્ધન [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. કુશલવર્ધન(ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ)ના શિષ્ય. ૨૭ કડીના' (શંખેશ્વર) પાર્શ્વજિન-સ્તોત્ર'ના કર્તા. કૃતિ હીરવિજયસૂરિના રાજ્યકાળ (ઈ.૧૫૫૪–ઈ.૧૫૯૬) દરમ્યાન રચાઈ છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય : આ નામે 'કાલિકાચાર્ય-કથા', ૫ કડીનું 'નેમિજિન-સ્તવન'(લે. સં. ૧૯મી સદી આનુ.) તથા ૧૩ કડીની 'નેમ-બારમાસા' (લે. ઈ. ૧૭૫૯) એ કૃતિઓ મળે છે તે ક્યા જ્ઞાનવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'નેમ-બારમાસા' ભૂલથી ન્યાનવિજયને નામે નોંધાયેલ છે.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય–૧ [ઈ.૧૬૬૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં જિનચંદ્રસૂરિના શિષ્ય. 'દશવૈકાલિક-દશ-અધ્યયન-સઝાય/દશવૈકાલિકસૂત્ર-સઝાય'(૨.ઈ.૧૬૬૭)ના કર્તા.

સંદર્ભ :૧.મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય–૨[ઈ.૧૭૦૭ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. હીર-વિજયસૂરિની પરંપરામાં સૂરવિજયના શિષ્ય. મૂળ સંસ્કૃત રચના 'કલ્પસૂત્ર' પરના 'જ્ઞાનદીપિકા' નામના બાલાવબોધ (લે. ઈ. ૧૭૦૭)ના કર્તા.

સંદર્ભ : જૈસાઈતિહાસ. [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય–૩ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયઋદ્ધિસૂરિની પરંપરામાં હસ્તિવિજયના શિષ્ય. 'ચોવીસી' (૨. ઈ.૧૭૨૪/સં.૧૭૮૦, આસો વદ ૩૦; ૧ સ્તવન મુ.) અને 'મલય-ચરિત્ર' (૨.ઈ.૧૭૨૫)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૧(+સં).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૧). [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય–૪[ઈ.૧૭૬૯માં હયાત] : જૈન સાધુ. લક્ષ્મીવિજયના શિષ્ય. ૭ કડીના 'પાર્શ્વજિન-સ્તવન' (૨.ઈ.૧૭૬૯/સં. ૧૮૨૫, માગસર સુદ ૩; મુ.) તથા 'શાંતિનાથ-વિનતિ'ના કર્તા. 'શાંતિનાથ-વિનતિ' ભૂલથી લક્ષ્મીપ્રતાપને નામે નોંધાયેલી છે.

સંદર્ભ : લીંહસૂચી. [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય–૫ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયધર્મસૂરિના શિષ્ય. વિજયધર્મસૂરિના આચાર્યકાળ (ઈ. ૧૭૫૩–ઈ.૧૭૮૫) દરમ્યાન રચાયેલી તેમની ગુણપ્રશસ્તિ કરતી ૯ કડીની .વિજયધર્મસૂરિ-સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ઔસમાળા(+ સં.). [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજય–૬[ઈ. ૧૮૧૯માં હયાત]: જૈન સાધુ. 'વીરભાણ ઉદયભાણ -રાસ' (૨. ઈ. ૧૮૧૯)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

જ્ઞાનવિજય–૭ [ ] : વડતપગચ્છના જૈન સાધુ. લાલવિજયના શિષ્ય. 'નેમરાજુલ-ગીત'(લે.સં.૧૯મી સદી આનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જ્ઞાનવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૭ કડીની 'સંભવનાથસ્વામી-સ્તવન', ૭ કડીની 'પદ્મપ્રભુસ્વામી-સ્તવન' અને ૭ કડીની 'શાંતિનાથસ્વામી-સ્તવન' એ મુદ્રિત કૃતિ-ઓના કર્તા.

કૃતિ : જિગુસ્તમાલા. [કી.જો.]

જ્ઞાનવિમલ(સૂરિ)/નયવિમલ(ગણિ) [જ. ઈ. ૧૬૩૮/ સં. ૧૬૯૪– આવ. ઈ. ૧૭૨૬ /સં. ૧૭૮૨, આસો વદ ૪, ગુરુવાર]: તપગચ્છની વિમલશાખાના જૈન સાધુ. આનંદવિમલસૂરિની પરંપરામાં વિનય-વિમલ-ધીરવિમલના શિષ્ય. મૂળ નામ નાથુમલ્લ. ભિન્નમાલના વીસા ઓસવાલ જ્ઞાતિના વાસવ શેઠના પુત્ર. માતા કનકાવતી. દીક્ષા ઈ.૧૬૪૬. દીક્ષાનામ નયવિમલ. અમૃતવિમલગણિ તથા મેરુવિમલગણિ પાસે વિદ્યાભ્યાસ કરી કાવ્ય, તર્ક, ન્યાય, યોગ આદિ શાસ્ત્રોમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. ઈ.૧૬૭૧માં પંન્યાસ/ગણિપદ. હજુ ગણિ હતા ત્યારે એમણે શીઘ્રકવિત્વથી સંસ્કૃતમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધાચલ-સ્તુતિઓ રચી આપી એથી પ્રભાવિત થઈ વિજયપ્રભસૂરિએ એમને જ્ઞાનવિમલસૂરિ તરીકે સંબોધેલા એમ કહેવાય છે. આચાર્યપદ ઈ. ૧૬૯૨/૧૬૯૩માં અને જ્ઞાનવિમલસૂરિ એ નામકરણ. આ કવિએ આનંદઘન તથા યશોવિજયની કૃતિઓ પર ટબા રચ્યા છે ને 'નવપદની પૂજા' યશોવિજય, દેવચંદ્ર અને એમની સંકલિત રૂપે મળે છે એ એમનો સમકાલીનો સાથેનો ગાઢ, આદરભર્યો સંબંધ સૂચવે છે. અવસાન અનશનપૂર્વક ખંભાતમાં.

આ કવિએ ગુજરાતી ભાષામાં પણ વિપુલ પ્રમાણમાં કૃતિઓ રચી છે—એટલી કે સંસ્કૃતમાં જેમ હેમચંદ્રાચાર્ય તેમ પ્રાકૃતમાં એટલે કે દેશી ભાષાઓમાં જ્ઞાનવિમલસૂરિ એમ કહેવાયું છે. તેમની કૃતિઓ કથાત્મક, તત્ત્વવિચારાત્મક, બોધાત્મક, સ્તુત્યાત્મક બધા પ્રકારની છે. એ બધામાં એમના પાંડિત્ય ઉપરાંત છંદ, અલંકાર આદિ કવિકૌશલોની પ્રૌઢિનો પણ પરિચય થાય છે.

કવિની કથાત્મક કૃતિઓમાં, પૂર્વભવના આયંબિલતપને કારણે કેવલીપદને પામનાર ચંદ્રકુમારનું પ્રભાવક ચરિત્ર આલેખતો, ૪ ખંડ, ૧૧૧ ઢાળ અને ૭૬૪૯ કડીઓમાં વિસ્તરતો, મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ 'ચંદ્રકેવલીનો રાસ←'આનંદમંદિર-રાસ'(૨. ઈ. ૧૭૧૪/સં. ૧૭૭૦, મહા સુદ ૧૩; મુ.) એના વિસ્તારને કારણે જ નહીં પણ એના પ્રચુર કથારસ, તત્ત્વવિચારનિષ્ઠ ધર્મબોધ તથા વ્યુત્પન્ન કવિત્વને કારણે સૌથી વધુ ધ્યાનાર્હ કૃતિ બને છે. આ વ્યુત્પન્ન કવિત્વ નાયક-નાયિકાભેદ-નિરૂપણ, સુભાષિત-સમસ્યાદિની ગૂંથણી, અલંકારરચના તથા સુગેય દેશીઓ ને અન્ય કાવ્યબંધોના વિનિયોગમાં પ્રગટ થાય છે. રોહિણીતપનો મહિમા દર્શાવતો, મુખ્યત્વે દુહાદેશીબદ્ધ ૩૧ ઢાળનો 'અશોકચન્દ્રરોહિણી-રાસ'←(૨. ઈ. ૧૭૧૬ કે ૧૭૧૮/સં. ૧૭૭૨ કે ૧૭૭૪, માગશર સુદ ૫; મુ.) પૂર્વભવવૃત્તાંતોથી પ્રસ્તાર પામેલો હોવા છતાં એમાં કથાતત્ત્વ પાંખું છે અને ઘણો સાંપ્રદાયિક ધર્મતત્ત્વબોધ સમાવાયો છે, પરંતુ એમાં પણ વર્ણનો, અલંકારયોજનાઓ, ભાષાછટા વગેરેમાં કવિના કવિત્વનો સુભગ પરિચય થાય છે. ૩૫ ઢાળ અને ૬૦૮ કડીના દુહા-દેશીબદ્ધ 'જંબૂસ્વામી-રાસ' (૨.ઈ.૧૬૮૨/ સં.૧૭૩૮, માગશર સુદ ૧૩, બુધવાર; મુ.)માં દૃષ્ટાંતકથાઓ સાથે જંબૂસ્વામી અને એની ૮ પટરાણીઓનો સંવાદ આલેખાયો છે. રૂપક, ઉપમાવલિ અને લૌકિક દૃષ્ટાંતોથી કૃતિ કેટલેક અંશે રસાવહ બની છે.

૩૮ ઢાળ અને આશરે ૧૦૦૦/૧૧૦૦ કડીની 'રણસિંહરાજર્ષિ-રાસ' તથા ૨૦/૨૨ ઢાળની 'સુસઢ-રાસ' કવિની અન્ય રાસકૃતિઓ છે. ૮ ઢાળ અને ૨૦૬ કડીની 'બારવ્રતગ્રહણટીપ-રાસ' (૨. ઈ. ૧૬૯૪; મુ.)માં સંપ્રદાયને અભિમત વ્રતનિયમોની યાદી ને સમજૂતી છે, તો ૧૪ ઢાળ અને આશરે ૫૦૦ કડીની 'સાધુવંદના-રાસ'(૨. ઈ. ૧૬૭૨/સં.૧૭૨૮, કારતક વદ ૧૦, ગુરુવાર; મુ.)માં જૈન શાસ્ત્રગ્રંથોને આધારે ઋષભદેવના ગણધરોથી માંડીને સો પ્રાચીન સાધુજનોની નામાવલિ આપવામાં આવી છે અને કેટલેક સ્થાને ટૂંકું ચરિત્રસંકીર્તન પણ છે.

કવિની કથાતત્ત્વવાળી અન્ય કેટલીક કૃતિઓ પણ છે. જુદા જુદા રાગોના નિર્દેશવાળી દેશીઓમાં રચાયેલી ૭૩ કડીની 'સૂર્યાભનાટક' (૨. ઈ. ૧૭૧૦/સં. ૧૭૬૬, મહા/વૈશાખ સુદ ૧૩;મુ.)માં સૂર્યાભદેવે અપ્સરાઓની મદદથી મહાવીરસ્વામી સમક્ષ રજૂ કરેલ ભક્તિભાવપૂર્ણ સંગીત-નૃત્યનો પ્રસંગ વર્ણવાયો છે. અને વાદ્યો, નૃત્યપ્રકારો વગેરેની યાદી પણ સમાવિષ્ટ થઈ છે. ૯ ઢાળ અને ૮૨ કડીની 'તીર્થમાલાયાત્રા-સ્તવન' (૨.ઈ.૧૬૯૯/સં.૧૭૫૫, જેઠ સુદ ૧૦; મુ.)માં કવિએ કરેલી સુરતથી મારવાડ સુધીની તીર્થયાત્રાનું વર્ણન છે, તો ૭ ઢાળની અન્ય 'તીર્થમાલાયાત્રા-સ્તવન' (૨.ઈ.૧૭૧૯; મુ.)માં વિજયદેવસૂરિ, વિજયસેનસૂરિ વગેરેના ટૂંકા ચરિત્રગાન સાથે વિજયસેનસૂરિની પ્રેરણાથી વન્દિયો અને રાજિયો એ બે શ્રેષ્ઠિઓએ કરેલા પ્રતિષ્ઠા મહોત્સવોનાં વર્ણન છે. પર્યુષણપ્રસંગે વ્યાખ્યાનમાં વાંચવા માટે નિર્માયેલ ૧૫ ઢાળની 'કલ્પસૂત્ર-વ્યાખ્યાન-ભાસ'(મુ.)માં અનેક ધર્મકથાઓનાં સંક્ષેપમાં નિર્દેશ છે.

આ કવિએ સ્તુતિ-સ્તવન-ચૈત્યવંદન-સઝાયાદિ પ્રકારની કૃતિઓ વિપુલ સંખ્યામાં રચેલી છે, જેમાંની ઘણી મુદ્રિત પણ મળે છે. એમણે સિદ્ધાચલનાં ૭૫ ૩,૬૦૦ સ્તવનો રચ્યાં હોવાનું કહેવાય છે. કવિએ રચેલાં તીર્થવિષયક સ્તવનોમાં ૩૧ કડીનું 'અર્બુદગિરિતીર્થનું સ્તવન'(૨.ઈ.૧૬૭૨/સં.૧૭૨૮, વૈશાખ સુદ ૩; મુ.), ૨ ઢાળ અને ૨૫ કડીનું 'તારંગગિરિતીર્થનું સ્તવન' (મુ.) તથા ૩ ઢાળ અને ૨૮ કડીનું 'રાણકપુરતીર્થનું સ્તવન' (મુ.) જેવાં સ્તવનો જે—તે તીર્થવિષયક ઐતિહાસિક-ભૌગોલિક માહિતી ગૂંથી લે છે. કવિએ ૨ ચોવીસી (મુ.), ૨ વીસી (મુ.) ઉપરાંત અનેક તીર્થંકર સ્તવનો રચ્યાં છે. ૨ ચોવીસીમાંની એક જ્ઞાનભક્તિયુક્ત છે અને ભાષા તથા અલંકારની પ્રૌઢિથી તેમ જ એમાં પ્રયુક્ત સુંદર ગેય દેશીઓથી ધ્યાન ખેંચે છે, જ્યારે બીજી ચોવીસીમાં તીર્થંકરોના પૂર્વભવોની માહિતી આપવામાં આવી છે. કવિના વિષયનિરૂપણ આદિના વૈવિધ્યનો ખ્યાલ આપતાં અન્ય નોંધપાત્ર જિનસ્તવનો આ પ્રમાણે છે : ૪ ઢાળ અને ૬૮ કડીનું 'શાશ્વતી જિનપ્રતિમા-સંખ્યામય-સ્તવન' (મુ.),૪ ઢાળ અને ૧૬ કડીનું 'સત્તરિસયજિન-સ્તવન' (મુ.), ૫ ઢાળ અને ૨૮ કડીનું 'અધ્યાત્મગર્ભિત-સાધારણ-જિનસ્તવન'(મુ.), દેશીઓ ઉપરાંત તોટક આદિ છંદોને ઉપયોગમાં લેતું, ૫ ઢાળ અને ૮૧ કડીનું 'શાંતિનાથજિનનું સ્તવન' (૨. ઈ. ૧૬૮૧/સં. ૧૭૩૭, અસાડ વદ ૯, શુક્રવાર; મુ.), કાવ્ય અને ફાગની ૩૧ કડીનું 'અધ્યાત્મભાવગર્ભિત-પાર્શ્વનાથજિન-સ્તવન' (મુ.), ૧૫ કડીનું 'ભાવનઅક્ષરમય-જિન-સ્તવન' (મુ.), ૬૪ કડીનું 'મૌન-એકાદશી માહાત્મ્ય-ગર્ભિતમલ્લિનાથ-સ્તવન', 'પંચપરમેષ્ટિ-સ્તવન' તથા ૮૫ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન' (૨. ઈ. ૧૬૭૨). ૪ ઢાળ અને ૪૧ કડીનો 'શાંતિનાથજિન-ક્લશ'(મુ.), ૪ ઢાળ અને ૩૬ કડીનો 'પાર્શ્વનાથજિન-ક્લશ'(મુ.) તથા હિંદીમાં ૨૯ કડીનો 'ચતુર્વિંશતિજિન-છંદ'(મુ.)એ અન્ય નામથી રચાયેલાં તીર્થંકર-સ્તવનો જ છે. સિદ્ધસેન દિવાકરની ૪૪ કડીની સંસ્કૃત કૃતિ 'કલ્યાણમંદિર-સ્તોત્ર' ને આધારે થયેલી ૪૫ ગીતોની રચના (મુ.) પણ સ્તુત્યાત્મક છે.

કવિએ અન્ય વિષયોનાં સ્તવનો પણ રચ્યાં છે, જેમકે ૭ ઢાળ અને ૮૧ કડીનું 'જિનપૂજાવિધિનું સ્તવન' (૨.ઈ.૧૬૮૫/સં. ૧૭૪૧, આસો સુદ ૧૦, બુધવાર; મુ.), ૩ ઢાળ અને ૧૭ કડીનું 'જ્ઞાનપંચમીતિથિનું સ્તવન' (મુ.), ૬ ઢાળ અને ૫૬ કડીનું 'પંચમી-તિથિનું સ્તવન' (મુ.), ૫ ઢાળ અને ૪૨ કડીનું 'મૌન એકાદશીનું સ્તવન'(મુ.), ૬ ઢાળ અને ૮૧ કડીનું 'વીસસ્થાનકતપોવિધિનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્તવન' (ર. ઈ. ૧૭૧૦/સં. ૧૭૬૬, પોષ વદ ૮, બુધવાર; મુ.), ૬ ઢાળ અને ૧૩૨ કડીનું 'ત્રિષષ્ટિસલાકાપુરુષ-સ્તવન' (મુ.), ૩ ઢાળનું 'ચોત્રીસઅતિશય-સ્તવન' (મુ.) વગેરે.

અમાસ અને બન્ને પક્ષની ભેગી સ્તુતિ સાથે ૧૭ સ્તુતિ રૂપે રચાયેલ 'પંદરતિથિની સ્તુતિઓ' (મુ.) તથા 'આઠમતિથિની સ્તુતિઓ' ઉપરાંત અનેક તીર્થંકરસ્તુતિઓ જ્ઞાનવિમલે રચેલી છે. એ જ રીતે યશોવિજય અને દેવચંદ્રનાં સ્તવનો સાથે સંકલિત રૂપે મળતાં 'નવપદપૂજાનાં ચૈત્યવંદન' ઉપરાંત અનેક ચૈત્યવંદન પણ એમણે રચ્યાં છે. આ કવિનાં અગિયાર ગણધરનાં, દિવાળીનાં, ચૈત્રી પૂનમનાં, મૌન એકાદશીનાં તથા ચોમાસીનાં/ચોવીસ જિનનાં એ દેવવંદનો (બધાં મુ.) મળે છે.

કવિએ મુનિઓ તથા સતીઓ વિશેની તેમ જ સાંપ્રદાયિક આચારવિચારોને વર્ણવતી અનેક સઝાયો રચી છે. તેમાંથી કેટલીક સઝાયો કથાત્મક પણ બનેલી છે. એમની કેટલીક નોંધપાત્ર સઝાયો આ પ્રમાણે છે : ૬ ઢાળ અને ૬૮ કડીની 'સુદર્શન શેઠ (કેવલી)ની સઝાય' (મુ.), ૪૭ કડીની 'નાગદત્ત-શેઠની સઝાય' (મુ.), ૪૨ કડીની 'સુવૃત્ત-ઋષિ-સઝાય' (મુ.), ૪૦ કડીની 'અવંતીસુકુમાલની સઝાય'(મુ.), તોટકદુહા-દેશીબદ્ધ ૧૧ ઢાળની 'નરભવદશદૃષ્ટાંતાધિકાર-સઝાય'(મુ.), 'દશવિધયતિધર્મની સઝાયો' (*મુ.), ૧૪ ઢાળની 'તેર કઠિયાની સઝાય' (મુ.), ૩૫ કડીની 'જીવરાશિની સઝાય' (મુ.), ૪ ઢાળ અને ૩૫ કડીની 'રાત્રિભોજન-સઝાય' (મુ.) અને ૫/૬ ઢાળનાં 'નવકારભાસ/ નવપદાધિકાર-સઝાય' (મુ.).

જ્ઞાનવિમલે રચેલા વિપુલ સાહિત્યમાં એમણે રચેલા ગદ્ય બાલાવબોધોનો પણ સમાવેશ થાય છે. એ બાલાવબોધો આ પ્રમાણે છે : પોતાની 'પ્રશ્નદ્વાત્રિંશિકા' પર, યશોવિજયકૃત 'આઠયોગદૃષ્ટિની સઝાય' પર આશરે ૧૦૦૦ ગ્રંથાગ્રનો (મુ.), તથા સાડાત્રણસો ગાથાના 'સીમંધરજિન-સ્તવન' પર આશરે ૧૨૦૦ ગ્રંથાગ્રનો, 'આનંદઘન-ચોવીસી' પર ૭૨૮ ગ્રંથાગ્રનો (મુ.), નેમિદાસકૃત 'પંચપરમેષ્ઠિમંત્રરાજ-ધ્યાનમાલા/અનુભવલીલા' પર, 'યતિપ્રતિક્રમણસૂત્ર/પગામ-સઝાય' પર (ર. ઈ. ૧૬૮૭), 'ચૈત્યવંદન-દેવવંદન-પ્રત્યાખ્યાન એ ત્રણ ભાષ્ય' પર આશરે ૧૭૦૦ ગ્રંથાગ્રનો (ર.ઈ.૧૭૦૨), 'પાક્ષિક ક્ષામણ' પર ૫૫૦૦ ગ્રંથાગ્રનો (ર.ઈ.૧૭૧૭/સં.૧૭૭૩, મહા–૮), 'લોકનાલ' પર, 'સકલાર્હત' પર, 'નવતત્ત્વ-પ્રકરણ' પર ૫૦૦ ગ્રંથાગ્રનો (ર. ઈ. ૧૬૮૩), 'ચતુ: શરણ પ્રકીર્ણક' પર, 'ઉપાસક દશાંગસૂત્ર' પર ૧૯૦૭ ગ્રંથાગ્રનો, 'સંગ્રહણી-પ્રકરણ' પર (ર.ઈ.૧૬૭૬), 'અજિતશાંતિ-સ્તવન' પર, 'શ્રમણસૂત્ર' પર ૧૦૦૦ ગ્રંથાગ્રનો (ર. ઈ.૧૬૮૭), 'દિવાળીકલ્પ' પર ૧૨૦૦ ગ્રંથાગ્રનો (ર.ઈ. ૧૭૦૭) અને 'અધ્યાત્મકલ્પદ્રુમ' પર ૮૦૦૦ ગ્રંથાગ્રનો (ર.ઈ.૧૭૧૪). ગદ્ય રૂપે એમણે 'સપ્તનય-વિવરણ' પણ કરેલ છે.

જ્ઞાનવિમલનું સાહિત્યસર્જન, આ રીતે, બહુધા સાંપ્રદાયિક પરિપાટીનું છે, પરંતુ એમાં એમણે અલંકારરચના, પદ્યબંધ, દૃષ્ટાંતબોધ, ભાષાપ્રૌઢી વગેરેની જે શક્તિ બતાવી છે તે પ્રશસ્ય છે.

જ્ઞાનવિમલે સંસ્કૃતમાં'પ્રશ્નવ્યાકરણસૂત્ર-વૃત્તિ', ગદ્યબદ્ધ 'શ્રીપાલ-ચરિત્ર'(ર.ઈ.૧૬૮૯), 'સંસારદાવાનલસ્તુતિ-વૃત્તિ' અને 'પ્રશ્નદ્વાત્રિંશિકા-સ્તોત્ર' તેમ જ પ્રાકૃતમાં 'નરભવદૃષ્ટાંતોપનયમાલા' રચેલ છે.

કૃતિ : ૧. 'આનંદઘન બાવીશી' પર જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક, સં. કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૦; ૨. ચંદકેવલીનો રાસ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૧૨; ૩. એજન, સં. કપૂરચંદ ૨. વારૈયા, સં. ૨૦૩૫; ૪. જંબૂસ્વામિરાસ તથા બાર વ્રતની ટીપનો રાસ, સં. કેશવલાલ પ્રે. મોદી, ઈ.૧૯૧૮; ☐ ૫. પ્રાસ્તરત્નસંગ્રહ : ૧, ૨ (+સં.); ૬. સાધુવંદનારાસ, સં. મુક્તિ-વિમલગણિ,ઈ.૧૯૧૭; ☐ ૭. આસસંગ્રહ; ૮. અસ્તમંજૂષા; ૯. આકામહોદધિ : ૧(+સં.), ૫ ; ૧૦. ક્સસ્તવન; ૧૧. ગોડી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ.૧૯૬૨; ૧૨. ચૈસ્તસંગ્રહ : ૧, ૨, ૩; ૧૩. જિનગુણ પદ્યાવળી, પ્ર. જૈન ક્રોયસ્કર મંડળ, ઈ.૧૯૨૫; ૧૪. જિભપ્રકાશ; ૧૫. જિસ્તમાલા; ૧૬. જૈકાપ્રકાશ : ૫; ૧૭. જૈરસંગ્રહ; ૧૮. જૈસસંગ્રહ (ન.); ૧૯.*તીર્થમાલા, પ્ર. જૈ. ઓ. ઈ. ઑફ ઇંન્ડિયા, –; ૨૦. દંડકાદિ જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ.૧૯૨૦; ૨૧. દેવવંદનમાળા, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ.૧૯૨૧;૨૨. દેસ્તસંગ્રહ; ૨૩. નસ્વાધ્યાય : ૩; ૨૪. પર્યૂષણ માહાત્મ્ય, પ્ર. અમદાવાદની વિદ્યાશાલા, ઈ. ૧૮૮૨; ૨૫. પૂજાસંગ્રહ, પ્ર. ભનીબહેન, ઈ.૧૯૩૬; ૨૬. પ્રકરણ રત્નાકર : ૧, પ્ર. ભીમસિંહ માણેક, ઈ.૧૮૭૬; ૨૭. પ્રાતીસંગ્રહ : ૧; ૨૮. પ્રાસપસંગ્રહ : ૧; ૨૯. સજ્ઝાયમાળા (પં.); ૩૦. સઝાયમાલા, મુ. લલ્લુભાઈ કરમચંદનું છાપખાનું, સં. ૧૯૨૧; ૩૧. સસન્મિત્ર (ઝ.).

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો : ૧; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. કેટલૉગગુરા; ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. ડિકેટેલૉગભાઈ : ૧૭(૪),૧૯(૨); ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજ્જ્ઞાસૂચિ : ૧. [કુ.દે.]

જ્ઞાનવિમલશિષ્ય [ ] : જૈન. ૧૯ કડીની 'જિનદત્તસઝાય-અતિથિસંવિભાગે' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજ્જ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

જ્ઞાનશીલ : આ નામે અનુક્રમે ૪ અને ૫ કડીની 'નેમિનાથ–ભાસ' અને 'નેમિનાથરાજુલ–ભાસ' (બંનેની લે. સં. ૧૭મી સદી અનુ.) મળે છે. આ કયા જ્ઞાનશીલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જ્ઞાનશીલ–૧[ઈ.૧૫૦૪માં હયાત] : જૈન સાધુ.'સુપનવિચાર–ચોપાઈ' (ર. ઈ. ૧૫૦૪)ના કર્તા. સમય જોતાં આ કવિ હેમવિમલસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૪૯૨થી ઈ.૧૫૨૭)ના શિષ્ય જ્ઞાનશીલ હોવાની શક્યતા છે.

સંદર્ભ : રાપૂહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

જ્ઞાનસમુદ્ર–૧ [ઈ.૧૬૪૭માં હયાત]: જૈનસાધુ.જિનહર્ષસૂરિની પરંપરામાં વાચક ગુણરત્નના શિષ્ય. 'જ્ઞાન-છત્રીસી' (ર.ઈ.૧૬૪૭)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનસમુદ્ર–૨ : જુઓ શ્રીભૂષણશિષ્ય જ્ઞાનસાગર.

જ્ઞાનસાગર : આ નામે ૨૯ કડીની 'સ્યાદ્‌વાદગુણકથનવીર-સ્તવન', 'ત્રીસચોવીસીજિન-સ્તવનાવલિ', ૫૦ ગ્રંથાગ્રની 'ખંધકકુમાર-સઝાય', 'બાહુબલિની સઝાય' (મુ.), અન્ય સ્તવન, સઝાય, વસંત, ધમાલ, હોળી, હરિયાળી વગેરે પ્રકારની કૃતિઓ તથા 'પિંડવિશુદ્ધિ બાલાવબોધ' નોંધાયેલી છે તે કયા જ્ઞાનસાગર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. ૩ ઢાળની 'શિયળ વિશે શિખામણની સઝાય'(મુ.) વિદ્યાસાગરશિષ્ય જ્ઞાનસાગરને નામે નોંધાયેલી મળે છે પરંતુ કૃતિમાં ગુરુનામનો નિર્દેશ ન હોઈ તેમનું કર્તૃત્વ સંદિગ્ધ ગણાય. ૯ કડીની 'પાર્શ્વગીત' ગુણદેવસૂરિશિષ્ય જ્ઞાનસાગરને નામે નોંધાયેલ છે, પરંતુ કૃતિમાં એવો પરિચય મળતો નથી. 'સમ્યક્ત્વવિચારગર્ભિત-મહાવીરજિન-સ્તવન' (૨.ઈ.૧૭૧૦) સમય દૃષ્ટિએ ક્ષમાલાભશિષ્ય જ્ઞાનસાગરની કૃતિ હોવાનું જણાય પરંતુ એ વિશે પણ નિશ્ચિતપણે કશું કહેવાય તેમ નથી.

કૃતિ : ૧. આસસંગ્રહ; ૨. સઝાયમાલા : ૧(પ્રા.).

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજ્જૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

જ્ઞાનસાગર (ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : નાગેન્દ્ર-ગચ્છના જૈન સાધુ. ગુણસમુદ્રસૂરિની પરંપરામાં ગુણદેવસૂરિના શિષ્ય. શ્રીપાલરાજા અને મદનસુંદરીની જાણીતી કથા વર્ણવતા ૨૭૨ કડીના 'શ્રીપાલનરેન્દ્ર-રાસ/સિદ્ધચક્ર-રાસ' (૨. ઈ. ૧૪૬૫ કે ૧૪૭૫/સં. ૧૫૨૧ કે ૧૫૩૧,માગશર સુદ ૨, ગુરુવાર) ના કર્તા.

સંદર્ભ : ૧.નયુકવિઓ; ☐ ૨.જૈગૂકવિઓ : ૧,૩(૧); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજ્જૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

જ્ઞાનસાગર–૨[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં રવિસાગરના શિષ્ય. ઈ.૧૫૯૬માં હયાત હોવાની માહિતી મળે છે. તેમણે ૭૩ કડીની 'નેમિનાથ ચંદ્રાઉલા-સ્તવન'(૨.ઈ.૧૫૯૯) એ કૃતિ રચી છે.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ: ૧, ૩(૧); ૨. હેજ્જૈજ્ઞાસૂચિ: ૧. [કા. શા.]

જ્ઞાનસાગર (બ્રહ્મ)–૩/જ્ઞાનસમુદ્ર [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : દિગંબર, કાષ્ઠાસંઘના જૈન સાધુ. શ્રીભૂષણના શિષ્ય. કવિના ગુરુ શ્રીભૂષણે (ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ) મૂળ સંસ્કૃતમાં લખેલી કૃતિ 'અનંત-વ્રત'નું જેમાં અનુકરણ કરવામાં આવ્યું છે તે ૫૪ કડીની 'અનંતચતુર્દશી કથા', ૫૩ કડીની 'અઠાહીવ્રતકથા/અષ્ટાહિનકાવ્રત-કથા', ૭૯ કડીની 'આકાશપંચમીકથા', ૫૫ કડીની 'દશલાક્ષણિક-કથા', ૪૧ કડીની 'નિર્દોષ સપ્તમીકથા', 'નિસલ્યષ્ટમી વ્રતકથા,' 'નેમરાજુલ-બત્રીસી', ૪૪ કડીની 'રત્નત્રયવ્રતકથા', ૪૩ કડીની 'સુગંધદશમી વ્રતકથા', ૩૪ કડીની 'સોલકારણવ્રતકથા' અને 'શ્રાવણદ્વાદશીકથા' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ : ૨, હીરાલાલ કાપડિયા, ઈ. ૧૯૬૮; ☐ ૨. કેટલૉગગુરા; ૩. જૈગૂકવિઓ : ૩ (૨). [કા.શા.]

જ્ઞાનસાગર–૪ [ઈ.૧૭મી સદી મધ્યભાગ] : અંચલગચ્છના જૈન સાધુ. ગજસાગરસૂરિની પરંપરામાં લલિતસાગર-માણેક્સાગરના શિષ્ય. ઈ. ૧૬૪૧માં કવિ હયાત હોવાની માહિતી મળે છે. તેમની કૃતિઓમાં ઉલ્લેખાયેલા આધારગ્રંથો તેમના વિશાળ જ્ઞાનની પ્રતીતિ કરાવે છે.

કવિની અનેક રાસાત્મક કૃતિઓ મળે છે તેમાંથી ૩૧ ઢાળ અને ૫૧૫ કડીની દુહા-દેશીબદ્ધ 'સનત્કુમારચક્રીનો રાસ' (૨. ઈ. ૧૬૭૪ કે ૧૬૮૧/સં. ૧૭૩૦ કે ૧૭૩૭, માગશર વદ ૧,મંગળ/શુકવાર; મુ.)માં ૨૦ ઢાળ સુધી સનત્કુમારનાં પરાક્રમોનું અદ્‌ભુત-રસિક વૃત્તાંત છે અને પછીના ભાગમાં એના રૂપ-અભિમાનની બોધક કથા છે. કૃતિમાં પ્રગટ થતી, અલંકારોનો પ્રસંગોપાત્ત સમુચિત વિનિયોગ કરતી કવિની વર્ણનકળા ધ્યાનાર્હ છે. ૧૯ ઢાળ અને ૩૦૧ કડીની 'આર્દ્રકુમારનો રાસ/ચોપાઈ'(૨. ઈ.૧૬૭૧/સં. ૧૭૨૭, ચૈત્ર સુદ ૧૩, સોમવાર; મુ.) આર્દ્રકુમારના પૂર્વ-ભવનું વૃત્તાંત વીગતે વર્ણવે છે અને ભાવવિચારનિરૂપણ મોકાળાશથી કરે છે. આ બંને કૃતિઓ ઉપરાંત અન્ય કૃતિઓમાં પણ વિવિધ ગેય દેશીઓનો સરસ વિનિયોગ થયેલો છે. અન્ય રાસાત્મક કૃતિઓ આ પ્રમાણે છે : ૪ ખંડ, ૪૭ ઢાળ અને દુહા-દેશીબદ્ધ ૯૩૬ કડીની, શુક્રાજની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરતી શુક્રાજ ઉપરાંત અન્ય પાત્રોના પૂર્વભવોની કથાને પણ ગૂંથી લેતી અને સિદ્ધાચલનું માહાત્મ્ય ગાતી 'શુક્રાજ-આખ્યાન/ચોપાઈ/રાસ' (૨. ઈ.૧૬૪૫/સં.૧૭૦૧, જેઠ વદ ૧૩, સોમવાર;*મુ.), ૪૦ ઢાળ અને ૧૧૩૧ ગ્રંથાગ્રની 'સિદ્ધચક્ર/શ્રીપાલ-રાસ' (૨. ઈ.૧૬૭૦/સં.૧૭૨૬, આસો વદ ૮, ગુરુવાર; *મુ.), ૧૬ ઢાળ અને ૧૮૭ કડીની 'ઈલાચીકુમાર-ચોપાઈ/ઈલાપુત્રઋષિ-રાસ'(૨. ઈ.૧૬૬૩/સં. ૧૭૧૯, આસો સુદ ૨, બુધવાર; મુ.), ૩ ખંડ અને ૧૦૦૬ કડીની 'ધમ્મિલવિલાસ-રાસ'(૨.ઈ.૧૬૫૯/સં. ૧૭૧૫, કારતક સુદ ૧૩, ગુરુવાર), ૬૨ ઢાળની ૧૪૩૫ કડીની 'શાંતિનાથ-ચરિત્ર/ચોપાઈ/રાસ'(૨. ઈ.૧૬૬૪/સં.૧૭૨૦, કારતક વદ ૧૧, રવિવાર), ૩૯ ઢાળની ૭૪૫ કડીની 'ચિત્રસંભૂતિ ઋષિ-ચોપાઈ/રાસ'(૨.ઈ. ૧૬૬૫/સં.૧૭૨૧, પોષ સુદ ૧, ગુરુવાર),૧૬ઢાળ અને ૨૧૧ કડીની 'આષાઢાભૂતિ-ચોપાઈ/પ્રબંધ/રાસ' (૨. ઈ.૧૬૬૮/સં. ૧૭૨૪, પોષ વદ ૨), ૧૬ ઢાળ અને ૨૮૩ કડીની 'નંદિષેણમુનિ-ચોપાઈ/રાસ'(૨. ઈ. ૧૬૬૯/સં. ૧૭૨૫, કારતક વદ ૮, મંગળવાર), ૭૨૧ કડીની 'પરદેશી રાજાનો રાસ'(૨.ઈ.૧૬૬૮ કે ૧૬૭૮/સં.૧૭૨૪ કે ૧૭૩૪, જેઠ સુદ ૧૩, રવિવાર), 'ધન્ના-ચરિત્ર'(૨.ઈ.૧૬૭૧) અને 'શાંબકુમારપ્રદ્યુમ્નકુમાર-રાસ'.

૫ ઢાળ અને ૫૯ કડીની 'ધન્નાઆણગાર-સઝાય' (૨. ઈ. ૧૬૬૫/સં.૧૭૨૧, શ્રાવણ સુદ ૨, મંગળ/શુકવાર; મુ.), ૯ ઢાળ અને ૭૮ કડીની 'સ્થૂલિભદ્ર-નવરસો/સ્થૂલિભદ્રકોશા-ગીત' (*મુ.), ૫ ઢાળ અને ૫૦ કડીની 'રામચંદ્રલેખ' (૨.ઈ.૧૬૬૭/ સં.૧૭૨૩, આસો સુદ ૧૩), ૩૬ કડીની 'આબુચૈત્યપરિપાટી/ ઋષભ-સ્તવન' (મુ.) અને 'ચોવીસી' એ આ કવિની અન્ય કૃતિઓ છે.

કૃતિ : ૧. (શ્રી) સનતકુમાર ચક્રીનો રાસ, પ્ર. જૈન જ્ઞાનદીપક સભા, ઈ. ૧૮૮૬. ☐ ૨. ઓલાચીકુમારનો ૫૮ઢાલિયો તથા આર્દ્ર-કુમારનો રાસ, મુ. જગદીશ્વર પ્રેસ, ઈ. ૧૮૮૭; ૩. ઓજન,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુ. સવાઈભાઈ રાયચંદ,–; ૪. એલાયચીકુમારનો રાસ તથા બાર ભાવના અને અઢાર પાપસ્થાનકાદિની સઝાયોનો સંગ્રહ,–, ઈ. ૧૮૮૫; ૫. જૈસસંગ્રહ(ન.); ૬. મોસસંગ્રહ; □ ૭. જૈનયુગ, વૈશાખ–જેઠ ૧૯૮૬–'જ્ઞાનસાગર કૃત આબુની ચૈત્યપરિપાટી'.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. પાર્શ્વ, ઈ.૧૯૬૮; □ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. જૈહાપ્રોસ્ટા; ૫. ડિકૅટેલૉગભાઈ : ૧૯(૧,૨); ૬. મુપુગૂહસૂચી; ૭. લીંહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

જ્ઞાનસાગર–૫ /ઉદયસાગર(સૂરિ)[જ.ઈ.૧૭૦૭/સં.૧૭૬૩, ચૈત્ર સુદ ૧૩–ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ]: અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરની પરંપરામાં વિદ્યાસાગરના શિષ્ય. નવાનગર (જામનગર)ના ઓશવંશના શાહ કલ્યાણજીના પુત્ર. માતાનું નામ જયવંતી. સંસારી નામ ઉદયચંદ્ર/ગોવર્ધન. ઈ.૧૭૨૧માં દીક્ષા. દીક્ષાનામ જ્ઞાનસાગર. ઈ.૧૭૪૧માં આચાર્યપદ. નામ ઉદયસાગરસૂરિ. એ જ વર્ષમાં ગચ્છેશપદ મળ્યું. આ પ્રભાવશાળી આચાર્યે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા અને જિનાલયોના જીર્ણોદ્ધારનું કામ કર્યું હતું તેમ જ પારસીઓને તેમના ધર્મમાં પણ હિંસામાં પાપ રહેલું છે એમ સમજાવ્યું હતું. અવસાન સુરતમાં ઈ.૧૭૭૦/સં.૧૮૨૬, આસો સુદ ૨ના રોજ થયું હોવાનું કહેવાયું છે પણ તેમનો એક પ્રતિષ્ઠાલેખ સં. ૧૮૨૭નો મળે છે તથા એક પટ્ટાવલી તેમને સં. ૧૮૨૮ સુધી હયાત જણાવે છે, આથી તેમના અવસાનકાળની ચોક્કસ માહિતી શોધવાની રહે છે.

તેમનો ૬ અધિકાર, ૯૫ ઢાળ તથા ૪૩૭૧ કડીનો દુહા-દેશીબદ્ધ 'ગુણવર્મા-રાસ' (૨. ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, અસાડ સુદ ૨; મુ.)માં જિનપૂજાનો મહિમા બતાવતા ગુણવર્માના વૃત્તાંતની સાથે તેના સત્તર પુત્રોની, સત્તર પ્રકારની પૂજાઓનાં અલગ અલગ ફળ દર્શાવતી પૂર્વભવકથાઓ ગૂંથી લેવામાં આવી છે. શીલમહિમા આદિ અન્ય પ્રકારના ધર્મબોધને પણ સમાવી લેતી આ કૃતિમાં બહુધા સંસ્કૃત અને ક્યારેક પ્રાકૃતમાંથી પણ કાવ્ય, સુભાષિતાદિના વિસ્તૃત ઉદ્ધરણો આપવામાં આવ્યાં છે તે નોંધપાત્ર છે. આ ઉપરાંત આ કવિએ પર ઢાળની 'કલ્યાણસાગરસૂરિનો રાસ' (૨. ઈ.૧૭૪૬/સં. ૧૮૦૨, શ્રાવણ સુદ ૬; * મુ.), આર્દ્ર ભક્તિભાવયુક્ત 'ચોવીશી'(ઈ.૧૭૨૫ ? /ઈ.૧૭૩૨ ? ;મુ.), ૯ ઢાળની 'ભાવપ્રકાશ/છ ભાવ-સઝાય' (૨. ઈ.૧૭૩૧/ સં. ૧૭૮૭, આસો–, ગુરુવાર; મુ.), ૫ ઢાળની 'સમકિતની સઝાય' (૨. ઈ. ૧૭૩૦; મુ.), ૧૧ કડીની 'ચોત્રીસ અતિશયનો છંદ/સ્તવન' (મુ.), 'સ્થૂલિભદ્ર-સઝાય', ૫ ઢાળની 'ષડાવશ્યક–સઝાય' (મુ.) એ કૃતિઓ રચેલી છે. એમણે હિન્દી તથા મરાઠીમાં નેમિનાથવિષયક ગીતો રચ્યાં હોવાનું જણાવાયું છે. 'સ્નાત્રપંચાશિકા'(૨. ઈ. ૧૭૪૮), 'કલ્પસૂત્રલઘુવૃત્તિ'(૨.ઈ.૧૭૪૮), 'શ્રાવકવ્રતકથા', 'શાંતિનાથ-ચરિત્ર' તથા કેટલીક અવચૂરિઓ તેમની સંસ્કૃત રચનાઓ છે.

કૃતિ : ૧. *કલ્યાણસાગરસૂરિનો રાસ, પ્ર. શાહ ગોલાભાઈ તથા દેવજીભાઈ માણેક, સં. ૧૯૮૧; ૨. ગુણવર્મારાસ, પ્ર. જૈન ધર્મ વિદ્યાપ્રસારક વર્ગ, ઈ.૧૯૦૬; □ ૩. અચલગચ્છે સ્નાત્રપૂજાદિ તપસંગ્રહ, મુ. નિર્ણયસાગર પ્રેસ, ઈ. ૧૮૯૭; ૪. રત્નસાર : ૨, પ્ર.શા. હરજી હંસરાજ, સં. ૧૯૨૩; ૫. * વિધિપક્ષગચ્છીય મુનિ કૃત શ્રી જિનપૂજા સ્તવન સંગ્રહ, પ્ર. ભીમસિંહ માણેક,–; ૬. સજ્ઝાયમાળા : ૧ (શ્રા.).

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ. ૧૯૬૮; □ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૧, ૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી. [કા.શા.]

જ્ઞાનસાગર (વાચક)–૬ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં ક્ષમાલાભના શિષ્ય. તેમની ૮ ઢાળની દુહાદેશીબદ્ધ 'નળદવદંતીચરિત્ર-ચોપાઈ' (૨. ઈ. ૧૭૦૨/ સં. ૧૭૫૮, જેઠ સુદ ૧૦,બુધવાર;મુ.) દુહામાં ઝડપથી કથાનક કહી જવાની અને ઢાળમાં પ્રસંગજન્ય ઊર્મિનું રસિક નિરૂપણ કરવાની રીતિ તથા તેમાં પ્રગટ થતી કવિની અલંકારરચનાની શક્તિથી ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત તેમણે ૩૩ ઢાળની 'કવયન્ના-ચોપાઈ' (૨.ઈ.૧૭૦૮/સં.૧૭૬૪, આસો સુદ ૧૦ ગુરુવાર)તથા ૫-૫ કડીની ૨ 'શંખેશ્વરપાર્શ્વ-સ્તવન' એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : બે લઘુ રાસકૃતિઓ,સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૪.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદજી નાહટા; □ ૨. જૈગૂકવિઓ : ૩ (૨). [કા.શા.]

જ્ઞાનસાગર(ઉપાધ્યાય)–૭[ઈ.૧૭૬૫માં હયાત]: તપગચ્છના જૈન સાધુ.પુણ્યસાગરસૂરિના શિષ્ય. પાટણવાસી કીકાના પૌત્ર તારાચંદે કાઢેલા સંઘની, યાત્રામાર્ગમાં આવતાં નાનાંમોટાં ગામો અને સંઘમાં સામેલ વ્યક્તિઓના ઉલ્લેખ સાથેની વીગત રજૂ કરતી કૃતિ 'તીર્થમાલા-સ્તવન' (૨. ઈ. ૧૭૬૫; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૪૩થી નવે. ૧૯૪૩–'ઉપાધ્યાય શ્રી જ્ઞાનસાગરજીગણિકૃત 'તીર્થમાલા સ્તવન', સં. જયંતવિજયજી(+સં.). [કા.શા.]

જ્ઞાનસાગર–૮[ઈ.૧૭૭૮માં હયાત] : જૈન સાધુ. 'ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર'– અંતર્ગત 'અરિષ્ટનેમિચરિત્ર' ઉપરના બાલાવબોધ (૨.ઈ.૧૭૭૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

જ્ઞાનસાગરશિષ્ય : આ નામે 'વીસ સ્થાનક–તપવિધિ'(૨.ઈ. ૧૭૭૩/ સં.૧૮૨૯, માગશર વદ ૧૦)એ કૃતિ નોંધાયેલી છે તે કયા જ્ઞાનસાગરશિષ્યની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કા.શા.]

જ્ઞાનસાગર(ગણિ) શિષ્ય–૧[ઈ.૧૮૮૯ સુધીમાં] : જૈન સાધુ. ધર્મસાગરગણિ–હર્ષસાગરગણિની પરંપરામાં જ્ઞાનસાગરગણિના શિષ્ય. 'જૈન ગૂર્જર કવિઓ' આ કવિને સંવત ૧૮મી સદીમાં મૂકે છે. એમણે'ધન્યકુમારચરિત્ર–દાનકલ્પદ્રુમ' પર બાલાવબોધ(લે.ઈ.૧૮૮૯) વાર્તારૂપે રચ્યો છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનસાગરશિષ્ય–૨ [ ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. પુણ્યસાગરના શિષ્ય જ્ઞાનસાગરના શિષ્ય. ૧૨૦૦ ગ્રંથાગ્રના 'સમ્યકત્વ સ્તવ-બાલાવબોધ'ના કર્તા. **'જ્ઞાનઉદ્યોત'**ને નામે રચના કરતા જ્ઞાનસાગરશિષ્ય ઉદ્યોગસાગરની 'સમ્યકત્વમૂલ બારવ્રતવિવરણ'ને મળતી જ એકબે પંક્તિ આ કૃતિમાં મળે છે તેથી આ કૃતિ પણ તેમની હોવાની શકયતા છે.

કૃતિ : પ્રકરણરત્નાકર : ૨, પ્ર. ભીમસિંહ માણેક, ઈ.૧૮૭૬.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [કા.શા.]

જ્ઞાનસુંદર–૧ [ઈ.૧૬૩૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. અભયવર્ધનના શિષ્ય. ૪૧ કડીના **'સૂયગડાંગસૂત્રઅધ્યયન સોળમાની સઝાય'** (૨. ઈ. ૧૬૩૯/સં. ૧૬૯૫, જેઠ વદ ૨) ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા. ત્રિ.]

જ્ઞાનસુંદર–૨ [ઈ. ૧૬૬૦માં હયાત]: ખરતર ગચ્છના જૈન સાધુ. જિનસિંહસૂરિની પરંપરામાં વિજયકીર્તિગણિ-ચારિત્રકુશલગણિના શિષ્ય. 'મચ્છોદર-ચોપાઈ' (૨. ઈ. ૧૬૬૦/સં. ૧૭૧૬ કારતક વદ ૧૩–ધનતેરસ)ના કર્તા. આ કવિ ભૂલથી અભયવર્ધનશિષ્ય ગણાવાયા છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

જ્ઞાનસોમ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : લઘુ તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં વિમલસોમ (આચાર્યકાળ ઈ. ૧૬૧૧–ઈ. ૧૬૪૨)ના શિષ્ય. હેમસોમની પાટે આવેલ વિશાલસોમને વિષય કરીને રચાયેલ ૩૭ કડીના 'ગુરુ-બાર માસ' તેમ જ ગુરુવિષયક તથા અન્ય ગીતોના કર્તા.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઈતિહાસ : ૩, મુનિ દર્શનવિજય વગેરે, ઈ.૧૯૬૪; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

જ્ઞાનહર્ષ : આ નામે 'દામન્નક-ચોપાઈ' (૨.ઈ.૧૬૫૪) મળે છે તે જ્ઞાનહર્ષ–૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

જ્ઞાનહર્ષ–૧[ઈ.૧૬૪૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં સુમતિશેખરના શિષ્ય. ઈ.૧૬૪૯માં હયાત હોવાની માહિતી મળે છે. ૧૩ કડીનું **'પાર્શ્વ-સ્તવન'** તેમણે રચ્યું છે.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [કી.જો.]

જ્ઞાનહર્ષ–૨ [ઈ. ૧૭મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનધર્મસૂરિ(આચાર્યકાળ ઈ.૧૬૫૫–ઈ.૧૬૯૦)ના શિષ્ય. ૨ ઢાળના 'જિનધર્મસૂરિ-ગીત'(મુ.) તથા હિંદીમાં ૩૪ કડીની 'જિનદત્તસૂરિ અવદાત-છપ્પય' (અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ.' [કી.જો.]

જ્ઞાનહર્ષ–૩ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષ (આવ. ઈ. ૧૮૩૬)ના શિષ્ય. 'સુગુરુ-પચીસી'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈસમાલા(શા) : ૧.

સંદર્ભ : જૈન પરંપરાનો ઈતિહાસ : ૨, મુનિ દર્શનવિજય વગેરે, ઈ. ૧૯૬૦. [કી.જો.]

જ્ઞાનાચાર્ય [ઈ.૧૬મી. સદી મધ્યભાગ] : સંસ્કૃતજ્ઞ કવિ. જૈન કે જૈનેતર તે કૃતિમાંથી નિશ્ચિત થતું નથી. પરંતુ એ જૈન હોવાના મતને વધુ વિદ્વાનોનો ટેકો છે. આ કવિની, દુહા, ચોપાઈની ૧૫૨ કડીની **'બિલ્હણ-પંચાશિકા'**←(લે.ઈ.૧૫૭૦; મુ.) કાશ્મીરી કવિ બિલ્હણના શશિકલા સાથેના વિલાસોના સ્મરણોદ્ગારો રૂપે પ્રાપ્ત થતી ને બિલ્હણની જ રચના મનાતી સંસ્કૃત 'બિલ્હણ–પંચાશિકા'નું અને એમાં કથાભાગ ઉમેરીને થયેલા સંસ્કૃત **'બિલ્હણકાવ્ય'**નું ગુજરાતી રૂપાંતર છે ને શૃંગારના પ્રગલ્ભ ઉન્મત્ત આલેખનથી ધ્યાન ખેંચે છે. ૪૦ દુહા-ચોપાઈની ગુજરાતી કડી અને ૨૦ ભ્રષ્ટ સંસ્કૃતની કડી રૂપે મળતી **'શશિકલા-પંચાશિકા'**←(મુ.) ઉપર્યુક્ત કાવ્યની પૂર્તિ રૂપે કવિ ભૂવરે રચેલી 'શશિકલા-પંચાશિકા' (૨.ઈ.૧૫૪૫)નો મુક્ત અનુવાદ છે ને તેમાં શશિકલાના ઉદ્ગારો રૂપે નાયક સાથેના શૃંગારવિહારનું સુરુચિપૂર્ણ આલેખન છે.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૪; ☐ ૨. સાહિત્ય, જુલાઈ ૧૯૩૨–'બિલ્હણકાવ્ય(ગુજરાતી પદ્યાનુવાદ)', સં.ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. મધ્યકાલીન પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૪; ૪. મસાપ્રવાહ; ☐ ૫. ગુજરાતી, દીપોત્સવાંક ઈ. ૧૯૧૫–'બિલ્હણ પંચાશિકા' ચી. ડા. દલાલ; ૬. ગુજરાતી, દીપોત્સવી અંક ઈ. ૧૯૩૦–'શશિકલાકાવ્ય,' 'વનમાળી'; ☐ ૭. ગૂહાયાદી; ૮. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [ભો.સાં.]

'જ્ઞાનીનાં લક્ષણ' : બાપુસાહેબ ગાયકવાડકૃત કાફી-પ્રકારનાં ૨૪ પદોની આ કૃતિ (મુ.)જ્ઞાની સંતનાં લક્ષણો વર્ણવે છે એમાં સંતની સરલતા, સહજતા, સાર્વજનિકતા ને ઉદારતા પર મુકાયેલો ભાર ધ્યાન ખેંચે છે. અંતે પોતાની વાત વણિક કાંટે તોળીને જોઈ જુઓ, બ્રાહ્મણ શાસ્ત્રમાં શોધી જુઓ, પણ શૂદ્રને તો એ વાતો સીધી લાગશે (અને ક્ષત્રિય તો પોતે જ છે) એમ એ કહે છે તે આ સંદર્ભમાં તેમ જ દૃષ્ટાંતમૂલક લોકભોગ્ય અભિવ્યક્તિના સંદર્ભમાં પણ સૂચક છે. દબાવીએ ત્યારે બેસી જાય ને ફુલાવીએ ત્યારે ફૂલે એ ફૂલકાના દૃષ્ટાંતથી બાપુસાહેબ સમજાવે છે કે સંત કદી રિસાતા કે દુભાતા નથી. એમની ટેક વાયરાના જેવી હોય છે જે ફૂલ કે નરકના ભેદ વિના સર્વત્ર વાય છે. સંત પરાધીન નથી છતાં, બાપુસાહેબ કહે છે, એમનામાં પરાધીનતા હોય છે એટલે કે 'ગાડીમાં બેસો' કહો તો ગાડીમાં બેસે, 'પગે ચાલો' કહો તો પગે ચાલે એવી સરલતા હોય છે. પણ "પંથ ચલાવે ને પરોણો બને" એ જોગી નથી તેમ જોગીરાજ એકલવિહારી હોય છે–વાંસ ભેગા થાય તો સળગી ઊઠે ને ઘૂઘરા ભેગા થાય તો ધોંધાટ થાય. આ ઉપરાંત અનાસક્તિ, વૈરાગ્યભાવ, આત્મધ્યાન આદિ સંતનાં લક્ષણો પણ અહીં વર્ણવાયાં છે. [દે.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયેષ્ઠમલ્લ/જેઠમલ : 'જેઠમલ'ને નામે ૧૪ કડીની 'ગુણગ્રાહક થવા વિશેની સઝાય' (મુ.) તથા 'જયેષ્ઠમલ્લ'ને નામે ૧૬ કડીની 'સમવસરણની સઝાય' (૨.ઈ.૧૭૯૭;મુ.) અને હિન્દી ભાષામાં 'શીતળનાથ સ્વામીનું સ્તવન'(મુ.) મળે છે તે જયેષ્ઠમલ્લ-૧ છે કે કેમ તે ખાતરીપૂર્વક કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાળા : ૧, સં. મુનિ શ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૨. વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ૧૯૮૨ (સાતમી આ.). [શ્ર.ત્રિ.]

જયેષ્ઠમલ્લ–૧/જેઠા (ઋષિ) [ઈ. ૧૮૨૩માં હયાત] : જૈન સાધુ. ઋષિ રૂપચંદના શિષ્ય. 'સમકિતસાર પ્રશ્નોત્તરપચ્ચીસી-સઝાય' (૨. ઈ. ૧૮૨૩) તથા ૨૪ કડીની 'ચિત્ત અને બ્રહ્મદત્તની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા (શા.) : ૨; ૨. જૈસસંગ્રહ (જે.).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

જ્યોતિરત્ન [ઈ. ૧૭૪૯માં હયાત] : જૈન સાધુ. મહિમાપ્રભસૂરિના શિષ્ય. 'ભાવપ્રભસૂરિનિર્વાણ' (૨.ઈ.૧૭૪૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]

જ્યોતિવિમલ[ઈ. ૧૭૩૯માં હયાત]: જૈન સાધુ. 'સદયવચ્છ-સંબંધ' (૨.ઈ.૧૭૩૯)ના કર્તા.

સંદર્ભ : દેવાનંદ સુવર્ણાંક, સં. 'કેસરી', પ્રકાશન વર્ષ નથી– 'જૈન રાસમાળા', સં. મોહનલાલ દ. દેશાઈ. [કી.જો.]

'ઝંદા-ઝૂલણનો વેશ : માંડણ નાયકના કર્તુત્વનો ઉલ્લેખ ધરાવતો આ ભવાઈ-વેશ (મુ.) કેટલીક વાચનામાં "સંવત સોળસે સાતમેં બની ઊંઝામેં બાત, ચૈતર સુદકી બીજ, ઝૂલણ તેજાંકી બીજ' એવી પંક્તિઓ ધરાવે છે, પણ એમાં કૃતિના રચનાસમયનો, ભજવણીના સમયનો કે વર્ણવાયેલી ઘટના બન્યાના સમયનો સંકેત જોવો એ વિશે સંદિગ્ધતા રહે છે. આ ઉલ્લેખ ઓછામાં ઓછું એટલું બતાવે કે કૃતિ એના મૂળ સ્વરૂપે સં. ૧૬૦૭ (ઈ. ૧૫૫૧) સુધીમાં રચાયેલી છે.

જુદીજુદી વાચનાઓમાં થોડી જુદી જુદી રીતે મળતી આ વેશની કથા એવી છે કે ઝંદા કે ઝૂલણ નામના મુસ્લિમ સરદારને દિલ્હીના બાદશાહે ઊંઝાના થાણદાર તરીકે મોકલ્યો છે તે તેજાં નામની મોદણના રૂપથી, તેમ જ તેનું અથાણું ખાધાથી, તેના પર મોહ પામે છે અને તેની સાથે હળેમળે છે. એના પતિ તેજા મોદીને એ ધમકાવી કાઢે છે પણ પછીથી આ અંગે બાદશાહ પાસે ફરિયાદ થતાં લોકો ઝંદાને પથરા મારે છે ને તેજાં પોતાને પિયર વડનગર ચાલી જાય છે. ઝંદો ત્યાં પણ ફકીર બનીને તેની પાછળ જાય છે, પરંતુ તેજાં તેની સાથે આવવાની ના પાડતાં એ મક્કા ચાલ્યો જાય છે અને તેજાં કાશી ચાલી જાય છે. વેશની કોઈ વાચનામાં તેજાંનું આ વૃદ્ધ અરસિક પતિ સાથેનું લગ્ન હોવાનું દુ:ખ ગવાયું છે ને ઝંદો તેજાંની સાથે કાજી તથા ગોરને બોલાવી પરણે છે એવું પણ વર્ણવાયું છે.

૨ ભાગમાં વહચાઈ જતાં આ વેશના પહેલા ભાગમાં તેજા મોદીનું, એને આડવા એટલે કે મૂર્ખ વાણિયા તરીકે રજૂ કરતું એની પૂર્વવયનું વૃત્તાંત રજૂ થાય છે જે આ ભાગને કે આખા વેશને પણ 'આડવા વાણિયાનો વેશ'નું નામ આપાવે છે. એ ભાગ બહુધા કથનાત્મક છે કેમ કે આડવો પોતાનાં નામોની ને પોતાની મૂર્ખાઈઓની –ગુજરાતમાં વાર્તા રૂપે ખૂબ જાણીતી થયેલી – કથા પોતાને મોઢે વિસ્તારથી કહે છે. આડવાના 'ઠીકરી પારેખ' જેવા નામમાં મજાનો વ્યંગ છે તો કેવળ શબ્દાર્થને પકડતી કે કોઈની સૂચનાને તેના તાત્પર્યને સમજ્યા વિના અપ્રસંગે ઉપયોગમાં લેતી આડવાની બાળબુદ્ધિનું વર્તન પણ માર્મિક વિનોદભર્યું છે.

વેશનો બીજો ભાગ બહુધા ઝંદા તથા તેજાંના પદ્યમય સંવાદ રૂપે ચાલે છે, જેમાં એમના પરસ્પર અનુરાગ, પ્રતીક્ષા, મિલન તથા વિરહ-દુ:ખના ભાવો તળપદી છટાથી વ્યક્ત થયા છે. એમાં કેટલાંક રસપ્રદ ચિત્રણો મળે છે. જેમ કે તેજાં ઝંદાને સંબોધીને કહે છે, "કસ્તૂરી જેવી કામની ઝંદા, કસુંબ જેવો એનો રંગ, મારા ઘૂંઘટમાં કાળી નાગણી, સામું જુએ તેને મારે ડંખ." આ સંવાદમાં હિંદુ–મુસ્લિમ સંસ્કારોના ભેદની કેટલીક વાતો પણ રસિક રીતે ગૂંથાઈ છે.

આ વેશમાં ઝંદો વાણિયા સાથે ઝઘડો કરતા પોતાના સાથીદાર દાગલાને બંદગીનો ઉપદેશ આપે છે ત્યારે સવૈયા, કુંડલિયા, ગઝલ, રેખતા, પાયા, દોહા, હરફ, જકડી ઈત્યાદિ બંધોથી બોધાત્મક હિંદી પદ્યો વિપુલ પ્રમાણમાં આપવામાં આવ્યા છે તેને કથાવસ્તુ સાથે કશો જ સંબંધ નથી. એમાં કોઈ પદ્ય 'માંડણ'ની નામછાપ દર્શાવે છે. પણ બીજા દીન દરવેશ વગેરેનાં પદ્યો અહીં ઉદ્ધૃત થયેલાં છે.

વેશમાં વાણિયાનું લાક્ષણિક ચરિત્રચિત્રણ પણ ધ્યાન ખેંચે છે. [જ.કો.]

ઝાલો [ઈ.૧૪૬૮ સુધીમાં] : જૈન. ૨૦/૨૧ કડીના 'સિદ્ધચક્ર-ગીત/શ્રીપાલ-ચોપાઈ' (લે. ઈ. ૧૪૬૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧ [શ્ર.ત્રિ.]

ઝાંઝણ(યતિ); [ઈ.૧૬૮૮માં હયાત] : જૈન સાધુ. 'સાગરદત્ત-ચોપાઈ' (૨. ઈ. ૧૬૮૮) અને 'હરિવાહન-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨. રાહસૂચિ : ૨. [શ્ર. ત્રિ].

ઝૂમખરામ [ ] : આ કવિના નામે હરિ-ભક્તિનો મહિમા વર્ણવતું ૬ કડીનું ૧ પદ (મુ.) મળે છે. કૃતિ પ્રાચીન હોવાની ખાતરી થતી નથી.

કૃતિ : પ્રાકાસુધા : ૧. [કૌ. બ્ર.]

ઠાકુર [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : વડ તપગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રની પરંપરામાં હીરાનંદચંદ્રના શિષ્ય. સ્થૂલિભદ્રનું સમગ્ર ચરિત્ર વર્ણવતી ૫૮ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય/સ્થૂલિભદ્રઅષ્ટ પંચાશિકા-પ્રબંધ' (૨. ઈ. ૧૬૪૩; મુ.) અને ૮ કડીની બીજી 'સ્થૂલિ-ભદ્ર-સઝાય' (૨. ઈ. ૧૬૫૨/સં. ૧૭૦૮. જેઠ સુદ ૭; મુ.), બહુધા નેમિનાથ પ્રત્યેના રાજુલના સ્નેહભર્યા ઉદ્ગારો રૂપે ચાલતી ૧૮ કડીની 'નેમ રાજુલપ્રીતિ' (૨. ઈ. ૧૬૪૩; મુ.), રાજુલના વિર-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોદ્દાર રૂપે રચાયેલી ૧૭ કડીની 'નેમરાજુલ-બારમાસી' (મુ.) તથા ૧૧ અને ૭ કડીના એમ ૨ 'સીમંધરસ્વામી-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. જૈન હઠીસિંગ સભા, સં. ૧૯૬૯. [પા.માં.]

ઠાકુરસી [ઈ. ૧૫૨૯માં હયાત] : જૈન. 'પંચેન્દ્રિય વેલી'. (૨. ઈ. ૧૫૨૯)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચિ : ૨. [શ્રા.ત્રિ.]

ડામર [ઈ. ૧૫૩૬ સુધીમાં] : જ્ઞાતિએ બ્રાહ્મણ. 'જૈન ગૂર્જર કવિઓ 'બિલ્હણ ચરિત'ની આદિ ગાથાઓમાં ઉલ્લેખાયેલા ગૌડ બ્રાહ્મણ અને ગોપાચલના નિવાસી દામોદર અને પ્રસ્તુત ડામરને એક ગણે છે. પરંતુ મુદ્રિત કૃતિમાં હકીક્ત માટે કશો આધાર નથી. ભંવરલાલ નાહટા પણ કૃતિની ભાષાને આધારે આ સંભાવનાનો અસ્વીકાર કરે છે.

'ઢાળ' અને 'વાણી'ની ૧૮૩ કડીના આ કવિના 'વેણીવત્સરાજ-રાસ/વિવાહલુ' (લે. ઈ. ૧૫૩૬; મુ.)માં અમરાવતીના રાજા વત્સ-રાજના વાસુકિરાજાની પુત્રી સાથેના લગ્નનું વૃત્તાંત વર્ણવાયું છે. વત્સરાજ એ નાગરકન્યાની વેણી કાપે છે પરંતુ પછી વેણી તેજસ્વી હોવાનું ભાન થતાં તેની ખૂબ ભક્તિ કરે છે, વાસુકિ-રાજાનો કોપ તેના પર થવાનો હોય છે પરંતુ તક્ષક તેને બચાવે છે ને અંતે નાગકન્યાનો વિવાહ વત્સરાજની સાથે થાય છે. લોક-વાર્તા પર આધારિત આ રાસમાં જાનનું વીગતે વર્ણન થયું છે. તે ઉપરાંત પણ કેટલાંક આલંકારિક વર્ણનો મળે છે.

કૃતિ : સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૭૨ – 'ડામર બ્રાહ્મણકૃત 'વેણી-વત્સરાજ રાસ', ભંવરલાલ નાહટા (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

ડુંગર : ડુંગરને નામે સં. ૧૬મી સદીમાં રચાયેલી જણાતી ૧૩ કડીની 'ખંભાત-ચૈત્યપરિપાટી' (મુ.) તથા ૭૫ કડીની 'નેમિનાથ-સ્તવન' અને ડુંગરમુનિને નામે ૧૫ કડીની 'વિમલજિન-સ્તવન' એ કૃતિઓ મળે છે. એ કયા ડુંગર છે એ નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'ખંભાત-ચૈત્યપરિપાટી'ના કર્તાને શ્રાવક ગણવામાં આવ્યા છે પણ એ માટે કાવ્યમાં કશો આધાર નથી.

કૃતિ : ૧. જૈનયુગ, વૈશાખ ૧૯૮૨ – 'ખંભાયત ચૈત્યપરિપાટી'; ૨. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૫ – 'ખંભાત ચૈત્યપરિપાટી', સં. રમણિકવિજયજી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

ડુંગર(સ્વામી)-૧ [ઈ. ૧૪૭૯ સુધીમાં] : જૈન સાધુ. અલંકારા-દિથી રસપ્રદ બનતા ઉપાલંભભર્યા વિરહ ભાવના ૨૬/૨૮ કડીના 'નેમિનાથ ફાગ/ઓલંભડા-બારમાસ' (લે. ઈ. ૧૪૭૯; મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, અસાડ-શ્રાવણ ૧૯૮૬ – 'સં. ૧૫૩૫માં લખા-યેલાં પ્રાચીન કાવ્યો.'

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ; ૩(૧); ૨. જૈમગૂકરચનાઓ : ૧. [શ્રા.ત્રિ.]

ડુંગર-૨ [ઈ. ૧૫૭૩માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિસૂરિની પરંપરામાં ક્ષમાસાધુના શિષ્ય. ૮૩ કડીની 'હોલિકા-ચોપાઈ' (૨. ઈ. ૧૫૭૩/સં. ૧૬૨૯, ચૈત્ર વદ ૨)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

ડુંગર (મુનિ)-૩ [ઈ. ૧૮૧૬માં હયાત] : જૈન સાધુ. નવતત્ત્વ-વિચાર-સ્તવન (૨. ઈ. ૧૮૧૬)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

ડુંગર-૪ [ઈ. ૧૮૨૫માં હયાત] : રામસનેહી સંપ્રદાયના રામભક્ત કવિ. ઉત્તર ગુજરાતના વિજાપુરના વતની. જ્ઞાતિએ બારોટ. પિતા નાથજી. માતા સૂરજબા(સુજાંબા). ઈ. ૧૮૨૫માં તેમના ભાઈએ તેમને લખેલો પત્ર મળી આવ્યો છે.

તેમણે જ્ઞાન, સત્સંગ, કાલ આદિ અંગોમાં તત્ત્વબોધની કવિતા આપી છે. ઉપરાંત ગુજરાતી તેમ જ હિંદીમાં તેમનાં પદો-ભજનો (કેટલાંક મુ.) મળે છે. મંગલ, ગરબી, લાવણી, વણઝારો વગેરે કાવ્યબંધોમાં વહેતી તેમની પદકવિતામાં ભક્તિવૈરાગ્યબોધનો વિષય મુખ્યપણે નિરૂપાયો છે, તેમ જ યોગમાર્ગીય પરિભાષામાં અધ્યાત્મ-નિરૂપણ પણ થયું છે. કવિનો ભક્તિભાવ ક્યારેક પ્રેમભક્તિનું તો ક્યારેક ભક્તિશૌર્યનું રૂપ લે છે.

કૃતિ : કાદોહન : ૨; ૨. બૃકાદોહન : ૫; ☐૩. બુદ્ધિપ્રકાશ, ફેબ્રુ., માર્ચ તથા જુલાઈ ૧૯૩૦ – 'પરમ ભક્ત કવિ શ્રી ડુંગર બારોટ', મંગલદાસ ચ. કવિ (+સં.).

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

ડુંગર (કવિ)-૫ [ ] : વડતપગચ્છના જૈન સાધુ. ઉદયસાગરસૂરિની પરંપરામાં શીલસાગરસૂરિના શિષ્ય. ૬૧ કડીના 'માઈ-બાવની' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ડુંગરપુરી [ ] : ભાવપુરીના શિષ્ય. રાજસ્થાનના જોધપુર પાસેના ચિહઠણ ગામમાં તેમનો મઠ છે જે તેમના અવસાન પછી તેમના શિષ્યવર્ગે સ્થાપ્યો છે. આ સંત પૂર્વાવસ્થામાં જેસલમેરના પુરોહિત બ્રાહ્મણ હોવાની વાત મળે છે. ડુંગરપુરી ઈ. ૧૯૦૦ આસપાસ થયા હોવાનું તથા વિરમગામ તાલુકાના દેત્રોજ ગામના વણકર હોવાનું નોંધાયું છે પરંતુ એ માહિતી અધિકૃત જણાતી નથી.

આ કવિનાં પદો (કેટલાંક મુ.)માં સતગુરુના મહિમાનું અને આધ્યાત્મિક અનુભવનું યોગમાર્ગી પરિભાષામાં તથા રૂપકશૈલીએ નિરૂપણ થયેલું છે. કવિની વાણીમાં એક પ્રકારની સચોટતા છે. તેમનાં ઘણાં પદો હિન્દી-રાજસ્થાનીમાં અને કેટલાંક મિશ્ર ભાષામાં તો કેટલાંક ગુજરાતી ભાષામાં મળે છે. ગુજરાતી ભાષાનું તત્ત્વ પાછળથી દાખલ થયું હોય એવું પણ નજરે ચઢે છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. નકાદોહન; ૩. પરમાનંદ પ્રકાશ પદમાલા, પ્રા. રજનીકાન્ત જે. પટેલ, સં. ૨૦૩૦ (ત્રીજી આ.); ૪. પ્રકાસુધા : ૧; ૫. યોગ વેદાન્ત ભજન ભંડાર, પ્ર. પ્રેમવંશ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.) (+સં.); ૬. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.).

સંદર્ભ : પ્રીતના પાવા, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૮૩ – 'રાજસ્થાની લોકસાહિત્ય'. (૧ પદ મુ.). [ચ. શે.]

ડુંગરસી [ ] : ૧ શૃંગારી ગીત (મુ.)ના કર્તા. "કસ્તૂરાદિ રાણી વર સેજિ સંભોગિક, ડુંગરસી પઉદરા"એ પંક્તિમાં ડુંગરસી કર્તાનામ વાંચવું કે કેમ તે પ્રશ્ન રહે છે, તે ઉપરાંત કર્તાને જૈન ગણવામાં આવ્યા છે તેનો શો આધાર છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૩ – 'એક શૃંગારિક ગીત", સં. મણિલાલ બ. વ્યાસ. [પા. માં.]

ડોસો [ઈ. ૧૭૨૬માં હયાત] : જૈનેતર કવિ. પિતાનું નામ વેલો. કવિ પિતાના નામ પરથી 'વેલાણી' નામને અંતે લખે છે. વતન જામનગર પાસે કાલાવાડ. એમના ૭૦ કડીના 'કૃષ્ણચરિત્રનો સલોકો/બાળલીલાનો સલોકો/રાધાકૃષ્ણનો સલોકો' (૨. ઈ. ૧૭૨૬/ સં. ૧૭૮૨, જેઠ સુદ ૩, સોમવાર)માં બાળલીલા ને રાધાના દાણના રસિક પ્રસંગના આલેખન ઉપરાંત કંસવધ સુધીનું વૃત્તાંત આવે છે. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'માં આ કૃતિનો ઉલ્લેખ ભૂલથી ૨ અલગ કૃતિઓ તરીકે થયેલો છે.

સંદર્ભ : ૧. કવિચરિત ૩ ; ૨. ગુજૂકહકીકત; ☐૩. ગૂહાયાદી; ૪. ફોહનામાવલી. [કી. જો.].

'ઢેડનો વેશ' : કશી કર્તા–નામછાપ વિનાનો અને "સાહેબના શીશા" (=દારૂનીબાટલીઓ)ના ઉલ્લેખને કારણે મોડા સમયની રચના હોય એવી સંભાવનાને અવકાશ આપતો આ ભવાઈ-વેશ (મુ.) એના વિષયને કારણે ખાસ નોંધપાત્ર બને છે. હરિજનોની અવદશાનું એમાં ઐતિહાસિક ચિત્ર દોરાયેલું છે, જે આંખ ઉઘાડનારું છે.

વેશના વસ્તુનિરૂપણમાં પાંચેક ખંડો પડી જતા જોઈ શકાય છે. પ્રથમ ખંડમાં ટાવલા મહેતર (ઢેડ) અને ભવૈયા વચ્ચેનો સંવાદ ચાલે છે, જેને આ વેશની પ્રસ્તાવના કહી શકાય. ઊંચનીચભેદના માર્મિક સંકેત ધરાવતો આ સંવાદ વિનોદી રીતે ચાલે છે. બંને જણા અરસપરસ "ભાભાની" "ઢેડની" એવાં સ્ત્રીલિંગી સંબોધનો કરે છે, એટલું જ નહીં પણ ઢેડ પોતે પોતાને માટે "હું ઢેડવાડામાં ધરડી છું" એવો સ્ત્રીલિંગી પ્રયોગ કરે છે એ નોંધપાત્ર છે.

બીજો ખંડ વેશના હાર્દરૂપ છે. એમાં સીધા કથાકથનથી હરિજનોને માથે જે ૪ કર હતા–વગડામાં રહેવું, કોટે બાંધેલી કૂલડીમાં થૂંકવું, સૂતરનો ફાળકો રાખવો તથા પાછળ પગલાંને ભૂંસી નાખતું લબડતું ઝાંખરું રાખવું – તેમ જ અલગ ઓળખાવા માટે પહેરણને ત્રીજી બાંય રાખવી, આ બધું કેવી રીતે દૂર થયું તેનું અદ્‌ભુતરસિક વૃત્તાંત રજૂ થયું છે. હરિજનો માથેના આ કર એમને કેટલા હલકા-પશુથી પણ ઊતરતી કોટિના ગણવામાં આવતા હતા તેનો એક ચોંકાવનારો ઐતિહાસિક દસ્તાવેજ છે, તો એ કરમાંથી છૂટ્યાની કથા લાક્ષણિક રીતે ચમત્કારપૂર્ણ છે. આણમાનીતી રાણીની ખટપટને કારણે માનીતી રાણીનો તજી દેવાયેલો પુત્ર હરિજન બાળક તરીકે ઊછરે છે અને નવા ખોદાયેલા તળાવમાં પાણી આવે તે માટે ભોગ આપવાનો થાય છે ત્યારે બત્રીસલક્ષણા પુરુષ તરીકે એની પસંદગી થાય છે. હરિજનો પરના પરંપરાગત કર દૂર કરવાની શરતે આ હરિજન કિશોર સોંપવામાં આવે છે ને એના લોહીથી તળાવમાં પાણી પણ આવે છે. સદ્‌ભાગ્યે કિશોર બચી જાય છે. જ્ઞાતિની ઉચ્ચ-નીચતાની જડ કેટલી ઊંડી છે એનો ખ્યાલ એ પરથી આવે છે કે બત્રીસલક્ષણો પુરુષ વસ્તુતઃ હરિજન કોમનો નથી, રાજપુત્ર છે.

વેશના ત્રીજા ખંડમાં કથાકથન ચાલુ જ રહે છે અને પૃથ્વી-લોક પર આવેલા સ્વર્ગના પોઠિયાનું પૂંછડું ઝાલી ટાવો મહેતર સ્વર્ગલોકનો અનુભવ લઈ આવે છે તેનું વૃત્તાંત કહેવાય છે. સ્વર્ગના લાડુની લાલચથી બીજી વાર બધા હરિજનો ટાવાને લટકીને સ્વર્ગમાં જવા નીકળે છે પણ સ્વર્ગના લાડુનું વર્ણન કરવા જતાં ટાવાના હાથ છૂટી જતાં સૌ નીચે પછડાય છે ને સ્વર્ગના લાડુ ખાનાર ટાવા સિવાય સૌ મૃત્યુને વશ થાય છે. હરિજનો માટે કંઈક આશ્વાસન ધરાવનું આ વૃત્તાંત અંતે તો કરુણપરિણામી જ નીવડે છે. સ્વર્ગમાં કશો જ્ઞાતિભેદ નથી – ઊંચનીચભેદ નથી ને બધા સાથે જમે છે એવો ઉલ્લેખ ઉદાર સામાજિક દૃષ્ટિએ એક નાનકડી બારી ખોલતો જણાય છે.

આ કથા દરમ્યાન કેટલાક ચંદ્રાવળાઓ ગવાય છે, જે જુદી જુદી વાચનાઓમાં ઘણા જુદા પણ મળે છે. એકએક ચંદ્રાવળામાં એકએક પ્રસંગચિત્ર કે કોઈ વ્યક્તિચિત્ર કે કોઈ વિચાર રજૂ થયો હોય છે. કૃષ્ણના મોરલીગાન જેવું કોઈક ચિત્ર કાવ્યરસભર્યું છે, પરંતુ વધારે તો સામાજિક વર્ગો ને જ્ઞાતિઓની ખાસિયતોનાં માર્મિક નિરીક્ષણો આ ચંદ્રાવળામાં જોવા મળે છે.

વેશના ચોથા ખંડમાં છાશ લેવા આવેલી હરિજન સ્ત્રીની મશ્કરી ગાંયજાઓ કરી થી એ "નગરી" (=અપવિત્ર) બની ગઈ તેને ગોર બોલાવીને "સગરી" બનાવવામાં આવે છે તે પ્રસંગ વર્ણવાયો છે. પણ વિધિવક્રતા એ છે કે ગોરજી એ હરિજન સ્ત્રીને લઈ નાસી જાય છે. "મારા ગોરજીને મોઢે સરસતી લોટો લઈને બેઠી છે" જેવી તળપદી અભિવ્યક્તિથી રસિક બનતો સંવાદ અહીં આલેખાયો છે.

ચોથા ખંડમાં ખિદમતગાર ઝરાન સાથે મુગલ આવે છે અને ગામના પટેલ પાસેથી દહીં, દૂધ, શરાબ વગેરે મંગાવે છે. મુગલ કોળી પટેલનું નામ પડતાં ગભરાય છે, પણ કણબી પટેલ પાસેથી આ બધું એ હિંમતથી મંગાવે છે એ નિરૂપણ કોળી જાતિના લડાયક મિજાજનું સૂચન કરે છે. અહીં પણ સંવાદ વિનોદપૂર્ણ છે ને એમાં મુગલ-હરિજન વચ્ચેના ભાષાભેદ–ઉચ્ચારભેદની સ્થિતિનો આશ્રય લેવાયો છે.

સમાજનાં અનેક પાસાંને એક સાથે વણી લેતો આ વેશ સમગ્રપણે હળવી શૈલીમાં ચાલે છે ને એની ગતિ સ્વચ્છ સુરેખ છે.

કૃતિ : ૧. ભવાઈ સંગ્રહ, સં. મહિપતરામ રૂપરામ,* ઈ. ૧૮૬૬, ઈ. ૧૮૯૪ (ચોથી આ.); ૨. ભવાની ભવાઈ પ્રકાશ, સં. મુનશી હરમણિશંકર ધનશંકર –.

સંદર્ભ : ૧. ભવાઈ (અં.), સુધા આર. દેસાઈ, ઈ. ૧૯૭૨; ૨. ભવાઈના વેશની વાર્તાઓ, ભરતરામ ભા. મહેતા, ઈ. ૧૯૬૪. [જ. કો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તત્ત્વકુમાર (મુનિ) [ઈ. ૧૮૩૪ સુધીમાં] : જૈન સાધુ. દર્શનલાભના શિષ્ય. 'શ્રીપાલરાજા–મયણસુંદરી–રાસ' (લે. ઈ. ૧૮૩૪)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [ક્રિ. ત્રિ.]

તત્ત્વવિજય : આ નામે 'જંબૂસ્વામી-રાસ' (લે. ઈ. ૧૭૮૫) તથા કેટલાંક સ્તવનસઝાયાદિ નોંધાયેલાં મળે છે તે કયા તત્ત્વવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૦, 'બાલાપુર : ત્યાં સુરક્ષિત જૈન સાહિત્ય', કાંતિસાગરજી; ૨. આલિસ્ટઑઈ : ૨. [૨.૨.દ.]

તત્ત્વવિજય–૧ [ઈ. ૧૬૬૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં યશોવિજય ઉપાધ્યાયના શિષ્ય. ૪ ખંડ, ૩૪ ઢાળ અને ૮૬૧ કડીની 'અમરદત્તમિત્રાનંદ-રાસ' (૨. ઈ. ૧૬૬૮/સં. ૧૭૨૪, મહા સુદ ૫), 'ચતુર્વિંશતિજિન-ભાસ/ચોવીસી', 'ચોવીસજિન-ગીત' તથા અન્ય સ્તુતિ, ભાસ, વસંત આદિ પ્રકારની લઘુકૃતિઓના કર્તા. 'ચોવીસી' અને 'ચોવીસજિન-ગીત' એ બંને એક જ કૃતિ છે કે અલગ તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [૨.૨.દ.]

તત્ત્વવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં દેવવિજયના શિષ્ય. ૧૧ કડીની 'અન્યત્વસંબંધનીસઝાય' (મુ.), વિજયપ્રભસૂરિની પ્રશસ્તિ કરતી એમના રાજ્યકાળ (ઈ. ૧૬૫૪-ઈ.૧૬૯૩)માં રચાયેલી ૧૧ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય' (મુ.), ૧૪ કડીની 'માનનિવારકની સઝાય' (મુ.) તથા ૪ કડીની 'શંખેશ્વર પાર્શ્વનાથજિન-સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઐસમાલા : ૧; ૨. જિનપ્રકાશ; ૩. જૈસમાલા (શા.) : ૨; ૪. મોસસંગ્રહ; ૫. શંસ્તવનાવલી.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [૨.૨.દ.]

તત્ત્વસારનિરૂપણ : જુઓ 'મન : સંયમ'.

તત્ત્વહંસ–૧ [ઈ. ૧૬૭૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયહંસની પરંપરામાં તિલકહંસના શિષ્ય. ૫૧ ઢાળની 'ઉત્તમકુમાર-ચોપાઈ' (૨. ઈ. ૧૬૭૫/સં. ૧૭૩૧, કારતક સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [ક્રા.ત્રિ.]

તત્ત્વહંસ–૨ [ઈ. ૧૭૪૫માં હયાત] : જૈન સાધુ. રાજહંસગણિના શિષ્ય. 'બલિનરેન્દ્રાખ્યાનક/ ભુવનભાનુકેવલી-ચરિત્ર' પરના બાલાવબોધ (૨.ઈ.૧૭૪૫)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. કૅટલૉગગુરા; ૩. જૈગૂકવિઓ : ૩(૨). [ક્રા.ત્રિ.]

તપારત્ન/તપોરત્ન(ઉપાધ્યાય) [ઈ. ૧૪૪૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. સાધુનંદનના શિષ્ય. ૨૭ કડીના 'શાંતિ-વિવાહલો'ના કર્તા. તેમણે સંસ્કૃતમાં નેમિચંદ્ર ભંડારીકૃત 'ષષ્ટિશતક' પર ટીકા (૨. ઈ. ૧૪૪૫) તથા ઉત્તરાધ્યયન પર લઘુ ટીકા રચી છે.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. પ્રાકારૂપરંપરા. [ક્રા.ત્રિ.]

તમાચી [ ] : અવટંકે સુમરા. સૌરાષ્ટ્રના મુસલમાન સિંધી. સિંધી ભાષાના કોઈકોઈ શબ્દોનો ઉપયોગ બતાવતા એમના દોઢિયા દુહા (૩૦ મુ.)માં સાજણનાં માદક અંગો, એની સાથેની પ્રાણ જેવી પ્રીત, એ સાસરે વિદાય લેતાં ઘેરી વળેલી એકલતા વગેરેનું વર્ણન થયું છે. અલંકારો અને અન્ય વીગતોમાં તળપદા જીવનના સંદર્ભને ઉઠાવ આપતા ને "ક્યા સજણ ને પ્રીત તે રહી" "ભાલાળાં સાજણ" "સાજણનેં એમ રાખિયે, જેમ સાયર રાખે વ્હાણ" "સાજણ ચાલ્યાં સાસરે અમને આડાં દઈ વંન" જેવી માર્મિક ઉક્તિઓ ધરાવતા આ દુહાઓનું ચૂડ વિજોગણના દુહાઓ સાથેનું સામ્ય ઘણું નોંધપાત્ર છે. જુઓ ચૂડ વિજોગણ.

કૃતિ : કાઠિયાવાડી સાહિત્ય : ૨, કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩ (+સં.). [જ. કો.]

તરુણપ્રભ(સૂરિ) [ઈ. ૧૪મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચન્દ્રસૂરિના શિષ્ય. યશ:કીર્તિગણિ તથા રાજેન્દ્રચન્દ્રસૂરિ એમના વિદ્યાગુરુઓ. પછીથી જિનકુશલસૂરિ પાસે પણ એમણે શાસ્ત્રાભ્યાસ કરેલો. દીક્ષા બાલવયે ઈ. ૧૩૧૨માં. દીક્ષાનામ તરુણકીર્તિ. આચાર્યપદ ઈ. ૧૩૩૨માં. એમણે ૧૩૫૯માં જિનોદયસૂરિની પદસ્થાપના કરી તે પૂર્વે અન્ય ૩ ગચ્છનાયકોની પણ કરી હતી અને એ ગચ્છનાયકોના અલ્પાયુષ્યને કારણે વસ્તુત: ૨૫ વર્ષ સુધી ગચ્છભાર સંભાળ્યો હતો.

'વિદ્વજ્જનચૂડામણિ'નું બિરુદ પામેલા આ કવિની ૭૦૦૦ ગ્રંથાગ્રની ગદ્યકૃતિ 'ષડાવશ્યક બાલાવબોધ-વૃત્તિ/←શ્રાદ્ધ ષડાવશ્યકસૂત્ર/શ્રાવકપ્રતિક્રમણસૂત્ર-બાલાવબોધ' (૨. ઈ. ૧૩૫૫/સં. ૧૪૧૧, આસો વદ ૩૦, શનિવાર; મુ.) અન્ય શાસ્ત્રાધારો ને ગાથા-શ્લોકોને સમાવીને આપાયેલી વિસ્તૃત સમજૂતી, દૃષ્ટાંતરૂપ કથાઓ, શિષ્ટ પ્રૌઢ સંસ્કૃતાઢ્ય બાની તથા પ્રવાહિતા – પ્રાસાદિકતાભરી સાહિત્યિક ગદ્યછટાને કારણે ઘણી નોંધપાત્ર બને છે. કવિએ કેટલાંક સ્તોત્ર-સ્તવનાદિ-સંભવત: સંસ્કૃતમાં-રચ્યાં હોવાનું નોંધાયું છે ને ૨ સ્તવનો તો 'ષડાવશ્યક-બાલાવબોધ-વૃત્તિ'માં પણ ગૂંથાયાં છે.

કૃતિ : ૧. (તરુણપ્રભાચાર્યકૃત) ષડાવશ્યક બાલાવબોધવૃત્તિ, સં. પ્રબોધ બે. પંડિત, ઈ. ૧૯૭૬ (+સં.); ૨. પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ, સં. જિનવિજયજી, સં ૧૯૮૬.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૧; ☐૪. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૫. લીંહસૂચી; ૬. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨. ૨. દ.]

તલકસી(આચાર્ય) [ ] : જૈન સાધુ. ૧૬ કડીની 'ગજસુકુમાલ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [ક્રા.ત્રિ.]

તાપીદાસ–૧ [ઈ. ૧૬૫૦માં હયાત] : આખ્યાનકાર. નર્મદાતટે ભૃગુક્ષેત્રમાં હરિયાદ (હાલનું રહિયાદ ?)ના વતની. બંધારા જ્ઞાતિ. મહાભારતના દ્રોણપર્વમાંની કોઈ પંડિત પાસેથી સાંભળેલી અભિમન્યુકથાના આધારે રચાયેલા ૨૨ કડવાંના તેમના 'અભિમન્યુ-આખ્યાન' (૨. ઈ. ૧૬૫૦/સં. ૧૭૦૮, આસો સુદ ૨, શુક્રવાર; મુ.)માં વર્ણનાત્મકતા ઓછી છે ને પાત્રસંભાષણોની વિપુલતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, જેમાં વ્યવહારબોધનાં ઘણાં સામાન્ય કથનો પણ આવે છે. પ્રસંગોચિત અલંકારોનો વિનિયોગ કરતી આ કૃતિ ઉત્તારાના સ્વપ્ન-દર્શન જેવા કોઈ પ્રસંગોમાં રસાત્મકતા દાખવે છે. આ કવિને નામે ૨. સં. ૧૭૬૮ (ઈ.૧૭૧૨.)નું 'બભ્રુવાહન-આખ્યાન' નોંધાયું છે અને તેની ૨. સં. ૧૭૦૮ (ઈ. ૧૬૫૨) હોવાનો તર્ક થયો છે પરંતુ આ સઘળી હકીકત માટે વિશેષ પ્રમાણની જરૂર રહે છે.

કૃતિ : ૧. (મહાકવિ પ્રેમાનંદના પુરોગામી કવિ તાપીદાસ કૃત) અભિમન્યુ-આખ્યાન તથા અભિમન્યુનું લોકસાહિત્ય, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૧ (+સં.); □ ૨. પ્રાકાસુધા : ૧ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧, ૨; □ ૨. ગૂહાયાદી; ૩. જૈગૂકવિઓ : ૩(૨). [ચ.શે.]

તાપીદાસ–૨ [ઈ. ૧૮૨૧માં હયાત] : થાણા જિલ્લાના ખતલવાડાના વતની. જ્ઞાતિએ દશાક્રીમાળી વણિક. 'અભિમન્યુયુદ્ધ' તથા 'શિખામણનાં પદ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ચ.શે.]

તારાચંદ : આ નામે 'સાતસતીસઝાય' મળે છે તે તારાચંદ-૧ છે કે કેમ તે નક્કી થઈ શકતું નથી.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

તારાચંદ–૧ [ઈ. ૧૭૩૮ સુધીમાં] : જૈન શ્રાવક. અવટંકે શાહ. ભૂલથી તારાચંદ શેઠને નામે નોંધાયેલા, ૧૧૦૦/૨૩૦૦ ગ્રંથાગ્રના 'શ્રાદ્ધપ્રતિક્રમણ/શ્રાવકપડાવશ્યક સૂત્રસ્તબક' (લે. ઈ. ૧૭૩૮)-ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

તિલક–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. નરસાગરના શિષ્ય. તપગચ્છાચાર્ય વિજયપ્રભસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૬૫૪ -ઈ. ૧૬૯૩)ના સ્વાગત રૂપે રચાયેલી, આલંકારિક ને પ્રસાદમધુર અભિવ્યક્તિ ધરાવતી ૯ કડીની 'વિજયપ્રભસૂરિ-ભાસ' (મુ.)ના કર્તા.

કૃતિ : ઐગમાલા : ૧. [૨.૨.દ.]

તિલક(સૂરિ)–૨ [ઈ. ૧૭૨૯માં હયાત] : વિજયગચ્છના જૈન સાધુ. ભીમસૂરિના શિષ્ય. ૬૦ ઢાળની 'બુદ્ધિસેન-ચોપાઈ' (૨. ઈ. ૧૭૨૯/સં. ૧૭૮૫, કારતક સુદ ૧૨, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨ [૨.૨.દ.]

તિલક–૩ [ ] : જૈન સાધુ. દેવભદ્રના શિષ્ય. સંસ્કૃત ભાષા દ્વારા ને ગુજરાતી દૃષ્ટાંતોની મદદથી વ્યાકરણની સમજૂતી આપતા 'ઉક્તિસંગ્રહ/ઔક્તિક'ના કર્તા. કવિના ગુરુનું નામ ભૂલથી દેવચંદ્ર પણ નોંધાયું છે.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. ગુસાપઅહેવાલ : ૫ – 'પાટણના જ્ઞાનભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય', ચીમનલાલ ડાહ્યાભાઈ. [૨.૨.દ.]

તિલકચંદ–૧ [ઈ. ૧૬૨૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચક નયરંગની પરંપરામાં પાઠક જયરંગના શિષ્ય. 'કેશીગૌરદેશી-ચોપાઈ/પરદેશી સંબંધ' (૨. ઈ. ૧૬૮૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨,૩(૨). [૨.૨.દ.]

તિલકચંદ–૨ [ઈ. ૧૭૮૪માં હયાત] : જૈન. પોતાને શા. તરીકે ઓળખાવે છે. વિજયગચ્છના ઉદયસાગરના શિષ્ય. ૧૧ કડીના 'શત્રુંજયતીર્થ-સ્તવન' (૨.ઈ. ૧૭૮૪/સં. ૧૮૪૦, વૈશાખ સુદ૩) ના કર્તા. આ કૃતિ ભૂલથી જયરંગશિષ્ય તિલકચંદને નામે નોંધાયેલી છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

તિલકચંદ–૩ [ઈ. ૧૮મી સદી] : અંચલગચ્છના જૈન સાધુ. ઉદયસાગરસૂરિ (ઈ. ૧૮મી સદી)ના શિષ્ય. ૧૦ કડીના 'સિદ્ધાચલ-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧. [૨.૨.દ.]

તિલકવિજય : આ નામે ૫ કડીની 'દાનોપરિ-સઝાય', ૭ કડીની 'નવલખાપાર્શ્વનાથ-સ્તવન' તથા ૯ કડીની 'પાર્શ્વનાથ-સ્તવન' એ રચનાઓ મળે છે એ તિલકવિજય-૧ છે કે અન્ય તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

તિલકવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં લક્ષ્મીવિજય-ઉપાધ્યાયના શિષ્ય. વિનયપ્રભસૂરિના રાજ્યકાળ (ઈ. ૧૬૫૪ – ઈ. ૧૬૯૩)માં રચાયેલી ૧૩ ઢાળની 'સમકિત-મૂળ બારવ્રતની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : આસસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

તિલકવિજયશિષ્ય : આ નામે ૫૯ કડીની 'રાજિમતીનેમીશ્વર-પ્રબંધ – બારમાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)મળે છે તે કયા તિલકવિજયશિષ્ય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

તિલકવિજયશિષ્ય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જૈન. તપગચ્છના વિજયસિંહસૂરિની પરંપરામાં લક્ષ્મીવિજયશિષ્ય તિલકવિજય (ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ)ના શિષ્ય. ૪ કડીની 'વીરજિન-સ્તુતિ'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

તિલકશેખર [ઈ. ૧૭૬૩ સુધીમાં] : જૈન સાધુ. 'નેમરાજુલ-બાર-માસા' (લે. ઈ. ૧૭૬૩; આંશત: મુ.)ના કર્તા.

સંદર્ભ : જૈનયુગ, માહ-ફાગણ ૧૯૮૪ – 'પ્રાચીન જૈન કવિ-ઓનાં વસંતવર્ણન', સં. મોહનલલ દ. દેશાઈ. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિલકસાગર : આ નામે ૧૦ કડીની 'ગણધર-સઝાય' તથા ૭ કડીની 'નેમિજિન-સ્તવન' એ કૃતિઓ નોંધાયેલી છે તે તિલકસાગર-૧ છે કે અન્ય તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

તિલકસાગર-૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વૃદ્ધિસાગરની પરંપરામાં કૃપાસાગરના શિષ્ય. રાજસાગરસૂરિ (અવ. ઈ. ૧૬૬૫)ના સમગ્ર જીવનનું પ્રશસ્તિયુક્ત આલેખન કરતા ને તત્કાલીન ઇતિહાસની કેટલીક માહિતી ધરાવતા ૨૨ ઢાળના 'રાજસાગરસૂરિનિર્વાણ-રાસ' (લે. ઈ. ૧૬૬૬; મુ.)ના કર્તા.

કૃતિ : જૈનૈકાસંચય (+સં.).

સંદર્ભ : જૈગુકવિઓ : ૨, ૩(૨). [૨.૨.દ.]

તિલકસિંહ [ઈ. ૧૫૮૫ સુધીમાં] : જૈન-'સ્થૂલિભદ્ર-રાસ' (લે. ઈ. ૧૫૮૫)ના કર્તા.

સંદર્ભ : ફાત્રૈમાસિક, જાન્યુ.-માર્ચ ૧૯૪૧ 'મતિસારકૃત કર્પૂર-મંજરી', ભોગીલાલ સાંડેસરા. [૨.૨.દ.]

તિલોક- : જુઓ ત્રિલોક-.

તિલોકચંદ [ઈ. ૧૮૩૫ સુધીમાં] : જૈન. 'નવકાર-રાસ' (લે.ઈ. ૧૮૩૫)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૨. [શ્રા.ત્રિ.]

તીકમ(મુનિ) : જુઓ વણવીરશિષ્ય ત્રિકમ.

તુલાપુરી/તુલાપુરી/તોરલપરીજી [ ] : રૂખડિયા સંતકવિ. એમણે ગણપતિ સ્તુતિનાં તથા અન્ય ભજનો-પદો (૫મુ.) રચ્યાં છે જેમાંનાં કેટલાંક હિંદીમાં તો કેટલાંક હિંદી-મિશ્ર ગુજરાતીમાં પણ છે. કોઈક પદોમાં 'તોરલપરી' નામછાપ મળે છે, તે ભૂલ હોવાનો સંભવ છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭; ૩. નકાસંગ્રહ; ૪. પરમાનંદપ્રકાશ પદમાલા, પ્ર. રજનીકાન્ત જે. પટેલ, સં. ૨૦૩૦ (ત્રીજી આ.); ૫. ભજનિક કાવ્ય સંગ્રહ, પ્ર. શા. વૃન્દાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૭.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

તુલજારામ-૧ [ઈ. ૧૭૦૯માં હયાત] : વડોદરાના વતની. પાછળથી અમદાવાદમાં સ્થાયી થયેલા. જ્ઞાતિએ નાગર. ભાગવતના દશમસ્કંધના પ્રામાણિક કહેવાય એવા ભાવાનુવાદ દ્વારા મૂળનો કથારસ આપતા, કડવાંને બદલે અધ્યાયપદ્ધતિ અપનાવતા, ચોપાઈ અને ચોપાઈ દાવટીનો વ્યાપક રીતે ઉપયોગ કરતા 'દશમસ્કંધ' (૨. ઈ. ૧૭૦૯/સં. ૧૭૬૫, અસાડ સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. કદહસૂચિ; ૩. ગૂહાયાદી. [ચ.શે.]

તુલજારામ-૨ [ઈ. ૧૭૮૭માં હયાત] : આખ્યાનકાર. સુખરામસુત. અમદાવાદના નિવાસી. જ્ઞાતિએ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ. તેમનું ૧૪ કડવાંનું 'સગાળશા-આખ્યાન/સગાળપુરી' (૨. ઈ. ૧૭૮૭/સં. ૧૮૪૩, આસો સુદ ૧૦, રવિવાર; મુ.) કરુણ, વાત્સલ્ય, બીભત્સ આદિ રસોથી ઠીકઠીક આસ્વાદ્ય બનેલું છે. ભૂલથી લજ્જારામના નામે ચડી ગયેલું એમનું 'અભિમન્યુ-આખ્યાન/કોઠાયુદ્ધ' (અંશત : મુ.) એમાંનાં ઊંચી પ્રતિનું કવિત્વ દાખવતાં કેટલાંક સુંદર ગેય પદોને કારણે લોકપ્રિય બનેલી કૃતિ છે. કવિનું ભાવનિરૂપણ અને આખ્યાનબંધ પરનું પ્રભુત્વ આકર્ષક છે.

કૃતિ : ૧. કાવ્યસંક્ષેપ, સં. દલપતરામ ડા. કવિ, સં. ૨૦૧૫; ૨. ગુકાદોહન; ૩. સગાળશા આખ્યાન, સં. વ્રજરાય મુ. દેસાઈ, ૧૯૩૪ (+સં.).

સંદર્ભ : ૧. (મહાકવિ પ્રેમાનંદના પુરોગામી કવિ તાપીદાસ કૃત) અભિમન્યુ આખ્યાન તથા અભિમન્યુનું લોકસાહિત્ય, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૫; ☐ ૨. કવિચરિત : ૩; ગૂહાયાદી; ☐ ૪. બુદ્ધિપ્રકાશ, એપ્રિલ, ૧૯૬૨ – 'લજ્જારામ કે તુલજારામ', શિવલાલ જેસલપુરા. [ચ.શે.]

તુલસી/તુલસીદાસ : આ નામોથી હિંદી તથા ગુજરાતી પદો (ઘણાં મુ.) તથા દોહરા કે સાખીઓ (મુ.) મળે છે તેમાંથી હિંદી રચનાઓ તો પ્રસિદ્ધ હિંદી સંતકવિ તુલસીદાસની જ રચનાઓ છે. ગુજરાતી રચનાઓ કયા તુલસી/તુલસીદાસની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

તુલસીને નામે મળતી 'રામચંદ્રની પંદર તિથિ'ના કર્તા પણ કયા તુલસી/તુલસીદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. આ કૃતિ 'આત્મારામ'ને નામે મુદ્રિત મળે છે તે ઉપરાંત કેટલીક હસ્તપ્રતોમાં કશી નામછાપ વિના પણ મળે છે.

કૃતિ : ૧. કાદોહન : ૨; ૨. બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક, દામોદર જ. ભટ્ટ, સં. ૧૯૬૫; ૩. બૃહત્ સંતસમાજ મોટી ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (૬ઠ્ઠી આ.) ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [ચ.શે.]

તુલસી-૧/તુલસીદાસ [ઈ. ૧૬૭૬માં હયાત] : ધોળકા પાસે લીલાવતી/લીલાપુરના વતની. જ્ઞાતિએ રાયકવાડ બ્રાહ્મણ. તેમના પિતા મંગલ વેદપુરાણનું અધ્યયન કરાવતા હોવાનો ઉલ્લેખ મળે છે. એમનો આરંભે રાગના નિર્દેશવાળા ચોપાઈબદ્ધ ૧૧૪ અધ્યાયનો 'પાંડવાશ્વમેધ' (૨. ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, વૈશાખ-૧૩; મુ.) સમગ્ર અશ્વમેધ કથાના સવિસ્તર નિરૂપણને કારણે નોંધપાત્ર બને છે. કવિએ કાવ્યારંભે ચોપાઈની પણ પ્રશસ્તિ રચી છે.

કૃતિ : પાંડવાશ્વમેધ, પ્ર. સવાઈભાઈ રાયચંદ,–.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. કદહસૂચિ; ૩. ગૂહાયાદી. [ચ.શે.]

તુલસીદાસ : આ નામે મળતા 'મામેરું'ના કર્તા કયા તુલસીદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ તુલસી-૧.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

તુલસીદાસ-૧ [ઈ. ૧૬૭૬માં હયાત] : જુઓ તુલસી-૧.

તુલસીદાસ-૨/તુલસીદાસસુત [ઈ. ૧૮૦૧માં હયાત] : 'સીતા-સ્વયંવર' તથા રામવિવાહની વિધિનું વર્ણન કરતી ૧૭ કડવાં/ધોળની 'જાનકીવિવાહ/રામચંદ્રવિવાહ/સીતાસ્વયંવર' (૨. ઈ. ૧૮૦૧/સં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૧૭, વૈશાખ–, મંગળવાર; મુ.)ના કર્તા. કેટલાંક કડવાંને અંતે "તુલસીદાસના સ્વામી" એવી નામછાપ ધરાવતી આ કૃતિની ૧ હસ્તપ્રત તથા ૧ મુદ્રિત વાચના અંતે "તુલસીદાસસુત" એવી છાપ પણ ધરાવે છે.

કૃતિ : ૧. સીતાસ્વયંવર, સં. ત્રિભુવનદાસ અ. મહેતા (ઈ. ૧૯૦૧); ☐ ૨. નકાદોહન (માત્ર ૮ કડવાં).

સંદર્ભ : ૧. કદહસૂચિ; ૨ ગૂહાયાદી. [ચ.શે.]

તુલસીદાસ–૩ [ ] : ઉદાધર્મ સંપ્રદાયના જીવણદાસની પરંપરાના જાણીતા કવિ. સાખી, ઢાળ અને ચાલ એવા વિભાગો ધરાવતાં ૧૬ કડવાંની કૃષ્ણ-ગોપી વિષયક 'રાસ-લીલા' (મુ.), સીતાસ્વયંવરના પ્રસંગ સાથે રામવિવાહનું વર્ણન કરતી 'સોનાનું પત્ર' એવા શીર્ષકવાળો અંશ સમાવતી આશરે ૪૦ કડીની ઢાળ, ચાલ, વલણ, આદિ એવા વિભાગો ધરાવતી 'સીતાજીનો સોહિલો' (મુ.), એ જ વિષયની ૨૬ કડીની 'રઘુનાથજીની ઘોડલી' (મુ.) તથા સીતાહનુમાન-સંવાદનાં ૨ પદ (મુ.) – એ કૃતિઓના કર્તા. તુલસીદાસને નામે 'રાસ-પંચાધ્યાયી' નોંધાયેલી છે તે ઉપર્યુક્ત 'રાસ-લીલા' જ હોવાનો સંભવ છે. આ સંપ્રદાયના અધ્યારુ ધનરાજનાં મનાતાં કીર્તનોમાં પૃથ્વીના પરબ્રહ્મ સાથેના લગ્નને વર્ણવતા ૩૩ કડીના 'સંત સોહાગો'(મુ.)માં 'તુલસી' નામ વણાયેલું મળે છે તે કદાચ આ કવિની કૃતિ હોય.

કૃતિ : ૧. ઉદાધર્મ પંચરત્નમાલા, પ્ર. સ્વામી જગદીશચંદ્ર યદુનાથ, ઈ. ૧૯૬૮ (ત્રીજી આ.); ૨. ઉદાધર્મભજનસાગર, પ્ર. દ્વારકાદાસ ક. પટેલ, ઈ. ૧૯૨૬.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬-'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ રાવળ; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

તુલસીદાસસુત : જુઓ તુલસીદાસ–૨.

તુલાપરી : જુઓ તુડાપુરી.

તેજ(મુનિ) : જુઓ ભીમજીશિષ્ય તેજપાલ.

તેજકુંવર [ ] : જૈન. ૧૬ ગ્રંથાગ્રના 'ચતુર્વિંશતિદંડક-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [શ્રા.ત્રિ.]

તેજચંદ(ઉપાધ્યાય) [ઈ. ૧૬૪૪માં હયાત] : તપગચ્છની ચંદશાખાના જૈન સાધુ. સકલચંદની પરંપરામાં માનચંદના શિષ્ય. ૪૭૫/૫૫૦ કડીના 'પુણ્યસાર-ચરિત્ર/ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૬૪૪/સં. ૧૭૦૦, માગશર વદ ૫, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

તેજપાલ : આ નામે ૨૪ કડીની 'નિંદાસ્તુતિ-સઝાય', ૨૫ કડીની 'પાસસ્થાદિ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) અને ૧૨ કડીની 'વીસસ્થાનક-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) – એ કૃતિઓ મળે છે. પણ એ કયા તેજપાલની છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

તેજપાલ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ – આવ. ઈ. ૧૬૩૩] : કડવાગચ્છના જૈન સંવરી શ્રાવક. શા. જિણદાસના પટ્ટધર. ખંભાતના વીસાશ્રીમાળી સોની વસ્તુપાલના પુત્ર. માતા કીકી. ઈ. ૧૫૯૯માં ૧૪ વર્ષે શા. માહાવજીના ઉપદેશથી સંવરી બન્યા. બ્રાહ્મણ પંડિત પાસે વ્યાકરણ, નામમાલા, પંચકાવ્ય અને ન્યાયનો અભ્યાસ કર્યો. પટ્ટસ્થાપના ઈ. ૧૬૧૫. આ પ્રભાવશાળી વિદ્વાને અનેક શાસ્ત્રાર્થોમાં વિજય મેળવ્યો અને તીર્થયાત્રાઓ તથા મૂર્તિપ્રતિષ્ઠાનાં કાર્યોની પ્રેરણા આપી. અવસાન ખંભાતમાં.

આ કવિએ ૪૩ ઢાળની 'સીમંધર-શોભાતરંગ' (૨. ઈ. ૧૬૨૬; * મુ.) ઉપરાંત 'વરણાગ નલુઆની સઝાય' (૨. ઈ. ૧૬૧૦), મહાવીરસ્વામીનાં ૫ સ્તવનો (૨. ઈ. ૧૬૨૧), 'ભગવતી સાધુ વંદના' (૨. ઈ. ૧૬૨૧) અને અન્ય સ્તવન-સઝાયાદિ પ્રકારની કૃતિઓની રચના કરી છે.

'સેવક' નામછાપને કારણે 'સીમંધરશોભાતરંગ' ભૂલથી ગુણનિધાનસૂરિશિષ્ય સેવકને નામે 'જૈન ગૂર્જર કવિઓ'માં નોંધાયેલ છે. 'સેવક'એ નામથી મળતી 'ચોવીસતીર્થંકર-ભાસ' તથા 'સુદર્શન-ભાસ' આ કવિની જ રચનાઓ હોવાનું અનુમાન થયું છે.

કટુક રાજવંશે શા. તેજપાલકૃત કેટલાંક ગીતો અને સઝાયો (લે. ઈ. ૧૬૨૨) નોંધાયેલાં મળે છે તે આ તેજપાલની કૃતિઓ હોવાનું સમજાય છે.

કવિએ સંસ્કૃતમાં પણ 'દીપોત્સવકલ્પ' અવચૂરિ સાથે (૨. ઈ. ૧૬૧૫), 'ચતુર્વિંશતિજિન-સ્તોત્ર' (૨. ઈ. ૧૬૧૫), 'અજિતનાથ-સ્તુતિ' અવચૂરિ સાથે, 'જિનતરંગ', 'વીરતરંગ', 'સ્નાત્રવિધિ' તેમ જ અન્ય સ્તુતિસ્તોત્રાદિ રચેલ છે. કવિની 'દશપદી' (૨. ઈ. ૧૬૧૧), 'પદ્યટીકા પંચદશી', 'સપ્તપ્રશ્ની' (૨. ઈ. ૧૬૧૯), 'શતપ્રશ્ની' (૨. ઈ. ૧૬૨૨/ઈ. ૧૬૨૩) તથા 'ચતુર્વિંશતિજિન-સ્તોત્ર'નો સ્તબક આદિ કેટલીક રચનાઓ સંસ્કૃતમાં છે કે ગુજરાતીમાં તે સ્પષ્ટ થતું નથી. કવિનો કૃતિસમૂહ કુલ ૧૦,૦૦૦ ગ્રંથાગ્રનો હોવાનું નોંધાયું છે.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ. ૧૬૨૮; ૨. કડુઆમતીગચ્છ પટ્ટાવલીસંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯; ૩. જૈગૂકવિઓ : ૩(૨) – 'જૈનગચ્છોની ગુરુ-પટ્ટાવલીઓ; ☐ ૪. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૮ – 'થિરાપદ્રગચ્છીય જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ વિવાહલો, સંધિ, ભાસ, ધવલસંજ્ઞક સાહિત્ય', વિજયયતીન્દ્રસૂરિજી; ૫. એજન, જૂન ૧૯૫૨ – 'શ્રી સીમંધર-શોભાતરંગ કે રચનાકાલાદિ પર વિશેષ પ્રકાશ', અગરચન્દ નાહટા; ૬. એજન, જૂન ૧૯૫૩ – 'કડુઆમતપટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચન્દ નાહટા; ☐ ૭. જૈગૂકવિઓ : ૩(૧); ૮. મુપુગૂહસૂચી. [૨.સો.]

તેજપાલ–૨ [ઈ. ૧૬મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિના રાજ્યકાળ (ઈ. ૧૫૩૧ – ઈ. ૧૫૬૬)માં શ્રીકરણના શિષ્ય. ૨ ઢાળ ને ૩૬ કડીના દુહા-દેશીબદ્ધ, 'જિનમૂર્તિ પૂજાવિધાયક-પાર્શ્વનાથ-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૧. [૨.સો.]

તેજપાલ–૩/તેજ(મુનિ)/તેજસિંહ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. કર્મસિંહની પરંપરામાં ભીમજીના શિષ્ય. દેશી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને દુહાબદ્ધ ૧૩/૧૧ ઢાળની ૨૪૧ કડીમાં રચાયેલી કવિની કૃતિ 'જિતારીરાજાસ' (ર.ઈ. ૧૬૭૮/સં.૧૭૩૪, વૈશાખ વદ ૨, બુધવાર; મુ.)માં જિતારી રાજાની પાસે ચતુરાઈથી પોતાના પગ ધોવડાવતી રાણી લીલાવતીનું કથાનક, સ્ત્રી કોને નથી છેતરતી એવા દૃષ્ટાંત માટે યોજાયું છે. પણ આખરે કવિએ શીલનું મહિમાગાન કર્યું છે. આ ઉપરાંત, 'ચંદરાજાનો રાસ' (ર. ઈ. ૧૬૫૧/સં. ૧૭૦૭, કારતક સુદ ૨, સોમવાર) તથા ૩ ઢાળની 'થાવરચાકુમારની સઝાય' (મુ.) આ કવિની અન્ય કૃતિઓ છે. કેટલાક મુદ્રિત પાઠમાં 'તેજસિંહ'ની છાપથી ૪ ઢાળની 'થાવરચાકુમાર-સઝાય' મળે છે તેમાં ૧ ઢાળ પાછળથી ઉમેરાઈ હોય એવી શકયતા છે ને તેથી તેજસિંહ નામ પણ કેટલું અધિકૃત ગણવું તે પ્રશ્ન છે.

કૃતિ : ૧. જૈસમાળા : ૨ (શા.); ૨. જૈસસંગ્રહ (ન.); ૩. 'શ્રી રત્નસાગરનો રાસ, શ્રી ભીમસેનરાજાનો રાસ અને શ્રી જિતારી-રાજાનો રાસ', સં : લાલમુનિ કૃપાચંદ્રજી, સં. ૧૯૯૬.

સંદર્ભ : જૈગુકવિઓ : ૨, ૩(૧). [ર.સો.]

તેજપાલ–૪ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. તેજસિંહશિષ્ય ઈન્દ્રજીના શિષ્ય. આ કવિએ ૨૫ ઢાળની 'રત્ન-પંચવીશી/રત્નચૂડ-ચોપાઈ' (ર. ઈ. ૧૬૭૯/સં. ૧૭૩૫, નભ માસ સુદ ૧૩, રવિવાર), 'અમરસેન વયરસેન-રાસ' (ર.ઈ. ૧૬૮૮/ સં. ૧૭૪૪, વૈશાખ સુદ ૩) અને 'થાવચ્ચામુનિ-સઝાય'-એ કૃતિઓની રચના કરી છે.

સંદર્ભ : ૧. જૈગુકવિઓ : ૨, ૩(૨). [ર.સો.]

તેજપાલ–૫ [ ] : જૈન સાધુ. આનંદવિમલના શિષ્ય. 'કુગુરુ-પચ્ચીસીની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા : ૧ (શા.); ૨. જૈસસંગ્રહ (જે.); ૩. લોંકાસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.સો.]

તેજબાઈ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ મહારાજનાં શિષ્યા અને સમકાલીન. વતન નડિયાદ. વૈરાગ્યબોધક ૪ કડીનું ૧ પદ મુદ્રિત મળે છે અને સંતરામ મહારાજવિષયક કેટલાંક પદો રચ્યાં હોવાનો ઉલ્લેખ મળે છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, નડિયાદ, સં. ૨૦૩૩ (ચોથી આ.).

સંદર્ભ : પ્રાકકૃતિઓ. [કા.ત્રિ.]

તેજરત્નસૂરિશિષ્ય : આ નામે ૫ કડીની 'ભાવપ્રભસૂરિ-ગીત' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે. તે કયા તેજરત્નસૂરિશિષ્ય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

તેજરત્નસૂરિશિષ્ય–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : જૈન. અંચલ-ગચ્છના ભાવરત્નસૂરિશિષ્ય તેજરત્નસૂરિ (સૂરિપદ ઈ. ૧૫૩૯)ના શિષ્ય. ગુરુનું ચરિત્રગાન કરતી ૧૧ કડીની 'તેજરત્નસૂરિ-સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય (+ સં.) [કી.જો.]

તેજરત્નસૂરિશિષ્ય–૨ [સં. ૧૭મી સદી] : જૈન. ૬૦ કડીની 'ગોડીપાર્શ્વ-સ્તવન' (ર. ઈ. ૧૫૬૦?/ સં. ૧૬૧૬ ? "સંવત સૌલ વસૂ અદૂઆ", ફાગણ સુદ ૨, રવિવાર)ના કર્તા. કવિ કદાચ કીર્તિરત્નસૂરિ-૨ હોય.

સંદર્ભ : જૈગુકવિઓ : ૩(૧). [કી.જો.]

તેજરુચિ(ઉપાધ્યાય) [ ] : તપગચ્છના જૈન સાધુ. ૪ કડીની 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તુતિ' (મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી. [ર.સો.]

તેજવર્ધન [ ] : જૈન સાધુ. 'ભરતબાહુબલિ-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગુકવિઓ : ૧. [ર.સો.]

તેજવિજય : આ નામે 'શુકરાજ-કથા' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે તેના કર્તા કયા તેજવિજય છે તે સ્પષ્ટ થતું નથી.

તેજવિજયને નામે 'નવતત્ત્વપ્રકરણ' ઉપરનો સ્તબક (ર.ઈ. ૧૬૪૫) મળે છે તે તેજવિજય-૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૧; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.ત્રિ.]

તેજવિજય–૧ [ઈ. ૧૬૨૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયતિલકની પરંપરામાં વિબુધવિજયના શિષ્ય. ૯૯ કડીના 'શાંતિ-સ્તવન' (ર. ઈ. ૧૬૨૬/સં. ૧૬૮૨, ભાદરવા વદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગુકવિઓ : ૩(૧). [કા.ત્રિ.]

તેજવિજય–૨ [ઈ. ૧૮૧૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં હેમવિજયના શિષ્ય. એમના ૯ ઢાળ અને ૧૬૨ કડીના 'કેસરિયાજીનો રાસ/ધુલેવાજીનો રાસ' (ર. ઈ. ૧૮૧૪/સં. ૧૮૭૦, ફાગણ સુદ ૧૦; મુ.)માં કેસરિયાજી તીર્થને લૂંટવા આવનાર સદાશિવરામ અને તેના સાથીઓના મુસ્લિમ સૈન્યને સુરસૈન્ય હરાવે છે એ વૃત્તાંત વર્ણવાયું છે. વિસ્તૃત યુદ્ધવર્ણન ધરાવતા આ રાસમાં "હિંદુ મુસલમાન બંધવ હોય" એવો વિચાર વ્યક્ત થયો છે તે નોંધપાત્ર છે.

કૃતિ : જૈનયુગ, જ્યેષ્ઠ તથા આષાઢ-શ્રાવણ ૧૯૮૩–'તેજવિજયજી વિરચિત કેશરિયાજીનો રાસ' સં. તંત્રી.

સંદર્ભ : ૧. જૈગુકવિઓ : ૩(૧); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.ત્રિ.]

તેજવિજયશિષ્ય [ઈ. ૧૮૦૧માં હયાત] : જૈન. તપગચ્છના તેજ-વિજયના શિષ્ય. 'નવકાર-રાસ' (ર. ઈ. ૧૮૦૧/ સં. ૧૮૫૭, શ્રાવણ સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગુકવિઓ : ૩(૧). [કી.જો.]

તેજસિંહ(ગણિ)–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ-અવ. ઈ. ૧૬૮૭] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપઋષિની પરંપરામાં કર્મસિંહશિષ્ય કેશવજી-ના શિષ્ય. વતન પંચેટિયા/પાંચટિયા. ઓસવાલ ઉસભ ગોત્ર. પિતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખમણ. માતા લખમાદે. દીક્ષા ઈ. ૧૬૫૦. પદસ્થાપના ઈ. ૧૬૬૫. અવસાન ઈ. ૧૬૮૭.

આ કવિએ 'પ્રતિક્રમણ સઝાય' નામની એક મુદ્રિત કૃતિ ઉપરાંત "નેમનાથ-સ્તવન', ૪૫ કડીનું 'આંતરાનું સ્તવન' (૨. ઈ. ૧૬૭૯), ૪ કડીનું 'સુવિધિજિન-સ્તવન' (મુ.), ૫ કડીનું 'અજિત-જિન-સ્તવન' (મુ.) ઉપરાંત ઈ. ૧૬૫૫થી ઈ. ૧૬૯૨ – 'સીમંધર સ્વામી-સ્તવન' -નાં રચનાવર્ષો દર્શાવતાં તીર્થંકરસ્તવનો તેમ જ અન્ય સ્તવનો આ કવિને નામે મળે છે, જેમાં 'સીમંધર સ્વામી-સ્તવન'નું રચનાવર્ષ એમના આવસાનવર્ષને લક્ષમાં લેતાં શંકાસ્પદ ગણાય. 'ગણિ તેજસિંગજી'ને નામે ૮ કડીની 'પ્રતિક્રમણ-સઝાય' (મુ.) મળે છે તે આ કવિની જ રચના હોવાનું સમજાય છે.

આ કવિએ સંસ્કૃતમાં રચેલાં 'દૃષ્ટાંત-શતક', 'સિદ્ધાંત-શતક' તથા 'ધર્મચતુસ્ત્રિંશિકા' ગુજરાતી બાલાવબોધ સાથે મળે છે (પહેલી કૃતિ મુ.) તેમાં બાલાવબોધ કવિનો જ રચેલો છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી. ત્રીજી કૃતિનો સમય ઈ. ૧૭૦૯ દર્શાવાયો છે તે કાં તો લેખનસંવત હોય અગર કૃતિ અન્યકર્તૃક હોય એમ બતાવે. આ ઉપરાંત એમણે સંસ્કૃતમાં 'વિદ્વત્-શતક' તથા 'ગુરુગુણમાલા' રચ્યાં હોવાની અને આ બીજી કૃતિ એમના શિષ્ય કાનજીએ ઈ. ૧૬૯૫માં પૂરી કરી હોવાની માહિતી નોંધાયેલી છે.

કૃતિ : ૧. જૈનકથારત્નકોષ : ૫, પ્ર. શા. ભીમસિંહ માણક, ઈ. ૧૮૯૧; ૨. જૈસસંગ્રહ (ન.); ૩. લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨) – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ □ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬ – 'જૈસલમેરકે જૈન જ્ઞાન-ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચિ', અગરચંદજી નાહટા; □ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. લીંહસૂચી. (૨.સો.)

તેજસિંહ-૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જુઓ ભીમજીશિષ્ય તેજપાલ.

તેજસિંહજી-૩ [ઈ. ૧૭૧૦માં હયાત] : આગમગચ્છના જૈન સાધુ. જ્ઞાનમેરુશિષ્ય સુમતિમેરુના શિષ્ય. 'નેમરાજિમતી-બારમાસો' (૨. ઈ. ૧૭૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [૨.સો.]

તેજહરખ : આ નામે ૭ કડીની 'ઢંઢણ-મુનિ-સઝાય' (લે. સં ૨૦મી સદી આનુ.) મળે છે તેના કર્તા કયા તેજહરખ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

તેજહરખ-૧ [ ] : જૈન સાધુ. વિજયદેવની પરંપરામાં રતનહરખના શિષ્ય. ૯ કડીની 'રહનેમિરાજિમતીની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસપસંગ્રહ : ૧. [૨.સો.]

તેજો [ ] : જૈન. ૧૫ કડીના 'કુમતિ-શિક્ષા-ભાસ'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

તોરલદે/તોળલ/તોળાંદે/તોળી(રાણી) [ ] : સંત કવયિત્રી. સૌરાષ્ટ્રના સરલી/સલડી ગામના સંત રાજવી સાંસ-તિયા કાઠીનાં પત્ની. વિશેષ ચરિત્રમાહિતી માટે જુઓ જેસલ-પીર.

તોરલને નામે મળતાં પદો-ભજનો (મુ.)માંથી કેટલાંક પદોમાં એમના જીવનના પ્રસંગો આલેખાયા છે અને કેટલીક વાર તે સંવાદ રૂપે પણ ચાલે છે. એટલે આ પદો તેમના વિશે પાછળથી લખાયાં હોવાના તર્કને પૂરો અવકાશ છે. આ પદોમાં જેસલના જીવનો-દ્ધાર માટેની તીવ્રઝંખના અને તેના પ્રત્યેનો આર્દ્ર આધ્યાત્મિક પ્રેમભાવ વ્યક્ત થયો છે. કેટલાંક પદો નિર્જિયા/માર્ગીપંથનો રંગ બતાવે છે. ભક્તિ-વૈરાગ્યબોધમાં સચોટ રૂપકોનો લેવાયેલો આકાર ધ્યાન ખેંચે છે અને એકલશિંગી રોઝના વિશિષ્ટ રૂપકથી રજૂ થયેલું સાયબા (પરમતત્ત્વ)નું ચિત્ર તો ઘણું પ્રભાવક બન્યું છે.

કૃતિ : ૧. જેસલ અને તોળીરાણીનાં ભજન, પ્ર. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ઈ. ૧૯૩૬; ૨. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૩. બૃહત્ સંત સમાજ ભજનાવલી, પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.).

સંદર્ભ : ૧. કચ્છના સંતો અને કવિઓ : ૧, દુલેરાય કારાણી, સં. ૨૦૧૫; ૨. કચ્છનું સંસ્કૃતિદર્શન, રામસિંહ રાઠોડ, ઈ. ૧૯૫૯; ૩. જેસલ-તોરલ, ગોસ્વામી મોહનપુરી, ઈ. ૧૯૭૭; ૪. પુરાતન જ્યોત, ઝવેરચંદ મેઘાણી, * ઈ. ૧૯૩૮, ઈ. ૧૯૭૬ (સુલભ આ.). (દે.જો.]

તોરલપરીજી : જુઓ તુડાપુરી/તુલાપુરી.

તોરળ/તોળાંદે/તોળી(રાણી) : જુઓ તોરલદે.

ત્યાગાનંદ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ કવિ. તેમણે કીર્તનો (૧ થાળ મુ.) રચ્યાં હોવાનું નોંધાયું છે. આ કવિએ સંસ્કૃતમાં 'હરિપ્રાર્થનાષ્ટકમ્' રચ્યું છે.

કૃતિ : કીર્તનસાર સંગ્રહ : ૧, શાસ્ત્રી હરિજીવનદાસ, ઈ. ૧૯૫૧.

સંદર્ભ : ગુસાપઅહેવાલ : ૫. [કી.જો.]

ત્રિકમ/ત્રિકમદાસ/ત્રિકમલાલ : ત્રિકમને નામે કેટલાંક પદો નોંધાયેલાં છે. 'ત્રિકમ' તથા 'ત્રિકમદાસ'ની નામછાપ ધરાવતાં જ્ઞાન અને ભક્તિનાં હિંદી-ગુજરાતી ૪ પદો(મુ.) મળે છે તેમ જ ત્રિકમલાલને નામે નોંધાયેલાં પણ 'ત્રિકમ' એ નામછાપ ધરાવતાં જ્ઞાનમાર્ગી પરંપરાનાં ગુજરાતી-હિંદી પદો(મુ.) મળે છે. તે કયા ત્રિકમ/ત્રિકમદાસ/ત્રિકમલાલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. પ્રાકવિનોદ : ૧; ૨. ભક્તિભાસ્કર અને તત્ત્વજ્ઞાન યાને ગુજરાતનો વેણુનાદ : ૧ તથા ૨, સં. બળવંતરાય ૨. દેસાઈ ઈ. ૧૯૨૪ તથા ઈ. ૧૯૨૫.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; □ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

ત્રિકમ-૧ [ઈ. ૧૬૨૬ સુધીમાં] : ૪૦૦ ગ્રંથાગ્રના 'ગંગામાહાત્મ્ય' (લે. ઈ. ૧૬૨૬)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ-૨; ૨. ગૂહાયાદી. [ચ.શે.]

ત્રિકમ-૨/તીકમ(મુનિ) [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : નાગોર-ગચ્છના જૈન સાધુ. આચાર્ય રૂપચંદની પરંપરામાં વણવીરના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિષ્ય. 'અમરસેન-ચોપાઈ' (૨. ઈ. ૧૬૪૨), ૧૧ ઢાળ અને ૨૨૪/૩૨૫ કડીની 'રૂપચંદઋષિનો રાસ' (૨. ઈ. ૧૬૪૩/સં. ૧૬૯૯, ભાદરવા વદ ૩, બુધવાર), ૧૭ ઢાળની ૩૪૧ ગ્રંથાગ્રની 'વંકચૂલ ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૬૫૦/સં. ૧૭૦૬, ભાદરવા સુદ ૧૧, ગુરુવાર) અને 'ચિત્રસંભૂતિ-ચોઢાળિયાં'એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઓંઈ : ૨; જૈગૂકવિઓ : ૧, ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

ત્રિકમ–૩ [સં. ૧૮મી સદી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ત્રિકમ–૪ [ઈ. ૧૭૮૨ સુધીમાં] : અવટંકે પાઠક. જ્ઞાતિએ બ્રાહ્મણ. 'કામનાથનો મહિમા' (લે. ઈ. ૧૭૮૨)ના કર્તા. 'બહુચરાજીનો ગરબો' આ કવિને નામે નોંધાયેલ છે. તેમાં ભૂલ થયેલી જણાય છે.

સંદર્ભ : ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ : ૨. [ચ.શે.]

ત્રિકમ (સાહેબ)–૫ (અવ. ઈ. ૧૮૦૨] : જુઓ ત્રિકમદાસ-૨.

ત્રિકમદાસ : જુઓ ત્રિકમ.

ત્રિકમદાસ–૧ [જ. ઈ. ૧૭૩૪–અવ. ઈ. ૧૭૯૯/સં. ૧૮૫૫ના આસો સુદ ૧૫] : પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવ ભક્તકવિ. મુત્સદ્દી રાજપુરુષ. જ્ઞાતિએ વડનગરા નાગર. જૂનાગઢના વતની. ભવાનીદાસના પુત્ર. ભવાનીદાસ નરસિંહ મહેતાના કાકા પર્વતદાસની ૧૦મી પેઢીએ થયેલા એ પ્રકારનું પેઢીનામું મળે છે. પરંતુ ત્રિકમદાસની 'પર્વત–પચીસી'માં નરસિંહ મહેતાનો ઉલ્લેખ કોઈ જાતના સગાઈસંબંધ વિના થયેલો છે. ગુજરાતી, સંસ્કૃત અને ફારસીનો સારો અભ્યાસ કરવા સાથે તેમણે કુતિયાણાના બ્રહ્મભટ્ટ પાસેથી વ્રજભાષાના પિંગળ તેમ જ અલંકારગ્રંથોનું જ્ઞાન મેળવ્યું હતું. તેમણે જૂનાગઢના નવાબ તથા વડોદરાના ગાયકવાડની સેવા કરતાં હદપારી, જેલ વગેરે ભોગવીને પણ રાજખટપટમાં હિંમત અને કુનેહથી સફળતા મેળવી પ્રતિષ્ઠા ને માનઆકરામ પ્રાપ્ત કર્યાં હતાં. ત્રિકમદાસે ઈ. ૧૭૮૯ સુધી ગાયકવાડ રાજ્યની મુલ્કગીરી કરી હતી. એમણે જૂનાગઢમાં નરસિંહ મહેતાનો ચોરો કરાવી, ત્યાં રણછોડરાયની પ્રતિમાને માંગરોળથી લાવીને પધરાવેલી. ઈ. ૧૭૯૯માં કઠોદરના વ્યાધિના કારણે તેઓ ડાકોર શ્રીરણછોડરાયની સંનિધિમાં, ઇચ્છારામ ભટ્ટજીના સંસર્ગમાં રહેવાને ગયા અને ત્યાં જ દેહ છોડ્યો. તેમના દેહનો તેમની ઇચ્છાનુસાર જ્યાં અગ્નિસંસ્કાર થયો હતો ત્યાં ગોમતીતટે આજે પણ તેમની દેરી મોજૂદ છે.

પર્વતદાસની વૃદ્ધાવસ્થાને લક્ષમાં લઈ તેમની ભક્તિથી પ્રસન્ન થઈ દ્વારકાથી રણછોડરાયજી જાતે દશાંગુલ સ્વરૂપે ઈ. ૧૪૪૫માં માંગરોળમાં પધાર્યા તે ચમત્કારિક પ્રસંગને વર્ણવતી, પદમાળા રૂપે રચાયેલી ત્રિકમદાસની 'પર્વત-પચીસી'(મુ.) પ્રેમલક્ષણા ભક્તિની પ્રાસાદિક અભિવ્યક્તિ ધરાવતું કાવ્ય છે. ત્રિકમદાસે આ ઉપરાંત પ્રેમલક્ષણા ભક્તિનાં ગુજરાતી તેમજ વ્રજ પદો(મુ.), વ્રજમાં 'ડાકોરલીલા' (૨. ઈ. ૧૭૯૨; મુ.) તથા ફારસીપ્રચુર હિન્દીમાં નોંધપાત્ર કવિત્વ દાખવતી 'રુક્મિણીબ્યાહ'(મુ.) એ રચનાઓ કરેલી છે. તેમનો એક ગુજરાતી પત્ર પણ મુદ્રિત મળે છે.

કૃતિ : ૧. ત્રિકમદાસનાં કાવ્યો અને ચરિત્ર, સં. નટવરલાલ દેસાઈ, નયનસુખરાય વિ. મજમુદાર, ઈ. ૧૯૩૦ (+સં.); ☐૨. સાહિત્ય, ફેબ્રુ., માર્ચ તથા મે, ૧૯૨૬ – 'પર્વતપચીશી', સં૦ હરગોવિંદદાસ કાંટાવાળા. [ચ.શે.]

ત્રિકમદાસ–૨ / ત્રિકમ(સાહેબ) [અવ. ઈ. ૧૮૦૨] : રવિભાણ-સંપ્રદાયના સંતકવિ. ખીમસાહેબના શિષ્ય. કચ્છના વાગડ જિલ્લાના રામવાવ ગામે હરિજન ગરોડા (=ગોર) જ્ઞાતિમાં જન્મ. નાનપણથી ખેતી-વણકરી સાથે સત્સંગનો રંગ. રામગીર નામના એક જોગી મહાત્માની પ્રેરણાથી ભાણસુત ભીમસાહેબના તેઓ નાદશિષ્ય બન્યા. પછીથી કચ્છના વાગડ વિસ્તારમાં ચિત્રોડમાં ગાદી સ્થાપી. 'વાડીના સાધુ' તરીકે ઓળખાતા અને હનુમાનનો અંશાવતાર મનાતા આ કવિ અસ્પૃશ્ય જાતિના કવિઓમાં અગ્રેસર મનાયા છે. તેઓ અસ્પૃશ્ય હોવાથી સવર્ણો તરફથી તેમને ઘણી પજવણી થઈ પરંતુ સંતત્વના પ્રતાપે તેઓ એમાંથી ગૌરવભેર પાર ઊતર્યા. આ અંગે કેટલીક ચમત્કાર કથાઓ પ્રચલિત છે. ચિત્રોડમાં જીવતાં સમાધિ લીધા પછી એમના દેહને તેમની ઇચ્છાનુસાર રાપરના દરિયાસ્થાનમાં ભાણસાહેબ અને ખીમસાહેબની સમાધિઓ વચ્ચે સ્થાન આપવા લાવવામાં આવેલો ત્યારે પણ સવર્ણોએ વિરોધ કરેલો. એમના સમાધિસ્થાન પર ચૈત્ર સુદ ૨ના રોજ હરિજનો દર્શનાર્થે આવે છે.

ત્રિકમસાહેબે ગુરુમહિમાનું ગાન કરતાં અને યોગમાર્ગોપરિભાષામાં આત્માનુભૂતિનો ઉલ્લાસ વર્ણવતાં કેટલાંક સુંદર ભજનો (મુ.) ગુજરાતીમાં તેમ હિંદીમાં આપેલાં છે.

કૃતિ : ૧. આભમાલા; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. યોગ વેદાંત ભજન ભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.) (+સં.); ૪. રવિભાણ સંપ્રદાયની વાણી : ૨, પ્ર. મંછારામ મોતી, સં. ૧૯૯૨ (+સં.).

સંદર્ભ : ૧. કચ્છના સંતો, દુલેરાય કારાણી, ઈ. ૧૯૭૬; ૨. ભાણ લીલામૃત, પ્રેમવંશ પુરુષોત્તમદાસ માધવસાહેબ–; ૩. રામ-કબીરસંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨; ૪. સોસંવાણી. [ચ.શે.]

ત્રિકમલાલ : જુઓ ત્રિકમ.

ત્રિકમાનંદ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. સહજાનંદસ્વામી વિશેના હિંદીમિશ્રા ગુજરાતીમાં રચાયેલા ૬ કડીના ૧ પદ (મુ.)ના કર્તા.

કૃતિ : કીર્તન મુક્તાવલી, પ્ર. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમની સંસ્થા, ઈ. ૧૯૭૮ (બીજી આ.). [કી.જો.]

'ત્રિભુવનદીપક–પ્રબંધ' : મહેન્દ્રપ્રભસૂરિશિષ્ય જયશેખરસૂરિકૃત 'પરમહંસ-પ્રબંધ' 'અંતરંગ-પ્રબંધ' તથા 'પ્રબોધચિંતામણિ-ચોપાઈ' એ અપરનામોથી પણ ઓળખાયેલો આ પ્રબંધ(મુ.) એમની પોતાની જ સંસ્કૃત કૃતિ 'પ્રબોધચિંતામણિ' (૨. ઈ. ૧૪૦૬) પરથી ગુજરાતી ભાષામાં રચાયેલો છે. ૪૧૫/૪૪૮ કડીની આ કૃતિમાં મુખ્યત્વે દુહા-ચોપાઈ, પણ તે ઉપરાંત વસ્તુ વગેરે અપભ્રંશપરં-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરાના અને બીજા માત્રામેળ છંદો, 'કાવ્ય' નામથી ઉપજાતિ એ અક્ષરમેળ છંદ, થોડાંક પદ-ધોળ અને 'બોલી' નામથી ૨ ગદ્ય-ખંડોનો વિનિયોગ થયો છે.

ગુજરાતી ભાષાના આ પ્રથમ જ્ઞાનમૂલક રૂપકકાવ્યમાં માયાના ફંદામાં ફસાયેલા પરમહંસરાજા એટલે કે જીવાત્મા એમાંથી કેવી રીતે મુક્ત થાય છે એની કથા કહેલી છે. ચેતનારાણીને છોડી માયામાં લુબ્ધ બનેલો પરમહંસ નવી કાયાનગરી વસાવી એનો વહીવટ મન નામે અમાત્યને સોંપી પોતે ભોગવિલાસમાં ડૂબી જાય છે. મન અને માયારાણી મળીને પરમહંસરાજાને કેદ કરે છે અને મન રાજ-મુગટ ધારણ કરે છે. મન પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ ૨ રાણીઓને પરણે છે, તેમાંથી પ્રવૃત્તિની ખટપટથી નિવૃત્તિ અને એના પુત્ર વિવેકને દેશવટો મળે છે અને નિવૃત્તિના પુત્ર મોહને રાજ્યા-ધિકાર મળે છે, જે અવિદ્યા નામે નવી રાજધાની વસાવે છે. દેશવટો પામેલો વિવેક વિમલબોધની પુત્રી સુમતિ સાથે તથા પછીથી સદુ-પદેશની પુત્રી સંયમશ્રી સાથે પરણી અરિહંતરાજાની કૃપાદૃષ્ટિથી પુણ્યરંગપાટણનો રાજા બને છે. વિવેક મોહરાયની ખટપટોને નિષ્ફળ બનાવી, એનો પુત્ર કામકુમાર અબળાસૈન્ય લઈને શંકર, વસિષ્ઠાદિ તપસ્વીઓને પરાસ્ત કરી પુણ્યરંગપાટણ પર ચડી આવે છે તેનો યુદ્ધમાં વધ કરે છે. આ પછી વિવેકની સલાહથી મન શુકલ ધ્યાન રૂપી અગ્નિમાં પ્રવેશે છે અને ચેતનારાણી પરમહંસ-રાજાને પ્રબુદ્ધ કરી પરમઐશ્વર્યના સ્વામી બનાવે છે.

ઉપર દર્શાવેલા છે તે કરતાં પણ ઘણા વધારે રૂપકોનો આશ્રય લઈ, વાર્તાના નાનામોટા અનેક તંતુઓ પ્રસારતો આ પ્રબંધ, વૃત્તાંત અને અધ્યારોપમાં કેટલીક ક્ષતિઓ છતાં, એના પ્રસ્તાવો-ના વૈચિત્ર્યથી, કાર્યના વેગથી અને સંવિધાનના ચાતુર્યથી પ્રભાવક બને છે અને "આ એક જ કાવ્યથી જૈન કવિ પ્રથમ પંક્તિનો સાહિત્યકાર બને છે" (કે. હ. ધ્રુવ). અલંકારપ્રધાન મહાકાવ્યની આડંબરી શૈલી અપનાવતા મૂળ સંસ્કૃત કાવ્યથી ભિન્ન રીતે આ ગુજરાતી કૃતિ પ્રસાદપ્રધાન કથાવાર્તાની ઋજુ શૈલીમાં ચાલે છે, પણ એમાંયે કવિની કાવ્યકલા અછતી રહેતી નથી. મુક્તિનગર, વસંત, યુદ્ધ વગેરેનાં વર્ણનો અસરકારક બન્યાં છે ને યુદ્ધવર્ણનમાં શબ્દાલંકારોનો તો અન્યત્ર પ્રસંગોપાત રૂપક આદિ અલંકારોનો સુભગ વિનિયોગ થયેલો છે. પણ સૌથી વધુ ધ્યાન ખેંચે છે લોકવાણીનું બળ પ્રગટ કરતી, વક્તવ્યને દૃષ્ટાંત-પરંપરાના વિનિયોગથી અનેરી સચોટતા અર્પતી ઉક્તિછટા. પાત્ર-સ્વભાવના નિરૂપણ તેમ જ જ્ઞાનવિચારને પણ કવિની આ દૃષ્ટાંત-કળાનો લાભ મળ્યો છે.

આ કાવ્યનો આધાર લઈ પછીથી 'ધર્મબુદ્ધિ-રાસ', 'જ્ઞાનકલા-ચોપાઈ', 'મોહવિવેકનો રાસ' વગેરે નામોથી પણ ઘણી રચનાઓ થઈ છે. [શ્રા.ત્રિ.]

ત્રિલોક : જુઓ તિલોક.

ત્રિલોકસિંહ [ઈ. ૧૭૩૨માં હયાત] : ગુજરાતી લોંકાગચ્છના જૈનસાધુ. જયરાજજીના શિષ્ય. ૪ ખંડ ને ૩૦ ઢાળની 'ધર્મ-દત્તધર્મવતી-ચોપાઈ' (૨. ઈ. ૧૭૩૨/સં. ૧૭૮૮, અસાડ વદ ૧૩, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

ત્રિલોકસીશિષ્ય; [ ] : જૈન. ૨૨ કડીની 'ધન્નાની સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ત્રિવિક્રમ [ ] : આવટંકે ભટ્ટ. દમયંતિ–કથાના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ત્રિવિક્રમાનંદ [આવ. ઈ. ૧૮૧૦] : જ્ઞાતિએ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ. જન્મ જંબુસરમાં. ૧૫ વર્ષની ઉંમરે લગ્નમંડપમાંથી જ સંસારત્યાગ કરી કાશી ગયેલા. ૨૦ વર્ષની ઉંમરે સુરતમાં આવ્યા. ત્યાં આનંદરામ શાસ્ત્રી પાસે કૌમુદીનો અભ્યાસ કર્યો. પાંત્રીસેક વર્ષની ઉંમરે સંન્યસ્ત લીધું. સાઠેક વર્ષની ઉંમરે સુરતમાં અવસાન.

વેદાંતપારાયણ કરનાર ત્રિવિક્રમાનંદે ગ્વાલી, ઉર્દૂ, મરાઠી અને ગુજરાતીમાં વેદાંતવિષયક ગ્રંથો રચ્યા છે. સવૈયા, કવિત, ધોળ વગેરે પ્રકારોનો આશ્રય લેતાં તેમનાં પદો (મુ.) બહુધા ઉર્દુ-હિન્દીમાં છે. પરંતુ આઠેક પદો ગુજરાતીમાં પણ મળે છે. આ પદોમાં વેદાંતજ્ઞાન, યોગાનંદ, નામસ્મરણમહિમા, સંતમહિમા, ભક્તિ-વૈરાગ્યબોધ વગેરેનું નિરૂપણ થયેલું છે.

કૃતિ : અભમાલા.

સંદર્ભ : નર્મગદ્ય, નર્મદાશંકર લા. દવે, * ઈ. ૧૮૬૫, ઈ. ૧૯૭૫ (પુનર્મુદ્રણ) [કી.જો.]

થિરપાલ(કવિ [ઈ. ૧૫૨૦ સુધીમાં] : જૈન. ૯ કડીના 'શત્રુંજય-ગીત' (લે. ઈ. ૧૫૨૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા. ત્રિ.]

થોભણ : આ નામે 'સાતવારની સઝાય' મળે છે. તેના કર્તા કોઈ જૈન કવિ માનવા કે થોભણ-૧ માનવા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત, ૨. દેસુરાસમાળા [કી.જો.]

થોભણ–૧ [ઈ. ૧૭૬૯ સુધીમાં] : પદકવિ. આ કવિની એક કૃતિ 'કક્કો'ની લે. ઈ. ૧૭૬૯ મળે છે. એ પરથી કવિ ત્યાં સુધીમાં થઈ ગયા હોવાનું કહી શકાય.

કારતકથી આરંભી ૧૨ માસના ગોપીના કૃષ્ણવિયોગનું ને પુરુષોત્તમ માસમાં કૃષ્ણ આવતાં એના સંયોગ-આનંદનું ઊર્મિ-સભર આલેખન કરતાં ને કયાંક અનુપ્રાસને ગૂંથતાં ૧૩ પદોનું 'વહાલાજીના મહિના' (મુ.) તથા કૃષ્ણ અને આહીરણ વચ્ચેના રસિક સંવાદ રૂપે આલેખાયેલું ને ચાટૂક્તિઓમાં જણાતી કવિની નર્મવૃત્તિથી ને મધુરપ્રાસાદિક શૈલીથી નોંધપાત્ર બનતું, ચચ્ચાર પંક્તિઓની ૨૨ કડીઓનું 'દાણલીલાના સવૈયા/ચબોલા' (મુ.) થોભણની મહત્ત્વની કૃતિઓ છે. આ ઉપરાંત સળંગ ૧ પદ રૂપે કૃષ્ણવિરહના બાર માસનું આલેખન કરતું 'રાધાના મહિના' (મુ.) કૃષ્ણપ્રીતિસ્મરણની 'પંદર તિથિઓની ગરબી' (મુ.), 'કક્કો', 'ચિંતા-મણિ', 'રામચંદ્રનો વિવાહ અને 'હનુમાન–ગરબી'ને સમાવી લેતાં રામકથાનાં પદ આ કવિની અન્ય કૃતિઓ છે. કૃષ્ણકીર્તનનાં અને વૈરાગ્યભક્તિબોધનાં કવિનાં પદો (કેટલાંક મુ.) મળે છે. તેમાં ક્વચિત યોગમાર્ગી નિરૂપણ પણ થયું છે અને ઘણે સ્થાને કવિનું દૃષ્ટાંતનું બળ દેખાઈ આવે છે. કેટલાંક પદોમાં પ્રસંગનિરૂપણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ છે જેમ કે, રામવનવાસ અને કૌશલ્યાવિલાપનું અસરકારક ચિત્રાત્મક નિરૂપણ કરતી ૨ ગરબીઓ (મુ.) તથા રાધાની રીસ અને કૃષ્ણે તેના શૃંગાર સજી આપીને કરેલો તેનો અનુનય એવી ઘટનાનું માધુર્યભર્યું આલેખન કરતાં 'રાધિકાનો રોષ' નામક ૩ પદો (મુ.). કવિને નામે 'હનુમાન-ગરબી' નોંધાયેલી છે પરંતુ તેની આધારભૂતતા શંકાસ્પદ લાગે છે.

કૃતિ : ૧. નકાદોહન; ૨. બૂકાદોહન : ૧, ૭; ૩. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭ – 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐૪. ગૂહાયાદી; ૫. જૈગૂકવિઓ : ૩(૨). [૨.સો.]

દર્શન (મુનિ)[ ] : જૈન સાધુ. ૫ કડીની 'સમકિત–સઝાય'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલોગભાવિ. [શ્રા.ત્રિ.]

દયા/દયો : આ નામોથી ૬૬ કડીની 'સત્યભામાનું રૂસણું' (મુ.) તથા ૯ કડીની શિવજીની સ્તુતિ (મુ.) મળે છે પરંતુ આ કૃતિઓના કર્તા કયા દયા છે તે વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.); ૨. દેવી મહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭. [કી.જો.]

દયાકુશલ : આ નામે 'મૌનએકાદશી-સ્તોત્ર' (લે. ઈ. ૧૬૨૬), ૪ કડીની 'પાર્શ્વનાથની સ્તુતિ '(મુ.) તથા ૮ કડીની 'મુખવસ્ત્રિકા-સઝાય' એ રચનાઓ મળે છે. આ દયાકુશલ કયા તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. લીંહસૂચિ; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દયાકુશલ–૧ [ઈ. ૧૬મી સદી અંતભાગ – ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં કલ્યાણકુશલના શિષ્ય. વિજયસેનસૂરિ ઈ. ૧૫૯૩માં ફતેહપુર સિક્રી ગયેલા ત્યારે આ કવિ સાથે હતા ને એમણે રચેલા ૧૪૧ કડીના 'લાભોદય-રાસ/વિજયસેનસૂરિ-રાસ' (૨. ઈ. ૧૫૯૩)માં અકબરે વિજયસેનસૂરિનાં ઉપદેશથી કરેલાં કાર્યોનું અને તદનુષંગે અકબરના સ્વભાવ અને પ્રતાપનું વર્ણન છે. આ ઉપરાંત એમણે પૂર્વભારતનાં તીર્થસ્થળોનો મહિમા કરતી ૪૭ કડીની 'તીર્થમાલા-સ્તવન/પૂર્વદેશચૈત્યપરિપાટી-સ્તવન' (૨. ઈ. ૧૫૯૨), ૮ ઢાળ અને ૬૦ કડીની 'ત્રેસઠસલાકા પુરુષઆયુષ્યાદિ-બત્રીસસ્થાનકવિચારગર્ભિત-સ્તોત્ર' (૨. ઈ. ૧૬૨૬; મુ.), હીરવિજયસૂરિના પદમહોત્સવનું વર્ણન કરતી 'પદમહોત્સવ-રાસ' (૨. ઈ. ૧૬૨૯), ૨૩૩ કડીની 'વિજયસિંહસૂરિ-રાસ' (૨. ઈ. ૧૬૨૯/સં. ૧૬૮૫, અસાડ સુદ ૧૫, રવિવાર), નેમિનાથમુખે દૃષ્ટાંતપૂર્વક જ્ઞાનપંચમીમહિમા વર્ણવતી ૩૦ કડીની 'પંચમીનેમિજિન-સ્તવન/પંચમીતપ-સ્તવન' (મુ.) તથા ૫ કડીની વિજયદેવસૂરિ-સઝાય' તથા ૫ કડીની 'ગણધરનામ-સઝાય' એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ૧. ઐસમાલા : ૧; ૨. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ☐૩. જૈન સત્યપ્રકાશ, નવે. ૧૯૪૬ – 'મુનિરાજ દયાકુશલજી વિરચિત ત્રેસઠ સલાક પુરુષ આયુષ્યાદિ બત્રીસ સ્થાનક વિચારગર્ભિત સ્તવન' – સં. મુનિ રમણિકવિજય.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩ મુનિ શ્રી દર્શનવિજય વગેરે, ઈ. ૧૯૬૪; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧);૩. મૂપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દયાતિલક : આ નામે મળતા ૫ કડીના '(શંખેશ્વર)પાર્શ્વ–સ્તવ'ના કર્તા કયા દયાતિલક છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭ – 'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

દયાતિલક–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય રત્નવિજયના શિષ્ય. ૧૭ ઢાળના 'ધન્નાનો રાસ' (૨. ઈ. ૧૬૮૧/સં. ૧૭૩૭, કારતક–), 'વિક્રમાદિત્ય-રાસ' અને 'ભવદત્ત-ભવિષ્યદત્ત-ચોપાઈ' (૨. ઈ. ૧૬૮૫/સં. ૧૭૪૧, જેઠ સુદ ૧૧ સ્વહસ્તાક્ષરની પ્રત)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [શ્રા.ત્રિ.]

દયાનિધિ [ ] : આ કવિએ શંકરની સ્તુતિને સાંકળીને કરેલી ૧૬ કડીની 'પંદર-તિથિ' (મુ.) તથા હિંદી-મિશ્રા ગુજરાતી ભાષાનાં અન્ય ૨ શંકરવિષયક પદો રચેલાં છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. અંબિકા કાવ્ય તથા શક્તિ કાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.). [કી. જો.]

દયામેરુ [ઈ. ૧૮૨૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ઉદયતિલકની પરંપરામાં કુશળકલ્યાણના શિષ્ય. 'બ્રહ્મસેન-ચોપાઈ' (૨. ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, જેઠ સુદ ૧૦, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા. ત્રિ.]

દયારત્ન [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છની આચાર્ય શાખાના જૈન સાધુ. એમણે ઈ. ૧૬૫૫માં આચારાંગની ૧ પ્રત વહોરેલી અને એમને વાચનાચાર્યની પદવી મળેલી એવો ઉલ્લેખ મળે છે. એમના ૪૩ કડીના 'કાપરહેડા-રાસ' (૨. ઈ. ૧૬૩૯; મુ.)માં જિનચંદ્રસૂરિ ઈ. ૧૬૧૪માં જોધપુર રાજ્યના કાપડહેડા ગામમાં ગયેલા તે પછી ત્યાં થયેલી સ્વયંભૂ પાર્શ્વનાથની ઉત્પત્તિ અને ઈ. ૧૬૨૫માં થયેલી તેની પ્રતિષ્ઠાનો ઇતિહાસ વર્ણવાયેલ છે. એમણે સંસ્કૃતમાં 'ન્યાયરત્નાવલિ' રચી હોવાની માહિતી મળે છે.

કૃતિ : ઐરાસંગ્રહ : ૩(+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [૨.૨.દ.]

દયારત્નશિષ્ય [ ] : જન સાધુ. ૮ કડીની 'શ્રી દયારત્ન વાણારસ-ગીત'ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ. [કી.જો.]

દયારામ : આ નામે રામભક્તિનું ૧ પદ (મુ.) મળે છે તે કયા દયારામ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : રણછોડજીને અરજી તથા ભક્તિપોષણ વગેરે સુધા કાવ્ય, પ્ર. ગોવિંદલાલ રા. જાની, ઈ. ૧૮૮૧. [કી.જો.]

દયારામ–૧/દયાશંકર [જ. ઈ. ૧૭૭૭/સં. ૧૮૩૩, ભાદરવા સુદ ૧૧ ઉપર ૧૨, શનિવાર – અવ. ઈ. ૧૮૫૩/સં. ૧૯૦૯, મહા વદ ૫, સોમવાર] : પદકવિ. ચાણોદ (જિ. વડોદરા)ના વતની. જન્મ ચાણોદમાં કે મોસાળ ડભોઈમાં. જ્ઞાતિએ સાઠોદરા નાગર. પિતા પ્રભુરામ ભટ્ટ. માતા રાજકોર. જ્ઞાતિધર્માનુસાર ઇષ્ટદેવ હાટકેશ્વર પણ પિતાના સમયથી કુલધર્મ વૈષ્ણવ પુષ્ટિમાર્ગ. ૧૦-૧૨ વર્ષની ઉંમરે માતાપિતાનાં અવસાન થતાં દયારામને અન્ય કુટુંબીઓનો આશ્રય મળ્યો ને એમને ચાણોદ તથા મોસાળ ડભોઈ રહેવાનું થયું. ઉત્તરાવસ્થામાં એ ડભોઈમાં જ સ્થાયી થયેલા પરંતુ કયારથી એ પ્રમાણભૂત રીતે નિશ્ચિત થતું નથી. બાળપણમાં દયારામનું સગપણ થયેલું એવી માહિતી મળે છે, પરંતુ એમણે લગ્ન કર્યા નહીં અને પોતાનું સમગ્ર જીવન શ્રી કૃષ્ણસેવામાં સમર્પી અનન્યાશ્રયી પુષ્ટિમાર્ગીય મરજાદી વૈષ્ણવ તરીકે વીતાવ્યું. એમણે વલ્લભલાલજી મહારાજ પાસે બ્રહ્મસંબંધ લીધો હતો અને ત્રણ વાર ભારતયાત્રા તથા સાત વાર શ્રીનાથજીની યાત્રા કરેલી એમ કહેવાય છે.

દયારામે ડાકોરનિવાસી પુષ્ટિમાર્ગીય વિદ્વાન ઇચ્છારામ ભટ્ટ સાથે સંપર્ક – કદાચ નાનપણમાં જ – થયેલો. એમણે દયારામની પુષ્ટિભક્તિને દૃઢ બનાવેલી તથા સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન સમજાવેલું તથા યાત્રાની પ્રેરણા આપેલી એમ કહેવાય છે. દયારામનું ઔપચારિક શિક્ષણ ઝાઝું હોય એમ દેખાતું નથી, પરંતુ એમણે ભાગવતાદિ પુરાણો, ગીતા-આદિ અન્ય ધર્મગ્રંથો, સાંપ્રદાયિક સાહિત્ય અને ભક્તિસાહિત્યનો અભ્યાસ કર્યો હશે એમ એમના ગ્રંથો જોતાં સ્પષ્ટ સમજાય છે. દયારામના શિષ્ય-સેવકોમાં રતનબાઈ સોનારણ સાથેનો એમનો સંબંધ ચર્ચાસ્પદ બન્યો છે. એ બાળવિધવાએ દયારામની પ્રભુસેવામાં સહાય કરી હતી અને માંદગીમાં પરિચર્યા કરી હતી. રતનબાઈનો સંપર્ક, દયારામનો રંગીલો, શોખીન સ્વભાવ તથા એમની ગરબીઓમાં મળતા શૃંગારાલેખનને કારણે દયારામ ભક્ત નહીં પણ પ્રણયી છે એવો આક્ષેપ થયો છે, પરંતુ દયારામની ગરબીઓ એક લાંબી પરંપરાનો વારસો છે અને દયારામે એમના જીવનકાળમાં પરમ ભગવદીય તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. દયારામ સુરીલો કંઠ ધરાવતા સંગીતજ્ઞ હતા અને એમની કીર્તનબેઠકો સંગીતસ્પર્ધામાં પલટાઈ જતી હશે એવું કેટલીક અનુશ્રુતિઓ બતાવે છે. એમની આ સંગીતજ્ઞતાનો લાભ એમની ગેય કવિતાને ભરપૂર મળ્યો છે. કવિ ૧૨ વર્ષની માંદગી ભોગવી ડભોઈમાં અવસાન પામ્યા.

દયારામ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રેમલક્ષણા ભક્તિધારાના કાળાનુક્રમે છેલ્લા અને ગુણવત્તાની દૃષ્ટિએ એક પ્રમુખ પ્રતિનિધિ છે. કાવ્યવાણીની અદોષતા, સ-રસતા અને અર્થઘનતાનો સ્વીકાર એમણે કર્યો છે એમ 'સતસૈયા'ના ૧ દુહાને આધારે કહી શકાય, પણ તેઓ સ્પષ્ટપણે કહે છે કે કવિતા તો સાધન છે અને સાધ્ય છે શ્રીકૃષ્ણભક્તિ. આમ દયારામની સકલ અક્ષરોપાસનાના અધિષ્ઠાતા શ્રીકૃષ્ણ છે. પુષ્ટિસંપ્રદાયમાં દૃઢ આસ્થા હોવાથી દયારામે પોતાની કૃતિઓમાં પુષ્ટિભક્તિને નિરૂપણવિષય બનાવી છે, એટલું જ નહીં પણ એમણે પુષ્ટિપથસ્થાપિત શુદ્ધાદ્વૈત વેદાંતનું પ્રતિપાદન કરતા અને અન્ય મતનું સાંપ્રદાયિક અભિનિવેશથી ખંડન કરતા ગ્રંથો રચ્યા છે. એમાં દયારામ પ્રતિપાદિત કરે છે કે બ્રહ્મ સત્ય છે અને જગત પણ સત્ય છે તેમ જ જીવ બ્રહ્મ નહીં, પરંતુ અંશી બ્રહ્મના અંશો છે ને મોક્ષ નહીં પણ પ્રેમ-ભક્તિ દ્વારા પુરુષોત્તમરૂપ શ્રીકૃષ્ણની રાસલીલાનાં પ્રકટ દર્શન એ જ ચરમ લક્ષ્ય છે. જગતને અસત્ય, જીવ-બ્રહ્મને એક અને બ્રહ્મને નિર્ગુણ લેખનારને તેઓ 'કાણો' 'ગમાર' એવાં વિશેષણોથી નવાજે છે!

દયારામની પ્રામાણિક કૃતિઓ ઈ. ૧૮૦૭ ('અજામિલઆખ્યાન')થી ઈ. ૧૮૩૦ (માધવરામ વ્યાસને પદ્યરૂપે પત્ર)નાં રચનાવર્ષો દર્શાવે છે. પરંતુ રચ્યાસંવત ન ધરાવતી ઘણી કૃતિઓ આ પૂર્વે કેટલાક સમય પહેલાં અને આ પછી જીવનના અંતકાળ સુધી રચાયેલી હશે એમ માનવામાં બાધ નથી. એ રીતે દયારામનો કવનકાળ પચાસેક વર્ષનો ગણી શકાય.

મુખ્યત્વે ગુજરાતી અને વ્રજ/હિંદીમાં ને કવચિત મરાઠી ને સંસ્કૃતમાં મળતી દયારામની કૃતિઓમાં એક મોટો ભાગ તો પદ-ગરબી પ્રકારની લઘુ રચનાઓનો છે, જે ૬૦૦ જેટલી થાય છે. અન્ય નાનીમોટી કૃતિઓ પણ ૩૦૦ જેટલી સંખ્યામાં મળે છે, જેમાંની ઘણી સાંપ્રદાયિક છે.

કવિની દીર્ઘ કૃતિઓમાં સૌથી વધુ નોંધપાત્ર છે 'પદ' નામે ઓળખાયેલાં ૧૦૯ કડવાંની 'રસિકવલ્લભ'←(૨. ઈ. ૧૮૨૮/સં. ૧૮૮૪, શ્રાવણ સુદ ૧૧, ગુરુવાર; મુ.) કેવલાદ્વૈતસિદ્ધાંતનું ખંડન અને શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તનું મંડન કરવાના ઉદ્દેશથી ગુરુશિષ્ય-સંવાદ રૂપે રચાયેલી આ કૃતિમાં દયારામનો સાંપ્રદાયિક તત્ત્વવિચારનો અભ્યાસ અને એની સંપ્રદાયનિષ્ઠા સબળ રૂપે વ્યક્ત થયાં છે ને પૌરાણિક દૃષ્ટાંતો તથા ઉપમાદિક અલંકારોથી કેટલીક લોકભોગ્યતા આવી છે તેમ છતાં કાવ્યની રસાત્મકતા એમાં આણી શકાઈ નથી. વ્રજભાષાનાં ઉદ્ધરણો ને કવિએ રચેલાં ૧૧ સંસ્કૃત શ્લોકો ધરાવતી, દુહા, કવિત અને રોળા છંદની ૧૮૨/૧૮૩ કડીની 'પુષ્ટિપથરહસ્ય'←(મુ.) વલ્લભાચાર્ય અને તેમના કુળસમગ્રની સેવાપૂજાનું મહિમાગાન કરે છે ને પૌરાણિક તેમ જ ઔપમ્યમૂલક દૃષ્ટાંતોના તથા શબ્દચાતુર્યના વિનિયોગથી ધ્યાન ખેંચે છે. શ્રીકૃષ્ણવિષયક પ્રેમલક્ષણા ભક્તિનો એકાંતિક મહિમા કરતી, ૧૦૧ ચંદ્રાવળાની 'ભક્તિપોષણ'←(મુ.)માં લોકભોગ્ય દૃષ્ટાંતનિયોજન છે. દુવેયા છંદની ૭૦ કડીની, 'નાટક' તરીકે ઓળખાવાયેલી 'બ્રાહ્મણભક્તવિવાદ'←(મુ.)માં ૨ બ્રાહ્મણબંધુઓના સરળ રોચક સંવાદ રૂપે વેદવિહિત કર્મમાર્ગ કરતાં શ્રીકૃષ્ણ સેવાભક્તિમાર્ગ ચડિયાતો છે એવું પ્રતિપાદન થયું છે. ૧૬ કડીના 'દ્વિદલાત્મક સ્વરૂપનો ગરબો' (મુ)માં સંપ્રદાયસંમત રાધાકૃષ્ણનું એકત્વ સુંદર દૃષ્ટાંતોથી સ્ફુટ કરવામાં આવ્યું છે. ૧૧૧ કડીનો 'શુદ્ધાદ્વૈતપ્રતિપાદન-માયામતખંડનનો ગરબો' (મુ.) પણ સાંપ્રદાયિક તત્ત્વવિચારની નાનકડી કૃતિ છે.

આ પ્રકારની કેટલીક મુદ્રિત કૃતિઓ એમાં વ્યક્ત થતી વેદાંત-પુરાણાદિવિષયક વિદ્વત્તા, દયારામચરિત્રની બિનઆધારભૂત હકીકતો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમ જ ધવલ ધન્યાસી રાગનો વિનિયોગ વગેરે જુદાં જુદાં કારણોથી દયારામની હોવાનું સંદિગ્ધ ગણવામાં આવ્યું છે. દયારામે ૧૩ વર્ષની ઉંમરે રચેલી ઠરતી, ૬૬ કડીની 'તત્ત્વપ્રબંધ' (ર. ઈ. ૧૭૯૦/સં. ૧૮૪૬, શ્રાવણ વદ ૮), ૩૨૨ કડીની 'સદ્‌ગુરુ-સંતાખ્યાન', ૩૬૭ કડીની 'ભક્તિ દઢત્વ', ૨૭૨ કડીની 'ધર્મનીતિસાર', ૧૮૬ /૨૮૩ કડીની 'શુદ્ધાદ્વૈતસિદ્ધાંત/શુદ્ધાદ્વૈતદર્શન', ૧૮૦ કડીની 'સારનિરૂપણ', ૧૭૨ કડીની 'પ્રેમભક્તિ', ૧૫૦ કડીની 'સિદ્ધાન્તસાર', ૧૧૪ કડીની 'નિઃસાધનતા', ૮૪ કડીની 'સારશિક્ષા', ૮૧ કડીની 'સ્વલ્પાપારપ્રભાવ', ૭૨ કડીની 'રસિકભક્ત', સમશ્લોકી 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-પ્રાકૃતભાષા-પદ્યબંધ', ૧૧ ઢાળની 'ગુરુશિષ્ય સંવાદ' અને કેટલીક પ્રકીર્ણ કૃતિઓ.

દયારામ પાસેથી ઘણી બોધાત્મક કૃતિઓ પણ મળે છે. એમાં ૫૨ કુંડળિયાની 'પ્રબોધબાવની'←(ર. ઈ. ૧૮૧૪/સં. ૧૮૭૦, ફાગણ વદ ૩; મુ.) સૌથી વધુ નોંધપાત્ર છે. અનેક રસપ્રદ લોકોક્તિઓને આધારે સચોટ રીતે ભક્તિવૈરાગ્યવિષયક બોધ આપવામાં કવિનું કૌશલ પ્રગટ થાય છે. ૬૧ કડીની 'ચિંતાચૂર્ણિકા' (મુ.) મનુષ્યને પજવતી સર્વ ચિંતાઓમાંથી મુક્ત થવા શ્રીવલ્લભકુલોત્પન્ન ગુરુનું શરણ આદિ ઉપાયો પ્રબોધે છે અને ૩૩ કડીની 'મનમતિ-સંવાદ' (મુ.)માં મનને ભગવદ્‌ભક્તિ તરફ વળવાનો બોધ સદ્‌બુદ્ધિ દ્વારા અપાયો છે. આ બંને કૃતિઓ લોકગમ્ય દૃષ્ટાંતો ને લોકોક્તિઓના ઉપયોગથી નોંધપાત્ર બને છે. ૧૦૧ કડીની 'શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી' (મુ.) તથા ૭૧ કડીની 'શ્રીકૃષ્ણનામમાહાત્મ્ય-મંજરી' (મુ.) ભગવાનના નામસ્મરણથી નીપજતા પ્રભાવો વીગતે વર્ણવે છે, ૪૫૪ કડીની 'હરિદાસચંદ્રિકા/હરિભક્તિચંદ્રિકા' (મુ.) હરિભક્તનાં લક્ષણો વર્ણવી એનું મહિમાગાન કરે છે, ૧૯ + ૪૫ કડીની 'શિક્ષાભક્તિવિનવણી'(મુ.) ભક્તિ ને વિનવણીનો મહિમા વર્ણવે છે, તો 'વિનયબત્રીસી' (મુ.) ભગવાન પાસે કરેલી ધર્મમય જીવનની યાચના નિરૂપે છે. ૫૨ કડીની 'ભક્તિવેલ' (મુ.) તથા ૨૧ કડીની 'શ્રીકૃષ્ણસ્તવનમંજરી' (મુ.)માં ભક્તિબોધ નિમિત્તે ઈશ્વરી કૃપાનાં દૃષ્ટાંતો નોંધાયેલા છે, તો ૫૨ કડીની 'કાળજ્ઞાનસારાંશ' (મુ.)માં હરિભજન કરવાની પ્રેરણા મળે એ હેતુથી પુરાણકથિત મૃત્યુચિહ્નો વર્ણવાયાં છે. ૧૩૧ કડીની 'શિક્ષાપરીક્ષાપ્રદીપ' (મુ.), ૬૦ કડીની 'વ્યવહાર ચાતુરીનો ગરબો' (મુ.), ૩૬ કડીની 'ભક્તિદૃઢાવનો ગરબો' (મુ.), આ ઉપરાંત ૩૫ કડીની 'ચેતવણી' (મુ.), ૫૧ કડીનો માધવરામ વ્યાસને પત્ર (ર. ઈ. ૧૮૩૦/સં. ૧૮૮૬ ચૈત્ર વદ ૩, રવિવાર; મુ.) તથા અન્ય કેટલીક બોધાત્મક કૃતિઓ આ કવિની મળે છે. 'પ્રાચીનકાવ્યમાળા : ૧૩' માં મુદ્રિત 'કવિત' નામે ઓળખાવાયેલા મનહર છંદની ૯ કડીની 'મૂર્ખલક્ષણાવલી' તથા ૧૦૫ કડીની 'બ્રજમહિમાનો ગરબો' અભિવ્યકિતની દૃષ્ટિએ દયારામના કર્તૃત્વ વિશે શંકા જગાડે એવી કૃતિ છે. બીજી કૃતિમાં તો કવિપિતાનું નામ પણ 'પ્રભાશંકર' નોંધાયું છે!

દયારામની તત્ત્વવિચારાત્મક અને બોધાત્મક કૃતિઓની સાથે એમની નામસંકીર્તનાત્મક કૃતિઓ પણ ઉલ્લેખનીય છે. આ પ્રકારની ૧૯ કૃતિઓ મુદ્રિત મળે છે, જે ૬-૭ થી ૬૬ જેટલી કડીઓમાં વિસ્તરે છે. એમાં 'શ્રીકૃષ્ણઅષ્ટોત્તરનામચિંતામણિ' વગેરે શ્રીકૃષ્ણનામમાળાઓની બહુલતા છે. પણ તે ઉપરાંત ગુરુનામ, ભક્તનામ વગેરેનું પણ એમાં સંકીર્તન છે. 'પુરુષોત્તમ-પંચાંગ'ને નામે ઓળખાવાયેલી કૃતિમાં 'શ્રીવલ્લભઅષ્ટોત્તરશતનામ' 'શ્રી વિઠ્ઠલઅષ્ટોત્તરશતનામ' 'શ્રી પુરુષોત્તમઅષ્ટોત્તરશતનામ' 'શ્રીરાધાઅષ્ટોત્તરશતનામ' અને 'શ્રી વ્રજભક્તઅષ્ટોત્તરશતનામ'નો સમાવેશ થયો છે. કવિની આ પ્રકારની કૃતિઓના વિષયવ્યાપનો ખ્યાલ ૮૪ અવતાર, ૮૪ કે ૨૫૨ વૈષ્ણવ, મહાપ્રભુની ૮૪ બેઠકો ને વલ્લભના પરિવારની એ નામયાદી કરે છે ને એમનો મહિમા ગાય છે તે પરથી આવશે. ભુજંગપ્રયાત, દુવૈયા, નારાચ, સવૈયા આદિ વિવિધ છંદોમાં વહેતી આ સંકીર્તનવાણી કવિની નામશબ્દોની સમૃદ્ધિ અને વર્ણવિન્યાસકુશલતાની દૃષ્ટિએ ધ્યાન ખેંચે છે અને એમના ભક્તહૃદયની સાથે સાથે કવિસંગીતજ્ઞ-વ્યક્તિત્વને ઉપસાવે છે.

દયારામે 'રસિકવલ્લભ' જેવી સાંપ્રદાયિક વિચારણાની કૃતિઓમાં આખ્યાનનો કડવાબંધ પ્રયોજ્યો છે તે ઉપરાંત પૌરાણિક કે ભક્તચરિત્રવિષયક વૃત્તાન્તોને વણી લેતી કેટલીક આખ્યાનાત્મક રચનાઓ પણ આપી છે. દયારામનાં કડવાં સાઠેક કડીઓ સુધી વિસ્તરતાં જોવા મળે છે અને 'કડવા' માટે કેટલીક વાર 'મીઠા' નામ પ્રયોજાય છે. બહુધા સીધું કથાકથન કરતાં એમનાં મોટાં ભાગનાં આખ્યાનો ભાગવતાધારિત છે. એમાં ૫ મીઠાંનું 'નાગ્નજિતી-વિવાહ'←(મુ.) પ્રૌઢિયુક્ત કથનશૈલી, નાગ્નજિતીના મનોભાવોના આલેખનને હાસ્યનિરૂપણની લેવાયેલી તકથી, ૯ કડવાંની 'અજામિલાખ્યાન'←(ર.ઈ. ૧૮૦૭/સં. ૧૮૬૩, ભાદરવા સુદ ૧૫, બુધવાર; મુ.) પુરાણાદિનાં સૂત્રો ઉદ્‌ધૃત કરીને અપાયેલા વિસ્તૃત ભક્તિબોધથી અને ૮ કડવાંની 'સત્યભામાવિવાહ' (મુ.) ભોજનાદિના વીગતપ્રચુર વર્ણનોથી ધ્યાનાર્હ બને છે. વર્ણન, સ્તુતિ, કથાકથન બધાંમાં પ્રસ્તાર બતાવતું 'વૃત્રાસુરનું આખ્યાન' (મુ.) ૧૯ કડવાંઓ અધૂરું રહેલું છે. ૩ મીઠાંનું 'રુકિમણીવિવાહ/હરણ' (મુ.), ૩ કડવાનું 'રુકિમણીસીમંત' (મુ.), ૩૭ કડીનું 'મીરાં-ચરિત્ર' (મુ.) અને ૨૩ કડીનું 'કુંવરબાઈનું મામેરું' પ્રાસાદિક અભિવ્યક્તિ ધરાવતી પણ એકંદરે સીધું કથાકથન કે પ્રસંગવર્ણન કરી જતી કૃતિઓ છે. દયારામની આ આખ્યાનરચનાઓમાં સાંસ્કૃતિક અધ્યયનની કેટલીક સામગ્રી છે, પરંતુ કલાદૃષ્ટિએ એમણે એમાં કોઈ વિશિષ્ટ સિદ્ધિ દાખવી નથી. એ કૃતિઓનું ભાષારૂપ તળપદા ને લોકબોલીના શબ્દો, કહેવતો, ઉપમાદિ અલંકારો ને શબ્દાલંકારોની પ્રચલિત લઢણોથી બંધાયેલું છે.

દયારામની કેટલીક વિશિષ્ટ કથાત્મક રચનાઓ પણ મળે છે. 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાહાત્મ્ય' (ર. ઈ. ૧૮૨૩/સં. ૧૮૭૯, શ્રાવણ વદ ૮, મંગળવાર; મુ.)માં એકેએક અધ્યાયનો મહિમા પ્રગટ કરતી ૧૮ આલગઆલગ કથાઓ રજૂ કરવામાં આવી છે, તો ૧૩૧ કડીની 'દશમસ્કંધલીલાનુક્રમણિકા' ને અન્ય ૨ લઘુકૃતિઓ (મુ.) દશમસ્કંધના કથાપ્રસંગોનો ક્રમશઃ ઉલ્લેખ કરે છે. ૨૭ કડીની 'શ્રીકૃષ્ણ ઉપવીત/ જનોઈ' (મુ.) ઉપરાંત કેટલાક ગરબાઓ શ્રીકૃષ્ણના આ જીવનપ્રસંગોનું વર્ણન કરે છે. જેમ કે, ૫૬ કડીનો 'શ્રીકૃષ્ણપ્રાગટય/જન્મખંડનો ગરબો (મુ.) શ્રીકૃષ્ણના જન્મપ્રસંગને વર્ણવે છે, ૩૪ કડીનો 'મોહિનીસ્વરૂપનો ગરબો' (મુ.) મહાદેવને શ્રીકૃષ્ણે મોહિનીસ્વરૂપ બતાવેલું તે પ્રસંગને આલેખે છે ને વિસ્તૃત સૌન્દર્યવર્ણનનો આકાય લે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તો ૧૪ કડીનો 'અદલબદલનો શૃંગારનો ગરબો' (મુ.) કૃષ્ણરાધા એકબીજાનો વેશ પહેરે છે તે પ્રસંગનું નિરૂપણ કરે છે. ગોપીના કાત્યાયનીવ્રત અને વસ્ત્રહરણના પ્રસંગને આલેખતા ૧૭ અને ૬૧ કડીના ૨ ગરબા (મુ.), કૃષ્ણના ચરિત્રથી રિસાયેલી રાધાને મનાવવા જતી લલિતાનો પ્રસંગ આલેખતો, ૩૪ કડીએ અપૂર્ણ રહેલો 'માનલીલાનો ગરબો' (મુ.) એક, કૃષ્ણની બાળચેષ્ટાઓને આલેખતો અને બીજો ગોપીની ફરિયાદના પ્રસંગને આલેખતો એવા ૨૬-૨૬ કડીના ૨ બાળલીલાના ગરબા (મુ.) તથા રાસલીલાના આખાયે પ્રસંગને હૃદયંગમ રીતે આલેખતા ૨ ગરબા (મુ.) – ૩૩ કડીનો 'રાસલીલાનો ગરબો' તથા ૨૦૨ કડીનો 'રાસપંચાધ્યાયીનો ગરબો' દશમસ્કંધ આધારિત અન્ય વૃતાન્તમય રચનાઓ છે. ૫૭ કડીનો 'વિરુદ્ધધર્માક્રાય અને અકળચરિત્રનો ગરબો' (મુ.) પૌરાણિક અવતારો રૂપે ભગવાને કરેલાં વિરુદ્ધ કાર્યોને વર્ણવતી લાક્ષણિક કૃતિ છે.

પ્રસંગવર્ણનાત્મક અન્ય દીર્ઘકૃતિઓમાં ભુજંગપ્રયાતની ૧૯૮મી કડીએ અપૂર્ણ, શ્રીકૃષ્ણરૂપવર્ણન, વૃંદાવનવર્ણન અને રાસ-લીલાવર્ણનને સમાવતી 'શ્રી કૃષ્ણસ્તવન માધુરી' (મુ.)નો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. જેમાં હનુમાન અને ગરુડ એકબીજાના સ્વામીઓ – રામ અને કૃષ્ણના જીવનની પુરાણપ્રસિદ્ધ હકીકતોનો આધાર લઈ એમની નિંદા કરે છે અને અંતે રામકૃષ્ણનું એકત્વ સૂચવાય છે એ લાવણીની ૪૧ કડીનો વિનોદાત્મક 'હનુમાન ગરુડ-સંવાદ' ← (મુ.) પણ વિશિષ્ટ પ્રકારની વૃત્તાન્તગર્ભિત રચના છે.

વસ્તુકથન માટે ૧ પદ ટૂંકું પડતાં અનેક પદમાળા રૂપે વિકાસ પામેલ કેટલીક કૃતિઓ પણ દયારામ પાસેથી મળે છે. એમાં ભાગવત-દશમસ્કંધ-આધારિત ઉદ્ધવસંદેશનો પ્રસંગ આલેખતી ૨૧ પદની 'પ્રેમરસ-ગીતા' ← (મુ.) વત્સલ, વિપ્રલંભ અને કરુણના અસરકારક આલેખન તેમ જ તળપદી વાગ્ભંગીઓ ને દૃષ્ટાંતોની મર્મવેધકતાથી સૌથી વધુ નોંધપાત્ર બનતી કૃતિ છે. દયારામનાં મળતાં પદોમાં વત્સાસુરવધ જેવા પ્રસંગોનું વર્ણન એકથી વધુ પદોમાં વિસ્તરતું હોય એવું પણ જોવા મળે છે.

'પ્રાચીન કાવ્યમાળા : ૧૩'માં મુદ્રિત કેટલીક વૃત્તાન્તાત્મક કૃતિઓ હસ્તપ્રતની અપ્રાપ્યતા તથા આંતરિક સામગ્રી ને અભિ-વ્યક્તિગત પ્રમાણોથી દયારામની હોવાનું સંદિગ્ધ લેખાયું છે તેમાં ૨૧ પદની 'પત્રલીલા' (ર. ઈ. ૧૮૦૬), ૫ પદની 'મુરલીલીલા', ૧૨ પદની 'રૂપલીલા' તેમ જ સૂરદાસમાંથી અનુવાદ રૂપે રચાયેલી ૨ કૃતિઓ – ૬૪ પદની 'કમળલીલા' તથા ૧૧૧૭ કડીની 'સારાવલી' (ર. ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, શ્રાવણ સુદ ૧૨, રવિવાર) – નો સમાવેશ થાય છે.

દયારામે ઘણાં મધ્યકાલીન પરંપરાગત કાવ્યરૂપો પ્રયોજ્યાં છે. ૧૨ કડી ઉપરાંત શાર્દૂલવિક્રીડિત અને માલિનીવૃત્તના ૧-૧ શ્લોકમાં પ્રત્યેક ઋતુનો સંદર્ભ ચિત્રાત્મક રીતે વર્ણવતી 'ષડ્ઋતુવર્ણન' ← (મુ.) રાધાવિરહને નિરૂપતી વિશિષ્ટ રચના છે. એમાં વર્ષાઋતુથી માંડી પ્રત્યેક ઋતુમાં રાધાની વિરહવ્યથા ઉત્તરોત્તર ઉત્કટતા પામતી જાય છે અને અંતે ગ્રીષ્મમાં શ્રીકૃષ્ણનાં ભાવાત્મક દર્શન કરીને વિરહમુક્તિ અનુભવાય છે એવો વિકાસક્રમ આલેખાયો છે. મહિના-વિષયક દયારામની ૪ રચનાઓ (મુ.) છે. તેમાં ૬૧ કડીની 'રસિયાજીના મહિના' સૌથી વધુ નોંધપાત્ર કૃતિ છે. એમાં પ્રકૃતિનાં ને નાયિકાની સ્થિતિનાં વિરોધોનાં માર્મિક ચિત્રો ઉપસાવાયાં છે ને લાક્ષણિક સ્ત્રી-મનોભાવોને અભિવ્યક્તિ મળી છે. બીજી આગત્યની કૃતિ પુરુષોત્તમ માસ સાથે ૧૩ માસના વિરહભાવનું હૃદયંગમ વર્ણન કરતી 'કૃષ્ણવિરહના/રાધિકાવિરહના દ્વાદશમાસ' છે. એમાં પ્રત્યેક માસનું વર્ણન દુહાની ૫ કડી અને ૧ શ્લોકમાં થયું છે. મહિના-વિષયક અન્ય ૨ કૃતિઓ તે ૧૧ કડીના 'તેરમાસ' તથા ૧૨ કડીના 'વહાલમજીના મહિના'. તિથિ-પ્રકારની દયારામની ૨ રચનાઓ (મુ.) મળે છે – 'પંદર તિથિનો ગરબો' અને 'સોળ તિથિઓ-હીરાવેધ'. બંનેમાં ગોપીના વિરહભાવ ને કૃષ્ણપ્રેમના અનુભવનું આલેખન છે, પણ બીજી રચના તિથિઓના શ્લેષપૂર્વક થયેલા ઉલ્લેખથી જુદી તરી આવે છે. 'સાત વાર અને માનચરિત્રનો ગરબો'માં પણ વારનાં નામો શ્લેષપૂર્વક ગૂંથાયાં છે. એમાં રિસાયેલી રાધાને સખીની સમજાવટ વર્ણવાયેલી છે. ૩૧ કડીનો 'મન પ્રબોધનો કક્કો (મુ.) બોધાત્મક કૃતિ છે.

દયારામનો કવિપદયશ જેના પર વિશેષે નિર્ભર છે એવું એમનું સર્જન તો છે લગભગ ૬૦૦ની સંખ્યાએ પહોંચતી ગરબો-ગરબી-ધોળ આદિ પ્રકારની લઘુ પદ રચનાઓ (ઘણી મુ.), જેમાંની કેટલીક રચનાઓની નોંધ આગળ લેવાઈ ગઈ છે. એ સિવાય, મનોરમ દૃષ્ટાંતકળાથી પ્રેમના ગૂઢ, ગહન સ્વરૂપની ઊંડી સમજ વ્યક્ત કરતો ૨૯ કડીનો 'પ્રેમપરીક્ષા' ← નામક ગરબો વગેરે અનેક સુંદર કૃતિઓ એમાં જડી આવે છે. દયારામની આ રચનાઓમાં કૃષ્ણવિષયક ભક્તિશૃંગારનું આલેખન કરતી અને હીંચના તાલને કારણે સમૂહગત નૃત્યક્ષમતા ને ગેયતા ધરાવતી પદરચનાઓ ગરબીઓ ← તરીકે ઓળખાવાઈ છે. દયારામનાં એ સૌથી વધુ લોકપ્રિય એવાં ઊર્મિકાવ્યો છે. એમાં દયારામે કૃષ્ણ અને ગોપાંગનાઓનાં પરસ્પરના અનુરાગ, કામણ, રિસામણાં-મનામણાંની ભાવાવસ્થાઓને આત્મનિવેદન, સંવાદ, કથન જેવી વિવિધ અભિવ્યક્તિછટાઓમાં શબ્દસ્થ કરતાં ગુજરાતી ભાષાની ભાવક્ષમતાની જે ગુંજાયશો પ્રગટ કરી છે એ તેમનું અવિસ્મરણીય કવિકર્મ છે. અન્ય પદો ← આત્મ-અનાત્મનો વિવેકબોધ, આત્મ-નિરીક્ષણ, વિનમ્રતા, પશ્ચાતાપ, દાસ્ય, દીનતા આદિ ભાવોને આલેખતાં ભક્તિવૈરાગ્યનાં પદો છે અને એમાંથી ઉત્કૃષ્ટ પુષ્ટિજીવ તરીકેનું દયારામનું વ્યક્તિત્વ પમાય છે.

૫૦૦ ઉપરાંત કડીઓમાં શૃંગારરસના આલંબનરૂપ નાયિકાભેદનું વિવરણ રજૂ કરતી અને મુખ્ય સ્વામિની રાધાનું સ્વરૂપ પ્રત્યક્ષ થાય એવો ઉદ્દેશ ધરાવતી 'અલૌકિકનાયકનાયિકાલક્ષણ ગ્રંથ' ← (મુ.) હિંદી રીતિધારાના લક્ષણગ્રંથોની પરંપરાની કૃતિ છે, જોકે ધવલધન્યાશ્રી રાગની આ કૃતિનું દયારામનું કર્તુત્વ કે. કા. શાસ્ત્રીની દૃષ્ટિએ સંદિગ્ધ ગણાય. ગુજરાતી તથા વ્રજ/હિંદીમાં ચાલતી 'ચાતુરચિત્તવિલાસ' (મુ) સમસ્યા, આવળવાણી આદિ કૂટ કાવ્યની શૈલીએ પુરાણાદિની કથાઓને, વ્યવહારચિત્રને ને કૃષ્ણમહિમાને રજૂ કરે છે.

દયારામે જેમાં શ્રીજીના દર્શનના સ્વાપ્નિક અનુભવો વર્ણવ્યા હોય ને જાત સાથે ગોષ્ઠિ કરી હોય તેવી ૫૭ કડીની 'સ્વાંત:-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરણ સમાધાન' વગેરે કેટલીક ફુટકળ પદ્યરચનાઓ ને 'નિકુંજનાયક શ્રીનાથજીને વિનવણી' (મુ.), 'મનપ્રબોધ', 'પ્રત્યક્ષાનુભવ' વગેરે ગદ્યરચનાઓ મુદ્રિત મળે છે એ દયારામના અધ્યાત્મ-અનુભવ અને અંતસ્તાપના નિવેદન રૂપે નોંધપાત્ર છે.

દયારામની અન્ય ગદ્યરચનાઓમાં ૧૫ પ્રકરણની 'પ્રશ્નોત્તરમાલિકા' (મુ.) શિષ્યગુરુનાં ૧૫ પ્રશ્નોત્તરમાં ૪ વૈષ્ણવ મતો અને શાંકરવેદાંતના સિદ્ધાંતો રજૂ કરી શુદ્ધાદ્વૈત વેદાંત અને પુષ્ટિભક્તિ રીતિભાવનાનું સમર્થન કરે છે. દર્શનશાસ્ત્રના દુરુહ સિદ્ધાંતોની સુગમ સમજ આપતી આ કૃતિમાં કર્તાની બહુશ્રુત વિદ્વત્તાનો નિચોડ છે. 'પ્રશ્નોત્તરમાળા' (મુ.)માં ધર્મબોધ અને વ્યવહારબોધના ૧૦૮ ટૂંકા પ્રશ્નોત્તર છે, તો 'હરિહરાદિસ્વરૂપ તારતમ્ય' (મુ.)માં શિવજીની સામે શ્રીહરિનું પરબ્રહ્મપણું કેટલીક પૌરાણિક કથાઓના આધાર સાથે સ્થાપિત કર્યું છે. પદ્મપુરાણાન્તર્ગત 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા માહાત્મ્ય'ને એમણે ગુજરાતી ગદ્યમાં ઉતારેલ છે, તેમાંનાં ચરિત્રવર્ણનોમાં કથાકાર પુરાણીની શૈલી ધ્યાન ખેંચે છે. પોતાની વ્રજભાષાની કૃતિ 'સતસૈયા' તથા ગુજરાતી-વ્રજ કૃતિ 'ચાતુરચિત્ત વિલાસ' તેમ જ ગોપાલદાસના 'વલ્લભાખ્યાન'ની ગદ્યટીકા (મુ.)માં શબ્દોના પર્યાયો આપી વિવરણપદ્ધતિએ અર્થોદ્‌ઘાટન કરવાનો પ્રયત્ન છે, જે અર્થ ક્યારેક ભાવાનુવાદ પણ બનતો દેખાય છે. ગદ્યમાં આ ઉપરાંત, દયારામ પાસેથી 'વલ્લભનામ માહાત્મ્ય-નિરૂપણ' (મુ.), 'જ્ઞાનપ્રકરણ' તથા 'સત્સંગ વિશે'ની નોંધો (મુ.), 'કલેશકુઠાર'ના ૩ દુહા પરની નોંધ (મુ.) અને અન્ય પ્રકીર્ણ રચનાઓ (કેટલીક મુ.) મળે છે.

દયારામે વ્રજ-હિંદી ભાષામાં વિપુલ પ્રમાણમાં અને નોંધપાત્ર રચનાઓ કરી છે. એમાં 'રસિકરંજન' (મુ.) 'સંપ્રદાયસાર' (મુ.), 'પુષ્ટિપથસારમણિદામ' (મુ.), 'સિદ્ધાંતસાર' (મુ.) જેવી તત્ત્વ-વિચારાત્મક કૃતિઓ છે. આ પ્રકારની કૃતિ 'ભક્તિવિધાન' (મુ.) શોભાચંદ્રની કૃતિને જ મુખ્યત્વે સમાવતી હોય તેવી છે. એનું દયારામનું કર્તૃત્વ સ્થાપિત થતું નથી. 'કલેશકુઠાર' (મુ.), 'કૌતુક-રત્નાવલી' (મુ.) વગેરે બોધાત્મક, તો 'પુષ્ટિભક્તરૂપમાલિકા' (મુ.) આદિ ઘણી નામમાળાઓ પણ એમણે રચેલી છે. 'વિષ્ણુસ્વામીની પરચરી' (મુ.), 'અકલચરિત્રચંદ્રિકા' અને 'શ્રીમદ્‌ભાગવતાનુક્રમણિકા' (૨. ઈ. ૧૮૨૩/સં. ૧૮૭૯, ફાગણ વદ ૨; મુ.) ચરિત્રવર્ણનાત્મક ને પ્રસંગવર્ણનાત્મક કૃતિઓ છે, તો શ્રીજી, ગુરુ આદિના માનસદર્શનના અનેક પ્રસંગોને વર્ણવતી 'અનુભવમંજરી' (મુ.), 'પ્રમેયપચાવ' (મુ.) આ બીજી કૃતિના સાંધણ સમી 'સ્વાંત: કરણસમાધાન' (મુ.) વગેરે કૃતિઓ આત્મકથનાત્મક અને આત્મ-નિવેદનાત્મક છે. 'વૃંદાવન વિલાસ' (મુ.) જેવી વર્ણનાત્મક કૃતિઓ અને લાવણી, રેખતો આદિ અનેક પદ્યબંધોમાં ચાલતાં ઘણાં પદો (મુ.) પણ દયારામે રચ્યાં છે. એમની 'સતસૈયા' (૨.ઈ. ૧૮૧૬/સં.૧૮૭૨, ભાદરવા સુદ ૮ ગુરુવાર; મુ.) સુક્તિસંચયની કાવ્ય-પરંપરામાં કલાત્મકતા અને સરસતાની દૃષ્ટિએ અગત્યનું સ્થાન મેળવે એવી કૃતિ છે, તો એકથી ૧૦૮ સુધીની સંખ્યાઓ ધરાવતી વસ્તુઓની સૂચિ કરતી 'વસ્તુવૃંદદીપિકા' (૨. ઈ. ૧૮૧૮/સં. ૧૮૭૪, શ્રાવણ વદ ૮; મુ.) અને 'પિંગળસાર' (મુ.) દયારામની બહુશ્રુતતાનો વિસ્મયકારક અનુભવ આપણને કરાવે છે. આ ઉપરાંત દયારામને નામે 'વ્રજવિલાસામૃત' (૨. ઈ. ૧૮૨૬/સં. ૧૮૮૨, આસો સુદ ૫; મુ.), 'સપ્તભૂમિકા', 'રાગમાળા', 'તાલમાળા' વગેરે કેટલીક કૃતિઓ નોંધાયેલી છે. સર્વ કૃતિઓ દયારામનું ભાષા અને પદ્ય પરનું પ્રભુત્વ દર્શાવે છે.

દયારામે મરાઠીમાં 'નરસિંહ મહેતાની હૂંડી' (મુ.) અને સંસ્કૃતમાં સ્તોત્રાદિ પ્રકારની કૃતિઓ રચેલી મળે છે.

કૃતિ : ૧. અનુભવમંજરી, સં. જીવણલાલ છ. જોશી, ઈ. ૧૯૬૮; ૨. કૌતુકરત્નાવલી અને પિંગલસાર, સં. જીવણલાલ છ. જોશી, સં. ૧૯૯૫; ૩. દયારામ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૬૦ (+સં.); ૪. દયારામ કાવ્ય સુધા, સં. પ્રાણશંકર વૈ. વ્યાસ, ઈ. ૧૯૧૬ (સં.); ૫. દયારામ કાવ્યામૃત, સં. રણછોડભાઈ હ. જોશી, નાથજીભાઈ ગિ. જોશી, ઈ. ૧૯૪૯ (+સં.); ૬. દયારામકૃત કાવ્ય, પ્ર. નારાયણભિકશેટ, સખારામભિકશેટ, સં. ૧૯૩૨; ૭. દયારામકૃત કાવ્યમણિમાલા : ૧, સં. છોટાલાલ ગિ. જોશી, ઈ. ૧૯૧૪ (+સં.); ૮. દયારામકૃત કાવ્યમણિમાલા-૨, સં. છોટાલાલ ગિ. જોશી, વસંતરામ હ. શાસ્ત્રી, ઈ. ૧૯૧૬ (+સં.); ૯. દયારામકૃત કાવ્યમણિમાલા : ૩ અને ૪, સં. છોટાલાલ ગિ. જોશી, જગજીવનદાસ દ. મોદી, બંનેની ઈ. ૧૯૨૪ (+સં.); ૧૦. દયારામકૃત કાવ્યમણિમાલા : ૫, નાથજીભાઈ ગિ. જોશી, વસંતરામ હ. શાસ્ત્રી, ઈ. ૧૯૨૯ (+સં.); ૧૧. દયારામકૃત કાવ્ય-મણિમાલા : ૬, સં. નારાયણદાસ ૫. શાહ, ઈ. ૧૯૪૮; ૧૨. દયારામ કૃત કાવ્યસંગ્રહ (૨ ભાગમાં) સં. નર્મદાશંકર લાલશંકર, ઈ. ૧૮૬૦; ૧૩. દયારામકૃત ભક્તિનીતિ કાવ્યસંગ્રહ, પ્ર. હરજીવન પુરુષોત્તમ, ઈ. ૧૮૭૬; ૧૪. દયારામ ગદ્યધારા, સં. કેશવરામ કા. શાસ્ત્રી, જીવનલાલ છ. જોશી, ભા. ૧ અને ૨ – ઈ. ૧૯૮૧, ૩ –ઈ. ૧૯૮૩; ૧૫. દયારામ રસથાળ, સં. જીવનલાલ છ. જોશી, સં. ૨૦૦૧; ૧૬. દયારામ રસધારા, સં. કેશવરામ કા. શાસ્ત્રી, જીવનલાલ છ. જોશી, ભા. ૧ – ઈ. ૧૯૭૧, ૨ – ઈ ૧૯૭૩, ૩ અને ૪ – ઈ. ૧૯૭૫, ૫ અને ૬ – ઈ.૧૯૮૧, ૯ – ઈ.૧૯૮૦; ૧૭. દયારામ રસસુધા, સં. શંકરપ્રસાદ છ. રાવલ, ઈ. ૧૯૪૩ (+સં.); ૧૮. દયારામ વાકસુધા, સં. જીવણલાલ છ. જોશી, ઈ. ૧૯૪૧; ૧૯. દયારામ સતસઈ (સટીક), સં. અંબાશંકર નાગર ઈ. ૧૯૬૮; ૨૦. દયારામ સાગર લ્હેરી, સં. જીવણલાલ છ. જોશી, સં. ૧૯૯૮; ૨૧. પુષ્ટિપથરહસ્ય, સં. ગોવિંદલાલ વાડિયાવાલા, સં. ૨૦૦૧ (+સં.); ૨૨. પુષ્ટિપથરહસ્ય તથા બીજું કાવ્ય-સાહિત્ય, પ્ર. ભક્ત કવિશ્રી દયારામભાઈ સ્મારક સમિતિ, સં. ૨૦૦૩; ૨૩. પ્રબોધબાવની, સં. માધવ મો. ચૌધરી, સં. ૨૦૦૬; ૨૪. પ્રશ્નોત્તરમાલિકા, સં. છગનલાલ હિ. જોશી, ઈ. ૧૯૩૧ (+સં.); ૨૫. ભકતવેલ, પ્ર. નટવરલાલ ઈ. દેસાઈ, ૧૯૫૦; ૨૬. ભક્તિપોષણ, પ્ર. શુદ્ધાદ્વૈત સંસદ, ઈ. ૧૯૪૮ (સુધારેલી બીજી આ.); ૨૭. ભક્તિપોષણ, પ્ર. રણછોડદાસ વરજીવનદાસ, ઈ. ૧૯૧૩ (બીજી આ.); ૨૮. રસિકવલ્લભ, સં. કેશવરામ કા. શાસ્ત્રી, ઈ. ૧૯૬૧; ૨૯. રસિકવલ્લભ, સં. જેઠાલાલ ગો. શાહ. ઈ. ૧૯૩૩, ઈ. ૧૯૬૩; (સુધારેલી બીજી આ.) (+સં.); ૩૦. વ્રજવિલાસામૃત, પ્ર. ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, ઈ. ૧૯૩૩; ☐ ૩૧. પ્રાકામાળા : ૨, ૧૧, ૧૩; ૩૨. પ્રાકાસુધા : ૩; ૩૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેમરસમાળા, પ્ર. બાજીભાઈ અમીચંદ, ઈ. ૧૮૬૬; ૩૪. બૃકાદોહન : ૧, ૪, ૫ (+સં.), ૬; □ ૩૫. અનુગ્રહ, માર્ચ-એપ્રિલ ૧૯૬૧–'શ્રી દયારામભાઈનું અપ્રગટ સાહિત્ય', સં. જીવણલાલ છ. જોશી; ૩૬. અનુગ્રહ, ફેબ્રુ. ૧૯૬૨ – 'અન્યાક્રાય-મર્દન', સં. જીવનલાલ છ. જોશી; ૩૭. અનુગ્રહ, માર્ચ ૧૯૬૨–'ધવલ ધનાશ્રી રાગના ત્રણ ગ્રંથો,' સં. જીવણલાલ છ. જોશી; ૩૭. અનુગ્રહ, એપ્રિલ ૧૯૬૨–'ભક્તલક્ષણ', સં. જીવણલાલ છ. જોશી; ૩૮. અનુગ્રહ મે ૧૯૬૨–'અનન્યશરણ-સ્વરૂપદર્શન', સં. જીવણલાલ છ. જોશી; ૩૯. અનુગ્રહ, જુલાઈ અને ઑગસ્ટ. ૧૯૬૨–'દયારામ ભાઈની વાણી', સં. જીવણલાલ છ. જોશી; ૪૦. અનુગ્રહ, નવે. તથા ડિસે.૧૯૬૨ અને જાન્યુ. તથા ફેબ્રુ. ૧૯૬૩ – 'દયારામભાઈનો વાણીપ્રસાદ', સં. જીવણલાલ છ. જોશી; ૪૧. પ્રાકાત્રૈમાસિક ઈ. ૧૮૮૬ અં. ૩–'ષડ્ઋતુ', 'પ્રબોધબાવની', 'મનમતિસંવાદ' (+સં.); ૪૨. એજન, ઈ. ૧૮૮૮ અં. ૧–'રાસપંચાધ્યાયી', 'હરિભક્તચંદ્રિકા'; ૪૩. એજન, ઈ. ૧૮૮૯ અં. ૨–'રાધિકાવિરહના દ્વાદસમાસ'; ૪૪. એજન, ઈ. ૧૮૮૯ અં. ૪– 'બ્રાહ્મણભક્તવિવાદનાટક', 'યમુનાજીની સ્તુતિ', 'પદો', 'રાધા અષ્ટોત્તર શતનામ', 'શ્રીકૃષ્ણ અષ્ટોત્તર શતનામચિંતામણિ', 'કૃષ્ણઉપવીત'; ૪૫. એજન, ઈ. ૧૮૯૪ અં. ૧ –'શ્રીમદ્ ભગવદ્ગીતા માહાત્મ્ય.'

સંદર્ભ : ૧. કવિચર્યામાળા : ૧-૨-૩. સં. ભોળાનાથ બા. કંથારિયા, ઈ. ૧૯૨૪ (બીજી આ.); ૨. કવિ દયારામનો અક્ષરદેહ, ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, ઈ. ૧૯૦૮; ૩. કવિરત્ન દયારામની સંપૂર્ણ જીવનકથા, ત્રિભુવન જ. શેઠ, ઈ. ૧૮૯૯; ૪. દયારામ, જગજીવનદાસ દ. મોદી, ઈ. ૧૯૧૮; ૫. દયારામ, પ્રવીણ દરજી, ઈ. ૧૯૭૮; ૬. દયારામ અને હાફેઝ, કૃષ્ણલાલ મો. ઝવેરી, ઈ. ૧૯૦૧; ૭. દયારામ એક અધ્યયન, સુભાષ મ. દવે, ઈ. ૧૯૭૦; ૮. ભક્તકવિશ્રી દાયારામનું આંતરજીવન અથવા દિવ્ય અક્ષરદેહ, મૂલચંદ તુ. તેલીવાલા, જેઠાલાલ ગો. શાહ, ઈ. ૧૯૩૧; ૯. દયારામ શતાબ્દી સ્મૃતિગ્રંથ શ્રદ્ધાંજલિ, સં સી. સી. શાહ, વિનોદચંદ્ર ડા. પાઠક; ૧૦. બંસીબોલના કવિ યાને ભક્તકવિ શ્રી દયારામભાઈનું જીવનદર્પણ, જેઠાલાલ ગો. શાહ, ઈ. ૧૯૬૩; ૧૧. ભક્ત કવિશ્રી દયારામભાઈનું જીવનચરિત્ર, શંકરપ્રસાદ છ. રાવળ, ઈ. ૧૯૨૦; □ ૧૨. આપણા સાક્ષરરત્નો : ૨, નહાનાલાલ દ. કવિ, ઈ. ૧૯૩૫ – કવિવર દયારામભાઈ; ૧૩. (ધ) ક્લૉસિકલ પોએટ્સ ઑવ ગુજરાત, ગોવર્ધનરામ એમ. ત્રિપાઠી, * ઈ. ૧૯૯૪, ઈ. ૧૯૫૮ (ત્રીજી આ.); ૧૪. ગુમાસ્તંભો; ૧૫. ગુલિટરેચર; ૧૬. ગુસાઈતિહાસ : ૨; ૧૭. ગુસામધ્ય; □ ૧૮. ત્રણ જ્યોતિર્ધરો, કે. કા. શાસ્ત્રી, ૧૯૭૩ – 'દયારામ', 'ભક્તકવિ દયારામભાઈ,' 'શ્રી દયારામભાઈના ગુરુ શ્રી વલ્લભજી મહરાજ,' 'ભક્તકવિ દયારામભાઈની કૃતિઓનો રચનાક્રમ', 'ભકતકવિ દયારામને નામે ચડેલી કૃતિઓ'; ૧૯. એજન – 'કૃષ્ણજન કવિ દયારામભાઈ,' 'સમીક્ષાને પંથે', લે. જીવનલાલ છ. જોશી; ૨૦. થોડાંક રસદર્શનો સાહિત્ય અને ભક્તિનાં, કનૈયાલાલ મુનશી, સં. ૧૯૯૯ – 'દયારામ ગુજરાતનો પ્રણયકવિ'; ૨૧. દિવાનબહાદુર કૃ. મો. ઝવેરી લેખસંગ્રહ, સંપા. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૫૧–'દયારામ અને હાફેઝ'; ૨૨. નર્મગદ્ય, નર્મદાશંકર લા. દવે * પહેલી આ. ૧૯૬૫, ૧૯૭૫ – 'કવિચરિત્ર'; ૨૩. સાહિત્ય અને વિવેચન–૨, કેશવલાલ હ. ધ્રુવ, ઈ. ૧૯૪૧ – 'કવિ દયારામ વિશે કંઈક અથવા દયારામનું પૂર્વજીવન'; □ ૨૪. ગુજરભારતી, જુલાઈ ઑગ. તથા સપ્ટે. – નવે. ૧૯૭૭ – 'વિવિધ લેખકોના લેખો'; ૨૫. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૬૫ – 'દયારામ ભક્ત અને પ્રણયી' ચંદ્રકાન્ત ટોપીવાળા; ૨૬. વૈશ્વાનર વર્ષ ૧૦ અંક. ૧-૨ અને ૩-૪, દયારામ સ્મારકાંક – 'વિવિધ લેખકોના લેખો'; □ ૨૭. ગૂહાયાદી; ૨૮. ફૉહનામાવલિ.

સંદર્ભસૂચિ : ૧. ગુજરાતી સાહિત્યસૂચિ (મધ્યકાળ) સંપા. પ્રકાશ વેગડ, ઈ. ૧૯૮૪; ૨. દયારામ એક અધ્યયન, સુભાષ મ. દવે, ઈ. ૧૯૭૦; ૩. દયારત્નમાળ : ૧ અને ૨, સં. ભોળાનાથ બા. કંથારિયા, ઈ. ૧૯૨૪ (ત્રીજી આ.) અને ઈ. ૧૯૨૬. [સુ.દ.]

દયારામ–૨ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાનમાર્ગી સંતકવિ. રામચંદદાસના શિષ્ય. દીક્ષા ઈડરમાં. એમની સાખીઓ અમદાવાદમાં આરંભાઈ. આતરસુબામાં વિસ્તાર પામી વડોદરામાં પૂરી થઈ છે એટલે તેમનો નિવાસ મુખ્યત્વે મધ્ય ગુજરાતમાં હશે એમ સમજાય છે. કવિની કૃતિઓમાં મોટે ભાગે "દાસ દયારામ"ની નામછાપ મળે છે. ૨૭ કડીની 'પ્રેમલતા' (૨. ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧, કારતક સુદ ૯), ૨૨ કડીની 'વૈરાગ્યલતા' (૨. ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧, કારતક સુદ ૯), 'ગુરુ-મહિમા', 'મનપ્રબોધ' આ કવિની ગુજરાતી ભાષામાં રચાયેલી કૃતિઓ છે, જ્યારે ૩૩ કડીની 'અનુભવપ્રકાશ' અને 'આત્મનિરૂપણ' (લે. ઈ. ૧૮૨૧) હિન્દી ભાષામાં રચાયેલી કૃતિઓ છે. ગુરુદેવ, સત્સંગ, સ્મરણ વગેરે નામનાં ૧૦૬ આંગો ધરાવતી સાખીઓ (૨. ઈ. ૧૮૨૬/સં. ૧૮૮૨, જેઠ વદ–) ગુજરાતી અને હિન્દી બંને ભાષામાં ચાલે છે અને સાદી સરળ અભિવ્યક્તિ ધરાવે છે. એમનાં પદો અને કીર્તનો પણ હિન્દી તેમ જ ગુજરાતી ભાષામાં રચાયેલાં છે જેમાં રાસપંચાધ્યાયીને લગતાં ૪ પદ, અક્રૂરને થયેલા વિરાટદર્શનનું પદ તેમ જ અધ્યાત્મવિષયક અને ઉપદેશાત્મક પદોનો સમાવેશ થાય છે. અધ્યાત્મવિષયક પદોમાં રૂપકાદિકનો તેમ જ યૌગિક પરિભાષાનો આશ્રય લેવાયો છે.

સંદર્ભ : ગુજરાતી, દીપોત્સવી અંક, ઑક્ટો. ૧૯૫૧–'દાસ દયારામ', કેશવરામ કા. શાસ્ત્રી. [કી.જો.]

દયારામ–૩[ ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. 'બાંણુવાની સાલ મધે' એટલે સંભવત: સં. ૧૮૯૨ (ઈ. ૧૮૩૬)માં રચાયેલા તેમના ૧૯૦ કડીના 'સોલંકીનો ગરબો' (મુ.)માં વજા સોલંકીને ત્યાં જન્મેલી પુત્રી, જેને પુત્ર તરીકે જાહેર કરી પરણાવવામાં આવે છે તે નારી મટીને નર બને છે તેનું વૃત્તાંત વીગતે વર્ણવાયું છે અને તે દ્વારા બહુચરાનો પ્રતાપ દર્શાવવામાં આવ્યો છે. આ નામે નોંધાયેલો 'બહુચરાનો ગરબો' પણ આ જ કૃતિ હોવાની સંભાવના છે.

કૃતિ : ભગવતી કાવ્યસંગ્રહ : ૧, પ્ર. શા. ઉત્તમરામ ઉમેદચંદ્ર, ઈ. ૧૮૬૭. [કી.જો.]

દયારુચિ(ગણિ) [ઈ. ૧૭૭૯માં હયાત] . તપગચ્છના જૈન સાધુ. રૂપરુચિના શિષ્ય. દુહા-દેશીબદ્ધ ૨૧ ઢાળમાં સમેતશિખર અને તેની ટૂંકોનું વર્ણન તેમ જ એ ટૂંકો સાથે સંકળાયેલા તીર્થંકરોના ચરિત્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને મહિમાના આલેખન દ્વારા તીર્થમહિમા અને તદ્‌જન્ય ભક્તિનું પ્રાસાદિક શૈલીમાં નિરૂપણ કરતા 'સમેતગિરિ ઉદ્ધાર-રાસ' (૨. ઈ. ૧૭૭૯/ સં. ૧૮૩૫, મહા સુદ ૫ (?); મુ.)ના કર્તા.

કૃતિ : સમેતશિખર મહાતીર્થ, સં. મુનિ અભયસાગર, સં. ૨૦૧૭ (+સં.). [૨.૨.દ.]

દયાવિજયશિષ્ય [ઈ.૧૮૨૭માં હયાત] : જૈન સાધુ. ૪ કડીની 'સિદ્ધાચલજીની હોરી' (૨. ઈ. ૧૮૨૭/સં. ૧૮૮૩, મહા વદ ૧૩; મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૨. [કી.જો.]

દયાશંકર–૧ [જ. ઈ. ૧૭૭૭–અવ. ઈ. ૧૮૫૩] : જુઓ દયારામ-૧.

દયાશંકર–૨ [ઈ. ૧૮૭૫ સુધીમાં] : ૩૫૦ ગ્રંથાગ્રની 'રુકિમણી સ્વયંવર' તથા 'સ્તવનમંજરી' (લે. ઈ. ૧૮૭૫ આસપાસ) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. ફોંહનામાવલિ. [કી.જો.]

દયાશીલ(વાચક) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિની પરંપરામાં વિજયશીલના શિષ્ય. ૧૩૨ કડીની 'દામનકચોપાઈ' (૨.ઈ. ૧૬૦૭/સં. ૧૬૬૩, જેઠ સુદ ૯), ૩૨કુંડળિયા ની 'શીલબત્રીસી' (૨.ઈ. ૧૬૦૮), 'ઈલાચીકેવલી-રાસ/ઈલાપુત્ર-રાસ' (૨. ઈ. ૧૬૧૦/સં. ૧૬૬૬, કારતક વદ ૫, સોમવાર), ૧૧૬ કડીનો 'ચંદ્રસેન ચંદ્રદ્યોત-નાટકિયા-પ્રબંધ' (૨.ઈ. ૧૬૧૧),૧૨ કડીનું 'અંતરંગ કુટુંબ-ગીત', 'કાયા કુટુંબ સઝાય/ગીત' અને અન્ય સાર્થ ગીતોના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. રાહસૂચી : ૧; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

દયાસાગર(બ્રહ્મ)–૧ [ઈ. ૧૬૬૫ સુધીમાં] : દિગંબર બ્રહ્મચારી સાધુ. 'આરાધનાપ્રતિબોધ' (લે. ઈ. ૧૬૬૫)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

દયાસાગર–૨/દામોદર(મુનિ) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિસૂરિની પરંપરામાં ઉદયસાગરના શિષ્ય. ૩૬૫ કડીની 'સુરપતિકુમાર-ચોપાઈ' (૨. ઈ. ૧૬૦૯/સં. ૧૬૬૫, બીજા ભાદરવા સુદ ૬, સોમવાર), દુહાબદ્ધ 'મદનશતક' (૨. ઈ. ૧૬૧૩) તથા ૫૬૮ કડીના 'મદનકુમાર-રાસ/મદન નરેશ્વર ચંદ્ર શ્રેષ્ઠિ ચોપાઈ' (૨. ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, આસો સુદ ૧૦, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩ (૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

દયાસાર [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ધર્મકીર્તિના શિષ્ય. 'અમરસેન-વયરસેન-ચોપાઈ' (૨. ઈ. ૧૬૫૦/સં. ૧૭૦૬, આસો સુદ ૧૦) અને ૧૧ ઢાળની 'ઈલાપુત્ર-ચોપાઈ' (૨. ઈ. ૧૬૫૪/સં. ૧૭૧૦, ભાદરવા સુદ ૯)ના કર્તા. આરંભે જિનકુશલસૂરિને વંદના ધરાવતી ૨૭ ઢાળ અને ૬૨૯ કડીની 'આરામનંદન પદ્માવતી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૪૮)ના કર્તા પણ આ જ દયાસાર હોવાનું સમજાય છે. આ કૃતિ ભૂલથી 'આરામશોભા-ચોપાઈ' તરીકે ઉલ્લેખાયેલી છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

દયાસિંહ(ગણિ) [ઈ.૧૪મી સદી અંતભાગ–ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ]: વૃદ્ધતપાગચ્છ-રત્નાકરગચ્છના જૈન સાધુ. જયતિલકસૂરિના શિષ્ય. આચાર્યપદ ઈ. ૧૩૯૬. ૧૭૫૭ ગ્રંથાગ્રના 'સંગ્રહણી પ્રકરણ-બાલાવબોધ' (૨. ઈ. ૧૪૪૧/સં. ૧૪૯૭, બીજા શ્રાવણ સુદ ૧૪, શુક્રવાર) તથા ૪૮૬૭ ગ્રંથાગ્રના 'લઘુક્ષેત્રસમાસ પ્રકરણ-બાલાવબોધ' (૨. ઈ. ૧૪૭૩/સં. ૧૫૨૯, મહાવદ ૧૧, શનિવાર)ના કર્તા. એમણે સંસ્કૃતમાં 'મલયાસુંદરી-ચરિત્ર' આદિ કેટલાંક ચરિત્રગ્રંથો ને સ્તવનો રચ્યાં હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, મુનિશ્રી દર્શન-વિજય વગેરે, ઈ. ૧૯૬૪; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ]

દયાસૂર [ઈ. ૧૮૦૪ સુધીમાં] : કર્તાનામ દયાસૂરિ હોઈ શકે અથવા ગુરુશિષ્યનાં નામ જોડાયેલાં હોય તો દયાશિષ્ય સૂર પણ હોઈ શકે. એમને નામે 'સરસ્વતી-છંદ' તથા ૪ કડીની 'ચોવીસ જિનની થોય' (લે. ઈ. ૧૮૦૪) મળે છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

દયાળદાસ [જ. ઈ. ૧૭૭૯/સં. ૧૮૩૫, શ્રાવણ સુદ ૭ – અવ. ઈ. ૧૮૬૧/સં. ૧૯૧૭, જેઠ સુદ ૫] : જ્ઞાનમાર્ગી સંતકવિ. નિરાંત મહારાજના શિષ્ય અને વડોદરામાં વાડીની જ્ઞાનગાદીના આચાર્ય. જન્મ કરમડી (તા. કરજણ). જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. પિતા કુબેરભાઈ. જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ આ કવિની મુદ્રિત કૃતિઓ આ પ્રમાણે મળે છે : કાયાનગરના મન-સૂબાની પુત્રી સુરતાબાઈના આત્મારામ સાથેના વિવાહને વર્ણવતું, ૭ 'કડવાં' નામક પદનું રૂપકકાવ્ય 'સુરતાનો વિવાહ', જ્ઞાનબોધના 'બારમાસ' તથા વિશ્વંભરનાથને નીરખી લેવાનો ઉપદેશ આપતા અધ્યાત્મ-અનુભવરંગી 'બારમાસ', આત્મબોધની અને સુરતીની એમ ૨ 'તિથિ', 'સાત-વાર' તથા પ્રકીર્ણ પદો. ગરબી, ધોળ, કાફી વગેરે પ્રકારોમાં ચાલતાં અને ક્યારેક હિન્દીભાષાનો આશ્રય લેતાં એમનાં પદો મુખ્યત્વે અધ્યાત્મજ્ઞાનવિષયક છે.

કૃતિ : ૧. ગુમુવાણી; ૨. જ્ઞાનોદયપદ સંગ્રહ, સં. કેવળરામ કાલુરામ ભગત, –; ૩. (શ્રી) દિવ્ય ગિરામૃત, દેવશંકર શર્મા, ઈ. ૧૯૩૨; ૪. બૂકાદોહન : ૫.

સંદર્ભ : નિરાંતકાવ્ય, સં. ગોપાળરામ શર્મા, ઈ. ૧૯૩૯. [દે.દ.]

દયો : જુઓ દયા.

દર્શન(મુનિ) [ ]: જૈન સાધુ. ૫ કડીની 'સમકિત-સઝાય'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલોગભાવિ. [શ્રા.ત્રિ.]

દર્શનવિજય–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયતિલકસૂરિની પરંપરામાં રાજવિમલશિષ્ય વાચક મુનિવિજયના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિષ્ય ચંદ્રરાજનું અદ્‌ભુતરસિક વૃત્તાંત વર્ણવતા એમના, ૯ અધિકાર, ૫૮ ઢાળ અને ૧૪૫૪ કડીના દુહાદેશીબદ્ધ 'ચંદ્રચરિત ← ચંદ્રાયણ/ચંદમુનિ-પ્રેમલાલચ્છી-રાસ' (૨. ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, કારતક સુદ ૫/૧૦, ગુરુવાર; મુ.)માં કથારસનું પ્રાધાન્ય છે તેમ છતાં વર્ણનો, દૃષ્ટાંત વિનિયોગ, સમસ્યા-વિનોદ, આંતરપ્રાસાદિ રચનાચાતુર્યમાં કવિનું કાવ્યકૌશલ પ્રગટ થાય છે. એમનો અનુક્રમે ૧૫૩૭ અને ૨૨૨ કડીના ૨ અધિકારમાં રચાયેલો ઢાળબદ્ધ 'વિજયતિલકસૂરિ-રાસ' (પ્રથમ અધિકાર ૨. ઈ. ૧૬૨૩/સં. ૧૬૭૯, માગશર વદ ૮, રવિવાર; બીજો અધિકાર ૨. ઈ. ૧૬૪૧/સં. ૧૬૯૭, પોષ સુદ–, રવિવાર; મુ.) છેક હીરવિજયસૂરિના સમયથી ધર્મસાગરની વિવિધ પ્રરૂપણાને કારણે તપગચ્છમાં સાગરપક્ષ અને વિજયપક્ષ એવાં બે તડાં કેવી રીતે ઊભાં થતાં ગયાં એનો ઇતિહાસ વીગતે આલેખે છે. જેમાં બાદશાહ જહાંગીરે દરમ્યાનગીરી કરેલી એવા આ ઝઘડાનો ઇતિહાસ અહીં બહુધા વિજયપક્ષના દૃષ્ટિબિંદુથી વર્ણવાયો છે. આ ઉપરાંત આ કવિએ વિવિધ રાગોની ૫૯ કડીની 'નેમિજિન-સ્તવન/નેમીરાગમાળા-સ્તવન' (૨.ઈ. ૧૬૦૮/સં. ૧૬૬૪, પોષ-૨), તથા 'દંડક પ્રકરણ વિચાર-ષટ્‌ત્રિંશિકા –બાલાવબોધ' એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ૧. આકામહોદધિ : ૧ (+સં.); ૨. ઐરાસંગ્રહ : ૪(+સં.).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧,૩ (૧); ૩. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દર્શનવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં સંઘવિજયના શિષ્ય. વિજયપ્રભસૂરિના રાજ્યકાળ (ઈ. ૧૬૫૪–ઈ. ૧૬૯૩)માં રચાયેલી ૩૧ કડીની 'વિજયદેવસૂરિ-નિર્વાણ-સઝાય'ના કર્તા. કવિને ભૂલથી મુનિવિજય–શિષ્ય ગણાવાયા છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દર્શનવિજય–૩ [ ] : જૈન સાધુ. કનકવિજયના શિષ્ય. ૪ કડીની 'સિદ્ધચક્ર-સ્તુતિ' (મુ.)ના કર્તા. 'મુનિરાજ શ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રત સૂચી'માં કવિ ભૂલથી પ્રેમવિજયશિષ્ય તરીકે નોંધાયા છે.

કૃતિ : જિનપ્રકાશ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દર્શનસાગર : 'દર્શન' 'દર્શનસાગર' એવી નામછાપ ધરાવતી ૩ ગહૂંલી (મુ.) મળે છે તેના કર્તા દર્શનસાગર-૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણક, ઈ. ૧૮૯૧. [૨.૨.દ.]

દર્શનસાગર (ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૮મી સદી] : અંચલગચ્છના જૈન સાધુ. ઉદયસાગરસૂરિના શિષ્ય. મૂળ નામ દેવશંકર. નલિયા (કચ્છ)ના ઔદીચ્ય બ્રાહ્મણ અને વ્યવસાયે માણભટ્ટ. પત્નીનું અવસાન થતાં ઈ. ૧૭૪૭માં દીક્ષા. ઈ. ૧૭૫૨માં ઉપાધ્યાયપદ. પિંગળ વગેરેના જાણકાર આ કવિ ઈ. ૧૭૭૦ સુધી હયાત હોવાની માહિતી મળે છે.

આ કવિનો ૫ ખંડ, ૧૬૭ ઢાળ અને ૬૦૮૮ કડીનો દુહા દેશીબદ્ધ 'આદિનાથજીનો રાસ'←(૨. ઈ. ૧૭૬૮/સં. ૧૮૨૪, મહ-સુદ ૧૩, રવિવાર;મુ.) પ્રથમ તીર્થંકર ઋષભદેવની સમગ્ર જીવનચર્યા ઉપરાંત એમના ૧૨ પૂર્વભવો ને સમગ્ર ભરત-બાહુબલિવૃત્તાંત આલેખે છે ને દૃષ્ટાંત રૂપે આવતી અન્ય કથાઓ પણ વીગતે કહે છે. કથાપ્રચુર આ કૃતિને રાજાનાં લક્ષણો જેવી અનેક માહિતીલક્ષી વીગતો, વનખંડ વગેરેનાં વર્ણનો ને સુભાષિતોથી કવિએ વિશેષ વિસ્તારી છે. આ ઉપરાંત, કવિએ 'પંચકલ્યાણકની ચોવીસી' (૨. ઈ. ૧૭૬૩; મુ.) અને અન્ય સ્તવનો રચેલાં છે.

કૃતિ : ૧. આદિનાથજીનો રાસ, સં. શા. હીરાલાલ હંસરાજ, ઈ. ૧૯૨૩; ☐૨. અંચલગચ્છ સ્નાત્રપૂજાદિ તપસંગ્રહ, મુ. નિર્ણયસાગર પ્રેસ, ઈ. ૧૮૯૭.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ. ૧૯૬૮; ૨. જૈન પરંપરાનો ઇતિહાસ : ૨, મુનિશ્રી દર્શનવિજય વગેરે ઈ.૧૯૬૦; ☐૩. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

દલપત : જુઓ દોલતવિજય(ગણિ).

દલપત–૧/દલપતદાસ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : પદકવિ. જ્ઞાતિએ વીસનગરો નાગર. અમદાવાદનો વતની.

૧૨ કડીનો 'અંબાઈ માતાનો ગરબો' (૨. ઈ.૧૭૨૮/સં. ૧૭૮૪, ભાદરવા સુદ ૨, રવિવાર), ૧૪ કડીનો 'ગણપતિનો ગરબો' (૨.ઈ. ૧૭૩૦/સં. ૧૭૮૬, આસો સુદ ૫), કાંકરિયા તળાવના ઇતિહાસની માહિતી આપતો ને કાંકરેશ્વરી દેવીનું માહાત્મ્ય વર્ણવતો ૩૧/૩૩ કડીનો 'કાંકરેશ્વરીનો ગરબો' (૨. ઈ. ૧૭૩૧/ સં. ૧૭૮૭, ચૈત્ર સુદ ૧૫), રાજા દ્વારા થતી પ્રજાની રંજાડને વર્ણવતો ૫૬ કડીનો 'સંકટનો ગરબો', સમગ્ર કૃષ્ણચરિત્રને વર્ણવતો ૪૫ કડીનો 'શ્રીકૃષ્ણ-જન્મનો ગરબો' એ આ કવિની મુદ્રિત કૃતિઓ છે. સ્વભાવોક્તિવાળું ને પ્રાસાદિક નિરૂપણ આ કૃતિઓની વિશેષતાઓ છે.

આ કવિની અન્ય કૃતિઓ છે : 'અંબાજીનો ગરબો,' 'દેવકીનો ગરબો', 'બહુચરાજીનો ગરબો' અને 'સાસુવહુનો ગરબો.' સંસ્કૃત 'કુવલયાનંદ'નું 'દલપતવિલાસ' નામે હિન્દી રૂપાન્તર આ કવિએ કર્યું હોવાનો ઉલ્લેખ મળે છે.

દલપતને નામે નોંધાયેલ પદો આ કવિની ઉપર્યુક્ત રચનાઓ હોઈ શકે કે અન્ય રચનાઓ પણ હોય.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.); ૨. કાદોહન:૩; ૩. પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. કવિચરિત્ર; ૩. ગુહિફાળો; ☐ ૪. ગૂહાયાદી; ૫. ફાહનામાવલિ : ૧; ૬. ફોંહનામાવલિ. [૨. સો.]

દલભટ્ટ [ઈ. ૧૬૪૩માં હયાત] : જૈન સાધુ લેખવામાં આવ્યા છે, પરંતુ પાર્શ્વચન્દ્ર ગચ્છના હીરરાજ-પુંજરાજ મુનિના કોઈ અનુયાયી ભક્ત હોવાનો સંભવ છે. એમણે પૂંજરાજઋષિએ કરેલા વિવિધ પ્રકારના દીર્ઘ તપોનું વર્ણન કરતો ૩ ઢાળ અને ૨૧ કડીનો 'મહાતપસ્વી શ્રી પૂંજામુનિનો રાસ' (૨. ઈ. ૧૬૪૩/ સં. ૧૬૯૯ ફાગણ સુદ–; મુ.) રચ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : જૈન રાસસંગ્રહ : ૧, સં. સાગરચન્દ્રજી, ઈ. ૧૯૩૦ (+સં).
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [ક્રા.ત્રિ.]

દલસુખરામ [ ] : એમને નામે 'કવિત' નોંધાયેલ મળે છે.
સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

દલ્હ [ઈ. ૧૪૮૧માં હયાત] : ૩૦૦ કડીની હિંદી ભાષાની છંટવાળી 'બિલ્હણચરિ–ચોપાઈ' (૨. ઈ. ૧૪૮૧/ સં. ૧૫૩૭, વૈશાખ સુદ ૧૦, ગુરુવાર)ના કર્તા.
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

'દશમસ્કંધ' (૧) : પ્રેમાનંદની આ પ્રબંધરચના (મુ.) ભાગવત દશમસ્કંધના ૯૦ અધ્યાયમાંથી ૫૩મા અધ્યાયની વચ્ચેથી ૧૬૫ કડવાંએ અધૂરી રહેલી છે અને સુંદર મેવાડાએ પૂરી કરેલી છે. આ કૃતિ, એની રચનાશૈલીની સહજ પ્રૌઢિ ઉપરથી, પ્રેમાનંદના જીવનનાં છેલ્લાં વર્ષોનું સર્જન હોય એમ પ્રતીત થાય છે.

મૂળ ભાગવતની સંસ્કૃત અધ્યાય–શ્લોકબદ્ધ રચનાની સામે પોતાની પ્રાકૃત એટલે લોકભાષાની કડવાં-ચોપાઈબંધની કૃતિને મૂકતા કવિની નેમ એક સમોવડિયો ગ્રંથ આપવાની છે, પરંતુ એ ક્યાંક-ક્યાંક મૂળથી દૂર ચાતરે છે અને ઉમેરણો પણ કરે છે. જેમ કે, યશોદાને પડખે બાળક કૃષ્ણને મૂકતી વખતે વસુદેવે રાખેલી દીપકની સાક્ષી, વ્રજની સીમમાં કૃષ્ણના હાથનો પ્રસાદ મેળવવા માટેની બ્રહ્માની યુક્તિઓ, કાલિય નાગના ઝેરી ફૂંફાડાથી કદંબવૃક્ષ બચવા અંગેનો પ્રશ્નોત્તર, ગોવર્ધનધારણ વખતે કૃષ્ણના ક્રોધાગ્નિથી અતિવૃષ્ટિનું જળ શોષાઈ ગયા અંગેનો ખુલાસો વગેરે.

"કથાપ્રસંગ ભંગ ન પડે', એવી ખાતરી ઉચ્ચારતા કવિની નજર વિશેષે કરીને કથાપ્રસંગ ઉપર છે. કથાપ્રસંગને ઉઠાવ આપવો, મલાવીને શ્રોતા આગળ મૂકવો એમાં એમની વિશેષતા છે. પૂતનાવધથી શરૂ કરીને બાળકૃષ્ણનું એકેએક ચરિત્ર એ આપે છે ને ચરિત્ર પૂરું થતાં આંક પણ આપે છે. જેમ કે, વહ્નિનભક્ષણ તે 'દ્વાદશમું ચરિત્ર' છે (કડવું ૫૯). નાગદમણ, રાસપંચાધ્યાયી, રુકિમણી-વિવાહ જેવાં પ્રસંગાલેખનો લઘુ આખ્યાનકો તરીકે કલ્પાયાં હોય એવી છાપ પડે છે. એમાં કોઈ વાર અલગ સરસ્વતીસ્તવન પણ મુકાયેલ છે.

કથાનકોને કવિની સુરેખ ચિત્રણની શક્તિને લીધે, સ્વભાવોક્તિને લીધે, કટાક્ષ અને નાદમાધુર્યને લીધે રૂડો ઉઠાવ મળે છે. "મુખે દશ આંગળી"થી પ્રત્યક્ષ થતું ત્રસ્ત દેવકીનું, "સૂતા ચંચલ શ્વાન"થી દર્શાવાતું રાત્રિની શાંતિનું, "વાંસે વહે જલધાર"થી મૂર્ત થતું નંદ-વસુદેવના હૃદયસ્પર્શી મિલનનું અને "પૂછ ચડાવ્યાં શીશ"થી વ્યક્ત થતું દોડતાં વાછરડાનું ચિત્ર જુઓ. યજ્ઞશાળામાં ખાવાનું માગવા ગયેલા ગોપબાલોને તરછોડનાર બ્રાહ્મણો પ્રત્યેનો કટાક્ષ "આચાર્ય બોલ્યા કર્મશુચિ, ગોપને યજ્ઞઅન્નની રુચિ" એમાં દાઢમાં બોલાયેલા "કર્મશુચિ" શબ્દ દ્વારા અને "શુચિ"–"રુચિ" પ્રાસ દ્વારા વ્યક્ત થાય છે. પૂતનાની અરમાનભરી ગતિને નાદ-મધુર પદાવલિ અને ચરણાન્તર્ગત પ્રાસરચનાથી ઉઠાવ મળ્યો છે, તો "કો ન શકે કુંભમાં અંબુ ભરી" જેવી પંક્તિમાં ઘડો ભરાવાનો બુડબુડ અવાજ શબ્દસંકલના દ્વારા ઝિલાયો છે.

'દશમસ્કંધ'નું ભાષાકર્મ અનાયાસ રચનાકૌશલના નિદર્શનરૂપ છે. સંસ્કૃત શબ્દો પણ પ્રેમાનંદ રચનામાં છૂટથી આવવા દે છે. ક્વચિત્ "ચતુર્થમો," "ષષ્ઠમો" એવાં ખોટાં અતિ–સંસ્કૃત રૂપો પણ એ વાપરે છે. "ગોપે પર મસ્તક પર કીધાં"માં 'પીંછા' માટેનો ફારસી શબ્દ 'પર' રચનાવૈચિત્ર્યના લાભાર્થે યોજતાં એ અચકાતા નથી. એ સાથે જ "એકુ" "કેમો" જેવા બોલચાલના શબ્દો અને "છોડ-ભલાઈ" (છોડાવવાની ભલાઈ) જેવા નવ-સમાસો પણ ખરા જ. પાત્રોદ્ગારોમાં "તમને શું બાંધ્યાં ઊખળે?" જેવી બોલચાલની, ઘરાળુ વાગ્ભંગિઓ કથારસને પોષક બને છે.

કથાપ્રસંગને તાદૃશ ખીલવતા પ્રેમાનંદના પાત્રનિરૂપણમાં કોઈ વાર કોઈ ઊણપ કે મર્યાદા પ્રવેશતી જણાય છે. એમને હાથે પાત્રો માનવીય બને છે – પાત્રોને માનવલાગણીથી રસવાના નામે કવિ ક્યારેક ઔચિત્ય ચૂકે છે એવું પણ જોવા મળે છે. કંસ જોગમાયાનો કબજો લે છે ત્યારે "વસુદેવ ત્રાહે ત્રાહે કરી કર ઘસે, મુખે રુએ પણ મનમાં હસે. કુશળક્ષેમ જોઈએ છોકરો, ગોપસુતા આઘેરી મરો."–એવા આલેખનમાં કવિ વસુદેવને માનવીય કરવા જતાં અ-માનુષી ચીતરે છે. કૃષ્ણના પાત્રાલેખનમાં "ચોરી કરે ઘર માંહે, નવ બોલે સાચું" (૩૧-૧૩) એ વર્ણન કર્યા પછી "થયા વરસ દિવસના નાથ રે" (૩૫-૪) અને "બોલે બોબડું" (૩૫-૫) એવી અસંગતિઓ થઈ ગઈ છે. તે ઉપરાંત ૪ વરસના બાળક માટે "બાઈ-ઓનાં નયન છે ખોટાં" એ ગોપીઓનો ઉદ્ગાર પુરાણીઓના કામુક કૃષ્ણને પ્રેમાનંદ પણ વર્ણવી રહ્યા છે એમ સૂચવે. ભાગવત ભક્તિનો ગ્રંથ હોઈ એનાં પાત્રો દિવ્યતાની છાલકથી ભીંજાયેલાં છે, ત્યારે પ્રેમાનંદમાં નારદ જેવાં દેવર્ષિ કંસ આગળ નરાતાળ જૂઠો મૈત્રી-ઓકરાર કરે છે અને બ્રહ્મા પણ કૃષ્ણના હાથનો પ્રસાદ-કણ પામવા ભિક્ષુક કરતાંય નિકૃષ્ટ રીતે વર્તે છે. પરિણામે પ્રેમાનંદનો 'દશમસ્કંધ' માનવભાવથી રસેલાં, ઓછેવત્તે અંશે રસપ્રદ એવાં કથાનકોની માલારૂપ બની રહે છે, મૂળ ભાગવત પેઠે દિવ્યભાવની આર્દ્રતા વડે–ભક્તિ વડે એકસૂત્ર થયેલી કૃતિ બનતો નથી.

ભિન્ન ભિન્ન રસોની ખિલવણી અત્રતત્ર-સર્વત્ર થતી રહેલી જ છે. મરી રહેલી બૃહત્કાય પૂતના ઉપર "જેમ પર્વત ઉપર પોપટો" એમ કૃષ્ણ કહે છે ત્યારે એને બચાવવા "ઉન્મત્ત જોવનની મદમાતી પ્રેમભરી ગોવાળી, તત્પર થઈ પૂતના પર ચડવા, કટિ કછી, કાછડો વાળી. નિસરણી માંડી ચડી બાળા, પગ ધરતાં પડે પડછંદ, કુચ-અગ્ર વદનમાં, કરે ક્રીડા, ધાવે બાળમુકુંદ"–એ એક ચિત્રમાં શૃંગાર, વીર, બીભત્સ, રૌદ્રની લકીરો છે અને અદ્ભુતમાં અનુભવ શમે છે. અદ્ભુત સાથે કરુણની સરસાઈ છે. દેવકીનું ક્રંદન એ કરુણનો તો જશોદાના "મારું માણેકડું રિસાવ્યું રે" એ હૈયાફાટ વલોપાતમાં વાત્સલ્ય-કરુણનો પ્રગાઢ અનુભવ થાય છે. લગભગ બધાં કડવાંને અંતે રામસ્મરણ કરતાં પ્રેમાનંદ વારંવાર ભક્તિમહિમા ગાય છે, તો કોઈ વાર એમની ભક્તિનો પ્રસ્પંદ "સંસારહિંડોળો બાંધ્યો રે બ્રહ્મે" જેવા હૃદય કલ્પનમાં વરતાય છે.

પ્રેમાનંદ મુખ્યત્વે સંસારજીવનના કવિ છે. "ધન્ય સ્ત્રી, પુરુષ ધિક્કાર" કે ઋષિઓને કૃષ્ણે કહેલા "તરશો સ્ત્રી વડે" જેવાં વચનોમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતીત થતાં નારીની મૂલગત મોટાઈને જોવાના વલણને લીધે કવિનું સંસારદર્શન મોટા ભાગના મધ્યકાલીન કવિઓ કરતાં વધુ સમુદાર જોવા મળે છે.

ભાલણે મુખ્યત્વે પદોમાં 'દશમસ્કંધ' આપેલો. પ્રેમાનંદ પદો એટલે કે ગીતો તક મળે ત્યાં જરૂર મૂકવા કરે છે. પણ ગીતોમાં સ્પંદ નથી, પ્રેમાનંદનું પોતીકું વાગ્બળ નથી. એકે હજારાં જેવું, પરમ હૃદયસ્પર્શી, માનૃહૃદયનાં પાતાળ ભેદી ઊછળતું "મારું માણેકડું રિસાવ્યું રે, શામળિયા" છે, જે નરસિંહ-દયારામ-નાનાલાલ જેવા મહાન ગુજરાતી ગીતકવિઓ સાથે પ્રેમાનંદને એકાસને સ્થાપે છે.

'દશમસ્કંધ' ભલે મૂળ ભાગવતનો સમોવડિયો ગ્રંથ ન બની શકયો, પણ એકંદરે રસસિકત કથાનકોની માલારૂપે અવશ્ય એનું સ્થાન પ્રેમાનંદના સમગ્ર કૃતિસંગ્રહમાં 'નળાખ્યાન', 'મામેરું', 'સુદામા-ચરિત્ર' જેવી રચનાઓ પછી આવે. (ઉ. જો.)

(૨) ભાલણની આ કૃતિ(મુ.) ભાગવતના દશમસ્કંધની કૃષ્ણકથાને નિરૂપે છે તથા વિવિધ રાગોના નિર્દેશ ધરાવતાં અને કેટલેક સ્થાને મુખબંધની પંક્તિઓ તથા ઢાળ એ અંગોને કારણે કડવાબંધમાં સરી જતાં, દોહરા, ચોપાઈ, ખ્લવંગમ્, ઝૂલણા આદિની દેશીઓનાં ૪૯૭ પદો રૂપે મળે છે. એ રીતે આ આખ્યાનના કડવાબંધના પ્રારંભનું સૂચન કરતી કૃતિ છે. કવિએ પોતે સ્વતંત્ર રીતે રચેલા 'રુકિમણીવિવાહ' અને 'સત્યભામાવિવાહ'ને આમાં જોડી દીધા હોય એવું, એ ભાગોમાં સ્વતંત્ર મંગલાચરણ ને ફલશ્રુતિ છે તે જોતાં સમજાય છે, તે ઉપરાંત કૃતિમાં અન્યત્રથી પણ પ્રક્ષેપ થયા હોય એવું લાગે છે. જેમ કે ભાલણના રાસલીલાના સંક્ષિપ્ત વર્ણન પછી લક્ષ્મીદાસના રાસલીલાનાં ૧૧ જેટલાં પદો આમેજ થયાં છે, ૧ પદ નરસિંહની નામછાપવાળું છે, ભાલણની નામછાપ સાથેનાં થોડાંક પદો વિશ્વનાથ જાનીની 'પ્રેમપચીસી'માં મળે છે. વ્રજભાષાનાં કેટલાંક પદો છે તે પ્રક્ષિપ્ત ન હોય તો એ ભાષામાં રચના કરનાર ભાલણ પહેલા ગુજરાતી કવિ ઠરે.

આ કૃતિમાં કથાકથન ભાગવત-આધારિત છે ને સંક્ષેપમાં થયું છે, એમાં ભાલણની ખાસ કશી વિશેષતા નથી, પરંતુ વાત્સલ્ય, શૃંગાર અને કરુણનાં ભાલણનાં આલેખનો એના ઊંચી કોટિના કવિત્વની પ્રતીતિ કરાવે એવાં છે. કૃષ્ણની બાળચેષ્ટાઓ ને કૃષ્ણને અનુલક્ષીને યશોદા–દેવકી ઉપરાંત નંદના પણ મનોભાવો અહીં વાત્સલ્યરસની સામગ્રી બને છે. કૃષ્ણની રમણીય બાળચેષ્ટાઓનું આલેખન ભાલણની ઝીણી સૂઝને કારણે માર્મિક બન્યું છે. તે ઉપરાંત એક બાજુથી ગોપબાલના વાસ્તવિક જીવનસંદર્ભને લક્ષમાં લેતું હોઈ એ ઔચિત્યનો ગુણ ધરાવે છે તો બીજી બાજુથી અવતારલીલાનો ખ્યાલ અનુસ્યૂત થતો હોવાથી એ અદ્‌ભુતને પણ અવકાશ આપે છે. ક્વચિત્ ભાલણને સહજ એવો મર્માળો વિનોદ પણ એમાં ગૂંથાય છે, જેમ કે કૃષ્ણનું મુખ જોઈને માતા રોમાંચિત થાય છે ત્યારે કૃષ્ણ માતાને કહે છે કે એ મુખ મને બતાવો. માતા જવાબ આપે છે કે તેં એવાં પુણ્ય કયાં કર્યાં છે? માતાના હૃદયનાં ઉમળકા, રીસ, રોષ, ચિંતા, વિયોગવેદના વગેરેનું પ્રસંગ-પરિસ્થિતિના આલંબનપૂર્વક મૂર્ત રીતે ને ધારદાર ઉદ્‌ગારોથી નિરૂપણ થયું છે, તો નંદના કલ્પાંતમાં પણ વેધક હૃદયસ્પર્શી ઉકિતઓ વણાયેલી છે. યશોદા કૃષ્ણને "માતા નહીં થાઉં તમારી, ધાવ કહીને જાણો રે" એમ કહી ગોકુળમાં પધારવા વીનવે એમ વ્યક્ત થતી વેદનાભરી પ્રીતિપરવશતા જુઓ અને યશોદા દેવકીને કહેવરાવે કે તમે કૃષ્ણની માતા થશો પણ કૃષ્ણ આંખ આંજતાં નાસી જતો ને ગોપીની ફરિયાદ આવે ત્યારે ખોટુંખોટું રોતો એ બાળક્રીડાનું સુખ તમને કયાંથી મળશે?–એમાં વ્યક્ત થતી ધન્યતાની ખુમારીભરી લાગણી જુઓ.

ભાલણના શૃંગારમાં પ્રગલ્ભ વિલાસચિત્રણ નથી, સંભોગશૃંગાર પણ એમાં "ના-ના, મા-મા, રહો-રહો કરતાં હૃદયાશું લઈ ચાંપી રૂ" એવા માર્મિક વ્યંજનાયુક્ત ઉદ્‌ગારથી આલેખાય છે. વિશેષ તો અહીં આલેખાઈ છે ગોપીની અનન્ય, ઉત્કટ, સમર્પણભાવયુક્ત કૃષ્ણપ્રીતિ. એમાં સુકુમારતા, માધુર્ય અને મૂર્તતા છે. ગોપીને મુગ્ધ કરતા કૃષ્ણનાં પાંપણના ચાળા, અંગની ચાલ, રૂડું કાળું રૂપ તેમાં નિર્દેશાય છે અને કૃષ્ણને જોવા માટે શેરીમાં મોતી વેરીને વીણવા બેસવાની ને "મીટ તણા મેલાવા" માટે પ્રભુને હાથે વેચાવાની ગોપીની તૈયારી દર્શાવાય છે. કૃષ્ણ-ગોપીનું રસિકચાતુર્ય પ્રગટ કરતાં પદો પણ અહીં છે. ભાલણનાં દાણલીલા, માનલીલા અને ભ્રમરગીત પ્રેમાનંદ કરતાં તો સારાં છે જ, પણ નરસિંહ અને દયારામથીયે ઊતરે એવાં નથી એવા રામલાલ ચૂ. મોદીના અભિપ્રાયમાં તથ્ય જણાય છે. ભ્રમરગીતના તેમ જ અન્ય પ્રસંગે ભાલણે માતાપિતા, ગોપગોપીઓ ને વ્રજ વિશેના અતૂટ સ્નેહબંધનના ને આત્મીયતાના કૃષ્ણના મનોભાવોને પણ નિરૂપવાની તક લીધી છે. [ક્રા.ત્રિ.]

દશરથ(મુનિ) [ ] : જૈન સાધુ. ૧૧/૨૧ કડીની 'નંદિષેણમુનિની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈસસંગ્રહ (ન.)

સંદર્ભ : લીંહસૂચિ. [ક્રા.ત્રિ.]

દાન: આ નામે ૧ હિંદી હોરી (મુ.) તથા ૪ કડીનું હિંદીમિશ્ર ગુજરાતી ભાષાનું શીલમહિમાનું સ્તવન(મુ.), દાનકવિને નામે નાગાર્જુનકૃત 'યોગરત્નાવલી' પર આધારિત, ૧૫૩ કડીની 'પ્રાકૃતનંત્રસાર-ચોપાઈ' (લે.સં.૧૮મી સદી અનુ.) તથા ૨૫ કડીની 'જીવપ્રેમ-સંવાદ' તેમ જ દાનમુનિને નામે ૮ કડીની' કર્મસઝાય' (મુ.) ને ૧૭ કડીની 'નેમરાજુલ-બારમાસ (મુ.) એ કૃતિઓ મળે છે તે કયા દાન – છે તે નક્કી થઈ શકે તેમ નથી. 'નેમરાજુલ-બારમાસ' ઋતુપરિવેશમાં માર્મિક રીતે વ્યક્ત થયેલા રાજિમતીના વિરહશૃંગારના મનોભાવો તથા વર્ણાનુપ્રાસ-આંતરપ્રાસથી મનોરમ બનેલી અભિવ્યક્તિને કારણે ધ્યાન ખેંચે છે.

કેટલાક સંદર્ભોમાં તેજવિજયશિષ્ય દાનવિજયને નામે નોંધાયેલ 'મૌન એકાદશીના દેવવંદન' (મુ.) માત્ર 'દાન' નામછાપ ધરાવે છે. આ કૃતિ વિજયરાજસૂરિશિષ્ય દાનવિજયની હોય એવી શકયતા છે. 'વાચક દાન' એવી નામછાપથી મળતું '(ધોધામંડન) પાર્શ્વજિન-સ્તવન' પણ એમની જ કૃતિ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈસસંગ્રહ (ન.); ૩. ચૌરત સંગ્રહ : ૩; ૪. પ્રામબાસંગ્રહ : ૧; ૫. સજઝાયમાલા(પં.).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દાન–૧ [ ] : જૈન સાધુ. સદારંગના શિષ્ય. 'ત્રૈલોક્યદીપિકા-ચોપાઈ' (લે. સં. ૧૮મી સદી; અનુ.)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧ [૨.૨.દ.]

દાનકુશલ [ઈ. ૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં પંડિત રત્નકુશલના શિષ્ય. વિજયદેવસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૬૦૦થી ઈ. ૧૬૫૭)ની જીવનરેખા સાથે તેમની પ્રશસ્તિ કરતી, તેમની હયાતીમાં રચાયેલ, ૧૭ કડીની 'વિજયદેવસૂરિ-સહાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ઔસમાલા : ૧ (+સં.). [૨.૨.દ.]

દાનવિજય : આ નામે ૪ કડીનું 'શત્રુંજય-સ્તવન' (મુ.), ૧૧ કડીનું 'મૈત્રાણાતીર્થ-સ્તવન', ૯ કડીનું 'નેમિનાથ-સ્તવન' તથા 'ચોવીસી' મળે છે તે કયા દાનવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. પ્રાપ્ત સંદર્ભોમાં આમાંની કેટલીક કૃતિઓ તેજવિજયશિષ્ય દાનવિજયને નામે મુકાયેલી છે.

કોઈ દાનવિજયે સ્વકૃત 'કલ્પસૂત્ર-સ્તવન' પર બાલવબોધ (૨.ઈ. ૧૬૬૬) રચ્યો હોવાની માહિતી મળે છે. તે દાનવિજય-૧ કે ૨ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈપ્રપુસ્તક : ૧.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ; ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દાનવિજય–૧ : જુઓ દાનવિજય.

દાનવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં પંડિત તેજવિજયના શિષ્ય. ૬૨ કડીના 'સપ્તભંગીગર્ભિત-વીરજિન-સ્તવન' (૨.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, વૈશાખ–), (૯૩ કડીની 'પ્રતિક્રમણ-ચોપાઈ' (૨. ઈ. ૧૬૭૪) તથા 'ચૌદગુણ સ્થાન-સઝાય' (૨. ઈ. ૧૬૮૮/સં. ૧૭૪૪, આસો વદ ૧૩, રવિવાર)ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ'એ આ અને આ પછીના દાનવિજયને એક ગણ્યા છે. પરંતુ કવિનામછાપ સ્પષ્ટપણે જુદી પડતી હોવાથી બંને કવિઓ જુદા છે એમ માનવું જોઈએ.

સંદર્ભ : જૈગૂકવિઓ; ૨, ૩(૨). [૨.૨.દ.]

દાનવિજય(ઉપાધ્યાય)–૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ વિજયરાજસૂરિના શિષ્ય. આ કવિએ ૨૭ ઢાળની 'લલિતાંગ-રાસ' (૨. ઈ. ૧૭૦૫/સં. ૧૭૬૧, માગશર વદ ૧૦, રવિવાર), 'પંચકલ્યાણગર્ભિત-ચોવીસ જિન-સ્તુતિ–ચતુષ્ક' (૫ ચતુષ્ક મુ.), અન્ય ઢાળબદ્ધ 'ચોવીસી' (૫ સ્તવન મુ.), 'ચૈત્રી પૂનમના દેવવંદન' (મુ.), ૧૫ કડીની 'અષ્ટાપદ-સ્તવન' (૨. ઈ. ૧૭૦૦), 'કલ્યાણક-સ્તવન' (૨. ઈ. ૧૭૦૬), ૩૨ કડીની 'જિન-સ્તુતિ', ૧૭ કડીની 'ગજસુકુમાલ-સઝાય (મુ.), ૫ કડીની 'ગુરુ-ગીત' તથા ૨૩ કડીની 'સિદ્ધચક્ર-સ્તવન' (૨.ઈ. ૧૭૦૬; મુ.) એ કૃતિઓ રચેલી છે. છેલ્લી કૃતિ મુદ્રિત પાઠમાં ગુરુનામ વિજયસેનસૂરિ બતાવે છે તે ભૂલ છે.

આ કવિએ સંસ્કૃતમાં કલ્પસૂત્ર પર 'દાન-દીપિકા' નામની ટીકા (૨.ઈ. ૧૬૯૪) અને 'શબ્દભૂષણ' નામે પદ્યબદ્ધ વ્યાકરણ (૨.ઈ. ૧૭૧૪ આસપાસ) રચેલ છે. ઉપરાંત જુઓ દાન – તથા દાનવિજય-૨.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જિસ્તકાસંદોહ : ૨; ૩. જૈગૂસારત્નો : ૨ (+સં.); ૪. દેસ્તસંગ્રહ; ૫. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દાનવિજય–૪ [ ] : જૈન સાધુ. સૂરવિજયના શિષ્ય. 'દાન' એવી નામછાપથી મળતી ૫ કડીના 'અજિતજિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દાનવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૫ કડીના 'ઋષભદેવ-સ્તવન' (લે. સં. ૧૯મી સદી; અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

દાનવિનય/દાનવિજય [ઈ. ૧૬૦૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ધર્મસુંદરના શિષ્ય. ૮૬ કડીની 'નંદિષેણ-ચોપાઈ' (૨. ઈ. ૧૬૦૯)ના કર્તા. કવિનામ દાનવિનય/દાનવિજય બંને મળે છે તેમાંથી દાનવિનય નામ ખરું હોવાનું વધુ સંભવિત છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૧). [૨.૨.દ.]

દાનવિમલ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિબુધવિમલસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૭૪૨ થી ઈ.૧૭૫૮)ના શિષ્ય. 'દાન' એ નામછાપથી મળતા ૭ કડીના 'નેમિનાથ-જિનસ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ : ૨. [૨.૨.દ.]

દાનશેખર(ગણિ) [ ] : જૈન સાધુ. આનંતહંસના શિષ્ય. 'મુહપત્તિવિચાર-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

દાનસાગર [ઈ. ૧૬૧૯ સુધીમાં] : જૈન સાધુ. 'સાહ-રાઉલ-નીલવણ-ભાસ' (લે. ઈ. ૧૬૧૯)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [૨.૨.દ.]

દામ [ ] : જૈન. ૨૫ કડીની 'કાયાજીવ-સંવાદ'ના કર્તા.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [શ્રા.ત્રિ.]

દામજી(મુનિ) [ઈ. ૧૭૧૦માં હયાત] : જૈન સાધુ. ૧૨૭ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ' (૨. ઈ. ૧૭૧૦) ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

દામોદર : આ નામે 'રાધાકૃષ્ણની આરતી' (લે. ઈ. ૧૮૪૦) મળે છે તે કયા દામોદર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દામોદર–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જુઓ ઉદયસાગરશિષ્ય દયાસાગર.

દામોદર–૨ [ઈ. ૧૬૮૧ સુધીમાં] : મુખ્યત્વે દુહાબંધની ૭૯૩ કડીની એમની 'માધવાનલ-કથા' (લે. ઈ. ૧૬૮૧; મુ.) માધવાનલ અને કામકંદલાની પ્રેમકથાને બહુધા પાત્રો વચ્ચેના સંવાદોનો આશ્રય લઈને આલેખે છે. રુચિર વર્ણનોથી કૃતિ આકર્ષક બની છે. છે. કૃતિમાં સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતો ગૂંથાયેલાં છે.

કૃતિ : માધવાનલ કામકંદલા પ્રબંધ : ૧ (અં), સં. એમ. આર. મજમુદાર, ઈ. ૧૯૪૨–'માધવાનલકથા'.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

દામોદર–૩ [ ] : સંસ્કૃત 'બિલ્હણ-પંચાશિકા'ના 'ભાષ્ય' તરીકે ઓળખાવાયેલો ગુજરાતી ગદ્યાનુવાદ (લે. ઈ. ૧૫મી સદી અંતભાગ/ઈ. ૧૬મી સદી પ્રારંભ અનુ.; મુ.) મળે છે તેમાં 'બિલ્હણ-પંચાશિકા' ઉપરાંત બિલ્હણ કથાને લગતા કેટલાક સંસ્કૃત શ્લોકો ઉદ્ધૃત થયા છે. એમાંના છેલ્લા શ્લોકમાં કેટલાંક કવિત્વોથી પ્રિયાથી વિયુક્ત બિલ્હણકવિને પ્રિયા સાથે યોગ કરાવનાર હરિભક્ત દ્વિજવર દામોદરનો ઉલ્લેખ છે તે અને અંતે 'ભાષ્ય'ના કર્તા તરીકે ઉલ્લેખાયેલ નડિયાદવાસી નાગર એક જ વ્યક્તિ છે એમ માનીએ તો આ ગુજરાતી ગદ્યાનુવાદના કર્તા નડિયાદવાસી નાગરબ્રાહ્મણ દામોદર ઠરે.

'બિલ્હણ-પંચાશિકા'નો ભાષ્યશૈલીએ ચાલતો આ ગદ્યાનુવાદ ટૂંકાં વાક્યોને કારણે પ્રાસાદિક ને પ્રવાહી બન્યો છે તે ઉપરાંત એમાં ભાષાની પ્રૌઢિ પણ છે. બિલ્હણ કથાના અને અન્ય સુભાષિત રૂપ સંસ્કૃત તેમ જ ગુજરાતી પદ્યોને ગૂંથી લેતા આ અનુવાદમાં આરંભે અને અંતે પૂર્તિ કરીને સમગ્ર બિલ્હણકથા આપવામાં આવી છે.

કૃતિ : સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૮૨– 'બિલ્હણ પંચાશિકા : દામોદરકૃત જૂની ગુજરાતી ગદ્યાનુવાદ', સં. ભોગીલાલ જ. સાંડેસરા (+સં.). [ભો.સાં.].

દામોદર(પંડિત)–૪ [ ] : જૈન. શ્રીપતિની મૂળ સંસ્કૃત રચના 'જ્યોતિષરત્નમાલા' પરના બાલાવબોધ (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા. ત્રિ.]

દામોદર–૫ [ ] : કવિની કૃતિ કુતિયાણામાં રચાયેલી હોવાથી ત્યાંના વતની એવો સંભવ છે. એમના ૪ ખંડ અને ૮૮ કડીના 'હરિશ્ચંદ્રપુરાણનું ભજન' (મુ.)માં સરળ લોકભોગ્ય શૈલીમાં હરિશ્ચંદ્રરાજાની કથા કહેવામાં આવેલી છે.

કૃતિ : બૃહત્ સંતસમાજ મોટી ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.). [૨. સો.]

દામોદરાશ્રમ |] : જ્ઞાનમાર્ગી કવિ. એકમતે ભાલણ પછી ૫૦ વર્ષે થયેલા, સિદ્ધપુરના બિંદુ સરોવર પર રહેતા સંન્યાસી. અન્ય મતે ચાણોદ પાસે કલ્યાણી/કરનાળીના, ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધમાં થયેલા સંન્યાસી. કવિની કૃતિઓની ભાષામાં પ્રાચીનતા જણાતી નથી તેથી પહેલો મત સ્વીકારવો મુશ્કેલ છે.

ઓમકારથી આરંભાતો તથા અદ્વૈત અને બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરતો જ્ઞાનકક્કો 'અક્ષર-અનુભવ પ્રદીપિકા', ચૈત્રથી આરંભાતા અધ્યાત્મના દ્વાદશ મહિના, જ્ઞાનબોધની તિથિઓ, ઉપનિષદ સપ્તવાર સિદ્ધાન્ત મુજબના જ્ઞાનલબ્ધિના વાર, બ્રહ્મવિદ્ થવા માટેની સાત ભૂમિકાઓ વર્ણવતું ૧૪ કડીનું પદ 'સપ્તભૂમિકા' તેમ જ આત્મા અને જ્ઞાનનું સ્વરૂપ સમજાવતું તથા ભક્તિબોધને નિરૂપતું ૬૧ કડીનું 'અનુભવચિંતામણિ'–એ બધી (મુ.) આ કવિની કેવલાદ્વૈતવાદી કૃતિઓ છે. શિવસ્વરૂપનું વર્ણન કરતું ૧૮ કડીઓનું દીર્ઘ પદ 'શિવ અનુભવપ્રદીપિકા' (મુ.) તથા જ્ઞાનવૈરાગ્ય અને શિવસ્મરણનાં, દેશી, પ્રભાતી, કાફી, રામગ્રી, કાલેરો વગેરે વિવિધ રાગોનો નિર્દેશ ધરાવતાં પદો (૨૫ મુ.) એમની શિવવિષયક કવિતા છે.

કૃતિ : બૃકાદોહન : ૭ (+સં.).

સંદર્ભ : ૧. ગુજકૂલ્હકીકત; ૨. ગૂહાયાદી. [૨. સો.]

દારબ–૧ [જ. ઈ. ૧૬૫૭] : પારસી દસ્તૂર. પિતાનામ પાલ્હન. જંદ, પહેલવી, ફારસી અને સંસ્કૃતના અભ્યાસી. 'ખોલા-શા-ઓ-દીન' (૨. ઈ. ૧૬૯૦) તથા 'ફરહંગે જિયાત નામેહ' (૨. ઈ. ૧૬૯૨) નામના ગ્રંથોના કર્તા. આ ઉપરાંત એમણે 'ખુરદેહ અવેસ્તા'નો ગુજરાતીમાં અને સંસ્કૃતમાં અનુવાદ કરેલ છે. તથા ફારસીમાં કેટલીક મોનાજાતો પણ રચેલી છે.

સંદર્ભ : પારસી સાહિત્યનો ઈતિહાસ, પીલાં ભીખાજી મકાટી, ઈ. ૧૯૪૯. [૨. ૨. દ.]

દારબ–૨ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : પારસી દસ્તૂર. પિતા હોરમઝદિયાર સંજાણા. વતન વલસાડ. પહેલવી, ફારસીના નિષ્ણાત. પ્રાચીન રેવાયતોનું સંપાદન (ઈ. ૧૬૮૫) કરનાર આ વિદ્વાને રેવાયતોના ગુજરાતી અનુવાદ (ઈ. ૧૬૯૧) પણ કર્યા છે.

સંદર્ભ : પારસી સાહિત્યનો ઈતિહાસ, પીલાં ભીખાજી મકાટી, ઈ. ૧૯૪૯. [૨. ૨. દ.]

દિનકરસાગર [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. પ્રધાનસાગરના શિષ્ય. 'ચોવીસી' (૨. ઈ. ૧૮૦૩/સં. ૧૮૫૯, પોષ સુદ ૧૫), 'ચોવીસજિન-ચરિત્ર' (૨. ઈ. ૧૮૨૩/સં. ૧૮૭૯, મહા સુદ ૫) તથા ૧૭ કડીના 'માનતુંગી-સ્તવન' (૨. ઈ. ૧૮૨૩/સં. ૧૮૭૯, માગશર વદ ૩)–એ કૃતિઓના કર્તા. 'માનતુંગી-સ્તવન'ની ૨. સં. ૧૭૭૯ નોંધાયેલી છે તે છાપભૂલ જણાય છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા. ત્રિ.]

દિવાળીબાઈ [ ] : પોતાની કૃતિઓમાં તેમણે આપેલી માહિતી મુજબ તેઓ ડભોઈનાં વિધવા બ્રાહ્મણ હતાં. ડભોઈથી તે ગોલવા અને એ પછી વડોદરા ગયેલાં અને ત્યાં રામજીમંદિર બંધાવી નિવાસ કરેલો. અયોધ્યાયાત્રા પણ ઘણી વાર કરેલી. પોતાના ગુરુ તરીકે એ 'દાદા ગુરુ'નો અને તુલસીદાસનો ઉલ્લેખ કરે છે. તેમની પાસે તેમણે તુલસી-રામાયણનો અભ્યાસ કરેલો અને કાવ્યલેખનની તાલીમ લીધેલી. દિવાળીબાઈના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવન વિશે આથી વિશેષ પણ કેટલીક માહિતી આપવામાં આવે છે, જેમ કે ઈ. ૧૭૯૧માં દુકાળ વખતે દિવાળીબાઈને તેમના પિતા તેમના ગુરુને ભળાવીને તીર્થયાત્રાએ નીકળી ગયેલા. પરંતુ આવી અન્ય માહિતીનો આધાર કૃતિમાંથી મળતો નથી.

દિવાળીબાઈ ઈ. ૧૭૯૧ આસપાસ હયાત હોવાનું જણાવાયું છે પરંતુ એમની કવિતામાં આવતા "કામેટી લેવી" (= પરીક્ષા લેવી) કે "કામેટી આપવી" એ પ્રયોગો ઈ. ૧૯મી સદીના ઉત્તરાર્ધનું સૂચન કરે છે. આ સિવાય પણ દિવાળીબાઈની ભાષા અને ભાવ-સૃષ્ટિમાં મધ્યકાલીનતાના આણસાર જોવા મળતા નથી ને પોતાની દરેક કૃતિને અંતે અનેક પદોમાં આત્મકથન કરવાની તેમની પદ્ધતિ પણ વિલક્ષણ જણાય છે. એમની કોઈ કૃતિની હસ્તપ્રત પ્રાપ્ય નથી અને તેમની કેટલીક પંક્તિઓનું સામ્ય છોટાલાલ ન. ભટ્ટની પંક્તિઓ સાથે જોઈ શકાય છે તેથી દિવાળીબાઈને નામે મળતી કૃતિઓનું કર્તુત્વ છોટાલાલ ન. ભટ્ટનું હોવાનો તર્ક પણ થયો છે.

દિવાળીબાઈએ આખું રામાયણ પદોમાં ઉતાર્યું હોવાનું કહેવાય છે પરંતુ 'રામજન્મ' ની ૨૦૧, 'રામબાળલીલા'ની ૫૧ અને 'રામ વિવાહ'ની ૭૭ ગરબીઓ તથા 'રામરાજ્યાભિષેક'નાં ૧૦૩ ધોળ –એમ ૪૩૨ પદ (મુ.) મળે છે. આ ચારે કૃતિઓ અનુસંધાનપૂર્વક રચાયેલી છે ને એ પ્રકારના ઉલ્લેખ પણ અંદર મળે છે. ૩ કે ૪ કડીનાં નાનકડાં પદો રૂપે રચાયેલ આ કવિતામાં સરળતા અને પ્રાસાદિકતા છે. તે ઉપરાંત એમાં ગુજરાતી લોકરૂઢિ ને લોકમાનસના આલેખન તરફ વધારે ઝોક રહ્યો છે. 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' દિવાળીબાઈની અન્ય ૨ કૃતિઓ 'મહિના' તથા બ્રહ્મજ્ઞાનનાં ૩ પદો 'પ્રાચીન કાવ્યમાળા : ૬' માં મુદ્રિત હોવાનું જણાવે છે જે વસ્તુતઃ ત્યાં મુદ્રિત નથી. એટલે આ માહિતીમાં કશીક સરતચૂક લાગે છે.

કૃતિ : પ્રાકામાળા : ૬.

સંદર્ભ : ૧. અભિનવ પ્રેમાનંદ અને કલાદીપ છોટાલાલ ન. ભટ્ટ, વિષ્ણુપ્રસાદ જાની, ઈ. ૧૯૭૮; ૨. ગુસાપઅહેવાલ : ૪– 'વડોદરા રાજ્યની સ્ત્રીકવિઓ', ડાહ્યાભાઈ લ. પટેલ; ☐ ૩. ગૂહાયાદી. [૨. સો.]

દીપ/દીપો : દીપને નામે 'પાર્શ્વજિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે તે કયા દીપ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. આ નામે પોપટને સંબોધીને રચાયેલી રાજનગરના સંઘની તપગચ્છના વિજયરત્નસૂરિને પધારવાની વિનંતીનો સંદેશો ધરાવતી લાલિત્ય ભરી બાની અને લયની ૭ કડીની સઝાય (મુ.) મળે છે તે એ આચાર્યના રાજ્યકાળ (ઈ. ૧૬૭૬-ઈ.૧૭૧૭)ના કોઈ દીપ-જણાય છે પણ તે કયા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. દીપોને નામે 'દશાર્ણભદ્ર-ચોઢાળિયું' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે તે દીપ-૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ઔસમાલા : ૧.

સંદર્ભ : રાહસૂચી : ૧. [૨. સો.]

દીપ(ઋષિ)–૧/દીપાજી [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ગુજરાતી લોંકા-ગચ્છના જૈન સાધુ. ધનરાજની પરંપરામાં ધર્મસિંહશિષ્ય વર્ધમાનના શિષ્ય. ૧૨૨ જેટલા છપ્પાની 'સુદર્શનશેઠ-રાસ/કવિત' (મુ.), ૬૦૫ કડીની 'ગુણકરંડગુણાવલી-ચોપાઈ'(૨.ઈ. ૧૭૦૧/સં. ૧૭૫૭, આસો સુદ ૧૦), ૪૬૩ કડીની 'પુણ્યસેન-ચોપાઈ' (૨. ઈ. ૧૭૨૦/ સં. ૧૭૭૬, ભાદરવા સુદ ૧૦, ગુરુવાર), 'પાંચમ-ચોપાઈ' અને 'વીરસ્વામી-રાસ' એ કૃતિઓના કર્તા. કવિની કૃતિઓમાં રાજસ્થાની ભાષાની અસર દેખાય છે.

કૃતિ : * શીલરક્ષા : ૨ (સુદર્શન શેઠ રાસ), પ્ર. કુંવર મોતીલાલ રાંકા,–.

સંદર્ભ : ૧ જૈગૂકવિઓ : ૩(૨); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહ સૂચી; ૪. રાહસૂચી : ૧ [૨. સો.]

દીપચંદ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની વેગડ શાખાના જૈન સાધુ. જિનસાગરની પરંપરામાં ધર્મચંદના શિષ્ય. 'સુરપ્રિય-ચોપાઈ' (૨. ઈ. ૧૭૨૫/ સં. ૧૭૮૧, વૈશાખ સુદ ૩; સ્વલિખિત પ્રત લે. ઈ. ૧૭૨૯)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૨). [૨. સો.]

દીપરાજ : જુઓ દીપવિજય–૨

દીપવિજય : આ નામે 'ચક્રેશ્વરીની ગરબી/સ્તવન' (મુ.), 'ઝાંઝરિયા-મુનિ-સઝાય' વગેરે ઘણી કૃતિઓ મળે છે તેમાંથી મોટા ભાગની કૃતિઓ સમય વગેરે કારણને લીધે દીપવિજય-૨ની ગણી છે પરંતુ બધી જ કૃતિઓનું કર્તૃત્વ નક્કી કરવું મુશ્કેલ છે.

દીપવિજયને નામે ૨૨ કડીની 'ચતુર્દશીતિથિ વિરાધક દેવસૂરિ-નવમનિહનૃવગચ્છવર્ણન' (લે. સં. ૨૦મી સદી અનુ.) તથા કવિ દીપવિજયને નામે 'જીવની ઉત્પત્તિના પંદરસો સિત્તેર સ્થાનનો વિવરો' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે તે પણ દીપવિજય-૨ની કૃતિઓ હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨. સો.]

દીપવિજય–૧/દીપ્તિવિજય [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં પંડિત માનવિજયના શિષ્ય. આ કવિએ રચેલો ૩ અંક (=૩ ખંડ) અને ૩૧ ઢાળનો દુહાદેશી બદ્ધ **'મંગલકલશ-રાસ'** ← (૨. ઈ. ૧૬૯૩/સં. ૧૭૪૯, આસો સુદ ૧૫; મુ.) ઉપકથાઓને ગૂંથી લેતા એના કૌતુક રસિક વૃત્તાંત તથા પ્રાસાદિક અભિવ્યક્તિને કારણે આસ્વાદ્ય બને છે. આ ઉપરાંત કવિએ 'કયવન્ના/કૃતપુણ્ય-રાસ' (૨. ઈ. ૧૬૭૮/સં. ૧૭૩૫, આસો સુદ ૫, બુધવાર) રચેલ છે.

કૃતિ : મંગલકલશ કુમારનો રાસ, પ્ર. શા. ભીમસિંહ માણક, ઈ. ૧૯૦૯.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [૨. સો.]

દીપવિજય–૨ [ઈ. ૧૮મી સદી અંતભાગ-ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] તપગચ્છની આણંદસૂર-શાખાના જૈન સાધુ. પંડિત પ્રેમવિજય અને પંડિત રત્નવિજયના શિષ્ય. તેઓ ઉદેપુરના રાણા ભીમસિંહ પાસેથી 'કવિરાજ'નું અને ગાયકવાડનરેશ પાસેથી 'કવિબહાદુર'નું બિરુદ પામેલા. આ કવિએ નાની મોટી અનેક કૃતિઓ રચી છે તેમાંથી ૪ ઉલ્લાસ અને ૫૧ ઢાળનો 'સોહમકુલરત્નપટ્ટાવલી-રાસ' (૨. ઈ. ૧૮૨૧; મુ.) ઈતિહાસ દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ ધરાવે છે. કેટલાક પ્રાચીન ગ્રંથોનો આધાર લઈને રચેલા આ રાસમાં વિવિધ ગચ્છ--

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભેદો ને જ્ઞાતિઓની ઉત્પત્તિની માહિતી, કેટલાક આચાર્યોના જીવન-પરિચયો અને કેટલાક મહત્ત્વના ઐતિહાસિક પ્રસંગોના વર્ણન સાથે ૨૦૦૦ જેટલા આચાર્યોની પાટ પરંપરા આપવામાં આવી છે. કૃતિમાં કેટલેક સ્થાને ગદ્ય પણ પ્રયોજાયેલું છે. ચંદરાજાના ગુણાવલીરાણી પરના અને ગુણાવલીના ચંદરાજા પરના લેખ (પત્ર) રૂપે રચાયેલા અનુક્રમે ૩૨ અને ૩૭ કડીઓનાં ૨ નાનાં કાવ્યો (મુ.)માં કવિએ ચંદરાજાની અદ્‌ભુતરસિક કથાનાં મહત્ત્વનાં ઘટનાબિંદુઓને કુશળતાથી ગૂંથી લીધાં છે. તે ઉપરાંત એમાં ભાષાની રુચિરતા અને પ્રાસાદિકતા નોંધપાત્ર છે.

કવિને ઐતિહાસિક પ્રબંધોમાં વિશેષ રસ છે તે તેમની અન્ય કૃતિઓ પણ બતાવે છે. તેમણે રાઠોડરાજા માનસિંહનું વર્ણન કરતો 'સમુદ્રબંધસચિત્રઆશીર્વાદકાવ્ય-પ્રબંધ' (૨. ઈ. ૧૮૨૧/સં. ૧૮૭૭, આસો સુદ ૧૦) તથા નગરશેઠ હેમાભાઈ વખતચંદનું વર્ણન કરતો બીજો 'આશીર્વાદ-પ્રબંધ' એમ ૨ પ્રબંધ રચ્યા છે. કવિએ ગુજરાતનાં કેટલાંક નગરો વિશે પણ ઐતિહાસિક વૃત્તાંત આપતી ગઝલો રચી છે. જેમ કે, હિંદીમાં ૬૦ કડીની 'વડોદરાની ગઝલ' (૨. ઈ. ૧૭૯૬/સં. ૧૮૫૨, માગશર સુદ ૧, શનિવાર; મુ.) તથા ૮૩ કડીની 'સુરતકી ગઝલ' (૨. ઈ. ૧૮૨૧/સં. ૧૮૭૭ માગશર–૨; મુ.) આ ઉપરાંત એમની ખંભાત, જંબુસર, ઉદેપુર, પાલનપુર અને સિનોર વિશેની ગઝલો નોંધાયેલી મળે છે, જેમાંથી કોઈ ગુજરાતીમાં પણ હોઈ શકે. કદાચ લાવણી પ્રકારના લય તથા રદીફ પ્રકારની પ્રાસયોજનાને કારણે ગઝલ તરીકે ઓળખાવાયેલી આ કૃતિઓમાં ફારસી પદાવલિનો વિનિયોગ પણ ધ્યાન ખેંચે છે ૩ ઢાળના 'કાવીતીર્થે સાસુ-વહુકારાપિતપ્રસાદે ઋષભ-ધર્મનાથ-સ્તવન' (૨. ઈ. ૧૮૩૦; મુ.)માં કાવીતીર્થમાં સાસુવહુએ બંધાવેલાં જિનમંદિરોનું વર્ણન થયેલું છે.

૪ ઢાળની 'ગોભદ્રશેઠની તથા શાલિભદ્રની સઝાય' (૨. ઈ. ૧૮૩૧; મુ.) તથા ૬ ઢાળનું 'રોહિણીતપનું સ્તવન' (૨. ઈ. ૧૮૦૩/સં. ૧૮૫૯, ભાદરવા સુદ–; મુ.) કવિની અન્ય કથાત્મક રચનાઓ છે, જેમાં એમની પ્રાસાદિક કથાકથનની શક્તિ દેખાઈ આવે છે. ૮–૮ ઢાળોમાં રચાયેલી ૨ પૂજાઓ 'અષ્ટાપદજીની પૂજા' (૨. ઈ. ૧૮૩૬/સં. ૧૮૯૨, ફાગણ–; મુ.), 'નંદીશ્વરદ્વીપ મહોત્સવ -પૂજા' (૨. ઈ. ૧૮૩૩; મુ.) તથા 'સોહમકુલકલ્પવૃક્ષ અથવા ગણધર દેવવંદન' (૨. ઈ. ૧૮૨૬)માં પણ સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન ને આચારબોધ ઉપરાંત કેટલુંક ચરિત્રકથન સમાવી લેવાયું છે. કવિએ 'અડસઠ આગમની અષ્ટપ્રકારી-પૂજા' પણ રચેલી છે.

આ ઉપરાંત કવિએ અનેક સ્તવન, સઝાય, સ્તુતિ, ગીત, છંદ, આરતી, ગહૂંલી વગેરે પ્રકારની કૃતિઓ (ઘણી મુ.) રચેલી છે. તેમાંથી 'મહાવીર પંચકલ્યાણકના પાંચ વધાવા' (મુ.) તથા 'પાર્શ્વનાથ-ના પાંચ વધાવા' (૨. ઈ. ૧૮૨૩) ચરિત્રગાનની કૃતિઓ છે.

તીર્થો અને તીર્થંકરો વિશેનાં સ્તવનોમાંથી ૮૦ કડીનું 'ગોડી-પાર્શ્વનાથ-સ્તવન', માતાના પુત્ર પ્રત્યેના લાડને વર્ણવતું ૧૭ કડીનું 'મહાવીરસ્વામીનું હાલરડું' (મુ.) તેમ જ પરમાત્માના અબોલા-ની વેદના વર્ણવી આત્મા-પરમાત્માનું ઐક્ય સૂચવતું 'અબોલાનું સ્તવન' (મુ.) નોંધપાત્ર છે. ધનના મહિમાની વ્યાપકતા નિર્દેશતી 'રૂપિયાની શોભા/રૂપિયાની ગહૂંલી' વિનોદકટાક્ષની કૃતિ તરીકે ધ્યાન ખેંચે છે.

લઘુકૃતિઓમાં વીરવિજયગણિને મોકલવામાં આવેલ ૪ કડીનો 'આત્મચિત્તવૃત્તિ-પત્રિકા' એ વિશિષ્ટ રચનાનો અને વિજય-લક્ષ્મીસૂરિ વિશેની સ્તુતિઓનો સમાવેશ થાય છે.

દીપવિજયના નામથી ઉદયરત્નના 'સ્થૂલિભદ્રનવરસ'(અંશત: મુ.) માં દુહા ઉમેરાયેલા મળે છે. તેમ જ 'દીપરાજ'ને નામે ૧૫ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન/શત્રુંજયની ગરબી' (૨. ઈ. ૧૮૨૧/સં. ૧૮૭૭ માગશર-૧૩; મુ.) મળે છે તે આ કવિની જ રચનાઓ હોવાનો સંભવ છે.

કવિની ગદ્યકૃતિઓમાં ૩૦૦ ગ્રંથાગ્રની 'મહાનિશીથસૂત્રના બોલ' (૨. ઈ. ૧૮૩૪; મુ.) તથા ઢુંઢિયાના ૯ બોલ તેમ જ તેરાપંથ વિશેની ચર્ચાને સમાવતી 'ચર્ચાબોલવિચાર' (૨. ઈ. ૧૮૨૦) એ કૃતિઓનો સમાવેશ થાય છે. 'આધ્યાત્મિક ચર્ચા' નામે એક કૃતિ નોંધાયેલી જોવા મળે છે તે 'ચર્ચાબોલવિચાર' હોવા સંભવ છે. આ ઉપરાંત આ કવિનો 'પર્વતિથિ અંગે પત્ર' (૨.ઈ. ૧૮૧૫/સં. ૧૮૭૧, આસો સુદ ૧) પણ નોંધાયેલો મળે છે.

હિન્દી ભાષામાં આગળ નિર્દિષ્ટ ગઝલો ઉપરાંત ૬૫ કડીની 'કેસરિયાજીની લાવણી/ઋષભદેવની લાવણી' (૨. ઈ. ૧૮૧૯/સં. ૧૮૭૫, ફાગણ સુદ ૧૩, મંગળવાર; મુ.), ૩૩ કડીનું 'કેસરિયાજી-તીર્થ-સ્તવન' (૨. ઈ. ૧૮૨૯/સં. ૧૮૮૫, ફાગણ–૧૩, મંગળવાર; મુ.) તથા ૨ કવિત (મુ.) આ કવિએ રચેલ મળે છે. કવિની હિન્દી કૃતિઓ ચારણી છંદો અને ફારસીપ્રચુર ભાષાછટાની કવિની કુશળતા બતાવે છે. હિંદીમાં 'પ્રશ્નોત્તરસમુચ્ચય' એ ગદ્યકૃતિ (૨. ઈ. ૧૮૩૦) કવિએ રચેલ છે. કવિને નામે નોંધાયેલ 'મૂર્તિપૂજા પ્રશ્નોત્તર' કદાચ આ જ કૃતિ હોય.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. કુમારપાલ પ્રતિબોધ (જર્મન), સં. લુડવિગ આલ્સડૉર્ફ, ઈ. ૧૯૨૮–સ્થૂલિભદ્રના દુહા; ૩. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. ભીમસિંહ માણક, ઈ. ૧૯૦૧; ૪. ચૈસ્તસંગ્રહ : ૨; ૫. જિનપ્રકાશ; ૬. જિસ્તકાસાંદોહ : ૨; ૭. જૈકાપ્રકાશ : ૧; ૮. જૈગૂસારત્નો : ૨ (+સં.); ૯. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૨, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૧૦. જૈપ્રપુસ્તક : ૧; ૧૧. જૈરસંગ્રહ; ૧૨. જૈસંમાલા (શા.) :૨; ૧૩. પસમુચ્ચય : ૨ (+સં.); ૧૪. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, સં. તિલક વિજયજી, સં. ૧૯૯૩; ૧૫. પ્રાતીસંગ્રહ : ૧; ૧૬. માણિભદ્રાદિકોના છંદોનો પુસ્તક : ૧, મુ. નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦; ૧૭. વિવિધ પૂજા સંગ્રહ : ૧ થી ૧૧, પ્ર. જસવંત-લાલ ગી. શાહ–; ૧૮. વિસ્નાપૂજા સંગ્રહ; □ ૧૯. જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૫–'દીપવિજયકૃત સુરતની ગઝલ' તથા ૨ કવિત, સં. મોહનલાલ દ. દેશાઈ (+સં.); ૨૦. જૈન સત્યપ્રકાશ, જાન્યુ.–ફેબ્રુ. ૧૯૪૮–'કવિશ્રી દીપવિજય વિરચિત શ્રીકેસરિયાજી તીર્થસ્તવન', સં. પ્રેમવિજયજી; ૨૧. એજન, સપ્ટે. ૧૯૪૮–'કવિવર દીપવિજયજી વિરચિત શ્રી કેસરિયા તીર્થની એક પ્રસિદ્ધ લાવણી', અભયસાગરજી; ૨૨. જૈન સાહિત્ય સંશોધક, ફાગણ ૧૯૮૪– 'કવિ દીપવિજયજી લિખિત મહાનિશીથ સૂત્ર-પરિચય', સં. જિનવિજયજી (+સં.) ; ૨૩. ત્રૈમાસિક, ઑક્ટો. – ડિસે. ૧૯૩૬–'દીપવિજયજીનાં બે કાવ્યો' સં. બેચરદાસ જી. દોશી; ૨૪. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૩૨–'વડોદરાની ગઝલ.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. આલિસટઑઈ: ૨; ૩. જૈગૂકવિઓ : ૩ (૧,૨); ૪. જૈહાપ્રોસ્ટા; ૫. ફાહનામાવલિ : ૨; ૬. મુપુગૂહસૂચી; ૭. લીંહસૂચી; ૮. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨. સો.]

દીપવિજય–૩ [ઈ. ૧૮૨૨ સુધીમાં] : જૈન સાધુ. કૃષ્ણવિજયના શિષ્ય. 'જિનસ્તવન-ચોવીસી' (લે. ઈ. ૧૮૨૨) તથા 'સામાયક-બત્રીસદોષ-સઝાય' ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨. સો.]

દીપવિજય–૪ [ ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં પંડિત પદ્મવિજયના શિષ્ય. સંભવત: વિજયસેનસૂરિના આચાર્યકાળ (ઈ. ૧૫૭૨થી ઈ. ૧૬૧૫)માં રચાયેલ ૧૨ કડીના 'પર્યુષણપર્વ – ચૈત્યવંદન' (મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૧,૩. [૨. સો.]

દીપવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૮ કડીની 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (લે. સં. ૨૦મી સદી આનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી. જો.]

દીપવિમળ/વિમળદીપ [ ] જૈન સાધુ. નેમિનાથ આવે છે ને વરદત્તકુમાર આદિ એમની દેશના સાંભળી દીક્ષા લે છે તેવા કથાવસ્તુવાળી ૭ કડીની 'નેમિનાથ–સઝાય/વરદત્તકુમારની સઝાય' (મુ.)ના કર્તા. ઘણા મુદ્રિત પાઠમાં આ કૃતિના કર્તાનું નામ 'વિમળદીપ' પણ મળે છે.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૨. જૈસસંગ્રહ (જૈ); ૩. જૈસસંગ્રહ (ન.); ૪. સઝાય માલા : ૧-૨ (જા.).

સંદર્ભ : ગુજૂકહકીકત. [૨. સો.]

દીપસૌભાગ્ય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. રાજસાગરસૂરિની પરંપરામાં માણિક્ય-સૌભાગ્યશિષ્ય ચતુર-સૌભાગ્યના શિષ્ય. ૩૧ ઢાળ અને ૬૦૭ કડીની 'ચિત્રસેનપદ્માવતી ચોપાઈ' (૨. ઈ. ૧૬૮૩/સં. ૧૭૩૯, ભાદરવા વદ ૯, મંગળવાર/શુક્રવાર) તથા પરંપરાગત અલંકારોનો થોડોક વિનિયોગ બતાવતી, ઈ. ૧૬૯૩માં અવસાન પામેલા વૃદ્ધિસાગરસૂરિનું ચરિત્રગાન કરતી, ૧૦ ઢાળની 'વૃદ્ધિસાગરસૂરિનિર્વાણ-રાસ' (મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ઔરાસંગ્રહ : ૩ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [૨.સો.]

દીપા [ઈ. ૧૪૯૨માં હયાત] : કડવાગચ્છના સંવરી શ્રાવક. શા. કડવાના શિષ્ય. સંવરી દીક્ષા ઈ. ૧૪૯૨માં. એમણે તે સમયે રચેલ છંદ તથા 'બારવ્રત-ચોપાઈ' મળે છે.

સંદર્ભ : કડુઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯. [કી.જો.]

દીપાજી : જુઓ દીપ (ઋષિ)-૧.

દીપો : જુઓ દીપ.

દિપ્તિવિજય : જુઓ દીપવિજય–૧.

દુર્ગદાસ : આ નામે ૨૨ કડીનું 'ત્રિષષ્ટિશલાકા–સ્તવન' (લે. ઈ. ૧૮મી સદી આનુ.) મળે છે તે કયા દુર્ગદાસ/દુર્ગાદાસ છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : કેટલૉગગુરા. [કી.જો.]

દુર્ગદાસ (ગણિ)–૧/દુર્ગાદાસ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ઉત્તરાધ ગચ્છના જૈન સાધુ. સરવરશિષ્ય અર્જુનમુનિના શિષ્ય. 'શાલિભદ્ર-ચોપાઈ' (૨. ઈ. ૧૫૭૮) અને ૬૩ કડીની 'ગંધકકુમારસૂરિ-ચોપાઈ' (૨. ઈ. ૧૫૭૯/સં. ૧૬૩૧, ભાદરવા વદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩ (૧); ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

દુર્ગદાસ–૨ [ઈ. ૧૭૩૭માં હયાત] : ખરતરગચ્છની આચાર્યશાખાના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં વિનયાણંદના શિષ્ય. 'જંબૂ-સ્વામી-ચોઢાળિયું' (૨. ઈ. ૧૭૩૭/સં. ૧૭૯૩, શ્રાવણ સુદ ૭, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. જૈહાપ્રોસ્ટા. [કી.જો.]

દુર્ગાદાસ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : જુઓ દુર્ગદાસ–૧.

દુર્ગાદાસ–૨ [ઈ. ૧૭૯૦ સુધીમાં] : એમની ૪૫ કડીની 'ચંદ્રાવલીનો ગરબો' (મુ.) એ કૃતિમાં કૃષ્ણનું રસિકચાતુર્ય વર્ણવાયું છે. ચંદ્રાવલીને રસ્તે મળતાં એને રોકવામાં અને પોતાને ઘેર બોલાવવામાં નિષ્ફળ ગયેલા કૃષ્ણ એકાદશીના જાગરણને બહાને ચંદ્રાવલીની સખી રાઈને વેશે એને ત્યાં જાય છે અને રાત ગાળે છે. કૃતિમાં કૃષ્ણને મુખે થયેલું ચંદ્રાવલીનું વિસ્તૃત આલંકારિક સૌંદર્યવર્ણન તથા કૃષ્ણ ચંદ્રાવલીનો શૃંગારવિહાર ધ્યાન ખેંચે છે.

દુર્ગાદાસને નામે ૫ પદની 'લંપટ હરિયો' (લે. ઈ. ૧૭૯૦ એ કૃતિ નોંધાયેલી મળે છે તે 'ચંદ્રાવલીનો ગરબો' જ હોવાનું કહેવાયેલું છે પરંતુ બંને કૃતિનાં બંધારણ જુદાં હોઈ એ શક્ય લાગતું નથી.

કૃતિ : ભૂકાદોહન : ૬.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

દુર્ગો [ ] : 'ટેન્ડો રજપૂત' ના વેશમાં આ કવિનો ૧ છપ્પો (મુ.) મળે છે.

કૃતિ : ભવાની ભવાઈપ્રકાશ, પ્ર. હરમણિશંકર ધ. મુનશી [નિ.વો.]

દુર્લભ/દુર્લભદાસ : આ નામોથી હિંદી તેમ જ ગુજરાતી પદો (કેટલાંક મુ.) મળે છે તે કયા દુર્લભ કે દુર્લભદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. મુદ્રિત ગુજરાતી કૃતિઓ તેની ભાષાભિવ્યક્તિને કારણે અર્વાચીન હોય એવી શંકા થાય છે.

કૃતિ : ૧. પ્રાકાસુધા :૧; ૨. ભજનસાગર : ૧; ૩. સોસંવાણું.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

દુર્લભ–૧ [અવ. ઈ. ૧૭૩૭] : પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંતકવિ. વાંસવાડા (રાજસ્થાન)માં સ્થાયી થયેલા આ કવિ પોતાને નાગર તરીકે ઓળખાવે છે એ ઈ.૧૬૯૭ (સં. ૧૭૫૩, કારતક વદ ૩, રવિવાર/સોમવાર) માં જૂનાગઢમાં વડનગરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હોવાનું, હરિનંદ પંડ્યા તથા હીરા એમનાં પિતા-માતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાનું તથા કાકીના મહેણાથી એમણે ૧૨ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો હોવાનું નોંધાયું છે પરંતુ આ માહિતી કેટલી પ્રમાણભૂત છે તે પ્રશ્ન છે. એમણે ઈ. ૧૭૨૧માં રચેલાં 'ભીલુડાનાં પદ' એ પૂર્વે એ વાગડ પ્રદેશના એ ગામમાં આવ્યા હોવાનું બતાવે છે. આ પ્રસંગ પછી તરત એ વાંસવાડા ગયા અને ત્યાં જ પોતાનો શેષ જીવનકાળ વ્યતીત કર્યો.

દુર્લભની ધાણીખરી કૃતિઓ મુદ્રિત મળે છે. તેમાંથી 'ભીલુડાનાં પદ'ને નામે ઓળખાતો ૧૨ પદોનો ગુચ્છ (૨. ઈ. ૧૭૨૧/સં ૧૭૭૭, શ્રાવણ સુદ ૧૫, ગુરુવાર) એમાં વર્ણવાયેલા એમના જીવન પ્રસંગને કારણે ધ્યાન ખેંચે છે. ભીલુડાના રામજીમંદિરે દર્શન કરવા ગયેલા દુર્લભની પરીક્ષા કરવા નાગરોએ મંદિરને તાળું મારી દીધું ને દુર્લભે એ તાળું ખોલવા ભગવાનને પ્રાર્થના રૂપે આ ૧૨ પદો ગાયાં. નરસિંહના હારપ્રસંગનાં પદોની યાદ આપતાં આ પદોમાં કવિ નરસિંહની જેમ ભગવાન પ્રત્યે મર્મવચનો કહી આત્મીયતાનો સંબંધ પ્રગટ કરે છે. આશરે ૨૭૦ કડીની 'અનુભવ-ગીતા'માં એમણે ભાગવતનો ઉદ્ધવ-સંદેશનો પ્રસંગ આલેખ્યો છે ને એમાં ગોપીઓના મનોભાવો—દૈન્ય, અસહાયતા, રીસ, રોષ, વિહ્વળતા આદિ વિસ્તારથી વર્ણવ્યા છે. કડવા-પ્રકારનાં ૩૭ પદોમાં રચાયેલ 'સુદામા-ચરિત્ર' આ પ્રસંગનિમિત્તે જ્ઞાનવિચાર અને ભક્તિવિચારને વિશેષ ઉઠાવ આપતી કૃતિ તરીકે નોંધપાત્ર છે. 'વેણુ-ગીત', 'જુગલ-ગીત', 'પ્રેહ-ગીત', 'બાલ-ગીત', 'ગોપી-ગીત', 'રાસનો છંદ' અને 'રાસ' એવા વિભાગોમાં વહેંચાયેલો 'મોટો રાસ' દુર્લભની લાક્ષણિક કૃતિ છે. દરેક પ્રસંગ એમાં વિસ્તારથી નિરૂપાયો છે તે ઉપરાંત 'બાલ-ગીત'માં ગોપીઓ પોતાને કૃષ્ણ રૂપે કલ્પી એની વિવિધ લીલાઓ જાણે પોતે કરતી હોય એવું વર્ણવે છે. આ પૂર્વે ઉલ્લેખાયેલાં કાવ્યોમાં એકંદરે સીધી સાદી ભાષાનો વિનિયોગ કરનાર કવિ અહીં સંસ્કૃત પદાવલિની સહાયથી અભિવ્યક્તિનાં લાલિત્ય, પ્રૌઢિ અને શિષ્ટતા સિદ્ધ કરે છે. કાવ્યમાં વર્ણનાત્મક અંશ મોટો છે ને એના શૃંગારમાં એક પ્રકારની મર્યાદાશીલતા વરતાય છે. આ પ્રકારની બીજી લાંબી કૃતિ 'રાસ-પંચાધ્યાયી' માં ભાગવતના શ્લોકો ઉદ્ધૃત કરતા જઈ જાણે કે એનો વિસ્તાર કરવામાં આવ્યો છે. આ સિવાય રાસનું વર્ણન કરતી ૨ ગરબીઓ અને 'રાસનો સમો' નામનું ૧ પદ પણ આ કવિનાં મળે છે.

દુર્લભે ૨ મહિના રચ્યા છે—એક ફાગણથી શરૂ થતા અને બીજા અસાડથી શરૂ થતા. બંનેમાં કૃષ્ણના દર્શન-મિલનનો ગોપીનો આનંદાનુભવ વર્ણવાયો છે. ફાગણના મહિના વિશેષે વર્ણનાત્મક ને તેથી વિસ્તૃત છે, ત્યારે અસાડના મહિના વિશેષ ભાવાત્મક છે.

અન્ય દીર્ઘ કૃતિઓમાં ૭૪ કડીનું 'મોટું કીર્તન ધામનું' પુષ્ટિ માર્ગસંમત શુદ્ધાદ્વૈત વેદાંતના મુક્તિવિચારને આલેખે છે ને પારિ-ભાષિક અભિવ્યક્તિને કારણે થોડું કૂટ પણ બન્યું છે. ૪૮ કડીનું 'સદ્‌ગુરુનું કીર્તન' ઉપદેશાત્મક છે તો ૮૦ કડીનું 'આરોગણાનું કીર્તન' થાળ-પ્રકારની રચના છે. ૩૪ કડીની 'દુર્લભની વિનંતી' દુર્લભે 'વિલાસી' (કૃષ્ણ)ને પોતાને આદ્ય ભુવનમાં લેવા માટે દાસીભાવે કરેલી વિનંતિ આલેખે છે, પરંતુ આ વિનંતિ વિશાખા વગેરે વનિતાઓ મારફત થઈ હોવાથી એ વનિતાઓ ને વિલાસીના સંવાદ રૂપે બહુધા ચાલે છે.

દુર્લભનાં મુદ્રિત પદોનો સંચય ૩૨૯ જેટલી સંખ્યા બતાવે છે, જેમાંનાં કેટલાંક હિંદીમાં પણ છે. એમાં શૃંગારનાં, દાણનાં, ફાગનાં, વાત્સલ્યનાં પદો મોટી સંખ્યામાં છે, જે કૃષ્ણવિષયક પદકવિતાનું અનુસંધાન પ્રગટ કરે છે. આ અને અન્ય પદોમાં નરસિંહનો પ્રભાવ પણ વરતાય છે. એમાં સંયોગશૃંગારનું આલેખન અવશ્ય આવે છે તેમ છતાં એનું ઘેરું ચિત્રાણ કવિએ કર્યું નથી ને શૃંગાર'ભક્તિ'ના તત્ત્વને એમણે સતત નિરૂપિત કર્યું છે. એમના શૃંગારાલેખનને જ્ઞાનદૃષ્ટિનો પાસ પણ લાગ્યો છે. કવિનાં અન્ય પદોમાં નામમહિમાનાં, ગુરુમહિમાનાં, વિનયનાં, જ્ઞાનનાં વગેરે પદોનો સમાવેશ થાય છે. હિંદીમાં રચેલાં કવિનાં થોડાં કવિત પણ મળે છે.

આ મુદ્રિત કૃતિઓ ઉપરાંત દુર્લભનાં, સૃષ્ટિઉત્પત્તિના શુદ્ધાદ્વૈતવિચારને આલેખતું 'આપવિલાસની વિધિ', 'કૃષ્ણપ્રિયાને પ્રાર્થના' તથા ભટકતા ચિત્તને શિખામણ આપતું લાંબું પદ—એ કાવ્યો નોંધાયેલાં છે. એમણે સંસ્કૃતમાં સ્તોત્ર રચ્યાંની માહિતી પણ મળે છે.

દુર્લભની જ્ઞાનયુક્ત ભક્તિની કવિતામાં પ્રસંગે ઉપમાદિ અલંકારો ને સાંકળીબંધ જેવાં રચનાચાતુર્ય જોવા મળે છે. એમની ભાષામાં બધે સઘનતા કે સફાઈ નથી પણ કેટલીક વિલક્ષણ અભિવ્યક્તિ તરાહો છે. એમની કૃતિઓ રાગના નિર્દેશ સાથે મળે છે એ એમની સંગીતની જાણકારી બતાવે છે.

કૃતિ : દુર્લભ-જીવન અને કવન, સં. શંકરલાલ ત્રિવેદી,—.(+સં.)
[શ્રા.ત્રિ.]

દુર્લભ—૨ [ ] : અવટંકે ભટ્ટ. કોઈકની ગદ્યનોંધ સાથે મળતા 'કપૂરચંદ-શેઠનો રાસડો'ના કર્તા. રાસડો ૨ ભાગમાં વહેંચાયેલો છે. એના પહેલા ભાગમાં કપૂરચંદશેઠનો વૈભવ, શત્રુંજય જાત્રા જવા માટે કાઢેલા સંઘનો ઠાઠમાઠ, શેઠની હાકેમી તથા પાનાચંદના લગ્નની શોભા વર્ણવી છે ત્યારે બીજા ભાગમાં શેઠને અગ્નિદાહ કર્યાનું વર્ણન છે.

સંદર્ભ : ફાહનામાવલિ : ૧. [કી.જો.]

દુર્લભ—૩ [ ] : જૈન. ૨૦ કડીના '(ઉરપાડનગર મંડન) શાંતિનાથપ્રતિષ્ઠાવર્ણન સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.) ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

દુર્લભદાસ : જુઓ દુર્લભ.

દુર્લભદાસ—૧ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

દુર્લભરામ [ઈ. ૧૭૪૧ આસપાસ] : સુરતના વતની. નાનાસુત. સુરતના નાગર કુટુંબની સ્ત્રી શિવબાઈ ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, ભાદરવા વદ ૧૨, શુક્રવારના રોજ સતી થાય છે તે પ્રસંગના વર્ણન દ્વારા સતી થવાના રિવાજનું ચિત્ર રજૂ કરતા, એ જ આરસામાં રચાયેલા જાણીતા ૭૮ કડીના 'સતીમાનો ગરબો' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગુજરાતી લોકસાહિત્યમાળા : ૫, સં. મંજુલાલ ૨. મજમુદાર વગેરે, ઈ. ૧૯૬૬ (+સં.); ૨.ભવાઈ સંગ્રહ, મહીપતરામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂપરામ, ઈ. ૧૮૯૪ (ચોથી આ.).
સંદર્ભ : ફાહનામાવલિ : ૨ [કી.જો.]

'દેગમ પદમણીનો વેશ' : 'રાજા દેગમનો વેશ'ને નામે પણ ઓળખાવાયેલા આ વેશ (મુ.)ના ૧ પાઠમાં આરંભમાં "કવિ ગદ કહે સુણો ઠકરો રે, સ્વાંગ તો રાજા દેગમનો લહુ" એવી પ્રસ્તુત વેશની પ્રશસ્તિ કરતી ઉક્તિ મળે છે તેને કવિ ગદના ઉદ્‌ધૃત સુભાષિત વચન તરીકે જ લેવી કે એ વેશનું કર્તૃત્વ કવિ ગદનું છે એમ સૂચવનારી લેખવી તે વિચારણીય છે.

વેશનો મુખ્ય કથાદોર આ પ્રમાણે છે : રાજા દેગમ શિકારે નીકળે છે, પદમણી સમી ભીલસુંદરીને જોઈ એના પ્રેમમાં પડે છે ને યુદ્ધ લડી એને જીતે છે. આ કથાદોરને આધારે વેશમાં બીજું ઘણું ભરત થયું છે ને એમાં વેશનો જુદો જ મર્મ ઊપસતો જણાય છે.

વેશના આરંભમાં ચંપા-માળીની કથા મોટેભાગે એને મુખે કહેવાય છે. દેગમે કુંવર-અવસ્થામાં નિશાળે સાથે ભણતા ચંપા-માળીને વચન આપેલું કે પોતે રાજા થશે ત્યારે ચંપાને પ્રધાન બનાવશે. પણ દેગમ પછીથી પોતાનું વચન વીસરી ગયો એટલે ચંપાએ સોદાગરને વેશે ઘોડાઓ લાવી રાજાનું ધ્યાન ખેંચ્યું અને રાજાએ એને પ્રધાન બનાવ્યો.

આ પછી રાજા અને ચંપો શિકારે નીકળે છે એ મુખ્ય પ્રસંગ આવે છે. એમાં ૩ ઘટકો છે : ૧. રાજાનો ચંપા સાથેનો સંવાદ : ચંપો પદમણીને જુએ છે ને એને ડુંગરે બેઠેલી કોયલડી તરીકે ઓળખાવે છે, પણ પછી રાજાના શબ્દોને વિકૃત કરી, એને વાચ્યાર્થમાં લઈ હાસ્યની સામગ્રી પૂરી પાડે છે. આ સંવાદમાં પદ્મિની નારીનાં લક્ષણો વર્ણવાય છે ને વેશના કોઈ પાઠમાં એનું સૌંદર્યવર્ણન પણ થાય છે. ૨. રાજા અને ચંપાનો પદમણી સાથેનો સંવાદ : આમાં રાજાની સૂચના અનુસાર ચંપો પદમણીને લલચાવવા વસ્ત્રો, ભોજન આદિ વૈભવની લાલચ આપે છે, પરંતુ "મારે વાલમ એક" કહેતી પદમણી પોતાની વનજીવન પ્રત્યેની પ્રીતિ પ્રગટ કરે છે. પદ્યનો આશ્રય લેતા આ સંવાદમાં લોકભોગ્ય આકર્ષકતા આવી છે. ૩. દોડિયા રજપૂતોનો ચંપા સાથેનો તેમ જ મીર સાથેનો સંવાદ : યુદ્ધ લડવા માટે દોડિયા રજપૂતોને બોલાવવામાં આવે છે. તેમનો આ સંવાદ રજપૂતી વીરત્વના, ગૌરવના ને ઉદારતાના થયેલા હ્રાસનું વિડંબનાયુક્ત આલેખન કરે છે અને આખા વેશમાં સૌથી વધુ રસપ્રદ અંશ બની રહે છે. રજપૂતોનાં નામ-નખોદજી, ટૂટાજી, સુરદાસજી-એમની અવદશાનાં સૂચક છે. આ રજપૂતો સૌ પ્રથમ અફીણ, તમાકુ ને રોટલા માગે છે, ગામને ૧૨ ભાગોળ હોય એમ ઇચ્છે છે જેથી સહેલાઈથી નાસી જઈ શકાય, યુદ્ધમાં પોતે કદાચ મરે તેથી તેનું બારમું રાજા પાસે અગાઉથી માગે છે, લડવા માટે બધી ઋતુ સામે કંઈ ને કંઈ વાંધો કાઢે છે ને મીર ગાય છે એને સરપાવ આપવાને બદલે પોતાના રોટલાના સાંસાનાં ગાણાં ગાય છે.

વેશના અંત ભાગમાં યુદ્ધ થવાનો ઉલ્લેખ આવે છે. દોડિયા રજપૂતો તો વગર લડયેપડે છે ને રાજા જાતે યુદ્ધે ચડીને પદમણીને જીતી લાવે છે.

કૃતિ : ૧. ભવાઈસંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ, * ઈ. ૧૮૬૬, ઈ. ૧૮૯૪ (ચોથી આ.); ૨. ભવાની ભવાઈ પ્રકાશ, સં. હરમણિશંકર ધ. મુનશી,–.

સંદર્ભ : ૧. ભવાઈ (અં.), સુધા. આર. દેસાઈ, ઈ. ૧૯૭૨; ૨. ભવાઈના વેશની વાર્તાઓ, ભરતરામ ભા. મહેતા, ઈ. ૧૯૬૪. [ક.જા.]

દેદ [ઈ. ૧૬૪૫ સુધીમાં] : મહાભારતના કથાનકને વર્ણવતી ૧૪૬ કડીની કડવાબદ્ધ 'કબીરા-પર્વ' (લે. ઈ. ૧૬૪૫) તથા 'અભિમન્યુનું ઓઝાણું/ઉત્તરાનું ઊઝાણું' ના કર્તા. બીજી કૃતિ ઈ. ૧૫૯૪ આસપાસ રચાઈ હોવાનું મનાયું છે.

સંદર્ભ : ૧. કવિ પ્રેમાનંદ કૃત અભિમન્યુ-આખ્યાન, સં. ચિમન લાલ શિ. ત્રિવેદી, રતિલાલ સાં. નાયક, ઈ. ૧૯૬૭ (બીજી આ.); ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

દેદો [ઈ. ૧૭૪૬ સુધીમાં] : ૨૬ કડીના 'ભાંગી-છંદ' (લે. ઈ. ૧૭૪૬)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી [કી.જો.]

દેપાલ/દેપો [ઈ. ૧૫મી સદી] : જૈન શ્રાવક. એમના 'આર્દ્રકુમાર-વિવાહલો'ની હસ્તપ્રત લે. ઈ. ૧૪૩૭ ની નોંધાયેલી છે તેમ જ ઈ. ૧૪૭૮નું રચનાવર્ષ બતાવતી કૃતિ મળે છે તેથી કવિનો સમય ઈ. ૧૫ મી સદીના મોટા ભાગમાં વિસ્તરેલો ગણાય.

દિલ્હીના દરબારમાં માનવંતું સ્થાન પ્રાપ્ત કરનાર દેસલહરા સમરા અને સારંગ એ શ્રેષ્ઠીઓના આશ્રિત અને દિલ્હીથી ગુજરાતમાં યાત્રાર્થે આવી કોચરવ્યવહારીનાં જીવદયાનાં કાર્યોને બિરદાવનાર, જ્ઞાતિએ ભોજક અને અવટંકે ઠાકુર જણાતા દેપાલ નામના કવિની માહિતી મળે છે, પરંતુ આમાંના કેટલાક ઉલ્લેખો એ કવિ ઈ. ૧૪મી સદીમાં થયા હોવાનું બતાવે છે, જ્યારે પ્રાપ્ત કૃતિઓ દેપાલ ઈ. ૧૫મી સદીમાં થયા હોવાનું બતાવે છે. આથી આ કૃતિઓના કર્તા દેપાલ સમરા અને સારંગના નહીં પણ તેમના વંશજોના આશ્રિત હોવા જોઈએ એવો તર્ક પણ થયો છે. દેપાલ એકથી વધુ હોય એવો સંભવ પણ નકારી ન શકાય. જો કે પ્રાપ્ત કૃતિઓ કોઈ એક જ કવિની હોવાની શક્યતા વધારે દેખાય છે. એ નોંધપાત્ર છે કે કવિની ભાષામાં દિલ્હીની ભાષાની અસર દેખાતી નથી પરંતુ તેમની કૃતિઓમાં મરાઠી ભાષાની પંક્તિઓ જોવા મળે છે.

આ યાચક કવિએ કેટલાક પરાક્રમી પુરુષોની પ્રશસ્તિનાં કાવ્યો રચ્યાં છે. 'સમરા-સારંગનો કડખો/રાસ' (મુ.)માં એ ભાઈઓએ ઈ. ૧૩૧૫માં કરેલી શત્રુંજય તથા ગિરનારની યાત્રાઓ અને તેમના ધર્મકાર્યનું વર્ણન છે. એક સ્થાને "શંકરદાસ કહે" એવી નામછાપને અંતર્ગત કરતા આ કાવ્યમાં કવિના જણાવ્યા મુજબ માંગરોળના ચારણો પાસેથી સાંભળેલા કવિતોનો પણ ઉપયોગ થયેલો જણાય છે. વસ્તુ, ઠવણિ, લઢ, લઢણાં એવા વિભાગો ધરાવતા આશરે ૩૭ કડીના 'ભીમશાહ-રાસ' (મુ.)માં ઈ. ૧૪૨૦માં થયેલા અને દુકાળ વખતે લોકોને મદદ કરનાર તથા મુસ્લિમોનાં આક્રમણો વખતે તીર્થો તથા સ્ત્રીઓની ધન આપી રક્ષા કરનાર પાટણના ભીમશાહનું યશોગાન છે. ૧૮ કડીની 'વિક્રમસી ભાવસાર-ચોપાઈ' (મુ.)માં ભોજાઈના મહેણાથી શત્રુંજયને પોતાના જાનને જોખમે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાઘના ભયમાંથી મુક્ત કરનાર વિક્રમસીના વીરત્વને બિરદાવવામાં આવ્યું છે. આ બધાં કાવ્યોમાં છંદ ને બાનીમાં ચારણી છટા જોઈ શકાય છે. કવિએ કોચર-વ્યવહારીનાં જીવદયાનાં કાર્યોનો ગુણાનુવાદ કરતાં તથા ખંભાતના સાજણસી વિશેનાં કાવ્યો રચ્યાં હોવાના ઉલ્લેખો મળે છે.

કવિની રાસાત્મક કૃતિઓમાં શ્રેણિક અને અભયકુમારના બુદ્ધિ ચાતુર્યની કથા પ્રાસાદિક રીતે કહેતી ને ક્વચિત વર્ણન, સુભાષિત વગેરેમાં કવિની શક્તિ પ્રગટ કરતી, મુખ્યત્વે વસ્તુ, દુહા અને ચોપાઈની ૩૬૮ કડીની 'શ્રેણિકઅભયકુમાર.-ચરિત←અભયકુમાર શ્રેણિક-રાસ/પ્રબંધ/ચોપાઈ' (મુ.), એ જ શૈલીએ રચાયેલી ૧૮૧ કડીની 'જંબૂસ્વામી પંચભવ-ચરિત્ર/ચોપાઈ/પ્રબંધ' (૨. ઈ. ૧૪૬૬/ સં. ૧૫૨૨, આસો સુદ ૧૫; મુ.), આશરે ૩૫૦ કડીની 'શ્રાવકાચાર/સમ્યકત્વબારવ્રત કુલક-ચોપાઈ' (૨. ઈ. ૧૪૭૮/સં. ૧૫૩૪, આસો સુદ ૧૫), આશરે ૧૮૦ કડીની 'જીવડભાવડ-રાસ/સલોકો', ૨૭૭ કડીની 'રોહિણેય-પ્રબંધ', મનોભાવનિરૂપણ અને કહેવત-રૂઢિપ્રયોગમૂલક ભાષાપ્રયોગોથી ધ્યાન ખેંચતી ૧૦૨ કડીની 'ચંદન બાલાચરિત્ર-ચોપાઈ/રાસ' (મુ.) અને 'વ્રજસ્વામી-ચોપાઈ' (૨. ઈ. ૧૪૬૬)નો સમાવેશ થાય છે. સંભવત: ૭ અધિકારની 'પુણ્યપાપ ફલ તથા સ્ત્રીવર્ણન-ચોપાઈ' પણ રાસાત્મક કૃતિ હોવાની શકયતા છે.

૪૧ કડીની 'પાર્શ્વનાથજીરાઉલા-રાસ' અને ૧૮ કડીની 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' (મુ.) એ તીર્થવર્ણનની કૃતિઓ, ૩૬ કડીની 'સ્થૂલિભદ્ર-ક્કક્કાવળી', દીક્ષિત થયા પછી જેમને પુનર્જન્મ પામેલ પૂર્વ ભવની પત્ની સાથે લગ્ન કરવાં પડયાં તે આર્દ્રકુમારને ત્યાં પુત્રજન્મ થાય છે અને તે પુત્ર નિશાળે જાય છે ત્યાં સુધીનું વર્ણન કરતી ૨૭ કડીની 'આર્દ્રકુમાર-ધવલ/વિવાહલો' (મુ.), 'આર્દ્રકુમાર સૂડ', ૧૯ કડીની 'થાવચ્ચાકુમાર-સઝાય/ગીત /રાસ'(મુ.),૧૫ કડીની 'કયવન્ના-વિવાહલો' (મુ.) તથા 'રનાત્ર-પૂજા' (મુ.) કવિની અન્ય ઉલ્લેખનીય કૃતિઓ છે. એ ઉપરાંત કવિએ ૧૨ કડીની 'નવકારમહામંત્ર-પ્રબંધ' (મુ.), ૧૦ કડીની 'સ્થૂલિભદ્ર-છાહલી' વગેરે ધવલ, ભાસ, ગીત જેવા પ્રકારોની તીર્થ-તીર્થંકરાદિ-વિષયક તેમ જ બોધાત્મક કૃતિઓ (કોઈક મુ.) તથા હરિયાળીઓ રચેલી છે.

કવિની કૃતિઓની ગેયતા તેમની સંગીતજ્ઞતાનું સૂચન કરે છે.

કૃતિ: ૧ ડિકેટેલોગભાઈ : ૧૯(૨)–૧ ગીત; ૨. નસ્વાધ્યાય : ૩; ૩. પ્રાગ્વાટસંચય; ૪. વિસ્નાપૂજાસંગ્રહ; ૫. સજઝાય સંગ્રહ : ૧, સં. સાગરચંદ્રજી, સં. ૧૯૭૮; ☐ ૬. જૈનયુગ, પોષ ૧૯૮૩–'શત્રુંજયની એક ઐતિહાસિક બીના-વિક્રમસી ભાવસાર -ચુપદિ', સં. મોહનલાલ દ. દેશાઈ; ૭. જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬, 'સમરાસારંગનો કડખો', સં. મોહનલાલ દ. દેશાઈ (+સં.) ૮. સ્વાધ્યાય, ઑક્ટો. ૧૯૬૫-'દેપાલકૃત જંબૂસ્વામિપંચભવચરિત્ર' સં. ઉમાકાન્ત પ્રે. શાહ, સોમાભાઈ ધૂ. પારેખ (+સં.); ૯. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૭૩- 'કવિ દેપાલકૃત શ્રેણિક અભયકુમાર ચરિત', સં. લાલચંદ્ર ભ. ગાંધી; ૧૦. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૪- 'કવિ દેપાલકૃત ભીમશાહ રાસ', સં. અગરચંદ નાહટા, ભંવરલાલ નાહટા (+સં.); ૧૧. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૭-'કવિ દેપાલકૃત ચંદનબાળા ચઉપઈ', સં. વિદ્યાત્રી વોરા (+સં.).

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૧; ૨. નયુકવિઓ; ૩. પ્રાકારૂપરંપરા; ☐ ૪. જૈનયુગ, વૈશાખ ૧૯૮૨-'શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધારક સમરસિંહ', લાલચંદ્ર ભ. ગાંધી. ☐૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧,૨); ૬. જૈમગૂકરચનાઓ : ૧; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

દેમલ [ ] : એમને નામે ૫૬ નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ. [કી.જો.]

દેલ્હાણ [ ] : જૈન શ્રાવક હોવા સંભવ. વદનક અને ચોપાઈનાં ૧૬ યુગ્મો સાથે આરંભ અંતની ૨ ચોપાઈ મળીને કુલ ૩૪ કડીના અને આપભ્રંશપ્રધાન ગુજરાતી ભાષામાં રચાયેલા 'ગજસુકુમાલ-રાસ' (લે. સં. ૧૪મી સદી અનુ; મુ.)ના કર્તા. કૃતિ દેવેન્દ્રસૂરિના વચનથી રચાયેલી છે તે જગતચંદ્રસૂરિ શિષ્ય દેવેન્દ્રસૂરિ (અવ. ઈ. ૧૨૭૧) હોય તો કર્તા ઈ. ૧૨મી સદી ઉત્તરાર્ધમાં હયાત ગણાય.

કૃતિ : ૧. પ્રાગુકાસંચય; ☐૨. રાજસ્થાનભારતી, જુલાઈ ૧૯૫૧–'ગયસુકુમાલ રાસ' સં. અગરચંદ નાહટા.

સંદર્ભ : મરાસસાહિત્ય. [કી.જો.]

દેવ : આ નામથી 'આઠમદની સઝાય', ૫ કડીની 'ચતુર્વિંશતિજિન-સ્તવન', ૭ કડીની 'રહનેમિરાજિમતી-ગીત' તથા '(હુણાડામંડન) સુમતિજિન-સ્તવન' એ કૃતિઓ મળે છે તે કયા દેવ-છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી : ૧. [૨.૨.દ.]

દેવકમલ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. દયાકલશના શિષ્ય. ઉપાધ્યાય સાધુકીર્તિ (અવ. ઈ. ૧૫૯૦)ની પ્રશસ્તિ કરતી ૪ કડીની ગહૂંલી (લે. ઈ. ૧૫૬૯; મુ.)ના કર્તા.

કૃતિ : ઔજૈકાસંગ્રહ (+સં.). [કી. જો.]

દેવકલશ [ઈ. ૧૫૧૩માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. વાચક દેવકુમારની પરંપરામાં ઉપાધ્યાય દેવકલ્લોલના શિષ્ય. ૩૦૧ કડીની 'ઋષિદત્તા-ચોપાઈ' (૨. ઈ. ૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

'દેવકીજીના છ પુત્રોનો રાસ' : અજ્ઞાત જૈન કવિ દ્વારા રચિત ૧૯ ઢાળની દુહા-દેશીબદ્ધ આ કૃતિ (લે.ઈ.૧૮૨૩; મુ.) મુખ્યત્વે હેમચન્દ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર'ને આધારે દેવકીના છ પુત્રોનું જૈન પરંપરા અનુસારનું કથાનક વર્ણવે છે. બબ્બેની જોડમાં ભિક્ષા લેવા આવેલા સાધુઓ એમના સમાન રૂપને કારણે જાણે ફરીને આવ્યા હોય એવો ભાસ થતાં દેવકી પૂછે છે ત્યારે એ છયે ભાઈઓ હોવાનું જાણવા મળે છે. પોતાને આઠ પુત્રો થવાનું વરદાન હતું તે નિષ્ફળ ગયાની વેદના અનુભવતાં દેવકીને નેમિનાથ ભગવાન પાસેથી આ છયે પુત્રો પોતાના હોવાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માહિતી મળે છે. સુલસાને ત્યાં એ ઊછર્યા ને એમને સ્થાને મુકાયેલાં સુલસાનાં મૃત બાળકોની કંસે પોતે હત્યા કરેલી હોવાનું માન્યું તેથી એ બચી ગયા. સાતમા પુત્ર તે કૃષ્ણ. આ પછી દેવકીને આઠમા પુત્ર ગજસુકુમાળ જન્મે છે પણ એ પણ અંતે દીક્ષા લઈ તપસ્વીનું જીવન ગાળે છે. અવારનવાર અંકાતી દેવકીના આર્દ્ર વાત્સલ્યભાવની રેખાઓ, નેમિનાથના દર્શને જતી દેવકીના રથનું છટાયુક્ત વર્ણન તથા વૈરાગ્યબોધક રૂપકશ્રેણિથી ને સુંદર ગાનછટાથી મનોરમ બનતો દેવકી-ગજસુકુમાળનો સંવાદ એ પરંપરાનિષ્ઠ આ કૃતિનાં ધ્યાન ખેંચતાં તત્ત્વો છે.

કૃતિ : ૧. * છ ભાઈનું રાસ, પ્ર. નારાયણ ભીકશેટ ખાતુ, ઈ. ૧૮૮૫; ૨. દેવકીજી છ ભાયારો રાસ, સં. બિપિનચંદ્ર જી. ઝવેરી, ઈ. ૧૯૫૮ (+સં.). ૩. દેવકીજીના ષટપુત્રનો રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૯. [જ.કો.]

દેવકીર્તિ [ઈ. ૧૪૭૫માં હયાત] : જૈન સાધુ. 'ધન્નાશાલિભદ્ર-રાસ' (૨. ઈ. ૧૪૭૫) ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

દેવકુશલ : આ નામે ૫ કડીની 'ગુરુ-સઝાય', ૫ કડીની 'વિજયરત્નમુનીશ્વર-સઝાય', ૭ કડીની 'નેમી-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૪ કડીની 'પાર્શ્વનાથનો વિવાહલો' (મુ.) એ કૃતિઓ મળે છે તે કયા દેવકુશલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'ગુરુ-સઝાય' તથા 'વિજયરત્નમુનીશ્વરસૂરિ-સઝાય' એક જ કૃતિ હોવા સંભવ છે.

દેવકુશલને નામે મળતા ૩૨૫૦/૫૯૭૦ ગ્રંથાગ્રના 'વંદારુવૃત્તિ/શ્રાવકાનુષ્ઠાનવિધિ/ષડાવશ્યકસૂત્ર-બાલાવબોધ' (૨. ઈ. ૧૭૦૦/સં. ૧૭૫૬, મહા સુદ ૧૦, રવિવાર), 'કલ્પસૂત્ર-બાલાવબોધ' (લે. ઈ. ૧૭૬૦) તથા ચારિત્રસુંદરરચિત મૂળ સંસ્કૃત ગ્રંથ 'આચારોપદેશ' પરના સ્તબક (લે. ઈ. ૧૭૧૨)ના કર્તા દેવકુશલ-૧ હોવાની શકયતા છે.

કૃતિ : પાર્શ્વનાથજીનો વિવાહલો તથા દિવાલી કલ્પ સ્તવન, પ્ર. મોહનલાલ સુ. પાટણવાળા, ઈ. ૧૮૯૯.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩ (૨); ૨. ડિકૅટેલૉગભાઈ : ૧૭ (૩); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવકુશલ-૧ [ઈ. ૧૭૧૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. રવિકુશલના શિષ્ય. ધનેશ્વરસૂરિરચિત મૂળ સંસ્કૃત ગ્રંથ 'શત્રુંજ્ય માહાત્મ્ય' પરના ૨૪,૦૦૦ ગ્રંથાગ્રના સ્તબક (૨. ઈ. ૧૭૧૧)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવકુશલ-૨ [ ] : જૈન સાધુ. દોલતકુશળના શિષ્ય. ૫ કડીની 'શાંતિનાથ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દેવચંદ : જુઓ દેવચંદ્ર.

દેવચંદ્ર : આ નામે ૧૪ કડીની 'મહાવીરસ્વામીનું સ્તવન' (મુ.), ૫ કડીની 'હિતશિક્ષા' (મુ.), ૧૫ કડીની 'નેમિજિન-બારમાસ' તથા અન્ય કેટલીક સ્તવન, સઝાય, ગીત, ગહૂંલી (૧ મુ.) વગેરે પ્રકારની કૃતિઓ મળે છે તે કયા દેવચંદ્રની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

અંચલગચ્છના કોઈ દેવચંદ્રની ૧૧ કડીની 'ચક્કેસરીમાતાની આરતી' (મુ.) મળે છે તે દેવચંદ્ર-૪ છે કે કેમ તેનો નિર્ણય થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક : ૧; ૨. વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ઈ. ૧૯૮૨ (સાતમી આ.); ૩. શ્રી શત્રુંજય તીર્થાદિ સ્તવન સંગ્રહ, સંગ્રા. મુનિમહારાજશ્રી સાગરચંદ્રજી, ઈ. ૧૯૨૬; ૪. સસન્મિત્ર.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવચંદ્ર-૧ [ઈ. ૧૬મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાન સૂરિની પરંપરામાં વિદ્યાસાગરના શિષ્ય. ૫૧ કડીની 'સુકોશલ-મહાઋષિની સઝાય/ગીત' (૨. ઈ. ૧૫૪૬ કે ૧૫૭૨/સં. ૧૬૦૨ કે ૧૬૩૨ આસો–)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દેવચંદ્ર(ગણિ)-૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ – આવ. ઈ. ૧૬૪૨/સં. ૧૬૯૮, વૈશાખ સુદ ૮] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ-સકલચંદ્ર-ઉપાધ્યાયની પરંપરામાં ઉપાધ્યાય ભાનુચંદ્રના શિષ્ય. અહિમ્મ-નગરમાં ઓસવાલ પરિવારમાં જન્મ. જન્મનામ ગોપાલ. પિતા રીંડો શાહ. માતા વરબાઈ. ૯ વર્ષની વયે પિતાનું અવસાન. વિજયસેનસૂરિના ઉપદેશથી વૈરાગ્ય અને પંડિત રંગચંદ્ર પાસે દીક્ષા. ઉપાધ્યાય ભાનુચંદ્ર પાસે અધ્યયન ને એમનું શિષ્યત્વ. ઈ. ૧૬૦૯માં પંડિતપદ. જીવનપર્યંત એકાશન જેવાં વ્રતનિયમો પાળનાર ને ગુજરાત-રાજસ્થાનમાં વ્યાપક વિહાર કરનાર આ કવિ સં. ૧૬૯૭માં સરોતરામાં ચાતુર્માસ કર્યા પછી ત્રેપન વર્ષની વયે અનશનપૂર્વક અવસાન પામ્યા.

એમની ૭ ઢાળ અને ૧૧૮ કડીની 'શત્રુંજયતીર્થ-પરિપાટી'(મુ.)માં સં. ૧૬૯૫ (ઈ. ૧૬૩૯)માં ઈડરમાં ચાતુર્માસ કર્યા પછી કરેલી શત્રુંજયયાત્રાનું વર્ણન છે. એમાં કવિએ ભાવપૂર્વક ગાયેલ શત્રુંજયયાત્રાનો મહિમા ધ્યાન ખેંચે છે. કવિની અન્ય કૃતિઓમાં ૧૭૪ કડીની 'પૃથ્વીચંદ્રકુમાર-રાસ' (૨. ઈ. ૧૬૪૦/સં. ૧૬૯૬, ફાગણ સુદ ૧૧), ૨૦૮ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ/રાસ' (* મુ.), ૮૯ કડીની 'મહાવીરસત્તાવીસભવ-સ્તવન', ૬૧ કડીની '(પોસીનાપુરમંડન) પાર્શ્વનાથ-સ્તવન', દિવાળીના દિવસોમાં થતાં પાપકર્મો વર્ણવતી ૨૫ કડીની 'દિવાળીની સઝાય' (મુ.) તથા અન્ય તીર્થ-તીર્થંકરાદિવિષયક સ્તવનો, સઝાયો વગેરેનો સમાવેશ થાય છે.

કવિએ સંસ્કૃતમાં 'શોભન-સ્તુતિ' પર ટીકા તથા 'સૌભાગ્યપંચમી-સ્તુતિ' રચેલ છે. એમને નામે નોંધાયેલ 'જિનશતક' તથા 'વિચાર-ષટ્ત્રિંશિકા' પણ સંસ્કૃત કૃતિઓ હોવાનું સમજાય છે.

કૃતિ : ૧. જૈસંગ્રહ; ૨. પ્રાતીસંગ્રહ : ૧ (+સં.); ૩. સજઝાય માળા (પં.).

સંદર્ભ : ૧. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ; ૨, હીરાલાલ ૨. કાપડિયા, ઈ. ૧૯૬૮; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૩૭–'દો ઐતિહાસિક રાસોંકા સાર', અગરચંદ નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨. ૨. દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેવચંદ્ર(ગણિ)–૩ [જ. ઈ. ૧૬૯૦ – અવ. ઈ. ૧૭૫૬/સં. ૧૮૧૨, ભાદરવા વદ ૩૦] : ખરતરગચ્છના જૈનસાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં જ્ઞાનધર્મશિષ્ય પાઠક દીપચંદ્રના શિષ્ય. આરંભકાળની ૩ કૃતિઓમાં ગુરુ તરીકે રાજહંસનો ઉલ્લેખ છે તે તેમના વિદ્યાગુરુ હોય અથવા તો દીપચંદ્રનું બીજું નામ હોય એવો તર્ક થયો છે. જન્મ બીકાનેર નજીક ચંગ ગામમાં. ઓસવાલ વંશ, લુણિયા ગોત્ર. પિતા તુલસીદાસ, માતા ધનીબાઈ. જન્મનામ દેવચંદ્ર. દીક્ષા ઈ. સ. ૧૭૦૦માં. દીક્ષાનામ રાજવિમલ હોવાનું નોંધાયું છે પણ કવિએ પોતે એ નામ કશે ઉપયોગમાં લીધું નથી. જૈન દર્શનના ઊંડા અભ્યાસી આ કવિએ શ્વેતાંબરીય ઉપરાંત દિગંબરી શાસ્ત્રોનો અભ્યાસ કરેલો છે તેમ જૈનેતર દાર્શનિક ગ્રંથો પણ જોયેલા છે. ઉપાધ્યાય યશોવિજય, આનંદઘન વગેરે અન્યગચ્છીય વિદ્વાનો અને કવિઓના પણ એ સાદર આધારો લે છે. કવિએ ઉપયોગમાં લીધેલા અને ઉલ્લેખેલા શાસ્ત્રાદિ ગ્રંથોની વિસ્તૃત યાદી તેમનો વિશાળ અભ્યાસ દર્શાવે છે. કવિના તત્ત્વનિરૂપણમાં ખંડનાત્મક અંશ જોવા મળતો નથી એ ખાસ નોંધપાત્ર છે. આ ઉદારદૃષ્ટિ તત્ત્વવિચારક પાસે તપગચ્છના અનેક જૈન સાધુઓએ અભ્યાસ કરેલો અને એમની 'નવપદ-પૂજા' તપગચ્છીય યશોવિજય અને જ્ઞાનવિમલની 'નવપદ-પૂજા' સાથે સંકલિત થઈને વ્યાપક રીતે ઉપયોગમાં લેવાય છે. અવસાન અમદાવાદમાં.

અધ્યાત્મરસિક પંડિત તરીકે ઓળખવાયેલા દેવચંદ્રગણિની કૃતિઓ બહુધા તત્ત્વવિચારાત્મક અને અધ્યાત્મજ્ઞાનવિષયક છે ને સ્તવનાદિ પ્રકારની કૃતિઓમાં પણ એ વિચારતત્ત્વની ગૂંથણી કરે છે. એમાં ફિલસૂફીની કઠિનતા છે અને પ્રાસાદિકતા ખાસ આણી શકાઈ નથી. કવિની તત્ત્વવિચારાત્મક પદ્યકૃતિઓમાં, શુભચંદ્રાચાર્યના મૂળ સંસ્કૃત ગ્રંથ 'જ્ઞાનાર્ણવ'ને આધારે ધ્યાનનું શુદ્ધ સ્વરૂપ, તેનાં પ્રકારો-ઉપકરણો-રીતિઓ તથા ધ્યાતાનાં લક્ષણોનું વિસ્તૃત વિવેચન કરતી ૬ ખંડ અને ૫૮ ઢાળની 'ધ્યાનદીપિકા-ચતુષ્પદી' (૨. ઈ. ૧૭૧૦/સં. ૧૭૬૬, મહા/વૈશાખ વદ ૧૩, રવિવાર; મુ.), જૈન સંપ્રદાયમાં ભગવદ્ગીતા સમી ગણાવાયેલી ૪૯ કડીની 'અધ્યાત્મ-ગીતા/આત્મ-ગીતા' (મુ.) અને ૨૧ કડીની 'લઘુ ધ્યાનદીપિકા' (*મુ.)નો સમાવેશ થાય છે.

કવિની 'વર્તમાનજિન-ચોવીસી' (મુ.), 'અતીતજિન/ચોવીસી' (૨૧ સ્તવન મુ.) અને 'વિહરમાનજિન-વીસી' (મુ.) જ્ઞાનમૂલક કૃતિઓ છે તેમાં કોઈક ધ્યાન ખેંચતા વિચારઅંશો પણ જોવા મળે છે. જેમ કે, 'વર્તમાનજિન-ચોવીસી'ના પહેલા સ્તવનમાં રજૂ થયેલ લૌકિક પ્રેમ અને તીર્થંકર પ્રત્યેના પ્રેમની ભિન્નતા પ્રગટ કરતું સરલ માર્મિક ચિંતન. આ પ્રકારની અન્ય નોંધપાત્ર કૃતિ-ઓમાં, ગૌતમના મહાવીરવિરહના ભાવ જેવા અંશોને ઉઠાવ આપતી અને મહાવીરનું મહિમાગાન કરતી ૧૩ ઢાળની 'વીરજિન-નિર્વાણ-સ્તવન/દિવાળીનું સ્તવન' (મુ.), આર્દ્ર આત્મપરિતાપનું આલેખન કરતી 'રત્નાકર-પચ્ચીસી'ના અનુવાદ રૂપ ૩૪ કડીની '(સિદ્ધાચલગિરિમંડન) આદિજિનવિનતિરૂપ-સ્તવન/ઋષભદેવ-સ્તવન' (મુ.), ૮ ઢાળની 'સ્નાત્ર-પૂજા' (મુ.) અને ૨૨ કડીની 'નવપદ-પૂજા/સિદ્ધચક્ર-સ્તવન' (મુ.)નો સમાવેશ થાય છે. આ સિવાય પણ કવિએ ૨૧ કડીનું 'સીમંધરસ્વામીવિનતિરૂપ-સ્તવન' (મુ.), ૨૧ કડીનું 'સિદ્ધાચલચૈત્યપરિપાટી-સ્તવન' (મુ.), ૨૦ કડીનું '(નવાનગર) આદિજિન-સ્તવન'(મુ.) વગેરે કેટલાંક સ્તવનો (ઘણાંખરાં મુ.) રચેલાં છે. કવિએ આનંદઘનની 'ચોવીસી'માં ખૂટતાં છેલ્લાં ૨ સ્તવનો રચેલાં છે એવી માહિતી મળે છે.

કવિએ ઘણી સઝાયો (મોટા ભાગની મુ.) રચેલી છે તેમાંથી ૬ ઢાળની 'સાધુની પંચભાવના' (મુ.), ૧૦ ઢાળની 'આઠ પ્રવ-ચનમાળાની સઝાય'(મુ.), ૩ ઢાળની 'પ્રભંજનાની સઝાય' (મુ.), ૨૭ કડીની 'ઢંઢણમુનિ-સઝાય' (મુ.) નોંધપાત્ર છે. કવિને નામે કેટલાંક પદો (૫ મું.) પણ નોંધાયેલાં છે.

આ કવિને નામે નોંધાયેલ 'સ્નાત્ર-પંચાશિકા' (૨. ઈ. ૧૭૪૮) 'સ્નાત્ર-પૂજા'થી અલગ કોઈ અધિકૃત કૃતિ હોય એ શંકાસ્પદ જણાય છે. ૧૩ ઢાળની 'સાધુવંદના' કવિની નામછાપ સાથે મળે છે પરંતુ હસ્તપ્રતોમાં જ્ઞાનચંદ્રશિષ્ય ક્રીદેવની નામછાપ સાથે પણ મળે છે. સાંયોગિક પ્રમાણો જોતાં કૃતિ ક્રીદેવની હોવાની સંભાવના વધારે છે.

કવિની ગદ્યકૃતિઓમાં સકળ જૈન સિદ્ધાંતોના દોહન રૂપ ૧૦૫૬ ગ્રંથાગ્રની 'આગમસાર' (૨. ઈ. ૧૭૨૦/સં. ૧૭૭૬, ફાગણ સુદ ૩, મંગળવાર; મુ.) સૌથી વધારે મહત્ત્વની અને જાણીતી કૃતિ છે. પોતાની 'ચોવીસી' ઉપરનો ૨૬૦૦ ગ્રંથાગ્રનો વિસ્તૃત બાલાવબોધ (મુ.) તથા પોતાની 'વીશી'માંના 'બાહુજિન-સ્તવન' પરનો ટબો (મુ.) મૂળ કૃતિઓમાંના જ્ઞાનવિચારને સ્ફુટ કરતી પ્રાસાદિક રચનાઓ તરીકે નોંધપાત્ર છે. કવિના અન્ય બાલાવબોધોમાં, મલ્લવાદીના 'દ્વાદશારનયચક્ર'ના સંક્ષેપ રૂપે નયના મુખ્ય ભેદોનો પરિચય આપતા, પોતે રચેલા સંસ્કૃત 'નયચક્રસાર'નો બાલાવબોધ (મુ.), પોતે સંસ્કૃત ટીકા સાથે પ્રાકૃતમાં રચેલ 'વિચારરત્ન-સાર'નો, અધ્યાત્મ જ્ઞાન અને જૈન તત્ત્વને લગતા ૩૨૨ પ્રશ્નોત્તરમાં વહેંચાયેલો ૧૫૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ (૨.ઈ. ૧૭૪૦/સં. ૧૭૯૬, કારતક સુદ ૧; મુ.), દેવેન્દ્રસૂરિકૃત મૂળ પ્રાકૃતગ્રંથ 'કર્મગ્રંથ' પરનો ટબાર્થ (મુ.), વજ્રસેનસૂરિશિષ્યની મૂળ પ્રાકૃત કૃતિ 'ગુરુગુણષટ્‌ત્રિંશત્'નો બાલાવબોધ (મુ.), 'ચોવીસદંડકવિચાર-બાલાવબોધ' (૨. ઈ. ૧૭૪૭/સં. ૧૮૦૩, કારતક સુદ ૧૧) તથા 'સપ્તસ્મરણ-બાલાવબોધ'નો સમાવેશ થાય છે. 'ગુણસ્થાનક આધિકાર' (ભાષાની સ્પષ્ટતા નથી) તથા પ્રાકૃત 'ગુણસ્થાન શતક' અને તેના પરનો ગુજરાતી સ્તબક એ એક જ કૃતિના ઉલ્લેખો હોય એવું સમજાય છે. અન્ય લોકોએ ધર્મતત્ત્વજ્ઞાનની અનેક બાબતો વિશે પૂછેલા પ્રશ્નોના ઉત્તરની 'છૂટક પ્રશ્નોત્તર' (મુ.) એ નામથી થયેલી નોંધ તથા સુરતની ૨ શ્રાવિકાઓ પર લખાયેલા અને દ્રવ્યાનુયોગની ચર્ચા કરતા ૩ પત્રો (મુ.) કવિનું અન્ય ગદ્યસર્જન છે. કવિને નામે નોંધાયેલ અમૂર્તિ-પૂજકોના મંતવ્યના ઉત્તરરૂપ 'પ્રતિમાપુષ્પપૂજાસિદ્ધિ' એ ગદ્યકૃતિ કઈ ભાષામાં છે તેની માહિતી મળતી નથી, તો 'દેશનાસાર' એ 'આગમસાર'ને સ્થાને થયેલી નામભૂલ હોવાનું સમજાય છે.

દેવચંદ્રગણિએ હિન્દીમાં 'દ્રવ્યપ્રકાશ' (૨. ઈ. ૧૭૧૧/સં. ૧૭૬૭, પોષ વદ ૧૩; મુ.), અધ્યાત્મવિષયક ૨ હોરી (મુ.) વગેરે પ્રકીર્ણ રચનાઓ કરેલી છે.

ઉપર નિર્દિષ્ટ કૃતિઓ ઉપરાંત કવિએ પ્રાકૃતમાં 'કર્મગ્રંથ'ની પૂર્તિ સમી 'કર્મસંવેધભંગ-પ્રકરણ' (મુ.) તથા યશોવિજયના 'જ્ઞાન સાર-અષ્ટક' પર સંસ્કૃતમાં 'જ્ઞાનમંજરી' નામે ટીકા (૨. ઈ. ૧૭૪૦)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચેલ છે. આ બધી કૃતિઓ કવિની અન્યભાષાની સજ્જતા બતાવે છે.

કૃતિ : ૧, અતીત જિન સ્તવન ચોવીસી, સં. બુદ્ધિસાગરગણિ, સં. ૨૦૧૮; ૨. દેવચંદ્રકૃત ચોવીસી, પ્ર. સુરચંદ સ્વરૂપચંદ, ઈ. ૧૯૧૯; ૩. પંચ ભાવનાદિ સઝાય સાર્થ (શ્રીમદ્ દેવચંદ્ર સઝાય-માલાદ્ર ભા. : ૨), સં. અગરચંદ નાહટા, સં. ૨૦૨૦; ૪. શ્રીમદ્ દેવચંદ્ર : ૧ અને ૨, સં. બુદ્ધિસાગરસૂરિ, ઈ. ૧૯૨૯ (બીજી આ.) (+સં.); ૫. શ્રીમદ્ દેવચંદ્ર સજ્ઝાયમાલા : ૧, સં. અગરચંદ નાહટા, સં. ૨૦૨૦; ૬. શ્રીમદ દેવચંદ્ર સ્તવનાવલી, સં. અગરચંદ નાહટા, સં. ૨૦૧૨; ☐૭. આત્મહિતકર આધ્યા-ત્મિક વસ્તુસંગ્રહ, પ્ર. જૈન શ્રેયસ્કર મંડળ, ઈ. ૧૯૨૬; ૮. પ્રકરણરત્નાકર ભા. ૧, પ્ર. શા.ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૬; ૯. સઝાયમાલા, પ્ર. વિદ્યાશાલા, સં. ૧૯૨૧; ☐૧૦. જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૩ – 'મારી કેટલીક નોંધો,' મોહનલાલ દ. દેશાઈ (૨ સ્તવન); ૧૧. * પરમાત્મદર્શન.

સંદર્ભ : ૧. શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવ-વિલાસ (નિર્વાણરાસ), સં. બુદ્ધિસાગરસૂરીશ્વરજી, ઈ. ૧૯૨૬; ☐ ૨. જૈગૂસારત્નો : ૧; ☐ ૩. આલિસ્ટઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૫. ડિક્ટેલૉગભાઈ : ૧૮(૧); ૬. મુપુ-ગૂહસૂચી; ૭. લીંહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨. ૨. દ.]

દેવચંદ્ર–૪ [ઈ.૧૭૭૮માં હયાત] : જૈન સાધુ. કોડાય(કચ્છ)ના પચાણના સંઘપતિપદે નીકળેલા સંઘે ઈ. ૧૭૭૮માં શત્રુંજયની યાત્રા કરી તેનું વર્ણન કરતા ૬૧ કડીના 'શત્રુંજયનો સલોકો' (મુ.)ના કર્તા.

કૃતિ : સલોકા સંગ્રહ : ૧, પ્ર. શા. કેશવલાલ સવાઈભાઈ, ઈ. ૧૯૧૨. [૨.૨.દ.]

દેવચંદ–૫/'પ્રભુશશી'/'સુરશશી' [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન શ્રાવક. જ્ઞાતિએ વીસાશ્રીમાળી. અમદાવાદના રહેવાસી હોય એવું સમજાય છે. એમણે રચેલા ૮૩ કડીના 'નેમિનાથનો સલોકો' (૨. ઈ. ૧૮૪૪/સં. ૧૯૦૦, શ્રાવણ વદ ૫, શુક્રવાર; મુ.)માં નેમિનાથને પરણવા સમજાવવા ભાભીઓએ કરેલા મજાકભર્યા ઉદ્ગારો વિસ્તારથી ને તળપદી શૈલીમાં મનોરમ રીતે આલેખાયા છે. આ કવિનો ૯૨ કડીનો 'વિવેક-વિલાસનો સલોકો' (૨. ઈ. ૧૮૪૭/સં. ૧૯૦૩, માગશર સુદ ૧૩, મંગળવાર; મુ.) પણ વીગતપૂર્ણ રૂપક ગ્રંથિની રચનાની કવિની શક્તિ બતાવે છે. આ ઉપરાંત, આ કવિની ૪ કડીની 'જિનપ્રભુની આંગીનું સ્તવન' (મુ.), ૮ પંક્તિની 'મહાવીરસ્વામીની ગરબી' (મુ.), ૭ કડીનું 'પદ્મપ્રભસ્વામીનું સ્તવન' (મુ.) તથા ૯ કડીનું 'સુવિધિનાથસ્વામીનું સ્તવન' (મુ.) એ લઘુ કૃતિઓ પણ મળે છે. 'પ્રભુશશી'ની નામછાપ સાથે મળતું ૭ કડીનું 'ચંદ્રપ્રભસ્વામીનું સ્તવન' આ જ કવિની રચના હોવાનું સમજાય છે.

કૃતિ : ૧. (શ્રી) પ્રતિક્રમણસૂત્ર તથા નવસ્મરણ અને દેવવંદનાદિ ભાષ્યત્રય, સં. શ્રાવક ભીમસિંહ માણક, ઈ. ૧૯૦૬; ૨. મોતીશાનાં ઢાળિયાં, પ્ર. હીરાચંદ હઠીસિંગ શાહ, ઈ. ૧૯૧૪ (બીજી આ.); ૩. શ્રી શત્રુંજય તીર્થાદિ સ્તવન સંગ્રહ, સંગ્રા. મુનિમહારાજશ્રી સાગરચંદ્રજી, ઈ. ૧૯૨૬; ૪. સલોકાસંગ્રહ : ૧, પ્ર. શા. કેશવલાલ સવાઈભાઈ, ઈ. ૧૯૧૨.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

દેવચંદશિષ્ય : જુઓ સાહિબ.

દેવજી (મુનિ) : આ નામે ૭૦ ગ્રંથાગ્રનું 'પાર્શ્વજિન-સ્તવન' (૨. ઈ. ૧૬૧૯) મળે છે તે દેવજીમુનિ-૧ હોવાનું ખાતરીપૂર્વક કહી શકાય તેમ નથી.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨ [૨.૨.દ.]

દેવજી(મુનિ)–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. ઈ. ૧૬૩૨, ઈ. ૧૬૩૫ અને ઈ. ૧૬૩૬નાં રચનાવર્ષો ધરાવતી શિવજી-ઋષિ-વિષયક ૭ ભાસના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

દેવજી(સ્વામી)–૨ [ઈ. ૧૮૨૬માં હયાત] : જૈન સાધુ. હિન્દી-પ્રચુર ગુજરાતીમાં 'અમરાભિધઋષિ' એવી નામછાપ ધરાવતી 'ઉપદેશી લાવણી' (૨. ઈ. ૧૮૨૬/સં. ૧૮૮૨, આસો સુદ/વદ ૫, સોમવાર; મુ.)ના કર્તા. આ કવિ લોંકાગચ્છના લીંબડી સંપ્રદાયમાં અવિચલજીની પાટે આવેલા દેવજીસ્વામી હોવાનું સમજાય છે. એ મૂળ વાંકાનેરના લોહાણા હતા. ૧૦ વર્ષની વયે દીક્ષા રાપરમાં ઈ.૧૮૧૪માં. આચાર્યપદ ઈ. ૧૮૩૦. અવસાન લીંબડીમાં ઈ. ૧૮૬૪ (સં. ૧૯૨૦, જેઠ સુદ ૮, રવિવાર).

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ભા : ૧, સં. મુનિ શ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૨. જૈસમાલા (શા) : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨) – 'જૈનગચ્છોનીગુરુપટ્ટાવલીઓ'. [૨. ૨. દ.]

દેવદત્ત [ઈ. ૧૫મી સદી] : ખરતરગચ્છીય જિનભદ્રસૂરિ (આચાર્ય કાળ ઈ. ૧૪૧૯ – ઈ. ૧૪૫૮)ના અનુયાયી શ્રાવક. અવટંકે વોરા. પિતાનામ ઉદા. ગોત્ર છાહડ. ૨ કડીની 'જિનભદ્રસૂરિ ધુવઉ'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈમગૂકરચનાઓ : ૧. [૨. ૨. દ.]

દેવદાસ [ ] : 'દેવદાસ/દેવીદાસ' એવી નામછાપથી મળતા,વર્ગ(કડવાં) બદ્ધ તૂટક 'અશ્વમેધ'ના કર્તા. કર્તાનામ દેવીદાસ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય એવું નથી.

સંદર્ભ : કવિચરિત : ૧-૨. [૨. સો.]

દેવપ્રભ(ગણિ) [ઈ. ૧૪૬૬ સુધીમાં] : જૈન સાધુ. સોમતિલક સૂરિના શિષ્ય. આ કવિના રોળા અને વસ્તુ છંદના આશરે ૪૨ કડીના 'કુમારપાલનરેશ્વર-રાસ' (લે. ઈ. ૧૪૬૬; મું.)માં કુમારપાળ રાજાએ પોતાના રાજ્યમાંથી હિંસા, દ્યૂત વગેરે ૭ વ્યસનો દૂર કરાવ્યાં તેનું અને રાજાની શત્રુંજયયાત્રાનું તથા તેના મહિમાનું વર્ણન થયેલું છે.

કૃતિ : ભારતીયવિદ્યા : ૨. શ્રાવણ ૧૯૯૮ – દેવપ્રભગણિકૃત 'કુમારપાલ-રાસ', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. આલિસ્ટઑઇ: ૨; ૩. જૅગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

દેવમુરારિ [ઈ. ૧૮૧૮ સુધીમાં] : 'વિચારમાલા' (લે. ઈ. ૧૮૧૮]ના કર્તા.

સંદર્ભ :હેજૅજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

દેવરત્ન : આ નામે 'ઋષભદેવ-સ્તવન (લે. ઈ. ૧૭૨૮) મળે છે તેના કર્તા કયા દેવરત્ન છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [૨.૨.દ.]

દેવરત્ન–૧ [ઈ. ૧૬૪૨માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની પરંપરામાં દેવકીર્તિ/ગણિના શિષ્ય. ૩ ખંડની 'શીલવતી-ચોપાઈ (૨.ઈ.સં. ૧૬૪૨ સં. ૧૬૯૮, કારતક-)'ના કર્તા.

સંદર્ભ : ૧. જૅગૂકવિઓ : ૧ ૩ (૧); મુપુગૂહમૂચી. [૨.૨.દ.]

દેવરત્ન(ગણિ)–૨ [ઈ. ૧૭૫૯માં હયાત]: લઘુતપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિની પરંપરામાં વિજયરત્નના શિષ્ય. ૪ ખંડ, ૫૧ ઢાળ અને ૧૫૭૨ કડીના 'ગજસિંહકુમાર-રાસ' (૨. ઈ. ૧૭૫૯/સં. ૧૮૧૫, કારતક/ભાદરવો–)ના કર્તા.

સંદર્ભ : ૧ જૅગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

દેવરત્ન–૩ [ ] : આગમગચ્છના જૈન સાધુ. ગુણરત્નસૂરિના શિષ્ય. 'ગજસિંહકુમાર-રાસ'ના કર્તા. કૃતિનો સમય ઈ. ૧૪૫૭ આસપાસનો ગણવામાં આવેલો છે. આ સઘળી માહિતી ભૂલભરેલી હોય અને કવિ વસ્તુત: દેવરત્ન-૨ હોય એવી પણ સંભાવના છે.

સંદર્ભ : જૈસાઇતિહાસ [૨.૨.દ.]

દેવરત્નસૂરિશિષ્ય [ઈ. ૧૪૪૩માં હયાત] : જૈન. આગમગચ્છના દેવરત્નસૂરિના શિષ્ય. ફાગ, રાસ, અઢૈયુ અને આંદોલાનો વિનિયોગ કરતા અને 'કાવ્યમ્' નામથી સંસ્કૃત શ્લોકો ગૂંથતા આ કવિના ૬૫ કડીના 'દેવરત્નસૂરિ-ફાગ' (૨. ઈ. ૧૪૪૩; મુ.)માં દેવરત્ન-સૂરિની ટૂંકી ચરિત્રરેખા આપવામાં આવી છે અને વસંતવર્ણન સાથે એમણે કરેલા કામવિજયનો મહિમા ગાવામાં આવ્યો છે.

કૃતિ : જૈએકાસંચય.

સંદર્ભ : જૅગૂકવિઓ : ૧. [કી.જો.]

દેવરાજ : દેવરાજને નામે ૬૨/૬૪ કડીની 'વીરધવલ-ઋષિ-રાસ/સુકોશલઋષિ-ઢાળ/ચોપાઈ' (લે. ઈ. ૧૬૩૩) તથા દેવરાજમુનિને નામે 'સીમંધરસ્વામી-વિનતિ' (લે. સં. ૧૮મી સદી અનુ.)મળે છે તે દેવરાજ-૧ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી. 'સુકોશલઋષિઢાળ' દેવરાજ-૧ને નામે મુકાયેલ છે પણ તે માટે કશો આધાર નથી.

સંદર્ભ : ૧. જૅગૂકવિઓ : ૩(૨); ૨. રાહસૂચી : ૨, ૩. લીંહસૂચી; ૪. હેજૅજ્ઞાસૂચિ : ૧ [કી. જો.]

દેવરાજ–૧ [ઈ. ૧૫૩૪ સુધીમાં] : જ્ઞાતિએ પુષ્કરણા બ્રાહ્મણ અવટંકે ભટ્ટ. મેવાડના વતની. વસંતઋતુમાં વિશ્વનાથના પૂજનાર્થે રચાયેલા એમના 'કાશીવિલાસ' (લે. ઈ. ૧૫૩૪; મુ.)માં ગુજરાતી કડી અને એના અનુવાદ રૂપે સંસ્કૃત કડી એમ કુલ ૪૬ કડી છે. ગુજરાતી કડીઓમાં ઘણે સ્થાને આંતરયમકનો આશ્રાય લેતાં અને શબ્દરચનાદિમાં 'વસંતવિલાસ'નો પ્રભાવ વ્યક્ત કરતા આ કાવ્યને કવિએ ફાગુકાવ્ય તરીકે કલ્પેલું છે એમ જણાઈ આવે છે. કાવ્યમાં અલંકારો અને ઉક્તિવૈચિત્ર્યની મદદથી કાશીનું વર્ણન અને તેનું મહિમાગાન કરવામાં આવેલું છે.

કૃતિ : સ્વાધ્યાય, ફેબ્રુ. ૧૯૬૭ – 'દેવરાજ ભટ્ટ રચિત 'કાશી-વિલાસ' સં. અગરચંદ નાહટા.

સંદર્ભ : ૧. વિદ્યા, જાન્યુ., ૧૯૭૨ –'કાશીવિલાસ અને વસંત-વિલાસ', હ. ચૂ. ભાયાણી; ☐ ૨. ફાહનામાવલિ : ૨. [કી.જો.]

દેવરાજ–૨ [ઈ. ૧૬૦૭માં હયાત] : વિજયગચ્છના જૈન સાધુ. પદ્મસૂરિના શિષ્ય. 'હરિણી-સંવાદ' (૨. ઈ. ૧૬૦૭/સં. ૧૬૬૩, ચૈત્ર સુદ ૯, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૅગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

દેવરામ [ઈ. ૧૭૯૨માં હયાત] : અવટંકે ભટ્ટ. મારુપતિની, પુત્ર તરીકે ખપાવેલ ને પરણાવેલ પુત્રી બહુચરમાની કૃપાથી પુરુષ બને છે તેની કથા કહેતા ૭૧ કડીના 'મારુપતિનો છંદ' (૨. ઈ. ૧૭૯૨; મુ.)ના કર્તા.

કૃતિ : દેવી માહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭. [કી.જો.]

દેવવિજય : આ નામે મળતી 'ચંદ્રકેવલી-રાસ' (૨. ઈ. ૧૬૩૬) તથા ૧૬ કડીનું 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' (૨. ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭–મહા/વૈશાખ–૧૩ : મુ.) એ કૃતિઓના કર્તા દેવવિજય-૩ હોવાની અને 'અઢાર નાતરાની સઝાય' (૨. ઈ. ૧૫૬૪)ના કર્તા દેવવિજય-૧ હોવાની સંભાવના છે પણ એ વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

દેવ/ દેવવિજયને નામે મળતી ૬ કડીની 'અષ્ટકર્મચૂરણતપ-સઝાય' મુદ્રિત પાઠમાં 'અષ્ટમીની સઝાય' એવું ખોટું શીર્ષક તથા વિજયદેવસૂરિની પાટે વિજયસેનસૂરિ એવી ઊલટી પાટપરંપરા આપે છે એટલે કવિઓળખ નિશ્ચિત થઈ શકે તેમ નથી.

આ સિવાય, પંડિત દેવવિજયને નામે 'બારવ્રતની ટીપ' (લે. ઈ. ૧૬૧૨) તથા હરિયાળીઓ, દેવવાચક/દેવવિજયને નામે ૧૧/૧૩ કડીની 'ધન્નાની સઝાય' (લે. ઈ. ૧૮૧૩) અને દેવવિજયને નામે '(સુરતમંડન) પાર્શ્વનાથ-સ્તવન' (લે. ઈ. ૧૭૨૬), ૧૨ કડીની 'વિજયસેનસૂરિ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) વગેરે કેટલાંક સ્તવન, સઝાય, ચૈત્યવંદન નોંધાયેલાં મળે છે તેમાંથી કેટલીક કૃતિઓના કર્તા દેવવિજય-૬ હોવાની સંભાવના છે. પરંતુ એ વિશે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. શંસ્તવનાવલી; ૨. સજ્ઝાયમાળા (પં.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાહસૂચી : ૧; ૩. લીંહસૂચિ; ૪. હેજૅજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેવવિજય–૧ [ઈ. ૧૫૬૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિના શિષ્ય. ૩ ઢાળ અને ૨૭ કડીની 'ચંદનબાલા-સઝાય' (૨. ઈ. ૧૫૬૪/સં. ૧૬૨૦, વૈશાખ સુદ ૫, શનિવાર; મુ.) તથા ૮૬ કડીની મૌન એકાદશી-સઝાય'ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ.-માર્ચ ૧૯૪૩ – ચંદનબાલા સ્વાધ્યાય' સં. સારાભાઈ મ. નવાબ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧.

[૨.૨.દ.]

દેવવિજય–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિના શિષ્ય. વિજયાણંદસૂરિએ ઈ. ૧૬૨૭માં કયર-વાડામાં કરેલી વીરપ્રતિમાની પ્રતિષ્ઠાના પ્રસંગને અનુલક્ષતા અને એ અરસામાં રચાયેલા જાણીતા 'કયરવાડા વીર-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨ – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ.'

[૨.૨.દ.]

દેવવિજય–૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં વાચક ઉદયવિજયના શિષ્ય. વિજયદેવ-સૂરિનું જીવનવૃત્તાંત આલેખતી ૫૧ કડીની 'વિજયદેવસૂરિનિર્વાણ' (૨. ઈ. ૧૬૫૭) તથા ૪૮ ઢાળ અને ૨૪૦ કડીની 'ચંપક-રાસ' (૨. ઈ. ૧૬૭૮/સં. ૧૭૩૪, શ્રાવણ સુદ ૧૩)ના કર્તા. તેમણે હિન્દીમાં જુદાજુદા રાગોમાં ઢાળેલી ૪૪ પદોની 'ભક્તામરસ્તોત્ર-રાગમાલા' (૨.ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, પોષ સુદ ૧૩, સોમ/શુક્રવાર; *મુ.)ની રચના કરી છે.

કૃતિ : * ભક્તામરસ્તોત્રરાગમાલા, પ્ર. ભીમસિંહ માણક.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧.

[૨. ૨. દ.]

દેવવિજય–૪ [ઈ. ૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજય-દેવસૂરિની પરંપરામાં વિજયસિંહસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૬૨૬થી ઈ. ૧૬૫૩)ના શિષ્ય. ૬ ઢાળની 'પંચપરમેષ્ઠી-સઝાય' (મુ.), ૯ કડીની 'ચૌદ નિયમની સઝાય' (મુ.) તથા ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ/દશમની સ્તુતિ'ના કર્તા.

કૃતિ : ૧. નસ્વાધ્યાય : ૩; ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧.

[૨.૨.દ.]

દેવવિજય–૫ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં દીપવિજયના શિષ્ય. ૩૬ ઢાળની 'રૂપસેનકુમાર-રાસ' (૨.ઈ. ૧૭૨૨/સં. ૧૭૭૮, મહા સુદ ૭, શુક્રવાર), શંખેશ્વર તીર્થની ઉત્પત્તિની કથા કહેતી ૪૬ કડીની 'શંખેશ્વર-સલોકો' (૨. ઈ. ૧૭૨૮/સં. ૧૭૮૪, મહા સુદ ૧૫, શુક્રવાર; મુ.), ૭ કડીની 'નેમિનાથજીનું સ્તવન' (મુ.), ૧૨ કડીની 'રહનેમિ-સઝાય' (મુ.), ૬ કડીની 'વિજયલક્ષ્મીસૂરિ-ભાસ' તથા ૫ કડીની 'નેમરાજુલ-ગીત' એ કૃતિઓના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ'માં તથા અન્યત્ર આ કવિની દેવવિજય-૬ સાથે ભેળસેળ થયેલી છે. 'શંખેશ્વર-સલોકો'ના મુદ્રિત પાઠમાં કવિનામ ભૂલથી દીપવિજય છપાયું છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. પ્રાસપસંગ્રહ; ૩. સલોકાસંગ્રહ, પ્ર. શા. કેશવલાલ સવાઈભાઈ, ઈ. ૧૯૧૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી.

[૨.૨.દ.]

દેવવિજય(વાચક)–૬ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયરત્નસૂરિના શિષ્ય. તેમના પ્લવંગમ છંદની ૬૧ કડીના સુગેય 'રાજુલના બારમાસ' (૨. ઈ. ૧૭૩૯; મુ.)માં પ્રકૃતિવર્ણનની ભૂમિકા સાથે રાજુલનો વિરહભાવ અને તેમણે નેમિનાથને સંસારના સુખ ભોગવવા કરેલી વિનંતિ આલેખાયેલ છે, જો કે કાવ્યની પરિણતી વૈરાગ્ય અને દીક્ષામાં થાય છે. કવિની અન્ય કૃતિઓમાં નેમરાજુલવિષયક બીજા ૧૭-૧૭ કડીના ૨ બારમાસ (એકની ૨.ઈ. ૧૭૦૪/; બંને * મુ.), ચંદ્રાવળાબદ્ધ 'ચોવીસી' (૨.ઈ.૧૭૨૨/ સં. ૧૭૭૮, ફાગણ વદ ૫, રવિવાર; ૫ સ્તવન મુ.), અન્ય 'ચોવીસજિન-ગીત', ૧૧ કડીની 'શીતલનાથ-સ્તવન', ૯ કડીની 'બીજની સઝાય' (મુ.), ૫ કડીની 'પાંચમની સઝાય'(મુ.), ૭ કડીની 'અષ્ટમીની સઝાય' (મુ.), ૭ કડીની 'આત્મહિતશિક્ષા- સઝાય' તથા ૧૧ કડીની 'રાત્રિભોજન-સઝાય'નો સમાવેશ થાય છે. આ કવિનાં કેટલાંક જિનસ્તવનો ને સ્તુતિઓ ભૂલથી દેવીદાસ (દ્વિજ)ને નામે નોંધાયેલ છે.

કૃતિ : ૧. જૈગૂસારત્નો : ૧ (+સં.); ૨. જૈસસંગ્રહ (ન.); ૩. જૈસમાલા (શા.) : ૩; ૪. પ્રામબાસંગ્રહ : ૧, ૫. પ્રાસપ સંગ્રહ : ૧; ૬. સજ્ઝાયમાળા (પં.); ૭. સઝાયમાલા (જા.) : ૧-૨.

સંદર્ભ ૧. જૈગૂકવિઓ : ૨; ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુ-ગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવવિજય–૭ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિનીતવિજયના શિષ્ય. 'યોગદૃષ્ટિ-સઝાય' (૨.ઈ.૧૭૪૧), ૯ ઢાળની 'અષ્ટપ્રકારી-પૂજા' (૨.ઈ. ૧૭૬૫/સં. ૧૮૨૧, આસો સુદ ૩, શુક્રવાર; મુ.) તથા શ્રાવકના પ્રતિક્રમણના અતિચારનું નિરૂપણ કરતા ગદ્યગ્રંથ 'શ્રાદ્ધવિધિ/શ્રાદ્ધઅતિસાર(મોટા)'ના કર્તા.

કૃતિ : ૧. વિસનાપૂજાસંગ્રહ; ૨. વિવિધ પૂજાસંગ્રહ ભા. ૧-૧૧, પ્ર. જશવંતલાલ ગી. શાહ, સં. ૨૦૦૯; ૩. સ્નાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. પસમુચ્ચય-૨; □૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવવિમલ [ ] : જૈન સાધુ. હેમચંદ્રાચાર્યના મૂળ સંસ્કૃતગ્રંથ 'અભિધાનચિંતામણિ-નામમાલા' પરના બીજક (લે. સં. ૧૮મી સદી આનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

દેવશંકર [ ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. કૃષ્ણભક્તિનાં પદોના કર્તા.

૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

દેવશીલ [ઈ. ૧૫૬૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સૌભાગ્ય હર્ષસૂરિની પરંપરામાં પ્રમોદશીલના શિષ્ય. ૭૬૦/૮૨૨ કડીની 'વેતાલપચીસી ચોપાઈ/પ્રબંધ' (૨.ઈ. ૧૫૬૩/સં. ૧૬૧૯, બીજો શ્રાવણ વદ ૯, રવિવાર; * મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : * ચતાલપચીસી, રા. જગજીવનદાસ મોદી, સં. ૧૯૭૨.
સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧,૨); ૨. મુપુગૂહસૂચી.
[કી.જો.]

દેવસમુદ્ર(ઉપાધ્યાય) [ઈ. ૧૪૧૪માં હયાત] : જૈન સાધુ. ૧૧ કડીના '(બૃહત્તપાગચ્છીય) રત્નસિંહસૂરિ-રાસ' (૨. ઈ. ૧૪૧૪)ના કર્તા.
સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

દેવસાગર(ગણિ) : અંચલગચ્છના કોઈ દેવસાગરગણિને નામે 'ચતુર્થ-કર્મગ્રંથયંત્રકાણિ' (લે. સં. ૧૭મી સદી આનુ.) નોંધાયેલ છે તેમને દેવસાગર–૧ કે ત્યાં નિર્દિષ્ટ વાચક દેવસાગર ગણવા કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.
સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

દેવસાગર–૧ [ઈ. ૧૬૧૮માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વાચક વિનયચંદ્રના શિષ્ય. 'કપિલ-કેવલી-રાસ' (૨.ઈ. ૧૬૧૮/સં. ૧૬૭૪, શ્રાવણ સુદ ૧૩, સોમવાર)ના કર્તા.
'અંચલગચ્છ દિગ્દર્શન' ઉપર્યુક્ત કૃતિ હેમચંદ્રાચાર્યના 'અભિધાન ચિંતામણિ' ઉપર 'વ્યુત્પત્તિ-રત્નાકર' નામે સંસ્કૃત વૃત્તિ (૨. ઈ. ૧૬૩૦) તથા ૨ શિલાપ્રશસ્તિઓ (૨. ઈ. ૧૬૧૯ અને ૧૬૨૭) વગેરેના રચનાર વિનયચંદ્ર-રવિચંદ્રશિષ્ય વાચક દેવસાગરને નામે મૂકે છે. પરંતુ પ્રસ્તુત કૃતિમાં ગુરુનામ વિનયચંદ્ર મળે છે તે ઉપરાંત કવિ પોતાને માત્ર મુનિ તરીકે ઓળખાવે છે તે જોતાં તેના કર્તા ઉકત વાચક દેવસાગર ગણવા કે કેમ તે વિશે શંકા રહે છે.
સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ. ૧૯૬૮; ☐૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

દેવસી(મુનિ) [ઈ. ૧૬૧૦માં હયાત] : ગુજરાતી લોંકાગચ્છના જૈન સાધુ. શ્રી મલ્લઋષિની પરંપરામાં રત્નસિંહશિષ્યના શિષ્ય. ૪ ઢાળના 'મહાવીર-સ્તવન' (૨. ઈ. ૧૬૧૦)ના કર્તા.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

દેવસુંદર : આ નામે ૩ કડીનું 'નેમરાજુલ-ગીત' (લે. સં. ૧૮મી સદી આનુ.) મળે છે. તે કયા દેવસુંદર છે તે સ્પષ્ટ થતું નથી.
૮૪ કડીની 'આષાઢભૂતિ-સઝાય' (૨. ઈ. ૧૫૩૧) સમયદૃષ્ટિએ જોતાં દેવસુંદર–૧ની હોઈ શકે.
સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

દેવસુંદર–૧ [ઈ. ૧૫૩૮માં હયાત] : જીરાઉલાગચ્છના જૈન સાધુ. રામકલશસૂરિના શિષ્ય. ૪૨ કડીની 'કયવન્ના-ચોપાઈ' (૨. ઈ. ૧૫૩૮/સં. ૧૫૯૪, માગશર વદ ૭, ગુરુવાર)ના કર્તા.
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

દેવસુંદરસૂરિશિષ્ય : આ નામે દાન, શીલ, તપ અને ભાવ એ જૈનધર્મના સિદ્ધાંતોનો ઉપદેશ કરતી ચોપાઈબંધમાં રચાયેલી ૬૯ કડીની 'કાકબંધિ-ચોપાઈ/ધમ્મ-કક્ક' મળે છે તેના કર્તા દેવસુંદર-સૂરિશિષ્ય–૧ અને તેથી કુલમંડનસૂરિ હોવાનો સંભવ દર્શાવવામાં આવ્યા છે. પરંતુ કૃતિમાં દેવસુંદરસૂરિના વિશેષ પરિચય ન હોઈ ખાતરીપૂર્વક એમ કહી ના શકાય.
સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

દેવસુંદરસૂરિશિષ્ય–૧ [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ] : જૈન. ચંદ્રગચ્છ તપગચ્છના સોમતિલકસૂરિના શિષ્ય. દેવસુંદરસૂરિ (સૂરિપદ ઈ. ૧૩૬૪)ના શિષ્ય. ચોપાઈની ૯૯ કડીની 'ઉત્તમઋષિસંઘસ્મરણા-ચોપાઈ'ના કર્તા. કૃતિ ભૂલથી દેવસુંદરને તથા જયઋષિને નામે નોંધાયેલી છે. જુઓ કુલમંડનસૂરિ.
સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

દેવસેન (સૂરિ) [ ] : જૈનસાધુ. 'શ્રાવકાચાર' તથા 'પૂજાપ્રકરણ-ચોપાઈ'ના કર્તા.
સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. રાસયુગમાં પ્રકૃતિનિરૂપણ, ધીરુ પરીખ, ઈ. ૧૯૭૮. [કી.જો.]

દેવહર્ષ [ઈ. ૧૮૧૦માં હયાત] : ખરતરગચ્છની ભટ્ટારક શાખાના જૈન સાધુ. એમનો 'સિદ્ધાચલ-છંદ' ગુજરાતી કે હિન્દી ભાષાની કૃતિ છે તેની માહિતી મળતી નથી પરંતુ મુખ્યત્વે ઉધોર છંદનો વિનિયોગ કરતી ૧૪૬ કડીની 'પાટણની ગઝલ' (૨. ઈ. ૧૮૧૦/સં. ૧૮૬૬, ફાગણ સુદ ૫, રવિવાર; મુ.) તથા મુખ્યત્વે હનુફા-છંદની ૧૨૧ કડીની 'ડીસાની ગઝલ' (મુ.) મુખ્યત્વે હિન્દી ભાષામાં છે. સંભવત: જોસભરી રચનાઓ હોવાથી ગઝલને નામે ઓળખાવાયેલી આ કૃતિઓમાં તે નગરોની તત્કાલીન ઈતિહાસ વગેરેની ઘણી વીગતભરી માહિતી છે તે ઉપરાંત તેમાં પરંપરાગત શૈલીનાં નગરવર્ણનો પણ છે.
કૃતિ : ૧. ફાલ્ગુનમાસિક, એપ્રિલ-સપ્ટે. ૧૯૪૮ – 'પાટણની ગઝલ', સં. ભોગીલાલ જ. સાંડેસરા(+સં.); ૨. સ્વાધ્યાય, મે ૧૯૭૦-'ડીસાની ગઝલ', સં. અગરચંદ નાહટા (+સં.).
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧,૨). [ર.ર.દ.]

દેવળદે [ ] : મહાપંથ-માર્ગીપંથના સંત દેવાયત-પંડિતનાં પત્ની. જીવ કાયામાંથી વિદાય લે છે ત્યારે કાયાનો વિલાપ દર્શાવતા દેવાયત-પંડિતના અવસાન સમયે રચાયેલા ગણાતા ૧૧ કડીના ભજન(મુ.)ના કર્તા.
કૃતિ : સતવાણી. [નિ.રા.]

દેવા(સાહેબ)/દેવાજી [ઈ.૧૮મી સદી] : સંતકવિ. હમલા (કચ્છ)ના જાડેજા રજપૂત. તેમના શિષ્યો બિહારીદાસ (જ. ઈ. ૧૭૪૮) તથા જેઠીરામ (ઈ. ૧૭૬૧માં હયાત)ના સમયને કારણે કવિને ઈ. ૧૮મી સદીમાં થયેલા ગણી શકાય. દેવાસાહેબને કોઈ યોગીના સંપર્કથી નાની ઉંમરથી વૈરાગ્યનો રંગ લાગેલો પણ એમણે લગ્ન સ્વીકાર્યાં ને તે પછી ૨૦ વર્ષની ઉંમરે સંસારત્યાગ કર્યો.
ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં રચાયેલાં આ સંતકવિનાં પદો (૧૦૦ ઉપરાંત મુ.) બ્રહ્મવાદ, અદ્વૈતભાવ, આત્મસ્વરૂપ, વૈરાગ્ય, સંતમહિમા, સંતલક્ષણ વગેરે વિષયોને આવરી લેતાં જ્ઞાનમાર્ગી પરંપરાનાં પદો છે. આ પદો દૃષ્ટાંતાદિકના વિનિયોગ અને સરળ લોકગમ્ય અધ્યાત્મબોધને કારણે ધ્યાન ખેંચે છે. કવિઓ હિંદીમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેક શાસ્ત્રોના સાર રૂપ 'જ્ઞાનકાંડ/રામસાગર', 'ઉપાસનાકાંડ/હરિસાગર' અને 'કર્મકાંડ/કૃષ્ણસાગર'ની રચના કરેલી છે.

કૃતિ : ૧. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૧; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. ભૂકાદોહન : ૧; ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કચ્છના સંતો અને કવિઓ : ૧, દુલેરાય કારાણી, સં. ૨૦૧૧; ૨. ગુસારસ્વતો; ☐૩. ગૂહાયાદી. [કી.જો.]

દેવાનંદ–૧[જ. ઈ.૧૮૦૩/સં. ૧૮૫૯, કારતક સુદ ૧૫ – અવ. ઈ. ૧૮૫૪/સં. ૧૯૧૦, શ્રાવણ વદ ૧૦] : સ્વામિનારાયણ-સંપ્રદાયના સાધુકવિ. દલપતરામના કાવ્યગુરુ. ભાલપ્રદેશના બળોલ ગામના વતની. ગઢવી જીજીભાઈ રત્નુ પિતા. બહેનજીબા માતા. મૂળ નામ દેવીદાન. કુશળ ગાયક અને સિતારવાદક. વ્રજભાષાની કાવ્યપ્રણાલીના જાણકાર. સહજાનંદ-સ્વામીએ તેમને બ્રહ્માનંદને સોંપેલા. ઈ. ૧૮૩૨માં બ્રહ્માનંદના અવસાન પછી તેઓ મૂળીમાં મહંતપદે આવેલા. અવસાન મૂળીમાં.

૧૨૦૦ ઉપરાંતની સંખ્યાએ પહોંચતાં, વિવિધ રાગોનો નિર્દેશ ધરાવતાં ને તિથિ, વાર બારમાસી, ગરબો, ગરબી, ચાબખા વગેરે પ્રકારોનો પણ આશ્રય લેતાં આ કવિનાં પદો (મુ.)માં કૃષ્ણલીલા, સહજાનંદચરિત્ર અને ભક્તિવૈરાગ્યબોધ આલેખાયાં છે. ગુજરાતી ઉપરાંત હિંદીમાં પણ મળતાં આ પદોમાં પરંપરાનો પ્રભાવ વરતાય છે તેમ છતાં તેમાં લોકભોગ્ય સરળતા અને સચોટતા છે, ક્વચિત પ્રાસાનુપ્રાસની ચમત્કૃતિ છે અને 'તારે માથે નગારાં વાગે મોતનાં રે' જેવાં કેટલાંક પદો લોકપ્રચલિત બનેલાં છે.

કૃતિ : ૧. દેવાનંદકાવ્ય, પ્ર. નારાયણ સેવાદાસજી, સં. ૨૦૨૫ (+સં.); ૨. દેવાનંદપદાવલિ, સં. જયંત પાઠક, ઈ. ૧૯૭૮; ☐૩. (અવિનાશાનંદકૃત) કચ્છની લીલાનાં પદો, પ્ર. કોઠારી વ્રજલાલ જીવણ, ઈ. ૧૯૪૨; ૪. કીર્તન સારસંગ્રહ : ૧ તથા ૨, સં. હરિજીવનદાસ, સં. ૨૦૦૭ તથા સં. ૨૦૦૮.

સંદર્ભ : ૧. દેવાનંદની અક્ષર આરાધના, અમૃતલાલ યાજ્ઞિક, ઈ. ૧૯૭૯; ☐૨. ગુસાઈતિહાસ : ૨; ☐૩. ગૂહાયાદી. [ચ.મ.]

દેવાનંદ-૨ [ ] : જૈન સાધુ. જ્ઞાનચંદ્રશિષ્ય. 'તેતલીપુત્રમુનીશ-ચરિત્ર' (લે. સં. ૧૮મી સદી આનુ.)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૨. [૨.૨.દ.]

દેવાયત [ ] : મહાપંથ-માર્ગીપંથના સંત. શંભુજીના શિષ્ય. બહુધા 'દેવાયત પંડિત' તરીકે એમનો ઉલ્લેખ થયો છે. કોઈ તેમને થાનના બ્રાહ્મણ તરીકે, કોઈ કચ્છના મામઈ માતંગના વંશજ તરીકે, કોઈ માલધારી જાતિના સંત તરીકે તો કોઈ બીલેસર (બરડા પાસે)ના હરિજન બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે. અમદાવાદ જિલ્લાના મોડસર ગામે આવેલા સં. ૧૮૬૫ (ઈ. ૧૮૦૯)ના પાળિયાને દેવાયત-પંડિતના પાળિયા તરીકે ઓળખાવાય છે, જો કે એ માટે કશું પ્રમાણ નથી.

દેવાયત-પંડિતના નામે માર્ગીપંથની નકલંકી (કલ્કિ) અવતારની માન્યતા પ્રમાણે કળિયુગનું વર્ણન કરતું તથા ઉત્તર દિશાથી સાયબો 'કાયમ' આવી કાળિંગાને મારી સતજુગની સ્થાપના કરશે અને નકલંકી અવતાર ધરશે એવી ભવિષ્યવાણી દર્શાવતું ગુજરાતી ભજન-સાહિત્યમાં 'આગમ' ને નામે જાણીતું ભજન તથા મહાપંથનો વિચારધારા દર્શાવતાં અન્ય ભજનો ને ગુરુમહિમા તથા ઉપદેશનાં ભજનો મુદ્રિત મળે છે.

દેવાયત પરંપરા સાથે સંબંધ ધરાવતાં પણ માર્ગીપંથનાં જ સાધન-સિદ્ધાંતો દર્શાવતાં 'દેવાયત', 'દુરબળિયો દેવાયત' ને 'દેવાયત પરમાર' એવી નામછાપ ધરાવતાં કેટલાંક ભજનો (મુ.) મળે છે તેના કર્તા જુદા હોવાનું પ્રતીત થતું નથી. એ ભજનોમાં ૨૩ કડીનું દસમો નકલંકી અવતાર મેદી કયાં જન્મશે, તેના સાગરીતો કોણ, કેવા વેશમાં આવશે તે બતાવતું અને મસ્જિદ તોડી ધર્મશાળા બંધાવશે એમ જણાવતું 'મેદી-પુરાણ' અને ૧૦૦ જેટલી પંક્તિઓમાં કળિયુગનું વર્ણન કરતું તથા આગમવાણી ભાખતું ભજન 'દેલમાં આરાધ' નોંધપાત્ર છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭-ભજનો; ૨. ખોજા વૃતાન્ત, સચેદીના નાનજીઆણી, ઈ. ૧૯૧૮ (બીજી આ.)–ભજનો; ૩. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૪. બૃહત્ સંત સમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૫. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૮ (+સં.).

સંદર્ભ : ઊર્મિ-નવરચના, માર્ચ ૧૯૮૬–'મહાપંથના સંતો અને તેમની વાણી', નિરંજન રાજ્યગુરુ. [નિ.રા.]

દેવારામ [ ] : "રામગુરુ સ્વામી પૂરણ મળિયા" એ પંક્તિને કારણે કવિ પૂરણ સ્વામીના શિષ્ય હોવાનું સમજાય છે. એમના આ ગણપતિના પદ(મુ.)માં વસ્તુતઃ સાધુઓના મનમાં રમતા યોગનું સ્વરૂપ આલેખાયું છે. પદની ભાષામાં હિંદીની છાંટ છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭ (+સં.); ૨. સોસંવાણી [કી.જો.]

દેવીચંદ : દેવીચંદ તથા દેવીચંદ-ઋષિને નામે 'ગોડીજી-ગીત',) 'ચોવીસી', 'સમેતશિખર-સ્તવન' (ત્રણેનો લે.સં.૧૯મી સદી આનુ. અને 'મહાવીર-પારણા-સ્તવન' (લે. ઈ. ૧૮૦૬) નોંધાયેલ મળે છે તે દેવીચંદ–૧ની કૃતિઓ હોવાનો સંભવ છે પણ એ વિશે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. રાહસૂચી : ૨. [જ.કો.]

દેવીચંદ–૧ [ઈ.૧૭૭૧માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. ૧૦ ઢાળની નવકારવિષયક 'રાજસિંહકુમાર-ચોપાઈ' (૨. ઈ. ૧૭૭૧/સં. ૧૮૨૭, કારતક સુદ ૫, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૧,૨). [૨.૨.દ.]

દેવીદાસ : આ નામે ભાગવતની કથાના સારસંક્ષેપ રૂપ 'ભાગવત સાર', કક્કો, 'પૂતનાવધ' (મુ.), 'ભકતમાળ' (મુ.), થાળની ૨ રચનાઓ (મુ.), વાર(મુ.) તથા કૃષ્ણભકિત, સંતમહિમા ને અધ્યાત્મ-બોધ, ઉપદેશ વગેરે વિષયોનાં પદો (કેટલાંક મુ.) મળે છે. તેમાંથી અધ્યાત્મબોધનું પદ (મુ.) સૌરાષ્ટ્રના જાણીતા સંત દેવીદાસની કૃતિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાનું કહેવા માટે કોઈ આધાર નથી. તે જ પ્રમાણે 'ભાગવત-સાર' અને કેટલાંક પદો કેટલાક સંદર્ભોમાં દેવીદાસ–૧ને નામે મૂકવામાં આવેલ છે તેને માટે પણ કશો આધાર નથી. આમ, આ કૃતિઓના કર્તા કયા દેવીદાસ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ દેવદાસ.

કૃતિ : ૧. અભમાલા; ૨. કાદોહન : ૨; ૩. નકાદોહન; ૪. બૂકાદોહન : ૮; ૫. બૃહત્ ભજનસાગર, સં. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક, દામોદર જ. ભટ્ટ, સં. ૧૯૬૫; ૬. ભજનસાગર : ૧; ૭. ભસાસિંધુ; ૮. સતવાણી; ૯. સોસંવાણી.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુજૂકહકીકત; □૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ : ૨; ૫. ફોંહનામાવલિ. [૨.સો.]

દેવીદાસ–૧ [ઈ. ૧૫૫૫માં હયાત] :જૈનધર્મી બ્રાહ્મણ. તપગચ્છીય વિજયદાનસૂરિના શિષ્ય. ૫ ઢાળના 'કાલયકવિચારગર્ભિતરાડપુરમંડન વીરજિન-સ્તવન/ષડારકસ્વરૂપમહાવીરજિન-સ્તવન' (૨. ઈ. ૧૫૫૫/સં. ૧૬૧૧, આસો સુદ ૧૫, શુક્રવાર; મુ.) ના કર્તા.

કૃતિ : ૧. ચૈત્યસંગ્રહ : ૩; ૨. જિનપ્રકાશ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવીદાસ–૨ [ઈ. ૧૬૦૪માં હયાત] : આખ્યાનકાર. સોજિત્રાના વતની. જ્ઞાતિએ ગાંધર્વ.

એમનું ૩૦ કડવાંનું 'રુકિમણીહરણ'←(૨. ઈ. ૧૬૦૪/સં. ૧૬૬૦, મહા સુદ ૧૩, શુક્રવાર; મુ.) નાયિકા-સૌન્દર્યનાં તથા સૈન્ય, યુદ્ધ, લગ્નોત્સવ આદિનાં રોચક વર્ણનોવાળું, લોકપ્રિય નીવડેલાં લગ્ન-ગીતો ધરાવતું ને વીર, શૃંગાર ને હાસ્યરસનું નિરૂપણ કરતું આ વિષયનું નોંધપાત્ર આખ્યાન છે. માત્ર 'દેવીદાસ' નામછાપ ધરાવતી સાખી, શ્લોક, ચાલ અને ઢાળ એવા વિભાગો ધરાવતી ૯૫ કડીની પ્રાસાદિક કૃતિ 'રાસપંચાધ્યાયી' (મુ.)ની હસ્તપ્રત સોજિત્રા-માંથી મળી હોવાથી આ કવિની રચના હોવાની ઘણી શકયતા છે.

કૃતિ : બૂકાદોહન : ૬ (+સં.), ૮ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; □ ૨.ગૂહાયાદી;૩.ફોંહનામાવલિ. [૨.સો.]

દેવીદાસ–૩ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ૭ કડીમાં ખરતરગચ્છના ઉપાધ્યાય સમયસુન્દર (આવ. ઈ. ૧૬૪૬)ની પ્રશસ્તિ ગાતા ને એમને આશીર્વચન ઉચ્ચારતા આ કવિ જૈન શ્રાવક કે સાધુ કરતાં કોઈ બ્રાહ્મણ કે ચારણ કવિ હોવાનો સંભવ વધારે છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [૨.૨.દ.]

દેવીદાસ–૪ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ભાલોદના વતની. વરીસાલજી (આવ.ઈ.૧૭૧૫)ના રાજ્યકાળમાં રચાયેલ નાંદોદના હરસિદ્ધમાતા વિશેના ગરબાના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભાવિ. [૨.સો.]

દેવીદાસ–૫ [ ] : 'જીવ-વેલડી'ના કર્તા. કૃતિની ૨. ઈ. ૧૭૬૮ આસપાસ દર્શાવવામાં આવી છે, પણ એનો આધાર આપ્યો નથી.

સંદર્ભ : પ્રાકાકૃપરંપરા. [જ.કો]

દેવીદાસ–૬ [ ] : આખ્યાનકાર. વસાવડના વતની.

આ કવિનું ચોપાઈ અને ઢાળબંધનું 'નાનો ઈશ્વરવિવાહ' (મુ.) શિવવિવાહના પ્રસંગને વર્ણવતું ને લગ્નના નિરૂપણમાં તત્કાલીન સામાજિકતાને ઉઠાવ આપતું આખ્યાનાત્મક કાવ્ય છે. આ કાવ્યની ૭૨ અને ૧૭૦ જેટલી કડીઓની ૨ વાચના મુદ્રિત મળે છે.

કૃતિ : ૧. ઈશ્વરવિવાહ, પ્ર. કેશવલાલ મગનલાલ દૂધવાળા, ઈ. ૧૯૧૧; □૨.કાદોહન : ૩; ૩. દેવીમાહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭; ૪. બૂકાદોહન : ૧.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

દેવેન્દ્ર [ઈ.૧૫૮૨માં હયાત] : જૈન સાધુ. 'યશોધરચરિત્ર-રાસ' (૨.ઈ.૧૫૮૨)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

દેવેન્દ્રકીર્તિ (ભટ્ટારક) [ઈ. ૧૬૬૬માં હયાત] : દિગંબર જૈન સાધુ. સકલકીર્તિની પરંપરામાં પદ્મનંદિના શિષ્ય. હરિવંશ આધારિત, પ્રદ્યુમ્નચરિત નિરૂપતી 'પ્રદ્યુમ્નચરિત-રાસ' (૨.ઈ.૧૬૬૬) એ કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૭–'ઉપાહરણ', ભોગીલાલ જ. સાંડેસરા; □ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

દેવેન્દ્રસાગર [ઈ. ૧૮૦૯માં હયાત] : જૈન સાધુ. ૬૮૮ કડીના 'રત્નસાર-રાસ' (૨.ઈ.૧૮૦૯)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

દેવો : આ નામે પદ નોંધાયેલાં મળે છે તે કયા દેવા– છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

દેવો–૧ [ ] : "આનંતદાસ દેવો ભણે" એ પંકિતને કારણે આનંત કે આનંતદાસના શિષ્ય હોવાની શકયતા ધરાવતા આ કવિનું ૬ ખંડ અને આશરે ૧૧૦ કડીનું 'નરસિંહ મહેતાનું મામેરું' આ વિષયની પ્રેમાનંદાદિની કૃતિઓની અસર બતાવે છે. કાવ્યની અભિવ્યકિતની શૈલી લોકસાહિત્યની છે.

સંદર્ભ : કાફીસંગ્રહ, પ્ર. ક. જા. સં. ૧૯૪૦. [કી.જો.]

દેવો–૨ [ ] : દેવીદાસના શિષ્ય. વૈરાગ્ય અને ભકિતબોધનાં ૩ પદો (મુ.)ના કર્તા.

કૃતિ : કાફીસંગ્રહ, પ્ર. ક.જા. સં.૧૯૪૦. [કી.જો.]

દેશળ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : ભાવનગર પાસેના લીલિયાના સિધી મુસલમાન. પચાસેક પદોના રચનાર આ વેદાંતી કવિનું ૧ રૂપકાત્મક જ્ઞાન-યોગમાર્ગી પદ મુદ્રિત મળે છે.

કૃતિ : બૂકાદોહન : ૭ (+સં.). [૨.સો.]

દેસાઈભાઈ [ ] : કૃષ્ણવિષયક કેટલાંક પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેહલ [ઈ. ૧૬૨૪ સુધીમાં] : ઉત્તરાને તેડી લાવવા મોકલેલા આણા ('ઊઝણું') ના પ્રસંગના વિસ્તૃત આલેખનને કારણે 'અભિવન-ઊઝણું' ←(લે.ઈ. ૧૬૨૪; મુ.) નામ પામેલું આ કવિનું આખ્યાન-કાવ્ય ગુજરાતીમાં અભિમન્યુવિષયક કાવ્યોમાં નાકર પૂર્વેનું અને સૌથી જૂનું–ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ કે ૧૬મી સદી પૂર્વાર્ધનું – ગણાયેલું છે. ચોપાઈ, ચરણાકુળ અને દોહરાની દેશીના પદબંધની સળંગ ૪૦૬ કડીમાં રચાયેલું આ આખ્યાન મૂળ કથામાં કેટલાક ફેરફાર અને ઉમેરા બતાવે છે, જે પછીના તાપીદાસ, નાકર વગેરે કવિઓને ઉપયોગમાં આવેલા જણાય છે. કરુણરસપ્રધાન આ આખ્યાનમાં કવિની વર્ણનશક્તિ અને તત્કાલીન સમાજનું થયેલું ચિત્રાણ ધ્યાન ખેંચે છે.

કૃતિ : ૧. અભિવન ઊઝણું, સં. શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૬૨ (+સં.); ☐ ૨. અભિમન્યુ પૂર્વકથાન્વેષણ, મંજુલાલ ર. મજમુદાર, ઈ. ૧૯૪૪–'અભિવન ઊઝણું.'

સંદર્ભ : ૧. અનુસંધાન, હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૭૨–'અભિવન ઊઝણું'; ૨. કવિચરિત : ૧-૨; ૩. ગુસાઇતિહાસ : ૨; ☐ ૪. ગૂહાયાદી. [ર.સો.]

દોલત [ ] : એમને નામે પદ નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

દોલતવિજય(ગણિ)/દલપત [ ] : તપગચ્છના જૈન સાધુ. સુમતિસાધુસૂરિની પરંપરામાં શાંતિવિજયના શિષ્ય. કવિ પોતાને 'દોલત' ઉપરાંત 'દલપત'ને નામે ઉલ્લેખે છે. એમના, રાજસ્થાનીચારણી-મિશ્રભાષાના દુહા, કવિત વગેરે છંદોમાં રચાયેલા ૩ ખંડના 'ખુમાણ-રાસ'માં ચિતોડના રાજા ખુમાણ અને તેમના વંશજોનો ઇતિહાસ વર્ણવાયો છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

દોલત [ઈ. ૧૭૮૪માં હયાત] : ખરતરગચ્છની આચાર્યશાખાના જૈન સાધુ. વાચક ઉદયભાણ-વીરભાણશિષ્ય. ૩૭ કડીના 'પાર્શ્વ-નાથનો સલોકો' (ર.ઈ. ૧૭૮૪/સં.૧૮૪૦, પોષ વદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, નવે. ૧૯૪૭– 'છે ઔર સિલોકે', અગરચંદ નાહટા. [કી.જો.]

'દ્રૌપદી–ચોપાઈ' [ર. ઈ. ૧૬૪૪/સં. ૧૭૦૦ મહા–] : સકલચંદ્રશિષ્ય સમયસુંદરની ૩ ખંડ, ૩૪ ઢાળ અને ૬૦૬ કડીની આ રાસકૃતિમાં 'જ્ઞાતાસૂત્ર'ને આધારે જૈન પરંપરા મુજબની દ્રૌપદીકથા કહેવામાં આવી છે.

કૃતિના પહેલા ૨ ખંડમાં દ્રૌપદીના ૨ પૂર્વભવોની કથા રજૂ થઈ છે. એમાંની બીજી કથામાં સાધ્વી સુકુમાલિકા, જેની ૫ પુરુષો સેવા કરતા હતા તે વેશ્યાની ઈર્ષ્યા કરે છે અને શિથિલા-ચારમાં સરી પડે છે. પરિણામે પછીના ભવમાં એને દ્રૌપદી તરીકે ૫ પાંડવોને પરણવાનું થાય છે.

દ્રૌપદીની કથા અહીં મહાભારતથી સ્વતંત્ર રીતે ચાલતી જણાય છે. અહીં દ્રૌપદી સ્વયંવરમાં જ ૫ પાંડવોને વરે છે. આ પછી એક વખતે દ્રૌપદીએ નારદનું યોગ્ય સન્માન ન કર્યું તેથી નારદ પદ્મનાભ રાજાને દ્રૌપદી માટે મોહ જન્માવે છે અને એ રાજા દેવતાઓની મદદથી સૂતેલી દ્રૌપદીને પોતાના અંત:પુરમાં લાવે છે. પાંડવો કૃષ્ણની મદદથી દ્રૌપદીની ભાળ મેળવે છે અને તેને પાછી મેળવવા યુદ્ધે ચડે છે. દ્રૌપદીને પાછી લઈને આવતાં ગંગા પાર કરતી વખતે પાંડવોએ કૃષ્ણની કસોટી કરવા માટે હોડી પાછી ન મોકલી. આથી ગુસ્સે થયેલા કૃષ્ણે પાંડવોને દેશનિકાલ કર્યા. એ પછી દક્ષિણ સમુદ્રને કિનારે રહેતા પાંડવોને પાંડુસેન નામનો પુત્ર જન્મ્યા પછી એમણે દીક્ષા લીધી.

આ રીતે મહાભારતથી જુદી જ દ્રૌપદીકથા કહેતા આ રાસમાં કવિએ કવચિત્ રૂપવર્ણનાદિનો લાભ લીધેલો છે. [જ.કો]

દ્વારકાદાસ/દ્વારકો : 'દ્વારકાદાસ'ની નામછાપ ધરાવતું ઉપદેશનું ૧ પદ મુદ્રિત મળે છે તે દ્વારકો–૧નું હોવાની શક્યતા જણાતી નથી, પરંતુ દ્વારકાદાસને નામે પદો નોંધાયેલાં મળે છે તે દ્વારકો-૧નાં હોવાની શક્યતા છે.

પ્રેમાનંદશિષ્ય દ્વારકાદાસની કૃતિઓ 'દ્વારકો' એવી નામછાપ ધરાવે છે અને તેથી એની ભેળસેળ દ્વારકો–૧ની કૃતિઓ સાથે થાય છે. પરંતુ 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક, અં.૨,ઈ.૧૮૯૧', 'પ્રાચીન કાવ્યમાળા : ૯' તથા 'બૃહત્ કાવ્યદોહન : ૬'માં છપાયલી "વિપ્ર ગુરુ" ના ઉલ્લેખવાળી કૃતિઓ–જેની હસ્તપ્રતો પણ પ્રાપ્ય નથી–યથાર્થપણે અર્વાચીન કર્તૃત્વની ગણાયેલી છે ને તેથી તેમાંથી પ્રાપ્ત થતી માહિતી પણ અનધિકૃત ઠરે છે.

સં. ૧૮મી સદીમાં થયેલા દ્વારકો નામના વૈષ્ણવ કવિ નોંધાયેલા છે તે દ્વારકો–૧ જ જણાય છે, પરંતુ 'પ્રાચીન કાવ્યવિનોદ : ૧'માં છપાયેલું 'દ્વારકો'ની નામછાપ ધરાવતું યોગમાર્ગી પદ દ્વારકો–૧નું હોવાની સંભાવના જણાતી નથી.

કૃતિ : ૧. નકાદોહન; ૨. પ્રાકામાળા : ૯ (+સં.). ૩. પ્રાકાવિનોદ : ૧; ☐ ૪. પ્રાકાત્રૈમાસિક, અં.૨, ઈ.૧૮૯૧ –'રાધાવિલાસ' (+સં.).

સંદર્ભ : ૧. ગુસાકાર્યવહી : ઈ. ૧૯૪૨-૪૩–'પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક અને કાવ્યમાળા', કેશવરામ કા. શાસ્ત્રી; ૨. પુગુસાહિત્ય કારો; ૩. પ્રેમાનંદ એક અધ્યયન : ૧, કેશવરામ કા. શાસ્ત્રી, *ઈ. ૧૯૫૮, ઈ. ૧૯૬૦ (બીજી આ.); ☐ ૪. ગૂહાયાદી. [ર.સો.]

દ્વારકાદાસ–૧ [ઈ. ૧૮૬૪ સુધીમાં] : 'ભાગવતદશમસ્કંધ' (લે. ઈ. ૧૮૬૪)ના કર્તા.

સંદર્ભ ગૂહાયાદી. [ર.સો.]

દ્વારકેશ : વૈષ્ણવ કવિ જણાય છે. 'રાસલીલા'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી. [કી.જો.]

દ્વારકો : જુઓ દ્વારકાદાસ.

દ્વારકો–૧ [ઈ. ૧૭૪૪માં હયાત] : ઘણુંખરું ડાકોરમાં રહેતા પણ ચરોતરમાં ભાલેજના વતની અને જ્ઞાતિએ વણિક તરીકે ઓળખાવાયેલા આ કવિની કૃતિઓ માત્ર 'દ્વારકો' નામછાપ ધરાવે છે. આ નામછાપથી મળતાં બોધાત્મક પદો (૧ પદની ર.ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦, કારતક સુદ ૧૦; કેટલાંક મુ.), બાળલીલા, વસંત, હોરી, થાળ, ભક્તિશૃંગારની ગરબીઓ વગેરે કૃષ્ણવિષયક રચનાઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(કેટલીક મુ.), ભક્તિબોધનો 'કક્કો' (૨. ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦ માગશર સુદ ૯; મુ.), 'રાધિકાવિરહના દ્વાદશ માસ' (મુ.), કૃષ્ણ-વિરહની 'તિથિ' તથા 'આઠવાર' આ કવિની ૬ કૃતિઓ હોવાનું સમજાય છે. કવિની ભાષામાં પ્રાસાદિકતા છે અને કૃષ્ણવિષયક કાવ્યોમાં ભાવ અને અભિવ્યક્તિનું માધુર્ય છે.

કૃતિ : ૧. કાદોહન : ૧(+સં.),૨, ૩; ૨.નકાદોહન; ૩. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. પ્રેમપુરીજી ઈ. ૧૮૮૧; ૪. બૃકાદોહન: ૨; ☐ ૫. પ્રાકાત્રૈમાસિક, આ.૨,ઈ. ૧૮૮૯-'રાધિકાવિરહના દ્વાદશ માસ'; ૬. સમાલોચક, ઓક્ટો-ડિસે. ૧૯૦૮-'જૂની ગુજરાતી કવિતા'-અંતર્ગત 'કવિ દ્વારકાદાસકૃત ગરબીઓ', સં. છગનલાલ વિ. રાવળ(+સં.).

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

ધણચંદ(સૂરિ) [ ] : જૈન સાધુ. ૧૧૦૨ કડીના શીલવિષયક કથાવસ્તુવાળા 'ચિત્રસેનપદ્માવતી/મલયસતી શીલસુંદરી-રાસ'(મુ.)ના કર્તા.

કૃતિ : મલયસતી શીલસુંદરી રાસ, પ્ર. અભિધાન રાજેન્દ્ર કાર્યાલય, —.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨.જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

ધનજી : આ નામે ૫ કડીની 'શંખેશ્વર પાર્શ્વસ્તવ' મળે છે તે ધનજી–૧ છે કે અન્ય તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્ય કી વિશાલતા', અગરચંદ નાહટા. [કી.જો.]

ધનજી(મુનિ)–૧ [ઈ.૧૬૭૮ સુધીમાં] : 'પ્રિયમેલક પ્રબંધેસિંહલસુત-ચોપાઈ' (લે. ઈ. ૧૬૭૮)ના કર્તા.

સંદર્ભ : ડિકેટલોગભાવિ. [શ્રા.ત્રિ.]

ધનજી–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વાચક દયાસાગર (ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય. 'સિદ્ધદત્ત-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

ધનજી–૩ [ઈ. ૧૭૬૩ સુધીમાં] : 'સહજાનંદ'નો ગુરુ તરીકે નિર્દેશ કરે છે તે કદાચ ભગવાનનો નામોલ્લેખ જ હોય. એમના રકિમણી-વિવાહ'માં કૃષ્ણ-રુકિમણીનું વિવાહસ્થળ માધવપુર બતાવાયું છે તેથી એ કદાચ સૌરાષ્ટ્રના માધવપુર બાજુના વતની હોય. ૧૦૨ કડીની 'રુકિમણી-વિવાહ' (લે. ઈ. ૧૭૬૩) સંશ્લેષમાં કથાપ્રસંગો રજૂ કરતી કૃતિ છે. આ ઉપરાંત વૈરાગ્ય અને ગુરુમહિમાના વિષયોથી રચાયેલાં એમનાં ૩ પદો પણ મળે છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩ ; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

ધનજીભાઈ [ ] : અમદાવાદના વતની. 'કૃષ્ણ-બાળલીલા'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ચ.શે.]

ધનદાસ [ઈ. ૧૬૭૩ સુધીમાં] : ધંધુકાના વતની તથા જ્ઞાતિએ સંભવત: પટેલ હોવાનું જણાવાયું છે પણ તેનો આધાર સ્પષ્ટ નથી બીજી બાજુથી 'રામ-કબીરસંપ્રદાય'માં કવિની 'અર્જુન-ગીતા'માં રામકૃષ્ણની અભેદભાવની ભક્તિ તથા સગુણની સાથે નિર્ગુણભક્તિનું નિરૂપણ હોવાથી કવિ ઉદાસંપ્રદાયના જીવણજીશિષ્ય કૃષ્ણદાસના શિષ્ય ધનાભગત / ધનાદાસ હોવાનો તર્ક થયો છે. એ ધનાભગત આગલોડના કડવા પાટીદાર હતા અને તેમણે કૃષ્ણદાસ પાસે લગભગ ઈ.૧૬૬૮માં ઉદાધર્મનો સ્વીકાર કર્યો હતો.

સરસ્વતી છંદની ચાલમાં રચાયેલી ૪૬/૪૭ કડીની 'અર્જુનગીતા/સાર-ગીતા/ભક્ત-ગીતા' (લે.ઈ. ૧૬૭૩; મુ.) વસ્તુત: ભગવદ્ગીતાના સારાનુવાદરૂપ નથી પરંતુ રામ-કૃષ્ણ આદિ અવતારોમાં ભગવાને ભક્તોને કરેલી સલાયની સાથે જ્ઞાની ભક્તનાં લક્ષાણ અને ભગવાનનો ભક્ત પ્રત્યેનો આત્મીયભાવ વર્ણવે છે. શ્રીકૃષ્ણે અર્જુનને કરેલા સંબોધન રૂપે રચાયેલ આ કાવ્ય એના સરળ તત્ત્વજ્ઞાન, પ્રાસાદિક અભિવ્યક્તિ અને ભક્તલક્ષાણ વર્ણવતી "સંસાર સું સરસો રહે, ને મન મારી પાસ" એવી કેટલીક ચોટદાર પંક્તિઓથી ગુજરાતમાં લોકપ્રિય બની નિત્યપાઠમાં પણ સ્થાન પામ્યું છે.

આ કવિને નામે 'પંચશ્લોકી ભાગવત' તથા બોધનાં પદ નોંધાયેલાં છે પણ તેની અધિકૃતતા ચકાસણીને પાત્ર છે.

કૃતિ : ૧. કાદોહન : ૧; ૨. બૃકાદોહન : ૨(+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત:૧-૨; ૨. ગુજૂકહકીકત; ૩.પ્રાકકૃતિઓ : ૪. રામકબીર સંપ્રદાય, કાંતિકુમાર સી. ભટ્ટ, ઈ. ૧૯૮૩; ☐ ૫. ગૂહાયાદી; ૬. ફોહનામાવલિ. [દે.જો.]

ધનદેવ(ગણિ) : આ નામે ૯ કડીનું 'જિનસ્વપ્ન-ગીત' (લે. સં. ૧૭મી સદી અનુ.) મળે છે. તે કયા ધનદેવગણિ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

ધનદેવ(ગણિ)–૧ [ઈ. ૧૪૪૬માં હયાત] : જૈન સાધુ. એમના, કાવ્ય (શાર્દૂલવિક્રીડિત), રાસક, અઢૈયુ અને ફાગ એ ૪ છંદોના એકમો તથા રાસક અને ફાગમાં આંતરયમક પ્રયોજતા ૮૪ કડીના 'સુરંગાધિ નેમિ-ફાગ' (૨. ઈ. ૧૪૪૬; મુ.)માં નેમિનાથનું સમગ્ર ચરિત્ર આલેખાયું છે. નેમિકુમારનું રૂપવર્ણન, વસંતવર્ણન વગેરેમાં આલંકારિક વર્ણનની પરંપરાગત છટા જોવા મળે છે.

કૃતિ : પ્રાફાગુસંગ્રહ (+સં.)

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. (વ.દ.)

ધનદેવ–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : વડતપગચ્છના જૈન સાધુ. રાજવિજયના શિષ્ય. ભુવનકીર્તિસૂરિ. (અવ. ઈ. ૧૬૫૪)ની આજ્ઞાથી રચાયેલા 'સ્ત્રીચરિત્ર-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૨). [વ.દ.]

ધનપ્રભ [ ] : ૯ કડીની 'નેમિનાથ–ઝીલણા' (લે. સં. ૧૬મી સદી), ૮૦ કડીની 'નેમિનાથરાસ' (લે.સં. ૧૭મી સદી), ૧૧ કડીની નેમિનાથ-હિંડોલ' (લે. સં. ૧૭મી સદી),

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧ કડીની 'રાજિમતી વિછોહ-પદ' (લે. સં. ૧૭મી સદી) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧. ૨. મુપુગૂહસૂચી. [ર.દ.]

ધનપ્રભશિષ્ય [ ] : જૈન. ૨૯ કડીની 'શાંતિનાથ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

ધનરાજ-૧ [ઈ. ૧૪૨૪માં હયાત] : જૈન સાધુ. ૧૭૦ કડીની 'મંગલકલશ-વિવાહલુ' (ર.ઈ. ૧૪૨૪) તથા ૧૧ કડીની 'વીસહત્થી-છંદ' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

ધનરાજ-૨ [ઈ. ૧૫મી સદી] : રામકબીર સંપ્રદાયના સંતકવિ. પદ્મનાભના શિષ્ય. પોતાને પંડિત તરીકે ઓળખાવે છે, પરંતુ સંપ્રદાયમાં અધ્યારુજી તરીકે જાણીતા છે. જ્ઞાતિએ બ્રાહ્મણ. પાટણના હુકમરાય પંડ્યાના એ પુત્ર. એ પાટણના અધિકારી હતા અને એ નિમિત્તે પદ્મનાભ જે કુંભાર હતા તેના સંપર્કમાં આવેલા એમ કહેવાય છે. પદ્મનાભથી પ્રભાવિત થઈ પછીથી એમણે તેમની પાસે દીક્ષા લીધી. પદ્મનાભને એ વિષ્ણુના અવતાર લેખતા હતા. પરંતુ પદ્મનાભે તેમની સાથે મિત્ર તરીકે વ્યવહાર કર્યો હોય એવું જણાય છે. પદ્મનાભ જ્યાં રહેતા તે પદ્મવાડી બનાવવામાં પણ પદ્મનાભે તેમનો સાથ લીધેલો. પદ્મનાભનો જીવનકાળ ઈ. ૧૪૦૨થી ઈ. ૧૫૦૯ મનાય છે અને પદ્મવાડીની રચના ઈ. ૧૪૧૪માં થયાનું નોંધાયું છે, જો કે આ હકીકતો શંકાથી પર છે એમ કહી શકાય નહીં.

અધ્યારુજીનાં ૨૮ કીર્તનો (મુ.) સંપ્રદાયમાં જાણીતાં છે, જો કે કવિની નામછાપ બેએક કૃતિઓમાં જ મળે છે. કેટલીક કૃતિઓમાં, 'અણછતો આત્મા/ભગત' એવી છાપ વપરાયેલી છે અને થોડી કૃતિઓમાં ગુરુ પદ્મનાભનો ઉલ્લેખ મળે છે. પૃથ્વીના પરબ્રહ્મ સાથેના લગ્નને વર્ણવતી ૩૩ કડીની 'સંત સોહાગો'માં તો 'તુલસી' નામ વણાયેલું મળે છે એટલે એનું કર્તૃત્વ અધ્યારુજીનું માનવું કે કેમ તે પ્રશ્ન છે. આ જ વિષયની અધ્યારુજીની અન્ય કૃતિ છે જ.

રામકૃષ્ણ એ બંને અવતારોની સાથે નિર્ગુણ પરબ્રહ્મની ભક્તિને વણી લેતી રામકબીર-સંપ્રદાયની પરંપરાને અનુસરતાં ધનરાજનાં કીર્તનો 'પંચાહ્ન પારાયણ'ના ૫ વિશ્રામ રૂપે વહેંચાયેલાં મળે છે. અધ્યાત્મ અને વૈરાગ્યનો બોધ કરતાં આ કીર્તનોમાંનાં કેટલાંક જન્મ, લગ્ન, મૃત્યુ, દીક્ષા વગેરે પ્રસંગોએ ગાવામાં આવે છે તે આ કીર્તનોનું સંપ્રદાયમાં કેટલું મહત્ત્વ છે તે સમજાવે છે.

કવિનાં આ કીર્તનોમાં અધિસ્થાને મળતી ૫૩ કડીની 'ગરુવા ગણપતિનો રાસ' નામથી ઓળખાવાયેલી કૃતિમાં વસ્તુતઃ પરબ્રહ્મની સ્તુતિ છે અને રામાવતાર તથા કૃષ્ણાવતારનું વીગતે અને અન્ય અવતારનું ટૂંકું વર્ણન છે. અહીં કાવ્યના આરંભના શબ્દો ઉપરથી કૃતિ ઓળખાવાયેલી છે તેમ અન્યત્ર પણ કાવ્યમાં ધ્રુવા વગેરે તરીકે વપરાયેલા શબ્દોથી પણ કૃતિઓ ઓળખાવાયેલી છે. ૩૨ કડીની પરબ્રહ્મને સંબોધન રૂપે રચાયેલી 'વિનતી' જીવ પ્રકૃતિને છોડીને પરબ્રહ્મને કઈ રીતે પામી શકે તેનો બોધ આપે છે. ૩૦ કડીની 'હેલી'માં પરબ્રહ્મના અકલ સ્વરૂપનું વર્ણન છે, તો ૩૬ કડીની 'બ્રહ્મારુલી'માં પરબ્રહ્મની લીલાનું અને ૩૭ કડીની 'સોરંગી'માં એના અવતારોનું વર્ણન છે. ૪ કડવાં રૂપે ૧ કૃતિ મળે છે તેમાં હરિ એટલે કે કૃષ્ણ રૂપે પરબ્રહ્મની સ્તુતિ છે, અને એમાં કૃષ્ણલીલા ગૂંથી લેવામાં આવી છે. 'વડી કારજ'માં વિવિધ અવતારોનાં કાર્યો વર્ણવ્યાં છે, તો 'લોઢી કારજ'માં સુખદુઃખના ચરખામાં લોઢાતા જીવને શરણાગતિનો બોધ આપવામાં આવ્યો છે. ૫૩ કડીની 'હર્ષ ભોવન' પરબ્રહ્મનું સ્વરૂપવર્ણન કરી તેની ભક્તિના આનંદનો બોધ આપે છે. તો ૩૫ કડીની 'શોકભવન' જેનામાં હરિભક્તિ નથી તેને ભોગવવી પડતી નર્કની વેદનાનું વર્ણન કરે છે. 'પૃથ્વી-ધોળ/પૃથ્વી-વિવાહ/વિઘન-હરણ'માં પૃથ્વીના પ્રલયકાળે એને ઉદ્ધારનાર પરબ્રહ્મ રૂપ ગોવિંદ સાથેના લગ્નની કથા કહેવામાં આવી છે. અને વિવાહવિધિનું વીગતે વર્ણન કરવામાં આવ્યું છે. 'પદ્મધોળ'માં પરબ્રહ્મના અવતાર તરીકે પદ્મનાભનું મહિમાગાન છે અને 'વાડીનો રાસ'માં પણ વાડીને નિમિત્તે પદ્મનાભની પ્રશસ્તિ થયેલી છે.

આ ઉપરાંત મુક્તિદશાનું વર્ણન કરતી ૩૫ કડીની 'ધોડલી', આત્માપરમાત્માનું રહસ્ય સમજાવતી ૪૪ કડીની 'વેદપુરાણ', હરિભક્તિથી થયેલા ભક્તોના ઉદ્ધારને ઉલ્લેખતી ૩૭ કડીની 'ચતુર્વદનનો રાસ' તથા પરબ્રહ્મભક્તિ વગર અન્ય સાધનો નિરર્થક છે તેમ દર્શાવતી ૩૨ કડીની 'અહર્નિશનો રાસ' આ કવિની અન્ય નોંધપાત્ર કૃતિઓ છે. કવિની કેટલીક દીર્ઘ કૃતિઓ 'આદ' નામક વિભાગોમાં વહેંચાયેલી મળે છે અને એમાં વલણ નામે ઘટક હોય છે તે રચનાબંધની દૃષ્ટિએ નોંધપાત્ર હકીકત છે. કવિની 'પસાઉલો', "ઉમાઉલો', 'ખાંડણાં', 'હિંદોલા', 'આરતી', 'વાણી' એવાં નામ ધરાવતી કૃતિઓ પણ મળે છે. દુહા-સોરઠા અને ચોપાઈબંધમાં રચાયેલાં આ કીર્તનોમાં જૈન સ્તવનની પદ્ધતિ હોવાનું નોંધાયું છે.

કૃતિ : ૧. ઉદાધર્મપંચરત્નમાલા, પ્ર. સ્વામી જગદીશચંદ્ર યદુનાથ, ઈ. ૧૯૬૮ (ત્રીજી આ.) (+સં.); ૨. ઉદાધર્મ ભજનસાગર, પ્ર. દ્વારકાદાસ ક. પટેલ, ઈ. ૧૯૨૬ (+સં.); ☐ ૩. જીવાણુવાણી, વ. ૧, અં.૨, ૩, ૬, ૮, ૯, ૧૨ તથા વ. ૨, અં. ૧, ૪, ૬, ૭–'કલ્યાણની કેડી' અંતર્ગત 'ગરુવા ગણપતિનો રાસ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ: ૨; ૩. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર સી. ભટ્ટ, ઈ. ૧૯૮૨; ☐ ૪. જીવાણુવાણી, વ. ૧ અં. ૧–'અધ્યારુજીની 'વાણી'નો ભાવાર્થ', યદુનાથ જગન્નાથ સ્વામી; ૫. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૭– 'ગુજરાતીનો સંત કવિ પંડિત ધનરાજ અધ્વર્યુ અને તેનાં પદ', કાન્તિકુમાર ભટ્ટ. [ચ.શે.]

ધનવિજય : આ નામે 'હરિષેણકૃીષેણ-રાસ', હરિસાધુરચિત 'કર્પુરપ્રકરણ' પર સ્તબક તથા 'જીવાભિગમ-ટબો' એ કૃતિઓ મળે છે તેમાંથી બન્ને સ્તબકોના કર્તા ધનવિજય–૨ હોવાની શક્યતા છે પણ એ વિશે કશું નિશ્ચિત કહી શકાય નહીં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેર કે જૈનભંડારો કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચિ', અગરચંદ નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૧; ૪. લીંહસૂચી. [વ.દ.]

ધનવિજય–૧ [ઈ.૧૬મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિમલહર્ષ-આણંદવિજયશિષ્ય. વિજયદાનસૂરિના આચાર્યકાળ (ઈ. ૧૫૩૧થી ઈ. ૧૫૬૬)માં રચાયેલી ૧૩ કડીની 'ઉપશમની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૧. [વ.દ.]

ધનવિજય–૨(વાચક) [ઈ. ૧૭મી સદી] : તપગચ્છના. જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં ઉપાધ્યાય કલ્યાણવિજયના શિષ્ય. આ ધનવિજય તે હીરવિજયસૂરિ પાસે ઈ. ૧૫૭૫માં દીક્ષિત અને 'સૂરિસચિવ' તરીકે ઓળખાવાયેલા ધનવિજય જ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાતું નથી. એ ધનવિજયે અકબરબાદશાહ પાસે પક્ષીઓને મુકત કરાવ્યાં હતાં અને મેડતાના જૈન વિહારો પરનો મુસ્લિમ શાસકોનો કર દૂર કરાવ્યો હતો.

વાચક ધનવિજયે 'કર્મગ્રંથ-બાલાવબોધ' (૨. ઈ. ૧૬૪૪/સં. ૧૭૦૦, મહા સુદ વીરગણુમિતિ) 'લોકનાલિકા દ્વાત્રિંશિકા-સ્તબક' (૨. ઈ ૧૬૬૩) તથા ૭ કડીની 'વિજયસેનસૂરિ-સઝાય'(મુ.)ની રચના કરી છે. એમણે સંસ્કૃતમાં ૧૦૮ કડીની 'ધર્મોપદેશલેશ-આભાણશતક' (૨. ઈ. ૧૬૪૩)ની રચના કરી છે અને કેટલાંક સંસ્કૃતગ્રંથોનું સંશોધન કર્યું છે, જેમાં 'કલ્પસૂત્રદીપિકા'નું સંશોધન ઈ. ૧૬૨૫માં કર્યું હોવાની માહિતી નોંધાયેલી છે.

કૃતિ : ઐસમાલા : ૧.

સંદર્ભ : જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

ધનવિમલ(ગણિ) : આ નામે શાલિભદ્ર-ભાસ' (લે.ઈ.૧૬૪૪) મળે છે તેના કર્તા કયા ધનવિમલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [વ.દ.]

ધનવિમલ(ગણિ)–૧ [ઈ. ૧૬મી સદી] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલસૂરિ(આચાર્યકાળ ઈ. ૧૫૧૪થી ઈ. ૧૫૪૦)-વિજયદાનસૂરિ(આચાર્યકાળ ઈ. ૧૫૩૧થી ઈ. ૧૫૬૬)ના શિષ્ય. આ કવિને નામે સર્વપાર્શ્વનાથતીર્થોનાં નામોને સમાવતું ૨૧ કડીનું '(ફલવર્ધિ) પાર્શ્વનાથ-સ્તવન/ પાર્શ્વનાથનામગર્ભિત-સ્તવન' (મુ.), ૩૯ કડીનું 'ચંદ્રપ્રભજિન-સ્તવન', ૩૩ કડીનું '(વરકાણા) પાર્શ્વનાથ-સ્તવન', ૨૭ કડીનું '(મેડતામંડન) ધર્મનાથ-સ્તવન,' ૨૬ કડીએ અપૂર્ણ 'ચોવીસ તીર્થંકર-સ્તવન' વગેરે અનેક તીર્થ-તીર્થંકરવિષયક સ્તવનો-સ્તુતિઓ મળે છે, જેમાં પાર્શ્વનાથવિષયક સ્તવનોની પ્રચુરતા ધ્યાન ખેંચે છે.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ : ૨.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [વ.દ.]

ધનવિમલ–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિનયવિમલના શિષ્ય. વિશાલસોમસૂરિ (ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ)ના રાજ્યકાળમાં રચાયેલા 'પ્રજ્ઞાપનાસૂત્ર-બાલાવબોધ'ના કર્તા. જુઓ વિનયવિમલશિષ્ય.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [વ.દ.]

ધનાસર(પાઠક) (ઈ. ૧૪૭૭માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. ૧૨૮ કડીના 'ઉપકેશગચ્છ ઊએસા-રાસ/ઉપકેશગચ્છસારાંશ' (૨. ઈ. ૧૪૭૭/સં. ૧૫૩૩, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ☐ ૨. રાહસૂચી : ૨.[કી.જો.]

ધનસિંહ [ ] : જૈન. 'ગૌતમસ્વામીરાસ'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

ધનહર્ષ : આ નામે ૨૩ કડીની 'સતી સીતાની સઝાય' (મુ.), ૧૩ કડીની 'સીતા-સઝાય', ૨૦ કડીની 'સીતાસતીમોચનવિષયે રાવણ મંદોદરી-હિતવાક્ય-સઝાય', ૭૭ કડીનું 'મહાવીર જિન-સ્તવન', ૧૧ કડીની 'સર્વાર્થસિદ્ધવિમાનની સઝાય'(મુ.), ૭ કડીની 'વિજયદેવસૂરીસઝાય' તથા અન્ય સઝાયો અને તીર્થંકર-સ્તવનો મળે છે, તેના કર્તા ધનહર્ષ–૧ હોવાનો સંભવ છે. પણ તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાનસૂચિ : ૧. [વ.દ.]

ધનહર્ષ–૧/સુધનહર્ષ [ઈ. ૧૬૨૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિશિષ્ય ધર્મવિજયના શિષ્ય. ૧૩ ઢાળના 'જંબુદ્વીપવિચાર-સ્તવન' (૨. ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, પોષ સુદ ૧૩, રવિવાર), 'તીર્થમાલા' (૨. ઈ. ૧૬૨૫?/સં. ૧૬૮૧?–"ઈશાંવક વસુ દર્શન માહવનારી", કારતક/ભાદરવા સુદ ૫, રવિવાર), 'દેવકુરુક્ષેત્ર-વિચાર-સ્તવન', ૯૪ કડીના 'મંદોદરી-રાવણ-સંવાદ' (૨. ઈ. ૧૫૫૬?/સં. ૧૬૧૨?–"મહાસેન વદના હિમ-કર હરિ", મહા/ચૈત્ર સુદ ૩, રવિવાર), કેટલાંક હરિયાળીઓ (૧૧ મુ.), ૬ કડીની 'સનત્કુમાર ચક્રવર્તીની સઝાય'(મુ.) તથા અન્ય સ્તવન-સઝાયના કર્તા.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. જૈનયુગ, જેઠ ૧૯૮૨–'સુધન હર્ષકૃત હરિયાલીઓ', સં. તંત્રી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [વ.દ.]

ધના(ભગત)/ધનો/ધનોજી [ઈ. ૧૯૦૩ સુધીમાં] : "રામબાણ વાગ્યાં હોય તે જાણે" એ અત્યંત પ્રસિદ્ધ પદ(મુ.), અલખઆરાધનાનું ૧ પદ(મુ.), પ્રભુ-મહિમાનું ૧ અન્ય પદ(મુ.) વગેરે પદો અને 'માતાજીની હમચી' (લે. ઈ. ૧૯૦૩)ના કર્તા.

કૃતિ : ૧. નકાદોહન; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. ભસાસિંધુ.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

ધનેશ્વર [ ] : ૩૬ અધ્યાયે અધૂરા મળતા 'શિવપુરાણ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

'ધન્નાશાલિભદ્ર-ચોપાઈ' [૨. ઈ. ૧૬૧૮/સં. ૧૬૭૪, કારતક સુદ ૧૫ કે માગસર-૧૦] : જયસોમશિષ્ય ગુણવિનયની ૬૧ ઢાળ અને ૧૨૨૬ કડીની આ કૃતિ મુખ્યત્વે દેશીબદ્ધ છે અને દુહાનો કવચિત જ ઉપયોગ કરે છે.

એમાં, જૈન સંપ્રદાયમાં અત્યંત લોકપ્રિય, રિદ્ધિમત્તા અને વૈરાગ્યના દૃષ્ટાંત રૂપ શાલિભદ્ર અને ધન્ના-સાળા બનેવી-નું વૃત્તાંત ગૂંથાયેલું છે ને ધન્નાએ પોતાના ભાઈઓની અદેખાઈ છતાં પોતાના બુદ્ધિચાતુર્ય અને ઉદારતાથી ઉત્તરોત્તર કેવી રીતે ધનસમૃદ્ધિ ને પત્નીઓ મેળવી તેની રસિક કથા કહેવાયેલી છે.

જિનકીર્તિસૂરિવિરચિત 'દાનકલ્પદ્રુમ' તથા જ્ઞાનસાગરગણિ-વિરચિત 'ધન્યકુમારચરિત્ર'ના આધારે રચાયેલી આ કૃતિમાં કવિએ 'દાનકલ્પદ્રુમ'ના દરેક પલ્લવની કથા પૂરી થતાં એનો સ્પષ્ટ નામનિર્દેશ કર્યો છે. 'દાનકલ્પદ્રુમ'થી સવિસ્તર જણાતી આ કૃતિ 'ધન્યચરિત્ર'ને મુકાબલે સંક્ષિપ્ત છે, કેમકે અહીં પૂર્વભવોની કથાઓ તથા આડકથાઓ ને અન્ય કેટલાક કથાંશો પણ છોડી દેવામાં આવ્યાં છે, વર્ણનોમાં સંક્ષેપનો આશ્રય લેવામાં આવ્યો છે અને કથાનિરૂપણમાં પણ ત્વરિતતા છે. આમ છતાં આ કૃતિમાં ગુણવિનયના કવિત્વનો ઉત્તમ પરિચય થાય છે. એમાં ગંગાદેવીનું શૃંગારરસિક ચિત્ર, કંજૂસ શેઠ અને મદોન્મત્ત હાથીનાં વર્ણનો જેવાં રસસ્થાનો છે, મૌલિક અલંકારરચનાઓ છે, વર્ણવિન્યાસ, પ્રાસ વગેરેનું ચાતુર્ય છે, હિંદી-રાજસ્થાનીનો પ્રભાવ દર્શાવતી, સંસ્કૃત પદાવલિનો વિનિયોગ કરતી, કોઈકોઈ વાર ફારસી શબ્દોને વણી લેતી (ને એ રીતે કવિનો મોગલ દરબાર સાથેનો સંપર્ક સૂચવતી) અને તળપદાં રૂઢિપ્રયોગો-કહેવતોથી અસરકારક બનતી સમૃદ્ધ ભાની છે. તથા સમાસરચના-ઓને કારણે આવેલી અભિવ્યકિતની સઘનતા છે. આધારભૂત કૃતિ-ઓમાંથી પોતે લીધેલાં સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતોના કવિએ ગુજરાતી અનુવાદ આપ્યા છે, તે ઉપરાંત તેમની પાસેથી પણ કેટલાંક સુભાષિતો આપણને મળે છે. આટલી લાંબી કૃતિમાં કોઈ પણ દેશી ભાગ્યે જ બે વાર પ્રયોજાયેલી મળે છે, તે રીતે આ કૃતિ ગેયતાની દૃષ્ટિએ ઘણી સમૃદ્ધ પ્રતીત થાય છે. કવિ ધર્મતત્ત્વનું સીધું નિરૂપણ ઓછું કરે છે એ પણ એક નોંધપાત્ર બાબત છે. આ કૃતિને કવિના પાંડિત્યનો પાસ લાગેલો હોવાથી તે થોડી કઠિન બની છે ને તેથી એ ખાસ લોકપ્રિય બનેલી નથી, પરંતુ ગુણવિનયની સર્વ રાસકૃતિઓમાં આ સૌથી સમર્થ રાસ-કૃતિ છે.

કવિએ કારતક ૧૫ને દિવસે "લિખીયઉ પુસ્તકિ સ્વસ્તિ કરઉ તે" ને માગશર ૧૦ના દિવસે "પરકાસ્યઉ સુંદર શ્રી ખરતર સંઘ આગઇજી" એવો નિર્દેશ કર્યો છે તેથી કૃતિ કારતક સુદ ૧૫ના દિવસે પૂરી કરી માગસર ૧૦ના દિવસે સંઘ આગળ મૂકી એવો અર્થ થાય તેમ જ કારતક ૧૫ને દિવસે ગ્રંથલેખનનો આરંભ કર્યો અને માગશર ૧૦ના રોજ એ પૂરું કર્યું એવો અર્થ પણ થાય. [જ.કો.]

'ધન્નાશાલિભદ્ર-રાસ' [૨. ઈ. ૧૭૩૪/સં. ૧૭૯૯, શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર] : હિતવિજયશિષ્ય જિનવિજયકૃત ૪ ઉલ્લાસ ને ૮૫ ઢાળની આ કૃતિ(મુ.) જિનકીર્તિસૂરિની સંસ્કૃત કૃતિ 'દાન-કલ્પદ્રુમ/ધન્ના-ચરિત્ર'ને આધારે રચાયેલી છે. એમાં બુદ્ધિબળે રાજા શ્રેણીકના મંત્રી બનતા ને શાલિભદ્રની બહેન સુભદ્રા સાથે લગ્ન કરતા વણિક પુત્ર ધન્નાનું ચરિત્ર વીગતે આલેખાયું છે. જીવન પરથી મન ઊઠી જવા છતાં માતા અને પત્નીઓના આગ્રહને કારણે ક્રમશ: સંસાર છોડવાના શાલિભદ્રના નિર્ણયનો ઉપહાસ કરતો ધન્ના પત્નીના સામા ટોણાથી તરત જ સંસારત્યાગ કરી દીક્ષા ધારણ કરે છે ને એ સાંભળતાં શાલિભદ્ર પણ સંસાર ત્યજી દે છે એવા મૂળ કથાકેન્દ્રને કવિએ અહીં વિસ્તાર્યું છે. આ રાસમાં ધન્નાની ઉદારતા, એની બુદ્ધિશક્તિ ને એના અનેકવિધ ઉત્કર્ષો વધુ વિસ્તારથી ને ઘણી જગાએ એક જ પ્રકારની વીગતોના પુનરાવર્તનથી વર્ણવાયા છે. કૃતિમાં ઘણી આડકથાઓ પણ છે જે કથાને રંજક બનાવે છે.

કથાની વચ્ચેવચ્ચે આવતાં બહુપ્રચલિત બોધક-પ્રેરક સંસ્કૃત સુભાષિતો, મારવાડી છાંટવાળી ભાષા, કયાંક પ્રાસાનુરાગી બનતી શૈલી ને વિવિધ દેશીઓનો વિનિયોગ કૃતિની વિશેષતાઓ છે. [૨.સો.]

ધરમસી [ઈ. ૧૬૪૯માં હયાત] : 'રણછોડજીનો કાગળ' (૨. ઈ. ૧૬૪૯) નામક કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

ધર્મ(સૂરિ) : આ નામે ૮ કડીની 'સમેતશિખરતીર્થ-નમસ્કાર' એ કૃતિ મળે છે તેના કર્તા કયા ધર્મ છે તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [ચ.શે.]

ધર્મ-૧ [ઈ. ૧૨૧૦માં હયાત] : જૈન સાધુ. મહેન્દ્રસૂરિના શિષ્ય. આ મહેન્દ્રસૂરિ (જ.ઈ. ૧૧૭૨-અવ. ઈ. ૧૨૫૩) અંચલ-ગચ્છના ધર્મઘોષસૂરિના શિષ્ય હોવાનું અનુમાન થયું છે. ૪૧ કડીના ૫ ઠવણિમાં વિભક્ત મુખ્યત્વે રોળાબંધમાં રચાયેલા તેમના **'જંબુસ્વામી-ચરિત્ર'** (૨. ઈ. ૧૨૧૦; મુ.)માં જંબુસ્વામીના શિવ-કુમાર તથા જંબુસ્વામી તરીકેના ૨ ભવની કથા કહી સંયમદીક્ષાનો મહિમા ગાવામાં આવ્યો છે.

૪૭ કડીનો **'સ્થૂલિભદ્ર-રાસ'** તથા ૪૨ કડીની **'સુભદ્રાસતી-ચતુષ્પદિકા'** કાવ્યાંતે **'ધમ્મુ'** શબ્દ ગૂંથે છે તેને શ્લેષથી કર્તાનામનો વાચક ગણીએ અને આ ત્રણેય કૃતિઓ એક જ પ્રતમાંથી મળે છે ને ભાષાસ્વરૂપની સમાનતા દર્શાવે છે તે લક્ષમાં લઈએ તો આ બંને કૃતિઓ ઉપર્યુકત કવિની જ રચનાઓ હોવાનો તર્ક કરી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. આર્યકલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ, સં. કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯–'જંબુસ્વામીચરિય–એક અપભ્રંશકાવ્યની સમીક્ષા'; ૨. પ્રાગૂકાસંગ્રહ.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. આલિસ્ટઓંઈ: ૨; ૫. જૈગૂકવિઓ: ૧, ૩(૧); ૬. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મ–૨ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. પંડિત સુમતિચંદ્રના શિષ્ય. વિજયદેવસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૬૦૦થી ૧૬૫૭) મારવાડમાં આવ્યા ત્યારે તેમના થયેલા સ્વાગતનું વર્ણન કરતી ૧૩ કડીની 'વિજયદેવસૂરિ-સઝાય' (લે. ઈ.૧૬૪૨; મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧. [ચ.શે.]

ધર્મ–૩ [ઈ.૧૮૩૯ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં રત્નવિજયના શિષ્ય. એમનું ૪ ઢાળનું 'જિન પ્રતિમા-સ્થાપનગર્ભિત-શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' (લે. ઈ. ૧૮૩૯; મુ.) મુદ્રિત પાઠમાં તેમ જ હસ્તપ્રતયાદીમાં વચ્ચેની થોડીક ગુરુ-પરંપરા જુદી બતાવે છે. માત્ર 'ધર્મ' નામછાપ ધરાવતી આ કૃતિ ધર્મવિજયને નામે તથા ભૂલથી રત્નવિજયને નામે પણ નોંધાયેલી છે. કવિએ આ ઉપરાંત ૧૧ કડીની 'બે-ઇન્દ્રિય જીવોની ઉત્પત્તિની સઝાય'(મુ.) રચી છે.

કૃતિ : પ્રવિસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ધર્મકલશ [ઈ. ૧૩૨૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિ–જિનકુશલસૂરિના શિષ્ય. તેમનો, પાટણમાં ઈ.૧૩૨૧માં (સં. ૧૩૭૭, જેઠ વદ ૧૧)માં જિનકુશલસૂરિનો પટ્ટાભિષેક થયેલો તેના મહોત્સવનું વર્ણન કરતો, વસ્તુ, રોળા, દોહરા વગેરે છંદની ૩૮ કડીનો 'જિનકુશલસૂરિપટ્ટાભિષેક-રાસ'(મુ.) તેમાંની વર્ણનછટા તથા 'ગુજરાત' શબ્દના ઉલ્લેખને કારણે નોંધપાત્ર બને છે. કૃતિ એ પ્રસંગે જ રચાયેલી હોય એવું લાગે છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+સં.)

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [ચ.શે.]

ધર્મકીર્તિ : આ નામે 'લોકનાલિકાદ્વાત્રિંશિકા–સ્તબક' (લે.ઈ.૧૮૬૩) મળે છે. આ ધર્મકીર્તિ કયા તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : લીંહસૂચી. [ચ.શે.]

ધર્મકીર્તિ–૧[ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ઉપાધ્યાય ધર્મનિધાનના શિષ્ય. સાધુ-સમાચારી-બાલાવબોધ' [૨.ઈ.૧૬૧૩/સં.૧૬૬૯, મહા સુદ ૪), ૧૪ ઢાળ અને ૯૨ કડીના 'ચતુર્વિંશતિજિન-ચોવીસબોલ-(વૃદ્ધ)-સ્તવન' (૨.ઈ.૧૬૧૮/સં.૧૬૭૪, ભાદરવા સુદ ૧૧, શુક્રવાર), ૭૧ કડીના 'નેમિ-રાસ' (૨.ઈ. ૧૬૧૯/સં.૧૬૭૫, ફાગણ સુદ ૫, રવિવાર), ઈ.૧૬૨૫ સુધીનાં જિનસાગરસૂરિનાં દીક્ષા-વિહારાદિની માહિતી આપતા ૧૦૨ કડીના 'જિનસાગરસૂરિ-રાસ' (૨.ઈ.૧૬૨૫/સં.૧૬૮૧, પોષ વદ ૫; મુ.), 'મૃગાંક-પદમાવતી–ચોપાઈ', 'સત્તરિસય – બાલાવબોધ' તથા અન્ય અનેક સ્તવનોના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. આલિસ્ટઓંઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૪. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મચંદ્ર : આ નામે ૪૭ કડીનું 'મોહરાજનું ભાવ-ગીત' (લે.ઈ. ૧૭૦૫), ૨૧ કડીની 'રાજિમતી-સઝાય' (લે.ઈ.૧૮૧૩), ૧૯ કડીનું 'મહાવીર-સ્તોત્ર' (લે. સં. ૧૮મી સદી અનુ.), 'શ્રાદ્ધદિન કૃત્યપ્રકરણ-સ્તબક' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા દિવાળી, સિદ્ધગિરિ, પંચતીર્થ, સિદ્ધચક્ર, ઋષભનાથ, ધર્મનાથ, વીરપ્રભુ, શંખેશ્વર, સંભવજિન આદિનાં સ્તવનો, હોરીઓ વગેરે (કેટલાંક મુ.) મળે છે, જેમાંનાં કેટલાંક હિન્દી યા હિન્દીમિશ્ર ગુજરાતીમાં પણ રચાયેલાં છે. કેટલાંક હોરીઓ-પદોમાં ભાવનું મધુરકોમળ નિરૂપણ તથા શબ્દલયનું પ્રભુત્વ ધ્યાનાર્હ છે. આ ધર્મચંદ્ર કયા તે સ્પષ્ટ થતું નથી. ૧૪ કડીનો 'ઢૂંઢકઝગડાવિચાર' (૨.ઈ.૧૮૨૪) ધર્મચંદ્ર–૧ની કૃતિ હોવાનું નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જૈકાપ્રકાશ: ૧; ૩. જૈકાસંગ્રહ ૪. જૈરસંગ્રહ; ૫. દેસ્તસંગ્રહ; ૬. શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ધર્મચંદ્ર–૧ [ઈ. ૧૮૪૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદયાસૂરિની પરંપરામાં ખુશાલવિજય અને કલ્યાણચંદ્રના શિષ્ય. ૧૨ ઢાળ અને ૧૪૯ કડીની દેશી દુહાબદ્ધ 'નંદીશ્વરદ્વીપ-પૂજા' (૨. ઈ. ૧૮૪૦/સં. ૧૮૯૬, ભાદરવા સુદ ૪; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. વિવિધ પૂજા સંગ્રહ : ૧ થી ૧૧, પ્ર. જસવંતલાલ ગી. શાહ–; ૨. વિવિધ પૂજા સંગ્રહ : ૧, પ્ર. ભીમસિંહ માણેક સં. ૧૯૫૪; ૩. વિસ્તાપૂજાસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મદત્ત : જુઓ ચંદ્રનાથ.

ધર્મદાસ : આ નામે ૧૩ કડીની ચોપાઈની દેશીમાં રચાયેલી 'ચૌદ જીવસ્થાનની સઝાય'(મુ.), ૧૦ કડીની 'સાત વારની સઝાય' (લે.સં.૧૯મી સદી અનુ.; મુ.), ૭ કડીની 'સાધુસંગત-સઝાય' (લે. ઈ. ૧૮૧૩) અને ૧ હિન્દી પદ(મુ.) મળે છે. આ કૃતિઓના કર્તા કયા ધર્મદાસ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જૈકાસંગ્રહ; ૨. જૈસમાલા(શા): ૨; ૩. જૈસસંગ્રહ (ન.); ૪. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ. શે.]

ધર્મદાસ–૧ [ઈ. ૧૫૯૬માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. સંભવતઃ વરસિંહના શિષ્ય. બુરાશિષ્ય શામલજી અને જીવરાજના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાંનિધ્યમાં કૃતિ રચ્યાનો ઉલ્લેખ હોવાથી ભૂલથી જીવરાજશિષ્ય માની લેવાયા છે. એમણે 'જસવંતમુનિનો રાસ' (૨.ઈ. ૧૫૯૬/સં. ૧૬૫૨, ભાદરવા વદ ૧૦)ની રચના કરી છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [ચ.શે.]

ધર્મદાસ–૨ [ઈ.૧૬મી સદી] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સમરચંદ્ર (દીક્ષાકાળ ઈ.૧૫૧૯–ઈ. ૧૫૭૦)ના શિષ્ય. 'ભક્તામરસ્તોત્ર' પરના સ્તબક તથા ૬ કડીની 'વૈરાગ્ય-સઝાય'ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ધર્મદાસ–૩ [ઈ.૧૬૨૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિના શિષ્ય. સુરતમાં જેની પ્રતિષ્ઠા થયેલી તે હીરવિહારનું વર્ણન કરતા, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા, ૬૧ કડીના 'હીરવિહાર-સ્તવન'(૨.ઈ.૧૬૨૦/સં.૧૬૭૬, જેઠ સુદ ૧૫; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. સૂર્યપુર રાસમાળા, સં. કેસરીચંદ્ર હી. ઝવેરી, ઈ. ૧૯૪૦; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ઑગસ્ટ–ઑક્ટો. ૧૯૩૬-'હીરવિજય સ્તવ', સં. વિદ્યાવિજયજી. [ચ.શે.]

ધર્મદાસ–૪ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ગુજરાતી લોંકાગચ્છના કુંવરજીપક્ષના જૈન સાધુ. શ્રીમલ્લજીશિષ્યરત્નસિંહના શિષ્ય. ૫૩ કડીના 'નેમિજિન-સ્તવન-રાગમાળા' (૨.ઈ. ૧૬૨૬)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મદાસ–૫ [ઈ. ૧૭૪૪માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ઋષિ ધર્મદાસશિષ્યમૂલચંદશિષ્ય. જો કે, કૃતિમાં કવિનામનો નિર્દેશ થોડો સંદિગ્ધ છે અને એ નિર્દેશ કવિના પ્રગુરુનો જ હોય એવો વહેમ જાય છે. જો એમ હોય તો કવિ ઋષિ મૂલચંદજીના કોઈ અજ્ઞાતનામા શિષ્ય ઠરે. એમણે ૧૮ ઢાળની 'અઢાર પાપસ્થાનકની સઝાય' (૨.ઈ.૧૭૪૪/સં.૧૮૦૦; ભાદરવા વદ ૧૦, બુધવાર) રચેલી છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [ચ.શે.]

ધર્મદેવ(ગણિ)–૧ [ઈ. ૧૪૫૯માં હયાત) : જૈન સાધુ. કીર્તિરત્નની પરંપરામાં ક્ષાંતિરત્નના શિષ્ય. 'ષષ્ટિશતક' પરની તપોરત્ન-ઉપાધ્યાયની ટીકા પર આધારિત બાલાવબોધ (૨. ઈ. ૧૪૫૯)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

ધર્મદેવ(પંડિત)–૨ [ઈ. ૧૫મી સદી અંત–ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. ગુણધીરસૂરિની પરંપરામાં સૌભાગ્યરત્નસૂરિના શિષ્ય. ૨૮૪ કડીના 'હરિશ્ચંદ્રરાજાનો રાસ' (૨. ઈ. ૧૪૯૮/સં. ૧૫૫૪, આસો સુદ ૬), ૩૮૨ કડીના 'અજાપુત્ર-રાસ' (૨.ઈ. ૧૫૦૫) તથા ૧૧૦ કડીના 'વ્રજ (વયર) સ્વામીનો રાસ' (૨.ઈ.૧૫૦૭)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩ (૧); ૨, ડિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [કી.જો.]

ધર્મનરેન્દ્ર [ ] : જૈન સાધુ. ૩૪ કડીની 'અવન્તીસુકુમાલમુનિ-સઝાય/ઢાળ' (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. રાહસૂચી : ૧; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ધર્મપ્રભ(સૂરિ) [ ] : જૈન સાધુ. ૧૬ કડીના 'ચતુર્વિંશતિતીર્થંકર–કલશ'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ધર્મભૂષણ [ઈ.૧૭૦૩ સુધીમાં] : દિગંબરગચ્છના જૈન સાધુ. દેવેન્દ્રકીર્તિની પરંપરામાં ધર્મચંદ્રના શિષ્ય. 'ચંપકવતી-ચોપાઈ/શીલપતાકા-ચોપાઈ'(લે.ઈ.૧૭૦૩)ના કર્તા. ઈ.૧૫૪૮માં હયાત દેવેન્દ્રકીર્તિના આ પ્રશિષ્ય હોય તો એમનો સમય ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ ગણાય.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

ધર્મમંદિર(ગણિ) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં વાચક દયાકુશલના શિષ્ય. એમણે ઈ.૧૬૫૯માં એક વ્રત લખ્યો હોવાની માહિતી મળે છે. એમણે જયશેખરસૂરિકૃત સંસ્કૃત કૃતિ પરથી રચેલ ૬ ખંડ અને ૭૬ ઢાળના 'પ્રબોધચિંતામણિ/મોહવિવેકનો રાસ' (૨.ઈ.૧૬૮૫/સં. ૧૭૪૧, માગશર સુદ ૧૦; મુ.)માં કથા અને ધર્મવિચારના વિસ્તૃત અને સ્ફુટ નિરૂપણથી લોકભોગ્યતા સિદ્ધ થયેલી છે. ૪ ખંડ, ૬૫ ઢાળ અને ૧૨૦૦ કડીની 'મુનિપતિ-ચરિત્ર' (૨.ઈ. ૧૬૬૯), 'જંબૂ-રાસ' (૨. ઈ. ૧૬૭૩), 'દયા-દીપિકા-ચોપાઈ' (૨.ઈ. ૧૬૮૪), ૨ ખંડ અને ૩૨ ઢાળની 'પરમાત્મપ્રકાશ/જ્ઞાનસુધા તરંગિણી-ચોપાઈ' (૨.ઈ. ૧૬૮૬/સં.૧૭૪૨, કારતક સુદ ૫, ગુરુવાર), ૪ ઢાળની 'નવકાર-રાસ' (*મુ.) તથા 'આત્મપદપ્રકાશ-રાસ' એ કવિની અન્ય રાસાત્મક કૃતિઓ છે. આ સઘળી કૃતિઓ કવિનું વલણ વિશેષપણે ધર્મતત્ત્વવિચાર તરફનું હોય એવું બતાવે છે.

આ ઉપરાંત, આ કવિએ '(શંખેશ્વર) પાર્શ્વનાથ બૃહત્-સ્તવન' (૨. ઈ. ૧૬૬૭/સં. ૧૭૨૩, ચૈત્ર સુદ ૧૫), ૧૭ કડીનું 'જગવલ્લભ પાર્શ્વનાથ-બૃહત્ સ્તવન' (૨. ઈ. ૧૬૬૮), 'ચોમાસી વ્યાખ્યાન' તથા તીર્થ-તીર્થંકરવિષયક સ્તવન, ભાસ, ગીત વગેરે પ્રકારની લઘુકૃતિઓ રચેલ છે.

કૃતિ : ૧. જૈન કથારત્નકોષ : ૩, પ્ર. ભીમસિંહ માણક, ઈ. ૧૮૯૦; ૨. જૈન કાવ્યદોહન, મનસુખલાલ ૨. મેહતા, ઈ. ૧૯૧૩; ૩. * રત્નસમુચ્ચય; ૪. રાજૈકામાળા:૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મમૂર્તિ(સૂરિ) [જ. ઈ. ૧૫૨૯/સં. ૧૫૮૫ પોષ સુદ ૮–અવ. ઈ. ૧૬૧૪/સં. ૧૬૭૦, ચૈત્ર સુદ ૧૫] : અંચલગચ્છના જૈન સાધુ. ગુણનિધાનસૂરિના શિષ્ય. મૂળ નામ ધર્મદાસ. ખંભાતના વતની. પિતા હંસરાજ. માતા હાંસલદે. નાગડાગોત્ર. જ્ઞાતિ શ્રીમાળી કે ઓશવાલ. દીક્ષા ઈ. ૧૫૪૩માં. સૂરિપદ તથા ગચ્છનાયકપદ ઈ. ૧૫૪૬માં. ઈ. ૧૫૭૩માં યુગપ્રધાનની પદવી. ઉગ્ર ત્યાગી અને ક્રિયોદ્ધાર કરનાર આ આચાર્યે સમેતશિખરની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ વાર યાત્રા સાથે વ્યાપક વિહારો કર્યા હતા અને અનેક મૂર્તિપ્રતિષ્ઠાઓ કરી હતી. અવસાન અણહિલપુર-પાટણ કે પ્રભાસપાટણ. અવસાનવર્ષ ઈ. ૧૬૧૩ અને ઈ. ૧૬૧૫ પણ નોંધાયેલ છે.

એમણે રચેલ ૧૫ કડીનું 'ગોડીજી પાર્શ્વનાથગીત' (મુ.) તથા ૪૫ કડીનું 'નિર્વાણ-ઝુંબક' મળે છે. તે ઉપરાંત 'વિધિ-રાસ' એમની કૃતિ હોવાનો તર્ક થયો છે, જે ચર્ચાસ્પદ છે. સંસ્કૃતમાં એમણે **'ષડાવશ્યક-વૃત્તિ'**, 'ગુણસ્થાન-ક્રમારોહબૃહદવૃત્તિ', **'અંચલગચ્છ-પટાવલી'** (૨. ઈ. ૧૫૬૧) વગેરે ગ્રંથો રચેલા હોવાની માહિતી મળે છે.

કૃતિ : આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિગ્રંથ. સં. કલાપ્રભસાગરજી, સં.૨૦૩૯ (+ સં.).

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ. ૧૯૬૮; ૨. જૈગૂકવિઓ : ૨–'જૈનગચ્છોની ગુરુ–પટ્ટાવલીઓ'; ☐ ૩. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ધર્મમૂર્તિસૂરિશિષ્ય : જુઓ 'વિધિ-રાસ'.

ધર્મમેરુ : આ નામે ચંદ્રસૂરિના પ્રાકૃત ગ્રંથ **'સંગ્રહણી-પ્રકરણ'** પરનો ૪૦૦ ગ્રંથાગ્રનો સ્તબક (લે. ઈ. ૧૮૩૫) મળે છે તે કયા ધર્મમેરુ છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મમેરુ–૧ [ઈ. ૧૫૪૮માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની પરંપરામાં ચરણધર્મના શિષ્ય. **'સુખદુઃખવિપાક-સંધિ'** (૨.ઈ.૧૫૪૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩ (૨). [ચ.શે.]

ધર્મરત્ન–૧ [ઈ. ૧૫૮૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિની પરંપરામાં કલ્યાણધીરના શિષ્ય. **'જયવિજય-ચોપાઈ'** (૨. ઈ. ૧૫૮૫/સં. ૧૬૪૧, આસો સુદ ૧૦, સોમ-વાર/શુક્રવાર) તથા 'તેરકાઠિયા-સઝાય'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧,૩ (૧). [ચ.શે.]

ધર્મરત્ન–૨ [ઈ. ૧૭૯૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ભાવરત્નની પરંપરામાં સુબુધિરત્નના શિષ્ય **'ધન્ય-ચરિત્ર'** પર ગદ્યમાં બાલાવબોધ (૨. ઈ. ૧૭૯૩)ના કર્તા.

સંદર્ભ : જૈસાઈતિહાસ. [ચ.શે.]

ધર્મરુચિ [ઈ.૧૫૦૫માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. સિદ્ધસૂરિની પરંપરામાં ધર્મહંસના શિષ્ય. **'અજાપુત્ર-ચોપાઈ'** (૨. ઈ. ૧૫૦૫/સં. ૧૫૬૧, વૈશાખ સુદ ૫, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

ધર્મવર્ધન(ઉપાધ્યાય) : જુઓ ધર્મસિંહ–૪.

ધર્મવિજય–૧ [ઈ. ૧૬૫૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં ચારિત્રવિજયના શિષ્ય. ૫ ઢાળ અને ૧૦૯ કડીના **'સીમંધરજિન-લેખપદ્ધતિ-સ્તવન'** (૨. ઈ.૧૬૫૬) ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મવિજય–૨ [ઈ. ૧૮૫૭ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં રત્નવિજયના શિષ્ય. ૪ ઢાળના **'(શંખેશ્વર) પાર્શ્વનાથ-સ્તવન'** (લે.ઈ.૧૮૫૭)ના કર્તા. કૃતિ ભૂલથી રત્નવિજયને નામે નોંધાયેલી પણ મળે છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ધર્મવિજય(વાચક)–૩ [ ] : જૈન સાધુ. **'ચતુઃશરણપ્રકીર્ણક-સ્તબક'** (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ગુસાપઅહેવાલ : ૨૦– ઈતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયનું ભાષણ'નું પરિશિષ્ટ. [ચ.શે.]

ધર્મસમુદ્ર(વાચક) [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનસાગરસૂરિની પરંપરામાં વિવેકસિંહના શિષ્ય. એમણે મહાકવિ કાલિદાસકૃત 'અભિજ્ઞાનશાકુન્તલ' નાટકના કથાવસ્તુને આધારે દુહા તથા વસ્તુછંદ તેમ જ વિવિધ દેશીઓની ૯ ઢાળ અને ૧૦૪ કડીમાં 'શકુન્તલા-રાસ' (મુ.)નો રચના કરી છે. જૈન ધર્મના કર્મ અને અહિંસાના સિદ્ધાંત વણી લેવાથી તેમ જ અન્ય રીતે મૂળ કથાથી કેટલાક નાનકડા ફેરફાર આ કૃતિ દર્શાવે છે. જેમ કે શકુન્તલાએ દુર્વાસાને નહીં ઓળખ્યાથી જ એની અવગણના કરીને શાપ વહોર્યો એવી ઘટના અહીં દુષ્યંતના આગમન પહેલાં જ બની ગયેલી વર્ણવાઈ છે. સામાન્ય રીતે ઝડપથી કથાપ્રસંગ કહી જતી આ કૃતિમાં દુષ્યંતના દરબારમાં શકુન્તલા રજૂ થાય છે તે પ્રસંગ થોડીક નિરાંતથી આલેખાયો છે અને દુષ્યંત-શકુન્તલાના મનોભાવોને ઘૂંટીને વાચા આપવાનો પ્રયત્ન થયો છે. વિવિધ ઢાળો પરત્વે ઝાબટા, સામેરી, સોરઠી, જયમાલા, સિંધુઆ, ધુરિલી વગેરે રાગોનો ઉલ્લેખ મળે છે એ નોંધપાત્ર છે. આ ઉપરાંત કવિએ ૩૩૭/૪૩૮ કડીની 'સુમિત્ર-કુમાર-ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૫૧૧), ૫૩૦ કડીની 'પ્રભાકર ગુણાકર-ચોપાઈ' (૨. ઈ. ૧૫૧૭), ૧૪૩ કડીની 'કુલધ્વજકુમારરાસ, (૨.ઈ. ૧૫૨૮), ૩૩ કડીની 'અવંતિસુકુમાલ-રાસ/સઝાય, આશરે ૨૬૧ કડીની **'જયસેન-ચોપાઈ/રાસ/રાત્રિભોજન-રાસ'**, ૨૦૨ કડીની **'ધર્મદત્ત-ચોપાઈ'**, ૧૦૭ કડીની 'સુદર્શન-ચોપાઈ' તથા ૫ કડીની 'હરિયાળી'(મુ.) એ રચનાઓ પણ કરી છે.

કૃતિ : ૧. જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૩–'હરિયાલી'; ૨. જૈન સાહિત્ય સંશોધક, અશ્વિન, સં. ૧૯૮૪–'ધર્મસમુદ્રકૃત શકુન્તલારાસ', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. જૈમગૂકરચનાઓ : ૧; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. લેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ધર્મસાગર(સૂરિ)–૧ [ઈ.૧૫૫૮માં હયાત] : પીંપલગચ્છના જૈન સાધુ. શાંતિસૂરિની પરંપરામાં પદ્મતિલકના શિષ્ય. ૧૧૯ કડીના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મહાવીરચરિત્ર-સ્તવન (કલ્પસૂત્ર સંક્ષેપ)' (૨.ઈ. ૧૫૫૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

ધર્મસાગર(ઉપાધ્યાય)–૨ [ ] : 'સુરતનગરમાં આંચલિક આચાર્યને પૂછેલા બત્રીસ પ્રશ્નોનો વિચાર' (લે.સં. ૧૮મી સદી અનુ.) એ નામની એમની જે કૃતિ મળે છે તેમાં અંચલમતનું ખંડન અને તપગચ્છનું સમર્થન છે. આથી આ કૃતિ તપગચ્છના મહોપાધ્યાય ધર્મસાગર (ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ–અવ. ઈ. ૧૫૯૭/સં. ૧૬૧૩, કારતક સુદ ૯)ની હોવા સંભવ છે. આ ધર્મસાગર પ્રખર સ્વસંપ્રદાયી હતા અને એમણે બીજા ગચ્છોનું ઉગ્ર ખંડન કરતા ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે, તેથી 'દ્વાત્રિંશત્પ્રશ્નવિચાર' એવું અપરનામ ધરાવતી આ કૃતિ મૂળ સંસ્કૃતમાં હોય અને એનો આ કોઈ અજ્ઞાતકર્તૃક અનુવાદ હોય એમ પણ બને.

આ ધર્મસાગર લાડોલના ઓસવાલ હતા. ઈ. ૧૫૩૯માં તેમણે ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. વિજયદાનસૂરિ પાસે અભ્યાસ કરનાર અને અનેક વાદવિવાદો કરનાર આ ઉપાધ્યાયને જુદા જુદા ગચ્છના આચાર્યોએ જિનશાસનથી બહિષ્કૃત કર્યા હતા. ઈ.૧૫૬૧માં તેમણે માફી માગી ગચ્છશાસન સ્વીકાર્યું હતું અને ઈ.૧૫૯૦માં હીરવિજયસૂરિના બારબોલમાં એમણે સંમતિ આપી હતી. તેમનું અવસાન ખંભાતમાં થયું હતું. 'પ્રવચનપરીક્ષા' (૨.ઈ.૧૫૭૩), 'ગુર્વાવલિ/પટ્ટાવલિ', 'સર્વજ્ઞ શતકસવૃત્તિ', 'તત્ત્વતરંગિણી' તેમ જ અન્ય કેટલાક ગ્રંથોની વૃત્તિઓ, 'ઇરિયાપથિકા-પટત્રિંશિકા' વગેરે અનેક કૃતિઓ તેમણે સંસ્કૃતમાં રચી છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

ધર્મસાગરશિષ્ય [ઈ.૧૫૯૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. જીવર્ષિગણિના શિષ્ય મહોપાધ્યાય ધર્મસાગરગણિના શિષ્ય. 'ધર્મસાગરનિર્વાણ-રાસ' (૨.ઈ.૧૫૯૭)ના કર્તા.

સંદર્ભ : જૈસાઇતિહાસ. [કી.જો.]

ધર્મસિંહ : આ નામે ૯ કડીની 'બત્રીસસૂત્રનામ-ગર્ભિત-સઝાય', 'દશાર્ણભદ્રરાજર્ષિ-ચોપાઈ'(૨.ઈ.૧૬૪૩), ૪૫ કડીની 'મેઘકુમાર–બારમાસ' (લે. સં. ૧૯મી સદી અનુ.), 'સર્વાર્થસિદ્ધિ-સઝાય' ૯ કડીની 'સાત વ્યસનોની સઝાય'(મુ.), "સુકુલીણી સુંદરી" શબ્દોથી શરૂ થતું કાવ્ય, 'ધર્મસિંહમુનિ/મુનિવર'ની છાપથી ૧૯ કડીની 'દેવકીના છ પુત્રની સઝાય/૬ટ સાધુની સઝાય'(મુ.), ૭ કડીનો 'પાંસકિયા યંત્રનો છંદ'(મુ.), ૫ કડીનો 'મહાવીર સ્વામીનો છંદ'(મુ.), ૬ કડીની 'સામયિકલાભ-સઝાય/પ્રતિક્રમણ-સઝાય'(મુ.) તથા ૭ કડીનો 'ચોવીસ જિનવરનો છંદ' (મુ.) આ કૃતિઓ મળે છે તેના કર્તા કયા ધર્મસિંહ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૩. જ્ઞાનાવલિ; ૪. પ્રાચીન છંદ ગુણાવલિ : ૧, સં. મુનિ ગુણસુંદરજી(ગંભીરમલજી), સં ૧૯૮૩.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [ચ.શે.]

ધર્મસિંહ(ગણિ)–૧/ધર્મસી [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. આનંદવિમલસૂરિ(અવ.ઈ.૧૫૪૦)ના શિષ્ય. 'દિવાળી-રાસ' તથા 'શનિશ્ચરવિક્રમ-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસલમેર જૈન ભાંડાગારીય ગ્રંથાનાં સૂચિપત્રમ્, સં. સી. ડી. દલાલ, ઈ.૧૯૨૩; ☐ ૨. જૈગૂકવિઓ : ૧ [ચ.શે.]

ધર્મસિંહ–૨/ધર્મસી [ઈ.૧૬૩૬માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ઋષિ નાકરના શિષ્ય દેવજીના શિષ્ય. ૨૧ ઢાળના 'શિવજી આચાર્ય-રાસ/મોહનવેલિ-રાસ' (૨.ઈ.૧૬૩૬/સં.૧૬૯૨, શ્રાવણ સુદ ૧૫)ના કર્તા. એમને નામે ૪૫ કડીની 'શ્રીરત્નગુરુની જોડ'(મુ.) મળે છે તેમાં ગુરુ રતનસીએ દીક્ષા લેતાં પૂર્વે પોતાની વિવાહિત પત્ની સાથે કરેલો સંવાદ સુંદર રીતે આલેખાયો છે. કાવ્યના અંતમાં શિવજી પોતાના ભાઈઓ સાથે ગુરુ રતનસી પાસે આવ્યા એવી હકીકત આવે છે અને દસમી ઢાળનો ઉલ્લેખ આવે છે. તે પરથી આ કાવ્ય 'શિવજી આચાર્ય-રાસ'ની ૧ ઢાળ હોય એવો સંભવ જણાય છે.

કૃતિ : ૧. જૈસમાલા(શા.) : ૩; ૨. જૈસસંગ્રહ(જે.); ૩. સજ્ઝાયમાલા(શ્રા.) : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [ચ.શે.]

ધર્મસિંહ–૩/ધર્મસી [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ–અવ. ઈ.૧૬૭૨] : લોંકાગચ્છના જૈન સાધુ. જામનગરના દશા શ્રીમાળી વણિક. પિતા જિનદાસ, માતા શિવબાઈ. ૧૫ વર્ષની ઉંમરે રત્નસિંહશિષ્ય દેવજી પાસે દીક્ષા. પછીથી શિવજી-ઋષિની આજ્ઞામાં રહ્યા જણાય છે. શાસ્ત્રાભ્યાસી એવા આ મુનિને ગુરુ સાથે મતભેદ થતાં ઈ.૧૬૨૯માં એમણે અમદાવાદમાં પુનઃ દીક્ષા લઈ દરિયાપુરી નામનો નવો સંપ્રદાય સ્થાપ્યો. એમણે ૨૭ સૂત્રો પર બાલાવબોધો રચ્યા હોવાની માહિતી મળે છે. તે ઉપરાંત, એમને નામે 'સમવયાંગ', 'વ્યવહાર' અને 'સૂત્રસમાધિ'ની હૂંડી, 'ભગવતી', 'પન્નવણા', 'ઠાણાંગ', 'રાયપસેણી', 'જીવાભિગમ', 'જંબૂદ્વીપ-પન્નત્તિ, 'ચંદપન્નત્તિ અને 'સૂર્યપન્નત્તિ' એ સૂત્રોના યંત્રો 'દ્રૌપદી' તથા 'સામાયિક'ની ચર્ચા તથા 'સાધુસમાચારી' એ કૃતિઓ પણ નોંધાયેલી છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨)–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ૨. જૈનધર્મનો પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ અને પ્રભુવીર પટ્ટાવલી, મુનિશ્રી મણિલાલજી, ઈ. ૧૯૩૫; ૩. જૈસાઇતિહાસ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૨). [ચ.શે.]

ધર્મસિંહ(ઉપાધ્યાય)–૪/ધર્મવર્ધન/ધર્મસી [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ-ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની જિનભદ્રસૂરિની શાખાના જૈન સાધુ. ઉપાધ્યાય સાધુકીર્તિની પરંપરામાં વિજયહર્ષના શિષ્ય. જન્મનામ ધરમસી. ઈ.૧૬૬૩માં કવિ પોતાને ૧૯ વર્ષના ગણાવે છે તેથી જન્મ ઈ.૧૬૪૪ના અરસામાં. સંભવતઃ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારવાડના વતની. દીક્ષા ઈ. ૧૬૧૭. દીક્ષાનામ ધર્મવર્ધન. વ્યાકરણ કાવ્ય, ન્યાય અને જૈનાગમના અભ્યાસી. ઈ. ૧૬૮૪માં ઉપાધ્યાયપદ અને ત્યાર પછી મહોપાધ્યાયપદ. જિનસુખસૂરિ અને જિનભક્તિસૂરિ એ બંને ગચ્છનાયકોને એમણે વિદ્યાધ્યયન કરાવ્યું હતું અને જિનભક્તિસૂરિ પાટે આવ્યા ત્યારે તે ૧૦ વર્ષના હતા તેથી ધર્મવર્ધને ગચ્છવ્યવસ્થા સંભાળેલી. તેમનાં કેટલાંક કાવ્યો રાજસ્થાનના રાજવીઓ સાથેનો તેમનો સંબંધ બતાવે છે અને બીકાનેરના મહારાજા સુજાનસિંહે તેમની પ્રશંસા કરતો પત્ર લખેલો. કવિએ રાજસ્થાન ઉપરાંત ગુજરાતમાં પણ વિહાર કર્યો હતો. ઈ.૧૭૩૬માં બીકાનેરમાં તેમની છત્રી ઊભી કરવામાં આવી હતી તેથી એ પૂર્વે ત્યાં એમનું અવસાન થયું હોવાનું માની શકાય.

પ્રાસાનુપ્રાસ, ઝડઝમક, ચિત્રબંધો, અમુક પ્રકારના વર્ણોથી કરેલી રચના, કૂટ સમસ્યા, ગર્ભિત નિરૂપણ અને સભારંજની છંદોની કુશળતા બતાવતા આ કવિની કૃતિઓની ભાષામાં ગુજરાતી, રાજસ્થાની અને હિન્દીનાં લક્ષણો મિશ્રા થયેલાં છે. તેમાંથી મુખ્યત્વે ગુજરાતી ભાષાની ગણી શકાય તેવી કૃતિઓ આ મુજબ છે – 'શ્રીમતી–ચોઢાળિયા' (મુ.), ૬ ઢાળ અને ૯૬ કડીની 'દશાર્ણભદ્રરાજર્ષિ-ચોપાઈ' (૨. ઈ. ૧૭૦૧; મુ.) એ કથાત્મક કૃતિઓ; શીલમહિમા ગાતી ૬૪ કડીની 'શીલ-રાસ' (મુ.) તથા ૨૫ કડીની 'શ્રાવકકરણી'(મુ.) એ બોધાત્મક કૃતિઓ, ૨૯ કડીની 'ચોવીસ જિનઅંતરકાલદેહાયુ-સ્તવન' (૨.ઈ.૧૬૬૯; મુ.), ૩૪ કડીની 'ચૌદગુણસ્થાનક-સ્તવન' (૨.ઈ.૧૬૭૩/સં. ૧૭૨૯, શ્રાવણ વદ ૧૧; મુ.), ૪ ઢાળ અને ૩૩ કડીની 'ચોવીસ દંડકવિચારગર્ભિત-સ્તવન' (૨.ઈ.૧૬૭૩/સં.૧૭૨૯, આસો વદ ૩૦ (મુ.), ૩ ઢાળ અને ૨૬ કડીની 'અઢીદ્વીપ-વીસ-વિહરમાનજિન-સ્તવન' (૨.ઈ.૧૬૭૩;મુ.), ૧૯ કડીની 'ચોવીસ જિન-ગણધર સાધુસાધ્વીસંખ્યાગર્ભિત-સ્તવન' (૨.ઈ.૧૬૯૭/સં.૧૭૫૩, આસો વદ ૩૦; મુ.), ૪ ઢાળ અને ૩૦ કડીનું 'આલોયણા-સ્તવન' (૨.ઈ.૧૬૯૮; મુ.), ૨૨ કડીનું 'અલ્પ બહુત્વવિચારગર્ભિતમહાવીર-સ્તવન' (૨.ઈ.૧૭૧૬; મુ.), ૨૮ કડીનું 'પિસ્તાલીસ આગમસંખ્યાગર્ભિત-વીરજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૧૭;મુ.) અને ૨૮ કડીનું 'ત્રિગડા-સ્તવન/સમવસરણ વિચારગર્ભિત-સ્તવન' (મુ.) એ શાસ્ત્રવિચારાત્મક કૃતિઓ તેમ જ 'આલોયણ-પચીસી/શત્રુંજય-બૃહદ્-સ્તવન'(મુ.) વગેરે સ્તવનો અને સઝાયો.

મુખ્યત્વે રાજસ્થાની ભાષાની ગણી શકાય એવી કૃતિઓમાં સ્વભાવ, અન્ન, કપૂત વગેરે વિષયો પરના વિચારો દર્શાવતી ૫૭ કડીની 'પ્રાસ્તાવિકકુંડલિયા-બાવની' (૨.ઈ.૧૬૭૮; મુ.) તથા એ જ રીતની 'પ્રાસ્તાવિક છપ્પય-બાવની' (૨.ઈ.૧૬૯૭/સં. ૧૭૫૩, શ્રાવણ સુદ ૧૩; મુ.) એ વર્ણમાળા પર આધારિત માતૃકા-પ્રકારની કૃતિઓ, 'દૃષ્ટાંત-છત્રીસી'(મુ.) તથા ૩૬ કડીની 'સવાસો શીખ'(મુ.) એ અન્ય ઉપદેશાત્મક કૃતિઓ તેમ જ ૨૨ કડીની '(ભુલેવા)ઋષભદેવ-છંદ' (૨.ઈ.૧૭૦૪/સં.૧૭૬૦, વૈશાખ સુદ ૮; મુ.) વગેરેનો સમાવેશ થાય છે.

મુખ્યત્વે હિન્દી ગણી શકાય એવી કૃતિઓમાં ૫૭ કડીની 'ધર્મભાવના-બાવની' (૨.ઈ.૧૬૬૯/સં. ૧૭૨૫, કારતક વદ ૯, સોમવાર;મુ.) એ માતૃકા-પ્રકારની કૃતિ, ૨૧ કડીની 'ડંભક્રિયા-ચોપાઈ/વૈદક વિદ્યા' (૨.ઈ.૧૬૮૪/સં.૧૭૪૦, આસો સુદ ૧૦;મુ.), વિવિધ રાગનો નિર્દેશ ધરાવતી અને ભાવપ્રધાન 'ચોવીસી' (૨.ઈ. ૧૭૧૧;મુ.), ગુણપ્રશસ્તિમૂલક અને રચનાચાતુર્ય દર્શાવતી ૨૫ કડીની 'ચોવીસ જિન-સવૈયા'(મુ.), ૧૬ કડીની 'નેમિ રાજુલ-બારમાસ'(મુ.), ઉપદેશનાં પદો તથા ધમાલ વગેરે પ્રકારની રચનાઓનો સમાવેશ થાય છે.

રાજસ્થાની તેમ જ હિન્દીમાં 'નિશાણી' નામક ઉપદેશાત્મક કૃતિઓ(મુ.) તેમ જ શિવાજી, વીર દુર્ગાદાસ, કેટલાક સમકાલીન રાજવીઓ તથા પોતાના ગુરુઓ વિશેનાં કવિતો અને ગીતો(મુ.) કવિએ રચ્યાં છે. તે ઉપરાંત ગુજરાતી, રાજસ્થાની તેમ જ હિન્દીમાં દીપક, મેઘ, દુકાળ, પ્રભાત, માંકણ અને અનેક ઉપદેશાત્મક વિષયો વિશેની લઘુકૃતિઓ (મુ.), સમસ્યાઓ (મુ.) વગેરે કવિ પાસેથી મળે છે. ૨૯ કડીની 'અષ્ટભય-નિવારક-ગોડીપાર્શ્વનાથ-છંદ'(મુ.) અને ૯ કડીની 'ગોલછોંકી સતી દાદીકા કવિત્ત' (મુ.) એ ચારણી ડિંગળશૈલીની રચનાઓ છે. ૩૪ કડીની 'પરિહાં-બત્રીસી/અક્ષર-બત્રીસી' (૨.ઈ. ૧૬૭૯;મુ.) એ કક્કાપ્રકારની રચના તથા ૧૪ કડીની 'નેમ-રાજુલ-બારમાસ'(મુ.)ની ભાષા મિશ્રા પ્રકારની છે. આ સિવાય કેટલીક અમુદ્રિત કૃતિઓ નોંધાયેલી છે તેની ભાષા વિશે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે : ૩૨ ઢાળ અને ૭૩૧ કડીની'શ્રેણિક ચોપાઈ' (૨.ઈ.૧૬૬૩), ૫૫૫ ગ્રંથાગ્રની 'અમર-સેન વયરસેન -ચોપાઈ' (૨.ઈ. ૧૬૬૮), ૪ ખંડ, ૩૯ ઢાળ અને ૬૩૨ કડીની 'અમરકુમાર સુરસુંદરી-રાસ' (૨.ઈ. ૧૬૮૦/સં. ૧૭૩૬, શ્રાવણ સુદ ૧૫), ૧૪૮ કડીની 'શનિશ્ચરવિક્રમ-ચોપાઈ' અને ૨૪ તીર્થંકરો વિશેનાં ૨૪ ગીતો.

એ નોંધપાત્ર છે કે કવિએ સિંધી ભાષામાં પણ કેટલાંક સ્તવનો રચ્યાં છે તેમ જ સંસ્કૃતના તો એ પ્રૌઢ વિદ્વાન છે. સંસ્કૃતમાં તેમણે સ્વોપજ્ઞવૃત્તિ સહિત ૪૫ કડીનું 'ભક્તામર-સ્તોત્રસમશ્યારૂપ વીરજિન-સ્તવન' (૨.ઈ. ૧૬૮૦) તથા પોતાના ગુરુઓ વિશેનાં સ્તોત્રો-સ્તવનોની રચના કરેલ છે જેમાંનાં કેટલાંક સમસ્યાગર્ભિત પણ છે.

કૃતિ : ૧. ધર્મવર્ધન ગ્રન્થાવલી, સં. અગરચંદ નાહટા, સં. ૨૦૧૭ (+ સં.); ☐ ૨. અરત્નસાર; ૩. ઐજ્જેકાસંગ્રહ; ૪. ચૈસ્તસંગ્રહ : ૩; ૫. જિનપ્રકાશ; ☐ ૬. રાજસ્થાન ભારતી, ડિસે. ૧૯૬૭–'કવિવર ધર્મવર્ધનકૃત ગોલછોંકી સતી દાદીકા કવિત્ત' સં. ભંવરલાલ નાહટા.

સંદર્ભ : ૧. હિસ્ટરી ઑવ રાજસ્થાની લિટરેચર, (અં.), હીરાલાલ મહેશ્વરી, ઈ. ૧૯૮૦; ☐ ૨. *રાજસ્થાન, ભાદ્રપદ ૧૯૯૩–'રાજસ્થાની સાહિત્ય ઔર જૈન કવિ ધર્મવર્ધન,' અંગરચંદ નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. જૈહાપ્રોસ્ટા; ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હૈજ્ઞજ્ઞાસૂચિ :૧.

[ચ. શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મસુંદર (વાચક) [ઈ. ૧૧મી સદી પૂર્વાર્ધ] : ઉપકેશગચ્છના જૈન સાધુ. કક્કસૂરિના શિષ્ય. અદોલા, ફાગ, રાસક અને 'કાવ્યં' નામથી સંસ્કૃત વૃત્તોને ગૂંથતા ૧૭૨/૧૭૪ કડીના 'નેમીશ્વર બાલલીલા-ફાગ' (૨.ઈ.૧૪૩૮મુ.)માં 'કાવ્ય'ની કેટલીક કડીઓ સંસ્કૃતમાં છે તથા ફાગમાં આંતરયમકનો આશ્રય લેવાયો છે. નેમિનાથના સમગ્ર ચરિત્રનું કથન કરતા આ ફાગુકાવ્યમાં પરંપરાગત અલંકારચ્છટાથી રૂપ, વસંતક્રીડા, વરયાત્રા વગેરેનાં વિસ્તૃત વર્ણનો થયેલાં છે. આ ઉપરાંત આ કવિએ 'શ્રીપાલ પ્રબંધ-ચોપાઈ' (૨.ઈ.૧૪૪૮/સં.૧૫૦૪, આસો –) પણ રચેલ છે.

કૃતિ : ૧. સંબોધિ, જુલાઈ ૧૯૭૫–'ધર્મસુંદરકૃત નેમીશ્વર બાલલીલા ફાગ', સં. કનુભાઈ વ્ર. શેઠ (+સં.); ૨. સામીપ્ય એપ્રિલ ૧૯૮૪–'ધર્મસુંદર કૃત નેમીશ્વર બાલલીલા ફાગ (સં. ૧૪૯૪)', સં. ભોગીલાલ જ. સાંડેસરા (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ચ.શે.]

ધર્મહંસ : આ નામે ૧૯ કડીની 'જયવલ્લભસૂરિ-સઝાય' મળે છે તે કયા ધર્મહંસની છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ધર્મહંસ–૧ [ઈ.૧૫૯૩ સુધીમાં] : આગમગચ્છના જૈન સાધુ. જ્ઞાનરત્નસૂરિ શિષ્ય હેમરત્નના શિષ્ય. ૯ ઢાળ અને ૫૫/૫૯ કડીની 'શિયળ-નવવાડ સ્વરૂપ-સઝાય' (લે. ઈ. ૧૫૯૩)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [ચ.શે.]

ધર્મહંસ–૨ [ઈ.૧૬મો સદી] : આગમગચ્છના જૈન સાધુ. વિવેકરત્નસૂરિશિષ્ય-સંયમરત્નસૂરિના શિષ્ય. સંયમરત્નસૂરિનો જન્મ ઈ.૧૫૩૯ નોંધાયો છે પણ તેમના પ્રતિમાલેખો આદિના ઉલ્લેખો ઈ.૧૫૨૪થી ઈ.૧૫૫૭ સુધીના મળે છે. ૨૬ કડીની 'સંયમરત્નસૂરિ-સ્તુતિ ગુરુવેલિ-સઝાય'(મુ.)માં કવિએ એમની પ્રશસ્તિ કરેલી છે.

કૃતિ : જૈએકાસંચય (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨) – 'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ધારવો/ધારુ [ઈ.૧૬મી સદી] : નિજિયાપંથ/મહાપંથના સંત-કવિ. જ્ઞાતિએ મેઘવાળ (ચમાર). ભજનોમાં માલદેવ અને રૂપાંદેના ગુરુ તરીકે એમનો નિર્દેશ મળે છે. આ માલદેવ જોધપુરના સાધુચરિત રાવળ માલદેવ (રાજ્યકાળ ઈ.૧૫૩૨થી ઈ. ૧૫૭૩) હોવાનું સંભવિત છે. એ રીતે ધારુ રાજસ્થાની સંત હોવાનું નક્કી થાય છે. પરંતુ રાણી રૂપાંદે વઢવાણના રાજપૂતની પુત્રી હતાં અને પોતાની સાથે પોતાના ગુરુને જોધપુર લઈ ગયાં હતાં એવી કથા પણ મળે છે. એ રીતે ધારુ સૌરાષ્ટ્રના સંત ઠરે. પરંતુ આ કથા પ્રમાણભૂત જણાતી નથી. આ સંતનું ગામ માલજાળ હોવાનું પણ નોંધાયું છે.

'મેઘ ધારવો' 'મેઘ ધારુ' એવી નામછાપથી મળતી આ કવિની કૃતિઓમાં ૬૧ કડીનું 'રૂપાંદેનું વાયક/રૂપાંદે–માલાજીનું ભજન (મુ.) ગુરુનો આદેશ (વાયક) આવતાં બધાં બંધનો છોડીને ચાલી નીકળતાં રૂપાંદેની તથા ક્રોધાવિષ્ટ થઈને તેમની પાછળ પડેલા અને અંતે ગુરુનો આશ્રય સ્વીકારતા માલદેવની ચમત્કારભરી કથા વર્ણવે છે. કવિની અન્ય કૃતિઓમાં પ્રહ્લાદ વગેરેએ કરેલા ૪ યજ્ઞનું વર્ણન કરી યુગપરિવર્તનને આલેખતા 'આગમનું ભજન'(મુ.) તથા નિજિયાપંથી પરિભાષામાં અધ્યાત્મબોધ આપતા ૧ પદ(મુ.)નો સમાવેશ થાય છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭ – 'મેઘ ધારુનું આગમ'; ૨. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ. ઈ.૧૯૫૦ (છઠ્ઠી આ.); ૩. ભજનસાગર : ૨. પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૯.

સંદર્ભ : ૧. જેસલ તોરલ, ગોસ્વામી મોહનપુરી, ઈ. ૧૯૭૭; ૨. સોરઠી સ્ત્રી સંતો, કાલિદાસ મહારાજ, સં. ૨૦૧૪. [કી.જો.]

ધીણુ [ ] : એમના ૬૦ કડીના 'ચોપાઈ-ફાગુ' (લે. સં. ૧૬મી સદી અનુ; મુ.)માં અંતે "ધીણુ ઊપમ કેહી કહઈ" એવી પંક્તિને કારણે ધીણુ કર્તાનામ હોવાનો તર્ક થયો છે તે ઉપરાંત કૃતિ અજ્ઞાનકર્તૃક પણ લેખાયેલી છે. વૃક્ષયાદીને સમાવી લેતું વસંતવર્ણન તથા સ્ત્રીઓનાં અંગસૌન્દર્ય અને વસ્ત્રાભૂષણોનું વર્ણન વિસ્તારથી આપતી આ કૃતિમાં પુરુષોનું પણ શણગારવર્ણન થયેલું છે અને કાવ્યને છેડે ચૈત્રથી ફાગણ સુધીની સંયોગશૃંગારની બારમાસી ગૂંથી લેવામાં આવી છે તે નોંધપાત્ર છે.

કૃતિ : પ્રાફાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ગુસારસ્વતો. [કી.જો.]

ધીર : આ નામે ૪ સુભાષિત (લે.ઈ.૧૬૬૮) મળે છે તેના કર્તા કયા ધીર – છે તે નક્કી થઈ શકે તેમ નથી.

સંદર્ભ . મુપુગૂહસૂચી. [કી.જો.]

ધીરચંદ્ર [ ] : જૈન. ૪ કડીની 'શત્રુંજયની સ્તુતિ' (લે. સં. ૧૯મી સદી અનુ.; મુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ધીરવિજય : આ નામે ૯ કડીની 'અક્ષયનિધિતપનું ચૈત્યવંદન' (મુ.), 'મૌનએકાદશી-કથાનક' (૨.ઈ.૧૭૧૮), ૧૭ કડીની 'સચિત્તઅચિત્તવિચાર' અને યશોવિજયના 'સીમંધર-સ્તવન' પરનો બાલાવબોધ (લે.ઈ.૧૭૯૦) એ કૃતિઓ મળે છે પણ એ કયા ધીરવિજયની છે તે નક્કી થતું નથી. 'મૌન એકાદશી-કથાનક' તે કદાચ ધીરવિજય–૨નો 'મૌન એકાદશી-બાલાવબોધ' (૨. ઈ. ૧૭૨૮) હોય ને ૨.ઈ.માં કંઈ ભૂલ થઈ હોય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

ધીરવિજય–૧ [ઈ. ૧૬૭૧ પહેલાં] : તપગચ્છના જૈન સાધુ. ઋષિવિજયની પરંપરામાં કુંવરવિજયના શિષ્ય. 'ચોવીસી' (લે. ઈ. ૧૬૭૧)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

ધીરવિજય–૨ [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં હંસવિજયના શિષ્ય. સુરતના પારેખ વનમાળીદાસે ઈ. ૧૭૦૦માં કાઢેલા શત્રુંજયના સંઘનું વર્ણન કરતા ૧૭ કડીના 'શત્રુંજયમંડન-આદીશ્વરજિન-સ્તવન' (મુ.), ૪ ઢાળ અને ૫૧ કડીના 'ત્રિભુવન-સ્તવન/શાશ્વત-જિન-તીર્થમાલા-સ્તવન' (૨.ઈ.૧૭૧૯ / સં. ૧૭૭૫, આસો વદ ૩૦; મુ.), ૪ કડીની 'રોહિણીતપની સ્તુતિ' (મુ.), ૭ કડીની 'જન્મનમસ્કાર' (મુ.), ૧૬ કડીના 'અતીતઅનાગત-વર્તમાનજિનચોવીસી-સ્તવન', ૨૧ કડીના 'વાર્ષિકમહાપર્વ-ચૈત્યવંદન', 'મૌનએકાદશી-બાલાવબોધ' (૨.ઈ.૧૭૨૮) તથા 'જ્ઞાનપંચમી-સ્તબક'ના કર્તા. 'વાર્ષિકમહાપર્વ-ચૈત્યવંદન' તથા 'જ્ઞાનપંચમી-સ્તબક' ભૂલથી કુંવરવિજયશિષ્ય ધીરવિજયને નામે મુકાયેલી છે અને ત્યાં 'જ્ઞાનપંચમી-સ્તબક'ની ખોટી ૨.સં. ૧૬૬૫ પણ નોંધાયેલી છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૨; ૨. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, સં. ૧૯૧૯; ૩. દંડકાદિ જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૨૦; ☐ ૪. જૈન સત્યપ્રકાશ, મે-જૂન, ૧૯૩૯ – 'મુનિશ્રી ધીરવિજયજી વિરચિત શાશ્વત તીર્થમાલા સ્તવન', સં. મણિલાલ કેસરીચંદ.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.સો.]

ધીરવિજય–૩ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. દીપવિજય-કવિરાજ (ઈ.૧૮મી સદી અંતભાગ – ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય. એમની ૧૮/૧૯ કડીની 'થાવચ્ચાકુમારની સઝાય' (મુ.)માં દીક્ષા લેવા તત્પર થાવચ્ચાકુમારનાં માતા તથા પત્ની સાથેના સંવાદને અસરકારક અભિવ્યક્તિ મળી છે અને ભ્રષ્ટ પાઠને કારણે દીપવિજયને નામે પણ મુકાયેલી ૧૧ કડીની 'રોટલાની સઝાય/ભાતપાણીનું પ્રભાતિયું' (મુ.)માં વિનોદાત્મક રીતે ભોજનમહિમા વર્ણવાયો છે. કવિને નામે, આ ઉપરાંત, ૩ તીર્થંકર-સ્તવનો પણ મળે છે.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. મોસસંગ્રહ; ૩. સજ્ઝાયમાળા (પં.); ☐ ૪. ફાત્રૈમાસિક, ઑક્ટો.–ડિસે. ૧૯૩૬ – 'દીપવિજયજીનાં બે કાવ્ય', સં. બેચરદાસ જી. દોશી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

ધીરવિજય–૪ [ઈ.૧૮૬૨ સુધીમાં] : જૈન સાધુ. વિજયસિંહ-સૂરિના શિષ્ય. ૯ કડીના 'ગૌતમસ્વામીસ્તોત્ર' (લે. ઈ. ૧૮૬૨)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો]

ધીરા(ભગત) [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ – અવ.ઈ.૧૮૨૫/સં.૧૮૮૧, આસો સુદ ૧૫] : જ્ઞાનમાર્ગી કવિ. વડોદરા જિલ્લાના સાવલી પાસે આવેલા ગોઠડાના વતની. જ્ઞાતિએ બ્રહ્મભટ્ટ/બારોટ. પિતા પ્રતાપ બારોટ, માતા દેવબા. બહુધા અનુશ્રુતિઓ પર આધારિત કવિની અન્ય ઉપલબ્ધ ચરિત્ર-માહિતી મુજબ એમનો કુળધર્મ વૈષ્ણવ હતો પણ એમણે રામાનંદી પંથ સ્વીકારેલો. કવિ માણેકઠારી કે કાર્તિકી પૂનમે મંડળી લઈને ડાકોર જતા. કવિને શાસ્ત્રપુરાણનું જ્ઞાન ગોઠડાના જીભાઈ શાસ્ત્રી પાસેથી મળેલું પરંતુ કવિત્વ તેમ જ આત્મ-જ્ઞાન તો કોઈ સિદ્ધ પુરુષની કૃપાથી પ્રાપ્ત થયેલાં. ગરાસની જમીનની ઊપજ તથા લાગાની આવક આજીવિકા માટે પર્યાપ્ત હોઈ ને કવિનાં પત્ની જતનબા સ્વભાવે કંકાસી હોઈ કવિને જ્ઞાનવૈરાગ્ય ને ભજનભક્તિ તરફ વળવામાં મદદ મળી હતી. કવિ પોતાનાં પદો કાગળમાં લખી નદીમાં વાંસની ભૂંગળીમાં વહેતાં મૂકી દેતાં તેનાથી કાંઠાનાં ગામોમાં એમનાં પદોનો પ્રચાર થયેલો. ધીરાભગતના શિષ્યવર્ગમાં બાપુસાહેબ ગાયકવાડ વગેરે ઘણાનો સમાવેશ થતો હતો. તેઓએ આશરે ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું.

ધીરાભગતના તત્ત્વવિચારમાં શાંકરવેદાન્તનું અનુસરણ છે. 'પ્રશ્નોત્તરમાલિકા'માં યોગાદિ માર્ગોના અસ્વીકારપૂર્વક જ્ઞાનમાર્ગનો પ્રબળ પુરસ્કાર થયેલો છે. પરંતુ બીજી બાજુથી કૃષ્ણલીલાનાં ને ડાકોરના રણછોડજી તથા વડોદરાના નૃસિંહજીની ભક્તિનાં એમનાં પદો મળે છે. એમાં ક્વચિત નિર્ગુણ વિચારધારાનો દોર અનુસ્યૂત જણાય છે પરંતુ સામાન્ય રીતે એ સગુણભક્તિની કવિતા છે. એ જ રીતે એમનાં પદોમાં અધ્યાત્મ-અનુભવનું વર્ણન યોગમાર્ગી પરિભાષાથી ને અવળ-વાણીના આશ્રયથી થયેલું જોવા મળે છે. એનો અર્થ એ છે કે કવિની દાર્શનિક ભૂમિકા ચુસ્તપણે અદ્વૈતવેદાંતપુરસ્કૃત જ્ઞાન-માર્ગની રહી શકી નથી. એમની અધ્યાત્મસાધનામાં ભક્તિ અને યોગનાં તત્ત્વોને પણ સમાસ મળ્યો છે.

ધીરાની કૃતિઓ બહુધા 'કાફી' નામે ઓળખાયેલાં છૂટક પદો રૂપે કે પદોના સમુચ્ચય રૂપે રચાયેલી છે. ટેકના પ્રાસ તથા અવાંતરપ્રાસનો ને કડીસંખ્યાનો સુનિશ્ચિત રચનાબંધ ધરાવતાં આ પદો કાફી રાગમાં ગવાતાં હોવાથી આ નામાભિધાન પામ્યાં જણાય છે. ધીરાની એમાં અસાધારણ ફાવટ છે, તેથી કાફી તો ધીરાની ઓળખ કહેવાયું છે તે યથાર્થ છે.

ધીરાની કૃતિઓ બહુધા તત્ત્વવિચારાત્મક, અધ્યાત્મ-અનુભવવિષયક ને ઉપદેશાત્મક છે. એ પ્રકારની દીર્ઘ કૃતિઓમાં શિષ્યગુરુની પ્રશ્નોત્તરી રૂપે ૨૧૭ કાફીઓમાં રચાયેલી 'પ્રશ્નો-ત્તરમાલિકા' (મુ.) એમાં વ્યકત થયેલ અદ્વૈતવેદાંતનો દાર્શનિક ભૂમિકા તથા એને અનુસરતા વૈરાગ્યબોધને કારણે તથા એની થોડી પ્રસ્તારી પણ સરળ, લોકભોગ્ય, જીવંતતાભરી રજૂઆતને કારણે નોંધપાત્ર છે. કવિત્વની દૃષ્ટિએ આનાથી ચડિયાતી કૃતિ 'સ્વરૂપની કાફીઓ' (મુ.)← છે. ગુરુ, માયા, મન, તૃષ્ણા, લક્ષ્મી, યૌવન અને કાયા – એ ૭ પદાર્થોનું ૩૦–૩૦ કાફીઓમાં સ્વરૂપ વર્ણન કરતો આ ૨૧૦ કાફીઓનો સમુચ્ચય છે. દૃષ્ટાંતચિત્રોથી આવની સાક્ષાત્કારતા, આત્મકથન ને ઉદ્બોધનની શૈલી તથા ચોટદાર ઉક્તિઓથી આ કૃતિ ઘણી રસાવહ બની છે. 'જ્ઞાન-બત્રીસી'← (મુ.) તથા અન્ય પ્રકીર્ણ કાફીઓ (મુ.)માં બ્રહ્માનુભવ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈરાગ્યભક્તિબોધ ઉપરાંત મિથ્યાચાર પરના પ્રહારોનું બળકટ વાણીમાં આલેખન થયું છે. એમાં ધીરાભક્તની અનુભવમસ્તી, રૂપક તથા અવળવાણીના સમર્થ વિનિયોગથી થયેલું એ અનુભવનું પ્રત્યક્ષીકરણ તથા ધીરાભગતની અખાના જેવી ચિકિત્સાવૃત્તિ સવિશેષ ધ્યાન ખેંચે છે. 'આત્મજ્ઞાનવિશે'←(મુ.)નાં ૧૦ પદો સ્વતંત્ર કૃતિ ન હોવાનું પ્રતીત થાય છે કેમ કે એમાંનાં કેટલાંક પદો અન્ય કૃતિઓ કે પદસમૂહોમાં પણ મળે છે. ૩૧ કાફીનો 'જ્ઞાન-કક્કો'(મુ.) તથા ૩૦ પંક્તિનો અન્ય 'કક્કો'(મુ.) બોધાત્મક પ્રકારની રચનાઓ છે. ૧૧ પદના 'સુરતીબાઈનો વિવાહ'(મુ.)માં મનની સુરતા (=લગની)નું અલક્ષ્યપુરુષ એટલે કે આત્મા સાથેના લગ્નનું રૂપકાશ્રયી પ્રસંગકથન છે. ધીરાની આ પ્રકારની કૃતિઓમાં ગુરુ માટેનો આદરભાવ ને ઉમળકો વ્યક્ત થાય છે તે સંતપરંપરાનું લક્ષણ હોવા છતાં એમાં ધીરાનો વિશેષ હૃદયસ્પર્શ વરતાય છે.

મતાભિમાની સાંપ્રદાયિકો પર પ્રહારો કરતી ૨૭ પદની 'મતવાદી', આત્મસ્વરૂપની લાક્ષણિકતાઓ વર્ણવતી ૨૭ પદની 'આત્મબોધ', ગુરુનાં લક્ષણની સાથે વિસ્તારથી ગુરુના જ્ઞાનોપદેશને વણી લેતી ૨૦ પદની 'ગુરુધર્મ' તથા શિષ્યને ગુરુસેવા વગેરેની શિખામણ આપતી ૩૦ પદની 'શિષ્યધર્મ' એ કૃતિઓ (બધી મુ.) કૃત્રિમ અતિરેકી પ્રાસરચના, પદ્યબંધની થોડીક વિલક્ષણતા અને સામાન્યતાને કારણે ધીરાની કૃતિઓ હોવા વિશે શંકા વ્યક્ત થયેલી છે. તેવું જ યોગવિષયક પ્રચુર માહિતી આપતી, જુદા જુદા રાગોના નિર્દેશ ધરાવતી ૫૭૯ કડીની ઢાળબદ્ધ, 'યોગમાર્ગ'(મુ.)નું પણ છે. 'પ્રાચીન કાવ્યમાળા : ૨૪'માં આ કૃતિઓની સાથે જ છપાયેલી, ઈશ્વરની નિરાકારતા અને વૈરાગ્યનો બોધ કરતી ૧૪ ગરબીઓમાં પણ કેટલીક કૃત્રિમતા નજરે પડે છે. આ સિવાય ધોળ, ગરબી, વસંત, ખ્યાલ, વાર, બારમાસ આદિ પ્રકારો ધરાવતાં અન્ય પદો (ઘણાં મુ.) મળે છે, જે બહુધા ગુજરાતીમાં, તો થોડાંક હિંદીમાં ને કોઈક મરાઠીમાં પણ રચાયેલાં છે. આ પદો અધ્યાત્મ અને વૈરાગ્યવિષયક છે, તે ઉપરાંત એમાં કૃષ્ણવિષયક શૃંગારલીલા, રાસલીલા ને ગોપીભાવનાં પણ ઘણાં પદો છે એ ખાસ નોંધપાત્ર છે. અન્યત્ર ઓજસ્વતી એવી કવિની વાણી અહીં મધુર, પ્રાસાદિક અને લાલિત્યભરી બની છે. હિંદીમાં ધીરાના ૩ કુંડળિયા મુદ્રિત મળે છે.

સીધા પ્રસંગવર્ણનની ૭ પદની 'દ્રૌપદીવસ્ત્રાહરણ' (મુ.) તથા ૬૦ અધ્યાયે અપૂર્ણ પ્રાપ્ત 'અશ્વમેધ' એ ધીરાની કથાત્મક રચનાઓ છે.

કૃતિ : ૧. પ્રાકામાળા : ૨૩(+સં.), ૨૪, ૨૫; ☐ ૨. અભમાલા; ૩. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫; ૪. બૃકાદોહન : ૧, ૨, ૩; ૫. ભજનસાગર : ૧; ☐ ૬. પ્રાકાત્રૈમાસિક, અં. ૨ ઈ. ૧૮૮૭; ૭. એજન, અં. ૩ ઈ. ૧૮૮૮.

સંદર્ભ : ૧. કેવલાદ્વૈત ઈન ગુજરાતી પોએટ્રી (અં.), યોગીન્દ્ર જે. ત્રિપાઠી, ઈ. ૧૮૫૮; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુર્જર સાક્ષર જયંતીઓ, પ્ર. જીવનલાલ અ. મહેતા, ઈ. ૧૯૨૧ – 'ધીરો અને તેની કવિતા', કૌશિકરામ વિ. મહેતા; ☐ ૫. બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૯૨૪ – 'નોંધ; ☐ ૬. ગૂહાયાદી; ૭. ફોહનામાવલિ. [૨.દ.]

ધોળા [ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાતિએ મેવાડા બ્રાહ્મણ. પિતા હરિ ભટ્ટ, માતા ફુલકુંવરબાઈ. વલ્લભ (ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ)ના જોડિયા ભાઈ. અમદાવાદના વતની. તેઓ કવિતા કરતા હતા એવું નોંધાયેલું છે પરંતુ 'ધોળા ભગત'ની નામછાપવાળી ૭ કડીની અંબાજીની આરતી (મુ.) મળે છે અને વલ્લભની ઘણી કૃતિઓમાં 'વલ્લભધોળા' એવી નામછાપ મળે છે તે સિવાય ધોળાની રચનાઓ વિશે કોઈ પ્રમાણભૂત માહિતી પ્રાપ્ય નથી.

કૃતિ : અંબીકાકાવ્ય તથા શાંકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. વલ્લભ ભટ્ટની વાણી, સં. મંજુલાલ મજમુદાર, ઈ.૧૯૬૨. [કી.જો.]

ધ્યાનનાથ [ ] : માર્ગીપંથના કવિ. રાણી રૂપાંદે, રાણી તારામતી, સતી તોરલ, શેઠાણી સંઘાવતી, માતા કુંતી અને સતી દ્રૌપદીનાં દૃષ્ટાંત દ્વારા એ સતી સ્ત્રીઓએ એમની સાથેના પુરુષોનો ઉદ્ધાર કેવી રીતે કર્યો એનું નિરૂપણ કરી સતીત્વનો ઉપદેશ આપતા ૧૨ કડીના ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : ખોજાવૃત્તાંત, સચેદીના નાનજીઆણી, ઈ. ૧૮૯૨ [૨.૨.દ.]

ધ્યાનાનંદ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. તેમણે 'ધર્મામૃત', 'હરિગીતા', 'હરિચરિત્રામૃત' તથા કીર્તનો રચ્યાં હોવાની માહિતી મળે છે. તેમાંથી પહેલી ૩ કૃતિઓની ભાષા વિશે સ્પષ્ટતા નથી. તે ઉપરાંત 'હરિગીતા' તે જ 'હરિચરિત્રામૃત' છે કે કેમ તેવો પણ સંશય થાય છે.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૫ – 'સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય', કલ્યાણરાય ન. જોશી; ૨. મસાપ્રવાહ; ૩. સત્સંગના સંતો, પ્ર. રમણલાલ અં. ભટ્ટ, સં. ૨૦૦૯. [કી.જો.]

નગર્ષિ/નગા(ર્ગણિ) [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી આરંભ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં કુશલવર્ધનના શિષ્ય. એમની મોટા ભાગની કૃતિઓ ઈ.૧૫૮૩થી ઈ.૧૬૦૩ સુધીનાં રચનાવર્ષો બતાવે છે, પરંતુ 'ઉત્તરાધ્યયનસૂત્ર' પરના સ્તબકનું રચનાવર્ષ ઈ.૧૫૫૯ ખરું હોય તો કવિનો સમય એટલો આગળ ખસે. '(કુમરગિરિમંડન) શાંતિનાથવિનતિ'નું રચનાવર્ષ ઈ.૧૫૦૭ તો ઘણું શંકાસ્પદ જણાય છે.

કવિએ બહુધા તીર્થ-તીર્થંકરોના સ્તોત્રસ્તવનાદિ રચ્યાં છે. તેમાંથી નોંધપાત્ર કૃતિઓ આ પ્રમાણે છે : તીર્થંકરોના ચરિત્રગાનને સમાવી લેતી ૩૯ કડીની 'સિદ્ધપુર-ચૈત્યપરિપાટી' (૨.ઈ. ૧૫૮૫/સં. ૧૬૪૧, ભાદરવા સુદ. ૬;મુ.), ૩૯ કડીની 'જલુરનગર–પંચજિનાલય–ચૈત્યપરિપાટી' (૨. ઈ. ૧૫૯૫/સં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬૫૧, ભાદરવા વદ ૩ ગુરુવાર;મુ.), ૭૧ કડીનું 'ચતુર્વિંશતિ જિન-સકલભવવર્ણન-સ્તવન' (૨. ઈ. ૧૬૦૧/સં. ૧૬૫૭, શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર), ૫ ઢાળ અને ૫૩ કડીનું 'આઠ કર્મપ્રકૃતિ-બોલવિચાર / બંધહેતુગર્ભિત (વડલીમંડન) – વીરજિન-સ્તવન' (મુ.), ૩૯ કડીનું 'અલ્પત્વબહુત્વગર્ભિત મહાવીર – સ્તવન', ૭૧ કડીનું '(વરકાણા) પાર્શ્વનાથ-સ્તોત્ર' (૨. ઈ. ૧૫૯૫), ૩૬ કડીનું (શંખેશ્વર)પાર્શ્વનાથ-સ્તોત્ર' (૨. ઈ. ૧૬૦૩), ૪૯ કડીનું '(શત્રુંજયમંડન) ઋષભજિન-સ્તોત્ર', ૪૫ કડીનું '(સાવલીમંડન) આદિનાથજિન-સ્તોત્ર', ૨૯ કડીનું '(બિલાડા મંડન) પાર્શ્વજિન-સ્તોત્ર', '(કુમરગિરિમંડન) શાંતિનાથ-વિનતિ' (૨. ઈ. ૧૫૦૭), ૪૩ કડીનું 'વીરજિનસ્તોત્ર' (૨. ઈ. ૧૫૮૯), ૩૧ કડીનું 'શાંતિનાથ-સ્તોત્ર' (૨. ઈ. ૧૫૮૬) તથા ૩૫ કડીનું 'મૌન-અગિયારશ-દોઢસોકલ્યાણક-સ્તવન'.

આ ઉપરાંત કવિએ 'રામસીતા-રાસ' (૨.ઈ.૧૫૯૩), ૨૪૯ કડીની 'સાધુવંદના-સઝાય' (૨.ઈ.૧૫૮૩), હીરવિજય સૂરિ-વિજયસેનસૂરિ વિશેની સઝાયો તથા હરિયાળીઓ રચેલી છે. 'ઉત્તરાધ્યયનસૂત્ર' પરનો ૪૧૨૫ ગ્રંથાગ્રનો સ્તબક (૨. ઈ. ૧૫૫૯) તથા ૫૬૫ ગ્રંથાગ્રનો 'સંગ્રહણી-ટબાર્થ' (૨. ઈ. ૧૫૯૭/સં. ૧૬૫૩, ફાગણ વદ ૧૩, મંગળ/શુક્રવાર) એ એમની ગદ્યરચનાઓ છે.

'સિદ્ધપુર-ચૈત્યપરિપાટી' તથા 'સાધુવંદના-સઝાય' 'કુશલ-વર્ધનશિષ્ય' એટલી જ નામછાપ ધરાવે છે, પણ એના કર્તા નગાગણિ જ હોવાની શકયતા છે.

કવિએ સંસ્કૃતમાં 'સ્થાનાંગસૂત્ર' પર 'સ્થાનાંગ-દીપિકા' નામે વૃત્તિ (૨.ઈ.૧૬૦૧) અને 'દંડકાવચૂરિ' તથા પ્રાકૃતમાં 'કલ્પાન્તર્વાચ્ય' (૨.ઈ.૧૬૦૧) રચેલ છે.

કૃતિ : ૧ જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ.૧૯૧૯; ☐ ૨. જૈનયુગ, વૈશાખ ૧૯૮૫–'સિદ્ધપુરચૈત્ય પરિપાટી'; ૩. જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૫–'નગર્ષિ(નગા)ગણિ રચિત જાલુરનગર પંચજિનાલય ચૈત્ય પરિપાટી', સં. અંબાલાલ પ્રે. શાહ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

નતર્ષિ/નર્ષિ [ઈ. ૧૪૩૯/૧૪૪૧ સુધીમાં] : આ કવિની 'નારાયણ ફાગુ'←(લિ.ઈ. ૧૪૩૯/૧૪૪૧)નામની કૃતિ મળે છે. જેમાં અઢૈયું અને સવૈયાના ચાલની દાવટી ચોપાઈ જેવા રાસક છંદોનો તથા 'આન્દોલા' એ શીર્ષકથી ચારણી છંદનું સ્મરણ કરાવતી ગીતરચનાનો વિશિષ્ટ પ્રયોગ થયો છે. આ ફાગુકાવ્યમાં કૃષ્ણ અને તેની પટરાણી-ઓનો વિલાસ વર્ણવાયો છે. અજ્ઞાત કવિના 'વસંત-વિલાસ' ફાગુ અને આ ફાગુકાવ્ય વચ્ચે કલ્પનાનું અને શૈલીનું કેટલુંક સામ્ય છે, એટલે બંને કાવ્યોનો કર્તા એક હોવાનું પણ અનુમાન થયું છે.

સંદર્ભ : ૧. ઇતિહાસની કેડી, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૫; ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૧; ૪. ગુસારૂપરેખા : ૧; ૫. ગુસાસ્વરૂપો; ૬. નરસિંહયુગના કવિઓ, કનૈયાલાલ મુનશી, ઈ.૧૯૬૨; ☐ ૭. સ્વાધ્યાય, મે ૧૯૬૫-હરિવિલાસ-એક મધ્ય-કાલીન જૈનેતર ફાગકાવ્ય,' હરિવલ્લભ ચૂ. ભાયાણી [કી.જો.]

નથમલ [ઈ.૧૬૯૩માં હયાત] : 'બાવની' (૨.ઈ.૧૬૯૩)ના કર્તા.
સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

નથમલજી [ઈ.૧૮૨૩માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. જશરાજ-જીના શિષ્ય. ૩૮ કડીની 'ચંદનબાળાની સઝાય' (૨.ઈ.૧૮૨૩/સં. ૧૮૭૯, વૈશાખ વદ ૧; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાળા : ૧, સં. મુનિશ્રી શામજી ઈ.૧૯૬૨; ૨. વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી ઈ.૧૯૮૨ (સાતમી આ.) [શ્રા.ત્રિ.]

નથવો [ ] : મોતી અને પ્રીતિ વિશેનાં ૫ દોઢિયા દુહા (મુ.)ના કર્તા.

કૃતિ : કાઠિયાવાડી સાહિત્ય : ૨, સં. કહાનજી ધર્મસિંહ. ઈ. ૧૯૨૩. [શ્રા.ત્રિ.]

નથુ : આ નામે કેટલાંક જૈનેતર પદો નોંધાયેલાં છે. તેમ જ વ્રજ-હિંદીની અસરવાળી ગુજરાતીમાં નેમનાથવિષયક તથા અન્ય ત્રણથી ૪ કડીનાં સ્તવનો(મુ.) તથા હોરી(મુ) એ જૈન કૃતિઓ પણ નોંધાયેલી છે. તેના કર્તા કયા નથુ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. જુઓ નથુરામ.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈકાસંગ્રહ; ૪. જૈકાસાસંગ્રહ; ૫. મોતીશાનાં ઢાળિયા, પ્ર. હીરાચંદ લ. શાહ, ઈ.૧૯૧૪ (બીજી આ.).

સંદર્ભ : ગૂલાયાદી. [૨.સો.; શ્રા.ત્રિ.]

નથુ(ભક્ત)–૧ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] રવિ-ભાણ સંપ્રદાયના કવિ. પ્રેમસાહેબ (જ.ઈ.૧૭૯૨-અવ. ઈ.૧૮૬૩)ના શિષ્ય અને ભાયાત. રાજકોટના રહીશ. હિન્દીની અસર ધરાવતાં, અધ્યાત્મયોગ અને ભક્તિબોધનાં ચારથી ૫ કડીનાં ૪ પદો(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અભમાલા; ૨. યોગવેદાન્ત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુ. ઈ.૧૯૭૬ (ચોથી આ.). [શ્રા.ત્રિ.]

નથુ(ભક્ત)–૨ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી. શેખ મુસલમાન. દોસ ગામના વતની. મુક્તાનંદસ્વામીકૃત 'ઉદ્ધવ-ગીતા' (૨.ઈ.૧૮૨૪)ને સુગેય પદ-કીર્તન રૂપે ઢાળનાર.

સંદર્ભ : મસાપ્રવાહ. [શ્રા.ત્રિ.]

નથુકલ્યાણ [ ] : જૈન સાધુ. દીપવિજયના શિષ્ય. એમના એક પદમાં વડોદરાની હાથીપોળનો ઉલ્લેખ હોવાથી વડો-દરાના તપગચ્છીય કવિ દીપવિજય [ઈ.૧૮મી સદી અંત ભાગ-ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય હોવાની સંભાવના છે. તો આ કવિનો સમય ઈ.ની ૧૯મી સદીનો પૂર્વાર્ધ ગણી શકાય. તેમની પાસેથી ક્વચિત હિંદીની અસરવાળાં, ચારથી ૫ કડીનાં કેટલાંક સ્તવનો(મુ.) મળે છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ [૨.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથુરામ/નથુ [ઈ.૧૭૮૪ સુધીમાં] : તેમની, હિન્દીમિશ્ર ગુજરાતી ભાષામાં, રોળાવૃત્તનાં દૃષ્ટાંતો જેવા દોહરા–છપ્પામાં નિબદ્ધ 'પાર્વતીલક્ષ્મી-સંવાદ' (લે.ઈ.૧૭૮૪)માં લક્ષ્મી અને પાર્વતી વ્યાજોક્તિથી પરસ્પરના પતિની નિંદા કરે છે. આ તથા વિદુરનો કૃષ્ણ પ્રત્યેનો ભાવ વર્ણવતું 'વિદુરભાવ' એ ૨ કૃતિઓમાં નામછાપ માત્ર 'નથુ' મળે છે. આ ઉપરાંત આ કવિએ 'કક્કો', 'ચેતવણી' અને કેટલાંક પદો રચ્યાં હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

નન્ન(સૂરિ) : આ નામથી કોરંટગચ્છના નિર્દેશ સાથે કે એવા નિર્દેશ વિના કેટલીક લઘુ કૃતિઓ મળે છે. પરંતુ કેટલાંક કારણોથી એ કૃતિઓ નન્નસૂરિ–૧ની હોવાની વિશેષ સંભાવના છે તેથી એ કૃતિઓ નન્નસૂરિ–૧માં જ સમાવિષ્ટ કરી છે.

નન્ન(સૂરિ)–૧ [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૬મી સદી આરંભ] : કોરંટગચ્છના જૈન સાધુ. સર્વદેવસૂરિના શિષ્ય. 'શ્રાવકધર્મવિચાર/હિતશિક્ષા-ચોસઠી' (૨.ઈ.૧૪૮૮),' દશશ્રાવક બત્રીસી/સઝાય' (૨. ઈ. ૧૪૯૭), ૬ કડીની 'અર્બુદચૈત્યપરિપાટી' (૨.ઈ.૧૪૯૮;મુ.), ૪૬ કડીની 'ગજસુકુમાર-રાજર્ષિ-સઝાય/સંબંધ/ચરિત્ર / ગીત–ચોઢાળિયાં' (૨.ઈ.૧૫૦૨; મુ.), ૧૪ કડીની 'જીવપ્રતિબોધ–ગીત', ૨૫ કડીની પંચતીર્થી-સ્તવન/ઋષભાદિપંચજિન-સ્તવન' (મુ.), 'શાંતિનાથ-સ્તવન' (૨.ઈ.૧૪૮૭), 'મિચ્છાદુક્કડ-સઝાય' (૨.ઈ.૧૫૦૩), 'અભક્ષઅનંત કાય-સઝાય', 'મહાવીરસત્તાવીશભવ-સ્તવન' (૨.ઈ.૧૫૦૪), 'જીરા ઉલા પાર્શ્વનાથ-છંદ', 'ઉત્તરપટ્ટત્રિંશદધ્યયન વાચ્ય-ભાસ', 'ચોવીસ જિન-ગીત' તથા અન્ય કેટલીક ભાસ, ગીત, નમસ્કાર વગેરે કૃતિઓ અને ધર્મદાસકૃત પ્રાકૃત 'ઉપદેશમાલા' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૪૮૭;મુ.)ના કર્તા.

આમાંની કેટલીક કૃતિઓમાં કર્તાના ગચ્છ કે ગુરુપરંપરા વિશે માહિતી મળતી નથી પણ પ્રાપ્ય સાધનો તેમને આ નન્નસૂરિની કૃતિઓ ગણે છે, જે કવિનું સમગ્ર સર્જન જોતાં સંભવિત જણાય છે.

'ચોમાસી-દેવવંદન'ના ભાગ રૂપે કર્તા નામછાપ વિનાના ચોવીસ તીર્થંકરોનાં સ્તુતિ તથા ચૈત્યવંદન(મુ.) મળે છે, જેના કર્તા નંદસૂરિ હોવાનું જણાવવામાં આવે છે. આ 'ચોમાસી-દેવવંદન'માં કોઈ પર્વ તિથિ ઉપર નિર્દિષ્ટ પંચતીર્થનાં સ્તવનો પણ સમાવિષ્ટ થયેલાં જોવા મળે છે, તેથી આ સ્તુતિઓ અને ચૈત્યવંદન આ નન્નસૂરિનાં હોવાનું સંભવિત જણાય છે.

કૃતિ : ૧. (ધ) સ્ટડી ઑવ ધી ગુજરાતી લેંગ્વેજ ઈન ધ સિક્સટિન્થ સેન્ચ્યુરી, ત્રિકમલાલ એન. દવે, ઈ.૧૯૩૫; ☐ ૨. જૈગૂસારત્નો : ૧; ☐ ૩. જૈનયુગ, અષાઢ-શ્રાવણ ૧૯૮૬ 'નન્નસૂરિકૃત અર્બુદ ચૈત્ય પ્રવાડી, સં. તંત્રી; ૪. સંબોધિ, ઑક્ટો. ૧૯૭૭થી જાન્યુ. ૧૯૭૮-'કવિ નન્નસૂરિકૃત ગજસુકુમાલ ચઉઢાલિયા', વસંતરાય બ. દવે.

સંદર્ભ : ૧. કેટલૉગગુરા; ૨. જૈગૂકવિઓ : ૧,૩(૧,૨,); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

નન્ન(સૂરિ)–૨ [ઈ.૧૫૬૧માં હયાત] : કોરંટગચ્છના જૈન સાધુ. કક્કસૂરિના શિષ્ય. ૧૨૪ કડીની 'ક્ષેત્રવિચારતરંગિણી' (૨.ઈ.૧૫૬૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

નનુ [ ] : ૪ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : અભમાલા. [કી.જો.]

નબીમિયાં [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ-ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : મુસ્લિમ કવિ. પીર કાયમુદ્દીન (અવ.ઈ.૧૭૭૩)ની પરંપરામાં અભરામબાવાના શિષ્ય. ભરૂચના કાજી ખાનદાનના સૈયદ. એમણે ભક્તિ, યોગ અને વેદાંતનાં તત્ત્વોનો આશ્રય લેતાં, સરળ દૃષ્ટાંતો યોજતાં અને લોકભોગ્ય અભિવ્યક્તિ ધરાવતાં કેટલાંક ભજનો(મુ.) અને હિન્દીમાં કલામો(મુ.) રચેલ છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. ભક્તિસાગર, સં. હરગોવનદાસ હરકિશનદાસ, ઈ.૧૯૨૯ (+ સં.). [૨.૨.દ.]

નયકલશ [ ] : જૈન સાધુ. 'મેઘવાહન-રાસ'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કા.શા.]

નયકુશલ [ ] : જૈન સાધુ. ૩૭ કડીના 'સરસ્વતી-છંદ' (લે.સં. ૨૦મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નયચંદ્ર(સૂરિ) : આ નામે ૧૦ કડીનાં 'શત્રુંજય-ગીત' મળે છે. તેના કર્તા કયા નયચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નયચંદ્ર(સૂરિ)–૧ [ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ] : કૃષ્ણર્ષિગચ્છના જૈન સાધુ. જયસિંહસૂરિશિષ્ય પ્રસન્નચંદ્રસૂરિના શિષ્ય. પરંતુ કાવ્ય-કલામાં કવિ પોતાને જયસિંહસૂરિના પુત્ર એટલે કે સીધા વારસ તરીકે ઓળખાવે છે. કવિ ગૃહસ્થજીવનથી જ ૬ ભાષાઓના જાણ-કાર, કવિ અને ન્યાયશાસ્ત્રના વિદ્વાન હતા. કવિ ગ્વાલિયરના તોમર(તંવર)વંશી રાજા વીરમના દરબારના પ્રસિદ્ધ કવિ હોવાનું નોંધાયું છે. કવિએ પોતાને "રાજરંજક" તરીકે ઓળખાવ્યા છે. અને એમણે રાજવીઓની વીરગાથા ગાયેલી છે. એમણે ઈ.૧૪૫૦માં પ્રતિમાપ્રતિષ્ઠા કરી હોવાની માહિતી મળે છે.

ચિતોડના રાણા કુંભાએ ઈ.૧૪૩૮માં સારંગપુર ઉપર મેળવેલ વિજયની હકીકતને સમાવી લેતું અને તેથી એ પછીના અરસામાં રચાયેલું જણાતું આ કવિનું 'કુંભકર્ણ-વસંતવિલાસ-ફાગુ'(મુ.) ૩ અધિકાર અને દરેક અધિકારમાં ૧ કે વધુ સંસ્કૃત શ્લોક તથા ચૈત્ર, છાહુલી, અઢૈયા અને ફાગનું એકમ ધરાવતા બેથી ૪ વિશ્રામમાં વહેંચાયેલ છે. નાયકવર્ણનના પહેલા અધિકારમાં રાણા કુંભાની વિજયગાથા રજૂ થઈ છે, જેમાં ટૂંકા પણ છટાદાર યુદ્ધવર્ણનનો સમાવેશ થયો છે. બીજા અને ત્રીજા અધિકારમાં વસંતવર્ણન અને શૃંગારવર્ણનમાં ફાગુ-કાવ્યની પરંપરામાં જોવા મળતી અલંકાર અને પદાવલિની રમણીયતા છે. એ નોંધપાત્ર છે કે કવિએ જે પદ્યભાગ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતીમાં છે તેને અપભ્રંશ તરીકે ઓળખાવેલ છે અને ૧ કડી પૈશાચી ભાષામાં પણ આપેલી છે. કવિએ સંસ્કૃતમાં 'રમ્ભીર-મહાકાવ્ય' અને 'રંભામંજરી-નાટિકા' એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ૧. સ્વાધ્યાય, મે ૧૯૭૫-'નયચંદ્રસૂરિકૃત કુંભકર્ણ વસંત-વિલાસફાગુ', સં. અમૃતલાલ મો. પંડિત (+સં.); ૨. સ્વાધ્યાય, ઑક્ટો. ૧૯૭૮-'કુંભકર્ણવસંતવિલાસ ફાગુનો છૂટી ગયેલો પાઠ', અગરચંદ નાહટા (+સં.).

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, મુનિશ્રી દર્શનવિજય વગેરે. ઈ.૧૯૬૪; ૨. જૈસાઇતિહાસ. [કી.જો.]

નયગુરંગ [ઈ.૧૭૩૮ સુધીમાં] : જૈન સાધુ. 'અર્બુદાચલબૃહત-સ્તવન' (લે.ઈ.૧૭૩૮)ના કર્તા. કવિ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિની પરંપરાના રાજલાભ (ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ)ના પ્રશિષ્ય હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

નયનકમલ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. 'નેમિનાથ-રાસ' (૨.ઈ.૧૬૦૬/સં. ૧૬૬૨, મહા સુદ ૫) અને 'દ્રૌપદી-રાસ' (૨.ઈ.૧૬૦૭/સં. ૧૬૬૩, વૈશાખ સુદ ૧૩) એ કૃતિઓ તેમણે રચી છે.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [કી.જો.]

નયનશેખર [ઈ.૧૬૮૦માં હયાત] : અંચલગચ્છની પાલીતાણા શાખાના જૈન સાધુ. પુણ્યતિલકસૂરિની પરંપરામાં જ્ઞાનશેખરના શિષ્ય. વૈદકવિષયક તથા સંસ્કૃતગ્રંથોને આધારે રચાયેલ ૯૦૦૦ ગ્રંથાગ્રના 'યોગરત્નાકર-ચોપાઈ' (૨.ઈ.૧૬૮૦/સં. ૧૭૩૬, શ્રાવણ સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. કેટલૉગગુરા; ૩. જૈગૂ-કવિઓ : ૨, ૩(૨); ૪. લીંહસૂચી, ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નયનસુખ/નેનસુખ [ઈ.૧૫૯૩માં હયાત] : શ્રાવક કવિ. કેશવરાજ/કેસરાજના પુત્ર. હિંદીમિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલી ૩૧૦ કડીની 'વૈદ્યકસાર/વૈદ્યમનોત્સવ' (૨.ઈ.૧૫૯૩/સં. ૧૬૪૯, ચૈત્ર સુદ ૨, મંગળવાર/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. જૈગૂકવિઓ: ૩(૧); ૩. ડિકેટલૉગબીજે; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી. [કી.જો.]

નયપ્રમોદ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં હીરોદયના શિષ્ય. 'અર્હન્નકમુનિ-પ્રબંધ' (૨.ઈ.૧૬૫૭), ૧૩ કડીના '(શંખેશ્વર) પાર્શ્વનાથછંદ/સ્તવન' અને ૩૯ કડીની 'ચિત્રસંભૂતિ-સંધિ' (૨.ઈ.૧૬૭૩)ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

નયભક્તિ : જુઓ નયવિજયશિષ્ય ભક્તિવિજય.

નયરત્નશિષ્ય [ઈ.૧૫૭૮માં હયાત] : જૈન. વડતપગચ્છના નયનરત્ન-સૂરિના શિષ્ય. ૮૫ કડીના 'પ્રતિબોધ-રાસ' (૨.ઈ.૧૫૭૮/સં. ૧૬૩૪, આસો સુદ ૧, મંગળવાર/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

નયરંગ(વાચક) [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની શાખામાં વાચક ગુણશેખરના શિષ્ય. એમણે 'અર્જુનમાલી-ચરિત્ર/સંધિ' (૨.ઈ.૧૫૬૫/સં. ૧૬૨૧, જેઠ સુદ ૧૦), ૩૯ કડીની 'મુનિપતિ-ચોપાઈ' (૨. ઈ. ૧૫૫૯/સં ૧૬૧૫, ફાગણ સુદ ૯), ૫૯ કડીની દુહાબદ્ધ 'ગૌતમપૃચ્છા' (૨.ઈ.૧૫૫૭/સં. ૧૬૧૩, વૈશાખ વદ ૧૦), 'સત્તર ભેદી-પૂજા' (૨.ઈ.૧૫૬૨/સં.૧૬૧૮, આસો સુદ ૧૦), ૭૧/૭૨ કડીની 'કેશીપ્રદેશી-સંધિ', ૧૦૮ કડીની 'ગૌતમસ્વામી-છંદ', ૩૩ કડીની 'ચોવીસજિન-સ્તુતિ', ૩૧ કડીની 'કલ્યાણક-સ્તવન', ૩૫ કડીની 'જિનપ્રતિમા-છત્રીસી', 'કુબેરદત્તા-ચોપાઈ', ૪ કડીની 'ગુર્વાવલી'(મુ.), તથા ૨૦ કડીની 'અતિમુક્ત સાધુ-ગીત' એ કૃતિઓ રચેલી છે. એમણે સંસ્કૃતમાં 'પરમહંસ સંબોધ-ચરિત્ર' (૨.ઈ.૧૫૬૮) તથા સ્વોપજ્ઞવૃત્તિ (સંસ્કૃત?) સાથે પ્રાકૃતમાં 'વિધિ-કંદલો' (૨.ઈ.૧૫૬૯) રચેલ છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬-'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારો કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોં કી સૂચી', અગરચંદ નાહટા. ☐ ૪. જૈગૂકવિઓ : ૩ (૧); ૫. ડિકેટલૉગભાઈ : ૧૯(૨). [કી.જો.]

નયવિજય : આ નામે ૧૧ કડીની 'રહનેમિરાજુલ-સઝાય' (લે.સં. ૧૯મી સદી અનુ.), ૭ કડીની 'નેમિનાથ-વસંત-ધમાલ' (લે.સં. ૧૯મી સદી અનુ.) અને 'અષ્ટમીની ઢાળો' મળે છે તેના કર્તા કયા નયવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. કર્તા ભૂલથી જ્ઞાનવિજય શિષ્ય તરીકે ઓળખાવાયેલ છે.

સંદર્ભ : ૧. ડિકેટલૉગબીજે; ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

નયવિજય(ગણિ)-૧ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી આરંભ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિના શિષ્ય. લોંકા ગચ્છના ૧૮ સાધુઓએ ઈ.૧૫૭૨માં હીરવિજય પાસે સંવેગી દીક્ષા લીધી તેમાં તે હતા. ઈ.૧૬૦૧માં ઉપાધ્યાયપદ. 'સાધુવંદના (મોટી)' (૨.ઈ.૧૫૮૮/સં. ૧૬૪૪, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૪. મુનિદર્શનવિજયજી વગેરે, ઈ.૧૯૮૩; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

નયવિજય-૨ [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈનસાધુ. વિજય-દેવસૂરિ. (આચાર્યકાળ ઈ.૧૬૦૦–ઈ.૧૬૫૭)ના શિષ્ય. 'કલ્પસૂત્ર-સ્તબક'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

નયવિજય-૩ [ઈ.૧૬૭૭માં હયાત] : જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં જિતવિજયના શિષ્ય. ભૂલથી જ્ઞાનવિજયશિષ્ય તરીકે ઓળખાવાયેલા છે. એમણે ૭ ઢાળનું 'મહાવીરજિન-સ્તવન' (૨.ઈ ૧૬૭૭/સં. ૧૭૩૩, આસો સુદ ૧૦) રચેલ છે. કૃતિનો ૨.સં. ૧૭૯૩ ભૂલથી દર્શાવાયેલો છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નયવિજય–૪ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં જ્ઞાનવિજયના શિષ્ય. ૬૭ કડીની, અવાંતરે ફાગ અને દુહા છંદમાં આંતરપ્રાસ સાથે રચાયેલ, રાજિમતીના વિરહશૃંગારની પ્રસાદમધુર અભિવ્યકિત કરતી 'નેમિનાથ-બારમાસા' (૨.ઈ.૧૬૮૮;મુ.), 'ચોવીશી' (૨.ઈ.૧૬૯૦/સં.૧૭૪૬, કારતક સુદ ૧૩;મુ.), ૪ કડીની '(શંખેશ્વર) પાર્શ્વજિન-સ્તુતિ' (મુ.), ૯ કડીની 'સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન'(મુ.), ૭ કડીની 'સિદ્ધચક્ર-સ્તવન' અને ૪ કડીની 'સિદ્ધચક્ર-સ્તુતિ' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. અસ્તમંજુષા; ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. ચોવીસ્તસંગ્રહ; ૪. પ્રામબાસંગ્રહ : ૧; ૫. શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કા.શા.]

નયવિજય–૫ [ ] : જૈન સાધુ. ભાણુવિજયના શિષ્ય. ૪ કડીની 'નવપદજીની સ્તુતિ'(મુ.)ના કર્તા. આ કૃતિ ક્વચિત્ નયવિજયશિષ્ય ભાણુવિજયની છાપથી પણ મુદ્રિત મળે છે.

કૃતિ : ૧. ચિત્રમય શ્રીપાલ રાસ, સં. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૬૧; ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. નવપદ મહાત્મ્ય અને વીશ સ્થાનક તપગુણ વર્ણનમ્, પ્ર. દેવકરણ વા. શેઠ, ઈ.૧૯૧૫; ૪. શ્રીપાળ રાજાનો રાસ, પ્ર. જૈન આત્માનંદ સભા, સં. ૧૯૯૦. [કા.શા.]

નયવિજયશિષ્ય : આ નામે મળતી કેટલીક કૃતિઓમાંથી ૫ કડીનું 'મલ્લિનાથ-સ્તવન'(મુ.) તથા ૪ કડીનું 'ઋષભજિન-સ્તવન', એ નયવિજયશિષ્ય યશોવિજયની કૃતિઓ હોવાનું નિશ્ચિત થાય છે. તે ઉપરાંત ૨૧ કડીનું 'જિનસહસ્રનામવર્ણન-છંદ'(મુ.) પણ યશોવિજયની કૃતિ ગણવામાં આવી છે. પરંતુ અન્ય ૨ 'વીરજિન-સ્તવન' (મુ.), 'ગૌતમ-સ્તુતિ' અને 'ચંદના-સઝાય' વિશે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨. ૨. જિસ્તમાલા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

નયવિમલ(ગણિ) : જુઓ ધીરવિમલ શિષ્ય જ્ઞાનવિમલ.

નયવિમલશિષ્ય [ ] : જૈન. ૫૨ કડીની 'બારવ્રત-સઝાય'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

નયવિલાસ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિ (આચાર્યકાળ ઈ.૧૫૫૬થી ઈ.૧૬૧૪)ના શિષ્ય. 'લોકનાલ-બાલાવબોધ' (લે.ઈ.૧૫૯૮)ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

નયસમુદ્ર [ ] : જૈન સાધુ. ૧૩ કડીની 'આત્માની સઝાય' (લે.સં.૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

નયસાગર : આ નામે ૧૫ કડીનું 'મહાવીર સ્વામીનું સ્તવન' (મુ.) અને ૧ સઝાય (મુ.) મળે છે. તેના કર્તા કયા નયસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : શોભનસ્તવનાવલી, પ્ર. શા. ડાહ્યાભાઈ ફત્તેહચંદ તથા શા. મોતીલાલ મહાસુખભાઈ, ઈ.૧૮૯૭.

સંદર્ભ : ફોહનામાવલિ. [કી.જો.]

નયસાગર–૧ [ઈ.૧૪૭૫માં હયાત] : નાયલગચ્છના જૈન સાધુ. ગુણસૂરિના શિષ્ય. ૨૭૪ કડીના 'શ્રીપાલ-રાસ' (૨.ઈ.૧૪૭૫)ના કર્તા.

સંદર્ભ : ડિકેટલૉગભાવિ. [કી.જો.]

નયસાગર(ઉપાધ્યાય)–૨ [ઈ. ૧૭મી સદી] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૫૯૩થી ઈ.૧૬૬૨)ની પરંપરામાં રત્નસાગર ઉપાધ્યાયના શિષ્ય. ૮ ઢાળની 'ચૈત્યવંદન', 'ચોવીશી' તથા ૫ કડીની 'અધ્યાત્મ–ગીત' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ: ૧. [કી.જો.]

નયસાર [ઈ.૧૮૪૪ સુધીમાં] : જૈન સાધુ. ૨૭ કડીના 'ચોવીસ-જિન-છંદ' (લે. ઈ. ૧૮૪૪)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

નયસિંહ(ગણિ) [ઈ. ૧૬મી સદી] : વડતપગચ્છના જૈન સાધુ. ધનરત્નસૂરિ (ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય મુનિસિંહસૂરીના શિષ્ય. 'ચતુર્વિંશતિ જિન-સ્તુતિ/જિનસ્તવન-ચોવીસી'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નયસુંદર(વાચક) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–૧૭મી સદી પૂર્વાર્ધ] વડતપગચ્છના જૈન સાધુ. ધનરત્નસૂરિની પરંપરામાં પંડિત ભાનુમેરુગણિના શિષ્ય. કવિની કૃતિઓ અધિકૃત રીતે ઈ. ૧૫૮૧થી ઈ. ૧૬૨૯નાં રચનાવર્ષો દર્શાવે છે. પરંતુ 'યશોનૃપ-ચોપાઈ'ના રચનાવર્ષનો કોયડો છે. "વસુધાવસુમુનિ રસ એક" એ રચના-સંવતદર્શક પંક્તિના પહેલા ત્રણમાંથી ૧ શબ્દ વધારાનો ગણવો પડે અને તેથી સં. ૧૬૧૭થી સં. ૧૬૮૭ (પોષ વદ ૧, ગુરુવાર/ ઈ. ૧૫૬૧થી ઈ. ૧૬૩૧) સુધીનાં પાંચેક અર્થઘટનો શક્ય બને છે અને તો કવિનો કવનકાળ થોડાંક વર્ષો આગળ કે થોડાંક વર્ષો પાછળ લઈ જઈ શકાય એમ છે. કવિની કૃતિઓ ગુજરાતી ઉપરાંત સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી ઉપરાંત ઉર્દૂ ભાષા અને સાહિત્યનો કવિનો અભ્યાસ વ્યક્ત કરે છે.

કવિની સૌથી મહત્ત્વની કૃતિ 'રૂપચંદકુંવર-રાસ←શ્રાવણ સુધારસ-રાસ' (૨.ઈ. ૧૫૮૧/સં. ૧૬૩૭, માગશર સુદ ૫, રવિવાર; મુ.) છે. રૂપચંદકુંવર અને સોહાગસુંદરીનું કાલ્પનિક, રસિક કથાનક રજૂ કરતી મુખ્યત્વે દુહા-ચોપાઈબદ્ધ ૬ ખંડ અને ૨૫૦૦ ગ્રંથાગ્રની આ કૃતિ સમસ્યાકેન્દ્રી છે. દૃષ્ટાંતકથાઓને કારણે પ્રચુર કથારસ ધરાવે છે. તથા સમસ્યા, સુભાષિત, વર્ણન, ઉખાણાં-કહેવતોનો વિનિયોગ વગેરેમાં કવિના પાંડિત્ય અને કવિકસબનો પરિચય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરાવે છે. ૧૬ પ્રસ્તાવ અને દેશી ઢાળો ઉપરાંત ચોપાઈ, દુહા, સોરઠા આદિ અન્ય છંદોની લગભગ ૨૪૦૦ કડીનો 'નળ દમયંતી -રાસ←નલાયન ઉદ્ધાર-રાસ" (૨.ઈ.૧૬૦૯/સં. ૧૬૬૫, પોષ સુદ ૮, મંગળવાર;મુ.) માણિક્યદેવસૂરિના સંસ્કૃત મહાકાવ્ય 'નલાયન' પર આધારિત અને તેથી મહાભારતની જૈન પરંપરાની કથાનો સમન્વય બતાવતી કૃતિ છે અને અલંકારપ્રયોજન, કાવ્યસ્પર્શવાળાં કેટલાંક ભાવચિત્રો તથા વિવિધ ભાષાનાં સુભાષિતોને કારણે ધ્યાનપાત્ર બને છે. ૨૦ ઢાળ અને ૧૧૧૧ કડીનો દુહા-દેશીબદ્ધ 'સુરસુંદરીરાસ/ચોપાઈ/ચરિત્ર' (૨.ઈ.૧૫૯૦/સં. ૧૬૪૬, જેઠ સુદ ૧૩;મુ.) વિનોદમાં કહેવાયેલી ૭ કોડીએ રાજ લેવાની વાતને કારણે ૭ કોડી સાથે ત્યજી દેવામાં આવેલી સુરસુંદરીના શીલમહિમાનું કૌતુકરસિક કથાનક વર્ણવે છે. ૩૪૯ કડીનો 'પ્રભાવતીઉદાયી રાજર્ષિઆખ્યાન-રાસ' (૨.ઈ.૧૫૮૪/સં. ૧૬૪૦, આસો સુદ ૫, બુધવાર), વિજયશેઠ-વિજયાશેઠાણીની કથા વર્ણવતો ૧૧૭ કડીનો 'શીલશિક્ષા/શીલ રક્ષા પ્રકાશ-રાસ'(૨.ઈ.૧૬૧૩/સં.૧૬૬૯ ભાદરવા–), ૭૫૦ ગ્રંથાગ્રની 'યશોધરનૃપ-ચોપાઈ' તથા ૨૨૫ કડીનો 'થાવચ્ચા-પુત્ર-રાસ' એ કવિની અન્ય રાસકૃતિઓ છે.

નયસુંદરે ૨ ઐતિહાસિક તીર્થરાસ પણ રચેલા છે. તેમાંથી ૧૨ ઢાળ અને આશરે ૧૨૫ કડીનો, શત્રુંજયતીર્થના કુલ ૧૬ ઉદ્ધારની અને અંતિમ ભાવિ ઉદ્ધારની કથા કહેતો 'વિમલગિરિ/શત્રુંજય/સિદ્ધા-ચલ ઉદ્ધાર-રાસ/ઢાળ/સ્તવન' (૨.ઈ. ૧૫૮૨/સં. ૧૬૩૮, આસો સુદ ૧૩, મંગળવાર;મુ.) બહુધા માહિતીપૂર્ણ અને ક્વચિત્ વર્ણનાત્મક છે. ૧૩ ઢાળનો, ૧૮૪ કડીનો ગિરનારતીર્થોદ્ધારમ—હિમાપ્રબંધરાસ' (મુ.) ગિરનારતીર્થોદ્ધારની માહિતીને અન્વયે કસોટીમાંથી પાર ઊતરીને નેમિનાથના દર્શનની ટેક પાળનાર રામ શેઠની કથા વણી લે છે. ૧૩૨ કડીનો 'શંખેશ્વરપાર્શ્વનાથ-છંદ /સ્તવન' (૨.ઈ.૧૬૦૦/સં. ૧૬૫૬, આસો વદ ૯, મંગળવાર; મુ.), અનેક પાર્શ્વનાથ તીર્થોનાં નામોની યાદી કરીને એમનું મહિમાવર્ણન કરે છે, અને પાર્શ્વનાથને આર્દ્ર ભાવે વિનંતિ કરે છે. પૂર્વછાયા ઉપરાંત અડયલ, પ્રમાણિકા, મુક્તિદામ વગેરે છંદો તથા ઝડઝમકભરી ચારણી શૈલીને કારણે કાવ્ય પ્રભાવક બનેલું છે.

કવિની અન્ય કૃતિઓમાં ૮ ઢાળ અને ૮૩ કડીની 'આત્મ૬ પ્રબોધ/આત્મપ્રતિબોધ-કુલક-સઝાય/જુહારમિત્ર-સઝાય'(મુ.) સંકટ સમયે આત્માને નિત્ય મિત્રસમો દેહ અને પર્વમિત્ર સમાં સ્વજનો કામ ન આવતાં જુહારમિત્ર જેવો ધર્મ કામ આવે છે તે બતાવતી રૂપકાત્મક કથા આલેખે છે. ૧૯ કડીની 'કોશાનીચંદ્ર પ્રત્યે વિનતિ'(મુ.) સ્થૂલિભદ્રને સંદેશા રૂપે કોશાની વિરહવેદના વર્ણવે છે. આ ઉપરાંત કવિએ ૩૫ કડીનું 'સીમંધર જિન-સ્તવન' (૨.ઈ. ૧૬૨૯), ૬૪ કડીનું 'શાંતિનાથ-સ્તવન', ૧૭ કડીનું 'સીમંધરવિનતિ -સ્તવન', ૧૬ કડીનું 'નવસિદ્ધ-સ્તવન', 'સ્થૂલિભદ્ર-એકવીસો/સઝાય', 'પ્રભાવતી-સઝાય', 'નેમિનાથ-ધવલ', 'નાટારંભપ્રબંધબદ્ધગીતકાવ્ય', ચૈત્યવંદન વગેરે કૃતિઓ રચેલી છે.

આ કવિએ સંસ્કૃતમાં 'સારસ્વતવ્યાકરણ' ઉપર 'રૂપરત્નમાલા' નામે સંસ્કૃત ટીકા રચેલી હોવાની માહિતી મળે છે.

કૃતિ : ૧. ગિરનાર ઉદ્ધારરાસ, સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ. ૧૯૨૦; ૨. આકામહોદધિ : ૩, ૬; ૩. જિસ્તકાસંદોહ : ૧; ૪. ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ, સં. શાલોટે કાઉઝે, ઈ.૧૯૫૧; ૫. શત્રુંજયઉદ્ધાર, પ્ર. લાલચંદ છ. શાહ, ઈ.૧૯૧૨; ૬. શત્રુંજય-તીર્થમાલારાસ અને ઉદ્ધારાદિકનો સંગ્રહ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણક, ઈ.૧૯૨૩; ૭. શત્રુંજયનો ઉદ્ધારાદિક સંગ્રહ, પ્ર. મોતીલાલ ન. કાપડિયા, ઈ.૧૯૩૫; ☐ ૮. જૈનયુગ, જેઠ ૧૯૮૨-'કોશ્યાની ચંદ્ર પ્રત્યે વિનતિ.'

સંદર્ભ : ૧. કવિ નયસુંદર, વાડીલાલ જી. ચોકસી, ઈ. ૧૯૮૧; ☐ ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. નળ દમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૦; ૫. પાંગુલ્સ્તલેખો; ૬. પ્રાકાફ્રપરંપરા; ☐ ૭. આલિસ્ટઑઈ :૨; ૮. જૈગૂકવિઓ : ૧, ૩ (૧); ૯. જૈહાપ્રોસ્ટા; ૧૦. ડિકેટલૉગભીજે; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. રાહસૂચી: ૧, ૧૩. લીંહસૂચી; ૧૪. લેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

નયસુંદરશિષ્ય [ ] : જૈન. ૩૨ કડીના 'શંખેશ્વર પાર્શ્વનાથ-છંદ' (લે. સં. ૧૮મી સદી; અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

નયસોમ [ ] : જૈનસાધુ. ૭ કડીના 'શંખેશ્વર પાર્શ્વ-સ્તવ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા. [કી.જો.]

નરચંદ્ર(સૂરિ) [ઈ.૧૫૧૮ સુધીમાં] : જૈનસાધુ. ૫ કડીના 'પડિકમણા-ભાસ' (લે. ઈ. ૧૫૧૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

નરપતિ–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : એમની 'પંચદંડ-પ્રબંધ/ચોપાઈ'માં થોડા જૈન ઉલ્લેખો મળે છે પણ તે અન્ય જૈન કવિ-ઓની રચનાઓના પ્રભાવથી આવેલા કે પ્રક્ષિપ્ત હોવાનો સંભવ જણાવાથી કવિ જૈન હોવાનું મનાયું નથી. દુહા ચોપાઈની આશરે ૮૫૦ કડી અને 'વારતા' નામક ગદ્ય–અંશો ધરાવતી ૫ આદેશની 'પંચદંડ–પ્રબંધ–ચોપાઈ←વિક્રમાદિત્ય-ચરિત્ર-રાસ' (રચના-આરંભ ઈ. ૧૪૫૮ કે ૧૪૮૪/સં. ૧૫૧૪ કે ૧૫૪૦, ભાદરવા વદ ૨, બુધવાર; મુ.) દેવદમની ગાંછણના આદેશથી વિક્રમ ૫ ચમત્કારિક દંડો પ્રપ્ત કરે છે તેની કથા કહે છે ને રૌદ્ર-અદ્‌ભુતનાં ચિત્રો, હાસ્ય-વિનોદની રેખાઓ ને રસાળ કથાકથનથી ધ્યાનાર્હ બને છે. ૫ આદેશ અને દુહા-ચોપાઈની ૧૩૭ કડીની 'નંદબત્રીસી-ચોપાઈ' (૨. ઈ. ૧૪૮૯) પ્રધાનપત્ની પદ્મિનીથી મોહાંધ બનેલા પરંતુ ચારિત્ર્યસ્ખલનમાંથી બચી ગયેલા નંદરાજા પ્રત્યેના પ્રધાનના વેરની જાણીતી કથા ખાસ કશી વિશેષતા વિના વર્ણવે છે. પોતાની કૃતિઓમાં સુભાષિતોનો અવારનવાર ઉપયોગ કરનાર આ કવિને નામે 'સ્નેહ-પરિક્રમ / શૃંગારપ્રરિક્રમ' (* મુ), 'નિ:સ્નેહપરિક્રમ / વૈરાગ્યપ્રક્રમ' (* મુ.) તથા અન્ય સુભાષિત–દુહા અને ૧૦ કડીની 'જિહ્વા-દંત-સંવાદ' (* મુ.) નામની લઘુકૃતિ મળે છે. પહેલાં ૨ સુભા-ષિતસંગ્રહો નરપતિ–નાલ્હનાં માનવાનું આધારભૂત જણાતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. (કવિ નરપતિકૃત) પંચદંડની વાર્તા, સં. શંકરપ્રસાદ છ. રાવલ, ઈ. ૧૯૩૪ (+ સં.); ☐ ૨.(* મુ) ગુજરાતી, દીપોત્સવી અંક સં. ૨૦૦૩–'નરપતિકૃત દંતજિહ્વાસંવાદ-જૂની ગુજરાતી કાવ્ય', સં. ભોગીલાલ જ. સાંડેસરા; ૩. બુદ્ધિપ્રકાશ, જુલાઈ-સપ્ટે. ૧૯૩૨–'નરપતિકૃત નંદબત્રીસી'; સં. ભોગીલાલ જ. સાંડેસરા (+ સં.); ૪. (* મુ) સંમેલનપત્રિકા, વ. ૪૬, અં.૪-'નરપતિ નાલ્હકી દો દુર્લભ કાવ્યકૃતિયાં', મદનલાલ દૌલતરામ મેહતા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. નયુકવિઓ; ☐ ૩. બુદ્ધિપ્રકાશ, ઑક્ટો. ૧૯૬૦–નરપતિકૃત–'પંચદંડ'ની એક જૂની હસ્તપ્રત', સોમાભાઈ પારેખ; ૪. બુદ્ધિપ્રકાશ, ઓક્ટો. ૧૯૬૨-'નરપતિની બે અજ્ઞાતપ્રાય રચના', હરિવલ્લભ ભાયાણી; ☐ ૫. જૈગુકવિઓ : ૧, ૩ (૧, ૨); ૬. ડિકેટલોગભીંજ; ૭. ડિકેટલોગભાવિ; ૮. મુપુગૂહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પ્ર.શા.]

નરપતિ–૨/નાલ્હ [ ] : કવિ પોતાને 'નરપતિ' તરીકે તેમ જ 'નાલ્હ' તરીકે ઓળખાવે છે તેમાંથી 'નરપતિ' એમનું નામ અને 'નાલ્હ' એમનું કુલનામ હોવાનું નોંધાયું છે, પરંતુ આ વિશે ખાતરીપૂર્વક કહેવું મુશ્કેલ છે. કવિ પોતાને 'વ્યાસ' તરીકે ઓળખાવે છે, તેથી જ્ઞાતિએ એ ભાટ હોવાનું અનુમાન થયું છે. જો કે એમના 'વીસલદેવ-રાસો'ની કોઈક પ્રતમાં 'વ્યાસ'ને સ્થાને 'જોશી' પણ મળે છે. ૪ સર્ગ અને ૩૧૬ કડીના 'વીસલદેવ-રાસો' (મુ.)ની કોઈક હસ્તપ્રતમાં ૨.ઈ. ૧૧૫૬ (સં. ૧૨૧૨, જેઠ વદ ૯, બુધવાર) મળે છે, એ રીતે કૃતિ વીસલદેવના સમયમાં રચાયેલી ગણાય. પરંતુ અન્ય પ્રતોમાં રચનાસંવતના નિર્દેશમાં અનેક પાઠભેદો જોવા મળે છે. તે ઉપરાંત કૃતિની ભાષા તથા એમાંની ઐતિહાસિક માહિતી કૃતિ એટલી વહેલી રચાયેલી હોય એમ માનવા દે તેમ નથી. કૃતિની ભાષા હિંદીરાજસ્થાની-મિશ્ર ગુજરાતી ગણી શકાય એમ છે. આ રાસામાં રાણીના વચનથી હીરાનો હાર લેવા પરદેશ ગયેલા રાજા વીસલદેવની પરાક્રમકથા કહેવાયેલી છે. રાજાના પરદેશગમન નિમિત્તે રાણીના વિરહનું અને તેને અનુષંગે બારમાસનું વર્ણન કાવ્યમાં થયેલું છે.

કૃતિ : વીસલદેવ રાસો, સં. સત્યજીવન વર્મા, સં. ૧૯૮૨ (+ સં.).

સંદર્ભ : ૧. રાજસ્થાનભારતી, ભા. ૩ અં. ૧–'વીસલદેવ રાસોકી કતિપય નવીન પ્રાપ્ત પ્રતિયાં', અગરચંદ નાહટા; ૨. * રાજસ્થાની, ભા. ૩ અં. ૧–'વીસલદેવ રાસ ઔર ઉસકી હસ્તલિખિત પ્રતિયાં,' અગરચંદ નાહટા; ☐ ૩ આલિસ્ટઑઈ: ૨; ૪. ગૂહાયાદી; ૫. જૈગૂકવિઓ: ૩(૨). [કી.જો.]

નરભેદાસ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : કાયમુદ્દીનની પરંપરામાં નબીમિયા (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ-૧૯મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય. સંસારના સંબંધોનું મિથ્યાત્વ દર્શાવી કૃષ્ણસ્મરણનો બોધ આપતા ૧ ભજન (મુ.)ના કર્તા.

કૃતિ : ભક્તિસાગર, સં. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯ (+ સં.). [૨.૨.દ.]

નરભેરામ : આ નામે 'અંબાજીનો ગરબો' (મુ.), ૨૨ કડીનો 'ત્રિપુરા સુંદરીનો ગરબો' (મુ.), ૧૭ કડીનો 'મહાકાળીનો ગરબો' (મુ.) એ કૃતિઓ મળે છે તે કયા નરભેરામની છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : સત્‌સંદેશશક્તિ અંક. પ્ર. નંદલાલ ચુ. બોડીવાલા. [ચ.શે.]

નરભેરામ–૧ [ ] : બેચર ભટ્ટના શિષ્ય. ૪૦ કડીના 'મચ્છવેધ'ના કર્તા. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' આ કવિ અને નરભેરામ–૨ને જુદા ગણે છે. 'ગુજરાતના સારસ્વતો' કવિને ઈ. ૧૭મી સદીમાં મૂકે છે, પરંતુ એ માટે કોઈ આધાર નથી. આ કવિ નરભેરામ–૨ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પાંગુહસ્તલેખો; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, મે ૧૯૦૮–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિ-ઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐ ૪. ગૂહાયાદી. [ચ.શે.]

નરભેરામ–૨/નરભો [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–આવ. ઈ. ૧૮૫૨]. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવકવિ. પેટલાદ તાલુકાના પીજ ગામના વતની. પાછળથી અમદાવાદમાં વસવાટ અને ત્યાં જ અવસાન. જ્ઞાતિએ ચતુર્વેદી મોઢ બ્રાહ્મણ. છોટાલાલના શિષ્ય. કોઈક પદમાં કવિ પોતાને બેચર ભટ્ટના શિષ્ય તરીકે પણ ઓળખાવે છે. 'ધડપણ વિશે' (ઈ. ૧૭૬૮) અને 'મરણતિથિ' (ઈ. ૧૮૫૨) આ બંને પદરચનાઓ કવિના જીવનસંદર્ભને સમજવામાં ઉપયોગી નીવડે છે.

'હસતા સંતકવિ' તરીકે ઓળખાવાયેલા આ કવિનું સર્જન મુખ્યત્વે પદોમાં થયું છે. બાળપણમાં કૃષ્ણે ગોપીઓ પાસે કરેલાં તોફાનને અને તેના નટખટ સ્વભાવને વિનોદી શૈલીમાં આલેખતી ૫ પદની 'કૃષ્ણચરિત્ર-બાળલીલા' (મુ.) કવિની આકર્ષક પદમાળા છે. સત્યભામા નારદને કૃષ્ણ વેચે છે એ રમુજી પ્રસંગને આલેખતી ૭ પદની 'કૃષ્ણ-વિનોદ'(મુ.), ૧૪ પદની 'નાગદમણ' (મુ.), ૩૦ પદની 'રાસમાળા'(મુ.), ૧૮ પદની 'વામનાખ્યાન' (મુ.), ૫ પદની 'સત્યભામાનું રૂસણું' (મુ.), ૧૪ પદની 'અંબરીષનાં પદો' (૧૨ પદ મુ.) વગેરે તેમની બીજી પદમાળાઓ છે. 'મનને શિખામણ' (મુ.), 'જીવને શિખામણ' (મુ.), 'નિત્યકીર્તન' (મુ.) વગેરેમાં નીતિ અને ભક્તિનો બોધ કરનારાં પદો છે. છપ્પા અને ગરબીમાં રચાયેલું 'બોડાણા-ચરિત્ર' (મુ.) અને કાફીઓમાં રચાયેલી 'બોડાણાની મૂછનાં પદ' (મુ.) એ ભકત બોડાણાની પ્રશસ્તિ કરતી ચરિત્રાત્મક કૃતિઓમાં તથા 'લૂંટાયા વિશે' (મુ.) અને 'નાણું આપે નરભો રે' એ આત્મચરિત્રાત્મક પદોમાં વિનોદની છાંટ છે. એ સિવાય બીજાં અનેક પ્રકીર્ણ પદો, છપ્પા અને ચાબખાની રચના કવિએ કરી છે, તે દરેકમાં કવિની ઉત્કટ રણછોડભક્તિ પ્રતીત થાય છે.

'નરસિંહ મહેતાના દીકરાનો વિવાહ/શામળશાહનો વિવાહ', રામ રાજિયાનાં ૫ પદ, 'સણગાર' અને 'સૂરતીબાઈનો વિવાહ'–એ કૃતિઓ આ કવિની હોવાની સંભાવના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. શ્રીકૃષ્ણચરિત્ર બાળલીલા, સં. જ્યંતીલાલ પારેખ, ઈ. ૧૯૩૦; ૨. પ્રાકામાળા : ૨૨ (+ સં.); ૩. પ્રાકાસુધા : ૩, ૪; ૪. બૂકાદોહન : ૧, ૫, ૬, ૮; ૫. સંશોધન અને અધ્યયન, બહેચરભાઈ પટેલ. ઈ. ૧૯૭૬.

સંદર્ભ : ૧. અભિરુચિ, ઉમાશંકર જોશી, ઈ. ૧૯૫૯–'હસતો સંતકવિ'; ૨. કવિચરિત : ૩; ૩. ગુમાસ્તંભો; ૪. ગુસાપઅહેવાલ : ૨; ૫. ધૃતિ, મોહનભાઈ શં. પટેલ, ઈ. ૧૯૭૫; ૬. પ્રાકકૃતિઓ; ☐ ૭; સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રામકથા', દેવદત્ત જોશી; ☐ ૮. ગૂહાયાદી; ૯. ફોંહનામાવલિ. [ચ.શે.]

નરભેરામ–૩/નીરભેરામ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : કચ્છ-ભૂજના વતની. તેમણે 'પંદરતિથિ', 'શરદપૂનમનો રાસ' (૨.ઈ. ૧૭૯૦/સં. ૧૮૪૬, ચૈત્ર સુદ ૫, રવિવાર) તથા સાખી દેશીબંધની ૮૦ કડીનો 'બારમાસી' (૨.ઈ. ૧૭૮૭/સં. ૧૮૪૩, મહાસુદ ૫, રવિવાર)ની રચના કરી છે. 'બારમાસી'માં કૃષ્ણના મથુરાગમનના પ્રસંગને વિષય બનાવીને ગોપીઓની ચૈત્રથી ફાગણ માસ સુધીની વિરહાવસ્થાનું આલેખન થયું છે. 'ફોંહનામાવલિ'માં નિર્દિષ્ટ 'ગોપી કૃષ્ણ-સંવાદ-બારમાસ' એ આ જ રચના હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. કવિચરિત: ૩; ☐ ૨. ફાહનામાવલિ: ૨; ૩. ફોંહનામાવલિ. [ચ.શે.]

નરવેદસાગર/નારણદાસ [ઈ. ૧૯મી સદી મધ્યભાગ] : કેવલજ્ઞાન સંપ્રદાયના કવિ. કુબેરદાસના શિષ્ય. એમણે સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન, અધ્યાત્મબોધ, ગુરુમહિમા, સંતમહિમા વગેરે વિષયની અનેક કૃતિઓ(મુ.) રચેલાં છે તેમાં દરેક માસનું ૧–૧ પદ આપતી ૧ બારમાસી સાથે કુલ ૩ બારમાસી, તિથિ, કાગળ તેમ જ પ્રભાત, મંગળ, સકતપતિ, વસંત, હજૂર, હેલારી, ગરબી વગેરે નામોથી ઓળખાવાયેલાં પદો વગેરે લઘુકૃતિઓનો સમાવેશ થાય છે. આ લઘુકૃતિઓમાંથી કેટલીક હિંદી ભાષામાં છે તો કેટલીક હિંદીની અસરવાળી છે. આ ઉપરાંત હિંદીમાં કવિએ દરેક અક્ષર પર ૩ કડીનું અલગ પદ યોજતો 'કક્કો' (૨.ઈ. ૧૮૪૩/સં. ૧૮૯૯, ભાદરવા–૭, રવિવાર;મુ.) તથા ૫૨ અક્ષર-અંગો ધરાવતી કક્કા પ્રકારની 'સિદ્ધાંત-ભાવની' (૨.ઈ. ૧૮૫૨/સં. ૧૯૦૮, અસાડ સુદ ૨, મંગળવાર; મુ.) રચેલ છે.

કૃતિ : ૧. ભજનસાગર, પ્ર. અવિચળદાસજી, ઈ. ૧૯૮૧ (બીજી આ.); ૨. સિદ્ધાંતબાવની ગ્રંથ, પ્ર. અવિચળદાસજી, ઈ. ૧૯૭૮ (બીજી આ.). (કા.શા.)

નરશેખર [ ] : જૈન સાધુ. ગુણસાગર સૂરિની પરંપરામાં શાંતિસૂરિના શિષ્ય. ૭૦ કડીના 'પાર્શ્વનાથ-પત્ની પ્રભાવતીહરણ'ના કર્તા. પિપ્પલકગચ્છના ગુણસાગરશિષ્ય શાંતિસૂરિ ઈ. ૧૪૯૮માં હયાત હતા. એમના આ શિષ્ય હોય તો એ ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધમાં થયા ગણાય.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

નરસિંગદાસ [ ] : 'કર્મ-કથા'ના કર્તા. જુઓ નરસિંહદાસ–૨

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

નરસિંગદાસશિષ્ય [ઈ. ૧૮૪૮/૧૮૪૯ સુધીમાં] : 'કેવલ્યધામનો કક્કો' (લે. ઈ. ૧૮૪૮/૧૮૪૯)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

નરસિંહ–૧ [ઈ.૧૫મી સદી] : ભક્તકવિ. જ્ઞાતિએ નાગર. પ્રચલિત માન્યતા અનુસાર તેઓ ઈ. ૧૫મી સદીમાં થઈ ગયા. 'હારમાળા'ની "સંવત પંનર બારોતર, સપતમી અને સોમવાર રે; વૈશાખ અજુઆલિ પખે નરસિનિ આપ્યો હાર રે" એ કડી આ માન્યતા માટેનો મુખ્ય આધાર છે. 'હારમાળા'નું કર્તૃત્વ નરસિંહનું હોય, એમાંનું આ કડીવાળું પદ કવિનું રચેલું હોય તો આ માન્યતાને સ્વીકારી શકાય.

આનંદશંકર ધ્રુવ, ક. મા. મુનશી વગેરેએ કવિના જીવનકાળને ઈ. ૧૫મી સદી પરથી ખસેડી ઈ. ૧૬મી સદીમાં લઈ જવાનો મત વ્યક્ત કર્યો છે. પોતાના મતના સમર્થનમાં એમણે કરેલી દલીલો આમ તો અનુમાનપ્રેરિત અને નકારાત્મક છે, તો પણ નરસિંહ પર ચૈતન્યની અસર હોવાનું આનંદશંકર ધ્રુવે કરેલું અનુમાન અને 'ગોવિંદદાસેર કડચા' કૃતિમાં નરસિંહના ઉલ્લેખનો અભાવ એ મુનશીએ કરેલી નકારાત્મક દલીલ વિશેષ ઉલ્લેખનીય છે. પરંતુ જે આધાર પર આ અનુમાન ટકેલાં છે તે આધાર જ હવે બનાવટી પુરવાર થતાં આ આખી માન્યતા સ્વીકાર્ય બને એવી રહી નથી. એ રીતે નરસિંહ જેવી કોઈ ઐતિહાસિક વ્યક્તિ થઈ નથી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ ઊભી કરેલી એ કલ્પિત વ્યક્તિ જ છે એવો બ. ક. ઠાકોરનો અભિપ્રાય પણ આત્યંતિક જણાય છે.

કવિ જયદેવના (ઈ. ૧૨મી સદી) 'ગીતગોવિંદ'થી પ્રભાવિત છે, કવિના જીવનમાં બનેલા પ્રસંગોને વિષય તરીકે લઈ ઈ. ૧૭મી સદીથી કાવ્યો રચાવાં શરૂ થઈ જાય છે તથા અત્યારે કવિનાં કાવ્યોની જૂનામાં જૂની હસ્તપ્રત ઈ. ૧૭મી સદીની મળે છે. એ આધારોને લક્ષમાં લઈ તેઓ ઈ. ૧૨મી સદી પછી અને ઈ. ૧૭મી સદી સુધીમાં થઈ ગયા એમ નિશ્ચિતપણે કહી શકાય.

કવિની આત્મચરિત્રાત્મક કૃતિઓ, કવિના જીવનપ્રસંગોને વિષય બનાવી રચાયેલી મધ્યકાલીન કૃતિઓ તથા જનશ્રુતિઓ પરથી કવિના જીવનનો ઘણો વીગતપૂર્ણ આલેખ તૈયાર કરી શકાય એમ છે, પરંતુ એ ઉપલબ્ધ સામગ્રીમાં ઘણું પરસ્પર વિરોધી છે. એમાંના ઘણા આધારો પણ શંકાસ્પદ છે. એ સ્થિતિમાં કવિના જીવન વિશે ચોક્કસપણે કંઈ કહેવું ઠીકઠીક મુશ્કેલ છે. એટલે અહીં કવિના જીવનપ્રસંગોને વિષય તરીકે લઈ મધ્યકાલીન કવિઓ દ્વારા રચાયેલાં ને વિવાદાસ્પદ ન ગણાતાં કાવ્યોને આધારે મળતી કવિજીવનની માહિતી આપી છે. આ વીગતો મધ્યકાલીન કવિઓ પાસે પણ જનશ્રુતિ પરથી આવી હોવાની પૂરી સંભાવના છે.

એ મુજબ કવિનું વતન જૂનાગઢ. અટક મહેતા. પત્નીનું નામ માણેક મહેતી. તેમનાંથી ૧ પુત્ર અને ૧ પુત્રી. પુત્રી કુંવરબાઈનાં લગ્ન ઉના/માંગરોળના શ્રીરંગ મહેતાના પુત્ર સાથે અને પુત્ર સામળદાસનાં લગ્ન વડનગરના મદન મહેતાની પુત્રી સુરસેના સાથે થયાં હતાં. કુંવરબાઈના સીમંત પૂર્વે માણેક મહેતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને સામળદાસનાં મૃત્યુ થયાં હતાં. તેમનું જીવન જૂનાગઢમાં પસાર થયું હતું.

તેમના જીવનમાં કેટલાક ચમત્કારિક પ્રસંગો બન્યા હતા. ભાભીનાં મર્મવચનથી રિસાઈ વનમાં જઈ તેમણે ૭ દિવસ ઉપવાસ કરી શંકરની સ્તુતિ કરી ત્યારે શંકરે પ્રસન્ન થઈ એમને કૃષ્ણના રાસનાં દર્શન કરાવ્યાં. પિતાના શ્રાદ્ધ, પુત્રના લગ્ન, પુત્રીના સીમંત તથા દ્વારકાના શેઠ પર તેમણે લખેલી હૂંડીના પ્રસંગ વખતે ઈશ્વરે એમને આર્થિક સહાય કરી હતી. જૂનાગઢના રા'માંડલિકે તેમની ભક્તિની કસોટી કરી ત્યારે ભગવાને એમને ગળામાં હાર પહેરાવી માંડલિકના રોષમાંથી બચાવ્યા હતા.

કવિની આત્મચરિત્રાત્મક કૃતિઓ, કવિના વંશજોના પેઢીનામાં તથા અન્ય જનશ્રુતિઓ પરથી જે બીજી માહિતી મળે છે તેમાં કવિનો જન્મ ભાવનગર પાસે આવેલા તળાજા ગામ પાસે થયો હતો એ માહિતી વિશેષ ઉલ્લેખનીય છે. પરંતુ આ આધારો પરથી મળતી હકીકતોની અધિકૃતતા શંકાસ્પદ છે.

હસ્તપ્રતો અને મૌખિક પરંપરામાંથી જે કૃતિઓ અત્યારે કવિને નામે મુદ્રિત સ્વરૂપે મળે છે તેમાં કર્તૃત્વના, વર્ગીકરણના અને અધિકૃત વાચનાના અનેક પ્રશ્નો ઊભા થાય છે. આજે કવિને નામે મળતી ઘણી રચનાઓ પાછળથી કવિને નામે ચડાવી દેવાઈ હોય એવી પૂરી સંભાવના છે. આ રચનાઓમાં એક તરફ ઉઘાડો શૃંગાર, ગ્રામ્ય ઉક્તિઓ ને વિચારો છે તો બીજી તરફ આધ્યાત્મિક અનુભવની ઊંચી કોટિ ને ઊર્જિતના સ્પર્શવાળી ભાષા પણ છે. કાવ્યત્વની આ અણસરખી ઊંચાઈને લીધે ૧ નહીં, ૨ કે ૩ નરસિંહ થયા હતા એવો તર્ક થયો છે. એ સ્થિતિમાં કવિની અધિકૃત રચનાઓ નક્કી કરવાનું કોઈ સાધન અત્યારે ઉપલબ્ધ ન હોય તો આ રચનાઓને નરસિંહપરંપરાની–કવિની મૂળ કૃતિઓ તથા તેમને નામે અન્ય અનુગામી કવિઓએ રચેલી–ગણવાનું હરિવલ્લભ ભાયાણીનું સૂચન વધારે યોગ્ય લાગે છે. વિવિધ આંતરિક ને બાહ્ય પ્રમાણોથી નરસિંહની ન હોય તેવી કૃતિઓ જેમ જુદી પડી જશે તેમ નરસિંહની કવિછબી સાચી રીતે ઊઘડશે. ત્યાં સુધી આ રચનાઓ પરથી કવિની સર્જનશક્તિ વિશેનાં કોઈ પણ વિધાન સાપેક્ષ રહેવાનાં.

સાંપ્રદાયિક અસર વગરનાં વ્યાપક વૈષ્ણવદર્શનથી કવિ પ્રભાવિત છે. એટલે કવિની સમગ્ર કવિતાના કેન્દ્રમાં કૃષ્ણભક્તિ છે. ઈસવી-સનની ૧૨મી–૧૩મી સદીથી ગુજરાતમાં વ્યાપક બની ચૂકેલી કૃષ્ણભક્તિ નરસિંહની કવિતામાં પહેલી વખત કાવ્યનું મુખ્ય પ્રેરક બળ બનતી દેખાય છે. સમગ્ર ભારતમાં ઈ.૧૨મી સદી આસપાસથી શરૂ થયેલું ભક્તિઆંદોલન ૧૪મી–૧૫મી સદી સુધીમાં ભારતના વિવિધ પ્રદેશોમાં એક જુવાળ બનીને પ્રસરી જાય છે. નરસિંહની કવિતા આ આંદોલનની અસરો રૂપે જન્મી એમ મનાય છે.

'રાસસહસ્રપદી' 'ચાતુરીઓ' અને શૃંગારનાં અન્ય પદો પરથી કહી શકાય કે કવિની કૃષ્ણભક્તિ પર ભાગવત અને જયદેવના 'ગીતગોવિંદ'નો વિશેષ અસર છે. બિલ્વમંગળની કૃષ્ણભક્તિની રચનાઓથી પણ તેઓ જ્ઞાત હોય. પરંતુ વલ્લભાચાર્યના પુષ્ટિ-સંપ્રદાયની કે ચૈતન્યની અસર એમની કવિતા પર નથી. અન્ય પ્રાંતોમાંથી આવતા સંતો-ભજનિકો સાથેના સંપર્કને લીધે નામદેવ જેવા મરઠી સંતોની કવિતાની અસર તેમની કવિતામાં આવી હોવાની સંભાવના છે.

નરસિંહ પ્રેમલક્ષણા ભક્તિના કવિ છે. "પ્રેમરસ પાને તું મોરના પીચ્છધર, તત્ત્વનું ટૂંપાણું તુચ્છ લાગે" એમ ગોપીભાવે કહેતા કવિમાં જ્ઞાન અને યોગથી નહીં, પ્રેમથી ઈશ્વરને પામવાની ઝંખના છે. જસોદા અને ગોપીઓના બાળકૃષ્ણ પ્રત્યેના વત્સલ-ભાવ અને ગોપીના કૃષ્ણપ્રત્યેના પ્રણયભાવ એમ બે સ્વરૂપે આ કૃષ્ણપ્રેમ વ્યક્ત થાય છે. આ પ્રેમયુક્ત ભક્તિમાં ભક્તને મોક્ષની નહીં, ક્ષણેક્ષણે કૃષ્ણરસ-પ્રેમરસનું પાન કરવાની ઇચ્છા હોય છે. એટલે ભક્ત ઈશ્વર પાસે જન્મોજન્મ અવતાર માગે છે. જો કે ભૂતળમાં 'મોટું પદારથ' એવી આ ભક્તિ આત્મતત્ત્વ ન જાગે ત્યાં સુધી મિથ્યા બની રહે છે.

નરસિંહમાં જીવ અને ઈશ્વર વચ્ચેના ભેદનો અને સગુણ ઉપાસનાનો આમ તો સ્વીકાર છે, પરંતુ એમનાં અધ્યાત્મજ્ઞાનનાં કેટલાંક પદોમાં જીવ-ઈશ્વરનો ભેદ ટાળવાની અને અકળ, અવિનાશી, આનંદરૂપ જડ-ચેતનમાં સર્વત્ર વ્યાપી રહેલા ચૈતન્યમય પરમતત્ત્વને ઓળખવાની વાત છે. ત્યાં કવિનાં દર્શનમાં ઉપનિષદકથિત અદ્વૈતપ્રતીતિનો મહિમા થતો દેખાય છે. જો કે એ પરમતત્ત્વને પ્રેમના તંતથી બાંધવાનું કહી કવિ આખરે મહત્ત્વ તો ભક્તિનું જ કરે છે. સાધુસંતો સાથેના સમાગમથી કે ઈશ્વર સાથે તાદાત્મ્ય અનુભવતાં આ ભક્તકવિનાં જ્ઞાનચક્ષુ ખૂલ્યાં હોય અને એ સ્વાનુભવમાંથી આ દર્શન આવ્યું હોય એ શક્ય છે.

કવિનું સમગ્ર સર્જન આમ તો પદોમાં જ થયું છે, જેમાં કેટલીક પ્રસંગનો આધાર લઈ રચાયેલી આખ્યાનકલ્પ પદમાળાઓ છે. ભગવાનની ભક્તવત્સલતાનો મહિમા કરવા માટે રચાયેલી આ પદમાળાઓમાં કવિના અંગત જીવન વિશે માહિતી આપતી ને કવિના પોતાના જીવનપ્રસંગોને વિષય તરીકે લઈ રચાયેલી ૫ આત્મચરિત્રાત્મક પદમાળાઓ કવિને નામે મુદ્રિત સ્વરૂપે મળે છે. ઝૂલણા બંધમાં રચાયેલી આ પદમાળાઓની, 'હારમાળા/હાર સમેનાં પદ'ને બાદ કરતાં, રચનાસાલ મળતી નથી. એમાં સૌથી વધારે વિશૃંખલ અને વિવાદાસ્પદ કૃતિ 'હારમાળા←હારસમેનાં પદ' છે. ૧૦ પદથી ૨૩૧ પદ સુધી એની વાચનાઓ વિસ્તરેલી છે. સંવાદ અને સ્તુતિના રૂપમાં સંકલિત થયેલી આ કૃતિમાં જૂનાગઢનો રા'માંડલિક સાધુઓની ચડામણીથી નરસિંહને પોતાના દરબારમાં બોલાવી તેમની ભક્તિની કસોટી કરે છે એ પ્રસંગનું નિરૂપણ છે. કૃતિ પ્રગટ થઈ ત્યારથી એના નરસિંહકર્તૃત્વ વિશે શંકાઓ થઈ છે. કેટલાક વિદ્વાનોએ એને પ્રેમાનંદની કૃતિ માની, પણ એ માન્યતા હવે સ્વીકારાતી નથી. એનું નરસિંહકર્તૃત્વ પણ વિદ્વાનોને શંકાસ્પદ લાગે છે. હસ્તપ્રતોમાં જોવા મળતી પદોની મોટી વધ-ઘટ, પાત્રોના મુખમાં મુકાયેલાં ગ્રામ્ય વિચારો અને ઉક્તિઓ, કંઈક અનુચિત લાગે એ રીતે થતી નરસિંહની ભક્તિની પ્રશંસા વગેરે આ શંકાને દૃઢ બનાવે એવી બાબતો છે.

૨૦/૨૧ પદનાં 'મામેરું/← મામેરાંનાં પદ'માં ભગવાન દામોદર દોશીનો વેશ લઈ નરસિંહની પુત્રી કુંવરબાઈનું મામેરું પૂરી કેવી રીતે નરસિંહની નાગરી નાતમાં થતી હાંસીને અટકાવે છે એ પ્રસંગ વર્ણવાયો છે. પ્રેમાનંદ અને વિશ્વનાથ જાનીનાં 'મામેરું'ની ઘેરી અસર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બતાવતી હોવાને લીધે આ કૃતિનું નરસિંહકર્તૃત્વ પણ શંકાસ્પદ બને છે.

એ સિવાય જાનનું અસરકારક વર્ણન કરતી ને સુદામાની કથાને કંઈક અંશે મળતી આવતી ૩૪/૩૫ પદની 'સામળદાસનો વિવાહ/પુત્રનો વિવાહ'માં નરસિંહના પુત્ર સામળદાસના વડનગરના મદન મહેતાની પુત્રી સાથેના વિવાહ ઈશ્વરકૃપાથી કેવી રીતે હેમખેમ પાર પડે છે એ પ્રસંગ નિરૂપાયો છે. ૮ પદની 'હૂંડી'માં નરસિંહે દ્વારકા જતા યાત્રાળુઓની વિનંતિને માન આપી ૩૦૦ રૂપિયાની હૂંડી શામળા શેઠ પર લખી આપી ને ભગવાને શેઠનું રૂપ લઈ એ હૂંડી કેવી રીતે છોડાવી એ પ્રસંગ આલેખાયો છે. પોતાના કાકાને ત્યાં પાટોત્સવ કીર્તન-સમારંભના પ્રસંગે કીર્તન કરતાંકરતાં નરસિંહે પાણી પિવડાવવા આવેલી સ્ત્રીમાં ભગવાનનું મોહિનીસ્વરૂપ જોયું એ અનુભવને ૪ પદની 'ઝારીનાં પદ'માં વર્ણવ્યો હોવાનું મનાય છે, પરંતુ એ પ્રસંગને કોઈ પ્રમાણનો આધાર નથી. કથનના અંશ વગરની આ કૃતિમાં ભગવાનના મોહિની સ્વરૂપનું વર્ણન ચિત્રાત્મક છે. આ ૩ આત્મચરિત્રાત્મક કૃતિઓના નરસિંહકર્તૃત્વ વિશે કોઈ ચોક્કસ પ્રમાણો આપી હજી શંકા ઉપસ્થિત થઈ નથી, પરંતુ એમના નરસિંહકર્તૃત્વ વિશે પણ કેટલાક વિદ્વાનોને શંકા છે. મધ્યકાલીન કાવ્યપરંપરામાં આ પ્રકારની આત્મચરિત્રાત્મક લાંબી આખ્યાનકલ્પ કૃતિઓ રચવાની પરંપરાનો સદંતર અભાવ તથા 'હારમાળા' અને 'મામેરું' માટે ઉપર જોયાં તે કારણોને લક્ષમાં લઈએ તો નરસિંહની આ સમગ્ર આત્મ-ચરિત્રાત્મક કૃતિઓ પાછળનાં સમયમાં નરસિંહને નામે ચડી હોવાની સંભાવના વિશેષ લાગે છે.

કવિની અન્ય આખ્યાનકલ્પ પદમાળાઓમાં ભાગવતના સુદામા-પ્રસંગ પર આધારિત, ભાગવતની જેમ ઈશ્વરની ભક્તવત્સલતાનો મહિમા ગાતી, ઝૂલણાબંધની દેશીમાં રચાયેલી ૮ પદની 'સુદામા-ચરિત્ર←સુદામાજીના કેદારા'(મુ.) ગુજરાતી કવિતામાં અત્યારે ઉપલબ્ધ સુદામાવિષયક પહેલી કૃતિ છે. ભાગવતની કથા કરતાં કૃષ્ણ-સુદામાના મૈત્રીસંબંધને અહીં વિશેષ ઉઠાવ મળે છે, પરંતુ તત્ત્વત: કૃતિ રહે છે ભક્તિપ્રધાન. મુખ્યત્વે પાત્રોના ઉદ્‌ગાર રૂપે ચાલતી હોવાથી એમાં કથન-વર્ણનનું તત્ત્વ ઓછું છે. હરિગીતની દેશીમાં ઢાળ–ઊથલાના બંધમાં રચાયેલી ને સંભવત: શૃંગારચાતુરીના વિષયને લીધે 'ચાતુરીઓ'←તરીકે ઓળખાયેલી કવિની 'ચાતુરીષોડશી' અને 'ચાતુરીછત્રીસી'માં 'ચાતુરીષોડશી' નક્કર વસ્તુવાળી અને વધારે સંકલિત છે. જયદેવના 'ગીત-ગોવિંદ'ને મળતું વિરહી કૃષ્ણ અને વિરહિણી રાધાના લલિતા સખીના દૂતીકાર્ય દ્વારા સધાયેલા મિલનનું એમાં નિરૂપણ છે. 'ચાતુરીછત્રીસી'નાં પદોમાં ફરી ફરીને એકવિધ રીતે થતું તથા પ્રગલ્ભ ને વાચ્યાર્થની કોટિએ પહોંચતું શૃંગારવર્ણન ચમત્કૃતિ રહિત તો બને જ છે, પરંતુ એને લીધે એમાંનાં પદોની અધિકૃતતા પણ ઊણી ઊતરે છે. બળભદ્ર અને ગોવાળો સાથે વનમાં ગાયો ચરાવવા ગયેલા કૃષ્ણ રાધાને જોઈ તેની પાસે ગોરસનું દાણ માગે છે એ પ્રસંગનું આલેખન કરતી, પ્રારંભમાં રમતિયાળ શૈલીમાં ચાલતી ને કૃષ્ણના નટખટ વ્યક્તિત્વને ઉપસાવતી ૩૯ કડીની 'દાણલીલા'(મુ.), પહેલાં ૧૦ પદમાં ભાગવતના દશમસ્કંધમાં નિરૂપિત કૃષ્ણજન્મના પ્રસંગને અને ૧૧મા પદમાં કૃષ્ણનાં ગોકુળપરાક્રમો ને કંસહત્યાના પ્રસંગને વર્ણવતી ઢાળ-સાખીના બંધવાળી ૧૧ પદની 'શ્રીકૃષ્ણજન્મસમાનાં પદ'(મુ.) તથા મથુરા ગયેલા કૃષ્ણને ગોકુળ પાછા પધારવા ઓધવ સાથે સંદેશો મોકલતી ગોપીની ઉક્તિ રૂપે રચાયેલી ૭/૧૦ પદની વિરહકૃતિ 'ગોપીસંદેશ' વગેરે કવિની અન્ય આખ્યાનકલ્પ રચનાઓ છે.

'સુરતસંગ્રામ' (મુ.) અને 'ગોવિંદગમન'(મુ.) એ કવિને નામે મળતી બે આખ્યાનકલ્પ કૃષ્ણભક્તિની કૃતિઓ એમાંની કંઈક વિલક્ષણ લાગે એવી સાહસિક કલ્પના અને રસવૃત્તિ, સંખ્યાબંધ ફારસી શબ્દો અને અતિ સંસ્કૃતપ્રચુર ભાષા, ઝડઝમક ને શબ્દાનુપ્રાસનો અતિયોગ, વગેરે કારણોથી અર્વાચીન સમયના કોઈ કવિએ તે રચીને નરસિંહને નામે ચડાવી દીધી હોવાનું નિશ્ચિત છે.

આખ્યાનકલ્પ રચનાઓ સિવાય બીજાં વિવિધ વિષય અને ભાવનાં ૧૨૦૦ જેટલાં પદ←(મુ.) કવિને નામે મળે છે, જેમાંનાં ઘણાં જનસમાજમાં ખૂબ લોકપ્રિય છે. શૃંગાર, વાત્સલ્ય અને ભક્તિજ્ઞાન એમ મુખ્ય ૩ વિભાગમાં વહેંચાતાં આ પદોમાં સૌથી વધુ પ્રમાણ શૃંગારપ્રીતિનાં પદોનું છે.

'રાસસહસ્રપદી'(મુ.), 'શૃંગારમાળા'(મુ.), 'વસંતનાં પદ'(મુ.) અને 'હિંડોળાનાં પદ'(મુ.) શીર્ષક હેઠળ મળતાં શૃંગારપ્રીતિનાં પદોમાં વિવિધ પરિસ્થિતિઓમાં વિભિન્ન રૂપે ગોપીનો કૃષ્ણ માટેનો રતિભાવ વ્યક્ત થાય છે. ભાગવતના 'રાસપંચાધ્યાયી'નો અસરવાળાં 'રાસસહસ્રપદી'નાં શીર્ષકમાં સૂચવાય છે તેમ સહસ્ર નહીં, પરંતુ ૧૮૯ પદોમાં કૃષ્ણ સાથે રાસ રમવા માટે ઉત્સુક અભિસારિકા ગોપીના શણગારનું, કૃષ્ણ સાથેની શૃંગારકેલિનું અને કૃષ્ણ સાથે રમાતા રાસનું વર્ણન છે. આ પદો મુખ્યત્વે વર્ણનાત્મક છે તો 'શૃંગારમાળા'નાં ૫૪૧ પદો મુખ્યત્વે ગોપીની ઉક્તિ રૂપે છે. હર્ષ, લજ્જા, ઈર્ષ્યા, વ્યાકુળતા, ઈજન, વગેરે ગોપીહૃદયના વિવિધ ભાવ એમાં આલેખાય છે. વખતોવખત સ્થૂળ ને પ્રગલ્ભ રીતે કૃષ્ણ-ગોપીની શૃંગારક્રીડાને વર્ણવતાં આ પદો પર જયદેવની અસર છે. 'વસંતનાં પદ'માં વસંતની ઉદ્દીપકતા, કૃષ્ણ-ગોપીનું હોળીખેલન, વસંતવિભવ જોઈ ગોપીચિત્તમાં ઊલટતો આનંદ વગેરે આલેખાય છે. 'હિંડોળાનાં પદ'માં વર્ષાઋતુમાં હિંડોળે લીંચકતા કૃષ્ણ-ગોપીની ક્રીડાનું આલેખન છે. 'દ્વાદશમહિના/રાધાકૃષ્ણની બારમાસી'(મુ.) જેવી કૃતિમાં ગોપીવિરહ આલેખાયો છે, પરંતુ વિરહ ને તલસાટ કરતાં સંભોગનાં આનંદ ને તૃપ્તિ કવિનાં પદોમાં વિશેષ છે. આ શૃંગારની કોઈ કુંઠા કવિના મનમાં નથી. ભક્ત માટે તો ગોપી એટલે વૃત્તિઓ, તેમનું આત્મામાં રમી રહેવું તે રાસ અને કૃષ્ણ-ગોપીનો વિહાર તે ભક્તની બધી વૃત્તિઓનો પરમાત્મા સાથેનો યોગ છે.

જસોદા અને ગોકુળવાસીઓના બાળકૃષ્ણ પ્રત્યેના વત્સલભાવને વ્યક્ત કરતાં પદોમાં કેટલાંક પદ કૃષ્ણજન્મવધામણીનાં છે. કૃષ્ણ-જન્મથી આનંદઉત્સવ માટે ગોપગોપીઓનું નંદને ઘરે ટોળે વળવું, ગોપીઓનાં મંગળ ગીત ગાવાં, પારણામાં ઝૂલતા કૃષ્ણને લીંચોળવા વગેરે વીગતોથી કવિએ ગોકુળવાસીઓના મનમાં જન્મેલી આનંદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ને ધન્યતાની લાગણીને નિરૂપી છે. બાળલીલાનાં ચાળીસેક પદમાં કૃષ્ણે જસોદા અને ગોપીઓ પાસે કરેલાં તોફાન, બાળકૃષ્ણને જોઈ એને જમાડતાં જસોદાના હૃદયમાં જન્મતો ઉલ્લાસ વિશેષ આલેખાયો છે. કેટલાંક દાણલીલાનાં પદ કવિને નામે મળે છે, પણ એ પદો કોઈ અન્ય કવિનાં હોવાની સંભાવના વ્યક્ત થઈ છે.

કવિનાં જનસમાજમાં સૌથી વધુ લોકપ્રિય તો ઝૂલણા બંધમાં રચાયેલાં ને પ્રભાતિયાં તરીકે જાણીતાં થયેલાં દસ જેટલાં ભક્તિ-વૈરાગ્યબોધ અને જ્ઞાનઅનુભવનાં પદો છે. કવિના જીવનનાં પાછલાં વર્ષોમાં રચાયાં હોવાની જેમની સંભાવના છે એવાં આ પદોમાં ભક્તિનો મહિમા કરવાનું અને વૈરાગ્યબોધનું તત્ત્વ પ્રધાન છે. અહીં ક્યાંક સંસારીજનને ઈશ્વર તરફ અભિમુખ થવાનું કવિ કહે છે, ક્યાંક કૃતક વૈષ્ણવને પુત્ર વગર પારણું બાંધતો મનુષ્ય કહી તેની મજાક કરે છે ને સાચા વૈષ્ણવનાં લક્ષણ આપે છે તો ક્યાંક ઈશ્વર સ્મરણ ન કરતા મનુષ્યને 'સુતકી નર' કહે છે. પણ આ પદોમાં કવિના અદ્વૈતપ્રતીતિના અનુભવને વ્યક્ત કરતાં અને ઉપનિષદકથિત પરમતત્ત્વને પ્રાસાદિક ને ઊર્જિતના સ્પર્શવાળી ભાષામાં પ્રત્યક્ષ કરતાં પદો સમગ્ર ગુજરાતી કવિતાની ચિરંજીવ સંપત્તિ બન્યાં છે. આ પદોમાં કવિની ઈશ્વરવિષયક દૃષ્ટિ પણ બદલાય છે તેની આગળ વાત થઈ છે.

ઝૂલણા, ચોપાઈ, દુહા, સવૈયા, ઇત્યાદિની દેશીઓમાં રચાયેલાં ને કેદાર, વસંત, મલ્હાર વગેરે સંગીતના રાગના નિર્દેશવાળાં નરસિંહનાં પદોમાં ગરબી, થાળ, ભજન જેવા પ્રકારો જોઈ શકાય છે. અન્યથા પણ આ પદોનું અભિવ્યકતવૈચિત્ર્ય વિવિધ રીતે ધ્યાન ખેંચે છે. ઝૂલણાબંધ પરની કવિને વિશેષ ફાવટ છે તે તરત વરતાય છે. વિવિધ ભવસ્થિતિઓને મૂર્ત કરવા ઘરેળુ ભાષાથી માંડી કલ્પનાસભર ને ચિત્રાત્મક ભાષા સુધીના અનેક રૂપ સમુચિત રીતે આ છંદમાં કવિએ પ્રોયોજ્યાં છે. એ સિવાય લયવૈવિધ્યવાળી કર્ણગોચર ને શ્રુતિગોચર અનેક આકર્ષક ધ્રુવપંક્તિઓ, રવાનુકારી શબ્દો ને પ્રાસઅનુપ્રાસયુક્ત શબ્દવિન્યાસથી અનુભવાતું શબ્દ-માધુર્ય, લલિતમધુર કે ભવ્ય ભાવને લીલયા મૂર્ત કરી શકે એવું ભાષાકૌશલ વગેરેથી ઘણાં પદો ઊંચા કાવ્યગુણવાળાં બન્યાં છે. કવિનાં બધાં પદ એકસરખાં કાવ્યબળવાળાં નથી. એમાં ઘણાં ક્ષેપક હશે. ઉપાડની પંક્તિ આકર્ષક હોય અને પછી પદ લથડી પડતું હોય, એકનો એક ભાવ અનેક પદોમાં પુનરાવર્તિત થતો હોય, ભાવ સ્થૂળ ને [illegible] બની જતો હોય એવું ઘણાં પદોમાં અનુભવાય છે. ગુજરાત-રાજસ્થાનમાં અપભ્રંશની અંદર રચાયેલા પદસાહિત્યની પરંપરાનો લાભ કવિને મળ્યો હોવાનું સંભવિત છે, અને તો પણ ઉપર્યુકત વિષય અને અભિવ્યક્તિના વૈવિધ્યથી ગુજરાતી કવિતામાં પદસાહિત્યનો દૃઢ પાયો નાખવાનું શ્રેય નરસિંહને મળે છે.

નરસિંહ પૂર્વે ગુજરાતી ભાષામાં રચાયેલી અનેક કૃતિઓ આજે ઉપલબ્ધ છે, તેથી ઐતિહાસિક દૃષ્ટિએ હવે એમને આદિ કવિ કહી શકાય એવી સ્થિતિ નથી, અને તેમ છતાં "નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ અવાજ સાંપડે છે" (ઉમાશંકર જોશી) એ અર્થમાં નરસિંહ ગુજરાતીના આદિ કવિ છે.

કૃતિ : ૧. નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ, સં. ઈચ્છારામ સૂ. દેસાઈ, ઈ. ૧૯૧૩ (+ સં.); ૨. નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ, સં. શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૮૧ (+સં.); ☐ ૩. આદિ-કવિની આર્ષવાણી, સં. ઈશ્વરલાલ ૨. દવે, ઈ. ૧૯૭૩ (+ સં.); ૪. નરસિંહ મહેતાકૃત આત્મચરિતનાં કાવ્યો, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૬૯ (+સં.); ૫. નરસિંહ મહેતાકૃત ચાતુરી, સં. ચૈતન્યબાળા દિવેટિયા, ઈ. ૧૯૪૯ (+સં.); ૬. નરસિંહ મહેતાકૃત હાર-સમેનાં પદ અને હારમાળા, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૫૦ (+ સં.); ૭. નરસિંહ મહેતાનાં પદ (અપ્રકાશિત), સં. રતિલાલ વી. દવે, ઈ. ૧૯૮૩; ૮. નરસૈ મહેતાનાં પદ, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૬૫ (+ સં.); ૯. રાસસહસ્રપદી, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૩૯; ☐ ૧૦. પ્રાકાસુધા : ૧, ૩, ૪; ૧૧. બૃકાદોહન : ૧, ૨(+સં.), ૩થી ૮; ૧૨. (કવિ બ્રેહેદેવકૃત) ભ્રમરગીતા—અન્ય કવિઓની વૈષ્ણવ ગીતાઓ અને ઉદ્ધવ-ગોપી સંવાદોના પરિચય સમેત, સં. મંજુલાલ મજમુદાર અને અન્ય, ઈ. ૧૯૬૪; ૧૩. (કવિ પ્રેમાનંદ અને નરસિંહકૃત) સુદામાચરિત, સં. મગનભાઈ દેસાઈ, ઈ. ૧૯૨૪ (+સં.); ૧૪. (મહાકવિ પ્રેમાનંદ તથા બીજા આઠ કવિઓનાં) સુદામાચરિત્ર, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૨૨.

સંદર્ભ : ૧. નરસિંહ મહેતો, ગજેન્દ્ર લા. પંડ્યા, ઈ. ૧૯૨૯; ૨. નરસિંહ મહેતો-એક અધ્યયન, કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૭૧, ૩. નરસિંહ મહેતા અધ્યયનગ્રંથ, સં. રસિક મહેતા ને અન્ય, ઈ. ૧૯૮૩; ૪. નરસિંહ મહેતા-આસ્વાદ અને સ્વાધ્યાય, સં. રઘુવીર ચૌધરી ને અન્ય, ઈ. ૧૯૮૩; ૫. નરસૈ મહેતા-વ્યક્તિત્વ અને કર્તૃત્વ, જેઠાલાલ ત્રિવેદી, ઈ. ૧૯૭૩; ૬. નરસૈંયો ભક્ત હરિનો, ક. મા. મુનશી, ઈ. ૧૯૩૩; ☐ ૭. અનુક્રમ, જયંત કોઠારી, ઈ. ૧૯૭૫—'સુદામાની કથા : મૂળ અને વિકાસ'; ૮. કવિ ચરિત : ૧-૨; ૯. કૃષ્ણકાવ્ય, હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૮૬—નરસિંહ વિષયક લેખો; ૧૦. ગુલિટરેચર; ૧૧. ગુસામધ્ય; ૧૨. ગુસાઈતિહાસ : ૨; ૧૩. ગુસારસ્વતો; ૧૪. થોડાંક રસદર્શનો, ક. મા. મુનશી, ઈ. ૧૯૩૩; ૧૫. નર્મગદ્ય, નર્મદાશંકર લા. દવે, ઈ. ૧૯૭૫ (પહેલી આ.નું પુનર્મુદ્રણ)—'કવિચરિત્ર'; ૧૬. ભક્તિ કવિતાનો ગુજરાતમાં ઉદ્‌ગમ અને વિકાસ, કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૮૧; ૧૭. સાહિત્યનિકષ, અનંતરાય રાવળ, ઈ. ૧૯૬૯ (પુનર્મુદ્રણ)—'સંતના શબ્દ', ☐ ૧૮. સાહિત્ય, જૂન ૧૯૩૪—નરસૈંયાને લગતા કેટલાક પ્રશ્નો', બ. ક. ઠકોર; ☐ ૧૯. આલિસ્ટ-ઑઇ : ૨; ૨૦. કેટલૉગગુરા; ૨૧. ગૂહાયાદી; ૨૨. ડિકેટલૉગબીજે.

સંદર્ભસૂચિ : નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ, સં. શિવલાલ કે જેસલપુરા, ઈ. ૧૯૮૧—સં. પ્રકાશ વેગડ. [જ.ગા.]

નરસિંહ—૨ [ઈ. ૧૬૯૧ સુધીમાં] ખરતરગચ્છના જૈન સાધુ. રત્નરાજગણિના શિષ્ય. ચંદ્રકીર્તિના શિષ્ય. હર્ષકીર્તિની મૂળ સંસ્કૃત કૃતિ 'યોગ ચિંતામણિ' પરના બાલાવબોધ (લે. ઈ.૧૬૯૧)ના કર્તા.

સંદર્ભ : ડિકેટલૉગભાવિ. [કી.જો.]

નરસિંહ—૩ [ઈ. ૧૬૯૮ સુધીમાં] : કવિ પોતાને 'નરસિંહનવલ' તરીકે ઓળખાવે છે પરંતુ તેમાં 'નવલ' શબ્દ શું સૂચવે છે તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્પષ્ટ થતું નથી. તેમણે ૬૭ કડવે આંબૂરી રહેતી 'ઓખાહરણ' (લે. ઈ. ૧૬૯૮) નામની કૃતિની રચના કરી છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ☐ ૨. ગૂહાયાદી. [કી.જો.]

નરસિંહ–૪ [ઈ. ૧૭૬૯માં હયાત] : કવિ 'વીરક્ષેત્ર' એટલે કે વડોદરાના વતની જણાય છે. 'બોડાણા-ચરિત્ર' (૨.ઈ. ૧૭૬૯/સં. ૧૮૨૫, માગશર વદ ૧૧, શનિવાર)ના કર્તા. કર્તાને રવિસુત કહેવામાં આવ્યા છે તે ભૂલ છે.

સંદર્ભ : ૧. કદલસૂચિ; ૨. ગૂહાયાદી. [કી.જો.]

નરસિંહદાસ–૧ [ઈ. ૧૬૫૨માં હયાત] : જૈનશ્રાવક. દુહા-ઢાળબદ્ધ ૩૩ કડીના '(મગસીમંડન)પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૬૫૨ / સં. ૧૭૦૮, પોષ વદ ૧૩; મુ.)ના કર્તા. કૃતિનો રચનાસંવત ભૂલથી સં. ૧૭૭૮ જણાવાયો છે.

કૃતિ : ૧. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ઈ.૧૯૩૯–'(શ્રી) મક્ષીજી-મંડન પાર્શ્વનાથ-સ્તવન', સં. જ્ઞાનવિજયજી (+ સં.); ૨. એજન, ફેબ્રુ. ૧૯૪૮.–'(સં. ૧૭૭૮માં શ્રી નરસિંહદાસ વિરચિત) મગસીમંડન જિનસ્તવન' સં. જ્ઞાનવિજયજી (+ સં.). [શ્રા.ત્રિ.]

નરસિંહદાસ–૨ [ઈ. ૧૭૫૬ સુધીમાં] : ૨૦૦૦ ગ્રંથાગ્રના 'ભાગવત-હરિલીલા' (લે. ઈ. ૧૭૫૬)ના કર્તા. જુઓ નરસિંગદાસ.

સંદર્ભ : ૧. પ્રાકૃતિઓ; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨ [કી.જો.]

નરસિંહરામ [[: પિતાનામ મકન. 'માતાકાલ-ગણજીના છંદ'ના કર્તા. જુઓ નરસીરામ.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

નરસી [ઈ. ૧૮૦૨માં હયાત] : ક્ષત્રિય. 'ઉત્પાત–અડસઠી' (૨. ઈ. ૧૮૦૨)ના કર્તા.

સંદર્ભ : ડિકેટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

નરસીરામ [ઈ. ૧૭૮૨ સુધીમાં] : ૫ કડીનું 'અફીણિયાનું કવિત' (લે. ઈ. ૧૭૮૨)ના કર્તા. જુઓ નરસિંહરામ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧ [કી..જો]

નરહરિ(દાસ) [ઈ.૧૭મી સદી] : જ્ઞાનમાર્ગી કવિ. અનુશ્રુતિ મુજબ જ્ઞાતિએ કડવા કણબી. પોતાને વડોદરાના વાસી કહે છે પણ મૂળ એ બાવળા કે દહેગામના હોવાનું નોંધાયું છે, જેનો આધાર સ્પષ્ટ નથી. એક લોકપ્રચલિત દુહામાં અખાભગત, બુટિયા અને ગોપાળની સાથે એમનો જ્ઞાનમાર્ગી ધારાના કવિ તરીકે ઉલ્લેખ થાય છે, પણ એમની કૃતિઓ ઈ.૧૬૧૬થી ઈ.૧૬૫૩ સુધીનાં રચનાવર્ષો બતાવે છે, તેથી એ અખાના નજીકના પુરોગામી કવિ ઠરે છે.

પોતાની કૃતિઓમાં પરમ કરુણાળુ, સ્વસ્થ, ધીર અને નમ્ર સંત તરીકે પ્રતીત થતા નરહરિમાં અખાના જેવું દુરાચાર અને મિથ્યાચારને ભાંડવાનું આકરાપણું નથી. એમના તત્ત્વવિચારમાં અંતે આપરોક્ષાનુભૂતિનું મહત્ત્વ છે ને કર્મ, ઉપાસના, કાયાકલેશ આદિ બાહ્ય સાધનોને એમણે આવશ્યક લેખ્યાં નથી, પરંતુ વૈષ્ણવી સગુણ ભક્તિનો એ આદર કરે છે એ જોતાં સગુણથી નિર્ગુણ તરફ એમનો વિકાસ થયો હોય એમ લાગે. એ રીતે વિચારીએ તો 'હરિલીલામૃત', 'ભક્તિ-મંજરી' અને 'ગોપીઉદ્ધવ-સંવાદ' એ 'જ્ઞાનગીતા' અને 'પ્રબોધ-મંજરી' પહેલાંની કૃતિઓ હોવાનું તથા 'પ્રબોધ-મંજરી' એ વેદાંતી જ્ઞાનમાર્ગી ધારાની કૃતિ રચવાનો 'જ્ઞાન ગીતા' પૂર્વેનો પહેલો પ્રયત્ન હોવાનું અનુમાન કરી શકાય. 'કક્કો', 'વિનંતી', આનંદ-રાસ', 'સંતનાં લક્ષણ' જેવી પ્રકીર્ણ કૃતિઓ પ્રૌઢ અને દૃઢ બંધવાળી રચનાઓની પહેલાં સર્જાઈ હોય એમ બને, તો 'હસ્તામલક'ની વિષયનિરૂપણની વ્યવસ્થિત યોજના અને પ્રૌઢિ એ કૃતિ નરહરિની છેલ્લી કૃતિ હોવાનું માનવા પ્રેરે.

૩૬૦ પંક્તિની ચોપાઈબદ્ધ 'હરિલીલામૃત'(મુ.) નરહરિની સગુણ-નિર્ગુણની મિશ્રાભૂમિકા વ્યક્ત કરે છે એમાં કોઈ શંકા નથી. એક બાજુથી જ્ઞાનમાર્ગી પરંપરામાં મળતાં નિરંજનદેવની સ્તુતિ, બ્રહ્મજ્ઞાની ને વિદેહીનાં લક્ષણો, આત્મભાવના અનુભવનું મહત્ત્વ વગેરે તત્ત્વો છે, તો બીજી બાજુથી કવિ સાધુના પરિત્રાણાર્થે પરબ્રહ્મરૂપ હરિ અસંખ્ય અવતાર ધારણ કરે છે એમ કહી દશાવતારનું વર્ણન કરે છે અને નવધા ભક્તિ કરનારા ભક્તોનાં દૃષ્ટાંતો આપી ભજનાનંદનો મહિમા કરે છે. સમગ્ર ઉદ્ધવપ્રસંગને આલેખતા ૭ કડવાંનાં 'ગોપીઉદ્ધવ-સંવાદ' (મુ.)માં ગોપીઓના પ્રેમક્ષલણા ભક્તિના ભાવોને હૃદયંગમ અભિવ્યક્તિ અપાયેલી છે ને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવા આવેલા ઉદ્ધવ એનાથી પ્રભાવિત થઈ જતા બતાવાયેલા છે, પરંતુ અંતે કૃષ્ણ ગોપીઓને કુલક્ષેત્રમાં મળે છે તે વ્યાપક પરબ્રહ્મની અદ્વૈતાનુભૂતિ તરીકે વર્ણવાય છે. કવિએ પોતે સ્તોત્ર તરીકે ઓળખાવેલી ૩૧૫ કડીની 'ભક્તિમંજરી'માં કવિ નિર્ગુણ, નિરાકાર, નિરંજન વિશ્વવ્યાપક મલારાજને કૃષ્ણ અને રામ તરીકે ઓળખાવી રામભક્તિનો મહિમા ગાય છે ને એમ નિર્ગુણ–સગુણની એકતા દર્શાવે છે.

ચોપાઈની ૧૩૦ કડીની 'પ્રબોધ-મંજરી'(મુ.) આત્મવિદ્યાનો બોધ કરતી કૃતિ છે, પણ એમાં વેદાંતી પરંપરાનાં જ્ઞાન, વૈરાગ્ય અને વિવેક એ સાધનોના મહિમાની સાથે સાથે વૈષ્ણવી સગુણોપાસનાનો પણ પુરસ્કાર થયેલો છે. પણ નરહરિના જ્ઞાનવિચારને પ્રૌઢ અને પરિપક્વ અભિવ્યક્તિ મળી છે 'જ્ઞાન-ગીતા'માં(૨.ઈ. ૧૬૧૬/સં.૧૬૭૨, કારતક સુદ ૧, ગુરુવાર; મુ.)માં. પૂર્વછાયા અને દેશીબંધનાં ૧૭ કડવાં અને ૩૪૨ કડીની આ કૃતિ ઉદ્ધૃત થયેલા જણાતાં સંસ્કૃત શ્લોકોના અર્થવિસ્તાર રૂપે રચાયેલી છે ને વેદાંતી વિચારધારાના સર્વ મહત્ત્વના વિષયોને આવરી લે છે. ક્યાંય પણ સહજયોગની સાધનાને પુરસ્કારતા કવિ બ્રહ્માનુભવનો જે ક્રમિક વિકાસ દર્શાવે છે તેમાં પહેલી ભૂમિકા ભક્તિની છે. કાવ્યમાં કવિનું તત્ત્વજ્ઞાન દૃષ્ટાંતબળ, 'નિર્વાણવાણી' ને અવળવાણીના વિનિયોગ તથા પ્રાસાદિકતાથી સુબોધ બન્યું છે ને કેટલાંક હૃદ્ય નિરૂપણો પણ આપણને પ્રાપ્ત થાય છે. 'શિવ-ગીતા' તરીકે પણ ઓળખાવાયેલી અને ઉમા-મહેશ્વર વચ્ચેના સંવાદ રૂપે રચાયેલી ચોપાઈની ૫૦૧ કડીની 'હસ્તામલક' (૨.ઈ૧૬૫૩/સં.૧૭૦૯, ચૈત્ર સુદ ૧૧) શાંકરી વિદ્યા એટલે કે બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરતી કૃતિ છે. યોગમાર્ગ, સૃષ્ટિની ઉત્પત્તિ અને બ્રહ્મજ્ઞાનના સ્વરૂપને વિસ્તારથી વર્ણવતી આ કૃતિમાં ગંગા, જમના ને સરસ્વતીનું યૌગિક અર્થઘટન થયું છે, લોમાદિને પણ આભ્યંતર કર્મ તરીકે ઘટા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં છે તે બધું લાક્ષણિક રીતે ધ્યાન ખેંચે છે. આ ગ્રંથ સવિશેષ વિચારપ્રૌઢી ને શાસ્ત્રીયતાથી ભરેલો છે.

'તીવ્ર વૈરાગ્ય' આદિ ૧૦ પ્રકરણોમાં વહેંચાયેલ 'વાસિષ્ઠસાર-ગીતા' (૨.ઈ૧૬૧૮/સં.૧૬૭૪, મહા સુદ ૧૦, રવિવાર, 'લઘુયોગ-વાસિષ્ઠ'ના અનુવાદરૂપ કૃતિ છે. તે ઉપરાંત નરહરિએ અનુવાદરૂપ ભગવદ્-ગીતા' (૨.ઈ.૧૬૨૧/સં.૧૬૭૭, શ્રાવણસુદ ૧૦, રવિવાર; મુ.) પણ રચેલી છે. નરહરિ મૂળ કૃતિનું માત્ર ભાષાન્તર આપતા નથી, પણ કૃતિના તત્ત્વાર્થને સ્ફુટ ને સુગ્રાહ્ય કરવા, જરૂર લાગે ત્યાં, ગાંઠનું ઉમેરીને, દૃષ્ટાંતો યોજીને, યથોચિત વિસ્તાર કરે છે. આમ, 'ભગવદ્-ગીતા'ના ૭૦૦ શ્લોકોને એમણે ૧૧૫૬ કડીઓમાં વિસ્તાર્યા છે. એમ કરવામાં એમણે શ્રીધરસ્વામીની 'સુબોધિની' ટીકાનો ઉપયોગ કર્યો હોવાનું અનુમાન થયું છે.

નરહરિની લઘુ કૃતિઓમાં ૩૬ કડીનો 'કક્કો'(મુ.) આત્મ-જ્ઞાનનું જ બહુ વ્યવસ્થિત નહીં એવું નિરૂપણ કરે છે. ૨૫ કડીની 'આનંદ-રાસ'(મુ.) જ્ઞાનભક્તિબોધની કૃતિ છે. કૃષ્ણઉદ્ધવ સંવાદ-રૂપની ૧૩ કડીની 'સંતનાં લક્ષણ' (મુ.) મોટી રચના તરીકે પછીથી 'જ્ઞાન-ગીતા'માં સમાવિષ્ટ થઈ હોવાનું જણાય છે. નરહરિને નામે 'માસ', 'વિનંતી' અને 'જ્ઞાનરમેણી' નોંધાયેલ છે, તેમાંથી 'વિનંતી'નું કર્તૃત્વ એમનું જ હોવાનું નિ:સંદિગ્ધપણે કહેવાય એમ નથી. નરહરિનાં, વૈષ્ણવસંસ્કારને કારણે 'કીર્તનો' તરીકે ઓળખા-યેલાં પદો (૨ મુ.) મળે છે, જેમાં જ્ઞાનમાર્ગી પરંપરા અનુસાર અધ્યાત્મજ્ઞાન અને ભક્તિનું છટાદાર રીતે નિરૂપણ થયું છે.

કૃતિ : ૧. કવિતારૂપ વસિષ્ઠસાર, સં. વૃજભૂષણ દ. જ્યોતિષી, ઈ.૧૮૬૯; ૨. (નરહરિકૃત) જ્ઞાનગીતા, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, અનસૂયા ભૂ. ત્રિવેદી, ઈ.૧૯૬૪ (+ સં.), ૩. એજન સં. સુરેશ હ. જોષી ઈ.૧૯૭૯ (+ સં.); ૪. પ્રાકામાળા : ૩૨ (+ સં.); ૫. વસિષ્ઠસાર-ગીતા, સં. છગનલાલ કે. મહેતા, –; □ ૬. પદ-સંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ.૧૮૮૫; ૭. સગુકાવ્ય (+ સં.); □ ૮. સાહિત્ય, માર્ચ ૧૯૩૩–'નરહરિકૃત પ્રબોધમંજરી', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. અસાંપરંપરા; ૨. કવિચરિત : ૧-૨; ૩. ગુસા–ઈતિહાસ : ૨; ૪. પાંગુહસ્તલેખો; □ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. ગૂહાયાદી; ૭. ડિકેટલૉગબીજે; ૮. ડિકેટલૉગભાવિ; ૯ ફોહ-નામાવલિ. [સુ.જો.]

નરેન્દ્રકીર્તિ [ઈ. ૧૫૯૬માં હયાત] : દિગંબર જૈન સાધુ. સકલ-કીર્તિની પરંપરામાં સકલભૂષણના શિષ્ય. **'અંજના-રાસ'** (૨.ઈ. ૧૫૯૬/સં.૧૬૫૨, માગસર સુદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

નરેન્દ્રદાસ(મહારાજ) [ઈ.૧૭૯૫માં હયાત] : જ્ઞાનમાર્ગી કવિ. તલોદ(તા. વાગરા)ના વતની અને જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. પિતા તળજાભાઈ. ઈ.૧૭૯૫માં નિરાંત પાસેથી ઉપદેશ લીધો અને તલોદની જ્ઞાનગાદીના આચાર્ય થયા. તેમનાં મુખ્યત્વે ગુરુમહિમા વર્ણવતાં ૧૦ પદો અને આત્મજ્ઞાન તથા વૈરાગ્યનો બોધ આપતાં ૩ છપ્પા(મુ.) મળે છે.

કૃતિ : ગુમુવાણી (+ સં.). [કે.દ]

નરોત્તમ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના ભક્ત કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

નરોહર [ ] : ૪ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : ભસાસિંધુ. [કી.જો.]

નરોહરિ [ઈ.૧૭૩૦માં હયાત] : જ્ઞાતિએ સારસ્વત બ્રાહ્મણ. હાલારના સરપડદના વતની. સગાળશાની પ્રચલિત કથાને સાદા દેશીબંધમાં નિરૂપતા **'ચેલૈયાનું આખ્યાન'**(૨.ઈ.૧૭૩૦) એ કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; □ ગૂહાયાદી. [કી.જો.]

નર્બદ [ઈ. ૧૪૧૪માં હયાત] : જૈન સાધુ. સોમસુંદરસૂરિના શિષ્ય. તપગચ્છના સોમસુંદરસૂરિના શિષ્ય હોય તો તેમનો સમય ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ ગણાય. તેમના નામે ૪૧ કડીનો **'વિમલમંત્રી-રાસ'** (૨.ઈ.૧૪૧૪/સં.૧૪૭૦, ફાગણ,–સોમવાર) મળે છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

નર્બુદાચાર્ય/નર્મદાચાર્ય [ઈ.૧૬મી સદી અંત ભાગ –ઈ.૧૭મી સદી આરંભ] : તપગચ્છની કમલકલશ શાખાના જૈન સાધુ. કનક કલશના શિષ્ય. ઈ.૧૬૦૪માં તેમણે પ્રત લખેલી છે. એમણે **'કોકશાસ્ત્ર** ચતુષ્પદી/કોકકલા-ચોપાઈ'(૨.ઈ. ૧૬૦૦/સં.૧૬૫૬, આસો સુદ ૧૦, બુધવાર) તથા 'યોગમુક્તાવલી'નો ગદ્યપદ્ય-અનુવાદ રચેલ છે. **'નર્મદ'**ને નામે મળતી ૧૪ કડીની **'શાલિભદ્ર-ભાસ'** પણ આ જ કવિની કૃતિ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; □ ૨. ગૂહાયાદી; ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. ડિકેટલૉગબીજે; ૫. મુપુગૂહસૂચી; ૬. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નલ [ઈ.૧૭૧૦ સુધીમાં] : જૈન. ૧૬ કડીની **'અફીણઅવગુણ-સઝાય'** (લે.ઈ.૧૭૧૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

'નલદવદંતી–ચરિત્ર' : ૫ ઢાળ અને ૬૩/૭૪ કડીની આ અજ્ઞાત-કર્તૃક રાસકૃતિ (લે.ઈ.૧૪૮૩; મુ.) એની પ્રાચીનતાને કારણે નોંધપાત્ર બને છે. નલકથાની જૈન તેમ જ જૈનેતર પરંપરાનો ઉપયોગ કરતી આ લઘુ કૃતિમાં કથાનું સરલીકરણ છે ને ઘણા પ્રસંગો માત્ર ઉલ્લેખથી કહેવાયા છે. પણ કવિએ સત્કર્મ વિશેનું દવદંતીનું ચિંતન તેમ દવદંતીને એના માતાપિતાની તથા નળને એના પિતાની શિખામણો તો જરા વીગતથી આપી છે ને નળે કરેલા ત્યાગ પછી દમયંતીનો વિલાપ ૧ આખી ઢાળમાં આંતર-યમકવાળી ભાવાર્દ્ર પદરચનાની મદદથી નિરૂપ્યો છે. વરવહુ કંસાર ખાય છે ત્યારે એની સુગંધથી આણવરની દાઢ ગળે છે એવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનોદવચન અને કુબેર કોઈ તપસ્વી પાસેથી દ્યુતવિદ્યા મેળવી નળને હરાવે છે એવું અન્યત્ર ક્યાંય ન મળતું પ્રસંગકથન લક્ષ ખેંચે છે.

કૃતિ : (મહીરાજકૃત)નલદવદંતીરાસ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૫૪(+ સં.).

સંદર્ભ : ૧. નકવિકાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજ્ઞાસૂચિ : ૧. [જ.કો.]

'નલદવદંતી–પ્રબંધ' [૨.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, આસો વદ ૬, સોમવાર] : જયસોમશિષ્યવાચક ગુણવિનયની આ કૃતિ(મુ.) આરંભના દુહા-ચોપાઈ ઉપરાંત દેશીની ૧૬ ઢાળો અને કુલ ૩૫૩ કડીમાં રચાયેલી છે. આ નાનકડી કૃતિમાં કવિએ અન્ય ભવોની કથાઓ આપી નથી તેમ જ સ્વયંવરના પ્રસંગથી જ કથાનો આરંભ કરી મુખ્ય પ્રસંગો જ ટૂંકમાં આલેખ્યા છે. કવિ જૈન પરંપરાની નલ-કથાને અનુસર્યા છે તેથી અહીં હંસ અને કલિની તથા તેને અનુષંગે મત્સ્યસંજીવન આદિ પ્રસંગોની ગેરહાજરી છે, તે ઉપરાંત નલને દ્યુતનું વ્યસન પહેલેથી જ હતું તેવું આલેખાયું છે. કવિનો આશય શીલમહિમા ગાવાનો છે તેથી દવદંતીના શીલપ્રભાવને વર્ણવવા તરફ તેમણે વિશેષ લક્ષ આપ્યું છે. રચના ટૂંકી હોવા છતાં કવિએ કયાંક કયાંક સરસ પ્રસંગવર્ણન કરવાની તક લીધી છે. જેમ કે, આરંભમાં ૫૦થી વધુ કડીમાં સ્વયંવરનો પ્રસંગ વીગતે અને આલંકારિક શૈલીમાં વર્ણવાયો છે. લગ્ન પછી રથમાં જતી વખતે નલ દવદંતીની લજ્જા છોડાવે છે તે પ્રસંગનું કવિએ કરેલું વર્ણન પણ રસિક અને તાજગીભર્યું છે. આંતરયમક વગેરેથી ઓપતા વર્ણવિન્યાસ, અર્થપૂર્ણ અલંકારો, સંસ્કૃત પદાવલિ ને સમાસરચના તથા તળપદા કહેવતો-રૂઢિપ્રયોગો વગેરેમાં કવિની શૈલીની પ્રૌઢિ વરતાય છે. [ભા.વૈ.]

'નળદમયંતીરાસ'–૧ [૨.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, પોષ સુદ ૮, મંગળવાર] : ૧૬ પ્રસ્તાવ અને દેશી ઢાળો ઉપરાંત ચોપાઈ, દુહા, સોરઠા આદિ અન્ય છંદોની લગભગ ૨૪૦૦ કડીનો નયસુંદરકૃત આ રાસ (મુ.) માણિક્યદેવસૂરિના સંસ્કૃત મહાકાવ્ય 'નલાયન' પર આધારિત છે અને તેથી 'નલાયન-ઉદ્ધાર-રાસ' તરીકે પણ ઓળખાવાયો છે. 'નલાયન' પોતે મહાભારતની અને જૈન પરંપરાની કથાના સમન્વયનો પ્રયાસ છે અને તેને અનુસરતી આ કૃતિ જૈન પરંપરાની રાસકૃતિઓમાં જુદી ભાત પાડે છે. 'નલાયન'ને અનુ-સરવા છતાં કવિએ કેટલાક ફેરફારો પણ કર્યા છે. જેમ કે, દંડકારણ્યની ઉત્પત્તિની કથા જેવા સત્તરેક નાના મોટા પ્રસંગો જતા કર્યા છે, તો 'હરિવંશ-પુરાણ'માંથી કદુર્વનિતાનું દૃષ્ટાંત વગેરે કેટલાંક ઉમેરણો કર્યાં છે. કવિએ કયાંક કથાનાં પાત્રોનાં નામો અને સંબંધો પણ ફેરવ્યાં છે.

પરિસંખ્યા અને શ્લેષ અલંકારોનો આશ્રય લઈ થયેલું નળની રાજ્યસમૃદ્ધિનું, ઝડઝમકભરી પદરચનાનો આશ્રય લેતું નળનું વગેરે જેવાં કેટલાંક વર્ણનો ધ્યાનાર્હ બન્યાં છે તેમ નળદમયંતીની વિયોગા-વસ્થાનાં ચિત્રણો પણ ભાવપૂર્ણ અને કાવ્યસ્પર્શવાળાં બન્યાં છે. દમયંતીનો કરુણ વિલાપ વિવિધ દેશીઓ ને ધ્રુવાઓવાળાં કેટલાક સુંદર ગીતોમાં રજૂ થયો છે.

દૃષ્ટાંતની સહાયથી પ્રસંગેપ્રસંગે અપાયેલો બોધ અને સ્થળેસ્થળે પ્રાકૃત, અપભ્રંશ, હિંદી, ફારસી, ગુજરાતી સુભાષિતોની ગૂંથણી આ કૃતિની તરી આવતી લાક્ષણિકતા છે. અનેક ગ્રંથોમાંથી લીધેલાં સુભાષિતો કવિની વિદ્વત્તા અને બહુશ્રુતતાની સાખ પૂરે છે તે ઉપરાંત કવિનો વિવિધ ભાષાપ્રયોગશોખ પણ નોંધપાત્ર છે. અન્ય ભાષાનાં સુભાષિતોનો કેટલીક વાર ગુજરાતી અનુવાદ અપાયો છે.

ધર્મબોધનો વારંવાર પ્રગટ થતો હેતુ, અતિવિસ્તારી કથાકથન અને કયારેક વાગાડંબર અને શબ્દવિલાસમાં સરી પડતી ભાષાભિ-વ્યક્તિ આ કૃતિની અન્ય લાક્ષણિકતાઓ છે. [કા.શા.]

'નલદવદંતીરાસ'–૨ [૨.ઈ.૧૫૫૬/સં.૧૬૧૨, ભાદરવા સુદ ૯] દુહા, ચોપાઈ આદિ માત્રામેળ છંદો અને દેશી ઢાળોની ૧૨૫૪ કડીમાં બંધાયેલો મહીરાજકૃત આ રાસ(મુ.) બહુધા હેમચંદ્રના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માંની જૈન પરંપરાની કથાને અનુસરે છે ને કેટલાંક નિરૂપણો ને કલ્પનાઓમાં પુરોગામી કવિ ઋષિ-વર્ધનનો તથા દેવપ્રભસૂરિકૃત 'પાંડવચરિત્ર'નો પ્રભાવ બતાવે છે.

પૂર્વેના કવિઓ કરતાં મોટું કદ ધરાવતા આ રાસમાં નલ-દવદંતીના પૂર્વભવના પ્રસંગો થોડી વીગતે વર્ણવાયા છે, દૃષ્ટાંતો ને સુભાષિતોની મદદથી વારંવાર ને કંઈક વિસ્તારથી ધર્મોપદેશ ને વ્યવ-હારજ્ઞાન અપાયાં છે ને પરંપરાગત વર્ણનોનો આશ્રય લેવાયો છે. એ વર્ણનોમાં દવદંતીના વિરહને સંદર્ભે થયેલું જનજીવનની વાસ્તવિક રેખાઓને વાણી લેતું ઋતુવર્ણન જેવાં કેટલાંક વર્ણનો ધ્યાન ખેંચે છે. [ભો.સાં.]

'નલદવદંતીરાસ'–૩ [૨.ઈ.૧૬૧૭] : ખરતરગચ્છના ઉપાધ્યાય સકલચંદ્રના શિષ્ય સમયસુંદરની ૩૮ ઢાળ અને ૬ ખંડમાં વિભક્ત આ કૃતિ(મુ.)માં 'પાંડવચરિત્ર' અને 'નેમિચરિત્ર'ની જૈન નલકથાને કવિ અનુસર્યા હોવાથી નલ-દવદંતીની જૈન પરંપરામાં પ્રચલિત કથા જ મળે છે. નલ અને દવદંતીના ભવથી કથાની શરૂઆત કરી તેમના પૂર્વજન્મની વાત વચ્ચે સંક્ષેપમાં કહી દેવાને લીધે ને છઠ્ઠા ખંડમાં તેમના પછીના ભવની વાત વિસ્તારથી કહેવાને લીધે કવિ પુરોગામીઓથી જુદા ફંટાય છે. એનાથી છઠ્ઠો ખંડ આખી કૃતિમાં મૂળ કથાપ્રવાહથી જુદો પડી જતો લાગે છે. શૃંગાર, કરુણ, અદ્‌ભુત ને શાંત રસનું નિરૂપણ પ્રસંગોપાત કૃતિમાં થયું છે તોપણ કોઈ એક રસ કૃતિના કેન્દ્રમાં હોય એમ કહી શકાય એવું નથી. એટલું જ નહીં કેટલીક ભાવપૂર્ણ પરિસ્થિતિઓને જેટલી ખીલવવી જોઈએ તેટલી કવિએ ખીલવી પણ નથી. વર્ણનોય બહુધા પ્રણાલિકાનુસારી છે. તો પણ નળ અને કુબરના દ્યુતનો પ્રસંગ, નળ અને દવદંતી વચ્ચેનો આનંદપ્રમોદ, દવદંતીનો ત્યાગ કરતી વખતે નળના ડાબા અને જમણા હાથ વચ્ચે થતા સંવાદ દ્વારા વ્યક્ત થયેલો નળનો દ્વિધાભાવ ઇત્યાદિ ઘણી જગ્યાએ કવિનું આલેખન પોતાની આગવી ચમત્કૃતિ ધારણ કરે છે. મારવાડી અને ફારસી શબ્દોની અસર કૃતિની શૈલીમાં અનુભવાય છે. [જ.ગા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'નલરાય/દવદંતીચરિતરાસ' [ર.ઈ.૧૪૫૬] : દુહા, ચોપાઈ અને દેશીની ૩૨૧ કડીમાં નિબદ્ધ, અંચલગચ્છના જયકીર્તિસૂરિના શિષ્ય ઋષિવર્ધનસૂરિની આ કૃતિ(મુ.) ગુજરાતીમાં કવિ ચંપના આ વિષયના સૌ પ્રથમ રાસ પછી આવતી લોઈ અને અનુગામી મહીરાજ અને મેઘરાજના રાસો પર એની અસર પડેલી લોઈ ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર કૃતિ બને છે.

પ્રમાણમાં નાનકડી આ કૃતિમાં પણ આરંભમાં નળદમયંતીના ૨ પૂર્વભવોની કથા થોડા વિસ્તારથી વર્ણવાઈ છે, અને અંતે ૧ ઉત્તરભવનો ટૂંકમાં ઉલ્લેખ થયો છે. આ ઉપરાંત, અહીં ઉલ્લેખાયેલા દેવલોકના ૩ ભવોની કથા સાથે નળદમયંતીના કુલ ૭ ભવોની કથા આપણને મળે છે.

કથાવસ્તુ માટે કવિએ હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત' અને રામચંદ્રસૂરિકૃત'નલવિલાસ-નાટક'નો આધાર લીધો છે. તેમાં ભીમ રાજાએ મોકલેલો બ્રાહ્મણ નળદમયંતીની કથાનું નાટક ભજવીને હુંડિક એ જ નળ છે એમ શોધી કાઢે છે તે 'નલ-વિલાસ-નાટક' આધારિત ઘટના આપણને માત્ર ઋષિવર્ધનના આ ગુજરાતી રાસમાં જ મળે છે. બીજી બાજુથી નળના દૂત તરીકે કામ કરતા હંસના વૃત્તાંતનો સદંતર અભાવ પણ ધ્યાન ખેંચે છે. નળરાજાની બહેન નવરંગ ચૂંદડી ઓઢી લૂણ ઉતારે છે, સુખમાં જીવન પસાર કરતાં નળદમયંતીને પિતા નિષધદેવ દેવલોકમાંથી આવી કેટલીક સચોટ શિખામણ આપે છે વગેરે કેટલીક નાની વીગતો આ કાવ્યમાં નવી મળે છે. તેમાં સમયનું પ્રતિબિંબ ઝીલવાની કે જીવનબોધ આપવાની કવિની વૃત્તિ દેખાય છે. છેલ્લા ભવમાં દમયંતી ગૃહસ્થજીવનમાં જ કેવળજ્ઞાન પામી મોક્ષ મેળવે છે, એ વાત પણ ધ્યાનાર્હ છે. કદની દૃષ્ટિએ નાના આ રાસમાં કવિને પાત્ર, પ્રસંગ કે રસના નિરૂપણમાં ઝડપ રાખવી પડી છે તેમ છતાં દમયંતીનું રૂપસૌંદર્ય, નળનો જન્મમહોત્સવ, નળ અને દધિપર્ણે પરસ્પર વિદ્યાઓનો કરેલો વિનિમય અને નળની કસોટીઓ વગેરેના વર્ણનમાં કવિ કેટલોક કાવ્યગુણ લાવી શક્યા છે. એકંદર કવિનું વકતવ્ય સચોટ અને લાઘવયુકત રહ્યું છે એ પણ લાભ છે. [શ્રા.ત્રિ.]

'નળાખ્યાન'–૧ [ર.ઈ.૧૬૮૬] : આખ્યાનના કાવ્યપ્રકારને ઉત્કૃષ્ટ-તાએ પહોંચાડનાર કવિ પ્રેમાનંદનું એમના સર્જનકાળના અંતભાગમાં રચાયેલું ૬૪ (જુદી જુદી હસ્તપ્રતો પ્રમાણે ૬૦-૬૧) કડવાંનું આખ્યાન (મુ.). મહાભારતના 'નલોપાખ્યાન'ની જેમ આ કૃતિનોય પ્રધાનરસ કરુણ છે. પરંતુ કરુણને પોષક બને એ રીતે કૌશલપૂર્વક શૃંગાર અને હાસ્યને નિષ્પન્ન કરી કવિએ પુરોગામીઓથી ભિન્ન એવી કાવ્યરસથી છલકાતી કૃતિનું નિર્માણ કર્યું છે.

પહેલાં ૩૦ કડવાંમાં હંસ પક્ષીની મધ્યસ્થી દ્વારા નળદમયંતીના હૃદય એક થાય છે અને ઈન્દ્ર, વરુણ, અગ્નિ અને યમ એ ચાર દેવોની દમયંતીને પરણવાની ઈચ્છા છતાં દમયંતી નળ સાથે લગ્ન કરે છે એ પ્રસંગો આલેખી કવિએ શૃંગારની નિષ્પત્તિ કરી છે. જો કે શૃંગારનું આ આલેખન અલૌકિક પ્રેમથી ગૂંથાયેલા દંપતી કેવાં દુ:ખગ્રસ્ત થાય છે એમ સૂચવી કરુણને વધારે વેધક બનાવે છે.

'મોસાળ પધારો રે. . . . . લાડકવાયાં બે બાળ' એ હૃદયદ્રાવક ઉદ્‌ગારથી આરંભાતો કરુણરસ ૨૨ કડવાં સુધી વધુને વધુ સઘન થતો જાય છે. પડમા કડવાના હાસ્યરસના ઉછાળાઓ સાથે વળાંક આવે છે અને નાયકનાયિકાનું પુનર્મિલન નિર્વહણસંધિનાં થોડાં કડવાંમાં રચાય છે.

શૃંગારની વિડંબનાના પ્રસંગ ઊભા થાય છે ત્યાં પ્રેમાનંદની આગવી હાસ્યનિષ્પત્તિની શક્તિ ખીલી ઊઠે છે, સ્વયંવરમાં દેવોની અને બીજા 'સ્વયંવર' વખતે ઋતુપર્ણની દમયંતીને વરવાની વરવી લોલુપતાના પ્રસંગોએ. બંને પ્રસંગે હાસ્ય પોતાની રીતે કરુણને ધાર આપી રહે છે. પોતાને પરણવા પડાપડી કરવા દેવોને જેણે અવગણ્યા તે દમયંતીને નળ વનમાં સૂતેલી તજે એ કરુણતા અછાની રહેતી નથી. બીજા 'સ્વયંવર'માં કોડભર્યા હકપૂર્વકના ઉમેદવાર ઋતુપર્ણ સાથે સાચા પ્રેમી 'પતિ'ને સારથિ રૂપે જવા વારો આવે એ કરુણતા ઓછી મર્મવેધક નથી.

નાયક-નાયિકા છૂટાં પડે છે ને ફરી મળવા પામે છે તે દરમ્યાન ગાઢ કરુણ વિપ્રલંભ અનુભવાય છે. એમાં નળ કરતાં દમયંતીની કરુણ દશા વધુ વ્યાથાકારક છે. મૂળ મહાભારતની કથામાં ન હોય એવા બે પ્રસંગો ઉમેરી કવિએ દમયંતીની કરુણ સ્થિતિને ઘેરી બનાવી છે. દેવવરદાનથી 'અમૃતસ્રાવિયા' બનેલા દમયંતીના કરથી નીપજેલી ગેરસમજનો પહેલો પ્રસંગ કવિને નાકરમાંથી મળ્યો છે. દમયંતીની સ્થિતિ એ દ્વારા દયામણી બને છે. બીજો ચોરચોરીનો પ્રસંગ સંભવ છે કે નલકથાની જૈન પરંપરામાંના રાજકુંવરીનાં રત્ન ચોરાયાના પ્રસંગ પરથી આવ્યો હોય. 'હરિ, હું કહીંએ નથી સમાતી' એ પદમાં દમયંતીની વેદના પરાકાષ્ઠાએ પહોંચે છે.

કૃતિમાં દમયંતીનું પાત્ર અનવદ્ય કંડારાયું છે. એના હૃદયની ઋજુતા અને તેની નળ પ્રત્યેના પ્રેમની સચ્ચાઈ ગમે તેવા વિકટ સંજોગોમાં પણ અકબંધ જળવાઈ રહે છે. બાહુક જ નળ છે એવી પ્રતીતિ થતાં 'નથી રૂપનું કામ હે ભૂપ મારા' એવા સહજ રીતે નીકળી પડેલા ઉદ્‌ગારના લયમાં જ તેના હૃદયનો ઉલ્લાસ ધબકે છે.

સૂતી પત્નીને વનમાં એકલી ત્યજવાના નળના ક્રૂર કર્મ પાછળ, દમયંતીના 'અમૃત સ્રાવિયા' કરને લીધે જન્મેલી ગેરસમજનો ફાળો જેવો તેવો નથી એ બતાવવામાં કવિની માનવસ્વભાવની સૂઝ ભલે પ્રગટ થતી હોય, પણ એ પ્રસંગે જે કર્કશ વાણીમાં તે દમયંતી સાથે વ્યવહાર કરે છે તેને લીધે અને બાહુકવેશે 'માંડયાં વિષયીનાં ચિહ્ન' એ એના વ્યવહાર વખતે નળનું પાત્ર ક્ષીણવાય છે, તેનું ધીરોદાત્તપણું નંદવાય છે.

ઋતુપર્ણના ઘોડાઓનું સ્વભાવોકિતયુકત ચિત્રણ, દમયંતીરૂપ-વર્ણન કે ક્ષુધા સમાવવા નિર્વસ્ત્ર બનેલા નળને જોઈ 'લાજ્યાં પંખી ને લાજ્યું વન' જેવી ઊર્જિત(સબ્લાઈમ)નો અનુભવ કરાવતી પંક્તિઓમાં કવિની ઉત્તમ વર્ણનશક્તિનો પરિચય થાય છે. એમાં કયારેક કેટલુંક કવિને પરંપરામાંથી મળ્યું હોય, કયારેક વસ્તુને અતિરંજિત બનાવવા જતાં ઔચિત્યનો ભોગ પણ લેવાયો હોય, તોપણ પ્રાસાનુપ્રાસ, શબ્દપસંદગી, વક્રોક્તિ, શૈલીલલેકા કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લય એમ દરેક બાબતમાં એકધારા ઊંચા કવિકર્મની પ્રતીતિ આ કૃતિમાં થાય છે.

જેને મહાકાવ્યની જોડે મૂકવા મન લલચાય એ કક્ષાની, પ્રેમાનંદની પ્રતિભાનું સફળ નૂર જેમાં ઝબકયાં કરે છે તેવી આ કૃતિ કવિની ઉત્તમ રચના તો છે જ, પરંતુ ગુજરાતી ભાષાનાં ગણતર ઉત્તમ પુસ્તકોમાં હંમેશ સ્થાનને પાત્ર લેખાશે. [ઉ.જો.]

'નલાખ્યાન'–૨ : ભાલણકૃત વલણ કે ઊથલા વગરનાં વિવિધ રાગવાળી દેશીઓનાં ૩૦/૩૩ કડવાંમાં રચાયેલું મધ્યકાલીન ગુજરાતી કવિતાનું નલવિષયક પહેલું આખ્યાન(મુ.). મહાભારતના આરણ્યકપર્વની 'નલોપાખ્યાન'ની કથાને અનુસરવાનું વલણ કવિનું વિશેષ રહ્યું છે, પરંતુ જ્યાં કવિએ વીગતને બદલી હોય કે વર્ણનોને વધારે વિસ્તારી નવી અલંકારછટા દાખવી હોય ત્યાં બહુધા શ્રીહર્ષના **'નૈષધીયચરિત્'** મહાકાવ્ય અને ત્રિવિક્રમના **'નલચંપૂ'**ની અસર ઝીલી છે. મૂળ કથાના પ્રસંગોને વિસ્તારી કૃતિને વધારે રસાવહ બનાવવાની શક્તિ પ્રેમાનંદ જેટલી કવિ દાખવતા નથી, તો પણ શૃંગાર અને કરુણ રસની કેટલીક જમાવટ કવિ કરી શકયા છે. અલબત્ત વનવાસ ભોગવતા યુધિષ્ઠિરના દુ:ખને હળવું કરવા બૃહદશ્વ ઋષિ દ્વારા કહેવાયેલી મૂળ કથા પ્રધાનપણે જેમ કરુણ છે તેમ અહીં પણ કરુણ રસ જ કેટલાંક મર્મસ્પર્શી પદોને લીધે વધારે પ્રભાવક છે. પાત્રોના પૌરાણિક ઉદાત્ત ચરિત્રને જાળવી રાખીને પણ તેઓ પ્રેમાનંદની નિરૂપણ કળાથી જુદા પડે છે.

આ કવિને નામે ૨૭/૨૮ કડવાંનું એક બીજું 'નળાખ્યાન' પણ મુદ્રિત રૂપે મળે છે, પરંતુ આ કૃતિની ઉપલબ્ધ ન થતી હસ્તપ્રત, સુરુચિને આઘાત પહોંચાડે એવા કેટલાક એમાં વ્યક્ત થયેલા વિચારો, કવિની અન્ય કૃતિઓથી જુદી પડી જતી કંઈક વિલક્ષણ શૈલી ઇત્યાદિ કારણોને લીધે આ રચના એમની નથી એ હવે નિશ્ચિત બન્યું છે. [શ્રા.ત્રિ.]

નવકૂંવર [ઈ.૧૮૪૧ સુધીમાં] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવયિત્રી. 'શ્રીનાથજીનું ધોળ' (લે.ઈ.૧૮૪૧)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

નળ : જુઓ નલ.

નંદ : આ નામે કેટલાંક જૈનેતર પદો અને ૧૬ કડીની 'ચૌદ સ્વપ્ન-સવૈયા' (લે.ઈ.સં. ૧૮મી સદી અનુ.) તથા **નંદસૂરિને** નામે ૪ કડીનું 'સિદ્ધાચલ/શત્રુંજયસ્તવન'(મુ.) એ જૈન કૃતિઓ મળે છે. આ નંદ કયા છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. નંદસૂરિ તે નન્નસૂરિ હોવાની પણ સંભાવના છે, કેમકે નન્નસૂરિની કૃતિઓ કેટલેક સ્થાને નંદસૂરિને નામે મળેલી છે. જુઓ નન્નસૂરિ.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈરસંગ્રહ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧ [કી.જો.; ૨.૨.દ.]

નંદદાસ : આ નામે કૃષ્ણભક્તિનાં હિંદી-ગુજરાતી પદો (કેટલાંક મુ.), 'વિરહમંજરી', 'અનેકાર્થમંજરી'–એ કૃતિઓ મળે છે. તેના કર્તા કયા નંદદાસ છે તે સ્પષ્ટપણે કહી શકાય એમ નથી.

કૃતિ : ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકેટલૉગબીજે; ૩. ડિકેટલૉગભાવિ; ૪. ફોહનામાવલિ [કી.જો.; શ્રા.ત્રિ.]

'નંદ–બત્રીસી' : પ્રધાનપત્ની પદ્મિનીના શામળની કલમના રૂઢ રૂપવર્ણનના અપવાદ સિવાય કવિતા કરતાં વાર્તાવસ્તુને કારણે રસપ્રદ બનેલી આ શામળની વાર્તા(મુ.) ચોપાઈ-દોહરા અને રોળા-ઉલ્લાલાના છપ્પાની બધી મળીને ૬૩૧ કડીમાં રચાયેલી છે. પ્રધાન વૈલોચનની રૂપવતી પત્ની પદ્મિનીના દેહના સ્પર્શથી સુવાસિત વસ્ત્રો તરફ દિવસે ભમરા આકર્ષાઈ આવતા. તેમના ત્રાસથી બચવા એ વસ્ત્ર ધોબી રાત્રે ધોતો હતો ત્યારે રાત્રિનગરચર્યાએ નીકળેલા રાજા નંદસેનને પ્રધાનપત્નીના સૌંદર્યની ધોબી પાસેથી જાણ થઈ. બીજે દિવસે પ્રધાનને કચ્છમાં ઘોડા લેવા મોકલી રાજા રાત્રે પ્રધાનને ઘેર ગયો. ગયો હતો કામાસક્તિથી પ્રેરાઈને, પણ ત્યાંના પોપટની દક્ષતાભરી વાણીથી તેમ પદ્મિનીના બોધક ઉપાયથી તેની કામવૃત્તિ વિગલિત થઈ ગઈ. "અર્ધું મન પોપટથી પળ્યું, અર્ધું નારીગુણથી ગળ્યું" અને "જાર આવ્યો તે જનક જ થયો, પસલી આપી મંદિર ગયો." ઘેર પાછો ફરેલો પ્રધાન, પોપટ તથા પદ્મિનીના તેમ જ તે પછી રાજાના તથા પદ્મિની અને તેના પિતાના પણ ખુલાસા ન સ્વીકારતાં શંકા અને દાઝથી પ્રેરાઈ જંગલમાં એકાંતમાં તેની નિદ્રાવશ અવસ્થામાં નંદ રાજાને કેમ મારી નાખે છે, તેનું પાપ કેમ છતું થાય છે અને અંતે પદ્મિનીનું સતીત્વ કેવા ચમત્કારથી સિદ્ધ થઈ રાજાને સજીવન કરે છે, તે વિસ્તારીને વર્ણવતી આ વાર્તા એના મધ્યકાલીન શ્રોતાઓની જેમ આજના વાચકોને ય પકડી રાખે તેવી છે. વાર્તામાં રાજા, પ્રધાન, પદ્મિની અને પોપટ એ ચારે મુખ્ય પાત્રોના મોંમાં સંસારજ્ઞાન અને વ્યવહાર-નીતિબોધના ઢગલાબંધ સુબોધક દોહરા-ચોપાઈ મૂકતાં કવિએ પાછું વાળીને જોયું નથી. પદ્મિનીના પિતાને ત્યાં પ્રધાનની શંકાના નિવારણાર્થે રમાતી પાસાબાજીમાં ૪ પાત્રો વડે ઉચ્ચારાતા ૨૦ અને વાવમાં પાણી પીવા જતાં રાજાએ અને પ્રધાને ૬–૬ વાર દીવાલ પર લખેલા ૧૨ એમ કુલ ૩૨ દોહરાને કારણે વાર્તાને **'નંદ-બત્રીસી'** નામ અપાયું છે. પાસાની રમતનો પ્રસંગ શામળની સ્વતંત્ર કલ્પનાનો ઉમેરો છે. પુરોગામી 'નંદ-બત્રીસી'ઓમાં એ નથી. [આ.રા.]

નંદયસોમ(સૂરિ) [ ] : જૈન સાધુ. ૧૦ કડીના 'ચોવીસ જિનલંછન-ચૈત્યવંદન' (મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩. [કી.જો.]

નંદલાલ–૧ [ઈ.૧૭૧૮ સુધીમાં] : 'નરસિંહ-ચરિત' (લે.ઈ.૧૭૧૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [કી.જો.]

નંદલાલ–૨ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ઋષિ રતિરામના શિષ્ય. **'લબ્ધિપ્રકાશ-ચોપાઈ'**(૨.ઈ.૧૮૪૭) તથા **'જ્ઞાનપ્રકાશ'**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨.ઈ.૧૮૫૦)ના કર્તા. નંદલાલને નામે 'રુક્મિણી (મંગલ)-ચોપાઈ/રાસ' (૨.ઈ.૧૮૨૦) મળે છે તે ઉક્ત નંદલાલ જ હોવાનું સમજાય છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

નંદલાલ–૩ [ ] : પિતાનું નામ માણેકલાલ. પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

નંદલાલ–૪ [ ] : શ્રાવક. 'ભરત વિષ્ણુકુમાર-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. દેસુરાસમાળા. [કી.જો.]

નંદસાગર [ ] : હિન્દીની અસરવાળી ગુજરાતી ભાષામાં રચાયેલ ૪ કડીની હોરી (મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [૨.૨.દ.]

નંદિવર્ધન(સૂરિ) [ઈ.૧૫૩૨માં હયાત] : રાજગચ્છના જૈન સાધુ. પદ્માનંદસૂરિના શિષ્ય. ઈ.૧૫૧૫નો એમનો પ્રતિમાલેખ મળે છે. એમણે 'યાદવ-રાસ' (૨.ઈ.૧૫૩૨) રચેલ છે.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૨, દર્શનવિજયજી વગેરે; ઈ.૧૯૬૦; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

નંદીસર [ ] : ૯ કડીના 'પ્રભાતેમંગલ' (મુ.) નામના પદના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧. [૨.૨.દ.]

નાકર(દાસ)–૧ [ઈ.૧૬મી સદી] : આખ્યાનકાર. વીકાના પુત્ર. જ્ઞાતિએ દશાવાળ વણિક. વડોદરાના વતની. એમની કૃતિઓ ઈ.૧૫૧૬થી ઈ.૧૫૬૮ સુધીનાં રચનાવર્ષો બતાવે છે તેથી એમનો કવનકાળ ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધમાં વિસ્તરે છે એમ કહેવાય. હરિહર ભટ્ટની કૃપાનો એમણે એક વખત ઉલ્લેખ કર્યો છે. તેમની પાસેથી એમણે કદાચ પૌરાણિક કથાઓનું જ્ઞાન મેળવ્યું હોય. આખ્યાનો રચીને એ વડોદરાના નાગર બ્રાહ્મણ મદનને કે એના પુત્ર (સંભવત: નહાન)ને પુણ્યવિસ્તારના હેતુથી લોકો સમક્ષ ગાઈ સંભળાવવા આપી દેતા હતા. પોતે સંસ્કૃત જાણતા નથી એમ કવિ કહે છે પરંતુ એમની કૃતિઓ પૌરાણિક કથાઓનું જે જ્ઞાન પ્રગટ કરે છે, કવિ કાલિદાસ, વાલ્મીકિ, વ્યાસ, શ્રીહર્ષ વગેરેથી પરિચિત જણાય છે ને એમની કૃતિઓમાં દીર્ઘ સમાસયુક્ત સંસ્કૃત પદાવલીનો પણ ઉપયોગ થયેલો જોવા મળે છે, તે બધું માત્ર શ્રૌત જ્ઞાનને આભારી હોવાનું માનવું કે કેમ તે પ્રશ્ન છે. કવિની કૃતિઓમાંથી એમનો બ્રાહ્મણો માટેનો પૂજ્યભાવ અને એમનું નમ્ર, વિવેકી અને નિસ્પૃહી વ્યક્તિત્વ પ્રગટ થાય છે. કવિ કૃષ્ણભક્ત વૈષ્ણવ જણાય છે.

મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકવિતામાં નાકરનું ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનું સ્થાન છે. વલણ/ઝિથલાવાળો કડવાબંધ પહેલીવાર આ કવિમાં જ સિદ્ધ થયો છે. પૌરાણિક કથાવસ્તુમાં સમકાલીન રંગો ઉમેરી એને લોકભોગ્ય બનાવવાની કેડી એમણે જ પહેલી પાડી છે, જેનું અનુસરણ પછી પ્રેમાનંદે વધુ સફળતાથી કર્યું છે. એ રીતે ભાલણ અને પ્રેમાનંદની વચ્ચે એ કડી રૂપ કવિ છે. એમણે જ ગુજરાતીમાં પ્રથમ વાર મહાભારતનાં ૯ પર્વો અને જૈમિનિના 'અશ્વમેધ'નાં ૧ આખ્યાનો ઉતાર્યાં છે.

મહાભારતનાં પર્વોમાં નાકર આગળનાં પર્વોને સંક્ષિપ્તરૂપે સમાવી લઈને કોઈપણ પર્વને સુઘટિત રૂપ આપે છે, કેટલાંક પેટાપર્વો છોડી દે છે, કેટલાક પ્રસંગોના ટૂંકા સાર આપી ચલાવે છે, ક્યાંક કથાક્રમનિરૂપણમાં ફેરફાર કરે છે ને ક્વચિત્ કાવ્યોચિત પ્રસંગો પણ ઉમેરે છે. કેટલાંક પર્વોમાં કવિની નામછાપ મળતી નથી. પરંતુ આનુષંગિક પ્રમાણો એ કૃતિઓ આ કવિની જ હોવાનું જ જણાવે છે. એમનું સૌથી વધુ નોંધપાત્ર પર્વ તે 'વિરાટપર્વ'←છે. ૬૫ કડવાંની આ આખ્યાનકૃતિ (૨.ઈ.૧૫૪૫/સં. ૧૬૦૧, માગશર સુદ ૧૦, સોમવાર; મુ.)માં પહેલાં ૨૧ કડવાંમાં આગળનાં પર્વોનું વૃત્તાંત વર્ણવાયું છે. આ કૃતિ જરા જુદું સપ્રયોજન કથાનિર્માણ કરવાની કવિની શક્તિ, બહુજન સમાજનાં સ્વભાવલક્ષણોનું પૌરાણિક પાત્રોમાં આરોપણ કરવાની કવિની વૃત્તિ, એમની વિનોદવૃત્તિ અને એમની અલંકાર તથા ભાષાની પ્રૌઢિનો સુભગ પરિચય કરાવે છે. ૧૧૧ કડવાંનું 'આરણ્યકપર્વ'←(મુ.) પણ કેટલાંક સુંદર ચરિત્રચિત્રણો, કેટલાંક વર્ણનો અને કવિના વાગ્વૈભવથી રમણીય બનેલું છે.

૧૦ કડવાં અને ૨૨૬ કડીના 'શલ્ય-પર્વ'(મુ.)માં યુધિષ્ઠિરને સાંગ મયદાનવ પાસેથી મળેલી તે પ્રસંગનું વર્ણન થયું છે તથા કર્ણ જગદુશા રૂપે અવતરશે એવો ઉલ્લેખ થયો છે તે નાકરનાં ઉમેરણો છે. ૯ કડવાં અને ૨૩૪ કડીનાં 'સૌપ્તિક-પર્વ'(મુ.)માં પાંડુપુત્રોના સંહારની વાત સાંભળી 'તમે કેમ એમને માર્યા? એમના મૂકેલા પિંડ અમે પામત' એમ નિશ્વાસ મૂકી કહેતા દુર્યોધનનું ચિત્ર એના ઉદાત્ત મનોભાવથી આકર્ષક બની રહે છે. ૯ કડવાં અને ૧૯૦ કડીએ અપૂર્ણ પ્રાપ્ત થતા 'સ્ત્રી-પર્વ'(મુ.)માં પણ ગાંધારીના માતૃહૃદયનું સુંદર દર્શન પ્રાપ્ત થાય છે. ૨૬ કડવાંએ અધૂરું 'આદિ-પર્વ', ૧૩ કડવાંનું 'સભા-પર્વ', ૩૭ કડવાંનું 'ગદા-પર્વ' અને ૪૩ કડવાંનું 'ભીષ્મ-પર્વ' બહુધા મૂલાનુસારી છે.

જૈમિનીકૃત 'અશ્વમેધ'ને આધારે રચાયેલાં આખ્યાનો ભક્તિ-મહિમાનાં સ્તોત્ર જેવાં છે. ૨૩ કડવાંના 'લવકુશ-આખ્યાન' (મુ.)માં ૧૭ કડવાં સુધી તો સીતાપરિત્યાગનું અને લવકુશજન્મ સુધીનું વૃત્તાંત ચાલે છે. લવકુશ યુદ્ધવર્ણન તો માત્ર ૬ કડવાંમાં છે. કેટલાંક સુંદર ભાવચિત્રો ધરાવતી આ કૃતિમાં કૌશલ્યા, સીતા વગેરેમાં પ્રાકૃત જનસ્વભાવનું આરોપણ થયેલું છે. ૨૬ કડવાંનું 'મોરધ્વજ-આખ્યાન' (મુ.) સંવાદપ્રધાન છે ને કથાને લોકગમ્ય કરવાનો કવિનો પ્રયાસ ધ્યાન ખેંચે છે. ૨૯ કડવાં અને ૭૫૦ કડીના 'સુધન્વા-આખ્યાન'માં પણ કથાપ્રવાહને રસિક બનાવવા કવિએ કરેલા પ્રયત્નો દેખાઈ આવે છે.

૧૩ કડવાંના 'વીરવર્માનું આખ્યાન'માં કવિએ વીરવર્માને વીર કરતાં વિશેષપણે ભક્ત તરીકે રજૂ કરેલ છે. કોઈ જાતના મંગલા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચરણ વિના સીધું વીરવર્માની કથાના અનુસંધાનમાં શરૂ થતું ૩૩ કડવાંનું 'ચંદ્રહાસ-આખ્યાન'(મુ.) ચંદ્રહાસના મધુર બાલભાવો, તત્કાલીન શિક્ષણપ્રથા, ચંદ્રહાસ પાસે જતી અને 'વિષ'નું 'વિષયા' કરતી વિષયા વગેરે કેટલાંક ધ્યાનાર્હ ચિત્રો આપે છે. છેલ્લા ચિત્રનો પ્રેમાનંદે સરસ લાભ ઉઠાવ્યો છે.

નાકરનાં અન્ય આખ્યાનોમાં ૬ કાંડ અને ૧૨૫ જેટલાં કડવાંમાં વિસ્તરેલું 'રામાયણ' (૨. ઈ.૧૫૬૮/સં.૧૬૨૪, આસો સુદ ૧૦, ગુરુવાર) સવિશેષ નોંધપાત્ર છે, જો કે છેલ્લા ઉત્તરકાંડનું નાકરનું કર્તૃત્વ ચર્ચાસ્પદ છે. હનુમાન એની માતા અંજનીને રામકથા કહી સંભળાવે છે એવી વિશિષ્ટ માંડણી ધરાવતી આ કૃતિમાં કેટલાક પ્રસંગોને તેમના મૂળ સાહજિક ક્રમમાં મૂકી સરળતા સાધવામાં આવી છે. તે ઉપરાંત કુંભકર્ણ અને ખાસ તો રાવણના પાત્રની ઉદાત્તતાના ચિત્રણમાં, લક્ષ્મણની મૂર્છાવેળાના રામના વિલાપનિરૂપણમાં, હનુમાનના કોમળ ભક્તિપ્રેમના આલેખનમાં, કિષ્કિંધાકાંડના કવિત્વમય વર્ણનોમાં તેમ જ વિવિધ મનોહર દેશીઓના ઉપયોગમાં નાકરનો શક્તિવિશેષ પ્રગટ થાય છે. ૧૨ કડવાંનું 'નળાખ્યાન' (૨.ઈ.૧૫૨૫/સં. ૧૫૮૧, માગશર–૭) ભાલણ અને પ્રેમાનંદની આ વિષયની કૃતિઓ વચ્ચે મહત્ત્વની કડી સમાન છે. દમયંતીના અમૃતસ્રાવિયા કર અને તેને અનુષંગે ઉપસ્થિત થતો મત્સ્યસંજીવનીનો પ્રસંગ પહેલી વાર નાકરમાં જોવા મળે છે. દમયંતી પર હારચોરીનું આળ આવે છે તે પ્રસંગ પણ આ કૃતિની ૧ હસ્તપ્રતમાં હોવાનું નોંધાયું છે. તો એ પણ નાકરમાં પહેલીવાર આવ્યો છે એમ કહેવાય. હસ્તપ્રતોમાં અનેક બીજાં પદોનાં ઉમેરણોને લીધે ૨૯ કડવાંથી ૫૮ કડવાં સુધી વિસ્તરેલું પ્રાપ્ત થતું ને ૪૫ કડવાં રૂપે સંપાદિત થયેલું 'ઓખાહરણ'(મુ.) મુખ્યત્વે ભાગવત-હરિવંશ-આધારિત કૃતિ છે, પણ એમાં ગણેશપુરાણ-આધારિત અલૂણાવ્રતનું નિરૂપણ થયેલું છે. વાંઝિયા બાણાસુરથી ચાંડાલણી મોં સંતાડે છે એ પ્રસંગ પણ પહેલવહેલો નાકરમાં જોવા મળે છે ને ઉષાને જોઈને શિવ કામ-વ્યાકુળ થાય છે એવું નિરૂપણ પણ નાકર જ કરે છે. આ કૃતિના કેટલાક રચનાસંવત નોંધાયેલા છે, પણ એ આધારભૂત જણાતા નથી. ૨૭ કડવાંનાં 'અભિમન્યુ-આખ્યાન'માં પણ સુભદ્રાનું માતૃ-હૃદય, કુંતાની રક્ષા અને કૃષ્ણના તદ્વિષયક પ્રત્યાઘાતો, ઉત્તરાનું આણું તથા સાસરવાસો, અર્જુનને કૃષ્ણનો ગીતાબોધ વગેરેનાં આલેખનો નાકરની વિશિષ્ટતા છે.

૨૨ કડવાં અને આશરે ૩૦૦ કડીનું 'કર્ણ-આખ્યાન' કર્ણના દાનેશ્વરીપણાને કેન્દ્રમાં રાખીને થયેલી રચના છે, તો 'સગાળપુરી' નામની ૨ રચનાઓ (મુ.) અન્નદાન વિના દેવલોકમાં અન્ન મળતું નથી એનો અનુભવ કરનાર કર્ણ મનુષ્યજન્મ માગી પૃથ્વી પર સગાળશા રૂપે અવતરે છે તેની કથા કહે છે. અહીં કસોટી કરનાર દેવ શિવ નથી એમાં તથા અન્ય રીતે નાકરની વૈષ્ણવતા સૂચવાય છે. ૭ કડવાં અને ૮૪/૧૧૨ કડીની 'સગાળપુરી'માં વેગભર્યું પ્રસંગનિરૂપણ છે, ત્યારે ૧૦ કડવાં ને ૧૬૪ કડીની 'સગાળપુરી' થોડા વધુ પ્રસંગો સમાવે છે ને વિસ્તારથી આલેખન કરે છે. ૩૧ કડવાંનું 'હરિશ્ચન્દ્રાખ્યાન'(૨.ઈ.૧૫૧૬/સં.૧૫૭૨, ભાદરવા બુદ્ધાષ્ટમી; મુ.) નાકરની રચનાવર્ષનો નિર્દેશ ધરાવતી સૌથી પહેલી કૃતિ છે ને સરળ કથાકથનથી ચાલે છે.

૧૩ કડવાંનું 'ધ્રુવાખ્યાન'(મુ.) અને ૧૪ કડવાંનું 'શિવવિવાહ' (મુ.) સંપૂર્ણ મૂલાનુસારી નિરૂપણ, રચનાસંવતના એકસરખા ગરબડિયા ઉલ્લેખ, 'કડવાં'ને સ્થાને 'મીઠાં' શબ્દનો પ્રયોગ, બીજે ક્યાંય જોવા નથી મળતો તેવો અનેક કડવાંઓમાં 'નાકર' નામછાપનો ઉપયોગ, હસ્તપ્રતનો અભાવ અને ભાષાભિવ્યક્તિની અર્વાચીનતા વગેરે કારણોથી નાકરની કૃતિઓ હોવાનો સંભવ જણાતો નથી.

નાકરની લઘુકૃતિઓમાં શિવરાત્રિનો મહિમા ગાતો 'વ્યાધ-મૃગલી-સંવાદ' (મુ.) પાર્વતી, ઈશ્વર, વ્યાધ અને મૃગીના સંવાદ રૂપે રચાયેલ છે. ૩૧ કડીનો 'સોગઠા'નો ગરબો' પણ ચોપાટ ખેલતા રાધાકૃષ્ણ વચ્ચેના સંવાદનો આશ્રય લે છે અને ઉત્કટ પ્રેમોર્મિનું રમણીય આલેખન કરે છે. 'ગરબો' શબ્દનો આ કદાચ પહેલો પ્રયોગ છે. મહાભારતના ઉદ્યોગપર્વ આધારિત અને પ્રસંગઉમેરણ થવા છતાં સંક્ષિપ્ત 'કૃષ્ણવિષ્ટિ' ઓવીના લયની છંદોરચનાથી ધ્યાન ખેંચે છે, તો ૧૦ પદોએ અધૂરી 'ભ્રમર-ગીતા' એના ભાવ-માધુર્યથી આકર્ષી રહે છે. ૫૦ પંક્તિની 'ભીલડીના દ્વાદશમાસ'(મુ.) તથા ૨૬ કડીની 'વિદુરની વિનતિ'(મુ.) એ કૃતિઓની હસ્તપ્રતો પ્રાપ્ય ન હોઈ એમાં નાકરના કર્તૃત્વ વિશે શંકા રહે છે.

કૃતિ : ૧. ઓખાહરણ (પ્રેમાનંદ, નાકર અને વિષ્ણુદાસનાં), સં. ગજેન્દ્રશંકર લા. પંડ્યા, ઈ. ૧૯૩૮ (+ સં.); ૨. પ્રાકામાળા : ૧૧(+ સં.); ૩. પ્રાકાવિનોદ : ૧; ૪. પ્રાકાસુધા : ૪; ૫. બૃકા-દોહન : ૬, ૭, ૮ (+ સં.); ૬. મહાભારત : ૨ (+ સં.), ૩(+સં.), ૫; ૭. સગાળશા-આખ્યાન, સં. વ્રજરાય મુ. દેસાઈ, ઈ. ૧૯૩૪ (+ સં.); ☐ ૮. પ્રાકાત્રૈમાસિક, અં. ૨. ઈ. ૧૮૯૨; ૯. બુદ્ધિપ્રકાશ, મેથી ડિસેમ્બર, ૧૯૨૨-'નાકરકૃત ઓખાહરણ'; ૧૦. સાહિત્ય, ડિસે. ૧૯૨૩થી જુલાઈ ૧૯૨૪ 'નાકરકૃત મોરધ્વજાખ્યાન', સં. ભાનુસુખરામ નિ. મહેતા (+ સં.)

સંદર્ભ : ૧. કવિ નાકર એક અધ્યયન, ચિમનલાલ શિ. ત્રિવેદી ઈ. ૧૯૬૬; ☐ ૨. કવિચરિત : ૧-૨; ☐ ૩. આલિસ્ટઑઈ : ૨; ૪. ગૂહાયાદી; ૫. ડિકેટલૉગબીજે; ૬. ડિકેટલૉગભાવિ; ૭. ફૉહ-નામાવલિ. [ચિ.ત્રિ.]

નાકર(મુનિ)–૨ [ઈ.૧૬૪૧ સુધીમાં] : જૈન સાધુ. 'સૂત્રકૃતાંગસૂત્ર' પરના બાલાવબોધ (લે.ઈ.૧૬૪૧)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૨૦, પ્ર. જેઠાલાલ જી. ગાંધી, ઈ.૧૯૫૯–પરિશિષ્ટ; ☐ ૨. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નાકર–૩ [ ] : હરિજન બ્રાહ્મણ. પિતા-નામ સાચર. જન્મ સિદ્ધપુર પાસે ડાભડીમાં. તેમના દાદા વીરાને રાધનપુરના નવાબના ત્રાસની સામે થતાં વતન છોડવું પડ્યું તેથી પછીથી વિરમગામ તાલુકાનાં કાંઝમાં અને પાછળથી છનિયારમાં નિવાસ. કવિ ત્રિકમસાહેબ (અવ.ઈ. ૧૮૦૨)ની પૂર્વે લગભગ ૫૦ વર્ષ પહેલાં થયેલા કહેવાય છે. એમની જન્મ, નામકરણ, સીમંત, લગ્ન, વાસ્તુ, હળ જોતરવું વગેરે અનેક પ્રસંગોની વિધિઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એનાં મુહૂર્તો વર્ણવતી અને જ્યોતિષના અન્ય વિષયો અંગેની 'આરજા' નામક ૭૯ લઘુ પદ્યરચનાઓ(મુ.) મળે છે.

કૃતિ : હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ.૧૯૭૦. [કી.જો.]

નાકર–૪ [ ] : પોતાને 'લઘુ નાકર' તરીકે ઓળખાવે છે. 'કૃષ્ણ-ગીત' (લે. સં.૧૮મી સદી અનુ.) અને ૫ કડીના 'ભવાનીનો છંદ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાસ્વરૂપો; ☐ ૨. ફાલ્ગુનામાવલિ : ૨; ૩. મુપુગૂહ સૂચી. [કી.જો.]

નાકો [ ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિના શિષ્ય. ૧૯ કડીનો 'પાંચ પાંડવ-સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : સજ્ઝાયમાલા (શ્રા) : ૧ [કી.જો.]

નાગમતી અને નાગવાળાના લોકકથાના દુહા : સવિયાણાના રજપૂત કુંવર નાગવાળા અને ત્યાં આવી ચડેલી આહીરકન્યા (કોઈ કાઠીકન્યા પણ કહે છે)ની કરુણાન્ત પ્રેમકથાના ૪૫ જેટલા દુહા (મુ.) પ્રાપ્ત થાય છે. બજારમાંથી પસાર થયેલા નાગને જોતાં વેપારીની હાટે બેઠેલી નાગમતીનું ઘી ઢોળાય છે તે વખતનો નાગમતીનો ઉદ્‌ગાર–"ધોળ્યાં જાવ રે ઘી, આજુનાં ઉતારનાં, ધન્ય ત્યારો ધન્ય દિ, નીરખ્યો વાળા નાગને"–એના છલકાતા સ્નેહભાવને વ્યક્ત કરે છે, તો પરસ્ત્રીઓને કારણે પોતાના મુખ આડી ઢાલ ધરી દેતા નાગને એ "બાધી જોવે બજાર, પ્રીતમ! તમણી પાધને, અમણી કીં અભાગ! ધમળના, ઢાલું દિયો" એવી વિનવણી કરે છે, તેમાં નાગના ચારિત્ર્યની ઉદાત્તતા સાથે નાગમતીની હતાશાની વેદનાને અસરકારક અભિવ્યક્તિ મળી છે. પોતે આપેલા વાયદામાં નાગમતી મોડી પડતાં એને નાગને આત્મહત્યા વહોરીને મૃત્યુ પામેલો જોવો પડે છે એ વખતે 'નાગ' નામનો લાભ લઈને પોતાને વાદણ કલ્પી પોતાના પ્રેમની મોરલીથી એને જગાડવાનો એ પ્રયાસ કરે છે તે ઉદ્‌ગારો પણ કલ્પનારસિક ને મર્મભર્યા છે–નવકુળનો નાગ તો સંગીત સાંભળીને ફેણ માંડે જ. હલકો જળસાપ નાસી જા! ઘનિષ્ઠ સ્નેહસંબંધની આઠે પહોર અડકી રહેતાં પાણા અને પાળના સંબંધ સાથેની સરખામણી તળપદા જીવનમાંથી આવતી ને રોચક છે.

કૃતિ:૧. કાઠિયાવાડી સાહિત્ય : ૨. સં.કલ્હાનજી ધર્મસિંહ,ઈ.૧૯૨૩;
૨. સોરઠી ગીતકથાઓ, સં. ઝવેરચંદ મેઘાણી, * ઈ. ૧૯૩૧, ઈ. ૧૯૭૯ (બીજી આ.). [જ.કો.]

નાગર : આ નામે ૨ ગુજરાતી તથા ૨ હિંદી કૃષ્ણભક્તિનાં પદ (મુ.), ૧ શિખામણનું પદ/ગરબી (મુ.) તથા પદ મળે છે તે કયા નાગરનાં છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. પ્રાકાસુધા : ૧; ૩. બૂકાદોહન. : ૮.
સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ડિક્ટેલૉગભાવિ. [કી.જો.]

નાગર–૧ (ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ) : વેડવના વતની. હિંદીભાષાની છાંટવાળી રવિદાસ/રવિસાહેબ *(જ.ઈ.૧૭૨૭-અવ.ઈ.૧૮૦૪)ની પ્રશસ્તિ કરતી ૧૦ કડીની 'રવિદાસને પત્ર'(મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : રવિભાણ સંપ્રદાયનો વાણી, પ્ર. મંછારામ મોતી, સં. ૧૯૮૯. [કી.જો.]

નાગરદાસ [જ.ઈ.૧૬૩૬–ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : વૈષ્ણવ કવિ. મહદમણિ શ્રી ગોકુલભાઈજીના પુત્ર. 'જ્ઞાનપ્રબોધ', 'વિરહરસ', 'ભજનાનંદ', ગોમતીબહેનકૃત 'કમનરસ'નાં છેલ્લાં ૬ માંગલ્યો (ર.ઈ.૧૬૯૫) તથા કેટલાંક ધોળ-પદના કર્તા. 'પંચમતરંગ'નાં માંગલ્યો પણ તેમણે રચ્યાં હોવાનું કહેવાય છે. 'યમુના સુવન વલ્લભદાસ' એવો નામોલ્લેખ જે કૃતિઓમાં મળે છે તે કૃતિઓ આ નાગરદાસની છે એમ માનવું એવી નોંધ પણ મળે છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગોપ્રભકવિઓ; ૩.પુગુસાહિત્યકારો. [કી.જો.]

'નાગનજિતી–વિવાહ' : ૫ 'મીઠાં'નામક કડવાંનું દયારામરચિત આ નાનકડું આખ્યાનકાવ્ય (મુ.) ભાગવત દશમસ્કંધમાં આલેખાયેલ નાગ્નજિતીના કૃષ્ણ સાથેના વિવાહપ્રસંગને વર્ણવે છે. નાગ્નજિતીના પિતાએ એવો સંકલ્પ કર્યો હતો કે જે કોઈ રાજા સ્વયંવરમાં ૭ સાંઢને નાથશે તેને પોતે પોતાની પુત્રી પરણાવશે. શ્રીકૃષ્ણમાં આસક્ત નાગ્નજિતી આથી નિરાશ થાય છે કેમ કે કોઈ પણ પરાક્રમી રાજા માટે ૭ સાંઢ નાથવા એ કંઈ મોટી વાત નથી. પરંતુ અંતે એ પરાક્રમ માત્ર કૃષ્ણ જ કરી શકે છે. બહુધા પ્રસંગના સીધા કથન રૂપે ચાલતા આ આખ્યાનની કથનશૈલી પ્રૌઢિયુક્ત છે ને કૃષ્ણને સંબોધીને લખાયેલા પત્રમાં તથા અન્ય પ્રસંગે નાગ્નજિતીના આશંકા, આર્જવ, ઉત્સુકતા આદિ ભાવોને મધુર-કોમલ બાનીમાં વાચા આપી છે. સ્વયંવરપ્રસંગને નિમિત્તે હાસ્યરસનિરૂપણની લેવાયેલી થોડીક તક ને તત્કાલીનતાનો સંદર્ભ એ પણ આ કૃતિનાં આસ્વાદ્ય તત્ત્વો છે. [સુ.દ.]

નાથ(સ્વામી) [ ] : ડાકોરના સાધુ તરીકે ઓળખાવાયેલા આ કવિ પાસેથી રાધાકૃષ્ણની રસિક પ્રેમગોષ્ઠિને આલેખતી ૭૧ કડીની 'પ્રેમચાતુરી'(મુ.) અને કૃષ્ણપ્રીતિનાં ત્રણથી ૪ કડીનાં ૨ પદો(મુ.) એ કૃતિઓ મળે છે. 'હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર : ૧'માં 'નાથ'ને નામે નોંધાયેલ ૧૫૦ કડીનો 'કૃષ્ણરાધિકાનો ગરબો' (લે.ઈ. ૧૮૬૪) અને 'પ્રેમચાતુરી' એક જ કૃતિ છે કે નહીં તે સ્પષ્ટ થઈ શકતું નથી.

કૃતિ : બૂકાદોહન : ૬ (+ સં.).
સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.સો.]

નાથજી [ઈ.૧૬૪૮ કે ઈ.૧૭૨૮માં હયાત] : જ્ઞાતિએ નાગર. પિતાનું નામ મલ્લજી કે માલજી. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' આ કવિને જામનગર પાસેના પડધરીના નાગર કહે છે અને અનુભવાનંદ અને આમને એક જ ગણે છે. 'કવિચરિત' આમને જુદા ગણે છે. 'વીનતી' (ર.ઈ.૧૬૪૮/૧૭૨૮)ના કર્તા. જુઓ અનુભવાનંદ.

સંદર્ભ : ૧ કવિચરિત : ૩; ☐ ૨. ગૂહાયાદી. [ર.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાથાજી [ઈ.૧૮મી સદી] : કડવાગચ્છના જૈન સાધુ. લાધાજી (ઈ.૧૭૦૦ ૧૭૫૧ દરમ્યાન હયાત)ના શિષ્ય. થરાદના વતની. પિતા જેમલ વોરા. માતા બાઈ વેજી. ૧૩ વર્ષની વયે તેઓ સંવરી થયેલા. તેમની પાસેથી અનુક્રમે ૭ કડી અને ૫ કડીની એમ ૨ 'શ્રીભાસ'(મુ.) એ કૃતિઓ મળી છે.

કૃતિ : કડુઆમતીગચ્છપટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ.૧૯૭૯(+ સં.). [શ્રા.ત્રિ.]

નાથાજીશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૬ કડીની 'નેમરાજુલની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા (શા.) : ૩; ૨. જૈસસંગ્રહ(જૈ.); ૩. સજ્ઝાય માલા : ૧(શ્રા.). [કી.જો.]

નાથો [ ] : જ્ઞાતિએ ગઢવી. 'ગણભક્તમાળા' અને 'સારંગદેવ રાણાનું સામુદ્રિક' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

નાનજી(ઋષિ)–૧ [ઈ.૧૭ મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપજીની પરંપરામાં રતનસીના શિષ્ય. ૪૯ કડીની 'વર્ધમાન સ્વામી/મહાવીરજિન-સ્તવન'(૨.ઈ.૧૬૧૩/સં. ૧૬૬૯, આસો સુદ ૨), ૨૪ કડીની 'પંચવરણી-સ્તવન' (૨.ઈ.૧૬૧૩/સં. ૧૬૬૯, આસો વદ ૩૦) તથા ૩૧ કડીની 'નેમિ-સ્તવન' (૨.ઈ.૧૬૧૬/સં. ૧૬૭૨, આસો વદ ૩૦) એ કૃતિઓના કર્તા

સંદર્ભ : ૧ જૈગૂકવિઓ : ૩(૧); ૨. હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નાનજી–૨ [ઈ.૧૭૧૦ સુધીમાં] : જૈન શ્રાવક. અવટંકે પારેખ. ૩ કડીના 'મહાવીર-સ્તવન'(લિ.ઈ.૧૭૧૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી [કી.જો.]

નાનજી–૩/નાનો [ ] : કચ્છના તેરા ગામના રહેવાસી. જ્ઞાતિએ સુથાર. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હોવાનો સંભવ. કળિયુગના લક્ષણ સમા હોકો, બીડી, અફીણ જેવાં વ્યસનોની ટીકા અને હરિના દાસની પ્રશંસા કરતા ૬ કુંડળિયા (મુ.) તથા હિંદીમાં ધર્મવિમુખના આચાર-વ્યવહાર વિશેની ૯ સાખી(મુ.)ના કર્તા.

કૃતિ : છંદરત્નાવલિ, પ્ર. જગદીશ્વર છાપખાનું, સં. ૧૯૪૧. [શ્રા.ત્રિ.]

નાના : આ નામથી મળતા ૧૩ કડીના 'કૃષ્ણના દ્વાદશમાસ' (મુ.)ના કર્તા તરીકે કોઈ સંદર્ભ શામળભટ્ટના ગુરુ નહાના ભટ્ટ હોવાનો તર્ક કરે છે, જ્યારે અન્ય સંદર્ભ તે ઈ. ૧૮મી સદીના અમદાવાદના લેઉઆ કણબી હોવાનો તર્ક કરે છે.

'બૃહત કાવ્યદોહન : ૫'માં મુદ્રિત પદો વિશે કોઈ સંદર્ભ તે ઉદાધર્મસંપ્રદાયના નાના પારેખનાં હોવાનો તર્ક કરે છે, જ્યારે અન્ય સંદર્ભ ઉપરોક્ત અમદાવાદના લેઉઆ કણબી હોવાનો તર્ક કરે છે.

આ ઉપરાંત, આ નામથી 'અંબાજીના સ્થાનકનું વર્ણન', ૨૨ કડીના ૨ ગરબા, ગણપતિ પાસે ગાવાનો ગરબો, થાળ, ફાગ અને કૃષ્ણ કીર્તનનાં પદો (બધાં મુ.) તથા આઠ વાર, તિથિઓ અને મહિના–એ કૃતિઓ મળે છે, આ બધી કૃતિઓના કર્તા કયા નાના છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.); ૨. કવિના સાક્ષરોગ્રહ, પ્ર. શા. નાથાભાઈ લલ્લુભાઈ, ઈ.૧૮૮૨; ૩. કાદોહન: ૩; ૪. નકાદોહન; ૫. બૃકાદોહન : ૫; ☐ ૬. સમાલોચક, જાન્યુ.-માર્ચ, ૧૯૦૮ (+ સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. કવિચરિત્ર; ૩. ગુજૂકહકીકત; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; ૬. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર સી. ભટ્ટ, ઈ.૧૯૮૨; ☐ ૭. ગૂલાયાદી; ૮. ડિકેટલૉગબીજે; ૯. ડિકેટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

નાનો–૧ [ઈ.૧૮૦૮ સુધીમાં] : અવટંકે વહોરા. 'મસ્તકપૂજા' (લે.ઈ.૧૮૦૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂલાયાદી; ૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

નાનાજી(સંત)/નાનો [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તાપી નદીને કિનારે આવેલા રાંદેરના વતની. પત્નીના દ્વેષભર્યા વર્તનથી સંસારત્યાગ કરેલો. કોઈ પ્રભાવી સદ્‌ગુરુના શિષ્ય થયેલા. તેમની પાસેથી ૧૭ કડીનો 'જ્ઞાનકક્કો'(મુ.) અને ભક્તિ-વૈરાગ્યબોધક, ત્રણથી ૭ કડીનાં ૫ પદો(મુ.) મળે છે.

કૃતિ : ક્ષત્રૈમાસિક, ઑક્ટો-ડિસે. ૧૯૪૦. 'સંત નાનાજી અને તેમનું અપ્રસિદ્ધ સાહિત્ય', સં. માણેકલાલ શં. રાણા. [શ્રા.ત્રિ.]

નાનાદાસ [ઈ.૧૮મી સદી] : ઉદાધર્મસંપ્રદાયના ભક્તકવિ. જીવણજી મહારાજ (ઈ. ૧૫૯૩–અવ. ઈ. ૧૬૮૧)ના પૌત્ર દ્વારકાદાસના શિષ્ય. સંપ્રદાયમાં નાના પારેખ તરીકે જાણીતા હતા. જન્મ દરાપરા (તા. પાદરા)માં. જ્ઞાતિએ પાટીદાર.

જીવણજી મહારાજના સ્વધામગમનની તિથિએ સંપ્રદાયમાં વાંચવામાં આવતા 'સમાગમ'(મુ.)માં અંતની સાખીઓમાં આ કવિના નામનિર્દેશ છે તેથી એમનું કર્તૃત્વ હોવાનો અર્થ થાય. પરંતુ જીવણજી મહારાજના સ્વધામગમનના પ્રસંગનું વર્ણન કરતી આ કૃતિમાં થોડીક સાખી છે અને બાકી ગદ્ય છે, જે મોડા સમયનું હોય એવું પણ કદાચ લાગે. આ ઉપરાંત કવિએ 'માનસિક પૂજા' તથા પદ (કેટલાંક મુ.) રચ્યાં હોવાનું નોંધાયું છે. તેમનાં પદો ભક્તિનાં, ભક્તિમહિમાનાં, વૈરાગ્યબોધનાં અને ગોપીભાવનાં છે. તેમાં ગોપીભાવનાં પદોમાં ક્યારેક નિર્ગુણ બ્રહ્મવાદનો પ્રભાવ ઝિલાય છે. કેટલાંક પદો સહિયરને સંબોધીને રચાયેલાં છે.

કવિનાં કેટલાંક પદો હિન્દીમાં છે, તો કેટલાંકમાં હિન્દીની અસર છે. તે ઉપરાંત તેમણે હિન્દીમાં ૨૪૯ સાખીઓ રચી હોવાની માહિતી મળે છે.

કૃતિ : ૧. ઉદાધર્મ ભજનસાગર, પ્ર. દ્વારકાદાસ ક. પટેલ, ઈ.૧૯૨૬; ૨. ઉદાધર્મ પંચરત્નમાલા, પ્ર. સ્વામી જગદીશચંદ્ર યદુનાથ, ઈ.૧૯૬૮ (ત્રીજી આ.).

સંદર્ભ : રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર સી. ભટ્ટ, ઈ.૧૯૮૨. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાનાભાઈ [ઈ. ૧૭૫૨માં હયાત] : શિવભક્ત. જ્ઞાતિએ વાલ્મિક કાયસ્થ. અવટંકે મજમુદાર. વતન નવસારી. શિવમહિમા વિષયક 'શિવરહસ્ય' અને શિવભક્તોની કથા રજૂ કરતા 'શિવભક્તો' (* મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : * કાયસ્થપત્રિકા, વ.૧, અં. ૪.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

નાનીબાઈ [ઈ. ૧૭૨૮માં હયાત] : કવયિત્રી. જ્ઞાતિએ અનાવિલ અથવા મોતાલા બ્રાહ્મણ. સુરત જિલ્લાના ઓલપાડનાં વતની. તેમણે પ્રેમાનંદની 'વિવેક વણઝારો' પરથી 'વણઝારો' (ર.ઈ. ૧૭૨૮/સં. ૧૭૮૪, જેઠ વદ ૧૨, ગુરૂવાર;મુ.) નામની કૃતિની રચના કરી છે. આ ઉપરાંત તેમનાં ૧૦ અને ૬ કડીનાં ૨ પદ (મુ.) પણ મળે છે.

કૃતિ : ૧. નકાદોહન; ૨. વસંત, માઘ ૧૯૬૭–'નહાનીબાઈ અને વિવેક વણઝારો', છગનલાલ વિ. રાવળ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકેટલૉગબીજે. [કી.જો.]

નાનો–૧ [સં.૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

નાનો–૨ : જુઓ નાનજી–૩.

નાભો [ ] : તેમના નામે 'પંદરતિથિ', ૫ અને ૭ કડીનાં ગુજરાતી તથા હિન્દીમાં ૨ પદ (મુ.) મળે છે.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. બૃહત સંતસમાજ ભજનાવળી. પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ.૧૯૫૦, (છઠ્ઠી આ.); ૩. ભસાસિંધુ.

સંદર્ભ : ડિકેટલૉગબીજે. [કી.જો.]

નામો [ ] : કેટલાંક ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ભજનસાગર : ૧; ૨. સંતસમાજ ભજનાવળી, સં. કેશવલાલ મ. દૂધવાળા, ઈ. ૧૯૩૧. [કી.જો.]

નારણ/નારણદાસ : 'નારણ'ને નામે છથી ૯ કડીનાં હરિભજનનાં કેટલાંક પદો(મુ.) અને દેહ રૂપી દેશમાં બિરાજેલા રામની માનસ પૂજાનું વર્ણન કરતું ૬ કડીનું ૧ પદ(મુ.) તથા 'નારણદાસ'ને નામે ૧૦ કડીનું કૃષ્ણકીર્તનનું પદ(મુ.), 'દાદુ દયાલની આરતી' વગેરે કેટલીક કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા નારણ કે નારણદાસ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. પરમાર્થસાર, સં. શ્રી નરસિંહ શર્મા; ઈ.૧૯૦૩; ૨. પ્રાકાસુધા : ૨; ૩. બૃકાદોહન : ૮.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [ચ.શે.]

નારણ–૧/નારાયણ(દાસ) [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ મહારાજના શિષ્ય. વાંકાનેરના નિવાસી. યોગમાર્ગની પરિભાષામાં આત્મજ્ઞાનને રજૂ કરતા ૭ કડીના પદ (મુ.)ના કર્તા.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, સં. ૨૦૩૩ (ચોથી આ.).

સંદર્ભ : ચરોતર સર્વસંગ્રહ : ૨, સં. પુરુષોત્તમ છ. શાહ, ચંદ્રકાન્ત ફ. શાહ, ઈ.૧૯૫૪. [શ્રા.ત્રિ.]

નારણ–૨ [ઈ.૧૯મી સદી મધ્યભાગ] : વેલાબાવા (ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ)ના શિષ્ય. અવટંકે માંડળિયા. જ્ઞાતિએ કણબી. ૪ કડીના 'પ્રભાતિયા'(મુ.)ના કર્તા.

કૃતિ : સોરઠીસંતો, ઝવેરચંદ મેઘાણી, ઈ.૧૯૭૯ (પાંચમી આ.નું પાંચમું પુનર્મુદ્રણ). [શ્રા.ત્રિ.]

નારણ–૩ [ ] : ઉગમશિષ્ય. ૧૫ કડીની 'ગણપતિની સ્તુતિ'(મુ.) અને અધ્યાત્મવિષયક ૧૫ કડીના ભજન (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭; ૨. દુર્લભ ભજન સંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૩. નવો હલકો, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૫૬; ૪. ભજનસાગર : ૧. [ચ.શે.]

નારણ–૪/નારાયણ(ભકત) [ ] : મોતીશિષ્ય. ૪ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ભજનસાગર : ૧; ૨. ભસાસિંધુ. [ચ.શે.]

નારણદાસ–૧ જુઓ નરવેદસાગર.

નારણદાસ–૨/નારણભાઈ [ ] : કુબેરના શિષ્ય. 'ગુરુમહિમા'ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુજૂકહકીકત; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

નારણસિંગ [ ] : છથી ૧૦ કડીનાં ૪ પદો (મુ.)ના કર્તા.

કૃતિ : પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં.૨૦૦૨(ત્રીજી આ.)

સંદર્ભ : ડિકેટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

નારદ(મુનિ) [ ] : ૧ ભજન(મુ.), પદો તથા 'ધૂન'ના કર્તા.

કૃતિ : સોસંવાણી.

સંદર્ભ : ફોહનામાવલિ. [કી.જો.]

નારાયણ : આ નામે નણંદભાભીના સંવાદ રૂપ કુલ ૧૧ કડીનાં ૨ પદ (મુ.), ત્રણથી ૬ કડીનાં ૨ પદ(મુ.), રાજસ્થાની ભાષાની અસરવાળું ૪ કડીનું ૧ પદ(મુ.), 'મહાદેવજીનો ગરબો' અને અન્ય કેટલાંક પદો એ જૈનેતર કૃતિઓ મળે છે.

'પુરુષને શિખામણ-સઝાય' નારાયણ મુનિને નામે તથા ૩૨ કડીનો 'ક્ષેત્રપાલ-છંદ' નારાયણને નામે મળે છે. પણ તેના કર્તા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કયા નારાયણ છે તે વિશે સ્પષ્ટ કહી શકાય તેમ નથી. "મોહન-મુનિ નારાયણ ભાવ.સું રે જિનગુણ ગાવી સાર રે" એવી અંતિમ પંક્તિને કારણે કર્તાનામની અસ્પષ્ટતા ઊભી કરતા ને ભૂલથી નાનજી સાધુને નામે મુકાયેલા ૧૫ કડીના 'ઋષભજિન-સ્તવન'ના કર્તા પણ કોઈ નારાયણ જણાય છે.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૨; ૨. ભુકાદોહન : ૮; ૩. ભજનસાગર ૧; ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકેટલૉગ ભાવિ; ૪. લીંહસૂચી; ૫. લેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.,કી.જો.]

નારાયણ–૧ [ઈ.૧૫૯૧ સુધીમાં] : 'મુક્તિ-મંજરી' (લે.ઈ.૧૫૯૧) તથા 'ભક્તિમંજરી'ના પદ્યાનુવાદ આપનાર સંસ્કૃતજ્ઞ કવિ. 'મુક્તિમંજરી' યોગશાસ્ત્રવિષયક સંસ્કૃત ગ્રંથનો ૬ અધ્યાયોમાં ચોપાઈબંધમાં કરેલો પદ્યાનુવાદ છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી; ૪. ડિકેટલૉગબીજે; ૫. ફોંહનામાવલિ. [ચ.શે.]

નારાયણ(મુનિ)–૨ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. રત્નસિંહ-સૂરિની પરંપરામાં સમરચંદના શિષ્ય. ૩૧૫ કડીની 'નલદમયંતી-રાસ' (૨.ઈ.૧૬૨૬/સં.૧૬૮૨, પોષ સુદ ૧૧, ગુરુવાર), ૨૧ ઢાળ અને ૧૩૫ કડીની 'અયમુત્તાકુમાર-રાસ'(૨.ઈ.૧૬૨૭./સં. ૧૬૮૩, પોષ વદ –, બુધવાર), 'અંતરંગ-રાસ' (૨.ઈ. ૧૬૨૭), ૨૧ ઢાળનો 'કંડરિકપુંડરિક-રાસ' (૨.ઈ.૧૬૨૭), ૨ ખંડ અને ૯૭ ઢાળનો 'શ્રેણિક-રાસ', ૩૮ કડીની 'અઢારનાત્રાં-સઝાય' તથા ગીત, ભાસ, સઝાય વગેરે પ્રકારની લઘુકૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કી.જો.]

નારાયણ(મુનિ)–૩ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૩૩ કડીના 'ચંદ્રપ્રભજિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૬), ૧૫ કડીના 'સુવિધિ-જિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૬), ૩૭ કડીના 'શાંતિનાથજિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૭), ૨૨ કડીના 'શીતલજિન-સ્તવન'(૨.ઈ.૧૬૨૭), 'સુમતિજિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૭), 'વાસુપૂજ્ય જિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૯), ૨૫ કડીનું 'વિમલનાથજિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૯) ૧૫ કડીનું 'મહાવીરજિન-સ્તવન' (૨.ઈ.૧૬૩૦), ૨૧ કડીનું 'અભિ-નંદનજિન-સ્તવન' (૨.ઈ.૧૬૩૧), ૧૯ કડીનું 'સંભવજિન-સ્તવન' (૨.ઈ.૧૬૩૨) તથા ૧૭ કડીના 'નેમિનાથ જિન-સ્તવન' વગેરે સ્તવનોના કર્તા. આ નારાયણમુનિને પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. પરંતુ એ હકીકત શંકાસ્પદ જણાય છે. કદાચ એ કૃતિઓ નારાયણમુનિ–૨ની હોવાની સંભાવના છે.

સંદર્ભ : લેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

નારાયણ–૪ [ઈ.૧૬૨૮માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપ-ઋષિની પરંપરામાં જીવરાજના શિષ્ય. ૪ ખંડના 'શ્રેણિક-રાસ' (૨.ઈ. ૧૬૨૮/સં. ૧૬૮૪, આસો વદ ૭, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

નારાયણ(ભટ્ટ)–૫ : જુઓ રામભક્ત.

નારાયણ(મુનિ)–૬ [ઈ.૧૭૦૦માં હયાત] : જૈન સાધુ. 'ખંધકઋષિ-સઝાય' (૨.ઈ.૧૭૦૦)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

નારાયણદાસ : આ નામે 'પરિક્રમા' નામક કૃતિ મળે છે. તેના કર્તા નારાયણદાસ–૧ છે કે કેમ તે નિશ્ચિત રીતે કહી શકાય એમ નથી.

સંદર્ભ : ડિકેટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

નારાયણદાસ–૧ [જ.ઈ. ૧૫૬૯–ઈ.૧૬૩૦ સુધી હયાત] : પુષ્ટિ–માર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના ભક્તકવિ. પિતા મોહનભાઈ. પત્ની ગંગાબાઈ. પૂર્વજ રામજી શાહ. મૂળ પાટણના વતની. વેપાર માટે તેઓ ભરૂચ આવીને વસ્યા હતા. શરૂઆતમાં તેઓ કૃષ્ણભક્ત હતા. પરંતુ ઈ. ૧૫૯૦માં ગોકુલેશ પ્રભુ ગુજરાતના પ્રવાસે આવ્યા ત્યારે ૨૧ વર્ષના નારાયણદાસ તેમના પરિચયમાં આવ્યા. ને પછી તેમના પ્રભાવથી તેઓ શ્રીજીને સર્વસ્વ ગણવા લાગ્યા. તેઓ ઈ. ૧૬૨૯/૩૦ સુધી હયાત હોવાનું નોંધાયું છે. શિષ્ટ, મધુર અને સંસ્કૃતમય ભાષામાં નવ રસનો અનુભવ કરાવતી ૧૧ પદની 'નવરસ' (૨. ઈ. ૧૬૨૪; મુ.) એ શૃંગારરસની કૃતિમાં ભગવાનની વિહારલીલા કવિએ ગાઈ છે. કૃતિની મધુરતા વધારવા માટે કવિએ કરેલો શબ્દાલંકારો, અર્થાલંકારો અને સંસ્કૃત શબ્દાવલિનો વિનિયોગ ધ્યાનપાત્ર છે. વ્રજ અને ગુજરાતીમાં શ્રીકૃષ્ણની ભક્તિનાં અનેક પદ અને ધોળ તેમણે આપ્યાં છે. તેમણે ૪ કડીનું 'વિનંતીનું ધોળ' રચ્યું છે પરંતુ તે નરસિંહને નામે પણ મળે છે. તેમણે કેટલાંક સુંદર પ્રભાતિયાં પણ રચ્યાં છે. આ ઉપરાંત તેમણે 'કૃષ્ણવિવાહ'ની રચના કરી હોવાનો પણ ઉલ્લેખ મળે છે.

કૃતિ : ૧ (શ્રી)ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ. ૧૯૧૬; ☐ ૨. પ્રાકાત્રૈમાસિક, અંક ૨; ઈ. ૧૮૯૧ –'નવરસ' (+ સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. ગોપ્રભકવિઓ; ૫. પુગુસાહિત્યકારો; ૬. પ્રાકકૃતિઓ; ☐ ૭. અનુગ્રહ, ડિસે. ૧૯૫૭-મહદમણિ શ્રી મોહનભાઈ'. [ચ.શે.].

'નારાયણ–ફાગુ' : છેવટના ૩ સંસ્કૃત શ્લોકો સાથે ૬૭ કડીની આ રચના (લે. ઈ. ૧૪૪૧)માં આવતા "નતર્ષિ" (=ઋષિઓ જેને નમે છે) શબ્દને કારણે એના કર્તા નતર્ષિ કે નર્યષિ નામના જૈન મુનિ હોવાની ને "કીરતિ મેરુ સમાન" એ શબ્દોને કારણે કવિના ગુરુ કીર્તિમેરુ હોવાની સંભાવના કરવામાં આવેલી છે. તો બીજી બાજુથી કૃતિમાં જૈન તત્ત્વના અભાવને કારણે એને જૈનેતર કૃતિ પણ માનવામાં આવી છે. વસ્તુત : હસ્તપ્રતના લહિયા કીર્તિમેરુ, કૃતિની શબ્દાનુપ્રાસવાળી શૈલીનું કીર્તિમેરુની અન્ય રચનાઓ સાથે સામ્ય ને કૃષ્ણની રાણીઓનો ગોપીઓ તરીકે ઉલ્લેખ વગેરે કેટલીક હકીકતો કૃતિના કર્તા જૈન કવિ કીર્તિમેરુ હોવાની સંભાવનાનું સમર્થન કરે એવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફાગ, અઢૈયા, રાસક અને આંદોલાના બંધથી રચાયેલી આ કૃતિમાં 'આંદોલા' એ શીર્ષકથી ચારણી છંદનું સ્મરણ કરાવતી ગીતરચના ગૂંથાયેલી છે એ ખાસ નોંધપાત્ર છે. કવિ પ્રથમ 'પ' વર્ગના આગર સમા (એટલે પુષ્પ, પદ્મિની, ફળ, ફૂલ, બળદ, ભક્ત, મણિ આદિથી યુક્ત) સોરઠદેશનું ને પછી દ્વારિકાનું વર્ણન કરે છે. તે પછી કૃષ્ણનાં પરાક્રમ ને વૈભવનું યશોગાન ગાય છે ને તે પછી કૃષ્ણનાં એની રાણીઓ સાથેના વસંત-વન-વિહાર, રાસ-લીલા ને શૃંગારલીલાનું આલેખન કરે છે. 'વસંતવિલાસ'નો પ્રભાવ દર્શાવતી કલ્પનાઓ ને ઉક્તિઓ તથા આંતરયમક ને પ્રાસાનુપ્રાસ વાળી મધુર કાવ્યશૈલી ધરાવતા આ કાવ્યનો શૃંગાર સંયમપૂર્ણ ને પ્રૌઢ છે તેમ જ એમાં થોડા ભાવાવિષ્ટ ઉદ્‌ગારો પણ જડે છે – સૂર્યના ઊગ્યા પછીયે અંધારું રહે તો કોને દોષ દેવો? તારી પ્રીત પછીયે આશા પૂરી ન થાય તો શું દુઃખ ધરવું? [જ.કો.]

'નારીનિરાસ–ફાગુ' તપગચ્છીય સાધુ રત્નમંડનગણિકૃત ૧૩ કડીનું ફાગુકાવ્ય(મુ.). 'વસંતવિલાસ'ની રચનારીતિનું અનુકરણ કરતી આ કૃતિ કથયિતવ્ય પરત્વે 'વસંતવિલાસ'ની પ્રતિકૃતિ જેવી છે. 'વસંતવિલાસ'માં શૃંગારરસનું મનોહર નિરૂપણ થયું છે, જ્યારે અહીં નારીનાં લલિત અંગો પ્રત્યેના કામભાવનું નિરસન થાય એ રીતે કવિએ નિરૂપણ કર્યું છે. આ કૃતિમાં 'વસંત વિલાસ'ની માફક પ્રાચીન ગુજરાતીની પ્રત્યેક કડીની સાથે તેનો સમાનાર્થી સંસ્કૃત શ્લોક છે, પરંતુ અહીં કવિએ એ શ્લોકો બીજે કયાંયથી સંકલિત ન કરતાં જાતે બિંબ-પ્રતિબિંબ ભાવે રચ્યા છે. અલબત્ત સંસ્કૃત શ્લોકોની ભાષા સર્વત્ર શુદ્ધ નથી. [ર.ર.દ.].

નાલ્હ : જુઓ નરપતિ–૨.

નિત્યલાભ(વાચક) [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છની લાભ શાખાના જૈન સાધુ. વિદ્યાસાગરની પરંપરામાં સહજસુંદરના શિષ્ય. વિવિધ દેશીઓ અને દુહામાં ગુરુગુણ રૂપે લખાયેલો ૧૦ ઢાળનો 'વિદ્યાસાગરસૂરિ-રાસ' (ર.ઈ.૧૭૪૨/સં.૧૭૯૮, પોષ–૧૦, સોમવાર; મુ.), ચંદનબાલાના જાણીતા કથાનકને સંક્ષેપમાં આલેખતો ૩ ઢાળનો 'ચંદનબાલા-રાસ/સઝાય'(ર.ઈ.૧૭૨૬/સં.૧૭૮૨, અસાડ વદ ૬, રવિવાર; મુ.), ૪ ગેય ઢાળોમાં રચાયેલ 'મહાવીર પંચ કલ્યાણકનું ચોઢાળિયું'(ર.ઈ.૧૭૨૫;મુ.), ૭ કડીનું 'શીતલનાથજિન-સ્તવન' (ર.ઈ.૧૭૨૫/સં.૧૭૮૧, ભાદરવો–મુ.), ૨૪ ઢાળની 'સદેવંત સાવળિંગાની ચોપાઈ' (ર.ઈ.૧૭૨૬/સં. ૧૭૮૨, મહા/વૈશાખ સુદ ૭, બુધવાર), 'જિનસ્તવન-ચોવીસી' (ર.ઈ. ૧૭૧૩; મુ.), 'વાસૂપૂજ્ય-સ્તવન' (ર.ઈ. ૧૭૨૦), 'પાર્શ્વ-જિન-સ્તવન' (ર.ઈ. ૧૭૩૮/સં. ૧૭૯૪, ભાદરવા), ૨૭ કડીની 'નેમિનાથ-બારમાસા', ૪૭ કડીનું 'જિનવર-સ્તવન', ૧૪ કડીની 'આત્મ-પ્રતિબોધ-સઝાય' (મુ.), પાંચથી ૧૧ કડીનાં 'ગોડીપાર્શ્વનાથનાં-સ્તવનો (મુ.), ૧૩ કડીની 'ચેતનની સઝાય'(મુ.), ૬ કડીનું 'પ્રભા-તિયું'(મુ.), 'મૂર્ખની સઝાય'(મુ.) વગેરે કૃતિઓ એમની પાસેથી મળી છે. કવિનાં કેટલાંક સ્તવનો-સઝાયોમાં કચ્છી બોલીની અસર છે. કવિની શૈલીની પ્રાસાદિકતા અને ગેય ઢાળોનો વિશેષ વિનિયોગ ધ્યાનપાત્ર છે.

કૃતિ : ૧. ઔરાસંગ્રહ : ૩; ૨. શ્રી ગોડીપાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ.૧૯૬૨; ૩. જૈકાપ્રકાશ : ૧; ૪. જૈગૂસારત્નો : ૧; ૫. જૈપ્રપુસ્તક : ૧; ૬. જૈપ્રાસ્તસંગ્રહ; ૭. જૈરસંગ્રહ; ૮. જૈસસંગ્રહ(ન.); ૯.પ્રાસ્તસંગ્રહ; ૧૦. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩; ૧૧. સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, પ્ર. પાર્શ્વ, ઈ. ૧૯૬૮; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. પાંગુહસ્તલેખો; ☐ ૫. જૈગૂકવિઓ : ૨; ૬. ડિકેટલોગબીજે; ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.સો.]

નિત્યવિજય(ગણિ) : આ નામે ૧૩ કડીની 'ગુરુ-ધમાલ', ૯ કડીનું 'નેમિજિન-સ્તવન', 'મૂરખની સઝાય', 'વિજયદેવસૂરિનિર્વાણ' અને ૪૦/૭૫ ગ્રંથાગ્રની 'નંદમણિઆર-સઝાય' (અપૂર્ણ)–એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા નિત્યવિજય છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. પ્રાકારૂપરંપરા; ☐ ૩. આલિસ્ટ-ઑઈ : ૨; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧ [શ્ર.ત્રિ.]

નિત્યવિજય(ગણિ)–૧ [ઈ.૧૬૭૧માં હયાત] : જૈન સાધુ. ૧૪૯ કડીના 'ગુણમંજરી-વરદત્તકુમાર-રાસ/જ્ઞાનપંચમીમાહાત્મ્ય' (ર.ઈ. ૧૬૭૧)ના કર્તા. આ કૃતિ નિત્યવિજય–૨ની હોવાની સંભાવના છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્ર.ત્રિ.]

નિત્યવિજય–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં લાવણ્યવિજયના શિષ્ય. ૧૨ સઝાયોમાં રચાયેલી 'એકાદશાંગ-સ્થિરિકરણ-સઝાય' (ર.ઈ.૧૬૭૮) અને ૩૭ કડીની 'શંખેશ્વર પાર્શ્વનાથ-છંદ' (ર.ઈ.૧૬૮૯ કે ૧૬૯૯/સં. ૧૭૪૫ કે ૧૭૫૫ શ્રાવણ વદ ૧૩; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. મણિભદ્રાદિકોના છંદોનો પુસ્તક : ૧, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦; ૨. સસન્મિત્ર(ઝ.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. લીંહસૂચી. [શ્ર.ત્રિ.]

નિત્યસાગર [ ] : જૈન સાધુ. ૭ કડીના 'શીતલજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. (શ્ર.ત્રિ.]

નિત્યસૌભાગ્ય [ઈ.૧૬૭૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વૃદ્ધિસૌભાગ્યના શિષ્ય. ૧૬ ઢાલ અને ૪૦૦ કડીની 'નંદબત્રીસી' (ર.ઈ.૧૬૭૫/સં.૧૭૩૧ મહા સુદ–)અને ૨૫ ઢાલની 'પંચા-ખ્યાન-ચોપાઈ/કર્મરેખાભાવિની ચરિત્ર'(ર.ઈ.૧૬૭૫/સં.૧૭૩૧,આસો સુદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂ કવિઓ : ૨. [શ્ર.ત્રિ.]

નિત્યાનંદ(સ્વામી) [જ.ઈ.૧૭૯૩/સં.૧૮૪૯, ચૈત્ર સુદ ૯–અવ. ઈ. ૧૮૫૨/સં.૧૯૦૮, માગશર સુદ ૧૧] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. બુંદેલખંડના લખનૌ જિલ્લાના હતિયા ગામે જન્મ. યજુર્વેદી ગૌડ બ્રાહ્મણ. પિતા વિષ્ણુ શર્મા. માતા વિરજાદેવી. મૂળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામ દિનમણિ શર્મા. દીક્ષા જોધપુરમાં. દીક્ષાનામ નિત્યાનંદ. યજ્ઞોપવીત બાદ ૮ જ વર્ષની વયે વિદ્યાભ્યાસ માટે કાશીગમન. ગર્ભશ્રીમંત છતાં શાશ્વતસુખ અર્થે ગૃહત્યાગ કર્યો. વારાણસીમાં વેદ-વેદાંગ-દર્શનનો અભ્યાસ. તીર્થાટન કરતાં કરતાં ઊંઝામાં સહજાનંદ સાથે મેળાપ. સહજાનંદની આજ્ઞાથી અમદાવાદમાં નરભેરામ શાસ્ત્રી પાસે વિશેષ અભ્યાસ. વિદ્વત્તાને કારણે 'વિદ્યાવારિધિ' કહેવાયા અને શાસ્ત્રાર્થ પારંગત હોવાથી 'વ્યાસ'ની પદવી અપાયેલી. તેઓ મોટે ભાગે અમદાવાદના દરિયાખાન ઘુમ્મટમાં રહી શિષ્યોને ભણાવતા અને ઉપદેશ આપતા. તેઓ વિશાળ શિષ્યવૃંદ ધરાવતા હતા. સહજાનંદસ્વામીના 'વચનામૃતો'ને એમના મુખેથી ઉતારનાર ૪ સાધુમાંના તેઓ એક હતા. સહજાનંદની પ્રસાદી રૂપ વસ્તુઓનો સંગ્રહ કરવામાં તેમનો ફાળો મોટો છે. અવસાન વડતાલમાં.

'અવતાર-ચરિત્ર' તથા 'વૈકુંઠદર્શન' તેમના મૌલિક ગ્રંથો છે. તેમણે અનેક ગ્રંથોના ગુજરાતીમાં અનુવાદ–રૂપાંતર કર્યાં છે, જેમાં 'દશમસ્કંધ' (પૂર્વાર્ધ), 'વિદૂરનીતિ', 'ભગવદ્ગીતા', 'કપિલ-ગીતા', 'એકાદશસ્કંધ'ના 'ગુણવિભાગ', શતાનંદના 'સત્સંગીજીવન'માં આવતી 'નિષ્કામશુદ્ધિ'નો સમાવેશ થાય છે. તેમણે 'પંચમસ્કંધ' અને 'શિક્ષાપત્રી'નો ટીકાસહિત અનુવાદ કર્યો છે.

'હરિદિગ્વિજય', 'હરિકવચ', હનુમાનજીની સ્તુતિ સ્વરૂપ 'હનુમત્કવચ', શાંડિલ્યસૂત્રનું ભાષ્ય, 'રુચિરાષ્ટક' વગેરે તેમની સંસ્કૃત કૃતિઓ છે.

સંદર્ભ : ૧. વિદ્યાવારિધિશ્રી નિત્યાનંદસ્વામી, નારાયણભક્ત, ઈ. ૧૯૬૩; ૨. સંપ્રદાયના બૃહસ્પતિ શ્રી નિત્યાનંદસ્વામી, ગોરધનદાસ જી. સોરઠિયા, સં. ૨૦૨૯; ☐ ૩. સ્વામિનારાયણ-સંપ્રદાયનો સચિત્ર ઇતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસજી, સં. ૨૦૩૦ (બીજી આ.), ૪. સ્વામિનારાયણીય સંસ્કૃત સાહિત્ય, ભાઈ-શંકર પુરોહિત, ઈ. ૧૯૭૯ [શ્રા.ત્રિ.]

નિધિકુશલ [ઈ.૧૬૭૧માં હયાત] : જૈન સાધુ. 'પ્રત્યેક બુદ્ધનો રાસ' (૨.ઈ.૧૬૭૧/સં. ૧૭૨૭, અસાડ સુદ ૨)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

નિમાનંદ [ ] : કૃષ્ણસ્તુતિનાં ચર્ચરી છંદમાં રચાયેલાં ૨ પદ (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. કાદોહન : ૧; ૨ : બૂકાદોહન : ૫.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. ગૂહાયાદી. [કી.જો.]

નિરંજનરામ [ ] : 'સાહેલી-સંવાદ'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

નિરાંત [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ.ઈ.૧૮૫૨/સં.૧૯૦૮ અધિક ભાદરવા સુદ ૮, મંગળવાર] : જ્ઞાનમાર્ગી સંતકવિ. દેથાણ (જિ. ભરૂચ)ના વતની. જ્ઞાતિએ ગોહેલ રજપૂત. કોઈ પાટીદાર પણ કહે છે. પિતા ઉમેદસિંહ. માતા હેતાબા. જન્મ ૧૭૪૭માં મનાય છે, પણ એને માટે કોઈ આધાર જણાતો નથી. બાલ્યકાળથી ભક્તિના સંસ્કારો ધરાવતા નિરાંત આરંભકાળમાં રણછોડભક્ત હતા અને દર પૂનમે હાથમાં તુલસી લઈ ડાકોર જતાં એમ કહેવાય છે ને એમનાં ૨ પદોમાં વલ્લભકુળનો નિર્દેશ હોવાથી તે એક વખતે વૈષ્ણવધર્મી હશે એમ પણ મનાયું છે, પરંતુ રણછોડ-ભક્તિનાં એમનાં કોઈ પદો પ્રાપ્ત નથી તે ઉપરાંત શુદ્ધ વૈષ્ણવ ભક્તિમાર્ગ પણ એમની કૃતિઓમાં ખાસ નજરે પડતો નથી. ડાકોર જતાં નિરાંતને ભક્તિના આ ક્રિયાકાંડોની નિરર્થકતા સમજાવનાર કોઈ મિયાંસાહેબ/અમનસાહેબ નામે મુસ્લિમ હતા એમ કહેવાય છે, પરંતુ સંપ્રદાયની માન્યતા અનુસાર એમણે પ્રથમ ઉપદેશ કણઝટના રામાનંદી સાધુ ગોકળદાસ પાસેથી લીધો હતો અને પછીથી સચ્ચિદાનંદ પરિવ્રાજક દંડીસ્વામીએ એમને સગુણ-ભક્તિમાંથી નિર્ગુણ તરફ વાળ્યા.

ભજનકીર્તન દ્વારા ઉપદેશ આપતાં નિરાંત મહારાજને ભિન્ન ભિન્ન કોમોમાંથી અનુયાયીવૃંદ મળ્યું હતું. મંદિરો ઊભાં કરવાની ને સંપ્રદાય સ્થાપવાની એમણે અનિચ્છા બતાવી પરંતુ એમના પ્રમુખ ૧૬ શિષ્યોને જ્ઞાનગાદી સ્થાપી ઉપદેશ આપવાની અનુજ્ઞા આપી. ઊંચ-નીચ, નાતજાત વગેરેના ભેદ વગર આજે આ સંપ્રદાય ઉત્તર ગુજરાતના માલેસણથી છેક દક્ષિણમાં મહાડ (મહારાષ્ટ્ર) સુધી પ્રચલિત છે. નિરાંતનું અવસાન ઈ. ૧૮૫૨ (સં. ૧૯૦૮, ભાદરવા સુદ ૮)માં થયું હોવાનું સંપ્રદાયમાં નોંધાયું છે પણ એનો આધાર સ્પષ્ટ નથી. ઈ.૧૮૪૩ પછી થોડાં વરસોમાં એ અવસાન પામ્યા હોવાનું જણાય છે.

નામની ઉપાસનાનો અને નિવૃત્તિમાર્ગનો ઉપદેશ કરનાર નિરાંતની મુખ્ય દાર્શનિક ભૂમિકા અદ્વૈત વેદાંતની છે પણ એમાં યોગ અને ભક્તિનાં તત્ત્વો મિશ્ર થયેલાં છે. એમનું કાવ્યસર્જન(મુ.) મોટે ભાગે પદ રૂપે છે. ધોળ, કાફી, ઝૂલણા આદિ નામભેદો ધરાવતાં ને ગુજરાતી ઉપરાંત હિંદીમાં પણ મળતાં ૨૦૦ ઉપરાંત પદો અદ્વૈતબોધ, નામમહિમા, ગુરુમહિમા ઉપરાંત ભક્તિનું પણ નિરૂપણ કરે છે અને એની સરળ અર્થવાહિતાથી લોકગમ્ય બને છે. કદાચ વર્ણનાત્મક રીતિને કારણે 'કથા'ને નામે ઓળખાયેલાં ૨૯ પદોનો સમુચ્ચય મળે છે, જેમાં ધનવિરાગ, સ્ત્રીવિરાગ, ગુરુ-શ્રદ્ધા, માયાત્યાગ, ષડ્રિપુ, ચિત્તશુદ્ધિ, બ્રહ્મદર્શન, પુરુષપ્રકૃતિ, દેહોત્પત્તિ, દેહાવસાન આદિ વિષયોની સમજ શિષ્યને આપવામાં આવેલી છે. વેદાંતવિષયક જિજ્ઞાસા પ્રગટ કરતા ૩ પત્રો–હરિદાસ(હરિભક્ત)ને (૨.ઈ.૧૮૦૦/સં.૧૮૫૬, આસો સુદ ૧૫ શુક્રવાર), રવિરામ (રવિસાહેબ)ને (૨.ઈ.૧૮૦૦/સં. ૧૮૫૬, આસો વદ ૧, શનિવાર) તથા મંછારામ (જે પછીથી એમના શિષ્ય બનેલા)ને (૨.ઈ. ૧૮૦૧/સં.૧૮૫૭ પોષ વદ ૧૨, સોમવાર) સંબોધાયેલા–પણ પદો જ ગણાય.

નિરાંતનાં ૨ તિથિકાવ્યો ને 'સાતવાર' જ્ઞાનમૂલક છે ને 'સાત-વાર'માં વારનાં નામ શ્લેષથી ગૂંથાયાં છે. વિરહભાવને વર્ણવતા 'બારમાસ' પણ અંતે જ્ઞાનમાં જ પરિણમે છે. આ ઉપરાંત સવૈયા તથા હિંદીમાં કુંડળિયા, સાખી, કવિત, રેખતા આદિ પ્રકારની લઘુ રચનાઓ આ કવિએ કરી છે.

કવિની બે દીર્ઘ કૃતિઓ મળે છે. 'યોગસાંખ્યદર્શનનો સલોકો' ૧૦૦–૧૦૦ કડીમાં યોગદર્શન અને સાંખ્યદર્શનની શાસ્ત્રીય સમજૂતી આપે છે. અને 'અવતારખંડન' ૧૦–૧૦ કડીના ૧૦ ખંડમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વરાહ, મત્સ્ય, કચ્છ, મોહિનીરૂપ, નૃસિંહ, બલરામ, કૃષ્ણ, રામ, પરશુરામ, વામન એ અવતારોની સમીક્ષા-ચિકિત્સા કરી એનો મર્મ પ્રગટ કરે છે, જેમકે વરાહાવતાર વિશે કવિ કહે છે કે સર્વમાં ઈશ્વર છે એ વાત સાચી છે, પણ એથી કંઈ ભૂંડને પૂજાય નહીં.

કૃતિ : ૧. નિરાંતકાવ્ય. સં. ગોપાળરામ ગુરુ દેવશંકર શર્મા, ઈ.૧૯૫૯ (+સં.); ☐ ૨. જ્ઞાનોદય પદસંગ્રહ, ભગત કેવળરામ કાલુરામ,–; ૩. પ્રાકામાળા : ૧૦ (+સં.) : ૪. પ્રાકાસુધા : ૨; ૫. બૃકાદોહન : ૫.

સંદર્ભ : ૧. આગુસંતો; ૨. અસંપરંપરા; ૩. કવિચરિત : ૩; ૪. ગુમાસ્તંભો; ૫. ગુસાઈતિહાસ : ૨; ૬. ગુસામધ્ય; ૭. ગુસારસ્વતો; ☐ ૮. ગૂહાયાદી; ૯. ડિકેટલૉગભાવિ. [દે.દ.]

નિરૂપમસાગર [ ] : જૈન સાધુ. ૩૬ કડીના 'ગોડિપાર્શ્વજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : શ્રી ગોડિપાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ.૧૯૬૨. [કી.જો.]

નિષ્કુળાનંદ [જ.ઈ. ૧૭૬૬/સં. ૧૮૨૨, મહા સુદ ૫–અવ. ઈ. ૧૮૪૭ કે ૧૮૪૮/સં. ૧૯૦૩ કે ૧૯૦૪, અસાડ વદ ૯] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુકવિ. સહજાનંદના શિષ્ય. જામનગર જિલ્લાના શેખપાટ/સુખપુર/લતીપુરમાં જન્મ. જ્ઞાતિએ ગુર્જર સુતાર. પિતા રામભાઈ, માતા અમૃતબા. જન્મનામ લાલજી. અનિચ્છા છતાં પિતાના આગ્રહથી લગ્ન કરેલું. પિતા રામાનંદસ્વામીના શિષ્ય હોવાથી કવિ એમના સંપર્કમાં આવેલા. પછીથી ઈ.૧૮૦૪માં સહજાનંદસ્વામી સાથે કચ્છમાં ભોમિયા તરીકે જવાનું થતાં સાસરાના અધોઈ ગામે એમને સાધુવેશ પહેરાવી દઈ દીક્ષા આપવામાં આવી. કાષ્ઠ અને આરસની કલાકારીગરીમાં નિપુણ આ સાધુકવિ સંપ્રદાયમાં વૈરાગી કવિ તરીકે પ્રસિદ્ધ થયા. અવસાન ધોલેરામાં.

નિષ્કુળાનંદનું સાહિત્યસર્જન વિપુલ છે ને સઘળું મુદ્રિત છે. એમણે ૩૦૦૦ જેટલાં પદો રચ્યાં હોવાનું કહેવાય છે. પરંતુ એમાં કેટલીક પદસમુચ્ચય રૂપ કૃતિઓનાં ને પદના પદ્યબંધનો વિનિયોગ કરતી કૃતિઓનાં પદોનો સમાવેશ થયો હોય એમ જણાય છે. જેમ કે 'વૃત્તિવિવાહ/અખંડવરનો વિવાહ' (મુ.) વૃત્તિના શ્રીહરિ સાથેના વિવાહને અનુલક્ષીને લગ્નગીતો રજૂ કરતી ૨૦ ધોળ/પદની કૃતિ છે. સંત–અસંત–લક્ષણ વર્ણવી સંતોના આચારધર્મનો બોધ કરતી 'ચોસઠપદી' (મુ.) તો એવો પદસમુચ્ચય છે, જેમાં પદો છૂટાં પણ જાણીતાં છે. નિષ્કુળાનંદનાં પદો←(મુ.)માં સંભવતઃ જૈન અસર નીચે રચાયેલાં શિયળની વાડનાં પદો, પંચેન્દ્રિયભોગનાં ૮ પદો એવાં પદજૂથો મળે છે. અન્ય પદો સહજાનંદ રૂપ ને એમનો વિરહ, પ્રેમલક્ષણા ભક્તિ અને ભક્તિવૈરાગ્યબોધ એ ત્રિવિધ પ્રવાહોમાં વહે છે. પ્રેમલક્ષણા ભક્તિનાં પદો એના મુગ્ધ શૃંગારભાવથી ને ભક્તિવૈરાગ્યબોધનાં પદો એની લોકભોગ્ય છટાથી જુદાં તરી આવે છે.

કવિની દીર્ઘ કૃતિઓમાંથી કેટલીક સહજાનંદસ્વામીના ચરિત્રને આલેખે છે. પૂર્વછાયા, ચોપાઈ અને દેશીબંધમાં રચાયેલી ૧૬૪ પ્રકરણની 'ભક્તચિંતામણિ' (૨. ઈ. ૧૮૩૧/સં. ૧૮૮૭; આસો સુદ ૧૩, ગુરુવાર; મુ.) સહજાનંદની ૪૯ વર્ષ સુધીની જીવનલીલાને વિસ્તારથી વર્ણવતી મહત્ત્વની કૃતિ છે. ૫૫ 'પ્રકાર' નામક ખંડોમાં વહેંચાયેલી, દુહા-ચોપાઈબદ્ધ 'પુરુષોત્તમપ્રકાશ'(મુ.) દર્શન, સ્પર્શ, વિચરણ, સદાવ્રતો, યજ્ઞો, ઉત્સવો, ગ્રંથોનું નિર્માણ વગેરે ધર્મપ્રવૃત્તિઓ દ્વારા સહજાનંદે પોતાના ઐશ્વર્યનો પ્રસાદ લોકોને આપ્યો તેનું વર્ણન કરે છે. 'ચિંતામણિ' નામક વિભાગો ધરાવતી 'હરિસ્મૃતિ'(મુ.) સહજાનંદનાં અંગ, વેશ, જમાણ, પ્રતાપ વગેરેનું વીગતે ચિત્ર આપે છે.

પૌરાણિક કથાકથનનો આશ્રય લેતી ૪ કૃતિઓ છે. ૬૪ કડવાં અને ૧૬ પદની 'ધીરજાખ્યાન' (૨.ઈ.૧૮૪૩/સં.૧૮૯૯, ચૈત્ર વદ ૧૦; મુ.) પ્રભુપંથે ચાલતાં જે કષ્ટો પડે છે તેને ધૈર્યપૂર્વક સહન કરનાર ધ્રુવ, પ્રહ્લાદાદિ ભક્તોની કથાઓ વર્ણવે છે, તો ૫૨ કડવાં ને ૧૩ પદની 'વચનવિધિ' (મુ.)માં રામાવતાર તથા કૃષ્ણાવતારમાં ભગવાનનાં વચન પાળ્યાં-ન પાળ્યાનાં પરિણામો દર્શાવતાં પૌરાણિક દૃષ્ટાંતો દ્વારા ઈશ્વરના વચન રૂપ આચાર્યધર્મનો ઉપદેશ કર્યો છે. ૪૪ કડવાં અને ૧૧ પદની 'સ્નેહ-ગીતા' (૨.ઈ.૧૮૧૬/સં.૧૮૭૨, વૈશાખ સુદ ૪; મુ.) ભાગવતના ઉદ્ધવસંદેશના પ્રસંગને આલેખે છે, ને પ્રેમલક્ષણા ભક્તિની ઉત્કટ ઊર્મિના સવિસ્તાર નિરૂપણથી મનોરમ બનેલી છે. ૩૩ કડીની 'અવતાર ચિંતામણિ' (મુ.) શ્રીહરિના ૩૧ અવતાર અને એ અવતારોના કર્મનો સંક્ષેપમાં નિર્દેશ કરે છે.

મુખ્યત્વે પૂર્વછાયા–ચોપાઈબંધનાં ૨૦ કડવાં ને ૧ ધોળમાં રચાયેલી 'યમદંડ'(મુ.) ગરુડપુરાણ–આધારિત વર્ણનાત્મક કૃતિ છે. એમાં મુમુક્ષુમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવાના હેતુથી જન્મમરણાદિની યમયાતનાઓ તથા સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિનું વર્ણન કરેલું છે. ૧૮૭ કડીની 'મનગંજન' (૨.ઈ. ૧૮૧૫/સં. ૧૮૭૧, શ્રાવણ –૭; મુ.) રૂપકાશ્રિત કથાકૃતિ છે. એમાં દેહનગરના ૨ દીવાન નિર્જમન અને પરતકમન વચ્ચેનું યુદ્ધ વર્ણવાયેલું છે અને નિર્જમનની જીત દ્વારા ઈન્દ્રિયજયનો બોધ આપવામાં આવ્યો છે

કવિની અન્ય કૃતિઓ દૃષ્ટાંતાદિકના વિનિયોગપૂર્વક સીધો તત્ત્વબોધ રજૂ કરે છે. ૪૮ કડવાં અને ૧૨ પદની 'સારસિદ્ધિ'(મુ.) પ્રગટ ભગવાનની મૂર્તિને સારમાં સાર ગણાવી એને રાજી રાખવાના અનેક ઉપાયોમાંથી વૈરાગ્ય, ભક્તિ અને સંતસેવાનું મહત્ત્વ સમજાવે છે. ૪૪ કડવાં અને ૧૧ પદની 'હરિબળ-ગીતા' (૨.ઈ. ૧૮૪૨/સં.૧૮૯૮, પુરુષોત્તમ માસ સુદ ૧૫; મુ.) અજિત અંતરશત્રુઓને જીતવા માટે હરિ એ જ બળ છે એવું પ્રતિપાદન કરી સ્વરૂપનિષ્ઠા પર ભાર મૂકે છે. ગુરુશિષ્યસંવાદરૂપની ૧૫ 'પ્રસંગ' નામક વિભાગો ધરાવતી દુહાસોરઠાબદ્ધ 'હૃદયપ્રકાશ' (૨.ઈ. ૧૮૪૬/સં. ૧૯૦૨, અસાડ સુદ ૧૧; મુ.) હૃદયમાં આત્મા અને પરમાત્માનો પ્રકાશ પથરાય એ માટે ઈન્દ્રિયો ને અંતઃકરણની શુદ્ધિ પર ભાર મૂકે છે. ૪૪ કડવાં અને ૧૨ પદની 'ભક્તિનિધિ' (૨.ઈ.૧૮૪૬/સં.૧૯૦૨, ચૈત્ર સુદ ૯; મુ.) ભક્તિનાં વિવિધ પાસાંની તાત્ત્વિક ચર્ચા કરી નિષ્કામ ભક્તિનો મહિમા પ્રગટ કરે છે. ૧૮ 'નિર્ણય' નામક વિભાગો ધરાવતી દુહાચોપાઈબદ્ધ 'કલ્યાણનિર્ણય' (મુ.) કલ્યાણના જુદા જુદા પ્રકારો બતાવી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવતારી ઈશ્વર અને સાચા સંતની આજ્ઞામાં રહેવામાં કલ્યાણ છે એમ પ્રતિપાદિત કરે છે. ચારણી છંદોનો વિનિયોગ દર્શાવતી ૧૦૨ કડીની 'અરજીવિનય' (મુ.) પ્રાર્થનાનું મહત્ત્વ પ્રગટ કરે છે, તો ૧૦૧ કડીની 'ગુણગ્રાહક' (મુ.) ગુણ-અવગુણનો ભેદ કરીને નિર્ગુણબ્રહ્મની ઉપાસનાનો ઉપદેશ આપે છે. કવિએ સહજાનંદની સંસ્કૃત 'શિક્ષાપત્રી'ને દુહા-ચોપાઈની ૨૬૦ કડીમાં (મુ.) ગુજરાતીમાં ઉતારી છે.

પદો ઉપરાંત હિંદીમાં એમણે સહજાનંદના જન્મથી અંતર્ધાનસમય સુધીના પ્રત્યેક વિચરણને વર્ણવતી ૮ વિશ્રામની દુહાચોપાઈબદ્ધ 'હરિ-વિચરણ' (મુ.), સહજાનંદના ચરણમાં રહેલા પ્રભુતાસૂચક અને મોક્ષમૂલક ચિહ્નો વર્ણવતી ૧૬ દુહાની 'ચિહ્નચિંતામણિ'(મુ.), ભગવાન પ્રત્યેના સખીભાવથી થયેલું ૩૧ પુષ્પોનું ચિંતવન રજૂ કરતી ૩૧ કડીની 'પુષ્પચિંતામણિ' (મુ.) અને ભગવાનનું ભજન કયા શુભ-અશુભ સમયે કરવું જોઈએ તેનાં લગ્નફળ દર્શાવતી દુહાની ૧૭ કડીની 'લગ્નશકુનાવલી' (ઈ.૧૮૨૭; મુ.) એ કૃતિઓ રચેલી છે.

કૃતિ : ૧. નિષ્કુળાનંદકાવ્ય, પ્ર. શેઠ લક્ષ્મણદાસ માવજી, ઈ. ૧૯૧૨; ૨. નિષ્કુળાનંદકાવ્ય, પ્ર. સ્વામિનારાયણ ગુરુકુળ, ઈ.૧૯૭૮ (+સં.); ૩. નિષ્કુલાનંદકાવ્યમ્ સં. હરજીવનદાસ શાસ્ત્રી; ૪. નિષ્કુળાનંદ સ્વામીકૃત કાવ્યસંગ્રહ, પ્ર. વૈદ્ય ઘનશ્યામ બાપુભાઈ; ૫. પત્રી તથા કીર્તન, પ્ર. મનસુખરામ મૂળચંદ, ઈ.૧૮૮૦; ૬. પુરુષોત્તમ-પ્રકાશ, સં. શાસ્ત્રી નારાયણભક્ત, ઈ.૧૯૮૦; ૭. ભક્તચિંતામણિ, પ્ર. ઠક્કર દામોદરદાસ ગો. ઈ.૧૮૯૬; ૮. ભક્તચિંતામણિ, સં. શાસ્ત્રી દેવચરણદાસજી, સં.૨૦૧૩ (+સં); ૯. ભક્તચિંતામણિ, પ્ર. શ્રીપતિપ્રસાદજી, ઈ.૧૯૨૪; ૧૦. સારસિદ્ધિ પ્ર. દામોદર ગો. ઠક્કર, ઈ.૧૮૭૯; ૧૧. બૃકાદોહન : ૧ ૨, ૫, ૬.

સંદર્ભ : ૧. વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી, શાસ્ત્રી ભક્તિપ્રિયદાસ, ઈ. ૧૯૭૮; ૨. ☐ મસાપ્રવાહ; ૩. ☐ રિકેટલૉ-ગબીજ. [ચ.મ.]

નિહાલચંદ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. હર્ષચંદ્રગણિના શિષ્ય અને લઘુબંધુ. ૧૨૫ કડીના 'જગત શેઠાણી-શ્રીમણિકદેવી-રાસ' (૨.ઈ.૧૭૪૨/સં.૧૭૯૮, પોષ વદ ૧૩; મુ.), ૧૮૬ કડીની 'જીવવિચારભાષા'(૨.ઈ.૧૭૫૦/સં.૧૮૦૬, ચૈત્ર સુદ ૨, બુધવાર), 'નવતત્ત્વભાષા' (૨.ઈ.૧૭૫૧/સં.૧૮૦૭, મહા સુદ ૫)–એ કૃતિઓના કર્તા. તેમની પાસેથી હિન્દીમાં 'બ્રહ્મબાવની' (૨.ઈ. ૧૭૪૫) અને ૬૫ કડીની 'બંગાલા દેશકી ગજલ' એ કૃતિઓ મળી છે.

કૃતિ : જૈન રાસસંગ્રહ : ૧, સં. શ્રીસાગરચન્દ્રજી મહારાજ, ઈ. ૧૯૩૦.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐૨ જૈગૂકવિઓ : ૩,(૧,૨). [શ્રા.ત્રિ.]

નીકો [ ] : જૈન. ૧૪ કડીની 'બાવન યમકગર્ભિત રહનેમીજીની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ષટ્‌દ્રવ્ય નયવિચારાદિ પ્રકરણસંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, ઈ.૧૯૬૯. [કી.જો.]

નીતિવિજય [ ] : જૈન સાધુ. વિજય-રત્નસૂરિના શિષ્ય. ૮ કડીના 'પાર્શ્વજિન-સ્તવન (મુ.)ના કર્તા

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [કી.જો.]

નીતિહર્ષ [ ] : જૈન. ૬ કડીની 'પ્રસન્નચંદ્ર-સઝાય'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

નીરભેરામ : જુઓ નરભેરામ–૩.

નીંબો [ઈ.૧૬૧૯ સુધીમાં] : જૈન. ૨૪૫ કડી અને ૪૦૦ ગ્રંથાગ્રના 'આદિનાથ-વિવાહલો' (લે.ઈ. ૧૬૧૯/સં. ૧૬૭૫, આસો વદ ૩)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩ (૧). [શ્રા.ત્રિ.]

નૂર/નૂરુદ્દીન [ ] : 'સતગુરુ' તરીકે ઓળખાયેલા આ નિઝારી ઈસ્માઈલી સંતનો સમય એક ગણતરીએ ઈ.૯મી સદીની પહેલી પચીસીમાં મુકાય છે, તો બીજી બાજુથી નવસારીમાં આવેલા એમના રોજામાંનો લેખ એમનું અવસાનવર્ષ ઈ. ૧૦૯૪ બતાવે છે. કબર કોઈ ઘણા પ્રાચીન ઈસ્માઈલી ધર્મ-પ્રચારકની હોય અને નૂરુદ્દીન ઈમામશાહ (જ.ઈ. ૧૪૫૨–અવ. ઈ. ૧૫૧૩)ના સમયમાં ગુજરાતમાં આવ્યા હોય એવો પણ તર્ક થયો છે. સિદ્ધરાજ કે ભીમદેવના સમયમાં એ પાટણ આવ્યા હોવાની ને પછીથી નવસારીના સૂબા સૂરચંદની કુંવરી સાથે પરણ્યા હોવાની માહિતી મળે છે તેની પ્રમાણભૂતતા શંકાસ્પદ છે. એમના ઘણા ચમત્કારો નોંધાયેલા છે. આ બધા પરથી એ પ્રભાવક ધર્મોપદેશક હોવાનું તો નિશ્ચિત થાય છે.

એમને નામે જે 'જ્ઞાન' નામક પદો (મુ.) મળે છે તેમાં એમનું જ કર્તૃત્વ માનવું કે એમનો ઉપદેશ એમના નામથી કોઈએ વણી લીધો છે એમ માનવું એ કોયડો છે. એ ભક્તિવૈરાગ્યબોધક પદોમાં હિન્દુપરંપરાનો ઉપયોગ કરતા સતપંથના લાક્ષણિક પૌરાણિક કથાસંદર્ભો છે અને આગમવાણીના અંશો છે. એની ભાષામાં હિંદીનાં તત્ત્વો છે.

કૃતિ : મહાન ઈસ્માઈલી સંત પીર હસન કબીરદીન અને બીજા સત્તાધારી પીરો રચિત ગીનાનોનો સંગ્રહ,––.

સંદર્ભ : ૧. * ઈસ્માઈલી લિટરેચર, ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ.૧૯૬૩; ૨. ક્લેકટેનિયા : ૧. સં. ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૪૮; ૩. ખોજા કોમની તવારીખ, એદલજી ધનજી કાબા, ઈ.૧૯૧૮; ૪. ખોજા વૃત્તાંત, સચેદીના નાનજીઆણી,*ઈ. ૧૮૯૨, ઈ.૧૯૧૮ (બીજી આ.); ૫. મહાગુજરાતના મુસલમાનો : ૧-૨, કરીમ મહમદ માસ્તર, ઈ. ૧૯૬૯; ૬. (ધ) સેક્ટ ઑવ ઈમામશાહ ઈન ગુજરાત, ડબલ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૩૬. [૨.૨.દ.]

નૂરદાસ [ ] : દાદુપંથના કવિ. જ્ઞાતિએ મુસલમાન. શિખામણના પદના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. સમાલોચક, માર્ચ ૧૯૧૧–
–'ગુજરાતી જૂની કવિતા', છગનલાલ રાવળ. [કી.જ્ઞે.]

નેનસુખ : જુઓ નયનસુખ.

નેમ–૧ [ઈ.૧૬૫૨ સુધીમાં] : જૈન સાધુ. દાનના શિષ્ય. ૫ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન(ચિંતામણિ)' (લે.ઈ.૧૬૫૨)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.સો.]

નેમ(વાચક)–૨ [ ] : જૈન સાધુ. ૪ કડીના 'શ્રીશંખેશ્વર પાર્શ્વનાથનો છંદ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ. [શ્રા.ત્રિ.]

નેમચંદ [ઈ.૧૭૧૭માં હયાત] : જૈન. ભૂલથી નેમિદાસ શ્રાવકને નામે નોંધાયેલી 'ચૌવિસી ચોઢાળિયું'(૨.ઈ. ૧૭૧૭, કારતક –)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

નેમવિજય : આ નામે ૯ કડીનું 'કરેડા પાર્શ્વનાથ-સ્તવન' (લે.સં. ૧૯મી સદી) તથા અન્ય કેટલાંક સ્તવનો મળે છે તેના કર્તા કયા નેમવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.સો.]

નેમવિજય–૧ [ઈ.૧૬૩૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિદ્યાવિજયના શિષ્ય. ૨૪ ઢાળની 'અમરદત્ત મિત્રાનંદ-ચોપાઈ' (૨.ઈ.૧૬૩૯/સં.૧૬૯૫, આસો સુદ ૩, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ર.સો.]

નેમવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં તિલકવિજયના શિષ્ય.

આ કવિનો દુહા અને દેશીબદ્ધ ૮૪ ઢાળનો અને ૬ ખંડોમાં વિભક્ત 'શીલવતી-રાસ ← શીલરક્ષાપ્રકાશ-રાસ' (૨. ઈ. ૧૬૯૪/સં. ૧૭૫૦, વૈશાખ સુદ ૩; મુ.) શીલવતી અને ચંદ્રગુપ્ત વચ્ચેના લાંબા વિયોગની અને એને અંતે થતા મિલનની કથા આલેખે છે. વિયોગકાળમાં અનેક વિપત્તિઓમાં અટવાતી શીલવતી અને ભ્રમણ દરમ્યાન પરાક્રમો કરતા ચંદ્રગુપ્તની સાથે સંકળાતી ઘટનાઓથી વાર્તા કરુણ, વીર ને અદ્‌ભુતરસવાળી બની છે. કવિની રસિક ને આલંકારિક કાવ્યરીતિ, પ્રસંગકથનમાં ભળતું ઉપદેશકથન, ઢાળોમાં ઉપયોગમાં લેવાયેલા વિવિધ રાગો તથા અપભ્રંશના અંશોવાળી અને રાજસ્થાનીની અસર દેખાડતી ભાષા આ કૃતિની લાક્ષણિકતાઓ છે. માગશરના વર્ણનથી આરંભાતી 'નેમરાજુલ–બારમાસ/નેમિ-બારમાસ' (૨.ઈ.૧૬૯૮/સં. ૧૭૫૪, મહા સુદ ૮, રવિવાર; મુ.) કવિની બીજી મહત્ત્વની કૃતિ છે. સળંગ ૧૦૦ કડીઓમાં રાજિમતીની વિરહવ્યથાને આલેખતી આ કૃતિમાં આંતરયમક અને અનુપ્રાસની ગૂંથણી નોંધપાત્ર છે. એના પદબંધમાં ઢાળ તરીકે ઉલ્લેખાયેલો મુખ્ય ભાગ દુહામાં છે અને પ્રત્યેક માસના વર્ણનને અંતે આવતી ૨–૨ પંક્તિઓ દુહા તરીકે ઉલ્લેખાઈ છે પણ એ ઝૂલણાના ઉત્તરાર્ધની ૧૭ માત્રાનાં ૪ ચરણની બનેલી છે એ લાક્ષણિક છે.

આ ઉપરાંત કવિએ ૧૭ ઢાળનો 'સુમિત્ર-રાસ/રાજરાજેશ્વર-રાસ' (૨.ઈ.૧૬૯૯/સં.૧૭૫૫, મહા સુદ ૮, શનિવાર), ૪ ખંડ, ૬૩ ઢાળ અને ૭૨૮ ગ્રંથાગ્રનો 'વછરાજ-રાસ' (૨.ઈ. ૧૭૦૨/ સં. ૧૭૫૮, માગશર સુદ ૧૨, બુધવાર) તથા ૩૯ ઢાળ અને ૧૯૫૮ કડીનો 'તેજસાર/ રાજર્ષિ-રાસ' (૨.ઈ. ૧૭૩૧/સં. ૧૭૮૭, કારતક વદ ૧૩, ગુરુવાર) એ કૃતિઓની રચના કરી છે.

કૃતિ : ૧. પ્રાકામાળા : ૩૫; ૨. પ્રામબાસંગ્રહ : ૧; ☐ ૩. જૈનયુગ, પોષ ૧૯૮૨–'નેમિબારમાસ; સં. મોહનલાલ દ. દેસાઈ.

સંદર્ભ : ૧. ગુમાસ્તંભો; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩.ગુસામધ્ય; ૪. પાંગુહસ્તલેખો; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૭. ડિકેટલૉગભાવિ; ૮. દેસુરાસમાળા. [ર.સો.]

નેમવિજય–૩/નેમિવિજય [ઈ.૧૬૯૨/૧૭૨૨માં હયાત] : જૈન સાધુ. સંઘવિજયની પરંપરામાં દીપ્તિવિજયના શિષ્ય. તેમણે ૩ ઢાળ અને ૨૦ કડીની 'વૈમાનિકજિનરાજ-સ્તવન/વૈમાનિક શાશ્વતજિન-સ્તોત્ર/સ્તવન' (૨.ઈ.૧૬૯૨/ઈ. ૧૭૨૨/સં. ૧૭૪૮/૧૭૭૮, પોષ સુદ ૨, ગુરુવાર; મુ.) નામની કૃતિની રચના કરી છે.

કૃતિ : જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.સો.]

નેમવિજય–૪ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં રંગવિજયના શિષ્ય. ૨૮ ઢાળનું '(થંભણ, શેરીસા, શંખેશ્વર) પાર્શ્વનાથનું સ્તવન/ગીત' (૨.ઈ. ૧૭૫૫/સં.૧૮૧૧, ફાગણ સુદ ૧૩, સોમવાર), ૧૬ ઢાળનું 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન/કાજલ મેઘાનું સ્તવન/મેઘશાનાં ઢાળીયાં' (૨.ઈ. ૧૭૬૧/સં.૧૮૧૭, ભાદરવા સુદ ૧૩, સોમવાર; મુ.), દેશીઓ તથા દુહામાં બદ્ધ ૧૧૯ ઢાળનો અને ૯ ખંડોમાં વિભક્ત 'ધર્મપરીક્ષાનો રાસ/કામઘટ-રાસ' (૨.ઈ. ૧૭૬૫/સં. ૧૮૨૧, વૈશાખ સુદ ૫, ગુરુવાર; મુ.), ૪૫ ઢાળનો 'શ્રીપાળનો રાસ' (૨.ઈ.૧૭૬૮/ સં. ૧૮૨૪, પોષ વદ ૬, રવિવાર) તથા દાન, શીલ, તપ વગેરે વિષયો પરની સઝાયો – એ કૃતિઓ તેમણે રચી છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧; ૨. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૩. ધર્મપરીક્ષાનો રાસ, પ્ર. વાડીલાલ વ. શાહ, ઈ. ૧૮૭૮; ૪. એજન, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૧૩.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. પાંગુહસ્ત-લેખો; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧). [ર.સો.]

નેમસાગર : આ નામે ૨૭ 'કડીનું અજિતનાથ-સ્તવન', ૧૧ કડીનું 'ચતુર્વિંશતિજિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૮ કડીની 'ચરણસિત્તરિ-કરણસિત્તરિ-સઝાય', ૧૧ કડીની 'વિજયસિંહગુરુ–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સઝાય', ૧૨ કડીની 'સંસારસ્વરૂપ-સઝાય' અને 'સિદ્ધાચલ-સ્તવન'– એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા નેમસાગર છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

નેમસાગર–૧ [ ] : જૈન સાધુ. જસસાગરના શિષ્ય. ૧૧ કડીના 'નેમજી-ગીત' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

નેમિકુંજર [ઈ.૧૫૦૦માં હયાત] : જૈન સાધુ. ૪ ખંડ અને ૧૯૮/૪૩૦ કડીના 'ગજસિંહરાય ચરિત્ર-રાસ/ગજસિંઘકુમાર-રાસ' (૨.ઈ. ૧૫૦૦/સં. ૧૫૫૬, પ્રથમ જેઠ સુદ ૧૫, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. ડિકેટલૉગભાઈ : ૧૯(૨); ૫. મુપુગૂહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

નેમિદાસ : આ નામે ૩૩ કડીનો 'વિવાહ-સલોકો' (મુ.) મળે છે. તેના કર્તા કયા નેમિદાસ છે તે નિશ્ચિત થતું નથી. કૃતિની ભાષા ઈ.૧૭મી સદીના અંત અને ઈ.૧૮મી સદીના પ્રારંભની લાગે છે.

કૃતિ : ફાત્રૈમાસિક, ઓક્ટો.–ડિસે. ઈ. ૧૯૬૦–'વિવાહસલોકો' સં. હરિવલ્લભ ચુ. ભાયાણી.

સંદર્ભ : ડિકેટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

નેમિદાસ–૧ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન શ્રાવક. જ્ઞાનવિમલના શિષ્ય. દશાશ્રીમાળી વણિક. પિતા રામજી. 'અધ્યાત્મસારમાલા' (૨.ઈ. ૧૭૦૯/સં. ૧૭૬૫, વૈશાખ સુદ ૨; મુ.) અને ૭ ઢાળની 'પંચપરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા/અનુભવલીલા' (૨.ઈ.૧૭૧૦/સં. ૧૭૬૬, મહા/ચૈત્ર સુદ ૫; મુ.)ના કર્તા.

કૃતિ : * ૧. અધ્યાત્મસારમાલા, પ્ર. બુદ્ધિપ્રભા, સં. ૧૯૭૨ના એક અંકમાં; ૨. નસ્વાધ્યાય.

સંદર્ભ : ૧.જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

'નેમિનાથ–ચતુષ્પદિકા' : તપગચ્છના મુનિ રત્નસિંહસૂરિ શિષ્ય વિનયચંદ્રસૂરિરચિત ૪૦ કડીનું ચોપાઈબંધમાં રચાયેલું, ઉપલબ્ધ પહેલું બારમાસી કાવ્ય(મુ.). શ્રાવણથી આરંભાઈ અસાડમાં પૂરી થતી આ કૃતિમાં નેમિનાથના વિયોગમાં ઝૂરતી રાજલને તેની સખી નેમિનાથને ભૂલી જવા સમજાવે છે. પરંતુ સખીની એ વિનંતિને ન માની, વધતી જતી વિરહવ્યથા અસહ્ય બનતાં, આખરે રાજલ ગિરનાર જઈ નેમિનાથના હાથે દીક્ષા લઈ સિદ્ધિ પામે છે– એવી નેમિનાથ રાજિમતીની પ્રચલિત કથાને કવિ આમ તો અનુસરે છે, પરંતુ એક કડીમાં દરેક માસનું પ્રકૃતિવર્ણન, બીજી કડીમાં રાજલને તેની સખીએ કરેલ વિનંતિ અને ત્રીજી કડીમાં વિનંતિનો રાજલે આપેલો ઉત્તર એમ ૩–૩ કડીના ઝૂમખાને લીધે કૃતિનું સંયોજન વિશિષ્ટ બન્યું છે. ક્રમશઃ કાવ્યનાયિકાની વધતી જતી વિરહવ્યથા અને કેટલાંક સુંદર વર્ણનોવાળું આ કાવ્ય અંતે વૈરાગ્યબોધમાં પરિણમતું હોવા છતાં એમાંના ભાવતત્ત્વના પ્રાધાન્યથી આકર્ષક બની રહે છે. [૨.૨.દ.]

'નેમિનાથનવરસફાગુ / રંગસાગર–નેમિફાગ' [ઈ.૧૫મી સદી] : જૈન સાધુ રત્નમંડનગણિનું આ ફાગુકાવ્ય (મુ.) ઘણો વખત પંદરમા શતકના જૈન કવિ સોમસુંદરસૂરિને નામે પ્રચલિત થયેલું. સંસ્કૃત–પ્રાકૃત શ્લોકોના મિશ્રાણવાળી ૩ ખંડની આ કૃતિનું મુખ્યત્વે શાર્દૂલવિક્રીડિત, રાસક, આંદોલ અને યમકસાંકળીવાળો દુહો એ છંદોક્રમમાં થયેલું સંયોજન વિશિષ્ટ છે. ક્યાંક અનુષ્ટુપ ને અઢૈયા છંદોનો પણ કવિએ આશ્રય લીધો છે.

નેમિનાથ ગર્ભમાં હતા ત્યારે શિવાદેવીને આવેલાં માંગલ્યસૂચક સ્વપ્નોથી પ્રારંભ કરી રાજિમતી સાથેના લગ્ન પૂર્વે નેમિનાથે કરેલા સંસારત્યાગ સુધીની કથા આલેખી કવિએ નેમિચરિત્ર આહીં આલેખ્યું છે એ રીતે આ ફાગુ થોડું જુદું છે. અલબત્ત એમ કરવા જતાં ફાગુનું હાર્દ બહુ જળવાયું નથી. કૃષ્ણની પટરાણીઓ નેમિનાથને લગ્ન માટે સમજાવવા ગિરનાર પર્વત પર લઈ જાય છે એ પ્રસંગ દ્વારા કવિએ વસંતવર્ણનની કેટલીક તક ઝડપી લીધી છે અને ત્યાં કાવ્ય ફાગુના વિષયને અનુરૂપ બને છે. કૃષ્ણનાં ગોકુળનાં પરાક્રમો અને દ્વારિકાવર્ણનથી કેટલુંક વિષયાંતર કાવ્યમાં થાય છે, તો પણ પદમાધુર્ય ને સુંદર વર્ણનોથી કાવ્ય ધ્યાનપાત્ર બને છે. [૨.૨.દ.]

'નેમિનાથની રસવેલી'[૨.ઈ. ૧૮૩૩/સં.૧૮૮૯, ફાગણ સુદ ૭] : ખુશાલવિજયના શિષ્ય ઉત્તમવિજયની ૧૫ ઢાળ ને ૨૧૦ કડીઓમાં લખાયેલી આ કૃતિ(મુ.)માં કૃષ્ણની રાણીઓ નેમિનાથને વિવાહ માટે સમજાવે–મનાવે છે એ પ્રસંગને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે, એટલે રુક્મિણી, સત્યભામા, પદ્માવતી વગેરેએ કરેલો અનુનય દરેક ઢાળમાં આલેખાતો જાય એવી રચના કવિએ કરી છે. નારી વિનાના પુરુષના જીવનની શુષ્કતા ને નારીસ્નેહનું મહત્ત્વ રાણીઓની ઉપાલંભભરી ને મર્માળી ઉક્તિઓમાં સરસ ઝિલાયાં છે. કવિની રસિકતા ને કલ્પના પણ 'નારીને નાવડિયે બેસી તરવો પ્રેમસમુદ્ર', 'અલબેલીને આલિંગને રે, કંકણની પડે ભાત્ય' જેવી પંક્તિઓમાં સરસ ખીલી છે. દિયર સાથે વિનોદ કરતી રાણીઓના ઉદ્‌ગારોમાં પ્રસન્નમધુર ને સૌમ્ય શૃંગારનું નિરૂપણ ખૂબ લાક્ષણિક બન્યું છે. આ સ્ત્રીઓનાં રૂપલાવણ્યનું ને એમનાં અલંકારોનું તથા વિવાહ માટે તૈયાર થતાં રાજુલ ને નેમિનાથના દેહસૌંદર્યનું ઝીણું આલેખન પણ કવિએ સંક્ષેપમાં ને અસરકારક રીતે કર્યું છે.

કૃતિને એકરસપ્રધાન–શૃંગારપ્રધાન રાખવાનું કવિએ ઇચ્છ્યું છે અને તેથી રાજુલના વિલાપને વીગતે નિરૂપવાનું ટાળ્યું છે તેમ નેમ-રાજિમતીના અન્ય જીવનપ્રસંગોને પણ અત્યંત સંક્ષેપમાં પતાવ્યા છે. વિવિધ દેશીઓની ૧૩–૧૩ કડીઓની ઢાળ (છેલ્લીને અપવાદે)નો સુઘડ રચનાબંધ અને સળંગ અનુપ્રાસાત્મક ભાષા આ કૃતિની નોંધપાત્ર લાક્ષણિકતા છે. [૨.સો.]

'નેમિનાથ–ફાગ' : દુહાની ૨૩ કડીની, 'ફાગ' તરીકે ઓળખાવાયેલી અજ્ઞાત કવિની આ કૃતિ (લે.ઈ. ૧૬મી સદી અંત/૧૭મી સદી આરંભ અનુ;મુ.) વસ્તુતઃ રાજિમતીનો ૧૨ માસની 'વિરહવ્યથાનું વર્ણન કરે છે. અસાડથી આરંભાઈ જેઠ માસના નિર્દેશ સાથે પૂરી થતી આ કૃતિમાં અંતે તપ–જપ–સંયમ આદરીને રાજિમતી નેમિનાથની પણ પહેલાં શિવપુરીને પામે છે એમ ઉલ્લેખાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંતુ તે પૂર્વે રાજિમતીના ઉદ્‌ગારો દ્વારા એની વિરહવ્યથાનું પ્રકૃતિ-ચિત્રણની ભૂમિકા સાથે માર્મિક નિરૂપણ થયેલું છે. ક્વચિત્ પ્રકૃતિના વિરોધમાં માનવસ્થિતિ મુકાય છે–ભાદરવામાં સરોવર લહેરે ચડે છે, ત્યારે મારું કાયાસરોવર સ્વામી વિના દુઃખમાં સિઝાય છે; ક્વચિત્ પ્રાકૃતિક તત્ત્વોને સંબોધનથી માનવભાવનું સૂચન થાય છે–મોર, મધુર અવાજ ન કર. પણ વધુ ધ્યાન ખેંચે છે તે તો કૃતિમાં ગૂંથાયેલા નેમિનાથ પ્રત્યેના રાજિમતીના અનેક ઉપાલંભો, મર્મ પ્રહારો–મૂર્ખ માણસ દ્રાક્ષને છોડીને કાંટાઓને અપનાવે, મધુકર માલતીને છોડીને પારધિના ફૂલ પાછળ ભમવા લાગ્યો, આંબો માનીને સેવ્યો તેણે ધતૂરાનાં ફળ આપ્યાં, વિષધરને કંઠિયે પૂર્યો પણ નજર ચૂકવી ડંખી ગયો વગેરે. 'તારો સ્વામી મળશે' એમ કહેતા કૃષ્ણને પણ રાજિમતી સંભળાવી દે છે કે તું મને છેતરીશ નહીં, યાદવો કૂડા છે એ હું પહેલેથી જાણું છું.

કૃતિ : પ્રાકાસંગ્રહ (+ સં.). [જ.કો.]

'નેમિનાથ–ફાગુ' [ર.ઈ.૧૩૪૯ આસપાસ] : મલધાર/હર્ષપુરીગચ્છના સાધુ રાજશેખરકૃત આ કૃતિ(મુ.) જિનપદ્મસૂરિની 'સ્થૂલિભદ્રફાગુ'ની છંદ-યોજના તેમ જ પંકિત વિભાજનને અનુસરતી, અનુક્રમે બે ચરણની ૧ અને ૪–૪ ચરણની ૨ એ રીતે બનેલી ૨૭ કડીની પ્રાચીન ગુજરાતીની અપભ્રંશપ્રધાન ફાગુરચના છે.

મુખ્યત્વે નેમિનાથ-રાજિમતીના અધૂરા રહેલા લગ્ન અને નેમિનાથના વૈરાગ્યપ્રેરિત મહાભિનિષ્ક્રમણના પ્રસંગોને નિરૂપતી આ કૃતિ વસંતવિહાર, રાજિમતીનું સૌંદર્ય, નેમિનાથનો વરઘોડો તથા હતાશ રાજિમતીના હૃદયભાવોનાં કાવ્યત્વપૂર્ણ વર્ણનોથી અને ભાષાશૈલીગત લાલિત્યથી ધ્યાનપાત્ર બને છે. [ર.ર.દ.]

'નેમિનાથ રાજિમતી–તેરમાસા' [ર.ઈ. ૧૭૦૨/સં. ૧૭૫૯ શ્રાવણ સુદ ૧૫, સોમવાર] : તેરમાસના વર્ણનના ૧૩ ખંડ, દરેક ખંડમાં બહુધા દુહાની ૮ કડી અને ફાગ નામથી ૧૭ માત્રિક ઝૂલણાની ૧ કડી ધરાવતી ઉદયરત્નની આ કૃતિ(મુ.) સૌ પ્રથમ એના સુઘડ રચનાબંધથી ધ્યાન ખેંચે છે. દુહામાં કેટલેક સ્થાને આંતરપ્રાસ પણ જોવા મળે છે. કાવ્ય ચૈત્ર માસના વર્ણનથી આરંભાય છે અને ફાગણ પછી અધિકમાસના વર્ણન સાથે પૂરું થાય છે. જો કે બારમા ચૈત્રમાસમાં રાજુલ 'ભગવંત માંહે ભલી ગઈ સમુદ્રિ મલી જીમ ગંગ' પછી ૧૩મા અધિકમાસનું દુઃખ વર્ણવાય અને ત્યાં પણ નેમ-રાજુલ મળ્યાનો ફરી ઉલ્લેખ આવે છે એ થોડુંક વિચિત્ર લાગે છે. જૈન મુનિકવિની આ રચના હોવા છતાં તેમાં વૈરાગ્યબોધનો કયાંય આક્રાય લેવામાં આવ્યો નથી, તેમ જ પ્રારંભના મંગલાચરણમાં કે અન્યત્ર જૈનધર્મનો કોઈ સંકેત થયો નથી. માત્ર નેમરાજુલની કથા જૈન સંપ્રદાયની છે એટલું જ. કવિએ દરેક માસની પ્રકૃતિની લાક્ષણિક રેખાઓ, કયારેક પસંદ કરેલી બારીક વીગતોથી, કયારેક અલંકારચિત્રથી, કયારેક શબ્દસૌંદર્યથી ઉપસાવી છે અને રાજિમતીના વિરહભાવનો દોર એમાં ગૂંથી લીધો છે. વિરહ-ભાવનું આલેખન પણ આકાંક્ષા, સ્મરણ, પરિતાપ વગેરે ભાવોથી શબલિત થયેલું છે, અને એમાં કેટલેક ઠેકાણે જે તે મહિનાની પ્રાકૃતિક ભૂમિકાનો પણ રસિકચાતુર્યથી ઉપયોગ થયો છે. છેલ્લા ખંડની દૃષ્ટાંતમાળા કવિના લોકવ્યવહારના જ્ઞાનની સૂચક છે. રત્ના ભાવસારના 'મહિના' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની રસિક રચના તરીકે જાણીતી કૃતિ છે. રત્નાના ગુરુ ઉદયરત્નની આ કૃતિ વધુ નહીં તો પણ એટલી જ મનોહારી રચના છે. [જ.કો.]

'નેમિનાથ–રાસ' : ત્રિપદીની ૨૩ કડીના આ અજ્ઞાતકર્તૃક રાસ (લે.સં.૧૫મી સદી અનુ.; મુ.)નો આરંભ નમસ્કારને બદલે સીધો વસંતના પ્રકૃતિવર્ણનથી થાય છે ને શણગાર સજીને નીકળેલી સુંદરીઓ દ્વારા નેમિનાથનું ચરિત્રગાન પ્રસ્તુત થાય છે. નેમિનાથનું ગુણવર્ણન કરી એમની ટૂંકી જીવનરેખા આપતા આ કાવ્યમાં લગ્નોત્સવ, જાન ને રાજિમતીના સૌંદર્ય-શણગારનાં વર્ણનો તથા સાહજિક રમણીય પ્રાસાનુપ્રાસયુક્ત શબ્દશૈલી આસ્વાદ્ય છે.

કૃતિ : પ્રાગુકાસંચય (+સં.).

સંદર્ભ : મરાસસાહિત્ય. [જ.કો.]

'નેમિનાથ–હમચડી' [ર.ઈ.૧૫૦૮] : જૈન સાધુ લાવણ્યસમયની હમચડી અથવા હમચી સ્વરૂપે લખાયેલી, નેમિનાથ–રાજુલના અતિપ્રસિદ્ધ કથાનકને રસિકતાથી નિરૂપતી ૮૪ કડીની આ નાની રચના (મુ.) છે. આ રચના વિષયવસ્તુ અને પ્રસંગ આલેખનની દૃષ્ટિએ, આ જ કવિની ઈ.૧૪૯૦માં રચાયેલી 'નેમિરંગરત્નાકર-છંદ' કૃતિની લઘુ આવૃત્તિ જેવી ગણી શકાય.

કૃતિમાં હમચીના પ્રકારને અનુરૂપ વેગવાન સમુહનૃત્યમાં ગાઈ શકાય એ રીતે ભાષાને વેગીલી બનાવતા ગીતિકા છંદને કવિએ પ્રયોજ્યો છે. કથાનકનું કેટલુંક પ્રસંગનિરૂપણ આલંકારિક, ચિત્રાત્મક અને ભાવસભર છે. કયાંક હિંદીના રણકાવાળી ભાષામાં સાદ્યંત પદમાધુર્યનો અનુભવ થાય છે. [કા.સા.]

'નેમિ–બારમાસ' : જિનવિજયને નામે મુદ્રિત થયેલી ૧૩ કડીની આ કૃતિ "પણ જિન ઉત્તમ માહરે મન તો ભાવ્યા રે" એ પંકિતને કારણે જિનવિજયશિષ્ય ઉત્તમવિજય કે જિનવિજય-ઉત્તમ વિજયશિષ્ય પદ્મવિજયની હોવાનું સંભવે છે. કૃતિ પ્રકૃતિ અને વિરહભાવના આસ્વાદ્ય ચિત્રોથી ધ્યાનપાત્ર બને છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ : ૧ (+સં.). [જ.કો.]

'નેમિરંગરત્નાકર–છંદ / રંગરત્નાકર નેમિનાથ-પ્રબંધ'[ર.ઈ.૧૪૦૯] તપગચ્છના જૈન સાધુ લાવણ્યસમયની નેમિનાથ અને રાજિમતીના પ્રસિદ્ધ કથાનકને આલેખતી ૨ અધિકારમાં વહેંચાયેલી ૨૫૨ કડીની અને દુહા, રોળા, હરિગીત, આર્યા, ચરણાકુળ જેવા મુખ્યત્વે માત્રામેળ છંદોમાં રચાયેલી આ નોંધપાત્ર રચના (મુ.) છે. જન્મથી માંડી કેવળપદની પ્રાપ્તિ સુધીના નેમિનાથના જીવનના પ્રસંગોને એમનું ધર્મવીર તરીકેનું ચરિત્ર ઊપસી આવે એ રીતે કવિએ આલેખ્યા છે.

પરંતુ આ કૃતિનું આકર્ષક તત્ત્વ કવિનું ભાષાપ્રભુત્વ છે. કૃષ્ણના અંતઃપુરની રાણીઓનું નેમિનાથ સાથેનું વસંતખેલન ને એમનાં હસીમજાક તથા રાજિમતીનું અંગલાવણ્ય ઈત્યાદિ ઘણાં પ્રસંગો ને વર્ણનો ઉપમા, ઉત્પ્રેક્ષા જેવા અર્થાલંકારો; કહેવતો; પ્રાસઅનુ-પ્રાસ, આંતરયમક, રવાનુકારી શબ્દોથી અનુભવાતા નાદતત્ત્વ ઈત્યાદિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાષાકીય પ્રયુક્તિઓથી ચિત્રાત્મક, ભાવસભર અને લયાન્વિત બન્યાં છે. લગ્નવિધિ, સન્માનની પ્રણાલી, ભોજનની વાનગીઓ, લગ્નોત્તર જીવનમાં મનુષ્યને ભોગવવા પડતા દુ:ખ, પાપી જીવોને ભોગવવા પડતા નાનાવિધ દંડ વગેરે અનેક વર્ણનોમાં તત્કાલીન સમાજજીવન કવિએ ઉપસાવ્યું છે એ એનું બીજું વિશિષ્ટ આકર્ષણ છે. નેમિનાથ લગ્નોત્તર વિપત્તિઓને વર્ણવે છે તેમાં કાયર પુરુષ; માથાભારે પત્ની; સ્ત્રીની આભુષણો માટે માગણી; તેલ, મીઠું, મરચું બળતણ માટેનો સ્ત્રીનો કકળાટ વગેરે ઝીણી વીગતોનું આલેખન કવિની સમાજનિરીક્ષણની શક્તિનું દ્યોતક છે. [કા.શા.]

'નેમિરાજિમતી–બારમાસા'[ર.ઈ.૧૬૮૬/સં.૧૭૪૨, વૈશાખ સુદ ૩, રવિવાર] : તપગચ્છના સાધુ માણિક્યવિજયકૃત ૧૦૭ પંક્તિઓમાં રાજિમતીની વિરહવ્યથાને વિસ્તારપૂર્વક નિરૂપતું બારમાસી કાવ્ય (મુ.). પરંપરાનુસાર નાયક-નાયિકાના વ્યવહારજીવન પર પડતા પ્રકૃતિનાં વિશિષ્ટ લક્ષણોના પ્રભાવને વણી લેતી આ કાવ્યકૃતિનો પદબંધ દુહા અને ઝૂલણાની ૧૭ માત્રાના ઉત્તરાર્ધની દેશીનો (જેને અહીં 'ઢાલ' તરીકે ઓળખાવવામાં આવી છે) છે. મનોહર અલંકાર વડે ઊપસતાં સુંદર ભાવચિત્રો, દુહામાં કરેલી આંતરયમકની યોજના તેમ જ શબ્દલાલિત્ય કૃતિના આસ્વાદ્ય અંશો છે. [ર.ર.દ.]

નેમિસાગર/નેમીસાર [ ] : જૈન સાધુ. રાજસ્થાની–ગુજરાતી મિશ્રભાષાના 'જિનાજ્ઞાસ્તવન-સવિવરણ (લે. સં.૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૧, ૨; ૨. રાહસૂચી : ૧, ૨. [શ્રા.ત્રિ.]

નેમી [ ] : જૈન સાધુ. હોરી(મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાસારસંગ્રહ.

સંદર્ભ : શ્રી ફાર્બસ ગુજરાતીસભા મહોત્સવગ્રંથ, સં. અંબાલાલ બુ. જાની, ઈ.૧૯૪૦. [કી.જો.]

નેમો [ ] : જૈન. ૯ કડીના 'વીસ વિહરમાન-સ્તવન' (લે.સં.૨૦મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

નોશેરવાન(એર્વદ) [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : પારસી કવિ. જમશેદના પુત્ર. અવટંકે ગરબલિયા. વ્યવસાયે મોબેદ (પુરોહિત). વતન નવસારી. ઈ. ૧૬૭૦માં કવિ નાવર અને તે પછી મરાતબ થયા. રૂસ્તમના 'જરથોસ્તનામા'ની એમણે સુરતમાં ઈ.૧૬૭૯માં કરેલી નકલ મળે છે તેથી કવિ યુવાવસ્થામાં અભ્યાસાર્થે સુરત ગયા હોય અને રૂસ્તમને ગુરુપદે સ્થાપ્યા હોય એવું અનુમાન થયું છે. કવિની ૨૪૫૦ પંક્તિની 'પંચ ગિહિ અને શશ ગહમ્બારની તમામ તમશીલ' (ર.ઈ.૧૭૦૯/ યઝ્દજર્દો સને ૧૦૭૮, રોજ રામ, માહ તેશ્તર) એ કૃતિ રૂસ્તમની કાવ્યશૈલીનો પ્રભાવ અને કવિનો પારસી ધર્મગ્રંથો, પુરાણો, ક્રિયાકાંડોનો અભ્યાસ પ્રગટ કરે છે.

સંદર્ભ : * ૧' ઑરિયેન્ટલ ટ્રેઝર્સ, જમશેદ સી. કાત્રક–; ૨. ગુસાઈતિહાસ : ૨; * ૩. જરતોસ્તનામા, કવિ રૂસ્તમકૃત, સં. બહેરામ ગોર તે. અંક્લેસરિઆ –; ૪. સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા, પેરીન દા. ડ્રાઈવર, ઈ.૧૯૭૪. [ર.ર.દ.]

ન્યાય–૧ [ઈ. ૧૭૪૨માં હયાત] : જૈન સાધુ. ઉદયસૂરિના શિષ્ય. ૮ કડીના 'સંભવનાથજિન-સ્તવન' (ર.ઈ. ૧૭૪૨; મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨. [ચ.શે.]

ન્યાય–૨/ન્યાયસાગર [ઈ.૧૮૩૨ સુધીમાં] : જૈન સાધુ. ૧૬ કડીની 'અસજ્ઝાયની સઝાય/અસજ્ઝાય વારકનો સજ્ઝાય'(લે.ઈ. ૧૮૩૨; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ; ૨. જૈસસંગ્રહ (જૈ); ૩. મોસસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

ન્યાય(મુનિ)–૩ [ ] : જૈન સાધુ. ૮ કડીની 'નેમનાથ-સઝાય'(મુ.) તથા ૯ કડીની 'પંચતિથિમહિમાવર્ણન' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. દેસ્તસંગ્રહ. [ચ.શે.]

ન્યાયશીલ : [ઈ.૧૪૪૪માં હયાત] : જૈન સાધુ. 'નંદ-બત્રીશી' (ર.ઈ.૧૪૪૪)ના કર્તા

સંદર્ભ : ઇતિહાસની કેડી, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૫. [ચ.શે.]

ન્યાયસાગર : આ નામે મનુષ્યદેહની માયા-લોલુપતા અને તેની નશ્વરતાનું માર્મિક ચિત્ર ઉપસાવતી ૧૦ કડીની 'નટવાની-સઝાય' (મુ.), ૩ કડીની 'ભીડભંજન-સ્તવન' (મુ.), ૭ કડીની 'ગહૂંલી' (મુ.), 'દોઢસો કલ્યાણકનું/ મૌન એકાદશીનું ગણણાનું સ્તવન', 'બાહુજિન-સ્તવન', 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' અને 'શ્રી નેમિનાથ-રાગમાલા' વગેરે ગુજરાતી કૃતિઓ તથા હિંદીમાં 'અંતરિક્ષ પાર્શ્વનાથ-સ્તવન'(મુ.), 'પાર્શ્વનાથ-સ્તુતિ' (મુ.), 'પાર્શ્વનાથ જિન-સ્તવન', (મુ.)–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા ન્યાયસાગર છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. ગહૂંલીસંગ્રહનામાગ્રંથ : ૧, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧; ૨. ચૈસ્તસંગ્રહ : ૨; ૩. જૈકાપ્રકાશ : ૧ : ૪. જૈકાસંગ્રહ; ૫. જૈપ્રપુસ્તક : ૧; ૬. પ્રાસ્તસંગ્રહ; ૭. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. ડિકૅટલૉગભીજે; ૩ લીંહસૂચી; ૩. લેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ન્યાયસાગર–૧ [ઈ.૧૫૧૫માં હયાત] : જૈન સાધુ. ૧૪૫૯ કડીની 'શુકરાજ-ચતુષ્પદી' (ર.ઈ.૧૫૧૫)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [ચ.શે.]

ન્યાયસાગર–૨ [જ. ઈ. ૧૬૭૨/સં. ૧૭૨૮, શ્રાવણ સુદ ૮–અવ. ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭ ભાદરવા વદ ૮] : તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગર ઉપાધ્યાયની પરંપરામાં ઉત્તમસાગરના શિષ્ય. મૂળ નામ નેમિદાસ. ભિન્નમાલમાં ઓસવાલ જ્ઞાતિમાં જન્મ. પિતાનું નામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટો સાહ. માતાનું નામ રૂપા. તેમણે કેસરિયાજીમાં દિગંબર સંપ્રદાયના નરેન્દ્રકીર્તિ સાથે વાદવિવાદ કરી તેમનો પરાભવ કરેલો. ઢૂંઢકોનો પણ તેમણે પરાભવ કરેલો. તેમનું અવસાન અમદાવાદમાં થયેલું.

૬ ઢાળનું 'સમ્યકત્વ વિચારગર્ભિત મહાવીર-સ્તવન' (ર.ઈ.૧૭૧૦/સં. ૧૭૬૬, ભાદરવા સુદ ૫; મુ.), આ જ સ્તવન પરનો બાલાવબોધ (ર.ઈ. ૧૭૧૮), ૫૬ કડીનું 'સપ્તશતિજિન-સ્તવન' (ર.ઈ.૧૭૨૪), '૯૭ પિંડદોષવિચાર–સઝાય' (ર.ઈ.૧૭૨૫), 'મહાવીર રાગમાલા-પ્રશસ્તિ' (ર.ઈ.૧૭૨૮/સં.૧૭૮૪, આસો વદ ૧૩), 'બારવ્રત-રાસ' (ર.ઈ.૧૭૨૮/૧૭૩૩/સં.૧૭૮૪/૧૭૮૯, આસો વદ ૩૦), ૬ કડીની 'આશાતના-સઝાય', ૨૭ કડીની 'આદિજિન-વિનતિ' (મુ.), 'ચૈત્યદ્રવ્યભક્ષણ/રક્ષણ ફલદૃષ્ટાંત-સઝાય', ૨ ચોવીસી (મુ.), ૧૧ કડીનું 'નેમરાજુલગુણ વર્ણન', ટબા સાથેનું 'નિગોદ વિચાર ગર્ભિત મહાવીર-સ્તવન,' ૮ કડીની 'પાર્શ્વનાથ દશગણધર-સઝાય', ૬ કડીની 'પાર્શ્વનાથના એકાદશ ગણધરની સઝાય', ૭ કડીની 'મહવીરગણધર-સઝાય', 'વીશી' (મુ.), ૨૪ કડીની 'વિંશતિ સ્થાનક વિધિગર્ભિત-સઝાય' (ર.ઈ.૧૭૨૪), ૪ અને ૫ કડીની 'વીરભક્તિ' નામક બે રચનાઓ(મુ.) તથા 'સૂર્યમંડન પાર્શ્વનાથ-સ્તવન' (મુ.) આ કવિની રચનાઓ છે. આ ઉપરાંત તેમણે હિન્દી અને સંસ્કૃત ભાષામાં પણ સ્તવન, સઝાયની રચના કરી છે.

કૃતિ : ૧. આત્મહિતકર આધ્યાત્મિક વસ્તુસંગ્રહ, પ્ર. વેણીચંદ સુ. શાહ, ઈ. ૧૯૨૬; ૨. ચોવીસ્તસંગ્રહ; ૩. જિસ્તમાલા; ૪. જૈકાપ્રકાશ : ૧; ૫. જૈગૂસારત્નો : ૧; ૬. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ☐ ૭. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ, ઑક્ટો. નવે. ૧૯૧૪–'સ્ત્રી વાચનવિભાગ' સં. નિર્મળાબહેન.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. ગુસારસ્વતો; ☐ ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૫. મુપુગૂહસૂચી : ૬. લીંહ સૂચી ૭. હેજજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

ન્યાયસાગર–૩ : [ઈ.૧૮૩૨ સુધીમાં] જુઓ ન્યાય–૨.

ન્યાયસાગર–૪[ઈ.૧૯મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. વિવેકસાગરના શિષ્ય. ૨ ઢાળનું અષ્ટમીનું સ્તવન(મુ.) તથા ૧૦૩ કડીની ગિરનારનું વર્ણન કરતી 'ગિરનારતીર્થમાલા' (ર.ઈ.૧૮૧૯/સં. ૧૮૭૫, મહા સુદ ૬ ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગિરનાર તીર્થોદ્ધારરાસ અને તીર્થમાળા, સં. મોહનલાલ દ. દેસાઈ, ઈ.૧૯૨૦; ૨. જિસ્તસંગ્રહ; ૩. જિનગુણ-પદ્યાવળી, પ્ર. વેણીચંદ સુ. શાહ, ઈ.૧૯૨૫ (બીજી આ.).

સંદર્ભ : ડિકેટલોગભીજે. [ચ. શે.]

ન્યાયસાગર–૫[ ] : જૈન સાધુ. લબ્ધિનિધાનના શિષ્ય. ૫ કડીના સ્તવન (મુ.)ના કર્તા.

કૃતિ : સસન્મિત્ર (ઝ). [ચ.શે.]

ન્યાયસાગરશિષ્ય [ ] : જૈન સાધુ. ૬ કડીની 'ગહૂંલી'(મુ.)ના કર્તા.

કૃતિ : ગહૂંલીસંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૧. [કી.જો.]

ન્હાના : જુઓ નાના.

પઉમ/પદમ(મુનિ) [ઈ.૧૩૦૨ સુધીમાં] : જૈન સાધુ. ૫૭ કડીની 'દુહામાતૃકા/ધર્મમાતૃકા' (લે. ઈ.૧૩૦૨; મુ.)માં ઉપદેશાત્મક સુભાષિતો છે અને ૭૧ કડીના 'સાલિભદ્ર-કક્ક' (લે. ઈ. ૧૩૦૨; મુ.)માં શાલિભદ્ર અને તેમની માતા વચ્ચેના સંવાદ રૂપે ત્યાગ અને ધર્મનો મહિમા વર્ણવાયો છે. દોહરાની ૧૪ કડીના 'નેમિનાથફાગુ' (મુ.)ની પહેલી ૧૦ કડીઓમાં વસંતવર્ણન છે ને છેલ્લી ૪ કડીઓમાં નેમિનાથનું કથાનક છે. આ ફાગુ તેમાંના વસંતવર્ણન, વસંત-આગમનથી જનજીવનમાં ફેલાયેલા ઉલ્લાસ અને ગુર્જરનારીના રૂપપોશાકના આલેખન તથા મનોરમ આલંકારિક વાણીને લીધે ધ્યાનપાત્ર છે.

કૃતિ : ૧. પ્રાગુકાસંગ્રહ : ૧; ૨. પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. ગુસાપ અહેવાલ : ૨૧; ૪. ગુસારસ્વતો; ૫. મરાસસાહિત્ય; ૬. રાસયુગમાં પ્રકૃતિનિરૂપણ, ધીરુ પરીખ, ઈ. ૧૯૭૮; ☐ ૭. આલિસ્ટઑઈ : ૨; ૮. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૯. મુપુગૂહસૂચી. [ર.સો.]

પદ (અખાજી) : ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં રચાયેલાં અખાજીનાં ૨૫૦ જેટલાં મુદ્રિત પદો મુખ્યત્વે બ્રહ્મતત્ત્વના સ્વરૂપને, એના અનુભવને તથા બ્રહ્મજ્ઞાની–સંત–ગુરુના સ્વભાવ અને મહિમાને ગાય છે તેમજ ગુરુશરણ ને સંતસંગતનો તથા જીવભાવ છોડી શિવપદ પામવાનો બોધ કરે છે. એમાં શૃંગાર-ભાવનો આશ્રય લેતાં પદો વેદાંતી અખાના વિલક્ષણ ઉન્મેષ તરીકે ખાસ ધ્યાન ખેંચે છે. એમાં નટવર કૃષ્ણને કેન્દ્રમાં રાખીને કામક્રીડા સુધીનો શૃંગાર આલેખાયો છે, સખીભાવની પ્રબળ અભિવ્યક્તિ છે, અસૂયા ને રીસ જેવા મનોભાવોને પણ અવકાશ મળ્યો છે અને સંવાદના માધ્યમનો પણ અવારનવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ છતાં અખાને એમાં પરબ્રહ્મ સાથેનો યોગ અભિપ્રેત છે એના સંકેતો પણ સાંપડયા જ કરે છે. બ્રહ્માનુભવની અલૌકિક સ્થિતિનાં ચિત્રાત્મક વર્ણનો પણ પ્રભાવક છે. ગુરુશરણ ને સંતસંગતનો વળીવળીને બોધ કરતા આ તત્ત્વદર્શી કવિ "ગુરુ મારો નવ અવતરે, નવ ધરે ગર્ભવાસ" જેવાં ગુરુલક્ષણવર્ણનો પણ આપે છે ને સગુરાનો નહીં પણ નગુરાનો મહિમા કરે છે એ એની ગુરુભાવનાની વિલક્ષણતા બતાવે છે. અખાની સહજ ને સમૃદ્ધ દૃષ્ટાંતકલા ઉપરાંત "જીવ ખોઈને જીવવું" જેવાં માર્મિક ઉપદેશવચનો, "તે હું જગત જગત મુજ માંહે. હું નિર્ગુણ ગુણનો ભંડાર" જેવી બ્રાહ્મી અવસ્થાની ખુમારીભરી ઉક્તિઓ, "હુંએ હુંને ખોળી કાઢયો ભાઈ, હુંએ હુંને ખોળી કાઢયો" જેવા નિર્મળ આનંદઉદ્‌ગારો એના કવિતત્ત્વનો સુખદ સ્પર્શ આપણને કરાવે છે. આત્મકથનાત્મક, ઉદ્‌બોધનાત્મક (કેટલાં બધાં પદો સંતોને ઉદ્દેશીને છે!), રૂપકાત્મક એમ વિવિધ શૈલી–ભેદોનો વિનિયોગ કરતાં; હોરી, ધમાર, ભજન, કીર્તન, પ્રભાતિયાં,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષ્ણુપદ આદિ પ્રકારભેદો બતાવતાં; પત્ર, વરસાદ, ખેતી, બજાણિયાના ખેલ જેવાં નવીન રૂપકોનો આશ્રય લેતાં અને પ્રસંગોપાત્ત યોગમાર્ગની પરિભાષા યોજતાં છતાં સામાન્ય રીતે દુર્બોધિતાથી મુકત ને કયારેક તળપદી બાનીમાં ચાલતાં આ પદો અખાના સાહિત્યસર્જનનો લોકગમ્ય અને નોંધપાત્ર ગુણવત્તાવાળો વિભાગ છે. [જ.કો.]

પદ(અનુભવાનંદ) : કવિએ પોતે જ વિષ્ણુપદ નામે ઓળખાવેલાં અને હિંદી ભાષામાં પણ મળતાં પદો પૈકી કેટલાંકમાં એમના સંન્યસ્ત પૂર્વેના નામ નાથભવાનની અને મોટા ભાગનાંમાં સંન્યસ્ત પછીના અનુભવાનંદ એ નામની એમ ઉભય છાપ મળે છે. કયાંક કવિએ બંને નામ એક સાથે પણ મૂકયાં છે; 'નાથ ભવાન તે અનુભવાનંદ છે.' હસ્તપ્રતોમાં મળતાં આવાં ૧૯૬ પદોમાંથી ૧૧૯ મુદ્રિત થયેલાં છે.

રાગ–ઢાળોનું ભરપૂર વૈવિધ્ય ધરાવતાં આ પદોમાં મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાધારાના સઘળા વિષયો આલેખાયા છે અને વેદાન્તની ફિલસૂફી જેવા અમૂર્ત વિષયનું તથા એનાં સંકુલ સ્થાનોનું પણ અલંકારાદિકની સહાયથી મૂર્ત રૂપે ને પ્રાસાદિક રીતે નિરૂપણ થયું છે. આ પદોમાં બ્રહ્મસ્વરૂપનું વર્ણન વધારે ધ્યાન ખેંચે એવું છે. કવિ બ્રહ્મનાં 'સચ્ચિદાનંદ' એ જાણીતા સંકેતમાંના 'આનંદ' પર વિશેષ ભાર મૂકે છે ને બ્રહ્મને 'નિરાકાર'ને બદલે 'સરવાકાર' કહે છે. કવિએ કરેલું બ્રહ્મસ્વરૂપનું વર્ણન કેટલાંક નવાં અને સચોટ દૃષ્ટાંતો તથા રૂપકોથી મનોરમ બનેલું છે, જેમ કે બ્રહ્મસ્વરૂપની નિર્વિકારતા દર્શાવવા માટે યોજાયેલું અનેક રૂપો ધારણ કરતા પણ વસ્તુતઃ સ્વ-રૂપે રહેતા નટનું દૃષ્ટાંત તેમ જ સંસારનું મિથ્યાત્વ દર્શાવવા યોજાયેલી માયા નામની વંધ્યા સ્ત્રીના વણસરજ્યા સુતની રૂપકગ્રંથિ. બ્રહ્મ-આનંદના અનુભવનું આલેખન પણ આ પદોમાં વર્ષા અને વસંતના ઉપમાનોથી ને સ્ત્રીપુરુષપ્રેમની પરિભાષામાં, અધિકૃતતાનો રણકો સંભળાય એટલી ઉત્કટતાથી થયું છે. ચિદાકાશથી વરસતા અનુભવજળથી કામાદિ અંગારા હોલવાઈ જાય છે ને જ્ઞાનની સરિતા વહેવા માંડે છે; એમાં અનુભવી તરવૈયાઓ તરે છે. રાધાકૃષ્ણના પ્રેમસંબંધને અધ્યાત્મના એક નવા જ અને સમૃદ્ધ સંકેતથી આલેખી આપવામાં પણ કવિની વિશેષતા જણાય છે.

બ્રહ્મ–આનંદની મસ્તીમાં લીન સંતોની ચિત્તાવસ્થાનું અનુભવાનંદે કરેલું આલેખન ઘણું વિલક્ષણ છે. સદ્‌ગુરુના અનુભવીપણા પર ભાર મૂકી લાક્ષણિક રીતે એ કહે છે કે ગુરુની વાણી તે જ્ઞાનધારા નહીં પણ અનુભવધારા છે જે અમૃતની હેલીની જેમ શિષ્યની જડતાને હરી ચૈતન્યવંત બનાવે છે. દંભી અને આડંબરી 'પરમહંસો' વગેરે પ્રત્યેના કવિના ઉપાલંભોમાં કટાક્ષ કરતાં વિનોદ વિશેષ જણાય છે. આ વિનોદ માર્મિક ઉક્તિઓ અને સચોટ દૃષ્ટાંતોથી હૃદયંગમ બને છે. જેમ કે, શાસ્ત્રાર્થની વિતંડામાં પડનારાઓ માટે એ બે બહેરાની વાત સરવા કાને સાંભળતા અને ખૂબ રળિયાત થતા બહેરાનું દૃષ્ટાંત યોજે છે. [ર.સો.]

પદ(ગવરીબાઈ) : ડુંગરપુરનાં વતની ગવરીબાઈકૃત પદો(૬૦૯ મુ.)માં જ્ઞાન-વૈરાગ્ય, યોગ અને ભક્તિની ધારાઓ મિશ્ર થયેલી જોવા મળે છે. એમનાં જ્ઞાનનાં પદો વેદાંત તરફનો સ્પષ્ટ ઝોક બતાવે છે અને એની લોકગમ્ય પ્રાસાદિક રજૂઆતથી ધ્યાન ખેંચે છે. એમાં ભક્તિવિષયક પદોમાંથી ૨૦૦ ઉપરાંત પદો કૃષ્ણભક્તિવિષયક; ચાલીસેક રામવિષયક અને ત્રણેક શંકરવિષયક છે. આમ ગવરીબાઈએ રામ અને કૃષ્ણ બંનેની ઉપાસના સ્વીકારી છે એ હકીકત નોંધપાત્ર બને છે. કૃષ્ણવિષયક પદોમાં શૃંગારલીલા, બાળલીલા આદિ વિષયો નિરૂપાયા છે તેમાંથી બાળલીલાનું નિરૂપણ વિશેષપણે ઉલ્લેખનીય છે. ગરબી, આરતી, કીર્તન, ધૂન, સાખી, તિથિ, વાર, બારમાસી વગેરે પ્રકારભેદોમાં વહેતી ગવરીબાઈની કવિતામાં હિંદી તથા રાજસ્થાની ભાષાનો આશ્રય લેવાયેલો પણ જોઈ શકાય છે. સાચી અને ઊંડી અધ્યાત્મનિષ્ઠા, સહજ અને સમુચિત અલંકરણ તથા તળપદી છટાથી શોભતી વાણી–જેમ કે "દલદરપણ માંજ્યા વિના દરસન દેખ્યા ન જાઈ" "વનેશ્વર વિશ્વમાં વિલાસ્યા જેમ ફૂલનમેં બાસ"–તેમ જ રાગઢાળનું વૈવિધ્ય ગવરીબાઈને ગુજરાતની જ્ઞાનમાર્ગી કવયિત્રીઓમાં ગૌરવભર્યું સ્થાન અપાવે છે. [ચ.શે.]

પદ(જીવણસાહેબ) : રવિભાણ સંપ્રદાયના આ સંતકવિનાં પદો–ભજનો (ઘણાં મુ.) ગુજરાતી ભજન પરંપરામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ ભજનોમાં મુખ્યપણે નિરૂપાયેલા ૨ વિષયો–અધ્યાત્મઅનુભવની મસ્તી અને દર્દીલો પ્રેમભાવ–ગોપીભાવ. પહેલા પ્રકારનાં ભજનોમાં અતીન્દ્રિય અનુભવનું, એની નાદમયતા, અને પ્રકાશમયતાનું, જે રીતે પ્રત્યક્ષીકરણ થયું છે તે ઘણું જ નોંધપાત્ર છે. એમાં યોગમાર્ગની પરંપરામાં જાણીતાં રૂપકોનો વિનિયોગ થયેલો છે તેમ મોરલો, નટવો, હાટડી વગેરે કેટલાંક નૂતન રૂપકચિત્રો પણ નિર્મિત થયેલાં છે. વર્ણધ્વનિનો પણ ચિત્રો ઉપસાવવામાં પ્રચુરપણે લેવાયેલો આશ્રય આ સંતકવિની આગવી લાક્ષણિકતા છે. ગોપીભાવનાં પદો કવચિત્ મિલનનો કેફ વર્ણવે છે ને વધારે તો આરત અને વિરહના ભાવોને તળપદી લઢણોથી ને નિર્વ્યાજ સરલતાથી વર્ણવે છે, અને જીવણસાહેબના દાસીભાવની પ્રતીતિ કરાવે છે. આ ઉપરાંત ઈશ્વરલીલા, પ્રાર્થના, ભક્તિ-વૈરાગ્યબોધ વગેરે વિષયોનાં જીવણસાહેબનાં પદો પણ મળે છે, અને ગુરુમહિમા પણ વારંવાર ઉમળકાથી ગવાયો છે. એમાં દૃષ્ટાંતો, રૂપકોના વિનિયોગ ઉપરાંત પણ શાંત સમજાવટની વાણી છે. સંસારીઓની માયાલુબ્ધતા વગેરે પર પ્રહાર કવચિત જ છે, પ્રાર્થનાનાં પદોમાં સગુણ–નિર્ગુણ પરંપરાનો સમન્વય થાય છે. જીવણસાહેબ બાહ્ય ક્રિયાકાંડોને મહત્ત્વ નથી આપતા અને કાપડીના, અતીતના, ફકીરના વેશ ફરવાની ઇચ્છા રાખે છે તે એમનો જડ સાંપ્રદાયિકતાથી ઉપર જતો ધર્મભાવ વ્યક્ત કરે છે. અધીનતાનો મહિમા કરતી ને મનની ચંચળતાને સચોટ રીતે વર્ણવતી એમની રચનાઓ નિજી રીતે વસ્તુને રજૂ કરવાની એમની ક્ષમતાનાં ઉદાહરણ રૂપ છે. એમની ભાષામાં હિંદીનો વણાટ છે ને ઘણાં પદો તો હિંદી ભાષામાં પણ રચાયેલાં મળે છે. અગમતત્ત્વને આલેખતાં જીવણસાહેબનાં પદો ઘણાં પ્રભાવક છે ને ભજનમંડળીઓમાં એ ખૂબ ગવાય છે. કટારીનું રૂપક પ્રયોજતા 'કટારી'ને નામે ઓળખાતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભજનો તો જીવણસાહેબનાં જ એમ મનાય છે. તેમ છતાં 'વાડી વેડીશ મા હો મારા રે વાડીના ભમરલા' જેવાં પદો એમની તળપદી અભિવ્યક્તિને કારણે લોકજીભે વધુ ચડેલાં છે. [ચ.શે.]

પદ(દયારામ) : દયારામનાં પદો (મુ.)નો વધુ લોકપ્રિય બનેલો ભાગ તો 'ગરબી'ને નામે ઓળખાયેલી રચનાઓનો છે. દયારામનું વ્યક્તિ-ચિત્ર ઘણી વાર એને આધારે ઊભું કરવામાં આવે છે. પરંતુ પરંપરાગત ભક્તિવૈરાગ્યબોધનાં પણ સેંકડો પદો દયારામ પાસેથી મળે છે, અને એ પદો આપણી સમક્ષ દયારામની એક જુદી છબી રજૂ કરે છે. એમાં મુક્તિને સ્થાને ભક્તિની જ આકાંક્ષા, જ્ઞાનનો તિરસ્કાર અને પ્રેમમાર્ગનો મહિમા, અનન્યનિષ્ઠા, ઈશ્વરના પ્રગટ સ્વરૂપનો આદર—એ પુષ્ટિમાર્ગસંમત ખ્યાલો વ્યક્ત થયા છે તે ઉપરાંત આત્મગ્લાનિ, દીનતા, વિરક્તતા, આર્તિ, ઈશ્વર-શરણ્યતા, નિશ્ચિંતતા, નિર્મળતા આદિ મનોભાવો હૃદયસ્પર્શી રીતે વ્યક્ત થયા છે. સઘળાં પદો દૃષ્ટાંતોના વિનિયોગ, પ્રાસાદિક ભાવવાહી અભિવ્યક્તિ અને ક્વચિત પ્રાસાનુપ્રાસની લીલાથી ધ્યાન ખેંચે છે. જીવ-બ્રહ્મની એકતાને માનનાર વિશે કવિ કહે છે કે "છતે સ્વામીએ સૌભાગ્યનું સુખ સ્વપ્ને ન દેખ રે" ને પોતાના મનને એક વખત ઢણકતું ઢોર કહી આત્મશિક્ષાની વાત કરે છે. તો બીજી વખત વૈરાગ્યભાવથી મનજી મુસાફરને પોતાના દેશ ભણી જવા ઉદ્‌બોધે છે. "જે કોઈ પ્રેમ-અંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે" ને "વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું" જેવાં કેટલાંક પદો તો લોકજીભે પણ ચડેલાં છે. [જ.કો.]

પદ(નરસિંહ) : મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પદસાહિત્યનો પાયો નાખનાર નરસિંહનું સમગ્ર સર્જન આમ તો પદોમાં જ થયું છે, પરંતુ જેમાં કંઈક કથાતંતુ હોય એવી પદોની માળા રૂપે રચાયેલી આખ્યાનકલ્પ કૃતિઓને લક્ષમાં ન લઈએ તો પણ એ સિવાય એમને નામે ૧૨૦૦ જેટલાં પદો હસ્તપ્રતો અને મૌખિક પરંપરામાંથી મુદ્રિત રૂપે ઉપલબ્ધ થાય છે. મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ આ પદોમાં ઠીક ઠીક મુશ્કેલી અનુભવાય છે. જેમ કે, આ પદોને જે શીર્ષકો નીચે સંપાદકોએ વર્ગીકૃત કર્યાં છે, તેને હસ્તપ્રતોનો હંમેશ આધાર નથી. એટલે એક પદને એક સંપાદકે એક શીર્ષક નીચે મૂક્યું હોય તો બીજા સંપાદકે બીજા શીર્ષક નીચે મૂક્યું હોય. ઉપલબ્ધ પદોમાં ખરેખર કવિના કર્તૃત્વવાળાં કેટલાં અને કવિને નામે ચડી ગયેલાં કેટલાં એ પણ તપાસનો મુદ્દો છે.

કૃષ્ણને ગોપીભાવે ભજતા આ પ્રેમલક્ષણા ભક્તિના કવિનાં પદોનો આમ તો એક જ વિષય છે, કૃષ્ણપ્રીતિ. પરંતુ એ પ્રીતિ વિવિધ સ્વરૂપે આ પદોમાં પ્રગટ થઈ છે. ગોપીહૃદયમાં રહેલી કૃષ્ણ-પ્રીતિનાં મુખ્ય ૨ રૂપ છે, શૃંગારપ્રીતિ અને વાત્સલ્યપ્રીતિ. એમાં શૃંગારપ્રીતિનાં પદોની સંખ્યા ઘણી મોટી છે. એ સિવાય ભક્તિ-જ્ઞાનનાં પણ કેટલાંક પદ કવિ પાસેથી મળે છે.

'રાસસહસ્રપદી', 'શૃંગારમાળા', 'વસંતનાં પદ' અને 'હિંડોળાનાં પદ' શીર્ષક હેઠળ મળતાં શૃંગારપ્રીતિનાં પદોમાં વિવિધ અવસ્થાઓમાં વિભિન્ન રૂપે ગોપીનો કૃષ્ણપ્રત્યેનો પ્રણયભાવ વ્યક્ત થાય છે. શીર્ષકમાં સૂચવાય છે તેમ હજાર નહીં, પણ જેમાં ૧૮૯ પદ છે તે 'રાસસહસ્રપદી'નાં પદોમાં શરદ ઋતુમાં વૃન્દાવનમાં કૃષ્ણ-ગોપી વચ્ચે રમાતા રાસનું આલેખન મુખ્ય વિષય છે. ભાગવતના 'રાસ-પંચાધ્યાયી'ની અસર આ પદો પર છે. એટલે 'રાસપંચાધ્યાયી'ના કેટલાક પ્રસંગો જેવા કે, કૃષ્ણના વેણુવાદનથી ગોપીઓનું ઘર છોડી વનમાં દોડી આવવું, કૃષ્ણના અંતર્ધાન થવાથી વ્યાકુળ બનવું કોઈક પદોમાં આલેખાય છે. પરંતુ 'રાસપંચાધ્યાયી'માં પ્રસંગઆલેખનમાંથી જે કથાતંતુ વણાય છે તે અહીં નથી વણાતો. અહીં તો વિશેષ આલેખાય છે—ચંપાવરણી ચોળી, નાકમાં નિર્મળ મોતી, નેણમાં કાજળ ને માથે ઘૂંઘટવાળી, ઝાંઝર ઝમકાવતી ને કટિમેખલા રણઝણાવતી અભિસારિકા ગોપી અને તેની કૃષ્ણ સાથેની શૃંગારકેલિ તથા નુપૂરના ઝંકાર, કટિની કિંકણી, તાલ-મૃદંગના સંગીત વચ્ચે પરસ્પરના કંઠમાં બાહુઓ ભેરવી કૃષ્ણ-ગોપી વચ્ચે રમાતો રાસ. 'રાસસહસ્રપદી'નાં પદો મુખ્યત્વે વર્ણનાત્મક છે તો 'શૃંગારમાળા'નાં પદ મુખ્યત્વે ગોપીની ઉક્તિ રૂપે રચાયેલાં છે. રતિભાવ સાથે સંકળાયેલા ગોપીહૃદયના વિવિધ ભાવ અહીં આલેખાય છે. કૃષ્ણનો અન્ય ગોપી સાથેનો સંબંધ જોઈ જન્મતો ઈર્ષ્યાભાવ, કૃષ્ણની વિમુખતાથી જન્મતી વ્યાકુળતા, કૃષ્ણને રતિક્રીડા માટે ઈજન, કૃષ્ણઆગમનથી મનમાં પ્રગટતો આનંદ, કૃષ્ણની સમીપ જતાં જન્મતી લજ્જા, કૃષ્ણ સાથે આખી રાત રતિસુખ માણ્યા પછીની તૃપ્તિ, પ્રભાતે કૃષ્ણ શય્યામાંથી વહેલા ન જાગતાં મનમાં જન્મતો સંકોચ—એમ ક્વચિત્ સ્થૂળ ને પ્રગલ્ભ બનીને કૃષ્ણ—ગોપીની સંભોગક્રીડાને જયદેવની અસર ઝીલી કવિએ આલેખી છે. 'વસંતનાં પદ'માં વસંતની માદકતા, કૃષ્ણ-ગોપીનું હોળીખેલન, વસંતવૈભવ જોઈ ગોપી-ચિત્તમાં ઊલટતો આનંદ ઇત્યાદિ આલેખાય છે. 'હિંડોળાનાં પદ'માં વર્ષાઋતુમાં હિંડોળે હીંચકતાં કૃષ્ણ-ગોપીની ક્રીડાનું આલેખન છે. 'દ્વાદશમહિના/રાધાકૃષ્ણની બારમાસી'(મુ.) જેવી કોઈક કૃતિમાં વિરહભાવ છે, પરંતુ વિરહ અને તલસાટ કરતાં સંભોગનાં આનંદ અને તૃપ્તિ કવિનાં પદોમાં વિશેષ છે. પણ આ શૃંગારની કોઈ કુંઠા કવિના ચિત્તમાં નથી. ભક્ત માટે તો ગોપી એટલે વૃત્તિઓ, તેમનું આત્મામાં રમી રહેવું તે રાસ અને કૃષ્ણગોપીનો વિરહ તે ભક્તની બધી વૃત્તિઓનો પરમાત્મા સાથેનો યોગ છે.

જસોદા અને ગોકુળવાસીઓના બાળકૃષ્ણ પ્રત્યેના વાત્સલ્ય-ભાવને આલેખતાં પદોમાં કેટલાંક પદો કૃષ્ણજન્મવધામણીનાં છે. કૃષ્ણજન્મથી આનંદઉત્સવ માટે ગોપગોપીઓનું નંદને ઘેર ટોળે વળવું, ગોપીઓનાં મંગળગીત ગાવાં, પારણામાં ઝૂલતા કૃષ્ણને હીંચોળવા ઇત્યાદિ વીગતોથી કવિએ કૃષ્ણજન્મથી સૌના મનમાં જન્મેલી આનંદ અને ધન્યતાની લાગણીને વ્યક્ત કરી છે. બાળ-લીલાનાં ચાળીસેક પદોમાં કૃષ્ણે જસોદા ને ગોપીઓ પાસે કરેલાં તોફાન, બાળકૃષ્ણનું રૂપ જોતાં, એને જમાડતાં જસોદાના હૃદયમાં ઊલટતો આનંદ વિશેષ આલેખાય છે. ગોકુળમાં કૃષ્ણે કરેલા પરાક્રમને આલેખતું એક જ પણ ખૂબ લોકપ્રિય પદ 'જળકમળ છાંડી જાને બાળા' કવિ પાસેથી મળે છે. દાણલીલાનાં કેટલાંક પદ કવિને નામે મળે છે, પરંતુ એ અન્ય કોઈ કવિનાં હોવાની સંભાવના વ્યક્ત થઈ છે.

કવિનાં પાછલાં વર્ષોમાં રચાયાં હોવાનું જેમને વિશે અનુમાન છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એમાંનાં કેટલાંકને કવિની પરિણતપ્રજ્ઞાનાં ફળ રૂપ ગણવામાં આવે છે તેવાં કેટલાંક ભક્તિજ્ઞાનનાં પદ કવિ પાસેથી મળે છે. ઝૂલણા બંધમાં રચાયેલાં અને પ્રભાતિયાં તરીકે જનસમાજમાં ખૂબ લોકપ્રિય આ પદોમાં કવિએ ભક્તિ અને ભક્તનો મહિમા ગાયો છે, એટલે એમાં બોધનું તત્ત્વ પ્રધાન છે. એમાં ક્યાંક કવિ ઈશ્વરને ભક્તની વહારે ચડવા વીનવે છે, ક્યાંક સંસારીજનને ઈશ્વર તરફ અભિમુખ થવાનું કહે છે, ક્યાંક કૃતક વૈષ્ણવને પુત્ર વગર ઘરમાં પારણું બાંધનાર મનુષ્ય કહીને તેની મજાક કરે છે ને સાચા વૈષ્ણવનાં લક્ષણ આપે છે, ક્યાંક ઈશ્વરસ્મરણ ન કરતા મનુષ્યને 'સૂતકી નર' કહે છે તો ક્યાંક ભક્તની હાંસી ઉડાવતા સંસારીજનને ભક્તિ જ સર્વસ્વ છે એવો ખુમારીભેર જવાબ આપે છે. પરંતુ આ પદોમાં પણ "નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો" "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ" ને "જાગીને જોઉં તો જગત દિસે નહીં" એ પદો ઈન્દ્રિયાતીત, અકળ, અવિનાશી, પરમ પ્રકાશરૂપ, દેહમાં દેવ, તેજમાં તત્ત્વ ને શૂન્યમાં શબ્દ એમ સમસ્ત સૃષ્ટિમાં ચૈતન્યમય તત્ત્વરૂપે વિલસી રહેલા ઉપનિષદકથિત બ્રહ્મતત્ત્વને ભવ્યતાનો સ્પર્શ કરાવતી જે પ્રાસાદિક વાણીમાં પ્રત્યક્ષ કરે છે તેને કારણે ગુજરાતી કવિતામાં ઊંચા સ્થાનનાં અધિકારી બન્યાં છે. જીવ, જગત અને ઈશ્વરના એકત્વને પ્રબોધતી કવિની દૃષ્ટિ પણ સગુણબ્રહ્મ પરથી ખસી નિર્ગુણબ્રહ્મ પર સ્થિર થયેલી દેખાય છે. પણ એ નિર્ગુણબ્રહ્મને પામવા માટે શ્રેષ્ઠ સાધન તો ભક્તિ જ છે એમ કવિ માને છે.

ઝૂલણા, ચોપાઈ, દુહા, સવૈયા ઈત્યાદિની દેશીઓમાં રચાયેલાં અને કેદાર, વસંત, મલ્હાર ઈત્યાદિ રાગમાં ગાઈ શકાય એવાં આ પદોમાં રાગ-ઢાળ, ભાવ, પરિસ્થિતિ એમ ઘણું પરંપરામાંથી કવિને મળ્યું હોવાની પૂરી સંભાવના છે. એમાંનાં બધાં પદ એકસરખા કાવ્યગુણવાળાં નથી. ઉપાડની પંક્તિ આકર્ષક હોય અને પછી પદ લથડી જતું હોય, એકના એક ભાવનું સતત પુનરાવર્તન થતું હોય, ભાવ સ્થૂળ ને વાચ્ય બની જતો હોય એવું ઘણાં પદોમાં જોવા મળે છે. અને તો પણ કવિની પ્રતિભાનો સ્પર્શ પણ એમને એટલો જ મળ્યો છે. વિવિધ ભાવસ્થિતિઓને મૂર્ત કરતી કર્ણગોચર ને શ્રુતિગોચર લયવૈવિધ્યવાળી ધ્રુવપંક્તિઓ; 'ક્ષિતિરસ તરુશાખાએ પ્રસર્યો', 'કુસુમ કુસુમ રહ્યા ભ્રમર ઝૂલી, કે 'ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં હેમની કોર જ્યાં નીસરે તોલે' જેવી કલ્પનાસભર ચિત્રાત્મક અનેક પંક્તિઓ; ૨-૨ પંક્તિએ કે આખા પદમાં દરેક પંક્તિમાં એક જ પ્રાસ મેળવાયો હોય એવી પ્રાસયોજના, ઘણી જગ્યાએ ૨-૨ પંકિતએ કે દરેક પંક્તિએ આવતાં તાનપૂરક 'રે', રવાનુકારી ને વર્ણપ્રાસયુક્ત શબ્દોનો બંધ ઈત્યાદિથી અનુભવાતું પદમાધુર્ય; આ સૌ તત્ત્વોને લીધે આ પદોમાંથી ઘણાં ગુજરાતના લોકજીવનની સાંસ્કૃતિક સંપત્તિ બની ચૂકયાં છે, એમાંનાં આ કાવ્યબળથી ને એમાંના ભક્તિના ઉદ્રેકથી. [જ.ગા.]

પદ(નિરાંત) : નિરાંતકૃત ૨૦૦ ઉપરાંત પદો (મુ.)માંથી કેટલાંક હિંદીમાં છે તો કેટલાંક હિંદીમિશ્ર ગુજરાતી ભાષામાં પણ છે. આ પદો ધોળ, કાફી, ઝૂલણા વગેરે નામભેદો ધરાવે છે. ગણતર પદો ગોકુળ, વલ્લભકુળ, વિઠ્ઠલજીના નિર્દેશો ધરાવતાં મળે છે ને ગોપીભાવનાં-પ્રિયતમાભાવનાં, કૃષ્ણપ્રશસ્તિનાં, એના રૂપવર્ણનનાં, હરિકૃપાના વર્ણનનાં ને 'થાળ' જેવા પ્રકારનાં કેટલાંક પદો પણ મળે છે, જેમાં વૈષ્ણવી પ્રેમલક્ષણા ભક્તિનું અનુસરણ ને સાંપ્રદાયિક પ્રભાવ જોઈ શકાય. પરંતુ વલ્લભકુળ ને વિઠ્ઠલજીનો મહિમા કરતી વખતે કવિ એમને "વર્ણાશ્રમથી વિશેષ, વર્ણાશ્રમથી ન્યારા" કહીને ઓળખાવે છે, "વંકા વનમાળી"ને "નિર્ગુણ નામ તમારું" એમ કહે છે, વિઠ્ઠલ (શ્રીકૃષ્ણ)નું રૂપવર્ણન કરતી વખતે એમને સુમતિનારી અને નિવૃત્તિનારીના વર તરીકે ઉલ્લેખે છે અને મોરલીને "મરમની" કહી એના "જ્ઞાનઘન નૌતમનાદ"નો નિર્દેશ કરે છે-એ બધું કવિ સગુણ ભક્તિમાં નિર્ગુણ જ્ઞાનવિચારની ગૂંથણી કરી રહ્યા હોવાનું ને સાંપ્રદાયિક પ્રભાવને ઓગાળી નાખ્યા હોવાનું બતાવે છે. કવિનાં મોટા ભાગનાં પદો તો શુદ્ધ જ્ઞાનવિચારનાં જ છે, જેમાં એમની ભૂમિકા અદ્વૈત વેદાંતની હોવાનું પ્રતીત થાય છે. એ અદ્વૈત બ્રહ્મનું, માયાનું, સંસારના મિથ્યાત્વનું વર્ણન કરે છે અને શુભ-અશુભ બન્ને પ્રકારનાં કર્મોને જાળ તરીકે ઓળખાવે છે. કવિની દાર્શનિક ભૂમિકામાં યોગમાર્ગનો પણ થોડો વણાટ છે, પણ વિશેષે એમાં મધ્યકાલીન સંતપરંપરાનું અનુસંધાન વરતાય છે. સદ્‌ગુરુમહિમા, સંત-સંગતનો મહિમા, ગુરુ તે બ્રહ્મ ને બ્રહ્મ તે ગુરુ એવો મનોભાવ, નામ એટલે કે આત્મસ્વરૂપનો મહિમા, શાસ્ત્રજ્ઞાન-પંડિતાઈને સ્થાને સમજણ કે અનુભવનું મહત્ત્વ, વેશ, પંથ વગેરેનો તિરસ્કાર-આ એનાં લાક્ષણિક તત્ત્વો છે.

નિરાંત ક્વચિત્ રૂપકાદિનો આશ્રય લે છે-સંસારને મૂળ વગરના વૃક્ષ તરીકે, કાયાને રેંટિયા તરીકે ને મનને વાણિયા તરીકે વર્ણવે છે, પરંતુ સામાન્ય રીતે એમણે સીધા કથનનો આશ્રય લીધો છે. એમની વાણીમાં સરળતા, પ્રવાહિતા અને પ્રાસાદિકતા છે ને તળપદી અભિવ્યક્તિની એમને ફાવટ છે. દંભી ગુરુઓ વગેરે પરના પ્રહારમાં એમની વાણી બળકટ બને છે. [જ.કો.]

પદ(નિષ્કુળાનંદ) : નિષ્કુળાનંદકૃત પદો (મુ.) ૩૦૦૦ જેટલાં હોવાનું કહેવાય છે, પરંતુ તેમાં 'વૃત્તિવિવાહ' જેવી પદસમુચ્ચય રૂપ કૃતિઓનાં અને અન્ય દીર્ઘ કૃતિઓમાં મળતાં પદોનો પણ સમાવેશ થતો હશે એમ લાગે છે. નિષ્કુળાનંદની ઘણી કૃતિઓના પદબંધમાં પદપ્રકારનો વિનિયોગ નોંધપાત્ર પ્રમાણમાં છે.

સંપ્રદાયમાં કીર્તનોને નામે ઓળખાયેલાં, ગુજરાતી ઉપરાંત હિંદીમાં ને ક્વચિત્ કચ્છીમાં મળતાં આ પદો વિવિધ રાગોનો નિર્દેશ ધરાવે છે ને બારમાસી, તિથિ, થાળ, વસંત, ધોળ, રેખતા, પરજિયા, સાખી આદિ પ્રકારભેદો બતાવે છે. એમાં સહજાનંદ-સ્વામીના સ્વરૂપવર્ણનનાં ને એમનાં વિરહનાં પદો છે, કદાચ જૈન અસર નીચે રચાયેલ શિયળની વાડનાં પદો છે, પંચેન્દ્રિયોના ભોગનાં પદો છે, પ્રેમલક્ષણા ભક્તિનાં પદો છે ને જ્ઞાનનાં તથા ભક્તિ-વૈરાગ્યબોધનાં પદો છે. પ્રેમલક્ષણા ભક્તિનાં પદોમાં કૃષ્ણરૂપનાં વર્ણનો ને એમને માટેના મુગ્ધ પ્રીતિભાવ ને વિરહભાવની અભિવ્યક્તિ છે. સંયોગશૃંગારનાં ચિત્રો નથી. આ પદો મોટી સંખ્યામાં છે, છતાં નિષ્કુળાનંદ વધુ પ્રસિદ્ધ છે એમનાં વૈરાગ્ય-ભાવનાં પદોને કારણે "જનની જીવોરે ગોપીચંદની" ને "ત્યાગ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન ટકે રે વૈરાગ્ય વિના" જેવાં એમનાં પદો ખૂબ લોકપ્રિય બનેલાં છે. જ્ઞાન, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, ત્યાગ, તિતિક્ષા, સહિષ્ણુતા અને શમદમાદિક ગુણોનો પ્રચાર કરતાં આ પદો સરળ, ઘરગથ્થુ પણ વેગવતી ભાષા તથા પૌરાણિક–લૌકિક દૃષ્ટાંતોના વિનિયોગથી અસરકારક બનેલાં છે. એ કેટલીક વાર ઉદ્‌બોધન રૂપે તો કોઈ વાર આત્મકથન રૂપે રચાયેલાં છે. એ શૈલીછટા પણ ઉપકારક બની છે. કૃષ્ણપ્રીતિનાં પદોમાં કવિનું ભાષાલાલિત્ય દેખાય છે.

સાધુઓની આસક્તિ જોઈને સહજાનંદે એમની કામળીઓ બળાવી નાખેલી તે પ્રસંગનું તથા સહજાનંદના દેહવિલય પછી સાધુઓમાં કેવો શિથિલાચાર પ્રવેશ્યો એનું વર્ણન કરતાં ૨ પદો મળે છે તે એમાંના કરુણ-વિનોદી ચિત્રણને કારણે નોંધપાત્ર બને છે. [શ્રા.ત્રિ.]

પદ(પ્રીતમ) : જ્ઞાનવૈરાગ્ય અને કૃષ્ણભક્તિનાં ગુજરાતી અને હિંદીમાં ઘણાં પદ પ્રીતમે રચ્યાં છે, જેમાંથી આશરે ૫૧૫ જેટલાં પદ મુદ્રિત સ્વરૂપે મળે છે. વિવિધ રાગઢાળવાળાં અને થાળ, આરતી, ગરબી, ગરબા ઇત્યાદિ સ્વરૂપે મળતાં આ પદોમાં જ્ઞાનવૈરાગ્યનાં પદોનું પ્રમાણ વધારે છે.

સંસારી મનુષ્યને ઉદ્‌બોધન કરી રચાયેલાં જ્ઞાન-વૈરાગ્યનાં ઘણાં પદોમાં સંસારની માયાથી મુક્ત બનવાનો, સદ્‌ગુરુનાં ચરણ સેવવાનો, સંતસમાગમ કરવાનો અને ઈશ્વરાભિમુખ બનવાનો જે બોધ કવિ આપે છે તેમાં પરંપરાથી ચાલ્યા આવેલા વિચારોનું અનુસરણ વિશેષ છે, પરંતુ કેટલાંક લોકગમ્ય દૃષ્ટાંતો ને રૂપકોથી અને ક્વચિત્ પદોમાં વ્યક્ત થતાં દીનતા, આર્જવ, આક્રોશ જેવા ભાવોથી એ આકર્ષક બને છે. "ભક્તિ એવી રે ભાઈ એવો તરસ્યાંને પાણી રે જેવી", "આનંદ મંગળ કરું આરતી હરિ-ગુરુ-સંતની સેવા", "હરિનો મારગ છે શૂરાનો", "જીભલડી તુને હરિગુણ ગાતાં આવડ આળસ ક્યાંથી રે" જેવાં આ પ્રકારનાં કવિનાં પદો ખૂબ લોકપ્રિય છે. બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતાં "માયા બ્રહ્મ હોરી ખેલીઓ હો" જેવાં કે બ્રહ્મપ્રાપ્તિનો આનંદ વ્યક્ત કરતાં કોઈક પદ પણ કવિએ રચ્યાં છે.

કવિનાં કૃષ્ણલીલાનું ગાન કરતાં પદોમાં પ્રેમલક્ષણા ભક્તિના કવિઓની કવિતામાં મળે છે તેમ કૃષ્ણજન્મ, કૃષ્ણજન્મની વધાઈ, બાળલીલા, દાણલીલા, રાધાકૃષ્ણવિવાહ એમ દરેક વિષય પર રચાયેલાં પદો મળે છે. તેમાં દાણલીલાનાં પદ વિશેષ આકર્ષક છે. એ સિવાય તુલસીવિવાહનાં ને મથુરાલીલાનાં પદ પણ કવિએ રચ્યાં છે, રણછોડજીનાં ગરબા ને આરતીય લખ્યાં છે. એટલે કવિનાં કૃષ્ણભક્તિનાં પદ કૃષ્ણની ગોકુળલીલા પૂરતાં સીમિત નથી.

ઈ.૧૯૭૧માં પડેલા દુષ્કાળને વિષય બનાવી રચાયેલાં 'સુડતાળા કાળ' વિશેનાં ૪ પદ છે તો આમ ભક્તિમૂલક, પરંતુ પોતાની આસપાસના સામાજિક જીવનની ઘટનાને વિષય તરીકે લઈ રચાયાં હોવાથી લાક્ષણિક બને છે. સંત રવિદાસને સંબોધીને રચાયેલું એક પદ પણ કવિનું મળી આવે છે. [ર.શુ.]

પદ(પ્રેમસખી પ્રેમાનંદ) : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ પ્રેમસખી પ્રેમાનંદે ૧૦ હજાર જેટલાં પદો ગુજરાતી અને હિંદીમાં લખ્યાં છે એવું મનાય છે, પરંતુ અત્યારે ઉપલબ્ધ ચારેક હજાર પદોમાંથી ત્રણેક હજાર પદ મુદ્રિત સ્વરૂપે મળે છે. કંઈક પ્રસંગકથનનો તંતુ ભળેલો હોય એવી ઠીકઠીક સંખ્યામાં રચાયેલી પદમાળાઓનાં પદ પણ એમાં સમાવિષ્ટ થઈ જાય છે. તિથિ, વાર, રાશિ, માસ, ગરબો, ગરબી સ્વરૂપે મળતાં આ પદોમાં એમાંના રવાનુકારી શબ્દો, વર્ણસામર્થ્યથી જન્મતું નાદતત્ત્વ, સંગીતના વિવિધ રાગમાં સહેલાઈથી ગાઈ શકાય એવો એમનો શબ્દબંધ ઇત્યાદિથી જે સંગીતતત્ત્વનો અનુભવ થાય છે તે કવિના શાસ્ત્રીય સંગીતના જ્ઞાન અને ભાષાપ્રભુત્વને પ્રગટ કરે છે.

કવિનાં કૃષ્ણભક્તિનાં પદોમાં ગુજરાતી–હિંદીમાં વિકસેલી પ્રેમ-લક્ષણા ભક્તિની કવિતાનું અનુસંધાન છે. કૃષ્ણની ગોકુળલીલાની વિવિધ સ્થિતિઓને આલંબન તરીકે લઈ કવિએ વિવિધ ભાવવાળાં અનેક પદ રચ્યાં છે. એમાં કૃષ્ણને જગાડવા માટે રચાયેલાં પ્રભાતનાં પદો છે, જસોદા અને ગોપીઓ પાસે કૃષ્ણે કરેલાં તોફાનને આલેખતાં નટખટ કૃષ્ણની છબી ઉપસાવતાં વિનોદની છાંટવાળાં બાળ-લીલાંના ને દાણલીલાનાં પદ છે, કૃષ્ણના રૂપનું વર્ણન કરતાં પદો છે, કૃષ્ણ અને ગોપીઓના રાસનાં પદ છે, તો ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની શૃંગારપ્રીતિનાં પદો પણ છે. એમનાં શૃંગારનાં પદોમાં સંભોગ ઓછો, વિરહ વિશેષ છે. કાવ્યત્વની દૃષ્ટિએ પણ વિરહનાં પદો વધુ આસ્વાદ્ય છે. ગોપીના ચિત્તમાં કૃષ્ણ પ્રત્યે જન્મેલું અદમ્ય આકર્ષણ, એને અનહદ સંભળાતા વાંસલડીના સૂર, એમાંથી જન્મતી બેચેની અને પોતાના સાંસારિક જીવન પ્રત્યેની ઉદાસીનતા આલેખી કૃષ્ણ માટેના ગોપીહૃદયમાં રહેલા તલ-સાટને કવિ વાચા આપે છે. કૃષ્ણના મથુરાગમન પછી ગોપી-ઓની વિરહવ્યાકુળતાને પણ કવિએ આલેખી છે.

સહજાનંદને કવિ કૃષ્ણસ્વરૂપ ગણતા હોવાથી સહજાનંદભક્તિનાં પદો 'પ્રેમાનંદકાવ્ય' (ભાગ ૧-૨)નાં કૃષ્ણભક્તિનાં પદો સાથે ભળી ગયાં છે. એમાં 'હરિસ્વરૂપ ધ્યાનસિદ્ધિ'નાં ૩૦ પદોમાં કવિએ સહજાનંદ સ્વામીનાં મુખ, નયન, નાસિકા, ભુજ, છાતી જેવાં અંગો, એમની ચાલ, સામુદ્રિક લક્ષણો, રૂપ, વસ્ત્રાલંકાર, કેવો ઇત્યાદિનું વીગતે વર્ણન કર્યું છે. સહજાનંદ પ્રત્યેની પ્રીતિ એ પદોમાં અનુભવાય છે ખરી, પરંતુ કવિનાં ઉત્તમ પદો તો સહજાનંદવિરહનાં છે. સહજાનંદ સ્વામીને પ્રવાસગમન કરવું પડતું ત્યારે સહજાનંદના વિયોગમાંથી ઘણાં વિરહભાવનાં પદો રચાયાં છે. પરંતુ એમાંય સહજાનંદ સ્વામીના મૃત્યુ પછી રચાયેલાં, કવિના શોકસંતપ્ત હૃદયમાંથી નીકળેલાં વિરહનાં પદો, એમાંથી પ્રગટતી ઉત્કટ વેદનાથી વધુ ધ્યાનાર્હ છે.

એ સિવાય દીક્ષાવિધિ, સત્સંગી વૈષ્ણવનાં લક્ષણો, વૈરાગ્યવાન શિષ્યનાં લક્ષણો, હરિભક્તે પાળવાના નિયમો વગેરે વિશે સાંપ્ર-દાયિક રંગવાળાં બોધાત્મક પદો કવિએ જેમ રચ્યાં છે તેમ અન્ય ભક્તકવિઓની જેમ સંસાર પ્રત્યે અનાસક્તિ કેળવવાનો બોધ આપતાં વૈરાગ્યનાં પદો પણ લખ્યાં છે. આ પ્રકારનાં પદોમાં પોતાને ઈશ્વરના ચરણમાં રાખવાની પ્રાર્થના કરતાં પદો એમાંના આર્જવથી, એમાં અનુભવાતી સૂફીઓના જેવી પ્રેમમસ્તીથી વધુ કાવ્યગુણવાળાં બન્યાં છે. [ચ.મ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ(બાપુસાહેબ ગાયકવાડ) : જ્ઞાની ને મરાઠી કવિ બાપુસાહેબ ગાયકવાડનાં, **મહિના, પરજીઆ, રાજિયા,** કાફી અને ગરબી રૂપે ઉપલબ્ધ થતાં ગુજરાતી ને ક્યારેક સાધુશાઈ હિંદીમાં રચાયેલાં દોઢસો જેટલાં પદ (મુ.)નો વિષય છે વૈરાગ્યબોધ. **જ્ઞાનોપદેશ, ધર્મવેશ, બ્રાહ્મણશુદ્રભેદ** અને બ્રહ્મજ્ઞાન એ ચાર શીર્ષકમાં વહેંચાયેલાં એમનાં ૭૦ જેટલાં પદોમાં જ્ઞાની કવિઓની માફક આમ તો તેઓ પણ આત્મજ્ઞાન, સાચી સમજણ ને સદ્‌ગુરુનો મહિમા કરે છે, પરંતુ તેમનું વિશેષ લક્ષ લોકજીવનમાંથી દૃષ્ટાંતો ઉપાડીને કટાક્ષનો આક્રાય લઈ ધર્મને નામે પાખંડ ચલાવતાં પંડિત, બ્રાહ્મણ, મુલ્લા, ગુરુ પર પ્રહારો કરવાનું છે અને એ બાબતમાં એમનાં પદો અખાના છપ્પાની વિશેષ નજીક જાય છે. જેમ કે, સંસારમાં પૂરેપૂરા આસક્ત છતાં વૈરાગ્યનો ઢોંગ કરનાર મનુષ્યોની ઉપદેશવાણીને કોરુંકટ માટલું ઝમવા જેવી વાત સાથે તેઓ સરખાવે છે. ૪–૪ ગરબીઓનાં ૧૦ અંગોમાં વહેંચાયેલી એમની ૪૦ ગરબીઓમાં મનુષ્યને માયામાં જકડી રાખનાર સ્ત્રી, ધન, પુત્ર, દેહ ઇત્યાદિની આસક્તિમાંથી મુક્ત થવાનો બોધ છે. પત્ની, માતા, દીકરી, બહેન, સાસુ, વગેરેના મૃતપુરુષને સંબોધીને રચાયેલાં 'ષડ્‌રિપુના રાજિયા'માં કામ, ક્રોધ, મોહ, લોભ વગેરે ષડ્‌રિપુઓથી ભરેલા, માયાના બંધનમાં અટવાયેલા ને સાચા જ્ઞાનને વીસરી ગયેલા સાંસારિક મનુષ્યની જીવનકથની, વખતોવખત કટાક્ષનો આક્રાય લઈ કવિએ આલેખી છે. 'બ્રહ્મબોધ'ની ૨૪ અને 'જ્ઞાનોપદેશ'માંની ૬ કાફીઓમાં સાચું બ્રહ્મજ્ઞાન કોને કહેવાય, એવું બ્રહ્મજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય એની વાત છે. તળપદી ભાષાનું જોમ અને દૃષ્ટાંતોમાંથી ઊપસતું તત્કાલીન લોકજીવન એમની પદરચનાઓની વિશિષ્ટતા છે.

'મહિના/જ્ઞાનના દ્વાદશમાસ' (ર.ઈ.૧૮૩૪)માં બ્રહ્મના અનુભવનો આનંદ વ્યક્ત કરતી કવિની વાણી કટાક્ષ ને બરછટતા છોડી ભક્તિભાવના ઉલ્લાસવાળી બની છે. 'શાંતિ પમાડે તેને તો સંત કહીએ' જેવી આકર્ષક ઉપાડની પંક્તિઓવાળાં પદ પણ એમની પાસેથી મળે છે. [દે.દ.]

પદ(બ્રહ્માનંદ) : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ બ્રહ્માનંદે ૮૦૦૦ પદ રચ્યાં હોવાનું મનાય છે, પરંતુ એમાંથી અત્યારે ૨૬૦૦ જેટલાં પદ મુદ્રિત સ્વરૂપે મળે છે. **'ભક્તિવિલાસ', 'પ્રભાત-સંગ્રહ', 'થાળસંગ્રહ', 'આરતીસંગ્રહ', 'શયનપદસંગ્રહ', 'ઉત્સવ-પદસંગ્રહ', 'હિંડોળા', 'શૃંગારવિલાસ', 'લીલાવર્ણન', 'વિરહવર્ણન'** ને **'જ્ઞાનવિલાસ'** એ શીર્ષકો નીચે વહેંચાયેલાં; ગુજરાતી, કચ્છી, હિંદી ચારણી જેવી વિવિધ ભાષાઓમાં ગરબી, થાળ, આરતી, ભજન સ્વરૂપે મળતાં; ઝૂલણા, ચોપાઈ, હરિગીત, કુંડળિયા, રેણકી વગેરે છંદોની દેશીઓમાં રચાયેલાં ને અનેક સંગીતના રાગના નિર્દેશવાળાં કવિનાં પદો પર ભૂજની કાવ્યશાળામાં લીધેલી તાલીમનો પૂરો પ્રભાવ વરતાય છે. કૃષ્ણલીલાનાં અનેક પદોમાં એમની પ્રસાદમધુર અભિવ્યક્તિ, પ્રાસની સહજશક્તિ, સફાઈદાર શબ્દરચનાનો જેમ અનુભવ થાય છે તેમ કેટલાંક ભક્તિનાં પદોમાં બલિષ્ઠતા ને જોમનો અનુભવ પણ થાય છે. સૌરાષ્ટ્રની તળપદી ભાષાના અનેક પ્રયોગોથી એમની વાણીમાં વિશિષ્ટ પ્રકારની બળકટતા આવે છે. લયવૈવિધ્યવાળી ધ્રુવપંક્તિઓ એમનાં પદોનું આકર્ષક અંગ છે. ધ્રુવપંક્તિ, શબ્દપસંદગી કે વિચારની અંદર ક્યારેક એમનાં પદો નરસિંહ–મીરાંનાં પદોની અસર ઝીલતાં જોઈ શકાય.

સાંપ્રદાયિક અસરને વિશેષ રૂપે ઝીલી કવિએ મંગળા, રાજભોગ, શયન વગેરે જુદે જુદે સમયે મંદિરોમાં થતાં દર્શન કે દિવાળી, **અન્નકૂટ,** શરદપૂર્ણિમા, એકાદશી હોળી વગેરે ધાર્મિક ઉત્સવોને વિષય બનાવી ઘણાં ચોસર પદો રચ્યાં છે. રણછોડજી દ્વારિકાથી વડતાલ પધાર્યા એ પ્રસંગને આલેખતાં પણ કેટલાંક પદ એમણે રચ્યાં છે. એ સિવાય પ્રેમલક્ષણા ભક્તિની પરંપરાને અનુસરી કૃષ્ણલીલા સાથે સંકળાયેલાં કૃષ્ણજન્મઉત્સવ ને બાળલીલાવિષયક વાત્સલ્યપ્રીતિનાં અને દાણલીલા, રાસ, ઈજન, ગોપીવિરહ, ઉદ્ધવસંદેશ, કૃષ્ણરૂપવર્ણન વગેરેનાં શૃંગારપ્રીતિનાં પદો પણ એમણે રચ્યાં છે. તેમાં દાણલીલા અને ગોપીઉપાલંભનાં ઘણાં પદો એમાંના વિનોદને લીધે વિશેષ ધ્યાન ખેંચે છે. સહજાનંદસ્તુતિનાંય કેટલાંક પદ કવિ પાસેથી મળે છે, જેમાંનાં ઘણાં સહજાનંદ સ્વામીના જીવનમાં બનેલા પ્રસંગો સાથે સંબંધ ધરાવે છે એવું મનાય છે.

કવિનાં બોધાત્મક પદોમાં ભક્તિ પરની અડગ નિષ્ઠા પ્રગટ કરતાં **'શિર સાટે નટવરને વરીએ'** જેવાં પદ એમાંની શૌર્યની દીપ્તિથી અસરકારક બન્યાં છે. અન્ય વૈરાગ્યબોધનાં પદોમાં સંતસમાગમ, સતીધર્મ, સદાચાર વગેરેનો દૃષ્ટાંતોથી મહિમા કર્યો છે તો વિષયલોલુપ ને વિકારી જીવને કટાક્ષના ચાબખા પણ માર્યા છે. **'આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી'** જેવું સુંદર પદ એમાંથી મળે છે. [ચ.મ.]

પદ(ભોજો) : ચાબખા, પ્રભાતિયાં, કીર્તન, ધોળ, કાફી, આરતી, મહિના, વાર, તિથિ ઇત્યાદિ પ્રકારભેદમાં મુદ્રિત રૂપે ઉપલબ્ધ થતાં ભોજા ભગતનાં પદોમાં ૧૭૫ને હસ્તપ્રતનો આધાર છે. આ પદોમાં કેટલાંક સાધુશાઈ હિંદીમાં છે ને કેટલાંક પર વ્રજભાષાની અસર છે.

આ પદોમાં જનસમાજમાં ખૂબ લોકપ્રિય કવિનાં ૪૦–૪૫ ચાબખા છે. તીખા પ્રહારોને લીધે ચાબખા નામથી જાણીતાં થયેલાં આ પદોમાં ઉદ્‌બોધનશૈલીનો આક્રાય લઈ કવિ સંસારી સુખનું મિથ્યાત્વ બતાવી એ સુખમાં રચ્યાપચ્યા રહેતા અજ્ઞાની મનુષ્યને તીખાં વચનોથી ઢંઢોળી વૈરાગ્ય તરફ વળવાનો બોધ કરે છે. કેટલાક ચાબખામાં ધર્મને નામે પાખંડ ચલાવતા ઢોંગી સાધુઓ પર પ્રહાર કરે છે. જેમ કે સંસારીસુખમાં ડબેલા મનુષ્યને ઇંદ્રિયસ્વાદથી લલચાઈ ખાટકીવાસમાં જતા ને પછી ઊંધે મસ્તકે ટાંગાતા ઘેંટા સાથે સરખાવે છે. પાખંડી સાધુઓને 'રાખો ચોળી પણ રાંડોના રસિયા' કહી એમના ઢોંગીપણાને ખુલ્લું પાડે છે. સૌરાષ્ટ્રની તળપદી બોલીના સંસ્કાર, રૂઢોક્તિઓ, દૃષ્ટાંતો ને ઘણી જગ્યાએ યુદ્ધની પરિભાષાનો પ્રયોગ એ સહુને લીધે ચાબખાની વાણી જોરદાર ને સોંસરવી ઊતરી જાય એવી બની છે. 'પ્રાણિયા! ભજી લે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર' કે 'જીવને શ્વાસ તણી સગાઈ' એમના ઉત્તમ ચાબખા છે. અગમ્ય તત્ત્વના અનુભવને વ્યક્ત કરતાં 'સંતો! અનહદ જ્ઞાન અપારા' જેવાં સુંદર પદો કવિએ રચ્યાં છે, તો 'કાચબા-કાચબી' જેવું ભક્તિનો મહિમા કરતું પદ પણ રચ્યું છે. અન્ય વૈરાગ્યબોધક પદોમાં સદ્‌ગુરુનો મહિમા, જીવનમુક્તનાં લક્ષણો વગેરે વ્યક્ત થયાં છે.

કવિએ રચેલાં કેટલાંક કૃષ્ણભક્તિનાં પદોમા કૃષ્ણજન્મનો આનંદ, કૃષ્ણગોપીની શૃંગારકેલિ ને મથરા ગયેલા કૃષ્ણને સંદેશો મોકલતી ગોપીના વિરહ વર્ણવાયાં છે. [૨.શ.]

પદ(મીરાંબાઈ) : ગુજરાતી, રાજસ્થાની અને વ્રજમાં હસ્તપ્રતો અને મૌખિક રૂપે ઉપલબ્ધ થતાં મીરાંબાઈનાં પદોની સંખ્યા આમ તો ઘણી મોટી છે. પરંતુ એમનાં પદોની જૂનામાં જૂની ૨ હસ્તપ્રત –૧ ડાકોરની (લે. ઈ. ૧૫૮૬) ૬૯ અને બીજી કાશીની (લે.ઈ. ૧૬૭૧) ૧૦૩ પદવાળી–ઉપલબ્ધ થાય છે, જેમાંની પહેલી તેમની કોઈ લલિતા નામની સખી દ્વારા લખાઈ છે. કાશીની પ્રતમાં ડાકોરની પ્રતનાં ૬૯ પદ એ જ ક્રમમાં પહેલાં મળે છે અને બીજાં ૩૪ પદ નવાં ઉમેરાયેલાં છે. એટલે આ પદોને મીરાંનાં સૌથી વધુ અધિકૃત પદો માનવાનું વલણ વિદ્વાનોનું છે. આ પદો પાછળથી શબ્દો, પંક્તિઓના ઓછાવત્તા ફેરફાર સાથે અનેક રૂપે જનસમાજમાં ફેલાયાં તેમ જ બીજાં અનેક પદ એમાં ઉમેરાયાં. માત્ર ગુજરાતીમાં ૪૦૦ જેટલાં એમનાં પદ મદ્રિત સ્વરૂપે મળે છે. આ સૌથી જૂની ૨ હસ્તપ્રતોનાં પદોની ભાષા પ્રાચીન રાજસ્થાની છે.

કૃષ્ણપ્રીતિ એમની કવિતાનો સ્થાયી ભાવ છે, પરંતુ પ્રેમલક્ષણા ભક્તિની કવિતામાં કૃષ્ણપ્રીતિની આસપાસ રહીને પણ જે ભાવવૈવિધ્ય ગુજરાતી–હિન્દી કવિતામાં સધાયું છે તે મીરાંબાઈનાં પદોમાં એટલા પ્રમાણમાં નથી. કોઈપણ પ્રકારની સંપ્રદાયિકતાથી મુક્ત એમનાં પદોમાં વાત્સલ્યપ્રીતિ નથી અને શૃંગારપ્રીતિમાંય વિરહપ્રીતિ જ મુખ્ય છે. સંભોગપ્રીતિ તો ક્વચિત્ કોઈ પદમાં અને તે પણ એના સંયત રૂપમાં વ્યક્ત થઈ છે. મનોમન જેને પોતાનો પતિ માની લીધો છે તે કૃષ્ણના મિલન માટેનો ઊંડો તલસાટ ને એમાંથી જન્મતાં વ્યાકુળતા-દર્દ એમનાં પદોમાં ઘૂંટાઈઘૂંટાઈને વ્યક્ત થાય છે. એમની કવિતાનો ઉત્તમાંશ આ પ્રેમવિહ્વળ દશાને વ્યક્ત કરતાં પદો છે. કોઈ રચનાચાતુરી વગર ક્યારેક કોઈ હૃદયસ્પર્શી કલ્પનથી, અત્યંત લાઘવ ને સાવ સરળ પણ સંગીતમય પદાવલિથી આ પદોમાં રહેલો વિરહભાવ એની તીવ્રતા, ગહનતા ને કોમળતા સમેત હૃદયને સ્પર્શે છે. ફાગણના હોળીખેલનના દિવસ હોય કે અસાડની વર્ષા હોય, પીંછીના આછા લસરકાથી પ્રેમવિહ્વળ સ્ત્રીનું ચિત્ર તેઓ આંકી દે છે. પતિના આગમનની રાહ જોતી વિરહિણીનું ચિત્ર 'ઊંચા ચઢચઢ પંથ નિહારયાં કલપકલપ અખયાં રાંતી' કે પ્રિયતમની પ્રતીક્ષાની તીવ્રતા, વ્યાકુળતા, કંઈક થાક ને નિરાશા એ સૌ ભાવોને વ્યક્ત કરતાં 'પાના જ્યું પીલી પડી રે લોગ કહ્યાં પિંડ બાય' ને 'ગણતાંગણતાં ઘીશ ગયાં રેખાં આંગરિયાં રિ શારી' એ ચિત્રો મીરાંની કલ્પનનિર્માણની શક્તિનાં ઉત્તમ દૃષ્ટાંત છે. વિરહિણી સ્ત્રીના મનોભાવ રૂપે વ્યક્ત થયેલી કૃષ્ણમિલન માટેની આ વ્યાકુળતામાં શૃંગારની પ્રગલ્ભતા ને સાંસારિક વાસનાનો સ્પર્શ નથી, રિસાળપણું કે માનિનીપણું પણ નથી. એમાં દાસીપણું છે, સહજતા ને સાત્ત્વિકતા છે. કૃષ્ણરૂપવર્ણનનાં પણ કેટલાંક પદ મીરાંબાઈ પાસેથી મળે છે, જે કૃષ્ણ સતત એમના ચિત્તમાં રમ્યા કરતા હશે એની પ્રતીતિ કરાવે છે.

મીરાંબાઈએ પોતાને કુટુંબ સાથે થયેલા સંઘર્ષની અંગત જીવનની વીગતોનો ઉલ્લેખ કરતાં કેટલાંક આત્મચરિત્રાત્મક પદો રચ્યાં છે. એમનો સાધુસંતો સાથેનો સમાગમ, રાણાનો રોષ, એમને મારી નાખવા માટે રાણાએ મોકલેલો ઝેરનો પ્યાલો કે કરંડિયામાં મોકલેલો નાગ, વગેરે વીગતોનો એમાં ઉલ્લેખ છે. આ પદોમાંથી મીરાંબાઈની અવિચલિત ગિરિધરનિષ્ઠા, ભક્તિની મસ્તી ને જગનિંદાની બેપરવાઈ ઊપસી આવે છે. પ્રભુભક્તિનો મહિમા કરતાં પણ થોડાંક પદ મીરાંએ રચ્યાં છે.

ગુજરાતીમાં મુદ્રિત રૂપે ઠીકઠીક મોટી સંખ્યામાં ઉપલબ્ધ થતાં મીરાંબાઈનાં પદોમાં એમનાં અધિકૃત ગણાતાં ઘણાં પદ પ્રક્ષેપો સાથે ને પાઠભેદે મળી આવે છે, પરંતુ એમની કવિતાનો ઉત્તમાંશ જેમાં છે તે વિરહ ભાવનાં પદ ગુજરાતીમાં વિશેષ નથી. આત્મચરિત્રાત્મક પદોની સંખ્યા મોટી છે. એ સિવાય દાણલીલા, કૃષ્ણની મોરલીના સૂર કે કૃષ્ણના અબોલાથી જન્મતી વ્યાકુળતા, કૃષ્ણને ભોજન માટે આપાતાં ઈજન વગેરે ગોપી ભાવનાં વિશેષ પ્રમાણમાં મળતાં પદો; 'સત્સંગનો રસ ચાખ પ્રાણી' કે 'મળ્યો જટાધારી જોગેશ્વર બાવો' જેવાં નાથસંપ્રદાયની અસર બતાવતાં પદ કે 'જૂનું થયું રે દેવળ જૂનું થયું' જેવાં નિર્ગુણઉપાસનાવાળાં વૈરાગ્યબોધક પદ વગેરે મીરાંની સૌથી જૂની ગણાતી ઉપર નિર્દિષ્ટ પ્રતોમાં નથી. એમાંનાં કેટલાંક પદ અન્ય મધ્યકાલીન કવિઓનાં હોવાનું સ્વીકારાયું છે. બીજાં પદોનું મીરાંકર્તૃત્વ શંકાસ્પદ હોવાનો હિન્દી વિદ્વાનોનો મત ઉચિત લાગે છે. [જ.ગા.]

પદ(રવિદાસ) : ગરબી, ગરબો, ધોળ, સરવડાં, કાફી, રેખતા આદિ પ્રકારો અને વિવિધ રાગોનો નિર્દેશ ધરાવતાં અને અનેક પ્રસંગે વિવિધ પ્રકારની ધ્રુવાઓનો વિનિયોગ કરી રમણીય ગેયતા સિદ્ધ કરતાં ૩૫૦ ઉપરાંત પદો (મુ.) વિષય અને નિરૂપણરીતિના વૈવિધ્યથી પણ ધ્યાન ખેંચે છે. અહીં જ્ઞાન અને ભક્તિમાર્ગના પ્રવાહોનું વિલક્ષણ સંમિશ્રણ થયેલું છે. થાળ, બાળલીલા, ઉદ્ધવસંદેશ, શૃંગારલીલા વગેરે કૃષ્ણચરિત્રના પરંપરાગત વિષયો આલેખાયા છે અને એમાં પ્રણયાર્દ્ર ગોપીભાવનાં, મનોરમ કૃતકકલહનાં અને પ્રગલ્ભ સંયોગશૃંગારનાં ચિત્રણો પણ મળે છે. પ્રેમલક્ષણા ભક્તિનાં આ પદોની બહુલતા ધ્યાન ખેંચે એવી છે, તો બીજી બાજુથી સદ્‌ગુરુમહિમા, નામમહિમા, વૈરાગ્યબોધ અને અધ્યાત્મજ્ઞાનનાં પદો પણ ઠીક સંખ્યામાં મળે છે. ખીમ–રવિ પ્રશ્નોત્તરીનાં પદો તેમ જ પ્રીતમદાસ વગેરેને પત્રો રૂપે લખાયેલાં પદોમાં જ્ઞાનચર્ચા જ છે. સદ્‌ગુરુ પ્રત્યેનો કવિનો આર્દ્ર ભક્તિભાવ સ્પર્શી જાય એવો છે. જ્ઞાન–વૈરાગ્યનાં પદોમાં રૂપકાત્મક નિરૂપણરીતિનું પ્રાધાન્ય દેખાય છે. રેંટીડો/ચરખો, કટારી, હોક્કો વગેરે તો પરંપરામાં કાવ્યપ્રકાર તરીકે રૂઢ થઈ ગયેલી રૂપકગ્રંથિઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. અવિનાશીનો વિવાહ, કાયાગરબો, ઝાલરી વગેરે પણ આવી રૂપકગ્રંથિવાળી રચનાઓ છે. આ ઉપરાંત માર્મિક દૃષ્ટાંતગ્રથન અને સીધી સોંસરી વાણીથી પણ આ પદોની અભિવ્યક્તિ અસરકારક બનેલી છે. ખીમદાસ તથા શામદાસના 'ઉમાવા'(=મૃત્યુ-ગીત) જેવી પ્રાસંગિક રચનાઓ પણ રવિદાસે કરેલી છે. રવિદાસનાં પદો પર હિંદીનો પ્રભાવ છે, અને રેખતા વગેરે પ્રકારની કેટલીક રચનાઓ તો હિંદીમાં જ છે. કંઠસ્થ ભજનપરંપરામાં રવિદાસની કૃતિઓ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. [જ.કો.]

પદ(રાજે) : મુસલમાન કવિ રાજેએ ઘણાં પદો રચ્યાં છે, જેમાંથી મોટા ભાગનાં ગુજરાતી અને થોડાંક હિંદી મળી ૧૫૦ જેટલાં પદ અત્યારે મુદ્રિત સ્વરૂપે મળે છે. થાળ, આરતી, ગરબી એમ વિવિધ સ્વરૂપ અને રાગઢાળમાં મળતાં આ પદોનો મુખ્ય વિષય છે કૃષ્ણપ્રીતિ. કૃષ્ણજન્મની વધાઈ, બાળલીલા, દાણલીલા, ગોપી અને રાધાનો કૃષ્ણ પ્રત્યેનો રતિ ભાવ અને તજ્જન્ય પરિસ્થિતિઓ પ્રેમલક્ષણા ભક્તિની અન્ય કવિતાની જેમ અહીં પણ કાવ્યનો વિષય બને છે, પરંત રચનાવૈવિધ્ય, કેટલીક વિશિષ્ટ કલ્પના અને ભાષાકર્મને લીધે આ પદો જુદાં તરી આવે છે. એક પદમાં એક પાત્ર બોલતું હોય અને બીજા પદમાં બીજું પાત્ર એનો પ્રત્યુત્તર આપતું હોય એ પ્રકારના કૃષ્ણ–રાધા, કૃષ્ણ–ગોપી, ગોપી અને તેની સાસુ, ગોપી અને તેની માતા, ગોપી અને ગોપી વચ્ચેના સંવાદવાળા ઘણા પદગુચ્છ કવિ પાસેથી મળે છે. આ પ્રકારનાં પદોમાં નાટ્યાત્મકતા અને ક્યારેક ચતુરાઈ ને વિનોદનો અનુભવ થાય છે. 'મોહનજી તમે મોરલા હું વાડી રે' એ પદમાં મોરના ઉપમાનને કવિએ જે વિશિષ્ટ રીતે ખીલવ્યું છે તેમાં કલ્પનાની ચમત્કૃતિ છે. 'મંદિર આવજો મારે, મારાં નેણ તપે પંથ તારે' જેવી પ્રાસાદિક અને ભાવની ઉત્કટતાવાળી પંક્તિઓ એમાં છે. 'મૂકું ઝગડું ઝાંટુ રે' કે 'લલોપત લુખ લખ કરાવે' જેવી પંક્તિઓમાં બોલચાલની તળપદી વાણીના સંસ્કાર છે. 'હવે' માટે 'હાવા' શબ્દ કવિ વખતોવખત વાપરે છે. 'રે લોલ' ને બદલે 'રે લો' જેવું ગરબીનું તાનપૂરક કે અન્ય ભાષાપ્રયોગોમાં જૂનાં તત્ત્વો સચવાયેલાં દેખાય છે. કવિનાં વૈરાગ્યબોધનાં પદ ઝાઝાં નથી, પરંતુ વણઝારા અને રેંટિયાના રૂપકથી આકર્ષક રીતે વૈરાગ્યની વાત કરતાં ૨ પદ ધ્યાનાર્હ છે. દયારામ પૂર્વે પ્રેમલક્ષણા ભક્તિનાં કેટલાંક સુંદર પદો રચવાં માટે રાજે નોંધપાત્ર કવિ છે. [શ્રા.ત્રિ.]

પદમ્ [ઈ. ૧૬૧૩ સુધીમાં] : અપભ્રંશની અસર ધરાવતા ૬ કડીના સુભાષિતના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

પદ્મ : આ નામે ૫ કડીની 'શેત્રુંજાનું સ્તવન' નામની કૃતિ મળે છે. તેના કર્તા કયા પદ્મ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ડિકેટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

પદ્મ(મુનિ)–૧ : જુઓ પદ્મ.

(પદ્મમુનિ)–૨ [ઈ.૧૭૪૩માં હયાત] : જૈન સાધુ. સુંદરવિજયના શિષ્ય. ૭ કડીનું 'આદિજિન-સ્તવન (મુ.), ૧૬ કડીની 'ઈંડરિયાવલી-સઝાય (મુ.) તથા 'નવવાડ-સઝાય (૨.ઈ.૧૭૪૩/સં.૧૭૯૯, આસો સુદ ૧૫, રવિવાર)ના કર્તા.

૨૦થી વધુ ઢાળની પણ અપૂર્ણ કૃતિ 'પુણ્યસાર-ચોપાઈ (૨.ઈ. ૧૬૫૩ ?) પણ એમને નામે નોંધાયેલી મળે છે, જે સમયને કારણે કોઈ અન્ય પદ્મની પણ હોઈ શકે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈરસંગ્રહ; ૩. રત્નાસાર : ૨.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [૨.સો.]

પદ્મકુમાર [ઈ. ૧૬૦૫ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. પૂર્ણ ચંદ્રના શિષ્ય. ૭૫/૮૫ કડીની 'મૃગધ્વજમુનિકેવલી–ચરિત્ર/ચોપાઈ' (લિ.ઈ.૧૬૦૫), ૮ કડીની 'વૈરાગ્ય-ભાસ', ૩ કડીની 'વયરસ્વામી-ગીત' તથા ૪ કડીની 'વૈરાગ્ય-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પદ્મચંદ્ર : આ નામે 'ગરુ-ગીત' (૨. ઈ. ૧૭૧૯), ૧૫ કડીની 'નેમરાજમતી-કથા/સઝાય', ૨૩ કડીની 'મોહવલ્લી-ભાસ' (મુ.), ૯ કડીની 'વિષયવિષમતાની સઝાય' (મુ.) મળે છે. આ કયા પદ્મચંદ્ર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. 'ગુરુ-ગીત'ના કર્તા પદ્મચંદ્ર–૩ હોઈ શકે.

કૃતિ : ૧. જિનેન્દ્રસ્તવનાદિ કાવ્યસંદોહ : ૧, પ્ર. વિજયદાન સૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા, સં. ૨૦૦૪; ૨. ષટ્દ્રવ્યનય વિચારાદિ પ્રકરણસંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુ ભાઈ, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. કૅટલૉગગુરા; ૨. રાહસૂચી : ૨. [કી.જો.]

પદ્મચંદ્ર(સૂરિ)–૧ [જ.ઈ.૧૬૨૬–અવ. ઈ. ૧૬૮૮] : નાગપુરીય તપગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રસૂરિની પરંપરામાં જયચંદ્રસૂરિના શિષ્ય. પિતા શિવજી. માતા સૂરમદે. દીક્ષા ઈ.૧૬૪૨. આચાર્યપદ ઈ.૧૬૪૩. ૯ કડીની 'પાર્શ્વચંદ્રસૂરિ-સઝાય' (૨.ઈ. ૧૬૫૯; મુ.), ૫ કડીનું '(તારંગાજી તીર્થ)અજિતનાથ-સ્તવન' (૨.ઈ.૧૬૬૧; મુ.), ૬૮ કડીનું 'શાલિભદ્ર-ચોઢાળિયું'(૨.ઈ.૧૬૬૫) તથા ઢાળ અને દેશીમાં રચાયેલી 'વીશવિહરમાન-સ્તવન/ચોવીસી' (૨.ઈ.૧૬૭૦/સં.૧૭૨૬, કારતક સુદ ૧૫, રવિવાર; મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જીનેન્દ્ર ગુણરત્નમાલા : ૧, પ્ર. કેશવલાલ છ. કોઠારી, વીર સં. ૨૪૩૧; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૨– 'કેટલાંક ઐતિહાસિક પદ્યો'. સં. કાંતિસાગરજી.

સંદર્ભ : ૧. શ્રીમન્નાગપુરીય તપગચ્છની પટ્ટાવલી. પ્ર. શ્રાવક મયા ભાઈ ઠાકરશી, ૧૯૧૬; ☐૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. લીંહસૂચી. [કી.જો.]

પદ્મચંદ્ર–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધ. જિનચંદ્રસૂરિની પરંપરામાં પદ્મરંગના શિષ્ય. ૧૮૫૦ ગ્રંથાગ્રના 'જંબુકુમાર-ચરિત્ર/જંબુસ્વામિ-રાસ'(૨.ઈ.૧૬૫૮/સં.૧૭૧૪, કારતક સુદ ૧૩) અને 'નવતત્ત્વ-બાલાવબોધ'(૨.ઈ.૧૬૬૧)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૧; ૨. યજ્ઞિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈગૂકવિઓ : ૨ ૩(૨); ૪. જૈહાપ્રોસ્ટા; ૫. ડિકૅટલૉગભાઈ : ૧૯; ૬. દેસુરાસમાળા. [કી.જો.]

પદ્મચંદ્ર–૩ [ઈ. ૧૮મી સદી] : જૈન. 'ભરતસંધિ' (ઈ. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

પદ્મતિલક : આ નામે ૯ કડીની 'કાયા-સઝાય' મળે છે તે કયા પદ્મતિલકની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

પદ્મતિલક (પંડિત)–૧ [ ] : અંચલગચ્છના જૈન સાધુ. ૧૯ કડીની 'બારભાવના-ઢાલ' (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પદ્મધર્મકુમાર [ ] : જૈન. 'શાલિભદ્ર-ચરિત્ર'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

પદ્મનાભ (પંડિત) [ઈ. ૧૪૫૬માં હયાત] : જાલોરના ચૌહાણ રાજા અખેરાજના આશ્રિત. જ્ઞાતિએ વિસલનગરા (વિસનગરા?) નાગર. કવિ પોતાને યથાર્થ રીતે પંડિત અને સુકવિ તરીકે ઓળખાવે છે. એમની એકમાત્ર કૃતિ 'કાન્હડદે-પ્રબંધ'માંથી પોતાની ભૂમિ તેમ જ ધર્મ માટેનો એમનો ઉત્કટ પ્રેમ વ્યક્ત થાય છે. અખેરાજની પ્રેરણાથી રચાયેલો અને એમની પાંચમી પેઢીના પૂર્વજ કાન્હડદેના અલાઉદ્દીન ખલજી સાથેના સંઘર્ષને વર્ણવતો, ૪ ખંડ અને મુખ્યત્વે દુહા, ચોપાઈ અને પવાડુની ૧૦૦૦ ઉપરાંત કડીઓમાં વિસ્તરતો 'કાન્હડદે–પ્રબંધ' ←(૨. ઈ. ૧૪૫૬/સં. ૧૫૧૨, માગશર સુદ ૧૫, સોમવાર; મ.) એમાંની ઐતિહાસિક માહિતીને કારણે દસ્તાવેજી મૂલ્ય ધરાવતું મધ્યકાળનું અત્યંત નોંધપાત્ર પ્રબંધકાવ્ય છે. એમાં અલાઉદ્દીનની પુત્રી ફિરોજાના કાન્હડદેના પુત્ર વીરમદે સાથેના એકપક્ષી પ્રેમની કરુણ-મધુર પ્રેમકથા પણ ગૂંથાયેલી છે. કાવ્ય એમાંના સમાજચિત્રણ, વ્યક્તિચિત્રણ, વસ્તુનિષ્ઠ વર્ણનકલા અને શિષ્ટ-પ્રૌઢ અભિવ્યક્તિથી એક વીરકાવ્યને અનુરૂપ પ્રભાવકતા ધારણ કરે છે.

કૃતિ : ૧. કાન્હડદે પ્રબંધ (અં), સં. કાન્તિલાલ બી. વ્યાસ, ઈ. ૧૯૫૩ (+સં.); ૨. એજન, સં. કાંતિલાલ બ. વ્યાસ (ખંડ ૧–૨) ઈ. ૧૯૫૯, ઈ. ૧૯૭૫, (ખંડ ૩–૪) ઈ. ૧૯૭૭(+સં); ૩. એજન, સં. ડાહ્યાભાઈ પી. દેરાસરી. ઈ. ૧૯૧૩, ઈ. ૧૯૨૬ (બીજી આ. નરસિંહરાવ ભોળાનાથના પુરોવચન સાથે) (+સં); ૪. કાન્હડદે પ્રબંધ (અનુવાદ), સં. ડાહ્યાભાઈ પી. દેરાસરી, ઈ. ૧૯૨૪ (+સં.); ☐ ૫. ગૂજરાત શાળાપત્ર, જાન્ય. ૧૮૭૭થી મે ૧૮૭૮ સુધીમાં–'કાન્હડદે પ્રબંધ', સં. નવલરામ લ. પંડ્યા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારૂપરેખા : ૧; ૬. ન મોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧; ૭. મસાપ્રવાહ;☐૮. ફાત્રૈ માસિક, એપ્રિલ–જૂન ૧૯૩૯–'કાન્હડદે પ્રબંધ'નું પાઠશોધન', કાન્તિલાલ બ. વ્યાસ; ૯. બુદ્ધિપ્રકાશ, સપ્ટે. ૧૯૭૧–'કાન્હડદે પ્રબંધ–બે પ્રશ્નો', નરોત્તમ પલાણ; ૧૦. વસંત, શ્રાવણ અને ભાદ્રપદ, સં. ૧૯૭૨–'કાન્હડદે પ્રબંધ', નરસિંહરાવ ભોળાનાથ; ૧૧. સંસ્કૃતિ, માર્ચ ૧૯૬૦–'કાન્હડદે પ્રબંધ–એક વિશેષ અધ્યયન', કાન્તિલાલ બ. વ્યાસ; ☐ ૧૨. મુપુગૂહસૂચી. [કા.વ્યા.]

પદ્મનિધાન [ઈ. ૧૬૭૮માં હયાત] : જૈન સાધુ. વિજયકીર્તિના શિષ્ય. 'બારવ્રતવિચાર' (૨. ઈ. ૧૬૭૮/સં. ૧૭૩૪, માગશર સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

પદ્મપ્રભ [ ] : જૈન સાધુ. ૯ કડીની 'વિષય સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈસંગ્રહ. [કી.જો.]

પદ્મમંદિર : આ નામે 'પાર્શ્વનાથ ૧૦ ભવ-બાલાવબોધ' મળે છે. તેના કર્તા કયા પદ્મમંદિર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

પદ્મમંદિર–૧ [ઈ. ૧૪૯૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ગુણરત્નસૂરિ (અવ.ઈ.૧૪૯૦)ના શિષ્ય. ૪૯ કડીની ગુણરત્ન-સૂરિના જીવન, દીક્ષા, તપ વગેરે વિશે વીગતે માહિતી આપતી 'ગુણરત્નસૂરિ-વિવાહલઉ'ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૧–'દો વિવાહલોકા ઐતિહાસિક સાર', અગરચંદ નાહટા. [૨.સો.]

પદ્મમંદિર–૨ [ઈ. ૧૫૯૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. દેવતિલકની પરંપરામાં વિજયરાજના શિષ્ય. 'પ્રવચન સારોદ્ધાર–બાલાવબોધ' (૨. ઈ. ૧૫૯૫; મુ.), ૧૫ કડીની 'દેવતિલકોપાધ્યાય-ચોપાઈ' (મુ.) અને 'બૃહત્-સ્નાત્રવિધિ'ના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ (+સં.); ૨. પ્રકરણરત્નાકર : ૩, શાહ ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૮.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [૨.સો.]

પદ્મરત્ન [ ] જૈન સાધુ. જૈનપ્રબોધ-સૂરિના શિષ્ય. ૧૦ કડીની 'જિનપ્રબોધસૂરિ–રેલુઆ/વર્ણન' (સં. ૧૪મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડાર કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐૩. જૈમગૂકરચનાઓં : ૧. [૨. સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્મરાજ : આ નામે ૬ કડીની 'ભગવદ્‌વાણી-ગીતા' (લે. ઈ. ૧૬૫૨), 'ગુણઠાણા-સ્તવન' (લે. ઈ. ૧૬૭૯) અને 'અષ્ટાપદ-તીર્થરાજ-સ્તવન' (લે. સં. ૨૦મી સદી) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા પદ્મરાજ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨. રાપુહસૂચી : ૧; ૩. રાહસૂચી : ૧ ૪. લેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

પદ્મરાજ(ગણિ)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : બૃહત્ ખરતરગચ્છના જૈન સાધુ. જિનહંસસૂરિશિષ્ય-પુણ્યસાગરના શિષ્ય. એમની કૃતિઓ ઈ. ૧૫૮૮થી ઈ. ૧૬૧૧ વચ્ચેનાં રચનાવર્ષો દેખાડે છે ને કવિ ઈ. ૧૫૭૨માં પણ હયાત હતા એવો ઉલ્લેખ મળે છે. આથી કવિનો સમય ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ ને ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ દરમ્યાનનો ગણી શકાય. તેમની પાસેથી ૯ કડીનું 'નવકાર-સ્તવન' (મુ.), ૧૫ કડીનું 'પંચ-નદીસાધન-ગીત/શ્રીજિનચન્દ્રસૂરિ-ગીત' (મુ.), ૭ અધિકારની 'અભયકુમાર-ચોપાઈ'(૨.ઈ.૧૫૯૪), 'સનતકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૫૯૪), ૧૪૧ કડીનો 'ક્ષુલ્લકકુમાર રાજર્ષિ-ચરિત/પ્રબંધ'(૨.ઈ. ૧૬૧૧/સં. ૧૬૬૭, ફાગણ સુદ ૫), ૭ કડીનું 'કુંથુનાથસ્તવન' વગેરે કૃતિઓ મળે છે. ભવનહિતાચાર્યકૃત 'ચુચિરદંડક' પરની વૃત્તિ (૨. ઈ. ૧૫૮૮) એમની સંસ્કૃત રચના છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. જિસ્તકાસંદોહ : ૧, ૨; ૩. નસ્વાધ્યાય : ૩ (+સં.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. યુજિનચંદ્રસૂરિ; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. ડિકૅટલૉગ-ભાઈ : ૧૯; ૭. ડિકૅટલાંગભાવિ. [૨.સો.]

પદ્મવલ્લભ |] : ખરતરગચ્છના જૈન સાધુ. ૧૪ કડીની 'પુણ્યવલ્લભોપાધ્યાય-ગીત' (લે. ઈ. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પદ્મવિજય : આ નામે ૯ કડીની 'મહાવીર પ્રભુનો ચૂડો' (મુ.), ૬ કડીની 'મહાવીરતપ-નમસ્કાર' (મુ.), ૪ કડીની 'શાંતિનાથજિન-સ્તુતિ' (મુ.), ૬ કડીનું 'ગોડીપાર્શ્વનાથનું સ્તવન' (મુ.) 'અતીત અનાગતજિનકલ્યાણક-સ્તવનસંગ્રહ', 'ઋષભદેવાદિ-સ્તવન', 'ખામણાં-સઝાય' (લે.સં.૧૯મી સદી), 'ગહૂંલી-સંગ્રહ', 'સાર-મંગલ', 'નેમિવિજયસ્તવન-સ્તબક'(લે.ઈ.૧૭૯૬), 'મુનિ સુવ્રત સ્વામીસ્તવન-સ્તબક'(લે.ઈ.૧૭૯૬), ૭ કડીની 'મેરુશિખર-લાવણી', ૫ કડીની 'વસંત' (લે. સં. ૧૯મી સદી અનુ.), 'સમ્યક્ત્વ પંચવિંશતિકા-સ્તવન', હરિયાલીઓ–એ કૃતિઓ મળે છે, તે કયા પદ્મવિજયની છે તે નિશ્ચિત નથી. ૬૪ કડીની 'વ્રતચોપાઈ' (૨.ઈ.૧૫૮૯) સમય દૃષ્ટિએ જોતાં પદ્મવિજય–૧ની હોવાની સંભાવના છે. જિનવિજયને નામે નોંધાયેલી ૧૩ કડીની 'નેમિ-બારમાસ' (મુ.) તથા વિપ્રલંભને સંદર્ભે વર્ષાનું વર્ણન કરતી ૭ કડીની ઋતુકાવ્યપ્રકારની એક અન્ય કૃતિ (મુ.) 'ઉત્તમ જિન' એવી છાપની સમાનતાને કારણે પદ્મવિજય–૩ની હોવાની સંભાવના વધુ જણાય છે.

કૃતિ : ૧. જૈન પ્રાચીન પૂર્વાચાર્યોવિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૨. જૈરસંગ્રહ; ૩. પ્રામબા-સંગ્રહ (+સં.); ૪. પ્રાસ્તસંગ્રહ; ૫. શ્રી વર્ધમાન તપ પદાવલી, પ્ર. શાંતિલાલ હ. શાહ, સં. ૧૯૮૨.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગર-ચંદ નાહટા; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.સો.]

પદ્મવિજય–૧ [ઈ. ૧૬મો સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ (અવ. ઈ. ૧૫૯૬)ના શિષ્ય. ૫૬ કડીના 'તીર્થમાલા-સ્તવન'ના કર્તા. કૃતિમાં હીરવિજયસૂરિની હયાતીનો ઉલ્લેખ હોવાથી એ ઈ.૧૫૯૬ પૂર્વે રચાઈ હોવાનું અનુમાન થયેલું છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈગૂકવિઓ : ૧; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [૨.સો.]

પદ્મવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદશિષ્યશુભવિજયના શિષ્ય. 'શીલપ્રકાશ-રાસ'(ખંડ–૧, ૨.ઈ.૧૬૫૯), 'શ્રીપાલ-રાસ'(૨.ઈ.૧૬૭૦/ક્રં.૧૭૨૬, ચૈત્ર સુદ ૧૫, મંગળવાર) તથા '૨૪ જિનનું સ્તવન' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૨). [૨.સો.]

પદ્મવિજય–૩ [જ.ઈ. ૧૭૩૬/સં. ૧૭૯૨, ભાદરવા સુદ ૨-અવ. ઈ.૧૮૦૬/સં.૧૮૬૨, ચૈત્ર સુદ ૪, બુધવાર] : તપગચ્છના જૈન સાધુ. સત્યવિજયની પરંપરામાં ઉત્તમવિજયના શિષ્ય. અમદાવાદના શ્રીમાળી વણિક. પિતા ગણેશ. માતા ઝમકુ. પૂર્વા-શ્રમમાં નામ પાનાચંદ. ઈ.૧૭૪૯માં ઉત્તમવિજય પાસે દીક્ષા લીધી ત્યારથી પદ્મવિજય. એ પછી પંચકાવ્ય, વ્યાકરણ, છંદ, અલં-કાર ને ન્યાયશાસ્ત્ર તથા મહાભાષ્યનું અધ્યયન કર્યું. એમની વિદ્વત્તાને પ્રમાણી તપગચ્છના વિજયધર્મસૂરિએ ઈ.૧૭૫૪માં પંડિતપદ આપ્યું. પદ્મવિજયે ઘણાં તીર્થસ્થાનોની, સંઘસહિત ને સ્વતંત્રપણે, અનેક વખત યાત્રાઓ કરેલી. તે દરમ્યાન ઘણી જિનપ્રતિમાઓની અને સિદ્ધચક્રોની પ્રતિષ્ઠા કરેલી ને મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવેલો. પાટણમાં એમનું અવસાન થયેલું.

વિવિધ સ્વરૂપોમાં થયેલા કવિના વિપુલ લેખનનો ઘણો મોટો ભાગ મુદ્રિત છે. એ પૈકી ૪ ખંડ, ૧૬૯ ઢાળ ને ૫૪૨૫ કડી-ઓમાં વિસ્તરેલા 'નેમનાથરાસ' (૨.ઈ.૧૭૬૪/સં.૧૮૨૦, આસો વદ ૩૦, –; મુ.)માં નેમનાથના નવ ભવની કથાને કવિએ યદુ-વંશોત્પત્તિવર્ણન તથા બળદેવ, કૃષ્ણ અને નેમનાથના ચરિત્રાલેખન સાથે કુશળતાથી ગૂંથી છે. ૧૩ ઢાળનો 'ઉત્તમવિજય નિર્વાણરાસ' (૨.ઈ.૧૭૭૨/સં.૧૮૨૮, પોષ-૭, રવિવાર; મુ.) વિવિધ દેશીઓ અને દુહામાં કાવ્યનાયકનું ચરિત્ર આલેખે છે. 'સમરાદિત્યકેવળી-રાસ' (૨. ઈ. ૧૭૮૫; મુ.)માં સમરાદિત્યના ૧૭ ભવની કથા ૯ ખંડ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ને ૯૦૦૦ જેટલી કડીઓમાં આલેખાઈ છે. 'સુમતિનાથચરિત્ર' તથા મુનિસુંદરકૃત 'જયાનંદ કેવલી-ચરિત્ર' ને આધારે ૧૯ ઢાળ ને ૪૧૯ કડીનો **'મદન-ધનદેવ-રાસ'** (ર. ઈ. ૧૮૦૧/સં. ૧૮૫૭, શ્રાવણ સુદ ૫, રવિવાર) તથા **'જયાનંદ કેવળી-ચરિત્ર'**ને આધારે ૯ ખંડ, ૨૦૦ ઢાળ ને આશરે ૬૦ હજાર જેટલી કડીઓનો **'જયાનંદકેવળી-રાસ'** (ર .ઈ. ૧૮૦૨ /સં. ૧૮૫૮, પોષ સુદ ૧૧) કવિએ રચ્યાં છે. આ ઉપરાંત ૫ ઢાળનું 'એકસોસિત્તેર જિન-સ્તવન' (ર.ઈ.૧૭૫૫/સં. ૧૮૧૧, આસો સુદ ૨,),૧૬ ઢાળ, ૭૬ કડીની અષ્ટપ્રકારી-પૂજા'(ર.ઈ.૧૭૫૭), 'પંચકલ્યાણક-સ્તવન' (ર.ઈ.૧૭૬૧), ૧૮ ઢાળની **'નવપદ-પૂજા'** (ર.ઈ. ૧૭૮૨/સં. ૧૮૩૮, મહા વદ ૨, ગુરુવાર), ૫ ઢાળની **'સિદ્ધાચલ નવાણું જાતરા-પૂજા'** (ર. ઈ. ૧૭૯૫/સં. ૧૮૫૧, મહા સુદ ૫), વિવિધ દેશીઓના ૧૦ ઢાળ ને ૬૮ કડીઓમાં રચાયેલું **'સમક્તિપચીસીનું સ્તવન'** (ર. ઈ. ૧૭૫૫/સં. ૧૮૧૧, આસો સુદ ૨), ૫ ઢાળનું 'સિદ્ધદંડિકા-સ્તવન' (ર.ઈ. ૧૭૫૮), ૫ ઢાળ ને ૪૪ કડીનું 'પંચકલ્યાણકમહોત્સવ-સ્તવન' (ર. ઈ. ૧૭૮૧), ૯ ઢાળ ને ૭૨ કડીનું 'ષટ્પર્વી મહિમાધિકાર ગર્ભિત મહાવીર-સ્તવન' (ર.ઈ.૧૭૭૪/સં.૧૮૩૦, ફાગણ સુદ ૧૩; મુ.) ૭ ઢાળનું **'જિનનાં કલ્યાણ/કલ્યાણકનું સ્તવન'** (ર.ઈ.૧૭૮૦/૮૧/સં. ૧૮૩૬ /૩૭, મહા વદ ૨; મુ.), ૬ ઢાળનું 'વીરજિનસ્તુતિગર્ભિત ચોવીસ દંડકનું સ્તવન' (મુ.), ૨ 'સ્તવનચોવીસીઓ'(મુ.), ચૈત્યવંદન-સ્તવન-સ્તુતિની ચોવીસીઓની અંતર્ગત તીર્થંકરો ને તીર્થોની વંદના નિરૂપતું 'ચોમાસી-દેવવંદન' (એમાંના એક **'આબૂજી સ્તવન'**ની ર.ઈ.૧૭૬૨/સં. ૧૮૧૮, ચૈત્ર વદ ૩ છે) –આ સર્વ કવિની અન્ય લાંબી કૃતિઓ છે.

આ ઉપરાંત અષ્ટમી, વીશસ્થાનક આદિ વિષયક ચૈત્યવંદનો, આયંબિલ તપ, કર્મગતિ, મધુબિંદુ, રહનેમીરાજિમતી, વણઝારા આદિ પરની સઝાયો; નેમનાથ નવભવ,પુંડરિકગિરિ, સિમંધર, સિદ્ધચક્ર, સિદ્ધાચળ આદિ પરનાં સ્તવનો અને જંબુકુમાર આદિ વિષયક ગહૂંલીઓ જેવી અનેક ટૂંકી કૃતિઓની રચના એમણે કરી છે, જેમાંની મોટા ભાગની મુદ્રિત છે.

યશોવિજયકૃત **'સીમંધર-સ્તવન'** પરના ૩૦૦૦ શ્લોકનો સ્તબક (ર. ઈ. ૧૭૭૪; મુ.), **'ગૌતમકુલક-બાલાવબોધ'** (ર. ઈ. ૧૭૯૦/સં.૧૮૪૬, મહા સુદ ૫, બુધવાર; મુ.), યશોવિજયકૃત '(પ્રતિમા-સ્થાપનહુલડીરૂપ)વીરજિન-સ્તવન/મહાવીર-સ્તવન' પરનો ૩૩૬૪ ગ્રંથાગ્રનો બાલાવબોધ (ર. ઈ. ૧૭૯૩/સં. ૧૮૪૯ મહા સુદ ૫, બુધવાર; મુ.), **'ગૌતમપૃચ્છા બાલાવબોધ'** અને **સંયમશ્રેણી-સ્તવન'** પરનો સ્તબક એ કવિનાં ગદ્યકૃતિઓ છે.

ભાષાની સરળતા, સુગેય દેશીઓમાંથી પ્રગટતી ભાવોત્કટતા અને સંગીતમયતાથી આ વિદ્વાન કવિની ટૂંકી રચનાઓ જૈનોના આમવર્ગમાં લોકપ્રિય છે. જુઓ **'નેમિ-બારમાસ'**.

કૃતિ : ૧. જયાનંદકેવળી રાસ, પ્ર. રૂવીચંદ છગનલાલ, ઈ. ૧૮૯૯; ૨. સમરાદિત્ય કેવળીનો રાસ, પ્ર. દોલતચંદ હુકમચંદ, સં. ૧૯૨૨; ૩. એજન, પ્ર. ભીમસિંહ માણેક, સં. ૧૯૩૮; ☐ ૪. **અસ્તમંજુષા**; ૫. **ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ** : ૧, પ્ર. ખીમજી ભી. માણેક, ઈ. ૧૮૯૧; ૬. **ચૌસ્તસંગ્રહ** : ૧, ૨, ૩; ૭. **જિનગુણ પદ્યાવળી**, પ્ર. વેણીચંદ સુ. શાહ, ઈ. ૧૯૨૫; ૮. **જિનપ્રકાશ**; ૯. **જિસ્તકાસંદોહ** : ૧, ૧૦. **જિસ્તસંગ્રહ**; ૧૧. **જૈનૈરાસમાળા**:૧ (+–સં.); ૧૨. **જૈકાપ્રકાશ** : ૧; ૧૩. **જન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ**, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ. ૧૯૧૮; ૧૪. **જૈપ્રાસ્તસંગ્રહ**; ૧૫. **જૈસંગ્રહ**; ૧૬. **જૈસમાલા** : ૧ (શા.); ૧૭. **જૈસસંગ્રહ** (ન); ૧૮. **દેસ્તસંગ્રહ**; ૧૯. **પૂજાસંગ્રહ**, પ્ર. ધીરજલાલ પા. શ્રોફ, ઈ. ૧૯૩૬; ૨૦. **પૂજાસંગ્રહ**, પ્ર. મોહનલાલ બાકરભાઈ, ઈ. ૧૮૮૪; ૨૧. **પ્રવિસ્તસંગ્રહ**; ૨૨. **પ્રાસ્મરણ**; ૨૩. **પ્રાસપસંગ્રહ** : ૧; ૨૪. **પ્રાસ્તસંગ્રહ**; ૨૫. **લઘુ ચોવીસો વીસી સંગ્રહ**, પ્ર. શા. કુંવરજી આણંદજી, સં. ૧૯૯૧; ૨૬. **વિસ્નાપૂજાસંગ્રહ**; ૨૭. **સઝાયમાલા** : ૧, ૨(જા.); ૨૮. **સસન્મિત્ર**; ૨૯. **સ્નાસ્તસંગ્રહ**; ☐ ૩૦. **જૈન સત્યપ્રકાશ**, મે ૧૯૪૩–'પંચ-કલ્યાણક મહોત્સવ સ્તવન', સં. **જયંતવિજયજી**; ૩૧. **એજન**, નવે. ૧૯૪૬–'સાંજનું માંગલિક', સં. **માનતુંગ વિજયજી**.

સંદર્ભ : ૧. **ગુસાઈતિહાસ** : ૨; ૨. **ગુસારસ્વતો**; ૩. **જૈગુસા-રત્નો** : ૨; ૪. **દેસુરાસમાળા**; ☐ ૫. **ડિકેટલૉગભીજે**; ૬. **જૈગૂ-કવિઓ** : ૩(૧); ૭. **મુપુગૂહસૂચી**; ૮. **લીંહસૂચી**; ૯. **હેજૈજ્ઞાસૂચિ** : ૧. [ર.સો].

પદ્મવિજય–૪ [ ] : જૈન સાધુ. જીત-વિજયના શિષ્ય નયવિજયના શિષ્ય. પંડિત યશોવિજયકૃત 'અધ્યાત્મ-મતપરીક્ષા'ના બાલાવબોધ (મુ.)ના કર્તા.

કૃતિ : **પ્રકરણ રત્નાકર** : ૨, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૭૬. [શ્રા.ત્રિ.]

પદ્મશ્રી [ઈ. ૧૪૮૪ આસપાસ–ઈ. ૧૫૭૦ પહેલાં] : જૈન સાધ્વી. ૨૫૪ કડીની 'ચારુદત્ત-ચરિત્ર'(ર.ઈ.૧૪૮૪ આસપાસ–ઈ. ૧૫૭૦ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : ૧. **ગુસારસ્વતો**; ૨. **પાંગુહસ્તલેખો**; ૩. ☐ **જૈગૂકવિઓ** : ૩(૧). [કી.જો.]

પદ્મસાગર : આ નામે ૧૧ કડીની 'સખડીની સઝાય' મળે છે તે કયા પદ્મસાગર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : **હેજૈજ્ઞાસૂચિ** : ૧. [કી.જો.]

પદ્મસાગર–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : મડાહડગચ્છના જૈન સાધુ. મતિસુંદરના શિષ્ય. ૨૮૭/૩૦૦ કડીની **'કયવન્ના-ચોપાઈ'** (ર. ઈ. ૧૫૦૭/સં. ૧૫૬૩, ભાદરવા વદ ૮, રવિવાર), **'લીલાવતી સુમતિવિલાસ'** (ર. ઈ. ૧૫૦૭), ૪ કડીની '(વરકાણા) પાર્શ્વનાથ-સ્તવન', ૧૦ કડીની **'મહાવીર-હાલરડું'**, ૫ કડીનું **'શાંતિનાથ-સ્તવન'**, ૨૫ કડીની **'શ્રાવકગુણ-ચઉવીસુ'**, **'સ્થૂલિભદ્ર-અઠ્ઠાવીસો'** તથા **'સોમસુંદરસૂરિ-હિંડોલડાં'**ના કર્તા.

સંદર્ભ : ૧. **ગુસાઈતિહાસ** : ૨; ૨. **ગુસારસ્વતો**; ૩. **જૈસા-ઈતિહાસ**; ૪. **દેસુરાસમાળા**; ☐ ૫. **જૈગૂકવિઓ** : ૧; ૬. **મુપુગૂહ-સૂચી**; ૭. **લીંહસૂચી**. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્મસાગર–૨ [ઈ.૧૬૬૫માં હયાત]: જૈન. ૭ કડીના 'સ્થૂલિભદ્ર–ગીત' (ર.ઈ.૧૬૬૫)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભીંજ. [શ્રા.ત્રિ.]

પદ્મસુંદર : આ નામે ૩૪ કડીનું 'સમકિતસ્વરૂપ વિજ્ઞપ્તિ-સ્તવન' (લે.સં.૧૮મી સદી) મળે છે. તેના કર્તા કયા પદ્મસુંદર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પદ્મસુંદર(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ઉપકેશગચ્છની બિવંદણીક શાખાના જૈન સાધુ. માણિક્યસુંદરના શિષ્ય. ૩૫૦ કડીની 'શ્રીસારચોપાઈ/રાસ' (ર. ઈ. ૧૫૮૪), 'ઈશાનચંદ્રવિજયાચોપાઈ' (ર.ઈ. ૧૫૮૬/સં. ૧૬૪૨, કારતક સુદ ૧૫, ગુરુવાર), 'કથાચૂડ-ચોપાઈ/રાસ' (ર.ઈ. ૧૫૮૬/સં. ૧૬૪૨, માગશર વદ ૧, ગુરુવાર), ૧૩૮ કડીની 'રત્નમાલા' (ર. ઈ. ૧૫૮૬/સં. ૧૬૪૨, કારતક સુદ ૧૦, સોમવાર), ૪૬૧ કડીની 'શ્રીદત્ત-ચોપાઈ' (ર. ઈ. ૧૫૮૬/સં. ૧૬૪૨, આસો સુદ ૩, ગુરુવાર), ૨૪૫ કડીની 'શ્રીપાલ ચોપાઈ-રાસ' (ર. ઈ. ૧૫૮૬/સં. ૧૬૪૨, કારતક વદ ૭, ગુરુવાર), ૨૧ કડીની 'ઉપશમ-સઝાય' (ર. ઈ. ૧૫૯૧/સં. ૧૬૪૭, વૈશાખ વદ ૧૩), ૧૭૭ કડીની 'ખીમઋષિ-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસ-માળા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫.આલિસ્ટઑઈ : ૨; ૬. જૅગૂકવિઓ : ૩(૧); ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પદ્મસુંદર–૨ [ઈ. ૧૫૯૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. દેવતિલક ઉપાધ્યાયની પરંપરામાં વિજયરાજના શિષ્ય. 'પ્રવચન સારોદ્ધાર–બાલાવબોધ' (ર. ઈ. ૧૫૯૫)ના કર્તા.

સંદર્ભ : જૅગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

પદ્મસુંદર(ગણિ)–૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : બૃહત્ તપગચ્છના જૈન સાધુ. ધનરત્નસૂરિની પરંપરામાં રાજસુંદરના શિષ્ય. 'ભગવતી સૂત્ર' પરના બાલાવબોધ (ર. ઈ. ૧૬૫૧–૧૬૭૮ની મધ્યમાં)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૅગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પદ્માનંદમૂર્તિ : આ નામે 'સીતારામ-ચરિત્ર' નામક કૃતિ મળે છે. તેના કર્તા કયા પદ્માનંદ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

પદ્માનંદ(સૂરિ) [ ] : જૈન સાધુ. ૯ કડીના 'ચઉવીસવટા શ્રીપાર્શ્વનાથ નાગપુરચૈત્યપરિપાટીસ્તોત્ર', ૯ કડીના 'વર્ધ્ધનપુરચૈત્યપરિપાટી-સ્તવન' તથા ૪ કડીની 'ચઉવીસવટા પાર્શ્વનાથ-સ્તુતિ'ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [ર.સો.]

'પદ્માવતી' [ર.ઈ.૧૭૧૮/સં. ૧૭૭૪–સુદ ૫, મંગળવાર] : થોડાક સોરઠા સિવાય દોહરા-ચોપાઈમાં રચાયેલી ૭૭૫ કડીની શામળનું પ્રથમ સર્જન મનાયેલી આ વાર્તા (મુ.) છે. ચંપાવતીનો સુંદર અને ચતુર રાજકુંવર પુષ્પસેન પ્રથમ વણિકપુત્રી સુલોચનાને અને પછી ધારાના કુંતીભોજની કુંવરી પદ્માવતીને કેમ પરણે છે તેની એમાં વાર્તા છે. નાયકના બંને પ્રણયલગ્નમાં સુલોચના અને પદ્માવતી જ પહેલ કરતાં દેખાડાયાં છે. પહેલા લગ્ને નાયકને પિતા તરફથી દેશવટો અપાવ્યો અને બીજા લગ્ને પદ્માવતીના પિતાના કોપથી મરવાની ઘડીનો અનુભવ તેને કરાવ્યો, જેમાંથી તેને બચાવવામાં અને પદ્માવતી તથા સુલોચનાનો મેળાપ કરાવી પિતાને ઘેર માન સાથે પહોંચાડવામાં ગુણકા ચંદ્રાવલી મહત્ત્વની કામગીરી બજાવે છે. વાર્તામાં પુષ્પસેન અને પદ્માવતીને નજીક લાવવામાં તેમ જ બંનેની ચતુરાઈ સિદ્ધ કરવામાં સમસ્યાબાજીને શામળે સારી કામે લગાડી છે. પદ્માવતી અને સુલોચના વચ્ચે સમસ્યાની રમત ખેલાવાઈ છે! વાર્તા શામળનું સ્વતંત્ર સર્જન મનાય છે એ ખરું, પણ જૂની વાર્તાપરંપરામાંથી કેટલાંક કથાઘટકો એમણે મેળવ્યાં અને પ્રયોજ્યાં હોવાનું અભ્યાસીઓથી અદીઠ રહેતું નથી. [અ.રા.]

'પદ્મિનીચરિત્ર–ચોપાઈ' [ર.ઈ.૧૬૫૧/સં.૧૭૦૭, ચૈત્ર સુદ ૧૫, શનિવાર] : ખરતરગચ્છીય જૈન સાધુ લબ્ધોદયગણિકૃત ૩ ખંડમાં વિભાજિત ને દુહા, સોરઠા, ચોપાઈ અને વિવિધ દેશીઓના ઢાળની ૧૬ કડીનું આ કાવ્ય (મુ.) શીલધર્મનો મહિમા કરવાના ઉદ્દેશથી રચાયેલું છે. પદ્મિનીને ખાતર ચિતોડના રાણા રત્નસેન અને દિલ્હીના સુલતાન અલાઉદ્દીન વચ્ચે થયેલા યુદ્ધની રાજસ્થાની સાહિત્યમાં જાણીતી કથા અહીં નિરૂપાઈ છે. જો કે, કવિએ શીર્ષકને સાર્થક ઠરાવે એ રીતે કથાનિરૂપણ કર્યું છે. એટલે પહેલા ખંડમાં રત્નસેન પોતાની પટરાણી પ્રભાવતીના ગર્વનું ખંડન કરવા સિંહલનરેશની બહેન પદ્મિની સાથે કેવી રીતે લગ્ન કરે છે એ પ્રસંગ નિરૂપાયો છે. બીજા ખંડમાં રત્નસેનથી અપમાનિત થયેલો બ્રાહ્મણ ચેતનરાઘવ ચિતોડ છોડી દિલ્હીમાં વસવાટ કરી સુલતાનના હૃદયમાં પદ્મિની માટે કઈ રીતે આકર્ષણ જગાડે છે એ પ્રસંગ છે. ત્રીજા ખંડમાં અલાઉદ્દીન દ્વારા કપટથી કેદ પકડાયેલા રત્નસેનને ગોરા અને બાદલ એ બે વીર કાકો–ભત્રીજો કેવી યુક્તિપૂર્વક છોડાવે છે એ યુદ્ધપ્રસંગનું રોમાંચક આલેખન છે. સુલતાનના સૈન્યને હાથે ગોરાનું મૃત્યુ થાય છે, પરંતુ વિજય રત્નસેનનો થાય છે એવા સુખદ અંત સાથે કાવ્ય પૂરું થાય છે.

રાજસ્થાની અને હિન્દીનું પ્રાચુર્ય; વીર અને શૃંગારનું આકર્ષક નિરૂપણ; નગર, રાજા, સમુદ્ર, પદ્મિની ને અન્ય પ્રકારની સ્ત્રીઓનાં વર્ણન; ઉત્પ્રેક્ષા, દૃષ્ટાંત, અતિશયોક્તિ જેવા અલંકારોથી સધાતી ચિત્રાત્મકતા; કહેવતો, રૂઢિપ્રયોગો, સંસ્કૃતપ્રાકૃત સુભાષિતો ને ગાથાઓની ગૂંથણીને લીધે અનુભવાતી કવિની બહુશ્રુતતા તથા સીધી ઉપદેશાત્મકતાનો અભાવ આ કૃતિની ધ્યાનપાત્ર લાક્ષણિકતાઓ છે. [ર.ર.દ.]

પદ્મો [ઈ.૧૭૦૨ સુધીમાં] : જૈન સાધુ. વિનયચંદ્રના શિષ્ય. 'ધ્યાનામૃત-રાસ' (લે. ઈ. ૧૭૦૨/સં. ૧૭૫૮, કારતક વદ ૮, બુધવાર)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂ કવિઓ : ૩(૨). [૨.સો.]

પબ્બો [ઈ. ૧૬૧૩માં હયાત] : જૈન. ૪૫ કડીની 'જીવશિખામણની સઝાય' (૨.ઈ.૧૬૧૩/સં. ૧૬૬૯, શ્રાવણ સુદ ૨; મુ.) ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા (શા.) ૩; ૨. જૈસસંગ્રહ (જૈ).

સંદર્ભ : દેસુરાસમાળા. [ક્રા.ત્રિ.]

પરભો [ ] : ભક્તકવિ. ૫ કડીના ૧ ભજન (મુ.)ના કર્તા.

કૃતિ : બૃહત્‌ભજનસાગર, પ્ર. પંડિત કાર્તાતિક અને દામોદર જ. ભટ્ટ; સં. ૧૯૬૫. [કી.જો.]

પરમસાગર [ઈ. ૧૬૬૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. જયસાગર ઉપાધ્યાયની પરંપરામાં લાવણ્યસાગરના શિષ્ય. ૬૪ ઢાળના 'વિક્રમાદિત્ય-રાસ' / વિક્રમસેન–ચોપાઈ / વિક્રમસેન લીલાવતી-રાસ' (૨.ઈ. ૧૬૬૮/સં. ૧૭૨૪, પોષ સુદ ૧૦, પાર્શ્વજન્મ કલ્યાણક દિવસ)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસામધ્ય; ૨. ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ૪. ☐ જૈગૂકવિઓ : ૨, ૩(૧); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. ડિકૅટલૉગબીજે; ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી. [કી.જો.]

પરમા [ઈ. ૧૬૯૨માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. કીપતનેજસિંહની પરંપરામાં રાજસિંહના શિષ્ય. શીલવિષયક ૯૬ કડીની 'પ્રભાવતી-ચોપાઈ'(૨.ઈ.૧૬૯૨/સં.૧૭૪૯, મહા સુદ ૧૦, શનિવાર)ના કર્તા.

સંદર્ભ. : ૧. જૈસાઈતિહાસ; ☐ જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

પરમાણંદ : જુઓ પરમાનંદ.

પરમાનંદ : આ નામે કોઈ જૈનેતર કવિનાં ગુજરાતી તથા હિંદીમાં પદો (૬ મુ.) મળે છે. અને ૬ કડીની 'ધર્મપ્રકાશની સઝાય'(મુ.) અને 'દેવકી પટ્‌પુત્ર-રાસ' એ જૈનકૃતિઓ મળે છે. તેમના કર્તા કયા પરમાનંદ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈસસંગ્રહ (ન.); ૨. પરમાનંદપ્રકાશપદમાલા, સં. રજનીકાંત જે. પટેલ, સં. ૨૦૩૦ (ત્રીજી આ.); ૩. પુષ્ટિપ્રસાદી, પ્ર. ચંદ્રવદન મો. શાહ. ૪. ભજનસાગર : ૧; ૫. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે. કી.જો.]

પરમાણંદ–૧ [ઈ.૧૪૯૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલસૂરિની પરંપરામાં હર્ષાણંદના શિષ્ય. ૧૦૨ કડીની 'હીરવિજયસૂરિનિર્વાણ-રાસ'(૨.ઈ.૧૪૯૬/સં.૧૫૫૨, આસો વદ૭)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, મુનિશ્રી દર્શનવિજય વગેરે, ઈ. ૧૯૬૪; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

પરમાનંદ (પંડિત)–૨ [ઈ.૧૬૧૫ પહેલાં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિના શિષ્ય. 'નાના દેશી ભાષામય-સ્તવન' (૨. ઈ. ૧૬૧૫ પહેલાં) તથા ૬૨/૯૭ કડીના 'પાર્શ્વચિંતામણિ સ્તવન/પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પરમાનંદ–૩ [ઈ. ૧૬૧૯માં હયાત] : જૈન સાધુ. જીવસુંદરના શિષ્ય. 'હંસરાજ વચ્છરાજ-ચોપાઈ' (૨. ઈ. ૧૬૧૯)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

પરમાણંદ(દાસ)–૪ [ઈ. ૧૬૩૩માં હયાત] : પિતાનું નામ પૂંજો. જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રિય. વતન સૌરાષ્ટ્રનું દીવ. તેમણે ભાગવતના દશમ અને એકાદશસ્કંધને આધારે ૧૨ વર્ગમાં વિભાજિત, ૧૩૪૩ કડીનું 'હરિરસ' (૨. ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, માગશર–૮) નામનું પૌરાણિક વિષયનું વિસ્તૃત કાવ્ય રચ્યું છે. લોકભોગ્ય પ્રસંગો વધુ વિસ્તારથી આલેખવા તરફ લક્ષ હોવાને લીધે કવિએ કૃષ્ણની નિર્દોષ લીલાઓ અને યાદવોના સંબંધની વાત વિસ્તારથી રજૂ કરી છે અને રાસક્રીડા જેવા પ્રસંગો ટૂંકાવી દીધા છે. કવિએ મૂળકથાને અનુસરવાની સાવચેતી રાખી છે છતાં ક્યાંક તેમના પોતાના તરફથી પણ ઉમેરો થયેલો જણાય છે. વર્ગ પદ્ધતિએ લખાયેલા આ કાવ્યની ભાષામાં તેનું જૂનું રૂપ સચવાયું છે તેમ જ એમાં જૂની ફાગુ રચનાઓમાં ઉપયોગમાં લેવાતા 'આંદોલ' છંદનો પણ ઉપયોગ થયો છે એ એની વિશિષ્ટતા છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

પરમાનંદ–૫ [ઈ. ૧૮૨૬ સુધીમાં] : જ્ઞાતિએ બ્રાહ્મણ. રાસલીલા સુધીના કૃષ્ણના ચરિત્રને આલેખતી 'દશમલીલા' (લે. ઈ. ૧૮૨૬)ના કર્તા.

સંદર્ભ : ફાહનામાવલિ : ૨. [ચ.શે.]

પરમાનંદ–૬ [ઈ. ૧૮૮૪માં હયાત] : જૈન સાધુ. 'પ્રજ્ઞાપનાસૂત્ર-બાલાવબોધ' (૨. ઈ. ૧૮૮૪; * મુ.)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાઈ : ૧૭(૧). [કી.જો.]

પરમાણંદ–૭ [ ] : ઈડરના રાવકલ્યાણ (ઈ. ૧૬૧૬)ના માળણ પ્રત્યેના સ્નેહની કથા દ્વારા ઈડર શહેરની સ્થાપનાની વાત તથા રજવાડાના અંત:પુરના વ્યવહારોને આલેખતી દોહરાવૃત્તમાં રચાયેલી રાજસ્થાનીમિશ્રા ગુજરાતી શૈલીવાળી ૧૯૮ કડીની 'માળણની વાર્તા'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧. [ચ.શે.]

પરમાનંદ–૮ [ ] : જૈન સાધુ. કર્તા કોઈ 'સુવર્ધન'નું નામ પોતાના ગુરુ તરીકે આપે છે. ૮૮ કડીનો 'ગજસુકુમાલ-રાસ' તેમનો રચેલો મળે છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પરમાણા [ ] : ૨૯ કડીના 'ઓખાહરણનો ગરબો'ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : રિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

પરવતધર્માર્થી [ઈ. ૧૬૩૩ સુધીમાં] : જૈન. 'દ્રવ્યસંગ્રહ-બાલાવબોધ' (લિ. ઈ. ૧૬૩૩) તથા 'સમાધિતંત્ર-બાલાવબોધ'ના કર્તા.
સંદર્ભ : ૧. કૅટલૉગગુરા; ૨. રાપુહસૂચી : ૧, ૨; ૩. રાહસૂચી : ૧, ૨. [ચ.શે.]

પરસરામભાઈ [સં. ૧૮મી સદી] : પુષ્ટિ સંપ્રદાયના અરૂચી ભક્તકવિ.
સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

પર્વત/પરવત : શ્રાવક કવિ 'પરવત'ના નામે ૮ કડીનું 'પ્રાસૂક-પાણી-ગીત' (મુ.) તથા 'પર્વત'ના નામે ૫૦ કડીની 'વિધિપંચાશિકા' (લિ. ઈ. ૧૫૭૭) મળે છે. આ કયા પર્વત/પરવત છે તે સ્પષ્ટ થતું નથી.
કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૯–જાન્યુ. ૧૯૮૦–'શ્રાવક કવિઓની કેટલીક અપ્રકટ ગુજરાતી રચનાઓ; સં. ભોગીલાલ સાંડેસરા.
સંદર્ભ : લેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

પર્વત–૧ [ ] : અવટંકે ભાવસાર. ૪૦ કડીની 'ચતુર્ગતિ-ચોપાઈ'ના કર્તા.
સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. લેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

પર્વતસુત [ઈ. ૧૫૪૩માં હયાત] : 'લક્ષ્મીગૌરી-સંવાદ' (૨.ઈ. ૧૫૪૩)ના કર્તા.
સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી. ૩. ફોંહનામાવલિ [કી.જો.]

પવિત્રાનંદ [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ.
સંદર્ભ : સત્સંગના સંતો, પ્ર. રમણલાલ અં. ભટ્ટ, સં. ૨૦૦૯. [કી.જો.]

પહરાજ/પહુરાજ/પૃથુરાજ [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જિનોદયસૂરિ (આચાર્યકાળ ઈ. ૧૩૫૯–ઈ. ૧૩૭૫)ના ભક્ત. શ્રાવક કવિ. ગુરુ જિનોદયસૂરિનાં દીક્ષા, અભ્યાસ, કીર્તિ, તપ, સિદ્ધિ, ઉપદેશ વગેરેને સુંદર રીતે ૬ છપ્પામાં અનુક્રમે વર્ણવતી મુખ્યત્વે અપભ્રંશપ્રધાન 'જિનોદયસૂરિ–ગુણવર્ધન' (મુ.) કૃતિના કર્તા. કૃતિમાં દરેક છપ્પાને અંતે કર્તાની નામછાપ છે એ આ કૃતિની વિશેષતા છે.
કૃતિ : ઐજૈકાસંગ્રહ.
સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તર-અપભ્રંશનો સાહિત્ય-વિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬. ૩. ગુસાઈતિહાસ : ૧; ☐ ૪. જૈમગૂકરચનાઓ : ૧. [ચ.શે.]

પહાડનાથ [ ] : ૨ પદ (મુ.)ના કર્તા.
કૃતિ : નકાસંગ્રહ. [કી.જો.]

'પાંચદંડ' : પુરોગામી કવિઓને હાથે વિક્રમ-મહિમાની સ્વતંત્ર વાર્તા બનેલી, દુહા–ચોપાઈની ૫૮૦ કડીઓમાં રચાયેલી આ વાર્તા(મુ.)ના વસ્તુનો ઉપયોગ શામળે પોતાની 'સિંહાસન-બત્રીશી'માં પાંચમી પૂતળીએ કહેલી વાતો તરીકે કરી લીધો છે. વિક્રમરાજાએ દેવદમની ધાંચણની પુત્રી દમનીને હરસિદ્ધમાતા અને વેતાળની સહાયથી જીતી તેને પરણી દેવદમનીના બતાવ્યા મુજબ ઉમયાદે પાસેથી ઊડણદંડ, રાક્ષસ પાસેથી અજિતદંડ, રત્નમંજરી પાસેથી અભયદંડ, બ્રાહ્મણકન્યા પાસેથી વિષહરદંડ અને કોચી કંદોયણ પાસેથી પ્રતાપદંડ કે જ્ઞાનદંડ, એમ પાંચ દંડ અને સાથે પત્ની તરીકે કેટલીક સુંદરીઓ મેળવ્યાની કથા એમાં કહેવાઈ છે. આ પાંચ દંડમાં રાજા પાસે હોવી જોઈતી ચતુરંગી સેનાનું પ્રતીક સમજી શકાય. મધ્યકાલીન લોકકલ્પનાને મુગ્ધભાવે આકર્ષે એવી જાદુઈ વિદ્યાઓ અને ચમત્કારોની બહુલતા આ વાર્તાની વિશિષ્ટતા કહેવાય. બીજી વિશિષ્ટતા વીર વિક્રમનાં પરદુઃખભંજક પરાક્રમોની કહેવાય, જેમાં વેતાળની એને ઘણી સહાય મળી રહેતી હોય છે. એક વાર્તામાં પાંચ વાર્તાઓ, એ એની ત્રીજી વિશિષ્ટતા. એમાંની એક વાર્તામાં તો સ્ત્રીને હીણી ચીતરતા સ્ત્રીચરિત્રની વાત આવે છે, જેમાં વિક્રમનો પોતાની રાણી પતિવ્રતા હોવા વિશેનો ભ્રમ ભાંગે છે. [અ.રા.]

'પાંચદંડ–પ્રબંધ–ચોપાઈ' [૨.ઈ.૧૪૫૮ કે ૧૪૮૪/સં.૧૫૧૪ કે ૧૫૪૦, ભાદરવા વદ ૨, બુધવાર] : દુહા-ચોપાઈની આશરે ૮૫૦ કડી અને 'વારતા' નામક ગદ્ય-અંશો ધરાવતી ૫ આદેશમાં વહેંચાયેલી ને 'વિક્રમાદિત્યચરિત્ર-રાસ' જેવાં નામોથી પણ ઓળખાયેલી નરપતિકૃત આ પદ્યવાર્તા (મુ.) દેવદમની ગાંછણના ૫ આદેશ રાજા વિક્રમ પાળી બતાવે છે તેની કથા કહે છે. પહેલા આદેશમાં એની પુત્રી દમનીને દૈવી મદદથી ચોપાટમાં હરાવી એને પરણે છે. બીજા આદેશમાં નગર સોપારાની ઉમાદે પાસેથી સિદ્ધિદંડ અને કનકનગરના રાક્ષસ પાસેથી વિજયદંડ મેળવે છે તથા બન્ને નગરની રાજકન્યાઓને પરણે છે. ત્રીજા આદેશમાં ખંભાત નગરની રાજપુત્રી પાસેથી સપ્તધાતુની હીરામાણેકભરી પેટી મેળવે છે ને એને પરણે છે. એ નોંધપાત્ર છે કે આ વાર્તાની પરંપરામાં અન્યત્ર અહીં પેટી સાથે અભયદંડ મેળવ્યાની વાત આવે છે તે નરપતિની કૃતિમાં નથી. ચોથા આદેશમાં ધરડા ધનશ્રેષ્ઠીની જુવાન સ્ત્રીના જારકર્મનો અને એની સૂચનાથી કોચી કંદોયણ પાસે જતાં પોતાની રાણીના કુકર્મનો પણ સાક્ષી બને છે ને કોચી કંદોયણ પાસેથી કામિકદંડ મેળવે છે. પાંચમા આદેશમાં વિશ્વરૂપ પુરોહિતની પુત્રી ગોમતી પાસેથી તમહરદંડ અને વિષહરદંડ મેળવે છે તેમ જ એને ને એની સહિયરોને પરણે છે.

નરપતિની કથારચનામાં ક્યાંક સુશ્લિષ્ટતા જણાતી નથી, પરંતુ સંવાદના આશ્રયથી વાર્તા રોચક બની છે. કવિનાં વર્ણનો નામસૂચિ જેવાં છે, પરંતુ રૌદ્ર–અદ્‌ભુતરસનાં ચિત્રો એમણે અસરકારક દોર્યાં છે ને હાસ્યવિનોદની તક પણ ક્વચિત્ લીધી છે. મુખ્યત્વે મલિન વિદ્યાઓના વાતાવરણની આ કૃતિમાં કેટલુંક વાસ્તવિક સમાજચિત્રણ પણ મળે છે. જેમ કે, નિશાળનું ચિત્ર. કવિની વાણી પ્રાસાદિક છે અને એમાં ઘણાં સુભાષિત ગૂંથાયાં છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમ જ સંસ્કૃત શ્લોકો પણ ઉદ્ધૃત થયાં છે.

મથાળે નિર્દેશેલી તિથિ તે વાર્તારચનાના આરંભની તિથિ છે. "દશચિહું" એ શબ્દોને ૧૦+૪=૧૪ અને ૧૦×૪=૪૦ એમ ૨ રીતે ઘટાવી શકાય છે તેથી ૨ રચનાસંવતનો વિકલ્પ ઊભો થાય છે. [પ્ર.શા.]

'પાંચપાંડવચરિત-રાસ' [ર. ઈ. ૧૩૫૪] : ૧૫ ઠવણી ને ૩૦૦થી વધારે કડીઓમાં રચાયેલો પૂર્ણિમાગચ્છના જૈન સાધુ શાલિભદ્ર સૂરિનો ગેયત્વપૂર્ણ આ રાસ(મુ.) મહાભારતની સંપૂર્ણ કથાને સંક્ષેપમાં આલેખતી પૌરાણિક વિષયની અત્યારે ઉપલબ્ધ પહેલી ગુજરાતી કૃતિ છે.

મહાભારતની જૈન પરંપરાને અનુસરતા આ કાવ્યના કથાનકમાં શાંતનુ-ગંગાનાં લગ્ન, પુત્રજન્મ પછી ગંગાએ કરેલો રાજાનો ત્યાગ, પાંડુ-કુંતીનાં ગુપ્ત રીતે થયેલા લગ્નમાંથી કર્ણનો જન્મ, દ્રૌપદીએ અર્જુનને પહેરાવેલી વરમાળા પાંચે ભાઈઓના ગળામાં દેખાયાની ઘટના અને ચારણમુનિ દ્વારા થયેલું એ ઘટનાનું અર્થઘટન, પાંડવોના પૂર્વજન્મની કથા ઇત્યાદિ પ્રસંગોનું નિરૂપણ મૂળ મહાભારતની કથાથી જુદું પડે છે. નવકાર મંત્રની શક્તિ દર્શાવતા પ્રસંગ કે કાવ્યને અંતે વિદુર ને પાંડવોએ ગ્રહણ કરેલી દીક્ષા, એને બાદ કરતાં કથામાં જૈન ધર્મના સિદ્ધાંતોનો સીધો બોધ નથી એ આ કૃતિની વિશિષ્ટતા છે.

આખ્યાનની નિકટની પૂરોગામી ગણી શકાય એવી આ કૃતિમાં કવિના સંક્ષેપમાં કથા કહેવાના કૌશલ, યુદ્ધનાં વર્ણનોમાં થયેલી વીરરસની જમાવટ, પ્રસંગ બદલાતાં છંદનું પણ બદલાવું, ચોપાઈ-દુહા-સોરઠા-વસ્તુ વગેરે છંદોમાં થયેલું સંયોજન તથા એમાં સિદ્ધ થયેલું મધ્યકાલીન ગુજરાતીનું ભાષારૂપ ધ્યાનપાત્ર છે. [મા.વૈ.]

પંચાનન [ઈ. ૧૫૭૦માં હયાત] : ૫૧ કડીનાં 'શાન્તિનાથ-સ્તવન' (ર.ઈ. ૧૫૭૦)ના કર્તા.

સંદર્ભ : જૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

'પાંચીકરણ' : પારિભાષિક નિરૂપણવાળી અખાની આ કૃતિ પંચ-મહાભૂતાદિ તત્ત્વોથી થતી પિંડ અને બ્રહ્માંડની રચનાની પ્રક્રિયા-પંચીકરણપ્રક્રિયાને ઝીણવટથી વર્ણવે છે. પણ પંચીકરણની આ પ્રક્રિયાનું વર્ણન સૃષ્ટિની સત્યતા સાબિત કરવા માટે નથી કરવામાં આવ્યું, પણ દેખાતા જગતનું મૂલ કારણ બ્રહ્મ સાચું છે અને એનો અનેકાકાર ભાસતો નામરૂપવાળો વિલાસ ખોટો છે એ સમજાવવા માટે કરવામાં આવ્યું છે. એટલે જ પંચીકરણ પ્રક્રિયાનો પ્રણવવિદ્યા સાથેનો સંબંધ જે પાછળના સંસ્કૃત સાહિત્યમાં વીસરાઈ ગયેલો તે અહીં જોડી આપવામાં આવ્યો છે અને લયયોગ દ્વારા એટલે કે તાત્ત્વિક ચિંતન વડે પોતાનાં પિંડનાં તત્ત્વોને બ્રહ્માંડનાં તત્ત્વોમાં લય સાધી જીવાત્મા પરમાત્મા સાથે અભેદભાવ કેવી રીતે સિદ્ધ કરી શકે અને ક્રમશ: કૈવલ્યમોક્ષની સ્થિતિ સુધી પહોંચી શકે તેનો માર્ગ બતાવ્યો છે. એ નોંધપાત્ર છે કે ૧૦૨ ૪ ચરણી ચોપાઈના બંધમાં મળતી આ કૃતિનો કેટલોક ભાગ ૬ ચરણી ચોપાઈના બંધમાં 'છપ્પા'ના એક અંગ તરીકે જોવા મળે છે અને બીજા કેટલાક ભાગોમાં પણ ૬ ચરણી ચોપાઈનો બંધ જોઈ શકાય છે. [જ.કો.]

પાતી/પાતો/પાંચુ [ ] : જૈન સાધુ. ૬૧/૬૯ કડીના 'છોતીમિથ્યા-કલક/સઝાય' (લે. સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : ૧ : જૈગૂકવિઓ : ૩(૧); ૨. લેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પાનબાઈ [ ] : ગંગાસતીના પુત્રવધૂ અને શિષ્યા. તેમના 'ઉલ્લાસ' અને 'બ્રહ્માનંદ' શીર્ષક ધરાવતાં ૨ ભજન(મુ.) તથા ૪-૪ કડીનાં કેટલાંક પદ(મુ.) મળે છે.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદ ભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૨. સોસંવાણી.

સંદર્ભ : ૧. ગૂજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ૩. સતવાણી; ☐ ૪. સાહિત્ય ઓકટો. ૧૯૧૬-'જૂનાં કાવ્યોની થોડી હકીકત, છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

પાનાચંદ-૧ [ઈ. ૧૮૩૭માં હયાત] : જૈન સાધુ. ખુશાલજીના શિષ્ય. ૧૩ કડીની 'સુબાહુકુમારની સઝાય' (ર. ઈ. ૧૮૩૭; મુ.)ના કર્તા.

કૃતિ : જૈસસંગ્રહ(ન.). [શ્રા.ત્રિ.]

પાનાચંદ-૨ [ઈ. ૧૮૫૦ સુધીમાં] : જૈન સાધુ. 'રાત્રિ ભોજન-સઝાય' (લિ. ઈ. ૧૮૫૦)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

પાર્શ્વચંદ્ર-૧ [ઈ. ૧૪૬૭માં હયાત] : જૈન. ૩૦૫૦ કડીના **'જીવ ભવસ્થિતિ-રાસ'** (ર. ઈ. ૧૪૬૭)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [ચ.શે.]

'પાર્શ્વચંદ્ર-૨/પાસચંદ [જ.ઈ. ૧૪૮૧/સં. ૧૫૩૭, ચૈત્ર સુદ ૯, શુક્રવાર-અવ. ઈ. ૧૫૫૫/સં. ૧૬૧૨, માગસર સુદ ૩, રવિવાર] બૃહત્નાગોરીગચ્છના જૈન સાધ. પાયચંદ/પાર્શ્વચંદ્રગચ્છના સ્થાપક. પ્રદ્યુમ્નપ્રભસૂરિની પરંપરામાં સાધુરત્નના શિષ્ય. જન્મ આબુની તળેટીમાં આવેલા હમીરપુરમાં. જ્ઞાતિએ વિસા પોરવાડ. પિતા વેલગ/વેલ્લગ/વેલા નરોત્તમ શાહ. માતા વિમલાદેવી. બાળપણનું નામ પાસચંદકમાર. ઈ. ૧૪૯૦/સં. ૧૫૪૬, વૈશાખ સુદ ૩ના રોજ સાધુરત્ન દ્વારા દીક્ષા પ્રાપ્ત કરી. દીક્ષા પછી પાર્શ્વચંદ્ર નામ. ષડાવશ્યક પ્રકરણાદિ, વ્યાકરણ, કાવ્ય, કોશ, નાટક, ચંપૂ, સંગીત, છંદ, અલંકાર, ન્યાય, યોગ, જ્યોતિષ, શ્રુતિ, સ્મૃતિ, ષડ્દર્શનો તથા જૈન ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી અને તપસ્વી. તેમને ઉપાધ્યાયપદ ઈ. ૧૪૯૮/સં. ૧૫૫૪, વૈશાખ સુદ ૩ના રોજ નાગોરમાં અને આચાર્યપદ ઈ. ૧૫૦૯/સં. ૧૫૬૫, વૈશાખ સુદ ૩ના રોજ સલક્ષણ (શંખલ)પુરમાં શ્રીમન્નાગપુરીય તપગચ્છાધિરાજ સોમવિમલસૂરિ દ્વારા આપવામાં આવેલું. ઈ.૧૫૪૩માં તેઓ યુગપ્રધાનપદ પામ્યા હતા. તેમણે વ્યાપક રીતે વિહાર કરી જૈન ધર્મનો બહોળો પ્રચાર કર્યો હતો. તેમનો શિષ્યસમુદાય વિશાળ હતો. તેમનું અવસાન જોધપુરમાં થયું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમની ઉલ્લેખનીય કૃતિઓ આ મુજબ છે: ૨૯/૩૦ કડીની 'શીલગુહાસ્થાપનરૂપકમાલા/રૂપકમાલા' (ર.ઈ. ૧૫૨૬/૧૫૩૦),૪૦૬ કડીની 'આરાધના મોટી/આરાધના-રાસ' (ર. ઈ. ૧૫૩૬/સં. ૧૫૯૩, મહા સુદ ૧૩, ગુરુવાર; મુ.), દુહા-ઢાળમાં ૪૧ કડીની 'નાની આરાધના, ૩૧ કડીનું વિમલનાથજિન-સ્તવન' (ર.ઈ.૧૫૩૮), લક્ષ્મીસાગરસૂરિકૃત 'વસ્તુપાલ તેજપાલ-રાસ'ની ગાઢ અસર હેઠળ રચાયેલો ૮૬ કડીનો 'વસ્તુપાળ-તેજપાળ-રાસ' (ર. ઈ. ૧૫૪૧; મુ.), ગદ્યમાં 'ચઉશરણ પ્રકીર્ણક–બાલાવબોધ/ચઉસરણપયન્ના ઉપર વાર્તિક' (ર. ઈ. ૧૫૪૧/સં. ૧૫૯૭, ફાગણ સુદ ૧૩, રવિવાર), ૧૦૨ કડીની 'ખંધકમુનિચરિત્ર-સઝાય' (ર.ઈ.૧૫૪૪/સં.૧૬૦૦, વૈશાખ સુદ ૮, શુક્રવાર), ૭૦ કડીનું 'મહાવીરજિન-સ્તવન–સદ્દહણા વિચારગર્ભિત' (ર.ઈ.૧૫૫૧), ૧૭ કડીનું 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' (ર.ઈ.૧૫૫૧), 'ગીતાર્થપદવાબોધકુલ/ગીતાર્થવિબોધકુલક' અને ૪૧/૪૨ કડીનું 'બ્રહ્મચર્યદશસમાધિસ્થાન–કુલકે' જેવાં કુલકો; ૩૩ કડીની 'અગિયારબોલ-બત્રીસી/અગ્યારબોલની સઝાય/એકાદશવચનદ્વાત્રિંશિકા' (મુ.) અને ૩૨ કડીની 'સંવેગબત્રીસી' (મુ.) જેવી બત્રીસીઓ; ૩૬ કડીની 'આગમ–છત્રીસી' (મુ.), ૩૭ કડીની 'ગરુ-છત્રીસી/ભાષા-છત્રીસી', ૩૬/૩૭ કડીની 'પાક્ષિક-છત્રીસી/પાખી-છત્રીસી', ૩૬ કડીની 'મુખપોતિકાષટ્ત્રિંશકા મુહપત્તિ-છત્રીસી' જેવી છત્રીસીઓ; ૧૧ કડીનો 'પાર્શ્વનાથ-છંદ' તથા ૧૨ કડીનો 'સમ્યક્ત્વદીપકદોહક-છંદ' જેવા છંદો; ૭૪ કડીની 'અમરદ્વાસપ્તતિકા/અમરસત્તરીસુદીપિકા-પ્રબંધ', ૭૫ કડીનો 'કેશી પ્રદેશી-પ્રબંધ/સઝાય' (મુ.) તથા ૧૨૪/૧૨૮ કડીનો 'સંગરંગ-પ્રબંધ' જેવી પ્રબંધાત્મક કૃતિઓ; વસ્તુ અને ઢાળમાં, આપભ્રંશપ્રધાન ગુજરાતીમાં ૫૫ કડીની 'આદિજિન-વિનતિ/આદીશ્વર-વિનતિ' (મુ.) અને ૨૯ કડીની 'સત્તરભેદપૂજાવિચાર સહિત જિનપ્રતિમા સ્થાપન-વિજ્ઞપ્તિકા'/'સપ્તભેદપૂજાવિચાર-સ્તવન' જેવી વિજ્ઞપ્તિઓ-વિનતિઓ; 'દીક્ષાવિધિ', 'પૂજાવિધિ' અને 'યોગવિધિ' જેવી વિધિવિષયક કૃતિઓ; ૩૬/૪૫ કડીની 'ચરિત્ર/ચારિત્ર મનોરથમાલા (મુ.), ૪૧ કડીની 'શ્રામણમનોરથ-માલા' (મુ.), ૨૭ કડીની 'શ્રાદ્ધમનોરથ-માલા' (મુ.) અને ૨૭ કડીની 'શ્રાવકમનોરથ-માલા' જેવી મનોરથમાલાઓ; 'અષ્ટકર્મવિચાર', 'વિધિવિચાર' અને ગદ્યમાં 'ષટ્દ્રવ્ય સ્વભાવનયવિચાર' (મુ.) જેવી 'વિચાર'સંજ્ઞક કૃતિઓ; ૧૭ કડીનો 'ગૌતમસ્વામીલઘુ-રાસ' (મુ.) અને 'શત્રુંજ્ય-રાસ' જેવી રાસકૃતિઓ; ૧૦૧/૧૦૪ કડીનું 'એષણા-શતક', દુહા-શતક', 'વિવેકશતક' જેવાં શતક; ૨૧ કડીની 'આઠમદપરિહાર-સઝાય', ૨૨ કડીની 'કલ્યાણક-સઝાય/મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણકની સઝાય' (મુ.), ૨૦ કડીની 'કાઉસગ્ગના ૧૯ દોષની સઝાય', ૩૯ કડીની 'જિનપ્રતિમા સ્થાપન-રાસ/સઝાય' (મુ.), ૨૪ કડીની 'જીવદયાની સઝાય' (મુ.), ૨૧ કડીની 'શીલદીપક-સઝાય/શીલદીપિકા' તથા ૭ ઢાળની 'સાધુવંદના', ૨૩ કડીનું 'ચોવીસ-દંડકવિચાર-ગર્ભિત–પાર્શ્વનાથ-સ્તવન', ૫૮ કડીનું 'નિશ્ચયવ્યવહારવિચાર-ગર્ભિત–ચોવીસજિન-સ્તવન/નિશ્ચયવ્યવહાર પટ્પંચાશિકા', ૯૦/૯૧ કડીનું 'દંડકવિચાર-સ્તવન', ૯૫ કડીનું 'ષડવિંશતિદ્વારગર્ભિત વીર-સ્તવન' તથા આદિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથ, શાંતિનાથ, મહાવીર વગેરે વિશેનાં શત્રુંજ્યવિષયક સ્તવનો (કેટલાંક મુ.).

આ ઉપરાંત નંદિષેણની મૂળ પ્રાકૃત રચના પર આધારિત 'અજિતશાંતિસ્તવ-બાલાવબોધ', સુધર્માસ્વામીની મૂળ પ્રાકૃત રચના પરથી ૪૫૦૦ ગ્રંથાગ્રનો 'આચારાંગસૂત્ર-બાલાવબોધ/વાર્તિક/સ્તબક' (*મુ.), ૯૦૦૦ ગ્રંથાગ્રનો 'ઉત્તરાધ્યયન સૂત્ર-બાલાવબોધ', ૬૭૦૦ ગ્રંથાગ્રનો 'ઔપપાતિક સૂત્ર – બાલાવબોધ,' ભદ્રબાહુકૃત પ્રાકૃત 'કલ્પસૂત્ર'ની વ્યાખ્યા કરતો ૧૨૦૦ ગ્રંથાગ્રનો સ્તબક, પ્રાકૃત 'તન્દુલવૈચારિકપ્રકીર્ણ' પર ૧૫૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ/વાર્તિક, ભવસૂરિના પ્રાકૃત 'દશવૈકાલિકસૂત્રો' પરનો ૨૩૪૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ, મૂળ ૫૦ કડીના 'નવતત્ત્વપ્રકરણ' પરના બાલાવબોધ/સ્તબક, 'નિયતાનિયતપ્રશ્નોત્તરપ્રદીપિકા/ નિયતાનિયતપ્રશ્નોત્તરદીપિકા-સ્તબક', 'સાધુપ્રતિક્રમણસૂત્ર-બાલાવબોધ', 'રાયપસેણીસૂત્ર-બાલાવબોધ', 'પ્રશ્નવ્યાકરણસૂત્ર-બાલાવબોધ', 'ભાષાના ૪૨ ભેદનો બાલાવબોધ', 'રત્નશેખરસૂરિકૃત પ્રાકૃત 'લઘુક્ષેત્રસમાસપ્રકરણ' પરનો બાલાવબોધ, સુધર્માસ્વામીના પ્રાકૃત 'સૂત્રકૃતાંગસૂત્ર' પરનો બાલાવબોધ, ૬૫૫ ગ્રંથાગ્રના 'લુંપક પ્રશ્નોના ઉત્તર' વગેરે ગદ્યકૃતિઓ; ૧૫૫/૧૫૬ કડીની 'અતિચાર/શ્રાવકપાક્ષિકાદિ અતિચાર', ૨૩ કડીની 'આત્મશિક્ષા' (મુ.), ૫૦ કડીની 'ગચ્છચાર પંચાશિકા', 'મતોત્પત્તિ-ચોપાઈ' વગેરે જેવી નાની-મોટી અનેક ચોપાઈઓ, ગીતો, સ્તવનો તથા સઝાયો તેમનાં રચેલાં મળે છે. તેમણે ગુજરાતી ઉપરાંત પ્રાકૃતમાં સપ્તપદીશાસ્ત્ર અને સંસ્કૃતમાં 'સંઘપટ્ટક' વગેરે ગ્રંથરચનાઓ કરી હોવાનું નોંધાયું છે.

કૃતિ : ૧. * આચારાંગસૂત્ર બાલાવબોધ, પ્રકા. રાય ધનપતસિંહ, ઈ. ૧૮૮૦; ૨. * આચારાંગસૂત્ર બાલાવબોધ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૮૧; ૩. આઠ પ્રવચન માતાની સઝાય વગેરે અનેક પદ્યોનો સંગ્રહ, પ્રકા. શા. ચતુર્ભુજ તેજપાળ, સં. ૧૯૮૪; ૪. ઔરા-સંગ્રહ–૧; ૫. જૈરસંગ્રહ; ૬. પ્રાસ્તસંગ્રહ; ૭. ષટ્દ્રવ્યનયવિચારાદિ પ્રકરણસંગ્રહ, પ્ર. મંગલદાસ લ. શ્રાવક, સં. ૧૯૬૯; ૮. સઝાયસંગ્રહ, પ્ર. ગોકળદાસ મં. શા. સં. ૧૯૭૮; □ ૯. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૩–'શ્રીપાસચંદ્રસૂરિકૃત શ્રીવસ્તુપાલ તેજપાલ રાસ', સં. મુનિશ્રી જયંતવિજયજી (મ્સં.); ૧૦. જૈનસાહિત્ય સંશોધક, ફાગણ, સં. ૧૯૮૩–'મહામાત્ય વસ્તુપાળ તેજપાળના બે રાસ', સં. જિનવિજય.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. નયુકવિઓ; ૪. શ્રીપાર્શ્વચંદ્રગચ્છ ટૂંક રૂપરેખા, સં. શ્રી જૈન હકીકસિંહ સરસ્વતી સભા, સં. ૧૯૯૭; ૫. શ્રીમન્નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલી, પ્ર. શ્રી જૈન યુવક મંડળ, ઈ. ૧૯૧૬; □ ૬. આલિસ્ટ ઑઈ : ૨; ૭. કૅટલૉગગુરા; ૮. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૧, ૨); ૯. જૈમગૂકરચનાઓ : ૧; ૧૦. જૈહાપ્રોસ્ટા; ૧૧. ડિકૅટલૉગભાઈ: ૧૭(૧, ૨), ૧૯; ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. રાહસૂચી : ૨; ૧૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

પાર્શ્વચંદ્ર(સૂરિ) શિષ્ય [ઈ. ૧૬મી સદી] : જૈન સાધુ. તપગચ્છના પાર્શ્વચંદ્રસૂરિ (જ. ઈ. ૧૪૮૧–અવ. ઈ. ૧૪૫૫)ના શિષ્ય. ૫૫ કડીની 'શ્રાવકવ્રત શિક્ષાની સઝાય' (મુ.), ૩૬ કડીની ' ચિત્રકૂટચૈત્ય પરિપાટી' (મુ.), ૨૧ કડાન 'સિદ્ધગુણ-,સ્વતન '(મુ.), ૧૧ કડીનું 'ચંદ્રપ્રભુ-સ્તવન' (મુ.), 'સત્તારીકર્મગ્રંથ–બાલાવબોધ',સુદૃઢ–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોપાઈ', 'સપ્તતિકાકર્મગ્રંથ-બાલાવબોધ' (લે. સં. ૧૭મી સદી) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. પ્રાસ્તસંગ્રહ; ૨. ષટ્દ્રવ્યનય વિચારાદિ પ્રકરણસંગ્રહ, પ્રકા. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. દેસુરાસમાળા; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પાલણસિંહ [ ] : ૧ ભજન (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. બૃહત્ સંત સમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.) ૨. ભજનસાગર : ૧. [કી.જો.]

પાલ્હણ/પાલ્હણપુત/પાલ્હાણુ [ઈ. ૧૨૩૩માં હયાત] : જૈન. ભાસા અને ઠવણિમાં વહેંચાયેલી, ચરણાકુલ-ચોપાઈ તથા દોહરાબંધની ૧૫૫ કડીમાં રચાયેલી, આબૂતીર્થની તથા તેના પર વસ્તુપાલ-તેજપાલે બંધાવેલા નેમિભુવનની કથા આપતી ઐતિહાસિક હકીકતોની દૃષ્ટિએ નોંધપાત્ર 'આબૂ-રાસ/નેમિ-રાસ' (ર. ઈ. ૧૨૩૩; મુ.) અને ૧૧૫ કડીની 'નેમિ-બારહમાસા' (મુ.) એ કૃતિઓના કર્તા. 'નેમિ-બારહમાસા' ગુજરાતીમાં ઉપલબ્ધ બારમાસી કાવ્યોમાં સૌથી પ્રાચીન છે, જેમાં નેમિનાથના વિરહમાં ઝૂરતી રાજિમતીની વિરહવેદનાનું શ્રાવણથી અસાડ સુધીના સમયના સંદર્ભમાં જે તે માસનું તેના વસ્ત્રાભૂષણ, પ્રાકૃતિક વિલક્ષણતાઓ વગેરે સાથેનું નિરૂપણ છે. બંને કૃતિઓમાં અપભ્રંશને મળતી છતાં ૧૩મી સદીની ગુજરાતીની લાક્ષણિકતાઓ જોવા મળે છે.

કેટલાક સંદર્ભમાં 'આબૂ-રાસ/નેમિ-રાસ' 'રામ'ને નામે નોંધાયેલ છે પરંતુ વસ્તુતઃ તે કૃતિ પાલ્હણની જ છે.

કૃતિ : ૧. પ્રાગુકાસંચય; ૨. પ્રામબાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. ઉત્તર-અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૨. ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ☐૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. જૈમગૂકરચનાઓ : ૧ [ચ.શે.]

પાસ(કવિ) [ ] : જૈન. 'પાર્શ્વનાથ-છંદ'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

પાસચંદ–૧ : જુઓ પાર્શ્વચંદ્ર–૨.

પાસચંદ–૨ [ઈ. ૧૬૦૧માં હયાત] : જૈન. 'શ્રાવકાતિચાર-ચતુષ્પદિ' (ર. ઈ. ૧૬૦૧)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

પાસો [ઈ. ૧૭૫૨માં હયાત] : અવટંકે પટેલ. લોંકાગચ્છના જૈન સાધુ. ધર્મદાસની પરંપરામાં જીવા શ્રાવકના શિષ્ય. ૨૦ ઢાળના 'ભરત ચક્રવર્તીનો રાસ' (ર. ઈ. ૧૭૫૨/સં. ૧૮૧૮, ચૈત્ર વદ ૩૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

પાંચુ : જુઓ પાતો/પાતો.

પાંચો/પોચો [ઈ.૧૬૫૧માં હયાત] : પૂંજાસુત. શિવભક્તિનું માહાત્મ્ય વર્ણવતી 'કંડલાહરણ' (ર. ઈ. ૧૬૫૧) નામની આખ્યાનકૃતિના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા મધ્ય; ૪. ગુસારસ્વતો; ☐ ૫. ગૂહાયાદી; ૬. ડિકૅટલૉગબીજે. [કી.જો.]

પીઠો [ ] : કવિએ પદો(મુ.)ની રચના કરી છે, જેનો મુખ્ય વિષય જ્ઞાનભક્તિનો છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. કાફીસંગ્રહ, પ્ર. ક. જા. સં. ૧૯૪૦; ૩. દુર્લભ ભજન સંગ્રહ, ગોવિંદભાઈ રા. ધામેલિયા,ઈ. ૧૯૫૮; ૪. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૫. ભજનસાગર : ૧, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૧૯૯૮; ૬. સતવાણી; ૭. સોસંવાણી. [કી.જો.]

પીતાંબર [ ] : વૈષ્ણવ કવિ. આ કવિએ 'ચાતુરી' અને 'મુક્તિપંચક' નામની કૃતિઓ તથા કેટલાંક પદ (૩ કડીનું ૧ મુ.)ની રચના કરી છે.

કૃતિ : શ્રીરુક્મિણી વિવાહનાં પદ, પ્ર. પંડ્યા બ્રધર્સ,–

સંદર્ભ : ફાહનામાવલિ : ૧, ૨. [કી.જો.]

પીપાજી/પીપો [ ] : મારવાડના રાજવીકળના સંત. લોકસાહિત્યના કવિ. જન્મ ઈ. સ. ૧૩૩૦માં થયો હોવાની માન્યતા છે. પિતાનું નામ ભોજરાજ અને માતાનું નામ સફલાદે. તેઓ નિર્ગુણબ્રહ્મના ઉપાસક હતા. ગુજરાતી અને હિન્દીમિશ્ર ગુજરાતીમાં મળતી તેમની પદ–ભજન (૩ મુ.) પ્રકારની કૃતિઓમાં લોકબોલીના સ્પર્શથી ભાવની ઉત્કટતા આવી છે.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. પ્રાકાવિનોદ : ૨; ૩. પ્રીતના પાવા, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૮૩ (+સં.); ૪. બૃહત્ સંતસમાજ ભજનાવળી. પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.)

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાંહનામાવલિ. [કી.જો.]

પુણ્ય(મુનિ) [ઈ. ૧૪૪૭ સુધીમાં] : જૈન સાધુ. 'અંબા-સ્તોત્ર' (લે. ઈ. ૧૪૪૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યકમલ [ઈ. ૧૬૦૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હંસરત્નસૂરિ/રત્નહંસસૂરિની પરંપરામાં સુમતિકમલના શિષ્ય. ભિન્નમાલમાં જમીન ખોદતાં નીકળેલી મૂર્તિઓના ચમત્કારો અને ગજનીખાનના અહંકારને દૂર કરતી કથાને નિરૂપતા ૫૩/૫૮ કડીના 'પાર્શ્વનાથ-સ્તોત્ર' (ભિન્નમાલ)' (ર.ઈ.૧૬૦૬/સં. ૧૬૬૨, શ્રાવણ સુદ ૫, રવિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુઆરી–માર્ચ ૧૯૪૭–'ભિન્નમાલસ્થ પાર્શ્વજિનનું ઐતિહાસિક સ્તવન', સં. શ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી) (+સં.); ૨. જૈન સત્યપ્રકાશ, ડિસેમ્બર ૧૯૪૭–'ભિન્નમાલ-સ્તવન', સં. જયંતવિજયજી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. ડિકૅટલૉગભાવી; ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યકલશ [ઈ. ૧૭મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રની પરંપરામાં ધર્મમંદિરના શિષ્ય અને જયતસી/જગરંગ (ઈ. ૧૭મી સદી મધ્યભાગ)ના ગુરુ. તેમની પાસેથી કેટલાંક સ્તવનો મળેલાં છે.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [શ્રા.ત્રિ.]

પુણ્યકવિ [ ] : જૈન. પંડિત ચતુરના શિષ્ય. 'ઈલાચીપુત્ર-સઝાય' (લે. સં. ૧૮મું શતક અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યકીર્તિ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદની પરંપરામાં હર્ષપ્રમોદના શિષ્ય. ૨૦૩ કડીનો 'પુણ્યસાર-ચોપાઈ/પુણ્યસાર-રાસ' (ર. ઈ. ૧૬૧૦/સં. ૧૬૬૬, આસો સુદ ૧૦, ગુરુવાર), રાજસ્થાની-ગુજરાતીમિશ્રા ભાષામાં 'અમરસેનવયરસેન-ચોપાઈ' (ર. ઈ.૧૬૧૦), ૨૦ ઢાળ અને ૨૯૯ કડીના 'રૂપસેનરાજ-ચોપાઈ/કુમારમુનિ-રાસ' (ર.ઈ.૧૬૨૫/સં.૧૬૮૧, આસો સુદ ૧૦, રવિવાર), 'મત્સ્યોદર-ચોપાઈ' (ર.ઈ. ૧૬૨૬/સં. ૧૬૮૨, ભાદરવા સુદ ૧૩, રવિવાર), ૩૭ કડીની 'મોહછત્તીસી' (ર.ઈ. ૧૬૨૮/સં. ૧૬૮૪, ભાદરવો --), 'મદબત્તીસી' (ર.ઈ.૧૬૨૯/સં. ૧૬૮૫, આસો વદ ૧૩) અને 'ધજાચરિત્ર' (ર. ઈ. ૧૬૩૨/સં. ૧૬૮૮, ભાદરવા સુદ ૧૩, રવિવાર)–એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. યુજિનચંદ્રસૂરિ; ☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. મુપુગૂહસૂચી; ૭. રાહસૂચિ : ૧; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યચંદ [ઈ. ૧૫૮૫ સુધીમાં] : જૈન. 'જિનાજ્ઞાપ્રમાણપરોઆગમહુંડી' (લે. ઈ. ૧૫૮૫)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

પુણ્યતિલક/પુણ્યરત્ન [ઈ. ૧૫૮૩માં હયાત] : જૈન સાધુ. ૮૪ કડીની 'નેમિનાથ-રાસ/નેમરાજુલ-રાસ' (ર. ઈ. ૧૫૮૩)ના કર્તા.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. ડિકૅટલૉગભાવિ; ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યનંદી : આ નામે રાજસ્થાની-ગુજરાતીમિશ્રામાં 'જાલોરપાર્શ્વ-વિવિધઢાલ-સ્તવન' (લે. સં. ૧૭મું શતક અનુ.) મળે છે. તેના કર્તા કયા પુણ્યનંદી છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : રાપુહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યનંદી–૧ [ઈ. ૧૫૫૯ સુધીમાં] :ખરતરગચ્છના જૈન સાધુ. જિનસમુદ્રસૂરિની પરંપરામાં સમયભક્તના શિષ્ય. ૩૨/૩૬ કડીના 'રૂપકમાલા/શીલરૂપકમાલા' (લે. ઈ. ૧૫૫૯)ના કર્તા. 'જન ગૂર્જર કવિઓ : ૧' મુજબ જિનસમુદ્રસૂરિને સૂરિપદ અપાયું (ઈ. ૧૪૭૪) અને તેમનું અવસાન થયું (ઈ. ૧૪૯૭) તે બે વચ્ચેના ગાળામાં આ કૃતિ રચાઈ છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ☐ જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યનિધાન [ઈ. ૧૬૪૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ભાવહર્ષની પરંપરામાં વિમલઉદયના શિષ્ય. 'અગડદત્ત-ચોપાઈ' (ર. ઈ. ૧૬૪૭/સં. ૧૭૦૩, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૨. જૈગૂકવિઓ : ૩(૧) [શ્રા.ત્રિ.]

પુણ્યપાલ [ઈ. ૧૫૧૮ સુધીમાં] : જૈન. 'મેઘકુમાર-ગીત' (લે. ઈ. ૧૫૧૮) અને ૧૭ કડીની 'થાવચ્ચાઋષિરાજ-સઝાય (મુ.)ના કર્તા.

કૃતિ : સજ્ઝાયસંગ્રહ : ૧, સં. સાગરચંદ્રજી, સં. ૧૯૭૮.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યપ્રધાન [ઈ. ૧૬૨૧ પહેલાં] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા. મેડતાના ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, જેઠ વદ ૧૫ના શિલાલેખમાં એમનું નામ ઉલ્લેખાયેલું હોવાથી પ્રસ્તુત કર્તાને ત્યાં સુધીમાં થયેલા ગણી શકાય.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [શ્રા.ત્રિ.]

પુણ્યપ્રભ [ઈ. ૧૭૬૫ સુધીમાં] : જૈન. ભાવપ્રભસૂરિના શિષ્ય. ૧૪ કડીના 'નેમરાજુલ-બારમાસ' (લે. ઈ. ૧૭૬૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યભુવન [ઈ. ૧૬૨૮માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજની પરંપરામાં જિનરંગસૂરિના શિષ્ય. ૨૦ ઢાલના 'પવનંજય-અંજનાસુંદરીસુત હનુમંતચરિત્ર-રાસ' (ર. ઈ. ૧૬૨૮/સં. ૧૬૮૪, મહા વદ ૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

પુણ્યરત્ન–૧ [ઈ. ૧૫૪૦ સુધીમાં] : જૈન. ૬૪ કડીના 'નેમિરાસ/યાદવ-રાસ' (લે. ઈ. ૧૫૪૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યરત્ન–૨ જુઓ પુણ્યતિલક.

પુણ્યરત્ન–૩ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : આંચલિક ગચ્છના જૈન સાધુ. સુમતિસાગરની પરંપરામાં ગજસાગરસૂરિના શિષ્ય. ૨૮૧ કડીના 'સનતકુમાર-રાસા' (ર. ઈ. ૧૫૮૧/સં. ૧૬૩૭, વૈશાખ વદ ૫), ૭૨ કડીના 'સુધર્માસ્વામી-રાસ' (ર. ઈ. ૧૫૮૪/સં. ૧૬૪૦, ફાગણ સુદ ૧૩, ગુરુવાર) અને ૮ કડીના 'ગજસાગરસૂરિ-ગીત' (મુ.)ના કર્તા. પ્રસ્તુત કર્તાએ કેટલાંક 'કવિત્ત', 'નેમિ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાથ-રાસ' અને અંચલગચ્છનો મહિમા બતાવતાં ત્રણ પદ્યો રચ્યાંનો ઉલ્લેખ પણ મળે છે.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ઈ. ૧૯૪૧–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી.

સંદર્ભ ૧. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુઆરી ઈ. ૧૯૪૧–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યરત્ન–૪ [ઈ. ૧૭૪૧માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. પૂર્ણિમાગચ્છની ઢંઢેરવાડ શાખાના આચાર્ય ભાવપ્રભસૂરિના શિષ્ય. તપગચ્છના પંડિત ન્યાયસાગરના સમગ્ર જીવનને નિરૂપતા, એમના અવસાન પછીના ૨૭/૨૮ દિવસમાં પૂરા કરેલા, ૧૦ ઢાલના 'પંડિત શ્રીન્યાયસાગરનિર્વાણ-રાસ' (૨. ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, આસો વદ ૧૫, રવિવાર; મુ.), 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' (૨. ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, વૈશાખ વદ ૪, ગુરુવાર), ૭ કડીના 'શંખેશ્વર-સ્તવ', ભાવપ્રભસૂરિના મૂળ સંસ્કૃત ગ્રંથ 'અષ્ટાહ્નિકાધુરાખ્યાન' પરના સ્તબક અને ૪ કડીના ૧ હિન્દી સ્તવન (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈઐકાસંચય (+સં.); ૨. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યરુચિ [ઈ. ૧૬૨૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ઉદયરુચિના શિષ્ય. નાગોરના જિનમંદિરને નોંધતું ૧૪ કડીનું 'નાગોરનવજિનમંદિર-સ્તવન' (૨. ઈ. ૧૬૨૨/સં. ૧૬૭૮, માગશર વદ ૧૩, મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ઈ. ૧૯૫૫–'નાગોર-નવજિન મંદિર-સ્તવન', સં. ભંવરલાલજી નાહટા. [શ્રા.ત્રિ.]

પુણ્યરુચિશિષ્ય [ઈ. ૧૮૩૨ સુધીમાં] : જૈન. 'જિનપ્રતિમાદિ સંખ્યાવિચારદોધક' ઉપરનો સ્તબક (લે. ઈ. ૧૮૩૨)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો].

પુણ્યલબ્ધિ [લગભગ ઈ. ૧૫૪૪ સુધીમાં] : જૈન. પંડિત રાજહેમગણિના શિષ્ય. ૬૧ કડીની 'અનાથી-ચોપાઈ' (લે.ઈ. ૧૫૪૪ લગભગ)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [શ્રા.ત્રિ.]

પુણ્યવિજય : આ નામે ૧૬ કડીની 'સર્વાર્થસિદ્ધિ-સઝાય' મળે છે. તેના કર્તા કયા પુણ્યવિજય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

પુણ્યવિજય–૧ [ઈ. ૧૭૫૫માં હયાત] : જૈન સાધુ. 'શુક્રાજનૃપ રાસ-ચોપાઈ' (૨. ઈ. ૧૭૫૫)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યવિજય–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. નેમવિજયના શિષ્ય. ૯ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ઑસમાલા : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યવિજયશિષ્ય [ઈ. ૧૭૫૩માં હયાત] : જૈન. 'શાશ્વતાશાશ્વત જિનપ્રસાદ-સ્તવન' (૨.ઈ.૧૭૫૩)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પુણ્યવિમલ [ ] : તપગચ્છના જૈન સાધુ. તત્ત્વવિમલસૂરિના શિષ્ય. 'અધ્યાત્મ-ચોવીશી'(મુ.) અને ગુજરાતી-હિન્દીમિશ્રામાં ત્રણથી ૪ કડીનાં કેટલાંક પદો(મુ.)ના કર્તા.

કૃતિ : અધ્યાત્મચોવીસો વગેરે. (પુણ્યવિમલસૂરિકૃત), પ્ર. જગદીશ્વર છાપખાનું, ઈ. ૧૮૮૧. [શ્રા.ત્રિ.]

પુણ્યવિલાસ [ઈ.૧૭૨૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. સમયસુંદરની પરંપરામાં પુણ્યચંદ્રના શિષ્ય. ૧૦૦૦ ગ્રંથાગ્ર અને ૧૯ કડીના 'માનતુંગમાનવતી-રાસ' (૨.ઈ.૧૭૨૪/સં.૧૭૮૦, આસો સુદ ૩, રવિવાર) અને ૭ કડીના 'શ્રીજિનધર્મસૂરિપટ્ટધરજિનચંદ્રસૂરિ-ગીતમ્'(મુ.)ના કર્તા.

કૃતિ : એજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ. ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. આલિસ્ટઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [શ્રા.ત્રિ.]

પુણ્યશીલ(ગણિ) [ઈ. ૧૫૪૪ સુધીમાં] : જૈન સાધુ. 'અનાથીમુનિ-ચોપાઈ' (લે.ઈ.૧૫૪૪)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

પુણ્યસાગર : જૈન. આ નામે ૯ કડીનું 'શ્રીજિનચંદ્રસૂરિ-અષ્ટકમ્' (મુ.), ૧૯ કડીની 'શીલની નવવાડની સઝાય'(મુ.), અપભ્રંશ-પ્રધાન ગુજરાતીમાં ૧૯/૨૧ કડીનું 'કલ્યાણક-સ્તોત્ર/પંચકલ્યાણક-સ્તોત્ર-બારમાસા' (લે.સં. ૧૭મું શતક અનુ.); ૬ કડીનું 'અધ્યાત્મિક-ગીત' (લે. સં. ૧૮મું શતક અનુ.), ૬ કડીનું 'શંખેશ્વર પાર્શ્વ-સ્તવન' તથા 'ચઉરંગી-ગીત' એ કૃતિઓ મળે છે. 'શ્રીજિનચંદ્રસૂરિ-અષ્ટકમ્'ના કર્તા પુણ્યસાગર–૧ હોવાની સંભાવના છે. અન્ય કૃતિઓના કર્તા કયા પુણ્યસાગર છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. એજૈકાસંગ્રહ; ૨. જિસ્તકાસંદોહ: ૨.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા; ☐ ૩. આલિસ્ટઑઈ : ૨; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યસાગર–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહંસસૂરિના શિષ્ય. પિતા ઉદયસિંહ. માતા ઉત્તમદેવી. જિનહંસસૂરિના હસ્તે દીક્ષા. ઈ. ૧૫૯૪ બાદ થોડા સમયમાં અવસાન થયાની સંભાવના. તેમની પાસેથી ૮૯/૯૧ કડીની 'સુબાહુઋષિ-સંધિ' (૨.ઈ.૧૫૪૮), જિનવલ્લભસૂરિકૃત મૂળ સંસ્કૃત કૃતિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'પ્રશ્નોત્તરકાવ્ય'ની વૃતિ (૨.ઈ.૧૫૮૪), 'જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ' પર વૃત્તિ (૨.ઈ.૧૫૮૯), ૨૬ કડીનું 'આદિનાથ-સ્તવન', 'અજિતસ્તવન', ૫૪ કડીનું 'નમિરાજર્ષિ-ગીત', 'પંચકલ્યાણક-સ્તવન', ૧૯ કડીનું 'પાર્શ્વજન્માભિષેક', ૨૭ કડીનું 'પૈંતીસવાણીઅતિશયગર્ભિત-સ્તવન', ૨૧ કડીનું 'મહાવીર-સ્તવન', 'મુનિમાલકા', ૮૭/૮૮ કડીની 'સાધુવંદના' અને અન્ય કૃતિઓ મળી છે.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. પ્રાકારૂપરંપરા; ૩. યુજિન-ચંદ્રસૂરિ; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩ (૧); ૫. મુપુગૂહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યસાગર–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : પીંપલગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિની પરંપરામાં કર્મસાગરસૂરિના શિષ્ય. 'નય-પ્રકાશ-રાસ' (૨.ઈ.૧૬૨૧), ૮ ઢાળ અને ૬૪૩ કડીના 'અંજના સુંદરી-રાસ/અંજનાસુંદરી-પવનજયકમાર–રાસ' (૨.ઈ.૧૬૩૩/સં. ૧૬૮૯, શ્રાવણ સુદ ૫, મંગળવાર), ૯ કડીના 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' તથા ૬ કડીના 'શાંતિનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨, ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસ-માળા; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨, ૫. કૅટલૉગગુરા; ૬. જૈગૂકવિઓ: ૧, ૩(૧); ૭. ડિકૅટલૉગભીજે; ૮. ડિકૅટલૉગભાવિ; ૯. મુપુગૂહ-સૂચી; ૧૦. લીંહસૂચી; ૧૧. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પુણ્યહર્ષ(ઉપાધ્યાય) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–અવ. ઈ. ૧૬૮૭/સં. ૧૭૪૪, કારતક સુદ ૩] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-રાજ અને કીર્તિરત્નની પરંપરામાં લલિતકીર્તિના શિષ્ય. તેમના શિષ્ય અમયકુશલે તેમના વિશે રચેલા એક ગીત અનુસાર સિંધુદેશના હાજીખાનપુરમાં અનશન દ્વારા અવસાન. 'જિનપાલિત જિનરક્ષિત-રાસ' (૨.ઈ.૧૬૫૩/સં. ૧૭૦૯, આસો સુદ ૧૦) અને ૧૭ ઢાલની 'હરિબલ-ચોપાઈ' (૨.ઈ.૧૬૭૯)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

પુન્હ(કવિ) [ઈ. ૧૮૧૧ સુધીમાં] : 'મહાસતી સીતા-ચરિત્ર' (લે. ઈ.૧૮૧૫)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કી.જો.]

પુરુષોત્તમ : આ નામે 'પંદર તિથિઓ', ૯ પદનું 'ભ્રમર-ગીત'(મુ.), 'શ્રીકૃષ્ણની રાસલીલા'(મુ.) તથા થાળ, કૃષ્ણકીર્તન અને જ્ઞાન-ભક્તિવિષયક પદો (કેટલાંક મુ.) મળે છે. સગુણભક્તિવાળાં પદોની ભાષા નિર્ગુણભક્તિવાળાં પદોની ભાષાની તુલનાએ જૂની જણાય છે. એમના કર્તા કયા પુરુષોત્તમ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. નકાદોહન; ૨. પ્રાકાસુધા : ૨; ૩. બૃકાદોહન : ૬; ૪. ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. શાહ વૃન્દાવનદાસ કા. ઈ. ૧૮૮૭; ૫. ભસાસિંધુ; ૬. ભ્રમરગીતા (કવિ બ્રેહેદેવકૃત) : અન્ય કવિઓની વૈષ્ણવગીતાઓ અને ઉદ્ધવગોપી સંવાદોના પરિચય સમેત, સં. મંજુલાલ ૨. મજમૂદાર, ઈ. ૧૯૬૪.

સંદર્ભ : ૧. અમસંપરંપરા; ૨. કવિચરિત : ૩; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. ગૂહાયાદી; ૬. ડિકૅટલૉગભાવિ. [ચ.શે.]

પુરુષોત્તમ–૧ [ઈ. ૧૭૮૨ સુધીમાં] : 'બહુચરાનો ગરબો' (લે.ઈ. ૧૭૮૨)ના કર્તા.

સંદર્ભ : ૧. ફાહનામાવલિ : ૨; ૨, ફાંહનામાવલિ. [ચ.શે.]

પુરુષોત્તમ–૨ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. સૂરજ-રામ મહારાજના પુત્ર અને નિરાંતસંપ્રદાયના અનુયાયી. સંપ્રદાયની હસ્તપ્રત પ્રમાણે મેસરાડના વતની અને ત્યાંની ગાદીના આચાર્ય. તેમની પાસેથી કેટલાંક પદો (૧ મુ.) મળે છે.

કૃતિ : બૃકાદોહન : ૫ (+સં.).

સંદર્ભ : કવિચરિત : ૩. [દે.દ.]

પુરુષોત્તમ–૩ [સં. ૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોસ્વામી બાળક અને દયારામના સમકાલીન.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ચ.શે.]

પુરુષોત્તમ–૪ [ ] : નિરાંતના શિષ્ય. મૂરૂચ જિલ્લાના ઈખરવા ગામના વતની. જ્ઞાતિએ રજપૂત. ૧૦૦૦ છપ્પાની હોવાનું જેને વિશે કહેવાયું છે તે 'નારીબોધ'ના કર્તા. તેમાંનાં કેટલાંક 'ઉપદેશના છપ્પા' મદ્રિત સ્વરૂપે મળે છે. તેને આધારે તેઓ વિશ્વનાથ નામના એક બ્રાહ્મણથી લેખાન થયા હોય એમ લાગે છે.

કૃતિ : બૃકાદોહન : ૫ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી. [દે.દ.]

પુવ્વ [ ] : જૈન. ૭ કડીના 'શારદા-જીનો છંદ'(મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : મણિભદ્રાદિના છંદોનો પુસ્તક : ૧, પ્ર : નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦. [શ્રા.ત્રિ.]

'પુષ્ટિપથરહસ્ય' : દુહા, કવિત અને રસાવલા (રોળા) છંદની ૧૮૨/૧૮૩ કડીની દયારામની આ રચના(મુ.) પુષ્ટિસંપ્રદાયની વિચારણાનુસાર વલ્લભાચાર્ય તથા તેમના કુળસમગ્રની સેવાપૂજાનું મહિમાગાન કરે છે. શ્રીકૃષ્ણ અને વલ્લભ-વિઠ્ઠલ વસ્તુતઃ એક જ છે, છતાં ગુરુનો પ્રતાપ શ્રીકૃષ્ણ કરતાં અધિક છે. એનું કારણ આપતાં કવિ કહે છે કે ગોવિંદનું દર્શન તો પુનિત જનને જ થાય, જ્યારે ગુરુનાં દર્શન તો પાપીને પણ થાય છે. વળી, સ્વામિની રાધાના અંશ રૂપ પુરુષદેહધારી વલ્લભનો સિફારસથી દીન ભક્તનું પ્રભુને પ્રસન્ન કરવાનું કાર્ય સિદ્ધ થાય છે. મહા-પ્રભુ વલ્લભાચાર્યનો મહિમા કવિ ત્યાં સુધી કરે છે કે એ એક મુખમંડલ છે, જેમાં મુખને સ્થાને શ્રીજી(શ્રીકૃષ્ણ) છે, દૃગને સ્થાને સ્વામિની છે ને નાસિકાને સ્થાને ગોસાંઇ (વિઠ્ઠલનાથ) છે. કૃતિમાં પૌરાણિક ને ઔપમ્યમૂલક દૃષ્ટાંતોનો વિનિયોગ થયેલો છે ને ક્વચિત્ શબ્દચાતુર્યનો આશ્રય પણ લેવાયેલો છે. જેમ કે, કવિ કહે છે કે 'વૈષ્ણવ' શબ્દમાં ૨ 'વ' દ્વારા વલ્લભ અને વિઠ્ઠલનો તો 'ષ્ણ' દ્વારા કૃષ્ણનો સમાવેશ થયો છે.

કૃતિમાં વ્રજ ભાષાનાં ઉદ્ધરણો છે ને કવિએ રચેલાં ૫ સંસ્કૃત શ્લોકો પણ છે. [સુ.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુષ્પવિજય [ઈ. ૧૭૫૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. 'શુક-રાજ-ચોપાઈ' (ર.ઈ.૧૭૫૫)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [ક્રા.ત્રિ.]

પુંજરાજ [ ] : જૈન. ૩ કડીના 'નેમીશ્વર-ગીત' (લિ.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પૂજા : જુઓ પૂંજા.

પૂંજા(ઋષિ)–૧ [ઈ. ૧૫૯૬માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સમરચંદ્રની પરંપરામાં હંસચંદ્રના શિષ્ય. જ્ઞાતિએ કડવા પટેલ. પિતાનું નામ ગોરો અને માતા ધનબાઈ. વિમલચંદ્રસૂરિને હસ્તે ઈ. ૧૬૧૪માં દીક્ષા. દુહા-ચોપાઈમાં નિબદ્ધ, ક્વચિત પ્રાકૃત ગાથાઓ, સંસ્કૃત શ્લોકો અને સુભાષિતોથી યુક્ત, ૪ ખંડ અને ૩૩૪ કડીના 'આરામશોભા-ચરિત્ર' (ર.ઈ.૧૫૯૬/સં. ૧૬૫૨, આસો સુદ ૧૫, બુધવાર; મુ.) તથા 'બ્રહ્મદત્તચક્રવર્તી-રાસ'ના કર્તા.

કૃતિ : આરામશો નાચરિત્ર, પ્ર. જૈન હઠીસિંહ સરસ્વતી સભા, ઈ. ૧૯૨૮.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

પૂંજા (ભાવા)–૨ [ ] : મુસ્લિમ કવિ. કાયમુદ્દીનની પરંપરામાં અભરામભાવાના શિષ્ય. જ્ઞાતિએ ખંભાતના ખારવા-ખલાસી. તેમના અનુયાયીવર્ગમાં ખલાસી, ગોલા, કણબી, કાછિયા, સોની ઉપરાંત પારસીઓ પણ હતા.

વેદાંતકથિત જ્ઞાન અને ભક્તિમાર્ગનાં વિવિધ તત્ત્વોનું નિરૂપણ કરતાં બીલાવલ, પ્રભાત, કેદાર વગેરે વિવિધ રાગના નિર્દેશવાળાં તેમનાં ૩૯ ભજનો(મુ.) મળે છે.

કૃતિ : ભક્તિસાગર, સં. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ.૧૯૨૯.

સંદર્ભ : નુરેરોશન, સં. રતનશાહ કોયાજી, ઈ.૧૯૨૪. [ર.ર.દ.]

પૂજારામ [ ] : શ્રીકૃષ્ણભક્તિનાં પદોના કર્તા.

સંદર્ભ : પ્રાકકૃતિઓ. [કી.જો.]

પૂજાસુત : આ નામે 'પાંડવી-ગીતા' (ર.ઈ.૧૬૪૬) અને ૧૦૯ કડીના 'નલનાં ચંદ્રાવળા' મળે છે જે પરમાણંદ(દાસ)–૪ની કૃતિઓ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧, ૨;□૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગ-બીજે ૪. ફેહનામાવલિ. [કી.જો.]

પૂજો–૧ [ઈ. ૧૬૪૯ સુધીમાં] : ૪૦ કડીની 'રુક્માંગદપૂરીવર્ણન એકાદશી મહાત્મ્ય' (લિ.ઈ.૧૬૪૯) એ કૃતિના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ક્રા.ત્રિ.]

પૂજો–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. આધોઈ ગામના રહીશ. તેમને માવજી નામે પુત્ર હતા જે સારા કવિ હતા. તેમનો કવનકાળ ઈ.૧૭૬૪થી ઈ.૧૮૨૪ નોંધાયેલો મળે છે તે પરથી કવિ પૂજાનો સમય ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ માની શકાય

૪ પ્રકરણોમાં વિભક્ત મારવાડી ભાષાની ગાઢ અસરવાળી 'કાળ ચિંતામણિ' (મુ.) નામની કવિની કૃતિ મળે છે. કવિની આ રચના દ્વારા તેમના જ્યોતિષ, વૈદક, યોગ અને ભાષા સાહિત્યના ઊંડા અભ્યાસનો પરિચય થાય છે.

કવિએ 'વિદુરની ભાજી', 'કુંડળિયા', 'થાળ' એ કૃતિઓ ઉપરાંત પદ (૧મું), દુહા, છપ્પા, સવૈયા પણ રચ્યાં છે.

કૃતિ : ૧. ત્રૈમાસિક જુલાઈ–સપ્ટે. ૧૯૯૨–'અપ્રસિદ્ધ લોક-સાહિત્ય' સં. ક્યરાલાલ શ. સોની; ૨. બુદ્ધિપ્રકાશ, એપ્રિલ-જૂન ૧૯૩૯–'કવિ પૂજો અને તેની કાળચિંતામણિ', સં. જયશંકર ઉ. પાઠક.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફેહનામાવલિ. [કી.જો.]

પૂન/પૂનો : આ નામે ૫ કડીની 'અંતરંગવણઝારા-ગીત' મળે છે. તેના કર્તા કયા પૂન/પૂનો છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પૂનો–૧ [ઈ. ૧૫૧૮ સુધીમાં] : જૈન. ૬ કડીની 'ઉપદેશાત્મક-ગીત'(લિ.ઈ.૧૫૧૮) એ કૃતિના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પૂન/પૂનો–૨ [ઈ. ૧૫૩૯ સુધીમાં] : જૈન. ૨૧ કડીની 'મેઘકુમાર સઝાય' (લિ.ઈ.૧૫૩૯; મ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા (શા) : ૧; ૨. જૈસસંગ્રહ (જૈ.); ૩. જૈસ સંગ્રહ(ન.).

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; □ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા સૂચિ : ૧. [કી.જો.]

પૂરીબાઈ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ભક્ત કવયિત્રી. પિતા ભાણજી. તેઓ મૂળ અમદાવાદના પણ પછી ઉમરેઠમાં વસવાટ કરેલો. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ.

પૂરીબાઈના હયાતીકાળ વિશે ચોક્કસ માહિતી મળતી નથી પણ ઈ.૧૬૮૧થી ઈ. ૧૭૫૨ સુધી તેઓ હયાત હોવાનું અનુમાન થયું છે. માત્ર અગિયાર વર્ષની નાની વયે તેમનાં લગ્ન થયેલાં, પરંતુ તેમનાં પતિ કોલેરામાં મૃત્યુ પામતા તેઓ બાળવિધવા બનેલાં. તે પછીનો બધો સમય તેમણે તેમના પિતા સાથે, તેમના પિતાને ખડાયતા વણિકો તરફથી મળેલી રઘુનાથજીની સેવામાં, પસાર કર્યો હતો. પિતાના મૃત્યુ પછી પણ તેમણે રઘુનાથજીની સેવા ચાલુ રાખી હતી.

૬ કડવાંનું, સાદી અને પ્રૌઢ શૈલીમાં રામ-સીતાના વિવાહ-પ્રસંગનું ચિત્રણ કરતું 'સીતા-મંગળ'(મુ.) નામનું કથાકાવ્ય તેમનું મળે છે. તેમાં તત્કાલીન લગ્નનાં રીતરિવાજોનું વર્ણન છે. વળી 'બરાનપુરની બાજોઠી' 'વીસનગરની થાળી', 'ડુંગરપુરની ઝારી', 'વીજાપુરના વાટકડા' વગેરેના નિર્દેશો પણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. ગુકાદોહન; ૨. બૃકાદોહન-૧.

સંદર્ભ : ૧. કવિચરિત-૩; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. સાહિત્ય, એપ્રિલ ૧૯૨૬–'કવિ પૂરીબાઈ', ભોગીલાલ ભી. ગાંધી; ☐ ૪. ગૂહાયાદી. [ચ.શે.]

પૂર્ણકલશ (?) [ ] : જૈન સાધુ. ૧૦ કડીની 'દેશવૈકાલિક-ગીત' (અપૂર્ણ)ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [કી.જો.]

પૂર્ણદાસ [ ] : ભજનો(૧મુ.)ના કર્તા.

કૃતિ : ભજનિક કાવ્યસંગ્રહ. પ્ર. શા. વૃન્દાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૮. [કી.જો.]

પૂર્ણપ્રભ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં શાંતિકુશલના શિષ્ય. ૩ ખંડ અને ૬૧૬ કડીની 'પુણ્યદત્તસુભદ્રા-ચોપાઈ' (૨.ઈ.૧૭૩૦/સં. ૧૭૮૬, કારતક દિવાળી ૧૩–), ૨૧ ઢાળની 'ગજસુકુમાલ-ચોપાઈ' (૨.ઈ.૧૭૩૦/સં. ૧૭૮૬, પોષ સુદ ૨, ગુરુવાર), ૭ ઢાળ અને ૧૧૭ કડીની 'શત્રુંજય-રાસ'(૨.ઈ.૧૭૩૪/સં. ૧૭૯૦, ફાગણ વદ ૮, મંગળવાર) તથા ૪ ખંડ ને ૭૬૨ કડીની રાત્રિભોજનને વિષય કરતી 'જયસેન કુમાર-પ્રબંધ/રાસ' [૨.ઈ.૧૭૩૬/સં.૧૭૯૨, કારતક દિવાળી ૧૩,–) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

પૂર્ણાનંદ [ઈ. ૧૮૨૮માં હયાત] : ચંદ્રગચ્છના જૈન સાધુ. ક્ષમારત્નની પરંપરામાં તારારત્નના શિષ્ય. 'મેઘકુમાર-રાસ' (૨.ઈ.૧૮૨૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પૂર્ણાનંદશિષ્ય [ ] : જૈન. ૩૭ કડીની 'બાલા ત્રિપુરા-છંદ'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [કી.જો.]

પેથડ/પેથો(મંત્રી) [ઈ. ૧૫મી સદી] : અંચલગચ્છના શ્રાવકકવિ. જ્ઞાતિએ શ્રીમાળી. જંબૂગામના વાસી. જયકેસરસૂરિ (આચાર્યપદ ઈ. ૧૪૩૮)ના શિષ્ય. ૨૦૬ કડીની '(જીરાઉલા) પાર્શ્વનાથ દશભવ-વિવાહલો' (૨.ઈ.૧૪૩૮ પછી – ઈ. ૧૪૮૬ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. પ્રાકારૂપરંપરા; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી. [કી.જો.]

'પેથડરાસ' : અજ્ઞાતકર્તૃક આ અપૂર્ણ રાસ(મુ.)નો રચયિતા 'મંડલિક' નામનો કોઈ કવિ છે એમ એના અંતભાગની પંક્તિઓમાં મળતા ઉલ્લેખ પરથી મનાયું છે. વાસ્તવમાં 'મંડલિક' નામ કર્તાનું નહીં પરંતુ જૂનાગઢના રાજા રા'મંડલિકનું કે અન્ય કોઈ વ્યક્તિનું સૂચક હોવાની સંભાવના છે.

પાટણની બાજુના સંડેર ગામનો પેથડશાહ પોતાના ભાઈઓ સાથે સંઘ કાઢી સૌરાષ્ટ્ર જાય છે એ પ્રસંગનું આલેખન કરતા આ રાસ કાવ્યત્વની દૃષ્ટિએ નહીં, પરંતુ સંઘ નીકળ્યો તે વખતે પાટણમાં કર્ણ વાઘેલાનું રાજ્ય હતું, સંઘ પાટણથી પાલીતાણા અને પાલીતાણાથી જૂનાગઢ આવ્યો ત્યારે જે ગામોમાંથી પસાર થયો તે ગામના નિર્દેશ, જૂનાગઢમાં મંડલિકે સંઘને ઊતરવા માટે કરી આપેલી સગવડ ઇત્યાદિ ઐતિહાસિક–ભૌગોલિક સંદર્ભો અને રોળા, દુહા, ચોપાઈ, સવૈયા અને ગેય દેશીઓવાળા વિશિષ્ટ કાવ્યબંધને લીધે ધ્યાનપાત્ર બને છે.

કૃતિ : પ્રાગૂકાસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ☐ ૩. જૈગૂકવિઓ : ૧. [જ.ગા.]

પેથા : આ નામે ૭ કડીની 'મુનિસુવ્રતસ્વામી-વિનતિ' મળે છે તેના કર્તા ક્યા પેથા નામના કવિ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

પોચો : જુઓ પાંચો.

પોઠો/પોડો [ઈ. ૧૭૧૭ સુધીમાં] : જ્ઞાતિએ બારોટ કવિ. તેમની મહાભારતના 'અશ્વમેધપર્વ' પરથી રચાયેલી ૮ કડવાંની 'સુધન્વાખ્યાન'(મુ.) તથા ૮ કડવાંની 'મોરધ્વજાખ્યાન' (લિ.ઈ.૧૭૧૭; મુ.) એ ૨ ભક્તિપ્રધાન આખ્યાનકૃતિઓ મળે છે. તેમણે 'મોરધ્વજ-આખ્યાન'માં કેટલાક સંસ્કૃત શ્લોક ઉદ્ધૃત કર્યા છે. વળી કાવ્યને અંતે પણ તેમણે સંસ્કૃત શ્લોક ગૂંથ્યો છે. આ ઉપરથી તેઓ સંસ્કૃતજ્ઞ હોવાનું અનુમાન થયું છે.

કૃતિ : બૃકાદોહન : ૬, ૮.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

પ્યારેરામ [ ] : ૭ કડીની સાતવારની ગરબી(મુ.)ના કર્તા.

કૃતિ : ભસાસિંધુ. [કી.જો.]

પ્રકાશસિંહ [ઈ. ૧૮૧૯માં હયાત] : લોંકાગચ્છના શ્રાવકકવિ. ૧૩ કડીના 'બારવ્રતના છપ્પા/સઝાય' (૨.ઈ.૧૮૧૯/સં. ૧૮૭૫, અસાડ સુદ ૮; મુ.)ના કર્તા.

કૃતિ : વિવિધ પુષ્પવાટિકા, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ઈ.૧૯૮૨.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

પ્રગત [ ] : 'જ્વાલામુખીનો ગરબો'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

પ્રજારામ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રજ્ઞાતિલક(સૂરિ) શિષ્ય [ઈ. ૧૩૦૬માં હયાત] : જૈન સાધુ. ઉદયસિંહસૂરિના જીવનવૃત્તાંત અને પ્રજ્ઞાતિલકસૂરિની પ્રશંસાને વિષય કરતા તથા આબૂ પાસે આવેલા 'કછૂ' નામના ગામના નામ પરથી જેનું નામ 'કચ્છુલી-રાસ' (ર.ઈ.૧૩૦૬; મુ.) પડ્યું છે તે કૃતિના કર્તા.

કૃતિ : ૧. પસમુચ્ચય; ૨. પ્રાગૂકાસંગ્રહ.

સંદર્ભ : ૧. આકવિઓ; ☐ ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે.૧૯૬૫–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ર. કાપડિયા. [કી.જો.]

પ્રતાપ–૧ [ ] : જૈન. મોહનવિજયના શિષ્ય. ૬ કડીના 'સેરીસા પાર્શ્વનાથ જિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈસંગ્રહ [ક્રા.ત્રિ.]

પ્રતાપ–૨ [ ] : જૈન. રામવિજયના શિષ્ય. ૧૨ કડીની 'રહનેમી-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : સઝાયમાલા, પ્ર. લલ્લુભાઈ ક્રમચંદનું છાપખાનું, સં. ૧૯૨૧. [ક્રા.ત્રિ.]

પ્રતાપચંદ્ર [ ] : ૧૩ કડીના 'ચંદ્રપ્રભજીના સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [ક્રા.ત્રિ.]

પ્રતાપવિજય(ગણિ) [ઈ. ૧૮૨૫ સુધીમાં] : જૈન સાધુ. 'સૂક્તાવલી ઉપદેશરસાલ-બાલાવબોધ'(લે.ઈ.૧૮૨૫)ના કર્તા.

સંદર્ભ : મૃપુગૂહસૂચી. [કી.જો.]

પ્રતાપસિંહ [ ] : 'ચંદકુંવરીની વાર્તા'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [ક્રા.ત્રિ.]

પ્રતિકુશલ [ઈ. ૧૬૨૫માં હયાત] : જૈન. 'ચંદ્રલેખા-ચોપાઈ' (ર. ઈ.૧૬૨૫)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [ક્રા.ત્રિ.]

પ્રથમદાસ [ ] : કૃષ્ણગોપીની રસિક ગરબીઓના કર્તા.

સંદર્ભ : ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો' છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

'પ્રબોધબત્રીશી/માંડણ બંધારાનાં ઉખાણાં' : પટ્પદી ચોપાઈવાળી ૨૦–૨૦ કડીની ૩૨ વીશીઓમાં સંકલિત માંડણની આ કૃતિ (મુ.) ગુજરાતીની પહેલી ઉખાણાગ્રથિત રચના છે. પહેલા ૪ કે ૫ ચરણમાં કથયિતવ્ય અને પાંચમા-છઠ્ઠા કે છઠ્ઠા ચરણમાં જનસમાજમાં પ્રચલિત કોઈ લોકોક્તિ કે ઉખાણાથી કથયિતવ્યને સમર્થન એ રીતે દરેક કડીની સંકલના થયેલી છે. ભક્તિ, માયા, કૃષ્ણ, હૃદય, રાજનીતિ, હાસ્ય વગેરે શીર્ષકો નીચે વર્ગીકૃત થયેલી આ વીશીઓમાં કવિનો આશય તો લોકોના દંભી ધર્માચાર તેમ જ તેમની બુદ્ધિજડતા પર કટાક્ષ કરી જ્ઞાનબોધ આપવાનો છે. જેમ કે, કવિ કહે છે કે ભૂત, પ્રેત, વૈતાલ કે પિશાચની ઉપાસના કરવાનો શું અર્થ? જે પોતે જ ભવાટવિમાં હજી અતૃપ્ત બની ફર્યા કરતાં હોય તે આપણું દુ:ખ કેવી રીતે દૂર કરી શકે? જે કુળદેવતાનું વજન અડધો તોલો હોય તે મણના વજનવાળા તિલકનો ભાર કેવી રીતે ઉપાડી શકે? 'ગુજરાત શેરી સાંકડી' 'પેટ ભરાયું તો પાટણ ભરાયું' 'નાગરીનાં ગોઠણપણાં' ઇત્યાદિ પ્રજાજીવનમાં પ્રચલિત વિચારોનું પ્રતિબિંબ પાડતાં ઉખાણાંનો આ કોશ તત્કાલીન ગુજરાતના તળપદા જીવનને જાણવા માટે પણ ઉપયોગી બની રહે છે. કટાક્ષમય વાણી, જ્ઞાનબોધ ને પટ્પદી ચોપાઈનો બંધ એ બાબતમાં આ કૃતિની અસર આખાના છપ્પાઓ પર જોઈ શકાય છે. [ર.શુ.]

'પ્રબોધ-બાવની' [ર.ઈ.૧૮૧૪/સં. ૧૮૭૦, ફાગણ વદ ૩] : ૫૨ કુંડળિયાની દયારામકૃત આ રચના (મ.) ઉખાણાગ્રથિત કૃતિઓની મધ્યકાલીન પરંપરાની છે. કવિએ દરેક કુંડળિયામાં આરંભે 'ઉખાણું' એટલે લોકોક્તિ મૂકી એને આધારે કશોક બોધ આપ્યો છે. જેમ કે, "તરસ્યો ખોદે કૂપ જડ, પ્રકટ પિયે નહીં ગંગ" એ કહેવતની મદદથી કવિ સમજાવે છે કે જડ, મૂર્ખ માણસ પરબ્રહ્મના પ્રગટ રૂપ સમા શ્રીવલ્લભવંશને શરણે ન જતાં કુપંથમાં પોતાનું મન સ્થાપે છે. "પારસમણિને વાટકે ભટજી માગે ભીખ", "મસાણ મોદકમાં ક્યાં ઈલાયચીનો સ્વાદ" "અજગર ભાસે અળશિયું, મરઘું ભાસે મોર" આદિ અનેક રસપ્રદ રૂઢોક્તિઓનો સચોટ વિનિયોગ કરી બતાવતી ને પ્રાસાદિક અભિવ્યક્તિથી મનોરમ બનતી આ કૃતિ રચાઈ તો છે "નિજ મન"ને કૃષ્ણકીર્તનરત રહેવાનો બોધ આપવા માટે, પરંતુ એમાં કૃષ્ણકીર્તનના ઉપદેશ નિમિત્તે કવિએ ઈશ્વરની શાશ્વતતા, સંસારની ક્ષણભંગુરતા, પ્રપંચી ભક્તો અને ઢોંગી ગુરુઓ, સત્સંગમહિમા આદિ વિષયોને પણ આવરી લીધા છે. [સુ.દ.]

પ્રભસેવક [ઈ. ૧૬૨૧માં હયાત] : મુખશોધનગચ્છના જૈન સાધુ. ૫૯ કડીની 'ભગવતી-સાધુવંદના' (ર.ઈ.૧૬૨૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

પ્રભાકરજી (બ્રહ્મર્ષિ) [ ] : કવિ કચ્છ મોથાળાના રહીશ હતા. તેમને નામે 'પતિવ્રતા સ્ત્રીઓ', 'બારાક્ષરી', 'બ્રહ્મર્ષિ-કચ્છી પદાવલી', 'બ્રહ્મર્ષિ ભજનામૃત', 'મોક્ષમંદિર', 'સ્વર્ગસોપાન' વગેરે કૃતિઓ નોંધાયેલી છે. તેમનું ૧ પદ(મુ.) મળે છે.

કૃતિ : કચ્છના સંતો, દુલેરાય કારાણી, ઈ. ૧૯૧૬ (+સં.). [કી.જો.]

પ્રભાચંદ્ર [ ] : દિગંબર જૈન સાધુ. ૬૦ કડીના 'બાહુબલિભરત-છંદ' (લે.ઈ. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પ્રભાશંકર : આ નામે ૪ પદની 'રાવણ મંદોદરી-સંવાદ'(મુ.), ૧૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીની માતાજીવિષયક ગરબી(મુ.), પરસ્ત્રીવિષયક ૧૪ છપ્પા (મુ.) તથા ૩ પદ(મુ.) મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક જ **પ્રભાશંકર** છે કે જુદા જુદા તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. પ્રાકાવિનોદ : ૧; ૨. ભજનસાગર : ૧; ૩. ભસા-સિંધુ; ૪. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯; ☐ ૫. વસંત, માઘ ૧૯૬૬–'ગુજરાતના અપ્રસિદ્ધ કવિઓ', છગનલાલ વિ. રાવળ.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓના અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

પ્રભાશંકર–૧ [ઈ. ૧૮૬૩ સુધીમાં] : જ્ઞાતિએ ખડાયતા બ્રાહ્મણ. વતન અમદાવાદ. 'જ્ઞાનવિષયક-પોળ'(લે.ઈ.૧૮૬૩), 'તુલસી-વિવાહ', 'પંદરતિથિ', 'બાર માસ', 'બ્રહ્મતત્ત્વ' તથા પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

પ્રભુચંદ્ર [ઈ. ૧૮૦૨માં હયાત] : જૈન સાધુ. 'જીવશિખામણ-રાસ' (૨.ઈ.૧૮૦૨)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કી.જો.]

પ્રભુદાસ [ ] : ગણપતિની સ્તુતિના પદના કર્તા.

સંદર્ભ : ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય ભાગ ત્રીજો', છગન-લાલ વિ. રાવળ. [કી.જો.]

પ્રભુરામ–૧ [ઈ. ૧૭૭૮માં હયાત] : બ્રાહ્મણકવિ. સહેરાગામના વતની. તેમની ૨૫ કડીની 'રામવિવાહના શ્લોકા'(મુ.) અને ૭૦ કડીની 'કળિયુગનો છંદ' (૨.ઈ.૧૭૭૮; મુ.) કૃતિઓ મળે છે.

કૃતિ : ૧. દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વ-નાથ ગો. દ્વિવેદી; ૨. પ્રાકાવિનોદ : ૧.

સંદર્ભ : ૧. શોધ અને સ્વાધ્યાય, હરિવલ્લભ ભાયાણી, ૧૯૬૫; ☐ ૨. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐ ૩. ગૂહાયાદી. [કી.જો.]

પ્રભુરામ–૨ [સં. ૧૮મી સદી] : પુષ્ટિસંપ્રદાયના ભક્તકવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

'પ્રભુશશી' : જુઓ શ્રાવક દેવચંદ્ર (ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ).

પ્રમોદચંદ્ર : આ નામે 'અષ્ટબોલગર્ભિત જિનસ્તવન-ચોવીસી' (લે. સં. ૧૮મી સદી) મળે છે. તેના કર્તા કયા પ્રમોદચંદ્ર છે તે નિશ્ચિત-પણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પ્રમોદચંદ્ર–૧ [ ] : જૈન સાધુ. સુખચંદગણિના શિષ્ય. ૩૨૦ ગ્રંથાગ્રની 'કલાવતી-રાસ'ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઆઈ : ૨. [કી.જો.]

પ્રમોદમાણિક્યશિષ્ય[ ] : જૈન. વેતાલપચીસી-ચોપાઈ' (લે. ઈ. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પ્રમોદશીલશિષ્ય [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ૩૭ કડીનું 'શ્રી સીમંધરજિન-સ્તોત્રવિચારસંયુક્ત' (૨. ઈ. ૧૫૫૭/સં.૧૬૧૩, ફાગણ સુદ ૧૦,) ૨૬ કડીનું 'શ્રી વીસ-વિહરમાન બોલ ૫ સંયુક્ત ૧૭૦ જિનનામ-સ્તવન' (૨.ઈ.૧૫૫૭/ સં. ૧૬૧૩, ફાગણ સુદ ૧૦), ૮ કડીની 'ખંધકસૂરિ-સઝાય' (૨.ઈ. ૧૫૭૩) અને ૨૫ કડીની ઉપશમને વિષય કરતી 'વીરસેન-સઝાય' (૨.ઈ.૧૫૭૩)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

પ્રમોદસાગર : આ નામે ૧ ચોવીસી(મુ.) મળે છે. આ પ્રમોદ-સાગર–૧ છે કે અન્ય તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. ચોસંગ્રહ; ૩. જિસ્તકાસંદોહ : ૧; ૪. જૈગૂસારત્નો : ૧. [ચ.શે.]

પ્રમોદસાગર–૧ [ ] : જૈન સાધુ. લક્ષ્મી-સાગરના શિષ્ય. ૧૩ કડીના 'પર્યુષણનું ચૈત્યવંદન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૨; ૨. દંડકાદિ જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ ઈ. ૧૯૨૦. [ચ.શે.]

પ્રયાગદાસ [ ] : પિતાનું નામ ગંગદાસ. ઉદેપુરના વતની. ૩૨ કડીની 'કપડાકુતૂહલ'(મુ.)ના કર્તા.

કૃતિ : વર્ણકસમુચ્ચય : ૧, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૫૬ (+સં.). [કી.જો.]

'પ્રશ્નોત્તરમાલિકા' : ધીરાકૃત કાફી પ્રકારનાં ૨૧૭ પદની માળા(મુ.). શિષ્યગુરુ વચ્ચેના પ્રશ્નોત્તર રૂપે રચાયેલી આ કૃતિમાં જપમાળાના ૧૦૮ મણકાની જેમ ૧૦૮ પ્રશ્ન-પદો છે ને ૧૦૮ ઉત્તર-પદો છે. દરેક પ્રશ્નને આખું પદ આપવામાં આવ્યું છે તેથી પ્રશ્ન સ્ફુટ રૂપે મુકાય છે, વ્યવહારના અનુભવના સંદર્ભમાં શંકા ઉઠાવાય છે ને એમાં શિષ્યના સંશયગ્રસ્ત મન ને જિજ્ઞાસુવૃત્તિને વ્યક્ત થવાનો અવકાશ મળે છે. ઉત્તર પણ ૧ નાનકડા પદમાં સમા-વવાનો હોઈ સ્વાભાવિક રીતે જ નાના નાના પ્રશ્નોનો આશ્રય લેવાય છે–બ્રહ્મને કોણ પામી શકે? શાસ્ત્ર અને ગુરુની શી આવશ્યકતા છે? વાસના વિના વ્યવહાર કેમ સંભવે? સ્વર્ગસુખ તે શું? નરક શું? સ્વતંત્રતા શું? પરતંત્રતા શું? દાન કોને કહેવાય?–વગેરે. ઉત્તરો કશી તર્કજાળ વિના સીધા પ્રતિપાદન રૂપે અપાયેલા છે ને દૃષ્ટાંતના વિનિયોગથી એમાં લોકભોગ્યતા આવી છે. તે ઉપરાંત ગુરુએ શિષ્યને આત્મીયભાવે કરેલા ઉદ્‌ગારોને પણ એમાં સ્થાન મળ્યું છે. આ રીતે આ પ્રશ્નોત્તરીની શૈલીમાં પ્રવાહિતા, વિશદતા અને જીવંતતાના ગુણો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'પ્રશ્નોત્તરમાલિકા'માં ધીરાભગતની વૈચારિક ભૂમિકા અદ્વૈત-વેદાંતની છે, જો કે, એનું ક્રમબદ્ધ શાસ્ત્રીય નિરૂપણ કરવાનો એમાં આશય નથી. આરંભમાં મોક્ષોપાસના માટે જ્ઞાન અને કર્મ બન્નેની આવશ્યકતા એ દર્શાવે છે – એમાં ગીતાનો પ્રભાવ હોઈ શકે – પણ પછીથી જ્ઞાન એટલે કે આત્મજ્ઞાનનું પ્રતિપાદન સાતત્યથી થયેલું દેખાય છે. યોગ, સાંખ્ય, મીમાંસાના માર્ગો ને દાનસ્નાનાદિ કર્મોને એ મોક્ષોપાસનામાં અનાવશ્યક લેખે છે તેમ જ ધન કોને કહેવું, તો જ્ઞાન–એવા ઉત્તરો આપે છે. સ્વર્ગસુખ, નરક, સ્વતંત્રતા, પરતંત્રતા, ભૂષણ, લજ્જા, સુખ, દુ:ખ, વગેરેની અહીં થયેલી લાક્ષણિક વ્યાખ્યાઓમાં પણ કવિનો જ્ઞાનલક્ષી દૃષ્ટિકોણ દેખાઈ આવે છે. કવિએ કરેલી કેટલીક વ્યાખ્યાઓ વિલક્ષણ છે. જેમ કે, પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો, તેનું નામ દાન. વર્ણાશ્રમધર્મ વિશેનું ધીરાભગતનું દૃષ્ટિબિંદુ નોંધપાત્ર છે. વર્ણાશ્રમધર્મનું પાલન કરવું તે કર્તવ્ય કે આત્મામાં વિશ્વાસ કરવો તે કર્તવ્ય, એવા પ્રશ્નના ઉત્તરમાં એ વર્ણાશ્રમધર્મની નિરર્થકતા બતાવે છે, ને આત્મામાં વિશ્રાન્તિને જ કર્તવ્ય ગણાવે છે.

શાસ્ત્રીય વાદાવાદના રૂપમાં નહીં તો પણ સારદોહનની રીતે અહીં વેદાન્તવિચારના ઘણા મુદ્દાઓ–બ્રહ્મનું એકત્વ, એની નિરુપાધિકતા, જગતનું મિથ્યાત્વ, દ્વૈત, માયાનું સ્વરૂપ, લિંગદેહ–કારણદેહ વગેરે સ્પર્શાયા છે ને જ્ઞાનમય જીવનની સાધના વ્યવહારમાં કેમ ચરિતાર્થ થાય તેનો માર્ગ બતાવાયો છે. [ર.દ.]

પ્રસમચંદ્ર(સૂરિ) [ઈ. ૧૩૬૬ આસપાસ] : કૃષ્ણર્ષિગચ્છના જયસિંહસૂરિના શિષ્ય. રાજસ્થાનમાં અલ્વર પાસે આવેલા રાવણિ ગામના પાર્શ્વનાથના મંદિરની પ્રશસ્તિ રૂપે રચાયેલ, ૩ ભાસની ૧૬ કડીના 'રાવણિપાર્શ્વનાથ-ફાગુ'(ર.ઈ.૧૩૬૬ આસપાસ; મુ.)ના કર્તા. કવિએ કૃતિમાં વસંતવર્ણનની સાથે પૂજાવિધિ પણ વણી લીધી છે.

કૃતિ : પ્રાફાગુસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. ઉત્તર-અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૨. ગુસાઈતિહાસ : ૧; ☐ ૩. બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૮૦–'પ્રસન્નચંદ્રસૂરિકૃત રાવણિપાર્શ્વનાથ-ફાગુ', રમણલાલ ચી. શાહ. [શ્રા.ત્રિ.]

'પ્રહલાદ–આખ્યાન' [ર.ઈ.૧૭૬૧/સં. ૧૮૧૭, ચૈત્ર સુદ ૧૧] : વસાવડના કવિ કાળિદાસકૃત ૪૦ કડવાંનું આ આખ્યાન(મુ.) ઢાળ સાથે એકથી વધુ વાર વલણ, ઊથલો (આરંભમાં પણ), પૂર્વછાયો નામક અંશોને પ્રયોજતો વિલક્ષણ કડવાબંધ ધરાવે છે. કવિએ અહીં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનું વૃત્તાંત વીગતે આલેખવા ઉપરાંત એમના જન્માંતરો રૂપે જય-વિજયની અને શિશુપાલની તથા નૃસિંહાવતારની સાથે વરાહ અવતારની કથા વણી લીધી છે. કથાવસ્તુના આ વિસ્તાર ઉપરાંત કવિની નિરૂપણશૈલી પણ વાક્‌છટાયુક્ત અને પ્રસ્તારી છે. પ્રારંભે મુકાયેલી ગણેશ અને સરસ્વતીની બે કડવાં ભરીને થયેલી સ્તુતિ આનું એક લાક્ષણિક દૃષ્ટાંત છે. હિરણ્યાક્ષની 'દર્પોક્તિ ગર્વિષ્ઠ હિરણ્યકશિપ અને શ્રદ્ધાન્વિત પ્રહ્લાદ વચ્ચેનો સંવાદ, દેવો અને ભક્તોની ઈશ્વરપ્રાર્થનાઓ અને યુદ્ધના તાદૃશ આલેખન જેવા રસપ્રદ અંશો ધરાવતી આ કૃતિનાં કેટલાંક પદ્યો એની સુગેયતાને કારણે લોકપ્રચલિત બનેલાં છે. ઢાળોમાં પ્રયોજાયેલી વિવિધ ધ્રુવાઓ અને નિર્દેશાયેલા વિવિધ રાગો આખ્યાનની સુગેયતાના પ્રમાણરૂપ છે. [ર.સો.]

પ્રાગ/પ્રાગજી/પ્રાગદત્ત/પ્રાગદાસ/પ્રાણરાજ/પ્રાગો : આ નામે જ્ઞાન-વૈરાગ્યની, કૃષ્ણભક્તિની અને માતાના ગરબા રૂપે કૃતિઓ મળે છે. જ્ઞાનના ૧ કક્કામાં કવિ પોતાને આત્માનંદના શિષ્ય તરીકે ઓળખાવે છે. આ આત્માનંદ કોઈ રામાનંદી સાધુ હોવાનું અને કવિ રામાનંદી સાધુઓથી પ્રભાવિત હોવાનું અનુમાન 'કવિચરિત'માં થયું છે. 'દિનમણિ' નામની હિંદી કૃતિની ર.ઈ.૧૭૮૨ છે એને આધારે કવિ ઈ. ૧૮મી સદીમાં થઈ ગયાનું કહી શકાય. 'જ્ઞાનના દ્વાદશ-માસ/મહિના', ૩૩ અને ૩૪ કડીના ૨ કક્કા, 'ચિંતામણિ/ચિતવણી', કેટલાંક પદો(૨ મુ.) તથા હિન્દીમિશ્રા ગુજરાતીમાં મળતી 'રામરસાયણ' એ કૃતિઓના કર્તા પ્રીતમના પુરોગામી તરીકે ઓળખવાયેલા જ્ઞાનમાર્ગી કવિ પ્રાગ/પ્રાગદાસ છે.

પ્રાગ/પ્રાગજીને નામે 'તિથિ/પંદરતિથિ'(મુ.) તથા કૃષ્ણભક્તિનાં પદો મળે છે, તેમ જ ૨૯/૩૪ કડીનો 'ચોસઠ જોગણીનો ગરબો' (મુ.) પ્રાગદત્ત/પ્રાગરાજ/પ્રાગદાસને નામે મળે છે. 'ગૂહાયાદી' અને 'કવિચરિત' આ બધી કૃતિઓના કર્તા એક જ હોવાનું માને છે, પરંતુ એ શંકાસ્પદ જણાય છે. 'તિથિ/પંદર-તિથિ' તથા કૃષ્ણ ભક્તિનાં પદો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ પ્રાગજીનાં હોવાની સંભાવના છે, અને 'ચોસઠ જોગણીનો ગરબો' તથા બીજો માતાનો ૫ કડીનો ૧ ગરબો(મુ.)ના કર્તા કોઈ ત્રીજા પ્રાગદાસ હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ.૧૯૨૩; ૨. નકાસંગ્રહ; ૩. નવરાત્રિમાં ગાવાના ગરબાસંગ્રહ : ૧, પ્ર. અમરચંદ ભોવાન, ઈ.૧૮૭૬; ૪. પ્રાકાસુધા : ૧, ૫. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. પાંગુહસ્તલેખો; ☐ ૫. ગૂહાયાદી; ૬. રિકૅટલૉગબીજે; ૭. ફોહ નામાવલિ. [કી.જો.]

પ્રાગજી–૧ [ઈ. ૧૬૮૫માં હયાત] : જૈન સાધુ. ભીમના શિષ્ય. ૧૫ કડીની 'બાહુબલ-સઝાય' (ર.ઈ.૧૬૮૫/સં. ૧૭૪૧, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

પ્રાગજી–૨ [ઈ. ૧૬૪૪ પછી] : પુષ્ટિમાર્ગી વૈષ્ણવકવિ. આ કવિ ગોકુલેશપ્રભુના તિરોધાન (ઈ. ૧૬૪૪) પછી થયેલા છે.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

પ્રાગજી–૩ : જુઓ પ્રાગ.

પ્રાણજીવન [ઈ. ૧૭૭૯ સુધીમાં] : આ કવિએ 'ચર્ચરી' (લે.ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૭૯), 'મહારાજની તિથિઓ', 'શ્રીજીની શોભા' (લિ.ઈ.૧૭૭૮) તથા પદો (૨ મુ.)ની રચના કરી છે.

કૃતિ : ભસાસિંધુ.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

પ્રાણનાથ(સ્વામી) : જુઓ 'ઇન્દ્રાવતી'.

પ્રીત [ ] : ચંચલતાવિષયક ૬ કડીના ૧ 'કવિત્ત'(મ.)ના કર્તા.

કૃતિ : શનીશ્ચરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, મીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨. [ક્ષા.ત્રિ.]

પ્રીતમ–૧/પ્રીતમદાસ[જ. ઈ. ૧૭૧૮–અવ. ઈ. ૧૭૯૮/સં.૧૮૫૪, વૈશાખ વદ ૧૨, મંગળવાર] : જ્ઞાની ને ભક્ત કવિ. જન્મ સૌરાષ્ટ્રના ચૂડા (રાણપુર)માં. જ્ઞાતિએ બારોટ. પિતા પ્રતાપસિંહ. માતા જેકુંવરબાઈ. નાની ઉંમરે ગૃહત્યાગ કરી ચૂડાના રઘુનાથજીના મંદિરમાં ગુરુ ભાઈદાસજી પાસે રામાનન્દી સાધુ તરીકે એમણે દીક્ષા લીધી. ઈ. ૧૭૬૧માં ચરોતરના સંદેસર ગામે આવી નિવાસ કર્યો અને મૃત્યુપર્યંત ત્યાં જ રહ્યા. ભાઈદાસજી સિવાય એમના બીજા ગુરુઓ પણ હતા, જેમાં તેમને શાંકરભાષ્ય, ભાગવત જેવા ગ્રંથોનું જ્ઞાન આપનાર નડિયાદના 'જનગોવિંદ' કે ગોવિંદરામનું સ્થાન મહત્ત્વનું છે. પ્રીતમે ગુજરાત અને સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થળોએ અનેક મંદિરોની સ્થાપના કરી ત્યાં પોતાના શિષ્યોને મહંત બનાવ્યા હતા. તેઓ અંધ હતા એવી માન્યતા એમણે સ્થાપેલાં મંદિરોના શિષ્યસમુદાયમાં પ્રચલિત છે.

કવિને સંસ્કૃતનું જ્ઞાન હશે અને એમણે કેટલાક ધર્મગ્રંથોનો અભ્યાસ પણ કર્યો હશે એમ એમણે કરેલા અનુવાદો પરથી લાગે છે. જો કે, એમની કવિતા સંતપરંપરામાંથી મળેલા જ્ઞાનથી વધારે પ્રભાવિત છે. તેઓ માયાના બંધનમાંથી મુક્ત થવાનો, સદ્‌ગુરુનાં ચરણ સેવવાનો, સંતજનનો સત્સંગ કરવાનો અને એ દ્વારા સ્વને ઓળખી નિર્ગુણ બ્રહ્મને પામવાનો બોધ કરે છે, તો બીજી તરફ ભાગવત અને પ્રેમલક્ષણા ભક્તિની કવિતાનો પ્રભાવ ઝીલી વિપુલ પ્રમાણમાં કૃષ્ણભક્તિની કવિતા લખી ભક્તિનો મહિમા પણ કરે છે. એટલે એમની કવિતામાં જ્ઞાન અને ભક્તિ બન્નેનો મહિમા સમાંતરે થતો દેખાય છે.

ગુજરાતી અને સાધુશાઈ હિન્દીમાં રચાયેલી કવિની કવિતા અનેક સ્વરૂપોમાં વિસ્તરેલી છે. તેમાં સૌથી લાંબી ૨૦ વિશ્રામમાં રચાયેલી 'સરસ-ગીતા'←(ર.ઈ.૧૭૭૫/સં. ૧૮૩૧, અસાડ સુદ ૩, સોમવાર; મુ.) જાણીતા ઉદ્ધવ-ગોપી પ્રસંગને વિષય તરીકે લઈ રચાયેલી ભક્તિનો મહિમા કરતી ધ્યાનપાત્ર ભ્રમરગીતા છે. ૭ વિશ્રામની ગુરશિષ્યસંવાદ રૂપે રચાયેલી, કાયાકમળના રૂપકથી યોગ-માર્ગની પરિભાષામાં ઈશ્વરના સ્વરૂપને વર્ણવતી 'જ્ઞાન-ગીતા' (ર.ઈ.૧૭૮૫/સં.૧૮૪૧ અસાડ વદ ૨, રવિવાર; મુ.)માં દરેક મનુષ્યને સ્વ-રૂપને ઓળખવાનો બોધ છે. 'કક્કો-૧'(મુ.), 'કક્કો-૨' (ર.ઈ.૧૭૭૬/સં. ૧૮૩૨, ચૈત્ર સુદ ૭, સોમવાર; મુ.), ૧૧ મહિના-માંથી લોકપ્રિય બનેલા સોરઠ રાગના 'મહિના–૧' (ર.ઈ.૧૭૮૨ સં.૧૮૩૮, ચૈત્ર વદ ૭, ગુરુવાર; મુ.), ગરબી ઢાળની ચોસ-રમાં રચાયેલા 'મહિના-૩/જ્ઞાનમાસ' (ર.ઈ.૧૭૭૩/સં. ૧૮૨૯, શ્રાવણ સુદ ૭, રવિવાર; મુ.) તથા 'મહિના-૨'(મુ.) વૈરાગ્યબોધક છે, તો ૨ મહિના(મુ.) રાધા-વિરહનાં છે. ૬ તિથિઓમાંથી ૧ તિથિઓ વૈરાગ્યબોધની અને ૧ કૃષ્ણભક્તિની છે.

પરંતુ કવિની વિશેષ ધ્યાનાર્હ રચનાઓ એમનાં હિન્દી અને ગુજરાતીમાં રચાયેલાં સાખીઓ અને પદો છે કવિની ૭૩૨ સાખીઓ←માંથી(મુ.) 'ચેતવણી–૨'ની ૯૫ સાખીઓ ગુજરાતીમાં છે અને બાકીની સાધુશાઈ હિન્દીમાં છે. તેમાં કવિના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય ઇત્યાદિ વિશેના વિચારો સંકલિત રૂપે રજૂ થયા છે. અત્યારે મુદ્રિત રૂપે ઉપલબ્ધ ૧૧૧ જેટલાં પદ←(મુ.) થાળ, આરતી, ગરબી, ગરબો એમ વિવિધ સ્વરૂપે મળે છે. વૈરાગ્યબોધ અને કૃષ્ણ-ભક્તિવિષયક આ પદો અમાંનાં લોકગમ્ય દૃષ્ટાંતો-રૂપકો, વિવિધ રાગઢાળ, ચોટદાર ધ્રુવપંક્તિઓથી લોકપ્રિય બન્યાં છે.

કવિની ૧૯ કડીની 'પ્રેમપ્રકાશ સુડતાળો કાળ' (ર.ઈ.૧૭૯૧/ સં.૧૮૪૭, ભાદરવા—૧૪, બુધવાર;મુ) તત્કાલીન દુષ્કાળની ઘટનાને વિષય તરીકે લઈ રચાયેલી હોવાને લીધે ઉલ્લેખપાત્ર બનતી ભક્તિમૂલક રચના છે. ૧૧ 'ચેતવણીઓ/'ચિંતામણી'(મુ.), ૬૩ કડીની 'બ્રહ્મલીલા' (ર.ઈ.૧૭૯૧/સં. ૧૮૪૭, ચૈત્ર સુદ ૯, સોમવાર; મુ.), ૪૫ કડીની 'જ્ઞાન-પ્રકાશ' (ર.ઈ.૧૭૯૦/સં. ૧૮૪૬, શ્રાવણ સુદ ૯, સોમવાર; મુ.), ૯ કડીની 'સપ્તશ્લોકી-ગીતા' (મુ.), ૧૫૫ કડીની કળિયુગની લીલાને વર્ણવતી 'વિનય-સ્તુતિ'(મુ.), ૬૮ કડીની 'વિનયદીનતા' (ર.ઈ.૧૭૯૨/સં. ૧૮૪૮, અસાડ સુદ ૧; મુ.), ૧૬ કડીનું 'શ્રીકૃષ્ણાષ્ટક'(મુ.), 'બોડાણો/રણછોડરાયજીના શ્લોકો'ના ૪ ગરબા(મુ.), ૨ 'ગુરુમહિમા'(મુ.), ૨ 'વાર'(મુ.), 'રસ-વિલાસ' ઇત્યાદિ કવિની ગુજરાતી અને હિન્દીમાં રચાયેલી, જ્ઞાન-વૈરાગ્ય અને ભકિતની અન્ય રચનાઓ છે.

ભગવદ્‌ગીતાના ૧૮ અધ્યાયનો દુહામાં કવિએ કરેલો પ્રાસા-દિક અનુવાદ 'ભગવદ્‌ગીતા/પ્રીતમ-ગીતા (ર.ઈ.૧૭૯૬/ સં. ૧૮૫૨, ભાદરવા વદ ૩, સોમવાર; મુ.), તથા ભાગવતના એકાદશસ્કંધનો દુહા-ચોપાઈમાં કરેલો ભાવાનુવાદ (ર.ઈ.૧૭૮૯/સં. ૧૮૪૫, પોષ સુદ ૧૫; મુ.)—એ એમના અનુવાદગ્રંથો છે. એમને નામે ચડેલો 'અધ્યાત્મ રામાયણ'(મુ.) ગ્રંથ વાસ્તવમાં કવિ રાઘવદાસ–૧નો છે.

કૃતિ : ૧. અધ્યાત્મ રામાયણ, સં. હરગોવિંદદાસ કાંટાવાળા, સં. ૧૯૮૯; ૨. પ્રીતમકાવ્ય-૧, સં. નારણભાઈ શંકરભાઈ, ઈ. ૧૯૦૭; ૩. પ્રીતમદાસની વાણી, સં. ભિક્ષુ અખંડાનંદ, ઈ. ૧૯૨૫ (+સં.); ૪. પ્રીતમદાસની વાણી તથા કાવ્ય, મનસુખલાલ ર. ભટ્ટ, ઈ. ૧૯૨૪; ☐ ૫. બુકાદોહન : ૧, ૨, ૩, ૪; ☐ ૬. વિદ્યાપીઠ, નવે- ડિસે. ૧૯૬૯થી જાન્યુ.–ફેબ્રુ. ૧૯૭૨–'પ્રીતમકૃત શ્રીમદ્ ભાગવતનો એકાદશસ્કંધ' અશ્વિનભાઈ ડી. પટેલ.

સંદર્ભ : ૧. પ્રીતમ એક અધ્યયન, અશ્વિનભાઈ ડી. પટેલ, ઈ. ૧૯૭૯; ☐ ૨. કવિચરિત:૩; ૩. ગુસાઈતિહાસ: ૨; ૪. ગુસા મધ્ય; ૫. સસામાળા; ☐ ૬. ગૂહાયાદી; ૭. ડિક્ટેલોંગબીજે. [ર.શુ.]

પ્રીતમ–૨ [ ] : જૈન સાધુ. ૧૫ કડીની 'ઉપદેશીઅભિમાનીની સઝાય'ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પ્રીતિવર્ધન : [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૩૪ કડીના 'મહાવીર-સ્તવન' (ર.ઈ.૧૭૧૨) અને ૨૬ કડીના 'પાર્શ્વ-સ્તવન' (ર.ઈ.૧૭૧૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

પ્રીતિવિજય : આ નામે ૫ કડીની 'પોસહ-સામાયિક બત્રીશદોષ-સઝાય' (લે. સં. ૧૭મી સદી અનુ.), ૧૩ કડીની 'મુખવસ્ત્રિકાપ-ડિલેહણવિચાર' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૭ કડીની 'વિજય દેવસૂરિ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૧૫ કડીનું 'શ્રેયાંસ-જિન-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.), 'પંજુસણ-નમસ્કાર' (લે. સં. ૨૦મી સદી અનુ.), ૪ કડીની 'નેમનાથજીની સ્તુતિ'(મુ.) મળે છે. આ પૈકી 'વિજયદેવસૂરિ–સઝાય' પ્રીતિવિજય–૧ની રચના હોવાનો સંભવ છે.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

પ્રીતિવિજય–૧ [ઈ. ૧૬૧૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં કલ્યાણવિજયના શિષ્ય. ૩૪ કડીની '(મટેવા) પાર્શ્વનાથ-સ્તવન' (ર.ઈ.૧૬૧૧) કૃતિના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

પ્રીતિવિજય–૨ [ઈ. ૧૬૧૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં આનંદવિજયના શિષ્ય. ૪૬૧ કડીનો 'બારવ્રત-રાસ' (ર.ઈ.૧૬૧૬/સં. ૧૬૭૨, માગશર સુદ ૧૩, ગુરુ-વાર), ૬/૭ કડીની 'આત્મશિક્ષા-સઝાય /આત્મ શિખામણ-સઝાય', ૭ કડીની 'ક્રોધની સઝાય', ૫ કડીની 'સંવેગ-સઝાય' એ કૃતિ-ઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

પ્રીતિવિજય(ગણિ)–૩ [ઈ. ૧૬૨૫ સુધીમાં]: પંડિત દર્શનવિજયના શિષ્ય. 'એકસોચોવીસ અતિચાર વાર્તિક' (લે.ઈ.૧૬૨૫)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

પ્રીતિવિજય–૪ [ઈ. ૧૬૭૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હર્ષવિજયના શિષ્ય. વસ્તુછંદમાં લખાયેલી ૨૫ કડીની 'ચોવીસ-જિન-નમસ્કાર' (ર.ઈ.૧૬૭૧), 'જ્ઞાતાસૂત્ર ૧૯ અધ્યયન', ૧૨ કડીની 'યશોદાવિલાપ-સઝાય'(મુ.) તથા ૧૫ કડીનું 'મહાવીર-સ્તવન' (મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૨; ☐ ૨. જૈનયુગ, ચૈત્ર ૧૯૮૨-'મહાવીર-સ્તવન', મુનિજ્ઞાનવિજય.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ર.ર.દ.]

પ્રીતિવિમલ [ઈ. ૧૫૯૩–ઈ. ૧૬૧૦ દરમ્યાન હયાત] : તપગચ્છના જૈન સાધુ. આનંદવિમલસૂરિની પરંપરામાં જયવિમલના શિષ્ય. તેમણે નીચે મુજબની કૃતિઓ રચેલ છે : 'મૃગાંકકુમાર પદ્માવતી-ચોપાઈ/રાસ' (ર.ઈ.૧૫૯૩), 'ચંપકશ્રેષ્ઠિની કથા' (ર.ઈ.૧૫૯૫), ૯૧૪ કડીનો 'અષ્ટપ્રકારી પૂજાબંધ/રાસ' (ર.ઈ.૧૬૦૦; મુ.), 'દાન શીલતપભાવના-રાસ'(ર.ઈ.૧૬૦૨), ૩૩૩ કડીનો 'વીરસેન-રાસ', ૭૨ કડીનું 'કર્મવિપાક કર્મગ્રંથવિચાર ગર્ભિત-સ્તવન' (ર.ઈ.૧૬૧૦), ૧૮ કડીની 'ઈરિયાવહી– સઝાય/ઈર્યાપથિકા-આલોયણ-સઝાય'(મુ.), ૫૬ કડીનું 'એક્સોવીસ કલ્યાણક-ગર્ભિતજિન-સ્તવન'(મુ.), કળિ-યુગનાં લક્ષણોનું નિરૂપણ કરતી ૧૨ કડીની 'કલિયુગની સઝાય' (મુ.), ૫ ઢાળ ને ૫૪/૫૭ કડીનું 'ગોડીપાર્શ્વનાથબૃહદ્-સ્તવન/ પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન/વૃદ્ધ-સ્તવન'(મુ.), ૬ કડીનો 'નવ-કારમંત્રનો છંદ'(મુ.), ૭ કડીની 'પચખ્ખાણની સઝાય'(મુ.), ૧૩ કડીનું 'પૂજાવિધિઆશ્રયી શ્રીસુવિધિનાથજિન-સ્તવન'(મુ.), ૫ કડીની 'મેઘકુમાર-સઝાય'(મુ.), ૭ કડીની 'શિખામણની સઝાય'(મુ.) તથા ૧૬ કડીની 'સાત વ્યસન-સઝાય' અને અન્ય સઝાયો. આ પૈકી 'ગોડીપાર્શ્વનાથબૃહદ્-સ્તવન' 'જૈહાપ્રોસ્ટા'માં ભૂલથી 'વિમલપ્રભને નામે નોંધાયેલ મળે છે.

કૃતિ : ૧. ક્સસ્તવન; ૨. જિનપ્રકાશ; ૩. જૈસમાલા(શા) : ૧; ૪. જૈસસંગ્રહ(ન.); ૫. પ્રાછંદસંગ્રહ; ૬. પ્રાસપસંગ્રહ : ૧; ૭. પ્રાસ્તરત્નસંગ્રહ : ૨; ૮. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. ડિકેટલૉગભીંજે; ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

પ્રીતિસાગર [ઈ. ૧૬૯૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. નય સુંદરની પરંપરામાં પ્રીતિલાભના શિષ્ય. 'ઋષિદત્તા-ચોપાઈ' (ર.ઈ. ૧૬૯૬/સં. ૧૭૫૨, જેઠ સુદ ૨, રવિવાર) અને ૫ કડીના 'નમ-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. મુપુગૂહસૂચી [કી.જો.]

પૃથ્વીચંદ્ર [ઈ. ૧૩૭૦માં હયાત] : રુદ્ર પલ્લિયગચ્છના જૈન સાધુ. અભયસૂરિના શિષ્ય. અપભ્રંશની અસરવાળા ૧૮ કડીના 'માતૃકા-પ્રથમાક્ષર-દોહક' (ર.ઈ.૧૩૭૦ આસપાસ)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

'પૃથ્વીચંદ્રચરિત્ર/વાગ્વિલાસ [ર.ઈ.૧૪૨૨/ સં. ૧૪૭૮, શ્રાવણ સુદ ૫, રવિવાર] : ગુજરાતી તથા સંસ્કૃતના વિદ્વાન કવિ અંચલ ગચ્છીય જૈન સાધુ માણિક્યસુંદરની ૫ ઉલ્લાસમાં વિભાજિત પ્રાસબદ્ધ ગદ્યમાં રચાયેલી આ કૃતિ(મુ.)માં પુણ્યનો મહિમા બતાવવો એ કવિનું મુખ્ય પ્રયોજન છે. એટલે મૂળ કથાસરિત્સાગર અને તેના પરથી ઊતરી આવેલી પૃથ્વીરાજની સંસ્કૃત-પ્રાકૃત કથાઓ પર આધારિત આ કથામાં દક્ષિણના મરહઠપ્રદેશના પઈઠાણ-પુરના રાજા પૃથ્વીચંદ્રના અયોધ્યાની રાજકુંવરી રત્નમંજરી સાથેના લગ્નની કથા મુખ્ય વસ્તુ હોવા છતાં એમાં શૃંગારરસ નહીં જેવો છે. લગ્નપૂર્વે આવતાં વિઘ્નો, ચમત્કારિક રીતે થતું એ વિઘ્નોનું નિવારણ અને એ ચમત્કારોની પાછળ રહેલા રહસ્યનું કૃતિને અંતે થતું ઉદ્ઘાટન એ તત્ત્વોને લીધે નિષ્પન્ન થતો અદ્ભુતરસ કથાના કુતૂહલને ઠેઠ સુધી જાળવી રાખવામાં ઉપકારક બને છે તેમ જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કથાના ધાર્મિક ઉદ્દેશને પણ પોષક બને છે. નાયકનાયિકાના પૂર્વ-ભવની, વણિક શ્રીપતિની અને ધર્મનાથ તીર્થંકરની અવાંતર કથાઓ પણ ધર્મોદ્દેશથી મુકાઈ છે.

કંઈક શિથિલ સંકલનાવાળી આ કૃતિ કથન કરતાં વર્ણન અને ભાષાની દૃષ્ટિએ વિશિષ્ટ છે. ટૂંકાં વાક્યોવાળા, પ્રાસબદ્ધ, અલંકારપ્રચુર, તત્સમ શબ્દોના ઉપયોગવાળા ને શબ્દક્રમ ઉલટાવી નિષ્પન્ન થયેલા મુક્ત લયવાળા પદ્યગંધી ગદ્યમાં પૃથ્વીચંદ્રની રાજસભા, અયોધ્યાનગરી, અટવી, યુદ્ધ ઇત્યાદિનાં જે ચિત્રાત્મક, વેગીલાં ને કાવ્યમય વર્ણનો મળે છે તે કવિની ગુજરાતીમાં 'કાદમ્બરી' રચવાની મહેચ્છા કેટલેક અંશે સફળ થતી બતાવે છે, અને કૃતિની 'વાગ્વિલાસ' સંજ્ઞાને સાર્થ ઠેરવે છે. વર્ણકોની અસરમાંથી આવેલાં ક્યારેક ચાતુર્યપ્રદર્શનનાં દ્યોતક માહિતીવર્ણનો અને શબ્દાળુતા કૃતિના કૃત્રિમ ગદ્યઅંશો છે. [ર.ર.દ.]

પ્રેમ(મુનિ) : આ નામે ૧૧ કડીની 'દેવકીના છ પુત્રોની સઝાય' (મુ.) અને ૫ કડીની 'મેઘકુમારની સઝાય' (મુ.) તથા 'અધિકમાસ મહાત્મ્ય' (લે. ઈ. ૧૮૨૪) મળે છે. એમના કર્તા ક્યા પ્રેમ કે પ્રેમ(મુનિ) છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(ન); ૨. લોંપપ્રકરણ.

સંદર્ભ : ૧. આલિસ્ટાઑઈ : ૨; ૨. ગૂહાયાદી. [ર.ર.દ.]

પ્રેમ(મુનિ)–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. ૬૫ કડીનો 'દ્રૌપદી-રાસ'(ર.ઈ.૧૬૩૫/સં.૧૬૯૧, શ્રાવણ સુદ ૨, ગુરુવાર) તથા ૩૦૧ કડીનો 'મંગલકલશ-રાસ' (ર.ઈ.૧૬૩૬) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. લીંહસૂચી. [ર.ર.દ.]

પ્રેમ–૨/પ્રેમરાજ [ઈ. ૧૬૬૮ સુધીમાં] : જૈન સાધુ. ૧૮૨/૨૫૦ કડીની 'વૈદર્ભી-ચોપાઈ' (લે.ઈ.૧૬૬૮)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧,૨); ૨. મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

પ્રેમ(સાહેબ)–૩ [જ.ઈ.૧૭૯૨/સં. ૧૮૪૮, પોષ વદ ૨–અવ. ઈ.૧૮૬૩] : સૌરાષ્ટ્રમાં આવેલા કોટડા-સાંગાણી ગામના વતની. પિતા પદમાજી મિસ્ત્રી, માતા સુંદરબાઈ. જ્ઞાતિએ કડિયા. તેઓ જીવણસાહેબના શિષ્ય હતા અને જ્ઞાતિભેદમાં માનતા ન હતા. તેઓ બહોળો શિષ્યવર્ગ ધરાવતા હતા.

પ્રેમસાહેબે ભજન-પદ (૧૫ મુ.)ની રચના કરી છે. તેમનાં પદોમાં ક્યાંક હિંદીની છાંટ વર્તાય છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. ભાણલીલામૃત; સં. પ્રેમવંશ પુરુષોત્તમદાસ માધવસાહેબ, ઈ. ૧૯૬૫; ૩. યોગવેદાન્ત ભજન ભંડાર, સં. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.). [કી.જો.]

પ્રેમ–૪/પ્રેમશંભુ [ઈ. ૧૮૦૨માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. કેસવની પરંપરામાં નરસિંહના શિષ્ય. 'હરિચંદરાજા-ચોપાઈ' (ર.ઈ. ૧૮૦૨/સં. ૧૮૫૮, માગશર વદ ૯, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧, ૨). [ર.ર.દ.]

પ્રેમ(મુનિ)–૫ [: જૈન સાધુ. ચરણપ્રમોદના શિષ્ય. ૧૦ કડીની 'મધુબિંદુની-સઝાય' (લે.સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મપુગૂહસૂચી. [ર.ર.દ.]

પ્રેમચંદ(વાચક)–૧ [ઈ. ૧૭૨૩માં હયાત] : જૈન સાધુ. કનકચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય. ૩૪ કડીની 'આદિકુમાર-સ્તવન/આબુરાજ-સ્તવન'/આદિનાથશત્રુંજય-સ્તવન' (ર.ઈ.૧૭૨૩/સં. ૧૭૭૯, જેઠ સુદ ૨, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. જૈગૂકવિઓ : ૨ [ર.ર.દ.]

પ્રેમચંદ–૨ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. 'નેમિનાથ-વિવાહ' (ર.ઈ.૧૮૦૪) અને ૬ કડીના 'પાર્શ્વજિન-સ્તવન' (ર.ઈ. ૧૮૨૬/સં. ૧૮૮૨, ચૈત્ર સુદ ૧૫; મુ.)ના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો. [ર.ર.દ.]

પ્રેમચંદ–૩ [ ] : જૈન સાધુ. ગચ્છાધિપતિ વિજયદયાસૂરિના શિષ્ય. ૧૩ કડીના 'ધર્મનાથ-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા. આ કવિના ગુરુ વિજયદયાસૂરિ જો તપગચ્છના વિજયદયાસૂરિ (ઈ. ૧૭૨૮–ઈ. ૧૭૫૩) હોય તો આ પ્રેમચંદ તપગચ્છના ઠરે.

સંદર્ભ : ૧. પસમુચ્ચય : ૨; ☐ ૨. મુપુગૂહસૂચા. [ર.ર.દ.]

પ્રેમજી [| : જૈન. 'લીલાવતી-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. દેસુરાસમાળા. [ર.ર.દ.]

પ્રેમદાસ : આ નામે રામાયણના કથાવસ્તુ પર આધારિત ૫ પદ (મુ.); 'યજ્ઞ', 'માળા', 'ઉપવિત', 'ગાયત્રી' જેવાં શીર્ષકો હેઠળ રચાયેલાં જ્ઞાનવિષયક ૪ પદ(મુ.), અન્ય કેટલાંક પદો તથા હિન્દીમિશ્ર ગુજરાતીમાં કેટલાંક પદો નોંધાયેલાં મળે છે. આ બધાં પદોના કર્તા એક જ પ્રેમદાસ છે કે જુદાજુદા તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. આજ્ઞાભજન : ૧, ૨; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. ત્રિભુવનદાસ ક. ઠક્કર, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. ભજન રત્નાવલી, પ્ર. આત્મારામ જ. છતીઆવાલા, સં. ૧૯૮૧; ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.,કી.જો.]

પ્રેમદાસ–૧ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ મહારાજના શિષ્ય. નડિયાદના વતની. સંતરામ મહારાજનો મહિમા કરતાં કેટલાંક પદ(૧ મુ.)ના કર્તા. ક્યાંક કર્તાનામછાપ 'પ્રેમદા' પણ મળે છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, સં. ૨૦૩૩ (ચોથી આ.).

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. સાહિત્ય, નવેમ્બર ૧૯૨૫–'નડિયાદના સંતરામજી મહારાજનું શિષ્યમંડળ', છગનલાલ વિ. રાવળ. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'પ્રેમપચીસી' : દરેક પદના પ્રારંભમાં ૨ દુહા મૂકી તે દ્વારા પૂર્વાપર પદોને વિચારથી સંકલિત કરતી, વિશ્વનાથ જાનીની વિવિધ રાગના નિર્દેશવાળાં ૨૫ પદની આ પદમાળા(મુ.) જાણીતા ભાગવત–દશમસ્કન્ધના ઉદ્ધવસંદેશ પ્રસંગ પર આધારિત છે. જ્ઞાન કરતાં ભક્તિનો મહિમા બતાવતાં અન્ય ઉદ્ધવસંદેશનાં કાવ્યોમાં સામાન્ય રીતે ગોપીવિરહ મુખ્ય હોય છે. આ કાવ્યમાં કૃષ્ણ અને નંદ–જસોદાનો પરસ્પર માટેનો પ્રેમ કેન્દ્રસ્થાને છે. વ્રજભાષામાં રચાયેલું ઉદ્ધવનું જ્ઞાનબોધનું પદ અને એના પ્રત્યુત્તર રૂપે ગોપીઓએ કૃષ્ણને આપેલા ઉપાલંભ કૃતિનો કેટલોક ભાગ રોકે છે, પરંતુ કવિનું લક્ષ તો છે વત્સલભાવના નિરૂપણ તરફ. એટલે પ્રારંભમાં વસુદેવ, દેવકી અને કૃષ્ણના સંવાદ રૂપે મુકાયેલાં ૮ પદમાં આલેખાયેલી મથુરામાં રહેતા કૃષ્ણની ઉદાસીનતા, ગોકુળ આવેલા ઉદ્ધવ પાસે નંદજસોદાની કૃષ્ણદર્શનની આતુરતાની મર્મવેધક અભિવ્યક્તિ અને નંદના વિલાપ-સંબોધનથી આવતો કાવ્યનો અંત એને વત્સલભાવમાંથી જન્મતા કરુણનું હૃદયંગમ કાવ્ય બનાવે છે. [જ.ગા.]

'પ્રેમપરીક્ષા' : દયારામકૃત ૨૯ કડીનો આ ગરબો(મુ.) ગોપીની ઉદ્ધવ પ્રત્યેની ઉક્તિ રૂપે રચાયેલો છે. જ્ઞાનયોગનો બોધ કરવા ગયેલા ઉદ્ધવની પાસે જ્ઞાનયોગને સ્થાને કૃષ્ણ પ્રત્યેની પ્રીતિની જ ગોપી ઝંખના કરે છે અને તે પણ કૃષ્ણના પ્રત્યક્ષ રૂપની. પ્રગટ ઈશ્વરની પુષ્ટિમાર્ગીય માન્યતા વ્યક્ત કરતાં ગોપી કહે છે– "તમારા તો હરિ સઘળે રે, અમારા તો એક સ્થળે; તમો રીઓ ચાંદરણે રે, અમો રીઝું ચંદ્ર મળે." કૃતિમાં ગોપી આ ભક્તિ-પ્રેમનું વિલક્ષણ સ્વરૂપ અનેક દ્યોતક દૃષ્ટાંતોની મદદથી માર્મિક રીતે સ્ફુટ કરે છે. આ પ્રેમની વાત એ જેણે અનુભવ્યો હોય એ જ જાણે–પ્રસૂતાની પીડા વંધ્યા કેવી રીતે જાણે? એ બીજાને કહી પણ ન શકાય. પ્રેમીને જે દેખાય તે અન્યને ન દેખાય. પ્રીત કરવી પડતી નથી, એની મેળે જ બની આવે છે અને પછી છોડી છૂટતી નથી. સાચી પ્રીત અંતે પ્રાણ લે છે. પ્રેમીજનમાં લજ્જા, સુધબુધ, સામર્થ્ય ટકી શકતાં નથી–ભ્રમર વાંસને કોરી શકે છે, પણ કમળને ભેદી શકતો નથી. જેની સાથે મન મળ્યું છે તે સિવાય કશું પ્રેમીજનની નજરમાં ન આવે. આ નાનકડો ગરબો પ્રેમના ગૂઢ, ગહન સ્વરૂપની આ ઊંડી સમજ અને મનોરમ દૃષ્ટાંતકળાથી ધ્યાનપાત્ર બને છે. [જ.કો.]

'પ્રેમપ્રકાશ/સુડતાળોકાળ' [ર.ઈ.૧૭૯૧/સં. ૧૮૪૭,ભાદરવા ૧૪, બુધવાર] : સમકાલીન સમાજજીવનની ઘટનાને વિષય બનાવી રચાયેલી કૃતિઓ મધ્યકાલીન સાહિત્યમાંથી ગણતર નીકળે. એ દૃષ્ટિએ ઈ.સ. ૧૭૯૧માં પડેલા દુષ્કાળને વિષય બનાવી રચાઈ હોવાને લીધે ધ્યાનપાત્ર બનતી પ્રીતમની ૫૯ કડીની આ રચના (મુ.)માં પહેલી ૨ કડી દુહામાં અને બાકીની શિથિલ રીતે પ્રયોજાયેલા મોતીદામ છંદમાં છે. દુષ્કાળમાં વ્યાપેલા અનાચારથી તથા નિર્બળ ને સંતપુરુષને સહેવી પડતી વિપત્તિઓ જોઈ કવિનું વ્યાકુળ ભક્તહૃદય પ્રભુ પાસે ધા નાખે છે એ રીતે થયેલી રચના એને આખરે તો ભક્તિમૂલક જ બનાવે છે. અમાં થયેલુ વિશ્વના વિરાટ સ્વરૂપનું વર્ણન ધ્યાન ખેંચે એવું છે. [ર.શુ.]

'પ્રેમરસ–ગીતા' : રાગ રામગ્રીના નિર્દેશવાળી ૪ કડી અને ઢાળની ૫ કડી (છેલ્લે પ્રશસ્તિની ૫ કડીઓ વધારે) એવો ચોક્કસ પદબંધ ધરાવતાં ૨૧ પદની દયારામની આ કૃતિ(મુ.)માં ભાગવત દશમસ્કંધ આધારિત ઉદ્ધવસંદેશનો પ્રસંગ નિરૂપાયો છે. પ્રિયજનોના વિરહથી ઉદ્વિગ્ન બનેલા શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને વ્રજભૂમિમાં ખબરઅંતર પૂછવા ને જ્ઞાનયોગનો ઉપદેશ આપવા મોકલે છે ત્યારે ત્યાં ઉદ્ધવજીને નંદયશોદાની પુત્રમિલનોત્સુકતા ને પુત્ર-વિયોગનું દર્દ તથા ગોપાંગનાઓની વિરહસ્થિતિની પ્રતીતિ થાય છે તેના આલેખનથી આ કૃતિ વત્સલ, વિપ્રલંભ અને કરુણની આબોહવા જન્માવે છે. માતાપિતાને મુખે થયેલા કૃષ્ણના બાળ-ચરિત્રના આલેખનમાં, માતાના ઉરની આરસીમાં પોતાનું પ્રતિ-બિંબ જોઈ, એને અન્ય બાળક ધારી ઈર્ષ્યાભાવથી રિસાતા કૃષ્ણનું વિલક્ષણ ચિત્ર સાંપડે છે, તેમ ઉદ્ધવજીનો જ્ઞાનયોગનો ઉપદેશ સાંભળતાં કૃષ્ણનાં ઉપાલંભો આપતી ગોપાંગનાઓની ઉક્તિઓમાં તળપદી વાગ્‌ભંગીઓ ને દૃષ્ટાંતોની મર્મવેધકતા જોવા મળે છે. [સુ.દ.]

પ્રેમરાજ–૧ : જુઓ પ્રેમ–૨.

પ્રેમરાજ–૨ [ ] : જૈન સાધુ. ૧૩ કડીના 'નવ-કાર-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : નસ્વાધ્યાય : ૩. [ર.ર.દ.]

પ્રેમવિજય : આ નામે ૧૯ કડીનું 'શત્રુંજય સ્થાનસંખ્યા-સ્તવન' (લે.ઈ.૧૫૯૨), ૫ કડીની 'એકાદશ–ગણધર-સઝાય', ૨૪ કડીની 'ચોવીસજિન-નમસ્કાર', 'નરકસ્વરૂપવર્ણનગર્ભિતવીરજિન-સ્તવન', 'મહાવીરજિન-સ્તવન', 'રાજલસંદેશ-બાવની', ૪૪ કડીનું 'શત્રુંજય-સ્તવન' (લે.ઈ.૧૮૮૫), ૩૮/૩૯ કડીની 'સંસારસ્વરૂપ-સઝાય' તથા ૩૩ કડીની 'સીમંધર-બત્રીસી' નામની રચનાઓ મળે છે. તેમના કર્તા કયા પ્રેમવિજય છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨ ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

પ્રેમવિજય–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં વિમલહર્ષના શિષ્ય. તેમની કૃતિઓ આ પ્રમાણે છે : ૫૭ કડીની 'હીરપુણ્ય ખજાનો-સઝાય' (ર.ઈ.૧૫૯૬), ૮૪ કડીની 'નેમિનાથ હમચી' (ર. ઈ. ૧૫૯૭), ઝડઝમકયુક્ત ભાષામાં પાર્શ્વનાથનાં નામ તથા સ્થાન વર્ણવતી, ૪ ઢાળમાં વિભાજિત, ૩૧ કડીની 'ત્રણસોપાંસઠ પાર્શ્વ-જિનનામમાળા'(ર.ઈ.૧૫૯૯/સં. ૧૬૫૫, આસો સુદ ૧૦, ગરુવાર; મુ.), ૪૧ કડીની 'ઐતિહાસિક તીર્થમાલા' (ર.ઈ.૧૬૦૩/સં. ૧૬૫૯, વૈશાખ સુદ ૧૫, ગુરુવાર), આત્મહિત સાધના માટેનાં વિવિધ ધર્માચરણો વર્ણવતી, દુહાબદ્ધ ૧૮૫ કડીની 'આત્મહિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિક્ષા ભાવના' (૨.ઈ.૧૬૦૬/સં. ૧૬૬૨, પોષ વદ ૧, ગુરુવાર; મુ.), ૯૩ કડીનો 'વસ્તુપાલ–તેજપાલ-રાસ' (૨.ઈ.૧૬૨૦/સં. ૧૬૭૬ આસો સુદ ૧૦), 'પંચજિન/પંચતીર્થી-સ્તવન', ૧૭ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય', ૫ કડીની 'દાનતપશીલભાવના-સઝાય', ૨૩ કડીનું 'આદિનાથ વિનતિરૂપ શ્રીશત્રુંજ્ય-સ્તવન'(મુ.), ૧૦ કડીની 'ઉપાધ્યાય વિમલહર્ષભાસ'(મુ.), ૨૨ કડીનું 'ઘૃતપરિહાર-ગીત', ઐતિહાસિક 'ધનવિજય પંન્યાસ-રાસ ખંડ : ૧', ૨૩ કડીનું 'શત્રુંજ્યવૃદ્ધિ-સ્તવન' તથા સીતાસતીના શીલનું જૈનધર્મરંગી માહાત્મ્ય કરતી ૩૩ કડીની 'સીતાસતીની સઝાય'(મુ.).

કૃતિ : ૧. આત્મહિત શિક્ષાભાવના, પ્ર. બાબુ સુ. સરાણા, સં. ૧૯૭૪; ૨. જૈસસંગ્રહ; ૩. ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ, શાર્લોટ ક્રાઉઝે, ઈ. ૧૯૫૧; ૪. શત્રુંજ્ય તીર્થમાલારાસ અને ઉદ્ધારાદિકનો સંગ્રહ, પ્રકા. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૩; ૫. જૈન ધર્મપ્રકાશ, ડિસે. ૧૯૬૪–'ઉપાધ્યાય વિમલહર્ષભાસ', અગરચંદ નાહટા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો ૨. જૈસાઈતિહાસ; ૩ મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. મુપુગૂહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

પ્રેમવિજય–૨ [ઈ. ૧૬૫૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. દર્શનવિજયના શિષ્ય. ૮૩ કડીની 'વિજયદેવસૂરિનિર્વાણ-સઝાય' (૨.ઈ.૧૬૫૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

પ્રેમવિજય–૩ [ઈ. ૧૭૦૬માં હયાત] : જૈન સાધુ. ધર્મવિજયની પરંપરામાં શાંતિવિજયના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ.૧૭૦૬/સં. ૧૭૬૨, મહા સુદ ૨; કેટલાંક સ્તવનો મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

પ્રેમવિજય–૪ [ઇ. ૧૭૭૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય. સુરતના સગરામપુરા વિસ્તારના વાસુપૂજ્યસ્વામીના દેરાસરના પ્રતિષ્ઠામહોત્સવનું વર્ણન કરતી ૧૨ ઢાળ અને ૧૨૧ કડીની 'વાસુપૂજ્યજિન-સ્તવન/વાસુપૂજ્ય સ્વામીના દેરાસરનું વર્ણન' (૨.ઈ.૧૭૭૭; મુ.) નામની કૃતિના કર્તા.

કૃતિ : સૂર્યપુરરાસમાળા, પ્ર. મોતીચંદ મ. ચોકસી, ઈ. ૧૯૪૦.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

પ્રેમવિજય–૫ [ઈ. ૧૮૮૯ સુધીમાં] : જૈન સાધુ. લબ્ધિવિજયના શિષ્ય. વિવિધ રાગબદ્ધ ૬ ઢાળમાં વિભાજિત ઋષભદેવના મુખ્યત્વે છેલ્લા ભવની કથા નિરૂપતા, ભક્તિભાવવાળા,૫૬ કડીના 'ઋષભદેવ-તેર ભવવર્ણન-સ્તવન/ઋષભદેવ સ્વામીનું સ્તવન' (લે. ઈ. ૧૮૮૯; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૨; ૨. જિસ્તકાસંદોહ : ૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

પ્રેમવિજયશિષ્ય [ ] : કર્તા તપગચ્છના ધર્મ-વિજયની પરંપરાના જૈન સાધુ હોવાનો સંભવ છે. ૯ કડીના 'ઋષભજિન-સ્તવન' (લે.સં. ૧૯મી સદી અનુ.) અને ૪ કડીના 'ધર્મનાથ-સ્તવન' (લે.સં. ૧૯મી સદી અનુ.)ની રચના તેમણે કરી છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

પ્રેમશંભુ : જુઓ પ્રેમ–૪.

પ્રેમસખી [સં. ૧૭મી સદી] : પુષ્ટિસંપ્રદાયના કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

પ્રેમસખી પ્રેમાનંદ [જ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ. ઈ. ૧૮૫૫/સં. ૧૯૧૧, માગસર સુદ ૧] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. તેમના જીવન અને ખાસ સ્વામિનારાયણી સાધુ બન્યા તે પૂર્વેના જીવન વિશે બહુ શ્રદ્ધેય માહિતી મળતી નથી. કેટલીક પ્રચલિત માહિતી મુજબ પૂર્વાશ્રમમાં તેઓ ગાંધર્વ એટલે ગવૈયા જ્ઞાતિના હતા. બાળપણમાં માતાપિતાનું મૃત્યુ થવાથી તેઓ વૈરાગી બાવાઓના હાથમાં સપડાયેલા. તેઓ શરીરે દેખાવડા હતા અને તેમનો કંઠ મધુર હતો. દોરા (જિ. ભરૂચ) ગામે સ્વામિનારાયણી સાધુ જ્ઞાનદાસજીનો તેમને સંપર્ક થયો ત્યારથી સહજાનંદ સ્વામીને મળવાની તેમનામાં ઝંખના જાગી. જ્ઞાનદાસજી સાથે દ્વારકાની યાત્રા કરી પાછા વળતાં ગઢડા કે જૂનાગઢમાં એમનો સહજાનંદ સ્વામી સાથે મેળાપ થયો અને ત્યારથી તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ બન્યા. સહજાનંદ સ્વામીએ એમને સંગીતવિદ્યા શીખવા માટે બુરહાનપુર મોકલ્યા. ત્યાં તેમણે સંગીતનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો. સહજાનંદ સ્વામીના સૂચનથી સંસ્કૃતનું જ્ઞાન પણ તેમણે મેળવ્યું લાગે છે. સાધુ તરીકે પહેલાં એમનું નામ નિજ-બોધાનંદ હતું. પરંતુ પાછળથી એમની ભક્તિની આર્દ્રતા જોઈ સહજાનંદ સ્વામીએ એમનું નામ પ્રેમાનંદ રાખ્યું. ઘણી વખત તેઓ એમને વહાલમાં 'પ્રેમસખી' તરીકે પણ સંબોધતા. એમનાં પદોમાં 'પ્રેમાનંદ' કે 'પ્રેમસખી' એમ બે નામ મળે છે તેથી દેખાય છે કે તેઓ સંપ્રદાયમાં આ બન્ને નામથી જાણીતા હતા. તેમના જીવનનો ઘણો ભાગ સહજાનંદ સ્વામી સાથે ગઢડામાં પસાર થયેલો.

પ્રેમસખીની ભક્તિકવિતાની વિશેષતા એ છે કે એમના પ્રિયતમ બે છે, એક ગોકુળવાસી કૃષ્ણ અને બીજા પ્રગટ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી. બંને પ્રત્યે એકસરખી પ્રણયોર્મિ એમના હૃદયમાં વહે છે. એટલે કવિની ઘણી રચનાઓ કૃષ્ણવિષયક છે અને ઘણી રચનાઓ સહજાનંદવિષયક છે.

તેમનું બધું સર્જન પદોમાં થયેલું છે, જેમાંનાં ઘણાં હિંદીમાં છે. આશરે દસેક હજાર પદ એમણે રચ્યાં છે એવું મનાય છે, પરંતુ અત્યારે ચારેક હજારથી વધુ પદો ઉપલબ્ધ થતાં નથી. મોટાભાગનાં મુદ્રિત રૂપે મળતાં કવિના વિવિધ ભાષાઓ અને સંગીતજ્ઞાનનાં દ્યોતક આ પદોમાં કંઈક કથાતંતુ વણાયો હોય એવી કેટલીક પદમાળાઓ મળે છે. તેમાં ૬૫ પદની વિવિધ ઢાળોમાં રચાયેલી 'તુલસીવિવાહ'(મુ.)ને કવિએ 'વરણવું વૃંદાતણું આખ્યાન રે' એમ કહી ઓળખાવી ભલે હોય, વાસ્તવમાં એ કવિની સૌથી લાંબી પદમાળા છે. પહેલા ૧૨ પદમાં વૃંદા અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાલંધરની જાણીતી કથા આલેખાઈ છે. પછીના ભાગમાં 'સગપણનું સુખડું' લેવાનો ઇચ્છાથી વસુદેવ અને ભીમક તુલસી-શાલિગ્રામના પ્રતીકલગ્ન દ્વારા કૃષ્ણ અને રુક્મિણીના લગ્નનો આનંદ ફરીથી વિધિપૂર્વક કેવી રીતે માણે છે એની કથા છે. અહીં કવિએ લગ્નની મંડપરચના, ગણેશપૂજન, ગ્રહશાંતિ, યાદવ પક્ષની જાન, વરઘોડો, સામૈયું, ઉતારો, જમણ, પોંખાણું, માયરું, પાણિગ્રહણ, ચોરી, મંગળફેરા, પહેરામણી, કન્યાવિદાય ઇત્યાદિનું વીગતે આલેખન કરી ગુજરાતમાં થતાં લગ્નોનું ચિત્ર ઉપસાવ્યું છે. રાધાકૃષ્ણના સંભોગશૃંગારને આલેખતી ૧૦ પદની 'રાધાકૃષ્ણ વિવાહ'(મુ.), પ્રારંભનાં ૯ પદમાં અમદાવાદમાં નરનારાયણ મંદિરની સ્થાપના માટે આવેલા સહજાનંદ સ્વામીના અમદાવાદ-આગમનને વર્ણવતી અને બાકીનાં ૧૦ પદોમાં કૃષ્ણ-અર્જુનની લીલાને આલેખતી ૧૯ પદની 'નારાયણ-ચરિત્ર/નારાયણ-લીલા'(મુ.), કૃષ્ણની મિજાજી રાણી સત્યભામાની રીસ અને તેના મનામણાને આલેખતી ૧૬ પદની 'સત્યભામાનું રૂસણું' (મુ.), એકાદશીની ઉત્પત્તિની કથા કહેતી આંશિક રૂપે કથાત્મક ૮૮ પદની 'એકાદશી આખ્યાન' (મુ.) કવિની પૌરાણિક વિષયવાળી અન્ય પદમાળાઓ છે.

સહજાનંદ સ્વામીએ નાની ઉંમરે ઘરમાંથી નીકળી સાત વર્ષ વનવિચરણ દરમ્યાન કરેલી લીલાને આલેખતી ૮ પદની 'વન-વિચરણ-લીલા'(મુ.), વડોદરામાં સયાજીરાવે સહજાનંદનું જે દબદબાપૂર્ણ સ્વાગત કર્યું તે પ્રસંગને આલેખતી, હિંદીમાં રચાયેલી, ૧૫ પદની 'વટપતન-લીલા' (મુ.), લોયા ગામમાં ૨ મહિના માટે આવીને સહજાનંદ રહેલા તે પ્રસંગને આલેખતી ૬ પદની 'લોયાની લીલાનાં પદ'(મુ.), 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી' એ પદથી આરંભાતી ને સહજાનંદની વડતાલયાત્રાને વર્ણવતી ૪ પદની પદમાળા(મુ.), સહજાનંદના નિવાસને લીધે પવિત્ર બનેલા ગઢડાના માહાત્મ્યને વર્ણવતી ૮ પદની 'દર્ગપુર-મહાત્મ્ય'(મુ.), ગઢડામાં આવેલી ઘેલો નદીને ઉન્મત્તગંગા તરીકે ઓળખાવી એમાં સ્નાન કરતાં સહજાનંદના સ્પર્શથી તે યમુના કરતાં પણ વિશેષ પવિત્ર બને છે એ વાતને વિશેષતઃ સંવાદાત્મક રૂપમાં કહેતી, ૧૮ પદમાં રચાયેલી 'ઉન્મત્તગંગા-મહાત્મ્ય' (મુ.) સહજાનંદનું માહાત્મ્ય કરતી પદમાળાઓ છે.

અલબત્ત કવિની ખરી શક્તિ તો પ્રગટ થઈ છે વિવિધ ભાવનાં સંગીતમય મધુર પદોમાં (મોટાભાગનાં મુ.). એમાં કૃષ્ણની ગોકુળલીલાની વિવિધ અવસ્થાઓ સાથે સંબંધિત કૃષ્ણભક્તિનાં પદો મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિની કવિતા સાથે અનુસંધાન જાળવે છે. એમાં કૃષ્ણની બાળલીલાનાં અને ગોપીની કૃષ્ણ પ્રત્યેની શૃંગારભક્તિનાં પદો સંખ્યા અને કાવ્યગુણ બન્ને દૃષ્ટિએ વિશેષ નોંધપાત્ર છે. અલબત્ત સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્કારોને કારણે કવિનાં શૃંગારભક્તિનાં પદોમાં નરસિંહ કે દયારામનાં પદો જેવો ઉત્કટ સંભોગ નથી. એમાં મીરાબાઈનાં પદોની જેમ કૃષ્ણમિલનનો તલસાટ વિશેષ છે.

કવિનાં સહજાનંદભક્તિનાં પદોમાં જેમને 'હરિસ્વરૂપ–ધ્યાન સિદ્ધિનાં પદ/ધ્યાનમંજરી' તરીકે ઓળખવામાં આવે છે તેમાં સહજાનંદ સ્વામીના અંગપ્રત્યંગનું ભાવપૂર્ણ આલેખન કરતાં પદો છે. પરંતુ સહજાનંદ સ્વામીના પ્રવાસ નિમિત્તે થતા વિયોગમાંથી રચાયેલાં અને સહજાનંદના મૃત્યુ પછી રચાયેલાં વિરહનાં પદો કવિની સહજાનંદપ્રીતિને લીધે જન્મેલી શોકવિહ્વળ દશાને ઉત્કટ રીતે પ્રગટ કરતાં હોવાથી વધારે આસ્વાદ્ય બન્યાં છે. એ સિવાય કવિએ કેટલાંક સાંપ્રદાયિક રંગવાળાં બોધાત્મક પદો અને અન્ય ભક્તકવિઓની કવિતામાં જોવા મળતાં સામાન્ય વૈરાગ્ય-બોધનાં પદો પણ રચ્યાં છે. એમાં ઈશ્વરપ્રાર્થનાનાં પદો એમાંના આર્જવથી, એમાં અનુભવાતી સૂફીઓના જેવી પ્રેમમસ્તીથી ને ગઝલની ફારસીશૈલીથી ધ્યાનપાત્ર બન્યાં છે.

૪૩ દોહામાં રચાયેલી સદ્‌ગુરુને શોધી કાઢવાની યુક્તિ બતાવતી વૈરાગ્યબોધક 'વિવેકસાર', આખ્યાનકાર પ્રેમાનંદની 'સ્વર્ગનિસરણી'ને અનુસરી રચાયેલી, યમપુરીમાં જીવનની યાતનાને આલેખતી, ૨ પદને ૧૧૮ કડીની 'નિસરણી', કૃષ્ણના રાસોત્સવને આલેખતી ૩૦ પદની 'રાસરમણલીલા', ૨૧૨ શ્લોકવાળી 'શિક્ષાપત્રી'નો દુહામાં કરેલો અનુવાદ ઇત્યાદિ એમની અન્ય રચનાઓ છે.

કૃતિ : ૧. પ્રેમસખી પદાવલિ, સં. અનંતરાય રાવળ, ઈ. ૧૯૭૮ (મ્સં.); ૨. પ્રેમાનંદકાવ્ય : ૧-૨, સં. ઈશ્વરદાસ ઈ. મશરૂવાળા, ઈ. ૧૯૧૯; ☐ ૩. કચ્છની લીલાનાં પદો, પ્ર. વ્રજલાલ જી. કોઠારી, ઈ. ૧૯૪૨; ૪. કીર્તન મુક્તાવલિ, પ્ર. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમની સંસ્થા, ઈ. ૧૯૭૮; ૫. છંદરત્નાવલિ, પ્ર. વિહારીલાલજી મહારાજ, સં. ૧૯૪૧; ૬. પ્રાકાસુધા : ૨; ૭. બૃકાદોહન : ૧, ૩ ૫, ૬.

સંદર્ભ : ૧. પ્રેમસખી પ્રેમાનંદ, હરિપ્રસાદ ત્રિ. ઠક્કર; ☐ ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. પ્રાકકૃતિઓ; ૫. મસાપ્રકારો; ☐ ૬. ગૂહાયાદી. [ચ.મ.]

પ્રેમસાગર [ઈ. ૧૭૩૩માં હયાત] : જૈન સાધુ. શાંતિવિમલના શિષ્ય. ૧૫ કડીના 'શાંતિનાથનો કળશ' (૨. ઈ. ૧૭૩૩)ના કર્તા.

સંદર્ભ : ડિકેટલોગબીજે. [શ્રા.ત્રિ.]

પ્રેમસુંદર [ઈ. ૧૬૬૨માં હયાત] : જૈન સાધુ. ૬૨૩ કડીની 'ચંદ્રલેખા – ચોપાઈ' (૨. ઈ. ૧૬૬૨)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

પ્રેમળદાસ : જુઓ ગેમલદાસ.

પ્રેમાનંદ–૧ [ઈ. ૧૬૦૬માં હયાત] : સાંકળચંદના શિષ્ય. 'વાડીનો રાસ' (૨.ઈ. ૧૬૦૬)ના કર્તા.

સંદર્ભ : ડિકેટલોગબીજે. [શ્રા.ત્રિ.]

પ્રેમાનંદ–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : આખ્યાનકાર શિરોમણિ. વાર, તિથિ, માસ, વરસના મેળની દૃષ્ટિએ નિશ્ચિતપણે પ્રેમાનંદની વહેલામાં વહેલી કૃતિ 'મદાલસા-આખ્યાન' ઈ. ૧૬૭૨ની છે અને છેલ્લામાં છેલ્લી 'રણયજ્ઞ' ઈ. ૧૬૯૦ની છે. 'સ્વર્ગનિસરણી'ની રચનાસાલ નથી મળતી, પરંતુ કૃતિને અંતે કવિએ કરેલા ઉલ્લેખ પરથી એ કવિની સૌથી પહેલી રચના છે. એટલે 'મદાલસા-આખ્યાન' પૂર્વે કવિએ કેટલુંક સર્જન કર્યું હોય એ સંભવિત છે. સંભવતઃ કવિના અવસાનને કારણે અધૂરો રહેલો 'દશમસ્કંધ' રચનાની પ્રૌઢિ જોતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'રણયજ્ઞ' પછી રચાયો લાગે છે. આ પ્રમાણોને આધારે કવિનો જીવનકાળ ઈ. ૧૭મી સદીનો ઉત્તરાર્ધ હોવાનું કહી શકાય.

કવિની કૃતિઓને અંતે મળતી વીગતોને આધારે કવિના જીવન વિશે આટલી માહિતી તારવી શકાય છે : પિતાનું નામ કૃષ્ણરામ. અવટંક ભટ્ટ. જ્ઞાતિએ મેવાડા ચોવીસા (ચતુર્વિંશી) બ્રાહ્મણ. વતન વડોદરા. ઉદરનિમિત્તે આખ્યાનોની રચના અને આખ્યાનો રજૂ કરવા માટે સુરત, નંદરબાર કે નંદાવતી અને બુરહાનપુર સુધી પ્રવાસ. નંદરબારના દેસાઈ શંકરદાસ કવિની રચનાના ખાસ કદરદાન હોવાની સંભાવના છે. કવિ કૃષ્ણ અને રામ બંનેના ભક્ત હોવાની શકયતા છે, અને જીવનનાં પાછળનાં વર્ષોમાં ઉદરનિમિત્તે કાવ્યરચના કરવાને બદલે સ્વેચ્છાસર્જન, ઈષ્ટદેવોવિષયક ગાન તરફ વળ્યા હોય.

'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' અને 'પ્રાચીન કાવ્યમાળા'માં હર-ગોવિંદદાસ કાંટાવાળાએ કવિના જીવન વિશે વહેતી કરેલી અવનવી વાતો – ૧. ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા ઉચ્ચ કક્ષાએ પહોંચે ત્યાં સુધી પાઘડી ન પહેરવાનો કવિએ કરેલો સંકલ્પ; ૨. સંસ્કૃત-ફારસી આદિ ભાષાઓની કવિતાથી સરસાઈ કરે તેવી રચના કરવા પર કે ૧૦૦ શિષ્ય-શિષ્યાઓના મંડળની કવિએ કરેલી સ્થાપના; ૩. કવિએ આખ્યાનો ઉપરાંત નાટકોની કરેલી રચના તથા ૪. કવિને અને તેમના પુત્ર વલ્લભને કવિ શામળ સાથે થયેલો ઝઘડો — બધી જ આજે નિરાધાર સાબિત થઈ ચૂકી છે.

નર્મદે જાતતપાસ પરથી કવિના જીવન વિશે મેળવેલી હકીકતો પણ શ્રદ્ધેય લાગતી નથી.

અસંદિગ્ધ રીતે કવિની જ ગણાતી હોય એવી કૃતિઓમાં 'પાંડવોની ભાંજગડ' સિવાયની કવિની બધી કૃતિઓ મુદ્રિત રૂપે ઉપલબ્ધ છે.

નરસિંહમાં પદમાળા રૂપે શરૂ થયેલો આખ્યાનકાવ્યપ્રકાર ભાલણ, નાકર આદિના હાથે વિકસી સ્થિર થતો ગયો અને પ્રેમાનંદમાં પરાકાષ્ટાએ પહોંચ્યો. પ્રેમાનંદને પ્રજામાં લોકપ્રિય થયેલી સમૃદ્ધ આખ્યાનપરંપરાનો પૂરેપૂરો લાભ મળ્યો. અગાઉની રચનાઓમાંથી ઉક્તિઓ, અલંકારો, ધ્રુવપંક્તિઓ, દૃષ્ટાંત, પ્રસંગ, આખું કડવું થોડા ફેરફારથી તેઓ અપનાવે છે. માણભટ્ટો દ્વારા રજૂ થતી કથાઓ અંગે આવા અપહરણનો છોછ હોય એમ લાગતું નથી. નવા રચનાકારને હાથે એવા ઉછીના અંશોનું શું થાય છે એ કલાદૃષ્ટિએ તો મહત્ત્વનું છે. પ્રેમાનંદ આખ્યાનપરંપરાના વારસામાંથી જે કથાબીજો કે નાની વીગતો પણ સ્વીકારે છે તે એમના પ્રતિભા સંસ્પર્શે જીવંત થઈ જાય છે.

એમનાં આખ્યાનોનું વસ્તુ રામાયણ, મહાભારત, ભાગવત કે બે સૈકા પૂર્વે થઈ ગયેલા નરસિંહ મહેતાના જીવનમાંથી લીધેલું છે, ઉત્પાદિત નથી. મૂળ સંસ્કૃત કથાનકોનો પણ એમને પરિચય છે. વર્ણનોની સમૃદ્ધિ અને એમની સરળ ભાષામાં પણ ઝળકયા કરતી સંસ્કૃતની શ્રી એ પંડિત છે – મોટા કવિને હોવી જોઈએ એટલી જાણકારી ધરાવનારા છે — તેની ચાડી ખાય છે. પણ પ્રેમાનંદની રચનાઓ સૌથી જુદી તરી આવે છે તે તો એ રસૈકલક્ષી છે તેને કારણે. એમનું રસૈકલક્ષી કવિકર્મ પ્રતીત થાય છે કથાકથનકૌશલ, મનુષ્યસ્વભાવનિરૂપણ અને બાની દ્વારા.

કવિનાં પ્રારંભકાળનાં આખ્યાનોનો બંધ કંઈક શિથિલ ને પ્રસ્તારી છે, તો પણ કવિની કથાગૂંથણીની ને નિરૂપણની શક્તિ એમાં અછતી રહેતી નથી. ૫૧ કડવાંના **'અભિમન્યુ-આખ્યાન'**←(૨.ઈ.૧૬૭૧/સં. ૧૭૨૭, શ્રાવણ સુદ ૨)માં પ્રારંભનાં ૧૩ કડવાંમાં અભિમન્યુના અહિલોચન અસુર તરીકેની પૂર્વભવની કથા આલેખી કૃષ્ણના અભિમન્યુ પ્રત્યેના વેરનો તંતુ અનેક પ્રસંગોથી બહેલાવીને રજૂ થયો છે. પછી ૨૪ કડવાંમાં અભિમન્યુના ગર્ભપ્રવેશથી લગ્ન સુધીનો ભાગ ગુજરાતી વ્યવહારોને આલેખતો, પાત્રોને ગુજરાતી માનસથી રંગતો કંઈક પ્રસ્તારવાળો છે. અંતિમ ૧૪ કડવાંમાં વીર, રૌદ્ર ને બીભત્સના મિશ્રાણવાળું યુદ્ધવર્ણન છે. વેશધારી વૃદ્ધ શુક્રાચાર્યનું સ્વભાવોક્તિયુક્ત વર્ણન અને શુક્રાચાર્યવેશી કૃષ્ણ અને અહિલોચન વચ્ચેના સંવાદની નાટ્યાત્મકતા કૃતિના આસ્વાદ્ય અંશો છે. ૨૮ કડવાંના ભગવાનની ભક્તવત્સલતાનો મહિમા કરતા અદ્‌ભુત રસવાળા **'ચંદ્રહાસાખ્યાન'**←(૨. ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, જેઠ સુદ ૭, સોમવાર)માં ૧૧, ૭, ૧૦ એ રીતે થયેલું કડવાંનું વિભાજન નાયકના ત્રણ વાર થયેલા રક્ષણની ચમત્કૃતિઓવાળું હોઈ રસમય નીવડે છે. વિષયા સૂતેલા ચંદ્રહાસને જોઈ આગળ વધે છે એ પ્રસંગ-નિરૂપણમાં આજની સિનેમાની પદ્ધતિની યાદ અપાવે એ રીતે જાણે કે કેમેરાથી એક પછી એક ક્ષણનું દૃશ્ય કવિ ઝડપે છે. ત્યાં ગતિશીલ ચિત્રો શબ્દબદ્ધ કરવાની કવિની ફાવટ નજરે તરી આવે છે. વીર અને અદ્‌ભુત રસવાળા ૩૫ કડવાંના 'મદાલસા-આખ્યાન' (૨. ઈ. ૧૬૭૨/સં. ૧૭૨૮, ચૈત્ર વદ ૫, રવિવાર)ના પ્રારંભનાં ૨૧ કડવાંમાં ઋતુધ્વજ તાલકેતુ દાનવની હત્યા કરી મદાલસા સાથે લગ્ન કરે છે તેની કથા અને બાકીનાં કડવાંમાં તાલકેતુનો ભાઈ પાતાલકેતુ કેવી યુક્તિથી મદાલસાને આત્મહત્યા કરવા માટે પ્રેરે છે અને પછી ઋતુધ્વજ મૃત્યુ પામેલી મદાલસાને ચંદ્ર અને ચૂડામણિ નાગની સહાયથી કેવી રીતે સજીવન કરે છે એની કથા છે. આ કૃતિ તથા ભગવાને વામનરૂપ લઈ બલિરાજાના બળને હર્યું એ પ્રસંગને આલેખતું **'વામન-ચરિત્ર/કથા'** ઝાઝી રસાવહ ન બનતી કવિની મધ્યમકોટિની રચનાઓ છે. ઓખા-અનિરુદ્ધના પ્રેમ અને પરિણયની કથા આલેખતું પ્રેમશૌર્ય અંકિત ૨૯ કડવાંનું **'ઓખાહરણ'** ← (સંભવતઃ ૨. ઈ. ૧૬૬૭) કવિનું પ્રારંભકાળનું આખ્યાન એમાં મળતા રચનાસમય પરથી કહી શકાય, પરંતુ એમાં થયેલું શૃંગાર અને વીરનું નિરૂપણ ઉત્કૃષ્ટ છે. કવિનાં આખ્યાનોમાં વખતોવખત આવતાં યુદ્ધ-વર્ણનોમાં આ આખ્યાનમાં થયેલું યુદ્ધવર્ણન ઉત્તમ છે. એમાં જોવા મળતી શૈલીની પ્રૌઢિ, એકાદ પંક્તિમાં સુરેખ ચિત્ર આંકી દેવાની કવિની શક્તિ આ કૃતિને છેક આરંભકાળની ન લેખવાના વલણને ટેકો આપે.

પરંતુ આખી કાવ્યકૃતિ દૃઢબંધથી દીપતી હોય એ તો જોવા મળે છે કવિનાં 'હૂંડી,' 'મામેરું,' 'સુદામા-ચરિત્ર' અને 'નળાખ્યાન' એ ૪ આખ્યાનોમાં. સીધા લક્ષ્ય પ્રતિ આગળ વધવાનો કવિના કથા-નિરૂપણનો ગુણ આ આખ્યાનોમાં પૂરેપૂરો ખીલી ઊઠયો છે. આ કૃતિ-ઓમાં થોડી લીટીઓ પણ વધારાની નથી. એમાં નરસિંહના જીવનમાં બનેલા હૂંડીના પ્રસંગને વર્ણવતું ૭ કડવાંનું 'હૂંડી' ← (૨. ઈ. ૧૬૭૭) રત્નસમાણી કૃતિ છે. આરંભમાં નિરૂપાયેલી નરસિંહ મહેતાની નિઃસ્વતા અને એમની ન-કાળજી વણજની ખુમારી અંતભાગમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આલેખાયેલી દામોદર દોશીની જાજવલ્યમાન ઉપસ્થિતિ અને એમની ભક્ત પ્રત્યેની કહો કે તાબેદારી એકમેકનાં પૂરક બનીને કાવ્યને ઓપાવે છે. બીજું અને ચોથું કડવું પદ તરીકે મૂકીને સહજસૂઝથી કવિએ કૃતિમાં તે તે ક્ષણે અવકાશ સર્જ્યો છે, જેમાં નરસિંહ અને શ્રીકૃષ્ણ વચ્ચેના સંબંધની વિભુતા વિસ્તરી રહે છે. નરસિંહજીવન-વિષયક બીજી કૃતિ ૧૬ કડવાંનું 'મામેરું' ← (૨. ઈ. ૧૬૮૩/સં. ૧૭૩૯, આસો સુદ ૯, રવિવાર) કવિની અનવદ્ય હૃદ્ય રચના છે. કૃતિનું મંડાણ છે કુંવરબાઈના માધ્યમ દ્વારા ઉપસતા લૌકિક મૂલ્ય 'ઈજ્જત' વિરુદ્ધ નરસિંહની હસ્તીમાંથી ફોરતા અધ્યાત્મમૂલ્ય 'વિશ્વાસ' એ બંનેના સંઘર્ષના પાયા ઉપર. શ્રદ્ધા, આસ્થા, માન્યતા, પ્રતીતિ એવા ભારેખમ શબ્દને બદલે 'વિશ્વાસ' (ઈશ્વરમાં યકીન) શબ્દ કવિએ આ કૃતિમાં નવેક વાર વાપર્યો છે. પ્રભુનિષ્ઠ વ્યક્તિની ઈજ્જતના લીરેલીરા, નાગરાણીઓ દ્વારા થતી ઠેકડીઓમાં, ઊડતા આલેખાયા છે. દુનિયાદારીમાં ડૂબેલાં રહેતાં લોકોની ઉપહસનીયતા, એમની આંતર કંગાલિયત પણ સચોટ સુરેખ વ્યક્ત થઈ છે. ૧૪ કડવાંનું 'સુદામા-ચરિત્ર' ← (૨. ઈ. ૧૬૮૨/સં. ૧૭૩૮, શ્રાવણ સુદ ૩, મંગળવાર/શુક્રવાર) પણ કવિની કથનકલાની સુચારુ રચના છે. નરસિંહવિષયક બંને કૃતિઓમાં ભક્ત ભારે ગૌરવવંતો છે, જ્યારે સુદામો એકંદરે વામણો ઊતરે છે. આરંભનાં ૫, અંતે નિર્વહણનાં ૩ અને મધ્યનાં દ્વારકામાં સુદામો પ્રવેશ્યા ને ત્યાંથી નીકળ્યા તેનાં ૬ કડવાં કૃતિને સંઘેડાઉતાર ઘાટ આપે છે. વચલો દ્વારકાનો ખંડ 'મિત્ર' મોહન સાથેના સખ્યના આનંદઊંડાણને તાગે છે અને એટલોક સમય સુદામાની વિશુદ્ધ વરિષ્ઠ મૂર્તિને ઉઠાવ આપે છે. સુદામા અંગેની મુશ્કેલી કદાચ ભાગવતમાં જ છે. એ ક્રિયાશીલ પાત્ર નથી. એટલે એને પ્રતિક્રિયા જ પ્રકટ કરવાની રહે છે. કવિની નજર પ્રસંગઆલેખન પર વિશેષ રહેતી હોવાને લીધે, ક્ષણેક્ષણે બદલાતા ચિત્રને ઝડપવા ઉપર કવિનું બધું ધ્યાન કેન્દ્રિત થયું હોવાને લીધે ક્યારેક તેઓ પાત્રને અન્યાય કરી બેસે છે. 'મૂળગાના મારા તાંદૂલ ગયા' એવું સુદામા પાસે કવિ બોલાવે છે ત્યાં એ જોવા મળે છે. સુદામાની કફોડી સ્થિતિને ઉઠાવ આપવા જતાં કૃષ્ણ-સુદામાના સંબંધની સારીય મીઠાશ એમાંથી ઊડી જાય છે. ૬૪ કડવાંનું કરુણ, હાસ્ય ને શૃંગારનું કવિનું મહત્ત્વાકાંક્ષી 'નળાખ્યાન' ← (૨. ઈ. ૧૬૮૬/સં. ૧૭૪૨ પોષ સુદ ૨, ગુરુવાર) સપ્રમાણ કૃતિ છે. પહેલો ખંડ ૩૦ કડવાંનો, 'મોસાળ પધારો રે' ગીતથી શરૂ થતો ૨૦ કડવાંનો બીજો ખંડ અને ૧૪ કડવાંનો નિર્વહણનો ખંડ આનવદ્ય આકૃતિ રચે છે. પ્રારંભિક ખંડમાં નળ-દમયંતીના લગ્નની કથા આલેખી શૃંગારની નિષ્પત્તિ કરી છે. મુખ્યત્વે રૂઢ વર્ણનથી શૃંગારની જમાવટ કરી કવિ કામ કાઢી લે છે. શૃંગારની વિડંબનાના પ્રસંગો ઊભા થાય છે ત્યાં હાસ્ય નિષ્પન્ન કર્યું છે – સ્વયંવરમાં દેવોની અને બીજા 'સ્વયંવર' વખતે ઋતુપર્ણની દમયંતીને વરવાની લોલુપતાના પ્રસંગોએ. દમયંતીના રૂપથી લુબ્ધ વિવાહલોલુપ દેવો અને કલિને કારણે, કલિની દુષ્ટતાને લીધે તો દેવદીધા 'અમ્રત સ્રાવિયા કર'ના વરદાન દ્વારા પણ, દમયંતીના જીવનની ગાઢ કરુણતા નીપજે છે. તો બીજા રૂપલુબ્ધ ઋતુપર્ણ (જે પણ દેવોની જેમ પૂર્ણ હાસ્યાસ્પદ નીવડે છે) દ્વારા એ કરુણતામાંથી બહાર નીકળવાની સંધિ રચાય છે. અને પરસ્પરની આસ્થા પર અવલંબતા દમયંતીભાવમાં રૂપનું કેટલું સ્થાન છે એ 'નથી રૂપનું કામ રે ભૂપ મારા' એ બાહુક આગળ દમયંતીએ ઉચ્ચારેલા પ્રતીતિ-વચનથી વ્યક્ત થાય છે. પરિણામે કૃતિમાં એકંદરે હાસ્ય કે શૃંગારની ઉપરવટ કરુણરસની પ્રધાનતા જામે છે. સામાન્ય રીતે જાતિચિત્રો બનતાં કવિનાં પાત્રોમાં અહીં દમયંતીનું પાત્ર વૈયક્તિક રેખાઓવાળું બન્યું છે. દમયંતીના ગૌરવયુક્ત વર્તન સામે નળને ક્યારેક હીણું વર્તન કરી બેસતો કવિએ બતાવ્યો છે ત્યાં પણ કથાપ્રસંગને રસિક રીતે ઉપસાવવા જતાં કવિ આમ કરી બેઠાં છે. અન્યથા પ્રસંગનિરૂપણ, રસપલટા, વર્ણન, શૈલીલહેકા કે લય એમ દરેક રીતે ઊંચા કવિકર્મની પ્રતીતિ આ કૃતિમાં થાય છે.

વીરરસનું આલેખન કવિએ એમનાં ઘણાં આખ્યાનોમાં કર્યું છે, પરંતુ કવિએ પોતાની શક્તિ રેડી છે તે તો શૃંગાર, કરુણ અને હાસ્યમાં. એમની આ ઉત્તમ રચનાઓમાં એ પૂરેપૂરી પ્રગટ થઈ છે. હાસ્યસૂઝ પ્રેમાનંદ જેટલી બહુ ઓછા ગુજરાતી કવિઓએ બતાવી છે. કવિની જનસ્વભાવની જાણકારી એવી ઊંડી છે, એમનું સંસારદર્શન એવું વસ્તુલક્ષી અને વ્યાપક છે કે પ્રસંગ અને પાત્રો અંગેની વિવિધ વીગતોના પરસ્પર સંબંધમાં રહેલી ઉપહસનીયતા એ પકડ્યા વગર રહેતા નથી. એટલે પરિસ્થિતિમાં હાસ્યની, વિનોદની, નર્મમર્મની શક્યતા હોય અને પ્રેમાનંદ એ ચૂકે એ કદી બને નહીં. 'મામેરું,' 'સુદામાચરિત્ર' અને 'નળાખ્યાન'માં કવિની હાસ્યશક્તિનો ઉત્તમ પરિચય થાય છે.

કવિનાં ઉત્તરકાળનાં બે આખ્યાનો 'રણયજ્ઞ' અને 'દશમસ્કંધ' ધ્યાનપાત્ર છે. રામ-રાવણ વચ્ચેના યુદ્ધની કથાને આલેખતું ૨૬ કડવાંનું 'રણયજ્ઞ' (૨. ઈ. ૧૬૯૦/સં. ૧૭૪૬, ચૈત્ર સુદ ૨, રવિવાર) રામ અને રાવણનાં સેનાપતિઓ અને સૈન્યની વીગતે માહિતી આપવાને લીધે કંઈક મંદ કથાવેગવાળું છે, તો પણ રામનાં બાણ રાવણનો પીછો પકડે છે એનું આલેખન કરતું ઊર્જિતના સ્પર્શવાળું ચિત્ર તથા મંદોદરી-રાવણ અને રાવણ-કુંભકર્ણ વચ્ચેના સંવાદોમાં યુદ્ધની પડછે આલેખાતું માનવસંવેદન એના આકર્ષક અંશો છે. કવિનો ૫૩મા અધ્યાયે અને ૧૬૫ કડવે અધૂરો રહેલો 'દશમસ્કંધ' ← ભાગવતના દશમસ્કંધની મૂળ કથાને અનુસરવાના સંકલ્પ સાથે રચાયેલો હોવા છતાં કવિએ પોતાની અન્ય રચનાઓની જેમ અહીં પણ પ્રસંગનિરૂપણ, પાત્રાલેખન ને વર્ણનમાં ફેરફાર કર્યા છે. તેથી એ માનવભાવથી રસેલું, વચ્ચેવચ્ચે ઊર્મિકોથી ઓપતી ઓછે-વત્તે અંશે રસપ્રદ એવાં કથાનકોની માલારૂપ બની રહે છે. ભાગવતનાં પાત્રો દિવ્યતાની છાલકથી ભીંજાયેલાં છે, પરંતુ અહીં એ વખતો-વખત પ્રાકૃત વર્તન કરતાં દેખાય છે. નારદ અને બ્રહ્માનું વર્તન એના નમૂના છે. ભાગવતની કથામાં રહેલા અદ્‌ભુતના તત્ત્વને અહીં કવિએ વધારે બહેલાવ્યું છે, એટલે કૃષ્ણનાં પરાક્રમો પાછળ વીરત્વને બદલે ચમત્કાર આગળ તરી આવે છે. તેમ છતાં 'દશમ-સ્કંધ'નો મુખ્ય રસ તો વાત્સલ્ય અને વાત્સલ્યજનિત કરુણ જ છે. પ્રારંભનો દેવકીવિલાપ, કૃષ્ણ ધરામાં ઝંપલાવે છે ત્યારનો જસોદા-વિલાપ અને વ્રજવાસીઓના પ્રેમભક્તિ પર આધારિત કરુણ એનાં ઉત્તમ નિદર્શનો છે. ઉત્તર વયે રચાયેલી આ કૃતિમાં કવિની પ્રૌઢ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શૈલીથી સમગ્ર કથાપટને આગવો ઉઠાવ મળ્યો છે.

સુધન્વા અને અર્જુન વચ્ચેના યુદ્ધની કથાને આલેખનું સાચા ભક્તની ભક્તિનો મહિમા કરતું વીર અને અદ્‌ભુત રસવાળું ૨૫ કડવાંનું 'સુધન્વા-આખ્યાન' (૨. ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૦, કારતક સુદ ૯, મંગળવાર/શુક્રવાર) તથા પહેલાં ૨૨ કડવાંમાં પ્રહ્લાદ-ચરિત્ર, બીજાં ૨ કડવાંમાં ત્રિપુરાસુરની હત્યા અને બાકીનાં ૪ કડવાંમાં ધર્મ-નારદ સંવાદ દ્વારા વર્ણાશ્રમધર્મ, વિપ્રધર્મ, સંન્યાસીના ધર્મ અને ગૃહસ્થાશ્રમધર્મ વર્ણવતું શિથિલ સંઘટનવાળું ૧૧ અધ્યાય ને ૨૮ કડવાંનું 'સપ્તમસ્કંધ/પ્રહ્લાદ-ચરિત્ર' કવિનાં અન્ય આખ્યાન છે.

મનુષ્યસ્વભાવનિરૂપણ કવિનાં આખ્યાનોને સજીવતા અર્પે છે. બાહ્ય જગતના ચિત્રણ કરતાં પણ માનવીના આંતરમનને વ્યક્ત કરવામાં પ્રેમાનંદ વધુ પાવરધા છે. સમાજનું વાસ્તવિક આલેખન એ કરે છે પણ એ બધામાં ગૂંથાયેલી માનવલાગણીને ઉઠાવ આપવાનું એમનું લક્ષ્ય હોય છે. ક્યારેક તો સમાજ કાવ્યરચનાના આયનામાં પોતાનું પ્રતિબિંબ નિહાળી શકે એવી પ્રેમાનંદની સૃષ્ટિ જાણે કે બની જતી ન હોય! 'મામેરું'માં સમાજવ્યવહારની – નણદી, સાસુ, વડસાસુ તો ઠીક સારાયે નાગરાણીસમૂહની નિર્મમ ઠેકડીની છોળો ઊડે છે અને અંતભાગમાં તે બધાની પામર લોલુપતાના-ગૃધિણુતાના પણ વાવટા ફરકતા નિરૂપાયા છે, પણ એ બધાની વચ્ચે હૃદયને શારી નાખે એવાં દાઢમાંથી બોલાયેલાં કટાક્ષવચન તો વેદ જાણનારા પુરોહિતના મુખમાં મુકાયાં છે: "જુઓ છાબમાં, મૂકી શોર, ઓ નીસરી કમખાની કોર." આવાં અનેક દૃષ્ટાંત એમનાં આખ્યાનોમાં મળી આવશે. પ્રેમાનંદનાં આખ્યાનોમાં માનવલાગણી રસરૂપે અનુભવાય છે. એ એમનું સંબલ છે. માત્ર પ્રસંગને બહેલાવવા જતાં પાત્રો જ્યારે માનવીયતા ચૂકી જાય છે ત્યારે પાત્રને અન્યાય થઈ જાય છે.

પ્રેમાનંદનું ગુજરાતીપણું ઊણપ કે મર્યાદારૂપે જોવાય છે તે બરોબર નથી. ગુજરાતીપણું પ્રેમાનંદમાં સોળે કળાએ ખીલેલું જોવા મળે છે તે બે બાબતમાં. ગુજરાતી સમાજને એ તારતાર ઓળખે છે. જવલ્લે જ કોઈ કવિની કૃતિઓ પ્રેમાનંદમાં પ્રતીત થાય છે એટલી આત્મીયતાપૂર્વક સમાજથી ઓતપ્રોત જોવા મળે છે. 'મામેરું' એમની એ શકિતનું શિખર છે. પણ એમની કોઈ એવી કૃતિ નથી જેમાં એનો ગાઢ સંસ્પર્શ ન હોય. ગુજરાતીપણાનો એવો જ સઘન અનુભવ થાય છે એમની ભાષામાં. કોઈ કવિની કાવ્યબાની માધાના પર્યાયરૂપ બને અને લાંબા સમય સુધી રહે એવું કયાંકક્યાંક જ જોવા મળે છે. પ્રેમાનંદ અંગે એવું બન્યાનું કહેવામાં આવે જ અતિશયોક્તિ થશે. પ્રેમાનંદની ભાષા સરળ છે, પણ પ્રૌઢ છે. સુગમ છે, પણ માર્મિક છે. તળપદી છે ત્યાં સુચારુ છે. કયાંક દુરૂહ છે ત્યાં રસઓઘમાં તાણી જનારી છે. માણસના મુખમાં રમતી ગુજરાતીને લાગણીનાં ઊંડાણો સાથે તેઓ સહજ રીતે ને ઔચિત્યપૂર્વક યોજે છે. સંસ્કૃત શબ્દો દ્વારા રોજિંદી વસ્તુ પર અપરિચિતતાના અવગુંઠનનું આકર્ષણ ઉમેરે છે, જરૂર પડયે ફારસી શબ્દો છૂટથી પ્રયોજે છે, વખતોવખત 'ચુટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી સુંદરી, સડયાં સરખાં છોકરાં તે ન મળ્યાં મુજને ફરી.' જેવા લયતત્ત્વથી અર્થપ્રભાવ ઊભો કરે છે, લાગણી સઘન બને ત્યારે કવિ કડવાને પદનીઊર્મિગીતની કોટિએ પહોંચાડે છે કે ટૂંકા સંવાદોથી કથામાં નાટયાત્મક અસર ઊભી કરે છે. એમ વિવિધ રીતે કવિએ ભાષાની શક્તિનો કસ કાઢયો છે.

નરસિંહજીવનવિષયક હાસ્ય અને અદ્‌ભુત રસવાળું ૩૬ કડવાંનું '(શામળશાનો) વિવાહ' તથા ૨૫ કડવાનું 'શ્રાદ્ધ' (૨. ઈ. ૧૬૮૧/સં. ૧૭૩૭, ભાદરવા વદ ૩, મંગળવાર/શુક્રવાર) અને ૨૫ કડવાંનું 'રુક્મિણીહરણ' – એ આખ્યાનો આંતરપ્રમાણોને લક્ષમાં લઈએ તો પ્રેમાનંદનાં માનવાં મુશ્કેલ પડે. 'શ્રાદ્ધ' એક કાવ્યરચના તરીકે બધી રીતે નરસિંહ મહેતાવિષયક ઉત્તમોત્તમ કૃતિ 'મામેરું' કે 'હૂંડી'થી ઘણીઘણી દૂર છે. 'વિવાહ'નું અણઘડપણું એક જ વીગતથી પ્રગટ થાય છે. 'ય' જોડીને કરેલા પ્રાસની સંખ્યા ૩૬ કડવાંમાં ૫૦ કરતાં વધારે વાર મળશે, જેમાંથી કોઈક જ અર્થદૃષ્ટિએ જરૂરી છે. 'જે ય' – 'થે ય' અને 'હા' ય – 'ના' ય જેવા પ્રાસ રચનાકારને કાન જ નથી તેની ગવાહી પૂરે છે. કવિના 'દશમસ્કંધ'નાં રુક્મિણીવિવાહનાં ૨૦ કડવાં અને 'રુક્મિણીહરણ'ની ઈબારત વચ્ચે ઘણો ફરક છે.

આખ્યાનો સિવાય પ્રેમાનંદે કેટલીક લઘુ કાવ્યકૃતિઓ રચી છે. સંસારી સુખમાં મસ્ત મનુષ્યને ભોગવવી પડતી નરકની યાતનાઓ અને પુણ્યશાળી મનુષ્યનાં પુણ્યકર્મોને વર્ણવતી ૭૩ કડીની 'સ્વર્ગની નિસરણી,' ૮૭ કડીનું રૂપકકાવ્ય 'વિવેકવણઝારો,' 'કૃષ્ણજન્મના પ્રસંગને વિસ્તારથી અને કૃષ્ણની ગોકળલીલાના પ્રસંગોને સંક્ષેપમાં વર્ણવતી ૧૬૩ કડીની 'બાળલીલા,' ભાગવતના દાણલીલાના પ્રસંગને કૃષ્ણ-ગોપીના સંવાદ રૂપે આલેખતી ૧૬ પદની 'દાણલીલા,' ઉદ્ધવ અને ગોપી-નંદ-જસોદા વચ્ચે થતા સંવાદ રૂપે રચાયેલી ૨૫ પદની 'ભ્રમર-પચીશી' તથા ચૈત્રથી ફાગણ સુધીના બારમાસમાં રાધાના વિરહને આલેખતી રચના 'મહિના-રાધાવિરહના' તથા 'વિષ્ણુસહસ્રનામ' 'કુવડ સ્ત્રીનો ફજેતો' અને 'પાંડવોની ભાંજગડ' આ પ્રકારની છે. 'રુક્મિણીનો શલોકો' (૨.ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૦, વૈશાખ વદ ૧૨, ગુરુવાર) ગામડાંમાં ગવાતા સામાન્ય શલોકા જેટલો પણ પ્રવાહી કે રસાળ કે એના કોઈ પણ અંશમાં વાગ્વૈચિત્ર્ય ધરાવનારો નથી. એટલે એ પ્રેમાનંદની કૃતિ હોય એવી સંભાવના નહિવત્ છે. પ્રેમાનંદની ઉપર્યુક્ત રચનાઓ સિવાય બીજી ઘણી કૃતિઓ એમને નામે મળે છે, જેમાં કેટલીક મુદ્રિત સ્વરૂપે છે. આ રચનાઓમાં પ્રેમાનંદને નામે છપાયેલી ને એકંદરે મધ્યકાલીન રચનાઓ જેવી પણ જેમની હસ્તપ્રતો ઉપલબ્ધ નથી થઈ તેવી રચનાઓ 'લક્ષ્મણાહરણ,' 'દ્રૌપદીસ્વયંવર,' 'વિરાટપર્વ' અને 'નાસિકેતાખ્યાન' છે. આ કૃતિઓની હસ્તપ્રત ઉપલબ્ધ થશે ત્યારે આંતરબાહ્ય પ્રમાણોથી એમને વિશે છેવટનો નિર્ણય થઈ શકશે. આવી મધ્યકાલીન જણાતી કેટલીક રચનાઓની હસ્તપ્રતો હવે ઉપલબ્ધ થઈ છે ત્યારે એ કૃતિઓ પ્રેમાનંદને બદલે બીજા મધ્યકાલીન કવિઓની ઠરી ચૂકી છે. વલ્લભભટ્ટકૃત 'સુભદ્રાહરણ,' તુલસીકૃત 'પાંડવાશ્વમેધ,' વૈકુંઠકૃત 'ભીષ્મપર્વ,' વિષ્ણુદાસકૃત 'સભાપર્વ' અને ભવાનીશંકર (અથવા ભાઈશંકર)કૃત 'બભ્રુવાહન-આખ્યાન' આ પ્રકારની કૃતિઓ છે. મૂળ નરસિંહની લેખાતી 'હારમાળા'માં પ્રેમાનંદઅંકિત થોડાંક પદ મળે છે, પણ તે એકાધિક હસ્તપ્રતોના ટેકા વગરનાં હોઈ આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંજોગોમાં પ્રેમાનંદના જ છે કે કેમ એ કહેવું મુશ્કેલ છે.

પ્રેમાનંદને નામે મુદ્રિત પણ જેમની હસ્તપ્રતો સંપાદકો બતાવી શક્યા નથી તેવી, અર્વાચીન સમયમાં લખાયેલી ને પ્રેમાનંદને નામે ચડાવાયેલી, શંકાસ્પદ કૃતિઓ 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક,' પ્રાચીન-કાવ્યમાળા,' 'બૃહત્કાવ્યદોહન તથા અન્યત્ર પ્રકાશિત થઈ છે. માર્કંડેય પુરાણનો 'મદાલસા-આખ્યાન' સિવાયનો ભાગ, ઉપરાંત તેમાંનાં 'હરિશ્ચંદ્રાખ્યાન' અને 'દેવીચરિત્ર', 'ઋષ્યશૃંગાખ્યાન,' 'દ્રૌપદીહરણ,' 'અષ્ટાવક્રાખ્યાન,' 'માંધાતાખ્યાન,' 'શામળશાનો મોટો વિવાહ' અને ત્રણ નાટકો – 'સત્યભામા-રોષદર્શિકાખ્યાન,' 'પાંચાલીપ્રસન્નાખ્યાન,' 'તપત્યાખ્યાન' આ જાતની કૃતિઓ છે. પ્રહેલિકા, ઝડઝમક, ચિત્રપ્રબંધ, આદિ પ્રેમાનંદમાં ન મળતી નીરસ કથારમતોવાળી ક્યાંક ખુલ્લા શૃંગાર અને અપરસવાળી આ કૃતિઓ છે. ઉપરાંત અર્વાચીન શબ્દપ્રયોગો, કહેવતો, સંદર્ભો, વિચાર આદિને કારણે કોઈ અર્વાચીન લેખક(સંભવ છે કે મુખ્યત્વે છોટાલાલ નં. ભટ્ટ જેવા)ની આ રચનાઓ છે અને ૧૯મી સદીના અંતભાગના એક સાહિત્યિક તરકટ રૂપ છે એ હવે સર્વસ્વીકૃત છે.

પ્રેમાનંદને નામે ગણાવાતી પણ જે ન તો પ્રકાશિત થઈ છે કે ન જેમની હસ્તપ્રત પણ લભ્ય છે તેવી, માત્ર નામથી ઉલ્લેખાતી, કૃતિઓ આટલી છે : 'ડાંગવાખ્યાન,' 'સંપૂર્ણભાગવત,' 'મહાભારત,' 'રેવાખ્યાન,' 'અશ્વમેધ,' 'વલ્લભઝઘડો,' 'નરકાસુર-આખ્યાન,' 'કર્ણચરિત્ર,' 'ભીષ્મચરિત્ર,' 'લોપામુદ્રાખ્યાન,' 'સુદર્શનાખ્યાન,' 'રઘુવંશનું ભાષાંતર,' 'ભીષ્મચંપુ,' 'દુષ્ટ માર્યાનાટક,' 'શુકજનક-સંવાદ,' 'ત્રિપુરવધાખ્યાન,' 'નાનું પ્રહ્લાદાખ્યાન, 'નાગરનિંદા,' 'કપિલ-ગીતા', 'મિથ્યાઆરોપદર્શક નાટક,' 'યમદેવાખ્યાન,' 'હરિ-વંશ(અપૂર્ણ)' વગેરે. આમાંથી કોઈની હસ્તપ્રત ઉપલબ્ધ થાય ત્યારે એના પ્રેમાનંદકર્તૃત્વને પ્રમાણોથી ચકાસવાનું રહે.

પ્રેમાનંદનું 'પદબંધ પ્રીતિવિહોણું' નથી. એમનું કાવ્યલેખન એ ભરપૂર ઉલ્લાસથી ઉમળકાથી થયેલું સૂજનકાર્ય છે. તેઓ રસૈક-લક્ષિતાને લીધે પ્રજાજીવનના મૂળમાં સંજીવની સીંચનાર કવિ છે. ગુજરાતનું હૃદય આર્દ્ર રાખવામાં પ્રેમાનંદનો ફાળો સારો એવો છે એમ કહી શકાય.

કૃતિ : ૧. પ્રેમાનંદની કાવ્યકૃતિઓ : ૧, ૨, સં. કે. કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૭૮, ઈ. ૧૯૭૯ (+સં.); ૨. પ્રેમાનંદનાં ત્રણ આખ્યાન (ચંદ્રહાસ, સુધન્વા અને અભિમન્યુ), સં. કે. કા. શાસ્ત્રી અને ચૈતન્યબાળા દિવેટિયા, ઈ. ૧૯૬૦; ☐ ૩. ઓખાહરણ, ગજેન્દ્ર લા. પંડ્યા (ત્રીજી આ.), ઈ. ૧૯૬૪; ૪. એજન (સચિત્ર), સં. મણિલાલ પ્ર. વ્યાસ, ઈ.૧૯૪૭; ૫. કુંવર-બાઈનું મામેરું (અધિકૃતવાચના), સં. ચૈતન્યબાળા દિવેટિયા, ઈ. ૧૯૬૨; ૬. એજન, સં. કાંતિલાલ બા. વ્યાસ અને ચિમનલાલ ત્રિવેદી, ઈ. ૧૯૭૩(બીજી આ.); ૭. ચંદ્રહાસાખ્યાન, સં. અનંતરાય રાવળ અને ધીરુભાઈ ઠાકર, ઈ. ૧૯૮૦ (+ સં.); ૮. દશમસ્કંધ : ૧–૨, સં. ઉમાશંકર જોશી અને હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૬૬, ઈ. ૧૯૭૧ (+ સં.); ૯. નળાખ્યાન, સં. અનંતરાય રાવળ, ઈ. ૧૯૭૮(છઠ્ઠું પુ. મુ.) (+ સં.); ૧૦. એજન, સં. મગનભાઈ દેસાઈ, ઈ. ૧૯૫૧; ૧૧. રણયજ્ઞ, સં. ભાનુસુખરામ નિ. મહેતા, ઈ. ૧૯૨૮; ૧૨. એજન, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૪૯ (બીજી આ.); ૧૩. સુદામાચરિત્ર, સં. મધુસૂદન પારેખ અને જયંત કોઠારી, ઈ. ૧૯૬૭ (+ સં.); ☐ ૧૪. કુંવરબાઈનું મામેરું (પ્રેમાનંદ અને નરસિંહ મહેતાકૃત), સં. મગનભાઈ દેસાઈ, ઈ. ૧૯૫૧ (પુ. મુ.); ૧૫. સુદામાચરિત (કવિ પ્રેમાનંદ અને નરસિંહ મહેતાકૃત), સં. મગનભાઈ દેસાઈ, ઈ. ૧૯૫૧ (પુ. મુ.); ૧૬. સુદામાચરિત (પ્રેમાનંદ તથા બીજા આઠ કવિઓનાં), સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૨; ☐ ૧૭. પ્રાકાત્રૈમાસિક : ૧, ૪; ૧૮. પ્રાકામાળા : ૧, ૧૨, ૧૪, ૧૬થી ૨૦, ૨૬, ૩૦, ૩૩, ૩૪; ૧૯. પ્રાકાવિનોદ: ૧; ૨૦. પ્રાકાસુધા : ૧, ૨, ૪; ૨૧. બૃકાદોહન : ૧થી ૮; ☐ ૨૨. સાહિત્ય, જાન્યુ. ૧૯૧૩થી નવે. ૧૯૧૪ – 'મહાકવિ પ્રેમાનંદકૃત શામળશાનો મોટો વિવાહ,' સં. હ. ટ્વા. કાંટાવાળા; ૨૩. એજન, મે ૧૯૧૫થી ડિસે. ૧૯૧૭ – 'પ્રેમાનંદકૃત પાંડવાશ્વમેધ,' સં. ભાનુસુખરામ નિ. મહેતા; ૨૪. એજન, જાન્યુ ૧૯૨૧થી ડિસે. ૧૯૨૨ – 'વૈરાટપર્વ', સં. ભાનુસુખરામ નિ. મહેતા; ૨૫. એજન, જાન્યુ. ૧૯૨૩થી મે ૧૯૨૩ – 'પ્રેમાનંદકૃત ભીષ્મપર્વ.' સં. ભાનુસુખરામ નિ. મહેતા.

સંદર્ભ : ૧. અભિનવ પ્રેમાનંદ, વિષ્ણુપ્રસાદ જાની અને છોટા-લાલ ન. ભટ્ટ, ઈ. ૧૯૭૮; ૨. કવિ પ્રેમાનંદની સંદિગ્ધ કૃતિઓ, પ્રસન્ન ન. વકીલ, ઈ. ૧૯૫૦; ૩. પ્રેમાનંદ : એક અધ્યયન (પૂર્વાર્ધ – ઉત્તરાર્ધ), કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૬૪ (બીજી આ.); ૪. મહાકવિ પ્રેમાનંદ ત્રિ-શતાબ્દી સ્મૃતિગ્રંથ, સં. મંજુલાલ ૨. મજમુદાર અને અન્ય. ઈ. ૧૯૬૮; ૫. સાહિત્યકાર પ્રેમાનંદ (પૂર્વાર્ધ), સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૬૭; ☐ ૬. આપણાં સાક્ષરરત્નો : ૨, ન્હાનાલાલ દ. કવિ, ઈ. ૧૯૩૫ – 'મહાકવિ પ્રેમાનંદ; ૭. ઉપક્રમ, જયંત કોઠારી, ઈ. ૧૯૬૯ – 'પ્રેમાનંદ તત્કાલે અને આજે'; ૮. કવિચરિત : ૩; ૯. કાવ્યની શક્તિ, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૫૯ (બીજી આ.) – 'પ્રેમાનંદનો હાસ્યરસ', 'મહાભારતનું નલોપાખ્યાન અને પ્રેમાનંદનું નળાખ્યાન'; ૧૦. કુંવર-બાઈનું મામેરું, સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ઈ. ૧૯૮૨; ૧૧. ગુસા-ઈતિહાસ; ૧૨; ગુસાપઅહેવાલ : ૩ – પ્રેમાનંદનાં નાટકો, ન. ભો. દિવેટિયા; ૧૩. એજન : ૭ – 'પ્રેમાનંદનાં નાટકોનું સૂક્ષ્મ પરીક્ષણ', ગજેન્દ્ર લા. પંડ્યા; ૧૪. એજન : ૧૬,–'પ્રેમાનંદ : એકબે નવાં' દૃષ્ટિબિંદુ, પ્રસન્ન ન. વકીલ; ૧૫. ગુસામધ્ય; ૧૬. ગુસારૂપરેખા; ૧૭. ચિદ્‌ઘોષ, અમૃતલાલ યાજ્ઞિક, ઈ. ૧૯૭૧ – 'કવિ પ્રેમાનંદનાં નાટકો'; ૧૮. થોડાંક રસદર્શનો, ક. મા. મુનશી, ઈ. ૧૯૩૩ – 'પ્રેમાનંદ'; ૧૯. નભોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧ – 'પ્રેમાનંદની રસસમૃદ્ધિ'; ૨૦. નર્મગદ્ય, નર્મદાશંકર લા. દવે, ઈ. ૧૯૭૫ની આવૃત્તિ – 'કવિચરિત્ર'; ૨૧. નવલગ્રંથાવલિ, નવલરામ પંડ્યા, ઈ. ૧૯૬૬ (પુ. મુ.); ૨૨. પર્યેષણા, મનસુખલાલ ઝવેરી, ઈ. ૧૯૫૩ – 'પ્રેમાનંદ', 'ત્રણ ઓખાહરણો'; ૨૩. મનોમુકુર : ૩, ન. ભો. દિવેટિયા, ઈ. ૧૯૩૭– 'પ્રેમાનંદની જયંતી પ્રસંગે વ્યાખ્યાન'; ૨૪. રૂપ અને રસ, ઉશનસ, ઈ. ૧૯૬૫ – 'પ્રેમાનંદની ઉપમાશક્તિ'; ૨૫. વિવિધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યાનો : ૨, બ. ક. ઠાકોર, ઈ. ૧૯૪૭ – 'પ્રેમાનંદની ઓસરતી લોકપ્રિયતા'; ૨૬. **સાહિત્ય અને વિવેચન**, કે. હ. ધ્રુવ, ઈ. ૧૯૪૧ – 'પ્રેમાનંદના જીવનના પાંચ પ્રસ્તાવ', 'માર્કંડેય પુરાણનું કર્તૃત્વ'; ૨૭. **સાહિત્યવિચાર, આનંદશંકર ધ્રુવ**, ઈ. ૧૯૪૧ – 'પ્રેમાનંદ જયંતી'; ૨૮. **સુદામાચરિત્ર**, સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ઈ. ૧૯૭૫; ☐ ૨૯. **બુદ્ધિપ્રકાશ, જૂન-ડિસે. ૧૯૨૫ અને જાન્યુ.-ઑક્ટો. ૧૯૨૬** – 'પ્રેમાનંદનાં નાટકોની સમાલોચના,' જયંતીલાલ મલેતા; ૩૦. **સાહિત્ય, નવે. ૧૯૨૯** – 'પ્રેમાનંદની રસસંક્રાંતિ', ગજેન્દ્ર લા. પંડ્યા; ☐ ૩૧. ગૂહાયાદી; ૩૨. **ડિક્ટિલૉગબીજે.**

સંદર્ભસૂચિ : **પ્રેમાનંદની કાવ્યકૃતિઓ**, સં. કે. કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૭૯-'પ્રેમાનંદ સંદર્ભસૂચિ', પ્રકાશ વેગડ. [ઉ.જો.]

પ્રેમાનંદદાસ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગના ભક્ત કવિ. 'દશમ લીલા' (સં. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

ફત્તેચંદ [ઈ. ૧૭૬૩માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. 'પ્રીતિધરનૃપ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૬૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [ગી.મુ.]

ફત્તેહઅલીશાહ [ ] : હજરત પીર હસન કબીરદીનના કુટુંબમાંથી ઊતરી આવેલા એક સૈયદ. ૧૨ કડીના ૧ 'ગીનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪(+સં.) [શ્રા.ત્રિ.]

ફત્તેહપુરી(મહારાજ) [ ] : નિર્ગુણી પદના કર્તા.

સંદર્ભ : ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છ. વિ. રાવળ. [શ્રા.ત્રિ.]

ફત્તેંદ્રસાગર [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિનીતસાગરના શિષ્ય ધીરસાગરના શિષ્ય. 'વિજયચંદ્રકેવલીચરિત્ર' પર આધારિત 'અષ્ટપ્રકારીપૂજા-રાસ' (૨.ઈ.૧૭૯૪/સં. ૧૮૫૦, ભાદરવા વદ ૮, ગુરુવાર) તથા મૂળ સંસ્કૃતકૃતિ 'હોલિકાકથા' પર આધારિત સ્તબક તથા સંસ્કૃતના ૧૩૯ શ્લોકમાં 'હોલીરજ-પર્વકથા' (૨.ઈ.૧૭૬૬) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨; ગુસારસ્વતો; ☐૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. લીંહસૂચી. [ગી.મુ.]

ફાજલશાહ (સૈયદ) [ ] : પીર. હિન્દીની છાંટવાળા, અનુક્રમે ૫ અને ૪ કડીના ૨ 'ગીનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ. [શ્રા.ત્રિ.]

ફાંગ [ઈ. ૧૭૦૩ સુધીમાં] : ગણપતિના પુત્ર. જ્ઞાતિએ મોઢ. વિજાપુર પાસેના લાડોલ ગામના વતની. ૨૭ કડવાંનો 'કસોદ્ધરણ' (લે. ઈ. ૧૭૦૩)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ☐૪. ગૂહાયાદી; ૫. ફોંહનામાવલિ. [કી.જો.]

ફૂઢ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકવિ. બારડોલી તાલુકાના સૂપાના વતની. જ્ઞાતિએ ઔદીચ્ય અનાવિલ બ્રાહ્મણ. પિતા ગણેશ/ગણપતિ.

૧૨ કડવાંમાં, લાક્ષણિક વલણ યોજનાવાળા સુંદર ઢાળોમાં રચાયેલું અત્રતત્ર પ્રેમાનંદની વર્ણનકળાનું સ્મરણ કરાવે એવા કવિત્વસભર અંશો ધરાવતું 'રુકિ્મણીહરણ' (૨.ઈ.૧૫૯૬/સં. ૧૬૫૨, ચૈત્ર સુદ ૧૧, મંગળવાર; મુ.) અને ૧૧ કડવાંનું 'હરિશ્ચંદ્રાખ્યાન' (૨.ઈ.૧૬૨૭) તેમની નોંધપાત્ર કૃતિઓ છે.

આ ઉપરાંત ૧૦ કડવાંમાં ગોદાવરીતટ પરના કપોતપરિવારની ભક્તિકથા ગોદાવરીમાહાત્મ્ય સાથે રજૂ કરતું 'કપોતઆખ્યાન', ૧૩૨ છટાદાર છપ્પાઓમાં કૃષ્ણવિષ્ટિની ઘટના સાથે સભાપર્વના દ્યુતપ્રસંગથી પાંડવોના રાજ્યારોહણ સુધીની ઘટનાઓને પણ સંક્ષેપમાં રજૂ કરતું, વેગવંત સંવાદો ને ટૂંકાં રસિક વર્ણનોથી આકર્ષક એવું 'પાંડવવિષ્ટિ' (૨.ઈ.૧૬૨૧/સં. ૧૬૭૭, શ્રાવણ સુદ ૯, મંગળવાર; મુ.), શૈવકથાનું આલંબન લઈ સગાળશાની લોકકથા પરથી ૧૨ કડવાંમાં રસપ્રદ રીતે બાંધેલું કરુણમધુર કાવ્ય 'શૃગાલપુરી સગાલપુરી/સગાળશાનું આખ્યાન' (૨.ઈ.૧૬૨૬/સં. ૧૬૮૨, અસાડ સુદ ૧, શનિવાર; મુ.), 'મહાદેવનો વિવાહ' તથા ૭૫ ચંદ્રાવળામાં રચાયેલું 'કંસવધ/મલ્લ-અખાડાના ચંદ્રાવળા'–એ કૃતિઓ એમની રચેલી છે. તેમની કૃતિઓમાં 'ફૂઢ મૂઢ'નો છાપ મળે છે. 'નવીન કાવ્યદોહને' 'ફૂડો'ના નામે આપેલાં કૃષ્ણવિષયક ૨ પદ આ ફૂઢનાં હોવાનો સંભવ છે. આ ઉપરાંત 'સુરદાસ ફૂઢો' નામે ૪ કડવાંનું 'ચેલૈયાનું આખ્યાન' (૨.ઈ.૧૬૨૬) કૃતિ નોંધાઈ છે, જે રચનાસમયના કારણે આ જ કર્તાની હોવા સંભવ છે.

કૃતિ : ૧. નકાદોહન; ૨. સઆખ્યાન; ૩. સગુકાવ્ય(+સં.); ☐ ૪. ઊર્મિકાવ્યાંક : ૧, સં. ૧૯૯૧–'રુકિ્મણીહરણ', સં. કે. કા. શાસ્ત્રી.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. પાંગુહસ્તલેખો; ☐૪. કદહસૂચિ; ૫. ગૂહાયાદી; ૬. ફોંહનામાવલિ : ૧, ૨; ૭. ફોંહનામાવલિ. [ચ.શે.]

ફૂલકુંવરબાઈ [જ. ઈ. ૧૭૫૨/સં. ૧૮૦૮,મહા વદ ૧] : પુષ્ટિમાર્ગીય ભરૂચી વૈષ્ણવ કવયિત્રી. કપડવંજના વેણીભાઈ દેસાઈનાં પુત્રી. તેમણે રચેલી 'વિરહ વિનંતિ' સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે. તેમના સંગથી અનેક વૈષ્ણવો ભરૂચી વૈષ્ણવો થયાનું નોંધાયું છે.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

ફૂલજી [ ] : બારોટ કવિ. ૬ કડીની માતાજીની ૧ ગરબી(મુ.)ના કર્તા.

કૃતિ : **અંબીકાકાવ્ય તથા શક્તિકાવ્ય**, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.) [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફૂલાબાઈ [ ] : કચ્છ-ભૂજનાં રહીશ. ૩ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : ભસાસિંધુ (+સં.). [શ્રા.ત્રિ.]

બખશાજી [જ. ઈ. ૧૪૮૪ આસપાસ] : ઈસરદાસના શિષ્ય. પત્ની ગેદાબાઈ. પુત્ર દેવનાથ, જે પછીથી તેમના શિષ્ય બને છે. બખશાજીની રચેલી આરતી, ભજન (૫ મુ.) વગેરે કૃતિઓ મળે છે. કવિની કેટલીક રચનાઓ સંપૂર્ણ હિંદીમાં છે તો કેટલીકમાં હિંદીની છાંટ વર્તાય છે.

કૃતિ : ભજનચિંતામણી, ભગતશ્રી કાળુજીકૃત, ઈ.૧૯૩૬ (+સં.). [કી.જો.]

બચિયો [ ] : પદના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

બજ્યો યવઈ [ ] : *આ નામે ૧૦ કડીની* અને ૫ કડીની માતાજીની ૨ ગરબી(મુ.) મળે છે.

કૃતિ : ૧. *અંબિકાકાવ્ય*, પ્ર. બાલાજી ભગવાનજી, ઈ. ૧૮૮૩; ૨. *અંબીકાકાવ્ય તથા શક્તિકાવ્ય*, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખી દાસ, ઈ. ૧૯૨૩. [કી.જો.]

બડા (સાહેબ) [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : મુસ્લિમ કવિ. ચીસ્તીયા સંપ્રદાયના હજરત નિજામુદ્દીન ઔરંગાબાદીના પુત્ર અને હજરત ફખરુદ્દીનના શિષ્ય. દિલ્હીથી દેશાટને નીકળી વડોદરા આવી વસેલા આ કવિનાં પદો તથા ભજનોમાં પ્રેમલક્ષણા ભક્તિ તથા ગુરુ-ભક્તિનો મહિમા થયેલો છે. પ્રેમલક્ષણા ભકિતનાં કવિઓની કવિતાનો પ્રભાવ પણ એમનાં કોઈક પદો પર જોઈ શકાય છે.

કવિની કૃતિઓમાં ખ્વાજા ચીસ્તી સાહેબની ૧ આરાધ(મુ.), ગુજરાતીમાં ૩ ભજન(મુ.) તથા હિંદીમાં ૧૧ ભજન(મુ.) મળે છે.

કૃતિ : ભકિતસાગર, હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯ (+સં.).

સંદર્ભ : ઊર્મિનવરચના,મે ૧૯૭૫–'ગુજરાતી સાહિત્યના મુસ્લિમ કવિઓ', ભૂલિકા જી. ત્રિવેદી. [ર.ર.દ.]

બદમાલ/બદો(ગેડિયો) [ ] : રાણપુરના હરિજન ગોર. કવિના નામ સાથે આવતો 'ગેડિયો' શબ્દ કવિની કઈ ઓળખનો સૂચક છે તે નિશ્ચિતપણે કહી શકાતું નથી. કવિએ રાજસ્થાનીબ્રજની છાંટવાળાં ગુજરાતી અને હિંદી પદો (૨ મુ.)ની રચના કરી છે. પદોની શૈલી છટાદાર અને મોહક છે.

કૃતિ : હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.). [કી.જો.]

બદરી/બદરીબાઈ [સં. ૧૮મી સદી] : પુષ્ટિસંપ્રદાયનાં સ્ત્રીકવિ. તેમણે પદોની રચના કરી છે.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐ ૨. ગૂહાયાદી. [કી.જો.]

બદ્રીનાથ [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. દુહામાં રચાયેલી ૫૯ કડીની, ઈ. ૧૮૧૩માં મૂળી આવેલા સહજાનંદ સ્વામીએ મૂળીના મંદિરની જે યાત્રા કરી તેની વીગતો આપતી 'મૂળીમહાત્મ્ય'(મુ.), ૬ કડીનું 'અયોધ્યા-લીલાનું પદ'(મુ.) તથા સુખાનંદ વગેરે સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓનો નિર્દેશ કરતાં હિંદી પદો (૨ મુ.)ની તેમણે રચના કરી છે.

કૃતિ : ૧. કચ્છનો ઈતિહાસ, ઓધવજીભાઈ કૃત, ઈ. ૧૮૮૨, ૨. હરિચરિત્રચિંતામણી, દયાનંદ સ્વામીકૃત, સં. ૨૦૨૦. [કી.જો.]

બરજોર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : પારસી કવિ. જન્મ નવસારીમાં. પિતાનામ ફરેદુન. કવિની 'વંદીદાદ' જેવા જરથોસ્તી ધર્મગ્રંથોને આધારે ધર્મ સંબંધી ક્રિયાકાંડોનું આલેખન કરતી ૨૭૨ કડીની 'ભલી દીનની શફીઅત' (૨.ઈ.૧૬૮૦થી ૧૭૦૦) એ દુહામાં રચાયેલી વર્ણનાત્મક કૃતિ મળે છે. કવિએ કૃતિમાં ધર્મના ઘણાખરા અગત્યના ક્રિયાકાંડોનું જે રીતે વર્ગીકરણ કર્યું છે અને લાઘવથી *તેનો મહિમા વર્ણવ્યો છે તે આ કૃતિની ખાસ ખૂબી છે.*

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા : ૧, ૨, પ્ર. પેરીન દારા ડ્રાઈવર ઈ. ૧૯૭૪, ઈ. ૧૯૭૯. [ર.ર.દ.]

'બરાસ–કસ્તૂરી' : કેટલીક હસ્તપ્રતોમાં મળતી પણ ઈ.સ. ૧૮૭૪ માં એક જ વાર શિલાછાપમાં છપાયેલી દુહા, ચોપાઈ ને છપ્પાના બંધમાં રચાયેલી ૨૭૪૨ કડીની શામળની આ વાર્તા(મુ.) પૂર્વદેશની કોશંબા નગરીના રાજકુંવર બરાસનાં દરિયાપારની એક નગરીના કપૂરસેન રાજાની રૂપવતી કુંવરી કસ્તૂરાવતી સાથે સાહસિક પ્રવાસ અને સુથાર દેવધરના વિમાન તથા માલણની મદદથી થતાં મિલન અને લગ્નની તથા ત્યારબાદ તેમને નડતાં સંકટ અને નર-નારીમાં કોણ ચઢિયાતું એ વાદને પરિણામે બેવાર થતા તેમના વિજોગ અને રખડપટ્ટીને અંતે થતા સુખદ સંયોગની વધુ પડતી લંબાવાઈ ગયેલી કથા કહે છે. 'સૂડા બહોતેરી'ના પ્રકારની કનિષ્ઠ કામકથાવાળી સ્ત્રી-ચરિત્રની આડકથા પણ અંદર આવે છે તે અને અહલ્યા, મંદોદરી, કુન્તી આદિ પુરાણખ્યાત સ્ત્રીઓ વિશેના વાર્તાત્મક ઉલ્લેખો વાર્તાને ઔચિત્ય અને પ્રમાણના ભોગે લંબાવી નાખે છે.

વાર્તામાં અપ્સરાનો શાપ, પૂર્વજન્મસ્મરણ, નાગે આપેલા મંત્રેલા દોરાથી પુરુષનું પોપટ બની જવું, સેંકડો યોજનો ઊડતાં કાષ્ટવિમાનો વગેરે જેવી યુક્તિઓનો આશ્રય લેવાયો છે. નાયિકાના પતિની શોધમાં પુરુષવેશે થતાં અટન અને આખરે તો પતિને જ ઘરવાની થતી અન્ય યુવતીની પ્રાપ્તિના કથાઘટકોનો પણ ઉપયોગ વાર્તામાં થયો છે. બરાસકુમારના જન્મ પહેલાં તેની માતાના લોહી ભરેલી વાવમાં નગ્ન બની સ્નાન કરવાના દોહદ અને ગરુડે તેને ઊપાડી જવાનું વૃત્તાંત, નાયકનાયિકાના લગ્નની વાત, નાયિકાનું તેને ગળી જતા મચ્છના પેટમાંથી જીવતાં નીકળવું વગેરે બાબતો 'કથાસરિતસાગર'ની કેટલીક વાર્તાઓ શામળ સુધી પહોંચી હોવાનું અને તેણે તેનો પોતાની વાર્તા બનાવવામાં સૂઝતો ઉપયોગ કરી લીધાનું બતાવે છે. વાર્તામાં નાયકને ૨ સ્ત્રીઓ મળે છે, તો કસ્તૂરાવતીની પ્રાપ્તિ માટેના સાહસ–પ્રવાસમાં તેના સાથીદાર અને મિત્ર વજીરપુત્રને પણ ૧ સ્ત્રી પત્ની તરીકે સંપડાવાઈ છે. [અ.રા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બલદાસ [ઈ. ૧૭મી સદી] : પુષ્ટિસંપ્રદાયના કવિ. ગુંસાઈજીના સેવક. તેમણે પદ્યમાં ૩૭૨ કડીની 'બ્રહ્મશિખરની વાર્તા' અને 'વનજાત્રા' એ કૃતિઓ રચી છે.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો; ☐૩. અનુગ્રહ, ડિસે. ૧૯૫૭–'મહદમતિ શ્રી મોહનભાઈ'–; ☐ ૪. ફોહનામાવલિ. [કી.જો.]

બલભદ્ર [ ] : 'માલાપ્રસંગ'ના કર્તા.

સંદર્ભ : અનુગ્રહ, ફેબ્રુ. ૧૯૫૭–'માલાઉદ્ધાર કાવ્ય', ચિમનલાલ મ. વૈદ્ય. [કી.જો.]

બળદેવ : જુઓ બ્રેલેદેવ.

બાજાંદ [ઈ. ૧૮૨૦ સુધીમાં] : જૈન સાધુ. હિંદીમિશ્ર ગુજરાતીમાં તેમણે ૩૬ 'ચંદ્રાઅણાં દુહા' (લે.ઈ. ૧૮૨૦)ની રચના કરી છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

બાધારસંગ [ ] : જ્ઞાતિએ ક્ષત્રિય. તેમનું વતન આંતરસા. બહેચરરામ મહારાજના શિષ્ય. તેમણે પદો (૩ મુ.)ની રચના કરી છે.

કૃતિ : ગુમુવાણી (+સં.). [દે.દ.]

બાપુ (સાહેબ) [જ. ઈ. ૧૭૭૭/૧૭૭૯–અવ. ઈ. ૧૮૪૩/ સં. ૧૮૯૯, આસો સુદ ૧૧, બુધવાર] : જ્ઞાનમાર્ગી કવિ. જ્ઞાતિએ મરાઠા રજપૂત. પિતાનું નામ જીવનરાવ/યશવંતરાવ ગાયકવાડ. પિતાને બે પત્ની. એમાં જે રજપુતાણી પત્ની તેમનાં તેઓ પુત્ર હતા. બાળપણમાં ગુજરાતી-મરાઠી લખવાવાંચવાનું તથા ઘોડેસવારી-તલવાર-બાજી શીખ્યા. ગરાસની જમીન માટે ગોઠડા જવાનું થયું ત્યારે ત્યાં ધીરા ભગત સાથે અને પછી વડોદરા પાગાના જમાદારની નોકરી દરમ્યાન નિરાંત ભગત સાથે સંપર્ક. એ બંનેના સંસર્ગને લીધે મનમાં પડેલી વૈરાગ્યવૃત્તિ વધારે ખીલી ને દૃઢ બની. બંનેનું શિષ્યપદ એમણે સ્વીકાર્યું, અને કેટલાક સમય પછી રાજ્યની નોકરીની જંજાળમાંથી મુક્ત થઈ ભજનકીર્તન તરફ વળ્યા. હિન્દુ-મુસલમાન કે ઊંચનીચના ભેદભાવમાં તેઓ માનતા ન હતા તે કારણે સ્વજનવિરોધ સહેવાનો વખત આવ્યો તે તેમણે મક્કમપણે સહ્યો. તેમના શિષ્યવર્ગમાં તેઓ 'બાપુમહારાજ' નામથી જાણીતા હતા.

પદ, ગરબી, રાજિયા, મહિના, કાફી સ્વરૂપે મળતી પદ પ્રકારની કાવ્યરચના કરનાર બાપુસાહેબ ધીરા-અખાની પરંપરાના જ્ઞાની કવિ છે. એમની રચનાઓમાં જ્ઞાની સંતના સરલતા, સહજતા, ઉદારતા, અનાસક્તિ, વૈરાગ્યભાવ વગેરે ગુણોને વર્ણવતી કાફી-પ્રકારનાં ૨૪ પદોની 'જ્ઞાનીનાં લક્ષણ'←(મુ.) ને અણિમા, ગરિમા, મહિમા, લઘિમા વગેરે ૧૮ યોગસિદ્ધિઓની નિરર્થકતા બતાવતી ૨૦ કાફીઓની 'સિદ્ધિખંડન'←(મુ.) વિશેષ ધ્યાનપાત્ર રચનાઓ છે. એ સિવાય એમની અન્ય પદ←(મુ.) રચનાઓમાં ધર્મને નામે પાખંડ ચલાવતા પંડિત, બ્રાહ્મણ, મુલ્લા, ગુરુ વગેરે પર પ્રહારો કરતાં ને આત્મજ્ઞાન, સદ્‌ગુરુનો મહિમા કરતાં ૭૦ જેટલાં પદ; મનુષ્યને સ્ત્રી, ધન, પુત્ર ઇત્યાદિની આસક્તિમાંથી મુક્ત રહેવાનો બોધ આપતી ૪૦ ગરબીઓ; માયાના બંધનમાં અટવાયેલા, મનના ૬ દુર્ગુણોથી યુક્ત ને સાચા જ્ઞાનને ભૂલી ગયેલા મનુષ્યની જીવન-કથનીને વ્યક્ત કરતી 'ષડ્‌રિપુના રાજિયા'; નિર્ગુણ ઈશ્વરનું વર્ણન કરતી 'બ્રહ્મબોધ'ની ૨૪ અને 'જ્ઞાનોપદેશ'ની ૬ કાફીઓ તથા બ્રહ્માનુભવના આનંદને વ્યકત કરતા 'મહિના/જ્ઞાનના દ્વાદશ માસ' (૨.ઈ.૧૮૩૪)નો સમાવેશ થાય છે.

કવિના જ્ઞાનવૈરાગ્યના બોધમાં તત્ત્વચર્ચાનું ઊંડાણ ઓછું છે, પરંતુ અખાના છપ્પાની જેમ દૃષ્ટાંતો અને કટાક્ષનો આશ્રય લઈ પોતાની વાતને વેધક રીતે કહેવાની એમને વિશેષ ફાવટ છે. તળપદી ભાષાનું જોમ અને તત્કાલીન જીવનનું નિરીક્ષણ એમની શૈલીને આગવી લાક્ષણિકતા બક્ષે છે.

'બૃહત્‌કાવ્યદોહન : ૩ અને ૫'માં મુદ્રિત મીયાંગામના વતની તરીકે ઓળખાવાયેલા બાપુની રચના આ કવિની જ છે.

કૃતિ : ૧. ગુમુવાણી; ૨. પ્રાકામાળા : ૭ (+સં.); ૩. બૃકા-દોહન : ૩, ૫.

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. આગુસંતો; ૩. કવિચરિત : ૩; ૪. ગુમાસ્તંભો; ૫. ગુસાઈતિહાસ : ૨; ૬. ગુસામધ્ય; ૭. ગુસા-રસ્વતો; ૮. પ્રાકકૃતિઓ; ૯. સસામાળા; ☐૧૦. ગૂહાયાદી. [દે દ.]

'બારમાસ' [લે. ઈ. ૧૬૭૩ લગભગ] : 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' આ કૃતિને અનંતસુતને નામે નોંધે છે અને જયદેવસુત નામ પણ મળે છે તેમ કહે છે. કર્તા પાલણપુર પાસે પાવગામના વતની હતા.

સંદર્ભ : ગૂહાયાદી. [પા.માં.]

બાલ(મુનિ)–૧ : જુઓ માલદેવ.

બાલ–૨ [ઈ.૧૬૨૮માં હયાત] : જૈન સાધુ. ગંગજી મુનિના શિષ્ય. ૪૬ કડીની 'શાંતિકુંથુઅરજિન-સ્તવન' (૨.ઈ.૧૬૨૮/સં. ૧૬૮૪, શ્રાવણ સુદ ૨)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

બાલ–૩/બાલચંદ્ર [ઈ. ૧૬૯૫માં હયાત] : જૈન સાધુ. ૧૧૪ કડીની, હિંદીમિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલી 'પંચેન્દ્રિયસંવાદ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૯૫/સં. ૧૭૫૧, ભાદરવા સુદ ૨) તથા 'સીતા-રાસ' (લે.ઈ. ૧૭૩૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; દેસુરાસમાળા; ૩. પ્રાકારૂપરં-પરા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈન સત્યપ્રકાશ, ઑક્ટોબર ૧૯૪૬–'જૈન કવિયોંકી સંવાદસંજ્ઞક રચનાયેં', અગરચંદજી નાહટા; ☐૬. જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

બાલ–૪ [ ] : અવટંકે ભટ્ટ. પદ અને 'સૂરજનો છંદ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાલચંદ–૧ [ઈ. ૧૬૮૯માં હયાત] : જૈન સાધુ. 'સંગ્રહવેલિ' (ર.ઈ.૧૬૮૯)ના કર્તા.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

બાલચંદ–૨ : જુઓ વિનયપ્રમોદશિષ્ય વિનયલાભ.

બાલચંદ્ર–૧ : જુઓ બાલ–૩.

બાલચંદ્ર–૨ [ ] : જૈન સાધુ. ગુણહર્ષ પંડિતના શિષ્ય. 'ચૌદશ તિથિની સ્તુતિઓ'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

બાળક(સાહેબ) [જ.ઈ. ૧૮૦૧–અવ. ઈ. ૧૯૦૬/સં.૧૯૬૨, પોષ વદ ૧૧, શનિવાર] : રવિભાણ સંપ્રદાયના કવિ. નથુરામના શિષ્ય. જ્ઞાતિએ મેઘવાળ. પિતાનું નામ મૂળદાસ. વતન મારવાડ. પછી બોટાદ નજીક અડાઉ ગામે વસવાટ. પહેલાં નાથસંપ્રદાયના એક સાધુનો ભેટો થતાં જૂનાગઢ-ગિરનારમાં યોગ સાધના માટે આવી વસેલા. પાછળથી નથુરામનો ભેટો થયા બાદ રવિભાણ સંપ્રદાયના અનુયાયી બન્યા. ધોરાળામાં જીવતા સમાધિ લીધેલી. લાલમાં તેમનાં ૭ સ્થાનો છે. નિર્ગુણ ઉપાસનાનાં ચારથી ૫ કડીનાં ભજનો (૪ મુ.) તેમની પાસેથી મળ્યાં છે.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ.૧૯૫૮; ૨. સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ,નાથાભાઈ ગોહિલ, ઈ.૧૯૮૭(+સં.). [શ્રા.ત્રિ.]

બાળકદાસ–૧ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામમહારાજના શિષ્ય. વતન વડોદરા.

સંતરામ મહારાજ માટેની ભક્તિ વ્યકત કરતાં, ક્વચિત હિન્દીની છાંટવાળાં પદો (કિટલાંક મુ.)ના કર્તા.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, સં. ૨૦૩૩ (ચોથી આ.).

સંદર્ભ : પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

બાળકદાસ–૨ [ ] : ત્રિકમદાસના શિષ્ય. કબીર પરંપરાના કવિ. તેમનું ૪ કડીનું ૧ ભજન(મુ.) મળે છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. ભસાસિંધુ. [કી.જો.]

બિલ્હ/વિલ્હણ : બિલ્હને નામે 'જિનચંદ્રસૂરિસ્તુતિ (લે.સં.૧૭મી સદી), વિલ્હણને નામે 'હીરકલશમુનિ-સ્તુતિ' (લે. સં. ૧૭મી સદી) અને વિલ્હાણને નામે 'હરિયાળી' (લે. સં. ૧૭મી સદી) એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક જ છે કે જુદાજુદા તે વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કી.જો.]

'બિલ્હણ–પંચાશિકા' : દુહા-ચોપાઈની ૧૫૨ કડીની જ્ઞાનાચાર્યની આ કૃતિ(મુ.) સંસ્કૃત 'બિલ્હણ-પંચાશિકા'ને આધારે રચાયેલી હોવાથી આ નામ પામી છે ને હસ્તપ્રતમાં મૂળ સંસ્કૃત કૃતિની સાથે ૨૦૫ જેટલી કડીઓ રૂપે મળે છે. 'ચૌર-પંચાશિકા'ને નામે પણ ઓળખાતી, વસંતતિલકા છંદમાં રચાયેલી મૂળ સંસ્કૃત કૃતિ બિલ્હણના આત્મ કથન રૂપે છે ને એ કાશ્મીરી કવિની રચના હોય એમ મનાયું છે. આ ઉપરાંત, આ પ્રસંગે લગતી પૂર્વકથાની પણ સંસ્કૃતમાં 'બિલ્હણ-કાવ્ય' નામની એક પરંપરા છે (જેનો લાભ જ્ઞાનાચાર્યે લીધો હોવાનો સંભવ છે). એ પરંપરાની સૌથી વધુ પ્રચલિત વાચનામાં અણહિલપુર પાટણના રાજા વૈરસિંહ સાથેનો બિલ્હણનો પ્રસંગ આલેખાયો છે, ત્યારે જ્ઞાનાચાર્યની ગુજરાતી કૃતિમાં પાટણના રાજા પૃથ્વીચંદ્રનો પ્રસંગ છે. એ પોતાની પુત્રી શશિકલાને પંડિત બિલ્હણ પાસે ભણવા મૂકે છે ત્યારે શશિકલા આંધળી છે ને પંડિત કોઢિયો છે એમ કહી બંને વચ્ચે પડદો રખાવે છે. પરંતુ એક વખત આ ભાંડો ફૂટી જતાં આ ગુરુશિષ્યા પડદો હટાવી એકબીજાને જુએ છે અને પ્રેમમાં પડે છે. બિલ્હણ સાથેની કંદર્પ-ક્રીડાથી શશિકલાના રૂપમાં પરિવર્તન થતાં રાજાને બનેલી હકીકતની જાણ થાય છે ને એ બિલ્હણને શૂળીએ ચડાવવાનો હુકમ કરે છે. પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવાનું કહેતાં બિલ્હણ શશિકલાને જ પોતાની ઇષ્ટદેવતા ગણાવે છે અને એની સાથેની રતિક્રીડાનું સ્મરણ કરે છે. વધસ્થાને લઈ જવાતો બિલ્હણ શશિકલાની નજરે પડતાં, બિલ્હણ મરતાં પોતે મરી જશે એમ કહે છે તેથી અંતે રાજા શશિકલાને બિલ્હણની સાથે પરણાવે છે.

ગણેશ-સરસ્વતીની નહીં પણ મકરધ્વજ મહીપતિની વંદનાથી આરંભાતા આ કાવ્યમાં કવિની નેમ પ્રેમનો–કામનો મહિમા સ્થાપિત કરવાનો હોય એમ લાગે છે. કાવ્યનો સૌથી આકર્ષક ભાગ બિલ્હણ પોતાની ઇષ્ટદેવતા શશિકલાનું પચાસેક કડીમાં સ્મરણ કરે છે–જે એના 'પંચાશિકા' એ નામને સાર્થક કરે છે–તે છે. તેમાં શશિકલાના સૌંદર્યનું, એના અનેક શૃંગારવિભ્રમોનું ને એની સાથેની રતિક્રીડાનું જે વીગતભર્યું ઉન્મત્ત પ્રગલ્ભ ચિત્રણ કરે છે તે ગુજરાતી સાહિત્યમાં વિરલ છે. રાવણે સીતાને માટે ૧૦ માથાં આપ્યાં તો હું ૧ માથું આપું એમાં શું ? એમ કહેતા બિલ્હણની ખુમારી પણ સ્પર્શી જાય એવી છે. [ભો.સાં.]

બિહારીદાસ(સંત) [જ. ઈ.૧૭૪૮] : કચ્છના વાંઢાય ગામના વતની. જ્ઞાતિએ કચ્છ ભડિયાની ધલજાતિના રજપૂત. મૂળ નામ વેરોજી. પિતાનું નામ મેઘરાજ. દેવાસાહેબના શિષ્ય. દીક્ષા પછી 'બિહારીદાસ' નામ ધારણ કર્યું હતું. તેમણે હિંદી, ગુજરાતી તથા કચ્છીમાં પદ અને ભજન (કિટલાંક મુ.)ની રચના કરી છે. આ ઉપરાંત 'કૃષ્ણબાલવિનોદ', 'ગુરુસ્તુતિ' તથા 'પ્રાસ્તાવિક કુંડળિયા' કૃતિઓ પણ તેમણે રચી હોવાનું મનાય છે.

કૃતિ : કચ્છના સંતો, દુલેરાય કારાણી, ઈ. ૧૯૭૬ (+સં.).

સંદર્ભ : ૧. કચ્છના સંતો અને કવિઓ : ૨, દુલેરાય કારાણી, સં. ૨૦૨૦; ૨. ગુસારસ્વતો. [કી.જો.]

બુધરાજ/કચરાય [ઈ. ૧૫૩૩માં હયાત] : જૈન સાધુ. અવહટ્ઠાના સંસ્કારવાળી અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં 'મદન-રાસ/મદનયુદ્ધ' (ર.ઈ.૧૫૩૩/સં. ૧૫૮૯, આસો સુદ ૧, શનિવાર)ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ' ભૂલથી આ કૃતિને હિન્દી ગણે છે. આ કૃતિની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨ હસ્તપ્રતમાં કર્તાનું નામ 'કચરાય' હોવાનો નિર્દેશ મળે છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐૩. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

બુધવિજય [ઈ. ૧૭૪૪ પહેલાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં જ્ઞાનવિજયના શિષ્ય. 'યોગશાસ્ત્ર' પરના ગદ્ય બાલાવબોધ (લે.ઈ. ૧૭૪૪ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

બુદ્ધિલાવણ્ય-૧ : જુઓ લાવણ્યસૌભાગ્ય.

બુદ્ધિવર્ધન [ ] : જૈન સાધુ. ૩૪ કડીના 'ચતુર્વિંશતિજિન પંચકલ્યાણક-સ્તવન' (લે.ઈ. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

બુદ્ધિવિજય : આ નામે 'ઢુંઢકચર્ચા-વિવરણ' તથા ૨ 'આત્મ-સઝાય' મળે છે. તેમના કર્તા કયા બુદ્ધિવિજય છે તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

બુદ્ધિવિજય-૧ [ઈ.૧૬૫૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. 'જીવવિચાર-સ્તવન' (૨.ઈ.૧૬૫૬/સં. ૧૭૧૨, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

બુદ્ધિવિજય-૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિના શિષ્ય. ૪-૪ કડીની 'કલ્પસૂત્ર (પર્યુષણ)ની સ્તુતિ'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

બુદ્ધિસાગર [ ] : જૈન સાધુ. ૬ કડીની 'પન્નાવણાસૂત્ર-સઝાય' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

બુદ્ધિસાગરશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૮ કડીની 'મનુષ્યભવદૃષ્ટાંત-સઝાય' (લે. સં.૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

બુદ્ધિસાર [ઈ. ૧૪૬૬માં હયાત] : જૈન સાધુ. ૨૮૮ કડીના 'જંબુસ્વામીભવચરિત્ર-રાસ' (૨.ઈ.૧૪૬૬)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

બુલાખીરામ [ ] : બ્રાહ્મણ કવિ. ૪૯ કડીની 'સાવિત્રીયમ-સંવાદ'(મુ.) કૃતિમાં કવિએ સત્યવાન તથા સાવિત્રીની કથાને સાવિત્રી અને યમના સંવાદ દ્વારા સરળ પણ પ્રાસાદિક રીતે આલેખી છે.

કૃતિ : ભજનસાગર : ૨, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ૨૦૦૯ (+સં.). [કી.જો.]

બૂટાજી/બૂટિયો/બૂટો/બૂઢિયો (ભગત) [ઈ. ૧૭મી સદી] : જ્ઞાનમાર્ગી વેદાંતી કવિ. કવિ બ્રહ્માનંદના શિષ્ય અને અખાજી (ઈ. ૧૭મી સદી)ના ગુરુભાઈ હોવાની માન્યતા પણ પ્રચલિત છે. જાતે સાધુ. બૂટાજીનાં ૧૨ પદ(મુ.) મળે છે.આ પદોમાં કવિની અદ્વૈતવેદાંતનિષ્ઠા તથા આધ્યાત્મિક અનુભવે રણકતી, અત્રતત્ર હિંદીની છાંટવાળી, સુબોધક સંસ્કારપૂત વાણી જોવા મળે છે. કવિની શૈલીમાં સ્વાભાવિકતાની સાથે વેગનો પણ અનુભવ થાય છે.

કૃતિ : ૧. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. બૃકાદોહન : ૫; ૪. ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. કવિચરિત : ૩; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકકૃતિઓ; ૫. પ્રાચીન કાવ્યમંજરી, સં. જેઠાલાલ ત્રિવેદી, ઈ. ૧૯૬૫; ☐ ૬. ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૬૧–'બૂટિયાના એક પદની વાચના', સુરેશ હ. જોશી; ☐ ૭. ફોંહનામાવલિ. [ચ.શે.]

બેચર/બેચરદાસ/બહેચર : 'બેચર'ના નામે 'દાણલીલાના સવૈયા' તથા 'કક્કો', 'બહેચર'ના નામે પદ તથા બહેચરદાસને નામે આઠથી ૧૧ કડીના ૪ ગરબા(મુ.) મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક જ છે કે જુદા તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : શ્રીમદ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ.૧૮૮૯.

સંદર્ભ : ૧. ગુજકૃહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી. [કી.જો.]

બેહદીન [ઈ. ૧૮૨૦માં હયાત] : પ્રકીર્ણ વાર્તાઓ (૨.ઈ. ૧૮૨૦)ના કર્તા.

સંદર્ભ : ફોંહનામાવલિ. [કી.જો.]

'બોડાણાનું આખ્યાન' : 'રણછોડજીનો સલોકો' એ અપરનામથી પણ ઓળખાતી કાલિકાના ગરબા જેવી શામળની 'બોડાણાનું આખ્યાન'(મુ.) કથનાત્મક રચના છે. હાથમાં તુલસી ઉગાડી વરસમાં બેત્રણ વાર દ્વારિકા જઈ તે વડે ભગવાનની સિત્તેર વરસ સુધી પૂજા કરનાર રજપૂત બોડાણાની ઉપર પ્રસન્ન થઈ દ્વારિકાધીશ પોતે તેની પાસે વાહન મંગાવી પોતે તેના સારથિ બની ડાકોર આવ્યા એ 'સંવત વિક્રમ બારોતર બાર'માં બનેલો કહેવાતો લોકખ્યાત ભક્તિવર્ધક પ્રસંગ સાદી ચોપાઈઓમાં તેમાં વર્ણવાયો છે. ભગવાનની ભક્તવત્સલતાનું તથા બોડાણાદંપતીનું ચિત્રણ એમાં સારું થયું છે. ગંગાબાઈની વાળીથી તોળાતા ભગવાનના કપટીપણાની, તેમને પાછા લેવા આવેલા ગુગળીઓએ કરેલી બીજી રીતે ભગવાનની લીલાની સ્તુતિ બનતી, નિંદા લોકરંજક છે. [અ.રા.]

બ્રહ્મદેવ : જુઓ બ્રેહેંદેવ.

બ્રહ્મ : આ નામે ૧૦ કડીની 'તેર કાઠિયા-સઝાય' અને 'ઉપદેશ-કુશલ-કુલક' તથા બ્રહ્મભગતને નામે ૧૭ કડીની 'સાધુગુણ-કુલક'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(લે. સં. ૧૭મી સદી અનુ.) અને 'કૃષ્ણરાધિકા-બારમાસ' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક જ છે કે જુદા જુદા તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. ટ્રેઝર્સ ઑવ જૈન ભંડારઝ (અં.), સં. ઉમાકાન્ત પી. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

બ્રહ્મગિરિ [ ] : જાતે વૈરાગી. 'બ્રહ્મની આરતી'ઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [કી.જો.]

બ્રહ્મજિનદાસ : જુઓ જિનદાસ–૧.

બ્રહ્મદેવ : જુઓ બ્રેહેદેવ.

બ્રહ્મરૂપચંદ : જુઓ (બ્રહ્મ) રૂપચંદ.

બ્રહ્મર્ષિ/વિનયદેવ [જ.ઈ.૧૧૧૧/સં.૧૧૬૮, માગશર સુદ ૧૫, ગુરુવાર – અવ. ઈ. ૧૧૯૦] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સુધર્મગચ્છના સ્થાપક. 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ' પરની વૃત્તિમાં તે પોતાને ચાલુક્યવંશના રાજપૂત અને સાધુરત્ન પંડિતના શિષ્ય પાર્શ્વચંદ્રસૂરિના શિષ્ય તરીકે જણાવે છે. ઈ.સ.૧૧૯૦માં મનજી ઋષિએ રચેલા 'વિનયદેવસૂરિ-રાસ' અનુસાર માલવાના આજણોઠ ગામે જન્મ. પિતા સોલંકી રાજા પદ્મરાય. માતા સીતાદે. મૂળનામ બ્રહ્મકુંવર. આંચલિક રંગમંડણઋષિના હસ્તે દીક્ષા. વિજયદેવ (બદરરાજ) દ્વારા સૂરિપદ સાથે 'વિનયદેવ' નામ મળ્યું. ઈ.૧૫૪૬/સં. ૧૬૦૨, વૈશાખ સુદ ૩ ને સોમવારને દિવસે સુધર્મગચ્છ એ નામથી બુરહાનપુરમાં જુદી સમાચારી આદરી. અવસાન બુરહાનપુરમાં.

'બ્રહ્મ' કે 'બ્રહ્મમુનિ'ના નામથી તેમની કૃતિઓ મળે છે. ૧૨૭ કડીની 'નવતત્ત્વવિચાર-ચોપાઈ' (ર.ઈ.૧૫૩૩), 'મહાનિશીથસૂત્ર'માં આવતા સુસઢના કથાનક પર આધારિત ૨૪૩ કડીની 'સુસઢ-ચોપાઈ' (ર.ઈ.૧૫૩૭), ૩૦૯ કડીની 'ચારપ્રત્યેકબુદ્ધ-ચોપાઈ/રાસ' (ર.ઈ.૧૫૪૧; મુ.), દુહા-ચોપાઈબદ્ધ, જેમાં સૂત્રોમાંથી પ્રાકૃત કડીઓ અને કાવ્યસાહિત્યમાંથી સંસ્કૃત શ્લોકો ઉદ્ધૃત કરેલા છે તે સુમતિ અને નાગિલની આછી કથાને નિમિત્તે અનેક વિષયો પરત્વે વિસ્તારથી બોધ આપતી, અનેક દૃષ્ટાંતોથી સભર 'સુમતિ-નાગિલ-ચોપાઈ' (ર.ઈ.૧૫૫૬/સં. ૧૬૧૨, આસો સુદ ૭, ગુરુવાર; મુ.); ૪૪ ઢાલની 'જિનનેમિનાથ-વિવાહલુ/નેમિનાથ-ધવલ' (ર.ઈ. ૧૫૭૪/સં. ૧૬૩૦, ચૈત્ર સુદ ૧૦), ૪૪ ઢાળની 'સુપાર્શ્વજિન-વિવાહલો' (ર.ઈ.૧૫૭૬), ૩૨૫ કડીની 'ભરતબાહુબલી-રાસ'(ર.ઈ. ૧૫૭૮), 'અજાપુત્ર-રાસ', ૩૫૦ કડીની 'અઢાર પાપસ્થાનક-સઝાય/અઢાર પાપસ્થાન પરિહાર ભાષા/રાસ'(મુ.), ૩૦ કડીની 'અવંતિ સુકુમાલના ચોઢાલિયાં(મુ.)', 'અષ્ટકર્મવિચાર', ૧૨૪ કડીની 'અંતકાલઆરધાનાફલ' 'આગમસદ્દહણા-છત્રીસી' (મુ.), 'ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયન-ગીત/ભાસ/સઝાય' (મુ.), ૬ કડીની 'કર્મ-પ્રકૃતિઅધ્યયન-સઝાય', '૨૪ જિન-સ્તવન', 'જિનપ્રતિમાસ્થાપના-પ્રબંધ', ૩૧ કડીનું 'જિનરાજનામ-સ્તવન', 'દશદૃષ્ટાંત-કુલક', ૮ કડીનું 'પંચમહાવ્રત પરનું કાવ્ય', ૧૦૬ કડીની 'પંચમી પર્યુષણા સ્થાપના-ચોપાઈ', ૯૨ કડીનો 'પ્રથમાસ્રવદ્વાર-કુલક', 'મિથ્યાત્વ-શલ્ય-પરિહાસ'(મુ.), 'મૃગાપુત્રચરિત્ર-પ્રબંધ', ૧૩ કડીની 'રાજર્ષિ સુકોસલજીની સઝાય'(મુ.), ૧૯ કડીની 'રિષભદત્ત ને દેવાનંદજીની સઝાય'(મુ.), ગદ્યમાં 'લોકનાલિકા-બાલાવબોધ' (જેની ૧ પ્રત કવિ-લિખિત હસ્તપ્રત પરથી ઉતારેલી છે), ૨૯ કડીની 'વાસુપૂજ્ય-સ્વામિધવલ', 'વૈરાગ્ય-સઝાય', ૨૮ કડીની 'શ્રોતા પરીક્ષાની સઝાય'(મુ.), ૨૧૬ કડીનો 'શાંતિનાથ-વિવાહલો', ૭ કડીની 'સમુદ્ર-પાલ-સઝાય', ૧૪ ઢાલ અને ૧૩૮ કડીની 'સાધુવંદના', ૧૧ કડીનું 'સીમંધરસ્વામી-સ્તવન', અનેક યાતનાઓ અને કસોટીઓમાંથી શુદ્ધ સ્વરૂપે પસાર થનાર સુદર્શનમુનિનું કથાનક નિરૂપતી ૮૩૯ કડીની 'સુદર્શન શેઠ-ચરિત્ર/ચોપાઈ', જૈન આચાર્યોના ટૂંકા ઉલ્લેખ રૂપે પરંપરાગત વૃત્તાંત આપતી 'સુધર્મગચ્છ પરીક્ષા'(મુ.) અને 'સૈદ્ધાન્તિકવિચાર'. આટલી રચનાઓ ઉપરાંત તેમનાં કેટલાંક સ્તવનો, સઝાયો, કુલકો અને પ્રાસંગિક કાવ્યો પણ મળે છે. તેમણે 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ' પર ટીકા, 'દશાશ્રુત-સ્કંધ' પર 'જિનહિતા' નામની ટીકા અને 'પખ્ખીસૂત્ર' પર ટીકા રચી છે.

કૃતિ : * ૧. સુધર્મગચ્છપરીક્ષા, પ્ર. શ્રાવક રવજી દેસર,–;☐ ૨. જૈન રાસસંગ્રહ : ૧, સં. મુનિશ્રી સાગરચંદ્રજી, ઈ. ૧૯૩૦; ૩. દેવચંદ્રજીકૃત આઠ પ્રવચન માતાની સઝાય વગેરે અનેક પદ્યોનો સંગ્રહ, પ્ર. શા. ચતુર્ભુજ તેજપાળ, ઈ. ૧૯૨૮; ૪. ષટ્દ્રવ્ય નયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. મંગળદાસ લલ્લુભાઈ, ઈ. ૧૯૧૩; ૫. સઝાયસંગ્રહ : ૧, સં. સાગરચંદ્રજી, ઈ. ૧૯૨૨; ૬. સ્તવનસઝાયસંગ્રહ, સં. સાગરચંદ્રજી, ઈ. ૧૯૩૭.

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૩; ૨. કડૂઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસારસ્વતો; ૫. જૈસાઈતિહાસ; ૬. મરાસસાહિત્ય; ☐ ૭. જૈન સત્યપ્રકાશ, એપ્રિલ-મે ૧૯૪૮–'થિરાપદ્રગચ્છીય જ્ઞાન-ભંડારમેં ઉપલબ્ધ વિવાહલો, સંધિ, ધવલ સંજ્ઞક સાહિત્ય', વિજયયતીન્દ્રસૂરિ; ૮. એજન, ફેબ્રુ. ૧૯૪૯ – 'કતિપય ધવલ ઔર વિવાહલોકી નઈ ઉપલબ્ધિ', અગરચંદ નાહટા; ૯. ફાત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ-સંદોહ', હીરાલાલ ર. કાપડિયા; ☐ ૧૦ આલિસ્ટઑઈ : ૨; ૧૧. કૅટલૉગ ગુરા; ૧૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૧૩. જૈહાપ્રોસ્ટા; ૧૪. ડિકૅટલૉગભાવિ; ૧૫. મુપુગૂહસૂચી; ૧૬. લીંહસૂચી; ૧૭. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

બ્રહ્માનંદ–૧ [ઈ.૧૬૭૫માં હયાત] : 'નાગસંવાદ' (ર.ઈ.૧૬૭૫)ના કર્તા. કૃતિ પોરબંદરમાં રચી હોવાનો ઉલ્લેખ મળે છે.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

બ્રહ્માનંદ–૨ [ઈ.૧૭૨૭ સુધીમાં] : ૮૭/૯૪ કડીના 'કૃષ્ણ-બારમાસા' (લે.ઈ.૧૭૨૭)ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગબીજે; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બ્રહ્માનંદ(સ્વામી)–૩ [જ. ઈ.૧૭૭૨/સં.૧૮૨૮, મહા સુદ ૫-અવ. ઈ.૧૮૩૨/સં.૧૮૮૮, જેઠ સુદ ૧૦] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. જન્મ આબુ પર્વતની તળેટીમાં આવેલા રાજસ્થાનના શિરોહી રાજ્યના ખાંણ ગામમાં. પૂર્વાશ્રમનું નામ લાડુદાનજી. પિતાનું નામ શંભુદાન ગઢવી. માતાનું નામ લાલુબા. જ્ઞાતિએ ચારણ. નાની ઉંમરે તેમની શીઘ્ર કવિતા કરવાની શક્તિથી પ્રસન્ન થયેલા શિરોહી રાજ્યના રાજવીએ રાજ્યને ખર્ચે ભૂજની કાવ્યશાળામાં મોકલ્યા. ત્યાં શ્રી અભયદાનજી પાસેથી પિંગળ અને અલંકારશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું. પછી વિવિધ રાજ્યોના રાજવીઓને પોતાની કાવ્યશક્તિથી મુગ્ધ કર્યા. ઈ.૧૮૦૪માં ભૂજમાં સહજાનંદ સ્વામી સાથે મેળાપ અને તેમનાથી પ્રભાવિત. ઈ.૧૮૦૫માં સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ બન્યા. સાધુ બન્યા પછીનું નામ શ્રી રંગદાસજી અને પાછળથી બ્રહ્માનંદ. સાધુ બન્યા ત્યારે કુટુંબમાં ઊહાપોહ અને સ્વજનો તરફથી લગ્ન માટે દબાણ. વડોદરાના ગાયકવાડ નરેશ તરફથી રાજકવિ બનવા માટેનું નિમંત્રણ. બંને પ્રલોભનોને વશ ન થયા. ઈ.૧૮૨૩માં સહજાનંદ સ્વામીના આદેશથી વડતાલમાં સ્વામિનારાયણનું મંદિર બંધાવવાની શરૂઆત કરી અને ત્રણેક વર્ષમાં એ કામ પૂરું કર્યું ત્યારપછી જૂનાગઢ અને મૂળીના મંદિર પણ તેમની દેખરેખ નીચે બંધાયાં. મૂળી મંદિરના મહંત બન્યા અને ત્યાં જ એમનું અવસાન થયું.

સહજાનંદ સ્વામીના સખા અને શીઘ્રકવિ તરીકે પંકાએલા કવિએ લાડુદાન, શ્રી રંગદાસ અને બ્રહ્માનંદને નામે હિંદી, ચારણી અને ગુજરાતીમાં વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું છે. કવિની લાંબી રચનાઓ મુખ્યત્વે હિંદીમાં છે. ગુજરાતીમાં રચાયેલી કૃતિઓ લગભગ પદો રૂપે છે અને કવિની કવિત્વશક્તિ ગુજરાતીમાં આ પદો←(મુ.) પર જ નિર્ભર છે.

કવિએ ૮૦૦૦ જેટલાં પદ રચ્યાં હોવાનું મનાય છે, પરંતુ અત્યારે ૨૬૦૦ જેટલાં પદ મુદ્રિત રૂપે મળે છે, જેમાં ગુજરાતી, હિન્દી, ચારણી અને કચ્છી ભાષામાં રચાયેલાં પદોનો સમાવેશ થાય છે. ગરબી, આરતી, થાળ, ભજન વગેરે પ્રકારોમાં મળતાં; ઝૂલણા, ચોપાઈ, હરિગીત, કુંડળિયા, રેણકી જેવા છંદોની દેશીઓમાં રચાયેલાં ને વિવિધ રાગનિર્દેશવાળાં આ પદો પર સાંપ્રદાયિક અસર વિશેષ પ્રમાણમાં દેખાય છે. મંગળા, શણગાર, રાજભોગ, શયન વગેરેનાં જુદેજુદે સમયે મંદિરોમાં થતાં દર્શન કે શરદપૂર્ણિમા, દિવાળી, અન્નકૂટ, એકાદશી વગેરે અનેક સાંપ્રદાયિક ઉત્સવોને વિષય બનાવી મોટી સંખ્યામાં ચોસરપદો કવિએ રચ્યાં છે. સહજાનંદ સ્વામી સાથે રહી વિવિધ પ્રસંગોએ થયેલા અનુભવો પર આધારિત ઘણી પ્રાસંગિક પદરચનાઓ પણ કવિએ કરી છે, જેમાં સહજાનંદસ્તુતિ મુખ્ય લક્ષ્ય છે. એ સિવાય નરસિંહથી જોવા મળતી પ્રેમલક્ષણાભક્તિનાં પદોની સમૃદ્ધ પરંપરાને અનુસરી કૃષ્ણભક્તિનાં પણ અનેક પદ કવિએ રચ્યાં છે. એમાં ભાગવત-નિરૂપિત કૃષ્ણજીવન સાથે સંકળાયેલી વિવિધ સ્થિતિઓ–કૃષ્ણજન્મઉત્સવ, બાળલીલા, દાણલીલા, રાસ, ગોપીનું ઇજન, ગોપી-વિરહ, ઉદ્ધવસંદેશ વગેરે–કાવ્યવિષય બને છે. સાંપ્રદાયિક પ્રભાવને લીધે શૃંગારપ્રીતિનાં પદોમાં નરસિંહ-દયારામ જેવી શૃંગારની પ્રગલ્ભતા નથી, પરંતુ દાણલીલા અને ગોપીઉપાલંભનાં પદોમાં કવિની વિનોદશક્તિ સારી ખીલી ઊઠી છે. કવિએ રચેલાં ભક્તિ ને વૈરાગ્યબોધનાં પદોમાં ભક્તિ પરની અડગ નિષ્ઠા વ્યક્ત કરતાં પદો શૌર્યસભર શૈલીથી વિશિષ્ટ ખુમારીનો અનુભવ કરાવે છે. સૌરાષ્ટ્રની બોલીનો રણકો, પ્રાસ-અનુપ્રાસ મેળવવાની સહજશક્તિ, પદરચનાનાં સફાઈ ને માધુર્ય કે ધ્રુવપંકિતઓનું લયવૈવિધ્ય એમ અભિવ્યકિતની દૃષ્ટિએ કે વિષયવૈવિધ્યથી બ્રહ્માનંદનાં પદો સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતામાં તો મોખરાનું સ્થાન ભોગવે છે, પરંતુ ગુજરાતી પદસાહિત્યમાં પણ વિશિષ્ટ બની રહે છે.

'શિક્ષાપત્રી'નો ગુજરાતી પદ્યાનુવાદ કે ૭ અધ્યાયમાં સતી સ્ત્રીના ધર્મ વર્ણવતી 'શ્રી સતીગીતા' (૨.ઈ.૧૮૨૭) એમની અન્ય ગુજરાતી કૃતિઓ છે.

'સુમતિપ્રકાશ', 'વર્તમાનવિવેક', 'ઉપદેશચિંતામણિ', 'નીતિપ્રકાશ', 'ધર્મસિદ્ધાંત', 'બ્રહ્મવિલાસ', 'રાસાષ્ટક' વગેરે એમનાં હિન્દી ને ચારણીમાં રચાયેલી કૃતિઓ છે.

કૃતિ : ૧. બ્રહ્માનંદપદાવલિ, સં. ઈશ્વરલાલ ૨. દવે, ઈ. ૧૯૭૯ (+સં.); ૨. શ્રી બ્રહ્માનંદકાવ્ય : ૧, સં. રાજકવિ માવદાનજી ભીમજીભાઈ, ઈ. ૧૯૬૭ (ત્રીજી આ.) (+સં.); ૩. એજન, સં. કરમશી દામજી અને મોતીલાલ ત્રિ. ફોજદાર, ઈ. ૧૯૦૨ (+૨સં.) ☐ ૪. અભમાલા; ૫. કીર્તન મુકતાવલિ, સં. બોચાસણવાસી શ્રી અક્ષરપુરષોત્તમની સંસ્થા, ઈ. ૧૯૭૮ (બીજી આ.); ૬. છંદરત્નાવલિ, સં. વિહારીલાલ મહારાજ અને ભગવતપ્રસાદજી મહારાજ, ઈ. ૧૮૮૫; ૭. બૃકાદોહન : ૧, ૨, ૩, ૫, ૬; ૮. ભસાસિંધુ; ૯. શિવપદસંગ્રહ : ૧, સં. અંબાલાલ શં. પાઠક અને લલ્લુભાઈ કા. પંડ્યા, ઈ. ૧૯૨૦; ૧૦. સહજાનંદવિલાસ, સં. ગિરધરલાલ પ્ર. માસ્તર અને હિમતલાલ બ. સ્વામિનારાયણ, ઈ. ૧૯૧૩; ૧૧. હરિચરિત્ર ચિંતામણિ, પ્ર. રાધામનોહરદાસજી, સં. ૨૦૨૦.

સંદર્ભ : ૧ કવિચરિત : ૩; ૨. ગુમાસ્તંભો; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. થોડાંક રસદર્શનો, ક. મા. મુનશી, ઈ. ૧૯૩૩; ૬. નભોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧; ૭. પ્રાકકૃતિઓ; ૮. મસાપ્રવાહ; ૯. સંતસાહિત્યનો સ્વાધ્યાય, હરિપ્રસાદ ત્રિ. ઠક્કર, ઈ. ૧૯૭૭; ૧૦ સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઈતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ, સં. ૨૦૩૦ (બીજી આ.); ☐ ૧૧. ક્ષાત્રૈમાસિક, જાન્યુ.–માર્ચ ૧૯૬૨–'બ્રહ્માનંદનાં કાવ્યો', રામપ્રસાદ બક્ષી; ☐ ૧૨. ગૂહાયાદી; ૧૩. ડિકૅટલૉગભાવિ. [ચ.મ.]

'બ્રાહ્મણભકતવિવાદ' : દુવૈયા છંદની ૭૦ કડીની દયારામની આ કૃતિ(મુ.)ને કવિએ પોતે 'નાટક' તરીકે પણ ઓળખાવી છે એ મધ્યકાળમાં 'નાટક' શબ્દના સંકેતની દૃષ્ટિએ નોંધપાત્ર છે. સ્માર્તધર્મનું ખંડન અને વૈષ્ણવધર્મનું મંડન કરવાના ઉદ્દેશથી રચાયેલી આ કૃતિમાં વેદવિહિત કર્મમાર્ગ કરતાં શ્રીકૃષ્ણસેવાભકિત-માર્ગ ચડિયાતો છે એવું પ્રતિપાદન થયું છે. વૈચારિક ચર્ચાને આહ્લાદક બનાવવા માટે કવિએ વૈષ્ણવાચાર્યને મળવા જતા વિષ્ણુદત્ત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને સ્માર્તધર્મી શિવશંકર એ ૨ બ્રાહ્મણબંધુઓની કલ્પના કરી છે અને એમની વચ્ચેના સરળ રોચક સંવાદ રૂપે કૃતિની રચના કરી છે. [સુ.દ.]

બ્રેહેદેવ/બહદેવ/બ્રહ્મદેવ/વ્રહદેવ [ઈ. ૧૫૫૩માં હયાત] : પિતાનામ મહીદાસ. જ્ઞાતિએ વણિક હોવાનો નિર્દેશ મળે છે. સંભવત: વૈષ્ણવ અને સંસ્કૃતજ્ઞ એવા આ કવિએ ૪૦ કડવાં અને ૧૧ પદની 'ભ્રમર-ગીતા'←(ર.ઈ.૧૫૫૩/સં.૧૬૦૯, વૈશાખ સુદ ૧૧, સોમવાર; મુ.) તથા કૃષ્ણકીર્તનનાં પદો (કેટલાંક મુ.)ની રચના કરી છે. નરસિંહ મહેતાની ચાતુરીઓના બંધની અસરને ઝીલતી, ભાગવતના દશમસ્કંધના પ્રસંગને અનુસરતી 'ભ્રમરગીતા'માં ગોપી-ઉદ્ધવ વચ્ચેના ભક્તિ-જ્ઞાન પ્રેરિત મર્માળા સંવાદ દ્વારા, રસાર્દ્ર અને વર્ણપ્રાસમાધુર્યવાળી વાણીમાં ગોપીઓના કૃષ્ણવિરહને કવિએ આલેખ્યો છે. રસ, ભાષા અને પદબંધની દૃષ્ટિએ "રઢિઆલુ રાસ સોહામણું" એવી આ 'ભ્રમર-ગીતા' મધ્યકાલીન ગુજરાતી ભ્રમરગીતા સાહિત્યમાં કવિનું ગણનાપાત્ર પ્રદાન છે

'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'એ બ્રહ્મદેવને નામે મળતી 'પાંડવી-ગીતા' (લે.ઈ.૧૮૪૯)ને બ્રેહેદેવની હોવાનું સ્વીકાર્યું છે.

કૃતિ : ૧. અગુપુસ્તક; ૨. નકાદોહન; ૩. નરસિંહ મહેતાના હારસમાનાં પદ તથા ભ્રમરગીતા, પ્ર. હારી લક્ષ્મણ શેટે, ઈ. ૧૮૬૬; ૪. પ્રાકામંજરી; ૫. બૃકાદોહન : ૧ (સાતમી આ.); ૬. ભ્રમર ગીતા (કવિ બ્રેહેદેવકૃત) : અન્ય કવિઓની વૈષ્ણવ ગીતાઓ અને ઉદ્ધવગોપી સંવાદોના પરિચય સમેત, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ.૧૯૬૪.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨, ૩; ૨. ગુસામધ્ય; ૩. ગુસાર-સ્વતો; ☐ ૪. ગ્રંથ, જુલાઈ ૧૯૬૫–ગ્રંથાવલોકન, રમણલાલ ચી. શાહ; ૫. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૬૫–ગ્રંથાવલોકન, યો. જ. ત્રિપાઠી; ☐ ૬. આલિસ્ટઑઇ : ૨; ૭. ગૂહાયાદી; ૮. ડિકેટલૉગ ભીંજે; ૯. ફોહનામાવલિ; ૧૦. મુપુગૂહસૂચી. [ચ.શે.]

ભકિત–૧/ભકિતવિજય [ઈ. ૧૬૧૫ પહેલાં] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયસેનસૂરિ (ઈ. ૧૫૪૮-ઈ. ૧૬૧૫)ના શિષ્ય. હીરવિજયસૂરિ અને અકબરના સંબંધોના નિરૂપણ દ્વારા હીરવિજયસૂરિની પ્રશંસા કરતી ૭/૧૭ કડીનો 'હીર-વિજયસૂરિ-સઝાય/રાસ'(મુ.) નામની કૃતિના કર્તા.

પ્રસ્તુત કૃતિમાં નિરૂપાયેલું અકબર દ્વારા હીરવિજયસૂરિને પત્ર લખીને દિલ્હી આવવાનું આમંત્રણ તથા ધર્મવાર્તાથી પ્રસન્ન થઈને બંદીઓ તથા પશુપંખીઓની મુકિત અને 'અમારી'નાં ફરમાન કાઢવાનું વૃત્તાંત તપગચ્છ પટ્ટાવલીમાં ઈ. ૧૫૮૩માં નોંધાયેલું છે. એ આધારે પ્રસ્તુત કૃતિની રચના ઈ. ૧૫૮૩ પછી થઈ હોય એમ કહી શકાય.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(જે); ૨. જૈસસંગ્રહ(ન); ૩. સજઝાયમાળા(પં.); ૪. સઝાયમાલા(જા) : ૧-૨.

સંદર્ભ : તપગચ્છપટ્ટાવલી, શ્રી ધર્મસાગરજી, ઈ. ૧૯૪૦. [ર.ર.દ.]

ભકિત–૨ [ ] : જૈન સાધુ. પદ્મવિજયના શિષ્ય. જૈનધર્મનાં તપ-વ્રતના સંદર્ભમાં બીજતિથિનું માહાત્મ્ય નિરૂપતા ૧૫ કડીના 'બીજનું સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈકાસંગ્રહ; ૪. સ્તવાસ્તસંગ્રહ. [ર.ર.દ.]

ભકિત–૩ [ ] : જૈન સાધુ. જ્ઞાનવિમળના શિષ્ય. ૮ કડીનો 'કૌશલ્યાજીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈસસંગ્રહ(જે). [ર.ર.દ.]

ભકિતદાસ [ ] : 'કૃષ્ણચરિત્ર' અને ૫ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

'ભકિતપોષણ' : ૧૦૧ ચંદ્રાવળાની દયારામની આ કૃતિ(મુ.) ભક્તિ-ભાવના પોષણ માટે રચાયેલી છે. નવધા ભક્તિનો નિર્દેશ કરી, દશમી પ્રેમલક્ષણાભક્તિને 'સાધનરાજ' તરીકે નિરૂપી દયારામે શ્રી કૃષ્ણભક્તિનો એકાંતિક મહિમા કર્યો છે–જેમ અંક વિના શૂન્યની કિંમત નથી તેમ શ્રીકૃષ્ણભકિત વિનાનાં અન્ય સાધનોની કોઈ કિંમત નથી; અને દુસ્તર ત્રિગુણાત્મક માયાને તરી જવા માટે શરણાગતિ એ જ ઉત્તમ ઉપાય છે એમ દૃઢતાપૂર્વક ઉદ્બોધ્યું છે. કૃતિમાં દૃષ્ટાંતોની પ્રચુરતા અને લોકભોગ્યતા ધ્યાન ખેંચે એવી છે. જેમ કે, ઘંટી-ખીલડાનું દૃષ્ટાંત લઈ દયારામ સમજાવે છે કે ઘંટીમાં ઓરેલા અન્ન પૈકીનો જે કણ ખીલડાનો આશ્રય મેળવી લે છે તે ઘંટીના પડમાં પિસાતો નથી તેમ શ્રીહરિનો આશ્રય જે જીવ મેળવી લે છે તે માયાના ચક્કરમાં ફસાતો નથી ને સંસાર તરી જાય છે. [સુ.દ.]

ભકિતલાભ (ઉપાધ્યાય) [ઈ. ૧૫૦૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જયસાગરની પરંપરામાં રત્નચંદ્રના શિષ્ય. જ્યોતિષ-વિષયક ગ્રંથની ટીકા કરતી 'લઘુજાતક-કારિકા-ટીકા' (ર.ઈ.૧૫૦૫), ૧૮ કડીનુ 'જિનહંસસૂરિગુરુ-ગીત' (મુ.), ૧૫ કડીનું '(વરકાણા) પાર્શ્વનાથ-સ્તોત્ર', ૧૮ કડીનું 'સીમંધર જિનસ્તવન/સીમંધર સ્વામી વિનંતી-છંદ', 'કલ્પાંતરવાચ્ય', વ્યાકરણવિષયક 'બાલશિક્ષા', ૧૭ કડીનું 'જ્ઞાનપંચમી-સ્તોત્ર', ૧૦ કડીનું 'શીલ/શીલોપરી-ગીત', 'ચંદનબાલા ભગવતી-ગીત' અને ૧૮ કડીનું 'પંચતીર્થિનું સ્તવન' (મુ.) આ ગુજરાતી કૃતિઓ ઉપરાંત કવિએ 'જીરાવાલા પાર્શ્વ-સ્તવન' જેવી સંસ્કૃત કૃતિની પણ રચના કરી છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૫૪–'ભકિતલાભોપાધ્યાય કા સમય ઔર ઉનકે ગ્રંથ', અગરચંદ નાહટા; ☐ ૩. જૈમગૂકરચનાઓ : ૧; ૪. જૈહાપ્રોસ્ટા; ૫. મુપુગૂહસૂચી; ૬. રાહસૂચી : ૧; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

ભકિતવિજય : આ નામે ૭ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' (લે.ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૧૩) મળે છે. તેના કર્તા કયા ભક્તિવિજય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હિકેટલૉગબાર્જ. [શ્રા.ત્રિ.]

ભક્તિવિજય–૧ : જુઓ ભક્તિ–૧.

ભક્તિવિજય–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં કાંતિવિજય (ઈ. ૧૭૧૯માં હયાત)ના શિષ્ય. ૧૮ કડીના 'જ્ઞાનપંચમીનું સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯. [૨.૨.દ.]

ભક્તિવિજય–૩ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. શુભવિજયની પરંપરામાં નયવિજયના શિષ્ય. ૨૯ કડીનો 'સપ્તપુરુષ-છંદ' (૨.ઈ.૧૭૪૭), ૨૯ કડીની 'સાધુવંદના-સઝાય' (૨.ઈ. ૧૭૪૭/સં. ૧૮૦૩, ભાદરવા વદ ૧૧, રવિવાર), ૩ ઢાળની 'રોહિણીતપ-સઝાય' (૨.ઈ. ૧૭૬૮/સં. ૧૮૨૪, કારતક વદ ૫), ૨ ઢાળ અને ૧૫ કડીનું 'અષ્ટમી-સ્તવન' (મુ.), 'રોહિણી-સઝાય' (૨.ઈ. ૧૭૮૮), ૬ કડીનું 'રોહિણીતપ-ચૈત્યવંદન/સ્તવન'(મુ.), ૮ કડીની 'સંસારાનિત્યતા-સઝાય' નામની રચનાઓ તથા રાજવલ્લભ પાઠકકૃત મૂળ સંસ્કૃતગ્રંથ 'ચિત્રસેનપદ્માવતી-ચરિત્ર' પરના 'ચિત્ર-સેન પદ્માવતીચરિત્ર-સ્તબક'ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જિનપ્રકાશ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. આલિસ્ટ ઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

ભક્તિવિજય–૪ [ઈ. ૧૭૯૮માં હયાત] : જૈન સાધુ. નેમવિજય-ન્યાયવિજયના શિષ્ય. મૂળ હેમપ્રભસૂરિની 'વિવેકમંજરી-પ્રકરણ-વૃત્તિ' પરના સ્તબક (૨.ઈ. ૧૭૯૮/સં. ૧૮૫૪, કારતક સુદ ૨, શનિવાર)ના કર્તા. આ સ્તબક પૂરો કરવામાં ચતુરવિજય અને મોતીવિજય એ ગુરુબંધુઓનો પણ સહકાર હતો. આ સ્તબક ભૂલથી હેમપ્રભસૂરિને નામે નોંધાયેલો છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

ભક્તિવિશાલ(મુનિ) [ ] : જૈન સાધુ. ૮ કડીના 'પાર્શ્વજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

ભક્તિસાગર(વાચક) [ ] : જૈન સાધુ. ૬ કડીના 'અરિહંત-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જૈપ્રપુસ્તક : ૧. [૨.૨.દ.]

ભગવાન/ભગવાનદાસ : આ નામે પ્રેમલક્ષણાભક્તિ અને નિર્ગુણ ઉપાસનાનાં હિન્દીમિશ્ર ગુજરાતી પદો (કેટલાંક મુ.), કેટલાક હિન્દી છપ્પા (લે.ઈ. ૧૭૯૪), કૃષ્ણ-ગોપીલીલાનાં પદ, માસ (લે. ઈ. ૧૮૪૦), 'શરણગીતા' (લે.ઈ. ૧૭૫૬) અને આદિ પુરાણમાંના ગોપાંગનામાહાત્મ્યના પ્રસંગને અર્જુનકૃષ્ણના સંવાદ રૂપે આલેખતી 'ભજનલીલા' (લે.ઈ. ૧૬૪૩) તથા ૨૬ કડીનું 'મહેતા નરસિંહના બાપનું શ્રાદ્ધ' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા ભગવાન/ભગવાનદાસ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. અભમાલા; ૨. નકાસંગ્રહ; ૩. પ્રાકાસુધા : ૨; ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. આલિસ્ટ ઑઈ : ૨; ૪. ગૂહાયાદી; ૫. ફોહનામાવલિ. [૨.સો.]

ભગવાનદાસ–૧ [જ.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૧ શ્રાવણ વદ ૯, મંગળવાર–અવ.ઈ.૧૬૯૦/સં. ૧૭૪૬, આસો વદ ૩૦] : પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવ કવિ. અવટંકે કાયસ્થ. સુરતના વતની. અપરનામ ભાઉ મૂળજી. આ કવિ સામાન્ય સ્થિતિમાંથી સુરતના નવાબના દીવાનપદે પહોંચ્યા હોવાનું તેમ જ એ અરબી, ફારસી, મરાઠી અને સંસ્કૃતની સારી જાણકારી ધરાવતા હોવાનું નોંધાયું છે.

ભગવદ્ગીતા અને ભાગવતના એકાદશ સ્કંધના અનુવાદો, 'ફૂલગીતા' તથા 'સુદામાચરિત્ર' આ કવિની વચ્ચેવચ્ચે ગુજરાતી કડીઓવાળી, પ્રાયઃ હિન્દીમાં લખાયેલી કૃતિઓ છે. તેમણે વૈષ્ણવ સંપ્રદાયનાં ઉત્સવનાં પદો પણ લખ્યાં હોવાનું નોંધાયું છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા-પઅહેવાલ : ૫; ૪. ગુસામધ્ય; ૫. પુગુસાહિત્યકારો; ૬. પ્રાક-કૃતિઓ; ☐ ૭. ફોહનામાવલિ. [૨.સો.]

ભગવાનદાસ–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : વૈષ્ણવ. આ કવિની વલ્લભવંશ અંગેની ચરિત્રાત્મક કૃતિ 'ગોકુલની શોભા'માં ઈ. ૧૬૦૭માં જન્મેલા ગોકુલાલંકારજીના બાલ્યનો ઉલ્લેખ છે એ પરથી કૃતિ એ સમયની આસપાસ રચાઈ હોવાનું કહી શકાય. ૩૬ કડીના આ ધોળ કાવ્યનો કેટલોક અંશ મુદ્રિત છે.

કૃતિ : કવિચરિત : ૧-૨ (+સં.).

સંદર્ભ : ગુસારસ્વતો. [૨.સો.]

ભગવાનદાસ–૩ : જુઓ ભવાનીદાસ–૧.

ભગવાનદાસ–૪ [ ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. પટીના વતની. 'માળાપ્રકરણ'ના કર્તા.

અન્ય ભગવાનદાસ સંવત ૧૬મી સદીમાં, ગુંસાઈજીના સમયમાં થયેલા નોંધાયા છે તે અને આ એક છે કે જુદા તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો;☐૨. અનુગ્રહ, ફેબ્રુ. ૧૯૫૭–'માલાઉદ્ધારકાવ્ય', સં. ચિમનલાલ મ. વૈદ્ય. [શ્રા.ત્રિ.]

ભગુદાસ [ઈ. ૧૭૮૩માં હયાત] : જૈન. 'ચોવીશી' (૨.ઈ.૧૭૮૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ગી.મુ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગો/ભલો [ ] : જ્ઞાતિએ બારોટ. ૧૫ કડીનો 'તાપીદાસનો રાસડો' નામક કૃતિ ભલા બારોટ સાથે તેમણે રચી છે. વાહુવોલ ગામના ગલોભાઈ વડોદરા ફત્તેસંગ ગાયકવાડ પાસે ગામ લેવા ગયા ત્યારે તાપીદાસ નામના માણસે એમને જે હેરાનગતિ કરી હતી તે પ્રસંગનું એમાં આલેખન કરવામાં આવ્યું છે.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧. [શ્રા.ત્રિ.]

ભજ્જાનંદ [ ] : કેટલાંક પદના કર્તા

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

ભટસિંહ/ભડસિંહ [ ] : આગમગચ્છના જૈન સાધુ. જયતિલકના શિષ્ય. ૧૧/૧૨ કડીના 'નમસ્કાર-પ્રબંધ/નમસ્કારસ્તવ-પ્રબંધ'(લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

'ભડલીવાકય' : પ્રકૃતિમાં થતા ચોક્કસ ફેરફારો પરથી વાતાવરણ અને વિશેષ વરસાદની સ્થિતિ સંબંધે થતાં અનુભવસિદ્ધ અનુમાનો કે વરતારાને 'ભડલીવાકય' (અંશત: મુ.) તરીકે ઓળખવામાં આવે છે. ટાઢ, તડકો, વીજળી, મેઘધનુષ્ય, તારા, નક્ષત્ર, ગ્રહ વગેરેને આધારે વરસાદ અને વર્ષની સમગ્ર સ્થિતિ વિશે અપાયેલાં આ ભડલીવાકયો ખેડૂતને ઘણા ઉપયોગી થતાં હોવાથી એમને ખેડૂતોનું 'પુરાણ' પણ કહેવામાં આવે છે. મુખ્યત્વે દુહા-ચોપાઈમાં રચાયેલાં આ ભડલીવાકયોમાંથી કેટલાંક પાછળથી કહેવતરૂપ બની ગયાં છે. જેમ કે, 'જો વરસે આર્દરા, તો બારે પાધરા', 'જો વરસે મઘા, તો ધાનના ઢગા', 'જો વરસે હાથિયો, તો મોતીએ પુરાય સાથિયો' વગેરે. ગુજરાતીમાં આવાં ૯૩ જેટલાં ભડલીવાકયો વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરની હસ્તપ્રતમાંથી ઉપલબ્ધ થાય છે.

ભડલીવાકયના કર્તા સ્ત્રી કે પુરુષ? એમનું વતન કયું? એ અંગે કોઈ નિશ્ચિત હકીકત પ્રાપ્ત થતી નથી. વિવિધ પ્રાંતોમાં પ્રચલિત જનશ્રુતિઓમાં કોઈ એમને સ્ત્રી અને કોઈ પુરુષ માને છે. ગુજરાતમાં પ્રચલિત જનશ્રુતિ પ્રમાણે મારવાડના પ્રસિદ્ધ જ્યોતિષી ઉદડ/હુદડનાં તેઓ પુત્રી હતાં.

કૃતિ : ૧, ગુજરાતી લોકસાહિત્યમાળા : ૧; સં. ગુજરાત લોકસાહિત્યસમિતિ, ઈ. ૧૯૫૭ (+સં.); ૨. ગુસારસ્વરૂપો (+સં.); ૩. લોકસાગરની લહર, જેઠાલાલ ત્રિવેદી, ઈ. ૧૯૪૦ (+સં.).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગ-બીજે; ૪. મુપુગૂહસૂચી; ૫. રાપુહસૂચી : ૫૧. [શ્રા.ત્રિ.]

ભત્તઉ [ઈ. ૧૩મી સદી પૂર્વાર્ધ] : જૈન. ખરતરગચ્છના જિનપતિસૂરિ (જ.ઈ. ૧૧૫૪–અવ. ઈ. ૧૨૨૧)વિષયક ૨૦ કડીના, આંતરયમકનો ઉપયોગ કરતી સવૈયાની દેશીમાં રચાયેલા 'શ્રીમજ્જિનપતિસુરીણામ-ગીત'(મુ.) એ સ્તુતિગીતના કર્તા. કૃતિમાં થયેલો ઝૂલણાનો પ્રયોગ ઉલ્લેખનીય છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧; ૪. જૈમગૂકરચનાઓ : ૧. [ગી.મુ.]

ભટ્ટબાહુ(?) [ ] : ૧૮ કડીના 'અર્ધ-કંડસાર'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ભટ્ટસેન(મુનિ) [ઈ. ૧૭મી સદી] : જૈન. ગુજરાતી-હિન્દીમાં ૨૦૩/૨૦૫ કડીના 'ચંદન-મલયાગિરિ-ચોપાઈ/રાસ' (ર.ઈ.૧૬૧૯ આસપાસ/ઈ. ૧૬૬૩; મુ.)ના કર્તા.

ખરતરગચ્છના જિનરાજસૂરિએ ઈ. ૧૬૧૯માં પ્રતિષ્ઠા કરેલા પ્રતિમાલેખમાં ભટ્ટસેન વાચકનો ઉલ્લેખ આવે છે તે આ હોવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

કૃતિ : આચાર્ય આનંદશંકર ધ્રુવ સ્મારક ગ્રંથ (ગુજરાતી વિભાગ), સં. રસિકલાલ છો. પરીખ અને અન્ય, ઈ. ૧૯૪૪–'ચંદનમલયાગિરિ ચોપાઈ', સં. સારાભાઈ મ. નવાબ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. જૈગૂકવિઓ : ૧; ૬. મુપુગૂહસૂચી; ૭. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૮. ડિકૅટલૉગભાવિ. [ગી.મુ.]

ભટ્ટેશ્વર [ ] : 'કલાવલી'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ભથ્થ [સં. ૧૭મી સદી] : સંભવત: તપગચ્છના જ્ઞા. ૮૫ કડીની 'પૂર્વદેશ ચૈત્યપરિપાટી'(ર.સં. ૧૭મી સદી)ના કર્તા. અલવરના ભૈરુંશાહ એ સમયે તપગચ્છના ભક્ત થયા હતા તેથી આ કૃતિ તેમની હોવાની પણ સંભાવના છે. જુઓ ભૈરું શાહ.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૫૩–'પૂર્વદેશ ચૈત્યપરિપાટી', ભંવરલાલ નાહટા. [શ્રા.ત્રિ.]

'ભરતબાહુબલિ-રાસ' [ર.ઈ.૧૬૨૨/સં. ૧૬૭૮, પોષ સુદ ૧૦, ગુરુવાર] : શ્રાવક કવિ ઋષભદાસની દુહા-દેશીબદ્ધ ૮૪ ઢાળની આ મુદ્રિત કૃતિમાં હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ને આધારે ભરતેશ્વર અને બાહુબલિના પૂર્વભવોના વૃત્તાંતને, ભરતપુત્ર મરીચિના જીવનપ્રસંગોને તથા કેટલીક ઉપકથાઓને ગૂંથી લઈને કવિએ આ કૃતિમાં જે કથાવિસ્તાર સાધ્યો છે તે ધ્યાન ખેંચે છે. મધ્યકાલીન કથાપરંપરાનો પૂરો લાભ ઉઠાવીને કવિએ રાસને વીગતસભર બનાવ્યો છે. જેમ કે, ભરત અને બાહુબલિ વચ્ચેના દ્વન્દ્વયુદ્ધના વર્ણનમાં દૃષ્ટિયુદ્ધ, વચનયુદ્ધ, મલ્લયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધ તેમ પાંચ પ્રકારના યુદ્ધની વીગતો કવિએ આપી છે. અયોધ્યાનગરી, કમળાપીઢ અશ્વ, ભરતને મળેલ સ્ત્રીરત્ન વગેરેનાં વર્ણનો પરંપરાગત છતાં આસ્વાદ્ય બન્યાં છે. ભરત રાજા દીક્ષા અંગિકાર કરે છે તે પ્રસંગે રાણીઓનો વિરહવિલાપ જ નહીં પણ રાજદરબારના હાથીઓ વગેરે પશુઓનો શોક પણ કવિએ વર્ણવ્યો છે. બાહુબલિ તથા ભરતને થતા કેવલજ્ઞાનના પ્રસંગે પણ કવિએ ભાવનિરૂપણની થોડી તક લીધી છે. અહીં પણ ઉપમાઓ, દૃષ્ટાંતો, કહેવતો વગેરે દ્વારા સુભાષિતો વેરવાની કવિની લાક્ષણિક શૈલી જોવા મળે છે અને ઋષભદાસની ઉપદેશક કવિ તરીકેની પ્રબળ છાપ અંકિત થયેલી રહે છે. [જ.કો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ભરતેશ્વરબાહુબલિ-ઘોર' : વજ્રસેનસૂરિની ચોપાઈનાં ૨ ચરણ અને દુહાનું ૧ ચરણ મળી થયેલા ત્રિપદી અને સોરઠાના કાવ્યબંધવાળી ૪૮ કડીની આ રાસકૃતિ(મુ.) ગુજરાતી સાહિત્યની અત્યારે ઉપલબ્ધ કૃતિઓમાં સૌથી પ્રાચીન ગણાય છે. જો કે કૃતિમાં એનો રચનાસમય સ્પષ્ટ રીતે મળતો નથી, પરંતુ કૃતિમાં એક જગ્યાએ કવિ પોતાના ગુરુ દેવસૂરિને પ્રણામ કરે છે. દેવસૂરિનો આયુષ્યકાળ ઈ.સ. ૧૦૮૫થી ઈ.સ. ૧૧૭૦ દરમ્યાનનો છે. ગુરુના આયુષ્યકાળ દરમ્યાન કવિએ કૃતિ રચી હોય તો ઈ.સ. ૧૧૭૦ સુધીમાં મોડામાં મોડી તે રચાઈ હશે એમ કહી શકાય. કૃતિની ભાષા ઈ.સ. ૧૧૮૫માં રચાયેલા 'ભરતેશ્વરબાહુબલિ-રાસ'ની ભાષા કરતાં જૂની છે એ પણ કૃતિની પ્રાચીનતાને સમર્થિત કરે છે.

ઋષભદેવના બે પુત્રો ભરત અને બાહુબલિ વચ્ચે થયેલા યુદ્ધનું આલેખન એનો મુખ્ય વિષય હોવાને લીધે કૃતિ વીરરસપ્રધાન છે. જો કે યુદ્ધપ્રસંગને સંક્ષેપમાં આલેખવાને લીધે કૃતિમાં વિશેષ ચમત્કૃતિનો અનુભવ થતો નથી. તો પણ ભરતનું સૈન્ય બાહુબલિના સૈન્ય તરફ આગળ ધસે છે તે વખતનું સૈન્યનું વર્ણન કે ભરત અને બાહુબલિના સૈન્યની અથડામણનું જે ચિત્ર કવિ આલેખે છે તેમાં ચમત્કૃતિનો અનુભવ થાય છે. [ભા.વૈ.]

'ભરતેશ્વરબાહુબલિ-રાસ' [ર.ઈ.૧૧૮૫/સં.૧૨૪૧, ફાગણ–પ્ર]: જૈન કવિ શાલિભદ્રસૂરિની દુહા, ચોપાઈ, રોળા, સોરઠા વગેરેની દેશીઓની બનેલી ૧૪ ઠવણી અને વચ્ચે વસ્તુ છંદ એ પ્રકારની કુલ ૨૦૩ કડીઓના બંધવાળી આ મુદ્રિત રાસકૃતિ ગુજરાતી સાહિત્યની કેટલીક પ્રાચીન રચનાઓમાંની એક છે.

ઋષભદેવના બે પુત્રો ભરત અને બાહુબલિના વિજય અને અંતે બાહુબલિના દીક્ષાગ્રહણને આલેખતી આ કૃતિ મુખ્યતયા વીરરસપ્રધાન છે. બાહુબલિનું વીર ને ઉદાત્ત ચરિત્ર, ચક્રધર ભરતની વિજયયાત્રા, બાહુબલિના નગરનું વર્ણન, ભરતના દૂત અને બાહુબલિ વચ્ચેનો સંવાદ, યુદ્ધનાં વર્ણનોમાં થયેલો ડિંગળશૈલીનો ઉપયોગ, અલંકારયુક્ત જોમવાળી ભાષા કાવ્યના આકર્ષક અંશો છે.

'પાટધર', 'ફાગુણ', 'સાંભલઉ' વગેરે પ્રયોગો એના અપભ્રંશથી જૂની ગુજરાતી તરફ ગતિ કરતી ભાષાનો સંકેત કરે છે, જે એને ભાષાકીય દૃષ્ટિએ પણ મહત્ત્વની ઠેરવે છે. [ભા.વૈ.]

ભલઉ [ઈ. ૧૫૧૭ સુધીમાં] : જૈન. સોમસુંદરસૂરિના શિષ્ય. જિનદેવને નામે મુદ્રિત ૩૦ કડીના 'સત્તાવીસ ભવનું મહાવીર-સ્તવન' (લે.ઈ.૧૫૧૭/સં. ૧૫૭૩, આસો–;મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૪૯–'શ્રી સોમસુંદરસૂરિ સેવક જિનદેવકૃત સત્તાવીસ ભવનું શ્રી મહાવીરસ્વામી સ્તવન', સં. શ્રી કંચનવિજયજી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

ભલો [ ] : જુઓ ભગો.

ભવાન/ભવાનદાસ : આ નામે ૫૨ કડીની 'અઢાર નાતરાંની સઝાય' એ જૈન કૃતિ અને રામભક્તિ, કૃષ્ણભક્તિ, વૈરાગ્યબોધ અને આત્મજ્ઞાનનાં પદો(મુ.) વગેરે જૈનેતર કૃતિઓ મળે છે.

'બૃહત્ કાવ્યદોહન : ૫'માં ખંભાતના કાનકટા ધર્મના સાધુ ભવાન ભક્તને નામે દર્શાવાયેલાં ૭ મુદ્રિત પદો પૈકી ગોપી-પ્રેમનાં ૪ અને આત્મજ્ઞાન વિષયક ૧ પદ 'નાથ ભવાન' છાપ બતાવે છે, જેમાંનું છેલ્લું અનુભવાનંદનું છે. આમ, આ બધી કૃતિઓનું કર્તૃત્વ પૂરેપૂરું સ્પષ્ટ થઈ શકતું નથી.

કૃતિ : ૧. ઉદ્ધાર્ધર્મ પંચરત્નમાલા, પ્ર. સ્વામી જગદીશચંદ્ર યદુનાથ, ઈ. ૧૯૬૮ (ત્રીજી આ.); ૨. કાદોહન : ૧, ૨; ૩. બૃકાદોહન : ૫ (+સં.); ૪. પ્રાકાસુધા : ૨; ૫. નકાદોહન; ૬. ભજનસાગર : ૨; ૭. ભસારસિંધુ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.સો.;ગી.મુ.]

ભવાન–૧ [ઈ. ૧૫૭૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં સોમવિમલસૂરિના શિષ્ય. ૪૮૩ કડીના 'વંકચૂલ-રાસ' (ર.ઈ. ૧૫૭૦/સં. ૧૬૨૬,–સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. ડિકૅટલૉગભાવિ; ૬. મુપુગૂહસૂચી. [ગી.મુ.]

ભવાન–૨ [ઈ. ૧૬૮૦માં હયાત] : દશરથે ઋષિ તેડાવ્યા ત્યારથી માંડી રાવણવધ કરી રામ અયોધ્યા આવ્યા ત્યાં સુધીની કથા પરીક્ષિત અને શુકદેવના સંવાદ રૂપે ચાલતાં ૭ પદ અને ૮૩ કડીમાં રજૂ કરતી 'રામકથા' (ર.ઈ.૧૬૮૦)–એ કૃતિના કર્તા.

'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' અને 'કવિચરિત : ૩' રામાયણનો ગરબો, આત્મજ્ઞાનનાં ૨ પદ (૧ મુ.) અને 'રાવણ-મંદોદરી-સંવાદ'વાળાં ૨ પદ(મુ.)ના કર્તા તરીકે આ ભવાનને ગણે છે. પરંતુ એમાંય આત્મજ્ઞાનનું 'બૃહત્કાવ્યદોહન : ૫'માં 'નાથ ભવાન'ને નામે મુદ્રિત અને વાસ્તવમાં અનુભવાનંદનું પદ આ રામભક્ત ભવાનનું ગણ્યું છે.

કૃતિ : બૃહાદોહન : ૫.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ : ૨. [ર.સો.]

ભવાન(ભગત)–૩ [ઈ. ૧૭૯૮ સુધીમાં] : ૧૧ કડીની 'વાંસલડીની ગરબી' (લે.ઈ.૧૭૯૮)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

ભવાનીદાસ : આ નામે 'પ્રભાતિયાં' (લે.ઈ. ૧૮૬૦) તથા પદ મળે છે. ભોવાનીદાસ નામછાપવાળી 'જોગણી' શીર્ષકથી માતાજીની સ્તુતિ મળે છે ત્યાં કર્તાનામ 'ભવાનીદાસ' હોવા વધુ સંભવ છે. આ બધી કૃતિઓના કર્તા કયા ભવાનીદાસ છે તે નિશ્ચિત થતું નથી. આમાંનાં કોઈક પદ ભવાનીદાસ–૩નાં હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. સત્સંદેશ શક્તિઅંક, –; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવાનીદાસ–૧/ભગવાનદાસ [ઈ.૧૭૬૭ સુધીમાં] : ધનદાસની 'અર્જુન-ગીતા' જેવી 'ધ્યાન-ગીતા'(લે.ઈ. ૧૭૬૭/સં. ૧૮૨૩ મહા સુદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, સપ્ટે. ૧૯૧૧–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ચોથો', છગનલાલ વિ. રાવળ; ☐ ૪. રિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ભવાનીદાસ–૨/ભવાનીશંકર [ઈ. ૧૮૪૭ સુધીમાં] : ૪૨ કડવાંના 'નરકાસુરનું આખ્યાન' (લે.ઈ.૧૮૪૭)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

ભવાનીદાસ–૩ [ ] : જોધાશિષ્ય ભવાનીદાસના નામે નિર્ગુણ ઉપાસનાનાં, ક્યારેક હિંદીમિશ્ર ગુજરાતીમાં ને રૂપકાત્મક વાણીનો આશ્રય લેતાં ૨૦ જેટલાં પદ(મુ.) મળે છે.

'હરિજન લોકકવિઓ અને તેમનાં પદો' આ ભવાનીદાસનો જન્મ ઈ.૧૨૭૯/સં.૧૩૩૫, ચૈત્ર સુદ ૧૫ નોંધે છે તેમ જ તેમનું વતન ધોળકા, પિતાનું નામ નારાયણ અને માતાનું નામ લક્ષ્મી બતાવે છે, પરંતુ એ હકીકતો માટેનો કોઈ નક્કર આધાર આપ્યો નથી. સંપાદક પાસે એ માહિતી જનશ્રુતિ પરથી આવી હોવાનું જણાય છે. કર્તાનો સમય આટલો જૂનો બતાવવામાં આવ્યો છે, પણ એમની કૃતિઓને હસ્તપ્રતોનો ટેકો નથી.

કૃતિ : ૧. અભમાલા; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. ભજનસાગર : ૨; ૪. સતવાણી; ૫. સોસંવાણી; ૬. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, સં. દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.). [શ્રા.ત્રિ.]

ભવાનીનાથ [સં. ૧૯મી સદી સુધીમાં] : રાજસ્થાની-ગુજરાતી મિશ્ર ભાષામાં 'અંબિકાસ્તોત્ર(છંદ)' (લે. સં. ૧૯મી સદી)ના કર્તા.

સંદર્ભ : ૧; રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી. : ૧. [૨.સો.]

ભવાનીશંકર : આ નામે જ્ઞાનનાં અને ભક્તિનાં પદ (૫ કડીનું અન્યોક્તિવાળું પદ મુ.) મળે છે. તેના કર્તા કયા ભવાનીશંકર છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : આજ્ઞાભજન : ૧.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ; ☐ ૪. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

ભવાનીશંકર–૧ [ઈ. ૧૭૦૦ સુધીમાં] : અવટંકે ભટ્ટ. નર્મદા અને સમુદ્રના સંગમ ઉપરના રતનેશ્વર મહાદેવની સ્થાપના અને માહાત્મ્ય વર્ણવતા 'રત્નેશ્વર-મહિમા' (લે. ઈ. ૧૭૦૦)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફાહનામાવલિ : ૨. [શ્રા.ત્રિ.]

ભવાનીશંકર–૨ [ઈ.૧૭૬૭માં હયાત] : ઐતિહાસિક વીગતો રજૂ કરતા ૬૫ કડીના 'ફત્તેસિંહ ગાયકવાડનો ગરબો' (૨.ઈ.૧૭૬૭)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ : ૧. [શ્રા.ત્રિ.]

ભવાનીશંકર–૩ [ઈ.૧૭૯૬ સુધીમાં] : 'બભ્રુવાહન-આખ્યાન' (લે.ઈ.૧૭૯૬)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

ભવાનીશંકર–૪ : જુઓ ભવાનીદાસ–૨.

ભાઈચંદ [ઈ. ૧૫૮૪માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ૧૧ કડીના 'ચોવીસ તીર્થંકર-સ્તવન' (૨.ઈ.૧૫૮૪; મુ.)ના કર્તા.

કૃતિ : લોંકપ્રકરણ (+સં.). [કી.જો.]

ભાઈયાસુત : જુઓ ભાઉ.

ભાઈશંકર [ ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. લક્ષ્મી અને પાર્વતીના સંવાદ દ્વારા તેમની વચ્ચે થયેલી લડાઈને ચોપાઈ બંધમાં આલેખતી 'લક્ષ્મી પાર્વતી–સંવાદ'(મુ.) કૃતિના કર્તા. લક્ષ્મી પાર્વતીને ત્યાં બેસવા જાય છે ત્યાં બંનેને પ્રાકૃત સ્ત્રીઓની જેમ ઝઘડતી બતાવાઈ છે. કૃતિમાં પાત્રોનું ગૌરવ સચવાયું નથી. કૃતિની ભાષામાં શિષ્ટતા પણ નથી.

કૃતિ : બૃકાદોહન : ૭.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ૩. મસાપ્રકાશો; ☐ ૪. રિકૅટલૉગબીજો. [કી.જો.]

ભાઉ/ભાઉભાઈ/ભાઈયાસુત [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. સૂરતના ગોપીપરાના ઔદીચ્ય જ્ઞાતિના કશ્યપગોત્રી બ્રાહ્મણ. અવટંકે પાઠક. સુરજીના પુત્ર. અનંત ભટ્ટ અને નારાયણ ભટ્ટના શિષ્ય.

આ કવિએ દુહા અને ચોપાઈ-બંધમાં લખેલા ૩૦ કડવાં અને ૧૭૬૫ કડીના 'ઉદ્યોગ-પર્વ' (૨.ઈ.૧૬૨૦) ઉપરાંત 'ઉદ્યોગ-પર્વ, અંતર્ગત પાંડવવિષ્ટિની કથા પર પણ ૩૦ કડવાંનું સ્વતંત્ર આખ્યાન 'પાંડવવિષ્ટિ' (૨.ઈ.૧૬૨૦/સં. ૧૬૭૬, ચૈત્ર વદ ૧;મુ.) રચ્યું છે. એમના 'અશ્વમેધ-પર્વ/આખ્યાન'(૨.ઈ.૧૬૨૩/સં. ૧૬૬૯, અધિક અસાડ સુદ ૩, રવિવાર)માં અશ્વમેધપર્વનાં ૩ આખ્યાનોની કથા ૨૨ કડવાં અને ૮૪૦ કડીમાં આલેખાયેલી છે. ૩૫ કડવાં અને ૧૪૮૭ કડીના એમના 'દ્રોણ-પર્વ'(મુ.)નાં છેલ્લાં ૪ કડવાં કર્ણપર્વનો સંક્ષિપ્ત સાર આપે છે. કવિએ ૯ મીઠાનું 'વલ્લભ-આખ્યાન' તથા 'હરિવંશ-કથા' (૨.ઈ.૧૬૨૯) પણ રચ્યાં છે. મૂળ કથાથી દૂર જઈને કૃતિમાં સ્વતંત્ર પ્રસંગો આલેખવામાં કવિની વિશેષતા જોઈ શકાય છે.

કવિએ ભાઈયાસુતને નામે 'ઉદ્યોગ-પર્વ' અને ભાઉભાઈને નામે 'વજનાભનું આખ્યાન' (૨.ઈ.૧૬૩૫) એ કૃતિઓ રચી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. મહાભારત (ગુજરાતી પદબંધ) : ૪, સં. કેશવરામ કા. શાસ્ત્રી; ઈ. ૧૯૪૧; ☐ ૨. પ્રાકાત્રૈમાસિક, અ : ૩, ઈ. ૧૯૯૦.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વનો; ૫. પાંગુહસ્તલેખો; ૬. પ્રાકકૃતિઓ; ૭. મગુઆખ્યાન; ☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. કદહસૂચિ; ૧૦. ગૂહાયાદી; ૧૧. રિકૅટલૉગશ્રીજે; ૧૨. રિકૅટલૉગભાવિ; ૧૩. ફૉલ્ક-નામાવલિ. [૨.સો.]

ભાકર [ ] : અવટંકે શાહ. કચ્છ અબડાસામાં આવેલા નાડાપા ગામના વતની. રતનબાઈ નામની તેમની શિષ્યા હતી. ભાકરે ઘણી કાફીઓ (૧ મુ.)ની રચના કરી છે.

કૃતિ : કચ્છના સંતો, લે. દુલેરાય કારાણી, ઈ. ૧૯૭૬ (+સં.). [કી.જો.]

ભાકુરામ [ ] : ગુરુરામના શિષ્ય. ૪ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : અભમાલા (+સં.). [કી.જો.]

ભાખર [ઈ. ૧૫૯૪ સુધીમાં] : જૈન. ૧૪ કડીની 'વીસવિહરમાન જિન-સ્તવન' (લે.ઈ.૧૫૯૪) કૃતિના કર્તા.

સંદર્ભ : હેજજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ભાગચંદ-૧ : જુઓ રાજસુંદર-૨.

ભાગચંદ-૨ [ઈ.૧૮૨૭ સુધીમાં] : જૈન. 'કલ્યાણમંદિર' તથા 'ગૌતમ-રાસ' (લે.ઈ.૧૮૨૭)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૦-'બાલાપુર (ત્યાં સુરક્ષિત જૈન સાહિત્ય)', મુનિશ્રી કાંતિસાગરજી. [શ્રા.ત્રિ.]

ભાગચંદ-૩ [ ] : અવટંકે મુનશી. વૈદક વિષયક 'તીબ્બ મુલતાની' કૃતિના કર્તા.

સંદર્ભ : કૅટલૉગગુરા. [કી.જો.]

'ભાગવત' : સંપૂર્ણ ભાગવતને ગુજરાતીમાં ઉતારવાના સૌપ્રથમ પ્રયત્ન લેખે રત્નેશ્વરના આ અપૂર્ણ રૂપે ઉપલબ્ધ થતા અનુવાદગ્રંથનું વિશિષ્ટ મહત્ત્વ છે. અત્યારે ગ્રંથના ૬ સ્કંધ મળે છે, તેમાં પહેલો (ર.ઈ.૧૬૮૪/સં. ૧૭૪૦, કારતક સુદ ૧૧, શનિવાર), બીજો (ર.ઈ. ૧૬૯૩/સં. ૧૭૪૯, કારતક સુદ ૧૧, સોમવાર) અને ૧૦મો (ર.ઈ. ૧૬૮૩/સં.૧૭૩૯, ભાદરવા સુદ ૫, રવિવાર) મુદ્રિત છે. તથા ૧૧મો (ર.ઈ. ૧૬૮૪) અને ૧૨મો (ર.ઈ.૧૬૯૪/સં. ૧૭૫૦, શ્રાવણ સુદ ૧૦, સોમવાર) અમુદ્રિત છે. 'કવિચરિત' એમાં ત્રીજો સ્કંધ ઉમેરી કુલ ૬ સ્કંધ મળતા હોવાની માહિતી આપે છે. ચોપાઈ-દાવટી અને ચોપાઈ-જેકરીની દેશીઓના બનેલા ઢાળબંધમાં કવિએ શ્રીધરની ભાગવતટીકાને અનુસરી આ અનુવાદ કર્યો છે. દરેક અધ્યાયના પ્રારંભમાં આગળના અધ્યાયના સારરૂપ એકબે સંસ્કૃત અને ગુજરાતી શ્લોક કવિએ મૂક્યા છે તેમાં રથોદ્ધતા, દ્રુતવિલંબિત, વસંતતિલકા વગેરે અક્ષરમેળ વૃત્તો પ્રયોજ્યા છે.

શ્રીધરની ટીકાના મર્મને બરોબર સમજી ભાગવતની સમાસબહુલ ભાષા તથા તેમાં થયેલી વેદાંતવિષયક સૂક્ષ્મ શાસ્ત્રીય ચર્ચાઓને ગુજરાતીમાં ઉતારવાનું ઠીકઠીક મુશ્કેલ કાર્ય કવિએ સારી રીતે પાર પાડ્યું છે. ટીકાકારની પદ્ધતિને અનુસરી શ્લોકમાં ઊઠતા પ્રશ્નો આપી તેનું નિરાકરણ શ્લોકના શબ્દોથી જ કરી કવિએ પોતાનાં વિદ્વત્તા અને ભાષાપ્રભુત્વનો અચ્છો પરિચય આપ્યો છે. [શ્રા.ત્રિ.]

ભાગવિજય/ભાગ્યવિજય [ઈ.૧૭૧૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં મણિવિજયના શિષ્ય. ૧૬૭ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ/સ્તવન' (ર.ઈ.૧૭૧૦; મુ.) અને ૧૪ કડીના 'જંબૂસ્વામિ-સ્તવન' (ર.ઈ.૧૭૧૦)ના કર્તા. 'નવતત્ત્વ-ચોપાઈ'માં શરૂઆતમાં 'સદ્‌ગુરુ દાન(મ)'નો નિર્દેશ આવે છે તે પરથી આ કૃતિ દામમુનિના શિષ્ય વરસિંહની હોવાનું પણ કહેવાયું છે.

કૃતિ : પ્રવિસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨;☐૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [ગી.મુ.]

ભાગ્યચંદ્ર [ઈ.૧૮૨૩માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. જયચંદના શિષ્ય. 'કલ્પસૂત્ર' પરના બાલાવબોધ (ર.ઈ.૧૮૨૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨) – 'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'. [શ્રા.ત્રિ.]

ભાગ્યવર્ધન [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ઈન્દ્રવર્ધનના શિષ્ય. ૭ કડીના 'નેમિરાજીમતી-સ્તવન' (ર.ઈ.૧૭૮૯)ના કર્તા. ઉપરોકત કૃતિની પોથી તેમણે સ્વહસ્તાક્ષરમાં ઈ.૧૮૨૪માં પૂરી કરી હતી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ગી.મુ.]

ભાણ(કવિ)-૧ [ઈ. ૧૬૦૪માં હયાત] : જૈન સાધુ. 'ચંદરાજાસુત અમરરાજાની કથા' (ર.ઈ. ૧૬૦૪/સં. ૧૬૬૦, જેઠ સુદ ૧૨)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

ભાણ(સાહેબ)-૨ [જ.ઈ. ૧૬૯૮/સં. ૧૭૫૪, મહા સુદ ૧૧/૧૫, સોમવાર–અવ. ઈ. ૧૭૫૫/સં. ૧૮૧૧, ચૈત્ર સુદ/વદ ૩, ગુરુવાર/શુક્રવાર] : રામકબીર સંપ્રદાયના કવિ. ચરોતરના કનખિલોડના વતની. જ્ઞાતિએ લોહાણા. અવટંકે ઠક્કર. પિતા કલ્યાણજી. માતા અંબાબાઈ. આંબા છઠ્ઠા ઉર્ફે ષષ્ટમદાસના શિષ્ય. સંપ્રદાયમાં કબીરનો અવતાર ગણાતા આ કવિએ પુત્ર ખીમદાસ સહિત ૪૦ શિષ્યોની 'ભાણફોજ' સાથે ગુજરાત-સૌરાષ્ટ્રમાં ફરી લોકબોલીમાં ઉપદેશ કરેલો એમ નોંધાયું છે. કમીજડામાં જીવત-સમાધિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદ્‌ગુરુ મહિમાને કેન્દ્રમાં રાખતાં એમનાં ગુજરાતી-હિંદી પદોમાં (૩૦-૩૫ મુ.) જ્ઞાનમાર્ગી કવિતાની પરંપરા મુજબની પારિભાષિક સંજ્ઞાઓ ગૂંથતું રૂપકાત્મક નિરૂપણ તથા કેટલાંક પદોમાં પૌરાણિક પાત્રોનાં ને તત્કાલીન લોકજીવનમાંથી લીધેલાં પ્રચલિત દૃષ્ટાંતોનો અધ્યાત્મબોધ માટે થયેલો વિનિયોગ ધ્યાન ખેંચે છે. આરતી અને ગરબી જેવા પ્રકારોનો પણ એમણે પદરચનામાં કરેલો ઉપયોગ તથા ક્યાંક સળંગપણે કરેલી ચરણાન્ત પ્રાસની યોજના નોંધપાત્ર છે.

રવિદાસને નામે ચડેલી ૨૮ કડીની એક હિંદી કૃતિ 'પંચકોશ-પ્રબંધ'(મુ.) પણ આ કવિની રચના છે.

કૃતિ : ૧. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૨. યોગ વેદાન્ત ભજન ભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.) (+સં.); ૩. રવિ, ભાણ અને મોરારસાહેબની વાણી, સં. નાનાલાલ પ્રા. વ્યાસ, ઈ. ૧૯૫૦; ૪. રવિભાણ સંપ્રદાયની વાણી, પ્ર. મંછારામ મોતી, ઈ. ૧૯૩૩; ૫. સતવાણી; ૬. સંતસમાજ ભજનાવળી, પ્ર. કેશવલાલ મ. દૂધવાળા, ઈ. ૧૯૩૧.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨; ૫. સોસંવાણી;☐૬. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ; ૭. ગુજૂકહકીકત ૮. પ્રાકકૃતિઓ. [૨.સો.]

ભાણ–૩/ભાણચંદ્ર/ભાનુચંદ્ર/ભાણજી [જ.ઈ. ૧૭૪૭-અવ. ઈ. ૧૭૮૧] : જૈન સાધુ. વાઘજીમુનિના શિષ્ય. ૬ કડીની 'ચેતનને શિખામણની સઝાય'(મુ.), ૬ કડીની 'વૈરાગ્યની સઝાય'(મુ.), ૫ કડીની 'પર્યુષણપર્વની સઝાય', 'ચતુર્વિંશતિજિન-સ્તવન', ૫ કડીનું 'અભિનંદન-સ્તવન' તથા ૪ કડીની 'વસંત-ધમાલ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અસ્તમંજુષા; ૨. જિનેન્દ્રગુણ રત્નમાલા : ૧, પ્ર. કોઠારી કેશવલાલ છ. સં. ૨૪૩૧; ૩. જૈરસંગ્રહ; ૪. સ્તવન સઝાયસંગ્રહ, સં. સાગરચંદ્ર મહારાજ, ઈ. ૧૯૩૭.

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો : ૨ (+સં.); ☐ ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

ભાણ–૪/ભાણવિજય [ ] : તપગચ્છના જૈન સાધુ. ભાવવિજયના શિષ્ય. ૨૩ કડીનું અષ્ટાપદનો મહિમા દર્શાવતું 'અષ્ટાપદ-સ્તવન' (લે. સં. ૧૯મી સદી;મુ.) અને ૨૨ કડીનો 'ગોડી પાર્શ્વનાથ-છંદ'ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈકાસંગ્રહ; ૪. જૈપ્રાસ્તસંગ્રહ; ૫. શનીશ્ચરની ચોપાઈ આદિક લઘુ ગ્રંથોના સંગ્રહનું પુસ્તક, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨ (ત્રીજી આ.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેન્જૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

'ભાણગીતા/રવિગીતા' : ભાણદાસ ગુરુએ આપેલા જ્ઞાનના પ્રગટીકરણ લેખે 'ભાણ-ગીતા' એવા નામથી તેમ જ રવિદાસકૃત હોવાને કારણે 'રવિગીતા' એવા નામથી ઓળખાયેલી આ કૃતિ(મુ.) વિષયને અનુલક્ષીને 'ભાણ-દેવગીતા બ્રહ્મપ્રકાશ' એવું નામાભિધાન પણ ધરાવે છે. બહુધા એક ચોપાઈ, ઢાળ ને દુહો કે સાખી એવા રચનાબંધ ધરાવતાં ૨૧ કડવાંમાં રચાયેલી આ કૃતિમાં છેવટના કેટલાક છપ્પા હિન્દી ભાષામાં છે અને અન્યત્ર પણ હિંદીનો પ્રભાવ વરતાય છે. એમાં અલક્ષ્ય બ્રહ્મતત્ત્વની અગમ્યતાનું વર્ણન કરી, ઈશ્વરી/આદ્ય ભવાની દ્વારા બ્રહ્માંડની – જીવયોનિ, પંચભૂત, ચૌદલોક, ચારવેદ વગેરે બ્રહ્માંડાંતર્ગત પદાર્થોની પણ ઉત્પત્તિની લાક્ષણિક કથા કહેવામાં આવી છે. એ પછી માયામાં રહેવા છતાં એનાથી અલિપ્ત રહેતા અને દશ પવન, દ્વાદશ દ્વાર, નાડીભેદ– એ બધાથી પર એવી સિદ્ધ સ્થિતિને પામેલા બ્રહ્માનુભવી સંતનું વર્ણન થયું છે અને એ અવસ્થાના ઉપાયરૂપ નામધૂનના માર્ગનું સદૃષ્ટાંત મહિમાગાન કરવામાં આવ્યું છે. વાણીનાં સ્વરૂપો અને ત્રિગુણ ભોગનું સ્પષ્ટીકરણ કરી, છેવટે, શબ્દાતીત અર્થરૂપ અને જ્ઞાનપ્રકાશરૂપ બ્રહ્મરસના અનુભવનું ચિત્ર આલેખ્યું છે. આ રીતે વેદાંતદર્શનમાં યોગમાર્ગ અને નામભક્તિનાં તત્ત્વો દાખલ કરતી સંપ્રદાયની વિશિષ્ટ સાધનાપ્રણાલીને નિરૂપતી આ કૃતિ મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાધારા તથા ગીતાકાવ્યની પરંપરાની એક નોંધપાત્ર કૃતિ બની રહે છે. [જ.કો.]

ભાણચંદ/ભાણચંદ્ર [ ] : જૈન સાધુ. ભાનુચંદ્રના શિષ્ય. ૨૨ કડીની હિંદીમિશ્ર ગુજરાતીમાં રચાયેલી 'સંગ્રામસોનીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ (જે); ૨. જૈસસંગ્રહ(ન); ૩. જૈસમાલા (શા) : ૩.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. દેસુરાસમાળા. [કા.શા.]

ભાણચંદ્ર–૧ : જુઓ ભાણ–૩.

ભાણચંદ્ર–૨ : જુઓ ભાણચંદ.

ભાણજી–૧ : જુઓ ભાણ–૩.

ભાણજી–૨ : જુઓ સામલિયાસુત.

ભાણદાસ : [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : જ્ઞાનમાર્ગી કવિ. વૈષ્ણવ. પિતાનું નામ ભીમ. કૃષ્ણપુરીના શિષ્ય. આ કવિની યશોદા કૃતિ 'હસ્તામલક' (૨.ઈ. ૧૬૫૧/સં. ૧૭૦૭, જેઠ સુદ ૯, ગુરુવાર/શુક્રવાર; મુ.) મૂળ સંસ્કૃતગ્રંથને આધારે હસ્તામલક અને શંકરાચાર્ય વચ્ચેના સંવાદ દ્વારા કેવલાદ્વૈતના સિદ્ધાંતોને સુગમ રીતે નિરૂપતી તથા જ્ઞાનચર્ચામાં કવિત્વની ચમક દર્શાવતી ૧૬ કડવાંની આખ્યાનકૃતિ છે. એવી જ બીજી જ્ઞાનમૂલક પર કડીની કૃતિ 'અજગર-અવધૂત-સંવાદ'માં કવિએ આત્મજ્ઞાનની મહત્તા બતાવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાણદાસનું ખરું કવિત્વ આદ્યશક્તિના મહિમા કરતી એમની તત્ત્વલક્ષી ગરબીઓમાં પ્રગટયું છે. ગગનમંડળને ગાગરડીના રૂપકથી વર્ણવતી આ કવિની જાણીતી ગરબીમાં સૃષ્ટિનાં ભવ્ય તત્ત્વોને લલિત-રમણીય રૂપ આપતી જે કલ્પનાશક્તિ છે તે અન્ય ગરબીઓમાં પણ જણાય છે. આવી વિશેષતાથી અને સુ-ગેયતાથી આ ગરબીઓ લોકપ્રિય પણ નીવડેલી છે. ગરબીઓમાં તત્ત્વજ્ઞાનના વિનિયોગની બાબતમાં તેમ જ આવાં ગેય પદો માટે ગરબી–ગરબો સંજ્ઞા યોજવામાં પણ ભાણદાસ પહેલા કવિ હોવાનું કહેવાયું છે. હસ્તપ્રતોમાં નોંધાયેલી ૭૧ ગરબીઓમાંથી કેટલીક મુદ્રિત છે.

આ ઉપરાંત ભાગવતના છઠ્ઠા સ્કંધની કથા અનુસાર પ્રહ્લાદ-ચરિત આપતું પણ જ્ઞાનચર્ચા તરફ વધારે ઝૂકતું, કાવ્યબંધમાં દુહા ને ચોપાઈ છંદને પ્રયોજતું ૨૧ કડવાંનું 'પ્રહ્લાદાખ્યાન' (૨.ઈ. ૧૬૫૦/સં. ૧૭૦૬, માગસર સુદ ૧૦, સોમવાર) એમની અન્ય કૃતિ છે. બારમાસી, નૃસિંહજીની હમચી, હનુમાનજીની હમચી, જ્ઞાનવૈરાગ્ય અને ભક્તિનાં પદો પણ એમને નામે મળે છે.

કૃતિ : *૧. પ્રહ્લાદાખ્યાન, સં. ગટુલાલ ધ. પંચનદી–; ૨. નકાદોહન; ૩. પ્રાકાસુધા : ૨; ૪. બૃકાદોહન : ૪.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુમાસ્તંભો; ૫. પાંગુહસ્તલેખો; ☐ ૬. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬–'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્યો', છગનલાલ રાવળ; ☐ ૭. ગૂહાયાદી; ૮. ડિકૅટલૉગભીંજ; ૯. ડિકૅટલૉગભાવિ; ૧૦. ફાહનામાવલિ : ૨. [૨.સો.]

ભાણવિજય : આ નામે ૧૩ કડીની 'નેમબારમાસા', ૭ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન (ચિંતામણિ)' અને 'પાર્શ્વનાથ-સ્તવનત્રિક' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા ભાણવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

ભાણવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. મેઘવિજયની પરંપરામાં લબ્ધિવિજયના શિષ્ય. ૭૨ કડીનું 'મૌન એકાદશી-સ્તવન' (૨.ઈ. ૧૬૮૧/સં. ૧૭૩૭, વૈશાખ સુદ ૩), ૭૫ કડીની 'શાશ્વતાશાશ્વતજિન-તીર્થમાળા' (૨.ઈ. ૧૬૯૩), ૬/૯ કડીની 'વિજયાણંદસૂરિ ભાસ/સઝાય' (૨.ઈ.૧૬૫૫; મુ.), ૪૪ કડીની 'વિજયાણંદસૂરિનિર્વાણ-સઝાય'(૨.ઈ.૧૬૫૫/સં. ૧૭૧૧, ભાદરવા વદ ૧૩, મંગળવાર; મુ.) તથા ૭૫૦ ગ્રંથાગ્રની 'શોભનસ્તુતિ-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૫૫ લગભગ) એ કૃતિઓના કર્તા.

કૃતિ : એસમાલા : ૧.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ;☐૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

ભાણવિજય–૨ [ઈ. ૧૭૭૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં પ્રેમવિજયના શિષ્ય. 'ચોવીશી' (મુ.), ૫૭૯૭ કડીની, ૪ ખંડમાં વિભાજિત, ૪૩ ઢાળની વિક્રમરાજાનું પ્રસિદ્ધ કથાનક રજૂ કરતી પદ્યવાર્તા 'વિક્રમાદિત્ય-પંચદંડરાસ/લીલાવતી-ચોપાઈ' (૨.ઈ.૧૭૭૪/સં. ૧૮૩૦, જેઠ સુદ ૧૦) તથા ૫ કડીનું 'વીરભક્તિ-સ્તવન'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. અસ્તમંજુષા; ૨. ચોસંગ્રહ; ૩. જિસ્તમાલા; ૪. જૈકાસાસંગ્રહ;☐૫. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરૅલ્ડ, ઑક્ટો.–નવે. ૧૯૧૪–'સ્ત્રીવાચન વિભાગ', સં. નિર્મળાબહેન.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. પંચ-દંડની વાર્તા (અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર વિરચિત), સં. ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૭૪;☐૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. મુપુગૂહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

ભાણવિજય–૩ : જુઓ નયવિજય–૫.

ભાણવિજય–૪ : જુઓ ભાણ–૪.

ભાદુદાસ [ ] : રામદાસના શિષ્ય. હિંદી તથા ગુજરાતી પદ (૧૦ મુ.)ના કર્તા.

કૃતિ : પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨ (ત્રીજી આ.)(+સં.). [કી.જો.]

ભાનુકીર્તિ [ઈ. ૧૬૨૨માં હયાત] : દિગંબર જૈન સાધુ હોવાની સંભાવના છે. ૨૫ કડીની 'આદિત્યવાર-કથા' (૨.ઈ.૧૬૨૨)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

ભાનુચંદ(યતિ) [ઈ. ૧૫૨૨માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ૨૫ કડીની ઐતિહાસિક કૃતિ 'દયાધર્મ-ચોપાઈ' (૨.ઈ.૧૫૨૨/સં. ૧૫૭૮, મહા સુદ ૭; મુ.)ના કર્તા.

લોંકાગચ્છના ભાણચંદને નામે ૩૩ કડીની 'નેમરાજુલ-ગીત' નામની રચના પણ નોંધાયેલી છે, જે આ જ કવિની હોવાની સંભાવના છે.

કૃતિ : *શ્રીમાન લોંકાશાહ, –.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

ભાનુચંદ્ર : આ નામે 'આધ્યાત્મિક પદસંગ્રહ' અને 'પાર્શ્વનાથ વસંત' મળે છે તેમના કર્તા કયા ભાનુચંદ્ર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

ભાનુચંદ્ર–૧ : જુઓ ભાણ–૩.

ભાનુચંદ્ર (ઉપાધ્યાય)–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. ૨૩ કડીની 'હીરવિજયઆદિ વિષયક-સઝાય/સવૈયા' (લે.સં. ૧૮મી સદી; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૧–'જગદ્‌ગુરુ શ્રી હીર-વિજયસૂરીશ્વરજી સંબંધી ત્રણ સઝાયો'. સં. મુનિશ્રી ન્યાયવિજયજી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

ભાનુદાસ [ ] : ડાકોરના રણછોડજીની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભક્તિનું તિથિ સ્વરૂપે રચાયેલું ૧ પદ (મુ.) એમને નામે મળે છે.

કૃતિ : પ્રાકાસુધા : ૨ [૨.સો.]

ભાનુમંદિરશિષ્ય [ઈ. ૧૫૫૬માં હયાત] : વડતપગચ્છના ધનરત્નસૂરિની પરંપરાના જૈન સાધુ. દુહા અને ચોપાઈબંધમાં રચાયેલી ૩૭૫ કડીની 'દેવકુમાર-ચરિત્ર' (૨.ઈ. ૧૫૫૬/સં. ૧૬૧૨, વૈશાખ સુદ ૩, રવિવાર)ના કર્તા.

આ કૃતિ ભાનુકુમારશિષ્યને નામે પણ નોંધાયેલી મળે છે જે ખરેખર છાપભૂલ છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ☐ *૩. જૈગૂ* કવિઓ: ૩(૧). [કી.જો.]

ભાનુમેરુ(ગણિ) [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ કે ઈ. ૧૭મી સદી પ્રારંભ સુધીમાં] : વડતપગચ્છના જૈન સાધુ. જ્ઞાનસાગરની પરંપરામાં ધનરત્નસૂરિના શિષ્ય. ધનરત્નસૂરિની ગ્રંથપ્રશસ્તિઓ સં. ૧૫૬૭ *તથા સં. ૧૬૦૧ની* મળે છે. *આ પ્રશસ્તિઓમાં ભાનુમેરુને 'ગણિ'* તરીકે પણ ઓળખાવ્યા છે. ધનરત્નસૂરિની ગ્રંથપ્રશસ્તિઓના સમય પરથી કવિ ભાનુમેરુગણિના સમય વિશે અનુમાન થઈ શકે કે તેઓ ઈ. ૧૬મી સદીના ઉત્તરાર્ધ તથા ઈ. ૧૭મી સદીના પ્રારંભ સુધીમાં થયા હશે.

૧૭ કડીની 'ચંદનબાલા-સઝાય'(મુ.) અને ૩૩/૩૪ કડીની તથા ૧૩૨ દલના પદ્યબંધમાં ગોઠવાયેલી, દ્રુતવિલંબિત છંદમાં રચાયેલી, ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથની સ્તુતિ કરતી 'સ્તંભનપાર્શ્વનાથ સ્તુતિ/એકસોબત્રીસ દલકમલબદ્ધ સ્તંભન-પાર્શ્વનાથજિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી;મુ.) એ સળંગ વૃત્તબદ્ધ રચનાના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. માર્ચ ૧૯૪૭–'શ્રી ભાનુમેરુકૃત "ચંદનબાલા સઝાય", સં. શ્રીમતી શાર્લોટે ક્રાઉઝે; ૨. જૈન સત્યપ્રકાશ નવે. ૧૯૪૮–'શ્રી ભાનુમેરુકૃત ચંદનબાલા ગીત' સં. મુનિમહારાજ રમણિકવિજયજી; ૩. ક્ષત્રૌમાસિક, જાન્યુ. માર્ચ ૧૯૪૬–'ભાનુમેરુકૃત સ્તંભન પાર્શ્વનાથ સ્તુતિ ૧૩૨ દલ પદ્યબંધ સ્તોત્ર' સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૪૧; ૨. પાંગુહસ્તલેખો; ☐ ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

ભાનુમેરુ(ગણિ)શિષ્ય [ઈ. ૧૭૦૯ સુધીમાં] : જૈન સાધુ. ૪૮ કડીના 'શાશ્વતાશાશ્વતજિનબિંબ-સ્તવન, (લે. ઈ. ૧૭૦૯)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

ભાનુવિજય [ઈ. ૧૭૪૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. લાભવિજયની પરંપરામાં મેઘવિજયના શિષ્ય. ૧૯૦૦૦ કડીના 'પાર્શ્વનાથ-ચરિત્ર–બાલાવબોધ' (૨.ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦, પોષ વદ ૮, સોમવાર) તથા ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ (ગોડી)' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [કા.શા.]

ભાનુવિમલ [ ] : જૈન સાધુ. વિબુધવિમલના શિષ્ય. ૭ કડીની 'ચેલાને શીખની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પ્રાસ્તરત્નસંગ્રહ : ૧; ૨. મોસસંગ્રહ. [કા.શા.]

ભાલણ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકવિ, પદકવિ અને અનુવાદક. જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ. અટકે ત્રવાડી. વતન પાટણ. ગુરુ શ્રીપત કે શ્રીપતિ હોવાનું અનુમાન. સંસ્કૃતના સારા અભ્યાસી. વ્રજભાષાનું જ્ઞાન પણ હોવાની સંભાવના. જીવનનાં પ્રારંભિક વર્ષોમાં દેવીભક્ત હોય, *પણ એકથી વધુ દેવોની સ્તુતિ કરે છે એટલે સાંપ્રદાયિક નથી.* જીવનના ઉત્તરાર્ધમાં રામભક્તિ પર આસ્થા વધુ દઢ બનેલી દેખાય છે.

કવિના 'દશમસ્કંધ'માં આવતાં વ્રજભાષાનાં પદ કવિનાં પોતાનાં રચેલાં હોય એવું લાગે છે તથા કવિનાં આખ્યાનોમાં પહેલી વખત જોવા મળતાં મુખબંધવાળાં ને ઊથલો કે વલણ વગરનાં કડવાં *કવિ નાકર (ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ)નાં ઊથલો કે વલણવાળાં* કડવાંની પૂર્વવર્તી સ્થિતિનાં સૂચક છે. આ બંને બાબતોને લક્ષમાં લઈએ તો કવિનો જીવનકાળ ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ અને ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ વચ્ચે હોવાનું અનુમાન કરી શકાય.

કવિનું અપરનામ પુરુષોત્તમ હતું, સિદ્ધપુરના કવિ ભીમ તેમના શિષ્ય હતા, કવિના ગુરુનું નામ પરમાનંદ હતું, કવિએ ઔરંગાબાદનો પ્રવાસ કર્યો હતો, કવિએ વૃદ્ધ વયે સંન્યસ્ત લીધેલું કે જીવતાં સમાધિ લીધેલી એ કવિજીવન વિશે મળતી માહિતી શ્રદ્ધેય જણાતી નથી.

ગુજરાતી ભાષાને 'ગુજર ભાખા' તરીકે પહેલી વખત ઓળખાવનાર ભાલણે ગુજરાતી કવિતામાં કડવાંબદ્ધ આખ્યાનનો સ્થિર પાયો નાખવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે. જો કે, પૌરાણિક વિષયોને લઈ રચાયેલાં એમનાં આખ્યાનોમાં મૂળ કથાને વફાદાર રહેવાનું વલણ વિશેષ છે એટલે પ્રેમાનંદની જેમ પ્રસંગને રસિક રીતે બહેલાવવા તરફ ને પ્રત્યક્ષીકરણ તરફ કવિનું ઝાઝું લક્ષ નથી. એને કારણે રસની જમાવટ, વર્ણનો કે ભાષા એ દરેકમાં તેઓ પ્રેમાનંદ જેવી સિદ્ધિ દાખવતા નથી. ક્યારેક ભાવની ઉત્કટતા વખતે તેઓ પદનો આશ્રય લે છે ત્યારે એમનું નિરૂપણ પ્રભાવક બને છે.

કવિનાં ઉપલબ્ધ આખ્યાનોમાં કેટલાંક મુદ્રિત છે. મુદ્રિત આખ્યાનોમાં કેટલાંક સંપૂર્ણ અને કેટલાંક તૂટક છે. એમાં વર્ણનોમાં હર્ષના 'નૈષધીયચરિત' મહાકાવ્ય અને ત્રિવિક્રમના 'નલચંપુ'નો અસર ઝીલતું અને બાકી મહાભારતની નલકથાને અનુસરતું, મૂળ પાત્રોની ઉદાત્તતા સાચવતું અને શૃંગાર-કરુણ રસની કેટલીક જમાવટ કરતું ૩૦/૩૩ કડવાંનું 'નળાખ્યાન'←(મુ.) કવિની કેટલીક ઉત્તમ રચનાઓમાં ગણી શકાય એવું છે. એ સિવાય પદ્મપુરાણ પર આધારિત વીર અને અદ્‌ભુત રસવાળું, ક્યાંક કાવ્યત્વની ચમત્કૃતિ બતાવતું ૨૨ કડવાંનું 'જાલંધર–આખ્યાન' (મુ.) અને મામકી નામની ગણિકાની રામભક્તિને નિરૂપતું ૮ કડવાંનું 'મામકી–આખ્યાન'(મુ.); ભાગવતની ધ્રુવકથા પર આધારિત,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિષ્કામ ભક્તિનો મહિમા કરતું અને વેદાંતના પરમતત્ત્વના જ્ઞાનને રજૂ કરતું ૧૮ કડવાંનું 'ધ્રુવાખ્યાન'(મુ.); માર્કંડેય પુરાણ પર આધારિત, કવચિત્ કવિનું પ્રારંભકાળનું મનાતું, મહિષાસુર અને શુંભ-નિશુંભના વધની કથા દ્વારા આદ્યશક્તિનો મહિમા કરતું ને મૂળ કથાના અનુવાદરૂપ ૧૦ અને ૧૪ કડવાંના ૨ ખંડમાં વિભાજિત 'સપ્તશતી/ચંડી-આખ્યાન'(મુ.); શિવપુરાણની શિકારીની કથા પર આધારિત, કવિના ધર્મશાસ્ત્રના જ્ઞાન અને દુનિયાદારીના અનુભવને પ્રગટ કરતું ૧૭ કડવાંનું 'મૃગી-આખ્યાન' (મુ.); રામાયણ અને રામસંબંધી અન્ય સંસ્કૃત કાવ્ય-નાટકો પર આધારિત, કવિના સમયની સામાજિક સ્થિતિનું કંઈક પ્રતિબિંબ પાડતું ૨૧ કડવાંનું 'રામવિવાહ/સીતાવિવાહ' સંપૂર્ણ રૂપમાં ઉપલબ્ધ થતાં કવિનાં આખ્યાન છે. ૧ કડવાનું 'દ્રૌપદીવસ્ત્રાહરણ' (મુ.) અપૂર્ણ છે તો ૪ કડવાંનું ખૂબ ત્વરિત વેગે સીતાવિવાહ પછીના રામજીવનના પ્રસંગોને આલેખતું 'રામાયણ' (મુ.) પણ અપૂર્ણ હોવાની સંભાવના છે.

કવિની પદોમાં રચાયેલી કૃતિઓમાં ભક્તિરસવાળી ૨ કૃતિઓ 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત' સવિશેષ ધ્યાનાર્હ છે. દુહા, ચોપાઈ, ઝૂલણા વગેરે દેશીઓમાં રચાયેલાં, વિવિધ રાગનિર્દેશવાળાં અને ઘણી જગ્યાએ મુખબંધ-ઢાળનાં અંગોને કારણે કડવાબંધમાં સરી જતાં ૪૯૭ પદોના 'દશમસ્કંધ'←(મુ.)માં પોતે સ્વતંત્ર રીતે રચેલી 'રુકિમણીવિવાહ' અને 'સત્યભામાવિવાહ' કૃતિઓ કવિએ અહીં સમાવી લીધી છે. એ સિવાય અન્ય કવિઓનાં પદ પણ એમાં ભળી ગયાં છે. ભાગવતની કથાને જ સંક્ષેપમાં કહેવાનું કવિનું લક્ષ હોવા છતાં વાત્સલ્ય, શૃંગાર અને કરુણમાં કવિ એવા ઊંચા કવિત્વની પ્રતીતિ કરાવે છે કે એમાંનાં દાણલીલા, માનલીલા અને ભ્રમરગીત પ્રેમાનંદ, નરસિંહ અને દયારામની એ વિષયનાં કાવ્યોની બરોબરી કરે એવાં છે. સીતાસ્વયંવર સુધીની કથાને રજૂ કરતું ૪૦ પદવાળું 'રામબાલચરિત' ←(મુ.) પણ વાત્સલ્યરસની ઉત્તમ કૃતિ છે. બાલસ્વભાવ અને બાલચેષ્ટાનાં સ્વભાવોક્તિભર્યાં ચિત્રો અને માતૃહૃદયની લાગણીનું એમાં થયેલું નિરૂપણ ગુજરાતી કવિતામાં અપૂર્વ છે. 'કૃષ્ણવિષ્ટિ'(મુ.)નાં ૪ પદમાં કૌરવો સાથે વિષ્ટિ કરવા કૃષ્ણ જાય છે તે પૂર્વે કૃષ્ણ અને દ્રૌપદી વચ્ચે થયેલો સંવાદ એમાં આલેખાયો છે, અને પોતાની અવમાનનાથી દ્રૌપદીના મનમાં જન્મેલી રોષયુક્ત વેદના કાવ્યના કેન્દ્રમાં છે. એ સિવાય ૫ પદની 'રામવનવાસ'(મુ.), ૧ પદનું રૂપકાત્મક 'રેંટિયા-ગીત'(મુ.) અને 'મહાદેવના સાતવાર'(મુ.) કવિની અન્ય પદરચનાઓ છે.

દુહાની ૮૦ કડીઓમાં રચાયેલું શંકરની સ્ત્રીલાલસાની પરીક્ષા કરવા પાર્વતીએ લીધેલા ભીલડીવેશના પ્રસંગને આલેખતું હળવી શૈલીનું 'શિવભીલડી-સંવાદ/હર-સંવાદ'(મુ.) કવિનું સળંગ બંધવાળું કાવ્ય છે.

પરંતુ ભાલણની યશોદાયી કૃતિ 'કાદંબરી'←(મુ.) છે. સંસ્કૃતમાં રચાયેલી કવિ બાણ અને પુલિનની કલ્પનામંડિત ને રસાર્દ્ર ગદ્ય-કથાને ૪૦ કડવાંબદ્ધ આખ્યાનમાં સંક્ષેપથી અને છતાં મૂળનો આસ્વાદ વિચ્છિન્ન ન થાય એ રીતે ઉતારવામાં કવિએ ગુજરાતી કવિતામાં પહેલું અને આજ સુધી અપૂર્વ રહેલું સાહસ બતાવ્યું છે. 'મુગ્ધરસિક' જનો માટે 'કાદંબરી'ને ગુજરાતીમાં ઉતારતી વખતે કવિએ મૂળના કેટલાક અલંકારો જાળવી, ગાંઠના અલંકારો, ઉક્તિઓ, વર્ણનો મૂળ કૃતિમાં રસક્ષતિ ન થાય એ રીતે ઉમેરી પોતાની કવિસૂઝનો પરિચય પણ કરાવ્યો છે.

તૂટક રૂપે મળતા ૧૫ કડવાંના 'દુર્વાસા-આખ્યાન'માં ભાલણની છાપ નથી અને 'સીતા હનુમાન-સંવાદ'ની હસ્તપ્રત ઉપલબ્ધ નથી એટલે એ ૨ કૃતિઓ ભાલણની હોવાનું શંકાસ્પદ છે. 'બીજું નળાખ્યાન' પણ ભાલણનું નથી એ હવે સુનિશ્ચિત છે.

આમ સમગ્ર રીતે કડવાંબદ્ધ આખ્યાનોના પ્રારંભિક રચયિતા, વાત્સલ્યપ્રેમનાં કેટલાંક મધુર પદોના સર્જક અને 'કાદંબરી' જેવી કૃતિને પ્રાસાદિક અને રસાવહ ગુજરાતીમાં ઉતારનાર અનુવાદક તરીકે ભાલણ ગુજરાતી કવિતામાં હંમેશાં યાદ રહેશે.

કૃતિ : ૧. ભાલણકૃત કાદંબરી (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ), સં. કે. હ. ધ્રુવ, ઈ. ૧૯૧૬; ૨. ભાલણકૃત કાદંબરી (ભાગ-૧), સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૫૩; ૩. ભાલણકૃત દશમસ્કંધ, સં. હરગોવિંદ દ્વા. કાંટાવાળા, ઈ. ૧૯૧૫ (+સં.); ૪. ભાલણકૃત ધ્રુવાખ્યાન અને નાકરકૃત મોરધ્વજાખ્યાન, સં. ભાનુસુખરામ નિ. મહેતા, –; ૫. ભાલણકૃત નળાખ્યાન, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૭૫ (ત્રીજી આ.); ૬. ભાલણકૃત બે નળાખ્યાન, સં. રા. ચુ. મોદી, ઈ. ૧૯૨૪; ૭. ભાલણનાં પદ, સં. જેઠાલાલ ત્રિવેદી, ઈ. ૧૯૪૭ (+સં.); ૮. ભાલણનાં ભાવગીતો, સં. ધીરુભાઈ ત્રિ. દોશી, ઈ. ૧૯૮૦ (+સં.); ☐ ૯. નકાદોહન : ૩; ૧૦. પ્રાકાસુધા : ૩; ૧૧. બૃકાદોહન : ૧, ૨, ૩, ૫, ૬; ૧૨. રા. ચુ. મોદી લેખ-સંગ્રહ, સં. પુરુષોત્તમ ભી. શાહ, ઈ. ૧૯૫૩ (+સં.).

સંદર્ભ : ૧. ભાલણ, રામલાલ ચુ. મોદી, ઈ. ૧૯૧૯; ૨. ભાલણ : એક અધ્યયન, કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૭૧; ૩. ભાલણ, ઉદ્ધવ અને ભીમ, રામલાલ ચુ. મોદી, ઈ. ૧૯૪૪;☐૪. અન્વય, હસિત બૂચ, ઈ. ૧૯૬૯–'ભાલણનાં વાત્સલ્યચિત્રો'; ૫. ઉપાસના, ઈ. કા. દવે, ઈ. ૧૯૭૧–'કાદંબરી'; ૬. કવિચરિત : ૧-૨; ૭. ગુમાસ્તંભો; ૮. ગુલિટરેચર; ૯. ગુસાઈતિહાસ : ૨; ૧૦. ગુસા-મધ્ય; ૧૧. ગુસારસ્વતો; ૧૨. ગુસારૂપરેખા : ૧; ૧૩. જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી : ૧૦, સં. ભોગીલાલ ગાંધી અને અન્ય, ઈ. ૧૯૭૨-'પહેલાં પાંચસો વરસ', ધીરુભાઈ ઠાકર; ૧૪. નભોવિહાર, રામ-નારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧–'પદ્મનાભ અને ભાલણ'; ૧૫. નળ દમયંતીની કથાનો વિકાસ, ૨. ચી. શાહ, ઈ. ૧૯૮૦–'ભાલણકૃત નળાખ્યાન'; ૧૬. પડિલેહા, ૨. ચી. શાહ, ઈ. ૧૯૭૯–'ભાલણના કહેવાતા બીજા 'નળાખ્યાન'નું પગેરું';☐૧૭. ગૂહાયાદી; ૧૮. રિકૅટલૉગબીજે; ૧૯. ફૉહનામાવલિ. [કે.શા.]

ભાવ : આ નામે ૪ કડીનું 'ચોવીસ તીર્થંકરનું સ્તવન'(મુ.), ૭૮ કડીની 'પાપપુણ્ય-ચોપાઈ' અને ૪ કડીનું ૧ હિન્દી સ્તવન(મુ.) એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈપ્રપુસ્તક : ૧.
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

ભાવ–૧/ભાવક (ઉપાધ્યાય) [ઈ. ૧૫૨૫માં હયાત] : બ્રહ્માણગચ્છના જૈન સાધુ. બુદ્ધિસાગરની પરંપરામાં ગુણમાણિક્યના શિષ્ય. પ્રારંભમાં વિનયવિમલગણિને ગુરુ તરીકે કરેલા નમસ્કારના વચન સાથેના ૯૭૫ કડીના 'વિક્રમચરિત્ર-રાસ/વિક્રમ-ચોપાઈ' (૨.ઈ. ૧૫૨૫/સં. ૧૫૮૨, માગશર–૧૩, રવિવાર), ૨૯૮/૩૫૦ કડીના 'હરિશ્ચંદ્ર-પ્રબંધ/રાસ' અને મુનિરત્નસૂરિની મૂળ સંસ્કૃત કૃતિ 'અંબડકથા' ઉપરથી ૭ આદેશમાં વહેંચાયેલા 'અંબડ-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ;☐૪. ફાત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્યરાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા;☐૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. જૈમગૂકરચનાઓ : ૧; ૭. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવઉ/ભાવો [ઈ. ૧૪૭૯ સુધીમાં] : જૈન. રાગ ધન્યાસીમાં લખાયેલા ૩ કડીના 'જીવદયા-ગીત' (મુ.) અને ૪ કડીના 'નેમિ-ગીત' (લે.ઈ. ૧૪૭૯; મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂકવિઓ : ૩(૧) (+સં.) [શ્રા.ત્રિ.]

ભાવકલશ : આ નામે 'હમીર-રાસ' મળે છે. તેના કર્તા કયા ભાવકલશ છે તે નિશ્ચિત નથી.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

ભાવકલશ–૧[સં.૧૬મી સદી] : જૈન. સંભવત: સુમતિવિજયગણિના શિષ્ય. વસ્તુ છંદમાં નિબદ્ધ 'કૃતકર્મચરિત્ર-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ફાત્રૈમાસિક, જાન્યુ.–જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સંદોહ', હીરાલાલ ૨. કાપડિયા;☐૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

ભાવચંદ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ભાનુચંદ્ર ઉપાધ્યાય(ઈ.૧૫૬૨માં હયાત)ના શિષ્ય. ૪ કડીની 'ભાનુચંદ્ર ઉપાધ્યાય-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ઔસમાલા : ૧ (+સં.). [શ્રા.ત્રિ.]

ભાવપ્રભ(સૂરિ)/ભાવરત્ન(સૂરિ) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ. પૂર્ણિમાગચ્છની ઢંઢેરવાડ શાખાના જૈન સાધુ. વિદ્યાપ્રભની પરંપરામાં મહિમાપ્રભના શિષ્ય. પિતા માંડણ. માતા બાદલા. સૂરિપદ પહેલાનું દીક્ષાનામ ભાવરત્ન. દેવચંદ્રજીના સમકાલીન. તેમણે પાટણમાં સહસ્રકૂટ મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. ૨૯૫ કડીનો 'ચંદ્રપ્રભસૂરિ-રાસ' (૨.ઈ. ૧૬૯૮), ૮૪૯ કડીનો 'હરિબલમચ્છીનો રાસ' (૨.ઈ. ૧૭૧૩/સં. ૧૭૬૯, કારતક વદ ૩, મંગળવાર), 'જયવિજયનૃપ-રાસ' (૨.ઈ. ૧૭૧૩), ૪૨ ઢાળ અને ૨ ખંડમાં વહેંચાયેલો 'ધન્યબૃકહદ્ (શાલિભદ્ર)-રાસ/ધન્ય-રાસ' (૨. ઈ.૧૭૧૬), મહાવીર સ્વામીની શ્રાવિકા સુલસા અને અંબડદેવની કથા નિરૂપતો (અંબડ-રાસ'(૨.ઈ.૧૭૧૯/સં.૧૭૭૫, જેઠ વદ ૨, રવિવાર), પોતાના ગચ્છાધિપતિના જીવન અને નિર્વાણનું નિરૂપણ કરતો ૯ ઢાળમાં વહેંચાયેલ 'મહિમાપ્રભસૂરિ નિર્વાણ કલ્યાણક-રાસ' (૨.ઈ.૧૭૨૬(૧૬)/સં. ૧૭૮૨(૭૨), પોષ સુદ ૧૦), 'સુકડી-ઓરસિયા સંવાદ-રાસ' (૨.ઈ.૧૭૨૬), ૨૦ ઢાળનો 'સુભદ્રાસતી-રાસ' (૨.ઈ.૧૭૪૧/સં. ૧૭૯૭, મહા સુદ ૩, શુક્રવાર), ૨ ખંડનો 'બુદ્ધિવિમલાસતી-રાસ/વિમલાસતી-રાસ' (૨.ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૯, માગશર સુદ ૨, ગુરુવાર) એ તેમની રાસ કૃતિઓ છે.

આ ઉપરાંત ૪૨/૪૩ કડીની 'શ્રીઝાંઝરિયામુનિની ચાર ઢાલની સઝાય'(૨.ઈ.૧૭૦૦/સં. ૧૭૫૬, અસાડ સુદ ૨, સોમવાર;મુ.), ૯ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન'(૨.ઈ.૧૭૦૦), ૧૧ કડીનું 'ભટેવા-પાર્શ્વ-નાથની ઉત્પત્તિનું સ્તવન' (૨.ઈ.૧૭૧૪/સં. ૧૭૭૦, કારતક સુદ ૬, બુધવાર; મુ.), 'વીશી'(૨.ઈ.૧૭૨૪/સં. ૧૭૮૦, વૈશાખ વદ ૭, સોમવાર), 'ચોવીસી' (૨.ઈ.૧૭૨૭/સં.૧૭૮૩, ફાગણ સુદ ૩, સોમવાર), ૪ કડીની 'અધ્યાત્મોપયોગિનીસ્તુતિસંસ્તબક/મહાવીર-જિનસ્તુતિ-સંસ્તબક'(૨.ઈ.૧૭૪૦), ૩ ઢાળની 'જિનપાલિત જિનરક્ષિતની સઝાય'(૨.ઈ.૧૭૪૧/સં. ૧૭૯૭, શ્રાવણ–; મુ.), ૪ કડીની 'અધ્યાત્મ-સ્તુતિ'(મુ.), ૩૭ કડી અને ૫ ઢાળની 'અષાઢાભૂતિની સઝાય/અષાઢાભૂતિનું પંચઢાળિયું'(મુ.), ૮ કડીની 'આત્મોપદેશ-સઝાય'(મુ.), ૧૨૧૬ ગ્રંથાગ્રનો 'કાવ્યસૂત્ર-સ્તબક', ૧૭ કડીની 'ખંધકઋષિ-સઝાય', ૩૮ કડીનું 'ચૈત્રીપૂનમદેવવંદન-વિધિગર્ભિત-સ્તવન', 'ચૈત્યવંદન-ચતુર્વિંશતિકા', ૧૦ કડીનો 'જિન-સંખ્યાદિ–વિચારમયદોધક-બાલાવબોધ', ૧૨ કડીની 'તેર કાઠિયા-સઝાય' (મુ.), ૧૨ કડીની 'દશ દૃષ્ટાંત સંક્ષેપ-સઝાય', ૧૧ કડીની 'નવવાડની સઝાય' (મુ.), ૪ કડીની 'પજુસણની સ્તુતિ'(મુ.), 'પંચજિનનમસ્કાર-સ્તુતિ આદિ', ૨૭ કડીની 'પાહુડપચવીસી', 'મહિમાપ્રભસૂરિ-ગહૂંલી', ૭૩ કડીનું 'સાસયપડિમાઅધિકાર-સંથવણ', કોશા અને સ્થૂલિભદ્રના સંવાદરૂપે કુલ ૧૫ કડીની 'સ્થૂલિભદ્રજી તથા કોશ્યાની સઝાય'(મુ.) વગેરે કૃતિઓ રચી છે.

તેમણે સંસ્કૃતમાં કેટલીક ટીકાઓ લખી છે, જેમાં 'ભક્તામર-સમશ્યાપૂર્તિ (નેમિભક્તામર)-સ્તવન'ની ટીકા (૨.ઈ. ૧૭૨૮), 'કલ્યાણ-મંદિરસ્તોત્ર'ની ટીકા, યશોવિજયના 'પ્રતિમાશતક' પરની ટીકા (૨.ઈ. ૧૭૩૭), 'નયોપદેશ' પર લઘુ ટીકા, કાલિદાસકૃત 'જ્યોતિ-વિદ્યાભરણ' પર 'સુખસુબોધિકા' નામની ટીકાઓનો સમાવેશ થાય છે. તેમની પાસેથી ગદ્યકૃતિ 'લોકરૂઢભાષા જ્ઞાનોપયોગી-સ્તુતિચતુષ્ક-બાલાવબોધ' મળે છે.

તેમણે પ્રાભાતિક-પાક્ષિક વગેરે પ્રતિક્રમણવિધિના અનુસંધાનમાં કેટલાંક સ્તવનો, ચોપાઈઓ, સવૈયા અને સઝાયો રચ્યાં છે. 'દેવ-ધર્મ-પરીક્ષા', 'ચંદ્રપ્રભસૂરિ-રાસ', 'જયવિજયનૃપ-રાસ', 'જિન–સંખ્યાદિ-વિચારમય-દોધક-બાલાવબોધ', 'મહાવીર જિન સ્તુતિ' અને 'સ્તવન-ચોવીસી'ની પ્રતો કર્તાના હસ્તાક્ષરમાં મળે છે.

'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી'માં 'મહિમાપ્રભ'ના નામે મૂકવામાં આવેલી 'મુહપત્તિપચાસ-પડિલેહણ-સઝાય'ના કર્તા પણ પ્રસ્તુત ભાવપ્રભ હોવા સંભવ છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જિભપ્રકાશ; ૩. જિસ્તકાસંદોહ : ૧; ૪. જૈગૂસારત્નો : ૧ (+સં.); ૫. જૈસમાલા (શા) : ૩;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬. જૈસંગ્રહ(જે.); ૭. જૈસંગ્રહ(ન.); ૮. ટ્રૅઝર્સ ઑવ જૈન ભંડારઝ (અં.), સં. ઉમાકાન્ત પી. શાહ, ઈ. ૧૯૭૮; ૯. દેસ્તસંગ્રહ; ૧૦. મોસસંગ્રહ; ૧૧. સઝાયમાળા(જા) : ૧-૨; ૧૨. સઝાયમાળા (પં.); ☐ ૧૩. જૈન સત્યપ્રકાશ, નવે. ૧૯૪૨–'મુનિ ભાવરત્નકૃત ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિનું સ્તવન', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા ઇતિહાસ; ૪. દેસુરાસમાળા; ☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૭. ડિક્ટેલૉગબીજે; ૮. મુપુગૂહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

ભાવપ્રમોદ (ઉપાધ્યાય) [ઈ. ૧૬૭૦માં હયાત–અવ. ઈ. ૧૬૮૮/સં. ૧૭૪૪, મહા વદ ૫, ગુરુવાર] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં ભાવવિનયના શિષ્ય. વિદ્વત્તાને કારણે જિનચંદ્રસૂરિના પ્રિય. અનશન દ્વારા સમાધિપૂર્વક મૃત્યુ. 'અજાપુત્ર-ચોપાઈ' (૨.ઈ.૧૬૭૦/સં.૧૭૨૬, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ઐજૈકાસંગ્રહ-પ્રસ્તા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

ભાવરત્ન–૧ [ઈ. ૧૬૦૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં રત્નભૂષણના શિષ્ય. 'કનકશ્રેષ્ઠીનો રાસ' (૨.ઈ. ૧૬૦૪/સં.૧૬૬૦, બીજો આસો વદ ૭, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [શ્રા.ત્રિ.]

ભાવરત્ન–૨ : જુઓ ભાવપ્રભ(સૂરિ).

ભાવરંગ(ગણિ) [ ] : જૈન. ૨ કડીના 'ઉપદેશ-ગીત' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવલબ્ધિ(સૂરિ) [ ] : જૈન. ૪ કડીની 'પર્યુષણપર્વની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસંગ્રહ; ૨. સસાંપમાહાત્મ્ય. [શ્રા.ત્રિ.]

ભાવવિજય : આ નામે ૧૪ કડીનું 'ચંદ્રપ્રભુજીનું સ્તવન'(મુ.), ૪ કડીનું હિંદીમાં 'નેમિનાથજીનું સ્તવન'(મુ.) અને 'પુંડરીકગણધર-સ્તવન' (લે.ઈ.૧૬૭૦) એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. દેસ્તસંગ્રહ; ૩. શનીશ્વરની ચોપાઈ આદિક લઘુ ગ્રંથોના સંગ્રહનું પુસ્તક, સં. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨(ત્રીજી આ.).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવવિજય(વાચક)–૧ [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં મુનિવિમલના શિષ્ય. ૫૫ કડીના 'શત્રુંજય-સ્તોત્ર' (૨.ઈ. ૧૬૧૭), ૯ ઢાળની 'ચાર ધ્યાનના સ્વરૂપની સઝાય'(૨.ઈ.૧૬૪૦/સં.૧૬૯૬, ચૈત્ર વદ ૧૦, રવિવાર;મુ.), '૨૪ જિન-ગીત' (૨.ઈ.૧૬૫૩), વિજયદેવ-વિજયપ્રભની પરંપરા નોંધતો, અડયલ, સારસી, લાટડી, ત્રિભંગી, નારાચ આદિ છંદોમાં રચાયેલો ૪૫/૫૧ કડીનો 'અંતરીક્ષ પાર્શ્વનાથ-છંદ'(૨.ઈ. ૧૬૫૯; મુ.), 'શ્રાવકવિધિ-રાસ/શુકરાજ-રાસ'(૨. ઈ.૧૬૭૯/સં. ૧૭૩૫, આસો વદ ૩૦), 'અષ્ટાપદ-સ્તવન', 'ચોવીસી'(મુ.), ૧૧ કડીનું 'નેમનાથ-સ્તવન'(મુ.), ૧૦૦ ગ્રંથાગ્રનું 'પાર્શ્વજિન-સ્તવન', ૩૭ કડીનું 'બંભણવાડા મહાવીર સ્તોત્ર', હિન્દીની અસરવાળું ૬ કડીનું 'વસંતનું ગીત'(મુ.), ૪૨ કડીની 'વિજયાનંદસૂરીશ્વર નિર્વાણ-સઝાય', 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન', 'શાંતિજિન-સ્તવન', 'સ્તવનાવલી', ૧૨ કડીનું 'હીરસૂરિ-ગીત', હિંદીગુજરાતી મિશ્રામાં ૧૧ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય'(મુ.)–એ કૃતિઓના કર્તા.

તેમની પાસેથી સંસ્કૃતમાં તત્કાલીન સમયની સ્થિતિ દાખવતો 'પટત્રિંશજ્જલ્પવિચાર' (૨. ઈ. ૧૬૨૩), 'ઉત્તરાધ્યયનસૂત્ર-વૃત્તિ' (૨. ઈ. ૧૬૩૩) અને 'ચંપકમાલા-કથા/ચરિત' (૨.ઈ. ૧૬૧૨) કૃતિઓ મળે છે. તેમણે જયવિજયકૃત 'કલ્પસૂત્ર-દીપિકા' (૨.ઈ. ૧૬૨૧), વિનયવિજયકૃત 'કલ્પસૂત્રસુબોધિકા'(૨.ઈ.૧૬૪૦) અને 'લોકપ્રકાશ' (૨.ઈ. ૧૬૫૨) સંશોધેલાં. વિજયદેવસૂરિશિષ્ય તરીકે નોંધાયેલા ૩૦ કડીના 'નેમિજિન (રાગમાળા)-સ્તવન'ના કર્તા પણ આ જ ભાવવિજય હોવાની શકયતા છે.

કૃતિ : ૧ અસ્તમંજૂષા; ૨ પ્રવિસ્તસંગ્રહ; ૩. પ્રાછંદસંગ્રહ; ☐૪. જૈનયુગ, અષાઢ–શ્રાવણ ૧૯૮૬–'નેમિ-સ્તવન', સં. મો. દ. દેશાઈ; ૫. એજન, ફાગણ–ચૈત્ર ૧૯૮૩–'પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન', સં મોહનલાલ દ. દેશાઈ; ૬. જૈન સત્યપ્રકાશ, ઑગસ્ટ ૧૯૪૪–'પ્રાચીન ગુજરાતી કાવ્યો', સં. સારાભાઈ મ. નવાબ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈગૂસારત્નો : ૧; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો;☐૬. આલિસ્ટઑઈ:૨; ૭.જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૮.મુપુગૂહસૂચી; ૯. હેજૈજ્ઞા સૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

ભાવવિજય–૨ [ઈ. ૧૭૯૬ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં શુભવિજયના શિષ્ય. '(ગોડી)પાર્શ્વજિન-સ્તવન' (લે.ઈ.૧૭૯૬)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવવિમલ [ઈ. ૧૬૫૫ સુધીમાં] : જૈન. 'ચોવીસ-જિન-ગીત' (લે. ઈ.૧૬૫૫)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

ભાવશેખર [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વિવેકશેખરના શિષ્ય. ૧૩ ઢાળ અને ૩૩૪ કડીના 'મેતારજમુનિ-રાસ' (૨.ઈ. ૧૬૨૫), ૮૫૫ ગ્રંથાગ્રના 'ધનામહામુનિ-સંધિ/ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૫), ૩ ઢાળ અને ૮૦૧ કડીના 'રૂપસેનરાજર્ષિ-રાસ'(૨.ઈ. ૧૬૨૭/સં.૧૬૮૩, જેઠ સુદ ૧૩;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વહસ્તાક્ષરની પ્રત) અને 'કથાકોશ' (ર.ઈ. ૧૬૩૪) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાપઅલ્વાલ : ૨૦; ૨. ગુસારસ્વતો; ૩. મરાસ-સાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. ડિકૅટલૉગભાવિ; ૬. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવસંગ [ ] : પદના કર્તા.

સંદર્ભ : ગૂહપાદી. [કી.જો.]

ભાવસાગર : આ નામે ૧૦ કડીની 'પાંચમા આરાની સઝાય' (મુ.), ૧૨ કડીની 'તેર કાઠિયાની સઝાય'(મુ.), ૪ કડીની 'પંચમી-સ્તુતિ' (લે. સં. ૧૯મી સદી અનુ.) અને કર્તા અંચલગચ્છના છે એવા ઉલ્લેખ સાથે ૧૨૧ કડીનું 'શાશ્વતજિન-ચૈત્યવંદન' (લે.સં. ૧૮મી સદી અનુ.) એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક છે કે જુદા તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. નેમવિવાહ તથા નેમિનાથજીનો નવરસો તથા ચોક તથા નેમનાથનો સલોકો, પ્ર. શા. મોહનલાલ રૂગનાથ, ઈ. ૧૯૩૫ (ત્રીજી આ.).

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવસાગર–૧ [ઈ. ૧૭૦૨માં હયાત] : જૈન સાધુ. 'સપ્તાતશત-જિન-સ્તવન' (ર.ઈ. ૧૭૦૨/સં. ૧૭૫૮, આસો સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદજી નાહટા. [શ્રા.ત્રિ.]

ભાવસાગર–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભના શિષ્ય. ૧૨ કડીની 'અનંતકાય-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. પ્રાસપસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવસાગર–૩ [ ] : જૈન સાધુ. વીરસાગરના શિષ્ય. ૩૨ કડીની 'ક્રોધ-માન-માયા અને લોભની સઝાય'(મુ.)ના કર્તા. પ્રસ્તુત કૃતિ અલગઅલગ શીર્ષક નીચે પણ મુદ્રિત થયેલી મળે છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જિસ્તકાસાંદોહ : ૧; ૩. જૈસ-માલા (શા) : ૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

ભાવસાગર(સૂરિ)શિષ્ય [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ]: અંચલગચ્છના વિધિપક્ષના જૈન સાધુ. ૪૪ કડીની 'ચૈત્ય-પરિપાટી' (ર.ઈ.૧૫૦૬), ૫૯ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ/રાસ' (ર.ઈ. ૧૫૧૯) તથા 'ઇચ્છા-પરિણામ-ચોપાઈ' (ર.ઈ.૧૫૩૪)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. ફાત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૬૭–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૩. આલિસ્ટઑઇ : ૨; ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. જૈમગૂકરચનાઓં : ૧. [કી.જો.]

ભાવસુંદર [ઈ. ૧૫મી સદી] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદરસૂરિ (અવ.ઈ.૧૪૪૩)ના શિષ્ય. 'મહાવીર-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [શ્રા.ત્રિ.]

ભાવહર્ષ (ઉપાધ્યાય)–૧ [ઈ.૧૬મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. સાગરચંદ્રસૂરિની શાખાના કુલતિલકના શિષ્ય. પિતા શાહ કોડા. માતા કોડમદે. ઈ. ૧૫૩૭થી ઈ. ૧૫૫૬ની વચ્ચે જિન-માણિક્યસૂરિને હસ્તે (મહા સુદ ૧૦ના રોજ) જૈસલમેરમાં ઉપાધ્યાયપદ. શરૂઆતમાં જિનચંદ્રસૂરિના આજ્ઞાનુયાયી. ઈ.૧૫૬૫માં ભાવહર્ષીય ખરતરશાખા નામનો સાતમો ગચ્છભેદ સ્થાપ્યો. ફૅટલાંક સ્તવનો તેમની પાસેથી મળ્યાં છે. 'આદિનાથ શત્રુંજય-સ્તવન' (લે. ઈ. ૧૬૦૩) તેમનું હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ઑજૈકાસંગ્રહ-પ્રસ્તા.; ૨. પાંગુહસ્તલેખો; ૩. યુજિનચંદ્રસૂરિ; ☐ ૪. ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ભાવહર્ષ–૨ [ઈ.૧૬૪૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં રંગનિધાનના શિષ્ય. 'શીલમંડપનવવાડ-રાસ' (ર.ઈ.૧૬૪૬)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

ભાવાનંદ : આ નામે 'વંકચૂલનો રાસ' મળે છે. તેના કર્તા કયા ભાવાનંદ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : દેસુરાસમાળા. [શ્રા.ત્રિ.]

ભાવાનંદ(પંડિત)–૧ [ઈ.૧૪૮૪માં હયાત] : અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં ૧૦૪ કડીના 'ઇન્દ્રનંદિસૂરિ-વિવાહલુ' (ર.ઈ. ૧૪૮૪)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

ભાવો : જુઓ ભાવઉ.

ભાંખર [ ] : વિભાસ રાગના નિર્દેશવાળા ૪ કડીના ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : ભસાસિંધુ. [કી.જો.]

ભીખજી [ઈ. ૧૭૮૦માં હયાત] : જૈન. 'આષાઢભૂતિ-ચોઢાલિઉં' (ર.ઈ. ૧૭૮૦/સં.૧૮૩૬, આસો વદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ગી.મુ.]

ભીખાભાઈ/ભીખો [આશરે ઈ.૧૭૯૪ સુધીમાં] : પ્રેમદાસની પરંપરામાં પ્રભુરામ(ઈ.૧૭૯૪ સુધીમાં)ના શિષ્ય. પ્રેમલક્ષણા-ભક્તિના કવિ. તેમની કવિતામાં ભાવની કોમળતા અનુભવાય છે. આ કવિએ હિંદી તથા ગુજરાતીમાં પદો (૬ મુ.)ની રચના કરી છે. મનને શિખામણ આપતાં પદ પણ તેમણે રચ્યાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. અસાંપરંપરા; ૨. પ્રાકાવિનોદ : ૧.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. પ્રાકકૃતિઓ;☐૩. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ; ☐૪. ગૂહાયાદી; ૫. ફોહનામાવલિ. [કી.જો.]

ભીખુ/ભીખમજી/ભીખાજી [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ.ઈ. ૧૮૦૪] : તેરાપંથના સ્થાપક. ઈ.૧૭૫૨માં રઘુનાથ પાસે દીક્ષા. નવીન દીક્ષા ઈ.૧૭૬૧માં. 'બારવ્રત-ચોપાઈ', 'અનુકંપા-ઢાલ', 'નવતત્ત્વ-ચોપાઈ', અને 'નિક્ષેપાવિચાર'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [ગી.મુ.]

ભીમ/ભીમો : આ નામે ૩૩ કડીનો 'દાંતજીભ-સંવાદ' (લે.ઈ. ૧૭૫૨), 'કૃષ્ણકીર્તનનાં પદ'(મુ.), 'ગુરુમહિમા' તથા ૩૩ કડીની 'શ્રી વિજયદાનસૂરિ-સઝાય'(મુ.) એ કૃતિઓ મળે છે. 'શ્રી વિજયદાનસૂરિ-સઝાય'એ કૃતિ તપગચ્છના આનંદવિમલસૂરિની પરંપરામાં થયેલા વિજયદાન ઉપરની કૃતિ હોઈ કર્તા તપગચ્છના કોઈ સાધુ હોવાની સંભાવના છે. આ સિવાયની કૃતિઓના કર્તા કયા ભીમ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. ઐસમાલા : ૧; ૨. નકાદોહન; ૩. પ્રાકાસુધા : ૨; ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. હેજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

ભીમ–૧ [ઈ. ૧૪૩૨ સુધીમાં] : એમની કૃતિમાં એમના જીવન વિશે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી. પણ એમાંના કેટલાક ઉલ્લેખોને આધારે તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ અને પાટણના વતની હોવાનું અનુમાન થયું છે.

એમની 'સદયવત્સવીર-પ્રબંધ'←(લે.ઈ.૧૪૩૨; મુ.) સદેવંત-સાવળિંગાની લોકખ્યાત કથાને ગુજરાતીમાં સૌ પ્રથમ નિરૂપતી, ૬૭૨ કે વધુ કડીઓમાં વિસ્તરતી ને વીર, અદ્‌ભુત અને શૃંગારરસવાળી પદ્યવાર્તા છે. ભાષાવૈભવ, વર્ણનકૌશલ અને રસનિરૂપણની શક્તિ; વચ્ચે વચ્ચે આવતાં–ક્યારેક છંદપંક્તિઓ સાથે ગૂંથાતાં–ગીતો, દુહા, પદ્ધડી, ચોપાઈ, વસ્તુ, છપ્પય, અડયલ વગેરે માત્રામેળ અને ક્યાંક અક્ષરમેળ છંદોનો થયેલો ઉપયોગ કૃતિને નોંધપાત્ર બનાવે છે. પ્રાકૃત-અપભ્રંશના અવશેષવાળી ભાષાના એક નમૂના લેખે ભાષાઈતિહાસની દૃષ્ટિએ પણ આ કૃતિ મહત્ત્વની ઠરે છે.

કૃતિ : સદયવત્સવીર પ્રબંધ, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૬૧ (+સં.).

સંદર્ભ : ૧. અનુસંધાન, હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૭૨ – 'સદેવંત-સાવળિંગા'; ૨. આકવિઓ : ૧; ૩. કવિચરિત : ૧-૨; ૪. ગુસાઈતિહાસ : ૧; ૫. ગુસાપઅહેવાલ : ૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય', ચીમનલાલ ડાહ્યાભાઈ; ૬. ગુસાપઅહેવાલ : ૧૧–'આપણું લોકવાર્તા વિષયક પ્રાચીન સાહિત્ય', ભોગીલાલ સાંડેસરા. [૨.સો.]

ભીમ–૨ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : વતન સિદ્ધપુર પાટણ કે પ્રભાસ પાટણ એ નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી. કોઈ નરસિંહ વ્યાસને ત્યાં રહી 'પ્રબોધપ્રકાશ'ની રચના કર્યાનો તેમ જ કોઈ પુરુષોત્તમની પણ એ કૃપા પામ્યા હોવાના ઉલ્લેખો તેમની કૃતિઓમાં મળે છે. એમની કૃતિઓ 'હરિલીલાષોડશકલા' (૨. ઈ. ૧૪૮૫/સં. ૧૫૪૧, વૈશાખ સુદ ૭, ગુરુવાર; મુ.) અને 'પ્રબોધ-પ્રકાશ'(૨.ઈ. ૧૪૯૦/સં.૧૫૪૬, શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર; મુ.)નાં રચનાવર્ષોને આધારે તેઓ ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું કહી શકાય.

'હરિલીલાષોડશકલા' પંડિત બોપદેવના સંસ્કૃત કાવ્ય 'હરિલીલા-વિવેક'નો કંઈક આધાર લઈને, ૧૬ કલા(વિભાગ)માં સંક્ષેપમાં ભાગવતકથાનો સાર આપતું, દુહા, ચોપાઈ, વસ્તુ વગેરે છંદોના બંધવાળું લગભગ ૧૩૫૦ કડીનું કાવ્ય છે. મોહરાજા પર વિવેક-રાજા વિજય મેળવી અજ્ઞાનમાં ઘેરાયેલા જીવ-પુરુષને પ્રબોધજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે એવા રૂપકાત્મક વસ્તુવાળો 'પ્રબોધપ્રકાશ' શ્રી-કૃષ્ણમિશ્રના સંસ્કૃત નાટક 'પ્રબોધચંદ્રોદય'નો મુખ્યત્વે ચોપાઈ-બંધની ૫૪૬ કડીઓમાં થયેલો સારાનુવાદ છે. આ કાવ્ય જય-શેખરસૂરિના 'ત્રિભુવનદીપક-પ્રબંધ' પછીનું બીજું અધ્યાત્મલક્ષી રૂપકકાવ્ય ગણાયું છે. આ બંને કાવ્યોમાં મૂળ કૃતિઓના સંસ્કૃત શ્લોકો અને બહારનાં સુભાષિતોને વણી લેવાની કવિની લાક્ષણિકતા ધ્યાન ખેંચે છે.

કવિને નામે અન્ય ૫ પદ (૪ ગુજરાતી અને ૧ સંસ્કૃત) મળે છે. એ સિવાય અન્ય રચનાઓ પણ એમણે કરી હોવાનું મનાય છે, પરંતુ તેમને કોઈ હસ્તપ્રતોનો આધાર નથી.

કૃતિ : ૧. પ્રબોધપ્રકાશ, સં. કે. કા. શાસ્ત્રી, ઈ ૧૯૩૬ (+સં.); ૨. હરિલીલાષોડશકલા, સં. અંબાલાલ ભુ. જાની, ઈ. ૧૯૨૮ (+સં.);☐૩. બૃકાદોહન : ૪ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસામધ્ય; ૩. પ્રાકકૃતિઓ; ૪. ભાલણ, ઉદ્ધવ અને ભીમ, રામલાલ ચુ. મોદી, ઈ. ૧૯૪૧; ૫. ભીમ અને કેશવદાસ કાયસ્થ, કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૮૧; ☐૬. ગૂહાયાદી; ૭. ડિકૅટલૉગભીજે. [૨.સો.]

ભીમ–૩ [ઈ. ૧૫૨૮માં હયાત] : જૈન શ્રાવક. ૫ ખંડમાં વિભાજિત 'અગડદત્ત-રાસ' (૨.ઈ.૧૫૨૮/સં.૧૫૮૪, અસાડ વદ ૧૪, શનિવાર) એમાં આવતા નડિયાદ અને નડિયાદના શ્રાવકોના ઉલ્લેખો પરથી નડિયાદમાં રચાયો હોવાની સંભાવના છે. ૩ કડીના 'વીતરાગ-ગીત' સમેત ૩ ગીતો(મુ.) આ કર્તાનાં હોવા સંભવ છે.

કૃતિ : સંબોધિ, એપ્રિલ-જાન્યુ. ૧૯૭૯–૮૦–'શ્રાવક કવિઓની કેટલીક અપ્રગટ ગુજરાતી રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐૪. ત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૫. જૈગૂકવિઓ : ૧; ૬. લીંહસૂચી. [ગી.મુ.]

ભીમ–૪/ભીમજી(ઋષિ) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈન સાધુ. જીવઋષિની પરંપરામાં આચાર્ય વીરસિંહના શિષ્ય. પૂર્વાવસ્થામાં જ્ઞાતિએ ભાવસાર. ૩ ખંડમાં રચાયેલા 'શ્રેણિક-રાસ' (પ્રથમ ખંડ ૨.ઈ.૧૫૬૫/સં.૧૬૨૧ ભાદરવા સુદ ૨; બીજો ખંડ ૨.ઈ. ૧૫૭૬/સં. ૧૬૩૨, ભાદરવા વદ ૨; ત્રીજો ખંડ ૨.ઈ. ૧૫૮૦/સં. ૧૬૩૬, આસો વદ ૭, રવિવાર) તથા 'નાગલકુમાર નાગદત્તનો રાસ' (૨.ઈ. ૧૫૭૬/સં.૧૬૩૨, આસો સુદ ૫, શુક્રવાર)ના કર્તા. 'શ્રેણિક-રાસ'નો ચતુર્થ ખંડ રચવાની અભિલાષા ત્રીજા ખંડમાં તેમણે વ્યક્ત કરી છે પણ તે ખંડ રચાયો કે નહીં તે જાણવા મળતું નથી.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐૪. આલિસ્ટઑઇ : ૨; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. મુપુગૂહસૂચી; ૭. લીંહસૂચી. [ગી.મુ.]

ભીમ–૫ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : વૈષ્ણવ કવિ. એમની 'રસિકગીતા'(મુ.)માં વૈષ્ણવધર્મ સંસ્થાપક વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજી (ઈ. ૧૫૧૬–ઈ. ૧૫૮૬)ની સ્તુતિની પંક્તિઓ મળે છે. એને આધારે કવિ ઈ. ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં હયાત હોવાનું કહી શકાય. કેટલાક વિદ્વાનો ઈ. ૧૫૮૪ને 'રસિકગીતા'નું રચનાવર્ષ ગણે છે પણ એને કૃતિનો કે અન્ય કોઈ આધાર નથી.

આ 'રસગીતા/રસિકગીતા/ભીમગીતા/ઉદ્ધવગીતા' (મુ.)૧૩૫/૧૪૫ કડીઓમાં લખાયેલું ઉદ્ધવસંદેશના વિષયનું ભાવસમૃદ્ધ અને પ્રાસાદિક કાવ્ય છે. આ ઉપરાંત 'શ્રીવલ્લભનાથજીનું ધોળ' તથા અન્ય પદ (કેટલાંક મુ.) આ ભીમને નામે મળે છે.

કૃતિ : ૧. બૂકાદોહન : ૭ (+સં.); ૨. ભ્રમરગીતા–અન્ય કવિઓની વૈષ્ણવગીતાઓ અને ઉદ્ધવગોપી સંવાદોના પરિચય સમેત, સં. મંજુલાલ ૨. મજમુદાર તથા અન્ય, ઈ. ૧૯૬૪; ☐ ૩. અનુગ્રહ, ફેબ્રુ.૧૯૬૦–'ભીમ વૈષ્ણવ', ચીમનલાલ મ. વૈદ્ય.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઇતિહાસ : ૨; ☐ ૩. ગૂહાયાદી; ૪. ડિકેટલૉગબીજે; ૫. ફૉહનામાવલિ. [૨.સો.]

ભીમ(મુનિ)–૬ [ઈ. ૧૬૪૩માં હયાત] : જૈન સાધુ. ૫૯ કડીના 'વૈકુંઠપંથ'(૨.ઈ.૧૬૪૩/સં.૧૬૯૯ આસો–૨, બુધવાર;મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અત્મહિતશિક્ષા પદસંગ્રહ ઔર ચતુર્દશ નિયમાવલી, સં. યશોવિજયજી બનારસ જૈન પાઠશાલા, વીર સં. ૨૪૩૨; ૨. જૈપ્રપુસ્તક : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [ગી.મુ.]

ભીમ–૭[ઈ.૧૬૭૧માં હયાત] : આખ્યાનકાર. પાલનપુરના વીસા શ્રીમાળી વણિક જૈન. વાસણસુત. ૮૪૪ ચોપાઈના 'નળાખ્યાન' (૨.ઈ.૧૬૭૧)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [૨.સો.]

ભીમ–૮ [ઈ. ૧૭૧૯માં હયાત] : જૈન. ૯ કડીના 'નેમિજિનસ્તવન'(૨.ઈ.૧૭૧૯), ૧૪ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન'(૨.ઈ.૧૭૧૯) અને ૧૦ કડીના 'વાસુપૂજ્ય-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભીમ(સાહેબ)–૯ [જ.ઈ.૧૭૧૮/સં.૧૭૭૪, ચૈત્ર સુદ ૯, બુધવાર] : રવિભાણ સંપ્રદાયના સંતકવિ. ત્રિકમદાસના શિષ્ય. જન્મ સૌરાષ્ટ્રના મોરબી પાસે આમરણ ગામમાં. જ્ઞાતિએ મેઘવાળના બ્રાહ્મણ (ગરોડા). પિતાનું નામ દેવજીભાઈ. માતાનું નામ વિરૂબાઈ.

નિર્ગુણ ઉપાસનાનો બોધ કરતાં ને યૌગિક પરિભાષાનો ઉપયોગ કરતાં હિન્દી અને ગુજરાતીમાં એમનાં પદ અને સાખી (કેટલાંક મુ.) મળે છે.

કૃતિ : ૧. યોગ વેદાન્ત ભજન ભંડાર, સં. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.) (+સં.); ૨. સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ, નાથાભાઈ ગોહીલ, ઈ.૧૯૮૭ (+સં.); ૪. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.).

સંદર્ભ : ૧. ભાણલીલામૃત, સં. પ્રેમવંશ પુરુષોત્તમદાસ માધવસાહેબ, ઈ.૧૯૬૫; ૨. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર સી. ભટ્ટ, ઈ. ૧૯૮૨. [શ્રા.ત્રિ.]

ભીમરાજ [ઈ. સ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જૈન. ખરતરગચ્છના જિનવિજયસૂરિની પરંપરામાં ગુલાલચંદના શિષ્ય. તે સાધુ છે કે શ્રાવક તે નિશ્ચિત નથી. 'શત્રુંજયઉદ્ધાર-રાસ' (૨.ઈ.૧૭૬૦/સં. ૧૮૧૬, જેઠ સુદ–) તથા ૧૧ કડીના 'લોદ્રવા-સ્તવન' (૨.ઈ. ૧૭૬૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [ગી.મુ.]

ભીમવિજય [ ] : જૈન. ૨૪ કડીના 'નેમિજિનરાજિમતી-ભાસ'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [ગી.મુ.]

ભુવનકીર્તિ : આ નામે ૮ કડીનું 'કાયાજીવ-સંવાદ' (લે.સં.૧૮મી સદી અનુ.), ૮/૯ કડીનું 'નેમિ-ગીત/નેમરાજીમતી-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૯ કડીનું 'બાહુબલિ-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૯ કડીનું 'વયરસ્વામી-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૬ કડીનું 'ઋષભદેવ-ગીત' (લે. સં. ૧૯મી સદી),'પાર્શ્વનાથલઘુ-સ્તવન', ૮ કડીનું 'આત્મ-ગીત', ૯ કડીનું 'શંખેશ્વર પાર્શ્વ-સ્તવન' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સમ્બન્ધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા; ☐ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભુવનકીર્તિ–૧ [ઈ. ૧૫૨૩માં હયાત] : કોરંટગચ્છના જૈન સાધુ. નન્નસૂરિની પરંપરામાં કક્કસૂરિના શિષ્ય. ૯૧ કડીના 'કલાવતીચરિત્ર' (૨.ઈ. ૧૫૨૩/સં. ૧૫૮૦, માગશર સુદ ૫, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઇતિહાસ;☐૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [ગી.મુ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભુવનકીર્તિ(ગણિ)–૨ [ઈ.૧૭મા સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. ખેમશાખાના સ્થાપક. ક્ષેમકીર્તિની પરંપરામાં જ્ઞાનાનંદના શિષ્ય. 'અધ્યટિતરાજર્ષિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૧/સં. ૧૬૬૭, કારતક સુદ ૫, ગુરુવાર), 'ભરતબાહુબલિ-ચરિત્ર'(૨.ઈ.૧૬૧૫/સં. ૧૬૭૧, શ્રાવણ સુદ ૫, ગુરુવાર), ૫૫ કડીની 'જંબુસ્વામીચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૬૩૫/સં. ૧૬૯૧, શ્રાવણ સુદ ૧૧), 'ગજસુકુમાલ-ચોપાઈ/રાસ' (૨.ઈ.૧૬૪૭/સં.૧૭૦૩, મહા વદ ૧૧, ગુરુવાર), 'અંજનાસુંદરી રાસ'(૨.ઈ.૧૬૫૦/સં.૧૭૦૬, મહા સુદ ૩, ગુરુવાર), ૧૭ કડીના 'સીમંધર સ્વામી-સ્તવન'(૨.ઈ. ૧૬૫૯)ના કર્તા.

જ્ઞાનવિલાસના શિષ્ય લાવણ્યકીર્તિ સાથે 'રામકૃષ્ણ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, વૈશાખ સુદ ૫)ની રચના પણ તેમણે કરી હતી.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુલ્સ્તલેખો; ૬. મરાસસાહિત્ય; ૭. યુજિનચંદ્રસૂરિ; ☐ ૮. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૯. ડિકૅટલૉગ-ભાવિ; ૧૦. મુપુગૂહસૂચી; ૧૧. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભુવનકીર્તિશિષ્ય [ ] : જૈન સાધુ. ૨૧ કડીની 'અજિતનાથચરિત-ચતુષ્પદી' (લે. સં. ૧૮મી સદી અનુ.), 'શ્રેણિક-રાસ' તથા 'શ્રીપાળ-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજકૃહકીકત; ૨. દેસુરાસમાળા; ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

ભુવનપ્રભ(સૂરિ) [ ] : જૈન સાધુ. 'પર્યન્તા-રાધના-બાલાવબોધ' (લે.સં.૧૫મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભુવનસુંદર(સૂરિ)શિષ્ય [ઈ. ૧૪૩૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ૨૭ કડીની 'તપગચ્છ-ગુર્વાવલી' (૨.ઈ.૧૪૩૪; મુ.)ના કર્તા.

કૃતિ : પસમુચ્ચય : ૨ (+સં.). [કી.જો.]

ભુવનસોમ(વાચક) [ઈ.૧૬૪૫માં હયાત] : ખરતરગચ્છની જિન-ભદ્રશાખાના જૈન સાધુ. સાધુકીર્તિની પરંપરામાં ધનકીર્તિના શિષ્ય. હર્ષસોમના નાનાભાઈ.

'નર્મદાસુંદરી-ચોપાઈ' (૨. ઈ.૧૬૪૫/સં.૧૭૦૧, વૈશાખ સુદ ૩, સોમવાર) અને 'શ્રેણિકનો રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [ગી.મુ.]

ભૂખણ/ભૂષણ [ઈ. ૧૮૫૪ સુધીમાં] : વેલાળના રૈક્વ બ્રાહ્મણ. ઈશ્વરભક્તિ અને વૈરાગ્યબોધનાં, ભુજંગી છંદમાં લખાયેલાં ૫ અષ્ટકો (કેટલાંક નવપદી, અગિયારપદી કે બારપદી પણ છે; મુ.), 'અવલોક' (લે.ઈ.૧૮૫૪), 'જ્ઞાનકૂંચી' (લે.ઈ.૧૮૬૦) એ નામનાં પદો તથા અન્ય કેટલાંક ભજનો અને પદો (કેટલાંક મુ.)ની તેમણે રચના કરી છે.આ ઉપરાંત હિંદીમાં લખાયેલા ઈતિહાસવિષયક કવિત્તમાં ભૂખણ/ભૂષણ એવી નામછાપ મળે છે.

'એકાદશી-મહાત્મ્ય' નામની કૃતિના કર્તા ભૂખણદાસને 'કવિ-ચરિત : ૩' આ કવિથી જુદા ગણે છે પણ એને માટે કોઈ આધાર નથી.

કૃતિ : ૧. કાદોહન : ૧ (+સં.); ૨. પ્રેમરસમાળા, પ્ર. ત્રિભોવન રૂ. જાની, ઈ. ૧૮૬૬; ૩. બૂકાદોહન : ૧; ૪. બૃહત ભજન-સાગર, પ્ર. ખંડિત કાર્તાંતિક અને દામોદર જ. ભટ્ટ, સં. ૧૯૬૫; ૫. ભક્તિ, નીતિ અને વૈરાગ્ય-બોધક કવિતા : ૧, પ્ર. મુંબઈ સમાચાર છાપખાના, ઈ.૧૮૮૭; ૬. ભજનસાગર : ૨; ૭. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ☐ ૩. આલિસ્ટ-ઑઈ : ૨; ૪. ગૂહાયાદી; ૫. ડિકૅટલૉગબીજે; ૬. ફોહનામાવલિ. [૨.સો.]

ભૂતનાથ [ઈ. ૧૮૬૨ સુધીમાં] : 'રસ-ગીતા' (લે.ઈ.૧૮૬૨ સુધીમાં) તથા પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧. [કી.જો.]

ભૂધર : ભૂધરમુનિ નામના જૈન કવિને નામે ૮ કડીની 'કામ-કંદર્પની સઝાય'(મુ.) તથા ૧૧ કડીની 'જીવદયા-છંદ'(મુ.) કૃતિઓ મળે છે પરંતુ તેમના કર્તા કયા ભૂધર છે તે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

ભૂધર નામના જૈનેતર કવિને નામે, ઉપમાદૃષ્ટાંતાદિમાં અખા ભગતની શૈલી સાથે સામ્ય ધરાવતું ૧૧૨ કડીનું 'જ્ઞાનબુદ્ધ', પ્રભુ વિરહના બારમાસનું ૧ પદ (મુ.), અધ્યાત્મબોધ, ભક્તિબોધ તથા કૃષ્ણ-ચરિત્રનાં પદો (કેટલાંક મુ.), 'નારદનું ફૂલ' (લે.ઈ. ૧૭૯૦ એ ગુજરાતી કૃતિઓ ઉપરાંત શિવમહિમાનું ૧ હિંદી પદ(મુ.) મળે છે. આ પૈકી કોઈ કૃતિ ભૂધર–૧ની છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

કૃતિ : ૧. જૈસમાલા(શા) : ૧; ૨. જૈસસંગ્રહ(જૈ); ૩. નકાદોહન; ૪. નકાસંગ્રહ; ૫. ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. શાહ વૃંદાવનદાસ કા., ઈ.૧૮૮૭; ૬. ભસાસિંધુ; ૭. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬–'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્યો', છગનલાલ વિ. રાવળ; ☐ ૩. ગૂહાયાદી; ૪. ડિકૅટલૉગબીજે; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.; ૨.સો.]

ભૂધર–૧ [ઈ. ૧૬૧૯માં હયાત] : ખંભાતના ઉદુમ્બર બ્રાહ્મણ. આ કવિ ખંભાતના વિષ્ણુદાસ અને શિવદાસના ગુરુ ભૂધર વ્યાસ હોવાની સંભાવના છે. આ કવિએ 'હરિશ્ચંદ્રાખ્યાન' (૨.ઈ. ૧૬૧૯)ની રચના કરી છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨ ; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. 'જાલ-ધરાખ્યાન', રામલાલ ચુ. મોદી, –. [૨.સો.]

ભૂધર(મુનિ)–૨ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. જસરાજના શિષ્ય. 'જંબુકુમાર-રાસ' (૨.ઈ.૧૭૫૧), ૨૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીનાં 'અષ્ટકર્મ-તપાવલી-સઝાય'(૨.ઈ.૧૭૬૧) તથા 'ચિત ચેતવણી-ચોસઠી' (૨.ઈ. ૧૭૬૪/સં.૧૮૨૦, શ્રાવણ–)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. મુપુગૂહસૂચી. [ગી.મુ.]

ભૂપત(?) [ ] :પદ્યમાં રચાયેલી 'સંક્ષિપ્ત ભારત' નામની કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [કી.જો.]

ભૂપતરાજ : [| 'કૃષ્ણલીલા'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ભૂમાનંદ [જ.ઈ.૧૭૯૬/સં.૧૮૫૨, વૈશાખ સુદ ૭, રવિવાર–અવ.ઈ.૧૮૬૮/સં.૧૯૨૪, મહા સુદ ૭, રવિવાર] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. જામનગરના કેશિયા ગામે જન્મ. જ્ઞાતિએ કડિયા. પિતા રામજીભાઈ. માતા કુંવરબાઈ. મૂળનામ રૂપજીભાઈ. ૧૪ વર્ષની નાની ઉંમરે માતા-પિતાના અવસાનથી નોકરીની શરૂઆત. નોકરીમાં થયેલી પ્રામાણિકતાની કસોટી. તેથી મનમાં રહેલો વૈરાગ્યભાવ વધુ દૃઢ બન્યો. ગઢડામાં દીક્ષા લઈ પહેલાં ભૂધરાનંદ અને પછી ભૂમાનંદ સ્વામી તરીકે ઓળખાયા. હિન્દીનું પ્રશસ્ય જ્ઞાન.

કવિએ ૪૦૦ જેટલાં પદો રચ્યાં હોવાનું અનુમાન છે, જેમાંના કેટલાંક મુદ્રિતરૂપે મળે છે. પ્રેમલક્ષણાભક્તિની કવિતાની સાથે અનુસંધાન ધરાવતાં ગુજરાતી-હિંદીમાં મળતાં પદોમાં કૃષ્ણરૂપવર્ણન, કૃષ્ણલીલા, ગોપીવિરહ વગેરે છે. કેટલાંક પદોમાં સહજાનંદચરિત્ર તથા ભક્તિવૈરાગ્ય છે. મધુર ભાવભરી પ્રાસાદિક વાણી અને એમાં રહેલા ગેયત્વથી આ પદો ધ્યાનાર્હ બન્યાં છે. તેમનાં હોરીઓ અને કુંડળિયામાં જ્ઞાનબોધ છે. થાળમાં ભોજનની વાનગીઓની માત્ર યાદીને બદલે ભાવવાહિતા છે. ૪૨ કડીનો કક્કો(મુ.) તથા બારમાસ એ રચનાઓ પણ એમની પાસેથી મળી છે.

પૂર્વાર્ધના ૧૧૦ તરંગ (અધ્યાય કે પ્રકરણ)માં સહજાનંદ સ્વામીનું બાલચરિત્ર આલેખતી અને ઉત્તરાર્ધના ૧૦૧ તરંગમાં સહજાનંદ સ્વામીની ધર્મપ્રચરણ યાત્રાને અયોધ્યાપ્રસાદ અને રામશરણજીના સંવાદ રૂપે આલેખતી, દુહા-ચોપાઈ બંધમાં રચાયેલી 'શ્રી ઘનશ્યામલીલામૃત-સાગર'(મુ.) કવિની લાંબી કૃતિ છે. એ સિવાય 'વિદુરનીતિ' નામની કૃતિ પણ એમણે રચી હોવાનું કહેવાય છે.

'દશમસ્કંધ', 'પંચમસ્કંધ' અને 'વાસુદેવ-મહાત્મ્ય' એમની વ્રજમાં રચાયેલી કૃતિઓ છે.

કૃતિ : ૧. ઘનશ્યામલીલામૃતસાગર, સં. નંદકિશોરદાસ પુરાણી, ઈ. ૧૯૩૦ (+સં.); ૨. છપૈયાપુરે શ્રીહરિબાલચરિત્ર, પ્ર. પાર્ષદ માધવ ભગત, ઈ. ૧૯૬૮; ૩. ભૂમાનંદ સ્વામીનાં કીર્તન,–; ☐ ૪. કચ્છની લીલાનાં પદો, પ્ર. વ્રજલાલ જી. કોઠારી, ઈ. ૧૯૪૨; ૫. કીર્તનસારસંગ્રહ : ૨, સં. હરિજીવનદાસ શાસ્ત્રી, ઈ.૧૯૫૨.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસાપઅહેવાલ : ૫; ૩. સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઇતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ, ઈ. ૧૯૭૪ (બીજી આ.) ; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકૅટલૉગભાવિ; ૬. ફોહનામાવલિ. [ચ.મ.; શ્રા.ત્રિ.]

ભૂલો [ ] : ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૨. [કી.જો.]

ભૂષણ/ભૂપણદાસ : જુઓ ભૂખણ.

ભૈરવનાથ/ભૈરવપરી [ ] : લોકસાહિત્યના કવિ. ભજન (૧ મુ.)ના કર્તા.

કૃતિ : બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગો. શાહ, ઈ. ૧૯૫૦ (૬ઠ્ઠી આ.); ૨. સતવાણી. [કી.જો.]

ભૈરઈદાસ [ઈ. ૧૫મી સદી] : જૈન સાધુ. જિનભદ્રસૂરિના શિષ્ય. ૨ કડીના 'જિનભદ્રસૂરિ-ગીત' (ઈ. ૧૫મી સદી; મુ.)ના કર્તા.

કૃતિ : જૈમગૂકરચનાઓ : ૧ (+સં.). [કી.જો.]

ભૈરવદાસ [ ] : તપગચ્છના જૈન સાધુ. ૬૮ કડીની 'નવવાડ-ગીત'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કી.જો.]

ભોકું(શાહ) [| : તપગચ્છના જૈન. 'શીલ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : *૧. ઓસવાલ નવયુવક વર્ષ : ૭, અંક : ૭; ૨. જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૫૩–'પૂર્વદેશ ચૈત્યપરિપાટી' ભંવરલાલ નાહટા. [કી.જો.]

ભોજ : આ નામે ૧૯/૨૦ કડવાંનું 'ચંદ્રહાસાખ્યાન'(લે ઈ. ૧૭૦૭; મુ.) અને ૧૬ કડવાંનું 'બભ્રુવાહન-આખ્યાન' (લે.ઈ. ૧૭૪૬) મળે છે. તેમના કર્તા કોઈ એક જ ભોજ છે કે જુદા તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. આ બંને આખ્યાનોના કર્તા સૂરત અને નવસારીમાં રહેલા કોઈ ભોજા ભક્ત હતા એવી સંભાવના વ્યક્ત થઈ છે, પરંતુ એને માટે કોઈ ચોક્કસ આધાર નથી.

કૃતિ : બૂકાદોહન : ૮ (+સં.).

સંદર્ભ : ૧. અનુવાક્, રમેશ શુકલ, ઈ ૧૯૭૬–'સૂરતના સંત કવિ ભોજદાસ'; ૨. કવિચરિત : ૩; ૩ ગુસાઇતિહાસ ૨; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; ☐ ૬. ડિકૅટલૉગબીજે. [જ.ગા.]

ભોજ(ઋષિ)–૧ [ ] : સંભવત: લોંકાગચ્છના જૈન સાધુ. 'જસવંતજીનો સંથારો' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૧૧ કડીના 'પારસનાથનું સ્તવન'(મુ.)ના કર્તા. લોંકાગચ્છમાં થયેલા જસવંતજી (જ.ઈ.૧૫૭૮–અવ. ઈ.૧૬૩૨)ની પરંપરાના શિષ્ય હોવાની શક્યતા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : લોંકાગચ્છીય શ્રાવકસ્થ સાર્થ પંચ પ્રતિક્રમણસૂત્ર તથા કેટલાંક સ્તવન, સઝાયો વગેરે પ્રકરણ, પ્ર. કલ્યાણચંદ જયચંદ, સં. ૧૯૩૯ (બીજી આ.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨)–જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભોજલપુરી [ ] : બાવા. આ નામે મીરાંબાઈના જીવનવિષયક પ્રસંગને આલેખતું ૧ પદ(મુ.) મળે છે.

કૃતિ : સમાલોચક, જુલાઈ–સપ્ટે. ૧૯૧૧–'કેટલીક અપ્રસિદ્ધ કવિતા', સં. છગનલાલ વિ. રાવળ.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [૨.શુ.]

ભોજવિજય [ઈ. ૧૬૬૭માં હયાત] : જૈન. ૭૫ કડીના 'મલ્લિનાથ-સ્તવન' (૨.ઈ.૧૬૬૭)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભોજસાગર : આ નામે 'સ્તવન-સંગ્રહ' (લે. સં. ૧૯મી સદી) તથા ૭ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન' મળે છે. તેમના કર્તા કયા ભોજસાગર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

ભોજસાગર (વાચક)–૧ [ઈ. ૧૭૪૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ભાવસાગરસૂરિની પરંપરામાં વિનીતસાગરના શિષ્ય. રત્નશેખરસૂરિના મૂળ સંસ્કૃત ગ્રંથ 'આચારપ્રદીપ' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, જેઠ વદ ૧૦, મંગળવાર), ૧૩ કડીની 'વિજયરત્નસૂરિની-સ્તુતિ'(મુ.), ૧૧ અધ્યાયોમાં જૈન ફિલસૂફીનો ટીકા સહિતનો 'દ્રવ્યાનુયોગતર્કણા' નામનો ગ્રંથ, 'રમલશાસ્ત્ર' (૨.ઈ. ૧૭૪૨), ૧૮/૨૧ કડીની 'રામસીતા-સઝાય/સીતા સતી-સઝાય' તથા ૮ કડીના 'સિદ્ધચક્ર-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : જૈએકાસંચય-પ્રસ્તા. (+સં.).

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૩–પ્રસ્તા; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨); ૪. મુપુગૂહસૂચી. [ગી.મુ.]

ભોજો(ભગત)/ભોજલ/ભોજલરામ [જ.ઈ.૧૭૮૫–અવ. ઈ.૧૮૫૦] : જ્ઞાનમાર્ગી કવિ. અવટંકે સાવલિયા. વતન સૌરાષ્ટ્રમાં આવેલું જેતપુર પાસેનું દેવકીગાલોળ. જ્ઞાતિએ લેઉઆ કણબી. પિતા કરસનદાસ. માતા ગંગાબાઈ. કેટલાંક કારણોસર ભાઈઓ સાથે અમરેલીની બાજુમાં આવેલા ચક્કરગઢમાં અને પછી ચક્કરગઢથી થોડે દૂર આવેલા એક ટીંબા પર વસવાટ. ટીંબાની આસપાસ વસેલું ગામ તે ફત્તેહપુર. આયુષ્યના અંતિમ દિવસોમાં પોતાના શિષ્ય જલારામની પાસે વીરપુરમાં અને ત્યાં જ અવસાન. કેટલાક ચમત્કારિક પ્રસંગો તેમના જીવનમાં બન્યા હોવાનું કહેવાય છે.

નિરક્ષર, પરંતુ સંતોભજનિકોના સંગને લીધે શ્રુતપરંપરામાંથી મળેલા કાવ્યવારસાને આત્મસાત કરી કવિએ પોતાનાં જ્ઞાનદૃષ્ટિ અને કાવ્યસમજ ખીલવ્યાં છે. ભક્તિનો મહિમા એમની કવિતામાં છે, તો પણ નિર્ગુણની ઉપાસનાનો બોધ કરતી જ્ઞાનમાર્ગી કવિતાનો પ્રભાવ તેમણે સવિશેષ ઝીલ્યો છે.

સગાળ શેઠ અને સંધ્યાવતીની પ્રભુનિષ્ઠા સુપેરે ઉપસાવતું અને કવિની કથનશક્તિનો સારો પરિચય આપતું ૫ કડવાંનું 'ચેલૈયા-આખ્યાન'(મુ.), ઈશ્વરની ભક્તાધિનતા બતાવવા ૬ કડવાં ને ૧૪૧ કડીઓમાં ભક્તોની યાદી આપતી 'ભક્તમાળ'(મુ.), યોગની પરિભાષામાં કુંડલિની જાગ્રત કરવાનાં સોપાન બતાવતી અને કુંડલિની જાગ્રત થયેલા મનુષ્યની જ્ઞાનદૃષ્ટિને વર્ણવતી ૩ કડવાંની 'બ્રહ્મબોધ'(મુ.) અને અક્ષરની પરિભાષામાં વૈરાગ્યબોધ આપતી અને કાવ્યશક્તિની પ્રૌઢિનો અનુભવ કરાવતી ૫૯ કડીની 'બાવનાક્ષરી'(૨.ઈ.૧૮૩૨/સં.૧૮૮૮ ચૈત્ર સુદ–; મુ.) કવિની કંઈક લાંબી કહી શકાય એવી રચનાઓ છે.

કવિની સાચી શક્તિનો પરિચય એમનાં મુદ્રિત રૂપે ઉપલબ્ધ થતાં ને હસ્તપ્રતનો આધાર બતાવતાં આશરે ૧૭૫ પદ←માં થાય છે. આરતી, ધોળ, ભજન, મહિના, વાર, તિથિ, ચાબખા વગેરે વિવિધ રૂપે પ્રાપ્ત થતાં આ પદોમાં કેટલાંક સાધુશાઈ હિન્દીમાં કે વ્રજભાષાની અસરવાળાં છે. સદ્‌ગુરુનો મહિમા, સંસારના સુખોનું મિથ્યાત્વ ને એવાં સુખો પરત્વે વૈરાગ્ય કેળવવાનો બોધ, એવા સુખોમાં રચ્યાપચ્યા રહેતા અજ્ઞાની જીવો કે સાધુપણાનો ઢોંગ કરતા વૈરાગીઓ પર તીખા પ્રહારો, જીવનમુક્તનાં લક્ષણો, અભેદાનુભવનો આનંદ વગેરે આ પદના વિષય બને છે. પ્રેમલક્ષણા ભક્તિની અસરવાળાં પદોમાં ક્યાંક ભક્તિનો ઉદ્રેક અનુભવાય છે તો ક્યાંક ભક્તિનો મહિમા ગવાય છે.

પરંતુ કવિ જનસમાજમાં લોકપ્રિય છે તે તો તેમના ચાબખાથી. જ્ઞાનરૂપી વાણીની તીખાશ અને પ્રહારકતાને લીધે ચાબખા નામથી જાણીતાં આ પદોમાં સંસારીસુખનું મિથ્યાત્વ બતાવી એના પ્રત્યે વૈરાગ્યભાવ કેળવવાનો બોધ કવિ આપે છે ને ધર્મને નામે પાખંડ ચલાવતા ઢોંગી સાધુઓ પર પ્રહારો કરે છે. સૌરાષ્ટ્રની તળપદી બોલીના સંસ્કાર, રૂઢોક્તિઓ ને ઘણી જગ્યાએ યુદ્ધની પરિભાષાનો પ્રયોગ એ સૌને લીધે જોમવાળી ને ચોટદાર બનેલી વાણીથી આ ચાબખા સોંસરા ઊતરી જાય એવા વેધક બન્યા છે.

અગમ્ય તત્ત્વના અનુભવને વ્યક્ત કરતાં કેટલાંક પદોમાં કવિએ પ્રયોજેલી યૌગિક પરિભાષા આમ તો પરંપરાગત છે, તો પણ કવિની એ પ્રકારના અનુભવની તાલાવેલીને વ્યક્ત કરતી સચ્ચાઈના બળવાળી બની શકી છે.

કૃતિ : ૧. ભોજા ભગતનો કાવ્યપ્રસાદ, સં. મનસુખલાલ સાવલિયા, ઈ. ૧૯૬૫ (+સં.); ૨. ભોજા ભક્તની વાણી, સં. મનસુખલાલ સાવલિયા અને અન્ય, ઈ. ૧૯૮૩ (+સં.); ૩. ભોજા ભગતના ચાબખા : ૧-૨, સં. કામેશ્વર ઓ. જોશી; ☐ નકાદોહન; ૫. પ્રાકામાળા : ૫; ૬. પ્રાકાસુધા : ૪; ૭. બૃકાદોહન : ૧, ૫, ૬.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. ગુસારૂપરેખા : ૧; ૭. નભોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧–'ધીરો, ભોજો અને ભજનસાહિત્યપ્રવાહ'; ૮. બૃકાદોહન : ૮; ☐ ૯. માનસી, માર્ચ ૧૯૩૯–'ભોજો ભક્ત', સુરેશ દીક્ષિત; ☐ ૧૦. ગૂહાયાદી; ૧૧. જૈગૂકવિઓ : ૩(૨). [૨.શુ.]

ભોલાદાસ [ ] : 'વાર' તથા પદના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

ભોલેરામ [ઈ. ૧૭૦૫ સુધીમાં] : 'ટપૂ-હરિયાલી' (લે. ઈ. ૧૭૦૫) ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

ભોળાનાથ [ ] : ૩ ગરબીઓના કર્તા.

સંદર્ભ : સાહિત્ય, જાન્યુ. ૧૯૧૬–'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

'ભ્રમરગીતા' [ર.ઈ. ૧૫૫૩/સં. ૧૬૦૯, વૈશાખ સુદ ૧૧, સોમવાર] : ભાગવતના ઉદ્ધવ-ગોપી પ્રસંગ પર અધારિત બ્રેહેદેવની ૪૦ કડવાં અને ૧૧ પદ(જેમાં કેટલાંક વ્રજમાં છે)માં રચાયેલી મધ્યકાલીન ગુજરાતીની આ જાણીતી રચના(મુ.) છે. કવિ કાવ્યને 'રઢિયાલો રાસ સોહામણો' કહે છે ખરા, પરંતુ રાસમાં આવતાં લાંબા કડવાંને બદલે કવિએ નરસિંહની 'ચાતુરીઓ'ની પદ્ધતિએ નાનાં કડવાં પ્રયોજ્યાં છે.

મુખ્યત્વે ઉદ્ધવ-ગોપી સંવાદ રૂપે ચાલતી આ કૃતિમાં કવિ પ્રસંગાલેખન અને ભાવનિરૂપણની બાબતમાં ભાગવતને અનુસરે છે. સ્ત્રીસહજ કોમળતા અને આભિજાત્યથી કૃષ્ણને અપાયેલો ઉપાલંભ, અને જ્ઞાનનો ઉપદેશ આપતા ઉદ્ધવનું ધ્યાન કુનેહપૂર્વક ગોકુળનાં વિવિધ સ્થળો બતાવવા નિમિત્તે એ સ્થળો સાથે સંકળાયેલી કૃષ્ણની સ્મૃતિ તરફ વાળી દેવામાં ગોપીઓનો કૃષ્ણ માટેનો ઉત્કટ પ્રેમ અને તજ્જન્ય વિરહ સુંદર રીતે વ્યક્ત થાય છે. 'કાલા સઘલા હોએ કૂડિ ભરા' એ કડવાનો ઉપાલંભ ને 'ઉદ્ધવ સાથિ સંદેશડું, કહાવિ રે ગોકુલની નારય' જેવું વિરહની ઉત્કટતાવાળું પદ એનાં નમૂના છે. દયારામનાં કોઈક પદો પર આ કૃતિની અસર દેખાય છે. કૃતિની ઉપલબ્ધ થતી અનેક હસ્તપ્રતો એની લોકપ્રિયતાની સૂચક છે. [જ.ગા.]

'ભ્રમરગીતા-ફાગ' [સંભવત: ૨. ઈ. ૧૫૨૦] : 'શ્રી કૃષ્ણગોપી-વિરહમેલાપકભ્રમરગીતા' એ નામથી પણ ઓળખાવાયેલી ચતુર્ભુજની આ કૃતિ(મુ.)માં એકાંતરે આવતા દુહા અને છંદ (ઝૂલણાનો ૧૭ માત્રાનો ઉત્તરાર્ધ)ની ૯૯ કડી છે અને દુહાનાં કેટલાંક ચરણોમાં આંતરયમકનો પ્રયોગ થયેલો છે.

ભાગવતના દશમસ્કંધમાંના ઉદ્ધવ-સંદેશના વિષયનું આ કાવ્ય પહેલી ૩૭ કડીમાં કૃષ્ણનું મથુરાગમન અને ત્યાં એમણે કરેલાં પરાક્રમો એ પૂર્વકથાને પણ સમાવી લે છે એ એની વિશેષતા છે. કૃષ્ણવિદાય વેળાની ગોપીઓની હૃદયવ્યથા, ઉદ્ધવ સમક્ષ નંદ-યશોદાનું કલ્પાંત, ઉદ્ધવને વિવિધ સ્થાનો બતાવતાં ગોપબાલોને થયેલું કૃષ્ણક્રીડાનું સ્મૃતિસંવેદન, ગોપીઓના કૃષ્ણ પ્રત્યેના ઉપાલંભો અને ઉદ્ધવને થતું ગ્રામવાસીઓના કૃષ્ણપ્રેમનું વિસ્મયકારી દર્શન– આ સઘળું અહીં ચિત્રાત્મક અને ભાવવાહી રીતે આલેખાયું છે.

આ કૃતિની લે. સં. ૧૬૨૨ મળતી હોઈ તેના પાઠમાં આવતા રચન-સમયનિર્દેશક 'છિહુતરિ' એ શબ્દને સં. ૧૫૭૬ (ઈ ૧૫૨૦) તરીકે ઘટાવવામાં આવેલ છે. [કા.શા.]

મકન : આ નામે કેટલાંક પદો અને ૧૭ કડીની 'શિખામણ (અકરમ અધિકાર)' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા મકન છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

મકન–૧ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના શ્રાવક. વિજયધર્મના શિષ્ય રાજવિજયના શિષ્ય. પિતાનામ મોહન. ૯ ઢાળની 'શિયળની નવવાડોની સઝાયો' (ર.ઈ. ૧૭૮૪/સં. ૧૮૪૦, શ્રાવણ સુદ ૯, ગુરુવાર; મુ.), ૧૨ કડીના 'બારમાસ' (ર.ઈ.૧૭૯૨/સં. ૧૮૪૮, ફાગણ સુદ ૧૦; મુ.), ૪ કડીની 'મહાવીરજિનસ્તુતિ (આધ્યાત્મિકવિચારગર્ભિત)-સ્તબક'ના કર્તા. આ કવિના ૨ ઢાળ અને ૪૩ કડીના 'ગજસુકુમાલનું ટ્રિઢાળિયું'(મુ.)ની ર.ઈ.૧૬૦૬/સં.૧૬૬૨, ફાગણ સુદ ૬, સોમવાર મળે છે જે કવિનો આયુષ્યકાળ લક્ષમાં લેતાં સાચી લાગતી નથી. કવિનું અપરનામ 'મુકુંદ મોનાણી' હોવાની વાત પણ બહુ ઉચિત નથી લાગતી, કારણ કે 'જૈન ગૂર્જર કવિઓ'માં આપેલો 'શિયળની નવવાડ'ના અંતનો પાઠ 'મકન મુખવાણી' વધારે ઉચિત લાગે છે.

કૃતિ : ૧.* જૈન પ્રભાકર સ્તવનાવલી, ભી. મા.; ૨. જૈસમાલા(શા) : ૧; ૩. જૈસસંગ્રહ (જૈ); ૪. જૈસસંગ્રહ(ન); ૫. સજ્ઝાયમાલા(શ્રા.) : ૧.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. જૈસાઇતિહાસ; ૩. દેસુરાસમાળા; ☐ ૪.જૈગૂકવિઓ : ૩(૧); ૫. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મકનચંદ [ ] : ૮ કડીની 'એકાદશીની સઝાય'(મુ.)ના કર્તા

કૃતિ : મોસસંગ્રહ. [શ્રા.ત્રિ.]

મગન [ ] : સ્વરૂપનાથના શિષ્ય. હિંદીની છાંટવાળા ૭ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : નકાસંગ્રહ. [શ્રા.ત્રિ.]

મગનીદાસ [ ] : ૬ કડીના ૧ ભજન (મુ.)ના કર્તા.

કૃતિ : પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઈ.૧૯૪૬ (ત્રીજી આ.). [શ્રા.ત્રિ.]

મધો [ઈ.૧૮૩૦માં હયાત] : રજપૂત. પચ્છે/કથારીઆ ગામના રહેવાસી. ૭૫ કડીના 'પછેગામનો સલોકો' (ર.ઈ.૧૮૩૦;મુ.)ના કર્તા.

કૃતિ : ૧. કૌમુદી, ઑગસ્ટ અને નવે. ૧૯૩૪–'શલુકો', સં. ધીરસિંહજી વ્હો. ગોહિલ; ૨. ફાત્રૈમાસિક, જાન્યુ-માર્ચ ૧૯૫૭–'મધોરચિત પછેગામનો સલોકો.' [શ્રા.ત્રિ.]

'મડાપચીશી/વેતાલપચીશી' [ર.ઈ. ૧૭૪૫] : જેનું પગેરું ક્ષેમેન્દ્રની 'બૃહત્કથામંજરી' તથા સોમદેવના 'કથાસરિતસાગર' સુધી અને કદાચ તેથીય આગળ સુધી જાય છે એવી, ભારતની અનેક ભાષાઓની પેઠે ગુજરાતીમાં પણ જ્ઞાનચંદ્ર, દેવશીલ, હેમાણંદ, સિંહપ્રમોદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને હાલૂ જેવા પુરોગામીઓને હાથે ઉતારાયેલી આ વાર્તામાળા(મુ.)ને શામળે પોતાની 'સિંહાસન-બત્રીશી' સાથે તેની બત્રીસમી વાર્તા તરીકે જોડી દીધી છે. સંસ્કૃતકથા દક્ષિણના પ્રતિષ્ઠાના વિક્રમસેનના પુત્ર ત્રિવિક્રમસેનને વાર્તાનાયક બનાવતી હતી, પણ શામળે તેને ઉજ્જૈણીના પરદુઃખભંજન વિક્રમ સાથે જોડી એ કારણે 'પંચદંડ'ની માફક 'સિંહાસન-બત્રીશી'ના વિક્રમચરિત્ર ભેગી ભેળવી દેવાની તક ઝડપી છે. જેમ આ બાબતમાં તેમ વાર્તાઓમાંનાં સ્થળો અને પાત્રોના નામ તથા વાર્તાઓના વસ્તુ અને ક્રમમાં તેમજ કથાપીઠ તરીકેની પ્રાસ્તાવિક વાર્તામાં સિદ્ધ (એને શામળે જૈન બનાવ્યો છે) અને તેના બ્રાહ્મણપુત્ર ચેલા વચ્ચેની કાતિલ સ્પર્ધા યોજી અંતે વિક્રમના હાથે થતા બેઉ ઉપરના ઉપકારથી સાધેલા સુખાન્તમાં પોતાની સૂઝ પ્રમાણે ચાલી શામળે વાર્તાકાર તરીકે સ્વતંત્ર સર્જકતા દાખવી છે. સિદ્ધ માટે વડ પરના શબને નીચે ઉતારી પીઠ પાછળ ઊંચકી લઈ જવા જતા વિક્રમને તે શબ એક વાર્તા જેવો કિસ્સો કહે અને તેને અંગે તેનો નિર્ણયાત્મક જવાબ માગે અને મોં ન ખોલવાની સિદ્ધની સૂચના છતાં વિક્રમથી ઉત્તર અપાઈ જાય કે તરત શબ તેની પાસેથી છટકી પાછું વડ પર જઈ ચોંટી જાય, એમ ચોવીસ વાર બનવાની યોજનાથી આ વાર્તામાળા આપણને મળે છે. આ શબ તે પેલા સિદ્ધના ચેલાનું છે એમ શામળે ગોઠવ્યું છે. મૂળ કથામાં વેતાળ તેનો કબજો લઈ બેસી રોજ પેલા કિસ્સા વિક્રમને કહી તેમાંથી નિષ્પન્ન થતા કોયડા તેને પૂછતો હોય છે, જે કારણથી આ વાર્તામાળાને 'વેતાલપચીશી' નામ મળેલું છે. શામળની રચનામાં વેતાળ સિદ્ધને ઊકળતા તેલના કઢામાં ફેંકવામાં વિક્રમનું મિત્રકાર્ય કરે છે એ રીતે એનો ઉપયોગ થયો છે. બધી વાર્તાઓ એક રીતે સહેજ નિમ્ન સ્તરના લોકવ્યવહારના સામાજિક ને વ્યક્તિગત કોયડા રજૂ કરતી હોઈ, આખી રચનામાં તે સમસ્યાનો રસ પૂરે છે, એ રીતે વિશિષ્ટ કહેવાય. 'સિંહાસનબત્રીશી' સાથે જોડી હોઈ શામળે એને અન્તે તે કૃતિનો અન્ત કે સમાપન યોજેલ છે. એ રચના ઈ. ૧૭૪૫માં પૂરી થયાનો ઉલ્લેખ આને અન્તે આવતો હોઈ આ રચના તે અને તેની પહેલાંનાં ૨-૩ વર્ષની માની શકાય. શામળના કેટલાક જાણીતા છપ્પા આ રચનામાં જોવા મળે છે. [અ.રા.]

'મણિઉદ્યોત' : જુઓ મણિવિમલશિષ્ય ઉદ્યોતવિમલ.

મણિચંદ : જુઓ મણિચંદ્ર–૧.

મણિચંદ્ર : આ નામે ૮ કડીની 'ક્રોધ-સઝાય', ૧૦૯ કડીનું 'શાશ્વતજિન-સ્તવન' અને ૮ કડીનું 'સાતવારદોધક'–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા મણિચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજ્જ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મણિચંદ્ર–૧/મણિચંદ [ઈ.૧૬૭૮ સુધીમાં] : જૈન. કુલ ૧૪૨ કડીની ૨૧ 'આધ્યાત્મિક-સઝાયો/વૈરાગ્યાદિ-સઝાયો/સ્વાધ્યાય-સંગ્રહ' (લે.ઈ. ૧૬૭૮; મુ.)ના કર્તા. ૫ કડીની 'ચેતના-સઝાય', ૧૦ કડીની 'પરમાર્થ-સઝાય', ૮ કડીની 'હિતોપદેશ-સઝાય' આદિ અલગ-અલગ નામે પણ આમાંની સઝાયો નોંધાયેલી છે. ૫ કડીની ૧૧મી સઝાય 'આત્મશિક્ષાની સઝાય/વૈરાગ્યની સઝાય' એ નામે અનેક સ્થળે મુદ્રિત મળે છે. લે.ઈ.૧૬૭૮ હોવાને લીધે ૮ કડીના 'પરમાર્થગીત' અને ૬ કડીના 'સુમતિનાથ-ગીત'ના કર્તા પણ પ્રસ્તુત મણિચંદ હોવાની સંભાવના છે. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ૨'માં મણિચંદ્ર–૧ અને મણિચંદ્ર–૨ એમ જુદાજુદા કર્તાને નામે 'આધ્યાત્મિક-સઝાયો'નો ઉલ્લેખ છે તે માટે અન્ય કોઈ આધાર મળતો નથી. રચનાસમય જોતાં ૯૧ કડીના 'સપ્તનરકસ્થિતિ-વિવરણ-સ્તવન' (૨.ઈ. ૧૬૭૭)ના કર્તા પ્રસ્તુત મણિચંદ્ર હોવાની શકયતા છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જિનપ્રકાશ; ૩. જૈસમાલા(શા.): ૩; ૪. જૈસસંગ્રહ(જૈ) ; ૫. મોસસંગ્રહ; ૬. સજ્ઝાયમાલા(શ્રા.) :૧; ૭. સજ્ઝાયમાળા (૫).

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. દેસુરાસમાળા; ૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજ્જ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મણિરામ [ઈ. ૧૭૯૯ સુધીમાં] : કેટલાંક પદ (લે. ઈ. ૧૭૯૯)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [શ્રા.ત્રિ.]

મણિવિજય [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવની પરંપરામાં કપૂરવિજય (અવ. ઈ. ૧૭૧૯)ના શિષ્ય. ૧૭ ઢાળના 'ચતુર્દશ-ગુણસ્થાનક-સઝાય/ચૌદગુણ સ્થાનકનું સ્તવન' (મુ.), ૪૦ કડીના 'વાસુપૂજ્ય-સલોકો' (અંશતઃ મુ.) અને ૪૩ કડીના 'શાંતિનાથ ભગવાનનો સલોકો' (અંશતઃ મુ.)ના કર્તા. 'ચૌદ-ગુણસ્થાનકનું સ્તવન'ની પ્રથમ ૨ ઢાળ 'એકસો અઠ્ઠાવનકર્મ-પ્રકૃતિની સઝાય' નામે પણ મુદ્રિત મળે છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જિનપ્રકાશ; ૩. પ્રવિસ્ત-સંગ્રહ; ૪. મોસસંગ્રહ; ☐ ૫. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૭–'શલોકાસંચયમાં વધારો', સં. શ્રી લક્ષ્મીભદ્રવિજયજી.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મણિવિમલશિષ્ય [ઈ. ૧૮૮૫ સુધીમાં] : જૈન સાધુ. ૧૫ અને ૧૬ કડીના ૨ 'સિદ્ધાચલ-સ્તવન' (લે. ઈ. ૧૮૮૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

મણિસાગર [ઈ. ૧૭૯૭ સુધીમાં] : જૈન. પૃથુયશાના મૂળ સંસ્કૃત ગ્રંથ 'ષટ્પંચાશિકા'ના સ્તબક (લે. ઈ. ૧૭૯૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મતિ [ ] : જૈન. ૧૦ કડીની 'વંકચૂલની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા(શા.) : ૨; ૨. જૈસસંગ્રહ(ન.). [કી.જો.]

મતિકીર્તિ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધમાં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જયસોમ ઉપાધ્યાયની પરંપરામાં ગુણવિનયના શિષ્ય. ૨૭૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીની 'અઘટકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૮/૧૬૨૧), લખમસીએ કરેલા પ્રશ્નોના ઉત્તર રૂપે કરેલી રચના 'પ્રશ્નોત્તર-સંવાદ' (૨.ઈ. ૧૬૩૪/સં. ૧૬૯૧, કારતક વદ ૬), 'ધર્મબુદ્ધિ મંત્રીશ્વર/ધર્મ-બુદ્ધિ સુબુદ્ધિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૧), ૬૧ કડીની 'લુંપકમતોત્થા-પક-ગીત', 'નિર્યુક્તિ સ્થાપન' (૨.ઈ. ૧૬૨૬), 'ગુણકિત્વશોડપિકા', 'લલિતાંગ-રાસ' તથા અન્ય સ્તવનાદિ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐૩. જૈગૂકવિઓ : ૧,૩(૧,૨). [કી.જો]

મતિકુશલ [ઈ. ૧૬૭૨માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ગુણકીર્તિની પરંપરામાં મતિવલ્લભના શિષ્ય. ૨૯ ઢાળ અને ૬૨૪ કડીની 'ચંદ્રલેખા-ચતુષ્પદી/ચંદ્રલેખા-રાસ' (૨.ઈ. ૧૬૭૨/સં. ૧૭૨૮, આસો વદ ૧૦, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા; ☐ ૩. આલિસ્ટ-ઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૫. જૈહાપ્રોસ્ટા; ૬ ડિકેટલૉગ-બીજે; ૭. ડિકેટલૉગભાઈ : ૧૯(૨); ૮. મુપુગૂહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [કી.જો]

મતિચંદ્ર : આ નામે 'સપ્તનય-બાલાવબોધ' તથા 'લઘુસંગ્રહણી-બાલાવબોધ' મળે છે. તેમના કર્તા કયા મતિચંદ્ર છે તે નિશ્ચિત પણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કી.જો]

મતિચંદ્ર–૧ [ઈ. ૧૭૦૯ સુધીમાં] : અંચલગચ્છના જૈન સાધુ. 'શતકનામપંચમકર્મગ્રંથ-બાલાવબોધ'(લે.ઈ.૧૭૦૯) તથા 'નવતત્ત્વ-બાલાવબોધ' (લે.ઈ.૧૭૫૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો]

મતિચંદ્ર–૨ [ ] : જૈન સાધુ. ગુણચંદ્રના શિષ્ય. 'કર્મગ્રંથબંધસ્વામિત્વ-બાલાવબોધ' તથા 'ષડશીતિ-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો]

મતિભદ્ર [ઈ. ૧૫૬૫માં હયાત] : જૈન સાધુ. 'ચતુ:શરણપ્રકીર્ણ-સંધિ' (૨.ઈ. ૧૫૬૫)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો]

મતિરત્ન [ઈ. ૧૭૪૮માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. દીપ-ચંદની પરંપરામાં દેવચંદ્રના શિષ્ય. ઐતિહાસિક અને કચરાકીકાના સંઘનું વર્ણન કરતી ૫ ઢાળની 'સિદ્ધાચલ તીર્થયાત્રા' (૨ ઈ ૧૭૪૮; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઐરાસંગ્રહ : ૩(+સં.); ૨. પ્રાતીસંગ્રહ; ૩. સૂર્યપુર રાસમાળા, પ્ર. મોતીચંદ મ. ચોકસી, ઈ.૧૯૪૦.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો]

મતિલાભ/મયાચંદ [ઈ. ૧૭૪૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ઋષિવલ્લભના શિષ્ય. ૪૧ કડીના 'નવતત્ત્વ-સ્તવન' (૨.ઈ. ૧૭૫૬/સં. ૧૮૧૨, જેઠ સુદ ૪) તથા ૧૩ કડીના 'જિનેશ્વરના ચોત્રીસ અતિશયનો છંદ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો]

મતિશેખર(વાચક) : આ નામે ૯ કડીનું 'ઉત્તરાધ્યયન દશમાધ્યયન-ગીત', ૭/૮ કડીનું 'આલોચના-ગીત/સઝાય', ૯ કડીની 'ગૌતમ-ગણધર-સઝાય', 'જંબૂદ્વીપક્ષેત્ર સમાસપ્રકરણ-બાલાવબોધ' (લે. ઈ. ૧૫૨૭), ૫૩ કડીની 'માઈબાવની-ચોપાઈ' (લે.ઈ.૧૬૧૩), ૭ કડીની 'ગુરુ–ભાસ' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા મતિશેખર –૧ છે કે કેમ તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓં : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞેજ્ઞા-સૂચિ : ૧. [કી.જો]

મતિશેખર(વાચક)–૧ [ઈ. ૧૧મી સદી ઉત્તરાર્ધ] : ઉપકેશગચ્છના જૈન સાધુ. દેવગુપ્તસૂરિની પરંપરામાં શીલસુંદરના શિષ્ય. ૨૨૫/૨૩૫ કડીનો ચોપાઈબદ્ધ 'ધન્નાઋષિ-રાસ' (૨.ઈ. ૧૪૫૮), ૨૪૫ કડીની 'કુરગડુની ચોપાઈ/કુરગડુ(ક્રૂરઘટ)મહર્ષિ-રાસ' (૨.ઈ. ૧૪૮૧), ૩૬૦/૩૭૬ કડીની 'મયણરેખાસતી-ચરિત્ર/પ્રબંધ/રાસ' (૨.ઈ. ૧૪૮૧), ૧૬૪ કડીની 'ઈલાપુત્ર-ચરિત્ર/ચોપાઈ/રાસ', ૫ કડીનું 'નેમિ-ગીત', ૮ કડીની 'વૈરાગ્ય-ભાસ' તથા 'નેમિનાથવસંત ફૂલડાં' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો: ૨. દેસુરાસમાળા; ૩. નયુકવિઓ; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. જૈમગૂક-રચનાઓં : ૧; ૭. જૈહાપ્રોસ્ટા; ૮. ડિકેટલૉગભાવિ; ૯. મુપુગૂહ-સૂચી; ૧૦. લીંહસૂચી; ૧૧.હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [કી.જો]

મતિસાગર : આ નામે ૭ કડીનું 'શીલ-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૨૩ કડીની 'સીતારામ/સીતાસતી-સઝાય'(લે.સં. ૧૯મી સદી અનુ.) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા મતિસાગર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

મતિસાગર–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : આગમગચ્છના જૈન સાધુ. સોમરત્નસૂરિની પરંપરામાં પંડિત ગુણમેરુના શિષ્ય. ૬ ઉલ્લાસ ને ૫૭૮ કડીની તથા દુહા, વસ્તુછંદ, ઢાલ વગેરેનો વિનિ-યોગ કરતી 'ક્ષેત્રસમાસવિવરણ-ચોપાઈ/લઘુક્ષેત્રસમાસ-ચોપાઈ/ક્ષેત્ર સમાસ-રાસ' (૨.ઈ. ૧૫૩૮/સં. ૧૫૯૪, આસો–, બુધવાર); ૭ ઉલ્લાસની 'સંગ્રહિણી-રાસ' (૨.ઈ. ૧૫૪૯/સં. ૧૬૦૫, પોષ–); આદીશ્વર, નેમિજિન, પદ્માવતી, મહાવીરજિન, શાંતિજિન, સંભવજિન, સીમંધરજિન વગેરે વિશેનાં લગભગ ચારથી ૧૧ કડીનાં ટૂંકાં ગીતો તથા અંબડ, આર્દ્રમુનિ, વંકચૂલ, સૂલસા વગેરે વિષેનાં લગભગ ચારથી ૧૦ કડીનાં 'ભાષા' નામક ટૂંકાં પદો–એ કૃતિઓની તેમણે રચના કરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. આલિસ્ટઑઇ : ૨; ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

મતિસાગર–૨ [ઈ. ૧૫૪૯માં હયાત] : જૈન સાધુ. ૩૮૮ કડીના 'ચંપકસેન-રાસ' (૨.ઈ. ૧૫૪૯/સં. ૧૬૦૫, શ્રાવણ–)ના કર્તા. આ કર્તા મતિસાગર–૩ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

મતિસાગર–૩ [ઈ. ૧૫૬૦માં હયાત] : જૈન સાધુ. ૫૪/૫૬ કડીની 'માલવીઋષિ-સઝાય/રાસ' (૨.ઈ. ૧૫૬૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

મતિસાગર–૪/મતિસાર [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ]: ખરતરગચ્છના જૈન સાધુ. જિનસિંહસૂરિના શિષ્ય. ૮૭ કડીની 'સમેતશિખર-સ્તવન' (૨.ઈ. ૧૬૦૮), 'ગુણધર્મ-રાસ' (૨.ઈ. ૧૬૪૩) તથા ૬૫૬ કડીની 'ચંદરાજા-ચોપાઈ'–એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. દેસુરાસમાળા; ૩. મરાસ-સાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

મતિસાગર–૫ [ઈ. ૧૬૨૩માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. પંડિત લલિતસાગરના શિષ્ય. મતિસાગરની ઈ. ૧૬૨૩માં રચાયેલી ૪૭ કડીની કૃતિ મળે છે. ચારથી ૧૧ કડીનાં આદિજિન, અજિતજિન, શાંતિજિન, નેમિજિન, પાર્શ્વનાથ અને મહાવીર વિષયક ટૂંકાં સ્તવનોની રચના તેમણે કરી છે. તેમણે ૨૫થી ૪૮ કડીના 'પાર્શ્વનાથ(ચિંતામણિ)-સ્તવન' અને ૨૮થી ૩૯ કડીનાં ૨ 'મહાવીર-સ્તવન'ની પણ રચના કરી છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

મતિસાગર–૬ [ઈ. ૧૬૪૫માં હયાત] : જૈન સાધુ. 'ખંભાતતીર્થ માળા'(૨.ઈ. ૧૬૪૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [ચ.શે.]

મતિસાગર(ઉપાધ્યાય)–૭ [ઈ. ૧૭૯૦ સુધીમાં] : આગમગચ્છના જૈન સાધુ. વીરસુંદરના શિષ્ય. સોમેશ્વરકૃત 'લઘુજાતક (જ્યોતિષ)' પરના બાલાવબોધ (લે.ઈ. ૧૭૯૦) (ગદ્યમાં વચનિકા)ના કર્તા. મૂળગ્રંથ ઈ. ૧૫૪૯ આસપાસ રચાયો હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ચ.શે.]

મતિસાર(પંડિત)–૧ [ઈ. ૧૫૪૯માં હયાત] : આ કવિ જૈન છે કે જૈનેતર તે સ્પષ્ટ થતું નથી. કૃતિમાંના નિર્દેશો બંને સંભવનું સમર્થન કરે એવા મળે છે. ચિમનલાલ દલાલ તેમને જૈનેતર તો ભોગીલાલ સાંડેસરા તેમને જૈન કવિ માને છે. વળી 'જૈન ગૂર્જર કવિઓ'એ આ મતિસાર તે આગમગચ્છના પંડિત ગુણમેરુના શિષ્ય મતિસાગર હોવાનો તર્ક કર્યો છે.

આ મતિસારની આશરે ૪૧૧ કડીની કૃતિ 'કર્પૂરમંજરી-રાસ' (૨.ઈ. ૧૫૪૯/સં. ૧૬૦૫, ચૈત્ર સુદ ૧૧, રવિવાર;મુ.) મળે છે. મુખ્યત્વે દુહા-ચોપાઈબંધની આ કૃતિમાં વાર્તારસ પ્રધાન છે અને કથાનકને ગુજરાતના પ્રતાપી રાજવી સિદ્ધરાજ જયસિંહ તથા રુદ્રમહાલયની પૂતળી સાથે જોડવામાં આવ્યું છે તેથી ધ્યાન ખેંચે છે.

કૃતિ : કર્પૂરમંજરી, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૧.

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસાઇતિહાસ : ૨; ૩. ગુસાપ-અહેવાલ : ૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપ-ભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય', ચિમનલાલ ડાહ્યાભાઈ; ૪.ગુસામધ્ય; ૫.ગુસારસ્વતો; ૬.મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ.૧૯૭૪; ☐ ૭. જૈગૂકવિઓ : ૩(૧); ૮. મુપુ-ગૂહસૂચી. [ચ.શે.]

મતિસાર–૨ : જુઓ મતિસાગર–૪.

મતિસુંદર : આ નામે રાજસ્થાનીમિશ્ર ગુજરાતી ભાષામાં 'સરસ્વતી છંદ' (લે. સં. ૧૭મી સદી) તથા 'વિક્રમવેલિ' એ કૃતિઓ મળે છે. આ મતિસુંદર–૧ છે કે અન્ય તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. રાપુહસૂચી : ૪૨; ૩. રાહસૂચી: ૧. [કી.જો.]

મતિસુંદર–૧ [ઈ. ૧૫૬૫માં હયાત] : જૈન સાધુ. અસાઇતકૃત 'હંસાઉલી'ના પ્રથમ ખંડના આધાર પર એમણે દુહા-ચોપાઈની ૧૪૨ કડીમાં 'હંસાઉલીપૂર્વભવ-ચરિત'(૨.ઈ. ૧૫૬૫;મુ.) કૃતિ રચી છે. અસાઇતની કૃતિમાં નાયક-નાયિકાના વર્તમાન અવતારની સાથે તેમના પૂર્વના પોપટ-પોપટીના ૧ અવતારની એટલે કે કુલ ૨ અવતારની કથા રજૂ થઈ છે. જ્યારે મતિસુંદરે પોપટ-પોપટીનાય પૂર્વભવના રાજકુંવર કૂપુ અને રસોયણની પુત્રી ગંગાના પ્રેમ-સંબંધની ત્રીજી અવતારકથા ઉમેરી પોતાની કૃતિને જન્મજન્માંતરના પ્રેમની કથા બનાવી છે.

કૃતિ : હંસાઉલી, સં. કેશવરામ કા. શાસ્ત્રી, ઈ. ૧૯૪૫.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. કામાવતીની કથાનો વિકાસ અને કવિ શિવદાસકૃત કામાવતીની વાર્તા, પ્રવીણ અ. શાહ, ઈ ૧૯૭૬; ૩. ગુસારસ્વતો; ૪. મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૪; ☐ ગૂહાયાદી. [કી.જો.]

મતિહંસ [ઈ. ૧૬૯૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. તિલક-હંસની પરંપરામાં તત્ત્વહંસના શિષ્ય. ૧૧ કડીની 'પજુષણની સઝાય'(મુ), ૫૧ કડીની 'પાર્શ્વનાથનો સલોકો' (૨.ઈ. ૧૬૯૪/સં. ૧૭૫૦, આસો સુદ ૮;મુ.) તથા ૭/૮ કડીની 'પાર્શ્વનાથની આરતી' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈપ્રાસ્તસંગ્રહ; ૩. સઝાયમાલા (પં.); ૪. સઝાયમાલા(જ); ૫. સલોકાસંગ્રહ; ૧, શા. કેશવલાલ સવાઈભાઈ, ઈ. ૧૯૧૨; ૬. સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદન–૧ [ઈ. ૧૭૧૭માં હયાત] : તપગચ્છના જૈન શ્રાવક. વિજયક્ષમાસૂરિના શિષ્ય. જ્ઞાતિએ ઓસવાલ. ૧૫ ઢાલ ને ૧૦૮ કડીના ગુજરાતમાં થયેલા મુસ્લિમ અત્યાચારોની ઐતિહાસિક ઘટનાનો પણ નિર્દેશ કરતા 'સીમંધરસ્વામી-સ્તવન' (૨.ઈ. ૧૭૧૭/સં. ૧૭૮૩, મૌન એકાદશી, ગુરુવાર; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ડિસેમ્બર ૧૯૫૫–'મદનરચિત 'સીમંધર સ્તવન' મેં ઐતિહાસિક ઉલ્લેખ', અગરચંદ નાહટા. [૨.સો.]

મદન–૨/મયણ [ ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. અવટંકે ભટ્ટ. આ કવિની ૩૪/૪૦ કડીની 'મયણ-છંદ' કૃષ્ણ અને રાધાના વિયોગ-મિલનને શબ્દાલંકારની ચાતુરીથી નિરૂપતી, નાયિકાના દેહસૌન્દર્યને તથા એના શૃંગારભાવોને મનોહર રીતે આલેખતી કૃતિ છે. કૃતિનો રચનાબંધ છપ્પયનો છે. એની ભાષાને આધારે તથા પરવર્તી કૃતિઓ પર આ લોકપ્રિય કૃતિની અસર હોવાને આધારે ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધમાં એ રચાયાનું અનુમાન થયું છે. આ કવિના નામે ૨૭ કડીની 'મયણ કુતૂહલ' નામની એક કૃતિ પણ નોંધાયેલી છે. 'રણધવલ રી વાત' નામની એક રચનામાં મયણ ભટ્ટના કેટલાક શ્લોકો સામાવાયા હોવાની માહિતી પણ મળે છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧, ૨; ૨. ગુસાસ્વરૂપો; ૩. નયુકવિઓ; ૪. હિસ્ટરી ઑવ રાજસ્થાની લિટરેચર, હીરાલાલ મહેશ્વરી, ૧૯૮૦; ☐ આલિસ્ટાઑઈ : ૨; ૫. ગૂહાયાદી; ૬. મુપુગૂહસૂચી. [૨.સો.]

મદન–૩ [ ] : ૬ કડીના ૧ પદ (મુ.)ના કર્તા.

કૃતિ : અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ.૧૯૨૩(ત્રીજી આ.). [શ્રા.ત્રિ.]

'મદનમોહના' : રચ્યાસાલના ઉલ્લેખ વિનાની, શામળની સ્વતંત્ર કહેવાય એવી, છતાં વસ્તુત: પરંપરાપ્રાપ્ત વાર્તાભંડારમાંથી અનુકૂળ કથાઘટકો ઉપાડી તેના સંયોજનથી રચાયેલી, તેની વાર્તા-કળાની પ્રતિનિધિરૂપ ગણાય એવી દુહા-ચોપાઈ-છપ્પામાં નિબદ્ધ ૧૩૧૭ કડીની વાર્તા(મુ.). યુકિતપૂર્વક રાજકુંવરી મોહનાની નજરથી અદીઠ રખાયેલા પંડિત સુકદેવ વડે વિદ્યાભ્યાસને અંતે થતી મોહનાની પરીક્ષા વેળા જામી પડેલી તકરારનું ત્યાં આવી ચડતા વણિક પ્રધાનપુત્ર મદને બેઉને સાચાં ઠરાવી કરી આપેલું સમાધાન, મદનના દર્શન સાથે જ તેને વરવાનો મોહનાનો નિશ્ચય, સમજાવટ છતાં અડગ રહેતાં થતું એમનું સ્નેહલગ્ન, એની જાણ થતાં રાજા તરફથી મળતા દેશવટામાં ગણિકાના પંજામાંથી છટકયા બાદ બળતા નાગને બચાવ્યા બદલ મળતા મણિના ઉપયોગથી કરેલા પાંચ ઉપકારના બદલામાં કન્યાઓ સાથે થતાં પુરુષવેશી મોહનાનાં લગ્ન, મદનની ભાળ માટેના તેના પ્રયાસ, મદનનું રાજકન્યા અરુણા સાથેનું લગ્ન, અને મદન તથા મોહનાનું મિલન અને ગૃહાગમન : આટલું રજૂ કરતી આ વાર્તાનું પુદ્‌ગળ દૃષ્ટાંત તરીકે કહેવાતી ૬ ઉપકથાઓ, મોહનાનાં ૫ લગ્નોની કથા દ્વારા મળતી ૫ વાર્તાઓ, ૨ લાંબી સમસ્યાબાજી અને કથામાં જરાક તક મળી કે ઠાલવાતાં વ્યવહાર–નીતિ–બોધક–સુભાષિતાભાસી અનુભવવાકયોને લીધે ઠીક ઠીક વિપુલ બની ગયું છે. વાર્તામાં નાયક કરતાં નાયિકાનું પાત્ર વધુ તેજસ્વી આલેખાયું છે. વાર્તામાં શામળનું કવિત્વ કયાંક કયાંક આગિયાના જેવા ચમકારા બતાવે છે. [અ.રા.]

મધુસૂદન–૧ [ઈ. ૧૬મી સદી] : પદ્યવાર્તાકાર. જ્ઞાતિએ બ્રાહ્મણ. અવટંકે વ્યાસ. ખેડા જિલ્લાના સારસામાં એમણે પોતાની કૃતિની કથા કરેલી એવો નિર્દેશ કૃતિમાં જ મળતો હોવાથી સારસા એમનું વતન હોવાનું અનુમાન થયેલું છે. એમની કૃતિ 'હંસાવતી વિક્રમકુમાર-ચરિત્ર/હંસાવતીવિક્રમચરિત્ર-ચોપાઈ/વિવાહ' ← (મુ.)ની વિવિધ હસ્તપ્રતો ઈ.૧૩૬૦/સં.૧૪૧૬, શ્રાવણ વદ ૩, રવિવાર; ઈ. ૧૫૫૦; ઈ. ૧૫૬૦/સં. ૧૬૧૬, શ્રાવણ સુદ/વદ ૩, રવિવાર તથા ઈ. ૧૬૬૯ એવાં જુદાંજુદાં રચનાવર્ષો દેખાડે છે. એક હસ્તપ્રતની લે.ઈ.૧૬૦૯ હોવાથી ઈ. ૧૬૬૯ રચનાવર્ષ તરીકે નભી શકે તેમ નથી. બાકીનામાંથી કૃતિમાંના કેટલાક ઐતિહાસિક સંદર્ભોને તેમ જ કૃતિની ભાષાને લક્ષમાં લઈ ઈ. ૧૫૬૦નું રચનાવર્ષ વધુ આધારભૂત મનાયું છે. એટલે કવિને પણ ઈ.૧૬મી સદીમાં હયાત ગણી શકાય.

ત્રંબાવતીની રાજકુંવરી હંસાવતી અને ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્યના પુત્ર વિક્રમચરિત્ર વચ્ચેના પ્રણય-પરિણયને આલેખતી કવિની આ પદ્યવાર્તા તેની રસાળ શૈલી અને અન્ય વિશિષ્ટતાઓને લીધે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લોકપ્રિય કૃતિ હોવાનું દેખાય છે.

ઈ. ૧૫૬૦માં મધુસૂદને રચેલી 'સિંહાસન-બત્રીશી' મળે છે તે આ કવિની જ છે કે કેમ એ માટે અત્યારે આધારભૂત રીતે કંઈ કહી શકાય એમ નથી.

કૃતિ : હંસાવતી વિક્રમચરિત્ર-વિવાહ, સં. શંકરપ્રસાદ છ. રાવલ, ઈ. સ. ૧૯૩૫ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; ☐ ૬. આલિસ્ટઑઈ : ૨; ૭.ગૂહાયાદી; ૮.ડિકૅટલૉગભાવિ; ૯. ફાહનામાવલી : ૨. [૨.સો.]

મધુસૂદન–૨ : જુઓ ઉદ્ધવદાસ–૧/ઓધવદાસ.

મધુરેશ્વર [ ] : પિતાનું નામ રત્નેશ્વર. 'વિરહના દ્વાદશ-માસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

મનજી(ઋષિ)/માણેકચંદ્ર [ઈ. ૧૫૯૦માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન કવિ. પાર્શ્વચંદ્રસૂરિની પરંપરામાં વિનયકીર્તિના શિષ્ય. પાર્શ્વચંદ્રના શિષ્ય અને સુધર્મગચ્છના સ્થાપક વિજયદેવસૂરિ તથા વિનયદેવસૂરિના ચરિત્રને વિષય બનાવી દુહા અને ચોપાઈમાં રચાયેલો ૨૪૩ કડીનો, ૪ પ્રકાશમાં વિભકત, દ્વારિકાના સંઘના તથા સામૈયાનાં સુંદર આલંકારિક વર્ણનવાળો 'વિનયદેવસૂરિ-રાસ'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ર.ઈ. ૧૫૯૦/સં. ૧૬૪૬, પોષ સુદ ૭, મંગળવાર/શુક્રવાર;મુ.) તથા ભાષામાં ક્યાંક ક્યાંક રાજસ્થાનીની છાંટવાળો, ગુરુમહિમાને વર્ણવતો ૧૩ કડીનો 'પાર્શ્વચંદ્રસૂરિ-ભાસ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ઑરાસંગ્રહ : ૩ (+સં.); □ ૨. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૨–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; □ ૪. જૈગૂકવિઓ : ૧. [ગી.મુ.]

મનમોહન [સં. ૧૮મી સદી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

મનસત્ય : જુઓ વેલામુનિ.

મનસારામ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

મનસુખ [ઈ. ૧૮૩૪માં હયાત] : જૈન. ૧૫૦ કડીની 'કચરાજી-તપસીનો ચોઢાલિયો' (ર.ઈ. ૧૮૩૪) એ કૃતિના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [ગી.મુ.]

'મનઃસંયમ' [ર.ઈ. ૧૭૭૨/સં. ૧૮૨૮, મહા સુદ ૧૧] : 'તત્ત્વ-સારનિરૂપણ' એવા અપરનામથી પણ ઓળખાવાયેલી રવિદાસકૃત આ રચના(મુ.) પૂર્વછાયા-ચોપાઈબંધના ૭ અધ્યાયમાં વહેંચાયેલી છે. કૃતિનો આરંભ રૂપકગ્રન્થિવાળી કથાથી થાય છે, અને પછી ત્રિવિધ દેશના રાજા (સંભવતઃ આત્મા) અને એને મહારણ્યમાં મળેલા સંન્યાસી સર્વાનંદ વચ્ચેના સંવાદ રૂપે એ વિસ્તરે છે. ધર્મ એટલે કે શ્રેષ્ઠ કર્મ તે નિષ્કર્મ થવું તે, જોગ તે સાક્ષીભાવે રહેવું તે, પરમસાધન તે ચિત્તની સ્થિરતા, દેવ તે અજન્મા અગુણ પૂર્ણબ્રહ્મ, તીર્થ તે બ્રહ્મજળનું દર્શન–એવાં મુખ્ય પ્રતિપાદનો પછી કૃતિમાં જીવનમુક્તનાં લક્ષણો, ધ્યાનયોગની પ્રક્રિયા, વૈરાગ્ય-ભક્તિ-જ્ઞાન-આત્મા-સમાધિનાં સ્વરૂપ, સર્વ ભૂતનાં ઉત્પત્તિ-લયની ક્રિયા તથા સ્વપ્નાદિ અવસ્થાઓનું વિવરણ થયેલું છે. છેલ્લા અધ્યાયમાં ત્યાગના સંદર્ભે કૃષ્ણચરિત્ર વિશે ઉઠાવાયેલો પ્રશ્ન અને પરીક્ષિત-શુક વચ્ચેના સંવાદ રૂપે એનું થયેલું સમાધાન તેમ જ "ધ્યાન ધરાવા યોગ્ય તે કૃષ્ણ ઠાકુર ગોલોક મઝાર" એવી પ્રસ્તુત થયેલી સ્પષ્ટતા ખાસ ધ્યાન ખેંચે છે. ધ્યાનયોગની પરિણતિ ગોલોકમાં સ્થિત થવા રૂપે આવે છે એ રીતે અહીં ગોલોકનું વર્ણન પણ મળે છે. જ્ઞાન, ભક્તિ અને યોગમાર્ગનો વિલક્ષણ સમન્વય કરતું આ દર્શન પરંપરાગત અને ક્યારેક તાજગીભર્યાં અર્થદ્યોતક દૃષ્ટાંતાદિકના વિનિયોગે રસાવહ પણ બન્યું છે. આત્માની અલિપ્તતા દર્શાવવા યોજાયેલું, કોઈને વૃક્ષનાં ડાળ પર તો કોઈને પંખીની જોડ પર રહેલા દેખાતા પણ વસ્તુતઃ એ બધાથી અળગા બીજના ચંદ્રનું ઉપમાન આનું એક સુંદર ઉદાહરણ છે. [જ.કો.]

મનાપુરી : જુઓ માનપુરી.

મનોહર/મનોહરદાસ : આ નામે ૧૨ કડીની 'શિખામણ-સઝાય' મળે છે. તે મલ્લિદાસશિષ્ય મનોહર છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી. બીજું 'ભવાનીનો છંદ' નામનું ૧ પદ (મુ.) મળે છે. તેના કર્તા પણ કયા મનોહરદાસ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : નકાસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ગી.મુ.,ર.સો.]

મનોહર–૧ [ઈ. ૧૬૨૦માં હયાત] : વિજયગચ્છના જૈન સાધુ. ગુણસૂરિની પરંપરામાં મલ્લિદાસના શિષ્ય. ૪૭ કડીના 'યશોધર-ચરિત્ર' (ર.ઈ. ૧૬૨૦/સં. ૧૬૭૬; શ્રાવણ વદ ૬, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧. [ગી.મુ.]

મનોહર–૨ [જ.ઈ.૧૬૨૬–] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : ગોપ્રભકવિઓ. [ર.સો.]

મનોહર(સ્વામી)–૩/સચ્ચિદાનંદ [જ. ઈ. ૧૭૮૮–અવ. ઈ. ૧૮૪૫/સં.૧૯૦૧, વૈશાખ સુદ ૧૪] : જ્ઞાનમાર્ગી કવિ. પિતાનું નામ ન્હાનકડા દેસાઈ. એક મત મુજબ ભાવનગર પાસેના મહુવાના વડનગરા નાગર ને જન્મ મોસાળ વસાવડ (સૌરાષ્ટ્ર)માં. અન્ય મત મુજબ જૂનાગઢના નાગર ગૃહસ્થ ને જન્મ જૂનાગઢમાં. ઈ. ૧૮૩૮માં ભાવનગરના નીલકંઠ મહાદેવના સ્થાનકમાં સંન્યાસદીક્ષા લઈ સચ્ચિદાનંદ નામ ધારણ કર્યું. ઈ.૧૮૪૫માં ભાવનગરમાં સમાધિ લીધી. મામા કાલિદાસ (વસાવડના) પાસેથી કાવ્યસંસ્કાર મળેલા. ફારસી અને સંસ્કૃતનું સારું જ્ઞાન ધરાવતા. ઉપનિષદ, ન્યાયશાસ્ત્ર વગેરેનો અભ્યાસ પણ કરેલો. ગંગા ઓઝા તેમના શિષ્ય હતા.

આ કેવલાદ્વૈત-વેદાન્તી કવિને નામે મહાભારતમાંનાં 'સનત્સુ-જાતીય-આખ્યાન' અને 'બંદી-આખ્યાન'ના અનુવાદ, 'ભગવદ્-ગીતા' અને 'રામગીતા'ની ટીકા, 'પુરાતનકથા', 'નિત્યકર્મ', 'પંચ-કલ્યાણ', 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' અને 'વલ્લભમતખંડન' તથા વેદાન્તરહસ્ય પરના સંસ્કૃત ગ્રંથો–એમ ઘણી કૃતિઓ નોંધાયેલી છે, પણ 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' મુજબ કોઈની હસ્તપ્રત મળતી નથી. જો કે 'અખાની વાણી અને મનહરપદ'માં જણાવ્યા મુજબ કવિએ ઈ. ૧૮૪૨માં લખેલાં 'સનત્સુજાતીય-આખ્યાન' અને 'બંદી-આખ્યાન' મુદ્રિત થયેલાં, પણ એ પ્રાપ્ત નથી. આ કવિનાં ૨૨૫ જેટલાં ગુજરાતી અને હિંદી પદો મુદ્રિત છે. એમાં અખાના જેવી પ્રહારક વાણીમાં મૂર્તિપૂજા, કર્મકાંડ, તપતીરથ વગેરે સાધનો દ્વારા થતી લૌકિક ભક્તિને ચાબખા લગાવતી, જ્ઞાનોપદેશ અને વૈરાગ્યબોધની નોંધપાત્ર કવિતા મળે છે. મનોહરદાસ નિરંજનને નામે મળતી 'પંચીકરણ' કૃતિ પણ પ્રસ્તુત કવિની હોવા સંભાવના છે.

કૃતિ : ૧. મનહરપદ, પ્ર. નર્મદાશંકર લાલશંકર, ઈ. ૧૮૬૦; ૨. એજન, સં. ભવાનીશંકર ન. ત્રિવેદી, ઈ.૧૮૮૭; ૩. અખાની વાણી અને મનહરપદ, સં. ભિક્ષુ અખંડાનંદ, ઈ. ૧૯૧૬ (+સં.) □ ૩. બૃકાદોહન : ૩.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસામધ્ય; □ ૩. ગૂહાયાદી; ૪. ડિકૅટલૉગભીંજ. [ર.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનોહર–૪ [સં. ૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [૨.સો.]

મનોહરદાસ–૧ [ઈ. ૧૬૦૪માં હયાત] : મહાભારતના આદિપર્વનો મૂલાનુસારી સાર આપતા આ કવિના 'આદિપર્વ' (૨.ઈ. ૧૬૦૪)ની *મૂલપ્રત* ... ૪૩ કડવાંની *તૂટક પ્રત* મળે છે. અન્ય પ્રતોમાં હરિદાસના 'આદિપર્વ'નાં કડવાં સાથે આ કૃતિનાં કડવાંનો સંકર કરેલી રચના મળે છે. જુઓ હરિદાસ–૩.

સંદર્ભ : ૧. મહાભારત પદબંધ : ૧, કે. કા. શાસ્ત્રી, ૧૯૩૩-પ્રસ્તાવના; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગબીજે. [૨.સો.]

મન્થ/મન્થ : જુઓ રામદાસસુત.

મયણ : જુઓ મદન.

મયૂરચંદ્ર [ઈ. ૧૫૮૯માં હયાત] : જૈન. 'વિચાર-છત્તીસી' (૨.ઈ. ૧૫૮૯/સં.૧૬૪૫, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', અગરચંદજી નાહટા. [શ્રા.ત્રિ.]

મયાચંદ–૧ : જુઓ મતિલાભ.

મયાચંદ–૨ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : લોંકાગચ્છના જૈન સાધુ. કૃષ્ણદાસજીની પરંપરામાં લીલાધરજીના શિષ્ય. ૨૭ ઢાળના 'ગજસિંહરાજાનો રાસ' (૨.ઈ. ૧૭૫૯/સં. ૧૮૧૫, ચૈત્ર વદ ૮, ગુરુવાર), ૧૧ કડીની 'દ્રૌપદીની સઝાય'(મુ.), અને ૧૫ કડીની 'સુદર્શનશેઠની સઝાય' (૨.ઈ. ૧૭૫૯/સં. ૧૮૧૫, શ્રાવણ–;મુ.)ના કર્તા. સંસ્કૃત રચના 'જ્ઞાનક્રિયાવાદ' (૨.ઈ.૧૭૪૮) મયાચંદ્રની છે તેવો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' ઉલ્લેખ કરે છે. તે અને પ્રસ્તુત મયાચંદ એક છે કે જુદા તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જૈસમાલા(શા) : ૨; ૨. જૈસસંગ્રહ(જૈ); ૩. લોંપ્ર-પ્રકરણ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

મયાચંદ–૩ [ ] : જૈન સાધુ. રત્નસિંહના શિષ્ય. ૪૪ કડીના 'બુદ્ધિરાસ યા સવાસો શીખ-સઝાય'ના કર્તા. 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ'માં કૃતિની ૨. ઈ. ૧૭૦૩ મળે છે પણ તેને માટે કોઈ આધાર મળતો નથી. 'જૈન ગૂર્જર કવિઓ : ૩ આ કર્તાને સં. ૧૯મી સદીમાં મૂકે છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મયારામ(ભોજક)–૧ [ઈ. ૧૭૬૨માં હયાત] : જૈન. અમીચંદ *રાયચંદના પુત્ર. વડનગરનિવાસી. 'પ્રદ્યુમ્નકુમાર-રાસ/સાંબપ્રદ્યુમ્ન* રાસ' (૨.ઈ. ૧૭૬૨/૨.ઈ. ૧૮૩૨/સં. ૧૮૧૮/સં. ૧૮૮૮, ફાગણ સુદ ૬, સોમવાર)ના કર્તા. 'દેવાનંદ સુવર્ણાંક' આ કૃતિ ઈ. ૧૮૩૨/સં. ૧૮૮૮, ફાગણ સુદ ૬માં રચાઈ હોવાનું નોંધે છે, પરંતુ તેમાં સાલ ખોટી હોવા સંભવ છે. 'ગુજરાતી-સાહિત્યનો ઈતિહાસ' 'શત્રુંજય–મહાત્મ્ય' (૨.ઈ. ૧૭૬૧) એવી તેમની બીજી કૃતિ ગણાવે છે પણ તે 'પ્રદ્યુમ્નકુમાર-રાસ' જ હોય એમ લાગે છે.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. જૈગૂ-કવિઓ : ૩(૧); ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મયારામ(મેવાડી)–૨ [ઈ.૧૭૯૧માં હયાત] : દયારામના સમ-કાલીન કવિ. તેમણે દયારામની સ્પર્ધામાં સર્જનકર્મ કર્યું હતું એમ કહેવાય છે, પરંતુ એમના સર્જનમાં દયારામ જેવું કવિત્વ નથી. કવિની સઘળી કૃતિઓમાં શિવસ્તુતિ છે.

'કવિચરિત' આ કવિએ ઈ. ૧૭૯૧માં 'શિવવિવાહ' કાવ્ય રચ્યું હોવાનું નોંધે છે. 'શિવપદસંગ્રહ'માં મુખ્યત્વે મુદ્રિત આ કવિની રચનાઓ સાથે ૬ પદ ને ૬૮ કડીનું 'શિવવિવાહ' કાવ્ય 'શિવ-દાસ'ની નામછાપવાળું મળે છે. 'શિવદાસ' શબ્દ શિવનો દાસ એ વ્યાપક અર્થમાં વપરાયું હોવાની શક્યતા સ્વીકારીએ તો આ રચના આ કવિની હોવાનું માનવું પડે. એ સિવાય ૧૫ પદ ને ૧૮૯ કડીની સતી સીમંતિનીની શિવભક્તિનો મહિમા ગાતી 'સોમપ્રદોષવ્રત'(મુ.), વ્રજની અસરવાળાં ૬ પદની 'શિવજીનો ફાગ'(મુ), ૭ પદમાં રચાયેલાં 'શિવજીના સાતવાર'(મુ.), ૪૫ કડીની 'સંકટચતુર્થીમહિમા/સંકટચોથ' (મુ.), ૩૨ કડીની 'શિવભક્તમાલ' (મુ), ૨૫ કડીની 'શિવ-પંચાક્ષરમાહાત્મ્ય'(મુ.) તથા અન્ય શિવ-ભક્તિનાં પદ(મુ.) કવિની અન્ય રચનાઓ છે.

કૃતિ : ૧. શિવપદસંગ્રહ : ૧, અંબાલાલ શં. પાઠક, ઈ. ૧૯૨૦; ☐ ૨. ત્રૈમાસિક, એપ્રિલ–જૂન ૧૯૭૦–'શિવજીનો ફાગ' (મયારામકૃત), ભૂપેન્દ્ર બા. ત્રિવેદી.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફોહનામાવલિ. [કી.જો.]

મયાવિજય [ ] : જૈન. ૯ કડીની 'મૂર્ખને પ્રતિબોધની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જિભપ્રકાશ; ૩. જૈસમાલા(શા) : ૧; ૪. જૈસસંગ્રહ(જૈ); ૫. સજ્ઝાયમાળા(પં). [શ્રા.ત્રિ.]

મયાસાગર [ઈ. ૧૭૧૩માં હયાત] : જૈન સાધુ. વિવેકના શિષ્ય. ગોરનાર તીર્થનાં જુદાં જુદાં સ્થળોનું વર્ણન કરતી ૧૦૨ કડીની 'ગિરનારજીની તીર્થમાળા' (૨.ઈ. ૧૭૧૩/સં. ૧૭૭૩, વૈશાખ સુદ ૬, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : આઠ દૃષ્ટિની સઝાય વગેરે સંગ્રહ, પ્ર. જૈનધર્મ પ્રસારક સભા, ઈ. ૧૯૨૩. [શ્રા.ત્રિ.]

મયો [ ] : ૩૮ કડીની કાલિકાની ગરબી (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ *(ત્રીજી આ.)*; ૨. *દેવીમહાત્મ્ય* અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ.૧૮૯૭. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મલયકીર્તિ [ ] : 'ચંદ્રાયણા-કથા' (લે. સં. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કી.જો.]

મલયચંદ્ર : આ નામે ૧૧૦ કડીની 'કયવન્ના ચોપાઈ' મળે છે. તેના કર્તા મલયચંદ્ર–૧ હોવાની શકયતા છે, પણ એ વિશે કંઈ નિશ્ચિત કહી શકાય એમ નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન ગ્રંથભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', અગરચંદ નાહટા. [ભા.વૈ.]

મલયચંદ્ર–૧ [ઈ. ૧૪૬૩માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. રત્નસૂરિના શિષ્ય. કવિના જીવન અને સર્જન વિશે વધારે માહિતી ઉપલબ્ધ થતી નથી, પરંતુ ગોપમંડલીમાં રહી એક જ વર્ષમાં કવિએ રચેલી ૩ ધ્યાનપાત્ર કૃતિઓ મળી આવી છે. એટલે આ સિવાય પણ કવિએ બીજી કૃતિઓ રચી હોય એવું અનુમાન થઈ શકે.

કવિની ૩ કૃતિઓ તે 'સિહાસનબત્રીસી' પરથી ગુજરાતીમાં ઉપલબ્ધ પહેલી, ૩૭૪ કડીમાં રચાયેલી,'સિંહાસનબત્રીસી←/સિંધાસણ બત્રીસી–ચઉપઈ' (૨.ઈ. ૧૪૬૩;મુ.), રાજપુત્ર સિંહલસિંહના પરાક્રમની અદભુત રસિક કથા કહેતી દુહા-ચોપાઈબંધની ૨૨૦ કડીની 'સિંઘલસીયરિત્ર←/ધનદત્તાધનદેવચરિય/પ્રબંધ'(૨.ઈ.૧૪૬૩; મુ.) અને ૧૨૮ કડીની 'દેવરાજવત્સરાજપ્રબંધ' (૨.ઈ. ૧૪૬૩).

કૃતિ : ૧. મલયચંદ્રકૃત સિંહાસનબત્રીસી, સં. રણજિત મો. પટેલ, ઈ. ૧૯૭૦ (+સં.); ૨. સ્વાધ્યાય, મે ૧૯૭૩–'મલયચંદ્રકૃત સિંઘલસીયરિત્ર', રણજિત પટેલ (અનામી) (+સં.).

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસાઈતિહાસ : ૨; ☐૩. આલિસ્ટ-આંઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. લીંહસૂચી; ૬. મુપુગૂહસૂચી. [ભા.વૈ.]

મલુક/મલુકચંદ : આ નામે ૬ કડીનો 'પજૂસણની ગહૂંલી'(મુ.), અન્ય પાંચથી ૮ કડીની ૩ ગહૂંલીઓ(મુ.), 'સૂકત', હિન્દીમિશ્ર 'વૈદ્યહુલાસ', અવળવાણીવાળું ૬ કડીનું પદ(મુ.) અને હિંદીની છાંટવાળું ૬ કડીનું 'આત્મશિક્ષા-પદ'(મુ.)–એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા મલુક/મલુકચંદ છે તે સ્પષ્ટ થતું નથી. 'વૈદ્યહુલાસ'ના કર્તા મલુકચંદ શ્રાવક તરીકે ઉલ્લેખાયા છે.

કૃતિ : ૧. ગહૂંલીસંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૧; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈકાસંગ્રહ; ૪. જૈપ્રપુસ્તક : ૧; ૫. સસન્મિત્ર(મુ.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

મલુકચંદ–૧ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : પાર્શ્વચંદ્રસૂરિની પરંપરામાં વીરચંદ્રના શિષ્ય. ૫ કડીના 'શંખેશ્વરપાર્શ્વજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૯૦/સં.૧૮૪૬, મહા/વૈશાખ, સુદ ૧૦;મુ.), ૬ કડીના '(માંડલપુર મંડણ) શ્રીગાડલીયા-પાર્શ્વનાથ-સ્તવન'(મુ.), ૬ કડીના 'ગિરનારતીર્થનેમિનાથ-સ્તવન'(૨.ઈ.૧૭૮૨/સં.૧૮૩૮, ફાગણ સુદ ૫;મુ.), ૭ કડીના 'શત્રુંજ્ય તીર્થ-સ્તવન'(મુ.)ના કર્તા. તેમની પાસેથી સંસ્કૃતમાં 'શ્રી પાર્શ્વનાથાષ્ટક'(મુ.) અને 'ચિંતામણિ પાર્શ્વજિન-સ્તોત્ર' મળે છે.

કૃતિ : ૧. જિનેન્દ્રગુણ રત્નમાલા : ૧, પ્ર. શાહ કેસવજી રાજપાળ, વીર સં. ૨૪૩૧; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. પ્રકરણરત્નાકર : ૧; પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૭૬. [શ્રા.ત્રિ.]

મલુકચંદ–૨ [ ] : વિજયગચ્છની ચંદશાખામાં પદમજીની પરંપરામાં આણંદજીના શિષ્ય. ભૂલથી મુરારી સોહનને નામે નોંધાયેલ 'વૈદ્યવલ્લભ-સ્તબક'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મલ્લદાસ/મલ્લિદાસ : મલ્લદાસને નામે ૪ કડીનું ૧ 'ઉપદેશ-પદ' (લે. સં. ૧૮મી સદી અનુ.) અને મલ્લિદાસને નામે ૩ કડીનું ૧ હિંદી પદ (મુ.) મળે છે. આ મલ્લદાસ/મલ્લિદાસ એક જ કવિ છે કે કેમ અને જો તે એક જ કવિ હોય તો તે મલ્લિદાસ–૧ છે કે કેમ આને વિશે કંઈ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

મલ્લિદાસ–૧ [ઈ.૧૫૬૩માં હયાત] : વિજયગચ્છના જૈન સાધુ. નૂનો-વિજયરાજની પરંપરામાં દેવરાજના શિષ્ય. 'જંબૂસ્વામી-રાસ/પંચભવ-ચરિત્ર' (૨.ઈ. ૧૫૬૩/સં.૧૬૧૯; આસો સુદ ૩, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

મલ્લિદેવ [ઈ. ૧૫૯૨માં હયાત] : જૈન સાધુ. 'કર્મવિપાક-રાસ' (૨.ઈ.૧૫૯૨)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

મસ્તાન [ ] : ગુજરાતી–હિંદી પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

મહંમદ(કાજી) [ ] : મુસ્લિમ કવિ. બાબા દીનદરવેશના શિષ્ય. પ્રેમલક્ષણા ભક્તિની અસર ઝીલતા હિંદીમાં રચાયેલા વિરહભાવના 'મહિના'(મુ.) તથા અધ્યાત્મરંગી ગુજરાતી પદો (૩ પદ મુ.) તેમને નામે મળે છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ૧૯૫૭; ૨. કાફીસંગ્રહ, પ્ર. ક. જા. ઈ. ૧૮૮૪; ૩. નકાસંગ્રહ; ૪. પ્રાકાવિનોદ : ૧; ૫. ભજનસાગર : ૨; ૬. સતવાણી; ૭. સોસંવાણી.

સંદર્ભ : ૧. ઊર્મિનવરચના, મે ૧૯૭૫ – 'ગુજરાતી સાહિત્યના મુસ્લિમ કવિઓ', કુ. ભૂલિકા જી. ત્રિવેદી. [કી.જો.]

મહા(મુનિ) : આ નામે ૮ કડીની 'વૈરાગ્ય-સઝાય' મળે છે. તેના કર્તા મહાનંદ–૨ હોવાની શકયતા છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાતમરામ [ ] : સંતકવિ. બોરસદ તાલુકાના સીમરડા ગામના વતની. 'મહાતમજ્ઞાન-પ્રકાશ'ના કર્તા.

સંદર્ભ : અસંપરંપરા. [કી.જો.]

મહાદેવ–૧ [ઈ. ૧૫૭૨માં હયાત] : કચ્છ-ભૂજના વતની. 'ગીત-ગોવિંદ' (૨.ઈ. ૧૫૭૨) તથા 'રસમંજરી'ના અનુવાદ એમણે કર્યા છે.

સંદર્ભ : ૧. કાશીસુત શેઘજી એક અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૪; ૨. ગુસારસ્વતો; ☐ ૩. સાહિત્ય, ઓકટો. ૧૯૧૬.–'જૂનાં કાવ્યોની થોડી ટીકીકત'; ☐ ૪. ગૂહાયાદી. [કી.જો.]

મહાદેવ–૨ [ઈ. ૧૭૫૦ સુધીમાં] : અવટંકે ભટ્ટ. જ્યોતિષવિષયક 'સારસંગ્રહ' નામક સંસ્કૃત ગ્રંથ પરના બાલાવબોધ (લે.ઈ. ૧૭૫૦)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

મહાદેવદાસ [ ] : હિંદોલાનું ૧ ગુજરાતી તથા બાકીનાં હિંદી પદોના કર્તા.

સંદર્ભ : ફોહનામાવલિ. [કી.જો.]

મહાનંદ : આ નામે ૨૪ કડીની 'કુમતિસુમતિની સઝાય'(મુ.), ૬ કડીનું 'ધર્મજિન-સ્તવન'(મુ.), ૧૦ કડીનું 'મહાવીર-અષ્ટક'(મુ.), ૧૩ કડીનું 'મહાવીર-સ્તવન'(મુ.), ૭ કડીની 'રાજુલની સઝાય' (મુ.), ૧૧ અને ૧૯ કડીની 'સ્થૂલભદ્રજીની સઝાય' (મુ) એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા મહાનંદ–૨ હોવાની શકયતા છે, પણ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧.જૈસસંગ્રહ(ન); ૨.પ્રાસપસંગ્રહ : ૧; ૩. લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મહાનંદ–૧ [ઈ. ૧૬૫૬ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. ૨૧ કડીના 'મંત્રતંત્રયંત્રદોષ-સઝાય' (લે.ઈ.૧૬૫૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મહાનંદ–૨ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. રૂપની પરંપરામાં મોટાના શિષ્ય. ૪૭ કડીની 'સ્ત્રીઓના કૂથલાની સઝાય'(૨.ઈ. ૧૭૫૪/સં.૧૮૧૦,આસો–;મુ.), પ્રેમાનંદની અસર ઝીલતો અને દુહા, યમક સાંકળીના સંસ્કારવાળો ૮૦ કડીનો 'નેમરાજુલ–બારમાસ' (૨.ઈ. ૧૭૮૯/સં. ૧૮૪૫, મહા સુદ ૮;મુ.), ૫ ખંડનો 'રૂપસેન-રાસ'(૨.ઈ.૧૭૫૩/સં. ૧૮૦૯, વૈશાખ સુદ ૭, સોમવાર), ૯ કડીની 'વિનય-સઝાય' (૨.ઈ. ૧૭૫૩), ૧૪ કડીની 'આત્મશિક્ષા-સઝાય'(૨.ઈ.૧૭૫૯), ઢાલબંધવાળી 'દશાર્ણભદ્ર-સઝાય'(૨.ઈ.૧૭૭૬), 'સનત્કુમારનો રાસ' (૨.ઈ. ૧૭૮૩/સં.૧૮૩૯, વૈશાખ સુદ ૩), ૪ ઢાળમાં '૨૪ જિનદેહવરણ-સ્તવન' (૨.ઈ.૧૭૮૩), 'શીયલ-સઝાય' (૨.ઈ. ૧૭૮૯), 'કલ્યાણક-ચોવીશી' (૨.ઈ.૧૭૯૩/સં.૧૮૪૯, આસો સુદ ૧૫, રવિવાર), ૪ ઢાળની 'જ્ઞાનપંચમી-સઝાય'(૨.ઈ.૧૭૯૩), ૧૨૧૬ ગ્રંથાગ્રના 'કલ્પસૂત્ર' પરનો કુલ ૯૦૦૦ ગ્રંથાગ્રનો ટબો (લે.ઈ.૧૭૭૮/લે. સં. ૧૮૩૪, વૈશાખ વદ ૧૫; કવિના સ્વહસ્તાક્ષરની પ્રત), 'ચોવીસી', ૭૫ કડીનો 'મેઘકુમાર શલોકો' (૨.ઈ. ૧૭૬૭); 'નેમિ-ફાગુ', 'સંજમ-ફાગુ'(૨.ઈ.૧૭૧૯) અને અન્ય અનેક સ્તવનો-સઝાયોના કર્તા. મૂળ સંસ્કૃતના 'ત્રિષષ્ટિ-સપ્તમ-પર્વ-રામાયણ' ઉપરના કુલ ૪૦૩૨ કડીના સ્તબક (લે.ઈ.૧૮૪૨)ના કર્તા પણ પ્રસ્તુત મહાનંદ હોવાની શકયતા છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈસમાલા(શા.) : ૨; ૩. જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારકગ્રંથ, સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ. ૧૯૩૬–'મહાનંદ મુનિકૃત નેમરાજુલ-બારમાસ', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પ્રાકારૂપરંપરા; ૬. મરાસસાહિત્ય; ☐ ૭. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૮. મુપુગૂહસૂચી; ૯. હેજેજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

મહાનંદ–૩ [જ. ઈ. ૧૮૧૫–અવ. ઈ. ૧૮૫૪] : અવટંકે મહેતા પિતાનામ મૂળજી મહેતા. જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર. સંસ્કૃત અને વ્રજભાષાના અભ્યાસી. કવિએ પદો–ગરબી(મુ.), 'સમશ્યા'(મુ.), ૨૩ કડીની 'શ્રીજીમહારાજ વિશે'(મુ.), ૫૪ કડીની 'ભાલદેશમાં વસેલા ભીમનાથનું વર્ણન'(મુ.), 'હાટકેશ્વરના પ્રતિષ્ઠોત્સવ વિશે'(મુ.), ૩૪ કડીની 'રાસવર્ણન', ૧૫ કડીની 'ઉદ્ધવ પ્રતિ ગોપિકાના ઉદ્‌ગાર'(મુ.) એ કૃતિઓની રચના કરી છે. આ ઉપરાંત 'કથપાખ્યાન' નામની કૃતિની રચના પણ કવિએ કરી છે એમ કહેવાય છે.

કૃતિ : ૧. અહિછત્ર કાવ્યકલાપ, દયાશંકર ભા. શુકલ, ઈ. ૧૯૧૪ (+સં.); ૨. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ૨. મારા અક્ષર જીવનનાં સંસ્મરણો, દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ઈ. ૧૯૪૪. [કી.જો.]

મહાનુભાવાનંદ(સ્વામી) [જ. ઈ. ૧૭૮૭–અવ. ઈ. ૧૮૪૭] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. જ્ઞાતિએ બ્રાહ્મણ. આ કવિએ 'હરિલીલામૃત' નામની સંસ્કૃત રચના કરી છે અને 'હરિલીલામૃત' એ જ શીર્ષકથી વરસ અને તિથિની વીગતો આપતી અને શ્રી હરીલીલાનું વર્ણન કરતી ગુજરાતી રચના પણ કરી છે.

સંદર્ભ : ૧. સત્સંગના સંતો, રમણલાલ અં. ભટ્ટ, સં. ૨૦૦૯; ૨. સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઈતિહાસ, સં. શાસ્ત્રી સ્વયં-પ્રકાશદાસ, સં. ૨૦૩૦ (બીજી આ.). [કી.જો.]

'મહામત/ મહામતિ' : જુઓ 'ઈન્દ્રાવતી'.

મહાવજી(મુનિ) [ઈ. ૧૬મી સદી અંતભાગ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : કડવાગચ્છના જૈન સાધુ. રતનપાલ શાહના શિષ્ય. ૩૨૯ કડીના 'નર્મદાસુંદરી-રાસ'ના કર્તા. આ કૃતિની રચના સંભવત: ઈ. ૧૫૯૪માં થઈ એમ 'જૈન ગૂર્જર કવિઓ' નોંધે છે, પરંતુ 'કડુઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ'માં કૃતિની રચનાસાલ ઈ. ૧૬૦૭, કવિનું અવસાન ઈ. ૧૬૧૧માં અને તેમણે ૨૩ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હોવાનું નોંધાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કડુઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૮; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૩–'કડુઆ મત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

મહાવદાસ/માહાવદાસ/માવદાસ–૧ [ઈ. ૧૭૪૦માં હયાત] : કવિ વૈષ્ણવધર્મના અનુયાયી હતા. તેમની જ્ઞાતિ વિશે બે જુદાજુદા સંદર્ભો જુદીજુદી માહિતી આપે છે. 'ફાલ્ગુનામાવલિ' કવિને જ્ઞાતિએ વણિક હોવાનું અને 'ગોકુલેશ પ્રભુના ભક્તકવિઓ' કવિને જ્ઞાતિએ ઔદીચ્ય સીતોરા બ્રાહ્મણ હોવાનું નોંધે છે. કવિ નવાનગર પાસેના વલા ગામના વતની હતા. પરંતુ આખું જીવન તેઓ ગોકુળમાં જ રહેલા. તેમણે ગુજરાતી તેમ જ સંસ્કૃત બંને ભાષામાં રચનાઓ કરી છે.

કવિની ગુજરાતી રચનાઓ આ મુજબ છે : ૧૪ શોભન/કડવાંની 'ગોકુલનાથજીનો વિવાહ/ખેલ', 'બાલ-ચરિત્ર' (લે. ઈ. ૧૭૮૦), ૨૩ કડવાંનું 'ઓખાહરણ' (લે.ઈ.૧૭૮૦), 'ગૂઢરચ', 'રસાલય', કુંડળિયા, સવૈયા તથા ચંદ્રાવળામાં રચાયેલ ગદ્યપદ્યાત્મક કાવ્ય 'રસસિંધુ', 'રસકોષ', 'શ્રીવલ્લભચરિત્ર/નિત્યચરિત્ર', 'તીર્થમાળા/તીર્થાવલી'(૨.ઈ.૧૭૪૦/સં.૧૭૯૬ આસો વદ ૮ ઉપર ૯, રવિવાર), 'કૃષ્ણચરિત્ર'(મુ.), 'સ્વરૂપવર્ણન', 'ચટાઈસમયનું ધોળ' તથા કેટલીક વિનંતીઓ અને અષ્ટકો. કવિની સંસ્કૃત રચનાઓ આ મુજબ છે : 'રસાર્ણવ', 'તાત્પર્યબોધ', 'સજ્જનમંડન' તથા ગીતગોવિંદની પદ્ધતિએ અષ્ટપદીમાં રચાયેલી 'શ્રીવલ્લભ-ગીત'(મુ.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસારસ્વતો; ૩. ગોપ્રભ-કવિઓ; ૪. પ્રાકકૃતિઓ; ૫. સંબોધિ, ઓક્ટો. ૧૯૭૭–જાન્યુ. ૧૯૭૮–'કવિ માયા-માવજી રચિત વૈષ્ણવભક્તપ્રબંધ-ચોપાઈ', સં. અમૃતલાલ મો. ભોજક; ☐ ૬. આલિસ્ટઑઈ : ૨; ૭. ગૂહાયાદી; ૮. ફોહનામાવલિ. [કી.જો.]

મહાવદાસ–૨/માવદાસ [ ] : ૩ કડીનો 'બહુચરાજીનો ગરબો'(મુ) અને ૭ કડીનો 'સલખનપુરીનો ગરબો(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. કાદોહન : ૨; ૨. શ્રીમદ્ ભગવતી કાવ્ય, સં. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯; ☐ ૩. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

મહાશંકર [ ] : 'પંચપદાર્થજ્ઞાન'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

મહિચંદ [ઈ. ૧૫૩૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિની પરંપરામાં કમલચંદના શિષ્ય. ૨૦૪ કડીની 'ઉત્તમચરિત્ર-ચોપાઈ' (૨.ઈ.૧૫૩૧/સં. ૧૫૯૧, ચૈત્ર સુદ ૩, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧,૨). [ગી.મુ.]

મહિચંદ્ર(ભટ્ટારક) [ઈ. ૧૬૬૩માં હયાત] : 'લવકુશ-આખ્યાન' (૨.ઈ.૧૬૬૩)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

'મહિના' [૨.ઈ.૧૭૩૯/સં.૧૭૯૫, માગસર સુદ ૧૧, સોમવાર] : ઉદ્ધવની સાથે કૃષ્ણને સંદેશો મોકલતી રાધાના કૃષ્ણવિરહનો અધિક માસ સહિત કારતકથી આસો માસ સુધીના ૧૩ મહિનામાં આલેખતી દુહા–સાખીમાં નિબદ્ધ ૮૩ કડીની રત્નાની આ કૃતિ(મુ.) મધ્યકાલીન સાહિત્યની મનોરમ બારમાસી છે. દરેક મહિનાની સાથે સંકળાયેલી ઋતુગત વિશિષ્ટતાઓ ને તેનાથી ઉત્કટ બનતી રાધાની વિરહાવસ્થાને કવિએ ખૂબ કોમળ વાણીમાં વાચા આપી છે. 'કારતક રસની કુંપળી, નયણામાં ઝળકાય' જેવી પંક્તિની ચિત્રાત્મકતા, 'ડશિયો શ્યામ ભુજંગ'માં રહેલો વિરહોત્કટતાદ્યોતક શ્લેષ, ફાગણ, વૈશાખ, આસાડ અને ભાદરવો એ મહિનાઓનાં ટૂંકાં પણ મનોહર પ્રકૃતિચિત્રો ને ઘણી કડીઓનું મુક્તકની કોટિએ પહોંચતું સુઘટ્ટ પોત આ રચનાને ગુજરાતી કવિતાની બેત્રણ ઉત્તમ બારમાસીમાં મૂકી આપે છે. [જ ગા]

મહિમ [ઈ. ૧૭૧૭ પહેલાં હયાત] : તપગચ્છની સાગરશાખાના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં અજિતસાગરના શિષ્ય. વિજયરત્નસૂરિના આચાર્યકાળ (ઈ.૧૬૭૬થી ઈ.૧૭૧૭)માં રચાયેલી વિજયરત્નસૂરિની પ્રશસ્તિ કરતી ૮ કડીની 'શ્રીવિજયરત્નસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : એસમાલા : ૧(+સં.). [૨.૨.દ.]

મહિમરાજ [ ] : જૈન. 'જિનચંદ્રસૂરિ–ગીત'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

મહિમસિંહ/મહિમાસિંહ/મહિમાસેન/માનચંદ/માનસિંહ : [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. શિવનિધાનના શિષ્ય. ૫૩ કડીની 'કીર્તિધરસુકોશલપ્રબંધ' (૨.ઈ.૧૬૧૪), ૧૪૯ કડીની 'ક્ષુલ્લકકુમાર-ચોપાઈ–સાધુસંબંધ', 'ઉત્તરાધ્યયન-ગીતા (૩૬ અધ્યયનનાં)' (૨.ઈ.૧૬૧૯/સં.૧૬૭૫, શ્રાવણ વદ ૮, રવિવાર), 'અગડદત્તકુમારચોપાઈ' (૨.ઈ.૧૬૧૯), 'મેતાર્યઋષિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૪), 'અર્હદાસ-પ્રબંધ', ૧૦૭ કડીની 'રસમંજરી', ૫૮૦ કડીની 'હંસરાજવચ્છરાજ-ચતુષ્પદી' (૨.ઈ. ૧૬૧૯) તથા સંસ્કૃતકૃતિ 'મેઘદૂતવૃત્તિ' (૨.ઈ. ૧૬૦૭)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ૪. યુજિનચંદ્રસૂરિ; ☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧,૨); ૬. જૈહાપ્રોસ્ટા. [કી.જો.]

મહિમસુંદર/મહિમાસુંદર(ગણિ) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં સાધુકીર્તિના શિષ્ય. 'નેમિ-વિવાહલો'(૨.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, ભાદરવા સુદ ૯), ૧૧૬/૧૧૭ કડીનો 'શત્રુંજયતીર્થરાસ/શત્રુંજયતીર્થોદ્ધાર'(૨.ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, જેઠ સુદ ૯) તથા ૧૫૧ કડીની 'સનત્કુમાર ચક્રવર્તી ધમાલ' – એ કૃતિઓના કર્તા

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. પ્રાકારૂપરંપરા; ૩. યુજિનચંદ્રસૂરિ; ☐ ૪. જૈગૂકવિઓ; ૫. મુપુગૂહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહિમા : આ નામે ૩–૩ કડીનાં ૪ 'ઉપદેશક-ગીતો' મળે છે. આ કૃતિઓના કર્તા કયા મહિમા–છે તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

મહિમા/મહિમા(સૂરિ)–૧ [ઈ. ૧૬૬૬માં હયાત] : આગમગચ્છના જૈન સાધુ. ગુજરાત અને મારવાડની તીર્થયાત્રાના નિરૂપણ સાથે જૈન મંદિરો તથા મૂર્તિઓની સંખ્યા આપતી ૫૪ કડીની 'ચૈત્ય-પરિપાટી'(૨.ઈ.૧૬૬૬/સં.૧૭૨૨, શ્રાવણ–૩, ગુરુવાર;મુ)ના કર્તા.

કૃતિ : પ્રાતીસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૧, ૩; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

મહિમા(મુનિ)–૨ [ ] : જૈન સાધુ. વિજયમાનસૂરિના શિષ્ય. ૧૪ કડીના 'નેમિદ્વાદશ-માસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

મહિમાઉદય [ઈ. ૧૬૬૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિની પરંપરામાં મતિહંસના શિષ્ય. 'શ્રીપાલ-રાસ' (૨.ઈ. ૧૬૬૬/સં. ૧૭૨૨, માગશર સુદ ૧૩, ગુરુવાર), 'ષટપંચાશિકાવૃત્તિ બાલાવબોધ', રાજસ્થાની ભાષામાં રચાયેલ 'ખેટસિદ્ધિ', 'ગણિત સાઠી સો દોહા', 'પ્રેમજૌતિષ' તથા સંસ્કૃત ભાષામાં રચાયેલા 'જ્યોતિષરત્નાકર'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ૪. યુજિનચંદ્રસૂરિ; ☐ ૫. જૈગૂકવિઓ : ૨; ૬. રાપુહસૂચી:૪૨; ૭. રાહસૂચી : ૧. [૨.૨.દ.]

મહિમાણંદ [ઈ. ૧૫૮૩માં હયાત] : જૈન સાધુ. ૨૩ કડીની 'અંગસ્ફુરણવિચાર' (૨.ઈ.૧૫૮૩;મુ.) નામની રચનાના કર્તા.

કૃતિ: જૈસમાલા(શા) : ૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

મહિમાપ્રભ(સૂરિ) : આ નામે ૧૪ કડીની 'તેર કાઠિયા-સઝાય' (લે. ઈ. ૧૮૧૩), ૧૧ કડીની 'નવવાડ-સઝાય' (લે.ઈ. ૧૮૧૩) તથા મધુબિંદુ, અઢારનાતરાં અને ધન્નાશાલિભદ્ર આદિની સઝાયો મળે છે. આ મહિમાપ્રભ તે મહિમાપ્રભ–૧ છે કે અન્ય તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

મહિમાપ્રભ(સૂરિ)–૧ : જુઓ મહિમાપ્રભશિષ્ય ભાવપ્રભ.

મહિમામેરુ [ઈ. ૧૬૧૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચક સુખનિધાનના શિષ્ય. 'નેમિરાજુલ-ફાગ'ના કર્તા. કવિ મહિમામેરુએ ઈ.૧૬૧૫માં પદ્મરાજકૃત 'ચોવીસજિનકલ્યાણકસ્તવન'ની પ્રત લખી હતી એવો ઉલ્લેખ 'જૈન ગૂર્જર કવિઓ'માં મળે છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

મહિમાવર્ધન [ઈ. ૧૭૪૦માં હયાત] : જૈન સાધુ. કુલવર્ધનના શિષ્ય. 'ધનદત્ત-રાસ'(૨.ઈ.૧૭૪૦/સં.૧૭૯૬, જેઠ વદ ૧૫, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ☐ ૫. જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

મહિમાસમુદ્ર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. 'હરિબલ-ચોપાઈ' (૨.ઈ.૧૬૫૦/સં. ૧૭૦૬, જેઠ વદ–), 'ઉત્તમકુમાર(નવરસ સાગર)' (૨.ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, કારતક વદ ૧૨), 'વસુદેવ-ચોપાઈ', 'રુકિમણીચોપાઈ' તથા 'ઋષિદત્તા-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [૨.૨.દ.]

મહિમાસાગર : આ નામે 'ગજસુકુમાલઋષિ-સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.) તથા ૨૧ કડીની 'પાર્શ્વનાથ-કલશ' નામની કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા મહિમાસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

મહિમાસાગર(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : અંચલગચ્છના જયકેસરીસૂરિ (અવ.ઈ.૧૪૮૬)ના શિષ્ય. ૨૩૭૧ કડીના 'શ્રાવક–ષડાવશ્યકસૂત્ર' ગ્રંથ પરના 'બાલાવબોધ વિવરણ સંક્ષેપાર્થ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

મહિમાસાગર(વાચક)–૨ [ઈ.૧૫૪૯ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ખેમકલશના શિષ્ય. ૫૮ કડીની 'નવવાડ-સઝાય' (લે.ઈ.૧૫૪૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

મહિમાસાગર–૩ [ઈ. ૧૬૬૩માં હયાત :] જૈન સાધુ. 'ચતુર્વિંશતિ જિન-સ્તવન' (૨.ઈ.૧૬૬૩)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

મહિમાસિંહ : જુઓ મહિમસિંહ.

મહિમાસુંદર : આ નામે ૧૦ કડીની 'મેતરાજમુનિ-સઝાય' (લે.ઈ. ૧૮૧૩) મળે છે તેના કર્તા કયા મહિમાસુંદર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

મહિમાસુંદર(ગણિ)–૧ : જુઓ મહિમસુંદર.

મહિમાસેન : જુઓ મહિમસિંહ.

મહિમાહર્ષ [ ] : ખરતરગચ્છની વેગડશાખાના જૈન સાધુ. ૩ કડીના 'જિનસમુદ્રસૂરિ-ગીત'(મુ.) તથા ૮ ઢાળ. અને ૩૨ કડીના 'ગુરુજિનગર્ભિત ચતુર્વિંશતિ-સ્તોત્ર'(મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. ઑજૈકાસંગ્રહ (+સં.); ☐ ૨. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરેલ્ડ, જુલાઈ–સપ્ટે. ૧૯૧૫–'ખરતરગચ્છની વેગડશાખાની કંઈક માહિતી', હરગોવિંદદાસ ત્રિ. શેઠ. [૨.૨.દ.]

મહિમાહંસ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંભવત: ખરતરગચ્છના જૈન સાધુ. ૧૧ કડીના 'જિનહર્ષસૂરિ-ગીત'(મુ.)ના કર્તા. પ્રસ્તુત કૃતિ જિનહર્ષસૂરિની હયાતીમાં, તેમને ઈ.૧૮૦૦/સં.૧૮૫૬ જેઠ સુદ ૧૫ના દિવસે સૂરિપદ મળ્યું તે પછીની તેમની બીકાનેર યાત્રાસમયે રચાઈ છે. આ હકીકતને લક્ષમાં લેતાં કવિ મહિમાહંસ ઈ.૧૯મી સદીના પૂર્વાર્ધમાં હયાત હશે એવું અનુમાન થઈ શકે.

કૃતિ : ઑજૈકાસંગ્રહ (+સં.). [૨.૨.દ.]

મહીકલશ [ ] : જૈન સાધુ. જિનસોમ-સુંદરસૂરિના શિષ્ય. ૨૩ કડીના 'આદિનાથ-સ્તવન (વડનગરમંડન-જીવિતસ્વામી)' (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ગી.મુ.]

મહીદાસ [અવ.ઈ.૧૮૦૪/સં. ૧૮૬૦ આસો સુદ ૧૧] : કવિ મોરબી નજીક આવેલા બગથળા ગામના રહેવાસી હતા. તેમણે કૃષ્ણ અર્જુનના સંવાદ રૂપે કયાં કુકર્મો કરવાથી કયાં દુ:ખ ભોગવવાં પડે છે તે વિશેની માહિતી આપતી ૧૨૦ કડીની 'કર્મગીતા'(મુ.) તથા અન્ય પદોની રચના કરી છે.

કૃતિ : સ્વાધ્યાય, ફેબ્રુ. ૧૯૮૬–'મહીદાસ રચિત કર્મગીતા' સં. દેવદત્ત જોશી.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. સૌરાષ્ટ્રના સંતો, દેવેન્દ્રકુમાર કા. પંડિત, સં. ૨૦૧૭; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, મે ૧૯૦૮–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. ગૂહાયાદી; ૬. ફોંહનામાવલિ. [કી.જો.]

મહીન્દ્રસિંહ(સૂરિ) [ ] : જૈન સાધુ. ૭ કડીની ગહૂંલી(મુ.)ના કર્તા.

કૃતિ : ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ ; ૧, પ્ર. શ્રાવક ખીમજી ભી. માણેક, ઈ. ૧૮૯૧. [કી.જો.]

મહીમેરુ [ ] : અંચલગચ્છના જૈન સાધુ. ૯૪૩ કડીના 'આરાધનાવિધિ' (લે. સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

મહીરત્ન [ ] : જૈન. 'નવતત્ત્વ-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ગી.મુ.]

મહીરાજ : આ નામે રાજસ્થાનીમિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલી 'આબુધરા-છત્રીસી/આબુધરા-બત્રીસી' (લે. સં. ૧૮મી સદી) મળે છે તેના કર્તા મહીરાજ–૧ છે કે કેમ તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨,૫૧; ૨. રાહસૂચી : ૧, ૨. [કી.જો.]

મહીરાજ(પંડિત)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ/શ્રાવક. ધર્મરત્નસૂરિની પરંપરામાં વિનયમંડનગણિ ઉપાધ્યાયના શિષ્ય. જૈન પરંપરાની નલકથાનું નિરૂપણ કરતા, હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' તથા દેવપ્રભસૂરિકૃત 'પાંડવચરિત્ર' પર આધારિત, ઋષિવર્ધનના 'નલરાયદવદંતી-ચરિત'નો સ્પષ્ટ પ્રભાવ દાખવતી, તેમ છતાં સ્વકીય કવિત્વશકિતનો અત્રતત્ર પરિચય આપતી દુહા, ચોપાઈ અને અન્ય ઢાળોમાં બદ્ધ ૧૨૫૪ કડીની 'નલદવદંતી-રાસ' ← (ર.ઈ. ૧૫૫૬/સં. ૧૬૧૨, ભાદરવા સુદ ૯; મુ.) તથા ૫૩૨ કડીની 'અંજનાસુંદરી-રાસ' (ર.ઈ. ૧૫૫૮) એ કૃતિઓના કર્તા.

'નલદવદંતી-રાસ' કવિએ પોતે જ ઈ.૧૫૮૫/સં.૧૬૪૧, કારતક વદ ૨, સોમવારના રોજ લખ્યાનું આ રાસની પુષ્પિકામાંથી જાણવા મળે છે. આ રાસ પૂર્વે આ વિષય પર રચાયેલા ગુજરાતી રાસોમાં ગુણવત્તા ને રસવત્તાએ ચડિયાતો છે.

કૃતિ : મહીરાજકૃત નલ-દવદંતીરાસ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૫૪ (+સં.).

સંદર્ભ : ૧. અનુસંધાન, હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૭૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. નળ-દમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૮૦; ૪. સાહિત્યસંસ્પર્શ, વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી, ઈ. ૧૯૭૯; ☐ ૫. ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૬૧–'મહીરાજકૃત નલદવદંતી-રાસ', રમણલાલ ચી. શાહ; ☐ ૬. મુપુગૂહસૂચી. [ભો.સાં.]

મહેરાજ : જુઓ 'ઈન્દ્રાવતી'.

મહેશ(મુનિ) [ઈ. ૧૬૬૯માં હયાત] : જૈન સાધુ. ગુજરાતી-હિન્દી-મિશ્ર ભાષામાં ૩૪ કડીની, દુહાબદ્ધ 'અઢાર-બત્રીસી/કક્કા-બત્રીસી' (ર.ઈ.૧૬૬૯; મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. શા. હીરજી હંસરાજ, સં.૧૯૨૩.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ; ૨. મુપુગૂહસૂચી. [ક્રા.ત્રિ.]

મહેશ્વર–૧ [ ] : ૪૦ કડીની 'કામણિયા' નામક કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભીજે. [કી.જો.]

મહેશ્વર(સૂરિ)–૨ [ ] : જૈન સાધુ. ૩૫ કડીની 'સંજમમંજરી' એ કૃતિના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૫૧.–'એક અલભ્ય મહાકાવ્ય કે ખોજકી આવશ્યકતા', અગરચંદ નાહટા. [ક્રા.ત્રિ.]

મહેશ્વર(સૂરિ)શિષ્ય [ઈ.૧૫૭૪માં હયાત] : દેવાનંદગચ્છના જૈન સાધુ. ૨૫૫ કડીના 'ચંપકસેન-રાસ' (ર.ઈ. ૧૫૭૪/સં.૧૬૩૦, અસાડ સુદ ૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહોદયવિમલ [ઈ.૧૮૩૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ઋષિવિમલની પરંપરામાં વીરવિમલના શિષ્ય. ૭ કડીના 'ચંદ્રપ્રભજિન-સ્તવન'(૨.ઈ.૧૮૩૨;મુ..) ૬ કડીના 'ઋષભદેવજિનસ્તવન'(મુ.) તથા ૭ કડીની 'ગહૂંલી'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગહૂંલીસંગ્રહ, સં. શિવલાલ ઝ. સંઘવી, સં. ૧૯૭૨; ૨. પ્રાસ્તવરત્નસંગ્રહ : ૨. [શ્રા.ત્રિ.]

મંગલ(સૂરિ)–૧ : જુઓ જયમંગલ(સૂરિ)–૧.

મંગલ–૨ [ ] : 'ધ્રુવાખ્યાન'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

'મંગલકલશચરિત્ર-ચોપાઈ/રાસ' : મુખ્યત્વે દુહા-ચોપાઈમાં રચાયેલા ૧૩૫ કડીના આ રાસનો રચનાસમય ઉપલબ્ધ નથી. એના કર્તા સર્વાનંદસૂરિ છે, પરંતુ એ સર્વાનંદસૂરિ કયા તે નિશ્ચિત કરવું મુશ્કેલ છે. 'ગુજરાતના સારસ્વતો'એ ધનપ્રભસૂરિશિષ્ય કોઈ સર્વાનંદસૂરિ આ કૃતિના રચયિતા હોવાનું જણાવ્યું છે. પરંતુ એના પરથી કર્તૃત્વની કોઈ વિશેષ સ્પષ્ટતા કરી શકાય એવું નથી. કૃતિની ભાષા અને તેની જૂનામાં જૂની ઈ.૧૪૫૮ની ઉપલબ્ધ થતી પ્રતને આધારે કૃતિ ઈ.૧૪મી સદીમાં રચાઈ હોવાનું અનુમાન થયું છે.

અવંતીનગરીના રાજા વયરસિંઘના પુત્ર મંગલકલશના વિલક્ષણ સંજોગોમાં ચંપાપુરની રાજકુંવરી ત્રિલોકસુંદરી સાથે થયેલા લગ્નની કથાને આલેખતી આ કૃતિમાં મંગલકલશ અને ત્રિલોકસુંદરીનાં પાત્રો ઠીકઠીક ઊપસ્યાં છે. તત્કાલીન સમાજચિત્ર એમાં કેટલુંક ઊપસતું હોવાને લીધે પણ એ ધ્યાનાર્હ બને છે. [જ.ગા.]

'મંગલકલશ-રાસ' [૨.ઈ. ૧૬૯૩] : માનવિજયશિષ્ય દીપવિજય/દીપ્તિવિજયની ૩ અંક (=ખંડ) અને દુહાદેશીબદ્ધ ૩૧ ઢાળોમાં વિસ્તરેલી, કથાઆલેખનની દૃષ્ટિએ રસપ્રદ કૃતિ(મુ.) છે. પ્રધાનપુત્ર કોઢિયો હોવા છતાં એ અતિસ્વરૂપવાન હોવાની વાત ફેલાવી ગોત્રજા દેવીની મદદથી ઉજ્જયિનીના શ્રેષ્ઠીપુત્ર મંગલકલશને ઉપાડી લાવી રાજકુંવરી ત્રૈલોક્યસુંદરી સાથે એને પરણવા બેસાડી દેવાય છે. મંગલકલશ કુંવરીને કેટલાક સંકેતો આપી લગ્ન પછી દૂર દેશમાં જતો રહે છે. એ પછી કોઢિયા પતિને જોતાં જ ત્રૈલોક્યસુંદરીને મંગલકલશના સંકેતનો અર્થ સમજાઈ જાય છે ને એ પુરુષવેશે એને શોધવા નીકળે છે. બહુ મુશ્કેલીઓ પછી બંને મળે છે. લગ્ન કરે છે. જીવનમાં પડેલાં દુ:ખોનું કારણ પૂર્વ-જન્મનાં પાપ હતાં એ જાણી અંતે બંને દીક્ષા ગ્રહે છે. મંગલ-કલશ ત્રૈલોક્યસુંદરીનો વિયોગ ને એમનાં પુનર્મિલન વચ્ચેની કથામાં કવિએ લોકવાર્તાની રીતે અનેક ઉપકથાનકો ગૂંથ્યાં છે. શૃંગાર, અદ્‌ભુત ને શાન્તરસનું વૃતાન્ત ધરાવતી આ કૃતિ કૌતુકભર્યા ને ચમત્કારપૂર્ણ પ્રસંગોથી તેમજ પ્રાસાદિક વર્ણનાદિકથી રસપ્રદ બનેલી છે.

આ કૃતિ બીજા ખંડને અંતે ૨.સં. ૧૭૪૯ (ઈ. ૧૬૯૩) ઉપરાંત આસો સુદ ૧૫ એ તિથિ પણ બતાવે છે. [૨.સો.]

મંગલધર્મ/જ્ઞાનરુચિ [ઈ. ૧૪૬૯માં હયાત] : બૃહત્ તપગચ્છના જૈન સાધુ. જ્ઞાનસાગરસૂરિની પરંપરામાં ઉદયધર્મના શિષ્ય. ૩૨૧ કડીના 'મંગલકલશ-ચરિત્ર/ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૪૬૯)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ☐ ૩. ફાત્રૈમાસિક, જુલાઈ–સપ્ટે. ૧૯૭૨–'ગુજરાતી જૈન સાહિત્ય: રાસસન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૪. આલિસ્ટઑર્ડ : ૨; ૫. કૅટલૉગગુરા; ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

મંગલપ્ર મ : જુઓ વિનયપ્રભસૂરિ.

મંગલમાણિક્ય/મંગલમાણેક(વાચક) [ઈ. ૧૫૮૨માં હયાત] : આગમ-ગચ્છની વિડાલંબશાખાના જૈન સાધુ. મુનિરત્નસૂરિની પરંપરામાં ઉદયસાગરના શિષ્ય. ભાનુભટ્ટ કવિના વિદ્યાગુરુ હતા. ૭ આદેશની ૨૬૪૧ કડીમાં કૌતુકરસ જાળવતી 'આંબડકથાનક-ચોપાઈ/આંબડ વિદ્યાધર-રાસ' ← (૨.ઈ. ૧૫૮૨/સં. ૧૬૩૯, કારતક સુદ ૧૩;મુ.) તથા ૪૩૨ કડીની 'વિક્રમરાજ અને ખાપરાચોરનો રાસ/વિક્રમ-ખાપરાતસ્કર-પ્રબંધ' (૨.ઈ. ૧૫૮૨/સં.૧૬૩૮, મહા સુદ ૭, રવિવાર)ના કર્તા.

કૃતિ : અંબડ વિદ્યાધરરાસ, સં. બળવંતરાય ક. ઠાકોર, ઈ. ૧૯૫૩ (+સં.).

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. દેસુરાસમાળા; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. ડિકૅટલૉગભાવિ; ૬. મુપુ-ગૂહસૂચી. [કી.જો.]

મંગળદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફૉહનામાવલિ. [કી.જો.]

મંગળીબાઈ [ ] : પાટણનાં વતની. જ્ઞાતિએ નાગર. તેમણે કેટલાંક છૂટક પદોની રચના કરી છે.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. સાહિત્ય, ઑક્ટો. ૧૯૧૬–'જૂનાં કાવ્યોની થોડી હકીકત', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

મંછારામ : આ નામે આદ્યશક્તિની સ્તુતિ કરતું ૧ પદ(મુ.) તથા અન્ય ૧ પદ(મુ.) મળે છે. તેમના કર્તા કયા મંછારામ છે તે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

કૃતિ : ૧. શ્રીમદ્‌ભગવતીકાવ્ય, સં. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯; ☐ ૨. સમાલોચક, પુ. ૧૬ અંક–૩.

સંદર્ભ : સતસંદેશ શક્તિઅંક–. [દિ.દ,૨.સો.]

મંછારામ–૧ [ઈ. ૧૮૦૧માં હયાત] : જ્ઞાનમાર્ગી કવિ. વડોદરાની પાસે વાઘોડિયાના વતની. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. નિરાંત તેમને પદ રૂપે લખેલા પત્ર (૨.ઈ.૧૮૦૧) પરથી એમનો સમય નિશ્ચિત થઈ શકે છે. પ્રારંભમાં નિરાંતના ટીકાકાર, પરંતુ પાછળથી નિરાંતના શિષ્ય.

કૃષ્ણગોપીના વિરહનું ૧ 'તિથિકાવ્ય' તથા બીજાં કાવ્યો તેમણે રચ્યાં હોવાનું નોંધાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. પ્રાકામાળા : ૧૦; ☐ ૩. ગૂહાયાદી. [દે.દ.,ર.સો.]

મંછારામ–૨ [ઈ.૧૯મી સદી મધ્યભાગ] : જ્ઞાનમાર્ગી કવિ. સુરતના વતની અને જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. નિરાંતના પ્રમુખ શિષ્યોમાંના એક. સુરતની દૂધારા શેરીની જ્ઞાનગાદીના સ્થાપક. 'ગુરુમુખવાણી'એ ઈ.૧૮૭૭/સં. ૧૯૩૩, અધિક જેઠ વદ ૩, બુધવારને એમના અવસાનદિવસ તરીકે નોંધ્યો છે.

તેમનાં હિન્દી-ગુજરાતી ૧૮ પદ(મુ.) મળે છે.

કૃતિ : ૧. ગુમુવાણી; ૨. જ્ઞાનોદય પદસંગ્રહ, સં. કેવળરામ કાળુરામ ભગત,–

સંદર્ભ : ૧. નિરાંતકાવ્ય, સં. ગોપાળરામ ગુરુ દેવશંકર શર્મા, ઈ. ૧૯૫૯. [દે.દ.,ર.સો.]

મંજુકેશાનંદ [ઈ. ૧૯મી સદીનો પૂર્વાર્ધ–અવ. ઈ. ૧૮૬૩/સં. ૧૯૧૯, કારતક વદ ૧૧] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુકવિ. વતન માણાવદર. પિતા વાલાભાઈ પટેલ. માતા જેતબાઈ. મૂળનામ ભીમજીભાઈ હોવાનું અનુમાન. વેદકનું ઊંડું જ્ઞાન. સત્સંગના પ્રચારાર્થે ઘણાં ગામોમાં મંદિર બંધાવ્યાં.

તેમણે રચેલી કૃતિઓમાં કામક્રોધાદિરૂપ અધર્મનું ક્ષમાસંતોષાદિ ધર્મ સાથે યુદ્ધ અને ધર્મની જીતને ૧૧ વિશ્રામોમાં વર્ણવતી 'ધર્મપ્રકાશ' (ર.ઈ. ૧૮૨૯/સં.૧૮૮૫, કારતક સુદ ૨;મુ.), ૫૦૦થી વધારે દીક્ષા પામેલા સંતોનાં નામોને દુહા-ચોપાઈ, અને મોતીદામ છંદમાં વર્ણવતી 'નંદમાલા' (ર.ઈ. ૧૮૩૧/સં. ૧૮૮૭, આસો વદ ૩૦;મુ.), સહજાનંદ સ્વામીના ઈશ્વરીય ચરિત્રને ઉપસાવતી દુહા, સોરઠા, ચોપાઈના ૨૭ અધ્યાયની 'ઐશ્વર્યપ્રકાશ' (ર.ઈ. ૧૮૩૩/સં. ૧૮૮૯, ચૈત્ર સુદ ૯;મુ.), શ્રી હરિ અને પ્રેમાવતી માતાના સંવાદ રૂપે સત્પુરુષલક્ષણ, વર્ણાશ્રમધર્મ, જ્ઞાન-વૈરાગ્યભક્તિનું સ્વરૂપ વર્ણવતી, ૫ અધ્યાયની 'હરિગીતા-ભાષા' (ર.ઈ. ૧૮૩૯/સં.૧૮૯૫, પોષ વદ ૩૦, મંગળવાર;મુ.), પુરાણોમાંથી એકાદશી મહિમાની કથાઓને ૮૪ કડવાં અને વિવિધ રાગનાં ૧૯ પદોમાં રજૂ કરતી 'એકાદશી-મહાત્મ્ય' (મુ.)નો સમાવેશ થાય છે.

'કીર્તનસંગ્રહ'(મુ.)માં કવિનાં ગુજરાતી-હિન્દી પદો સંગૃહિત થયાં છે. ગરબી, ધોળ, તિથિ, થાળ, મહિના ઈત્યાદિ રૂપે મળતાં આ પદોમાં સહજાનંદભક્તિ અને લીલા તથા ભક્તિશૃંગારનું ગાન છે. કેટલાંક જ્ઞાનવૈરાગ્યબોધનાં પદોમાં દૃષ્ટાંતોનો આશ્રય લઈ કવિની વાણી ધર્મને નામે ચાલતાં અનિષ્ટો પર પ્રહાર કરે છે. સંસ્કૃતમાં 'સ્તોત્રાણિ' નામથી કેટલાંક સ્તોત્ર કવિએ રચ્યાં છે.

કૃતિ : ૧. મંજુકેશાનંદકાવ્યમ્, સં. કૃષ્ણસ્વરૂપદાસ, જ્ઞાનપ્રકાશ-દાસ, ઈ.૧૯૭૧(+સં.); ☐૨. કીરતનસંગ્રહ, પ્ર. મંછારામ ઘેલા ભાઈ, ઈ. ૧૮૯૦; ૩. ગુકાદોહન; ૪. બુકાદોહન : ૧; ૫. મકિત, નીતિ તથા વૈરાગ્યબોધક કવિતા : ૧, પ્ર. મુંબઈ સમાચાર છાપખાના, ઈ. ૧૮૮૭; ૬. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસાપઅહેવાલ : ૫; ૫. ગુસામધ્ય; ૬. ગુસારસ્વતો; ૭. પ્રાકકૃતિઓ : ૮. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૫; ૯. મસાપ્રવાહ; ૧૦. સત્સંગના સંતો, પ્ર. રમણલાલ અં. ભટ્ટ, સં. ૨૦૦૯; ☐ ૧૧. ગૂહાયાદી. [ચ.મ.,શ્રા.ત્રિ.]

માઇદાસ : આ નામે રાજસ્થાની-ગુજરાતી ભાષામાં 'અંબરિષિ-રાસ' મળે છે તેના કર્તા માઈદાસ–૧ છે કે કેમ તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

માઇદાસ–૧ [ ] : ખરતરગચ્છના વેગડ-શાખાના જૈન સાધુ. ૮ કડીના 'જિનસમુદ્રસૂરિ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. સૂર્યપૂરરાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦;☐૩. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરેલ્ડ, જુલાઈ–સપ્ટે. ૧૯૧૫–'ખરતરગચ્છની વેગડશાખાની કંઈક માહિતી', હરગોવિંદદાસ ત્રિ. શેઠ. [શ્રા.ત્રિ.]

માઉણ(?) [ ] : 'શામલશેઠ' કૃતિના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

માણક(મુનિ) [ ] : જૈન સાધુ. જિનલાભસૂરિના શિષ્ય. ૧૧ કડીની 'જિનલાભસૂરિ–ગીત'(મુ.)ના કર્તા. આ કૃતિ જિનલાભસૂરિ (અવ.ઈ.૧૭૭૮)ની હયાતીમાં રચાઈ હોવાની શકયતા છે અને તે પરથી કર્તા ઈ.૧૮મી સદીમાં હયાત હોઈ શકે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ. [ર.ર.દ.]

માણદાસ/માણવદાસ [ ] : કેટલાંક પદો (૧ મુ.)ના કર્તા.

કૃતિ : ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. સાહિત્ય, ઑકટો. ૧૯૧૬–'જૂનાં કાવ્યોની થોડી હકીકત', છગનલાલ વિ. રાવળ. [શ્રા.ત્રિ.]

માણંદ(ભગત) [ઈ. ૧૯મી સદી] : હરિજન કવિ. જ્ઞાતિએ ચમાર. કામરોળ(જિ. ભાવનગર)માં નિવાસ. બાળકસાહેબ (જ. ઈ. ૧૮૦૧–અવ.ઈ.૧૯૦૬)ના શિષ્ય. કેટલાંક ભજનો (૫ કડીનું ૧ ભજન મુ.)ના કર્તા.

કૃતિ : સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭. [શ્રા.ત્રિ.]

માણિક/માણિક્ય(મુનિ) (સૂરિ) : આ નામે ૭ કડીની 'માંકણ-ભાસ/સઝાય'(મુ.), ફાગબદ્ધ 'નેમિ-ચરિત્ર' (લે.ઈ. ૧૭૦૭), ૧૩૫૦ કડીની 'યશોધરચરિત્ર-સ્તબક' (લે.ઈ.૧૭૪૨), ૧૮ કડીની 'રાજિમતી ઉપાલંભ-સ્તુતિ', 'આર્દ્રકુમાર-સઝાય' (લે. ઈ. ૧૭૮૨), '(શંખેશ્વર) પાર્શ્વનાથ-સ્તવન', ૭ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન'(મુ.), ૧૫ કડીની 'બાહુબલ-સઝાય', ૨૫ કડીની 'ઇલાચીકુમાર-સઝાય', ૨૩ કડીની 'અણગસવર્ણન-ગીત/आश की वेण', 'અમલવર્ધન/

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અક્ષિણ-સઝાય', 'નવતત્ત્વપ્રકરણ-વાર્તિક' (૨.ઈ. ૧૭૭૧) તથા ૮ કડીની 'ચોવીશ તીર્થંકરની આરતી'(મુ.)–એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા માણિક/માણિક્ય છે તે સ્પષ્ટ રીતે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જૈનસંગ્રહ; ૨. સજઝાયમાલા(ક્રા) : ૧.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈમગૂકરચનાઓ : ૧; ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માણિકરાજ [ઈ. ૧૪૩૪માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. રત્નશેખરની પરંપરામાં સંયમરાજસૂરિના શિષ્ય. ૪૮૩/૪૮૭ કડીના 'દમયંતી-રાસ/નલદમયંતીચરિત્ર-રાસ' (૨. ઈ. ૧૪૩૪)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

માણિક્યવિજય [ઈ. ૧૬૭૩માં હયાત] : જૈન સાધુ. મેરુવિજયના શિષ્ય. 'કયરવાડા વીર-સ્તુતિ'ના કર્તા. કવિ ઈ. ૧૬૭૩માં હયાત હોવાની માહિતી મળે છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

માણિક્ય(ગણિ) [ઈ. ૧૬૮૮ સુધીમાં] : આગમગચ્છના જૈન સાધુ. જિનહંસના શિષ્ય. 'ભક્તામરસ્તોત્ર-બાલાવબોધ' (લે. ઈ. ૧૬૮૮)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

માણિક્યચંદ્ર(સૂરિ) : જુઓ માણિક્યસુંદર–૧.

માણિક્યરત્ન [ ] : જૈન સાધુ. ૧૩૭ કડીના 'મહાવીરજિનસ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માણિક્યવિજય/માણેકવિજય [ઈ.૧૬૮૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વાચક શાંતિવિજયની પરંપરામાં ક્ષમાવિજય/ખિવા-વિજય–હેમવિજયના શિષ્ય. ૧૪ ઢાળમાં ૧૦૭ કડીની 'નેમિ-રાજિમતી-બારમાસા'(૨.ઈ. ૧૬૮૬/સં.૧૭૪૨, વૈશાખ સુદ ૩, રવિવાર;મુ), ૨૨/૨૩ કડીની 'અમલવર્જન-સઝાય'(મુ), 'ચોવીશી', 'નેમિરાજિમતી પંદરતિથિ' તથા ૧૧ ઢાળમાં ૧૨૭ કડીની 'પર્યુ-ષણપર્વનાં નવ વ્યાખ્યાનો અથવા કલ્પસૂત્રની સઝાય/પર્યુષણપર્વ-વ્યાખ્યાનની સઝાય'(મુ.) 'વૈરાગ્ય-ગીત' નામની કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જૈપ્રાસ્તસંગ્રહ; ૨. જૈસસંગ્રહ; ૩. દેસ્તસંગ્રહ; ૪. પ્રામબાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસાસ્વરૂપો; ૩. જૈગૂસા-રત્નો : ૧; ૪. જૈસાઈતિહાસ; ☐ ૫. સ્વાધ્યાય, નવે. ૧૯૭૨-'નેમરાજુલબારમાસા', શિવલાલ જેસલપુરા; ☐ ૬. જૈગૂકવિઓ :૨, ૩(૨); ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી. [૨.૨.દ.]

માણિક્યવિમલ/માણેકવિમલ [ઈ.૧૬૫૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. દેવવિમલની પરંપરામાં વિનયવિમલના શિષ્ય. ૭ ઢાળની 'શાશ્વતજિનભુવન-સ્તવન/શાશ્વતાશાશ્વતજિન-સ્તવન' (૨.ઈ. ૧૬૫૮/સં. ૧૭૧૪, કારતક સુદ ૧૦, ગુરુવાર;મુ.) તથા ૮૪ કડીની 'અતીતઅનાગત-વર્તમાન-ચોવીસી/બહોંતેરજિન-સ્તવન'ના કર્તા.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧; ૨. પ્રાસ્તરત્નસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહ-સૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માણિક્યસાગર–૧ : જુઓ જ્ઞાનસાગર–૪.

માણિક્યસાગર–૨ [ઈ.૧૭૬૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિના ભાઈ ક્ષીરસાગરના શિષ્ય. ૭ ઢાલના 'કલ્યાણસાગરસૂરિ-રાસ' (૨.ઈ.૧૭૬૧/સં.૧૮૧૭, ફાગણ વદ ૫, બુધવાર;મુ)ના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ: ૩(૧). [૨.૨.દ.]

માણિક્યસુંદર(સૂરિ)–૧/માણિક્યચંદ્ર(સૂરિ)[ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ]: અંચલગચ્છના જૈન સાધુ. મેરુતુંગસૂરિના શિષ્ય. કર્તા સંસ્કૃતના વિદ્વાન તથા સમર્થ ગુજરાતી ગદ્યકાર હતા. તેમની કૃતિઓ આ પ્રમાણે છે :

કથાસરિત્સાગર પર આધારિત રાજા પૃથ્વીચંદ્ર અને રાણી રત્નમંજરીના ચરિત્રોના આકારે પુણ્યકર્મોના સત્પ્રભાવને બોલીબદ્ધ અદ્‌ભુતરસરંગી ગદ્યાત્મક ધર્મકથા રૂપે નિરૂપતી ૫ ઉલ્લાસમાં વિભાજિત 'પૃથ્વીચંદ્રચરિત્ર←/વાગ્વિલાસ'(૨.ઈ.૧૪૨૨/સં. ૧૪૭૮, શ્રાવણ સુદ ૫, રવિવાર;મુ.), અનુષ્ટુપ, આર્યા, શાર્દૂલવિક્રીડિત અને શિખરિણીના ૧૭ સંસ્કૃત શ્લોક અને અઢૌ, ફાગુ તથા રાસ જેવા છંદોમાં ગુજરાતી ૭૪ શ્લોક એમ કુલ ૯૧ શ્લોકની અર્થાલંકારો અને મંજુલ પદાવલીયુક્ત 'નેમિનાથકુમારરાજિમતી–ચરિત્ર-ફાગ/નેમીશ્વરચરિત-ફાગ' (૨.ઈ.૧૪૨૨ આસપાસ; મુ.), 'સુબાહુ-ચરિત્ર', 'સત્તરભેદી/સપ્તપ્રકારકથા'(૨.ઈ. ૧૪૨૮), ૨૨ કડીનું 'વિચારસાર-સ્તવન', 'પાર્શ્વનાથ-સ્તવન' તથા 'અજાપુત્ર કથાનક' એમની ગુજરાતી કૃતિઓ છે.

એ ઉપરાંત ૯ સર્ગમાં વિભાજિત ૧૬૮૫ કડીઓ ધરાવતું મહાકાવ્ય 'શ્રીધર-ચરિત્ર'(૨.ઈ. ૧૪૦૭), 'ચંદ્રધવલ-ધર્મદત્ત-કથા'(૨.ઈ. ૧૪૨૨;મુ.), ભગવાન મહાવીરે રાજગૃહનગરમાં રાજા શ્રેણિકને ઉપદેશ રૂપે કહેલ કથાઓને વર્ણવતી ૧૯૪૮ કડીની 'ગુણવર્મચરિત' (૨.ઈ.૧૪૨૭), 'ચતુ:પર્વીચમ્પુ/કથા'(૨.ઈ. ૧૪૨૮ પહેલાં), ૪ સર્ગનું 'મહાબલમલયસુંદરી-ચરિત', ૧૪ સર્ગનું મહાકાવ્ય 'યશોધર-ચરિત' તથા 'શુકરાજ-કથા' એ સંસ્કૃત કૃતિઓ છે. 'જૈનકુમારસંભવ' તથા જૈન મેઘદૂત ઉપરની અનુક્રમે જયશેખરસૂરિ અને શીલરત્નસૂરિ(૨.ઈ. ૧૪૪૫)એ રચેલ સંસ્કૃત ટીકાઓના સંશોધનો એમણે કર્યાં છે. માણિક્યસૂરિને નામે નોંધાયેલી 'સાહિત્ય સંગ્રહકથાવાર્તા'(૨.ઈ.૧૪૪૪) કૃતિ પણ એમની હોવાની શકયતા છે.

કૃતિ : ૧. પૃથ્વીચંદ્રચરિત, સં. ભૂપેન્દ્ર ત્રિવેદી, અનસૂયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિવેદી, ઈ.૧૯૬૬; ૨. આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિગ્રંથ, સા. કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯ (+સં.); ૩. જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ, સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ.૧૯૩૬ (+સં.); ૪. પ્રાગૂકાસંગ્રહ : ૩; ૫. પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ, સં. જિનવિજયજી, સં. ૧૯૮૬; ☐ ૬. વિદ્યાપીઠ, મે–જૂન ૧૯૭૧–'પૃથ્વીચંદ્રચરિત્ર'.

સંદર્ભ : ૧. આકવિઓ; ૨. ઈતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૬૬; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસાસ્વરૂપો; ૬. જૈસાઈતિહાસ; ૭. પ્રાકાકૃપરંપરા; ૮. શોધ અને સ્વાધ્યાય, હરિવલ્લભ ભાયાણી, ઈ.૧૯૬૫; ☐ ૯. સ્વાધ્યાય, ફેબ્રુ. ૧૯૭૯–'માણિક્યસુંદરસૂરિકૃત પૃથ્વીચંદ્રચરિત્ર', બિપિન ઝવેરી; ☐ ૧૦. આલિસ્ટઑઈ : ૨; ૧૧. જૈગૂકવિઓ : ૨, ૩(૧); ૧૨. જૈમગૂકરચનાઓ–૧; ૧૩. ડિકેટલૉગભાવિ; ૧૪. દેસુરાસમાળા; ફૂહનામાવલિ; ૧૫. મુપુગૂહસૂચી; ૧૬. રાહસૂચી : ૧; ૧૭. લીંહસૂચી. [૨.૨.દ.]

માણિક્યસુંદર(ગણિ)–૨ [ઈ. ૧૪૫૫માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. રત્નસિંહસૂરિના શિષ્ય. 'ભવભાવનાસૂત્ર-બાલાવબોધ, (૨. ઈ. ૧૪૪૫/સં. ૧૫૦૧, કારતક સુદ ૧૩, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧ ગુસારસ્વતો; ૨. મરાપ્રવાહ; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૨). [૨.૨.દ.]

માણેક/માણેકવિજય : આ નામે ૩૭ કડીની 'નિસાણીસ્તવન', ૬ કડીની 'આદિજિન/આદિનાથ-આરતી' (મુ.), ૧૮ કડીની 'સ્ત્રીના અવગુણની સઝાય'(મુ.), ૬ કડીનું 'સિદ્ધાચલનું સ્તવન'(મુ.), ૭/૯ કડીનું 'પરસનાથ/પાર્શ્વનાથ-સ્તવન'(મુ.), ૮ કડીનું 'સિદ્ધચકનું ચૈત્યવંદન'(મુ.), ૪/૫ કડીનાં ૨ 'જિનસ્તવન', 'અષ્ટકર્મ પ્રવૃત્તિવિચાર', ૯ કડીનું 'પર્યુષણા-સ્તવન' તથા કેટલાક સુભાષિત (મુ.) મળે છે, પરંતુ આ કૃતિઓના કર્તા કયા માણેક/માણેકવિજય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧; ૨. જિનગુણ પદ્યાવલી, પ્ર. શાહ વેણીચંદ સુ., ઈ. ૧૯૨૫; ૩. જિસ્તમાલા; ૪. જૈકાપ્રકાશ : ૧; ૫. જૈકાસંગ્રહ; ૬. જૈરસંગ્રહ; ૭. જૈસસંગ્રહ(જે); ૮. જૈસસંગ્રહ(ન); ૯. પ્રાસપસંગ્રહ; ૧૦. મોસસંગ્રહ; ☐ ૧૧. જૈનયુગ, અષાડ–શ્રાવણ અને બંને શ્રાવણ ૧૯૮૪–'જૂનાં સુભાષિતો' સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. ડિકેટલૉગબીજે; ૨. લીંહસૂચી; ૩. હેજેજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

માણેક્યચંદ્ર : જુઓ મનજી (ઋષિ).

માણેકદાસ [ ] : ૫૨ કડીની 'અજગર-પ્રહ્લાદ-સંવાદ' કૃતિના કર્તા.

સંદર્ભ : ડિકેટલૉગબીજે. [કા.ત્રિ.]

માણેકવિજય–૧ : જુઓ માણિક્યવિજય.

માણિક્યસુંદર(ગણિ)–૨ : **માણેકવિજયશિષ્ય**

માણેકવિજય–૨ [ઈ. ૧૭૬૯માં હયાત] : તપગચ્છના હીરવિજયસૂરિની પરંપરાના જૈન સાધુ. ૧૫ કડીની 'નેમરાજુલની પંદર તિથિ' (૨. ઈ. ૧૭૬૯/સં. ૧૮૨૫, આસો સુદ ૮) તથા ૧૩ કડીના 'ઋષભદેવજિનનું પારણું'(મુ.). એ કૃતિઓના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

માણેકવિજય–૩ [ઈ. ૧૮૧૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ગુલાલવિજયના શિષ્ય. ૧૭ ઢાળની 'સ્થૂલિભદ્રકોશ્યાસંવાદરસવેલિ' (૨.ઈ.૧૮૧૧)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂકવિઓ: ૩(૧). [૨.૨.દ.]

માણેકવિજય(મુનિ)–૪ [ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : આ નામે મળતી 'ચોવીસો' (લે. સં. ૧૭૮૮), ૭ કડીનું 'સીમંધરજિનચૈત્યવંદન/સિમંધરસ્વામીનું સ્તવન'(મુ.) તથા ૭ કડીનું 'સિદ્ધચકનું ચૈત્યવંદન'(મુ)માં રૂપવિજયનો ગુરુ તરીકે ઉલ્લેખ છે.

૫ કડીની 'જ્ઞાનરસપીજોની સઝાય', ૪ ચોકમાં ૧૬/૧૮ કડીની 'નેમિનાથની લાવણી/નેમિરાજુલચારચોક'(મુ.), 'પંચમીતિથિ સ્તુતિ-ચતુષ્ક,(મુ.), 'પુણ્યની સઝાય'(મુ.), ૧૩ કડીનું 'મૌન એકાદશીનાં દોઢસો કલ્યાણકનાં નામનું ચૈત્યવંદન'(મુ.), ૫ કડીનું 'સિદ્ધાચલજીનું સ્તવન'(મુ.) અને ૫ કડીની 'સુણ પ્રાણીડાની સઝાય'(મુ)માં રૂપકીર્તિનો ગુરુ તરીકે ઉલ્લેખ છે તથા ૭ કડીના 'ઋષભજિન-સ્તવન/શત્રુંજય-સ્તવન/સિદ્ધાચલજીનું સ્તવન'(મુ.)માં ગુરુનામ કીર્તિ મળે છે. તપગચ્છનાં જિનવિજય-ઉત્તમવિજય-પદ્મ વિજય-રૂપવિજય(અવ. ઈ. ૧૮૫૪)-કીર્તિવિજય આમ ગુરુપરંપરા મળે છે. આ પરથી માણેકવિજય જિનવિજયની પરંપરામાં રૂપવિજય/રૂપકીર્તિના શિષ્ય જણાય છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જિસ્તકાસંદોહ : ૨; ૩. જિસ્તમાલા; ૪. જૈપ્રાસ્તસંગ્રહ; ૫. બૃકાદોહન : ૭; ૬. મોસસંગ્રહ; ૭. રત્નસાર : ૩; ૮. સિસ્તવનાવલી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજેજ્ઞા-સૂચિ : ૧. [૨.૨.દ.]

માણેકવિજય–૫ [ઈ. ૧૯૦૬ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં કપૂરવિજયના શિષ્ય. ૭ કડીની 'ચૌદ-ગુણઠાણાની ભાષા' (લે.ઈ. ૧૯૦૬)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ]

માણેકવિજય–૬ [ ] : જૈન સાધુ. વિજયરાજસૂરિના શિષ્ય. 'સોમકરણ મણિયાશાનો રાસ'(મુ.)ના કર્તા.

કૃતિ : જિનેન્દ્રગુણપ્રકાશક સ્તવનાદિ સંગ્રહ : ૧, પ્ર. ભોગીલાલ સાકલચંદ, ઈ. ૧૯૩૩. [કી.જો.]

માણેકવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૨૫૩ કડીની 'હરિશ્ચંદ્રપ્રબંધ-રાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણેકવિમલ : જુઓ માણિક્યવિમલ

માધવ/માધવદાસ/માધોદાસ : માધવને નામે કૃષ્ણવિરહના 'સાત વાર'(મુ.), 'કૃષ્ણવિરહના બારમાસ', 'કૃષ્ણનું પારણું', 'કક્કો' (ર.ઈ. ૧૮૧૯/સં. ૧૮૭૫, આસો વદ ૯, મંગળવાર) અને પદો મળે છે, તથા ૨૩ કડીનો 'કલ્યાણજીનો સલોકો' નામે જૈન કૃતિ મળે છે. માધવદાસને નામે મળતી ૧૦ પદનો 'વિઠ્ઠલનાથજીનો વિવાહ'(મુ) ને 'કૃષ્ણરાધાની સોગઠી'(લે.ઈ. ૧૭૯૯) કૃતિઓ માધવદાસ–૨ની હોવાની સંભાવના છે. એ સિવાય આ નામે ૨૬ કડીની 'ગોકુળલીલા'(મુ.), 'શ્રીનાથજી મહારાજના શણગારનું પદ' તથા કેટલાંક પદ(મુ.) મળે છે. માધોદાસને નામે વ્રજમાં રચાયેલાં કૃષ્ણભક્તિનાં પદ(૮ મુ.) મળે છે. આ કૃતિઓના કર્તા કયા માધવ/માધવદાસ/માધોદાસ છે તે નિશ્ચિત રીતે કહી શકાય એમ નથી.

કૃતિ : ૧ ઉદ્ધારધર્મ ભજનસાગર, પ્ર. દ્વારકાદાસ ક. પટેલ (માસ્તર), ઈ.૧૯૨૬; ૨. નવરાત્રિમાં ગાવાના ગરબાસંગ્રહ : ૧, સં. અમરચંદ ભોવાન, ઈ.૧૮૭૬; ૩. નકાદોહન; ૪. પુષ્ટિપ્રસાદી, પ્ર. શ્રી ગોવર્ધન સત્સંગ મંડળ, ઈ. ૧૯૬૬; ૫. ભસાસિંધુ; ૬. શ્રી ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ.૧૯૧૬.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ૩. પ્રાકારૂપરંપરા; ☐ ૪. ગૂહાયાદી; ૫. ફોંહનામાવલિ. [ર.સો.;કી.જો.]

માધવ–૧ [ઈ.૧૫૬૫માં હયાત] : આખ્યાનકાર. 'ચંદ્રહાસ-આખ્યાન' (ર.ઈ.૧૫૬૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી. [ર.સો.]

માધવ–૨ [ઈ. ૧૬૫૦માં હયાત] : પદ્યવાર્તાકાર. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. આ કવિની 'રૂપસુંદર-કથા' ← (ર.ઈ. ૧૬૫૦/સં. ૧૭૦૬, અધિક અસાડ સુદ ૧૨, રવિવાર; મુ.) સમાસપ્રચુર, સંસ્કૃતમય અને આલંકારિક શૈલીમાં ઘેરા શૃંગારને આલેખતી, વિવિધ અક્ષરમેળ છંદોની ૧૯૨ કડીઓમાં લખાયેલી પ્રેમકથા છે. એનું કથાવસ્તુ પરંપરાપ્રચલિત હોવા છતાં એમાં પ્રસંગ અને ભાવના પલટા મુજબ બદલાતા છંદો પરનું કવિનું પ્રભુત્વ, એમાંની સંસ્કૃત કાવ્યસાહિત્યની અસરવાળી ધૃષ્ટ ને પ્રગલ્ભ રસિકતા, ભાષાની સમૃદ્ધિ, કવિત્વપૂર્ણ શૈલી ઇત્યાદિથી આ કૃતિ મધ્યકાલીન સાહિત્યની એક લાક્ષણિક અને નોંધપાત્ર પદ્યવાર્તા ઠરી છે.

કૃતિ : રૂપસુંદરકથા, સં. ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૩૪; ઈ. ૧૯૭૩ (બીજી આ., શ્રી યશવંત શુકલના લેખ સાથે).

સંદર્ભ : ૧.કવિચરિત : ૧-૨; ૨.ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. પાંગુહસ્તલેખો; ☐ ૫. સ્વાધ્યાય, ફેબ્રુ. ૧૯૭૮–'રૂપસુંદર-કથા એક અભ્યાસ', જિતેન્દ્ર કા. વ્યાસ. [ર.સો.]

માધવ(ઋષિ)–૩ [ ] : એમને નામે ૫ કડીનાં અધ્યાત્મ અનુભવનો મહિમા આલેખતાં ૨ પદ(મુ.) મળે છે. એમાં મળતી 'કહે માધવ મુનિ જજ્ઞ, સંત ભાણ પ્રતાપે રે' પંક્તિ પરથી કવિ રવિભાણ સંપ્રદાયની પરંપરાના હોય એમ લાગે છે.

કૃતિ : ૧. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઈ. ૧૯૪૬; ૨. સંતસમાજભજનાવળી : ૨, પ્ર. નાનાલાલ ધ. શાહ,–. [ર.સો.]

માધવ–૪ [ ] : જૈન સાધુ. જ્ઞાનહર્ષના શિષ્ય. ૭ કડીના 'જિનધર્મસૂરિ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ . ઐજૈકાસંગ્રહ. [કી.જો.]

માધવજી [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : 'શારદાના શણગારનો ગરબો' (ર.ઈ. ૧૭૨૦/સં. ૧૭૭૬, ચૈત્ર–૨, સોમવાર;મુ.) તથા 'આશાપુરીનો છંદ' (ર. ઈ. ૧૭૨૭/સં.૧૭૮૩, ચૈત્ર–૧૩, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ.૧૮૯૭; ૨. નવરાત્રિમાં ગાવાના ગરબા સંગ્રહ : ૧, પ્ર. અમરચંદ ભોવાન, ઈ.૧૮૭૬.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફોંહનામાવલિ. [ર.સો.]

માધવદાસ–૧ [ઈ.૧૫૧૧માં હયાત] : રામકબીર સંપ્રદાયના સંતકવિ. પદ્મનાભના પુત્ર હોવાનું કહેવાય છે, પરંતુ એ માટે આધારભૂત રીતે કહેવું મુશ્કેલ છે. તેમણે પદમવાડીમાં બેસી પદ્મનાભનું ચરિત્ર આલેખતો 'પદ્મ-કથા' (ર.ઈ.૧૫૧૧, અંશત: મુ.) ગ્રંથ રચ્યો છે.

કૃતિ : પદ્મનાભપુરાણ, પ્ર. વૈદ્ય જ્યેષ્ટારામ ગો. જોષી, ઈ. ૧૯૧૬.

સંદર્ભ : રામકબીરસંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨. [ર.સો.]

માધવદાસ–૨ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] ખંભાતના પુષ્ટિમાર્ગીય વણિક વૈષ્ણવ કવિ. અવટંક દલાલ. વિઠ્ઠલનાથજી (ઈ.૧૫૧૬–ઈ.૧૫૮૬) સાથે અડેલમાં પ્રથમ મેળાપ તથા સંભવત: ઈ. ૧૫૨૪માં જન્મ અને ઈ. ૧૬૦૪માં મૃત્યુ એ એમનાં જીવન વિશે નોંધાયેલાં વર્ષ પરથી તેમનો આયુષ્યકાળ ઈ.૧૬મી સદી અને ૧૭મી સદી પૂર્વાર્ધ વચ્ચે અનુમાની શકાય.

સંપ્રદાયમાં મોટા માધવદાસ તરીકે ઓળખાતા ને કોમળ વાણીમાં રસીલાં પદોના રચયિતા તરીકે જાણીતા થયેલા આ કવિએ ગુજરાતી અને વ્રજમાં કૃષ્ણલીલાનાં અને વિઠ્ઠલનાથજી ને ગોકુલનાથજીની સ્તુતિ કરતાં ૧૧૫ કડીના 'વ્હાલો ભલે આવ્યા રે' (મુ.), ૧૮ કડીના 'કૃષ્ણસ્વરૂપ'(મુ.) કે ૯ કડીના 'રુકિમણી-વિવાહ'(મુ.) જેવાં ઘણાં પદોની રચના કરી છે.

કૃતિ : ૧. પુષ્ટિપ્રસાદી, પ્ર. શ્રી ગોવર્ધન સત્સંગ મંડળ, ઈ. ૧૯૬૬; ૨. પ્રાકાસુધા : ૨; ૩. બૃકાદોહન : ૬; ૪. શ્રી ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, સં. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ. ૧૯૧૬;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. શ્રી રુક્મિણી વિવાહનાં પદ, પ્ર. પંડ્યાબ્રધર્સ,–;☐ ૬. અનુગ્રહ, એપ્રિલ ૧૯૫૭–'વ્હાલો ભલે આવ્યા'(કાવ્ય), સં. ચિમનલાલ મ. વૈદ્ય (+સં.).

સંદર્ભ : ૧.ગુસારસ્વતો; ૨.ગોપ્રભકવિઓ; ૩. પુગુસાહિત્યકારો; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

માધવદાસ–૩ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. જ્ઞાતિએ વાલ્મીક કાયસ્થ. પિતાનું નામ સુંદરદાસ. અંકલેશ્વરના વતની. પછીથી સૂરતનિવાસી.

આ કવિની 'આદિપર્વ'(૨.ઈ. ૧૬૧૯/સં.૧૬૭૫, આસો સુદ ૧૪, રવિવાર) અને 'દશમસ્કંધ'(૨.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, ભાદરવા વદ ૨, સોમવાર)–એ કૃતિઓનાં રચનાવર્ષોને આધારે કવિ ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધમાં હયાત હતા એમ કહી શકાય.

આ કવિની છૂટક છૂટક પ્રાપ્ત થતી આખ્યાનકૃતિઓ–૨૮ કડવાંનું 'બાણાહરણ'(મુ.), ૧૭ કડવાંનું 'કંસવધ', 'નાગદમણ', ૪૧ કડવાંની 'ભ્રમર-ગીતા', પદબંધ 'રાસ-પંચાધ્યાયી', ૧૭ કડવાંનું 'રુકિમાણીહરણ'(મુ.) તથા 'લક્ષ્મણાહરણ'(મુ.)–એમના 'દશમસ્કંધ'ના જ ભાગરૂપ છે. ૨૪ કડવાંનું 'રામ-ચરિત્ર/કૃષ્ણબલરામચરિત્ર' પણ 'દશમસ્કંધ'નો જ ભાગ હોવાની શક્યતા છે.

'પ્રાચીન કાવ્યસુધા : ૨'માં મુદ્રિત ૨ પદ આ કવિનાં ગણવામાં આવ્યાં છે, પરંતુ વાસ્તવમાં એ પદો માધવદાસ–૨નાં છે.

કૃતિ : બૃકાદોહન : ૮.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧; ☐ ૨. 'ગુજરાત શાળાપત્ર', સપ્ટે. ૧૯૧૧–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ રાવળ; ☐ ૩. ૪. કદહસૂચિ : ૧. ગૂહાયાદી; ૬. ડિકેટલૉગભાજિ. [૨.સો.]

માધવદાસ–૪ [ઈ. ૧૬૮૪માં હયાત] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ શ્રી હરિરાયજીના ભક્ત. 'રાસવિલાસ' (૨.ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૦, માગશર સુદ ૧, શનિવાર; *અંશત: મુ.)ના કર્તા. 'અનુગ્રહ', એપ્રિલ ૧૯૫૭ના અંકમાં 'રાસવિલાસ'ના કર્તા માધવદાસ તથા શ્રીનાથજી સં.૧૭૨૮માં વ્રજ છોડી મેવાડ પધાર્યા ત્યારે એ ઐતિહાસિક પ્રસંગને અનુરૂપ કાવ્ય રચનાર માધવદાસને જુદા ગણ્યા છે, પરંતુ 'પુષ્ટિમાર્ગીય જૂના ગુજરાતી સાહિત્યકારો વિશે કંઈક' બંને માધવદાસને એક ગણતા લાગે છે.

કૃતિ : *અનુગ્રહ, મે ૧૯૫૨–, સં. ચિમનલાલ મ. વૈદ્ય

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐૨. અનુગ્રહ, એપ્રિલ ૧૯૫૭-'વ્હાલો ભલે આવ્યા'(કાવ્ય), સં. ચિમનલાલ મ. વૈદ્ય (+સં.). [૨.સો.]

માધવદાસ–૫ [સં. ૧૭મી સદી ઉત્તરાર્ધ–સં. ૧૮મી સદી પૂર્વાર્ધ]: પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુલનાથના ભક્ત. સુલતાનપુરના વતની. શ્રી ગોકુળનાથના અવસાન (સં. ૧૬૯૭) વખતે તેઓ વિદ્યમાન હતા એમ નોંધાયું છે.

નાના માધવદાસ તરીકે સંપ્રદાયમાં જાણીતા આ કવિએ ગોકુલેશ પ્રભુના ભક્તોની નામાવલિ અને બીજાં ધોળની રચના કરી છે.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો; ☐ ૩. ડિકેટલૉગભાવિ. [૨.સો.]

માધવદાસ–૬ [સં. ૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [૨.સો.]

માધવરામ(મહારાજ)–૧ [જ.ઈ.૧૮૦૩–અવ.ઈ.૧૮૭૮/સં. ૧૯૩૪, માગશર વદ ૩૦, ગુરુવાર] : જ્ઞાનમાર્ગી કવિ. નિરાંતશિષ્ય. જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. વડોદરા તાલુકાના હરણી ગામના વતની. પિતાનું નામ બાપુભાઈ. માતાનું નામ સૂરજબા. વડોદરાની ફત્તેપુરાની ગાદીના સ્થાપક.

તેમનાં વૈરાગ્યબોધનાં ૪ પદો મુદ્રિત રૂપે મળે છે. એમાં 'એકડા'ના ૧ પદમાં એકથી ૧૦ સુધીની સંખ્યામાં જીવશિવના તત્ત્વને આંકડા દ્વારા સમજાવવાનો પ્રયત્ન છે.

કૃતિ : ગુમુવાણી.

સંદર્ભ : ૧. નિરાંત કાવ્ય, સં. ગોપાળરામ ગુરુ દેવશંકર શર્મા, ઈ. ૧૯૩૯; ☐ ૨. ગૂહાયાદી. [કે.દ.]

માધવરામ–૨ [ઈ.૧૮૩૦માં હયાત] : પુષ્ટિમાર્ગીય કવિ. જ્ઞાતિએ બ્રાહ્મણ. અવટંક વ્યાસ. વતન અમદાવાદ. જદુનાથજીના શિષ્ય. આ કવિએ દયારામને ઈશ્વરસંનિધિનો સાચો ઉપાય જાણવા એક પદ્યપત્ર (૨.ઈ. ૧૮૩૦/સં. ૧૮૮૬, માગશર વદ ૭, ગુરુવાર; મુ.) લખેલો એમાં એમનાં શાસ્ત્રજ્ઞતા અને મર્મજ્ઞના પ્રગટ થાય છે.

કૃતિ : પ્રાકાસુધા : ૩ (સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ૩. પુગુસાહિત્યકારો; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

'માધવાનલ કામકંદલાદોગ્ધક-પ્રબંધ'(૨.ઈ.૧૫૧૮ કે ૧૫૨૮/ સં. ૧૫૭૪ કે ૧૫૮૪, શ્રાવણ સુદ ૭, મંગળવાર] : નરસાસુત ગણપતિએ ૧૭ દિવસમાં રચેલી ૮ અંગ અને ૨૫૦૦ દુહામાં વિસ્તરતી આ કૃતિ(મુ.) મધ્યકાલીન વાર્તાપરંપરામાં પુરુષરૂપનો માપદંડ બની ગયેલ માધવાનલ અને કામકંદલાની પ્રેમકથા વર્ણવે છે. વેદવ્યાસના કહેવાથી શુકમુનિનો તપોભંગ કરવા જતાં રતિ અને કામ એમના શાપથી પૃથ્વી પર માધવ અને કામકંદલા રૂપે અવતરે છે. માધવ અમરાવતીમાં બ્રાહ્મણને ત્યાં જન્મે છે, પણ નાનપણમાં એને જક્ષણી ઉપાડી જાય છે અને પછી જ્યાં જાય છે ત્યાં મહિલાઓ એના પ્રત્યે આસક્ત થાય છે તેથી એને દેશવટો મળે છે.

કાંતિનગરમાં શ્રીપતિ શાહને ત્યાં અવતરેલી અને વેશ્યા દ્વારા ઉપાડી જવાયેલી કામા કામાવતી નગરીની રાજસભામાં પ્રવેશ પામે છે પણ પોતાનું શીલ અખંડ રાખે છે. રાજસભામાં પોતાના નૃત્ય વખતે ત્યાં આવી ચડેલા માધવની કલાભિજ્ઞતાથી જિતાયેલી કામા–માધવના અવિનયથી રાજાએ એને દેશવટો આપ્યો હતો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેથી–રાત ગાળવા પોતાને ત્યાં આમંત્રણ આપે છે. એક રાતના ઉત્કટ અનુરાગભર્યા રતિવિલાસનો અંતે જુદાં પડેલાં માધવ અને કામા કેટલાક સમયને અંતે વિક્રમ રાજાની સહાયથી પુનર્મિલન પામે છે.

મંગલાચરણમાં સરસ્વતી અને ગણેશની પણ પહેલાં કામદેવની સ્તુતિ થયેલી છે અને કવિએ અવારનવાર વાક્‌પાટવથી ને દૃષ્ટાંતોના સમર્થન સાથે પ્રગલ્ભતાપૂર્વક સંભોગસુખનો મહિમા ગાયો છે એ આ કૃતિની ધ્યાન ખેંચતી વિલક્ષણતા છે. રસિક-ચતુર વર્ગને સંતોષ આપવા રસરંગ ને બુદ્ધિવિનોદભરી કથા રચવાની કવિની નેમ એટલી સુંદર રીતે પાર પડી છે કે આ કૃતિ મધ્યકાલીન પદ્યવાર્તાસાહિત્યમાં જુદી જ ભાત પાડે છે. ૩ વાર આવતો અને ૨૦૦ જેટલી કડીઓમાં વિસ્તરતો સમસ્યા-વિનોદ મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાં વિરલ એવી વિદગ્ધતા પ્રગટ કરે છે ને મનોવૃત્તિઓ તથા ભાવાવસ્થાઓનાં તાદૃશ, હૃદયંગમ ને કલ્પનાસમૃદ્ધ આલેખનોનો પ્રસ્તાર પણ અસાધારણ કવિત્વનો ઉન્મેષ બતાવે છે. માધવ-કામકંદલા-મિલનપ્રસંગ ૨૦૦ ઉપરાંત કડીઓમાં વિસ્તરે છે અને કામકંદલાની વિરહાવસ્થાનું આલેખન તો કવિએ વૈવિધ્યપૂર્ણ પ્રસંગોના આલેખનથી ૮૦૦ જેટલી કડી સુધી પૂરી રસિકતાથી જમાવ્યું છે. કામકંદલાની વિરહાવસ્થાની બારમાસી ઉપરાંત પુરુષ માધવની વિરહાવસ્થાની તેમ બંનેના ભોગવિલાસની બારમાસી પણ વર્ણવાય છે એ આ કૃતિની વિશેષતા છે.

લૌકિક વૃત્તાંત ધરાવતી આ કૃતિની નિરૂપણશૈલી મહાકાવ્યોચિત ઠાઠવાળી અને વૈધિક પ્રકારની છે. એમાં વેષ, આભૂષણ, સમાજના વર્ગો, મંત્રતંત્ર, ભોજન, આવાસ, ક્રીડાપ્રકાર, દ્રવ્ય-માહાત્મ્ય, વૃક્ષ, કંદ, શાકવ્યંજન, પ્રાણીપક્ષી, હસ્તી-અશ્વ-સુભટ-શિલ્પસામગ્રી-વ્યવસ્થાયીઓયુક્ત સેના વગેરેનાં અનેક વર્ણનો આવે છે, જે ક્યારેક કેવળ નામસૂચિથી, ક્યારેક સ્વભાવોક્તિથી તો ક્યાંક અલંકારછટાથી થયેલાં છે. કવિની સજ્જતા આમાં ને કેટલાક પ્રસંગોએ દૃષ્ટાંત લેખે પોતાનું પૌરાણિક જ્ઞાન પ્રગટ કર્યું છે એમાં ઠેખાઈ આવે છે. આ જ્ઞાનરાશિ, કૃતિની રસસૃષ્ટિની જેમ, સંસ્કૃતની સાહિત્યપરંપરાને કવિએ મુગ્ધકર રીતે આત્મસાત્ કર્યાનું બતાવી આપે છે. [જ.કો.]

માધોદાસ [ઈ.૧૮૩૯માં હયાત] : સૌરાષ્ટ્રમાં લીમડી ગામના વતની. 'કૃષ્ણચરિત્ર'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [૨.સો.]

માન(કવિ) : આ નામે 'જ્યાનંદકેવલી-રાસ', 'આદ્રકુમાર-રાસ' (લે. ઈ. ૧૭૬૩), ૧૮ કડીની 'પુત્ર-સઝાય', ૬ કડીનું 'રોહિણીતપ-ચૈત્યવંદન'(મુ.) તથા ૨ કડીનું સુભાષિત (લે. ઈ. ૧૭૦૩) મળે છે. આ કૃતિઓના કર્તા કયા માન છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈકા-સંગ્રહ.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. રાહસૂચી : ૧; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [૨.૨.દ.]

માન(મુનિ)–૧/માનવિજય [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાનંદસૂરિની પરંપરામાં શાંતિવિજયના શિષ્ય. આ કવિની કૃતિઓ આ મુજબ છે :

હેમચંદ્રસૂરિકૃત ૩૪૨૫ ગ્રંથાગ્રની કૃતિ પર ૩૬૦૦ ગ્રંથાગ્રનો 'ભવભાવના-બાલવબોધ'(૨.ઈ. ૧૬૬૯), ૨૧ કડીનું ટબાસહિત 'સુમતિકુમતિ (જિનપ્રતિમા)–સ્તવન' (૨.ઈ. ૧૬૭૨), ૧૭ કડીનો 'ગુરુતત્ત્વપ્રકાશ-રાસ'(૨.ઈ. ૧૬૭૫;મુ.), ૧૪ ઢાળ અને ૭૫ કડીનું 'તત્ત્વવિચારબોધકસપ્તનયવિચારગર્ભિત-સ્તવન/સપ્તનયવિવરણરાસ' (૨.ઈ. ૧૬૭૫ આસપાસ;મુ.), ૧૩૫૮ સર્વગ્રંથાગ્રનો 'નવતત્ત્વપ્રકરણ-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૭૯), 'ઉત્તરાધ્યયનસૂત્ર-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૮૩/સં. ૧૭૪૧, પોષ સુદ ૧૩), ૧૦ કડીની 'આઠ મદની સઝાય'(મુ.), ૪ ઢાળનું 'આદિનાથસ્તવન', ૨૫ કડીનું ૪ ઢાળમાં વિભાજિત 'આંબિલતપશ્રીસિદ્ધચક્રસ્તવન' (મુ.), ૮૫ કડીનું 'ગુણસ્થાનગર્ભિત શાંતિનાથવિજ્ઞપ્તિરૂપસ્તવન', 'ચોવીશ જિનનમસ્કાર', 'ચોવીશી'(મુ.), ૩૦ કડીનો 'નમસ્કાર-છંદ'(મુ.), ૫૬ કડીની 'નમસ્કાર-સઝાય', 'પચ્ચકખાણસઝાય', ૯ કડીની 'પાર્શ્વનાથસ્થવિર-સઝાય', ૩૩ 'ભગવતીસૂત્રની સઝાયો/સઝાયસંગ્રહની પોથી'(મુ.–આમાંની કેટલીક સઝાયો સ્વતંત્રરૂપે પણ મુદ્રિત છે.), ૧૭ કડીની 'માર્ગાનુસારી ગુણની સઝાય'(મુ.), ૬ ઢાળ ને ૫૩ કડીનું 'મોહરાજકથાગર્ભિત જિનને વિનતિરૂપ મહાવીરજિન-સ્તવન'(મુ.), ૧૧ કડીની 'શ્રાવકના એકવીશગુણની સઝાય'(મુ.), ૫૬ કડીની 'શ્રાવકના બારવ્રતની સઝાય'(મુ.), ૧૭ કડીની 'શ્રી-સઝાય', ૭ કડીની 'સાધુગુણ-૨૧સઝાય' તથા સંસ્કૃતગ્રંથ 'ધર્મસંગ્રહ'.

કૃતિ : ૧. ઉપદેશમાળા પ્રકરણ, પ્ર. જૈન શ્રેયસ્કર મંડળ, ઈ. ૧૯૦૯; ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. જિસ્તકાસંદોહ: ૨; ૪. જૈકા-સંગ્રહ; ૫. જૈગૂસારત્નો : ૧; ૬. જૈસંગ્રહ; ૭. જૈસસંગ્રહ(જે); ૮. જૈસસંગ્રહ(ન); ૯. નસ્વાધ્યાય; ૧૦. મોસસંગ્રહ; ☐ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ, મે ૧૯૧૭–'સાતનયનો રાસ', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. ઓરાસંગ્રહ : ૩; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઇતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો; ☐ ૬. આલિસ્ટઑઈ : ૨; ૭. કેટલૉગગુરા; ૮. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૯. જૈહાપ્રોસ્ટા; ૧૦. રિકેટલૉગબીજે; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી; ૧૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માન(મુનિ)–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. નવલઋષિના શિષ્ય. ૪૨ કડીની 'સંયોગ-બત્તીસી' (૨.ઈ. ૧૬૭૫/સં. ૧૭૩૧, ચૈત્ર સુદ ૬), હિન્દીમિશ્રા ગુજરાતીમાં રચાયેલી ૧૨૬ કડીની 'જ્ઞાનરસ' (૨.ઈ. ૧૬૮૩/સં. ૧૭૩૯, આનંદ માસ–) તથા 'સવૈયામાન-ભાવની'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનચંદ્ર : જુઓ મહિમસિંહ.

માનચંદ્ર : આ નામે ૨૨ કડીનું 'ભાવિચોવીસી-સ્તવન' (લે.ઈ. ૧૮૧૯) તથા ૨૨ કડીની 'પ્રસન્નચંદ્રરાજર્ષિની સઝાય'(મુ.) મળે છે. આ માનચંદ્ર કયા તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ષટદ્રવ્યનયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. મંગળદાસ લલ્લુભાઈ, સં.૧૯૬૯.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માનચંદ્ર-૧ [ઈ. ૧૫૭૦માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. ૮ કડીની 'પાર્શ્વચંદ્ર-સઝાય'ના કર્તા.

સમરચંદ્ર પછી પાટે આવેલા રાયચંદ્રના આચાર્ય પદપ્રાપ્તિના મહોત્સવ (ઈ.૧૫૭૦/સં.૧૬૨૬, વૈશાખ સુદ ૯)માં આ માનચંદ્ર ઉપસ્થિત હતા તેવું જયચંદ્રગણિકૃત 'રસરત્ન-રાસ' પરથી સમજાય છે.

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૧; ☐ ૨. શ્રી પાર્શ્વચંદ્રગચ્છ ટૂંક રૂપરેખા; પ્ર. જૈન લટીર્સીંગ સારસ્વતીસભા, સં. ૧૯૯૭; ☐ ૩. જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

માનદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

માનપુરી/મનાપુરી [ ] : ગોસાંઈ બાવો હોવાની શકયતા છે. ૧૯ કડવાંએ અધૂરા મળતા 'ઉષાહરણ/ઓખાહરણ' (૨.ઈ. ૧૬૯૪. અનુ.)ના કર્તા. 'કૃષ્ણલીલાનાં પદો' પણ આ માનપુરીનાં હોવાની શકયતા છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ફાત્રૈમાસિક, એપ્રિલ–જૂન ૧૯૩૭–'વીરસિંહકૃત ઉષાહરણ', સં. ભોગીલાલ જ. સાંડેસરા; ☐ ૪. કદહસૂચિ; ૫. ગૂહાયાદી; ૬. ડિકેટલૉગભીજે. [શ્રા.ત્રિ.]

માનબાઈ [ ] : પદોનાં કર્તા. તેમને નામે મુદ્રિત રૂપે મળતાં ૩ પદમાં ૨ પદો નરસિંહની ગણાતી કૃતિ 'ઝારીનાં પદ'માંનાં જ છે.

કૃતિ : ૧. ઉદાધર્મ ભજનસાગર; પ્ર. દ્વારકાદાસ ક. પટેલ, ઈ.૧૯૨૬; ૨. નકાદોહન : ૪; ૩. બૃકાદોહન : ૭.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. સમાલોચક, એપ્રિલ–જૂન ૧૯૦૮–'ગુજરાતી જૂની કવિતા', સં. છગનલાલ વિ. રાવળ; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

માનવિજય : આ નામે ૬૨૫ કડીની સ્વોપજ્ઞસ્તબક સહિત 'આગમપ્રેરણારૂપ-સઝાય' (૨.ઈ. ૧૬૭૮), ૪ કડીની 'ઋષભજિન-સ્તુતિ', 'ચૈત્યવંદન', ૧૨ કડીનું 'જિનપૂજાફલ-સ્તવન', ૪ કડીની 'પર્યુષણ-સ્તુતિ'(લે. ઈ. ૧૮૧૩;મુ.), ૬૦ ગ્રંથાગ્રની 'પંચબાણ-સઝાય' (લે. ઈ. ૧૮૨૬), ૬૧ કડીનું બાલાવબોધ સહિતનું 'પ્રતિભાસ્થાપન-સ્તવન', 'સામયિકદોષ-સઝાય' તથા ૫ કડીનું 'સીમંધરજિન-સ્તવન' (લે.ઈ. ૧૮૧૩) મળે છે.

આ ઉપરાંત ઉપાધ્યાય અને વાચકની પદવી ધરાવતા માન-વિજયને નામે ૫ કડીની 'અધ્યાત્મશ્રીઋષભદેવ નમસ્કાર'(મુ.), ૫ કડીનું 'ગૌતમસ્વામીનું પ્રભાતિયું'(મુ.) તથા ૧૧ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય'(મુ.) તથા માનવિજય પંડિતના નામે ૪ કડીની 'નવતત્ત્વ-સ્તુતિ'(મુ.) મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા માનવિજય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. જૈકાપ્રકાશ : ૨; ૩. દેસ્તસંગ્રહ; ૪. પ્રાનઃસ્મરણ, પ્ર. પોપટલાલ સા. શાહ, ઈ. ૧૯૩૧; ૫. સસન્મિત્ર.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. આલિસ્ટ-ઑઈ : ૨; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માનવિજય-૧ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં જયવિજયના શિષ્ય. ૭૦૦ ગ્રંથાગ્રના 'શ્રીપાલ-રાસ'(૨.ઈ. ૧૬૪૬/૧૬૪૮/સં.૧૭૦૨/૪, આસો સુદ ૧૦, સોમવાર), 'સ્થૂલિભદ્ર-કોશા-બારમાસ ઢાળો' (૨.ઈ. ૧૬૪૯), 'નવતત્ત્વનો રાસ'(૨.ઈ. ૧૬૫૨/સં.૧૭૧૮, વૈશાખ સુદ ૧૦) તથા ૨૮ કડીની 'નેમિનાથ-બારમાસ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : પ્રામબાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

માનવિજય-૨ [ઈ.૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહની પરંપરામાં રત્નવિજયના શિષ્ય. 'દ્વાદશભાવના' (૨.ઈ. ૧૬૪૭), 'અંજનાસુંદરી-સઝાય'(૨.ઈ. ૧૬૬૦),૬ ઉલ્લાસ, ૯૨ ઢાળ અને ૩૮૯૨ કડીની 'વિક્રમાદિત્ય-ચરિત્ર/વિક્રમાદિત્ય પંચદંડ-ચોપાઈ/લીલાવતી(વિક્રમપત્ની)-રાસ'(૨.ઈ. ૧૬૬૬/સં. ૧૭૨૨, પોષ સુદ ૮, બુધવાર), ૪૨ કડીની 'ચંદ્રોદય-સઝાય' (૨. ઈ. ૧૬૮૨), 'નવપદ-સ્તવન' વગેરે કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો : ૩. જૈસા-ઈતિહાસ; ૪. જૈનરાસમાળા (પુરવણી), સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ.૧૯૧૪; ☐ ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. લીંહસૂચી. [૨.૨.દ.]

માનવિજય(પંડિત)-૩ [ઈ. ૧૬૭૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં સકલવિજયના શિષ્ય. ૩ ઢાલ અને ૩૨ કડીની 'ગુણઠાણાવિચાર-બત્રીસી' (૨.ઈ. ૧૬૭૮/સં. ૧૭૩૪, મહા સુદ ૧૫; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રવિસ્તસંગ્રહ. [૨.૨.દ.]

માનવિજય-૪ : જુઓ માન(મુનિ)–૧.

માનવિજય-૫ [ઈ. ૧૬૮૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં કીર્તિવિજયવાચકના શિષ્ય. ૩ ઢાળની 'દસ ચંદરવાની સઝાય' (૨.ઈ. ૧૬૮૨/સં.૧૭૩૮,–વદ ૧૦, બુધવાર;મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી'માં શાંતિવિજયશિષ્ય માનવિજયને નામે નોંધાયેલી 'ચંદ્રઆ-સઝાય' આ માનવિજયની હોવાની સંભાવના છે.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

માનવિજય–૬ [ઈ.૧૭૨૨માં હયાત] : જૈન સાધુ. વિજયમાનસૂરિના રાજ્યકાળમાં ગુણવિજયના શિષ્ય. ૩ ઢાળ ને ૪૮ કડીનું 'અષ્ટકર્મ-સ્તવન'(૨.ઈ. ૧૭૨૨;મુ.) તથા 'નવતત્ત્વપ્રકરણ-બાલાવબોધ'ના કર્તા.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જુલાઈ-ઑગસ્ટ ૧૯૪૬–'અષ્ટકર્મ સ્તવન', સં. જયંતવિજયજી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ]

માનવિજય–૭ [ઈ. ૧૭૨૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરાના સાધુ. ૪ ઢાળ અને ૪૩ કડીની 'ઝાંઝરિયામુનિની સઝાય' (૨.ઈ. ૧૭૨૫/સં. ૧૭૮૧, શ્રાવણ સુદ ૩, સોમવાર;મુ.)ના કર્તા.

કૃતિ : સજ્ઝાયમાળા(પં). [૨.૨.દ.]

માનવિજય–૮ [ઈ. ૧૭૯૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયરાજસૂરિની પરંપરામાં કપૂરવિજયના શિષ્ય. 'ગજસિંહકુમાર-રાસ' (૨.ઈ. ૧૭૯૭/સં. ૧૮૫૩, ફાગણ સુદ ૨) તથા 'માનતુંગ-માનવતી-રાસ'ના કર્તા.

'ગજસિંહકુમાર-રાસ' 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', 'ગુજરાતના સારસ્વતો' તથા 'મધ્યકાલીન રાસસાહિત્ય'માં 'રાજસિંહકુમાર-રાસ'ના નામે ઉલ્લેખાયેલ છે, જે 'જૈન ગૂર્જર કવિઓ': ૩(૧)'માં થયેલી ભૂલનું પરિણામ છે. ખરેખર તે 'ગજસિંહકુમાર-રાસ' જ છે.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઇતિહાસ; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧)૨; ૬. ડિકેટલૉગભાઈ : ૧૯(૨). [૨.૨.દ.]

માનવિજય–૯ [ ] : તપગચ્છના જૈન સાધુ. દેવવિજય ઉપાધ્યાયના શિષ્ય. ૯ કડીના 'નેમિ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, અષાઢ–શ્રાવણ ૧૯૮૬–'માનવિજયકૃત અને ભાવવિજયકૃત નેમિસ્તવન', મોહનલાલ દ. દેશાઈ. [૨.૨.દ.]

માનવિજય–૧૦ [ ] : જૈન સાધુ. હર્ષવિજયના શિષ્ય. ૪ કડીની 'એકાદશીની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ: ૨. સસન્મિત્ર. [૨.૨.દ.]

માનવિજયશિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૪ કડીની 'સિદ્ધચક્રચૈત્યવંદન-સ્તુતિ'(લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

માનસાગર : આ નામે ૩૯ કડીની 'લીલાવતી રાણીની ઢાલ' (લે. ઈ. ૧૭૬૭) મળે છે તે કયા માનસાગરની છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ડિકેટલૉગભાવિ. [૨.૨.દ.]

માનસાગર–૧ [ઈ. ૧૬૧૩માં હયાત] : જૈન સાધુ. 'ચોવીસજિન-દેવદેવીસહિત-સ્તુતિ' (૨.ઈ.૧૬૧૩)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માનસાગર–૨ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં બુદ્ધિસાગરના શિષ્ય. છપ્પાબંધમાં ૧૬ કડીની 'ગુરુ-સઝાય'(૨.ઈ. ૧૬૫૨થી ૧૬૭૨ વચ્ચે)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

માનસાગર–૩ [ઈ.૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિદ્યાસાગરની પરંપરામાં જિતસાગરના શિષ્ય. ૧૫૦૦ ગ્રંથાગ્ર અને ૫૨ ઢાળની 'વિક્રમસેનકુમાર-ચોપાઈ/વિક્રમાદિત્યસુત વિક્રમસેન-ચોપાઈ'(૨.ઈ.૧૬૬૮/સં. ૧૭૨૪, કારતક–), 'સુરપતિ-ચોપાઈ'(૨.ઈ. ૧૬૭૩), ૭ ઢાળની 'અષાઢભૂતિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૭૪/૧૬૮૦), ૨૫ કડીની ચોપાઈબદ્ધ 'આર્દ્રકુમારઋષિ-સઝાય'(૨.ઈ.૧૬૭૫/સં. ૧૭૩૧, માગશર–;મુ.), ૯ ઢાળની 'કાન્હડ કઠિયારા-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૬૯૦;મુ.) તથા ૧૬ ઢાળની 'સિંહલકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૯૨/સં.૧૭૪૮, ફાગણ સુદ ૫) તથા ૬૭ કડીનું 'સુભદ્રાસતીચોઢાલિયું'(૨.ઈ. ૧૭૦૩)ના કર્તા.

કૃતિ : ૧. કાન્હડ કઠિયારાનો રાસ, પ્ર. સવાઈભાઈ રાયચંદ, ઈ. ૧૮૯૯; ☐ ૨. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૩–'મુનિશ્રી માનસાગરજી વિરચિત 'સિંહલકુમાર ચોપાઈ'નો પરિચય', કાંતિસાગરજી; ☐ ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૫. ડિકેટલૉગભાવિ; ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

માનસિંહ(પંડિત)–૧ [ઈ. ૧૫૮૨માં હયાત] : જૈન સાધુ. 'અષાઢ ભૂતિ ધમાલ-રાસ' (૨.ઈ.૧૫૮૨)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કો.જો.]

માનસિંહ–૨ : જુઓ મલિમસિંહ.

માનસિંહ–૩ [ઈ. ૧૭૭૯માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. કરમશીના શિષ્ય. ૪ ઢાળ ને ૫૨ કડીની 'કલાવતીની સઝાય/કલાવતીનું ચોઢાલિયું'(૨.ઈ. ૧૭૭૯/સં.૧૮૩૫, શ્રાવણ સુદ ૫; મુ.)ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ'માં આ કર્તા ભૂલથી માલસિંહ નામે નોંધાયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. જૈસમાલા(શા.) : ૧; ૨. સજ્ઝાયમાલા(શ્રા.) : ૧.
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.૬.]

માનો [ઈ. ૧૭૦૫ સુધીમાં] : 'ટપૂહરિયાલી' (લે.ઈ.૧૭૦૫) નામની કૃતિના કર્તા. આ કૃતિ **ભોલેરામ**ને નામે પણ નોંધાયેલી છે. જુઓ **ભોલેરામ**.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨૬.]

માનોદાસ | | : ભુજંગી છંદમાં રચાયેલ 'અંબિકાષ્ટક'ના કર્તા.
સંદર્ભ : ૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૫; ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વ-વિચાર, નિપુણ ઈ. પંડ્યા, ઈ. ૧૯૬૮. [શ્રા.ત્રિ.]

મામલિયા/સામલિયા–સુત : 'મસ્તકપૂજા'(મુ.)ના કર્તા. ભવાઈના 'કજોડાનો વેશ'માં આ પ્રસંગ મળે છે. વડનગરની નાગર યુવતીએ કજોડાના દુ:ખને લીધે મસ્તકપૂજા કરી એવો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. આ પ્રસંગકથા અલગ હસ્તપ્રત રૂપે પણ ઉપલબ્ધ થાય છે. મુદ્રિત પ્રસંગકથામાં ક્યાંક કૃતિના કર્તા તરીકે મામલિયાસુત ભાણજીનું નામ મળે છે, પરંતુ અન્યત્ર વીરમદે એવું કર્તાનામ પણ મળે છે. 'ગુજરાતી લાથપ્રતોની સંકલિત યાદી'માં લીઆસુત ભીમને નામે આ કૃતિ નોંધાયેલી છે.
કૃતિ : ૧. ભવાઈસંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ, ઈ. ૧૮૯૪ (ચોથી આ.); ૨. ભવાની ભવાઈપ્રકાશ, સં. હરમણિશંકર ધ. મુનશી, ઈ.–; ૩. ભવાઈના વેશની વાર્તાઓ, સં. ભરતરામ ભા. મહેતા, ઈ. ૧૯૬૪; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકેટલૉગભીંજ. [શ્રા.ત્રિ.]

'મામેરું'–૧ [લે.ઈ.૧૭૪૭] : અજ્ઞાત કવિકૃત ૪ કડવાં અને ૨૧૭ કડીની આ કૃતિ(મુ.) કુંવરબાઈના મામેરાના પ્રસંગને પરંપરાગત રીતે ને સંક્ષેપમાં રજૂ કરે છે, પરંતુ થોડીક નવતર માહિતીને કારણે ધ્યાનપાત્ર બને છે. 'એક પુત્રીનો પરિવાર' એટલે કે નરસિંહને પુત્ર ન હોવો, પુત્રીનું નામ સુરસેના, તે ૯ વર્ષની થતાં નવાનગરના વિશ્વનાથ ભટ્ટના પુત્ર ગોપાલ સાથે તેનું લગ્ન, સુરસેનાને ઓરમાન મા હોવી એટલે કે નરસિંહ બીજી વાર પરણ્યાનો નિર્દેશ–પરંપરામાં ન મળતી આ હકીકતો છે; જો કે મીરાંના મનાતા 'નરસિંહરા માહ્યરાં'માં નરસિંહ બીજી વાર પરણ્યાનો ઉલ્લેખ આવે છે. ભગવાન દોશી રૂપે આવ્યા ત્યારે તેની સાથે કુબેર પણ હતા, જેમણે ધનની ગુણ વાપરવા માટે આપી એવું પણ અહીં નિરૂપણ છે. કૃતિની ભાષા પરથી કવિ પ્રેમાનંદના પુરોગામી એટલે ઈ. ૧૭મી સદી મધ્યભાગમાં થયા હોવાનું અનુમાન થયું છે. મંગલાચરણમાં 'કમલાપતિ'નું સ્મરણ કરતા કવિ **જૈનેતર** હોવાનું સમજાય છે.
કૃતિ : ગુજરાતી સાહિત્યપરિષદ, ૨૮મું અધિવેશન, ઈ.૧૯૭૬–'અજ્ઞાતકૃત કુંવરબાઈનું મામેરું', સં. કનુભાઈ વ્ર. શેઠ. [શ્રા.ત્રિ.]

'મામેરું'–૨ : સ્વજીવનના પ્રસંગન વિષય તરીકે લઈ 'મામેરું' શીર્ષકથી આત્મચરિત્રાત્મક ૨૦/૨૫ પદની પદમાળા(મુ.) નરસિંહને નામે મળે છે. ઈશ્વરની ભક્તવત્સલતાનો મહિમા ગાવા કવિએ આ કૃતિ રચી હોય એમ મનાય છે. નરસિંહની પુત્રી કુંવરબાઈને સીમંત આવ્યું તે વખતે ઈશ્વરે મામેરું પૂરી નિર્ધન નરસિંહને કેવી સહાય કરી એ ચમત્કારિક પ્રસંગ એનો મુખ્ય વિષય છે. વેવાઈને ઘરે નરસિંહની નિર્ધન સ્થિતિની ઉડાવવામાં આવતી કેકડી, નરસિંહની ભક્તિની મજાક કરવાના પ્રયત્નો ઇત્યાદિના આલેખનથી કૃતિમાં **ભક્તિ**રસની સાથે બીજા રસ પણ ભળે છે.
'હારમાળા'ની જેમ આ કૃતિના નરસિંહકર્તૃત્વ વિશે પણ વિદ્વાનોમાં શંકા પ્રવર્તે છે. જયંત કોઠારીએ મધ્યકાલીન ગુજરાતી કવિતામાં **મામેરા**વિષયક અન્ય કવિઓની કૃતિઓ સાથે તુલના કરી એવું પ્રતિપાદિત કર્યું છે કે આ કૃતિનું કર્તૃત્વ નરસિંહનું હોવાની સંભાવના ઓછી છે. [જ.ગા.]

'મામેરું'–૩ [૨.ઈ.૧૬૮૩/સં.૧૭૩૯, આસો સુદ ૯, રવિવાર] : પ્રેમાનંદકૃત આખ્યાન. પંદરમા સૈકામાં થઈ ગયેલા ભક્ત નરસિંહ મહેતાના જીવનમાં ભીડના પ્રસંગોએ ભગવાને સહાય કર્યાની પુરાકલ્પ-કથાઓ(મિથ) અનેક કવિઓને મુખે ગવાઈ છે. કુંવર-બાઈને સીમંતનો પ્રસંગ આવ્યો ત્યારે ભગવાન દામોદર દોશી બનીને બધી સામગ્રી લઈ આવી મામેરું રૂડી રીતે પાર પાડી આપે છે તે કથા 'મામેરું'(મુ.) આખ્યાનનાં ૧૬ કડવાંની ૬૦૨ પંક્તિઓ (કૃતિ રચ્યા પછી સોળ વરસે લખાયેલી હસ્તપ્રત ઉપરથી ચૈતન્યબાળા દિવેટિયા સંપાદિત આવૃત્તિ)માં પ્રેમાનંદે નિરૂપી છે.
નરસિંહનાં મનાતાં 'આત્મચરિતનાં પદો'માં આ કથાનું માળખું મળે છે (એ પદો નરસિંહનાં ન ઠરે તો પણ મરાઠી 'ચી' પ્રત્યય અને 'વિસારિલા' જેવા ક્રિયારૂપને લીધે કોઈ જૂના, અભિવ્યક્તિનો પ્રભાવ જોતાં, નરસિંહ જેવા મોટા કવિની રચના જરૂર લાગે છે.). મરાઠીમાં નરસિંહ મહેતાચરિત્ર નામદેવને નામે ચઢેલું મળે છે. પણ નામદેવ એકાદ સૈકા વહેલા થઈ ગયા છે. મીરાંબાઈના નામે 'નરસિંહરા માહ્યરા' કૃતિ નોંધાઈ છે. સોએક વરસ પછી વિષ્ણુદાસ આ પ્રસંગમાં રહેલી કાવ્યની શક્યતાઓ જરાતરા ખીલવીને કુંવરબાઈનું 'મોસાળું' આપે છે. તે પછી કૃષ્ણદાસ, ગોવિંદ, તુલસીદાસ, મોતીરામ અને વિષ્ણુએ પણ આ પ્રસંગને આલેખ્યો છે. પ્રેમાનંદે કાવ્યરસભરી કૃતિ 'મામેરું' ઈ.૧૬૭૯માં આપી તેની ૨૭ વરસ પૂર્વે ઈ.૧૬૫૨માં વિશ્વનાથ જાનીએ પ્રેમાનંદની સાથે કયાંકકયાંક સરસાઈ ભોગવે એવું 'મોસાળાચરિત્ર' આપ્યું છે.
મધ્યકાલીન કવિઓ પોતાની અગાઉના કવિઓમાંથી કથા-ઘટકો, પ્રસંગો, વીગતો, પંક્તિઓ સુદ્ધાં વિનાસંકોચે સ્વીકારે છે તેમ પ્રેમાનંદ પણ લે છે, પણ તેમની પ્રતિભાનો સ્પર્શ હંમેશાં વરતાઈ આવે છે. મહેતાની માંગીતાગી વહેલનાં વિષ્ણુદાસ, ગોવિંદ, વિશ્વનાથનાં વર્ણન કરતાં પ્રેમાનંદનું વર્ણન ચૂભહ્રૂપણામાં નોખું તરી આવે છે. ગૃહસ્થની નિર્ધનતા અને મા વગરની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીકરી ઉપરની અગાઉના જેવી પદ્યકંડિકાઓ પ્રેમાનંદ પણ યોજે છે. ઊકળતાં પાણીમાં સમોવણ ઉમેરવાનો પ્રસંગ, મામેરા માટે વીગતે યાદી, ભગવાનનું દોશી રૂપે આગમન, સ્ત્રીઓનું તેમ જ તેમને મળેલાં વસ્ત્રો-આભૂષણોનું રમતિયાળ નામસંકીર્તન, અરે, છેક છેલ્લે નણંદની દીકરી નાનબાઈ માટે આકાશમાંથી પડેલું વસ્ત્ર—એ બધું અગાઉ કરતાં વધુ સજીવ, આખી કૃતિ સાથે સપ્રમાણતાથી સમરસ બનેલું જોવા મળે છે.

ભાભીએ કઠણ વચન કહ્યું અને મહેતો વનમાં ગયા, તપસ્યા કરી અને શ્રીકૃષ્ણગોપીનાં રાસનાં દર્શન પામ્યાં તેનો ઉલ્લેખ ગોવિંદ કૃતિને અંતે કરે છે, તો વિશ્વનાથે 'મોસાળાચરિત્ર'નાં ૨૩ કડવાં પૂર્વે ૧૭ કડવાં વિસ્તૃત નરસિંહચરિત્રનાં આપ્યાં છે. પ્રેમાનંદે આરંભમાં ૨ કડવાંમાં નરસિંહને તપસ્યાના પરિણામે થયેલા અખંડ રાસનાં દર્શનની અને દુ:ખવેળાએ સંભારવાથી તત્કાળ 'હું ધાઈ આવીશ' એવાં કૃષ્ણનાં વચનની કથા ટૂંકમાં આપી કાવ્યની ભૂમિકા રચી છે. પૂર્વાર્ધ વડસાસુએ કરાવેલી મામેરા માટેની ગંજાવર યાદી પછી કુંવરબાઈના 'ડોશીએ ડાટ વાળ્યો રે' એવા સાતમા કડવાના આક્રંદ સુધી ચાલે છે. અને ઉત્તરાર્ધ તે પછી એ જ કડવામાં આવતા નરસિંહના આતંક-રહિત સરળ સહજ ઉદ્‌ગાર 'ડોશીએ સારું કીધું રે'થી આરંભાય છે. "પિતાજી, તમે ગામ પધારો, આંહાં રહ્યે ઈજ્જત જાશે રે". મહેતાજી કહે : "મારી પુત્રી, રહેજે તું વિશ્વાસે રે—ડોશીએ સારું કીધું રે." શ્રદ્ધા, આસ્થા, પ્રતીતિ એવા ભારેખમ શબ્દને બદલે કવિ સાદો 'વિશ્વાસ' શબ્દ વારંવાર (આખી કૃતિમાં અગિયાર વાર) યોજે છે. વિશ્વાસના મૂલ્યને નરસિંહના અને ઈજ્જત (લોક-નામના)ના મૂલ્યને કુંવરબાઈના માધ્યમ દ્વારા ઉઠાવ આપવામાં આવ્યો છે અને 'વિશ્વાસ હૃદયમાં' આણી કુંવરબાઈ કસોટીમાં પસાર થાય છે તેમતેમ એ જુએ છે કે ઈજ્જત પણ જળવાવાની હોય તો વિશ્વાસ દ્વારા જળવાય છે અને પ્રભુમાં વિશ્વાસ રાખનારનો ઉપહાસ કરનારાં — નાગરી નાત, ખાસ તો સાસરિયાં — પોતે ઉપહસનીય બની રહે છે. યાદીમાં "એ લખ્યાથી અધિક કરશો તો તમારા ઘરની લાજ, વહુજી" એમ વડસાસુ બોલેલાં. પણ પછી કુંવરબાઈનો કહેવાનો વારો આવે છે : "જો લખ્યા થકી આશા હોય ઘણી, તે માગી લો બાઈ પહેરામણી."

કૃતિના આરંભની ૪ લીટીમાં બે વાર 'મામેરું મહેતા તણું' એ રીતે એનો ઉલ્લેખ છે, પણ આપણી વાઙ્મય પરંપરામાં એને 'કુંવરબાઈનું મામેરું' એવી સંજ્ઞા મળી દેખાય છે તે સાર્થક છે, એ અર્થમાં કે કૃતિને રસથી ભરી દેવામાં મહા સુદ છઠ ને શનિવારના મધ્યાહ્નથી સાતમ ને રવિવારની સાંજ સુધીની કુંવરબાઈની કરુણ મથામણો—મૂંઝવણો (જે 'સાધુ બાપને દુ:ખ દેવાને મારે સીમંત [શાને] આવ્યું' એ ઉદ્‌ગારમાં કરુણની પરાકોટીએ પહોંચે છે)નો ફાળો સૌથી વધુ છે. નરસિંહનું ચરિત્ર નિર્લેપ (દામોદર દોશી વિદાય થયા પછી નાનબાઈના પ્રસંગ વખતે તે કહી છૂટે છે, 'એક તાંતણો હુંથી ન મળે') અને અક્ષુણ્ણ મહિમાવાળું ઊપસે છે.

'મામેરું'માં પ્રેમાનંદનો શૈલો અપૂર્વ લાઘવયુક્ત છે. દૃઢબંધ રચના, ઘરેળુ સરળ રસદ્યોતક ભાની, સમકાલીન ગુજરાતી સમાજનાં તાદૃશ ભાતીગળ છબી, હરીસરખા ગૌરવભંગ પ્રસંગ સાંસારિક કટોકટીમાં પસાર થતા (પાર ઊતરના નહીં, કેવળ નિર્મમપણે સહજ પસાર થતા), સૌ વચ્ચે ઊભા રહીને શંખ ફૂંકતા નરસિંહની બ્રહ્મખુમારીની આભા—કવિ પ્રેમાનંદની આ ખરેખર 'મનમૃદા'ભરી રચના છે તેની પદેપદે સાક્ષી પૂરે છે.

[ઉ.જો.]

'મારુઢોલાનાં ચોપાઈ' (ર.ઈ. ૧૫૬૧/સં. ૧૬૧૭, વૈશાખ સુદ ૩, ગુરુવાર] : કુશલલાભ—૧ની દુહા-ચોપાઈની આશરે ૪૦૦ કડી તથા 'વાત' નામક ગદ્યમાં રચાયેલી આ કૃતિ(મુ.) રાજસ્થાનના એક અત્યંત લોકપ્રિય કથાનકને આલેખે છે.

રાજકુમાર ઢોલા સાથે જેનું લગ્ન થયું છે તે મારુવણી નાની હોવાથી તેને સાસરે મોકલવામાં આવતી નથી. દરમ્યાન ઢોલો માલવણી નામની બીજી કન્યાને પરણે છે. સમય જતાં યૌવનમાં આવેલી મારુવણી ઢોલા માટે ઝૂરે છે, પણ માલવણી તેને ઢોલા સુધી પહોંચવા દેતી નથી. છેવટે ઢોલાને સંદેશો મળતાં તે મારુવણીના નગરમાં જઈ તેને મળે છે. પાછા આવતાં મારુવણીને સાપ કરડે છે પણ કોઈ યોગી એને સજીવન કરે છે. ઢોલા, મારુવણી અને માલવણીના સુખપૂર્વક સહજીવન સાથે કૃતિનો અંત આવે છે.

રાજસ્થાનનાં વિરહપ્રેમના અત્યંત ઉત્કટ અને તાજગીભર્યા ઉદ્‌ગારો સમા ઢોલા—મારુના દુહા ખૂબ જાણીતા છે. આ કવિએ પોતાના દુહામાં એ પ્રચલિત સાહિત્યનો લાભ ઉઠાવ્યો છે તેથી આ કૃતિનો એ સૌથી વધુ કાવ્યમય ભાગ છે. દુહા "ઘણા પુરાણા" અને ચોપાઈબંધ પોતાનું હોવાનો ઉલ્લેખ કવિએ પોતે કર્યો છે. ટેકણરૂપ દુહા પછી ચોપાઈમાં થોડું વીગતે પ્રસંગ-વર્ણન અને 'વાત'માં સંવાદ ઇત્યાદિ દ્વારા કથાવિસ્તાર એ જાતનો રચનાબંધ કવિએ સ્વીકાર્યો છે. આ કારણે દુહા-ચોપાઈની તથા 'વાત'ની સામગ્રી થોડી સમાન પણ ચાલે છે. 'વાત'ની ચારણી કથનશૈલી, એમાં વણાતું રાજદરબારી વસ્તુ અને એનું સૌથી પ્રબળ રાજસ્થાની ભાષાસ્વરૂપ કુશલલાભના કર્તૃત્વ વિશે શંકા જગાવે એવું છે. 'વાત' પણ એણે પરંપરામાંથી સંકલિત કરેલ હોય એમ બને. કુશલલાભે ઢોલામારુની લોકકથાને ધાર્મિક રંગ આપ્યો નથી એ ખાસ નોંધપાત્ર છે.

આ કૃતિ જાદવ રાઉલ હરિરાજ (રાજ્યકાળ ઈ. ૧૫૬૨-ઈ. ૧૫૭૮)ના આનંદ માટે પોતે રચી હોવાનો નિર્દેશ કર્યો છે. દંતકથા એવી છે કે હરિરાજે યુવરાજ હતા ત્યારે અને તે પછી પણ ઢોલામારુના પ્રાચીન દુહાઓનો ઉપયોગ કરી જુદાજુદા કવિઓ પાસે વાર્તા બનાવડાવેલી અને અકબર પાસે એ વાર્તાઓ રજૂ કરેલી. આ હકીકતનું સમર્થન કરતી આ વિષયની અન્ય રચનાઓની પ્રતો ઉપલબ્ધ થયેલી છે.

આ કૃતિની રચનાસંવત ૧૬૧૫ તેમ જ ૧૬૧૬ પણ કેટલીક હસ્તપ્રતોમાં મળે છે અને 'સત્તોત્તર' 'સત્યોત્તર' જેવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાઠને કારણે રચનાસંવત ૧૬૦૭ હોવાની પણ સંભાવના થઈ શકે છે. કવિએ પોતે આ કૃતિનું ૭૦૦ ગાથાનું પ્રમાણ કહ્યું છે, પરંતુ મુદ્રિત કૃતિમાં દુહાચોપાઈની ૪૦૦થી વધારે કડીઓ જણાતી નથી. એમણે ગદ્ય સાથેનું ગ્રંથાગ્રપ્રમાણ આપ્યું હોય તો જુદી વાત છે. [શ્રા.ત્રિ.]

માલ/માલદેવ/મુનિમાલ : માલ કે માલમુનિને નામે ૧૯/૨૦ કડીનું 'મનભમરા-ગીત/ભમરા-ગીતમ્'(લે. ઈ. ૧૬૪૫), ૧૦ કડીનું 'શીલ-ગીત'(લે.ઈ.૧૬૪૪), ૪ કડીનું 'સૂઆ-ગીત' (લે.સં. ૧૭મી સદી અનુ.), ૫૦ કડીનો 'પરનારીપરિહાર-સઝાય' (લે.સં.૧૮મી સદી અનુ.), 'અંજનાસતી-રાસ/ચોપાઈ' (લે.ઈ. ૧૬૦૭), ૯૦ કડીની 'ગયસુકુમાલ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૭ કડીની 'મહાવીર-સઝાય' (લે.ઈ.૧૬૪૫), ૧૫ કડીની 'રાજિમતીનેમ-સઝાય' (લે.ઈ.૧૬૪૫), ૫૫ કડીનું 'મૌન એકાદશી-સ્તવન' (લે. ઈ. ૧૬૭૪), ૫/૧૯ કડીનું 'વૈરાગ્ય-ગીત', ૭ કડીની 'આત્મશિક્ષા-સઝાય', ૧૦ કડીની 'વૈરાગ્ય-સઝાય' મળે છે. તેમના કર્તા કયા માલ/માલમુનિ છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

માલદેવ/મુનિમાલને નામે ૨૮/૩૧ કડીની હિંદી-રાજસ્થાનીની છાંટવાળી, પ્રથમ ૩ કડી દુહામાં અને બાકીની ચોપાઈમાં લખાયેલી 'જીરણશેઠની સઝાય/મહાવીર-સ્વામીના પારણાનું સ્તવન/મહાવીર સ્વામીનું તપપારણું/વીરપારણા-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.; મુ.), ૫ કડીનું 'સીમંધરનું પદ'(મુ.) તથા 'પદમસીપદ્માવતી-ચોપાઈ' (લે. સં. ૧૮મી સદી) મળે છે. આ કૃતિઓ ભાવદેવ-શિષ્ય માલદેવની હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈસસંગ્રહ(ન).

સંદર્ભ : ૧. કેટલૉગગુરા; ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. ડિકેટલૉગભાવિ; ૪. મુપુગૂહસૂચી; ૫. રાહસૂચી : ૧; ૬. હેજૈજ્ઞા સૂચિ : ૧. [કા.શા.]

માલ(મુનિ)–૧ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૯મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. ખૂબચંદ સંતાનીય નાથાજીના શિષ્ય. 'અષાઢભૂતિનું ચોઢાળિયું/અષાઢમુનિનો રાસ' (૨.ઈ. ૧૭૫૪/ઈ. ૧૭૬૧/સં. ૧૮૧૦/સં. ૧૮૧૭, અસાડ સુદ ૨;-મુ.), ૧૭ કડીની 'રાજમતિ-સઝાય' (૨.ઈ. ૧૭૬૬/સં.૧૮૨૨, કારતક સુદ ૧૫-; મુ.), ધન્નાકાકડીનું ચોઢાળિયું' (૨.ઈ. ૧૭૬૯;મુ.), નટડીમાં મોહેલા પણ પછી એક જૈન સાધુનો વિરક્તિભાવ જોઈ મોહત્યાગ કરતા એલાચીકુમારની કથા કહેતી 'એલાચીકુમાર છઢાળિયું' (૨.ઈ. ૧૭૯૯/સં.૧૮૫૫, જેઠ–; મુ.), 'ઈષુકાર કમલાવતી ષટ-ઢાળિયું' (૨.ઈ. ૧૭૯૯/સં. ૧૮૫૫, જેઠ વદ ૩;મુ.), હિંદી ભાષામાં 'અંતરંગકરણી', ગજસુકુમાર અને કૃષ્ણના અન્ય ૬ ભાઈઓની રસપ્રદ અને બોધકકથા કહેતી ૨૧ ઢાળનો 'ષટબંધવનો (છ ભાઈનો)–રાસ' (૨.ઈ. ૧૮૦૧/સં. ૧૮૫૭, કારતક–) અને 'આષાઢભૂતિ-સઝાય'ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા(શા) : ૧, ૩; ૨. જૈસસંગ્રહ(જૈ); ૩. જૈસ સંગ્રહ(ન); ૪. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. દેવકી છ ભાયારો રાસ, સં. બિપિન ઝવેરી, ઈ. ૧૯૫૮; ૪. મરાસ-સાહિત્ય; □ ૫. જૈગૂકવિઓ : ૩(૧); ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈ-જ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

માલદે/માલદેવ [ઈ.૧૬૩૦ સુધીમાં] : બહોરાગોત્રીય જૈન શ્રાવક. તપગચ્છીય દેવસુંદરસૂરિના શિષ્ય. ૪૭/૫૪ કડીની 'નંદીશ્વર પદ્યોપ-ચોપાઈ/નંદીશ્વરસ્થપ્રતિમા-સ્તવન/નંદીશ્વર-સ્ત-વન/ નંદીશ્વર-સ્તોત્ર' (લે. ઈ. ૧૬૩૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈ-જ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

માલદેવ/બાલ(મુનિ) [ઈ.૧૬મી સદીનો ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદીનો પૂર્વાર્ધ] : વડતપગચ્છના જૈન સાધુ. ભાવદેવસૂરિના શિષ્ય. વિલાસપુરના રાજા સિંધરથના પુત્ર પુરંદર અને તેની પત્ની કનકવતીની કથા કહેતી, સુભાષિતોથી યુકત ૩૫૬/૩૬૪ કડીની 'પુરંદરકુમાર-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૫૯૬ પહેલાં); ૧૫૮૩ કડીની 'ભોજપ્રબંધ'(અપૂર્ણ); ચોપાઈ, દુહા ગાથા અને દેશીઓમાં રચાયેલી, પ્રચૂર પ્રમાણમાં ગૂંથાયેલાં સુભાષિતોને કારણે સુભાષિત-સંગ્રહ જેવી છાપ પાડતી, ભાષા, ભાવ અને છંદની પ્રૌઢિ તેમ જ શબ્દાલંકાર અને અર્થાલંકારના ઔચિત્યપૂર્ણ ઉપયોગવાળી ૧૭૩૭ ગ્રંથાગ્રની 'વિક્રમચરિત્રપંચદંડ-કથા'; 'દેવદત્ત-ચોપાઈ' (લે. ઈ. ૧૬૧૨/સં.૧૬૬૮, ચૈત્ર વદ ૧૩); શીલવિષયક 'પદ્મરથ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૦); ૬૫૨/૬૬૯ કડીની 'સુર-સુંદરી-ચોપાઈ' (લે. ઈ. ૧૬૩૪ પહેલાં); ૭૦૮ કડીની વિજયપુરના રાજા સુરાંગદના પુત્ર વીરાંગદ અને તેની પત્ની વીરમતીની કથા કહેતી પુણ્યવિષયક 'વીરાંગદ-ચોપાઈ' (૨.ઈ. ૧૫૫૬/સં. ૧૬૧૨, જેઠ સુદ ૯); ૬૯ કડીની 'માલદેવશિક્ષા-ચોપાઈ'; ૧૦૭ કડીની સળંગ એક જ દેશીમાં રચાયેલી 'સ્થૂલિભદ્રફાગધમાલિ' (લે. ઈ. ૧૫૯૪/સં. ૧૬૫૦, ફાગણ વદ ૧૪;મુ.); ૬૫ કડીની 'રાજુલનેમિનાથ-ધમાલ' (લે. ઈ. ૧૬૦૩ પહેલાં); 'શીલ-બત્રીસી'; ૪૩૧ કડીની વજ્રબાહુના પુત્રો કીર્તિધર અને સુકોશલની કથા કહેતી 'કીર્તિધર-સુકોશલસંબંધ' (લે. સં. ૧૯મી સદી); ૨૩૦ કડીનો ૨૨મા તીર્થંકર નેમિનાથના નવ જન્મોની કથા કહેતો 'નેમિનાથ-નવભવ-રાસ' (લે. સં. ૧૮મી સદી); વિશાલાના રાજા ચેદની પુત્રી ત્રિશલા જે કુંડપુરના રાજા સિદ્ધાર્થની પત્ની છે તેના પુત્ર સત્યકીના જીવનનું એટલે કે મહાવીરસ્વામીના જન્મ અને જીવનનું વૃત્તાંત આપતી 'સત્યકી સંબંધ' તથા ૩૭ કડીની 'બૃહદ્‌ગચ્છ-ગુર્વાવલી' (લે. ઈ. ૧૬૯૫;મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પસમુચ્ચય : ૩; ૨. પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : ૧. કવિ ઋષભદાસ-એક અધ્યયન, વાડીલાલ ચોકસી, ઈ.૧૯૭૯; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. પંચદંડની વાર્તા, સં. સોમાભાઈ પારેખ, ઈ. ૧૯૭૯; □ ૫. કેટલૉગગુરા; ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માલવિજય [ ] : તપગચ્છના જૈન સાધુ. 'નવતત્ત્વઅર્થ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોં કી સૂચી', અગરચંદ નાહટા. [કી.જો.]

માલશિષ્ય [ ] : 'માલસેવક'ને નામે મળતી ૩૦ કડીની 'સમવસરણમહિમા-ભાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

માલીબાઈ [ ] : ગુરુમહિમાને વર્ણવતાં ૫ અને ૪ કડીનાં ૨ ભજનો(મુ.)નાં કર્તા.

કૃતિ : પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઈ.૧૯૪૬ (ત્રીજી આ.). [શ્રા.ત્રિ.]

માલો [ ] : માર્ગી પંથના કવિ. માલો રાવળને નામે અલખની ઉપાસના કરવાનો બોધ આપતું ૫ કડીનું ભજન(મુ.) મળે છે.

કૃતિ : ખોજાવૃત્તાંત, સ. સચેદીના નાનજીઆણી, ઈ.૧૯૧૮ (બીજી આ.). [ર.ર.દ.]

માવજી–૧ : જુઓ માવા–૧.

માવજી–૨ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : બ્રાહ્મણ. અવટંકે જોષી. પિતા પુંજા. આધોઈ ગામના રહીશ. ઈ. ૧૮૨૪ સુધી હયાત હોવાનું મનાય છે. મારવાડીની છાંટ ઝીલતા ૭ કુંડળીઆ(મુ.)ના કર્તા.

કૃતિ : ફાગ્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૩૬–'અપ્રસિદ્ધ લોક-સાહિત્ય', સં. કચરાલાલ શ. સોની (+સં.) [શ્રા.ત્રિ.]

માવજી–૩ [ ] : જૈન. રવિવિજયના શિષ્ય. જુદાં જુદાં ગામના પાર્શ્વનાથનું વર્ણન કરતા ૧૦૧ કડીના 'પાર્શ્વનાથ-છંદ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

માવા–૧/માવજી [ઈ. ૧૫૩૧માં હયાત] : ૫૧ કડીનો 'વૈષ્ણવ-ભક્તપ્રબંધ-ચોપાઈ' (ર.ઈ. ૧૫૩૧/સં. ૧૫૮૭, આસો સુદ ૧૩; મુ.)ના કર્તા.

કૃતિ : સંબોધિ, ઑક્ટો. ૧૯૭૭–જાન્યુ. ૧૯૭૮–'કવિ માવા-માવજી રચિત વૈષ્ણવ ભક્ત પ્રબંધચોપાઈ', સં. અમૃતલાલ મો. ભોજક. [શ્રા.ત્રિ.]

માવા(ભક્ત)–૨/માવજી [ ] : ૮ કડીનાં ૮ ભજનો(મુ.)ના કર્તા. માવજીને નામે નોંધાયેલાં પદો પણ આ જ કર્તાના હોવાની શક્યતા છે.

કૃતિ : ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. શા. વૃંદાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૮.

સંદર્ભ : ૧. કદહસૂચિ; ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

માહાવદાસ : જુઓ મહાવદાસ–૧.

માહુદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

માહેશ્વર(દાસ) : આ નામે પદ નોંધાયેલાં છે. તેમના કર્તા કયા માહેશ્વર(દાસ) છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

માહેશ્વર–૧ [જ.ઈ.૧૭૯૦–અવ.ઈ.૧૮૭૧] : પ્રશ્નોરા નાગર. અવટંકે ભટ્ટ. પિતા મંગલજી. માતા ગલાલબાઈ. સંસ્કૃતના વિદ્વાન. અવસાન લીંબડીમાં.

શિવભક્તિને વ્યક્ત કરતી ૪ કડીની 'શિવ-સ્તુતિ'(મુ.), ૮ કડીના 'શિવના સાતવાર'(મુ.) અને ૩૫ કડીનું 'વારાણસી-માહાત્મ્ય' (મુ.)–એ કૃતિઓના કર્તા.

કૃતિ : અહિચ્છત્ર-કાવ્યકલાપ, સં. દયાશંકર ભા. શુકલ. ઈ. ૧૯૧૪ (+સં.).

સંદર્ભ : મારા અક્ષરજીવનનાં સ્મરણો, દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ઈ.૧૯૪૪. [શ્રા.ત્રિ.]

માંગજી/માંગદાસ [ઈ.૧૭૭૫ સુધીમાં] : પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૨. [શ્રા.ત્રિ.]

માંગલબાઈ [ ] : ૪ કડીના ૧ ભજન (મુ.)ના કર્તા.

કૃતિ : પુરાતન જ્યોત, ઝવેરચંદ મેઘાણી, ઈ.૧૯૭૬(સુલભ આ.). [શ્રા.ત્રિ.]

માંગુ [સં. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તેમની પૂર્વછાયા અને દુહા-ચોપાઈમાં રચાયેલી 'અશ્વમેધ' કૃતિ મુખ્યત્વે જૈમિનીના 'અશ્વ-મેધ'ના અનુવાદરૂપ છે. કવિએ પોતાના નામની સાથે ભક્તિવાચક 'વિષ્ણુદાસ' એવું નામ જોડ્યું છે. એટલે કોઈને એ કૃતિ વિષ્ણુ-દાસકૃત હોવાનું પણ લાગે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઇતિહાસ : ૨; ૩. ગુ-સારસ્વતો; □ ૪. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

માંડણ/માંડણદાસ : આ નામે 'મનને બોધ'(મુ.), ૧૦ કડીનો 'નંદ-લાલજીનો ગરબો' તથા અન્ય કેટલાંક પદ મળે છે એ કૃતિઓ કયા માંડણની છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : બુકાદોહન : ૭.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકેટલૉગબૉમ્બે; ૩. ડિકેટલૉગભાવિ. [નિ.વો.]

માંડણ–૧ [ઈ.૧૪૪૨માં હયાત] : કડવાગચ્છના શ્રાવક કવિ. ૨૫૮ કડીના 'શ્રીપાલ/સિદ્ધચક-રાસ' (ર.ઈ. ૧૪૪૨/સં. ૧૪૯૮,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારતક સુદ ૧૫, ગુરુવાર; અંશતઃ મુ.)ના કર્તા. કેટલાક સંદર્ભોમાં 'નલદમયંતી-રાસ' આ કર્તાને નામે મુકાયો છે, પરંતુ તે ખરેખર આ કર્તાની રચના નથી. એક જ હસ્તપ્રતમાં બે કૃતિઓ એક સાથે હોવાને કારણે આમ બન્યું છે.

કૃતિ : જૈનયુગ, કારતક–માગશર ૧૯૮૩.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મસાપ્રવાહ; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૩–'કડુઆ મત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

માંડણ–૨ [ઈ.૧૫૧૮ સુધીમાં] : જ્ઞાનમાર્ગી સંત કવિ. કવિની કૃતિઓમાંથી ઉપલબ્ધ થતી માહિતીને આધારે વતન રાજસ્થાનનું શિરોહી. જ્ઞાતિએ બંધારા. પિતાનું નામ હરિ કે હરિદાસ હોવાની સંભાવના. માતા મેઘૂ.

કવિની ૫૮૫૮ ચોપાઈવાળી ૨૦–૨૦ કડીની ૩૨ વીશીઓમાં સંકલિત ગુજરાતીની પહેલી ઉખાણાગ્રથિત 'પ્રબોધ-બત્રીશી←/'માંડણ બંધારાનાં ઉખાણાં'(મુ.)ની આખાના છપ્પા પર અસર છે. લોકોના દંભી ધર્માચાર તેમ જ તેમની બુદ્ધિજડતા પર કટાક્ષ કરી જ્ઞાનબોધ આપવાનો આમ તો કવિનો હેતુ છે, પરંતુ તત્કાલીન પ્રજાજીવનમાં પ્રચલિત અનેક ઉખાણાંને કથયિતવ્યમાં સમાવવાના આગ્રહને લીધે ઘણે સ્થળે કૃતિની પ્રાસાદિકતા જોખમાય છે. કબીરના શિષ્ય જ્ઞાનીજીની હિન્દી કૃતિ 'જ્ઞાન-બત્તીસી'થી પ્રભાવિત થઈ કવિએ આ કૃતિ રચી હોવાનું મનાય છે.

એ સિવાય ૭૦–૭૫ કડીઓવાળા ૭૦ ખંડમાં ચોપાઈ અને દુહાબંધમાં રચાયેલું 'રામાયણ' અને એ પ્રકારના જ કાવ્યબંધમાં રચાયેલું 'રુકમાંગદ-કથા/એકાદશી મહિમા' (લે.ઈ. ૧૫૧૮) કવિની આખ્યાનકોટિની રચનાઓ છે. રોળા અને ઉલાલાના મિશ્રાણવાળા છપ્પયછંદમાં રચાયેલી 'પાંડવવિષ્ટિ' પણ તૂટક રૂપે કવિની મળે છે. 'સતભામાનું રૂસણું' મનાતી કૃતિ કવિએ રચી હોવાનું મનાય છે, પરંતુ એની કોઈ પ્રત ઉપલબ્ધ થઈ નથી. કવિની નામછાપવાળાં, પણ મરાઠીની અસર બતાવતાં ૨ પદ(મુ.) આ કવિનાં હોય એમ મનાય છે.

કૃતિ : 'પ્રબોધબત્રીશી અથવા માંડણ બંધારાનાં ઉખાણાં' અને કવિ શ્રીધરકૃત 'રાવણમંદોદરી-સંવાદ', સં. મણિલાલ બ. વ્યાસ, ઈ. ૧૯૩૦ (+સં.).

સંદર્ભ : ૧. આખો–એક અધ્યયન, ઉમાશંકર જોશી, ઈ. ૧૯૨૭; ૨. કવિચરિત : ૧-૨; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારૂપરેખા : ૧; ૬. ગુસાસ્વરૂપો; ૭. પ્રાકકૃતિઓ; ☐ ૮. સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૮૨ – 'માંડણ અને સંતમત', કાન્તિકુમાર ભટ્ટ; ☐ ૯. ગૂહાયાદી. [નિ.વો.]

માંડણ–૩ [ઈ. ૧૫૫૧ સુધીમાં] : માંડણ નાયકને નામે 'ઝંદા-ઝૂલણનો વેશ'←(મુ.) એ ભવાઈ-વેશ મળે છે. એની કેટલીક વાચનાઓમાં મળતી પંક્તિઓને આધારે એમ લાગે છે કે કૃતિ એના મૂળ સ્વરૂપે ઈ. ૧૫૫૧ સુધીમાં રચાયેલી છે, એટલે કવિ એ સમય સુધીમાં થઈ ગયા એમ અનુમાન કરી શકાય. એક માન્યતા મુજબ આ માંડણ નાયક અસાઈતના પુત્ર હતા.

'અડવા વાણિયાનો વેશ' તરીકે પણ ઓળખાતો આ વેશ ૨ ભાગમાં વહેંચાઈ જાય છે. તેના પૂર્વ ભાગમાં તેજા મોદીનું અડવા એટલે કે મૂર્ખ વાણિયા તરીકેનું પૂર્વવયનું વૃત્તાંત રજૂ થાય છે. બીજા ભાગમાં મુસ્લિમ સરદાર ઝંદા તથા તેજાંના પરસ્પરના અનુરાગ, પ્રતીક્ષા, મિલન અને વિરહદુઃખના ભાવો તળપદી છટાથી વ્યકત થાય છે. કથાની વચ્ચે વિપુલ પ્રમાણમાં, મૂળ કથા સાથે સંબંધ ન ધરાવતાં, હિન્દી પદ્યો મુકાયાં છે, જેમાંનાં ઘણાં પદ્ય અન્ય કવિઓની નામછાપ દર્શાવે છે.

કૃતિ : ૧. દેશી ભવાઈનો ભોમિયો, સં. મયાશંકર શુકલ,–; ૨. ભવાઈ, સુધા આર. દેસાઈ, ઈ. ૧૯૭૨ (સં.); ૩. ભવાઈ-સંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ, ઈ. ૧૮૯૪ (ચોથી આ.); ૪. શ્રી ભવાની ભવાઈપ્રકાશ, સં. હરમણિશંકર ધ. મુનશી,–.

સંદર્ભ : ભવાઈના વેશની વાર્તાઓ, ભરતરામ ભા. મહેતા, ઈ.૧૯૬૪. [નિ.વો.]

માંડણ–૪ [ઈ. ૧૫૮૬ સુધીમાં] : કેટલાંક સુભાષિતોથી બદ્ધ 'સુક્તાવલી' (લે. ઈ. ૧૫૮૬/સં.૧૬૪૨, માગશર સુદ ૨)ના કર્તા. 'પ્રબોધ-બત્રીસી'ના કર્તા અને આ માંડણ એક છે કે જુદા તે સ્પષ્ટ થઈ શકતું નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [નિ.વો.]

માંડણ(ગૂગલી)–૫ (સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [નિ.વો.]

'માંડણ બંધારાનાં ઉખાણાં' : જુઓ 'પ્રબોધબત્રીશી.'

મીઠાચંદ્ર [ઈ. ૧૭૪૨માં હયાત] : 'મીઠાચંદ્ર' નામછાપ ધરાવતા ૯ કડીના 'પાર્શ્વનાથ-ગીત' (ર.ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, મહા સુદ ૧૫, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મીઠુ–૧ [ઈ.૧૫૩૧માં હયાત] : વૈષ્ણવ કવિ. 'રામપ્રબંધ'(ર.ઈ. ૧૫૩૧)ના કર્તા. આ કૃતિમાંથી સાચા વૈષ્ણવનાં લક્ષણો વર્ણવતું, માત્રામેળ છંદમાં રચાયેલું ૫૧ કડીનું 'વૈષ્ણવ-ગીત' (ર.ઈ. ૧૫૩૧/સં. ૧૫૮૭, આસો સુદ ૧૩) અલગ મુદ્રિત રૂપે મળે છે.

કૃતિ : બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૯૫૧–'વૈષ્ણવ-ગીત', સં. મંજુલાલ મજમુદાર (+સં.).

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭-'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐ ૩. ડિકેટલૉગભાવિ. [ર.સો.]

મીઠુ–૨/મીઠુઓ [જ.ઈ.૧૭૩૮–અવ. ઈ. ૧૭૯૧] : શાકતભક્ત. ખેડા જિલ્લાના મહીસાના વતની. જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ. અવટંકે શુકલ. પિતા કૃપારામ. માતા મણિ. મીઠુ મહારાજને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામે ચાલતા થયેલા આ કવિએ ઉપનિષદો, તંત્રો ને સંગીતનો અભ્યાસ કરેલો એમ કહેવાય છે. કવિ જનીબાઈ તેમની શિષ્યા હોવાનું પણ કહેવાયું છે.

આ કવિએ ગુજરાતી, હિન્દી તેમ જ સંસ્કૃતમાં કાવ્યરચના કરી છે. ગુજરાતી કૃતિઓમાં 'શ્રીલહરી/લીલાલહરી'(મુ.) શંકરાચાર્યકૃત 'સૌંદર્યલહરી'ના કંઈક કિલષ્ટ તથા અસહજ છંદોવહનવાળી પણ પ્રથમ ગુજરાતી સમશ્લોકી અનુવાદ તરીકે નોંધપાત્ર કૃતિ છે. અર્ધનારીશ્વરની ભાવના પર શ્રીચક્રની પદ્ધતિ અનુસાર રાસવર્ણન આપતી ૩૨ ઉલ્લાસની 'રાસરસ' પણ આ કવિની મહત્ત્વની કૃતિ ગણાઈ છે. આ ઉપરાંત 'પરમશિવસ્તોત્ર', 'બ્રાહ્મણાષ્ટક', 'ભકિતતરંગિણી', 'ભગવદ્‌ગીતા'નો અનુવાદ, 'રસિકવૃત્તિવિનોદ', 'રસિકાષ્ટક', ૧૨ ઉલ્લાસની 'શ્રીરસ', ૧૩ ઉલ્લાસની 'શકિતવિલાસ-લહરી', ૧૫ કડીનું 'અર્ધનારીશ્વરનું ગીત'(મુ.) અને ગુજરાતી-હિન્દી પદો તેમણે રચ્યાં છે. 'શિવ-શકિતરાસાનુક્રમ' એમની ગદ્યકૃતિ છે.

'ગુરુસ્તોત્ર', 'સ્ત્રીતત્ત્વ' વગેરે એમની સંસ્કૃત કૃતિઓ છે.

કૃતિ : ૧. લીલાલહરી, સં. હિંમતરામ મ. જાની, સં. ૨૦૧૦; ☐ ૨. ગુજરાતી લોકસાહિત્યમાળા : ૩, ઈ. ૧૯૬૩.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકકૃતિઓ; ૫. શાકતસંપ્રદાય, નર્મદાશંકર દે. મહેતા, ઈ. ૧૯૩૨; ☐ ૬. પ્રસ્થાન, જેઠ ૧૯૯૧–'ગુજરાતમાં અર્ધનારીશ્વરની ઉપાસના', મંજુલાલ મજમુદાર; ☐ ૭. કદલસૂચિ; ૮. ગૂહાયાદી; ૯. ડિકેટલૉગબીજે. [૨.સો.]

મીઠો [અવ.ઈ.૧૮૩૨] : પદકવિ. વતન લીંબડી. જ્ઞાતિએ ઢાઢી મુસલમાન. પિતાનું નામ સાહેબો. એમનો જન્મ ઈ. ૧૭૯૪ આસપાસ થયો હોવાનું અનુમાન થયું છે. તેમનું મન વૈષ્ણવ ધર્મથી રંગાયેલું હતું.

તેમણે કૃષ્ણકીર્તન અને જ્ઞાનબોધની ગરબી, રાસ, થાળ, ભજન જેવી પદપ્રકારની ઘણી કૃતિઓ (કેટલીક મુ.) રચી છે. તેમની 'સાંભળ સૈયર વાતડી' જેવી ઘણી કૃતિઓ લોકપ્રિય છે.

કૃતિ : ૧. લીંબડી નિવાસી ભકત મીઠાનાં કેટલાંક કાવ્યો, પ્ર. અમૃતલાલ દે. પંડ્યા, ઈ. ૧૯૨૭ (+સં.); ☐ ૨. અભમાલા; ૩. ગુસાપઅહેવાલ : ૩ – 'ગુજરાતી જૂનાં ગીતો, સં. કવિ ભવાનીશંકર નરસિંહરામ; નકાદોહન : ૩; ૪. નભોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ.૧૯૬૧; ૫. પરમાનંદ પ્રકાશ પદમાલા, પ્ર. રજનીકાન્ત જે. પટેલ, સં. ૨૦૩૦ (ત્રીજી આ.); ૬. બૂકાદોહન : ૫, ૭; ૭. ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. વૃંદાવનદાસ કાનજી, ઈ.૧૮૮૭; ૮. ભસાસિંધુ; ૯. શ્રીમદ્‌ ભગવતી-કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯; ૧૦. સતવાણી.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. ગૂહાયાદી; ૬. ડિકેટલૉગબીજે; ૭. ફોંહનામાચલિ. [૨.સો.]

મીરાં/મીરાંબાઈ [જ.ઈ.૧૫મી સદી અંતભાગ કે ઈ.૧૬મી સદીનો પ્રારંભ–અવ.ઈ.૧૬મી સદી મધ્યભાગ] : પ્રેમલક્ષણા ભકિતનાં શ્રીકવિ.

ઐતિહાસિક અને અન્ય પ્રમાણો પરથી ઈ.૧૪૯૯ કે ઈ. ૧૫૦૫માં એમનો જન્મ થયો હોવાનું મનાય છે. ઈ.૧૫૦૫/સં.૧૫૬૧, શ્રાવણ સુદ ૧, શુક્રવારને દિવસે એમનો જન્મ થયો હતો એમ કેટલાક આધારો આપીને નક્કી કરવામાં પણ આવ્યું છે. એમનાં મૃત્યુ વિશે ચોક્કસ માહિતી મળતી નથી. ઈ.૧૫૪૬થી ઈ.૧૫૫૪ દરમ્યાન કયારેક તેઓ મૃત્યુ પામ્યાં હોવાની સંભાવના છે.

એમનાં જીવન વિશે મળતી અન્ય માહિતી આ પ્રમાણે છે. મેડતાના કૂડકી ગામમાં રાઠોડ રાજવીકુળમાં જન્મ. પિતા રત્નસિંહ. નાની ઉંમરે માતાના મૃત્યુને લીધે દાદા રાવ દૂદાજી પાસે ઉછેર. ઈ. ૧૫૧૭માં મેવાડના રાણા સંગ્રામસિંહના પુત્ર ભોજરાજ સાથે લગ્ન.

બાળપણમાં કુટુંબમાંથી મળેલા વૈષ્ણવભકિતના સંસ્કાર અને અંતરની કોઈ ઊંડી આધ્યાત્મિક અનુભૂતિએ એમનાં ચિત્તને નાની ઉંમરે જ સંસારસુખથી વિમુખ કરી વૃંદાવનવાસી મુરલીધર કૃષ્ણ–ગિરિધર નાગર તરફ વાળી દીધું હોય એમ લાગે છે. એટલે શ્વસુરગૃહે પણ કૃષ્ણભકિત તરફ મન વિશેષ વળેલું હશે. શ્વસુર અને પતિએ મેડતાના રાજકુટુંબ સાથેના મીઠા રાજકીય સંબંધોને લીધે મીરાંબાઈના ભકિતમય જીવનને સહી લીધું જણાય છે. પરંતુ એમના મૃત્યુ પછી ચિતોડની ગાદી પર આવેલા રાજાઓ રત્નસિંહ અને વિશેષ વિક્રમાદિત્યે મીરાંબાઈને કનડગત શરૂ કરી. આ કનડગત પાછળ મીરાંબાઈની સાધુસંતો સાથેની ઊઠબેસ અને વધારે તો રાજકુટુંબોમાં રાજગાદી માટે ચાલતી ખટપટો કારણભૂત લાગે છે. મીરાંબાઈનાં પદોમાં મળતા ઉલ્લેખો પરથી લાગે છે કે નાગ કરડાવી કે વિષ આપી એમની હત્યા કરવાનો પ્રયાસ થયો હોય. આ કનડગતને લીધે ઈ.૧૫૩૫માં કે તે પૂર્વે તેમણે ચિતોડત્યાગ કર્યો. ચિતોડત્યાગ પછી તેઓ થોડો સમય મેડતા અને પછી વૃંદાવન અને દ્વારકા ગયાં. અવસાન દ્વારકામાં કે અન્યત્ર એ વિશે વિદ્વાનોમાં મતભેદ છે.

પોતાના આયુષ્યકાળ દરમ્યાન વિવિધ સંપ્રદાયના આચાર્યો અને સંતોના સંપર્કમાં તેઓ આવ્યાં હોવાનું મનાય છે, તેમાં રામભકત દેવાજી, વલ્લભસંપ્રદાયના કૃષ્ણદાસ અને રામદાસ, રાધાવલ્લભસંપ્રદાયના હિતહરિવંશજી, ચૈતન્યસંપ્રદાયના જીવગોસ્વામી અને રૂપગોસ્વામી સાથે થયેલા મેળાપ મુખ્ય છે. મીરાંબાઈનાં ગુરુ કોણ એ અંગે અનેક નામ મળે છે. પરંતુ એમાં જીવગોસ્વામી અને રૈદાસનાં નામ વધારે પ્રચલિત છે. જીવગોસ્વામી સાથે મીરાંબાઈને મેળાપ થયો હતો એ સ્વીકૃત હકીકત છે, પરંતુ તેઓ મીરાંબાઈનાં ગુરુ હતા એ વાતને કોઈ સમર્થન નથી. રૈદાસ સાથે મીરાંબાઈનો મેળાપ થયાની વાતને જ કોઈ ચોક્કસ આધાર નથી એટલે એમની ગુરુ હોવાની સંભાવના પણ ટકી શકે એવી નથી.

મીરાંબાઈને અકબર સાથે મેળાપ થયો હતો કે એમને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુલસીદાસ અને નરસિંહ સાથે પત્રવ્યવહાર થયેલો એ હકીકતો પણ અધિકૃત નથી.

મીરાંનાં આરાધ્યદેવ વૃંદાવનવાસી કૃષ્ણ છે અને એ કૃષ્ણ પ્રત્યેની એમની ભક્તિ વ્યાપક વૈષ્ણવભક્તિ છે. એ કૃષ્ણ પ્રિયતમ છે તો એ અધમોદ્ધારક, ભીડભંજક પરમતત્ત્વ પણ છે, જેને કામના કરીને, સેવા કરીને, સ્મરણ કરીને શરણે જઈને પામી શકાય કૃષ્ણભક્તિમાં વલ્લભમત ને ચૈતન્યમત જેવી સાંપ્રદાયિક વિચારધારાઓ તે સમયે વિકસી ચૂકી હતી અને એમના કેટલાક વિચારોનો પ્રભાવ મીરાંબાઈની ભક્તિ પર જોઈ શકાય, તોપણ એમની કવિતાને કોઈ સંપ્રદાયવિશેષ સાથે સાંકળી શકાય એમ નથી.

મીરાંબાઈનાં પદો પર અન્ય સંપ્રદાયોની અસર જોવાના પ્રયત્ન પણ થયા છે. 'જોગી હોવા જુગત ણા જાણા, ઉલટ જણમ રાં ફાંસી' જેવાં દૃષ્ટાંતોને આધારે યોગમાર્ગી નાથસંપ્રદાયની, 'ગગન મંડપ યે સેજ પિયાકી, કિસ વિધ મિલણા હોય' ને આધારે નિર્ગુણભક્તિની કે 'રામ' 'રઘુનાથ' જેવા શબ્દ-પ્રયોગોને આધારે રામાનન્દી સંપ્રદાયની અસર એમની ભક્તિ-ભાવના પર હોવાનું અનુમાન થયું છે, પરંતુ મીરાંબાઈનાં આ પદો કે પદપંક્તિઓ પ્રક્ષિપ્ત હોવાની સંભાવના વિશેષ છે.

મીરાંબાઈનું સર્જન વિપુલ નથી. એમને નામે મળતી રચનાઓમાંથી ઘણી એમની હોવાની સંભાવના નથી, અને તોપણ એમનું જેટલું છે તેટલું સર્જન પણ એમને ઊંચી કોટિનાં કવિ ગણવાં પડે એવું સત્ત્વશીલ છે.

મીરાંબાઈનો કવિયશ એમનાં પદો←(મુ.) પર નિર્ભર છે. ગુજરાતી, રાજસ્થાની અને વ્રજમાં એમને નામે મળતાં કુલ પદોની સંખ્યા આશરે ૧૪૦૦ જેટલી છે, પરંતુ એમાં એમનાં અધિકૃત પદોની સંખ્યા ઝાઝી નથી. આ પદોમાં વિષયનું ઝાઝું વૈવિધ્ય નથી, કલ્પનાનું કોઈ ભવ્ય ઉડ્ડયન નથી, રચનાની ચાતુરી નથી. એમાં તો મુખ્યત્વે છે કૃષ્ણવિરહ, થોડુંક કૃષ્ણરૂપવર્ણન, થોડીક અંગત જીવનની વિપદો અને થોડોક ભક્તિબોધ. છતાં લાઘવ, ચિત્રાત્મકતા, સહજતા જેવાં ગુણોથી એમાંની કૃષ્ણપ્રીતિ અદનામાં અદના માનવીના હૃદયને સ્પર્શી જાય છે.

પદો સિવાય કેટલીક લાંબી રચનાઓ મીરાંબાઈને નામે મળે છે. એમાં સૌથી વિશેષ ધ્યાનપાત્ર દુહા-ચોપાઈના બંધવાળી ને સંવાદાત્મક રીતિમાં લખાયેલી 'નરસીજીકા માયરા/નરસી રો માયરો'(મુ.) કૃતિ છે. આ કૃતિમાંથી ઘણો ક્ષેપક અંશ કાઢી નાખીએ પછી પણ એમાંના થોડાક અંશોનું કર્તૃત્વ મીરાંબાઈનું છે એમ કેટલાક માને છે. પરંતુ આખી કૃતિ જ મીરાંકૃત નથી એ માન્યતા વધારે સાચી લાગે છે. રામાનંદી સંપ્રદાયનાં મંદિરોમાંથી જ મળતી કૃતિની પ્રતો, કૃતિના પ્રારંભમાં રામાનન્દની થયેલી વધુપડતી પ્રશસ્તિ, કૃતિ પર જોવા મળતો તુલસીદાસના રામચરિત માનસનો પ્રભાવ અને ઘણી પંક્તિઓ પર જોવા મળતી પ્રેમાનંદના 'મામેરું'ની અસર વગેરે બાબતો આ કૃતિ પાછળના સમયમાં અને કોઈ રામાનન્દી સાધુ મીરાંદાસ દ્વારા રચાઈ હોવાનું માનવા પ્રેરે એવી છે. '(પિપાજીનું)ચરિત્ર' પણ મીરાંદાસની જ રચના હોવાની સંભાવના છે. ૮૦ કડીની 'સતભામાનું રૂસણું'(મુ.) એમાંના ગરબાપ્રકાર, ભાષાના અર્વાચીન સ્વરૂપ અને મીરાંની પ્રચલિત નામછાપના અભાવને કારણે મીરાંકૃત લાગતી નથી. એ જ પ્રમાણે ૫૮ કડીની 'નરસિં મહતાચી હૂંડી', 'ગીતગોવિંદની ટીકા' વગેરે કૃતિઓ પણ મીરાંબાઈની હોવાની સંભાવના નથી.

કૃતિ : ૧. મીરાંકી પ્રામાણિક પદાવલિ (હિન્દી), ભગવાનદાસ તિવારી, ઈ.૧૯૭૪ (+સં.); ૨. મીરાંનાં પદ, સં. ભૂપેન્દ્ર ત્રિવેદી, ઈ.૧૯૬૨ (+સં.); ૩. મીરાંના પદો, સં. કે. કા. શાસ્ત્રી, ઈ.૧૯૮૪ (+સં.); ૪. મીરાં-બૃહત-પદ-સંગ્રહ (હિન્દી), સં. પદ્માવતી શબ્દનમ, ઈ. ૧૯૫૩ (+સં.); ૫. મીરાંબાઈનાં ભજનો, સં. હરસિદ્ધભાઈ દિવેટિયા, ઈ. ૧૯૭૬ (૧૦મી આ.); ૬. મીરાં-બાઈનાં વધુ ગુજરાતી પદો, સં. ભૂપેન્દ્ર ત્રિવેદી, ઈ. ૧૯૬૯ (+સં.); ૭. મીરાંબાઈ–એક મનન, મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૭૫ (+સં.); ☐ ૮. બૃકાદોહન : ૧, ૨, ૫, ૬, ૭ (+સં.).

સંદર્ભ : ૧. મીરાં, રતિલાલ મો. ત્રિવેદી, ઈ. ૧૯૫૯; ૨. એજન, હસિત હ. બૂચ, ઈ.૧૯૭૮; ૩. એજન, નિરંજન ભગત, ઈ. ૧૯૮૨; ૪. મીરાં સ્મૃતિગ્રન્થ (હિન્દી), સં. ઘનશ્યામ શલભ વગેરે, ઈ. ૧૯૭૨; ૫. મીરાંબાઈ, ભાનુસુખરામ મહેતા, ઈ. ૧૯૧૮; ૬. એજન (હિન્દી), ડૉ. પ્રભાત, ઈ. ૧૯૬૫; ☐ ૭. આપણાં સાક્ષરરત્નો : ૧, ન્હાનાલાલ દ. કવિ, ઈ. ૧૯૩૪–'મહારાણી મીરાં'; ૮. આરાધના, ચૈતન્યબહેન જ. દિવેટિયા, ઈ. ૧૯૬૮–'પ્રેમમૂર્તિ મીરાં'; ૯. કવિચરિત : ૧-૨; ૧૦. કાવ્યતત્ત્વ-વિચાર, આનંદશંકર ધ્રુવ, ઈ. ૧૯૩૭ (બીજી આ.)–'નરસિંહ અને મીરાં', 'મીરાં અને તુલસીદાસ'; ૧૧. ક્લાસિકલ પૉએટ્સ ઑવ ગુજરાત (અં.), ગોવર્ધનરામ ત્રિપાઠી, ઈ. ૧૯૧૬ (બીજી આ.); ૧૨. ગુલિટરેચર; ૧૩. ગુસાઈતિહાસ : ૨; ૧૪. ગુસામધ્ય; ૧૫. ગુસારૂપરેખા : ૧; ૧૬. થોડાંક રસદર્શનો, ક. મા. મુનશી, ઈ. ૧૯૩૩–'ભક્તિનો મધ્યાહ્ન અને ગુજરાતી સાહિત્ય'; ૧૭. નભો-વિહાર, રા. વિ. પાઠક, ઈ. ૧૯૬૧–મીરાં અને અખો'; ૧૮. નર્મ-ગદ્ય, નર્મદાશંકર લા. દવે, ઈ. ૧૯૭૫ની આ.–'કવિચરિત્ર'; ૧૯. ભાવલોક, ચિમનલાલ ત્રિવેદી, ઈ. ૧૯૭૬–'નરસિંહમીરાંની ઉપમા'; ૨૦. વાગીશ્વરીનાં કર્ણફૂલો, દર્શક, ઈ. ૧૯૬૩–'મીરાંની સાધના'; ☐ ૨૧. ત્રૈમાસિક, એપ્રિલ–જૂન ૧૯૫૮–'મીરાં', હીરાબહેન પાઠક; ૨૨. એજન, એપ્રિલ-જૂન ૧૯૬૫–'મીરાંબાઈ', અનુ. ભૂપેન્દ્ર ત્રિવેદી; ૨૩. બુદ્ધિપ્રકાશ, ડિસે. ૧૯૮૬–મીરાંનું કવિકર્મ, જયંત કોઠારી; ☐ ૨૪. ગૂહાયાદી; ૨૫. ડિકેટલૉગબીજે; ૨૬. ડિકેટલૉગભાવિ; ૨૭. મુપુગૂહસૂચી. [૨.સો.]

મીરાં મહમદશાહ [ ] : સૈયદ ખોજા કવિ. ૧૩ કડીના 'ગિનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪. [૨.૨.દ.]

મીરાં મહેદી [ ] : સૈયદ ખોજા કવિ. ૧૦ કડીના 'ગિનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુકુન્દ–૧ [ઈ. ૧૬૨૪માં હયાત] : આખ્યાનકાર, સુભટમોહનના શિષ્ય. જૈમિનીકૃત 'અશ્વમેધ'ને આધારે ૧૧ કડવાંના 'ભીષણ પ્રેમલાનું આખ્યાન'(ર.ઈ. ૧૬૨૪/સં.૧૬૮૨, કારતક–૧૩)ની રચના તેમણે કરી છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફાહનામાવલિ: ૨. [ર.સો.]

મુકુન્દ–૨ (ઈ.૧૬૫૨માં હયાત) : દ્વારકાના વતની. જ્ઞાતિએ ગૂગળી બ્રાહ્મણ. કેશવાનંદના શિષ્ય. એમની પાસે હિંદીનો અભ્યાસ કરેલો. ગુરુની પ્રેરણાથી એમણે રચેલી ગણાતી 'ભક્ત-માળા'ના પહેલા મણકારૂપ ૧૫ કડવાંનું, બહુધા હિંદીમાં લખાયેલું 'કબીરચરિત્ર' (ર.ઈ. ૧૫૬૨) અને આઠમા મણકારૂપ, ૯ કડવાંનું હિંદીની છાંટવાળું 'ગોરક્ષાચરિત્ર' (ર.ઈ. ૧૬૫૨) મુદ્રિત થયેલાં છે. આ કૃતિઓમાં ઝડઝમક અનુપ્રાસ જેવી યુક્તિઓની અતિશયતા ધ્યાન ખેંચે એવી છે. આ કાવ્યોની કોઈ હસ્તપ્રત મળતી ન હોવાથી એમનું કર્તૃત્વ કેટલાકને શંકાસ્પદ લાગ્યું છે.

કૃતિ : પ્રાકામાળા : ૧૧.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુજરાતી સાહિત્યના માર્ગ-સૂચક અને વધુ માર્ગસૂચક સ્તંભો, કૃષ્ણલાલ મો. ઝવેરી, ઈ. ૧૯૫૮ (સંવર્ધિત આ.); ૩. ગુહિવાણી; ૪. પ્રાકકૃતિઓ; ૫. મગુ આખ્યાન; ☐ ૬. ગૂહાયાદી. [ર.સો.]

મુકુન્દ–૩ [ઈ.૧૬૮૬માં હયાત] : આખ્યાનકાર. ખંભાતના વતની. જગદત્ત વ્યાસના પુત્ર. જગદીશના શિષ્ય. જૈમિનીકૃત 'અશ્વમેધ'ને આધારે આ કવિએ ૧૬ કડવાંના 'વીરવર્માનું આખ્યાન' (ર.ઈ. ૧૬૮૭)ની રચના કરી છે. આ કૃતિમાંના એક ઉલ્લેખ પરથી 'ચંદ્રહાસ–આખ્યાન' નામની એક અન્ય કૃતિ પણ આ કવિએ રચી હોવાનું સમજાય છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી; ૫. ફાહનામાવલિ : ૨. [ર.સો.]

મુકુન્દ–૪ [ઈ.૧૭૨૧માં હયાત] : મુકુન્દ ભક્ત તરીકે ઓળખાયેલા આ કવિની, વ્રજનારીના મથુરાવાસી કૃષ્ણ પરના પત્ર રૂપે રચેલી એક પદ્યકૃતિ 'ગોપીકાએ લખેલો કાગળ/મથુરાનો કાગળ' (ર.ઈ. ૧૭૨૧/સં. ૧૭૭૭, માગશર સુદ ૫, રવિવાર) મળે છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગ-બીજે. [ર.સો.]

મુકુન્દ–૫ [જ.ઈ.૧૭૯૬–અવ.ઈ.૧૮૬૬] : સૌરાષ્ટ્રના ચાવંડના વતની. પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ. અવટંકે ભટ્ટ. પિતા નૃસિંહ. માતા જીવીમા. કૃષ્ણલીલાનાં, શિવસ્તુતિનાં તથા ભક્તિવૈરાગ્યબોધનાં ગુજરાતી અને વ્રજમાં ઘણાં પદો એમણે રચ્યાં છે, જેમાંના કેટલાંક મુદ્રિત છે. 'બૃહત્કાવ્યદોહન : ૬'માં મુદ્રિત 'રાધાવિનોદ' એમની કૃતિ છે. એટલે ૨૮ કડીનો 'કહાન-ગોપીસંવાદ' અને 'બાળલીલા' પણ એમની કૃતિ હોવાની સંભાવના કરી શકાય. 'બૃહત્કાવ્યદોહન : ૫'માં એમના નામે મુદ્રિત હિંદીમાં રચાયેલા ઓગણોતેર કાળના કુંડળિયામાં 'મુકુંદાનંદ' છાપ મળે છે.

કૃતિ : ૧.*મુકુન્દ પદમાળા,–; ☐ ૨. અહિચ્છત્ર કાવ્યકલાપ, પ્ર. દયાશંકર મા. શુકલ, ઈ. ૧૯૧૪ (+સં); ૩. પ્રાકાવિનોદ : ૧; ૪. પ્રાકાસુધા : ૧, ૨; ૫. બૃકાદોહન : ૫, ૬.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકૅટલૉગબીજે; ૬. ડિકૅટલૉગભાવિ. [ર.સો.]

મુકુન્દ–૭ [ ] : સંતરામ મહારાજના શિષ્ય. નડિયાદના વતની. પદો (૨ પદ મુ.)ના કર્તા.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન ઈ. ૧૯૭૭.

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. ગુજૂકહકીકત; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ગૂહાયાદી. [ર.સો.]

મુકતગિરિ [ ] : આ નામે 'બારમાસી' અને 'પ્રાસ્તાવિક દુહા' મળે છે.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

મુકતાનંદ [જ.ઈ.૧૭૫૮/સં.૧૮૧૪, પોષ વદ ૭ – અવ. ઈ. ૧૮૩૦/સં.૧૮૮૬, અસાડ વદ ૧૧] : સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિ. જન્મ સૌરાષ્ટ્રના અમરેલીમાં. પિતા આનંદરામ. માતા રાધા. સરવરીઆ બ્રાહ્મણ. પૂર્વાશ્રમનું નામ મુકુંદદાસ. મહાત્મા મૂળદાસના શિષ્યો પાસેથી સંગીત, વૈદક અને કાવ્યશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું. માતાપિતાની ઇચ્છાથી લગ્ન. પરંતુ નાની ઉંમરથી કેળવાયેલા વૈરાગ્યભાવને લીધે ગૃહત્યાગ કરી ધ્રાંગધ્રાના દ્વારકા-દાસના, ત્યાંથી વાંકાનેરના કલ્યાણદાસના અને પછી સરધારમાં તુલસીદાસના શિષ્ય બન્યા. રામાનંદ સ્વામી સાથે મેળાપ થતાં તેમના પ્રત્યે આકર્ષાયા અને ઈ.૧૭૮૬માં એમની પાસેથી દીક્ષા લઈ 'મુક્તાનંદ' બન્યા. રામાનંદ સ્વામીએ મુક્તાનંદથી ઘણી નાની ઉંમરના સહજાનંદ સ્વામીને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા ત્યારે મુક્તાનંદે આનંદપૂર્વક સહજાનંદ સ્વામીનું શિષ્યપદ સ્વીકાર્યું અને મૃત્યુપર્યંત સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રસારમાં એમને મદદ કરી. ગઢડામાં ક્ષયની બીમારીથી અવસાન.

'મુકતાનંદ' અને 'મુકુંદદાસ' નામથી આ વિદ્વાન કવિએ ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં અનેક નાનીમોટી રચનાઓ સાંપ્રદાયિક ભાવનાને અનુકૂળ રહી લખી છે. જેમાં ભાગવતાશ્રિત અને હિન્દી-સંસ્કૃત કૃતિઓનું પ્રમાણ મોટું છે. એમની ગુજરાતી કૃતિઓમાં ૧૦૮ કડવાં અને ૨૭ પદોમાં રચાયેલી 'ઉદ્ધવગીતા' (ર.ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, શ્રાવણ વદ ૮, બુધવાર;મુ.) સૌથી વિશેષ ધ્યાનાર્હ છે. ભાગવતના દશમસ્કંધમાંના ઉદ્ધવગોપીપ્રસંગનું આલેખન કરતી આ કૃતિ એમાં વિસ્તારથી નિરૂપાયેલા સીતા-ત્યાગના વૃત્તાંતને લીધે અને એમાં પ્રગટ થતી કવિત્વશક્તિથી એ પ્રકારની અન્ય રચનાઓથી જુદી તરી આવે છે. ગોલોકધામમાં સપરિવાર બિરાજમાન રાધાકૃષ્ણનું ૧૮ ચાતુરીઓમાં વર્ણન કરતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ધામચણાંન-ચાતુરી'(મુ.), ૧૧ પદોમાં કૃષ્ણ અને રુક્મિણીના વિવાહ-પ્રસંગને વર્ણવતી અને અંતિમ ૪ ફટાણાં રૂપ પદોમાં કૃષ્ણભક્તિનો મહિમા કરતી ૧૫ પદોની 'રુકિમણીવિવાહ'(મુ.) અન્ય ભાગવતાશ્રિત રચનાઓ છે.

૧૩૨ કડવાં અને ૩૩ પદોમાં પ્રાસાદિક વાણીમાં સહજાનંદ સ્વામીના ઈશ્વરીય રૂપને ઉપસાવવા છતાં એમનું અધિકૃત ચરિત્ર બની રહેતી 'ધર્માખ્યાન' (ર.ઈ. ૧૮૨૯/સં. ૧૮૮૫, શ્રાવણ સુદ ૩;મુ.) કવિની બીજી મહત્ત્વની કૃતિ છે. 'સત્સંગી જીવન'ના ચોથા પ્રકરણના ૨૮થી ૩૩ અધ્યાયમાં વર્ણવાયેલા–ભક્તરાજ સચ્ચિદાનંદ મુનિ પર અનુગ્રહ કરી શ્રીકૃષ્ણે વડતાલમાં કરેલા નિવાસ–પ્રસંગનો સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ આપતી ૧૧૨ પદની 'કૃષ્ણપ્રસાદ' (ર.ઈ. સંભવત: ૧૮૨૫;મુ.) તથા સહજાનંદ સ્વામીએ બનાવેલા સંપ્રદાયાનુસારી સ્ત્રીધર્મોને અનુસરી ૮૮ કડવાં અને ૧૨ પદોમાં સતી સ્ત્રીઓના ધર્મને વર્ણવતી 'સતીગીતા' (ર.ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, જેઠ સુદ ૨, ગુરુવાર;મુ.) કવિની સાંપ્રદાયિક કૃતિઓ છે.

ગુજરાતી-હિન્દીમાં કવિએ ઘણાં પદો (મુ.) રચ્યાં છે. ભજન, કીર્તન, આરતી ઇત્યાદિ સ્વરૂપે મળતાં ને વિવિધ રાગમાં ગાઈ શકાય એ રીતે રચાયેલાં આ પદોમાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદોની સંખ્યા મોટી છે. કૃષ્ણની પ્રતીક્ષા; એને ઉપાલંભ, ઈજન; કૃષ્ણ-રૂપવર્ણન એમ કૃષ્ણગોપીજીવન સાથે સંકળાયેલી વિવિધ અવસ્થાઓ પદોનો વિષય બને છે. કેટલાંક પદોમાં ભક્તિનો મહિમા ને વૈરાગ્યબોધ છે. સહજ સરળતા એમનાં પદોનો ગુણ છે.

'વિવેકચિંતામણિ', 'સત્સંગ શિરોમણિ', 'મુકુન્દ-ભાવની', 'વાસુદેવાવતારચરિત્ર', 'પંચરત્ન', 'અવધૂતગીત', 'ગુરુ-ચોવીશી', 'ભગવદ્ગીતા ભાષાટીકા', 'કપિલ-ગીતા', 'નારાયણ-ગીતા' વગેરે એમની હિન્દી તથા 'નિર્ણયપંચકમ્', 'સત્સંગિજીવન માહાત્મ્યમ્,' 'હનૂમત્-કવચમંત્રપુરશ્ચરણજ્યવિધિસ્તોત્રગણિ' ઇત્યાદિ સંસ્કૃત રચનાઓ છે.

કૃતિ : ૧. મુક્તાનંદકાવ્યમ્ સં, હરિજીવનદાસ શાસ્ત્રી, ઈ. ૧૯૫૫; ☐ ૨. કીર્તન મુક્તાવલિ, પ્ર. બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમની સંસ્થા, ઈ. ૧૯૭૮; ૩. છંદરત્નાવલિ, પ્ર. વિહારી-લાલજી મહારાજ શ્રીભગવતપ્રસાદજી મહારાજ, સં. ૧૯૪૧; ૪. બૃકાદોહન : ૨, ૩, ૬; ૫. શ્રી ભજનરત્નાવલી, પ્ર. આત્મારામ જ. છતીઆવાલા, ઈ.૧૯૨૫.

સંદર્ભ : ૧. મુક્તાનંદની અક્ષરઆરાધના, રઘુવીર ચૌધરી, ઈ. ૧૯૭૯; ૨. સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, શાસ્ત્રી સત્યપ્રિયદાસ, ઈ. ૧૯૭૯; ☐ ૩. કવિચરિત : ૩; ૪. ગુસાઈતિહાસ : ૨; ૫. ગુમાસ્તંભો; ૬. પ્રાકકૃતિઓ; ☐ ૭. ગૂહાયાદી; ૮. ડિકૅટલૉગબીજે; ૯. ડિકૅટલૉગભાવિ. [ચ.મ.,શ્રા.ત્રિ.]

મુકિત : જુઓ મુકિતસાગર–૨.

મુકિતવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ધર્મવિજયને નામે મુકાયેલી પરંતુ મુક્તિવિજયશિષ્યની જ ૧૯ કડીની 'ગુણ-સ્થાન-સઝાય' (લે.ઈ.૧૭૪૪)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

મુકિતસાગર–૧/રાજસાગર(પંડિત) [જ.ઈ.૧૫૮૧–અવ.ઈ. ૧૬૬૫/સં.૧૭૨૧, ભાદરવા સુદ ૬] : તપગચ્છના જૈન સાધુ. લબ્ધિસાગરના શિષ્ય. પિતાનામ દેવીદાસ. માતા કોડાં/કોડમદે. મૂળનામ મેઘજી. આચાર્યપદ મળ્યા પછી કવિ રાજસાગર નામથી ઓળખાતા હતા. ઈ.૧૬૨૩માં કવિને ઉપાધ્યાયપદ મળ્યું હતું. તપગચ્છની સાગરશાખાની સ્થાપના તેમણે કરી હતી. ૬૮ કડીની 'કેવલીસ્વરૂપ-સઝાય' (ર.ઈ. ૧૬૧૬થી ઈ. ૧૬૩૦ સુધીમાં; મુ.)ના કર્તા.

કૃતિ : જિનાજ્ઞાસ્તોત્ર તથા કેવલિસ્વરૂપસ્તવન, સં. લાભસાગર, સં. ૨૦૨૪.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨–'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલી' ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

મુકિતસાગર–૨/મુકિત [જ.ઈ.૧૮૦૧–અવ.ઈ.૧૮૫૮] : અંચલ-ગચ્છના જૈન સાધુ. પિતા શા. ખીમચંદ. માતા ઉમેદબાઈ. કવિનું મૂળ નામ મોતીચંદ. દીક્ષા ઈ.૧૮૧૧/સં.૧૮૬૭, વૈશાખ સુદ ૩ને દિવસે મળી હતી. આચાર્યપદ અને ગચ્છેશપદ ઈ. ૧૮૩૬/સં. ૧૮૯૨, વૈશાખ સુદ ૧૨ને દિવસે મળ્યું હતું. ૧૧ કડીનું 'પરકીખામણા-સ્તવન'(મુ.) ૬ કડીની 'જીવાભિગમ સૂત્રની ગહૂંલી'(મુ.) 'ષડાવશ્યક-ગહૂંલી'(મુ.) તથા અન્ય કેટલીક ગહૂંલીઓ (મુ.), ૮૧ કડીનું 'નારકીની સાત ઢાલોનું સ્તવન'(ર.ઈ ૧૮૫૭) એ કૃતિઓના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧; ૨. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ખીમજી ભીં. માણક, ઈ. ૧૮૯૧; ૩. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧–'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ' [કી.જો.]

મુનિકીર્તિ [ઈ. ૧૬૨૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં હર્ષપ્રમોદના શિષ્ય. ૨૦૦ ગ્રંથાગ્રના 'પુણ્યસાર-રાસ'(ર.ઈ. ૧૬૨૬/સં.૧૬૮૨, આસો સુદ ૧૦, ગુરુવાર) ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [શ્રા.ત્રિ.]

મુનિચંદ્ર : આ નામે ૮ કડીની 'આદીશ્વર-હરિયાલી' (લે.સં. ૧૮મું શતક અનુ.), ૯ કડીની 'વૈરાગ્યરંગ-સઝાય', હિંદી-ગુજરાતીમિશ્ર ૧૪ કડીની 'ભાવિભાવનો સ્વાધ્યાય'(મુ.), ૨૪ કડીનો 'ઉપદેશામૃત-કુલક', 'સિદ્ધચક્ર-ચોપાઈ' અને 'તીર્થમાલા' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા મુનિચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. સઝાયમાલા(શ્રા) : ૧.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. પાંગુહસ્તલેખો; ☐ ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મુનિચંદ્ર–૧ [ઈ.૧૬મી સદી પૂર્વાર્ધ] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. 'રાત્રિભોજન-સઝાય'ના કર્તા. પ્રાકૃતમાં 'રસાઉલો' (લે.ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫૫૬/સં. ૧૬૧૨, શ્રાવણ વદ ૧૧, સોમવાર) કૃતિ મળે છે, જેના કર્તા પૂર્ણિમાગચ્છના જૈન સૂરિ છે. પ્રસ્તુત કૃતિના કર્તા પણ સંભવતઃ તે જ હોવાની શકયતા છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧). [શ્રા.ત્રિ.]

મુનિનાથ [ ] : વડનગરા નાગર બ્રાહ્મણ. ચારથી ૨૦ કડીના માતાજીના ગરબા, છંદ, ઠુમરી, ગરબી(મુ.)ના કર્તા.

કૃતિ : અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરચાંદ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩. [શ્રા.ત્રિ.]

મુનિપ્રભ(સૂરિ) [ઈ.૧૬મી સદી સુધીમાં] : અપભ્રંશની અસરવાળી, ૧૦૮ જૈન મંદિરોનો ઉલ્લેખ કરતી, ૨૪ કડીની 'અષ્ટોત્તરી તીર્થમાળા' (લે. ઈ. ૧૬મી સદી;મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. ૧૯૫૪–'શ્રી મુનિપ્રભસૂરિકૃત અષ્ટોત્તરી તીર્થમાળા', સં. ભંવરલાલ નાહટા. [શ્રા.ત્રિ.]

મુનિમાલ : જુઓ માલ/માલદેવ.

મુનિરત્ન(સૂરિ) [ ] : જૈન સાધુ. ૪ કડીના 'ચૌદસ્વપ્ન-ભાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧ [શ્રા.ત્રિ.]

મુનિરત્ન(ગણિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૧૧ કડીની 'તપગચ્છગુરુ-નામાવલિ'ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

મુનિવિમલ : આ નામે ૨૯ કડીની 'શાશ્વત-સિદ્ધાયતનપ્રતિમા-સંખ્યા-સ્તવન' (લે. લે. ૧૬૮૬ પહેલાં) એ કૃતિ મળે છે. તેના કર્તા કયા મુનિવિમલ છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મુનિવિમલ–૧ [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિમલહર્ષ(ઈ. ૧૬૦૨માં હયાત)ના શિષ્ય. ૨ ઢાળ અને ૩૩ કડીના 'શ્રીઆદિનાથ-સ્તવન'(મુ.)ના કર્તા. વિજયતિલકની હયાતીમાં રચાયેલ ૫ કડીની 'વિજયતિલક-સૂરિ-સઝાય'(મુ.) અને ૬૧ કડીનું 'શાંતિનાથ-સ્તવન' (૨.ઈ. ૧૬૧૭) એ કૃતિઓ રચનાસમય જોતાં આ જ કર્તાની હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. ઐસમાળા : ૧; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૨–'મ્હેસાણા મંડન શ્રી આદિનાથ સ્તવન', સં. શ્રી જયંત વિજયજી.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મુનિવિમલશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૨ કડીના 'નેમિનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

મુનિશીલ : આ નામે ૧૯ કડીનો 'કસ્તૂરિકર્પૂર-સંવાદ' નામક કૃતિ મળે છે. તેના કર્તા કયા મુનિશીલ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ઓકટો. ૧૯૪૬–'જૈન કવિયોંકી 'સંવાદ' સંજ્ઞક રચનાયેં', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

મુનિશીલ–૧ [ઈ. ૧૬૦૨માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. વિદ્યાશીલની પરંપરામાં વિવેકમેરુના શિષ્ય. 'જિનપાલ-જિનરક્ષિતરાસ' (૨.ઈ.૧૬૦૨/સં. ૧૬૫૮ મહાવદ ૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. પ્રાકારૂપપરંપરા; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [શ્રા.ત્રિ.]

મુનિસુંદર(સૂરિ)–૧ [ઈ.૧૩૮૪ આસપાસમાં હયાત] : 'વીર-સ્તવ' (૨.ઈ.૧૩૮૪ આસપાસ)ના કર્તા.

સંદર્ભ : પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન (સૂચિ), બાબુલાલ મ. શાહ, ઈ.૧૯૭૮. [શ્રા.ત્રિ.]

મુનિસુંદર–૨ [જ.ઈ. ૧૩૮૦–અવ.ઈ.૧૪૪૭/સં.૧૫૦૩, કારતક સુદ ૧] : તપગચ્છના જૈન સાધુ. દેવસુંદરસૂરિની પરંપરામાં સોમસુંદરસૂરિના શિષ્ય. ઈ. ૧૩૮૭માં દીક્ષા. ઈ. ૧૪૨૨માં સોમસુંદરસૂરિ દ્વારા વાચકપદમાંથી સૂરિપદ. દાક્ષિણાત્ય રાજાઓ 'કાલિસરસ્વતી/શ્યામસરસ્વતી' અને ખંભાતના નવાબ દફરખાને 'વાદિગોકુલષંઢ' બિરુદ આપ્યાં તેમને નવાજેલા.

'યોગશાસ્ત્ર'ના ચતુર્થપ્રકાશ પરના બાલાવબોધ (૨.ઈ. ૧૪૩૫)ના કર્તા.

તેમણે સંસ્કૃતમાં ઘણી રચનાઓ કરી છે : 'અધ્યાત્મકલ્પદ્રુમ/શાંતરસ-ભાવના'; ન્યાય, વ્યાકરણ અને કાવ્યનો પરિચય આપતી 'ત્રૈવિદ્ધગોષ્ઠી'; વિજ્ઞપ્તિ પત્રોના સાહિત્ય અને ઇતિહાસમાં સૌથી વધારે લાંબો અને વિશિષ્ટ 'વિજ્ઞપ્તિગ્રંથ/ત્રિદશતરંગિણી'; તેના એક ભાગ રૂપે ઉપલબ્ધ થતી 'ગુર્વાવલિ/તપગચ્છ પટ્ટાવલી'; પોતાની ટીકા સહિત 'ઉપદેશરત્નાકર'; 'જિનસ્તોત્ર-રત્નકોષ' વગેરે. તેમની પાસેથી પ્રાકૃતમાં 'અંગુલીસત્તરી', 'પાક્ષિકસત્તરી' અને 'વનસ્પતિસત્તરી' આદિ કૃતિઓ મળે છે. 'અંગુલી-સત્તરી' અને 'જયાનંદ-ચરિત્ર'ને કેટલાક ૪૦મા પટ્ટધર મુનિચંદ્રસૂરિની ગણાવે છે.

મુનિસુંદરને નામે મળતું ૨૨ કડીનું 'નવસારી મંડન શ્રી પાર્શ્વનાથ-સ્તોત્ર,(મુ.) કૃતિની અંતિમ પંકિતઓને કારણે તેમના શિષ્યનું હોવા વધુ સંભવ છે.

કૃતિ : ૧*અધ્યાત્મકલ્પદ્રુમ, પ્ર. જૈન ધર્મ પ્રચારક સભા,--; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૪૭–'શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત નવસારીમંડન શ્રી પાર્શ્વનાથ-સ્તોત્ર', સં. અંબાલાલ પ્રે. શાહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈન સાહિત્ય, મનસુખભાઈ કી. મહેતા, ઈ. ૧૯૫૯ (બીજી આ.); ૩. જૈસાઈતિહાસ. [શ્રા.ત્રિ.]

મુનિસુંદર(સૂરિ)–૩ [ઈ. ૧૩૮૯(?)માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. 'શાંત-રાય' (૨.ઈ. ૧૩૮૯(?)ના કર્તા. તેઓ મુનિસુંદર–૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

મુનિસુંદર(સૂરિ)શિષ્ય [ઈ. ૧૪૪૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. 'જૈન ગૂર્જર કવિઓ'માં સંઘવિમલ/શુભશીલને નામે નોંધાયેલો ૫ ઢાળ અને ૨૫૭ કડીનો 'સુદર્શન શ્રેષ્ઠિનો રાસ(શીલવિષય)/પ્રબંધ' (ર.ઈ. ૧૪૪૧/સં. ૧૫૦૧, જેઠ સુદ ૪, ગુરુવાર) વસ્તુત: મુનિસુંદરશિષ્યનો છે. એ સિવાય આ કવિએ 'સમ્યકત્વરાસ', 'કલ્યાણમંદિરસ્તોત્ર-બાલાવબોધ' તથા 'નેમ-ચરિત્ર/નેમિસ્તવન' એ કૃતિઓ પણ રચી છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. નવ્યુકવિઓ; ૩. પાંગુહસ્તલેખો; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૭૧ –'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૨); ૭. ડિકૅટલૉગભાવિ; ૮. હેજ્ઞૈસૂચિ : ૧. [કી.જો.]

મુરલીધર/મોરલીધર : મુરલીધરને નામે ૪ કડીનું ૧ પદ (લે.ઈ. ૧૬૭૩) અને મોરલીધરને નામે 'બારમાસી' નામક કૃતિ મળે છે. આ બંને કર્તા એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૨; ૩. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

મુરારિ [ઈ. ૧૬૧૯ સુધીમાં] : આખ્યાનકાર. પિતા જગન્નાથ સ્વામી. સૌરાષ્ટ્રના વતની. ૪૦ કડવાંના 'ઈશ્વર-વિવાહ' (લે.ઈ. ૧૬૧૯/સં. ૧૬૭૫, અસાડ વદ ૩૦, શનિવાર; મુ.)ના કર્તા. શિવ-પાર્વતીના લગ્નના વિષયને સામાજિક રીતરિવાજોની ઝીણી વીગતોથી વર્ણવતું અને કથાપ્રસંગને ઘાટથી નિરૂપતું આ આખ્યાન લોકપ્રિય બનેલું છે.

કૃતિ : બૂકાદોહન : ૬.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. ગૂહાયાદી. [ર.સો.]

મુરારિસોહન : જુઓ મલુકચંદ–૨.

મુલાદાસ [ ] : તત્ત્વજ્ઞાનવિષયક 'સાત ભૂમિકાની પતાકા' નામક કૃતિના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

મુંજ [ ] : ૪ કડીના 'આદિનાથ-ભાસ' (લે.સં. ૧૭મો સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મૂલ : જુઓ મૂળ–

મૂલ(ઋષિ)–૧/મૂલા(વાચક) [ઈ. ૧૫૬૮માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિની પરંપરામાં રત્નપ્રભના શિષ્ય. ૧૩૪/૧૩૭ કડીની 'ગજસુકુમાલ-સંધિ' (ર.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, ફાગણ સુદ ૧૧), ૮ ઢાળના 'વૃદ્ધ-ચૈત્યવંદન/કેવળનાણીબૃહત્‌ચૈત્યવંદન/શાશ્વતાશાશ્વતજિન-ચૈત્યવંદન-સ્તવન'(મુ.) તથા ૪ ઢાળની 'વીસું પંજોસણ હુંડી' (ર.ઈ. ૧૫૬૮ આસપાસ; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ, સં. મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯; ૨. જૈપ્રપુસ્તક : ૧; ૩. રત્ન-સાર : ૩, પ્ર. શા. લખમસી શિવજી, ઈ. ૧૮૭૨.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

મૂલ–૨ [ઈ. ૧૬૪૪ સુધીમાં] : જૈન. 'ચૈત્યવંદન' (લે.ઈ.૧૬૪૪) તથા 'સણતકુમાર-ભાસ' (લે. ઈ. ૧૬૪૪)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

મૂલચંદ/મૂલચંદ્ર/મૂળચંદ : મૂલચંદ/મૂલચંદ્રને નામે ૨ 'અજિતનાથ-ચરિત-સ્તવન', ૧૬ કડીની 'અજિતવિનતિ(જીવના ૫૬૩ ભેદ-ગર્ભિત)' (ર.ઈ. ૧૭૬૯), ૬ કડીની '(ઋષભદેવ/આદિનાથની) આરતી'(મુ.), ૩ કડીનું 'ઋષભજિન-સ્તવન'(મુ.), ૩૦૦ ગ્રંથાગ્રનો 'ઋષભદેવજીનો છંદ', ૧૧ કડીની 'ઋષભદેવબારમાસા' તથા મૂળચંદને નામે ૮ કડીની 'નેમિનાથના સાતવાર/સાતવાર-સઝાય' (મુ.) એ કૃતિઓ મળે છે, અને મૂળચંદ ભોજકને નામે 'પ્રેમચંદની ઢાળ' કૃતિ મળે છે. આ કયા મૂલચંદ/મૂલચંદ્ર/મૂળચંદ છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ; ૩. જૈપ્રપુસ્તક : ૧; ૪. જૈરસંગ્રહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨; ૨. ડિકૅટલૉગબીજ; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજ્ઞૈસૂચિ : ૧. [કી.જો.]

મૂલચંદજી–૧ [ઈ. ૧૮૦૨માં હયાત] : લોંકાગચ્છના કચ્છ સંઘાડાના જૈન સાધુ હોવાની સંભાવના. કૃષ્ણજીશિષ્ય ડાહ્યાજીના શિષ્ય. ૩૮ કડીની 'દિવાળી-છત્રીસી' (ર.ઈ. ૧૮૦૨; મુ.) અને 'નેમબહોંતેરી'(મુ.)ના કર્તા.

કૃતિ : વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. પૂનમચંદજી, ઈ. ૧૯૮૨. [શ્રા.ત્રિ.]

મૂળચંદજી(ઋષિ)–૨ [ઈ. ૧૮૨૯માં હયાત] : જૈન સાધુ. સંભવત: લોંકાગચ્છના ગોંડલ સંઘાડાના નેણશીસ્વામીના શિષ્ય. 'દીવાનું ટ્રિઢાળિયું' (ર.ઈ.૧૮૨૯; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા(શા) : ૨; ૨. જૈસસંગ્રહ(જૈ). [કી.જો.]

મૂલચંદજી શિષ્ય : જુઓ ધર્મદાસ–૫.

મૂલણદાસ [ ] : ૨૯૯ કડીના 'હમીરપ્રબંધ/દેશભાષા-નિબંધ'ના કર્તા. રણથંભોરના કિલ્લા અંગે હમીર અને દિલ્હીના ખીલજી વંશના બાદશાહ અલ્લાઉદ્દીન વચ્ચેના યુદ્ધ-પ્રસંગને વર્ણવતું આ એક ઐતિહાસિક કાવ્ય છે. હિન્દી તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાટચારણો ભાષાના દુહા, છપ્પય, કવિત ઇત્યાદિનો પદબંધવાળી આ કૃતિ તેમાં સચવાઈ રહેલી જૂની ભાષા અને કેટલાક વ્યાકરણના જૂના પ્રયોગોને લીધે ધ્યાનાર્હ છે.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧. [શ્રા.ત્રિ.]

મૂલદાસ/મૂળદાસ [ ] : આ નામે મળતાં ૬ કડીના 'દાણલીલાનો ગરબો'(મુ.) તથા ૧૫ કડીના કૃષ્ણભક્તિના ૧ પદ(મુ.)ને અંતે 'અમે ભેટયા રવિ ગુરુ ભાણ ત્રિકમ અમને તારો રે' કે 'મળ્યા ખેમ રવિ ભાણ રવિરામ' એવા ઉલ્લેખ મળે છે. તેના પરથી કવિ રવિભાણ સંપ્રદાયના અને મૂળદાસ–૧થી જુદા હોવાની સંભાવના છે.

કૃતિ : નવરાત્રિમાં ગાવાના ગરબા સંગ્રહ : ૧, પ્ર. અમરચંદ ભોવાન, ઈ. ૧૮૭૬; ૨. ભસાસિંધુ. [શ્રા.ત્રિ.]

મૂલપ્રભ [ ] : જૈન સાધુ. ઢાળ બંધમાં લખાયેલી 'ગજસુકુમાલ-સંધિ' (૨.ઈ. ૧૪૯૭(?)ના કર્તા. કૃતિના આરંભ-અંતમાં કર્તા-નામનો નિર્દેશ નથી, પરંતુ 'જૈન ગૂર્જર કવિઓ : ૧' અને 'જૈન સાહિત્યનો ઇતિહાસ' 'ગજસુકુમાલ-સંધિ'ના કર્તા તરીકે 'મૂલપ્રભ' નામ સૂચવે છે, જ્યારે 'જૈન ગૂર્જર કવિઓ : ૩'માં 'મૂલપ્રભ' નામ વિશે પ્રશ્ન કરી 'ભાવપ્રભ' નામ સૂચવાયું છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

મૂલા(વાચક) : જુઓ મૂલ(ઋષિ)–૧.

મૂળ/મૂળજી : 'મૂળ/મૂળદાસ' એવી નામછાપ દર્શાવતાં પણ 'મૂળજી ભક્ત' એવા નામ હેઠળ કૃષ્ણભક્તિ, ને વૈરાગ્યબોધનાં ગુજરાતી તેમજ ગુજરાતી-હિંદીમિશ્રા (ક્યાંક અરબીફારસીની છાંટ-વાળાં) ૭૮ પદો(મુ.) અને લીંબડીના ઠાકોર હરભમજીએ કાઠીઓ પર લીધેલા વેર અંગેનો, વીરરસયુક્ત અને ગદ્યપદ્યમિશ્રિત ભાષામાં લખાયેલ 'કાઠીઓ ઉપર વેરનો સલોકો'ના કર્તા કયા મૂળજી છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ભજનિક કાવ્ય સંગ્રહ, સં. શા. વૃંદાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૮.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧. [૨.સો.]

મૂળચંદ [ ] : જૈન. પિતાનામ પ્રભુદાસ. રાજુલના વિરહભાવને વ્યક્ત કરતી ૧૫ તિથિઓની 'ગરબી'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૨. [કી.જો.]

મૂળચંદજી [ઈ.૧૭૯૯માં હયાત] : જૈન સાધુ. 'ઇલાચીકુમારરાસ' (૨.ઈ.૧૭૯૯)ના કર્તા. તેઓ મૂલચંદજી–૧ હોવાની સંભાવના છે.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

મૂળચંદવિજય [ ] : જૈન સાધુ. ૮ કડીના 'કેસરિયાજીનું સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ. [કી.જો.]

મૂળજી–૧ [ઈ. ૧૭૫૫માં હયાત] : આખ્યાનકાર. જ્ઞાતિએ રૈકવ બ્રાહ્મણ. પિતા ભાઈભટ્ટ વ્યાસ. વતન અમદાવાદ. ૧૬ કડવાંના આખ્યાન 'નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ' (૨.ઈ.૧૭૫૫/સં. ૧૮૧૧, ચૈત્ર સુદ ૧૧, બુધવાર; મુ.)ના કર્તા.

કૃતિ : બૂકાદોહન : ૮.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુમાસ્તંભો; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

મૂળજી–૨ [ ] : 'દરુજી/કીદરુજી સુત મૂળજી' એવી નામછાપવાળા ૭ કડીના જ્ઞાનબોધના રૂપકાત્મક ૧ પદ (મુ.)ના કર્તા. કોઈ રૂદરજીસુતનાં વેદાન્તનાં પદની હસ્તપ્રત ગુજરાતી પ્રેસમાં હોવાનો ઉલ્લેખ મળે છે, તે આ કવિની હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. પ્રાકાવિનોદ : ૧; ૨. બૂકાદોહન : ૮.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગુજરાત શાળાપત્ર, સપ્ટે. ૧૯૧૧–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ચોથો', છગનલાલ વિ. રાવળ; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

મૂળદાસ–૧ [જ. ઈ. ૧૬૫૫/ઈ. ૧૬૭૫/સં. ૧૭૧૧/સં. ૧૭૩૧, કારતક સુદ ૧૧, સોમવાર–અવ. ઈ. ૧૭૭૯/સં. ૧૮૩૫, ચૈત્ર સુદ ૯] : જૂનાગઢ જિલ્લાના આમોદરામાં સોરઠિયા લુહાર જ્ઞાતિમાં જન્મ. પિતા કૃષ્ણજી. માતા ગંગાબાઈ. લગ્ન પછી સંસાર તરફ વૈરાગ્ય જન્મતાં ગૃહત્યાગ. ગોંડલમાં રામાનુજી સંપ્રદાયના કોઈ સાધુ જીવણદાસજી સાથે મેળાપ અને તેમના શિષ્ય. ગુરુના આદેશથી પત્નીને સાથે લઈ અમરેલીમાં વસવાટ અને ત્યાં જીવત્-સમાધિ. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ મુક્તાનંદની માતાને આત્મહત્યા કરતાં એમણે બચાવેલાં એવું મનાય છે.

મહાત્મા મૂળદાસને નામે જાણીતા આ સંતકવિની ગરબી, આરતી, ભજન, કીર્તન, બારમાસી જેવી પદપ્રકારની ગુજરાતી-હિંદી રચનાઓ અત્યારે મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ થાય છે. ભક્તિ અને જ્ઞાનવૈરાગ્યના સમન્વયરૂપ એમનાં આ પદોમાં કૃષ્ણભક્તિ, વૈરાગ્યબોધ અને ગુરુમહિમા છે. 'અનુપમચુંદડી'(મુ.) જેવાં એમનાં ઘણાં પદ લોકપ્રિય છે.

આ સિવાય ગુરુ દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા તેના હિંદીમાં ૩૦ કવિત(મુ.), 'મર્કટીનું આખ્યાન', 'હરિનામ-લીલા', 'સાસુવહુનો સંવાદ', ભાગવતનો બીજો સ્કંધ તથા ભગવદ્ગીતાનો અનુવાદ (૨.ઈ. ૧૭૬૧) વગેરે એમને નામે મળતી બીજી રચનાઓ છે.

કૃતિ : ૧. ભક્તિવૈરાગ્યતત્ત્વ, પ્ર. શ્રી વૈશ્નવ સાધુ ઓધવ-દાસજી, ઈ. ૧૯૦૩; ☐ ૨. અભમાલા; ૩. કાદોહન : ૨, ૩; ૪. ગુસાપઅહેવાલ : ૩-'ગુજરાતી જૂનાં ગીતો'માંથી ઉદ્ધૃત (+સં.); ૫. ગુહિવાણી (+સં.); ૬. નકાસંગ્રહ; ૭. પ્રાકાસુધા : ૨; ૮. બૂકાદોહન : ૭; ૯. ભસાસિંધુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા-મધ્ય; ૪. પ્રાકકૃતિઓ; ૫. સતવાણી (પ્રસ્તાવના); ૬. સોરઠની વિભૂતિઓ, કાલિદાસ મહારાજ, ઈ. ૧૯૬૧; ૭. સોસંવાણી; ☐૮. આલિસ્ટઑઈ : ૨; ૯. ગૂહાયાદી; ૧૦. ફૉલનામાવલિ. [૨.સો.]

મૂળદાસ–૨ : જુઓ મૂલદાસ.

મેગલ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : આખ્યાનકાર. અપરનામ નારાયણદાસ. જ્ઞાતિ કરડુઆ. પિતાનું નામ ગોવિંદ. 'ઉગ્રસેનકૃત નગર'(?)ના વતની.

એમની કૃતિઓ ઈ. ૧૫૭૩ અને ઈ. ૧૫૮૧ વચ્ચેનાં રચના-વર્ષ દર્શાવે છે. એ ઉપરથી કવિ ઈ. ૧૬મી સદીના છેલ્લા ચરણમાં હયાત હોવાનું કહી શકાય.

મૂળ કથાવસ્તુનો બહુધા સંક્ષેપમાં સરળ સાર આપવો એમની ચારે કૃતિઓ–૧૮ કડવાંનું 'જાલંધરાખ્યાન' (ર.ઈ. ૧૫૭૩/સં. ૧૬૨૯, ફાગણ સુદ ૧૧, ગુરુવાર; મુ.), ૧૬ કડવાંનું 'પરીક્ષિતા-ખ્યાન' (ર.ઈ. ૧૫૮૦/સં. ૧૬૩૬, મહા સુદ ૫, ગુરુવાર; મુ.), ભાલણની તદ્‌વિષયક કૃતિની અસર દેખાડતું ૧૦ કડવાંનું 'ધ્રુવા-ખ્યાન' (ર.ઈ. ૧૫૮૧/સં. ૧૬૩૭, આસો સુદ ૫, રવિવાર; મુ.), નચિકેતાના ચરિત્રને ૧૫/૧૮ કડવાંમાં આલેખતું 'નાસિકેતાખ્યાન' (મુ.)–વર્ણનરીતિની દૃષ્ટિએ કંઈક નોંધપાત્ર ગણાય એવી છે; વિશેષ રૂપે 'નાસિકેતાખ્યાન'.

આ કવિનું ૬૬ કડવાંનું 'વિરાટપર્વ' (ર.ઈ. ૧૫૮૩/સં. ૧૬૩૯, આસો સુદ ૧૦, બુધવાર; અંશતઃ મુ.) મળ્યું છે. તેમાંનાં પહેલાં ૧૫ કડવાં નાકરની તદ્‌વિષયક કૃતિની છાયા જેવાં છે.

કૃતિ : ૧ કવિ મેગલકૃત 'જાલંધરાખ્યાન અને પરીક્ષિતાખ્યાન', સં. જ. કા. પટેલ, ઈ. ૧૯૫૮; ૨. નાસિકેતાખ્યાન અને ધ્રુવા-ખ્યાન, સં. ભ. ભા. મહેતા, ઈ. ૧૯૨૬; ૩.☐વિદ્યાપીઠ, મે–જૂન ૧૯૮૨–'મેગલકૃત વિરાટપર્વનાં કેટલાંક અપ્રગટ કડવાં', સં. ઉષા અ. ભટ્ટ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. ગૂહાયાદી; ૮. ડિક્ટેલૉગબીજે. [૨.સો.]

મેઘ(મુનિ) : આ નામે ૮ કડીની 'ચૂનડી'(મુ.) અને ૨૩ કડીનું 'શત્રુંજય-સ્તવન' એ કૃતિઓ નોંધાયેલી છે. આ કર્તા ક્યા મેઘ મુનિ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : શ્રી શત્રુંજયતીર્થાદિ સ્તવનસંગ્રહ, સં. સાગરચંદ્રજી, ઈ. ૧૯૨૬.

સંદર્ભ : પાંગુલસ્તલેખો. [શ્રા.ત્રિ.]

મેઘ–૧/મેહો [ઈ. ૧૪૪૩માં હયાત] : જૈન. ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ અને મારવાડનાં ૧૨૦ તીર્થોનું વર્ણન કરતી ૮૯/૯૧ કડીની 'તીર્થમાલા'(મુ.), ૪૦ કડીનું 'રાણકપુર-સ્તવન' (ર.ઈ. ૧૪૪૩), 'ચંડિકા-છંદ' (ર.ઈ. ૧૪૪૪ આસપાસ) અને 'નવસારી-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. પ્રાતીસંગ્રહ : ૧; ☐ ૨. જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૩–'મેઘાકૃત તીર્થમાળા' સં. તંત્રી.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુ-લાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મેઘ–૨ [ઈ. ૧૫૫૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. જિન-માણિક્યના શિષ્ય. 'પરિગ્રહ-પરિભાષ્યચોપાઈ'(ર.ઈ ૧૫૫૩)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬-'જૈસલમેરકે જૈન જ્ઞાન ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

મેઘ(મુનિ)–૩[ઈ. ૧૬૩૪માં હયાત] : જૈન સાધુ. 'સાલ રાજસી-રાસ' (ર.ઈ. ૧૬૩૪/સં. ૧૬૯૦, પોષ વદ ૮)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૫૩-'શ્રી મેઘમુનિ રચિત સાલ રાજસી રાસકા ઐતિહાસિક સાર', ભંવરલાલ નાહટા. [શ્રા.ત્રિ.]

મેઘ–૪ [ ] : જૈન સાધુ કાંતિવિજયના શિષ્ય. ૭ કડીની 'છઠા આરાની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. સઝાયમાળા(પં); ૨. સસંપમહાત્મ્ય. [શ્રા.ત્રિ.]

મેઘ–૫ [ ] : જૈન સાધુ. નેમના શિષ્ય. ૭ કડીના સ્તવન(મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧ [શ્રા.ત્રિ.]

મેઘ–૬ [ ] : જૈન. ૫ કડીના 'સંભવ-નાથનું સ્તવન'(મુ.)ના કર્તા. કૃતિની અંતિમ પંક્તિને કારણે કર્તા-નામ 'મેઘ' છે કે 'મેઘવિશાળ' એ સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જિસ્તમાલા. [શ્રા.ત્રિ.]

મેઘ(ધારુવા)–૭ [ ] : ૩૧ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮. [શ્રા.ત્રિ.]

મેઘચંદ્ર : આ નામે ૪ કડીની 'રોહિણી-વાસુપૂજ્યની સ્તુતિ'(મુ.) અને ૭ કડીની 'વિજયદેવસૂરિ-સઝાય' મળે છે. આ કૃતિઓના કર્તા એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : દેસ્તસંગ્રહ.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મેઘજી [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : પિતા કાશી. ખંભાતના વતની. 'રુકિમણીહરણ' (ર.ઈ. ૧૫૬૧), 'હનુમાનચરિત્ર' (ર.ઈ. ૧૫૯૧) તથા 'સુદામા-આખ્યાન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. સાહિત્ય, ઑક્ટો. ૧૯૧૬-'જૂનાં કાવ્યોની થોડી હકીકત', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

મેઘનિધાન [ઈ. ૧૬૩૨માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનતિલકસૂરિની પરંપરામાં રત્નસુંદરના શિષ્ય. 'ક્ષુલ્લકકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૨/સં. ૧૬૮૮, માગશર સુદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

મેઘરત્ન : આ નામે 'ગોડીપાર્શ્વનાથ-છંદ' (લે.ઈ. ૧૭૩૦), ૮ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન(જગવલ્લભ)' અને ૯ કડીનું 'નેમનાથરાજુલ-ગીત' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક છે કે જુદા તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મેઘરાજ(મુનિ) : આ નામે ૬ કડીનો 'શંખેશ્વરપાર્શ્વનાથ-છંદ/સ્તુતિ'(મુ.), ૧૧ કડીની 'શાલિભદ્રશેઠની સઝાય'(મુ.), ૩૨ કડીની 'જીભ-બત્રીસી' (લે.ઈ. ૧૫૭૧), ૮ કડીની 'અહંકાર-સઝાય', ૧૨ કડીની 'રાજબાઈમાતા-છંદ', ૧૧ કડીનું 'સ્તંભન-પાર્શ્વનાથ-સ્તવન' એ કૃતિઓ મળે છે. આ ઉપરાંત રાજસ્થાની-ગુજરાતી મિશ્રામાં 'જ્યોતિષ (સારદુહા)' (લે.ઈ. ૧૮૧૦) અને 'સદ્‌ગુરુવર્ણન-ભાષા' મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા મેઘરાજ છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. પ્રાછંદસંગ્રહ; ૩. પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી : ૧, ૨. [શ્રા.ત્રિ.]

મેઘરાજ-મેઘમંડલ(બ્રહ્મ)-૧ [ઈ. ૧૫૬૧ સુધીમાં] : દિગંબર જૈન સાધુ. શાંતિના શિષ્ય. જુદી જુદી ભાસ રૂપ દેશીઓમાં નિબદ્ધ 'શાંતિનાથચરિત્ર' (લે. ઈ. ૧૫૬૧/સં. ૧૬૧૭, માધ(મહા?) સુદ ૩, શનિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐૨. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ].

મેઘરાજ(મુનિ)-૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિની પરંપરામાં ભાનુલબ્ધિ (ઉપાધ્યાય)ના શિષ્ય. 'ઋષભજન્મ' અને દુહા ને ગેય ઢાળોમાં રચાયેલી ૧૭ ઢાળની 'સત્તરભેદી-પૂજા'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. વિવિધ પૂજાસંગ્રહ : ૧થી ૧૧, પ્ર. જશવંતલાલ ગી. શાહ, સં. ૨૦૦૯; ૨. વિસ્નાપૂજાસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મેઘરાજ(વાચક)-૩ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. પાર્શ્વચંદ્રસૂરિની પરંપરામાં શ્રાવણ/સરવણ ઋષિના શિષ્ય. પાર્શ્વચંદ્રસૂરિથી પોતાની પરંપરા ગણાવતા હોવાથી પાર્શ્વગચ્છના હોવાની શકયતા. ૫ ખંડનો 'ઋષિદત્તામહાસતી-રાસ' (૨.ઈ. ૧૬૦૧); દુહા, ચોપાઈ અને જુદી જુદી દેશીઓના ઢાળમાં લખાયેલો, ૬ ખંડ અને લગભગ ૬૫૦ કડીનો, ઋષિવર્ધનના તદ્વિષયક કાવ્યની અસર ઝીલતો 'નળદમયંતી-રાસ' (૨.ઈ. ૧૬૦૮; મુ.); ૩૫૦ કડીનો 'સોળ-સતીનો રાસ'(મુ.) તેમની રાસકૃતિઓ છે. એ ઉપરાંત તેમની પાસેથી 'ઠાણાંગની દીપિકા/સ્થાનાંગની દીપિકા' (૨.ઈ. ૧૬૦૩), 'સમવાયાંગસૂત્ર-બાલાવબોધ' (૨. ઈ. ૧૬૦૩ આસપાસ), 'ક્ષેત્ર-સમાસ-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૧૪), મૂળ પ્રાકૃત ગ્રંથ 'રાજપ્રશ્નીય ઉપાંગ-સૂત્ર' પર ૩૨૮૧ કડીનો સ્તબક (૨.ઈ. ૧૬૧૪ આસપાસ), ૯૦૦૦ ગ્રંથાગ્રનો 'ઉત્તરાધ્યયનસૂત્ર-બાલાવબોધ/સ્તબક', 'ઔપપાતિક-સૂત્ર-બાલાવબોધ','નવતત્ત્વપ્રકરણ-બાલાવબોધ', 'રાયપસેણીનો બાલાવબોધ', રત્નશેખરસૂરિના મૂળ પ્રાકૃત ગ્રંથ 'લઘુક્ષેત્ર-સમાસ-પ્રકરણ' પર ૨૬૬ કડીનો બાલાવબોધ, ૧૪૦ કડીનો 'રાજ-ચંદ્રસૂરિ-પ્રવહણ' (૨.ઈ. ૧૬૦૫), 'સાધુ-સમાચારી' (૨.ઈ. ૧૬૧૩), ૧૦ કડીનું 'અનુયોગદ્વારસૂત્રાર્થ-ગીત (શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન-ગર્ભિત)', ૯/૧૧ કડીનું 'ગુરુ-ગીત/ભાસ', ૨૫ કડીની 'ચતુર્વિંશતિ-નામ-ગુંથિતરાગ-પચવીશી', ૩ ઢાળમાં વર્ણવાયેલ 'જ્ઞાતાધર્મ-કથાંગ-સૂત્ર-૧૯ અધ્યયન ૧૯-ભાસ/જ્ઞાતાસૂત્ર-સઝાયો'(મુ.), '૧૩ કાઠિયાનો તેર-ભાસ', ૨ ઢાળની 'મેઘકુમાર-સઝાય'(મુ.) ૭ કડીની 'સતી સુભદ્રાની સઝાય'(મુ.), ૭૫ કડીની 'સુબાહુકુમાર-સંધિ', ૧૫ કડીની 'સતી અંજનાસુંદરીની સઝાય'(મુ.), 'સત્તરભેદી-પૂજા' (૨.ઈ. ૧૬૯૩; અંશત: મુ.) અને પાર્શ્વચંદ્ર-વિષયક ગીત, શ્લોકો, સ્તુતિ આદિ તેમની પાસેથી મળ્યાં છે.

કૃતિ : ૧. આકામહોદધિ : ૩; ૨. ષટદ્રવ્યનય વિચારાદિ પ્રકરણ-સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯; ૩. સઝાય-સંગ્રહ : ૧, સં. સાગરચંદ્રજી, સં. ૧૯૭૮;☐૪. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૨–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી.

સંદર્ભ : ૧. ઓરાસંગ્રહ : ૧ (પ્રસ્તા.); ૨. ગુસાપઅહેવાલ : ૨૦; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. દેસુરાસમાળા; ૬. નળ-દમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૮૦; ૭. પ્રાકારૂપરંપરા; ☐ ૮. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૧, ૨); ૯. જૈહા-પ્રોસ્ટા; ૧૦. ડિકૅટલૉગભાઈ : ૧૭(૧); ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી; ૧૩. લેંજજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મેઘરાજ(બ્રહ્મ)-૪ [ઈ. ૧૬૯૮ સુધીમાં] : દિગંબર જૈન સાધુ. સકલકીર્તિની પરંપરામાં સુમતિકીર્તિના શિષ્ય. 'કોલ્હા બારસી-શ્રાવણ દ્વાદશી-રાસ' (લે.ઈ. ૧૬૯૮ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

મેઘરાજ-૫ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ–આવ. ઈ. ૧૭૮૬/સં. ૧૮૪૩, કારતક વદ ૩૦] : લોંકાગચ્છની ગુજરાતી શાખાના જૈન સાધુ. રૂપની પરંપરામાં જગજીવનજીના શિષ્ય. પિતા દંતારાઈપુરના ઓસવાલ વૃદ્ધ ગોત્રી દલોસાહ. માતા સાંમા. ઈ. ૧૭૩૧/સં. ૧૮૧૧, પોષ વદ ૧૩ના દિવસે પદવી. ૧૧ ઢાળના 'જ્ઞાનપંચમી-સ્તવન' (૨.ઈ. ૧૭૩૪) અને ૯ કડીના 'પાર્શ્વજિન-સ્તવન'(૨.ઈ. ૧૭૮૫)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨)–'જૈનગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

મેઘલાભ : આ નામે ૪ કડીનું 'ઘૃતકલ્લોલ-પાર્શ્વજિન-સ્તવન'(મુ.) મળે છે. આના કર્તા કયા મેઘલાભ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧. [શ્રા.ત્રિ.]

મેઘલાભ-૧ [ઈ. ૧૮૧૮માં હયાત] : જૈન સાધુ. તેજલાભના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિષ્ય. ૩ ઢાળનો 'નેમનાથનો રાસડો' (ર.ઈ. ૧૮૧૮; મુ.) અને ૨૧ કડીની 'વૈરાગ્ય-પચીશી' (ર.ઈ. ૧૮૧૮; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પ્રાસ્તસંગ્રહ; ૨. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩. [શ્રા.ત્રિ.]

મેઘવર્ધન [ ] : જૈન. ૭ કડીના 'ઋષભ-જિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

મેઘવાચકશિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૨૪ ઢાળની 'શોભનસ્તુતિ-સ્તબક' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

મેઘવિજય : આ નામે ૧૨ કડીની 'જ્ઞાનવિવેક-સઝાય', ૭ કડીની 'થાવચ્ચાકુમાર-સઝાય' (લે. ઈ. ૧૮૧૩), ૩૭ કડીની 'સંવેગઉપ-લક્ષણ-સઝાય' (લે. સં. ૨૦મી સદી અનુ.), ૪ કડીનું 'સીમંધર-સ્વામી-સ્તવન' અને ૧૧ કડીની 'મહાવીરસ્વામીની સ્તુતિ'(મુ.) મળે છે. આ કૃતિઓના કર્તા કયા મેઘવિજય છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : જિસ્તમાલા.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. લેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

મેઘવિજય-૧ [ઈ. ૧૬૬૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિવેકવિજયની પરંપરામાં માણિક્યવિજયના શિષ્ય. 'મંગલકલશ-ચોપાઈ' (ર.ઈ. ૧૬૬૭; કવિના સ્વહસ્તાક્ષરમાં)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

મેઘવિજય-૨ [ઈ. ૧૬૮૩માં હયાત] : જૈન સાધુ. લાભવિજયની પરંપરામાં ગંગવિજયના શિષ્ય. 'ચોવીશી/ચોવીસીજિન-સ્તવન'(ર. ઈ. ૧૬૮૩; અંશતઃ મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

મેઘવિજય-૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ]: તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં કૃપાવિજયના શિષ્ય વિજયપ્રભસૂરિને હસ્તે ઉપાધ્યાયપદ. યશોવિજયના સમકાલીન. ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ અને આધ્યાત્મિક વિષયોમાં પારંગત. તેમનો પાસેથી ગુજરાતી અને સંસ્કૃતમાં ઘણાં રાસાદિ કાવ્યો, ચરિત્રો અને નાટકો મળ્યાં છે. ૧૧ ઢાલમાં ૧૦૮ ગ્રામના પાર્શ્વનાથના મહિમાને નિરૂપતી 'પાર્શ્વનાથનામમાલા/તીર્થ-માળા' (ર.ઈ. ૧૬૬૧, કવિના સ્વહસ્તાક્ષરમાં પ્રત; મુ.), 'આહાર-ગવેષણા સઝાય', દિગંબરોના વિરોધરૂપ ૩૯ કડીનું 'કુમતિનિરા-કરણ હુંડી-સ્તવન', 'ચોવીસી'(મુ.), ૪ ઢાળમાં વર્ણવાયેલ 'શ્રીવિજય-દેવસૂરિનિર્વાણ-સ્વાધ્યાય'(મુ.), 'પંચાખ્યાન', 'વર્ષમહોદય', 'શાસન દીપક-સઝાય', 'જૈનધર્મદીપક-સઝાય' અને 'દશમત-સ્તવન'– એ એમની કૃતિઓ છે.

સંસ્કૃતમાં પણ તેમણે અનેક કૃતિઓ રચી છે, જેમાં 'દેવાનંદા ભ્યુદયકાવ્ય' (ર.ઈ. ૧૬૭૧), 'માતૃકાપ્રસાદ' (ર.ઈ. ૧૬૯૧), 'ઉદયદીપિકા-જ્યોતિષ' (ર.ઈ. ૧૬૯૬), 'હૈમકૌમુદી-ચંદ્રપ્રભા'(ર.ઈ. ૧૭૦૧), 'શાંતિનાથ-ચરિત્ર', 'લઘુત્રિષષ્ઠિ-ચરિત્ર', 'યુક્તિપ્રબોધ-નાટક' અને અન્ય કૃતિઓનો સમાવેશ થાય છે.

કૃતિ : ૧. ઐસમાલા : ૧; ૨. જિસ્તકાસંદોહ : ૨; ૩. જૈઐ-રાસમાળા : ૧; ૪. જૈગૂસારત્નો : ૧(+સં.); ૫. પ્રાતીસંગ્રહ : ૧; ☐ ૬. જૈન સત્યપ્રકાશ, જુલાઈ, ઑગ., ડિસે. ૧૯૪૧ અને જાન્યુ. ૧૯૪૨ – 'ચોવીશજિનસ્તવનમાલા', સં. સારાભાઈ મ. નવાબ.

સંદર્ભ : ૧. ઑરાસંગ્રહ : ૩ (પ્રસ્તા.); ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ☐ ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મેઘવિજય-૪ [ઈ. ૧૮૦૧ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. રંગવિજયના શિષ્ય. 'મેઘાકાજલસંધ્યાદિનું સ્તવન' (લે. ઈ. ૧૮૦૧/સં. ૧૮૫૭, માગશર વદ ૯, મંગળવાર), 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' અને ૮ કડીના 'શાંતિજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

મેઘવિજય(ગણિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૭ કડીની 'ઇરિયાવહિની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસપદસંગ્રહ : ૧. [કી.જો.]

મેણ [ ] : બનાસકાંઠામાં રાધનપુરની બાજુમાં આવેલા વારાઈ ગામના રહીશ. કવિ ઈ. ૧૭૪૪ આસપાસ થયા હોવાની માહિતી મળે છે. તેઓ મુખ્યત્વે વંશાવળીઓ લખવાનું, મીઠા સાદે તે વંશાવળીઓને બોલવાનું તથા તેમને સાચવવાનું કામ કરતા હતા. તેમણે ભજન, છપ્પા તથા કવિત (૭ મુ.)ની રચના કરી છે. તેમના છપ્પા હરિજનોના મામેરા અને છાબના પ્રસંગે ગવાય છે.

કૃતિ : હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.). [કી.જો.]

મેરામજી [ ] : મોતીરામના શિષ્ય. ભજન-(મુ.)ના કર્તા.

કૃતિ : ભજનસાગર : ૨. [કી.જો.]

મેરુ(મુનિ) : આ નામે ૭ કડીનું 'એકાદશીનું સ્તવન'(મુ.) તથા ૨૧ કડીનું 'નંદીશ્વર-સ્તવન' મળે છે. તેમના કર્તા કયા મેરુ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈપ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

મેરુ(પંડિત)–૧ [ ] : જૈન. 'પુણ્યસાર-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [ર.ર.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેરુ(મુનિ)–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. 'ચઉસરણ ટબા'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [૨.૨.દ.]

મેરુ–૩ [ ] : મુંજાના શિષ્ય. ૪ કડીના ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અભમાલા; ૨. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૧૦(છઠ્ઠી આ.). [કી.જો.]

મેરુઉદય [ઈ. ૧૮૧૮ સુધીમાં] : જૈન સાધુ. ૫ કડીના 'મહાવીર-સ્તવન (ખીમાણાદિ)' (લે.ઈ.૧૮૧૮)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

મેરુતુંગ(સૂરિ) [ ] : સંસ્કૃત ગ્રંથો પરના 'વ્યાકરણચતુષ્ક-બાલાવબોધ' તથા 'તદ્ધિત-બાલાવબોધ'ના કર્તા. આ મેરુતુંગસૂરિ જો અંચલગચ્છના હોય તો એ મહેન્દ્રપ્રભસૂરિના શિષ્ય અને ઈ. ૧૩૪૭/૪૯થી ઈ. ૧૪૧૫/૧૭ વચ્ચે થયેલા સંસ્કૃતના વિદ્વાન મેરુતુંગ હોવાનું અનુમાન થઈ શકે.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ;☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

મેરુતુંગ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. મૂળ પ્રાકૃત કૃતિ 'નવતત્ત્વ પ્રકરણ' પરના વિવરણના કર્તા. મેરુતુંગસૂરિનો સમય ઈ. ૧૩૪૭/૪૯–ઈ. ૧૪૧૫/૧૭ મળે છે. તેને આધારે તેમના શિષ્યનો સમય ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધથી ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ સુધીનો ગણી શકાય.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ૨. લેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

મેરુનંદન : આ નામે 'જિનચંદ્રસૂરિ-ગીત' મળે છે. તેના કર્તા કયા મેરુનંદન છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩-'કતિપય ઐતિહાસિક ગીતોંકા સાર', સં. અગરચંદ નાહટા. [૨.૨.દ.]

મેરુનંદન(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૩૭૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં જિનોદયસૂરિના શિષ્ય. ૬૦ કડીના આંતરપ્રાસવાળા દુહાબંધમાં રચાયેલા 'જિરાઉલી/જિરાપલ્લી પાર્શ્વનાથ-ફાગુ' (ર.ઈ. ૧૩૭૬; મુ.), જિનોદય થયા પૂર્વેના કિશોર સમરના સંયમશ્રી સાથેના દીક્ષા-વિવાહનું વર્ણન કરતું ઘાત અને ભાસમાં વિભાજિત ઝુલણાબંધની ૪૪ કડીનું 'જિનોદય-સૂરિ-વિવાહલઉ' (ર.ઈ. ૧૩૭૬ના અરસામાં; મુ.), ૩૩ કડીનું 'અજિતનાથ-સ્તવન/અજિત-વિવાહલો'(મુ.), ૧૦/૧૧ કડીનો 'ગૌતમસ્વામી-છંદ', ૮ અને ૨૫ કડીની ૨ 'સ્થૂલિભદ્રમુનીન્દ્રચ્છંદાંસિ' તથા ૩૧ કડીનું 'સીમંધરસ્વામી-સ્તવન'–એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. ઓરાસંગ્રહ : ૩ (+સં.); ૩. પ્રાફા-ગુસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તરઅપભ્રંશનો સાહિત્ય-વિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧; ૪. ગુસારસ્વતો; ૫. જૈસાઈતિહાસ; ૬. પ્રાકાવ્યપરંપરા; ૭. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૮. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૯. જૈમગૂકરચનાઓ : ૧; ૧૦. મુપુગૂહસૂચી; ૧૧. લેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

મેરુલાભ [ઈ. ૧૬૪૯માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વિનયલાભના શિષ્ય. ૩૦૩ કડીના 'ચંદ્રલેખાસતી-રાસ' (ર.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, માગશર વદ ૮, ગુરુવાર)ના કર્તા. કૃતિને અંતે 'મુનિ મહાવજ્જ કહિ' એવી પંક્તિ છે, તેમાં 'મુનિ મહાવજ્જ' કર્તાનું અપરનામ છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય;☐ ૩. જૈગૂકવિઓ : ૨; ડિકૅટલૉગભાવિ. [૨.૨.દ.]

મેરુવિજય : આ નામે 'ગહૂંલી', 'ધન્યાનગર-સઝાય', ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ', ૨૭ કડીની 'વક્કલચીરી-પ્રસન્નચંદ્રઋષિ-સઝાય', ૩૪ કડીની 'સાધુધર્માધિકાર-સઝાય', ૯ કડીની 'મુહપતિ-સઝાય' નામની રચનાઓ મળે છે. એમના કર્તા કયા મેરુવિજય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. લેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

મેરુવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. પંડિત જયવિજયના શિષ્ય. ૨૭/૩૯ કડીની 'નવવાડ-સઝાય/બ્રહ્મચર્ય નવ-વાડ-સઝાય/શિયળની નવવાડ-સઝાય' (ર.ઈ. ૧૬૪૬/સં. ૧૭૦૨, શ્રાવણ,–; મુ.), ચોપાઈબદ્ધ ૩૧ કડીની 'પરદેશી રાજાના દસ પ્રશ્નોની સઝાય' (ર.ઈ. ૧૬૬૯/સં. ૧૭૨૫, અસાડ સુદ ૩; મુ.), ૧૫ કડીની 'શ્રાવકના ૩૬ ગુણની સઝાય' (ર.ઈ.૧૬૮૫; મુ.), ૧૬ કડીની 'ઈરિયાવહીની સઝાય/ઈર્યાપથિકીમિથ્યાદુષ્કૃત્યસઝાય/મિચ્છામિ દુક્કડ-સઝાય'(મુ.), ૧૪ કડીની 'ગજસુકુમાલની સઝાય' (મુ.), ૩ ઢાળમાં ૧૧/૧૬ કડીનું 'નંદિષેણ મુનિનું ત્રિઢાળિયું/નંદિષેણ-સઝાય'(મુ.), ૩૩ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' (ર.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, પોષ વદ ૧૦), ૧૧ કડીની 'બાહુબલની સઝાય'(મુ.), ૧૫ કડીની 'ચંદનબાળાની સઝાય'(મુ.), ૧૫ કડીની 'મેતારજ્જમુનિ-સઝાય'(મુ.) એ કૃતિઓના કર્તા. તેમની પાસેથી રાજસ્થાનીગુજરાતી-મિશ્ર ભાષામાં 'નેમીશ્વર રાગમાલા-સ્તવન' (ર.ઈ. ૧૬૪૭) પણ મળે છે.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧; ૨. જૈસમાલા(શા) : ૨; ૩. જૈસસંગ્રહ(જૈ); ૪. જૈસસંગ્રહ(ન); ૫. મોસસંગ્રહ; ૬. સઝાય-માલા (પં); ૭. સઝાયમાલા, પ્ર. લલ્લુભાઈ કરમચંદ, સં. ૧૯૨૫.

સંદર્ભ : ૧. દેસ્તસંગ્રહ; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. રાપુહસૂચી : ૪૨; ૪. લીંહસૂચી, ૫. લેજૈજ્ઞાસૂચિ: ૧. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેરુવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં રંગવિજયગણિના શિષ્ય. 'વસ્તુપાલ-તેજપાલનો રાસ' (૨.ઈ. ૧૬૬૫/સં. ૧૭૨૧, ચૈત્ર સુદ ૨, બુધવાર; મુ.), ૫૦૩ કડીનો 'નવપદ-રાસ/શ્રીપાલ-રાસ' (૨.ઈ.૧૬૬૬/સં. ૧૭૨૨, આસો સુદ ૧૦, ગુરુવાર), ૧૩૪૬ કડીનો 'ઉત્તમ-કુમાર-રાસ' (૨.ઈ. ૧૬૭૬) તથા *'નર્મદાસુન્દરી-રાસ' (૨.ઈ.૧૬૯૮; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. *નર્મદાસુંદરી રાસ,–; ૨. વસ્તુપાલ તેજપાલનો રાસ, પ્ર. સવાઈભાઈ રાયચંદ, ઈ. ૧૯૦૧.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૨; ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬.]

મેરુવિજય–૩ [ઈ. ૧૭૦૭ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયગણિના શિષ્ય. ગજસારમુનિકૃત ૪૩ કડીના મૂળ પ્રાકૃત ગ્રંથ 'દંડકપ્રકરણ' પરના સ્તબક (લે.ઈ. ૧૭૦૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.૬.]

મેરુવિજય–૪ [ ] : જૈન સાધુ. લાલવિજયના શિષ્ય. ૧૧ કડીની 'સચિતઅચિતપૃથ્વીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. મોસસંગ્રહ; ૨. સઝાયમાલા(પં). [૨.૨.૬.]

મેરુવિજય–૫ [ ] : જૈન સાધુ. જિનવિજયના શિષ્ય. ૧૧ કડીની 'ધનાજીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : મોસસંગ્રહ. [૨.૨.૬.]

મેરુવિમલ [ઈ. ૧૮૫૨ સુધીમાં] : જૈન સાધુ. 'યુગપ્રધાનત્રેવીસ-ઉદય-સઝાય' (લે.ઈ. ૧૮૫૨)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.૬.]

મેરુસુંદર(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં વાચનાચાર્ય રત્નમૂર્તિના શિષ્ય. કુશળ બાલાવબોધકાર. ૫૪૧ કડીના 'ઋષભદેવ-સ્તવન/શત્રુંજય-સ્તવન-બાલાવબોધ/શત્રુંજયમંડનશ્રીયુગાદિદેવ-સ્તવન પરનો વાર્તારૂપ બાલાવબોધ' (૨.ઈ. ૧૪૬૨), જયકીર્તિસૂરિકૃત મૂળ પ્રાકૃત ગ્રંથ પર ૬૦૦૦/૭૭૫૫ ગ્રંથાગ્રનો 'શીલોપદેશમાલા-પ્રકરણ-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૪૯), 'ષડાવશ્યકસૂત્ર/શ્રાવકપ્રતિ-ક્રમણસૂત્ર-બાલાવબોધ' (૨.ઈ. ૧૪૬૯/સં. ૧૫૨૫, વૈશાખ સુદ ૫), ગુજરાતી આલંકારિક સોમપુત્ર વાગ્ભટકૃત અલંકારગ્રંથ પર 'વાગ્ભટાલંકાર-બાલાવબોધ' (૨.ઈ. ૧૪૭૯), નંદિષેણકૃત મૂળ પ્રાકૃત ગ્રંથ પર 'અજિતશાંતિ-સ્તવન-બાલાવબોધ', 'કર્પૂરપ્રકરણ-બાલાવબોધ', અભયદેવસૂરિકૃત મૂળ પ્રાકૃત ગ્રંથ પર ૫૦૦ ગ્રંથાગ્રનો 'પંચનિગ્રંથી સંગ્રહણી પ્રકરણ-બાલાવબોધ', 'પ્રશ્નોત્તર-પદશતક કિંચિત્ પૂર્ણ', મલધારી હેમચંદ્રસૂરિકૃત પ્રાકૃત ગ્રંથ પર ૬૦૦૦/૮૩૩૪ ગ્રંથાગ્રનો 'પુષ્પમાલાપ્રકરણ-બાલાવબોધ', 'સંબોધ-સત્તર-બાલાવબોધ', મુનિ માનતુંગસૂરિકૃત 'ભકતામરમહાસ્તોત્ર' પર 'ભક્તામરકથા/ભક્તામરપ્રાકૃતવાર્તાવૃત્તિ/ભક્તામરસ્તોત્રવાર્તારૂપબાલાવ-બોધ', 'ભાવારિવારણ-બાલાવબોધ', 'હેમચંદ્રસૂરિકૃત મૂળ સંસ્કૃત ગ્રંથ પર ૨૫૦૦ ગ્રંથાગ્રનો 'યોગશાસ્ત્ર-બાલાવબોધ', બૌદ્ધ વિદ્વાન ધર્મદાસગણિકૃત અલંકારગ્રંથ પર 'વિદગ્ધમુખમંડન-બાલાવ-બોધ', ૧૧૭૬ ગ્રંથાગ્રનો 'વૃત્તરત્નાકર-બાલાવબોધ' તથા નેમિચંદ્ર-કૃત 'ષષ્ટિશતક' પરનો ૭૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ(મુ.)–એ કૃતિઓના કર્તા. 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર'માં 'શીલોપદેશમાલા-બાલાવબોધ'ની ૨.ઈ. ૧૩૫૭ નોંધાઈ છે જે ભૂલ હોવા સંભવ છે.

કૃતિ : નેમિચન્દ્ર ભંડારી વિરચિત ષષ્ટિશતક પ્રકરણ-ત્રણ બાલાવ-બોધ સહિત, સં. ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૫૩ (+સં.).

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૩, ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસાપ-અહેવાલ : ૨૦; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. જૈસાઈતિહાસ; ૭. મસાપ્રવાહ; ☐ ૮. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૯. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૨); ૧૦. ડિકૅટલૉગભીજે; ૧૧. ડિકૅટલૉગભાવિ; ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. લીંહસૂચી; ૧૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬.]

મેરુસુંદર(ગણિ)–૨ [ ] : જૈન સાધુ. મહિમા-સુંદરના શિષ્ય. ૧૬૩ કડીની 'કયવન્ના-સંબંધ' એ કૃતિના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભીજે. [ર.ત્રિ.]

મેહમૂદ દરિયાઈ(સાહેબ) [જ. ઈ. ૧૪૬૮–અવ. ઈ. ૧૫૩૪] : મુસ્લિમ કવિ. વતન બીરપુર. મશાયખોની પરંપરામાં શેખ ચાંદબિન શેખ મહમ્મદ ગુજરાતી/કાઝી હમીદ (ઉર્ફે આલંદા)ના પુત્ર. ગુજ-રાતના સુલતાન બહાદુરશાહના અમલ દરમ્યાન કાઝી. ઈ. ૧૫૧૪માં સુલતાન નારાજ થતાં હોદ્દો છોડી વતન બીરપુરમાં સ્થાયી વસ-વાટ કર્યો. વફાત પહેલાં પિતાએ ખિલાફતનો ઝભ્ભો અર્પણ કરીને તેમના ઉત્તરાધિકારી બનાવ્યા હતા. હિંદીની છાંટવાળી ગુજરાતી ભાષામાં, માનવજીવનને ખેતરનું રૂપક આપી મનુષ્ય અવતારને ઉજાળવાનો ઉપદેશ આપતાં ૨ ભજનો(મુ.) ઉપરાંત 'મકામાતે હિન્દીયા'(મુ.) નામના સંગ્રહમાં આ કર્તાની 'જિકરી' નામની લોક-પ્રિય થયેલી હિન્દી કૃતિઓ સંગૃહીત થયેલી છે.

કૃતિ : બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૯૬૬ – 'પંદરમા સૈકાના સૂફી સંતકવિ કાઝી મેહમૂદ દરિયાઈ સાહેબ', સૈયદ ઈમામુદ્દીન દરગાહ-વાલા. (+સં.). [૨.૨.૬.]

મેહો : જુઓ મેઘ–૧.

મોકમ/મોહોકમ [ ] : દુહા અને છપ્પામાં આવેલી 'લક્ષ્મી-ઉમા-સંવાદ/લક્ષ્મી-પાર્વતી-સંવાદ'(મુ.)ના કર્તા. 'આલ્ફાબેટિકલ લિસ્ટ ઑવ્ મેન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ઑરિએન્ટલ ઇન્સ્ટ-ટ્યૂટ : ૨' પ્રસ્તુત કૃતિની ૨.ઈ.૧૭૯૨ નોંધે છે, પરંતુ મુદ્રિત કૃતિમાં કયાંય તે ઉપલબ્ધ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. લક્ષ્મી પારવતિનો સંવાદ તથા કેવળરસ, પ્ર. કસ્તૂરચંદ મુ. શા. ઈ. ૧૮૭૮; ૨. નકાસંગ્રહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. ગૂહાયાદી. [કી.જો.]

મોટાભાઈ [જ. ઈ. ૧૭૦૪/સં. ૧૭૬૦, ભાદરવા વદ ૫-]: પુષ્ટિમાર્ગીય ભરૂચી વૈષ્ણવ ભક્તકવિ. જ્ઞાતિએ નાગર બ્રાહ્મણ. વતન ગોધરા. મોટાભાઈનું મૂળનામ વજેરામભાઈ હતું. તેમના જન્મદિવસે ભગવદીઓ તેમનો ઉત્સવ કરે છે. તેમણે વ્યારાવાળા ગોપાલદાસભાઈ, મહદ્‌મણિ મોહનભાઈ, ગોકુલભાઈ તથા બહેનજી-રાજનાં આધિદૈવિક સ્વરૂપનાં કાવ્યગ્રંથો તથા ધોળ રચ્યાં છે.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [કી.જો.]

મોતી/મોતીરામ : આ નામે શક્તિવિષયક ગરબા અને પદો મળે છે. એમના રચયિતા માતાના કોઈ ભક્ત હોવાની સંભાવના છે. પણ એ કોઈ એક કવિ છે કે જુદા તે નિશ્ચિત થઈ શકે એમ નથી.

મોતીરામ જતિને નામે 'પટપંચાશિકા' નામની કૃતિ મળે છે. તેના કર્તા પણ કયા મોતીરામ તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. શ્રીમદ્‌ ભગવતીકાવ્ય, સં. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો. [૨.સો.]

મોતી–૧ [ ] : હરિજન લોકકવિ. જ્ઞાનનાં પદ (૨ પદ મુ.)ના કર્તા.

કૃતિ : હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, સં. દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.). [૨.સો.]

મોતીમાલુ [ઈ. ૧૭૪૨માં હયાત] : જૈન સાધુ. ૭૩ કડીના 'નેમિજિન-શલોકો' (૨.ઈ. ૧૭૪૨/સં.૧૯૭૮; આસો વદ ૩૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

મોતીરામ–૧ [ઈ. ૧૮૩૪માં હયાત] : ભરૂચના શ્રીમાળી વણિક. એમની કાફી રાગના નિર્દેશવાળી, ૨૩ પદની 'નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ'(મુ.) તથા ૯ પદની 'સુદામાચરિત્ર/સુદામાપુરી'(મુ.) એમ ૨ પદમાળાઓ પ્રેમાનંદની તદ્વિષયક આખ્યાનકૃતિઓ સાથે નિરૂપણની દૃષ્ટિએ કેટલુંક સામ્ય ધરાવે છે. એ સિવાય 'શામળદાસનો વિવાહ', 'કુંવરબાઈનું મોસાળું/મામેરું' તથા અન્ય પદોની રચના પણ એમણે કરી છે.

કૃતિ : ૧. બૃકાદોહન : ૭; ૨. મહાકવિ પ્રેમાનંદ તથા બીજા આઠ કવિઓનાં સુદામાચરિત્ર, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૨; ☐ ૩. બુદ્ધિપ્રકાશ, ડિસે. ૧૯૦૨–'સુદામાચરિત્ર અથવા સુદામાપુરી', ચમનલાલ આ. પારધી (+સં.); ☐ ૪. ડિકૅટલૉગભાવિ. [૨.સો.]

મોતીરામ–૨ [ ] : ગોધરા તાલુકાના શિવપુર (થહેરા)ના ચિત્રોડા નાગર બ્રાહ્મણ. પિતા કડુજી. માતા કુશાલબાઈ. તેમનો આયુષ્યકાળ (જ. ઈ. ૧૭૮૧/૧૭૮૮ અને અવ. ઈ. ૧૮૩૬/૧૮૧૮) નોંધાયો છે. પરંતુ એને કોઈ ચોક્કસ આધાર નથી.

તેમણે 'દાણલીલા', 'દ્વાદશ-મહિના', કેટલાંક પદો અને ગરબીઓ (સર્વ મુ.) તથા 'ચાતુરીભાવલીલા', 'રાસલીલા' (ગરબીઓ), શૃંગાર અને વૈરાગ્યનાં સો ઉપરાંત પદો, નીતિબોધના છપ્પા, તિથિ, વાર, કુંડળિયા(હિંદી)–એ કૃતિઓની રચના કરી છે.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૨ (+સં.), ૩, ૪; ૨. બૃકાદોહન : ૭; ૩. ભજનરત્નાવલી, આત્મારામ જ. છતીઆવાલા, ઈ. ૧૯૨૫.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસામધ્ય; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

મોતીવિજય–૧ [ઈ. ૧૭૯૮માં હયાત] : જૈન સાધુ. નેમવિજય-ન્યાયવિજયના શિષ્ય. મૂળ હેમપ્રભસૂરિની 'વિવેકમંજરીપ્રકરણવૃત્તિ' પરના સ્તબક (૨.ઈ. ૧૭૯૮/સં. ૧૮૫૪, કારતક સુદ ૨, શનિવાર)ના કર્તા. આ સ્તબક પૂરો કરવામાં ચતુરવિજય અને ભક્તિવિજય એ ગુરુબંધુઓનો પણ સહકાર હતો. આ સ્તબક ભૂલથી હેમપ્રભસૂરિને નામે નોંધાયેલો છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

મોતીવિજય–૨ [ ] : જૈન સાધુ. કીર્તિવિજયની પરંપરામાં કમલવિજયના શિષ્ય. ૭ કડીના 'ચંદ્રપ્રભ-સ્તવન'(મુ.) તથા તીર્થંકરોનાં ૯ સ્તવનના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

મોભારામ [ ] : આ સંત કવિ ઈ. ૧૭મા સદીના અંતમાં સુરતમાં થયા હોવાની માહિતી મળે છે. તેમણે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને પ્રેમ વિશે દિવ્યજ્ઞાનાત્મક પદો(૯ મુ.) રચ્યાં છે.

કૃતિ : ત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૩૮–'સંત મોભારામ અને તેમનું અપ્રસિદ્ધ સાહિત્ય', માણેકલાલ શં. રાણા (+સં.). [કી.જો.]

મોરલીધર : જુઓ મુરલીધર.

મોરાર(સાહેબ) [જ. ઈ. ૧૭૫૮–અવ.ઈ. ૧૮૪૯/સં. ૧૯૦૫, ચૈત્ર સુદ ૨] : રવિભાણ સંપ્રદાયના કવિ. રાજસ્થાનના થરાદમાં જન્મ. પૂર્વાશ્રમમાં થરાદના રાજપુત્ર માનસિંહજી. અવટંકે વાઘેલા. રવિ(સાહેબ)ની વાણીથી પ્રભાવિત થઈ શેરખી અથવા જામનગરમાં ભેખ લઈ ઈ. ૧૭૭૯માં તેમના શિષ્ય બન્યા. જામનગર પાસેના ખંભાળિયામાં કે ધ્રોળ પાસેના ખંભાળીડામાં જીવત્‌સમાધિ.

પ્રેમલક્ષણા ભક્તિ, આત્મબોધ, જ્ઞાનબોધ, વૈરાગ્ય-ઉપદેશ, કૃષ્ણ, રામ ને શિવનો મહિમા આદિ વિવિધ વિષયો પરનાં માર્મિક ને ઊર્મિરસિત ૧૬૫ ઉપરાંત પદો(મુ.) આ કવિનું મહત્ત્વનું સર્જન છે. વિવિધ અલંકારો ને પ્રચલિત દૃષ્ટાંતોનો વિનિયોગ કરતાં તથા જુદા જુદા રાગોને પ્રયોજતાં આ સુગેય પદોનું સોરઠી-ગુજરાતી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હિન્દી અને અરબી-ફારસી શબ્દોવાળું ભાષાપોત પણ નોંધપાત્ર છે. તેમનાં ઘણાં પદો લોકપ્રિય થયેલાં છે.

પદો ઉપરાંત આ કવિની, જ્ઞાનબોધ ને ભક્તિપ્રેમની અન્ય રચનાઓ પણ મળે છે. એમાં ગરબી પ્રકારના ઢાળમાં રચાયેલી પ્રેમલક્ષણા ભક્તિની કૃતિ 'બારમાસી'(મુ.) સિવાયની કૃતિઓ મહદંશે હિંદીની કહી શકાય એવી છે. ચોપાઈ ને ભુજંગીમાં રચાયેલી ૨૪ કડીની 'ગુરુમહિમા', દશાશ્વરી છંદમાં રચાયેલી ૪૩ કડીની જ્ઞાનચર્ચાની કૃતિ 'ચિંતામણિ' (મુ.) અને જ્ઞાનબોધના ૮ કુંડળિયા(મુ.) આવી ગુજરાતીમિશ્ર હિંદી કૃતિઓ છે.

કૃતિ : ૧. ગુહિવાણી (+સં.); ૨. દુર્લભ ભજનસંગ્રહ, ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૩. ભાણલીલામૃત (+સં.); ૪. યોગવેદાન્ત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુ., ઈ. ૧૯૭૬ (ચોથી આ.) (+સં.); ૫. રવિ, ભાણ અને મોરારસાહેબની વાણી, સં. નાનાલાલ પ્રા. વ્યાસ, ઈ. ૧૯૫૦; ૬. રવિભાણ સંપ્રદાયની વાણી, પ્ર. મંછારામ મોતી, સં. ૧૯૮૯; ૭. સોસંવાણી(+સં.).

સંદર્ભ : ૧. આગુસંતો; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. ગુહિદેન. [૨.સો.]

મોલ્હક/મોલ્હા/મોહન[ઈ. ૧૬૦૬માં હયાત]: જૈનસાધુ. જીવવિજયગણિના શિષ્ય. 'ઔપપાતિક-સૂત્ર-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૨, બીજો ચૈત્ર વદ ૧૧), ૩૨ કડીના 'લોકનાલિકાદ્વાત્રિંશિકા-પ્રકરણ' ઉપરના બાલાવબોધ (લે. સં. ૧૮મું શતક અનુ.)ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ : ૩'માં મોહન(માલ્હ)ને નામે નોંધાયેલ 'અનુયોગ દ્વારસૂત્ર' પરના બાલાવબોધના કર્તા પણ આ કવિ લાગે છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

'મોસાળા-ચરિત્ર' [૨.ઈ. ૧૬૫૨/સં. ૧૭૦૮, ચૈત્ર વદ ૧૩, શનિવાર] : ચોપાઈ, દુહા અને સવૈયાની દેશીઓમાં રચાયેલું ૧૮/૨૧ કડવાંનું વિશ્વનાથ જાનીનું આ આખ્યાન(મુ.) નરસિંહજીવનના મામેરાના પ્રસંગ પર આધારિત છે. પ્રેમાનંદ પૂર્વે મામેરા-વિષયક રચાયેલી કૃતિઓમાં કથાપ્રસંગને વિશેષ રૂપે બરોબર ખીલવી કડવાંબંધવાળી કદાચ આ પહેલી કૃતિ છે. નરસિંહના રથનું વર્ણન, સાસરિયાં ને નાગરસ્ત્રીઓની હાંસી, કુંવરબાઈની ચિંતા, નરસિંહની ઈશ્વરશ્રદ્ધા, સમોવણ માટે ભગવાને વરસાવેલો વરસાદ, પહેરામણીની યાદીમાં લખાવાયેલા ૨ પથ્થર વગેરે મહત્ત્વના પ્રસંગ-બીજ એકસાથે આ કૃતિમાં મળે છે, જેને પછી પ્રેમાનંદે પોતાના 'મામેરું'માં વધારે રસિક રીતે ખીલવ્યાં. જો કે ઘણી જગ્યાએ કથાનાં રસબિંદુઓને ખીલવવામાં કે પાત્રમનની લાગણીને નિરૂપવામાં કવિ પ્રેમાનંદની બરોબરી કરે છે અને ક્યારેક પ્રેમાનંદથી પણ વધારે અસરકારક બને છે.

નરસિંહજીવનના આ પ્રસંગમાં રહેલા ચમત્કારના અંશોને ગૌણ કરી નરસિંહના વ્યક્તિત્વમાં રહેલાં કૃષ્ણસમર્પણભાવને વધારે ઉપસાવી કવિએ એને ભક્તિરસની કૃતિ બનાવી છે. એક તરફ ભક્તની શ્રદ્ધા, અને બીજી તરફ શ્વસુરગૃહના સંબંધીઓનો અને સમસ્ત નાગર જ્ઞાતિનો ઉપહાસ એ બેની વચ્ચે મુકાયેલી કુંવરબાઈ પ્રેમાનંદની કુંવરબાઈને મુકાબલે ઓછાબોલી અને વધારે શાલીન છે. હાસ્યમાં પ્રેમાનંદ જેટલી શક્તિ કવિ અહીં બતાવતા નથી, તો પણ નરસિંહની વ્હેલનું ચિત્ર ને નાગરસ્ત્રીઓએ મામેરાના નિમંત્રણ વખતે કંઈક હસીમજાકનો ખેલ જોવા મળશે એની ખુશાલીમાં બતાવેલી ઉતાવળ એ આલેખનમાં કવિએ હાસ્યની કેટલીક શક્તિ જરૂર બતાવી છે. [જ.ગા.]

મોહન/મોહન(મુનિ)/મોહનવિજય [ ] : જૈન સાધુ. મોહનને નામે હિન્દી-ગુજરાતી-મિશ્ર ભાષામાં ૧૬૨ દુહામાં રચાયેલી 'ષષ્ટિશતકના દોહા/ષષ્ટિશતક ભાષા-દુહા' (લે. ઈ. ૧૮૭૫), ૫ કડીનું 'અજિતનાથ-સ્તવન'(મુ.), ૬ કડીનું. 'શાંતિનાથજિન-સ્તવન' (મુ.), ૨૬ કડીની 'રુકિમણીની સઝાય'(મુ.), ૭ કડીની જંબૂસ્વામી વિષયક 'ગહૂંલી'(મુ.), મોહનમુનિને નામે ૨૭ કડીની 'ખંધક ઋષિ-સઝાય' (લે.ઈ. ૧૮૪૨; મુ.) અને મોહનવિજયને નામે ૯ કડીની 'વિજયક્ષમાસૂરિ-સઝાય'(મુ.), ૪ કડીની 'વિમલાચલ-વસંત' (લે. સં. ૧૯મું શતક અનુ.)—એ કૃતિઓ મળે છે, પણ તે કયા મોહન/મોહન(મુનિ)/મોહનવિજય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

નાનજી સાધુને નામે મુકાયેલું ૫ કડીનું 'ઋષભજિન-સ્તવન' મોહન(મુનિ) અથવા નારાયણની કૃતિ જણાય છે. જુઓ નારાયણ.

કૃતિ : ૧.ઔસમાલા : ૧; ૨. ગહૂંલી સંગ્રહનામા : ૧, પ્ર. ખીમજી ભી. માણેક, ઈ. ૧૮૯૧; ૩. જિનગુણપદ્યાવલી, પ્ર. જૈન શ્રેયસ્કર મંડળ, ઈ. ૧૯૨૫; ૪. જિનપ્રકાશ; ૫. જિનસ્તસંગ્રહ; ૬. જૈસંગ્રહ; ૭. જૈસસંગ્રહ(ન.); ૮. મોસસંગ્રહ; ૯. સજઝાયમાલા (શ્રા) : ૧; ૧૦. સજઝાયમાળા (પં); ૧૧. સસન્મિત્ર (ઝ).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

મોહન(માલ્હન)—૧ : જુઓ મોલ્હક/મોલ્હા.

મોહન—૨ [ઈ. ૧૬૧૩માં હયાત] : અવટંકે ભટ્ટ. રામકબીર સંપ્રદાયના સંતકવિ. સંત પદ્મનાભના ચરિત્રનો ઇતિહાસ આપતું ૨૮ કડવાંનું 'પદ્મનાભ-ચરિત્ર' (૨.ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, કારતક સુદ ૧૫, ગુરુવાર; મુ.) અને 'પદમવાડીનું વર્ણન' (૨. ઈ. ૧૬૧૪/સં. ૧૬૭૦, માગશર સુદ ૫, રવિવાર; મુ.)—એ કૃતિઓના કર્તા.

કૃતિ : જીવણવાણી, આસો—કારતક ૨૦૩૩—૩૪—'ભગવાન પદ્મનાભ ચરિત્ર', 'પદમવાડીનું વર્ણન', સં. ભક્ત જગમોહનભાઈ શામળભાઈ.

સંદર્ભ : રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ.૧૯૮૨. [કી.જો.]

મોહન(જનમોહન)—૩ [ઈ. ૧૭૮૨ સુધીમાં] : 'સ્નેહલીલા' (લે. ઈ. ૧૭૮૨)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

મોહન—૪/મોહનવિજય [ઈ. ૧૭મી સદીનો ઉત્તરાર્ધ—ઈ. ૧૮મી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદીનો પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં કીર્તિવિજય–માનવિજય–રૂપવિજયના શિષ્ય. ૩૧ ઢાળનો 'હરિવાહનરાજા-રાસ' (૨. ઈ. ૧૬૯૯/સં. ૧૭૫૫, કારતક વદ ૯), 'રત્નરાસો/વિજયરત્નસૂરિ-રાસ' (૨. ઈ. ૧૭૦૨), સત્ય વચનનો મહિમા દર્શાવતો ૪૭ ઢાળનો 'માનતુંગમાનવતી-રાસ' (૨.ઈ. ૧૭૦૪/સં. ૧૭૬૦, અધિક માસ સુદ ૮; મુ.), ૪ ખંડમાં વિભકત ૬૬ ઢાળ ને ૧૩૭૨ કડીનો 'રત્નપાલચરિત્ર/રત્નપાલ-રાસ/રત્નપાલ ઋષિ-રાસ/રત્નપાલ વ્યવહારિયાનો રાસ' (૨. ઈ. ૧૭૦૪/સં. ૧૭૬૦, માગશર સુદ ૫; મુ.), શીલમહિમાનો બોધ કરતો 'ગુણ-સુંદરીનો રાસ/પુન્યપાલગુણસુંદરી-રાસ' (૨. ઈ. ૧૭૦૭/સં. ૧૭૬૩,–સુદ ૧૧), ૬૩ ઢાળનો 'નર્મદાસુંદરી-રાસ' (૨. ઈ. ૧૭૦૮/સં. ૧૭૬૪, પોષ વદ ૧૩; મુ.), 'પ્રશ્નોત્તર-સમુચ્ચય' (૨. ઈ.૧૭૨૬/સં. ૧૭૮૨, વૈશાખ સુદ ૧૫), માણસ જે કંઈ સારુંનરસું ભોગવે છે એ પૂર્વજન્મનાં કૃત્યોને પરિણામે જ એવો બોધ આપતો, ૪ ઉલ્લાસમાં વિભકત, ૧૦૭ ઢાળ ને ૨૬૮૫ કડીનો ચંદ્રકુમારની રસિક પણ પ્રસ્તારી કથા રજૂ કરતો 'ચંદ્ર-ચરિત્ર/ચંદ-નૃપતિ-રાસ/ચંદરાજાનો રાસ'←(૨. ઈ. ૧૭૨૭/સં. ૧૭૮૩, પોષ સુદ ૫; મુ.), ૪ કડીનું 'ગોડીપાર્શ્વનાથનું સ્તવન'(મુ.), 'ચોવીશી'(મુ.), ૬ કડીનું 'નેમિનાથ-સ્તવન'(મુ.), બહેનના મર્મવચનથી વીંધાઈને અભિમાન રૂપી ગજ પરથી નીચે ઊતરી, શેષ કર્મોનો ક્ષય કરી મોક્ષસુખ પામતા બાહુબલિની ૧૨ કડીની 'બાહુબલિની સઝાય' (મુ.), પાટણના જૈન સંઘે શ્રી વિજયરત્નસૂરિને પોતાને આંગણે પધારવા વિનંતિ કરી એને વિષય બનાવતી ૧૯ કડીની 'વિજય-રત્નસૂરિ-સઝાય' (મુ.), ૬ અને ૭ કડીનાં અનુક્રમે ૨ 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' (મુ.), ૫ કડીનું 'શત્રુંજય-સ્તવન/સિદ્ધાચલ-સ્તવન' (મુ.) તેમ જ વસંત વિશેનાં કેટલાંક છૂટક 'કાવ્યો(મુ.)'ના કર્તા.

કૃતિ : ૧. ચંદરાજાનો રાસ, પ્ર. શ્રાવક ભીમજી માણેક, ઈ. ૧૮૮૮; ૨. ચંદરાજાનો રાસ, સં. અમૃતલાલ સંઘવી, ઈ. ૧૯૩૯; ૩. નર્મદાસુંદરીનો રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૯૮; ૪. માનતુંગમાનવતી-રાસ, પ્ર. સવાઈભાઈ રાયચંદ,–; ૫. માનતુંગ રાજા અને માનવતી રાણીનો રાસ, સં. ભીમજી માણેક, ઈ. ૧૯૦૬; ૬. રત્નપાલ વ્યવહારિયાનો રાસ, પ્ર. સવાઈભાઈ રાયચંદ,–; □ ૭. આત્મહિતશિક્ષાભાવના, સં. કર્પૂરવિજયજી મહારાજ, ઈ. ૧૯૧૮; ૧૦. ઔસમાલા : ૧; ૧૧. કવિતાસારસંગ્રહ, પ્ર. નાથાભાઈ લલ્લુ-ભાઈ, ઈ. ૧૮૮૨; ૧૨. ચૈત્યવંદન ચોવીશી, પ્ર. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ઈ. ૧૯૪૦; ૧૩. ચૈસ્તસંગ્રહ : ૨; ૧૪. ચોવીસ્તસંગ્રહ; ૧૫. જિનગુણપદ્યાવલી, પ્ર. જૈન શ્રેયસ્કર મંડળ, ઈ. ૧૯૨૫; ૧૬. જિભપ્રકાશ; ૧૭. જિસ્તમાલા; ૧૮. જિસ્તસંગ્રહ; ૧૯. જૈકાપ્રકાશ : ૧; ૨૦. જૈકાસંગ્રહ; ૨૧. જૈકાસાસંગ્રહ; ૨૨. જૈપ્રપુસ્તક : ૧; ૨૩. જૈરસંગ્રહ; ૨૪. દેસ્તસંગ્રહ; ૨૫. પ્રાસપ-સંગ્રહ : ૧; ૨૬. લઘુ ચોવીશી વીશી સંગ્રહ, પ્ર. કુંવરજી આણંદજી, –; ૨૭. શંસ્તવનાવલી; ૨૮. સસન્મિત્ર(ઝ); ૨૯. જૈનયુગ, મહા-ફાગણ ૧૯૮૪–'પ્રાચીન જૈન કવિઓનાં વસંત વર્ણન', સં. તંત્રી.

સંદર્ભ : ૧. કવિચરિત્ર; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫ ગુસારસ્વતો; ૬. મરાસસાહિત્ય; □ ૭. આલિસ્ટ-ઑઈ : ૨; ૮. કૅટલૉગગુરા; ૯. જૈગૂકવિઓ : ૨; ૩(૨); ૧૦. જૈહાપ્રોસ્ટા; ૧૧. ડિકૅટલૉગબીજે; ૧૨. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૧૩. ડિકૅટલૉગભાવિ; ૧૪. મુપુગૂહસૂચી; ૧૫. લીંહસૂચી; ૧૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

મોહન–૫ [ ] : જૈન સાધુ. ઉત્તમના શિષ્ય. ૬ કડીના 'શંખેશ્વર-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી. [કા.શા.]

મોહન–૬ [ ] : વિદ્યાથી પ્રાપ્ત થતા ગુણોનો બોધ આપતી ચોપાઈની ૨૧૨ કડીની 'શિક્ષા'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૨. [ક્રા.ત્રિ.]

મોહનદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાંહનામાવલિ. [ક્રા.ત્રિ.]

મોહનવિજય–૧ : જુઓ મોહન–૪

મોહનવિજય–૨ [ ] : જૈન સાધુ. કમલવિજયના શિષ્ય. ૬ કડીના 'પાર્શ્વનાથજિન-સ્તવન'(મુ.), ૭ કડીના 'શાંતિનાથનું સ્તવન'(મુ.) અને ૫ કડીના 'શ્રેયાંસનાથજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈરસંગ્રહ; ૨. દેસ્તસંગ્રહ. [કા.શા.]

મોહનવિજય–૩ [ ] : તપગચ્છના જૈન સાધુ. ગુલાલવિજયના શિષ્ય. ૧૫ કડીની ખ્લવંગમ છંદની દેશીમાં રચાયેલી, આંતરપ્રાસ, પ્રાસાનુપ્રાસ જાળવતી શ્રાવણથી અસાડ સુધીના બાર માસના નેમિવિરહને વર્ણવતી 'નેમરાજિમતી-બારમાસા'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રામબાસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ. [કા.શા.]

મોહનવિજય–૪ [ ] : જૈન સાધુ રત્ન-વિજયના શિષ્ય. ૧૪ કડીના 'શંખેશ્વરજીને વિનતિ રૂપે સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૨. [કા.શા.]

મોહનવિજય–૫ [ ] : જૈન સાધુ. રત્નસુંદરના શિષ્ય. ૯ કડીના 'સિદ્ધિચક્ર-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પૂજાસંગ્રહ, પ્ર. ધીરજલાલ પ્રા. શ્રોફ, ઈ. ૧૯૩૬; ૨. સસન્મિત્ર(ઝ). [કા.શા.]

મોહનવિજય–૬ [ ] : જૈન સાધુ. હંસવિજયના શિષ્ય. ૯ કડીની 'ઓળીની સઝાય/શ્રીપાળમયણાધ્યાન-સઝાય'(લે.સં. ૧૯મી સદી અનુ.; મુ.)ના કર્તા.

કૃતિ : મોસસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચો. [કા.શા.]

મોહનવિમલ [ઈ. ૧૭૦૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનવિમલ-રામવિમલ-જ્ઞાનવિમલના શિષ્ય. 'વૈરીસિંહકુમાર (બા'વના ચંદની)-ચોપાઈ' (૨. ઈ. ૧૭૦૨/સં. ૧૭૫૮, કારતક સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [કા.શા.]

મોહનશીલ(ગણિ) [ઈ. ૧૭૨૫ સુધીમાં] : જૈન સાધુ. 'ધૂર્તાખ્યાન-બાલાવબોધ' (લે. ઈ. ૧૭૨૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

મોહનસાગર [ ] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસૂરિના શિષ્ય. જુદાં જુદાં તીર્થક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત થયેલ પાર્શ્વનાથનું સ્મરણ કરતી ૧૫ કડીની 'પાર્શ્વનાથજીનો છંદ' (મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : લીંહસૂચી. [કા.શા.]

મોહોકમ : જુઓ મોકમ.

મૌજુદ્દીન [ ] : પઠાણ જ્ઞાતિના સંતકવિ. કચ્છના રહેવાસી. રવિભાણ સંપ્રદાયના અનુયાયી. તેમનાં પદોમાં ગુરુભક્તિનો મહિમા અને જ્ઞાનની ખુમારી દેખાય છે.

સંદર્ભ : ઊર્મિનવરચના, મે ૧૯૭૫–'ગુજરાતી સાહિત્યના મુસ્લિમ કવિઓ', ભૂલિકા જી. ત્રિવેદી. [કી.જો.]

'મૃગાવતીચરિત્ર-ચોપાઈ/રાસ' [૨. ઈ. ૧૬૧૨] : ખરતરગચ્છના જૈન સાધુ સકલચંદ્રના શિષ્ય સમયસુંદરકૃત દુહા અને સંગીતના રાગ-નિર્દેશવાળી ચોપાઈની વિવિધ દેશીઓના ૩૮ ઢાળની, ત્રણ ખંડમાં વિભક્ત ને કવિ દ્વારા 'મોહનવેલ' એવા અપરનામથી ઓળખાવાયેલી આ રાસકૃતિ(મુ.) ભગવાન મહાવીરના સમયમાં થઈ ગયેલા કૌશામ્બીનરેશ શતાનીકની રાણી મૃગાવતીના, જૈનોમાં સુપ્રસિદ્ધ, ઐતિહાસિક ચરિત્ર પર આધારિત છે.

સગર્ભા મૃગાવતીને લોહીની વાવમાં સ્નાન કરવાનો જાગેલો દોહદ, ભારંડ પક્ષી દ્વારા થયેલું મૃગાવતીનું અપહરણ, ૧૪ વર્ષે રાજા-રાણીનું થયેલું પુનર્મિલન, મૃગાવતીના ચિત્રમાં સાથળનો તલ બતાવવા નિમિત્તે રાજાએ ચિત્રકારનો જમણો હાથ કાપી નાખવાની કરેલી શિક્ષા, મૃગાવતીથી કામમોહિત બનેલા ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતની કૌશામ્બીનરેશ પર ચડાઈ, શતાનીકના મૃત્યુ પછી મહાવીર સ્વામીના સમવરણ પ્રસંગે મૃગાવતીએ લીધેલી દીક્ષા અને અંતે તેને પ્રાપ્ત થયેલું કેવળજ્ઞાન–એ મૃગાવતીજીવનના મુખ્ય કથા-પ્રસંગોની વચ્ચે કેટલીક અવાંતરકથાઓ ગૂંથી કવિએ આ કૃતિને કામ પર શીલના વિજયની ધર્મબોધક કથા બનાવી છે.

મૃગાવતીસૌંદર્યવર્ણન, મૃગાવતીનો વિરહવિલાપ કે કૌશામ્બી-નગરીવર્ણન, શબ્દ ને અર્થના અલંકારો, રૂઢિપ્રયોગો, કહેવતોનો યથેચ્છ વિનિયોગ, સિંધ પ્રાંતની બોલી અને અન્ય ભાષાઓના ઉપયોગ એ સૌમાં કવિની કવિત્વશક્તિ અને ભાષાપ્રભુત્વ પ્રગટ થાય છે. સીધા પ્રચારબોધથી પણ મહદ્ અંશે કવિ મુક્ત રહ્યા છે. [જ.ગા.]

'મૃગાંકલેખા-રાસ' : વડતપગચ્છના જ્ઞાનસાગરસૂરિના શિષ્ય જૈન કવિ વચ્છના ૪૦૧ કડીના આ રાસની ઈ. ૧૪૮૮ની પ્રત મળે છે, એટલે એની રચના એ પૂર્વે થઈ હોવાનું માની શકાય.

દુહા, રોળા, ચોપાઈની દેશીઓમાં રચાયેલા આ રાસમાં રામ-ભક્ત હનુમાનની માતા અંજનાસુંદરીની જૈનકથાને અનુસરી મૃગાંકલેખાનું ચરિત્ર આલેખાયું છે. ઉજ્જૈની નગરીના શ્રેષ્ઠિ ધન-સાગરની પુત્રી મૃગાંકલેખા સાગરચંદ્ર નામના શ્રેષ્ઠિપુત્ર સાથે પરણી કેટલીક ગેરસમજોનો ભોગ બની પતિ અને શ્વસુરગૃહથી તરછોડાઈ વિકટ સ્થિતિઓમાં મુકાયા છતાં પોતાના શીલને કેવી રીતે પવિત્ર રાખે છે અને અંતે પતિના પ્રેમને પામે છે એ બતાવી કવિએ કેટલાક ચમત્કાર અંશોથી યુક્ત આ કથામાં ધૈર્ય અને શીલનું માહાત્મ્ય ગાયું છે. પ્રારંભકાળના નાના અને બોધાત્મક અંશોના પ્રાધાન્યવાળા રાસાઓ ઈ. ૧૫મી સદી આસપાસ વિશેષ પ્રસંગ-બહુલ અને વિસ્તારી બન્યા તે પરિવર્તનને સૂચવતો આ મહત્ત્વનો રાસ છે. [ભા.વૈ.]

યક્ષદેવ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૫૧૯ સુધીમાં] : જૈન સાધુ. ૩૩૨ કડીની 'ધન્યકથાચરિત્ર-ચોપાઈ' (લે. ઈ. ૧૫૧૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

યજ્ઞેશ્વર [ઈ. ૧૬૬૯માં હયાત] : જ્ઞાતિએ યજુર્વેદી બ્રાહ્મણ હોવાની સંભાવના. ૪૫૦ કડીના 'રણછોડરાયજીનું ચરિત્ર/ભરત બોડાણાનું આખ્યાન'ના કર્તા. કૃતિની એક પ્રતમાં રચનાવર્ષ સં. ૧૮૨૫, માગશર સુદ ૧૧, શનિવાર એમ મળે છે, પરંતુ મેળની દૃષ્ટિએ સં. ૧૮૨૫ને બદલે સં. ૧૭૨૫ સાચું છે એમ કહી 'કવિચરિત : ૩' આ કવિને ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું માને છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી; ૪. રિકૅટલૉગબીજે. [કી.જો.]

યતિવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. 'આદિનાથ-સ્તોત્ર' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

યતીન્દ્ર [ઈ. ૧૬૫૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. રત્ન-સારગણિની પરંપરામાં હેમનંદનના શિષ્ય. 'દશવૈકાલિક' પરના બાલાવબોધ (૨. ઈ. ૧૬૫૫)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. યુજિનચંદ્રસૂરિ. [કી.જો.]

યદુરામદાસ/જદુરામદાસ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : માતાના ભક્ત. જ્ઞાતિએ બ્રાહ્મણ અને અમદાવાદના વતની હોવાનું અનુ-માન થયું છે. આ કવિએ અંબા, બહુચરા, ત્રિપુરા, મહાકાળી વગેરે માતાનાં વિવિધ સ્વરૂપોનું ભક્તિગાન કરતી અનેક કૃતિઓ રચી છે. તેમાં માતાના પરચાને વર્ણવતા ગરબા વિશેષ ધ્યાનપાત્ર છે. ૮૩ કડીના 'અંબાજીના પરચાનો ગરબો/સંધનો ગરબો'(*મુ.)માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમણે અંબામાતાએ સતયુગ અને ત્રેતાયુગમાં આપેલા પરચાનો સંક્ષેપમાં પરિચય કરાવી કલિયુગમાં અમદાવાદના પ્રસિદ્ધ શેઠ હેમાભાઈ અને હઠીભાઈએ કાઢેલા સંઘને તારંગાની યાત્રાએ જતાં ઈ. ૧૮૪૩માં થયેલા પરચાનું વીગતે વર્ણન કર્યું છે. આ કૃતિ ઈ. ૧૮૪૩માં કે તે પછીના તરતના અરસામાં રચાયેલી જણાય છે. 'વૈલોચનનો ગરબો'(મુ.)માં પણ વૈલોચન નામના વણિકને થયેલો ત્રિપુરામાતાનો પરચો વર્ણવાયો છે, તો ૩૭ કડીના 'ઉત્પત્તિનો ગરબો'(મુ.), ૩૫ કડીના 'અંબિકાના સ્થાનકનો ગરબો'(મુ.) વગેરેમાં પણ પરચાનાં કથાવસ્તુ ગૂંથાયાં છે. આ ઉપરાંત ગરબો, સ્તુતિ, મહિના, વાર વગેરે પ્રકારની કવિની અનેક કૃતિઓ મુદ્રિત મળે છે. 'મહિના' માતાજીના હોઈ આસોથી શરૂ થાય છે તે નોંધપાત્ર છે. કવિની ભાષામાં ક્વચિત્ હિંદીની છાંટ વરતાય છે.

'જદુરામદાસ' નામછાપ ધરાવતી ૪ કડવાંની 'રામવિરહ' નામની કૃતિ(મુ.) મળે છે તે આ કવિની રચના હોવાની શકયતા છે.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. *અબિકેન્દુશેખરકાવ્ય, પ્ર. બાલાજી ભ. દવે, ઈ. ૧૮૯૪; ૩. પ્રાકાસુધા : ૨; ૪. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. શાકતસંપ્રદાય, નર્મદાશંકર મહેતા, ઈ. ૧૯૩૨; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ. : ૧.

[શ્રા.ત્રિ.]

યશકીર્તિજી(ભટ્ટારક) [ઈ. ૧૭૯૯માં હયાત] : જૈન સાધુ. 'સમ્યકત્વ કૌમુદી-ચોપાઈ' (૨.ઈ. ૧૭૯૫) તથા 'ચંદ્રપ્રભુ-ચરિત્ર' (૨.ઈ. ૧૭૯૯)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

યશલાભ(ગણિ) : આ નામે હિન્દીની અસરવાળી 'સુમતિ-છત્રીસી' (મુ.) મળે છે. એ ખરતરગચ્છના ગુણસેનના શિષ્ય યશોલાભની હોવાની સંભાવના છે.

કૃતિ : જ્ઞાનાવલી –. [શ્રા.ત્રિ.]

યશ:કીર્તિ [ઈ. ૧૮૦૯માં હયાત] : જૈન. 'પાંચઈન્દ્રિયસંવાદ-રાસ' (૨.ઈ.૧૮૦૯)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

યશ:સોમશિષ્ય : જુઓ યશ:સોમશિષ્ય જયસોમ.

યશસ્વતસાગર : જુઓ જસસાગરશિષ્ય જસવંતસાગર.

યશોધર/યશોધીર [ઈ. ૧૫૪૭ સુધીમાં] : પંડિત. સંભવત: બ્રાહ્મણ. 'પંચાખ્યાન-બાલાવબોધ' (લે.ઈ. ૧૫૪૭; મુ.)ના કર્તા. આ કૃતિ પશ્ચિમ ભારતીય પંચતંત્રની જૈન મુનિ પૂર્ણભદ્ર-સંકલિત અલંકૃત પાઠપરંપરા 'પંચાખ્યાન'નો જૂની ગુજરાતીમાં થયેલો રસળતો ગદ્યાનુવાદ છે. ૫૫૦૦ ગ્રંથાગ્ર ધરાવતા આ બાલાવબોધનું ભાષાસ્વરૂપ જોતાં કવિ ઈ. ૧૫મી સદીના પૂર્વાર્ધમાં થયા હોય એવી સંભાવના છે.

કવિ યશોધરે પૂર્ણભદ્રના 'પંચાખ્યાન'નો શબ્દશ: અનુવાદ કર્યો નથી. આ કૃતિમાં કેટલેક સ્થળે ભાષાંતર તો કેટલેક સ્થળે ભાવાનુવાદ તો કયાંક સંક્ષેપ થયેલો જોવા મળે છે. વળી, બને કથાઓમાં થોડો ફેરફાર પણ દૃષ્ટિગોચર થાય છે, આમ છતાં અન્ય કોઈ પણ પાઠપરંપરાની તુલનાએ કવિએ સવિશેષ અનુસરણ પૂર્ણપ્રભનું જ કર્યું છે. પંચતંત્રના ઉપલબ્ધ ગદ્યાનુવાદ કે પદ્યાનુવાદમાં આ કૃતિ સૌથી જૂની છે.

કૃતિ : યશોધીરકૃત પંચાખ્યાન બાલાવબોધ : ૧, પ્રથમતંત્ર, સં. ભોગીલાલ જ. સાંડેસરા અને સોમાભાઈ ધૂ. પારેખ, ઈ. ૧૯૬૩ (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; પંચતંત્ર, સંપા. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૯; ☐ ૩. ડિકેટલૉગભાવિ. [ભો.સાં.]

યશોલાભ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છની સાગરશાખાના જૈન સાધુ. જિનચંદની પરંપરામાં ગુણસેનના શિષ્ય. 'સનત્કુમાર-ચોપાઈ'(૨.ઈ. ૧૬૮૦/સં.૧૬૩૬, શ્રાવણ સુદ ૧૧), ૩૬ ઢાળની 'ધર્મસેન-ચોપાઈ' (૨.ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૦; જેઠ સુદ ૧૩) અને 'અમરદત્ત મિત્રાનંદ-રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨).

[શ્રા.ત્રિ.]

યશોવર્ધન–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ]: ખરતરગચ્છની ખેમશાખાના જૈન સાધુ. સુગુણકીર્તિની પરંપરામાં રત્નવલ્લભના શિષ્ય. ૩૨ ઢાલના 'ચંદનમલયાગિરિ-રાસ' (૨.ઈ. ૧૬૯૧/સં. ૧૭૪૭, શ્રાવણ સુદ ૬), 'જંબૂસ્વામી-રાસ' (૨.ઈ. ૧૬૯૫), 'વિદ્યાવિલાસ-રાસ' (૨.ઈ. ૧૭૦૨/સં. ૧૭૫૮, કારતક સુદ ૨) અને ૮ કડીના 'નેમિનાથ-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

યશોવિજય(ગણિ) : 'તત્ત્વાર્થસૂત્ર/તત્ત્વાર્થાધિગમસૂત્ર' પર ગુજરાતી સ્તબક (લે. ઈ. ૧૭૦૫) રચનાર યશોવિજય–૨ હોવાનો તર્ક થયો છે પણ એનું નિશ્ચિત પ્રમાણ મળતું નથી.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [૨.સો.]

યશોવિજય–૧ [ઈ. ૧૬૦૯માં હયાત] : જુઓ વિમલહર્ષશિષ્ય જશવિજય.

યશોવિજય–૨ [ઈ. ૧૬૨૨ સુધીમાં] : જૈનસાધુ. જસસાગરના શિષ્ય. 'ચંદ્રપ્રભજિન-સ્તવન' (લે.ઈ. ૧૬૨૨)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

યશોવિજય(ઉપાધ્યાય)–૩/જશવિજય [ઈ. ૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં નયવિજયના શિષ્ય. માતા સૌભાગ્યદેવી. પિતા નારાયણ. જ્ઞાતિએ વણિક. ઉત્તર ગુજ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાતમાં પાટણ પાસેના કનોડું/કમોડુંના વતની. પૂર્વાશ્રમનું નામ જસવંત. ઈ. ૧૬૩૨માં નયવિજય પાસે પાટણમાં દીક્ષા. ઈ. ૧૬૪૩માં અમદાવાદ ખાતે અષ્ટાવધાનનો પ્રયોગ કરી તેજસ્વી મેધાનો પરિચય કરાવ્યો. એ પછી કાશી જઈ ન્યાય, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક આદિનો ૩ વરસ અભ્યાસ કર્યો ને ત્યાંના વિદ્વાનો પાસેથી 'ન્યાયવિશારદ'નું બિરુદ મેળવ્યું. ત્યાંથી વળતાં આગ્રામાં ચારેક વર્ષ રહી તર્કશાસ્ત્રોનું અધ્યયન કર્યું ને તાર્કિક શિરોમણિનું પદ પામ્યા. ઈ. ૧૬૬૨માં અમદાવાદમાં વિજયપ્રભસૂરિએ વાચક/ઉપાધ્યાયનું પદ આપ્યું. ઈ. ૧૬૮૭માં ડભોઈમાં ચોમાસું અને અનશન. સંભવત: એ જ વર્ષે અવસાન.

કાંતિવિજયકૃત 'સુજસવેલી-ભાસ'માં મળતી ઉપરની વીગતોમાં યશોવિજયે 'લઘુવય'માં લીધેલી દીક્ષાનું વર્ષ ઈ. ૧૬૩૨ નોંધાયેલું છે. તેથી એમનો જન્મ ઈ. ૧૭મી સદીના બીજા-ત્રીજા દાયકામાં થયો હોવાનું અનુમાની શકાય. બીજી બાજુ નયવિજયે તૈયાર કરેલા ઐતિહાસિક વસ્ત્રપટમાં ઈ. ૧૬૦૭માં યશોવિજયને ગણિપદ મળ્યાનો ઉલ્લેખ છે. એ હિસાબે એમનો દીક્ષાસમય એનાથી ઓછામાં ઓછો પાંચેક વર્ષ પૂર્વેનો ને જન્મસમય ઈ. ૧૬મી સદી છેલ્લા ૨ દાયકાનો અનુમાનવાનો થાય. ડભોઈના ગુરુમંદિરમાં એમની પાદુકાઓ આગળ ઈ. ૧૬૮૯ (સં. ૧૭૪૫, માગશર સુદ ૧૧)નો નિર્દેશ એ એમની મૃત્યુતિથિ નહીં પણ પાદુકાસ્થાપનતિથિ હોવાનું સ્પષ્ટ થતાં હવે એમનું અવસાનવર્ષ 'સુજસવેલી-ભાસ'માંના અનશનકાળના આધારે ઈ. ૧૬૮૭ને સ્વીકારી શકાય.

યશોવિજય જૈન પરંપરાના પ્રતિભાશાળી વિદ્વાન હતા. યોગશાસ્ત્રના અભ્યાસી લેખે બીજા હરિભદ્રસૂરિ રૂપે તથા શ્રુતજ્ઞાનમાં બીજા હેમચંદ્રાચાર્ય રૂપે એમની ગણના થયેલી છે. જૈન શાસ્ત્રો ઉપરાંત વૈદિક અને બૌદ્ધશાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરનાર તથા સંપ્રદાયમાં બદ્ધ ન રહેતાં નિર્ભયતાથી મત પ્રદર્શન કરનાર યશોવિજયે જૈનેતરોમાં પણ ઊંચી કોટિના સમન્વયકાર ને મૌલિક શાસ્ત્રકાર તરીકે નામના મેળવેલી.

આ વિદ્વાન કવિએ સંસ્કૃત, પ્રાકૃત, હિંદી ને ગુજરાતીમાં અનેક ગદ્ય ને પદ્ય રચનાઓ કરેલી છે. તેમના સમગ્ર સાહિત્યનું વિષયવૈવિધ્ય ઘણું છે. જ્ઞાનમીમાંસા, ન્યાય, તર્કશાસ્ત્ર, પરમતસમીક્ષા, અધ્યાત્મવિચાર, ભક્તિ-ચરિત્ર-ગાન, ધર્મોપદેશ તેમજ તત્કાલીન ધર્માનુયાયીઓ અને મુનિઓના અંધશ્રદ્ધા, દંભ, પાખંડ વગેરે પરના આકરા પ્રહારો—એમ અનેકવિધ રૂપે એમનું સાહિત્યસર્જન થયું છે. આમ યશોવિજય વિચારક ઉપરાંત સક્રિય ધર્મપ્રબોધક પણ બની રહે છે.

યશોવિજયની ગુજરાતી કૃતિઓ રાસ, ચોવીસી, લઘુ અને દીર્ઘ સ્તવન-સઝાય, પદ અને સ્તબક જેવાં સ્વરૂપોનું વૈવિધ્ય દાખવે છે. એમાં કવિની ઉત્તરવયે રચાયેલ 'જંબૂસ્વામી-રાસ' ← (૨.ઈ ૧૬૮૩; મુ.) સાહિત્યદૃષ્ટિએ એમની સૌથી વધુ નોંધપાત્ર કૃતિ છે. ૫ અધિકાર અને ૩૭ ઢાળમાં જંબૂકુમારની જાણીતી કથા રજૂ કરતી આ કૃતિ દીક્ષાના પક્ષે-વિપક્ષે થતી દલીલો રૂપે ગૂંથાયેલી દૃષ્ટાંતકથાઓ, વર્ણનકલા, અલંકારપ્રૌઢિ, ઊર્મિરસિત કલ્પનાશીલતા, ઝડઝમકયુકત પદાવલિ ને દેશી વૈવિધ્યથી મનોરમ બનેલી છે. વિનયવિજયે ઈ. ૧૬૮૨માં આરંભેલો ને તેમના અવસાનથી અધૂરો રહેલો 'શ્રીપાળ રાજાનો રાસ'(મુ.) યશોવિજયે રચીને પૂરો કર્યો છે તે કથાત્મક પ્રકારની એમની બીજી રચના ગણાય.

કવિના શાસ્ત્રજ્ઞાનના આલેખનની દૃષ્ટિએ મૂલ્યવાન ગણાયેલો ૧૭ ઢાળ અને ૨૮૪ કડીનો 'દ્રવ્યગુણપર્યાયનો રાસ/દ્રવ્યગુણ-અનુયોગવિચાર' (૨.ઈ. ૧૬૫૫/સં. ૧૭૧૧, અસાડ—; મુ.)માં દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં લક્ષણો ને સ્વરૂપોનું વર્ણન અનેક સમુચિત દૃષ્ટાંતોથી થયેલું છે. ૧૭ ઢાળ અને ૨૮૬ કડીના 'સમુદ્રવહાણ-સંવાદ/વિવાદ-રાસ' (૨ ઈ. ૧૬૬૧; મુ.)માં ગર્વિષ્ઠ સમુદ્ર સાથેના વહાણના વાદવિવાદની રૂપકાત્મક કથા દ્વારા ગર્વત્યાગનો બોધ થયેલો છે ને દૃષ્ટાંતાદિક અલંકારો તથા લૌકિક ઉકિતઓના વિનિયોગથી કૃતિ આસ્વાદ્ય બની છે.

યશોવિજયે રચેલાં લાંબાં સ્તવનો બહુધા કશાક સિદ્ધાંતવિચારનું પ્રતિપાદન કરવા યોજાયેલાં છે. જેમકે, ૭ ઢાળનું 'કુમતિમદગાલન/ઢૂંઢકમતખંડન/પ્રતિમાસ્થાપનવિચારગર્ભિત વીર સ્તુતિરૂપ દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન' (૨.ઈ. ૧૬૭૭/સં. ૧૭૩૩, આસો સુદ ૧૦; મુ) તથા ૬ ઢાળ અને ૭૮ કડીનું 'કુમતિખંડન/દશમતાધિકારે વર્ધમાન જિનેશ્વર-સ્તવન' (૨ ઈ. ૧૬૭૬/૧૬૭૮; મુ.) મૂર્તિપૂજામાં ન માનનાર આદિ અન્ય ધાર્મિક મતોનો શાસ્ત્રીય ભૂમિકા સાથે પરિહાર કરે છે, જો કે બીજી કૃતિ એમાંના કેટલાક ભાષાપ્રયોગો ને એમાં ગૂંથાયેલી પછીના સમયની માહિતીને કારણે યશોવિજયની રચના હોવાનું શંકાસ્પદ લેખાયું છે. ૧૨૫ કડીનું 'વીરજિન-સ્તવન' (૨. ઈ. ૧૬૬૭) નોંધાયેલ મળે છે. તે ઉપર્યુક્ત ૧૫૦ કડીના સ્તવનથી જુદી કૃતિ છે કે કંઈ ભૂલ થયેલી છે તે નક્કી થઈ શકે એમ નથી.

૬ ઢાળ ને ૪૭ કડીનું 'શાંતિજિન-સ્તવન' (૨.ઈ. ૧૬૭૬/૧૬૭૮; મુ.) તેમ જ ૪, ૧૧ અને ૧૭ ઢાળ તથા અનુક્રમે ૪૨, ૧૨૫, ૩૫૦ કડીનાં ૩ 'સીમંધરજિન-સ્તવનો'(મુ.) નિશ્ચય-નયવ્યવહારાદિ વિષયક નૈયાયિક સિદ્ધાંતોનું નિરૂપણ કરે છે ને તત્કાલીન લોક-સમાજ તથા સાધુવર્ગમાં જોવા મળેલાં અંધશ્રદ્ધા, પાખંડ વગેરે પર પ્રહારો કરી જ્ઞાન અને ભકિતના શુદ્ધ માર્ગને પ્રબોધે છે. ૧૨ ઢાળ અને ૬૨ કડીનું નામસ્મરણરૂપ 'મૌન એકાદશીનું ગળણું/દોઢસો કલ્યાણકનું સ્તવન' (૨.ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, આસો વદ ૩૦—મુ.) આ પ્રકારની અન્ય લાંબી સ્તવનરચના છે.

યશોવિજયે ૩ 'ચોવીસી'(મુ.) તથા ૧ 'વીસી' રચેલી છે તેમાંથી ૧ ચોવીસી દરેક તીર્થંકર વિશેની ૧૪ પ્રકારની વીગત નોંધે છે ત્યારે બાકીની ત્રણે કૃતિઓ આર્દ્રભક્તિભાવની અભિવ્યક્તિથી આ પ્રકારની રચનાઓમાં જુદી તરી આવે છે. આ ઉપરાંત કવિએ અનેક છૂટાં તીર્થંકર-સ્તવનો (ઘણાંખરાં મુ.) રચેલાં છે એ પણ ભક્તિભાવની સચોટ અભિવ્યક્તિથી નોંધપાત્ર બને છે. આ સ્તવનોમાંનાં કેટલાંક હિંદીમાં પણ છે.

ધર્મ અને શાસ્ત્રની ચર્ચા તથા ભક્તિપ્રબોધ એ યશોવિજયની સઝાયોના વિષયો છે. પારિભાષિક નિરૂપણ પ્રમાણમાં ઓછું ને સમજૂતી ને સીધો ધર્મબોધ વિશેષ હોવાથી એ કૃતિઓ સુગમ બની છે. કવિની લાંબી સઝાયોમાં ૧૧ ઢાળ અને ૭૩ કડીની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અગિયાર અંગની સઝાય' (૨.ઈ. ૧૬૬૬; મુ.), ૧૯ ઢાળ અને ૧૯૮ કડીની 'પ્રતિક્રમણ હેતુગર્ભિત-સઝાય' (૨.ઈ. ૧૬૬૬; મુ.), ૧૮ ઢાળ અને ૧૩૮ કડીની 'અઢાર પાપસ્થાનકની સઝાય'(મુ.) તથા હરિભદ્રસૂરિની કૃતિઓને આધારે રચાયેલી ૧૨ ઢાળ અને ૬૮ કડીની 'સમ્યકત્વના સડસઠબોલની સઝાય'(મુ.), ૭૬ કડીની 'યોગની આઠદૃષ્ટિની સઝાય'(મુ.) તેમ જ ૩ ઢાળની 'સંયમ શ્રેણિવિચાર-સઝાય/સ્તવન'(મુ.) મુખ્ય છે. આ ઉપરાંત, ૪ ઢાળ અને ૪૧ કડીની 'સુગુરુની સઝાય'(મુ.), ૬ ઢાળ અને ૩૯ કડીની 'પાંચ કુગુરુની સઝાય'(મુ.), ૨૮ કડીની 'કુગુરુની સઝાય'(મુ.), ૨૯ કડીની 'અમૃતવેલીની સઝાય/હિતશિક્ષા-સઝાય'(મુ.), ૪૧ કડીની 'ચડતી-પડતીની સઝાય'(મુ.) ને બીજી અનેક નાનીમોટી સઝાયો (ઘણીખરી મુ.) એમણે રચી છે.

યશોવિજયે રચેલી અન્ય પ્રકારની પદ્યકૃતિઓમાં ૩૦ કડીની 'જંબૂસ્વામી બ્રહ્મ-ગીતા' (૨.ઈ. ૧૬૮૨; મુ.), ૧૩૧ કડીની 'પંચ-પરમેષ્ઠી-ગીતા'(મુ.), ૮ ઢાળ ને ૧૦૧ કડીની 'સાધુવંદના' (૨.ઈ. ૧૬૬૫/સં. ૧૭૨૧, આસો સુદ ૧૦; મુ.), ૧૨૮ કડીની 'સમ્યક-ત્વના છ સ્થાનના સ્વરૂપની ચોપાઈ' (મુ.), દુહાબદ્ધ 'યતિધર્મ-બત્રીસી/સંયમ-બત્રીસી'(મુ.), 'જિનસહસ્રનામવર્ણન-છંદ' (મુ.) ને ૫ ગણધર વિશેની ૫ ભાસ(મુ.) મુખ્ય છે. દુહાબદ્ધ 'સમતા-શતક' (મુ.), 'સમાધિ-શતક'(મુ.) તથા કવિત આદિ છંદોનો વિનિયોગ કરતી 'દિકપટ ચોરાસીબોધ-ચર્ચા'(મુ.) એમની આ પ્રકારની હિંદી કૃતિઓ છે. 'જસવિલાસ'ને નામે સંગૃહીત થયેલાં ૭૫ પદ(મુ.) તથા કવિનો ભક્તિ-આહ્લાદ વ્યક્ત કરતી આનંદઘનજીની સ્તુતિ-રૂપ અષ્ટપદી પણ હિંદીમાં છે. અને નેમરાજુલને વિષય કરતાં હોરીનાં ૬ પદ(મુ.) વ્રજની અસરવાળી ગુજરાતીમાં છે. આ સર્વ પદો ચેતનાનું સ્વરૂપ, આત્મદર્શન, સમતાનું મહત્ત્વ, જ્ઞાનદૃષ્ટિ અને મહોદૃષ્ટિ જેવા વિષયોને અનુલક્ષતાં અધ્યાત્મરંગી છે તેમ જ પ્રબોધક ને પ્રેમભક્તિવિષયક છે. આ પદોની અભિવ્યક્તિ પણ બાનીની અસરકારક છટાઓથી માર્મિક બનેલી છે. યશોવિજયે આ ઉપરાંત, ધમાલ, વસંત, હરિયાળી વગેરે પ્રકારની રચનાઓ પણ કરી છે.

કવિની લાંબી સિદ્ધાંતાત્મક કૃતિઓમાં કેટલીક વાર પાંડિત્ય-ભારવાળી દુર્ગમ શૈલી જોવા મળે છે, પરંતુ ભક્તિ ને ઉપદેશની લઘુ કૃતિઓમાં ઝડઝમકાદિ અલંકારચાતુરી, દૃષ્ટાંતોની તાઝગી, કલ્પનાશીલતા અને પ્રસાદમધુર બાનીનો વિનિયોગ થયેલો છે. દુહા, કવિત, ચોપાઈ આદિ છંદો ઉપરાંત અનેક સુગેય ઢાળોનો કવિએ કરેલો ઉપયોગ એમની સંગીતસૂઝ પ્રગટ કરે છે.

યશોવિજયની ગુજરાતી ગદ્યકૃતિઓમાં એમની પોતાની ૨ કૃતિઓ 'દ્રવ્યગુણપર્યાય-રાસ' તથા 'સમ્યકત્વના છ સ્થાનની ચોપાઈ' પરના બાલાવબોધ મુદ્રિત મળે છે તેમ જ એમના પ્રાકૃત 'અધ્યાત્મમતપરીક્ષા' તથા 'વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન' એ ગુજરાતી કૃતિ પરના બાલાવબોધ મુદ્રિત હોવાની માહિતી મળે છે. એમના સંસ્કૃત 'જ્ઞાનસાર' પરનો એમનો બાલાવબોધ અંશત: મુદ્રિત છે. આ ઉપરાંત એમણે 'સીમંધરસ્વામીનું ૧૨૫ ગાથાનું સ્તવન' અને 'સંયમશ્રેણિવિચાર-સઝાય/સ્તવન' એ પોતાની ગુજરાતી કૃતિઓ ઉપર તેમ જ પ્રાકૃત 'પંચનિગ્રંથીપ્રકરણ' ઉપર બાલાવબોધો રચ્યા છે. આનંદઘનના ૨૨ તીર્થંકર-સ્તવનો પર એમણે રચેલો કહેવાતો બાલાવબોધ પ્રાપ્ય નથી. યશોવિજયે પોતાના સંસ્કૃત 'ધર્મપરીક્ષા'ના વાર્તિક તરીકે પ્રશ્નોત્તર રૂપે ગુજરાતીમાં 'વિચારબિંદુ' નામના ગ્રંથની રચના કરેલી છે. શાસ્ત્ર-ચર્ચાના એમના બે પત્રો(મુ.) મળે છે.

સંસ્કૃત તેમ જ પ્રાકૃતમાં યશોવિજયને નામે ૬૦ કે તેથી વધુ પણ કૃતિઓ નોંધાયેલી મળે છે, જેમાં થોડીક સ્તવનાદિ પ્રકારની પદ્યકૃતિઓ છે ને બાકીની ગદ્યકૃતિઓ છે. ગદ્યમાં બહુધા ન્યાય અને તે ઉપરાંત સાંખ્ય, અધ્યાત્મ, યોગ, ભાષા, અલંકાર આદિ વિષયો પરના ગ્રંથો મળે છે. આ ગ્રંથો સ્વતંત્ર કૃતિઓ રૂપે તેમ જ અન્ય ગ્રંથોની ટીકા રૂપે પણ રચાયા છે. આ બધું યશોવિજયને સંસ્કૃત-પ્રાકૃત ભાષાના અને ન્યાય આદિ વિષયોના મોટા વિદ્વાન તરીકે સ્થાપી આપે છે.

કૃતિ : ૧. (યશોવિજયોપાધ્યાય વિરચિત) ગૂર્જર સાહિત્ય સંગ્રહ, ૧ તથા ૨, પ્ર. શા. બાવચંદ ગો, ઈ. ૧૯૩૬ તથા ઈ. ૧૯૩૭ (+સં.);☐૨. (શ્રીનવપદ માહાત્મ્યગર્ભિત) ચિત્રમય શ્રીપાલ રાસ, સં. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૬૧; ૩. જંબૂસ્વામી રાસ, પ્ર. જૈન ધર્મ પ્રસારક સભા, ઈ. ૧૮૮૮; ૪. એજન, સં. રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૬૧ (+સં.); ૫. દ્રવ્ય ગુણ ને પર્યાયનો રાસ, પ્ર. શ્રી જૈન વિજય પ્રેસ, સં. ૧૯૬૪; ૬. શ્રીપાળ રાજાનો રાસ, પ્ર. જૈન આત્માનંદ સભા, સં. ૧૯૯૦;☐ ૭. જૈન કથા રત્નકોશ : ૫, પ્ર. ભીમસિંહ માણક, ઈ. ૧૮૯૧; ૮. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ ગ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૯. પ્રકરણરત્નાકર : ૧, પ્ર. ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૬; ૧૦. પ્રકરણરત્નાકર : ૨, પ્ર. ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૬; ૧૧. પ્રકરણરત્નાકર : ૩, પ્ર. ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૮; ૧૨. સઝાય, પદ અને સ્તવનસંગ્રહ, પ્ર. શા. વીરચંદ દીપચંદ, ઈ. ૧૯૦૧; ☐૧૩. જૈનયુગ, કારતક ૧૯૮૪–'શ્રીમદ યશોવિજયજીકૃત 'જ્ઞાન-સાર' સ્વોપજ્ઞ બાલાવબોધ સહિત', સં. મોહનલાલ દ. દેશાઈ(+સં).

સંદર્ભ : ૧. યશોદોહન, સં. યશોવિજયજી, ઈ. ૧૯૬૬; ૨. (ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાયશ્રી) યશોવિજય સ્મૃતિગ્રંથ, સં. યશોવિજયજી, ઈ. ૧૯૫૭;☐૩. જૈસાઈતિહાસ; ૪. પડિલેહા, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૭૯–'યશોવિજયજી અને એમનો 'જંબૂસ્વામી રાસ';☐૫. જૈનયુગ, જાન્યુ. ૧૯૫૯–'ઐતિહાસિક ચિત્રપટનો પરિચય ને મહોપાધ્યાય યશોવિજયજીની તાલમીમાંસા', યશોવિજયજી; ૬. એજન; ફેબ્રુ. ૧૯૫૯–'મહોપાધ્યાય શ્રી યશો-વિજયની સ્વર્ગવાસની તિથિ કઈ?', યશોવિજયજી; ☐ ૭. જૈગૂ-કવિઓ : ૨, ૩(૨); ૮. જૈહાપ્રોસ્ટા; ૯. મુપુગૂહસૂચી; ૧૦. લીંહ-સૂચી; ૧૧. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨ સો]

યાગેશ્વર : જુઓ જાગેશ્વર–૧.

રઘુનંદન [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : અવટંકે ભટ્ટ. ભાવનગરના પ્રશ્નોરા બ્રાહ્મણ. તેઓ કવિશ્રી મહાનંદ મહેતા(ઈ. ૧૮૩૯માં હયાત)ના સમકાલીન હોવાની માન્યતા છે. ૫૩ કડીનું 'અંબિકા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ણન'(મુ.) તથા ૩૬ કડીનું 'નંદકુંવર વ્રજવનિતા શું રમે'(મુ.) એ ૨ લાંબી પદરચનાઓ, સંસારની અસારતાનાં અને માયાવિષયક ચારથી ૫ કડીનાં ૪ પદ(મુ.) તથા 'રામસ્તુતિ' તેમની પાસેથી મળ્યાં છે.

કૃતિ : ૧. અહિચ્છત્ર-કાવ્યકલાપ, પ્ર. દયાશંકર ભા. શુકલ, ઈ. ૧૯૧૪; ૨. કવિતાસારસંગ્રહ, પ્ર. નાથાભાઈ લલ્લુભાઈ, ઈ. ૧૮૮૨; ૩. કાદોહન : ૨; ૪ બૃકાદોહન : ૫; ૫. ભક્તિ, નીતિ તથા વૈરાગ્યબોધક કવિતા : ૧, પ્ર. મુંબઈ સમાચાર છાપખાના, ઈ. ૧૮૮૭; ૬. ભસાસિંધુ.

સંદર્ભ : ૧ પ્રાકકૃતિઓ; ૨. મારા અક્ષરજીવનનાં સ્મરણો, દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ઈ. ૧૯૪૪;☐ ૩. સ્વાધ્યાય, નવે.૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐ ૪. ડિકૅટલૉગભાવિ; ૫. ફૉહનામાવલિ. [ચ શે]

રઘુનાથ-૧/રઘુનાથદાસ/રૂઘનાથ [ઈ. ૧૭૧૯–ઈ. ૧૮૧૪ દરમ્યાન હયાત] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. અમદાવાદના વતની. જ્ઞાતિએ લેઉઆ પાટીદાર શ્રી વ્રજભૂષણલાલ પાસે સંપ્રદાયની દીક્ષા. 'કવિચરિત' ઈ. ૧૭૧૯ને કવિનું જન્મવર્ષ ગણે છે. કણબી વૈષ્ણવ ઓધવદાસના સત્સંગનો સારો લાભ કવિને મળ્યો હતો. એમની ભક્ત તરીકેની ખ્યાતિથી પ્રભાવિત થઈ પેશ્વા સરકારે એમને જમીન બક્ષિસ આપેલી

તેમણે નાનીમોટી અનેક કૃતિઓ રચી છે, જેમાંની કેટલીક તેમના પુત્ર હળધરના અવસાન પછી ગુમ થઈ હોવાનું કહેવાય છે. ૧૪ કડવાંનું 'ધ્રુવાખ્યાન'(મુ.), ૧૫ કડવાંનું 'પ્રહ્લાદાખ્યાન' (૨.ઈ. ૧૮૦૨/સં. ૧૮૫૮, ભાદરવા સુદ ૧૧, બુધવાર; મુ.), ૪ કડવાંનું 'રુકિમણી-વિવાહ', કૃષ્ણે ગોવર્ધનપર્વત ઊંચકયો હતો એ પ્રસંગને આલેખતી ૧૭ પદની 'ગોવર્ધનલીલા'(મુ.), રાસપંચાધ્યાયીના પ્રસંગને આલેખતી ૯૫ પદનો 'રાસ'(મુ.) એ કવિની આખ્યાનકલ્પ કૃતિઓ છે.

પ્રેમલક્ષણા ભક્તિની કવિતાની પરંપરામાં રહી કૃષ્ણજીવનવિષયક ઘણાં પદો એમણે રચ્યાં છે. કૃષ્ણજન્મોત્સવને આલેખતાં 'જન્માષ્ટમીની વધાઈઓ'નાં ૬૬ પદ(મુ.), કૃષ્ણે ગોપી અને જસોદા પાસે કરેલાં તોફાનને આલેખતાં 'બાળલીલા'નાં ૨૦ પદ(મુ.), રાધાકૃષ્ણસંવાદ રૂપે આલેખાયેલાં 'દાણલીલાનાં'• ૫૩ પદ(મુ.) અને ૨૧ સવૈયા(મુ.), ગોપીના કૃષ્ણ પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરતાં 'પ્રેમપચીશી'નાં પદ(મુ.), કૃષ્ણ મથુરા ગયા ત્યાં સુધીના કૃષ્ણચરિત્રને આલેખતાં ૬૪ પદ(મુ.)–જેમાં ઓધવજીના સંદેશની ગરબીઓ સમાવિષ્ટ છે.), ગોપીવિરહને આલેખતાં તિથિ, બારમાસ (મુ.) વગેરેનો એમાં સમાવેશ થાય છે. વૈષ્ણવધર્મની સાંપ્રદાયિક પરંપરાનો પ્રભાવ ઝીલી સમાસમાનાં પારણાંનાં ૧૧ પદ(મુ.), સાંજીનાં ૨૩ પદ(મુ.), હોરી-વસંતનાં ૫૨ પદ(મુ.), હિંડોળાનાં ૪૧ પદ(મુ.), થાળનાં ૧૨ પદ(મુ.), આરતીનાં ૩ પદ(મુ.), ધનતેરસનાં ૮ પદ(મુ.), દિવાળીનાં ૧૪ પદ(મુ.), વધાઈનાં ૧૪ પદ (મુ.), ૪૪ કડીની 'વ્રજ ચોરાશી કોશની વનયાત્રાની પરિક્રમા'(મુ.) વગેરેની પણ કવિએ રચના કરી છે. એમણે વૈરાગ્યબોધનાં ૮૧ પદ(મુ.) અને રામજન્મોત્સવને આલેખતાં રામચંદ્રજીની વધાઈઓનાં ૧૬ પદ(મુ.) પણ રચ્યાં છે. એમનાં ઘણાં પદો વ્રજભાષામાં છે. વિવિધ રાગોમાં રચાયેલાં આ પદો ભાષાની સરળતા અને ચારુ ગેયત્વથી વૈષ્ણવમંદિરોમાં ઠીકઠીક લોકપ્રિય છે.

'રાધાની કામળી', 'રુકિમણીનો કાગળ', 'દશમસ્કંધ' જેવી કૃતિઓ પણ એમણે રચી છે. એમને નામે નોંધાયેલી 'રામાયણ', 'સારકોશ ભાગવત', 'સારકોશ છપ્પાવલી' એ કૃતિઓની કોઈ હાથપ્રત અત્યારે ઉપલબ્ધ થતી નથી.

કૃતિ : ૧. રસિક રૂઘનાથ કાવ્ય : ૧–૨, સં. રણછોડદાસ ઈ. વૈષ્ણવ અને ગોકળદાસ દ્વારકાદાસ, ઈ. ૧૮૯૫ (+સં.); ☐ ૨. ઓધવજીનો સંદેશો–ગરબીઓ, પ્ર. બાલાભાઈ નગીનદાસ, ઈ. ૧૮૮૯; ૩. કાદોહન : ૩; ૪. નકાદોહન; ૫. પુષ્ટિપ્રસાદી, પ્ર. ચંદ્રવદન મો. શાહ, ઈ. ૧૯૬૬ (બીજી આ.); ૬. બૃકાદોહન : ૧, ૩, ૫, ૭; ૭. ભજનસાગર : ૨; ૮. ભસાસિંધુ; ૯. ભ્રમરગીતા (+ સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. કવિચરિત્ર; ૩. ગુસાઈતિહાસ:૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. પાંગુહસ્તલેખો; ૭. પુગુસાહિત્યકારો; ૮. પ્રાકકૃતિઓ; ૯. મગુઆખ્યાન; ૧૦. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર, નિપુણ પંડ્યા, ઈ. ૧૯૬૮; ૧૧. મસાપ્રકાશો;☐૧૨ બુદ્ધિપ્રકાશ, ઑક્ટો.-ડિસે. ૧૯૪૧-'કવિ રઘુનાથદાસ, ચંદ્રકાન્ત મહેતા;☐૧૩. ગૂહાયાદી; ૧૪. ડિકૅટલૉગબીજે; ૧૫. ડિકૅટલૉગભાવિ; ૧૬. ફૉહનામાવલિ. [ચ શે.]

રઘુનાથ–૨ [ઈ. ૧૮૧૬ સુધીમાં] : 'શિવજીનો ગરબો' (લે. ઈ. ૧૮૧૬)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

રઘુનાથ–૩/રૂઘનાથ(ઋષિ) [ઈ. ૧૮૩૮મા હયાત] : જૈન સાધુ. ૧૬ કડીની હિંદીમિશ્ર ગુજરાતી કૃતિ 'શાંતિનાથનો છંદ' (૨.ઈ. ૧૮૩૮/સં. ૧૮૯૪, ચૈત્ર–; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈરસંગ્રહ; ૩. જૈસમાલા(શા). [૨.૨.દ.]

રઘુપતિ/રૂપવલ્લભ/રૂઘનાથ [ઈ. ૧૮મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. વિદ્યાનિધાનના શિષ્ય. એમની કૃતિઓ આ પ્રમાણે મળે છે :

'નંદિષેણ-ચોપાઈ' (૨.ઈ.૧૭૪૭),'શ્રીપાલ-ચોપાઈ' (૨.ઈ.૧૭૫૦/સં. ૧૮૦૬, પ્રથમ ભાદરવા સુદ ૧૩), ૨૫૦ કડીની 'રત્નપાલ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૬૩/સં. ૧૮૧૯, નેમિજન્મદિન), ૫૪૦ કડીની 'સુભદ્રા-ચોપાઈ' (૨.ઈ. ૧૭૬૯/સં. ૧૮૨૫, ફાગણ–૪, શનિવાર), ૬૨ કડીની 'જૈનસાર-બાવની' (૨.ઈ. ૧૭૪૬/સં. ૧૮૦૨, માગશર સુદ ૧૫), ૫૮ કડીની 'પ્રાસ્તાવિક છપ્પય-બાવની' (૨.ઈ. ૧૭૬૯), ૫૭ કડીની 'કુંડલિયા-બાવની' (૨.ઈ. ૧૭૯૨), ૪૨ કડીની 'અક્ષર-બત્રીસી' (૨.ઈ.૧૭૪૬), ૩૭ કડીની 'ઉપદેશ-બત્રીસી', 'સગુણ-બત્રીસી', 'કરણી-છંદ', 'ગોડી-છંદ', ૩૬ કડીનો 'જિનદત્તસૂરિ-છંદ', 'વિમલજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૩૨/સં. ૧૭૮૮, માગશર સુદ ૧૩), '(ગોડી)પાર્શ્વનાથ-સ્તવન'(૨.ઈ.૧૭૩૬/સં.૧૭૯૨, વૈશાખ–), ૩૨ કડીની 'દોષગર્ભિત-સ્તવન', '(બીકાનેર)શાંતિ-સ્તવન' તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ગોચરીના દોષનું સ્તવન', ૫૮ કડીની 'ઋષિપંચમી', 'ઉપદેશ-પચીસી', સવૈયાબદ્ધ 'ચોવીસજિન-સવૈયા'(મુ.), હિંદીમાં 'દાદાસાહેબ/જિનકુશળસૂરિકવિ'(મુ) વગેરે.

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. સ્નાત્રપૂજા, દાદાસાહેબપૂજા તથા ઘંટાકર્ણવીરપૂજા, પ્ર. ઝવેરચંદ કે. ઝવેરી, સં ૨૦૦૮.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઇતિહાસ;☐ ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૧, ૨); ૫. મુપુગૂહસૂચી; ૬. હેન્જૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬]

રઘુરામ : આ નામે 'પંદર-તિથિઓ', 'સાત-વાર', 'વનપર્વ' (લે.ઈ. ૧૮૪૯) તથા વેદાંતનાં પદ મળે છે. તેમના કર્તા કયા રઘુરામ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. પાંગુહસ્તલેખો; ૩. પ્રાકકૃતિઓ; ☐૪. ગુજરાત શાળાપત્ર, સપ્ટે. ૧૯૧૧–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્યો, ભાગ ચોથો', છગનલાલ વિ. રાવળ; ૫. સાહિત્ય, ઑક્ટો. ૧૯૧૦–'જૂનાં કાવ્યોની થોડી હકીકત', છગનલાલ વિ. રાવળ;☐૫. ડિકૅટલૉગભીજે. [ચ.શે]

રઘુરામ–૧ [ઈ. ૧૭૧૬માં હયાત] : અવટંકે દીક્ષિત. ઓરપાડના વતની. યજુર્વેદી બ્રાહ્મણ. પિતા સહદેવ. કવિએ પુરાણી નાના ભટ્ટના પુત્ર કૃષ્ણરામ પાસેથી અશ્વમેધની કથા સાંભળી ૧૨૧ કડવાંના 'પાંડવાશ્વમેધ/અશ્વમેધ' (૨.ઈ. ૧૭૧૬/સં. ૧૭૭૨, શ્રાવણ સુદ ૨, બુધવાર; મુ.)ની રચના કરી છે. કવિને નામે નોંધાયેલું 'લવ કુશ-આખ્યાન' વસ્તુત: 'પાંડવાશ્વમેધ'નો જ એક ભાગ છે

આ ઉપરાંત કવિએ લાવણીમાં ૨૫ કડીની 'નરસિંહ મહેતાની હૂંડી'(મુ.)ની પણ રચના કરી છે. આ કડીમાં પહેલી કડીનું ચોથું ચરણ દર ચોથી કડીએ આવર્તિત થાય છે તે ધ્યાનપાત્ર છે. કવિએ કેટલાંક પદોની (કૃષ્ણલીલાનાં ૨ પદ મુ.) પણ રચના કરી છે.

કૃતિ : ૧. અશ્વમેધ, પ્ર. ગુલાબચંદ લ. ખેડાવાલા, ઈ. ૧૮૫૮; ☐ ૨. બૂકાદોહન : ૬.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. પાંગુહસ્તલેખો; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે]

રઘો [ ] : 'કરણરાજાનો પહોર'ના કર્તા. 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' 'રંગો'ને આ કૃતિના કર્તા ગણે છે. 'રાજામોરધ્વજની કસણી'(મુ) કૃતિમાં કર્તાનામ 'રગો' છે પણ તે 'રઘો' હોવાની શક્યતા વધુ છે. બન્નેના કર્તા એક જ છે કે જુદા તે નિશ્ચિત રીતે કહી શકાય એમ નથી.

કૃતિ : બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક અને અન્ય, ઈ. ૧૯૦૯.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐૩. ગૂહાયાદી. [ક્રા.ત્રિ.]

રણછોડ/રણછોડદાસ : આ નામે 'અર્જુન-ગીતા', 'રસભાગવત' (લે. ઈ. ૧૬૭૭), 'સલખનપુરીનો ગરબો' (લે.ઈ. ૧૮૪૫), 'રાસપંચાધ્યાયી'(મુ.), 'કૃષ્ણજીવનના મહિના'(મુ.), 'રણછોડજીનો ગરબો' (૨. ઈ. ૧૮૧૩/સં. ૧૮૬૯, આસો વદ ૮, રવિવાર; મુ.) તથા કેટલાંક મુદ્રિત-અમુદ્રિત પદો મળે છે. એ કૃતિઓના કર્તા કયા રણછોડ/રણછોડદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. બૂકાદોહન : ૭; ૨. બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક અને અન્ય, ઈ. ૧૯૦૯.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભીજે; ૩. ફૉહનામાવલિ; ૪. મુપુગૂહસૂચી. [ચ.શે.]

રણછોડ–૧ [ઈ. ૧૬૫૩માં હયાત] : ૨૦ કડીના 'આદ્યશક્તિનો ગરબો' (૨.ઈ.૧૬૫૩/સં. ૧૭૦૯ આસો–; મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨; પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭. [ચ.શે.]

રણછોડ–૨ [ઈ. ૧૮મી સદી] : ખેડા જિલ્લાના ખડાલ ગામના ખડાયતા વૈષ્ણવ કવિ. પિતા નરસિંહદાસ. અવટંક મહેતા. ખડાલના દરબારથી નારાજ થઈ તેમણે નજીકમાં આવેલા તોરણા ગામમાં સ્થાયી વસવાટ કરેલો. નેસ્તી અને ધીરધારનો તેમનો વ્યવસાય હતો. દર પૂનમે ડાકોર રણછોડરાયનાં દર્શને જવાનો એમનો નિયમ હતો. તોરણામાં અને પાછળથી ગોધરા અને સુરતમાં તેમણે મંદિરોની સ્થાપના કરી હતી. એમના જીવનમાં ઘણા ચમત્કારક પ્રસંગો બન્યા હોવાનું અને ૧૦૫ વર્ષ જેટલું લાંબું આયુષ્ય તેમણે ભોગવ્યું હોવાનું મનાય છે.

આ કવિની મોટાભાગની કવિતા પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાન-વૈરાગ્યની છે, પરંતુ રામજીવન વિશે પણ તેમણે કેટલીક કૃતિઓ રચી છે. ઉદ્દાલક ઋષિનો પુત્ર નાસકેત જંતુ રૂપે નર્કમાં સબડતા પોતાના પૂર્વજોને નર્કની યાતનામાંથી છોડાવે છે એ કથાને ૧૦ કડવાં ને ૨૨૪ કડીમાં કહેતી 'નાસકેતજીનું આખ્યાન' (૨.ઈ.૧૭૨૧/સં. ૧૭૭૭, ચૈત્ર સુદ ૧૩, ગુરુવાર; મુ.), ૮ કડવાંની 'દશ અવતારની લીલા'(૨.ઈ. ૧૭૧૯/સં. ૧૭૭૬, જેઠ સુદ ૨, શનિવાર; મુ.), બ્રહ્માએ કૃષ્ણના ઈશ્વરીય સ્વરૂપની પરીક્ષા કરવા માટે ગોપબાળો અને ગાયોનું અપહરણ કર્યું એ પ્રસંગને વર્ણવતી ૧૦ કડવાંની 'બ્રહ્મ-સ્તુતિ' (૨.ઈ. ૧૭૨૪/સં. ૧૭૮૦, જેઠ સુદ ૧૩; મુ.), ૩૨ કડવાંની 'કર્મવિપાક' (લે.ઈ. ૧૭૬૯), ઉદ્ધવગોપીના પ્રસંગને આલેખતી ૩૫ કડવાંની 'સ્નેહલીલા'(મુ.), કૃષ્ણના વેણુવાદનથી ગોપીઓ અને વ્રજની પ્રકૃતિ પર પડતા પ્રભાવને વર્ણવતી ૭૨ કડીની 'વેણુગીત'(મુ.), કૃષ્ણે ગોવર્ધન પર્વત ઉપાડી ગોકુળવાસીઓને ઇન્દ્રના કોપમાંથી ઉગારવા આપેલા આશ્રયના પ્રસંગને આલેખતી ૧૪ કડવાંની 'ગોવર્ધનઉત્સવ/ગોવર્ધનઓચ્છવ/ઇન્દ્રઉત્સવ' (૨.ઈ. ૧૭૧૭/સં. ૧૭૭૩ વૈશાખ–; મુ.) ૩૭ કડીની 'રાધાવિવાહ' (મુ.), ૧૭ પદની 'ચાતુરી/વ્રજશણગાર/રાધિકાજીનું રૂસણું'(મુ.)–એ ભાગવતના વિવિધ પ્રસંગો પર આધારિત એમની આખ્યાનકલ્પ રચનાઓ છે. કડવાંબંધનો આશ્રય લેવા છતાં વલણ-ઢાળ-ઊથલો એવો કડવાનો રચનાબંધ જાળવવા તરફ કવિનું લક્ષ નથી.

૩૫૮ કડીની રણછોડરાયની ભક્તિ કરતી 'કેવળરસ'(મુ.), ૧૧૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીની 'વૃન્દાવનમાહાત્મ્ય' (૨.ઈ. ૧૭૩૨/સં. ૧૭૮૮, શ્રાવણ–૫, રવિવાર; મુ.), ૯૬ કડીની 'ભક્ત બિરદાવલી'(મુ.), ૧૫૧ કડીની 'નામમાહાત્મ્ય' (૨.ઈ. ૧૭૩૫/સં. ૧૭૯૧, મહા–૧૫, રવિવાર; મુ.), ૬ ખંડ ને ૧૪૯ કડીની કૃષ્ણનાં ગોકુળપરાક્રમોને વર્ણવતી 'બાળ-ચરિત્ર'(મુ.), 'હરિરસ', 'પાંચરંગ'(મુ.) વગેરે એમની અન્ય ભક્તિમૂલક લાંબી રચનાઓ છે. 'રામકથા/રામચરિત્ર/રાવણ-મંદોદરીસંવાદ'નાં ૧૨ પદ(મુ.)માં તૂટક રૂપે રામજીવનના પ્રસંગો આલેખાયા છે.

થાળ, આરતી, ગરબી, કક્કો ઇત્યાદિ પદપ્રકારની ને છપ્પા જેવી પણ અનેક કૃતિઓ કવિએ રચી છે, તેમાં 'બારમાસી' (૨.ઈ. ૧૭૩૧/સં. ૧૭૮૭, શ્રાવણ–શુક્લવાર; મુ.); શણગાર, વસંત, હિંડોળા, રાસ વગેરે કૃષ્ણલીલાનાં અનેક પદ(મુ.); 'પ્રભાતસ્તવન'નાં ૧૮ પદ; ૩૪ કડીનો કક્કો; ૪૦ કડીની 'ચેતવણી'; ૫૨ કડીના છપ્પાપ્રકારના 'તાજણા'(સાટકા) જેવી જ્ઞાનવૈરાગ્યની કૃતિઓનો સમાવેશ થાય છે.

'વ્રજવૃન્દાવનલીલા', 'શ્રી વૃન્દાવનલીલા શ્રી જુગલકિશોર સત્ય છે', 'રાધિકાજીની વધાઈ', 'વામનજીની વધાઈ' (સર્વ મુ.) એમની ગુજરાતીની છાંટવાળી વ્રજભાષાની રચનાઓ છે.

'બૃહત્ કાવ્યદોહન : ૨ અને ૭'માં મુદ્રિત 'રણછોડજીનો ગરબો' (૨.ઈ. ૧૮૧૩/સં. ૧૮૬૯, આસો વદ ૮, રવિવાર), 'કૃષ્ણજીવનના મહિના' તથા 'રાસપંચાધ્યાયી' વ્યાપક રીતે આ કવિની રચનાઓ હોવાનું સ્વીકારાયું છે, પરંતુ આ ત્રણે કૃતિઓ 'રણછોડભક્તની વાણી'ના સાતે ભાગમાં મુદ્રિત સ્વરૂપે મળતી નથી. 'રણછોડજીનો ગરબો' તો એનો રચનાસમય જોતાં આ કવિની કૃતિ હોય એવી સંભાવના બહુ ઓછી છે. 'દિલમાં દીવો કરો', કે 'હરિજન હોય તે હરિને ભજે' જેવાં આ કવિને નામે મળતાં પદ રણછોડ–પને નામે પણ મળે છે.

કૃતિ : ૧. રણછોડભક્તની વાણી : ૧–૭, પ્ર. બળદેવદાસ ત્રિ. ભગત, ઈ. ૧૯૬૪ (બીજી આ.), ઈ. ૧૯૫૭, ઈ. ૧૯૬૭, ઈ. ૧૯૬૭, ઈ. ૧૯૬૭, ઈ. ૧૯૭૮ (+સં.); ૨. નકાદોહન; ૩. બૂકા-દોહન : ૧, ૮; ૪. બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક અને અન્ય, ઈ. ૧૯૦૯.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસાપઅહેવાલ : ૯–'રણછોડ કવિ', કેશવ હ. શેઠ; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. સંશોધન અને અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૬–'પ્રેમલક્ષણા ભક્તિનો ગાયક કવિ રણછોડ', 'કવિ રણછોડનાં પ્રભાતિયાં', 'ભક્ત-કવિ રણછોડની જ્ઞાનવાણી', 'ભક્તકવિ રણછોડના રાસ-ગરબા', 'ભકતકવિ રણછોડની પદેતર કૃતિઓ';☐૬. ગૂહાયાદી; ૭. ડિકૅટ-લૉગબીજે; ૮. ડિકૅટલૉગભાવિ; ૯. ફોંહનામાવલિ. [ચ.શે.]

રણછોડ(ભગત)–૩ [જ.ઈ. ૨૯-૮- ૧૭૧૭/સં. ૧૭૭૪, ભાદરવા સુદ ૪, ગુરુવાર] : જામનગર જિલ્લાના ધનાણીની આંબલડીના ઔદીચ્ય બ્રાહ્મણ. પિતા સંઘજી. માતા પ્રેમબાઈ. કૃષ્ણભક્તિનાં ધોળ અને પદો (૭ મુ.)ના કર્તા.

કૃતિ : સામીપ્ય, એપ્રિલ ૧૯૮૪–'આંબલડી (હાલાર)ના રણછોડ ભગતનાં ધોળ-પદ', સં. કે. કા. શાસ્ત્રી(+સં.). [ચ.શે.]

રણછોડ(દીવાન)–૪ [જ. ઈ. ૨૦-૧૦-૧૭૬૮/સં. ૧૮૨૪, આસો સુદ ૧૦–અવ. ઈ. ૧૮૪૧/સં. ૧૮૯૭, મહા/ફાગણ વદ ૬] : વડનગરા નાગર. પિતા અમરજી નાણાવટી. માતા ખુશાલબાઈ. પહેલાં જૂનાગઢ રાજ્યમાં અને પછી જામનગરના દીવાન. તેઓ સારા યોદ્ધા અને વિદ્યારસિક પુરુષ હતા અને ગુજરાતી સિવાય સંસ્કૃત, વ્રજ અને ફારસી ભાષાઓ જાણતા. શંકરના ઉપાસક હતા. સુધારક માનસવાળા હોવાને લીધે બાળકીને દૂધપીતી કરવાના અને સતી થવાના કુરિવાજો નાબૂદ કરવામાં તેમણે અંગ્રેજોને સહાય કરી હતી.

શિવગીતાની 'જ્ઞાનપ્રકાશ' નામની ગદ્યટીકા (૨.ઈ. ૧૮૦૭/સં. ૧૮૬૩, જેઠ વદ ૫; મુ.), ૧૩ કવચમાં 'ચંડીપાઠના ગરબા' (૨.ઈ. ૧૮૨૨/સં. ૧૮૭૮, આસો—૯; મુ.), ૬ 'રહસ્યના ગરબા', 'રામાયણના રામાવળા' (૨.ઈ. ૧૮૨૩), 'દ્રવ્યશુદ્ધિ', 'શ્રાદ્ધનિર્ણય', 'અશૌચનિર્ણય/સૂતકનિર્ણય', 'સોમવાર માહાત્મ્ય/સોમપ્રદેશનો મહિમા/પ્રદોષ માહાત્મ્ય' એ ગુજરાતી કૃતિઓ એમણે રચી છે. તેમણે ગુજરાતી અને ફારસીમાં રોજનીશી પણ લખી હોવાનો ઉલ્લેખ મળે છે.

એ સિવાય વ્રજ-ગુજરાતીમાં 'ઉત્સવ-માલિકા' તથા 'વિશ્વનાથ પરનો પત્ર'; વ્રજભાષામાં 'શિવરહસ્ય', 'કુવલયાનંદ', ગાણિતિક કોયડાવાળો 'નાગરવિવાહ', 'બ્રાહ્મણની ચોરાસી નાતોનાં નામનાં કાવ્ય', 'દક્ષયજ્ઞભંગ', 'શિવવિવાહ/ઈશ્વરવિવાહ', 'શિવરાત્રિમાહાત્મ્ય', 'બૂઢેશ્વરબાવની'ના પર કવિત, 'મોહનીછળ', 'કામદહન-આખ્યાન', 'મદનસંજીવની', 'કાલખંજ-આખ્યાન', 'જાલંધર-આખ્યાન', 'અંધકાસુર-આખ્યાન', 'ભસ્માંગદ-આખ્યાન', 'શંખચૂડ-આખ્યાન', 'ત્રિપુરાસુર-આખ્યાન', 'ભક્તમાળ' અને 'બિહારી શતશઈ' વગેરે તથા ફારસીમાં 'તારીખે સોરઠ/વાકયાએ સોરઠ વ હાલાર' અને 'રુકાતે ગુનાગુન' વગેરે કૃતિઓની રચના કરી છે.

કૃતિ : ૧. ચંડીપાઠના ગરબા, સં. ગણપતરામ વે. ઓઝા, ઈ. ૧૮૮૫ (+સં.); ૨. દીવાન રણછોડકૃત શિવગીતા, પ્ર. જાદવરાય લી. બૂચ, ઈ. ૧૮૯૭ (+સં.); ૩. શ્રી દેવીમહાત્મ્ય અથવા ગરબા સંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૮; ૪. શિવરહસ્ય:૧ (અનુ. રણછોડજી દીવાનજી), પ્ર. જાદવરાય લી. બૂચ (+ સં); ૫. શ્રી શિવરાત્રિમાહાત્મ્ય, પ્ર. સવાઈભાઈ રાયચંદ, ઈ. ૧૮૭૩; ૬. બૂકાદોહન : ૨.

સંદર્ભ : ૧. *રણછોડજી દીવાનનું જન્મચરિત્ર, ગણપતરામ વે. ઓઝા, ૧૮૮૫; ૨. ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ, છોટુભાઈ ૨. નાયક, ઈ. ૧૯૫૦; ૩. ગુજરાતી-ઓએ હિન્દી સાહિત્યમાં આપેલો ફાળો, ડાહ્યાભાઈ પી. દેરાસરી, ઈ. ૧૯૩૭; ૪. ગુમાસ્તંભો; ૫. ગુસારસ્વતો; ૬. સસામાળા;☐૭. બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૮૬૩–'ગુજરાતી ભાષાના કવિઓનો ઇતિહાસ : રણછોડજી દીવાન'; ૧૦. એજન, જાન્યુ. ૧૮૭૨–'રણછોડજીકૃત ગ્રંથો'; ☐ ૮. ગૂહાયાદી; ૯. ફોંહનામાવલિ. [ચ.શે.]

રણછોડ–૫ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : રામભક્ત કવિ. વતન ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાનું આગલોડ (અગસ્ત્યપુર) ગામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. પિતા અનુપમરામ. માતા કુંવરબાઈ. અવટંકે જોશી. ગુરુ રામચંદદાસ મહારાજ. પહેલાં તેઓ હિંમતનગરની શાળામાં શિક્ષક હતા. પછી સંસારત્યાગ કરી ભજનમંડળી સ્થાપી ગામેગામ ખોટાં વહેમો અને માન્યતાઓનો વિરોધ કરી સદુપદેશ આપવા માંડ્યો. તેમનો જન્મ સંભવત: ઈ. ૧૮૦૪માં થયો હતો અને ઈ. ૧૮૨૨માં તેમણે સંસારત્યાગ કર્યો હોવાનું કહેવાય છે. એમની મુદ્રિત ૧ 'થાળ' કૃતિનો રચનાસમય ઈ. ૧૮૩૫ મળે છે. એને આધારે ઈ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં તેઓ હયાત હોવાનું નિશ્ચિત રૂપે કહી શકાય. મનની સુરતા (એકાગ્રતા) કેળવવાનો ઉપાય સૂચવતી ને રૂપકાત્મક વાણીમાં વૈરાગ્યબોધ આપતી ૧૦૬ કડીની 'સુરતિબાઈનો વિવાહ'(મુ.) કવિની લાંબી રચના છે. એ સિવાય જ્ઞાન-વૈરાગ્યનાં વિવિધ દેશીઓના ઢાળમાં રચાયેલાં ૧૮૭ પદ કવિને નામે મુદ્રિત મળે છે. સરળ ભાષામાં ઉદ્‌બોધન શૈલીનો આશ્રય લઈ કેટલીક અસરકારકતા આ પદોમાં કવિ સાધે છે. થોડાંક પદોમાં કૃષ્ણભક્તિ છે, પરંતુ ઈશ્વરબોધ અને જ્ઞાનબોધ તરફ કવિનો ઝોક વિશેષ છે તે સ્પષ્ટ વરતાય છે. રણછોડ–૧ને નામે જાણીતાં 'દિલમાં દીવો કરો રે દીવો કરો' જેવાં પદો આ કવિને નામે પણ મુદ્રિત મળે છે અને 'દિલમાં દીવો કરો' પદ તો સંપાદકીય નોંધ પરથી આ કવિનું જ હોય એમ સંપાદકો માનતા જણાય છે.

કૃતિ : રણછોડ ભજનાવલિ, સં. અંબાશંકર પ્ર. જોશી, ઈ. ૧૯૩૩ (+સં.).

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [ચ.શે.]

રણછોડ–૬ [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. ૧૭ કડીના 'શ્રીજી મહારાજની ઉત્પત્તિ વિશે'(મુ.) તથા ૬ કડીના 'માણકી ઘોડી વિશે'નાં પદોના કર્તા. 'શ્રીજીની વાતો' આ કવિની હોવાની સંભાવના છે.

કૃતિ : સહજાનંદવિલાસ, પ્ર. હિંમતલાલ બ. સ્વામિનારાયણ તથા ગોરધરલાલ પ્ર. માસ્તર, ઈ. ૧૯૧૩.

સંદર્ભ : ફોહનામાવલિ. [ચ.શે.]

રણછોડ–૭ [ ] : મોટે ભાગે નડિયાદના મેવાડા બ્રાહ્મણ. પિતાનામ પૂર્ણાનંદ હોવાની સંભાવના. 'શ્રાદ્ધ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

'રણજંગ' : વજિયાકૃત મુખબંધ અને વલણ વગરનાં ૧૭ કડવાંની કયાંક ભાષામાં હિન્દીની અસર બતાવતી આ કૃતિ (મુ.) પ્રેમાનંદના 'રણયજ્ઞ' પૂર્વે રચાયેલી છે. શસ્ત્રસજ્જ અને યુદ્ધતત્પર રાવણ અને રાવણસૈન્યના કે યુદ્ધના વર્ણનનાં બેત્રણ કડવાંને બાદ કરતાં બીજાં કડવાં ટૂંકાં છે. લંકાની સમૃદ્ધિ જોઈ રામને ઊપજતી નિરાશા, હનુમાન તથા અન્ય વાનરોએ આપેલું પ્રોત્સાહન, રામે રાવણને મોકલેલો વિષ્ટિસંદેશ, રાવણનો અહંકારયુક્ત પ્રત્યુત્તર, મંદોદરીએ રાવણને રામ સાથે યુદ્ધ ન કરવા માટે કરેલી વિનંતિ, રાવણે વિનંતિનો કરેલો અસ્વીકાર, યુદ્ધમાં રાવણનું મૃત્યુ અને રામનું અયોધ્યામાં આગમન એટલા પ્રસંગોને આલેખતી આ કૃતિમાં પ્રસંગ કે પાત્રને ખિલવવા તરફ કવિનું ઝાઝું લક્ષ નથી. એટલે નિરૂપણ ઊભડક લાગે છે, તો પણ યુદ્ધવર્ણન કે રાવણના વર્ણનમાં કવિ થોડી શક્તિ બતાવી શક્યા છે. કૃતિમાં આવતી રણયજ્ઞના રૂપકની વાત અને કેટલાક ઢાળોની પ્રેમાનંદના 'રણયજ્ઞ' પર અસર જોવા મળે છે એ દૃષ્ટિએ આ કૃતિ નોંધપાત્ર ગણી શકાય. [ર.સો.]

રણધીર/રણસિંહ(રાવત) [ ] : ઉપદેશાત્મક અને પ્રભુભક્તિનાં છથી ૮ કડીનાં કેટલાંક ગુજરાતી-હિન્દી ભજનો(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અભમાલા; ૨. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૩. નકાસંગ્રહ; ૪. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઈ. ૧૯૪૬; ૫. ભજનસાગર:૨. [ક્રા.ત્રિ.]

'રણમલછંદ' : શ્રીધર વ્યાસકૃત પ્રારંભના આર્યામાં રચાયેલા ૧૦ સંસ્કૃત શ્લોકો સહિત ૭૦ કડીમાં ઈડરના રાવ રણમલ અને પાટણના સૂબા મીર મલિક મુફર્રહ વચ્ચે થયેલા યુદ્ધના પ્રસંગને અને રાવ રણમલના વિજયને આલેખતું આ વીરરસનું ઐતિહાસિક કાવ્ય (મુ.) છે. તૈમુરલંગની દિલ્હી પર ચઢાઈ, મીર મલિક મુફર્રહ પૂર્વેના પાટણના સૂબાઓ દફરખાન અને સમસુદ્દીનના રાય રણમલ સાથે થયેલા યુદ્ધ જેવી વીગતોના ઉલ્લેખ પરથી કહી શકાય કે કાવ્ય ઈ. ૧૩૯૮ પછીથી રચાયું હશે. ચોપાઈ, સારસી, દુહા, પંચચામર, ભુજંગપ્રયાત વગેરે માત્રામેળ-અક્ષરમેળ છંદોનો ઉપયોગ, તેમાં પ્રયોજાયેલી, વ્યંજનોને કૃત્રિમ રીતે બેવડાવી વર્ણદ્વિત્વ દ્વારા વીર-રસને પોષક ઓજસનો અનુભવ કરાવતી અપભ્રંશની 'અવહટ્ઠ' પ્રકારની શૈલી, પ્રચુર માત્રામાં પ્રયોજાયેલા અરબી-ફારસી શબ્દો, વર્ણનોમાં અનુભવાતી કેટલીક અલંકારિકતા ઇત્યાદિ તત્ત્વોવાળું આ કાવ્ય કાવ્યત્વ અને ઇતિહાસ બંને દૃષ્ટિએ ધ્યાનાર્હ છે. [જ.ગા.]

'રણયજ્ઞ' [ર.ઈ. ૧૬૯૦/સં. ૧૭૪૬ ચૈત્ર સુદ ૨, રવિવાર] : રામાયણની રામ-રાવણ યુદ્ધની કથાને વિષય બનાવી રચાયેલું ને વજિયાના 'રણજંગ'ની અસર ઝીલતું ૨૬ કડવાંનું પ્રેમાનંદનું આ આખ્યાન(મુ.) છે તો કવિના સર્જનના ઉત્તરકાળની રચના, પરંતુ કાવ્યત્વની દૃષ્ટિએ મધ્યમ બરનું છે.

રામ-રાવણ યુદ્ધની કથા આલેખવા તરફ જ કવિનું લક્ષ હોવા છતાં આખી યુદ્ધકથા વેધક ને પ્રભાવક બનતી નથી, કારણ કે કાવ્યનું સંકલન વિવિધ રીતે નબળું છે. રાવણ અને રામની સેનાના સરદારો તથા તેમના સૈન્યની લંબાણથી અપાયેલી વીગતો ભલે કોઈ પાત્રમુખે અપાઈ હોય છતાં નીરસ બને છે. કાવ્યના કેન્દ્રીય વીરરસની જમાવટ પણ નબળી છે. યુદ્ધવર્ણનો રવાનુકારી શબ્દો ને પરંપરાનુસારી અલંકારો ને વીગતોથી એકવિધ રીતે આવ્યાં કરતાં હોવાથી રોમાંચ વગરનાં છે. યુદ્ધનાં યુયુત્સા અને આતંક ઉપસાવવામાં કવિને ખાસ સફળતા મળતી નથી. હાસ્ય, કરુણ જેવા અન્ય રસો વીરને પોષક બનવાને બદલે હાનિ વિશેષ પહોંચાડે છે. મંદોદરીના વિલાપ ને વ્યથામાં કરુણનો કેટલોક હૃદ્ય સ્પર્શ છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંતુ રામનાં હતાશા ને વિલાપ એમના વીરોચિત વ્યક્તિત્વને બહુ અનુરૂપ નથી. કુંભકર્ણને ઉઠાડવા માટે થતા પ્રયત્નો કે કુંભકર્ણ અને વાનરો વચ્ચેના યુદ્ધનાં વર્ણનમાં કવિએ જે હાસ્ય વહેવડાવ્યું છે તે સ્થૂળ કોટિનું તો છે, પરંતુ તે યુદ્ધના આતંક ને ગાંભીર્યને સાવ હણી નાખતું હોવાથી અરુચિકર પણ બને છે. એટલે રચનામાં પોષક-અપોષક અંશોનું ઔચિત્ય કે રસસંક્રાંતિ એ બંનેની પ્રેમાનંદીય શક્તિ આ આખ્યાનમાં પ્રગટ થતી નથી.

રામ અને રાવણ યુદ્ધકથાના મુખ્ય શત્રુપાત્રો હોવા છતાં યુદ્ધકથાને અનુરૂપ એમનું ચરિત્ર બંધાતું નથી. રાવણના મનમાં રામ પ્રત્યે ભક્તિભાવ અને રામનું લાગણીશીલ ને નિર્બળ મન યુદ્ધકથાના નાયકોને અનુરૂપ નથી.

આખ્યાનનો કંઈક આસ્વાદ્ય અંશ મંદોદરીની પતિપરાયણતા ને પુત્રપરાયણતામાંથી જન્મતી વ્યથાનો છે. 'આજનો દહાડો લાગે મુંને ધૂંધળો' એ એના મોઢામાં મુકાયેલું વિષાદભાવવાળું પદ આખ્યાનનો ઉત્તમાંશ છે.

આખ્યાનની ઘણી હસ્તપ્રતો સં. ૧૭૪૧નો રચનાસમય આપે છે, પરંતુ વાર, તિથિ, માસના મેળમાં આવતું ન હોવાને લીધે એ વર્ષ શ્રાદ્ધેય નથી. [જ.ગા.]

રણસિંહ(રાવત) જુઓ રણધીર.

રતન/રયણ(શાહ) [ ] : શ્રાવક. ખરતરગચ્છના જિનપતિસૂરિની પ્રશસ્તિ કરતા સવૈયાની દેશીની ૨૦ કડીના 'જિન પતિસૂરિ-ધવલ/ગીત/સ્તુતિ'(મુ.)ના કર્તા. જિનપતિસૂરિનું અવસાન ઈ. ૧૨૨૧માં થયું એવો કાવ્યમાં ઉલ્લેખ છે, એટલે કાવ્યની રચના ત્યારપછી સંભવત: ઈ. ૧૩મી સદીમાં થઈ હોય.

આ નામે ૫૬ કડીનું 'શાશ્વતજિન-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.) મળે છે તે આ કવિની રચના હોવાની સંભાવના છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. આકવિઓ; ૨. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧;☐૪. જૈમ-ગૂકરચનાઓ : ૧; ૫. ડિકૅટલૉગબીજે. [૨.૨.દ.]

રતનચંદ [ઈ. ૧૮૩૮માં હયાત] : ૪૫ કડીની 'શ્રીમતીના શીલની કથા' (૨.ઈ.૧૮૩૮)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

રતનજી : આ નામે ૮ કડીની 'ઉમિયા-ઈશનો ગરબો' કૃતિ મળે છે તેના કર્તા કયા રતનજી છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

રતનજી-૧ [ઈ. ૧૬૫૭માં હયાત] : મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના બાગલાણના રહીશ. પિતાનામ ભાનુ કે હરિદાસ. 'અશ્વમેધપર્વ'ની વિભ્રંશી રાજાની કથા પર આધારિત ૧૩ કડવાંનું 'વિભ્રંશી રાજાનું આખ્યાન' (૨.ઈ. ૧૬૫૭/સં. ૧૭૧૩, શ્રાવણ વદ ૮; મુ.)ના કર્તા. એમને નામે 'દ્રૌપદીચીરહરણ' કૃતિ નોંધાઈ છે પરંતુ તેની કોઈ હસ્તપ્રત ઉપલબ્ધ નથી.

કૃતિ : બૃકાદોહન : ૫ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨, ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી. [ચ.શે.]

રતનદાસ/રત્નસિંહ [ઈ. ૧૮મી સદી] : રવિભાણ સંપ્રદાયના કવિ. વાંકાનેરના વતની. જ્ઞાતિએ રજપૂત. ભાણસાહેબ (ઈ. ૧૬૯૮-૧૭૫૫)ના ઉપદેશથી પ્રભાવિત થઈ તેમના શિષ્ય બન્યા. ૨૦ કડીનું 'ચેલૈયા સગાળશા-આખ્યાન/કેલૈયાનો શલોકો'(મુ.), આત્મબોધનાં પદ તથા અન્ય ગુજરાતી-હિન્દી પદોની રચના એમણે કરી છે.

કૃતિ : ૧. ગુજરાતી લોકસાહિત્યમાળા : ૧૩, સં. પુરુષોત્તમ સોલંકી, ઈ. ૧૯૭૦; ૨. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૩. બૃકાદોહન : ૫; ૪. બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક;☐૫. સમાલોચક, જુલાઈ-સપ્ટે. ૧૯૧૧–'કેટલીક અપ્રસિદ્ધ કવિતા', છગનલાલ વિ. રાવળ (+સં.).

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકૃતિઓ; ૩. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ ઈ. ૧૯૮૨;☐૪. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬–ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ. [ચ.શે.]

રતનબાઈ–૧ [ઈ. ૧૫૭૯માં હયાત] : જૈન. સ્વાવલંબનના સાધન તરીકે રેંટિયાની પ્રશસ્તિ કરતી ૨૪ કડીની 'રેંટિયાની સઝાય/ગીત/પદ' (૨.ઈ.૧૫૭૯/સં. ૧૬૭૫, મહા સુદ ૧૩; મુ.)નાં કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૪.

સંદર્ભ : ૧ મસાપ્રકારો; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [૨.૨.દ.]

રતનબાઈ–૨ [ઈ. ૧૭૮૧માં હયાત] : જ્ઞાનમાર્ગી સ્ત્રીકવિ. અમદાવાદનાં વતની. જ્ઞાતિએ નાગર. અખાની શિષ્યપરંપરાના હરિકૃષ્ણજી એ જ એમનાં પિતા અને ગુરુ. પિતાના સંતજીવનથી પ્રભાવિત થઈ પતિની અનુમતિ લઈ એમણે સંસારનો ત્યાગ કરેલો. એમનાં ગુરુમહિમાનાં અને જ્ઞાનવૈરાગ્યનાં ૧૧ પદ(મુ.) મળે છે.

કૃતિ : સન્તોની વાણી, સં. ભગવાનજી મહારાજ, ઈ. ૧૯૨૦ (+ સં.).

સંદર્ભ : ૧. અસપરંપરા; ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૫. [ચ.શે.]

રતનબાઈ–૩ [ઈ. ૧૮મી સદી] : મુસ્લિમ સ્ત્રીકવિ. જ્ઞાતિએ વોરા. વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના પાછિયાપુરનાં વતની. હજરત શાહ કાયમુદ્દીનનાં શિષ્યા. જ્ઞાન અને ભક્તિની મધ્યકાલીન પદ-કવિતાના સંસ્કાર ઝીલી કલામ, ગરબી, ભજન શીર્ષકો હેઠળ એમણે જ્ઞાન-વૈરાગ્ય ને ભક્તિનાં પદો(મુ.)રચ્યાં છે. કાયમુદ્દીનને વિષય બનાવી રચાયેલાં પદો પર પ્રેમલક્ષણા ભક્તિની કવિતાની ઘેરી અસર છે. એમની ભાષા અરબી-ફારસી શબ્દોના ભારવાળી છે

કૃતિ : ભક્તિસાગર, સં. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯ (+સં.).

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસામધ્ય. [ચ.શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રતનિયો [ ] : ૨૬ કડીની 'હૂંડી' (મુ.)ના કર્તા. કૃતિના ભાષાસ્વરૂપ પરથી તેઓ સં. ૧૭મી સદીની આસપાસ થયા હોવાનું અનુમાન થયું છે. 'રામૈયો રતનિયો' નામછાપથી ભવાઈના ગણપતિના વેશના પ્રારંભમાં ગણપતિની સ્તુતિનું પદ (મુ.) મળે છે. ત્યાં કર્તાનામ 'રતનિયો' હોવાની સંભાવના છે. આ 'રતનિયો' ને 'હૂંડી'ના કર્તા એક જ હશે કે જુદા એ કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ભવાઈ, સુધા આર. દેસાઈ, ઈ. ૧૯૭૨ (+સં.); ૨. ભવાઈસંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ, ઈ. ૧૮૯૪; ૩. ભવાની ભવાઈપ્રકાશ, સં. મુનશી હરમણિશંકર ધ., ઈ.–, ☐ ૪. બુદ્ધિપ્રકાશ, જાન્યુ.-જૂન ૧૯૫૬–'રતનકૃત નરસિંહ મૂહેતાની હૂંડી', ભોગીલાલ સાંડેસરા (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો. [ચ.શે.]

રતનીબાઈ [ ] : હરિજન સ્ત્રીકવિ. તેઓ નરસિંહ મહેતાનાં શિષ્યા હતાં એમ કહેવાય છે, પરંતુ એ માટે કોઈ આધાર નથી. તેમનાં કૃષ્ણભક્તિનાં ૪ પદ(મુ.) મળે છે, તેમાં ૩ પદ નરસિંહ મહેતાનાં જીવનમાં બનેલા કહેવાતા હારપ્રસંગને લગતાં છે.

કૃતિ : ૧. સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭ (+સં.); ૨. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં.). [ચ.શે.]

રત્ન(મુનિ) : આ નામે ૫ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન'(મુ.), ૪૬ કડીનું 'શાશ્વતજિનપ્રાસાદસંખ્યા-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.), ૬ કડીની 'પરસ્ત્રીત્યાગ કરવાની સઝાય'(મુ.), ૫ કડીનું '(શંખેશ્વર)પાર્શ્વનાથ-સ્તવન'(મુ.), ૭ કડીનું 'સીમંધરસ્વામી સ્તવન' (મુ.) તથા કેટલીક હિન્દી રચનાઓ મળે છે. આ કયા રત્ન (મુનિ) છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈપ્રપુસ્તક : ૧; ૪. જૈસસંગ્રહ(જે); ૫. શંસ્તવનાવલી; ૬. શોભનસ્તવનાવલી, પ્ર. શા. ડાહ્યાભાઈ ફતેહચંદ, ઈ. ૧૮૮૭.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્ન(મુનિ)–૧ [ ] : કોરંટગચ્છના જૈન સાધુ. ૪૮ કડીની 'ગયસુકુમાલ-ચોઢાળિયું' (લે.સં. ૧૮મી સદી) એ કૃતિના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નકીર્તિ(સૂરિ)–૧ [ઈ. ૧૭૨૯ સુધીમાં] : જૈન સાધુ. ૨૧ કડીની 'વિજયશેઠ–વિજયાશેઠાણીની સઝાય' (લે.ઈ.૧૭૨૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

રત્નકીર્તિ(સૂરિ)–૨ [ ] : દિગંબર જૈન સાધુ. ૫૭ કડીના 'નેમિનાથ-ફાગ'ના કર્તા.

સંદર્ભ : સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૬૪–'દિગંબર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુકાવ્ય', અગરચંદ નાહટા. [કી.જો.]

રત્નકીર્તિ(વાચક)–૩ [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. પૂનમચંદના શિષ્ય. ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના ૨૪ કડીના 'પુણ્યરત્નસૂરિગુરુણાં-ફાગ'(મુ.)ના કર્તા.

કૃતિ : સ્વાધ્યાય ત્રૈમાસિક, ફેબ્રુ. ૧૯૭૧–'વાચક રત્નકીર્તિકૃત 'પુણ્યરત્નસૂરિફાગ', અગરચંદ નાહટા (+સં.). [કી.જો.]

રત્નકુશલ(ગણિ)–૧ [ઈ. ૧૫૯૬માં હયાત] : જૈન સાધુ. પંડિત મેહર્ષિગણિની પરંપરામાં દામા/દામર્ષિના શિષ્ય. ૨૦ કડીની 'પાર્શ્વનાથસંખ્યા-સ્તવન/પાર્શ્વનાથાવલી'(મુ.)ના કર્તા. કવિએ ઈ. ૧૫૯૬/સં. ૧૬૫૨, આસો સુદ ૫, રવિવારના રોજ 'પંચાશકવૃત્તિ'ની [illegible] હસ્તપ્રત લખ્યાનું જાણવા મળે છે તે ઉપરથી તેઓ આ અરસામાં હયાત હોવાનું સમજાય છે.

કૃતિ : પ્રાતીસંગ્રહ : ૧ (+સં.).

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૩; ૨. સૂર્યપૂર-રાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦;☐ ૩. જૈગૂકવિઓ : ૧. [૨.૨.દ.]

રત્નકુશલ–૨ [ઈ. ૧૮૨૬ સુધીમાં] : ૫ કડીની 'સપ્તવ્યસન-સઝાય' (લે.ઈ.૧૮૨૬)ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [૨.૨.દ.]

રત્નચંદ્ર : આ નામે ૨૫ કડીની 'આદિનાથ-વિવાહલઉ' (૨.ઈ. ૧૬મી સદી) નામે જૈન કૃતિ મળે છે. તેના કર્તા કયા રત્નચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સદર્ભ: ૧. પ્રાકરૂપરંપરા;☐૨. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૬ –'વિવાહલઉ' સંજ્ઞક અન્ય જૈન રચનાર્યે', અગરચંદ નાહટા. [કી. જો.]

રત્નચંદ્ર(મુનિ)–૧ [ઈ. ૧૫૯૨માં હયાત] : વડતપગચ્છના જૈનસાધુ. સમરચંદ્રના શિષ્ય. ૩૪૯૬ કડીની 'પંચતંત્ર/પંચાખ્યાન-ચોપાઈ'(૨.ઈ. ૧૫૯૨/સં. ૧૬૪૮, આસો–૫, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નચંદ્ર(ગણિ)–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. શાંતિસૂરિના શિષ્ય. ૫૫૭૦ કડીના પ્રાકૃત ગ્રંથ 'સમ્યક્ત્વ સપ્તતિકા' પર 'સમ્યક્ત્વ રત્નપ્રકાશ' નામના બાલાવબોધ (૨.ઈ. ૧૬૨૦/સં. ૧૬૭૬, પોષ સુદ ૧૩), 'સમવસરણ-સ્તવન' પરના બાલાવબોધ એ ગદ્યકૃતિઓ તથા સમ્યક્ત્વ પર 'સંગ્રામસૂરકથા' એ પદ્યકૃતિના કર્તા. આ ઉપરાંત સંસ્કૃતમાં કવિએ ધર્મસાગરના મતખંડનરૂપે 'કુમતાહિવિષજાંગુલિ' (૨.ઈ. ૧૬૨૩) અને 'પ્રદ્યુમ્નચરિત-મહાકાવ્ય'ની રચના તેમ જ 'નૈષધચરિત' તથા 'રઘુવંશ' જેવાં મહાકાવ્યો, ભક્તામર આદિ જૈન સ્તોત્રો-સ્તવનો પર ટીકાઓ લખી છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈન કથા રત્નકોશ : ૩; પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૯૦; ૩. જૈસાઈતિહાસ;☐૪. જૈગૂકવિઓ : ૧ ૩, (૧, ૨); ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રત્નચંદ્ર–૩ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ગુમાનચંદની પરંપરામાં દૂર્ગદાસના શિષ્ય. ૧૪ ઢાળની 'ચંદનબાલા-ચોપાઈ' (૨.ઈ. ૧૭૯૬) તથા હિંદી-રાજસ્થાની ભાષાની ૫ ઢાળની 'નિર્મોહી રાજાની પાંચ ઢાળ' (૨.ઈ. ૧૮૧૮; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન વિવિધ ઢાલ સંગ્રહ, પ્ર. જેઠમલ ભ. સેઠિયા, ઈ. ૧૯૨૩.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.૬]

રત્નચંદ્ર–૪ [ ] : જૈન સાધુ. હરજી મલ્લજીના શિષ્ય. આરંભ-અંતમાં દુહા અને સૂત્રોને આધારે નવતત્ત્વની સમજૂતી આપતાં 'તત્ત્વાનુબોધ-ગ્રંથ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રકરણરત્નાકર : ૧, ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૬. [૨.૨.૬]

રત્નચંદ્ર(સૂરિ)શિષ્ય [ ] : જૈન. 'વર્કાણાપાર્શ્વ-ગુણ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

રત્નજય [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનદત્તસૂરિની પરંપરામાં શિવનિધાન (ઈ. ૧૫૯૬–ઈ. ૧૬૨૪ દરમ્યાન હયાત)શિષ્ય મતિસિંહના શિષ્ય. ૨૪ કડીના 'આદિનાથ-પંચકલ્યાણક-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [કી.જો.]

રત્નતિલકસેવક [ ] : જૈન સાધુ. ૮ કડીની 'કાયાની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસ્તસંગ્રહ(ન); ૨. પ્રાસપસંગ્રહ : ૧.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

રત્નદાસ [ઈ. ૧૬૪૮માં હયાત] : નટપદ્રના બ્રાહ્મણ કવિ. ઢાળ અને ઊથલાવાળાં તથા વિવિધ દેશીઓનાં બનેલાં ૩૦ કડવાંનું 'હરિશ્ચંદ્રાખ્યાન' (૨.ઈ. ૧૬૪૮/સં. ૧૭૦૪, કાર્તક સુદ ૪, ગુરુવાર; મુ.) એમણે રચ્યું છે. આ આખ્યાન પર નાકરના 'હરિશ્ચંદ્રાખ્યાન'ની અસર છે. તેઓ પ્રેમાનંદના શિષ્ય હતા એવી પ્રચલિત થયેલી માન્યતાને કોઈ આધાર નથી.

કૃતિ : હરિશ્ચન્દ્રાખ્યાન, સં. કેશવલાલ હ. ધ્રુવ, ઈ. ૧૯૨૭(+સં.).

સંદર્ભ : ફાત્રૈમાસિક, એપ્રિલ-સપ્ટે. ૧૯૪૩-'પ્રેમાનંદના જીવનના પાંચ પ્રસ્તાવ', કે. કા. શાસ્ત્રી. [ચ.શે.]

રત્નધીર [ઈ. ૧૭૫૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. હર્ષ-વિશાલની પરંપરામાં જ્ઞાનસાગરના શિષ્ય. 'ભુવનદીપક' પરના બાલાવબોધ (૨.ઈ.૧૭૫૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.૬.]

રત્નનિધાન(ઉપાધ્યાય) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. ઈ. ૧૫૯૩માં ઉપાધ્યાયપદ. તેઓ વ્યાકરણના પ્રકાંડ પંડિત હતા. ૬ કડીનું 'વૈરાગ્ય-ગીત', 'નવહરપાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૫૭૭), ૧૭ કડીનું 'જિનચંદ્રસૂરિ-ગીત' (૨.ઈ. ૧૬૧૪ પછી; મુ.), ૨ કડીનું 'ઉપદેશાત્મક પદ', ૯ કડીનું 'પાર્શ્વનાથ જિન-સ્તવન'(મુ.), 'સપ્ત-વ્યસન-સઝાય' ઉપરાંત અનેક સ્તવનોના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ : ૩ (+સં.); ૨. જિસ્તકાસંદોહ : ૨.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. મુપુ-ગૂહસૂચી. [૨.૨.૬.]

રત્નપાલ [ઈ. ૧૫૮૮માં હયાત] : કડવાગચ્છના જૈન સાધુ. 'અવંતીસુકુમાલ-રાસ' (૨.ઈ. ૧૫૮૮), 'ચોવીસી', 'તેરહકાઠિયા-ભાષા' 'વીશી', સ્તવનો તથા સ્તુતિઓના કર્તા.

સંદર્ભ : ૧. કડુઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, પ્ર. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૩-'કડુઆમત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા. [૨.૨.૬.]

રત્નપ્રભ(સૂરિ) [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. મુનિશ્વર-સૂરિના શિષ્ય. ઈ. ૧૪૨૩માં ભટનેરનિવાસી નાહરવંશીય નયણાગરે ભટનેરથી મથુરા સુધી કાઢેલી સંઘયાત્રાનું વર્ણન કરતા ૫૪ કડીના 'સંઘપતિ નયણાગર-રાસ'(મુ.)ના કર્તા. કૃતિની રચના સંઘયાત્રા પછી થઈ હોય, એટલે કવિ રત્નપ્રભનો હયાતીકાળ ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ ગણાય.

કૃતિ : સંબોધિ, ઈ. ૧૯૭૫-૭૬, ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણતિથિ વિશેષાંક–'સંઘપતિ નયણાગર રાસ' (સં. ૧૪૭૯કી ભટનેરસે મથુરાયાત્રા), સં. ભંવરલાલ નાહટા.(+સં.). [૨.૨.૬.]

રત્નપ્રભશિષ્ય [ઈ. ૧૫૬૮માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. 'ગજસુકુમાર-ચોપાઈ' (૨.ઈ.૧૫૬૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

રત્નભૂષણ–૧ [ઈ. ૧૬મી સદીનો અંતભાગ] : દિગંબર જૈન સાધુ. જ્ઞાનભૂષણની પરંપરામાં સુમતિકીર્તિના શિષ્ય. 'રુકિમણીહરણ'ના કર્તા. કૃતિમાં રચનાતિથિ (શ્રાવણ વદ ૧૧) મળે છે, પરંતુ રચના-સંવત મળતો નથી. કર્તાના ગુરુ સુમતિકીર્તિના ગુરુબંધુ સકલભૂષણે ઈ. ૧૫૭૧માં ગ્રંથરચના કર્યાની નોંધ મળે છે એ દૃષ્ટિએ જોતાં કવિ રત્નભૂષણ ઈ. ૧૬મી સદીના અંતમાં હયાત હોવાની સંભાવના થઈ શકે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.૬.]

રત્નભૂષણ(મટ્ટારક)–૨ [ ] : 'ગર્ભાખ્યાન'ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

રત્નમંડન(ગણિ) [ઈ. ૧૪૬૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદરની પરંપરામાં નંદીરત્નના શિષ્ય. કવિની ૫૩ કડીની 'નારીનિરાસ-ફાગુ'←(મુ.)કામભાવનું નિરસન થાય એ રીતે નિરૂપાયેલી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'વસંતવિલાસ'ની પ્રતિકૃતિ રૂપ કૃતિ છે. સંસ્કૃત-પ્રાકૃત શ્લોકોના મિશ્રાણવાળી ૩ ખંડમાં વિભકત 'નેમિનાથનવરસ-ફાગ'←/રંગસાગર-નેમિ-ફાગ'(મુ.) એના વિશિષ્ટ છંદસંયોજનને લીધે ધ્યાન ખેંચે છે. નેમિચરિત્ર વધુ આલેખવાને કારણે ફાગુનું હાર્દ એમાં ઓછું સચવાયું છે.

'પ્રબંધરાજ/ભોજ-પ્રબંધ' (૨.ઈ. ૧૪૬૧), 'ઉપદેશતરંગિણી', 'જલ્પકલ્પલતા', 'સુકૃતસાગર' વગેરે કવિની સંસ્કૃત રચનાઓ છે.

કૃતિ : ૧. પ્રાફાગુસંગ્રહ (+સં.); ૨. શમામૃતમ્, સં. મુનિ ધર્મ-વિજય, સં. ૧૯૭૯; □ ૪. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ.-માર્ચ ૧૯૪૭–'ફાગુબંધ કાવ્યનું સ્વરૂપ અને નારીનિરાસ ફાગના કર્તા,' અંબાલાલ પ્રે. શાહ; ૩. જૈન કૉન્ફરન્સ હેરેલ્ડ, જુલાઈ-ઑગસ્ટ ૧૯૧૭-'રંગ-સાગરનેમિફાગ', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. નયુકવિઓ; ૪. પ્રાકારૂપરંપરા; ૫. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૧; □ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [૨.૨.દ.]

રત્નરંગ(ઉપાધ્યાય) [ઈ. ૧૫૨૬માં હયાત] : જૈન. પુણ્યનંદીકૃત 'શીલરૂપકમાલા' પરના ૧૦૯ કડીના બાલાવબોધ (૨.ઈ. ૧૫૨૬)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૨૦–'પરિશિષ્ટ', મુનિશ્રી પુણ્ય-વિજય; □ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નરાજ [ઈ. ૧૬૮૩ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-ચંદ્રસૂરિની પરંપરામાં રત્નસુંદર ઉપાધ્યાયના શિષ્ય. ૨૭ કડીની '૨૨ અભક્ષ નિવારણ-સઝાય' (૨.ઈ.૬૬૮૩ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

રત્નરાજશિષ્ય [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનલાભસૂરિના શિષ્ય. ૪૭ કડીની 'ચતુર્વિંશતિજિન-સ્તુતિ (૨.ઈ. ૧૮૦૨ કે ઈ. ૧૮૨૨/સં. ૧૮૫૮ કે સં. ૧૮૭૮, આસો વદ ૧૪)ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [કી.જો.]

રત્નલક્ષ્મી [ઈ. ૧૬૬૯માં હયાત] : જૈન સાધુ. વિજયશેખરના શિષ્ય. સ્વરવિષયક સામગ્રીનું નિરૂપણ કરતી ૮૭ કડીની 'સ્વર-પ્રકાશ' (૨.ઈ. ૧૬૬૯/સં. ૧૭૨૫, મહા સુદ ૫, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

રત્નલાભ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. અમરમાણિક્યની પરંપરામાં ક્ષમારંગના શિષ્ય. ૩૫ કડીની 'ઢંઢણ-કુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૦/સં. ૧૬૫૬, શ્રાવણ–૮, મંગળવાર/શુક્રવાર) તથા 'શ્રીપાલપ્રબંધ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૨, ભાદરવા વદ ૬)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; □ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

રત્નવર્ધન [ઈ. ૧૬૭૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-ભદ્રસૂરિની પરંપરામાં રત્નજયના શિષ્ય. 'ઋષભદત્ત-ચોપાઈ' (૨. ઈ. ૧૬૭૭/સં. ૧૭૩૩, આસો સુદ ૧૦, મંગળવાર/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

રત્નવલ્લભ [ઈ. ૧૭૦૦માં હયાત] : જૈન. 'ચંદ્રલેખાચરિત્ર-ચોપાઈ' (૨.ઈ. ૧૭૦૦/સં. ૧૭૫૬, ચૈત્ર વદ ૫, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

રત્નવિજય : આ નામે ૧૫ કડીની 'ધનાજીની સઝાય' (લે.ઈ. ૧૮૩૯), ૧૩ કડીનું 'મહાવીર-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.), 'શાંતિનાથજિન-ચતુષ્ક'(મુ.), ૧૩ કડીની 'નેમિનાથ-સઝાય'(મુ.) તથા ૧૩ કડીની 'શીલ-સઝાય' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા રત્નવિજય છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. એકસોવીસ કલ્યાણકની પૂજા તથા સ્તવનોનો સંગ્રહ, પ્ર. શા. ગુલાબચંદ ફૂલચંદ, ઈ. ૧૮૯૭; ૨. જિસ્તકાસંદોહ : ૨; ૩. (કેવળકૃત) નેમવિવાહ તથા નેમનાથજીનો નવરસો તથા ચોક તથા નેમનાથનો સલોકો, પ્ર. શા. મોહનલાલ રુગનાથ, ઈ. ૧૯૩૫ (ત્રીજી આ.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નવિજય–૧ [ઈ. ૧૭૨૯ સુધીમાં] : જૈન સાધુ. દયાવિજયના શિષ્ય. ૬ કડીનું 'અજિતનાથજિન-સ્તવન' (લે.ઈ. ૧૭૨૯), ૮ ઢાળનું ૩ ચોવીસીના નામને વર્ણવતું 'ત્રણ ચોવીસી-સ્તવન' તથા ૯ કડીનું 'નેમિજિન-સ્તવન' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

રત્નવિજય–૨ [ઈ. ૧૭૫૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં પુણ્યવિજયના શિષ્ય. ૬૫ ઢાળની ૧૫૦૧ ગ્રંથાગ્ર ધરાવતી 'શુકરાજ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૫૨/સં. ૧૮૦૮, આસો સુદ ૧૦, ગુરુવાર), ચૈત્યવંદનસંગ્રહ તથા 'પ્રતિમાસ્થાપન-ગર્ભિતપાર્શ્વજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; □ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. લીંહસૂચી. [૨.૨.દ.]

રત્નવિજય–૩ [ઈ. ૧૭૫૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. જિનવિજયની પરંપરામાં ઉત્તમવિજયના શિષ્ય. જ્ઞાન, ભકિત અને વૈરાગ્યભાવોને નિરૂપતી 'ચોવીસી' (૨.ઈ. ૧૭૫૮/સં. ૧૮૧૪, પોષ વદ ૭, રવિવાર; મુ.), ૫ કડીના 'ગણધર-સ્તવન'(મુ.) તથા ૧૫ કડીની 'ઋતુવંતીની સઝાય'ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જિસ્તમાલા; ૩. જૈકાપ્રકાશ : ૧; ૪. જિસ્તકાસંદોહ : ૨; ૫. જૈગૂસારત્નો : ૨; ૬. પ્રાચીન સઝાય તથા પદ સંગ્રહ : ૧, પ્ર. શ્રીમદ્વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા, સં. ૧૯૯૬; ૭. સ્નાસ્તસંગ્રહ.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રત્નવિજય–૪ [ઈ. ૧૭૬૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. પંડિત માણેકવિજયના શિષ્ય. ૧૪ કડીના 'નવપદ/સિદ્ધચક્ર-સ્તવન' (ર.ઈ.૧૭૬૯/સં. ૧૮૨૫, વસંત માસ)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [ર.ર.દ.]

રત્નવિમલ : આ નામે ૪ કડીની 'દીવાળી-સ્તુતિ' (લે.સં. ૧૮મી સદી અનુ.) તથા 'પુરંદરકુંવર-ચોપાઈ' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે. આ રત્નવિમલ કયા છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાપુહસૂચી : ૪૨. [ર.ર.દ.]

રત્નવિમલ–૧ [ઈ. ૧૫૫૩માં હયાત] : જૈન સાધુ. રાજસ્થાની-ગુજરાતીમાં રચાયેલા 'અમરતેજરાજા–ધર્મબુદ્ધિમંત્રી-રાસ' (ર.ઈ. ૧૫૫૩)ના કર્તા. તેઓ રત્નવિમલ–૨ છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : રાહસૂચી : ૧. [ર.ર.દ.]

રત્નવિમલ–૨ [ઈ. ૧૫૭૭ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. સૌભાગ્યહર્ષની પરંપરામાં વિમલમંડનના શિષ્ય. ૧૪૮ કડીના 'દામનક-રાસ' (લે ઈ.૧૫૭૭)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૩ (૧). [ર.ર.દ.]

રત્નવિમલ–૩ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. દીપવિમલની પરંપરામાં નિત્યવિમલના શિષ્ય. ૨૧ ઢાળના 'એલા-ચરિત્ર' (ઈ. ૧૭૨૯/સં. ૧૭૮૫, આસો વદ ૧૩) અને 'ચોવીશી' (ર.ઈ.૧૭૨૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨). [ર.ર.દ.]

રત્નવિમલ(પાઠક)–૪ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : વડખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. જિનચંદસૂરિની પરંપરામાં વાચક કનક-સાગરના શિષ્ય. ૫૫૦ ગ્રંથાગ્રની 'સનત્કુમાર-પ્રબંધ-ચોપાઈ' (ર.ઈ. ૧૭૬૭/સં. ૧૮૨૩, ભાદરવા સુદ ૨, રવિવાર), 'મંગલકલશ-ચોપાઈ' (ર.ઈ. ૧૭૭૬/સં. ૧૮૩૨, બીજો શ્રાવણ સુદ ૧૫), ૯ ઢાળના 'ઇલાપુત્ર-રાસ' (ર.ઈ. ૧૭૮૩) તથા ૨૫ ઢાળની 'તેજસાર-ચોપાઈ' (ર.ઈ.૧૭૮૩/સં. ૧૮૩૯, પ્રથમ જેઠ વદ ૧૦, મંગળવાર) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧); ૬. જૈહાપ્રોસ્ટા. [ર.ર.દ.]

રત્નવિમલ–૫ [ ] : જૈન સાધુ. લાભવિમલના શિષ્ય. ૪ કડીની 'પંચમી-સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જૈકાપ્રકાશ : ૧. [ર.ર.દ.]

રત્નવિમલ–૬ [ ] : જૈન સાધુ. લક્ષ્મી-વિમલના શિષ્ય. '(શંખેશ્વર) પાર્શ્વનાથ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ : ૨, સં. જમનાભાઈ ભગુભાઈ, ઈ. ૧૯૨૪(+સં.). [કી.જો.]

રત્નવિશાલ [ઈ. ૧૬૦૬માં હયાત] : ખરતરચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિની પરંપરામાં ગુણરત્નના શિષ્ય. ૪૯૯ કડીની 'રત્નપાલ-ચોપાઈ' (ર.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૨, આસો વદ ૩૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [ર.ર.દ.]

રત્ન(સૂરિ)શિષ્ય–૧ (ઈ. ૧૪૫૬માં હયાત] : જૈન. સુપાત્રદાનનો મહિમા કરતા ૩૬૬ કડીના 'રત્નચૂડ-પ્રબંધ' (ર.ઈ. ૧૪૫૬)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

રત્નશિષ્ય–૨ [ઈ. ૧૬૦૪માં હયાત] : જૈન. 'વંકચૂલનો રાસ' (ર.ઈ. ૧૬૦૪)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

રત્નશેખર(સૂરિ) : આ નામે ૫ કડીનું 'નેમિ-ગીત', 'લઘુક્ષેત્રવિચાર (સચિત્રસુંદર)/લઘુક્ષેત્રસમાસપ્રકરણ-બાલાવબોધ'(પંચચિત્ર સહિત)' (લે. સં. ૧૬મી સદી અનુ.) તથા સંસ્કૃતમાં 'જલયાત્રાવિધિ'(મુ) એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા રત્નશેખર છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જલયાત્રાદિ વિધિ, પ્ર. ભીમસિંહ માણેક, સં. ૧૯૫૫.

સંદર્ભ : ૧. ફોહનામાવલિ; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧.

રત્નશેખર–૧ [ઈ. ૧૩૬૩માં હયાત] : જૈન સાધુ. ૭૫ કડીના 'ગૌતમ-રાસ' (ર.ઈ.૧૩૬૩)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [ર.ર.દ.]

રત્નશેખર(સૂરિ)શિષ્ય : આ નામે 'શત્રુંજયસંઘ-યાત્રાવર્ણન' (ર.ઈ. ૧૬૭૯), ૩૩/૪૦ કડીની 'ગિરનારચૈત્ય-પરિપાટી/ચૈત્યપ્રવાડી-વિનતિ' (લે.સં. ૧૭મી સદી અનુ.), ૯૪ કડીની 'ચિત્રકોટચૈત્ય-પ્રવાડી' (લે.સં. ૧૭મી સદી), ૨૧ 'હુબડા', ૩૬/૪૧ કડીની 'શત્રુંજયચૈત્ય-પરિપાટી', 'શાશ્વતજિન ચૈત્ય-પરિપાટી' (લે. સં. ૧૭૯૮), 'આવશ્યકસૂત્ર પ્રથમ પીઠિકા-બાલાવબોધ' (લે.ઈ. ૧૫૪૫), 'આવશ્યકસૂત્ર નિર્યુક્ત-બાલાવબોધ' (લે. ઈ. ૧૫૬૪) મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા રત્નશેખરસૂરિશિષ્ય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૨૦–'ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગ-ના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયજીનું ભાષણ–પરિશિષ્ટ'; ☐ ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

રત્નસાગર : આ નામે ૨૩ કડીની 'આઈમુત્તા-સઝાય'(મુ.), ૬૯ કડીની 'ચતુર્વિધધર્મ-ચોપાઈ કાકબંધ', ૭ કડીની 'પાર્શ્વનાથની હોરી'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(મુ.) તથા ૧૦ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન' એ કૃતિઓ મળે છે તેમના કર્તા કયા રત્નસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જિભપ્રકાશ; ૩. જૈકાસાસંગ્રહ. સંગ્રહ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ]

રત્નસાગર–૧ [ ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયસેનસૂરિના શિષ્ય. ચોપાઈની દેશીમાં રચાયેલા ૪૫ કડીના 'કર્મ ઉપર છંદ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. માણિભદ્રાદિકોના છંદોનો પુસ્તક : ૧, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦ (+સં.); ૨. સસનિમત્ર : ૨. [૨.૨.દ.]

રત્નસિંહ–૧ : જુઓ રતનદાસ.

રત્નસિંહ–૨ [ ] : જૈન સાધુ. ૪ કડીની 'આંચલિક ખંડનગર્ભિતઋષભજિન-સ્તુતિ' તથા ૩૧ કડીની 'સમવસરણવિચાર' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ]

રત્નસિંહ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : બૃહત્ તપગચ્છના જૈન સાધુ. ૧૭ કડીની 'આગમગચ્છપટ્ટાવલી'(મુ.), ૧૧૨ કડીનો 'જંબૂસ્વામી-રાસ' (ર.ઈ. ૧૪૬૦/સં.) ૧૫૧૬, બીજો શ્રાવણ–૧૧, સોમવાર), ૧૦ કડીનું '(મગૂડીમંડન) પાર્શ્વનાથ-સ્તવન' (ર.ઈ. ૧૪૬૦), મણિચૂડશેઠના પુત્ર રત્નચૂડની કથા દ્વારા દાનનો મહિમા સમજાવતો અવાંતર કથાઓવાળો, ૩૪૧/૪૨૫ કડીનો 'રત્નચૂડમણિચૂડ-રાસ'(ર.ઈ.૧૪૫૩/સં. ૧૫૦૯, ભાદરવા વદ ૨, ગુરુવાર; મુ.), ૨૫૭ કડીનો 'સુદર્શનશ્રેષ્ઠિ શીલપ્રબંધ' (ર.ઈ. ૧૫૧૫/સં. ૧૫૭૧, જેઠ સુદ ૪, ગુરુવાર) ૩૪ કડીનું 'સમોસરણ વર્ણન' (*મુ.), ૬૪ કડીની '(રાધિકા) કૃષ્ણબારમાસા', 'ગિરનારતીર્થમાલા'(મુ.), 'દ્વાદશવ્રતનિયમસાર' તથા પ્રાકૃતમાં ૮૧ કડીની 'ઉપદેશમાલા કથાનક-છપ્પય'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. રત્નચૂડરાસ, હરિવલ્લભ ચૂ. ભાયાણી, ઈ. ૧૯૭૭; ☐ ૨. પસમુચ્ચય:; ૩. પ્રાગૂકાસંગ્રહ : ૧; ૪. પ્રાતીસંગ્રહ : ૧; ૫. ગુજરાતી, દીપોત્સવી અંક, ૨૦૦૪–'રત્નસિંહસૂરિકૃત સમોસરણ વર્ણન'–.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૧, ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. મરાસસાહિત્ય;☐૫. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૭૧ –'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. જૈહાપ્રોસ્ટા; ૮. ડિકૅટલૉગભાવિ; ૯. મુપુગૂહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

રત્નસુંદર : આ નામે 'ચિંતામણિપાર્શ્વનાથ-સ્તવન' તથા ૧૦૭ કડીનો 'લક્ષ્મીસરસ્વતી-સંવાદ' (લે. સં. ૧૭મી સદી અનુ.) મળે છે તેમના કર્તા કયા રત્નસુંદર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નસુંદર(સૂરિ)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. સૌભાગ્યરત્નસૂરિની પરંપરામાં ગુણમેરુસૂરિના શિષ્ય. ૧૮૫૧ ગ્રંથાગ્રની ચોપાઈબદ્ધ 'સપ્તવ્યસનકથા ચુપાઈબંધ-રાસ' (ર.ઈ. ૧૫૫૮/સં. ૧૬૪૧, પોષ સુદ ૫, રવિવાર), વિષ્ણુશર્માના મૂળ સંસ્કૃત ગ્રંથ પર આધારિત ૨૭૦૦ કડીની 'કથાકલ્લોલ-ચોપાઈ/પંચકારણ/પંચાખ્યાન-રાસ/પંચોપાખ્યાન-ચોપાઈ' (ર.ઈ. ૧૫૬૬/સં. ૧૬૨૨, આસો સુદ ૫, રવિવાર), 'રત્નાવતી-ચોપાઈ/રાસ' (ર.ઈ. ૧૫૭૯/સં. ૧૬૩૫, શ્રાવણ વદ ૨, રવિવાર) તથા 'રસમંજરી/શુકબહુતરીકથા-ચોપાઈ'(ર.ઈ.૧૫૮૨/સં.૧૬૩૮, આસો સુદ ૫, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. જૈસાઈતિહાસ; ૬. દેસુરાસમાળા; ૭. પંચતંત્ર, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૭૯ (બીજી આ.); ૮. મરાસસાહિત્ય; ☐૯. જૈનયુગ, પોષ ૧૯૮૪–'શુકસપ્તતિ અને શુકબહોત્તરી (સુડીબહોત્તરી)', મોહનલાલ દ. દેશાઈ; ☐૧૦. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૧૧. ફોંહનામાવલિ. ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નસુંદર–૨ [ઈ. ૧૫૯૮ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. રત્નનિધાન ઉપાધ્યાયના શિષ્ય. ૧૩ કડીના 'આદિનાથવૃદ્ધ-સ્તવન' (લે.ઈ.૧૫૯૮) તથા અન્ય અનેક સ્તવનોના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ]

રત્નસુંદર–૩ [ઈ. ૧૮૧૦માં હયાત] : જૈન. 'સિદ્ધાચલ-સ્તવન' (ર.ઈ.૧૮૧૦)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

રત્નસુંદર(વાચક)–૪ [ ] : જૈન સાધુ. જિનહર્ષસૂરિના શિષ્ય. ૫ કડીના 'શત્રુંજયગિરિપદ-સ્તવન'(મુ)ના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧. [૨.૨.દ]

રત્નસુંદર–૫ [ ] : વડતપગચ્છના જૈન સાધુ. જયધીરના શિષ્ય. ૪૯ કડીના 'આદીશ્વર-સ્તવન' તથા ૨૧ કડીના અપભ્રંશમાં રચાયેલા 'અર્બુદગિરિતીર્થબિંબપરિમાણસંખ્યાયુત-સ્તવન'(મુ)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, અષાડ-શ્રાવણ ૧૯૮૪-'રત્નસુંદરકૃત શ્રી અર્બુદગિરિવર તીર્થબિંબ પરિમાણ સંખ્યાયુતં', સં. ચતુરવિજય.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

રત્નસુંદર(ગણિ))શિષ્ય [ ] : જૈન. હરિભદ્રસૂરિવિરચિત 'ધૂર્તાખ્યાન' પરના બાલાવબોધ (મુ.)ના કર્તા.

સંદર્ભ : ધૂર્તાખ્યાન, સં. જિનવિજયમુનિ, સં. ૨૦૦૦. [કી.જો.]

રત્નહર્ષ : આ નામે ૧૪ કડીની 'શિખામણની સઝાય,' 'ઉપદેશસિત્તરી' (લે.ઈ. ૧૮૮૩), ૨૧ કડીનું 'ફલવર્ધિ-પાર્શ્વનાથ-સ્તવન' તથા ૪૮ કડીનું 'સત્તરભેદીપૂજા-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ) એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા રત્નહર્ષ છે તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧ ડિકેટલૉગભીંજે; ૨. લીંહસૂચી ; ૩. હેજજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નહર્ષશિષ્ય [ઈ. ૧૬૨૩માં હયાત] : જૈન. 'મોતી કપાસિયાની ચોપાઈ' (૨.ઈ.૧૬૨૩)ના કર્તા.

સંદર્ભ : પાંગુલસ્તલેખો. [કી.જો.]

રત્નાકર(ગણિ)–૧ [ઈ. ૧૬૨૪માં હયાત] : જૈન સાધુ. 'વૃદ્ધગર્ભ-વેલિ' (૨.ઈ.૧૬૨૪)ના કર્તા.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

રત્નાકર(સૂરિ)–૨ [ ] : જૈન સાધુ. 'નંદીશ્વર-દ્વીપવિચાર-સ્તવન'ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ'માં હેમહંસ (જ. ઈ. ૧૩૭૫)ના શિષ્ય અને 'રત્નાકર-પંચવિંશતિ'ના કર્તા રત્નસાગર/રત્નાકરસૂરિનો ઉલ્લેખ મળે છે તે અને આ રત્નાકરસૂરિ કદાચ એક હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨ –'જૈન ગચ્છોની ગુરુ પટ્ટાવલીઓ'; ૨. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮. [૨.૨.દ.]

રત્નાકરચંદ્ર(મુનિ) [ઈ. ૧૫મી સદી મધ્યભાગ] : બૃહત્ તપગચ્છના જૈન સાધુ. હરિગીત તથા વસ્તુ છંદમાં રચાયેલી ૧૨ કડીની કવિ દેપાલની 'સ્નાત્રપૂજા'માં અંતર્ગત, 'આદિજિનજન્માભિષેક-કલશ/આદિનાથજન્માભિષેક-કલશ/આદિનાથ-વિનંતી'(મુ.), ૧૧ કડીની '(જીરાઉલ) પાર્શ્વનાથ-વિનંતી' તથા ૧૦ કડીની 'નેમિનાથ-વિનંતી' એ કૃતિઓના કર્તા. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' કવિ દેપાલકૃત સ્નાત્રપૂજામાં આ કર્તાની 'આદિનાથ જન્માભિષેક-કલશ' કૃતિનો ઉપયોગ થયેલ નોંધે છે એ મુજબ આ કર્તા કવિ દેપાલ (ઈ. ૧૪૪૫-ઈ. ૧૪૭૮)ના જીવનકાળ સુધીમાં થઈ ગયા હશે.

કૃતિ : ૧. વિવિધ પૂજા સંગ્રહ : ૧થી ૧૧, પ્ર. જશવંતલાલ ગી. શાહ, સં. ૨૦૦૯; ૨. વિવિધ પૂજા સંગ્રહ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, સં. ૧૯૫૪, (ચોથી આ.); ૩. સ્નાત્રપૂજા સ્તવન સંગ્રહ, પ્ર. નેમચંદભાઈ દેવચંદભાઈ, ઈ. ૧૯૧૬.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; □૨. આલિસ્ટઑઇ : ૨; ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. જૈમગૂકરચનાઓ : ૧; ૫. જૈહાપ્રેસ્ટા; ૬. મુપુગૂહસૂચી; ૭. હેજજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રત્નેશ્વર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : કવિ અને અનુવાદક. ડભોઈના શ્રીમાળી બ્રાહ્મણ. પિતા મેઘજી. સંસ્કૃતના સારા જ્ઞાતા. પોતાના ભાગવતના 'દશમસ્કંધ'ના અનુવાદમાં કવિએ અંતભાગમાં 'નૃસિંહસુત પરમાનંદ' નામના ગુરુનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ કવિને પ્રેમાનંદ સાથે સંબંધ હોવાની વાતને કે 'પ્રાચીન કાવ્યમાળા'માં કવિના જીવન વિશે આપવામાં આવેલી માહિતીને બીજો કોઈ ચોક્કસ આધાર નથી.

કવિની ધ્યાનાર્હ કૃતિ 'ભાગવત'←છે. એમણે સંપૂર્ણ ભાગવતનો અનુવાદ કર્યો હોવાનું કહેવાય છે, પરંતુ અત્યારે સ્કંધ ૧ (૨.ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૦, કારતક સુદ ૧૧, શનિવાર; મુ.), ૨ (૨.ઈ. ૧૬૯૩/સં. ૧૭૪૯, કારતક સુદ ૧૧, સોમવાર; મુ.), ૧૦ (૨.ઈ. ૧૬૮૩/સં. ૧૭૩૯, ભાદરવા સુદ ૫, રવિવાર; મુ.), ૧૧ (૨.ઈ. ૧૬૮૪) અને ૧૨ (૨.ઈ. ૧૬૯૪/સં. ૧૭૫૦, શ્રાવણ સુદ ૧૦, સોમવાર) એમ ૫ સ્કંધ ઉપલબ્ધ થાય છે. 'કવિચરિત' ત્રીજો સ્કંધ ઉમેરી કુલ ૬ સ્કંધ પ્રાપ્ત થતા હોવાની માહિતી આપે છે. સળંગ ભાગવતને સૌપ્રથમ ગુજરાતીમાં ઉતારવાની દૃષ્ટિએ તેમ જ શ્રીધરની ટીકાને અનુસરી ભાગવતને મૂળની પ્રૌઢિ જાળવી ચોપાઈના ઢાળમાં ને સર્વજનભોગ્ય ભાષામાં ઉતારવાનો કવિનો પ્રયત્ન પ્રશસ્ય છે. 'અશ્વમેધપર્વ' (૨.ઈ.૧૬૮૩; મુ.) જૈમિનીના એ વિષયના કાવ્યના મૂળ કથાભાગને જાળવી ૬૪ કડવાંમાં થયેલો મુક્ત અનુવાદ છે. વિવિધ રાગની દેશીઓના ૮ અધ્યાયવાળું 'સ્વર્ગારોહણપર્વ'(મુ.) મહાભારતના પર્વનો અનુવાદ છે.

કવિની મૌલિક કૃતિઓમાં પ્રબોધપંચાશિકા, વૈરાગ્યલતા, વૈરાગ્યદીપક અને વૈરાગ્યસાગર એ ૪ ગુચ્છોમાં વહેંચાયેલી 'આત્મવિચાર-ચંદ્રોદય/વૈરાગ્યબોધ'(મુ)તેના માલિની, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, રથોદ્ધતા વગેરે અક્ષરમેળ વૃત્તોવાળા કાવ્યબંધ અને કવિની બહુશ્રુતતાના દ્યોતક એવાં અનેક દૃષ્ટાંતોની સહાયથી અપાયેલા દેહની ચંચળતા, સંસારીસુખનું મિથ્યાત્વ, તથા ઈશ્વરભક્તિના બોધને લીધે વિશિષ્ટ છે. 'રાધાવિરહના બારમાસા'←(મુ.) રસાવહ બારમાસી છે. *દુહા અને માલિની છંદના મિશ્રાબંધવાળી આ કૃતિ સંસ્કૃત કવિતાની અસર નીચે રાધાના વિરહભાવને આલેખવા છતાં કવિની મૌલિકતાથી* દીપે છે.

'મૂર્ખાવલિ/મૂર્ખલક્ષણાવલિ'(મુ.), 'સુજ્ઞાવલિ'(મુ.), કેટલાંક પદો (મુ), તથા 'ભગવદ્ગીતા', 'મહિમ્નસ્તોત્ર', 'ગંગાલહરી' ને 'શિશુપાલ-વધ'ના અનુવાદ તથા બીજી કેટલીક કૃતિઓ રત્નેશ્વરની ગણાઈ છે, પરંતુ જૂની હસ્તપ્રતોના ટેકાના અભાવે એ કૃતિઓને કવિની અધિકૃત કૃતિઓ ન ગણવાનું વલણ 'કવિચરિત'નું છે.

કૃતિ : ૧. અશ્વમેધ, સં. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા, નાથાલાલ પૂ. શાસ્ત્રી,–; ૨. આત્મવિચારચંદ્રોદય, સં. કાનજી વા. શાસ્ત્રી, ઈ. ૧૮૬૯; ૩. શ્રીમદ્ ભાગવત સ્કંધ : ૧-૨, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૩૫; □૪. પ્રાકામાળા : ૧૫ (+સં.); ૫. પ્રાકાસુધા : ૧; ૬. મહાભારત : ૭, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૪૯.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુમાસ્તંભો; ૩.ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. પુગુસાહિત્યકારો; ૬. પ્રાકકૃતિઓ; ૭. મસાપ્રકારો; □ ૮. આલિસ્ટઑઇ : ૨; ૯. ગૂહાયાદી; ૧૦. ડિકેટલૉગભીંજે; ૧૧. ડિકેટલૉગભાવિ; ૧૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

રત્નો–૧ [ઈ. ૧૭૩૯માં હયાત] : ખેડાના ભાવસાર. 'મહિના'←(૨.ઈ. ૧૭૩૯/સં. ૧૭૯૫, માગસર સુદ ૧૧, સોમવાર; મુ.) એ કવિની ઉત્તમ કવિત્વશક્તિનો પરિચય આપતી દુહાબદ્ધ ને પ્રાસાદિક બારમાસી છે. ૧૭ કડીની 'દાણલીલા' પણ એમની રચના છે.

કૃતિ : બૂકાદોહન : ૧.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા મધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; □ ૬. ગૂહાયાદી. [ચ.શે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રત્નો(ભગત)–૨ [ઈ. ૧૯મો સદી] : ભક્ત કવિ. કચ્છ અંજારના વતની. આત્મારામના શિષ્ય. ઈ.૧૮૭૪ સુધી તેઓ હયાત હોવાની માહિતી મળે છે. ૮ પદનો 'કક્કો' (ર.ઈ.૧૮૪૧/સં. ૧૮૯૭, ભાદરવા સુદ ૭, ગુરુવાર; મુ.), ૩૪ કડીની 'બ્રહ્મકોકિલ' (ર.ઈ.૧૮૪૩/સં. ૧૮૯૯, માગશર વદ ૮, રવિવાર; મુ.), 'બ્રહ્મવિલાસ' (ર.ઈ. ૧૮૪૫/સં. ૧૯૦૧, શ્રાવણ વદ ૭, મંગળવાર; મુ.), 'ગોપી-ગોવિંદની ગોઠડી' (ર.ઈ.૧૮૬૧/સં. ૧૯૧૭, કારતક સુદ ૧૪; મુ.), ૨૧ કડીની 'તિથિ', રાધાકૃષ્ણના રાસનાં પદ(મુ.), જ્ઞાનના ચાબખા (મુ.) વગેરે કાવ્યો એમણે રચ્યાં છે. સાધુશાઈ હિન્દીમાં ને કચ્છીમાં પણ તેમણે કેટલાંક કાવ્યો રચ્યાં છે.

કૃતિ : ૧. રતના ભગતકૃત ભજનામૃત, પ્ર. મિસ્ત્રી જેઠાલાલ વિ. (બીજી આ.), ઈ. ૧૯૨૭; ૨. ભજનસાગર : ૨; ૩. ભસાસિંધુ (+સં.). [ચ.શે.]

રવજી [ઈ. ૧૬૩૩માં હયાત] : પિતા હરજી. વિવિધ રાગના નિર્દેશવાળાં ૫૩ કડવાંના 'ઉદ્યોગ-પર્વ' (ર.ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, વૈશાખ સુદ ૯, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨, ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસાર-સ્વનો. [શ્રા.ત્રિ.]

રવિ–૧ : [ઈ. ૧૩૯૭માં હયાત] : ૫૪ કડીના 'આદિનાથ-વિવાહલો' (ર.ઈ.૧૩૯૭)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

રવિ(મુનિ)–૨ [ઈ. ૧૭૨૫માં હયાત] લોંકાગચ્છના જૈન સાધુ. 'ગુરુ-ભાસ' (ર.ઈ.૧૭૨૫) તથા 'કેશવજીનો ભાસ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૦–'બાલાપુર-ત્યાં નિર્માણ થયેલ તથા લખાયેલ સાહિત્ય', કાંતિસાગરજી. [ગી.મુ.]

રવિ(યો)–૩ [ઈ. ૧૯મી સદી મધ્યભાગ] : નડિયાદના સાઠોદરા નાગર. અંબામાતાની સ્તુતિ કરતા ૧૭ કડીના 'બારમાસ' (ર.ઈ. ૧૮૪૨/સં. ૧૮૯૮, અસાડ વદ ૨, સોમવાર; મુ.), ૧૯ કડીની 'તિથિઓ' (ર.ઈ.૧૮૫૬/સં. ૧૯૧૨, પોષ સુદ ૭, રવિવાર; મુ.) તથા ૨૭ કડીના ગરબા(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબીકા કાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખી-દાસ, ઈ. ૧૯૨૩; ૨. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

રવિકૃષ્ણ [ ] : ગરબા-ગરબીના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

રવિચંદ્ર–૧ [ઈ. ૧૮૧૦ સુધીમાં] : જૈન. ૧૩ કડીની *'જંબૂસ્વામી-સઝાય' (લે.ઈ.૧૮૧૦)*ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

રવિચંદ્ર–૨ [ ] : જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં કુશલચંદ્રના શિષ્ય ૧૦ કડીની 'સપ્તવ્યસન-સઝાય' (લે. સં. ૧૯મી સદી) તથા ૯ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય' (લે. સં. ૧૯મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

રવિજેઠી [ઈ. ૧૬૨૧ સુધીમાં] : જૈન. ૧૬ કડીના '(લોદ્રવાજી તીર્થમંડન) શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથ-સ્તવન' (લે.ઈ. ૧૬૨૧; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૫૦–'શ્રી રવિજેઠીકૃત લોદ્ર-વાજી તીર્થમંડન શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથ', સં. રમણીકવિજયજી. [શ્રા.ત્રિ.]

રવિદાસ/રવિરામ/રવિ(સાહેબ) [જ. ઈ. ૧૭૨૭/સં. ૧૭૮૩, મહા સુદ ૧૫, ગુરુવાર–અવ. ઈ. ૧૮૦૪] : રવિભાણ સંપ્રદાયના સંત કવિ. આમોદ તાલુકાના તણછા ગામમાં જન્મ. મૂળ નામ રવજી. જ્ઞાતિએ વીશા શ્રીમાળી વણિક. પિતા મંછારામ. માતા ઈચ્છાબાઈ. કુટુંબ પુષ્ટિમાર્ગી. ઈ. ૧૭૫૩માં પોતાના મોસાળ બંધારપાડામાં ભાણસાહેબ સાથે સંપર્ક અને ત્યારથી તેમના શિષ્ય. ભાણસાહેબની સાથે શેરખીમાં વસવાટ અને પછી ત્યાંના ગાદીપતિ. મોરારસાહેબ, ગંગસાહેબ વગેરે એમના ૧૯ શિષ્યો હતા. વાંકાનેરમાં અવસાન. ખંભાળિયામાં તેમની સમાધિ આવેલી છે.

જ્ઞાન, યોગ અને ભક્તિના સમન્વયનો અનુભવ કરાવતી રવિ-દાસ/રવિરામને નામે મળતી આ કવિની કૃતિઓમાં સાધુશાઈ હિંદીમાં લખાયેલી રચનાઓનું પ્રમાણ વિશેષ છે અને ઘણી ગુજરાતી કૃતિઓમાં પણ હિંદીનો પ્રભાવ વરતાય છે. ચોપાઈ, ઢાળ, દુહો કે સાખી એવાં રચનાબંધવાળાં ૨૧ કડવાંમાં રચાયેલી 'ભાણગીતા←/રવિ ગીતા'(મુ.) કે પૂર્વછાયા ચોપાઈબંધના ૭ અધ્યાયમાં રચાયેલી 'મનઃસંયમ←/તત્ત્વસારનિરૂપણ'(ર.ઈ. ૧૭૭૨/સં ૧૮૨૮, મહા સુદ ૧૧; મુ.) કવિના ધર્મવિચારને અને સંપ્રદાયની વિશિષ્ટ વિચારસરણી-ને સમજવા માટે ઉપયોગી છે. એ ઉપરાંત જ્ઞાન-યોગની સાધના તેમ જ આધ્યાત્મિક અનુભવના આનંદને વ્યક્ત કરતી અનુક્રમે ૧૦૭ અને ૧૦૯ કડીની ૨ બારમાસી (ર.ઈ. ૧૭૫૩/સં. ૧૮૦૯, મહા સુદ ૧૧ અને ૨. ઈ. ૧૭૭૧/સં. ૧૮૨૭, શ્રાવણ સુદ ૧૧; મુ.), સાખી-ચોપાઈની ૪૩ કડીની 'બોધચિંતામણિ' (ર.ઈ. ૧૭૫૫/સં. ૧૮૧૧, આસો સુદ ૫; મુ.), ૩૭ કડીનો 'સિદ્ધાન્ત-કક્કો'(મુ.), સાધુશાઈ હિન્દી અને ગુજરાતીમાં રચાયેલી ૨૫૭ છપ્પાની 'કવિતછપ્પય'←(મુ.) તથા ૩૫૦ જેટલાં હિન્દી-ગુજરાતી પદો←(મુ.) કવિ પાસેથી મળે છે.

'આત્મલક્ષી ચિંતામણિ'(મુ.), 'ગુરુ–મહિમા'(મુ.), 'ભાણપરિચરિ', 'સાખીઓ'(મુ.), 'રામગુંજર-ચિંતામણિ'(મુ.), 'સપ્તભોમિકા'(મુ.) વગેરે એમની હિન્દી રચનાઓ છે.

કૃતિ : ૧. રવિ, ભાણ અને મોરારસાહેબની વાણી, સં. નાનાલાલ *પ્રા. વ્યાસ, ઈ. ૧૯૭૬ (છઠ્ઠી આ.);* ૨. *રવિભાણ સંપ્રદાયની* વાણી, પ્ર. મંછારામ મોતી, ઈ. ૧૯૩૩; ૩. રવિ-ભાણ સંપ્રદાયની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાણી : ૧-૨, પ્ર. મંછારામ મોતી, ઈ. ૧૯૩૬; ૪. ગુહિવાણી(+સં.); □૫. બૃકાદોહન : ૬, ૭; ૬. યોગવેદાન્ત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિન્દભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૦૫; ૭. સતવાણી (+સં.); ૮. સોસંવાણી (+સં.).

સંદર્ભ : ૧. કેવલાદ્વૈત ઈન ગુજરાતી પોએટ્રી (અં.), યોગેન્દ્ર ત્રિપાઠી, ઈ. ૧૯૫૮; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. ભાણલીલામૃત, પ્ર. પ્રેમવંશ ગવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૬૫; ૬. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨; □૭. ગૂહાયાદી; ૮. ફોંહનામાવલિ. [દે.જો.,ચ.શે.]

રવિવિજય [ઈ. ૧૭૦૨માં હયાત] : જૈન સાધુ. 'ચોવીસી' (૨.ઈ. ૧૭૦૨)ના કર્તા.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨ હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

રવિસાગરજી [ઈ. ૧૮૩૮માં હયાત] : જૈન સાધુ. હિંદીની છાંટ ધરાવતા ૧૬ કડીના 'શાંતિનાથનો છંદ' (૨.ઈ. ૧૮૩૮/સં. ૧૮૯૪, ચૈત્ર–; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [ગી.મુ.]

'રસમંજરી' [૨.ઈ. ૧૫૭૯/સં. ૧૬૩૫, અસાડ સુદ ૭, રવિવાર] : વછરાજની દુહા, ચોપાઈ, છપ્પામાં રચાયેલી ૬૦૫ કડીની આ પદ્યવાર્તા(મુ.)માં પ્રેમરાજ અને રસમંજરીના પ્રેમ-પરિણયની કથા નિમિત્તે સ્ત્રીચરિત્રની વાત કહેવાઈ છે.

પત્નીને સ્ત્રીચરિત્ર લાવી આપવાનું વચન આપીને પરદેશ નીકળેલો સોમદત્તનો મૂર્ખ ને ભીરુ પુત્ર પ્રેમરાજ સ્ત્રીચરિત્રની શોધ કરતાં ધનાશેઠની પુત્રવધૂ રસમંજરીના પરિચયમાં કેવી રીતે આવે છે એ ઘટનાઓ કથાનો પૂર્વભાગ રચે છે. પરંતુ કથાનો રસિક ભાગ ઉત્તરાર્ધમાં રસિકમંજરીએ કરેલી યુક્તિ-પ્રયુક્તિઓ અને એ દ્વારા બતાવેલા સ્ત્રીચરિત્રના આલેખનમાં રહેલો છે. પ્રેમરાજ પ્રત્યે આકર્ષાયેલી રસમંજરી પોતે પતિની હત્યા કરે છે છતાં પોતે નિર્દોષ અને પતિ ચારિત્ર્યહીન હતો એવું સસરા-સાસુના મન પર ઠસાવે છે. પોતે કુલસ્ત્રી છે પણ સસરાની આબરૂ બચાવવા ખાતર પોતે પ્રેમરાજ સાથે જાય છે એવો સ્વાંગ રચી સસરા પર પાડ ચડાવે છે, અને અંતમાં પદ્માવતીના સ્ત્રીચરિત્રની પરખ પતિને કરાવી પતિના હૃદયમાં પોતાનું સ્થાન દૃઢ કરી લે છે. એટલું જ નહીં પદ્માવતીને પણ એણે કરેલા દોષને ખુલ્લો પાડી શરમિંદો બનાવે છે અને પછી તેને પોતાની સાથે જ રાખી હંમેશની સખી બનાવી દે છે.

શામળથી દોઢસો વર્ષ પૂર્વે પ્રેમાવતીની પ્રચલિત કથાને આધારે રચાયેલી આ પદ્યવાર્તા એની સુગ્રથિતતા અને પ્રવાહી કથાનિરૂપણથી ધ્યાનપાત્ર છે. [જ.ગા.]

'રસિકવલ્લભ' [૨.ઈ. ૧૮૨૮/સં. ૧૮૮૪, શ્રાવણ સુદ ૧૧, ગુરુવાર] : દયારામની આ કૃતિ(મુ.)માં મુખબંધ અને ઢાળ એ અંશો ધરાવતા ૧૦૯ કડવાં છે, જેને કવિએ 'પદ' તરીકે ઓળખાવ્યાં છે અને દરેક કડવામાં ૮ કડી છે, જેને કવિએ ૧૦ 'ચરણ' કહ્યાં છે (પહેલી ૨ કડીઓને ૪ ગણવામાં આવી જણાય છે.). આ તત્ત્વવિચારાત્મક ગ્રંથ છે ને પૂર્વપક્ષ-પ્રતિપક્ષની શૈલીએ ગુરુશિષ્ય-સંવાદ રૂપે એનું આલેખન થયું છે એનો ઉદ્દેશ શંકરાચાર્યના કેવલાદ્વૈતસિદ્ધાંતનું ખંડન કરી વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતસિદ્ધાંતનું પ્રતિપાદન કરવાનો છે.

શિષ્યની તીર્થયાત્રાના વર્ણનથી આરંભાતી આ કૃતિમાં કેવલાદ્વૈતના પ્રતિબિંબવાદ, આભાસવાદ, માયાવાદ અને વિવર્તવાદનું ખંડન કરી પરબ્રહ્મ તરીકે શ્રીકૃષ્ણનું સાકાર સ્વરૂપ, રાધાજી તેમનાં શક્તિસ્વરૂપા, જગત શ્રીકૃષ્ણ પરબ્રહ્મનું લીલાકાર્ય અને તેથી સત્ય, પ્રવાહી મર્યાદા અને પુષ્ટિ એમ ત્રિવિધ જીવસૃષ્ટિ અંશી પ્રભુ શ્રીકૃષ્ણના અંશો છે–એ શુદ્ધાદ્વૈતસિદ્ધાંતની ઉપપત્તિઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અન્ય સાધનો કરતાં ભક્તિની શ્રેષ્ઠતા બતાવી અનન્યાશ્રયનો આગ્રહ પ્રગટ કરવામાં આવ્યો છે. દયારામની ચુસ્ત સંપ્રદાયનિષ્ઠા એમને ક્વચિત્ અન્યમતીઓ વિશે અસહિષ્ણુતાભર્યા ઉદ્‌ગારો કરવા સુધી અને આ તત્ત્વવિચારના ગ્રંથમાં પ્રેમલક્ષણા ભક્તિ સમેત નવધાભક્તિ, સત્સંગમહિમા ઉપરાંત નામનિવેદનસંસ્કાર, તુલસીદલ અને ગોપીચંદનમહિમા, યમુનામહિમા, તિલકમહિમા, ગોમહિમા અને ચરણામૃતમહિમાનાં સાંપ્રદાયિક નિરૂપણો દાખલ કરી દેવા સુધી પહોંચી છે. આથી સંપ્રદાયને માટે તો આ એક સર્વગ્રાહી ને શ્રદ્ધેય સિદ્ધાન્તગ્રંથ બની રહે છે.

આ વાદગ્રંથમાં રસાત્મકવર્ણનની તક ક્વચિત જ લેવામાં આવી છે. વિચારના સમર્થન માટે પૌરાણિક દૃષ્ટાંતોના વિનિયોગથી લોકભોગ્યતા આવી છે. ઉપમાદિ અલંકારોની સહાય પ્રચુરતાથી લેવામાં આવી છે પરંતુ એમાં નૂતન સામર્થ્ય ભાગ્યે જ જોવા મળે છે. ભાષા સરળ અને પ્રવાહી છતાં એમાં પ્રસન્નતા ને માધુર્ય ખાસ લાવી શકાયાં નથી. એટલે કે આ ગ્રંથ એક વિચારગ્રંથ રહે છે, કાવ્યની રસાત્મકતા એમાં લાવી શકાઈ નથી.

આ ગ્રંથના તત્ત્વવિચાર તેમ જ દૃષ્ટાંતાદિકમાં કવિને ભાગવત, ભગવદ્‌ગીતા, પદ્મપુરાણ, પાંડવગીતા, પુષ્ટિપથના ષોડશગ્રંથો, વલ્લભાખ્યાન વગેરેની સહાય મળેલી છે. [સુ.દ]

રહેમતુલા [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : ખોજા કવિ અને સૈયદ અવટંકે શાહ. સૈયદ ઈમામ શાહની વફાત (અવ. ઈ. ૧૫૧૩) બાદ તેમના ધર્મપત્નીએ રહેમતુલાને બોલાવેલા. ત્યાર બાદ તેમણે કડી ગામમાં વસવાટ કર્યો. તેમના વંશજો કડીવાલ સૈયદો તરીકે ઓળખાય છે. સૈયદ હસન પીરના પૂર્વજ. ૧૧ કડીના 'ગિનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪ (+સં.). [૨૨૬]

રહેમાન [ ] : ૨ કડીના એક સોરઠા(મુ.)ના કર્તા.

કૃતિ : કાઠિયાવાડી સાહિત્ય : ૨, સં. કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩. [શ્રા.ત્રિ]

રંકુ [ ] : કૃષ્ણજન્મવિષયક ૧૫ કડીના ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાવિનોદ : ૧ [ક્રા.ત્રિ.]

રંગ : આ નામે 'નેમનાથનું સ્તવન'(મુ.), ૧ કડીનું 'શંખેશ્વર પાર્શ્વજિન-કવિત'(મુ.), હિન્દીની અસરવાળું ૩ કડીનું 'પારસનાથજીનું સ્તવન'(મુ.) અને ૫ કડીનું 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન'(મુ.), 'રંગકવિ'ને નામે ૧૯ કડીનો 'ખીચડ-રાસ' (લે.ઈ. ૧૭૪૬), 'રંગવિબુધ'ને નામે ૫ કડીનું 'સુપાસજિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.), 'રંગમુનિ'ને નામે 'રાત્રિભોજનનાં ચોઢાળિયાં' (૨.ઈ. ૧૮૪૧) એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા 'રંગ' – છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ; ૩. મોતીશાનાં ઢાળીયાં, પ્ર. હીરાચંદ લ. શાહ, ઈ. ૧૯૧૪; ૪. રત્નસાર : ૩; ૫. શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ક્રા.ત્રિ.]

રંગકલશ [ ] : રાજસ્થાની-ગુજરાતી મિશ્રા ભાષામાં મળતા 'શત્રુંજય-સ્તવન' (લે.સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧. [ક્રા.ત્રિ.]

રંગકુશલ : આ નામે ૭ કડીની 'આત્મહિતોપદેશ-સઝાય' (લે.સં. ૧૭મી સદી અનુ.) અને 'પંચકર્મગ્રંથ' પર બાલાવબોધ (લે.સં. ૧૯મી સદી અનુ.) એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા રંગકુશલ છે તે સ્પષ્ટ થતું નથી. ૨૫ કડીના 'ભવવૈરાગ્યહોલી-ફાગ' (૨.ઈ.૧૬૧૨)ના કર્તા સમયદૃષ્ટિએ રંગકુશલ–૧ હોવાની શકયતા છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ક્રા.ત્રિ.]

રંગકુશલ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રની પરંપરામાં કનકસોમગણિના શિષ્ય. 'અમરસેન-વયરસેન-પ્રબંધ' (૨.ઈ. ૧૫૮૮/સં. ૧૬૪૪, અસાડ સુદ–), ૪૮ કડીના 'સ્થૂલભદ્ર-રાસ (શીલવિષયે)' (૨.ઈ. ૧૫૮૮) અને 'મહાવીર સત્તાવીસભવ' (૨.ઈ. ૧૬૧૪/સં. ૧૬૭૦, જેઠ વદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. ડિકેટલૉગભાવિ. [ક્રા.ત્રિ.]

રંગપ્રમોદ [ઈ. ૧૯૫૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં જ્ઞાનચંદના શિષ્ય. 'ચંપક-ચોપાઈ' (૨.ઈ. ૧૬૫૯/સં. ૧૭૧૫, વૈશાખ વદ ૩)ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. ડિકેટલૉગબીજે. [ક્રા.ત્રિ.]

'રંગરત્નાકરનેમિનાથ–પ્રબંધ' : જુઓ 'નેમિરંગરત્નાકરછંદ'.

રંગવલ્લભ: આ નામે 'નેમિ-બારમાસ' (અંશત: મુ.) અને ૧૨ કડીનું 'સ્થૂલભદ્ર-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે. આ બંને કૃતિઓના કર્તા એક જ છે કે જુદા તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

કૃતિ : જૈનયુગ, મહા-ફાગણ ૧૯૮૪–'પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧ [ક્રા.ત્રિ.]

રંગવિજય : આ નામે ૩૧ કડીની હિન્દીની છાંટવાળી 'પાર્શ્વનાથ-લાવણી' (૨.ઈ. ૧૮૪૫/સં. ૧૯૦૧, અધિક શ્રાવણ–; મુ.), 'વૈરાગ્ય-સઝાય' (લે. ઈ. ૧૭૬૦), સં. ૧૮૫૨, ચૈત્ર વદ ૨, રવિવારે કરેલી યાત્રાના વર્ણનને નીરૂપતું ૧૦ કડીનું 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (લે. ઈ. ૧૭૯૮/સં. ૧૮૫૪, શ્રાવણ વદ ૧૩; મુ.), ૨૩/૨૪ કડીની 'નેમિજિન પંદરતિથિ-સઝાય' (લે. ઈ. ૧૮૦૭), 'ગહૂંલી' (લે. ઈ. ૧૮૧૦), ૭ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન(પંચાસરા)' (લે.ઈ.૧૮૧૩/૧૫), ૯ કડીનું 'આદિજિન-સ્તવન', ૬ કડીનું 'ઋષભજિન-સ્તવન', ૯ કડીનું 'જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન'(મુ.), હિન્દીની અસરવાળું ૩ કડીનું નેમજીને લગતું પદ(મુ.), ૯ કડીની 'પંચમારકસકલસંઘપરિમાણ-સઝાય', ૫ કડીનું 'મહાવીર-સ્તવન'(મુ.) અને ૧૦ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન' એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા રંગવિજય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જિસ્તકાસંદોહ : ૨; ૩. જૈકાપ્રકાશ : ૧; ૪. જૈકાસંગ્રહ; ૫. જૈપ્રપુસ્તક : ૧; ૬. જૈસ્તસંગ્રહ; ૭. દેસ્તસંગ્રહ;☐ ૮. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. ૧૯૪૯–'મુનિ શ્રી રંગવિજયજી વિરચિત શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન', સં. જયંતવિજયજી.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ક્રા.ત્રિ.]

રંગવિજય–૧ [ઈ. ૧૬૭૭માં હયાત] : જૈન. ૬૦ ગ્રંથાગ્રના 'નેમિરાજીમતી-લેખ' (૨.ઈ.૧૬૭૭)ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [ક્રા.ત્રિ.]

રંગવિજય–૨ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદની પરંપરામાં કૃષ્ણવિજયના શિષ્ય. ૧૦ કડીના 'પ્રભાતી-સ્તવન', ૬ કડીના 'શંખેશ્વર પાર્શ્વજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૯૬/સં. ૧૮૫૨–સુદ ૭, સોમવાર; મુ.), ૪ કડીની 'શંખેશ્વરપાર્શ્વજિન-સ્તુતિ'(મુ.), ૧૦ કડીનું 'પ્રભાતી-સ્તવન' (૨.ઈ. ૧૭૮૭), ૧૧ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૮૦૯), અનુક્રમે ૬ અને ૨૩ કડીનાં ૨ 'નેમિજિન પંદરતિથિ-સ્તવનો/નેમિનાથજીની **પનર**-તિથિ' અને આદિનાથ, ચંદ્રપ્રભુ, પદ્મપ્રભુ અને મહાવીરને લગતાં ચારથી ૧૧ કડીનાં સ્તવનોના કર્તા. કૃષ્ણવિજયશિષ્યને નામે મળતા ૫ કડીના 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન'(મુ.)ના કર્તા પણ પ્રસ્તુત રંગવિજય હોવાની શકયતા છે.

કૃતિ : શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧. ડિકેટલૉગભાવિ; ૨. મુપુગૂહસૂચી. [ક્રા.ત્રિ.]

રંગવિજય–૩ [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ]:

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તપગચ્છના જૈન સાધુ. વિજયદેવની પરંપરામાં અમૃતવિજયના શિષ્ય. ઈ. ૧૭૯૩/સં. ૧૮૪૯, ફાગણ સુદ ૫, શુક્રવારે ભરૂચમાં થયેલી પાર્શ્વનાથની પ્રતિષ્ઠાની વિધિ વર્ણવતું ૧૯ ઢાળનું 'શંખેશ્વર પાર્શ્વનાથ પંચકલ્યાણક ગર્ભિત પ્રતિષ્ઠા કલ્પ-સ્તવન' (ર.ઈ.૧૭૯૩; મુ.), ૭ ઢાળ અને ૭૬ કડીનું 'મહાવીર સ્વામીનું સત્તાવીસ ભવનું સ્તવન' (ર.ઈ. ૧૭૯૮; મુ.), ૧૮ ઢાળ અને ૩૫૦ ગ્રંથાગ્રવાળો 'પાર્શ્વનાથ-વિવાહલો' (ર.ઈ. ૧૮૦૪/સં. ૧૮૬૦, આસો વદ ૧૩; મુ.), હિન્દીની અસરવાળું ૫ કડીનું 'ગોડી પાર્શ્વનાથ-સ્તવન'(મુ.), ૧૫ કડીનું 'નેમરાજુલ-ગીત', ૭ કડીની 'પાર્શ્વનાથ(ગોડીજી)ની આરતી', ૩ કડીનું 'રાજુલનું ગીત', હિન્દી-ગુજરાતી મિશ્રામાં ૪ કડીનું 'સુમતિનાથજિન-સ્તવન'(મુ.), ૭/૯ કડીની 'વિજયજિનેન્દ્ર-સૂરિ-ગહૂંલી/ભાસ/સઝાય', ચારથી ૧૧ કડીનાં પાર્શ્વનાથ, ધર્મનાથ અને નેમનાથનાં સ્તવનો(મુ.) અને ચારથી ૭ કડીના કુંથુજિન, નેમિ-જિન અને શાંતિજિનનાં સ્તવનો, 'સદયવચ્છ સાવલિંગાનો રાસ' (લે.ઈ. ૧૮૦૩) અને નેમરાજુલની ૪-૪ કડીની હિન્દીમાં ૨ હોરી (મુ.)ના કર્તા. 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરસ્થિત જૈન જ્ઞાન-ભંડારોનું સૂચિપત્ર : ૧'માં 'આધ્યાત્મિક પદસંગ્રહ'ની અંદર અમૃતને નામે મુકાયેલાં પદ આ રંગવિજયનાં છે.

કૃતિ : ૧. ગોડીપાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ. ૧૯૬૨; ૨. જિનસ્તકાસંદોહ : ૧; ૩. જૈકા પ્રકાશ : ૧; ૪. જૈકાસંગ્રહ; ૫. પાર્શ્વનાથજીનો વિવાહલો તથા દીપાલી કલ્પસ્તવન, પ્ર. મોહનલાલ સુ. પાટણવાળા, ઈ. ૧૮૯૯; ૬. રત્નસાર : ૨; ૭. શંસ્તવનાવલી; ☐ ૮. જૈન સત્યપ્રકાશ, માર્ચથી મે ૧૯૪૨–'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પંચકલ્યાણક ગર્ભિત પ્રતિષ્ઠા કલ્પ-સ્તવન', સં. જયંતવિજયજી.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. પ્રાકૃપરંપરા; ☐ ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૧); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. ડિકૅટલૉગબીજે; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

રંગવિનય : આ નામે હિન્દીમિશ્રા ગુજરાતીમાં ૧૩ કડીના 'ચોવીસ તીર્થંકરોના દેહપ્રમાણનું સ્તવન'(મુ.) અને ૧૩ કડીના 'ચોવીસ તીર્થંકરોના આયુષ્યપ્રમાણનું સ્તવન'(મુ) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા રંગવિનય છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : અરત્નસાર. [શ્રા.ત્રિ.]

રંગવિનય–૧ [ઈ. ૧૬૫૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરંગના શિષ્ય. ૬૧૧ કડીનો 'કલાવતી-ચતુષ્પદી' (ર.ઈ.૧૬૫૦/સં. ૧૭૦૬, માગશર સુદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

રંગવિમલ [ઈ. ૧૫૬૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીર-વિજયસૂરિના શિષ્ય. ૩૦૦ ગ્રંથાગ્રનો 'દ્રૌપદી-ચોપાઈ' (ર.ઈ.૧૫૬૫/સં. ૧૬૨૧, કારતક સુદ ૧૧, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. આલિસ્ટ-ઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

રંગવિલાસ(ગણિ) [ઈ. ૧૭૨૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ ખરતરગચ્છના ૬૫મા પટ્ટધર જિનચંદ્રના શિષ્ય. ૨૯૩ કડીની 'અધ્યા-ત્મકલ્પદ્રુમ-ચોપાઈ' (ર.ઈ.૧૭૨૧/સં. ૧૭૭૭, વૈશાખ સુદ ૩, રવિવાર; મુ.)ના કર્તા. મુનિસુંદરની સંસ્કૃત કૃતિ 'અધ્યાત્મકલ્પદ્રુમ'નો એ અનુવાદ છે.

કૃતિ : અધ્યાત્મકલ્પદ્રુમ(મુનિસુંદરકૃત), પ્ર. મહાવીર જૈન વિદ્યાલય, ઈ. ૧૯૬૫ (પાંચમી આ.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

રંગસાર [ઈ. ૧૫૭૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-ચંદ્રનો પરંપરામાં ભાવહર્ષના શિષ્ય. 'ઋષિદત્તાસતી-ચોપાઈ' (ર.ઈ. ૧૫૭૦/સં. ૧૬૨૬, આસો–)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

રંગીલદાસ [અવ. ઈ. ૧૮૩૨] : વૈષ્ણવ ભક્તકવિ. ત્રિકમદાસના પાંચમા પુત્ર. 'દ્રૌપદી-આખ્યાન' અને 'સ્તુતિમાલા'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ, છોટુભાઈ ર. નાયક, ઈ. ૧૯૫૦; ૨. ત્રિકમદાસનાં કાવ્યો અને ચરિત્ર, સં. નટવરલાલ ઈ. દેશાઈ, નયનસુખરાય વિ. મજમુ-દાર, ઈ. ૧૯૩૦. [શ્રા.ત્રિ.]

રાઘવ : આ નામે ગુરુમહિમાનાં અને ઉપદેશાત્મક, ક્વચિત્ હિન્દીની છાંટવાળાં, પાંચથી ૬ કડીનાં કેટલાંક પદો(મુ.)–એ જૈનેતર કૃતિઓ અને ૨૩ કડીનો 'કલ્યાણજી-સલોકો' એ જૈન કૃતિ મળે છે. આ કૃતિઓના કર્તા કયા રાઘવ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૭–'કતિપય ઔર સિલોકે', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

રાઘવદાસ–૧/રાઘોદાસ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : સામદાસના શિષ્ય. પ્રીતમના પુરોગામી. સંભવત: જ્ઞાતિએ લોહાણા. 'અધ્યાત્મ રામાયણ' (ર.ઈ.૧૭૨૨) અને 'ભગવદ-ગીતા' (ર.ઈ.૧૭૨૯)ના કર્તા. ગુજરાતીમાં પ્રથમ વખત 'અધ્યાત્મ-રામાયણ'ની રચના તેમણે કરી એ દૃષ્ટિએ તેમની કૃતિ વિશિષ્ટ છે. આમ તો મુખ્યત્વે મૂળ કૃતિને સંક્ષેપમાં મૂકવાનું કવિનું વલણ દેખાય છે, પરંતુ રાવણના મૃત્યુ પછી તેની રાણીઓનાં વિલાપમાં રુદનગીત મૂકી કરુણને ઘેરો બના-વવામાં કે રામરાજ્યવર્ણનમાં કવિની મૌલિકતા દેખાય છે. તેમના પુત્ર હરિદાસે તેમની કૃતિઓ વ્યવસ્થિત કરી હતી અને તેથી પ્રતોમાં રચયિતા તરીકે એમનું નામ મળે છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. સ્વાત્રૈમાસિક, ઑપ્રિલ ૧૯૭૪–'રાઘવદાસ અને તત્સુત હરિદાસનું અધ્યાત્મરામાયણ', દેવદત્ત જોશી; ☐ ૩. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

રાઘવદાસ–૨ [ ] : માતાજીના ભક્ત. ૧૭થી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩૮ કડી સુધીના અંબા અને બહુચરાજીના ગરબા તથા છંદ(મુ.)ના કર્તા.

કૃતિ : દેવીમહાત્મ્ય અથવા ગરબા સંગ્રહ : ૨; પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭. [શ્રા.ત્રિ.]

રાચો [ ] : જૈન. 'રાચા-બત્રીસી' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨ હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

રાજ(કવિ)(મુનિ) : આ નામે 'રાવણમંદોદરી-સંવાદ', ૧૧ કડીનું 'નલદમયંતી-ગીત' (લે. સં. ૧૭મી સદી અનુ.) તથા ૪૦ કડીનું 'વિરહ દેશાતુરી-ફા.ગુ' એ રચનાઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા *રાજ(કવિ)(મુનિ) છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.*

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐૨. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૬–'જૈન કવિયો કે 'સંવાદ' સંજ્ઞક રચનાએં', અગરચંદ નાહટા; ☐ ૩. મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

રાજ–૧ : જુઓ સોમહર્ષશિષ્ય લક્ષ્મીવલ્લભ.

રાજઅમર [ ] : ભક્તિની મહત્તા ગાતા ૪ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : રોસંવાણી. [શ્રા.ત્રિ.]

રાજકીર્તિ : આ નામે ૨૫ કડીનું 'ચઉવિશજિન-સ્તવન', 'સદયવત્સ-ચરિત્ર-રાસ' (લે. ઈ. ૧૫૯૬) તથા 'ભરતબાહુબલિ-છંદ' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા રાજકીર્તિ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૩. જૈગૂકવિઓ : ૩ (૧) [ર.ર.દ.]

રાજકીર્તિ–૧/કીર્તિ [ઈ. ૧૪૭૯માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. વિજયચંદ્રસૂરિની પરંપરામાં રામચંદ્રના શિષ્ય. ૧૭૮ કડીના 'આરામશોભા-રાસ' (ર.ઈ.૧૪૭૯/સં. ૧૫૩૫, આસો સુદ ૧૫, ગુરુવાર)ના કર્તા.

પ્રસ્તુત કૃતિ 'ઇતિહાસની કેડી'માં 'કીર્તિ' નામના કવિને નામે નોંધવામાં આવી છે પરંતુ તે રાજકીર્તિની જ કૃતિ છે. કેમ કે, માત્ર કવિનામના નિર્દેશવાળો જોડિયો 'કર જોડી રાજકીરતિભણિ'ને બદલે 'કર જોડી કીરતિ પ્રણમઈ' એમ મળે છે જેને આધારે તે 'કીર્તિ' નામના કવિની હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. બાકી આખી કૃતિ સમાન છે.

સંદર્ભ : ૧. આરામશોભારાસ, સં. જયંત કોઠારી, કીર્તિદા જોશી, ઈ. ૧૯૮૩; ૨. ઇતિહાસની કેડી, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૫; ☐૩. જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

રાજકીર્તિમિશ્ર [ઈ. ૧૩૯૩માં હયાત] : સંભવત: અણહિલપુર પાટણનિવાસી બ્રાહ્મણ શ્રીધરાચાર્યકૃત સંસ્કૃત 'ગણિતસાર' (ર.ઈ. ૧૩૯૩; અંશત: મુ)ના બાલાવબોધના કર્તા. પાટણમાં રહેતા મોઢ જ્ઞાતિના એક વણિક કુટુંબના પુત્રો અને સંબંધીઓના અભ્યાસ માટે આ બાલાવબોધ રચાયો હતો. એ રીતે આ બાલાવબોધની વ્યવહારુ ઉપયોગિતા સ્પષ્ટ છે. સાથે સાથે બાલાવબોધમાં પ્રયોજાયેલું સંસ્કૃતપ્રધાન શિષ્ટ ગુજરાતી ગદ્ય પણ નોંધપાત્ર છે. મધ્યકાલીન ગુજરાતનાં તોલ, માપ અને નાણાંનાં કોષ્ટક એમાં મળે છે. તેમાં પણ નાણાંનાં કોષ્ટકો સવિશેષ ધ્યાનપાત્ર છે, કારણ કે ચૌલુક્ય અથવા સોલંકીયુગના સિક્કાઓના પુષ્કળ ઉલ્લેખો સાહિત્ય અને અભિલેખોમાંથી મળ્યા છે; પણ એ સિક્કાઓની પ્રત્યક્ષ પ્રાપ્તિ વિરલ છે. કવિ રાજકીર્તિએ આ બાલાવબોધમાં એ સિક્કાઓનાં કોષ્ટક આપ્યા છે જેની મદદથી એ સમયમાં પ્રચલિત સિક્કા અથવા ચલણનું મૂલ્ય પણ જાણી શકાય છે.

'ગણિતસાર'ના આ બાલાવબોધની રચના ચૌલુક્યવંશના પતન પછી થોડાક દસકા બાદ થયેલી છે એ રીતે તેનું ઐતિહાસિક મૂલ્ય પણ છે.

કૃતિ : ૧. ગુસાપઅહેવાલ : ૧૨–'મધ્યકાલીન ગુજરાતનાં તોલ-માપ અને નાણાં વિશે કેટલીક માહિતી', ભોગીલાલ જ. સાંડેસરા (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૧; ૨. ગુસાપઅહેવાલ : ૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય' ચીમનલાલ ડાહ્યાભાઈ. [ભો.સાં.]

રાજકુંવરબાઈ જુઓ : રાજબાઈ.

રાજચંદ્ર(સૂરિ) : આ નામે ૧૯ કડીની 'રાત્રિભોજન નિવારક-સઝાય' (મુ.), 'જંબૂપૃચ્છા-રાસ' તથા ૨૨ કડીની 'શાંતિજિન-સઝાય' (ર.ઈ. ૧૭૪૧) એ કૃતિઓ મળે છે, પણ તેમના કર્તા કયા રાજચંદ્ર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ષટ્દ્રવ્યનય વિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. લીંહસૂચી [કી.જો.]

રાજચંદ્ર–૧/રાયચંદ [જ. ઈ. ૧૫૫૦/સં. ૧૬૦૬, ભાદરવા વદ ૧, રવિવાર] : નાગોરી તપગચ્છની પાર્શ્વચંદ્રશાખાના જૈન સાધુ. સમરચંદ્રના શિષ્ય. માતા કમલાદે. પિતા જાવડશા દોસી. જન્મ-નામ રાયમલ્લ. સમરચંદ્ર પાસે ઈ.૧૫૭૦/સં.૧૬૨૬, વૈશાખ સુદ ૯ને દિવસે દીક્ષા. દીક્ષાનામ રાજચંદ્ર. શ્યામાચાર્યસૂરિકૃત મૂળ પ્રાકૃત સૂત્ર 'દશવૈકાલિક' પર ૩૦૦૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ (ર.ઈ. ૧૬૧૧/૧૬૨૨), ૫૦૦૦ ગ્રંથાગ્રનો 'ઉવવાઈ/ઔપપાતિકસૂત્ર' પરના બાલાવબોધ, પ્રાચીન ગુજરાતીમાં ૫૪૮૮ કડીનો 'રાજપ્રશ્નીયોપાંગ-સસ્તબક' તથા ૯ અને ૧૧ કડીની ૨ 'પાર્શ્વચંદ્રસૂરિસ્તુતિ' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ઐરાસંગ્રહ : ૧; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

રાજતિલક(ગણિ) [ઈ. ૧૨૬૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેઓ જિનપ્રબોધસૂરિના શિષ્ય હતા અને તેમણે ઈ. ૧૨૬૬માં આચાર્યપદ મેળવ્યું હતું. તેમણે અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં ૩૫ કડીના 'શાલિભદ્રમુનિ-રાસ'(મુ.)ની રચના કરી છે.

કૃતિ : ૧. પ્રાગુકાસંચય (+સં.); ☐ ૨. જૈનયુગ, ચૈત્ર ૧૯૮૩–'રાજતિલકગણિકૃત શાલિભદ્રરાસ', સં. મણિલાલ બ. વ્યાસ.

સંદર્ભ : ૧. બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૯૬૩–'શાલિભદ્રરાસના કર્તા રાજતિલકનો સમય', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગુકવિઓ : ૧, ૩(૧). [૨.૨.દ]

રાજતિલક(ગણિ)[શિષ્ય] [ ] : જૈન. 'ગૌતમપૃચ્છા પ્રકરણ-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગ ભાવિ. [કી.જો.]

રાજધર [ઈ. ૧૫૬૫નાં લગભગ] : ૨૭ કડવાંના 'ચંદ્રહાસ-આખ્યાન' (ર.ઈ.૧૫૬૫/સં. ૧૬૨૧, ભાદરવા સુદ ૫, શુક્રવાર)ના કર્તા. તેમણે વસ્છરાજ વ્યાસના પુત્ર માધવ પાસેથી સાંભળી આ કથા રચી હોવા એમ લાગે છે. એમાં 'નૃત્યરાસ' પદ્ધતિનો કાવ્યબંધ વિશેષ રૂપે ધ્યાનાર્હ છે.

'વિક્રમ પ્રબંધ/પંચદંડની વાર્તા (૧૧૭થી ૩૦૮ કડી મુ.) નામનો કૃતિ રાજધરને નામે મળે છે. આ કૃતિના કર્તા પણ ઉકત રાજધર હોવાની અને તેમાંની ભાષા પર રાજસ્થાનીની અસર વરતાય છે, એટલે તેઓ રાજસ્થાન બાજુના પ્રદેશના હોવાની સંભાવના વ્યકત થઈ છે. આ કૃતિ પર નરપતિના 'પંચદંડ'ની અસર અનુભવાય છે તેમ જ એમાં દેવદમની વિક્રમના દરબારમાં દ્યુત રમવા જાય છે ત્યારે દેવદમનીનું કવિએ કરેલું વર્ણન ધ્યાનાર્હ છે.

કૃતિ : બુદ્ધિપ્રકાશ, સપ્ટે. ૧૯૦૯થી ફેબ્રુ. ૧૯૧૦–'કવિ રાજધર પ્રણિત વિક્રમપ્રબંધ', સં. રણજિતરામ વાવાભાઈ.

સંદર્ભ : ૧. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર વિરચિત પંચદંડની વાર્તા, સં. સોમાભાઈ ધૂ. પારેખ, ઈ.૧૯૭૪; ૨. કવિચરિત : ૧-૨; ૩. ગુસાઈતિહાસ : ૨. [શ્રા.ત્રિ.]

રાજધર્મ [ ] : જૈન સાધુ. રાજસાગરના શિષ્ય. સ્વહસ્તાક્ષરમાં લખેલા 'દામન્નકકુલપુત્ર-રાસ' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

રાજપાલ : આ નામે 'હરિવાહનરાય-રાસ' (ર.ઈ. ૧૫૯૬) મળે છે જે સમયદૃષ્ટિએ રાજપાલ–૨નો હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

રાજપાલ–૧ [ઈ. ૧૪૮૭માં હયાત] : કડવાગચ્છના જૈન સાધુ. અવટંકે દોશી. તેમની રચેલી સઝાય (ર.ઈ.૧૪૮૭) મળે છે.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૩–'કડુઆ મત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા. [કી.જો.]

રાજપાલ(મુનિ)–૨ [ઈ. ૧૫૬૬માં હયાત] : પીંપલકગચ્છની પૂર્ણચંદ્ર શાખાના જૈન સાધુ. પદ્મતિલકસૂરિની પરંપરામાં વિમલપ્રભસૂરિના શિષ્ય. ૯૫૫ કડીના 'જંબૂકુમાર/જંબૂસ્વામી-રાસ' (ર.ઈ.૧૫૬૬/સં. ૧૬૨૨, મહા વદ ૭, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧ ૩(૧); ૫. લીંહસૂચી. [૨.૨.દ.]

રાજબાઈ/રાજકુંવરબાઈ [ ] : સોરઠનાં સ્ત્રી કવિ તેઓ પુષ્ટિસંપ્રદાયનાં હતાં. તેમની પુષ્ટિસંપ્રદાયના એક પેટા-વિભાગ ભરરુચિ સંપ્રદાયની 'સ્વાનુભવસિદ્ધાંત સ્વવિરહાવસ્થા જ્ઞાપક-વિજ્ઞપ્તિઓ'(મુ.) નામની કૃતિ મળે છે. તેમાં દેશાવર, માદુ, હાલારી, લલિત, ધનાશ્રી વગેરે જુદા જુદા રાગોમાં ૧૮ વિજ્ઞપ્તિઓ અને ૩૬ દુહા છે. આ કૃતિનું વિષયવસ્તુ પ્રભુના અલૌકિક ગૂઢ સ્વરૂપની અનન્ય ભક્તિનું છે. એ ભક્તિને ખાતર સંસારનો ત્યાગ કરવાની તત્પરતા, સાચા સ્નેહની ટેક તથા ખુમારી કેળવવાં પડે છે; જગતની ઉપેક્ષા સહન કરવી પડે છે; જેને રસિયા રૂપે કલ્પ્યા છે તે રિસાયેલા પ્રભુને મનામણાં કરવા પડે છે અને ભવોભવ એ પ્રભુને વરવાની ઇચ્છા સેવવી પડે છે.

રાજબાઈ 'સોરઠી મીરાં' તરીકે પ્રસિદ્ધ છે. તેમની રચનામાં પણ મીરાંબાઈના જીવન અને કવનની અસર દેખાય છે.

કૃતિ : સ્વાનુભવ સિદ્ધાંત સ્વવિરહાવસ્થા જ્ઞાપક વિજ્ઞપ્તિઓ, પ્ર. પ્રેરણા પ્રકાશન મંદિર, ઈ. ૧૯૫૨ (બીજી આ.).

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચરભાઈ ર. પટેલ, ઈ. ૧૯૭૫;☐ ૩. ફાલ્ગુનીમાસિક, એપ્રિલ-જૂન ૧૯૭૫-'રાજકુંવરબાઈ સોરઠિયાણી', કુમેદબેન પરીખ.

રાજભલ [ઈ. ૧૭૧૦ સુધીમાં] : જૈન સાધુ. 'સમયસાર પ્રકરણ વચનિકા' (લે.ઈ.૧૭૧૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

રાજરત્ન/રાજરતન(ઉપાધ્યાય)(વાચક) : રાજરતનને નામે ૧૩ કડીની 'નેમરાજુલના બારમાસા'(મુ.), ૮ કડીની 'નેમજીના સાતવાર'(મુ.), ૧૬ કડીની 'રાજુલની પંદર-તિથિ', રાજરત્ન ઉપાધ્યાયને નામે ૨૫ કડીની 'ચોવીસ તીર્થંકર-સવૈયા' (લે.સં. ૧૮મી સદી અનુ.), ૨૪ કડીની 'ચોમાસી-દેવવંદન' અને રાજરત્નવાચકને નામે ૪ કડીની 'અષ્ટમી-સ્તુતિ'(મુ.), 'જ્ઞાતાધર્મ કથાંગસૂત્રની સઝાયો' (લે.ઈ. ૧૬૭૩), 'ચાર પ્રત્યેક બુદ્ધની સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૨૧ કડીની 'માણિભદ્રજીનો છંદ'(મુ.) આ કૃતિઓ મળે છે તેમના કર્તા કયા રાજરતન/રાજરત્ન છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈપ્રપુસ્તક : ૧; ૩. જૈસમાલા (શા) : ૩; ૪. જૈસસંગ્રહ(ન); ૫. માણિભદ્રાદિકોના છંદોનો પુસ્તક : ૧, નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રાજરત્ન(સૂરિ)–૧ [ઈ. ૧૫૪૩માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. વિવેકરત્નની પરંપરામાં સાધુહર્ષના શિષ્ય. 'હરિબલમાછી-ચોપાઈ' (ર.ઈ.૧૫૪૩/સં. ૧૫૯૯, આસો-)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂકવિઓ ૩ (૧); ૪. ડિકૅટલૉગભાવિ. [૨.૨.દ.]

રાજરત્ન(ઉપાધ્યાય)–૨[ઈ.૧૭મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિ-વિશાલસોમસૂરિની પરંપરામાં જયરત્નના શિષ્ય. ૫૪૭ કડીનો 'નર્મદાસુંદરી-રાસ' (૨.ઈ. ૧૬૩૯), ૩૧ ઢાળનો 'કૃષ્ણપક્ષી-શુકલપક્ષી-રાસ/વિજયશેઠ વિજયાશેઠાણી-રાસ' (૨. ઈ. ૧૬૪૦), ૭૦૯ કડીનો 'રાજસિંહકુમાર-રાસ' (૨.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, પોષ–૧૦, રવિવાર) તથા ૫૨ કડીનું 'નેમિનાથગુણવર્ણન-સ્તવન(ગિરનારમંડન)' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ૪. સ્વાધ્યાય, નવે. ૧૯૬૬–'કડખાની દેશી અને જૈન સાહિત્ય', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૫. જૈગૂકવિઓ:૩(૧)(૨); ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રાજરત્ન–૩ [ઈ. ૧૭૯૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ઉત્તમરત્નની પરંપરામાં ક્ષમારત્નના શિષ્ય. ૨૭ ઢાળની 'ઉત્તમકુમારનો રાસ' (૨.ઈ. ૧૭૯૬/સં. ૧૮૫૨, આસો સુદ ૨, બુધવાર) તથા ૯ કડીની 'મુનિસુવ્રતજિન-સ્તવન'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

રાજલાભ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચક હીરકીર્તિસૂરિની પરંપરામાં રાજહર્ષના શિષ્ય 'ભદ્રાનંદ/આનંદસંધિ' (૨.ઈ. ૧૬૬૭/સં. ૧૭૨૩, પોષ સુદ ૧૫, સોમવાર), 'દાનછત્રીસી' (૨.ઈ. ૧૬૬૭/સં. ૧૭૨૩, મહા વદ ૨, સોમવાર), 'ધન્નાશાલિભદ્ર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૭૦/સં. ૧૭૨૬, આસો સુદ ૫), ૪૮ કડીનો 'નેમિ-સલોકો' (૨.ઈ. ૧૬૯૮/સં. ૧૭૫૪, જેઠ–૧૧), ૨૯ કડીનું 'વીર ૨૭ ભવ-સ્તવન' (૨.ઈ. ૧૬૭૮/સં. ૧૭૩૪, કારતક સુદ ૧૧), ૨ કડીની 'હીરકીર્તિ પરંપરા' (૨.ઈ. ૧૬૯૪/સં. ૧૭૫૦, મહા સુદ ૫; મુ.), ૨૩ કડીની 'સ્વપ્નાધિકાર' (૨.ઈ. ૧૭૦૯/સં. ૧૭૬૫, શ્રાવણ સુદ ૭), 'ઉત્તરાધ્યયન ૩૬-ગીત', 'વીશી', ૨૮ કડીનો 'ગોડી-છંદ' તથા 'હીરકીર્તિસ્વર્ગાગમન-ગીત'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ :૧. પ્રાકારૂપરંપરા;☐ ૨. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૭-'કતિપય ઔર સિલોકે', સં. અગરચંદ નાહટા;☐ ૩. જૈગૂકવિઓ : ૩ (૨); ૪. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [૨.૨.દ.]

રાજવિજય : આ નામે ૧૩/૧૪ કડીની 'મેતારજમુનિની સઝાય' (લે. ઈ. ૧૬૫૬; મુ.), ૧૫ કડીના 'નેમરાજિમતી-બારમાસ' (૨.ઈ.૧૬૫૧/સં. ૧૭૦૭, શ્રાવણ સુદ ૧૫, શુક્રવાર) તથા ૭/૧૫ કડીની 'રુકિમણીની સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ; મુ.) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા રાજવિજય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. 'નેમરાજિમતી-બારમાસ' સમયદૃષ્ટિએ રાજવિજય–૧ની હોવાની સંભાવના થઈ શકે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈસસંગ્રહ(ન); ૩. દેસ્તસંગ્રહ; ૪. મોસસંગ્રહ; ૫. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨ દ.]

રાજવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં જસવિજયના શિષ્ય. કવિ શિવદાસકૃત 'કામાવતીની કથા'નું અનુસરણ કરતા ૩૮ ઢાળનો 'શીલસુંદરી-રાસ' (૨.ઈ. ૧૬૫૩/સં. ૧૭૦૯, આસો સુદ ૧૦; રવિવાર), ૭ ઢાળનો 'ગજસિંહકુમાર-રાસ' (૨.ઈ. ૧૬૮૦) તથા ૪ કડીની 'પાર્શ્વનાથની સ્તુતિ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, સં. તિલકવિજયજી, સં. ૧૯૯૩.

સંદર્ભ : ૧. કામાવતીની કથાનો વિકાસ અને કવિ શિવદાસકૃત 'કામાવતી'ની વાર્તા, પ્રવીણ અ. શાહ, ઈ. ૧૯૭૬; ૨. ગુસાઈતિહાસ : ૨; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨); ૪. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

રાજવિજય(પંડિત)–૨ [ ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. વિજયસેનના શિષ્ય. ૧૫ કડીની 'આશાતના-સઝાય/સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈસસંગ્રહ(ન).

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [૨.૨ દ.]

રાજશીલ(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સાધુહર્ષના શિષ્ય. દુહા, ચોપાઈ અને વસ્તુ છંદમાં રચાયેલી ૨૦૨ કડીમાં વિક્રમ અને ખાપરાચોરનાં ચરિત્રોને આધારે શીલ અને ધર્માચરણનો મહિમા નિરૂપતો 'વિક્રમખાપરાચરિત-ચોપાઈ/વિક્રમાદિત્યખાપરા-રાસ' (૨.ઈ. ૧૫૦૭/સં. ૧૫૬૩, જેઠ સુદ ૭; મુ.), ૨૬૩ કડીની 'અમરસેન વયરસેન-ચોપાઈ' (૨.ઈ. ૧૫૩૮) તથા અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં ૨૪૦/૪૧૬ ગ્રંથાગ્રની '૩૬ ઉત્તરાધ્યયન સૂત્ર-ગીતો/ઉત્તરાધ્યયનની સઝાયો' એ કૃતિઓના કર્તા.

કૃતિ : વિક્રમખાપરાચરિત્ર (રાજશીલકૃત), કથામંજૂષા શ્રેણિ-૫, સં. કનુભાઈ વ્ર. શેઠ અને ધનવંત તિ. શાહ, ઈ.૧૯૮૨.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. આલિસ્ટઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

રાજશીલ(પાઠક)–૨ [ઈ. ૧૭૮૨ સુધીમાં] : જૈન સાધુ. ૨૪૫૦ ગ્રંથાગ્રના 'સિંદુરપ્રકર' પરના બાલાવબોધ (લે.ઈ.૧૭૮૨)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

રાજશેખર(સૂરિ) [ઈ. ૧૪મી સદી પૂર્વાર્ધ] : મલધાર/હર્ષપુરીયગચ્છના જૈન સાધુ. અભયદેવસૂરિની પરંપરામાં તિલકસૂરિના શિષ્ય. સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના વિદ્વાન. આરંભની દોહરાની અને પછી રોળા છંદની કડીઓ ધરાવતા ૭ ખંડ અને ૨૫/૨૭ કડીના નેમિનાથ તથા રજિમતિના વિવાહનું નિરૂપણ કરતા 'નેમનાથ-ફાગુ' (૨.ઈ. ૧૩૪૯ આસપાસ; મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત કવિએ સંસ્કૃત ભાષામાં શ્રીધરાચાર્યકૃત તર્કશાસ્ત્રના ગ્રંથ 'ન્યાયકંદલી' પરની ટીકા 'પંજિકા' (૨.ઈ. ૧૩૨૯), પ્રાકૃત કાવ્ય 'દ્વયાશ્રય' (કુમારપાલચરિત) પર વૃત્તિ (૨.ઈ.૧૩૩૧), 'ચતુર્વિંશતિ-પ્રબંધકોશ' (૨.ઈ. ૧૩૩૯), 'રત્નાવતારપંજિકા', 'વિનોદકથાસંગ્રહ', ૧૮૦ કડીનો 'ષડદર્શનસમુચ્ચય' તથા 'સ્યાદવાદકલિકા/દીપિકા' નામની રચનાઓ પણ કરી છે. 'ચતુર્વિંશતિ-પ્રબંધ'માં સંસ્કૃત ભાષાની સાથે દોહરા રૂપે પ્રાકૃત ભાષાનો પણ ઉપયોગ થયો છે.

કૃતિ : ૧. પ્રાગ્વાટસંગ્રહ : ૧; ૨. પ્રાફાગુસંગ્રહ; ☐ ૩. નવચેતન, દિવાળી અંક નવે.-ડિસે. ૧૯૬૯–'રમુજી લોકવાર્તાઓનો એક સંસ્કૃત સમુચ્ચય રાજશેખરસૂરિકૃત વિનોદકથાસંગ્રહ', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તરઅપભ્રંશનો સાહિત્ય-વિકાસ, વિદ્યાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧,૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. પ્રાકાફૂપરંપરા; ☐ ૭. ફાલ્ગુનૌમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૭–'પરિશિષ્ટ'; ૮. બુદ્ધિપ્રકાશ, ડિસે. ૧૮૬૯–'લક્ષ્મણસેન પ્રબંધ', કવિ દલતરામ ડાહ્યાભાઈ; ૯. એજન, સપ્ટે. ૧૯૬૧-'મલધારી રાજશેખરસૂરિકૃત નેમિનાથ ફાગ' (સં. ૧૪૦૦ આસપાસ), કે. કા. શાસ્ત્રી; ૧૦. એજન, ઑક્ટો. ૧૯૬૧-'ચર્ચાપત્ર-નેમિનાથફાગુ', નગીનદાસ પારેખ; ☐ ૧૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૧૨. જૈમગૂકરચનાઓ : ૧; ૧૩. મુપુગૂહસૂચી. [૨.૨.૬]

રાજસમુદ્ર : આ નામે 'આદીશ્વર-સ્તવન' (લે.ઈ. ૧૬૫૫), ૫ કડીનું 'આત્મશિક્ષા-ગીત', ૧૧ કડીનું 'ઋષભજિન-રાગમાલા-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૭ કડીની 'કુમતિ-સઝાય', ૮ કડીની 'મયણ રેહાની સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૯ કડીનું 'રામસીતા-ગીત' (લે.સં. ૧૮મી સદી અનુ.), ૭ કડીની 'વૈરાગ્યની સઝાય'(મુ.), 'શાલિ-ભદ્ર-સઝાય', ૧૨ કડીનું 'સિદ્ધાચલનું સ્તવન'(મુ.), ૭ કડીની 'હિત-શિક્ષા-સઝાય', ૫ કડીની 'હિતોપદેશ-સઝાય' તથા રાજસ્થાનીગુજ-રાતીમાં 'બૃહત્ આલોચના-સ્તવન' મળે છે. આ રાજસમુદ્ર–૧ છે કે અન્ય તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧ રત્નસાર; ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા;☐ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. રાપુહસૂચી : ૪૨. ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬.]

રાજસમુદ્ર–૧ : જુઓ જિનરાજસૂરિ(જિનસિંહશિષ્ય).

રાજસાગર(વાચક): આ નામે ૩૩૭ કડીની 'સાધુવંદના' (૨.ઈ.૧૬૨૫), ૨૬ કડીનું 'મહાવીર-સ્તવન' (૨.ઈ. ૧૬૨૯), 'પરદેશીરાય-રાસ' (૨.ઈ. ૧૬૨૧), ૨૪ કડીની 'સિમંધરજિન-વિનતિ' તથા ૧૪ કડીનું 'ત્રણ ચોવીસી ૭૨ જિન-સ્તવન' મળે છે. તેમના કર્તા કયા રાજસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાર્ગ; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.૬.]

રાજસાગર(પંડિત)–૧ : જુઓ મુક્તિસાગર–૧.

રાજસાગર–૨ [ઈ. ૧૫૮૭ લગભગ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં હર્ષસાગરના શિષ્ય. ૨૮ કડીની 'લુંકા-મતનિર્મૂલનિકંદન-સઝાય' (૨.ઈ. ૧૫૮૭ લગભગ)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨ ૬]

રાજસાગર(વાચક)–૩ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ--ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ]: પીપલગચ્છના જૈન સાધુ. ધર્મસાગરની પરંપરામાં સૌભાગ્ય-સાગરસૂરિના શિષ્ય. 'પ્રસન્નચંદ્રરાજર્ષિ-રાસ' (૨.ઈ.૧૫૯૧/સં. ૧૬૪૭, પોષ વદ ૭, ગુરુવાર) તથા ૫૦૫ કડીના 'રામસીતા-રાસ/લવકુશ-આખ્યાન/રાસ/શીલ-પ્રબંધ' (૨.ઈ. ૧૬૧૬/સં. ૧૭૭૨, જેઠ સુદ ૩, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી. [૨.૨.૬.]

રાજસાર [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. ધર્મ-નિધાનની પરંપરામાં વાચક વિદ્યાસાગરના શિષ્ય. 'કુંડરિક-પુંડરિક-સંધિ' (૨ ઈ. ૧૬૪૭/સં. ૧૭૦૩, પોષ સુદ ૭) તથા 'કુલધ્વજકુમાર-રાસ' (૨.ઈ. ૧૬૪૮/સં. ૧૭૦૪, આસો સુદ ૧૫, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકાફૂપરંપરા; ૩. મરાસસાહિત્ય; ૪. યુજિનચંદ્રસૂરિ; ૫. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૬. જૈગૂકવિઓ : ૨. [૨.૨.૬.]

રાજસિંહ(ઉપાધ્યાય) : આ નામે 'વિજયદેવસૂરિ-રાસ' મળે છે તેના કર્તા રાજસિંહ–૧ છે કે અન્ય તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : દેસુરાસમાળા. *[૨.૨.૬.]*

રાજસિંહ(મુનિ)–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. નયરંગ વાચકની પરંપરામાં વિમલવિજયના શિષ્ય. 'વિદ્યા-વિલાસ/વિનય-રાસ/વિનયચટ-રાસ' (૨.ઈ.૧૬૨૩/સં.૧૬૭૯, વૈશાખ) તથા ૨૭ ઢાળ અને ૫૫૧ ગ્રંથાગ્રની 'આરામશોભા-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૧/સં. ૧૬૮૭, જેઠ સુદ ૯), 'જિનરાજસૂરિ-ગીત', 'પાર્શ્વ-સ્તવન' તથા 'વિમલ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. આરામશોભા રાસ (કથામંજૂષા શ્રેણી પુસ્તક-૭), સં. જયંત કોઠારી અને કીર્તિદા જોશી; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. યુજિનચંદ્રસૂરિ; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [૨.૨.૬.]

રાજસુંદર : આ નામે 'ચતુર્વિંશતિજિન-નમસ્કાર' (લે. ઈ. ૧૭૨૦) તથા 'ગજસિંહ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૦૦/સં. ૧૭૫૬, જેઠ સુદ ૧૫) એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા રાજસુંદર છે તે નિશ્ચિત પણે કહી શકાય તેમ નથી.

જો કે, 'ગજસિંહ-ચોપાઈ' સમયદૃષ્ટિએ જોતાં કદાચ રાજસુંદર–૨ની હોય પણ તે નિશ્ચિત નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી'; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.૬.]

રાજસુંદર–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છની પિપ્પલક-શાખાના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. 'પાર્શ્વજિન-સ્તવન(ગુણ-સ્થાનવિચારગર્ભિત)-બાલાવબોધ' (૨.ઈ.૧૬૦૯), 'અમરસેન વયરસેન-રાસ' (૨.ઈ. ૧૬૧૧) તથા ૧૯ કડીની 'ખરતરગચ્છ પિપ્પલકશાખા ગુરુ પટ્ટાવલી-ચોપાઈ' (લે. ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, વૈશાખ વદ ૬, સોમવાર–સ્વલિખિતપ્રત; મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાપુહસૂચી : ૫૧. [૨.૨.૬.]

રાજસુંદર–૨/ભાગચંદ [ઈ. ૧૭૧૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. હીરકીર્તિની પરંપરામાં વાચક રાજલાભના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ.૧૭૧૬/સં. ૧૭૭૨, માગશર સુદ–; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.૬.]

રાજસોમ : આ નામે 'નવકારવાલી-સ્તવન' (લે.સં. ૨૦મી સદી) નામની કૃતિ મળે છે. તેના કર્તા રાજસોમ–૧ છે કે કેમ તે વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : રાપુહસૂચી : ૪૨. [કી.જો.]

રાજસોમ–૧ [ઈ. ૧૬૫૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. સમયસુંદરની પરંપરામાં જયકીર્તિના શિષ્ય. ૧૨ કડીનું 'સમયસુંદર-ઉપાધ્યાય-ગીત' (૨.ઈ. ૧૬૪૬ પછી; મુ.), 'કલ્પસૂત્ર (૧૪ સ્વપ્ન)-વ્યાખ્યાન' (૨.ઈ.૧૬૫૦/સં. ૧૭૦૬, શ્રાવણ સુદ ૬), 'ઈરિયાવહી મિથ્યા દુષ્કૃત્યસ્વપ્ન' પર બાલાવબોધ, 'ફારસી-સ્તવન' તથા 'શ્રાવક આરાધના(ભાષ)'–એ કૃતિઓના કર્તા.

કર્તાની પ્રસ્તુત કૃતિઓમાંથી 'શ્રાવક-આરાધના (ભાષ)' એ કૃતિને 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી' ખરતરગચ્છના સમયસુંદરની પરંપરામાં જયકીર્તિના શિષ્ય રાજરત્નની ગણે છે જે સાચું નથી.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી. [૨.૨.૬.]

રાજહર્ષ–૧ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં લલિતકીર્તિ ઉપાધ્યાયના શિષ્ય. 'થાવચ્ચા શુકસેલગ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૭/સં. ૧૭૦૩, માગશર સુદ ૧૩, સોમવાર), 'અર્હન્નક-ચોપાઈ' (૨.ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, મહા સુદ ૧૫, ગુરુવાર) તથા ૩૦ કડીની 'નેમિ/યાદવ-ફાગ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૯–'રાજહર્ષ-વિરચિત નેમિ-ફાગ', સં. જ્ઞાનવિજય (+સં.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા; ૩. પ્રાકારૂપરંપરા; ૪. યુજિનચંદ્રસૂરિ; ☐ ૫. જૈગૂકવિઓ:૨, ૩(૨); ૬. હેજૈજ્ઞા-સૂચિ:૧. [૨.૨.૬.]

રાજહર્ષ–૨ [ઈ. ૧૬૪૭માં હયાત] : જૈન સાધુ. હીરકીર્તિના શિષ્ય. ૨૬ કડીના 'ચતુર્વિંશતિજિન-સ્તવન' (૨ ઈ. ૧૬૪૭; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, નવે. ૧૯૪૫–'વિ સં. ૧૭૦૩માં રાજ-હર્ષગણિ વિરચિત 'ચતુર્વિંશતિજિન-સ્તવન',' સં. કાંતિસાગર(+સં.). [૨.૨.૬.]

રાજહંસ: : રાજહંસ ઉપાધ્યાયને નામે ૧૧ કડીનું 'સનત્કુમાર-ઋષિગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.), રાજહંસને નામે 'કૃતકર્મરા-જાધિકાર-રાસ' (૨.ઈ. ૧૫૩૮) તથા ૭ કડીનું 'જિનરંગસૂરિ-ગીત' (લે.સં. ૧૮મી સદી અનુ; મુ.) એ કૃતિઓ મળે છે.

'જિનરંગસૂરિ-ગીત'માંથી મળતા નિર્દેશો મુજબ એ કૃતિ જિન-રંગસૂરિ (સં. ૧૬૭૮–સં. ૧૭૧૦)ની હયાતીમાં રચાઈ હોય એમ લાગે છે. તેને આધારે આ કૃતિ ઈ. ૧૭મી સદીના મધ્યભાગમાં રચાઈ હોવાનું અનુમાન થઈ શકે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬.]

રાજહંસ(ઉપાધ્યાય)–૧[ઈ. ૧૬૦૬ પૂર્વે] :ખરતરગચ્છના જૈન સાધુ. હર્ષતિલકના શિષ્ય શય્યમભવસૂરિકૃત 'દશવૈકાલિક–સૂત્ર' પરના ૨૦૦૦/૩૨૭૫ ગ્રંથાગ્ર ધરાવતા બાલાવબોધ (લે. ઈ. ૧૬૦૬પહેલાં)-ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી. [૨.૨.૬.]

રાજહંસ–૨ [ઈ. ૧૬૩૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-ચંદ્રસૂરિની પરંપરામાં કમલલાભના શિષ્ય. 'વિજયશેઠ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૬/સં. ૧૬૮૨, મહા સુદ ૫) તથા ૮ કડીના 'કમલલાભ-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૩-'કતિપય ઐતિહાસિક ગીતોંકા સાર', સં. અગરચંદ નાહટા; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.૬.]

રાજારામ : આ નામે રામાયણનો સંક્ષેપમાં સાર આપતી ૯/૧૦ પદની 'રામકથા/રામચંદરજીનાં કડવાં' (૯ મુ.), કૃષ્ણલીલાનાં ત્રણથી ૧૭ કડીનાં ૧૭ પદ(મુ.), આઠવાર, ગરબી, 'નાગદમન' (લે.ઈ. ૧૮૫૯), 'કૃષ્ણચરિત્ર' તથા જ્યોતિષવિષયક પદો–એ કૃતિઓ નોંધાઈ છે. આ બધી કૃતિઓના કર્તા કયા રાજારામ છે તે નિશ્ચિત થતું નથી.

'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ' 'શ્રીકૃષ્ણ-ચરિત્ર' તથા 'બૃહત્ કાવ્યદોહન'માં મુદ્રિત પદોના કર્તાને સંવત ૧૮મી સદીમાં મૂકે છે અને પિતાનામ રણછોડ હોવાનું અનુમાન કરે છે. 'શ્રીકૃષ્ણ-ચરિત્ર'માં કૃષ્ણલીલાનાં પદો હોય એ સંભવિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. નકાદોહન : ૩; ૨. બૃકાદોહન : ૮.

સંદર્ભ:૧. પાંગુહસ્તલેખો; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭-'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકૅટલૉગબીજે; ૬. ડિકૅટલૉગભાવિ; ૭. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

રાજારામ–૧ [ઈ. ૧૮૦૮માં હયાત] : સુરતના બ્રાહ્મણ. ઈ. ૧૮૦૮/સં. ૧૮૬૪, અસાડ સુદ ૫, બુધવારે ખેડાવાળ જ્ઞાતિના માણેકબાઈ સતી થયેલા તે પ્રસંગને વર્ણવતા ૯૨ કડીના 'સતી-આખ્યાન' (ર.ઈ. ૧૮૦૮/સં. ૧૮૬૪, અસાડ સુદ ૧૪, સોમવાર; મુ.)ના કર્તા.

કૃતિ : નકાસંગ્રહ(+સં.). [શ્રા.ત્રિ.]

રાજુ(ઋષિ)–૧ [ઈ. ૧૫૭૯માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિસૂરિની પરંપરામાં કમલશેખરના શિષ્ય. ૩૩૩ કડીના 'શિશુપાલ-રાસ' (ર.ઈ. ૧૫૭૯/સં. ૧૬૩૫, આસો વદ ૧૦, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

રાજુ–૨ [ ] : પદ-ગરબાના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

રાજે [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના કેરવાડા ગામના મોલેસલામ મુસ્લિમ કવિ. તેમના કેટલાક ચુસરામાં 'કહે રાજે રણછોડ' એવી પંક્તિ મળે છે તેના પરથી તેમના પિતાનું નામ રણછોડ હોવાનું અનુમાન થયું છે. પરંતુ 'રણછોડ' શબ્દ ત્યાં કૃષ્ણવાચક હોવાની સંભાવના છે. એમના કેટલાક ચુસરામાં 'કહે રાજે રઘનાથ' એવી પણ પંક્તિ મળે છે ત્યાં પણ 'રઘનાથ' શબ્દ રામવાચક લાગે છે.

દયારામના નજીકના પુરોગામી તરીકે પ્રેમલક્ષણાભક્તિ અને જ્ઞાનબોધની મધુર ને પ્રાસાદિક કવિતા રચનાર કવિ તરીકે રાજે નોંધપાત્ર છે. કૃષ્ણના ગોકુળજીવનના ઘણા પ્રસંગોને લઈ એમણે કૃતિઓ રચી છે. એમાં સાખી ને ચોપાઈની ચાલનાં ૧૮ ટૂંકાં કડવાંમાં રચાયેલી 'રાસપંચાધ્યાયી/કૃષ્ણનો રાસ'(મુ.)માં ભાગવતના મૂળ પ્રસંગને અનુસરી કવિએ ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની ઉત્કટ પ્રીતિનો મહિમા કર્યો છે. ૧૦૦ કડીની 'ગોકુળલીલા'(મુ.) બાળકૃષ્ણે જસોદા અને ગોપીઓ પાસે કરેલાં તોફાનને વર્ણવે છે. પ્લવંગમની ૫૦ કડીઓમાં રચાયેલી 'ચુસરાસોહાગી'(મુ.)માં કવિ ગોપી રૂપે દીન ભાવે કૃષ્ણના પ્રેમની ઝંખના કરે છે. સવૈયાની ૩૨ કડીની 'માંનસમો'(મુ.)માં કૃષ્ણ દૂતી દ્વારા પોતાથી રિસાયેલી રાધાને મનાવવાનો પ્રયત્ન કરે છે એ પ્રસંગને વિશેષ દૂતી અને રાધાના સંવાદ દ્વારા આલેખ્યો છે. સવૈયાની ૨૪ કડીના 'દાણસમુ'(મુ.)માં ગોપી, કૃષ્ણ અને જસોદા વચ્ચેના સંવાદ રૂપે દાણલીલાના પ્રસંગને આલેખી એમાંથી કૃષ્ણના નટખટ ચરિત્રને ઉપસાવ્યું છે. ગોપીવિરહના ૨ 'બારમાસ'(મુ.)માંથી ૧ મથુરા ગયેલા કૃષ્ણની રાહ જોતી ગોપીના વિરહભાવ અને દૈન્યને એટલી મધુર વાણીમાં વ્યક્ત કરે છે કે ગુજરાતીની એ સત્ત્વશીલ મહિનાકૃતિ બની રહે છે. ૪ પદની 'રાધિકાજીના સ્વપ્નમાં પરણ્યાં વિશે'(મુ.)માં રાધાની માતા રાધાએ કૃષ્ણ સાથે લગ્ન કરી લીધાં છે એવું સ્વપ્ન આવતાં રાધાને લગ્ન કરવા બદલ કપકો આપે છે અને રાધા સ્વબચાવ કરે છે એ પ્રસંગને સંવાદ રૂપે આલેખ્યો છે. ૨૫ કડીની 'વસંતઋતુની સાખીઓ'(મુ.), 'ગ્રેહગીતા/વિરહગીતા' (ર.ઈ. ૧૭૧૨), 'રુકિમણીહરણ' અને 'વિનંતડી' અન્ય કૃષ્ણભક્તિની રચનાઓ છે.

પરંતુ કવિની ખરી કવિત્વશક્તિ પ્રગટ થાય છે એમનાં ૧૫૦ જેટલાં મુદ્રિત રૂપે મળતાં પદોમાં. વિવિધ રાગઢાળમાં રચાયેલાં આ પદો રચનારીતિના વૈવિધ્ય, ભાષાનું માધુર્ય, કલ્પનાની ચમત્કૃતિ અને ભાવની આર્દ્રતાથી કવિને સારા પદકવિમાં સ્થાન અપાવે એવાં સત્ત્વશીલ છે.

કવિની જ્ઞાનવૈરાગ્યમૂલક રચનાઓની અંદર પ્લવંગમ છંદમાં રચાયેલા ૫૦ 'જ્ઞાનચુસરા'માં સંસારની માયાનો ત્યાગ કરી હરિભજન કરવાનો બોધ તળપદી ભાષાના પોતવાળી ઉદ્બોધન શૈલીમાં કવિ આપે છે. પરંતુ કુંડળિયામાં રચાયેલી 'વૈરાગ્યબોધ/જ્ઞાનબોધ'(મુ.) વધારે ભાવસભર કૃતિ છે. પ્રારંભમાં એમાં ઈશ્વરસ્મરણનો બોધ છે. પણ પછીથી કવિ આર્દ્ર ભાવે ઈશ્વરકૃપા યાચે છે અને ક્યારેક કૃષ્ણ-મિલન માટે ગોપી રૂપે ઉપાલંભનો પણ આશ્રય લે છે. એ સિવાય ૪૫ કડવાંની 'પ્રકાશ-ગીતા', ૧૩૫ દુહાની 'સતશિખામણ' તથા કેટલાંક જ્ઞાનમૂલક પદો(મુ.) કવિની બીજી જ્ઞાનમૂલક કૃતિઓ છે. 'પ્રબોધ-બાવની'(મુ.), 'જ્ઞાનપોડશકળા'(મુ.), 'બિરહ-બારમાસ'(મુ.), વગેરે કવિની હિન્દી કૃતિઓ છે.

આ સિવાય કવિએ બીજી કૃતિઓ રચી હોવાની માહિતી મળે છે, પરંતુ તેમની કોઈ હાથપ્રત અત્યારે ઉપલબ્ધ નથી.

કૃતિ : ૧. નકાદોહન; ૨. પ્રાકાસુધા : ૨, ૩, ૪, ૧૫(+સં.); ૩. બૃકાદોહન : ૧, ૭.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨, ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. નભોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧; ૫. પ્રાકકૃતિઓ; ☐ ૬. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૭–'વીરસિંહકૃત ઉષાહરણ', ભોગીલાલ સાંડેસરા; ૭. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬-'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, છગનલાલ વિ. રાવળ; ☐ ૮ ગૂહાયાદી; ૯ ડિકૅટલૉગબીજે; ૧૦. ડિકૅટલૉગભાવિ; ૧૧. ફાહનામાવલિ : ૨; ૧૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

રાજેન્દ્રવિજય [ઈ. ૧૮૧૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ભગવાનશિષ્ય. '૨૧ પ્રકારી પૂજા' (ર.ઈ.૧૮૧૦/સં. ૧૮૬૬, કારતક સુદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ર.ર.દ.]

રાજેન્દ્રસાગર : આ નામે ૧૧ કડીનું '૨૪ તીર્થંકર-ગીત'(મુ.) મળે છે. તેના કર્તા કયા રાજેન્દ્રસાગર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. શા. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩. [ર.ર.દ.]

રાજેન્દ્રસાગર–૧ [ઈ.૧૭૭૭માં હયાત] : જૈન સાધુ. 'વૃદ્ધની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સઝાય' (૨.ઈ.૧૭૭૭)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [૨.૨.દ.]

રાઠો [ ] : ભકત. ૮ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. આજ્ઞાભજન : ૧; ૨. ભજનસાગર : ૨. [શ્રા.ત્રિ.]

'રાણક-રાખેંગારની ગીતકથા' : જૂનાગઢના રાજા રા'ખેંગારને સિંહલદ્વીપના પરમાર રાજા રોરની, પિતાથી તરછોડાઈને કુંભારને ત્યાં ઊછરેલી, પુત્રી રાણકદેવી સાથે લગ્ન કરવાને કારણે સિદ્ધપુર-પાટણના રાજા સધરા જેસિંહ સાથે વેર બંધાય છે. સધરો જૂનાગઢ પર ચઢાઈ કરી રા'ખેંગારની હત્યા કરે છે અને રાણકદેવી વઢવાણ પાસે ભોગાવો નદીને કિનારે સતી થાય છે એ કથાને બહુધા કોઈને કોઈ પાત્રના સંબોધન રૂપે આલેખતા ૩૯ દુહા-સોરઠા(મુ) મળે છે. એમાંના કેટલાક દુહા મેરુતુંગાચાર્યની 'પ્રબંધચિંતામણિ'માં મળે છે, જે આ લોકકથાની પ્રાચીનતાને સૂચવે છે. કથાનો પ્રારંભનો દુહો એના કાવ્યચમત્કૃતિપૂર્ણ નિરૂપણથી ધ્યાન ખેંચે છે. રાણકદેવી રાજકુટુંબની બહાર કુંભારને ઘરે ઊછરી તેથી રાજકુંવરી મટી જતી નથી એ વાત 'આંગણ આંબો રોપિયો, શાખ પડી ઘરબાર' એ દૃષ્ટાંતથી સુંદર રીતે કહેવાઈ છે. પરંતુ કથામાં મર્મસ્પર્શી દુહા તો રા'ખેંગારના મૃત્યુ પછી રાણકે કરેલા વિલાપના છે. ઠપકો, મગરૂરી, નિરાશા, ગુસ્સો, અસહાયતા જેવા ભાવોથી પુષ્ટ થયેલો એ કરુણ રાણકદેવીના પુત્ર માણેરાની હત્યા વખતે પરાકાષ્ઠાએ પહોંચે છે. કરુણની એ તીવ્રતા અતિશયોકિતથી પ્રભાવક રીતે વ્યકત થઈ છે. રાણકદેવી સધરાને સંબોધી કહે છે કે "પાંપણને પાણગે, ભાણ્ય તો કૂવા ભરાવીએં, માણેરો મરતે, શરીરમાં સરણું વહે."

કૃતિ : ૧. કાઠિયાવાડી સાહિત્ય : ૧, સં. કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩; ૨. સોરઠી ગીતકથાઓ; સં. ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૭૯ (બીજી આ.). [જ.ગા.]

રાણા [ઈ. ૧૪૧૫માં હયાત] : પારસી કવિ. કામદીનના પુત્ર. પૂર્વજો દ્વારા સંસ્કૃત ભાષામાં અનૂદિત થયેલા ગ્રંથો 'અર્દાવિરાફનામા', 'ખોરદેહ અવસ્થા' તથા 'બહમનયશ્ત'ના એમણે ઈ.૧૪૧૫માં ગુજરાતી અનુવાદ કર્યા છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. પારસી સાહિત્યનો ઇતિહાસ, પીલાં ભીખાજી મકાટી, ઈ. ૧૯૪૯. [૨.૨.દ.]

રાણાસુત [ઈ. ૧૬૩૧માં હયાત] : 'અંગદ' નાટકનો આધાર લઈને રચેલાં ૩૦ કડવાંનાં 'મહિરાવણનું આખ્યાન' (૨ ઈ. ૧૬૩૧; મુ.) કૃતિના કર્તા.

કૃતિ : સાહિત્ય, જૂન-નવે. ૧૯૨૬-'રાણાસુતકૃત મહિરાવણાખ્યાન', સં. હરગોવનદાસ દ્વા. કાંટાવાળા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી. [કી.જો.]

રાણીંગ(મેર) [ ] : વેલાબાવાના શિષ્ય. મૈયારી ગામના ગરાસિયા. ૫ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : સોરઠી સંતો, ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૨૮. [શ્રા.ત્રિ.]

રાધાબાઈ/રાધેબાઈ : 'રાધે' નામછાપવાળી કૃષ્ણભકિતની ૩ ગરબીઓ 'વસન્ત' માસિકમાં મુદ્રિત થઈ છે. એમના સંપાદકે કૃતિઓને વડોદરાના મરાઠી બ્રાહ્મણ કવયિત્રી રાધાબાઈની હોવાનું કહ્યું છે, પરંતુ આ ગરબીઓની ભાષાનું લાલિત્ય અને શુદ્ધ ગુજરાતી રૂપ 'પ્રાચીન કાવ્યમાળા'માં રાધાબાઈને નામે મુદ્રિત કૃતિઓની ભાષાથી સાવ જુદું પડી જાય છે. એટલે આ ગરબીઓની રચયિતા રાધેબાઈ કોઈ જુદી કવયિત્રી હોવાનું જણાય છે.

રાધાબાઈને નામે 'રાધાની અસવારી' અને 'ચાતુરી' એ બે રચનાઓ મળે છે. તેમની રચયિતા આ રાધેબાઈ છે કે અન્ય કોઈ રાધાબાઈ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. જુઓ રાધીબાઈ.

કૃતિ : વસન્ત, શ્રાવણ ૧૯૬૭-'કવિ રાધાબાઈ', છગનલાલ વિ. રાવળ (+સં).

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૪-'વડોદરા રાજ્યની સ્ત્રીકવિઓ', ડાહ્યાભાઈ લ. પટેલ; ☐ ૨. ગૂહાયાદી; ૩ ફોલનામાવલિ. [ચ.શે.]

'રાધાવિરહના બારમાસ' : દુહાની ૪ કડી અને માલિનીનો ૧ શ્લોક એ રીતે થયેલી દરેક મહિનાની બાંધણીવાળા રત્નેશ્વરના આ મહિના (મુ.) માગશરથી શરૂ થઈ કારતકમાં પૂરા થાય છે. કૃતિના કેન્દ્રમાં વિરહભાવ જ છે, પરંતુ એનો અંત કૃષ્ણમિલનના આનંદોલ્લાસથી આવે છે. કાવ્યની નાયિકા આમ તો રાધા છે, પણ એના વિરહભાવનું નિરૂપણ એવું વ્યાપક ભૂમિકાએ થયું છે કે એ પ્રિયતમના મિલનને ઝંખતી કોઈપણ વિરહિણી સ્ત્રીનો વિરહભાવ બની રહે છે. દરેક મહિનામાં વિરહિણી રાધા અને પ્રકૃતિનું જે ચિત્ર કવિએ આલેખ્યું છે તેના પર સંસ્કૃત કવિતાની ઘેરી અસર જોઈ શકાય છે. પ્રકૃતિ બહુધા ભાવની ઉદ્દીપક તરીકે આવે છે, પણ કવિના સ્વાનુભવમાંથી આવ્યાં હોય એવાં માર્મિક સ્વાભાવોકિતપૂર્ણ ચિત્રો કાવ્યના ભાવને વિશેષ ઉઠાવ આપે છે. જેમ કે ગ્રીષ્મઋતુનું વર્ણન કરતાં કવિ કહે છે, "મારે આંગણે લીમડો, છાયા શીતલ ક્રોડ" કે ભાદરવાના વર્ણનમાં, "પાટ થકી રે જળ ઊતર્યાં, નદીએ ચીકણા ઘાટ." "માધવ વિના કોણ મારશે, મન્મથની રે ફોજ" જેવી ઔચિત્યભંગ ચૂકતી કોઈક પંકિતઓ કાવ્યમાં પ્રવેશી ગઈ છે, પરંતુ સમગ્રતયા ગુજરાતીની આ ધ્યાનપાત્ર બારમાસી છે. [શ્રા.ત્રિ.]

રાધીબાઈ [ ] : રાધાબાઈને નામે જાણીતાં આ કવયિત્રીની 'રાધી' નામછાપથી કેટલીક કૃતિઓ 'પ્રાચીનકાવ્યમાળા'માં મુદ્રિત રૂપે મળે છે. કૃતિઓમાં મળતી માહિતીને આધારે તેઓ વટપુરી(વડોદરા)નાં વતની અને કોઈ અવધૂતનાથ બાવાનાં શિષ્યા હતાં. તેમણે પોતાની કેટલીક કૃતિઓ ઉજ્જયિનીને બીજે સ્થળે રચી હોવાનો ઉલ્લેખ પણ મળે છે. એ સિવાય તેઓ જ્ઞાતિએ મરાઠા બ્રાહ્મણ હતાં, તેમણે પોતાનાં ગુરુ સાથે ભારતનાં વિવિધ તીર્થસ્થળોની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યાત્રા કરેલી અને તેઓ ઈ. ૧૮૩૪માં હયાત હતાં જેવી બીજી વીગતો એમનાં વિશે અન્યત્ર પ્રાપ્ત થાય છે.

આ કવયિત્રીની મુદ્રિત રૂપે ઉપલબ્ધ થતી કૃતિઓ આ પ્રમાણે છે : અભંગની ચાલના ગરબાઢાળમાં રચાયેલી ૫૪ કડીની 'કૃષ્ણ-બાળલીલા' ને ૧૦૧ કડીની 'મીરાંમાહાત્મ્ય' તથા અન્ય ગરબાઢાળોમાં રચાયેલી ૬૩ કડીની 'કૃષ્ણવિવાહ', ૧૦૧ કડીની 'કંસવધ' ને ૧૧૫ કડીની 'મુચુકુંદમોક્ષ' એ પ્રસંગમૂલક રચનાઓ છે. એ સિવાય કૃષ્ણ-ભક્તિનાં ને જ્ઞાનવૈરાગ્યનાં અન્ય ૪૭ ગરબી-પદ છે જેમાં 'દત્તા-ત્રયની ગરબી'નો પણ સમાવેશ થાય છે. આ કૃતિઓનું કાવ્યત્વ સામાન્ય કોટિનું છે અને ભાષા મરાઠી ને હિન્દીના અતિરેકવાળી છે. 'ઈટુ-મીઠું', 'દૈત્ય-મૈત્ય', 'ભાઈ-ધાઈ', 'મતવાલે-બાલે', 'બડાઈ-લુગાઈ' જેવા અસુભગ પ્રાસ એમાં સતત જોવા મળે છે. આ કૃતિ-ઓને હાથપ્રતોનો કોઈ ટેકો નથી અને છોટાલાલ ન. ભટ્ટની કૃતિ-ઓની ભાષા સાથે આ કૃતિઓની ભાષાનું કેટલુંક મળતાપણું છે, એટલે આ કૃતિઓ બનાવટી હોવાનું ને છોટાલાલ ન. ભટ્ટે પોતે રચીને રાધાબાઈને નામે ચડાવી દીધાની શંકા વ્યક્ત થઈ છે. જુઓ રાધાબાઈ/રાધેબાઈ.

કૃતિ : પ્રાકામાળા : ૬ (+સં.).

સંદર્ભ : ૧. અભિનવ પ્રેમાનંદ અને કલાદીપ છોટાલાલ ન. ભટ્ટ, વિષ્ણુપ્રસાદ જાની, ઈ. ૧૯૭૮; ૨. આપણાં સ્ત્રીકવિઓ, કુલીન કે. વોરા, ઈ. ૧૯૬૦; ૩. કવિચરિત : ૩; ૪. ગુસાઈતિહાસ : ૨; ૫. ગુસામધ્ય; ૬. ગુસાપઅહેવાલ : ૪–'વડોદરા રાજ્યની સ્ત્રીકવિઓ', ડાહ્યાભાઈ લ. પટેલ; ૭. ગુસારસ્વતો; ☐ ૮. ગૂહાયાદી. [ચ.શે.]

રામ : આ નામે મળતી જૈનેતર કૃતિઓમાં રાધાકૃષ્ણની શૃંગારક્રીડાને પદસદૃશ ૭ કડવાંની ૪૮ કડી અને ૧ પદમાં આલેખતી 'અમૃતકચો-લડાં/રાધાકૃષ્ણ-ગીત' (મુ.) પ્રાસાદિક રચના છે. દરેક કડવાના પ્રારંભમાં ત્રૂટક તરીકે ઓળખાવાયેલી ૧ કડી પદના ભાવાર્થનું સૂચન કરે છે અને તેનો અંતિમ શબ્દ પદની પછીની કડીનો પ્રારંભક શબ્દ બની પદને સાંકળી-બંધવાળું બનાવે છે. કૃતિના પ્રાસઅનુપ્રાસ ને પદમાધુર્ય શૃંગારભાવને પોષક બનીને આવે છે. તથા ચોથા કડવામાં રાધા અને કૃષ્ણ વચ્ચે થતો ચાતુર્યપૂર્ણ વિનોદી સંવાદ કૃતિને વિશેષ રૂપે આસ્વાદ્ય બનાવે છે. કૃતિનું ભાષાસ્વરૂપ જોતાં એ રામ–૨ની હોઈ શકે, પરંતુ એ વિશે નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે. આ ઉપરાંત, 'મકતવેલ', 'દાણચાતુરી' અને 'પંચીકરણ(ટીકા સાથે)' એ જૈનેતર કૃતિઓ પણ મળે છે.

તો ૧ કડીની 'જિન-નમસ્કાર' (લે.ઈ. ૧૮૦૭), ૪ કડીની 'ચંદ્ર-પ્રભુસ્વામીનું સ્તવન'(મુ.), ૩ કડીની 'જિનપૂજાનું ચૈત્યવંદન'(મુ.), ૭ કડીની 'ગહૂંલી'(મુ.), ૫ કડીનું 'સામાન્ય જિન-સ્તવન'(મુ.), હિંદીની અસરવાળું ૩ કડીનું 'પરમાત્માનું ચૈત્યવંદન'(મુ.) તથા ૧૪ કડીની 'મૃગાપુત્રની સઝાય'(મુ.) એ રામ અને રામમુનિના નામે ૯ કડીની 'અધ્યાત્મ-સઝાય'–એ જૈન કૃતિઓ મળે છે. આ બધી જ કૃતિઓના કર્તા કયા રામ છે તે નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૦૧; ૩. ચૈસ્તસંગ્રહ : ૧; ૪ જિસ્તકાસાંદોહ : ૨; ૫. જૈકાપ્રકાશ : ૧; ૬. જૈકાસંગ્રહ; ૭. જૈરસંગ્રહ; ૮. સસન્મિત્ર(ઝ); ☐ ૯. સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૬૬–'કવિ રામની બે પ્રાચીન રચનાઓ, સં. મંજુલાલ મજમુદાર.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. ડિકૅટલૉગભીજે; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [ચ.શે; શ્રા.ત્રિ.]

રામ–૧ [ઈ. ૧૫૨૭ સુધીમાં]: 'સોની રામ'ને નામે જાણીતા આ કવિએ વિશિષ્ટ પદ્યબંધવાળા ૨૬ કડીના 'વસંતવિલાસ'←(લે.ઈ.૧૫૨૭; મુ.) એ ફાગુકાવ્યની રચના કરી છે. કૃતિના અંતમાં 'ગાયો રે જેહવઉ તેહવઉ સોની રામ વસંત' એવી પંક્તિ છે. એને આધારે કૃતિના કર્તા 'સોની રામ' ગણવામાં આવે છે, પરંતુ કૃતિની પ્રારંભની બીજી અને ચોથી કડીમાં 'રામ ભણઈ' એવી પંક્તિ છે, એટલે કૃતિના કર્તા કોઈ રામ લાગે છે અને 'સોની' શબ્દ નામનો ભાગ નહીં, પરંતુ કર્તાના વ્યવસાય કે તેમની જ્ઞાતિનો સૂચક હોય એમ માનવા પ્રેરે છે. કૃતિના પ્રારંભમાં મુકાયેલા સંસ્કૃત શ્લોક પરથી કવિ સંસ્કૃતના જ્ઞાતા હોય એમ લાગે છે, અને કૃતિમાં નિરૂપાયેલો રુક્મિણીનો કૃષ્ણ માટેનો વિરહભાવ તેઓ કૃષ્ણભક્ત હોવાનું સૂચવે છે. કૃતિના ભાષાસ્વરૂપને લક્ષમાં લઈ તે સં. ૧૭મી સદીમાં રચાઈ હોવાનું અનુમાન થયું છે. પરંતુ કૃતિની ઈ. ૧૫૨૭માં લખાયેલી પ્રત મળી આવી છે, એટલે કર્તા ત્યાં સુધીમાં થયા હોય એમ કહી શકાય.

રુક્મિણીવિરહનું આ ફાગુ વસંતની માદકતાનું કામોદ્દીપક વર્ણન ને રુક્મિણીની વિરહવ્યથાના મર્મસ્પર્શી નિરૂપણની ધ્યાનપાત્ર ફાગુ-કૃતિ બની રહે છે.

કૃતિ : વસંતવિલાસ–ઍન ઑલ્ડ ગુજરાતી ફાગુ, સં. કાંતિલાલ બ. વ્યાસ, ઈ. ૧૯૪૨ (અં.) (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. મુપુગૂહસૂચી. [કા.શા., કી.જો.]

રામ–૨ [ઈ. ૧૫૩૧માં હયાત] : વૈષ્ણવ કવિ. તળાજાના વતની હોવાની સંભાવના.ચોપાઈની ૫૧ કડીની 'વૈષ્ણવ-ગીત' (૨.ઈ.૧૫૩૧/સં. ૧૫૮૭, આસો સુદ ૧૩; મુ) રચનાબંધ અને વક્તવ્ય બન્ને દૃષ્ટિએ કવિની લાક્ષણિક કૃતિ છે. 'કહુ રામ-નઈં તે કિમ ગમઈ?' એ દરેક કડીને અંતે આવર્તન પામતી પંક્તિવાળો ૧૫ કડીનો પહેલો, 'કહિ શ્રીરામ, વૈષ્ણવજન તેહ' આવર્તનવાળી ૨૨ કડીનો બીજો અને 'કહિ શ્રીરામ, વૈષ્ણવ મઝ ગમઈ'ના આવર્તનવાળી ૧૪ કડીનો ત્રીજો એમ ૩ ખંડમાં કૃતિ વહેંચાઈ છે. પંક્તિઓનું આ આવર્તન વિચારને અસરકારક બનાવવામાં ઉપકારક બને છે. કૃતિના પહેલા ખંડમાં કયા આચારવિચારવાળા મનુષ્યો પોતાને નથી ગમતા એની વાત કવિ કરે છે અને બાકીના ૨ ખંડોમાં વૈષ્ણવ કેવો હોય તેનાં લક્ષણો આપે છે. વૈષ્ણવ મનુષ્યનાં જે લક્ષણો વર્ણવાયાં છે તેમાં વૈષ્ણવ અને જૈન આચારવિચારનો કવિએ કરેલો સમન્વય ધ્યાનપાત્ર છે. સાચો વૈષ્ણવ જીવહિંસા કે રાત્રિભોજન ન કરે ને વિલાસવૃત્તિ પર સંયમ કેળવે એમ જ્યારે કવિ કહે છે ત્યારે વૈષ્ણવનાં આ લક્ષણો પર જૈનવિચારનો પ્રભાવ જોઈ શકાય.

કૃતિ : સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૬૬–'કવિ રામની બે પ્રાચીન રચ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાઓ', સં. મંજુલાલ મજમુદાર. [ચ.શે.]

રામ(ભકત)–૩/રામદાસ (ઈ ૧૬૦૪માં હયાત] : અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિ. તેઓ સૌરાષ્ટ્રના કુતિયાણાના, ખંભાતના અથવા અમદાવાદ જિલ્લાના હોવાનું અનુમાન થયું છે, પરંતુ તે માટે ચોક્કસ કોઈ આધાર નથી. આ કવિની 'એકાદશસ્કંધ' કૃતિમાં 'ભટ નારાએણ વૈકુંઠ કથા કહી રે' એવા ઉલ્લેખ પરથી એમને નારાયણ ભટ્ટ તરીકે ઓળખાવવામાં આવેલા, પરંતુ વાસ્તવમાં નારાયણ નામ કવિના ગુરુનું હોવાની સંભાવના વ્યકત થઈ છે. એમની 'યોગ-વાસિષ્ઠ' કૃતિમાં આવતા વિશ્વનાથ નામ પરથી એ નામના પણ કવિના ગુરુ હોવાની સંભાવના વ્યકત થઈ છે.

ભગવદ્ગીતાનો દુહા-ચોપાઈ બંધમાં અધ્યાયવાર સાર આપતી ને ગીતાનો પહેલો ગુજરાતી અનુવાદ ગણાતી 'ભગવદ્-ગીતા/ભગવદ્-ગીતાનો સાર/ભગવંત-ગીતા' (ર.ઈ. ૧૬૦૪/સં ૧૬૬૦, આસો સુદ ૧૨, રવિવાર; મુ.), ભાગવતના ત્રીજા સ્કંધના ૨૪થી ૩૩ અધ્યાયમાં વર્ણવેલા કપિલ મુનિના જીવનપ્રસંગને ૫ કડવાં ને ૩૩૧ પંકિતઓમાં સારાનુવાદ રૂપે આપતું ને મુખ્યત્વે કથાના જ્ઞાનભાગ પર ધ્યાન કેન્દ્રિત કરતું અલ્પ કાવ્યશકિતવાળું 'કપિલમુનિનું આખ્યાન' (મુ.), આરંભનાં ૨ કડવાંમાં એકાદશીકથા અને બાકીનાં ૩ કડવાંમાં મત્સ્યપુરાણ આધારિત અંબરીષકથાને વર્ણવતું 'અંબરીષ-આખ્યાન', સારાનુવાદ જેવી ૧૫ કડવાંની 'ભાગવત-એકાદશસ્કંધ' અને ૨૧ સર્ગની 'યોગવાસિષ્ઠ' એ એમની કૃતિઓ છે

'ગુજરાતી હસ્તપ્રતોની સંકલિત યાદી' 'રાસલીલા-પંચાધ્યાયી' કૃતિ આ કવિની માને છે, તથા ભાગવતના તૃતીય, ષષ્ઠ, અને દશમ સ્કન્ધના રચિયતા કોઈ સારસ્વત બ્રાહ્મણ રામ(દાસ)ને અને આ રામ(ભકત)ને એક ગણે છે, પરંતુ 'ગુજરાતના સારસ્વતો'માં આ બન્ને કવિઓને જુદા ગણવામાં આવ્યા છે.

રામકૃષ્ણને નામે જે 'ભગવદ્-ગીતા' મળે છે તે આ રામભકતની છે.

કૃતિ : ૧. શ્રી ભગવદ્ગીતા પ્રાકૃત ભાષા પ્રબંધ (રામભકત), પ્ર. શા. કશનદાસ મોહનલાલ, ઈ. ૧૯૦૫; ૨. ત્રણ ગુજરાતી ગીતાઓ, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૮૭(+સં.); ૩. સગુકાવ્ય.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા-મધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; ☐ ૬. સંશોધન અને અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૬–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અંબરીષકથા'; ☐ ૭. ગૂહાયાદી; ૮. ડિકેંટલૉગબીજે; ૯. ડિકેંટલૉગભાવિ; ૧૦. ફોહનામાવલિ:૨; ૧૧. ફોંહનામાવલિ. [ચ.શે]

રામ(મુનિ) – ૪ [ઈ. ૧૬૫૫માં હયાત] : જૈન સાધુ. માનવિમલના શિષ્ય. ૧૯૫ કડીના 'ચંદનમલયાગિરી-રાસ' (ર.ઈ. ૧૬૫૫)ના કર્તા.

સંદર્ભ : ડિકેંટલૉગભાવિ. [શ્રા.ત્રિ]

રામ–૫ [ઈ. ૧૭૪૯માં હયાત] : સરદડ (સ્ટૂંધાય?)ના વતની. ભાગવતને આધારે ૧૨ સ્કંધ (ર.ઈ. ૧૭૪૯) એમણે રચ્યા છે.

સંદર્ભ : ૧. ગુજૂહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ચ.શે]

રામ–૬ [ઈ. ૧૭૩૪ સુધીમાં] : મકનના પુત્ર. 'કાલગણીનો છંદ' (લે. ઈ. ૧૭૩૪)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [ચ.શે.]

રામ–૭ [ ] : સર્વદેવના પુત્ર. જ્ઞાતિએ કૌશિક ગોત્રના નાગર. ગુજરાતીમાં શબ્દ, કારક, સમાસ, ક્રિયા વગેરેની સમજૂતી આપતી વ્યાકરણવિષયક 'ઉકતીયકમ્' કૃતિના કર્તા. કૃતિની ભાષા ઈ. ૧૬મી સદીના મધ્યભાગની લાગે છે.

સંદર્ભ : જેસલમેર જૈન ભાંડાગારીય ગ્રન્થનામ સૂચિપત્રમ્(સં), સં. સી. ડી. દલાલ અને એલ. બી. ગાંધી, ઈ. ૧૯૨૩. [ચ શે]

રામ–૮ [ ] : જૈન સાધુ. સુમતિસાગરના શિષ્ય. ૬ કડીના 'સુમતિજિન તથા શાંતિજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [શ્રા.ત્રિ]

રામ–૯/રામૈયો [ ] : વેલા બાવાના શિષ્ય. રૈસ-વાવના વતની. જ્ઞાતિએ ખાંટ. મૂળનામ રામ ઢાંગડ. એમના ગુરુ-મહિમાનાં પદો(૧૩ મુ.) મળે છે. આ પદો એમાં ભળેલા એમના ગુરુના વ્યકિતત્વના કેટલાક રંગોને કારણે વિશિષ્ટ તાજગીનો અનુભવ કરાવે છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. સંતસમાજ ભજનાવળી, સં. કેશવલાલ મ. દૂધવાળા, ઈ. ૧૯૩૧; ૩. સોસંવાણી; ૪. સોરઠી સંતો, ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૭૯ (+સં.). [ચ.શે]

રામકૃષ્ણ: આ નામે 'ભકતમાળ' તથા કૃષ્ણભકિત અને જ્ઞાન-વૈરાગ્યનાં પદો(મુ.) મળે છે. આ કૃતિઓ કયા રામકૃષ્ણની છે તે નિશ્ચિત થઈ શકતું નથી. જ્ઞાન-વૈરાગ્યનાં પદો કદાચ રામ(ભકત)–૩નાં હોય. જુઓ રામ(ભકત)–૩.

કૃતિ : ૧. નકાદોહન; ૨. પ્રાકાવિનોદ : ૧; ૩. ભજનસાગર : ૨; ૪. ભસાસિંધુ.

સંદર્ભ :૧. ડિકેંટલૉગબીજે; ૨. ડિકેંટલૉગભાવિ; ૩. ફોંહનામાવલિ. [ચ.શે.]

રામકૃષ્ણ–૧ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : વૈષ્ણવ કવિ. સંખેડાના નાગર. અવટંકે મહેતા. તેમનાં ૧૩૦ જેટલાં કૃષ્ણભકિતનાં પદ (એકની ર.ઈ.૧૭૦૧ અને બીજાની ર.ઈ.૧૭૦૮; મુ.) મળે છે. એમનાં પદોમાં ગોપીનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ વ્યકત કરતાં શૃંગારભાવનાં પદોની સંખ્યા વિશેષ છે. આ શૃંગારભાવમાં માધુર્ય અને સંયમ છે. કોઈક પદમાં લોકબોલીનો રણકો ને લોકજીવનનો સ્પર્શ અનુભવાય છે. આ કવિએ માતાના ગરબાઓ જેવા મુખ્યત્વે આસો મહિનામાં આવતાં વિવિધ પર્વોને વિષય બનાવી કૃષ્ણભકિતના ગરબા રચ્યા છે તે નોંધપાત્ર છે. ૧ ગરબાની અંદર ભાઈબીજના દિવસે કૃષ્ણ બહેન સુભદ્રાને ઘરે આવે છે ત્યારે સુભદ્રાનાં ચિત્તમાં ઊઠતા ઊમળકાને કવિએ પ્રાસાદિક ભાષામાં આલેખ્યો છે. 'રાસપંચાધ્યાયી' નામની કૃતિ પણ આ કવિએ રચી છે. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' ૧૨ કડવાંની 'ગજેન્દ્રમોક્ષ'(મુ.) કૃતિ રામકૃષ્ણ–૨ની હોવાનું માને છે, પરંતુ તે આ કવિની કૃતિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. બૃકાદાહન : ૧, ૨, ૩, ૬; ☐ ૨. ફાર્બસ ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૬૫–'અજ્ઞાત વૈષ્ણવ કવિ રામકૃષ્ણ', મંજુલાલ મજમુદાર (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી; ૫. ફોહનામાવલિ. [ચ.શે.]

રામકૃષ્ણ–૨ [ઈ. ૧૭૦૨માં હયાત] : જૂનાગઢના કુંતલપુર (કુંતિયાણા)ના કનોજિયા જ્ઞાતિના બ્રાહ્મણ. પિતા વિશ્રામ. પૂર્વછાયા અને ચોપાઈબંધના કડવાસદૃશ ૧૫ ખંડ ને ૯૬૩ કડીના મહાભારતના 'સ્વર્ગારોહણપર્વ'(ર.ઈ.૧૭૦૨/સં.૧૭૫૮, આસો સુદ ૧૩, ગુરુવાર; મુ.)ના કર્તા. મૂળ કથાનો આછો તંતુ જાળવી કવિએ પાંડવોનાં ધર્મ અને સત્યની કસોટી કરવા માટે નવા પ્રસંગો ઉમેર્યા છે. તેમ જ મધ્યકાલીન ભાવનાઓ અને વિચારો પણ અંદર ગૂંથી લીધાં છે. જુઓ રામકૃષ્ણ–૧

કૃતિ : મહાભારત : ૭, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૪૯(+સં.).

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

રામચંદ્ર(સૂરિ) : આ નામે 'કાલિકાચાર્ય-કથા' (લે.ઈ. ૧૪૬૧) મળે છે તેના કર્તા કયા રામચંદ્રસૂરિ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

રામચંદ્ર(સૂરિ)–૧ [ઈ. ૧૪૬૧માં હયાત] : મડાહગચ્છના જૈન સાધુ. કમલપ્રભના શિષ્ય. ૪૦૦૦ કડીના 'કલ્પસૂત્ર-બાલાવબોધ' (ર.ઈ. ૧૪૬૧)ના કર્તા. આ કૃતિ અમરચંદ્ર તેમ જ આસચંદ્રને નામે પણ નોંધાયેલી છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ૨. મસાપ્રવાહ; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨); ૪. લીંહસૂચી; ૫. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

રામચંદ્ર–૨/રામચંદ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદની પરંપરામાં પદ્મરંગના શિષ્ય. 'મૂલદેવ-ચોપાઈ' (ર.ઈ. ૧૬૫૫), ૩ ઢાલ અને ૩૪ કડીના 'દસપચ્ચખાણનું સ્તવન/દશપ્રત્યાય આખ્યાન-સ્તવન' (ર.ઈ. ૧૬૭૫/સં. ૧૭૩૧, પોષ સુદ ૧૦; મુ.), હિન્દી-રાજસ્થાનીમાં વૈદકને લગતાં 'રામવિનોદ' (ર.ઈ. ૧૬૬૨-૬૩), ૩૯ કડીની 'નાડીપરીક્ષા', ૧૩ કડીની 'માનપરિમાણ' અને 'સારંગધરભાષા/વૈદ્યવિનોદ' (ર.ઈ. ૧૬૭૦/સં. ૧૭૨૬, વૈશાખ સુદ ૧૫)ના કર્તા. 'ઉપદેશકો-રાસો' (ર.ઈ. ૧૬૭૩) એ હિન્દી કૃતિ પણ આ કર્તાની હોવાની શકયતા છે. 'લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચિપત્ર'માં 'દશ પ્રત્યાય આખ્યાન-સ્તવન'ની ર.સં. ૧૭૭૧ નોંધાઈ છે તેમાં છાપભૂલ હોવા સંભવ છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ચૈસ્તસંગ્રહ : ૧; ૩. જિભપ્રકાશ; ૪. દેસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩ (૧, ૨); ૩. ડિકૅટલૉગબીજે; ૪. મુપુગૂહસૂચી; ૫. રાહસૂચી : ૧; ૬. લીંહસૂચી; ૭. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

રામચંદ્ર–૩ [ઈ. ૧૬૭૭ સુધીમાં] : 'કૃષ્ણલીલા' (લે.ઈ. ૧૬૭૭ અનુ.) તથા પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

રામચંદ્ર–૪ [ઈ. ૧૭૩૧ સુધીમાં] : પાર્શ્વગચ્છના જૈન સાધુ. હીરચંદ-ચંદ્રના શિષ્ય. મૂળ નેમિચંદ્રકૃત 'દ્રવ્યસંગ્રહ'ના ૧૧૦૦ ગ્રંથાગ્રના બાલાવબોધ/વ્યાખ્યા (લે ઈ.૧૭૩૧)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

રામચંદ્ર–૫ [ઈ. ૧૮૦૪માં હયાત] : ગુજરાતી લોંકાગચ્છના જૈન સાધુ. લોંકાશાની પરંપરામાં લક્ષ્મીચંદના શિષ્ય. બાળપણમાં માતા-વિહીન બની દેશાંતર સેવનાર તેજસારકુમારના અદ્‌ભુતરસિક જીવન-પ્રસંગોનું આલેખન કરતો, પરંપરાગત છતાં વિવિધ વીગતપ્રચુર વર્ણનો, અવારનવાર ગૂંથાતાં સંસ્કૃત, હિન્દી, ગુજરાતી સુભાષિતોથી તેમ જ ભાષામાં ક્વચિત્ નજરે પડતી હિન્દી-મરાઠીની છાંટથી ધ્યાન ખેંચતો, ૧૦૯ ઢાળનો 'તેજસારનો રાસ' (ર.ઈ. ૧૮૦૪/સં. ૧૮૬૦, ભાદરવા સુદ ૫; મુ.) અને ૫ કડીના ૧ પ્રભાતિયા (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. તેજસારનો રાસ, પ્ર. મોતીચંદ કે. વાંકાનેરવાલા, ઈ. ૧૯૦૦.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસમાળા; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

રામચંદ્ર–૬ [ઈ. ૧૮૨૨માં હયાત] : જૈન. ૫૧ કડીના 'જેસલમેર-સલોકો' (ર.ઈ. ૧૮૨૨/સં. ૧૮૭૮, કારતક સુદ ૧૫, મંગળ/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, નવે. ૧૯૪૭ લાંબી 'છૈ ઔર સિલોકૈ', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

રામચંદ્ર–૭ [ઈ. ૧૮૪૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. 'પાંચ ચરિત્ર ૩૬ દ્વાર-બાલાવબોધ' (ર.ઈ. ૧૮૪૪/સં. ૧૯૦૦, કારતક વદ ૨)ના કર્તા. તેઓ રામચંદ્ર–૮ હોવાની સંભાવના છે પરંતુ એ વિશે કંઈ કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬-'જેસલમેરકે જૈન જ્ઞાન ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદજી નાહટા. [શ્રા.ત્રિ.]

રામચંદ્ર–૮ [ઈ. ૧૯મો સદી મધ્યભાગ] : ખરતરગચ્છની ક્ષેમકીર્તિ શાખાના જૈન સાધુ. શિવચંદના શિષ્ય. ૧૦ કડીની 'દશાર્ણભદ્રની સઝાય'(મુ.), ૧૦ કડીનું 'શ્રી ફલવર્ધિમંડન પાર્શ્વજિન-સ્તવન'(મુ.), રાજસ્થાની અસર દર્શાવતી 'કર્મબંધવિચાર' (ર.ઈ. ૧૮૫૧/સં. ૧૯૦૭ કારતક–પ) અને 'તેર કાઠિયા-સઝાય' (ર.ઈ. ૧૮૫૪/સં. ૧૯૧૦, ભાદરવા સુદ ૧૦) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. પ્રાસ્તસંગ્રહ; ૨. ષટદ્રવ્યનયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, ઈ. ૧૯૧૩.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રામચંદ્ર–૯ [સં. ૧૯મી સદી] : અમદાવાદના વતની. જ્ઞાતિએ બારોટ. ટોપીવાળાનાં કવિતના રચયિતા. એમાં કાઠિયાવાડનાં રાજ્યો પર અંગ્રેજોએ પોતાની હકૂમત જમાવી તેનું અને કંપની સરકારના પ્રભાવનું વર્ણન છે. ભાષામાં હિંદીની છાંટ છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨.☐ ૨. ગૂહાયાદી : ૩; ફાહનામાવલિ : ૧. [ચ.શે]

રામચંદ્ર(મુનિ)(ઉપાધ્યાય)–૧૦ [ ] : ઉપકેશગચ્છના જૈન સાધુ. કક્કસૂરિના શિષ્ય. ૯૨ કડીના 'નવકારમહામંત્ર-રાસ' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ક્રા.ત્રિ.]

રામચંદ્ર(બ્રહ્મચારી) –૧૧ [ ] : 'સાહેલી-સંવાદ'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [નિ.વો.]

રામચંદ્ર–૧૨ [ ] : જૈન. અવટંકે ચૌધરી. ૧૮૭૫ ગ્રંથાગ્રની 'ચતુર્વિંશતિજિન-પૂજા'ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [ક્રા.ત્રિ.]

રામજી : આ નામે 'નાગદમન' (લે. સં. ૧૯મી સદી અનુ.) અને 'સુભાષિતો' (લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [ક્રા.ત્રિ.]

રામદાસ : આ નામે 'નવરસ' તથા કેટલાંક કૃષ્ણભક્તિ અને જ્ઞાન-વૈરાગ્યનાં પદ(૩ મુ.) મળે છે. તેમના કર્તા કયા રામદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૧-૨; ૩. ફાંહનામાવલિ. [નિ.વો.]

રામદાસ–૧ [ઈ. ૧૬મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ખંભાતના વતની. તેઓ વિઠ્ઠલનાથજી (ઈ. ૧૫૧૬-૧૫૮૬)ના સમયમાં હયાત હતા. 'મધુકરના મહિના/મધુકરના ૧૨ માસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પુગુસાહિત્યકારો;☐ ૩. ગૂહાયાદી; ૪. ફોંહનામાવલિ. [ચ.શે.]

રામદાસ–૨ : જુઓ રામ(ભક્ત)–૩.

રામદાસ–૩ [ઈ. ૧૬૩૭માં હયાત] : ગુજરાતી લોંકાગચ્છના જૈન સાધુ. રૂપજીની પરંપરામાં ઉત્તમના શિષ્ય. ૪ ખંડ અને ૮૨૩ કડીના 'પુણ્યપાલનો રાસ' (ર.ઈ. ૧૬૩૭/સં.૧૬૯૩, જેઠ વદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

આ નામે મળતું, હિન્દીની અસરવાળું ૪ કડીનું ૧ પદ(મુ.) અને ૯૩ કડીનું 'કર્મરેખાભવાની-ચરિત્ર' એ કૃતિઓ પણ આ રામદાસની હોવા સંભવ છે.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા; ☐ ૩. કૅટલૉગગુરા; ૪. જૈગૂકવિઓ : ૩(૧, ૩). [ક્રા.ત્રિ]

રામદાસ–૪ [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના સંત કવિ. તેમણે ઘણાં પદો રચ્યાં હોવાનું કહેવાય છે.

સંદર્ભ : ૧. મસાપ્રવાહ; ૨. સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઇતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશજ્ઞદાસ, ઈ. ૧૯૭૪ (બીજી આ.). [ચ.શે]

રામદાસસુત [ઈ. ૧૫૯૩માં હયાત] : ભરૂચના વતની. મન્થ/મન્ય એવું એમનું નામ હોવાનું કહેવાય છે. પણ એ બહુ આધારભૂત નથી. એમનું ૧૫ કડવાંનું 'અંબરીષ-આખ્યાન' (ર.ઈ.૧૫૯૩/સં. ૧૬૪૯, શ્રાવણ સુદ ૧૦) સંકલનાની દૃષ્ટિએ શિથિલ, પરંતુ અન્ય અંબરીષકથા પર રચાયેલાં આખ્યાનો કરતાં વર્ણનો ને ભાષાના લાલિત્યમાં જુદી ભાત પાડે છે. 'કૃષ્ણલીલા' કૃતિ પણ એમણે રચી છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨, ૨. ગુજૂકહકીકત; ૩. ગુસા-ઇતિહાસ : ૨; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; ૬. સંશોધન અને અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૬–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અંબરીષકથા.' [ચ.શે.]

રામદેવ [ ] : મહિના અને પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભાવિ; ૩. ફોંહનામાવલિ. [જ.ગા.]

'રામદેવનો વેશ' : 'રામદેશનો વેશ' તરીકે પણ જાણીતો અસાઈતકૃત આ ભવાઈવેશ(મુ.) બધા ભવાઈવેશોમાં સૌથી લાંબો, સામાન્ય રીતે વહેલી પરોઢે અને ભવાઈની પૂર્ણાહુતિ વખતે છેલ્લે ભજવાતો વેશ છે. કોઈ ચોક્કસ કથાને બદલે વિવિધ વિષયો અંગેની માહિતી, વ્યવહારિક ડહાપણનાં સુભાષિતો અને સમસ્યાવાળી બેતબાજીથી લગભગ આખો વેશ ભરેલો છે. વેશના પ્રારંભમાં કવિત અને દુહાઓમાં નવનિધ, ચૌદ વિદ્યા, બાર બાણાવળી, પૃથ્વીનું માપ, પૃથ્વીની વહેંચણી, સૃષ્ટિની ઉત્પત્તિ, રજપૂતોની ઉત્પત્તિ, રજપૂતોની જુદી-જુદી જાતિઓ, પૃથ્વીનાં વિવિધ નામ, નવ ખંડ, રજપૂત રાજવંશોની વંશાવળીઓ વગેરે અનેક વિષયોની માહિતી અપાઈ છે, અને એ માહિતીઓની વચ્ચેવચ્ચે વ્યવહારુ ઉપદેશનાં સુભાષિતો આવે છે. જેમ કે, પર્વતથી ઊંચું કોણ? તો તપ. ચંદ્રથી નિર્મળ કોણ? તો દાન. ઝેરથી કડવું કોણ? તો દુષ્ટ માણસ વગેરે. આ માહિતી-સુભાષિતોની વચ્ચે પૃથ્વીની ઉત્પત્તિની, પૃથ્વીના ખંડોની, ચાર ભાઈબંધોની વાર્તાઓ ગદ્યમાં મુકાઈ છે. વેશના અંતિમ ભાગમાં ધોધાના રાજકુંવર રામદેવ/રામદેશ અને પાવાગઢ/પાલવગઢની રાજ-કુંવરી સલુણા વચ્ચેના પ્રેમ અને લગ્નની કથા આલેખાઈ છે. કથા તો અહીં નિમિત્ત છે. એ બહાને રામદેવ અને સલુણા વચ્ચેના સંવાદ રૂપે દુહા અને છપ્પામાં અનેક સમસ્યાઓની આતશબાજી ઉડાવવામાં આવી છે. સમસ્યાબાજી પૂરી થયા પછી રામદેવ ને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સલુણાના લગ્ન નિમિત્તે લગ્નગીતો આવે છે અને મહિના, વાર, તિથિ પણ આવે છે

વેશની ઉપલબ્ધ થતી વિવિધ વાચનાઓ મૂળ વેશમાં ઘણાં ઉમેરણ થયાં હોવાનું સૂચવે છે. કેટલાંક કવિતોમાં કરુણાનંદ કે પિંગલ એવી નામછાપ પણ મળે છે. [જ.ગા.]

રામનાથ : આ નામે કૃષ્ણભક્તિનાં પદ (૬ કડીનું ૧ પદ મુ) તથા ૮ કડીની માતાજીની સ્તુતિ(મુ) મળે છે. આ કૃતિઓના કર્તા કયા રામનાથ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ૧. સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬–'ગુજરાતી કવિઓનાં પ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ; ☐ ૨. ગૂહાયાદી. [ક્રા.ત્રિ.]

રામનાથ–૧ [ઈ. ૧૭૪૪ સુધીમાં] : સુરતના શિવઉપાસક. તેમના અવસાન બાદ, તેમના શિષ્ય રાજગીરે ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦, મહા સુદ ૫ ને સોમવારે એક શિવાલયમાં શિવપ્રતિમા પધરાવી તેને 'રામનાથ મહાદેવ' નામ આપેલું. તેમણે ઘણાં પદો અને વચનામૃતો રચ્યાં હતા.

સંદર્ભ : ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૯–'સુરતના કેટલાંક સંતો અને ભકતકવિઓ,' માણેકલાલ શં. રાણા. [ક્રા.ત્રિ.]

રામનાથ–૨ [ઈ. ૧૭૬૯માં હયાત] : યજુર્વેદી બ્રાહ્મણ. ૪૮૦ કડીના 'રણછોડજીનું આખ્યાન' (૨.ઈ. ૧૭૬૯/સં. ૧૮૨૫, માગશર વદ ૧૧, શનિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : સ્વાધ્યાય, ઑકટો. ૧૯૭૬–'રામનાથકૃત રણછોડજીનું આખ્યાન', સં. મગનભાઈ દે. દેસાઈ. [ક્રા.ત્રિ.]

'રામબાલચરિત' : આ નામે મુદ્રિત સ્વરૂપે મળતાં ભાલણનાં ૪૦ પદ ને એમાંનાં ૬ 'રામલીલા'ને નામે મુદ્રિત રૂપે મળતાં ૧૫ પદવાળી આ કૃતિ કવિની અપૂર્ણ રહેલી ને અંતિમ કૃતિ હોવાનું અનુમાન છે. રામના જીવન સાથે સંબંધિત આ પદોમાં રામના જન્મથી સીતા-સ્વયંવર સુધીના રામજીવનના પ્રસંગો આલેખાયા છે ખરા, પરંતુ કથાકથન કરતાં ભાવનિરૂપણ પરત્વે કવિનું લક્ષ છે એટલે પ્રસંગ તો વિશેષત: ભાવનિરૂપણ માટેનું આલંબન બની રહે છે. જો કે ૩૦થી ૪૦ સુધીનાં પદોમાં કથનનું પ્રાધાન્ય અનુભવાય છે.

કવિની ઉત્તમ રચનાઓમાં ગણાતી આ કૃતિનો આસ્વાદ્ય અંશ એમાં થયેલું વાત્સલ્યરસનું નિરૂપણ છે. રામના જન્મથી કૌશલ્યા, દશરથ ને અયોધ્યાવાસીઓના હૃદયમાં જન્મતો આનંદ, બાળક રામે કૌશલ્યા પાસે કરેલાં તોફાન, રામને માટે ચિંતિત બની ઊઠતી કૌશલ્યા વગેરેનું હૃદયંગમ આલેખન કવિએ કર્યું છે. એમાં બાળક રામનાં તોફાનોનું આલેખન કરતી વખતે બાળસ્વભાવ ને બાળચેષ્ટાઓનાં સ્વાભાવોકિતવાળાં જે ચિત્રો કવિએ આલેખ્યાં છે તે કવિની સૂક્ષ્મ નિરીક્ષણશકિતનાં દ્યોતક છે. જેમ કે સુમિત્રાએ લાવેલી શેરડીના કટકા બાજુએ મૂકી 'પાળી' ચાવતા રામ, પગે બાંધેલા ઘૂઘરાના અવાજથી ચમકતા રામ, હાથની કુમળી આંગળીઓ 'ચણિયારે ઘાલતા રામ' વગેરે એનાં દૃષ્ટાંત છે. પદમાધુર્ય પણ આ પદોનું આકર્ષક તત્ત્વ છે. ભાવનિરૂપણ વખતે કવિની આત્મલક્ષિતા વખતોવખત બહાર તરી આવે છે, જે કવિના હૃદયમાં રહેલી રામભકિતની દ્યોતક છે. [ક્રા.ત્રિ.]

રામવર્ધન [ઈ. ૧૭૮૩માં હયાત] : જૈન સાધુ. ૧૦ કડીના 'નેમિ-જિન-સ્તવન' (૨.ઈ.૧૭૮૩)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [ક્રા.ત્રિ.]

રામવિજય : આ નામે મૂળ સંસ્કૃત રચના 'ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર-અષ્ટમપર્વ-અરિષ્ટનેમિજિનચરિત્ર'નો સ્તબક (૨.ઈ. ૧૭૬૮), ૨૭ કડીની 'ત્રણતત્ત્વ-સઝાય' (લે. ઈ. ૧૮૧૩), ૯ કડીનું 'ઉત્તરાધ્યયન-સૂત્ર ૩૬ અધ્યયન ૩૬ ભાસ' (લે. ઈ. ૧૮૨૮), ૬ કડીનું 'ગોડી-જિન-સ્તવન'(મુ.), ૯ કડીની 'નિદ્રાની સઝાય'(મુ.), ૧૩ કડીની 'રુકિમણીની સઝાય'(મુ.), ૧૧ કડીની 'વિજયક્ષમાસૂરિ-સઝાય', ૯/૧૦ કડીનું 'વિજયધર્મસૂરિગીત/સઝાય', ૨૦ ગ્રંથાગ્રનું 'શીતલજિન-સ્તવન' (લે. ઈ. ૧૭૨૧) અને નેમરાજુલ, આદિજિન, પંચાસરા, પાર્શ્વનાથ વગેરેને વિષય બનાવતી સઝાયો મળે છે. વાચક 'રામ-વિજય'ને નામે ૯ કડીની 'ગહૂંલી'(મુ.), ૯ કડીનું 'ગિરનારભૂષણ નેમનાથનું સ્તવન'(મુ.), ૧૧ કડીની 'વિનયની સઝાય'(મુ.), ૭ કડીનું 'શત્રુંજય/સિદ્ધાચળનું સ્તવન'(મુ.) અને ૯ કડીનું 'સીમંધરજિન-સ્તવન'(મુ.) મળે છે.

તપગચ્છની ગુરુપરંપરાને અનુલક્ષી ૧૧ કડીની 'વિજયક્ષમાસૂરિ-સઝાય', ૯/૧૦ કડીની 'વિજયધર્મસૂરિ-ગીત/સઝાય' તથા 'ત્રિષષ્ટિ-સલાકાપુરુષચરિત્ર-અષ્ટમપર્વ-અરિષ્ટનેમિજિનચરિત્રનો સ્તબક'ના કર્તા તપગચ્છના રંગવિજયના શિષ્ય રામવિજય હોવાની શકયતા છે. 'વાચક રામવિજય'ને નામે મળતી કૃતિઓના કર્તા સુમતિવિજયશિષ્ય રામવિજય હોવાની શકયતા છે. અન્ય કૃતિઓના કર્તા કયા રામ-વિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧; ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. જિસ્તકાસંદોહ : ૨; ૪. જૈકાપ્રકાશ : ૧; ૫. જૈકાસંગ્રહ; ૬. પ્રાસ્તસંગ્રહ; ૭. રત્નસાર : ૨; ૮. લઘુ ચોવીશી વીશી સંગ્રહ, પ્ર.શા. કુંવરજી આણંદજી, ઈ. ૧૯૩૯; ૯. સિસ્તવનાવલી.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ક્રા.ત્રિ.]

રામવિજય–૧ [ઈ. ૧૬૫૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વાચક કનકવિજયના શિષ્ય. 'વિજયદેવસૂરિનિર્વાણ-સઝાય' (૨.ઈ. ૧૬૫૬/સં. ૧૭૧૨, આસો વદ ૨), ૩૦ કડીની 'અનાથી મુનિની સઝાય' (મુ.) અને ૧૬ કડીની 'મેતારજમુનિની સઝાય'(મુ)ના કર્તા.

કૃતિ : ૧. જિભપ્રકાશ; ૨. જૈસસંગ્રહ(ન); ૩. સઝાયમાળા(પં).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. લીંહસૂચી. [ક્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રામવિજય–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં સુમતિવિજયના શિષ્ય. યશોવિજયના સમકાલીન. યશોવિજયજી તેમની લોકપ્રિય વ્યાખ્યાનશૈલીના પ્રશંસક હતા. 'તેજપાલ-રાસ'(૨.ઈ.૧૭૦૪), 'ધર્મદત્તઋષિ-રાસ' (૨.ઈ.૧૭૧૦), ૬ ખંડમાં વહેંચાયેલો 'શાંતિનાથ ભગવાનનો રાસ'←(૨.ઈ.૧૭૨૯ /સં. ૧૭૮૫, વૈશાખ સુદ ૭, ગુરુવાર; મુ.), ઈ. ૧૭૩૨/સં. ૧૭૮૮, આસો વદ સાતમે સ્વર્ગવાસ પામેલા લક્ષ્મીસાગરસૂરિના જીવનને વર્ણવતો, ૧૨ ઢાળનો 'લક્ષ્મીસાગરસૂરિ-નિર્વાણ-રાસ'(મુ.) જેવી રાસકૃતિઓ તેમની પાસેથી મળે છે. આ ઉપરાંત 'ચોવીસી' (૨.ઈ.૧૭૦૪ આસપાસ; મુ.), ૨૦ 'વિહરમાન-સ્તવન/વીશી', ૮ કડીની 'શિખામણની સઝાય'(મુ.), ૮ કડીનું 'મહાવીરસ્વામીનું સ્તવ'(મુ.), ૧૫ કડીની 'ગોડીપાર્શ્વનમસ્કાર-સ્તુતિ'(મુ.), ૭ કડીનું 'અજિતનાથનું સ્તવન', સાત નય ઉપર મોટી સઝાયો, આદીશ્વર, ગોડીપાર્શ્વનાથ, સિદ્ધચક્ર આદિને અનુલક્ષીને સ્તવનો(મુ.), ૭ કડીની 'વીરને વિનતિ'(મુ.) અને ચૈત્યવંદનો(મુ.) તથા 'નેમિનાથચરિત્ર-બાલાવબોધ' વગેરે કૃતિઓ મળે છે. ઈ. ૧૭૨૫માં તેમણે સંસ્કૃતમાં 'ઉપદેશમાલા' પર વૃત્તિ (૨.ઈ.૧૭૨૫; મુ.) પણ રચી છે.

કૃતિ : ૧. અસ્તમંજુષા, ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. જિભપ્રકાશ; ૪. જિસ્તકાસંદોહ : ૨; ૫. જૈઐરાસમાળા : ૧; ૬. જૈન કથારત્નકોષ : ૮, સં. ખીમજી ભી. માણેક, ઈ. ૧૮૯૩; ૭. જૈપ્રપુસ્તક : ૧; ૮. જૈરસંગ્રહ; ૯. દેસ્તસંગ્રહ; ૧૦.પ્રાસપસંગ્રહ : ૧; ૧૧. સસન્મિત્ર(ઝ); ☐ ૧૨. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ, ઓગસ્ટ ૧૯૧૪–'આત્મનિંદા ને વીરને વિનંતી.'

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈગૂસારત્નો : ૧; ૪. જૈસાઈતિહાસ; ☐ ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. ડિકૅટલૉગભીંજે; ૭. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

રામવિજય–૩ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિમલવિજય(ઉપાધ્યાય)ના શિષ્ય. ૫૪ કડીની 'ભરતબાહુબલીનું દ્વિઢાળિયું/બાહુબલ-સઝાય' (૨.ઈ. ૧૭૧૫/સં. ૧૭૭૧, ભાદરવા સુદ ૧, રવિવાર; મુ.), ૬૩/૬૪ કડીની 'ગોડીપાસ-સ્તવન/છંદ' (૨.ઈ. ૧૭૧૬/સં. ૧૭૭૨, આસો સુદ ૧૦), ૩ ઢાળનું 'મહાવીરસ્વામીના પંચકલ્યાણકનું સ્તવન/વીરજિન પંચકલ્યાણક' (૨.ઈ. ૧૭૧૭/સં. ૧૭૭૩, અસાડ સુદ ૫; મુ.), ૭૩ કડીનો 'વિજયરત્નસૂરિ-રાસ/સઝાય' (૨.ઈ.૧૭૧૭/સં. ૧૭૭૩, ભાદરવા સુદ ૨ પછી; મુ.), ૪ ઢાલનું '(૨૪ તીર્થંકરનું) આંતરાનું સ્તવન' (૨.ઈ. ૧૭૧૭; મુ.), ૫ કડીની 'કુમતિ વિશે સઝાય'(મુ.), ૧૫ કડીની 'ખંધકમુનિની સઝાય', ૬ કડીનું 'ચંદ્રપ્રભસ્વામીનું સ્તવન'(મુ.), 'ચોવીશી' (સ્વલિખિતપ્રત; મુ.), ૯ કડીની 'રોહિણી તપ-સઝાય'(મુ.) એ કૃતિઓના કર્તા. તેમની પાસેથી હિન્દીમાં ૫ કડીનું 'ધર્મજિન-સ્તવન'(મુ.), ૫ કડીની 'પાર્શ્વનાથજીની હોરી' અને ૫ કડીનું 'મલ્લિજિન-સ્તવન'(મુ.) મળે છે.

કૃતિ : ૧. અસ્તમંજુષા; ૨. ઐસમાલા : ૧; ૩. (શ્રી)ગોડીપાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારકગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ. ૧૯૬૨; ૪. ચૈસ્તસંગ્રહ : ૨, ૩; ૫. જિભપ્રકાશ; ૬. જિસ્તકાસંદોહ : ૨; ૭. જિસ્તમાલા; ૮. જિસ્તસંગ્રહ; ૯. જૈકાપ્રકાશ : ૧; ૧૦. જૈગૂસારત્નો:૧; ૧૧. જૈપ્રપુસ્તક: ૧; ૧૨. જૈસમાલા(શા) : ૩; ૧૩. જૈસસંગ્રહ(ન); ૧૪. દેસ્તસંગ્રહ; ૧૫. લઘુચોવીશી વીશી સંગ્રહ, પ્ર. કુંવરજી આણંદજી, ઈ. ૧૯૩૯; ૧૬. સસન્મિત્ર(ઝ); ☐ ૧૭. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરેલ્ડ, ઑગસ્ટ ૧૯૧૪–'વીરભક્તિ', સં. નિર્મળાબહેન.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. દેસુરાસમાળા; ૩. પાંગુહસ્તલેખો; ☐ ૪. આલિસ્ટઑઇ : ૨; ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. મુપુગૂહસૂચી: ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

રામવિજય–૪/રૂપચંદ [ઈ. ૧૮મી સદી] : ખરતરગચ્છની ક્ષેમકીર્તિશાખાના જૈન સાધુ. શાંતિહર્ષની પરંપરામાં દયાસિંહ-અભયસિંહના શિષ્ય. જૈન હોવા છતાં સંસ્કૃતનાં શૃંગારપ્રધાન કાવ્યો પર તેમણે લખેલા બાલાવબોધ ધ્યાનાર્હ છે. 'ભર્તૃહરિશતકત્રય-બાલાવબોધ' (૨.ઈ. ૧૭૩૧/સં. ૧૭૮૮, કારતક વદ ૧૩), 'અમરુશતક-બાલાવબોધ' (૨.ઈ.૧૭૩૫/સં. ૧૭૯૧, આસો સુદ ૧૨), 'ભક્તામરસ્તોત્ર-બાલાવબોધ' (૨.ઈ. ૧૭૫૫/સં. ૧૮૧૧, જેઠ સુદ ૧૧), ૨૧ કડીના 'ત્રિપુરાસ્તોત્ર' પરનો હિન્દી સ્તબક (૨.ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, મહા વદ ૨, સોમવાર), 'સમયસર-બાલાવબોધ' (૨.ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, આસો–), 'નવતત્ત્વ-બાલાવબોધ' (૨.ઈ. ૧૭૭૮), 'મહાવીર ૭૨ વર્ષાયુ ખુલાસા-પત્ર', 'વિવાહ પડલભાષા' એમની આ પ્રકારની રચનાઓ છે. એ સિવાય ૪૯૫ કડીનો 'ચિત્રસેનપદ્માવતી-રાસ' (૨.ઈ. ૧૭૫૮/સં. ૧૮૧૪, પોષ સુદ ૧૦), ૯ ઢાળ અને ૪૭ કડીનો 'નેમિનવરસો'(મુ.) જેવી રચનાઓ અને 'આબુયાત્રા-સ્તવન' (૨.ઈ. ૧૭૬૫), 'ફલોધિ પાર્શ્વ-સ્તવન' (૨.ઈ. ૧૭૬૭/સં. ૧૮૨૩, માગશર વદ ૮), ૧૪ કડીનું 'અલ્પબહુત્વ-સ્તવન', ૩૨ કડીનું 'નયનિક્ષેપા-સ્તવન', 'સહસ્રકૂટ-સ્તવન' જેવાં સ્તવનો પણ તેમની પાસેથી મળ્યાં છે. 'ગૌતમીય-મહાકાવ્ય' (૨.ઈ. ૧૭૫૧), 'ગુણમાલાપ્રકરણ' (૨.ઈ. ૧૭૫૮), 'ચતુર્વિંશતિજિનસ્તુતિ-પંચાશિકા' (૨.ઈ. ૧૭૫૮) તેમની સંસ્કૃત રચનાઓ છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩ (૧, ૨); ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

રામવિજય–૫ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવ/વિજયધર્મની પરંપરામાં રંગવિજયના શિષ્ય. મૂળ હેમચંદ્રસૂરિના 'પરિશિષ્ટપર્વ(ત્રિષષ્ટિ)'ના સ્તબક (૨.ઈ. ૧૭૪૬/૧૭૭૮) અને મૂળ જિનકીર્તિસૂરિની ઈ. ૧૭૭૪ની સંસ્કૃત રચના 'ધન્યશાલિભદ્ર-ચરિત્ર (દાનકલ્પદ્રમ)' પરના ૯ પલ્લવના સ્તબક (૨.ઈ. ૧૭૭૭ /૧૭૭૯)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

રામવિજય(મુનિ)–૬ [ ] : જૈન સાધુ. વિજયઉદયસૂરિના શિષ્ય. ૧૧ કડીની ગુરુવિષયક 'ગહૂંલી'(મુ.)ના કર્તા. તપગચ્છના વિજયાણંદસૂરિની પરંપરાના વિજયઉદયસૂરિ (અવ. ઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૮૧) અને આ વિજયઉદયસૂરિ એક હોય તો આ કર્તાને ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધમાં મૂકી શકાય.

કૃતિ : ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ, ભાગ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

રામવિજય–૭ [ ] : જૈન સાધુ. પ્રેમવિજયના શિષ્ય. ૧૨૯ કડીની 'અષ્ટપ્રકારીપૂજા' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભીજે. [શ્રા.ત્રિ.]

રામવિમલ [ઈ. ૧૭૦૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયરત્નની પરંપરામાં કુશલવિમલના શિષ્ય. ૬૫ કડીના 'સૌભાગ્યવિજયનિર્વાણ-રાસ (સાધુગુણ-રાસ)' (૨.ઈ. ૧૭૦૬/સં. ૧૭૬૨, ફાગણ વદ ૭; સ્વલિખિતપ્રત) અને ૭ કડીના 'ઋષભજિન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૩૭-'દો ઐતિહાસિક રાસોંકા સાર', અગરચંદ નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨); ૪. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

રામશંકર [ ] : અવટંકે ભટ્ટ. જ્ઞાતિએ બ્રાહ્મણ. ઢાળ અને સાખી બંધવાળાં ૬ કડવાંના 'પારવતી-વિવાહ'(મુ.)ના કર્તા.

કૃતિ : નકાદોહન. [નિ.વો.]

રામશિષ્ય [ ] : ૫ કડીના 'સિદ્ધચક્રનું સ્તવન/આંબેલની ઓળીનું સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈકાસંગ્રહ; ૩. સસન્મિત્ર(ઝ). [શ્રા.ત્રિ.]

રામસિંહ [ઈ. ૧૮૪૩ સુધીમાં] : જૈન. ૭ કડીના 'ચતુર્વિંશતિજિન ગણધર-સ્તવન' (લે.ઈ.૧૮૪૩)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

રામા(કર્ણવેધી) [અવ. ઈ. ૧૫૩૮] : કડવાગચ્છના જૈન સાધુ. ઈ. ૧૫૩૦માં થરાદમાં તેમણે ખીમા શાહથી જુદા પડી કડવામતની જુદી શાખા શરૂ કરેલી. તેમની પાસેથી 'વીરવિવાહલો/વીરનાહ-વિવાહલું' (૨.ઈ. ૧૫૩૬/૧૫૩૮), 'લુંપક હુંડી' (૨.ઈ. ૧૫૩૬) અને 'પરી પુનાંકો દિએ હુએ પત્ર'–એ કૃતિઓ મળી છે.

સંદર્ભ : ૧. કડુઆમતીગચ્છ પટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯;☐ ૨. જૈન સત્યપ્રકાશ, જૂન, ૧૯૫૩-'કડુઆમત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

રામાનંદ : આ નામે 'પંચકોપવર્ણન' તથા ગુજરાતી-હિન્દી પદો (૩ મુ.) મળે છે.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભાવિ. [ચ.શે.]

'રામાયણ'–૧ : જુઓ કર્માણ(મંત્રી)કૃત 'સીતાહરણ'.

'રામાયણ'–૨ [૨.ઈ. ૧૮૩૭/સં. ૧૮૯૩, માગશર વદ ૯, રવિવાર] : ગરબડદાસના પુત્ર ગિરધરકૃત 'અધ્યાય' નામક ૨૯૯ કડવાં અને ચોપાઈને નામે ઓળખાવાયેલી વિવિધ દેશીબંધની ૯૫૫૧ કડીની આ આખ્યાનકૃતિ(મુ.) ગુજરાતી પ્રજામાં અસાધારણ પ્રચાર પામેલી રામકથા છે. આ કૃતિમાં કવિએ વાલ્મીકિ રામાયણ, હનુમાન્નાટક, પદ્મપુરાણ, અગ્નિપુરાણ, યોગવાશિષ્ઠ, શ્રીમદ્ ભાગવત, હરિવંશ, આનંદરામાયણ વગેરેનો તેમ જ અત્રતત્ર રામચરિતમાનસ, અધ્યાત્મરામાયણ, ગીતાવલી, મહાભારત વગેરેનો આધાર લીધો છે. કવિએ પોતે આધારસ્થાનોનો નિર્દેશ કર્યો છે તેમાં ક્યાંક સરતચૂક પણ થયેલી છે. કવિએ નાકર, શ્રીધર, પ્રેમાનંદ, શામળ, કૃષ્ણાબાઈ, દયારામ એ પુરોગામીઓની પણ અસર, પ્રસંગો અને શૈલી પરત્વે, ઝીલી છે. આ સર્વગ્રાહી સભરતાથી કૃતિ મધ્યકાલીન પરંપરામાં જુદી તરી આવે છે

મૂળ કથાવસ્તુમાં કવિએ કેટલાક ફેરફાર ને કેટલાંક ઉમેરણો પણ કર્યાં છે. જેમ કે, અહલ્યાપ્રસંગમાં રામના ચરણસ્પર્શને બદલે રામની ચરણરજ પવનમાં ઊડીને શલ્યાને સ્પર્શી જતાં અહલ્યા થઈ એવું નિરૂપણ કવિ કરે છે. અશ્વમેધવૃત્તાંતમાં નાનકડો મૌલિક વિનોદપ્રસંગ મળે છે : અશ્વ પર બાંધેલા પતરામાં "સ્ત્રીવિપ્રસાધુજન સાથે યુદ્ધ ન કરીશ વીર" લખેલું જોઈ રામનો સાળો લક્ષ્મીનિધિ તાડિકાવધને યાદ કરાવી મશ્કરી કરે છે ત્યારે રામ જવાબ આપે છે કે તમે જનક-વિદેહીના પુત્ર વીરરસમાં ન સમજો. રામબાલચરિત્ર તથા અધ્યાત્મ-રામાયણને અનુસરતો તત્ત્વવિચાર એ પણ ગિરધરના આ રામાયણની વિશિષ્ટતા છે.

પાત્રો પરત્વે મૂળનું યથાતથ પ્રતિબિંબ ઝીલવાનો કવિએ પ્રયત્ન કર્યો છે પરંતુ કથાપ્રસંગો અનેક ઠેકાણેથી ઉપાડ્યા હોવાથી પાત્રો વાલ્મીકિરામાયણનાં સીધાં અનુકરણ જેવાં ન લાગતાં વૈવિધ્યસભર રેખાઓવાળાં બન્યાં છે. પોતાના સમયની સામાજિકતાનું કવિએ પાત્રોમાં આરોપણ થવા દીધું છે. છતાં પાત્રોના મૂળ વ્યક્તિતત્વ જરાય જોખમાતાં નથી. પાત્રો છેક દેવકોટિનાં અને રાક્ષસકોટિનાં નહીં પરંતુ માનવકોટિનાં બની રહ્યાં છે. પ્રતાપી અને ભવ્ય પાત્રોમાં માનવસહજ નિર્બળતાનો તો દાનવકોટિનાં પાત્રોમાં માનવસહજ લાગણીશીલતાનું કવિએ આલેખન કર્યું છે. માનવીય આકાંક્ષાઓ, ચિત્તવૃત્તિનાં ધમસાણો, સબળતા-નિર્બળતા વગેરેનું આ આલેખન રસપ્રદ બન્યું છે.

કૃતિમાં કરણ, શાંત, વીર અને શૃંગારરસ મુખ્ય છે. શાંત અને કરુણમાં કવિની પ્રતિભાનો અંશ સવિશેષ જોવા મળે છે. મધ્યકાલીન પરંપરાની અલંકારસમૃદ્ધિ અને વર્ણનસિદ્ધિ પણ આ કૃતિના નોંધપાત્ર અંશો છે. કવિની બાનીમાં સંસ્કૃત અને હિન્દી ભાષાનો પ્રભાવ છે. [દે.જો.]

'રામાયણ'–૩ (૨.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, આસો સુદ ૧૦, ગુરુવાર] : ૧૨૫ જેટલાં કડવાં ને ૫૦૦૦ જેટલી કડીઓ ધરાવતી વીકા-સુત નાકરની આ કૃતિ ખંડિત રૂપે પ્રાપ્ત થયેલી છે. બાલકાંડ અને અયોધ્યાકાંડ ભેગા થઈ જવાથી એ કુલ ૬ કાંડ ધરાવે છે. છેલ્લા ઉત્તરકાંડનું કર્તૃત્વ નાકરનું હશે કે કેમ એ વિશે શંકા થાય છે, કેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે કૃતિનો રચનાસમય પાંચમા યુદ્ધકાંડને અંતે દર્શાવાય છે. ઉત્તરકાંડમાં 'ભીમકવિ', 'કૃષ્ણભીમ' એવા ઉલ્લેખો મળે, એમાં વાલ્મીકિ-રામાયણને વળગીને માત્ર કથાસાર આપવામાં આવ્યો છે ને આગળના કાંડે જેવી પ્રવાહિતા એમાં નથી.

મૂળ રામકથાને પ્રવાહી અને ભાવવાહી રીતે રજૂ કરતી આ કૃતિમાં કવિએ કથાપ્રસંગોમાં કેટલાક ફેરફારો પણ કર્યા છે. હનુમાન એની માતા અંજનીને રામકથા કહી સંભળાવે છે એવું નિરૂપી એમણે કથાની ભૂમિકામાં મહત્ત્વનો ફેરફાર કર્યો છે, તે ઉપરાંત કેટલાક પ્રસંગોને એમના મૂળ સાહજિક ક્રમમાં મૂકી સરળતા સાધી છે. જેમ કે, મૂળમાં શ્રાવણકથા અયોધ્યાકાંડમાં પાછળથી, પૂર્વે બનેલી ઘટના તરીકે આવે છે, અહીં એ કથાને આગળ લઈ લેવામાં આવી છે. કેટલાક પ્રસંગો કવિએ ટાળ્યા છે, તો ક્વચિત્ નવા દાખલ કર્યા છે. મહાભારતની હરિશ્ચન્દ્રકથા કવિએ અહીં દાખલ કરી છે, સંભવતઃ રામ સમક્ષ રજૂ થયેલી દૃષ્ટાંતકથા તરીકે. ભયભીત થતા રાવણને આવેલું સ્વપ્ન, અંગદવિષ્ટિ પ્રસંગે કૃત્રિમ સીતાને સભામાં લાવવી વગેરે કેટલાક પ્રસંગો કવિકલ્પિત જણાય છે. શ્રાવણને એની પત્ની સાથે માબાપને રાખવા કે તજી દેવા અંગે સંવાદ થાય છે એવું નાકર આલેખે છે તેમાં પૌરાણિક કૃતિમાં સમકાલીન જીવનના રંગો ભરવાનું એમનું વલણ દેખાય છે.

કૃતિમાં હૃદ્ય ભાવનિરૂપણો અવારનવાર મળ્યાં કરે છે–લંકાદહન પછી સીતાના અંગને ઊનો પવન લાગશે તેની ચિંતા હનુમાન કરે છે, સીતાને પ્રાપ્ત કરવા માટે રામનું રૂપ ધારણ કરવાનું સૂચન થાય છે ત્યારે રાવણ પરપત્ની તો માતા લાગે એવો ગૌરવભર્યો ઉત્તર આપે છે વગેરે. લક્ષ્મણ મૂર્છાવશ થાય છે તે વખતનો રામવિલાપ અસરકારક છે, તે ઉપરાંત અયોધ્યાકાંડમાં શબ્દસામર્થ્યથી થયેલું સીતાનું ગાનઆલાપ દ્વારા પોતાનો પ્રભાવ પ્રગટ કરતા મોહિનીરૂપ શ્રીહરિનું, રામના સ્વાગત માટેની અયોધ્યાના નગરજનોની તૈયારીનું, ભાવોચિત ઢાળનો વિનિયોગ કરીને થયેલું વાનરસેનાધિપતિઓની ઓળખાણવિધિનું વગેરે વર્ણનો પણ મનોરમ છે. રામસીતાદિ પાત્રોનું ચિત્રણ સુરેખ થયું છે.

પ્રેમાનંદને–ખાસ કરીને 'રણયજ્ઞ'માં–આ કૃતિએ કેટલીક સામગ્રી પૂરી પાડેલી જણાય છે. [ચિ.ત્રિ.]

રામૈયો–૧ [ઈ.૧૮૩૬ સુધીમાં] : કારતકથી આસો સુધીના મહિનામાં સીતાવિયોગને આલેખતા ને રામના મિલનના આનંદ સાથે પૂરા થતા ૧૨/૧૩ કડીના 'સીતાજીના બારમાસા' (લે.ઈ.૧૮૪૧ લગભગ; મુ.)ના કર્તા. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' 'રાધા-કૃષ્ણના બારમાસ' (લે.ઈ. ૧૮૩૬), 'ગૂજરાત પ્રાન્તના જૂના કવિઓ વિશેની હકીકત' 'દસ અવતારની લીલા' એ કૃતિઓ આ કર્તાની ગણે છે.

કૃતિ : ૧. બૂકાદોહન : ૫; ૨. ભસાસિંધુ : ૨; ૩. સીતાજીના મહિના, પ્ર. બાલાભાઈ નગીનભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. ગુજૂહકીકત; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગબીજે; ૪. ફ્રૉહનમાવલિ. [ચ.શે.]

રામૈયો–૨ [ ] : સાદળના શિષ્ય. પદો (૧ મુ.)ના કર્તા.

કૃતિ : અભમાલા. [ચ.શે.]

રામૈયો–૩ : જુઓ વેલાબાવાના શિષ્ય રામ–૯.

રામો [ ] : જ્ઞાન-વૈરાગ્ય અને સંતસમાગમનો ઉપદેશ આપતા ૧૦૭ છપ્પા(મુ.) અને ૩૪ કડીના 'કક્કા'(મુ.)ના કર્તા.

કૃતિ : ભજનિક કાવ્યસંગ્રહ, શા. વૃંદાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૮. [ચ.શે.]

રાય : આ નામે કુંડરિક અને પુંડરિક એ ભાઈઓના વિલાસ અને સંયમની કથા કહેતી ૪ ઢાળની 'કુંડરિક-પુંડરિકની સઝાય'(મુ.) મળે છે. અહીં કર્તાનામ 'રાયચંદ' પણ હોવાની સંભાવના છે, પરંતુ આ કયા 'રાયચંદ' છે એ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : જૈસસંગ્રહ(જે)(+સં.). [કી.જો.]

રાયચંદ–૧ : જુઓ સમરચંદ્રશિષ્ય રાજચંદ્ર–૧.

રાયચંદ–૨ [ઈ. ૧૬૨૫માં હયાત] : જૈન સાધુ. પદ્મસાગરની પરંપરામાં ગુણસાગરના શિષ્ય. ૮૮ કડીના 'વિજયશેઠ-વિજયાસતી-રાસ' (૨.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૨, કારતક સુદ ૫, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૧; ૪. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

રાયચંદ–૩ [ઈ. ૧૭૪૧માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ભાગચંદની પરંપરામાં ઋષિ ગોવર્ધનજીના શિષ્ય. ૪૮ કડીની 'અવંતિસુકુમાલ-ચોઢાલિયું' (૨.ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, આસો વદ અમાસ), 'થાવચ્ચાકુમારનું ચોઢાલિયું' (૨.ઈ. ૧૭૩૯ કે ૧૭૪૧/સં. ૧૭૯૫ કે ૧૭૯૭, આસો સુદ ૧૦; મુ.) તથા ૨૧ કડીની 'મેઘરથરાજાની સઝાય' (૨.ઈ.૧૭૪૧/સં. ૧૭૯૭, માસખમણ દિવસ; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. રત્નસાર : ૨; ૨. પ્ર. શા. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩; ૨. સજ્ઝાયમાલા(શ્રા) : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

રાયચંદ(ઋષિ)–૪ [ઈ. ૧૮મી સદી] : લોંકાગચ્છના જૈન સાધુ. ભૂધરજીની પરંપરામાં જેમલજીના શિષ્ય. 'ચિત્તસમાધિ/દર્શન-પચીસી' (૨.ઈ. ૧૭૩૭; મુ.), 'લોભ-પચીસી' (૨.ઈ. ૧૭૩૮/સં. ૧૮૩૪, આસો સુદ–; મુ.), 'જ્ઞાન-પચીસી' (૨.ઈ. ૧૭૩૯; મુ.), ૨૭ કડીની 'જોબન-પચીસી' (૨.ઈ.૧૭૮૪) તથા 'કપટ-પચીસી' આ ૫ પચીસીઓ; 'કલાવતી-ચોપાઈ' (૨.ઈ. ૧૭૮૧/સં. ૧૮૩૬, આસો સુદ ૫), ૬૨ ઢાલની 'મૃગલેખાની ચોપાઈ/મૃગાંકલેખા-રાસ' (૨.ઈ. ૧૭૮૨/સં. ૧૮૩૮, ભાદરવા વદ ૧૧), ૨૮ ઢાલની 'નર્મદાસતી-ચોપાઈ' (૨.ઈ. ૧૭૮૫/સં. ૧૮૪૧, માગશર–) તથા 'નંદન-મણિહાર-ચોપાઈ'; ૪ ઢાલ અને ૪૫ કડીની 'મરુદેવી-માતાની ઢાળો/સઝાય' (૨.ઈ. ૧૭૯૯/સં. ૧૮૫૫ જેઠ–; મુ.), 'અષાઢભૂતિની પાંચ ઢાલની સઝાય' (૨.ઈ. ૧૭૮૦/સં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૩૬, આસો વદ ૧૭; મુ.), ૬ કડીની 'ચંદનબાલા-સઝાય', ૪ ઢાળની 'ચેતનપ્રાણીની સઝાય', ૧૬ કડીની 'વાદ-સઝાય'(મુ.), 'સીતા-સમાધિની સઝાય', ૨૧ કડીની 'નાલંદા પાડાની સઝાય'(મુ.) વગેરે સઝાયો; 'રાજિમતી રહનેમિનું પંચઢાળિયું' (૨.ઈ. ૧૭૯૯/સં. ૧૮૫૫ આસો-; મુ.), ૬ ઢાળની 'ચેલણા-ચોઢાળિયું' (૨.ઈ. ૧૭૬૪/સં. ૧૮૨૦ વૈશાખ સુદ ૬; મુ.), ૮ ઢાળની દુહાદેશીબદ્ધ 'આઠ પ્રવચનમાતા-ચોપાઈ/ઢાલ' (૨.ઈ. ૧૭૬૫/સં. ૧૮૨૧, ફાગણ વદ ૧; મુ.), 'દેવકી-ઢાલ' (૨.ઈ. ૧૭૮૩) આદિ ઢાળિયાં; તેમ જ 'વીરજિન-છંદ' (૨.ઈ. ૧૭૭૭; મુ.), 'ગૌતમસ્વામી-રાસ' (૨.ઈ. ૧૭૭૮/સં. ૧૮૪૫, ભાદરવા સુદ ૯; મુ.), ૪૭ ઢાળનું 'ઋષભ-ચરિત્ર' (૨.ઈ. ૧૭૮૪/સં. સં ૧૮૪૦ આસો સુદ ૫), 'મહાવીરજિનદિવાળી-સ્તવન' (૨.ઈ. ૧૭૮૯; મુ.), ૧૩ અને ૧૫ કડીનાં 'મરુદેવીમાતાનાં ૨ સ્તવન' (૨.ઈ. ૧૭૭૭/સં. ૧૮૩૩, કારતક વદ ૭ અને ૨.ઈ. ૧૭૯૪/સં. ૧૮૫૦, જેઠ–; મુ.), ૧૯ કડીનું 'શિવપુરનગરનું સ્તવન' (૨.ઈ. ૧૭૬૪; મુ.), ૧૨ કડીનું 'સોળ જિનવરનું સ્તવન' (૨.ઈ. ૧૭૬૪; મુ.), ૧૬ કડીનું 'આઠ જિન-વરનું સ્તવન' (૨.ઈ. ૧૭૮૦; મુ.), 'સીમંધર-સ્તવન' (૨.ઈ.૧૭૮૦; મુ.) તથા હિન્દીમિશ્ર રાજસ્થાની ભાષામાં રચેલી નાની મોટી અનેક કૃતિઓ આ કવિ પાસેથી મળી છે.

કૃતિ :૧. જૈન વિવિધ ઢાલ સંગ્રહ, પ્ર. જેઠમલ સેઠિયા, ઈ.૧૯૨૩; ૨. જૈસ્તંગ્રહ; ૩. જૈસમાલા(શા) : ૧, ૨; ૪. જૈસસંગ્રહ(જે); ૫. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧, ૨, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૬. વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ઈ. ૧૯૮૨ (૭મી આ.); ૭. વિવિધ રત્નસ્તવનસંગ્રહ : ૩, સં. ગોવિંદરામ ભી. ભણસાલી, ઈ. ૧૯૨૪; ૮. શ્રાવક સ્તવનસંગ્રહ : ૨, ૩, સં. પાન-મલ ભૈ. શેઠિયા, ઈ. ૧૯૨૩; ૯. સસન્મિત્ર (ઝ)

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસમાળા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૩ (૧, ૨); ૬. ડિકૅટલૉગ-બીજે; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

રાયદાસ [ ] : 'કૃષ્ણલીલાનાં પદ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

રાયભટ્ટ : જુઓ રાજભટ્ટ.

રાયમલ(ઋષિ) [ઈ. ૧૬મી કે ૧૭મી સદીમાં હયાત] : જૈન સાધુ. 'નેમીશ્વર-ફાગ' (૨.ઈ. ૧૬મો કે ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૬૪–'દિગંબર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુ-કાવ્ય', અગરચંદ નાહટા. [કી.જો.]

રાવજી [ઈ. ૧૬૪૮માં હયાત] : જૂનાગઢના વડનગરા નાગર ગૃહસ્થ. 'વિનતિ' (૨.ઈ. ૧૬૪૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી. [નિ.વો.]

'રાવણમંદોદરી-સંવાદ'–૧ : કવિ શામળની ૨૦૪ કડીની (મુ.) રચના. એ 'અંગદવિષ્ટિ'ના અનુસંધાન રૂપે કવિએ લખી હોવાનું અનુમાન સં. ૧૮૦૮ની રચ્યાસાલવાળી હસ્તપ્રતમાં 'અંગદવિષ્ટિ'ના અંત સાથે એની આરંભની ૨૦-૨૨ કડીઓ જોડી દેવામાં આવી છે તે પરથી બાંધવાનું મન થાય. બીજી રીતેય, એમાં પ્રયોજાયેલા 'અંગદ-વિષ્ટિ'ના જેવા જ છંદોને અને સંવાદકૌશલની એવી જ અને બીજી વિશિષ્ટ ઝલકને કારણે એ 'અંગદવિષ્ટિ'ના જોટાની રચના પ્રતીત થાય છે. રામ વાનરસેના સાથે લંકા પર ચડી આવ્યાની પૂર્વકથા કૃતિનો પૂરો અર્ધો ભાગ રોકે છે. ઉત્તરાર્ધના અર્ધા ભાગમાં કૃતિને સાર્થનામ ઠરાવતો રાવણ અને મંદોદરી વચ્ચેનો સંવાદ અને બાકીના અર્ધા ભાગમાં પ્રજાના અઢારે વર્ણના પ્રતિનિધિઓની સીતા પાછાં સોંપવા સંબંધમાં રાવણને મળતી સલાહ આવે છે. આમ, આ કૃતિ પોતાની રીતે સ્વતંત્ર ઊભા રહી શકે છતાં એકબીજા સાથે અનુસંધિત થઈ શકે એવા ત્રણ ભાગ કે ખંડની સંમિશ્રિત ત્રિમૂર્તિ બની છે. એનો સૌથી રસિક ભાગ એનો છેવટનો ત્રીજો ભાગ છે. એનો પ્રધાન રસ વિનોદનો છે. એ વિનોદ શામળની વાર્તાઓમાં આવતી સમસ્યાઓના બુદ્ધિવર્ધક મનોરંજન કરતાં જુદા પ્રકારના લોકરંજક ચાતુર્યનો છે. વિપ્ર, વૈશ્ય, કણબી, સઈ, એમ બધા વ્યવસાયીઓના કુલ ૫૮ પ્રતિનિધિઓની રાવણને અપાતી સલાહમાં દરેકની દલીલ તથા દૃષ્ટાંત પોતપોતાના વ્યવસાયની લાક્ષણિકતામાંથી આવતાં બતાવી, તેમાં લોકાનુભવની નીપજ જેવી કહેવતો કે ઉક્તિઓનો ઉપયોગ કુશળતાથી કરી લઈ, શામળે પોતાની વિનોદરસિકતા સાથે લોક-નિરીક્ષણ અને કહેવતોની પોતાની જાણકારીનો સારો પરિચય કરાવ્યો છે. "એક તો નામ શ્રીરામજી કેરું, બીજો અક્કલ થકી ઉખાણો" અને "જેને જેહ વણજ તે સૂઝે" એ કવિની પંક્તિઓ કવિએ શું સાધવા માગ્યું હતું અને સફળતાપૂર્વક સાધ્યું છે તે બતાવી આપે છે. "ભીખ તેને પછી ભૂખ શાની?" (વિપ્ર), "કયાં ગોલાને ઘેર ગાયો હતી?" (ગોલો), "પાન ખાઈ મુખ કરીએ રાતું" (તંબોળી), "હડબડવું નહીં, હિમત રાખવી, તેલ જો તેલની ધાર જો રે" (ઘાંચી), "નાચવા બેઠો ત્યાં ઘૂંઘટો શાનો" (ભવાયો), "શું ઘડો કે ઘેડ ઊતરશે, ચાક ઉપર હજી પિંડો છે"(કુંભાર)–આના જેવા આ કૃતિના અનેક પંક્તિખંડો આગળ-ની વાતને ટેકો આપશે. કહેવતો અને અનુભવમૂલક લોકોક્તિઓના વિનિયોગ અને પ્રદર્શનની માંડણ, શ્રીધર, અખાજી જેવા પુરોગામી-ઓની પ્રણાલી શામળે આમ પોતીકી વિશિષ્ટતા સાથે આમાં લંબાવી કહેવાય. કાવ્યની છેલ્લી લીટીઓ એમ સૂચવે છે કે રાવણે રાત્રિચર્યામાં પ્રજાજનોને સીતા-પ્રકરણમાં પોતાને વિશે આમ બોલતાં સાંભળ્યા છે. એમાં કેટલાક ઉદ્‌ગારો રાવણની ઈતરાજી વહોરી લે એવા હોઈ ભર-સભામાં રાવણને તે કહેવાયા હોય એ બહુ સંભવિત ન લાગે. [અ.રા.]

'રાવણમંદોદરી-સંવાદ'–૨ [૨.ઈ. ૧૫૦૯] : શ્રીધર અડાલજની મૂળ પ્રસંગને આલેખતી અષ્ટપદી ચોપાઈની ૨૦૪ અને અંતે પૂર્વ-છાયામાંની ચોપાઈની ૫ કડી મળી કુલ ૨૦૯ કડીની આ કૃતિ(મુ.) માંડણની 'પ્રબોધ-બત્રીશી' જેવી ઉખાણાગ્રથિત રચના છે. કાવ્યનો પ્રસંગ તો મંદોદરી રાવણને રામ સાથે યુદ્ધ ન કરવા માટે સમજાવે છે એ છે, પરંતુ "કરિસી કવિત ઉખાણી કરી" એમ પ્રારંભમાં અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"મઈં ઉખાણા અતિ ઘણા, કીધા કવિત મઝારિ" એમ કાવ્યના અંતમાં કહી કાવ્યરચનાનો પોતાનો ઉદ્દેશ કવિએ સ્પષ્ટ કરી દીધો છે. એટલે દરેક કડીમાં ઓછામાં ઓછું ૧ ઉખાણું (–રૂઢોક્તિ) અને વધુમાં વધુ ૩-૪ ઉખાણાં વકતવ્યમાં ગૂંથી લેવાયાં છે. યમકનો આશ્રય લઈ દરેક કડીના પ્રારંભના શબ્દને આગલી કડીના છેલ્લા શબ્દ સાથે સાંકળી રચનાબંધને બીજી રીતે પણ કવિએ વિશિષ્ટ બનાવ્યો છે.

મંદોદરીની સમજાવટ અને રાવણનો એ સમજવા માટે ઈનકાર એ રીતે જ લગભગ આખું કાવ્ય ચાલે છે, પરંતુ બંને વચ્ચેનો સંવાદ ધીમે ધીમે ઉગ્ર બનતો જઈ આખરે રાવણ મંદોદરીને મારી નાખવા તત્પર બને છે ને મયદાનવ મંદોદરીને છોડાવે છે ત્યાં અટકે છે. અંતભાગમાં રાવણ અને બ્રહ્મા વચ્ચે સંવાદ ચાલે છે અને ત્યારે પણ રાવણ બ્રહ્માની સમજાવટને ગણકારતો નથી. છેલ્લી ૩ ચોપાઈ કવિના કથનમાં ચાલે છે તેમાં રાવણની હત્યા, રામનું અયોધ્યામાં આગમન વગેરેનું સંક્ષેપમાં કથન થયું છે. કૃતિમાં ઉખાણાં ગૂંથવાનો ઉપક્રમ મુખ્ય હોવાને લીધે પાત્રના ગૌરવને ઉચિત ન હોય એવી ઉક્તિઓ સંવાદમાં આવે છે. જેમ કે, રાવણ મંદોદરીને "તું ઘર ઘણાં તણી પરુહણી", "માંડ રાંડ થવા સાદરી, કરિ કાલુ મુખ પીહરિ જઈ" કે "સુંખિણી, સાપિણી નિ પાપિણી એ ત્રિણી ન હુઈ આપણી" જેવી ઉક્તિઓથી આવેશમાં આવી નવાજે છે અને મંદોદરી પણ ક્યારેક "લંપટ લાજવિહુણો લવઈ" ને "માઈ ન માસી ગાધિ ગોત્ર" એવું રાવણ માટે કહી નાખે છે, પરંતુ મંદોદરીની ઉક્તિઓ વિશેષત: મર્યાદા છોડતી નથી. એની સામે રાવણ પ્રાકૃત કોટિના પતિ જેવો જ વિશેષ લાગે છે. જો કે ઉખાણાં દૃષ્ટાંતરૂપ બની ઘણી જગ્યાએ અસરકારક બની આવે છે. સ્ત્રીની નિર્બળતાને બતાવવા માટે રાવણ કહે છે, "બોહડ માહિ વસી દાદુરી, સોય કિમ જાણિ સાગર તરિ?" તો પોતાને છોડી સીતા પાછળ ગાંડા થયેલા રાવણને મંદોદરી કહે છે, "ખાજાં લાડુ પગિ ખેસવી, રાવણ રાબ રંધાવિ નવી". આમ તે સમયની લોકભાષાને જાણવા માટે કૃતિ ધ્યાનપાત્ર છે. [જ.ગા.]

રાવો(ભકત) [ ] : અંબાજીની સ્તુતિના ગરબા (૭ મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય, તથા શકિતકાવ્ય, સં. શેઠ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, ઈ. ૧૯૨૩; ૨. બૃકાદોહન : ૫.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી. [નિ.વો.]

'રાસલીલા' : વૈકુંઠદાસની ચોપાઈના ચાલ અને દોઢનાં બનેલાં ૩૯ પદોની આ કૃતિ(મુ.)માં ભાગવતના 'રાસપંચાધ્યાયી'ના પ્રસંગ પર આધારિત કૃષ્ણ-ગોપીની રાસલીલાનો પ્રસંગ આલેખાયો છે. કથન, વર્ણન ને સંવાદ રૂપે ચાલતી આ કૃતિમાં પ્રારંભથી અંત સુધી પ્રસંગ-કથન પર કવિની સતત નજર રહી છે. એટલે કૃષ્ણની વાંસળી સાંભળી ગોપીઓનું ઘરકામ ને સ્વજનોને છોડી શરદપૂનમની મધ્ય રાત્રિએ વનમાં ચાલી નીકળવું, ગોપીઓને ઘરે પાછા ફરવા માટે કૃષ્ણે વિનંતિ કરવી, ગોપીઓએ શોકાકુળ બની પ્રત્યુત્તર આપવો, કૃષ્ણનું ગોપીઓ સાથે રાસ રમવું, ગોપીઓના મનમાં અભિમાન જાગવાથી કૃષ્ણનું અંતર્ધાન થઈ જવું, ગોપીઓનું વિરહવ્યાકુળ બની કૃષ્ણને શોધવું ને વિલાપ કરવો, કૃષ્ણનું પુન: પ્રગટ થવું, પોતા પ્રત્યેનો સાચો સ્નેહ કોને કહેવાય તે ગોપીઓને સમજાવવું અને ગોપીઓ સાથે રાસ રમવું–એ બધી ઘટનાઓ કવિ આલેખે છે. પરંતુ પ્રસંગકથન કરતા કરતા કવિ વર્ણનની તક જવા દેતા નથી. વ્યાકુળ ગોપીઓ, ગોપીઓનો શણગાર, કૃષ્ણ-ગોપી-રાસનાં ઔચિત્યપુર:સર વર્ણનો કરી કવિએ કૃતિને રસાવહ બનાવી છે. પ્રાસ-અનુપ્રાસ, અલંકારો ને સંસ્કૃતમય ભાષાના શિષ્ટ પોતનો પણ કૃતિને આસ્વાદ્ય બનાવવામાં મહત્ત્વનો ફાળો છે. દોઢના પ્રથમ શબ્દને ચાલના અંતિમ શબ્દ સાથે સાંકળી કવિએ પદને સુબદ્ધ બનાવ્યું છે. [જ.ગા.]

રાસો (ભકત) [ ] : અંબા માતાની સ્તુતિ કરતી ૫ કડીની ૧ ગરબી(મુ.)ના કર્તા.

કૃતિ : શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ.૧૮૮૯. [શ્રા.ત્રિ.]

રાંકૈઓ [ઈ. ૧૮૪૩ સુધીમાં] : પદો (લે.ઈ. ૧૮૪૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ફાહનામાવલિ : ૨; ૨. ફોંહનામાવલિ. [નિ.વો.]

રાંમ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : પારસી કવિ. ભરૂચના વતની. કાન્હજ્ઞા/કાંહનાનના પુત્ર. રામયાર તરીકે પણ જાણીતા ને પારસી ધર્મ-ગ્રંથોના અભ્યાસી આ વિદ્વાન દસ્તૂરે જરથૂસ્ત પયગંબરના જીવનના કેટલાક પ્રસંગોનું ચોપાઈની ૪૩૬ કડીઓમાં નિરૂપણ કરતા 'જરથૂસ્ત પયગમ્બરનું ગીત' (૨.ઈ. ૧૫૧૬ અનુ.) કાવ્યની રચના કરી છે. ગેયતત્ત્વવાળી આ કૃતિ ૧૬મા શતકના પારસી સમાજનો અભ્યાસ કરવા માટે ઉપયોગી છે. આ ઉપરાંત એમણે 'સદ્દરે નસર' નામના ફારસી ગ્રંથનો આશરે ઈ. ૧૫૫૯માં પહેલી વાર ગુજરાતી અનુવાદ કર્યો છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા (૧-૨), પેરીન દારા ડ્રાઈવર, ઈ. ૧૯૭૪, ઈ. ૧૯૭૯. [૨.૨.દ.]

રિખભ : જુઓ ઋષભ.

રિધિપર્વત [ ] : જૈન. ૬૦ ગ્રંથાગ્રની 'બારવ્રત-સઝાય'ના કર્તા. કૃતિ રિધિપર્વતને નામે નોંધાયેલી છે પણ તે નામ શંકાસ્પદ લાગે છે.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [ગી.મુ.]

રિદ્ધિ : જુઓ ઋદ્ધિ–.

રિદ્ધિચંદ્ર [ઈ. ૧૬૪૫માં હયાત] : જૈન સાધુ. ૫૪ કડીની 'ચોવીસ જિન-ગુણમાલા' (૨.ઈ. ૧૬૪૫)ના કર્તા. સમયની દૃષ્ટિએ ભાનુચંદ્ર કરમોચકના શિષ્ય ઋદ્ધિચંદ્ર જેમણે ઈ. ૧૬૩૯માં 'મેતરાજ-સઝાય' રચી હતી એ અને આ કવિ એક હોવાની સંભાવના છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રિદ્ધિવિજય [ ] : જૈન સાધુ. ૫ કડીની 'આત્મ-શિક્ષા-સઝાય'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ગી.મુ.]

'રુકમિણીહરણ'–૧[ર.ઈ. ૧૬૦૪/સં. ૧૬૬૦, મહા સુદ ૧૩, **શુક્રવાર**] : દેવીદાસ ગાંધર્વનું ૩૦ કડવાં ને ૫૫૪ કડીઓમાં રચાયેલું **આ આખ્યાનકાવ્ય (મુ.)** ગુજરાતીની રુકિ્મણીવિષયક કૃતિઓમાં **નોંધપાત્ર** લેખાય એવું છે. ભાગવતકથાને અનુસરતા આ કાવ્યમાં કવિએ પાત્ર અને પ્રસંગોનાં વર્ણનોને બહેલાવ્યાં છે, જેમાં ગુજરાતી-તાના અંશો પણ ઠીકઠીક દાખલ થયાં છે. શિશુપાલ સાથે વિવાહ નક્કી થતાં રુકિમણીના મનમાં જાગતી નિરાશાની ને કૃષ્ણવિયોગની ને પછી કૃષ્ણના પત્ર દ્વારા મળતા સધિયારાથી થતી એની પ્રસન્નતાની મનસ્થિતિઓનાં ને લગ્નસહજ રુકિમણીના દેહસૌન્દર્યનાં તેમ જ સૈન્ય, યુદ્ધ, લગ્નોત્સવ આદિનાં રોચક વર્ણનોથી આખ્યાનમાં વીર, શૃંગાર ને હાસ્યરસના નિરૂપણને સારો અવકાશ મળ્યો છે. કથાના ભાવ-અંશોને ઉપસાવી આપતા મધુર સુગેય દેશીબંધો ને ખૂબ લોકપ્રિય થયેલાં લગ્નગીતો આ આખ્યાનની મોટી વિશેષતા છે. અલંકારોનો કવિએ વ્યાપક ઉપયોગ કર્યો છે ને એમની નિરૂપણ-શૈલીમાં લાલિત્ય છે. [ર.સો.]

'રુકિમણીહરણ'–૨ : ભાગવતની રુકિમણીહરણની કથા પર આધારિત ને દેવીદાસના 'રકિમણીહરણ'ની અસર ઝીલતું પ્રેમાનંદનું આ જો કે મધ્યમકક્ષાનું આખ્યાન(મુ.) છે, પરંતુ ગુજરાતીમાં રચાયેલી રુકિમણી-હરણવિષયક કથાને આલેખતી કૃતિઓમાં અવશ્ય નોંધપાત્ર છે.

પ્રેમશૌર્યની આ કથામાં પ્રારંભનાં ૧૨ કડવાંમાં કવિએ કૃષ્ણ અને શિશુપાલ વચ્ચે રુકિમણી માટે થનાર યુદ્ધની ભૂમિકા તૈયાર કરી છે અને એ ભૂમિકા તૈયાર કરવામાં નારદમુનિના પાત્રને કલહ-પ્રિય બતાવ્યું છે. ૧૩થી ૧૮ કડવાં સુધી કૃષ્ણ અને બળરામના પહેલાં શિશુપાલ સાથે અને પછી રુકમૈયા સાથેના યુદ્ધની કથા છે. અંતિમ ૭ કડવાંમાં કૃષ્ણ-રુકિમણીનો લગ્નોત્સવ આલેખાયો છે.

કૃતિના પ્રારંભમાં રુકિમણીની કૃષ્ણ સાથે લગ્ન કરવાની ઉત્સુ-કતા અને કૃષ્ણ સાથે થયેલા વિવાહ ફોક થવાથી જન્મેલા સંતાપ-માંથી કવિએ કેટલુંક વિપ્રલંભનું આલેખન કરવાની તક મેળવી લીધી છે, તો પણ શૃંગાર નહીં, વીર જ આખ્યાનનો મુખ્ય રસ છે. શિશુ-પાલ અને રુકમૈયા સાથેના યુદ્ધનું વર્ણન કવિનાં અન્ય યુદ્ધવર્ણનોમાં બહુધા બને છે તેમ અહીં પણ હાસ્યના રંગથી રંગાયેલું છે. ખરેખર તો કવિનું રસજમાવટ કરવાનું કૌશલ અહીં ઓછું છે. રુકિમણીના વિવાહ કોની સાથે કરવા એ બાબત પિતા-પુત્ર વચ્ચે પડેલા ઝઘડા વખતે 'આ ઘર-વઢવાડે વિનાશ થાશે' કહી ઝઘડો શાંત પાડતી રુકિમ-ણીની માતા, રુકમૈયાને મારી નાખવા કૃષ્ણ તૈયાર થાય ત્યારે 'એને મારો તો તાતની આણ રે' કહી ભાઈને બચાવતી રુકિમણી કે કૃષ્ણ સાથે નાસી આવેલી રુકિમણીના મનમાં લગ્ન વખતે માતાપિતાની ખોટ સાલતી હતી તેને દૂર કરવા શંકર-પાર્વતીએ આપેલું રુકિમણીનું કન્યાદાન વગેરે સ્થાનોએ પ્રસંગો ને પાત્રોને કવિ કેવી સહજ રીતે ગુજરાતી બનાવે છે તે અનુભવાય છે.

'દશમસ્કંધ' અંતર્ગત ૨૦ કડવાંમાં પ્રેમાનંદે નિરૂપેલી રુકિમણી-વિવાહની અધૂરી કથા કાવ્યગુણમાં આ આખ્યાન કરતાં ચડિયાતી છે. એટલે ઉમાશંકર જોશી આ આખ્યાનના પ્રેમાનંદકર્તૃત્વ વિશે શંકા સેવે છે, પરંતુ એ સિવાય એને પ્રેમાનંદનું ન માનવા માટે બીજું કોઈ ચોક્કસ પ્રમાણ અત્યારે ઉપલબ્ધ નથી. [જ.ગા.]

રુચિરવિમલ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. માનવિમલની પરંપરામાં ભોજવિમલના શિષ્ય. ૩૩ ઢાલના 'મત્સ્યોદર-રાસ' (ર.ઈ. ૧૬૮૦) તથા 'સ્તવન-ચોવીશી' (ર.ઈ. ૧૭૦૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસાર-સ્વતો; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૨; ૬. મુપુગૂહસૂચી. [ગી.મુ.]

રુસ્તમ : જુઓ રૂસ્તમ

રૂખડ : આ નામે ગણપતિની સ્તુતિ કરતું ૫ કડીનું ૧ પદ (મુ.) મળે છે. તેની અંતિમ પંકિતમાં 'દશનામ ચરણે ભણે રૂખડિયો'માં 'દશનામ' શબ્દ ગુરુનું નામ સૂચવે છે કે બીજું કંઈ તે સ્પષ્ટ થતું નથી. બીજા ગુરુમહિમાના ૫ કડીના ભજન(મુ.)માં 'વાઘનાથ ચરણે બોલ્યો રૂખડિયો' એવી પંકિત મળે છે. તેમાં 'વાઘનાથ' ગુરુનામ હોવાની સંભાવના છે. હિંદીની છાંટવાળું ૬ કડીનું બીજું વૈરાગ્યભાવનું ભજન પણ આ નામે મળે છે. એ ત્રણેના કર્તા રૂખડ એક જ છે કે જુદા તે સ્પષ્ટ કહી શકાતું નથી.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૨. બૃહત સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમ ગી. શાહ, ૧૯૫૦ (છઠ્ઠી આ.). [કી.જો.]

રૂઘનાથ–૧ : જુઓ રઘુનાથ–૧.

રૂઘનાથ–૨ : જુઓ રઘુપતિ.

રૂઘનાથ–૩ [ઈ. ૧૮૦૬માં હયાત] : પિતાનામ વાઘજી. દેવસ્થળના વડનગરા નાગર બ્રાહ્મણ. ઈ. ૧૮૫૮માં લીથોમાં છપાયેલ 'પ્રહ્લાદના ચંદ્રાવળા' (ર.ઈ. ૧૮૦૬/સં. ૧૮૬૨, વૈશાખ સુદ–)ના કર્તા. પ્રસ્તુત કૃતિના ૫૭૦ ચંદ્રાવળા (આશરે ૩૪૨૦ પંકિતઓ)માં શિશુપાલથી પ્રહ્લાદના રાજ્યશાસન સુધીની કથા રજૂ થઈ છે.

કૃતિ : પ્રહ્લાદના ચંદ્રાવળા,–.

સંદર્ભ : ૧. કાશીસુત શેધજી એક અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૪; ૨. ગુસારસ્વતો; ☐ ૩. કદહસૂચિ; ૪. ગૂહાયાદી. [ચ.શે.]

રૂઘનાથ(ઋષિ)–૪ : જુઓ રઘુનાથ – ૩.

રૂપ/રૂપો : આ નામે માતાજીની સ્તુતિ કરતાં ૬-૬ કડીનાં ૨ પદ(મુ.) એ જૈનેતર કૃતિઓ મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો 'આબુજીનો છંદ' (લે. સં. ૧૯મી સદી), ૧૧૨/૧૧૩ કડીનો 'ગોડીપાર્શ્વનાથ-છંદ' (લે.ઈ. ૧૭૫૪), ૮ કડીની 'રહનેમિની સઝાય' (મુ.) અને ૮ કડીની હિંદી કૃતિ 'નેમિનાથ-ધમાલ'(મુ.) એ જૈન કૃતિઓ મળે છે. આમાંની ૮ કડીની 'રહનેમિની સઝાય'ને કેટલાક સંદર્ભો રૂપવિજય–૨ની માને છે પણ એ માટે નિશ્ચિત આધાર નથી.

આ બધી કૃતિઓ કયા રૂપ/રૂપોની છે એ વિશે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈપ્રપુસ્તક : ૧; ૪. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯; ૫. સસન્મિત્ર (ઝ)

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. રાપુહસૂચી : ૪૨; ૫. રાહસૂચી : ૧; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો., કી.જો.]

રૂપ–૧ [ઈ. ૧૮૩૨માં હયાત] : નાગોરી લોંકાગચ્છના જૈન સાધુ. '૨૮ લબ્ધિ-પૂજા' (૨.ઈ. ૧૮૩૨/સં. ૧૮૮૮, માગશર સુદ ૧૨)ના કર્તા.

'જૈન ગૂર્જર કવિઓ'એ આ કવિ રૂપચંદ–૩ હોવાનું અનુમાન કર્યું છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.સો.]

રૂપચંદ/રૂપચંદ્ર : આ નામે ૯ ઢાલ અને ૪૭ કડીમાં નેમરાજુલકથાના મુખ્ય પ્રસંગ-અંશોને ટૂંકમાં પણ પ્રાસાદિક અને રસાવહ રીતે આલેખતી 'નેમિનાથ નવરસો' (લે. ઈ. ૧૭૮૯; મુ.), ૫ કડીની 'નેમજીનો ચોમાસો'(મુ.), ૨૧ કડીની 'વૈરાગ્યની સઝાય', ૨૦ કડીની 'સાર-શિખામણ-સઝાય', ઋષભદેવ, મહાવીર, સુવિધિનાથ પરનાં કેટલાંક સ્તવનો(મુ.), 'દોહા શતક' (લે. ઈ. ૧૮૧૫), ૮ કડીની 'ભકતવત્સલ મહાવીર'(મુ.), ૭ કડીની 'વીર નિર્વાણ-ગૌતમનો પોકાર'(મુ.), હિંદીમાં 'આમલ કી ક્રીડા'(મુ.), 'વૈરાગ્યોપદેશક-સઝાય'(મુ.), 'નેમ રાજુલની હોરીનું પદ', 'પટ્ટાવલી', 'નેમિજીનો વિવાહ', 'પંચકલ્યાણ પૂજાનું મંગલ' તથા રાજસ્થાનીમાં લખાયેલી ૨ 'આત્મબોધની સઝાય' (લે. ઈ. ૧૭૮૯) મળે છે.

૫ કડીની 'મનને શિખામણની સઝાય'(મુ.) તથા ઋષભજિન, મહાવીર, પાર્શ્વજિન પરનાં કેટલાંક સ્તવનો 'રૂપચંદ કહે નાથ નિરંજન' એ પ્રકારની નામછાપથી જુદાં પડે છે. ૧૧૯ ગ્રંથાગ્રની 'પરમાર્થ દોહરા' એ રચના 'પંડિત રૂપચંદ' નામછાપ દર્શાવે છે. પ્રસ્તુત બધી જ કૃતિઓના કર્તા કયા રૂપચંદ છે તે વિશે નિશ્ચિતપણે કંઈ કહી શકાય તેમ નથી.

'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી' ૭ કડીની 'નેમ-પદ', ૨૦ કડીની 'નેમ રાજિમતી-ગીત', ૬ કડીની 'પાર્શ્વજિન(ગોડીજિન)-ગીત', ૩ કડીની 'સંભવજિન-ગીત' અને ૩ કડીની 'સુવિધિજિન-ગીત' આ કૃતિઓને રૂપચંદ(મુનિ)–૪ને નામે મૂકે છે પણ તે માટે નિશ્ચિત આધાર મળતો નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જૈકાપ્રકાશ : ૧; ૩. જૈકાસંગ્રહ; ૪. જૈપ્રપુસ્તક : ૧; ૫. જૈસમાલા(શા) : ૩; ૬. જૈસસંગ્રહ(ન); ☐ ૭. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ, ઑગસ્ટ ૧૯૧૪-'મહાવીરનું પરોપકારી જીવન', કાપડિયા નેમચંદ ગી; ૮. એજન, ઑક્ટો. નવે. ૧૯૧૪–.

સંદર્ભ : ૧. મસાપ્રકારો; ☐ ૨. જૈહાપ્રોસ્ટા; ૩. ડિક્ટિલૉગબીજે; ૪. ફોંહનામાવલિ; ૫. મુપુગૂહસૂચી; ૬. રાપુસૂચી : ૪૨; ૭.રાહસૂચી : ૧; ૮. લીંહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

રૂપચંદ–૧ : જુઓ દયાસિંહશિષ્ય રામવિજય.

રૂપચંદ્ર(પાઠક)–૨ [ઈ. ૧૮મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. ૯ કડીના 'જિનલાભ-સૂરિ-ગીત'(મુ.)ના કર્તા. જિનલાભસૂરિ (ઈ.૧૭૨૮–ઈ. ૧૭૭૮)ના સમયને આધારે આ કવિ ઈ. ૧૮મી સદીમાં હયાત હોવાનું કહી શકાય.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ.–માર્ચ ૧૯૪૧-'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિવિજય (+સં.). [૨.સો.]

રૂપચંદ(બ્રહ્મ)–૩ [ઈ. ૧૭૪૫માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. અનુપમચંદના શિષ્ય. 'કેવલ સત્તાવની' (૨.ઈ. ૧૭૪૫/સં. ૧૮૦૧, મહા સુદ ૫), 'બંગલાદેશ-ગઝલ' અને હિંદી કૃતિ 'લઘુ-બ્રહ્મ-બાવની'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.સો.]

રૂપચંદ(મુનિ)–૪ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : ગુજરાતી લોંકાગચ્છના જૈન સાધુ. મેઘરાજના માનસિંઘશિષ્ય-કૃષ્ણમુનિના શિષ્ય. આ કવિએ ૪૧ ઢાલની 'શ્રીપાલ-ચોપાઈ' (૨.ઈ. ૧૮૦૦/સં. ૧૮૫૬, ફાગણ વદ ૭, રવિવાર), 'ધર્મપરીક્ષાનો રાસ' (૨.ઈ. ૧૮૦૩/સં. ૧૮૬૦, માગશર સુદ ૫, શનિવાર), ૧૩ ઢાળની 'પંચેન્દ્રિય-ચોપાઈ' (૨.ઈ. ૧૮૧૭/સં. ૧૮૭૩, વૈશાખ સુદ ૮, રવિવાર; મુ.), ૩૪ ઢાલની 'રૂપસેન-ચોપાઈ' (૨.ઈ. ૧૮૨૨/સં. ૧૮૭૮, શ્રાવણ સુદ ૪, ગુરુવાર), વિક્રમના સમયના, અદ્‌ભુતરસિક લોકકથાના અંબડ નામના પાત્રનું ચરિત્ર આલેખતી, ચોપાઈ બંધના ૮ ખંડમાં રચાયેલી 'અંબડ-રાસ' (૨.ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, જેઠ સુદ ૧૦, બુધવાર) તથા 'સમ્યકત્વકૌમુદી કથા-ચોપાઈ' (૨.ઈ. ૧૮૨૬) એ કૃતિઓની રચના કરી છે. કવિની ભાષા પર રાજસ્થાનીનો પ્રભાવ ઘણો પ્રબળ છે.

કૃતિ : જ્ઞાનાવલી : ૨.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. જૈગૂકવિઓ : ૩(૧); ૭. રાપુહસૂચી : ૪૨. [૨.સો.]

રૂપચંદ–૫ [ ] : જૈન સાધુ. કલ્યાણજીના પુત્ર. વિયોગના બારમાસના વર્ણન પછી અધિકમાસમાં મિલનની કથાને આલેખતી ૩૦ કડીની 'નેમિનાથ-તેરમાસા'(મુ.)ના કર્તા. ચચ્ચાર માસના વર્ણનમાં જુદી જુદી દેશીઓ તથા ધ્રુવપદોનો ઉપયોગ આ કાવ્યમાં થયો છે તે આ કાવ્યની વિશેષતા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિના સંપાદકે કૃતિ સં. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં રચાઈ હોવાનું અનુમાન કર્યું છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ : ૧ (+સં.). [૨.સો.]

'રૂપચંદકુંવર-રાસ' [૨.ઈ. ૧૫૮૧/સં. ૧૬૩૭, માગશર સુદ ૫, રવિવાર] : ૬ ખંડ અને ૨૫૦૦ ગ્રંથાગ્રની નયસુંદરની આ કૃતિ(મુ.) મુખ્યત્વે દુહા-ચોપાઈબદ્ધ છે, પરંતુ એમાં વસ્તુ, આર્યા, ચરણાકુળ, છપ્પા, કુંડળિયા, સોરઠા, રેખતા, અનુષ્ટુપ તેમ જ દેશી ઢાળોનો પણ વ્યાપક વિનિયોગ થયો છે. સંસ્કૃત ઉદ્ધરણોમાં ઉપજાતિ, વસંતતિલકા આદિ ઘણા છંદો જોવા મળે છે. 'શ્રાવણસુધારસ-રાસ તરીકે પણ ઓળખાવાયેલી આ કૃતિના આરંભમાં જ કવિએ નવ રસોથી યુક્ત એવી રચના કરવાનો નિર્ધાર વ્યકત કર્યો છે. મુખ્યત્વે શૃંગાર રસનું નિરૂપણ ને અંતે શાંતરસમાં પરિણમન સાથે એ નિર્ધાર એકંદરે પળાયો જણાય છે.

આ રાસમાં રૂપચંદકુંવર અને સોહગસુંદરીનું કાલ્પનિક રસિક કથાનક, અનેક દૃષ્ટાંતકથાઓ સાથે આલેખાયું છે. કનોજની રાજપુત્રી સોહગસુંદરી પોતાની સમસ્યાઓની પૂર્તિ કરી શકે એવા ચતુર નરની શોધમાં છે. ગુપ્તવેશે નીકળેલ વિક્રમને દાસી એની પાસે લઈ જાય છે પણ વિક્રમ સંકેતોના અર્થ સમજી શકતો નથી. વણિકપુત્ર રૂપચંદ સમસ્યાપૂર્તિ કરે છે ને સોહગસુંદરી સાથે પરણે છે. વિક્રમ મારઝૂડથી રૂપચંદ પાસેથી સમસ્યાઓનો અર્થ જાણવા કોશિશ કરે છે પણ પ્રેમમગ્ન રૂપચંદ અડગ રહે છે. છેવટે પ્રધાનની સૂચના અનુસાર વિક્રમ પોતાની પુત્રી મદનમંજરી રૂપચંદને પરણાવી એની મધ્યસ્થીથી સમસ્યાઓના અર્થ જાણે છે.

જોઈ શકાય છે કે સમસ્યા આ કૃતિની વસ્તુસંકલનાનો અનિવાર્ય ભાગ છે. કવિએ સમસ્યાઉકેલ શ્રોતાઓ સમક્ષ પણ છેક છેલ્લે જ કર્યો છે એટલે વસ્તુસંકલનામાં કૌતુકરસ સાદ્યંત જળવાઈ રહ્યો છે. રૂપચંદ-સોહગસુંદરીની ગોષ્ઠીમાં અનેક સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી સમસ્યાઓ આવે છે ને સોહગસુંદરી રૂપચંદને જે પ્રેમસભર પત્ર પાઠવે છે તેમાં પણ સમસ્યા ગૂંથાય છે. પુણ્યશ્રીની દૃષ્ટાંતકથા પણ સમસ્યા-આધારિત છે. આમ સમસ્યારસ કૃતિમાં વ્યાપી રહે છે.

દૃષ્ટાંતકથા પોતે જ એક સંપૂર્ણ માતબર કથા બની રહે એવું અહીં બની રહે છે અને દૃષ્ટાંતકથામાં પણ દૃષ્ટાંતકથા ગૂંથાય છે. અહીં વિક્રમચરિત્ર કરતાં સ્ત્રીચરિત્ર ચઢિયાતું છે એમ બતાવતી મનમોહિનીની કથા, સમસ્યાઓ ઉકેલી આપતી પુણ્યશ્રીની કથા, સમકિતનો મહિમા પ્રગટ કરતી બિબય અને બિબારાણીની કથા તથા ઢોલુ-ઢોલડી એ આહીરદંપતીની રસિક કથા ગૂંથાયેલી છે.

કૃતિમાં ઠેરઠેર સુભાષિતો વેરાયેલાં છે, જેમાં સંસ્કૃત શ્લોકો ને પ્રાકૃત ગાથાઓ ઉપરાંત કબીરનાં પદોનો પણ ઉપયોગ થયો છે. પુણ્યનો પ્રતાપ, વિદ્યા અને વિદ્વાનનો મહિમા, સામુદ્રિક લક્ષણો, સંગીતની મોહિની, વિયોગવેધની વ્યથા વગેરે અનેક વિષયો અંગેનું લોકડહાપણ રજૂ કરતાં આ સુભાષિતોમાં કવિની બહુશ્રુતતા અને પાંડિત્ય પ્રગટ થાય છે. તે જ રીતે પ્રદેશ, નગર, પાત્રો, વસ્ત્રાલંકારો, પાત્રની મનઃસ્થિતિ આદિનાં વર્ણનોમાં પણ કવિનાં નિરીક્ષણ અને જાણકારીનો પરિચય મળે છે. માળવાદેશ, ઉજ્જયિનીનગરી, રૂપચંદનો જન્મોત્સવ, રૂપચંદનો લગ્નોત્સવ, સોહગસુંદરીનો રૂપછાક, રૂપચંદ-સોહગસુંદરીનો વિલાસાનંદ, રાજાને મળવા ધનદત્ત શ્રેષ્ઠીની સાથે ઊમટેલાં નગરનાં મહાજનો આદિનાં વર્ણનો આ દૃષ્ટિએ નોંધપાત્ર બન્યાં છે. વર્ણનોમાં વીગતસભરતા છે. તે ઉપરાંત ઉપમાદિ અલંકારો, દૃષ્ટાંતો અને પ્રાસાનુપ્રાસાદિની ગૂંથણી ધ્યાન ખેંચે છે.

બોધાત્મક અંશોને પ્રચુરતાથી વણી લેતી આ કૃતિનો છઠ્ઠો ખંડ સવિશેષ બોધાત્મક બની ગયો છે, જેમાં રૂપચંદ સિદ્ધસેનસૂરિ પાસેથી દેશના પ્રાપ્ત કરી વૈરાગ્યને માર્ગે વળે છે.

કૃતિની ભાષા વેગીલી, પ્રવાહી અને પ્રૌઢિયુકત છે. ઔચિત્યપૂર્વક આવતાં અને વકતવ્યને ચોટદાર બનાવતાં ઉખાણાં-કહેવતોનો બહોળા હાથે થયેલો વિનિયોગ કવિની ભાષાસજ્જતાની સાખ પૂરે છે. [કા.શા.]

રૂપરામ [ ] : કૃષ્ણની વાંસળીથી વિરહાકુળ ગોપીઓનું અને તેમના કૃષ્ણ સાથેના રાસને વર્ણવતા ૪૨ કડીના 'રાસનો ગરબો/કૃષ્ણની વાંસરી'(મુ.)ના કર્તા.

કૃતિ : બુકાદોહન : ૬.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી; ૪. ડિકેટલૉગબીજે. [કી.જો.]

રૂપવલ્લભ : જુઓ વિદ્યાનિધાનશિષ્ય રઘુપતિ.

રૂપવિજય : આ નામે ૯ કડીનું 'એકાદશી-સ્તવન'(મુ.), ૨૧ કડીનો 'ગૌતમપૃચ્છા-સઝાય'(મુ.), ૬ કડીની 'પાર્શ્વનાથ મહિમા-લાવણી' (મુ.), ૯ કડીનું 'મલ્લિનાથજિન-સ્તવન'(મુ.), ૫ કડીનું 'શંખેશ્વર-પાર્શ્વનાથજિન-સ્તવન'(મુ.), ૫/૬ કડીની 'સ્થૂલિભદ્રની સઝાય' (મુ.), ૭ કડીની 'ગહૂંલી', ૫ કડીનું 'ધર્મનાથ-સ્તવન', ૫, ૭ અને ૨૧ કડીનાં 'નેમિનાથ-સ્તવન', ૯ કડીનું 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' (લે. સં. ૨૦મી સદી) તથા ૩ ઢાળનું 'સંઘવી ત્રિકમજીના સંઘનું વર્ણન' (લે. સં. ૧૯મી સદી અનુ.), 'વિજયજિનેન્દ્રસૂરિ-સઝાય' એ કૃતિઓ મળે છે, પરંતુ આ કૃતિઓના કર્તા કયા રૂપવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જિસ્તમાલા; ૨. જૈપ્રાસ્તસંગ્રહ; ૩. પ્રાસપસંગ્રહ : ૧; ૪. રત્નસાર : ૨, પ્ર. શા. હીરજી હંસરાજ, સં. ૧૯૨૭; ૫. શંસ્તવનાવલી; ૬. સજ્ઝાયમાળા(પં); ૭. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

રૂપવિજય–૧ [ઈ. ૧૭૫૯ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિનયવિજય(ઉપાધ્યાય)ના શિષ્ય.

આ કવિની કૃતિઓમાં, રાજુલની ઊર્મિની ઉત્કટતાને અસરકારકતાથી આલેખતો ૧૯ કડીનો 'નેમ રાજુલલેખ/નેમિજિન રાજિમતી-લેખ/રાજુલનો પત્ર' (લે. ઈ. ૧૭૫૯; મુ.), સળંગ ચોપાઈબંધમાં રચાયેલી 'ચૈત્યવંદન-ચોવીસી'(મુ.), ૩ કડીનું 'શાશ્વતા જૈનોનું ચૈત્યવંદન'(મુ.) તથા ઘડપણ, શિખામણ, નવકારવાલી, નંદિષેણમુનિ, સોળ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સતી, ચિત્ત બ્રહ્મદત્ત પરની સઝાયો (સર્વ મુ.) અને ૨૬ કડીનું 'ચતુર્વિંશતિ જિન-નમસ્કાર', 'સાધારણજિન-સ્તવન' તથા ૫ કડીનું 'નેમનાથ-સ્તવન' મળે છે.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. જિભપ્રકાશ; ૩. જિસ્તકાસંદોહ : ૨; ૪. જૈસમાલા(શા) : ૨; ૫. જૈસસંગ્રહ(જૈ); ૬. પ્રાસ્તસંગ્રહ; ૭. લઘુ ચોવીશી વીશી સંગ્રહ, પ્ર. શા. કુંવરજી આણંદજી, સં. ૧૯૯૫; ૮. સજ્ઝાયમાલા(શ્રા) : ૧.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

રૂપવિજય–૨ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. જિનવિજયની પરંપરામાં પદ્મવિજયના શિષ્ય. તેમની કૃતિઓ નીચે મુજબ છે : ૪ ખંડ અને ૪ ઢાળમાં રચાયેલો, ભીમદેવના વણિક પ્રધાન વિમળનું ચરિત્ર આલેખતો અને ૧૯મી સદીમાં રચાયેલો હોવા છતાં જૂની ગુજરાતીનાં ઘણાં રૂપો દેખાડતો 'વિમલ-રાસ' (૨. ઈ. ૧૮૪૪/સં. ૧૯૦૦, અસાડ સુદ ૧૩, રવિવાર), 'સમેતશિખર પરનાં ૩ સ્તવનો' (૧લી ૨.ઈ. ૧૮૦૨/સં. ૧૮૫૯, માગશર સુદ ૭, ગુરુવાર; મુ.), ૧૨ ઢાલ અને ૩૨૯ કડીનો 'પદ્મવિજયનિર્વાણ-રાસ' (૨.ઈ. ૧૮૦૬/સં. ૧૮૬૨, વૈશાખ સુદ ૩; મુ.), 'વીસ સ્થાનકની પૂજાઓ' (૨.ઈ. ૧૮૨૭/સં. ૧૮૮૩, ભાદરવા સુદ ૧૧; મુ.), ૪૭ ઢાળની 'પિસ્તાળીસ આગમની પૂજા' (૨.ઈ. ૧૮૨૯/સં. ૧૮૮૫, આસો–૩, શનિવાર; મુ.), ૧૧ ઢાળ, ૮૯ કડીની 'પંચજ્ઞાનની પૂજા' (૨.ઈ. ૧૮૩૧/સં. ૧૮૮૭, શ્રાવણ સુદ ૫; મુ.), ૧૩૨ કડીની 'પંચ-કલ્યાણક-પૂજા' (૨.ઈ. ૧૮૩૩/સં.૧૮૮૯, મહા સુદ ૧૫; મુ.), ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિઓ રૂપ ત્રીસેક લઘુ કૃતિઓનાં 'મૌન એકાદશી-દેવવંદન', 'ગુણસેન કેવલી-રાસ' (૨.ઈ. ૧૮૦૪/સં. ૧૮૬૧, કારતક વદ ૭, મંગળવાર), ૨૫૦૦ કડીનો 'સનતકુમાર-રાસ' (૨.ઈ. ૧૮૨૯).

આ ઉપરાંત અજિતનાથ, કેસરિયાજી, તારંગા, નેમિનાથ, પદ્મપ્રભુ, પાર્શ્વજિન, વીરજિન, સિદ્ધાચલ આદિ પરનાં અનેક સ્વતનો; અષ્ટપ્રવચનમાતા, આત્મબોધ, મનઃસ્થિરિકરણ, પડિક્કમણ, રહનેમિ આદિપરની સઝાયો; મલ્લિનાથ, શંખેશ્વર પાર્શ્વનાથ, શાંતિનાથ આદિ પરનાં ચૈત્યવંદનો, ગોડી પાર્શ્વનાથ તથા શંખેશ્વરની લાવણીઓ; ગૌતમ, મહાવીરસ્વામી તથા કલ્પસૂત્ર પરની કેટલીક ગહૂંલીઓ; 'વરકાણાજીનો છંદ', નવાંગ પૂજનના ૧૦ દુહા, વીર-પૂજા, અષ્ટપ્રકારી અને નંદીશ્વરદીપની પૂજા, ધ્યાનગીતા આદિ અનેક લઘુકૃતિઓ આ કવિએ રચી છે. આમાંથી મોટા ભાગની મુદ્રિત છે.

આ કવિના ગદ્યગ્રંથો આ મુજબ છે : દેવેન્દ્રસૂરિકૃત પ્રાકૃતસ્તોત્ર પરનું 'સમવરણ-સ્તવન પ્રકરણ-સ્તબક', જયતિલકસૂરિકૃત 'સમ્યક્ત્વસંભવ/સુલસા-ચરિત્ર' પરનો ૨૬૮૦ ગ્રંથાગ્રનો બાલાવબોધ (૨.ઈ. ૧૮૪૪) તથા જિનહર્ષકૃત 'વિચારામૃત સંગ્રહ' પરનો બાલાવ-બોધ (૨.ઈ. ૧૮૩૭/સં. ૧૮૯૩, શ્રાવણ સુદ ૫, બુધવાર).

૧૦ કડીની 'અરણિકમુનિની સઝાય'(મુ), હિંદીમાં રચાયેલી ૯ કડીની 'કેસરિયાજીની લાવણી' (૨.ઈ. ૧૮૦૩), 'મહાવીર સત્તાવીશ-ભવ-સ્તવન' તથા ૬ કડીની 'રાજર્ષિપ્રસન્નચંદ્ર-સઝાય' (મુ.) – એ કૃતિઓ આ કવિની કૃતિઓ તરીકે નોંધાઈ છે પણ એમાં ગુરુપરંપરાનો નિર્દેશ નથી.

રૂપવિજયની લાંબી કૃતિઓમાં તેમની સંસ્કૃત સાહિત્યાલંકારની જાણકારી તથા ધર્મ, જ્ઞાન અને સંસારવ્યવહારની સૂઝ દેખાય છે. તેમની લઘુકૃતિઓમાં દેશી ઢાળો ને છંદોનું વૈવિધ્ય તથા વર્ણમધુર અને અનુપ્રાસયુક્ત રચનારીતિ ધ્યાનપાત્ર છે.

કૃતિ : ૧. આકામહોદધિ : ૫; ૨. ચૈસ્તસંગ્રહ : ૨; ૩. જિનગુણ સ્તવનાવલિ તથા ગહૂંલી સંગ્રહ, સં. મુનિમાનવિજય, ઈ. ૧૯૨૪; ૪. જિભપ્રકાશ; ૫. જિસ્તકાસંદોહ : ૧; ૬. જિસ્તમાલા; ૭. જૈઐરાસ-માળા : ૧; ૮. જૈકાપ્રકાશ : ૧; ૯. જૈકાસંગ્રહ; ૧૦. જૈન કથા રત્ન-કોષ : ૭, પ્ર. ભીમજી ભી. માણક; ઈ. ૧૮૯૨; ૧૧. જૈપ્રપુસ્તક : ૧; ૧૨. જૈસંગ્રહ; ૧૩. જૈસસંગ્રહ(જૈ); ૧૪. દેસ્તસંગ્રહ; ૧૫. પૂજા-સંગ્રહ, પ્ર. મોહનલાલ બાકરભાઈ, ઈ. ૧૮૮૪; ૧૬. પ્રાસપસંગ્રહ:૧; ૧૭. મોસસંગ્રહ; ૧૮. શંસ્તવનાવલી; ૧૯. સસન્મિત્ર(ઝ); ૨૦. સ્નાત્રપૂજા આદિ પૂજાનો સંગ્રહ, પ્ર. વિદ્યાશાલા, સં. ૧૯૨૨; ☐ ૨૧. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરેલ્ડ, ઑગસ્ટ ૧૯૧૪–'વીરપૂજા'–.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિ-હાસ;૪. દેસુરાસમાળા; ☐ ૫. આલિસ્ટઑઇ : ૨; ૬. જૈગૂકવિઓ : ૩(૧); ૭. ફાહનામાવલી : ૧; ૮. મુપુગૂહસૂચી; ૯. હેજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

રૂપવિજયશિષ્ય [ ] : 'નંદીશ્વરદ્વીપ સ્તવનાદિ અનેક સ્તવનસંગ્રહ'ના કર્તા. તપગચ્છના પદ્મવિજયશિષ્ય લક્ષ્મી-વિજય આ કૃતિના કર્તા હોય એવી પણ સંભાવના છે.

સંદર્ભ : લીંહસૂચી. [જ.ગા.]

રૂપવિમલ [ઈ. ૧૬૭૨માં હયાત] : જૈન સાધુ. કનકવિમલના શિષ્ય. 'ભક્તામર-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૭૨/સં. ૧૭૨૮, ચૈત્ર વદ ૧, સોમવાર) નામની ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.સો.]

રૂપશંકર [ઈ. ૧૮૩૩ સુધીમાં] : તેમણે 'માતાજીની હમચી' (લે.ઈ. ૧૮૩૩)ની રચના કરી છે.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલી. [કી.જો.]

રૂપસાગર [ઈ. ૧૬૯૫ સુધીમાં] : જૈન સાધુ. તિલકસાગરના શિષ્ય. ૭ કડીના 'નેમિજિન-ગીત' (લે.ઈ.૧૬૯૫)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

રૂપસીભાઈ [ઈ. ૧૮૨૧ આસપાસ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. ૫૯ કડીની 'વિચારવિલાસ'(મુ.) કૃતિના કર્તા.

ઈ. ૧૮૨૧માં કવિને સહજાનંદ સ્વામીનો સમાગમ થયો એવો ઉલ્લેખ કૃતિમાં મળે છે તે પરથી કવિ તે સમય દરમ્યાન થયા હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. કીર્તન મુક્તાવલિ, પ્ર. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોત્તમની સંસ્થા, ઈ. ૧૯૭૮; ૨. છંદ-રત્નાવલિ, પ્ર. વિહારીલાલજી મહારાજ, સં. ૧૯૪૧. [કી.જો.]

રૂપસુંદર [ઈ. ૧૬૨૧માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. વિમલચંદ્રની પરંપરામાં લક્ષ્મીચંદ્રના શિષ્ય રંગસુંદર(વાચક)ના શિષ્ય. ૩૨૫ કડીના 'દીપશિખ-રાસ' (૨.ઈ.૧૬૨૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.સો.]

રૂપસૌભાગ્ય [ ] : જૈન સાધુ. દુહા, ચોપાઈ અને દેશીમાં રચાયેલા ૬ ઢાળના 'સમવસરણ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રકરણાદિ વિચાર ગર્ભિત સ્તવન સઝાય સંગ્રહ, પ્ર. શા. માધવજી ડુંગરશી, ઈ.૧૯૩૩.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

રૂપહર્ષ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. રાજવિજયના શિષ્ય. ૭ કડીના 'જિનરત્નસૂરિ-ગીત'(મુ.)ના કર્તા. આ કૃતિ જિનરત્નસૂરિ (જ.ઈ. ૧૬૧૪–અવ. ઈ. ૧૬૫૫)ના સમયમાં લખાઈ હોવાથી કવિ ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધમાં હયાત હશે એમ કહી શકાય.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

રૂપાબાઈ [ ] : ૫ કડીના ૧ પદ(મુ.)નાં કર્તા.

કૃતિ : કાફીસંગ્રહ, પ્ર. ક. જા, સં. ૧૯૪૦. [કી.જો.]

રૂપાંદે : આ નામે ૨ ભજનો(મુ.) મળે છે. બંને ભજનોનાં કર્તા એક જ રૂપાંદે છે કે જુદાં તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

રાજસ્થાનીમાં સંત કવયિત્રી તરીકે જાણીતાં રૂપાંદે જોધપુર રાજ્યમાં આવેલા માલાણીના રાજવી મલ્લિનાથ-માલાજીનાં પત્ની હતાં અને સંભવતઃ કોઈ ધારુ મેઘવાળ અથવા ઉગમશી એમના ગુરુ હતા એમ મનાય છે એમના જીવન વિશે અનેક દંતકથાઓ પણ પ્રચલિત છે. રાજસ્થાનીમાં એમને નામે ભજનો મળે છે, જે બધાં એક જ રૂપાંદેએ રચ્યાં હોય એવી શક્યતા રાજસ્થાની વિદ્વાનોને ઓછી લાગે છે. ગુજરાતીમાં મળતા ૧ ભજનમાં રાજસ્થાની ભાષાની છાંટ છે અને માલા રાવળ અને રૂપાંદે વચ્ચેના સંવાદ રૂપે વૈરાગ્યબોધ અપાયો છે. બીજા ભજનની અંતિમ પંક્તિમાં 'ઉમરસીની ચેલી સતી રૂપાંદે બોલ્યાં રે જી' એવો સંદર્ભ મળે છે, અને ભાષા શુદ્ધ ગુજરાતી છે.

કૃતિ : ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. ચંદર ઊગ્યે ચાલવું!, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૬૪; ૨. સોરઠી સ્ત્રી સંતો, કાલિદાસ મહારાજ, ઈ. ૧૯૫૮; ૩. હિસ્ટરી ઑવ રાજસ્થાની લિટરેચર, હિરાલાલ માહેશ્વરી, ઈ.૧૯૮૦ (અં.). [કી.જો.]

રૂપાંબાઈ [સં ૧૮મી સદી] : વૈષ્ણવ સંપ્રદાયનાં ભક્ત કવયિત્રી. વલ્લભાચાર્યના પૌત્ર ગોકુલનાથજીનાં શિષ્યા. પ્રાંતિજનાં વતની. તેમણે વિવાહ ઉત્સવનાં પદ અને શોભન(મુ.), કેટલાંક ધોળ (૫ મુ.), 'ગોકુળનાથજીનો વિવાહ-ખેલ', ૨ ગુજરાતી અષ્ટપદીની રચના કરી છે. ૧૩૪ પ્રસંગોના 'નિત્યચરિત્ર'ની પણ તેમણે રચના કરી હોવાનું કહેવાય છે.

કૃતિ : ૧. ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ. ૧૯૧૬; ૨. પુષ્ટિપ્રસાદી, પ્ર. ચંદ્રવદન મો. શાહ, સં. ૨૦૨૨ (બીજી આ.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગોપ્રભકવિઓ; ૩. પુગુસાહિત્યકારો. [કી.જો.]

રૂસ્તમ/રુસ્તમ[ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : પારસી કવિ. સુરતના વિદ્વાન દસ્તૂર. પિતા પેશુતન ખોરશેદ. નવસારીના દસ્તૂર બરજોર કામદીન કેકોબાદ સંજાણાના શિષ્ય. ફારસી, પહેલવી જેવી ભાષાઓના સારા જ્ઞાતા. સંસ્કૃત, વ્રજથી પણ પરિચિત હોવાની શક્યતા. તેમનો જન્મ ઈ. ૧૬૧૯માં ને ઈ. ૧૬૩૫માં થયો હોવાનું અનુમાન થયું છે. પારસી મોબેદો વચ્ચેના પત્રવ્યવહારોમાં મળતા ઉલ્લેખો અને કવિની કૃતિઓના રચનાસમયને આધારે તેઓ ઈ. ૧૬૫૦થી ઈ. ૧૬૮૦ (૭૯) દરમ્યાન હયાત હતા એમ નિશ્ચિતપણે કહી શકાય. કવિને પ્રેમાનંદ સાથે પરિચય હતો કે નહીં તે કહેવા માટે કોઈ ચોક્કસ આધાર નથી.

અરબી, ફારસી, પહેલવી, સંસ્કૃત ઇત્યાદિના સંસ્કારવાળી પારસીશાઈ ગુજરાતીમાં પારસી ધર્મગ્રંથોમાંથી કથાપ્રસંગો લઈ મધ્યકાલીન આખ્યાનશૈલી અને છંદોની અસર ઝીલી આખ્યાનપ્રકારની કૃતિઓ રચનાર આ પહેલાં પારસી કવિ છે. કવિનો મુખ્ય ઉદ્દેશ આમ તો પારસી ધર્મના સિદ્ધાંતો સામાન્ય પારસીજનો સુધી પહોંચાડવાનો હતો, પરંતુ આ કૃતિઓ કવિની કવિત્વશક્તિનો પણ ઠીકઠીક પરિચય કરાવે છે. એમાં ફિરદોસીના 'શાહનામા'ની અંદર આવેલી સ્યાવશકથા પર આધારિત 'સ્યાવશનામું' ←(૨.ઈ. ૧૬૮૦/સં. ૧૭૩૬, ભાદરવા વદ ૭; મુ.) કવિની સૌથી વિશેષ નોંધપાત્ર આખ્યાનકૃતિ છે. ઘટનાપ્રચુર અને રસસભર આ કૃતિ સંયોજન, ભાવનું આલેખન કે અલંકારોના વૈચિત્ર્યમાં કવિની મૌલિક પ્રતિભાનો પરિચય કરાવે છે. ચોપાઈબદ્ધ 'અર્દાવિરાફ-નામું'←(૨.ઈ.૧૬૭૨) અર્દાવિરાફની કથા દ્વારા નર્કની યાતનઓથી બચવા મનુષ્યે કેવાં પાપકર્મોથી બચવું અને કયાં પુણ્યકાર્યો કરવાં જોઈએ એનો બોધ આપે છે. જરથોસ્તના જીવનના ચમત્કારયુક્ત પ્રસંગો પર આધારિત ચોપાઈબદ્ધ 'જરથોસ્તનામું' ← (૨.ઈ. ૧૬૭૪/યજદજર્દી સન ૧૦૪૪, ફવર્દીન માસ, ખુર્દાદ રોજ;* મુ.)ના ઉપદેશમાં કેટલાક વિષયોમાં ભારતીય ધર્મપરંપરાનો પ્રભાવ જોઈ શકાય છે. 'સાત અમશાસ્પંદનું કાવ્ય'←(મુ.)માં પૃથ્વીનું સંચાલન કરતી ૭ દિવ્યશક્તિઓ શું કાર્ય કરે છે અને તેમને પ્રસન્ન કરવા કેવા આચાર વિચારનું દરેક પારસીએ પાલન કરવું એનો બોધ છે. 'સંજાણા-ભગરીઆના આંતરકલહનું કાવ્ય' ← (મુ.) કવિના સમયમાં પારસી મોબેદો વચ્ચે થયેલી ખૂનામરકીની ઐતિહાસિક ઘટના કાવ્યવિષય બની હોવાને લીધે વિશિષ્ટ મહત્ત્વ ધારણ કરે છે.

એમને નામે 'અસ્પંદીઆરનામેહ' કૃતિ મળે છે, પણ તેનું કર્તૃત્વ સંદિગ્ધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા : ૨, પેરીન દારા ડ્રાઇવર, ૧૯૭૯ (+સં.); ૨. મોબેદ રુસ્તમ પેશુતન હમજીઆરનું જરથોસ્તનામું, સં. બહેરામગોર અંકલેસરીઆ, –; ૩. સ્યાવશનામું, સં. તેહમુરસ દી. અંકલેસરીઆ, ઈ. ૧૮૭૩.

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસાઈતિહાસ : ૨. [૨.૨.દ.]

'રુસ્તમનો સલોકો' : સલોકો એટલે સ્તુતિકાવ્ય. સ્તુતિ કોઈના શૌર્યની હોય એ કારણે એને 'પવાડો' નામ પણ મળ્યું છે. 'અભરામ કુલીનો સલોકો' અને 'રુસ્તમનો પવાડો' નામથી પણ ઓળખાવાયેલી શામળની આ ૧૮૦ કડીની રચના (૨. ઈ. ૧૭૨૫; મુ.)નો વિષય સુજાતખાન, રુસ્તમ અને અભરામ કુલી એ ત્રણ ભાઈઓની વીરતાનો છે. રાજકીય અરાજકતા જેવી ગુજરાતની સ્થિતિનો ખ્યાલ આપતા આ ઐતિહાસિક કથાકાવ્યમાંનું યુદ્ધવર્ણન ધ્યાન ખેંચે એવું કહેવાય. 'સાંભલી વાત્યે' પોતે આ 'સલોકો બાંધો' હોવાનું 'સામલજી બ્રાહ્મણ શ્રીધોડ જાત્યે' કહે છે. [અ.રા.]

'રેવંતગિરિ-રાસ' : નાગેન્દ્રગચ્છના હરિભદ્રસૂરિના શિષ્ય વિજયસેનસૂરિકૃત ૪ કડવક ને ૪૦ કડીનો મુખ્યત્વે દુહા-સોરઠાની દેશીઓમાં રચાયેલો આ રાસ(મુ.) રેવંતગિરિ/ગિરનાર/ઉર્જયંત પર્વતની તળેટી અને પર્વત પર બંધાયેલાં મંદિરો અને ત્યાં ઊભી કરવામાં આવેલી સગવડો વિશેની માહિતી આપે છે, એટલે ઈતિહાસદૃષ્ટિએ મહત્ત્વનો છે. કાવ્યના કવિ વસ્તુપાળ-તેજપાળના ગુરુ હતા અને તેમણે વસ્તુપાળ-તેજપાળ સાથે ગિરનારની યાત્રા ઈ.૧૨૩૨માં કરેલી તેનો લેખ ગિરનાર પર મળે છે. એટલે કાવ્યની રચના પણ એ અરસામાં થઈ હોવાનું અનુમાન થયું છે. કાવ્યની અપભ્રંશની અસરવાળી જૂની ગુજરાતી ભાષા પણ આ અનુમાનને ટેકો આપે છે.

કાવ્યના પહેલાં કડવકમાં વસ્તુપાળ-તેજપાળ ગિરનારની તળેટીમાં તેજલપુર વસાવે છે એની માહિતી છે. બીજા કડવકમાં કુમારપાળના દંડક આંબડે ગિરનાર ચડવા માટે બંધાવેલાં પગથિયાં અને વચ્ચે મુકાવેલી પરબો, સિદ્ધરાજના દંડક સાજને ગિરનાર પરના નેમિભુવનનો કરાવેલો ઉદ્ધાર તથા ભાવડશાહે કરાવેલા સોનાના અમલસારની વીગત છે. ત્રીજા કડવકમાં કાશ્મીરથી સંઘ લઈને આવેલા અજિત અને રત્ન નામના બે ભાઈઓએ કરેલી નેમિપ્રતિમાની સ્થાપના, વસ્તુપાળે કરાવેલા ઋષભેશ્વરના મંદિર, તેજપાળે બંધાવેલા કલ્યાણકત્રયના મંદિરની તથા દેપાળ મંત્રીએ કરેલા ઈંદ્રમંડપના ઉદ્ધારની વાત છે. ચોથા કડવકમાં ગિરનાર પરનાં વિવિધ ધર્મસ્થાનોની વીગત આપી છે. ઐતિહાસિક વીગત આપ્યા પછી પણ કવિનું લક્ષ તો ગિરનારનાં તીર્થધામોનો મહિમા કરવાનું છે એ કાવ્યમાં આવતા ઉલ્લેખો પરથી સમજી શકાય છે. કાવ્યત્વની દૃષ્ટિએ જો કે આ કાવ્ય વિશેષ મહત્ત્વનું ન લાગે, તો પણ એમાંના વર્ણપ્રાસ ગેયત્વપોષક છે તથા ગિરનારની વનરાજીનું વર્ણન ધ્યાન ખેંચે એવું છે. [શ્રા.ત્રિ.]

રેવા(બ્રહ્મ) [ઈ. ૧૬૭૭ સુધીમાં] : તેમણે ગુજરાતી તથા હિન્દી ભાષામાં પદો (લે.ઈ ૧૬૭૭)ની રચના કરી છે.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

રેવા ભારથી [ ] : મનહરના શિષ્ય. કવિએ ભજનો (૩ મુ.)ની રચના કરી છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૩. પરમાનંદ પ્રકાશ પદમાલા, સં. રજનીકાન્ત જે. પટેલ, સં. ૨૦૩૦ (૩જી આ.); ☐ ૪. સ્વાધ્યાય ત્રૈમાસિક, મે ૧૯૬૫–'નેત્રમાલા', કેશવરામ કા. શાસ્ત્રી. [કી.જો.]

રેવાશંકર : આ નામે 'જન્મોતરી જોવાના દોહા' મળે છે પણ તે કયા રેવાશંકરના છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

રેવાશંકર–૧ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. વડનગરા નાગર બ્રાહ્મણ ગૃહસ્થ. જૂનાગઢના ગોસ્વામી ગોવર્ધનેશના શિષ્ય. ત્રિકમદાસ ભવાનીશંકર વ્યાસના સાતમા પુત્ર. નરસિંહ મહેતાના કાકા પર્વતથી વંશાનુક્રમે બારમા પુરુષ હોવાનું મનાય છે. તેમની હયાતીનો સમય 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' ઈ. ૧૭૮૪થી ઈ. ૧૮૫૩ નોંધે છે અને 'સચિત્ર સાક્ષારમાળા' તેમનું અવસાન ઈ. ૧૮૩૭ના અરસામાં થયું હોવાનું દર્શાવે છે.

કવિ ફારસી, અરબી, વ્રજ, ગુજરાતી તેમ જ મરાઠીમાં પ્રવીણ હતા તથા કાવ્યપિંગળના પણ જાણકાર હતા. તેઓ રણછોડજી દીવાનના પ્રતિસ્પર્ધી હોવાનું પણ નોંધાયું છે.

તેઓએ 'કૃષ્ણલીલા' (તેમાં અંતર્ગત 'બાળલીલા'ની ૬૭ કડી મુ.), ચંદ્રાવળામાં રચાયેલી 'શ્રીકૃષ્ણજન્મ-ચરિત્ર' (તેમાં અંતર્ગત 'નાગદમનલીલા', 'દ્વારકાવર્ણન/લીલા' મુ), 'ડાકોરલીલા', ચંદ્રાવળામાં રચાયેલું 'ત્રિકમદાસનું ચરિત્ર'(મુ.), 'દશમસ્કંધ', 'દશમસાર', 'વલ્લભકુળ', તડાંના દુહા, જ્ઞાતિને લગતાં કાવ્યો, 'રાસલીલા', 'રણછોડજીનું કાવ્ય'(મુ.) તથા અન્ય પદોની રચના કરી છે.

કૃતિ : ૧. કાદોહન : ૧; ૨. ત્રિકમદાસનાં કાવ્યો અને ચરિત્ર, સં. નટવરલાલ ઈ. દેસાઈ અને નયનસુખરાય વિ. મજમુદાર, ઈ. ૧૯૩૦ (+સં.); ૩. બૃકાદોહન : ૧.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ, છોટુભાઈ ર. નાયક, ઈ. ૧૯૫૦; ૩. ગુમાસ્તાંબો; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. પુગુસાહિત્યકારો; ૭. પ્રાકકૃતિઓ; ૮. સસામાળા; ☐ ૯. ગૂહાયાદી. [ચ.શે.]

લક્ષ્મણ : જુઓ લખમાણ–

લક્ષ્મણ–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : શ્રાવક કવિ, ૮૨ કડીના 'નેમિનાથ-સ્તવન' (૨.ઈ ૧૪૬૩/સં. ૧૫૧૯ કારતક–), લાસ અને ચોપાઈબંધમાં ૯૪/૯૭ કડીના 'મહાવીરચરિત (કલ્પસિદ્ધાંતભાષિત)-ચોપાઈ/સ્તવન' (૨.ઈ ૧૪૬૫/સં. ૧૫૨૧, ફાગણ વદ ૭, સોમવાર; મુ.), 'ચિહુગતિ-વેલિ(૨ ઈ ૧૪૬૫),

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સિદ્ધાંતસાર-પ્રવચનસાર-રાસ' (૨ ઈ. ૧૪૬૫), ૨૫ કડીના 'ચતુર્વિંશતિજિનનમસ્કાર/ચોવીસતીર્થંકર-નમસ્કાર' (૨.ઈ. ૧૫૧૨), ૧૦ કડીના 'શાંતિનાથ-સ્તવન' તથા ૮૨ કડીના 'શાલિભદ્ર-વિવાહલુ'ના કર્તા.

કૃતિ : ૧. નમુકવિઓ; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ઑગસ્ટ ૧૯૪૦-'શ્રી વીરચરિતમ્' સં. વિજયયતીન્દ્રસૂરિજી.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ૨. પ્રાકાકૃપરંપરા; ૩. પાંગુહસ્તલેખો; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. ડિકૅટલૉગભીંજ; ૬. ડિકૅટલૉગભાવિ; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧ [કી.જો.]

લક્ષ્મણ–૨ [ઈ. ૧૭૦૨માં હયાત] : મલધારગચ્છના જૈન સાધુ. વાચક ભગવંતવિલાસના શિષ્ય. 'છ આરાની ચોપાઈ' (૨.ઈ.૧૭૦૨/સં. ૧૭૫૮, ફાગણ સુદ ૧૩, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

લક્ષ્મણદાસ : આ નામે ૫ કડીનું ૧ ભજન(મુ.) તથા ૫-૫ કડીનાં કૃષ્ણભક્તિનાં ૩ પદ(મુ.) મળે છે. તેમના કર્તા કયા લક્ષ્મણદાસ છે તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૨. બૂકાદોહન : ૭.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

લક્ષ્મણદાસ–૧ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : નડિયાદના વતની. સંતરામ મહારાજ (અવ. ઈ. ૧૮૩૧)ના પટ્ટશિષ્ય. તેમની પાસેથી આરતીઓ (૨ મુ.), ગુરુમહિમાનાં પદ (૮ મુ.), ૬ કડીનો 'ત્રિભંગી છંદ'(મુ.)–એ કૃતિઓ મળે છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. શ્રી સંતરામ સમાધિસ્થાન, નડિયાદ, સં. ૨૦૩૩ (ચોથી આ.).

સંદર્ભ : ૧. આસપરંપરા; ૨. ગુજૂકહકીકત; ૩. પ્રાકકૃતિઓ. [૨.સો.]

લક્ષ્મણરામ : જુઓ લક્ષ્મીરામ–૧.

લક્ષ્મણશિષ્ય [ ] : જૈન. 'શત્રુંજયોદ્ધાર-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

લક્ષ્મી(સાહેબ)/લખીરામ [અવ. ઈ. ૧૭૮૯/સં. ૧૮૪૫, કારતક સુદ ૮, શુક્રવાર] : રવિભાણ સંપ્રદાયના સૌરાષ્ટ્રના હરિજન સંતકવિ. તેઓ ત્રિકમસાહેબ (અવ. ઈ ૧૮૦૨)ના શિષ્ય હતા અને તેમના અવસાન પછી કચ્છની ચિત્રોડાની ગાદીના વારસદાર બન્યા હતા. પહેલાં તેઓ ભૈરવના ઉપાસક હતા અને તેની સાધનાના ચમત્કારથી ત્રિકમસાહેબને પજવવાનો પણ પ્રયાસ કરેલો. ભાવનગર પાસે આવેલા ઈંગોરાળા ગામમાં ૧ મેઘવાળ સંત લખીરામ(લક્ષ્મીસાહેબ) થયા હોવાનું નોંધાયું છે. આ લખીરામ અને લક્ષ્મીસાહેબ એક હોવાની સંભાવના છે, કારણ કે ગુરુમહિમા ને અધ્યાત્મબોધનું 'ખ્યાલા' તરીકે જાણીતું ૧ પદ લખીરામ અને લક્ષ્મીસાહેબ બંનેને નામે થોડા પાઠાંતર સાથે મુદ્રિત રૂપે મળે છે. લખીરામ પોતાનું વતન છોડી ચિત્રોડા ત્રિકમસાહેબ પાસે જઈ પાછળથી વસ્યા હોય એમ બની શકે.

'ખ્યાલા તો લખીરામ'ના એ રીતે જાણીતી થયેલી આ કવિની ભજનરચનાઓ (૪ મુ)માં અધ્યાત્મની મસ્તી અને સદ્‌ગુરુનો મહિમા વ્યકત થયાં છે. લક્ષ્મીસાહેબને નામે ગુરુમહિમાનાં ને અધ્યાત્મપ્રેમનાં બીજાં ૪ ભજન (મુ.) મળે છે.

કૃતિ : ૧. આજ્ઞાભજન : ૧ અને ૨; ૨. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭ (+સં); ૩. સૌરાષ્ટ્રના હરિજન ભકતકવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭ (+સં); ૪. હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (+સં). [કી.જો.]

લક્ષ્મીકલ્લોલ : આ નામે ૨૨/૨૪ કડીની 'ઉપશમ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), 'ચૌદબોલનામ-સઝાય' (લે. ઈ. ૧૭૧૦), ૧૬ કડીનો 'જ્ઞાનબોધ-છંદ/સારબોલની સઝાય' (મુ), ૨૩ કડીની 'ધન્ના-સઝાય', ૨૮/૨૯ કડીનો 'પાર્શ્વનાથ-છંદ' (લે. સં. ૧૭મી સદી અનુ.), ૧૬ કડીની 'વ્યવહાર-ચોપાઈ', ૪ કડીની 'શાંતિજિન-સ્તુતિ' (લે. ઈ.૧૬૩૮) અને ૧૫ કડીની 'શિખામણ-સઝાય'(મુ.) મળે છે. તેમના કર્તા કયા લક્ષ્મીકલ્લોલ છે તે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

કૃતિ : ૧. જૈન કાવ્યપ્રવેશ, સં. મોહનલાલ દ. દેશાઈ, ઈ. ૧૯૧૨; ૨. જૈસસંગ્રહ (જે); ૩. પ્રાછંદસંગ્રહ; ૪. પ્રાસ્તસંગ્રહ; ૫. લોંપ્રપ્રકરણ; ૬. સજ્ઝાયમાલા : ૧ (પ્રા); ૭. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. જૈસાઇતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ: ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીકીર્તિ : આ નામે રાજસ્થાની-ગુજરાતીમાં 'મંગલકલશ-ચોપાઈ' (લે.ઈ. ૧૮૧૦) એ કૃતિ મળે છે તેના કર્તા લક્ષ્મીકીર્તિ–૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : રાહસૂચી : ૧. [કા.શા.]

લક્ષ્મીકીર્તિ–૧ [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. નવકારમંત્રનું અહર્નિશ ધ્યાન પાપમય જીવનને કેવું નિર્મળ બનાવે છે તેનું વિવિધ દૃષ્ટાંતો આપી નિરૂપણ કરતી અને એ મંત્રનો મહિમા દર્શાવતી ૧૬ કડીની 'નવકારફલ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : નસ્વાધ્યાય : ૩ (+સં.). [કા.શા.]

લક્ષ્મીકુશલ [ઈ. ૧૬૩૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સોમવિમલસૂરિની પરંપરામાં જિનકુશલના શિષ્ય. ૬૩ કડીની 'વૈદ્યકસારરત્નપ્રકાશ' (૨.ઈ. ૧૬૩૮/સં. ૧૬૯૪, ફાગણ સુદ ૧૩)ના કર્તા. 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'એ 'વેદસાર' નામથી આ કૃતિ નોંધી છે.

'જૈન હાન્ડશિપ્ટેન ડેર પ્રોઈસેશન સ્ટાટસલિબ્લિઑથેક'માં 'દ્વારકા નગરી' નામની ૧૨ કડીની નેમિનાથવિષયક ગહૂંલી લક્ષ્મીકુશલને નામે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નોંધાયેલી મળે છે, પરંતુ એના અંતમાં આવતી 'લક્ષ્મીકુશલ શિવ-પદ લહે, વિનય સફલ ફલી આશા હો' એવી પંક્તિ મળે છે તેના પરથી આ કૃતિ લક્ષ્મીકુશલશિષ્ય વિનયની હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. ગૂહાયાદી; ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. જૈહાપ્રોસ્ટા. [કા.શા.]

લક્ષ્મીચંદ/લક્ષ્મીચંદ્ર(પંડિત) [ ] : ૧૩ કડીની 'કલ્યાણ-સાગરસૂરિભાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીતિલક [ઈ. ૧૩મી સદી મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનેશ્વરસૂરિના શિષ્ય. વિદ્યાગુરુ જિનરત્નસૂરિ. ઈ.૧૨૩૨માં દીક્ષા. અપભ્રંશપ્રધાન ગુજરાતીની ૬૦ કડીના 'શાંતિનાથદેવ-રાસ'ના કર્તા. તેમણે 'પ્રત્યેકબુદ્ધ-ચરિત્ર' (૨.ઈ. ૧૨૫૫) અને 'શ્રાવકધર્મ બૃહદ્-વૃત્તિ' (૨ ઈ. ૧૨૬૧) એ સંસ્કૃત ગ્રંથોની પણ રચના કરી છે.

કૃતિ : પ્રાગુકાસંચય (+સં).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈમગૂકરચનાઓ : ૧. [કા.શા.]

લક્ષ્મીદાસ [ઈ ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. મહેમદાવાદના વાલ્મીક બ્રાહ્મણ. પિતાનું નામ ખોખા.

૯ કડવાં અને ૧૯૦ કડીનું તથા ૭ વિવિધ રાગોના નિર્દેશવાળું 'ગજેન્દ્રમોક્ષ' (૨.ઈ. ૧૫૮૩/સં. ૧૬૩૯, જેઠ સુદ ૭, ગુરવાર), ૪૫ કડવાંનું 'ચંદ્રહાસાખ્યાન' (૨.ઈ. ૧૫૯૧/સં. ૧૬૪૭, શ્રાવણ સુદ ૭, મંગળવાર), 'લક્ષ્મણાહરણ' (૨.ઈ. ૧૬૦૪) અને ભાગવતના દશમસ્કંધનો ૧૯૫ કડવાંમાં મૂલાનુસારી સંક્ષેપ આપતું પણ રસપ્રદ કથાશૈલીવાળું 'દશમસ્કંધ' (૨.ઈ. ૧૬૧૮, અંશત: મુ)–એ લક્ષ્મીદાસની પ્રૌઢ આખ્યાનશૈલીનો પરિચય આપતી કૃતિઓ છે. કવિએ આખું ભાગવત તેમ જ મહાભારત પણ ગુજરાતીમાં ઉતાર્યાં હોવાનું નોંધાયું છે. 'કર્ણપર્વ' નામની, એક સ્થળે 'લષ્યમીદાસ' નામછાપ દર્શાવતી, અપૂર્ણ કૃતિ મહાભારતનો જ એક અંશ હોવાની સંભાવના છે.

આ ઉપરાંત 'જ્ઞાનબોધ' (૨.ઈ. ૧૬૧૨), રામભક્તિનું ૧૦ કડીનું ઉપદેશાત્મક પદ(મુ.) તથા વિવિધ રાગના નિર્દેશવાળાં અન્ય પદો (થોડાંક મુ.) પણ એમણે રચ્યાં છે. કેટલાંક પદોની ભાષા વ્રજની અસરવાળી છે.

આ સિવાય માલિની વૃત્તની ૨૬ કડીઓમાં ભક્તિબોધ ને જ્ઞાન-બોધ આપતું 'અમૃતપચીસી-રસ'(મુ.) અને ભુજંગીની દેશીમાં લખાયેલું ૩૨/૩૬ કડીનું 'રામસ્તુતિરક્ષા'(મુ.) પણ આ જ લક્ષ્મીદાસની કૃતિઓ હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. અપ્રગટ ગુજરાતી પુસ્તક, સપ્ટે.થી નવે. ઈ. ૧૮૮૫ (+સં); ૨. કવિચરિત : ૧-૨ (+સં.); ૩. નકાદોહન; ૪. બૂકાદોહન: ૬; ☐ ૫. ભારતીય વિદ્યા, વર્ષ-૧, અંક ૪ (+સં).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકૃતિઓ; ૫. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચરભાઈ ૨. પટેલ, ઈ.૧૯૭૫; ☐ ૬. ત્રૈમાસિક, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ૭. એજન, નવે. ૧૯૮૩–'લક્ષ્મીદાસકૃત દશમસ્કંધ', કુમુદ પરીખ; ☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. ગૂહાયાદી; ૧૦. ડિકૅટલૉગભાંડે; ૧૧. ફોહનામાવલિ. [૨.સો.]

લક્ષ્મીધર [ઈ. ૧૪૫૧માં હયાત]: પારસી. પિતાનામ બહેરામ. એમણે ઈ. ૧૪૫૧માં પારસીઓના મહત્ત્વપૂર્ણ આચારગ્રંથ 'અર્દાવિરાફ-નામા'નો ગુજરાતી અનુવાદ કર્યો હતો.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુલિટરેચર; ૩. પારસી સાહિત્યનો ઇતિહાસ, નોશાકરી પીલાં, ઈ. ૧૯૪૯. [૨.૨.દ.]

લક્ષ્મીપ્રભ [ઈ.૧૭મી સદીનો પૂર્વાર્ધ] : જૈન સાધુ. અમરમાણિક્યની પરંપરામાં કનકસોમના શિષ્ય. ૮૭ કડીની 'ધર્મ-ગીત' (૨.ઈ. ૧૬૦૮/સં. ૧૬૬૪, અસાડ સુદ–), ૫૨૧ કડીની 'અમરદત્તમિત્રા-નંદ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૦ ?),'પુણ્યસાર-ચોપાઈ' અને 'મૃગાપુત્ર-સંધિ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. ડિકૅટલૉગભાવિ; ૪. મુપુગૂહસૂચી. [કા.શા.]

લક્ષ્મીભદ્ર(ગણિ) [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. મુનિસુંદર-સૂરિના શિષ્ય. વ્યાકરણશાસ્ત્રના પ્રખર વિદ્વાન. ૧૦ કડીની 'શ્રી મુનિ સુંદરસૂરિ-વિજ્ઞપ્તિ' (૨.ઈ.૧૪૪૨; મુ.)ના કર્તા.

આ ઉપરાંત, ગુરુએ રચેલી 'મિત્રચતુષ્ક-કથા'નું ઈ ૧૪૨૮માં અને રત્નશેખરસૂરિકૃત 'શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ અર્થદીપિકા'નું ઈ. ૧૪૪૦માં એમણે શોધન કર્યું હતું.

કૃતિ : ઐસમાલા : ૧.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૩, મુનિશ્રી દર્શનવિજય અને અન્ય, ઈ. ૧૯૬૪; ૨. જૈસાઈતિહાસ. [કા.શા.]

લક્ષ્મીમૂર્તિ–૧ [ ] : જૈન સાધુ. સકલહર્ષસૂરિના શિષ્ય. ૭૦/૮૪ કડીનું 'શાંતિજિન-સ્તવન (ભવસ્થિતિ વિચારગર્ભિત કુમારગિરિ મંડન)/શાંતિનાથ-સ્તવન' (લે. સં. ૧૭મી સદી અનુ.) તથા ૭૯ કડીનું 'કાયસ્થિતિ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી. [કા.શા.]

લક્ષ્મીમૂર્તિ–૨/લક્ષ્મીમૂર્તિશિષ્ય [ ] : આ બંને નામે ૪૭ કડીની 'સનત્કુમાર-ચોપાઈ/સનત્કુમાર ચક્રવર્તિ-સઝાય' (લે સં. ૧૯મી સદી) મળે છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીરત્ન : આ નામે ૧૮ કડીની ગૌતમ ગુરુ પાસે અઇમત્તામુનિએ કરેલા ચારિત્રગ્રહણ પ્રસંગને સંક્ષેપમાં નિરૂપતી 'અઇમત્તામુનિની સઝાય'(મુ.), ૧૦ કડીની બાવીસ પ્રકારની અભક્ષ્ય વાનગીઓને ત્યજવાનો બોધ કરતી 'અભક્ષ્ય અનંતકાયની સઝાય/અભક્ષ્ય-સઝાય'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(મુ), ૬ કડીની 'શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સઝાય'(મુ.), ૬ કડીની 'ગહૂંલી' (લે. સં. ૧૯મી સદી અનુ.) અને ૧૦ કડીની 'નવતત્ત્વના ૩૬ બોલની સઝાય' (લે. સં ૧૯મી સદી અનુ.) કૃતિઓ મળે છે પણ તે કયા લક્ષ્મીરત્નની છે તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

કૃતિ : ૧. ચૈત્યસંગ્રહ : ૩; ૨. જૈપ્રાસ્તસંગ્રહ; ૩. જૈસમાલા-(શા) : ૩; ૪. જૈસસંગ્રહ(ન); ૫. પ્રાસાપસંગ્રહ : ૧; ૬. મોસસંગ્રહ; ૭ સઝાયમાલા : ૧ (ક્રા); ૮. સઝાયમાળા(પં); ૯. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ☐ જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫ હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીરત્ન–૧ [ઈ. ૧૫૮૦માં હયાત] : જૈન સાધુ. 'આઠકર્મરાસ-ચોપાઈ' (૨.ઈ.૧૫૮૦/સં. ૧૬૩૬, આસો સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

લક્ષ્મીરત્ન–૨ [ઈ. ૧૬૮૪માં હયાત] : જૈન સાધુ. હીરરત્નના શિષ્ય. ૬ ઢાળ ને ૧૩૫/૧૪૦ કડીની દુહા-ચોપાઈની, દુષ્કાળના વર્ષમાં લડાળાના વતની ભિમા દેદરાણીએ ૧ વર્ષનું અન્નદાન કરી પોતાની દાનશીલતા અને ઉદારતા દાખવીને ચાંપાનેરના નગરશેઠ ચાંપશી મહેતાનું બિરુદ અક્ષત રાખ્યું તેમ જ નગરશેઠના પ્રશસ્તિકાર ભાટનો ટેક જાળવી મહમદ બેગડાને કેવો રાજી કરેલો એનું કથાનક રજૂ કરતી 'ભિમા લડાળિયાનો રાસ' (૨.ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૧, માગશર સુદ ૧૫; મુ) કૃતિના કર્તા.

કૃતિ : ઐરાસંગ્રહ : ૧(+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૨. [કા.શા.]

લક્ષ્મીરત્ન–૩ [ઈ ૧૬૯૯માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. ભાવપ્રભસૂરિની પરંપરામાં મહિમાપ્રભસૂરિના શિષ્ય. એમનું અપરનામ ભાવરત્ન હોવાનું નોંધાયું છે, પરંતુ એ આધારભૂત લાગતું નથી. આ કવિએ ૧૩ કડીની 'ગુરુકલ્પ-રાસ', ૫ કડીની 'ગહૂંલી-ભાસ', ૩/૭ કડીની 'ભાવપ્રભસૂરિ-ગીત/રાસ', ૭ કડીની 'મહિમાપ્રભસૂરી-શ્વર-ભાસ' આદિ રચનાઓ કરવા ઉપરાંત જુદા જુદા તીર્થંકરોનાં સ્તવનોની રચના કરી છે, તેમાંના ૧ 'સુમતિજિન-સ્તવન'માં રચના-વર્ષ ઈ. ૧૬૯૯/સં. ૧૭૫૫, કારતક સુદ ૭ મળે છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

લક્ષ્મીરત્ન–૪ [ ] : જૈન સાધુ. જ્ઞાનવિમલના શિષ્ય. ૯ કડીની, ચોવીસે તીર્થંકરોના લાંછનોનો નિર્દેશ કરતી, 'ચોવીશ જિન લંછન-ચૈત્યવંદન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧ ચૈસ્તુસ્તસંગ્રહ : ૩; ૨. જિનપ્રકાશ; ૩. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીરત્નશિષ્ય/લક્ષ્મીરત્ન [ ] : તપગચ્છના જૈન સાધુ. જયકલ્યાણની પરંપરામાં વિમલસોમસૂરિ લક્ષ્મીરત્નસૂરિના શિષ્ય. ૬૮/૬૪ કડીના 'સુરપ્રિયકુમાર-રાસ/સુરપ્રિયઋષિ-સઝાય'ના કર્તા.

કૃતિની અંતિમ પંક્તિઓ પરથી એના કર્તા લક્ષ્મીરત્ન હોય એવો અર્થ પણ લઈ શકાય અને ઘણી જગ્યાએ એ લક્ષ્મીરત્નને નામે નોંધાઈ પણ છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. મરાસ-સાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૧); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીરામ–૧/લક્ષ્મણરામ[ઈ.૧૮૫૭ સુધીમાં] : ૮ કડીના મહાકાળીના 'સાતવારનો ગરબો'(મુ.) તથા અન્ય માતાજીના ગરબાના કર્તા.

કૃતિ : ૧. નવરાત્રિમાં ગાવાના ગરબાસંગ્રહ : ૧; પ્ર. અમરચંદ ભોવાન, ઈ. ૧૮૭૬; ૨. સત્સંદેશ શકિતઅંક–.

સંદર્ભ : ૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર, નિપુણ ઈ. પંડ્યા, ઈ. ૧૯૬૮; ☐ ૨. ગૂહાયાદી. [ક્રા.ત્રિ.]

લક્ષ્મીરામ–૨ [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. ગઢડાવાળા. અવટંકે શાસ્ત્રી. 'લીલાચિંતામણિ'ના કર્તા.

સંદર્ભ : ૧. સત્સંગના સંતો,–; ૨. સદ્વિદ્યા,–. [ક્રા.ત્રિ.]

લક્ષ્મીરુચિશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૫ કડીની 'ધન્ના-અણગાર-સઝાય' (લે.સં. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

લક્ષ્મીલાભ [ઈ. ૧૫૪૭માં હયાત] : જૈન સાધુ. 'ભુવનભાનુકેવલી-ચરિત્ર-સ્તબક' (૨.ઈ. ૧૫૪૭)ના કર્તા. મૂળ કૃતિ પ્રાકૃતમાં છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

લક્ષ્મીવલ્લભ/રાજ/હેમરાજ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતર-ગચ્છના જૈન સાધુ. હેમકીર્તિ-લક્ષ્મીકીર્તિની પરંપરામાં સોમહર્ષના શિષ્ય. કવિએ રાજ/હેમરાજ નામછાપથી પણ કૃતિઓ રચી છે.

૬ ખંડ ને ૭૫ ઢાળમાં વિસ્તરેલી મુખ્યત્વે દુહા અને ચોપાઈની દેશીમાં નિબદ્ધ 'વિક્રમાદિત્ય પંચદંડ-રાસ/વિક્રમાદિત્યભૂપાલ પંચદંડ છત્ર-ચોપાઈ/વિક્રમ પંચદંડ-ચતુષ્પદી/પંચદંડ-ચતુષ્પદી' (૨.ઈ.૧૬૭૨/સં. ૧૭૨૮, ફાગણ સુદ ૫) કવિની નોંધપાત્ર કૃતિ છે. દેવદમનીના આદેશથી વિક્રમે પ્રાપ્ત કરેલા પાંચ દંડની કથા એમાં કહેવાઈ છે. કૃતિનો વસ્તુબંધ શિથિલ છે. વર્ણનો ક્વચિત્ કાવ્યમય બન્યાં છે તો અનેક સ્થળે એ અતિવિસ્તારિત થયાં છે. કવિની આ તથા અન્ય બધી કૃતિઓમાં હિન્દીની અસર વરતાય છે.

૧૨ ઢાળની 'રતનહાસ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૬૯/સં. ૧૭૨૫, ચૈત્ર સુદ ૧૫), ૧૭ ઢાળની, દાનનો મહિમા દર્શાવતી 'અમરકુમાર-ચરિત્ર-રાસ', ૨૬ ઢાળની 'રાત્રિભોજન-ચોપાઈ (૨.ઈ. ૧૬૮૨/સં. ૧૭૩૮, પોષ સુદ ૭), ૯૬ કડીનો 'મહાવીર ગૌતમ સ્વામી-છંદ', ૯૯ કડીનો 'ભરતબાહુબલિ-છંદ', ૪૬ કડીનો, ત્રિભંગી છંદમાં રચાયેલ, ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ જે દેશમાં જન્મ્યા તે દેશનું આંતરપ્રાસ અને ઝડઝમકભરી, અનુનાસિકતાની પ્રચુરતાને કારણે સંસ્કૃત રણકાવાળી કાવ્યબાનીમાં વર્ણન કરતો વર્ણનપ્રધાન 'દેશાંતરી-છંદ/ગોડી પાર્શ્વનાથદેશાંતરી-છંદ' (મુ.) કવિની અન્ય લાંબી રચનાઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩ કડીના 'અધ્યાત્મ-ફાગ'(મુ.)માં આતમહરિ સુમતિ રાધાજી સાથે હોરી ખેલે છે એવા રૂપક દ્વારા અધ્યાત્મમાર્ગ પ્રબોધ્યો છે. કવિએ સ્તવનો અને સઝાયો પણ રચ્યાં છે, જેમાં ૧૫ કડીની 'આશાતના-સઝાય'(મુ.), ૧૮ કડીની 'નેમિસર-સઝાય', ૧૩ કડીનું 'મુહપત્તી-સ્તવન/મુહપત્તી પડિલેહણ વિચાર-સ્તવન'(મુ.), ૧૨ કડીનું 'શંખેશ્વર પાર્શ્વ બૃહત્-સ્તવન', ૪૭ કડીનું 'કર્મપ્રકૃતિ નિદાન ગર્ભિત-સ્તવન', ૫૭ કડીનું 'તેર સ્થાન ગર્ભિત ઋષભજિન-સ્તવન/ઋષભદેવ-સ્તવન (ત્રયોદશ ક્રિયાસ્થાનક વિચારગર્ભિત)', ૩૨ કડીની 'ચેતન-બત્રીસી' (૨.ઈ.૧૬૮૩), 'કુંડલિયા-બાવની', 'દુહા-બાવની', 'ધર્મોપદેશ પર વૃત્તિ', 'સવૈયા એકત્રીસા/ચોવીસ જિન-સવૈયા'(મુ.) આદિનો સમાવેશ થાય છે.

'ભાવના-વિલાસ' (૨.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, પોષ વદ ૧૦), ૫૮ કડીની 'સવૈયા-બાવની' (૨.ઈ. ૧૬૮૨), 'ઉપદેશ-બત્રીસી'(મુ.), ૧૭૮ કડીની 'કાલજ્ઞાનપ્રબંધ-વૈધિક' (૨.ઈ. ૧૬૮૫), ૮૨ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૯૧) વગેરે કવિની હિન્દી કૃતિઓ છે અને 'કલ્પદ્રુમકલિકા/કલ્પસૂત્ર-કલ્પદ્રુમકલિકા-ટીકા' તથા 'ઉત્તરાધ્યયન-દીપિકા/વૃત્તિ' સંસ્કૃત કૃતિઓ છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. અસ્તમંજુષા; ૩. જૈગૂસારત્નો :૧; ૪. પ્રાછંદસંગ્રહ; ૫. પ્રાફાગુસંગ્રહ; ૬. સજ્ઝાયમાલા : ૧ (શ્રા)

સંદર્ભ : ૧. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર વિરચિત પંચદંડની વાર્તા, સં. સોમાભાઈ ધૂ. પારેખ, ઈ. ૧૯૭૪; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. જૈસાઈતિહાસ; ૭. મરાસસાહિત્ય;☐ ૮. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૯. જૈહાપ્રોસ્ટા; ૧૦. ડિકૅટલૉગભાવિ; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી; ૧૩. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીવલ્લભસુત [ઈ. ૧૭૪૬ સુધીમાં] : જૈન સાધુ. ૩૯ કડીના 'પાર્શ્વનાથ-છંદ' (લે.ઈ. ૧૭૪૬)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

લક્ષ્મીવિજય : આ નામે ૧૬ કડીની 'અસઝાય નિવારક-સઝાય'(મુ.), 'છ અઠ્ઠાઈ-સ્તવન' (૨.ઈ. ૧૭૩૮), ૩૧ કડીનું 'વિમલનાથ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી), ૬૮ કડીનું 'ઋષભદેવ-રાગ-સ્તવન' તથા ૪ કડીની 'બીજની સ્તુતિ' એ કૃતિઓ મળે છે. તે કયા લક્ષ્મીવિજયની છે તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

લક્ષ્મીવિજયને નામે મૂળ ૬૧૧ કડીના ભાવદેવસૂરિરચિત 'પાર્શ્વનાથ-ચરિત્ર' પદ્યબંધ ઉપરનો ૧૩૦૦૦ કડીનો સ્તબક (૨.ઈ. ૧૭૫૧) મળે છે. સમયની દૃષ્ટિએ આ કૃતિ ભાણવિજયશિષ્ય લક્ષ્મીવિજયની હોવાની સંભાવના છે.

ઈ. ૧૭૯૫ પછીના કોઈ વર્ષમાં હયાત એવા લક્ષ્મીવિજયે ઢુંઢકમત અર્થાત્ સ્થાનકવાસી સંપ્રદાયના ઉદ્ભવનું નિરૂપણ કરતી 'ઢુંઢિયા ઉત્પત્તિ/ઢુંઢક મતોત્પત્તિ-રાસ' (ઈ. ૧૭૯૫ પછી) કૃતિ રચી છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં આ કૃતિ લક્ષ્મીવિનય અને લક્ષ્મીવિજય બંનેને નામે નોંધાયેલી છે, પરંતુ ખરેખર કૃતિ લક્ષ્મીવિજયની છે પણ એ કયા લક્ષ્મીવિજય છે તે સ્પષ્ટ કહી શકાય એમ નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. જૈકાપ્રકાશ : ૧;

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૧); ૪. ડિકૅટલૉગભીજે; ૫. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીવિજય–૧ (ઈ. ૧૬૭૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિમલહર્ષની પરંપરામાં પુન્યવિજયના શિષ્ય 'શ્રીપાલમયણાસુંદરી-રાસ' (૨.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, ભાદરવા સુદ ૯)ના કર્તા.

સંદર્ભ: ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય;☐૩. જૈગૂકવિઓ : ૨. [કા.શા.]

લક્ષ્મીવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં લાવણ્યવિજયના શિષ્ય. એમણે પોતાની ગુરુપરંપરાના તપગચ્છના જૈન સાધુ શ્રી વિજયપ્રભસૂરિ (આચાર્યકાળ ઈ.૧૬૫૪–૧૬૯૩)ની હયાતીમાં એમનો સંક્ષિપ્ત પરિચય કરાવતી ચોપાઈ છંદમાં ૮ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય'(મુ.)ની રચના કરી એટલે તેઓ ઈ. ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં હયાત હોવાનું કહી શકાય. આ ઉપરાંત એમણે કેટલાંક સ્તવનો રચ્યાં છે જેમાં ૫ અને ૭ કડીનાં બે 'શાંતિજિન-સ્તવન' (પહેલું મુ.), ૧૫ કડીનું 'નેમિજિન-સ્તવન', અનુક્રમે ૬ અને ૭ કડીનાં બે '(અંતરીક્ષ) પાર્શ્વનાથ-સ્તવન' અને ૨૮/૩૧ કડીના 'શાશ્વતા જિનવર-સ્તવન'નો સમાવેશ થાય છે.

કૃતિ : ૧. ઔસમાળા : ૧; ૨. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લક્ષ્મીવિજય–૩ [ઈ. ૧૭૪૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાસસૂરિની પરંપરામાં ભાણવિજયના શિષ્ય. અજિતપ્રભસૂરિકૃત 'શાંતિનાથચરિત્ર' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૭૪૩/સં. ૧૭૯૯ પોષ સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [કા.શા.]

લક્ષ્મીવિજય–૪ [ઈ. ૧૭૯૫માં હયાત] : જૈન સાધુ. ક્ષમાવિજયશિષ્ય. મીયાંગામના શાંતિજિનમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે રચેલા ૨૧ કડીના 'શાંતિનાથ-સ્તવન' (૨.ઈ. ૧૭૯૫/સં. ૧૮૫૧, વૈશાખ સુદ ૬; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'મીયાંગામના શાંતિજિનમંદિરની પ્રતિષ્ઠાનું સ્તવન', સં. શ્રી જ્યંતવિજયજી. [કા.શા.]

લક્ષ્મીવિનય [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના ગચ્છમાં લઘુખરતર શાખાના અભયમાણિક્યના શિષ્ય. ૪ ખંડમાં વિભકત, અભયકુમાર નામક બુદ્ધિશાળી અમાત્યની ૪ પ્રકારની બુદ્ધિની કથા નિરૂપતી 'અભયકુમાર મહામંત્રીશ્વર-રાસ' (૨.ઈ. ૧૭૦૪/સં. ૧૭૬૦, ફાગણ સુદ ૫; મુ) તથા 'ભુવનદીપક' પર બાલાવબોધ (૨.ઈ. ૧૭૧૧)ના કર્તા. જુઓ લક્ષ્મીવિજય.

કૃતિ : અભયકુમાર મહામંત્રીશ્વરનો રાસ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૮૮૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [કા.શા.]

લક્ષ્મીવિમલ : જુઓ વિબુધવિમલ(સૂરિ).

લક્ષ્મીશંકર [ ] : ૮ કડીનો, શિવજીની સ્તુતિ કરતી ગરબી(મુ.)ના કર્તા.

કૃતિ : અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩. [કા.ત્રિ.]

લક્ષ્મીસાગર(સૂરિ) : આ નામે ૫૮ કડીનો 'વસ્તુપાલ તેજપાલ-રાસ' (મુ.) મળે છે. 'જૈન ગૂર્જર કવિઓ'એ ઈ. ૧૪૬૨માં જેમને સૂરિ-પદ મળ્યું એ લક્ષ્મીસાગરની આ કૃતિ માની છે. પણ બીજા મલ-ધારગચ્છના લક્ષ્મીસાગર ઈ. ૧૪૯૨-૧૫૫૬ દરમ્યાન થઈ ગયા છે. આ કૃતિ કયા લક્ષ્મીસાગરની છે તે સ્પષ્ટ કહી શકાય એમ નથી. એ સિવાય ૫ કડીની 'બાવીસ અભક્ષ્ય અનન્તકાવ્ય-સઝાય' (લે.સં. ૧૯મી સદી) આ નામે 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર : ૧'માં નોંધાયેલી છે, પરંતુ તે કૃતિ લક્ષ્મીરત્નની હોવાની સંભાવના છે.

કૃતિ : જૈન સાહિત્ય સંશોધક, સં. શ્રી જિનવિજય, ઈ. ૧૯૨૮ (+ સં.).

સંદર્ભ:૧. ગુસામધ્ય; ૨. મરાસસાહિત્ય;☐૩. ફાત્રૈમાસિક, જાન્યુ. જૂન ૧૯૬૭-'ગુજરાતી જૈનસાહિત્ય : રાસ સન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ૪. અજ્ઞાત, જાન્યુ. માર્ચ ૧૯૭૧-'ગુજરાતી જૈન સાહિત્ય-રાસ સન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

લક્ષ્મીસાગર(સૂરિ)શિષ્ય [લગભગ ઈ. ૧૪૬૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ૭૨ કડીની 'શાલિભદ્ર-ફાગુ' (૨.ઈ. ૧૪૬૯ લગભગ) અને ૬ કડીની 'હીઆલી-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧): ૨. જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

લક્ષ્મીસિદ્ધ [ ] : જૈન સાધુ. ૪૦ કડીના 'જિનચંદ્ર-સૂરિવર્ણન-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬-'જૈસલમેરકે જૈન જ્ઞાન ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કા.શા.]

લક્ષ્મીસુંદર-૧ [ઈ. ૧૬૬૮માં હયાત] : 'સમકીત-સઝાય' (૨.ઈ. ૧૬૬૮)ના કર્તા. લક્ષ્મીસુંદર-૨ અને આ કર્તા એક છે કે જુદા તે સ્પષ્ટ કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૫૧; ૨. રાહસૂચી : ૧. [કા.શા.]

લક્ષ્મીસુંદર-૨ [ઈ. ૧૭૧૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. દીપ-સુંદરની પરંપરામાં ચતુરસુંદરના શિષ્ય. ૪૫૯ કડીની 'પુણ્યસાર-ચોપાઈ' (૨.ઈ ૧૭૧૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

લક્ષ્મીસૂરિ : જુઓ વિજયસૌભાગ્યશિષ્ય વિજયલક્ષ્મી.

લક્ષ્મીસેન(મટ્ટારક) [ઈ. ૧૬૪૨ સુધીમાં] : 'ચોરાશી વૈશ્ય જ્ઞાતિનાં નામ' (લે.ઈ.૧૬૪૨) એ કૃતિના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કા.ત્રિ.]

લખપત [ઈ ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના શ્રાવક કવિ. 'ત્રિલોકસુંદરી મંગલકલશ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૫/સં. ૧૬૯૧, આસો સુદ–) અને 'મૃગાંકલેખા-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૮/સં. ૧૬૯૪, શ્રાવણ સુદ ૧૫)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાન ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કી.જો.]

લખપતિ [ ] : જૈન. ૧૫ કડીનો 'શત્રુંજય-ચૈત્ય-પરિપાટી' (લે.સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

લખમણ : જુઓ લક્ષ્મણ–.

લખમણ : આ નામે ૧ કડીનું 'ઋષભજિન-ચૈત્યવંદન' (મુ.) મળે છે તેના કર્તા કયા લખમણ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. સંભવત: તેઓ લક્ષ્મણ–૧ હોય અને આ ચૈત્યવંદન એ કવિની 'ચતુર્વિંશતિ જિન-નમસ્કાર'નો ભાગ હોય.

કૃતિ : દેવવંદનમાળા, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૨૧. [કી.જો.]

લખમસીહ [ઈ. ૧૪૭૫ સુધીમાં] : જૈન. ૧૦૪ કડીનો 'શાલિભદ્ર-ચોપાઈ' (લે.ઈ. ૧૪૭૫)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

લખમો : આ નામ શંકરે ગણપતિની હત્યા કરી પછી હાથીનું માથું ચોંટાડી એમને સજીવન કર્યા એ પ્રસંગને આલેખતું ૫ કડીનું ભજન (મુ.) તથા અધ્યાત્મબોધનાં બીજાં બારેક ભજન(મુ.) મળે છે. તેમના રચયિતા કયા લખમો છે તે કહેવું મુશ્કેલ છે. એમના કોઈક ભજનમાં 'માળી લખમો' એવી નામછાપ મળે છે અને કેટલાંક ભજનોની ભાષામાં હિંદીની અસર છે. રાજસ્થાનમાં કોઈ લખમો માળી નામના લોકકવિ થઈ ગયા છે. આ ભજનોમાંથી કોઈ એ લખમા માળીના હોય.

કૃતિ : ૧. આજ્ઞાભજન : ૧, ૨; ૨. આપણી લોકસંસ્કૃતિ, પ્ર. જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭; ૩. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદ-ભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૪. ધ્રુવાખ્યાન, પ્ર. સસ્તું સાહિત્ય-વર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨; ૫. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૦૨, ૬. પ્રીતના પાવા, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૮૩ (+સં); ૭. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ); ૮. ભજનિક કાવ્યસંગ્રહ, પ્ર. શા. વૃન્દાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૮; ૯. ભજનસાગર : ૨; ૧૦. યોગવેદાન્ત ભજનભંડાર, ગોવિંદભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.); ૧૧. સતવાણી.

સંદર્ભ : ૧. નવો હલકો, સં. પુષ્કર ચંદરવાકર, ઈ. ૧૯૫૬; ૨. હિસ્ટરી ઑફ રાજસ્થાની લિટરેચર, હીરાલાલ મહેશ્વરી, ઈ. ૧૯૮૦ (અં); ☐ ૩. ગૂહાયાદી. [કી.જો.]

લખિયો [ ] : માતાજીની સ્તુતિ કરતું ૩ કડીનું પદ(મુ.) તથા ૨૧ કડીના ગરબા(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખી દાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.); ૨. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

લખીડો [ઈ. ૧૭૬૩ સુધીમાં] : 'અંબાજીનો છંદ' (લે. ઈ. ૧૭૬૩)ના કર્તા. આ કવિ અને લખિયો એક છે કે જુદા તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

લખીદાસ [ઈ. ૧૭૦૨ સુધીમાં] : 'રામ-સ્તુતિ' (લે. ઈ. ૧૭૦૨)ના કર્તા.

સંદર્ભ : પાંગુલસ્તલેખો. [કી.જો.]

લખીરામ : જુઓ લક્ષ્મી(સાહેબ).

લઘુનાથ [ ] : પાટણવાડાના હાંસલપુર ગામના વતની. જ્ઞાતિએ મોચી. તેમનો ૭૬ કડીનો 'શિવજીનો ગરબો'(મુ.) મળે છે.

કૃતિ : કાદોહન (+સં). [કી.જો.]

લછીરામ [ ] : પદો (૬ મુ.)ના કર્તા.

કૃતિ : ભસાસિંધુ.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

લધા [ ] : ખોજા કવિ. અવટંકે શાહ. ૧૧ કડીના 'ગોનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪. [કી.જો.]

લબ્ધિ : આ નામે ૬/૭ કડીની 'આત્માને બોધની સઝાય/જીવને શિખામણની સઝાય'(મુ.), ૧૦ કડીની 'માણકમુનિની સઝાય'(મુ.), ૫૧ કડીની 'જીવશિક્ષાની સઝાય'(મુ.), ૧૧ કડીની 'જીવહિતની સઝાય'(મુ.), ૧૪૩ કડીની 'પંદર તિથિની સઝાય'(મુ.), ૮ કડીની 'રસનાની/જીભલડીની સઝાય'(મુ.), ૯ કડીની 'નવે દિવસ કહેવાની સઝાય'(મુ.), ૯ કડીની 'નવકાર પ્રભાવવર્ણન/નોકારવાલીની સઝાય' (મુ.), ૧૭ કડીની 'સ્થૂલિભદ્ર-ભાસ/સ્થૂલિભદ્રની સઝાય'(મુ.), ૧૨ કડીની 'ધન્નાશાલિભદ્રની સઝાય'(મુ.), 'સુવચનકુવચનફલ-સઝાય'— એ કૃતિઓ મળે છે. તેમાં 'સ્થૂલિભદ્ર-સઝાય' અને 'માણકમુનિની સઝાય'ના કર્તા લબ્ધિવિજય હોવાની સંભાવના છે. અન્ય કૃતિઓના કર્તા કયા લબ્ધિ—છે તે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. જૈસમાલા(શા) : ૩; ૨. જૈસસંગ્રહ(ન); ૩. નરસાધ્યાય; ૪. પ્રાસ્તસંગ્રહ; ૫. મોસસંગ્રહ; ૬. વર્ધમાન તપ પદ્યાવળી, પ્ર. શાન્તિલાલ હરગોવિંદદાસ, ઈ. ૧૯૨૬; ૭. શ્રી નવપદ મહાત્મ્ય ગર્ભિત ચિત્રમય શ્રીપાલ રાસ, સં. સારાભાઈ નવાબ, ઈ. ૧૯૬૧; ૮. સજઝાયમાલા : ૧-૨(જા); ૧૦. સસર્વાન્મત્ર(ઝ).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [૨.૨.દ.]

લબ્ધિકલ્લોલ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ—અવ. ઈ. ૧૬૨૫/સં.૧૬૮૧, કારતક વદ ૬] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં વિમલરંગ-કુશલકલ્લોલના શિષ્ય. જ્ઞાતિએ શ્રીમાળી. પિતા લાડણ શાહ. માતા લાડિમદે. ભૂજમાં અનશન કરી દેહત્યાગ.

જિનચંદ્રસૂરિએ અકબર સાથે કરેલ ધર્મચર્ચા અને અકબર તરફથી એમને મળેલ આદરસન્માનનું વિવિધ દુહાબદ્ધ દેશીઓવાળી ૧૩૬ કડીમાં નિરૂપણ કરતા 'જિનચંદ્રસૂરિ અકબર પ્રતિબોધ-રાસ' (૨.ઈ. ૧૫૯૨/સં. ૧૬૪૮, જેઠ વદ ૧૩; મુ.), 'રિપુમર્દન (ભુવનાનંદ)-રાસ' (૨.ઈ. ૧૫૯૩/સં. ૧૬૪૯, આસો સુદ ૧૦, ગુરુવાર), ૪૦૪ કડીની 'કૃતકર્મરાજર્ષિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૯/સં. ૧૬૬૫, આસો સુદ ૧૦) તથા ગહૂંલીઓ(૩ મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં).

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

લબ્ધિચંદ્ર(સૂરિ) : આ નામે 'જિનસ્તવન-ચોવીસી' (લે. સં. ૧૯મી સદી) મળે છે. આ કયા લબ્ધિચંદ્રની કૃતિ છે તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિચંદ્ર(સૂરિ)—૧ [ઈ. ૧૬૪૧માં હયાત] : જૈન સાધુ. 'અઢાર નાતરાંની સઝાય' (૨.ઈ.૧૬૪૧)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિચંદ્ર(સૂરિ)—૨ [જ. ઈ. ૧૭૭૯/સં. ૧૮૩૫, શ્રાવણ વદ—અવ. ઈ. ૧૮૨૭/સં. ૧૮૮૩, કારતક વદ ૧૦] : તપગચ્છની પાર્શ્વચંદ્ર-શાખાના જૈન સાધુ. વિવેકચંદ્રના શિષ્ય. જન્મ બીકાનેરમાં. ઓસવાલ છાજડ ગોત્ર. પિતા ગિરધર શાહ. માતા ગોરમદે. ખંભાતમાં ઈ. ૧૭૯૩/સં. ૧૮૪૯, વૈશાખ સુદ ૩ના રોજ દીક્ષા. ઉજ્જૈનમાં ઈ. ૧૭૯૮/સં. ૧૮૫૪, માગશર વદ ૫ના દિવસે ભટ્ટારક પદ અને ઈ. ૧૭૯૮/સ. ૧૮૫૪, શ્રાવણ વદ ૯ના દિવસે આચાર્યપદ. બીકાનેરમાં અવસાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજસ્થાની-હિન્દીની છાંટવાળી ભાષામાં ૬ કડીના 'ફલોધિપાર્શ્વનાથજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૮૯/સં. ૧૮૫૫, માગશર વદ ૩; મુ.), ૩ કડીના 'ઋષભ-સ્તવન' તથા ૭ કડીના 'સિદ્ધાચલ-સ્તવન' (મુ.)ના કર્તા. આ ઉપરાંત એમણે 'જ્યોતિષજ્ઞાતક' તથા 'સિદ્ધાચલરત્નિકા–વ્યાકરણ' નામના ગ્રંથો પણ રચ્યા છે, જે કઈ ભાષામાં છે તે સ્પષ્ટ નથી.

કૃતિ : ૧. પ્રાસ્તસંગ્રહ; ૨. શ્રી શત્રુંજય તીર્થાદિ સ્તવનસંગ્રહ, સં. સાગરચંદ્ર, ઈ. ૧૯૨૮.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

લબ્ધિમંદિર(ગણિ) [ ] : જૈન સાધુ. સિદ્ધસેન દિવાકરકૃત મૂળ સંસ્કૃત સ્તોત્ર 'કલ્યાણમંદિર' પરના બાલાવબોધ (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞ સૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિમૂર્તિ [ ] : જૈન. ૮૪ કડીના 'ભાવસ્થિતિ-વિચારગર્ભિત શાંતિજિન સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા. આમના નામે મળતી 'શાંતિનાથ–વિનતિ' ઉપર્યુક્ત કૃતિ જ છે કે અન્ય તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિરત્ન/લબ્ધિરાજ(વાચક) [ઈ. ૧૬૨૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજની પરંપરામાં ધર્મમેરુના શિષ્ય. ૧૨ કડીની 'શીલ-ફાગ/શીલવિષયક કૃષ્ણરુકિમણી–ચોપાઈ' (૨.ઈ.૧૬૨૦ /સં. ૧૬૭૬ ફાગણ–) તથા 'નેમિ-ફાગુ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકાકૃપરંપરા; ૩.જૈગૂકવિઓ : ૩ (૧); ૪. જૈહાપ્રોસ્ટા. [૨.૨.દ.]

લબ્ધિરુચિ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. હર્ષરુચિના શિષ્ય. 'ચંદરાજા-ચોપાઈ' (૨.ઈ. ૧૬૫૧/સં. ૧૭૦૭, કારતક સુદ ૧૩, ગુરુવાર), ૩૨ કડીનો 'પાર્શ્વનાથજિન-છંદ/શંખેશ્વર પાર્શ્વનાથ-જિન-છંદ' (૨.ઈ.૧૬૫૬; મુ.), ૪ કડીની 'દસમીદિન-સ્તુતિ', ૯ કડીનું 'નેમિજિન-સ્તવન', ૪ કડીની 'પંચમી-સ્તુતિ', તથા 'બીજની સ્તુતિ'ના કર્તા. ૪ કડીની 'રોહિણી-સ્તુતિ'(મુ.) પણ એમની રચના હોવાનો સંભવ છે. એમને નામે 'હરિશ્ચંદ્ર-રાસ' કૃતિ નોંધાયેલી છે પણ તેને હાથપ્રતોનો ટેકો નથી.

કૃતિ : ૧. ચૈત્યસંગ્રહ : ૩; ૨. પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુજૂકવકૃત; ૨. ગુસામધ્ય; ૩. આલિસ્ટઓઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૨); ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિવલ્લભ ૧ [ઈ. ૧૮૨૫ સુધીમાં] : જૈન. 'પાર્શ્વનાથજીનો દેશાંતરી છંદ' (લે. ઈ. ૧૮૨૫)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિવર્ધન [ ] : જૈન. વિવિધ રાગબદ્ધ 'નેમિ-નાથના બારમાસા સવૈયા' (અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : જનયુગ, મહા-ફાગણ ૧૯૮૪–'પ્રાચીન જૈન કવિઓના વસંતવર્ણન', મોહનલાલ દ. દેશાઈ. [૨.૨.દ.]

લબ્ધિવિજય : આ નામે 'સનતકુમારચક્રી-રાસ' (૨.ઈ. ૧૮૧૯), ૧૮ કડીની 'અર્હન્નકઋષિની સઝાય'(મુ.) ૫૬ કડીની 'ક્ષમા-પંચાવની' (લે. સં. ૧૮-૧૯મી સદી અનુ.), ૩૨ કડીનું 'ચંદનબાલા-ગીત/સઝાય' (મુ.), ૨૩ કડીની 'દેવકી સાતપુત્ર-સઝાય', ૨૨ કડીનો 'નેમિ-ફાગ' (મુ.), ૪૨ કડીનું 'તીર્થંકરવરસીદાન-સ્તવન', ૧૬ કડીની 'નંદિષેણ-સઝાય', ૨૦ કડીની 'વયરસ્વામી-સઝાય', ૧૩ કડીની 'શાલિભદ્ર-સઝાય', ૩૭ કડીની 'ઝાંઝરિયા મુનિની સઝાય'(મુ.), ૪ કડીની 'બીજની સ્તુતિ'(મુ.), ૭ કડીની 'દીવાની સઝાય'(મુ.), ૭ કડીની 'વૈરાગ્યની સઝાય'(મુ.), ૫ કડીનું 'આધ્યાત્મિક-ગીત', ૨૯ કડીની 'ભરતબાહુ-બલિ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), ૮ કડીની 'પાંચ દૃષ્ટાંત-સઝાય', ૮ કડીની 'અષ્ટમહાસિદ્ધિ-સઝાય' (લે. સં. ૧૯૧૩), ૭ કડીની 'વીસસ્થાનક-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.), વ્યક્તિ-વિષયક ૩ સઝાયો–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા લબ્ધિવિજય છે તે કહેવું મુશ્કેલ છે. એમાં 'અર્હન્નકમુનિ-સઝાય'ને 'લીંબડીના જૈનજ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચિપત્ર' લબ્ધિહર્ષની ગણે છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈસમાલા(શા) : ૨; ૩. જૈસ-સંગ્રહ(ન); ૪. પ્રાસ્તસંગ્રહ; ૫. સઝાયમાલા(ક્રા); ૬. સસન્મિત્ર(ઝ); ૭. સ્નાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી : ૧; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિવિજય–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં સંયમહર્ષ-ગુણહર્ષના શિષ્ય. ક્યારેક તેઓ પોતાને અમીપાલ-ગુણહર્ષશિષ્ય તરીકે પણ ઓળખાવે છે તે કઈ રીતે તે સ્પષ્ટ થતું નથી. ૪ ખંડ, ૪૯ ઢાળ અને ૧૨૭૪ કડીનો 'દાન શીલ તપ ભાવના એ દરેક અધિકાર પર દૃષ્ટાંતકથા-રાસ' (૨. ઈ. ૧૬૩૫/સં. ૧૬૯૧, ભાદરવા સુદ ૬), ૫ ખંડ અને ૪૪ ઢાળ તથા ૧૫૪૦ કડીનો 'ઉત્તમકુમારનો રાસ' (૨.ઈ. ૧૬૪૫/સં. ૧૭૦૧, કારતક સુદ ૧૧, ગુરુવાર), ૭ ખંડ, ૨૯ ઢાળ ને ૧૪૨૦ કડીનો 'અજાપુત્ર-રાસ' (૨.ઈ. ૧૬૪૭/સં. ૧૭૦૩, આસો સુદ ૧૦, શુક્રવાર), ૯ કડીનું 'શંખેશ્વર પાર્શ્વનાથ જિન-સ્તવન'(મુ.), ૬૪ કડીનું 'મૌન એકાદશી-સ્તવન', 'સૌભાગ્યપંચમી/જ્ઞાનપંચમી', 'પંચ-કલ્યાણિકાર્મધ્યજિન-સ્તવન', ૪૩ કડીની 'ગુરુગુણ-છત્રીસી'–એ કૃતિઓના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈગૂ કવિઓ:૨, ૩(૧, ૨); ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

લબ્ધિવિજય–૨ [ઈ. ૧૭૫૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. કેસરવિજયની પરંપરામાં અમરવિજયના શિષ્ય. ૪ ઉલ્લાસ, ૫૯ ઢાળમાં વિભાજિત ૭૦૦ કડીની દુહાબદ્ધ 'હરિબલ મચ્છી-રાસ'←(૨.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈ. ૧૭૫૪/સં. ૧૮૧૦, મહા સુદ ૨, મંગળવાર; મુ.) કવિની ઉલ્લેખનીય રચના છે. જીવદયાનું ધર્માચરણ કરતા હરિબલમાછીને પ્રાપ્ત થતાં સુખસમૃદ્ધિની રોચક કથા એમાં આલેખાઈ છે. ૪ કડીની 'ચૈત્રીપૂનમની સ્તુતિ'(મુ.), 'જંબૂસ્વામી-સલોકો', ૮ કડીની 'નેમરાજલની સઝાય'(મુ.), ૨૭ કડીની 'સિદ્ધાચલ-ભાસ' તથા ૨૬ કડીની 'સંવત્સરી દાન-સ્તવન'(મુ.) એમની અન્ય રચનાઓ છે.

કૃતિ : ૧. હરિબલ મચ્છી રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૮૯; ☐ ૨. ચૈત્યસંગ્રહ : ૩; ૩. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૪. જૈસસંગ્રહ(ન).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [૨.૨.૬.]

લબ્ધિવિજય–૩ [ઈ. ૧૭૯૬માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. સોમચંદ્રની પરંપરામાં લવજીમુનિના શિષ્ય. બાવીસમા તીર્થંકર નેમિનાથના ચરિત્રનું વીગતપૂર્ણ તેમજ કાવ્યત્વયુક્ત નિરૂપણ કરતા ૨૯૫ કડીના 'નેમીશ્વર ભગવાનના ચંદ્રાવલા-૨૯૫' (૨.ઈ.૧૭૯૬/સં. ૧૮૫૨, ફાગણ સુદ ૨, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : નેમીશ્વર ભગવાનના બસો પંચાણું ચંદ્રાવલા, પ્ર. નહા. રૂ. રાણીનાનો યુનિયન પ્રેસ, ઈ. ૧૮૮૫.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨ ૬.]

લબ્ધિવિજય–૪ [ ] : સંભવત: તપગચ્છના હરિવિજયની પરંપરાના જૈન સાધુ. ૭ કડીની 'અરણિકમુનિની સઝાય' (મુ.) તથા ૧૭ કડીની 'ખંડકકુમાર-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. સઝાયમાળા(પં).

લબ્ધિવિમલ [ઈ. ૧૭૬૩માં હયાત] : જૈન. ૯૨૫ ગ્રંથાગ્રના 'ષષ્ઠ કર્મગ્રંથ-યંત્ર' (૨ ઈ.૧૭૬૩)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬]

લબ્ધિશેખર [ઈ. ૧૭મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ જિનચંદ્રની પરંપરામાં જ્ઞાનવિલાસના શિષ્ય. ૯ કડીના 'જિનચંદ્રસૂરિ-ગીત' (મુ.)ના કર્તા. લબ્ધિશેખરના ગુરુબંધુ સમયપ્રમોદે ઈ. ૧૬૧૭માં 'ચોપર્વી-ચોપાઈ' રચી છે. આ આધાર પર લબ્ધિશેખર પણ આ સમયગાળામાં હયાત હોવાનું અનુમાન થઈ શકે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨ ૬.]

લબ્ધિસાગર : આ નામે 'વીસી' (લે. ઈ. ૧૪૪૨), 'ચોવીસી' (લે.ઈ. ૧૪૮૨), ૩૬ કડીની 'પાર્શ્વનાથ-સ્તવનગર્ભિતપલ્યોપમ-છત્રીસી' (લે. સં. ૧૯મી સદી અનુ.) તથા ૩૩ કડીનું 'તીર્થમાલા-સ્તવન' મળે છે. આ કૃતિઓના કર્તા કયા લબ્ધિસાગર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. જૈમગૂકરચનાઓ : ૧; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬.]

લબ્ધિસાગર–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગર (અવ. ઈ. ૧૫૯૭)ના શિષ્ય. વિવિધ ગચ્છો વચ્ચે થયેલા મતભેદ દરમ્યાન ખરતરગચ્છના સાધુઓ માટે ચર્ચા કરવા માટે લખેલ ગદ્યકૃતિ 'ખરતર પ્રતિ કોઈ પૂછવાનઈ ૪ બોલ/ખરતરહુણડીખરતરગચ્છીને પૂછવાના ૪ બોલ' (લે. સં. ૧૭મી સદીનો પૂર્વાર્ધ અનુ; મુ.)ના કર્તા. ઈ. ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં શિષ્ટ ગુજરાતી ગદ્યનું સ્વરૂપ કેવું હતું તે જાણવા માટે અને કોઈ ઐતિહાસિક વિષયની શાસ્ત્રીય અન્વેષણ પદ્ધતિ કેવા પ્રકારની હતી તે જાણવા માટે આ કૃતિ ધ્યાનાર્હ છે

કૃતિ : પુરાતત્ત્વ, આસો ૧૯૮૧–'જૂની ગુજરાતીમાં એક જૈન ઐતિહાસિક ચર્ચા', જિનવિજયજી (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧ [૨.૨.૬.]

લબ્ધિસાગર–૨ [ઈ. ૧૭૧૪માં હયાત] : ખરતરગચ્છની માણિક શાખાના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં જયનંદનના શિષ્ય. 'ધન્નઋષિજંગકુમાર-ચોપાઈ' (૨ ઈ. ૧૭૧૪/સં. ૧૭૭૦, આસો વદ ૧૧, શનિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [૨.૨ ૬]

લબ્ધિહર્ષ [ ] : ૧૮ કડીની 'અર્હન્નકમુનિ-સઝાય'ના કર્તા. આ કૃતિ અન્ય સૂચિઓમાં લબ્ધિવિજયને નામે મળે છે. જુઓ લબ્ધિવિજય.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.૬.]

લબ્ધોદય [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતગચ્છની માણિકશાખાના જિનમાણિક્યસૂરિની પરંપરામાં જ્ઞાનરાજગણિના શિષ્ય. જન્મનામ લાલચંદ દીક્ષાનામ લબ્ધોદય.

જ્ઞાનપંચમીનું માહાત્મ્ય બતાવવા રચાયેલી 'ગુણાવલી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૮૯/સં. ૧૭૪૫, ફાગણ સુદ ૧૦)માં કવિએ આ પૂર્વે પોતે ૬ ચોપાઈબદ્ધ કૃતિઓ રચી હોવાનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ અત્યારે કવિની લાંબી ૪ રચનાઓ જ ઉપલબ્ધ છે. તેમાં શીલધર્મનો મહિમા કરવા માટે રચાએલી ૨ કૃતિઓમાં ૩ ખંડ ને ૮૧૬ કડીની 'પદ્મિની ચરિત્ર-ચોપાઈ'←(૨ ઈ ૧૬૫૧/સં ૧૭૦૭, ચૈત્ર સુદ ૧૫, શનિવાર; મુ.) વિશેષ નોંધપાત્ર છે ચિતોડની રાણી પદ્મિનીના શીલની રક્ષા કરવા માટે સુલતાન અલ્લાઉદ્દીનની સામે ગોરા-બાદલે સાહસ અને ચતુરાઈ બતાવી કરેલા યુદ્ધ અને ગોરાના આત્મબલિદાનની ઘટના કૃતિનો આકર્ષક અંશ છે. બીજી 'મલયસુંદરી-ચોપાઈ' (૨.ઈ. ૧૬૮૭/સં. ૧૭૪૩, આસો વદ ૧૩) કવિની સૌથી લાંબી કૃતિ છે. ૩૮ ઢાળની 'રત્નચૂડમણિચૂડ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૮૩/સં. ૧૭૩૯, મહા સુદ ૫)માં દાનધર્મનો મહિમા વર્ણવાયો છે. આ સિવાય ૧૩ કડીની 'ધુલેવા ઋષભદેવ-સ્તવન' (૨.ઈ. ૧૬૫૪/સં. ૧૭૧૦, જેઠ વદ ૨, બુધવાર) અને ૧૫ કડીની 'ઋષભદેવ-સ્તવન' (૨.ઈ. ૧૬૭૫/સં. ૧૭૩૧, માગશર વદ ૮, બુધવાર) કવિની ૨ લઘુ રચનાઓ છે.

કૃતિ : પદ્મિનીચરિત્ર-ચોપાઈ, સં. ભંવરલાલ નાહટા, ઈ. ૧૯૩૬ (+ સં).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. યુજિનચંદ્રસૂરિ;☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.૬]

લલિતકીર્તિ(ગણિ)(પાઠક) [ઈ. ૧૬૨૩માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં લબ્ધિકલ્લોલના શિષ્ય. ૩૦૩૯ કડીનો 'અગડદત્તમુનિ-રાસ' (૨.ઈ. ૧૬૨૩/સં. ૧૬૭૯, જેઠ સુદ ૧૫, રવિવાર) તથા ગુરુમહિમા વર્ણવતા ૯ કડીના 'કીર્તિરત્નસૂરિ-ગીત'(મુ.) ને ૧૨ કડીના 'લબ્ધિ-કલ્લોલસુગુરુ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : એજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ૪. યુજિનચંદ્રસૂરિ;☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [ગી.મુ.]

લલિતપ્રભ(સૂરિ) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ]: પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. કમલપ્રભસૂરિની પરંપરામાં વિદ્યાપ્રભના શિષ્ય. પંચાસરા પાર્શ્વનાથ તથા આસપાસનાં મંદિરોના ઉલ્લેખવાળી અને ૨૭ ઢાળ ને ૨૦૪ કડીની 'પાટણચૈત્ય-પરિપાટી' (૨.ઈ. ૧૫૯૨/સં. ૧૬૪૮, આસો વદ ૪, રવિવાર; મુ.), ૩૭ કડીનું 'શાંતિજિન-સ્તવન' (૨.ઈ. ૧૫૯૨), ૪ ખંડમાં વહેંચાયેલો 'ચંદ્રકેવલીચરિત/ચંદરાજાનો રાસ' (૨.ઈ. ૧૫૯૯/સં. ૧૬૫૫, મહા સુદ ૧૦, ગુરુવાર), ઐતિહાસિક કથાવસ્તુ પર આધારિત ૨૫ કડીનું 'ધાંધાણી તીર્થ-સ્તવન' (૨.ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, મહા વદ ૪) તથા 'પાક્ષિક-સઝાય' એ કૃતિઓના કર્તા.

કૃતિ : પાટણ ચૈત્ય પરિપાટી, સં. મુનિશ્રી કલ્યાણવિજયજી, સં. ૧૯૮૨.

સંદર્ભ : ૧. ઇતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ જ. સાંડેસરા – 'શ્રી પંચાસરા પાર્શ્વનાથના મંદિર વિશેના કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો', ઈ. ૧૯૬૬; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૭. મુપુગૂહસૂચી. [ગી.મુ.]

લલિતસાગર : આ નામે ચોપાઈ ને દુહાના બંધમાં ૩૦/૩૧, ૪૬ અને ૬૩ કડીના ૩ 'શનિશ્ચરનો છંદ' (મુ.), ૧૨ કડીની 'શત્રુંજય-તીર્થ મહિમ્ન-સ્તોત્ર' (૨.ઈ. ૧૬૪૫/સં. ૧૭૦૧, પોષ વદ ૫) તથા ૬ કડીનું 'અભિનંદન-સ્તવન' – એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા લલિતસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : પ્રાછંદસંગ્રહ; ૨. શનિશ્ચરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, પ્ર. શ્રાવક નીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [ગી.મુ.]

લલિતસાગર–૧ [ઈ. ૧૫૫૧માં હયાત] : જૈન સાધુ. રાજસ્થાની-ગુજરાતીમાં રચાયેલી 'શીલવતી-ચોપાઈ' (૨.ઈ. ૧૫૫૧)ના કર્તા.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧. [ગી.મુ.]

લલિતસાગર–૨ [ઈ. ૧૬૪૩માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. 'નેમિરાજર્ષિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૩/સં. ૧૬૯૯, માગશર સુદ ૧૪)-ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદ નાહટા. [કી.જો.]

લલિતસાગર–૩ [ ] : તપગચ્છના જૈન સાધુ. દીપસાગર ઉપાધ્યાયની પરંપરામાં પંડિત તેજસાગરના શિષ્ય. વિજયપ્રભસૂરિના ગુણોને વર્ણવતી ૮ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય'(મુ.)-ના કર્તા.

કૃતિ વિજયપ્રભસૂરિ (ઈ. ૧૬૨૧–ઈ. ૧૬૯૩)ના હયાતીકાળ દરમ્યાન રચાયેલી જણાય છે તેથી કવિ ઈ. ૧૭મી સદીમાં થઈ ગયા હોવાનું કહી શકાય.

કૃતિ : ઐસમાળા (+સં.). [ગી.મુ.]

લલિતહંસ [ ] : તપગચ્છના જૈન સાધુ. તત્ત્વહંસના શિષ્ય. ૯ કડીની 'વિજયક્ષમાસૂરિ-સઝાય(મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાળા : ૧. [ગી.મુ.]

લલિતાબેન [ ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં ભક્ત કવયિત્રી. તેઓ કનૈયાલાલજી મહારાજશ્રીના અંતરંગ ભક્ત હતાં. તેમણે 'કિંકરી' છાપથી પદ તથા ધોળની રચના કરી છે.

સંદર્ભ : ગોપ્રભકવિઓ. [કી.જો.]

લવજી [ ] : 'શિવપુરાણ'ના કર્તા.

સંદર્ભ: ૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચર ાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૫; ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર, નિપુણ ઈ. પંડ્યા, ઈ. ૧૯૬૮. [કી.જો.]

લંઘનદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફૉહનામાવલી. [શ્રા.ત્રિ.]

લાઇઆ(ઋષિ)શિષ્ય[ઈ. ૧૫૯૨ સુધીમાં]:હીરવિજયસૂરિના સમયમાં કર્ણઋષિશિષ્ય-જગમલશિષ્ય-જગમાલશિષ્ય લહુઆ ઋષિ હતા. તે અને આ લાઇઆ ઋષિ એક હોવાનો પૂરો સંભવ છે. ૭૩૫ ગ્રંથાગ્રના 'મહાબલ-રાસ' (લે.ઈ. ૧૫૯૨)ના કર્તા. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહત ગુજરાતી હસ્તપ્રતસૂચી'એ આ કૃતિ લાઇઆ ઋષિને નામે નોંધી છે તે ભૂલ છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પાંગુહસ્તલેખો; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧; ૫. મુપુગૂહસૂચી. [કી.જો.]

લાક્ષા(પૃથ્વીરાજ) [ઈ. ૧૫૮૨માં હયાત] : 'સુબોધમંજરી' (૨.ઈ. ૧૫૮૨)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. સંબોધિ, એપ્રિલ–જાન્યુ. ૧૯૭૯–૮૦–'જૈનેતર પ્રાચીન ગુજરાતી કવિઓની કેટલીક અપ્રગટ રચનાઓ', ભોગીલાલ જ. સાંડેસરા; ☐ ૨. ગૂહાયાદી. [કી.જો.]

લાખો [ ] : કૃષ્ણભક્તિનાં ૩/૪ કડીનાં ૩ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાતિક, સં. ૧૯૬૫; ૩. ભજનસાગર : ૨; ૪. રસાસિંધુ; ☐ ૫. સંબોધિ, એપ્રિલ-જાન્યુ. ૧૯૭૯-૧૯૮૦–'જૈનેતર પ્રાચીન ગુજરાતી કવિઓની કેટલીક અપ્રગટ રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [કી.જો.]

લાધા(શાહ) [સં. ૧૮મી સદી] : કડવાગચ્છના જૈન સાધુ. કડૂઆ-કડવાની પરંપરામાં થો માણના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ. ૧૭૦૪/સં. ૧૭૬૦, આસો સુદ ૧૦, શુક્રવાર), 'સામાયિક-સઝાય' (૨.ઈ. ૧૭૦૭), 'જંબૂકુમાર-રાસ' (૨.ઈ. ૧૭૦૮/સં. ૧૭૬૪, કારતક સુદ ૨, ગુરુવાર), ઐતિહાસિક માહિતી દર્શાવતી ૧૫ કડીની 'થિરપુર મંડનશ્રી મહાવીર જિન-સ્તવન' (૨.ઈ. ૧૭૨૮/સં. ૧૭૮૩, મહા વદ ૧૩; મુ.), ૫ ઢાળ તથા ૮૧ કડીની 'સૂરત-ચૈત્ય-પરિપાટી' (૨.ઈ. ૧૭૩૭/સં. ૧૭૯૩, માગશર વદ ૧૦, ગુરુવાર;મુ.), ૭ ઢાલ તથા ૯૨ કડીની ઐતિહાસિક કૃતિ 'શિવચંદજીનો રાસ' (૨. ઈ. ૧૭૩૯/સં. ૧૭૯૫, આસો સુદ ૫; મુ.), ગદ્યકૃતિ 'પૃથ્વીચંદ્ર-ગુણસાગરચરિત્ર-બાલાવબોધ' (૨.ઈ. ૧૭૫૧/સં. ૧૮૦૭, માગશર સુદ ૫, રવિવાર), ૧૧ કડીની 'આઠ મદની સઝાય', 'પાટણ ચૈત્ય-પરિપાટી', 'વિચારરત્નાકર-બાલાવબોધ', 'સ્ત્રી શિખામણ-સઝાય'– એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ (+સં.); ૨. જૈન કથારત્નકોષ : ૭, પ્ર. ખીમજી મી. માણેક, ઈ. ૧૮૯૨; ૩. પ્રાતીસંગ્રહ; ૪. સૂર્યપૂર રાસમાળા, કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦; ☐ ૫. જૈન સત્યપ્રકાશ, નવે. ૧૯૪૭–'થિરપુરમંડન મહાવીર જિન સ્તવન', સં. શ્રીવિજયયતીન્દ્રસૂરિજી; ૬. એજન, જૂન ૧૯૫૩–'કડૂઆ મત પટ્ટાવલીમાં લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા.

સંદર્ભ : ૧. કડૂઆમતીગચ્છ પટ્ટાવલી સંગ્રહ, સં. અંબાલાલ પ્રે. શાહ, ઈ. ૧૯૭૯, ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૭. ડિકૅટલૉગ ભાઈ : ૧૯(૨); ૮. મુપુગૂહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

લાધાજી [ઈ. ૧૮૨૩માં હયાત] :અષ્ટકોટીય બૃહદ્ પક્ષના જૈન સાધુ. તલકસિંહના શિષ્ય. દુહાબદ્ધ ૩૦૧ કડી અને ૧૫ ઢાળના મુનિદાનનો મહિમા કરતા 'ભીમસેન રાજાનો રાસ' (૨.ઈ. ૧૮૨૩/સં. ૧૮૭૯, બીજો આસો વદ ૧૧, શનિવાર; મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસારનો રાસ, ભીમસેન રાજાનો રાસ અને શ્રી જિતારી રાજાનો રાસ, પ્ર. કારૂ માઈ દેવજી વગેરે, સં. ૧૯૯૬(+સં.). [કી.જો.]

લાધારામ [ ] : સારસ્વત બ્રાહ્મણ. પિતા નામ વિક્રામ. આ કવિનાં ૧૦ અને ૪ કડીનાં ૨ પદ(મુ.) તથા ૪૦ કડીની કળિયુગ વિશેની ગરબી(મુ.) મળે છે.

કૃતિ : રસાસિંધુ. [કી.જો.]

લાધો [ ] : તેમણે સંતમહિમાને લગતાં કેટલાંક ભજન (૩ મુ.) તથા પદની રચના કરી છે.

કૃતિ : ૧. પદસંગ્રહપ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. ત્રિભુવનદાસ ક. ઠક્કર, સં. ૨૦૦૨ (ત્રીજી આ.); ૩. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૪. સંતસમાજ ભજનાવળી, પ્ર. કેશવલાલ મ. દૂધવાળા, ઈ. ૧૯૩૧.

સંદર્ભ :૧. ગુજૂકીહકકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ડિકૅટલૉગભીજે. [કી.જો.]

લાભ : આ નામે ૧૩ કડીનું 'ચોત્રીસ-અતિશય-સ્તવન' (લે.સં.૧૮મી સદી અનુ.) એ કૃતિ મળે છે તેના કર્તા કયા લાભ– છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

લાભઉદય [ ] : ૫ કડીના 'પાર્શ્વનાથ જિન-પ્રભાતી-સ્તવન'(મુ.) અને ૯ કડીના સિદ્ધાચળને લગતા ૧ પદ (મુ.)ના કર્તા. સિદ્ધાચળને લગતા પદમાં 'લાભઉદય' એવા શબ્દો મળે છે પણ તે કર્તાનામ જ છે તેમ ચોક્કસ કહી શકાતું નથી. આ લાભઉદય અને ભુવનકીર્તિશિષ્ય લાભોદય એક છે કે કેમ તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈપ્રપુસ્તક. [શ્રા.ત્રિ.]

લાભકુશલ [ઈ. ૧૭૦૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સુમતિસાધુસૂરિની પરંપરામાં વૃદ્ધિકુશલના શિષ્ય. ૧૦૦૦ ગ્રંથાગ્રના 'સ્થૂલિભદ્ર અવચૂરિ/સ્થૂલિભદ્રની ચોપાઈ-રાસ' (૨.ઈ. ૧૭૦૨/સં. ૧૭૫૮, ચૈત્ર વદ ૧૦, ગુરુવાર; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : (દેર) કુમારપાલપ્રતિબોધ, સં. લુડવિગ આલ્સફોર્ડ, ઈ. ૧૯૨૮ (જ.).

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [શ્રા.ત્રિ.]

લાભમંડન [ઈ. ૧૫૨૭માં હયાત]: અંચલગચ્છના જૈન સાધુ. ૬૧મા પટ્ટધર ભાવસાગરસૂરિના શિષ્ય. ૯૨ કડીના 'ધનસાર-પંચશાલિ-રાસ' (૨.ઈ. ૧૫૨,/સં. ૧૫૮૩, કારતક સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩-'ગુજરાતી જૈન સાહિત્ય-રાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૩. જૈગૂકવિઓ : ૧. [શ્રા.ત્રિ.]

લાભવર્ધન/લાલચંદ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સાધુરંગની પરંપરામાં શાંતિહર્ષના શિષ્ય. 'ઉપપદી' (૨.ઈ. ૧૬૫૫), 'વિક્રમ/૯૦૦ કન્યા/ખાપરા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોર-ચોપાઈ (ર.ઈ. ૧૬૬૭/સં. ૧૭૨૩, મહા સુદ ૧૩, બુધવાર), ૨૯ ઢાલ અને ૬૧૯ કડીની 'લીલાવતી-ચોપાઈ/રાસ' (ર.ઈ. ૧૬૭૨ સં. ૧૭૨૮, કારતક સુદ ૧૪), ૫૯૪ કડીની 'બાપરાચોરની ચોપાઈ' (ર.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭. ભાદરવા સુદ ૧૧), 'પંચદંડ-ચોપાઈ' (ર.ઈ. ૧૬૭૭/સં. ૧૭૩૩, ફાગણ–), 'માષાલીલાવતી-ગણિત' (ર. ઈ. ૧૬૮૦/સં. ૧૭૩૬ અસાડ વદ–), ૮૯ ઢાલ અને ૫૨૬ કડીની 'ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ-ચોપાઈ/રાસ' (ર.ઈ. ૧૬૮૬), 'સ્વરોદય ભાષા' (ર.ઈ. ૧૬૯૭/સં. ૧૭૫૩, ભાદરવા સુદ–), ૧૫૦ ઢાળ અને ૨૭૫૧ કડીની 'પાંડવચરિત્ર-ચોપાઈ' (ર.ઈ. ૧૭૧૧), ૫૬૪ કડીની 'શુકનદીપિકા-ચોપાઈ' (ર.ઈ. ૧૭૧૪/સં. ૧૭૭૦, વૈશાખ સુદ ૩, ગુરુવાર), ૩ કડીની 'નવપદ ટ્રપદ' અને ૭ કડીના 'સીમંધર જિન-સ્તવન'ના કર્તા. 'લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિ-ઓનું સૂચીપત્ર'માં લાલચંદના નામે નોંધાયેલો 'મલયસુંદરી-રાસ' (ર. ઈ. ૧૬૮૭) રચનાસમય જોતાં પ્રસ્તુત કર્તાની જ કૃતિ હોવા સંભવ છે. 'બાપરાચોરની ચોપાઈ' અને 'વિક્રમ-ચોપાઈ' એક હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા ઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો;☐ ૬. જૈન સત્ય-પ્રકાશ, જા.-ફે. ફેબ્રુ. માર્ચ ૧૯૪૪–'વિક્રમાદિત્ય સંબંધી જૈન સાહિત્ય', અગરચંદજી નાહટા;☐ ૭. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૮. ડિકૅટલૉગબીજે; ૯. ડિકૅટલૉગ ભાવિ; ૧૦. મુપુગૂહસૂચી; ૧૧. રાહ-સૂચી : ૧, ૨; ૧૨. લીંહસૂચી; ૧૩. હેજ્જ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

લાભવિજય : આ નામે 'સુદર્શનશ્રેષ્ઠિ-સઝાય' (ર.ઈ. ૧૬૨૦), ૧૨ કડીની 'અપરવાર-સઝાય' અને ૪ કડીની 'મૌન અગિયારસની સ્તુતિ'(મુ.), 'રોહિણીનો સ્તુતિ' એ કૃતિઓ મળે છે. 'સુદર્શનશ્રેષ્ઠિ-સઝાય'ના કર્તા લા.વિજય–૧ હોવાની શક્યતા છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અનુસાર વિનયકુશલકૃત 'મંગલ-પ્રકરણ-સ્વોપજ્ઞવૃત્તિસહિત' (ર.ઈ. ૧૫૯૬), હેમવિજયકૃત 'ઋષભ-શતક' (ર.ઈ. ૧૬૦૦) અને દેવવિજયકૃત 'જિન-સહસ્રનામ' અને તેની 'સુબોધિકા' (ર.ઈ. ૧૬૪૨) નામની ટીકા લા.વિજયગણિ દ્વારા સંશોધાઈ હતી. આ બધી કૃતિઓના કર્તા કયા લા.વિજય છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ:૧, ૩; ૨. જૈપ્રાસ્તસંગ્રહ; ૩. દેસ્તસંગ્રહ.
સંદર્ભ : જૈસાઈતિહાસ. [શ્રા.ત્રિ.]

લાભવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. શો.વિજયના શિષ્ય. ૪ ઢાળ અને ૪૨ કડીની 'વિજયાનંદસૂરિની સઝાય' (ર.ઈ. ૧૬૫૫ અથવા તે પછી; મુ.), ૧૪ કડીની 'કયવન્નાની સઝાય'(મુ.), ૪ કડીની 'રોહિણીની સ્તુતિ'(મુ.) અને ૧૯ કડીની 'ધીના ગુણની સઝાય'(મુ.)ના કર્તા. વિજયાનંદનો સ્વર્ગવાસ ઈ. ૧૬૫૫/સં. ૧૭૧૧, અસાડ વદ ૧ના રોજ થયાનો 'વિજયાનંદસૂરિની સઝાય'માં નિર્દેશ હોઈ તે કૃતિ ઈ. ૧૬૫૫ અથવા તે પછીના અરસામાં રચાઈ હશે.

કૃતિ : ૧. જૈઐરાસમાળા : ૧; ૨. જૈસસંગ્રહ (ન); ૩. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, સં. તિલકવિજયજી, સં. ૧૯૯૩; ૪. મોસસંગ્રહ.
સંદર્ભ : જૈસાઈતિહાસ. [શ્રા.ત્રિ.]

લા.મયૂખર [ ] : ૯ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન (ચિંતામણિ)' (લિ. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.
સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

લા.મસાગર [ઈ. ૧૬૧૫ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. રવિ-સાગરના શિષ્ય. વિજયદેવસૂરિના સમકાલીન. ૩૧ કડીના ભુજંગીની દેશીમાં લખાયેલા 'પાર્શ્વજિન-સ્તવન-ભુજંગપ્રયાત છંદોબદ્ધ' (મુ.)ના કર્તા. ઈ. ૧૬૧૫માં સ્વર્ગવાસ પામેલા વિજયદેવસૂરિના જીવનકાળ દરમ્યાન આ કૃતિ રચાઈ છે એટલે કવિ એ સમયમાં થઈ ગયા હોવાનું કહી શકાય.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૨–'શ્રી લા.મસાગરકૃત પાર્શ્વજિન-સ્તવન', સં. યોગીલાલ જ. સાંડેસરા (+સં.).
સંદર્ભ : હેજ્જ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

લા.મહર્ષ [ઈ. ૧૬૭૦માં હયાત] : જૈન. ૧૯ કડીના 'નેમિજિન-સ્તવન' (ર.ઈ.૧૬૭૦)ના કર્તા.
સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

લા.મોદય [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ભુવનકીર્તિના શિષ્ય. ૧૫ કડીના 'નેમિરાજીમતિ-બારમાસ' (ર.ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, આસો સુદ ૧૫; અંશત: મુ.), ૧૮ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન (શંખે-શ્વર' (ર.ઈ. ૧૬૩૯/સં. ૧૬૯૫, માગશર વદ ૯) અને ૧૦ કડીના 'સીમંધરજિન-સ્તવન'ના કર્તા.

કૃતિ : જૈનયુગ, ફાગણ-ચૈત્ર ૧૯૮૩–'જૈન કવિઓનાં વસંત-વર્ણન', સં. મોહનલાલ દ. દેશાઈ.
સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

લાલ(મુનિ)/લીલો [ઈ. ૧૫૮૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સોમવિમલની પરંપરામાં હેમસોમના શિષ્ય. આ કવિ સાગરપુરમાં રહેતા હતા એવી માહિતી 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' આપે છે. ૩૫૮ કડીના 'સુંદરશ્રેષ્ઠી/સુંદરશેઠની વાર્તા/રૂપસુંદરી-રાસ' (ર.ઈ. ૧૫૮૦/સં. ૧૬૩૬, કારતક સુદ ૫)ના કર્તા. આ કર્તા અને લાલ–૧ બંને એક હોવાની સંભાવના 'જૈન ગૂર્જરકવિઓ : ૩'માં કરવામાં આવી છે.

સંદર્ભ : ૧. કદહસૂચિ; ૨. ગૂહાયાદી; ૩. જૈગૂકવિઓ : ૩(૨) ૪. ડિકૅટલૉગબીજે; ૫. મુપુગૂહસૂચી. [કી.જો.]

લાલ–૧ [ઈ. ૧૫૬૮માં હયાત] : ખડકદેશના જબાછ ગામના વતની. જ્ઞાતિએ પોરવાડ વણિક. ૪૭૯ કડીની 'વિક્રમાદિત્યકુમાર-ચોપાઈ' (ર.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, અસાડ વદ ૫, ગુરુવાર)ના કર્તા.
સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાલકુશલ : આ નામે સિદ્ધસેન દિવાકરના મૂળ સંસ્કૃતમાં રચાયેલ ૪૪ કડીના 'કલ્યાણ-મંદિર-સ્તોત્ર'ના સ્તબક, અડિયલ, હાટકી, રુડિલ વગેરે છંદોમાં બદ્ધ ૨૧ કડીનો 'મણિ ભદ્રજીનો છંદ' (મુ.), ૫ કડીની 'મંગલમાલિકા' (લે. સં. ૧૮મી સદી), વિજયસિંહસૂરિની હયાતી (ઈ.૧૬૦૮–ઈ. ૧૬૫૩)માં રચાયેલ 'વિજયદેવસૂરિ સ્વાધ્યાયત્રિક' (લે. સં. ૧૮મી સદી આનુ.) અને 'વિજયસિંહસૂરિ-સઝાયયુગલ' (૫ કડીની મુ.)–એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા લાલકુશલ છે તે નિશ્ચિત કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ઐસમાલા : ૧; ૨. માણિ ભદ્રાદિકોના છંદોનો પુસ્તક: ૧, નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦. [શ્રા.ત્રિ.]

લાલકુશલ–૧ [ઈ. ૧૬૮૮માં હયાત] : જૈન સાધુ. 'સિદ્ધપંચાશિકા-પ્રકરણ' ઉપરના ૩૮૨ ગ્રંથાગ્રના સ્તબક (૨.ઈ. ૧૬૮૮/સં. ૧૭૪૪, માગશર સુદ ૧૫, ગુરુવાર)ના કર્તા. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રત સૂચી'માં આ કર્તાનો ગચ્છ ભૂલથી કૃષ્ણગચ્છ ગણવામાં આવેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

લાલકૃષ્ણ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

લાલચંદ/લાલચંદ્ર : આ નામે ૧૧ કડીની 'સ્થૂલિ ભદ્ર-સઝાય' (લે.ઈ. ૧૮૧૩), ૮ કડીનું 'જિનવાણીનું સ્તવન' મળે છે. તેમના કર્તા કયા લાલચંદ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગબીજે; ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

લાલચંદ–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ જિનચંદ્રની પરંપરામાં હીરનંદનના શિષ્ય. ૧૭ કડીના 'મૌન એકાદશી-સ્તવન' (૨.ઈ. ૧૬૧૨), 'અદત્તાદાનવિષયે દેવકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૬/સં. ૧૭૧૨, શ્રાવણ સુદ ૫), ૯૫ કડીની 'સનત્કુમાર ચક્રવર્તિ-ચતુષ્પદિકા' (૨.ઈ. ૧૬૧૯),૮૨૭ કડીની 'હરિશ્ચંદ્ર-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૬૨૩/સં. ૧૬૭૯, કારતક સુદ ૧૫) અને 'વૈરાગ્ય-ભાવની' (૨.ઈ. ૧૬૩૯/સં. ૧૬૯૫, ભાદરવા સુદ ૧૫)ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ. ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

લાલચંદ–૨ : જુઓ લાભવર્ધન.

લાલચંદ્ર(ગણિ)–૩ [ઈ. ૧૭૧૫ પછી] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં ધર્મવિજયના શિષ્ય. ભીમવિજય (અવ. ઈ. ૧૭૧૫/સં. ૧૭૭૧, ભાદરવા વદ ૧૫, રવિવાર) વિષયક ૧૦૨ કડીના 'ભીમવિજયગણિશિષ્ય-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૮–'ભીમવિજયગણિરાસકા સાર', ભંવરલાલજી નાહટા. [શ્રા.ત્રિ.]

લાલચંદ્ર–૪ [ઈ. ૧૭૪૩માં હયાત] : વિજયગચ્છના જૈન સાધુ. તિલકસૂરિના શિષ્ય. ૨૧ ઢાળ અને ૪૧૯ કડીની 'સાગરચંદ્ર-સુશીલા સુંદરી-ચોપાઈ' (૨.ઈ. ૧૭૪૩/સં. ૧૭૯૯, કારતક સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. ડિકૅટલૉગ ભાવિ. [શ્રા.ત્રિ.]

લાલચંદ(પાઠક)–૫ [ઈ. ૧૭૪૭ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. ૮ કડીના 'જિનકુશલસૂરિ-ગીત' (લે.ઈ. ૧૭૪૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

લાલચંદ–૬ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં રત્નકુશલના શિષ્ય. દીક્ષાનામ લવનકમલ. તેમની પાસેથી 'દશદ્રિવ-સ્તવન' (૨.ઈ. ૧૭૭,/સં. ૧૮૩૩, માગશર વદ ૩), ૪૭ ઢાળની 'શ્રીપાલ-ચતુષ્પદી/રાસ' (૨.ઈ. ૧૭૮૧/સં. ૧૮૩૭, અસાડ સુદ ૨, મંગળવાર), ૧૮૯ કડીની રાજસ્થાની-હિંદી મિશ્રામાં રચાયેલી 'બીકાનેર-ગઝલ' (૨.ઈ. ૧૭૮૨/સં. ૧૮૩૮, જેઠ સુદ ૭, રવિવાર; મુ.) તથા 'ઋષભદેવ-સ્તવન' (૨.ઈ. ૧૭૮૩/સં. ૧૮૩૯, જેઠ સુદ–સોમવાર; મુ.)–એ કૃતિઓ મળે છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. રાજસ્થાન ભારતી, ઑક્ટોબર-ડિસે. ૧૯૭૭–'કવિ લાલચંદ રચિત બીકાનેર ગઝલ', સં. અગરચંદ નાહટા. (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. મરાસ-સાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

લાલચંદ(ઋષિ)–૭ [ઈ. ૧૭૭૮માં હયાત] : જૈન સાધુ. ચંદ્ર ભાણના શિષ્ય. ૧૭ કડીના 'ચોવીસ જિનવરના કુંવરકુંવરીની સંખ્યાનું સ્તવન' (૨.ઈ. ૧૭૭૮/સં. ૧૮૩૪, વૈશાખ સુદ ૯; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૨; સં. મુનિ શામજી, ઈ. ૧૯૬૨. [શ્રા.ત્રિ.]

લાલચંદ–૮ [ઈ. ૧૭૮૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સંભવત: વિવેકચંદ્રના શિષ્ય. ૮ કડીની 'ગહૂંલી' (૨.ઈ. ૧૭૮૧/સં. શ્રાવણ વદ ૧૧; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાન: સ્મરણીય પ્રકરણસંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુ ભાઈ, ઈ. ૧૯૧૪. [શ્રા.ત્રિ.]

લાલચંદ(ઋષિ)–૯ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. દોલતરામ-જીવાજીના શિષ્ય. ગુજરાતી-હિન્દીની ૧૫ કડીની 'ચંદ્રપ્રભુ સ્વામીની લાવણી' (૨.ઈ. ૧૭૯૮/સં. ૧૮૫૪–,શુક્રવાર; મુ.) અને ૧૭ કડીની 'શ્રી વિજય-કુમાર અને વિજયાકુંવરીની લાવણી/સઝાય' (૨.ઈ. ૧૮૧૨; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા (શા.) : ૨; ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા : ૧, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૩. વિવિધ પુષ્પવાટિકા : ૨,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. મુનિશ્રી પૂનમચંદ્રજી, ઈ. ૧૯૮૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

લાલજી–૧ [જ. ઈ. ૧૭૧૦]: પ્રશ્નોરા નાગર. ધોલેરા બંદર પાસેના નાનીબારુ ગામમાં જન્મ. પિતા કુંવરજી. અવટંકે શુકલ. અત્યારે ઉપલબ્ધ થતી કવિની એકમાત્ર કૃતિ ૪૭ કડીનો ગરબો(મુ.) પ્રશ્નોરા નાગરોની પ્રાચીનતમ પદ્યરચના ગણાય છે. કૃષ્ણભક્તિ અને માતાની ભક્તિનો સમન્વય કરતી રચના તરીકે પણ એ ધ્યાનાર્હ છે. નવરાત્રિમાં ગરબા ગાવા નીકળેલી ગોપીઓ સાથે રહેલા બાળકૃષ્ણ પોતાનું પુરુષરૂપ છોડી શક્તિનું રૂપ ધારણ કરી કેવી રીતે ગોકુળવાસીઓ અને જસોદાના મન હરી લે છે એનું આલેખન કવિએ એમાં કર્યું છે.

કૃતિ : અહિચ્છત્ર કાવ્યકલાપ, સં. દયાશંકર ભા. શુકલ, ઈ. ૧૯૧૪ (+સં.).

સંદર્ભ : મારા અક્ષરજીવનનાં સ્મરણો, દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ઈ. ૧૯૪૪. [શ્રા.ત્રિ.]

લાલજી–૨ [ ] : પિતા કરસનજી. અવટંકે વ્યાસ. ૫૮ કડીની 'રામનાથનો ગરબો' (મુ.) કૃતિના કર્તા.

કૃતિ : નવરાત્રીમાં ગાવાના ગરબા સંગ્રહ : ૧, પ્ર. અમરચંદ મોવાન, ઈ. ૧૮૭૬. [શ્રા.ત્રિ.]

લાલદાસ : આ નામે ૧૦ કડીનું જ્ઞાનબોધનું પદ(મુ.) મળે છે તેમાં "એવા ખેમ રવિ ને ભાણ" ને "ત્રિકમજીએ તાર્યા રે" એવી પંક્તિઓ કવિ રવિભાણ સંપ્રદાયના હોવાનું સૂચવે છે. આ લાલદાસ રવિસાહેબના શિષ્ય લાલદાસ (લાલસાહેબ) છે કે ગંગદાસના શિષ્ય લાલદાસ છે તે સ્પષ્ટ રીતે કહેવું મુશ્કેલ છે. એ ઉપરાંત ૪-૪ કડીનાં કૃષ્ણભક્તિ ને ભક્તિબોધનાં ૩ પદ(મુ.) તથા અન્ય પદો મળે છે. તેમના કર્તા કયા લાલદાસ છે તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. આજ્ઞા મજન : ૧ અને ૨; ૨. કાદોહન : ૨.

સંદર્ભ : ૧. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર સી. ભટ્ટ, ઈ. ૧૯૮૨; ☐ ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

લાલદાસ–૧ [ ] : જ્ઞાની કવિ. ખેડા જિલ્લાના વાડાસિનોર પાસે આવેલા વીરપુરના છીપા ભાવસાર. તેઓ અખાજીના પહેલા શિષ્ય ગણાય છે. તેઓ સં. ૧૭૦૦ની આસપાસ થયા હોવાનું નોંધાયું છે, પરંતુ એ માટે કોઈ ચોક્કસ આધાર નથી. અખાજી ઈ. ૧૬૪૫ ('અખેગીતા'નું રચનાવર્ષ)માં હયાત હતા. એટલે લાલદાસ ઈ.૧૭મી સદી મધ્યભાગથી ઈ.૧૮મી સદી મધ્યભાગ સુધીના કોઈક સમયમાં થઈ ગયા હોવાનું કહી શકાય.

લાલદાસની કવિતામાં ઘણા સંતકવિઓની કવિતાની જેમ પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગનો સમન્વય અનુભવાય છે. એટલે એમાં આત્મજ્ઞાનનો બોધ આપતાં ૧૦ અને ૧૪ કડીનાં 'જ્ઞાનરવેણી'નાં ૨ પદો(મુ.) કે સંતસમાગમનો મહિમા કરતાં ને બ્રહ્મભાવની સ્થિતિને વર્ણવતાં જ્ઞાનમૂલક ૩૬ પદો(મુ.) છે, તો કૃષ્ણ-ગોપીનાં પ્રેમ ને કૃષ્ણ-ગોપી રાસના આલેખન દ્વારા પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા કરતાં ૧૭, ૧૫ ને ૨૦ કડીનાં 'વનરમણી'નાં ૩ પદ(મુ.) પણ મળે છે. પદો સિવાય કવિએ જ્ઞાનમૂલક ૪૧ સાખીઓ(મુ.) પણ રચી છે. આ પદો અને સાખીઓમાં કેટલાંક સાધુશાઈ હિંદીમાં છે. આ ઉપરાંત કવિએ બીજાં હિંદી-ગુજરાતી ૮૪ પદો પણ રચ્યાં છે.

કૃતિ : ૧. ગુહિવાણી (+સં.); ૨ સન્તોની વાણી, સં. ભગવાનજી મહારાજ, ઈ. ૧૯૨૦ (+સં.).

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. આખો એક સ્વાધ્યાય, રમણલાલ પાઠક, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૨; ☐ ૪. ડિકૅટલૉગ ભાવિ. [ર.સો.]

લાલરત્ન [ઈ. ૧૭૧૭માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. વિદ્યાસાગરની પરંપરામાં રાજરત્નના શિષ્ય. ૨૨ ઢાળની 'રત્નસારકુમાર-ચોપાઈ' (ર.ઈ. ૧૭૧૭/સં. ૧૭૭૩, માદરવા વદ ૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

લાલવિજય : આ નામે મળતો ૩૯૬ કડીનો 'આલોયણપ્રકાશ-રાસ' (ર.ઈ. ૧૬૦૭) અને ૪૫ કડીની 'દશ શ્રાવક-સઝાય' (ર.ઈ. ૧૬૨૦) સમયદૃષ્ટિએ વિચારતાં શુભવિજયશિષ્ય લાલવિજયનાં હોવા સંભવ છે. ૬૪ કડીની 'આર્દ્રકુમાર-સઝાય' (લે.ઈ. ૧૬૫૦), ૧૪ કડીની 'મેઘકુમાર-સઝાય' (લે.સં ૧૯મી સદી અનુ.), ૩૩ કડીની 'રોહિણી-સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.), ૫ કડીની 'સચિતભૂમિ-સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.), ૯ કડીની 'ગુરુવિનતિ-સઝાય'(મુ.), ૪ કડીની નંદીશ્વર-શાશ્વતજિન-સ્તુતિ' (લે.ઈ. ૧૭૯૩), ૪ કડીની 'મહાવીરજિન-સ્તુતિ' (લે. સં. ૧૯મી સદી અનુ.), ૪ કડીની 'મૌન એકાદશીની સ્તુતિ'(મુ.) અને ૯ કડીનું 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' એ કૃતિઓ આ નામે મળે છે. તેમના કર્તા કયા લાલવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧ જિભપ્રકાશ; ૨. સૂર્યપૂર રાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨.લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

લાલવિજય–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલની પરંપરામાં શુભવિજયના શિષ્ય. ૬ ઢાળના 'મહાવીર સ્વામીનું સત્તાવીશભવનું સ્તવન' (ર.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૨, આસો સુદ ૧૦; મુ.), ૪૦/૪૫ કડીની 'સુદર્શનશ્રેષ્ઠિ-સઝાય' (ર.ઈ.૧૬૨૦/સં. ૧૬૭૬, માગશર–), ૩૪ કડીની 'જ્ઞાતાધર્મ ઓગણીસ અધ્યયન-સઝાય/જ્ઞાતાધર્મ કથાંગસૂત્ર-માસ' (ર.ઈ. ૧૬૧૭ /સં. ૧૬૭૩, અસાડ વદ ૪, રવિવાર), ૧૪ કડીનો 'કયવન્નાઋષિ-રાસ', 'નંદનમણિયાર-રાસ' (*મુ.), ૨૫/૨૭ કડીની 'કુંડલી-સઝાય/કુંડલીરૂપ-સંસાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીલ-સઝાય', ૧૯ કડીની 'ધીની સઝાય'(મુ.), ૧૮ કડીની 'દશાર્ણ-ભદ્રની સઝાય'(મુ.), ૨૭ કડીની 'મેઘકુમાર-સઝાય'(મુ.), ૩૦/૩૩ કડીની 'બાહુબલિ-સઝાય/ ભરત બાહુબલિ-સઝાય', ૧૩ કડીની 'રતનશી-સઝાય/રેંટિયાની સઝાય'(મુ.), ૫ કડીની 'વિચાર-સઝાય' અને ૧૪ કડીનું 'સિમંધરજિન-સ્તવન/સીમંધર-વિનતિ'(મુ.) – એ કૃતિઓના કર્તા. તેમની પાસેથી હિન્દીમાં, ૨૬ કડીનો 'નેમિનાથ-દ્વાદશમાસ/ નેમિ-રાજિમતિ-બારમાસ' (૨.ઈ. ૧૬૨૪ આસપાસ) પણ મળે છે.

કૃતિ : *૧. નંદનમણિયારનો રાસ, પ્ર. ભીમસી માણેક,–;☐૨. જિ નપ્રકાશ; ૩. જિસ્તકાસંદોહ : ૧, ૨; ૪. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૫. જૈસમાલા(શા) : ૩; ૬. રત્નસાર : ૨ પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩; ૭. સસન્મિત્ર(ઝ.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. જૈગૂ-કવિઓ : ૧, ૩(૧); ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

લાલવિજય–૨ [ઈ. ૧૮૨૫માં હયાત] : જૈન સાધુ. દર્શનવિજયની પરંપરામાં માનવિજયના શિષ્ય. ૩૨૩ કડીના 'ઈલાકુમાર-રાસ' (૨. ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧, આસો સુદ ૧૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂ-કવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

લાલા(મુનિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૧૩ કડીની 'બ્રહ્મચર્યની નવવાડની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈસસંગ્રહ(ન). [કી.જો.]

લાલો(ભક્ત) [ ] : સૌરાષ્ટ્રના ભક્તકવિ. કીર્તનના કર્તા. વેદાંતવિષયક પદો તેમણે રચ્યાંનો ઉલ્લેખ છે.

સંદર્ભ : ૧. સૌરાષ્ટ્રના સંતો, દેવેન્દ્રકુમાર કા. પંડિત, ઈ. ૧૯૬૧; ☐ ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

લાવણ્ય [ ] : જૈન. ૫ કડીના 'ગોડીજિન-સ્તવન' (મુ.) અને ૫ કડીના 'શાંતિજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈકાપ્રકાશ : ૧; ૨. જૈપ્રપુસ્તક : ૧. [કા.શા.]

લાવણ્યકીર્તિ : આ નામે હિંદી ભાષાની છાંટવાળી ૨૭ કડીની 'આત્મ-ગીત/આત્મશિક્ષા-સઝાય/કષાયનિવારણ-ગીત/મોહકર્મ-સઝાય'(મુ.),૧૭ કડીની 'સમેતશિખર ૨૦ જિન-સ્તુતિ' (લિ. સં. ૧૮મી સદી) અને 'હરિબલ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૫) એ કૃતિઓ મળે છે. 'હરિબલ-ચોપાઈ' એ જ્ઞાનવિલાસશિષ્ય લાવણ્યકીર્તિની 'રામકૃષ્ણ-ચોપાઈ હોય એ સંભવિત છે. જો કે, રચનાસમય થોડો જુદો પડે છે પણ તેમાં ભૂલ હોવા સંભવ છે. બાકીની કૃતિઓના કર્તા કયા લાવણ્ય-કીર્તિ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : જૈસમાલા(શા) : ૧.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧; ૩. લીંહસૂચી; ૪. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લાવણ્યકીર્તિ–૧ [ઈ. ૧૬૨૧માં હયાત] : ખરતરગચ્છના ક્ષેમશાખાના જૈન સાધુ. ગુણરંગ જ્ઞાનવિલાસના શિષ્ય. ૬ ખંડ, ૬૮ ઢાળ અને ૧૨૦૦ કડીની 'રામકૃષ્ણચરિત-ચતુષ્પદી/રામકૃષ્ણ-ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, વૈશાખ સુદ ૫), ૯ ઢાળની 'ગજસુકુમાલ-રાસ' અને 'છ ભાઈ-ચોપાઈ/દેવકી છ પુત્ર-ચોપાઈ'–એ કૃતિઓના કર્તા. 'ગજસુકુમાલ-રાસ' અને 'દેવકી છ પુત્ર-ચોપાઈ' એક જ કૃતિ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લાવણ્યચંદ્ર [ઈ. ૧૬૭૮માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરની પરંપરામાં ઉત્તમચંદ્રશિષ્ય–લક્ષ્મીચંદના શિષ્ય. ૮ ઢાળ અને ૧૦૯ કડીનો 'કલ્યાણસાગરસૂરિ-રાસ' (૨.ઈ. ૧૬૬૨/સં. ૧૭૧૮, વૈશાખ સુદ ૩, ગુરુવાર; મુ.), ૪ ઢાળ અને ૪૧ કડીનું 'શ્રી ગોડીપાર્શ્વનાથનું ચોઢાળિયું'(મુ.), ૧૫ ઢાળની 'સાધુવંદના' (૨.ઈ. ૧૬૭૮/સં. ૧૭૩૪, શ્રાવણ સુદ ૧૩) અને ૪ ઢાળની 'સાધુગુણ-માસ'ના કર્તા.

કૃતિ : ૧. શ્રી આર્યકલ્યાણ ગૌતમસ્મૃતિ ગ્રંથ, સં. શ્રી કલ્યાણ-પ્રસાગરજી, ઈ. ૧૯૮૨; ૨. શ્રી ગોડીપાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ, સં. ધીરજલાલ ટો. શાહ, ઈ. ૧૯૬૨; ૩. જૈપ્રપુસ્તક.

સંદર્ભ : જગૂકવિઓ : ૩(૨). [કા.શા.]

લાવણ્યદેવ [ઈ. ૧૬મી સદી] : તપગચ્છના જૈન સાધુ. ધનરત્નસૂરિ-સૌભાગ્યસાગરસૂરિ (ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ]ની પરંપરામાં જયદેવના શિષ્ય. ૭૫ કડીના, ચૌદ ગુણસ્થાનોનું સંક્ષેપમાં નિરૂપણ કરતા 'કર્મ-વિવરણનો રાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂ-કવિઓ : ૧; ૪. લીંહસૂચી. [કા.શા.]

લાવણ્યભદ્ર(ગણિ)શિષ્ય [: જૈન સાધુ. 'સિત્તરી-પ્રકરણ' પરના બાલાવબોધ (સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : કૅટલૉગગુરા. [કી.જો.]

લાવણ્યરત્ન [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદર-હેમવિમલસૂરિની પરંપરામાં સુરહંસના શિષ્ય. ૪૭૫ કડીના 'વત્સરાજ-દેવરાજ-રાસ' (૨. ઈ. ૧૫૧૫/સં. ૧૫૭૧, પોષ સુદ ૧), ૪૦૮ કડીના 'મત્સ્યોદર-રાસ/મત્સ્યોદરનરેન્દ્રચરિત્ર-રાસ' (૨. ઈ. ૧૫૧૭/૧૮), ૩૩૮ કડીની યશોધર રાજાના નવભવની કથા કહેતા 'યશોધર-ચરિત્ર/સમકિતસુંદર-પ્રબંધ/સમકિત(સમ્યકત્વ)સુંદર-રાસ'(૨.ઈ. ૧૫૧૭/સં. ૧૫૭૩, કારતક–)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો : ૩. મરાસ-સાહિત્ય; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાવણ્યવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ]: જૈન સાધુ. ભાનુવિજયના શિષ્ય. કલ્પસૂત્ર પર બાલાવબોધ (૨.ઈ. ૧૬૬૮) અને 'ચોવીસી' (૨.ઈ. ૧૭૦૫ આસપાસ; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૧ (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨).

[કા.શા.]

લાવણ્યવિજય–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. 'યોગશાસ્ત્ર' પરના બાલાવબોધ (લે. ઈ. ૧૭૩૨ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કા.શા.]

લાવણ્યસમય [જ. ઈ. ૧૪૬૫/સં. ૧૫૨૧, પોષ વદ ૩–ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદરની પરંપરામાં લક્ષ્મીસાગર-સમયરત્નના શિષ્ય. જન્મ અમદાવાદમાં. પિતાનામ શ્રીધર, માતા ઝમકલ. દીક્ષા પૂર્વેનું નામ લધુરાજ. ઈ. ૧૪૭૩માં પાટણમાં લક્ષ્મીસાગર પાસે દીક્ષા લીધી, પરંતુ એમના વિદ્યાગુરુ સમયરત્ન હતા. ઈ. ૧૪૯૯માં પંડિતપદ. એમના ઉપદેશથી મેવાડના રાણા રત્નસિંહના મંત્રી કર્મશાહે શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરાવેલો. કવિની છેલ્લી કૃતિનો રચનાસમય ઈ. ૧૫૩૩ મળે છે, એટલે ઈ. ૧૬મી સદીના પૂર્વાર્ધમાં તેઓ હયાત હતા એમ કહી શકાય.

ધર્મબોધ અને ધર્મપ્રસારના હેતુથી મુખ્યત્વે રચાયું હોવા છતાં આ પંડિત કવિનું સર્જન સ્વરૂપ-વૈવિધ્ય ને ભાષા તથા છંદનું એવું પ્રભુત્વ બતાવે છે કે એમના સમયના ગણનાપાત્ર કવિ તેઓ બની રહે છે.

એમણે ઘણી નાનીમોટી કથામૂલક કૃતિઓ રચી છે, તેમાં 'વિમલ પ્રબંધ←રાસ' (૨.ઈ. ૧૫૧૨/સં. ૧૫૬૮, આસો સુદ–રવિવાર; મુ.) મુખ્ય છે. પ્રબંધ, રાસ, અને ચરિત્ર ત્રણેનાં લક્ષણો ધરાવતી, ૯ ખંડ ને ૧૩૫૬ કડીમાં વિસ્તરતી આ કૃતિમાં કવિએ ધર્મપ્રભાવનું ગાન કરવાના ઉદ્દેશથી વિમલમંત્રીના ધર્મવીર ચરિત્રને ઉપસાવ્યું છે. કેટલીક દંતકથાત્મક ઘટનાઓનો કવિએ આશ્રાય લીધો હોવાને લીધે કૃતિની ઐતિહાસિક પ્રમાણભૂતતા ઓછી થાય છે, પરંતુ યુદ્ધવર્ણનોની ઓજસ્વી શૈલી, છંદોનું વૈવિધ્ય કે એમાંના સામાજિક-ધાર્મિક પ્રસંગોનાં નિરૂપણ ધ્યાનાર્હ છે. નેમિનાથના ધર્મવીર તરીકેના ચરિત્રને ઉપસાવતી 'નેમિરંગરત્નાકર-છંદ←રંગરત્નાકર-નેમિનાથ-પ્રબંધ' (૨.ઈ. ૧૪૯૦/સં. ૧૫૪૬, મહા સુદ ૧૦, રવિવાર; મુ.) એમાંની ભાવ-સભર અને ચિત્રાત્મક શૈલીને લીધે આકર્ષક બની છે. વિવિધ છંદો ને ઢાળમાં નિબદ્ધ ૬ ખંડ ને ૪૫૫ કડીના 'વચ્છરાજ દેવરાજ-રાસ/ચોપાઈ' (૨.ઈ. ૧૫૧૬; મુ.)માં આલેખાયેલી ચંદ્રાવતી નગરીના રાજકુમાર વચ્છરાજનાં પરાક્રમોની કથામાં શૃંગાર અને વીર વધારે પ્રભાવક છે, પરંતુ પૂર્વજન્મમાં કરેલી જીવદયાને લીધે વચ્છરાજને આ જન્મમાં સુખ પ્રાપ્ત થયું એવો કૃતિનો બોધ છે. ખિમઋષિ, બલિભદ્ર અને આ બંનેના ગુરુ યશોભદ્રના ચરિત્રને આલેખતી, ચમત્કારક અંશોવાળી, ૩ ખંડ ને ૫૧૨ કડીની 'ખિમઋષિ(બાહા), બલિભદ્ર, યશોભદ્રાદિ-રાસ' (૨.ઈ. ૧૫૩૩/સં. ૧૫૮૯, મહા–, રવિવાર; મુ.), 'સુરપ્રિયકેવલીનો રાસ' (૨.ઈ. ૧૫૧૧/સં. ૧૫૬૭, આસો સુદ–, રવિવાર) એ પણ ચરિત્રાત્મક કૃતિઓ છે.

કવિએ ઠીકઠીક સંખ્યામાં રચેલાં સંવાદકાવ્યો એમાંની સંવાદ-ચાતુરીને કારણે ધ્યાન ખેંચે છે. મંદોદરીનાં ભય-ચિંતા અને રાવણના અહંકારને ઉપસાવતી જુસ્સાદાર ભાષાવાળો, દુહાની ૬૧ કડીનો 'રાવણમંદોદરી-સંવાદ/રાવણસાર-સંવાદ' (૨. ઈ. ૧૫૦૬; મુ.), વરસી તપને પારણે ભગવાન ઋષભદેવને ઇક્ષુરસ વહોરાવતા શ્રેયાંસકુમાર-ના બંને હાથ વચ્ચે પોતાનું ચડિયાતાપણું સિદ્ધ કરવા માટે થતી દલીલોને રજૂ કરતો વિનોદસભર ૭૦ કડીનો 'કરસંવાદ'←(૨.ઈ.૧૫૧૯; મુ.), ચંપક અને ચંદન વચ્ચેના કલહસંવાદને નિરૂપતો ૧૧ કડીનો 'ચંપકચંદનવાદ/સુકડી-ચંપૂ સંવાદગીત'(મુ.), સૂર્ય અને દીપની વચ્ચે કોણ ચડિયાતું છે એ વિવાદને નિરૂપતો છપ્પાની ૩૦ કડીનો 'સૂર્ય-દીપવાદ-છંદ' તથા–'ગોરી સાંવલી-ગીત/વિવાદ' આ પ્રકારની રચનાઓ છે.

હમચી પ્રકારને અનુરૂપ વેગીલી ભાષાનો અનુભવ કરાવતી ને નેમિનાથ-રાજુલના લગ્નપ્રસંગને આલેખતી ૮૪ કડીની 'નેમિનાથ-હમચડી'←(૨.ઈ. ૧૫૦૮; મુ.), સુમતિસાધુસૂરિના દીક્ષાપ્રસંગને વિવાહપ્રસંગ જેવો ગણી રચાયેલી, ગૂર્જર નારીનું સુરેખ ચિત્ર દોરતી વિવાહલો પ્રકારની ૮૩/૯૨ કડીની 'સુમતિસાધુસૂરિ-વિવાહલો (મુ.), સ્થૂલિભદ્રકોશાના જાણીતા પ્રસંગને નિરૂપતી વિશિષ્ટ સંકલનાવાળી ૨૧ કડીની 'સ્થૂલિ ભદ્ર-એકવીસો' ← (૨.ઈ. ૧૪૯૭/સં. ૧૫૫૩, આસો વદ ૩૦; મુ.), ૧૪૮ કડીની 'નંદ-બત્રીશી' (૨.ઈ. ૧૪૯૨) કવિની અન્ય પ્રકીર્ણ સ્વરૂપવાળી કૃતિઓ છે.

લાવણ્યસમયે કેટલીક સિદ્ધાંતચર્ચાની કૃતિઓ પણ લખી છે. ૧૮૧ કડીની 'લુંકટવદનચપેટ-ચોપાઈ/સિદ્ધાંત-ચોપાઈ'(૨.ઈ.૧૪૮૭/સં. ૧૫૪૩, કારતક સુદ ૮, રવિવાર; મુ.)માં મૂર્તિનિષેધક લોંકાશાહના વિચારોનું કોઈ આક્રોશ વગર ખંડન ને મૂર્તિપૂજાના વિચારોનું પ્રતિ-પાદન છે. પ્રાકૃત કૃતિ 'ગૌતમપૃચ્છા'ને આધારે રચાયેલી ૧૨૦ કડીની 'અમૃતવાણી અભિધાન/ગૌતમપૃચ્છા (કર્મવિપાક)-ચોપાઈ' (૨.ઈ. ૧૪૮૯/સં. ૧૫૪૫, ચૈત્ર સુદ ૧૧, ગુરુવાર; મુ.)માં મહાવીર-શિષ્ય ગૌતમના મનમાં જૈન સિદ્ધાંતો વિશે જાગેલા સંશય અને એમનું મહાવીર સ્વામી દ્વારા થયેલું નિરાકરણ આલેખાયું છે. ૧૧૩/૧૧૪ કડીની 'ગર્ભવેલિ' તથા ૧૪૭ કડીની 'જીવરાશિખામણવિધિ-આદિ' (૨.ઈ. ૧૫૦૬/સં. ૧૫૬૨, આસો સુદ ૧૦) એ કવિની બીજી સિદ્ધાંતચર્ચાની કૃતિઓ છે.

કવિએ ઘણાં સ્તવન-સઝાયોની પણ રચના કરી છે. એમાં વિવિધ તીર્થસ્થળોના પાર્શ્વનાથને વિષય બનાવી રચાયેલાં સ્થળવિષયક સ્તવનોમાં ૫૨/૫૪ કડીનું 'અંતરીક્ષપાર્શ્વજિન-છંદ/પાર્શ્વનાથ-સ્તવન(અંતરીક્ષ)' (મુ.), ૩૮ કડીનો 'જીરાઉલાપાર્શ્વનાથ-છંદ/વિનતિ' (મુ.), ૧૫ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન (લોડણ)/સેરીસા પાર્શ્વનાથ-(જિન)-સ્તવન' (૨.ઈ. ૧૫૦૬/સં. ૧૫૬૨; મુ.), ૩૫ કડીનું 'નવ-પલ્લવ પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૫૦૨/સં. ૧૫૫૮, ચૈત્ર વદ)નો સમાવેશ થાય છે. એ સિવાય ૨૪ તીર્થંકરોની પ્રત્યેક કડીમાં સ્તુતિ કરતું માલિની-હરિગીતછંદમાં રચાયેલું ને યમકપ્રાસની વિશિષ્ટ યોજ-નાને લીધે ધ્યાન ખેંચતું 'ચતુર્વિંશતિજિન-સ્તવન' (૨.ઈ. ૧૫૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આસપાસ; મુ.), અંત સમયે બાલુક ધર્માત્માઓ કઈ રીતે પાપદોષોની આલોચના કરવી એ સમજાવતું 'આલોયણગર્ભિત શ્રી સીમંધર-જિન-વિનતિ'(મુ.), ૫ ઢાળ ને ૪૭ કડીનું 'આદિનાથ-વિનતિ/આદીશ્વર જિન-છંદ/વૈરાગ્ય-વિનતિ/શત્રુંજય-સ્તવન/શત્રુંજય મંડન આદીશ્વર-વિનતિ' (૨.ઈ. ૧૫૦૬/સં. ૧૫૬૨, આસો વદ ૧૦; મુ.), ૪૬ કડીની 'ચૌદ સુપનાની સઝાય'(મુ.), ૯ કડીની 'આત્મપ્રબોધ-સઝાય/પુણ્યફલ-સઝાય'(મુ.), ૨૨ કડીનો 'આદિનાથ-માસ'(મુ.), ૯ કડીનો 'ગૌતમાષ્ટક-છંદ'(મુ.), ૬ કડીનું 'પંચતીર્થનું સ્તવન'(મુ.), 'આઠમદની સઝાય', ૧૧ કડીની 'કાંકસાની માસ' (૨.ઈ. ૧૪૯૪; મુ.), ૧૨ કડીની 'શ્રી દૃઢપ્રહારમહામુનિ-સઝાય'(મુ.), ૨૭ કડીની 'નેમ-રાજુલની સઝાય'(મુ.), ૧૯ કડીનું રાજીમતીના બારમાસના વિરહને વર્ણવતું 'નેમિનાથ-સ્તવન'(મુ.), ૭ કડીની 'લોભની સઝાય'(મુ.), ૧૪ કડીની 'રુકિમણીની સઝાય'(મુ.) વગેરે અનેક કૃતિઓ એમણે રચી છે.

કૃતિ : ૧. કવિ લાવણ્યસમયની લઘુ કાવ્યકૃતિઓ, સં. શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૬૯ (+સં.); ૨. કવિ લાવણ્યસમયરચિત નેમિ-રંગરત્નાકરછંદ, સં. શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૬૫ (+સં.); ૩. વિમલપ્રબંધ, પ્ર. મણિલાલ બ. વ્યાસ, સં.૧૯૭૦; ૪. એજન, ધીરજલાલ ધ. શાહ, ઈ. ૧૯૬૫(+સં.);☐ ૫. અરત્નસાર; ૬. અસસંગ્રહ; ૭. આકામહોદધિ : ૩; ૮. ઔરાસંગ્રહ : ૧, ૨ (+સં.); ૯. કવિતા-સારસંગ્રહ, પ્ર. શા. નાથાભાઈ લલ્લુભાઈ, ઈ. ૧૮૮૨; ૧૦. ચૈસ્ત-સંગ્રહ : ૩; ૧૧. જિસ્તકાસંદોહ : ૧; ૧૨. જૈકાપ્રકાશ : ૧; ૧૩. જૈગૂસારત્નો : ૧; ૧૪. જૈસમાલા(શા) : ૧; ૧૫. જૈસસંગ્રહ (જૈ); ૧૬. જૈસસંગ્રહ(ન); ૧૭. શ્રી પ્રતિક્રમણસૂત્ર તથા નવસ્મરણ અને દેવવંદનાદિ ભાષ્યત્રય અર્થસહિત, પ્ર. શ્રાવક ભીમસિંહ માણક, ઈ. ૧૯૦૬; ૧૮. પ્રાછંદસંગ્રહ; ૧૯ પ્રાતીસંગ્રહ : ૧; ૨૦. પ્રાસ્તસંગ્રહ; ૨૧. (શ્રી) માણિભદ્રાદિકોના છંદોનો પુસ્તક : ૧, પ્ર. નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦; ૨૨. મોસસંગ્રહ; ૨૩. શનિશ્ચરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨; ૨૪. સઝાયમાલા : ૧(શ્રા); ☐ ૨૫. જૈન ધર્મ પ્રકાશ, સં. ૧૯૯૯-'જીરાઉલા પાર્શ્વનાથ છંદ'; ૨૬. જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬-'લોંકાશાહ ક્યારે થયા?', મોહનલાલ દ. દેશાઈ; ૨૭. એજન, અસાડ-શ્રાવણ ૧૯૮૬-'લાવણ્યસમયકૃત પાક્ષિક ચાતુર્માસિક સાંવત્સરિક ગીત', સં. મુનિ જશવિજય; ૨૮. જૈન સત્ય-પ્રકાશ, ડિસે. ૧૯૩૮-'લાવણ્યસમયકૃત સેરીસા તીર્થનું પ્રાચીન સ્તવન, સં. મુનિરાજશ્રી જયંતવિજયજી, ૨૯. એજન, સપ્ટે. ૧૯૪૬-'ચોવીસ જિન સ્તુતિ'; ૩૦. એજન, સપ્ટે. ૧૯૪૭-'ચંપક ચંદનવાદ'; ૩૧. એજન, જુલાઈ-ઑગસ્ટ ૧૯૪૮-'આલોયણગર્ભિત શ્રી સીમંધર જિન વિનતિ'; ૩૨. બુદ્ધિપ્રકાશ, ઑક્ટો. ૧૯૩૩-'જીભલડીનું ગીત'.

સંદર્ભ : ૧. ગુલિટરેચર; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. નયુકવિઓ; ૬. મરાસસાહિત્ય; ૭. આલિસ્ટઑઈ : ૨; ૮. જૈગૂકવિઓ૧, : ૩(૧૨); ૯. ડિકૅટલૉગબીજે; ૧૦. ડિકૅટલૉગભાવિ; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. રાહસૂચી : ૧; ૧૩. લીંહસૂચિ; ૧૪. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લાવણ્યસિંહ [ઈ. ૧૫૦૨(?)માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ઉદયધર્મના શિષ્ય. ૫૬ કડીના 'ઢંઢણકુમાર-રાસ' (૨.ઈ. ૧૫૦૨(?)ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

લાવણ્યસૌભાગ્ય/બુદ્ધિલાવણ્ય [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. દેવસૌભાગ્યગણિ-રત્નસૌભાગ્યગણિના શિષ્ય. 'ભક્તામરસ્તોત્રનો ટબો' (૨.ઈ. ૧૭૭૩/સં. ૧૮૨૯, આસો સુદ ૧૧, રવિવાર) અને ૪ ઢાળના, અષ્ટમીનો મહિમા વર્ણવતા 'અષ્ટમી-સ્તવન/આઠમ-નું સ્તવન' (૨.ઈ. ૧૭૮૩/સં. ૧૮૩૯, આસો સુદ ૫, ગુરુવાર; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧; ૨. જિભપ્રકાશ.

સંદર્ભ : ૧. ઔરાસંગ્રહ : ૩ (પ્રસ્તા); ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. ડિકૅટલૉગબીજે; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

લાવણ્યહર્ષ [ ] : જૈન સાધુ. ૧૩ કડીની 'હરિયાલી'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [કી.જો.]

લાસકુંઅર [ઈ. ૧૭૧૨ સુધીમાં] : ૧૦૦ કડીમાં રચાયેલી 'ભાગવત-કથા' (લે.ઈ.૧૭૧૨)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

લિંબજી [ ] : અવટંકે ભટ્ટ. ૧૧૩ કડવે અધૂરી મળતી 'રામાયણ' નામક કૃતિ એમણે અને એમના પુત્ર જાગેશ્વરે સાથે મળીને રચી છે. જુઓ જાગેશ્વર–૧.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ત્રૈમાસિક, જાન્યુ. માર્ચ ૧૯૭૪-'લિંબજી અને તત્સુત જાગેશ્વરનું રામાયણ', દેવદત્ત જોશી; ☐ ૩. ગૂહાયાદી. [કી.જો.]

લીરલ/લીલણબાઈ/લીલમબાઈ/લીલુબાઈ/લીળલબાઈ : લીરલબાઈને નામે ૭ ભજન(મુ.), લીલણબાઈને નામે ૧ ભજન(મુ.), લીલમ-બાઈને નામે સ્તવન રૂપે રજૂ થતાં ૪ ભજન(મુ.) અને બીજાં ૨ ભજન, લીલુબાઈને નામે ૧ ભજન તથા લીળલબાઈને નામે ૧ ભજન(મુ.) મળે છે. એમના કર્તા એક જ છે કે જુદા તે નિશ્ચિત-પણે કહેવું મુશ્કેલ છે.

એક લીરલબાઈ મજેવડીનાં લુહારભક્ત દેવતણખીનાં પુત્રી ને દેવાયત પંડિતનાં શિષ્યા હતાં એવું કહેવાય છે. આ લીરલબાઈ ને લોકસાહિત્યનાં ભજનોમાં મળતાં ને કુંભારાણાનાં પત્ની તરીકે ઓળખાવાયેલાં લીળલબાઈ એક છે કે જુદાં એ જાણવા માટે કોઈ આધાર નથી. ઉપર્યુક્ત પદો આમાંથી કોઈનાં હશે કે કેમ એ કહેવું પણ મુશ્કેલ છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. આપણી લોકસંસ્કૃતિ, સં. જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭ (+સં.); ૩. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૪. નકાસંગ્રહ; ૫. બૃહત્ સંત-સમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૬. સતવાણી (+સં.).

સંદર્ભ : ૧. ઊર્મિનવરચના, માર્ચ ૧૯૮૬–'મહાપંથ અને તેના સંતો', નિરંજન રાજ્યગુરુ; ☐ ૨. ડિક્ટેલૉગબીજે. [કી.જો.]

લીલાદાસ [ ] : નાવ/હોડી વિષયક પદ(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬-'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

લીલો : જુઓ હેમસોમના શિષ્ય લાલ.

લીંબ/લીંબો [ઈ. ૧૬૯૦ સુધીમાં] : જૈન. સત્તરમી સદીમાં થયેલ પ્રસિદ્ધ શ્રાવકકવિ ઋષભદાસે તેમના પૂર્વકવિઓમાં લીંબા નામક કવિને સંભાર્યા છે તે આ જ લીંબ/લીંબો કવિ હોવા જોઈએ એમ 'જૈન ગૂર્જર કવિઓ' નોંધે છે. ૪૯ કડીની 'પાર્શ્વનાથનામ્નાસંવેગ-રસ-ચંદ્રાઉલા/સંવેગરસ-ચંદ્રાયણા' (લે.ઈ. ૧૬૯૦), ૨૫ કડીની 'ચોવીસજિન-નમસ્કાર', ૧૬ કડીની 'દેવપૂજા-ગીત', ૪૯ કડીની 'મજ્જાપદ્રપુરમંડન પાર્શ્વનાથ-વિનતિ', ૩૨૫ ગ્રંથાગ્ર ધરાવતું 'વીસવિહરમાનજિન-ગીત' (લે.સં. ૧૭મી સદી), ૫ કડીનું 'ઈલાચી-કુમાર-ગીત', 'ઋષભદેવ-ધવલ', ૮ કડીનું 'ઋષભ-ગીત', 'શત્રુંજય-ગીત', ૫ કડીની 'સ્થૂલિભદ્રજીની સઝાય'(મુ.) વગેરે ગીતો, સઝાયો તથા કેટલીક અન્ય કૃતિઓના કર્તા.

કૃતિ : પ્રાસપસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. કવિ ઋષભદાસ, વાડીલાલ જી. ચોકસી, ઈ. ૧૯૭૯; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

'લોડણ-ખીમરોની લોકકથાના દુહા' : ખંભાતની આહિરાણી લોડણ અને સૌરાષ્ટ્રના રાવલ ગામના આહિર ખીમરા વચ્ચેની પ્રણયકથાના ૪૦ જેટલા દુહા(મુ.) મળે છે. મુખ્યત્વે લોડણની ઉક્તિ રૂપે મળતા આ દહાઓમાં યાત્રાએ નીકળેલી ને પુરુષો પ્રત્યે અણગમો ધરાવતી લોડણનો રાવલમાં ખીમરા સાથે વિશિષ્ટ રીતે થયેલો મેળાપ, બંનેના હૃદયમાં ફૂટેલાં પ્રેમનાં અંકુર, આઠ દિવસનો વાયદો કરી લોડણનું પોતાના સંઘ સાથે યાત્રાએ જવું, આઠ દિવસ પછી પાછા વળતાં ખીમરો પોતાના વિરહમાં મૃત્યુ પામ્યો છે એ સમાચાર મળવાથી લોડણનું ખીમરાની ખાંભી પાસે મૃત્યુ પામવું એવો આછો કથાતંતુ વણાયેલો દેખાય છે. પરંતુ દુહાઓનું આસ્વાદ્ય તત્ત્વ એમાંથી પ્રગટ થતો લોડણ-ખીમરાનો પરસ્પર માટેનો સ્નેહ છે. 'આણીઆળાં અમ ઉર, ભીંસુ તોય ભાંગે નહીં, બળ કરતી હું બીઉં, ખાંભી માથે ખીમરા' જેવી પંક્તિઓ બંને પ્રેમીઓના પ્રેમની માદકતાને ઉત્કટ રીતે વાચા આપે છે.

કૃતિ : ૧. કાઠિયાવાડી સાહિત્ય : ૨, કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩ (+સં.); ૨. સોરઠી ગીતકથાઓ, સં. ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૭૯ (બીજી આ.) (+સં.).

સંદર્ભ : મધ્યકાલીન પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૪. [જા.ગા.]

લોયણ [ ] : સંત કવયિત્રી. પરંપરાથી મળતી માહિતી અનુસાર તેઓ આટકોટનાં વતની અને જ્ઞાતિએ લુહાર હતાં. શેલૈષિ સાથે સમાગમ થવાથી તેઓએ એમને ગુરુપદે સ્થાપ્યા હતા. એમનાં રૂપ પાછળ ગાંડો બનેલો કાઠી દરબાર લાખો કામાંધ બની એક વખત એમને બળાત્કારે સ્પર્શ કરવા જતાં કોઢનો ભોગ બની ગયો હતો. પછી પશ્ચાત્તાપમાં પ્રજ્વળતા લાખાને જ્ઞાનનો બોધ આપી એમણે કોઢમાંથી મુકત કર્યો હતો એવી જનશ્રુતિ પ્રચલિત છે.

લોયણ લાખાને સંબોધતાં હોય અને લાખો લોયણને સંબોધતો હોય એ રીતે રચાયેલાં એમનાં ભજનો (લગભગ ૫૦ જેટલાં મુ.) જનસમાજમાં સારી રીતે લોકપ્રિય છે. આ ભજનોમાં જ્ઞાન અને યોગની પરિભાષામાં નિર્ગુણભકિતનો મહિમા થયો છે. કોઈક પદોમાં લાખા-લોયણના સંબંધના ઉલ્લેખ આવે છે, તો કેટલાંક પદોમાં સદ્‌ગુરુનો મહિમા પણ થયો છે. લોયણના ભક્તિ-આર્દ્ર હૃદયનું મર્મીપણું એમની ભજનવાણીમાં સચોટ રીતે અનુભવાય છે.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તુ સાહિત્ય મુદ્રણાલય (ત્રીજી આ.); ૩. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ (છઠ્ઠી આ.); ૪. યોગ વેદાન્ત ભજન ભંડાર, ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.); ૫. સતવાણી; ૬. સંત-સમાજ ભજનાવળી, પ્ર. કેશવલાલ મ. દૂધવાળા, ઈ. ૧૯૩૧; ૭. સોસંવાણી (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસામધ્ય; ૩. સોરઠી સ્ત્રી સંતો, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સં. ૨૦૧૪. [દે.જો.]

લોહટ (સાહ) [ઈ. ૧૬૭૪માં હયાત] : 'ષડલેસ્યા વેલિ' (૨.ઈ. ૧૬૭૪)-ના કર્તા.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

લોંકા(શાહ) [ઈ. ૧૪૫૨માં હયાત] : સ્થાનકવાસી સંપ્રદાયના જૈન સાધુ. તેઓ મૂર્તિપૂજાના વિરોધી હતા. આ વિરોધ ઈ. ૧૪૫૨ આસપાસ તેમણે કર્યો હશે એવા ઉલ્લેખો મળે છે. આ ઉપરથી આ અરસામાં તેઓ હયાત હશે એમ અનુમાન થઈ શકે. આ કવિ શાસ્ત્રોમાં પારંગત હતા અને લહિયાનું કામ પણ જાણતા હતા. ૫૮ બોલ તથા કૃતિને અંતે ૫૦ પ્રશ્નોથી યુકત 'લુંકાના સદ્‌ઢિઆ અઠ્ઠાવન બોલ વિવરણ'(મુ.) નામની ગદ્યકૃતિના કર્તા.

કૃતિ : સ્વાધ્યાય, નવે. ૧૯૬૪-૬૫-'શ્રી લોંકાશાહની એક કૃતિ', દલસુખ માલવણિયા. [ગી.મુ.]

વખત(મુનિ) : આ નામે ૩ કડીનું 'આત્માનુશાસનગીત' (લે.સં. ૧૮મી સદી અનુ.) મળે છે તે કયા વખત–છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ગી.મુ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વખતચંદ્ર–૧ [ ] : જૈન સાધુ. યુગપ્રધાન કનકચંદ્રસૂરીશ્વર સંતાનીય. ૫ ઢાળના 'ત્રેસઠ-સલાકા પુરુષરત્ન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ષટ્દ્રવ્યનયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯; ૨. સ્તવન સઝાય-સંગ્રહ, સં. શ્રી સાગરચંદ્રજી મહારાજ, ઈ. ૧૯૩૭. [ગી.મુ.]

વખતચંદ્ર–૨ [ ] : જૈન સાધુ. પદ્મચંદ્રસૂરિસંતાનીય. ૩ ઢાળની 'વીશસ્થાનકતપની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ષટ્દ્રવ્યનયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯. [ગી.મુ.]

'વચનામૃત' [૨.ઈ. ૧૮૨૦થી ઈ. ૧૮૨૪] : સહજાનંદ સ્વામીએ ગઢડા અને અન્ય સ્થળોએ આપેલાં ૨૬૨ ઉપદેશવચનોનો સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગૌરવભર્યું સ્થાન ધરાવતો ધર્મગ્રંથ(મુ.). સહજાનંદ સ્વામીએ આપેલાં ઉપદેશ-વચનોની નોંધ પરથી મુક્તાનંદ, ગોપાલાનંદ, નિત્યાનંદ અને શુકાનંદ એ શિષ્યોએ આ વચનામૃતોને સંચિત કર્યાં છે તેથી સહજાનંદની પોતાની વાણી આ વચનામૃતોમાં જોવા મળે છે. ધર્મના વિચારોને આચારમાં મૂકી શકાય એવો વ્યવહારુ બોધ આ વચનામૃતોની લાક્ષણિકતા છે. ધર્મશાસ્ત્ર, ભક્તિ, વૈરાગ્ય, નીતિ, વેદાંત, અધ્યાત્મસાધના વગેરે વિશેના વિચારોને લોકગમ્ય વાણીમાં સમજાવવાનો એમાં પ્રયાસ છે, એ રીતે ઈ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ધર્મોપદેશ માટે વપરાતા ગદ્યને સમજવા માટે આ ગ્રંથ ઉપયોગી સાધન બની રહે છે. ગદ્યમાં અનુભવાતો સૌરાષ્ટ્રી બોલીનો પાસ, વાક્યરચનામાં 'જે' સંયોજકનો ઉપયોગ, 'અને' વડે જોડાતાં વાક્યોની હારમાળા, વિશેષણાત્મક પદસમૂહો અને સંબંધદર્શક 'તે'નો પ્રચુર ઉપયોગ વગેરે આ ગદ્યની કેટલીક તરી આવતી લાક્ષણિકતાઓ છે. [ચ.મ., શ્રા.ત્રિ.]

વચ્છ : આ નામે 'આર્દ્રકુમાર વિવાહલો' કૃતિ મળે છે તે કયા વચ્છની છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [ભા.વૈ.]

વચ્છ(ભંડારી)–૧ [ઈ. ૧૪૧૫માં હયાત] : જૈન શ્રાવક. માંગરોળના પાર્શ્વનાથની સ્તુતિ કરતા ૧૮ કડીના 'નવપલ્લવ પાર્શ્વનાથ-કલશ' (દેપાલકૃત 'સ્નાત્રપૂજા'માં અંતર્ગત મુ.), ૭ કડીના 'નવકાર-ગીત/સઝાય'(મુ.) તથા ૯૫ કડીના 'આદિનાથ ધવલ' (૨.ઈ. ૧૪૧૫/સં. ૧૪૭૧, કારતક–)ના કર્તા.

કૃતિ : ૧. નસ્વાધ્યાય : ૩; ૨. વિવિધ પૂજાસંગ્રહ : ૧, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧ (ચોથી આ.); ૩. વિવિધ પૂજાસંગ્રહ, પ્ર. જસવંતલાલ ગી. શાહ, ઈ. ૧૯૫૩.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. જૈમગૂકરચનાઓ : ૧; ૫. ડિકૅટલૉગભીજે; ૬. ડિકૅટલૉગભાવિ; ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ભા.વૈ.]

વચ્છ–૨/વાછો [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : જૈન શ્રાવક. વડતપગચ્છના જ્ઞાનસાગરસૂરિના શિષ્ય. દુહા, રોળા, ચોપાઈની દેશીઓમાં રચાયેલા ૪૦૧ કડીના 'મૃગાંકલેખા-રાસ'←માં કવિએ મૃગાંકલેખાના ચરિત્ર દ્વારા ધર્મ અને શીલનો મહિમા ગાયો છે. ઈ. ૧૫મી સદી આસપાસ રાસાઓ બોધાત્મક ને વધુ વિસ્તારી બન્યા એ રાસાના સ્વરૂપમાં આવેલા પરિવર્તનને આ રાસ સૂચવે છે. આ કવિએ વિવિધ રાગના નિર્દેશવાળી દેશીઓમાં જીવની ભવસ્થિતિનું વર્ણન કરતો આશરે ૨૦૦૦ કડીનો 'જીવભવસ્થિતિ-રાસ/સિદ્ધાંત–રાસ/પ્રવચન-રાસ' (૨.ઈ. ૧૪૬૭/સં. ૧૫૨૩, ફાગણ સુદ ૧૩, રવિવાર) રચ્યો છે. એમાં હરપતિ સંઘવીએ ઈ. ૧૪૬૨માં કાઢેલા સંઘનું વર્ણન આવે છે. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી'એ આ કવિને નામે 'વીર વિક્રમાદિત્ય પરકાયાપ્રવેશકથા-રાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.) એ કૃતિ નોંધી છે, પણ 'જૈન ગૂર્જર કવિઓ'માં આ કૃતિ કોઈ બ્રાહ્મણ કવિ વસ્તોને નામે નોંધાયેલી છે. કૃતિના અંતભાગમાં મળતા સંદર્ભ પરથી કૃતિનો રચયિતા કોઈ જૈનેતર છે. 'ચિહુગતિની વેલિ'માં અંતે આવતો 'વાંછૂ' શબ્દ 'ઇચ્છું' એ અર્થમાં વપરાયો છે, એટલે એ કૃતિ આ કવિની જ છે કે કેમ તે શંકાસ્પદ છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ૩. નયુકવિઓ; ૪. પડિલેહા, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૭૯–'જૈન સાહિત્ય'; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. આલિસ્ટઑઇ : ૨; ૭. કૅટલૉગગુરા; ૮. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૯. ડિકૅટલૉગભીજે; ૧૦. ડિકૅટલૉગભાવિ; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી. [ભા.વૈ.]

વચ્છરાજ : આ નામે ૧૬૦ કડીની 'મદનજૂઝ' (૨.ઈ. ૧૫૩૩) તથા ૧૫૭૩ ગ્રંથાગ્રનું 'સંગ્રહણી પ્રકરણ-સ્તબક' મળે છે. આ કયા વચ્છરાજ છે તે નક્કી થઈ શકતું નથી. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહત ગુજરાતી હસ્તપ્રતસૂચી'એ 'સંગ્રહણીપ્રકરણ-સ્તબક' વચ્છરાજ–૧ની હોવાની સંભાવના વ્યક્ત કરી છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

વચ્છરાજ–૧ [ઈ. ૧૫૭૯માં હયાત] : સંભવત: જંબૂસરના વતની. પિતાનું નામ વિનાયક. દુહા-ચોપાઈ-છપ્પામાં રચાયેલી ૬૦૫ કડીની 'રસમંજરી'←(૨.ઈ. ૧૫૭૯/સં. ૧૬૩૫, અસાડ સુદ ૩, રવિવાર; મુ.) એ કવિની એકમાત્ર કૃતિ મળે છે. પ્રેમરાજ અને રસમંજરીના પ્રેમ-પરિણયની કથા નિમિત્તે રસમંજરીના સ્ત્રીચરિત્રને ઉપસાવતી આ પદ્યવાર્તા એના પ્રવાહી કથા નિરૂપણથી ધ્યાન ખેંચે છે.

કૃતિ : બૂકાદોહન : ૪.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ. [ગી.મુ.]

વચ્છરાજ–૨/વત્સરાજ(ગણિ) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : વડતપગચ્છ/પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રસૂરિની પરંપરામાં વાચક રત્નચંદ્ર/રત્નચરિત્રના શિષ્ય. દુહા, ચોપાઈ, વસ્તુ છંદ આદિમાં નિબદ્ધ ૧૪૮૪ કડીના 'સમ્યક્ત્વકૌમુદી-ચતુષ્પદી/રાસ' (૨. ઈ. ૧૫૮૬/સં. ૧૬૪૨, મહા સુદ ૫, ગુરુવાર), જૈન પંચતંત્રકથાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંપરા પર આધારિત ૩૪૯૬ કડીની 'પંચાખ્યાન નીતિશાસ્ત્ર-કથા-કલ્લોલ-રાસ/પંચોપાખ્યાન-ચોપાઈ' (૨.ઈ. ૧૫૯૨/સં. ૧૬૪૮, આસો સુદ ૫, રવિવાર) તથા 'પાર્શ્વચંદ્ર-સઝાય'ના કર્તા. તેમણે શ્લોકબદ્ધ 'શ્રી શાંતિનાથ-ચરિત્ર' રચ્યું હોવાનું નોંધાયું છે.

સંદર્ભ : ૧. ઔરાસંગ્રહ : ૧; ૨. ગુસામધ્ય; ૩. જૈસાઈતિહાસ; ૪. પંચતંત્ર, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૯; ☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. ડિકૅટલૉગબીજે; ૭. મુપુગુહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

વચ્છરાજ–૩ [ઈ. ૧૬૮૩માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. 'સુબાહુ-ચોઢાળિયું' (૨. ઈ.૧૬૮૩)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ગી.મુ.]

'વચ્છરાજ–રાસ' [૨.ઈ. ૧૮૨૬/સં. ૧૮૮૨, શ્રાવણ સુદ ૬, મંગળવાર/શુક્રવાર] : રામવિજયશિષ્ય ઋષભવિજયકૃત દુહા અને દેશીબદ્ધ આ રાસ(મુ.) ૪ ખંડ અને ૫૬ ઢાળમાં રચાયેલો છે. ક્ષિતિપ્રતિષ્ઠ નગરનો રાજા મૃત્યુ પામતા ગાદીએ આવેલો મોટો પુત્ર દેવરાજ નાના ભાઈ વચ્છરાજ અને પોતાની માતાને કાઢી મૂકે છે. ઉજ્જૈન નગરીમાં પહેલાં શેઠને ઘરે અને પછી રાજાને ત્યાં આશ્રય પામેલો વચ્છરાજ વિદ્યાધરીઓ-વ્યંતરીઓ પાસેથી પરાક્રમપૂર્વક દૈવી કંચુકી, સાડી અને ત્રીજું વસ્ત્ર ક્રમશ: મેળવી રાણીની હઠ સંતોષે છે અને એ દરમ્યાન પરદેશપ્રવાસ ખેડતાં ત્રણ રાણીઓ પણ પ્રાપ્ત કરે છે. આ પછી રાજાને પોતાના ઘરે જમવા નિમંત્રતાં, રાજા તેની રૂપવતી સ્ત્રીઓ પર મોહિત થાય છે અને અશક્ય કામો સોંપી વચ્છરાજનો કાંટો કાઢી નાખવા પ્રયત્ન કરે છે. પરંતુ વચ્છરાજને દૈવી સહાય પ્રાપ્ત હોઈ એ બધાં કામો કરી આપે છે. છેવટે રાજા યમને મળી આવવાનું કહે છે ત્યારે પણ બનાવટી વચ્છરાજ અગ્નિચિતામાં પ્રવેશે છે અને પછી જ્યારે રાજા એની સ્ત્રીઓને મેળવવા એને ઘેર આવે છે ત્યારે પોતે યમરાજા પાસે જઈ આવ્યાનો હેવાલ આપે છે અને યમરાજાએ રાજાને અને મંત્રીઓને પોતાની પાસે બોલાવ્યા છે એવો સંદેશો આપે છે. જો કે, અગ્નિચિતા તૈયાર થયા પછી મંત્રીઓને બળી મરવા દઈ રાજાને સાચી વાત કહી એ બચાવી લે છે. રાજા વચ્છરાજને રાજ્ય સોંપી નિવૃત્ત થાય છે તે પછી વચ્છરાજ ક્ષિતિપ્રતિષ્ઠની પ્રજાને દેવરાજના ત્રાસમાંથી છોડાવે છે અને પોતે રાજ્ય પ્રાપ્ત કરે છે. છેવટે મુનિરાજના ઉપદેશથી વિરકત થઈ દીક્ષા લે છે.

અદ્‌ભુતરસના પ્રસંગો, પ્રસંગોપાત્ત ગૂંથાયેલી દૃષ્ટાંતકથાઓ–જેમાં જિનપાલિત-જિનરક્ષિતના જેવી લાંબી કથા પણ આવી જાય, કયાંકકયાંક લાડથી થયેલાં પ્રસંગનિરૂપણો અને વર્ણનો, ઓછી પણ સઘન અલંકારરચનાઓ, દેશીવૈવિધ્ય–એમાં પણ સુંદર ધ્રુવાઓવાળી ગીતશૈલીનો વિનિયોગ – એ આ કૃતિની કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ છે. [જ.કો.]

વજ્જિયો [ઈ. ૧૬૫૮ સુધીમાં] : આખ્યાનકાર. આ કવિની એક કૃતિ 'સીતાવેલ'ની મળેલી હસ્તપ્રતોમાં જૂનામાં જૂની ઈ. ૧૬૫૮ની છે. એને આધારે કવિ એ સમય સુધીમાં થયા હોવાનું કહી શકાય.

આ કવિની સર્વ કૃતિઓ રામાયણ આધારિત છે. એમનું ૧૭ કડવાંનું આખ્યાન 'રણજંગ'←(મુ.) રણ-યજ્ઞ એવી રૂપકયોજનાની બાબતમાં તથા કેટલાક લાક્ષણિક ઢાળોના વિનિયોગની બાબતમાં પ્રેમાનંદના 'રણયજ્ઞ'ને પ્રેરક બનેલું એમ કહેવાય છે. યુદ્ધવર્ણનોમાંની ઝડઝમકવાળી જુસ્સાદાર ભાષાની દૃષ્ટિએ અને એમાંના હિંદી ને અરબી-ફારસી શબ્દપ્રયોગોની દૃષ્ટિએ પણ એ લાક્ષણિક કૃતિ છે. 'સીતાવેલ/સીવરામંડપ'(મુ.) ઢાળ અને સાખી એવા પદબંધમાં રચાયેલાં ૫ કડવાંમાં સીતાસ્વયંવરની કથાને ચિત્રાત્મક રીતે નિરૂપે છે. સીતાએ હનુમાન દ્વારા લંકામાંથી પોતાને છોડાવવા રામને મોકલેલા સંદેશના પ્રસંગને આલેખતું દુહાની ૪-૪ પંકિતઓની ૧ એવી ૫૨ કડીનું 'સીતાસંદેશ' (૫૧ કડી મુ.) દરેક કડીની ચોથી પંકિત ધ્રુવપદની પંકિતની જેમ ગવાય એ રીતે થયેલા એના પદબંધને લીધે વિશિષ્ટ છે. આ કવિએ કેટલાંક પદ પણ રચ્યાં હોવાનું નોંધાયું છે.

કૃતિ : ૧. પ્રાકાવિનોદ : ૧; ૨. બૃકાદોહન : ૪; ૩. 'મહાકવિ પ્રેમાનંદકૃત 'રણયજ્ઞ' અને કવિ વજ્જિયાકૃત 'રણજંગ', સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૪ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત્ર : ૧-૨; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસામધ્ય; ૪. ગુસાસ્વરૂપો; ☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. ગૂહાયાદી; ૭. ડિકૅટલૉગબીજે; ૮. ડિકૅટલૉગભાવિ; ૯. ફાહનામાવલિ : ૨. [૨.સો.]

વજેરામ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : સાહિત્ય, ફેબ્રુ. ૧૯૧૬–'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

વજ્રસેન(સૂરિ) [ઈ. ૧૨મી સદી] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. દેવસૂરિ(વાદિદેવસૂરિ)ના શિષ્ય. દેવસૂરિનો આયુષ્યકાળ ઈ. ૧૦૮૫થી ઈ. ૧૧૭૦ છે. તથી કવિ ઈ. ૧૨મી સદીમાં હયાત હશે એવું અનુમાન થયું છે. આ કવિએ ઋષભદેવના બંને પુત્રો ભરત અને બાહુબલિ વચ્ચે થયેલા ઘોર સંગ્રામને વર્ણવતી ૪ ખંડ અને ૪૮ કડીની દુહા-સોરઠા આદિ ગેય ઢાળો ધરાવતી 'ભરતેશ્વર બાહુબલિ-ઘોર'(મુ.) કૃતિની રચના કરી છે.

કૃતિ : ૧. પ્રાગુકાંરાંચય; ૨. રાસ ઔર રાસાન્વયી કાવ્ય, સં. દશરથ ઓઝા અને દશરથ શર્મા, સં. ૨૧૦૬ (+સં.).

સંદર્ભ : ૧. ઉત્તર-અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિદ્યાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈમગૂકરચનાઓ : ૧. [ભા.વૈ.]

વણારશી [ઈ. ૧૭૯૫માં હયાત] : જ્ઞાનમાર્ગી કવિ. 'વણારસીબાપા'ના નામે જાણીતા તલોદ (તા. વાગરા)ના વતની અને જ્ઞાતિએ લેઉવા પાટીદાર. નરેરદાસ મહારાજના ભાઈ. ઈ. ૧૭૯૫માં નિરાંત મહારાજ પાસેથી તેમણે ઉપદેશ લીધેલો. ગુરુમહિમા ગાતાં અને મનને સંબોધતાં પદો (૨ મુ.)ના કર્તા.

કૃતિ : ગુમુવાણી.

સંદર્ભ : શ્રી નિરાંતકાવ્ય, સં. ગોપાળરામ દે. શર્મા, ઈ. ૧૯૩૯. [દે.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વણારશીદાસ [ ] : ૩૩ કડીના 'અંબાજી માતાનો છંદ'(મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : (શ્રી) દેવી મહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ, પ્ર. વિશ્વનાથ ટ્રિવેદી, ઈ. ૧૮૯૭. [દે.દ.]

વણારસીબાઈ [ ] : જ્ઞાનમાર્ગી કવયિત્રી. છાણી (તા. વડોદરા)નાં વતની અને જ્ઞાતિએ શ્રીગોડ બ્રાહ્મણ. નિરાંતના ૧૬ પ્રમુખ શિષ્યોમાંનાં એક. તેમની જ્ઞાનગાદી છાણીમાં હતી જે પાછળથી ચાલી ન હતી. તેમણે કેટલાંક ભક્તિવિષયક પદોની રચના કરી છે.

સંદર્ભ : ૧. આપણાં સ્ત્રીકવિઓ, કુલીન ક. વોરા, ઈ. ૧૯૬૦; ૨. ગુસાઈતિહાસ. ૨; ૩. ગુસામધ્ય; ૪. પ્રાકામાલા : ૧૦–પ્રસ્તા. [દે. દ.]

વત્સરાજ(ગણિ)–૧ : જુઓ વચ્છરાજ–૨.

વત્સરાજ–૨[ઈ. ૧૬૦૯માં હયાત] : રાજસ્થાની મિશ્ર ગુજરાતી ભાષામાં રચાયેલા ૯૫૬ ગ્રંથાગ્રના 'ક્ષેત્રસમાસકરણી-બાલાવબોધ' (૨. ઈ. ૧૬૦૯)ના કર્તા. કવિ કદાચ રત્નચંદશિષ્ય વચ્છરાજ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧. [કી.જો.]

વધા/વધો [ઈ. ૧૬૬૮માં હયાત] : શ્રાવક કવિ. અવટંકે શાહ. ૩૯ કડીના 'કુમતિનો રાસ/મહાવીર-સ્તવન-કુમતિખંડન/પ્રતિમાસ્થાપન-ગીત' (૨.ઈ. ૧૬૬૮/સં. ૧૭૨૪, શ્રાવણ સુદ ૬) એ કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.].

વનમાળીદાસ [સં. ૧૮મો સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ઈ. ૧૬૭૦ પછી ઔરંગઝેબનું વ્રજ પર આક્રમણ થવાથી શ્રીનાથજી મેવાડ પધાર્યા એ પ્રસંગને અનુરૂપ ઐતિહાસિક કાવ્ય રચનારાઓમાં આ કવિ પણ હતા.

'વનમાળી' નામછાપ ધરાવતું કૃષ્ણલીલાનું ૧ પદ(મુ.) તથા 'વનમાળી ગિરધર'ને નામે 'નરસિંહ મહેતાની હૂંડી' નોંધાયેલી મળે છે. આ બન્ને કૃતિઓના કર્તા પ્રસ્તુત વનમાળીદાસ હોઈ શકે. પરંતુ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. નકાસંગ્રહ; ૨. પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐ ૨. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦ –'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ. [કી.જો.]

વનો/ધનો : આ નામે ૭૧ કડીની 'સ્થૂલભદ્ર-ગુણધર-વેલિ' (લે.સં. ૧૯મી સદી અનુ.) મળે છે. આ વનો તે વાનો શ્રાવક છે કે અન્ય તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

વરજીવનદાસ [ઈ. ૧૮મી સદી આસપાસ] : પારસીશાઈ ગુજરાતીમાં રૂપાંતર પામેલી, રાજકીય દૃષ્ટિએ મહત્ત્વનાં તેમજ તત્કાલીન સમાજસ્થિતિનો ખ્યાલ આપનાર કીમતી દસ્તાવેજ સમી ૭૨ કડીની 'સુરતની હડતાળનો ગરબો' (ઈ. ૧૮મી સદી આસપાસ; મુ.) એ કૃતિના કર્તા.

કૃતિ : ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો : ૩, પ્ર. ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, ઈ. ૧૯૬૩ (+સં.). [કી.જો.]

વરસિંઘ : જુઓ વીરસિંહ.

વરસિંહ(ઋષિ) [ઈ. ૧૭૧૦માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. તેજસિંહની પરંપરામાં કાન્હજી આચાર્યના શાસનમાં દાસમુનિના શિષ્ય. 'નવતત્ત્વ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૧૦; મુ.) તથા 'શ્રીપાલ-રાસ-ચરિત્ર'ના કર્તા. પહેલી કૃતિ સિંઘજીને નામે મુદ્રિત થયેલ છે, પરંતુ ખરું નામ વરસિંઘ-વરસિંહ છે. વરસંગને નામે 'ચતુર્વિંશતિ-ચોપાઈ' મળે છે તે આ વરસિંહની હોવાની સંભાવના છે.

કૃતિ : લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨); ૪. મુપુગૂહસૂચી. [કી.જો.]

વર્ધમાન : આ નામે ૨૫ કડીની '**ઋષભદેવ**-હમચી/શિખામણ-હમચી/સઝાય' તથા અપભ્રંશમાં 'વીર જિણેસર-પારણું' એ કૃતિઓ મળે છે તે કયા વર્ધમાન કવિની છે તે નિશ્ચિતપણે કહેલું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ૨. મુપુગૂહસૂચી. [ગી.મુ.]

વર્ધમાન(મુનિ)–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. 'શિવજી-ગણિની સ્તુતિ' (૨.ઈ. ૧૬૧૫) તથા 'હંસવચ્છરાજ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, આસો સુદ ૧)ના કર્તા.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

'વર્ષાવર્ણન' : 'નેમિ-બારમાસ'←સાથે જિનવિજયને નામે મુદ્રિત થયેલી ૭ કડીની આ કૃતિ(મુ.) "પિયારા ઉત્તમ જિન મન માંહિ ધરી" એ પંક્તિને કારણે જિનવિજયશિષ્ય ઉત્તમવિજય કે જિનવિજય-ઉત્તમ વિજયશિષ્ય પદ્મવિજયની હોવાનું સંભવે છે. વર્ષાઋતુની ભૂમિકામાં વિરહભાવનું આલેખન કરતી આ કૃતિમાં વર્ષાનું નાદચિત્ર કવિએ કુશળતાથી ઉપસાવ્યું છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ : ૧ (+સં.). [જ.કો.]

'વલ્કલચીરી-ચોપાઈ/રાસ' [૨.ઈ. ૧૬૨૫] : સકલચન્દ્રશિષ્ય સમયસુન્દરની ચોપાઈની ૧૦ ઢાળોની વચ્ચેવચ્ચે દુહાની કડીઓ મૂકી રચાયેલી ૨૨૬ કડીની આ રાસકૃતિ(મુ.) હેમચંદ્રાચાર્યના 'ત્રિશષ્ટિ-શલાકાપુરુષ-ચરિત્ર'ના 'પરિશિષ્ટ-પર્વ'ની કથાને અનુસરે છે.

જૈન કથાસાહિત્યમાં કંઈક ઓછી પ્રચલિત આ કથામાં પોતનપુરના રાજા સોમચંદ્રનો નાનો પુત્ર વલ્કલચીરી પિતાની સાથે જંગલમાં ઊછરી મોટો થયા પછી હવે પોતનપુરના રાજા બનેલા પોતાના મોટાભાઈ પ્રસન્નચંદ્ર પાસે કેવા અનુભવોમાંથી પસાર થઈ પહોંચે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે એ કથા કૃતિનો મોટો ભાગ રોકે છે. સરળ રીતે કથા કહી જતી આ કૃતિમાં ક્યાંક કવિએ ભાવાલેખનની તક ઝડપી છે. વનમાં ઊછરીને મોટો થયેલો વલ્કલચીરી મનુષ્યજીવન અને મનુષ્યવ્યવહારથી સાવ અજાણ રહ્યો હોવાને લીધે કેવું અબુધ મનુષ્યના જેવું વર્તન કરે છે તેનું કવિએ કરેલું આલેખન અહીં ધ્યાન ખેંચે છે. [જ.ગા.]

વલ્લભ/વલ્લભદાસ : વલ્લભને નામે 'અષ્ટઉપાધિ', ૬૬ કડીની 'ગોકુળ લીલા' તથા પુષ્ટિમાર્ગીય સાંપ્રદાયિક અસરવાળાં કૃષ્ણભક્તિનાં ઘણાં ધોળ-પદ(મુ.) મળે છે, જેમાંનાં કેટલાંક વ્રજમાં છે. વલ્લભદાસને નામે ૫૫ કડીનું 'વ્રજપરિક્રમાનું ધોળ'(મુ.), ગુજરાતી-વ્રજમાં રુકિમણીવિવાહનાં ને ગોકુલેશ પ્રભુની મહિમાનાં પદ (કેટલાંક મુ.) તથા 'રામરાજિયો' મળે છે. આ કૃતિઓના કર્તા કયા વલ્લભ/વલ્લભદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : શ્રી ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ. ૧૯૧૬; ૨. પુષ્ટિપ્રસાદી, પ્ર. ચંદ્રવદન મો. શાહ, ઈ. ૧૯૬૬ (બીજી આ.); ૩. પ્રાકાસુધા : ૨; ૪. રુકિમણીવિવાહનાં પદ, પ્ર. ખંડયા બ્રધર્સ, ઈ.–; ૫. વ્રજયાત્રાદર્શન, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ. ૧૯૮૩ (બીજી આ.).

સંદર્ભ : ૧. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭ – 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐ ૨. ગૂહાયાદી; ૩. ફાહનામાવલિ : ૨. [૨.સો.]

વલ્લભ–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ – ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. સુરતના બેગમપુરના વતની. જ્ઞાતિએ ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ. પિતા નાના ભટ્ટ. એમણે વ્યવસાય અર્થે ગણદેવી, કાખેર, ખેરગામ, ચીખલી આદિ સ્થળોએ ભાગવતકથા કરેલી.

પૂર્વછાયો અને ચોપાઈ બંધની ૨૧૫ કડીઓનું 'અનાવિલપુરાણ' (૨.ઈ. ૧૬૯૦/સં. ૧૭૪૬, પોષ વદ ૩૦, મંગળવાર; મુ.) રચનાર આ કવિની ભાગવતના અનુવાદ રૂપે મળતી ૧૧ સ્કંધની 'પદબંધ ભાગવત' (મુ.) કૃતિ વધુ મહત્ત્વની છે. એનો સ્કંધ-૧ ઈ. ૧૬૯૮નું તથા સ્કંધ બેથી ૯ ઈ. ૧૭૦૭ અને ઈ. ૧૭૦૯ વચ્ચેનાં રચનાવર્ષ દેખાડે છે. એ પછીનો ભાગ કવિએ ઈ. ૧૭૧૦ સુધીમાં પૂરો કર્યો હોવાનું અનુમાન થયું છે. વલ્લભના આ ભાગવતની કોઈપણ હસ્તપ્રતમાં 'દશમસ્કંધ' મળતો નથી. એ એમણે રચવા ધાર્યો હોય ને ન રચી શકાયો હોય એવું અનુમાન થયું છે. તો, કેટલીક હસ્તપ્રતોમાં પ્રેમાનંદવાળો 'દશમસ્કંધ' મળતો હોવાથી એમણે પોતાની કથામાં પ્રેમાનંદના 'દશમસ્કંધ'થી જ ચલાવી લઈ પોતે એ સ્કંધ રચ્યો જ ન હોય એવો તર્ક પણ થયો છે.

આ ઉપરાંત, 'તાપીસ્તોત્ર' (૨.ઈ. ૧૭૦૬/સં. ૧૭૬૨, અસાડ વદ ૮, સોમવાર), 'રેવામાહાત્મ્ય' (૨.ઈ. ૧૭૦૧/સં. ૧૭૫૭, આસો સુદ ૨, ગુરુવાર; મુ.), 'રામવિવાહ' તથા પ્રેમાનંદનું ગણાતું ૩૧ કડવાંનું 'સુભદ્રાહરણ' પણ આ કવિની કૃતિઓ હોવાની સંભાવના છે. 'લંકાનો સલોકો' (૨.ઈ. ૧૭૧૪) નામની આ નામે મળતી કૃતિ આ કવિની હોવાની સંભાવના પણ વ્યક્ત થઈ છે. 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' એને વલ્લભ–૨ની ગણે છે. આ જ શીર્ષકવાળી એક જ પાઠ ધરાવતી કૃતિ અંબાઈદાસને નામે પણ મળે છે. જુઓ અંબાઈદાસ.

કૃતિ : ૧. પદબંધ ભાગવત ભાગ : ૧, ૨, સં. ઇચ્છારામ સૂ. દેસાઈ, ઈ. ૧૯૬૦ (પાંચમી આ.) (+સં.); ☐ ૨. રેવાને તીરે તીરે, મંજુલાલ ર. મજમુદાર, ઈ. ૧૯૫૮; ☐ ૩. બુદ્ધિપ્રકાશ, જાન્યુ.-ફેબ્રુ. ૧૯૨૪–'અનાવિલ-પુરાણ', સં. હીરાલાલ ત્રિ. પારેખ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસામધ્ય; ૩. પાંગુહસ્તલેખો; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. સ્વાધ્યાય નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ☐ ૬. કદહસૂચિ; ૭. ગૂહાયાદી; ૮. ફોહનામાવલિ. [૨.સો.]

વલ્લભ–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ગરબાકવિ. અમદાવાદ પાસેના નવાપુરાના ભટ્ટ મેવાડા બ્રાહ્મણ. હરિ ભટ્ટ એમના પિતાનું નામ હતું કે ભાઈનું નામ તે સ્પષ્ટ નથી. માતા ફૂલકોર. એમણે સલખનપુરીની અનેકવાર યાત્રા કરેલી. માતાનાં મંદિરોમાં વલ્લભની સાથે જ જેનું નામ બોલાય છે એ ધોળા એમના ભાઈ અને કવિ હતા. વલ્લભ પહેલાં વૈષ્ણવ હતા અને પછીથી માતાના ભક્ત થયેલા એમ પણ કહેવાયું છે. એમનાં જન્મવર્ષ ઈ. ૧૬૪૦ (સં. ૧૬૯૬, આસો સુદ ૮) કે ઈ. ૧૭૦૦ અને અવસાનવર્ષ ઈ. ૧૭૫૧ બતાવવામાં આવે છે, પરંતુ એ માટે કોઈ ચોક્કસ આધાર નથી. કવિની ૧ કૃતિની ૨.ઈ. ૧૭૩૬ છે, એટલે તેઓ ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધમાં હયાત હતા એ નિશ્ચિત છે.

આ કવિનું મુખ્ય અર્પણ એમણે રચેલા લાંબા વર્ણનાત્મક ગરબા←(મુ.) છે. વિવિધ રાગઢાળમાં ને સહજ પ્રાસાદિક વાણીમાં જુદા જુદા વિષયના અનેક ગરબાઓ એમણે રચ્યા છે. એમાં ૬૧ કડીનો 'અંબાજીના શણગારનો ગરબો'(મુ.), ૧૧૮ કડીનો 'આનંદનો ગરબો'(મુ.), ૧૫૭ કડીનો 'ધનુષધારીનો ગરબો' (૨.ઈ. ૧૭૩૬/સં. ૧૭૯૨, અસાડ વદ ૧૧, મંગળવાર; મુ.), ૭૩/૭૫ કડીનો 'મહાકાળીનો ગરબો', ૪૦ કડીનો 'ગાગરનો ગરબો'(મુ.) જેવા અંબા, બહુચરા અને મહાકાળીનું મહિમાગાન કરતા શક્તિઉપાસનાના જનસમાજમાં લોકપ્રિય ગરબાઓ એમાંના અલંકારવૈભવ, સ્વભાવોક્તિયુક્ત ચિત્રણ, પ્રાસઅનુપ્રાસની ગૂંથણી, નાટ્યાત્મક પ્રસંગ-નિરૂપણ, એમાં ગૂંથાયેલી–શાકતસિદ્ધાંત, શક્તિની ઉત્પત્તિ, શક્તિના અવતારો, દેવીનાં પૂજનઅર્ચનની વીગતો ઇત્યાદિ તત્ત્વોને લીધે વિશેષ ધ્યાનાર્હ છે. ૮૪ કડીનો 'આંખમીંચામણાનો ગરબો/રાધિકાજીનો ગરબો'(મુ.), ૫૫ કડીનો 'વ્રજવિયોગનો ગરબો/ઓધવજીને અરજ' (મુ.), ૪૩ કડીનો 'સત્યભામાનો ગરબો' (મુ.) વગેરે એમના કૃષ્ણભક્તિના ગરબા છે. એ સિવાય ૨૯ કડીનો 'કજોડાનો ગરબો/ગોરમાનો ગરબો'(મુ.), ૫૮ કડીનો 'કળિકાળનો ગરબો'(મુ.) જેવા ઐતિહાસિક-સામાજિક વિષયના ગરબાઓ પણ એમણે રચ્યા છે.

ગરબાઓ ઉપરાંત 'રંગમાં રંગતાળી', 'રંગે રમે, આનંદે રમે', 'ચાલોને ચાચર જઈએ' જેવી લોકપ્રિય ગરબીઓ; અંબાજી, કમળાકંથ, ગોપી આદિને વિષય બનાવી મહિના, વાર, હોરી, આરતી સ્વરૂપની કૃતિઓ(મુ.) તથા વિવિધ રાગનિર્દેશવાળાં શકિત ને કૃષ્ણભક્તિનાં ઘણાં પદો(મુ.) પણ એમણે રચ્યાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'પ્રેમગીતા' (ર.ઈ. ૧૭૨૩) અને 'લંકાનો સલોકો' (ર.ઈ. ૧૭૧૪)ને 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' આ કવિની રચના ગણે છે, પરંતુ 'લંકાનો સલોકો વલ્લભ–૧ની કૃતિ હોવાની સંભાવના પણ વ્યકત થઈ છે.

કૃતિ : ૧. વલ્લભ ભટ્ટની વાણી, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૬૨ +સં.);☐ ૨. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૩. કાદોહન : ૧ (+સં.); ૪. પ્રાકામંજરી (+સં.); ૫. બૂકાદોહન : ૧, ૨ (+સં.), ૪, ૫, ૮; ૬. શ્રીમદ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. વલ્લભ મેવાડો : એક અધ્યયન, જયવંતી ધ. શાહ, ઈ. ૧૯૫૯;☐ ૨. અક્ષારરેખા, સુરેશ દીક્ષિત, ઈ. ૧૯૭૪; ૩. કવિ-ચરિત્ર; ૪. ગુમાસ્તંભો; ૫. ગુલિટરેચર; ૬. ગુસાઈતિહાસ : ૨; ૭. ગુસામધ્ય; ૮. ગુસારૂપરેખા : ૧; ૯. ગુસારસ્વતો; ૧૦. ન મોવિહાર, રામનારાયણ વિ. પાઠક, ઈ. ૧૯૬૧–'વલ્લભ મેવાડો અને ગરબી-પ્રવાહ'; ૧૧. નર્મગદ્ય, ઈ. ૧૯૭૫ની આવૃત્તિ; ૧૨. પ્રાકકૃતિઓ; ☐ ૧૩. ગૂહાયાદી; ૧૪. ડિકેટલોગભીજે; ૧૫. ફાહનામાવલિ : ૨; ૧૬. ફોહનામાવલિ; ૧૭. મુપુગૂહસૂચી. [ર.સો.]

વલ્લભ–૩ [ ] : બીલ પરગણાના મહિસાના વતની. જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ. આ કવિને નામે 'ભકતમાળ(નાની)' નામની કૃતિ મળે છે. 'ગુજરાતના સારસ્વતો' આ કવિને ઈ. ૧૯મી સદીના ગણે છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. ગૂહાયાદી. [ર.સો.]

વલ્લભ–૪ [ ] : અમદાવાદના વતની. જ્ઞાતિએ વડનગરા બ્રાહ્મણ. આ કવિએ 'નાગરોની ઉત્પત્તિનો ગરબો' અને અન્ય કેટલાંક ગરબા-ગરબી (*મુ.), 'મહાદેવજીનો વિવાહ'(મુ.), 'શામળશાહનો વિવાહ/નરસિંહ મહેતાના પુત્રનો વિવાહ' તથા વિવાહખેલનાં પદોની રચના કરી છે.

કૃતિ : *અંબિકે-દુશેખર,–.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. ગૂહાયાદી. [ર.સો.]

વલ્લભ–૫ [ ] : સુરતના સલાબતપુરાના વતની. અવટંકે રાણા. પિતા ખુશાલચંદ. આ કવિએ લગભગ ૭૦૦ જેટલી ગરબીઓ તથા ઘણાં પદો રચ્યાં હોવાની નોંધ મળે છે.

સંદર્ભ : ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૯–'સુરતના કેટલાક સંતો અને ભકતકવિઓ', માણેકલાલ શં. રાણા. [ર.સો.]

વલ્લભ(મુનિ)–૬ [ ] : જૈન સાધુ. ૧૦ કડીની 'રેવતી પ્રમુખ દૃષ્ટાંત-સઝાય' (મુ.)ના કર્તા. કૃતિ લોંકાગચ્છ સંપ્રદાયના પુસ્તકમાં મુદ્રિત છે માટે કર્તા લોંકાગચ્છના હોઈ શકે.

૯ કડીની 'રહનેમિરાજિમતી-ગીત' વલ્લભઋષિને નામે મળે છે જે પ્રસ્તુત વલ્લભમુનિની પણ હોય, પણ તે નિશ્ચિત નથી.

કૃતિ : લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [કી.જો.]

વલ્લભકુશલ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ધીરકુશલની પરંપરામાં સુંદરકુશલના શિષ્ય. 'શ્રેણિક-રાસ' (ર.ઈ. ૧૭૧૮/સં. ૧૭૭૫, કારતક વદ ૧૩, રવિવાર), ૧૦ ઢાળની દુહા-ચોપાઈ બંધમાં રચાયેલી વર્ણનાત્મક ઐતિહાસિક 'હેમચન્દ્રગણિ-રાસ' (ર.ઈ. ૧૭૩૬/સં. ૧૭૯૩, માગશર સુદ ૨, મંગળવાર; મુ.) કૃતિના કર્તા.

કૃતિ : જૈએકાસંચય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વલ્લભજી–૧ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. તેઓ 'કાકા વલ્લભજી'ને નામે જાણીતા હતા. સં ૧૭૨૬ પછી ઔરંગ-ઝેબના વ્રજ પર થયેલા આક્રમણને કારણે શ્રીનાથજી મેવાડ પધાર્યા એ ઐતિહાકિ પ્રસંગને વિષય બનાવી રચાયેલા કાવ્ય તથા 'ભગ-વદીયનામમણિમાલા' કૃતિના કર્તા.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ર.સો.]

વલ્લભજી–૨[સં. ૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. પંચમ-પીઠના ગોસ્વામી બાળક.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ર.સો.]

વલ્લભદાસ–૧ [સં. ૧૭મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગુસાંઈજી(વિઠ્ઠલનાથજી)ના ભકત. પદો (૧ મુ.)ના કર્તા.

કૃતિ : પુગુસાહિત્યકારો (+સં.) [ર.સો.]

વલ્લભદાસ–૨/વલ્લભ માઈ [ઈ. ૧૭મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ભરૂચના વતની. પિતા ત્રિકમભાઈ. માતા ફૂલાંભાભી. ગોકુલ-નાથજી (ઈ. ૧૫૫૨–ઈ. ૧૬૪૧)ના ભકત. ઈ. ૧૬૦૪ પછી તેમનો જન્મ થયો હોવાનું અનુમાન થયું છે.

ઈ. ૧૬૧૬માં કોઈ ચિદ્રુપ નામના સંન્યાસીના પ્રભાવમાં આવી મોગલ બાદશાહ જહાંગીરે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ઊર્ધ્વપુંડ્રતિલક અને તુલસીમાળા ધારણ ન કરવાનું ફરમાન કાઢ્યું તે વખતે ગોકુલ-નાથજીએ કાશ્મીરનો પ્રવાસ કરી જહાંગીર બાદશાહને મળી સમજાવ્યો અને આ ફરમાન પાછું ખેંચાવ્યું એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં જાણીતા પ્રસંગને આલેખતું વ્રજભાષાનું ૧૧૧ કડીનું 'માલા-ઉદ્ધાર'(મુ.) કાવ્ય આ કવિએ રચ્યું છે. કાવ્યની જૂની પ્રત ઈ. ૧૬૯૪ પૂર્વેની મળે છે. એટલે આ કવિ ઈ. ૧૭મી સદીમાં થઈ ગયા હોવાનું કહી શકાય.

એ ઉપરાંત, 'વલ્લભરસાલય (નાનો મહોત્સવ)', 'શ્રી વલ્લભરસ', 'શ્રી વલ્લભવેલ', 'વિવાહખેલ', 'માલાનો કરખો વાર્ષિક મહોત્સવ', 'શ્રી ભાગ્યરાસચરિત્ર', 'નવરસ' તથા અનેક ધોળ-પદ (કેટલાંક મુ.)ની રચના એમણે કરી છે. ગોકુલનાથજી–ગોકુલેશ પ્રભુનો મહિમા કરતાં વ્રજભાષામાં જે પદ મુદ્રિત સ્વરૂપે મળે છે તે આ કવિનાં હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ. ઈ. ૧૯૧૬; ☐ ૨. અનુગ્રહ, ફેબ્રુ. ૧૯૫૭–'માલાઉદ્ધાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાવ્ય', સં. ચિમનલાલ મ. વૈદ્ય.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [૨.સો.]

વલ્લભદાસ–૩ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. સં. ૧૭૨૬ પછી મોગલ બાદશાહ ઔરંગઝેબનું વ્રજ પર આક્રમણ થયું ત્યારે શ્રીનાથજી મેવાડ પધાર્યા એ ઐતિહાસિક પ્રસંગને વિષય બનાવી એમણે કાવ્ય રચ્યું છે.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [૨.સો.]

વલ્લભદાસ–૪ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. વ્રજ-ભૂષણના સેવક.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [૨.સો.]

વલ્લભવિજય [ઈ. ૧૮૦૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. શાંતિ-વિજયની પરંપરામાં હિતવિજયના શિષ્ય. જયાનંદસૂરિકૃત 'સ્થૂલિ-ભદ્ર-ચરિત્ર' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૮૦૮/સં. ૧૮૬૪, જેઠ સુદ ૬)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

વલ્લભસાગર [ઈ. ૧૭૮૪માં હયાત] : જૈન સાધુ. આગમસાગરના શિષ્ય. ૭ કડીના 'આદિજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૮૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

'વલ્લભાખ્યાન' : રામદાસપુત્ર ગોપાળદાસની 'આખ્યાન' નામક ૯ કડવાંની 'નવાખ્યાન'ને નામે પણ ઓળખાયેલી આ કૃતિ(મુ.) પહેલા કડવામાં શુદ્ધાદ્વૈતસિદ્ધાંત અનુસાર પ્રભુના નિત્યસ્થાન અને જગતની ઉત્પત્તિનું વર્ણન કરે છે, બીજા કડવામાં શ્રી વલ્લભાચાર્યની પ્રશસ્તિપૂર્વક શ્રી વિઠ્ઠલનાથજીના જન્મનો હેતુ નિર્દેશે છે અને ત્રીજા કડવાથી વિઠ્ઠલનાથજીનું ચરિત્ર આલેખે છે. છેલ્લા કડવામાં શ્રી વલ્લભાચાર્યજીના પરિવારોનો નિર્દેશાત્મક પરિચય આપાયેલો છે. આ રીતે, આ આખ્યાન વસ્તુતઃ 'વલ્લભાખ્યાન' નહીં પણ 'વિઠ્ઠલ-નાથાખ્યાન' છે. વિઠ્ઠલનાથજીને પુરુષોત્તમના અવતારરૂપ ગણાવી કવિએ, એમના જીવનનું હકીકતનિષ્ઠ વર્ણન કરવાને બદલે એમની લીલાઓ ગાઈ છે અને એમનો ગુણાનુવાદ કર્યો છે. આ રીતે આ મુખ્યત્વે વર્ણનાત્મક અને ભાવાનુપ્રાણિત રચના છે. શબ્દાલંકાર તથા અર્થાલંકારનું સૌંદર્ય ધરાવતાં વર્ણનોમાં તેમ જ કાવ્યની શિષ્ટ પ્રૌઢ બાનીમાં કવિનું કવિત્વ પ્રગટ થાય છે.

ઝૂલણા, ચોપાઈ, સવૈયાની દેશીઓને વિવિધતા સાથે પ્રયોજતા આ આખ્યાનને કવિએ જુદાજુદા રાગોમાં બાંધ્યું છે ને સાંપ્રદાયિકોમાં એ આખ્યાનનાં કડવાં નિશ્ચિત રાગતાલમાં, રાગ અનુસાર દિવસના જુદાજુદા ભાગમાં ગવાય છે. જેના પર વ્રજ તેમ જ સંસ્કૃત ભાષામાં ટીકાઓ લખાઈ હોય તેવું આ એકમાત્ર જૈનેતર ગુજરાતી કાવ્ય છે ને ટીકાઓ લખનાર વૈષ્ણવ આચાર્યોએ ગોપાલ-દાસનું દાસત્વ ઇચ્છ્યું છે. આ બધું આ આખ્યાનનું સંપ્રદાયમાં કેટલું મહત્ત્વ છે તે બતાવે છે.

વિઠ્ઠલનાથના પુત્ર ઘનશ્યામજીના પરિણીત જીવનનો નિર્દેશ કરતું આ કાવ્ય એમના લગ્ન (ઈ. ૧૫૯૨) પછીના થોડા સમયમાં રચાયેલું હોવાનું માની શકાય. [જ.કો.]

વલ્લવ/વહલવ/વહાલો : વલ્લવને નામે કૃષ્ણભક્તિની ૪ ગરબીઓ (મુ.), રામવિવાહના વરઘોડાનાં કાફી રાગનાં ૩ પદ(મુ.), જ્ઞાન-વૈરાગ્યનું ૧ પદ(મુ.) ને 'ધોળસંગ્રહ' મળે છે. વહલવ-વલ્લવને નામે 'રાધાવિરહ' તથા વહાલોને નામે 'બારમાસ', 'પંદરતિથિ' ને પદો મળે છે. આ બધી કૃતિઓના કર્તા એક હોવાની સંભાવના છે, પરંતુ નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.

કૃતિ : બુકાદોહન : ૮.

સંદર્ભ : ૧. કાશીસુત શેઘજી : એક અધ્યયન, બહેચરભાઈ પટેલ, ઈ. ૧૯૭૪; ☐ ૨. ગૂહાયાદી. [૨.સો.]

વલ્લપંડિતશિષ્ય [ઈ. ૧૬૦૬ સુધીમાં] : કવિ જૈન છે કે જૈનેતર તે સ્પષ્ટ રીતે કહી શકાય તેમ નથી. 'કુકડા માર્જારી-રાસ'(લે.ઈ.૧૬૦૬)-ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ'એ વલ્લ પંડિતને કર્તા ગણ્યા છે, પરંતુ 'કહઈ વલ્લ પંડિતાઉ દાસ' એ પંક્તિ પરથી કર્તા વલ્લ પંડિતના શિષ્ય લાગે છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

વશરામ [ઈ. ૧૬૭૬માં હયાત] : અવટંકે ગોહિલ. 'નાગર-સંવાદ' (૨.ઈ. ૧૬૭૬), 'વામનનું આખ્યાન' તથા હિન્દી-ગુજરાતી બંને ભાષામાં રચાયેલાં પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [કી.જો.]

વસનજી/વસીદાસ [ઈ. ૧૮૪૯ સુધીમાં] : 'સૂર્યછંદ/સૂર્યનારાયણનો પાઠ/સ્તુતિ' (લે.ઈ. ૧૮૪૯; મુ.) તથા 'હનુમાનજીનો છંદ'ના કર્તા. 'સૂર્યનારાયણનો છંદ' વસંતદાસને નામે મુદ્રિત થયું છે, પરંતુ અન્યત્ર એ વસનજી/વસીદાસને નામે પણ મળે છે.

કૃતિ : નકાદોહન : ૩.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ૨. પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં વૃત્ત-રચના, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૧; ☐ ૩. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવ-દત્ત જોશી; ☐ ૪. ગુહાયાદી; ૫. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

વસંતદાસ [ઈ. ૧૮૪૪ સુધીમાં] : ભુજંગી છંદમાં રચાયેલા 'કાશીમાહાત્મ્ય ગંગાજીનો પાઠ' (લે. ઈ. ૧૮૪૪) તથા પદોના કર્તા. વસનજી/વસીદાસ અને આ કવિ એક હોવાની સંભાવના છે, પરંતુ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૧; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગભીજે. [કી.જો.]

વસંતરામ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'વસંતવિલાસ'–૧ : પ્રાકૃત-અપભ્રંશ પિંગળોના દોહક અને ઉપદોહક સાથે મળતા આવતા દુહા પ્રકારના છંદમાં રચાયેલું ને દરેક કડીમાં ચરણના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ વચ્ચે પ્રયોજાયેલી અંતર્યમક-સાંકળીને લીધે વિશિષ્ટ બનેલા પદ્યબંધ (જે પછીથી ફાગુબંધ તરીકે ઓળખાયો)વાળું આ ફાગુ(મુ.) ૫૨ કડીની લઘુવાચના ને ૮૪ કડીની બૃહત્‌વાચના રૂપે ઉપલબ્ધ થાય છે. ઈ. ૧૪૫૨ની કાવ્યની ઉપલબ્ધ થતી પ્રત, રત્નમંદિરગણિના 'ઉપદેશતરંગિણી' (૨.ઈ. ૧૪૬૧ આશરે)માં આ કાવ્યમાંથી અપાયેલું અવતરણ તથા કાવ્યનું ભાષાસ્વરૂપ એ પ્રમાણોને લક્ષમાં લઈ આ ફાગુ ઈ. ૧૪મી સદીના પૂર્વાર્ધમાં રચાયું હોવાનું અનુમાન થયું છે. કાવ્યનો રચયિતા જૈન કરતાં જૈનેતર હોવાની સંભાવના વિશેષ છે. નર્તાષિ-નર્યાષિ, આચાર્ય રત્નાકર, ગુણવંત કે મુંજ એમાંથી કોઈ કાવ્યના કર્તા હોવાની સંભાવના વિચારાઈ છે, પરંતુ એમાંની એકે સંભાવના પૂરતી પ્રતીતિકર બનતી નથી. કાવ્યની સં. ૧૬૩૮ની પ્રતમાં લિપિકારે કાવ્યના કર્તા તરીકે મુંજનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે, પણ એ સિવાય મુંજ વિશે બીજી કોઈ માહિતી આપી નથી. સંભવ છે કે લિપિકાર કૃતિની અંતિમ પંક્તિમાં આવતા 'મુંજ' શબ્દથી દોરવાયા હોય.

જેની કડીએ કડીએ જીવનનો ઉલ્લાસ ઊભરાય છે એવું આ ફાગુ અન્ય મધ્યકાલીન ફાગુઓથી અનેક રીતે વિશિષ્ટ છે. અન્ય ફાગુઓની જેમ આમ તો આ ફાગુમાં પણ વસંતની માદક ઉદ્દીપકતા વચ્ચે પ્રણયીજનોનો વિરહ અને પછી સંભોગનો શૃંગાર આલેખાયો છે, પરંતુ અહીં કાવ્યનાં નાયક-નાયિકા કોઈ એક યુગલ નહીં, પણ અનેક યુગલ છે. એટલે સમષ્ટિના વસંતવિલાસનું એ ગાન બની રહે છે. કાવ્યના પ્રારંભમાં આવતું ઈન્દ્રિયગમ્ય વનવર્ણન અને પછી વનને નગરનું રૂપક આપી થયેલું રૂપકાત્મક વનવર્ણન કે સુંદરીઓનાં દેહસૌંદર્યનાં ને અંગપ્રસાધનનાં આલંકારિક વર્ણન સંસ્કૃત કાવ્યપરંપરાનુસારી હોવા છતાં, પદલાઘવ, પદમાધુર્ય ને અભિવ્યકિત-વૈચિત્ર્યથી અસરકારક રીતે કામોદ્દીપક બને છે. કાવ્યમાં આલેખાયેલો કામવિલાસ આનંદપ્રદ છે, પણ સંસ્કૃત કવિતા જેવો ઉન્માદક કે પ્રગલ્ભ નથી. કાવ્યના અંતમાં ભ્રમરને સંબોધી રચાયેલી અન્યોકિતઓ દ્વારા પુરુષની રસિકવૃત્તિને અપાયેલો કોમળ ઉપાલંભ કૃતિના શૃંગારને વિશેષ રૂપે પુષ્ટ કરે છે.

કાવ્યમાં દરેક કડીની પાછળ કવિએ સુભાષિતાવલી, શાર્ઙ્ગધરપદ્ધતિ, અમરુશતક, નૈષધીયચરિત વગેરે ગ્રંથોમાંથી એકબે સંસ્કૃત-પ્રાકૃત શ્લોક મૂકયા છે. કડીનો ભાવ કયાંથી સૂઝયો તે બતાવવાનું એમાં કવિનું પ્રયોજન છે. જો કે કવિએ મૂળ શ્લોકનો સારાનુવાદ નથી આપ્યો. કયાંક મૂળ અર્થને સંકોચી કે વિસ્તારી, કયાંક મૂળમાંથી સામાન્ય સૂચન લઈ કવિએ પોતાની મૌલિકતાની પ્રતીતિ કરાવી છે. આ શ્લોકો કવિનું કાવ્યપરિશીલન કેટલું ઊંડું હતું એના પણ દ્યોતક છે. કાવ્યની ઉપલબ્ધ થયેલી ૧ સચિત્ર પ્રતનાં ચિત્રો રજપૂત અને મોગલ ચિત્રશૈલીથી કેટલીક દૃષ્ટિએ ભિન્ન પડતાં હોવાને લીધે મહત્ત્વનાં ગણાયાં છે.

કૃતિ : ૧. વસંતવિલાસ (અં.), સં. કાંતિલાલ બી. વ્યાસ, ઈ. ૧૯૪૨ (+સં.); ૨. એજન, સં. કાંતિલાલ બ. વ્યાસ, ઈ. ૧૯૭૪ (તૃતીય આ.નું પુનર્મુદ્રણ) (+સં.); ૩. એજન (અં.), સં. ડબલ્યુ. નોર્મન બ્રાઉન, ઈ. ૧૯૬૨; ૪. એજન, સં. રતિલાલ સાં. નાયક, ઈ. ૧૯૭૪ (+સં.); ૫. વસંતવિલાસ ફાગુ, સં. કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૬૬; ૬. એજન (અં.), સં. મધુસૂદન ચિ. મોદી, ઈ. ૧૯૬૦ (+સં.); ☐ ૭. પંગુકાવ્ય.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૧, ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસાસ્વરૂપો; ૫. નયુકવિઓ;☐ ૬. ફાત્રૈમાસિક, જાન્યુ.-માર્ચ ૧૯૩૭–'વસન્તવિલાસ', સારાભાઈ મ. નવાબ; ૭. સ્વાધ્યાય, મે ૧૯૭૮–'વસન્તવિલાસફાગુના રચયિતાનું નામ', અગરચંદ નાહટા, અનુ. નવીનચંદ્ર એન. શાહ. [જ.ગા.]

'વસંતવિલાસ'–૨ : ઝૂલણાના ઉત્તરાર્ધની ૧૭ માત્રાના ઢાળની ૧ કડી અને દુહાની ૨ કડી એવા એકમની બનેલી ૨૬ કડીનું કવિ રામનું આ ફાગુકાવ્ય(મુ.) એના ભાષાસ્વરૂપને લક્ષમાં લેતાં અજ્ઞાત કવિના 'વસંવિલાસ' પછી રચાયું હોવાની પૂરી શકયતા છે અને તેમ છતાં 'વસંતવિલાસ'કાર પછી ફાગુકાવ્યોમાં વ્યાપક બનેલા યમક સાંકળીવાળા ફાગુબંધને અનુસરવાનું વલણ આ કૃતિમાં ખાસ નથી – એ એની વિલક્ષણતા છે.

પ્રારંભની પહેલી ૨ કડીઓમાં ગણપતિની સ્તુતિ કરતા ૨ સંસ્કૃત શ્લોક મૂકી પછી કવિએ પ્રસંગવર્ણન શરૂ કર્યું છે. પહેલાં તો વસંતઋતુના પ્રારંભે પ્રવાસે ન જવા માટે કોઈ નાયિકા પોતાના પ્રિયતમને વીનવે છે, પરંતુ પ્રિયતમ એ વિનંતીની અવગણના કરી ચાલ્યો જાય છે એવું સમજાય છે. પાછળથી નાયિકા તે રુકિમણી અને નાયક કૃષ્ણ છે એવું સ્પષ્ટ થતાં એ કૃષ્ણના વિરહમાં ઝૂરતી રુકિમણીના વિરહભાવને આલેખતું કાવ્ય બની રહે છે. કામોદ્દીપક વસંતવર્ણન, વિરહવ્યાકુળ રુકિમણીનો ભ્રમર સાથે કૃષ્ણને સંદેશો મોકલવો કે કૃષ્ણ કયારે આવશે એ માટે એનું જોષી પાસે જવું જેવી વીગતો આમ તો પરંપરાનુસારી છે, પરંતુ કવિની ભાષાની પ્રૌઢિ તથા અભિવ્યકિતની કુશળતાને લીધે રુકિમણીવિરહનું આલેખન મર્મસ્પર્શી બન્યું છે. એ રીતે કૃષ્ણાગમન પછી વાસકસજ્જા રુકિમણીનો આનંદ પણ 'હરખ અંગ મુઝ અંગિ ચંદન વીંટિયો જાણે ભૂયંગ' કે 'કૃષ્ણ તરુઅર અમ વેલ' જેવી ઉત્પ્રેક્ષાઓ દ્વારા મનોરમ રીતે અભિવ્યકત થયો છે. 'જિમજિમ' 'તિમતિમ' 'ઘનઘન' 'અંગિઅંગિ' જેવી વ્યાપક રીતે થયેલી શબ્દની દ્વિરુકિતથી કે એકના એક વાકયઢાળાના આવર્તનથી કવિએ કાવ્યને ભાવોત્કટ અને ગેયત્વયુકત અંશોવાળું બનાવ્યું છે.

કાવ્યના અંત ભાગમાં કૃષ્ણે જેમ પોતાની મિલનની આશા પૂરી કરી તેમ સહુની આશા પૂરી કરજો એમ રુકિમણી કહે છે ત્યારે કાવ્ય કૃષ્ણભકિતના સંસ્કારવાળું બને છે. [જ.ગા.]

વસીદાસ : જુઓ વસનજી.

વસુ : જુઓ વસ્તો–૩.

વસ્તિગ [ઈ. ૧૩૧૨માં હયાત] : જૈન સાધુ. રત્નપ્રભસૂરિના શિષ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ કર્તાનું નામ વસ્તુપાલ પણ મળે છે. 'વીસ વિહરમાન-રાસ/સ્તવન (૨.ઈ. ૧૩૧૨/સં. ૧૩૬૮, મહા સુદ ૫, શુક્રવાર; મુ.), ૯૫/૯૭ કડીના ધાર્મિક કાવ્ય 'ચતુર્ગતિ-ચોપાઈ/ચિહુગતિવેલ-ચોપાઈ' (અંશત: મુ.) તથા 'સુદર્શન-ચોપાઈ' એ કૃતિઓ એમણે રચી છે.

કૃતિ : ૧. આકવિઓ : ૧; ૨. ઐજૈકાસંગ્રહ (+સં.); ૩. નયુ-કવિઓ; ☐ ૪. જૈનયુગ, અષાડ-શ્રાવણ ૧૯૮૬-'વીશવિહરમાન-જિનરાસ', સં. મોહનલાલ દ. દેશાઈ; ૫. જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૩-'ચિહુગતિવેલચોપાઈ', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬-'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

'વસ્તુગીતા' : વસ્તા વિશ્વંભરની અદ્વૈતવિચારનું નિરૂપણ કરતી જ્ઞાન-માર્ગી પરંપરાનો ૮ અધ્યાય ને સાખીની ૪૨૭ કડીની કૃતિ(મુ.). કવિએ પ્રથમ ૭ અધ્યાયમાં અદ્વૈતવિચારનું નિરૂપણ કર્યું છે, અને અંતિમ અધ્યાયમાં આગળના સાતે અધ્યાયમાં કરેલી ચર્ચાનો અધ્યાયવાર સાર આપ્યો છે. જીવ અને શિવ વચ્ચેનો ભેદ, માયાનું કાર્ય, પંચીકરણની પ્રક્રિયા, પંચકોષ અને જીવ-બ્રહ્મની એકતા, આત્મસ્વરૂપને કેમ પામવું, જીવ-ઈશ્વર-બ્રહ્મ-પરબ્રહ્મનું સ્વરૂપ તથા વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિ દ્વારા ઈશ્વરૈક્યનો અનુભવ કરવાની વાત આ અધ્યાયોમાં એમણે સમજાવી છે. ક્વચિત્ પોતાના વિચારને સ્ફુટ કરવા કવિ દૃષ્ટાંતનો આશ્રય લે છે. પરંતુ સીધા તત્ત્વ-નિરૂપણ તરફ એમનું લક્ષ વિશેષ છે. [ચ.શે.]

વસ્તુપાલ(ગણિ) : આ નામે ૧૫ કડીની 'આદીશ્વર-બિરદાવલી' મળે છે. આ કયા વસ્તુપાલ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વસ્તુપાલ(બ્રહ્મ)-૧ [ઈ. ૧૫૯૮માં હયાત] : દિગંબર સરસ્વતી-ગચ્છના જૈન સાધુ. સુમતિકીર્તિના શિષ્ય ગુણકીર્તિના શિષ્ય. 'રોહિણીવ્રત-પ્રબંધ' (૨.ઈ. ૧૫૯૮/સં. ૧૬૫૪, અસાડ સુદ ૩, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

વસ્તુપાલ-૨ [ ] : પાર્શ્વચન્દ્રગચ્છના જૈન સાધુ. પાર્શ્વચન્દ્રસૂરિની પરંપરામાં હીરના શિષ્ય. 'હંસરાજ-વચ્છરાજ-પ્રબંધ-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

વસ્તો-૧ [ઈ. ૧૫૬૮માં હયાત] : ખેડા જિલ્લાના વીરસદ કે બોર-સદના વતની. કવિની ઉપલબ્ધ કૃતિ 'શુકદેવ-આખ્યાન'ની વિવિધ પ્રતોમાંથી થોડાક વીગતભેદે કેટલોક કવિપરિચય મળે છે. એને આધારે કવિ ડોડીઆ કુળના એટલે સંભવત: ક્ષત્રિય જ્ઞાતિના હતા. કાળા કે નારાયણદાસ તેમના પિતાનું નામ હતું કે ગુરુનું નામ તે સ્પષ્ટ નથી. પરંતુ એમના ગુરુ કોઈ બ્રાહ્મણ હતા એવું લાગે છે. કવિ જ્ઞાતિએ લેઉવા પાટીદાર હતા એવી માહિતી પણ મળે છે, પરંતુ એ માટે કોઈ નિશ્ચિત આધાર નથી.

મહાભારતના શાંતિપર્વના વ્યાસ-શુકદેવ-સંવાદ પર આધારિત સામાન્યત: મુખબંધ-ઢાળ-વલણને જાળવતું ૪૫ કડવાંનું 'શુકદેવ-આખ્યાન' (૨.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, માગશર સુદ ૧૨, ગુરુવાર; મુ.) શિષ્ટ ને પ્રાસાદિક વાણીમાં આ કવિએ રચ્યું છે. વ્યાસને ત્યાં વિલક્ષણ સંજોગોમાં થયેલો શુકદેવનો જન્મ અને મોટા થયા પછી શુકદેવજીએ કરેલો સંસારત્યાગ કાવ્યની મુખ્ય ઘટના છે. પણ કવિનું મુખ્ય લક્ષ સંન્યસ્તજીવન અને ગૃહસ્થજીવન વચ્ચેના વિચાર-વિરોધને ઉપસાવવાનું છે અને વ્યાસ-શુકદેવના સંવાદ દ્વારા કવિ એ વિરોધને સારી રીતે ઉપસાવી શકયા છે. વ્યાસજીની પુત્ર-આસક્તિને પ્રગટ કરતો કેટલોક ભાગ ભાવબોધની દૃષ્ટિએ પણ આસ્વાદ્ય છે.

'સુભદ્રાહરણ' અને 'સાધુચરિત્ર' એ કૃતિઓ કવિએ રચી હોવાનું મનાય છે. પરંતુ તેમની કોઈ હસ્તપ્રત અત્યારે ઉપલબ્ધ નથી.

કૃતિ : બૃકાદોહન : ૪ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુમાસ્તંભો; ૩. ગુસાઈતિ-હાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. પ્રાકૃતિઓ; ૭. સંશોધન અને અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૬-'આખ્યાનકાર વસ્તો ડોડીઓ'; ☐ ૮. ગૂહાયાદી; ૯. ડિકૅટલૉગ-બીજે; ૧૦. ફોંહનામાવલિ. [ચ.શે.]

વસ્તો-૨ [ઈ. ૧૭૬૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિન-ભક્તિની પરંપરામાં જિનલાભના શિષ્ય. 'લોદ્રવા-સ્તવન' (૨.ઈ.૧૭૬૧/સં. ૧૮૧૭, માગશર વદ ૫, રવિવાર), ૧૦ કડીનું 'જિનલાભસૂરિ-ગીત'(મુ.), ૧૮ કડીની 'ત્રેસઠસલાકાપુરુષ-સઝાય'(મુ.), 'પાર્શ્વનાથ-સ્તવન', ૭ કડીની 'રહનેમિરાજિમતિ-સઝાય'(મુ.), ૧૩ કડીની 'રાત્રિભોજન-સઝાય'(મુ.) તથા ૧૬ કડીનું 'વીશસ્થાનક-સ્તવન'ના કર્તા.

૧૩ કડીની 'રાત્રિભોજન-સઝાય' તથા ૭ કડીની 'રહનેમિરાજિ-મતિ-સઝાય' કૃતિઓને 'જૈન ગૂર્જર કવિઓ' વસ્તિગ-૧ને નામે મૂકે છે, પરંતુ ભાષા દૃષ્ટિએ આ કૃતિઓ આટલા વહેલા સમયની જણાતી નથી અને અન્ય સંદર્ભો તો ૧૩ કડીની 'રાત્રિભોજન-સઝાય'ને આ જ કર્તાને નામે મૂકે છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ચૈસ્તસંગ્રહ; ૩; ૩. જૈકાપ્રકાશ : ૧; ૪. જૈસમાલા(શા); ૫. જૈસંગ્રહ(જૈ); ૬. જૈસસંગ્રહ(ન); ૭. પ્રાસ્તસંગ્રહ; ૮. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગબીજે; ૨. લોંહસૂચી. [કી.જો.]

વસ્તો-૩/વસુ [ઈ. ૧૭૬૯ સુધીમાં] : જ્ઞાતિએ બ્રાહ્મણ. 'વિક્રમરાય-ચરિત્ર/વિક્રમાદિત્ય પરકાયાપ્રવેશકથા-રાસ' (લે.ઈ. ૧૭૬૯)ના કર્તા. આ કવિ અને વાસુ એક જ હોવાની સંભાવના વ્યકત થઈ છે, પણ એ માટે કોઈ ચોક્કસ આધાર નથી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

વસ્તો-૪ [ઈ. ૧૭૮૦માં હયાત] : સ્થાનકવાસી વણિક શ્રાવક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વઢવાણના વતની. રાણપુરમાં ખેતી કરતા હતા તે ગાળામાં વૈરાગ્ય જાગ્યો તેથી દીક્ષા લીધી અને તપસ્વી તરીકે પંકાયા. 'જુઠા તાપસીનો શલોકો' (ર.ઈ. ૧૭૮૦/સં. ૧૮૩૬, ભાદરવા સુદ ૧૦, રવિવાર; *મુ.)ના કર્તા.

કૃતિ : *જુઠા તાપસીનો શલોકો, પ્ર. નેમચંદ સ. દોશી, સં. ૧૯૮૬.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગુકવિઓ : ૩(૧). [કી.જો.]

વસ્તો–૫ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. ખંભાતની પાસે આવેલા સકરપુરના વતની. તેઓ રામાનન્દી સંત અમરદાસજીના શિષ્ય વિશ્વંભરદાસના શિષ્ય તથા જ્ઞાતિએ ટોળકિયા ઔદીચ્ય બ્રાહ્મણ હોવાની સંભાવના છે. સકરપુરમાં રહેતા ખારવા જ્ઞાતિના લોકો હજી તેમના સમાધિસ્થાનની પૂજા કરે છે એવું કહેવાય છે. કવિની ઘણી કૃતિઓમાં રચનાવર્ષનો ઉલ્લેખ મળે છે, પરંતુ ઠીકઠીક લાંબી કહી શકાય એવી કેટલીક કૃતિઓનું એકબે માસના ફેરથી એક જ રચનાવર્ષ મળે છે, એટલે એ વર્ષ લેખનવર્ષ હોવાની સંભાવના વિશેષ દેખાય છે. કવિની એક કૃતિ પરથી મળતા સંદર્ભ પરથી કવિ ઈ. ૧૭૮૬માં અવસાન પામ્યા હશે એવો તર્ક કરવામાં આવ્યો છે. કવિને અખાની શિષ્યપરંપરા સાથે કંઈ સંબંધ હતો કે નહીં તે નિશ્ચિતપણે કહી શકાય એવું નથી.

જ્ઞાનમાર્ગી કાવ્યપરંપરાનો વિશેષ પ્રભાવ ઝીલતા આ કવિએ અન્ય ઘણા જ્ઞાનમાર્ગી કવિઓની જેમ પ્રેમલક્ષણા ભક્તિની કવિતા પણ રચી છે. સાખીની ૪૨૭ કડીમાં રચાયેલી ૮ અધ્યાયની 'વસ્તુ-ગીતા'←(મુ.) કવિના અદ્વૈતવિચારને સમજવા માટે મહત્ત્વની કૃતિ છે. ગુરુશિષ્યસંવાદ રૂપે રચાયેલી ૨ કૃતિઓ પૈકી ચોપાઈની ૫૦૭ કડી ને ૧૦ કડવાંની 'વસ્તુવિલાસ' (લે.ઈ. કે ૨.ઈ. ૧૭૭૫/સં. ૧૮૩૧, અધિક વૈશાખ વદ ૧૧; અંશત: મુ.) તથા પોતાના પ્રગુરુ અમરદાસજીના નામને સાંકળીને રચાયેલી ૭ ગોલાંટ ને ૭૦૬/૭૧૫ સાખીની 'અમરપુરી-ગીતા' (લે.ઈ. કે ૨.ઈ. ૧૭૭૫/સં. ૧૮૩૧, જેઠ વદ ૬, ગુરુવાર; અંશત: મુ.)માં જીવને સંસારના બંધનમાંથી કેમ મુકત થવું તેનો માર્ગ સમજાવ્યો છે. 'ગુરવંદન કો', 'મિથ્યાજ્ઞાની કો', 'આત્મજ્ઞાન કો' વગેરે ૮૮ અંગોમાં વહેંચાયેલી ને વ્રજમિશ્રિત ગુજરાતીમાં રચાયેલી ૨૬૪૧ સાખીઓ (લે.ઈ. કે ૨.ઈ.૧૭૭૫/સં. ૧૮૩૧, ફાગણ વદ ૨, શનિવાર; અંશત: મુ.)માં પણ કવિ અનેક દૃષ્ટાંતો દ્વારા દેહના અભિમાનથી મુકત થઈ બ્રહ્મભાવ અનુભવવાનો બોધ આપે છે. જીવ-ઈશ્વર-બ્રહ્મના અભેદને વ્યકત કરતો 'કક્કો' (ર.ઈ. ૧૭૮૬/સં. ૧૮૪૨, આસો સુદ ૬, ગુરુવાર; અંશત: મુ.), મનુષ્યજીવનની ક્ષણભંગુરતા બતાવી ઈશ્વર-સ્મરણ કરવાનો બોધ આપતાં 'ચેતામણી'નાં ૧૯ પદો (૨ મુ.), બ્રહ્માનુભવની અવસ્થાનું નિરૂપણ કરતા ૯–૯ કડીના (૮ કડી દુહાની અને છેલ્લી કડી સાખીની) ૧૦ 'મંગલ્લ'(મુ.) તથા વિવિધ રાગના નિર્દેશવાળાં ઘણાં પદો(મુ.) કવિની અન્ય જ્ઞાનમૂલક કૃતિઓ છે. દૃષ્ટાંતો ને લોકોકિતઓનો ઉપયોગ કરતી એમની વાણી ધાર્યું લક્ષ્ય વીંધવામાં વખતોવખત સફળ નીવડે છે.

દાણલીલા (અંશત: મુ.) ને તિથિ (મુ.), માસ (એકની ર.ઈ. ૧૭૭૧/સં.૧૮૨૭; મુ.), થાળ(મુ.), ગરબી વગેરે સ્વરૂપે મળતાં પદો (કેટલાંક મુ.) એમની પ્રેમલક્ષણા ભક્તિની રચનાઓ છે. ગોપી-વિરહ ને કૃષ્ણગોપીની રાસક્રીડાને આલેખતાં એમનાં પદોમાં શૃંગારભાવ પ્રબળ છે અને સંયોગના આલેખનમાં એ કયારેક પ્રગલ્ભ પણ બને છે. ધ્રુવપંકિતઓનો ઉપાડ, પદમાધુર્ય કે અભિવ્યકિતવૈચિત્ર્યની દૃષ્ટિએ પણ ધ્યાનાર્હ આ પદોની દયારામની ગરબીઓ પર અસર હોવાની સંભાવના વ્યકત થઈ છે.

કૃતિ : ૧. વસ્તાનાં પદો, સં. સુરેશ હ. જોશી, ઈ. ૧૯૮૩ (+સં.); ☐ ૨. અસંપરંપરા, (+સં.); ૩. ત્રણ ગુજરાતી ગીતાઓ, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૮૭; ૪. પ્રાકાસુધા : ૧.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ : ૨; ૫. ફોંહનામાવલિ. [ચ.શે.]

વહલવ : જુઓ વલ્લવ.

વહાલદાસ [ ] : ૪ કડીના હિંદીમિશ્રા ગુજરાતી પદ(મુ.)ના કર્તા.

કૃતિ : અભમાલા. [કી.જો.]

વહાલો : જુઓ વલ્લવ.

વંકુ [ ] : રામેરી રાગમાં લખેલાં બોધક પદોના કર્તા.

સંદર્ભ : ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦-'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ [કી.જો.]

વાઘ(મુનિ) : આ નામે પાંચ કડીનું 'અરનાથ-સ્તવન' (અર્થ સાથેનું.) મળે છે. તેના કર્તા કયા વાઘ છે તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

કૃતિ : ષટ્દ્રવ્યનયવિચારાદિ પ્રકરણસંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯. [શ્રા.ત્રિ.]

વાઘ–૧ [ઈ. ૧૭૪૮ સુધીમાં] : 'વાઘવાણી'ને નામે પદસંગ્રહ (લે. ઈ. ૧૭૪૮; અંશત; મુ.) તથા કેટલાંક બીજાં પદો મળે છે.

કૃતિ : બૂકાદોહન : ૮.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી; ૪. ડિકેટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

વાઘજી [ઈ. ૧૭૪૧ સુધીમાં] : જૈન. 'શાંતિનાથ-સ્તવન' (લે.ઈ. ૧૭૪૧)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

વાઘસિંહ [ ] : માંડણના શિષ્ય. ૧૦ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.). [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાઘા(ભકત) [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ. ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧ ભાદરવા–૧૧] : રામકબીર સંપ્રદાયના હરિજન સંતકવિ. પ્રેમસાગરના શિષ્ય. ગોંડલ પાસેના વાછરા ગામના વતની. પિતા પાતાભાઈ. માતા લક્ષ્મીબાઈ. તેમનો જન્મ ઈ.સ. ૧૭૯૨માં થયો હોવાનું અનુમાન થયું છે. ચારથી ૮ કડીનાં ૪ પદ(મુ.)ના કર્તા. એમાં તેમની ૮ કડીની 'ચૂંદડી' વધુ પ્રચલિત છે.

કૃતિ : ૧. યોગ વેદાન્ત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.); ૨. સૌરાષ્ટ્રના હરિજન ભકતકવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭ (+સં.); ☐ ૩. ઊર્મિનવરચના, જૂન ૧૯૭૦–'વાઘા ભગતનાં ભજનો', સં. જયમલ્લ પરમાર. [ક્રા.ત્રિ.]

વાછો : જુઓ વચ્છ–૨.

વાદિચંદ્ર [ઈ. ૧૫૯૫માં હયાત] : દિગંબર ગ્રંથના જૈન સાધુ. મૂલસંઘ વિદ્યાનંદિની પરંપરામાં પ્રભાચંદના શિષ્ય. 'શ્રીપાલઆખ્યાનકથા' (ર.ઈ. ૧૫૯૫), ૨૮ કડીના 'આરાધના-ગીત' અને ૫૮/૬૩ કડીના 'ભરતબાહુબલિ–છંદ' તથા 'ચંદનાધર્મપરીક્ષા'ના કર્તા.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસ્તસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ગી.મુ.]

વાન [ઈ. ૧૭૬૪માં હયાત] : શ્રાવક કવિ. જ્ઞાનવિમલસૂરિની પરંપરામાં વિબુધવિમલસૂરિના શિષ્ય. ઐતિહાસિક કથાવસ્તુ પર આધારિત દુહા-ચોપાઈની દેશીની ૧૩ ઢાળમાં રચાયેલી 'વિબુધવિમલસૂરિ-રાસ' (ર.ઈ. ૧૭૬૪/સં. ૧૮૨૦, શ્રાવણ સુદ ૧૩; મુ.) કૃતિના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ; ૨;☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ગી.મુ.]

વાનો [ઈ. ૧૬૩૦માં હયાત] : તપગચ્છના જૈન શ્રાવક કવિ. વિજયાનંદસૂરિના શિષ્ય. મુનિસુંદરસૂરિના સંસ્કૃત 'જયાનંદચરિત્ર' પરથી રચાયેલી ૫ ઉલ્લાસ અને ૧૨૦૭ કડીની 'જયાનંદકેવલી-ચરિત્ર/રાસ/પ્રબંધ' (ર.ઈ. ૧૬૩૦/સં. ૧૬૮૬, પોષ સુદ ૧૩, ગુરુવાર; મુ.) કૃતિના કર્તા.

કૃતિ : આકામહોદધિ : ૩ (+સં.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૧; ૪. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [ગી.મુ.]

વાલદાસ [ ] : જામનગરના સાધુકવિ. ૪ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : યોગવેદાન્ત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.). [ક્રા.ત્રિ.]

વાલમ [ ] : ૪ કડીના ૧ ગરબા(મુ.)ના કર્તા.

કૃતિ : અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.). [ક્રા.ત્રિ.]

વાસણ–૧ [ઈ. ૧૫૪૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિના શિષ્ય. ૭ ઢાલની ૧૫૩ કડીમાં હેમવિમલસૂરિના પટ્ટધર આણંદવિમલસૂરિ (જ.ઈ. ૧૪૪૧–અવ. ઈ. ૧૫૪૧)ના ચરિત્રને આલેખતા 'આણંદવિમલસૂરિ-રાસ/સાધુગુણરત્નમાલા-રાસ' (ર.ઈ. ૧૫૪૧/સં. ૧૫૯૭, આસો,–; મુ.) તથા ૨૧ કડીના 'આદિનાથ-સ્તવન'ના કર્તા.

કૃતિ : ઔરાસંગ્રહ : ૩ (+સં.)

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. ફાત્રૈમાસિક, જાન્યુ. ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા;☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [ગી.મુ.]

વાસણ–૨ [સં. ૧૭મી સદી ઉત્તરાર્ધ–સં. ૧૮મી સદી દરમ્યાન] : વલ્લભાચાર્યનો 'સિદ્ધાંત-મુકતાવલિ'નો ચોપાઈ અને ગદ્યમાં ભાવાનુવાદ આપનાર કવિ. આ કવિ સં. ૧૬૦૦-૧૬૫૦થી પૂર્વે નહીં થયા હોય એવું 'કવિચરિત'માં અનુમાન કરવામાં આવ્યું છે. ગુસાંઈજી (વિઠ્ઠલનાથજી)ના પુત્રોના ભકતકવિઓમાં એક વાસણ કવિ સં. ૧૭મી સદી ઉત્તરાર્ધ–સં. ૧૮મી સદી દરમ્યાન થઈ ગયા છે તે આ કવિ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧–૨; ૨. પુગુસાહિત્યકારો. [ચ.શે.]

વાસણદાસ: આ નામે મળતું ૧૭ કડીનું 'સુભદ્રાની કંકોતરી' (લે. ઈ. ૧૮૨૩) નામનું ધોળ કયા વાસણદાસનું છે તે કહેવું મુશ્કેલ છે. વાસણદાસ–૧ની એ કૃતિ હોય એવી સંભાવના વ્યકત થઈ છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨;☐૨. ગૂહાયાદી. [ચ.શે.]

વાસણદાસ–૧ [ઈ. ૧૫૩૬ સુધીમાં] : કૃષ્ણની ગોપાંગના સાથેની વસંતકીડા વર્ણવતી ચુઆક્ષરા-દુહામાં રચાયેલી 'હરિચુઆક્ષરા' તથા શાર્દૂલવિક્રીડિતમાં રચાયેલી 'કૃષ્ણવૃન્દાવનરાધા-રાસ/કૃષ્ણવૃંદાવન-રાસ/રાધા-રાસ' (લે.ઈ. ૧૫૯૨; ૨૬થી ૧૩૫ શ્લોક સુધી ઉપલબ્ધ) નામની ૨ કૃતિઓના કર્તા. આ કાવ્યોમાં કવિનો સંસ્કૃત અલંકારશાસ્ત્રનો પરિચય દેખાય છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૪૧; ☐૪. ડિકૅટલૉગભીજે. [ચ.શે.]

વાસુ [ઈ. ૧૫૯૧ સુધીમાં] : દુહા-ચોપાઈની ૧૭૦ કડી ને ૨ પદોની બનેલી 'સગાળશા-આખ્યાન/કર્ણકથા' (લે.ઈ. ૧૫૯૧; મુ)ના કર્તા. નાકર કવિની આ કૃતિથી વાકેફ હોવાની શકયતા અને કૃતિના ભાષાસ્વરૂપને લક્ષમાં લઈ તેઓ ઈ. ૧૪૪૪-૧૪૯૪ દરમ્યાન થયા હોવાનું અનુમાન થયું છે.

સગાળશા કુંતીપુત્ર કર્ણનો અવતાર હતો એ લોકપરંપરાની માન્યતાને વ્યકત કરતું આ કાવ્ય એમાં પ્રયોજાયેલી લોભ, દયા, અન્નવિષયક બોધાત્મક ચિંતનકંડિકાઓ તથા ૨ પદોમાંથી નિષ્પન્ન થતા કરુણભાવને લીધે ધ્યાનાર્હ છે.

કૃતિ : સગાળશા આખ્યાન, સં. વ્રજરાય મુ. દેસાઈ, ઈ. ૧૯૩૪ (+સં.).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઇતિહાસ : ૨;☐ ૩. ગૂહા યાદી; ૪. જૈગૂકવિઓ : ૩(૨). [ચ.શે.]

વાસુદેવાનંદ(સ્વામી) [જ. ઈ. ૧૭૫૯-અવ. ઈ. ૧૮૬૪/સં. ૧૯૨૦, કારતક વદ ૧૩]: સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુકવિ. જ્ઞાતિએ ત્રવાડી મેવાડા બ્રાહ્મણ. તેમણે શ્રીહરિ પાસે દીક્ષા લીધી હતી. દીક્ષાનામ વાસુદેવાનંદ. તેમણે ગુજરાતીમાં 'નામમાળા', 'હરિચરિત્રચિંતામણિ', પદો (૧ મુ.) તથા સંસ્કૃત કૃતિ 'સત્સંગિભૂષણ'(મુ.)નો અનુવાદ કર્યો છે. સંસ્કૃતમાં 'હરિપ્રાર્થનાષ્ટકમ્'(મુ.)ની રચના કરી છે.

કૃતિ :૧. કચ્છની લીલાનાં પદો, અવિનાશાનંદકૃત, ઈ. ૧૯૪૨; ૨. શિક્ષાપત્રી, પંચરત્ન, નિત્યવિધિ, સં.હરિજીવનદાસ, ઈ. ૧૯૩૫; ૩. સત્સંગિભૂષણ-વાસુદેવાનંદસ્વામીકૃત (સંસ્કૃત પરથી અનુવાદ), પ્ર. માધવલાલ દ. કોઠારી, સં. ૧૯૯૪.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૫–'સ્વામીનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય', કલ્યાણરાય ન. જોશી; ૨. મસાપ્રવાહ; ૩. સત્સંગના સંતો, પ્ર. રમણલાલ અં. ભટ્ટ, સં. ૨૦૦૯; ૪. સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઇતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ, સં. ૨૦૩૦ (બીજી આ.); ૫. સ્વામિનારાયણીય સંસ્કૃત સાહિત્ય, ભાઈશંકર પુરોહિત, ઈ. ૧૯૭૯. [કી.જો.]

'વાસુપૂજ્યમનોરમફાગ' [૨.ઈ. ૧૬૪૦/સં. ૧૬૯૬, મહા સુદ ૮, સોમવાર] : તેજપાલશિષ્ય કલ્યાણકૃત ૨ ઉલ્લાસ, ૨૧ ઢાળ અને ૩૨૮ કડીનો આ ફાગ(મુ.) પ્રથમ ઉલ્લાસમાં ૧૨મા તીર્થંકર વાસુપૂજ્યના પૂર્વભવોને અને બીજા ઉલ્લાસમાં એમના તીર્થંકરભવને રજૂ કરે છે. સીધા ચરિત્રકથનની આ કૃતિમાં ૪ ઢાળમાં વસંતક્રીડાનું થયેલું વર્ણન અને ક્વચિત્ સંસ્કૃત શ્લોક રૂપે પણ આવતી સુભાષિતવાણી ધ્યાન ખેંચે છે. ત્રોટક ઉપરાંત ફાગની, અઢૈયાની અને અન્ય વિવિધ પ્રકારની દેશીઓનો ઉપયોગ કરતા આ કાવ્યમાં કેટલીક ઢાળોમાં મનોરમ ધ્રુવાઓ પણ પ્રયોજાયેલી છે, જે કાવ્યની સુગેયતાની છાપ ઉપસાવે છે. [જ.કો.]

વિક્રમ [ઈ. ૧૬૪૯માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ભોજાજીની પરંપરામાં ખીમરાજના શિષ્ય. 'ધના-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૬, કારતક સુદ ૯, શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ગી.મુ.]

'વિક્રમચરિત્ર-રાસ' [ઈ. ૧૫૦૯/સં. ૧૫૬૫, જેઠ સુદ–, રવિવાર] : ઉદયભાનુકૃત ૫૬૦/૬૫ કડીની આ કૃતિ(મુ.) મુખ્યત્વે દુહા અને ચોપાઈમાં રચાયેલી છે, પરંતુ પ્રસંગોપાત્ત એમાં વસ્તુ અને ગાથા એ છંદોનો તથા દેશી ઢાળનો પણ ઉપયોગ થયો છે. ગાથામાં સામાન્ય રીતે પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરી કવિએ કદાચ પોતાના ભાષાકૌશલ્યનો પરિચય આપવાનું ઇચ્છયું છે. ઢાળનો ઉપયોગ એક વખત સ્ત્રીચરિત્રનો મહિમા ગાવા માટે કર્યો છે.

પ્રસ્તુત રાસ બે કથાભાગમાં વહેંચાઈ જાય છે. પહેલા કથાભાગમાં અસાઈતની 'હંસાઉલી'ના પહેલા ખંડને મળતું કથાવસ્તુ છે. એમાં વિક્રમરાજા પોતે સ્વપ્નમાં જોયેલી સુંદરી, જે પુરુષદ્વેષિણી લીલાવતી છે, તેને પોતાના પ્રધાનની મદદથી પરણે છે. બીજા કથાભાગમાં લીલાવતીને મૂકીને જતા રહેલા વિક્રમરાજાને, લીલાવતીનો પુત્ર વિક્રમચરિત્ર રાજાના નગરમાં જઈ પોતાની કપટવિદ્યાથી પાઠ ભણાવે છે તેના વિવિધ પ્રસંગો વર્ણવાયા છે. પહેલા કથાભાગની તુલનાએ બીજો કથાભાગ વધારે ઝડપથી ચાલતો દેખાય છે. છતાં સમગ્ર રાસમાં કવિએ પ્રસંગોપાત્ત વર્ણન અને દૃષ્ટાંતગ્રથનની તથા સમાજચિત્રણ અને વ્યવહારોપદેશની તક લીધી છે. જો કે આ બધામાં પ્રસંગૌચિત્ય અને સપ્રમાણતાનો ગુણ દેખાઈ આવે છે. કૃતિનો છંદોબંધ સફાઈમર્યો છે અને ભાષાશૈલી પ્રૌઢ અને પ્રવાહી છે. [જ.કો.]

વિજય(સૂરિ)–૧ [ઈ. ૧૬૭૧માં હયાત] : જૈન સાધુ. 'રોહિણી-ચોઢાળિયું' (૨.ઈ. ૧૬૭૧) અને ૧૧ કડીની 'નવવાડ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. જૈગૂકવિઓ : ૨; ૩. લીંહસૂચી. [ર્શા.ત્રિ.]

વિજય–૨ [ ] : જૈન. પદ્મવિજયના શિષ્ય. 'મન થીર કરવાની સઝાય'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [ર્શા.ત્રિ.]

વિજયકીર્તિશિષ્ય [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. છંદના પલટા અને પ્રાસાનુપ્રાસવાળી સુગેય ૨૬ કડીની 'નેમિનાથ-બારમાસા' (૨.ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રામબારાંગ્રહ : ૧ (+સં.). [કી.જો.]

વિજયકુશલ [ ] : તપગચ્છના જૈન સાધુ. 'ધનાદિકુલક-ટબા'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', સં. અગરચંદજી નાહટા. [ર્શા.ત્રિ.]

વિજયકુશલશિષ્ય [ઈ. ૧૬૦૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિ-વિજયકુશલના શિષ્ય. દુહામાં રચાયેલી 'શીલરત્ન-રાસ' (૨.ઈ. ૧૬૦૫) કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

વિજયચંદ/વિજયચંદ્ર : વિજયચંદને નામે ૫૨૧ કડીની 'કયવન્ના-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૩), વિજયચંદ્રને નામે ૧૧ કડીનું 'મહાવીર-જિન-સ્તવન' અને 'અભયકુમાર-સઝાય' (૨.ઈ. ૧૬૫૪) એ જૈન કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા વિજયચંદ/વિજયચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર્શા.ત્રિ.]

વિજયજિનેન્દ્ર(સૂરિ)શિષ્ય [ઈ. ૧૭૦૬માં હયાત] : જૈન સાધુ. ૧૮૫૦ ગ્રંથાગ્રના 'સ્થૂલિભદ્ર-ચરિત્ર' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૭૦૬) અને 'અધ્યાત્મ-સ્તુતિ-ચતુષ્ક'(મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

વિજયતિલક(ઉપાધ્યાય) [ઈ. ૧૫૫૮ સુધીમાં] : જૈન સાધુ. વિનયપ્રભના શિષ્ય. ૨૧/૪૧ કડીના અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં રચાયેલ 'જીવવિચારગર્ભિત–શત્રુંજયમંડન–ઋષભજિન-સ્તોત્ર / શત્રુંજયમંડન આદિનાથ-સ્તવન' (લે.ઈ. ૧૫૫૮) તથા ૨૫ કડીની 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' (મુ.)ના કર્તા. 'શત્રુંજય-પરિપાટી'માં નામછાપ નથી મળતી, પરંતુ એ કૃતિ આ કવિની હોય એવી સંભાવના વ્યક્ત થઈ છે. 'શત્રુંજયમંડન-આદિનાથ-સ્તવન'નો સંસ્કૃતમાં બાલાવબોધ મળે છે તે અને ૩૧ કડીની 'સીમંધર-વિનંતિ' (લે.ઈ. ૧૫૫૪) પણ પ્રસ્તુત કર્તાની જ કૃતિ હોવા સંભવ છે.

આ ઉપરાંત ઈ. ૧૩૭૪માં રચાયેલ 'જંબૂસ્વામી-ફાગ'ના કર્તા વિજયતિલક છે કે રાજતિલક છે કે તે અજ્ઞાતકર્તૃક છે તે વિશે મતભેદ પ્રવર્તે છે.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૬–'પંદરમા સૈકાની શત્રુંજય ચૈત્ય-પરિપાટી', સં. સારાભાઈ મ. નવાબ.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૫૨-'કતિપય આવશ્યકીય સંશોધન', અગરચંદ નાહટા; ૩. બુદ્ધિપ્રકાશ, ઓગસ્ટ ૧૯૬૨–'જંબૂસ્વામી-ફાગ'ના રચયિતા રાજતિલકસૂરિ', વી. જે. ચોકસી; ૪. એજન, જુલાઈ ૧૯૬૩–'શાલિભદ્રરાસના કર્તા રાજતિલકનો સમય', અગરચંદ નાહટા; ☐ ૫. જૈગૂકવિઓ : ૧; ૬. જૈહાપ્રોસ્ટા; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયદાન(સૂરિ) [ ] : તપગચ્છના આચાર્ય. ૪ કડીની 'પાક્ષિક-સ્તુતિ' (લે. સં. ૧૮મી સદી અનુ.) અને ૧૫ કડીના 'સીમંધરજિન-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા. મુનિસુંદરની પરંપરામાં થયેલા વિજયદાનસૂરિ (જ.ઈ. ૧૪૯૭-આવ.ઈ. ૧૫૬૬) આ કૃતિના કર્તા હોય એવી સંભાવના છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયદાન(સૂરીશ્વર)શિષ્ય [ ] : જૈન સાધુ. ૫ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧. [કી.જો.]

વિજયદેવ(સૂરિ) : આ નામે ૬૦ કડીનું 'મહાવીર–સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.), ૧૧ કડીનું '(નારંગપુરમંડન)પાર્શ્વજિન-સ્તવન', ૧૩ કડીની 'મુનિગુણની સઝાય/સાધુગુણ-સઝાય'(મુ.), ૯ કડીની 'વૈરાગ્યની સઝાય'(મુ.), ૨૧ કડીની 'શુદ્ધઆણાની સઝાય' (મુ.) અને ૧૪ કડીની 'નવવાડી-સઝાય'–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિજયદેવસૂરિ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. જૈસમાલા(શા)ઃ ૨ : ૩. પ્રાસ્તસંગ્રહ; ૪. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભોજે; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયદેવ(સૂરિ)–૧ [ઈ. ૧૫૩૬ સુધીમાં હયાત] : પાર્શ્વગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રસૂરિ (જ.ઈ. ૧૪૮૧-અવ. ઈ. ૧૫૫૬)ના શિષ્ય. જોધપુર પાસેના રૂણનગરના વતની. પિતા ઓશવાલ વંશના માહડશા. માતા ચાંપલદે. પાર્શ્વચંદ્રના હસ્તે દીક્ષા. પાર્શ્વગચ્છના બ્રહ્મર્ષિ વિનયદેવના મિત્ર. મૂળ નામ બરદરાજ. વિજયનગરના રાજાએ વિજયદેવસૂરિ નામ આપ્યું. સ્વર્ગવાસ થયા પહેલાં બ્રહ્મર્ષિને સૂરિમંત્ર આપી 'વિનયદેવસૂરિ' નામ આપ્યું હતું. અવસાન ખંભાતમાં.

૬૭ કડીના 'નેમિનાથ-રાસ/શીલરક્ષા-પ્રકાશ-રાસ/શીલ-રાસ' (લે. ઈ. ૧૫૩૬), ૧૬ કડીની 'આત્મપ્રબોધ-સઝાય/આત્મહિત-શિક્ષાની સઝાય/ઉપદેશ-ગીત'(મુ.), ૧૨ કડીનું 'આધ્યાત્મિક-ગીત', ૭ ઢાળ અને ૨૮ કડીનું 'અનંતનાથજિન-સ્તવન' (મુ.), ૧૫ કડીનું 'સુમતિનાથ જિન-સ્તવન'(મુ.) અને 'સીમંધરસ્વામી-સ્તવન'ના કર્તા. પાર્શ્વગચ્છના બ્રહ્મર્ષિ વિનયદેવે રચેલી 'દશાશ્રુતસ્કંધ' પરની જિનહિતા અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ પરની વૃત્તિને પ્રસ્તુત વિજયદેવસૂરિએ સંશોધી હતી.

કૃતિ : ૧. મોસસંગ્રહ; ૨. ષટ્દ્રવ્યનયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. પ્રાકારૂપરંપરા; ☐ ૫. ફાત્રૈમાસિક, જાન્યુ.–જૂન ૧૯૭૩-'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સન્દોહ', હીરાલાલ કાપડિયા; ☐ ૬. આલિસ્ટઑઇ : ૨; ૭. જૈગૂકવિઓ : ૧, ૨; ૮. જૈહાપ્રોસ્ટા; ૯. ડિકૅટલૉગભાવિ; ૧૦. મુપુગૂહસૂચી; ૧૧. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયદેવ–૨ [જ.ઈ. ૧૫૭૮–આવ.ઈ. ૧૬૫૭] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં વિજયસેનસૂરિના શિષ્ય. ઈડરના વતની. પિતા થિરાતુલ ચંદસિંહ શાહ. માતા રૂપાં. ઈ. ૧૫૮૭માં વિજયસેનસૂરિ પાસે દીક્ષા લીધી. ઈ. ૧૬૦૦માં ખંભાતમાં આચાર્યપદ. ઈ. ૧૬૧૮માં જહાંગીરે 'મહાતપા'નું બિરુદ આપ્યું. પ્રખર વિદ્વાન અને તેજસ્વી. સેંકડો મંદિરોની પ્રતિષ્ઠા કરેલી. તેઓ વિશાળ સાધુ-સાધ્વીઓનો પરિવાર ધરાવતા હતા. પ્રખ્યાત આચાર્ય યશોવિજય અને પદ્મવિજયને તેમણે વડી દીક્ષા આપેલી. દીવમાં અનશનથી અવસાન.

'સાધુમર્યાદા-પટ્ટક' (ર.ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, વૈશાખ સુદ ૭, બુધવાર) નામે ગદ્યકૃતિ, ૧૦ ઢાળના 'દિવાલીકલ્પ-સ્તવન/વીરનિર્વાણ-સ્તવન'(મુ.) અને ૨૭ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

કૃતિ : પાર્શ્વનાથજીનો વિવાહલો તથા દિવાલીકલ્પસ્તવન, પ્ર. મોહનલાલ સુ. પાટણવાળા, ઈ. ૧૮૯૯.

સંદર્ભ : ૧. જૈઐકાસંચય; ૨. જૈઐરાસમાલા : ૧; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયદેવ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૭૦૫ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિની પરંપરામાં વિજયદેવના શિષ્ય. ૭ ઢાલની ૩૬ કડીમાં રચાયેલા 'સીમંધરવિનતિ-સ્તવન' (લે.ઈ. ૧૮૨૯; મુ.), 'શોભન સ્તુતિ-ચતુર્વિંશતિકા' પરના સ્તબક (લે.ઈ. ૧૭૦૫) તથા ૩૦ કડીના 'નેમરાજુલ-ગીત'ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ-માર્ચ ૧૯૪૩–'સીમંધર વિનતિ-સ્તવન', સં. જ્યંતવિજયજી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧ [કી.જો.]

વિજયધર્મ(સૂરિ) [ઈ. ૧૭૯૩ સુધીમાં] : જૈન સાધુ. ૮ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન' (લે.ઈ. ૧૭૯૩)ના કર્તા. તપગચ્છના ૬૫મા પટ્ટધર વિજયધર્મ (જ.ઈ. ૧૭૪૬–અવ. ઈ. ૧૭૮૪) અને આ કૃતિના કર્તા એક છે કે જુદા તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયપ્રભ(સૂરિ) : આ નામે 'નેમિરાજુલ-સ્તવન' અને ભટ્ટારક વિજયપ્રભ સૂરિના નામે 'શ્રીપાલ-ચરિત્ર' (૨.ઈ. ૧૬૮૨) મળે છે. તેમના કર્તા કયા વિજયપ્રભ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

વિજયપ્રભ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૬૪૯માં હયાત] : જૈન સાધુ. ૧૬ કડીના 'ઋષભજિન-સ્તવન' (૨.ઈ. ૧૬૪૯)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વિજયબુદ્ધ(મુનિ) [ ] : જૈન સાધુ. ૧૪ કડીની 'ઉત્તમમનોરથ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨. [શ્રા.ત્રિ.]

વિજયભટ્ટ : આ નામે ૧૨ કડીની 'ક્ષમા ઉપર સઝાય' (લે.સં.૧૭મું શતક અનુ.), ૨૨/૨૫ કડીની 'શ્રાવકને શિખામણની સઝાય/હિત-શિક્ષા-સઝાય' (લે.ઈ. ૧૭૨૯; મુ.), ૨૭ કડીની 'બ્રહ્મચર્યની સઝાય/શિયલ-નવવાડ-સઝાય' (લે.સં. ૧૮મુ શતક અનુ; મુ.) અને ૧૨ કડીનો 'આત્મશિક્ષા-છંદ' (લે.ઈ. ૧૮૫૩)–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિજયભટ્ટ છે તે નિશ્ચિત થતું નથી. ૭૫ ગ્રંથાગ્રની 'હિતોપદેશ-શિખામણ' (લે.ઈ. ૧૮૮૨) એ 'હિતશિક્ષા-સઝાય' હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧; ૨. સઝાયમાળા(પં.); ૩. સઝાય સંગ્રહ : ૧, પ્ર. ગોકળદાસ મંગળદાસ શાહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૨); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયભટ્ટ–૧ [ઈ. ૧૩૫૫માં હયાત] : 'હંસરાજ-વચ્છરાજ-ચોપાઈ' (૨.ઈ. ૧૩૫૫) તથા 'શીલ-રાસ/શીલ વિશે' (૨.ઈ. ૧૩૫૫) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયભટ્ટ–૨ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં લાવણ્યરત્નના શિષ્ય. લાવણ્યરત્નનો સમય ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ હોઈ વિજયભટ્ટને પણ એ સમયના ગણી શકાય. ૪૯ કે ૭૭ કડીના 'કલાવતીસતીનો રાસ' (લે.ઈ. ૧૫૭૦/સં. ૧૬૨૬, ચૈત્ર વદ ૪) અને ૭ ઢાલના કમલાકુંવરી, રતિવલ્લભ અને કીર્તિવર્ધનના ચરિત્રને નિરૂપતા, કર્મફળ ભોગવવાં જ પડે તેવા સિદ્ધાંતને ચરિતાર્થ કરતા, ગેયતાના વૈવિધ્યવાળા અને અનુપ્રાસોમાં કવિને સફળતા અપાવતા ૩૬ કે ૭૭ કડીના 'કમલાવતી-રાસ'ના કર્તા.

૧૦ કડીની 'શીલ વિશે સઝાય'(મુ.) તથા ૬ કડીની 'નવકાર-માહાત્મ્ય'(મુ.) પણ આ કવિની કૃતિઓ હોવાનું મનાય છે, જો કે બન્નેમાં ગુરુપરંપરાનો નિર્દેશ નથી.

કૃતિ : ૧. નસ્વાધ્યાય; ૨. સજ્જઝાયમાળા : ૧(શ્રા).

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૧; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨). [શ્રા.ત્રિ.]

વિજયમંડન(ગણિ) [ ] : જૈન સાધુ. 'શીલવતી-ચરિત્ર'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [શ્રા.ત્રિ.]

વિજયરાજ [ ] : તપગચ્છના જૈન સાધુ. ૩૪ કડીની 'ગજસુકુમાલ-સઝાય' (લે.સં. ૧૯મો સદી અનુ.)ના કર્તા. તપગચ્છમાં એક વિજયરાજ (જ.ઈ. ૧૬૨૩–અવ.ઈ. ૧૬૮૬) છે તે અને આ કવિ એક છે કે જુદા તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

૪ કડીની 'ચૈત્રી પૂનમની સ્તુતિ'(મુ.) ઉકત વિજયરાજની છે કે અન્ય કોઈની તે પણ સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨–'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયલક્ષ્મી(સૂરિ)/લક્ષ્મી(સૂરિ)/સૌભાગ્યલક્ષ્મી [જ. ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, ચૈત્ર સુદ ૫, ગુરુવાર–અવ. ઈ. ૧૮૦૨/સં. ૧૮૫૮, મેરુ તેરશ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય. મારવાડના આબુ પાસેના પાલડીના રહીશ. પોરવાડ વણિક. પિતા હેમરાજ. માતા આણંદબાઈ. મૂળ નામ સુરચંદ. સૌભાગ્યસૂરિ પાસે ઈ. ૧૭૫૮માં દીક્ષા. દીક્ષાનામ સુવિધિવિજય. તે જ વર્ષમાં સૂરિપદ અને વિજયલક્ષ્મીસૂરિ નામ. વિજયોદયસૂરિના પટ્ટધર તરીકે પણ તેઓ ઓળખાય છે. અવસાન પાલી/સુરતમાં.

'વિજયલક્ષ્મી' કે 'લક્ષ્મીસૂરિ' નામછાપથી આ કવિની કૃતિઓ મળે છે. ૮ ઢાળનું 'જ્ઞાનદર્શનચારિત્રનું સ્તવન/જ્ઞાનાદિનયમતવિચાર-ગર્ભિત-વીરજિન-સ્તવન' (૨.ઈ. ૧૭૭૧/સં. ૧૮૨૭,–સુદ ૮; મુ.), ૯ ઢાળનું 'છ અઠ્ઠાઈનું સ્તવન' (૨.ઈ. ૧૭૭૮/સં. ૧૮૩૪, ચૈત્ર સુદ ૧૫; મુ.), ૧૦ કડીનું 'આમોદપ્રતિષ્ઠાનું સ્તવન' (૨.ઈ. ૧૭૮૮/સં. ૧૮૪૪, મહા સુદ ૧૧), 'વીશસ્થાનક-તપપૂજા' (૨.ઈ.૧૭૮૯/સં. ૧૮૪૫, આસો સુદ ૧૦; મુ.), ૯ કડીનું 'અનંતજિન-સ્તવન', 'ચોવીસી'(મુ.), 'જ્ઞાનપંચમી-દેવવંદન (વિધિસહિત)'(મુ.), ૫ ઢાળની 'જ્ઞાનપંચમીની ઢાળો/સઝાય'(મુ.), જ્ઞાનપંચમીવિષયક સ્તુતિ-સ્તવનો (મુ.), ૭ કડીના 'પાર્શ્વનાથજિન-સ્તવન'(મુ.), 'ભગવતી-સઝાય', 'મૃગાપુત્ર-સઝાય', ૯ કડીની 'રોહિણી-સઝાય'(મુ.), ૪ કડીની 'વીસ સ્થાનકની સ્તુતિ'(મુ.), 'વીશવિહરમાન-જિનનમસ્કાર', ૭ કડીની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'શિયલની સઝાય'(મુ.), ૧૨ કડીનું 'સિમંધરજિન-ચૈત્યવંદન'(મુ.), 'નેમિનાથનું સ્તવન'(મુ.) તથા પ્રેમવિજયને છાણી લખેલો પત્ર (મુ.)–એ એમની કૃતિઓ છે. 'જ્ઞાનપંચમી-દેવવંદન'માંથી કેટલોક ભાગ અને 'ચોવીસી'માંનાં કેટલાંક સ્તવનો સ્વતંત્ર રીતે પણ મુદ્રિત મળે છે. આ ઉપરાંત તેમની પાસેથી સંસ્કૃતમાં ૩૬૦ વ્યાખ્યાનનો 'ઉપદેશ પ્રાસાદ-સ્તંભ-સટીક' ગ્રંથ મળે છે.

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૩. જિનપ્રકાશ; ૪. જિસ્તકાસંદોહ : ૧; ૫. જૈકાપ્રકાશ : ૧; ૬. દેસ્તસંગ્રહ; ૭. પ્રવિસ્તસંગ્રહ; ૮. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, સં. તિલકવિજયજી, સં. ૧૯૯૩; ૯. પ્રાસપસંગ્રહ : ૧; ૧૦. વિવિધ પૂજાસંગ્રહ, પ્ર. ભીમસિંહ માણેક, સં. ૧૯૫૪ (ચોથી આ.); ૧૧. સસાન્મિત્ર : ૨.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈગૂસારત્નો : ૨; ૩. જૈસાઈતિહાસ; ૪. પસમ્મુચ્ચય : ૨; ૫. પાંગુહસ્તલેખો; ૬. પ્રાકારૂપરંપરા;☐ ૭. જૈનયુગ, ફાગણ ૧૯૮૨-'શ્રી પૂજ્ય લક્ષ્મીસૂરિ', ગોરધનભાઈ વી. શાહ;☐ ૮. જૈગૂકવિઓ : ૨, ૩(૧); ૯. જૈહાપ્રોસ્ટા; ૧૦. ડિકૅટલૉગબીજે; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી; ૧૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયલક્ષ્મી(સૂરિ)શિષ્ય/લક્ષ્મી(સૂરિ) શિષ્ય [ ] : જૈન સાધુ. ૫ કડીની અને ૯ કડીની ૨ 'ગહૂંલી'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧; ૨. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩. [કી.જો.]

વિજયશીલ(મુનિ) : આ નામે ૧૧ કડીનો 'પાર્શ્વનાથનો છંદ'(મુ.) મળે છે. તેના કર્તા કયા વિજયશીલ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયશીલ–૧ [ઈ. ૧૫૮૫માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. ગુણનિધાનની પરંપરામાં હેમશીલના શિષ્ય. 'ઉત્તમચરિત-ઋષિરાજચરિત-ચોપાઈ' (૨.ઈ. ૧૫૮૫/સં. ૧૬૪૧, ભાદરવા વદ ૧૧, શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ;☐ ૩. જૈગૂકવિઓ: ૩(૧). [શ્રા.ત્રિ.]

વિજયશેખર : આ નામે ૧૩ કડીનો 'ગૌતમ સ્વામીનો લઘુ-રાસ/ગૌતમસ્વામી-સ્તોત્ર'(મુ.), ૯ કડીનું 'વરકાણા પાર્શ્વજિન-સ્તવન' (લે. સં. ૧૭મી સદી અનુ.) તથા 'જંબૂસ્વામીચરિત-ચોપાઈ' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા વિજયશેખર–૧ છે કે કેમ તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : પ્રાતઃસ્મરણ, પ્ર. પોપટલાલ સા. શાહ, ઈ. ૧૯૩૧.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયશેખર–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વિવેકશેખરના શિષ્ય. ૧૬ ઢાળનો 'કયવન્ના-રાસ' (૨.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૧, જેઠ–, રવિવાર), ૨૧૮/૩૦૫ કડીનો 'સુદર્શન-રાસ' (૨.ઈ. ૧૬૨૫/સં. ૧૬૮૧, આસો સુદ–), ૪૮૪ કડીની 'ચંદરાજા-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૬૩૭/સં. ૧૬૯૪, કારતક વદ ૧૧, ગુરુવાર), ૩ ખંડનો 'ઋષિદત્તાનો રાસ' (૨.ઈ. ૧૬૫૧/સં. ૧૭૦૭, વસંત (મહા?) માસ વદ ૯), ૬૭ કડીનો 'અરણિકઋષિ-રાસ', ૭૫૫ કડીનો 'યશોધર-રાસ' અને 'સાગરચંદ્રમુનિ-રાસ' આદિ રાસકૃતિઓના કર્તા. આ ઉપરાંત ૩૭૫ કડીની 'ચંદ્રલેખા-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, પોષ સુદ ૧૩ શુક્રવાર), ૮ ઢાળની 'ત્રણમિત્રકથા-ચોપાઈ (આત્મપ્રતિબોધ ઉપર)' (૨.ઈ. ૧૬૩૬/સં.૧૬૯૨, ભાદરવા વદ ૭, રવિવાર) અને ૧૬૦૦૦ ગ્રંથાગ્રનો, મૂળ સુધર્માસ્વામીના 'જ્ઞાતાસૂત્ર' પરનો બાલાવબોધ (ઈ. ૧૬૨૫ આસપાસ) પણ તેમણે રચ્યાં છે.

આ નામે મળતાં ૧૨૭ કડીનો 'પુણ્યાઢ્ય નૃપ-પ્રબંધ/પુણ્યાઢ્ય રાજાનો રાસ' (૨.ઈ. ૧૬૨૫) અને 'જિનપાલિત-જિનરક્ષિત-ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૧) એ કૃતિઓ પણ સમયની દૃષ્ટિએ વિચારતાં પ્રસ્તુત વિજયશેખરની હોવા સંભવ છે.

સંદર્ભ :૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા; ☐ ૩. આલિસ્ટઑઈ: ૨; ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. ડિકૅટલૉગબીજે; ૬. ડિકૅટલૉગભાવિ; ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયસાગર : આ નામે 'ઢંઢણકુમાર-ભાસ' નામે કૃતિ મળે છે. તેના કર્તા કયા વિજયસાગર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

વિજયસાગર–૧ [ઈ. ૧૬૦૫ આસપાસ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં સહજસાગરના શિષ્ય. ૬ ઢાલના 'સમેતશિખરતીર્થમાલા-સ્તવન'(મુ.)ના કર્તા. પાલગંજ સમેતશિખરના રક્ષક રાજા પૃથ્વીમલ્લની હયાતીમાં રચાયેલ હોવાથી 'જૈન ગૂર્જર કવિઓ' તે ઈ. ૧૬૦૫ આસપાસ રચાઈ હોવાનું માને છે. સહજસાગરશિષ્યને નામે મળતી ૩ ઢાલ અને ૬૪ કડીની 'ઇષુકારઅધ્યયન-સઝાય' (૨.ઈ. ૧૬૧૩) રચનાસમય અને ગુરુપરંપરાને લક્ષમાં લેતાં પ્રસ્તુત કર્તાની હોવા સંભવ છે.

કૃતિ : પ્રાતીસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયસાગર–૨ [ ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિ (જ. ઈ. ૧૫૨૯–અવ. ઈ. ૧૬૧૪)ના પ્રશિષ્ય અને વાચક રાજમૂર્તિના શિષ્ય. તેમને ઈ.ની ૧૭મી સદીના પૂર્વાર્ધ અને મધ્યભાગ દરમ્યાન હયાત ગણી શકાય. ૭ કડીના 'પાર્શ્વજિન-છંદ'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈપ્રપુસ્તક : ૧. [શ્રા.ત્રિ.]

વિજયસિંહ : આ નામે મળતી ૪ કડીની 'સિદ્ધચક્ર-સ્તુતિ'ના કર્તા કયા વિજયસિંહ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે. વિજયસિંહશિષ્યને નામે પણ ૭ કડીની 'સિદ્ધચક્ર-સઝાય' મળે છે. બંનેના કર્તા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક હોવાની સંભાવના છે. જો કે નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે. જુઓ વિજયસિંહ(સૂરિ)શિષ્ય.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયસિંહ–૧ [જ.ઈ.૧૫૮૮–અવ.ઈ.૧૬૫૩/સં.૧૭૦૯, અસાડસુદ ૨] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિના શિષ્ય. પિતા મેડતાના ઓશવાલ નથમલ્લ (નાથુ). માતા નાયકદે. મૂળ નામ કર્મચંદ્ર. ઈ. ૧૫૯૮માં વિજયસેનસૂરિ પાસે દીક્ષા. દીક્ષાનામ કનકવિજય. વિજયદેવસૂરિ દ્વારા વાચક પદ ઈ. ૧૬૧૭માં. ઈ. ૧૬૨૫માં આચાર્યપદ. અમદાવાદમાં અનશન દ્વારા અવસાન.

૨૯ કડીની 'બારભાવના' (૨.ઈ. ૧૬૪૭/સં. ૧૭૦૩, જેઠ સુદ ૧૩, મંગળવાર; મુ.) અને 'રાત્રિભોજન (પરિહાર)-સઝાય'ના કર્તા.

કૃતિ : ૧. સજ્ઝાયમાલા : ૧(પ્રા); ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૧–'બારભાવના', સં. વિજયયતીન્દ્રસૂરિજી.

સંદર્ભ : ૧. જૈઐકાસંચય; ૨. જૈગૂકવિઓ : ૨–'જૈનગચ્છની ગુરુપટ્ટાવલીઓ'; ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયસિંહ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૭૪૧ સુધીમાં] : જૈન સાધુ. ૭ કડીની 'સિદ્ધચક્ર-સઝાય' (લે.ઈ. ૧૭૪૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વિજયસુંદર [ ] : નિર્ગ્રંથગચ્છના જૈન સાધુ. સુધર્માસ્વામીની પરંપરામાં ભાણવિમલના શિષ્ય. 'ભાણવિમલ(તપા)-રાસ' (લે.સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયસેન : આ નામે ૫ કડીની 'આદિજિન-વિનતિ' અને ૧૦ કડીની 'પાર્શ્વનાથનો છંદ'(મુ.)–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિજયસેન છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : પ્રાચીન છંદ ગુણાવલિ : ૧,સં. ગુણસુન્દરજી, સં. ૧૯૮૩.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

વિજયસેન(સૂરિ)–૧ [ઈ. ૧૨૩૧માં હયાત] : નાગેન્દ્રગચ્છના જૈન સાધુ. મહેન્દ્રસૂરિની પરંપરામાં હરિભદ્રસૂરિના શિષ્ય. વસ્તુપાલ અને તેજપાલના કુલગુરુ. તેમણે ઈ. ૧૨૩૧/સં. ૧૨૮૭, ફાગણ વદ ૩, રવિવારના રોજ આબુ પર નેમનાથની પ્રતિષ્ઠા કરી હતી. અપભ્રંશ કડવાં કરતાં દેશીબદ્ધ કડવાંને વધુ મળતાં ૪ સુગેય કડવાં અને ૭૨ કડીમાં રચાયેલો, ગિરનારનાં મંદિરો વગેરેની ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી એવી માહિતી આપતો તથા વર્ણસગાઈયુક્ત વર્ણનોથી આકર્ષક, કવિત્વયુક્ત 'રેવંતગિરિ-રાસુ'←(૨.ઈ. ૧૨૩૨ આસપાસ; મુ.)ના કર્તા. વિજયસેનસૂરિએ, બૃહદ્‌ગચ્છના શ્રીપદ્મસૂરિની સાથે રહી, આસડકૃત 'વિવેકમંજરી' પર બાલચંદે રચેલી ટીકા (૨.ઈ. ૧૧૯૨/ઈ. ૧૨૨૨)નું શોધન કર્યું હતું.

કૃતિ : પ્રાગૂકાસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ☐ ૫. જૈગૂકવિઓ. : ૧. [શ્રા.ત્રિ.]

વિજયસોમ [ ] : જૈન. ૧૨ કડીની 'જીવકાયા-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયસૌભાગ્ય [ ] : જૈન સાધુ. ૯ અને ૧૧ કડીના 'શંખેશ્વર-સ્તોત્ર'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્યકી વિશાલતા', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

વિજયહર્ષ : આ નામે ૯ કડીનું 'પાર્શ્વ-સ્તવન' અને ૧૬ કડીની 'સનતકુમારરાજર્ષિ-સઝાય' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિજયહર્ષ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [શ્રા.ત્રિ.]

વિજયહર્ષ–૧ [ઈ. ૧૮૪૪માં હયાત] : જૈન સાધુ. ૩૪ કડીના 'દંડક-સ્તવન' (૨.ઈ. ૧૮૪૪)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિજયાણંદ(સૂરિ)શિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૧૮ કડીના 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૪–'પ્રાચીન ગુજરાતી કાવ્યો', સં. સારાભાઈ મ નવાબ. [કી.જો.]

વિઠ્ઠલ : કૃષ્ણભક્તિનાં ૨૦ જેટલાં પદો 'જનવિઠ્ઠલ'ને નામે તથા કેટલાંક પદો 'વિઠ્ઠલ'ને નામે મળે છે. આ પદોના કર્તા કયા વિઠ્ઠલ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગભાવિ; ૪. ફાહનામાવલિ : ૨; ૫. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

વિઠ્ઠલ(જી)–૧ [જ.ઈ. ૧૭૯૬–અવ.ઈ. ૧૮૬૨/સં. ૧૯૧૮, આસો] : જામનગરના પ્રશ્નોરા નાગર. અવટંકે ભટ્ટ. પિતાનું નામ કસનજી. સંસ્કૃતના વિદ્વાન. વૈદકના પણ જાણકાર. તેમણે સંસ્કૃત તથા ગુજરાતી બંનેમાં સર્જન કર્યું છે. 'રાસપંચાધ્યાયી' (અંશતઃ મુ.)ના કર્તા.

કૃતિ : અહિચ્છત્ર-કાવ્યકલાપ, સં. દયાશંકર ભા. શુકલ, ઈ. ૧૯૧૪ (+સં.).

સંદર્ભ : મારાં અક્ષરજીવનનાં સ્મરણો, દુર્ગાશંકર કે. શાસ્ત્રી, ઈ. ૧૯૪૪. [શ્રા.ત્રિ.]

વિઠ્ઠલ–૨ [ ] : પિતા વ્રજભૂષણ. 'સર્વોત્તમજી મહારાજનું ધોળ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત ૨. પ્રાકકૃતિઓ. [શ્રા.ત્રિ.]

વિઠ્ઠલ–૩/વિઠ્ઠલનાથજી [ ] : અવટંકે દીક્ષિત. શ્રી વલ્લભાચાર્યજીના પુત્રના 'પ્રબોધ' નામક સંસ્કૃત ગ્રંથના ૧૦૦ ગ્રંથાગ્રવાળા, ભાષા દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા 'ચિત્તપ્રબોધિની' નામક ગદ્યાનુવાદના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિદ્ધાણુ [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ] : શ્રાવક કવિ. પિતા ઠક્કુર મહાલે. ખરતરગચ્છના જિનઉદયસૂરિના અનુયાયી. આ કવિએ રાજગૃહના પાર્શ્વનાથ મંદિરમાં ઈ. ૧૩૫૬માં ૩૮ શ્લોકની સંસ્કૃત પ્રશસ્તિનો લાંબો શિલાલેખ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિના આદેશથી કોતર્યો હતો. વરદત્ત અને ગુણમંજરીના પ્રસિદ્ધ કથાનક દ્વારા કારતક સુદ પાંચમનું માહાત્મ્ય વર્ણવતી તથા લોકકથાને ધર્મકથાનું સ્વરૂપ આપતી ૫૪૮ કડીની 'જ્ઞાનપંચમી-ચોપાઈ/શ્રુતપંચમી/સૌભાગ્યપંચમી' (૨.ઈ. ૧૩૬૭/સં. ૧૪૨૩, ભાદરવા સુદ ૧૧, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તર અપભ્રંશનો સાહિત્ય વિકાસ, વિદ્યાત્રી વોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧; ૪. ગુસારસ્વતો; ૫. જૈસાઈતિહાસ;☐ ૬. જૈગૂકવિઓ : ૩(૧). [ગી.મુ.]

વિદ્યાકમલ [ઈ. ૧૬૧૩ સુધીમાં] : જૈન. 'ભગવતી-ગીતા' (લે.ઈ. ૧૬૧૩ પહેલાં)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

વિદ્યાકીર્તિ : આ નામે ૭ કડીની 'ધન્નાજીની સઝાય/ધન્યાલગાર-સઝાય'(મુ.) મળી છે તેના કર્તા કયા વિદ્યાકીર્તિ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : સજ્ઝાયમાળા (પં).

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

વિદ્યાકીર્તિ-૧ [ઈ. ૧૪૪૯માં હયાત] : જૈન. 'જીવપ્રબોધપ્રકરણ-ભાષા' (૨.ઈ. ૧૪૪૯/સં. ૧૫૦૫, માગશર સુદ–, મંગળવાર/શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

વિદ્યાકીર્તિ-૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં પુણ્યતિલકના શિષ્ય. 'નરવર્મ-ચરિત્ર' (૨.ઈ. ૧૬૧૩), 'ધર્મબુદ્ધિમંત્રી-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૬), 'સુભદ્રા-સતી-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૯), ૨૩ કડીના 'મહાવીર-સ્તવન (ઈરિયા-વહીગર્ભિત)'ના કર્તા. 'ચારકષાય-વેલિ' (૨.ઈ. ૧૬૧૪ આસપાસ) સમયદૃષ્ટિએ આ કર્તાની કૃતિ હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. પ્રાકાકૃપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિદ્યાકુશલ [ઈ. ૧૭૩૫માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ચારિત્રધર્મની સાથે મળીને તેમણે 'રામાયણ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૩૫/સં. ૧૭૯૧, આસો સુદ ૧૦)ની રચના કરી હતી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

વિદ્યાચંદ : આ નામે ૪ કડીની 'મૌનએકાદશી-સ્તુતિ' મળે છે તેના કર્તા કયા વિદ્યાચંદ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાચંદ-૧/વિદ્યાચંદ્ર [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં વીપાના શિષ્ય. 'શંખેશ્વર-પાર્શ્વનાથ-સ્તવન' (૨. ઈ. ૧૫૯૯), ૨૬ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન (શંખેશ્વર)' (૨.ઈ. ૧૬૦૪) અને ઈ. ૧૬૧૬માં અવસાન પામેલા વિજયસેનસૂરિને વિષય બનાવતા ૫૭ કડીના 'વિજયસેનસૂરિનિર્વાણ-રાસ' (મુ.)ના કર્તા. ૧૬ કડીની 'રાવણને મંદોદરીના ઉપદેશની સઝાય/સીતા-સ્વાધ્યાય'(મુ.)ને 'જૈન ગૂર્જર કવિઓ'એ પ્રસ્તુત કર્તાની ગણાવી છે. પણ ભાષામાં ઠીકઠીક અર્વાચીનતા તરફ ઝોક ધરાવતી ગુરુનામના ઉલ્લેખ વગરની અને 'પ્રાચીન સ્તવન સઝાયાદિ સંગ્રહોમાં સંગૃહિત હોવાથી તે પાર્શ્વ-ચંદ્રગચ્છના ભ્રાતૃચંદ્રશિષ્ય વિદ્યાચંદ્રની હોવા સંભવ છે. 'ચતુર્વિંશતિજિન-સ્તવન' (૨.ઈ. ૧૫૯૯), ૧૫ કડીની 'વિજયદેવસૂરિ-સ્વાધ્યાયયુગલ' અને ૮ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય'–એ કૃતિઓ રચનાસમય અને વિષય દૃષ્ટિએ પ્રસ્તુત વિદ્યાચંદની હોવા સંભવ છે.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧; ૨. જૈએકાસંચય; ૩. જૈસમાલા (શા) : ૨.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા;☐ ૩. જૈગૂકવિઓ : ૧; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાચંદ-૨ [ઈ. ૧૬૫૨ સુધીમાં] : જૈન સાધુ. વિજયસિંહસૂરિના શિષ્ય. ૪ કડીની 'શાંતિજિન-સ્તુતિ' (લે.ઉ. ૧૬૫૨)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ [શ્રા.ત્રિ.]

વિદ્યાચારિત્ર [ ] : જૈન. 'સુકોશલઋષિ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાધર [ ] : શ્રાવક. ૧૨ ઢાળની 'બારભાવના-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાનિધાન [ઈ. ૧૭૮૩માં હયાત] : જૈન. 'રત્નપાલ-ચોપાઈ' (૨. ઈ. ૧૭૮૩)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાપ્રભ(સૂરિ) : આ નામે ૩૨ કડીની 'આત્મભાવના-બત્રીશી' (લે. ઈ. ૧૬૪૯ પહેલાં; મુ.) અને 'ઇચ્છાપરિમાણ-રાસ (દ્વાદશવ્રત-સ્વરૂપ), (લે. ઈ. ૧૫૫૯) એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા વિદ્યાપ્રભ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧;☐ ૨. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૪૫–'આત્મભાવના-બત્રીશી', સં. જયંતવિજયજી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિદ્યાપ્રભ(સૂરિ)-૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૬૬૦ સુધીમાં] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. વિમલચંદ્રસૂરિના શિષ્ય. પૂર્ણિમાગચ્છના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈ. ૧૫૯૮નો ધાતુપ્રતિમા લેખ ધરાવતા લલિતપ્રભના ગુરુ વિદ્યાપ્રભ અને પ્રસ્તુત વિદ્યાપ્રભને 'જૈન ગૂર્જર કવિઓ' એક હોવાનું માને છે. 'સત્તરભેદી-પૂજા' (૨.ઈ. ૧૫૯૮ આસપાસ], ૭ કડીનું 'આદિનાથ-સ્તવન(રૂપપુરમંડન)', ૩૨ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન', ૨૫ કડીનું 'મહાવીરજિન-સ્તવન (ઢંઢેરવાડાપાટણ)' અને ૨૩/૨૫ કડીની 'શાલિભદ્ર-સઝાય' (લે.ઈ. ૧૬૬૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિદ્યાભૂષણ [ઈ. ૧૫૫૮ સુધીમાં] : દિગંબર જૈન સાધ. વિશ્વસુસેનના શિષ્ય. ૨૫૧ કડીના 'નેમિનાથ-ફાગ/નેમિવસન્ત-ફાગુ' (લે. ઈ. ૧૫૫૮/સં. ૧૬૧૪, કારતક સુદ ૪, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા;☐ ૨. સ્વાધ્યાય, ઓગસ્ટ ૧૯૬૪–'દિગમ્બર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુકાવ્ય', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

વિદ્યારત્ન [ઈ. ૧૫૧૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલની પરંપરામાં ધનદેવસુરહંસ-લાવણ્યરત્નના શિષ્ય. ૩૩૯ કડીના 'મંગલકલશ-રાસ' (૨.ઈ. ૧૫૧૭/સં. ૧૫૭૩, માગશર વદ ૯) અને 'મૃગાપુત્ર-રાસ'ના કર્તા.

સંદર્ભ: ૧. ગુસારસ્વતો;☐ ૨. ફાત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩-'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. જૈમગૂકરચનાઓ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યારુચિ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં હર્ષરુચિના શિષ્ય. ૧૦૩ ઢાલ અને ૨૫૦૫ કડીના 'ચંદ્રનૃપ-ચોપાઈ/ચંદરાજા-રાસ' (૨.ઈ. ૧૬૬૧/સં. ૧૭૧૭, કારતક સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા. કૃતિનો આરંભ ઈ. ૧૬૫૫માં થયો હતો તેવો ઉલ્લેખ છે.

સંદર્ભ: ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા;☐ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. ડિકૅટલૉગભાવિ; ૫. મુપુગૂહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાલક્ષ્મી(ગણિ) [ ] : જૈન સાધુ. ૨૪૫ કડીના 'ઋષભદેવધવલ-વિવાહલો' (લે. સં. ૧૭મું શતક અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાવિજય–૧ [ઈ. ૧૬૦૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં નયવિજયના શિષ્ય. હીરવિજયના ગુરુબંધુ. ૪૬ કડીના 'ચતુર્વિંશતિજિન-પંચકલ્યાણકતિથિ-સ્તવન' (૨.ઈ. ૧૬૦૪), ૧૫ કડીની 'ઈરિયાવહીની સઝાય' (મુ.), ૪ કડીની 'મહાવીર-સ્તુતિ', ૯ કડીની 'વિજયસેનસૂરિની સઝાય' અને ૩૭ કડીના 'શીતલજિન-સ્તવન'ના કર્તા.

કૃતિ : પ્રાસપસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; [ ] ૨. જૈગૂકવિઓ : ૧; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાવિજય–૨ [ઈ. ૧૬૨૮માં હયાત] : જૈન સાધુ. કલ્યાણસાગરના શિષ્ય. 'નેમિરાજુલલેખ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૮/સં. ૧૬૮૪, શ્રાવણ વદ ૧૩, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧) [શ્રા.ત્રિ.]

વિદ્યાવિમલ [ઈ. ૧૫૭૮માં હયાત] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયવિમલના શિષ્ય. વિજયદેવસૂરિ વિશેનાં ૬ અને ૮ કડીનાં ૨ ગીતો(મુ.)ના કર્તા. વિજયવિમલે 'ગચ્છાચારપયન્ના' પર ટીકા (૨.ઈ. ૧૫૭૮) રચેલી જેના શોધન-લેખનમાં આ કર્તાએ સહાય કરી હતી. 'જૈન સત્યપ્રકાશ'માં ૨ કડીનું 'નેમિનાથ-ગીત'(મુ.) ઉકત કર્તાનું હોવાનું દર્શાવાયું છે પણ તેના કર્તા વિજયવિમલ છે કે વિદ્યાવિમલ તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુઆરી ૧૯૪૧–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી (+સં.); ૨. એજન, માર્ચ ૧૯૪૧–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', સં. કાંતિસાગરજી.

સંદર્ભ : જૈસાઈતિહાસ. [શ્રા.ત્રિ.]

વિદ્યાવિલાસ : આ નામે 'અક્ષરબત્રીસી' (લે.ઈ. ૧૮૦૮) કૃતિ મળે છે. રાજસ્થાનીમાં 'કક્કાભાષ' (લે. સં. ૧૯મી સદી) કૃતિ નોંધાઈ છે તે આ જ કૃતિ હોઈ શકે. આ કૃતિના કર્તા કયા વિદ્યાવિલાસ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાવિલાસ–૧ [ઈ. ૧૬૭૩માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. માનવિજયશિષ્ય કમલહર્ષના શિષ્ય. 'કલ્પસૂત્ર' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૬૭૩, સ્વહસ્તાક્ષરની પ્રત), ૭ કડીના 'જિનચંદ્રસૂરિ-ગીત' (મુ.) અને કેટલાંક સંસ્કૃત અષ્ટકોના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.)

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨).[શ્રા.ત્રિ.]

'વિદ્યાવિલાસ-પવાડુ' [૨.ઈ. ૧૪૨૯] : પીપલગચ્છના જૈન સાધુ હીરાણંદસૂરિની દુહા, ચોપાઈ, સવૈયા ઈત્યાદિની દેશીઓમાં રચાયેલી ૧૮૯ કડીની આ કૃતિ(મુ.) આમ તો લોકકથા પર આધારિત છે, પરંતુ એમાંની વાર્તાનું મૂળ વિનયચંદ્રકૃત સંસ્કૃત 'મલ્લિનાથ મહાકાવ્ય'માં મળે છે.

માલવદેશની ઉજ્જયિની નગરીના શ્રેષ્ઠી ધનસારનો સૌથી નાનો પુત્ર ધનસાગર પિતાએ ઘરમાંથી કાઢી મૂકવાને લીધે શ્રીપુર નગરમાં પંડિત પાસે વિદ્યાભ્યાસ કરવા માટે રહ્યો. વિદ્યાપ્રાપ્તિમાં ઠોઠ હોવાને લીધે તે મૂર્ખચટ્ટ નામથી ઓળખાયો, પરંતુ પછી પોતાની વિનયશીલ પ્રકૃતિને લીધે મૂર્ખચટ્ટમાંથી વિનયચટ્ટ બન્યો, અને સરસ્વતીની કૃપાથી વિનયચટ્ટમાંથી વિદ્યાવિલાસ બન્યો. શ્રીપુર નગરના પ્રધાનપુત્ર મનમોહનના પ્રેમમાં પડેલી રાજપુત્રી સૌભાગ્યસુંદરીને પછી તે પ્રધાનપુત્રના કહેવાથી બનાવટ કરી પરણ્યો ને આહડ નગરમાં આવીને રહ્યો. ત્યાં મૃદંગવાદનથી સૌભાગ્યસુંદરીના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનને જીતી લઈ એ નગરની રાજકુંવરી ગુણસુંદરી સાથે પણ લગ્ન કર્યાં અને અંતે ઉજ્જયિનીના રાજાને હરાવી ઉજ્જયિનીનો રાજા બન્યો. એક વખત જૈન મુનિના ઉપદેશથી તેણે દીક્ષા લીધી.

કથાના અંતમાં કંઈક અપ્રસ્તુત રીતે આવતા સદાચારબોધને બાદ કરતાં બુદ્ધિચાતુરીવાળી સમસ્યાબાજી, અદ્‌ભુતનું તત્ત્વ, કેટલાંક વર્ણનો વગેરેને લીધે રોચક બનેલી, રાજદરબાર, વાણિજ્ય ને સામાન્ય જનજીવને લગતી વીગતોને લીધે તત્કાલીન સામાજિક જીવનને ઉપસાવતી તથા મધ્યકાલીન ગુજરાતીના ભાષાસ્વરૂપને જાળવતી આ કૃતિ ઘણી રીતે ધ્યાનપાત્ર છે. [ભો.સા.]

વિદ્યાશીલશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૦ કડીના '(ગોડી) પાર્શ્વનાથ-સ્તવન' (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વિદ્યાસાગર–૧ [ઈ. ૧૬૧૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિશિષ્ય સુમતિકલ્લોલના શિષ્ય. 'કલાવતી-ચોપાઈ' (૨. ઈ. ૧૬૧૭/સં. ૧૬૭૩, આસો સુદ ૧૦) અને 'પ્રાકૃતવ્યાકરણ-દોધક-અવચૂરિ'ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ;□ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

(બ્રહ્મ)વિદ્યાસાગર–૨ [ઈ. ૧૬૭૬માં હયાત] : 'જાબલીભટ્ટ-આખ્યાન, (૨.ઈ. ૧૬૭૬)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

વિદ્યાસાગર(સૂરિ)(ભટ્ટારક)–૩ (ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–અવ. ઈ. ૧૭૩૭ કે ૧૭૪૦/સં. ૧૭૯૩ કે સં. ૧૭૯૬, કારતક સુદ ૫] : અંચલગચ્છના જૈન સાધુ. આચાર્યપદ ઈ.૧૭૦૬માં. અવસાન પાટણમાં. મૂળ દેવેન્દ્રસૂરિના ૫૦ કડીના 'સિદ્ધપંચાશિકા-પ્રકરણ' પરના બાલાવબોધ (૨. ઈ. ૧૭૨૫)ના કર્તા. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્તપ્રતસૂચી'માં પ્રસ્તુત કૃતિના કર્તાનું નામ વિદ્યાનંદસાગર(સૂરિ) મળે છે.

સંદર્ભ : ૧. જૈન પરંપરાનો ઇતિહાસ : ૨, મુનિશ્રી દર્શનવિજયજી અને અન્ય, ઈ. ૧૯૬૦;□ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૩(૨); ૪. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિદ્યાસાગર–૪ [ ] : જૈન સાધુ. ૫ કડીની 'સામયિક-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વિદ્યાસિદ્ધિ [ઈ. ૧૬૪૩માં હયાત] : ખરતરગચ્છના જિનસિંહસૂરિની પરંપરાનાં જૈન સાધ્વી. ૭ કડીના 'ગુરુણી-ગીતમ્' (૨.ઈ. ૧૬૪૩/સં. ૧૬૯૯, ભાદરવા વદ ૨; મુ.)નાં કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [શ્રા.ત્રિ.]

વિદ્યાહર્ષ [ ] : જૈન. ૧૫ કડીની 'વીશસ્થાનક સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિદ્યાહેમ [ઈ. ૧૭૭૪માં હયાત] : જૈન. 'વિવાહપડલ-અર્થ' (૨.ઈ. ૧૭૪૪/સં. ૧૮૩૦, માગશર વદ ૨) નામે ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

'વિધિ-રાસ' : ચોપાઈબંધની ૧૦૭ કડીની સમાચારીવિષયક આ કૃતિ (મુ.)ના કર્તૃત્વના તથા રચનાવર્ષના પ્રશ્નો છે. કૃતિમાં ૯૫મી કડીમાં "શ્રી ધર્મમૂર્તિસૂરિ ગુણિ ભંડાર (ગંભીર), બહુદિન દીપઈ" એ શબ્દો મળે છે અને પછી "ઇતિશ્રી વિધિરાસ સમાપ્ત" એમ લખેલું છે. ત્યારપછી ચૂલિકા છે, જે ૧૦૭ કડીએ પૂરી થાય છે. ૧ પાઠમાં "છાજૂકૃત" એમ લખેલું અને એ પછી "ઇતિશ્રી વિધિરાસ ચૂલિકા સમાપ્ત" એવા શબ્દો મળે છે. આ જાતની સ્થિતિ કેટલાક પ્રશ્નો ઊભા કરે છે : છાજૂ આખા 'વિધિ-રાસ'ના કર્તા છે કે ચૂલિકાના? બધા પાઠમાં છાજૂનો કર્તા તરીકે ઉલ્લેખ મળતો ન હોય તો એ કેટલો અધિકૃત માનવો? છાજૂ કર્તા ન હોય અથવા તો માત્ર ચૂલિકાના કર્તા હોય તો ધર્મમૂર્તિસૂરિને કર્તા ગણવા કે એમનો જે રીતે ઉલ્લેખ થયો છે તે રીતે જોતાં કૃતિ તેમના કોઈ શિષ્યની છે એમ માનવું? એ નોંધપાત્ર છે કે 'જૈન ગૂર્જર કવિઓ' આ કૃતિ ધર્મમૂર્તિસૂરિશિષ્યની હોવાનું માને છે ને એને છાજૂના નિર્દેશવાળો પાઠ મળ્યો નથી.

કૃતિ ભાદરવા સુદ ૧૧ના દિવસે રચાયેલી છે પરંતુ રચનાવર્ષનો કોયડો છે. "સંવત સોલ છિલોત્તરે" (સં. ૧૬૦૬/ઈ. ૧૫૫૦) તથા "સંવત સોલ બિહુંતરઈએ" (સં. ૧૬૭૨/ઈ. ૧૬૧૬) એમ ૨ પાઠ મળે છે. સં. ૧૬૭૨ની રચના માનીએ તો એ ધર્મમૂર્તિસૂરી (અવ. સં. ૧૬૭૦)ની કૃતિ ન હોઈ શકે, તેથી "સોલ બિહુંતરઈ"નું અર્થઘટન સં. ૧૬૦૨ કરી ધર્મમૂર્તિસૂરિની કૃતિ હોવાનો તર્ક કરવામાં આવ્યો છે. પરંતુ બધું વિચારતાં એ તર્ક યથાર્થ લાગતો નથી.

કૃતિ : આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિગ્રંથ, સં. કલાપ્રભસાગરજી, સં. ૨૦૩૯–'વિધિપક્ષ (અંચલ)ગચ્છના સમાચારી ગ્રંથો અને વિધિરાસ-એક સમીક્ષા', સં. કલાપ્રભસાગરજી.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

વિનય/વિનય(મુનિ) : આ નામે ૧૬ કડીની 'જંબૂસ્વામી-સઝાય'(મુ.), ૬ કડીનું 'મહાવીર-સ્તવન'(મુ.), ૩ કડીનું 'શત્રુંજય-સ્તવન', ૩ કડીનું 'સિદ્ધાચલ-ઋષભદેવ-સ્તવન'(મુ.), ૧૧ કડીની 'વૈરાગ્ય-સઝાય' (લે.ઈ. ૧૭૨૫) મળે છે. એમાં 'મહાવીર-સ્તવન' વિનયપ્રભકૃત હોવાની સંભાવના છે. અન્ય કૃતિઓ કયા વિનયની છે તે કહેવું મુશ્કેલ છે.

૬૧ કડીનું 'ઇલાપુત્ર-કુલક', ૮૩ કડીનું 'ચિત્રસંભૂતિ-કુલક', ૧૬ કડીનું 'થંભણપાર્શ્વ-સ્તવન', ૩૯ કડીનું 'પાર્શ્વદસભવ-સ્તવન', ૫૫ કડીની 'બ્રહ્મચરી', ૧૦૪ કડીની 'સાધુવંદના', 'ચોવીસી' વગેરે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચનાઓ 'જૈન મરુ ગુર્જર કવિ ઔર ઉનકી રચનાએં'એ વિનય-સમુદ્રને નામે નોંધી છે, પરંતુ કૃતિને અંતે નામછાપ 'વિનય' મળે છે અને ગચ્છ કે ગુરુપરંપરાનો નિર્દેશ નથી. એટલે આ રચનાઓના કર્તા પણ કયા વિનય છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. જિનસ્તમાલા: ૨. જૈકાસંગ્રહ; ૩. જૈકાસાસંગ્રહ; ૪. જૈપ્રપુસ્તક : ૧; ૫. પ્રાસ્તસંગ્રહ; ૬. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાએં : ૧;૨ . મપુગૂહસૂચી. [૨.૨.દ.]

વિનયકુશલ-૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં લક્ષ્મીરુચિ–વિમલકુશલના શિષ્ય. 'જીવદયા-રાસ' (૨.ઈ. ૧૫૮૨)ના કર્તા. આ ઉપરાંત તેમણે 'મંડલપ્રકરણ-સ્વોપજ્ઞવૃત્તિસહિત' (૨. ઈ. ૧૫૯૬) તથા 'વિચારસપ્તતિકા-વૃત્તિ' (૨.ઈ. ૧૬૧૯) એ સંસ્કૃત ગ્રંથોની પણ રચના કરી છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

વિનયકુશલ–૨ [ઈ. ૧૬૧૧માં હયાત] : જૈન સાધુ. ૩૫ કડીના 'ગોડીપાર્શ્વજિન-સ્તવન' (૨.ઈ. ૧૬૧૧)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયકુશલ–૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરની પરંપરામાં વિબુધકુશલના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ. ૧૬૮૯-૧૭૩૨ની મધ્યમાં)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો : ૧; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

વિનયચંદ/વિનયચંદ્ર : આ નામે હિંદીમિશ્ર ગુજરાતીમાં ૨૫ કડીની 'બુઢ્ઢા ઉપદેશ પચ્ચીસી-સઝાય' (૨.ઈ. ૧૮૧૮/સં. ૧૮૭૪, ફાગણ સુદ ૨; મુ.), 'ચંદનબાલા ચોઢાળિયું' (૨.ઈ. ૧૮૨૯/સં. ૧૮૮૫, જેઠ સુદ ૭), ૧૧ કડીનું 'ચૈત્રીપૂનમ-સ્તવન' (લે.ઈ. ૧૮મી સદી અનુ.), ૧૫ કડીની 'ચૌદ બોલસહિત ઋષભ શાંતિ-નેમિપાર્શ્વનાથ-જિન-નમસ્કાર' (લે. સં. ૧૮મી સદી અનુ.), 'પાર્શ્વનાથબૃહદ્-સ્તવન' (લે. સં. ૧૮મી-૧૯મી સદી અનુ.)–આ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિનયચંદ/વિનયચંદ્ર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : શ્રાવક સ્તવનસંગ્રહ : ૨, સં. પાનમલ ભૈ. શેઠિયા, ઈ. ૧૯૨૩.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયચંદ્ર(આચાર્ય)–૧ [ઈ. ૧૩મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. રત્નસિંહસૂરિના શિષ્ય. રાજિમતી અને સખી વચ્ચેના સંવાદ રૂપે ચાલતું ને ૩-૩ કડીના ઝૂમખાને લીધે વિશિષ્ટ સંયોજનવાળું ૪૦ કડીનું 'નેમિનાથ-ચતુષ્પદિકા'←(મુ.) એમાં અનુભવાતી રાજિમતીની ઉત્કટ વિરહવ્યથા અને એમાંનાં મનોરમ વર્ણનોથી ધ્યાનપાત્ર બારમાસીકાવ્ય બન્યું છે. કવિએ ૫૩ કડીના 'બારવ્રત-રાસ' (૨.ઈ.૧૨૮૨; મુ.)ની પણ રચના કરી છે. 'કલ્પનિર્યુક્તિ દીપાલિકાકલ્પ' (૨.ઈ.૧૨૬૯) એ સંસ્કૃતકૃતિ તથા 'આનંદપ્રથમોપાસક-સંધિ' એ અપભ્રંશકૃતિ કવિની અન્ય રચનાઓ છે.

કૃતિ : ૧. તેરમાચૌદમા શતકનાં ત્રણ પ્રાચીન ગુર્જર કાવ્યો, સં. હરિવલ્લભ ચૂ. ભાયાણી, ઈ. ૧૯૫૫; ૨. પ્રાગૂકાસંગ્રહ : ૧; ૩. પ્રામબાસંગ્રહ : ૧; ☐ ૪. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન વાર્ષિક, ઈ. ૧૯૭૫–'શ્રી વિનયચંદ્રસૂરિકૃત 'નેમિનાથ ચતુષ્પદિકા' એક બારમાસી કાવ્ય', રમેશ મ. શુકલ; ૫. જૈનયુગ, અષાઢ-શ્રાવણ ૧૯૮૬ –'વિનયચંદ્રકૃત બારવ્રતરાસ', મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. પ્રાકામંજરી; ૫. સંધિકાવ્ય સમુચ્ચય, સં. ૨. મ. શાહ, ઈ. ૧૯૮૦; ☐ ૬. આલિસ્ટઑઈ : ૨; ૭. જૈગૂકવિઓ : ૩(૧); ૮. લીંહસૂચી. [૨.૨.દ.]

વિનયચંદ્ર–૨ [ઈ. ૧૬૦૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. મુનિચંદ્ર પંડિતના શિષ્ય. ૬૮ કડીની 'બારવ્રતની સઝાય'(૨.ઈ.૧૬૦૪/સં. ૧૬૬૦, ચૈત્ર સુદ ૬, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

વિનયચંદ્ર–૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્ર-સમયસુંદરની પરંપરામાં જ્ઞાનતિલકના શિષ્ય. કર્મફળના સિદ્ધાંતનું ઉત્તમકુમારના ચરિત્ર દ્વારા માહાત્મ્ય કરતી ૩ અધિકારમાં વિભાજિત ૪૨ ઢાળ ને ૮૪૮ કડીની 'ઉત્તમકુમારચરિત્ર-રાસ/ચોપાઈ/મહારાજકુમાર-ચરિત્ર' (૨. ઈ. ૧૬૯૬ સં. ૧૭૫૨, ફાગણ સુદ ૫, ગુરુવાર; મુ.) એમાંનાં અદ્‌ભુત અને વીરરસના નિરૂપણથી અને ઝડઝમકયુકત વર્ણનોથી કવિની રોચક રાસકૃતિ બની છે. એમની 'ચોવીસી' (૨.ઈ. ૧૬૯૬/સં. ૧૭૫૨, ફાગણ સુદ ૫; મુ.) પણ એમાં ધ્રુવાઓ તરીકે પ્રયોજાયેલા પ્રેમભાવસૂચક શબ્દો ને ઉદ્‌ગારોથી પ્રેમલક્ષણાભક્તિની આસર બનાવતી હોવાને લીધે વિશિષ્ટ બની છે. 'વીસી' (૨.ઈ. ૧૬૯૮/સં. ૧૭૫૪, આસો સુદ ૧૦; મુ.), દેશીબદ્ધ 'અગિયાર અંગની સઝાયો' (૨.ઈ. ૧૬૯૯/સં. ૧૭૫૫, ભાદરવા વદ ૧૮; મુ.), ૪ ઢાળ અને ૩૬ કડીની 'જિનપ્રતિમાસ્વરૂપ-નિરૂપણસઝાય'(મુ.), ૨૧ કડીનું 'શત્રુંજયયાત્રા-સ્તવન' (૨.ઈ. ૧૬૯૯ પછી; મુ.) અને ૫ ઢાળ અને ૩૧ કડીની 'કુગુરુની સઝાય; (મુ.) એમની અન્ય કૃતિઓ છે. 'જૈન ગૂર્જર કવિઓ'એ 'ધ્યાનામૃત-રાસ' અને 'મયણરેહા-ચોપાઈ'ને પણ આ કવિની કૃતિઓ માની છે. પરંતુ તેમાં 'મયણરેહા-ચોપાઈ' અનોપચંદશિષ્ય વિનયચંદ્રની છે. કવિની કૃતિઓની ભાષા પર રાજસ્થાની હિંદીનો પ્રભાવ વરતાય છે.

૧૩ કડીની 'સ્થૂલિભદ્ર-બારમાસા'(મુ.), ૧૫ કડીની 'રહનેમિ-રાજિમતી-સઝાય'(મુ.), ૯ કડીની 'દુર્ગતિનિવારણ-સઝાય'(મુ.), ૧૩ કડીની 'નેમિનાથરાજિમતી-બારમાસા'(મુ.) એ એમની હિન્દીમાં રચાયેલી કૃતિઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. વિનયચંદ્ર કૃતિ કુસુમાંજલિ, સં. ભવરલાલ નાહટા, સં. ૨૦૧૮. ☐ ૨. ઐરાસંગ્રહ : ૩ (+સં.); ૩. પ્રવિસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો : ૧; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. ડિકેટલૉગમાઈ : ૧૯(૨); ૭. મુપુગૂહસૂચી; ૮. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયચંદ્ર-૪ [ઈ. ૧૮૧૪માં હયાત] : જૈન સાધુ. શ્યામઋષિની પરંપરામાં આનોપચંદના શિષ્ય. ૬ ઢાળની 'મયણરેહા-ચોપાઈ' (૨.ઈ. ૧૮૧૪/સં. ૧૮૭૦, મહા-૧૩) તથા ૫ ઢાળની 'સુભદ્રા-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧, ૨). [૨.૨.દ.]

વિનયદેવ(સૂરિ) : જુઓ બ્રહ્મર્ષિ.

વિનયધીર [ ] : જૈન સાધુ. ૨૩ કડીની 'નેમનાથ-ભાસ' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વિનયપ્રભ [ઈ. ૧૪મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિના શિષ્ય. ઈ. ૧૩૨૬માં દીક્ષા. એમણે ૬ ભાસમાં વિભાજિત રોળા, ચરણાકુળ, દોહરા, સોરઠા અને વસ્તુ છંદની ૬૩ કડીમાં રચેલો 'ગૌતમસ્વામી-રાસ' (૨.ઈ. ૧૩૫૬/સં. ૧૪૧૨, કારતક સુદ ૧; મુ.) જૈનસંપ્રદાયમાં ખૂબ લોકપ્રિય બનેલો છે. ગૌતમસ્વામીની તપસ્વિતાનો મહિમા કરતો આ રાસ તેની રચનાગત વિશિષ્ટતાથી અને આલંકારિક વર્ણનોમાં પ્રગટ થતા કવિના કવિત્વથી ધ્યાનપાત્ર બને છે. આ રાસ ઉદયવંત/મંગલપ્રભ/વિજયપ્રભ/વિજયભદ્ર/વિનયવંત એવાં કર્તાનામોથી પણ મળે છે. પરંતુ વસ્તુતઃ તે આ કર્તાની જ રચના છે. એ સિવાયનું ૪૧ કડીનું 'ચૈત્યપરિપાટી-સ્તવન' એમણે રચ્યું છે. ૨૧ કડીનું 'સીમંધરસ્વામી-સ્તવન' તથા ૧૩ કડીનું 'વિમલાચલ-આદિનાથ-સ્તવન' એ આ કવિની કૃતિઓ 'બોધીબીજ' એવા અપરનામથી મળે છે.

કૃતિ : ૧. જૈગૂસારત્નો : (+સં.); ૨. પ્રાગુકાસંચય (+સં.).

સંદર્ભ : ૧. આકવિઓ :૧; ૨. ઉત્તરઅપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૩. જૈસાઈતિહાસ; ૪. પડિલેહા, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૭૯-'વિનયપ્રભરચિત ગૌતમસ્વામીનો રાસ'; ☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. જૈમગૂકરચનાઓ : ૧; ૭. જૈહાપ્રોસ્ટા; ૮. ડિકેટલૉગબીજે; ૯. ડિકેટલૉગભાઈ : ૧૯(૨); ૧૦. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયપ્રમોદ [ ] : જૈન સાધુ. ૨૩ કડીના 'શત્રુંજય-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયભાવ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં આનંદવિમલના શિષ્ય. ૧૧ અને ૧૮ કડીની ૨ 'આનંદવિમલસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા. કૃતિમાં આનંદવિમલનું અવસાન ઈ. ૧૫૪૦ માં થયું એમ ઉલ્લેખ મળે છે તેથી કૃતિ ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધમાં રચાઈ હશે એમ અનુમાન થાય છે. 'હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર : ૧' ભૂલથી આ રચનાઓને વિનયવિમલના નામે નોંધે છે.

કૃતિ : જૈઐકાસંચય (+સં.).

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયમાણિક્ય [ઈ.૧૬૫૮માં હયાત] : જૈન સાધુ. 'શાશ્વતાશાશ્વત-જિન-સ્તવન' (૨.ઈ. ૧૬૫૮)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયમૂર્તિ(ગણિ) [ઈ. ૧૪૫૩ સુધીમાં] : જૈન સાધુ. ૧૨૫૦ ગ્રંથાગ્રના 'ષડાવશ્યક-બાલાવબોધ' (૨.ઈ. ૧૪૫૩)ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [૨.૨.દ.]

વિનયમેરુ(વાચક) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. રાજસારની પરંપરામાં હેમધર્મના શિષ્ય. ૪૫૦ ગ્રંથાગ્રનો 'હંસરાજ-વચ્છરાજ-પ્રબંધ' (૨. ઈ. ૧૬૧૩), ૨૦ ઢાળ અને ૨૯૦ કડીની 'કયવન્ના-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૩) તથા ૨૫ કડીની 'પન્નવણા છત્રીસ પદ ગર્ભિત-સઝાય/મહાવીર-સ્તવન' (૨.ઈ. ૧૬૩૬/સં. ૧૬૯૨, પોષ સુદ ૧૫) નામની રચનાઓના કર્તા. 'ગુજરાતી સાહિત્ય(મધ્યકાલીન)' અને 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ'માં કર્તાનું નામ 'વિજયમેરુ' ઉલ્લેખાયું છે તે ભૂલ છે.

સંદર્ભ : ૧. ગુસામધ્ય; ૨. ગુસારસ્વતો; ૩. યુજિનચંદ્રસૂરિ. ☐૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. મુપુગૂહસૂચી; ૭. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયરતન(વાચક) [ઈ. ૧૪૯૩માં હયાત] : વડગચ્છના જૈન સાધુ. દેવસૂરિની પરંપરામાં મહીરતનના શિષ્ય. ૧૫૩ કડીની 'સુભદ્રા-ચોપાઈ' (૨.ઈ. ૧૪૯૩/સં. ૧૫૪૯, ભાદરવો-)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [૨.૨.દ.]

વિનયલા મ/બાલચંદ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સુમતિસાગરની પરંપરામાં વિનયપ્રમોદના શિષ્ય. ૪ ખંડમાં વિભાજિત ૬૨ ઢાળની 'દેવરાજવચ્છરાજની કથા/ચોપાઈ/વચ્છરાજ-રાસ' (૨.ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, પોષ વદ ૨, સામવાર), ૩ ખંડ ને ૬૯ ઢાળની 'વિક્રમ-ચોપાઈ/સિંહાસન-બત્રીશી' (૨.ઈ. ૧૬૯૨/સં. ૧૭૪૮, શ્રાવણ વદ ૭) તથા ૫૬ કડીની 'સવૈયા-બાવની'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈગૂકવિઓ: ૩(૨); ૪. ડિકેટલૉગભાવિ; ૫. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વિનયવિજય : આ નામે ૨૨ કડીની 'દ્વારિકાનગરીની સઝાય'(મુ.) મળે છે તેના કર્તા કયા વિનયવિજય છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈકાસાસંગ્રહ; ૩. સસંપમાહાત્મ્ય. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનયવિજય(ઉપાધ્યાય)–૧ [જ. ઈ. ૧૬૦૪ અનુ.–અવ. ઈ. ૧૬૮૨]: તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં કીર્તિવિજય ઉપાધ્યાયના શિષ્ય. પિતા તેજપાલ. માતા રાજશ્રી. કીર્તિવિજયના હસ્તે દીક્ષા. રાન્દેરમાં અવસાન. કવિ વ્યાકરણના ઊંડા અભ્યાસી હતા. તેમણે ફાગુ, રાસ, વીસી, ચોવીસી, વિનતિ, સઝાય, સ્તવન, ચૈત્યવંદન, ચૈત્યપરિપાટી, જકડી, સ્તુતિ, સ્તોત્ર, પદ, ભાસ, ગીત જેવા વિવિધ કાવ્યપ્રકારો ખેડ્યા છે. ગુજરાતી ઉપરાંત હિન્દી, પ્રાકૃત તથા સંસ્કૃત ભાષામાં પણ તેમણે સર્જન કર્યું છે.

માળવાના રાજા શ્રીપાલે સિદ્ધચક્ર-(અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચરિત્ર અને તપ)–એટલે કે નવપદના સેવનથી કઈકઈ મહત્તા પ્રાપ્ત કરી તેનું ૪ ખંડ અને ૪૧ ઢાળની કુલ ૧૯૦૦ કડીમાં નિરૂપણ કરતી તેમ જ ૭૫૦ કડીઓ રચાયા પછી કવિનું અવસાન થતાં તેમના અંતેવાસી યશોવિજય દ્વારા પૂર્ણ થયેલ 'શ્રીપાલ-રાસ' (૨.ઈ. ૧૬૮૨; મુ.), ૧૨૦ કડીની 'ચોવીસી' (૨.ઈ. ૧૬૭૪/૭૯; મુ.), ૧૧૬ કડીની 'વીસી' (૨.ઈ. ૧૬૭૪ આસપાસ; મુ.), ૧૩૮ કડીની 'આરાધનાનું સ્તવન/લઘુ ઉપમિતિ ભવપ્રપંચ આકારો ધર્મનાથજીની વિનતિરૂપ પુણ્યપ્રકાશ-સ્તવન' (૨.ઈ. ૧૬૭૩; મુ), ૬ ઢાળનું 'પાંચ સમવાયનું ઢાળિયું/વીર જિનનું પાંચ કારણનું સ્તવન' (૨.ઈ. ૧૬૬૭; મુ.), ૬ ઢાળ અને ૪૪ કડીનું 'પ્રતિક્રમણ/ષડાવશ્યક-સ્તવન'(મુ.), ૨૪ કડીનું 'ઉપધાન-સ્તવન'(મુ.), ૧૨ કડીનું 'જિનપૂજન/પરમાત્માનું ચૈત્યવંદન'(મુ.), ૧૪ કડીની 'સૂર્યપૂર (સૂરત)-ચૈત્યપરિપાટી/તીર્થમાલા' (૨. ઈ. ૧૬૨૩; મુ.), ૭૨ કડીની 'ગણધર પટ્ટાવલી-સઝાય' (૨.ઈ.૧૬૫૪/૬૨ અનુ. મુ.), ૨૯ કડીની 'પચ્ચખ્ખાણ-સઝાય/પ્રત્યાખ્યાનવિચાર'(મુ.), ૨૬ કડીની 'ઈરિયાવહી-સઝાય' (૨.ઈ. ૧૬૭૭; મુ.), ૨૭ કડીની દુહા અને ફાગમાં રચાયેલી 'નેમિનાથ ભ્રમર-ગીતા' (૨.ઈ. ૧૬૫૦/સં. ૧૭૦૬, ભાદરવા–; મુ.), ૨૭ કડીની 'નેમિનાથ-બારમાસા' (૨.ઈ. ૧૬૭૨; મુ.), ૫૭ કડીની 'આદિજિન/ઋષભજિન-વિનતિ'(મુ.), 'ધ્યાનવિચાર-વિવરણાત્મક-સ્તવન'(મુ.), ૨૪ કડીનો પદ્મપત્રરૂપ 'વિજયદેવસૂરિ-લેખ' (૨.ઈ. ૧૬૪૯/સં. ૧૭૦૫, આસો વદ ૧૩; મુ.), ૯ કડીની 'શાશ્વતી-જિન-ભાસ'(મુ.), ૨૩૯ કડીની 'અધ્યાત્મ-ગીતા', ૫૮ કડીનું 'સ્યાદ્વાદવિચારગર્ભિતમહાવીરજિન-સ્તવન', ૭૩ કડીનું 'ચૌદ ગુણ ઠાણાં સ્વરૂપ-સ્તવન' વગેરે કૃતિઓ મળે છે.

આ ઉપરાંત કવિએ હિન્દી ભાષામાં ૩૭ પદોની 'વિનયવિલાસ' (મુ.), અપભ્રંશમાં 'જિણચેઈયથવણ' તેમ જ સંસ્કૃતમાં ૬૫૮૦ કડીઓની 'કલ્પસૂત્ર સુબોધિકા' (૨.ઈ. ૧૬૪૦; મુ.), ૨૦,૦૦૦ કડીઓની 'લોકપ્રકાશ' (૨.ઈ. ૧૬૫૨; મુ.), 'શાંતસુધારસ-ભાવ' (મુ.), 'નયકર્ણિકા'(મુ.), 'હેમલઘુપ્રક્રિયા-વ્યાકરણ' (હેમચંદ્રના 'સિદ્ધ-હેમ' વ્યાકરણ પર સ્વોપજ્ઞ ટીકા સાથે), જેવી નાની-મોટી કૃતિઓ રચી છે.

કૃતિ : ૧. ચિત્રમય શ્રીપાળ રાસ, સં. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૬૧; ૨. શ્રીપાળ રાજાનો રાસ (અર્થસહિત), પ્ર. જૈન આત્માનંદ સભા, સં. ૧૯૯૦; ☐ ૩. અરત્નાસાર; ૪. ચૈત્યસંગ્રહ : ૧, ૩; ૫. જિનપ્રકાશ, ૬. જિનસ્તકાસંદોહ : ૨; ૭. જૈનકાસાસંગ્રહ; ૮. જૈગૂસારત્નો : ૧; ૯. જૈસમાલા(શા) : ૧; ૧૦. દેસ્તસંગ્રહ; ૧૧. પસમુચ્ચય : ૨; ૧૨. (શ્રી) પ્રતિક્રમણસૂત્ર તથા નવસ્મરણ અને દેવવંદનાદિ ભાષ્યત્રય અર્થસહિત, પ્ર. શા. ભીમસિંહ માણક, ઈ. ૧૯૦૬; ૧૩. પ્રાફાગુસંગ્રહ; ૧૪. પ્રામબાસંગ્રહ : ૧; ૧૫. મોસસંગ્રહ; ૧૬. લઘુ ચોવીશી વીશી સંગ્રહ, શા. કુંવરજી આણંદજી, સં. ૧૯૯૫; ૧૭ સજ્ઝાયમાળા (પં); ૧૮. સસંપમાહાત્મ્ય; ૧૯. ☐ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ, ઑગસ્ટ ૧૯૧૪–'આત્મનિંદા ને વીરને વિનતિ', સં. મો. દ. દેશાઈ; ૨૦. એજન, ઑક્ટો-નવે. ૧૯૧૪–'મહાવીરને વિનતિ', સં. મોહનલાલ દ. દેશાઈ; ૨૧. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'અઢારમી સદીનું એક ખંડકાવ્ય મ. વિનયવિજયગણિકૃત નેમરાજુલ ભ્રમરગીતા', સં. ચિમનલાલ લ. ઝવેરી; ૨૨. સ્વાધ્યાય, મે ૧૯૭૦–'વિનયવિજયકૃત નેમિનાથ રાજિમતી બારમાસ', સં. કનુભાઈ વ્ર. શેઠ.

સંદર્ભ : ૧. વિનયસૌરભ, પ્ર. વિનયમંદિર સ્મારક સમિતિ, ઈ. ૧૯૬૨; ☐ ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૬. ડિકૅટલૉગભાઈ : ૧૯ (૨); ૭. મુપુગૂહસૂચી; ૮. લીંહસૂચી; ૯. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયવિજય–૨ [ ] : જૈન સાધુ. મેઘવિજયના શિષ્ય. ૪ કડીની 'નવપદની/સિદ્ધચક્રની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ચિત્રમય શ્રીપાલ રાસ, સં. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૬૧; ૨. ચૈસ્તસંગ્રહ : ૨; ૩. જિનપ્રકાશ; ૪. સસન્મિત્ર(ઝ). [૨.૨.દ.]

વિનયવિજય–૩ [ ] : જૈન સાધુ. પ્રીતિવિજયના શિષ્ય. ૩ કડીના ચૈત્યવંદન(મુ.)ના કર્તા.

કૃતિ : દેસ્તસંગ્રહ. [૨.૨.દ.]

વિનયવિજય(ઉપાધ્યાય)શિષ્ય [ ] : જૈન સાધુ. ૫ કડીની 'સંતોષીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : અસસંગ્રહ. [કી.જો.]

વિનયવિમલ(પંડિત) : આ નામે ૮ કડીની 'સાધુસઝાય/સુગુરુગુણની સઝાય'(મુ.),તથા ૧૩ કડીની 'સુમતિશિક્ષા-સઝાય' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિનયવિમલ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયવિમલશિષ્ય [ઈ. ૧૭૫૧ સુધીમાં] : જૈન સાધુ. 'જીવાભિગમસૂત્ર-બાલાવબોધ' (લે. ઈ. ૧૭૫૧)ના કર્તા. જુઓ ધનવિમલ.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

વિનયશીલ(મુનિ) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. ગુણશીલના શિષ્ય. ૪૫ કડીના 'સહસ્રફણા-પાર્શ્વજિન-સ્તવન' (૨. ઈ. ૧૬૪૫/સં. ૧૭૦૧, માગશર સુદ ૬), '૨૪ જિનભાસ', 'નેમિ-બારમાસા' (મુ.), ૧૧ કડીના 'પાર્શ્વનાથ-સ્તોત્ર' તથા ૧૦૪ કડીના 'અર્બુદા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચઉઉત્પત્તિ ચૈત્યપરિપાટી-સ્તવન' (૨. ઈ. ૧૭૮૬; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૨. પ્રામબાસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયશેખર [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિસૂરિની પરંપરામાં સત્યશેખરના શિષ્ય. 'યશોભદ્ર-ચોપાઈ (૨.ઈ. ૧૫૮૭/સં. ૧૬૪૩, મહા સુદ ૩, રવિવાર; સ્વહસ્તલિખિત પ્રત), 'શાંતિમૃગસુંદરી-ચોપાઈ' (૨.ઈ. ૧૫૮૮/સં. ૧૬૪૪, શ્રાવણ સુદ ૧૩, રવિવાર), 'રત્નકુમાર-રાસ' તથા ૨ કડીનું 'ધર્મમૂર્તિસૂરિ-ગીત' (સ્વહસ્તલિખિતપ્રત)—એ કૃતિઓના કર્તા. 'ગુજરાતના સારસ્વતો'એ ભૂલથી કર્તાનામ વિજયશેખર મૂકયું છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧,૩(૧). [૨.૨.દ.]

વિનયસમુદ્ર(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ–ઈ. ૧૬મી સદી મધ્યભાગ] : ઉપકેશગચ્છના જૈન સાધુ. સિદ્ધસૂરિના શિષ્ય. હર્ષસમુદ્રના શિષ્ય. ૨૪૮ કડીની 'આરામશોભા-ચોપાઈ' (૨.ઈ. ૧૫૨૭/સં. ૧૫૮૩, માગશર–; મુ.),૬૯ કડીની 'નેમિરાજઋષિ-સંધિ' (૨. ઈ. ૧૫૨૭ લગભગ), મુનિરત્નસૂરિકૃત મૂળ સંસ્કૃત ગ્રંથ 'અંબડચરિત'-આધારિત ૫૦૩ કડીનું 'અંબડચરિત્ર/ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૫૪૩/સં. ૧૫૯૯, મહા સુદ ૨, રવિવાર), ૨૪૬ કડીની 'મૃગાવતી-ચોપાઈ/મૃગાંકલેખા-ચતુષ્પદી' (૨. ઈ. ૧૫૪૬/સં. ૧૬૦૨, વૈશાખ સુદ ૫, સોમવાર), ૨૪૬ કડીનો 'ચિત્રસેન પદ્માવતી-રાસ/પદ્મચરિત/સીતા સતી-ચોપાઈ' (૨.ઈ. ૧૫૪૮/સં. ૧૬૦૪, શ્રાવણ), 'રોહિણી આચારમુનિ-ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૫૪૯), 'સિંહાસન બત્તીસી-ચોપાઈ' (૨.ઈ. ૧૫૫૫), ૩૦૦ કડીની 'નલદવદંતી-ચરિત્ર' (૨.ઈ. ૧૫૫૮), ૨૯૭ કડીનો 'દ્રૌપદી શિયળ-રાસ', 'ચંદનબાળા-રાસ' (૨.ઈ. ૧૫૨૭) તથા 'સંગ્રામસૂરિ-ચોપાઈ'—એ કૃતિઓના કર્તા.

કૃતિ : સ્વાધ્યાય, ફેબ્રુ, મે, ઓગસ્ટ ૧૯૭૮–'વિનયસમુદ્રવાચકકૃત આરામશોભા ચઉપઈ', સં. નવીનચંદ્ર એન. શાહ.

સંદર્ભ : ૧. આરામશોભારાસ(જિનહર્ષકૃત), સં. જ્યંત કોઠારી, કીર્તિદા જોશી, ઈ. ૧૯૮૩; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પ્રાકાકૃપરંપરા; ☐ ૬. જૈન સત્યપ્રકાશ, જાન્યુ.-ફેબ્રુ. માર્ચ ૧૯૪૪–'વિક્રમાદિત્ય સંબંધી જૈન સાહિત્ય', અગરચંદ નાહટા; ૭. ફાત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ર. કાપડિયા; ☐ ૮. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૯. જૈમગૂકરચનાઓ : ૧; ૧૦. રિકૅટલૉગભાવિ; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયસમુદ્ર(વાચક)–૨ [ઈ. ૧૬મી સદીખ મધ્યભાગ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિ (જ. ઈ. ૧૪૯૩–અવ. ઈ. ૧૫૫૬)ના શિષ્ય. ૨૨ કડીના 'ઋષભ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

વિનયસાગર : આ નામે 'હરિયાલી-સ્તબક'(લે. સં. ૨૦મી સદી અનુ.) 'અષ્ટપ્રવચનમાતા-સઝાય/અષ્ટાપદ-સ્તવન' (લે. સં. ૧૭મી સદી અનુ.) એ કૃતિઓ મળે છે. આ કયા વિનયસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વિનયસાગર–૧ [ઈ. ૧૫૬૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષસૂરિની પરંપરામાં સુમતિકલશના શિષ્ય. ૩૨૧ કડીની 'સોમચંદ રાજાની ચોપાઈ' (૨.ઈ. ૧૫૬૧/સં. ૧૬૧૭, શ્રાવણ સુદ ૧૫, બુધવાર) તથા 'ચિત્રસેન પદ્માવતી-રાસ' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૧; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયસાગર–૨ [ઈ. ૧૬૪૬(?)માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. 'અનેકાર્થનામમાલા' (૨.ઈ.૧૬૪૬?) ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

વિનયસાગર–૩ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છની સાગરશાખાના જૈન સાધુ. રાજસાગરની પરંપરામાં વૃદ્ધિસાગરના શિષ્ય. ૬૩ કડીની 'રાજસાગરસૂરિ-સઝાય' (૨.ઈ. ૧૬૫૯ પછી)ના કર્તા. આ ઉપરાંત રાજસાગરશિષ્ય વિનયસાગરના નામે ૧૭ કડીનું 'શાંતિનાથ-સ્તવન' મળે છે જે આ જ કર્તાની કૃતિ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વિનયસુંદર : આ નામે ૮૫૦ ગ્રંથાગ્ર ધરાવતી ગેય 'સુરસુંદરીચરિત્ર-રાસ/ચોપાઈ' (૨.ઈ. ૧૫૮૮/સં. ૧૬૪૪, જેઠ સુદ ૧૩) તથા માનતુંગસૂરિકૃત ૪૪ કારિકાના સંસ્કૃત 'ભક્તામરસ્તોત્ર' પરનો બાલાવબોધ—એ કૃતિઓ મળે છે. આ કયા વિનયસુંદર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વિનયસુંદર(પંડિત)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ૨૭/૨૯ કડીની 'તપગચ્છ ગુર્વાવલી-સઝાય' (૨.ઈ. ૧૫૯૪ અનુ.; મુ.)ના કર્તા.

કૃતિ : પસમુચ્ચય : ૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વિનયસોમ : આ નામે ૫ કડીનું 'પોષીના પાર્શ્વનાથ-સ્તવન' મળે છે એ વિનયસોમ–૧નું છે કે અન્યનું તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [૨.૨.દ.]

વિનયસોમ–૧ [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યસૂરિના શિષ્ય. ૧૭ કડીના 'ફલોધી પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનાયક [ ] : 'રાધાના દાણનો ગરબો'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફાહનામાવલિ : ૨. [શ્રા.ત્રિ.]

વિનીતકુશલ [ઈ.૧૬૬૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સુમતિકુશલશિષ્ય-વિવેકકુશલના શિષ્ય. વિજયપ્રભસૂરિ (જ.ઈ. ૧૬૨૧-અવ.ઈ.૧૬૯૩)ના સમકાલીન. કવિએ ઈ. ૧૬૬૬માં શત્રુંજય-તીર્થયાત્રા કરેલી. એ વિષયને લઈ ૧૫ કડીનું 'શત્રુંજય-સ્તવન' (૨.ઈ. ૧૬૬૬ના અરસામાં; મુ.) અને ૭ ઢાલની 'શત્રુંજય-તીર્થયાત્રા' (૨.ઈ. ૧૬૬૬ના અરસામાં; મુ.) કૃતિઓ તેમણે રચી છે.

કૃતિ : પ્રાતીસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨. [પા.માં.]

વિનીતવિજય : આ નામે 'વિહરમાણ જિનગતસૂરપ્રભાદિ આઠ-સ્તવન' (લે. ઈ. ૧૭૯૨), ૭ કડીનું 'શાંતિનાથ-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.) ૭ કડીનું 'આદિનાથ-સ્તવન' અને ૨૧ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય' કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા વિનીતવિજય છે તે સ્પષ્ટ થતું નથી

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

વિનીતવિજય–૧ [ઈ. ૧૬૭૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયાનંદસૂરિની પરંપરામાં પ્રીતિવિજયના શિષ્ય. વિજયમાનસૂરિ (જ.ઈ. ૧૬૫૧–અવ. ઈ.૧૭૨૪)ના સમકાલીન. ૧૨૫ કડીના '૧૨૪ અતિચારમય શ્રી મહાવીર-સ્તવન' (૨.ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, આસો સુદ ૧૩), ૭૯ કડીના 'ચોવીસ દંડક વિચારમયવીરજિન-સ્તવન' (૨.સં. સાયર દ્વિજકર ગુણ નભમાસ, સુદ ૩, ગુરુવાર), અને પર્યુષણપર્વને લગતાં ૩-૩ કડીનાં કેટલાંક ચૈત્યવંદનો(મુ.)ના કર્તા.

કૃતિ : સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

વિનીતવિજય–૨ [ઈ. ૧૬૯૯ની આસપાસમાં હયાત] : જૈન સાધુ. લાવણ્યવિજયશિષ્ય પંડિત મેરુવિજયના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ. ૧૬૯૯ની આસપાસ; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. જૈગૂસારત્નો : ૧ (+સં.). [પા.માં.]

વિનીતવિજય–૩ [ ] : જૈન સાધુ. પંડિત રત્નવિજયના શિષ્ય. ૯ કડીની જીવને સંબોધીને રચેલી 'વૈરાગ્યની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૧. [પા.માં.]

વિનીતવિમલ [ઈ. ૧૬૯૩ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. પંડિત શાંતિવિમલના શિષ્ય. ૫૫ કડીના 'અષ્ટાપદ સલોકો', ૫૫ કડીના 'આદિનાથ-સલોકો/ઋષભદેવ-ગીત'(૨.ઈ. ૧૬૯૩ પહેલાં; મુ.), ૧૧૧ કડીના 'વિમલમંત્રી/શાહ/સરનો સલોકો' (અંશત: મુ). અને ૬૫ કડીના 'નેમિનાથ-સલોકો'ના કર્તા.

કૃતિ : ૧. પ્રાસ્તરત્નસંગ્રહ : ૨. સલોકાસંગ્રહ, પ્ર. શા. કેશવલાલ સવાઈ નાઈ; ૩. જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૪૭–'વિમલશાહનો સલોકો', સં. લક્ષ્મીભદ્રવિજયજી.

સંદર્ભ : ૧. શોધ અને સ્વાધ્યાય, હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૬૫ –'સલોકા સાહિત્ય'; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૪૬–'સલોકાનો સંચય', હીરાલાલ કાપડિયા; ☐ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. મુપુગૂહસૂચી; ૫. રાહસૂચી : ૧; ૬. લીંહસૂચી. [પા.માં.]

વિનીતસાગર [ઈ. ૧૭૩૨માં હયાત] : જૈન સાધુ. ૭ કડીના 'સિદ્ધચક્ર-સ્તવન' (૨.ઈ. ૧૭૩૨)ના કર્તા. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં ભાવસાગરશિષ્ય વિનીતસાગરનો નિર્દેશ મળે છે, તે આ છે કે અન્ય તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી. [પા.માં.]

વિબુધવિજય–૧ [ઈ. ૧૬૭૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં કવિ વીરવિજયના શિષ્ય. વૃદ્ધિવિજયના ગુરુભાઈ. ૬૬૮ કડીના 'મંગલકલશ-રાસ' (૨.ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, વૈશાખ–બીજ, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨, ૩(૨). [પા.માં.]

વિબુધવિજય(પંડિત)–૨ [ઈ. ૧૭૨૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં ચતુરવિજયના શિષ્ય. વિજયક્ષમાસૂરિ (જ.ઈ. ૧૬૭૬–અ.વ.ઈ. ૧૭૨૯)ના સમકાલીન. 'સુરસુંદરી-રાસ' (૨.ઈ. ૧૭૨૫/સં. ૧૭૮૧, મુનીસર માસ સુદ–, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

વિબુધવિમલ(સૂરિ)/લક્ષ્મીવિમલ(વાચક) [ઈ. ૧૭૨૪માં હયાત–અવ. ઈ. ૧૭૫૮/સં. ૧૮૧૪, માગશર વદ ૩] : તપગચ્છની વિમલશાખાના જૈન સાધુ. જ્ઞાનવિમલસૂરિની પરંપરામાં કીર્તિવિમલના શિષ્ય. સીતાપુરના વતની. જ્ઞાતિએ પોરવાડ. પિતા ગોકલ મહેતા. માતા રેઈઆ. પૂર્વાશ્રમનું નામ લખમીચંદ. દીક્ષાનામ લક્ષ્મીવિમલ. સૂરિપદ ઈ. ૧૭૪૨માં. અવસાન ઔરંગાબાદમાં. તેમની કેટલીક કૃતિઓ 'લક્ષ્મીવિમલ' એવી નામછાપથી પણ પ્રાપ્ત થાય છે. '૨૦ વિહરમાન જિન-સ્તવન/વીસી' (૨.ઈ. ૧૭૨૪/સં. ૧૭૮૦, આસો સુદ ૧૦, ગુરુવાર; મુ.), સ્વરચિત સંસ્કૃત 'સમ્યક્ત્વપરીક્ષા' નામની દીર્ઘ પદ્યકૃતિ પર બાલાવબોધ (૨.ઈ. ૧૭૫૭/સં. ૧૮૧૩, જેઠ–) અને 'ચોવીસી' (મુ.)ના કર્તા.

૬ કડીની ગૌતમસ્વામીની, ૫ કડીની જ્ઞાનવિમલસૂરિની, ૧૧ કડીની મહાવીરસ્વામીની, ૫ કડીની મુનિ સુવ્રતસ્વામીની, ૯ કડીની વિજયસેનની, ૭ કડીની સામાન્યની અને ૯ કડીની સ્થૂલભદ્રસૂરિની-આ બધી ગહૂંલીઓ(મુ.) પણ આ જ વિબુધવિમલની હોવાની શકયતા છે.

આ ઉપરાંત 'વિબુધવિમલ'ના નામે પ્રાપ્ત થતી 'છપ્પન દિક્કુમારી આદિ સ્વરૂપગર્ભિત મહાવીર જિનજન્મકલ્યાણક-સ્તવન', ૯ કડીનું 'તારંગાજીનું સ્તવન'(મુ.), ૮ કડીનું 'પજુસણનું સ્તવન' (મુ.), ૧૫ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન'(મુ.) અને ૫ કડીની 'વિનયની સઝાય' (મુ.) કૃતિઓ પણ આ વિબુધવિમલની જ હોવાની સંભાવના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. અસ્તમંજૂષા; ૨. ઓરાસંગ્રહ : ૩ (+સં.); ૩. ગહૂંલી-સંગ્રહ, સં. શિવલાલ ઝ. સંઘવી, સં. ૧૯૭૨; ૪. ગહૂંલીસંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧; ૫. જૈનૌકાસંચય (+સં.); ૬. જૈગૂસારત્નો : ૧ (+સં.); ૭. પ્રાસ્તરત્નસંગ્રહ : ૨; ૮. શોભનસ્તવનાવલી, પ્ર. શા. ડાહ્યાભાઈ ફત્તેહચંદ તથા શા. મોતીલાલ મહાસુખભાઈ, ઈ. ૧૮૯૭; ૯. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૧, ૨); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

વિબુધવિમલશિષ્ય [ઈ. ૧૫૧૪ની આસપાસ] : તપગચ્છના જૈન સાધુ. ૧૧૨ કડીની દુહા-ચોપાઈના બંધમાં રચાયેલી 'તપગચ્છ પટ્ટાનુક્રમ ગુર્વાવલી-છંદ' (૨.ઈ.૧૫૧૪ અનુ.; મુ.) અને ૮ કડીની 'પર્યુષણપર્વનું સ્તવન'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. જિનગુણ પદ્યાવળી, પ્ર. શાહ વેણીચંદ સુ. અને બીજા, ઈ. ૧૯૨૫ (બીજી આ.); ૨. પસમુચ્ચય:૨ [કી.જો.]

વિમલ : આ નામે ૧૬ કડીની 'ઋષિ-સઝાય', ૮ કડીની 'ચંદનબાલા-સઝાય'(મુ.) તથા ૬ કડીની 'નમસ્કાર-સઝાય' એ જૈનકૃતિઓ મળે છે તથા 'માતાજીનો ગરબો' (ઉ.ઈ. ૧૮૬૪) એ જૈનેતરકૃતિ મળે છે. એમના કર્તા કયા વિમલ છે તે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : સજ્ઝાયમાલા(પં).

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. લીંહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વિમલ–૧ [ઈ. ૧૫૫૪માં હયાત] : જૈન સાધુ. 'મિત્રચાડ-રાસ' (૨.ઈ. ૧૫૫૪/સં. ૧૬૧૦, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

વિમલ–૨ [ઈ. ૧૫૬૦માં હયાત] : 'હરિરસ' (૨.ઈ. ૧૫૬૦)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [શ્રા.ત્રિ.]

વિમલ–૩ [ઈ. ૧૬૦૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિના શિષ્ય. ૧૨ કડીની 'નવપદમહિમાની સઝાય/શ્રીપાલની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ :૩; ૨. સજ્ઝાયામાળા(પં). [કી.જો.]

વિમલકીર્તિ–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. સાધુકીર્તિની પરંપરામાં વિમલતિલક-સાધુસુંદરના શિષ્ય. અભયદાનના વિષયને કેન્દ્રમાં રાખીને રચેલી 'યશોધરચરિત્ર-ચોપાઈ' (૨.ઈ.૧૬૦૯/સં. ૧૬૬૫, આસો સુદ ૧૦), 'ચંદ્રદૂતકાવ્ય' (૨.ઈ. ૧૬૨૫), 'પ્રતિક્રમણવિધિ-સ્તવન' (૨.ઈ. ૧૬૩૪/સં. ૧૬૯૦, આસો વદ ૩૦) 'જયતિહુઅણ-બાલાવબોધ', 'જીવવિચાર-બાલાવબોધ', 'વિચારષટત્રિંશિકા(દંડક)-બાલાવબોધ/દંડક-બાલાવબોધ', 'નવતત્ત્વ–બાલાવબોધ', 'પદવ્યવસ્થા', ૧૩ કડીના 'મહાવીરના ચંદ્રાવલા', 'ષષ્ટિશતક-બલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વિમલકીર્તિ(પંડિત)–૨ [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. 'ઉપદેશમાલાપ્રકરણ' પરના ટબાના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી' અગરચંદ નાહટા; ☐ ૨. હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વિમલચારિત્ર : તપગચ્છના જૈન સાધુ. ૫ કડીના 'પાર્શ્વજિન-સ્તવન'ના કર્તા. આ કર્તા કયા વિમલચારિત્ર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વિમલચારિત્ર–૧ [ઈ ૧૫૪૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં સંઘચારિત્રના શિષ્ય. ૪૦૦ ગ્રંથાગ્રના 'નવકાર-ચોપાઈ/નવકાર-રાસ/રાજસિંહ-રાસ'(૨.ઈ.૧૫૪૮/સં. ૧૬૦૫, શ્રાવણ સુદ ૧, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

વિમલચારિત્ર(ગણિ)–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : નાગોરી વડતપગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રસૂરિની પરંપરામાં વાચક રત્નચારિત્રના શિષ્ય. 'અંજનાસુંદરી-ચારિત્ર/રાસ' (૨.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૩, માગશર સુદ ૨, ગુરુવાર;*મુ.) અને ઐતિહાસિક 'રાયચંદ્રસૂરિ-રાસ' (૨. ઈ. ૧૬૧૯)ના કર્તા.

કૃતિ : *ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાલા–.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. મરાસસાહિત્ય;☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [કી.જો.]

વિમળદીપ : જુઓ દીપવિમળ.

વિમલધર્મશિષ્ય [ઈ. ૧૪૬૪માં હયાત] : જૈન સાધુ. ૧૪ કડીની 'મહાવીર-વિનતિ' (૨.ઈ. ૧૪૬૪/સં. ૧૫૨૦, જેઠ સુદ ૧૦) તથા ૧૮ કડીની 'જીરાઉલી પાર્શ્વનાથ-વિનતિ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

'વિમલપ્રબંધ/રાસ' [૨. ઈ. ૧૫૧૨/સં. ૧૫૬૮, આસો સુદ–, રવિવાર] : તપગચ્છના જૈન સાધુ અને સમયરત્નશિષ્ય લાવણ્યસમયની ૯ ખંડ ને ૧૩૫૬ કડીની ચોપાઈ, દુહા, વસ્તુ, પવાડ જેવા છંદો અને વિવિધ દેશીઓના ઢાળમાં નિબદ્ધ ચૌલુક્ય રાજા ભીમદેવ પહેલાના સમયમાં થઈ ગયેલા વિમલ મંત્રીના સુકૃત્યોને આલેખી એમના ધર્મવીર તરીકેના ચરિત્રને વિશેષ રૂપે ઉપસાવતી કૃતિ(મુ.). પ્રબંધ, રાસ અને ચરિત્ર ત્રણેનાં સ્વરૂપગત લક્ષણો ઓછેવત્તે અંશે પ્રગટ કરતી આ રચના વિમલ મંત્રીના જીવનની ઘટનાઓ અને એમના પરાક્રમપ્રસંગોને કેટલાક ઐતિહાસિક આધારોનું સમર્થન મળે એ રીતે નિરૂપતી હોઈ મુખ્યતયા 'કાન્હડદેપ્રબંધ' પછીની આ પ્રકારની સૌથી વિશેષ નોંધપાત્ર રચના બની રહે છે. જો કે અહીં દંતકથાઓ પર ઠીકઠીક આધાર રખાયો હોવાને લીધે અને સામાજિક-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાર્મિક પ્રસંગોનું નિરૂપણ વિશેષ થયું હોવાને લીધે વિમલ મંત્રીની પ્રશસ્તિ અને જૈન ધર્મના પ્રભાવનું ગાન કરવાનો કવિનો ઉદ્દેશ ઉપર તરી આવે છે.

પ્રારંભના ૨ ખંડોમાં શ્રીમાલનગર અને શ્રીમાલવંશની સ્થાપના, ઓસવાળો અને પ્રાગ્વાટો, અઢાર વર્ણની વ્યવસ્થા, ૬ દર્શન, ૯૬ પ્રકારનાં પાખંડ વગેરેનો પરિચય આપી ત્રીજા ખંડમાં વીર નામે શ્રેષ્ઠીને ત્યાં વીરમતીની કુખે વિમલના જન્મની વાત કવિ કહે છે. પાટણના શ્રીદત્ત શ્રેષ્ઠીની પુત્રી શ્રી સાથે વિમલનું લગ્ન, વિમલ વિરુદ્ધની કાનભંભેરણીથી ભોળવાઈને રાજા ભીમે એની હત્યા કરવા માટે કરેલા પ્રયત્ન, યુદ્ધોમાં વિમલે મેળવેલા વિજય, ભીમને હાથે જ પાછળથી વિમલનું થતું સંમાન, ગુરુએ આબુ પર્વત પર જૈન મંદિર બંધાવવા વિમલને આપેલો આદેશ—એ બધા પ્રસંગો બાકીના ખંડોમાં આલેખાયા છે. એમાં અંબા પાસે પુત્રપ્રાપ્તિને બદલે તીર્થ-રચનાનું વરદાન માગવાનો પ્રસંગ વિમલના ધર્મવીરચરિત્રને સૂચક રીતે ઉપસાવે છે.

કળિયુગનું વર્ણન, રોમનગરના સુલતાનની બેગમોનું ખડી બોલીમાં ટીખળ, ઓજસ્વી શૈલીવાળું યુદ્ધવર્ણન, વિજય પછીનો વિમલનો અલંકૃત શૈલીમાં વર્ણવાયેલો સત્કાર તથા સ્ત્રીપુરુષનાં સામુદ્રિક લક્ષણો, રાગરાગિણીઓ, સ્ત્રીપુરુષની કલાઓ, શુકન-અપ-શુકનની માન્યતાઓ વગેરેનાં વીગતસભર ચિત્રણો—આવા કેટલાક અંશો આ કૃતિને કવિની અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ધ્યાનાર્હ કૃતિ બનાવે છે. [કા.શા.]

વિમલપ્ર મ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : વડતપગચ્છની પિપ્પલશાખાના જૈન સાધુ. ૨૯૪ કડીની 'વલકલચીરી-રાસ' (૨.ઈ. ૧૫૯૧) તથા 'થાવચ્ચાકુમાર-ભાસ' (૨.ઈ. ૧૫૯૯/સં. ૧૬૫૫, કારતક સુદ ૮) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, એપ્રિલ—મે ૧૯૪૮—'થિરાપદ્ર-ગચ્છીય ભંડારોંમેં ઉપલબ્ધ વિવાહલો, સંધિ, ભાસ, ધવલસંન્નક સાહિત્ય', વિજયયતીન્દ્રસૂરિજી; ☐ ૨. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

વિમલરત્ન [ઈ. ૧૬૪૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. વિમલકીર્તિની પરંપરામાં વિજયકીર્તિના શિષ્ય. 'વીરચરિત્ર-બાલાવ-બોધ' (૨.ઈ. ૧૬૪૬/સં. ૧૭૦૨, પોષ સુદ ૧૦), ૯ કડીના 'જિન-રત્નસૂરિનિર્વાણ-ગીત'(મુ.) અને ૮ કડીના 'વિમલકીર્તિગુરુ-ગીત'(મુ.)-ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંચય (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

વિમલરંગ(મુનિ)શિષ્ય [ઈ. ૧૫૭૨માં હયાત] : જૈન સાધુ. ૧૪૧ કડીના, વિવિધ રાગ તથા દેશીઓનો નિર્દેશ કરતા અને જિનચંદ્ર-સૂરિનો મહિમા ગાતા ઐતિહાસિક કથાવસ્તુવાળા 'અકબરપ્રતિબોધ-રાસ/શ્રી યુગપ્રધાન જિનચંદ્રસૂરીશ્વર-રાસ' (૨.ઈ. ૧૫૭૨/સં.૧૬૨૮, જેઠ વદ ૧૩—; મુ.)ના કર્તા.

કૃતિ : રાસ ઔર રાસાન્વયી કાવ્ય, સં. દશરથ ઓઝા અને દશરથ શર્મા, સં. ૨૦૧૬ (+સં.). [કી.જો.]

વિમલવિજય—૧ [ઈ. ૧૬૯૩ પછી] : તપગચ્છના જૈન સાધુ. હીર-વિજયસૂરિની પરંપરામાં વિજયપ્રભ (ઈ. ૧૬૨૧-૧૬૯૩)ના શિષ્ય તરીકે તેઓ નોંધાયા છે, પરંતુ વિજયપ્રભના સીધા શિષ્ય તેઓ હોય એવી સંભાવના ઓછી છે, એટલે તેઓ ઈ. ૧૬૯૩ પછી થયા હોવાનું કહી શકાય. તેઓ વિમલવિજય—૨ પણ કદાચ હોઈ શકે. ૫૫ કડીનું 'અષ્ટાપદ સમેતશિખર-સ્તવન' (લે. સં. ૧૮મું શતક અનુ.) તથા ૪ ઢાલ અને ૩૭/૩૮ કડીની 'વિજયપ્રભસૂરિ-નિર્વાણ' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [કી.જો.]

વિમલવિજય—૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિમલહર્ષના શિષ્ય. ૪૨ કડીના 'નેમિ-નાથ-સ્તવન' (લે. સં. ૧૮મું શતક અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વિમલવિનય [ઈ. ૧૫૯૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ગુણશેખરની પરંપરામાં નયરંગના શિષ્ય. ૭૨ કડીના 'અનાથીસંધિ' (૨.ઈ. ૧૫૯૧/સં. ૧૬૪૭, ફાગણ સુદ ૩), ૪ ઢાલ અને ૬૬ કડીના 'અરહન્નક-રાસ' તથા કેટલાંક સ્તવનોના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈગૂ-કવિઓ : ૩(૧); ૪. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). [કી.જો.]

વિમલ(વાચક)શિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૧૨ કડીના '(નાડુલાઈમંડન) નેમિનાથ-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વિમલહર્ષ : આ નામે ૫ કડીનું 'સીમંધરજિન-ગીત' (લે. ઈ. ૧૫૩૮) અને 'શત્રુંજય-સ્તવન' (લે. ઈ. ૧૮મી સદી) મળે છે. તેમના કર્તા કયા વિમલહર્ષ છે તે સ્પષ્ટપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાહસૂચી : ૨. [કી.જો.]

'વિરાટપર્વ'—૧ [૨. ઈ. ૧૫૪૫/સં. માગશર સુદ ૧૦, સોમવાર] : વીકાસૂત નાકરરચિત, ૧૫ રાગનો વિનિયોગ થયાનું જણાવતી ૬૫ કડવાંની આ આખ્યાનકૃતિ(મુ.) એમાં વ્યક્ત થતી કવિની પ્રૌઢિ ને પકવતાને કારણે સવિશેષ નોંધપાત્ર બને છે.

પૂર્વકથાને વણી લેવાની પોતાની લાક્ષણિક પદ્ધતિને અનુસરી કવિ અહીં પહેલાં ૨૧ કડવાંમાં મહાભારતના આદિપર્વ, સભાપર્વ અને આરણ્યકપર્વનું વૃત્તાંત સંક્ષેપમાં વર્ણવે છે અને બાકીનાં કડવાં-ઓમાં વિરાટપર્વના વૃત્તાન્તનું વર્ણન કરે છે. ક્વચિત્ પ્રસંગોનો ક્રમફેર થાય છે ને ઘણી વાર પ્રસંગનું વીગતફેર કે વિસ્તારથી વર્ણન થાય છે, તે સિવાય સામાન્ય રીતે મૂળ મહાભારતકથાનું અહીં અનુ-સરણ થયું છે. જીમૂતપ્રસંગમાં કવિ પાંડવોની શોધનું પ્રયોજન જોડે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે ને કીચકપ્રસંગને ઉપકારક રીતે એની કેટલીક વીગતો રચે છે એમાં કવિની કથાનિર્માણની શકિત દેખાય છે. પાંડવો વિરાટનગરમાં પ્રવેશે છે તે વેળા ગોપાલકોનો પ્રસંગ કવિ યોજે છે, તેમાં ગ્રીક નાટકના કૉરસના જેવું રચનાવિધાન નીપજી આવ્યું છે.

એ સિવાય પ્રસંગનિરૂપણોમાં જે નવી રેખાઓ છે તે માનવ-સ્વભાવના ચિત્રણ કે રસપ્રદતાના ધોરણથી આવેલી છે. જેમ કે, કવિ દ્રૌપદીને કીચકને જોવાની ઉત્કંઠા બતાવતી વર્ણવે છે એમાં સામાન્ય સ્ત્રીસ્વભાવનો પ્રક્ષેપ થયો છે. માનવભાવનો આવો પ્રક્ષેપ કેટલીક વાર સમુચિત ને રસાત્મક હોય છે તો કોઈ વાર પૌરાણિક પાત્રના ગૌરવને ખંડિત કરનારો પણ બને છે. યુધિષ્ઠિર પોતાના ભાઈઓ અને દ્રૌપદી વિશે ચિંતા કરે એમાં એમના હૃદયની ઉષ્મા પ્રગટ થાય છે, પરંતુ બૃહદશ્વ ઋષિ પાસે એ ભાઈઓ વિશે ફરિયાદ કરે એ એમના પાત્રને શોભાસ્પદ બનતું નથી. પરંતુ માનવભાવોના આવા આલેખનની વારંવાર તક લઈને નાકરે મહાભારતકથાને વધારે લોકભોગ્ય બનાવી છે. લોકભોગ્યતાના થોડા પુટ સાથે પાત્રોનાં સ્વભાવલક્ષણો મૂર્ત કરવાની સારી ફાવટ એમણે બતાવી છે.

પ્રસંગોચિત રીતે અહીં વીર, રૌદ્ર, ભયાનક, અદભુત, કરુણ, અને શૃંગારનું નિરૂપણ થયું છે. શૃંગાર બહુધા કરુણનું અંગ બનીને આવે છે. પણ કવિએ વિનોદની લહરીઓ અવારનવાર ફરકાવી છે એ વધારે તાજગીભર્યું લાગે છે. કીચક-વધના કરુણ-રુદ્ર પ્રસંગને પણ એ વિનોદી વળાંક આપે છે. વર્ણનોમાં અલંકારવિનિયોજનની અને ઝડઝમકભરી પદાવલિની કવિની શકિત દેખાઈ આવે છે. જીમૂત-ભીમ અને કીચક-ભીમનાં દ્વન્દ્વયુદ્ધો શબ્દના સબળ ટંકારવથી આલેખાયેલાં છે, તો દ્રૌપદીનું સૌન્દર્યવર્ણન અલંકારછટાથી ને સમુચિત વર્ણવિન્યાસથી ઓપતું છે.

સવૈયા-હરિગીતની વિવિધ દેશીઓ પ્રયોજતા નાકરે ડિંગળ જેવી ઓજસ ભરી પદાવલિમાં ચારણી છંદોરચના કરી છે, ને કવચિત્ પદ-પદ્ધતિનાં કડવાં પણ આપ્યાં છે.

કૃતિના રચનાસમયના નિર્દેશમાં પાઠાંતરો પ્રાપ્ત થાય છે, પરંતુ ઉપર નિર્દિષ્ટ રચનાસમય અધિકૃત જણાય છે. [ચિ.ત્રિ].

'વિરાટપર્વ'–૨ [ઈ. ૧૪૨૨ પહેલાં] : દક્ષિણગોગ્રહ અને ઉત્તરગોગ્રહ એમ બે ખંડમાં વહેંચાયેલી ૧૮૩ કડીની જૈન કવિ શાલિસૂરિકૃત આ રચનાને(મુ.) કવિએ 'કવિત' સંજ્ઞાથી ઓળખાવી છે. જૈન કવિની હોવા છતાં જૈન મહાભારતની નહીં પરંતુ વ્યાસરચિત મહાભારતની કથાપરંપરાને અનુસરવાનું વલણ, કૃતિના પ્રારંભમાં સરસ્વતીની વંદના તથા માત્રામેળને બદલે સ્વાગતા–રથોદ્ધતા–વસંતતિલકા-માલિની જેવા અક્ષરમેળ છંદોનો ઉપયોગ આ કૃતિની જુદી તરી આવતી લાક્ષણિકતાઓ છે. કવિએ કાવ્યમાં રચનાસાલ આપી નથી, પરંતુ માણિક્યસુંદરના 'પૃથ્વીચંદ્રચરિત્ર' (૨.ઈ. ૧૪૨૨)માં આ કાવ્યમાંથી ૨ કડીની એકએક પંક્તિ ઉદ્ધૃત કરવામાં આવી છે, એટલે આ કૃતિની રચના તે પૂર્વે થઈ હોવાનું કહી શકાય. કૃતિના ભાષાસ્વરૂપ પરથી તે ઈ. ૧૫મી સદીમાં રચાઈ હોવાનું અનુમાન પણ થયું છે.

મહાભારતના 'વિરાટપર્વ'ના મુખ્ય કથાતંતુ કવિએ અહીં જાળવ્યા છે, અને અન્ય ગૌણ પ્રસંગો ને વીગત ટાળ્યાં છે. એટલે પહેલા ખંડમાં દ્રૌપદીથી આકર્ષાયેલા કીચકનો અને પછી તેના ભાઈઓનો ભીમ વધ કરે છે એ તથા સુશર્મા અને વિરાટ રાજા વચ્ચે થયેલા યુદ્ધની કથાના પ્રસંગો આલેખાયા છે. બીજા ખંડમાં વિરાટપુત્ર ઉત્તરે અર્જુનની સહાયથી કૌરવો પર મેળવેલા વિજયની કથા છે. સમગ્ર આલેખનમાંથી પાંડવોના વીરત્વને ઉપસાવવાનો કવિનો ઉપક્રમ ઊપસી આવે છે. શબ્દ અને અર્થના અલંકારોનો આશ્રય લઈ યુદ્ધનાં ને અન્ય વર્ણનો તાદૃશ કરવાનો કવિએ પ્રયત્ન કર્યો છે તેમાં પરંપરાને અનુસરવાનું વલણ પ્રબળ છે. પરંતુ પ્રસંગનિરૂપણમાં અનેક જગ્યાએ વક્તવ્યને ધારદાર બનાવવા કવિએ વણી લીધેલી લોકોક્તિઓ કવિની શૈલીની ધ્યાનપાત્ર લાક્ષણિકતા છે. જેમ કે, દ્રૌપદી પ્રત્યે આકર્ષાયેલા કીચકને ચેતવણી આપતાં સુદેષ્ણા કહે છે, "કિમઈ ન જાણિઉં ફલ નૈવ ખાજઈ આણજાણતું અંધ ઉબાડિ દાઝઈ." [ભા.વૈ.]

વિલ્હણ : જુઓ બિલ્હ.

વિલ્લ [ ] : અપભ્રંશની અસર ધરાવતા સુભાષિતોના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

વિવેક : આ નામે ૧૫ કડીનું 'મહાવીરજીનું સ્તોત્ર' (લે.ઈ. ૧૮૫૪) મળે છે. તેના કર્તા કયા વિવેક છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિવેકચંદ્ર : આ નામે ૧૧ કડીનું 'શાંતિનાથ-સ્તવન' મળે છે. તેના કર્તા કયા વિવેકચંદ્ર છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

વિવેકચંદ્ર–૧ [ઈ. ૧૬૪૧માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં ગુણચંદ્રગણિના શિષ્ય. ૧૯ ઢાળ અને ૪૩૬ કડીના સુરપાળનો રાસ' (૨.ઈ. ૧૬૪૧/સં. ૧૬૯૭, પોષ સુદ ૧૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસમાળા;☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [શ્રા.ત્રિ.]

વિવેકચંદ્ર–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવની પરંપરામાં વાચક ભાનુચંદ્રના શિષ્ય. દીક્ષા પહેલાં સગા ભાઈ અને દીક્ષા પછી દેવચંદ્ર (અવ. ઈ. ૧૬૪૦)ના ગુરુભાઈ.

'દેવચંદ્ર-રાસ' (૨. ઈ. ૧૬૪૦ પછી), ૨૫/૨૭ કડીનો 'જીવદયાનો છંદ/શિખામણનો સલોકો'(મુ.) અને ૪ કડીની 'પાર્શ્વનાથ-સ્તુતિ'ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : ૧. પસમુચ્ચય : ૨;☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવેકરત્ન [ઈ. ૧૫૧૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. લાવણ્યરત્નના શિષ્ય. ૬૪૬ કડીના 'યશોધર-ચરિત્ર/રાસ' (૨.ઈ.૧૫૧૭)ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

વિવેકવર્ધન [ ] : જૈન. ૩૬ કડીના 'આદિદેવ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચી : ૧. [શ્રા.ત્રિ.]

વિવેકવિજય : આ નામે ૪ કડીનું 'મગસીપાશ્વનાથ-સ્તવન' અને ૯ કડીનું 'મહાવીરજિન-સ્તોત્ર' (લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે. તેમના કર્તા કયા વિવેકવિજય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

વિવેકવિજય–૧ [ઈ. ૧૬૨૧માં હયાત] : જૈન સાધુ. જ્ઞાનવિજયના શિષ્ય. 'શાલિભદ્રધન્નાનો રાસ' (૨.ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, ચૈત્ર સુદ ૬)ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [શ્રા.ત્રિ.]

વિવેકવિજય–૨ [ઈ. ૧૬૭૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વીરવિજયના શિષ્ય. ૪ ખંડ અને ૩૫ ઢાલના 'મૃગાંકલેખા-રાસ' (૨.ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, આસો સુદ ૧૦, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસ-માળા; ☐ ૪. જૈગુકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

વિવેકવિજય–૩ [ઈ. ૧૭૦૮માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં ચતુરવિજયના શિષ્ય. 'રિપુમર્દન-રાસ' અને 'અર્બુદાચલ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૦૮/સં.૧૭૬૪, જેઠ વદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગુ-કવિઓ : ૧, ૩(૧, ૨). [શ્રા.ત્રિ.]

વિવેકવિજય–૪ [ઈ. ૧૮૧૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં ડુંગરવિજયના શિષ્ય. ૧૧ ઢાલના 'નવતત્ત્વનું સ્તવન' (૨.ઈ. ૧૮૧૬/સં. ૧૮૭૨, આસો સુદ ૧૦, ગુરુવાર; મુ.)ના કર્તા. 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર'માં વિવેકસુંદરને નામે નોંધાયેલી 'નવતત્ત્વ-વિચારગર્ભિત-આદિજિન-સ્તવન' (૨.ઈ. ૧૮૧૬) કૃતિ અને પ્રસ્તુત રચના એક હોવા સંભવ છે.

કૃતિ : ૧. કસસ્તવન; ૨. ચૈસ્તસંગ્રહ : ૩.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિવેકસિદ્ધિ [ ] : સંભવત: ખરતરગચ્છનાં જૈન સાધ્વી. ૧૧ કડીના 'વિમલસિદ્ધિગુરુણી-ગીત'(મુ.)નાં કર્તા. ગીતમાં ઉલ્લેખાયેલા લલિતકીર્તિ અને ઈ. ૧૬૨૩માં હયાત લલિતકીર્તિ જો એક હોય તો આ કવયિત્રીને ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ પછીના સમયમાં મૂકી શકાય.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.).

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [શ્રા.ત્રિ.]

વિવેકહર્ષ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલની પરંપરામાં હર્ષાનંદગણિના શિષ્ય. વિદ્વાન અને પ્રતાપી. ઈ. ૧૬૧૧નો તેમનો પ્રતિમાલેખ મળે છે. તેમણે કચ્છના રાજા ભારમલ્લને (ઈ. ૧૫૮૬–ઈ. ૧૬૩૨) પ્રતિ-બોધ્યા હતા. ૧૦૧ કડીના 'હીરવિજયસૂરિ(નિર્વાણ)-રાસ' (૨. ઈ. ૧૫૯૬/સં. ૧૬૫૨, ભાદરવા સુદ ૧૧, ગુરુવાર; મુ.), ૨૨ કડીની 'હીરવિજયસૂરિનિર્વાણ-સઝાય'(૨.ઈ.૧૫૯૬; મુ.), ૨૪ કડીના 'ઋષભ નેમિનાથ-સ્તવન', 'ક્ષુધા-પિપાસા-શીત-ઊષ્ણની સઝાય' અને ૭ પ્રકરણના 'પરબ્રહ્મ-પ્રકાશ'ના કર્તા.

કૃતિ : ૧. જૈઐકાસંચય; ☐ ૨. જૈનયુગ, અષાઢ-શ્રાવણ ૧૯૮૬-'હીરવિજયસૂરિ(નિર્વાણ) રાસ', સં. મો. દ. દેશાઈ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહ-સૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વિવેકહર્ષ(પંડિત)–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. કલ્યાણસુંદરના શિષ્ય. ૨૯ કડીની 'તપગચ્છ-ગુર્વાવલી-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્ર-હગત ગુજરાતી હસ્તપ્રતસૂચી'એ આ જ કૃતિ ભૂલથી વિનયસુંદરકૃત ૨૨ કડીની 'હીરવિજયસૂરિ-સ્વાધ્યાય'ને નામે પણ નોંધી છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

વિવેકહંસ(ઉપાધ્યાય) [ઈ ૧૫૫૪ સુધીમાં] : 'ઉપાસક દશાંગ-બાલાવ બોધ' (લે. ઈ. ૧૫૫૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

વિશાલરાજ : જુઓ સુધાભૂષણશિષ્ય.

વિશાલસાગર [ ] : જૈન સાધુ. કલ્યાણસાગરના શિષ્ય. ૭ કડીની 'ગહૂંલી'(મુ.)ના કર્તા.

કૃતિ : ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ–૧, પ્ર. ખીમજી ભીમસિંહ માણક, ઈ. ૧૮૯૧. [શ્રા.ત્રિ.]

વિશાલસુંદરશિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૭ કડીની 'ગૌતમ-ભાસ', ૭ કડીની 'નાગૌર-ચૈત્યપરિપાટી'(મુ.), ૧૩ કડીનું 'બંભણવાડા મહાવીર-સ્તોત્ર'(મુ.), ૬૪ કડીનું 'સપ્તતિશત-જિનનામગ્રહ-સ્તોત્ર/સત્તારિસયજિન-સ્તવન' (લે. સં. ૧૭મી સદી) તથા ૧૩ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય'(મુ.) એ કૃતિઓના કર્તા. 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિ-પત્ર'–એ 'સત્તારિસયજિન-સ્તવન' વિશાલસુંદરને નામે નોંધી છે, પણ એ ભૂલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. ઐસમાલા: ૧;□ ૨. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. ૧૯૪૩–'શ્રી વિશાલસુંદરશિષ્ય વિરચિત 'શ્રી બંભણવાડા મહાવીર-સ્તોત્ર', સં. જયંતવિજયજી; ૩. એજન, જાન્યુ. ૧૯૪૭–'નાગોર ચૈત્યપરિપાટી', સં. અગરચંદ નહટા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

વિશાલસોમશિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૧૫ કડીની 'મૌન એકાદશી-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : મોસસંગ્રહ. [કી.જો.]

વિશુદ્ધવિમલ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. વીરવિમલના શિષ્ય. ૫ ઢાળ અને ૪૨ કડીના 'મૌન એકાદશી-સ્તવન' (૨.ઈ. ૧૭૨૪/૨૫; મુ.), 'વીસ વિહરમાનજિન-સ્તવન/વીસી' (૨. ઈ.૧૭૪૮/સં. ૧૮૦૪, સુકરમાસ), 'તેર કાઠિયાની સઝાય' (૨.ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦, માગશર સુદ ૨, ગુરુવાર; મુ.),૧૫ કડીની 'આત્મહિતશિક્ષા/ચેતનને શિખામણ/જીવને ઉપદેશની સઝાય'(મુ.), ૧૪ કડીની 'આત્મશિક્ષા/યૌવનઅસ્થિરતાની સઝાય'(મુ.), ૮–૮ કડીની બે 'આત્મશિખામણ/વાણિયાની સઝાય'(મુ.), અગિયાર ગણધર, વૈરાગ્ય, સમકિત વગેરે પર સઝાયો (કેટલીક મુ.), પાર્શ્વનાથ, જિનપૂજાવિધિ વગેરે વિશે સ્તવનો–સ્તુતિઓ (કેટલાંક મુ.) વગેરે કૃતિઓની રચના તેમણે કરી છે.

કૃતિ : ૧. ગહૂંલીસંગ્રહ, સં. સંઘવી શિવલાલ ઝ., સં. ૧૯૭૨; ૨. ચોવીસતસંગ્રહ; ૩. જૈસસંગ્રહ(જે); ૪. જૈસસંગ્રહ(ન); ૫. પ્રાસ્તરત્નસંગ્રહ : ૨; મોસસંગ્રહ; ૭. વીશીયો તથા વિવિધ પ્રકારની પૂજાઓ, પ્ર. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૨૫; ૮. સજ્ઝાયમાલા(પ્રા) : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. ડિકૅટલૉગબીજે; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

વિશુદ્ધાનંદ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. તેમની 'વેદસ્તુતિ'માં 'દશમસ્કંધ'ના ૮૯મા અધ્યાયનું ગદ્યમાં ભાષાંતર છે.

સંદર્ભ : ગુસાપઅહેવાલ : ૫–'સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય,' કલ્યાણરાય ન. જોશી. [શ્રા.ત્રિ.]

વિશ્વનાથ : આ નામે ૪૩/૫૩ કડીનો 'અંબાનો ગરબો'(મુ.), ૧૭ કડીનો 'શારદા માતાનો ગરબો'(મુ.), ૪૧ કડીનો 'ભસ્મકંકણનો ગરબો'(મુ.) એ ગરબાઓ તથા જ્ઞાનવૈરાગ્યનું ૮ કડીનું ભજન(મુ.) મળે છે. તેમના કર્તા કયા વિશ્વનાથ છે તે સ્પષ્ટ રીતે કહી શકાય એમ નથી. માતાના ગરબાના રચયિતા વિશ્વનાથ કદાચ એક જ કવિ હોઈ શકે.

કૃતિ : ૧. અંબીકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. ટ્રિવેદી, ઈ. ૧૮૯૭; ૩. બૃહત સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમ ગી. શાહ, ઈ. ૧૯૫૦; ૪. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગબીજે. [ક્રા.શા.]

વિશ્વનાથ–૧ [ઈ. ૧૬૫૨માં હયાત] : આખ્યાનકાર અને પદકવિ. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. અવટંક જાની. 'મોસાળા-ચરિત્ર'ની રચના તેમણે પાટણમાં કરી છે અને એમનાં બીજાં ૨ કાવ્યોની હસ્તપ્રત પણ પાટણમાંથી મળી છે, એટલે તેઓ પાટણ કે પાટણની આસપાસના કોઈ ગામના વતની હોય એવી સંભાવના છે. એમનાં કાવ્યોમાં અનુભવાતાં ઉત્કટ ગોપીભાવ અને કૃષ્ણપ્રીતિને કારણે તથા ૬ કડીનું 'શ્રીનાથજીનું ધોળ' (લે. ઈ. ૧૭૪૪; મુ.) જો એમની રચના હોય તો તેઓ પુષ્ટિમાર્ગીય કવિ હોવાની પણ શકયતા છે.

ભાલણ પછી પોતાની ભાષાને 'ગુજર ભાષા' તરીકે ઉલ્લેખનાર વિશ્વનાથ જાની પ્રેમલક્ષણા ભકિતની ધારાના મહત્ત્વના કવિ છે.

વિવિધ રાગના નિર્દેશવાળું ૨૩ કડવાંનું 'સગાળ-ચરિત્ર' (૨.ઈ. ૧૬૫૨; મુ.) અન્નદાનનો મહિમા સમજાવવાના હેતુથી રચાયેલું સાધારણ કોટિનું આખ્યાન છે, તો પણ કુંવર ચેલૈયાને ખાંડતી માતાના વાત્સલ્યપૂર્ણ ઉદ્ગારોમાં કવિની ભાવનિરૂપણની શકિતનો અનુભવ થાય છે. એને મુકાબલે ભકતની અચળ ઈશ્વરશ્રદ્ધા ને ભકિતનો મહિમા કરતું નરસિંહજીવનના મામેરાના પ્રસંગને વિષય બનાવી રચાયેલું ૧૮/૨૧ કડવાંનું 'મોસાળાચરિત્ર'←(૨.ઈ. ૧૬૫૨/સં. ૧૭૦૮, ચૈત્ર વદ ૧૩, શનિવાર; મુ.) વધારે ધ્યાનાર્હ કૃતિ છે. એમાં જોવા મળતાં પ્રસંગબીજ પોતાના 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે વધારે રસાવહ બનાવી ખીલવ્યાં છે એ રીતે પ્રેમાનંદની પુરોગામી કૃતિ તરીકે એનું મૂલ્ય છે, પરંતુ એ સિવાય કથાવિકાસ, ચરિત્રચિત્રણ કે પ્રસંગનિરૂપણની દૃષ્ટિએ આ વિષયની અન્ય કૃતિઓ કરતાં એ વધારે કાવ્યગુણવાળી છે.

કવિની પદબદ્ધ કૃતિઓમાં ૪૦ પદો અને આશરે ૩૭૫ કડીની 'ચતુર-ચાલીસી'←(મુ.) જયદેવના 'ગીતગોવિન્દ'ના વિષયને અનુસરતી શૃંગારપ્રધાન રચના છે. પ્રસંગાલેખન કરતાં ભાવનિરૂપણ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતી, સંવાદનો વિશેષ આશ્રય લેવાને કારણે નાટ્યાત્મકતાનો અનુભવ કરાવતી આ કૃતિ એની સુશ્લિષ્ટતા, ભાવવૈવિધ્ય અને એમાંના સુરુચિપૂર્ણ સંયત શૃંગાર એ દરેક દૃષ્ટિએ પ્રેમલક્ષણાભકિતની આસ્વાદ્ય રચના બની રહે છે.

પરંતુ કવિની ઉત્તમ કૃતિ તો ભાગવતના ઉદ્ધવસંદેશને વિષય બનાવીને રચાયેલી ૨૪ ગુજરાતી અને ૧ વ્રજ-હિંદી પદની 'પ્રેમપચીસી'←(મુ.) છે. અભિવ્યકિત કે ભાવનિરૂપણની દૃષ્ટિએ ઉદ્ધવસંદેશનાં અન્ય કાવ્યોથી આ કૃતિ જુદી પડી જાય છે. દેવકી, કૃષ્ણ, વસુદેવ, નંદ, જસોદા, ગોપી કે ઉદ્ધવની ઉકિત રૂપે સંવાદાત્મક રીતિથી ગૂંથાયેલાં આ પદોમાં ગોપીઓએ કૃષ્ણને આપેલા ઉપાલંભોમાં કે એમની વિરહવ્યાકુળતામાં શૃંગારભાવનું કેટલુંક નિરૂપણ છે, પરંતુ કૃતિમાં પ્રધાન રૂપે તો અનુભવાય છે કૃષ્ણ અને નંદજસોદાનો પરસ્પર માટેનો પ્રેમ. ભાવની નૂતનતા, મૂર્તતા, સૂક્ષ્મતા કે ઉત્કટતા ને ભાષાની પ્રસાદિકતાની દૃષ્ટિએ એ ગુજરાતીની મનોરમ કૃતિ છે.

કૃતિ : ૧. ચતુરચાલીસી, સં. મહેન્દ્ર અ. દવે, ઈ. ૧૯૮૬ (+સં.); ૨. પ્રેમપચીસી, સં. જિતેન્દ્ર દવે અને મહેન્દ્ર દવે, ઈ. ૧૯૭૨-(+સં); ૩. મોસાળા-ચરિત્ર, સં. મહેન્દ્ર અ. દવે, ઈ. ૧૯૮૭ (+સં); □ ૪ ભ્રમરગીતા (+સં.); ૫. બૃકાદોહન:૮ (+સં.); ૬. સગાળશા-આખ્યાન, સં. વ્રજરાય મુ. દેસાઈ, ઈ. ૧૯૩૪ (+સં.); ૭. સગુકાવ્ય (+સં.).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુજૂકહકીકત; ૩. ગુલિટરેચર; ૪. ગુસાઈતિહાસ : ૨; ૫. ગુસામધ્ય; ૬. ગુસારસ્વતો; ૭. પ્રાકકૃતિઓ; ૮. સાહિત્યકાર પ્રેમાનંદ (પૂર્વાર્ધ), સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૬૭–'મામેરું : વિશ્વનાથ જાનીનું અને પ્રેમાનંદનું–એક તુલના', મહેન્દ્ર દવે; ☐ ૯. ફાલ્ગુમાસિક, એપ્રિલ-જૂન ૧૯૬૫–'વિશ્વનાથ જાનીકૃત 'ચતુરચાલીસી', સં. મહેન્દ્ર દવે; ☐ ૧૦. ગૂહાયાદી; ૧૧. ડિક્ટેલોંગબીજે; ૧૨. ફાહનામાવલિ : ૨. [જ.કો.]

વિશ્વનાથ–૨ [ઈ. ૧૬૭૬ કે ઈ. ૧૭૦૬માં હયાત] : ૮ સર્ગના ગેયકાવ્ય 'રસિકરાજ/રાધાકૃષ્ણવિનોદ' (૨.ઈ. ૧૬૭૬ કે ઈ. ૧૭૦૬/સં. ૧૭૬૨, જેઠ સુદ ૨, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. કદહસૂચિ; ૩. ગૂહાયાદી. [કા.શા.]

વિશ્વનાથ–૩ [ ] : વિવિધ રાગની દેશીઓમાં રચાયેલી ૪ ખંડ ને ૩૯૯ કડી સુધી ખંડિત રૂપે મળતી 'ગનીમની લડાઈનો પવાડો'(મુ.)ના કર્તા. આ કાવ્યમાં ગનીમ(મરાઠાઓ. દુશ્મન –લૂંટારા એ અર્થમાં વ્યાપક આ શબ્દ મુસલમાનકાળ દરમ્યાન પ્રજાજીવનમાં મરાઠાઓ માટે સાંકેતિક અર્થમાં વપરાતો હતો) અને ગુજરાતના મુસલમાન સરદારો વચ્ચે નર્મદાકિનારે આવેલા બાબાપ્યારા પાસે થયેલા યુદ્ધના પ્રસંગને એમાં આલેખવામાં આવ્યો છે. મરાઠાઓ અને મુસલમાની સૈન્ય વચ્ચે ઈ.૧૭૦૫/૦૬માં બાબાપ્યારા પાસે યુદ્ધ થયેલું એવા ઐતિહાસક ઉલ્લેખ મળે છે. આ કાવ્ય એ પ્રસંગને અનુલક્ષીને છે એટલે તેની રચના ત્યારપછી થઈ હશે.

કાવ્યત્વની દૃષ્ટિએ નહીં, પણ ઐતિહાસિક દૃષ્ટિએ આ કાવ્ય મહત્ત્વનું છે. મરાઠાઓની યુદ્ધરીતિ, હારેલા મુસલમાની સૈન્યના નાસભાગ કરતા સૈનિકોની હાલત ઇત્યાદિના આલેખનને લીધે એમાંનું યુદ્ધવર્ણન વાસ્તવિક ને મધ્યકાલીન કવિતામાં થતાં પરંપરાનુસારી યુદ્ધવર્ણનો કરતાં જુદું પડે છે. યુદ્ધવર્ણન સિવાય મરાઠાઓએ ગુજરાતનાં શહેરો ને ગામોમાં ચલાવેલી લૂંટફાટ, એમના આગમનના સમાચારથી અમદાવાદની પ્રજામાં ફેલાયેલો આતંક એનું પણ કવિએ વીગતે આલેખન કર્યું છે, જે કૃતિને વિશિષ્ટ ઐતિહાસિક મૂલ્યવાળી બનાવે છે. ચોથા ખંડમાં મરાઠાઓના સંતાપથી બચાવવા કવિ અંબા માતાને સહાય રૂપ થવા પ્રાર્થના કરે છે.

કૃતિ : કવિ વિશ્વનાથથકૃત ગનીમની લડાઈનો પવાડો, સં. મંજુલાલ ૨. મજમુદાર તથા ગણેશ કૃષ્ણ ગોખલે, ઈ. ૧૯૬૫.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ફાલ્ગુમાસિક, ઓકટો.-ડિસે. ૧૯૬૬–'ગનીમનો પવાડો : કર્તૃત્વ', મહેન્દ્ર અ. દવે; ☐ ૩. ગૂહાયાદી. [કા.શા.]

વિશ્વનાથ–૪ [ ] : વડનગરા નાગર બ્રાહ્મણ. માંદા પડેલા કૃષ્ણને સાજો કરવા માટે જસોદા અને ગોપીઓ અંબામાતાને પ્રાર્થના કરે છે એનું નિરૂપણ કરતો ૫૩ કડીનો 'ગરબો'(મુ.), 'ઉમિયાનો ગરબો' તથા 'રંગીલા કાનુડાનો ગરબો' એ કૃતિઓના કર્તા.

કૃતિ : શ્રીમદ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ.૧૮૮૯.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી. ૩. ફાહનામાવલિ : ૨. [કા.શા.]

વિષ્ણુ(?) [ ] : વડાદરાના વતની. 'મામેરું' (લે.ઈ. ૧૮૦૬ લગભગ)ના કર્તા. 'ગુજરાતના સારસ્વતો' તેમને ઈ. ૧૮મી સદીમાં હયાત હોવાનું માને છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ગૂહાયાદી. [ચ.શે.]

વિષ્ણુજી [ઈ. ૧૭૬૪ સુધીમાં] : રામકથાના પ્રસંગો વર્ણવતા 'રામકથાનો કક્કો' (લે. સં. ૧૭૬૪)ના કર્તા. વિષ્ણુ(?) અને આ કવિ એક જ છે કે જુદા તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પાંગુહસ્તલેખો; ૩. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રામકથા', દેવદત્ત જોશી; ☐ ૪. ગૂહાયાદી; ૫. ફોહનામાવલિ. [ચ.શે.]

વિષ્ણુદાસ : આ નામે 'એકાદશીમાહાત્મ્ય-ચોપાઈ' (૨.ઈ. ૧૫૬૮) તથા કૃષ્ણભક્તિ ને જ્ઞાનવૈરાગ્યનાં ૫ પદ(મુ.) ગુજરાતી અને હિન્દીમાં મળે છે તેમના કર્તા કયા વિષ્ણુદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. નકાદોહન : ૨. પરિચિત પદસંગ્રહ, સં. ભિક્ષુ અખંડાનંદ, ઈ. ૧૯૪૬; ૩. પ્રાકાસુધા : ૨; ૪. ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. લીંહસૂચી : ૧. [ચ.શે.]

વિષ્ણુદાસ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકવિ. ખંભાતના નાગર બ્રાહ્મણ. પોતાની જદીજદી કૃતિઓમાં હરિભટ્ટ, ભૂધર વ્યાસ અને વિશ્વનાથ વ્યાસનો એમણે ગુરુઓતરીકે ઉલ્લેખ કર્યો છે ઓના પરથી લાગે છે કે આ પુરાણીઓએ એમને કૃતિઓની રચનામાં સહાય કરી હોય. એમની કૃતિઓ ઈ. ૧૫૭૮થી ઈ. ૧૬૧૨ સુધીનાં રચનાવર્ષ બતાવે છે, એટલે ઈ. ૧૬મી સદીના ઉત્તરાર્ધ ને ઈ. ૧૭મી સદીના પૂર્વાર્ધ વચ્ચે તેઓ હયાત હતા એમ કહી શકાય.

નાકર અને પ્રેમાનંદ વચ્ચે કડી રૂપ આ આખ્યાનકવિએ પૌરાણિક કથાઓને વફાદારીપૂર્વક અનુસરતી અનેક કૃતિઓ રચી છે. વીર કે કરુણ રસના આલેખનમાં કે કયારેક પ્રસંગવર્ણનમાં એમની કવિત્વશકિતનો ઝબકાર વરતાય છે, પરંતુ વિશેષત: મૂળ કથાને સંક્ષેપમાં સરળ રીતે કહી જવામાં એમણે સંતોષ માન્યો છે.

એમનાં વિપુલ સર્જનમાં મહાભારત અને રામાયણની મોટાભાગની કથાને વલણ, ઢાળ ને ઊપસાવાળા કડવાંબદ્ધ આખ્યાનસ્વરૂપમાં ઉતારવાનો એમનો પ્રયાસ સૌથી વિશેષ ધ્યાનપાત્ર છે. મહાભારતનાં ૧૫ પર્વોને તેમણે ગુજરાતીમાં ઉતાર્યાં છે. કવિને નામે ૨ 'સભાપર્વ'(મુ.) મળે છે–૨૦ કડવાંવાળું ને ૩૬ કડવાંવાળું. તેમાં ૩૬ કડવાંવાળું 'સભાપર્વ' (૨.ઈ. ૧૫૯૮/સં. ૧૬૫૪, આસો વદ ૩, રવિવાર; મુ.) આંતરબાહ્ય પ્રમાણોને લક્ષમાં લેતાં કવિની અધિકૃત કૃતિ લાગે છે. ૨૦ કડવાંવાળું 'સભાપર્વ' ← કવિના સમકાલીન ને ખંભાતમાં જ રહેતા શિવદાસનું કે અન્યનું હોવાની સંભાવના વ્યકત થઈ છે. ૨૫ કડવાંના 'ઉદ્યોગપર્વ'(મુ.)માં કવિએ મૂળના વિદુરનીતિ ને સનત્સુજાતીય આખ્યાન જેવા જટિલ ચર્ચાવાળા ભાગોને કાઢી નાખ્યાં કે ઇન્દ્ર-શચિના આખ્યાનને માત્ર સૂચન રૂપે મૂકી મૂળ કથાનકનો ઠીકઠીક સંક્ષેપ કરી નાખ્યો છે. ૧૪ કડવાંનું 'ગદાપર્વ'(મુ.), ૯ કડવાંનું 'પ્રસ્થાનપર્વ'(મુ), ૩૮ કડવાંનું 'કર્ણપર્વ' (૨.ઈ. ૧૫૯૯/સં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬૫૫, જેઠ સુદ ૪, શનિવાર; મુ.), ૧૫ કડવાંનું 'શલ્યપર્વ'(મુ.), ૨૧ કડવાંનું 'મૌષ્યપર્વ' (અંશતઃ મુ.), ૨૯ કડવાંનું 'સ્ત્રીપર્વ' (૨૦મું કડવું મુ.), ૯૨ કડવાંનું 'આરણ્યકપર્વ'(૨.ઈ. ૧૧૮૧–જેમાંથી 'નળાખ્યાન'વાળા ભાગનાં ૭ કડવાં મુ.), 'વિરાટપર્વ', 'દ્રોણપર્વ', 'આદિપર્વ', ૧૫ કડવાંનું 'સૌપ્તિકપર્વ', ૧૦ કડવાંનું 'મૌશલ/મૂશળ-પર્વ' અને ૭ કડવાંનું 'સ્વર્ગારોહણીપર્વ' એ બીજા મૂળ કથાને સાર રૂપે આપતાં પર્વો છે.

મહાભારતની જેમ રામાયણના પણ ૬ કાંડ કવિએ આખ્યાન રૂપે ઉતાર્યા છે–૩૮ કડવાંનો 'અયોધ્યાકાંડ', ૨૩ કડવાંનો 'અરણ્યકાંડ', ૧૧૦૦ ગ્રંથાગ્રનો 'કિષ્કિંધાકાંડ' (૨.ઈ. ૧૫૯૮/સં. ૧૬૫૪, ચૈત્ર સુદ ૧૩, રવિવાર), 'સુંદરકાંડ', ૪૭ કડવાંનો 'યુદ્ધકાંડ' (૨.ઈ.૧૬૦૪/સં. ૧૬૬૦, ફાગણ સુદ ૧૧, રવિવાર) અને 'ઉત્તરકાંડ'..એ સિવાય ૮૨ કડવાંના 'રામાયણ'ની પણ પ્રત મળે છે, તેમાં અયોધ્યાકાંડથી ઉત્તરકાંડ સુધીની કથા આલેખાઈ હોવાનું નોંધાયું છે. એટલે કવિએ રચેલા જુદાજુદા કાંડ સળંગ રૂપે અહીં મળે છે. પરંતુ આ 'રામાયણ'નાં ૮૨ કડવાં અને જુદાજુદા કાંડોમાં મળતાં કડવાંની કુલ સંખ્યા વચ્ચે મેળ બેસતો નથી. તેથી 'રામાયણ'ના વિવિધ કાંડો અને આ 'રામાયણ' બન્ને જુદી કૃતિઓ છે કે એક જ છે એ સ્પષ્ટ રીતે કહેવું મુશ્કેલ છે. ૮૨ કડવાંની 'રામાયણ'ની મૂળ પ્રત ૮૩ કડવાંની છે અને એમાં છેલ્લું કડવું 'રામજન કુંવર'નું છે. બાકીનાં કડવાંમાં આલેખાયેલા પ્રસંગોમાં પણ શબરી રામને પાણી આપવાની ના પાડે છે એ પ્રસંગ કે કુંભકર્ણસુતની સીતા પાસે અગ્ન્યાસ્ત્ર છોડાવી રામ હત્યા કરે છે એ પ્રસંગો મૂળ વાલ્મીકિ-રામાયણમાં નથી. વિષ્ણુદાસે એ પ્રસંગો પોતે ઉમેર્યા હોય એમ કહી શકાય, પરંતુ વિષ્ણુદાસનું વલણ એમની બધી કૃતિઓમાં મૂળ કથાપ્રસંગોને વફાદાર રહેવાનું છે એ ધ્યાનમાં લઈએ તો આ પ્રસંગો ક્ષેપક હોવાની સંભાવના વિશેષ લાગે. પહેલો પ્રસંગ ભાષાની દૃષ્ટિએ પણ કૃતિની સમગ્ર ભાષાથી જુદો પડી જાય છે, અને એ પ્રસંગ માત્ર એક જ પ્રતમાં મળે છે તે પણ સૂચક છે.

વિષ્ણુદાસે જૈમિનીના 'અશ્વમેધ'ને આધારે ૧૧ આખ્યાનોની રચના કરી છે: યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞ વખતે કર્ણપુત્ર વૃષકેતુ અનુશાલ્વની હત્યા કરે છે એ પ્રસંગને આલેખતું ૧૧ કડવાંનું 'અનુશાલ્વનું આખ્યાન'(મુ.), ઉદ્દાલક ઋષિની સ્ત્રી ચંડીના ક્રોધથી ઊલટું વર્તન કરવાના સ્વભાવને આલેખતું ૮ કડવાંનું 'ચંડી-આખ્યાન'(મુ.), અર્જુન અને બભ્રુવાહનના યુદ્ધપ્રસંગ દ્વારા બભ્રુવાહનના પરાક્રમને વર્ણવતું ૧૯ કડવાંનું 'બભ્રુવાહન-આખ્યાન'(મુ.), સીતાત્યાગથી શરૂ કરી રામના સૈન્ય સાથે યુદ્ધ કરી લવકુશે બતાવેલા પરાક્રમ સુધીની કથાને આલેખતું ૨૮ કડવાંનું 'લવકુશ-આખ્યાન' (મુ.), પાંડવોના પૂર્વજ યૌવનાશ્વે કરેલા અશ્વમેધ યજ્ઞના પ્રસંગને વર્ણવતું ૨૩ કડવાંનું 'યૌવનાશ્વનું આખ્યાન/અશ્વમેધ(યુવનાશ્વ)ની કથા', ૨ કડવાંનું 'અશ્વપ્રયાણ', મહિષ્મતીના રાજા નીલધ્વજને અર્જુન હરાવે છે તે પ્રસંગને વર્ણવતું ૧૧ કડવાંનું 'નીલધ્વજનું આખ્યાન', કૃષ્ણના અલૌકિક માયારૂપને વર્ણવતું ૧૦ કડવાંનું 'ભીમહાસ્યની કથા', નર્મદાતટે આવેલા રતનપુરના રાજા મોરધ્વજ અને અર્જુન વચ્ચેના યુદ્ધપ્રસંગને આલેખતું ૨૪ કડવાંનું 'મોરધ્વજનું આખ્યાન', ૩૦ કડવાંનું 'ચંદ્રહાસ-આખ્યાન' (૨.ઈ. ૧૫૭૮) તથા 'સુધન્વા-આખ્યાન/હંસકેતુનું આખ્યાન'. એ સિવાય 'શુકદેવાખ્યાન', 'અમરિષ-આખ્યાન', ભાગવતના દશમસ્કંધ પર આધારિત 'લક્ષ્મણાહરણ', રામાયણના ઉત્તરકાંડની કથા પર આધારિત ૨૭ કડવાંનું 'હરિશ્ચંદ્રઆખ્યાન/હરિશ્ચંદ્રપુરી' (૨.ઈ. ૧૬૦૧/સં. ૧૬૫૭, મહા સુદ ૯, રવિવાર; મુ.), નારદિકપુરાણ પર આધારિત ૨૩ કડવાંનું 'રુકમાંગદઆખ્યાન'(મુ.) કવિની અન્ય આખ્યાનકૃતિઓ છે.

વિષ્ણુદાસને નામે મળતી ૭૨ કડવાંની 'ઓખાહરણ'(મુ.), ૪૦ કડવાંની 'જલંધર-આખ્યાન'(મુ.), 'અંગદવિષ્ટિ', 'દ્વારિકાવિલાસ', 'શિવરાત્રિની કથા' તથા 'સુદામાચરિત્ર'–એ કૃતિઓને કોઈ હસ્તપ્રતોનો ટેકો નથી એટલે એમની અધિકૃતતા શંકાસ્પદ છે. કવિને નામે મુદ્રિત 'હૂંડી' કૃષ્ણદાસની છે. 'ધ્રુવાખ્યાન' કૃતિની નામછાપને આધારે હરિદાસનું હોવાની સંભાવના છે.

વિષ્ણુદાસને નામે મુદ્રિત 'મોસાળું' વ્યાપક રીતે કવિએ રચ્યું હોય એમ સ્વીકારાયું છે, પરંતુ પોતાની અન્ય કૃતિઓમાં કવિ જે રીતે કૃતિનાં કડવાં, રાગ, પદસંખ્યા વિશે કે પોતાના જીવન વિશે જે વ્યવસ્થિત માહિતી આપે છે તે પ્રકારની માહિતી આ કૃતિને અંતે આપેલી નથી. કવિની કૃતિઓમાં જળવાયેલો વલણ-ઢાળ-ઊથલોને જાળવતો કડવાબંધ અહીં જળવાયો નથી. પ્રેમાનંદના 'મામેરું'ની કેટલીક બેકી પંક્તિઓ પણ એમાં દેખાય છે. એ સર્વને આધારે આ કૃતિ પાછળથી કોઈએ વિષ્ણુદાસને નામે ચડાવી દીધી હોય એવી સંભાવના છે.

'રુકિમણીહરણ', 'નાસિકેતાખ્યાન', 'ગુરુશિષ્યસંવાદ' અને 'લૂણનાથ-આખ્યાન'–એ કૃતિઓને હસ્તપ્રતોનો ટેકો છે, પણ 'કવિચરિત' એમને કવિની શ્રદ્ધેય કૃતિઓ ગણતું નથી.

કૃતિ : ૧. કવિ વિષ્ણુદાસકૃત સભાપર્વ, નળાખ્યાન, કુંવરબાઈનું મોસાળું, હૂંડી, સં. ભાનુસુખરામ નિ. મહેતા, ઈ.૧૯૨૧; ☐ ૨. ઓખાહરણ : પ્રેમાનંદ, નાકર અને વિષ્ણુદાસનાં, સં. ગજેન્દ્રશંકર લા. પંડ્યા, ઈ. ૧૯૪૬; ૩. જલંધર આખ્યાન : વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસકૃત, રામલાલ ચુ. મોદી, ઈ.૧૯૩૨(+સં); ૪. કાદોહન : ૨; ૫. પ્રાકાસુધા : ૩; ૬. બૃકાદોહન : ૮ (+સં.); ૭. મહાભારત : ૧, ૩, ૪, ૫, ૭; ☐ ૮. અપ્રસિદ્ધ ગુજરાતી પુસ્તક, સપ્ટે. ૧૮૮૫થી ઓગ. ૧૮૮૬–'ભીષ્મપર્વ'; ૯. પ્રાકાત્રૈમાસિક, વ. ૭, અં. ૩, ઈ. ૧૮૯૧ (સં.); ૧૦. એજન, વ. ૮, અં. ૪, ઈ. ૧૮૯૨–'બભ્રુવાહન-આખ્યાન'; ૧૧. બુદ્ધિપ્રકાશ, જૂન-નવે.૧૯૦૨–'રુકમાંગદ-આખ્યાન' અને 'શલ્યપર્વ'; ૧૨. એજન, એપ્રિલ, જૂન, ઓક્ટો. ૧૯૦૩–'અનુશાલ્વનું આખ્યાન'; ૧૩ એજન, જુલાઈ-ઓગ. ૧૯૦૪–'ચંડીનું આખ્યાન'.

સંદર્ભ : ૧. વિષ્ણુદાસ, ભાનુસુખરામ નિ. મહેતા, ઈ. ૧૯૨૦; ☐ ૨. કાશીસુત શેઘજી–એક અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ ઈ. ૧૯૭૪; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસાસ્વતો; ૬. નર્મગદ્ય, સં. મહીપતરામ રૂપરામ નીલકંઠ, ઈ. ૧૮૯૧ (પાંચમી આ.); ૭. મગુઆખ્યાન; ☐ ૮. સ્વાધ્યાય, નવે. ૧૯૮૨–'વિષ્ણુદાસરચિત રામાયણ', દેવદત્ત જોશી; ૯. એજન, ઓક્ટો. ૧૯૮૪–'કેટલાક મધ્યકાલીન ગુજરાતી ગદ્યરામાયણો', દેવદત્ત જોશી; ☐ ૧૦. આલિસ્ટઑઈ : ૨; ૧૧. ગૂહાયાદી; ૧૨. ડિકેટલૉગભીજે; ૧૩. ડિકેટલૉગભાવિ; ૧૪. ફાહનામાવલિ : ૧, ૨; ૧૫. ફૉહનામાવલિ.

[ચ.શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષ્ણુદાસ–૨ [ઈ. ૧૮૦૦માં હયાત] : રામકબીર સંપ્રદાયની ઉદા-ધર્મ શાખાના સંત કવિ. તેઓ વસંતદાસ અને વૈષ્ણવદાસ એ નામથી પણ જાણીતા હતા. તેમના પિતાનું નામ રાઘવદાસ અને માતાનું નામ ચુંદરબા હતું. રાઘવદાસ પછી તેઓ પુનિયાદની ગાદી પર આવ્યા હતા. ઈ. ૧૮૦૦માં તેમના સમય દરમ્યાન મોટો ધર્મમેળો ભરાયો હતો. તેમણે ૭ કડવાંના 'પદ્મનાભ-આખ્યાન'ની રચના કરી છે.

સંદર્ભ : રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર સી. ભટ્ટ, ઈ. ૧૯૮૨.

વિષ્ણુદાસ–૩ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સંતરામ મહારાજના શિષ્ય. આત્મજ્ઞાનનો બોધ આપતા ૩૩ કડીના 'કક્કો'(મુ.)ના કર્તા.

કૃતિ : પદસંગ્રહ, સં. સંતરામ સમાધિસ્થાન, નડિયાદ, ઈ.૧૯૭૭ (ચોથી આ.).

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. ચરોતર સર્વસંગ્રહ : ૨; સં. પુરુ-પોત્તમ છ. શાહ અને ચન્દ્રકાન્ત ફ. શાહ, ઈ. ૧૯૫૪. [ચ.શે.]

વિસામણ(ભક્ત) [ ] : સિહોરના વતની. ૧ કડીના 'વિસલનું ભજન'ના કર્તા.

સંદર્ભ : ફાહનામાવલિ : ૧. [શ્રા.ત્રિ.]

વીકો : વીકોને નામે ૧૬ કડીની 'અઢારધાન્ય-વર્ણન' (લે. સં. ૧૭મી સદી; મુ.) અને વીકો ખત્રીના નામે ૧૭૮ કડીની 'શનિશ્ચરદેવની કથા' (લે. સં. ૨૦મી સદી)–એ કૃતિ મળે છે. આ કયા વીકો તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ફાત્રૈમાસિક, ઓકટો.-માર્ચ, ૧૯૪૩-૪૪–'વીકાકૃત અઢાર ધાન્ય-વર્ણન', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભીજે; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

વીકો–૧ [ ] : લોંકાગચ્છના જૈન સાધુ હોવાની સંભાવના. લોંકાશાહને વિષય બનાવીને રચાયેલી 'અસૂત્રનિરાકરણ-બત્રીશી'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, ભાદરવા-કારતક ૧૯૮૫-૮૬–'વીકાકૃત 'અસૂત્ર નિરાકરણ-બત્રીશી.' [શ્રા.ત્રિ.]

'વીકો સીસોદિયાનો વેશ' : કોઈ કર્તા-નામછાપ વગરનો ચિતોડગઢના રજપુત સરદાર વીકાનો વીર, હાસ્ય ને પ્રણયના અંશવાળો આ ભવાઈ-વેશ(મુ.) વહેલી સવારે ભજવાતા વેશોમાં ખૂબ જાણીતો છે. ૪ ખંડમાં વહેંચાઈ જતા ને જુદીજુદી વાચના રૂપે મળતા આ વેશની પહેલા ૩ ખંડની ભાષા પર મારવાડી બોલીની ઘણી અસર છે. રત્ના-વળાના મુખે ગવાયેલાં ચોથા ખંડનાં પદો મારવાડીની અસરથી મુક્ત છે.

પહેલા ખંડમાં વીકો પોતે પૂછનારને કયાંથી આવ્યો એ જણાવી પહેલાં ગણપતિ, મહાદેવ, અંબિકા, ગોપાળજી, રામચંદ્રજી અને, હનુમાનજીની સ્તુતિ તથા રાણા રાયસંગ, રામસંગ, જોરાવરસંગ, અમરસીંગ, અજિતસિંહ ને સવાઈસિંહજીની પ્રશસ્તિ કરે છે. બીજા ખંડમાં વીકો પોતે સીસોદિયો અને એહડાઉજી એમ બે નામે કેમ ઓળખાયો તેની રમૂજી કથા કહે છે. પોતે સવાશેર ઉકાળેલું સીસું પીને હજમ કરી ગયો એટલે સીસોદિયો કહેવાયો, અને ચિતોડના રાણાને દિલ્હીના બાદશાહ સાથે યુદ્ધ થયું ત્યારે પોતે બાદશાહના હાથીને ગંડસ્થળમાં સાંગ મારી હઠાવ્યો એટલે એહડાઉજી કહેવાયો. ત્રીજા ખંડમાં મોતિયો માંગણ વીકા પાસે દાન માગવા આવે છે તે પ્રસંગ રમૂજી સંવાદ રૂપે આલેખાયો છે. ચોથા ખંડમાં વીકાની પત્ની રત્નાવળાનાં પોતાના પતિને સંબોધી રચાયેલાં પ્રેમનાં ગીતો છે. વીકાની શૂરવીરતા અને તેના પડછંદ દેહ પર વારી ગયેલી રત્નાવળા વીકાને રાજદરબારમાં પાછા ન જવા માટે અને પોતાની સાથે રહી શાંતિમય જીવન વિતાવવા વિનવે છે એવો સંદર્ભ પ્રાપ્ત થાય છે. રત્નાવળાના છલકાતા પ્રેમની અભિવ્યકિત અહીં અસરકારક બની છે.

કૃતિ : ૧. ભવાઈ, સુધા આર. દેસાઈ, ઈ. ૧૯૭૨ (અં.); ૨. ભવાઈના વેશની વાર્તાઓ, ભરતરામ ભા. મહેતા, ઈ. ૧૯૬૪; ૩. ભવાઈનો ભોમિયો, મયાશંકર જી. શુકલ, ઈ.–; ૪. ભવાઈસંગ્રહ, સં. મહીપતરામ રૂપરામ, ઈ. ૧૮૯૪ (ચોથી આ.); ૫. ભવાની ભવાઈ પ્રકાશ, સં. હરમણિશંકર ધ. મુનશી, ઈ.–. [જ.ગા.]

વીર/વીર(મુનિ) : વીરને નામે ૭ કડીની 'લોભનિવારકની સઝાય'(મુ.), ૫ કડીની 'ગહૂંલી'(મુ.), ૭ કડીની 'રહનેમિ-રાજિમતી-સઝાય'(મુ.) તથા વીરમુનિને નામે ૪ કડીનું 'નેમરાજુલ-ગીત' મળે છે. આ કૃતિ-ઓના કર્તા કયા વીર છે તે સ્પષ્ટ રીતે કહી શકાય એમ નથી.

કૃતિ : ૧. ગહૂંલી સંગ્રહનામા : ૧, પ્ર. શ્રાવક ખીમજી ભી. માણક, ઈ. ૧૮૯૧; ૨. પ્રાસપસંગ્રહ : ૧; ૩. સજઝાયમાલા(જ):૧-૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વીર(મુનિ)–૧ [ઈ. ૧૭૫૬માં હયાત] : સવૈયાની દેશીમાં રચાયેલા ૩૭ કડીના 'રાજિમતી-નેમિનાથ-બારમાસા'(૨. ઈ. ૧૭૫૬/સં.૧૮૧૨, વૈશાખ સુદ–, ગુરુવાર; મુ.)ના કર્તા. કારતકથી આરંભી આસો માસ સુધીના ૧૨ માસમાં રાજિમતીના વિરહને કવિએ ગાયો છે.

કૃતિ : પ્રામબાસંગ્રહ : ૧ (+સં.).

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

વીરચંદ–૧ [ઈ. ૧૭૨૨માં હયાત] : જૈન. 'ખંદરમીકલાવિદ્યા-રાસ' (૨.ઈ. ૧૭૨૨/સં. ૧૭૭૮, શ્રાવણ વદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

વીરચંદ(મુનિ)–૨ [ ] : જૈન. નેમિનાથના વિવાહ-પ્રસંગનું વર્ણન કરતા ૧૦૪ કડીના 'વીરવિલાસ-ફાગ'ના કર્તા. આ કૃતિ ઈ. ૧૬મી-૧૭મી સદીની હોવાનું ઉલ્લેખાયું છે.

સંદર્ભ : સ્વાધ્યાય, ઓગસ્ટ ૧૯૬૪–'દિગમ્બર જૈન કવિઓએ રચેલાં પાંચ અજ્ઞાત ફાગુ-કાવ્ય', અગરચંદ નાહટા. [૨.૨.દ.]

વીરજી(મુનિ)–૧ [ઈ. ૧૭મી સદી] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સમરચંદ્રસૂરિની પરંપરામાં દેવચંદ્ર(વણારસી)ના શિષ્ય. ૧૩ કડીની 'પાર્શ્વચંદ્રસૂરિ-ગીત' (૨.ઈ. ૧૬૪૬) તથા વિવિધ રાગના નિર્દેશ-વાળા દુહાની દેશીના ૧૩ ઢાળમાં જુદાં જુદાં કર્મોના પરિણામનું વર્ણન કરતી 'કર્મવિપાક/જંબૂપૃચ્છા-ચોપાઈ/રાસ' (૨.ઈ. ૧૬૭૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુ.) નામની રચનાઓના કર્તા.

કૃતિ : કર્મવિપાક/જંબૂપૃચ્છારાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૧૦.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય;☐ ૩. આલિસ્ટ-ઑઈ : ૨; ૪. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૫. ડિકૅટલૉગભાવિ; ૬. મુપુગૂહસૂચી; ૭. લીંહસૂચી; ૮. હેજ્ઞેજ્ઞાસૂચી : ૧. [૨.૨.દ.]

વીરજી–૨ [ઈ. ૧૬૬૪માં હયાત] : આખ્યાનકવિ. જ્ઞાતિએ બ્રાહ્મણ. એમના 'સુરેખાહરણ'ના અંતે 'બરાણપોહોર મધે ભટ વીરજી નામ' એવી પંકિત મળે છે, તેને આધારે તેઓ બુરહાનપુરના (મધ્યપ્રદેશ) વતની હોય એમ લાગે છે.

તેઓ પ્રેમાનંદશિષ્ય હતા, તેમણે શામળ સાથે સ્પર્ધા કરી હતી વગેરે એમના જીવન વિશે 'પ્રાચીન કાવ્યમાળા:૮'માં આપેલી વીગતો શ્રદ્ધેય નથી.

કવિને નામે ૪ કૃતિઓ મુદ્રિત સ્વરૂપે મળે છે, તેમાં અભિમન્યુએ બલરામપુત્રી સુરેખાનું હરણ કર્યું એ પ્રસંગને આલેખતું ૨૫ કડવાંનું 'સુરેખાહરણ' (૨.ઈ. ૧૬૬૪/સં. ૧૭૨૦, વૈશાખ સુદ ૫, ગુરુવાર) કવિનું ખાસ ચમત્કૃતિ વગરનું આખ્યાન છે.

૨૨ કડવાંની 'કામાવતીની કથા', ૧૮ કડવાંની 'બલિરાજાનું આખ્યાન' તથા 'દશાવતારની કથા' એ ૩ કૃતિઓને હસ્તપ્રતનો આધાર નથી. આંતરિક પ્રમાણોને લક્ષમાં લેતાં પણ એ કૃતિઓ વીરજીકૃત હોવાની સંભાવના લાગતી નથી. અર્વાચીન સમયમાં આ કૃતિઓ વીરજીને નામે ચડાવી દેવાઈ હોય એમ લાગે છે. એ સિવાય 'કાકરાજની કથા' ને 'વ્યાસકથા' આ કવિએ રચી છે એમ નોંધાયું છે, પરંતુ એમનીય કોઈ હસ્તપ્રત ઉપલબ્ધ નથી.

કૃતિ : ૧. પ્રાકામાળા : ૮ (+સં.); ☐ ૨. પ્રાકાત્રૈમાસિક, અં. ૩, ઈ. ૧૮૮૯–'સુરેખાહરણ'.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસાકાર્યવહી, ઈ.૧૯૪૨-૪૩–'પ્રાચીન કાવ્ય-ત્રૈમાસિક અને કાવ્યમાળા લેખનું પરિશિષ્ટ', કે. કા. શાસ્ત્રી; ૩. ગુસામધ્ય; ૪. રામલાલ ચુ. મોદી લેખસંગ્રહ, સં. પુરુષોત્તમદાસ ભી. શાહ અને ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૫૩;☐ ૫. ગ્રંથ, એપ્રિલ ૧૯૭૬–'વીરજીકૃત કામાવતી બનાવટ?', ભૂપેન્દ્ર બા. ત્રિવેદી; ☐ ૬. આલિસ્ટઑઈ : ૨; ૭. ગૂહાયાદી; ૮. ડિકૅટલૉગ-બીજે; ૯. ડિકૅટલૉગભાવિ; ૧૦. ફોહનામાવલિ; ૧૧. રાપુહસૂચી : ૪૨; ૧૨. રાહસૂચી : ૧. [ચ.શે.]

વીરજી–૩ [ ] : સંભવત: લોંકાગચ્છીય જૈન. ૭ કડીના 'નેમિનાથ-સ્તવન/રાજિમતી-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રવિસ્તસંગ્રહ. [૨.૨.દ.]

વીરપ્રભ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૪૩૯માં હયાત] : જૈન સાધુ. 'જંબૂસ્વામિનું વિવાહલું' (૨.ઈ. ૧૪૩૯)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

વીરબાઈ[ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–૧૭મી સદી પૂર્વાર્ધ]: પુષ્ટિમાર્ગનાં-વૈષ્ણવ કવયિત્રી. ગોકુલેશ પ્રભુનાં ભકત. દક્ષિણમાં આવેલા આગલાણ પ્રાંતના વાયતા ગામનાં વતની. પતિનું નામ વિશ્રામભાઈ. ઈ. ૧૬૨૯માં તે ગોકુલમાં નિવાસ અર્થે આવ્યાં ત્યારે તેમની વય ૪૫ વર્ષની હોવાનું અનુમાન થયું છે. તેમનો જન્મ ઈ. ૧૫૮૪/સં. ૧૬૪૦, વૈશાખ સુદ ત્રીજના રોજ થયો હતો એમ મનાય છે. ઈ. ૧૬૪૧ પછી થોડા સમયમાં અવસાન. તેમની પાસેથી કેટલાંક પદો મળે છે.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐ ૨. અનુગ્રહ, ફેબ્રુ. ૧૯૬૧–'ભકત કવયિત્રી વીરબાઈ', ચિમનલાલ વૈદ્ય. [શ્રા.ત્રિ.]

વીરમસાગર[ઈ. ૧૬૯૫માં હયાત] : જૈન. 'ઋષિદત્તા-ચોપાઈ' (૨. ઈ. ૧૬૯૫/સં. ૧૭૫૧, કારતક વદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રન્થોંકી સૂચી', સં. અગરચંદજી નાહટા. [૨.૨.દ.]

વીરવિજય : આ નામે 'નેમરાજુલ-ચોપાઈ', ૧૪ કડીની 'સ્થૂલિભદ્ર-બારમાસ' તથા 'વીસવિહરમાનજિન-વીસી' (લે. ઈ. ૧૭૮૮) મળે છે. તેમના કર્તા કયા વીરવિજય છે તે સ્પષ્ટપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞે-જ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વીરવિજય–૧ [ઈ. ૧૫૯૭માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. 'સત્તરભેદીપૂજા-સ્તવન' (૨.ઈ. ૧૫૯૭)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

વીરવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિની પરંપરામાં કનકવિજયના શિષ્ય. વિવિધ રાગના નિર્દેશવાળું 'બંભનવાડીમંડનવીરજિન-સ્તવન/રાગમાલા-સ્તવન' (૨.ઈ. ૧૬૫૨/સં. ૧૭૦૮, આસો વદ ૩૦), ૫૩ કડીની 'વિજયસિંહસૂરિ નિર્વાણ-સઝાય' (૨.ઈ. ૧૬૫૩/સં. ૧૭૦૯, ભાદરવા વદ ૬, સોમ-વાર; મુ.), ૪ કડીની 'નેમિજિન-સ્તુતિ/પંચમી-સ્તુતિ'(મુ.) તથા ૮ કડીની 'ગૌતમ-સઝાય'ના કર્તા.

કૃતિ : ૧. જૈઐકાસંચય (+સં.); ૨. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. ડિકૅટલૉગભાવિ; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વીરવિજય(ગણિ)–૩ [ઈ. ૧૭૭૦ સુધીમાં] : જૈન સાધુ. તેજસારના શિષ્ય. ૨૫૦ કડીની 'દશદષ્ટાંત-ચોપાઈ' (લે.ઈ. ૧૭૭૦)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વીરવિજય–૪/'શુભવીર' [ઈ.૧૮મી સદી ઉત્તરાર્ધ–અવ.ઈ.૧૮૫૨/સં. ૧૯૦૮, ભાદરવા વદ ૩, ગુરુવાર] : તપગચ્છના જૈન સાધુ. સત્યવિજય-કપૂરવિજય-ક્ષમાવિજય-જશવિજય-શુભવિજયશિષ્ય. ઈ. ૧૭૭૩/૭૪માં તેમનો જન્મ થયો હોવાનું નોંધાયું છે. પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ. પિતા અમદાવાદના જટ્રોસર નામના બ્રાહ્મણ. માતા વિજયા. પૂર્વાશ્રમનું નામ કેશવ. ઈ. ૧૭૯૨માં પાનસરમાં શુભવિજય પાસે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીક્ષા લીધી. દીક્ષાનામ વીરવિજય. અમદાવાદમાં અવસાન.

'શુભવીર' નામછાપથી રાસ, બારમાસા, પૂજા, સ્તવન, સઝાય ઇત્યાદિ સ્વરૂપોમાં વિપુલ સર્જન કરનાર આ કવિની મોટાભાગની કૃતિઓ ગેયત્વપૂર્ણ અને સાંપ્રદાયિક વિધિઓમાં ઉપયોગી બને એવી છે, એટલે જૈન સંપ્રદાયમાં આ કવિનું નામ ઘણું જાણીતું છે.

ગુણસુંદરીના ચરિત્ર દ્વારા ધૈર્ય, સહનશીલતા, પુરુષાર્થ અને નવકાર ભક્તિ અંગેનો બોધ આપતો ૪ ખંડમાં વિભક્ત દુહા ને ૫૨ ઢાળનો 'સુરસુંદરી-રાસ' (ર.ઈ. ૧૮૦૧/સં. ૧૮૫૭, શ્રાવણ સુદ ૪, ગુરુવાર; મુ.), પ્રાકૃત ગ્રંથ 'વસુદેવહિંડી' પર આધારિત આશંસાસહિત ૬ માસનું આયંબિલતપ કરવાને પરિણામે સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરનાર ધમ્મિલકુમારના ચરિત્રને આલેખતો ૬ ખંડ, ૭૨ ઢાળ ને દુહામાં નિબદ્ધ ૩૬૦૦ કડીનો 'ધમ્મિલકુમાર-રાસ' (ર.ઈ.૧૮૪૦/સં. ૧૮૯૬, શ્રાવણ સુદ ૩; મુ.), આશંસારહિત ભાવે ભક્તિભાવપૂર્વક મુનિને દાન આપી બીજા ભવમાં સ્વર્ગસુખ ને મોક્ષ મેળવનાર ચંદ્રશેખરની કથા દ્વારા આશંસારહિત તપફળનો મહિમા કરતો ૪ ખંડ, ૫૭ ઢાળ ને દુહામાં નિબદ્ધ ૨૨૪૩ કડીનો 'ચંદ્રશેખર-રાસ' (ર.ઈ. ૧૮૪૬/સં. ૧૯૦૨, આસો સુદ ૧૦; મુ.) એ કવિની રાસકૃતિઓ છે.

કવિએ ઘણી પૂજાકૃતિઓ રચી છે, જેમાં 'અષ્ટપ્રકારી-પૂજા' (ર. ઈ. ૧૮૦૨/સં. ૧૮૫૮, ભાદરવા સુદ ૧૨, ગુરુવાર; મુ.), જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એવાં ૮ કર્મ પૈકી પ્રત્યેક પર ૮–૮ પૂજાવાળી 'અંતરાય-કર્મનિવારણ/ચોસઠપ્રકારી-પૂજા' (ર.ઈ. ૧૮૧૮/સં. ૧૮૭૪, વૈશાખ સુદ ૩; મુ.), ૪૫ જૈનસૂત્રો-આગમોનું નિરૂપણ કરતી 'પિસ્તાળીસ આગમગર્ભિત અષ્ટપ્રકારી-પૂજા/૪૫ આગમની પૂજા' (ર.ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧, માગશર સુદ ૧૧,–; મુ.), શત્રુંજય પર્વતનાં ૯૯ નામનું માહાત્મ્ય કરતી 'નવાણું પ્રકારી/શત્રુંજયમહિમાગર્ભિત નવાણું પ્રકારી-પૂજા' (ર.ઈ. ૧૮૨૮/સં. ૧૮૮૪, ચૈત્ર સુદ ૧૫,–; મુ.), ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એમ શ્રાવકે લેવાનાં ૧૨ વ્રતોની સમજૂતી આપતી 'બારવ્રતની-પૂજા' (ર.ઈ. ૧૮૩૧/સં. ૧૮૮૭, આસો વદ ૩૦,–; મુ.), ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના જીવ-નના-માતાની કુક્ષીમાંથી આવવું, ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્યજ્ઞાન-એ ૫ કલ્યાણકારી પ્રસંગોનું નિરૂપણ કરતી 'પંચકલ્યાણક-પૂજા' (ર. ઈ. ૧૮૩૩/સં. ૧૮૮૯, વૈશાખ સુદ ૩,–; મુ.), તીર્થંકરના જન્મ-મહોત્સવનું વર્ણન કરતી 'સ્નાત્ર-પૂજા'(મુ.), ૧૦ કડીની 'જિન નવ અંગ/તીર્થંકર નવઅંગપૂજાના દુહા'(મુ.) વગેરેનો સમાવેશ થાય છે.

કવિએ પોતાના સમયમાં સંપ્રદાયની અંદર બનેલા બનાવોને વિષય બનાવી કેટલીક કૃતિઓ રચી છે જેમનું ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વ છે. મોતીશા શેઠે મુંબઈમાં ભાયખલાની અંદર ઋષભદેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરી એ પ્રસંગને વર્ણવતું ૧૩ ઢાળ ને ૮૧ કડીનું 'ભાયખલ(મુંબાપુરીસ્થ)ઋષભચૈત્ય-સ્તવન' (ર. ઈ. ૧૮૩૨/સં. ૧૮૮૮, અસાડ સુદ ૧૫), મોતીશા શેઠે પાલીતાણામાં આદીશ્વરની ટૂંક સામે કુતાસરનો મોટો ખાડો પુરાવી ત્યાં મોટી ટૂંક બંધાવી ઋષભદેવ પુંડરિક પ્રમુખની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી એ પ્રસંગને વર્ણવતું ૭ ઢાળનું 'અંજનશલાકા-સ્તવન/મોતીશાનાં ઢાળિયાં' (ર.ઈ. ૧૮૩૭; મુ.), અમદાવાદના હઠીસિંગના મંદિરની સ્થાપના ને પ્રતિમા-પ્રતિષ્ઠાનું વર્ણન કરતી ૬ ઢાળની 'હઠીસિંહની અંજનશલાકાનાં ઢાળિયાં' (ર.ઈ. ૧૮૪૭; મુ.), અમદાવાદના શેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ કાઢેલા ગિરનારના સંઘનું વર્ણન કરતું ૬ ઢાળનું 'સિદ્ધા-ચલ ગિરનારસંઘ-સ્તવન/પ્રેમાભાઈ હેમાભાઈના સોરઠસંઘનાં ઢાળિયાં' (ર.ઈ. ૧૮૪૯/સં. ૧૯૦૫, મહા સુદ ૧૫, બુધવાર), હરકુંવર શેઠા-ણીએ કાઢેલા ગિરનારના સંઘનું વર્ણન કરતું 'સંઘવણ હરકુંવર સિદ્ધક્ષેત્ર-સ્તવન/સિદ્ધાચલ ગિરનારસંઘ-સ્તવન'(ર. ઈ.૧૮૫૨) એ પ્રકારની કૃતિઓ છે.

આ ઉપરાંત ૧૭ ઢાળની 'શ્રી ગોડીપાર્શ્વનાથજી/મેઘકાન્જળનાં ઢાળિયાં'(મુ.), ૬ ઢાળનું 'મહાવીર જિનપંચકલ્યાણક-સ્તવન' (ર.ઈ. ૧૭૯૯; મુ.), ૧૧ ઢાળ ને ૨૧૨ કડીનું 'કોણિકરાજા ભક્તિગર્ભિત-વીર-સ્તવન/કોણિકનું સામૈયું' (ર.ઈ. ૧૮૦૮/સં. ૧૮૬૪, કારતક સુદ ૧૫), ૫ ઢાળ ને ૫૦ કડીનું 'અક્ષયનિધિતપ-સ્તવન' (ર.ઈ. ૧૮૧૫), ૫ ઢાળ ને ૫૧ કડીનું 'મહાવીર ૨૭ ભવ-સ્તવન' (ર.ઈ. ૧૮૪૫/સં. ૧૯૦૧, શ્રાવણ સુદ ૧૫,–; મુ.), ૫ ઢાળ ને ૬૫ કડીની 'દશાર્ણભદ્ર-સઝાય' (ર.ઈ. ૧૮૦૭/સં. ૧૮૬૩, પોષ સુદ ૧૩, ગુરુ-વાર; મુ.), પોતાના ગુરુ શુભવિજયના ચરિત્રને આલેખતી 'શુભ-વેલિ' (ર.ઈ. ૧૮૦૪/સં. ૧૮૬૦, ચૈત્ર સુદ ૧૧), વિવિધ રાગના ૨૨ ઢાળ ને ૧૫૧ કડીનો 'નેમિનાથ-વિવાહલો/ગરબો' (ર.ઈ.૧૮૦૪/સં. ૧૮૬૦, પોષ વદ ૮, –; મુ.), ૫ સ્તવન અને ૨૦ સ્તુતિઓનાં 'ચોમાસીનાં દેવવંદન' (ર.ઈ. ૧૮૦૯/સં. ૧૮૬૫, અસાડ સુદ ૧, –; મુ.), ૧૮ કડીની 'નેમિનાથ-રાજિમતી-બારમાસા'(મુ.), ૨ ઢાળ ને ૧૮ કડીની 'જિનજન્મરાસક્રીડા', 'હિતશિક્ષા-છત્રીસી'(મુ.), સિદ્ધ-ચક્ર, મહાવીરસ્વામી, વયરસ્વામી, ભગવતીસૂત્ર, શુભવિજય, ગીતાર્થ મુનિ વગેરે પરની ગહૂંલીઓ(ઘણી મુ.), ઈરિયાવહી, કાયા, દશ શ્રાવક, પચાસપડીલેહણ/મુહપત્તીના ૫૦ બોલ, રહનેમી, સામાયક ૩૨ દોષ, સહજાનંદી, સોદાગર વગેરે પરની સઝાયો (ઘણી મુ.), ગોડીપાર્શ્વ-નાથ, દિવાળી, નેમિનાથ, મહાવીર સ્વામીનો જન્મકુંડળી, શંખેશ્વર, સિદ્ધચક્ર, સીમન્ધર, વીરપ્રભુ, અઠ્ઠાણું બોલ વગેરે પરનાં સ્તવનો (ઘણાં મુ.), પાર્શ્વનાથની આરતી(મુ.), બાવનજિનાલય, બીજ વગેરે પરનાં ચૈત્યવંદનો (કેટલાંક મુ.), તથા યશોવિજયના 'અધ્યાત્મસાર' પરનો બાલાવબોધ (ર.ઈ. ૧૮૨૫/સં. ૧૮૮૧, ચૈત્ર સુદ ૧૫,–; મુ.) એમની અન્ય નાનીમોટી કૃતિઓ છે.

કૃતિ : ૧. (અંતરાય કર્મનિવારણ) અષ્ટપ્રકારી-પૂજા, સં. જય-ભિખ્ખુ, ઈ. ૧૯૬૪; ૨. અંતરાયકર્મની પૂજા (અર્થ તથા કથાઓ સહિત), પ્ર. વિમલ ભક્તિ કંચન-ભાસ્કર સેવા સમિતિ, ઈ. ૧૯૬૩; ૩. ચંદ્રશેખરનો રાસ, પ્ર. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ. ૧૯૯૯; ૪. એજન, સં. જીવણલાલ માણેકચંદ, ઈ. ૧૮૫૯; ૫. ચોસઠ પ્રકારી પૂજા (અનેક કથાઓસહિત), પ્ર. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ. ૧૯૨૫; ૬. ધમ્મિલચરિત્ર, પ્ર. મોહનલાલ દલસુખરામ તથા લલ્લુ સુરચંદ, ઈ. ૧૮૫૫; ૭. સુર-સુંદરીનો રાસ, પ્ર. ઉમેદરામ હરગોવનદાસ, ઈ. ૧૯૬૧; ૮. સ્થૂલિ-ભદ્રજીની શિયલ-વેલ, પ્ર. સરસ્વતી છાપખાનું, ઈ. ૧૯૧૧; ☐ ૯. કાદોહન : ૩; ૧૦. ગહૂંલીસંગ્રહનામા : ૧, પ્ર. શ્રાવક ખીમજી ભી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણક, ઈ. ૧૮૯૧; ૧૦. ચોવીસતસંગ્રહ; ૧૧. જિનગુણસ્તવનાદિ-તથા ગહૂંલીસંગ્રહ, સં. મુનિ માનવિજય, ઈ. ૧૯૨૪; ૧૨. જિન-પ્રકાશ; ૧૩. જિનસ્તકાસંદોહ : ૧; ૧૪. જૈન કાવ્યદોહન : ૧, સં. મનસુખલાલ ર. મહેતા, ઈ. ૧૯૧૩; ૧૫. જૈકાપ્રકાશ : ૧; ૧૬. જૈકાસંગ્રહ; ૧૭. જૈકાસારસંગ્રહ; ૧૮. જૈગુસારત્નો : ૨; ૧૯. જૈપ્રપુસ્તક : ૧; ૨૦. જૈપ્રાસ્તસંગ્રહ; ૨૧. જૈરસંગ્રહ; ૨૨. જૈસ-સંગ્રહ(ન); ૨૩. દેસ્તસંગ્રહ; ૨૪. પ્રકરણરત્નાકર : ૧, સં. શા. ભીમસિંહ માણક, ઈ. ૧૯૦૩; ૨૫. પ્રામબાસંગ્રહ : ૧; ૨૬. પ્રાસ-પસંગ્રહ : ૧; ૨૭. પ્રાસ્તસંગ્રહ; ૨૮. બારવ્રતની પૂજા, પ્ર. જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર, ઈ. ૧૯૩૮; ૨૯. બૃકાદોહન : ૨; ૩૦. મોસસંગ્રહ; ૩૧. રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, ઈ. ૧૮૬૭; ૩૨. વિસ્તરપૂજાસંગ્રહ; ૩૩. વિવિધ પૂજાસંગ્રહ વિધિસહિત), પ્ર. જસવંતલાલ ગી. શાહ, ઈ. ૧૯૫૩; ૩૪. શત્રુંજય તીર્થમાલા રાસ અને ઉદ્ધારાદિકનો સંગ્રહ, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૩; ૩૫. સઝાયમાલા(૫); ૩૬. સઝાયમાલા(જા) : ૧-૨; ૩૭. સસન્મિત્ર (ઝ); ૩૮. સિદ્ધાચલસ્તવનાદિની; ૩૯. સૂર્યપૂરરાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦; ૪૦. સ્તાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામ-અહેવાલ : ૭–'ગુજરાતી મહાકવિ શ્રી વીરવિજયજી; ૪. એજન:૧૨ –'પંડિત શ્રી વીરવિજયજી', મોતીચંદ ગી. કાપડિયા; ૫. ગુસારસ્વતો; ૬.જૈસાઈતિહાસ; ૭. મરાસસાહિત્ય; ☐ ૮.જૈનયુગ, કારતક માગશર ૧૯૮૫-'પંડિત શ્રી વીરવિજયજીનો ટૂંકો પ્રબંધ', શા. ગીરધરલાલ હીરાભાઈ; ☐ ૯. જૈગૂકવિઓ : ૩(૧); ૧૦. ડિકૅટલૉગભાંડે; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી; ૧૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વીરવિજય–૫ [ ] : તપગચ્છના જૈન સાધુ. હીર-વિજયની પરંપરામાં લાંબ્ધવિજયના શિષ્ય. ૨૩ કડીની 'ગામકાસ-તીની સઝાય'(મુ.) તથા ૯ કડીની 'નેમિનાથની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. દેસ્તસંગ્રહ. [૨.૨.દ.]

વીરવિજયશિષ્ય [ઈ. ૧૮૫૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ૧૧ ઢાળના 'સમેતશિખર તીર્થનાં ઢાળિયાં' (૨.ઈ.૧૮૫૨/સં. ૧૯૦૮ ભાદરવા વદ ૪–; મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૮–'શ્રી સમેતશિખર તીર્થનાં ઢાળિયાં', સં. વિજયપદ્મસૂરિજી. [કી.જો.]

વીરવિદ્યાધર : જુઓ વીરવિમલ–૨.

વીરવિમલ–૧ [ઈ. ૧૬૬૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં માનવિજયના શિષ્ય. 'ભાવિનીકર્મ-રેખા-રાસ' (૨.ઈ. ૧૬૬૬/સં. ૧૭૨૨, શ્રાવણ વદ ૫, રવિવાર), ૯ કડીની 'ગૌતમસ્વામીની ગહૂંલી'(મુ.), 'જંબૂસ્વામી-રાસ' તથા 'સચિત્તાચિત્તવિચારગર્ભિત-સઝાય'(મુ.) નામની રચનાઓના કર્તા. આ ઉપરાંત 'વીરવિમલ' નામછાપવાળી ૩૦ કડીની 'ઈલાપુત્ર-સઝાય,' ૨૪ કડીની 'કર્મબલ-સઝાય' તથા ૭ કડીની 'વીશસ્થાનક-સઝાય' મળે છે, તે આ વીરવિમલની હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. ગહૂંલીસંગ્રહ, સં. શિવલાલ ઝ. સંઘવી, ઈ. ૧૮૧૬; ૨. ગહૂંલીસંગ્રહનામા : ૧, પ્ર. ખીમજી ભી. માણક, ઈ. ૧૮૯૧; ૩. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. પંચતંત્ર, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૯; ☐ ૩. જૈગૂકવિઓ : ૨; ૪. ડિકૅટલૉગભાંડે; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વીરવિમલ–૨/વીરવિદ્યાધર [ઈ. ૧૮૧૯ ચુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ આનંદવિમલસૂરિની પરંપરામાં દેવવિમલના શિષ્ય. ૮૧/૮૨ કડીની 'હીરવિજયસૂરિનો શલોકો' (લે. ઈ. ૧૮૧૯; મુ.), ૧૧ કડીની 'આત્મચિંતન-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.; મુ.)ના કર્તા. ઉપર્યુક્ત બન્ને કૃતિઓમાં અનુક્રમે 'વીરવિદ્યાધર' અને 'વીર' એવી નામછાપ મળે છે. 'હીરવિજયસૂરિનો શલોકો'ના કર્તા તરીકે વિદ્યાધર વિદ્યાવિમલ કે વીરવિમલ ગણવામાં આવ્યા છે. બીજી કૃતિ સંપાદકે વીરવિમલની ગણી છે. બન્ને કૃતિઓના કર્તા એક જ કવિ હોવાની સંભાવના છે. ૩૩ કડીની 'સુભદ્રાસતીની સઝાય' (મુ.) પણ ગુરુપરંપરા લક્ષમાં લેતાં આ કવિની કૃતિ લાગે છે.

કૃતિ : ૧. અયવંતી સુકુમારનો તેર ઢાલીયો તથા અઢાર નાત્રાંની સઝાય અને સુભદ્રાસઝાય, પ્ર. જગદીશ્વર છાપખાનું, સં. ૧૯૪૦; ૨. પસમુચ્ચય : ૨; ☐ ૩. જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૫–'આત્મ-ચિંતવનસ્વાધ્યાય', સં. મુનિ મહારાજ ચંપકસાગર.

વીરવિમલશિષ્ય [ ] : જૈન સાધુ. 'જિનપરિવાર-સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વીરસાગર : આ નામે ૪ કડીની 'બીજતિથિની સ્તુતિ'(મુ.) મળે છે. એના કર્તા વીરસાગર–૧ છે કે અન્ય તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જૈપ્રાસ્તસંગ્રહ. [૨.૨.દ.]

વીરસાગર–૧ [ ] : જૈન સાધુ. નયસાગરના શિષ્ય. ૩ ઢાળ અને ૩૧ કડીની 'અઢારનાતરાંની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વીરસિંહ/વરસિંહ[ઈ. ૧૫૧૩ ચુધીમાં] : વરસંગ નામછાપથી એમના 'ઉષાહરણ'←(લે. ઈ. ૧૫૧૩; મુ.)ની એકમાત્ર પ્રત પાટણમાંથી મળી હોવાને લીધે તેઓ પાટણની આસપાસના વતની હોવાનું અનુમાન થયું છે.

ભાગવતની ઉષા(ઓખા)વિષયક કથામાં વધારાઘટાડા કરી મુખ્યત્વે દુહા-ચોપાઈમાં રચાયેલું એમનું ૧૦૦૦ પંક્તિનું 'ઉષાહરણ' કાવ્ય આ વિષયનાં અત્યારે ઉપલબ્ધ ગુજરાતી કાવ્યોમાં પહેલું છે એ દૃષ્ટિએ તો નોંધપાત્ર છે, પરંતુ વિશિષ્ટ કાવ્યબંધ, એમાં થયેલી શૃંગાર-વીરની સારી જમાવટ, એમાંની સંસ્કૃતાઢ્ય પ્રૌઢ ભાષા વગેરે તત્ત્વોને લીધે કાવ્યત્વની દૃષ્ટિએ પણ ધ્યાનાર્હ છે.

કૃતિ : વીરસિંહકૃત ઉષાહરણ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૩૮ (+સં.).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા મધ્ય; ૪. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૪૧; ૪. મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૪;☐ ૫. જૈગૂકવિઓ : ૩(૨); ૬. મુપુગૂહસૂચી. [ચ.શે.]

વીરસિંહશિષ્ય [ઈ. ૧૬૬૨માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હરરાજના પ્રશિષ્ય. ૩૭ કડીના 'મહાવીર-સ્તવન' (૨.ઈ. ૧૬૬૨)ના કર્તા

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

વીરસુંદર : આ નામે 'અનન્તકીર્તિ-ચોપાઈ' (લે. ઈ. ૧૫૯૮) તથા ૨૫ કડીની 'સામાયિક-સઝાય' (લે. ઈ. ૧૮૧૩) મળે છે. તે કયા વીરસુંદર છે તે સ્પષ્ટપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [૨.૨.દ.]

વીરો [ઈ. ૧૭૬૫માં હયાત] : ભક્ત અને આખ્યાનકવિ. વડોદરા જિલ્લાના ધીરા ભગતના વતન ગોઠડાની પાસે આવેલા વાંકાનેરના વતની. તેઓ જ્ઞાતિએ ભાટ હોવાની સંભાવના વ્યક્ત થઈ છે અને ધીરાની સાથે એમને મૈત્રીસંબંધ હતો એમ પણ કહેવાય છે. ચોપાઈ બંધની ૧૦૦૭ કડીમાં રચાયેલું 'બભ્રુવાહન-આખ્યાન' (૨.ઈ.૧૭૬૫/સં. ૧૮૨૧, ભાદરવા–૧૦,–) એમનું ખાસ ચમત્કૃતિ વગરનું આખ્યાન છે.

સંતરામ મહારાજના શિષ્ય ગણાતા વીરોએ 'ગુરુમહિમા' તથા પદો (૧ મુ.)ની રચના કરી છે. મુદ્રિત પદમાં 'ભકિત કરે વીરો વાંકાનેરમાં' એવી પંકિત મળી છે. એટલે સંતરામ મહારાજના શિષ્ય વીરો અને આ કવિ એક હોવાની સંભાવના છે.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, નડિયાદ, ઈ.૧૯૭૩.

સંદર્ભ : ૧. અસાંપરંપરા; ૨. કવિચરિત : ૩; ૩. ગુજૂકહકીકત; ૪. પ્રાકકૃતિઓ; ૫. પ્રાકામાળા : ૨૩ (પ્રસ્તાવના); ☐ ૬. ગૂહાયાદી. [ચ.શે.]

વેણી/વેણીદાસ/વેણી માઈ [ ] : વસોના લેઉવા પાટીદાર. એમનાં જ્ઞાનવૈરાગ્યબોધનાં ૩ પદ(મુ.) મળે છે.

છગનલાલ રાવળ ઈ. ૧૭૬૧માં રચાયેલા ને ઐતિહાસિક ભૌગોલિક ને રાજકીય વીગતોની દૃષ્ટિએ મહત્ત્વના હિંદી કાવ્ય 'સાહિત્યસિંધુ'ના કર્તા વેણીભાઈ અને આ પદોના કર્તાને એક માને છે. તો આ કવિ ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધમાં થયા હોવાનું કહી શકાય. 'કવિચરિત : ૩' અને 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' 'દિલ્હીસામ્રાજ્યવર્ણન' નામના સં. ૧૭૬૧માં રચાયેલા હિન્દી કાવ્યના કર્તા પીજના લેઉવા પાટીદાર વેણીદાસ હોવાનું નોંધે છે, અને પદોના કર્તા ને આ કૃતિના કર્તાને જુદા ગણે છે. 'સાહિત્યસિંધુ' અને 'દિલ્હીસામ્રાજ્યવર્ણન' એક જ કૃતિઓ છે કે જુદી અને તેમના કર્તા એક જ છે કે જદા તે સ્પષ્ટ રીતે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : પ્રાકાસુધા : ૩(+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. ગુજરાત, ઓકટો. ૧૯૧૦–'કવિ વેણીભાઈ અને ગુજરાતની ભૂગોળ વિદ્યા', છગનલાલ વિ. રાવળ; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

વેણીદાસ–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુલનાથજીના અનુયાયી. વડોદરાના નાગર અને ગોકુલદાસ નાગર (ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ)ના ભાઈ. એમણે 'શ્રી ગોકુલ ગોવર્ધનગમનાગમન' નામનો ગ્રંથ તથા ગોકુલનાથની ભક્તિનાં ધોળ (૧ મુ.)રચ્યાં છે. એમના મુદ્રિત ધોળની ભાષા વ્રજની અસરવાળી છે.

વેણીદાસને નામે જ્ઞાનભકિતબોધનું ૧ પદ(મુ.) મળે છે તે આ વેણીદાસનું રચેલું હોય એવી સંભાવના છે.

કૃતિ : ૧. ગોકુલેશજીનાં ધોળ તથા પદસંગ્રહ, પ્ર. લલ્લુભાઈ છ. દેસાઈ, ઈ. ૧૯૧૬; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગોપ્રભકવિઓ; ૩. પુગુસાહિત્યકારો. [ચ.શે.]

વેણીદાસસુત [ ] : 'રામચંદ્રજીનાં પદ'ના કર્તા.

સંદર્ભ : ગુજૂકહકીકત. [કી.જો.]

વેણીરામ [ઈ. ૧૭૪૩માં હયાત] : ખરતરગચ્છના જૈન. દયારામના શિષ્ય. જોધપુરના જાગીરદાર માધોસિંહના આશ્રિત. ૧૯૧ કડીના 'ગુણજ્ઞિનરસ' (૨.ઈ.૧૭૪૩)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

'વેદરહસ્ય/વેદરસ' [ઈ. ૧૯મી સદી] : 'વેદરસ'ને નામે વિશેષ જાણીતો પરંતુ મૂળ 'વેદરહસ્ય' નામ ધરાવતો આ ગદ્યગ્રંથ(મુ.) સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ પોતાના સંપ્રદાયના પરમહંસો-વિશિષ્ટ અધિકારીઓને પત્ર રૂપે સંબોધીને રચેલો છે. આમ તો ગ્રંથમાં અક્ષરબ્રહ્મ-આત્મા સાથે એકાત્મભાવ અનુભવવા મુમુક્ષુએ જે પાંચ વર્તમાન-વ્રતો જીવનમાં કેળવવાના હોય છે એની વાત કરવામાં આવી છે, પરંતુ એ વાત કરતાં કરતાં જીવ, અક્ષરબ્રહ્મ અને પરમાત્મા–પુરુષોત્તમના સ્વરૂપ અને તેમની વચ્ચેના પારસ્પારિક સંબંધની ચર્ચા પણ એમાં થઈ છે.

૫ પ્રકરણમાં વહેંચાયેલા આ ગ્રંથના પહેલા પ્રકરણ 'નિર્લોભી વર્તમાન'માં દ્રવ્યની પ્રાપ્તિ, હિંસા, દંભ, ચોરી, કામ, ક્રોધ વગેરે અનર્થોથી અને અન્ય આસકિતઓથી મુકત થવા માટે મનને દરેક પ્રવૃત્તિનો દ્રષ્ટા કેમ બનાવવો અને એ રીતે આત્માને દેહથી કેમ જુદો પાડવો એ સમજાવ્યું છે. 'નિષ્કામી વર્તમાન' પ્રકરણમાં સ્ત્રીસંગથી જન્મતા અનર્થોની વાત કરી ઘણા અનર્થોનું મૂળ એવી સ્ત્રીને ચંદન ઘો, માછલાં પકડવાની દોરીને બાંધેલો લોખંડનો કાંટો, ચમારનો કુંડ વગેરે સાથે સરખાવી સ્ત્રીસંગનો સર્વથા ત્યાગ કરવાનું કહ્યું છે. 'નિસ્પૃહી વર્તમાન' પ્રકરણમાં દેહના અભિમાનથી મુકત થવા માટે તૃષ્ણાને જીતવાનું કહ્યું છે અને તૃષ્ણાને રાત્રિ, નદી, કાજળ પ્રગટાવનારો દીવો, નટણી, વાસણ વગેરે સાથે સરખાવી એના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે. 'નિસ્વાદી વર્તમાન'માં સાદા સાત્ત્વિક ને નિસ્વાદ ભોજનનો મહિમા સમજાવી કેવા પ્રકારના અન્નનો ત્યાગ કરવો એની વાત છે. છેલ્લા 'નિર્માની વર્તમાન' પ્રકરણમાં દરેક પ્રકારના અભિમાનથી મુકત થયેલા મુમુક્ષુએ દૃષ્ટિસૂઝ કેળવી મધુકર વૃત્તિથી સૃષ્ટિનાં વિવિધ તત્ત્વોમાંથી ઉપદેશ ગ્રહણ કરી પોતાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવેકબુદ્ધિ કેમ ખીલવવી, એવી ખીલેલી બુદ્ધિવાળા નિર્માની ગુરુનો સંગ કરી જે અક્ષરબ્રહ્મ-આત્મતત્ત્વ છે તેની સાથે કેવી રીતે એકાત્મભાવ કેળવવો એની વાત છે. અક્ષરબ્રહ્મ સાથે જીવે એકાત્મભાવ અનુભવવાનો છે, પણ સેવકનો ભાવ કેળવવાનો નથી એમ સહજાનંદ માને છે. સેવકભાવ તો જીવે આ સૃષ્ટિના કારણપણે જે પુરુષોત્તમ છે તેની સાથે જ કેળવવાનો છે. એટલે અક્ષરબ્રહ્મ સાથે એકાત્મભાવ અનુભવતાં અનુભવતાં જીવે પરમ તત્ત્વ પુરુષોત્તમની ઉપાસના કરવી એ જ મોક્ષ છે.

ઈ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ધર્મચિંતન અર્થે પ્રયોજાયેલા ગદ્યના સ્વરૂપને સમજવા માટે 'વચનામૃત'ની જેમ આ ગ્રંથ પણ ઘણો ઉપયોગી છે. [જ.ગા.]

વેલજી–૧ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન. ૯ કડીના 'જિનસુખસૂરિ-નિર્વાણ' (૨.ઈ. ૧૭૨૪ પછી; મુ.)ના કર્તા. જિનસુખસૂરિનું અવસાન ઈ. ૧૭૨૪માં થયું, એટલે આ રચના ત્યારે કે ત્યાર પછી તરત રચાઈ હોય.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [૨.૨.દ.]

વેલજી–૨ [ઈ. ૧૮૪૦માં હયાત] : પિતાનામ વસરામ. ધોળ(મુ.) તથા પદ કડીનો 'જગત જોગમાયાની હારનો છંદ' (૨.ઈ.૧૮૪૦/સં. ૧૮૯૬, આસો–; મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ, પ્ર. વિશ્વનાથ ગો. ત્રિવેદી, ઈ. ૧૮૯૭; ૨. પ્રાકાસુધા : ૨. [કી.જો.]

વેલસખી [ઈ. ૧૫૪૫ પછી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવયિત્રી. શ્રીનાથજી પ્રત્યેનો સર્વાત્મભાવ, શ્રીનાથજીને વિનંતી તથા સંસારનાં તુચ્છ સુખોનો ત્યાગ કરવાથી પરમાત્માનાં દર્શનનો આનંદ પોતાને મળ્યો છે–આ વસ્તુઓને કેન્દ્રમાં રાખી તેમણે ત્રણ કાવ્યો (મુ.)ની રચના કરી છે.

કૃતિ : અનુગ્રહ, જુલાઈ ૧૯૬૦-'ભક્ત કવયિત્રી વેલસખી', તંત્રી.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

વેલા(બાપા) [ ] : સંતકવિ. જ્ઞાતિએ કોળી. જૂનાગઢ બાજુના વતની હોવાની સંભાવના. તેઓ વાઘનાથના શિષ્ય હોવાનું સમજાય છે. એમના જીવનમાં બનેલા અનેક ચમત્કાર નોંધાયા છે. તેમનાં જૂનાગઢમાં સં. ૧૯૯૭માં 'હિંદવાણું રાજ' સ્થપાશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારતું ૬ કડીનું 'આગમ'(મુ.) તથા ૭ કડીનું વૈરાગ્યબોધનું પદ(મુ.) એમ ૨ પદ મળે છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭; ૨. સોરઠી સંતો, ઝવેરચંદ મેઘાણી, ઈ.૧૯૭૯ની આ.(+સં.). [ક્ર.ત્રિ.]

વેલા(મુનિ) [ઈ. ૧૫૬૬ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિના શિષ્ય. ૧૫૦/૧૮૨ કડીની 'નવતત્ત્વજોડિ-ચોપાઈચર્ચા/નવતત્ત્વ-રાસ'ના કર્તા. કૃતિમાંના વિજયદાનસૂરિ (અવ.ઈ.૧૫૬૬)ના ઉલ્લેખ અનુસાર કૃતિ ઈ. ૧૫૬૬ સુધીમાં રચાઈ હોવાનું અનુમાન થાય છે. 'મનસત્ય' એ કર્તાનું અપરનામ જણાય છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વેલુજીવીરામ [ ] : મેસવાણિયા સાધુ. ભજનાનન્દ ઉર્ફે અમરદાસજીના શિષ્ય. તેમણે 'વેલુજીવી ભજનાનન્દની ચેલી' એ નામછાપથી ઘણાં ભજન ને ધોળની રચના કરી છે.

સંદર્ભ : ૧. સત્પુરુષચરિત્રપ્રકાશ, પંડિત મયારામ વેદાન્તતીર્થ, સં. ૧૯૮૯; ☐ ૨. ગૂહાયાદી. [કી.જો.]

વૈકુંઠ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : આખ્યાનકવિ. મૂળ કચ્છ-ભૂજના પરંતુ સૌરાષ્ટ્રના કુતિયાણા (કુંતલપુર)માં આવીને વસ્યા હતા. જ્ઞાતિએ સારસ્વત બ્રાહ્મણ. પિતા તુલસી.

વૈકુંઠે આખું મહાભારત ગુજરાતીમાં લખ્યું હોવાનું કહેવાય છે, પરંતુ અત્યારે 'ઉદ્યોગપર્વ' (૨.ઈ.૧૬૬૦), 'ભીષ્મપર્વ (મુ.), 'કર્ણપર્વ' (૨.ઈ.૧૬૬૦) ને 'શલ્યપર્વ' (૨.ઈ.૧૬૫૧) મળે છે. મુદ્રિત રૂપે મળતું ચોપાઈ-પૂર્વછાયાની ૧૨૬૪ કડીનું 'ભીષ્મપર્વ' વાંચતાં લાગે છે કે ચિંતનાત્મક અંશો જાળવવા તરફ કે રસજમાવટ તરફ કવિનું વિશેષ લક્ષ નથી. એટલે વિચારતત્ત્વવાળો ભગવદ્ગીતાનો ભાગ કવિએ ટૂંકાવી નાખ્યો છે. મુખ્યત્વે કથાકથન તરફ લક્ષ રાખતા કવિ કથનશૈલીમાં વેગનો અનુભવ કરાવે છે.

'બૃહન્ કાવ્યદોહન–૨'માં તુલસીને નામે મુદ્રિત 'ધ્રુવાખ્યાન' વસ્તુતઃ વૈકુંઠની કૃતિ છે. ત્યાં મળતી કૃતિની **રચ**નાસાલ વર્ષ, માસ, તિથિની દૃષ્ટિએ ખોટી છે અને અન્યત્ર પ્રાપ્ત થતી હસ્તપ્રતોમાં મળતી રચનાસાલથી જુદી છે. ચોપાઈ-પૂર્વછાયાની ૫૨૨ કડીમાં રચાયેલું આ આખ્યાન (૨.ઈ.૧૬૩૮/સં. ૧૬૯૪, ચૈત્ર વદ ૧૩, શનિવાર; મુ.) મેગલના 'ધ્રુવાખ્યાન'ને કથાતત્ત્વની દૃષ્ટિએ ઠીકઠીક મળતું આવે છે. રોચક રીતે કથા કહેવાની કવિની શક્તિ અહીં પણ દેખાય છે અને પ્રસંગોપાત્ત તેમણે ભાવનિરૂપણની તક લીધી છે. પરંતુ કવિનું સવિશેષ ધ્યાનપાત્ર આખ્યાન તો ૨૬૮૧ કડીનું 'નલકથા' છે. પ્રારંભમાં તૂટક રૂપે મળતું આ આખ્યાન મુખ્યત્વે હર્ષના સંસ્કૃત મહાકાવ્ય 'નૈષધીયચરિત'ના કથાભાગને અનુસરે છે અને કેટલાક નવા પ્રસંગો પણ ઉમેરે છે. દમયંતી-વિયોગના પ્રસંગમાં કરુણનું નિરૂપણ કરવામાં પણ કવિએ સારી શક્તિ બતાવી છે. આ ઉપરાંત 'નાસિકેતનું આખ્યાન' (૨.ઈ.૧૬૬૮) અને 'પ્રહલાદાખ્યાન' પણ એમણે રચ્યાં છે.

કૃતિ : ૧. બૃકાદોહન : ૨; ૨. મહાભારત : ૪.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. નળદમયંતીની કથાનો વિકાસ, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૮૦–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નલકથા' ☐ ૬. ગૂહાયાદી; ૭. ફાહનામાવલિ : ૨. [ચ.શે.]

વૈકુંઠદાસ [ઈ. ૧૬૮૮ સુધીમાં] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુલનાથ સિવાય ગુસાંઈજી(વિઠ્ઠલનાથ)ના બીજા પુત્રોના અનુયાયી. એમણે ભાગવતના રાસપંચાધ્યાયી પ્રસંગ પર આધરિત ચાલ અને દોઢનાં ૩૯ પદોમાં 'રાસલીલા' ←(લે.ઈ. ૧૬૮૮ ;મુ.) નામનું છટાદાર કાવ્ય રચ્યું છે. પ્રસંગકથન અને ભાવનિરૂપણ ઉભય દૃષ્ટિએ સમતુલન જાળવતું તથા શિષ્ટ ને મધુર શૈલીથી આ કાવ્ય રોચક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્યું છે. કવિએ 'હિંડોલો' નામની બીજી કૃતિ પણ રચી છે.

કૃતિ : સગુકાવ્ય (સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસામધ્ય; ૩. પુગુસાહિત્યકારો; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકૅટલૉગબીજે; ૬. ફાહનામાવલિ : ૨. [ચ.શે.]

વૈષ્ણવાનંદ(સ્વામી) [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ કવિ. તેમણે ૨૪ પદોમાં વિભાજિત, વરવર્ણન, લગ્નવિધિવર્ણન એમ સમગ્રપણે વર્ણનાત્મક અને જીવનું જો પુરુષોત્તમ સાથે લગ્ન થાય તો બ્રહ્મરૂપ પ્રાપ્ત થાય એવા તત્ત્વજ્ઞાનને સાંકળી લેતી 'પુરુષોત્તમવિવાહ'(મુ.) તથા સહજાનંદના રૂપને વર્ણવતાં પદ (૪ મુ.)ની રચના કરી છે. હિંદી કૃતિ 'શ્રીહરિલીલામૃતસિંધુ'માંનાં ૭ રત્નો તેમણે રચ્યાં છે.

કૃતિ : ૧. કચ્છની લીલાનાં પદો, અવિનાશાનંદકૃત, ઈ.૧૯૪૨; ૨. પુરુષોત્તમવિવાહ, તુલસીવિવાહ, રુક્મણીવિવાહ, લક્ષ્મીવિવાહ, શ્રીજીમહારાજના શ્લોકા અને વૃત્તિવિવાહ, પ્ર. મહંત પુરાણી હરીસ્વરૂપદાસજી, ઈ. ૧૯૮૧.

સંદર્ભ : સદવિદ્યા, જાન્યુ. ૧૯૫૩–. [કી.જો.]

વ્યાઘ્રમલ્લ [ઈ. ૧૭૪૪ સુધીમાં] : લોંકાગચ્છના જૈન સાધુ. ગજા સરકૃત ૪૪ કડીના મૂળ પ્રાકૃત ગ્રંથ 'વિચારષટ્ત્રિંશિકા-પ્રકરણ' પરના બાલાવબોધ (લે.ઈ.૧૭૪૪)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વ્રજદાસ [ઈ. ૧૬૩૩માં હયાત] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ. ભરૂચના મહદવર્ય ગોકુલભાઈજીના બીજા પુત્ર. પદોના કર્તા.

સંદર્ભ : ૧. ગોપ્રમકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [કી.જો.]

વ્રજભૂષણ [ઈ. ૧૮૬૯ સુધીમાં] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. વલ્લભાચાર્યના વંશજ. 'સર્વોત્તમ-સ્તોત્રનું ધોળ' (લે.ઈ.૧૮૬૯) એ કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો; ☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગબીજે. [કી.જો.]

વ્રજવલ્લભ [સં. ૧૮મી સદી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ. વિઠ્ઠલનાથજીના ગોકુલનાથ સિવાયના બીજા પુત્રોના અનુયાયી.

સંદર્ભ : પુગુસાહિત્કારો. [કી.જો.]

વ્રજસખી [સં. ૧૭મી સદી] : પુષ્ટિસંપ્રદાયના ભકત કવયિત્રી. વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથનાં શિષ્યા. તેઓ સંસ્કૃત, ગુજરાતી અને વ્રજ એમ ત્રણે ભાષા જાણતાં હતાં. તેમણે આ ત્રણે ભાષામાં પદો અને કીર્તનોની રચના કરી છે. ગુજરાતીમાં તેમની ૧૩ કડીની 'ગોપી કૃષ્ણનો વાદવિવાદ'(મુ.), ૧૩ કડીની 'દશવિધભક્તિ'(મુ.), ૭ કડીની 'કૃષ્ણમિલન'(મુ.) તથા ૫ કડીનું ૧ કીર્તન(મુ.) એ કૃતિઓ મળે છે.

કૃતિ : અનુગ્રહ, સપ્ટે. ૧૯૫૮–'વ્રજસખી અને તેનું પદ સાહિત્ય', સં. ચિમનલાલ મ. વૈદ્ય (+સં.).

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

વ્રજસેવક [જ.ઈ.૧૬૪૪ પછી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ. વિઠ્ઠલનાથજીના ગોકુલનાથ સિવાયના અન્ય પુત્રોના અનુયાયી. વ્રજોત્સવજી મહારાજશ્રીના સેવક. યમુનાજીના દર્શનના અનુભવને વર્ણવતાં ધોળ (૯ મું) તથા પદોના કર્તા.

કૃતિ : અનુગ્રહ, માર્ચ ૧૯૬૦–'વ્રજસેવક વૈષ્ણવ', તંત્રી(+સં.).

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

વ્રજાધીશજી [સં. ૧૯મી સદી] : પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ. ગોસ્વામી બાળક.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

વ્રહદેવ : જુઓ બ્રેહેદેવ.

વૃદ્ધાત્માનંદસ્વામી[ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ. તેમણે મહારાજની લીલાઓ નજરે જોયા પછી 'શ્રીહરિની લીલાની વાર્તા'(મુ.) એ કૃતિની રચના કરી હતી.

કૃતિ : સદવિદ્યા, જાન્યુ. ૧૯૫૪–. [કી.જો.]

વૃદ્ધિ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. વિજયક્ષમાસૂરિની પરંપરામાં લક્ષ્મીવિજયના શિષ્ય. ૧૧ કડીની 'વિજયક્ષમાસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા. કૃતિ વિજયક્ષમાસૂરિ (જ.ઈ. ૧૬૭૬–અવ. ઈ. ૧૭૨૯)ની હયાતીમાં રચાઈ હોઈ, કર્તાનો સમય ઈ. ૧૮મી સદીનો પૂર્વાર્ધ ગણાય. 'વિજયપ્રભસૂરિનિસાણી-છંદ' (લે. સં. ૧૯મી સદી) પણ આ કવિની રચના હોવાની સંભાવના છે.

કૃતિ : ઔસમાલા : ૧.

સંદર્ભ : રાહસૂચી : ૧. [૨.૨.દ.]

વૃદ્ધિકુશલ [ઈ. ૧૬૯૫ સુધીમાં] : જૈન સાધુ. સિદ્ધસેન આચાર્યકૃત સંસ્કૃત રચના 'કલ્યાણમંદિર-સ્તોત્ર' ઉપરનો બાલાવબોધ (લે. ઈ.૧૬૯૫)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વૃદ્ધિવિજય(ગણી) : આ નામે ૭૯ કડીનું 'ચિંતામણિ-પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૬૫૬), માનતુંગસૂરિકૃત સંસ્કૃત રચના 'ભકતામર-સ્તોત્ર' પરનો બાલાવબોધ (૨.ઈ.૧૬૮૦, સ્વહસ્તલિખિત પ્રત), 'ધુલેવામંડન-ઋષભદેવ-છંદ' (લે.ઈ.૧૬૬૬), ૪૩ કડીની 'રોહિણીતપ-સઝાય' (લે.સં. ૧૯મી સદી અનુ.) તથા 'આહારગ્રહણ-સઝાય' મળે છે. આ પૈકી 'ચિંતામણિ પાર્શ્વનાથ-સ્તવન' તથા 'ભકતામર-સ્તોત્ર' પરનાં બાલાવબોધ તેમના રચના-સમયને લક્ષમાં લેતાં વૃદ્ધિવિજય –૧ની રચના હોવાનું અનુમાન થાય છે.

સંદર્ભ : ૧. ટ્રેઝર્સ ઑવ જૈન ભંડારઝ, ઉમાકાન્ત પી. શાહ, ઈ. ૧૯૭૮ (અં.); ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વૃદ્ધિવિજય–૧ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ–ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ]: તપગચ્છના જૈન સાધુ. રત્નવિજયના ગુરુભાઈ સત્યવિજયના શિષ્ય. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-વિચાર-સ્તવન'(૨.ઈ.૧૬૫૬), ૭૯/૮૪ કડીનું 'જીવવિચાર-સ્તવન' (૨.ઈ. ૧૬૫૬/સં. ૧૭૧૨, આસો સુદ ૧૦, રવિવાર; મુ.), ૯૫ કડીનું 'નવતત્ત્વવિચાર-સ્તવન' (૨.ઈ.૧૬૫૭/સં. ૧૭૧૩, કારતક સુદ–, ગુરુવાર), 'ચોવીસી', ૭ કડીની 'છ કાયના આયુષ્યની સઝાય'(મુ.), ૧૪ કડીની 'દૃષ્ટાંતની સઝાય'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(મુ.), ૪ કડીની 'નેમિનાથ-સ્તુતિ', ૧૧ કડીની 'ચૌદસીયબાવન ગણધર-સ્તુતિ' તથા ધર્મદાસગણિરચિત પ્રાકૃતગ્રંથ 'ઉપદેશમાલા' ઉપરના યશોવિજય ઉપાધ્યાયની મદદથી રચેલ, ૭૧ કથાઓ ધરાવતા બાલાવબોધ (૨.ઈ.૧૬૭૭/સં. ૧૭૩૩, આસો–૧૫, ગુરુવાર; અંશતઃ મુ.)–એ રચનાઓના કર્તા.

કૃતિ : ૧. પ્રવિસ્તસંગ્રહ; ૨. પ્રાસપસંગ્રહ : ૧; ૩. સઝાયમાલા: ૧-૨(જા.); ☐ ૪. સ્વાધ્યાય, નવે. ૧૯૬૬–'વૃદ્ધિવિજયકૃત 'ઉપદેશ-માલા-બાલાવબોધ', ઉમાકાંત પ્રે. શાહ.

સંદર્ભ : ૧. ઔરાસંગ્રહ : ૩–પ્રસ્તા; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩ (૨); ૩. ડિકૅટલૉગભીજે; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી. [૨.૨.દ.]

વૃદ્ધિવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં ધીરવિજય-લાભવિજયના શિષ્ય. મોહની પ્રબળતા બતાવી તેમાંથી બચાવવા શંખેશ્વર ભગવાનની સ્તુતિ કરતી ૫૧ કડીની 'જ્ઞાન-ગીતા' (૨.ઈ.૧૬૫૦; મુ.), 'ચોવીસી' (૨.ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, ભાદરવા વદ ૫; અંશતઃ મુ.), ૩૮ કડીનું 'શંખેશ્વર-પાર્શ્વનાથ-સ્તવન' (૨. ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, ભાદરવા સુદ ૫), ૧૫ કડીની 'રહનેમિ-રાજિમતીની સઝાય'(મુ.), 'દશવૈકાલિક સૂત્રની સઝાયો/દશવૈકાલિકનાં દસ અધ્યયનની ૧૦ સઝાયો'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈગૂસારત્નો : ૧ (+સં.); ૨. જૈસમાલા(શા) : ૧; ૩. દેસ્તસંગ્રહ; ૪. પ્રાફાગુસંગ્રહ; ૫. પ્રાસપસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. ડિકૅટલૉગભીજે; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

વૃદ્ધિવિજય–૩ [ઈ. ૧૭૫૩માં હયાત] : તપગચ્છની વિજયક્ષમા, વિજયદયા અને વિજયધર્મસૂરિની પરંપરાના જૈન સાધુ. ૧૦ ઢાળના 'ચિત્રસેન-પદ્માવતી-રાસ' (૨.ઈ.૧૭૫૩/સં. ૧૮૦૯, વૈશાખ સુદ ૬, મંગળવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

વૃદ્ધિવિમલ [ ] : જૈન. ૧૧ કડીના 'જિન-સ્તવન' (લે.સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

વૃદ્ધિહંસ [ઈ. ૧૭મી સદી મધ્યભાગ] : સંભવતઃ તપગચ્છના જૈન સાધુ. વિજયસિંહસૂરિની પરંપરામાં વિદ્યાહંસગણિના શિષ્ય. ૧૩ કડીની 'વિજયસિંહસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા. કૃતિ વિજયસિંહસૂરિ (જ.ઈ.૧૬૦૮–અવ.ઈ.૧૬૫૩)ની હયાતી દરમ્યાન લખાયેલી હોઈ કર્તાનો જીવનકાળ ઈ. ૧૭મી સદીનો મધ્યભાગ ગણાય.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૩–'વિજયસિંહસૂરિ-સઝાય', સં. શ્રી વિજયયતીન્દ્રસૂરિજી. [૨.૨.દ.]

વૃંદાવન : આ નામે પદ(૬ મુ.), જ્ઞાતિએ વણિક એવી ઓળખ ધરાવતા વૃંદાવનને નામે 'પાંડવવિષ્ટિ', આગ્રાના વતની વૃંદાવનદાસ-ભાઈને નામે શ્રીજીની નિત્ય અને વર્ષોત્સવ લીલાનાં પદો તથા વૃંદાવનદાસને નામે 'વલ્લભવેલ' મળે છે. વૃંદાવનની નામછાપ ધરાવનાર આ બધા કવિઓ એક જ છે કે જુદાજુદા તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. પણ એટલું સ્પષ્ટ છે કે આ કવિ પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવ કવિ છે.

કૃતિ : નકાસંગ્રહ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગોપ્રભકવિઓ; ☐ ૩. ગૂહાયાદી. [કી.જો.]

શતનાથ [ઈ. ૧૭૭૮ સુધીમાં] : જૈન. ૧૬૦ કડીના 'અંજનાસુંદરી-નો રાસ' (લે.ઈ.૧૭૭૮)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [ક્રા.ત્રિ.]

શવજી/શિવજી [ઈ. ૧૭૭૪ સુધીમાં] : 'કનકાઈની હમચી' (લે.ઈ. ૧૭૭૪) અને 'સત્યભામાનું રૂસણું' (લે. ઈ. ૧૭૭૪-૭૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [ક્રા.ત્રિ.]

'શશિકલા-પંચાશિકા' : દુહા-ચોપાઈની ૪૦ ગુજરાતી કડી અને ૨૦ ગુજરાતીમિશ્રા ભ્રષ્ટ સંસ્કૃતની કડી રૂપે મળતી જ્ઞાનાચાર્યની આ કૃતિ(મુ.) 'બિલ્હણપંચાશિકા'←ની પૂર્તિ તરીકે યોજાયેલી છે. આ કૃતિ પણ કવિ ભૂવરની મૂળ સંસ્કૃત કૃતિ 'શશિકલા-પંચાશિકા/બિલ્હણ-પંચાશત્પ્રત્યુત્તરમ્ /નરેન્દ્રતનયાસંજલ્પિતમ્' (૨. ઈ. ૧૫૪૫)ને આધારે રચાયેલી છે. 'બિલ્હણ-પંચાશિકા'માં બિલ્હણના શશિકલા સાથેના શૃંગારાનુભવનું સ્મૃતિ રૂપે થયેલું ઉત્માદક ચિત્રાણ છે, તો આ કાવ્યમાં શશિકલા નાયક સાથેના પોતાના વિહારનું સ્મૃતિમધુર ચિત્ર આલેખે છે. એમાં નાયકના રૂપવર્ણન ઉપરાંત જુદાજુદા પ્રસંગોના ચાતુરીભરેલા, કૌતુકમય પ્રણયવ્યવહારોનું નિરૂપણ છે ને કદાચ સ્ત્રીની આ ઉક્તિ હોઈ શૃંગારની માર્દવભરી સુરુચિપૂર્ણ સંયમિત અભિવ્યક્તિ થયેલી છે. ધ્રુવપંકિતની જેમ વારંવાર આવતો "વાર-વાર સંભારું તેહ, પ્રાણ પાહિ વાહલુ વર એહ" એ ઉદ્‌ગાર શશિ-કલાની ઘનિષ્ઠ પ્રીતિનો અભિવ્યંજક બને છે. [ભો.સાં.]

શંકર : આ નામે 'શાલિભદ્ર-સઝાય' (લે.ઈ. ૧૬૧૯) અને ગુજરાતી-મિશ્રા રાજસ્થાનીમાં 'નવગ્રહ-છંદ' (લે. સં. ૧૯મી સદી), શંકર શાહને નામે 'ફલવર્ધિપાર્શ્વનાથ-છંદ' (લે. ઈ. ૧૭૩૯) તથા શંકર વાચકને નામે ૬ કડીનું 'શાંતિજિન-સ્તવન'(મુ.) અને ૫ કડીનું '(અલિછત્રા) પાર્શ્વનાથ-સ્તવન' એ જૈન કૃતિઓ મળે છે. તેમ જ આ નામે પાંચથી ૬ કડીનાં ભજનો (૪ મુ.) એ જૈનેતર કૃતિઓ મળે છે. કોઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ શંકરકૃત કૃષ્ણચરિત્રને આલેખતી ૬૦ કડીની 'કૃષ્ણચરિત્ર-છંદ'(મુ.) મળે છે. આ કૃતિ ઈ.૧૫૩૪ આસપાસ રચાઈ હોવાનું અનુમાન થયું છે. એ સાચું હોય તો આ કૃતિના કર્તા શંકર–૧ હોઈ શકે. બીજી કૃતિઓના કર્તા કયા શંકર છે તે સ્પષ્ટ થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક : ૧; ૨. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઈ. ૧૯૪૬ (ત્રીજી આ.); ☐ ૩. અનુગ્રહ, જુલાઈ ૧૯૫૮–'કૃષ્ણચરિત્ર-છંદ', સં. ચિમનલાલ મ. વૈધ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાપુહસૂચી : ૪૨. [કી.જો.;ક્રા.ત્રિ.]

શંકર–૧ [ઈ. ૧૫૫૩માં હયાત] : વૈષ્ણવ કવિ. ૫૯ કડીની 'જમ-ગીતા/ધરમ-ગીતા' (૨.ઈ.૧૫૫૩; મુ.)ના કર્તા.

કૃતિ : અરજુનગીતા, ધરમગીતા, વડો કક્કો અને પારણું અને ગરબી, પ્ર. મનસુખભાઈ ફકીરચંદ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. ફોંહનામાવલિ. [ક્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકર–૨ [૧૭મી સદી ઉત્તરાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગુસાંઈજીના પ્રથમ પુત્ર ગિરિધરજીના પુત્ર મુરલીધરજી (જ.ઈ.૧૭૫૪)ના શિષ્ય. શુદ્ધાદ્વૈત વેદાંત અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોના અભ્યાસી. 'કલિપ્રબોધ', 'રસાનંદ', 'સારસિદ્ધાંત', અને 'સ્નેહમંજરી' (બધી* મુ.)ના કર્તા. પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનું ગુજરાતી ભાષામાં નિરૂપણ કરતી આ કૃતિઓ જૂનામાં જૂની ગણાઈ છે. એમની કૃતિઓમાં 'જન સેવક', 'સેવક', 'સેવકદાસ' 'સેવકજન' જેવી નામછાપ પણ મળે છે.

કૃતિ : *અનુગ્રહ, વર્ષ ૧૫–.

સંદર્ભ : કવિચરિત : ૧-૨, ૨. ગુસારસ્વતો; ૩. પુગુસાહિત્યકારો. [ર્શા.ત્રિ.]

શંકર(કવિ)–૩ [સં. ૧૭મી સદી] : જૈન. 'દાતા સૂરસંવાદ' (૨.સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : પ્રાકાકૃપરંપરા. [ર્શા.ત્રિ.]

શંકર(મહારાજ)–૪ [ ] : માતાજીની સ્તુતિ કરતાં ચારથી ૯ કડીનાં ભજનો (૫ મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.) ☐ ૨. સત્સંદેશ શકિતઅંક. [ર્શા.ત્રિ.]

શંકરદાસ–૧ [ઈ. ૧૩૧૫માં હયાત] : જૈન. 'સમરાસારંગનો કડખો' (૨.ઈ. ૧૩૧૫; મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬–'સમરાસારંગનો કડખો', સં. મોહનલાલ દ. દેશાઈ. [કા.જો.]

શંકરદાસ–૨ [ ] : 'શિવજીના બાર મહિના' નામક કૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ર્શા.ત્રિ.]

શંભુનાથ [ ] : બહુચરાજીની સ્તુતિ કરતા 'બહુચરાષ્ટક'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ.૧૯૩૨ (ત્રીજી આ.); ૨.કાદોહન : ૧; ૩ શ્રીમદ ભગવતી કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯. [ર્શા.ત્રિ.]

શંભુરામ [ ] : વડોદરાના નાગર બ્રાહ્મણ. નાકરની અસર દર્શાવતું, ૩૦ કડવાંનું 'લવકુશ-આખ્યાન' (૨.ઈ.૧૭૩૯) તેમણે રચ્યું છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી;☐ ૩. ગૂહાયાદી. [ર્શા.ત્રિ.]

શાદુળ(ગત) [ ] : સૌરાષ્ટ્રના સંત. દેવીદાસના શિષ્ય. ભજનો (૧ મુ.)ના કર્તા.

કૃતિ : પુરાતનજ્યોત, ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૭૬ (સુલભ આ.) (+સં.). [ર્શા.ત્રિ.]

શામજી [ ] : જૈન સાધુ. મોતીશા શેઠની યાત્રાને કેન્દ્રમાં રાખીને રચાયેલા ૧ ઢાળના 'કુન્તાસર મહાત્મ્ય' (૨.ઈ.૧૮૩૭ આસપાસ)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.જો.]

શામદાસ(મહારાજ) [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : જ્ઞાનમાર્ગી કવિ. નિરાંતના શિષ્ય. જ્ઞાતિએ પંચાલ. કાશીપુરા ગામ (તા. વડોદરા)ના વતની અને ત્યાંની જ્ઞાનગાદીના સ્થાપક. ચારથી ૮ કડીનાં ભજનો (૮ મુ.)ના કર્તા. તેમનાં ભજનોમાં ગુરુની મહત્તા અને સચરાચરમાં વસેલા શ્રીહરિની સ્તુતિ ગાવામાં આવી છે. તેમ જ પંચતત્ત્વથી ન્યારા શબ્દાતીત નામતત્ત્વનો મહિમા કરવામાં આવ્યો છે.

કૃતિ : ૧. ગુમુવાણી (+સં.); ૨. બૃકાદોહન : ૭.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ૩', છગનલાલ વિ. રાવળ. [દે.દ.]

શામનાથ(બાવો) [ ] : સાજણ વિશેના દોઢિયા દુહા (૨ મુ.)ના કર્તા.

કૃતિ : કાઠિયાવાડી સાહિત્ય : ૨; કહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩. [ર્શા.ત્રિ.]

શામળ [ઈ. ૧૮મી સદી] : પદ્યવાર્તાકાર. અમદાવાદના વેગનપુર (હાલનું ગોમતીપુર)માં વસેલા માળવા બાજુના શ્રીગોડ બ્રાહ્મણ. પિતા વીરેશ્વર, માતા આણંદબાઈ. કવિ પોતાને 'શામળ ભટ્ટ' તરીકે ઓળખાવે છે, પરંતુ તેમાં 'ભટ્ટ' શબ્દ કથાકાર બ્રાહ્મણના અર્થમાં પ્રયોજાયો છે. વસ્તુતઃ કવિની અવટંક ત્રવાડી હતી. તેઓ પોતાને ઘણીવાર 'સામકી' (=સામવેદી એટલે ત્રવાડી-ત્રિવેદી) એ રીતે ઓળખાવે છે એ વીગત એને સમર્થન આપે છે. તેઓ પોતાને નાહાના ભટના શિષ્ય તરીકે ઓળખાવે છે. 'સંસ્કૃત માંહેથી શોધિયું, ભાણ્યો દ્વિજ ગુર્જર ભાખ' એ પંકિત પરથી લાગે છે કે નાહાના ભટ પાસેથી સંસ્કૃત પુરાણો અને પિંગળનું જ્ઞાન તેમણે મેળવ્યું હોય તથા સંસ્કૃત-પ્રાકૃત વાર્તાભંડારોનું તેમની પાસે બેસી શ્રવણ કર્યું હોય. વાર્તાકાર તરીકે ખ્યાતિ પ્રસરતાં માતર પરગણાના સિહુજ ગામના રખીદાસે કવિને માનપૂર્વક સિહુજ પોતાની પાસે બોલાવીને રાખ્યા હતા. એટલે કવિનું કેટલુંક સર્જન સિહુજમાં થયું હતું.

'શિવપુરાણ' અને 'પદ્માવતી'નાં રચનાવર્ષ ઈ. ૧૭૧૮ અને 'સૂડાબહોતેરી'નું રચનાવર્ષ ઈ. ૧૭૬૫ મળે છે. એટલે એમનો જીવન અને રચનાકાળ ઈ. ૧૮મી સદીમાં વિસ્તરેલો માની શકાય.

કવિએ પહેલાં પુરાણી તરીકે કારકિર્દી શરૂ કરી પરંતુ સમવ્યવસાયીઓની ઈર્ષ્યાને લીધે એ ક્ષેત્ર છોડી તેઓ વાર્તાકાર બન્યા કે પોતાની ભાગવતકથાને શ્રોતાઓ ન મળવા દેનાર ભવાયાઓને બોધપાઠ આપવા તેમણે ભાગવતકથા છોડી બત્રીશ પૂતળીની વાર્તા શરૂ કરી કે પ્રેમાનંદ ને પ્રેમાનંદસુત વલ્લભ સાથે વ્યાવસાયિક સ્પર્ધા નિમિત્તે તેમને ઝઘડો થયેલો એવીએવી એના જીવન વિશે પ્રચલિત જનશ્રુતિઓને કોઈ આધાર નથી.

શામળનાં વિપુલ અને વૈવિધ્યપૂર્ણ સર્જનમાં મોટાભાગનું સર્જન પદ્યવાર્તાઓનું છે, અને એમની કીર્તિ પણ આ વાર્તાઓ પર નિર્ભર છે. આ વાર્તાઓ સંસારીરસની માનવકથાઓ જ છે. 'નરનારીની ચાતુરી, નરનારીનાં ચરિત્ર' એમની વાર્તાઓનો વર્ણ્યવિષય રહ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ચરિત્ર' એટલે વર્તન કે વ્યવહાર. એમાં એમની પ્રકૃતિના ઉમદા અંશો તેમ જ કામ, લોભ, વેર વગેરેએ વકરાવેલી માનવસહજ નબળાઈઓનું વાસ્તવદર્શી પણ અતિરંજિત ચિત્રણ એમણે કુશળતાથી અને દુનિયાના જાણતલની અદાથી કર્યું જોવાય છે. એ ચિત્રણ જે પાત્રો અને ઘટનાઓની સૃષ્ટિની પીઠિકામાં એમણે કર્યું છે તે અલબત્ત અદ્‌ભુત રસની અને કલ્પનાપ્રધાન છે. એનું કારણ એ છે કે એમની વાર્તાઓનું વસ્તુ સ્મૃતિસંચિત પરંપરાપ્રાપ્ત લોકવાર્તાઓનું હોય છે, જે મોટા પ્રમાણમાં અદ્‌ભુતરસિક અને કાલ્પનિક હતું. પૂર્વભવસ્મૃતિ, પરકાયાપ્રવેશ, મૃતસંજીવન, સ્વર્ગપાતાલગમન, આકાશગમન, માણસ ને પોપટ, પુરુષ ને સ્ત્રી અને સ્ત્રીને બિલાડી બનાવી દેતાં કામણટૂમણ અને ચમત્કારો, જાદુઈ દંડ વગેરેના વાતાવરણથી તેમ જ માનવપાત્રો ભેગાં એટલી જ સાહજિકતાથી કામ કરતાં સિદ્ધો, જોગણીઓ, વેતાળ જેવાં અપાર્થિવ સત્ત્વો તથા હંસ, પોપટ, નાગ વગેરે જેવા તિર્યગ્‌યોનિના જીવોની પાત્રસેનાથી એ વાર્તાઓની સૃષ્ટિ પરીકથાઓની સૃષ્ટિ બની રહી છે. વર્ણાન્તરલગ્નો, સ્નેહલગ્નો અને સ્વેચ્છાલગ્નો, પ્રેમ, વિજોગ, સંકટો, સાહસ, પ્રવાસ, ચમત્કારો વગેરેથી ભરપૂર તત્ત્વો આ વાર્તાઓનાં લાક્ષણિક તત્ત્વો છે.

શામળને પરંપરાથી ચાલી આવતી લોકવાર્તાઓનો ભંડાર બેઠો મળ્યો છે. 'સંસ્કૃત માંહેથી શોધિયું, પ્રાકૃત કીધું પૂર' જેવી પંક્તિઓ દ્વારા એમણે એનો મુક્તપણે સ્વીકાર કર્યો છે. 'સિંહાસન-બત્રીસી' અને 'સૂડાબહોતેરી' જેવી એમની વાર્તામાળાઓ કે એમની સ્વતંત્ર લાગતી વાર્તાઓનાં વસ્તુ-વળાં કે કથાઘટકો 'બૃહત્‌કથા', 'કથાસરિત્‌સાગર', 'દશકુમારચરિત', 'બિલ્હણપંચાશિકા', 'સિંહાસનદ્વાત્રિંશિકા', 'વેતાલપંચવિંશતિ', 'શુકસપ્તતિ' 'ભોજપ્રબંધ' વગેરેમાં તથા પુરોગામી જૈન-જૈનેતર વાર્તાકવિઓની વાર્તાઓમાંથી ખોળનારા સંશોધકોને અવશ્ય મળી આવે તેમ છે. શામળની વિશિષ્ટતા કે આવડત પ્રાચીન વાર્તાભંડારનો સંયોજનકૌશલથી રસપોષક કે રસવર્ધક વિનિયોગ કરવામાં રહેલી છે. એ બાબતમાં તેઓ પ્રેમાનંદને મળતા આવે છે. મળેલી મૂળ કૃતિઓને પૂરા વફાદાર રહી તેમને માત્ર પોતાની ભાષામાં રજૂ કરવા જેટલો જ ઉદ્યમ તેઓ નથી કરતા. પોતાના સ્વતંત્ર રાહે ચાલી તેમાં ઘટતા ઉમેરા નવી ગોઠવણ પણ વાર્તાના લાભમાં કરતા એ ખચકાયા નથી.

વાર્તાઓને વાર્તારસથી પૂર્ણ બનાવવાની સાથે શ્રોતાઓના મનોરંજન અર્થે સમસ્યાઓ દ્વારા ચાતુરી કે બુદ્ધિવિનોદનું તત્ત્વ યથાશક્ય પ્રમાણમાં તેમણે દાખલ કર્યું છે. સમસ્યાને વાર્તાનું એક સાધન કે અંગ બનાવવામાં તેઓ આમ તો જૂની પ્રણાલીને જ અનુસરે છે. પણ તેમની વિશિષ્ટતા નવી નવી સમસ્યાઓ શોધવામાં રહેલી છે. શબ્દરમત, ગણિતગમ્મત, ઉખાણાં, સગપણના કોયડા વગેરે વિવિધ સમસ્યા-પ્રકારોને તેઓ એવી વૈવિધ્યપૂર્ણ રીતે પ્રયોજે છે કે બહુધા એ કથાસંયોજનનો એક ભાગ બની જાય છે. મનોરંજનની સાથે શ્રોતાઓને 'ડહાપણ' શીખવવાના હેતુથી પાપ, પુણ્ય, દારિદ્ર્ય, દાતા, કરપી, સાહસ, મૃત્યુ, કામવૃત્તિ, વિદ્યા અને અનેક વિષયો પરનાં વ્યવહારબોધક સુભાષિતો પ્રસંગે કે અપ્રસંગે એમની વાર્તાઓમાં આવે છે. એમનો આ નીતિબોધ વ્યવહારનીતિ શીખવતી અનુભવવાણીથી આગળ જઈ ઊંચા સ્તરની ધાર્મિક-આધ્યાત્મિક ભૂમિકા સુધી પહોંચતો નથી, અને ઘણીવાર એ કથાપ્રવાહને વધુ પડતો આંતર્યા કરે છે. સમસ્યાઓ અને આ નીતિબોધક સુભાષિતોને લીધે નવલરામે શામળને 'વાણિયાનો કવિ' કહ્યા છે.

શામળની કૃતિઓમાં સમસામયિક લોકચિત્રણ અન્ય મધ્યકાલીન કવિઓ કરતાં વિશેષ પ્રમાણમાં મળે છે. જુદીજુદી જ્ઞાતિઓ, તેમના વ્યવસાય, વ્યક્તિનામો, રીતરિવાજ, સામાજિક-ધાર્મિક અને શુકન-અપશુકન સંબંધી માન્યતાઓ, કામણટૂમણ અંગેના વહેમો અને લોકાચારની ભલે વાર્તાઓમાં દર્શાવેલા દેશકાળની છતાં શામળના જ સમયની અને તેમના લોકનિરીક્ષણનું ફળ લાગતી માહિતી તેમની વાર્તાઓમાંથી ઘણી મળે છે.

વાર્તાકાર શામળને વાર્તાઓ દુહા-ચોપાઈમાં અને ક્યારેક તેની સાથે છપ્પામાં લખવી પડે છે તે એમના જમાનાની સાહિત્યપ્રણાલીને અનુસરીને જ. તેમનું સાધ્ય અને ઈષ્ટ તો વાર્તા જ રહી છે. પદ્યનો માધ્યમ કે સાધનથી વિશેષ ખપ તેમને મન વસ્યો જણાતો નથી. તેમનાં ઉપમા-દૃષ્ટાંતાદિ પ્રજાના સામાન્ય થરને સૂઝે તેવાં રોજિંદા જીવનવ્યવહાર અને નિરીક્ષણમાંથી આવતાં હોય એ પ્રકારનાં છે. કવિતા તરીકે ખપે અને કંઈક આકર્ષક લાગે એવું તેમની વાર્તાઓમાંથી મળતું હોય તો તે કેટલીક નાયિકાઓનાં સૌંદર્યવર્ણનો છે. પણ તેમાં એકની એક ભાષા અને ચિત્રણા તેઓ પ્રયોજતાં દેખાય છે. ક્યારેક વીર, શૃંગાર, હાસ્ય કે અદ્‌ભુત રસ તેમની કૃતિઓમાં અનુભવાય છે, પરંતુ એમાં કોઈ મોટા ગજાના કવિની સિદ્ધિ તેઓ બતાવતા નથી. એકંદરે કવિ તરીકે નહીં, પરંતુ વાર્તાકાર તરીકે તેઓ મોટા ગજાના સર્જક છે.

ઉપર્યુક્ત લાક્ષણિકતાવાળી એમની વાર્તાઓમાં કેટલીક વાર્તાઓ એવી છે જેમનાં સીધાં મૂળ કોઈ પ્રાચીન વાર્તામાં મળતાં ન હોય, પરંતુ એમાંનાં કથાઘટકો જૂની કાવ્યપરંપરામાંથી આવ્યાં હોય. એવી વાર્તાઓમાં દુહા-ચોપાઈ-છપ્પાની ૭૪૬ કડીમાં શ્રીહઠના રાજપુત્ર ચંદ્રસેનના ચંદ્રાવતી અને અન્ય સ્ત્રી સાથેનાં પ્રેમ અને લગ્નની કથાને આલેખતી 'ચંદ્ર-ચંદ્રાવતી'←(મુ.) કવિની અવાંતર કથાઓ વગરની પ્રમાણમાં સાધારણ રચના છે. 'પુષ્પસેનની વાર્તા' તરીકે પણ ઓળખાતી દુહા-ચોપાઈબદ્ધ ૩૭૫ કડીની 'પદ્માવતી'←(ર.ઈ. ૧૭૧૮/સં. ૧૭૭૪ —સુદ ૫, મંગળવાર; મુ.) વાર્તારસની દૃષ્ટિએ 'ચંદ્ર-ચંદ્રાવતી' કરતાં ચડિયાતી છે. ચંપાવતીના રાજકુમાર પુષ્પસેનના વણિકપુત્રી સુલોચના અને કુંતીભોજની કુંવરી પદ્માવતી સાથેનાં લગ્નની કથા એમાં કવિએ આલેખી છે. પણ આ પ્રકારની વાર્તાઓમાં દુહા-ચોપાઈની ૧૩૧૭ કડીની 'મદનમોહના'(મુ.) કવિની પ્રતિનિધિ રૂપ રચના છે. વણિકપુત્ર મદન અને રાજકુંવરી મોહના વચ્ચેના પ્રેમ અને પરિણયની તથા મોહનાનાં સાહસકર્મોની કથાને અનેક અવાંતરકથાઓ સાથે એમાં કવિએ આલેખી છે. પુરુષપાત્રોને મુકાબલે સ્ત્રીપાત્રોની તેજસ્વિતા, સાહસિકતા કવિની આ અને અન્ય વાર્તાઓમાં જોવા મળે છે.

પરંતુ જેમનાં મૂળ પ્રાચીન કથાપરંપરામાં હોય એ પ્રકારની વાર્તાઓનું શામળનું સર્જન વિપુલ છે. ત્યાં પણ મૂળ વસ્તુને પોતાની રીતે ફેરવી ગોઠવી કવિએ મૂક્યું હોય, એમાં નવી કથાઓ ઉમેરી હોય એવું બન્યું છે. આવી રચનાઓમાં 'સિંહાસનબત્રીસી←/બત્રીસ પૂતળીની વાર્તા' કવિની મહત્ત્વાકાંક્ષી રચના છે. આ કૃતિની પહેલી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫ વાર્તાઓ કવિએ ઈ. ૧૭૨૧-૨૯ દરમ્યાન અમદાવાદમાં રચી અને બાકીની ૧૭ વાર્તાઓ સિહુજમાં રહી ઈ. ૧૭૪૫ સુધીમાં રચી. વાર્તામાં વાર્તાની પદ્ધતિએ લખાયેલી આ કૃતિ વિસ્તૃત કથાકોશ જેવી અને પુરોગામી કૃતિઓ કરતાં ઘણી જુદી અને વિલક્ષણ બની ગઈ છે. એમાં મૂળની તો બહુ થોડી વાર્તાઓ અને તે પણ બદલાયેલા ક્રમથી અહીં ઊતરી આવી છે. અનેક વાર્તાઓ વિવિધ વાર્તાપરંપરા-માંથી અહીં આવીને ગોઠવાઈ છે. કેટલીક 'ભાભારામની વાર્તા' કે 'ચમત્કારી ટીંબા'ની પ્રાસ્તાવિક કથા શામળનાં મૌલિક ઉમેરણ છે. ટીંબામાંથી મળેલા બત્રીસ પૂતળીઓવાળા ચમત્કારિક સિંહાસન પર ભોજરાજા બેસવા જાય ને સિંહાસનની દરેક પૂતળી એ સિંહાસન પર બેસનાર વિક્રમરાજાનાં પરાક્રમો વર્ણવતી કથા કહે એ રીતે આખી કૃતિનું સંયોજન થયું છે. એટલે આખી વાર્તાસૃષ્ટિનો નાયક વીર વિક્રમ છે. એના ઉદાર, સાહસિક, પરાક્રમી, પરદુ:ખભંજન વ્યક્તિ-ત્વનો મહિમા કરવો એ આ વાર્તાઓનું પ્રયોજન છે. સમગ્ર કૃતિની અદ્‌ભુતરસિક સૃષ્ટિ, એમાંનાં બહુરંગી પાત્રો, એમાંની સમસ્યા-બાજીઓનો ચતુરાઈભર્યો વિનોદ, કેટલાંક સ્ત્રીપાત્રોની તેજસ્વિતા– એ સૌ તત્ત્વોવાળી આ કૃતિ શામળની વાર્તાકાર તરીકેની સર્વ શકિતના નિચોડ સમી છે. પુરોગામીઓએ જેમનું સ્વતંત્ર રીતે સર્જન કર્યું છે તે 'પંચદંડ' અને 'મડાપચીશી/વિતાલપચીશી'ની વાર્તાઓને પણ શામળે એમાં વિક્રમચરિત્રનો મહિમા જ આલેખાયો હોવાને લીધે 'સિંહાસનબત્રીસી'ની અનુક્રમે પાંચમી અને બત્રીસમી વાર્તાઓ તરીકે ગૂંથી લીધી છે. દુહા-ચોપાઈની ૫૮૦ કડીની 'પંચદંડ'←(મુ.)માં વિક્રમરાજાના દમની ધાંચણ સાથેના લગ્ન અને દમનીની મા દેવ-દમનીના કહેવા મુજબ વિક્રમરાજાએ પાંચ દંડ કેવી રીતે મેળવ્યા તેની કથા આલેખાઈ છે. દુહા-ચોપાઈ-છપ્પાની ૨૮૧૪ કડીની 'મડાપચીશી←/વિતાલપચીશી' (ર.ઈ. ૧૭૪૫; મુ.)માં કવિએ બ્રાહ્મણપુત્ર અને સિદ્ધ વચ્ચેની કાતિલ સ્પર્ધા યોજીને અને અન્તે વિક્રમે બેઉ પર ઉપકાર કર્યો એ રીતે કૃતિનો અંત આણીને, સ્થળો અને પાત્રોનાં નામ બદલી કે વાર્તાઓનાં વસ્તુ અને ક્રમમાં પરિવર્તન કરી પોતાની મૌલિકતા બતાવી છે. વિક્રમનું મોં ખોલાવવા મડું દરેક વખતે કોઈ સમસ્યાપ્રધાન વાર્તા કહી વિક્રમને જવાબ આપવા મજબૂર કરે અને વિક્રમ જવાબ આપી બેસે એટલે એ પાછું વડ પર લટકી જાય એ ઘટના બધી વાર્તાઓનું સંયોજનસૂત્ર છે. એમાં આવતા લોકવ્યવ-હારના ને વ્યકિતગત કોયડાઓ કૃતિમાં સમસ્યાનો રસ પૂરે છે.

ચોપાઈ-દુહા-છપ્પાની ૬૩૫ કડીમાં રચાયેલી 'નંદબત્રીશી'←(મુ.) 'સિંહાનબત્રીશી'ને મુકાબલે ઘણી નાની પણ શામળની એટલી જ નોંધપાત્ર રચના છે. પ્રધાન વૈલોચનના મનમાં પોતાની પત્ની પદ્મિનીના સતીત્વ વિશે શંકા જાગે છે ને પછી એ શંકાનું નિવારણ થાય છે એ મુખ્ય વાર્તાતંતુવાળી આ કૃતિ પુરોગામી કૃતિઓ કરતાં વધારે સુઘટ્ટ અને સારી રીતે ખીલવેલી છે. પદ્મિનીના પિતાને ત્યાં રમાયેલી પાસાની રમતનો આકર્ષક પ્રસંગ કવિનો મૌલિક ઉમેરો છે. વૈલોચનની શંકા ને એનું નિવારણ ઘણાં પ્રતીતિકર રીતે નિરૂપાયાં છે. નરનારીમાં કોણ ચડિયાતું એ વાદને કારણે પ્રેમીઓનાં ૨ વખત થતાં મિલનની કથાને આલેખતી ૨૭૩૨ કડીની 'બરાસ-કસ્તૂરી'←(મુ.) પ્રમાણમાં પ્રસ્તારી કૃતિ છે. મૂળ સંસ્કૃત 'શુકસપ્તતિ'ની કથાઓ પર આધારિત 'ચૂડાબહોતેરી'←(ર.ઈ. ૧૭૬૫/સં. ૧૮૨૧, શ્રાવણ સુદ ૧; મુ.) કવિના કવનકાળના અંતિમ ભાગની રચના ગણાય છે. અહીં કવિએ મૂળનાં કેટલાંક કથાનક છોડી દીધાં છે. કેટલાંક મૌલિક અને કેટલાંક જૈન કથાઓમાંથી મેળવીને ઉમેર્યાં છે. આ ફેરફારની પાછળ સ્ત્રી-ચરિત્રની કથાઓને કૃતિમાં સમાવવાનો કવિનો હેતુ હોય એમ દેખાય છે. પ્રૌઢ વયનો વણિક બહારગામ જતી વખતે પોતાની યુવાન પત્નીના શીલની રક્ષા મેના-પોપટને સોંપતો જાય છે. વણિકની ગેરહાજરીમાં કામવિવશ વણિકપત્નીને પરપુરુષગમન કરતી રોકી રાખવા માટે પોપટ ૭૨ દિવસ સુધી જુદીજુદી વાર્તાઓ કહી તેને રોકી રાખે છે એ આ વાર્તાઓનું સંયોજનસૂત્ર છે. કેટલીક વાર્તા-ઓમાં નારીનું ચિત્રણ હીણું પણ બન્યું છે. આ સિવાય 'ચંદનમલયા ગિરિની વાર્તા' અને 'ચંપકસેનની વાર્તા' શામળે રચી છે.

પદ્યવાર્તાઓ સિવાય બીજી કેટલીક કૃતિઓ પણ શામળે રચી છે. એમાં ૩ સંવાદમૂલક કૃતિઓ છે. ઉદ્યમ અને કર્મનો મહિમા કરવા માટે રચાયેલી દુહાબદ્ધ 'ઉદ્યમકર્મ-સંવાદ'(મુ.) શિવશર્મા અને કમળા વચ્ચેના સંવાદ રૂપે ચાલે છે. એ કવિની પ્રારંભકાળની કૃતિ લાગે છે, તો પણ કવિની સંસારજ્ઞાન આપવાની શકિત અહીં દેખાય છે. રામાયણ આધારિત ૧૬૪થી ૩૮૪ સુધીની કડીસંખ્યા બતાવતી 'અંગદ-વિષ્ટિ'←(ર.ઈ. ૧૭૪૩ કે ૧૭૫૨/સં. ૧૭૯૯ કે ૧૮૦૮, આસો સુદ ૧૦, રવિવાર; મુ.)માં કવિએ હિન્દી-ગુજરાતી બન્નેનો ઉપયોગ કર્યો છે. ઝૂલણા, દોહરા, રોળા, છપ્પા વગેરેમાં રચાયેલી આ કૃતિ મુખ્યત્વે રાવણ-અંગદસંવાદ રૂપે ચાલે છે ને અંગદના મોઢામાં મૂકેલી વીરરસ-યુકત જોશીલી ભાષાથી ખાસ ધ્યાન ખેંચે છે. ૨૦૪ કડીની 'રાવણ-મંદોદરી-સંવાદ'←(મુ.) 'અંગદવિષ્ટિ'ના અનુસંધાન રૂપે ચાલતી કૃતિ લાગે છે. રામ લંકા પર ચડી આવે છે એ પૂર્વકથા, રાવણ-મંદોદરી વચ્ચેનો સંવાદ તથા પ્રજાના અઢારે વર્ણનાં લોકોના સીતાને પાછી સોંપી દેવા સંબંધી રાવણને અપાયેલા અભિપ્રાય એમ ૩ ખંડમાં વહેંચાતી આ કૃતિ એમાંના વિનોદતત્ત્વથી ને કવિની લોકનિરીક્ષણની શકિતથી ધ્યાનાર્હ બની છે.

કવિ પાસેથી ૩ ધાર્મિક રચનાઓ મળે છે. 'બ્રહ્મોત્તર ખંડ' તરીકે ઓળખાવાયેલી, પુરાણકથા-આધારિત દુહા-ચોપાઈ-છપ્પામાં નિબદ્ધ ૨૨ અધ્યાયની 'શિવપુરાણ'←(ર.ઈ. ૧૭૧૮/સં. ૧૭૭૪, શ્રાવણ સુદ ૫, ગુરુવાર; મુ.)માં વિવિધ વાર્તાઓ દ્વારા શિવનો, તેમના પૂજનનો, પંચાક્ષરમંત્રનો, બિલિપત્ર વગેરેનો મહિમા કવિએ વર્ણવ્યો છે. 'કાલિકાનો ગરબો/પતાઈ રાવળનો ગરબો'(મુ.)માં રાજપાટનો દંતકથામિશ્રિત ઐતિહાસિક પ્રસંગ ગેય રૂપે વર્ણવાયો છે. 'રણછોડજીનો સલોકો' તરીકે પણ ઓળખાવાયેલી 'બોડાણાનું આખ્યાન'←(મુ.)માં ભકત બોડાણા પર પ્રસન્ન થઈ દ્વારકાધીશ દ્વારકાથી ડાકોર આવ્યા એ પ્રસંગનું વર્ણન કરી ભગવાનની ભકતવત્સલતાનો મહિમા કર્યો છે.

૧૮૦ કડીનો 'રૂસ્તમનો સલોકો←/અભરામ ભગતનો સલોકો'(ર. ઈ. ૧૭૨૫; મુ) કવિની ઐતિહાસિક વિષયવાળી રચના છે. સુજાત-ખાન, રૂસ્તમ અને અભરામ કુલી એ ૩ ભાઈઓની વીરતાની પ્રશસ્તિ કરતું આ કાવ્ય એમાંના યુદ્ધવર્ણનથી અને એમાં મળતા ગુજરાતની રાજકીય અસ્થિરતાના ચિત્રથી નોંધપાત્ર છે. એ સિવાય અપૂર્ણ રૂપે મળતું 'ઉત્કંઠનું આખ્યાન' તથા 'રખીદાસનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચરિત્ર' શામળે રચ્યાં હોવાનું મનાય છે. જો કે 'રખીદાસનું ચરિત્ર'ની કોઈ હસ્તપ્રત અત્યારે ઉપલબ્ધ નથી.

શામળને નામે બીજી પણ કેટલીક કૃતિઓ નોંધાઈ છે. તેમાં 'ભોજની વાર્તા' એમાં આવતા સ્વામિનારાયણ સંપ્રદાયના ઉલ્લેખ તથા એની આણઘડ રચનારીતિને કારણે શામળકૃત હોવાની સંભાવના નથી. 'જહાંદરશા બાદશાહની વાર્તા' એ કોઈ ફારસી કૃતિનું ભાષાંતર અને એ ભાંષાતર મહેતાજી હરિશંકર દ્વારા થયું હોવાનું અનુમાન છે. 'સુંદર કામદારની વાર્તા' (લીથોમાં મુ.)ની કોઈ હાથપ્રત ઉપલબ્ધ નથી, એટલે એની અધિકૃતતા પણ શંકાસ્પદ છે. 'વિદ્યાવિલાસિનીની વાર્તા/વિનેચટની વાર્તા ચંદ્ર-ઉદેની કૃતિ હોવાનું નિશ્ચિત થયું છે. 'કામાવતીની વાર્તા' શિવદાસકૃત છે. 'ગુલબંકાવલી' પણ રચનાના કઢંગાપણાને લીધે શામળકૃત હોવાની સંભાવના ઓછી છે. 'રેવાખંડ', 'વિશ્વેશ્વરાખ્યાન' 'શનીશ્વરાખ્યાન' ને 'શુકદેવાખ્યાન' શામળને નામે નોંધાઈ છે ખરી, પરંતુ એમનીય કોઈ હાથપ્રત અત્યારે ઉપલબ્ધ નથી.

કૃતિ : ૧. અંગદવિષ્ટિ, પ્ર. મોહનલાલ હ. વ્યાસ, ઈ. ૧૮૮૬; ૨. ઉદ્યમકર્મસંવાદ, સં. ત્રિભુવનદાસ જ. શેઠ, ઈ. ૧૯૨૦; ૩. એજન, સં. હિમતલાલ ગ. અંજારિયા, ઈ. ૧૯૨૦; ૪. કાષ્ટના ઘોડાની વાર્તા, પ્ર. બાજીભાઈ અમીચંદ, ઈ. ૧૮૫૫; ૫. ગોટકાની વારતા, પ્ર. લલ્લુભાઈ અમીચંદ, ઈ. ૧૮૬૦; ૬. (શામળ ભટ્ટકૃત) ચંદ્ર-ચંદ્રાવતીની વાર્તા, સં. હીરાબેન રા. પાઠક, ઈ. ૧૯૬૮; ૭. (શામળ ભટ્ટકૃત) નંદબત્રીશી અને કસ્તૂરચંદની વાર્તા, સં. ઈંદિરા મરચન્ટ અને રમેશ જાની, ઈ. ૧૯૭૮; ૮ નંદબત્રીશીની વાર્તા, પ્ર. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,–; ૯. નંદબત્રીશીની વાર્તા, સં. દામોદર ભટ્ટ,–; ૧૦. (શામળકૃત) પંચદંડ અને બીજાં કાવ્યો, સં. મંજુલાલ મજમુદાર અને નાનાલાલ ન. શાહ, ઈ. ૧૯૨૯; ૧૧. બત્રીસ પૂતળીની વાર્તા (ભાગ ૧થી ૧૦), સં. શાહ રણછોડલાલ મોતીલાલ, ઈ. ૧૯૨૯; ૧૨. બરાસકસ્તૂરીની વારતા, પ્ર. ગોપાળ શેઠ પાંડુરંગ માણપુરુકર, ઈ. ૧૮૭૪; ૧૩. બોડાણાનું આખ્યાન, પ્ર. લલ્લુભાઈ કરમચંદ,–; ૧૪. મડાપચીશીની વાર્તા, સં. ગોપાળ શેઠ પાંડુરંગ માણપુરુકર, ઈ. ૧૮૭૧; ૧૫. મદનમોહના, સં. હીરાલાલ વ્ર. શ્રોફ, ઈ. ૧૯૦૯; ૧૬. એજન, સં. અનંતરાય મ. રાવળ, ઈ. ૧૯૫૫; ૧૭. એજન, સં. હરિવલ્લભ ચૂ. ભાયાણી, ઈ. ૧૯૫૫; ૧૮. (કવિ શામળ ભટ્ટ વિરચિત) રૂસ્તમનો સલોકો, સં. હરિવલ્લભ ચૂ. ભાયાણી, ઈ. ૧૯૫૬; ૧૯. વેતાલપચીશી, સં. જગજીવન મોદી, ઈ. ૧૯૧૬; ૨૦. એજન, સં. અંબાલાલ સ. પટેલ, ઈ. ૧૯૬૨ (+સં.); ૨૧. શામળ, સં. રણજિત પટેલ 'અનામી,' ઈ. ૧૯૬૧ (+સં.); ૨૨. શામળના છપ્પા, સં. કે. કા. શાસ્ત્રી, ઈ.૧૯૫૨ (બીજી આ.); ૨૩. શામળના છપ્પા (અને તેમની બીજી ચૂંટેલી કવિતાઓ), પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, –;૨૪. શામળસતસઈ, સં. દલપતરામ કવિ, ઈ. ૧૮૬૮; ૨૫. શિવપુરાણ યાને બ્રહ્મોત્તર ખંડ, સં. ગંગાશંકર જ. કવીશ્વર, ઈ. ૧૮૭૬; ૨૬. (ગુર્જરકવિ શામળ ભટ્ટકૃત) શ્રી શિવપુરાણ (બ્રહ્મોત્તરખંડ), સં. નટવરલાલ ઈ. દેસાઈ, ઈ. ૧૯૩૧ (+સં.); ૨૭. શુકબહોતરી, પ્ર. ઘનશ્યામ હ. વૈદ્ય, ઈ. ૧૮૯૫; ૨૮.* સિંહાસન બત્રીશી, સં. રામચંદ્ર જાગુષ્ટે; ૨૯. *'સિંહાસનબત્રીશી', સં. અંબાલાલ બુ. જાની, ઈ. ૧૯૨૬; ૩૦. એજન (વાર્તા ૧૮થી ૨૨), સં. હરિવલ્લભ ભાયાણી, ઈ. ૧૯૬૦ (+સં.); ૩૧. સૂડાબહોતેરી, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ, ૧૯૦૩; ☐ ૩૨.ભૂકાદોહન : ૧, ૨, ૩. ૫, ૬, ૮.

સંદર્ભ : ૧. શામળ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૮; ૨. શામળનું વાર્તાસાહિત્ય, નવલરામ જ. ત્રિવેદી, ઈ. ૧૯૪૮; ૩. સાહિત્યકાર શામળ ભટ્ટ, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૪૭; ☐ ૪. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર વિરચિત પંચદંડની વાર્તા, સં. સોમા ભાઈ ધૂ. પારેખ, ઈ. ૧૯૭૪–'કવિ શામળકૃત પંચદંડની વાર્તા'; ૫. કવિચરિત : ૩; ૬. ક્લાસિકલ પોએટસ ઓફ ગુજરાત, ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, ઈ. ૧૯૫૮ (ત્રીજી આ.) (+સં.); ૭. ગંધાક્ષત, અનંતરાય રાવળ, ઈ. ૧૯૬૬–'વાણિયાનો કવિ'; ૮. ગુમાસ્તંભો; ૯. ગુલિટરેચર; ૧૦. ગુસાઈતિહાસ : ૨; ૧૧. ગુસામધ્ય; ૧૨. ત્રણ જ્યોતિર્ધરો (અખો, શામળ, દયારામ), કે. કા. શાસ્ત્રી, ઈ. ૧૯૭૩; ૧૩. નભોવિહાર, રા. વિ. પાઠક, ઈ. ૧૯૬૧–'શામળ'; ૧૪. પ્રાકકૃતિઓ; ૧૫. પ્રેમાનંદ-શામળના સમયની લોકસ્થિતિ અને તેનું પ્રેમાનંદ-શામળે પોતાની કૃતિઓમાં કરાવેલું દર્શન, ઈન્દુપ્રસાદ જે, ભટ્ટ, ઈ. ૧૯૭૮; ૧૬. રામલાલ ચુનીલાલ મોદી લેખસંગ્રહ : ૨, સં. પુરુષોત્તમદાસ ભી. શાહ, ઈ. ૧૯૬૫–'શામળના સમયનો વિચાર'; ૧૭. સાહિત્યનિકષ, અનંતરાય રાવળ, ઈ. ૧૯૫૮–'વાર્તાકાર શામળ'; ૧૮. સ્વાધ્યાય અને સમીક્ષા, નગીનદાસ પારેખ, ઈ. ૧૯૬૯–'બારચરણના છપ્પા'; ☐ ૧૯. કૅટલૉગગુરા; ૨૦. ગૂહાયાદી; ૨૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨૨. ડિકૅટલૉગબીજે; ૨૩. ડિકૅટલૉગભાવિ; ૨૪. ફાહનામાવલિ : ૨; ૨૫. મુપુગૂહસૂચી.; ૨૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [આ.રા.]

શાર્દૂલિયો [ ] : 'એકાદશી-માહાત્મ્ય-કથા' અને 'હંસાવતી-આખ્યાન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

શાલિગ : જુઓ સાલિગ.

શાલિભદ્ર(સૂરિ)–૧ [ઈ. ૧૧૮૫માં હયાત] : રાસકવિ. રાજગચ્છના જૈન સાધુ. વજસેનસૂરિના પટ્ટધર શિષ્ય. ઋષભદેવના બે પુત્ર ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધની કથાને આલેખતી ૧૪ ઠવણીમાં વિભક્ત ૨૦૩ કડીની વીરરસપ્રધાન કૃતિ 'ભરતેશ્વર-બાહુબલિ-રાસ'←(૨.ઈ. ૧૧૮૫/સં. ૧૨૪૧, ફાગણ–૫; મુ.) એમાંનાં યુદ્ધવર્ણનો તથા ડિંગળશૈલીનો ઉપયોગ કરતી ઓજસયુક્ત શૈલીને લીધે ધ્યાન ખેંચતી મહત્ત્વની રચના છે. સામાન્ય માણસે અને શ્રાવકે જીવનમાં કેવી રીતે વ્યવહાર કરવો તે અંગે સુપથ્થ શીખવચનો રજૂ કરતો, ચરણાકુલ, ચોપાઈ, સોરઠા, દુહા આદિના બંધમાં રચાયેલ ૬૩ કડીનો 'બુદ્ધિ-રાસ/શાલિભદ્ર-રાસ/હિતશિક્ષા-પ્રબુદ્ધ-રાસ' (લે. ઈ. ૧૫૩૫; મુ.) પણ તેમની કૃતિ મનાય છે; જો કે લાલચન્દ્ર ગાંધી આ બંને રાસના કર્તા એક જ હોવા વિશે સાશંક છે.

કૃતિ : ૧. ભરત-બાહુબલિ-રાસ, સં. લાલચંદ્ર ભ. ગાંધી, ઈ. ૧૯૪૧; ૨. (શાલિભદ્રસૂરિકૃત) ભરતેશ્વર-બાહુબલિ-રાસ તથા બુદ્ધિ રાસ, સં. શ્રી જિનવિજય મુનિ, ઈ. ૧૯૪૧.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. જૈસાઈતિહાસ; ૬. દેસુરાસમાળા; ☐ ૭.અખંડાનંદ, ઑક્ટો.૧૯૫૬–'ભરતેશ્વર બાહુબલિ-રાસ', કાન્તિલાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બ. વ્યાસ; ☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. કૅટલૉગગુરા; ૧૦. ડિકૅટલૉગબીજે; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. હેજેજ્ઞાસૂચી : ૧. [ભા.વૈ.]

શાલિભદ્ર(સૂરિ)–૨ [ઈ. ૧૩૫૪માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. જૈન પરંપરાના મહાભારતના કથાવસ્તુ પર આધારિત, વસ્તુ આદિ સુગેય છંદો–ઢાળોનો સુંદર વિનિયોગ કરતો, ૧૫ ઠવણી ને ૩૦૦થી વધારે કડીઓમાં રચાયેલો 'પંચપાંડવચરિત-રાસ←/પાંચપાંડવ-રાસ' (૨. ઈ. ૧૩૫૪; મુ.) પૌરાણિક વિષયવાળી અત્યારે ઉપલબ્ધ પહેલી કૃતિ છે. મૂળ મહાભારતના કથાપ્રસંગથી ઘણા પ્રસંગોમાં જુદો પડતો આ રાસ કથાકથન તથા વર્ણનો અને છંદોપ્રયોગમાં કવિકૌશલ્યનો સુપેરે પરિચય કરાવે છે. આ કવિ અને 'વિરાટપર્વ' (૨. ઈ. ૧૪૨૨ પૂર્વે)ના કર્તા એક હોવાનો સંભવ મોહનલાલ દ. દેશાઈએ રજૂ કર્યો છે.

કૃતિ : ૧. ગુરાસાવલિ (–સં.); ૨. રાસ ઔર રાસાન્વયી કાવ્ય, સં. દશરથ ઓઝા અને દશરથ શર્મા, ઈ. ૧૯૬૦.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. ગુસા-મધ્ય; ૪. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૬૪–'પંચપાંડવચરિત્રરાસુ', ચંદ્રકાન્ત ટોપીવાળા; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧); ૬. મુપુગૂહસૂચી. [ભા.વૈ.]

શાલિસૂરિ [ઈ. ૧૪૨૨ પૂર્વે] : જૈન કવિ. કવિના 'વિરાટપર્વ'માંથી માણિક્યસુંદર-સૂરિએ પોતાના 'પૃથ્વીચંદ્ર-ચરિત' (૨.ઈ. ૧૪૨૨)માં ૨ કડીની ૧-૧ પંકિત ઉદ્ધૃત કરી છે. એટલે કવિ ઈ. ૧૪૨૨ પૂર્વે થઈ ગયા હોવાનું કહી શકાય. ૨ ખંડમાં વિભકત ૧૮૩ કડીનું 'વિરાટપર્વ' ←(૨.ઈ. ૧૪૨૨ પૂર્વે; મુ.) મહાભારતની જૈન પરંપરાને બદલે વ્યાસકૃત મહાભારત કથાને અનુસરે છે અને કવિ માત્રામેળને બદલે અક્ષરમેળ છંદો પ્રયોજે છે એ દૃષ્ટિએ વિશિષ્ટ કાવ્ય છે. મહાભારતકથાના મુખ્ય કથાપ્રસંગોને જાળવી કવિએ સમગ્ર કૃતિમાંથી પાંડવોના વીરત્વને ઉપસાવવા તરફ લક્ષ આપ્યું છે. વકતવ્યને ધારદાર બનાવવા પ્રયોજાયેલી લોકોકિતઓને લીધે કાવ્યની શૈલી લાક્ષણિક બની છે. 'પંચપાંડવચરિત્ર-રાસ' (૨.ઈ. ૧૩૫૪)ના કર્તા શાલિભદ્રસૂરિ અને આ કાવ્યના કર્તા એક છે એવી સંભાવના મોહનલાલ દ. દેશાઈએ વ્યકત કરી છે.

કૃતિ : ૧. વિરાટપર્વ, સં. ચિમનલાલ ત્રિવેદી, કનુભાઈ શેઠ, ઈ. ૧૯૬૯;☐ ૨. ગુરાસાવલી.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા-મધ્ય; ૪. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૪૧; ☐ ૫. જૈગૂકવિઓ : ૩(૧). [ભા.વૈ.]

શાંતસૌભાગ્ય [ઈ. ૧૭૩૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. રાજસાગરસૂરિની પરંપરામાં પ્રેમસૌભાગ્યના શિષ્ય. 'અગડદત્ત-ઋષિની ચોપાઈ' (૨.ઈ. ૧૭૩૧)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ : ૨; ૩. ડિકૅટ-લૉગભાઈ : ૧૯(૨). [શ્રા.ત્રિ.]

શાંતિ : 'શાંતિને નામે ૧૪ કડીની 'સ્થૂલિભદ્રની સઝાય'(મુ.) અને શાંતિસૂરિને નામે ૮ કડીનું 'સીમન્ધર-સ્વામી-સ્તવન/જિનસ્તવન' (૨. સ. ૧૪મું શતક), 'અર્બુદાચલચૈત્યપરવાડિ-વિનતિ', ૬ કડીની 'હિયાલી', ૧૧ કડીનો 'શત્રુંજય-ભાસ/શત્રુંજય ઉમાહડા ધવલ' (લે. ઈ. ૧૪૭૯; મુ.), ૫ કડીનું 'જીરાવલા-ગીત' (લે. સં. ૧૭મું શતક) અને મૂળ પ્રાકૃત કૃતિ 'જીવવિચાર' પરનો ૫૧ કડીનો સ્તબક (લે. ઈ ૧૮૮૯) એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા કયા શાંતિસૂરિ છે તે નિશ્ચિત-પણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ☐ ૨. જૈનયુગ, અસાડ-શ્રાવણ ૧૯૮૬ –'સં. ૧૫૩૫માં લખાયેલાં પ્રાચીન કાવ્યો', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. નયુકવિઓ; ૨. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજ-જીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮;☐ ૩. જૈગૂકવિઓ :૩(૧); ૪. જૈમગૂકરચનાઓ : ૧; ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭. હેજે-જ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શાંતિ(સૂરિ)–૧ [ઈ. ૧૩૪૮ કે ૧૩૮૪માં હયાત] : જૈન સાધુ. આમ્રદેવસૂરિના શિષ્ય. ૧૨ ડાળના 'અજિતશાંતિ-સ્તવન' (૨.ઈ. ૧૩૪૮ કે ૧૩૮૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિ(સૂરિ)–૨ [ઈ.૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૬મી સદી મધ્યભાગ] : સાંડેરગચ્છના જૈન સાધુ. આમદેવસૂરિના શિષ્ય. તેઓ ઈ. ૧૫૪૩ સુધી હયાત હતા એમ 'જૈન ગૂર્જર કવિઓ'એ નોંધ્યું છે. દાનનો મહિમા સમજાવતો પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતીમાં રચાયેલો ને વિવિધ છંદોનો ઉપયોગ કરતો ૧૩૭ કડીનો 'સાગરદત્ત-રાસ' (૨.ઈ. ૧૪૬૧-૬૩ આસપાસ) તથા ૧૫૦ કડીની 'નવકાર-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય', ચિમનલાલ ડાહ્યાભાઈ;☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈગૂકવિઓ:૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિ(સૂરિ)–૩ [ઈ. ૧૮૦૮ સુધીમાં] : ૪૧ કડીના 'મણિભદ્ર-છંદ/મણિભદ્ર વીરનું સ્તવન' (લે. ઈ. ૧૮૦૮)ના કર્તા. આ કૃતિ શાંતિ-દાસને નામે પણ નોંધાયેલી છે.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગબીજે; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શાંતિકુશલ : આ નામે ૪ કડીની 'સીમંધર-સ્તુતિ' (લે.ઈ. ૧૭૯૩; મુ.), ૧૪ કડીની 'જૂ-લીંખ-સઝાય' (લે. સં. ૧૮મું શતક અનુ.) અને ૪ કડીનું હિંદીમિશ્રા ગુજરાતીમાં 'આદીશ્વર ભગવાનનું સ્તવન'(મુ.) મળે છે. આ કૃતિઓના કર્તા કયા શાંતિકુશલ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૩; ૨. જૈકાસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિકુશલ–૧ [ઈ. ૧૭મી સદીનો પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનની પરંપરામાં વિનયકુશલના શિષ્ય. 'અંજનાસતી-રાસ'(૨.ઈ. ૧૬૧૧/સં. ૧૬૬૭, મહા સુદ ૨ના દિને પ્રારંભ; સ્વહસ્તાક્ષરની પ્રત), ૩૧/૪૧ કડીનું 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન/તીર્થમાલા' (૨.ઈ. ૧૬૧૧; મુ.), 'ઝાંઝરિયા-મુનિની સઝાય' (૨. ઈ. ૧૬૨૧/સં.ના ૧૬૭૭ વૈશાખ વદ ૧૧, બુધવાર), ૩૩/૩૭ કડીનો 'અજારીસરસ્વતી-છંદ/ભારતીસ્તોત્ર/શારદામાતાનો છંદ'(મુ.), ૪૧ કડીનો 'ગોડી-પાર્શ્વછંદ' અને ૧૮ કડીની 'સનત્કુમારચક્રવર્તીની સઝાય'(મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. પ્રાતીસંગ્રહ (+સં.) : ૧; ૨. પ્રાછંદ સંગ્રહ; ૩. સજ્ઝાય-માળા (પં).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શાંતિચંદ્ર(ઉપાધ્યાય) [ ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. તપગચ્છના વિજયપ્રભસૂરિ (ઈ. ૧૬૨૧-૧૬૯૩)ને વિષય બનાવી રચાયેલી ૭ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય' (૨.ઈ. ૧૮મું શતક અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શાંતિદાસ–૧ [ઈ. ૧૫૬૯ સુધીમાં] : 'લઘુબાહુબલિ-વેલિ' (લે. ઈ. ૧૫૬૯)ના કર્તા.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [શ્રા.ત્રિ.]

શાંતિદાસ–૨ [ઈ. ૧૬૭૬માં હયાત] : જૈન શ્રાવક. ૬૪/૬૬ કડીના 'શ્રીગૌતમસ્વામી-રાસ' (૨. ઈ. ૧૬૭૬/સં. ૧૭૩૨, આસો સુદ ૧૦; મુ.)ના કર્તા.

કૃતિ : ગૌતમસ્વામીરાસ. પ્ર. મીઠાભાઈ ક. શેઠ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૨; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિદાસ–૩ [ ] : ચારથી ૬ કડીનાં કૃષ્ણની બાળલીલાનાં પદો (૧૩ મુ.) અને સાતથી ૧૦ કડીનાં કૃષ્ણ-ગોપી લીલાનાં પદો (૧૦ મુ.)ના કર્તા. તેમનાં પદો સ્ત્રીઓમાં ખૂબ લોકપ્રિય છે અને ગવાય છે.

કૃતિ : ૧. કાદોહન : ૨; ૨. નકાદોહન; ૩. બૃકાદોહન : ૧, ૫; ૪. ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. ગુસામધ્ય; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩.ગૂહાયાદી.]શ્રા.ત્રિ.]

'શાંતિનાથ ભગવાનનો રાસ' [૨. ઈ. ૧૭૨૯/સં. ૧૭૮૫, વૈશાખ સુદ ૭, ગુરુવાર] : તપગચ્છના સુમતિવિજયશિષ્ય રામવિજય રચિત આ રાસ (મુ.) જૈનધર્મના ૧૬મા તીર્થંકર શ્રીશાંતિનાથ ભગવાનના ૧૨ ભવની સવિસ્તર કથા કુલ ૬ ખંડ, ૨૧૩ ઢાલ અને ૬૫૮૩ કડીમાં આપે છે.

એમાં શાંતિનાથની પ્રધાન કથા સાથે તેમના મુખ્ય ગણધર શ્રીચક્રાયુધની સર્વા ભવની, મંગલકલશકુમાર, પુણ્યસાર, સુમિત્રાનંદ આદિની તેમ જ શ્રાવકના ૧૨ વ્રતો ઇત્યાદિની કથાઓ પણ ગૂંથી લેવામાં આવી છે. આ રાસ પંડિત અજિતપ્રભસૂરિના મૂળ સંસ્કૃત પદ્યમાં રચાયેલા 'શાંતિનાથચરિત્ર' પર આધારિત હોય એવું જણાય છે.

સુશ્લિષ્ટ પદ્યબંધ અને ભાષાપ્રભુત્વ દાખવતા આ રાસના કવિએ રચેલા નીતિવૈરાગ્યબોધક શ્લોકો અને એમાં મુકાયેલા અન્ય કવિઓના દુહા, શ્લોક, ગાથાઓ કવિની કવિત્વશકિત અને તેમની સાંપ્રદાયિક અભિજ્ઞતાના દ્યોતક છે. [શ્રા.ત્રિ.]

શાંતિમંદિરશિષ્ય [ ] : જૈન સાધુ. ૭૧ કડીની 'થંભણપાસ-વિવાહલુ' (લે.સં. ૧૬મી સદી) કૃતિના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

શાંતિવિજય : આ નામે ૪ ઢાળનાં 'સાસુવહુની સઝાય' (૨.ઈ. સંભવત: ૧૭૯૩/સં. ૧૮૪૯, ભાદરવા વદ ૧, મંગળવાર; મુ.), ૭ કડીનું 'સીમંધરજિન-સ્તવન' (લે. ઈ. ૧૭૮૧), ૩૪૨૫ કડીનો 'ભવભાવના-પ્રકરણવાર્તિક' (લે. ઈ. ૧૮૨૬), ૭ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન' (લે. ઈ. ૧૮૪૩), 'સપ્તતિકાકર્મગ્રંથબાલાવબોધ' (લે. સં. ૧૭મું શતક અનુ.), ૫ કડીની 'અધ્યાત્મ-સઝાય' (લે. સં. ૧૮મું શતક અનુ.), ૫ કડીની 'જીવપ્રતિબોધ-સઝાય' (લે. સં. ૧૮મું શતક અનુ.), ૫ કડીની 'વૈરાગ્ય-સઝાય' (લે. સં. ૧૮મું શતક અનુ.), ૬ કડીની 'ગહૂંલી', 'પંચમહાવ્રત-સઝાય' અને ૨૦ કડીનું 'શાંતિજિન-સ્તવન' (મુ.) – એ કૃતિઓ મળે છે. 'સપ્તતિકાકર્મગ્રંથ-બાલાવબોધ'ના કર્તા શાંતિવિજય–૧ હોવાની સંભાવના છે. અન્ય કૃતિઓના કર્તા કયા શાંતિવિજય છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧, ૨. પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શાંતિવિજય(ગણિ)–૧ [ઈ. ૧૬૨૨ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. આણંદવિમલસૂરિની પરંપરામાં વિજયસેનસૂરિના શિષ્ય. દેવેન્દ્રસૂરિના મૂળ પ્રાકૃત ગ્રંથ 'કર્મગ્રંથપંચક' પરના બાલાવબોધ (લે.ઈ. ૧૬૨૨)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિવિજય–૨ [ઈ.૧૭૪૧માં હયાત] : જૈન સાધુ. ૩ ઢાલની 'શત્રુંજયતીર્થમાલા' (૨.ઈ. ૧૭૪૧/સં. ૧૭૯૭, મહા સુદ ૨)ના કર્તા. 'કૅટલૉગ ઑફ ધી ગુજરાતી ઍન્ડ રાજસ્થાની મૅન્યુસ્ક્રિપ્ટસ ઇન ધ ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી'માં ધ્યાનવિષયક એક સઝાયના કર્તા આ શાંતિવિજય હોય એવી સંભાવના દર્શાવી છે, પણ તે માટેનો કોઈ આધાર મળતો નથી.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ☐ ૨. કૅટલૉગગુરા; ૩. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

શાંતિવિજય–૩ [ ] : જૈન સાધુ. હર્ષવિજયના શિષ્ય. ૧૪ કડીના 'મહાવીર-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૫ કડીના 'સુમતિનાથ સ્વામીનું સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિસ્તમાલા; ૨. જૈકાસંગ્રહ. [કી.જો.]

શાંતિવિમલ [ઈ. ૧૫૯૮ સુધીમાં] : જૈન સાધુ. ૪૨ કડીની 'ઉપશમરસપોષક-સઝાય' (લે. ઈ. ૧૫૯૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાંતિસાગર(ગણિ)–૧ [ઈ. ૧૬૫૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગર-શ્રુતસાગરશિષ્ય. મૂળ સંસ્કૃત કૃતિ 'કર્મવિપાક-પ્રથમગ્રંથ' પરના સ્તબકના કર્તા. 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર : ૧'માં સ્તબકનું નામ 'કર્મસ્તવ-કર્મગ્રંથ સ્તબક' મળે છે.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શાંતિસાગર–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. અમરસાગર (આવ. ઈ. ૧૭૦૬)ની પરંપરામાં મતિસાગરના શિષ્ય. 'વીશવિહરમાનજિન-સ્તવનસંગ્રહ/વીશી' (૨. ઈ. ૧૭૦૪), ૭ કડીનો 'અમરસાગરગુરુ-ભાસ', 'ચતુર્વિંશતિ-જિન-સ્તવન', ૩૨ કડીનો 'નેમ-બારમાસ', ૫ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન', ૬ કડીનું 'શાંતિજિન-સ્તવન', ૯ કડીનું 'સીમંધરજિન-સ્તવન' અને ૫ કડીની 'હરિયાલી'ના કર્તા. મોટા ભાગની કૃતિઓ કવિના સ્વહસ્તાક્ષરમાં અને ઈ.૧૭૦૫માં લખાયેલી છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શાંતિ(સૂરિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૧૧ કડીની 'મુહ-પત્તીપડીલેહવિચાર-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧ [કી.જો.]

શિયળવિજય/શીલવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૧૧૦ કડીની 'વૈરાગ્યની સઝાય'(મુ.) તથા ૧૧ કડીની 'શિયળની ચુનકીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જિભપ્રકાશ; ૩. જૈસમાલા(શા): ૧; ૪. જૈસસંગ્રહ(જૈ); ૫. સજ્ઝાયમાળા(પં); ૬. સઝાયમાળા: ૧ (જા).

સંદર્ભ : દેસુરાસમાળા.

શિવકલશ [ઈ. ૧૫૧૩માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. દેવ-કુમારની પરંપરામાં જયવંતના શિષ્ય. ૩૦૩ કડીની 'ઋષિદત્તામહા-સતી-ચોપાઈ' (૨.ઈ.૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શિવકીર્તિ [ ] : જૈન સાધુ. લક્ષ્મીકીર્તિના શિષ્ય. ૯ કડીના 'મણિભદ્રજીનો છંદ/મણિભદ્રવીરસ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્ર છંદસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શિવચંદ/શિવચંદ્ર : 'શિવચંદ પાઠક'ને નામે ૭ કડીનું 'જ્ઞાનપદ-સ્તવન' (મુ.), 'શિવચંદમુનિ'ને નામે ૫૭ કડીનું 'જિનદત્તસૂરિ પાટમહોત્સવ-કાવ્ય' (૨.ઈ. ૧૬૨૮), 'શિવચંદ'ને નામે 'દાદાજી-સ્તવન' (લે. સં. ૧૯મું શતક અનુ.), ૩ કડીનું 'પાર્શ્વનાથ-ગીત' (લે. સં. ૧૮મું શતક અનુ.), ૧૧ કડીનું 'સાધારણજિન-સ્તવન', 'આદિજિન-ગહૂંલી', 'ઋષભજિનદેશના', 'ચંદ્રપ્રભજિન-સ્તવન', 'નન્દીસૂત્ર-સઝાય', 'પંચ-માંગ-સઝાય', 'વીરદેશના-સ્તવન', 'સમવસરણદેશના', અને ૯/૧૦ કડીનું 'સ્થૂલિભદ્ર-ગીત/સઝાય'(લે. સં. ૧૮મું શતક અનુ.) એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા શિવચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાપુહસૂચી : ૫૧; ૩. રાહસૂચી : ૧; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ. : ૧ [શ્રા.ત્રિ.]

શિવચંદ–૧ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષની પરંપરામાં ક્ષેમકીર્તિશાખાના સમયસુંદરના શિષ્ય. 'વીશ-સ્થાનકપૂજા' (૨.ઈ.૧૮૧૫/સં. ૧૮૭૧, ભાદરવા વદ ૧૦), 'એકવીશ પ્રકારીપૂજા' (૨.ઈ. ૧૮૨૨/સં. ૧૮૭૮, મહા સુદ ૫, રવિવાર), 'ઋષિમંડલપૂજા/ચતુર્વિંશતિજિનપૂજા/પૂજાની ચોવીશી' (૨. ઈ.૧૮૨૩/સં. ૧૮૭૯, દ્વિતીય આસો સુદ ૫, શનિવાર; મુ.) અને 'નંદીશ્વર-પૂજા'ના કર્તા. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ૨'માં 'નંદીશ્વર-પૂજા'ની ૨.ઈ.૧૮૧૫ મૂકી છે, પણ એનો કોઈ આધાર મળતો નથી.

કૃતિ : ચોસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [શ્રા.ત્રિ.]

શિવચંદ્ર–૨ [ ] : જૈન સાધુ. સમરચંદ્રસૂરિના શિષ્ય. ૨૧ કડીના 'શ્રીવાસુપૂજ્યજિનરાજ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : ષટ્દ્રવ્યનયવિચારાદિપ્રકરણસંગ્રહ, પ્ર. મંગળદાસ લલ્લુભાઈ, ઈ. ૧૯૧૩. [શ્રા.ત્રિ.]

શિવજી–૧ [ ] : પદ-ગરબાના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

શિવજી(આચાર્ય)–૨ [ ] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. ૧૬ કડીની 'ગજસુકુમાલ-સઝાય' અને 'શાંતિનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શિવદાસ : આ નામે ૧૨૫ કડીનો 'કયવન્ના-કનકાવતી-ચોપાઈ' (લે. ઈ. ૧૬૦૧) મળે છે. તેના કર્તા કયા શિવદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શિવદાસ–૧ [ઈ. ૧૪૪૭ કે ઈ. ૧૫૧૭માં હયાત] : કવિના જીવન વિશે બીજી કાંઈ માહિતી મળતી નથી, પરંતુ તે જૈનેતર છે એટલું એમની કૃતિઓ પરથી સમજાય છે. મુખ્યત્વે દુહા-ચોપાઈનો ૯૦૦ ઉપરાંત કડીની 'કામાવતીની કથા'←(૨.ઈ. ૧૪૪૭ કે ૧૫૧૭/સં. ૧૫૦૩ કે ૧૫૭૩, ભાદરવા વદ ૮, રવિવાર; મુ.)ના કર્તા. મનુષ્ય-યોનિ અને પંખીયોનિના પહેલાં ૨ પૂર્વાવતારોમાં વિધિવશાત્ એકઠાં નહીં રહી શકેલાં કરણકુંવર અને કામાવતીની ૩ ભવની કથાને આલેખતી આ કૃતિ કૌતુકમય પ્રસંગો, કરણકુંવર-કામાવતીના આકર્ષક પાત્રચિત્રો, સંભોગ ને વિપ્રલંભનું મનભર નિરૂપણ ને આલંકારિક વર્ણનછટાને લીધે મધ્યકાલીન ગુજરાતીની ધ્યાનાર્હ પ્રેમ-કથા બની રહે છે.

નરવાહન અને પદ્માવતીના ૨ પૂર્વભવો સાથે કુલ ૩ ભવની પ્રેમકથાને પહેલા ૨ ખંડમાં અને બાકીના ૨ ખંડમાં તેમના પુત્રો હંસ અને વચ્છની કથાને આલેખતી ૪ ખંડમાં વિભક્ત ને મુખ્યત્વે દુહા-ચોપાઈમાં નિબદ્ધ ૧૩૬૨ કડીની 'હંસાવળી'←(મુ.) નામક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધ્યાનાર્હ કૃતિ તથા વિષ્ણુજનગરના રાજકુમાર રૂપસેનનાં પરાક્રમો અને તેના કણયાપુરની રાજકુંવરી સાથેના પ્રેમ અને પરિણયની કથા કહેતી દુહા-ચોપાઈબદ્ધ ૧૨૫ કડીની 'રૂપસેન-ચતુષ્પદિકા'(મુ.) એ ૨ કૃતિઓ પણ શિવદાસને નામે મળે છે. એમના કર્તા આ શિવદાસ હોવાની સંભાવના છે, જો કે એ માટે કોઈ નિશ્ચિત આધાર નથી.

કૃતિ : ૧. કામાવતી (કવિ શિવદાસ), સં. મગનલાલ દ. જોષી અને નાથાલાલ ગૌ. ધ્યાની, ઈ. ૧૯૦૩ (+સં.); ૨. કામાવતીની કથાનો વિકાસ અને કવિ શિવદાકૃત કામાવતીની વાર્તા, પ્રવીણ અ. શાહ, ઈ. ૧૯૭૬ (+સં.); ૪. લોકવાર્તાકાર શિવદાસકૃત કામાવતી, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૭૨ (+સં.); ૫. શિવદાસકૃત રૂપસેન ચતુષ્પદિકા, સં. કનુભાઈ વ્ર. શેઠ, ઈ. ૧૯૬૮ (+સં.); ૬. હંસાવળી–; ☐ ૭. નકાદોહન; ☐ ૮.સાહિત્ય, ઈ.૧૯૧૯થી ઈ.૧૯-૨૧ના અંકો, સં. હરગોવિંદદાસ કાંટાવાળા–'હંસા ચારખંડી' (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા-મધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૪; ☐ ૬. ફાત્રૈમાસિક, ઑક્ટો-ડિસે. ૧૯૭૭ અને જુલાઈ-સપ્ટે. ૧૯૭૮–'શિવદાસકૃત કામાવતીની રચ્યાસાલ', ભૂપેન્દ્ર બા. ત્રિવેદી; ☐૭. ગૂહાયાદી; ૮. ડિકૅટલૉગભાવિ. [પ્ર.શા.]

શિવદાસ(વાચક)–૨ [ઈ. ૧૫૫૨માં હયાત] : જૈન. ૨૫ કડીના 'જ્ઞાનપંચમી-સ્તોત્ર' (ર.ઈ.૧૫૫૨)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શિવદાસ–૩ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : આખ્યાનકાર. ખંભાતના નાગર બ્રાહ્મણ. ગુરુ ભૂધર વ્યાસ. તેમના 'ડાંગવાખ્યાન' અને 'દ્રૌપદી સ્વયંવર'ની રચના વિજાપુરમાં થયેલી એટલે તેઓ કેટલોક વખત વિજાપુરમાં જઈને રહ્યા હતા એમ લાગે છે.

તેમણે મહાભારત, ભાગવતાદિ પુરાણોની પ્રસિદ્ધ કથાઓને વિષય તરીકે લઈ સારી એવી સંખ્યામાં કડવાંબદ્ધ આખ્યાનો રચ્યાં છે. આકર્ષક કથાકથન એમનાં આખ્યાનોની ધ્યાનપાત્ર લાક્ષણિકતા છે. એમની રચનાઓમાં મહાભારતનાં પર્વો પર આધારિત ૧૨ કડવાંનું 'પરશુરામ-આખ્યાન' (ર.ઈ. ૧૬૧૧/સં. ૧૬૬૭, મહા સુદ ૭, રવિવાર; મુ.), શૃંગાર ને વીરરસવાળાં વર્ણનોથી ઓપતાં ૧૪ કડવાંનું 'ડાંગવાખ્યાન' (ર. ઈ. ૧૬૧૬/સં. ૧૬૭૨, વૈશાખ સુદ ૧૨, મંગળવાર; મુ.) ને ૨૬ કડવાંનું 'દ્રૌપદી-સ્વયંવર/મછવેધ' (ર.ઈ.૧૬૧૭ /સં. ૧૬૭૩, મકરસંક્રાન્તિ; મુ.), ભાગવતના દશમસ્કંધના કૃષ્ણ-ચરિત્રને સંક્ષપમાં આલેખતું ૨૩ કડવાંનું 'બાલચરિત્ર/બાળલીલા' (ર.ઈ. ૧૬૧૧/સં. ૧૬૬૭, મહા સુદ ૧૫)ને ૧૨મા સ્કંધની કથા પર આધારિત ૧૦ કડવાંનું 'મુસલપર્વ'/'મોશલપર્વ'(મુ.), પદ્મપુરાણ ને વિષ્ણુપુરાણની કથા પર આધારિત જાલધર ને નરકાસુરની કથા કહેતું વીરરસવાળું ૧૫ કડવાંનું 'જાલંધર-આખ્યાન'(મુ.) ને આ આખ્યા-નનાં છેલ્લાં ૭ કડવાંની નરકાસુરની કથાને વિસ્તારી રચાયેલું ૧૮ કડવાંનું 'નરકાસુરનું આખ્યાન' (ર.ઈ. ૧૬૨૦/સં. ૧૬૭૬,–વદ ૮, રવિવાર); સ્કંદપુરાણની કથા પર આધારિત ૮ કડવાંનું 'એકાદશી-માહાત્મ્ય' (ર.ઈ. ૧૬૧૪/સં. ૧૬૭૦, માગશર સુદ ૧૫, ગુરુવાર/ રવિવાર; મુ.), માર્કંડેયપુરાણની કથા પર આધારિત અંબિકાએ મહિષા-સુર ને અન્ય રાક્ષસોના કરેલા વધની કથાને આલેખતું ૨૧ કડવાંનું 'ચંડીઆખ્યાન/સ્વસ્તિપાઠની કથા' (ર.ઈ. ૧૬૨૧/સં. ૧૬૭૭, આસો સુદ ૮–; મુ.)નો સમાવેશ થાય છે. વિષ્ણુદાસની નામછાપ ધરાવતું ને વિષ્ણુદાસને નામે મુદ્રિત ૨૦ કડવાંનું 'સભાપર્વ' આ શિવદાસનું હોય એવી સંભાવના 'કવિચરિત : ૧-૨'માં વ્યક્ત કરવામાં આવી છે, પરંતુ એ વિશે નિશ્ચિત રીતે કંઈ કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧ (શિવદાસકૃત) ચંડીઆખ્યાન, પ્ર. હરજીવન હરગોવન-દાસ બુકસેલર, ઈ. ૧૮૭૫; ૨. જાલંધર આખ્યાન, સં. રામલાલ ચુ. મોદી, ઈ. ૧૯૩૨; ☐ ૩. બૃકાદોહન : ૪; ૪. મહાભારત : ૭; ૫. સભાપર્વ, નળાખ્યાન, કુંવરબાઈનું મોસાળું, હૂંડી, સં. ભાનુસુખરામ મહેતા, ઈ. ૧૯૨૧; ☐ ૬. પ્રાકાત્રૈમાસિક, ઈ. ૧૮૮૭, અ. ૪– 'દ્રૌપદીસ્વયંવર અને એકાદશીમહિમા' અને ઈ. ૧૮૯૧ અં. ૪– 'પરશુરામઆખ્યાન અને ડાંગવાખ્યાન'.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. કામા-વતીની કથાનો વિકાસ અને કવિ શિવદાસકૃત કામાવતીની વાર્તા : ખંડ ૧ અને ૨, પ્રવિણ અ. શાહ, ઈ. ૧૯૭૬; ૪. ગુમાસ્તંભો; ૫. ગુસારસ્વતો; ૬. મહાભારત : ૧;☐ ૭. ગૂહાયાદી; ૮. ડિકૅટલૉગભૉજે; ૯. ડિકૅટલૉગભાવિ; ૧૦. ફાહનામાવલિ : ૨; ૧૧. ફોંહનામાવલિ. [પ્ર.શા.]

શિવદાસ–૪ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : અમરેલીના વડનગરા નાગર. પિતાનું નામ વેલજી. ૩૪૦ ચંદ્રાવળામાં રચાયેલી 'બાલચરિત્રના કૃષ્ણાવલા' (ર.ઈ. ૧૮૫૯) અને ૪૫૧ ચંદ્રાવળામાં રચાયેલી 'ધૂના ધૂવાવળા'ના કર્તા.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ☐ ૩. ગૂહાયાદી; ૪. ફોંહનામાવલિ. [પ્ર.શા.]

શિવદાસવાચક)–૫ [ ] : જૈન સાધુ. ગજસારના શિષ્ય. ૭/૨૧ કડીના 'પાર્શ્વનાથ-સ્તોત્ર(ગોડી)'ના કર્તા. 'જ્ઞાનપંચમી-સ્તોત્ર' (ર.ઈ. ૧૫૫૨)ના કર્તા આ શિવદાસ હોય તો તેઓ ઈ. ૧૬મી સદી મધ્યભાગમાં હયાત હતા એમ કહી થાય.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શિવદાસશિષ્ય [ ] : ૨૩ કડવાંના 'શિવવિવાહ' (લે. સં. ૧૯મી સદી)ના કર્તા. કૃતિને અંતે કવિએ આપેલી માહિતી મુજબ તેઓ અમદાવાદની રાજામહેતાની પોળના વતની અને શ્રીમાળી કુળના હતા.

'ડિસ્ક્રિપ્ટિવ કેટલૉગ ઑવ ગુજરાતી, હિન્દી અૅન્ડ મરાઠી મેન્યુ-સ્ક્રિપ્ટસ ઑવ બી. જે. ઈન્સ્ટિટ્યુટ મ્યૂઝિયમ'માં આ કૃતિના કર્તા તરીકે શિવદાસને નોંધવામાં આવ્યા છે, પરંતુ કૃતિમાં કવિ પોતાને 'શિવદાસ તણો હું દાસજી' એ રીતે ઓળખાવે છે.

સંદર્ભ : ડિકૅટલૉગભીજે. [જ.ગા.]

શિવનિધાન(ગણિ) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ]: ખરતરગચ્છના જૈન સાધુ. જિનદત્તસૂરિની પરંપરામાં વાચક હર્ષ-સારના શિષ્ય.

તેમણે ઘણા બાલાવબોધ રચ્યા છે. 'શાશ્વતસ્તવન' પરનો (ર.ઈ. ૧૫૯૬/સં. ૧૬૫૨, શ્રાવણ વદ ૪), 'લઘુસંગ્રહણી' પરનો (ર.ઈ. ૧૬૨૪/સં. ૧૬૮૦, કારતક સુદ ૧૩), 'કલ્પસૂત્ર' પરનો (ર.ઈ. ૧૬૨૪), પૃથ્વીરાજકૃત ૩૦૪ કડીની હિન્દી રચના 'કૃષ્ણ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રુકિમણીવેલી' પરનો (૨.ઈ. ૧૬૩૩) તથા જિનરાજસૂરિકૃત ૧૯ કડીના 'ગુણસ્થાનગર્ભિતજિન-સ્તવન' પરનો બાલાવબોધ (૨. ઈ. ૧૬૩૬).

બાલાવબોધ ઉપરાંત ૧૪ કડીની 'ગજસુકુમાર-સઝાય', 'ચૌમાસી-વ્યાખ્યાન' અને જેમાં ૨૮ વિધિવિધાનોનું સરલ વિવેચન છે તે 'લઘુ-વિધિપ્રપા/ઉપાસનાવિધિ-વડીદીક્ષાવિધિ/વિધિપ્રકાશ' કૃતિઓ પણ તેમણે રચી છે.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. મુપુ ગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

'શિવપુરાણ' [૨.ઈ. ૧૭૧૮/સં. ૧૭૭૪, શ્રાવણ સુદ ૫, ગુરુવાર] : 'ઉપાસક અંબા તણો મહારુદ્ર ઉપર મંન' એવા શામળની 'ઇચ્છા માયા શિવની શક્ત્ય, જગત જનેતા જાયો જગત' અને 'જડ ચેતન તરુવેલ કે ફૂલ, મહાદેવ સકળ સૃષ્ટિનું મૂળ' એવા મહાદેવ શિવનો, તેમના પૂજનનો, પંચાક્ષર મંત્રનો, બીલીપત્ર અને વિભૂતિનો મહિમા વાર્તાઓ દ્વારા ગાતી અને 'શિવ પૂજો, શિવ શિવ કહો'ની શીખ ધ્રુવપદ પેઠે સંભળાવતી છપ્પા, દુહા-ચોપાઈમાં નિબદ્ધ ૨૨ અધ્યાય ધરાવતી 'બ્રહ્મોતર ખંડ' નામથી પણ ઓળખાયેલી ધાર્મિક રચના(મુ.). વાર્તાઓમાં વચ્ચેવચ્ચે કામ, જ્વર, પાપ, દરિદ્રતા, પરનારીની પ્રીત, મૃત્યુ, સદ્‌વિદ્યા, દાતા, કરપી, જાચક વગેરે પર બોધક અનુભવ-વચનો શામળની આ પહેલી મનાતી કૃતિમાં પણ આવે છે એ નોંધપાત્ર છે. એવાં સામાન્ય કથનો કરતાં ઊંચા સ્તરની 'મહારું તાહારું હું તું ટળે, જીવ શિવ બે એક', 'કારણ સઘળે મન તાણું હર્ષ શોક સંસાર' અને 'શિવને દેખો સર્વમાં' જેવી ક્યારેક ડોકાઈ જતી જ્ઞાનવાણી શામળ માટે આદર ઉપજાવે એવી છે. [અ.રા.]

શિવમાણિક્ય [ ] : જૈન ૫૧ કડીના 'સમ્યકત્વ-ચોપાઈ (લે.સં ૧૭મું શતક અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

શિવરત્ન [ ] : અંચલગચ્છના જૈન સાધુ. કીર્તિ-રત્નના શિષ્ય. ૯૮ કડીના 'ચતુર્દશગુણસ્થાનકગર્ભિતશાંતિનાથ-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ, પ્ર. મોતી-ચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯. [શ્રા.ત્રિ.]

શિવરાજ [ ] : જૈન. ૪ કડીની 'નેમિનાથની હોરી'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [શ્રા.ત્રિ.]

શિવરામ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : માતાજીના ભક્ત. ૨૯ કડીનો 'ભવાનીનો ગરબો' (૨.ઈ. ૧૭૭૦/સં. ૧૮૩૬, આસો સુદ ૨, શુક્રવાર; મુ.), ૨૧ કડીનો 'જગતજોગમાયાનો ગરબો' (૨.ઈ.૧૭૮૩/સં. ૧૮૩૯, આસો સુદ ૩, ગુરુવાર; મુ.), ૨૨ કડીનો 'અંબાનો રાસ (મુ.), ૧૦ કડીની 'આદ્યશક્તિની સ્તુતિ'(૨.ઈ.૧૭૮૪/સં. ૧૮૪૦ આસો સુદ ૩ ગુરુવાર; મુ.), ૨૫ પંકિતની 'માતાજીની સ્તુતિ' (૨.ઈ. ૧૭૮૫; મુ.), ૪૫ કડીનો 'અંબાજીનો ગરબો' (૨.ઈ. ૧૭૯૩/સં. ૧૮૪૯, શ્રાવણ સુદ ૧૪, બુધવાર; મુ.) તથા ૧૧, ૨૯ અને ૫૮ કડીના અન્ય ગરબા(મુ.)ના કર્તા.

૪૪ કડીના કાળીંગણીનો ગરબો(મુ.)માં 'મકનસુત શિવરામ' એવી નામછાપ મળે છે. બધી જ કૃતિઓની લખાવટ અને વિષયનું સામ્ય જોતાં એક જ કર્તાની અને તે મકનસુત શિવરામની હોવાની સંભાવના છે.

આ નામે ૧૮ કડીનો 'આશાપુરીનો ગરબો' (૨.સં. સત્તર એકલંતરો, આસો–૧૩, રવિવાર; મુ.) મળે છે જે સમયદષ્ટિએ મેળમાં નથી, પણ વિષયદષ્ટિએ તે આ કર્તાએ રચ્યો હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨, પ્ર. વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭; ૨. નવરાત્રિમાં ગાવાના ગરબા સંગ્રહ : ૧, પ્ર. અમરચંદ ભોવાન, ઈ. ૧૮૭૬; ૩. ભજનસાગર : ૨; ૪. સત-સંદેશ શકિતઅંક,–.

સંદર્ભ : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર, નિપુણ ઈ. પંડ્યા ઈ. ૧૯૬૮. [શ્રા.ત્રિ.]

શિવરાય [ ] : ૪૩ કડીની 'મહાદેવ-વિવાહ'(મુ.)-ના કર્તા.

કૃતિ : નકાદોહન. [શ્રા.ત્રિ.]

શિવલક્ષ્મી [ ] : સ્ત્રીકવિ. આત્માની મુસાફરી વિશેનું ૬ કડીનું પદ(મુ.) તથા અન્ય પદોનાં રચયિતા.

કૃતિ : ૧. પ્રાકાસુધા : ૧, ૨.

સંદર્ભ : ૧. આપણાં સ્ત્રીકવિઓ, કુલીન ક. વોરા, ઈ. ૧૯૬૦; ☐ ૨. ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

શિવલાલ(ઋષિ) [ઈ. ૧૮૨૬માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. અનોપચંદ્રની પરંપરામાં પન્નાલાલના શિષ્ય 'રામલક્ષ્મણ-સીતાવન-વાસ'-ચોપાઈ (૨.ઈ. ૧૮૨૬/સં. ૧૮૮૨, મહા વદ ૧) અને 'મહાશતક-શ્રાવકચોપાઈ'ના કર્તા.

સંદર્ભ ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શિવવિજય(મુનિ) [ઈ. ૧૬૫૬ સુધીમાં] : શીલવિજયના શિષ્ય. ૧૨ કડીની 'આત્મશિક્ષોપરિ-સઝાય' (લે. ઈ. ૧૬૫૬)ના કર્તા. આ નામે ૧૩ કડીનું આગમ-સ્તવન', ૯ કડીનું 'તારંગાપાર્શ્વનાથ-સ્તવન', ૧૬ કડીનું 'દોઢસોકલ્યાણકચૈત્યવંદન' અને ૧૧ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન' એ કૃતિઓ મળે છે, જેમના કર્તા પ્રસ્તુત શિવવિજય હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [શ્રા.ત્રિ.]

શિવશંકર [ઈ.૧૮૨૯ સુધીમાં] : 'સીમંતિનીની કથા' (લે. ઈ. ૧૮૨૯)-ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

શિવસમુદ્ર(ગણિ) [ઈ.ની ૧૫મી સદીના મધ્યભાગમાં હયાત] : તપ-ગચ્છના જૈન સાધુ. સોમસુંદરસૂરિ(જ.ઈ. ૧૩૭૪–અવ. ઈ.૧૪૪૩)ના શિષ્ય. ૧૭ કડીના 'પાર્શ્વનાથજન્માભિષેક' (લે. સં. ૧૭મું શતક અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૨. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.[

શિવસાગર [ ] : જૈન સાધુ. હર્ષસાગરના શિષ્ય. ૨૩ કડીની 'જીવદયાની-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિવસુત [ ] : ૧૧ કડીના મહાકાળીના ગરબા (મુ.)ના કર્તા.

કૃતિ : અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩. [શ્રા.ત્રિ.]

શિવસુંદર [ઈ. ૧૫૪૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનમાણિક્યના શિષ્ય. ૩૮ કડીના 'લુંકટમતનિર્લોઠન-રાસ'(૨.ઈ.૧૫૪૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧, ૨). [શ્રા.ત્રિ.]

શિવાનંદ : આ નામે રૂપકગ્રંથીવાળું વૈરાગ્યબોધનું ૪ કડીનું ૧ પદ (મુ.) અને ૪ કડીનું કૃષ્ણકીર્તનનું ૧ પદ(મુ.) મળે છે. તેમના કર્તા કયા શિવાનંદ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. નકાદોહન; ૨. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમ ગો. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.). [શ્રા.ત્રિ.]

શિવાનંદ–૧ [ ] : શિવભકત કવિ. સૂરતના વડનગરા નાગર. પિતા વામદેવ પંડ્યા. નાની વયે પિતાનું અવસાન થતાં કાકા સદાશિવ પંડ્યા પાસે રહી તેઓ મોટા થયા. પાછલી વયે તેમણે સંન્યસ્ત ધારણ કરેલું. એમનું આપરનામ સુખાનંદ હોવાનું નોંધાયું છે. કુટુંબના વિદ્યાકીય વાતાવરણના સંસ્કારોને લીધે તેઓ પણ સંસ્કૃતના સારા વિદ્વાન બન્યા હતા.

એક માન્યતા મુજબ તેઓ ઈ. ૧૬૪૪ કે ઈ. ૧૬૫૪ સુધી હયાત હતા અને અવસાન વખતે તેમનું આયુષ્ય ૮૫ વર્ષનું હતું. બીજી માન્યતા અનુસાર તેઓ ઈ. ૧૫૮૦થી ઈ. ૧૬૪૪ દરમ્યાન થઈ ગયા. તેઓ ઈ. ૧૭૫૪માં હયાત હતા એમ પણ નોંધાયું છે, પરંતુ પહેલી માન્યતા વધારે શ્રદ્ધેય જણાય છે.

શિવભકિત એ શિવાનંદની કવિતાનો મુખ્ય વિષય છે. આરતી, ધૂન, કીર્તન, થાળ, તિથિ, વાર વગેરે સ્વરૂપે મળતાં ને વિવિધ રાગના નિર્દેશવાળાં કવિનાં આશરે ૨૨૫ જેટલાં પદો(મુ.) પ્રાપ્ત થાય છે. એમાં શિવ, પાર્વતી, ગણપતિ ને નંદી(વૃષભ)ની સ્તુતિ કરતાં પદોની સંખ્યા મોટી છે. કેટલાંક હનુમાનસ્તુતિનાં પદો છે. શિવપુરાણ અને સંસ્કૃત સાહિત્યમાં મળતાં શિવ, પાર્વતી આદિનાં સ્તોત્રો પર આધારિત આ પદોને કવિના સંગીતજ્ઞાન અને સંસ્કૃતજ્ઞતાનો ઘણો લાભ મળ્યો છે. શિવ અને પાર્વતી માટે કવિએ પ્રયોજેલા અનેક પર્યાયવાચી શબ્દો અને શબ્દાવલિમાંથી જન્મતા પદમાધુર્ય દ્વારા એ અનુભવાય છે.

શિવાનંદ જનસમાજમાં વિશેષ જાણીતા છે એમની આરતીઓથી. તિથિસ્વરૂપે રચાયેલી એમની 'જય આદ્યાશકિત, મા જય આદ્યાશકિત'ની આરતી ગુજરાતના ખૂણેખૂણે પ્રચલિત છે. કવિએ શકિતની આરતી સિવાય શિવ, ગણપતિ, દ્વાદશલિંગ, દશાવતાર, ભૈરવ, હરિહર, હનુમાન વગેરેની પણ આરતીઓ રચી છે.

કવિનાં શિવમહિમાનાં પદો પર પ્રેમલક્ષણા ભકિતના સંસ્કારો પડ્યા છે. વસંતના હોળીખેલનનાં પદો ને હિંડોળાનાં પદોમાં જોવા મળતા શિવ જટાધારી ને તપસ્વી કરતાં પાર્વતી-વલ્લભ ને લીલાવિલાસી પતિ કે વસંતની માદકતાને અનુભવતા શંકર વિશેષ છે. શિવસ્તુતિ કરવાનો બોધ આપતાં પણ કેટલાંક પદ કવિએ રચ્યાં છે. પદોની ભાષા પર હિંદીની અસર વરતાય છે.

કૃતિ : ૧. ભણે શિવાનંદ સ્વામી, સં. ભૂપેન્દ્ર બા. ત્રિવેદી, ઈ. ૧૯૮૬ (+સં.);☐ ૨. અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. કાદોહન : ૨; ૪. બૃકાદોહન : ૩ (+સં.), ૪, ૭ (+સં.); ૫. ભસાસિંધુ; ૬. શ્રી શિવપદસંગ્રહ : ૧, પ્ર. અંબાલાલ શં. પાઠક તથા લલ્લુભાઈ કા. પંડ્યા, ઈ. ૧૯૨૦.

સંદર્ભ : ૧. કવિચરિત્ર; ૨. ગુમાસ્તંભો; ૩. ગુસારસ્વતો;☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકૅટલૉગભીમ્ર; ૬. ફોહનામાવલિ; ૭. મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

શિવાનંદ–૨ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. કીર્તનોના કર્તા.

સંદર્ભ : મસાપ્રવાહ. [શ્રા.ત્રિ.]

શીઘ્રાનંદ [ ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. કીર્તનોના કર્તા.

સંદર્ભ : ૧. સત્સંગના સંતો,–; ૨. સદવિદ્યા–૧. [શ્રા.ત્રિ.]

શીતળદાસ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : રવિભાણ સંપ્રદાયના કવિ. લાલદાસજીના શિષ્ય. સદ્‌ગુરુનો મહિમા દર્શાવતાં અને રવિસાહેબની સદ્‌ગુરુ તરીકેની શકિતનો મહિમા કરતાં, પાંચથી ૮ કડીનાં પદો (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઈ.૧૯૪૬; ૨. રવિભાણ સંપ્રદાની વાણી : ૧, પ્ર. મંછારામ મોતી,–; ૩. સતવાણી. [શ્રા.ત્રિ.]

શીલ(મુનિ) [ ] : જૈન સાધુ. ૬૫ કડીના 'શંખેશ્વરપાર્શ્વનાથ-છંદ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાછંદસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [કી.જો.]

શીલરત્ન(સૂરિ) [ઈ. ૧૪૮૧ સુધીમાં] : આગમગચ્છના જૈન સાધુ. જ્યાણંદસૂરિના શિષ્ય. 'પરિગ્રહ-પરિમાણ' (લે. ઈ. ૧૪૮૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

'શીલવતી-રાસ/શીલરક્ષાપ્રકાશ-રાસ' [૨. ઈ. ૧૬૯૪/સં. ૧૭૫૦, વૈશાખ સુદ ૩] : તિલકવિજયશિષ્ય નેમવિજયની ૬ ખંડ ને ૮૪ ઢાળમાં વિસ્તરેલી, નીતિ ને શીલનો મહિમા કરતી આ પદ્યવાર્તા(મુ.) છે. રાજા રાજસિંહસેનની સુંદર ને વિદ્યાવાન કુંવરી શીલવતીનું સિંહરથરાજાના પરાક્રમી પુત્ર ચંદ્રગુપ્ત સાથે લગ્ન થાય છે, પણ દૈવયોગે કંઈક ગેરસમજ થતાં તરત જ ચંદ્રગુપ્ત એનાથી વિમુખ થઈ ઘર તજી જતો રહે છે. છૂપા વેશે ફરતો તે પોતાનાં બુદ્ધિબળ ને સાહસ પરાક્રમથી અનેક યુવતીઓને પરણે છે. પ્રીતિમતિ નામની એક પત્નીની સમજાવટથી શીલવતી તરફ તેનું મન વળતાં પ્રવાસ દરમ્યાન જ દૈવી ચમત્કારથી તે એક રાત્રે શીલવતીને મળે છે ને ફરી ઘર છોડી સાહસ-પરાક્રમમાં પરોવાય છે. સગર્ભા શીલવતીના ચારિત્ર્ય પર આક્ષેપ થતાં એને ઘર છોડવું પડે છે ને અનેક આપત્તિઓમાં ફસાતી આખરે દૈવયોગે એ ચંદ્રગુપ્તને મળે છે. કાવ્યાંતે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંને દીક્ષા લે છે. કરુણ, વીર ને અદ્‌ભુતરસભરી આ કથાની વર્ણન-શૈલી પણ રસપ્રદ છે. કથાપ્રસંગો ઘણે સ્થાને અટપટા બન્યા છે, પણ કથાગૂંથણી સરસ હોવાથી કથાનો વિસ્તાર પણ સહ્ય બને છે. શીલવતીનું રૂપવર્ણન તથા પ્રત્યાખ્યાન દરમ્યાન જંગલમાં એણે વેઠેલો શારીરિક-માનસિક પરિતાપ કથા ને વર્ણન બંનેની દૃષ્ટિએ કંઈક અંશે પ્રેમાનંદના 'નળાખ્યાન'નું સ્મરણ કરાવે એવાં છે. અનેક આડકથાઓમાં ફંટાતી આ કથામાં પ્રાચીન રીતરિવાજો ઉપરાંત દુરિતો, પરાક્રમો, ચમત્કારો, દૈવીકૃપા આદિનું પ્રમાણ ઘણું છે. કવિએ સાહસ, બુદ્ધિચાતુર્ય ને શીલનું ગૌરવ કર્યું છે તથા પ્રસંગકથન ને પાત્રચિત્રણથી તેમ ઘણી જગાએ સીધી રીતે નીતિ-ઉપદેશ પણ કર્યો છે. દુહાથી આરંભાતા ઢાળોમાં પ્રયોજાયેલી વિવિધ રાગોની દેશીઓની રીતે પણ આ કૃતિ નોંધપાત્ર છે. [ર.સો.]

શીલવિજય : આ નામે ૧૧ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' મળે છે. તેના કર્તા કયા શીલવિજય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

શીલવિજય–૧ [ઈ. ૧૬૯૦માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. શીલવિજયના શિષ્ય. ચાર દિશાઓમાં આવેલાં તીર્થોની ઐતિહાસિક માહિતી આપતી, ચાર ખંડમાં વિભક્ત દુહા-ચોપાઈની ૩૬૯ કડીમાં રચાયેલી 'તીર્થમાલા'(૨.ઈ.૧૬૯૦/સં. ૧૭૪૬, આસો–; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાતીસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ;☐ ૨. જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

શીલવિજયશિષ્ય : જુઓ શિયળવિજય.

શુકાનંદ [જ. ઈ. ૧૭૯૯/સં. ૧૮૫૫, માગશર વદ ૫–અવ. ઈ. ૧૮૬૯/સં. ૧૯૨૫, માગશર વદ ૫ કે ૩૦] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ. પિતાનું મૂળ વતન નડિયાદ પણ ડભાણમાં નિવાસ. જન્મ ડભાણમાં. પૂર્વાશ્રમનું નામ જગન્નાથ ભટ્ટ. ઈ. ૧૮૧૬માં મુક્તાનંદ સ્વામીને હસ્તે દીક્ષા. દીક્ષાનામ શુકાનંદ. તેઓ સહજાનંદ સ્વામીની સેવામાં સતત રહેતા અને તેમનાં પત્રો પુસ્તકો લખવાનું કામ કરતા. તેમની નિષ્ઠાને લીધે 'શુકદેવજી'ની ઉપમા પામેલા.

તેમની પાસેથી 'હરિગીતા'ની ટીકા (૨.ઈ. ૧૮૪૬/સં. ૧૯૦૨, જેઠ સુદ ૧૧, શુક્રવાર; મુ.), 'દશમસ્કંધનો' અનુવાદ (*મુ.), 'ધર્મામૃત'નો અનુવાદ (*મુ.), શતાનંદકૃત સંસ્કૃતગ્રંથ 'સત્સંગી જીવનમ્'ની ટીકા રૂપે રચાયેલો 'સત્સંગદીપ'(*મુ.), 'ધાર્મિક સ્તોત્ર'ની ટીકા, ગોપાળાનંદકૃત 'ભગવદ્‌ગીતાભાષ્યમ્'ની ટીકા, 'પ્રાર્થનામાળા' (૧૮ ગદ્યખંડો મુ.) વગેરે કૃતિઓ મળે છે. તેમણે ઘણા સંસ્કૃતગ્રંથો પણ રચ્યા છે.

કૃતિ : ૧. શ્રીહરિગીતા (શુકાનંદ મુનિની ટીકા સહિત), પ્ર. મનસુખરામ મૂળજી, ઈ. ૧૮૬૭; ૨. સત્સંગી જીવનમ્ (શુકાનંદ ટીકા સહિત), પ્ર. મહારાજ શ્રીપતિપ્રસાદ, ઈ. ૧૯૩૦; ૩. ગોપાળાનંદ સ્વામી તથા રઘુવીરજી મહારાજ તથા શુકાનંદસ્વામીની વાતો, પ્ર. મિસ્ત્રી જેરામરામજી, ઈ. ૧૯૩૯ (+સં.).

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૫–પરિશિષ્ટ-૧ – 'સ્વામિનારાયણ, સંપ્રદાયના લેખકો અને તેના લેખની માહિતી'; ૨. શુકાનંદસ્વામી–શતાનંદ સ્વામી, શાસ્ત્રી હરિદાસ, ઈ. ૧૯૭૯; ૩. સત્સંગના સંતો, પ્ર. રમણલાલ અ. ભટ, ઈ. ૧૯૫૩; ૪. સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઇતિહાસ, સં. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસજી, ઈ. ૧૯૭૪; ૫ સદ્‌વિદ્યા, જાન્યુ. ૧૯૫૪. [શ્રા.ત્રિ.]

શુભચંદ્ર : આ નામે 'અષ્ટાણ્ણી-(અઠાઈ) વરતનો રાસ' (લે.ઈ.૧૮૧૧) એ કૃતિ મળે છે. તેના કર્તા કયા શુભચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : રાહસૂચી : ૧. [૨.૨.દ.]

શુભચંદ્રાચાર્ય [ઈ. ૧૫૫૩માં હયાત] : જૈન સાધુ. 'મહાવીરસ્વામી-રાસ' (૨.ઈ. ૧૫૫૩)ના કર્તા. શુભચંદ્રાચાર્ય ભટ્ટારકને નામે નોંધાયેલી 'પલ્યવિધાન-રાસ' પણ પ્રસ્તુત કર્તાની જ કૃતિ હોવા સંભવ છે.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. પાંગુહસ્તલેખો. [૨.૨.દ]

શુભવર્ધન : આ નામે ૫ કડીની 'પાર્શ્વનાથ-વિનતિ' (લે.ઈ.૧૫૬૮) મળે છે. તેના કર્તા શુભવર્ધન–૧ છે કે અન્ય કોઈ તે સ્પષ્ટ કહી શકાય એમ નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

શુભવર્ધન–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. જિનહર્ષની પરંપરામાં સાધુવિજયના શિષ્ય. ૧૦૯ કડીના 'આચાર-શતક' (૨.ઈ. ૧૫૩૪) તથા 'સઉણા-શતક/સ્વપ્ન-શતક'ના કર્તા. આ ઉપરાંત એમણે પ્રાકૃત ભાષામાં 'વર્ધમાન દેશના' (૨.ઈ. ૧૪૯૬) અને 'દશશ્રાવક-ચરિત્ર' નામની કૃતિઓ રચી છે.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

શુભવર્ધન(પંડિત)શિષ્ય [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૬૫૬ કડીની 'અષાઢભૂતિ-રાસ/ચતુષ્પદિ', ૮૬/૯૬ કડીની 'ગજસુકુમાર-રાસ/ગીત/સઝાય' (૨.ઈ. ૧૫૩૫), 'સ્થૂલિભદ્ર-રાસ',૩૧ કડીની '(કુમર-ગિરિમંડન) શાંતિનાથ-સ્તવન' (૨. ઈ. ૧૫૦૭), ૧૯ કડીની 'મનઃ થિરીકરણ-સઝાય', 'અઢાર નાતરાનું ચોઢાળિયું', ૯૮ કડીની 'દેવકીજીના ઢાળિયા', 'ચેલણાજીનું ચોઢાળિયું', 'જીરાઉલા-ભાસ', 'નેમિનાથ-ભાસ', 'મેતાર્યઋષિ-ભાસ', ૨ 'રજિમતી-ભાસ', 'ચાર ગતિની ઢાળો', 'વિદ્યાસાગરસૂરિ-ભાસ', 'સમકિત-ભાસ', 'સમવસરણ-ભાસ' તથા 'શત્રુંજય-ભાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો; ૬. મરાસસાહિત્ય; ૭. યુજિનચંદ્રસૂરિ; ☐ ૮. ફાત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય, રાસ સંદોહ,' હીરાલાલ ૨. કપડિયા;☐ ૯. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૧૦. જૈહાપ્રોસ્ટા; ૧૧. ડિકૅટલૉગભાવિ; ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. લીંહસૂચી; ૧૪. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

શુભવિજય : આ નામે ૧૦૬ કડીનું 'સીમન્ધરજિન છ આરાનું સ્તવન' (૨.ઈ. ૧૭૧૪), ૬ કડીનું 'ચૌદસ બાવન ગણધર ચૈત્યવંદન-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.), ૮૧ ગ્રંથાગ્રનું 'મહાવીર-સ્તવન', 'લોઢણ-પાર્શ્વનાથ-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.), 'ક્ષેત્રસમાસ-સ્તબક' (લે.ઈ. ૧૮૭૮), ૯ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન' તથા 'ચોમાસી-દેવવંદન' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા શુભવિજય છે તે નિશ્ચિત થતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજ્જ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

શુભવિજય–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયના શિષ્ય. ૫૯ કડીનું 'સીમંધરજિન-સ્તવન' (૨.ઈ.૧૬૧૫/સં. ૧૬૭૧(?), સુદર્શન નાગ ગુણ શશિ મિતે વર્ષે), ૬૪ કડીનું 'શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૬૩૧) તથા 'પાંચ બોલનો મિચ્છામી દોકડો-બાલાવબોધ' (૨.ઈ.૧૬૦૦ પછી)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્જ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

શુભવિજય–૨ [ઈ. ૧૬૫૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. પુણ્યવિજયની પરંપરામાં લક્ષ્મીવિજયના શિષ્ય. 'ગજસિંહરાજનો રાસ' (૨.ઈ. ૧૬૫૭/સં. ૧૭૧૩ આસો સુદ ૫, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૨ [૨.૨.દ.]

શુભવિજય–૩ (જ. ઈ. ૧૭૩૨/સં. ૧૭૮૮, આસો વદ ૧૩] : તપગચ્છના જૈન સાધુ. ક્ષમાવિજયની પરંપરામાં જસવિજયના શિષ્ય. પિતાનું નામ રહિદાસ ગાંધી. માતાનું નામ રાજકોર. વીરમગામના વીસા શ્રીમાળી વાણિયા. મૂળનામ મહીદાસ. જસવિજયને હાથે ઈ. ૧૭૫૦/સં. ૧૮૦૬, ચૈત્ર–૫ના દિવસે ખંભાતમાં દીક્ષા. દીક્ષાનામ શુભવિજય.

૧૨ કડીની 'નેમનાથ/મૌન એકાદશીનું સ્તવન'(મુ.), ૧૬ કડીનું 'શાશ્વતાચૈત્યોનું ચૈત્યવંદન'(મુ.), ૧૮ કડીનું 'સિદ્ધાચલ-સ્તવન'(મુ.), ૯ કડીનું 'સીમંધર-સ્તવન'(મુ.) તથા ૧૦ કડીની 'ગહૂંલી'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ગહૂંલી સંગ્રહનામા : ૧, પ્ર. ખીમજી ભી. માણક, ઈ. ૧૮૯૧; ૨. ચૈસ્તસંગ્રહ : ૧; ૩. જિભપ્રકાશ; ૪. જિસ્તકાસંદોહ:૨; ૫. જૈકાપ્રકાશ : ૧; ૬. જૈપ્રાસ્તસંગ્રહ; ૭. સસન્મિત્ર(ઝ).

સંદર્ભ : ૧. પંડિત વીરવિજયકૃત પૂજાઓ આદિ પ્રભુપૂજાગર્ભિત ભક્તિધર્મ વિનતિરૂપ અરજી, પ્ર. અમદાવાદ વિદ્યાશાળા, સં. ૧૯૩૮; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

શુભવિજય–૪ [ ] : જૈન સાધુ. વિમળવિજયના શિષ્ય. ૬ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : શોભનસ્તવનાવલી, પ્રા. શા. ડાહ્યાભાઈ ફત્તેહચંદ, શા. મોતીલાલ મહાસુખભાઈ, ઈ. ૧૮૯૭.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

'શુભવીર' : જુઓ વીરવિજય–૪

શુભશીલ(ગણિ) : આ નામે 'સુરસુંદરી-ચોપાઈ' (લે. સં. ૧૯મી સદી) મળે છે તેના કર્તા કયા શુભશીલગણિ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : રાહસૂચી : ૧. [૨.૨.દ.]

શુભશીલ(ગણિ)–૧ [ઈ. ૧૫મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. મુનિસુંદરસૂરિના શિષ્ય. 'પ્રસેનજિત-રાસ' (૨.ઈ. ૧૪૫૨)ના કર્તા. આ ઉપરાંત 'વિક્રમ-ચરિત્ર' (૨.ઈ. ૧૪૩૪), 'પ્રભાવક-કથા' (૨.ઈ.૧૪૪૮), 'કથાકોશ/ભરતેશ્વર-બાહુબલિવૃત્તિ'(૨.ઈ. ૧૪૫૩), 'શત્રુંજયકલ્પ-કથા/વૃત્તિ'(૨.ઈ.૧૪૬૨), 'શાલિ-વાહન-ચરિત્ર' (૨.ઈ. ૧૪૮૪), 'સ્નાત્ર-પંચાશિકા'(મુ.), 'પૂજા-પંચાશિકા' વગેરે તેમની સંસ્કૃત કૃતિઓ છે. જુઓ મુનિસુંદરશિષ્ય.

કૃતિ : સ્નાત્રપંચાશિકા, પ્ર. અમદાવાદ વિદ્યાશાળા, ઈ. ૧૮૭૪.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. જૈસાઈતિહાસ;☐ ૪. જૈગૂકવિઓ : ૧; ૩(૧). [૨.૨.દ.]

શુભસુંદર [ ] : જૈન સાધુ. મુનિ પદ્મસુંદરના શિષ્ય. ૧૩ કડીનો 'ગૌતમસ્વામી-સઝાય' (લે. સં. ૧૭મી સદી અનુ)-ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

શોખાજી [ ] : કૃષ્ણલીલાનાં ૫૬ (૧૦ કડીનું ૧ મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૩.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

શોધજી : જુઓ શોધજી.

'શોણી-વિજાણંદની ગીતકથા' : વેદા કુટુંબની આહિર કે ચારણ કન્યા શોણી અને જંતર વગાડતા વિજાણંદ વચ્ચેના પ્રેમની કથાને આલેખતા આશરે ૩૪ જેટલા દુહા(મુ.) મળે છે. મુખ્યત્વે શોણીની ઉક્તિ રૂપે અને પછી શોણી અને વિજાણંદ વચ્ચેના સંવાદ રૂપે ચાલતા આ દુહાઓમાં વિજાણંદના જંતરને સાંભળી શોણીના મનમાં જન્મતો અનુરાગ, ગામ છોડી ચાલ્યા જતા વિજાણંદને પાછો વાળવા મથતી ને એમાં નિષ્ફળ બનેલી શોણીની વિજોગ-વેદના, વિજાણંદનો વિજોગ ન ખમાતાં શોણીનું હિમાલય જઈ હાડ ગાળવા બેસી જવું, બરફમાં અડધી ગળી ગયેલી શોણીને પાછી વાળવા વિજાણંદની વિનંતિ ને શોણીએ તેનો કરેલો અસ્વીકાર તથા વિજાણંદનું જંતર સાંભળતાં-સાંભળતાં શોણીનું મૃત્યુ એવો કથાતંતુ આ દુહાઓમાં વણાય છે. આ દુહાઓમાં શોણીના વિજાણંદ માટેના ઉત્કટ પ્રેમને અને શોણીની વિજોગવેદનાને માર્મિક અભિવ્યકિત સાંપડી છે. [જ.ગા.]

શોધજી/શોધજી [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : આખ્યાનકાર. ખંભાતના વતની. જ્ઞાતિએ બંધારા. પિતાનું નામ કાશી. નાગજી ભટ્ટનો તેઓ પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કરે છે, એના પરથી લાગે છે કે આ પુરાણી પાસેથી પૌરાણિક કથાઓ સાંભળી એમણે પોતાનાં આખ્યાનો રચ્યાં હશે.

વિષ્ણુદાસના સમકાલીન આ કવિએ પૌરાણિક કથાઓ પર આધારિત આખ્યાનો મૂળ પ્રસંગમાં કેટલાક ફેરફાર કરીને વિશેષત: કથાતત્ત્વ જાળવી રચ્યાં છે. અંબરિષ રાજા અને પ્રહ્લાદની કૃષ્ણભક્તિનો મહિમા કરતું ૧૪ કડવાંનું 'અંબરિષ-આખ્યાન' (૨.ઈ. ૧૫૮૭/સં. ૧૬૪૩, ચૈત્ર સુદ ૩, શનિવાર) ને ૧૮ કડવાં સુધી ઉપલબ્ધ થતું અપૂર્ણ 'પ્રહલાદ-આખ્યાન' તથા દ્વારિકાવર્ણન ને વિપ્રના પાત્રાલેખનથી ધ્યાન ખેંચતું ૧૨ કડવાંનું 'રુક્મિણીહરણ' (૨.ઈ. ૧૫૯૧/સં. ૧૬૪૭, માગશર સુદ ૫, રવિવાર; મુ.) કવિની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાગવત આધારિત કૃતિઓ છે. અમનું રામાયણ આધારિત ૧૮ કડવાનું 'હનુમાન-ચરિત્ર' (૨.ઈ. ૧૫૯૧/સં. ૧૬૪૭, માગશર વદ ૨, રવિવાર) હનુમાનનાં પરાક્રમો ને તેની રામભક્તિને આલેખે છે. ૧૩ કડવાંનું 'દ્રૌપદીવસ્ત્રાહરણ' (૨. ઈ. ૧૫૯૨/સં. ૧૬૪૮, માગશર સુદ ૫, ગુરુવાર), ભીમ-કીચકયુદ્ધ અને દ્રૌપદીની ભયભીત મનોદશાને સારી રીતે વર્ણવતું ૨૧ કડવાંનું 'વિરાટપર્વ' (૨.ઈ.૧૫૯૨/સં. ૧૬૪૮, અસાડ સુદ ૫, રવિવાર), મધ્યકાલીન કવિતામાં સ્વતંત્ર કૃતિ રૂપે પહેલી વખત મળતું, પાંડવોને પજવવા માટે આવેલા કૌરવોને ગંધર્વો સાથે થયેલા યુદ્ધની કથાને આલેખતું 'વનપર્વ' પર આધારિત ૧૧ કડવાંનું 'ઘોષયાત્રા/ચિત્રસેનનું આખ્યાન'(૨.ઈ.૧૫૯૪/સં. ૧૬૫૦, જેઠ સુદ ૧૫, સોમવાર; મુ.) તથા વર્ણનોમાં કવિત્વના ચમકારા બતાવતું અને કવિનાં અન્ય આખ્યાનોને મુકાબલે વિશેષ પ્રૌઢિવાળું ૧૩ કડવાંનું 'સભાપર્વ/રાજસૂયયજ્ઞની કથા' (૨.ઈ. ૧૫૯૫) કવિની મહાભારત આધારિત રચનાઓ છે.

કૃતિ : ૧. કાશીસુત શેધજી—એક અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૪ (+સં.); ૨. ઘોષયાત્રા અને ચિત્રસેનનું આખ્યાન, સં. જશભાઈ કા. પટેલ, ઈ. ૧૯૫૭.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. પ્રાકકૃતિઓ; ૪. સંશોધન અને અધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૬;☐ ૫. ગૂહાયાદી. [બ.પ.]

શોભજી [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ક્રા.ત્રિ.]

શોભાચંદ [ઈ. ૧૭૬૬માં હયાત] : જૈન સાધુ. 'શુક્રરાજ-ચોપાઈ' (૨.ઈ. ૧૭૬૬)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

શોભામાજી/'હરિદાસ' [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : વલ્લભાચાર્યના વંશમાં થયેલા પોરબંદરના રણછોડજી ગોસ્વામી (જ.ઈ.૧૭૨૨)નાં પત્ની. 'હરિદાસ' ઉપનામથી એમણે કાવ્યરચના કરી છે. ક્યારેક 'શોભા' કે 'શોભા હરિદાસ' નામછાપ પણ મળે છે.

આ કવયિત્રીએ ભાગવતની લીલાઓના પ્રકરણવાર અને અધ્યાયવાર સાર આપતાં ૧૩ ધોળ, નવરાત્રિના ૧૫ ગરબા તેમ જ વલ્લભાચાર્ય, વિઠ્ઠલનાથજી અને શ્રીનાથજીનાં ધોળ (સર્વ મુ.)ની રચના કરી છે. ભાગવતના ધોળમાં કવિનું સંસ્કૃતનું જ્ઞાન તથા ગરબામાં એમની રસશાસ્ત્રની જાણકારી દેખાય છે. કૃષ્ણભક્તિનું નિરૂપણ કરતો ૩૬ કડીનો 'કક્કો' પણ તેમની પાસેથી મળ્યો છે.

કૃતિ : *૧. નવરાત્રના ગરબા, સં. કાશીરામ ક. શાસ્ત્રી, માંગરોળ,—; ૨. વૈષ્ણવી ધોળપદસંગ્રહ, સં. કે. કા. શાસ્ત્રી,—.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ૩. ગોપ્રભકવિઓ; ૪. પુગુસાહિત્યકારો;☐ ૫. ગૂહાયાદી. ૬. રિકેટલૉગબીજે; ૭. ફૉહનામાવલિ. [૨.સો.]

'શૃંગારમંજરી' [૨. ઈ. ૧૫૫૮/સં. ૧૬૧૪, આસો સુદ ૪, ગુરુવાર] વિનયમંડનશિષ્ય જ્યવંતસૂરિકૃત દુહા ચોપાઈ, ત્રાંટક, સવૈયા વગેરે છંદો તથા દેશીઓનો નિર્દેશ કરતી ૫૧ ઢાળ અને ૨૪૨૩ કડીની આ રાસકૃતિ(મુ.)માં શીલવતીનું ચરિત્ર વર્ણવાયું છે.

પશુપંખીની બોલી સમજતી શીલવતી રાત્રિ વેળાએ શિયાળની લાળી સાંભળી નદીમાં તરતા શબ પર રહેલાં પાંચ રત્ન લેવા જાય છે તેથી એનો પતિ અજિતસેન એના પર વહેમાય છે અને તેનો ત્યાગ કરે છે. શીલવતીને પિયર વળાવવા જતાં તેના સસરા રત્નાકરને રસ્તામાં શીલવતીના આ જ્ઞાનની જાણ થાય છે અને શીલવતીની નિર્દોષિતાની ખાતરી થાય છે. શીલવતીને એ ઘરે પાછી લાવી અજિતસેનનો વહેમ પણ નિર્મૂળ કરે છે.

રાજાએ પૂછેલા સવાલોના સાચા ઉત્તરો શીલવતીની મદદથી આપીને મુખ્ય પ્રધાન બનેલા અજિતસેનને રાજાની સાથે યુદ્ધમાં જવાનું થાય છે. શીલવતીએ આપેલા તેના શીલના પ્રતીક રૂપ આમ્લાન પદ્મને જોઈને, આ વાત પર વિશ્વાસ ન બેસતાં રાજા પોતાના ૪ પ્રધાનોને શીલવતીનો શીલભંગ કરવા મોકલે છે. શીલવતી યુક્તિપૂર્વક એ ચારેયને કેદ કરે છે અને યુદ્ધમાં વિજયી બનીને પાછા ફરેલ રાજાને સોંપી દે છે. રાજા શીલવતીનું બહુમાન કરે છે.

દૃષ્ટાંતકથા રૂપે ૭૫૦ જેટલી કડીમાં વિસ્તરતી પાતાલસુંદરીની સ્ત્રીચરિત્રની કથાને સમાવતા આ રાસનું મૂળ કથાવસ્તુ તો સંક્ષિપ્ત છે. કૃતિ દીર્ઘ બની છે તે કવિની મોકળાશભરી નિરૂપણરીતિને કારણે. મંગલશ્લોકમાં સરસ્વતીના સૌન્દર્યનું પણ નવેક કડી સુધી આલંકારિક વર્ણન કર્યા વિના કવિ રહી શક્યા નથી. કૃતિમાં શૃંગારવર્ણન, સમસ્યા અને સુભાષિતોની પ્રચુર સામગ્રી કવિએ વણી લીધી છે. કૃતિનું 'શૃંગારમંજરી' એ નામ સહેતુક જણાય છે, કેમ કે એમાં ૫૦૦—૭૦૦ કડીઓ રોકતું શૃંગારવર્ણન આવે છે તેમ જ ઘણાંબધાં સ્નેહવિષયક સુભાષિતો પણ ગૂંથાય છે. સંયોગશૃંગારના નિરૂપણમાં વસંતવિહારનિમિત્તે ફાગુનો કાવ્યબંધ અંતર્ગત થયો છે, તો વિરહનિરૂપણમાં બારમાસી, વર્ષાવર્ણન, પનિહાં, આણખિયાં તથા પત્રલેખન એવી ભાવચરિત્રાણની વિવિધ પદ્ધતિઓનો વિનિયોગ કર્યો છે. આ પંડિત કવિ ૧૦ સ્મરદશાઓનો નામોલ્લેખ કરવાનું પણ ચૂક્યા નથી. કવિનું પાંડિત્ય સમસ્યાઓની યોજનામાં પણ દેખાય છે. સમસ્યાઓના ઉત્તરો ઘણીવાર ચિત્રબંધો રૂપે આપાયા છે ને ગણિતની કૂટ સમસ્યાઓ પણ અહીં ઉપયોગમાં લેવાયેલી છે. કવિ તેમ જ પાત્રોના ઉદ્‌ગારો રૂપે આવતાં સુભાષિતો કહેવતો, રૂઢિપ્રયોગો તથા દૃષ્ટાંત જેવા અલંકારોના વિનિયોગથી અસરકારક બનેલા છે. શૃંગારના અનેક મનોભાવોના નિરૂપણોમાં તેમ યમકાદિ શબ્દાલંકારો ને ઉપમા, રૂપકો આદિ અર્થાલંકારોના આયોજનમાં કર્તાની પ્રૌઢ કવિત્વશક્તિ પ્રતીત થયા વિના રહેતી નથી. [૨.૨.દ.]

'શૃંગારશત' : વિવિધ અક્ષારમેળ અને માત્રામેળ છંદોમાં રચાયેલું અજ્ઞાતકર્તૃક ૧૦૫ કડીનું શૃંગારરસનું આ મનોરમ કાવ્ય(મુ.) તેના છંદોબંધથી માંડી અનેક રીતે ગુજરાતી કવિતામાં વિશિષ્ટ બની રહે એવું છે. કાવ્યની પ્રતનું કે કાવ્યની રચનાનું ચોક્કસ વર્ષ મળતું નથી. એટલે કાવ્ય ક્યારે રચાયું એ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી. પરંતુ કાવ્યની ભાષાના સ્વરૂપને આધારે તે સં. ૧૩૫૦-૧૪૫૦ દરમ્યાન રચાયું હોવાનું અનુમાન થયું છે. મંગલાચરણની પંક્તિઓ વગર સીધો જ કાવ્યનો પ્રારંભ અને સમાપનની પંક્તિઓ વગર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવતો કાવ્યનો અંત પણ વિલક્ષણ છે. એટલે કાવ્યને આપાયેલું શીર્ષક લિપિકારે આપ્યું હોય કે કવિએ આપ્યું હોય.

ભર્તૃહરિ ને અમરુકવિના શૃંગારશતકો જેવું કાવ્ય રચવાનો કવિનો પ્રયાસ હોય એમ લાગે છે. એ રીતે ગુજરાતીમાં આ પ્રકારનું કાવ્ય રચવાનો કવિનો પહેલો પ્રયાસ કહી શકાય. કાવ્યના શીર્ષક પરથી સૂચવાય છે તેમ સ્ત્રીપુરુષ વચ્ચેની શૃંગારક્રીડાને આલેખવી એ કવિનું લક્ષ્ય છે, પરંતુ કવિ પ્રકૃતિમાં બદલાતી વિવિધ ઋતુઓ સાથે શૃંગારક્રીડાને એવી રીતે સાંકળે છે કે ઋતુપરિવર્તનની સાથે કામક્રીડાના રૂપમાં પણ પરિવર્તન થતું બતાવે છે. પ્રારંભની ૩૮ કડીઓમાં નાયિકાના રૂપ ને શણગારનું વર્ણન, નાયિકાનો વિરહભાવ અને પ્રિયતમને જોઈ કામઘેલી બનતી નાયિકાને આલેખી કવિએ કામોત્કટ નાયિકાનું ચિત્ર દોર્યું છે. ૩૯થી ૬૧ કડી સુધીના વસંત-વર્ણનમાં ઉદ્દીપક વસંત, સ્ત્રીપુરુષની શૃંગારકેલિ અને પ્રવાસે ગયેલા પથિકની વ્યાકુળતા આલેખાય છે. અહીં સુધીના કવિએ કરેલા આલેખનમાં પરંપરાનો પ્રભાવ સારી પેઠે વરતાય છે. પરંતુ ૬૨મી કડીથી શરૂ થયેલા ગ્રીષ્મવર્ણનથી આલેખન વધારે વાસ્તવિક ને જીવંત બનવા માંડે છે. ગ્રીષ્મવર્ણનમાં 'સઇણિલોક અગ્ગસઈ પુઢણાં, જેવાં સ્વભાવોક્તિચિત્રો દોરાય છે. અગાસી, ચાંદની, રાત્રિની શીતળતા ને ઝીણાં વસ્ત્રો—કામભાવ જાગવા માટેની અનુકૂળ સ્થિતિ! ૭૦થી ૮૨ કડી સુધીના વર્ષાવર્ણનમાં 'દિસિ ચડઈ ચિહું ચંચલ આભલાં' ને 'અવનિ નીલતૃણાંકુરુસંકુલા' જેવાં સ્વભાવોક્તિચિત્રો દોરાય છે. પછી બહાર જળની ધારાઓ, વખતોવખત વીજપ્રકાશથી આલોકિત થઈ ઊઠતાં ગોખ ને જાળિયાં ને વ્યાપી વળતો ઘોર અંધ-કાર, એ વાતાવરણની વચ્ચે શૃંગાર અને વિરહની ભૂમિકા રચાય છે. ૮૩થી ૮૮ કડી સુધીના શરદવર્ણનમાં વચ્ચે શૃંગાર અને વિરહની ભૂમિકા રચાય છે. 'દિસિ દસઈ લિય હૂઈ મોકલી' કહી સ્વાતિ નક્ષત્રમાં વરસતું જળ ક્યાંક કોઈક સીપમાં મોતી જન્માવશેની વાત શૃંગારસમાધિની સુખદ પરિણતિનો સંકેત કરે છે. ૮૯થી ૯૩ કડી સુધીના હેમંતવર્ણનમાં હેમંતમાં ખીલેલી પ્રકૃતિ, સુશોભિત વસ્ત્રો ને સ્વાદિષ્ટ ભોજનની વચ્ચે કામસુખ ભોગવાય છે. ૯૪થી ૧૦૫ કડી સુધી ચાલતાં શિશિરવર્ણનમાં 'તાપિઉં ભાવઈ તાઢી વેલાં સીઆલઈ' જેવી ઠંડી ઋતુમાં કવિ વિશેષ પ્રગલ્ભ બની 'ભુજ ભુજિઈ મુખિસ્યઉ મુખિ સંમિલઈ' 'ઉરઉરિઈ ઉદરોદરિ પીડીઈ', 'સુરતુ આસનિ દંપતિ મંડીઈ' એ શબ્દોથી કામભોગની અવસ્થા વર્ણવે છે. રવાનુકારી શબ્દો, કોમળ વ્યંજનો અને પ્રાસઅનુપ્રાસ-યુક્ત કોમળ પદાવલિ પણ શૃંગારભાવને ઘણાં પોષક બને છે.

કૃતિ : ભારતીયવિદ્યા, તૃતીય ભાગ, સં. ૨૦૦૦–૨૦૦૧–'શૃંગારશત', સં. જિનવિજયમુનિ. [જ.ગા.]

શ્રવણ(સરવણ)–૧ [ઈ. ૧૬૦૧માં હયાત] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. 'ઋષિદત્તા-રાસ' (૨.ઈ.૧૬૦૧/સં.૧૬૫૭, પોષ સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય; ☐૩. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

શ્રવણ–૨ [ ] : માર્ગીપંથનાં કવિ. નકલંકી અવતાર ક્યારે થશે, તેનું સ્વાગત કોણ કેવી રીતે કરશે, તેના સાગરીતો કોણ હશે, એ અવતાર થતાં શાં શાં પરિવર્તનો થશે—એ સઘળી વીગતોનું નિરૂપણ કરતા ૧૩ કડીના 'આગમ'(મુ.)ના કર્તા.

એ સિવાય કળિયુગનું વર્ણન કરતાં ઉત્તર દિશામાંથી આવનાર સાયબાના સ્વરૂપ ને તેના સૈન્યને વર્ણવતાં 'આગમ' કે પરમતત્ત્વની અનન્યતાને બતાવતાં ને તેને ઓળખવાનો બોધ કરતાં ભજનો(મુ.) પ્રાપ્ત થાય છે. તેમના રચયિતા પણ આ કવિ હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. અભમાલા; ૨. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭; ૩. ખોજાવૃત્તાંત, સચેદીના નાનજીઆણી, ઈ. ૧૯૧૮ (બીજી આ.); ૪. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૫. બૃહદ્ સંતસમાજ ભજનાવળી, પુરુષો-ત્તમદાસ ગી. શાહ, ઈ.૧૯૫૦ (છઠ્ઠી આ.); ૬. સતવાણી. [૨.૨.દ.]

શ્રીકરણ(વાચક) : આ નામે ૮ કડીની 'ગૌતમસ્વામી-સઝાય/દશમા-ધ્યાયની સઝાય/સમોવસરણની સઝાય'(મુ.) મળે છે. આ કર્તા શ્રી-કરણ–૧ છે કે અન્ય તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. દેસતસંગ્રહ; ૩. મોસસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

શ્રીકરણ–૧ [ઈ. ૧૫૧૮ સુધીમાં] : શ્રાવક કવિ. ગોવિંદના પુત્ર. ૮ કડીની 'શત્રુંજય-ભાસ' (લે. ઈ. ૧૫૧૮) અને ૪ કડીની 'શીલ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : સંબોધિ, એપ્રિલ-જાન્યુ. ૧૯૭૯-૮૦–'શ્રાવક કવિઓની કેટલીક અપ્રકટ ગુજરાતી રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

શ્રાદત્ત [ઈ. ૧૫૦૭માં હયાત] : અંચલગચ્છના શ્રાવક કવિ. વિવેક-રત્નસૂરિના શિષ્ય. ૧૦૮ કડીના 'મહાવીર-વિવાહલુ' (૨.ઈ.૧૫૦૭)-ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

શ્રીદેવ–૧ [ઈ. ૧૬૯૩માં હયાત] : જૈન સાધુ. જ્ઞાનચંદના શિષ્ય. ૮ કડીની હિન્દીપ્રધાન ગુજરાતીમાં રચાયેલી 'રહનેમિ-સઝાય'(મુ.), શિષ્ય કલ્યાણની સહાયથી રચાયેલી 'યાવચ્ચામુનિ-સંધિ' (૨.ઈ.૧૬૯૩/સં. ૧૭૪૯, માગશર સુદ ૭), ૧૩ ઢાળની 'સાધુવંદના', ૨૭૬ કડીની 'ઋષભવિવાહ-ધવલ', 'નાગશ્રી-ચોપાઈ', 'ધનાઆણસાર-સઝાય' તથા અન્ય કેટલીક સઝાયોના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, ઈ. ૧૮૬૭.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી. [કી.જો.]

શ્રીદેવ–૨ [ઈ. ૧૭૧૬માં હયાત] : જ્ઞાનમાર્ગી કવિ. પાટણના વતની. ૪૮૪ કડીની 'હસ્તામલક', 'નરબોધ' (૨.ઈ.૧૭૧૬), 'પંચી-કરણ', 'માતરનો ગરબો'ના કર્તા. તેમણે કબીરનાં પદોના અનુવાદ પણ કર્યા છે.

સંદર્ભ : ૧.ગુજૂકહકીકત; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. પ્રાકકૃતિઓ; ☐ ૫. સાહિત્ય, ઑક્ટો. ૧૯૧૬–'જૂનાં કાવ્યોની થોડી હકીકત,' છગનલાલ વિ. રાવળ; ☐ ૫. ડિકૅટલૉગભીજે. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીદેવ–૩ [ ]: 'માતરનો ગરબો'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

શ્રીધન [ઈ.૧૫૯૬ સુધીમાં] : 'રામસીતા-રાસ' (લે.ઈ.૧૫૯૬)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

શ્રીધર : આ નામે 'અરનારી' નામક કૃતિ મળે છે તે કયા શ્રીધરની છે તે સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ગૂહાયાદી. [ચ.શે.]

શ્રીધર–૧ [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ] : ઈડરના રાવ રણમલના આશ્રિત બ્રાહ્મણ કવિ. અવટંક વ્યાસ. તેઓ ઈડરના રાવના પુરોહિત હોવાનું પણ અનુમાન થયું છે. તેમનાં કાવ્યોમાં મૂકેલા સંસ્કૃત શ્લોકો પરથી તેઓ સંસ્કૃતના જ્ઞાતા હોવાની સંભાવના છે. 'રણમલછંદ'ના આરંભમાં મૂકેલી સંસ્કૃત આર્યામાં મળતા તૈમૂરલંગની ચડાઈ (ઈ. ૧૩૯૮)ના નિર્દેશ પરથી કવિએ એ સમય દરમ્યાન કાવ્ય રચ્યું હોવાનું લાગે છે. તો તેઓ ઈ. ૧૪મી સદીના અંતભાગમાં હયાત હતા એમ કહી શકાય.

ઈડરના રાવ રણમલ અને પાટણના સૂબા મીર મલિક મુફર્રહ વચ્ચે થયેલા યુદ્ધ (ઈ. ૧૩૯૦ આસપાસ) અને તેમાં રણમલના થયેલા વિજયની કથા આલેખતી ૭૦ કડીની **'રણમલ-છંદ'**←(મુ.) કવિની વીરરસવાળી અને ઈતિહાસદૃષ્ટિએ મહત્ત્વ ધરાવતી કૃતિ છે. એમાં પ્રયોજાયેલી વીરરસને પોષક અપભ્રંશની 'અવહટ્ઠ' પ્રકારની ભાષા તેની વિશિષ્ટતા છે. માર્કંડેયપુરાણના દેવીચરિત્ર અથવા ચંડી-આખ્યાનને આધારે રચાયેલો ૧૨૦ કડીનો **'ઈશ્વરી-છંદ/દેવીકવિત/ભગવતી ભાગવત/સપ્તસતી/સહસ્ત્ર-છંદ'** તથા ૧૨૭ કડીએ અધૂરો રહેલો 'ભાગવતદશમસ્કંધ/કવિત ભાગવત' કવિની અન્ય રચનાઓ છે.

કૃતિ : પંગુકાવ્ય.

સંદર્ભ : ૧. રણમલ્લછંદ અને તેનો સમય, સૈયદ અબુઝફર નદવી, ઈ. ૧૯૪૧; ૨. આકવિઓ; ૩. ઈતિહાસની કેડી, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૪૫; ૪. કવિચરિત : ૧-૨; ૫. ગુસાઈતિહાસ : ૨; ૬. ગુસામધ્ય; ૭. ગુસારૂપરેખા : ૧; ૮. ગુસારસ્વતો; ૯. ગુલિટરેચર; ૧૦. નભોવિહાર, રા. વિ. પાઠક, ઈ. ૧૯૬૧–'પ્રા. ગુ. કાવ્ય સાહિત્યનું વિહંગાવલોકન'; ૧૧. મસાપ્રવાહ; ☐ ૧૨. આલિસ્ટઓઈ : ૨; ૧૩. ગૂહાયાદી; ૧૪. જૈગૂકવિઓ : ૩(૨); ૧૫. રિકૅટલૉગ નાવિ; ૧૬. ફૉહનામાવલિ; ૧૭. મુપુગૂહસૂચી; ૧૮. લીંહસૂચી. [ચ.શે.]

શ્રીધર–૨ [ઈ. ૧૫૦૯માં હયાત] : જૂનાગઢના મોઢ અડાલજા વણિક. પિતા સહમા મંત્રી.

અષ્ટપદી ચોપાઈની ૨૦૪ અને અંતે પૂર્વછાયામાંથી ચોપાઈની ૫ કડી મળી કુલ ૨૦૯ કડીની **'રાવણમંદોદરી-સંવાદ'**←(ર.ઈ.૧૫૦૯; મુ.) એ કવિની ધ્યાનપાત્ર ઉખાણાગ્રથિત રચના છે. આમ તો મંદોદરી રાવણને રામ સાથે યુદ્ધ ન કરવા સમજાવે છે અને રાવણ એ વાત સમજવાનો ઇનકાર કરે છે એ કાવ્યનો મુખ્ય પ્રસંગ છે, અને આખું કાવ્ય મુખ્યત્વે બંનેના સંવાદ રૂપે ચાલે છે. પરંતુ કાવ્યની દરેક કડીમાં ૧ કે વધુ ઉખાણાં ગૂંથી તથા **'કરિસી કવિત ઉખાણી કરી'** એમ કાવ્યનો ઉદ્દેશ સ્પષ્ટ કરી કવિએ મુખ્ય આશય કૃતિમાં પોતાના સમયમાં ભાષાની અંદર પ્રચલિત ઉખાણાં (રૂઢોક્તિઓ) ગૂંથી લેવાનો રાખ્યો છે. એમ કરવા જતાં પાત્રના ગૌરવને હાનિ પહોંચાડે એવી ઘણી ઉક્તિઓ કાવ્યમાં પ્રવેશી ગઈ છે, તેમ છતાં તે સમયની લોકભાષાને સમજવા માટે આ મહત્ત્વની કૃતિ છે. નરસિંહની 'ચાતુરીઓ'ના રચનાબંધને મળતું આવતું તેમ છતાં મુખડા ને ઢાળની કડીઓમાં સાંકળી કરવાને લીધે બંધની દૃષ્ટિએ થોડું જુદું પડતું, પદસદૃશ ૧૬ કડવાંનું, શિવભીલડીના સંવાદ રૂપે રચાયેલું 'ગૌરીચરિત્ર/મૃગલી-સંવાદ'(મુ.) કવિનું આખ્યાનકોટિનું કાવ્ય છે.

કૃતિ : ૧. પ્રબોધબત્રીશી અને રાવણમંદોદરીસંવાદ, સં. મ. બ. વ્યાસ, ઈ. ૧૯૩૦; ૨. બૂકાદોહન : ૬

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. પ્રાકકૃતિઓ; ૬. સસામાળા; ૭. વિદ્યાપીઠ, માર્ચ-એપ્રિલ ૧૯૭૧–'શ્રીધરની કહેવતો', દિનેશ શુકલ; ☐૮. ગૂહાયાદી; ૯. જૈગૂકવિઓ : ૧;. ૧૦. લીંહસૂચી. [ચ.શે.]

શ્રીધર–૩ [જ. ઈ. ૧૬૧૯–અવ. ઈ. ૧૬૬૪] : જુઓ રૂપસિંહજી શિષ્ય. કેશવજી.

શ્રીધર્મ [ ]: જૈન સાધુ. 'દશશ્રાવક બત્રીસી-સઝાય' (લે. સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

'શ્રીપતિ' [જ. ઈ. ૧૬૧૯–અવ. ઈ. ૧૬૬૪] : જુઓ રૂપસિંહજી-શિષ્ય કેશવજી.

શ્રીપાલ(ઋષિ) [ઈ. સ. ૧૬૦૮માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ગદ્યકર્તા. ૨૯૫૦ શ્લોકના 'દશવૈકાલિકસૂત્ર-બાલાવબોધ' (ર.ઈ. ૧૬૦૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. લીંહસૂચી. [કી.જો.]

શ્રીભટ્ટ [ ]: 'ગીતાસાર'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

શ્રીમેરુ(શિષ્ય) [ઈ. ૧૭૦૫ સુધીમાં] : જૈન સાધુ.'શોભન-સ્તુતિ'-ચતુર્વિંશતિકા-સ્તબક' (લે.ઈ.૧૭૦૫)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞસૂચિ : ૧. [કી.જો.]

શ્રીવલ્લભ(સૂરિ) [ઈ. ૧૬૧૧માં હયાત] જૈન સાધુ. જ્ઞાનવિમલ ઉપાધ્યાયના શિષ્ય. ગુજરાતી ભાષામાં ૯૩ કડીની 'નમસ્કારમહામંત્ર-સ્તવન' તથા અન્ય સંસ્કૃત કૃતિઓ 'શીલોચ્છનામકોષ પર ટીકા' (ર.ઈ.૧૫૯૮), 'વિજયદેવમહાત્મ્ય'(ર.ઈ.૧૫૯૯), 'અભિધાનનામમાલા-વૃત્તિ' (ર.ઈ. ૧૬૧૧) વગેરેના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ;☐ ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

શ્રીવંત : આ નામે ૪૪ ઢાળની **'ઋષભદેવ-વિવાહલો'** (ર.ઈ.૧૫૧૯ લગભગ), ૨૩૬ કડીની 'આદિનાથ-વિવાહલો/ઋષભદેવધવલપ્રબંધ-વિવાહલુ, 'હૂંડી', 'ઢોલિયાવર્ણન' તથા સ્તુતિ આદિ અનેક કૃતિઓ મળે છે. આ કર્તા શ્રીવંત–૧ છે કે અન્ય તે વિશે નિશ્ચિતપણે કહી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકાય તેમ નથી, 'ઋષભદેવ–વિવાહલો' અને 'આદિનાથ–વિવાહલો' એક હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૫૨–'શ્રી સીમંધર શોભાતરંગ કે રચનાકાલાદિ પર વિશેષ', અગરચંદ નાહટા; ૨. એજન, જૂન ૧૯૫૩–'કડુઆ મત પટ્ટાવલીમેં ઉલ્લિખિત ઉનકા સાહિત્ય', અગરચંદ નાહટા;☐ ૩. ડિકૅટલૉગભાઈ:૧૯(૨); ૪. હેજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

શ્રીવંત–૧ [ઈ. ૧૫૭૫માં હયાત] : કડવાગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં કમલવિજયના શિષ્ય. ૧૬૫ કડીની 'દંડકવિચારગર્ભિતશાંતિજિન-સ્તવન' (ર.ઈ. ૧૫૭૫) તથા ૧૦૩ કડીની 'જિનપ્રતિમા હૂંડી-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગબીજે; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

શ્રીવિજય [ ] : જૈન સાધુ. ૬૩ કડીના 'બાસઠબોલગર્ભિતશાંતિપાર્શ્વનાથ-જિન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી)ના કર્તા.

તપગચ્છના રામવિજયના શિષ્ય શ્રીવિજયગણિ જેમણે ઈ. ૧૫૩૭માં રઘુવંશ પર ટીકા લખી એ જ કવિ આ હોય તો તેમનો સમય ઈ.સ.ની ૧૬મી સદીનો પૂર્વાર્ધ થાય.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ;☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

શ્રીસાગર(બ્રહ્મ) [ઈ. ૧૬૨૫માં હયાત] : 'આદિત્યવાર-કથા' (ર.ઈ. ૧૬૨૫)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

શ્રીસાર [ઈ. ૧૭મી સદી] : ખરતરગચ્છના જૈન સાધુ. રત્નહર્ષ વાચકના શિષ્ય. 'ગુણસ્થાન ક્રમારોહ પર બાલાવબોધ'(ર.ઈ. ૧૬૨૨), 'સત્તરભેદી પૂજાગર્ભિત શાંતિ-સ્તવન' (ર.ઈ. ૧૬૨૬), ૧૧ ઢાલની 'જિનરાજસૂરિ-રાસ' (ર. ઈ. ૧૬૨૫/સં. ૧૬૮૧, અસાડ વદ ૧૩; મુ.), 'પાર્શ્વનાથ-રાસ' (ર.ઈ. ૧૬૨૭), ૨૫૨ કડીની 'આનંદશ્રાવક-સંધિ' (ર.ઈ. ૧૬૨૯), 'મોતીકપાસિયા-સંવાદ' (ર.ઈ. ૧૬૩૩), ૫૨ કડીની 'કવિતભાવની/સાર-ભાવની' (ર.ઈ. ૧૬૩૩/સં. ૧૬૮૯, આસો સુદ ૧૦), 'વાસુપૂજ્યરોહિણી-સ્તવન' (ર.ઈ. ૧૬૫૬), ૪ ઢાળનું 'ઉજમણા નિમિત્ત રોહિણી-સ્તવન' (ર.ઈ. ૧૬૬૪/સં. ૧૭૨૦, શ્રાવણ સુદ ૪; મુ.), ૭૦ કડીની 'ઉપદેશ-સિત્તરી/ગર્ભવેલી/જીવભવ-ઉત્પત્તિનું વર્ણન/તંદુલ થયાની સૂત્ર-સઝાય' (મુ.), ૧૪ કડીની 'મેઘકુમાર-સઝાય'(મુ.), ૨૦/૨૧ કડીનું 'ફલવર્ધિપાર્શ્વનાથ-સ્તવન'(મુ.), ૨૧ કડીની 'સ્યાદવાદની સઝાય'(મુ.), 'કૃષ્ણરુકિમણી-વેલિ-બાલાવબોધ', 'ગૌતમપૃચ્છા-સ્તવન', 'જય-વિજય/જયવિનય-ચોપાઈ', તમાકુ-ગીત', ૧૪ કડીનું 'દશશ્રાવક-ગીત', 'જિનપ્રતિમા-સ્થાપના-સ્તવન' તથા રજસ્થાનીમિશ્રા હિન્દી ભાષામાં ૨૦ કડીની 'સ્વાસ્થ્ય–સઝાય'(મુ.) અને સંસ્કૃતમાં 'મહાવીરસ્તુતિ-વૃત્તિ', 'અનેક શાસ્ત્રસારસમુચ્ચય', છ કાંડમાં 'નામ-કોશ' જેવી અનેક કૃતિઓની એમણે રચના કરી છે.

કૃતિ : ૧. અરત્નસાર; ૨. ઐજૈકાસંગ્રહ(+સં.); ૩. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવન સંગ્રહ; પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ.૧૯૧૯; ૪. જૈસમાલા(શા): ૨; ૫. જૈસસંગ્રહ(જે); ૬. જૈન સુબોધ સ્તવન-સંગ્રહ, સં. જુગરાજ ભૈં. શેઠિયા, ઈ. ૧૯૨૩; ૭. જ્ઞાનાવલી; ૮. ષટદ્રવ્યનયવિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્રકા. શ્રાવક મંગળદાસ લ. સં. ૧૯૬૯; ૯. સજઝાયમાલા(શ્રા) : ૧;☐ ૧૦. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. ૧૯૪૯–'પાર્શ્વનાથ-સ્તોત્ર', સં. રમણિકવિજયજી; ૧૧. એજન, ફેબ્રુ. ૧૯૪૬–'ફલવર્ધિ પાર્શ્વનાથસ્તુતિ', સં. શાર્લોટ ક્રાઉઝે (+સં.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. દેસુરાસમાળા; ૪. મરાસસાહિત્ય; ૫. યુજિનચંદ્રસૂરિ;☐ ૬. જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૫૨–'કતિપય આવશ્યકીય સંશોધન', અગરચંદ નાહટા; ☐ ૭. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૮. જૈહાપ્રોસ્ટા; ૯. ડિકૅટલૉગબીજે; ૧૦. ડિકૅટલૉગભાઈ : ૧૯(૨). ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. રાહસૂચી: ૧; ૧૩. લીંહસૂચી; ૧૪. હેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

શ્રીસુખનિધિભાઈ [ઈ. ૧૭૭૯માં હયાત] : પુષ્ટિસંપ્રદાયના કવિ. તેઓ ગોધરાના મોટાભાઈની નાની બેનના દીકરા થાય. તેમણે 'શ્રી વલ્લભરત્નરસાવલી' (ર. ઈ. ૧૭૭૯/સં. ૧૮૨૫, પોષ સુદ ૭) નામનો ગ્રંથ તથા 'વલ્લભદાસ' એવી નામછાપથી ઘણાં ધોળ તથા પદની રચના કરી છે.

સંદર્ભ : ગોપ્રભકવિઓ. [કી.જો.]

શ્રીસુંદર–૧ [ઈ. ૧૫૮૦/ ઈ. ૧૬૩૬માં હયાત]: ખરતરગચ્છના જૈન સાધુ. જિનસિંહસૂરિની પરંપરામાં હર્ષવિમલના શિષ્ય. ૨૮૪ કડીનો 'અગડદત્ત-પ્રબંધ' (ર.ઈ. ૧૫૮૦/સં. ૧૬૧૦ કે ર.ઈ. ૧૬૩૬/સં. ૧૬૬૬, કારતક–૧૧, શનિવાર), ૧૧ કડીનું 'જિનચંદ્રસૂરિ-ગીત' (મુ.) તથા અન્ય કેટલીક નાનીમોટી કૃતિઓના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. યુજિનચંદ્રસૂરિ;☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

શ્રીસોમ [ઈ.૧૬૩૯માં હયાત]: ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રની પરંપરામાં સમયકીર્તિના શિષ્ય. ૧૩ ઢાલની 'ભુવનાનંદચોપાઈ' (ર.ઈ. ૧૬૬૯/સં. ૧૭૨૫, માગશર વદ ૫, શુક્રવાર)ના કર્તા

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ;☐ ૨. જૈગૂકવિઓ ; ૨, ૩(૨). [કી.જો.]

શ્રીહર્ષ આ નામે કોઈ જૈન કવિની ૧૦ કડીની 'સાસુવહુ-વિવાદ' કૃતિ મળે છે. તેના કર્તા શ્રીહર્ષ–૧ છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

શ્રીહર્ષ–૧ [ઈ. ૧૬૪૪માં હયાત] : જૈન સાધુ. જ્ઞાનપદ્મના શિષ્ય. 'કર્મગ્રંથ-બાલાવબોધ' (ર.ઈ.૧૬૪૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

શ્રુતરંગજી : આ નામે ૬ કડીની 'નંદિષેણ-સઝાય'(મુ.), ૧૬ કડીના 'નેમિનાથ-બારમાસ' (લે. ઈ. ૧૫૧૮), ૧૫ કડીનું 'પદ્માવતી-ગીત'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(લે. ઈ. ૧૮૫૯), ૪૮ કડીનું 'નેમિનાથ-સ્તવન' એ કૃતિઓ મળે છે. આ બધી કૃતિઓના કર્તા કયા શ્રુતરંગ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

શ્રુતસાગર : આ નામે રાજસ્થાનીમિશ્રા ગુજરાતીમાં 'ગુણાવલિ-બુદ્ધિપ્રકાશ-રાસ' (લે. સં. ૧૭મી સદી અનુ.) મળે છે તેના કર્તા કયા શ્રુતસાગર છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧. [પા.માં.]

શ્રુતસાગર(મુનિ)–૧ [ઈ. ૧૫૮૫માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. સૌભાગ્યસાગરસૂરિની પરંપરામાં સૌભાગ્યરત્નના શિષ્ય. ૧૯ ઢાલ અને ૨૦૮ કડીના 'શ્રીદત્ત (વૈરાગ્યરંગ)-રાસ' (ર.ઈ.૧૫૮૫/સં. ૧૬૪૧, આસો વદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

શ્રુતસાગર–૨ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. ધર્મસાગર ઉપાધ્યાયના શિષ્ય. 'ઋષિમંડલ' ઉપર રચેલ બાલાવબોધ (ર.ઈ. ૧૬૧૪) તથા સંસ્કૃતકૃતિ 'ચતુર્દશીપાક્ષિકવિચાર' (ર.ઈ. ૧૬૨૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ;□ ૩. જૈગૂકવિઓ: ૩(૨). [પા.માં.]

શ્રુતસાગર–૩ [ ] : તપગચ્છના જૈન સાધુ. જગતચંદ્રની પરંપરાના કે તેમના શિષ્ય. ૬૨ કડીના 'કર્મવિપાક (કર્મગ્રંથ)–૧' પરના સ્તબક (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

શ્રુતસાગરશિષ્ય [ ] : જૈન સાધુ. ૨૧ કડીની 'પ્રસન્નચંદ્રરાજર્ષિ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

'શ્રેણિક-અભયકુમાર-ચરિત' : ગુખ્યત્વે વસ્તુ, દુહા અને ચોપાઈ ને ક્વચિત્ છપ્પાને પ્રયોજતી ૩૬૮ કડીની દેપાલકૃત આ રાસ-કૃતિ(મુ.) શ્રેણિક અને તેના પુત્ર અભયકુમારના બુદ્ધિચાતુર્યની રસ-પ્રદ કથા કહે છે. આ વિષયની એ સૌથી પહેલી ગુજરાતી કૃતિ તરીકે નોંધપાત્ર ઠરે છે.

પ્રસેનજિતરાજાએ પોતાના સો પુત્રોની પરીક્ષા કરવા યોજેલી કસોટીમાંથી શ્રેણિક પાર ઊતર્યો પણ એ માટે એણે ખાજાંનો ભૂકો કરવો પડ્યો, કૂતરાની પંગતમાં જમવું પડ્યું ને બળતા ઘરમાંથી ઉત્તમ વસ્તુ તરીકે એ ભંભ નામનું વાદ્યિત્ર લાવ્યો, તેથી ગમાર ગોવાળિયો કહીને રાજાએ એને રાજસભામાં આવવાની મના કરી. દેશાટને નીકળેલો શ્રેણિક પોતાની પાસેની મંત્રવિદ્યા ઉપરાંત વજ્રકરપર્વતના અધિદેવતાની કૃપાથી મળેલા રત્નોના પ્રતાપે સંકટોમાંથી બચે છે અને રાજાની અવકૃપાથી ગરીબ બની ગયેલા ધનશ્રેષ્ઠીને સહાયરૂપ થઈ પોતે પણ સંપત્તિવાન બને છે ને એની પુત્રી સુનંદાને પરણે છે. પુત્રના ચાલ્યા જવાનું દુ:ખ અનુભવતા પ્રસેનજિતને સાર્થવાહ પાસેથી શ્રેણિકની ભાળ મળે છે ને એને લાગણીભરેલા ઠપકાના પત્રો મોકલે છે; જેના શ્રેણિક પણ યોગ્ય ઉત્તરો આપે છે. છેવટે એ પોતાની નગરીમાં આવી રાજ્યધુરા સંભાળે છે. મંત્રીની યોગ્ય પસંદગી માટે પાણી વગરના કૂવામાંથી કશા સાધન વિના વીંટી કાઢી આપવાની કસોટી એ રચે છે. ગર્ભાવસ્થામાં જ જેને પોતે છોડ્યો હતો એ એનો પુત્ર અભયકુમાર આ વીંટી પોતાના બુદ્ધિચાતુર્યથી કાઢી આપે છે ને પિતાપુત્રનું મિલન થાય છે.

કથાપ્રસંગોને સામાન્ય રીતે લાઘવથી રજૂ કરતી આ કૃતિમાં પ્રવાહિતા અને પ્રસાદિકતા છે ને ક્વચિત્ વર્ણન, મનોભાવનિરૂપણ ને સુભાષિત વચનથી એમાં અસ્વાદ્ય અંશો પણ આવ્યા છે. વસ્તુ-છંદના અર્ધચરણને બેવડાવીને કવિએ એની ગેયતા વધારી છે એ ધ્યાનાર્હ છે. [જ.કો.[

ષટપ્રજ્ઞદાસ/ષષ્ટમદાસ : જુઓ આંબાજી.

'ષડૃતુવર્ણન' : ૬ ખંડની દયારામકૃત આ રચના(મુ.)માં દરેક ખંડમાં ૧૨ કડી અને અંતે શાર્દૂલવિક્રીડિત અને માલિની એ અક્ષરમેળ વૃત્તોની ૨ કડીઓ છે. કૃતિ રાધાના સખી પ્રત્યેના ઉદ્‌ગાર રૂપે રચાયેલી છે અને વર્ષાઋતુથી આરંભાઈ ગ્રીષ્મઋતુ આગળ પૂરી થાય છે. પ્રકૃતિવર્ણન ને વિરહશૃંગારના પરંપરાગત નિરૂપણોનો લાભ લેતી આ કૃતિમાં સઘન ચિત્રાત્મકતા છે ને અનુપ્રાસ, યમક આદિ શબ્દાલંકરણોનો થોડોક અતિરેકભર્યો આશ્રય લેવાયો છે. પ્રસંગાનુરૂપ નૂતન કલ્પના પણ આપણને સાંપડે છે. જેમ કે, રાધા કહે છે કે કામદેવે મને છેતરવા માટે આ આકાશની માયાવી રચના કરી છે–પ્રિયતમના વર્ણનું(નીલ) આકાશ, મેઘધનુષ તે પીતાંબર, બગલાની હાર તે મોતીની માળા, વાદળો તે ગાયો ને ચાતક 'પિયુ પિયુ' કરી મારામાં પ્રતીતિ જન્માવે છે. અંતમાં રાધાને પિયુ કૃષ્ણનાં "ભાવાત્મક" "સ્ફુટદર્શન" થાય છે અને રાધા કહે છે : "વિરલા લહે કો એ મરમને, એ વિરહ ભિન્ન જાતી, જ્યમ લોહારની સાણસી[ક્ષણ] શીતલ ક્ષણ તાતી." એટલે કે આ લૌકિક વિરહશૃંગારનું કાવ્ય નથી, આ વિરહ-ભક્તિનું કાવ્ય છે. [સુ.દ.]

'ષડાવશ્યક-બાલાવબોધ-વૃત્તિ' [ર. ઈ. ૧૩૫૫/સં. ૧૪૧૧, આસો વદ ૩૦, શનિવાર] : તરુણપ્રભસૂરિકૃત આશરે ૭૦૦૦ ગ્રંથાગ્રની આ ગદ્યકૃતિ(મુ.) મધ્યકાલીન ગુજરાતી બાલાવબોધ સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જૈન શ્રાવકોએ પાળવાના વ્રતનિયમો અને વિધિ-નિષેધો નિરૂપતા આવશ્યકસૂત્રના એમાં માત્ર શબ્દાર્થ નથી, વિસ્તૃત સમજૂતી પણ છે. એ સમજૂતીમાં અનેક ઇતર શાસ્ત્રીય આધારોનો વિવરણપૂર્વક વિનિયોગ કરી લેવામાં આવ્યો છે ને એ રીતે એમાં મૂળસૂત્રપાઠ ઉપરાંત સેંકડો પ્રાચીન ગાથાઓ ને શ્લોકો–જેમાં ઘણાં હિન્દુ શાસ્ત્રોનાં પણ છે–ઉદ્‌ધૃત થયાં છે. આમ કૃતિ એક આકરગ્રંથ બની રહે છે.

વ્રતનિયમોના પાલનમાં થતા ગુણદોષો સમજાવતાં કવિએ દૃષ્ટાંત રૂપે ૨૩ જેટલી કથાઓ આપી છે, જેમાં કવિની ભાષ્યકાર ઉપરાંત કથાકારની શક્તિ પણ પ્રગટ થાય છે. કવિએ સ્વરચિત સંસ્કૃત સ્તવનો પણ કૃતિમાં ગૂંથી લીધાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિષ્ટ સંસ્કૃત પદાવલિ ને દીર્ઘ સમાસો પણ ધરાવતી ગદ્યપ્રૌઢિ, વિષયપ્રસંગ અનુસાર લાંબાંટૂંકાં વાક્યોના વિનિયોગથી સધાતી પ્રવાહિતા ને પ્રાસાદિકતા તથા ક્યારેક સાહિત્યિક અભિવ્યક્તિનો આશ્રય લેવાથી નીપજતી રમણીયતા કવિને એક નોંધપાત્ર ગદ્યકાર તરીકે સ્થાપી આપે છે.

કૃતિની કવિના સમયની (ઈ. ૧૩૫૬ અને ઈ. ૧૩૬૨) તેમ જ કવિએ સંશોધેલી હસ્તપ્રતો પ્રાપ્ય હોઈ એ સમયની ભાષાનો શ્રદ્ધેય નમૂનો એમાં સાંપડે છે ને કૃતિ ભાષા-અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વની ઠરે છે. [૨.૨.દ.]

સકલકીર્તિશિષ્ય [ઈ. ૧૬૭૮ સુધીમાં] : જૈન સાધુ. ૨૧૧ કડીની 'બાર આરાની ચોપાઈ' (લે.ઈ.૧૬૭૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સકલચંદ્ર(ગણિ)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિ (જ.ઈ. ૧૫૩૯–અવ. ઈ. ૧૬૧૪) ના પ્રથમ શિષ્ય. ગોત્ર રીહડ. ઈ. ૧૫૭૨માં તેઓ હયાત હતા એવો એક પત્રમાં ઉલ્લેખ મળે છે. ૭ કડીની 'ગહૂંલીના' કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

સકલચંદ્ર(ઉપાધ્યાય)–૨ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ-વિજયદાનસૂરિના શિષ્ય. સંસ્કૃતના વિદ્વાન તથા સંગીતના જ્ઞાતા. દુહા, ચોપાઈ અને ભિન્નભિન્ન દેશીઓના ઢાળની ૭૨૫ જેટલી કડીઓમાં રચાયેલ 'મૃગાવતી-આખ્યાન/રાસ' (૨. ઈ. ૧૫૮૭) કવિની મોટામાં મોટી કૃતિ છે. આ ઉપરાંત 'એકવીસ પ્રકારી-પૂજા'(મુ.), 'સત્તરભેદી-પૂજા' (મુ.), ૧૨ કડીની 'દેવાનંદાની સઝાય'(મુ.), ૨૦ કડીની 'શાંતિ સુધારસની સઝાય/સાધુ મુનિરાજને શિખામણ'(મુ.), ૧૪ ઢાળની 'બાર ભાવનાની સઝાય'(મુ.), ૬૪/૬૬ કડીની 'વર્ધમાન જિનગુણ-સૂરવેલી'(મુ.), ૬ કડીની 'અચલ ચોખાની સઝાય'(મુ.), ૧૨ કડીની 'અભયદાનની સઝાય'(મુ.), ૧૩ કડીની 'અનુકંપાદાનની સઝાય' (મુ.), ૬ કડીની બે, ૧૦ અને ૯ કડીની એક-એક એમ કુલ ૪ 'આત્મિક-સઝાય'(મુ.), ૧૪ કડીની 'શ્રી કૃષ્ણને વિનતિ રૂપ સઝાય', (મુ.), ૭ કડીની 'ક્ષુધાનિવારણ-સઝાય'(મુ.), ૫ કડીની 'ચેતનને શિખામણની સઝાય'(મુ.), ૧૩ કડીની 'ચેતના નારીને શિખામણની સઝાય'(મુ.), ૭ કડીની 'તુલાની સઝાય'(મુ.), ૧૭ કડીની 'દશવિધ સમાચારીની સઝાય'(મુ.) અને અન્ય કેટલીક સઝાયો(મુ.) તેમની પાસેથી મળી છે. તેમ જ ૪૫/૪૮ કડીનું 'ગણધરવાદ પ્રબોધ-સ્તવન', ૭૫ કડીનું 'મહાવીરજિન-સ્તવન', 'ગૌતમ દીપાલિકા-સ્તવન/રાસ', 'વાસુપૂજ્ય-જિનપુણ્યપ્રકાશ-રાસ', ૧૧૫/૧૨૧ કડીની 'હીરવિજય-સૂરિ-દેશના-સૂરવેલી', ૩૧ કડીનું 'ઋષભસમતાસરલતા-સ્તવન', 'કુમતિદોષ-વિજ્ઞપ્તિકા', 'સીમંધર-સ્તવન', 'ગૌતમ-પૃચ્છા', ૩૭ કડીનું 'ચતુર્વિંશતિજિન-સ્તવન', 'મહાવીર હીંચ-સ્તવન', ૩૬ કડીનું 'જિન આજ્ઞાવાણી-સ્તવન', 'સાધુકલ્પલતા' અને અન્ય કેટલાંક સ્તવનો-સઝાયો તેમણે રચ્યાં છે. એ ઉપરાંત અપભ્રંશ ભાષામાં ૨૦ કડીનું 'મહાપ્રભાવમયપાર્શ્વનાથ-સ્તવન', પ્રાકૃત ભાષામાં 'ધર્મશિક્ષા' (૨. ઈ. ૧૫૭૪) તથા સંસ્કૃતમાં 'શ્રુતાસ્વાદશિક્ષાદ્વાર', 'ધ્યાનદીપિકા' (૨.ઈ. ૧૫૬૫), 'પ્રતિષ્ઠા-કલ્પ' (૨.ઈ. ૧૬૦૪) જેવી કૃતિઓ તેમણે રચી છે.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. ચિત્રમય શ્રીપાલ રાસ, સં. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૬૧; ૩. જિનપ્રકાશ; ૪. જૈસમાલા(શા) : ૨, ૩; ૫. જૈસસંગ્રહ(જે); ૬. જૈસસંગ્રહ(ન); ૭. મોસસંગ્રહ; ૮. રત્ન-સાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩; ૯. વિસ્નાપૂજાસંગ્રહ; ૧૦. સઝાયમાળા(ખં); ૧૧. સસન્મિત્ર; ૧૨. સસન્મિત્ર(ઝ);☐ ૧૩. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૪૪–'શ્રી વર્ધમાન જિનગુણસૂરવેલી', સં. સારાભાઈ નવાબ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો; ૬. પ્રાકારૂપરંપરા; ૭. મરાસસાહિત્ય;☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૧૦. ડિકૅટલૉગભાંજે; ૧૧. ડિકૅટલૉગભાવિ; ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. રાહસૂચી : ૧; ૧૪. લીંહસૂચી; ૧૫. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સકલચંદ્ર–૩ [ઈ. ૧૬૬૧માં હયાત] : જૈન. 'સૂરપાલ-રાસ' (૨.ઈ. ૧૬૬૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

સકલેશ્વર/સાંકળેશ્વર [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ–ઈ. ૧૯મી સદી મધ્યભાગ] : માતાજીના ભક્ત. કડીના ઔદીચ્ય બ્રાહ્મણ. અવટંકે જોશી.

ત્રણથી ૯૯ કડી સુધી વિસ્તરતા માતાના ૧૩ જેટલા ગરબા (મુ.) તેમના મળે છે. ૨૯ કડીના 'સલખનપુરીનો ગરબો'(૨.ઈ.૧૮૬૦/સં. ૧૯૧૬, આસો સુદ ૯, બુધવાર; મુ.)માં કથન ને વર્ણનનું તત્ત્વ છે, તો ૯૯ કડીના 'આશાપુરીનો ગરબો' (૨.ઈ.૧૮૫૩/સં. ૧૯૦૯, ભાદરવા વદ ૯, બુધવાર; મુ.)માં માતાજીનું સ્વરૂપવર્ણન ધ્યાન ખેંચે છે. એમના કોઈક ગરબામાં હિંદીની અસર છે, અને કોઈક ગરબામાં 'સાંકળો' એવી નામછાપ મળે છે.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખી-દાસ, ઈ. ૧૯૨૩; ૨. કાદોહન : ૨ (+સં.); ૩. ભગવતી કાવ્યસંગ્રહ ૧, પ્ર. શા. ઉત્તમરામ ઉમેદચંદ્ર, સં. ૧૯૩૩; ૪. શ્રીમદ્ ભગવતી-કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯ (+સં.); ☐ ૫. ગૂહા-યાદી. [શ્રા.ત્રિ.]

સખિયાજી [ ] : જૈન શ્રાવક. જ્ઞાતિએ ભણસાળી. લોંકાગચ્છના લવજીઋષિ પાસે દીક્ષા લેવા અગાઉ વીરજી વોરાએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર રૂપે ગદ્યમાં મળતા 'સખિયાજીના બોલ' (લે. ઈ.૧૬૬૪ અનુ: મુ.)ના કર્તા.

કૃતિ : સ્વાધ્યાય, ઑકટો. ૧૯૬૮–'સખિયાજીના બોલ', મુનિ હસ્તિમલ્લજી, કેશવલાલ હિ. કામદાર (+સં.). [૨.૨.દ.]

સખીદાસ [ ] : 'રણછોડજીનાં પદ'ના કર્તા.

સંદર્ભ : ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગન-લાલ વિ. રાવળ. [શ્રા.ત્રિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સચવીર(ઋષિ) [ઈ. ૧૫૬૦માં હયાત] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. ૫૭ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય' (૨.ઈ.૧૫૬૦)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સચ્ચિદાનંદ(સ્વામી) : જુઓ મનોહર (સ્વામી).

સજ્જન(પંડિત) [ ] : જૈન સાધુ. ૪ કડીના 'નેમિ-ગીત', ૪ કડીના 'સાર્થપતિકોશા-ગીત' અને ૬ કડીના 'સ્થૂલિભદ્ર-કોશા-કાગળ' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

સત્યકીર્તિ(ગણિ) [ ] : જૈન સાધુ. ૨૫ કડીના 'ચતુર્વિંશતિજિન-સ્તવન' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સત્યરત્ન–૧ [ઈ. ૧૮૨૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. 'સમેતશિખર-રાસ' (૨.ઈ. ૧૮૨૪/સં. ૧૮૮૦, ભાદરવા સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [પા.માં.]

સત્યરત્ન–૨ [ ] : જૈન. જિનહર્ષના શિષ્ય. હિન્દી-ગુજરાતી મિશ્ર ભાષામાં અનુક્રમે ૫ અને ૭ કડીના 'દાદાજી' (–જિનકુશલસૂરિ) વિષયક ૨ સ્તવનો(મુ.)ના કર્તા.

કૃતિ : સ્નાત્રપૂજા, દાદાસાહેબ પૂજા, ઘંટાકર્ણવીર પૂજા, પ્ર. ઝવેરચંદ કે. ઝવેરી, સં. ૨૦૦૮. [પા.માં.]

સત્યવિજય(પંડિત) [ ] : જૈન સાધુ. ૫ કડીની 'વૈરાગ્યની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. દેસ્તસંગ્રહ; ૨. સઝાયમાળા(પં). [પા.માં.]

સત્યસાગર [ઈ. ૧૭૪૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વાચક રત્નસાગરના શિષ્ય. ૧૬ ઢાળના 'વછરાજ-રાસ' (૨.ઈ. ૧૭૪૩; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : સૂર્યપુર રાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. મરાસસાહિત્ય; ☐ ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [પા.માં.]

'સત્યાસિયાદુષ્કાળવર્ણન–છત્રીસી' : ૬-૬ પંક્તિની ૧ એવી ૩૬ કડીની સકલચંદ્રશિષ્ય સમયસુંદરની આ કૃતિ(મુ.) સં. ૧૬૮૭માં ગુજરાતમાં પડેલા ભયંકર દુષ્કાળનું વાસ્તવિક ચિત્ર આપતી હોવાને લીધે ઇતિહાસદૃષ્ટિએ મહત્ત્વની છે.

પ્રારંભમાં ગુજરાતની સમૃદ્ધિનું વર્ણન કરી કવિ પછી દુષ્કાળમાં સંપડાયેલા ગુજરાતના પ્રજાજીવનને વર્ણવે છે. પ્રજામાં પ્રવર્તતાં વહેમ, અંધશ્રદ્ધા, અંગત સ્વજનોની પરસ્પર માટેની લાગણીનો વિચ્છેદ, એક તરફ મોટા તપસ્વી જૈન સાધુઓનું મૃત્યુ અને બીજી તરફ સાધુઓ દ્વારા અનેકને દીક્ષા આપી મૂંડી નાખવાની પ્રવૃત્તિ, ધર્મના આદેશનું ઉલ્લંઘન કરી શિષ્યોએ વેચેલાં ગ્રંથો, વસ્ત્રો અને ભિક્ષાપાત્ર, સાધુસમાજમાં શિષ્યમંડળ વધારવા ઊભી થયેલી સ્પર્ધા ને તેથી વ્યાપક બનેલી વટાળપ્રવૃત્તિ વગેરે વીગતો નોંધી હૃદયદ્રાવક ચિત્તે કવિ દુષ્કાળની કરુણ સ્થિતિ આલેખે છે. દુષ્કાળની આ કરુણ સ્થિતિમાં પાટણ, અમદાવાદ, સુરત અને ખંભાતના અનેક શ્રેષ્ઠીઓ તથા જગડૂશા અને ભામાશાહે ધનધાન્યની જે મદદ કરી તેની પણ વીગતે કવિ નોંધ લે છે. [ર.દ.]

'સદયવત્સવીર–પ્રબંધ' : ભીમનો દુહા, સોરઠા, ચોપાઈ, વસ્તુ, છપ્પય વગેરે માત્રામેળ અને કયારેક અક્ષરમેળ છંદો ને ગીતના બંધવાળો ૬૭૨/૭૩૦ કડીનો સદયવત્સ/સૂદો અને સાવલિંગા/સામલિનાં પ્રેમ અને પરાક્રમની કથાને આલેખતો આ પ્રબંધ(મુ.) ભાષા, છંદ સ્વરૂપ, ઇતિહાસ, ઇત્યાદિની દૃષ્ટિએ ઘણું મૂલ્ય ધરાવે છે. ગુજરાતીમાં આ વિષય પર ઉપલબ્ધ કૃતિઓમાં સૌથી પહેલી આ કૃતિની જૂનામાં જૂની પ્રત ઈ. ૧૪૩૨ની મળી આવી છે. એટલે આ પ્રબંધની રચના ઈ. ૧૫મી સદીમાં થઈ હોવાનું અનુમાન છે.

ઉજ્જયિનીનો રાજા પ્રભુવત્સનો પુત્ર સદયવત્સ કોઈ સગર્ભા સ્ત્રીને મદોન્મત્ત બનેલા જયમંગલ હાથીના પંજામાંથી બચાવવા માટે હાથીની હત્યા કરે છે. પ્રધાનની ભંભેરણીથી રાજા આ કૃત્ય બદલ સદયવત્સને દેશનિકાલ કરે છે. સાવલિંગાની સાથે ચાલી નીકળેલો સદયવત્સ વિવિધ પરાક્રમો કરી અંતે પોતાના રાજ્યને દુશ્મનના ઘેરામાંથી મુકત કરે છે એ આ પ્રબંધની મુખ્ય કથા કેટલીક અવાંતર કથાઓ વણી લઈને કહેવાઈ છે.

લોકજીવનમાં પ્રચલિત વિક્રમકથાઓ સાથે સંબંધિત આ કથાની બે પરંપરામાં વીર, અદ્‌ભુત અને શૃંગારના નિરૂપણવાળી એક પરંપરા કવિની આ કૃતિમાં મળે છે. પાછળના ગુજરાતી કવિઓ સદેવંત-સાવલિંગાના પૂર્વેના આઠભવની કથાવાળી ને શૃંગારરસના પ્રાધાન્યવાળી બીજી પરંપરાને અનુસર્યા છે. તત્કાલીન સમાજનું ચિત્ર ઉપસાવતા આ પ્રબંધમાં વર્ણનો અને નિરૂપણમાં કવિની ભાષાશકિતનું બળ અનેક જગ્યાએ અનુભવાય છે. પ્રભુવત્સના રાજકુલનું દુહામાં થયેલું વર્ણન, ગીત અને છંદના મિશ્રણથી થયેલું વરયાત્રાનું વર્ણન, ચિતામાં બળી મરવા તત્પર બનેલી સાવલિંગાની સોરઠામાં થયેલી અંતિમ પ્રાર્થના, રણમાં સદયવત્સ–સાવલિંગા વચ્ચે થતો સમસ્યામૂલક સંવાદ વગેરે એનાં દૃષ્ટાંત છે. જો કે કેટલુંક નિરૂપણ કવિએ પૂર્વપરંપરામાંથી લીધું હોવાની પૂરી સંભાવના છે.

એમાં જોવા મળતું પ્રાકૃત અને અપભ્રંશના સંસ્કારવાળું ભાષાસ્વરૂપ ભાષાના અભ્યાસીને અત્યંત ઉપયોગી નીવડે એવું છે. [જ.ગા]

સદાનંદ : આ નામે ૧૨ કડીની 'વાલાજીની વિનતિ' એ જૈનેતર કૃતિ, સદાનંદ(પાઠક)ને નામે ૫ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન'(મુ.) તથા સદાનંદને નામે ૫ કડીની 'નેમિનાથ વિનતિ' (લે. સં. ૧૮મી સદી અનુ.) ને ૫ કડીની 'વીતરાગની વિનતિ' (લે. સં. ૧૮મી સદી અનુ.) એ જૈનકૃતિઓ મળે છે. જૈન કૃતિઓના કર્તા એક હોવાની સંભાવના છે.

કૃતિ : અરત્નસાર.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભીજે; ૨. મુપુગૂહસૂચી. [પા.માં.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદારુચિ(ગણિ) [ઈ. ૧૭૧૦માં હયાત] : જૈન સાધુ. પુણ્યરુચિની પરંપરામાં નિત્યરુચિના શિષ્ય. 'સંગ્રહણીપ્રકરણ ઉપર સ્તબક' (૨.ઈ. ૧૭૧૦, સ્વહસ્તાક્ષરવાળી પ્રત)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

સદાશંકર : આ નામે ૫ કડીનો અંબામાતાનો ૧ ગરબો(મુ.) તથા વડોદરાનિવાસી સદાશંકરને નામે ૯ કડીનો 'ચલ્લુરાજાનો ગરબો' (મુ.) મળે છે. આ કૃતિઓના કર્તા એક જ છે કે જુદા તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. નકાસંગ્રહ, ૨. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯ (+સં.). [શ્રા.ત્રિ.]

સદાશિવ–૧ [ઈ. ૧૬૨૬માં હયાત] : ૧૫ કડવાંની 'સગાલશાહ' (૨ ઈ. ૧૬૨૬) નામે કૃતિના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

સદાશિવ–૨ [ ] : ૧૯ કડીના 'બહુચરમાતાનો ગરબો'(મુ.) તથા અન્ય ગરબા-ગરબીના કર્તા.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.); ૨. શ્રીમદ્ ભગવતી કાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯.

સંદર્ભ : ગૂહાયાદી [શ્રા.ત્રિ.]

સબળદાસ [ઈ. ૧૯મી સદીનો પૂર્વાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. 'ત્રિલોકસુંદરી-ચોપાઈ' (૨.ઈ. ૧૮૨૧) અને રાજસ્થાની ભાષામાં 'તિલોકસુંદરી-વર્ણન' (૨.ઈ.૧૮૩૬)ના કર્તા.

૧૫ કડીની 'હરિકેશીમુનિની સઝાય'(મુ.) મળે છે. તેના કર્તા પ્રસ્તુત સબળદાસ હોવાની શક્યતા છે.

કૃતિ : જૈસમાલા(શા) : ૨.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧, ૨); ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સબલસિંહ [ઈ. ૧૮૦૫માં હયાત] : ખરતરગચ્છના શ્રાવક. 'વીસી' (૨.ઈ.૧૮૦૫/સં. ૧૮૬૧, વૈશાખ સુદ ૩)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [પા.માં.]

સભાચંદ [ઈ. ૧૭૧૧માં હયાત] : ખરતરગચ્છની વેગડ શાખાના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ધર્મચંદના શિષ્ય. 'જ્ઞાનસુખડી' (૨.ઈ.૧૭૧૧/સં. ૧૭૬૭, ફાગણ સુદ ૭, રવિવાર) એ ગદ્યકૃતિઓના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

'સભાપર્વ' : મહાભારતના સભાપર્વના પ્રસંગોને સંક્ષિપ્તમાં વર્ણવતું ખંભાતના કવિ વિષ્ણુદાસને નામે ૨૦ કડવાંનું આ નામનું આખ્યાન(મુ.) મળે છે. આ જ વિષ્ણુદાસકૃત ૩૬ કડવાંનું 'સભાપર્વ' (મુ.) પણ મળે છે. આંતરબાહ્ય પ્રમાણોને લક્ષમાં લેતાં ૩૬ કડવાંનું 'સભાપર્વ' વિષ્ણુદાસની અધિકૃત રચના જણાય છે.

બીજું ૨૦ કડવાંનું 'સભાપર્વ' નામછાપ વિષ્ણુદાસની બતાવે છે અને રચનાસમય પણ ઈ. ૧૫૬૧/સં. ૧૬૧૩, જેઠ–૧૨, મંગળવાર આપે છે, તેમ છતાં એ વિષ્ણુદાસની અધિકૃત રચના જણાતી નથી. કૃતિમાં આશરે ૧૧ વખત એટલે કે મોટાભાગનાં કડવાંમાં કવિની નામછાપ મળે છે. આ લઢણ ખંભાતના વિષ્ણુદાસનાં અન્ય આખ્યાનોમાં નજરે પડતી નથી. કૃતિનો રચનાસમય પણ વાર, તિથિ, માસ સાથે મેળમાં નથી. સંપાદકની નોંધ પરથી લાગે છે કે કૃતિની પ્રત ઘણી અર્વાચીન છે. આ બધાં કારણોને લક્ષમાં લેતાં પ્રસ્તુત કૃતિ ખંભાતના વિષ્ણુદાસની હોવાની સંભાવના ઓછી છે.

કે. કા. શાસ્ત્રીએ પ્રસ્તુત કૃતિ ખંભાતના કવિ શિવદાસની હોવા સંભાવના વ્યકત કરી છે, પરંતુ એ માટે કોઈ ચોક્કસ આધાર નથી. [જ.ગા.]

સમધર : જુઓ સમુધર.

સમયધ્વજ(ઉપાધ્યાય) [ઈ. ૧૬મી સદી મધ્યભાગ] : જૈન શ્વેતાંબર સાધુ. 'સીતાસતી-ચોપાઈ' (૨.ઈ.૧૫૫૫) તથા ૧૫ કડીની 'પાર્શ્વનાથ-ફાગુ' (૨.ઈ.૧૫૫૮ પહેલાં) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકારૂપરંપરા; ☐૩. જૈગૂકવિઓ: ૩(૧); ૪. મુપુગૂહસૂચી. [પા.માં.]

સમયનિધાન [ઈ. ૧૬૭૫/૧૬૮૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. સમયસુંદરની પરંપરામાં રાજસોમના શિષ્ય. ૧૩ કડીની 'સુસઢ-ચોપાઈ' (૨.ઈ.૧૬૭૫/૧૬૮૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

સમયપ્રભ [ઈ. ૧૪૧૯ પછી] : ખરતરગચ્છના જૈન સાધુ. ઐતિહાસિક વસ્તુ ધરાવતા ૪૫ કડીના 'જિનભદ્રસૂરિ-પાટ્ટાભિષેક-રાસ' (૨.ઈ.૧૪૧૯ પછી)ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૩૮–'શ્રી જિનભદ્રસૂરિરાસ-સાર', અગરચંદ ભં. નાહટા; ☐૩. જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

સમયપ્રમોદ(ગણિ) [ઈ. ૧૬મી સદી અંતભાગ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિ (ઈ. ૧૫૯૩)ની હયાતીમાં તથા રાયસિંહના રાજ્યકાળ (ઈ. ૧૫૭૩–૧૬૧૧)માં હયાત. જિનચંદ્રસૂરિની પરંપરામાં જ્ઞાનવિલાસના શિષ્ય. વિવિધ ગેય ઢાળમાં રચાયેલી અને વિસ્તૃત પ્રાસબંધો અને ધ્રુવાઓને કારણે નોંધપાત્ર બનેલી 'આરામશોભા-ચોપાઈ' (૨.ઈ.૧૫૯૫), ૯૬ કડીનો 'નેમિરાજિમતી-રાસ' (૨.ઈ.૧૬૦૭), ૬૯ કડીની 'જિનચંદ્ર સૂરિ/યુગપ્રધાનનિર્વાણ-રાસ' (૨.ઈ. ૧૬૧૪ પછી; મુ.), ૫૨૯ કડીની 'ચઉપર્વી-ચોપાઈ' (૨.ઈ.૧૬૧૭/સં. ૧૬૭૩, આસો સુદ ૨, ગુરુવાર, સ્વલિખિતપ્રત) અને ૧૭ કડીના 'વરકાણાપાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. એજેકાસંગ્રહ; ☐ ૨. જૈન યુગ, આસો ૧૯૮૪–'સમયપ્રમોદકૃત જિનચંદ્રસૂરિ નિર્વાણકાવ્ય', મોહનલાલ દ. દેશાઈ (+સં).

સંદર્ભ : ૧. કથામંજૂષાશ્રેણિ, 'આરામશોભા-રાસ', સં. જયંત કોઠારી અને કીર્તિદા જોશી, ઈ. ૧૯૮૩; ૨. ગુસારસ્વતો; ૩. યુજિનચંદ્રસૂરિ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

સમયમાણિક્ય [ઈ. ૧૬૬૬માં હયાત] : ખરતરગચ્છની સાગરચંદ્ર શાખાના જૈન સાધુ. 'મત્સ્યોદર-ચોપાઈ' (૨.ઈ.૧૬૬૬)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

સમયરંગ [ઈ. ૧૫૬૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ગુણશેખરના શિષ્ય. નયરંગ (ઈ. ૧૫૬૯માં હયાત)ના ગુરુભાઈ. ૫ ઢાલ અને ૨૧૩ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : અરત્નસાર.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. આલિસ્ટઑઈ : ૨; ૩. જૈહાપ્રોસ્ટા; ૪. રાહસૂચી : ૧; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સમયરાજ (ઉપાધ્યાય) [ઈ. ૧૬૦૬માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં જિનસિંહસૂરિના શિષ્ય. સમયસુંદરના વિદ્યાગુરુ. ૭૪ કડીની 'જિનધર્મમંજરી/ધર્મમંજરી-ચતુષ્પદિકા' (૨.ઈ.૧૬૦૬/સં. ૧૬૬૨, મહા સુદ ૧૦), ૨૨ કડીની 'ચતુર્વિંશતિ તીર્થંકરનામ સ્વ-સ્વોત્પત્તિ નગરી પ્રમુખ સપ્તપ્રકાર', ૪૪ કડીની 'શ્રાવક-ચોપાઈ', ૧૪ કડીની 'શત્રુંજય-ઋષભ-સ્તવન', 'પર્યુષણ-વ્યાખ્યાન પદ્ધતિ' તથા સંસ્કૃતમાં 'અવચૂરી' અને કેટલાંક સ્તવનો એ કૃતિઓના કર્તા.

સંદર્ભ ૧ ગુસારસ્વતો; ૨ યુજિનચંદ્રસૂરી; ☐ ૩. જૈગૂકવિઓ: ૧, ૩ (૧); ૪. મુપુગૂહ-સૂચી; ૫ હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સમયસુંદર(કવિરાણ)–૧ (ઈ. ૧૫૬૬માં હયાત] : 'સ્થૂલિભદ્ર-રાસ', (૨.ઈ.૧૫૬૬/સં. ૧૬૨૨, કારતક/માગશર–૫, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [જ.ગા.]

સમયસુંદર–૨ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–આવ. ઈ. ૧૬૪૬/સં. ૧૭૦૨, ચૈત્ર સુદ ૧૩] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રશિષ્ય સકલચંદ્રના શિષ્ય. મારવાડમાં આવેલા સાચોરના પ્રાગ્વાટ વણિક. પિતા રૂપસિંહ. માતા લીલાદેવી. ઈ. ૧૫૯૩માં વાચકપદ અને સંભવત: ઈ. ૧૬૧૫-૧૬માં ઉપાધ્યાયપદ. મહિમરાજ (જિનસિંહસૂરિ) અને સમયરાજ એમના વિદ્યાગુરુઓ હતા. ઈ. ૧૫૮૨માં જિનચંદ્રસૂરિ અકબર બાદશાહને મળવા લાહોર ગયા ત્યારે તેમની સાથે ગયેલા અન્ય સાધુઓમાં સમયસુંદર પણ હતા અને તે વખતે તેમણે પોતાની સંસ્કૃત કૃતિ 'અષ્ટલક્ષી'થી અકબરને પ્રસન્ન કર્યા હતા. સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશના તેઓ સારા અભ્યાસી હતા. તથા વિહાર નિમિત્તે ગુજરાત, મારવાડ અને સિંધના વ્યાપક પ્રવાસો દરમ્યાન ગુજરાતી, મારવાડી, સિંધી, હિંદી ને પંજાબી ભાષાઓ પર પણ પ્રભુત્વ મેળવ્યું હતું. તેઓ સંગીતજ્ઞ પણ હતા. ગુજરાતી, સંસ્કૃત અને પ્રાકૃતમાં સમયસુંદરે વિપુલ સર્જન કર્યું છે. તેના પરથી તેમના કવિત્વશક્તિ, પાંડિત્ય અને સંગીતજ્ઞાનનો પરિચય થાય છે.

ગુજરાતીમાં તેમણે અનેક રાસકૃતિઓ રચી છે, જેમાં જૈનધર્મની પરંપરામાં પ્રચલિત કથાઓ પર આધારિત રાસાઓનું પ્રમાણ સૌથી મોટું છે. ૨ ખંડ, ૨૧ ઢાળ ને ૫૩૫ કડીનો એમનો પહેલો રચાયેલ 'સાંબપ્રદ્યુમ્ન-રાસ/પ્રબંધ/ચોપાઈ'←(૨. ઈ.૧૬૦૩/સં.૧૬૫૯, આસો સુદ ૧૦) જૈન આગમોમાંની સાંબપ્રદ્યુમ્નની કથાને વિકસાવીને લખાયો છે. કૃષ્ણના ૨ પુત્રો સાંબ અને પ્રદ્યુમ્નનાં સ્નેહ અને સાહસપરાક્રમની કથા આલેખી કવિએ એમાં કર્મપુનર્જન્મનો મહિમા ગાયો છે. 'ઉત્તરાધ્યયન-સૂત્ર'ને આધારે રચાયેલા ૪ ખંડ, ૪૪ ઢાળ ને ૮૪૦ કડીના અવાંતરકથાઓ ને લાબાં વર્ણનોથી પ્રસ્તારી બનેલા 'ચારપ્રત્યેક-બુદ્ધ-રાસ/ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૯/સં. ૧૬૬૫, જેઠ સુદ ૧૫–; મુ.)માં નમિ, કરકંડુ, દ્વિમુખ અને નિગ્ગઈ એ ચારે 'પ્રત્યેક બુદ્ધ' કેવી રીતે બન્યા એની કથા છે. ૬ ખંડ, ૩૯ ઢાળ ને ૯૩૧ કડીનો 'નલદવદંતી-રાસ←કથા/ચોપાઈ' (૨.ઈ.૧૬૧૭/સં. ૧૬૭૩, વસંતમાસ–; મુ.) કવિનો વિશેષ ધ્યાનાર્હ રાસ છે. 'પાંડવચરિત્ર' અને 'નેમિચરિત્ર'ને અનુસરતી આ કૃતિમાં નલ-દવદંતીના ૩ ભવની કથા છે. નળના ડાબાજમણા હાથ વચ્ચે થયેલા સંવાદ દ્વારા વ્યક્ત થયેલો નળનો દ્વિધાભાવ, નળ અને કુબરના દ્યુતપ્રસંગનું વર્ણન કે શૃંગાર, અદ્‌ભુત ને શાંતના નિરૂપણમાં કવિની શક્તિ દેખાય છે. વિવિધ પ્રાદેશિક ભાષાઓના શબ્દોના સંસ્કાર તથા પોતાના સમયમાં પ્રચલિત કહેવતો અને લોકોક્તિઓને વણી લેવાની કવિની ટેવથી એમની ભાષા આર્દ્ર અને અન્ય રાસાઓમાં અસરકારક બને છે. ૩ ખંડ, ૩૮ ઢાળ ને ૭૪૪ કડીની 'મૃગાવતીચરિત્ર←ચોપાઈ/રાસ/આખ્યાન' (૨.ઈ.૧૬૧૨; મુ.) કવિની બીજી મહત્ત્વની કૃતિ છે. જૈનોમાં પ્રચલિત મૃગાવતીના ચરિત્ર પર આધારિત આ રાસમાં મૃગાવતીજીવનના મુખ્ય કથાપ્રસંગો વચ્ચે કેટલીક અવાંતરકથાઓ ગૂંથી કવિએ એને કામ પર શીલના વિજયની કથા બનાવી છે. મૃગાવતી-સૌંદર્યવર્ણન કે મૃગાવતીના વિરહાલાપમાં કવિની શક્તિ ખીલી ઊઠી છે. પરંતુ કવિની સૌથી મોટી ને ઉત્તમ રચના તો ૯ ખંડ, ૬૩ ઢાળ ને ૩૭૦૦ કડીની 'સીતારામ-ચોપાઈ'←(મુ.) છે. 'સિયાચરિઉ' ને 'પઉમચરિય'ને આધારે રચાયેલા આ રાસમાં કવિ જૈનપરંપરામાં પ્રચલિત રામકથાને અનુસર્યા છે. એટલે સીતાલગ્નનો પ્રસંગ, સીતાનો રામે ત્યાગ કર્યા પછી વજ્રજંઘ રાજાએ સીતાને આપેલો આશ્રય, લક્ષ્મણનું મૃત્યુ વગેરે ઠીકઠીક પ્રસંગોના નિરૂપણમાં તેઓ વાલ્મીકિ રામાયણથી જુદા પડે છે. જૈનધર્મનો પ્રભાવ બતાવતી હોવા છતાં વિવિધ રસોનું નિરૂપણ, પ્રવાહી કથાકથન ને ભાષાસામર્થ્યથી કૃતિ અસરકારક બની છે. 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'ના પરિશિષ્ટપર્વ પર આધારિત ૧૦ ઢાળ ને ૨૨૫ કડીનો 'વલ્કલચીરી-રાસ/ચોપાઈ←' (૨.ઈ.૧૬૨૫; મુ.)માં જંગલમાં મોટો થયેલો ને જીવનથી બિનઅનુભવી એવો વલ્કલચીરી કેવા અનુભવોમાંથી પસાર થઈ પોતાના ભાઈ પાસે પહોંચે છે એની કથા મુખ્ય છે. એમાં આલેખાયેલું વલ્કલચીરીનું મુગ્ધ વ્યક્તિત્વ ગમે એવું છે. ૨ ખંડ, ૨૦ ઢાળ ને ૪૪૮ કડીની 'થાવચ્ચાસુતઋષિ-ચોપાઈ' (૨. ઈ. ૧૬૩૫/સં. ૧૬૯૧, કારતક વદ ૩; મુ.) જૈન આગમોમાંના 'જ્ઞાતાધર્મકથા' પરથી લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિના પહેલા ખંડમાં કૃષ્ણની દ્વારિકાનગરીમાં રહેતા થાવચ્ચાનું ચરિત્ર અને બીજા ખંડમાં સુક અને શૈલકની કથા છે. થાવચ્ચાસુત અને સુક વચ્ચેનો જ્ઞાનસંવાદ કૃતિનો ધ્યાનાર્હ અંશ છે. ૪ ઢાળ ને ૫૪ કડીના 'ક્ષુલ્લકઋષિ-રાસ' (૨.ઈ.૧૬૩૮;મુ.)-માં કામની પ્રબળતા, દીક્ષાની કઠોરતા અને ભૌતિક સુખોની ક્ષણિકતા કવિએ બતાવી છે. પ્રાકૃતગ્રંથ 'ગૌતમપૃચ્છા'ને આધારે રચાયેલી ૭૪ કડીની 'ગૌતમપૃચ્છા-ચોપાઈ' (૨.ઈ.૧૯૩૯; મુ.)માં પોતાના શિષ્યે ઉઠાવેલા ૪૮ પ્રશ્નોનું ભગવાન મહાવીરે જે રીતે નિરાકરણ કર્યું તેનું આલેખન છે. ૪ ઢાળ ને ૫૭ કડીનો 'કેશીપ્રદેશી-પ્રબંધ'(મુ.) 'રાયપસેણીય-સૂત્ર'ને આધારે રચાયો છે. પ્રદેશી રાજાએ ધર્મવિષયક ઉઠાવેલા વિવિધ પ્રશ્નોના જે ઉત્તર કેશીઋષિએ આપ્યા તેનું તેમાં આલેખન છે. દૃષ્ટાંતોથી વિચારને સ્ફુટ કરવાની કવિની રીતિ એમાં ધ્યાન ખેંચે છે. ૩ ખંડ, ૩૪ ઢાળ ને ૬૦૬ કડીનો 'દ્રૌપદી-રાસ/ચોપાઈ'←(૨.ઈ.૧૬૪૪/સં. ૧૭૦૦, મહા–; મુ.)માં 'જ્ઞાતાસૂત્ર'ને આધારે કહેવાયેલી જૈન પરંપરા અનુસારની, મહાભારતથી જુદી રીતે ચાલતી, કથા નિરૂપાઈ છે. અજિતપ્રભસૂરિની સંસ્કૃતકૃતિ 'શાંતિનાથ-ચરિત્ર' પર આધારિત ૧૪ ઢાળ ને ૨૭૦ કડીની 'પુણ્યસાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૧૬/સં ૧૬૭૩, ભાદરવા–; મુ.)માં પુણ્યસારની કથા દ્વારા પુણ્યનો મહિમા કરવામાં આવ્યો છે. ધનેશ્વરસૂરિકૃત સંસ્કૃત કૃતિ 'શ્રી શત્રુંજયમાહાત્મ્ય' પર આધારિત ૬ ઢાળ અને ૧૦૮ કડીના 'શત્રુંજયતીર્થ-રાસ' (૨.ઈ. ૧૬૨૬/સં. ૧૬૮૨, શ્રાવણ સુદ/વદ–; મુ.)માં શત્રુંજયતીર્થના વિવિધ નામો ગણાવી શત્રુંજય-તીર્થનો વખતોવખત જીર્ણોદ્ધાર થયો તેની માહિતી આપી છે. ૧૮ ઢાળ ને ૫૧૯ કડીના 'સાધુવંદના-રાસ' (૨.ઈ. ૧૬૪૧/સં. ૧૬૯૭, ચૈત્ર–)માં જૈન આગમોમાં ઉલ્લેખાયેલા વિવિધ તીર્થોનાં ને અન્ય પ્રદેશનાં વિવિધ ૮૩ સાધુસાધ્વીઓના જીવનની વીગતો આપી છે તે મહત્ત્વની છે.

સમયસુંદરના ૩ રાસ લોકકથાઓ પર આધારિત છે. સિંહલકુમારનાં પરાક્રમો અને એના ધનવતી, રત્નવતી, રૂપવતી અને કુસુમવતી સાથેનાં લગ્ન અને 'પ્રિયમેલક' સ્થાનમાં થયેલા પુનર્મિલનની કથા ૧૧ ઢાળ ને ૨૩૦ કડીના 'સિંહલસુતપ્રિયમેલક-રાસ'←(૨.ઈ. ૧૬૧૬; મુ.)માં આલેખાઈ છે. અનુકંપાદાનનો મહિમા સમજાવવા રચાયેલી ૨ ખંડ, ૨૧ ઢાળ ને ૫૦૬ કડીની 'ચંપકશ્રેષ્ઠિ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૯; મુ.)ના પહેલા ખંડમાં ચંપકશ્રેષ્ઠિના આ ભવની અને બીજા ખંડમાં પૂર્વભવની કથા છે. એમાં આવતું ચંપાનગરીમાં પડેલા દુષ્કાળનું ચિત્ર નોંધપાત્ર છે. ૯ ઢાળ અને ૧૬૧ કડીની 'ધનદત્ત-શ્રેષ્ઠિની-કથા/ધનદત્તવ્યવહારશુદ્ધિ-ચોપાઈ' (૨.ઈ.૧૬૪૦; મુ.)માં વ્યવહારશુદ્ધિનો મહિમા બતાવ્યો છે.

સમયસુંદરે ઐતિહાસિક વિષયવાળા ૨ રાસ પણ રચ્યા છે. દાનનો મહિમા બતાવવા રચાયેલા ૩ ઢાળ ને ૪૦ કડીના 'વસ્તુપાલતેજપાલ-રાસ' (૨.ઈ.૧૬૨૬;મુ.)માં વસ્તુપાળ અને તેજપાળે કરેલાં ધર્મ-કાર્યોની વાત છે. પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ પુંજરત્ન/પૂંજાઋષિએ લીધેલા કઠોર અભિગ્રહોની વાત કરતા ૪ ઢાળ ને ૩૭ કડીના 'પુંજ-રત્નઋષિ-રાસ' (૨.ઈ.૧૬૪૨/સં. ૧૬૯૮, શ્રાવણ સુદ ૫; મુ.)માં તપનો મહિમા કર્યો છે. એ સિવાય મિશ્રભાષાવાળો '(રાણી)પદ્મા-વતીકો-રાસ/ચોપાઈ' (૨.ઈ.૧૬૦૯/સં. ૧૬૬૪, ફાગણ સિદ્ધિયોગ, બુધવાર; મુ.) સમયદૃષ્ટિએ જોતાં સમયસુંદરનો ગણાય છે.

કવિએ ૧ સંવાદકૃતિ ૧૦૧ કડીની 'દાનશીલતપભાવના-સંવાદ' (૨.ઈ.૧૬૦૬; મુ.) રચી છે. તેમાં દાન, શીલ, તપ અને ભાવના દરેક દૃષ્ટાંતોનો આશ્રય લઈ પોતાનું ચડિયાતાપણું સિદ્ધ કરવા કેવી રીતે મથે છે તેની વાત છે.

સમયસુંદરે કેટલીક 'છત્રીસી' પ્રકારની કૃતિઓ રચી છે. એમાં સં. ૧૬૮૭માં પડેલા કારમા દુષ્કાળનું કરુણ ચિત્ર દોરતી ને ઇતિહાસ દૃષ્ટિએ મહત્ત્વની 'સત્યાસિયા'દુષ્કાળવર્ણન-છત્રીસી'←(મુ.) વિશેષ મહત્ત્વની છે. એ સિવાય કેટલીક પૌરાણિક વ્યક્તિઓનાં દૃષ્ટાંત દ્વારા ક્ષમાનો મહિમા સમજાવતી 'ક્ષમા-છત્રીસી'(મુ.), કર્મના સ્વરૂપને વર્ણવતી 'કર્મ-છત્રીસી' (૨.ઈ.૧૬૧૨/સં. ૧૬૬૮, મહા સુદ ૬; મુ.), સંતોષનો મહિમા વર્ણવતી 'સંતોષ-છત્રીસી' (૨.ઈ.૧૬૨૮; મુ.), પુણ્યનો મહિમા બતાવતી 'પુણ્ય-છત્રીસી' (૨.ઈ.૧૬૧૩; મુ.), જુદા-જુદા ધર્મો ને જૈનધર્મના વિવિધ ગચ્છો વચ્ચે પ્રવર્તતા મતમતાં-તરમાં ન અટવાતાં સ્વધર્મનું આચરણ કરવાનો બોધ આપતી 'પ્રસ્તાવ-સવૈયા-છત્રીસી' (૨.ઈ.૧૬૩૯; મુ.), ક્ષમાપનાનું મહત્ત્વ સમજાવતી 'આલોયણા-છત્રીસી' (૨.ઈ.૧૬૪૨; મુ.) અને રાજુલની વિરહવ્યથાનું આલેખન કરતી 'નેમિનાથસવૈયા-છત્રીસી'(૨.ઈ.૧૬૪૨/સં. ૧૬૯૮, ભાદરવા–; મુ.) આ પ્રકારની રચનાઓ છે.

સમયસુંદરની વિવિધ રાગઢાળવાળી, વિપુલ સંખ્યામાં રચાયેલી આશરે સાડાપાંચસો જેટલી ટૂંકી રચનાઓ એમાંના ગેયતત્ત્વથી જૈનસમાજમાં ખૂબ લોકપ્રિય બની છે. એમાંની ઠીકઠીક રચનાઓ રાજસ્થાનીમાં પણ છે. આ રચનાઓમાં જિનચંદ્રસૂરિ, જિનસિંહ-સૂરિ વગેરે ખરતરગચ્છના સૂરિઓને વિષય બનાવી રચાયેલાં તથા 'ખરતરગુરુગુપટ્ટાવલી' 'ગુર્વાવલી ગીતમ્' મળી ૯૦ જેટલાં 'ગુરુગીતા'(મુ.) કવિની ઉત્કટ ગુરુભક્તિથી સભર છે. આશરે ત્રીસેક જેટલાં નેમિનાથ અને રાજિમતી વિષયક પદો(મુ.) છે, જેમાં ૮ અને ૧૦ કડીના 'નેમિનાથ-ફાગ' અને ૧૪ કડીના 'નેમિનાથ-બાર-માસ'નો પણ સમાવેશ થાય છે. આ પદોમાં મુખ્યત્વે રાજિમતીનો વિરહ કે નેમિનાથના વિરક્તિભાવને કવિ આલેખે છે. એ સિવાય 'ચોવીસી' (૨.ઈ.૧૬૧૨/સં ૧૭૬૮, આસો સુદ ૧૦; મુ.), 'વીસી' (મુ.), 'વીસ-વિહરમાનજિન-સ્તવન'(મુ.), ૫ 'સીમંધરજિન-સ્તવન' (મુ.),૨ 'સીમંધર-ગીત' (મુ.), ૨ 'તીર્થમાલા-સ્તવન'(મુ.), 'તીરથ-ભાસ' (મુ.), 'અષ્ટાપદતીર્થ-ભાસ'(મુ.) તથા શત્રુંજય, આબુ, અષ્ટાપદ, ગિરનાર, જેસલમેર વગેરે તીર્થો પરનાં સ્તવનો અને ભાસ(મુ.), જૈન સાધુસાધ્વીઓ પરનાં સ્તવનો(મુ.), ઉપદેશનાં ગીતો(મુ.) વગેરેનો આ રચનાઓમાં સમાવેશ થાય છે.

'ષડાવશ્યકસૂત્ર-બાલાવબોધ' (૨.ઈ.૧૬૨૭) અને 'યતિઆરાધના-ભાષા' (૨.ઈ.૧૬૨૯) એ કવિની ગદ્યકૃતિઓ છે.

'ભાવશતક', 'રૂપકમાલાઅવચૂરિ', 'વિચારશતક', 'રઘુવંશટીકા' વગેરે સમયસુંદરની સંસ્કૃત કૃતિઓ છે.

કવિને નામે 'બારવ્રત-રાસ' (૨.ઈ.૧૬૨૯) તથા 'જંબૂ-રાસ' એ કૃતિઓ નોંધાઈ છે. પરંતુ એમની અધિકૃતતા શંકાસ્પદ છે. 'જંબૂ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાસ'ને હાથપ્રતનો ટેકો નથી. કવિને નામે નોંધાયેલી 'સુસઢ-રાસ' કવિની શિષ્યપરંપરામાં થયેલા સમયનિધાનની છે.

કૃતિ : ૧. કરકંડૂ, દુમુહ, નમિ, નિગ્ગઈ આદિ ચાર રાજાકા ચાર રાસ, પ્ર. નાના દાદાજી ગુંડ, ઈ.૧૮૯૬; ૨. ચારપ્રત્યેકબુદ્ધરાસ, પ્ર. ભીમસિંહ માણેક,—; ૩. થાવચ્ચાસુતરિષિચોપાઈ, સં. અગરચંદ નાહટા અને અન્ય, ઈ.૧૯૮૦; ૪. નલદવદંતીનો રાસ, પ્ર. છગનલાલ ઉમેદચંદ, ઈ.૧૮૭૮; ૫. નલદવદંતીરાસ (સમયસુંદર), સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૫૭; ૬. મૃગાવતીચરિત્રચૌપઈ, સં. અગરચંદ નાહટા, સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૭૮; ૭. સીતારામચૌપાઈ, સં. અગરચંદ નાહટા, ભંવરલાલ નાહટા, ઈ.૧૯૬૩; ☐ ૮. સમયસુંદર-કૃતિ-કુસુમાંજલિ, સં. અગરચંદ નાહટા ને ભંવરલાલ નાહટા, ઈ.૧૯૫૭ (+સં.); ૯. સમયસુંદરરાસપંચક, ભંવરલાલ નાહટા, ઈ.૧૯૬૧ (+સં.); ☐ ૧૦. અરત્નસાર; ૧૧. અસ્તમંજૂષા; ૨૧. આકમહોદધિ : ૭ (+સં.); ૧૩. આંજણા સતીકો રાસ તથા રાણી પદ્માવતીકો રાસ, નાના દાદાજી ગુંડ, ઈ.૧૮૮૮; ૧૪. ચૈસ્તસંગ્રહ : ૩; ૧૫. ચોવીસતસંગ્રહ; ૧૬. જિભપ્રકાશ; ૧૭. જિસ્તમાલા; ૧૮. જૈકાપ્રકાશ : ૧; ૧૯. જૈકાસંગ્રહ; ૨૦. જૈગૂસારત્નો; ૨૧. જૈરત્નસંગ્રહ; ૨૨. જૈસમાલા(શા) : ૧; ૨૩. જૈસસંગ્રહ(જે); ૨૪. જૈસસંગ્રહ(ન); ૨૫. દેસ્તસંગ્રહ; ૨૬. પ્રાસ્તસંગ્રહ; ૨૭. મોસસંગ્રહ; ૨૮. રત્નસાર : ૨; ૨૯. સઝાયમાલા(જા); ૩૦. સસન્મિત્ર.

સંદર્ભ : ૧. સમયસુંદર, રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૭૯; ☐ ૨. ગુજૂકહકીકત; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. જૈસાઈતિહાસ; ૭. યુજિનચંદ્રસૂરિ; ☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. કૅટલૉગગુરા; ૧૦. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૧૧. જૈહાપ્રોસ્ટા; ૧૨. ડિકૅટલૉગબીજે; ૧૩. ડિકૅટલૉગભાઈ : ૧૯; ૧૪. ડિકૅટલૉગભાવિ; ૧૫. મુપુગૂહસૂચી; ૧૬. લીંહસૂચી; ૧૭. હેજ્ઞાસૂચિ : ૧. [જ.ગા.]

સમયહર્ષ(ગણિ) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. ૯ કડીના 'વાચનાચાર્ય સુખસાગર-ગીતમ્'(મુ.)ના કર્તા. સુખસાગરનો હયાતીકાળ ઈ.૧૬૬૯ મળે છે તેથી આ સમય દરમ્યાન કવિ સમયહર્ષ હયાત હશે.

કૃતિ : ઔજૈકાસંગ્રહ (+સં.). [પા.માં.]

સમર/સમરો [ ] : જૈન સાધુ. 'અષ્ટાપદફાગબંધ મહાતીર્થ-સ્તવન'ની કેટલીક પ્રતોમાં કવિને તપગચ્છના સોમસુંદરશિષ્ય કહેવામાં આવ્યા છે, પરંતુ મોટા ભાગની પ્રતોને એનો ટેકો નથી. રાજલના વિલાપને વિષય કરતા દુહાની ૧૦ કડીના 'નેમિનાથ-ફાગ' (ર.ઈ. ૧૫મી સદી અનુ; મુ.), ૫૬/૬૬ કડીના 'અષ્ટાપદ ફાગબંધ મહાતીર્થ-સ્તવન/ભરતેશ્વરઋષિવર્ણન', ૮૩ કડીની 'કાલિકાચતુષ્પદી', ૭ કડીની 'ચોવીસ તીર્થંકર પરિવાર-સઝાય', ૨૮ કડીના 'નેમિચરિત-રાસ' અને શાંતિનાથ ભગવાનને મેઘરથરાજાના ભવમાં બાજથી બચાવેલા પારેવા પરની દયાનું વર્ણન કરતી ૧૪ કડીની 'હોલાહિઉ-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ગુસાપઅહેવાલ : ૨૧—'સંવત ખંદરમા સૌકામાં રચાયેલ પદ્મકૃત અને સમરકૃત 'નેમિનાથ-ફાગુ', ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમૂ) (+સં.); ૨. પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : ૧. ઉત્તર અપભ્રંશનો સાહિત્ય વિકાસ, વિદ્યાત્રી અ. ચોરા, ઈ.૧૯૭૬; ૨. કવિ ઋષભદાસ (એક અધ્યયન), વાડીલાલ જી. ચોકસી, ઈ.૧૯૭૯; ૩. ગુસારસ્વતો; ☐ ૪. જૈમગૂકરચનાઓ : ૧; ૫. જૈગૂકવિઓ : ૩(૨); ૬. જૈહાપ્રોસ્ટા; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સમરચંદ્ર(સૂરિ)/સમરસિંઘ/સમરસિંહ[જ.ઈ.૧૫૦૪/સં.૧૫૬૦, માગશર સુદ ૧૧—અવ.ઈ.૧૫૭૦/સં.૧૬૨૬, જેઠ વદ ૧] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. સિદ્ધપુર પાટણ (આણહિલપુર)ના વતની. જ્ઞાતિએ શ્રીમાળી. પિતા ભીમા શાહ. માતા વાલાદે. પાર્શ્વચંદ્ર- સૂરિના શિષ્ય. મેઘરાજના ગુરુભાઈ. ઋષભદાસના સમકાલીન. એમને 'નિર્ગ્રંથચૂડામણિ'નું બિરુદ મળેલું. દીક્ષા ઈ. ૧૫૧૯માં. ઉપાધ્યાયપદ ઈ.૧૫૪૩માં અને સૂરિપદ ઈ.૧૫૪૮માં. અવસાન ખંભાતમાં.

વિવિધ મુનિઓ વચ્ચેના ભેદ ને તેમના ગુણોને વર્ણવતો ૪૩૪ કડીનો 'સાધુગુણરસ સમુચ્ચય-રાસ' (ર.ઈ.૧૫૩૯/સં.૧૫૯૫, કારતક—; મુ.), ૨૫ કડીની 'ચતુર્વિંશતિ જિનનમસ્કાર/જિનનમસ્કાર ત્રિભંગી-સવૈયા' (ર.ઈ.૧૫૩૨), ૨૧ કડીનું 'આદીશ્વર-સ્તવન' (ર.ઈ.૧૫૪૪/સં. ૧૬૦૦, કારતક—; મુ.), ૨૨ કડીનું 'મુનિસુવ્રતસ્વામી-સ્તવન' (ર.ઈ.૧૫૪૩/સં. ૧૬૦૯, પોષ વદ ૮; મુ.), ૭૦/૭૫ કડીનું સદવહણાગર્ભિત 'મહાવીરજિન-સ્તવન' (ર.ઈ.૧૫૫૧/સં. ૧૬૦૭, જેઠ સુદ ૮ કે ર.ઈ.૧૫૫૦/સં. ૧૬૦૬, મહા સુદ ૮; મુ.), ૧૭ કડીનું 'શંખેશ્વર-સ્તવન' (ર.ઈ.૧૫૫૧/સં. ૧૬૦૭, પોષ વદ ૧૦), ૧૩ કડીનું '(શત્રુંજયમંડન) આદિનાથ-સ્તવન' (ર.ઈ.૧૫૫૨ કે ૧૫૫૦/સં. ૧૬૦૮ કે ૧૬૦૬, મહા સુદ ૮; મુ.), ૧૧ કડીનું 'પાર્શ્વજિન-સ્તવન', ૪૦ કડીનું 'ધર્મનાથ-સ્તવન' (ર.ઈ.૧૫૫૪), ૮ કડીની 'પાર્શ્વચંદ્રની સ્તુતિ', 'ઋષભ-સ્તવન', ૨૦ કડીનું 'કલ્યાણક-સ્તવન', ૩૮ કડીનું 'ચોવીસ જિન-નામાદિગુણ-સ્તવન', ૧૧ કડીનું 'ધર્મનાથ-સ્તવન', ૫૩ કડીનું ચૌદ ગુણ સ્થાનક ગર્ભિત 'મહાવીર-સ્તવન', ૫૨ કડીનું કર્મપ્રકૃતિવિચારગર્ભિત 'મહાવીર-સ્તવન', ૧૩ કડીનું 'શાંતિજિન-સ્તવન', ૬૧ કડીની ઉપદેશસારરત્નકોશ 'અગ્યારબોલની સઝાય'(મુ.), ૨૮ કડીની 'પચીસ ભાવનાની સઝાય' (મુ.), ૧૩ કડીની 'આવશ્યક અક્ષરપ્રમાણ-સઝાય'(મુ.), ૨૧ કડીની અને ૧૧ કડીની 'પાર્શ્વચંદ્ર-સઝાય', ૪૧ કડીની 'કિરિયાસ્થાનક-સઝાય'(મુ.), ૧૦ કડીની 'પાક્ષિક પ્રતિક્રમણની સઝાય', ૫૩/૫૪ કડીની 'બ્રહ્મચર્યવ્રત દ્વિપંચાશિકા/બ્રહ્મચરી/બ્રહ્મચર્ય-સઝાય'(મુ.), ૮ કડીની 'જિનપાલિત-જિનરક્ષિત-સઝાય'(મુ.), ૪૧ કડીની 'નાની આરાધના'(મુ.), 'ઋષભદેવ-ગીત', ૬૭ કડીની 'જિન અંતરઢાલ', ૭૪ કડીની 'પ્રત્યાખ્યાન ચતુઃસપ્તતિકા', ૭ કડીનું 'વર્તમાન ચોવીશ જિન-ચૈત્યવંદન', ૩૭ કડીનું અવગાહનાગર્ભિત 'વીરસ્તવન-વિજ્ઞપ્તિ', 'સંસ્તારક—બાલાવબોધ' (ર.ઈ.૧૫૪૭/સં. ૧૬૦૩, કારતક), 'ઉત્તરાધ્યયન-બાલાવબોધ', 'ષડાવશ્યક-બાલાવબોધ' એ કૃતિઓના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત 'પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૫૮૭), 'અજિતનાથ-સ્તવન', ૮ કડીનું 'શંખેશ્વર પાર્શ્વ-સ્તવન', 'સીમંધરસ્વામી-સ્તવન' (મુ.), 'પૂજાચોવીસી-સ્તોત્ર', ૬ કડીની 'વીશવિહરમાનજિન-સ્તુતિ' (મુ.) આ બધી કૃતિઓના કર્તા આ જ સમરચંદ્ર હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. આઠ પ્રવચનમાતાની સઝાય વગેરે અનેક પદ્યોનો સંગ્રહ, પ્ર. શા. ચતુર્ભુજ તેજપાળ, સં. ૧૯૮૪; ૨. ઔરાસંગ્રહ (હસ્ત.); ૩. જૈન રાસ સંગ્રહ : ૧, સં. સાગરચંદ્રજી મહારાજ, ઈ. ૧૯૩૦; ૪. જૈરસંગ્રહ; ૫. પ્રાસ્મરણ; ૬. મોસસંગ્રહ; ૭. ષટ્દ્રવ્ય-નય વિચારાદિ પ્રકરણ સંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લ., સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. કવિ ઋષભદાસ, વાડીલાલ જી. ચોકસી, ઈ.૧૯૭૯; ૨. ગુસારસ્વતો;☐ ૩. જૈન સત્યપ્રકાશ, વૈશાખ, ૨૦૦૩–'શંખેશ્વરતીર્થ સંબંધી સાહિત્ય કી વિશાલતા', અગરચંદ નાહટા;☐ ૪. જૈગૂકવિઓ: ૧, ૩(૨); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. ડિકૅટલૉગભાઈ:૧૩; ૭. મુપુગૂહસૂચી; ૮. રાહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ:૧. [પા.માં.]

સમરચંદ્રશિષ્ય [ ] : લોંકાગચ્છના જૈન સાધુ. ઋષઋષિ-રત્નાગરની પરંપરામાં સમરચંદ્રના શિષ્ય. ૨ ખંડોમાં વહેંચાયેલી, ૫૮ ઢાલ અને દુહાની ૧૨૩૨ કડીમાં શ્રેણિક રાજાનું ચરિત્ર રજૂ કરતા 'શ્રેણિક-રાસ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સમરથ [ઈ. ૧૬૮૦માં હયાત] : જૈન. 'મલ્લિનાથ ૫ કલ્યાણક-સ્તવન' (૨.ઈ. ૧૬૮૦/સં. ૧૭૩૬, ભાદરવા સુદ ૬)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાન-ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [શ્રા.ત્રિ.]

'સમરા-રાસ/સંઘપતિસમરસિંહ-રાસ' [૨. ઈ. ૧૩૧૫] : પાર્શ્વસૂરિ-શિષ્ય અંબદેવસૂરિરચિત ૧૧૦ કડીનો આ રાસ(મુ.) મંગલાચરણના ખંડને ગણતાં ભાસ નામથી ઓળખાયેલા ૧૩ ખંડોમાં વહેંચાયેલો છે. સોરઠા, રોળા, દુહા, દ્વિપદી ઉપરાંત મદનાવતાર જેવા વિરલ છંદ અને ઝૂલણાના કદાચ પ્રથમ પ્રયોગથી આ કાવ્યની છંદોરચના નોંધપાત્ર બને છે. આ છંદોને ક્વચિત્ 'એ'કાર ઉમેરીને અને ક્વચિત્ ધ્રુવાઓ જોડીને કવિએ ગીતસ્વરૂપ આપ્યું છે તે રાસ હજુ ગાન-નૃત્યનો વિષય હતો તેનો પુરાવો છે. કવિ પોતે કાવ્યમાં એક સ્થાને 'લકુટા-રાસ (દાંડિયારાસ)' ઉલ્લેખ કરે છે તે આ હકીકતનું સમર્થન કરે છે.

શત્રુંજયતીર્થમાં મુસ્લિમોએ ખંડિત કરેલી મૂલનાયકની પ્રતિમાની પુનઃપ્રતિષ્ઠાના પ્રયોજનથી પાટણના સંઘપતિ સમરસિંહે ઈ. ૧૩૧૫માં કાઢેલી સંઘયાત્રા અને તે નિમિત્તે સમરસિંહનો ગુણાનુવાદ તે આ કાવ્યનો વિષય છે. પરંતુ કવિએ પ્રસંગને અનુલક્ષીને ટૂંકમાં પણ ઘણી ઐતિહાસિક-ભૌગોલિક માહિતી ગૂંથી લીધી છે. જેમ કે, પાલનપુર અને પાટણ નગરીઓ, પાલનપુરમાં થઈ ગયેલા ઉપકેશ-ગચ્છના આચાર્યો, સમરસિંહના પૂર્વજો અને કુટુંબ, પાટણ, આરાસણ વગેરેના રાજ્યકર્તાઓ, સંઘમાં ગયેલા શ્રેષ્ઠીઓ, શત્રુંજય જતાં અને જુદે માર્ગે પાછા વળીને સંઘે આવરી લીધેલાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં નગરો અને જૈન-જૈનેતર ધર્મસ્થાનો વગેરે અહીં પ્રમાણભૂત રીતે ઉલ્લેખ પામે છે. આ રીતે, આ કૃતિ નોંધપાત્ર દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

કોઈ પણ પ્રસંગને વિસ્તારથી આલેખવાની તક આ નાના વીગત-પ્રચુર કાવ્યમાં કવિને રહી નથી. પરંતુ પાછા ફરતા સંઘના સ્વાગત જેવા કોઈક પ્રસંગોના રોચક વર્ણનમાં, ક્વચિત્ ઉપમા વગેરે અલંકારોના સમુચિત વિનિયોગમાં, રૂઢિપ્રયોગો, ફારસી શબ્દો ને વાક્છટાથી ધ્યાન ખેંચતી ભાષાભિવ્યક્તિમાં કવિની કાવ્યશક્તિ પ્રગટ થતી જણાય છે.

સંઘયાત્રા સાથે કર્તા સામેલ હતા અને સંઘ સં. ૧૩૭૧ (ઈ. ૧૩૧૫)ના ચૈત્ર વદ ૭ના રોજ પાટણ પાછો આવ્યાની માહિતી કાવ્યને અંતે આવે છે. રાસ તે પછી તરતના ગાળામાં રચાયો હોય એવી સંભાવના વિશેષ છે. [જ.કો.]

સમુદ્ર(સૂરિ)–૨ [ઈ. ૧૭મી સદી] : જુઓ જિનચંદ્રસૂરિશિષ્ય જિન-સમુદ્ર–૧.

સમુદ્ર(મુનિ)–૨ [ઈ. ૧૬૭૪ સુધીમાં] : જૈન સાધુ. 'આર્દ્રકુમાર-ચોઢાળિયા' (લે.ઈ.૧૬૭૪)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [પા.માં.]

સમુદ્રવિજય [ઈ. ૧૬૯૨ સુધીમાં] : જૈન સાધુ. ૨૪ કડીના 'ચોવીસ-જિન-સ્તવન' (લે.ઈ.૧૬૯૨)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

સમુધર/સમધર [ઈ. ૧૩૮૧ સુધીમાં] : જૈન. દુહામાં રચાયેલા ૨૮ કડીના 'નેમિનાથ-ફાગુ' (લે.ઈ.૧૩૮૧; મુ.)ના કર્તા. રાજસ્થાની ભાષામાં રચાયેલી 'દેસંતરી-છંદ' એ કૃતિ પણ આ કવિની હોવાની શકયતા છે.

કૃતિ : પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : ૧. ઉત્તર અપભ્રંશનો સાહિત્ય વિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ.૧૯૭૬; ૨. પ્રાકાકૃપરંપરા; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧); ૪. રાપુહસૂચી : ૪૨; ૫. રાહસૂચી ; ૧. [પા.માં.]

સરજુ [ ] : ૮ કડીના ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : દુર્લભ ભજન સંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮. [શ્રા.ત્રિ.]

સરભંગી(બાવા) [ ] : ગુરુનો મહિમા ગાતા ૫ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : પરિચિત પદસંગ્રહ, પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઈ. ૧૯૪૬ (ત્રીજી આ.). [શ્રા.ત્રિ.]

'સરસ-ગીતા' [૨.ઈ.૧૮૧૫/સં. ૧૮૭૧, અસાડ સુદ ૩, સોમવાર] : પ્રીતમની ચોપાઈ અને સાખીના પદબંધવાળા ૨૦ વિશ્રામની આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ(મુ.)નો વિષય મધ્યકાલીન ગુજરાતી ભ્રમરગીતાઓમાં પ્રચલિત ઉદ્ધવ-ગોપી પ્રસંગ છે. વિશેષ ઉદ્ધવ-ગોપીના સંવાદ રૂપે ચાલતી આ કૃતિના ૧૦ વિશ્રામમાં ગોપીઓની સ્મૃતિ રૂપે કવિએ કૃષ્ણની ગોકુળલીલાને વિસ્તારથી આલેખી છે. ગોપીઓના ઉપાલંભ ને વર્ણનચમત્કૃતિથી કૃતિ આસ્વાદ્ય બની છે. [ચ.શે.]

સરૂપચંદ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. હર્ષના શિષ્ય. ૨૩ કડીના 'સીમંધરસ્વામીનું સ્તવન' (૨.ઈ.૧૭૬૫/સં. ૧૮૨૧, પોષ વદ ૨, બુધવાર; મુ.) તથા હિન્દી-રાજસ્થાનીમાં રચાયેલ 'ઉપાધ્યાય જયમાણિક્યજીરોછંદ' (૨.ઈ.૧૭૬૯; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. કર્મનિર્જરાશ્રેણિ અને સદ્‌બોધ વાકયામૃત, સઝાય, પાંચમ તથા સ્તવન, પ્ર. લક્ષ્મીચંદ લે. ભાવસાર, ઈ.૧૯૨૭. [કી.જો.]

સર્વાનંદ(સૂરિ) [ઈ. ૧૪૪૩માં હયાત] : જૈન સાધુ. ધનપ્રભસૂરિના શિષ્ય. ૧૩૫ કડીની આરંભમાં વસ્તુ છંદમાં અને પછી દુહા-ચોપાઈમાં રચાયેલી 'મંગલકલશચરિત્ર-ચોપાઈ' ←/રાસ' તથા ૩૦૪ કડીની 'અભયકુમારચરિત્ર-ચોપાઈ'(૨.ઈ.૧૪૪૩)ના કર્તા. 'મંગલકલશચરિત્ર-ચોપાઈ/રાસ'ના કર્તા આ જ સર્વાનંદસૂરિ છે કે કેમ તે શંકાસ્પદ છે.

સંદર્ભ : ૧. આકવિઓ; ૨. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી વોરા, ઈ.૧૯૭૬; ૩. ગુસાપઅહેવાલ:-૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય', ચિમનલાલ ડાહ્યાભાઈ; ૪. ગુસાઈતિહાસ : ૧; ૫. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સર્વાંગસુંદર : જુઓ સંવેગસુંદર

સવચંદ [ ] : જૈન. ૧૫ કડીની 'જંબૂકુમારની સઝાય(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [કી.જો.]

સવજી(સેવક) [ઈ. ૧૭૮૫માં હયાત] : માતાજીની સ્તુતિ કરતા ૧૮ કડીના છંદ (૨.ઈ.૧૭૮૫/સં. ૧૮૪૧, ચૈત્ર સુદ ૧૪, ગુરુવાર; મુ.) તથા અન્ય પદોના કર્તા.

કૃતિ : શ્રીદેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨; વિશ્વનાથ ગો. દ્વિવેદી, ઈ. ૧૮૯૭.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોહનામાવલિ. [કી.જો.]

સવરાજ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : લોંકાગચ્છના શ્રાવક કવિ. પિતાનામ હરખા. વતન સાયલા. દીક્ષા ઈ.૧૮૦૯/સં. ૧૮૬૫ના વસંત માસની વદ ચોથે રતનબાઈને હસ્તે લીધેલી. ૫૨ કડીના 'મૂલીબાઈના બારમાસ' (૨.ઈ.૧૮૩૬/સં. ૧૮૯૨, માગશર સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સવરીબાઈ [ ] : ઈશ્વરભક્તિ અને ઉપદેશાત્મક પદો (૧ પદ મુ.)ના કર્તા.

કૃતિ : * વિવેચક,–.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ☐ ૨. સાહિત્ય, ફેબ્રુ.૧૯૧૬–'ગુજરાતી કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ૬ઠ્ઠો', છગનલાલ વિ. રાવળ. [શ્રા.ત્રિ.]

સવો [ ] : જાતે તૂરી. સિદ્ધપુર તાલુકાના બ્રાહ્મણવાડા ગામે આ કવિ ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધમાં થયા હોવાનું અનુમાન છે. લોકરંજન અને લોકભવાઈ અર્થે દૂરદૂર ફરતા હશે તેવી સંભાવના છે. કટાક્ષમય વાણીમાં સનાતન સત્ય અને સમાજના સાચા ચિત્રનું આલેખન કરતા છપ્પા પ્રકારનાં પદો (કેટલાંક મુ.)ના કર્તા.

'ફૂલગરશિષ્ય'ના નિર્દેશવાળાં ૩ ભજન સવોને નામે મળે છે તે આ કવિનાં હોવાની સંભાવના છે.

કૃતિ : હરિજન લોકકવિઓ અને તેમનાં પદો, દલપત શ્રીમાળી, ઈ. ૧૯૭૦ (–સં.). [શ્રા.ત્રિ.]

સહજકીર્તિ(ગણિ) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. રત્નસારની પરંપરામાં હેમનંદન-રત્નહર્ષના શિષ્ય. 'સુદર્શન-શ્રેષ્ઠિ-રાસ' (૨.ઈ.૧૬૦૫), ૧૨૨ કડીના 'કમલાવતી/કલાવતી-રાસ' (૨.ઈ. ૧૬૧૨), 'શત્રુંજયમાહાત્મ્ય-રાસ' (૨.ઈ. ૧૬૨૭/સં. ૧૬૮૩, કારતક સુદ ૧૫), 'શીલ-રાસ' (૨.ઈ. ૧૬૩૦/સં. ૧૬૮૬, શ્રાવણ સુદ ૧૫), 'શાંતિનાથ-વિવાહલો' (૨.ઈ. ૧૬૨૨/સં. ૧૬૭૮, આસો સુદ ૧૦), ૧૧૩૪ ગ્રંથાગ્રના 'દેવરાજવચ્છરાજ-ચોપાઈ/વત્સરાજર્ષિ-પ્રબંધ' (૨.ઈ. ૧૬૧૬), 'હરિશ્ચંદ્ર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૪૧), 'સાગર-શ્રેષ્ઠિ-કથા/સાગરશેઠ-ચોપાઈ (૨.ઈ. ૧૬૧૯) વગેરે રાસકૃતિઓ; 'ઉપધાનવિધિ-સ્તવન', ૭ ગીતોનું 'જેસલમેર ચૈત્ય પરિપાટી-સ્તવન', 'શતદલપદ્મયંત્રમય-શ્રીપાર્શ્વનાથ-સ્તવન', ૩૩ કડીની 'થિરાવલી' (૨.ઈ. ૧૬૨૭/સં. ૧૬૮૩, માગશર વદ ૭), ૭૧ કડીની 'વ્યસન-સત્તરી', એકાદિશતપર્યન્ત-શબ્દસાધનિકા', ૬ ખંડોમાં વિભાજિત 'નામ-કોશ' અને ગદ્યગ્રંથ 'પ્રતિક્રમણ-બાલાવબોધ' તથા ૯ કડીના બે 'જિનરાજસૂરિગુરુ-ગીત'(મુ.) અને 'વ્રત-છત્રીસી' (૨. ઈ. ૧૬૩૨/સં. ૧૬૮૮, આસો સુદ ૧૦; મુ.) જેવી રચનાઓ તેમની પાસેથી મળી છે. સહજકીર્તિના નામે ૧૭ કડીનું 'આદિજિન-સ્તવન' મળે છે જે આ કવિની કૃતિ હોવાનું અનુમાન છે.

રત્નસાગરગણિની સહાયથી રચેલ 'કલ્પમંજરી/કલ્પસૂત્ર-વૃત્તિ' (૨.ઈ.૧૬૨૯), 'મહાવીર-સ્તુતિ-વૃત્તિ' (૨.ઈ. ૧૬૩૦), 'ગૌતમકુલક-બૃહદ્-વૃત્તિ' વગેરે કૃતિઓ તથા લક્ષ્મીકીર્તિગણિની સહાયથી રચેલ 'સપ્તદ્વિપ/શબ્દાર્ણવવ્યાકરણઋજુપ્રાજ્ઞવ્યાકરણપ્રક્રિયા'(૨.ઈ. ૧૬૨૫) આ કવિની સંસ્કૃત કૃતિઓ છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. ષટ્‌દ્રવ્યનયવિચારાદિ-પ્રકરણસંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુ ભાઈ, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. પ્રાકારૂપરંપરા; ૫. મરાસસાહિત્ય; ૬. યુજિનચંદ્રસૂરિ; ☐

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડા-, રોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ૮. એજન ડિસે. ૧૯૫૨–'કતિપય આવશ્યકીય સંશોધન', અગરચંદ નાહટા; ☐ ૯. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૧૦. મુપુગૂહસૂચી; ૧૧. લીંહસૂચી. [૨.૨.દ.]

સહજકુશલ–૧ [ઈ.૧૫૨૬ સુધીમાં] : 'સિદ્ધાંત-વિચાર-સંગ્રહ' (લે.ઈ. ૧૫૨૬)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૨૦–'ઈતિહાસ-ગુરાતત્ત્વ વિ ભાગના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયજીનું ભાષણ'–પરિશિષ્ટ; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સહજકુશલ–૨ [ ] : જૈન સાધુ. કુશલમાણિક્યના શિષ્ય. ઢુંઢકમતના ખંડન માટે લખાયેલ, ૨૦૫૦ ગ્રંથાગ્ર ધરાવતી 'સિદ્ધાંતલુંડી' નામક ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકકવિઓ : ૧, ૩(૨). [૨.૨.દ.]

સહજજ્ઞાન(મુનિ) [ઈ. ૧૩૫૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. ૩૫ કડીના 'જિનચંદ્રસૂરિ-વિવાહલઉ' (૨.ઈ. ૧૩૫૦; ગુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૫૨–'યુગપ્રવરજિનચંદ્રસૂરિ-વિવાહલઉ', સં. અગરચંદ નાહટા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન ભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ૩. એજન, ઓગસ્ટ ૧૯૫૨–'મુનિ સહજજ્ઞાનરચિત જિનલબ્ધિસૂરિ-જિનચંદ્રસૂરિ વિવાહલઉ', અગરચંદ નાહટા; ☐ ૪. જૈમગૂકરચનાઓ : ૧. [૨.૨.દ.]

સહજભૂષણ(ગણિ) [ ] : ચંદ્રગચ્છના જૈન સાધુ. ૭ કડીના 'ભુવનસુંદરસૂરિ- રાસ' (લે.સં. ૧૬મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સહજરત્ન–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ધર્મમૂર્તિના શિષ્ય. 'વૈરાગ્યવિનતિ' (૨.ઈ.૧૫૪૯/સં. ૧૬૦૫, કારતક સુદ ૧૩, રવિવાર), 'વીસવિહરમાન-સ્તવન' (૨.ઈ.૧૫૫૮/સં. ૧૬૧૪, આસો સુદ ૧૦) તથા ૨૩ કડીની '૧૪ ગુણ સ્થાનક ગર્ભિત વીર-સ્તવન (મુ.) નામની રચનાઓના કર્તા.

કૃતિ : મોસસંગ્રહ.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧, ૩(૧) [૨.૨.દ.]

સહજરત્ન–૨ [ઈ. ૧૮૫૯ સુધીમાં] : જૈન. ૩૨ કડીના 'લોકનાલ-દ્વાત્રિંશિકા' પરના બાલાવબોધ (લે.ઈ.૧૮૫૯; મુ.)ના કર્તા.

કૃતિ : શ્રી પ્રકરણરત્નસાર : ૨, પ્ર. ભીમસિંહ માણક, સં.૧૯૩૩.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સહજવિજય [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : સંભવત: હીરવિજયસૂરિની પરંપરાના તપગચ્છના જૈન સાધુ. 'આગરમંડન-ચિંતામણિ-પાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૫૯૨/સં. ૧૬૪૮, ફાગણ વદ ૯), હીરવિજયસૂરિ (જ.ઈ. ૧૫૨૭–અવ. ઈ. ૧૫૯૬)ની હયાતીમાં લખાઈ હોવાની સંભાવના છે તે ૯ કડીની હીરવિજયસૂરિ-સઝાય (૨.ઈ.૧૫૯૬ સુધીમાં; મુ.), ૯ કડીનું 'સ્થૂલિભદ્ર-ગીત' તથા 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સહજવિનય [ઈ. ૧૬૮૧ સુધીમાં] : જૈન. ૫૦ કડીના 'મહાવીર-જિન-સ્તવન' (લે.ઈ. ૧૬૮૧)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

સહજવિમલ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિ (જ.ઈ.૧૪૯૭–અવ.ઈ. ૧૫૬૬)ની પરંપરાના ગજરાજના શિષ્ય. વિજયદાનસૂરિની હયાતીમાં લખાયેલી ૨૯ કડીની 'ગુરુનામમિશ્રિત ચોવીશ જિન-સ્તવન' (૨.ઈ.૧૫૬૬ સુધીમાં; મુ.), ૩૦/૩૩ કડીની 'શાંતિનાથ રાગમાલા-સ્તવન', ૩ કડીનું 'ઋષભદેવ-ગીત', ૩૦ કડીનું 'વીસવિહરમાનજિન-સ્તવન', ૩૨ કડીની 'પિંડ-દોષનિવારણ-સઝાય/પિંડ-બત્રીસી' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સહજસાગર [ ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. ૨૧ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સહજસુંદર આ નામે 'સુન્દર-સઝાય' (લે.સં ૧૮મી સદી) મળે છે. તેના કર્તા કયા સહજસુંદર છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : રાહસૂચી : ૨. [૨.૨.દ.]

સહજસુંદર–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : ઉપકેશગચ્છના જૈન સાધુ. સિદ્ધસૂરિ-ધનસારની પરંપરામાં રત્નસમુદ્રના શિષ્ય.

રાસ, સંવાદ, સ્તવન, સઝાય ઇત્યાદિ સ્વરૂપે આ કવિએ વિપુલ સર્જન કર્યું છે. મુખ્યત્વે જૈનધર્મને બોધ કરવાના હેતુથી રચાયેલી હોવા છતાં એમની રાસકૃતિઓ દૃષ્ટાંતાદિ અલંકારો ને વર્ણનતત્ત્વથી તથા નિરૂપણની ચુસ્તતાથી ધ્યાન ખેંચે છે. શ્વેતાંબિકા નગરીનો પરદેશી રાજા ચિત્રસાર પ્રધાનના પ્રયત્નથી કેશી ગણધર નામના જૈન મુનિના સંપર્કમાં આવી કેવી રીતે અધર્મમાંથી ધર્મ તરફ વળે છે એનું આલેખન કરતો, દુહા, ચોપાઈ ને ઢાળના બંધવાળો ૨૧૨/૨૪૩ કડીનો 'પરદેશી રાજાનો રાસ'(મુ.), રાજપુત્ર શુકરાજ અને રાજકુંવરી સાહેલી વચ્ચે વિલક્ષણ રીતે થયેલાં પ્રેમ અને પરિણયની કથાને આલેખતો દુહા-ચોપાઈની ૧૬૦ કડીનો 'સૂડા-સાહેલી/શુકરાજસાહેલી-રાસ'(મુ.), રાજકુમાર રત્નસાર પોતાના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મિત્ર સૂડાની મદદથી વિદ્યા પ્રાપ્ત કરી કેવાં સાહસ ને શૌર્યનાં કાર્યો કરે છે તેને આલેખતો દુહા-ચોપાઈની ૩૦૮/૩૧૩ કડીનો 'રત્ન-સારકુમાર-રાસ/રત્નસાર-ચોપાઈ' (૨.ઈ. ૧૫૩૦; મુ.), પ્રધાન તેતલિ પુત્રના ચરિત્રને આલેખતો ૨૬૦ કડીનો 'તેતલિપુત્ર/તેતલિમંત્રીનો રાસ' (૨.ઈ. ૧૫૩૯; મુ.), જંબૂસ્વામીના મુક્તિકુમારી સાથેના લગ્નને આલેખતો રૂપકાત્મક શૈલીવાળો ૬૪ કડીનો 'જંબૂસ્વામી-રાસ' (૨.ઈ. ૧૫૧૬; મુ.), ૩૦/૩૧ કડીનો 'ઈલાતીપુત્ર-રાસ' (૨.ઈ. ૧૫૧૪/સં. ૧૫૭૦, જેઠ વદ ૯; મુ.), ૭૫/૮૭ કડીનો 'ઈરિયાવહી વિચાર-રાસ'(મુ.), 'ઋષિદત્તા મહાસતી-રાસ' (૨.ઈ. ૧૫૧૬), ૧૫૫/૧૫૯ કડીનો 'પ્રસન્નચંદ્રરાજર્ષિ-રાસ' (૨.ઈ. ૧૫૩૬) અને ૭૧/૧૦૧ કડીનો 'આત્મરાજ-રાસ' (૨.ઈ. ૧૫૨૮) એમની આ પ્રકારની કૃતિઓ છે.

એ સિવાય પ્રભુદર્શનમાં કોનું મહત્ત્વ વિશેષ એના આંખ અને કાન વચ્ચે પડેલા વિવાદને આલેખતો તોટક છંદમાં રચાયેલો 'આંખકાન-સંવાદ', ૨૫ છપ્પાનો 'યૌવનજરા-સંવાદ', સ્થૂલિભદ્રના ચરિત્રને વિવિધ છંદોમાં વર્ણવતો ૪૦૧ કડીનો 'ગુણરત્નાકર/સ્થૂલિ-ભદ્ર-છંદ' (૨.ઈ. ૧૫૧૬), ૧૪ કડીનો 'સરસ્વતી માતાનો છંદ'(મુ.), ૩૪ કડીની 'જઈતવેલિ', ૧૮ કડીનું 'સીમંધર-સ્તવન'(મુ.), ૧૭ કડીની 'શાલિભદ્રની સઝાય'(મુ.) તથા બીજી અનેક નાની કૃતિઓ એમણે રચી છે.

કૃતિ : ૧. કવિ સહજસુંદરની રાસકૃતિઓ, સં. નિરંજના એ. વોરા, ઈ. ૧૯૮૯; ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. જૈસમાલા(શા) : ૨; ૪. જૈસસંગ્રહ(ન); ૫. પ્રાસપસંગ્રહ : ૧; ૬. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૧, ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો; ૬. પ્રાકારૂપરંપરા; ૭. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૭૨ તથા જાન્યુ.-જુલાઈ ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા;☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. કૅટલૉગગુરા; ૧૦. જૈગૂકવિઓ : ૩(૧); ૧૧. જૈહાપ્રોસ્ટા; ૧૨. ડિકૅટલૉગબીજે; ૧૩. ડિકૅટલૉગભાઈ : ૧૯ (૨); ૧૪. ડિકૅટલૉગભાવિ; ૧૫. મુપુગૂહસૂચી; ૧૬. લીંહસૂચી; ૧૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સહજાનંદ [જ. ઈ. ૧૭૮૧/સં. ૧૮૩૭, ચૈત્ર સુદ ૯–અવ. ઈ. ૧૮૩૦/સં. ૧૮૮૬, જેઠ સુદ ૧૦, મંગળવાર] : સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક. અયોધ્યા પાસેના છપૈયા ગામે જન્મ. જ્ઞાતિએ સામવેદી બ્રાહ્મણ. દેવશર્મા/હરિપ્રસાદ પાંડે ને ભક્તિદેવી/પ્રેમવતીના વચેટ પુત્ર. મૂળ નામ હરિકૃષ્ણ, પરંતુ બધાં એમને ઘનશ્યામ નામથી બોલાવતાં. બાળપણમાં પિતા પાસે ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો. માતા-પિતાનું અવસાન થતાં ૧૨ વર્ષની ઉંમરે ગૃહત્યાગ અને 'નીલકંઠ-વર્ણી' નામ ધારણ કર્યું. ૭ વર્ષનાં ભારતભ્રમણ દરમ્યાન હિમાલયમાં આવેલા પુલહાશ્રમમાં તપશ્ચર્યા કરી, નેપાળના ગોપાળ યોગી પાસે અષ્ટાંગ યોગની સિદ્ધિ પ્રાપ્ત કરી અને અનેક તીર્થસ્થળોની યાત્રા કરી. ઈ. ૧૮૦૦માં સૌરાષ્ટ્રના માંગરોળ પાસેના લોજ ગામે મુક્તાનંદ સ્વામી સાથે મેળાપ થયો અને પછી મુક્તાનંદના ગુરુ રામાનંદ સ્વામીને પીપલાણામાં મળ્યા અને તેમની પાસે દીક્ષા લઈ સહજાનંદ બન્યા. ઈ. ૧૮૦૧માં અનેક વરિષ્ટ શિષ્યોને છોડી રામાનંદ સ્વામીએ ૨૦ વર્ષના સહજાનંદને પોતાના અનુગામી તરીકે જેતપુરની ગાદીના આચાર્ય બનાવ્યા. ત્યારથી સમગ્ર ગુજરાત સહજાનંદની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું. એમણે સ્વામિનારાયણ સંપ્રદાયમાં રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત અને વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતનો મુખ્ય આધાર લઈ અન્ય ધર્મોનાં અનુકરણીય તત્ત્વોનો સમન્વય કર્યો અને એ ધર્મોમાં રહેલાં અનિષ્ટ તત્ત્વોથી દૂર રહેવાનું પસંદ કર્યું. આ સમન્વયકારી ધર્મનો પ્રચાર ખાસ કરીને કોળી, કણબી, સઈ, સુથાર, કડિયા, કુંભાર જેવી જ્ઞાતિઓમાં વિશેષ થયો. ધર્મપ્રસારની સાથે એ જ્ઞાતિઓમાં પ્રવર્તતા સામાજિક કુરિવાજો દૂર કરવાનું કાર્ય પણ એમણે કર્યું એ દૃષ્ટિએ સામાજિક સુધારક તરીકે પણ એમની સેવા નોંધપાત્ર છે. ગઢડા, અમદાવાદ, વડતાલ વગેરે સ્થળોએ સંપ્રદાયનાં મંદિરો બંધાવી સમગ્ર ગુજરાતમાં એક સ્થાયી અનુયાયી વર્ગ ઊભો કર્યો અને સંપ્રદાયને સ્થિર રૂપ આપ્યું. ગઢડામાં અવસાન.

ગઢડા અને અન્ય સ્થળોએ સહજાનંદ સ્વામીએ ઈ. ૧૮૨૦–૨૪ દરમ્યાન આપેલાં ૨૬૨ ઉપદેશવચનોને ઉતારી એમના શિષ્યોએ જેમાં સંચિત કર્યા છે તે 'વચનામૃત'←(મુ.) ધર્મના ગૂઢ વિચારો લોકગમ્ય વાણીમાં મૂકવાના પ્રયાસ તરીકે અને ઈ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ધર્મોપદેશ માટે વપરાતા ગદ્યને સમજવા માટે મહત્ત્વનો ધર્મગ્રંથ છે. સંપ્રદાયના પરમહંસો-વિશિષ્ટ અધિકારીઓને ઉદ્દેશીને પત્ર રૂપે ગદ્યમાં લખાયેલા ←'વેદરહસ્ય/વેદરસ'(મુ.)માં પરમતત્ત્વ સાથે એકાત્મભાવ અનુભવવા માટે પરમહંસોએ નિર્લોભી, નિષ્કામી નિસ્પૃહી, નિ:સ્વાદી ને નિર્માની એ પંચવર્તમાન કેવી રીતે જીવનમાં કેળવવા એની સવિસ્તર સમજૂતી આપી છે. એ સિવાય રામાનંદ, પરમહંસમંડળ તથા અન્ય સત્સંગીઓને સંબોધીને ધર્મના તત્ત્વને સમજાવતા અને આચારના નિયમો સમજાવતા, ગુજરાતી, હિન્દી-મિશ્ર ગુજરાતી અને હિન્દીમાં લખાયેલા ૫૪ પત્રોનો 'શ્રીજીની પ્રસાદીના પત્રો'.(મુ.) તથા 'દેશવિ ાગનો લેખ' (ઈ. ૧૮૨૭/સં. ૧૮૮૩, માગશર સુદ ૧૫; મુ.) એમના અન્ય ગદ્યગ્રંથો છે.

કૃતિ : ૧. દેશવિભાગનો લેખ, પ્ર. ધર્મસ્વરૂપદાસજી, ઈ. ૧૯૩૭; ૨. (શ્રીજીની પ્રસાદીના) પત્રો, સં. માધવમલ દ. કોઠારી, ઈ. ૧૯૨૨; ૩. વેદરસ, પ્ર. બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થા, ઈ. ૧૯૭૮ (ત્રીજી આ.); ૪. શિક્ષાપત્રી, પ્ર. એજ્યુકેશન સોસાયટી, ઈ. ૧૯૬૨; ૫. એજન, પંચરત્ન નિત્યવિધિ., સં. હરિજીવનદાસ, ઈ. ૧૯૩૫; ૬. સુધાસિંધુ અથવા શ્રી સહજાનંદ સ્વામી પુરાણ પુરુષોત્તમનાં ૨૬૬ વચનામૃત, પ્ર. દામોદર ગો. ઠક્કર, ઈ. ૧૯૦૧ (ચોથી આ.).

સંદર્ભ : ૧. પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી, હર્ષદરાય ટી. દવે,–; ૨. ભગવાન સ્વામિનારાયણ, હરીન્દ્ર દવે, ઈ. ૧૯૭૮ (બીજી આ.); ૩. સદાચારના સર્જક સ્વામી સહજાનંદ, ગોરધનદાસ જી. સોરઠિયા–; ☐ ૪. ગુસાઈતિહાસ : ૨; ૫. ગુસામધ્ય; ☐ ૬. ગૂહાયાદી; ૭. ડિકૅટલૉગબીજે; ૮. ફાહનામાવમિ. : ૨. [ચ.મ.;ક્રા.ત્રિ.]

સહજાબાઈ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્ત્રીકવિ. ગોકુલેશ (ગોકુલનાથ) પ્રભુનાં ભક્ત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [શ્રા.ત્રિ.]

સહદેવ : આ નામે ૫૪ કડીની 'કૃષ્ણવિષ્ટિ' મળે છે. તેના કર્તા કયા સહદેવ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ડિકૅટલૉગ ભાવિ. [શ્રા.ત્રિ.]

સહદેવ–૧ [ ] : ખોજાઓના પીરાણા કે મતિયાપંથના ગણાતા સહદેવ જોશી કે સતગોર સહદેવને નામે કેટલીક કૃતિઓ મળે છે. કવિનું નામ આજ હોય કે પછી એમણે આ નામે રચના કરી હોય એ બંને સંભવિતતા છે. ખોજાઓના સત્પંથમાં એક મોટા પીર સદ્‌દીન થઈ ગયા. એમના અપરનામ 'સહદેવ' અને 'હરિશ્ચંદ્ર' હતા. 'ખટદર્શન' નામે કૃતિ એમણે રચી હોવાનું નોંધાયું છે. એટલે સંપ્રદાયની કોઈ વ્યક્તિએ આ નામથી રચનાઓ કરી હોય અથવા સદ્‌દીનની કૃતિઓને ગુજરાતીમાં ઉતારી હોય.

'મતિયાપંથ' કૃતિ તથા મતિયાપંથ પરનાં કાવ્યો, 'નકલંકી-ગીતા', અરબીફારસી શબ્દોના પ્રભાવવાળી ૩૪૨ કડીની 'ખટદર્શનની પડવી', ૫૦૦ ગ્રંથાગ્રનું 'આગમશાસ્ત્ર', 'સદ્‌ગુરુવાચા', નિજિયા ધર્મનો મહિમા કરતું ૮ કડીનું ૧ ભજન(મુ.) તથા કળિયુગના આગમન અને તેના સ્વરૂપને વર્ણવતું ૭ કડીનું 'આગમ (મુ.) એ કૃતિઓ આ નામછાપવાળી મળે છે.

કૃતિ : ૧. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭; ૨. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પ્ર. પુરુષોત્તમદાસ ગી. શાહ, ઈ. ૧૯૫૦; ૩. યોગવેદાંત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદભાઈ પુ., ઈ. ૧૯૭૬.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પાંગુહસ્તલેખો; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છ. વિ. રાવળ; ☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. ગૂહાયાદી; ૭. ડિકૅટલૉગબીજે. [શ્રા.ત્રિ.]

'સંક્ષિપ્ત ગુજરાતી કાદંબરી કથાનક' : અકબરના સમકાલીન ને ભાનુચંદ્રના શિષ્ય સિદ્ધિચંદ્રગણિની આ ગદ્યકૃતિ(મુ.) ગુજરાતીની વિશિષ્ટ રચના છે. બાણની સંસ્કૃત 'કાદંબરી'ની મુખ્ય કથા શું છે એ સામાન્ય જન સમજી શકે એ હેતુથી એમણે આ સંક્ષેપ ગદ્યાનુવાદ કર્યો છે. એ રીતે એને 'બાલકાદંબરી' તરીકે ઓળખાવી શકાય. કૃતિ એની સરળ ને પ્રવાહી ભાષાથી તો ધ્યાન ખેંચે છે, પરંતુ તે સમયના ગુજરાતી ગદ્યને જાણવા માટે પણ મહત્ત્વની છે. [જ.ગા.]

સંગ્રામસિંહ–૧ [ઈ. ૧૨૮૦માં હયાત] : શ્રીમાલવંશના ઠક્કુર કૂરસિંહના પુત્ર. એમની કૃતિ 'બાલશિક્ષા' (૨.ઈ.૧૨૮૦; મુ.)ને ગુજરાતીના અત્યારે ઉપલબ્ધ ઔક્તિકોમાં સૌથી પ્રાચીન ગણવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ તે સંસ્કૃત ભાષા દ્વારા ને ગુજરાતી દૃષ્ટાંતોની મદદથી વ્યાકરણની સમજૂતી આપતો ગ્રંથ છે.

કૃતિ : *બાલશિક્ષા, સં. શ્રી જિનવિજયજી, ઈ. ૧૯૬૨.

સંદર્ભ : ૧. આકવિઓ; ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૧; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ☐ ૬. *પુરાતત્ત્વ, પુ. ૩, અંક ૧–'બાલશિક્ષા', લાલચંદ ગાંધી; ☐ ૭. મુપુગૂહસૂચી. [કી.જો.]

સંગ્રામસિંહ(મંત્રી)–૨ [ ] : જૈન શ્રાવક હોવાની સંભાવના. અંચલગચ્છના જયશેખરસૂરિના શિષ્ય. ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ ને ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ દરમ્યાન ૧ અંચલગચ્છીય જયશેખરસૂરિ થઈ ગયા. આ કવિ જો એમના શિષ્ય હોય તો તેઓ ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધમાં થઈ ગયા હોવાનું કહી શકાય. મુખ્યત્વે દુહા-ચોપાઈની ૧૮૨ કડીમાં રચાયેલો 'શાલિ ભદ્રચરિત્ર-રાસ' એમાં પ્રયોજાયેલા વિવિધ રાગોને લીધે વિશિષ્ટ છે. શાલિ ભદ્રના પૂર્વભવ અને આ ભવની કથા કહેતા આ રાસમાં શાલિભદ્રના સિદ્ધજીવન તરફના વિકાસની કથા આલેખાઈ છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૧; ☐ ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

સંઘ–૧ [ઈ. ૧૬૭૦માં હયાત] : જુઓ સંઘો.

સંઘ–૨ [ઈ. ૧૮મી સદી મધ્યભાગ] : સંભવતઃ વિજયાણંદસૂરિની પરંપરાના તપગચ્છના જૈન સાધુ. ૭ કડીની 'વિજયાણંદસૂરીશ્વર-સઝાય' (મુ.)ના કર્તા. કૃતિ વિજયાણંદસૂરિની હયાતી (જ.ઈ. ૧૫૮૬–અવ. ઈ. ૧૬૫૫)માં રચાઈ હોઈ કર્તા ઈ. ૧૭મી સદીના મધ્ય ભાગમાં થઈ ગયાનું માની શકાય.

કૃતિ : ઐસમાલા : ૧. [૨.૨.દ.]

સંઘકલશ(ગણિ) [ઈ. ૧૪૪૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. રત્નશેખરસૂરિની પરંપરામાં ઉદયનંદીના શિષ્ય. ગુજરાતી ને અન્ય સાત ભાષાઓમાં રચાયેલા ૧૧૩ કડીના 'સમ્યકત્વ-રાસ' (૨.ઈ.૧૪૪૯/સં. ૧૫૦૫, માગશર–)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. ફાલ્ગુનીમાસિક, એપ્રિલ-જૂન ૧૯૭૧–'ગુજરાતી જૈન સાહિત્ય: રાસ સંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૪. જૈગૂકવિઓ: ૧, ૩(૧); ૫. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

સંઘકુલ : જુઓ સિંહકુલ.

સંઘજી(ઋષિ) [ઈ.૧૭૧૦માં હયાત]: લોંકાગચ્છના જૈન સાધુ. તેજસીકાનજીની પરંપરામાં દામમુનિના શિષ્ય. ૧૬૭ કડીની 'નવતત્ત્વની ચોપાઈ' (૨.ઈ.૧૭૧૦; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાળા : ૨, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨; ૨. લોંકપ્રકરણ. [૨.૨.દ.]

સંઘદાસ [ઈ. ૧૬૯૦ સુધીમાં] : 'વિક્રમચરિત્ર'(લે.ઈ.૧૬૯૦)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [૨.૨.દ.]

સંઘમાણિક્યશિષ્ય [ ] : જૈન સાધુ. ૩૫ કડીની 'કુલધ્વજ-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘવિજય : આ નામે ૧૨ કડીનું 'શત્રુંજય-સ્તવન' અને 'એકાદશી-સ્તુતિ' મળે છે. તેમના કર્તા કયા સંઘવિજય છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સંઘવિજય-૧ [ઈ.૧૫૪૯માં હયાત] : જૈન. 'વિજયતિલકસૂરિરાસ' (૨.ઈ.૧૫૪૯)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. દેસુરાસમાળા. [૨.૨.દ.]

સંઘવિજય-૨/સિંધવિજય/સિંહવિજય [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં ગુણવિજયના શિષ્ય. ૪૨ કડીનું 'ઋષભદેવાધિદેવ-જિનરાજ-સ્તવન' (૨. ઈ. ૧૬૧૩/સં. ૧૬૬૯, આસો સુદ ૩), 'વિક્રમસેનશનિશ્ચર-રાસ' (૨.ઈ. ૧૬૨૧), 'સિંહાસન-બત્રીસી' (૨.ઈ. ૧૬૨૨/સં. ૧૬૭૮, માગશર સુદ ૨; મુ.), 'અમરસેન-વયરસેનરાજર્ષિ-આખ્યાન (૨.ઈ.૧૬૨૩/સં.૧૬૭૯, માગશર સુદ ૫) તથા ૪૩ કડીનો 'ભગવતી/ભારતી-છંદ' (૨.ઈ. ૧૬૩૧/સં. ૧૬૮૭, આસો સુદ ૧૫, ગુરુવાર; મુ.)ના કર્તા. તેમણે સંસ્કૃત ગ્રંથ 'કલ્પસૂત્ર' પર દીપિકા પણ રચી છે.

કૃતિ : ૧. જૈન સત્યપ્રકાશ, ફેબ્રુ. ૧૯૩૬–'સરસ્વતી પૂજા અને જૈનો', સારાભાઈ મ. નવાબ; ૨. સાહિત્ય, એપ્રિલ ૧૯૩૩થી મે ૧૯૩૪–'સિંહાસન બત્રીસી', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. ગુસાસ્વરૂપો; ૪. જૈસાઈતિહાસ; ૫. મરાસસાહિત્ય; ૬. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૭. ડિકૅટલૉગભાઈ : ૧૯ (૨); ૮. ડિકૅટલૉગભાવિ; ૯. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સંઘવિજયશિષ્ય [ ] : જૈન સાધુ. ૪ કડીની 'નેમનાથ-જિન-સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તુસ્તસંગ્રહ : ૨. [કી.જો.]

સંઘસાર [ ] : જૈન. ૧૫ કડીના 'ગિરનારમુખમંડન-ખરતરવસહિ-ગીત' (લે.સં. ૧૭મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સંઘસોમ [ઈ. ૧૬૪૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિશાલ-સોમસૂરિના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ. ૧૬૪૭/સં. ૧૭૦૩, ભાદરવા સુદ ૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

સંઘહર્ષ : આ નામે ૧૫ કડીનું 'નેમિજિન-ગીત' (લે.ઈ.૧૫૧૮) તથા ૧૨૫ કડીનું 'વીરનિર્વાણગર્ભિત દિવાળી-સ્તવન' (લે.ઈ. ૧૮૮૯) મળે છે. તેમના કર્તા કયા સંઘહર્ષ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સંઘો/સંઘ [ઈ. ૧૬૭૦માં હયાત] : જૈન. ૧૨ કડીની 'જંબૂસ્વામી-સઝાય' (૨.ઈ. ૧૬૭૦; મુ.) તથા ૨૫ કડીની 'સુભદ્રાસતીની સઝાય' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(ન); ૨. લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સંજમ : જુઓ સંયમમૂર્તિ–૨.

'સંજાણા-ભગરીઆના આંતરકલહનું કાવ્ય' : પારસી કવિ એવર્દ રૂસ્તમનું ભગરીઆ અને સંજાણા મોબેદો (ધર્મગુરુઓ) વચ્ચે સપ્ટેમ્બર, ૧૯૮૭ના દિવસે ધાર્મિક ક્રિયાકાંડો બાબત નવસારીની અંદર થયેલા ખૂનામરકીવાળા ઉગ્ર ઝઘડાની ઐતિહાસિક બિનાને આલેખતું કાવ્ય.

સમગ્ર કલહ દરમ્યાન ૭ પારસી ધર્મગુરુઓના થયેલાં ખૂન, ૧૨ ભગરીઆ મોબેદોની કોર્ટ દ્વારા ધરપકડ અને તેમને થયેલી સજા એ સૌ વીગતોને ઝીણવટપૂર્વક કવિએ આલેખી છે. કાવ્યમાં પ્રસંગસંયોજન જેટલું સુગ્રથિત છે તેટલું કવિની અન્ય કૃતિઓની તુલનાએ ભાષાકર્મ બળવાન નથી. છંદોબંધ પણ કિલષ્ટ છે, તેમ છતાં તે સમયના પારસી કોમમાં બનેલા એક ઐતિહાસિક પ્રસંગને વિષય કરતું હોવાથી કાવ્ય એ દૃષ્ટિએ મૂલ્યવાન છે. કાવ્યને અંતે ધર્મ-જાગૃતિ વિશે આપાયેલો ઉપદેશ કાવ્યસર્જનનો પ્રેરક હોય એમ જણાય છે. [૨.૨.દ.]

સંત [ ] : પદબંધ 'ભાગવત'ના ૧૨ સ્કંધ ઉપલબ્ધ થાય છે, જેમાં ૧થી ૪ તથા ૮, ૯ને ૧૧ સંપૂર્ણ રૂપમાં અને બીજા સ્કંધ ખંડિત રૂપમાં મળે છે. સંપૂર્ણ રૂપે પ્રાપ્ત થતા સ્કંધમાં નામછાપ 'સંત' મળે છે. આ નામ કર્તાનું સૂચક છે કે બીજું કંઈ તે સ્પષ્ટપણે કહી શકાય એવું નથી. કોઈ કૃષ્ણપુત્ર વૃંદાવન ભટ્ટની કૃપાથી પોતે આ કાવ્ય રચ્યું છે એમ કવિએ નોંધ્યું છે, પરંતુ એ સિવાય પોતા વિશે બીજી કોઈ માહિતી આપી નથી. 'ભાગવત'નું ભાષાસ્વરૂપ જોતાં આ કવિ સં. ૧૭મી સદી પૂર્વાર્ધ સુધીમાં થયા હોય એવું અનુમાન કરવામાં આવ્યું છે.

કવિએ રચેલા ભાગવતના આ સ્કંધોમાં ૧૦મો સ્કંધ કંઈક વિસ્તારવાળો છે. બાકીના સ્કંધો બહુ સંક્ષિપ્ત છે. મૂળનો સાર આપીને કવિ અટકી જાય છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસામધ્ય; ૩. ગુસારસ્વતો; ૪. ગૂહાયાદી. [ચ.શે.]

સંતરામ(મહારાજ)/સુખસાગર [અવ. ઈ. ૧૮૩૧/સં. ૧૮૮૭, મહા સુદ ૧૫] : જ્ઞાની કવિ. અખાની કહેવાતી શિષ્ય પરંપરામાં જિતા મુનિ નારાયણના શિષ્ય અને કલ્યાણદાસજી મહારાજના ગુરુબંધુ. તેમના પૂર્વજીવન વિશે બીજી કોઈ માહિતી મળતી નથી, પરંતુ તેઓ ગિરનાર પર્વત પરથી ઊતરી સુરત, વડોદરા, પાદરા, ઉમરેઠ તથા ખંભાત વગેરે સ્થળોમાં ફરી ઈ.૧૮૧૬માં નડિયાદ આવ્યા. ત્યાં સ્થિર થઈ સંતરામ મંદિરની સ્થાપના કરી એમ કહેવાય છે. ઈ. ૧૭૭૨માં ડાકોરમાં રણછોડરાયની મૂર્તિની સ્થાપના થઈ ત્યારે તેઓ ત્યાં પણ આવેલા. નડિયાદમાં એમણે જીવત્સમાધિ લીધી. તેમના જીવન વિશે પણ ઘણી ચમત્કારિક કથાઓ પ્રચલિત છે. 'બાવોવિદેહી' અને 'સુખસાગર' એવાં એમનાં અપરનામ પણ મળે છે.

'સંતરામ' અને 'સુખસાગર' નામછાપવાળાં પચીસેક પદ મુદ્રિત રૂપે મળે છે તે આ કવિનાં છે. થાળ, મહિના, તિથિ, ભજન વગેરે રૂપે મળતાં આ પદોમાં સદ્‌ગુરુ, વૈરાગ્ય અને ભક્તિનો મહિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭ કડીની 'તિથિ'માં અવધૂતની મરણદશાનો આનંદ પણ વ્યકત થયો છે. 'ગુરુભાવની'(મુ.) નામે હિંદી કૃતિ પણ એમણે રચી છે.

કૃતિ : પદસંગ્રહ, સં. સંતરામ સમાધિસ્થાન, ઈ. ૧૯૭૭.

સંદર્ભ : ૧. અસંપરંપરા; ૨. આગુસંતો; ૩. ચરોતર સર્વસંગ્રહ: ૨, સં. પુરુષોત્તમ છ. શાહ અને ચંદ્રકાંત ફ. શાહ, ઈ. ૧૯૫૪; ૫. પ્રાકકૃતિઓ; ☐ ૬. ગૂહાયાદી. [ચ.શે.]

સંતહર્ષ(મુનિ) [ ] : જૈન સાધુ. સોમના શિષ્ય. ૧૪ કડીની 'નેમરાજુલ-બારમાસ' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ. : મુપુગૂહસૂચી. [પા.માં.]

સંતોખદાસ [ ] : 'શિવજીનો ગરબો'ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

સંતોષ [ ] : અવટંકે શાહ. ૪ કડીની 'પજુષણની સ્તુતિ' (લે.સં. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ. : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સંતોષવિજય [ઈ. ૧૭૪૫માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિના શિષ્ય. ૭ ઢાલ અને ૩૮/૪૧ કડીના 'સીમંધરજિનસ્તવન' (૨.ઈ.૧૬૪૫; મુ.) તથા અન્ય છૂટક સ્તવનોના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સંયમમૂર્તિ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : વિધિપક્ષના જૈન સાધુ. કમલમેરુના શિષ્ય. ૨૦૧ કડીની 'કલાવતી-ચોપાઈ' (૨.ઈ.૧૫૩૮/ સં. ૧૫૯૪, જેઠ સુદ ૩, બુધવાર) અને ૭૦ કડીની 'ગજસુકુમાલ-સંધિ' (૨.ઈ.૧૫૪૧?)ના કર્તા. 'જૈન ગૂર્જર કવિઓ'એ 'ગજસુકુમાલ-સંધિ'ને આ કર્તાની કૃતિ ગણી છે, પરંતુ એનો રચનાસમય ચોક્કસ નથી. એટલે કૃતિ આ કર્તાની જ હોવા માટે કોઈ નિશ્ચિત પ્રમાણ નથી. એ સંયમમૂર્તિ–૨ની કૃતિ પણ હોય.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

સંયમમૂર્તિ–૨/સંજમ [ઈ.૧૬૦૬ સુધીમાં] : વિધિપક્ષના જૈન સાધુ. વિનયમૂર્તિના શિષ્ય. 'ઉદયીરાજર્ષિ-સંધિ' (લે. ઈ. ૧૬૦૬) અને 'ચોવીસજિનબૃહત્-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. પ્રાકારૂપરંપરા; ☐૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. ડિકૅટલૉગ ભાવિ; ૫. મુપુગૂહસૂચી. [કી.જો.]

સંયમરત્ન(સૂરિ) [ઈ. ૧૫૬૦માં હયાત] : જૈન સાધુ. ૨૯ કડીની 'હરખાઈ શ્રાવિકાએ ગ્રહણ કરેલ ઇચ્છાપરિમાણ' (૨.ઈ. ૧૫૬૦) નામક કૃતિના કર્તા.

સંદર્ભ. : મુપુગૂહસૂચી. [કી.જો.]

સંવેગદેવ/સંવેગરંગ(ગણિ) [ઈ.૧૫મી સદી પૂર્વાર્ધ]: તપગચ્છના જૈન સાધુ. સોમદેવસૂરિશિષ્ય રત્નશેખરના શિષ્ય. ૧૦૪ કડીના 'પિંડવિશુદ્ધિ પ્રકરણ-બાલાવબોધ' (૨.ઈ.૧૪૪૭), ૧૦૧૪ શ્લોકના 'આવશ્યક પીઠિકા-બાલાવબોધ' (૨.ઈ.૧૪૪૮) 'ષષ્ટિશતક-બાલાવબોધ' તથા 'ચઉશરણપયન્ના'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. ગુસાપઅહેવાલ : ૨૦–'ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયજીનું ભાષણ'–નું પરિશિષ્ટ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૨); ૫. ડિકૅટલૉગભાઈ : ૧૭(૩); ૬. મુપુગૂહસૂચી; ૧. લીંહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સંવેગસુંદર/સર્વાંગસુંદર [ઈ. ૧૪૯૨માં હયાત] : બૃહત્ તપગચ્છના જૈન સાધુ. જ્યશેખરસૂરિની પરંપરામાં જ્યસુંદર ઉપાધ્યાયના શિષ્ય. ૨૫૦ કડીના 'સારશિખામણ-રાસ' (૨.ઈ.૧૪૯૨) અને ૩ કડીના 'પાર્શ્વનાથ-ગીત'ના કર્તા.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. નયુકવિઓ; ☐ ૩. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૭૨–'ગુજરાતી જૈનસાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૪. કૅટલૉગગુરા; ૫. જૈગૂકવિઓ : ૧,૩(૧); ૬. જૈહાપ્રોસ્ટા; ૭. ડિકૅટલૉગભાવિ; ૮. મુપુગૂહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

'સાખીઓ'(અખાજી) : હિંદી તેમ જ ગુજરાતી ભાષામાં રચાયેલી અખાની ૧૭૦૦ ઉપરાંત મુદ્રિત સાખીઓમાંથી ૨૦૦ ઉપરાંત સાખીઓ ગુજરાતી ભાષામાં છે. ૧૦૦ ઉપરાંત અંગોમાં વહેંચાયેલી મળતી આ સાખીઓનું અંગવિભાજન છપ્પાના જેવું જ શિથિલ છે તે ઉપરાંત એમાં છપ્પાના ઘણાં વિચારો ને દૃષ્ટાંતો નિરૂપાયેલાં મળે છે. બહુધા એક પંકિતમાં વિચાર અને એક પંકિતમાં દૃષ્ટાંત એ રીતે ચાલતી આ સાખીઓમાં ક્વચિત્ વિચાર બે કે વધુ સાખી સુધી સળંગ લંબાતો હોય એવું પણ બને છે. ક્યારેક થયેલો નવાં તાજગીપૂર્વ દૃષ્ટાંતોનો વિનિયોગ ધ્યાન ખેંચે છે. જેમ કે, ભણેલોગણેલો પંડિત હોય તે કીડીને પાંખ આવવા જેવું છે–એ ખરું ચાલી ન શકે, ખરું ઊડી પણ ન શકે. એકંદરે સરળ અભિવ્યકિત ધરાવતી આ સાખીઓ હિંદી પરંપરાના કેટલાંક વિશિષ્ટ સંસ્કારો પણ ઝીલે છે. [જ.કો.]

'સાખીઓ'(પ્રીતમ) : ૨૪ અંગોમાં વિભકત અને સાધુશાઈ હિન્દીમાં રચાયેલી પ્રીતમની ૬૩૭ સાખીઓમાં 'ચેતવણી–૨'ની ૯૫ ગુજરાતી સાખીઓ ઉમેરતાં ૭૩૨ સાખીઓ મુદ્રિત સ્વરૂપે મળે છે. એ સિવાય પણ કેટલીક સાખીઓ કવિએ રચી હોવાની સંભાવના છે. વિવિધ અંગોમાં વહેંચાયેલી સાખીઓમાં આગલા અંગની છેલ્લી સાખી સાથે બીજા અંગની પહેલી સાખીને જોડી કવિએ દરેક અંગ વચ્ચે અનુસંધાન કર્યું છે. ઈશ્વર, માયા, જ્ઞાન, ભકિત, સંત, સદ્ગુરુ, વૈરાગ્ય ઇત્યાદિ વિશેના કવિના વિચારો સંકલિત રૂપે જાણવા માટે આ સાખીઓ મહત્ત્વની છે. વિવિધ દૃષ્ટાંતો અને ઉપમાઓથી ઘણી જગ્યાએ કવિના વકતવ્યમાં ચમત્કૃતિ આવી છે. 'ચેતવણી-૨'ની સાખીઓ અલંકારયુકત ઉદબોધનશૈલીથી વધારે પ્રભાવક બની છે. [ચ.શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગરચંદ [ ] : સરવાલગચ્છના જૈન સાધુ. વર્ધમાનસૂરિના શિષ્ય. ૧૮૦ કડીના 'સીયાહરણ-રાસ'(મુ.)ના કર્તા. કૃતિના ભાષાસ્વરૂપ પરથી તે ઈ.૧૨મી કે ૧૩મી સદીમાં રચાઈ હોવાનું અનુમાન છે.

કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૨–'સાગરચંદ રઈઉ સીયાહરણ-રાસુ', હરિવલ્લભ ચુ. ભાયાણી. [૨.૨.દ.]

સાગરચંદ્ર [ઈ. ૧૫૮૬ સુધીમાં] : જૈન. 'છત્તીસ અધ્યયન-ગાન' (લે. ઈ.૧૫૮૬)ના કર્તા.

સંદર્ભ : રાપુહસૂચી : ૪૨. [૨.૨.દ.]

સાગરદાસ [ ] : ૧૭ કડીની 'દાણલીલા'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૩. [શ્રા.ત્રિ.]

સાજણ [ ] : જૈન. ૬ કડીના 'નેમિ-ગીત' (લે.સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

'સાત અમશાસ્પંદનું કાવ્ય' : પારસી કવિ એર્વદ રૂસ્તમનું દુહા-ચોપાઈમાં રચાયેલું કાવ્ય(મુ.). કાવ્યમાં કૃતિની રચનાસાલ કે કર્તાનામ મળતાં નથી, પરંતુ આંતરિક પુરાવાઓને આધારે કૃતિ કવિ રૂસ્તમની જ રચેલી હોય એમ લાગે છે.

'જંદ અવસ્તા' અને વિવિધ 'રેવાયતો'માં અત્રતત્ર પડેલી વીગતોને સંકલિત કરી રચાયેલી આ કૃતિમાં અહુરમઝદ, બહમન, આર્દીબહેસ્ત, શેહેરેવર, અસ્પંદારમદ, ખોરદાદ અને અમરદાદ એ ૭ અમશાસ્પંદોમાં (પૃથ્વીનું સંચાલન કરતી દિવ્ય શકિતઓ) પહેલા ૬ કઈ રીતે પૃથ્વીનાં વિવિધ સત્ત્વોનું રક્ષણ કરે છે અને એ શકિતઓને પ્રસન્ન કરવા કયા આચારવિચારનું પાલન કરવું એનું વર્ણન છે. સાતમા અમશાસ્પંદ વિશે નામોલ્લેખ સિવાય કવિએ વિશેષ વાત કરી નથી.

કવિની અન્ય કૃતિ 'અર્દાવિરાફનામું'માં અર્દાવિરાફે કરેલા નર્કદર્શનનો પ્રસંગ અહીં પણ લગભગ યથાતથ મુકાયો છે, જે કાવ્યના વિષય સાથે સુસંકલિત નથી. એ રીતે ધર્મસંબંધી ઉપદેશોનું પુનરાવર્તન પણ કાવ્યના સંયોજનને શિથિલ બનાવે છે. કવિએ કાવ્યમાં પ્રાસ બરોબર જાળવ્યા છે, પરંતુ છંદોબંધ શિથિલ છે. [૨.૨.દ.]

સાધુકીર્તિ : આ નામે 'સવ્વત્થવેલિ-પ્રબંધ' (ઈ. ૧૫૫૮ આસપાસ), અપભ્રંશપ્રધાન ગુજરાતીમાં રચાયેલી ૩૧ કડીની 'ગર્ભવિચાર-સ્તવન' (લે.સં. ૧૮મી સદી) તથા ૧૫ કડીની 'નેમબારહ-માસા' (લે. સં. ૧૯મી સદી અનુ.) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા સાધુકીર્તિ છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ: ૧. [૨.૨.દ.]

સાધુકીર્તિ(પાઠક)–૧ [ઈ. ૧૩મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૪મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. હિંદી ભાષાની છાંટવાળી ૧૫ કડીની 'દાદાજીનો છંદ'(મુ.)ના કર્તા. આ રચના 'દાદાજી'ના નામથી પ્રખ્યાત થયેલા જિનકુશલસૂરિ (જ.ઈ. ૧૨૭૪–અવ. ઈ. ૧૩૩૩)ની હયાતીમાં રચાઈ હોવાનું પ્રમાણ કૃતિમાંથી મળે છે. આ અનુસાર સાધુકીર્તિ જિનકુશલસૂરિના સમયમાં હયાત હોય.

કૃતિ : સ્નાત્રપૂજા, દાદાસાહેબપૂજા, ઘંટાકર્ણ-મહાવીરપૂજા ઇત્યાદિ, પ્રકા. ઝવેરચંદ કે. ઝવેરી, સં. ૨૦૦૮.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

સાધુકીર્તિ–૨ [ઈ. ૧૪૪૩માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. જિનદત્તસૂરિના શિષ્ય. 'વિક્રમકુમારચરિત્ર-રાસ/હંસાવતી વિક્રમચરિત્ર-રાસ'(૨.ઈ.૧૪૪૩),'મત્સ્યોદરકુમાર-રાસ', 'ગુણસ્થાનકવિચાર-ચોપાઈ', 'ઉત્તરાધ્યયન છત્રીસ અધ્યયન-સ્તવન' (૨.ઈ. ૧૪૪૩), ૧૧ કડીનું 'અનાથીમુનિ-ગીત' (૨.ઈ. ૧૪૪૩), ૪૬ કડીનું 'અહેત્પરિવાર સ્તોત્ર' (૨.ઈ. ૧૪૪૩), 'કુંથુનાથ-સ્તોત્ર' (૨.ઈ. ૧૪૪૩), 'ચંદ્રપ્રભજિન-સ્તવન' (૨.ઈ. ૧૪૪૩), 'ચૈત્રીપૂનમવિધિ-સ્તવન' (૨.ઈ.૧૪૪૩), 'જિનકુશલસૂરિ-સ્તવન' (૨.ઈ. ૧૪૪૩) તથા 'પુંડરિક-સ્તવન' (૨.ઈ. ૧૪૪૩) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ઈતિહાસની કેડી, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૪૫; ૨. ગુસાઈતિહાસ : ૧, ૨; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન(સૂચિ), બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૭. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સાધુકીર્તિ–૩ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : જુઓ જિનરત્નસૂરિશિષ્ય જિનસાધુસૂરિ.

સાધુકીર્તિ(ઉપાધ્યાય)–૪ [અવ. ઈ. ૧૫૯૦/સં. ૧૬૪૬, મહા વદ ૧૪] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની પરંપરામાં અમરમાણિક્યના શિષ્ય. પિતા વસ્તુપાલ, માતા ખેમલદેવી. તેઓ ઓસવાલવંશના સુચિતી ગોત્રના હતા. ઈ. ૧૫૭૬માં જિનચંદ્રસૂરિના હાથે ઉપાધ્યાય પદની પ્રાપ્તિ. ૧૦૮ કડીની 'સત્તરભેદી-પૂજા' (૨.ઈ. ૧૫૬૨/સં. ૧૬૧૮, આસો વદ ૩૦), ૧૮૩ કડીની 'અષાઢભૂતિ-પ્રબંધ/રાસ' (૨.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, આસો સુદ ૧૦), 'નેમિરાજર્ષિ-ચોપાઈ' (૨. ઈ. ૧૫૮૦), ૧૧ કડીની 'નેમિનાથ-ધમાલ' (૨.ઈ. ૧૫૬૮), 'મૌન એકાદશી-સ્તવન' (૨.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, આસો સુદ ૧૦), 'અમરસર' (૨.ઈ. ૧૫૮૨), ૧૩ કડીનું 'ચૈત્રીપૂનમ/પુંડરિક/શત્રુંજય-સ્તવન' (૨.ઈ. ૧૫૬૭), 'શીતલજિન-સ્તવન', 'શેષનામમાલા', 'કીર્તિરત્નસૂરિ, જિનરત્નસૂરિ અને ગુરુ-મહત્તા પરનાં ગીતો (૩ મુ.), કેટલાંક સ્તવનો (૧ મુ.) આ પદ્યકૃતિઓ ઉપરાંત 'સપ્તસ્મરણ-બાલાવબોધ' (૨.ઈ. ૧૫૫૫/સં. ૧૬૧૧, આસો વદ ૩૦), 'અજિતશાંતિસ્તવન-બાલાવબોધ' અને 'દોષાવહારબાલાવ-બોધ' એ ગદ્યકૃતિઓ તથા 'ભક્તામરસ્તોત્ર-અવચૂરિ' (૨.ઈ. ૧૫૭૯/સં. ૧૬૩૫, જેઠ સુદ ૩) તથા સંસ્કૃત કૃતિ 'સંઘપટ્ટક-અવચૂરિ' (૨.ઈ. ૧૫૬૩)ના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(પ્રસ્તા.); ૨. જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. યુજિનચંદ્રસૂરિ; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધુમેરુ(ગણિ)(પંડિત) [ઈ. ૧૪૪૫માં હયાત] : આગમગચ્છના જૈન સાધુ. હેમરત્નસૂરિના શિષ્ય. ૬૦૧/૬૦૯ કડીના જીવદયા અંગેનું નિરૂપણ કરતા 'પુણ્યસારકુમાર-રાસ/પુણ્યસારચરિત્ર-પ્રબંધ/ચોપાઈ-બંધ' (૨.ઈ. ૧૪૪૫/સં. ૧૫૦૧, પોષ વદ ૧૧, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ;☐ ૩. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન, ૧૯૭૧–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. ડિકૅટલૉગ-ભાવિ; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સાધુરત્ન–૧ [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. દેવસુંદરસૂરિના શિષ્ય. ૪૦૦ ગ્રંથાગ્રની 'નવતત્ત્વવિવરણ-બાલાવ-બોધ' (૨.ઈ. ૧૪૦૦ આસપાસ) તથા સંસ્કૃતમાં 'યતિજિતકલ્પ-વૃત્તિ' (૨.ઈ. ૧૪૦૦) અને 'નવતત્ત્વ-અવચૂરિ' નામની કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. જૈગૂકવિઓ : ☐ ૩(૨); ૪. જૈહાપ્રોસ્ટા. [૨.૨.દ.]

સાધુરત્ન(સૂરિ)–૨ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. તેઓ કદાચ પાર્શ્વચંદ્રસૂરિ કે જેમણે નવો ગચ્છ શરૂ કર્યો તેમના ગુરુ હોય. કૃતપુણ્યના ચરિત્રનિરૂપણ દ્વારા દાનનો મહિમા કરતા ૧૧૫ કડીમાં રચાયેલા 'કયવન્ના/કૃતપુણ્ય-રાસ' (૨.ઈ.૧૫૨૩ આસપાસ)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ;☐ ૩. ફાત્રૈમાસિક, જાન્યુ.–જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસન્દોહ,' હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૪. જૈગૂકવિઓ : ૧. [૨.૨.દ.]

સાધુરત્નશિષ્ય [ ] : જૈન સાધુ. ૨૨ કડીની 'વીર-જિન-કલ્યાણક-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [કી.જો.]

સાધુરંગ [ઈ. ૧૬૨૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં સુમતિસાગરના શિષ્ય. ૩૬ કડીની 'દયા-છત્રીસી' (૨.ઈ.૧૬૨૯)ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સાધુવિજય [ ] : જૈન. 'તીર્થંકર-સ્તવન' (લે. સં. ૧૮મી સદી)ના કર્તા.

સંદર્ભ : રાપુહસૂચી : ૫૧. [૨.૨.દ.]

સાધુવિજયશિષ્ય [ ] : ૯ કડીની 'અષ્ટભંગી-સઝાય' (લે.સં. ૧૯મી સદી અનુ.) તથા 'સિદ્ધચક્ર-નમસ્કાર' (લે.સં.૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સાધુવિમલ(પંડિત) [ ] : જૈન સાધુ. ૭ કડીના 'અભિ-નંદનજિન-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ : ૨. [૨.૨.દ.]

સાધુસુંદર(ગણિ)(પંડિત) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનભદ્રસૂરિની પરંપરામાં સાધુકીર્તિના શિષ્ય. વ્યાકરણના વિદ્વાન. ૭ કડીના 'નગરકોટમંડનશ્રી આદીશ્વર-ગીત'(મુ.) એ ગુજ-રાતી ઉપરાંત 'ઉકિતરત્નાકર' (૨.ઈ. ૧૬૧૪–૧૮ દરમ્યાન), 'પાર્શ્વ-નાથ-સ્તુતિ' (૨.ઈ. ૧૬૨૭), 'શબ્દરત્નાકર/શબ્દપ્રભેદ નામમાલા' તથા 'ધાતુરત્નાકર' સ્વોપજ્ઞટીકા 'ક્રિયાકલ્પલતા' સાથે–એ સંસ્કૃત કૃતિઓના કર્તા. 'ઉકિતરત્નાકર' તે સમયના ગુજરાતી શબ્દોના મૂળ અર્થને સમજવા માટે ઘણો ઉપયોગી ગ્રંથ છે.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૫–'નગરકોટકે તીન સ્તવન ઔર વિશેષ જ્ઞાતવ્ય', અગરચંદ નાહટા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૧, ૨. ગુસારસ્વતો; ૩, જૈસા-ઈતિહાસ; ૪. યુજિનચંદ્રસૂરિ; ☐ ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સાધુહર્ષ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. ૬ કડીની 'મોટી હોંશ ન રાખવાની સઝાય'(મુ.)ના કર્તા. આ સાધુહર્ષના શિષ્ય રાજશીલની ઈ. ૧૫૩૮માં રચેલી 'અમરસેન વયરસેન-ચોપાઈ' મળે છે. એ સમયને લક્ષમાં લેતાં સાધુહર્ષ ઈ. ૧૬મી સદીના પૂર્વા-ર્ધમાં હયાત હશે.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. જૈસમાલા(શા) : ૨; ૩. જૈસ-સંગ્રહ(ન).

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. જૈસાઈતિહાસ. [૨.૨.દ.]

સાધુહંસ : આ નામે ૫/૨૮ કડીનું 'શત્રુંજય-ગીત/સ્તવન' (લે.સં. ૧૬મી સદી અનુ.), ૧૭ કડીની 'શાંતિનાથ-વિનતિ' તથા ૧૦ ગ્રંથાગ્રની ૧ સઝાય (લે.ઈ. ૧૫૬૧) મળે છે. આ સાધુહંસ કયા તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સાધુહંસ(મુનિ)–૧/હંસ [ઈ. ૧૩૯૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. જિનશેખરસૂરિની પરંપરામાં જિનરત્નસૂરિના શિષ્ય. ૨૧૬/૨૧૯ કડીની 'ધન્નાશાલિભદ્ર-પ્રબંધ-ચોપાઈ/રાસ' (૨.ઈ.૧૩૯૯/સં. ૧૪૫૫, આસો સુદ ૧૦) તથા ૬૩/૬૪ કડીની 'ગૌતમપૃચ્છા-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ: ૧. આકવિઓ : ૧; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. મરાસસાહિત્ય; ૫. મસાપ્રકારો; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. જૈહાપ્રોસ્ટા; ૮. ડિકૅટલૉગબીજે; ૯. ડિકૅટલૉગભાવિ; ૧૦. મુપુ-ગૂહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સાધુહંસ–૨ [ઈ. ૧૪૯૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સંઘ-રતનસૂરિની પરંપરામાં આણંદમુનિના શિષ્ય. ૬૦૬/૬૦૭ કડીની 'મુનિપતિરાજર્ષિ-રાસ/મણિપતિ-રાસ' (૨.ઈ. ૧૪૯૪/સં. ૧૫૫૦, વૈશાખ–૭, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન (સૂચિ), બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [૨.૨.દ.]

સામત/સામતો [ ] : બારોટ. ૯ કડીના ૧ ભજન (મુ.) તથા કેટલાક સુબોધક સોરઠા (૪ મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. કાઠિયાવાડી સાહિત્ય : ૨, સં. કાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩; ૨. સતવાણી. [ત્રિ.]

સામદાસ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [ત્રિ.]

સામલ [ઈ. ૧૭૦૪ સુધીમાં] : રાધાની વિરહવ્યથાને નિરૂપતા 'બારમાસ' (લે. ઈ. ૧૭૦૨થી ૧૭૦૪; મુ.)ના કર્તા. કૃતિમાં આલેખાયેલો વિપ્રલંભશૃંગાર એની ઉત્કટતાથી ધ્યાન ખેંચે છે. કૃતિના કર્તા જૈનેતર છે. કાવ્યને અંતે આવતી પંક્તિ "ભૃગુભમાનંદનોં નેહ ગાયો, સામલેં સ્નેહ કરી બાંહ સાહયો"ને આધારે કૃતિના કર્તા સામલ અને પિતા ભૃગુભમા(?) હોવાનું અનુમાન થયું છે.

કૃતિ : બુદ્ધિપ્રકાશ, જૂન ૧૯૩૦ – 'સામલકૃત બારમાસ', સં. મોહનલાલ દ. દેશાઈ (+સં.). [ત્રિ.]

સામલિયાસુત : જુઓ મામલિયા/સામલિયાસુત.

સામંત [ઈ. ૧૬૧૬માં હયાત] : જૈન. રાજસ્થાની-ગુજરાતી ભાષામાં રચાયેલી 'પ્રતિમાધિકાર-વેલિ' (લે.ઈ. ૧૬૧૬)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. રાપુહસૂચી : ૪૨; ૩. રાહસૂચી :૧. [કી.જો.]

સાર(કવિ) [ઈ. ૧૬૩૩માં હયાત] : 'સાર-બાવની' (ર.ઈ. ૧૬૩૩)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [ત્રિ.]

સારથિ મારથી [ઈ. ૧૭૧૮ સુધીમાં] : 'ભ્રમર-ગીતા' (લે.ઈ. ૧૭૧૮)-ના કર્તા.

સંદર્ભ : ૧. (કવિ રત્નેશ્વરકૃત) શ્રીમદ્ ભાગવત, સં. કેશવરામ કા. શાસ્ત્રી, ઈ. ૧૯૩૫; ☐ ૨. ગૂહાયાદી. [ત્રિ.]

સારમૂર્તિ(મુનિ) [ઈ. ૧૩૩૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. અપભ્રંશ ભાષાની અસરવાળી ગુજરાતીમાં રચાયેલી ૨૯ કડીના 'જિનપદ્મસૂરિ પટ્ટાભિષેક-રાસ' (ર.ઈ. ૧૩૩૪/સં. ૧૩૯૦, જેઠ સુદ ૬ પછી; મુ.)ના કર્તા.

ખરતરગચ્છના સારમુનિને નામે ૨૧ કડીનું 'પાર્શ્વનાથ-સ્તોત્ર' મળે છે જે પ્રસ્તુત કવિની જ કૃતિ હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ (+સં.); ૨. રાસ ઔર રાસાન્વયી કાવ્ય, દશરથ ઓઝા, સં. ૨૦૧૬.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસારસ્વતો; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. મુપુગૂહસૂચી. [કી.જો.]

સારવિજય [ઈ. ૧૬મી સદી] : જૈન સાધુ. ૮ કડીના 'નવપલ્લવ-પાર્શ્વનાથ-ગીત' (ર.ઈ. ૧૬મી સદી)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સારંગ : આ નામે ૨૮/૨૯ કડીનું 'જગદંબા-વંદન/સ્તોત્ર/ભવાની-સ્તવન' મળે છે. તેના કર્તા કયા સારંગ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. 'મુનિરાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હસ્ત-પ્રતસૂચી'એ પ્રસ્તુત કૃતિના કર્તા 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'માં નોંધાયેલા રણછોડદાસના શિષ્ય સારંગદાસ હોવાનું અનુમાન કર્યું છે. જો આ કર્તા એ હોય તો તેઓ અર્વાચીન ઠરે. પરંતુ પ્રસ્તુત કૃતિના કર્તા અને રણછોડદાસશિષ્ય સારંગદાસ એક હોવા માટે કોઈ ચોક્કસ પ્રમાણ નથી.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજેજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

સારંગ(કવિ)(વાચક)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : મહાહડગચ્છના જૈન સાધુ. જ્ઞાનસાગરસૂરિની પરંપરામાં પદ્મસુંદરના ગુરુભાઈ ગોવિંદના શિષ્ય. ૪૧૨ કડીની 'બિલ્હણપંચા-શિકા-ચોપાઈ' (ર.ઈ. ૧૫૮૩/સં. ૧૬૩૯, અસાડ સુદ ૧, ગુરુવાર), ૪૬૬ કડીની 'વીરંગદનૃપ-ચોપાઈ' (ર.ઈ. ૧૫૮૯), 'માતૃકાપાઠ-બાવની' (ર.ઈ. ૧૫૮૪), ૪૫૮/૪૭૫ કડીની 'ભોજપ્રબંધ/મુંજ-ભોજપ્રબંધ-ચોપાઈ' (ર.ઈ. ૧૫૯૫/સં. ૧૬૫૧, શ્રાવણ વદ ૯), ૧૮૦૦ ગ્રંથાગ્રની 'શ્રીવલ્લીટીકા સુબોધમંજરી' (ર.ઈ. ૧૬૧૨), ૪૦ કડીની 'ભવભટ્ટત્રિંશિકા-દોધક' (ર.ઈ.૧૬૧૯) એ કૃતિઓના કર્તા.

રાજસ્થાનીમિશ્ર ગુજરાતી ભાષામાં 'માતાજીરો છંદ' નામની કૃતિ કવિ સારંગને નામે મળે છે તે પ્રસ્તુત કવિની હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મસાપ્રવાહ; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. ડિકૅટ-લૉગભાવિ; ૭. મુપુગૂહસૂચી; ૮. રાપુહસૂચી : ૪૨; ૯. રાહસૂચી : ૧; ૧૦. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સાલિગ/શાલિગ [ઈ. ૧૫૨૭ સુધીમાં] : જૈન. ૨૫/૨૮ કડીની 'દ્વારિકા-સઝાય/શાલિભદ્ર-વેલિ' (લે.ઈ.૧૫૨૭), તથા ૨૪ કડીના 'ગજસુકુમાલ-રાસ' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજેજ્ઞા-સૂચિ : ૧. [કી.જો.]

સાલિગ(ઋષિ)શિષ્ય [ઈ. ૧૫૪૧માં હયાત] : વિધિગચ્છના જૈન સાધુ. ૧૪૨ કડીની 'પિંડૈષણા-ચોપાઈ' (ર.ઈ. ૧૫૪૧/સં. ૧૫૯૭, શ્રાવણ સુદ ૧, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સાલેશાહ(સૈયદ) [ ] : ખોજા કવિ. ઈમામશાહના વંશજ. ૫ અને ૧૦ કડીના ૨ 'ગીનાન'(મુ.)ના કર્તા.

કૃતિ : સૌઈશાગીસંગ્રહ : ૪. [ર.ર.દ.]

સાહિબ [ઈ. ૧૬૧૯ સુધીમાં] : વિજયગચ્છના જૈન સાધુ. ગુણ-સાગરસૂરિના શિષ્ય દેવચંદના શિષ્ય. સાહિબ કર્તાનામ હોવાનું થોડુંક શંકાસ્પદ છે. એમની 'સંગ્રહણીવિચાર-ચોપાઈ'ની ર.ઈ.૧૬૨૨ (સં. ૧૬૭૮) આપવામાં આવી છે તે લે.ઈ.૧૬૧૯ (સં. ૧૬૭૫) સાથે વિસંગતિ ઊભી કરે છે. તે ઉપરાંત 'રચનાસંવતદર્શક શબ્દો "કલા ઉદધિ વાન અન વિત્ત"નો અર્થ પણ સંદિગ્ધ છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાંકળેશ્વર : જુઓ સકલેશ્વર.

સાંગુ/સાંગો : સાંગુને નામે 'કાગરસ-કોસલ' (લે.ઈ.૧૫૩૯) અને સાંગોને નામે ૨૪ કડીની 'સુભદ્રાસતીની સઝાય' કૃતિ મળે છે. તેમના કર્તા કયા સાંગુ/સાંગો છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકેટલૉગભીંજે. [ક્રા.ત્રિ.]

'સાંબપ્રદ્યુમ્ન-ચોપાઈ/પ્રબંધ/રાસ' [૨. ઈ. ૧૬૦૩/સં. ૧૬૫૯, આસો સુદ ૧૦] : ખરતરગચ્છના જૈન સાધુ. સકલચંદ્રશિષ્ય સમયસુંદરની ૨ ખંડ, ૨૧ ઢાળ ને દુહા સાથે મળી કુલ ૮૦૦ કડીની રાસકૃતિ. પોતાની આ પહેલી રાસકૃતિમાં કવિએ જૈન આગમોમાંની સાંબપ્રદ્યુમ્નની સંક્ષિપ્ત કથાને આગવી રીતે વિકસાવી છે.

કર્મપુનર્જન્મના સિદ્ધાંતનું મહત્ત્વ કરવા રચાયેલા આ રાસમાં કૃષ્ણના બે પુત્રો સાંબ અને પ્રદ્યુમ્નના સ્નેહ અને પરાક્રમની અદ્‌ભુત રસવાળી કથા આલેખાઈ છે. કથાના પૂર્વાર્ધમાં કૃષ્ણના રુકિમણીથી જન્મેલા પુત્ર પ્રદ્યુમ્નનાં સાહસપરાક્રમની વાર્તા છે. કૃષ્ણના ધૂમકેતુ સાથેના વેરને લીધે પ્રદ્યુમ્નનું જન્મતાંની સાથે અપહરણ, વિદ્યાધર કાલસંવર અને તેની પત્ની કનકમાલાને હાથે પ્રદ્યુમ્નનો ઉછેર, પ્રદ્યુમ્નની તેજસ્વિતા જોઈ એના તરફ આકર્ષાયેલી કનકમાલા, કાલસંવર અને પ્રદ્યુમ્ન વચ્ચે યુદ્ધ, રુકિમણીની માનહાનિ થતી અટકાવવા પ્રદ્યુમ્નના સાહસ ને પરાક્રમો વગેરે પૂર્વાર્ધના મુખ્ય કથાંશો છે. એમાં પ્રદ્યુમ્ન સત્યભામાને કેવી યુકિતથી છેતરે છે એ હાસ્યરસિક પ્રસંગ કવિએ સારી રીતે ખીલવ્યો છે. કૃતિના ઉત્તરાર્ધમાં પ્રદ્યુમ્નની યુકિતથી સત્યભામાને બદલે જાંબવતીને તેજસ્વી પુત્ર સાંબની પ્રાપ્તિ, સાંબને એની ઉદ્દંડતાને કારણે કૃષ્ણ દ્વારામતીની બહાર કાઢે છે ત્યારે પદ્યુમ્ને સાંબને કરેલી મદદ તથા ઘણાં વરસો પછી નેમિનાથ ભગવાન પાસે બંને ભાઈઓએ લીધેલી દીક્ષા એ મુખ્ય ઘટનાઓ આલેખાય છે. દ્વારિકા નગરી, રુકિમણીવિલાપ, પ્રદ્યુમ્નનો નગરપ્રવેશ વગેરે વર્ણનો કૃતિમાં ધ્યાન ખેંચે છે. [જ.ગા.]

સાવંત(ઋષિ)[ઈ. ૧૮૨૯માં હયાત] : જૈન સાધુ. વિનયચંદ્રના શિષ્ય. ૬ ઢાળની ગુણમાલાસતી ષટઢાલ' (૨.ઈ. ૧૮૨૯/સં. ૧૮૮૫, મહા સુદ ૧૩)ના કર્તા. સમયને કારણે આ કવિ અને કવિ સાંવતરામ એક હોવાની સંભાવના છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સાંવતરામ(ઋષિ) [ઈ. ૧૯મી સદી] : જૈન સાધુ. ૧૦૦૦ ગ્રંથાગ્રની 'મદનકુમાર/મદનસેન-ચોપાઈ' (૨.ઈ. ૧૮૩૯/સં. ૧૮૯૫,ફાગણ સુદ ૭) તથા 'સતીવિચરણ-ચોઢાલિયું' (૨.ઈ. ૧૮૫૧/સં. ૧૯૦૭, ચૈત્ર વદ ૭) એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. જૈહાપ્રોસ્ટા; ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

સિદ્ધ [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. હેમનંદનના શિષ્ય. 'પ્રીતિ-છત્રીસી' (લે.સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૫૨–'કતિપય આવશ્યકીય સંશોધન', અગરચંદ નાહટા. [કી.જો.]

સિદ્ધવિજય : જુઓ સિદ્ધિવિજય–૧.

સિદ્ધાંતરત્ન [ ] : જૈન સાધુ. ૨૧ કડીની 'સ્યાદવાદમતિ-સઝાય'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સિદ્ધાંતસાર [ઈ. ૧૫૧૪માં હયાત] : જૈન સાધુ. સોમવિજયસૂરિની પરંપરામાં ઈન્દ્રનંદિસૂરિના શિષ્ય. 'સપ્તચત્વારિંશત-બાલાવબોધ' તથા સંસ્કૃત કૃતિ 'દર્શનરત્નાકર' (૨.ઈ. ૧૫૧૪)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. મુપુગૂહસૂચી. [કી.જો.]

સિદ્ધિ(સૂરિ) : : આ નામે વસ્તુ અને ભાસમાં રચાયેલી, સ્થાનિક ઈતિહાસ અને ભૂગોળની માહિતી આપતી હોવાને કારણે નોંધપાત્ર બનતી ૬૦ કડીની 'પાટણચૈત્યપરિપાટી'(મુ.) મળે છે. કાવ્યાંતે 'છિહુત્તરવરસઈ' એવા સમયદર્શક શબ્દો મળે છે. એને આધારે કૃતિ સં. ૧૪૭૬ કે સં. ૧૫૭૬માં રચાઈ હોવાનું અનુમાન થયું છે. આ સિદ્ધિસૂરિ કયા તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : સંબોધિ, ૧૯૭૫-૭૬–'સિદ્ધિસૂરિકૃત પાટણ-ચૈત્યપરિપાટી (સં. ૧૫૭૬)', ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. ઈતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૬૬–'શ્રી પંચાસરા પાર્શ્વનાથ મંદિર વિશેના કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો; ☐ ૨. જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

સિદ્ધિ(સૂરિ)–૧ [ઈ.૧૬મી સદી મધ્યભાગ] : બિવંદણિકગચ્છના જૈન સાધુ. દેવગુપ્તસૂરિની પરંપરામાં જયસાગરના શિષ્ય. ૨૧૪૫ કડીની 'સિંહાસન-બત્રીસી/કથારસ-ચોપાઈ' (૨.ઈ.૧૫૫૦/સં. ૧૬૧૬, વૈશાખ વદ ૩, રવિવાર; 'સિંહાસન-બત્રીસી'માંનું એક ફાગુકાવ્ય મુ.), ૫૨૩ કડીની શાંતિનાથચરિતમાંથી લેવાયેલી કથાને આધારે રચાયેલી 'અમરદત્ત મિત્રાણંદ-રાસ' (૨.ઈ.૧૫૫૦/સં. ૧૬૧૬, વૈશાખ વદ ૪, રવિવાર), 'કુલધ્વજકુમાર-રાસ' (૨.ઈ. ૧૫૬૨/સં. ૧૬૧૮, શ્રાવણ વદ ૮, રવિવાર) તથા 'શિવદત્ત-રાસ/પ્રાપ્તવ્યક (પ્રાપ્તિઆ)નો રાસ' (૨.ઈ. ૧૫૬૭/સં. ૧૬૨૩, ચૈત્ર સુદ ૬, રવિવાર) એ કૃતિઓના કર્તા.

કૃતિ : *ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ, દીપોત્સવી અંક, ૨૦૧૨–'સિદ્ધિસૂરિકૃત સિંહાસનબત્રીસીમાંનું એક ફાગુકાવ્ય', સં. ભોગીલાલ સાંડેસરા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. પાંગુહસ્તલેખો; ૫. મરાસસાહિત્ય; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. મુપુગૂહસૂચી; ૮. રાહસૂચી : ૧; ૯. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

'સિદ્ધિખંડન' : જ્ઞાની કવિ બાપુસાહેબ ગાયકવાડની ઉદ્‌બોધન શૈલીમાં રચાયેલી ૨૦ કાફીઓની આ કૃતિ(મુ.)ના પ્રારંભમાં કવિ અજ્ઞાન રૂપી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંધકારમાંથી જ્ઞાન રૂપી પ્રકાશ તરફ જવા માટે સાચા ગુરુની સેવા કરવાની શિખામણ આપે છે. અને બાકીની કાફીઓમાં યોગીઓએ સિદ્ધ કરેલી અણિમા, ગરિમા, મહિમા, દૂરદર્શન, દૂરશ્રવણ વગેરે ૧૮ સિદ્ધિઓ ગર્વને વધારતી હોઈ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાય રૂપ જ બને છે એમ કહે છે. દૃષ્ટાંતોથી કવિએ પોતાની વાતને સમર્થિત તો કરી છે, પરંતુ એમનું વક્તવ્ય ચોટદાર ઓછું બની શક્યું છે. [દે.દ.]

સિદ્ધિચંદ્ર(ગણિ) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. ભાનુચંદ્રના શિષ્ય. સિદ્ધિચંદ્ર(ગણિ) અકબર (ઈ. ૧૫૦૬ રાજ્યારોહણ-સમય)ના સમકાલીન હતા. ફારસી અને યાવની ભાષાના તેઓ અભ્યાસી હતા. તેમણે અકબરને એ બંને ભાષા શીખવી હતી. તેમની આ પ્રતિભાથી અકબરે તેમને 'ખુસફહમ'નો ઈલ્કાબ આપ્યો હતો.

મંદબુદ્ધિના મનુષ્યો જાણી શકે એ હેતુથી બાણની કાદંબરીનો સરળ ને પ્રવાહી ભાષામાં સંક્ષિપ્ત કથાનુવાદ આપતી 'સંક્ષિપ્ત ગુજરાતી કાદંબરી કથાનક'←(વિ.ઈ.૧૬૯૧; મુ.)કવિની વિશિષ્ટ રચના છે. ચાર કડીનું ટૂંકું પણ છટાદાર ચોમાસીકાવ્ય 'નેમિનાથ ચતુર્માસિકમ્'(મુ.) એ પણ કવિએ રચ્યું છે. 'ધાતુમંજરી', 'ભક્તામરઅનેકાર્થનામમાલા', 'શોભન-સ્તુતિ', 'કાદંબરી-ઉત્તરાર્ધ' વગેરે ગ્રંથો પર સંસ્કૃતમાં ટીકાઓ તેમણે લખી છે.

સિદ્ધિચંદ્રના નામથી હિન્દીમિશ્રા ચારણી ભાષાની છાપવાળા ૧-૧ કડીના બે છપ્પા(મુ.) મળે છે તે આ જ સિદ્ધિચંદ્રના હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો (પદ્યવિભાગ), મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૫૪; ૨. શનીશ્વરની ચોપાઈ આદિક લઘુ ગ્રંથોના સંગ્રહનું પુસ્તક, ભીમસિંહ માણેક, ઈ. ૧૯૨૨ (ત્રીજી આ.); ☐ ૩. પુરાતત્ત્વ, અશ્વિન ૧૯૮૩–'સંક્ષિપ્ત ગુજરાતી 'કાદંબરી'-કથાનક', જિનવિજય; ૪. ફાલ્ગુનૌમાસિક, જાન્યુ. જૂન ૧૯૭૩–'સંક્ષિપ્ત ગુજરાતી 'કાદંબરી કથાનક', સં. ભૂપેન્દ્ર ત્રિવેદી.

સંદર્ભ : ૧. ઔરાસંગ્રહ : ૩ (પ્રસ્તા.); ૨. જૈસાઈતિહાસ. [કી.જો.]

સિદ્ધિવિજય–૧/સિદ્ધવિજય [ઈ. ૧૬૫૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં ભાવવિજયના શિષ્ય. ૭ ઢાલ અને ૧૦૧/૧૧૨ કડીનું 'નિગોદદુઃખગર્ભિત સીમંધર જિન-સ્તવન/વિનતિ' (ર.ઈ. ૧૬૫૭/સં. ૧૭૧૩–સુદ ૭; મુ.), 'મહાવીર-સ્તવન' (ર.ઈ. ૧૬૫૭), ૮ કડીનું 'ઋષભદેવસ્વામીનું ચૈત્યવંદન' (મુ.), ૭૯ કડીનું 'નેમિજિન-સ્તવન', ૧૭ કડીની 'સ્થૂલિભદ્રની સઝાય' તથા ૧૦ કડીની 'હીરવિજયસૂરિ-સઝાય'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. ઔસમાલા : ૧; ૨. જિનગુણ પદ્યાવળી, પ્ર. વેણીચંદ સુ. શાહ, ઈ. ૧૯૨૫ (બીજી આ.); ૩. પ્રાવિસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સિદ્ધિવિજયશિષ્ય [ ] : જૈન. ૮ કડીના 'સિદ્ધાચલ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સિદ્ધિવિલાસ [ઈ. ૧૭૪૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. 'શીલ-રાસ' (ર.ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦, ચૈત્ર સુદ ૧૦)ના કર્તા.

આ નામે 'ચોવીસી' (ર.ઈ. ૧૭૪૦/સં. ૧૭૯૬, માઘ સુદ ૧૦) અને 'નેમિરાજુલ-ગીત'(ર.ઈ. ૧૭૦૭/સં. ૧૭૬૩, ફાગણ સુદ ૧૩; મુ. – સ્વલિખિત પ્રત) મળે છે એ સમયદૃષ્ટિએ પ્રસ્તુત કર્તાની હોવા સંભવ છે.

કૃતિ : જૈનયુગ, ફાગણ-ચૈત્ર ૧૯૮૩–'પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન', સં. મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', સં. અગરચંદ નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

સિંઘકુલ : જુઓ સિંહકુશલ.

'સિંઘલસી-ચરિત્ર' [ર.ઈ. ૧૪૬૩] : પૂર્ણિમાગચ્છના સાધુ રત્નસૂરિના શિષ્ય મલયચંદ્રની દુહા-ચોપાઈબંધની ૨૨૦ કડીમાં રચાયેલી આ પદ્યવાર્તા(મુ.)માં સિંહલદ્વીપનો રાજપુત્ર સિંહલસિંહ પોતાનાં શકિત ને પરાક્રમથી ધનવતી, રત્નાવલી, રૂપવતી અને કુસુમવતી એ ચાર સ્ત્રીઓને કેવી રીતે પરણી લાવે છે એની કથા છે. વાર્તાનું માળખું ભ્રમણકથાનું છે. સિંહલસિંહના રૂપથી મોહવશ બનતી નગરસ્ત્રીઓને લીધે સિંહલસિંહને ભોગવવો પડેલો દેશવટો, સમુદ્રયાત્રામાં સિંહલસિંહ અને ધનવતીનું વિખૂટા પડવું, ઊડતી ખાટ, અક્ષયપાત્ર અને સર્પદંશે વિરૂપતા તથા પુનઃસ્વરૂપપ્રાપ્તિ આ કૃતિના ધ્યાનાર્હ કથાંશો છે. સાહસ, શૌર્ય તથા ચમત્કારયુકત આ કથામાં કથાનિરૂપણ તરફ કવિનું જેટલું લક્ષ્ય છે તેટલું ભવનિરૂપણ કે વર્ણન તરફ નથી, તો પણ વહાણ ઊપડતી વખતનું વર્ણન, તોફાનનું વર્ણન કે રત્નપુરમાં પ્રવેશ વખતનાં વર્ણનોમાં કવિની કવિત્વશકિતનો કેટલોક પરિચય મળે છે. વહાણવટાને લગતા કેટલાક શબ્દોનો પ્રયોગ પણ ધ્યાન ખેંચે છે. [ભા.વૈ.]

સિંઘવિજય : જુઓ સંઘવિજય–૨.

સિંઘરાજ [ઈ. ૧૫૫૭માં હયાત] : જૈન. ૧૯૩ કડીની 'પાટણચૈત્ય-પરિપાટી' (ર.ઈ. ૧૫૫૭)ના કર્તા.

સંદર્ભ : ૧. ઇતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૬૬–'શ્રી પંચાસરા પાર્શ્વનાથના મંદિર વિશેના કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો'; ☐ ૨. સંબોધિ, ઈ.૧૯૭૫'૭૬–'સિદ્ધિસૂરિ-કૃત પાટણ-ચૈત્યપરિપાટી', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [૨.૨.દ.]

સિંહ [ઈ. ૧૭૨૫માં હયાત] : જૈન સાધુ. કનકપ્રિયના શિષ્ય. ૧૪૭ કડીના 'શાલિભદ્ર-શલોકો' (ર.ઈ.૧૭૨૫; મુ)ના કર્તા.

કૃતિ : *રત્નસાગર–.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. પ્રાકારૂપરંપરા; ☐ ૩. જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

સિંહકુલ–૧ [ઈ. ૧૪૯૪માં હયાત] : બિવંદણિકગચ્છના જૈન સાધુ. દેવગુપ્તસૂરિના શિષ્ય. 'મુનિપતિરાજર્ષિ-ચરિત્ર' (ર.ઈ. ૧૪૯૪/સં. ૧૫૫૦, વૈશાખ વદ ૭, રવિવાર)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [ર.ર.દ.]

સિંહકુલ–૨ : જુઓ સિંહકુશલ.

સિંહકુશલ/સંઘકુલ/સિંઘકુલ/સિંહકુલ [ઈ. ૧૫૦૪માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં જ્ઞાનશીલના શિષ્ય. ૧૭૨ કડીની 'નંદ-બત્રીશી' (ર.ઈ.૧૫૦૪; મુ.), ૪૨ કડીની 'સ્વપ્ન બહોતેરી/સ્વપ્નવિચાર-ચોપાઈ/સ્વપ્નાધ્યાય' (ર.ઈ. ૧૫૦૪; મુ.), 'પંચદંડ-ચોપાઈ' (ર.ઈ. ૧૫૦૪) તથા ગુરુ, અધ્યાત્મ, જીવદયા, નેમિનાથ અને શીલ પરનાં ૧૫ ગીતોના કર્તા. 'નંદ-બત્રીશી' ભૂલથી હેમવિમલસૂરિને નામે મુદ્રિત થઈ છે.

કૃતિ : ૧. સમાધિશતકમ્, સં. વી. પી. સિંધી, ઈ. ૧૯૧૬; ☐ ૨. બુદ્ધિપ્રકાશ, મે ૧૯૧૬–'હેમવિમલસૂરિરચિત નંદબત્રીસી'.

સંદર્ભ : ૧. ઈતિહાસની કેડી, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ.૧૯૪૫; ૨. કવિચરિત : ૧-૨; ૩. ગુસાઈતિહાસ : ૨; ૪. ગુસામધ્ય; ૫. ગુસારસ્વતો; ૬. જૈન સત્યપ્રકાશ, જાન્યુ., ફેબ્રુ., માર્ચ ૧૯૪૪–'વિક્રમાદિત્ય સંબંધી જૈન સાહિત્ય', અગરચંદ નાહટા; ☐ ૭. જૈગૂકવિઓ : ૧, ૩ (૧); ૮. ડિકૅટલૉગ માવિ; ૯. મુપુગૂહસૂચી; ૧૦. લીંહસૂચી; ૧૧. હેજ્ઞૈસૂચિ : ૧. [ર.ર.દ.]

સિંહદત્ત(સૂરિ) [ઈ. ૧૫૨૬ સુધીમાં] : આગમગચ્છના જૈન સાધુ. 'સ્થૂલિભદ્ર-રાસ' (લે. ઈ. ૧૫૨૬)ના કર્તા.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; ☐ ૨. ત્રૈમાસિક, જાન્યુ.-જૂન ૧૯૭૩–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસન્દોહ', હીરાલાલ ર. કાપડિયા; ૩. જૈગૂકવિઓ : ૩(૨). [શ્રા.ત્રિ.]

સિંહદાસ (લઘુ) [ ] : 'હરિશ્ચંદ્રાખ્યાન'ના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ફોંહનામાવલિ. [કી.જો.]

સિંહપ્રમોદ [ઈ. ૧૬૧૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સોમવિમલસૂરિની પરંપરામાં વિવેકપ્રમોદના શિષ્ય. લક્ષ્મીપ્રમોદના ગુરુબંધુ. 'વૈતાલ-પચીસી' (ર.ઈ. ૧૬૧૬/સં. ૧૬૭૨, પોષ સુદ ૨, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ: ૩(૧). [ર.ર.દ.]

'સિંહલ-સુતપ્રિયમેલક-રાસ' [ર. ઈ. ૧૬૧૬] : ખરતરગચ્છના જૈન સાધુ સકલચંદ્રશિષ્ય સમયસુંદરની ૧૧ ઢાળ ને ૨૩૦ કડીની રાસકૃતિ(મુ.). 'પ્રિયમેલક' એટલે પ્રિયજનનું મિલન કરાવી આપવાનું સ્થળ. એટલે કવિએ એને 'પ્રિયમેલકતીર્થ-ચોપાઈ' તરીકે પણ ઓળખાવી છે. દાનનો મહિમા કરવાના હેતુથી રચાયેલા આ રાસની કથા લોકકથા પર આધારિત છે. સિંહલદ્વીપનો રાજકુમાર પોતાના પરાક્રમોથી ધનવતી, રત્નવતી, રૂપવતી અને કુસુમવતી સાથે કેવી રીતે પરણે છે, છૂટો પડી જાય છે અને આખરે ચારેને પ્રિયમેલક સ્થાનમાં પ્રાપ્ત કરે છે એની અદ્‌ભુત રસિક કથા એમાં આલેખાઈ છે. સિંહલસુત, કન્યાઓ ઇત્યાદિનાં પાત્ર-વર્ણનો કે વસંતઋતુના વર્ણનમાં કવિની શક્તિ ધ્યાન ખેંચે છે. [જ.ગા.]

સિંહવિજય–૧ : જુઓ સંઘવિજય.

સિંહવિજય–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં વિજયરત્નસૂરિના શિષ્ય. ૧૬ કડીના 'કુંભલમેર-યાત્રાકરણ-સ્તવન' (લે.સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

સિંહવિનય [ઈ. ૧૬૧૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. શિવનિધાનના શિષ્ય. 'ઉત્તરાધ્યયન-ગીત' (ર.ઈ. ૧૬૧૯/સં. ૧૬૭૫, શ્રાવણ વદ ૮)ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [ર.ર.દ.]

સિંહવિમલ [ઈ. ૧૭૬૦ સુધીમાં] : સંભવતઃ તપગચ્છના જૈન સાધુ. ૧૭/૨૦ કડીની 'અનાથીઋષિ-સઝાય' (લે. ઈ. ૧૭૬૦) તથા ૨૩ કડીની 'મૃગાપુત્ર-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. મોસસંગ્રહ; ૨. સસંપમાહાત્મ્ય.

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪ હેજ્ઞૈસૂચિ : ૧. [ર.ર.દ.]

સિંહસૌભાગ્ય [ ] : જૈન સાધુ. સૂરસૌભાગ્યના શિષ્ય. ૩૫/૩૬ કડીની 'ગુજસુકુમાલની સઝાય' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(ન); ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

'સિંહાસનબત્રીસી'–૧ [ર.ઈ. ૧૪૬૩] : પૂર્ણિમાગચ્છના સાધુ રત્નસૂરિના શિષ્ય મલયચંદ્રની ચોપાઈબંધની ૩૭૪ કડીની, ગુજરાતીમાં આ વિષય પર ઉપલબ્ધ પહેલી, આ પદ્યવાર્તા(મુ.) ક્ષેમંકરની 'સિંહાસનદ્વાત્રિંશિકા' એ સંસ્કૃત કૃતિને આધારે રચાયેલી છે. પ્રારંભની ૬૦ કડીમાં કૃપણ બ્રાહ્મણની કથા, સિંહાસનની ઉત્પત્તિ, પ્રાપ્તિ અને તેની પ્રતિષ્ઠાવિધિ, ભર્તૃહરિના આમરફળ અને વિક્રમની રાજ્યપ્રાપ્તિ જેવા પ્રસંગોને આલેખી પછી સંક્ષેપમાં બત્રીસે પૂતળીની કથા કવિ કહી જાય છે. એટલે વાર્તાકથન સિવાય કવિની કવિત્વશક્તિનો બીજો ઉન્મેષ અહીં જોવા નથી મળતો. કૃતિની ભાષા કવિનું સંસ્કૃત પરનું પ્રભુત્વ પ્રગટ કરે છે. [ભા.વૈ.]

'સિંહાસનબત્રીસી'–૨ [ઈ. ૧૭૨૧–૧૭૪૫ દરમ્યાન] : શામળ ભટ્ટે પોતાની આ રચના(મુ.)ની ૧૫ વાર્તાઓ ઈ.૧૭૨૧-૨૯નાં વર્ષોમાં અમદાવાદમાં રચી ને બાકીની ૧૭ વાર્તાઓ સિંહુજમાં રહી પૂરી કરી હતી.

શામળની આ કૃતિ આ જ વિષયની પુરોગામી જૈન કૃતિઓ કરતાં વધુ વિસ્તૃત અને રસમય બની છે. 'પંચદંડ'નું વાર્તાપંચક તથા 'વેતાલ-પચીસી'ની ૨૫ વાર્તાઓ આ કૃતિની અનુક્રમે પાંચમી અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૨મી વાર્તા તરીકે શામળે ભેળવી દીધાનું એ પરિણામ છે. આ બેઉ વાર્તાગુચ્છોને અહીં ભેળવી દેવાનું કારણ એમાં પણ કેન્દ્રમાં રહેલું 'વિક્રમચરિત્ર' હોય. પૂતળીઓનાં નામ તથા તેમણે કહેલી વાર્તાઓનું વસ્તુ મૂળ સંસ્કૃત લોકકથા કરતાં ઠીકઠીક ભિન્નતા દેખાડે છે, જે શામળની સ્વકીય કલ્પનાનું ફળ કહેવાય. કૃષિકારનો મહિમા દર્શાવવા લખાયેલી મૌલિક ૧૯મી ભાભારામની વાર્તા કવિએ પોતાના આશ્રયદાતા રખીદાસનું ઋણ ફેડવા રચી હોય. એ રીતે કૃતિની પ્રાસ્તાવિક કથા રૂપે આવતી ચમત્કારી ટીંબાની વાર્તા પણ શામળે પરંપરાપ્રાપ્ત પુરોગામી રચનામાં પોતે કરેલો રસપ્રદ ઉમેરો છે. આમ છતાં આ કૃતિમાં તેમના સમયની તેમ પૂર્વકાલની દંતકથાઓ, વિક્રમ સંબંધી વાર્તાઓ, ભોજપ્રબંધ આદિ પ્રબંધો, જૈન અને બ્રાહ્મણ કથાઓ શામળને સારા પ્રમાણમાં કામ લાગી છે અને તેથી 'સંસ્કૃતમાંથી શોધિયું, પ્રાકૃત કીધું પૂર' એ કવિની પંક્તિને કૃતિ સાચી ઠેરવે છે.

ચમત્કારી ટીંબામાંથી મળેલા સિંહાસન પર ભોજરાજા બેસવા જાય ત્યાં સિંહાસન પર જડેલી બત્રીસમાંની એક પૂતળી ભોજને તેના પ્રતાપી પૂર્વજ વીર વિક્રમના પરદુ:ખભંજક પરાક્રમનો એક પ્રસંગ કહી સંભળાવી તેના જેવા ગુણવાનનો જ એ સિંહાસન પર બેસવાનો અધિકાર છે એમ કહી આકાશમાં ઊડી જાય એ રીતે આખું વાર્તાચક્ર મુકાયું છે. એ રીતે કૃતિમાં કહેવાયેલી ૩૨ વાર્તાઓ આ પ્રમાણે છે: હરણ, વિપ્ર, કમળ, સિંહલદેશની પદ્મિની, પંચદંડ, અબોલા રાણી, નાપિક, ધનવંતરી શેઠ, હંસ, ગર્ધવસેન, કલશ, વિક્રમચરિત્ર, સમુદ્ર, નૌકા, મેના-પોપટ, કાષ્ઠનો ઘોડો, પંખી, વહાણ, ભાભારામ, વેતાળ ભાટ, કામધેનુ, પાન, ભટ્ટાભામિની, ગોટકો, જોગણી, માધવાનલ-કામકંદલા, લક્ષ્મબુદ્ધિ, શુક-સારિકા, સ્ત્રીચરિત્ર, ભરથરી ભૂપ, રૂપાવતી અને વેતાલપચીસી.

આ વાર્તાચક્રનો નાયક લોકકલ્પનામાં વસી ગયેલો વીર વિક્રમ છે. વાર્તાઓનું પ્રયોજન વિક્રમમહિમાનું છે તો એનો પ્રધાન રસ અદ્‌ભુત છે. આ વાર્તાઓની સૃષ્ટિ ભોળી મધ્યકાલીન લોકકલ્પનાને મુગ્ધ કરી ખેંચી રાખે એવી છે. એની બહુરંગી પાત્રસૃષ્ટિમાં રાજાઓ, પ્રધાનો, રાજકુંવરીઓ, બ્રાહ્મણો, ગણિકા, ધાંચણ આદિ માનવપાત્રો સાથે દેવદેવીઓ, જોગણીઓ, વેતાળ આદિ માનવેતર અને નાગ, પોપટ, હંસ જેવાં તિર્યગ્‌યોનિનાં પાત્રો હોય છે. મંત્રતંત્ર, અઘોર સાધના, પાતાળગમન, આકાશવિહાર, અદર્શનવિદ્યા, મૃતસંજીવન, પૂર્વજન્મસ્મૃતિ, પરકાયાપ્રવેશ, જાદુઈ દંડ વગેરેનો યથેચ્છ ઉપયોગ થયો છે. રૂપવતી ને નાયિકાની વાર્તાઓમાં સમસ્યાનો ચાતુરી-વિનોદ પણ શામળે પીરસ્યો છે. કેટલાંક સ્ત્રીપાત્રો વિક્રમ સિવાયનાં પુરુષપાત્રોને ઝાંખાં પાડી દે તેવાં છે. [અ.રા.]

'સિંહાસનબત્રીસી–ચોપાઈ' : ૩ ખંડ અને ૧૦૩૪ કડીની વીરચંદ્રશિષ્ય જ્ઞાનચંદ્રની આ કૃતિ આ વિષયની જૈન કૃતિઓમાં સવિશેષ નોંધપાત્ર છે. એમાં ચીવટભર્યાં ને ક્રમબદ્ધ વીગતકથનથી વાર્તાપ્રવાહને હાનિ કર્યા વગર ઇન્દ્રસભા, નગરકોટ, સ્ત્રીસૌંદર્ય આદિનાં વર્ણનો, સત્કર્મોનાં ફલ જેવા વિષયોની સૂક્તિઓ તથા તત્કાલીન સામાજિક આચારવિચારોની ગૂંથણી કવિએ કરી છે. આ તત્ત્વોથી કૃતિને પ્રસ્તાર મળ્યો છે પરંતુ એ એકંદરે રસાવહ નિવડ્યો છે, કેમ કે કવિ પાસે અલંકાર અને પદ્યબંધની ધ્યાન ખેંચે એવી ક્ષમતા છે. સુભાષિતો પણ ઉપમાદિ અલંકારોથી સચોટતા પામે છે ને પ્રાસ, વર્ણસગાઈ ઉપરાંત ચારણી શૈલીની ઝડઝમક પણ કવિ પ્રયોજે છે. કવિએ ઉપયોગમાં લીધેલા છંદોમાં વૈવિધ્ય છે. એમાં દુહા, ચોપાઈ, ગાથા, વસ્તુ ઉપરાંત ત્રિભંગી ને સારસી જેવા ચારણી છંદો પણ છે. [કા.શા.]

'સીતારામ-ચોપાઈ' : ખરતરગચ્છના સકલચંદ્રશિષ્ય સમયસુંદરની ૯ ખંડ, ૬૩ ઢાળ ને ૨૪૧૭ કડીમાં રચાયેલી આ રાસકૃતિ(મુ.) કવિની સર્વોત્તમ રચના છે. કૃતિને અંતે રચનાવર્ષનો નિર્દેશ નથી, પરંતુ અન્ય પ્રમાણો પરથી કવિએ કૃતિની રચના ઈ. ૧૬૨૧થી ઈ. ૧૬૨૪ દરમ્યાન કરી હોય એમ લાગે છે. મુખ્યત્વે પ્રાકૃત કવિ 'સીયાચરિઉ' અને કંઈક અંશે 'પઉમચરિય'ને આધાર રૂપે લઈ રચાયેલી આ કૃતિમાં જૈનપરંપરામાં પ્રચલિત રામકથાને કવિએ અહીં આલેખી છે. આમ તો શીલનો મહિમા વર્ણવવાનું કવિનું પ્રયોજન છે, પરંતુ સાધુજનને માથે મિથ્યા કલંક ચડાવવાનું કેવું ફળ મનુષ્યે ભોગવવું પડે છે એ પ્રયોજન પણ એમાં ભળ્યું છે. એટલે કૃતિના આરંભમાં કવિએ સીતાના વેગવતી તરીકેના પૂર્વજન્મની કથા આલેખી છે.

જૈનપરંપરાની રામકથાને અનુસરવાને લીધે વાલ્મીકિકૃત રામાયણની કથા કરતાં ઘણી જગ્યાએ પ્રસંગનિરૂપણ બદલાયું છે. જેમ કે ભામંડલની સીતા સાથે લગ્ન કરવાની ઇચ્છા, પરંતુ સીતાની સગાઈ રામ સાથે થઈ ગઈ એની ખબર પડતાં વિદ્યાધરોમાં વ્યાપેલો રોષ, દેવોએ આપેલા ધનુષ્યને જો રામ ઊંચકે તો જ સીતા સાથે તે લગ્ન કરી શકશે એવી વિદ્યાધરોએ જનકરાજા પાસે મૂકેલી શરત, વનવાસગમન દરમ્યાન ભયાનક વર્ષાથી બચવા યક્ષે રામને માટે બનાવેલી નગરી, રામના અયોધ્યાગમન પછી ભરતે લીધેલી દીક્ષા, સીતાની શોકે સીતા પાસે રાવણના પગનું ચિત્ર દોરાવી સીતા રાવણને ચાહતી હતી એવી રામ પાસે અને પ્રજામાં વહેવડાવેલી વાત, વનમાં ગયેલી સીતાને વજ્રજંઘ રાજાએ આપેલ આશ્રય, અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલી સીતાને પુન: પટરાણી બનવા રામે કરેલી વિનંતિ ને સીતાએ એ વિનંતિનો અસ્વીકાર કરી લીધેલી દીક્ષા, ઇન્દ્રે લક્ષ્મણની રામ પરની પ્રીતિની પરીક્ષા કરવા જતાં લક્ષ્મણનું થયેલું મૃત્યુ વગેરે.

જૈનધર્મનો પ્રભાવ બતાવતી ને બોધાત્મક બનતી હોવા છતાં કવિએ વિવિધ રસોના નિરૂપણ તરફ લક્ષ આપ્યું હોવાને લીધે કૃતિ કાવ્યત્વની દૃષ્ટિએ પણ આસ્વાદ્ય બની છે. રામ-રાવણયુદ્ધ વખતે વીર ને ભયાનકનું નિરૂપણ, સીતાત્યાગ વખતે રામની વ્યથા કે લક્ષ્મણના મૃત્યુ વખતે એની રાણીઓનો કે રાવણવધ વખતે મન્દોદરીનો વિલાપ, સીતાના રૂપસૌંદર્યનું વર્ણન વગેરેમાં કવિની આ શક્તિ દેખાય છે. પોતાની અન્ય કૃતિઓની જેમ અહીં પણ પોતાના સમયની લોકપ્રચલિત કહેવતોને નિરૂપણમાં વણી લઈને કવિએ પોતાની અભિવ્યક્તિ અસરકારક બનાવી છે. જેમકે "ઊંઘતઈ બિછાણઉ લાધઉ, આહીંણઇ વૂઝાંણઉ બે". વિવિધ રાગની અનેક દેશીઓથી સધાતું ગેયત્વ કૃતિની બીજી ધ્યાન ખેંચતી લાક્ષણિકતા છે. [જ.ગા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સીતાહરણ' [ર.ઈ. ૧૪૭૦] : મુખ્યત્વે 'પવાડા'ને નામે ઓળખાવાયેલી સવૈયાની દેશી તેમ જ દુહાના ને ક્વચિત્ ચોપાઈ, છપ્પા ને ગીતના પદબંધનો વિનિયોગ કરતી કર્મણમંત્રીની ૪૯૫ કડીની આ આખ્યાનકૃતિ(મુ.)માં સીતાહરણના પ્રસંગને જ ઉપસાવવાનું લક્ષ્ય હોવાથી રામાયણના પહેલા અને છેલ્લા કાંડોની કથા એમણે જતી કરી છે અને બાકીનાનો ગૌણમુખ્યનો વિવેક કરીને સંક્ષેપ કર્યો છે. કથાપ્રવાહ વેગીલો છે. એથી વૃત્તાંત ક્યાંક અછડતું રહી જાય છે, પરંતુ કવિએ ભાવદર્શનની તક જતી કરી નથી. ભરતનો ભ્રાતૃપ્રેમ, રામની માનવોચિત લાગણી-વિવશતા તથા હનુમાન, રાવણ વગેરેના યુદ્ધોત્સાહનું અસરકારક આલેખન તેના દૃષ્ટાંત રૂપ છે. લક્ષ્મણ-શૂર્પણખાના પ્રસંગમાં કવિએ વિનોદનું આલેખન કરવાની પણ તક લીધેલી છે. હરિને હાથે મૃત્યુ માગવા મેં સીતાનું હરણ કરવાનો અપરાધ કર્યો—એમ કહેતો રાવણ તથા વાલિના વધ માટે રામને ઉપાલંભો આપતી તારા જેવાં કેટલાંક વ્યક્તિતત્વ-નિરૂપણો પણ આકર્ષક છે.

કવિએ લૌકિક ભાવોના આલેખનની તક લીધી છે તેમ પ્રસંગ-વિધાનમાં પણ લાક્ષણિક ફેરફાર કરેલા દેખાય છે. જેમ કે, કથાના આરંભમાં જ એવું આલેખન આવે છે કે દશરથનો અંગૂઠો દુ:ખતાં કૈકેયી એને મોંમાં લઈ દશરથને ઊંઘાડે છે અને એની પાસેથી વરદાન પામે છે. પ્રેમાનંદ પૂર્વે ગુજરાતી આખ્યાનપરંપરાના છેક આરંભકાળમાં કર્મણમંત્રીએ પૌરાણિક કથાવસ્તુને આપેલી આ લોકભોગ્ય માવજત ધ્યાન ખેંચે એવી છે.

ત્રિજટાને આવતા સ્વપ્નનું ગીત તથા સીતાહરણનાં ધોળ તરીકે ઓળખાવાયેલાં પણ વસ્તુત: લંકા પરના આક્રમણના ચાલુ પ્રસંગને જ વર્ણવતાં પાંચ ધોળ કૃતિના પદબંધમાં જુદી ભાત પાડે છે. કવિએ ઉદ્ધૃત કરેલા સંસ્કૃત સુભાષિતો કવિની સંસ્કૃતજ્ઞાનની પ્રતીતિ કરાવે છે. [ર.સો.]

સીહા/સીહુ [ઈ. ૧૪૭૯ સુધીમાં] : જૈન. ૧૮ કડીની **'જંબૂસ્વામી-વેલ'** (લે.ઈ. ૧૪૭૯/સં. ૧૫૩૫, વૈશાખ સુદ ૬; મુ.) તથા ૧૬ કડીની 'રહનેમિ-વેલિ' (લે.ઈ. ૧૪૭૯/સં. ૧૫૩૫, વૈશાખ સુદ ૬; મુ.) નામની કૃતિઓના કર્તા.

કૃતિ : જૈનયુગ, અષાઢ-શ્રાવણ ૧૯૮૬—'સં. ૧૫૩૫માં લખાયેલાં કાવ્યો',—.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ર.ર.દ.]

સુખ(સૂરિ) [ ] : જૈન સાધુ. ૪ કડીની 'આઠમની સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. દેસ્તસંગ્રહ; ૨. સસન્મિત્ર : ૨. [પા.માં.]

સુખચંદ્ર [ ] : જૈન. ૭ કડીના 'ચંદ્રપ્રભ-સ્તવન' અને ૫ કડીના 'નેમીશ્વર-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી. [પા.માં.]

સુખદેવ [ઈ. ૧૬૯૫ સુધીમાં] : ૧૨ કડીના 'નર્મદા-સ્તોત્ર' (લે. ઈ. ૧૬૯૫)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [કી.જો.]

સુખરત્ન [ ] : જૈન સાધુ. ૫ કડીના 'યશકુશલ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ. [પા.માં.]

સુખલાલ [ ] : જૈન. ૭ કડીના 'ચિંતામણી-પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સુખવિજય–૧ [ઈ. ૧૭૧૬માં હયાત] : જૈન સાધુ. દયાવિજયના શિષ્ય. ૨૨ કડીની '(આઠ ણું અલ્પબહુત્વવિચારગર્ભિત) મહાવીર-સ્તવન/જિન-સ્તવન' (ર.ઈ. ૧૭૧૬)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [પા.માં.]

સુખવિજય(પંડિત)–૨ [ ] : જૈન. પંડિત ઋદ્ધિવિજયના શિષ્ય. ૭ કડીની 'પરદેશી રાજાની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : આસસંગ્રહ. [પા.માં.]

સુખસાગર : આ નામે 'દશવિધયતિધર્મ-સઝાય' (લે. ઈ. ૧૭૫૦), 'કલ્પસૂત્રભાસ-ગહૂંલી' (લે. સં. ૧૯મી સદી અનુ.) તથા ૫૨ કડીની 'સાધુગુણમાલિકા' મળે છે તેમના કર્તા કયા સુખસાગર છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ ૧૯૪૬—'જૈસલમેર કે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૨. રાહસૂચી : ૨; ૩ હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સુખસાગર–૧ [ઈ. ૧૬૭૬માં હયાત] : જૈન સાધુ. કલ્યાણસાગરના શિષ્ય સુંદરસાગરના શિષ્ય. 'ઇન્દ્રભાનુપ્રિયારત્નસુંદરીસતી-ચોપાઈ' (ર.ઈ.૧૬૭૬/સં. ૧૭૩૨, ભાદરવા સુદ ૮, બુધવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૨. [પા.માં.]

સુખસાગર(કવિ)–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. દીપસાગરના શિષ્ય. ૪૨૯ કડીની 'કલ્પપ્રકાશ/દીપાલિકાકલ્પ પર બાલાવબોધ/સ્તબક'(ર.ઈ.૧૭૦૭), 'કલ્પસૂત્ર-બાલાવબોધ' (ર.ઈ. ૧૭૦૬), 'શ્રીપાલનરેન્દ્રચરિત્ર-બાલાવબોધ' (ર.ઈ. ૧૭૦૮), 'પાક્ષિક-સૂત્ર-બાલાવબોધ/સ્તબક' (ર.ઈ. ૧૭૧૭) 'ચોવીસી' (ર.ઈ. ૧૬૯૪), 'નવતત્ત્વ-બાલાવબોધ', ૩ ઢાલ અને ૪૫ કડીની ઈ.૧૭૨૧માં પ્રેમજી શાહે કરાવેલી શત્રુંજય તીર્થયાત્રાનું વર્ણન કરતી 'પ્રેમવિલાસ-રાસ'(મુ.), ૧૬ કડીના 'જ્ઞાનવિમલગુરુવર્ણન' અને 'સત્તરભેદીપૂજા-સ્તબક'ના કર્તા.

કૃતિ : સૂર્યપુર રાસમાળા, સં. કેશરીચંદ હી. ઝવેરી, ઈ. ૧૯૪૦.

સંદર્ભ : ૧. ગુસારસ્તો; ૨. જૈગૂસારત્નો : ૧ ૩. જૈગૂકવિઓ: ૨, ૩(૨); ૪. મુપુગૂહસૂચી; ૫. રાપુહસૂચી : ૫૧; ૬. લીંહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સુખસાગર–૩ [ઈ. ૧૭૧૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સત્યવિજયગણિ સંતાનીય. ૬ ઢાળના 'પંડિત શ્રી વૃદ્ધિ વિજયગણિ-નિર્વાણ-ભાસ/રાસ' (ર.ઈ.૧૭૧૩; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઔરાસંગ્રહ : ૩; ૨. જૈઐકાસંચય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઇતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૨; ૫. મુપુગૂહસૂચી. [પા.માં.]

સુખસાગર–૪ : જૂઓ સંતરામ મહારાજ.

સુખસુંદર [ઈ. ૧૭૦૯માં હયાત] : વડતપગચ્છના જૈન સાધુ. તેજરત્નની પરંપરામાં વિવેકસુંદરના શિષ્ય. ૯૫ કડીની 'શાશ્વતાશાશ્વતજિન-ચૈત્યપરિપાટી' (૨.ઈ. ૧૭૦૯)ના કર્તા.

સંદર્ભ : હેજજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

સુખા [ઈ. ૧૭૨૮ સુધીમાં] : 'અષાઢભૂતિ-રાસ' (લે. ઈ. ૧૭૨૮) અને 'કલ્યાણમંદિર' (લે. ઈ. ૧૭૨૮)ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, ડિસેમ્બર ૧૯૪૦–'બાલાપુર ત્યાં સુરક્ષિત જૈન સાહિત્ય', લે. મુનિરાજ શ્રી કાંતિસાગરજી. [કી.જો.]

સુખાનંદ [ઈ. ૧૬૯૦માં હયાત] : 'વહાલવિનોદ/રાસક્રીડા' (લે.ઈ. ૧૬૯૦), પદો તથા સવૈયાના કર્તા.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગબીજે. [કી.જો.]

સુગાલચંદ્ર [ઈ. ૧૭૩૬માં હયાત] : જૈન સાધુ. પ્રાકૃતમાં રચાયેલા શાંતિસૂરિકૃત 'જીવવિચારપ્રકરણ' ઉપરના સ્તબક (૨.ઈ. ૧૭૩૬)ના કર્તા.

સંદર્ભ : હેજજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સુજઉ : જુઓ સૂજી.

સુજાંણ [ઈ. ૧૭૭૬માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. ભીમના શિષ્ય. ૩૨ કડીની 'શિયલની સઝાય' (૨.ઈ.૧૭૭૬)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સુજો [ ] : ભજનો (૨ ગુજરાતી મુ. અને ૧૩ હિંદી. મુ.)ના કર્તા.

કૃતિ : બૃહત્ ભજનસાગર, સં. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તાંતિક અને દામોદર જ. ભટ્ટ, સં. ૧૯૬૫; ૨. ભસાસિંધુ. [કી.જો.]

સુજ્ઞાનસાગર–૧ [ઈ. ૧૭૬૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ચરિત્રસાગરની પરંપરામાં શ્યામસાગરના શિષ્ય. 'અધ્યાત્મનયેન ચતુર્વિંશતિજિન-સ્તવન/ચોવીસી' (૫ સ્તવન મુ.) અને ૬ ખંડ ને ૨૧૫૨ ગ્રંથાગ્રની 'ઢાલમંજરી/ઢાલસાગર/રામ-રાસ' (૨. ઈ. ૧૭૬૬/સં. ૧૮૨૨, માગશર સુદ ૧૨, રવિવાર) એ કૃતિઓના કર્તા. કવિની કૃતિઓમાં હિંદી-રાજસ્થાની ભાષાનું તત્ત્વ નોંધપાત્ર છે. સુજ્ઞાનસાગરની નામછાપવાળું હિંદી-રાજસ્થાની ભાષાનું ૬ કડીનું 'સમસ્યા બંધ-સ્તવન' મળે છે. તે આ કવિની કૃતિ હોવાનો સંભવ છે. આ કૃતિ ભૂલથી જ્ઞાનસાગરશિષ્યને નામે નોંધાયેલી છે. કવિનો ઉલ્લેખ જ્ઞાનસાગર તરીકે પણ ક્યાંક થયેલો છે.

કૃતિ : જૈગૂસારત્નો : ૨ (+સં.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. લીંહસૂચી. [કા.શા.]

સુજ્ઞાનસાગર–૨ [ઈ. ૧૭૮૪માં હયાત] : જૈન સાધુ. આગમસાગરના શિષ્ય. ૫ કડીનું 'શત્રુંજય-સ્તવન' (૨.ઈ. ૧૭૮૪) અને ૫ કડીનું 'વીર-સ્તવન' એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

'સુડતાળોકાળ' જુઓ 'પ્રેમપ્રકાશ',

સુદર્શન [ ] : જૈન સાધુ. સત્યવિજયના શિષ્ય. ૫ કડીની 'વીસ સ્થાનક તપની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. આનંદઘનકૃત ચોવીશી (અર્થયુકત તથા) વીશ સ્થાનક તપવિધિ, પ્ર. જૈન ધર્મ પ્રસારક સભા, સં. ૧૯૮૨; ૨. ચૈસ્તસંગ્રહ : ૩; ૩. પૂજાસંગ્રહ (અર્થ અને વિવેચન સહિત), પ્ર. ધીરજલાલ પા. શ્રોફના પત્ની ભનીબહેન, ઈ. ૧૯૩૬; ૪. જૈસમાલા(શા) : ૩.

સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

સુદામા [ ] : જ્ઞાતિએ બ્રાહ્મણ. ૨૪ કડીની 'કૃષ્ણરાધાનો રાસ/રાધાજીનો શલોકો' તથા હિંદીમાં રચાયેલી ૩૬ કડીની 'બાવનઅક્ષર/કક્કો/બારાખડી' (મુ.) એ કૃતિઓના કર્તા. તેઓ ઈ. ૧૮૬૧ પૂર્વે હયાત હોવાનું અનુમાન છે.

કૃતિ : ૧. બૃહત્ ભજનસાગર, સં. પંડિત કાર્તાંતિક અને દામોદર જ. ભટ્ટ, સં. ૧૯૬૫; ૨. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. ડિકૅટલૉગબીજે. [કી.જો.]

'સુદામાચરિત્ર/સુદામાજીના કેદારા' : ભાગવતની સુદામાકથાને ગુજરાતી કવિતામાં પહેલી વખત વિષય તરીકે લઈ પદમાળા રૂપે ઝૂલણાબંધમાં રચાયેલી નરસિંહ મહેતાની ૮ પદની આ કૃતિ(મુ.)માં મૂળ કથાના વિચારતત્ત્વને અનુસરવાનું વલણ વિશેષ છે.

ભાગવતની જેમ ઈશ્વરની ભક્તવત્સલતાનો મહિમા કરવો એ જ અહીં કવિનું લક્ષ્ય છે તો પણ આ કૃતિમાં સુદામાની સંકોચશીલતા અને કૃષ્ણસુદામાના મૈત્રીસંબંધને મૂળ કથા કરતાં વધારે ઉઠાવ મળ્યો છે. મુખ્યત્વે પાત્રોના ઉદ્ગાર રૂપે ચાલતી આ કૃતિમાં પાત્રના ભાવ અને વિચાર ઉપસાવવા તરફ કવિનું લક્ષ્ય વિશેષ ને કથનવર્ણન તરફ ઓછું છે, તો પણ 'અંગોઅંગ કમકમે, ધમણ મોંએ ધમે; ગ્રસિત ઝરવાળિયે નાક લોહતો' જેવી સુદામાના દેહને કે 'કનકની ભૂમિ ને વિદ્રુમના થાંભલા' જેવી સુદામાના ઘરની સમૃદ્ધિને આલેખતી ચિત્રાત્મક પંકિતઓમાં કવિની વર્ણનકૌશલની શકિત દેખાય છે.

૯ પદની વાચનાવાળી પણ આ કૃતિ મુદ્રિત સ્વરૂપે મળે છે, પરંતુ એમાં આઠમું પદ ક્ષેપક હોવાની માન્યતા સાચી જણાય છે. [જ.ગા.]

'સુદામાચરિત્ર' : ભાગવતના દશમસ્કંધના ૮૦-૮૧મા અધ્યાયોમાં નિરૂપાયેલી શ્રીકૃષ્ણના શાલેય મિત્ર શ્રીદામ (સુદામા)ની કથા પ્રેમાનંદે રસિક આખ્યાન રૂપે ખીલવી છે. ભારતની ઘણી ભાષાઓમાં અને ગુજરાતીમાં પણ અનેક કવિઓએ એ ગાઈ છે. સુદામાનો વેશ સારો ન હોઈ દક્ષિણની ભાષાઓમાં 'કુચેલ'–ઉપાખ્યાન તરકે તે ઉલ્લેખાઈ છે. ઋષિપત્ની પતિને શ્રીકૃષ્ણ પાસે દ્વારકા મોકલે છે, ભેટના તાંદુલની પોટકી છોડવા વખતે ઋષિ સંકોચ અનુભવે છે, શ્રીકૃષ્ણ મુલાકાતને અંતે પ્રત્યક્ષ કશું આપતા નથી, પોતાને ત્યાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાછા વળે છે ત્યારે ઋષિ ભાગ્યપલટો થયેલો જુએ છે—એ પ્રસંગો અને ઋષિના તે તે વખતના પ્રતિભાવો અંગે કેટલુંક પાયાનું મળતાપણું બધાં નિરૂપણોમાં હોવા છતાં કથા આખા સંદર્ભની વૈયક્તિકતા ખિલવવા ઘણો અવકાશ આપનારી છે અને પ્રેમાનંદે એનો પૂરતો લાભ લઈને એક સુરેખ આખ્યાન નિપજાવ્યું છે.

આરંભનાં પાંચ, અંતે નિર્વહણનાં ત્રણ જેટલાં અને વચ્ચેનાં દ્વારકામાં પ્રવેશ્યા અને ત્યાંથી નીકળ્યાં તેનાં છ કડવાં (અને થોડીક કડીઓ)માં થયેલું ચૌદ કડવાંનું વિભાજન સંઘેડાઉતાર ઘાટ આપે છે, જે એના આકર્ષણનું એક મુખ્ય કારણ રહ્યું છે. વચલો દ્વારકાનો ખંડ 'મિત્ર' માધવ સાથેના સખ્યના આનંદઊંડાણને તાગે છે અને એટલોક સમય સુદામાની એક વિશુદ્ધ-વરિષ્ઠ મૂર્તિને ઉઠાવ મળે છે.

ગુજરાતીમાં નરસિંહ મહેતા, સોમ, ભાલણ, ('દશમસ્કંધ'માં) દામોદરસુત જગન્નાથ, ધનદાસસુત સુંદર, મોતીરામ આદિએ સુદામાચરિત આપ્યું છે. નરસિંહ, ભાલણ અને પ્રેમાનંદ કૃષ્ણનો સુદામાના મિત્ર તરીકે ઉલ્લેખ કરીને ભાગવતમાંના 'સૌહૃદસખ્યમૈત્રી'ના ભાવને સવિશેષ ઘૂંટે છે. નરસિંહ અને સોમ સુદામા અને ઋષિપત્નીના સંવાદને સુપેરે ખીલવે છે. પ્રેમાનંદ જે રંગ ઉમેરે છે તે છે સ્ત્રીને યથાર્થ પરિસ્થિતિનો સામનો કર્યા વગર છૂટકો નથી તે કારમી વીગતનાઆલેખનનો. 'એ તો જ્ઞાન મને ગમતું નથી રે'—ત્યાં સ્ત્રીને 'જ્ઞાન'નો તિરસ્કાર છે એવું નથી. 'રુએ બાળક, લાવો અન્ન' એ હકીકત એને કેવળ 'જ્ઞાન'માં ડૂબી જતાં રોકે છે. 'અન્ન વિના ધરમ સૂઝે નહીં,...ઊભો અન્ને સઘળો સંસાર' આ યથાર્થતાનો સ્ત્રીએ સ્વીકાર કરવાનો રહે છે એ સાંસારિક જીવનની કરુણતાની મીંડ પ્રેમાનંદના ગાનને વિશેષતા અર્પે છે. ઋષિપત્નીની છબી જેટલી સુરેખ ઊપસી છે તેવી ઋષિની ઊપસવા પામી નથી.

દ્વારકા જતા સુદામાનું ચિત્ર ઋષિને ભોગે, હાસ્યપ્રેરક માત્ર નહીં, હાસ્યાસ્પદ બને છે, એમાં હજી બાહ્ય, શારીરિક, વેષભૂષાવિષયક દારિદ્રમૂલક વીગતો કારણભૂત છે. પણ દ્વારકા છોડયા પછી 'મૂળગા મારા તાંદૂલ ગયા!' અને કૃષ્ણે પોતે સેવાસર મરા કરી તે 'લટપટ કરી મારા તાંદૂલ લેવા' એવી એમની આરોપાત્મક, ભલેને ક્ષણજીવી, ટીકા એમના મનની કૃપણતા ખુલ્લી કરનારી છે. વતન પાછા ફર્યા પછી ઝૂંપડીને બદલે 'એક મુષ્ટિ તાંદુલે' આણેલા મહેલાતના વૈભવ વચ્ચે ઋષિનું સુરેખ ચિત્ર આપવા જતાં વળી કવિની કલમે એમની ગરવાઈ ઓળપાઈ છે, નવા આવાસમાં જવા તેડતી-વધાવતી પત્ની અને સહેલીઓ પ્રત્યે 'પાપણીઓ તમને પરમેશ્વર પૂછશે' એવો ઋષિનો પ્રત્યાઘાત કવિની હાસ્યની હથોટીને અપરસ સુધી જાણે કે તાણી જાય છે.

સુદામા અંગે કદાચ મૂળ ભાગવતની કથામાં જ મુશ્કેલી છે. સખ્યભક્તિનો નમૂનો આપતાં, ભાગવતકારે ઋષિકુટુંબને શ્રીકૃષ્ણના પ્રસાદરૂપે જેને 'જાડો' રોટલો કહે છે એટલાનો સધિયારો મળ્યાનું નિરૂપણ કર્યું હોત તો પૂરતું હતું. ઝૂંપડીવાસીને વૈભવવિલાસભર્યા મહેલમાં મૂકવાની કોઈ અનિવાર્ય જરૂર ન હતી. કૃતિના આરંભમાં 'મન જેનું સંન્યાસી' એવું સુદામાનું વર્ણન અથવા અંતે 'વેશ રાખે ભોગનો પણ સદા પાળે સંન્યાસ' એવું વર્ણન પ્રેમાનંદ આપે છે તે વાચ્ય કોટિનું રહી જાય છે, ખરેખર ઋષિની એવી દશા વર્તે છે એવી પ્રતીતિ કરાવનારું નથી. આખ્યાન દ્વારકામાં બે મિત્રોના ભાવસઘન મિલનનો સખ્યભાવે સાયુજ્ય-અનુભવ કરતા જીવાત્મા-પરમાત્માના મિલનનો નિર્દેશ કરતાં વચલાં કડવાંમાં મૈત્રીકાવ્ય તરીકે દીપી ઊઠે છે. આખી કૃતિમાં વર્ણનની, ચિત્રાંકનની કળાનો પદેપદે પરિચય થાય છે. 'વેરાણા કણ ને પાત્ર ભરાણું'માં સોનાથાળીમાં પોટલીના પૌંઆ પડતાં થતો રણકાર પ્રત્યક્ષ થાય છે. વતનની ઝૂંપડીએ પગ તો લઈ આવ્યા પણ ઋષિ 'ધામ દેખી ભૂલો પડયો'—એમાં પોતાના ઘરની શેરીએ પહોંચનારનું ભૂલા પડેલા તરીકે વર્ણન એ એક રમ્ય વક્રોકિત છે.

દશમના પોતાના ગુજરાતી રૂપાન્તરમાં ૪૫મા અધ્યાયમાં મૂળ ભાગવતમાં નથી તે વડા નિશાળિયા સુદામા સાથેનો પ્રસંગ બહેલાવીને પ્રેમાનંદે ગાયો છે. 'દશમસ્કંધ' અધૂરો રહ્યો, નહીં તો એંશી-એકયાશીમા અધ્યાયમાં એમના હાથે સુદામાના પાત્રની ખીલવણી કેવી થાત—પોતાના 'સુદામાચરિત્ર'ને અનુસરતી એ હોત કે ભાગવત પ્રમાણેની કાંઈક વધુ ગૌરવયુકત ભક્તની હોત—તે જોવા મળત. નોંધવું જોઈએ કે ભાલણ જેવા સુકવિના 'દશમસ્કંધ'નાં 'સુદામાચરિત્ર'નાં કડવાંમાં લગભગ પ્રેમાનંદના સુદામાની યાદ આપે એવી મૂર્તિ રજૂ થઈ છે.

સુરેખ વર્ણનો અને ચિત્રો, રસાળ બાની અને લય અને 'તને સાંભરે રે'—'મને કેમ વીસર રે'માં ધબકતી મિત્રગોઠડીની સહૃદયતા અને ચારુતાને કારણે 'સુદામાચરિત્ર' યોગ્ય રીતે જ એક અત્યંત લોકપ્રિય શિષ્ટ કૃતિનું સ્થાન મેળવી ચૂકયું છે. [ઉ.જો.]

'સુદામાપુરી' [ર.ઈ. ૧૫૬૫/સં. ૧૬૨૧ માગશર સુદ ૧૫] : અગિયારશે આરંભાઈ પૂનમે પૂરી થયેલી ૧૦ કડવાંની આ કૃતિ કૂંઅરદાસ(?)ને નામે મુકાયેલી છે તેમ જ એના કર્તા નાકર હોવાની સંભાવના પણ થયેલી છે. પરંતુ કાવ્યની છેલ્લી પંકિત "રાએએ કવીસ વીપ્ર એમ બે(બો)લ્યા કીજે જન ક(કે)રું દાસો રે" એમ મળે છે તેથી પોતાને 'કવીસ' ગણાવતા કોઈ અજ્ઞાત વિપ્ર કવિની કૃતિ હોય એમ સમજાય છે. [જ.કો.]

સુધનહર્ષ : જુઓ ધનહર્ષ—૧.

સુધાનંદન(સૂરિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૩૮ કડીની 'ઈડરગઢ-ચૈત્યપરિપાટી'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈનયુગ, મહા, ફાગણ, ચૈત્ર ૧૯૮૬—'ઈડરગઢ ચૈત્યપરિપાટી', મોહનલાલ દ. દેશાઈ. [કી.જો.]

સુધાભૂષણશિષ્ય [ઈ. ૧૪૪૯ આસપાસ] : સોમસુંદરસૂરિ-મુનિસુંદરસૂરિની પરંપરામાં તપગચ્છના જૈન સાધુ. ૨૦ કડીના 'ગૌતમપૃચ્છા-પ્રકરણ-બાલાવબોધ' (ર.ઈ. ૧૪૪૯ આસપાસ)ના કર્તા.

'જૈન ગૂર્જર કવિઓ'માં આ કૃતિ જિનસૂર(?)ને નામે અને અન્ય સૂચિઓમાં સુધાભૂષણને નામે નોંધાઈ છે, પરંતુ ખરેખર એ સુધાભૂષણશિષ્યની છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુધાસમુદ્ર [ઈ. ૧૭૯૬ સુધીમાં] : જૈન સાધુ. 'અષ્ટપ્રકારીપૂજા' (લે.ઈ. ૧૭૯૬)ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [કી.જો.]

સુબુદ્ધિવિજય [ ] : જૈન સાધુ. ગુલાબવિજયના શિષ્ય. 'મગસીજી પાર્શ્વ દશભવ-સ્તવન' (અપૂર્ણ)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

સુભદ્ર(?) [ઈ. ૧૬૨૭માં હયાત] : જૈન. 'રાજસિંહ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૨૭/સં. ૧૬૮૩, જેઠ સુદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સુમતિ(વાચક) : આ નામે ૧૧ કડીનું 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' મળે છે તેના કર્તા કયા સુમતિ–છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

સુમતિ(મુનિ)–૧ [ઈ. ૧૬મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. હર્ષદત્તના શિષ્ય. 'અગડદત્ત-રાસ' (૨.ઈ. ૧૫૪૫/સં. ૧૬૦૧, કારતક સુદ ૧૧, રવિવાર) તથા ૧૭૪ કડીની 'નમયાસુંદરી-ચોપાઈ' (૨.ઈ. ૧૫૫૬)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ;☐૩. જૈગૂકવિઓ:૧ ૪. ડિકૅટલૉગભાવિ; ૫. રાપુહસૂચી : ૪૨; ૫. રાહસૂચી : ૧; ૬. લીંહસૂચી. [૨.૨.દ.]

સુમતિકમલ [ ] : તપગચ્છના જૈન સાધુ. હંસરત્નસૂરિના શિષ્ય. ૧૦ કડીની 'સામયિક-પોસાફલ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સુમતિકલ્લોલ : આ નામે ૧૩ કડીનું 'શંખેશ્વરપાર્શ્વનાથલઘુ-સ્તવન' મળે છે. આ કયા સુમતિકલ્લોલ છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, મે ૧૯૪૭–'શંખેશ્વર તીર્થ સંબંધી સાહિત્ય કી વિશાલતા', અગરચંદ નાહટા. [૨.૨.દ.]

સુમતિકલ્લોલ–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિના શિષ્ય. 'શુકરાજ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૨, ચૈત્ર–૧૦), 'શ્રીપાલપ્રબંધ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૬/સં. ૧૬૬૨, ભાદરવા વદ ૬), ૧૦૯ કડીની 'મૃગાપુત્ર-સંધિ' (૨.ઈ. ૧૬૦૭/સં. ૧૬૬૩, આસો વદ ૧૧(?)), 'ગીત-સંગ્રહ'(૧ ગીત મુ.) તથા સંસ્કૃતમાં 'સ્થાનાંગસૂત્ર-વૃત્તિગાથા-વિવરણ'ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. યુજિનચંદ્રસૂરિ; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. મુપુગૂહસૂચી; ૬. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિકીર્તિ(સૂરિ)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : દિગંબરપંથી સરસ્વતીગચ્છના જૈન સાધુ. લક્ષ્મીચંદ-વીરચંદની પરંપરામાં પ્રભાચંદના શિષ્ય. ૩૫ ગ્રંથાગ્રના 'ધર્મપરીક્ષા-રાસ' (૨.ઈ. ૧૫૬૯/સં. ૧૬૨૫, માગશર સુદ ૨), 'ત્રૈલોક્યસાર-ચોપાઈ/ધર્મધ્યાન-રાસ'(૨.ઈ. ૧૫૭૧) તથા લોંકામત નિરાકરણ-ચોપાઈ' (૨.ઈ. ૧૫૭૧/સં.૧૬૨૭, ચૈત્ર સુદ ૫) નામની કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂકવિઓ: ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી. ૫. રાહસૂચી : ૧. [૨.૨.દ.]

સુમતિકીર્તિ(સૂરિ)–૨ [ઈ.૧૭૦૬માં હયાત] : સંભવત: સુધર્મગચ્છના જૈન સાધુ. વિનયદેવસૂરિની પરંપરામાં જ્ઞાનકીર્તિસૂરિના શિષ્ય. પ્રાકૃત 'દિવાળી કલ્પ' પરના બાલાવબોધ (૨.ઈ. ૧૭૦૬/સં. ૧૭૬૨, કારતક સુદ ૮, રવિવાર; સ્વલિખિત હસ્તપ્રત)ના કર્તા.

સંદર્ભ : ઔરાસંગ્રહ : ૩. [૨.૨.દ.]

સુમતિપ્રભ(સૂરિ)/સુંદર–૧ [ઈ. ૧૭૬૫માં હયાત] : વડગચ્છના જૈન સાધુ. સુખપ્રભસૂરિના શિષ્ય. 'ચોવીસી' (૨.ઈ. ૧૭૬૫/સં. ૧૮૨૧, કારતક સુદ ૫; અંશત: મુ.)ના કર્તા.

કૃતિ : જૈગૂસારત્નો : ૨.

સંદર્ભ : ૧. જૈગૂસાઈતિહાસ; ૨. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

સુમતિપ્રભ–૨ [ઈ. ૧૭૬૬માં હયાત] : પિંપલગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિની પરંપરામાં પુણ્યસાગર-સુખપ્રભના શિષ્ય. ૪૮ ઢાળની 'અજાપુત્ર-ચોપાઈ/રાસ' (૨. ઈ. ૧૭૬૬/સં. ૧૮૨૨, વૈશાખ સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ☐ ૨. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિમાણિક્ય [ઈ. ૧૫૭૧ સુધીમાં] : જૈન. ૬૫ કડીની'ઋષિદત્તા-સઝાય/રાસ' (૨.ઈ.૧૫૭૧)ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિરત્નશિષ્ય [ ] : જૈન. 'શાંતિજિન-સ્તવન' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સુમતિરંગ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિની પરંપરામાં ચંદ્રકીર્તિના શિષ્ય. 'યોગશાસ્ત્ર ભાષાપદ્ય' (૨.ઈ.૧૬૬૪/સં.૧૭૨૦, આસો સુદ ૮), 'જ્ઞાનકલા/મોહવિવેકચોપાઈ/પ્રબોધચિંતામણિ-રાસ' (૨.ઈ. ૧૬૬૬/સં. ૧૭૨૨, આસો સુદ ૧૦), 'હરિકેસીસાધુ-સંધિ' (૨.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, શ્રાવણ સુદ ૧), 'જંબૂસ્વામી-ચોપાઈ' (૨.ઈ. ૧૬૭૩/સં. ૧૭૨૯, અસાડ વદ ૮), ૩૦૦ ગ્રંથાગ્રની 'ગોડીપાર્શ્વનાથ-સંબંધ-ચોપાઈ', 'ચોવીસી-સવૈયા', ૭ ઢાળની 'જિનમાલિકા', ૩૫ કડીની 'કીર્તિરત્નસૂરિ(ઉત્પત્તિ)–છંદ' (મુ.) તથા ૨ કડીની 'ચંદ્રકીર્તિકવિત'(મુ.)–એ કૃતિઓના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. જૈસાઈતિહાસ;☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. કૅટલૉગગુરા; ૬. જૈગૂકવિઓ : ૨, ૩(૨). [૨.૨.દ.]

સુમતિવર્ધન [ઈ. ૧૮૨૩માં હયાત] : જૈન સાધુ. વિનીતસુંદરના શિષ્ય. 'સપ્તતિકા ષષ્ઠકર્મ ગ્રંથયંત્ર' (૨.ઈ. ૧૮૨૩) તથા 'પ્રથમ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મગ્રંથયંત્ર', 'જીવવિચારયંત્ર' તેમ જ 'નવતત્ત્વયંત્ર'ના કર્તા. આ કૃતિઓમાં કોઈક નામભેદે અક જ હોવાની સંભાવના છે, પરંતુ એ વિશે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિવલ્લભ [ઈ. ૧૬૬૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનધર્મસૂરિના શિષ્ય. 'જિનસાગરસૂરિ-નિર્વાણ-રાસ/શ્રીનિર્વાણ-રાસ' (૨.ઈ.૧૬૬૪/સં. ૧૭૨૦, શ્રાવણ સુદ ૧૫; મુ.)ના કર્તા. 'ગુજરાતના સારસ્વતો'માં ભૂલથી આ કૃતિ સુમતિવિલાસને નામે નોંધાઈ છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૨,૩(૨). [૨.૨.દ.]

સુમતિવિજય : આ નામે ૨૪ કડીની 'ઉપાધિમત ગુરુલોપીનર-સઝાય' (લે. સં. ૧૭મી સદી અનુ.), 'જિન-ચોવીસી' (લે. સં. ૧૮મી સદી અનુ.; અપૂર્ણ), ઉપરાંત કેટલાંક સઝાય-સ્તવનો(મુ.) મળે છે. આ સુમતિવિજય કયા તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૩; ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિવિજય–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જિનરાજસૂરિની પરંપરાના ખરતરગચ્છીય સાધુ. ૬ કડીના 'જિનરાજસૂરિ-ગીત'(મુ.)ના કર્તા. કૃતિ જિનરાજસૂરિના શાસનકાળ (ઈ. ૧૬૧૮–૧૬૪૩) દરમ્યાન રચાઈ હોવાનું લાગે છે. તો કવિ ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધમાં થયા હોય એમ કહી શકાય.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨–'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'. [૨.૨.દ.]

સુમતિવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : વડતપગચ્છના જૈન સાધુ. રત્નકીર્તિસૂરિના શિષ્ય. 'રાત્રિભોજન-રાસ' (૨.ઈ.૧૬૬૭), ૯ ઢાળ ને દુહાની ૧૪૭ કડીની 'રત્નકીર્તિસૂરિ-ચોપાઈ' (૨.ઈ.૧૬૮૩/સં. ૧૭૩૯, અસાડ સુદ ૭, બુધવાર; મુ.) તથા ૪ કડીના ગીતના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય.

સંદર્ભ : ૧.ગુસારસ્વતો;૨.જૈસાઇતિહાસ; ☐૩.જૈગૂકવિઓ : ૨ [૨.૨.દ.]

સુમતિવિજય–૩ [ ] : તપગચ્છના જૈન સાધુ. યશોવિજયશિષ્ય-ગુણવિજયના શિષ્ય. ૫ ઢાળના 'દીક્ષાકલ્યાણકવર્ણનાત્મક શ્રી મહાવીરજિન-સ્તવન'(મુ.) તથા હિંદી કૃતિ 'અધ્યાત્મવલોણું' (મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તકાસંદોહ : ૨ (+સં). [૨.૨.દ.]

સુમતિવિમલ : આ નામે ૯ કડીનો 'નેમિનાથ-ભાસ' (લે. સં. ૧૭મી સદી અનુ.), ૧૧ કડીનું 'ઋષભદેવ-સ્તવન' (લે. સં ૧૯મી સદી અનુ.), તથા ૯ કડીનું 'જિનસુખસૂરિ-ગીત'(મુ.) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા સુમતિવિમલ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સુમતિસાગર : આ નામે 'કુમતિસંઘટન-રાસ' (૨.ઈ.૧૭૬૨), 'ચૈત્યવંદન વિચારગર્ભિત મહાવીર સ્વામી સ્તવન આદિ' (લે.સં. ૧૮મી સદી અનુ.) તથા ૬–૬ કડીના હિન્દીની છાંટવાળાં બે સ્તવનો(મુ.) મળે છે. તેમના કર્તા કયા સુમતિસાગર છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિસાગર(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૬૨૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં પુણ્યપ્રધાનના શિષ્ય.૧૨ કડીના 'સિદ્ધાચલ-સ્તવન' (૨.ઈ. ૧૬૨૯/સં. ૧૬૮૫, ફાગણ વદ ૧૪)ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

સુમતિસાગર(સૂરિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૫૪ કડીની 'ચરણકરણ-છત્રીસી'ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કી.જો.]

સુમતિસિંધુર [ઈ. ૧૬૦૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. મતિકીર્તિના શિષ્ય. ૨૦ કડીના 'ગોડીપાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ.૧૬૪૦/સં. ૧૬૯૬, મહા સુદ ૮)ના કર્તા.

સંદર્ભ : ૧. યુજિનચંદ્રસૂરિ; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [૨.૨.દ.]

સુમતિસુંદર(ગણિ)–૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : સંભવતઃ તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરસૂરિની પરંપરામાં સોમજયસૂરિના શિષ્ય. ઓસવંશીય સોની. ઈશ્વર ધનરાજે ઈડરમાં બંધાવેલ ધવલમંદિરની અજિતનાથની પ્રતિમાના પ્રતિષ્ઠામહોત્સવનું વર્ણન કરતી ૩૮ કડીની 'ઈડરગઢ-ચૈત્યપરિપાટી'(મુ.)ના કર્તા. ઈડરગઢના દેવમંદિરમાં ઈ. ૧૪૭૭માં મૂર્તિપ્રતિષ્ઠાનનો મહોત્સવ થયો ત્યાર પછી તરત આ કૃતિની રચના થઈ લાગે છે. એટલે કર્તા ઈ. ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હોવાનું કહી શકાય. આ કૃતિ સુમતિસુંદરશિષ્યે રચી હોવાની પણ સંભાવના છે.

કૃતિ : જૈનયુગ, મહા-ફાગણ-ચૈત્ર, ૧૯૮૫–'ઈડરગઢ ચૈત્યપરિપાટી', મોહનલાલ દ. દેશાઈ.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુમતિસુંદર–૨ [ઈ. ૧૫૯૪માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં ધર્મનિધાન ઉપાધ્યાયના શિષ્ય. 'શાંતિ-સ્તવન' (૨.ઈ. ૧૫૯૪/સં. ૧૬૫૦, કારતક સુદ ૧૩) તથા અન્ય કેટલીક નાની કૃતિઓના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

સુમતિસુંદર(સૂરિ)શિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૩૭ કડીની, તેમાં ઉપયોગમાં લેવાયેલાં રાસ, અઢેઉ, આંદોલા વગેરે દેશીઓ તથા માલિની, શાર્દૂલવિક્રીડિત, ગીતિકા એ સંસ્કૃત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃત્તોને લીધે ચિત્તાકર્ષક બનતી 'સુમતિસુંદરસૂરિ રાજાધિરાજ રસ-સાગર-ફાગુ'(મુ.)ની રચના તેમણે કરી છે.

કૃતિ : ખંદરમા શતકનાં ચાર ફાગુકાવ્યો, સં. કાંતિલાલ બ. વ્યાસ, ૧૯૫૫.

સંદર્ભ : સંબોધિ, એપ્રિલ ૧૯૮૧, જાન્યુ ૧૯૮૨–'કયા સુમતિ-સુંદરસૂરિ ઔર સુમતિસાધુસૂરિ એક હૈં ?', અગરચંદ નાહટા.[કી.જો.]

સુમતિહંસ–૧ [ઈ. ૧૬૩૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં હર્ષકુશલના શિષ્ય. 'મેઘકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૬૩૦/સં. ૧૬૮૬, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [૨.૨.દ.]

સુમતિહંસ(ઉપાધ્યાય)–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહર્ષના શિષ્ય. 'ચંદનમલયાગિરિ-ચોપાઈ'(૨.ઈ. ૧૬૫૫/સં. ૧૭૧૧, ચૈત્ર સુદ ૧૫), ૩૫ કડીની 'કરમ-પચીસી'(૨.ઈ. ૧૬૫૫; મુ.), 'વૈદર્ભી-ચોપાઈ' (૨.ઈ. ૧૬૫૭/સં. ૧૭૧૩, કારતક સુદ ૧૪) તથા 'રાત્રિભોજન-ચોપાઈ' (૨.ઈ. ૧૬૬૭/સં. ૧૭૨૭, માગશર વદ ૬, બુધવાર)ના કર્તા.

કૃતિ : ૧. જૈસસંગ્રહ(જે); ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ☐ ૩. જૈગૂ. કવિઓ : ૩(૨). [૨.૨.દ.]

સુર/સુરજી : 'સુર'ને નામે 'મહાવીર નિશાલ ગરાણું પદ', કોરંટગચ્છીય 'સુરને' નામે ૬૪ કડીની 'વિચાર ચોસઠી' એ જૈન કૃતિઓ, ૬ કડીની 'કૃષ્ણવિષ્ટિ' એ જૈનેતર કૃતિ તથા સુરજી શાહને નામે 'આદિત્ય-વ્રતકથા' (લે. ઈ. ૧૮૧૫) મળે છે. તેમના કર્તા કયા સુર/સુરજી છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. ડિકટલૉગબીજે; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [૨.૨.દ.]

સુર(ભટ) [ઈ. ૧૬૪૮માં હયાત] : આખ્યાનકાર. કલોલી ગામના રૈકવ બ્રાહ્મણ. પિતા નારાયણ ભટ. તેમણે રચેલા ૨૨ કડવાંના 'સ્વર્ગા-રોહણી' [૨.ઈ.૧૬૪૮/સં. ૧૭૦૪ જેઠ ૧૨, ગુરુવાર; મુ.)ના પ્રારંભ-નાં ૯ કડવાંમાં કળિયુગનો મહિમા વર્ણવ્યો છે, જે સ્વતંત્ર રૂપે પણ મુદ્રિત થયો છે. બીજું 'વિરાટપર્વ' (૨.ઈ. ૧૬૬૮) નામનું કાવ્ય સુર ભટને નામે મળે છે તે સમય દૃષ્ટિએ કે વિષયની દૃષ્ટિએ આ કવિનું હોય. કદાચ આ કવિ ગાયક હોય અને કૃતિ બીજા કોઈ કવિની હોય એવું પણ સંભવિત છે.

કૃતિ : ૧. સ્વર્ગારોહણી, સં. જયશંકર મ. જોશી, ઈ. ૧૯૨૨; ૨. નકાદોહન.

સંદર્ભ : ૧. કવિરચિત : ૧-૨; ૨. ગુસામધ્ય; ૩. પાંગુહસ્તલેખો; ૪. પ્રાકકૃતિઓ;☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૬. ગૂહાયાદી; ૭. ડિકેટલૉગબીજે; ૮. ફાહનામાવલિ : ૨; ૯. ફૉહનામાવલિ. [ચ.શે.]

સુરકલીઆ [ ] : ૨ પદ (મુ.)ના કર્તા.

કૃતિ : નકાસંગ્રહ. [કી.જો.]

સુરચંદ : આ નામે ૨૪/૨૭ કડીની 'સુકોશલઋષિ/મુનિ-સઝાય' મળે છે. 'વજ્રસ્વામીભાસ આદિ સ્તવન-સઝાય સંગ્રહ'માં સંગૃહિત સુર-ચંદની કૃતિઓમાં આ 'સુકોશલઋષિ/મુનિ-સઝાય' પણ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુરચંદ–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં વીરકલશના શિષ્ય. ૪૧ કડીની 'શૃંગાર-રસમાલા' (૨.ઈ. ૧૬૦૩/સં. ૧૬૫૯, વૈશાખ સુદ ૩, બુધવાર), ૬૫ કડીનો 'જિનસિંહસૂરિરાસ' (૨.ઈ. ૧૬૧૧), 'ચાતુર્માસિકિ વ્યાખ્યાન-બાલાવબોધ/ચોમાસી-વ્યાખ્યાન' (૨.ઈ. ૧૬૩૮), 'જિનદત્ત-સૂરિ-સ્તવન' તથા 'વર્ષ ફલાફલ જ્યોતિષ-સઝાય'ના કર્તા. આ ઉપરાંત એમણે ગુજરાતી અને હિન્દી ભાષામાં અનુદિત 'જૈન તત્ત્વસાર' (૨.ઈ. ૧૫૧૩/સં. ૧૬૬૯, આસો સુદ ૧૫, બુધવાર) તથા 'પંચતીર્થ શ્લેષાલંકાર' (અપૂર્ણ) નામની સંસ્કૃત કૃતિઓ પણ રચી છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. યુજિનચંદ્રસૂરિ; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. રાહસૂચી : ૧; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સુરજી(મુનિ)/સુરસાગર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : સંભવત: અંચલ-ગચ્છના જૈન સાધુ. અમદાવાદના સંઘવી લીલાધરે અને તેના પુત્રે શત્રુંજયના સંઘ કાઢ્યા હતા એ ઐતિહાસિક પ્રસંગને વર્ણવતા 'લીલાધર-રાસ (સંઘયાત્રા વર્ણન)' (૨.ઈ. ૧૬૬૫ પછી)ના કર્તા. સંઘયાત્રા સં. ૧૭૨૧, માગશર સુદ ૫ના દિવસે થઈ હતી એટલે આ કૃતિની રચના એ પછી થઈ હોય એમ કહી શકાય.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. જૈગૂ-કવિઓ : ૨, ૩(૨). [૨.૨.દ.]

સુરદા(રાણી) [ ] : એમનું જ્ઞાનબોધનું ૧ પદ (મુ.) મળે છે.

કૃતિ : પ્રાકાસુધા : ૩. [શ્રા.ત્રિ.]

સુરદાસ : આ નામે 'શ્રીકૃષ્ણચરિત્ર' અને કૃષ્ણભક્તિનાં ને જ્ઞાન-બોધનાં પદ(મુ.) મળે છે. આ રચનાઓ સુરદાસ–૩ની હોઈ શકે, પરંતુ નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. પ્રાકાવિનોદ : ૧; ૨. બૃકાદોહન : ૭.

સંદર્ભ : ફૉહનામાવલિ. [ચ.શે.]

સુરદાસ–૧ [ઈ. ૧૫૫૫માં હયાત] : સંભવત: સૌરાષ્ટ્રના હળિયાદના આખ્યાનકાર. પિતા હરિ/હરિહર ભટ્ટ. ગુરુ ધનંજય ભટ્ટ. ૨૮ કડવાંનું 'પ્રહ્લાદાખ્યાન' (૨.ઈ. ૧૫૫૫/સં. ૧૬૧૧, ભાદરવા વદ ૧૧, રવિવાર), ૨૩ કડવાંનું 'ધ્રુવાખ્યાન' તથા ૧૨ કડવાંનું 'સગાળપુરી/શૃગાલપુરી/કર્ણવખાણ'(મુ.) એ કૃતિઓ તેમણે રચી છે. 'મોહિના-રાણીની લાવણી' તથા 'હોરી' સૂરદાસ હરિલાલને નામે નોંધાયેલી મળે છે. તે આ કવિની હોવાની સંભાવના છે.

કૃતિ : સઆખ્યાન (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસા-મધ્ય; ☐ ૪. ગૂહાયાદી; ૫. ડિકેટલૉગબીજે ૬. ડિકેટલૉગભાવિ; ૭. ફાહનામાવલિ : ૨. [ચ.શે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરદાસ–૨ [ઈ. ૧૫૬૦માં હયાત] : જ્યદેવસુત. જ્ઞાતિએ તિલ-ધ્વજ. વાલ્મીકિ રામાયણની કથાને સંક્ષેપમાં મૂકી ૩૨ કડવાંનું 'રામાયણ' (૨.ઈ. ૧૫૬૦/સં. ૧૬૧૬, પોષ સુદ ૫) તેમણે રચ્યું છે. રાવણ-મંદોદરી વચ્ચેનો સંવાદ, રામ-રાવણ યુદ્ધનું કે લંકાનું વર્ણન તેના ધ્યાનપાત્ર અંશો છે.

સંદર્ભ : ૧. કાશીસુત શેધજી એક અધ્યયન, બહેચરભાઈ ર. પટેલ, ઈ.૧૯૭૪;☐૨. સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી; ૩. હિન્દુમિલન-મંદિર, વ. ૨૯ અં.૨–'સૂરદાસનું રામાયણ', દેવદત્ત જોશી.

સુરદાસ(મુનિ)–૩ [ઈ. ૧૫૬૦માં હયાત] : દિગંબર જૈન સાધુ. 'હણુ(માન)કથા'(૨. ઈ. ૧૫૬૦)ના રચયિતા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [૨.૨.દ.]

સુરદાસ–૪ [સં. ૧૭મી સદી ઉત્તરાર્ધ–સં. ૧૮મી સદી પૂર્વાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગુસાંઈજીના બીજા પુત્રોના ભક્ત–કવિઓમાંના એક. તેમણે પદોની (૧૫ કડીનું ૧ મુ.) રચના કરી છે.

કૃતિ : પુષ્ટિપ્રસાદી પ્ર. ગોવર્ધન સત્સંગ મંડળના વહીવટકર્તા ચંદ્રવદન મોહનલાલ શાહ, ઈ. ૧૯૬૬ (બીજી આ.).

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ચ.શે.]

સુરવિજય [ઈ. ૧૬૭૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. સિદ્ધિ-વિજયના શિષ્ય. ૭૬૪ કડીના 'રત્નપાલ-રાસ' (૨.ઈ. ૧૬૭૬)ના કર્તા.

સંદર્ભ: ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. જૈગૂકવિઓ: ૩(૨); ૩. મુપુ-ગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજ્ઞૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

'સુરશશી' : જુઓ દેવચંદ્ર (ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ)–૫.

સુરસાગર–૧ : જુઓ સુરજી(મુનિ).

સુરસાગર–૨ [ઈ. ૧૮૧૬ સુધીમાં] : જૈન. 'જંબવતી-ચોપાઈ' (લે. ઈ. ૧૮૧૬)ના કર્તા. 'જૈન ગુર્જર કવિઓ'એ આ કૃતિ 'સૂરજી(મુનિ)-ની ગણી છે, પરંતુ કૃતિના અંતે કવિનામછાપ સુરસાગર મળે છે. એટલે આ કર્તા સુરજી(મુનિ)થી જુદા છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨); ૨. હિકેટલૉગભાઈ : ૧૯. [૨.૨.દ.]

સુરસૌભાગ્ય [ ] : જૈન સાધુ. ઉદયસૌભાગ્ય-સૂરિના શિષ્ય. ૨૧ કડીના 'ચિંતામણિપાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા. ઈ. ૧૬૪૭માં વિદ્યમાન તપગચ્છના કોઈ સુરસૌભાગ્ય નોંધાયા છે. તે અને આ સુરસૌભાગ્ય એક હોય તો આ કવિ ઈ. ૧૭મી સદીમાં થયા હોવાનું કહી શકાય. પરંતુ નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : જૈસાઈતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સુરેન્દ્રકીર્તિ(ભટ્ટારક) [ઈ. ૧૬૮૧માં હયાત] : જૈન. 'આદીશ્વર-સમોસરણ-રાસ' (૨.ઈ.૧૬૮૧)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [૨.૨.દ.]

સુલતાન [ ] : ભગવદ્વિરહની વેદનાને વ્યક્ત કરતા ૧ ભજન(મુ.)ના કર્તા.

કૃતિ : સતવાણી. [કી.જો.]

સુલેમાન(ભગત)મહંમદ [ઈ. ૧૬૯૯ પછી]: મુસ્લિમકવિ. કાયમુદ્દીન પીરના શિષ્ય. વતન સારોદ (તા. જંબુસર), પણ પછીથી વડોદરા પાસે અકોટા ગામે આવીને વસ્યા હતા. પ્રેમલક્ષણાભક્તિનું નિરૂપણ કરતા ચારથી ૮ કડીનાં ભજનો(મુ.)ના કર્તા. તેમણે ઉર્દૂ ભાષામાં લખાયેલા 'નુરેરોશન' (૨.ઈ. ૧૬૯૯) ગ્રંથનો ગુજરાતીમાં ઉતારો કર્યો હતો.

કૃતિ : ભક્તિસાગર, સંગ્રા. હરગોવનદાસ હરકીશનદાસ, ઈ. ૧૯૨૯ (+સં.). [૨.૨.દ.]

સુવ્રત(ઋષિ) [ ] : તપગચ્છના જૈન સાધુ. વિશાલસોમસૂરિના શિષ્ય. ૨૦ ગ્રંથાગ્રની 'મૌનએકાદશીની સઝાય'ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [કી.જો.]

સુંદર/સુંદરજી/સુંદરદાસ : સુંદરને નામે ૫૬ કડીની 'ઉદ્ધવ-ગીતા' (મુ.), 'અષ્ટક', 'હમચી', 'હરિહરની આરતી', ૧૫૫ કડીએ અધૂરી રહેલી 'સુંદરવિલાસ' તથા કૃષ્ણભક્તિ ને વૈરાગ્યબોધનાં પદો (૧૩ મુ.), સુંદરજીને નામે '૪૦ ડાહ્યા'(મુ.) ને ૧ પદ(મુ.) તથા સુંદર-દાસને નામે પદો (કૃષ્ણભક્તિનાં ૪ મુ.)–એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા સુંદર/સુંદરજી/સુંદરદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. છંદરત્નાવલિ, સં. વિહારીલાલજી મહારાજ, ઈ.૧૮૮૫; ૨. નકાદોહન; ૩. પ્રાકાસુધા : ૩; ૪. ભજનિકકાવ્યસંગ્રહ, સં. શા. વૃન્દાવનદાસ કાનજી, ઈ. ૧૮૮૮; ૫. ભજનસાગર : ૨.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. હિકેટલૉગબીજે; ૩. ફોંહનામાવલિ. [ચ.શે.]

સુંદર(સેવક)–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાનજિનચંદ્રસૂરિશિષ્ય તિલકકમલજી (ઈ.૧૬૦૫)ના શિષ્ય. પદ્મહેમના જીવનચરિત્રને વિષય કરીને રચેલા ૧૩ કડીના 'વા. પદ્મહેમ-ગીત'(મુ.)ના કર્તા. કૃતિમાં કર્તાનામછાપ 'સેવકસુંદર' મળે છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [કી.જો.]

સુંદર–૨ [ઈ. ૧૬૭૮માં હયાત] : જૈન સાધુ. ધર્મરત્નના શિષ્ય. 'સંગ્રહણીપ્રકરણ પરના સ્તબક' (૨.ઈ. ૧૬૭૮)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સુંદર–૩ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : રામપુર પરગણાના ધાઓતાપુર ગામના મેવાડા બ્રાહ્મણ. પિતાનામ ધનદાસ. તેઓ પ્રેમાનંદના શિષ્ય હતા એમ કહેવામાં આવ્યું છે, પરંતુ એ વાતને કોઈ આધાર નથી.

પ્રેમાનંદના ૫૨મા અધ્યાયે ને ૧૬૫ કડવે અધૂરા રહેલા 'દશમ-સ્કંધ'ને તેમણે પૂરો કર્યો એ એમનું મહત્ત્વનું કાર્ય છે. આ ૧૬૬થી ૨૦૦ કડવાં સુધીના 'દશમસ્કંધ' (૨.ઈ. ૧૭૧૭ કે ૧૭૪૦; મુ.)માં કવિએ દરેક અધ્યાય એકએક કડવાનો રચ્યો છે અને આ રીતે દરેક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધ્યાયમાં એકથી વધુ કડવાં રચતા પ્રેમાનંદના 'દશમસ્કંધ'થી એમની કૃતિ જુદી પડી જાય છે. પ્રેમાનંદના જેવી કવિત્વશક્તિ એમની કૃતિમાં જો કે નથી, તો પણ વેદસ્તુતિના કઠિનમાં કઠિન અધ્યાયને સરળ પદોમાં ઉતારવામાં તેમને મળેલી પ્રશસ્ય સફળતા તેમની સંસ્કૃતજ્ઞતાને સૂચવે છે.

કૃતિ : ૧. પદબંધ શ્રીમદ્ ભાગવત : ૧-૨, સં. ઇચ્છારામ સૂ. દેસાઈ અને નટવરલાલ ઈ. દેસાઈ, ઈ. ૧૯૬૦ (પાંચમી આ.) (+સં.); ૨. મહાકવિ પ્રેમાનંદ તથા બીજા આઠ કવિઓનાં સુદામાચરિત્ર, સં. મંજુલાલ મજમુદાર, ઈ. ૧૯૨૨ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. પ્રાકકૃતિઓ;☐ ૫. ગૂહાયાદી; ૬. ડિકૅટલૉગબીજે. [ચ.શે.]

સુંદર–૪ [ઈ. ૧૭૩૫માં હયાત] : જૈન સાધુ. ૧૫ કડીની 'નેમરાજુલની નવભવ-સઝાય' (૨.ઈ.૧૭૩૫; મુ.)ના કર્તા.

'જૈન ગૂર્જર કવિઓ' કવિને લોંકાગચ્છના હોવાનું જણાવે છે પરંતુ મુદ્રિત કૃતિમાં ગચ્છનામ મળતું નથી.

કૃતિ : જૈસસંગ્રહ(ન.).

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. લીંહસૂચી. [કી.જો.]

સુંદર–૫ [ઈ. ૧૭૬૫માં હયાત] : જુઓ સુમતિપ્રભસૂરિ–૧ (સુખપ્રભસૂરિશિષ્ય)

સુંદરચંદ(પંડિત) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. ૭ કડીની ઐતિહાસિક તત્ત્વવાળી, વિજયક્ષમાસૂરિ વિશે સઝાય, (મુ.)ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૧–'કેટલાંક ઐતિહાસિક પદ્યો', મુનિરાજ શ્રી કાંતિસાગરજી. [કી.જો.]

સુંદરજી(ગણિ)–૧ [ઈ. ૧૭૩૯ સુધીમાં] : જૈન. પ્રાકૃત કૃતિ 'જંબૂચરિત્ર' પરના બાલાવબોધ (લે. ઈ. ૧૭૩૯)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨); [કી.જો.]

સુંદરજી–૨ [ઈ. ૧૭૪૦માં હયાત] : મૂળ અમદાવાદી વડનગરા અભ્યંતર જ્ઞાતિના નાગર અને વડોદરાના વતની. પિતાનું નામ વિષ્ણુદેવ. કુળપરંપરામાંથી મળેલો વિદ્યાવ્યાસંગનો વારસો, એટલે સંસ્કૃતના સારા જ્ઞાતા.

૩૮ મીઠાં (કડવાં)માં રચાયેલી 'સિંહાસન-બત્રીસી' (૨.ઈ. ૧૭૪૦/સં. ૧૭૯૬, આસો વદ ૮, ગુરુવાર) એ એમની એકમાત્ર કૃતિ ઉપલબ્ધ થાય છે. પ્રાસઅનુપ્રાસ, અર્થના અલંકારોવાળી પ્રૌઢ શૈલીથી કાવ્ય ધ્યાન ખેંચે છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩;☐ ૨. ગૂહાયાદી; ૩. ડિકૅટલૉગબીજે. [ચ.શે.]

સુંદરબાઈ [સં. ૧૯મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્ત્રીકવિ. ગોસ્વામી બાળક તરીકે તેઓ સંપ્રદાયમાં જાણીતાં હતાં.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ચ.શે.]

સુંદરરત્ન [ ] : જૈન. ૩૫ કડીની 'ઇલાચીપુત્રસઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સુંદરરાજ [ઈ. ૧૪૯૭માં હયાત] : જૈન. 'ગજસિંહકુમાર-ચોપાઈ' (૨.ઈ.૧૪૯૭)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ : ૧. [કી.જો.]

સુંદરવિજય : આ નામે ૧૫ કડીનું 'પાર્શ્વનાથ-સ્તવન(ગોડી)' (લે. સં. ૧૮મી સદી અનુ.) અને ૨૩ કડીની 'ગુણઠાણુ-સઝાય' (લે.સં. ૧૮મી સદી) મળે છે તે સુંદરવિજય–૧ છે કે અન્ય તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સુંદરવિજય–૧ [ઈ. ૧૭૨૨માં હયાત] : જૈન સાધુ. અમરવિજયના શિષ્ય. ૭ કડીના 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૭૨૨; મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી (+સં.). [કી.જો.]

સુંદર(સૂરિ)શિષ્ય [ઈ. ૧૪૫૭ સુધીમાં] : જૈન સાધુ. ૪૪ કડીના 'વિમલમંત્રી-રાસ' (લે. ઈ. ૧૪૫૭), ૨૪ કડીની 'દશ દૃષ્ટાંતની સઝાય'(મુ.) અને ૧૪ કડીની 'પંચ પરમેષ્ઠી ગુણવર્ણન-સઝાય/નવકાર-છંદ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. રત્નસાર : ૨, સં. હીરજી હંસરાજ, ઈ. ૧૯૨૩; ૨. લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ: ૧. [કી.જો.]

સુંદરસૂર [ઈ. ૧૭૨૫માં હયાત] : જૈન. રાજસ્થાની-ગુજરાતીમાં રચાયેલી 'માનતુંગમાનવતી-ચોપાઈ' (૨.ઈ. ૧૭૨૫)ના કર્તા.

સંદર્ભ : ૧. રાપુહસૂચી : ૪૨; ૨. રાહસૂચી : ૧. [કી.જો.]

સુંદરહંસ(ગણિ)(પંડિત)–૧ [ ] : લઘુ તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીસાગરની પરંપરામાં જિનસોમના શિષ્ય. ૨૩૫ કડીના 'સિદ્ધાન્તવિચાર' (લે. સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સુંદરહંસ–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. સુમતિસાધુસૂરીની પરંપરામાં હેમવિમલસૂરીના શિષ્ય. ૭ કડીની વિમલસૂરિની સઝાય'(મુ.) અને 'પસત્થાવિચાર'ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૪–'શ્રી સુંદરહંસકૃત હેમવિમલસૂરિ-સ્વાધ્યાય', ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : જૈગૂકવિઓ: ૩ (૧, ૨). [કી.જો.]

સૂજી/સુજઉ [ઈ. ૧૫૯૨માં હયાત] : સંભવત: લોંકાગચ્છના જૈન સાધુ. શ્રીમલ્લજીશિષ્ય રતનસિંહના શિષ્ય. ૬૮ કડીના 'રત્નસિંહ-રાસ' (૨.ઈ. ૧૫૯૨/સં. ૧૬૪૮, વૈશાખ વદ ૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂરજ [ ] : અવટંકે ભટ્ટ. ૧૪ કડવાંના 'વજ-નાભના આખ્યાન'ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

સૂરજરામ(મહારાજ) [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : નિરાંતસંપ્રદાયના જ્ઞાનમાર્ગી કવિ. વડોદરાના કરજણ તાલુકાના મેસરાડ ગામના રાયકવાડી બ્રાહ્મણ. નિરાંતશિષ્ય શામદાસના શિષ્ય. તેઓ નિરાંતસંપ્રદાયની મેસરાની ગાદી પર આચાર્ય બન્યા હતા. તેમણે સદ્‌ગુરુ ને ઈશ્વરમહિમાનાં પદો (૮ મુ.) રચ્યાં છે.

કૃતિ : ગુમુવાણી.

સંદર્ભ : ૧. નિરાંતકાવ્ય, સં. ગોપાળરામ ગુરુ દેવશંકર શર્મા, ઈ. ૧૯૫૯; ☐ ૨. ગૂહાયાદી. [દે.દ.]

સૂરજી ભાર્ગવ [ઈ. ૧૬૬૪માં હયાત] : પુષ્ટિસંપ્રદાયના ભક્ત-કવિ. ગુજરાત અને બીજા પ્રદેશોમાં રહેતા ૬ હજાર જેટલા ભક્તોના નામોની યાદી આપતી 'વલ્લભ રત્નરસાલ ભક્તરાજ-નામાવલી' (૨.ઈ. ૧૬૬૪) નામક કૃતિના કર્તા.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

સૂરા (સાહ) [ઈ. ૧૫૦૩ સુધીમાં] : જૈન શ્રાવક. ૨૮ કડીની 'અંતરંગ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વિનતિ' (લે.સં. ૧૫૦૩; મુ.)ના કર્તા.

કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૯–જાન્યુ. ૧૯૮૦–'શ્રાવક કવિઓની કેટલીક અપ્રગટ ગુજરાતી રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [૨.૨.દ.]

સૂર્યવિજય–૧ [ ] : જૈન. મૃત્યુવિજયના શિષ્ય. હરિભદ્રસૂરિની પ્રાકૃત કૃતિ 'મુણિવઈચરિત્ર' પરના ટબાના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [કી.જો.]

સૂર્યવિજય(પાઠક)–૨ [ ] : જૈન સાધુ. ૧૧ કડીની 'જિનકુશલસૂરિ-ભાસ'ના કર્તા.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

સેવક(બાપો) [ ] : માતાના ભક્ત. ૧૩ અને ૨૮ કડીના માતાના ૨ ગરબા(મુ.) તથા ૨૪ કડીના માતાના ગરબા (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. દેવીમહાત્મ્ય અથવા ગરબાસંગ્રહ : ૨; પ્ર. વિશ્વનાથ ગો. ત્રિવેદી, ઈ. ૧૮૯૭. [ચ.શે.]

સેવકરામ [ ] : અમદાવાદના ભટ્ટ મેવાડા બ્રાહ્મણ. પિતા રૂપરામ. ઈ. ૧૮૩૪થી ઈ. ૧૮૬૮ દરમ્યાન તેઓ હયાત હતા એમ મનાય છે. તેઓ વૈષ્ણવ હોવાની સંભાવના પણ થઈ છે. ભાગવતના રાસપંચાધ્યાયીના પ્રસંગ પર આધારિત ૪૪ કડીના ગેય ઢાળમાં રચાયેલા 'બંસી' કાવ્ય પર નરસિંહનાં 'રાસસહસ્રપદી'નાં પદોની અસર વરતાય છે. એ સિવાય 'વ્યાધનું આખ્યાન' (૨.ઈ. ૧૮૬૮ ?) તથા 'દાસ' ઉપનામ નીચે એમણે કેટલાંક પદોની રચના પણ કરી છે.

કૃતિ : બૂકાદોહન : ૭ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. પ્રાકકૃતિઓ; ☐ ૩. ગૂહાયાદી. [ચ.શે.]

સેવારામ [ ] : મોતીરામના શિષ્ય. પદ-ભજન (૨ મુ.)ના કર્તા. તેમણે હિંદીમાં પણ ભજનની રચના કરી છે.

કૃતિ : ભજનસાગર : ૨. [કી.જો.]

સૈયદખાન [ઈ. ૧૬મી સદી] : દેલમી ઉપદેશક પરંપરાના સૈયદ. સત્પંથ માર્ગના અનુયાયી. આખું નામ સઈદુદીન નૂરી નહાન અને પિતાનું નામ નુર મહમદ હતું. તેઓ ઈમામશાહના પૌત્ર થાય. સૂરત, બુરહાનપુર તથા મહારાષ્ટ્ર અને કર્ણાટકનાં ગામોમાં ફરી તેમણે ઘણાં હિંદુઓને સત્પંથ માર્ગના અનુયાયી બનાવ્યા હતા. અમદાવાદ પાસે આવેલા પીરાણામાં અવસાન. અવસાન ઈ.૧૫૭૨ની આસપાસ કે ઈ. ૧૪૯૫માં થયું એવી માહિતી મળે છે, પરંતુ પહેલી માહિતી વધારે શ્રદ્ધેય જણાય છે.

કવિને નામે મુદ્રિત રૂપે મળતાં ૩ 'ગિનાન'નું કર્તૃત્વ એમનું જ છે કે કેમ તે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. ઉર્દૂની અસર બતાવતાં 'ગિનાન'નાં આ પદોમાં ભક્તિ ને સતબોધની પ્રબળતા છે.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪ (+સં.).

સંદર્ભ : ૧. ક્લેકટેનિયા : ૧, સં. ડબલ્યૂ ઈવાનોવ, ઈ. ૧૯૪૮; ૨. (ધ) સેક્ટ ઑવ ઈમામશાહ ઈન ગુજરાત, ડબલ્યૂ. ઈવાનોવ, ઈ. ૧૯૩૬ (અ.) [૨.૨.દ.]

'સોન કાઠિયાણી ને હલામણ જેઠવોની ગીતકથા' : સૌરાષ્ટ્રના બરડા-પ્રદેશના મોરાણું ગામધણીની પુત્રી સોન અને ધૂમલી નગરના હલામણ જેઠવાની પ્રેમકથાને નિરૂપતા આશરે ૯૫ જેટલા દુહા(મુ.) મળે છે. પોતે કરેલી સમસ્યાઓના ઉત્તર આપે એ પુરુષ સાથે લગ્ન કરવાં એવું સોને લીધેલું વચન, ધૂમલીના રાજા શિયાજીએ પોતાના ભત્રીજા હલામણની મદદથી સોનને આપેલા સાચા ઉત્તર, ધૂમલી આવેલી સોનને સાચી વાતની પડેલી ખબર, શિયાજીએ હલામણને આપેલો દેશવટો, સિંધ તરફ ગયેલા હલામણની સોને આદરેલી શોધ, બંનેનો મેળાપ થાય તે પહેલાં હલામણનું મૃત્યુ અને સોનની પણ એની પાછળ આત્મહત્યા એવો કથાનંતુ આ ગીતકથામાં વર્ણવ્યો છે. સમસ્યાપૂર્તિમાંથી પ્રેમ એ આ કથાનો વિશિષ્ટ અંશ છે, જે મધ્યકાલીન પદ્યવાર્તાઓમાં જોવા મળે છે. કૉળેલા ઢળતા આંબાની નીચે નમતી ડાળ જેવું કે પાકેલી કેરી જેવા રંગવાળું સોનાના સૌંદર્યનું વર્ણન તાજગીસભર છે. કૃતિમાં મુકાયેલી પંદરેક જેટલી સમસ્યાપૂર્તિઓ મધ્યકાલીન પદ્યવાર્તાઓની યાદ આપાવે છે. ક્યાંક કથન રૂપે, ક્યાંક સોન, હલામણ કે અન્ય પાત્રોની ઉક્તિ રૂપે ચાલતા આ દુહા ભાષાના તળપદા સંસ્કારથી તાજગીવાળા બન્યા છે.

કૃતિ : ૧. કાઠિયાવાડી સાહિત્ય : ૧-૨, કાહાનજી ધર્મસિંહ, ઈ. ૧૯૨૩; ૨. સોરઠી ગીતકથાઓ, સં. ઝવેરચંદ મેઘાણી, ઈ. ૧૯૭૯ (બીજી આ.).

સંદર્ભ : મધ્યકાલીન પ્રેમકથાઓ, હસુ યાજ્ઞિક, ઈ. ૧૯૭૪. [જ ગા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોનીરામ : જુઓ રામ–૧.

સોમ : આ નામે ૫૬ અને ૬ કડીનાં 'રંભાશુક-સંવાદ'(મુ.) નામે જૈનેતર કૃતિ મળે છે. ભાષાસ્વરૂપના સામ્યને કારણે 'રંભાશુક-સંવાદ' સોમ–૧ની કૃતિ હોવાની સંભાવના વ્યક્ત થઈ છે. પદોના કર્તા કયા સોમ તે નિશ્ચિત કહી શકાય તેમ નથી. સોમ(મુનિ)ને નામે ૬ કડીની 'કરમસી સંથારા-ગીત'(મુ.) અને રાજસ્થાની-ગુજરાતીમિશ્ર ભાષામાં 'જોગબત્રીસી' (લે. સં. ૧૮મી સદી) એ જૈનકૃતિઓ મળે છે. તેમના કર્તા પણ કયા સોમ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ૨. સંબોધિ, એપ્રિલ ૧૯૭૯-જાન્યુ. ૧૯૮૦–'જૈનેતર પ્રાચીન ગુજરાતી કવિઓની કેટલીક અપ્રગટ રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ: ૧. ફોહનામાવલિ; ૨. રાપુહસૂચી; : ૪૨ ૩. રાહસૂચી :૧. [૨.૨.દ.]

સોમ–૧ [ ] : ૭૧ કડીના 'સુદામાસાર' (મુ.)ના કર્તા. ભાષા પરથી કૃતિ ઈ. પંદરમી સદીમાં રચાઈ હોવાનું મનાયું છે.

કૃતિ : મહાકવિ પ્રેમાનંદ તથા બીજા આઠ કવિઓનાં સુદામાચરિત્ર, સં. મંજુલાલ ૨. મજમુદાર, ઈ. ૧૯૨૨.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ; ૨. ફાત્રૈમાસિક,એપ્રિલ-જૂન ૧૯૩૭–'વીરસિંહકૃત ઉષાહરણ', સં. ભોગીલાલ જ. સાંડેસરા–પરિશિષ્ટ; ☐ ૩. આલિસ્ટઑઈ : ૨; ૪. ગૂહાયાદી.

સોમકીર્તિ [ ] : 'પ્રદ્યુમ્નચરિત્ર'ના કર્તા.

સંદર્ભ : દેસુરાસમાળા. [૨.૨.દ.]

સોમકુશલ : આ નામે ૫૫ કડીનું 'શાંતિનાથ જિન-સ્તવન' (લે.ઈ. ૧૭૮૮) મળે છે. તેના કર્તા કયા સોમકુશલ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સોમકુશલ–૧ [ઈ. ૧૬૭૮ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં મેઘ/મહામુનિના શિષ્ય. ૨૧ કડીની 'અવંતિ સુકુમાલમુનિ-સઝાય' (લે. ઈ. ૧૬૭૮)ના કર્તા.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સોમકુંજ/સોમકુંજર [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જયસાગર ઉપાધ્યાયના શિષ્ય. ૩૦ કડીની 'ખરતરગચ્છપટ્ટાવલિ' (૨.ઈ. ૧૪૫૮થી ૧૪૭૫ની વચ્ચે; મુ.) તથા કેટલાંક આલંકારિક પદો (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ; ☐ ૨. *વિજ્ઞપ્તિત્રિવેણી,

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસારસ્વતો;☐ ૩.જૈગૂકવિઓ: ૩(૨). [૨.૨.દ.]

સોમચંદ્ર : આ નામે ૧૭ કડીના 'નેમિજિન બારમાસા' મળે છે. તેના કર્તા કયા સોમચંદ્ર છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

સોમચંદ્ર–૨ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : નગેન્દ્રગચ્છના જૈન સાધુ. ગુણદેવસૂરિની પરંપરામાં ગુણરત્નસૂરિના શિષ્ય. પ્રાકૃત ભાષામાં પ્રથમ ૭ પદ્યો ધરાવતા 'કામદેવકુંવર-રાસ' (૨.ઈ. ૧૪૬૪ની આસપાસ)ના કર્તા. 'જૈન ગુર્જર કવિઓ' હસ્તપ્રતના અક્ષારની સમાનતાના આધારે 'સુદર્શન-રાસ' (૨.ઈ. ૧૪૬૪ આસપાસ) નામની કૃતિ પણ આ કર્તાને નામે નોંધે છે. પણ એ માટે હજી વધુ નક્કર આધારની જરૂર છે.

સંદર્ભ : ૧. ગુસાતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ☐ ૩. દેસુરાસમાળા; ૪. મરાસસાહિત્ય; ☐ ૫. ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૭૧ અને જુલાઈ-સપ્ટે. ૧૯૭૨–'ગુજરાતી જૈન સાહિત્ય: રાસ સન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા; ☐ ૬. જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

સોમજય [ ] : તપગચ્છના જૈન સાધુ. સોમદેવના શિષ્ય. ૪૫ કડીના 'જીરાવલા પાર્શ્વનાથ-સ્તવન'ના કર્તા. કૃતિમાંથી મળતી માહિતી અનુસાર આ રચના સોમજયના શિષ્યની હોવા પણ સંભવ છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સોમધ્વજ [ ] : જૈન. સુક્ષેમકીર્તિના શિષ્ય. ૧૫/૧૬ કડીની 'શીલ-સઝાય/શીલ માહાત્મ્ય-સઝાય'ના કર્તા.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સોમપ્રભ : આ નામે ૨૯ કડીની 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' અને સોમપ્રભાચાર્યને નામે 'આદિનાથ-ફાગ' (૨.ઈ. ૧૬૩૪) તથા સોમપ્રભસૂરિને નામે 'ઔકિતક' (લે. સં. ૨૦મી સદી ચાલુ) મળે છે. આ કૃતિઓના કર્તા કયા સોમપ્રભ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઇતિહાસ : ૧; ૩. ગુસાપઅહેવાલ : ૫–'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય', ચિમનલાલ ડાહ્યાભાઈ; ૪. પાંગુહસ્તલેખો; ☐ ૫. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જૈસલમેરકે જૈન ભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સોમમંડન(મુનિ) : આ નામે ૧૫ કડીની 'જીવદયાકુલક' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૧૦ કડીની 'નેમિનાથભાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા સોમમંડન છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સોમમૂર્તિ [ઈ. ૧૩મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનેશ્વરસૂરિના શિષ્ય. અપભ્રંશપ્રધાન ૩૩ કડીની 'જિનેશ્વરસૂરિસંયમશ્રીવિવાહવર્ણન-રાસ/જિનેશ્વરસૂરિ-દીક્ષાવિવાહવર્ણન-રાસ/વિવાહલઉ' (૨.ઈ. ૧૨૩૫ આસપાસ; મુ.), ૧૩ કડીની' ગુર્વાવલી–રેલુયા', ૧૬ કડીની 'જિનપ્રબોધ સૂરિણા-ચર્ચરી' તથા ૧૨ કડીની 'જિનપ્રબોધ સૂરિણા બોલિકા'-એ કૃતિઓના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તર અપભ્રંશનો સાહિત્ય-વિકાસ, વિદ્યાત્રી આ. ચોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧; ૪. પ્રાકારૂપરંપરા; ☐ ૫. જૈન સત્યપ્રકાશ, જુલાઈ-ઑગસ્ટ ૧૯૪૬–'વિવાહલઉ' સાહિત્યનું રેખાદર્શન', હીરાલાલ ર. કાપડિયા; ☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૨); ૭. જૈમગૂકરચનાઓ : ૧. [ર.ર.દ.]

સોમરત્ન [ ] : જૈન. ૧૭ કડીના 'સુખડી-ભાસ' (લે.સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

સોમવિજય [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–૧૭મી સદી પૂર્વાર્ધ] : સંભવત: તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિના શિષ્ય. ઈ. ૧૫૭૫માં હીરવિજયસૂરિને હસ્તે દીક્ષા. હીરવિજય આદિ વિષયક ૨૪ સવૈયાના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ☐ ૨. હેજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

સોમવિમલ(સૂરિ) : આ નામે કોશા અને સ્થૂલિભદ્રનો સંવાદ નિરૂપતી ૧૫ કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય'(મુ.), ૮ કડીની 'આત્મહિત-સઝાય', ૨૬ કડીની 'ગજસુકુમાલ-સઝાય' (લે. ઈ. ૧૬૩૫) તથા 'સ્વપ્નાધ્યાય' મળે છે. તેમના કર્તા કયા સોમવિમલ છે તે નિશ્ચિત થતું નથી.

કૃતિ : જિનસ્તકાસંદોહ : ૧.

સંદર્ભ : ૧. પાંગુહસ્લેખો;☐ ૨. ડિકેટલૉગભાવિ; ૩. હેજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

સોમવિમલ(સૂરિ)–૧ [જ. ઈ. ૧૫૧૪–અવ. ઈ. ૧૫૮૧/સં. ૧૬૩૭, માગશર–] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં સૌભાગ્યહર્ષના શિષ્ય. ખંભાત પાસેના કંસારી ગામે જન્મ. પિતાનું નામ રૂપવંત, માતા અમરાદે. મૂળનામ જસવંત. ઈ. ૧૫-૧૮માં માત્ર ચાર વર્ષની વયે હેમવિમલસૂરિ પાસે દીક્ષા. દીક્ષાનામ સોમવિમલ.

તેમની પાસેથી ઘણી રાસકૃતિઓ મળી છે: ૨૯૦૫ કડીનો 'અભયકુમાર શ્રેણિક-રાસ/સમ્યકત્વ-રાસ/ (૨.ઈ.૧૫૭૪/સં.૧૬૩૦ ભાદરવા સુદ ૧; મુ.), ૨૯૨ કડીનો 'ધમ્મિલ રાસ' (૨.ઈ.૧૫૩૫/સં. ૧૫૯૧, પોષ સુદ ૧, રવિવાર), ૫૧૭ કડીનો 'ચંપકશ્રેષ્ઠીરાસ' (૨.ઈ. ૧૫૬૬/સં. ૧૬૨૨, શ્રાવણ સુદ ૭, શુક્રવાર), ૪૨૫ કડીનો 'ક્ષુલ્લકકુમાર-રાસ' (૨.ઈ. ૧૫૭૭/સં. ૧૬૩૩, ભાદરવા વદ ૮). આ ઉપરાંત તેમની પાસેથી ૫૧ કડીની 'તપગચ્છ-પટ્ટાવલી-સઝાય/ ગચ્છનાયકપટ્ટાવલી-સઝાય' (૨.ઈ. ૧૫૪૬/સં. ૧૬૦૨, જેઠ સુદ ૧૩; મુ.), યમક અલંકારનો ઉપયોગ કરી 'ચસિમા, શબ્દના સો અર્થો કરી વ્યાવહારિક તેમ જ ધર્મ સંબંધી બોધનું નિરૂપણ કરતી, ગુજરાતી ભાષામાં વિરલ, ૪૭ કડીની 'ચસિમા શબ્દ શતાર્થી-સઝાય' (૨.ઈ. ૧૫૭૬/સં. ૧૬૩૨ શ્રાવણ સુદ ૭; મુ.), ૭/૯ કડીની 'નેમિનાથ-ગીત/રાજિમતી-સઝાય'(મુ.), ૨૨ કડીની આનંદવિમલ-ભાસ', 'કુમરગિરિમંડન (શાંતિનાથ)-સ્તવન', 'દસ દૃષ્ટાંતનાં ગીતો/મનુજ-ભવદુર્લભતા', ૨૫ કડીની 'લગ્નમાન (જ્યોતિષ)'(મુ.), ભદ્રબાહુકૃત મૂળ પ્રાકૃતગ્રંથ 'કલ્પસૂત્ર' પરનો 'કલ્પસૂત્ર અન્તર્વાચ્ય-બાલાવબોધ' (૨.ઈ. ૧૫૬૯) તથા 'દશવૈકાલિક-વિપાકસૂત્ર-ગૌત્તમપૃચ્છા-ત્રણ ભાસ્ય તંદુલ વૈયાલીયના બાલાવબોધ' વગેરે કૃતિઓ મળી છે.

કૃતિ : ૧. ઑસસંગ્રહ : ૧; ૨. ઑસમાલા : ૧; ૩. જૈઐકા-સંચય (+સં.); ૪. પસમ્મુચય : ૨; ૫. પ્રાસપસંગ્રહ : ૧; ૬. શ્રેણિક મહારાજનો રાસ તથા અષ્ટ પ્રકારી પૂજાવિધિ સહિત, પ્ર. છોટાલાલ મ. શાહ, ઈ.–;☐ ૭. જૈનસત્યપ્રકાશ. ડિસે-જાન્યુ. ૧૯૪૯–'મુનિરાજ સોમવિમલકૃત લગ્નમાન (જ્યોતિષ), સં. શ્રી રમણિકવિજય; ૮. બુદ્ધિપ્રકાશ, જુલાઈ-સપ્ટે. ૧૯૪૧–'ચસિમા' શબ્દ શતાર્થી સ્વાધ્યાય', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. દેસુરાસમાળા; ૫. પાંગુહસ્તલેખો; ૬. મરાસસાહિત્ય; ☐ ૭. આલિસ્ટઑઈ : ૨; ૮. જૈગૂકવિઓ : ૧, ૨, ૩ (૧, ૨); ૯. જૈમગૂકરચનાઓ : ૧; ૧૦. જૈહાપ્રોસ્ટા; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. લીંહસૂચી; ૧૩. હેજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

સોમવિમલ(સૂરિ)શિષ્ય [ ] : જૈન સાધુ. ૪૦૨ કડીના વસ્તુ, દુહા તથા ચોપાઈ છંદમાં રચાયેલા 'અમરદત્ત મિત્રાનંદ-રાસ' (૨.ઈ. ૧૫૬૨/સં. ૧૬૧૮, માગશર સુદ ૫) અને 'વંકચૂલ-રાસ' (૨. ઈ. ૧૫૬૮)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. મરાસસાહિત્ય;☐ ૩. જૈગૂકવિઓ: ૩(૧); ૪. હેજ્ઞાસૂચિ : ૧. [ક્રી.જો.]

સોમસુંદર(સૂરિ) [જ. ઈ. ૧૩૭૪/સં. ૧૪૩૦, મહા વદ ૧૪, શુક્રવાર–અવ. ઈ. ૧૪૪૩] : તપગચ્છના જૈન સાધુ અને તેના ૫૦મા પટ્ટધર. જન્મ પાલનપુરમાં. જ્ઞાતિએ પ્રાગ્વાટ. પિતા સજ્જન શ્રેષ્ઠિ, માતા માલ્હણ દેવી. મૂળનામ સોમ. ઈ. ૧૩૮૧માં જ્યાનંદસૂરિ પાસે દીક્ષા. ઈ. ૧૩૯૪માં દેવસુંદરસૂરિ દ્વારા પાટણમાં વાચકપદ. સૂરિપદ ઈ. ૧૪૦૧માં. તેઓ વ્યાકરણ, કોશ, છંદ આદિ અનેક શાસ્ત્રોના વિદ્વાન અને સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતીના સારા જ્ઞાતા હતા. તેમણે અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર, સ્થાપના ઇત્યાદિમાં, જૈન ધર્મના મહોત્સવની ઉજવણીમાં, સંઘયાત્રાઓ યોજવામાં રસ લઈને તેમ જ જૈન ગ્રંથભંડારોને વ્યવસ્થિત કરી સેંકડો તાડપત્રીય ગ્રંથોને કાગળ ઉપર ઉતરાવી તેમની જાળવણી કરવાની મૂલ્યવાન સેવા બજાવી હતી. તેમના વિશાળ શિષ્યસમુદાયમાં મુનિસુંદર, જયચંદ્ર જેવા વિદ્વાન સાધુઓનો સમાવેશ થતો હતો.

સોમસુંદરસૂરિની મુખ્ય સાહિત્યસેવા એમણે રચેલા બાલાવબોધ છે. આ બાલાવબોધ એમનાં પાંડિત્ય અને એમની ગદ્યકાર તરીકેની શક્તિનો સુપેરે પરિચય કરાવે છે. 'ઉપદેશમાલા' પરનો ૩૫૦૦/૫૦૦૦ ગ્રંથાગ્રનો (૨.ઈ. ૧૪૨૯), નેમિનાથ ભંડારીના 'ષષ્ટિશતક' પરનો ૧૨૦૦ ગ્રંથાગ્રનો (૨.ઈ. ૧૪૪૦; મુ.), 'યોગશાસ્ત્ર' પરનો ૪૫૦૦ ગ્રંથાગ્રનો(અંશત: મુ.),'ભક્તામરસ્તોત્ર' પરનો, 'ષડાવશ્યક' પરનો ૪૬૮૫ ગ્રંથાગ્રનો, 'પર્યંતારાધના/આરાધનાપતાકા' પરનો, 'વિચારગ્રંથ/વિચાર સંગ્રહ/અનેક વિચાર સંગ્રહ/વિવિધ વિચાર' પરનો ૮૦૦ ગ્રંથાગ્રનો, 'નવતત્ત્વ' પરનો (૨.ઈ. ૧૪૪૬ ?) તથા 'ગૌત્તમપૃચ્છા' પરના બાલાવબોધનો સમાવેશ થાય છે. 'નવતત્ત્વ'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરનો બાલાવબોધ સમયદૃષ્ટિએ વિચારતાં સોમસુંદરનો હોવાની સંભાવના ઓછી છે. એ સોમસુંદરશિષ્યકૃત હોય એમ લાગે છે.

એ સિવાય ૩૩ કડીનું 'અર્બુદાચલ-સ્તવન', ૨૫ કડીનું 'ગિરનાર સ્તવન', ૯ કડીનું 'નવખંડ-સ્તવન', ૨૧ કડીનું 'સ્તંભન પાર્શ્વનાથ-સ્તવન'—એ કૃતિઓ પણ એમણે રચી છે. 'ભાષ્યત્રયચૂર્ણિ', 'કલ્યાણ-સ્તવન' 'રત્નકોશ', 'નવસ્તવન' વગેરે એમની સંસ્કૃત કૃતિઓ છે. 'આરાધના-રાસ' પ્રાકૃતમાં રચાઈ હોવાની સંભાવના છે.

'નેમિનાથનવરસ-ફાગ/રંગસાગરનેમિનાથ-ફાગુ' આ કવિને નામે નોંધાયેલી છે, પરંતુ વસ્તુતઃ તે રત્નમંડનગણિની કૃતિ છે. એ રીતે 'સ્થૂલિભદ્રચરિત/કવિત' પણ 'સુપસાઇ સિરિ સોમસુંદર-સૂરિ' એવી પંક્તિને કારણે સોમસુંદરસૂરિશિષ્યની હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. નેમિચંદ્રભંડારી વિરચિત ષષ્ટિશતકપ્રકરણ, સં. ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૫૩ (+સં.); ૨. પ્રાચીન ગુજરાતીગદ્ય-સંદર્ભ, સં. મુનિ જિનવિજય, સં. ૧૯૮૬; ☐ ૩. જૈનયુગ, કારતક-માગશર ૧૯૮૩—'વિક્રમના ખંદરમા સૈકાના કેટલાક જૈન કવિઓની કાવ્યપ્રસાદી', સં. મોહનલાલ દ. દેશાઈ, ૪. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૭૫—'સોમસુંદરસૂરિકૃત સ્થૂલિભદ્રચરિત', વસંતરાય બી. દવે (+સં.).

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુસાઈતિહાસ : ૧; ૩. ગુલિટરેચર; ૪. ગુસાપઅહેવાલ : ૨૦—'ઈતિહાસ પુરાતત્ત્વ વિભાગના પ્રમુખનું ભાષણ—પરિશિષ્ટ', મુનિશ્રી પુણ્યવિજયજી; ૫. ગુસામધ્ય; ૬. ગુસારસ્વતો; ૭. જૈસાઈતિહાસ; ૮. દેસુરાસમાળા; ૯. નયુકવિઓ; ૧૦. પાંગુહસ્તલેખો; ૧૧. પ્રાકારૂપરંપરા; ☐ ૧૨. ફાત્રૈમાસિક, ઑક્ટો-ડિસે. ૧૯૪૧—'પાલપુરનો સંક્ષિપ્ત જૈન ઈતિહાસ, મુનિશ્રી કાંતિસાગરજી; ☐ ૧૩. આલિસ્ટઑઇ : ૨; ૧૪. કેટલૉગગુરા; ૧૫. જેગૂકવિઓ : ૧, ૩(૧, ૨); ૧૬. ડિકેટલૉગભાવિ; ૧૭. મુપુગૂહસૂચી; ૧૮. લીંહસૂચી; ૧૯. હેજેજ્ઞાસૂચિ : ૧. [જો.પ.]

સોમસુંદર(સૂરિ)શિષ્ય : આ નામે ૩૬ કડીની 'વસ્તુ' અને 'ઠવણિ' કે 'ભાષા' નામક ખંડોમાં ગ્રથિત 'સમવસરણવિચાર-સ્તવન'(મુ.), ૨૨ કડીની 'અતીત અનાગત-વર્તમાન ચોવીસ જિન-સ્તવન', ૧૫ કડીનું 'નવકાર મહામંત્ર-ગીત'(મુ.), 'સ્થૂલિભદ્ર-ચરિત્ર', ૪૫ કડીની 'દેવદ્રવ્યપરિહાર-ચોપાઈ'(મુ.), ૧૦ કડીની 'સોમસુંદરસૂરિ-સઝાય' 'અંગફુરકે ઉસકી-ચોપાઈ'(મુ.), ૧૪ કડીનું 'ધરણવિહાર-સ્તોત્ર', ૧૦ કડીનું 'ચતુર્મુખ-ગીત', ૧૫ કડીનું 'જીવદયાકુલં-સઝાય', ૭૫૧ ગ્રંથાગ્રનો 'નવતત્ત્વપ્રકરણ-બાલાવબોધ', ૧૦૧૦ ગ્રંથાગ્રનો 'પિંડવિશુદ્ધિ' પર બાલાવબોધ—એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા સોમસુંદરસૂરિશિષ્ય છે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

કૃતિ : ૧. જૈન પ્રાચીન પૂર્વાચાર્યોવિરચિત સ્તવન સંગ્રહ, પ્ર. મોતીચંદ રૂ. ઝવેરી, ઈ. ૧૯૧૯; ૨. સમાધિશતકમ્, સં. વી.પી. સિધિ, ઈ. ૧૯૧૬; ☐ ૩. જૈનયુગ, આષાઢ-શ્રાવણ ૧૯૮૬—'સં. ૧૫૩૫માં લખાયેલાં પ્રાચીન કાવ્યો', મોહનલાલ દ. દેશાઈ; ૪. જૈન સત્યપ્રકાશ, ઑગસ્ટ ૧૯૪૫—'દેવદ્રવ્ય પરિહાર-ચોપાઈ', સં. કાંતિસાગરજી.

સંદર્ભ : ૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ. ઈ. ૧૯૭૮; ☐ ૨. આલિસ્ટઑઇ : ૨; ૩. કેટલૉગગુરા; ૪. જેગૂકવિઓ : ૩(૧, ૨); ૫. જૈહાપ્રોસ્ટા; ૬. ડિકેટલૉગભાવિ; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સોમસુંદર(સૂરિ)શિષ્ય—૧ [ઈ. ૧૫મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. મહાવીર નિશાળે જાય છે તે વિશેની 'નિશાલ-ગરણું' (૨.ઈ. ૧૪૩૫), ૫૪/૫૫ કડીનું 'શત્રુંજય-સ્તવન' (૨.ઈ. ૧૪૪૪/સં. ૧૫૫૦, મહા સુદ ૧૩) તથા ૮૧ કડીનો રાસ, અઢેઉ, આંદોલા વગેરે દેશીમાં રચાયેલ, રાણપુરના મંદિરની પ્રશસ્તિ કરતી 'રાણપુર-મંડનચતુર્મુખઆદિનાથ-ફાગ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : ૧. જેગૂકવિઓ : ૩ (૧, ૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજેજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

સોરઠા(આખ્યાના) : પરજિયા કે હાલારી દુહા તરીકે ઓળખાવાયેલા ૩૫૦ જેટલા મુદ્રિત સોરઠા બ્રહ્મનું સ્વરૂપ, માયાનું કાર્ય, જીવદશાની ભ્રમણા, અન્ય સાધનોથી જ્ઞાનની શ્રેષ્ઠતા વગેરે વિષયોને મુકતકશૈલીએ આલેખે છે. કોઈક હસ્તપ્રતો સોરઠામાં છપ્પા જેવું અંગવિભાજન બનાવતી હોવાનું નોંધાયું છે, પણ એ એવું જ શિથિલ અંગવિભાજન હોવાની શક્યતા છે. જો કે અપરોક્ષ રહેલા પરમેશ્વરને ન ઓળખતા જીવની મનોદશા સમજાવવા પ્રીતમનો હાથ પોતાને કંઠે હોય છતાં એનો આનંદ ન સમજતી, બાળકબુદ્ધિથી બહાર ફર્યા કરતી અબુધ અજ્ઞાન સ્ત્રીનું ચિત્ર પાંચસાત સોરઠાઓ સુધી આલેખાયેલું હોય એવા સળંગ વિચાર કે વર્ણનના ખંડો મળે છે ખરા. સોરઠાના વર્ણસગાઈયુકત પદવિન્યાસને પ્રત્યેક ચરણમાં નિરપવાદ રીતે યોજતા આ કૃતિ-સમૂહમાં અખાની લાક્ષણિક લાઘવયુકત કથનશૈલીને સહેજે જ અવકાશ મળ્યો છે. [જ.કો.]

સોલણ/સોલણું [ ] : જૈન. ગિરનારની તીર્થયાત્રાના પ્રસંગની સ્તુતિ કરતી ૩૮ કડીની દુહાબદ્ધ 'ચચ્ચરી/ચર્ચરિકા'(મુ.)ના કર્તા. ભાષાની પ્રાચીનતા જોતાં કૃતિ સં. ૧૪મી સદીમાં રચાઈ હોવાનું અનુમાન છે.

કૃતિ : ૧. પ્રાગુકાસંગ્રહ : ૧; ૨. રાસ ઔર રાસાન્વયી કાવ્ય, સં. દશરથ ઓઝા, દશરથ શર્મા, સં. ૨૦૧૬.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ઉત્તર-અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૩. ગુસાઈતિહાસ : ૧; ☐ ૪. જેગૂકવિઓ : ૧. [ર.ર.દ.]

સૌજન્યસુંદર [ઈ. ૧૭૬૨માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. રતિસુંદરની પરંપરામાં માન્યસુંદરના શિષ્ય. 'દ્રૌપદી-ચરિત્ર' (૨.ઈ. ૧૭૬૨/સં. ૧૮૧૮, ભાદરવા સુદ ૮, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગુસાઈતિહાસ; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. જેગૂકવિઓ : ૩(૧). [ર.ર.દ.]

સૌભાગ્ય : આ નામે ૭ કડીની 'પંચજ્ઞાન-આરતી'(મુ.), 'પુંડરિકસ્વામીની સ્તુતિ'(મુ.), ૧૧ કડીની 'તરકારી-સઝાય'(મુ.) તથા ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીની 'સ્થૂલિભદ્ર-સઝાય'(મુ.) મળે છે. તેમના કર્તા કયા સૌભાગ્ય છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ઉપાસ્તવન; ૨. જૈસંગ્રહ; ૩. જ્ઞાનાવલી. [૨.૨.દ.]

સૌભાગ્ય(સૂરિ)–૧ [ઈ. ૧૮૪૦માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ૩ ઢાળ ને ૪૨ કડીના 'ચતુર્દશપૂર્વતપ-સ્તવન' (૨.ઈ.૧૮૪૦; મુ.)ના કર્તા.

કૃતિ : આરત્નસાર. [૨.૨.દ.]

સૌભાગ્યચંદ્ર [ ] : 'મૌન એકાદશી કથા-સ્તબક' (૨.ઈ. ગોનિધિ કાશ્યપી સુસ્તસભૃત સંખ્યાયુતે વશ રે, શ્રીમન્માર્ગ સિતેતરે શુભતિથૌ ષષ્ટિ ગુરૌવાસ રે)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સૌભાગ્યમંડન [ઈ. ૧૫૫૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિનયમંડનના શિષ્ય. 'પ્રભાકર-રાસ' (૨.ઈ. ૧૫૫૬)ના કર્તા. કાવ્યને અંતે 'તેહ તણઈ સાનિધિ કરી કહઈ પંડિત મહિરાજ' એવી પંક્તિ છે એટલે કર્તા મહિરાજ હોવાની પણ સંભાવના કરી શકાય.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

સૌભાગ્યરત્ન(સૂરિ) [ ] : અંચલગચ્છના જૈન સાધુ. કીર્તિરત્નસૂરિના શિષ્ય. ૭ ઢાળ અને ૯૫ કડીના 'શાંતિનાથ-સ્તુતિ ગર્ભિત ચતુર્દશ ગુણસ્થાન-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ. મુ.)ના કર્તા.

કૃતિ : પ્રવિસ્તસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સૌભાગ્યલક્ષ્મી : જુઓ વિજયસૌભાગ્યશિષ્ય વિજયલક્ષ્મીસૂરિ.

સૌભાગ્યલક્ષ્મીશિષ્ય [ ] : જૈન સાધુ. ૬ કડીની 'ગહૂંલી'(મુ.)ના કર્તા.

કૃતિ : ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ : ૧, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૧. [કી.જો.]

સૌભાગ્યવિજય : આ નામે 'ચોવીસી' (૨.ઈ. ૧૬૪૪ની આસપાસ; ૫ સ્તવન મુ.), ૬૦ કડીનું 'પાખંડતાપ-પાર્શ્વનાથ-સ્તવન' (લે.ઈ. ૧૮૨૦), ૬૯ કડીની 'બારવ્રતજોડી-સઝાય' (લે. સં. ૧૭મી સદી અનુ.), ૨૨ કડીનું 'શાશ્વતજિન બિંબસંખ્યા-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.) તથા ૧૫ કડીની 'સુબાહુકુમારની સઝાય'(મુ.) મળે છે. આ કયા સૌભાગ્યવિજય છે તે સ્પષ્ટ થતું નથી.

કૃત : ૧. જૈગૂસારત્નો : ૧; સજ્ઝાયમાલા(પં).

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સૌભાગ્યવિજય–૧ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. સાધુવિજયના શિષ્ય. ૬ ઢાળ અને ૫૬ કડીની 'વિજયદેવ-સૂરિનિર્વાણ-સઝાય' (૨.ઈ. ૧૬૫૭ પછી; મુ.)ના કર્તા. પ્રસ્તુત કૃતિ વિજયદેવસૂરિના અવસાન (ઈ. ૧૬૫૭) પછી અને વિજયપ્રભ-સૂરિના સમયમાં રચાઈ છે એટલે કવિ ઈ. ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં હયાત હોવાનું માની શકાય.

કૃતિ : જૈઐકાસંચય.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ☐ ૨. જૈગૂકવિઓ; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

સૌભાગ્યવિજય–૨ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયપ્રભસૂરિની પરંપરામાં ગુણવિજયના શિષ્ય. ૧૦ કડીની 'વિજયપ્રભસૂરિ-સઝાય'(મુ.)ના કર્તા. પ્રસ્તુત કૃતિ વિજયપ્રભસૂરિ-(ઈ. ૧૬૨૧–ઈ. ૧૬૯૩)ની હયાતીમાં લખાયેલી જણાય છે, તેથી તેના કર્તા ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું કહી શકાય.

કૃતિ : ઔસમાલા : ૧. [૨.૨.દ.]

સૌભાગ્યવિજય–૩ [આવ. ઈ. ૧૭૦૬/સં. ૧૭૬૨, કારતક વદ ૭] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં લાલવિજયના શિષ્ય. પિતા નરપાલ. માતા ઈન્દ્રાણી. ઈ. ૧૬૬૩માં લાલવિજય પાસે દીક્ષા. અવસાન ઔરંગાબાદમાં. ૧૪ ઢાળ અને ૩૦૭ કડીનું 'તીર્થમાળા-સ્તવન' (૨.ઈ. ૧૬૯૪; મુ.), 'દશવૈકાલિકસૂત્રની સઝાય', 'વિજયસેનસૂરિ-સઝાય' તથા 'સમ્યકત્વ ૬૭ બોલ-સ્તવન' એ કૃતિ-ઓના કર્તા.

કૃતિ : પ્રાતીસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૩૭–'દો ઐતિહાસિક રાસોંકા સાર', અગરચંદ નાહટા; ☐ ૨. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૩. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સૌભાગ્યવિજય–૪ [ ] : જૈન સાધુ. ગુમાન-વિજયના શિષ્ય. ૯ કડીના 'પારસનાથનો થાલ/પાર્શ્વનાથ-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૨.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સૌભાગ્યશેખર [ઈ. ૧૫૮૫માં હયાત] : 'પુણ્યપાલ-રાજરિષિ-ચોપાઈ' (૨.ઈ. ૧૫૮૫)ના કર્તા.

સંદર્ભ : રાહસૂચી : ૧. [૨.૨.દ.]

સૌભાગ્યસાગર [ઈ. ૧૮૧૭માં હયાત] : સંભવત: ખરતરગચ્છના જૈન સાધુ. મહિમાસાગરના શિષ્ય. ૩૨ કડીના 'જંબૂકુમાર-ચોઢા-ળિયું' (૨.ઈ. ૧૮૧૭; મુ.)ના કર્તા.

કૃતિ : જૈસસંગ્રહ(જૈ).

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સૌભાગ્યસાગરશિષ્ય [ઈ. ૧૪૫૨માં હયાત] : લબ્ધિસાગરસૂરિની પરંપરાના વડતપગચ્છના જૈન સાધુ. વસ્તુ, દુહા, ચોપાઈ વગેરે છંદોની ૪ ઢાળમાં વિભક્ત ૫૧ કડીના 'ચંપકમાલા-રાસ' (૨.ઈ. ૧૪૫૨/સં. ૧૫૦૮, આસો સુદ ૭)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસા-ઇતિહાસ;[] ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૫. મુપુગૂહસૂચી. [કી.જો.]

સૌભાગ્યસુંદર : આ નામે ૧૫ કડીની 'જિન-નમસ્કાર' (લે.સં.૧૮મી સદી અનુ.) નામની રચના મળે છે. તે કયા સૌભાગ્યસુંદરની છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સૌભાગ્યસુંદર(ગણિ)–૧ [ઈ. ૧૫૭૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનદેવસૂરિની પરંપરામાં દેવસમુદ્રના શિષ્ય. ૩૩૭ કડીની 'દેવકુમાર-ચોપાઈ' (૨.ઈ. ૧૫૭૧/સં. ૧૬૨૭, અષાડ સુદ ૬, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

સૌભાગ્યહર્ષ(સૂરિ)શિષ્ય [ઈ. ૧૫૪૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. ૫૧ કડીની 'ગચ્છનાયક પટ્ટાવલી-સઝાય/સોમવિમલસૂરિ-ગીત' (૨.ઈ. ૧૫૪૬/સં. ૧૬૦૨, જેઠ સુદ ૧૩; મુ.)ના કર્તા.

કૃતિ : ઐસમાલા : ૧.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૧). [કી.જો.]

સ્થાનસાગર [ઈ. ૧૬૨૯માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. પુણ્યચંદ્રની પરંપરામાં વીરચંદ્રના શિષ્ય. ૧૦૦૦ ગ્રંથાગ્રના 'અગડદત્ત-રાસ' (૨.ઈ. ૧૬૨૯/સં. ૧૬૮૫, આસો વદ ૫; સ્વલિખિત પ્રત)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઇતિહાસ : ૨; ૨. મરાસસાહિત્ય;[] ૩. આલિસ્ટઑઇ : ૨; ૪. જૈગૂકવિઓ : ૧. [પા.માં.]

સ્થિરહર્ષ [ઈ. ૧૬૫૨માં હયાત] : ખરતરગચ્છની સાગરચંદ્ર શાખાના જૈન સાધુ. મુનિમેરુના શિષ્ય. 'પદ્મરથ-ચોપાઈ' (૨.ઈ. ૧૬૫૨/સં. ૧૭૦૮, ફાગણ સુદ ૫)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [પા.માં.]

'સ્થૂલિભદ્ર–ઓકવીસો' [ઈ. ૧૪૯૭/સં. ૧૫૫૩, આસો વદ ૩૦] : તપગચ્છના જૈન સાધુ અને સમયરત્નશિષ્ય લાવણ્યસમયની ૮ પંકિતની (જેમાં પહેલી ૪ પંકિત દેશીની અને બીજી ચાર પંકિત હરિગીતિકા છંદની) ૧ એવી ૨૧ કડીની આ કૃતિ(મુ.)માં સ્થૂલિભદ્ર દીક્ષા લીધા પછી ગુરુની આજ્ઞાથી ચાતુર્માસ ગાળવા માટે કોશા ગણિકાને ત્યાં આવે છે એ જૈન સાહિત્યમાં જાણીતો પ્રસંગ નિરૂપાયો છે. વર્ણન અને સંવાદ રૂપે ચાલતી આ કૃતિમાં અંતરયમકથી ૪-૪ પંકિતના બન્ને શ્લોકનો બનતો સ્વતંત્ર ઘટક તથા કોશાના અનુપ્રાસયુકત સૌંદર્ય-પ્રસાધનનાં વર્ણનો કવિનાં ભાષાસામર્થ્ય અને સંકલનાશકિતનાં પરિચાયક છે. એ રીતે કાવ્યમાં પ્રયોજાયેલાં દૃષ્ટાંતો વકતવ્યને ધારદાર બનાવે છે. જેમ કે ઉત્તમ ભોજન છોડી ઘેરઘેર ભિક્ષા માગતા સ્થૂલિભદ્રને કોશા કહે છે કે તમે સ્વચ્છ જળ પીવાનું છોડી મેલું ને ઊનું જળ શા માટે પીઓ છો? અથવા દેહકષ્ટ ભોગવી મોક્ષ મેળવવાની વાત કેટલી બેહૂદી છે તે સમજાવવા કહે છે કે નખ વડે કયારેય મોટું વટવૃક્ષ પાડી શકાય ખરું? [જ.ગા.]

'સ્થૂલિભદ્ર–ફાગુ' : ખરતરગચ્છના જિનપદ્મસૂરિકૃત આ ફાગુ(મુ.) ગુજરાતી ફાગુકાવ્યોમાં 'જિનચંદ્રસૂરિ-ફાગુ' પછીની બીજી જ રચના હોઈ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. ચૈત્ર માસમાં નૃત્ય સાથે ગાવા માટેનો નિર્દેશ ધરાવતા દુહા-રોળાબદ્ધ ૨૭ કડી અને ૭ ભાસના આ ફાગુમાં પાટલીપુત્રના મંત્રી શકટાલના પુત્ર સ્થૂલિભદ્ર, દીક્ષા લીધા બાદ, જેની સાથે પૂર્વાશ્રમમાં પોતાને સતત ૧૨ વર્ષનો સહવાસ હતો તે પ્રેયસી ગણિકા કોશાને ત્યાં ગુરુની આજ્ઞા મેળવી ચાતુર્માસ ગાળવા પધારે છે તે પ્રસંગનું નિરૂપણ છે. સ્થૂલિભદ્રના દુષ્કર કામવિજયનો મહિમા ગાવો એ આ કાવ્યનો ઉદ્દેશ છે, પરંતુ કવિએ શૃંગારના ઉદ્દીપન-વિભાવ રૂપે કરેલું વર્ષા-વર્ણન, શૃંગારના આલંબનવિભાવ રૂપે કરેલું કોશાનું સૌંદર્યવર્ણન, સ્થૂલિભદ્ર અને કોશા વચ્ચે મૂકેલો માર્મિક સંવાદ, તથા કોશાના મદનપ્રભાવ સામે વિજયી થતો બતાવેલો સ્થૂલિભદ્રનો જ્ઞાનધ્યાન-જનિત શાંત સંયમપ્રભાવ–આ સર્વ કાવ્યને આસ્વાદ્ય બનાવે છે. એક નાટયાત્મક પરિસ્થિતિનું અવલંબન, રૂઢ છતાં દ્યોતક અલંકારોનું આયોજન, વર્ણધ્વનિનો કવિએ ઉઠાવેલો લાભ તથા લય અને ભાષા પરત્વેની પ્રભુતા કવિના રસિક કવિત્વને પ્રગટ કરે છે.

[ચ.શે.]

'સ્યાવશનામું' : (૨.ઈ. ૧૬૭૯/સં. ૧૭૩૫, ભાદરવા વદ ૭] : ફિરદોસીના 'શાહનામા'ની અંદર આવેલા 'સ્યાવશનામા' કથાનક પર આધારિત ઈરાની બાદશાહ કએકાઉસના પુત્ર સ્યાવશ અને પૌત્ર કએખુશરુનાં પરાક્રમો, ઔદાર્ય અને સ્વાભિમાન તથા સ્યાવશ-પત્ની ફરંગેજના સદ્‌શીલને આલેખતું પારસી કવિ રૂસ્તમકૃત આખ્યાનકાવ્ય(મુ.).

કૃતિનું કથાવસ્તુ ૨ ખંડમાં વહેંચાય છે. ઈરાનના બાદશાહ કએકાઉસનો રાજ્યઅમલ, ગેબી સુંદરી સાથેનું તેનું લગ્ન, તેનાથી પુત્ર સ્યાવશનો જન્મ, બાળવયે જ ગેબીસુંદરીનું અલોપ થઈ જવું, કએકાઉસનું હમાવરાનની શાહજાદી સોદાબેહ પર મોહિત થઈ તેની સાથે લગ્ન કરવું, યુવાન સ્યાવશ તરફ આકર્ષાઈ અપરમાતાની તેની પાસે અઘટિત માગણી કરવી, સ્યાવશના વિનયપૂર્ણ ઇન્કારથી છંછેડાઈ માતાનો સ્યાવશ પર બળાત્કાર કરવાનો આરોપ મૂકવો, સ્યાવશનું જાતે સ્વીકારેલી અગ્નિકસોટીમાંથી પાર ઊતરવું, યુદ્ધ દરમ્યાન પિતાએ દાખવેલા અવિશ્વાસથી નારાજ થઈ વતનનો ત્યાગ કરવો, અનેકવિધ પરાક્રમો કરી તુર્કસ્તાનની શાહજાદી ફરંગેજ સાથે લગ્ન ને તુર્કસ્તાનની બાદશાહતનો અસ્વીકાર કરી રાક્ષસો અને જંગલી જનાવરોથી ભરેલા જંગલને સાફ કરી ત્યાં 'સ્યાવશ-ગેરદ' નામનું નગર વસાવવું અને યુવાવસ્થામાં જ સસરા અફરા-સિયાબને હાથે ખૂનના ભોગ બનવું–એ ઘટનાઓ પહેલા ખંડમાં નિરૂપાઈ છે. બીજા ખંડમાં સ્યાવશની વિધવા પત્ની ફરંગેજની કૂખે કએખુશરુનો જન્મ, વિધવા માતાએ જંગલમાં વસી અનેક આપત્તિ-ઓ સહી પુત્રનો કરેલો ઉછેર, ઈરાની પહેલવાન ગેવની મદદથી ઈરાન પહોંચી કએખુશરુએ સ્વપરાક્રમથી ઈરાનની બાદશાહત મેળવવી અને વધુ વખત રાજ્ય ન કરતાં ગુફાવાસી તરીકેનું જીવન સ્વીકારવું–એ ઘટનાઓ નિરૂપાઈ છે. કૃતિનું શીર્ષક નાયકના નામ પરથી રખાયું છે, પરંતુ કૃતિનું તેજસ્વી પાત્ર તો સ્યાવશની પત્ની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરંગેઝનું છે. વેધવ્ય પછી એ પાત્રનો વિકાસ અત્યંત આકર્ષક રીતે થયો છે.

કવિ રૂસ્તમે આ આખ્યાનમાં મૂળ કથાનું શુષ્ક-નીરસ અનુકથન માત્ર ન કરતાં, પ્રમુખ પાત્રો અને પ્રસંગોને પોષક નીવડતાં મૌલિક ઉમેરણો કરી કાવ્યને વિશેષ રોચક તેમજ પ્રતીતિકર બનાવી પોતાની સ્વતંત્ર સર્જકપ્રતિભાનો પરિચય આપ્યો છે. 'શાહનામા'માં મૂળ લાંબાં વર્ણનોને લાઘવપૂર્વક નિરૂપી વસ્તુગુંફનની કુશળતા પણ દાખવી છે, તેમ છતાં કથાનો ઉતાવળે અંત લાવી દેવાની કવિની અન્ય રચનાઓમાં જોવા મળતી નબળાઈ અહીં પણ દેખાય છે.

કવિની પ્રૌઢ કલમે લખાયેલ આ રચનામાં પ્રાસયોજના અને અલંકારોનો રુચિર પ્રયોગ જોવા મળે છે, પરંતુ છંદ અને ઢાળના લયસૂઝની મર્યાદા તરત જણાઈ આવે છે. [ર.ર.દ.]

સ્વરૂપચંદ : આ નામે ૬ કડીની 'ગિરનારજીનો વધાવો'(મું.), 'ત્રેસઠ સલાકા-છત્રીસી/છંદ/પ્રભાતિયું/સઝાય'(મુ.), ૩ કડીની 'યુગપત્‌સ્તુતિ' (મુ.) તથા ૪ કડીનું 'શાંતિનાથ-સ્તવન' (મુ.) એ કૃતિઓ મળે છે. આ કૃતિઓના કર્તા સ્વરૂપચંદ–૧ હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક : ૧; ૨. રત્નસાર : ૨, પ્ર હીરજી હંસરાજ, સં. ૧૯૨૩; ૩. સસન્મિત્ર : ૧, ૨. [કી.જો.]

સ્વરૂપચંદ–૧ [ ] : જૈન સાધુ. સૌભાગ્યચંદ્રના શિષ્ય. 'જિનસ્તવન-ચોવીસી'(મુ.) તથા ૮ કડીનું 'માલણનું ગીત' (મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક : ૧; ૨. રત્નસાર : ૨, હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સ્વરૂપચંદ(મુનિ)–૨ [ ] : જૈન સાધુ. વાચક ભાનુચંદ-ઉદયચંદના શિષ્ય. ૭૩ કડીના 'મિત્રત્રય-રાસ' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

સ્વરૂપની કાફીઓ' : ધીરાકૃત કાફીપ્રકારનાં ૨૧૦ પદોનો આ સમુચ્ચય(મુ.) ગુરુ, માયા, મન, તૃષ્ણા, લક્ષ્મી, યૌવન અને કાયા-એ ૭ પદોનાં લક્ષણો ૩૦–૩૦ કાફીઓમાં વર્ણવે છે.

ગુરુસ્વરૂપની કાફીઓમાં માન-અપમાન, રાગદ્વેષ, કામક્રોધ ઇત્યાદિથી પર એવા સમદૃષ્ટિ ગુરુનું અત્યંત ભાવપૂર્વક ચિત્ર દોર્યું છે અને દત્તાત્રેય આદિ સાથે પણ એમને સરખાવી ન શકાય એમ કહી એમનો અપાર મહિમા કર્યો છે. કોઈએ નથી કર્યું એવું ગુરુએ કર્યું છે–ભાટ જેવી જેની વૃત્તિ હતી તેને બ્રહ્મા સમાન કર્યો છે અને પથ્થર હતો તેને શબ્દ વડે સમાર્યો છે–એ બતાવી ગુરુગુણ ગાવાની આવશ્યકતા બતાવી છે.

માયાસ્વરૂપની કાફીઓમાં ધન, વિદ્યા, પુત્ર, પત્ની, ઘરબાર વગેરેની આસક્તિ રૂપે વળગતી સૌને રમાડતી, અખિલેશ્વરી માયાના પ્રતાપનું વર્ણન કર્યું છે; તો મનસ્વરૂપની કાફીઓમાં માણીગર, બાજીગર, ભૂત જેવા, સારાસારનો વિવેક નહીં કરી શકતા, ચંચળ, તરંગી, મતલબી, મોજીલા મનનાં ચિત્રો દોર્યાં છે ને વશ થયેલું મન શું સિદ્ધ કરે છે તે કહી એની શક્તિનો મહિમા કર્યો છે.

તૃષ્ણાસ્વરૂપની કાફીઓમાં ઘરડી નટવી, સાગરતરંગ, વાંટોળ, રેંટ, પાણી વિનાનું તળાવ, ચંદન ઘો, વાનરી, ઘોડી વગેરેનાં દૃષ્ટાંતો લઈ તૃષ્ણાનું સ્વરૂપ સ્ફુટ કર્યું છે અને તૃષ્ણાને ગુરુપ્રાપ્તિ તરફ ને અધ્યાત્મજ્ઞાન તરફ વાળી ફલપ્રદ બનાવવાનો બોધ કર્યો છે. લક્ષ્મી-સ્વરૂપની કાફીઓમાં પણ વીંછીનો દંશ પામેલો ઘેલી અળવીતરી સ્ત્રી, સોમલ, ગંધર્વનગર, તરવાર, વીજળી, સર્પ વગેરેનાં દૃષ્ટાંતથી લક્ષ્મીનાં ઉદ્દંડતા, વિનાશકતા, મિથ્યાત્વ, રંગબેરંગીપણું આદિ લક્ષણો પ્રકાશિત કર્યાં છે. લક્ષ્મીના સંગથી વિષ્ણુ પણ કાળા થયા એમ કહી એની અનિષ્ટતા માર્મિક રીતે પ્રગટ કરી છે.

યૌવનસ્વરૂપની કાફીઓમાં મદિરા, મસ્તાનો માતંગ, મૃગજળ, સ્વપ્નાની નારી, નદીમાં આવતું પૂર, માનસસરોવરને ડહોળી નાખતા વૃષ્ટિકાળ વગેરેનાં દૃષ્ટાંતોથી યૌવનની અસ્થિરતા,ઉન્મત્તતા, વિક્ષુબ્ધતા પ્રગટ કરીછે અને ધનલાલસા, કામવાસના, કેફી વ્યસન, જુગાર વગેરે યૌવનના દોષો વર્ણવી એની લપસણી ભૂમિનું આલેખન કર્યું છે. કાયાસ્વરૂપની કાફીઓમાં જીવ, ઇન્દ્રિયો આદિનું કાર્ય વર્ણવી નાશવંત કાયા માટે માનવ જે પ્રયાસો કરે છે તેની વ્યર્થતાનું નિરૂપણ કર્યું છે.

કાફીઓ તત્ત્વજ્ઞાનાત્મક કરતાં ઉપદેશાત્મક વધુ છે, પરંતુ કવિએ દૃષ્ટાંતોનો નહીં પણ દૃષ્ટાંતચિત્રોનો આશ્રય લીધો છે.દૃષ્ટાંત આખા પદમાં વાર્તારૂપ બનીને વિસ્તરેલું હોય છે. તે ઉપરાંત આત્મકથનની ને ઉદ્‌બોધનની શૈલી પણ તેમાં પ્રયોજાયેલી છે તથા ચોટદાર ઉક્તિઓ પણ તેમાં અવારનવાર મળે છે. આ રીતે આ કાફીઓનો કાવ્યગુણ ઘણો નોંધપાત્ર છે. [જ. કો.]

સ્વરૂપાનંદ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ. વ્યવસાયે દરજી. મૂળ નામ ભગવાનદાસ. દીક્ષાનામ સ્વરૂપાનંદ. ભજનો(*મુ.)ના કર્તા.

કૃતિ : *સ્વરૂપાનંદ ભજનમાળા,–

સંદર્ભ : ૧. સત્સંગના સંતો, પ્ર. રમણલાલ અં. ભટ્ટ, ઈ. ૧૯૫૩;☐ ૨. ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૯–'સુરતના કેટલાક સંતો અને ભક્તકવિઓ', માણેકલાલ શં. રાણા. [શ્રા.ત્રિ.]

'સ્વરૂપાનુ ભવોછવ-રસલીલા-ગ્રંથ' [ર. ઈ. ૧૬૫૨]: નારાયણદાસના પુત્ર ગોકુલભાઈરચિત 'માંગલ્યને' નામે ઓળખાયેલા ૧૧૩ ધોળ અને ૯૫૦૦ કડીનો આ ગ્રંથ (અંશાત: મુ.) ગોકુલનાથજીના અવસાન (ઈ. ૧૬૪૧) પછી ઈ. ૧૬૫૨માં રચાયાનું નોંધાયું છે, પરંતુ એ રચનાવર્ષ માટેનો આધાર સ્પષ્ટ નથી.

સં. ૧૬૯૬ (ઈ. ૧૬૩૦) માગશર સુદ ૭ના રોજ ઉજવાયેલા ગોકુલેશપ્રભુના પ્રાગટ્યદિનના મહોત્સવને વર્ણવવા રચાયેલો આ ગ્રંથ આગલા પ્રાગટ્યદિનથી આરંભાય છે અને વર્ષ દરમ્યાન સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર જે અન્ય સર્વસામાન્ય ઉત્સવો–શ્રીગુસાંઈજીનો જન્મોત્સવ, દોલોત્સવ, પવિત્રાબારશ, શ્રાવણી, જન્માષ્ટમી વગેરે ઉજવાયા તેના વર્ણનને પણ સમાવી લે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બધાં જ વર્ણનોના કેન્દ્રમાં ગોકુલનાથજીની લીલા રહી છે અને વસ્ત્ર, આભૂષણાદિ સર્વ આનુષંગિક વીગતો સાથે એ આલેખાઈ છે. કાવ્યની વીગતપ્રચુરતાનો ખ્યાલ એ પરથી આવે છે કે મહોત્સવના વર્ણનમાં જ ૫૦ ઉપરાંત માંગલ્ય રોકાયાં છે. એમાં ૩૬ માંગલ્યો તો ગોકુલેશપ્રભુના છઠ અને સાતમના નિત્યચરિત્રને વર્ણવે છે. એમાં વસ્ત્ર, આભૂષણ, સુગંધી દ્રવ્ય, પાત્રાદિની વિસ્તૃત યાદીઓ, એમનાં ચોક્કસ પ્રકારના વર્ણન સાથે રજૂ થયેલી છે. એ જ રીતે, વાજિંત્રોની, એના વગાડનારાઓનાં નામોની તેમ જ મહોત્સવ પ્રસંગે આવેલા ૧૮૭૪ ભગવદીઓનાં નામ-ગામની યાદી પણ અહીં આપવામાં આવી છે. કાવ્યના આરંભે પણ કવિએ ગોકુલેશપ્રભુના અગ્રણી ભક્તોના પરિચયો આપેલા છે. આ રીતે આ કાવ્ય ઘણીબધી ઐતિહાસિક–સામાજિક માહિતીથી સભર છે. કવિની ગોકુલનાથજી પ્રત્યેની પરમભક્તિ પણ આ ગ્રંથમાંથી તરી આવે છે. [જ.કો.]

'હનુમાનગરુડ-સંવાદ' : આરંભની ૧ કડી ટેકની અને પછી ૪ કડીના ૧૦ એકમ એ રીતે કુલ લાવણીની ૪૧ કડીમાં રચાયેલી દયારામની આ કૃતિ(મુ.)માં કૃષ્ણની વાડીમાં પેસી જનાર હનુમાન અને વાડીનું રક્ષણ કરનાર ગરુડ વચ્ચેનો સંવાદ આલેખાયો છે. બન્ને એકબીજાની અને એકબીજાના સ્વામીઓ–રામ અને કૃષ્ણ–ની નિંદા કરે છે, એમાં એમના જીવનની પુરાણપ્રસિદ્ધ હકીકતોનો આધાર લેવાયેલો છે. એથી કાવ્ય કેટલેક અંશે વિનોદાત્મક બન્યું છે. અંતે કૃષ્ણ રામની આણ કલેવડાવે છે ને હનુમાનને રઘુનાથ રૂપે દર્શન દે છે એમાં એ બન્નેના એકત્વનું સૂચન કવિ કરે છે. કવિ સ્પષ્ટતા કરે છે કે 'વાણીવિલાસ કર્યો છે આ, નથી નિંદા ઉચ્ચારણ' અને રામકૃષ્ણ પ્રત્યેની પોતાની પ્રીતિ પ્રગટ કરે છે. [જ.કો.]

હમીર(દાસ) [ઈ. ૧૮૧૯ સુધીમાં] : 'કૃષ્ણજીની નિશાળલીલા' (લે. ઈ. ૧૮૧૯)ના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

હમીર [ ] : જૈન. 'સ્તવન-સંગ્રહ' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

'હમ્મીર-પ્રબંધ' [ર.ઈ. ૧૫૧૯/સં. ૧૫૭૫, ચૈત્ર વદ ૮, ગુરુવાર] : અમૃતકલશકૃત આ કૃતિ(મુ.) પદ્મનાભકૃત 'કાન્હડદેપ્રબંધ' અને લાવણ્યસમયકૃત 'વિમલપ્રબંધ' જેવાં ઐતિહાસિક કાવ્યોની પરંપરામાં આવે છે. રણથંભોર ઉપર ઈ. ૧૨૮૩થી ૧૩૦૧ સુધી રાજ્ય કરનાર શરણાગતવત્સલ અને ટેકીલા ચૌહાણ રાજા હમ્મીરદેવે પોતાને આશરે આવેલા મહિમાશાહ અને તેના નાનાભાઈ ગાભરુમીર નામે મુસ્લિમ અમીરને બચાવવા કરેલા સમર્પણને બિરદાવતા ૬૮૧ કડીના આ રાસનો પદબંધ મુખ્યત્વે ચોપાઈ, દુહા અને વસ્તુ છંદમાં છે. કાવ્યમાં હમ્મીરનાં માતા-પિતાનો, એની રાણીઓનો, એનાં સંતાનોનો અને ભાઈઓનો ઉલ્લેખ કરી કવિ તેનાં સૈન્યનું અને શસ્ત્રાસ્ત્રોનું ટૂંકું વર્ણન પણ આપે છે. રણથંભોર નગરની જાહોજલાલી અને કિલ્લાની શસ્ત્રસજ્જતા અને અખૂટ પુરવઠાનું કવિએ કરેલું વર્ણન 'કાન્હડદેપ્રબંધ'માં કરવામાં આવેલા જાલોરગઢના વર્ણન સાથે ઘણીબધી રીતે સામ્ય ધરાવે છે. આ ઉપરાંત, આ કાવ્યમાં બીજાં કેટલાંક સ્થાનો છે જેમાં 'કાન્હડદે-પ્રબંધ' જેવા પ્રધાનત: વીરરસના કાવ્યની શાબ્દિક છાયા જોવા મળે છે. [વ.દ.]

હરખ/હર્ષ(મુનિ) : હરખમુનિ કે હર્ષમુનિને નામે ૫ કડીનું 'નેમિગીત' તથા 'પુંડરિક-કુંડરિકની ઢાલ' (લે. સં. ૧૯મું શતક) કૃતિઓ મળે છે અને હર્ષને નામે ૩૬/૩૭ કડીનું 'પંચાંગુલી-સ્તોત્ર/પંચાંગુલી-મંગલસ્તોત્ર' (લે. સં. ૧૯મું શતક) મળે છે. તેમના કર્તા કયા હરખમુનિ કે હર્ષ છે તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાહસૂચી : ૧; ૩. લીંહસૂચી. [કા.શા.]

હરખ–૧ [ઈ. ૧૭૪૪ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજસૂરિના શિષ્ય. ૩૨ કડીના 'નેમિજિન-સ્તવન (પશુપંખીવિજ્ઞપ્તિમય)' (લે. ઈ. ૧૭૪૪)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

હરખચંદ(સાધુ) [ઈ. ૧૬૮૪માં હયાત] : જૈન સાધુ. મિશ્ર ભાષામાં રચાયેલા 'શ્રીપાલ-ચરિત્ર' (ર.ઈ.૧૬૮૪)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;[ ] ૨. જૈગૂકવિઓ : ૨. [કા.શા.]

હરખજી/હરખાજી/હરખાજિત : શ્રાવક હરખજીને નામે 'પુણ્યપાપરાસ' (લે. ઈ. ૧૫૮૩), હરખાજીને નામે ૧૦ કડીની 'વંકચૂલ-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા હરખાજિતને નામે ૧૧ કડીનું 'વરકાણાપાર્શ્વજિનછંદ-સ્તવન' (લે. ઈ. ૧૬૫૯) અને ૮૭ કડીની 'લાવણ્યલહરી/સ્થૂલિભદ્ર-છંદ'–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા એક છે કે જુદા તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસારસ્વતો; ૩. દેસુરાસમાળા; ☐ ૪. જૈગૂકવિઓ : ૧; ૫. મુપુગૂહસૂચી. [કા.શા.]

હરખવિજય [ઈ. ૧૪૮૮માં હયાત] : જૈન સાધુ. ૨૧ કડીની 'નાલંદાપાડાની સઝાય' (ર.ઈ. ૧૪૮૮; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાચીન સ્તવનાદિસંગ્રહ, સં. તિલકવિજયજી, ઈ.૧૯૩૭. [કા.શા.]

હરગોવન/હરગોવિંદ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : મુખ્યત્વે ગરબાકવિ. અમદાવાદના વતની. માતાના ભક્ત. જ્ઞાતિએ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ. પિતા અભેરામ. વલ્લભ ભટ્ટના શિષ્ય. તેઓ ઈ. ૧૮૪૧માં અવસાન પામ્યા હોવાનું મનાય છે.

આ કવિની કૃતિઓ એમાંની ઐતિહાસિક વીગતોને કારણે ધ્યાનપાત્ર બને છે. સુરતના દેવીમંદિરને લગતો 'અંબાનો ગરબો' (ર.ઈ. ૧૮૧૬/સં. ૧૮૭૨, ફાગણ વદ ૧૧, રવિવાર), અંબાની કૃપા-અવકૃપા પામનાર શ્રીમાળી શ્રાવક વિમળની કથાને રજૂ કરતો ૪૦ કડીનો 'વિમળનો ગરબો' (ર.ઈ. ૧૮૧૬/સં. ૧૮૭૨, શ્રાવણ સુદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧, રવિવાર), ૨૪ કડીનો 'બહુચરનો ગરબો', ૩૮ કડીનો 'ગણપતિનો ગરબો', ૧૨ કડીનો 'અંબાનો ગરબો'તથા જસોદાએ કૃષ્ણની ક્ષેમકુશળતા માટે અંબાજીની બાધા રાખી તેને વ્યકત કરતો ૩૭ કડીનો 'અંબાજીનો ગરબો' મુદ્રિત રૂપે મળે છે.

તેમણે ભિન્નભિન્ન વિષયવાળી વિશેષત: હિંદીની અસરવાળી લાવણીઓ પણ રચી છે. પાર્વતીએ શિવજીના બ્રહ્મચર્યની કરેલી પરીક્ષાની કથાને રજૂ કરતી ૫૫ કડીની 'શિવજીની લાવણી' (ર.ઈ. ૧૮૧૮/સં. ૧૮૭૪, શ્રાવણ વદ નાગપાંચમ–), રાજા પતાઈથી થયેલો કાળકામાતાનો અપરાધ અને તેને લીધે રાજાને ભોગવવી પડેલી સજાની કથાને આલેખતી ૫૮ કડીની 'કાલકાની લાવણી' (ર.ઈ. ૧૮૧૦/સં. ૧૮૬૬, ભાદરવા સુદ ૭, બુધવાર), સાધુરૂપ લઈને બાળકૃષ્ણનાં દર્શને આવેલા શિવજીને ભાતભાતની લાલચો આપી પાછા વાળવાનો પ્રયત્ન કરતા જસોદાના માતૃસ્નેહને પ્રગટ કરતી ૩૬ કડીની 'શિવકૃષ્ણની લાવણી' (ર.ઈ. ૧૮૧૭/સં. ૧૮૭૩, પુરુષોત્તમ માસ સુદ ૧૧–), મુસ્લિમ બાદશાહને આશા ખાંટ પોતાની દીકરી ડરથી પ્રેરાઈને પરણાવે છે એ પ્રસંગને રજૂ કરતી 'પાછીપાની લાવણી', બહુચરમાની સ્તુતિ કરતી ૩૧ કડીની 'નવાપરાની લાવણી' (ર.ઈ. ૧૭૯૮/સં. ૧૮૫૪, શ્રાવણ સુદ ૭, શનિવાર) તથા ૬૭ કડીની અમદાવાદ શહેરની ઉત્પત્તિની કથા રજૂ કરતી 'શહેરની લાવણી'–એ મુદ્રિત રૂપે મળે છે.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩; ૨. બૃકાદોહન : ૫; ૩. શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ. ૧૮૮૯; ૪. શકિતભકિત પદમાળા, પ્ર. અંબાલાલ લ. ભટ્ટ સ્થાપિત ભકતમંડળ, ઈ. ૧૯૧૦.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજૂકહકીકત; ૩. પ્રાકકૃતિઓ; ૪. મસાપ્રકારો;☐ ૫. ગૂહાયાદી; ૬. ફાહનામાવલિ : ૧. [કી.જો.]

હરગોવનદાસ [ ] : જ્ઞાતિએ ખત્રી. સુરતના વતની. તેમણે તેમના જીવનના પ્રસંગોને કાવ્યમાં આલેખ્યા છે તથા પ્રભુભકિતનાં અનેક પદોની પણ રચના કરી હોવાનું મનાય છે, જો કે મુદ્રિત કે હાથપ્રત રૂપે અત્યારે એમની કોઈ કૃતિ ઉપલબ્ધ થતી નથી.

સંદર્ભ : ફાત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૩૯–'સુરતના કેટલાક સંતો અને ભકતકવિઓ', માણેકલાલ શ. રાણા.

હરચંદ [ ] : 'બાર મહિના'ના કર્તા.

સંદર્ભ : ડિકેટલૉગ માવિ. [કી.જો.]

હરજી(મુનિ)-૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ઉપકેશગચ્છની બિવંદણિક શાખાના જૈન સાધુ. સિદ્ધસૂરિની પરંપરામાં લક્ષ્મીરત્નના શિષ્ય. દુહા, ચોપાઈ અને શ્લોકની કુલ ૧૧૯૦ કડીના, સંસ્કૃત કૃતિને આધારે રચાયેલા હાસ્યરસપૂર્ણ 'ભરડકબત્રીસી-રાસ' (ર.ઈ. ૧૫૬૯/૧૫૮૮/સં. ૧૬૨૫/૧૬૪૪, આસો વદ ૩૦) અને હાસ્યરમૂજનાં ૩૪ કથાનકોવાળી 'વિનોદ-બત્રીસી/ચોત્રીસી-કથા' (ર.ઈ.૧૫૮૫/સં.૧૬૪૧, આસો સુદ ૧૫, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. દેસુરાસમાળા;☐ ૩. સંબોધિ, એપ્રિલ ૧૯૭૮–જાન્યુ. ૧૯૭૯–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં હાસ્યકથાનકો', હસુ યાજ્ઞિક; ☐ ૪. જૈગૂકવિઓ : ૩(૧); ૫. મુપુગૂહસૂચી. [પા.માં.]

હરજી–૨ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભરૂચી ભકતકવિ. 'પસાઉલો' તથા પદોના કર્તા.

સંદર્ભ : ૧. પુગુસાહિત્યકારો;☐ ૨. ગૂહાયાદી; ૩. ફોહનામાવલિ. [કી.જો.]

હરજી(ભાઠી)-૩ [ ] : ૨૨ કડીના 'રામદેવપીરના વિવાહ'(મુ.), 'રામદેવની જન્મોત્રી'(મુ.) તથા 'રામદેવ પીરની સાવળ'(મુ.) એ કૃતિઓના કર્તા.

કૃતિ : ૧. દુર્લભ ભજનસંગ્રહ, પ્ર. ગોવિંદભાઈ રા. ધામેલિયા, ઈ. ૧૯૫૮; ૨. બૃહત્ સંતસમાજ ભજનાવળી, પુરુષોત્તમ ગી. શાહ, ઈ. ૧૯૫૦ (છઠ્ઠી આ.); ૩. ભજનચિંતામણિ, પ્ર. સત્સંગ પ્રિન્ટિંગ પ્રેસ, સં. ૧૯૯૨. [કી.જો.]

હરજી(મુનિ) ૪ [ ] : જૈન સાધુ. ગણપતિના શિષ્ય. 'એકાદશ ગણધર-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : સઝાયસંગ્રહ : ૧, સં. મુનિશ્રી સાગરચંદ્રજી, સં. ૧૯૭૮. [પા.માં.]

હરજીવન–૧ [સં. ૧૭મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. અમદાવાદના વતની. અવટંકે કોઠારી. ગુસાંઈજી (વિઠ્ઠલનાથ)ના ભકત.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [કી.જો.]

હરજીવન–૨ [ઈ. ૧૮૨૩ સુધીમાં લગભગ] : 'શિવકથા' (લે. સં. ૧૮૨૩ લગભગ) તથા ૬ કડીના માતાના ગરબા(મુ.)ના કર્તા.

કૃતિ : શ્રીમદ્ ભગવતીકાવ્ય, પ્ર. દામોદર દાજીભાઈ, ઈ.૧૮૮૯.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

હરજીવન(માહેશ્વર)–૩ [ઈ. ૧૮૭૨ સુધીમાં] : 'હંસાહરણ' (લે.ઈ. ૧૮૭૨)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

હરદાસ : આ નામે 'સભાપર્વ' (લે. સં. ૧૯મી સદી અનુ.) નામે કૃતિ મળે છે તેના કર્તા કયા હરદાસ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. કુંતલપુરના હરદાસ–૩ની 'દ્રુપદીચીરહરણ-વ્યાખ્યાન' એવી કૃતિ મળે છે તે કૃતિ અને 'સભાપર્વ' એક હોઈ શકે. અથવા તો એ હરદાસે બીજી કોઈ 'સભાપર્વ' નામની જુદી કૃતિ રચી હોય. પણ એ વિશે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [જ.ગા.]

હરદાસ–૧ [ઈ. ૧૫૦૪ સુધીમાં] : વૈષ્ણવ હોવાની સંભાવના. ૧૪ કડીના 'ગોરી-સામલીનો સંવાદ' (લે. ઈ. ૧૫૦૪; મુ.)ના કર્તા.

કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૯, જાન્યુ. ૧૯૮૦–'જૈનેતર પ્રાચીન ગુજરાતી કવિઓની કેટલીક અપ્રકટ રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [ર.સો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરદાસ(નડિયાદા)–૨ [ઈ. ૧૬૮૪માં હયાત] : રામકબીર સંપ્રદાયની ઉદાધર્મશાખાના ભકત. જીવણદાસના શિષ્ય. 'સમાગમ' (૨.ઈ.૧૬૮૪) ના કર્તા.

સંદર્ભ : રામકબીર સંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨. [૨.સો.]

હરદાસ–૩ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૂનાગઢ પાસેના કુંતલપુર (કુતિયાણા)ના ક્ષત્રિય ભકત કવિ પિતા ભાણજી. રણછોડજી દીવાનના આશ્રિત. ગુરુ જશબીર. કવિની 'દ્રુપદીચીરહરણ-વ્યાખ્યાન' (૨.ઈ.૧૮૨૪/સં.૧૮૮૦, શ્રાવણ વદ ૮, બુધવાર) કૃતિ તથા ઉપલેટામાં રહેતા કવિના નાગર મિત્રે કવિને લખેલા પત્ર (ઈ. ૧૮૨૯/સં. ૧૮૮૫, જેઠ વદ ૧૩)ને આધારે કવિ ઈ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયા એમ કહી શકાય. 'સચિત્ર સાક્ષરમાળા' ઈ. ૧૭૭૪ કવિનું જન્મવર્ષ નોંધે છે.

૧૩ કડવાં ને ૨૩૫ કડીનું 'શિવવિવાહ' (૨.ઈ. ૧૮૧૫/સં. ૧૮૭૧, શ્રાવણ સુદ ૩, રવિવાર; મુ.), વિવિધ રાગનિર્દેશવાળું ૮૧ કડીનું 'દ્રૂપદીચીરહરણ-વ્યાખ્યાન' (મુ.), ૧૨ કડીનું 'નૃસિંહાવતાર-વ્યાખ્યાન' (મુ.) કવિની કથામૂલક કૃતિઓ છે. એ સિવાય ધોળ, ગરબી, તિથિ, મહિના, ચાબખા વગેરે પ્રકારનાં આશરે પચાસેક પદ(મુ.) કવિએ રચ્યાં છે. જ્ઞાનવૈરાગ્ય, માતાની ભકિત આ પદોના મુખ્ય વિષય છે. કેટલાંક પદો હિંદી અને પંજાબીમાં પણ છે.

કૃતિ : ૧. હરદાસકાવ્ય, સં. દામોદર હીરજી જાગડ, (+સં.); ☐ યોગવેદાંત ભજનભંડાર, પ્ર. ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુમાસ્તંભો; ૩. ગુસારસ્વતો; ૪. પ્રાકકૃતિઓ; ૫. સસામાળા. [૨.સો.]

હરદેવ(સ્વામી) [ઈ. ૧૬૮૪માં હયાત] : આખ્યાનકવિ. માધવપુર/સિદ્ધપુરના સહસ્ત્ર ઔદીચ્ય બ્રાહ્મણ. પિતા મહાદેવ. માતા યશોદા. જન્મ ખંભાતમાં. પાછળથી સુરતમાં નિવાસ. ગુરુનું નામ શ્રીદેહ હોવાની સંભાવના. તેમનો અવસાનદિવસ ઈ. ૧૮૦૮/સં. ૧૮૬૪, કારતક સુદ ૧ ને શનિવાર નોંધાયો છે, પરંતુ તે સંભવિત લાગતો નથી.

સ્કંદપુરાણાંતર્ગત બ્રહ્મોત્તરખંડમાંના 'ચંદ્રશેખરઆખ્યાન'ને આધારે રચાયેલા ૩૭ કડવાંના 'શિવપુરાણ' (૨.ઈ. ૧૬૮૪/સં. ૧૭૪૦, કારતક સુદ ૧૩, ગુરુવાર)ના કર્તા. આ જ કૃતિમાંથી તારવેલી 'સીમંતિની કથા (સોમપ્રદેશકથા)' અલગ રૂપે પણ મળી આવે છે. 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ' આ કવિને નામે 'લક્ષ્મી-ઉમા-સંવાદ' કૃતિ નોંધે છે, પણ તે માટે કોઈ આધાર નથી.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુજૂકહકીકત; ૩. ગુસારસ્વતો; ૪. પાંગુહસ્તલેખો; ૫. પ્રાકકૃતિઓ;☐ ૬. ગુજરાત શાળાપત્ર, મે ૧૯૦૮–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય', છગનલાલ વિ. રાવળ;☐ ૬. આલિસ્ટઑઇ : ૨; ૭. ગૂહાયાદી; ૮. ડિકેટલૉગબીજે; ૯. ડિકેટલૉગભાવિ;૧૦. ફાહનામાવલિ :૨. [કી.જો.]

હરપાળ [ ] : 'હાલરું'(મુ.) નામક પદના કર્તા.

કૃતિ : નકાસંગ્રહ. [કી.જો.]

હરભુજી [ ] : ૫ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : આભમાલા. [કી.જો.]

હરસેવક/હાંરસેવક [ ] : જૈન સાધુ. ગુજરાતી-રાજસ્થાનીમિશ્રા ભાષામાં લખાયેલા ૧ ઢાળ અને ૧૮૭ કડીના 'મયણરેહા-રાસ/ચોપાઈ'(મુ.)ના કર્તા. કૃતિને અંતે આવતી 'વરસ ચૌદોતરા માંહિ' પંકિત પરથી કૃતિનો ચોક્કસ રચનાસમય જાણી શકાતો નથી.

કૃતિ : *મયણરેહા-રાસ, પ્ર. ભીમસી માણેક,–.

સંદર્ભ : ૧. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. દેસુરાસમાળા;☐ ૫. ફાત્રૈમાસિક, જાન્યુ-માર્ચ ૧૯૬૬–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસ સન્દોહ', હીરાલાલ ૨. કાપડિયા;☐ ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [પા.માં.]

હરિ–૧ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : દાતા હરિનો ખંથ ચલાવતા વડોદરાના ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ. અવટંકે ભટ્ટ. ઈ. ૧૮૨૯/૧૮૩૯માં હયાત હોવાનો ઉલ્લેખ મળે છે. તેમની પાસેથી ૧૭૬ કડીની 'સંક્ષિપ્ત દશમલીલા'(મુ.), ૧૦ કડીનું 'હાલરડું'(મુ.), ક્વચિત્ હિન્દીની અસર ઝીલતાં ત્રણથી ૯ કડીનાં કૃષ્ણવિષયક પદો(મુ.), સાત વારનું પદ(મુ.) તથા 'રુકિમણીહરણ' જેવી કૃતિઓ મળે છે.

કૃતિ : ૧. ગુકાદોહન (+સં.); ૨. નકાદોહન; ૩. બૃકાદોહન : ૩ (+સં.); ૭; ૪. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ૩. પ્રાકકૃતિઓ; ☐ ૪. ગુજરાત શાળાપત્ર, જૂન ૧૯૧૦–'ગુજરાતના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કવિઓનાં અપ્રસિદ્ધ કાવ્ય, ભાગ ત્રીજો', છગનલાલ વિ. રાવળ;☐ ૫. ગૂહાયાદી. ૬. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

હરિ–૨ [ઈ. ૧૮૬૪ સુધીમાં] : મેવાડા બ્રાહ્મણ. અવટંકે ભટ્ટ. 'ઓખાહરણ' (લે. ઈ. ૧૮૬૪)ના કર્તા. હરિ–૧ અને આ કર્તા એક હોવાનું અનુમાન થયું છે.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ૩.☐ ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

હરિ–૩ [ ] : શિવભકત. અવટંકે ભટ્ટ. કલ્યાણબાના શિષ્ય હોવાની સંભાવના. ત્રણથી ૭ કડીનાં શિવ-સ્તુતિનાં પદો(મુ.) તથા ૯ કડીની શિવની આરતી(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. અંબિકાકાવ્ય તથા શકિતકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩ (ત્રીજી આ.); ૨. નકાદોહન. [શ્રા.ત્રિ.]

હરિકલશ–૧ [ઈ. ૧૪મી સદી પૂર્વાર્ધ] : ધર્મઘોષગચ્છના જૈન સાધુ. આનન્દસૂરિશિષ્ય અમરપ્રભસૂરિ (ઈ. ૧૨૮૪ આસપાસ)ના શિષ્ય. ૨૦ કડીની 'ગુજરાત સોરઠ-તીર્થમાલા' (૨.ઈ. ૧૩૦૪ આસપાસ; મુ.), ૧૩ કડીની 'આદીશ્વર-વિનતિ', ૧૩ કડીની 'કુરુદેશ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીર્થમાલા-સ્તોત્ર', ૯ કડીની 'જીરાવલા-વિનતિ', ૧૩ કડીની 'દિલ્લી મેવાતિદેશ-ચૈત્યપરિપાટી', ૨૨ કડીની 'પૂર્વદક્ષિણદેશ-તીર્થમાલા' અને ૧૧ કડીની 'બાગડદેશ-તીર્થમાલા-સ્તોત્ર'ના કર્તા.

કૃતિ : સ્વાધ્યાય, સપ્ટેમ્બર ૧૯૭૭–'ગુજરાત સોરઠદેશ-તીર્થમાલા', સં. અગરચંદ નાહટા, અનુ. જયન્ત ઠાકર (+સં.).

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [પા.માં.]

હરિકલશ–૨ [ઈ. ૧૫૧૬ સુધીમાં] : ધર્મઘોષગચ્છના જૈન સાધુ. જયચંદ્ર/જયશેખરના શિષ્ય. 'ભુવનભાનુકેવલિ-ચરિત્ર-બાલાવબોધ' (લે. ઈ. ૧૫૧૬)ના કર્તા. તેઓ હરિકલશ–૧ છે કે તેમનાથી ભિન્ન તે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. ગુસાપઅહેવાલ : ૨૦–'ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ મુનિશ્રી પુણ્યવિજયજીનું ભાષણ-પરિશિષ્ટ';☐ ૨. જૈગૂકવિઓ : ૩(૨); ૩. જૈહાપ્રોસ્ટા; ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

હરિકીશન [ ] : 'આત્મબોધનાં પદ'ના કર્તા. 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ' કર્તાનામ હરિ, પિતાનામ કીસન અને વતન નડિયાદ નોંધે છે. પણ એની પાછળ કોઈ ચોક્કસ આધાર નથી.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. પ્રાકકૃતિઓ. [ક્રા.ત્રિ.]

હરિકુશલ [ઈ. ૧૫૮૪માં હયાત] : જૈન. 'કુમારપાળ-રાસ' (૨.ઈ. ૧૫૮૪)ના કર્તા.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [ક્રા.ત્રિ.]

હરિકૃષ્ણ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : અખાની પરંપરાના જ્ઞાનમાર્ગી કવિ. લાલદાસના શિષ્ય. અમદાવાદના વતની. જ્ઞાતિએ વિસનગરા નાગર. અવટંકે દવે. તેઓ ઈ. ૧૭૨૫માં હયાત હોવાનું નોંધાયું છે. ગુરુમહિમા તથા આત્માનુભૂતિનું ગાન કરતાં ત્રણથી ૪ કડીનાં ૨ પદ(મુ.)ના કર્તા. 'અખો અને મધ્યકલીન સંતપરંપરા' કૃષ્ણજી અને પ્રસ્તુત હરિકૃષ્ણને એક માને છે. જુઓ કૃષ્ણજી.

કૃતિ : ૧. અસપરંપરા (+સં.); ૨. પ્રાકાવિનોદ : ૧.

સંદર્ભ : મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૫. [ચ.શે.]

હરિખીમ [ઈ. ૧૭૪૦માં હયાત] : ગુરુ ગેબીનાથ એવો નામોલ્લેખ મળે છે તે કોઈ વ્યક્તિનામ જ હશે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. આ કવિએ ૫૨ કડીની 'બારમાસી' (૨.ઈ. ૧૭૪૦) તથા ૧૭ કડીની 'તિથિ'(મુ.) એ કૃતિઓ રચેલી છે. 'તિથિ' કેટલેક સ્થાને ખીમસ્વામી કે ખીમસાહેબને નામે મુકાયેલી છે.

કૃતિ : ૧. ભસાસિંધુ; ૨. રવિભાણસંપ્રદાયની વાણી, પ્ર. મંછારામ મોતી, ઈ. ૧૯૮૯.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ☐ ૨. કદહસૂચિ; ૩. ગૂહાયાદી; ૪. ફાહનામાવલિ : ૨. [૨.સો.]

હરિચન્દ્ર : આ નામે ૫ કડીનું 'શાંતિજિન-સ્તવન' (લે. ઈ. ૧૭૦૭) મળે છે. તેના કર્તા કયા હરિચન્દ્ર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

હરિચન્દ્ર–૧ [સંભવત: ઈ. ૧૬૪૧માં હયાત] : જૈન સાધુ. ભાનુચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય. ૫૪ કડીના 'મોઢેરાપાર્શ્વનાથ-સ્તવન' (સંભવત: ૨.ઈ. ૧૬૪૧/સં. ૧૬૯૭, વૈશાખ સુદ ૮,–; મુ.)ના કર્તા.

કૃતિ : જૈકાપ્રકાશ : ૧. [પા.માં.]

હરિદાસ : આ ન મે કેટલીક આખ્યાનકલ્પ લાંબી કૃતિઓ અને પદ જેવી ટૂંકી રચનાઓ મળે છે.

'સુધન્વાખ્યાન' (૨.ઈ. ૧૬૭૮)ને હરિદાસ–૨ની કૃતિ માનવાનું વલણ છે, પરંતુ 'કવિચરિત' અને 'ગુજરાતના સારસ્વતો' આ કૃતિને અજ્ઞાત હરિદાસની ગણે છે. ૩૦૫ કડીનું 'તુલસી-માહાત્મ્ય' (મુ.), 'ભક્તમહિમા', 'એકાદશી-કથા', (૨.ઈ. ૧૫૯૭) એ કૃતિઓ કયા હરિદાસની છે તે નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે.

એ સિવાય 'રામજીના બારમાસા' (લે. સં. ૧૭મી સદી), 'દાણલીલા', 'વનયાત્રાનું ધોળ'(મુ), 'કાલિકામાતાનો ગરબો'(મુ.), વલ્લભાચાર્ય અને ગોકુલનાથની સ્તુતિ કરતાં ધોળ અને પદ(મુ.), પ્રેમસંબંધી દુહા, ભક્તિવૈરાગ્યનાં પદ, ૧૦ કડવાંની 'કપિલ-ગીતા' (લે. ઈ. ૧૮૫૧), ૬૯ કડીનું 'ચોર્યાશી વૈષ્ણવનું ધોળ' (લે.સં. ૧૯મી સદી), ૧૦૦૦ ગ્રંથાગ્રનો 'સીતાસ્વયંવર' (૨.ઈ. ૧૬૪૭) તથા જૂનાગઢની વૈષ્ણવ હવેલીના કોઈ ગોસ્વામીના લગ્નને વિષય બનાવી રચાયેલો 'માંડવો'(લે.સં. ૧૮૬૭)–એ કૃતિઓ મળે છે. તેમના કર્તા પણ કયા હરિદાસ છે તે નિશ્ચિત રીતે કહી શકાતું નથી.

'વંશવેલી' નામની આ નામે મુદ્રિત રૂપે મળતી કૃતિ કોઈ અર્વાચીન કવિએ આ નામે ચડાવી હોવાની સંભાવના છે.

કૃતિ : ૧. નરસિંહ મહેતાના કોયડાનો ઉકેલ, પ્ર. ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, ઈ. ૧૯૩૩; ૨. નકાદોહન; ૩. પ્રાકાસુધા : ૨; ૪. બૃકાદોહન : ૭, ૮; ૫. ભક્તકવિ દયારામ વિરચિત શ્રી વ્રજવિલાસામૃત, પ્ર. ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, ઈ. ૧૯૩૩; ૬. ભજનસાર : ૨; ૭. ભસાસિંધુ.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસારસ્વતો; ૩. પાંગુહસ્તલેખો; ૪. પુગુસાહિત્યકારો; ૫. પ્રાકકૃતિઓ; ૬. બધિકાશાઈ બનાવટ,–; ☐ ૭. આલસ્ટઑઈ : ૨; ૮. ગૂહાયાદી; ૯. ડિકૅટલૉગબીજે; ૧૦. ડિકૅટલૉગભાવિ; ૧૧. ફોહનામાવલિ; ૧૨. રાહસૂચી : ૧; ૧૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.સો.]

હરિદાસ–૧ [ઈ. ૧૬મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. વિઠ્ઠલનાથજી (ઈ. ૧૫૧૬–ઈ. ૧૫૮૬)ના સમકાલીન અને વલ્લભાચાર્યના ભક્ત.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [૨.સો.]

હરિદાસ–૨ [ઈ. ૧૫૮૧માં હયાત] : ખંભાતના વાણંદ. પિતાનું નામ લહુઆ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળ કથાને જ અનુસરવાનું વલણ દાખવતું ૨૨ કડવાંનું 'ધ્રુવાખ્યાન' (૨.ઈ. ૧૫૮૧/સં. ૧૬૩૭, ચૈત્ર–૧૧, શનિવાર; મુ.) એમણે રચ્યું છે.

'કવિચરિત' 'પ્રેમલારાણીનું આખ્યાન' તથા 'મૃગલી-સંવાદ' એ કૃતિઓને ભાષાના સામ્ય અને કાવ્યના પ્રારંભમાં કવિનામ આપવાની લઢણને લક્ષમાં લઈ આ કવિની કૃતિઓ માને છે, પરંતુ 'ગુજરાતના સારસ્વતો' એમને કોઈ અન્ય હરિદાસની હોય એમ સ્વીકારે છે.

આ કવિએ 'પ્રહ્લાદાખ્યાન' રચ્યું હોવાનું મનાય છે, પરંતુ તેની કોઈ પ્રત ઉપલબ્ધ થતી નથી.

કૃતિ : બૃકાદોહન : ૮.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨;☐ ૨. ગૂહાયાદી; ૩. ડિક્ટેલૉગબીજે; ૪. ફાહનામાવલિ : ૨. [૨.સો].

હરિદાસ–૩ [ઈ. ૧૫૮૮ કે ઈ. ૧૫૯૧માં હયાત] : અમદાવાદની પાસે આવેલા બારેજાના રાયકવાળ બ્રાહ્મણ.

મહાભારતના આદિપર્વની કથાને બહુધા દુહાબંધની દેશીઓનાં બનેલાં, ઊથલો કે વલણ વગરનાં, ૮૮ કડવાં ને ૩૨૨૮ કડીઓમાં ઢાળી કવિએ રચેલું 'આદિપર્વ' (૨.ઈ. ૧૫૮૮-૧૫૯૧/સં. ૧૬૪૪-૧૬૪૭, અસાડ સુદ ૧૨, શુક્રવાર; મુ.) કવિની એકમાત્ર પણ એમની મૌલિકતાનો પરિચય કરાવતી ધ્યાનાર્હ આખ્યાનકૃતિ છે. કૃતિને રસાવહ બનાવવા માટે કવિએ મૂળ કથાપ્રસંગોનું પૌર્વાપર્ય બદલ્યું છે ને કેટલાક પ્રસંગો પણ કાઢી નાખ્યા છે. ઘણી જગ્યાએ પ્રસંગનિરૂપણમાં ફેરફાર કરે છે ત્યાં પાત્રની ચરિત્રગત લાક્ષણિકતાને સ્ફુટ કરવા તરફ એમનું લક્ષ હોય છે.

આ કૃતિનાં કેટલાંક કડવાંનો સંકર કરી રચાયેલી બીજી 'આદિપર્વ' (૨.ઈ. ૧૬૦૪) કૃતિ મળે છે. જુઓ મનોહરદાસ : ૧.

કૃતિ : શ્રી મહાભારત (ગુજરાતી પદબંધ) : ૧, સં. કે. કા શાસ્ત્રી, ઈ. ૧૯૩૩ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ; ૨. ૩. ગુસારસ્વતો; ☐ ૪. ગૂહાયાદી. [૨.સો.]

હરિદાસ–૪ [ઈ. ૧૬૪૪માં હયાત] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. વલ્લભાચાર્યના પૌત્ર ગોકુલનાથજીના શિષ્ય. ભરૂચના વતની. પિતા નાથાભાઈ, માતા ગંગાબાઈ.

૫૨ ધોળની 'અનુભવાનંદ' (૨.ઈ. ૧૬૪૪/સં. ૧૭૦૦, ફાગણ સુદ ૩, શનિવાર; મુ.)માં ગોકુલેશપ્રભુ(શ્રીગોકુલનાથજી)ના અવતારી સ્વરૂપનું વર્ણન છે. આદિત્ય, સાગર, મેઘ, સરોવર ને કુલદીપ સાથે ગોકુલેશ પ્રભુને સરખાવી કવિએ એમનું બહુ ભાવમય વર્ણન કર્યું છે. ગ્રંથના પ્રારંભમાં મુકાયેલું ગદ્ય ઈ. ૧૭મી સદીના ગદ્યને સમજવામાં ઉપકારક બને છે. 'વિરહગીતા' (અંશતઃ મુ.), 'જન્મલીલા', 'રસમંજરી/મકતસુખદમંજરી' તથા ધોળ, કીર્તન વગેરે કવિની અન્ય રચનાઓ છે.

કૃતિ : ૧. ગોકુલેશ ધોળ પદ માધુરી,–; ૨. અનુગ્રહ, એપ્રિલ-મે ૧૯૬૦–'હરિદાસ વૈષ્ણવ અને અનુભવાનંદ ગ્રંથ', ચિમનલાલ મ. વૈદ્ય (+સં.).

સંદર્ભ : કવિચરિત : ૧-૨; ગોપ્રભકવિઓ; ૩. પુગુસાહિત્યકારો. [૨.સો.]

હરિદાસ–૫ [ઈ. ૧૬૬૯માં હયાત] : વડોદરાના વીશાલાડ વાણિયા. પિતા દેવીદાસ. તેઓ પ્રેમાનંદના મુનીમ હતા અને પાછળથી પ્રેમાનંદ પાસે કાવ્યાધ્યયન કરી તેમના શિષ્ય બન્યા હતા એ એમના જીવન વિશે પ્રચલિત કરવામાં આવેલી માહિતીને કોઈ આધાર નથી.

એમણે ૧૩ આખ્યાનો રચ્યાં હોવાનું નોંધાયું છે અને એમાંથી ૨૨ કડવાંનું 'નરસિંહ મહેતાના પુત્રનો વિવાહ' (૨.ઈ. ૧૬૬૯/સં. ૧૭૨૫, કારતક સુદ ૧, મંગળવાર; મુ.) આખ્યાનને હસ્તપ્રતોનો ટેકો હોવાથી એ કવિની શ્રદ્ધેય કૃતિ જણાય છે.

'ભારતસાર' 'સીતાવિવાહની ચાતુરીઓ', 'નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ', 'અગ્નિમંથનકાષ્ઠહરણ', 'ઈંદુમિંદુ' એ કૃતિઓ કવિને નામે મુદ્રિત સ્વરૂપે મળે છે, પરંતુ એમને હસ્તપ્રતોનો ટેકો નથી. આ કૃતિઓની ભાષા તથા એમાં આવતા કેટલાક સંદર્ભો એમને અર્વાચીન સમયમાં રચી કવિને નામે ચડાવી દેવાઈ હોવાનું માનવા પ્રેરે છે. કવિને નામે મળતી 'મોસાળું' નામની કૃતિની હસ્તપ્રત નડિયાદની 'ડાહીલક્ષ્મી લાયબ્રેરી'માં છે એમ નોંધાયું છે, પરંતુ એ પણ શંકાસ્પદ લાગે છે.

'સ્વર્ગારોહણ', 'અશ્વમેધ' અને 'ભાગવત પ્રથમસ્કંધ' કવિને નામે નોંધાયેલી કૃતિઓ પણ બનાવટી હોય એમ લાગે છે.

કૃતિ : ૧. અગ્નિમંથનકાષ્ઠહરણ, પ્ર. ધી ગુજરાત ઑરિએન્ટલ બુક ડેપો, ઈ. ૧૯૦૮; ૨. ઈંદુમિંદુ, પ્ર. ધી ગુજરાત ઑરિએન્ટલ બુક ડેપો, ઈ. ૧૯૦૮; ૩. પ્રાકામાળા : ૯ (+સં.).

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુમાસ્તંભો; ૩. ગુલિટરેચર; ૪. ગુસાઈતિહાસ : ૨; ૫. ગુસાપઅહેવાલ : ૬–'પ્રેમાનંદ યુગનાં કેટલાંક કાવ્યોનો કાળનિર્ણય', મણિલાલ શા. દ્વિવેદી; ☐ ૬. ગૂહાયાદી. [૨.સો.]

હરિદાસ–૬ [સં. ૧૮મી સદી] : રાઘવદાસના પુત્ર. જ્ઞાતિએ લુહાણા. પિતાએ રચેલા 'અધ્યાત્મરામાયણ' (૨. સં. ૧૭૭૨)નું વ્યવસ્થિત સંપાદન તેમણે કર્યું છે એમ કૃતિના અંત પરથી જણાય છે. જુઓ રાઘવદાસ–૧.

સંદર્ભ : સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૪–'રાઘવદાસ અને તત્સુત હરિદાસનું અધ્યાત્મરામાયણ', દેવદત્ત જોશી. [૨.સો.]

હરિદાસ–૭ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. ગોકુલનાથજી સિવાયના વિઠ્ઠલનાથજીના અન્ય પુત્રોના ભક્ત.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [૨.સો.]

હરિદાસ–૮ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. હરિરાયજીના અનુયાયી. વ્રજમાંથી શ્રીનાથજી મેવાડ પધાર્યા એ ઐતિહાસિક પ્રસંગનું આલેખન કરતી કૃતિ તથા પદો એમણે રચ્યાં છે.

સંદર્ભ : ૧. ગોપ્રમકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [૨.સો.]

હરિદાસ–૯ [સં. ૧૮મી સદી] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. કરાણિયાના કાયસ્થ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'પિંગળચરિત્ર' અને પદોના કર્તા. તેમણે સંસ્કૃત અને વ્રજ ભાષામાં પણ ઘણા ગ્રંથો રચ્યા છે અને 'રુચિરાષ્ટક' પર ટીકા લખી છે.

સંદર્ભ : ૧. ગોપ્રભકવિઓ; ૨. પુગુસાહિત્યકારો. [૨.સો.]

હરિદાસ–૧૦ [ઈ. ૧૮મી સદી] : જિતામુનિ નારાયણના શિષ્ય અને સંતરામ મહારાજના ગુરુભાઈ.

આત્મજ્ઞાનનાં કેટલાંક પદ (૭ મુ.)ના કર્તા.

કૃતિ : ૧. પદસંગ્રહ, પ્ર. શ્રી સંતરામ સમાધિસ્થાન, નડિયાદ, ઈ. ૧૯૭૭ (ચોથી આ.); ૨. આસપરંપરા (સં.).

સંદર્ભ : ૧. ચરોતર સર્વસંગ્રહ : ૨; સં. પુરુષોત્તમ છ. શાહ, ચંદ્રકાન્ત ફ. શાહ, ઈ. ૧૯૫૪; ૨. પ્રાકકૃતિઓ. [૨.સો.]

હરિદાસ–૧૧ : જુઓ શોભામાજી.

હરિદાસ–૧૨ [ઈ. ૧૮૨૨ સુધીમાં] : જૂનાગઢના દરજી. તેમની 'રામાયણના ચંદ્રાવળા' કૃતિની ઈ. ૧૮૨૨ની પ્રત મળે છે. તેઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા કે નહીં તે નિશ્ચિત રીતે કહી શકાય એમ નથી. જૂનાગઢની વૈષ્ણવ હવેલીના કોઈ ગોસ્વામીના લગ્નનો 'માંડવો' નામની કૃતિની ઈ. ૧૮૧૧માં લખાયેલી પ્રત ઉપલબ્ધ થાય છે. એ કૃતિ જો આ હરિદાસની હોય તો તેઓ વૈષ્ણવ હોવાનું માની શકાય, પરંતુ એ કૃતિ આ હરિદાસકૃત છે એમ કહેવા માટે કોઈ ચોક્કસ આધાર નથી. 'પુષ્ટિમાર્ગીય ગુજરાતી સાહિત્યકારો વિશે કંઈક' સં. ૧૯મી સદીમાં એક પુષ્ટિમાર્ગીય હરિદાસ થઈ ગયાનું નોંધે છે તો એ હરિદાસ અને આ કવિ એક હોઈ શકે.

રામના લંકાવિજય સુધીના પ્રસંગોને ૧૨૦૧ કડીમાં આલેખતી 'રામાયણના ચંદ્રાવળા'(મુ.) કૃતિની ભાષા સૌરાષ્ટ્રની તળપદી વાણીના સંસ્કારવાળી છે. કવિએ રચેલી 'જૂનાગઢના ચંદ્રાવળા' અને 'મહાભારતના ચંદ્રાવળા' કૃતિઓ પણ ટૂંટક રૂપે મળે છે.

કૃતિ : રામાયણના ચંદ્રાવળા, પ્ર. શાહ પુરુષોત્તમ ગીગાભાઈ, ઈ. ૧૯૩૧.

સંદર્ભ : ૧. કવિચરિત : ૩; ૨. ગુસારસ્વતો; ૩. પુગુસાહિત્યકારો;☐ ૪. ગૂહાયાદી; ૫. ફોહનામાવલિ. [૨.સો.]

હરિબલ [ ] : જૈન. ૯ કડીના 'નેમિનાથ-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [પા.માં.]

'હરિબલમાછીરાસ' [૨.ઈ. ૧૭૫૪/સં. ૧૮૧૦, મહા સુદ ૨, મંગળવાર] : તપગચ્છના અમરવિજયશિષ્ય લબ્ધિવિજયની ૪ ઉલ્લાસ, ૫૯ ઢાળ ને ૭૦૦ કડીની દુહાબદ્ધ કૃતિ(મુ.).

મુનિ સુકૃતમાલે કરેલો જીવદયાનો ધર્મોપદેશ સાંભળી કનકપુરનો હરિબલ માછી પહેલી વારની જાળમાં પકડાયેલા જીવોને છોડી મૂકવાનો અભિગ્રહ લે છે. એ અભિગ્રહના નિષ્ઠાપૂર્વકના પાલનથી સાગરદેવ તેના ઉપર પ્રસન્ન થાય છે. હરિબલ વણિક્થી આકર્ષાયેલ રાજકુંવરી વસંતશ્રી કાલિકાને મંદિરે મળવા માટે એની સાથે સંકેત કરે છે, પરંતુ એ વણિક ન આવતાં હરિબલ માછી સાથે વસંતશ્રીનો મેળાપ થાય છે. સાગરદેવની કૃપાથી દેદીપ્યમાન દેહવાળા બનેલા હરિબલ માછી સાથે વસંતશ્રી ચાલી નીકળે છે. વસંતશ્રી પ્રત્યે લોલુપ બનેલા વિશાલા નગરીના રાજાએ કપટી અમાત્ય કાલસેનની સલાહથી લંકા જઈને લંકાપતિને તથા યમપુરી જઈને યમરાજને નિમંત્રણ આપી આવવાને બહાને હરિબલનું કાસળ કાઢવાની યુક્તિ કરી, પરંતુ સાગરદેવની કૃપાથી હરિબલ આ તરકટોમાંથી હેમખેમ પાર ઊતર્યો, અગ્નિચિતામાંથી પણ ઊગર્યો તથા યમરાજાનો બનાવટી સંદેશો ઊભો કરી કાલસેનને સ્વેચ્છાએ ચિતા પર ચઢાવી દીધો. જીવદયાના ધર્માચરણ બદલ હરિબલ માછી અનેક આફતોમાંથી ઊગરે છે તેમ જ બે રાજ્યનો રાજા બનવા ઉપરાંત બે રાજકુમારીને પરણે છે એવી જૈનધર્મના કર્મસિદ્ધાંતનું પ્રતિપાદન કરતી, ઉપદેશપ્રધાન અને વિસ્તારી છતાં રોચક કથા આ રાસમાં આલેખાઈ છે. રાસને અંતે હરિબલ માછીના પૂર્વભવની કથા સંક્ષિપ્ત રૂપે આલેખાઈ છે.

શૈલીની પ્રવાહિતા, વિવિધ પ્રકારનાં દૃષ્ટાંતોનો કાર્યસાધક વિનિયોગ, રૂઢિપ્રયોગો, વિસ્તૃત ઉક્તિઓ અને સંવાદો દ્વારા પાત્રોના મનોભાવોની અસરકારક અભિવ્યક્તિ તેમ જ રાક્ષસ, સભા, સ્વર્ગ વગેરેનાં વર્ણનોથી આ રાસ રસપ્રદ બન્યો છે. ભાષામાં હિન્દી-મરાઠીની છાંટ તથા ફારસી શબ્દોનો વિનિયોગ ધ્યાન ખેંચે છે.[૨.૨.દ.]

હરિરામ : આ નામે ૭ કડીનો 'અંબાજીનો ગરબો'(મુ.) મળે છે. તેના કર્તા ક્યા હરિરામ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : અંબિકાકાવ્ય તથા શક્તિકાવ્ય, પ્ર. બુકસેલર સાકરલાલ બુલાખીદાસ, ઈ. ૧૯૨૩. [શ્રા.ત્રિ.]

હરિરામ–૧ [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : સુરતના ઔદીચ્ય બ્રાહ્મણ. પિતાનું નામ વીરમ. વ્યવસાયે માણભટ્ટ. મુખ્યત્વે વીરરસ અને ગૌણ અદ્‌ભુત અને કરુણારસવાળા, જૈમિનીય અશ્વમેધપર્વ પર આધારિત ૨૩ કડવાંના 'બભ્રુવાહન-આખ્યાન' (૨.ઈ. ૧૬૪૦/સં. ૧૬૯૬, ભાદરવા સુદ ૫, ગુરુવાર), ભારદ્વાજ-વાલ્મીકિના સંવાદ રૂપે સીતાજન્મથી માંડી રામ સાથેનાં તેનાં લગ્ન અને રામ સાથે સીતાનું અયોધ્યાગમન સુધીના પ્રસંગોને વર્ણવતા, અદ્‌ભુતરસપ્રધાન, ૨૧ કડવાંના 'સીતાસ્વયંવર' (૨.ઈ. ૧૬૪૭; મુ.), કૃષ્ણવિરહનાં થોડાં પદ તથા 'રુક્મિણીહરણ'–એ કૃતિઓના કર્તા.

કૃતિ : બૃકાદોહન : ૩.

સંદર્ભ : ૧. કવિચરિત : ૧-૨; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ૪. ગુસારસ્વતો; ૫. પાંગુહસ્તલેખો; ૬. પ્રાકકૃતિઓ; ☐ ૭. સ્વાધ્યાય, નવેમ્બર ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી;☐ ૮. આલિસ્ટઑઈ : ૨; ૯. ગૂહાયાદી; ૧૦. ડિકૅટલૉગબીજે; ૧૧. ડિકૅટલૉગભાવિ; ૧૨. ફોહનામાવલિ : ૨; ૧૩. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

હરિરામ–૨ [ ] : સંતરામ મહારાજના શિષ્ય. ૪ કડીના ૧ પદ(મુ.)ના કર્તા.

'અખો અને મધ્યકાલીન સંતપરંપરા' આ કર્તાને અને હરિરામ–૧ને એક માને છે, પરંતુ એમ માનવા માટે કોઈ ચોક્કસ આધાર નથી.

કૃતિ : પદસંગ્રહ, પ્ર. સંતરામ સમાધિસ્થાન, ઈ. ૧૯૭૭ (ચોથી આ.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. આસંપરંપરા; ૨. ચરોતર સર્વસંગ્રહ : ૨; સં. પુરુષોત્તમ છ. શાહ અને ચંદ્રકાન્ત ફ. શાહ, ઈ. ૧૯૧૪. [શ્રા.ત્રિ.]

હરિવલ્લભ(ગણિ)–૧ [ઈ. ૧૬૬૯ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. સુધર્મસ્વામીકૃત મૂળ પ્રાકૃત કૃતિ 'ઉપાસકદશાંગસૂત્રવૃત્તિ' પરના ૨૫૦૦ ગ્રંથાગ્રના સ્તબક (લે.ઈ. ૧૬૬૯)ના કર્તા.

સંદર્ભ : હેજ્જૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

હરિવલ્લભ–૨ [ ] : અવટંકે ભટ્ટ. 'દ્વાદશ-મહિના'ના કર્તા. તેઓ હરિ–૧ હોઈ શકે.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

'હરિવિલાસ-ફાગ' : કૃષ્ણની બાળલીલા અને રાસલીલાના પ્રસંગોને વર્ણવતું ૧૩૨ કડીનું આ અજ્ઞાતકર્તૃક ફાગુકાવ્ય(મુ.) મળ્યું છે તે રૂપમાં અપૂર્ણ લાગે છે. વિષ્ણુપુરાણના પાંચમા અંશના ત્રણથી ૧૬ અધ્યાયમાંના પ્રસંગોને આધારે રચાયેલા આ કાવ્યની ૧૩૨ કડીઓમાં વિષ્ણુપુરાણમાંથી ૨૦ અને અન્ય ગ્રંથોમાંથી ૨ એમ કુલ ૨૨ સંસ્કૃત શ્લોક કવિએ ગૂંથ્યા છે. બાકીની કડીઓ ૧૨+૧૧ માત્રાના ઉપદોહક (ફાગબંધ) છંદમાં છે. ચતુર્ભુજની 'ભ્રમરગીતા' (૨.ઈ. ૧૫૨૦)ને મળતું આવતું કૃતિનું ભાષાસ્વરૂપ તથા કથા-પ્રસંગને પડછે વસંતવર્ણન કરવાની રીતિ એ બાબતોને લક્ષમાં લેતાં કૃતિ સં. ૧૬મી સદીમાં રચાઈ હોવાનું અનુમાન થયું છે. કાવ્યમાં સમગ્ર નિરૂપણ પરથી લાગે છે કે એના રચયિતા કોઈ જૈનેતર કવિ છે.

પ્રારંભની ૩૧ કડીઓમાં કૃષ્ણજન્મ, પુતનાવધ, જસોદાને થયેલું વિશ્વદર્શન, કેશિવધ, ગોવર્ધનધારણ, કાલિયદમન, વૃષાસુર-વધ વગેરે કૃષ્ણની બાળલીલાના જાણીતા મહત્ત્વના પ્રસંગો સંક્ષેપમાં આટોપી પછી ૧૦૦ જેટલી કડીઓમાં રાસલીલાના પ્રસંગને કવિ વિસ્તારથી આલેખે છે. એટલે બાળલીલાના પ્રસંગોમાં કથન વિશેષ છે, જ્યારે રાસલીલાનો પ્રસંગ વર્ણનાત્મક વિશેષ છે. શરદ, કૃષ્ણ-રૂપ, વેણુવાદનથી ઉત્કંઠિત ગોપી, કૃષ્ણના અંતર્ધાન થવાથી ગોપીની વિરહાવસ્થા, વસંત, રાસલીલા, ગોપીસૌંદર્ય વગેરેનાં વર્ણનોમાં સરતી કૃતિ ભાવસભર બને છે.

છંદનો મુક્ત પ્રવાહ, અંતરયમકમાં આયાસનો અભાવ, દાણલીલા ને વિશેષ રાસલીલાનાં જીવંત ગતિશીલ ભાવચિત્રોથી અનુભવાતી કાવ્યમયતા આ કૃતિને ફાગુકાવ્યોની પરંપરામાં વિશિષ્ટ સ્થાનની અધિકારી બનાવે છે.

કૃતિ : સ્વાધ્યાય, મે ૧૯૬૫–'હરિવિલાસ–એક મધ્યકાલીન જૈનેતર 'ફાગ-કાવ્ય', હરિવલ્લભ ચૂ. ભાયાણી (+સં.).

સંદર્ભ : ગુસાઈતિહાસ : ૨. [જ.ગા.]

હરિશંકર : આ નામે 'રણયજ્ઞ' નામક કૃતિ મળે છે તેના કર્તા કયા હરિશંકર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

હરિશંકર–૧ [ઈ. ૧૮૪૫ સુધીમાં] : અવટંકે મહેતા. 'જહાંદારશાની વાર્તા' (૧૪ વાર્તાઓ) (લે.ઈ. ૧૮૪૫) અને દુહા-ચોપાઈમાં 'બદિ-એલ જમાલપરીની વાર્તાનું ગુજરાતીમાં ભાષાંતર (લે. ઈ. ૧૮૬૭) કરનાર.

સંદર્ભ : ૧. ગૂહાયાદી: ૨. ડિકૅટલૉગભાવિ; ૩. ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

હરિશ્ચંદ્ર [ ] : ૬ કડીના 'રેંટિયાનું પદ'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાકાસુધા : ૧.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

'હરિશ્ચન્દ્રતારાલોચનીચરિત્ર-રાસ'[૨.ઈ.૧૬૪૧/સં. ૧૬૯૭, શ્રાવણ સુદ ૫] : ભાવહડગચ્છના કનકસુંદરની ૫ ખંડ, ૩૯ ઢાળ અને ૭૮૧ કડીની દુહા-દેશીબદ્ધ આ કૃતિ(મુ.) હરિશ્ચન્દ્ર-તારામતીના પ્રસિદ્ધ હિંદુ કથાનકને જૈન ધર્મના કર્મસિદ્ધાંતને અનુરૂપ થોડા ફેરફારો સાથે રજૂ કરે છે. પ્રસંગનિરૂપણ કરતાં વિશેષપણે વિવિધ પ્રસંગે પાત્રોના મનોભાવોને વાચા આપવામાં કવિએ લીધેલો રસ તથા 'રાગ છત્રીસે જુજુઆ' એવા કવિના ઉલ્લેખને સાર્થક કરતી સુગેય ઢાળોની રચના આ કૃતિની નોંધપાત્ર લાક્ષણિકતાઓ છે. પ્રસંગો-પાત્ત હિંદી-રાજસ્થાનીનો પ્રયોગ કરતી કવિની ભાષાભિવ્યકિત પ્રાસાદિક અને મધુર હોવા ઉપરાંત ઉપમાદષ્ટાંતાદિ અલંકારોના વિનિયોગથી અસરકારક પણ બને છે. સુભાષિત રૂપ સંસ્કૃત શ્લોકો અને પ્રાકૃત ગાથાઓ ગૂંથીને કવિએ પોતાનો કાવ્યાભ્યાસ પ્રદર્શિત કર્યો છે. [જ.કો.]

હરિસાગર : આ નામે ૬ કડીનું 'નેમિજિન-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે. તેના કર્તા કયા હરિસાગર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

હરિસાગર–૧ [ઈ. ૧૭૫૮માં હયાત] : જૈન સાધુ. ૨૫ કડીના '૨૪ જિનવર સવૈયાસંગ્રહ' (૨.ઈ. ૧૭૫૮)ના કર્તા.

સંદર્ભ : હેજ્જૈજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

હરિસિંગ [ ] : પાંચથી ૨૦ કડીનાં ગુરુમહિમા ને વૈરાગ્યબોધનાં ભજનો(મુ.)ના કર્તા. આ નામે હિન્દી ભજનો(મુ.) પણ મળ્યાં છે.

કૃતિ : ૧. (શ્રી) પદસંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫; ૨. ભજનસાગર ૨; ૩. ભસાસિંધુ. [શ્રા.ત્રિ.]

હરિસિંહ [ ] : ભજનો (૧ મુ.)ના કર્તા. 'ભજન-સાગર : ૨'માં હરિસિંહને નામે મુદ્રિત ભજનોમાં નામછાપ 'હરિ' મળે છે. એટલે એ પદો હરિસિંહના છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. બૃહત્ ભજનસાગર, પ્ર. જ્યોતિર્વિભૂષણ પંડિત કાર્તા-તિક અને દામોદર જ. ભટ્ટ, ઈ. ૧૯૦૯; ૨. ભજનસાગર : ૨.

સંદર્ભ : ફોહનામાવલિ. [શ્રા.ત્રિ.]

હર્ષ [ઈ. ૧૬૭૨માં હયાત] : ૨૭ કડીના 'નેમરાજિમતીની બારમાસી/ નેમિજિનરાજિમતી-બારમાસ' (૨.ઈ.૧૬૭૨; મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : જૈકાપ્રકાશ : ૧.
સંદર્ભ : લીંહસૂચી. [કા.શા.]

હર્ષકીર્તિ : આ નામે ૩૩ કડીનો 'લોંકામત પ્રતિબોધ-કુલક' (લે. સં. ૧૭મું શતક અનુ.), ૧૯ કડીનો 'કર્મહિંડોલ-રાસ', સુદર્શનશેઠની સઝાય' અને ૨૪ કડીની 'મૃગાપુત્રની સઝાય' મળે છે. તેમના કર્તા કયા હર્ષકીર્તિ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. રાહસૂચી : ૧; ૩. લીંહસૂચી. [કા.શા.]

હર્ષકીર્તિ–૧ [ઈ. ૧૭મી સદીનો પૂર્વાર્ધ] : નાગોરી તપગચ્છના જૈન સાધુ. રત્નશેખરની પરંપરામાં ચંદ્રકીર્તિના શિષ્ય. પહેલાં ઉપાધ્યાય હતા, પાછળથી સૂરિપદ પ્રાપ્ત થયું. એમણે રચેલા અનેક સંસ્કૃત ગ્રંથો પરથી તેઓ વ્યાકરણ, કાવ્ય, છંદ અને વૈદકના વિદ્વાન હશે એમ જણાય છે.

એમણે ૩ ઢાળ ને ૨૪/૨૮ કડીની 'વિજયકુમાર-કુમારી-સઝાય/વિજયશેઠ-વિજયાશેઠાણી-રાસ/વિજયશેઠ-વિજયાશેઠાણી સ્વલ્પ-પ્રબંધ કૃષ્ણશુકલપક્ષ-સઝાય/શીલ વિશે વિજયશેઠ અને વિજયાશેઠાણીની સઝાય' (૨.ઈ. ૧૬૦૯ આસપાસ; મુ.) એ ગુજરાતી કૃતિની રચના કરી છે.

એમનો 'વૈદકસારસંગ્રહ' સંસ્કૃતમાં મળે છે તેની સાથે ગુજરાતી બાલાવબોધ છે. પરંતુ એ બાલાવબોધ અજ્ઞાતકર્તૃક જણાય છે. એમની 'જ્યોતિષ-સારોદ્ધાર' કૃતિ આમ સંસ્કૃત-પ્રાકૃતમાં છે, પણ એમાં થોડાક અંશો ગુજરાતી છે.

'અનિટ્કારિકાવિવરણ', 'બૃહત્ શાંતિવૃત્તિ', 'કલ્યાણમંદિરસ્તોત્ર-વૃત્તિ', 'સારસ્વતટીકા',' સિંદુરપ્રકરણવૃત્તિ', 'ધાતુપાઠ', 'શારદી નામ-માળા', 'શ્રુતબોધવૃત્તિ' વગેરે એમની સંસ્કૃત કૃતિઓ છે.

કૃતિ : ૧. પ્રાસ્તસંગ્રહ; ૨. સજ્ઝાયમાલા : ૧-૨ (જા); ૩. સઝાયમાળા(પં.).

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ;☐૨. સાહિત્ય, ઑગષ્ટ-સપ્ટે. ૧૯૩૫ –'શ્રુતબોધ પર જૈન ટીકા', મુનિ હિમાંશુવિજયજી;☐ ૩. કૅટલૉગગુરા, ૪. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૧); ૫. મુપુગૂહસૂચી; ૬. લીંહસૂચી; ૭ હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષકુલ–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હેમ-વિમલસૂરિની પરંપરામાં કુલચરણના શિષ્ય. 'બંધહેતૂદય-ત્રિભંગી-સૂત્ર' એ સંસ્કૃત કૃતિમાં કવિ પોતાને લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય તરીકે ઓળખાવે છે.

એમણે ૩૬૦/૪૫૭ કડીની 'વસુદેવ-ચોપાઈ/વસુદેવ-રાસ/વસુ-દેવકુમાર-ચોપાઈ' (૨.ઈ.૧૫૦૧) એ ગુજરાતી કૃતિની રચના કરી છે.

'સૂત્રકૃતાંગસૂત્ર પર દીપિકા', 'વાક્યપ્રકાશટીકા', વગેરે એમની સંસ્કૃત કૃતિઓ છે.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસાર-સ્વતો; ૪. જૈસાઈતિહાસ;☐૫.આલિસ્ટઑઈ : ૨; ૬. જૈગૂકવિઓ: ૧, ૩(૧); ૭. ડિકૅટલૉગભાવિ; ૮. મુપુગૂહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષકુલ–૨ [ ] : જૈન સાધુ. પુણ્યસાગરજીના શિષ્ય. ૬ કડીના 'મહોપાધ્યાયપુણ્યસાગરગુરુ-ગીત'(મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ. [કા.શા.]

હર્ષકુલશિષ્ય [ઈ. ૧૬૨૧ સુધીમાં] : જૈન સાધુ. ૧૩ કડીની 'મુહ-પત્તીપડિલેહણ-સઝાય' (લે. ઈ. ૧૬૨૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

હર્ષકુશલ : આ નામે ૧૦ કડીની 'સનત્કુમારઋષિ-સઝાય', 'વીસી' (લે. ઈ. ૧૬૩૪/સં.૧૬૯૦, શ્રાવણ સુદ ૪) તથા ૩૬ કડીની 'સુગુરુ-છત્રીસી' મળે છે. તેમના કર્તા કયા હર્ષકુશલ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [કા.શા.]

હર્ષકુશલશિષ્ય [ ] : જૈન. 'મહાવીર જિનસત્તાવીસ ભવ-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

હર્ષકુંજર [ ] : ૨૧ કડીના 'રાવણપાર્શ્વનાથ ફાગુ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૯–'ધમાલ એવં ફાગુ સંજ્ઞક કતિપય ઔર રચનાઓંકી ઉપલબ્ધિ', અગરચંદ નાહટા. [કા.શા.]

હર્ષચંદ્ર/હરખચંદ : હર્ષચન્દ્રને નામે 'વર્ધમાનજન્મમંગલ', ૮ કડીનું 'પાર્શ્વનાથ ગૂઢારથ-સ્તવન' તથા હરખચંદને નામે 'પાર્શ્વજિન-સ્તવન' (લે. ઈ. ૧૮૧૩) એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા હર્ષચન્દ્ર/હરખચંદ છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞા-સૂચિ : ૧.

હર્ષચંદ્ર–૧ [ઈ. ૧૬૭૪ સુધીમાં] : જૈન સાધુ. રૂપહર્ષના શિષ્ય. ૯ કડીના 'જિનચંદ્રસૂરિ-ગીત' (લે. ઈ. ૧૬૭૪/સં. ૧૭૩૦, આસો વદ ૮; મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ. [કા.શા.]

હર્ષચંદ્ર–૨ [ઈ. ૧૮૦૦માં હયાત] : ૬ કડીના 'નેમિનાથજીનું સ્તવન' (૨.ઈ. ૧૮૦૦/સં. ૧૮૫૬, ભાદરવા સુદ ૧૨; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [કા.શા.]

હર્ષચંદ્ર(ગણિ)–૩ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ–આવ. ઈ. ૧૮૫૭/સં. ૧૯૧૩, ફાગણ વદ ૧૪] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. લબ્ધિ-ચંદ્રસૂરિના શિષ્ય. પિતાનું નામ શગનાશાહ અને માતાનું નામ વખતાદે. દીક્ષા ઈ.૧૮૨૫માં અને આચાર્યપદ ઈ.૧૮૨૭માં.

આ કવિએ કેટલાંક સ્તવનો રચ્યાં છે, જેમાં ૯ કડીનું 'તારંગા-જીનું સ્તવન' (૨.ઈ. ૧૮૪૭/સં. ૧૯૦૩, મહા વદ ૧૨; મુ.), ૧૨ કડીનું 'નવપદજીનું સ્તવન'(મુ.) અને ૯ કડીનું 'રાણકપુરનું સ્તવન' (મુ.)નો સમાવેશ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : ૧. જૈસંગ્રહ; ૨. પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : ૧. જૈગૂસારત્નો : ૨; ૨. જૈન પરંપરાનો ઇતિહાસ : ૨, દર્શનવિજય અને અન્ય, ઈ. ૧૯૬૦. [કા.શા.]

હર્ષચંદ્ર(વાચક)–૪ [ ] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન સાધુ. ૭ કડીની 'પરિગ્રહપરિહાર-સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.)-ના કર્તા.

૮ કડીની 'નવકારની સઝાય/નવકાર-ભાસ'(મુ.) આ કવિની રચના હોવાની સંભાવના છે.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

હર્ષદત્તશિષ્ય] ઈ. ૧૬૨૨ સુધીમાં] : જૈન. ૯૭ કડીની 'ગુણસુંદરી-ચોપાઈ' (લે. ઈ. ૧૬૨૨) તથા 'કલાવતી-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

હર્ષધર્મ : જૈન સાધુ. ૨૩ કડીના 'શાંતિનાથ-વિવાહલઉ/શાંતિનાથ-સ્તવન' (લે. સં. ૧૯મું શતક)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા;□૨. જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૮-'વિવાહલઉ સંજ્ઞક અન્ય જૈન રચનાઓ', અગરચંદ નાહટા;□ ૩. રાહસૂચી : ૧. [કા.શા.]

હર્ષનંદન [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. સમયસુંદરના શિષ્ય. શત્રુંજયયાત્રાપરિપાટી-સ્તવન' (૨. ઈ. ૧૬૧૫), 'ગોડી-સ્તવન' (૨. ઈ. ૧૬૨૭), ૪ કડીનું 'જિનચંદ્રસૂરિસુયશ-ગીત'(મુ.), ૫ કડીનું 'જિનસિંહસૂરિગચ્છપતિપદ-પ્રાપ્તિ-ગીત'(મુ.), ૧૨ કડીનું 'જિનસિંહ-સૂરિનિર્વાણ-ગીત'(મુ.), ૭ કડીનું 'સમયસુંદરઉપાધ્યાય-ગીત' (મુ.), પાંચથી ૬ કડીનાં ૩ 'જિનસાગરસૂરિગીત'(મુ.)–એ એમની ગુજરાતી કૃતિઓ છે.

'મધ્યાહ્નવ્યાખ્યાનપદ્ધતિ' (૨.ઈ.૧૬૧૭), 'ઋષિમંડળટીકા'(૨.ઈ. ૧૬૪૯), 'સ્થાનાંગગાથાગતવૃત્તિ' (૨. ઈ. ૧૬૪૯), 'ઉત્તરાધ્યયન-વૃત્તિ' (૨. ઈ. ૧૬૫૫) વગેરે બારેક જેટલા સંસ્કૃત ગ્રંથો પણ એમણે રચ્યા છે.

કૃતિ : ઐજૈકાસંગ્રહ.

સંદર્ભ : ૧. પડિલેહા, રમણલાલ ચી. શાહ, ઈ. ૧૯૭૯-કવિવર સમયસુંદર'; ૨. યુજિનચંદ્રસૂરિ. [કા.શા.]

હર્ષપ્રિય(ઉપાધ્યાય) : આ નામે ૧૪ કડીનું 'અંતરંગવૈરાગ્ય-ગીત' (લે. સં. ૧૭મી સદી) મળે છે. તેઓ ક્ષાન્તિમંદિરશિષ્ય હર્ષપ્રિય હોવાની સંભાવના છે, પરંતુ નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષપ્રિય(ઉપાધ્યાય)–૧ [ઈ. ૧૫૧૮માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ક્ષાન્તિમંદિરના શિષ્ય. ૩૧ કડીની 'શિયળએકત્રીસો (નવરસ-નિબંધ)' તથા ૫૨ કડીની શાશ્વત સર્વ જિનધંચાશિકા' (૨.ઈ.૧૫૧૮) –એ કૃતિઓના કર્તા.

સંદર્ભ : ૧. જૈમગૂકરચનાઓ : ૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષમંગલ [ ] : જૈન સાધુ. ૪૦ ગ્રંથાગ્રની 'ઢંઢણકુમાર-સઝાય'ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [કા.શા.]

હર્ષમાણિક્ય(મુનિ) [ ] : જૈન સાધુ. ૩૭ કડીની 'મહાવીરજિનનિસાણા (બંભણવાડજી)' (લે. સં. ૧૮મી સદી અનુ.)-ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

હર્ષમૂર્તિ : આ નામે ૧૭ જેટલી સઝાય મળે છે. તે કયા હર્ષમૂર્તિની છે તે નિશ્ચિતપણે કહી શકાતું નથી.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–'જેસલમેરકે જૈન જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કા.શા.]

હર્ષમૂર્તિ–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : ભાવહડહરગચ્છના જૈન સાધુ. વિજયસિંહના શિષ્ય. ૯૦ કડીની 'ગૌતમપૃચ્છા-ચોપાઈ' (૨. ઈ. ૧૫૦૬/સં. ૧૫૬૨, ભાદરવા સુદ ૫, સોમવાર), 'ચંદ્રલેખા-ચોપાઈ' (૨.ઈ.૧૫૧૦/સં. ૧૫૬૬, શ્રાવણ સુદ ૧૩, રવિવાર) અને ૩૧૩ કડીની 'પદ્માવતી-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો;□ ૩. જૈગૂ-કવિઓ : ૩(૧); ૪. ડિકૅટલૉગભાવિ; ૫. મુપુગૂહસૂચી. [કા.શા.]

હર્ષરત્ન [ઈ. ૧૬૪૦માં હયાત] : જૈન સાધુ. રાજવિજયસૂરિની પરંપરામાં સિદ્ધિરત્નના શિષ્ય. ૫ ખંડના 'નેમિજિન-રાસ/વસંત-વિલાસ' (૨. ઈ. ૧૬૪૦/સં. ૧૬૯૬, આસો સુદ ૧૦, ગુરુવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;□ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

હર્ષરંગ [ ] : જૈન સાધુ. ૨૫૦ ગ્રંથાગ્રના 'કેશીસંધિ-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : આલિસ્ટઑઈ : ૨. [કા.શા.]

હર્ષરાજ(સેવક) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : જૈન સાધુ. વિદ્યા-ચંદ્રની પરંપરામાં લબ્ધિરાજના શિષ્ય. ૮૮૧ કડીના 'સુરસેન-રાસ' (૨.ઈ. ૧૫૫૭/સં. ૧૬૧૩, જેઠ સુદ ૨, શનિવાર) તથા 'લોંકા પર ગરબો' (૨.ઈ. ૧૫૬૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ;□ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. ડિકૅટલૉગભાવિ; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષલાભ(ઉપાધ્યાય) [ઈ. ૧૫૫૭ સુધીમાં] : જૈન સાધુ. ગજલાભના શિષ્ય. 'અંચલમતચર્ચા' (લે. ઈ. ૧૫૫૭/સં. ૧૬૧૩, ફાગણ સુદ ૧૧, મંગળવાર) નામની ગદ્યકૃતિના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [કા.શા.]

હર્ષવર્ધન(ગણિ) : આ નામે ૧૭૫૦ ગ્રંથાગ્રનો 'નવતત્ત્વપ્રકરણ-બાલાવબોધ/નવતત્ત્વવિચાર-બાલાવબોધ/નવતત્ત્વપ્રકરણ સાવચૂરિ પર બાલાવબોધ' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૩૩/૩૪ કડીનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સમોસરણવિચાર-સ્તોત્ર / સ્તવન/ સમોસરણવિચારગર્ભિત-નેમિજિન-સ્તવન' (લે. સં. ૧૬મી સદી અનુ.)–એ કૃતિઓ મળે છે. એમના કર્તા કયા હર્ષવર્ધન છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષવલ્લભ(ઉપાધ્યાય) [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. યુગપ્રધાન જિનચંદ્રસૂરિના શિષ્ય.

મદનરેખાના શીલનો મહિમા કરતી ૪ ખંડ ને ૩૭૭ કડીની 'મયણરેહા-ચોપાઈ' (૨.ઈ. ૧૬૦૬), ૩૦૭૧ ગ્રંથાગ્રનો 'ઉપાસક દશાંગ-બાલાવબોધ' (૨.ઈ. ૧૬૩૬) તથા ૯ કડીના 'જિનરાજસૂરિ-ગીત'(મુ.)ના કર્તા. ૬ કડીનું 'નેમિનાથ-ગીત' (લે. ઈ. ૧૭૨૧) મળે છે તે આ કર્તાની કૃતિ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. યુજિનચંદ્રસૂરિ; ☐ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૨); ૫. ડિકૅટલૉગબીજે; ૬. ડિકૅટલૉગમાવિ. [કા.શા.]

હર્ષવિજય : આ નામે ૫૧ કડીનો 'નલદમયંતી-રાસ' (લે. સં. ૧૭મી સદી અનુ.), ૧૮ કડીની 'અઢાર નાતરાં-ચોપાઈ', ૧૫ કડીની 'ભાંગ-સઝાય', ૧૧ કડીનું 'નેમિનાથનું સ્તવન', ૧૫ કડીની 'નવકારફલ-સઝાય', ૫ કડીની 'શીલની સઝાય'(મુ.), ૫ કડીની 'તેબલિયો-સઝાય' –એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા હર્ષવિજય છે તે નિશ્ચિત-પણે કહેવું મુશ્કેલ છે.

જિનવિજયપન્યાસના કહેવાથી રચાયેલો 'પ્રતિક્રમણસૂત્રઅર્થ-દીપિકા-બાલાવબોધ' આ નામે મળે છે. તેના કર્તા મોહનવિજય-શિષ્ય હર્ષવિજય છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, માર્ચ ૧૯૪૬–'શીલની સઝાય', સં. રમણિકવિજયજી.

સંદર્ભ : ૧. જૈન કથારત્નકોશ : ૪;☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષવિજય–૧ [ઈ. ૧૫૯૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયની પરંપરામાં તેજવિજયના શિષ્ય. ૫૭ કડીના 'આદિનાથ-સ્તવન' (૨. ઈ. ૧૫૯૯/સં. ૧૬૫૫, વૈશાખ સુદ ૧૪, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈહાપ્રોસ્ટા. [કા.શા.]

હર્ષવિજય(પંડિત)–૨ [ઈ. ૧૬૧૩માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદેવસૂરિની પરંપરામાં સાધુવિજયના શિષ્ય. આ કવિએ રચેલા ૯ ઢાળ ને ૮૮ કડીના 'પાટણચૈત્યપરિપાટી-સ્તવન' (૨.ઈ. ૧૬૭૩; મુ.)માં પાટણનાં પંચાસરા સમેત જૈન મંદિરોનું વર્ણન કર-વામાં આવ્યું છે. એમાં આચાર્ય હીરવિજયસૂરિની મૂર્તિ જ્યાં રખાઈ છે તે સ્થાન માટે કરેલો 'હીરવિહાર'નો ઉલ્લેખ મહત્ત્વનો છે. તે સમયનાં જૈન દહેરાં અને મૂર્તિઓની વીગતો અહીં પ્રચુરતાથી પ્રાપ્ત થાય છે.

કૃતિ : પાટણચૈત્યપરિપાટીસ્તવન, સં. મુનિ કલ્યાણવિજય, ઈ. ૧૯૨૬.

સંદર્ભ : ૧. ઇતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ જ. સાંડેસરા, ઈ. ૧૯૬૬–'શ્રી પંચાસરા પાર્શ્વનાથ મંદિર વિશેના કેટલાક ઐતિહા-સિક ઉલ્લેખો;☐ ૨. જૈગૂકવિઓ; ૩. મુપુગૂહસૂચી; ૪. હેજૈજ્ઞા-સૂચિ : ૧. [કા.શા.]

હર્ષવિજય–૩ [ઈ. ૧૭૮૬માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની શાખાના શુભવિજયની પરંપરામાં મોહનવિજયના શિષ્ય. 'શાંબપ્રદ્યુમ્નકુમાર-રાસ' (૨. ઈ. ૧૭૮૬/સં. ૧૮૪૨,–વદ ૨, સોમવાર)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨;☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી.

હર્ષવિજય–૪ [ ] : જૈન સાધુ. વિવેકવિજયના શિષ્ય. ૭ કડીના 'ઋષભદેવ-સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : જિસ્તમાલા. [કા.શા.]

હર્ષવિનય [ ] : જૈન સાધુ. લબ્ધિકમલ ભાણુ-ચંદ્ર(?)ના શિષ્ય. ૫ કડીના 'સીમંધરસ્વામીજીનું સ્તવન'(મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તસંગ્રહ. [કા.શા.]

હર્ષવિમલ [ઈ. ૧૫૫૪ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. વિજય-દાનસૂરિની પરંપરામાં આણંદવિમલના શિષ્ય. ૬૫ કડીની 'બારવ્રત-સઝાય' (લે. ઈ. ૧૫૫૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [કા.શા.]

હર્ષવિમલ(વાચક)શિષ્ય [ઈ. ૧૮૨૧ સુધીમાં] : તપગચ્છની વિજય-સેનસૂરિની પરંપરાના જૈન સાધુ. ૩૬ કડીની 'આત્મ-સઝાય' (લે. ઈ. ૧૮૨૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

હર્ષવિશાલ [ ] : જૈન સાધુ. કીર્તિરત્નસૂરિના શિષ્ય. ૨૩ કડીના 'શાંતિનાથ-સ્તવન' (લે. સં. ૧૯મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કા.શા.]

હર્ષવૃદ્ધિ [ ] : જૈન સાધ્વી. ૩૪/૩૫ કડીના 'ચોવીસજિનપંચકલ્યાણક-સ્તવન' (લે. સં. ૧૯મી સદી)નાં કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષ(પંડિત)શિષ્ય [ ] : જૈન સાધુ. ૪ કડીની 'એકાદશીની સ્તુતિ'(મુ.)ના કર્તા. આ કૃતિ હર્ષવિજયશિષ્ય માન-વિજયની હોવાની શક્યતા છે.

કૃતિ : ૧. જિમપ્રકાશ; ૨. જૈકાપ્રકાશ : ૧. [કી.જો.]

હર્ષસાગર : આ નામે પ્રાસઅનુપ્રાસવાળો અને વેગવતી બાનીમાં જિનશાસનદેવી પદ્માવતીના અંગલાવણ્ય અને વસ્ત્રાલંકારનું આલં-કારિક વર્ણન કરતો ૧૧ કડીનો 'પદ્માવતીનો છંદ' (લે.ઈ.૧૫૭૫; મુ.), 'ચોવીસી', ૯૭ કડીનો 'સુદર્શન શ્રેષ્ઠિછંદ' તથા 'કુમતિનિર્ઘાટન-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) મળે છે. તેમના કર્તા કયા હર્ષસાગર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. મણિમદ્રાદિકોના છંદોનો પુસ્તક; ૨. રત્નસાર : ૨; પ્ર. શા. હીરજી હંસરાજ, ઈ. ૧૮૬૭.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [કા.શા.]

હર્ષસાગર–૧ [ઈ. ૧૫૬૬માં લગભગ હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિના શિષ્ય. નવતત્ત્વો વિશેની વિચારણા કરતી ૯ ઢાળ ને ૧૫૩ કડીની 'નવતત્ત્વઢાલ' (૨.ઈ. ૧૫૬૬ લગભગ)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

હર્ષસાગર–૨ [ઈ. ૧૫૮૨માં હયાત] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. પદ્મશેખરસૂરિની પરંપરામાં રત્નસાગરના શિષ્ય. ૪૭૧ કડીના 'ધનકુમાર-રાસ' (૨.ઈ. ૧૫૮૨/સં. ૧૬૩૮, આસો સુદ ૧૧)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસારસ્વતો;☐ જૈગૂકવિઓ : ૩(૧). [કા.શા.]

હર્ષસાગર–૩ [ઈ. ૧૬૪૦ પછી] : જૈન સાધુ. 'રાજસીશાહરાસ' (ઈ. ૧૬૪૦ પછી)ના કર્તા. રાસની અંદર ઈ. ૧૬૪૦માં નવાનગરમાં થયેલા બીજા પ્રતિષ્ઠામહોત્સવનો ઉલ્લેખ છે, એટલે રાસની રચના તે પછી થઈ હશે એમ કહી શકાય.

નવાનગરમાં રહેતા અંચલગચ્છના શ્રાવક તેજસીનું કથાનક કૃતિમાં આલેખાયું છે. રાજસીએ નગરમાં બંધાવેલા વિશાળ મંદિરનું વિસ્તૃત વર્ણન, રાજસીની શત્રુંજયયાત્રા ને તેના પુત્ર રામુની ગોડીપાર્શ્વનાથની સંઘયાત્રા તથા તેણે મોઢ જ્ઞાતિનાં લોકોને જૈન બનાવેલા એ વીગતનો ઉલ્લેખ ઈતિહાસદૃષ્ટિએ કૃતિના ધ્યાનપાત્ર અંશો છે.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, એપ્રિલ ૧૯૫૪–'રાજસી સાહ રાસકા સાર', ભંવરલાલ નાહટા.

હર્ષસાગર(ઉપાધ્યાય)શિષ્ય [ ] : જૈન. ૧૦ કડીનું 'વિજયદાનસૂરિથૂમ-ગીત' (લે. સં. ૧૭મી સદી) તથા ૧૮ કડીની 'ગુરુપટ્ટાવલી-સઝાય' (લે. સં. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

હલરાજ [ઈ. ૧૩૫૩માં હયાત] : જૈન. ૩૬ કડીના વર્ષાવર્ણનપ્રધાન 'સ્થૂલિભદ્ર-ફાગ' (૨.ઈ. ૧૩૫૩/સં. ૧૪૦૯, વૈશાખ સુદ ૧૩; મુ.)ના કર્તા.

૩૧ કડીનો 'માત્રિકા-ફાગ', 'મૂર્ખ-ફાગ', સંસ્કૃત રચનાના ભાષાંતર રૂપે ૮૪ કડીનો 'વસંતવિલાસ-ફાગુ' અને ૩૭ કડીનો 'સુમતિસુંદરસૂરિ-ફાગ' આ નામે મળે છે તે સૌ કૃતિઓ પણ પ્રસ્તુત હલરાજની હોવાની સંભાવના છે.

કૃતિ : સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૧–'અદ્યયાવત્ અપ્રસિદ્ધ કવિ હલરાજકૃત 'સ્થૂલિભદ્રફાગુ'–એક પરિચય', સં. કનુભાઈ વ. શેઠ.

સંદર્ભ : ૧. ગુસાઈહિાસ : ૧; ૨. પ્રાકારૂપરંપરા; ૩. રાસયુગમાં પ્રકૃતિનિરૂપણ, ધીરુ પરીખ, ઈ. ૧૯૭૮;☐ ૪. જૈગૂકવિઓ: ૩ (૧); ૫. મુપુગૂહસૂચી. [પા.માં.]

હલૂ [ ] : કૃષ્ણગોપીના શૃંગારનું વર્ણન કરતા ૬ કડીના ગીત(મુ.)ના કર્તા.

કૃતિ : સંબોધિ, એપ્રિલ ૧૯૭૯, જાન્યુ. ૧૯૮૦–'જૈનેતર પ્રાચીન ગુજરાતી કવિઓની કેટલીક અપ્રકટ રચનાઓ', સં. ભોગીલાલ જ. સાંડેસરા. [શ્રા.ત્રિ.]

હસનકબીરુદ્દીન/કબીરદીન(પીર) [જ. ઈ. ૧૩૪૧–અવ. ઈ. ૧૪૭૦]: ઈસ્લામના શિયા ઈમામી ઈસ્માઈલી પંથના ઉપદેશક. સતપંથને નામે ઓળખાતા સંપ્રદાયમાં તેઓ પીરનું સ્થાન ધરાવે છે. જન્મ પંજાબના ઉચ્છ ગામમાં. પીર સદરુદ્દીન/સદરદીનના પાંચમા પુત્ર. તેઓ હસન દરિયા, પીર હસનશાહ, પીર હસન ઉચ્છવી, સૈયદ હસન શમ્મી એ નામોથી પણ ઓળખાય છે. તેમનાં જન્મ અને અવસાન વિશે વિવિધ મત પ્રવર્તે છે, પરંતુ ઉપર્યુક્ત વર્ષો વિશેષ સ્વીકાર્ય છે. તેમણે ઈરાનની મુસાફરી કરી હજરત ઈમામના આશીર્વાદ મેળવેલાં. આમ તો ભારતના અનેક ભાગોમાં સતપંથના બોધ અર્થે તેઓ ગયેલા, પરંતુ એમનું જીવન વિશેષત: ગુજરાત અને પંજાબમાં પસાર થયેલું. અવસાન ઉચ્છમાં.

કવિને નામે ગુજરાતી અને હિંદીમિશ્રા ગુજરાતીમાં ૭૯ 'ગિનાન' (જ્ઞાનનાં પદ) મુદ્રિત રૂપે મળે છે. મુખ્યત્વે ધર્મબોધ અને ગુરુમહિમાનાં આ ગિનાનોમાં કેટલાંક કથાતત્ત્વવાળાં અને ઠીકઠીક લાંબાં પણ છે. કોઈક ગિનાન તો ૨૦૦ કડી સુધી વિસ્તરે છે. ઘણાં ગિનાનમાં ઈસ્લામ તેમ જ હિંદુ પુરાણોની વ્યક્તિઓ અને તેમના જીવનપ્રસંગો ગૂંથાયેલા નજરે પડે છે.

આ કવિને નામે ગિનાનો ઉપરાંત ગ્રંથ રૂપે પણ કેટલીક કૃતિઓ મળી છે. પૃથ્વીના વિલય અને મૃત્યુ પછીની જીવની ગતિને વર્ણવતી ૫૦૦ કડીની 'અનંતનો આખાડો' (લે. ઈ. ૧૮૦૧), સ્વર્ગનું વર્ણન કરતી ૧૬૫ કડીની 'હસનાપુરી', નકલંકના અનંત (પૃથ્વી) સાથેના વિવાહને આલેખતી ૨૮૩ કડીની 'અનંતના વિવાહ', ઈમામને કરેલી ૯ પ્રાર્થનાઓ જેમાં સંકલિત છે તે ૯ વિભાગની 'અનંતના નવ છુગા', નવસારીના સંત પીર સતગુરુ નૂરના વિવાહને આલેખતી ૨૨૨ કડીની 'સતગુરુ નૂરના વિવાહ', પીર હસનની સંત કાનીપા સાથેની ધર્મવિષયક ચર્ચાને નિરૂપતી ગદ્યપદ્યમિશ્રિત 'હસન કબીરદીન અને કાનીપાનો સંવાદ', વિશ્વની ઉત્પત્તિની કથાને વર્ણવતી ૩ ભાગમાં વહેંચાયેલી 'બ્રહ્મગાયંત્રી' (લે.ઈ.૧૮૦૧) તથા 'ગાવંત્રી(મોટી)'.

કવિની બધી રચનાઓ મૂળ કઈ ભાષામાં રચાઈ હશે એ અત્યારે નિશ્ચિત રીતે કહી શકાય એવી સ્થિતિ નથી, કારણ કે ઘણાં વર્ષો સુધી આ રચનાઓ મૌખિક રૂપે જળવાઈ રહી હતી. બધી કૃતિઓનું કર્તૃત્વ પણ પ્રસ્તુત કવિનું જ છે કે કેમ એ વિશે પણ વિદ્વાનોને શંકા છે.

કૃતિ : મહાન ઈસમાઈલી સંત પીર હસન કબીરદીન અને બીજા સત્તાધારી પીરો રચિત ગિનાનોનો સંગ્રહ, પ્ર. ઈસ્માઈલી પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ (+સં.).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ઈસમાઈલી લિટરેચર (અં.), ડબ્લ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૬૩; ૨. કલેક્ટેનિયા : ૧ (અં.), સં. ડબ્લ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૪૮; ૩. ખોજાવૃત્તાંત, સચેંદીના નાનજીઆણી, ઈ. ૧૮૯૨, ઈ. ૧૯૧૮ (બીજી આ.); ૪. *(ધ) નિઝારી ઈસ્માઈલી ટ્રેડિશન ઈન ધ ઈન્ડો-પાક સબકૉન્ટિનન્ટ (અં.), અઝીમ નાનજી, ઈ. ૧૯૭૮; ૫. (ધ) સેક્ટ ઑવ ઈમામશાહ ઈન ગુજરાત (અં.), ડબ્લ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૩૬. [ખ્યા.કે.]

હસ્તરામ [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

હસ્તિ/હાથી(ગણિ) : આ નામે ૧૭/૧૮ કડીની 'કુમતિવદનસપેટાભાસ' (લે. સં. ૧૭મી સદી અનુ.) કૃતિ મળે છે. તેના કર્તા હસ્તિરુચિ હોવાની સંભાવના છે, પણ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : હેજેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

હસ્તિરુચિ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. લક્ષ્મીરુચિની પરંપરામાં હિતરુચિના શિષ્ય. 'ચિત્રસેનપદ્માવતી-રાસ' (૨.ઈ. ૧૬૬૧/સં. ૧૭૧૭, આસો સુદ ૧૦), 'ઝાંઝરિયામુનિની સઝાય' (૨.ઈ. ૧૬૬૧/સં. ૧૭૧૭, આસો સુદ ૧૦), 'ઉત્તરાધ્યયન-સઝાય' (૨.ઈ. ૧૬૮૩/સં. ૧૭૩૯, આસો સુદ ૧૫, શનિવાર) તથા મૂળ સંસ્કૃત કૃતિ 'વૈદ્યવલ્લભ' પર સ્તબક (૨.ઈ. ૧૬૭૦)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત; ૨. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. દેસુરાસમાળા; ૬. મરાસસાહિત્ય; ૭. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૮. ડિકૅટલૉગબીજે; ૯. મુપુગૂહસૂચી. [પા.માં.]

હંસ : જુઓ જિનરત્નશિષ્ય સાધુહંસ–૧.

હંસધીર [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. હેમવિમલસૂરિની પરંપરામાં પંડિત દાનવર્ધનના શિષ્ય. ગુરુના શીલનો મહિમા વર્ણવતી ફાગ અને આંદોલબદ્ધ ૫૭ કડીના 'હેમવિમલસૂરિ-ફાગ' (૨. ઈ. ૧૪૯૮/સં. ૧૫૫૪, શ્રાવણ–; મુ.)ના કર્તા.

કૃતિ : જૈઐકાસંચય (+સં.).

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. ગુસાસ્વરૂપો; ૩. જૈગૂકવિઓ : ૧; ૪. હેજેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસપ્રમોદ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનકુશલસૂરિની પરંપરામાં હર્ષચંદ્રના શિષ્ય. ૯ કડીના 'પાર્શ્વનાથ લઘુ-સ્તવન(વરકાણા)' (૨.ઈ. ૧૫૯૭/સં. ૧૬૫૩, માગશર–) તથા સંસ્કૃત ગ્રંથ 'સારંગવૃત્તિ' (૨.ઈ. ૧૬૦૬)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; યુજિનચંદ્રસૂરિ; ૩. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હંસભુવન(સૂરિ) [ઈ. ૧૫૫૪માં હયાત] : જૈન સાધુ. ૪૬ કડીના 'શંખેશ્વરપાર્શ્વનાથ-સ્તવન' (૨.ઈ. ૧૫૫૪), ૮ કડીની 'નિશ્ચય-વ્યવહારવેષસ્થાપના-સઝાય' (મુ.) તથા 'મુખવસ્ત્રિકા-સઝાય'ના કર્તા.

કૃતિ : ૧. પ્રાસપસંગ્રહ; ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસરત્ન : આ નામે ૬ કડીનું 'અજિતનાથ-સ્તવન'(મુ.), ૧૦ કડીનું 'નેમનાથ-સ્તવન'(મુ.), 'નેમરાજુલનો ગરબો', ૫ કડીનું 'સુવિધિજિન સ્તવન'(મુ.) તથા 'ચોમાસીદેવવંદનવિધિ' (લે. સં. ૧૯મી સદી)– એ કૃતિઓ મળે છે તેમના કર્તા કયા હંસરત્ન છે તે નિશ્ચિત થઈ શકે એમ નથી.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૨; ૨. જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ: ૧ પ્ર. વિજયદાનસૂરીશ્વરજી ગ્રંથમાલા, સં. ૨૦૦૪; ૩. જૈપ્રપુસ્તક: ૧; ૪. લોંપ્રપ્રકરણ.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી: ૨. હેજેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસરત્ન–૧ [આવ. ઈ. ૧૭૪૨/સં. ૧૭૯૮, ચૈત્ર સુદ ૧૦] : તપગચ્છની રત્નશાખાના વિજયરાજસૂરિની પરંપરાના જૈન સાધુ. જ્ઞાનરત્નના શિષ્ય. ઉદયવાચકના ભાઈ. જ્ઞાતિએ પોરવાડ. પિતાનામ વર્ધમાન, માતા માનબાઈ. મૂળ નામ હેમરાજ. 'ચોવીસી' (૨.ઈ. ૧૬૯૯/સં. ૧૭૫૫, વૈશાખ વદ ૩, મંગળવાર; મુ.), તત્ત્વાર્થચર્ચા કરતા ૧૧૧ દુહાના 'શિક્ષાશતકદોધક' (૨.ઈ. ૧૭૩૦/સં. ૧૭૮૬ ફાગણ વદ ૫, ગુરુવાર), ૧૯ કડીની 'ગહૂંલી' તથા મુનિસુંદરસૂરિકૃત સંસ્કૃત ગ્રંથ 'અધ્યાત્મ-કલ્પદ્રુમ' ઉપરનો બાલાવબોધ (૨.ઈ. ૧૭૯૮ પહેલાં; મુ.) અને ધનેશ્વરકૃત સંસ્કૃત ગ્રંથ 'શત્રુંજયમાહાત્મ્ય'નો સરળ સંસ્કૃતમાં સાર આપતા ૧૨ સર્ગના 'શત્રુંજયમાહાત્મ્યોલ્લેખ' (૨.ઈ. ૧૭૨૫)ના કર્તા.

કૃતિ : ૧. ચોસંગ્રહ; ૨. પ્રકરણરત્નાકર : ૩, પ્ર. શાહ ભીમસિંહ માણક, ઈ. ૧૮૭૮.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. જૈગૂસારત્નો : ૧; ૩. જૈગૂકવિઓ : ૨, ૩(૨); ૪. મુપુગૂહસૂચી; ૫. લીંહસૂચી; ૬. હેજેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસરત્ન–૨ [ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : બિવંદણિકગચ્છના જૈન સાધુ. સિદ્ધસૂરિની પરંપરામાં હંસરાજના શિષ્ય. ૨૦૪ કડીના 'રત્નશેખર-રાસ/પંચપર્વી-રાસ' (૨. ઈ. ૧૭૨૫ આસપાસ)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; જૈગૂકવિઓ : ૩(૧). [૨.૨.દ.]

હંસરાજ–૧ [ઈ. ૧૫૯૬ પહેલાં] : શ્રાવક. તપગચ્છના હીરવિજયસૂરિના અનુયાયી. ૧૨ ઢાળમાં વિભાજિત ૭૮ કડીના 'મહાવીરસ્વામીના પંચકલ્યાણકનું સ્તવન/૨૭ ભવનું સ્તવન/વર્ધમાનજિન-સ્તવન' (૨.ઈ. ૧૫૯૬ પહેલાં; મુ.) તથા હીરવિજયસૂરિના સત્સંગલાભનો રૂપકાશ્રયી મહિમા કરતી 'હીરવિજયસૂરિ ચાતુર્માસ લાભપ્રવહણ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. ચૈસ્તસંગ્રહ : ૧થી ૩ (+સં.); ૨. જિનપ્રકાશ; ૩. જૈકાપ્રકાશ; ૪. સસન્મિત્ર; ૫. જૈનયુગ, અષાઢ-શ્રાવણ ૧૯૮૬-'હંસરાજકૃત હીરવિજયસૂરિ ચાતુર્માસ લાભપ્રવહણસઝાય', મોહનલાલ દ. દેશાઈ (+સં.).

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૩(૧); ૩. મુપુગૂહસૂચી; ૪. હેજેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસરાજ(ઉપાધ્યાય)–૨ [ઈ. ૧૬૫૩ સુધીમાં] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનરાજનો પરંપરામાં જિનવર્ધમાનના શિષ્ય. જ્ઞાનાત્મક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપદેશ આપતી હિન્દી ભાષાની 'જ્ઞાનદ્વિપંચાશિકા/હંસ-બાવની'(મુ.), હિન્દીપ્રધાન ગુજરાતી ભાષામાં રૂપકાકારો બોધ આપતી ૮ કડીની સઝાય(મુ.) તથા દિગંબર જૈન સાધુ નેમિચંદ્રસૂરિકૃત પ્રાકૃત ગ્રંથ 'દ્રવ્યસંગ્રહ' ઉપરના બાલાવબોધ (લે. ઈ. ૧૬૫૩)ના કર્તા.

કૃતિ : ૧. જ્ઞાનાવલી : ૨; ૨. રત્નસાર : ૩; પ્ર. શા. લખમશી શિ. નેણશી, સં. ૧૯૨૮.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૨; ૩(૧); ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસલઘુસુત [ ] : જૈન. કક્કાના સ્વરૂપમાં રચાયેલી 'આત્મશિક્ષા-છત્રીસી'(મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩. [કી.જો.]

હંસસોમ–૧ [ઈ. ૧૫૦૯માં હયાત] : તપગચ્છના હેમવિમલસૂરિની પરંપરાના જૈન સાધુ. પંડિત કમલધર્મના શિષ્ય. ઈ. ૧૫૦૯માં ચંદેરી (ગ્વાલિયર, લલિતપુર)થી પૂર્વદેશની તીર્થયાત્રાએ નીકળેલા સંઘની યાત્રાનું વર્ણન કરતી ૪૯ કડીની 'પૂર્વદિશિ-તીર્થમાલ/પૂર્વદેશચૈત્ય-પરિપાટી-રાસ/સ્તવન' (૨.ઈ. ૧૫૦૯–; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાતીસંગ્રહ : ૧.

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય;☐ ૨. ફાત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે. ૧૯૭૨–'ગુજરાતી જૈન સાહિત્ય : રાસસંદોહ', હીરાલાલ ૨. કાપડિયા;☐ ૩. જૈગૂકવિઓ : ૧; ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હંસસોમ–૨ [ ] : તપગચ્છના સોમવિમલ (જ. ઈ. ૧૫૧૪–અવ. ઈ. ૧૫૮૧)ની પરંપરાના જૈન સાધુ. ૧૬ કડીની 'શિયળની સઝાય/ શીલ-વેલિ'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈસમાલા(શા) : ૩; ૨. જૈસસંગ્રહ(ન);૩. પ્રાસપસંગ્રહ.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા;☐ ૨. જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

'હંસાઉલી' [૨. ઈ. ૧૩૬૧/૧૩૭૧] : ૪ ખંડ અને ૪૩૮/૪૭૦ કડી ધરાવતી, મુખ્યત્વે ચપાઈબંધની અને વચ્ચે વચ્ચે દુહા, વસ્તુ, ગાથા જેવા છંદોનો વિનિયોગ કરતી અસાઈતકૃત પદ્યાવાર્તા(મુ.). કાવ્યના પહેલા ખંડમાં પહિઠાણ નગરનો નરવાહન રાજા પોતે સ્વપ્નમાં જોયેલી અને પરણેલી સુંદરી, કણયાપુરની પુરુષદ્વેષિણી કુંવરી હંસાઉલી સાથે પ્રધાન મનકેસરની યુક્તિથી કેવી રીતે પરણે છે તેની કથા છે. બાકીના ૩ ખંડમાં હંસાઉલીના ૨ પુત્રો હંસ અને વચ્છની પરાક્રમકથા છે. હંસમાં લુબ્ધ આપરમાતા લીલાવતીની અઘટિત માગણી નહીં સંતોષાતાં એ હંસ-વચ્છનું કાસળ કાઢવાનું યોજે છે, પરંતુ મનકેસર યુક્તિપૂર્વક કુમારોને બચાવીને ભગાડી દે છે. હંસનું સર્પદંશથી મૃત્યુ થવું અને પુનર્જીવન પામવું, બંને ભાઈઓનું છૂટા પડી જવું, વચ્છ પર ચોરીનું આળ આવવું, સનકાવતીની રાજકુંવરી ચિત્રલેખાનાં વચ્છ સાથે સ્વયંવરથી લગ્ન થવાં, હંસને કાતીનગરના અપુત્ર રાજાનું રાજ્ય મળવું, કપટથી દરિયામાં ફેંકાયેલા વચ્છનું કાતીનગર પહોંચવું અને એ રીતે હંસને મળવું વગેરે ઘટનાઓથી અદ્‌ભુતરસિક બનતી આ કથામાં કરુણ, વીર, શૃંગારાદિ રસોની ગૂંથણી છે. કાવ્યમાં આવતાં ૩ વિરહગીતો ઊર્મિકવિતાની દૃષ્ટિએ ધ્યાનાર્હ છે અને હંસ તેમ જ વચ્છનું ધીરોદાત્ત પાત્રો તરીકેનું નિરૂપણ આકર્ષક છે. પુરુષાર્થ અને પ્રારબ્ધ, કર્મફળ, જ્યોતિષાદિવિષયક તત્કાલીન માન્યતાઓનું દર્શન કરાવતી આ કૃતિ તત્કાલીન સમાજચિત્ર અને ભાષાની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. [૨.દ.]

'હંસાવતીવિક્રમકુમારચરિત્ર' : મધુસૂદન વ્યાસની દુહા, ચોપાઈ ને વિવિધ રાગઢાળના બંધવાળી આ પદ્યવાર્તા(મુ.)ની ૩૪૩થી ૮૦૮ કડી સુધી વિસ્તરતી પ્રતો મળે છે અને એ પ્રતો રચનાવર્ષ પણ જુદાં બતાવે છે. પરંતુ ભાષા અને અન્ય સંદર્ભોને લક્ષમાં લેતાં કૃતિની ૨.ઈ. ૧૫૬૦/સં. ૧૬૧૬, શ્રાવણ વદ ૩, રવિવાર વધારે આધારભૂત લાગે છે. કવિએ પોતે જ કૃતિને વિસ્તારી હોય એવો તર્ક થયો છે, પરંતુ પાછળના સમયમાં કૃતિમાં પ્રક્ષેપો થયાની સંભાવના વિશેષ છે.

ત્રંબાવતીની રાજકુંવરી હંસાવતી અને ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્યના પુત્ર વિક્રમચરિત્રના અનુરાગ, વિયોગ અને પુનર્મિલનની આ કથા અસાઈતની 'હંસાઉલી' કે શિવદાસની 'હંસાવલી'ની કથા કરતાં સાવ જુદી છે. નાયક-નાયિકાના વિલંબાતા મિલનને કારણે જિજ્ઞાસા ટકાવી રાખતી આ કથા પ્રેમ, શૌર્ય, આપત્તિ ને વેદના જેવા ભાવોને આલેખવાની સાથે દૈવયોગ ને ચમત્કાર જેવાં તત્ત્વોને પણ ગૂંથતી હોવાને લીધે રસપ્રદ બની છે. અલંકરણશક્તિ ને કેટલાંક સુગેય વિલાપગીતોમાં અનુભવાતું કવિનું કાવ્યત્વ, તત્કાલીન સામાજિક-ધાર્મિક માન્યતાઓ, લોકાચારો ને ભારતનાં નગરોની કવિની જાણકારી તથા વચ્ચેવચ્ચે આવતા સંસ્કૃત શ્લોકો પરથી દેખાતું કવિનું સંસ્કૃતજ્ઞાન આ કૃતિની ધ્યાનપાત્ર લાક્ષણિકતાઓ છે. [૨.સો.]

'હંસાવળી' : કવિ શિવદાસની ૪ ખંડમાં વિભક્ત ને ચોપાઈ, દુહા, ગાથા, કવિતની ૧૩૬૨ કડીમાં રચાયેલી આ કથા(મુ.) મતિસુંદરની 'હંસાઉલી-પૂર્વભવ-કથા' અને અસાઈતની 'હંસાઉલી'ને મળતી આવે છે. પહેલાં ૨ ખંડમાં કવિએ હંસાવળીના ૩ જન્મોની કથા આલેખી છે–ઉત્તર અને પ્રધાનપુત્રી જયવંતીના સંબંધની પહેલા ભવની, પોપટ-પોપટીની બીજા ભવની અને નરવાહન-હંસાવળીની ત્રીજા ભવની. બીજા ૨ ખંડમાં નરવાહન-હંસાવળીના પુત્રો હંસ અને વચ્છની કથા આલેખાઈ છે. એટલે કથા સ્પષ્ટ રીતે ૨ ભાગમાં વહેંચાઈ ગઈ છે. કથાંશોમાં અન્ય કૃતિઓને મળતી આવતી હોવા છતાં અહીં કવિએ કૃતિને ઠીકઠીક વિસ્તારી છે અને પોતાની કવિત્વશક્તિનો પરિચય આપ્યો છે. કવિએ અહીં પાત્રો ને ઘટનાસ્થળોનાં નામ બદલવા જેવા સ્થૂળ ફેરફાર કરવા સિવાય કેટલીક જગ્યાએ પ્રસંગોને કાર્યકારણસંબંધથી સાંકળી કૃતિને વધારે ચુસ્ત બંધવાળી બનાવી છે. સ્ત્રીઓનાં દેહસૌંદર્ય ને વસ્ત્રપરિધાનનાં વર્ણનો કે ઉત્તરની વિરહવ્યાકુળતા જેવાં ભાવનિરૂપણ જે આ કૃતિમાં છે તે અન્ય કૃતિઓમાં નથી. ઘણી જગ્યાએ વેગીલી ભાષાથી કવિએ કથારસ પણ સારી રીતે જમાવ્યો છે.

"સંવત ચાર ચોવીસે વળી, તે દહાડે કહી હંસાવળી" એવી પંક્તિ કૃતિના અંતભાગમાં મળે છે, પરંતુ તેના પરથી કૃતિનું ચોક્કસ રચનાવર્ષ જાણવું મુશ્કેલ છે. [જ.ગા.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાજો [ઈ. ૧૬૦૪માં હયાત] : 'થાળ' (૨.ઈ. ૧૬૦૪)ના કર્તા.

સંદર્ભ : ૧. પ્રાકકૃતિઓ;☐ ૨. આલિસ્ટઓંઈ : ૨; ૩. ગૂહાયાદી. [કી.જો.]

હાપરાજ/હાપો [ ] : નાગપુરીય તપગચ્છના જૈન સાધુ. પાર્શ્વચંદ્રસૂરિના શિષ્ય. ૧૯ કડીના 'પાર્શ્વનાથ-જિન-સ્તવન/પાસચંદ્ર-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ષટદ્રવ્યનયવિચારાદિ પ્રકરણસંગ્રહ, પ્ર. શ્રાવક મંગળદાસ લલ્લુભાઈ, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

હામો [ઈ. ૧૬૫૯માં હયાત] : ખજૂરડીના વતની. 'કલજુગનો મહિમા' (૨.ઈ.૧૬૫૯)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો;☐ ૨. ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

'હારમાળા/હારસમેનાં પદ' : નરસિંહ મહેતાની આત્મચરિત્રાત્મક-કૃતિ(મુ.) તરીકે ઓળખાતી આ પદમાળાની હસ્તપ્રતો ૫૦ પદથી ૨૩૧ પદ સુધી વિસ્તરેલી છે. એટલે એનો અધિકૃત પાઠ કેટલાં પદનો એ વિશે વિદ્વાનોમાં સર્વસંમતિ નથી. 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ'માં એને ૧૪૯ પદની સ્વીકારી છે. કે. કા. શાસ્ત્રીએ 'હાર સમેનાં પદ અને હારમાળા'માં એનાં ૮૧ પદ અધિકૃત માન્યાં છે, પરંતુ એમણે પછી 'નરસિંહ મહેતાકૃત આત્મચરિતનાં કાવ્યો'માં ૫૧ પદ અધિકૃત માન્યાં છે.

સંવાદ અને સ્તુતિના રૂપમાં સંકલિત થયેલી આ કૃતિમાં જૂનાગઢનો રા'માંડલિક પોતાના દરબારમાં નરસિંહની કૃષ્ણભક્તિની કેવી રીતે કસોટી કરે છે એ પ્રસંગનું નિરૂપણ છે. કૃતિના પ્રારંભમાં નરસિંહ અને કેટલાક સંન્યાસીઓ વચ્ચે સંવાદ થાય છે. પછી સંન્યાસીઓના આગ્રહથી, પોતાની માતાની અનિચ્છા છતાં, રા'માંડલિક નરસિંહની ભક્તિની કસોટી કરવા માટે નરસિંહને કહે છે કે જો તે સાચો ભકત હોય તો કૃષ્ણની મૂર્તિ પોતાના ગળાનો હાર નરસિંહના ગળામાં પહેરાવે. નરસિંહની સ્તુતિથી મૂર્તિનો હાર નરસિંહના ગળામાં આવી જાય છે અને સર્વત્ર નરસિંહની ભક્તિની પ્રશંસા થાય છે. કે. કા. શાસ્ત્રીએ તૈયાર કરેલી ૫૧ પદોની વાચનામાં નરસિંહની સ્તુતિનાં પદોનું પ્રાધાન્ય છે અને સંવાદ તથા અન્ય કથાંશો ગૌણ છે.

આ કૃતિના નરસિંહકર્તૃત્વ વિશે એ પહેલી વખત મુદ્રિત થઈ ત્યારથી શંકાઓ ઊઠી છે. 'પ્રાચીન કાવ્ય-ત્રૈમાસિક'માં એને પ્રેમાનંદની કૃતિ તરીકે મુદ્રિત કરવામાં આવેલી, પરંતુ તેનું પ્રેમાનંદ-કર્તૃત્વ તો હવે સ્વીકારાતું નથી. એના નરસિંહકર્તૃત્વ વિશે પણ સર્વસંમતિ નથી. કૃતિની વિશૃંખલ લાગતી સંકલના, ઉપલબ્ધ હસ્તપ્રતોની પદસંખ્યામાં જોવા મળતા મોટા તફાવત, કેટલાંય પદોમાં નરસિંહના મોઢામાં મુકાયેલાં ગ્રામ્ય ઉક્તિઓ અને વિચારો, કાવ્યચમત્કૃતિની ઊણપ, અને સ્વજીવનના પ્રસંગોને વિષય બનાવી આ પ્રકારની આત્મચરિત્રાત્મક આખ્યાનકલ્પ કૃતિઓ રચવાની પરંપરાનો મધ્યકાલીન સાહિત્યમાં અભાવ એ સૌ બાબતોને લક્ષમાં લઈએ તો આ કૃતિ નરસિંહકૃત હશે કે કેમ એની શંકા રહે છે.

આ કૃતિના એક પદમાં સં. ૧૫૧૨, વૈશાખ સુદ ૭ ને સોમવારને દિવસે ભગવાને નરસિંહને હાર આપ્યો એવો ઉલ્લેખ છે. નરસિંહ ઈ. ૧૫મી સદીમાં થઈ ગયા એ નક્કી કરવા માટે આ એકમાત્ર આધાર છે. પરંતુ આ પદ 'હારમાળા'ની બધી પ્રતોમાં નથી. એના ક્ષેપક હોવાની સંભાવના નકારી શકાય નહીં. એટલે એ સમયને કૃતિનો રચનાસમય ગણવામાં પણ જોખમ છે. [જ.ગા.]

હાસમશાહ (પીર) [અવ. ઈ. ૧૬૩૬] : ઈમામી ઈસ્માઇલી પંથના ઉપદેશક અને સત્પંથ સંપ્રદાયના પીર. મહમદ શાહિલ/શાલિહુદ્દીનના પુત્ર. તેમના નામે ૪ 'ગિનાન'(મુ.) મળે છે.

કૃતિ : મહાન ઈસમાઈલી સંત પીર હસન કબીરદીન અને બીજા સત્તાધારી પીરો રચિત ગિનાનોનો સંગ્રહ, પ્ર. ઈસમાઈલી પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ–.

સંદર્ભ : (ધ) સેકટ ઑવ ઈમામશાહ ઈન ગુજરાત(અં.), ડબ્લ્યૂ. ઈવાનૉવ, ઈ. ૧૯૩૬. [કી.જો.]

હિતવિજય/હેતવિજય : આ નામે ૧૧ કડીની રાજિમતી-સઝાય'(મુ.) મળે છે. તેના કર્તા ક્યા હિતવિજય/હેતવિજય છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ : ૧; ૨. રત્નસાર : ૨; પ્ર. હીરજી હંસરાજ, સં. ૧૯૨૩.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [પા.માં.]

હિતવિજ–૧/હેતવિજય [ ] : જૈન સાધુ. લલિતવિજયના શિષ્ય. ૧૫ કડીની 'જંબૂસ્વામીની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જિનપ્રકાશ; ૨. જૈસમાલા(શા) : ૩; ૩. જૈસસંગ્રહ (ન). [પા.માં.]

'હિતાશિક્ષા–રાસ' [૨.ઈ. ૧૬૨૬/સં.૧૬૮૨, મહા સુદ ૫, ગુરુવાર]: સોરઠા, દુહા, છપ્પા અને દેશી ઢાળોની આશરે ૨૦૦૦ કડીનો, શ્રાવક કવિ ઋષભદાસનો આ રાસ(મુ.) એમની એક વિશિષ્ટ કૃતિ છે. સાધુ તેમ જ શ્રાવકોના આચારધર્મ વિશેની ઉપદેશાત્મક કૃતિઓની જૈન પરંપરાનો કવિએ લાભ લીધેલો જણાય છે, પરંતુ આ કૃતિનો વિષયવિસ્તાર વિલક્ષણ છે. નીતિશાસ્ત્ર, ચરિત્ર, સાધુધર્મ, શ્રાવકધર્મ ઉપરાંત તેમાં વૈદકશાસ્ત્ર, જ્યોતિષ, સ્વપ્નવિચાર, ભોજનવિધિ, સ્નાનવિધિ વગેરે અનેક વિષયો રજૂ થયા છે. એમાં વેપારી વગેરે જુદાજુદા વર્ગોને શિખામણ છે. પતિ, પત્ની, પુત્ર વગેરે સાથેના સંબંધો વિશે માર્ગદર્શન છે અને નિત્યના જીવનવ્યવહારની અનેક બાબતો વિશે ઝીણવટભરી સલાહસૂચના છે. જેમ કે, પાન ખાવાની, હજામતની અને વસ્ત્રાદિ પહેરવાની યોગ્ય રીત પણ કવિએ બતાવી છે. ભોજનવિધિમાં શું ખાવું, કયા ક્રમે ખાવું, ક્યાં પાત્રોમાં ખાવું, કેવી રીતે બેસીને ખાવું અને ખાતી વખતે કેવી મનોવૃત્તિ રાખવી વગેરે અનેક બાબતો કવિએ વર્ણવી છે. ટૂંકમાં, આ ગ્રંથનો બોધ માત્ર ધર્મબોધ નથી રહેતો, વ્યાપક પ્રકારનો જીવનબોધ બની જાય છે. તેમાં પરંપરાગત રીતરિવાજ, માન્યતાઓ વગેરેનું પ્રતિબિંબ આવશ્ય છે, પણ કેટલુંક જીવનનું ડહાપણ પણ વ્યકત થયેલું છે. આ જીવનબોધ સુંદર સુભાષિતો રૂપે આવે છે, દૃષ્ટાંત રૂપે અનેક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કથાઓમાં એમાં ગૂંથાતી જાય છે, અંબવૃક્ષ અને પંડિતનો, ચોખા અને ફોતરાંનો, પંચાંગુલિનો–એવાં સંવાદ યોજાય છે ને ક્વચિત વ્યાજસ્તુતિથી કુરૂપ નારીનું કર્યું છે તેવું વિનોદી નિરૂપણ કરવાની તક લેવામાં આવી છે. હિતશિક્ષાને રોચક બનાવવાનો કવિનો આ પ્રયત્ન પ્રશસ્ય છે. [જ.કો.]

હિમરાજ/હિમરાજ(ઋષિ)–૧ [ઈ. ૧૫૫૩માં હયાત] : જીવરાજ ઋષિશિષ્ય. ૩૪૪ કડીના 'ધન્ના-રાસ' (૨.ઈ. ૧૫૫૩) તથા ૫૫ કડીના 'બુદ્ધિ-રાસ' (૨.ઈ. ૧૫૭૪)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય;□ ૪. જૈગૂકવિઓ : ૧, ૩(૧). [૨.૨.દ.]

હિમત(મુનિ) [ઈ. ૧૬૯૪માં હયાત] : જૈન. ૩૫ કડીની 'અક્ષર-બત્રીસી' (૨.ઈ. ૧૬૯૪; મુ.)ના કર્તા.

કૃતિ : ૧. જૈન સુબોધ પ્રકાશ : ૧, પ્ર. શા. કચરાભાઈ ગોપાળદાસ, ઈ. ૧૮૯૫ (બીજી આ.); ૨. સસન્મિત્ર.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [કી.જો.]

હીમગર [ ] : ૧૧ કડીના 'ભીમનાથનો ગરબો'(મુ.)ના કર્તા.

કૃતિ : નવરાત્રિમાં ગાવાના ગરબાસંગ્રહ : ૧, પ્ર. અમરચંદ ભોવાન, ઈ. ૧૮૭૬. [શ્રા.ત્રિ.]

હીમદાસ/હીમો/હેમો : હીમદાસને નામે વૈરાગ્યબોધનું ૧ પદ(મુ.), હીમાને નામે ૮ કડીનો 'રાજિયો'(મુ.) તથા ૧૪ કડીની 'દાણલીલા' ને કૃષ્ણભક્તિનાં પદ (૫ મુ.) અને હેમાને નામે કૃષ્ણભક્તિનાં પદ (૨ મુ.) તથા ગોપીના કૃષ્ણ પ્રત્યેના પ્રેમને અભિવ્યક્ત કરતી ૯ કડીની 'મહિના'(મુ.)–એ કૃતિઓ મળે છે. કૃષ્ણભક્તિનાં પદોના રચયિતા હીમો/હેમદાસ હોવાની સંભાવના છે. જો કે નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. ઈશ્વરવિવાહ, પ્ર. કેશવલાલ મ. દૂધવાળા, ઈ.૧૯૧૧; ૨. નકાદોહન; ૩. પદસંગ્રહ પ્રભાકર, પ્ર. સ્વામી પ્રેમપુરીજી, ઈ. ૧૮૮૫; ૪. પ્રાકાસુધા : ૨.

સંદર્ભ : ફાહનામાવલિ : ૨. [શ્રા.ત્રિ.]

હીમદાસ–૧/હીમો [અવ. ઈ. ૧૮૦૮/સં. ૧૮૬૪, કારતક સુદ ૧, શનિવાર] : તોરણાના બ્રાહ્મણ. કર્મ પ્રમાણે મળતા અવતારની વાત કરતી 'કર્મકથા' (અંશત: મુ.), ૬ કડીનું 'પોતાની મરણતિથિનું પદ' (મુ.) તથા પદોના કર્તા.

કૃતિ : ૧. કવિતાસારસંગ્રહ, પ્ર. નાથાભાઈ લલ્લુભાઈ, ઈ. ૧૮૮૨; ૨. કાદોહન : ૧, ૨.

સંદર્ભ : કવિચરિત્ર. [શ્રા.ત્રિ.]

હીમો–૧/હેમદાસ [ઈ. ૧૭૨૪માં હયાત] : દહેગામ પરગણાના મગોડીના નિવાસી. બીહાલા સોલંકી રજપૂત. રામના ભક્ત. ગુરુનું નામ ગોકુળદાસ. 'પાંડવોનું જુગટું' તેમણે ઈ. ૧૭૨૪ સં./૧૭૮૦, કારતક સુદ ૧૨ના દિવસે પૂરું કર્યું હતું તેવો ઉલ્લેખ છે. હેમદાસને નામે 'પાંડવોની ભાંજગડ'(મુ.) કૃતિ મળે છે તે અને 'પાંડવોનું જુગટું' એક હોવાની સંભાવના છે. એ સિવાય 'દ્રૌપદીવસ્ત્રાહરણ' કૃતિ પણ એમણે રચી છે. 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' 'પાંડવોનું જુગટું' અને 'દ્રૌપદીવસ્ત્રાહરણ'ને જુદી કૃતિ ગણે છે.

કૃતિ : ૧. પાંડવોની ભાંજગડ, પ્ર. બાપુભાઈ અમીચંદ; ૨. બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૮૭૧–'હીમા ભગત વિશે',– (+સં.).

સંદર્ભ : ૧. કાશીસુત શેધજી : એકઅધ્યયન, બહેચરભાઈ ૨. પટેલ, ઈ. ૧૯૭૪; ૨. પ્રાકકૃતિઓ; ૩.□ ગૂહાયાદી. [શ્રા.ત્રિ.]

હીમો–૨ : જુઓ હીમદાસ–૧.

હીર(મુની)–૧ : જુઓ હીરાણંદ–૩.

હીર(મુનિ)–૨[ ] : જૈન સાધુ. ૧૦ કડીની 'શીલ-સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : રત્નસાર : ૨, પ્ર. હીરજી હંસરાજ, ઈ. ૧૮૬૭. [૨.૨.દ.]

હીર-ઉદયપ્રમોદ [ઈ. ૧૬૬૩માં હયાત] : જૈન સાધુ. સૂરચંદ વાચકના શિષ્ય. 'ચિત્રસંભૂતિ-ચોઢાળિયું' (૨.ઈ. ૧૬૬૩)ના કર્તા. કર્તાનામ શંકાસ્પદ જણાય છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

હીરકલશ[ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. દેવતિલક ઉપાધ્યાયની પરંપરામાં હર્ષપ્રભના શિષ્ય. તેમની કૃતિઓની ભાષા પર રાજસ્થાનીની અસર વરતાય છે.

કવિએ ચોપાઈબદ્ધ ઘણી રાસકૃતિઓ રચી છે. 'કુમતિ-વિધ્વંસન-ચોપાઈ' (૨.ઈ. ૧૫૫૧ કે ૧૫૬૧/સં. ૧૬૦૭ કે ૧૬૧૭, જેઠ સુદ ૧૫, બુધવાર), ૭૩૩ કડીની 'મુનિપતિચરિત્ર-ચોપાઈ'(૨.ઈ.૧૫૬૨/સં. ૧૬૧૮, મહા વદ ૭, રવિવાર), ૮૩ કડીની 'આરાધના-ચોપાઈ' (૨.ઈ. ૧૫૬૭/સં. ૧૬૨૩, જેઠ સુદ ૧૫, બુધવાર), ૬૯૩ કડીનો 'સમ્યક્ત્વકૌમુદી-રાસ' (૨.ઈ. ૧૫૬૮/સં. ૧૬૨૪, મહા સુદ ૧૫, બુધવાર), 'જંબૂ-ચોપાઈ' (૨.ઈ. ૧૫૭૬), રત્નચૂડ-ચોપાઈ' (૨.ઈ. ૧૫૮૦/સં. ૧૬૩૬, જેઠ સુદ ૧–), ૩૩૭૦ કડીની 'સિંહાસન-બત્રીસી' (૨.ઈ. ૧૫૮૦/સં. ૧૬૩૬, આસો વદ ૨–), 'ગણવિચાર-ચોપાઈ', 'નવનિંદાનકુલક-ચોપાઈ', 'મુખવસ્ત્રીકાવિચાર-ચોપાઈ' તથા 'વૈતાલપચીસી' આ પ્રકારની કૃતિઓ છે.

૪૧ કડીનો 'જીભદાંત-સંવાદ' (૨.ઈ. ૧૫૮૭/સં. ૧૬૪૩, માગશર –), 'મોતીકપાસિયા-સંવાદ', 'દિનમાન-કુલક' (૨.ઈ. ૧૫૫૯), 'સામયિકબત્રીશદોષવિવરણ-કુલક', 'પંચાખ્યાન-દુહા' (૨.ઈ. ૧૫૮૦), 'શુદ્ધસમકીત-ગીત', 'સાતવીસન-ગીત', 'ભાવના-ગીત', 'દશાર્ણ-ભદ્ર-ગીત', 'આજ્ઞાવિચાર-ગીત', ૫૨ કડીની 'અઢાર નાતરાંની સઝાય' (૨.ઈ. ૧૫૬૦/સં. ૧૬૧૬, શ્રાવણ સુદ), '૧૬ સ્વપ્ન-સઝાય' (૨.ઈ. ૧૫૬૬/સં. ૧૬૨૨, ભાદરવા સુદ ૫–), 'ખરતરગુરુનામ-સ્તવન', 'હરિયાલી', 'પંચપરમેષ્ઠી-નમસ્કાર' વગેરે એમની નાનીમોટી અન્ય રચનાઓ છે. 'જ્યોતિષસાર' એમની હિંદી કૃતિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૩. ગુસામધ્ય; ગુસારસ્વતો; ૪. જૈસાઈતિહાસ; ૫. મરાસસાહિત્ય; ૬. મસાપ્રવાહ;☐ ૭. આલિસ્ટઓઈ : ૨; ૮. કેટલૉગગુરા; ૯. જૈગૂકવિઓ : ૧, ૩(૧); જૈહાપ્રોસ્ટા; ૧૧. ડિકેટલૉગબીજે; ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. રાપુહસૂચી: ૪૨; ૧૪. રાહસૂચી : ૧; ૧૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.[

હીરકુશલ : આ નામે ૮ કડીની 'મયાષ્ટક-છંદ' (લે. સં. ૧૭મી સદી અનુ.) કૃતિ મળે છે તે હીરકુશલ–૧ની છે કે કેમ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હીરકુશલ–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિમલકુશલના શિષ્ય. ૪૨૨ કડીના 'દ્રૌપદી-રાસ' (૨.ઈ. ૧૫૮૩) તથા 'કુમારપાલ-રાસ' (૨.ઈ. ૧૫૮૪)ના કર્તા.

સંદર્ભ : ૧. ગુસારસ્વતો; ૨. જૈસાઈતિહાસ; ૩. મરાસસાહિત્ય; ☐ ૪. જૈગૂકવિઓ : ૧; ૫. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હીરલશા/હીરો(સાંઈ) [ ] : તેઓ જૂનાગઢમાં થઈ ગયા હોવાનું કહેવાય છે. મુકરબાની બાજુમાં તેમની જગ્યા 'હીરણીશા સાંઈની જગ્યા' તરીકે જાણીતી છે. તેઓ નવાબ મહોબતખાનના ગુરુ હતા. અધ્યાત્મપ્રેમનાં ભજનો (૨ મુ.)ના રચયિતા.

કૃતિ : ૧. આભમાલા; ૨. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, ઈ. ૧૯૫૭ (+સં.). [કી.જો.]

હીરવિજય : આ નામે ૩૬ કડીની 'નરનારીશિક્ષા-છત્રીસી' (લે. સં. ૧૯મી સદી) કૃતિ મળે છે તે કયા હીરવિજયની છે તે કહેવું મુશ્કેલ છે. આ નામે મળતી ૨૧ કડીની 'પાંચ પાંડવની સઝાય' હીરવિજયશિષ્યની હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હીરવિજય(સૂરિ)–૧ [જ. ઈ. ૧૫૨૭/સં. ૧૫૮૩, માગશર સુદ ૯-અવ. ઈ. ૧૫૯૬/સં. ૧૬૫૨, ભાદરવા સુદ ૧૧] : તપગચ્છના જૈન આચાર્ય. વિજયદાનસૂરિના શિષ્ય. જન્મ પાલનપુરમાં. પિતા ઓસવાલ શાહ કુંવરજી. માતા નાથીબાઈ. જન્મનામ હીરજી. ઈ.૧૫૪૦માં વિજયદાનસૂરિ પાસે દીક્ષા. ઈ. ૧૫૫૪માં સૂરિપદ. અનેક લોકોને દીક્ષા આપી, જિનમંદિરો બંધાવી, તેમાં બિંબ-પ્રતિષ્ઠા કરાવી તથા રાજવીઓને ધર્મબોધ આપી તેમણે જૈનધર્મની ઘણી સેવા કરી. અકબરના નિમંત્રણથી દિલ્હી જઈ ઈ. ૧૫૮૩થી ૧૫૮૯ સુધી અહિંસા, કર્મનો સિદ્ધાંત વગેરે પર તેમણે ઉપદેશ આપ્યો. તેઓ બહોળો શિષ્યવર્ગ ધરાવતા હતા.

જૈન સાધુઓને ધર્મવિચાર સંબંધી આપેલ આજ્ઞારૂપ 'પાંત્રીસબોલનો મર્યાદા-પટ્ટક' તથા તપગચ્છ અને ખરતરગચ્છ વચ્ચેના વિવાદને શમાવવા કરેલ ઉપદેશરૂપ 'દ્વાદશજલ્પવિચાર/હીરવિજયસૂરિના ૧૨ બોલ' (૨.ઈ. ૧૫૯૦/સં. ૧૬૪૬, પોષ સુદ ૧૩, શુક્રવાર)–એ કૃતિઓ એમણે રચી છે.

સંદર્ભ : ૧. ઐસમાલા : ૧; ૨. કવિ ઋષભદાસ : એક અધ્યયન વાડીલાલ ચોકસી, ઈ. ૧૯૭૯; ૩. જૈસાઈહિાસ☐ ૪. જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬–'જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ, મોહનલાલ દ. દેશાઈ; ૫. જૈન સત્યપ્રકાશ, જૂન ૧૯૪૧–'જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી સંબંધી ત્રણ સઝાયો', સં. ન્યાયવિજયજી; ૬. એજન, જુલાઈ ૧૯૪૫–'જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી', ન્યાયવિજય; ૭. ફાત્રૈમાસિક, ઑક્ટો-ડિસે. ૧૯૪૧–'પાલનપુરનો સંક્ષિપ્ત જૈન ઈતિહાસ', મુનિ કાંતિસાગર; ૮. બુદ્ધિપ્રકાશ, એપ્રિલ-જૂન ૧૯૩૫–'હીરવિજયસૂરિ અને અકબર', વિદ્યાવિજય; ☐૯. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૧૦. ડિકેટલૉગભાવિ; ૧૧. મુપુગૂહસૂચી; ૧૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હીરવિજય–૨ [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. ૪૩ કડીના 'ગોડીપાર્શ્વનાથ-છંદ' (લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

'હીરવિજયસૂરિ–રાસ' [૨. ઈ. ૧૬૨૯/સં. ૧૬૮૫, આસો ૧૦, ગુરુવાર] : મુખ્યત્વે ચોપાઈ, દુહા અને દેશીબદ્ધ પણ ક્વચિત્ કવિત, ગીત આદિનો ઉપયોગ કરતો આશરે ૩૫૦૦ કડીનો શ્રાવક કવિ ઋષભદાસકૃત આ રાસ, કવિ પોતે જણાવે છે તેમ, દેવવિમલ પન્યાસના ૧૬ સર્ગના રાસ પરથી રચાયેલો છે. પરંતુ તેમાં કવિએ બીજા ગ્રંથોનો આધાર લીધો છે તેમ જ પોતાના ગુરુઓ પાસેથી સાંભળેલી હકીકતોને પણ સમાવી છે. અકબર બાદશાહ પ્રતિબોધક વિખ્યાત જૈનાચાર્ય હીરવિજયસૂરિનું જીવનવૃત્તાંત અને ત્યાગપ્રધાન ચરિત્ર આલેખતા આ રાસમાં હીરવિજયસૂરિના શિષ્યો-પ્રશિષ્યો અને શ્રાવકો, તેમણે ઉપદેશેલા મુસલમાન સુલતાનો, તેમના સમયમાં થયેલ દીક્ષાપ્રસંગો, પ્રતિષ્ઠામહોત્સવો તથા તેમણે અને તેમના શિષ્યોએ હાથ ધરેલાં જીવદયાનાં કાર્યોની માહિતી ગૂંથી લીધી છે, તેમ મહાવીર સ્વામીથી માંડી હીરવિજય સુધીના તપગચ્છ ગુર્વાવલી પણ આપી છે. સાંપ્રદાયિક રંગ છતાં આ બધી સામગ્રી ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યવાન છે. હીરવિજયસૂરિ વિશેના આ રાસમા કવિએ અકબર બાદશાહના ચરિત્રની રસપ્રદ હકીકતો ગૂંથીને એને ઉપનાયક જેવો ઉઠાવ આપ્યો છે એ ખાસ નોંધપાત્ર છે. પાલનપુર, બાલહીર, અકબરની ચિતોડની જીત, શત્રુંજય નદીના કિનારાનું વન, તોફાને ચઢેલો સાગર વગેરેનાં વર્ણનમાં તેમ જ હીરવિજયસૂરિનો સ્વર્ગવાસ થતાં વિજયસેનસૂરિના કરુણવિલાપ જેવાં કેટલાંક પ્રસંગનિરૂપણોમાં કવિની કવિત્વશક્તિ પ્રગટ થતી જોવા મળે છે. આયુષ્ય રૂપી લાકડું, રવિશશી રૂપી કરવત, કાળ રૂપી સુથાર-જેવી નવી રૂપકમાલા અને અકબરનું બુદ્ધિકૌશલ દર્શાવતાં યોજેલી કાવ્યચાતુરી આકર્ષક બની રહે છે. આ કૃતિમાં પણ કવિએ ભાઈ-ભગિની, બીરબલ-હીરસૂરિ વગેરેના છએક સંવાદો યોજ્યા છે તેમ જ અવારનવાર સુભાષિતો દ્વારા જીવનબોધ રજૂ કર્યો છે. [જ.કો.]

હીરવિશાલ [ઈ. ૧૬૧૪ સુધીમાં] : જૈન સાધુ. 'ચંદનરાય-રાસ' (લે. ઈ. ૧૬૧૪)ના કર્તા.

સંદર્ભ : ફાત્રૈમાસિક, જાન્યુ-માર્ચ – 'મતિસારકૃત કર્પૂર મંજરી, સં. ભોગીલાલ જ. સાંડેસરા. [૨.૨.દ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરવિશાલશિષ્ય [ઈ. ૧૬મી સદી મધ્યભાગ] : જૈન. ૧૩૩ કડીની 'શીલવતી-ચોપાઈ' (૨.ઈ. ૧૫૪૩) તથા ૨૨૨ કડીની 'ચંદનરાજા-ચોપાઈ' (૨.ઈ. ૧૫૪૨)ના કર્તા.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગભાવિ; ૨. હેજ્જ્ઞાસૂચિ : ૧. [કી.જો.]

હીરસાગર [ ] : જૈન. 'ચોવીસી'ના કર્તા.

સંદર્ભ : લીંહસૂચી. [૨.૨.દ.]

હીરા/હીરાનંદ : હીરાને નામે ૧૪ કડીની 'વાસુપૂજ્ય-પૂજનગાથા', હીરાનંદને નામે 'સિંહાસનબત્રીસી'(લે. સં.૧૭મી સદી અનુ.-અપૂર્ણ) 'પદ્મચંદ્રસૂરિગીત' (લે. સં. ૨૦મી સદી), 'નવવાડી-સઝાય', 'શીલ-સ્વાધ્યાય' તથા રાજસ્થાની-ગુજરાતીમાં 'ખરતરાદિ ગચ્છોત્પત્તિ-છપ્પય' (લે. સં. ૧૭મી સદી) અને 'અનાથીધનરિષિદસાણ' (લે.સં. ૧૮મી સદી)—એ જૈનકૃતિઓ તથા 'કૃષ્ણગોપી-સંવાદ' એ જૈનેતર કૃતિ મળે છે. તેમના કર્તા કયા હીરા/હીરાનંદ છે તે સ્પષ્ટ રીતે કહેવું મુશ્કેલ છે. 'પદ્મચંદ્રસૂરિ-ગીત'ના કર્તા અર્વાચીન હોઈ શકે.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. કૅટલૉગગુરા;☐ ૩. ગૂહાયાદી; ૪. મુપુગૂહસૂચી; ૫. રાપુહસૂચી : ૪૨; ૬. રાહસૂચી : ૧, ૨, ૭. લીંહ-સૂચી; ૮. હેજ્જ્ઞાસૂચિ : ૧. [શ્રા.ત્રિ.]

હીરાણંદ–૧/હીરાનંદ [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : પીંપલગચ્છના જૈન સાધુ. શાન્તિસૂરિની પરંપરામાં વીરદેવસૂરિ-વીરપ્રભસૂરિશિષ્ય.

ઉજ્જયિનીના શ્રેષ્ઠી ધનસારનો પુત્ર ધનસાગર મુર્ખચટ્ટમાંથી વિદ્યાવિલાસ બની સૌભાગ્યસુંદરી અને ગુણસુંદરી સાથે પરણી કેવી રીતે રાજ્ય ને સુખસમૃદ્ધિ મેળવે છે તેની કથાને આલેખતો લોક-કથા પર આધારિત દુહા, ચોપાઈ વગેરે છંદોમાં રચાયેલો ૧૮૯ કડીનો 'વિદ્યાવિલાસ-પવાડુ/રાસ' (૨.ઈ. ૧૪૨૯; મુ.) એમાંથી ઊપસતા તત્કાલીન સમાજજીવનના રંગો, એમાંના કાવ્યત્વ અને ભાષાની દૃષ્ટિએ કવિની મહત્ત્વની કૃતિ છે. એ સિવાય વિવિધ માત્રામેળ ને અક્ષરમેળ છંદોની ૯૮ કડીમાં વસ્તુપાલનાં સત્કૃત્યોને આલેખતો 'વસ્તુપાલ-રાસ/વસ્તુપાલ તેજપાલનો રાસ/વસ્તુપાલપ્રબન્ધ-રાસ' (૨. ઈ. ૧૪૨૮/૨૯; મુ.), કળિયુગની વિષમ સ્થિતિને વર્ણવતો ૬૪ કડીનો 'કલિકાલ-રાસ/કલિકાલસ્વરૂપ-રાસ' (૨.ઈ. ૧૪૩૦; મુ.), ૬૭ કડીનો 'સમ્યકત્વમૂલબારવ્રત-રાસ' (૨. ઈ. ૧૪૩૮), 'જંબૂસ્વામીનો વિવાહલો' (૨. ઈ. ૧૪૩૯/સં. ૧૪૯૫, વૈશાખ સુદ ૮), ૩૧ કડીનો 'દશાર્ણભદ્ર-રાસ/દશાર્ણભદ્ર-વિવાહલો/દશાર્ણભદ્ર રાજર્ષિગીતા-છન્દ/દશાર્ણભદ્રગીત', શ્રાવક-શ્રાવિકાઓમાં વરતાતી ભાવહીનતા જોઈ ગુરુ પોતાના શિષ્યો પાસે અસંતોષ વ્યકત કરે છે એનું આલેખન કરતી 'કલિયુગ-બત્રીસી'(મુ.), માગશરથી કારતક સુધીના મહિનામાં કોશાની વિરહવેદનાને દુહા ને હરિગીતની ૧૫ કડીમાં આલેખતા 'સ્થૂલિભદ્ર-બારમાસા/સ્થૂલિભદ્રકોશાબારમાસા'(મુ.), ૪૪ કડીની 'અઢાર નાતરાંની સઝાય', ૧૬ કડીનું 'કર્મવિચાર-ગીત', ૯ કડીનું 'દિવાળી-ગીત'(મુ.), ૧૦ કડીનું 'નલરાજ-ગીત', ૩ કડીનું 'પ્રાસ્તા-વિક-કવિત', ૧૧ કડીનો 'શત્રુંજય-ભાસ', 'સરસ્વતી-લક્ષ્મીવિવાદ-ગીત' એમની અન્ય રચનાઓ છે.

કૃતિ : ૧. ગુરાસાવલી; ૨. પ્રામબાસાસંગ્રહ : ૧ (મ્સં.);☐ ૩. સ્વાધ્યાય, ઑક્ટો ૧૯૬૩–'હીરાણંદકૃત વસ્તુપાલરાસ', સં. ભોગી-લાલ જ. સાંડેસરા; ૪. એજન, ઑક્ટો. ૧૯૭૩– 'હીરાણંદકૃત કાલિકારાસ અને કલિયુગબત્રીસી', સં. ભોગીલાલ જ. સાંડેસરા; ૫. એજન, નવે. ૧૯૭૪–'હીરાણંદકૃત દિવાલીગીત', સં. ભોગીલાલ જ. સાંડેસરા.

સંદર્ભ : ૧. આકવિઓ : ૧; ૨. ગુલિટરેચર; ૩. ગુસાઈતિહાસ : ૧, ૨; ૪. ગુસામધ્ય; ૫. પ્રાકારૂપરંપરા ૬. પ્રાચીન ગુજરાતી સાહિ-ત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮–પરિશિષ્ટ; ૭ મરાસસાહિત્ય;☐ ૮. ત્રૈમાસિક, ઑક્ટો-ડિસે. ૧૯૬૦–'વિદ્યા-વિલાસપવાડો', ચન્દ્રકાન્ત ટોપીવાળા;☐ ૯. આલિસ્ટઑઈ : ૨; ૧૦. કૅટલૉગગુરા; ૧૧. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૧૨. મુપુગૂહસૂચી; ૧૩. હેજ્જ્ઞાસૂચિ : ૧. [મોસાં.]

હીરાણંદ–૨/હીર(મુનિ) [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : લોંકાગચ્છના જૈન સાધુ. વીરસિંહની પરંપરામાં તેજસીના શિષ્ય. ૩૨ ઢાળ અને ૭૦૦ કડીની 'ઉપદેશરત્નકોશ/કથાનકે અમૃતપદી-ચતુષ્પદી' (૨.ઈ. ૧૬૭૧/સં. ૧૭૨૭, આસો સુદ ૨) તથા ૪૫ ઢાળ અને ૭૦૪ કડીના 'સાગરદત્ત-રાસ' (૨.ઈ. ૧૬૮૮/સં. ૧૭૪૪, આસો સુદ ૧૦)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૨. [શ્રા.ત્રિ.]

હીરાણંદ–૩ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : જૈન સાધુ. સુખાનંદશિષ્ય, સુખાનંદ-હીરાણંદશિષ્ય રામકૃષ્ણની ઈ. ૧૮૧૨માં રચાયેલી કૃતિ મળે છે. એટલે આ કવિ પણ એ સમયમાં વિદ્યમાન હોવાનું માની શકાય. કૃતિમાં કર્તાનામ હીરાચંદ છપાયું છે, પણ એ છાપભૂલ લાગે છે. હિંદીગુજરાતીમિશ્રા ૧૮ કડીની 'મહાવીરસ્વામીની લાવણી'(મુ.) એમણે રચી છે.

કૃતિ : જૈન સ્વાધ્યાય મંગળમાળા : ૧, સં. મુનિશ્રી શામજી, ઈ. ૧૯૬૨. [કી.જો.]

હીરાનંદ–૧ [ઈ. ૧૫મી સદી પૂર્વાર્ધ] : જુઓ હીરાણંદ–૧.

હીરાનંદ–૨ [ઈ. ૧૬૧૨ સુધીમાં] : સંઘપતિ શ્રાવક. ૫૭ કડીની હિન્દીની છાંટવાળી 'અધ્યાત્મભાવની' (લે. ઈ. ૧૬૧૨/સં. ૧૬૬૮, અસાડ સુદ ૫) તથા 'વિક્રમ-રાસ' (લે. ઈ. ૧૬૪૪)ના કર્તા. 'અધ્યા-ત્મભાવની'માં 'મુનિરાજ કહઈ' એ શબ્દો પરથી કૃતિના કર્તા હીરા-નંદ હોવા વિશે શંકા ઊભી થાય. કૃતિ કોઈ અજ્ઞાતનામા મુનિ દ્વારા સંઘપતિ હીરાનંદને માટે તેમને ઉદ્દેશીને રચાઈ હોય. એટલે એમના પિતાનું નામ કાન્હ ગણવું એ પણ શંકાસ્પદ છે.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૧. [મો.સાં.]

હીરાનંદ–૩ [ઈ. ૧૭૧૪ સુધીમાં હયાત] : પલ્લિવાલ ચંદ્રગચ્છના જૈન સાધુ. અજિતદેવસૂરિના શિષ્ય. 'ચોબોલી-ચોપાઈ' (લે. ઈ. ૧૭૧૪)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [ભો.સાં.]

'હીરાવેધબત્રીસી' [લે. ઈ. ૧૭૪૩] : સંભવત: કાંતિવિજય–૨ની કૃતિ(મુ.). કાવ્યમાં કવિનો કોઈ પરિચય નથી. પરંતુ કાંતિવિજય–૨ની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અન્ય રચનાઓમાં મળતી 'કહે કાંતિ' એવી કવિછાપ અહીં પણ મળે છે અને આ કૃતિનો લેખનસમય પણ એ કવિની અન્ય કૃતિઓના રચનાસમય સાથે મેળમાં છે. છપ્પાબંધની અને બાલાવબોધ સહિતની આ કૃતિનો વિષય તો મંદોદરીએ રાવણને સીતા પાછી સોંપી દેવા આપેલી શિખામણ છે, પરંતુ એની રચનાશૈલી વિલક્ષણ છે. એકએક છપ્પામાં કવિએ નામ, માસ, રાશિ, ફળ, કોટ, ધાન્ય, દેશ, વાજિંત્ર વગેરેનાં નામોની યાદી કરી છે અને એ દ્વારા શ્લેષથી મંદોદરીનું વક્તવ્ય પ્રગટ કર્યું છે. જેમ કે "રાજબાર સમ એહ નારી કાં આદરી આણો' એ પંક્તિમાં એક બાજુથી રાજનગર, નારિ(=નાર), આદરિયાણું' એ ગામનામો વંચાય છે તો બીજી બાજુથી "હે રાજન, ગર એટલે કે વિષ સમાન આ સીતા નારી, તેને તું આદરીને કેમ આણે છે?" એવો કવિએ જ સમજાવેલો અર્થ પ્રગટ થાય છે. કવિને આ જાતની શ્લેષરચનામાં કૃત્રિમતા સ્વાભાવિક રીતે જ વહોરવી પડી છે,પરંતુ તેમ છતાં કવિની વ્યુત્પન્નતા આમાં અછતી રહેતી નથી અને સમગ્રપણે રચના કૌતુકમય આવશ્ય બની રહે છે. માર્મિક વક્રોકિતઓને કારણે કૃતિને 'હીરાવેધ' એવું નામ મળ્યું જણાય છે. [જ.કો.]

હીરો–૧[ઈ. ૧૬૦૮માં હયાત] : શ્રાવક. તપગચ્છના વિજયસેનસૂરિના શિષ્ય. ૧૭૩ કડીના 'ઉપદેશ-રાસ/ધર્મબુદ્ધિ-રાસ' (૨. ઈ. ૧૬૦૮/સં. ૧૬૬૪, મહા પર્વ; મુ.)ના કર્તા.

કૃતિ : જિનદાસકૃત વ્યાપારી રાસ, પ્ર. ભીમસિંહ માણેક, સં. ૧૯૬૯.

સંદર્ભ : ૧. ગુજૂકહકીકત;☐ ૨. જૈગૂકવિઓ : ૩(૧). [ભોસાં.]

હીરો(સાંઈ)–૨ [ ] : જુઓ હીરલશા(સાંઈ).

હુકમ(મુનિ)હુકમચંદ : હુકમ(મુનિ)ના નામે ૧૭ કડીની'શીલ-સઝાય, અને ૪ 'ગહૂંલી'(લે. ઈ. ૧૮૫૦) તથા હુકમચંદના નામે 'ચૈત્યવંદન-ચોવીસી', ૩૦ પદની 'ચિદાનંદ-બત્રીસી', ૧૩ અને ૧૭ કડીના મહિના અને તિથિ (લે. ઈ. ૧૮૭૭) અને ભાષ્યસહિત 'ચાર અભાવ-પ્રકરણ' એ કૃતિઓ મળે છે. તેમના કર્તા કયા હુકમ(મુનિ)/હુકમચંદ છે તે નિશ્ચિત થતું નથી.

સંદર્ભ : ૧. ડિકૅટલૉગબીજે; ૨. લીંહસૂચી. [પા.માં.]

'હૂંડી' [૨. ઈ. ૧૬૭૭] : નરસિંહજીવનમાં બનેલા પ્રસંગ પર આધારિત પ્રેમાનંદકૃત ૭ કડવાંનું આખ્યાન(મુ.). દ્વારકાની યાત્રાએ નીકળેલા ૪ તીરથવાસીઓને નરસિંહ મહેતાએ દ્વારકાના શામળા શેઠ પર લખી આપેલી ૭૦૦ રૂપિયાની હૂંડીને ભગવાન શામળશા શેઠનું રૂપ લઈ છોડાવે છે એ ચમત્કારિક પ્રસંગ એમાં આલેખાયો છે, જો કે ચમત્કારના તત્ત્વને પ્રેમાનંદે સાવ ઘટાડી નાખી એને ભક્ત અને ભગવાન વચ્ચે રહેલા અતૂટ સ્નેહની કૃતિ બનાવી છે. પ્રેમાનંદનાં અન્ય આખ્યાનોને મુકાબલે પ્રમાણમાં ઘણી નાની છતાં એ સુગ્રથિત અને ભાવસભર કૃતિ છે. નરસિંહની ભગવાન પરની અતૂટ શ્રદ્ધા અને એમાંથી જન્મેલી જીવન પ્રત્યેની સંતકોટિની નફિકરાઈ, નરસિંહને હાંસીપાત્ર બનાવવાનું નાગરોનું ટીખળખોર માનસ, દ્વારકામાં શામળા નામનો કોઈ શેઠ નથી એમ જાણી 'નિસાસા મૂકયા તાણીતાણી' ને 'ધોળાં મૂખ ને ધૂણે શીશ' એવા બેચેન તીરથવાસીઓ પ્રેમાનંદની પરિસ્થિતિને ભાવસભર બનાવવાની શક્તિનાં દૃષ્ટાંત છે. ભગવાન બનેલા શામળશા શેઠનું વર્ણન કે નરસિંહના ઘરનું વર્ણન વસ્તુને ચિત્રાત્મક રૂપ આપવાની પ્રેમાનંદની શક્તિને પ્રગટ કરે છે. "કો ભલા નાગરે ભાળ દીધી"માં રહેલો હાસ્યમય વ્યંગ કે "આપણે રૂપૈયા દીઠા, પણ નવ દીઠા જગદીશ રે" એ તીરથવાસીઓની ઉક્તિમાં રહેલી વક્રતા પ્રેમાનંદ ભાષાના કેવા સવ્યસાચી છે એનો પરિચય આપે છે. [જ.ગા.]

હેતવિજય : આ નામે ૩૯ કડીની 'સંસારસ્વરૂપ-સઝાય' તથા ૪ કડીની 'પંચમીની સ્તુતિ'(મુ.) મળે છે. તેમના કર્તા કયા હેતવિજય છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ચૈસ્તસંગ્રહ : ૩.

સંદર્ભ : ડિકૅટલૉગબીજે. [પા.માં.]

હેતવિજય–૧ [ ] : તપગચ્છના જૈન સાધુ. દાનવિજયના શિષ્ય. ૩ ઢાળ અને ૩૬ કડીની 'અઢાર નાતરાંની સઝાય'(મુ.)ના કર્તા.

કૃતિ : ૧. મોસસંગ્રહ; ૨. સઝાયમાલા(પં.); ૩. સસનિમત્ર(ઝ).

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ☐ ૨. ડિકૅટલૉગબીજે; ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [પા.માં.]

હેતવિજય–૨: જુઓ હિતવિજય–૧.

હેમ : આ નામે ૧૬ કડીનો ચારણી શૈલીનો 'સરસ્વતીનો છંદ'(મુ.), ૧૧ કડીનો 'શનિશ્ચર-છંદ' (લે.ઈ. ૧૮૦૪), ૨૦ કડીનો 'ગણપતિછંદ' (લે ઈ. ૧૮૨૨) અને ૩૨ કડીનું 'નમસ્કાર-ફલ'(મુ.) તથા હેમઋષિને નામે ૯ કડીની 'પટ્ટાવલી-સઝાય' (લે. સં. ૧૯મી સદી અનુ.) મળે છે. આ કયા હેમ છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

કૃતિ : ૧. નસ્વાધ્યાય;☐ ૨. જૈન સત્યપ્રકાશ, મે ૧૯૨૫–'સરસ્વતીપૂજા અને જૈનો', સારાભાઈ નવાબ.

સંદર્ભ : ૧. ગૂહાયાદી; ૨. મુપુગૂહસૂચી; ૩. રાપુહસૂચી : ૪૨; ૪. રાહસૂચી : ૧; ૫. હેજ્ઞેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હેમ–૧ [ઈ.૧૮૧૦માં હયાત] : જૈન સાધુ. નેમના શિષ્ય. ભાવનગર વિશેની વીગતો નિરૂપતી ૨૫ કડીની 'ભાવનગર વિશેની વર્ણનાત્મક કૃતિ' (૨.ઈ. ૧૮૧૦/સં. ૧૮૬૬, કારતક સુદ ૧૫) ના કર્તા.

સંદર્ભ : સ્વાધ્યાય, જાન્યુ. ૧૯૬૯–'માનવિજયકૃત ભાવનગરની ગઝલ', અગરચંદ નાહટા. [૨.૨.દ.]

હેમકાંતિ [ઈ. ૧૫૩૩માં હયાત] : અંચલગચ્છના જૈન સાધુ. સુમતિસાગરસૂરિના શિષ્ય. ૮૪ કડીની 'શ્રાવકવિધિ-ચોપાઈ' (૨.ઈ.૧૫૩૩/સં. ૧૫૮૯, ભાદરવા–૮, રવિવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩(૨). [૨.૨.દ.]

હેમખણ(કાપડી) [ ] : ૧ પદ(મુ.)ના કર્તા.

કૃતિ : નકાસંગ્રહ. [કી.જો.]

હેમચંદ્ર [ઈ. ૧૭મી સદી] : રામસેનાગચ્છના જૈન દિગંબર સાધુ. નરસિંહની પરંપરામાં ભૂષણના શિષ્ય. ૨૪૬ કડીના 'નેમિનાથ ગુણ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રત્નાકર-છંદ' (.ઈ. ૧૭મી સદી)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ;☐ ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમચંદ્રવિજય [ ] : 'પંચપરમેષ્ઠી-સ્તુતિ'(મુ.)ના કર્તા.

કૃતિ : જૈન ધર્મપ્રકાશ, માગશર ૨૦૨૧. [કી.જો.]

હેમજી(ઋષિ) [ઈ. ૧૬૪૦માં હયાત] : લોંકાગચ્છના જૈન સાધુ. પક્કજી/પક્કરાજ-કૃષ્ણદાસ-કલ્યાણ(મુનિ) (ઈ.૧૬૧૭)ના શિષ્ય. 'મહાવીરજિન-સ્તવન' (લે. ઈ. ૧૬૪૦)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૧; ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમતિલક(સૂરિ)શિષ્ય[ ] : જૈન. ૪૦ કડીની 'હેમતિલકસૂરિ-સાધિ'(*મુ.)ના કર્તા.

સંદર્ભ : જૈમગૂકરચનાઓ : ૧. [કી.જો.]

હેમદાસ : જુઓ હીમો –૧.

હેમધ્વજ [ઈ. ૧૪૯૪માં હયાત] : સંભવતઃ ખરતરગચ્છના જૈન સાધુ. ૧૬ કડીની 'જૈસલમેર-ચૈત્યપરિપાટી' (ર.ઈ.૧૪૯૪/સં.૧૫૫૦, માગશર)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–"જૈસલમેર કે જૈન ભંડારોં કે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા; ☐ ૨. જૈમગૂકરચનાઓં : ૧. [૨.૨.દ.]

હેમનંદન [ઈ. ૧૫૮૯માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. ક્ષેમકીર્તિશાખાના રત્નસારના શિષ્ય. 'સુભદ્રા-ચોપાઈ' (ર.ઈ.૧૫૮૯)ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

હેમનંદનશિષ્ય [ઈ. ૧૬૧૪માં હયાત] : જૈન સાધુ. ૭૧૨ કડીની 'સાગરશ્રેષ્ઠી-કથા/રાસ' (ર.ઈ. ૧૬૧૪)ના કર્તા.

સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

હેમભૂષણ(ગણિ) [ ] : સંભવતઃ ખરતરગચ્છના જૈન સાધુ. દુહાબદ્ધ, ૨૫ કડીની, ગુરુપ્રશસ્તિ કરતી 'જિનચંદ્રસૂરિ-ચર્ચરી'ના કર્તા. કવિએ કયા જિનચંદ્રસૂરિનો મહિમા કર્યો છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે. કૃતિ સં. ૧૪૩૭ પૂર્વે રચાઈ છે એવું અનુમાન થયું છે. એ સાચું હોય તો આ જિનચંદ્રસૂરિ યુગપ્રધાન જિનચંદ્રસૂરિથી જુદા હોય. કૃતિમાં યુગપ્રધાન જિનચંદ્રસૂરિનો મહિમા થયો છે એવો બીજો તર્ક છે. તો કૃતિની રચના વહેલામાં વહેલી ઈ. ૧૬મી સદી કે ત્યાર પછી થઈ ગણાય.

સંદર્ભ : ૧. ઉત્તર અપભ્રંશનો સાહિત્યવિકાસ, વિધાત્રી અ. વોરા, ઈ. ૧૯૭૬; ૨. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮;☐ ૩. સંબોધિ, એપ્રિલ ૧૯૭૨–'ઑન સમ સ્પેસિમેન્સ ઑફ ચર્ચરી', એચ. સી. ભાયાણી. [૨.૨.દ.]

હેમમંદિર [ ] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનચંદ્રસૂરિની પરંપરામાં જિનસિંહસૂરિના શિષ્ય. ૯ કડીના 'જિનકુશલસૂરિસ્થાન-સ્તવન'ના કર્તા.

સંદર્ભ : યુજિનચંદ્રસૂરિ. [૨.૨.દ.]

હેમરતન : આ નામે ૨૦ કડીની 'ગણેશ-છંદ' કૃતિ મળે છે. તેના કર્તા કયા હેમરતન છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [૨.૨.દ]

હેમરત્ન(સૂરિ) [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : પૂર્ણિમાગચ્છના જૈન સાધુ. દેવતિલક-જ્ઞાનતિલક-પદ્મરાજશિષ્ય. 'લીલાવતી ચોપાઈ' (ર.ઈ. ૧૫૪૭), 'શીલવતી-કથા' (ર. ઈ. ૧૫૪૭), ૬૯૬ કડીની 'મહિપાલ-ચોપાઈ' (ર.ઈ. ૧૫૭૦/૮૦), ૯૧૭/૯૨૨ કડીની 'ગોરાબાદલ-કથા/પદમણી-ચોપાઈ' (ર.ઈ. ૧૫૯૧) તથા જૈન પરંપરા અનુસાર રામ-સીતાની કથાનું દુહા, ચોપાઈ અને વિવિધ દેશીઓની ઢાળમાં નિરૂપણ કરતી ૭ સર્ગની 'સીતા-ચરિત્ર'–એ કૃતિઓના કર્તા. 'લીલાવતી ચોપાઈ' અને 'શીલવતી-કથા' એક જ કૃતિ હોવાની સંભાવના છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ;☐ ૪. ત્રૈમાસિક, જાન્યુ.-માર્ચ ૧૯૪૧–'ચિતોડની ગઝલ અને સંક્ષિપ્ત ઈતિહાસ', કાંતિસાગરજી;☐ ૫. આલિસ્ટઑઈ : ૨; ૬. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૭. ડિકૅટલૉગભાવિ; ૮. મુપુગૂહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હેમરત્ન(સૂરી)શિષ્ય [ઈ. ૧૬મી સદીનો આરંભ] : આગમગચ્છના જૈન સાધુ. ૨૧ કડીની, અંતરયમકવાળા દુહામાં રચાયેલી તથા ઝડઝમકયુકત વર્ણનોવાળી 'હેમરત્નસૂરિ-ફાગુ'(મુ.) તથા ૭૦ કડીની 'ચતુઃપર્વી-સઝાય'ના કર્તા. હેમરત્નસૂરિના ધાતુપ્રતિમાલેખો ઈ. ૧૬મી સદીના આરંભના મળ્યા છે તે ઉપરથી તેમના શિષ્યનો સમય ઈ. ૧૬ સદી આરંભનો ગણી શકાય. જુઓ અમરરત્નસૂરિશિષ્ય.

કૃતિ : ૧. ખંદરમા શતકનાં ચાર ફાગુકાવ્યો, સં. કાંતિલાલ બ. વ્યાસ, ઈ. ૧૯૫૫; ૨. પ્રાફાગુસંગ્રહ.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

હેમરાજ : આ નામે 'કર્મછોંતેરી' (ર.ઈ. ૧૬૫૯), ૭ કડીની 'વિનયપ્રભસૂરિ-ગહૂંલી' (લે. ઈ. ૧૬૯૨), ૧૯ કડીની 'વિહારની ગહૂંલી' (લે. સં. ૨૦મી સદી અનુ.) તથા અન્ય છૂટક ૯ ગહૂંલીઓ મળે છે. એમના કર્તા કયા હેમરાજ છે તે સ્પષ્ટ થતું નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમરાજ–૧ : જુઓ સોમહર્ષશિષ્ય લક્ષ્મીવલ્લભ.

હેમરાજ(ઉપાધ્યાય)–૨ [ઈ. ૧૫૬૧માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જિનહંસસૂરિની પરંપરામાં પુણ્યસાગરના શિષ્ય. ૪૫ કડીના 'ક્ષુલ્લકકુમાર-પ્રબંધ' (ર.ઈ. ૧૫૬૧)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમવિજય : આ નામે ૨૫ કડીની 'દ્વાદશવ્રત-સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) અને 'નેમિજિન-સ્તુતિ' મળે છે. એ કયા હેમવિજયની છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હેમવિજય(ગણિ)–૧ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છની લક્ષ્મીભદ્રશાખાના જૈન સાધુ. મુનિસુંદરની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંપરામાં આનંદવિમલના પ્રશિષ્ય કમલવિજયના શિષ્ય. સંસ્કૃતના વિદ્વાન. ૧૧૦ કડીનો 'પંડિત કમલવિજય-રાસ' (ર.ઈ. ૧૬૦૫; મુ.), ૪૪ કડીના 'નેમિજિનચંદ્રાવલા' (ર. ઈ. ૧૬૦૫ અનુ.), 'નેમિનાથ-ફાગપ્રબંધ/રંગતરંગ', ૧૪ કડીની 'પરનિંદાનિવારણ-સઝાય', ૯ કડીની 'પંચેન્દ્રિય-સઝાય', ૫-૫ કડીના 'સાચલમાતાના બે છંદ' એ એમની ગુજરાતી કૃતિઓ છે.

'પાર્શ્વનાથ-ચરિત્ર' (ર.ઈ. ૧૫૭૬), 'ઋષભશતક' (ર.ઈ.૧૬૦૦), 'કથારત્નાકર' (ર.ઈ.૧૬૦૧), 'કસ્તૂરી-પ્રકરણ'(મુ.), 'કીર્તિકલ્લોલિની' તથા અપૂર્ણ 'વિજયપ્રશસ્તિ' મહાકાવ્ય એમના સંસ્કૃત ગ્રંથો છે. નેમનાથ, વિજયસેનસૂરિ અને હીરવિજયસૂરિ ઉપરની સ્તુતિઓ કવિએ હિન્દીમાં રચી છે.

કૃતિ : ૧. ઔરાસંગ્રહ : ૩ (+સં.); કસ્તૂરીપ્રકરણ, ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૮.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. ગુસારસ્વતો; ૩. જૈસાઈતિહાસ; ૪. મરાસસાહિત્ય; ૫. જૈન સત્યપ્રકાશ, સપ્ટે. ૧૯૩૯–'મહાકવિ હેમવિજયગણિ', અંબાલાલ કે. શાહ; ૬. આલિસ્ટઑઈ : ૨; ૭. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૮. મુપુગૂહસૂચી; ૯. લીંહસૂચી; ૧૦. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હેમવિજય–૨ [ ] : તપગચ્છના જૈન સાધુ. 'ચંપક-રાસ'ના કર્તા. તેઓ કમલવિજયશિષ્ય હેમવિજય હોવાની સંભાવના છે, પરંતુ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–"જૈસલમેરકે જૈન ગ્રંથભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [૨.૨.દ.]

હેમવિમલ(સૂરિ) : આ નામે ૩૦ કડીની 'રાત્રિભોજનપરિહાર-સઝાય' (લે. સં. ૨૦મી સદી અનુ.) મળે છે. તે ક્યા હેમવિમલની છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હેમવિમલ(સૂરિ)–૧ [જ. ઈ. ૧૪૬૬/સં.૧૫૨૨, કારતક સુદ ૧૫–અવ. ઈ. ૧૫૨૭/સં. ૧૫૮૩, આસો સુદ ૧૩] : તપગચ્છના જૈન સાધુ. સુમતિસાધુસૂરીના શિષ્ય. જન્મ વડગામમાં. પિતા ગંગાધર. માતા ગંગારાણી. મૂળ નામ હાદકુમાર. ઈ. ૧૪૮૨માં લક્ષ્મીસાગરસૂરિ પાસે દીક્ષા. દીક્ષાનામ હેમધર્મ. ઈ. ૧૪૯૨માં આચાર્યપદ મળ્યું ત્યારપછી હેમવિમલસૂરિ નામ. તેઓ સંસ્કૃતના વિદ્વાન હતા, અને વિશાળ શિષ્યસમુદાય ધરાવતા હતા. ૧૦૪ કડીની 'મૃગાપુત્ર-સઝાય', ૧૫ કડીની તેરકાઠીયાની સઝાય'(મુ.) તથા 'કલ્પસૂત્ર-બાલાવબોધ' એમની ગુજરાતી કૃતિઓ છે. 'વરકાણાપાર્શ્વનાથ-સ્તવન'(મુ.) એ એમની સંસ્કૃત કૃતિ છે.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ડિસે. ૧૯૪૬–'હેમવિમલસૂરિકૃત ૧૩ 'કાઠિયાની સઝાય' શ્રીમતી શાલેટિ કાઉઝે (+સં.).

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈઐકાસંચય; ૩. જૈગૂકવિઓ : ૧, ૨, ૩(૧); ૪. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમવિમલ(સૂરિ)શિષ્ય [ ] : તપગચ્છના જૈન સાધુ. ૧૩ કડીની 'પ્રભુઆજ્ઞા-વિનતિ'(મુ.), ૧૫ કડીની 'તેર કાઠિયાની સઝાય' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા 'બારવ્રત-સઝાય'ના કર્તા.

કૃતિ : જૈન સત્યપ્રકાશ, ઑક્ટો. ૧૯૪૮–'શ્રીહેમવિમલસૂરિ વિરચિત પ્રભુઆજ્ઞા-વિનતિ', સં. રમણિકવિજયજી.

સંદર્ભ : ૧. પાંગુહસ્તલેખો; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી. [કી.જો.]

હેમવિલાસ [ઈ. ૧૮૨૩માં હયાત] : ખરતરગચ્છના જૈન સાધુ. જ્ઞાનકીર્તિના શિષ્ય. ૨૭ કડીના 'ઢુંઢક-રાસો' (ર.ઈ. ૧૮૨૩/સં. ૧૮૭૯, મહા વદ ૮)ના કર્તા. 'મધ્યકાલીન રાસસાહિત્ય'માં આ કૃતિના કર્તાનું નામ ભૂલથી હેમવિમલ નોંધાયું છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; મરાસસાહિત્ય; ૩. જૈગૂકવિઓ ૩(૧, ૨). [૨.૨.દ.]

હેમશ્રી [ઈ. ૧૫૮૮માં હયાત] : વડતપગચ્છનાં જૈન સાધ્વી. નયસુંદરનાં શિષ્યા. રાજપુત્રી કનકાવતી પર બાલવયે પડતાં સંકટો અને તેનાં અજિતસેન સાથેનાં લગ્નની કથાને આલેખતું અદ્‌ભુતરસિક ૩૬૭ કડીનું 'કનકાવતી-આખ્યાન' (ર.ઈ. ૧૫૮૮/સં. ૧૬૪૪, વૈશાખ સુદ ૭, મંગળવાર), 'મૌન-એકાદશી-સ્તુતિ' તથા અન્ય કેટલીક સ્તુતિઓ એમણે રચી છે.

સંદર્ભ : ૧. ગુસાઈતિહાસ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમસાર : આ નામે ૪ કડીની 'નેમનાથ-છાહલી' (લે. સં. ૧૭મી સદી અનુ.), ૯ કડીની 'પંચપરમેષ્ઠીનવકારસારવેલી' તથા ૯ કડીની 'સપ્તવ્યસન-વેલી' (સં. ૧૭મી સદી) મળે છે. તેમના કર્તા ક્યા હેમસાર છે તે સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. જૈહાપ્રોસ્ટા; ૨. મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમસિદ્ધિ [ઈ. ૧૭મી સદી] : સંભવતઃ ખરતરગચ્છનાં જૈન સાધ્વી. ૧૮ કડીના 'લાવણ્યસિદ્ધિપહુતણી-ગીત'(મુ.) તથા ૧૮ કડીના 'સોમસિદ્ધિનિર્વાણ-ગીત'(મુ.)નાં કર્તા. 'લાવણ્યસિદ્ધિપહુતણી-ગીત'માં લાવણ્યસિદ્ધિના અવસાનસમય (ઈ. ૧૬૦૬)ની નોંધ મળે છે તે પરથી આ કવયિત્રી ઈ. ૧૭મી સદીમાં થયાં હોવાનું અનુમાન કરી શકાય.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [૨.૨.દ.]

હેમસૌભાગ્ય [ઈ. ૧૬૬૫ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. સાગરશાખાના ઈન્દ્રસૌભાગ્યના શિષ્ય. રાજસાગરસૂરિનિર્વાણ-રાસ' (લે. ઈ. ૧૬૬૫)ના કર્તા. રાજસાગરસૂરિનું અવસાન ઈ. ૧૬૬૫માં થયું, એટલે કૃતિ એ જ વર્ષમાં રચાઈ હોવાનું માની શકાય.

સંદર્ભ : ૧. જૈસાઈતિહાસ; ૨. જૈગૂકવિઓ : ૨. [૨.૨.દ.]

હેમહરખ [ઈ. ૧૬૭૭ સુધીમાં] : જૈન સાધુ. ૬ કડીના 'નેમિનાથ-સ્તવન' (લે. ઈ. ૧૬૭૭)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [૨.૨.દ.]

હેમહંસ–૧ [ઈ. ૧૪૫૯માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. રત્નશેખરસૂરિના શિષ્ય. ૫૦ કડીના 'ગિરનાર-ચૈત્યપરિપાટી'(ર.ઈ.૧૪૫૯; મુ.)ના કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિ : પુરાતત્ત્વ, એપ્રિલ ૧૯૨૩–'ગિરનાર-ચૈત્યપરિપાટી', બહેચરદાસ જી. દોશી. [૨.૨.દ.]

હેમહંસ(ગણિ)–૨ [ઈ. ૧૫મી સદી મધ્યભાગ] : તપગચ્છના જૈન સાધુ. સોમસુંદરની પરંપરામાં મુનિસુંદરના શિષ્ય. જયચંદ્ર અને ચારિત્ર્યરત્નગણિ એમના વિદ્યાગુરુ હતા. નમસ્કારની વિસ્તૃત વ્યાખ્યા ઉપરાંત નમસ્કારનો પ્રભાવ વર્ણવતી ૬ કથાઓ સહિત તેનું માહાત્મ્ય બતાવતા 'નમસ્કાર-બાલાવબોધ' (૨.ઈ. ૧૪૪૪; મુ.) તથા 'ષડાવશ્યક બાલાવબોધ' (૨.ઈ. ૧૪૪૫) એમની ગુજરાતી કૃતિઓ છે. ઉપરાંત ઉદયપ્રભસૂરિકૃત 'આરંભસિદ્ધિ' પર વૃત્તિ (૨.ઈ. ૧૪૫૮) તથા હેમવ્યાકરણમાં આપેલ ૫૭ ન્યાયોમાં બીજા ૮૪ ઉમેરી કુલ ૧૪૧ ન્યાયની પરિભાષાનો સંગ્રહ કરી તેના પર 'ન્યાયાર્થમંજુષા' નામની વૃત્તિ તેમજ એ વૃત્તિ પર ન્યાસ (૨.ઈ.૧૪૬૦) જેવા સંસ્કૃત ગ્રંથો પણ એમણે રચ્યા છે.

કૃતિ : નસ્વાધ્યાય (+સં.).

સંદર્ભ : ૧. ઈતિહાસની કેડી, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૪૫-'નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય'; ૨. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન, બાબુલાલ મ. શાહ, ઈ. ૧૯૭૮; ૩. જૈસાઈતિહાસ; ☐ ૪. આલિસ્ટઑઈ : ૨; ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. મુપુગૂહસૂચી; ૭. હેજૈજ્ઞાસૂચિ : ૧. [૨.૨.દ.]

હેમાણંદ [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. હર્ષપ્રભની પરંપરામાં હીરકલશના શિષ્ય. ૨૨/૨૩ કડીની 'અંગસ્ફુરણાવિચાર-ચોપાઈ' (૨.ઈ. ૧૫૮૩/સં. ૧૬૩૯, આસો સુદ ૧૦), 'વેતાલ-પચીસી' (૨.ઈ. ૧૫૯૦/સં. ૧૬૪૬,–ઈન્દ્રોત્સવદિન), 'ભોજપ્રબંધ' પર આધારિત 'ભોજચરિત્ર-રાસ' (૨. ઈ. ૧૫૯૭/સં. ૧૬૫૪, કારતક(પહેલો) વદ અમાસ (દિવાળીદિન), 'દશાર્ણભદ્ર-ભાસ' (૨.ઈ. ૧૬૦૨/સં. ૧૬૫૮, કારતક સુદ ૧૫) તથા રાજસ્થાની ભાષાની છાંટ ધરાવતી 'હરિયાલી'ના કર્તા.

સંદર્ભ : ૧. ઈતિહાસની કેડી, ભોગીલાલ સાંડેસરા, ઈ. ૧૯૨૫–'આપણું લોકવાર્તા વિષયક પ્રાચીન સાહિત્ય; ૨. ગુસામધ્ય; ૩. જૈસાઈતિહાસ; ૪. મસાપ્રવાહ; ☐ ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૬. મુપુગૂહસૂચી; ૭. રાપુહસૂચી : ૪૨; ૮. રાહસૂચી : ૧. [૨.૨.દ.]

હોથી [ ] : રવિભાણસંપ્રદાયના કવિ. નેકનામ ગામના સાંધી મુસલમાન સુમરા જીવા/સિકંદરના પુત્ર. મોરારસાહેબના નાદશિષ્ય. તેમના પૂર્વજો ધ્રોળરાજ્યની સૈનિક તરીકેની નોકરી મૂકી ખંભાળિયામાં ખેડૂત તરીકે આવેલા. હોથી ઉંમરલાયક થતાં માતાપિતાને મજૂરીમાં મદદ કરતા ને ખંભાળિયામાં ધર્મકાવડ ફેરવતા. મોરારસાહેબ પાસે દીક્ષા લેવાથી ને હિંદુમંદિરોમાં ભજન ગાવાને કારણે એમને કુટુંબ ને પોતાના સમાજ તરફથી સારી એવી કનડગત થઈ હતી એમ કહેવાય છે. ઈ. ૧૮૪૯માં અફીણ પીવાથી તેમનું અવસાન થયું એમ મનાય છે.

'દાસ હોથી'ની છાપથી અંકિત અનેક ભજનો-પદો(મુ.) તેમણે રચ્યાં છે. આ ભજનો ને પદોમાં નિરાડંબરી અને વેધક વાણીમાં આત્માનુભવની મસ્તી પ્રગટ થાય છે. આ પદોમાં ઈશ્વરના કશા નામવિશેષ, પંથસંપ્રદાયના ઈશારા કે પૌરાણિક ઘટના, દેવદેવી કે વ્યક્તિના ઉલ્લેખ વગર એકોપાસનાનો બોધ કરવામાં આવ્યો છે. તથા સમાજનાં દંભ અને પાખંડ પર પ્રહારો ત્યાં છે.

કૃતિ : ૧ ભસાસિંધુ; ૨. યોગવેદાન્ત ભજનભંડાર, પ્ર. પ્રેમવંશ ગોવિંદજીભાઈ પુરુષોત્તમદાસ, ઈ. ૧૯૭૬ (ચોથી આ.); ૩. રવિભાણસંપ્રદાયની વાણી, પ્ર. મંછારામ મોતી, સં. ૧૯૮૯; ૪. સતવાણી (+સં.); ૫. સોસંવાણી (+સં.).

સંદર્ભ : ૧. આગુસંતો; ૨. રામકબીરસંપ્રદાય, કાન્તિકુમાર ભટ્ટ, ઈ. ૧૯૮૨; ૩. સૌરાષ્ટ્રના સંતો, દેવેન્દ્રકુમાર કા. પંડિત, ઈ.૧૯૬૧. [દિ.જો.]

હોસજી [ ] : પદોના કર્તા.

સંદર્ભ : ગૂહાયાદી. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ

અક્કલદાસ [સં. ૧૮મી સદી] : રવિભાણસંપ્રદાયના સંતકવિ. ભીમસાહેબના શિષ્ય. હરિજન મેઘવાળ જ્ઞાતિના ગેડિયા બ્રાહ્મણ. ગુરુના આદેશથી થાન (જિ. સુરેન્દ્રનગર)માં સદાવ્રત ચલાવી ગરીબોની સેવા કરી હતી. સરળ ભાષામાં જ્ઞાનબોધ આપતાં ને ગુરુમહિમા કરતાં ત્રણથી ૭ કડીનાં ૩ ભજનો(મુ.) ને ૧ સાખી(મુ.) તેમની પાસેથી મળ્યાં છે.

કૃતિ : સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭ (+સં.). [ત્રિ.]

અખા(ભગત)/આખાજી/આખો [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : અખાએ હિંદીમાં 'ધુઆર્ય' પ્રકારનાં પાંચથી ૮ કડીનાં પદો (૧૦ મુ.) પણ રચ્યાં છે. જેમાં ઈશ્વર દ્વારા વિશ્વમાં ખેલાતા વસંત-ફાગનું આલેખન છે.

કૃતિ : સ્વાધ્યાય, મે ૧૯૮૪–'આખાજીકૃત ધુઆર્ય-ફાગકાવ્યો, સં. વિભૂતિ વિક્રમ ભટ્ટ. [જ.ગા.]

અગરચંદ [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : તેમણે 'રામદેવજીરો સલોકો' (૨.ઈ. ૧૭૫૪) કૃતિ પણ રચી છે.

સંદર્ભ : પ્રાકારૂપરંપરા. [કી.જો.]

અજબકુંવરબાઈ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સ્ત્રીકવિ. ઈ. ૧૬૭૦ પછી ઔરંગઝેબના વ્રજ પર થયેલા આક્રમણને લીધે શ્રીનાથજી મેવાડ પધાર્યા તે પ્રસંગને અનુરૂપ કેટલાંક કાવ્યોનું સર્જન કરનારા કવિઓમાં તેઓ પણ એક હતાં.

સંદર્ભ : પુગુસાહિત્યકારો. [ત્રિ.]

અનુભવાનંદ [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ] : 'નાથભવાન'ને નામે નોંધાયેલી આ કવિની 'આધ્યાત્મિક-રામાયણ' (૨.ઈ. ૧૭૪૪/સં. ૧૮૦૦, શ્રાવણ વદ ૧૪, શનિવાર) તથા ૨૮ કડીની 'રામગીતા' એ કૃતિઓ પણ મળે છે.

આ અધિકરણના કૃતિયાદી ક્રમાંક ૫ અને ૬ નીચે પ્રમાણે વાંચવા.

કૃતિ : ૫. સાહિત્ય, ઑક્ટો. ૧૯૧૬–'અંબાઆનનનો ગરબો', સં. મોતીલાલ ૨. ધોડા; ૬. સત્સંદેશ, ડિસે. ૧૯૫૨–'અંબામાતાજીનો ગરબો'.

સંદર્ભ : ૧. *નચિકેતા–, દેવદત્ત જોશી; ☐ ૨. ડિકેટલૉગબીજે. [ત્રિ.]

અબ્દુલનબી [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ] : દેલમી ઉપદેશક પરંપરાના પીર. શિયા ઇમામી ઇસ્માઇલી નિઝારી શાખાના ૪૦મા ઇમામ નિઝાર (ઈ. ૧૫૮૫–ઈ. ૧૬૨૮)ના સમકાલીન. સુરત પાસે કાકરખાડીમાં એમની મઝાર આવેલ છે. એમનાં ૯ અને ૧૦ કડીનાં ૨ 'ગિનાન'(મુ.) મળે છે.

કૃતિ : સૈઈશાગીસંગ્રહ : ૪.

સંદર્ભ : નૂરમ મુબિન, જાફરઅલી મોહમદ સૂફી દ્વારા સંશોધિત ત્રીજી આ., ઈ. ૧૯૫૧. [ખા.કે.]

અભરામ(બાવા) : એમનો સમય ઈ. ૧૭૦૦ આસપાસને બદલે ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ માનવો, કારણ કે પીર કાયમુદ્દીનનું અવસાન ઈ. ૧૭૭૩માં થયું હતું. [કી.જો.]

અલીઅકબરબેગ [ ] : દેલમી ઉપદેશક પરંપરાના પીર. શિયા ઇમામી ઇસ્માઇલી નિઝારી શાખાના ૪૨મા ઇમામ હસનઅલી શાહ પહેલાં (ઈ. ૧૬૬૦–ઈ. ૧૬૯૪)ના સમકાલીન હોવાનું કહેવાય છે. એમને નામે ૨૦ કડીનું ૧ 'ગિનાન'(મુ.) મળે છે.

કૃતિ : મહાન ઇસ્માઇલી સંત પીર હસન કબીરદીન અને બીજા સત્તાધારી પીરો રચિત ગિનાનોનો સંગ્રહ, પ્ર. ઇસ્માઇલી પ્રિન્ટિંગ પ્રેસ (બીજી આ.),–.

સંદર્ભ : નૂરમ મુબિન, જાફરઅલી મોહમદ સૂફી દ્વારા સંશોધિત ત્રીજી આ., ઈ. ૧૯૫૧. [ખા.કે.]

અલી અસગર બેગ(પીર) [ ] : દેલમી ઉપદેશક પરંપરાના પીર. એમને નામે ૭ કડીનું ૧ 'ગિનાન'(મુ.) મળે છે.

કૃતિ : મહાન ઇસમાઇલી સંત પીર હસન કબીરદીન અને બીજા સત્તાધારી પીરો રચિત ગિનાનોનો સંગ્રહ, પ્ર. ઇસ્માઇલી પ્રિન્ટિંગ પ્રેસ (આ. બીજી), –. [ખા.કે.]

અસાઈત [ઈ. ૧૪મી સદી ઉત્તરાર્ધ] : 'ટેન્ડો રજપૂતનો વેશ'(મુ.)માં "અસાઈત મુખ ઓચરે ટેન્ડો રમતો થયો" એવી પંક્તિ મળે છે. એટલે કદાચ આ વેશના કર્તા તેઓ હોય.

કૃતિ : ભવાની ભવાઈ પ્રકાશ, સં. હરમણિશંકર ધ. મુનશી,–. [કી.જો.]

અહમદ [ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધ] : નબીમિયાં (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ)ના અનુયાયી એટલે તેઓ ઈ. ૧૯મી સદી પૂર્વાર્ધમાં થઈ ગયા હોવાનું માની શકાય. [ર.ર.દ.]

અંબદેવ(સૂરિ) [ઈ. ૧૩૧૫માં હયાત] : નીચેનો સંદર્ભ ઉમેરવો.

સંદર્ભ : જૈનયુગ, કારતક, પોષ, ફાગણ, વૈશાખ ૧૯૮૨-'શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધારક સમરસિંહ', લાલચંદ્ર ભ. ગાંધી. [કી.જો.]

આજિયચંદ્ર [ ] : પાર્શ્વચંદ્રગચ્છના જૈન કવિ. 'ઉત્તરાધ્યયન-બાલાવબોધ'ના કર્તા.

સંદર્ભ : જૈન સત્યપ્રકાશ, જાન્યુ. ૧૯૪૬–"જેસલમેરકે જૈન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનભંડારોંકે અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોંકી સૂચી', અગરચંદ નાહટા. [કી.જો.]

આણંદો : પદોના કર્તા. જુઓ આનંદ.
સદર્ભ : ડિકૅટલૉગભાવિ. [ક્રા.ત્રિ.]

આત્મારામ : 'કાવ્યદોહન : ૩'માં મુદ્રિત તિથિ હસ્તપ્રતોમાં 'રામચંદ્રની પંદર તિથિ'ને નામે તુલસીની નામછાપથી તથા નામછાપ વગર મળે છે. જુઓ તુલસી/તુલસીદાસ. [ક્રા.ત્રિ.]

આનંદવિમલ(સૂરિ) : આણંદવિમલસૂરિને નામે મળતો 'આવશ્યક-પીઠિકા-બાલાવબોધ' (૨.ઈ. ૧૫૨૨) રચનાસમયને લક્ષમાં લેતાં હેમવિમલસૂરિશિષ્ય આનંદવિમલસૂરિકૃત હોવાની સંભાવના છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

આશારામ : આ નામે મળતા 'રામરાજિયા' કયા આશારામના છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : સ્વાધ્યાય, નવે. ૧૯૭૭–'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનેતર રામકથા', દેવદત્ત જોશી. [ક્રા.ત્રિ.]

આંબાજી : એમનું જન્મવર્ષ ઈ. ૧૬૧૬ને બદલે ઈ. ૧૬૧૫ ગણવું. [કી.જો.]

ઇચ્છા/ઇચ્છારામ : 'પ્રાચીન કાવ્યસુધા : ૧'માં ઇચ્છાને નામે મુદ્રિત પદ બાપુસાહેબ ગાયકવાડને નામે પણ મળે છે અને એ બાપુસાહેબકૃત હોવાની સંભાવના વિશેષ છે. [જ.ગા.]

ઈશ્વર(સૂરિ) : 'નર્મદાસુંદરી-ચરિત્ર/રાસના કર્તા. તેઓ ઈશ્વર–૧ હોવાની સંભાવના છે.
સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

ઈશ્વર(સૂરિ)–૧ [ઈ. ૧૬મી સદી પૂર્વાર્ધ] : આ કવિનો ૨૦૫૦ ગ્રંથાગ્રનો 'જીવવિચારપ્રકરણ-બાલાવબોધ' (૨.ઈ.૧૫૦૩) ગુજરાતી કૃતિ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ઉત્તમવિજય–૧ [જ. ઈ. ૧૭૦૪–આવ. ઈ. ૧૭૭૧/સં.૧૮૨૭, મહા સુદ ૮] : "જુઓ 'નેમિ-બારમાસ' તથા 'વર્ષાવર્ણન" એ વાક્ય ઉમેરવું. [કી.જો.]

ઉત્તમસાગરશિષ્ય [ ] : જૈન સાધુ. ૪ કડીના 'નવપદનું સ્તવન'(મુ.)ના કર્તા.
કૃતિ : ચૈત્યસંગ્રહ : ૧. [કી.જો.]

ઉદયાણંદ/ઉદયાનંદ(સૂરિ) [ ] : એમની ૧૮ કડીની 'શત્રુંજયસંઘપતિસંખ્યા-ધવલ' કૃતિ મુદ્રિત સ્વરૂપે મળે છે.
કૃતિ : અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ, કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૨ (+સં) [જ.ગા.]

એદલ નવરોજજી [ઈ. ૧૭૭૪માં હયાત] : પારસી મોબેદ. તેમણે મોબેદ ચાંદાની સંસ્કૃત કૃતિ 'ચાંદાપ્રકાશ'નો ગુજરાતીમાં અનુવાદ (૨.ઈ. ૧૭૭૪) કર્યો છે.
સંદર્ભ : પારસી સાહિત્યનો ઈતિહાસ, પીલાં ભીખાજી મકાટી, ઈ. ૧૯૪૯. [કી.જો.]

કક્કસૂરિશિષ્ય : "જૈન હેન્ડશિપ્ટેન ડેર પ્રોઇસેશન સ્ટાટસ લિપ્લિઓથેક'માં ૪૫ કડીની' જીરાઉલા-રાસ' કૃતિને અજ્ઞાતકર્તૃક માનવામાં આવી છે, પરંતુ કૃતિના પ્રારંભમાં 'કક્કસૂરિગુરુ પાય નમીય' એવા શબ્દો છે એના પરથી કૃતિ કક્કસૂરિશિષ્યની હોવાની સંભાવના છે. [કી.જો.]

કનકવિજય: આ નામે ૧૩૭ કડીની '(ગુરુ) પરિપાટીવર્ણન-સઝાય/પટ્ટધરગુણવર્ણન-સઝાય' (લે. ઈ. ૧૭૩૩) નામની કૃતિ મળે છે તે કયા કનકવિજયની છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

કપૂરશેખર : આ નામે 'જૈનરાસ' કૃતિ નોંધાયેલી છે અને 'વાચકરત્ન શેખરદાસ કપૂરશેખર' એવો ઉલ્લેખ કર્તા વિશે મળે છે. રત્નશેખરશિષ્ય કપૂરશેખર નામના એક કર્તા મળે છે. પ્રસ્તુત કૃતિ એ કપૂરશેખરની હોવા સંભવ છે.
સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

કમલવિજય–૨ [ઈ. ૧૬૪૧/૪૨માં હયાત] : 'જંબૂ-ચોપાઈ'ની ૨. ઈ. ૧૬૩૬ માનવામાં આવી છે, પરંતુ 'પર્વત રાશિરિપુ ચંદ' પંક્તિને આધારે કૃતિનો રચનાસમય ઈ. ૧૬૪૧/૪૨ માની શકાય. [કી.જો.]

કમલવિજય–૩ [ઈ. ૧૬૬૪માં હયાત] : આ કવિની 'ચંદ્રલેખા-રાસ' કૃતિનું સાચું રચનાવર્ષ ઈ. ૧૬૬૪/સં. ૧૭૨૦, કારતક સુદ ૫ છે. એટલે કવિ ઈ. ૧૬૬૪માં હયાત હોવાનું ગણી શકાય. [ચ.શે.]

કમલશેખર : ૨૦ કડીના 'સામયિકબત્રીસદોષ-ભાસ' (લે. ઈ. ૧૬૦૭) ના કર્તા.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

કમલસોમ [ઈ. ૧૫૬૪માં હયાત] : 'બારવ્રત-રાસ' કૃતિ આ કર્તાની ગણી છે, પરંતુ ધર્મસુંદરશિષ્ય કમલસોમ જ કૃતિના કર્તા હોય તો કૃતિની હસ્તપ્રત એમણે ઈ. ૧૫૬૪/સં. ૧૬૨૦, માગશર વદ ૫ના દિવસે લખી છે, એટલે કૃતિની લેખનમિતિ એ કૃતિની રચનામિતિ માનવી પડે. પરંતુ 'જૈન ગૂર્જર કવિઓ' એને કૃતિની લેખનમિતિ જ માને છે. તો પછી કમલસોમને કૃતિના લહિયા અને ધર્મસુંદરશિષ્યને કૃતિના કર્તા માનવા પડે. કૃતિના અંતમાં કમલસોમનું નામ નથી એ પણ સૂચક છે. [જ.ગા.]

કર્ણવિજય : 'વિક્રમાદિત્ય-ચોપાઈ'ના કર્તા.
સંદર્ભ : દેસુરાસમાળા. [કી.જો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મસિંહ–૧ [ઈ. ૧૬૨૨માં હયાત] : 'જૈન ગૂર્જર કવિઓ : ૩(૨)' નો સંદર્ભ રદ કરવો. [કી.જો.]

કલ્યાણવિજય : આ નામે 'પાર્શ્વનાથ-સ્તુતિ' અને 'ગીત-સારોદ્ધાર' પણ મળે છે. તેમના કર્તા ક્યા કલ્યાણવિજય છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

કહૂઈ [ ] : ૫૬ કડીના 'હરિરસ'ના કર્તા.
સંદર્ભ : પાંગુહસ્તલેખો. [કી.જો.]

કીર્તિમેરુ(વાચક) [ઈ. ૧૪૪૧માં હયાત] : આ કવિએ ૩ સંસ્કૃત શ્લોકો સાથેની ૬૭ કડીની 'નારાયણ-ફાગુ'←(લે. ઈ. ૧૪૪૧, કવિના સ્વહસ્તાક્ષરની પ્રત) કૃતિની રચના પણ કરી હોય એવી સંભાવના છે. જુઓ 'નારાયણ-ફાગુ'. [જ.ગા.]

કુમરવિજય : ધનવિજયશિષ્યના આ જૈન સાધુને નામે ૨૯ કડીનું 'ચોવીસજિન-સ્તવન' નોંધાયેલું મળે છે. આ કૃતિ તપગચ્છના નયવિજયશિષ્ય કુંવરવિજયને નામે નોંધાયેલી છે. કર્તા ખરેખર ધનવિજયશિષ્ય છે કે નયવિજયશિષ્ય છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

કુવેર(દાસ)/કુબેરદાસ/'કરુણાસાગર' [ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ] : આ કવિને નામે 'મહામણિબોધ', 'તિલકચિંતામણિ' (૨.ઈ. ૧૮૭૧), 'કર્મ-ગીતા' તથા 'સરસ-ગીતા' એ કૃતિઓ પણ નોંધાયેલી મળે છે.
સંદર્ભ : પાંગુહસ્તલેખો. [બ.પ.]

કુશલસાગર–૧/કુંવરજી–૨ : એ બન્ને કવિઓને જુદા ગણવામાં આવ્યા છે. પરંતુ 'કુલધ્વજ-રાસ'માં આ બન્ને નામ મળે છે. [કી.જો.]

કેશવદાસ : ૪૮ કડીની 'ભમર-બત્તીસી' (૨.ઈ. ૧૬૬૪)ના કર્તા. કૃતિ ક્યા કેશવદાસની છે તે સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

કેસવ(મુનિ) : 'નાગમતાની ચોપાઈ'ના કર્તા.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ખાન્તિવિજય [ઈ. ૧૮૦૭ સુધીમાં] : 'પટાવલી(સુવિહિતતપગચ્છ-પટ્ટધર-વીરવંશાવલી)' (લે. ઈ. ૧૮૦૭)ના કર્તા.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ખેમચંદ [ઈ. ૧૭૦૫માં હયાત] : ૨૮૦૦ કડીના 'ગજસિંહ-ગુણમાલા-ચરિત્ર' (૨.ઈ. ૧૭૦૫)ના કર્તા. સમયની દૃષ્ટિએ વિચારતાં તેઓ તપગચ્છના મુકિતચંદ્રશિષ્ય ખેમચંદ હોઈ શકે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ગજલાભ : 'પાખી-પ્રમુખ-પ્રતિમાની સઝાય'ના કર્તા. તેઓ અંચલગચ્છના ચારિત્ર્યલાભશિષ્ય ગજલાભ હોવાની સંભાવના છે, પરંતુ નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ગુણસાગર : ૧૬ કડીના 'ખામણા'ના કર્તા. તે ક્યા ગુણસાગર છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ગુણસેન [ઈ. ૧૬૨૯માં હયાત] : સુખનિધાનના શિષ્ય. 'જિનકુશલ સૂરિ-ગીત' કૃતિ પણ એમણે રચી છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [કી.જો.]

ગોકળદાસ [ઈ. ૧૮મી સદી] : રામાનંદી સાધુ. કણઝટના વતની અને નિરાંતના ગુરુ. નિરાંત ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ–ઈ. ૧૯૫૨ દરમ્યાન થઈ ગયા, એટલે આ કવિ પણ ઈ. ૧૮મી સદી દરમ્યાન થઈ ગયા હોવાનું માની શકાય. તેમનાં સદ્‌ગુરુનો મહિમા કરતાં ને જ્ઞાનબોધનાં હિંદીની છાંટવાળાં ૩ ભજન(મુ.) મળે છે.
કૃતિ : શ્રી નિરાંતકાવ્ય, સં. ગોપાળદાસ ગુરુ દેવશંકર શર્મા, ઈ. ૧૯૫૯ (+સં.). [શ્રા.ત્રિ.]

ગોપાલદાસ : આ નામે 'રણછોડજીના શ્લોક' (લે. ઈ. ૧૮૦૦) કૃતિ મળે છે. તે ક્યા ગોપાલદાસની છે તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.
સંદર્ભ : ડિકૅટલૉગભાવિ. [શ્રા.ત્રિ.]

ચાતુરીઓ : કૃતિનામ 'ચાતુરી-ચાલીસી' નહીં, પરંતુ 'ચાતુરી-છત્રીસી' વાંચવું. [કી.જો.]

છેહલ [ઈ. ૧૫૧૯માં હયાત] : ૬૬ કડીના 'પંચસહેલી' (૨.ઈ. ૧૫૧૯/સં. ૧૫૭૫, ફાગણ સુદ ૧૫; મુ.)ના કર્તા. કાવ્યમાં માલણ, તંબોલણ, છીપણ, કલાલણ અને સોનારણ એ ૫ યુવતીઓના વિરહભાવનું કવિએ આલેખન કર્યું છે.
કૃતિ : અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ, કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૨ (+સં.). [જ.ગા.]

ધનપ્રભ [ ] : ૯ કડીની 'જીરાઉલિછાહુલી' (મુ.) પણ આ નામે મળે છે.
કૃતિ : અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ, કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૨ (+સં.). [જ.ગા.]

ધનુ(મુનિ) : 'મહાવીરછાહુલી'(મુ.)ના કર્તા.
કૃતિ : અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ, કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૨. [જ.ગા.]

નથુરામ–૧ [ઈ. ૧૮મી સદી–ઈ. ૧૯મી સદી દરમ્યાન] : રવિભાણુ-સંપ્રદાયના હરિજન સંતકવિ. ત્રિકમસાહેબના ભાણેજ અને શિષ્ય. ત્રિકમસાહેબના સમયને લક્ષમાં લેતાં આ કવિ ઈ. ૧૮મી–૧૯મી સદી દરમ્યાન થઈ ગયા હોવાનું કહી શકાય. તેમનાં જ્ઞાનવૈરાગ્યનાં ૨ પદ મુદ્રિત રૂપે મળે છે. આ કવિ અને પ્રેમસાહેબના શિષ્ય નથુ-(ભક્ત)–૧ જુદા છે તેમ જ 'પાર્વતીલક્ષ્મી-સંવાદ' ને 'વિદુરભાવ' એ કૃતિઓના કર્તા નથુરામથી પણ તેઓ જુદા લાગે છે. જો કે નિશ્ચિતપણે કંઈ કહેવું મુશ્કેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભ : સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭. [જ.ગા.]

પીઠો [ ] : આ કવિ વિશે 'સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ'માંથી વિશેષ માહિતી ઉપલબ્ધ થાય છે. એ મુજબ આ કવિ ઈ. ૧૮૩૦–ઈ. ૧૮૮૯ દરમ્યાન થઈ ગયા. એટલે તેમનો કવનકાળ અર્વાચીન સમયમાં જતો હોવાથી તેઓ અર્વાચીન કવિ ઠરે છે.

સંદર્ભ : સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ, નાથાભાઈ ગોહિલ, ઈ. ૧૯૮૭. [કી.જો.]

ભામ(સાહ)/વિદુર [ઈ. ૧૫૯૦માં હયાત] : જૈન. પિતાનું નામ ભારમલ્લ. દેપાળના શિષ્ય. એમની ૫૬ કડીની 'ભામસાહ-બાવની' (૨.ઈ. ૧૫૯૦/સં.૧૬૪૬, આસો સુદ ૧૦; મુ.)માં ઉદ્યમ, નારી-મોહ, ક્રોધ, કંજૂસાઈ, ઋણત્યાગ, ઈશ્વરશ્રદ્ધા, યશ વગેરે ઇષ્ટ-અનિષ્ટ વસ્તુઓને દૃષ્ટાંતોથી સમજાવી છે.

આ કૃતિમાં 'વિદુરિ વાર્યકિં વખાંણી', 'આસીસ વિદુર ઈમ ઉચ્ચરઈ' એવી પંક્તિઓ મળે છે. એટલે કૃતિના કર્તા કોઈ વિદુર ને તે ભામ સાહના આશ્રિત હોય એમ પણ બનવાજોગ છે.

કૃતિ : આપ્રગટ મધ્યકાલીન કૃતિઓ, કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૨ (+સં.). [જ.ગા.]

રત્નદાસ [ઈ. ૧૬૪૮માં હયાત] : 'નટપટ્ટ કે નટવડના બ્રાહ્મણ કવિ' એમ વાંચવું અને નીચેનો કૃતિસંદર્ભ ઉમેરવો.

કૃતિ : ગુજરકવિ રત્નદાસકૃત હરિશ્ચન્દ્રઆખ્યાન, પ્ર. સુવિચાર દર્શક મંડલી, ઈ. ૧૮૯૧.

રત્નાકરચંદ્ર(મુનિ) [ઈ. ૧૫મી સદી મધ્યભાગ] : આ કવિની 'આદિ-જિનજન્માભિષેક-કલશ'(મુ.) અને 'આદિનાથ-વિનંતિ'ને એક કૃતિ માનવામાં આવી છે, પરંતુ એ બન્ને કૃતિઓ જુદી છે અને ૧૬ કડીની 'આદિનાથ-વિનંતિ' હવે મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે.

કૃતિ : આપ્રગટ મધ્યકાલીન કૃતિઓ, કુમારપાળ દેસાઈ, ઈ. ૧૯૮૨. [જ.ગા.]

રત્નેશ્વર [ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ] : નીચેનો સંદર્ભ ઉમેરવો.

સંદર્ભ : શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ (કવિ રત્નેશ્વર મેઘજીકૃત), પ્ર. ગોવરધનદાસ નારાયણભાઈ, ઈ. ૧૮૭૧. [શ્રા.ત્રિ.]

વિદુર [ઈ. ૧૫૯૦માં હયાત] : જુઓ ભામ (પરિશિષ્ટ).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org